INDEX

શ્રીસ્વામિનારાયણ ભગવાનના જીવન આધારિત
સંપ્રદાયનો સૌથી મોટો હિન્દી મહાગ્રંથ

# શ્રીહરિચરિત્રામૃતસાગર

(ગુજરાતી અનુવાદ)

લેખક : સદ્.શ્રીસિદ્ધાનંદસ્વામી

ભાગ ૧

પૂર : ૧,૨,૩



શ્રીસ્વામિનારાયણ મંદિર - વડતાલધામ

INDEX

મહામુક્ત સદ્‌ગુરુ શ્રીઆધારાનંદસ્વામીકૃત




# ભાગ - ૧

(પૂર - ૧ થી ૩)

મહામુક્ત સદ્‌ગુરુ શ્રીઆધારાનંદસ્વામીકૃત

# શ્રીહરિચરિત્રામૃતસાગર

**અનુવાદક** : પ.પૂ.શાસ્ત્રી શ્રીજ્ઞાનપ્રકાશદાસજીસ્વામી
*વેદાન્તાચાર્ય એમ.એ. (ગાંધીનગર-ગુજરાત)*

**પ્રેરક એવં સંશોધક** } પ.પૂ.સદ્.શ્રીજ્ઞાનજીવનદાસજીસ્વામી(કુંડળધામ)

**પ્રકાશક** : શ્રીસ્વામિનારાયણ મંદિર કુંડળધામ તથા
શ્રીસ્વામિનારાયણ મંદિર, કારેલીબાગ-વડોદરા

**પ્રકાશન તિથિ** : સં.૨૦૬૯, શિક્ષાપત્રીજયંતી; ફેબ્રુઆરી-૨૦૧૩

**આવૃત્તિ** : પ્રથમ **પ્રત** : ૨૫૦૦

**પડતર કિંમત** : રૂા.૨૦૦/-

**: પ્રાપ્તિસ્થાન :**

- **કુંડળ** : શ્રીસ્વામિનારાયણ મંદિર મો.૯૬૦૧૨ ૯૦૦૦૧
- **વડોદરા** : શ્રીસ્વામિનારાયણ મંદિર, કારેલીબાગ-વડોદરા
- **વડતાલ** : શ્રીજી સાહિત્ય મહિમા કેન્દ્ર, કાનજીભુવન
શ્રીસ્વામિનારાયણ મંદિર સામે, વડતાલધામ
- **અમદાવાદ** : બાપુનગર નિકોલ કાનબા હોસ્પિટલની
બાજુમાં સત્સંગ રેસિડન્સી નં.૪૦૩
- **સુરત** : શ્રીસ્વા.સત્સંગ હોલ, મૂર્તિબાગ-વેડરોડ,
આંબાતલાવડી સુરત
- **સુરત** : શ્રીસ્વા.સત્સંગ હોલ, ભજનબાગ-વરાછા,
વાલક પાટિયા કામરેજ સુરત
- **Website** : www.swaminarayanbhagwan.org
- **Email** : info@swaminarayanbhagwan.org

# સપ્રેમ ભેટ

**સુજ્ઞ સ્નેહી શ્રી** ........................................................................

**ગામ :** ............................ **તા. :** ............................ **જી. :** ............................

સર્વાવતારી શ્રીહરિના જીવનકવન પર આલેખાયેલ આ શ્રીહરિચરિત્રામૃતસાગર ગ્રંથના **પ્રથમ ભાગ**ના વાંચન-શ્રવણથી આપની આધ્યાત્મિક તથા લૌકિક સર્વાંગી ઉન્નતિ થશે. એવા શુભ આશયથી આપને સપ્રેમ ભેટ.

**આપનો સ્નેહી**

..............................................

**તારીખ** ....................................




આ પ્રસાદીભૂત મૂર્તિ શ્રીહરિની ઉપસ્થિતિમાં
સદ્.શ્રીઆધારાનંદસ્વામીએ બનાવી છે.



ભક્તરાજ શ્રીદાદાખાચરને કથા સંભળાવતા સદ્.શ્રીમુક્તાનંદસ્વામી

INDEX




શ્રીહરિચરિત્રામૃતસાગરાદિક ગ્રંથના રચયિતા
મુક્તરાજ સદ્.શ્રીઆધારાનંદસ્વામી

INDEX



‘શ્રીહરિચરિત્રામૃતસાગર’
ગ્રંથના
અનુવાદક
પ.પૂ.સદ્‌ગુરુ શાસ્ત્રી
શ્રીજ્ઞાનપ્રકાશદાસજીસ્વામી
(ગાંધીનગર)

‘શ્રીહરિચરિત્રામૃતસાગર’
ગ્રંથપ્રકાશનકાર્યના
પ્રેરક એવં સંશોધક
પ.પૂ.સદ્‌ગુરુ
શ્રીજ્ઞાનજીવનદાસજીસ્વામી
(કુંડળધામ)



# પ્રસ્તાવના

જેમ ધરતી ઉપર પ્રગટ થયેલા સર્વે અવતારોમાં શ્રીસ્વામિનારાયણ ભગવાન સર્વોપરી છે, તમામ સંતોમાં યોગીરાજ ગોપાળાનંદસ્વામી સર્વોપરી છે, તેમ જ આજ સુધી રચાયેલા તમામ સદ્‌ગ્રંથોમાં આ **'શ્રીહરિચરિત્રામૃત સાગર'** સર્વોપરી ગ્રંથ છે. તેનું કારણ શું ? તો ગ્રંથકર્તા સિદ્ધયોગી સદ્‌ગુરુ શ્રીઆધારાનંદસ્વામી પોતાનો અનુભવ લખતા હ.ચ.સા.૫/૭૩માં કહે છે,

જેમ ગંગાનું પાણી રોકો નહિ તો તે ટકતું નથી, જતું રહે છે. તેમજ હરિચરિત્રનો જો ગ્રંથ લખાઈ ન જાય તો તે ચરિત્ર કાયમને માટે સત્સંગમાંથી સમાપ્ત થઈ જાય છે. જેટલું લખ્યું હોય તેટલું જ કાયમી રહે છે. જે ગંગાનો કે ચરિત્રનો પ્રવાહ આપણી દૃષ્ટિ આગળથી નીકળી ગયો, તેને માટે કરોડો પ્રયત્ન કરવામાં આવે તોપણ તે પ્રવાહ ફરી વાર દૃષ્ટિ આગળ પાછો લાવી શકાતો નથી. આ ચરિત્રરૂપી પ્રવાહ પણ વહી ગયો તેને ત્રીસ વરસ થઈ ગયાં છે.

**ता पीछे सो लिखे हे एहा, हरि जब उर में प्रगट वसे तेहा ।**
**निमित्त मात्र कियो हे मोई, प्रत्यक्ष चरित्र देखाये सोई ।।**

પરંતુ અત્યારે હું આ ચરિત્ર જે લખી રહ્યો છું તે તો શ્રીહરિ જ્યારે મારા હૃદયમાં પ્રગટ વસ્યા અને મને ચરિત્ર પ્રત્યક્ષપણે ફરીને દેખાડ્યાં અર્થાત્ આ ચરિત્રપ્રવાહ મારા અંતરમાં પાછો લાવ્યા છે. તેથી આ ગ્રંથ મારા દ્વારા લખાઈ રહ્યો છે. અર્થાત્ **આ શ્રીહરિચરિત્રામૃતસાગર ગ્રંથ શ્રીહરિ જ લખી રહ્યા છે; મને તો માત્ર નિમિત્ત બનાવ્યો છે.**

કરોડોના કલ્યાણદાતા, અનુભવદાતા અને હસ્તામલવત્ તમામને પ્રત્યક્ષ દેખનારા સર્વાવતારી શ્રીહરિ જ પોતે સ્વામીના અંતરમાં રહીને

લખી રહ્યા છે; માટે આ ગ્રંથ સર્વોપરી છે. જેમ તમામ નદીઓ મહાસાગરમાં સમાઈ જાય છે તેમ ગીતા, ભાગવતાદિક તમામ સદ્‌ગ્રંથોનો સાર આ ગ્રંથમાં સમાઈ જાય છે; માટે આ અનુપમ ગ્રંથ છે.

આ ગ્રંથ લખવાનો હેતુ શું ? તો તે સમજાવતાં ખુદ સ્વામી હ.ચ.સા.૨૭/૨૦માં કહે છે,

**न देखे कबहु हरि कु जाही, चरित्र करीके तिनकु ताही।**
**प्रत्यक्ष हरि देखे में आते, देखनेकी जीमी रीत रहाते॥**

જેણે ક્યારેય પણ શ્રીહરિનાં પ્રત્યક્ષ દર્શન નથી કર્યાં તેને આ ગ્રંથમાં લખેલાં ચરિત્રોના માધ્યમે શ્રીહરિનાં પ્રત્યક્ષ દર્શન થાય એવી રીતે શ્રીહરિનાં ચરિત્રો તથા મૂર્તિવર્ણન કરેલું છે. અને હું લખું છું ત્યારે પણ મને સ્વામિનારાયણ ભગવાન પ્રત્યક્ષ દેખાય છે અને તે લખાવે તેમ હું લખું છું. **ભગવાનનો અપરોક્ષ અનુભવ થાય, સાંગભક્તિની પુષ્ટિ થાય, શ્રીજીમહારાજનું સર્વોપરીપણું સમજાય અને કરોડો આત્માનું આત્યંતિક કલ્યાણ થાય એવા હેતુથી આ ગ્રંથ લખાયો છે.**

એવા અનુપમ આ ગ્રંથનું વાંચન કે શ્રવણનું ફળ શું ? તો તેને બતાવતાં સ્વામી હ.ચ.સા.૮/૧માં કહે છે, 'આ ગ્રંથમાં પરમ પવિત્ર હરિચરિત્રોને હું આપણા સત્સંગમાં બધા હરિભક્તોના હિત માટે લખું છું. જેને શ્રીહરિનાં દર્શન ન થયાં હોય તેને માટે તો **આ ચરિત્રો પ્રકટ દર્શન તુલ્ય છે અને જેને દર્શન થયાં હોય છે તેમને આ ચરિત્રો સાક્ષાત્ સ્મૃતિ રૂપ છે, પરમ અનુપમ અને પ્રકાશરૂપ છે. જે ભક્તને હરિચરિત્રોને સાંભળવાનો ખપ હોય તેને માટે તો આ ગ્રંથમાં લખેલાં ચરિત્ર જીવનરૂપ છે અને અમૃત તુલ્ય છે.**

**खप नहि जेहि मोक्ष को लेशा, फल देवही चितवही तेसा।**
**भूल में यह धरहि जेहि काना, चोरासि न होवे हेराना॥**

જેને મોક્ષ મેળવવાનો લેશમાત્ર પણ ખપ ન હોય છતાં જો તે આ ગ્રંથ સાંભળશે તો તેને જેવું ચિંતવશે તેવું ફળ મળશે. ભૂલમાં પણ આ ચરિત્રોના શબ્દો જેના કાન ઉપર પડશે તે લખચોરાશીમાં હેરાન નહીં થાય. એવા અજોડ આ ગ્રંથના વાંચન કે શ્રવણથી નિર્બળને બળ મળે છે, હારેલાને હિંમત મળે છે, અશાંત કે ઉદ્વેગવાળાને પરમશાંતિનો અનુભવ થાય છે, વિદ્યાર્થીઓને વિદ્યા પ્રાપ્ત થાય છે, કઠણ પ્રારબ્ધ પલટાઈ જાય છે અને ધર્મ છોડીને કરેલાં તમામ પાપો પણ નાશ પામી જાય છે; એવો આ સર્વોપરી ગ્રંથરાજ છે.

ગ્રંથકાર મહામુનિ તો હ.ચ.સા.૧૩/૬માં કહે છે, 'કોઈ પણ મનુષ્ય એકાગ્ર ચિત્ત કરીને પ્રેમથી એક જ વાર આ ગ્રંથને જો સાંભળે, ગ્રંથમાં ક્યારેય અસૂયા કરે નહીં અર્થાત્ આમાં દોષો કાઢે નહિ અને સહુ લોકો આગળ પ્રેમથી આ ગ્રંથના ગુણ ગાય...

**सो पावहि सब अक्षरधामा, भगवान शुद्ध करहि घनश्यामा।**
**यह ग्रंथ जो सुनत हि वारा, शुद्ध होई जावहि अपारा।।**

તો તે સર્વે મનુષ્યને ભગવાન ઘનશ્યામ મહારાજ શુદ્ધ કરીને અક્ષર-ધામમાં નિવાસ આપે છે. આ ગ્રંથને સાંભળતાની સાથે જ તે શ્રોતા અત્યંત શુદ્ધ થઈ જાય છે. જીવને શુદ્ધ કરવા માટે જ મેં આ ગ્રંથ પ્રેમથી કર્યો છે.

આમ બંને લોકમાં સહુનું ભલું કરનારો સર્વજનસુખકારી અને સહુજનહિતકારી એવા **આ ગ્રંથનો શબ્દશઃ ગુજરાતીમાં અનુવાદ દાસત્વની મૂર્તિસમા, વયોવૃદ્ધ તથા જ્ઞાનવૃદ્ધ પ.પૂ.સદ્. શાસ્ત્રી શ્રીજ્ઞાનપ્રકાશદાસજી સ્વામી(ગાંધીનગર)એ કર્યો છે અને તેનું અતિ ઉત્સાહી પ.પૂ.શાસ્ત્રી શ્રીહરિપ્રકાશદાસજીસ્વામી(ગાંધીનગર)એ બાર ભાગમાં પ્રકાશન કર્યું હતું.** એવા આ ગ્રંથની છેલ્લા દોઢ-બે વર્ષથી

સંશોધન સાથે કથા કરી રહ્યો છું. તે સંશોધન અમે ઐતિહાસિક તથા અર્થની દૃષ્ટિએ વિશેષતઃ આમાં કર્યું છે.

હવે **શ્રીસ્વામિનારાયણ મંદિર કુંડળધામ** તથા **શ્રીસ્વામિનારાયણ મંદિર કારેલીબાગ-વડોદરા** દ્વારા આ ગ્રંથનું પ્રકાશન કરી રહ્યા છીએ. આ શ્રીહરિચરિત્રામૃતસાગર ગ્રંથનું વાંચન-શ્રવણ મુમુક્ષુ આત્માઓ માટે અવની પરનું અમૃત છે, આત્માનો સાચો ખોરાક છે. આ ગ્રંથના વાંચનથી પ્રભુજીમાં પ્રીતિ, પ્રતીતિ, પ્રસન્નતા અને જ્ઞાનનો વધારો થશે. આ કાર્યથી સર્વાવતારી શ્રીસ્વામિનારાયણ ભગવાન, સાધુતામૂર્તિ મુક્તાનંદસ્વામી, સદ્‌ગુણમૂર્તિ ગ્રંથલેખક આધારાનંદસ્વામી વગેરે તમામ પરમહંસો તથા પરોક્ષ અને પ્રત્યક્ષ એવા સહુ સંતો ભક્તો અમારા ઉપર અતિ પ્રસન્ન થાઓ એ જ અભ્યર્થના સહ...

*સ્વામી જ્ઞાનજીવનદાસના*
*અતિ ભાવથી જય સ્વામિનારાયણ*

INDEX

# શુભકામના

મહામુક્ત આધારાનંદસ્વામી ઉર્ફે સિદ્ધાનંદસ્વામી રચિત પરાત્પર પુરુષોત્તમ શ્રીસ્વામિનારાયણ ભગવાનના અદ્‌ભુત, દિવ્ય તથા મનુષ્ય ચરિત્રોથી ભરપૂર એવો અને આપણા સંપ્રદાયનો અદ્વિતીય, સર્વોપરી ગ્રંથ શ્રીહરિચરિત્રામૃતસાગર છે. તે સંપૂર્ણ હિન્દી ગ્રંથનો ગુજરાતી અનુવાદ શાસ્ત્રી જ્ઞાનપ્રકાશદાસજીસ્વામીએ કર્યો હતો. અને તેને શ્રીસ્વામિનારાયણ સાહિત્ય પ્રકાશન મંદિર સે.૨૩, ગાંધીનગર દ્વારા અમે પ્રકાશિત કર્યો છે. તે આપણા સત્સંગમાં સર્વવિદિત છે.

**છેલ્લા દોઢેક વર્ષથી પૂ.પા.સદ્.શ્રીજ્ઞાનજીવનદાસજીસ્વામી (કુંડળધામ) આ શ્રીહરિચરિત્રામૃતસાગર ગ્રંથની વિશેષ સંશોધન સાથે નિયમિત સવારે કથા કરે છે અને તેનો લાભ દેશ તથા પરદેશમાં લાખો ભક્તો લે છે.** તેનાથી હજારો લોકોને આ ગ્રંથ પ્રત્યેની ભાવનાઓ અને ગરિમા વધી છે. આ ગ્રંથના પ્રકાશનની ગુજરાતી પ્રથમ આવૃત્તિ લગભગ સમાપ્ત થઈ ચૂકી છે.

હવે પૂ.પા.સદ્.શ્રીજ્ઞાનજીવનદાસજીસ્વામી આ ગ્રંથના ગુજરાતી અનુવાદને પરિષ્કાર તથા પરિવર્ધન સાથે છપાવવા ઉત્સાહિત છે, **તેમાં અમે અતિ રાજી છીએ અને આ પત્રથી અમે તે કામમાં તેમને સંપૂર્ણ સહમતિ આપીએ છીએ.** આ ગુજરાતી ગ્રંથના પ્રકાશનમાં શ્રીસ્વામિનારાયણ મંદિર કુંડળધામ તથા કારેલીબાગ-વડોદરાનું નામ રાખે તે અમને માન્ય છે. પૂ.સ્વામીજી દ્વારા થઈ રહેલા આ ગ્રંથના પુનઃ પ્રકાશનમાં સહુ સંતો ભક્તો સહકાર આપે અને સહુ કોઈ આ પુણ્યકાર્યમાં ભાગીદાર બને એ જ શુભેચ્છા સહ...

***શાસ્ત્રી હરિપ્રકાશ - મેનેજીંગ ટ્રસ્ટી***

*શ્રીસ્વામિનારાયણ સાહિત્ય પ્રકાશન મંદિર,*

*સેક્ટર-૨૩, ગાંધીનગર. તા૨૦/૧/૨૦૧૩, રવિવાર*

# ગ્રંથસાર

**'यदिहास्ति तदन्यत्र यन्नेहास्ति न त्वत क्वचित् ।'**

મહાભારતની બાબતમાં વિદ્વાનોમાં એવી વાત પ્રચલિત છે કે ભારતીય સાહિત્ય, ધર્મ, ઈતિહાસ, સંસ્કૃતિ કે કોઈ પણ વિદ્યા શાખામાં જે કોઈ ઉત્કૃષ્ટ વસ્તુ દેખાય કે તેમાં ઉત્તમતા અનુભવાય તો તે બધું કૃષ્ણદ્વૈપાયન વ્યાસ વિરચિત મહાભારતમાંથી પ્રકટેલું અને પ્રસરેલું હશે. તેમજ કવિ બાણ ભટ્ટના વૈદુષ્ય અંગે પણ તેવું જ કહેવાય છે કે **'बाणोत्सृष्टं जगत् सर्वम्।'** બાણના પરવર્તી સાહિત્ય જગતમાં, કાવ્ય શાસ્ત્રના લક્ષણ ગ્રંથોમાં જેની વિપુલ પ્રમાણમાં વિચારણા કરવામાં આવી છે તેવા રસ, અલંકાર, વૃત્તિ, રીતિ, લક્ષણ, ગુણ અને નિર્દોષતા વગેરેની વિશેષતા શ્રેષ્ઠતા કે કલ્પના વૈશિષ્ટ્ય તથા વસ્તુવિન્યાસની ચમત્કારિતા દેખાય, તે બધું બાણના બુદ્ધિ-વૈભવનો જ કોઈ એક અંશ હશે તેમ માનવું પડશે.

ભગવાન વેદવ્યાસ અને કવિરાજ બાણની બાબતમાં કહેવાતી અભિયુક્તોક્તિની જેમ જ કહી શકાય કે આપણા ઈષ્ટદેવ ભગવાન શ્રીહરિ, તેમના અવતારનો ઉદ્દેશ, તેમનાં ચરિત્રો, સત્સંગનો પાયો, ઉપાસના, સમજણ, વર્તન, સંતોનાં જીવન, હરિભકતોનાં ગામ, નિવાસ, નામ, વ્યક્તિગત વિશેષતા, પ્રાદેશિક વિશેષતા, ભારતનું ભૂગોળ, તીર્થોની વિશેષતા, તેના ઉપર યુગનો પ્રભાવ, જન સાધારણનું જીવન, આવા અસંખ્ય વિષયો ઉપર સદ્.શ્રીઆધારાનંદસ્વામીએ **'શ્રીહરિચરિત્રામૃતસાગર'** નામના આ વિશાળ ગ્રંથમાં ખૂબ જ સૂક્ષ્મ દૃષ્ટિથી વર્ણવ્યું છે. અત્યાર સુધી આ ગ્રંથ સંક્ષિપ્તરૂપે સત્સંગમાં પ્રસિદ્ધિ પામ્યો છે, પણ હવે સ્વામી જેટલો ગ્રંથ લખી શક્યા છે તે બધો પ્રાપ્ત થયો છે. સંતો ભક્તોને સંપૂર્ણ ગ્રંથને વાંચવા સાંભળવાની ઈચ્છા થાય તે સ્વાભાવિક છે. એટલે સહુની માગણીથી અને સ્વામિનારાયણ સાહિત્ય પ્રકાશન મંદિરના પ્રણેતા શાસ્ત્રી

હરિપ્રકાશદાસજીસ્વામીના અદમ્ય ઉત્સાહ પૂર્ણ પ્રેરણાથી મૂળગ્રંથનો પ્રતિપદ અનુવાદ કરવા પ્રેરાયો છું. તે પણ

**'प्रांशुलभ्ये फले लोभादुद्बाहुरिव वामनः।'**

કવિ કાલીદાસના વચનની જેમ મારા આ પ્રયત્નને હું 'બાલપ્રયત્ન માનું છું.' જો કે મેં વ્યાસ મુનિ, પાણિની મુનિ, યામુન મુનિ અને યતિરાજ રામાનુજ મુનિ આદિ અતીન્દ્રિય જ્ઞાન ધરાવનારા મુનિઓના ઘણા જ ગ્રંથોને વર્ષો સુધી વાંચ્યા, વિચાર્યા અને યાદ કર્યા છે. શંકરાચાર્ય, વાચસ્પતિ, ગોપેશ્વર, જીવગોસ્વામી આદિ આચાર્યોના ભાષ્ય તથા વૃત્તિ-વ્યાખ્યાઓનું અનુશીલન કર્યું છે. કાલીદાસ વગેરે મહાકવિઓની કૃતિઓનો આસ્વાદ પ્રચુર પ્રમાણમાં માણ્યો છે. તેમજ ઈષ્ટદેવ શ્રીહરિનાં અમૃત વચનો તથા મહામુનિવર્યોની રચનાઓને વાંચી, વિચારીને તેને અનુસરવા પ્રયત્ન કર્યો છે. આ બધા જ ગ્રંથોમાં સદ્‌ગુરુ શ્રીઆધારાનંદ(સિદ્ધાનંદ)સ્વામીનો મહાન ગ્રંથ **'શ્રીહરિચરિત્રામૃતસાગર'** મને અત્યંત અદ્‌ભુત જણાયો છે.

સદ્.શ્રીઆધારાનંદસ્વામીના અનુભૂત રહસ્યમય શબ્દોમાં (૧) **સત્સંગ** (૨) **શ્રીહરિની મૂર્તિ તથા** (૩) **શ્રીહરિનાં ચરિત્ર.** એ ત્રણનો મહિમા વાંચ્યો, વિચાર્યો ત્યારે મને આત્મકલ્યાણ અંગેનો નિશ્ચય દૃઢ થયો છે. તે નિશ્ચયને છોડીને બીજા વિચારોની મથામણ તો મને વારિના વલોણા જેવી નિરર્થક જણાણી છે. માટે શ્રીહરિચરિત્રામૃતસાગરમાં સહજ સ્વાભાવિક રીતે સ્વામીએ વર્ણવેલાં શ્રીહરિનાં ચરિત્ર પરમ કલ્યાણકારી અને અનુપમ જણાયાં છે. તેમજ આ ગ્રંથ પણ અનુપમેય જણાયો છે. તેથી કહી શકાય કે,

**श्रीहरिः श्रीहरिस्त्वेकः सागरस्त्वस्तु सागरः ।**
**हरिसागरयोः साम्यं हरिसागरयोः स्थितम् ।।**

અર્થાત્ શ્રીહરિ જેવા તો શ્રીહરિ એક જ છે તેમ આ શ્રીહરિચરિત્રામૃત સાગર જેવો સાગર તો આ એક જ છે. શ્રીહરિ અને આ સાગર ગ્રંથની તુલના તો શ્રીહરિ અને આ સાગરમાં જ સમાયેલી છે.

ઈષ્ટદેવ સ્વામિનારાયણ ભગવાનના પ્રત્યક્ષ સ્વરૂપસમા આ ગ્રંથના **પહેલા પૂર**માં હિમાલય વર્ણન, શ્રીહરિનું પ્રાગટ્ય, બાલચરિત્રો, શ્રીહરિનું તત્ત્વચિંતન, માતાને સંભળાવેલી હરિગીતા, માતપિતાની દિવ્યગતિ અને ૧૧ વર્ષની કુમળી વયે અને અસંખ્ય આત્માઓના ઉદ્ધાર માટે શ્રીહરિએ કરેલા ગૃહત્યાગનું વર્ણન છે.

**બીજા પૂર**માં વર્ણિરાજ નીલકંઠ મહાપ્રભુની મુમુક્ષુઓને માટે પ્રેરણાદાયક એવી વનવિચરણની લીલાઓ છે. તેમાં પણ ધર્મકુળ વિરહ-વર્ણન, નૈમિષારણ્યમાં મુનિઓએ કરેલી શ્રીહરિને પ્રાર્થના, હરદ્વારમાં પાર્વતીજી અને મહાદેવજીએ કરેલું પ્રભુપૂજન અને પ્રાર્થના, બદરિકાશ્રમમાં નરનારાયણ ભગવાને કહેલી શ્રીહરિની સર્વોપરિતા, પંજાબ નરેશ રણજીતસિંહ અને શ્રીહરિનો સંવાદ, પુલહાશ્રમમાં કરેલી તપશ્ચર્યા, ગોપાળયોગી પાસે રહી એક વર્ષ સાધેલી યોગસાધના, સીરપુરમાં સિદ્ધવલ્લભરાજાએ કરેલું સન્માન, પિબેકનો પરાજય, નવલખા પર્વત ઉપર નવલાખ સિદ્ધોનું મિલન, જગન્નાથપુરીમાં અસુરોનો સંહાર, સેતુબંધ રામેશ્વરમાં સમુદ્રએ કરેલી શ્રીહરિની પૂજા-સ્તુતિ, વનમાં શિવ-પાર્વતીજીનું મિલન, પૂનામાં દીવાન બાપુભાઈ ગોખલે સાથેનો સંવાદ તથા માંગરોળ થઈ શ્રીહરિનું લોજમાં આગમન વગેરે પ્રસંગો આલેખાયા છે. તે અનુપમ અને અનુકરણીય છે.

**ત્રીજા પૂર**માં સદ્‌ગુરુ રામાનંદસ્વામી સાથે શ્રીહરિનું પીપલાણામાં મિલન, જેતપુરમાં ધર્મધુરા સ્વીકારી, રામાનંદસ્વામીનું ધામગમન, ત્યાર પછી શ્રીહરિએ સોરઠના લોજ, માંગરોળ, ધોરાજી, માણાવદર, કાલવાણી, અગતરાઈ, મેઘપુર, પંચાળા, ભાડેર, જેતપુર, ગોંડલ, સરધાર, કોટડા, કરિયાણા વગેરે ગામોમાં વિચરણ કરી ગઢપુર પધાર્યા. અને તે તે ગામોમાં સમાધિ દ્વારા શ્રીહરિએ અમોઘ ઐશ્વર્ય જણાવ્યું. સહુને પોતપોતાના ઈષ્ટદેવનાં દર્શન કરાવ્યાં, નિજસ્વરૂપનો સર્વોત્તમ નિશ્ચય કરાવ્યો. ભુજથી આવેલા

મુક્તાનંદસ્વામીને રામાનંદસ્વામીએ શ્રીહરિનો મહિમા સમજાવ્યો વગેરે લીલાઓનો સમાવેશ થયેલો છે.

આ ત્રણ પૂરનું મેં મારી મતિ અનુસાર ઈષ્ટદેવ શ્રીહરિ અને સહુ સંતો ભક્તોની પ્રસન્નતાર્થે ભાષાંતર કર્યું છે. આ ભાગ-૧માં ત્રણ પૂરનો સમાવેશ કરેલ છે અને તે હવે પ.પૂ.સદ્.શ્રીજ્ઞાનજીવનદાસજીસ્વામી (કુંડળધામ) પ્રકાશિત કરી રહ્યા છે; તેનો મને આનંદ છે. આ અનુવાદમાં જે કાંઈ ઉત્તમતા હશે તે ઈષ્ટદેવ શ્રીહરિ, મારા ગુરુજનો, વડીલો, સન્નિષ્ઠ સંતો અને હરિભકતોની કૃપાનું પરિણામ હશે. અને જે કાંઈ ઊણપ હશે તે મારી વાર્દ્ધક્યજન્ય કમજોરીને લીધે હશે, તો આપ સહુ ભગવન્નિષ્ઠ સંતો અને હરિભક્તો રાજી રહેશો. સાહિત્યક્ષેત્રે થઈ રહેલા આ ભગીરથ કાર્યની પરંપરા અવિરત ચાલુ રહે એવી ઈષ્ટદેવ શ્રીસ્વામિનારાયણ ભગવાનના ચરણોમાં પ્રાર્થના...

*અનુવાદક*
*શાસ્ત્રી જ્ઞાનપ્રકાશદાસના*
*અતિ ભાવથી સહુને જય સ્વામિનારાયણ*

### શ્રીહરિચરિત્રામૃતસાગરના વક્તાશ્રી

# સદ્‌ગુરુ શ્રીમુક્તાનંદસ્વામી વિષે કિંચિત્

શ્રીસ્વામિનારાયણ ભગવાનને ફરતી ઓપતી ૫૦૦-૫૦૦ પરમહંસમાળાનો મેર અને સત્સંગરૂપી ઈમારતના મોભસમા તથા **'સત્સંગની મા'ના બિરુદને પામેલા સંત એટલે સદ્‌ગુરુ શ્રીમુક્તાનંદસ્વામી...** પૂ.સ્વામીશ્રીનો જન્મ સંવત્ ૧૮૧૪ પોષ વદ સાતમના દિવસે અમરાપુરમાં આનંદરામ નામના પવિત્ર વિપ્ર દ્વારા રાધાદેવીની કૂખે થયો હતો. તેમનું બાળપણનું નામ **મુકુંદદાસ** હતું. અમરેલી તથા અમરાપુર તેમની કર્મભૂમિ હતી. બાળપણમાં જ પરિવારને ધ્રુવ-પ્રહ્લાદની ઝાંખી કરાવી. અને મેધાવી પિતા પાસે જ સંસ્કાર, સંસ્કૃત, સંગીત તેમજ તુલસી સાહિત્યનું જ્ઞાન પ્રાપ્ત કર્યું.

વેદાંત અધ્યયન કરીને સંસારથી વિરક્ત થયેલા મુકુંદદાસની ગૃહત્યાગ, ગુરુની શોધ-સાધના વિગેરે પ્રક્રિયા મુમુક્ષુના આદર્શરૂપ છે. **સંવત્ ૧૮૪૨ની વસંતપંચમીએ મુકુંદદાસ ઉદ્ધવ સંપ્રદાયના સ્થાપક શ્રીરામાનંદસ્વામીના શિષ્ય તરીકે દીક્ષા પામ્યા** અને **"મુક્તાનંદસ્વામી"** એવા નામે પ્રસિદ્ધ થયા. રૂપ, ગુણ અને સાધુતાની ત્રિવેણી એટલે મુક્તાનંદસ્વામી... તેથી જ તેઓ લોજ આશ્રમના અગ્રણી બન્યા. ગુરુદેવની આજ્ઞાથી ભુજ જઈને પુનઃ વેદાંતનું ગહન અધ્યયન કર્યું. પરિણામે જ્ઞાન-ગરીમા પ્રાપ્ત થઈ. એક કરતાં વધારે ભાષાના જાણકાર એવા મુક્તાનંદસ્વામી અજોડ કવિત્વ શક્તિ ધરાવતા હતા. અને એમના કંઠમાં કોયલનો માળો હોય તેવું માધુર્ય હતું. રાગ-રાગણીઓને મૂર્તિમંત કરીને શ્રોતાને મંત્રમુગ્ધ કરવા તેમને મન કંઈ મોટી વાત ન હતી. તેમના વાગ્માધુર્યએ તેમને હજારો લોકોનાં હૃદયમાં અનોખો આદર-સ્થાન અપાવ્યું.

ટૂંક સમયમાં રામાનંદસ્વામીના શિષ્યોમાં પ્રમુખ અને ભાવિ કર્ણધાર તરીકે ઉપસી આવ્યા. એવામાં સંવત્ ૧૮૫૬ શ્રાવણ વદ છઠના દિવસે

લોજ આશ્રમમાં **નીલકંઠવર્ણીરૂપે શ્રીસ્વામિનારાયણ ભગવાનનું આગમન** થયું. અને મુક્તાનંદસ્વામીની સાધુતા, વર્તનશુદ્ધિ તથા વિદ્વત્તા સાથેની જ્ઞાનશુદ્ધિથી પ્રભાવિત થઈ શ્રીહરિ તે આશ્રમમાં સદાને માટે રોકાયા. સમય જતા રામાનંદસ્વામીને મળ્યા, દીક્ષા લીધી અને જેતપુરમાં ગાદીએ બિરાજ્યા. એ વાતનો સહુથી વધારે આનંદ રામાનંદસ્વામીના સીધા જ ઉત્તરાધિકારી હતા એવા મુક્તાનંદસ્વામીને હતો. આ એમની ત્યાગવૃત્તિનો સહુથી મોટો પુરાવો છે.

અહો..! કેવા નિર્માની ! કેવું દૈન્ય ! કેવા સ્વીકારાણા હશે પ્રગટ પુરુષોત્તમ એમના દિલમાં ! જેથી એમના કાવ્યમાં પણ એ ભાવ સરી આવતો હતો. **"હું તો છું ઘણી નગણી નાર, તોય તમારી રે..."** આવું આવું લખી-કહીને તેમણે દાસત્વભક્તિનો આદર્શ બેસાડ્યો છે; એટલું જ નહિ પરંતુ સંપ્રદાયને લક્ષમાં રાખીને વિવિધ ભાષાઓમાં વિપુલ સાહિત્યનો રસથાળ આપ્યો છે, જે સત્સંગમાં જ નહિ વિશ્વ સાહિત્યના ઈતિહાસમાં અનુપમ છે. એક જ વ્યક્તિના જીવનમાં બ્રહ્મસૂત્રભાષ્ય રચના અને વડોદરાના પંડિતોને એકલે હાથે શાસ્ત્રાર્થમાં પરાજિત કરી શકે તેવું પાંડિત્ય, રાસલીલા જેવી રસપ્રધાન રચના, સાથે ગ્વાલિયરના ગાયકોને સ્તબ્ધ કરી દે તેવું શાસ્ત્રીય નૃત્ય, આજ સુધીના ઈતિહાસમાં કોઈના નામે નોંધાયુ હોય તો એ એકમાત્ર મુક્તાનંદ સ્વામી છે.

તેમની કલમે ૩૪ જેટલા ગ્રંથો લખાયા છે. તેમનાં ભગવાં વસ્ત્રોએ ભારતવર્ષના કાષાયાંબરધારીને ગૌરવ અપાવ્યું છે. શ્રીહરિએ તેમની વિનમ્રતા સાથેની વિદ્વત્તા અને જ્ઞાન સાથેની ગુણગરિમાને કારણે 'ગુરુપદ' આપ્યું હતું. પ્રગટ પુરુષોત્તમે જીવનભર એમને ગુરુ માનીને મર્યાદા રાખી-રખાવી હતી. વાત્સલ્ય અને કરુણાને કારણે સ્વયં ભગવાન શ્રીસ્વામિનારાયણે તેમને **"સત્સંગની મા"** નું બિરુદ આપ્યું હતું. સ્વામીના સદ્‌ગુણને બિરદાવતા શ્રીહરિ શ્રીહ.ચ.સા.૮/૧૪માં કહે છે કે, **"આ મુક્તાનંદ સ્વામીને હું સર્વોપરિ સંત જાણું છું. તેમને માહાત્મ્યનો ગુણ**

**દિનપ્રતિદિન વધતો જ રહે છે. તેમનું મહિમાનું અંગ છે, જેથી આપણા સત્સંગમાં જે સંતો-ભક્તો છે તે સહુને તેઓ પરમ મિત્ર માને છે. કોઈનામાં ન્યૂનાધિક ભાવ રાખતા નથી. આવો સહજ બાળક જેવો તેમનો સ્વભાવ છે. પોતાના ઉપર કોઈ ખાર રાખે તેનું પણ હિત ઈચ્છે છે. સહુ ઉપર પ્રેમ રાખે છે અને અમે જે નિયમ આપીએ છીએ તેને અમારું સ્વરૂપ માનીને પાળતા રહે છે. આવા ગુણો હોવા છતાં તે અંગે મનમાં કાંઈ માન-મોટપ રાખતા નથી. તેથી અમને સ્વામીમાં ખૂબ હેત રહે છે."**

આવા અનેક સદ્‌ગુણોનું ધામ એવા મુક્તાનંદ સ્વામી શ્રીહરિ સ્વધામ ગયા બાદ માત્ર દોઢ માસમાં જ અક્ષરવાસી થયા. પરંતુ તેમના સદ્‌ગુણોને લીધે સત્સંગમાં અને સહુનાં હૈયામાં સદા અમર રહ્યા છે. મોટા સંતોએ મળીને અનેકના આદર્શ એવા સાધુતાની મૂર્તિ મુક્તાનંદ સ્વામીને આવા મોટા ગ્રંથમાં વક્તાનું સ્થાન આપી તેમના સદ્‌ગુણોને શ્રેષ્ઠ ભાવાંજલિ અર્પી છે.

INDEX

### શ્રીહરિચરિત્રામૃતસાગરના શ્રોતાગ્રણી

# ભક્તરાજ શ્રીદાદાખાચર વિષે બે બોલ

શ્રીસ્વામિનારાયણ સંપ્રદાયના ઈતિહાસમાં તન-મન-ધન સમર્પિત કરીને સાંપ્રદાયિક વિકાસના આધાર સ્તંભરૂપ બનેલા, અનન્ય નિષ્ઠાવાન, ગૃહસ્થ ભક્તોમાં સૌના આદર્શ, અદ્વિતીય વ્યક્તિત્વવાળા અને પ્રતિભાસંપન્ન ભક્તરાજ એટલે શ્રીદાદા ખાચર. તેઓ ગઢપુરના દરબાર એભલબાપુના એકમાત્ર કુળદીપક પુત્ર હતા. **તેમનો જન્મ વિ.સં.૧૮૫૭ પોષ વદ છઠના દિવસે સોમપ્રભાની પવિત્ર કૂખે બોટાદ ગામમાં થયો હતો.** તેમનું નામ **'ઉત્તમ'** (ઊનડ) હતું છતાં શ્રીહરિ વહાલમાં તેમને **'દાદો'** કહેતા.

વિ.સં.૧૮૬૧માં કારિયાણીમાં વસંતોત્સવ કરીને શ્રીસ્વામિનારાયણ ભગવાન ગઢડા પધાર્યા. એભલ બાપુના પરિવારે તેમનું ભવ્ય સ્વાગત કર્યું, એટલું જ નહિ આત્મસુદ્ધા સર્વે સંપત્તિ સમર્પિત કરી અને દાસત્વ સ્વીકાર્યું. શ્રીહરિએ પણ પ્રસન્ન થઈ ગઢડાને પોતાનું ઘર માન્યું. પછી તો શ્રીહરિની સાથે જ દાદા ખાચરનો બાલ્યકાળ વ્યતીત થયો હતો. શ્રીહરિ ગઢપુર આવ્યા ત્યારે તેમની ઉંમર માત્ર પાંચ વર્ષની હતી. પણ ભક્તિ પ્રહ્લાદ કરતાં પણ ચઢિયાતી હતી, તેથી શ્રીહરિના અનન્ય ભક્તોમાં જ નહિ કિંતુ અંગ્રેજ ગર્વનર અને તેઓની કચેરીઓમાં પણ તેમનું નામ શ્રીહરિના શ્રેષ્ઠ ભક્ત તરીકે ગુંજતું થયેલું. દાદા ખાચર એવા ભક્ત હતા કે જેમનાં શિક્ષણ, વ્યવહાર કે અધ્યાત્મમાં સ્વયં શ્રીજીમહારાજ જ વડીલની ભૂમિકા અદા કરતા અને માર્ગદર્શન આપતા.

દાદા ખાચર અનેક વાર શ્રીહરિ અને સંતોની અગ્નિ પરીક્ષાઓમાંથી પસાર થઈ પક્વ થયેલા દૃઢ નિષ્ઠાવાન અને વિશ્વાસુ ભક્ત હતા. શ્રીહરિ કહે તો માટલામાં કોળું નાખવા બેસી જતા અને બૂમ પાડે તો અડધી હજામતે પણ હાજર થઈ જતા. શ્રીહરિની મરજી જ તેમનું જીવન હતું, પ્રસન્નતા જ પ્રાપ્તિ હતી. તેમના પ્રથમ પત્ની બોટાદનાં કુમુદાબાઈ હતાં. દાદાને કોઈ સંતાન ન થતા સ્વયં શ્રીજીમહારાજે આગ્રહ કરીને સં.૧૮૮૧માં ભટવદર નાગપાલ

વરુની કન્યા **"જસુબા"** સાથે બીજા લગ્ન કરાવ્યાં. સાંપ્રદાયિક ઈતિહાસમાં એ પ્રસંગ અદ્વિતીય જ રહ્યો. **સ્વયં શ્રીહરિ દાદા ખાચરની જાનમાં તેમના રથના સારથી બન્યા અને સ્ત્રી-ધનના ત્યાગીઓ પણ જાનૈયા બન્યા.** શ્રીહરિનો આ પ્રસંગ દાદા ખાચરની નિષ્ઠાનો દસ્તાવેજ નહિ તો શું કહેવાય ?!

શ્રીહરિ હ.ચ.સા.૨૬/૧૯માં તેમની પ્રસન્નતા કરતા કહે છે જે, **'દાદા ખાચર ઉત્તમ ગુણવાન છે. અમે તેમના ગુણોમાં બંધાયા છીએ. અમારા વચનમાં તેમને પૂરો વિશ્વાસ છે. તેમનું અમે રતીભાર પણ ન ચાલવા દઈએ અને દોષ વિના સભામાં અપમાન કરીએ તથા 'કશું સમજતા નથી' એમ કહીએ છતાં તેમનું મુખ પ્રફુલ્લિત રહે છે; આવા તે અમૂલ્ય ભક્ત છે.'** દાદા ખાચર જેટલા ભગવદીય હતા તેટલા જ વ્યવહારદક્ષ પણ હતા. ભાવનગર સામે બહારવટે ચડેલા જોગીદાસ ખુમાણ અને મહારાજા વજેસિંહ સાથેનું સમાધાન ગોઠવવામાં મધ્યસ્થી બનીને રાજપરિવારનો જૂનો કલહ કૂનેહપૂર્વક ઉકેલી આપ્યો હતો.

**શ્રીહરિએ સં.૧૮૮૫ના આસો સુદ-૧૨ના રોજ ગઢપુરમાં શ્રીગોપીનાથજી મહારાજની પ્રતિષ્ઠા કરી ત્યારે દાદા ખાચરે પોતાની ૨૦૦ વીઘા જમીન કૃષ્ણાર્પણ કરી જે 'ભક્તિબાગ' તરીકે ઓળખાય છે.** શ્રીહરિ સાથે આ ભક્તરાજે અભિન્ન સંબંધ કેળવ્યો હતો. શ્રીહરિ ધામમાં ગયા તે સમયે વિયોગમાં વ્યાકુળ દાદાને ગોપાળાનંદસ્વામીએ સમજાવી બેઠકે મોકલ્યા. ત્યારે શ્રીહરિએ પ્રગટ થઈને તેમને ગુલાબનો હાર પહેરાવ્યો હતો. એક આત્મનિવેદી ભક્તને શોભે એવી તેમનામાં સરળતા, ઉદારતા, નિખાલસતા હતી. તદુપરાંત અનેકના આદર્શ બને એવું સમર્પિત અને સમજણપૂર્વકનું જીવન જીવ્યા હતા. **સં.૧૯૦૯, પોષ વદ ૭ ના રોજ '૫૨' વર્ષની ઉંમરે ગઢપુરમાં જ ભૌતિક શરીરનો ત્યાગ કરીને શ્રીહરિની સમીપે સિધાવ્યા.** પરંતુ આજે પણ તેઓ અનેકના આદર્શરૂપે સહુના હૈયામાં અમર બનીને રહ્યા છે. એવા મહામુક્તરાજ અને આ ગ્રંથના શ્રોતા દાદા ખાચરનાં ચરણોમાં કોટિ વંદન...

# સદ્‌ગુરુ શ્રીઆધારાનંદસ્વામીનું જીવન



**※ સ્વામીનો જન્મ તથા કુટુંબ પરિચય :**

શાર્દુલ : સિદ્ધાનંદ પ્રસિદ્ધ નામ નિજનું, આધાર આનંદજી,
કીધા શ્રીહરિને પ્રસન્ન અતિશે, છોડી સહુ ફંદજી;
કીધો ગ્રંથ તમે અમીરસ ભર્યો, સર્વોપરિ રીતથી,
તે સ્વામી મુજને સહાય કરજો, આ ગ્રંથમાં પ્રીતથી.

જેમ મહા નદીઓ મહાસાગરને મળવા થનગનતી હોય તેમ જેમને સર્વાવતારી શ્રીસ્વામિનારાયણ ભગવાનને મળવાનો અંતરમાં થનગનાટ હતો, જેમનું જીવન ગંગાના નીર જેવું ગહેરું અને પવિત્ર હતું, જેમના અંતરમાં પૃથ્વી જેવી ધીરજ અને ક્ષમાભાવના હતી, આકાશ જેવી વિશાળતા હતી, તેજના જેવી સર્વોત્તમ કાર્ય કરવાની તેજસ્વીતા હતી, વાયુના જેવી વાલમજીને વરવાની તીવ્ર ઝંખના હતી; એવા મહાન સંત એટલે **'સદ્. શ્રીઆધારાનંદસ્વામી.'** જેમની સેવાકાર્યનાં, સદ્‌ગુણોનાં તથા જીવનનાં ખુદ

સર્વાવતારી શ્રીસ્વામિનારાયણ ભગવાને વારંવાર વખાણ કર્યાં છે. એમના જેવી સાધુતા અને સરળતા મોટા દેવો પણ ઝંખી રહ્યા છે. અને જેમણે રચેલો શ્રીહરિચરિત્રામૃતસાગર જેવો મહાકાય ગ્રંથ સમગ્ર ભૂમંડળના તમામ માનવીઓને અધ્યાત્મ પ્રેરણાના ધોધ વહાવે છે. એવા મહા સંત એટલે **'સદ્. શ્રીઆધારાનંદસ્વામી.'**

આવા સિદ્ધયોગી મહાસંતનો જન્મ ક્યાં થયો ? ક્યારે થયો ? તેમના માત-પિતાનાં નામ શું હતાં ? તો સ્વામીનો જન્મ **'મેમકા'** ગામમાં થયો હતો. તેમના પિતાનું નામ **'હંસરાજભાઈ'** તથા માતાનું નામ **'મણીબેન'** હતું. તેમનું પોતાનું નામ **'વીરજીભાઈ'** હતું. તેમનો જન્મ આશરે ૧૮૫૫માં થયો છે. કેમ જે, ખુદ સ્વામી જ હ.ચ.સા.૨૧/૨માં કહે છે કે, "સં.૧૮૭૬ માગસર સુદ ચોથની રાતે મુક્તાનંદસ્વામી સરોદ લઈ બિહાગ રાગમાં કીર્તન ગાતા હતા. શ્રીહરિની મૂર્તિમાં સ્વામીએ ચિત્ત જોડી દીધું હતું. સ્વામીનું ગાન શ્રીહરિએ અક્ષર ઓરડીમાં સાંભળ્યું. ત્યારે શ્રીહરિની સમીપે દશ-બાર પાળા હતા. તેમની આગળ શ્રીહરિએ કહ્યું કે, 'આ ઊંચા સ્વરે કોણ કીર્તન ગાય છે ?' ત્યારે પાર્ષદો કહે, 'બ્રહ્માનંદ સ્વામી કીર્તનગાન ગાઈ રહ્યા હોય એવું જણાય છે.'

તેથી શ્રીહરિ પાસે પચ્છમ ગામના દેવજીભક્ત હતા તેમને કહ્યું કે, 'તમે જોઈ આવો કે આ કીર્તન કોણ ગાય છે ?' ત્યારે દેવજીભક્ત સંતોની જાયગાના બારણા પાસે આવ્યા ને પૂછ્યું કે, 'આ કોણ ગાય છે ?' ત્યારે બ્રહ્માનંદસ્વામીએ કહ્યું, 'અમે સંતો ગાઈએ છીએ.' એટલે દેવજીભક્તે શ્રીહરિ પાસે આવીને કહ્યું, 'બ્રહ્મમુનિ કીર્તનગાન કરી રહ્યા છે.' ત્યારે મહારાજ કહે, 'ચાલો આપણે ત્યાં જઈને સાચી વાત નક્કી કરીએ.' એમ કહી શ્રીહરિ સંતોની જાયગામાં આવ્યા. ત્યારે સહુ સંતો સૂતા હતા. એક મુક્તાનંદસ્વામી જ પ્રેમરસમાં મગ્ન થઈને કીર્તન ગાતા હતા.

**सोरठा : मुक्तमुनि ताके संग, तब में एक गात रहे ॥**
**अति परम जो उमंग, विस वर्ष तब ही भयेउ ॥३॥**

આ સમયે સ્વામી ૨૦ વર્ષના હતા. વળી, સ્વામી પોતે હ.ચ.સા.૮/૧માં કહે છે કે,

दोहा : ओगणसाठ तन वर्ष भये, ग्रंथ आरंभ हि किन ॥
संवत् ओगणिश चौदमें, जिष्ट शुदि अष्टमि दिन ॥११॥

આ બે પ્રમાણ ઉપરથી એટલું તો જરૂર નિશ્ચિત થાય છે કે, **'સ્વામીનો જન્મ સં.૧૮૫૫માં જેઠ મહિનામાં થયો હોય તેમ લાગે છે.'**

### ⁕ મૂળજી શેઠ તથા હંસરાજ સુતારને સત્સંગ :

હવે તેમના કુટુંબમાં સત્સંગ કેવી રીતે થયો ? તેઓ શા માટે મેમકાથી ખોલડિયાદ રહેવા માટે ગયા ? અને કેવી રીતે તે સંત બન્યા ? વગેરે વાતો આપણે વિસ્તારથી વાંચીએ.

સં.૧૮૫૯માં શ્રીહરિ મૂળીના દરબાર પરમાર રામાભાઈ તથા તેમનાં ધર્મપત્ની રાજબા વગેરેના ભાવને આધીન થઈ મૂળી પધાર્યા. ત્યાં નિત્ય સવારમાં અલર્ક વાવે સ્નાન માટે જતા. થોડી વાર ત્યાં બેસી શ્રીહરિ ધ્યાન કરતા. એક દિવસ સવારમાં મહારાજ વાવે સ્નાન કરી ધ્યાનસ્થ બેઠા હતા. ત્યાં બાજુના ગામ મેમકાથી મૂળજી શેઠ આવ્યા. મહાયોગી સ્વરૂપે બિરાજતા શ્રીહરિનાં દર્શન કર્યાં, શેઠનું દિલ ઠર્યું. થોડીવાર એ મનોહર મૂર્તિનાં દર્શન કરતા એકાગ્ર ચિત્તે ઊભા રહ્યા. ત્યાં મહારાજ ધ્યાનમાંથી જાગ્રત થયા, ચરણ લાંબાં કર્યાં. ચરણારવિંદમાં સોળ ચિહ્નનાં દર્શન થતાં જ મૂળજી શેઠે નિશ્ચય કર્યો કે, **'આ પ્રગટ ભગવાન છે.'** તરત જ શ્રીહરિને શરણે થયા. મહારાજ પાસે વર્તમાન ધરી સત્સંગી થયા. પછી તો બે દિવસ મૂળી રોકાયા. મહારાજ અનેકને સમાધિ કરાવતા, અનેક ધામોનાં દર્શન કરાવતા વગેરે પ્રતાપ નજરે નિહાળ્યો.

આમ પોતે સત્સંગી થઈ મેમકા આવ્યા. તેમના મિત્ર સુતાર હંસરાજભાઈને તથા પટેલ શ્યામજી કણસાગરા તથા પટેલ શ્યામજી આગોલાને વાતો કરી. તેમની વાતો દ્વારા મહા વિશ્વાસુ સુતાર હંસરાજભાઈ વગેરેને સત્સંગ થયો. તથા શેઠે પોતાના મિત્ર મેંથાણના અજા પટેલ અને રામગ્રી ગામના જીવા પટેલ વગેરેને વાત કરી. તેઓ પણ મુમુક્ષુ હતા. તેમણે કહ્યું, 'એકવાર શ્રીહરિને મેમકા તેડી લાવો. અને જ્યારે ભગવાન અહીં પધારે ત્યારે અમને તેડાવજો.' શેઠ તે વાતમાં સંમત થયા.

પછી સંવત્ ૧૮૬૦માં ચૈત્ર મહિનાના વદ પક્ષમાં મૂળજી શેઠ કારિયાણીથી મહારાજને મેમકા તેડી લાવ્યા. ભેળા મુક્તાનંદસ્વામી આદિક થોડાક સાધુ હતા. જ્યારે શ્રીહરિ મેમકા પધાર્યા ત્યારે મૂળજી શેઠે મેંથાણના પટેલ અજાભાઈ તથા રામગ્રી ગામના જીવા પટેલને આગળથી કહ્યું હતું તે મુજબ સમાચાર મોકલ્યા કે, 'અમારે ગામ સ્વામિનારાયણ ભગવાન આવ્યા છે.' તેથી તે બંને પણ મહારાજનાં દર્શન કરવા સારુ મેમકા આવ્યા.

તે સમયે મહારાજ મેમકાની નદીમાં કૂવો છે ત્યાં ના'વા ગયા હતા. ને ત્યારે મહારાજ મીંઢીઆવળ અને મરચાં ભેળાં વટાવીને ગોળા કરીને જમતા તથા રેચ લેતા. અને કેટલાક જનોને સમાધિ કરાવતા એવું પ્રકરણ ચાલતું હતું. તે બે-ત્રણ જણને સમાધિ કરાવી હતી, તે ત્યાં સૂતા હતા. ને શ્રીજીમહારાજ ખાખરાના જંગલમાં બહિર્ભૂમીએ ગયા હતા, તે ત્યાંથી પાછા આવતા હતા ને મુક્તાનંદ સ્વામી બેઠા હતા. ત્યાં એ બંને આવ્યા. તેમાં અજા પટેલને મહારાજની ચાલ જોઈને નિશ્ચય થયો. તેથી તે એમ બોલ્યા જે, **'આ જરૂર ભગવાન છે. કેમ કે, આવી ચાલ ભગવાન વિના બીજા મનુષ્યની હોય નહીં.'** પછી જીવા પટેલ સમાધિવાળાને જોઈને એમ બોલ્યા જે, **'શાસ્ત્રમાં એમ કહ્યું છે જે,**

**કળથી બળથી છળથી, કરી શકે નહિ કોય;**
**લે ખેંચી મન લાખના, જે આપે ઈશ્વર હોય.**

**બીજાનાં મન તથા નાડીપ્રાણ જીવથી ન ખેંચાય. માટે આ જરૂર ભગવાન છે.'** ત્યારે અજા પટેલ બોલ્યા જે, **'બીજાનાં નાડીપ્રાણ ખેંચે યા ન ખેંચે પણ જરૂર આ ભગવાન છે.'** એમ તે બંનેને નિશ્ચય થયો. અને તે બેય જણે શ્રીહરિ પાસે વર્તમાન ધાર્યાં ને સત્સંગી થયા. વળી, હંસરાજભાઈ સુતાર વગેરેને પણ મહારાજનો આ પ્રતાપ જોઈ શ્રીહરિનો પાકો નિશ્ચય થયો.

પછી મહારાજ થોડા દિવસ ત્યાં રહીને ત્યાંથી બીજે ગામ જવા નીકળ્યા. ત્યારે તે ગામના શેઠ મુળજીભાઈ, હંસરાજભાઈ, શ્યામજી કણસાગરા તથા શ્યામજી આગોલા; એ ચાર ભક્તો મહારાજને દૂર લગી વળાવવા ગયા. ત્યારે મહારાજે એ ચારે જણને એમ કહ્યું કે, 'અમારી આજ્ઞા માનશો ?' ત્યારે

તેમણે કહ્યું જે, 'હે મહારાજ ! તમે જેમ આજ્ઞા કરશો તેવી રીતે વર્તીશું.' ત્યારે મહારાજ કહે, 'દિન ૨૦ની માંહિલી કોર વઢવાણ પરગણું મેલીને ઉચાળા લઈને પર પરગણે રહેવા જાજો. કારણ કે, બાબા સાહેબનું લશ્કર આવશે ને વઢવાણ સાથે લડાઈ થશે, ત્યારે વઢવાણ ઉજ્જડ થાશે ને મેમકા ગામને બાળી દેશે. માટે બીજે રહેવા જતા રહેજો.' એમ એ ચાર ભક્તોને આજ્ઞા કરીને શ્રીજીમહારાજ ત્યાંથી ગુજરાતમાં બોચાસણ તરફ જવા નીકળ્યા.

પછી શ્રીહરિની આજ્ઞા મુજબ મૂળજી શેઠ ગામ લીંબલીએ રહેવા ગયા. ને શ્યામજી કણસાગરા ને શ્યામજી આગોલા એ બે ભક્ત ગામ ચાણપર રહેવા ગયા. અને હંસરાજભાઈ સુતાર પરિવાર સાથે ગામ ખોલડિયાદમાં રહેવા આવ્યા. તે પછી વીસ દિવસે વડોદરાથી દીવાન બાબા સાહેબનું લશ્કર આવ્યું તે મેમકા લૂંટીને બાળી દીધું. આવી રીતે ભવિષ્યના દુઃખથી મહારાજે પોતાના ભક્તોની રક્ષા કરી. *(સંદર્ભ : નિર્ગુણસ્વામીની વાત.૯)*

### ❋ ખોલડિયાદમાં નિવાસ તથા અન્યને સત્સંગ :

જ્યારે તેઓ ખોલડિયાદ ગામે આવ્યા ત્યારે ત્યાં સિંધવ રજપૂતોનું રાજ્ય હતું. આ રજપૂતોએ હંસરાજભાઈને આદરથી પોતાના ગામમાં રાખ્યા હતા. હંસરાજભાઈના પિતાનું નામ ભીમભાઈ હતું અને માતાનું નામ ફુલીબાઈ હતું. તેઓ જ્ઞાતિએ ગુર્જર સુતાર હતા. તેમની અટક વડગામા હતી.

ચોપાઈ : **હંસરાજ સુથાર વિખ્યાત, પિતા ભીમજી ફુલીબા માત;**
**ત્રણ પુત્ર હતા ગુણધામ, મોટાનું વીરજીભાઈ નામ.**
**નથી નાનાનાં નામ પ્રખ્યાત, ભજે પ્રભુને દિવસ રાત;**
**અઢારસો ને સાઠમાં એહ, સુદ વૈશાખ પંચમી જેહ.**
**મેમકાથી ઉચાળો ભરાવી, રહ્યા ખોલડિયાદમાં આવી;**
**માની મહાપ્રભુનું વચન, આવ્યા મૂકીને મૂળ વતન.**

*(પુરુષોત્તમ ચરિત્ર પુષ્પમાળા ગુ.૬/૫૭)*

હંસરાજભાઈથી સવાયા સત્સંગના રંગે રંગાયેલા તેમનાં ધર્મપત્ની મણીબાઈ હતાં. તેમણે ખોલડિયાદમાં પોતાનું મકાન બનાવ્યું. અને તે પોતાના મકાનના એક ભાગમાં તેમણે મંદિર બનાવ્યું. સવાર સાંજ ધૂન-કીર્તન તથા

કથાવાર્તા ચાલુ કર્યાં. આથી ધીમે ધીમે ઘણા લોકો સત્સંગી થયા.

ચોપાઈ : **ખરા ભક્ત ખોલડિયાદ ગામ, જન સુતાર હંસરાજ નામ;**
**દૈવી જીવોને સુબોધ દીધો, સતસંગમાં સમાસ કીધો.** (ભ.ચિં.૧૧૭)

તેની નોંધ કરતા ખુદ આધારાનંદસ્વામી હ.ચ.સા.૧૫/૪-૫માં કહે છે કે,

चोपाई : **निवास रखे मन दई अति भावा, एकसठमें सत्संग करावा ॥**
**हंसराजके जोग भये जबहू, सिंधव सत्संग करे तबहू ॥१२॥**

ખોલડિયાદમાં સગા સિંધવ, જીવા સિંધવ અને અજા સિંધવ; આ ત્રણેય ભાઈ બહુ જ સારા હરિભક્ત થયા હતા. વળી, સગા સિંધવના ચાર પુત્ર : (૧) હરખાભાઈ, (૨) રાજાભાઈ, (૩) રામાભાઈ અને (૪) નારાયણભાઈ તથા જીવા સિંધવના સાત પુત્ર : (૧) ઘેલાભાઈ, (૨) હમીરભાઈ, (૩) ખેંગારભાઈ, (૪) દાનાભાઈ, (૫) નરશીભાઈ, (૬) દલાભાઈ અને (૭) ગણેશભાઈ. અજા સિંધવને બે પુત્ર હતા. (૧) રૂડાભાઈ અને (૨) મૂળાભાઈ. આ તમામ ભક્તોને હંસરાજભાઈના યોગમાં આવતા સારો સત્સંગ થયો હતો. અને તે સર્વે પરિવાર જગતની નાશવંત વસ્તુઓને હરામ કરીને શ્રીહરિને ભજતા હતા. ગામમાં તેમનું જ મુખ્ય ચલણ હતું.

ચોપાઈ : **હંસરાજ ભાઈના પ્રસંગ, થયો સિંધવમાં સતસંગ;**
**કણબીમાં મૂળાભાઈ જેહ, તેને વાધ્યો શ્રીહરિમાં સ્નેહ.**
**તેના પુત્ર ને પુત્રના તન, કરે પ્રગટ પ્રભુ રટન;**
**સૌને શિર સાટે સતસંગ, કરે નહીં વચનનો ભંગ.**
*(પુરુષોત્તમ ચરિત્ર પુષ્પમાળા ગુ.૬/૫૭)*

વળી, એક અડાલજા અટકના મૂળજીભાઈ પટેલ આ ગામના મુખી હતા. તેમને દાદુભાઈ નામે એક ભાઈ હતા તથા મૂળજી પટેલના દીકરાનું નામ ડુંગરભાઈ હતું. અને તેના દીકરાનું નામ ભગુભાઈ હતું. તે સહુ પણ હંસરાજભાઈના યોગે સારા સત્સંગી થયા હતા. મૂળજી પટેલનો આખો પરિવાર સિંધવ ભક્તના જેવી જ ભાવનાથી શ્રીહરિ અને સંતોની સેવા કરતો.

**सोरठा : सिंधव हरिजन जेते, संतकि सेवा करत जिमि ॥**
**भावजुत अति तेते, तिस विध सो करत भये ॥३९॥**

**सिंधव हरिजन ताके, सुतके सुत हरिजन भये ॥**
**भाग्य उदे भये वाके, मुख्य रहे सत्संग तेहि ॥४०॥**

સિંધવ પરિવારમાં તેમના દીકરા અને દીકરાના દીકરાઓ પણ સારા સત્સંગી થયા હતા. જેના અનંત જન્મનાં પુણ્ય ઉદય થાય તેવા ભાગ્યશાળી આત્માઓને જ સત્સંગ મુખ્ય રહે છે. આ સહુની ભાવનાથી સં.૧૮૬૨ વૈશાખ સુદિ-૪ શ્રીહરિ ખોલડિયાદ પધાર્યા.

**दोहा : संवत अढारसो जब, बासठके वर्ष मांहिं ॥**
**वैशाखमें आये हरि, गणपति चोथ रहांहि ॥१३॥**

**जीवासिंध ताहिके, भूवन रहे हरि रात ॥**
**रसोई जेंवाये भावकर, चलत भये प्रभात ॥१४॥**

વળી, હંસરાજભાઈ તથા તેમનાં ધર્મપત્ની મણીબાઈ બહુ જ ધર્મનિષ્ઠ હતાં. તેથી તેમણે પોતાના ઘરમાં, કુટુંબમાં અને ગામના બૈરાઓમાં ધર્મના સંસ્કારો રેડી સત્સંગની બળવાન પ્રવૃત્તિ કરેલી. માતા-પિતાના સંસ્કારો, ભાવના અને એમના શુભ વર્તનની છાપ બાળકો ઉપર અવશ્ય પડે છે. આ ન્યાયે હંસરાજભાઈના ત્રણેય પુત્રો પિતાની જેમ સારા ધર્મનિષ્ઠ થયા હતા.

એમના મોટા પુત્ર વીરજીભાઈ તો બાળપણથી જ સત્સંગ પરાયણ બની ગયા હતા. ધ્યાન-ભજન કરવું અને કીર્તનો ગાવાં એ એમનું મુખ્ય અંગ હતું. પિતા-પુત્ર જ્યારે કીર્તનો ગાતા હોય ત્યારે સાંભળનારા સત્સંગીઓને પણ પ્રભુભક્તિનો અલૌકિક આનંદ આવતો. સહુ શ્રીહરિનાં સ્વરૂપમાં તન્મય બની જતા. વળી, એમને શ્રીહરિ અને મોટા સંતોની આજ્ઞામાં તથા મરજીમાં રહેવાની સદાય ખટક રહેતી. તેથી તેમણે તેમના યોગમાં આવેલા સિંધવ પરિવાર તથા પટેલ પરિવારમાં પણ એવા જ સંસ્કારો રેડ્યા હતા.

ગિરનારની સમીપમાં શ્રીજીમહારાજે સં.૧૮૬૭માં સમૈયો કરેલો. ત્યારે વીરજીભાઈ જૂનાગઢ શ્રીહરિના દર્શને ગયેલા. ત્યારથી તેમના મનમંદિરમાં શ્રીજીમહારાજની મૂર્તિ આબેહૂબ વસી ગઈ હતી. અને તેમની સમીપ પહોંચવાનો નિત્ય ઓરતો રહેતો હતો. જૂનાગઢનો ઉત્સવ કરી તે પાછા ખોલડિયાદ આવ્યા.

અહીંના ભક્તોની ભાવનાને આધીન થઈ **શ્રીહરિ સં.૧૮૬૯માં જ્યારે દુષ્કાળ પડ્યો ત્યારે બીજી વાર ખોલડિયાદ પધારેલા.** સહુ ભક્તોની ખબર લીધેલી. અને હંસરાજભાઈને ઘેર રાત રહેલા. પછી જ્યારે ચાલતા થયા ત્યારે રૂડા સિંધવને સાથે લીધેલા. તેમની સેવાભાવના તથા સંતપ્રેમને નિહાળી અતિ રાજી થઈ શ્રીહરિએ માત્ર તેમના ખેતરમાં વરસાદ વરસાવેલો; તે વાત સત્સંગમાં પ્રસિદ્ધ છે.

**✲ વીરજીનો ગૃહત્યાગ :**

શુદ્ધભાવથી કરેલી સત્સંગની સેવા, પ્રગટ પ્રભુ અને સંતની નિષ્ઠા તથા ભજન-ભક્તિના પ્રતાપે હંસરાજભાઈ અને તેમના પુત્ર વીરજીના મનમાંથી સંસારની તમામ આસક્તિ ટળી ગઈ હતી. તેમાં પણ વીરજીનું તો સંપૂર્ણ જીવન સત્સંગ પરાયણ બની ગયું હતું. ભગવદ્‌ભજન અને સેવા જ એમને પોતાનું કર્તવ્ય લાગતું. બાપ બેટો બંને સત્સંગ, જપ, તપ અને ત્યાગ-વૈરાગ્યના માર્ગે એક પછી એક કદમ માંડી રહ્યા હતા. બંનેના જીવ વૈરાગ્યના ભગવા રંગથી રંગાઈ ગયા હતા. તે બંનેએ પોતપોતાનાં મનમાં સંકલ્પ કરેલ કે, "હવે આપણે સાધુ દીક્ષા લઈ શાંતિથી ભજન કરી લેવું છે. શેષ જીવન શ્રીહરિની સેવામાં સમર્પણ કરી મહારાજ તથા સંતોને રાજી રાજી કરી દેવા છે."

હંસરાજભાઈના ત્રણેય પુત્રોમાં પણ વીરજીના ત્યાગ, વૈરાગ્ય, ભક્તિ, તપ, સેવાભાવના, પ્રગટ પ્રભુની તથા પ્રગટ સંતની નિષ્ઠા વગેરે સદ્‌ગુણો સહુથી ચઢિયાતા હતા. એટલે પ્રથમ વીરજીભાઈએ પોતાની માતા મણીબાને કહ્યું, **"હે મા ! જો તમે રાજી થઈને મને રજા આપો તો મારે સાધુ થવા જવું છે."** તેમના માતુશ્રી તો પુત્રની સ્થિતિ જાણતા હતા. કેમ જે, તેમણે જ બાળપણથી સતી મદાલસા તથા મેનાવતીની જેમ પોતાના પુત્રને સંસારની અસારતા અને આત્મકલ્યાણનાં પીયૂષ પાયાં હતાં. જગત મિથ્યા અને આત્મા સત્ય છે અને તે પરમાત્માને પામીને જ પરમ સુખને પામે છે, એવું સમજાવ્યું હતું. અને એ પણ જાણતા હતા કે, **'જેની દષ્ટિ શ્રીહરિનાં સુખમાં પહોંચી હોય તે જીવને અનંત બ્રહ્માંડનાં વિષયસુખ કે રાજવૈભવનું સુખ પણ નરકતુલ્ય**

**ભાસે, તો આ લોકના વિષય વૈભવમાં ન લોભાય તેમાં શું કહેવું ?'**

વળી, એમ પણ વિચાર્યું કે, 'આવો ગુણિયલ પુત્ર સંત થશે તો સર્વાવતારી શ્રીહરિ મારા પર પ્રસન્ન થશે. અને તે શ્રીહરિનું ભજન કરી-કરાવી અનેકને સુખિયા કરશે, અનેકનો ઉદ્ધાર કરશે.' આવી ઉમદા ભાવનાથી તરત જ તેમણે અતિ પ્રસન્ન થઈ સાધુ થવાની હા પાડતા કહ્યું, 'ભલે પુત્ર, મોક્ષને પંથે પ્રયાણ કરો. મારા આશીર્વાદ છે કે, તારો ત્યાગ મહારાજ નિર્વિઘ્ન પાર પાડશે અને તું શ્રીહરિની સેવામાં ખૂબ કામ લાગીશ.' આમ પ્રોત્સાહન આપ્યું. તેથી વીરજીભાઈ ઘણા રાજી થયા અને માતાના ચરણ સ્પર્શ કરી વંદન કર્યા.

બીજે દિવસ વાતની વાતમાં હંસરાજભાઈ પણ પોતાનો વિચાર સ્વપત્નીને કહેતા કહે કે, 'આપણા પુત્રો ધર્મવાળા છે. કામકાજ કરવામાં અને લોકવ્યવહારમાં પણ ખૂબ કુશળ છે. આપણે કોઈ પ્રકારની ચિંતા કરવી પડતી નથી. જેથી મારો વિચાર એવો છે કે, હું સંસારનો ત્યાગ કરી સાધુ થઈ બાકીની જિંદગી શ્રીહરિ અને સંતોની સેવામાં સમર્પણ કરું. માટે હું તો કાલે જ સાધુ થવા ગઢડા જવા માગું છું; તો તારી શું મરજી છે ?' આ વાત સાંભળી તેમનાં પત્ની બહુ રાજી થયાં. અને કહે, **"તમે ઘણો સારો વિચાર કર્યો છે. તેમાં સંમત થાવું એ તો મારો ધર્મ છે. પરંતુ તમારા કરતાં દસગણી સાધુ થવાની તૈયારી આપણા પુત્ર વીરજીએ કરી લીધી છે. હવે તમો બન્નેમાંથી સુખદુઃખ સહન કરી જે વધારે શ્રીહરિની સેવા કરી શકો, તે સાધુ થાઓ અને જો મહારાજની તમને બંનેને સાધુ કરવાની ઈચ્છા હોય તો બંને થઈ જજો. મારું રક્ષણ-પોષણ તો ગર્ભમાં જેણે રક્ષા કરી છે, એવા શ્રીહરિ કરશે જ. મારી ચિંતા તમે ન કરતા. હવે શું કરવું તેનો નિર્ણય તમારે જ કરવાનો છે."** આવી માતાને ધન્યવાદ છે,

**જનમ જે સંતને આપે, જનેતા એ જ કહેવાયે;**
**અગર શૂરો અગર દાતા, ગુણો જેના સકળ ગાયે.**

પત્નીની વાત સાંભળીને હંસરાજભાઈ વિચારમાં પડી ગયા. કારણ કે, ગુણિયલ, યુવાન અને વિવાહ યોગ્ય પુત્ર ત્યાગી થઈ જાય એ લોકમાં ઠીક દેખાય નહિ. એમ ધારી એમણે વીરજીને યુક્તિ-પ્રયુક્તિથી ઘરમાં રહી

ભજન કરવા ખૂબ સમજાવ્યું, પણ વીરજીનું મન મનાવી શક્યા નહિ.

પછી તો એક સાથે બે મરજીવા મહારાજની મરજીમાં જીવન ઝંપલાવવા તૈયાર થયા. બંનેને એક સાથે હસતે મુખે વિદાય આપવાનો પ્રસંગ ઊભો થયો. ગમે તેટલી ધર્મનિષ્ઠ બાઈ હોય પણ પતિ-પુત્ર આમ એકાએક સંસારી જીવનને છોડી ચાલ્યા જતા હોય ત્યારે એની લાગણીનાં પૂર વહેવા માંડે; આંખોમાંથી અશ્રુધારા ચાલુ થાય; કકળાટ, વલોપાત અને વિનવણીથી વાતાવરણને ઉદ્વેગમય બનાવી દે; પણ હંસરાજભાઈનાં ધર્મપત્ની મણીબાએ સ્વસ્થતા તથા દૃઢતાપૂર્વક શાંતિથી કહ્યું, 'તમારા બંનેના વિચારમાં સહમત થવું એ આર્ય સન્નારીનો ધર્મ છે. આપણે તો શ્રીહરિના જ છીએ. તેમના માટે જ જન્મ્યા છીએ, તેમના માટે જ જીવવાનું છે અને તે કાર્યમાં તમે ઝંપલાવો એ મારા સદ્‌ભાગ્યની વાત છે.' આમ કહી પતિ-પુત્ર બંનેને વિદાય આપી.

**પછી પિતા-પુત્ર બંને સં.૧૮૭૩ જન્માષ્ટમીના સમૈયા ઉપર ગઢપુર ગયા.** ત્યાં હંસરાજભાઈએ મુક્તાનંદસ્વામીને પોતાની તથા પુત્રની બધી વાત કહી બતાવી. પછી સ્વામીશ્રીએ બંનેને વારાફરતી એકાંતમાં બોલાવી તેમના અંતરની વાત પૂછી, તેમની પૂરી ચકાસણી કરી. પછી વીરજીનો તીવ્ર વૈરાગ્ય અને શ્રેષ્ઠ સમજણ જોઈને સ્વામીનું અંતર પીગળી ગયું. તેથી હંસરાજભાઈને કહ્યું કે, **"તમે ઘરે રહી સત્સંગની વધારે સેવા કરી શકશો, માટે તમે ઘરે રહો અને વીરજી અહીં રહી સત્સંગની વિશેષ સેવા કરશે. માટે તે ભલે સાધુ થાય."** આમ, સ્વામીએ બંનેને સમજાવી પરસ્પર સદા પ્રેમભાવ રહે તેવું સુખદ સમાધાન કર્યું.

પછી સ્વામી તે બંનેને લઈને મહારાજ પાસે ગયા અને પિતા પુત્રની રસપ્રદ સંપૂર્ણ વાત કરી. તે વાત સાંભળી મહારાજ બંને ઉપર અતિ પ્રસન્ન થયા. અને બંનેને બાથમાં લઈ અત્યંત પ્રેમથી ભેટ્યા. પછી શ્રીહરિ કહે, "અમારી સેવામાં વધુ ઉપયોગી તો વીરજી થશે. માટે તે સંત બની અમારી સેવા કરે અને હંસરાજભાઈ તમે ઘેર જાઓ. તમારા ઘરને હવે મંદિર બનાવી તમો ગામમાં તથા આજુબાજુના વિસ્તારમાં સત્સંગ કરાવજો. તેમાં અમે ખૂબ રાજી છીએ." એમ કહી હંસરાજભાઈની છાતીમાં ચરણારવિંદ આપ્યાં. અને

તે જન્માષ્ટમીના સમૈયામાં ગઢપુરમાં ત્યારે જ મહારાજે વીરજીને સાધુની દીક્ષા આપી. *(પુરુષોત્તમ ચરિત્ર પુષ્પમાળા ગુ.૬/૫૭)*

ચોપાઈ : **વીરજીભાઈ વૈરાગ્યવંત, મહા દીક્ષા લઈ થયા સંત;**
**મુનિ આધારનંદજી નામે, પોતે સાધુ કર્યા સુખધામે.**

અને **શ્રીહરિના આધારે જ જીવન ઝંપલાવનાર આ વિરલ પુરુષનું શ્રીહરિએ "આધારાનંદ"** એવું સાર્થક નામ પાડ્યું. આ સમયે સ્વામીની ઉંમર ૧૭ વર્ષની હતી. જૂનાગઢ ઉત્સવમાં ગયા ત્યારથી સંત બનવાની પોતાના અંતરની પ્રબળ ઈચ્છા હતી. તે ત્યાર બાદ પાંચ વર્ષે સંતની મહા દીક્ષા મળી ત્યારે પૂર્ણ થઈ અને તેથી તેમને અંતરમાં સંતોષ થયો. પછી મહારાજે તેમને મુક્તાનંદસ્વામીના શિષ્ય તરીકે રહેવાનું કહ્યું. ત્યાર બાદ તેમણે પોતાનું સમગ્ર જીવન શ્રીજીમહારાજના પ્રીતિપાત્ર બનાય તેવાં કાર્યો કરી ધન્ય બનાવ્યું.

આધારાનંદસ્વામી પૂર્વાશ્રમમાંથી જ ઘણી કળા-કારીગરીમાં કુશળ હતા. તેમને જે કામ સોંપવામાં આવે તે તેઓ પૂરી કાળજી રાખી સુંદર રીતે પૂર્ણ કરતા. તેમનું ખોળિયું સુતારને ત્યાં જન્મ્યું હતું. તેથી લાકડા ઉપર જ રંધો મારનાર આ મુક્તાત્માએ જીવન પર પણ રંધો માર્યો હતો. વાંસલા વડે લાકડાની ગાંઠો છોલનાર સ્વામીએ જીવનમાંથી રાગ-દ્વેષની ગાંઠો પણ છોલી નાખી. જીવનભર વિનય, વિવેક અને સરળતાનો રંધો લગાવી સાધુતાને શોભાવી હતી. અનેકના આદર્શ બન્યા હતા. તેથી શ્રીહરિ અને મોટેરા સંતો તેમના ઉપર અતિ રાજી થયા. એટલે આધારાનંદસ્વામીમાં એક પછી એક કળાઓ આવીને નિવાસ કરવા લાગી.

તેઓ જે ક્ષેત્રમાં હાથ અજમાવતા તેમાં તે પૂર્ણ સફળ થતા. **તેઓ સારું ગાઈ જાણતા તો વાજિંત્રો પણ વગાડી જાણતા. સારાં કીર્તનો રચી શકતા તો હરિગીત કે મોતિદામ જેવા છંદ-ચોપાઈમાં પણ સારી ગતિ હતી. તેઓ કુશળ શિલ્પી હતા તો સારામાં સારા ચિત્રકાર પણ હતા.** આમ, અનેક કળાઓ તથા સદ્ગુણો તેમને વર્યાં હતાં. પરંતુ આ તમામ ગુણ કે કળા માત્ર વધુ ને વધુ સત્સંગના ઉપયોગમાં આવી શ્રીહરિ અને મોટા સંતનો રાજીપો રળવો એ જ તેમના અંતરનો આશય હતો. એમાં પણ શ્રીહરિ તથા સંતોભક્તોના

મજૂર બનીને, સેવકના સેવક થઈને સેવા કરવી તે તેમની વિશેષતા હતી.

### * આદર્શ કવિ :

સ્વામિનારાયણ સંપ્રદાયમાં સાધુઓ તથા વર્ણીઓમાં ઘણા કવિઓ થઈ ગયા છે. તેઓએ પોતાની રુચિ પ્રમાણે શ્રીહરિનાં ઐશ્વર્ય, પ્રતાપ, મહિમા, મોટપ અને લીલાચરિત્રોનાં સુંદર ગ્રંથો તથા કીર્તનો કર્યાં છે. તેમાં મુખ્ય અષ્ટકવિઓ ગણાય છે. તે અષ્ટકવિઓમાં આધારાનંદસ્વામીની ગણના થાય છે; એવા તે ઉત્તમ કવિ હતા. પરંતુ કવિતામાં આધારાનંદ નામ બંધ બેસારવું અઘરું પડતું. તેથી શ્રીહરિના કહેવાથી કાવ્યોમાં પોતાનું **"સિદ્ધાનંદ"** એવું નામ રાખ્યું છે.

સં.૧૮૭૪માં પેશ્વા સરકારનું પતન થયું અને અંગ્રેજ સરકારના આમંત્રણથી શ્રીહરિ અમદાવાદ ગયા અને ત્યાં રોકાયા. મહારાજના કહેવાથી એરણ સાહેબે અમદાવાદમાં મંદિરના બાંધકામની જગ્યા આપી. બીજે વર્ષે સં.૧૮૭૫માં આનંદાનંદસ્વામીએ અમદાવાદ જઈ સૌ પ્રથમ સંતો માટે ધર્મશાળા કરી. ત્યારે પણ શ્રીહરિ ત્યાં ગયા. ત્યાર બાદ ગઢપુરમાં આવી વસંતપંચમીનો ઉત્સવ કર્યો. પછી સંત સર્વે ફરવા ગયા.

તે સમયે એક પિંગળ નામનો ચારણ ભાવનગર ગયો હતો. તેણે વજેસંગનું કવિત બનાવ્યું. તેથી તેને રાજાએ ઘોડો ભેટ આપ્યો. તે ઘોડો લઈને પિંગળ કવિ ગઢડે આવ્યો અને દરબારમાં ઉતર્યો. પછી મહારાજ પાસે આવ્યો ને પોતાનું કરેલું કવિત મહારાજને સંભળાવ્યું અને એમ બોલ્યો જે, "હે મહારાજ ! તમારી પાસે મુક્તાનંદસ્વામી, બ્રહ્માનંદસ્વામી ને પ્રેમાનંદસ્વામી આદિ મહાકવિ કહેવાય છે, તેમને મારે જોવા છે. કેમ જે, તેમાંથી કોઈ આવું કવિત કરી શકે છે ?" ત્યારે મહારાજ બોલ્યા જે, "કરીમભાઈ, જાઓ. આપણા સાધુમાં કોઈ કવિ હોય તો તેને અહીં બોલાવી લાવો." ત્યારે કરીમભાઈ સંતોની ધર્મશાળામાં જઈ આવીને કહે, 'હે મહારાજ ! એક આધારાનંદસ્વામી છે ને તે માંદા જેવા છે; બીજા કોઈ સંત અહીં હાજર નથી.'

પછી શ્રીહરિએ તેમને બોલાવ્યા, તેથી તે મહારાજ પાસે આવ્યા. ત્યારે મહારાજ બોલ્યા જે, "સ્વામી ! જુવો આ ગઢવી કવિત કરી લાવ્યા છે, તેવું તમે પણ કરી લાવો." પછી આધારાનંદસ્વામીએ તરત કવિત કરીને તે કાગળ મહારાજને આપ્યો.

**છપ્પય : શ્રીહરિ કો સદન મદન કહુ કોટિ લજાવે,**
**શારદ નારદ શેષ મહેશ કોઉ પાર ન પાવે;**
**અક્ષર રૂપ અનુપ ઓરડી અજબ અનોખી,**
**પાવે દર્શન દાસ હરિજન સંત સંતોષી;**
**સિદ્ધાનંદ સત્ય કહત હૈ જ્યાં નહિ માયા આડ હૈ,**
**શ્રીહરિ કે સદન પર ઝૂક્યો જાંબુ કો ઝાડ હૈ.**

પછી મહારાજે ગઢવીના હાથમાં કાગળ આપ્યો ને કહ્યું જે, "તમે તપાસ કરો કયું કવિત સારું થયું છે ?" આધારાનંદસ્વામીનું કવિત વાંચતા જ ગઢવીનો ગર્વ ઊતરી ગયો ને પોતાનું કવિત હલકું થયું. પછી તે બોલ્યો જે, **"હે મહારાજ ! અમે તો જગતના જીવ છીએ ને એ તો પરમેશ્વરના સંત છે, તેમની બરોબર અમારો અક્ષર ક્યાંથી આવે ?"** પછી તે પિંગળ કવિએ સ્વામીને તેમનું નામ પૂછ્યું અને કહ્યું, 'તમે કેટલા ગ્રંથ ભણ્યા છો ?"

ત્યારે મહારાજ બોલ્યા જે, "આ તો મુક્તાનંદસ્વામીના સૌથી નાના શિષ્ય આધારાનંદ છે. અને અમારે પાંચસો પરમહંસ છે, તેમાં ભણ્યાનો કાંઈ મેળ નથી. પરંતુ અમે જેને આજ્ઞા કરીએ તે કવિતા કરે, તો મુક્તાનંદસ્વામી ને બ્રહ્માનંદસ્વામી કરે, તેમાં શું આશ્ચર્ય છે ?!"

પછી તે વાત સાંભળીને ચારણ બોલ્યો જે, "હે મહારાજ ! તમે તો સાક્ષાત્ પુરુષોત્તમનારાયણ છો ને જીવના કલ્યાણ કરવા સારુ મનુષ્યદેહ ધારણ કર્યો છે. અને આ જે તમારા સંત છે તે તો શ્વેતદ્વીપ ને બદરિકાશ્રમાદિક અનેક ધામના મુક્ત છે. તે જીવને જ્ઞાન દેવા સારુ તમારી સાથે આવ્યા છે. માટે ચૌદલોકમાં તેમની બરોબર કોઈ થનાર નથી. તે જેમ, **"જ્યું ખગરાજ ઊડ્યો પટ બાંધકે, તા સંગ જાન મખી હુલસાની."** ગરુડને ઊડ્યા જાણી તેની સંગે માખી ઊડવા માટે હરખાણી. આ તો એમ થયું. તે માટે મારાથી જે

અપરાધ થયો હોય તે ક્ષમા કરો.” પછી મહારાજે તેમને હાર આપ્યો અને સન્માન કર્યું. *(સંદર્ભ : શ્રીસ્વા.ના.વિ.લી. વિશ્રામ-૩૮)*

આ પ્રસંગે સ્વામીએ છંદોભંગ ન થાય તેથી પોતાનું સિદ્ધાનંદ નામ લખ્યું. તેમની આ કુશળતાથી શ્રીહરિ અતિ પ્રસન્ન થયા. પછી મહારાજે તેમને પોતાના **‘આધારાનંદ’** નામની જગ્યાએ કાવ્ય લખવામાં અનુકુળ આવે એટલે કાયમ **‘સિદ્ધાનંદ’** એવું નામ રાખવા કહ્યું. તેથી સ્વામીએ લખેલાં તમામ કાવ્યો સિદ્ધાનંદ એવા નામથી સત્સંગમાં પ્રસિદ્ધ છે.

**બીજું નામ સિદ્ધાનંદ સંત, પોતે હતા પ્રતાપી અત્યંત;**
**જેણે ગ્રંથ અલૌકિક કીદ્ધ, સતસંગમાં તે છે પ્રસિદ્ધ.**

આપણા સંપ્રદાયમાં સિદ્ધાનંદસ્વામી નામના બે મોટા સંત હતા : (૧) સચ્ચિદાનંદસ્વામીના શિષ્ય. જે મહારાજની મૂર્તિમાં અખંડ વૃત્તિ રાખતા. શ્રીહરિ સ્વધામ ગયા બાદ અનાદિ મુક્તરાજ સદ્.શ્રીગોપાળાનંદસ્વામી થકી પ્રતિલોમપણે મૂર્તિ ધારવાની લટક શીખ્યા. પછી તેમણે નાના-મોટા અનેક ગામમાં મંદિરો બંધાવ્યાં હતાં. (૨) સદ્.શ્રીમુક્તાનંદસ્વામીના શિષ્ય તરીકે રહી સત્સંગની અપાર સેવા કરનાર તથા ઘણાક ગ્રંથના લેખક અને ચિત્રકાર હતા.

### ❋ આશીર્વાદના અધિકારી :

જેમ શ્રીહરિનો જમણો હાથ બની શુકમુનિ આદર્શ લહિયાની સેવા કરતા હતા તેમજ સત્સંગની મા મુક્તાનંદસ્વામીના હૈયાના હાર બની આધારાનંદ સ્વામી ઉત્તમ લહિયાની સેવા કરતા હતા. આ વાતને નોંધતા ખુદ સ્વામી જ શ્રીહ.ચ.સા.૨૦/૨૩માં કહે છે, “એકવાર મહારાજ ગઢપુરમાં દાદા ખાચરના દરબારમાં નીંબતરુતળે સભા કરીને બેઠા હતા. સંધ્યા આરતી ને ધૂન થયા બાદ તે સમયે પ્રાગજી દવેએ શ્રીહરિને કહ્યું, ‘આ આધારાનંદસ્વામી મુક્તાનંદસ્વામી પાસે રહે છે,

चोपाई :

**मुक्तमुनि करत ग्रंथ कछु जबही, ताके पास लिखावत तबही ॥**
**मुक्तमुनि उचरत चरन जेसे, धारि उर तेहि लिखत हे तेसे ॥३०॥**

**लिखत रहे तेहि भाव सहिता, मुक्तमुनिकी मरजी हि तिमि हिता ॥**
**मरजी जीमी लिखत रहाते, मुक्तमुनि तिमि बहु भाव रखाते ॥३१॥**
**आपके कर सम मानत ताई, कृपा बहुत रखत जो रहाई ॥**

હે મહારાજ ! જેમ હરિભક્તો તમારે માટે ફળફૂલ આદિક લાવે છે, તેમજ સહુ સંતોમાં મોટેરા જાણીને મુક્તાનંદસ્વામી માટે પણ અપાર વસ્તુ લાવે છે અને સ્વામી આગળ ભેટ ધરે છે. ભક્તોને રાજી રાખવા મુક્તાનંદસ્વામી થોડું તે જમે છે. બીજું ભક્તોને પાછું આપે છે. પરંતુ...

**सिद्धानंद मुनिकुं आपके मानी, प्रसाद नित देत प्रीत आनी ॥३५॥**

આમ મુક્તાનંદસ્વામીના એક આદર્શ લહિયા બની સ્વામીએ સત્સંગની ખૂબ સેવા કરી. અને તેથી જ મુક્તાનંદસ્વામી પણ સ્વામીને શ્રેષ્ઠ પાત્ર સમજી તમામ શ્રીહરિનાં ચરિત્રો પ્રેમથી કહેતા. આધારાનંદસ્વામી કહે છે કે,

चोपाई : **ताते मम गुरु परम दयाला, मुक्तानंद मुनि ही कृपाला ।**
**मोय कहे हरिचरित्र ही जेसे, ताकि कृपासे लिखत ही तेसे ॥**
**अनंत कोटि ब्रह्मांडके स्वामी, श्रीपुरुषोत्तम यह बहुनामी ।**
**करी करुना कलि मही भारी, अनंत अवतारके अवतारी ॥**(१/१/१६)

મુક્તાનંદસ્વામીએ આધારાનંદસ્વામીને શ્રીહરિનાં ચરિત્રોની સાથોસાથ મહારાજની સર્વોપરિતા તથા મૂર્તિની અલૌકિકતા પણ અતિ દૃઢ કરાવેલી. તેના ફળ સ્વરૂપે **આધારાનંદસ્વામીએ વિ.સં.૧૮૭૮ આસો સુદ-૧ ને ગુરુવારે ગઢપુરમાં રહીને 'શ્રીનારાયણ અંગચિંતામણિ' ગ્રંથ રચ્યો. આ ગ્રંથ રચ્યો ત્યારે સ્વામીની ઉંમર આશરે ૨૩ વર્ષની હતી.** આધારાનંદસ્વામીએ રચેલો આ સર્વ પ્રથમ ગ્રંથ છે. આ ગ્રંથ રચી સ્વામીએ પોતાના ગુરુ મુક્તાનંદસ્વામીને બતાવી પ્રાગજી દવેને આપ્યો. પ્રાગજી દવેએ આ ગ્રંથ શ્રીહરિની આગળ વાંચ્યો. સર્વાવતારી શ્રીહરિએ જ્યારે આ શ્રીનારાયણ અંગચિંતામણિ ગ્રંથ સાંભળ્યો ત્યારે વારંવાર આ ગ્રંથની પ્રશંસા કરી.

दोहा : **नारायण अंग चिंतामणि, सुनिके श्रीमहाराज ।**
**सराहत भये वेर वेरहि, सुरनर मुनि शिरताज ॥**

**मुक्त कहे सिद्धानंदकु, श्रीहरि निकट बोलाये ।**
**चरन दिये दोउ उर महि, शिर पर पीछे धराये ॥**

પછી મુક્તાનંદસ્વામીને શ્રીહરિએ કહ્યું કે, 'આ સિદ્ધાનંદ મુનિને કાવ્ય કરવામાં સારી ગતિ થશે. એવું મને ચોક્કસ જણાય છે. કોઈ પિંગળ શાસ્ત્ર ભણ્યા હોય અને કવિતા કરે તે વાતનું કાંઈ આશ્ચર્ય નથી, પરંતુ પિંગળ શાસ્ત્રને ભણ્યા વિના જે કાવ્ય રચના કરવી તે આશ્ચર્યકારી વાત છે. આ સિદ્ધાનંદસ્વામી પિંગળ શાસ્ત્ર ભણ્યા વિના કાવ્ય બનાવીને લાવ્યા છે. માટે તે મહાન કવિ થશે, એવું અમને દેખાય છે.

सोरठा : **मुक्तमुनि यह ताकु, श्रीहरि जो कहत भयेउ ।**
**काव्यमें गति वाकु, परही निश्चे कहेउ हम ॥**

**मोर हि ताके जोउ, इंडेकु न चितरत परत ।**
**जाकि बुद्धि रहे सोउ, बचनसे देख आत यह ॥**

જેની જેવી બુદ્ધિ હોય તે તેના લખેલા પત્ર ઉપરથી જણાઈ આવે છે.' આમ સ્વામીએ રચેલો આ ગ્રંથ વાંચી શ્રીહરિએ ભવિષ્યવાણી ભાખેલી કે, 'આ ભવિષ્યમાં ઉત્તમ કવિ થશે.' તે જ્યારે શ્રીહરિચરિત્રામૃતસાગર જેવો મહાકાય ગ્રંથ રચાયો ત્યારે સત્ય થઈ છે.

આ ગ્રંથમાં સિદ્ધાનંદસ્વામીએ શ્રીહરિના મંત્રનો મહિમા, ચિંતવનનો મહિમા, મૂર્તિના અંગોઅંગનું મહિમાત્મક વર્ણન અને છેલ્લે ધ્યાનનો મહિમા કહેલો છે. માત્ર ૪૯ કડીનો આ ગ્રંથ છે. (આ ગ્રંથ હ.ચ.સા.ભાગ-૧૦માં અંતે સંપૂર્ણ પ્રકાશિત કરેલ છે.) વળી, શ્રીહરિની આજ્ઞાથી મુક્તાનંદસ્વામી પાસે સંસ્કૃત સાહિત્ય તથા શતાવધાની અને ઉત્તમ કોટીના કવિ એવા બ્રહ્માનંદસ્વામી પાસેથી પિંગળ શાસ્ત્ર ભણી શ્રેષ્ઠ કવિત્વ પણ શીખ્યા હતા.

### ❊ આદર્શ ચિત્રકાર :

*(વાસુ.ચરણ. કૃત હ.ચ.ચિં.કિ.૨૨)* : એકવાર શ્રીહરિ ગઢપુરમાં બેઠા હતા. ત્યારે

**માળા સુતરની સત્તર લાવી, જીષ્ણુદાસે હરિને પહેરવી;**
**આધારાનંદે હાથે બનાવી, ચાખડી ચાર જોડ્ય પહેરાવી.**
**આધારાનંદજીને આ વાર, દીધી પાઘ પછેડી કરી પ્યાર;**

સં.૧૮૭૮ ફાગણ સુદ ત્રીજે મહારાજે અમદાવાદમાં શ્રીનરનારાયણ દેવની પ્રતિષ્ઠા કરી. અને પાંચમને દિવસે જગજાહેર બ્રાહ્મણોની ચોરાશી કરી. તે વખતે સર્વે પરમહંસો અને અસંખ્ય ભક્તો ભેગા થયા હતા. મહારાજે તે વખતે નરનારાયણ ને રાધાકૃષ્ણની છાપો બધાને પૂજવા આપી. ત્યારે પ્રગટની ઉપાસના ને મહારાજનો સર્વોપરિ નિશ્ચય ધરાવતા આધારાનંદસ્વામીને થયું કે, **મહારાજે મને ચીતારાની કળા આપી છે તો તેનો ઉપયોગ કેમ ન કરું !** તેમણે મહારાજની બેઠી મૂર્તિ અંતરમાં ધારી લીધી અને હૂબહૂ મહારાજની મૂર્તિની ચિત્રછબી તૈયાર કરી. તેથી મહારાજ તેમના પર અતિ પ્રસન્ન થયા.

ત્યારે આધારાનંદસ્વામીએ કહ્યું, **'હે મહારાજ ! આપની મૂર્તિની છબી પણ સૌને આપો.'** તેમની ભાવના જોઈ મહારાજે સંમતિ દર્શાવી. તાબડતોબ તેની છાપ (લાકડાનું બીબું) નારાયણજી સુથારે તૈયાર કરી આપી. તેના વડે છાપ છાપીને મહારાજની મૂર્તિઓ સૌને પૂજવા અપાઈ. આમ, સંપ્રદાયમાં સૌ પ્રથમ વાર નિત્ય પૂજામાં મહારાજની મૂર્તિ રાખવાનું શરૂ થયું. અને પછી પધરામણી વગેરેમાં સંતો મહારાજની મૂર્તિ રાખતા શરૂ થયા તેનું શ્રેય આધારાનંદ સ્વામીને ફાળે જાય છે.

સ્વામીએ પોતાને સાંપડેલ હસ્તકૌશલ્ય દ્વારા શ્રીહરિની સુંદર છબીઓ બનાવી છે. આજે પણ સ્વામીએ બનાવેલી સંપ્રદાયના આભૂષણરૂપ એક ચક્ષુની શ્રીહરિની પ્રતિમા ઘણા સંતો-ભક્તો પાસે જોવા મળે છે. અને સાંપ્રદાયિક ગ્રંથોમાં પણ તેનો ઉલ્લેખ જોવા મળે છે. એકવાર શ્રીજીમહારાજે પ્રસન્ન થઈને સ્વામીને પોતાની મૂર્તિઓ ચીતરવા તથા છાપવા કહેલું. તેનો ઉલ્લેખ શ્રીહરિલીલામૃત ૮/૩૬/૪૦માં આ મુજબ છે...

**આધારાનંદને છાપો આપી, કહ્યું કાગળમાં દેજો છાપી;**
**મુનિએ મૂર્તિઓ છાપી દીધી, પ્રેમે પૂજવા સૌ જને લીધી.**

સ્વામી શ્રીહરિની નાની કે મોટી, સાદી કે સોનેરી રંગની ભવ્ય મૂર્તિઓ બનાવતા. સ્વામીએ બનાવેલી પૂજામાં રાખવા લાયક અને ખાતરીપૂર્વક ગુરુપરંપરાથી મળેલી મૂર્તિઓ આજે પણ કેટલાક સંતો પાસે જોવા મળે છે. આથી સ્વામી શ્રેષ્ઠ ચિત્રકાર હતા એ ચોક્કસ થાય છે. આ અંગે સત્સંગિજીવન

૪/૨૮માં પણ લખ્યું છે કે,

**आधारानन्दमुनिना ततस्ताभिरचित्रयत् ।**
**मुद्राभिः काकुदेष्वेव प्रतिमाः स सहस्रशः ॥**

જૂનાગઢથી નારાયણજી સુતારને બોલાવી શ્રીજીમહારાજે ત્રણ મૂર્તિઓની છાપો તેની પાસે બનાવડાવી અને આધારાનંદસ્વામી પાસે એ છાપોથી કાગળ ઉપર હજારો મૂર્તિઓ છપાવી. પછી તે મૂર્તિઓ દરેક ભક્તજનને પૂજવા આપી.

### ❊ અમદાવાદમાં હનુમાનજીની મૂર્તિ બનાવી :

(હ.ચ.સા.૨૮/૧૮) : અમદાવાદમાં શ્રીજીમહારાજે સં.૧૮૮૧માં ફૂલદોલ ઉત્સવ કર્યો. તે વખતે નરનારાયણ દેવના મંદિરમાં હનુમાનજી પધરાવવાના બાકી હતા. તેથી મહારાજે સલાટને હનુમાનજીની મૂર્તિ તૈયાર કરવા કહ્યું. સલાટ કહે, 'મને ચીતરતા આવડતું નથી, કોઈ ચીતરીને નમૂનો આપે તો તે પ્રમાણે મૂર્તિ બનાવી આપું.'

चोपाई : **कागदमें मूर्ति कराये जिमी, करहि जोई के हम हि तिमी ।**
**आधारानंद मुनि हि तिनकु, बोलाई सब कहेउ इनकु ॥**

યોગાનુયોગ તે વખતે આધારાનંદસ્વામી પણ અમદાવાદમાં હતા. મહારાજે તેમને બોલાવ્યા ને કહ્યું, 'હું પાટ ઉપર જે રીતે બેઠો છું તે રીતે ખહરો કરો.' આધારાનંદસ્વામીએ તે મુજબ ચિત્ર દોરીને શ્રીહરિને આપ્યું. મહારાજ એ દોરેલી મૂર્તિ જોઈને આધારાનંદસ્વામી પર અતિ રાજી થયા. પછી એ કાગળ જયપુરના હીરાજી સલાટને આપ્યો. તેમણે એવી જ મૂર્તિનું શિલ્પ કરી આપ્યું. એ હનુમાનજી આજે કાળુપુર મંદિરમાં દર્શન દે છે.

વળી, સં.૧૮૮૧ના કારતક માસમાં શ્રીજીમહારાજ સંતો પરમહંસો કાઠી દરબારોને લઈને સુરતના પ્રેમીભક્તો તથા અરદેશર કોટવાળના આમંત્રણથી સુરત પધાર્યા. તે વખતે અશ્વિનીકુમારના આરેથી શ્રીહરિની ભવ્ય સવારી નીકળી હતી. હરિભક્તો મેનો લાવ્યા. શ્રીજીમહારાજ મેનામાં બિરાજ્યા હતા. તે વખતે શ્રીહરિએ સર્વે શ્વેત વસ્ત્ર ધારણ કર્યાં હતાં. શ્વેત પુષ્પના તોરા ધારણ કર્યા હતા. ગુલાબના ગુચ્છ કાન ઉપર શોભતા હતા. એક હાથમાં છડી અને બીજા હાથમાં ગુલાબનો ગુચ્છ ધાર્યો હતો. દિવસ ઊગતા

પહેલા અનેક હરિભક્તો દર્શને આવ્યા હતા. કહાર લોકો મેનો ઉઠાવીને ચાલ્યા. ત્યારે આધારાનંદમુનિ શ્રીહરિનાં દર્શન કરવા મેનાનો દક્ષિણ પાયો પકડીને ચાલ્યા. તેથી કહાર લોકો તેમને વારે વારે છોડી દેવાનું કહેતા; પણ શ્રીહરિ કહે તો જ પાયો છોડવો, એવું તેમણે મનમાં નક્કી કર્યું હતું. સ્વામીનો પ્રેમભાવ જોઈને શ્રીહરિએ કહાર લોકોને કહ્યું, 'તમે બોલશો નહિ. તેમણે પાયો પકડ્યો છે તેથી મેનો ડોલશે નહિ.' આ સમયે **આધારાનંદસ્વામી** થોડી થોડીવાર એ મેનો ખભે ઊંચકવાનો પણ લાભ લેતા. આવો તેમને મહારાજ વિષે પ્રેમ હતો.

### ❊ શ્રીહરિએ સ્વામીને સાથે રાખી મૂર્તિઓ કરાવી :

જ્યારે શ્રીહરિ સુરત પધાર્યા ત્યારે એક દિવસ મુનિબાવા પોતાના શિષ્ય ચિતારા દુલેરામને સાથે લઈ મહારાજ પાસે આવ્યા. તે ચિતારાએ મુનિબાવાની એક છબી દોરી હતી તે શ્રીહરિને દેખાડી. તે જોઈ શ્રીહરિ બહુ રાજી થયા. અને દુલેરામને કહ્યું, 'શ્વેતદ્વીપપતિ વાસુદેવ જમણો પગ તથા બંને ભુજાઓ ઊંચા રાખીને તપ કરતા હોય અને બંને બાજુ એક એક મુક્ત હાથ જોડીને ઊભા હોય એવી એક ચિત્ર પ્રતિમા તમે કરો. અને તે માટે અમે આ આધારાનંદસ્વામીને તમારી સાથે રાખશું.' પછી તેણે સ્વામીના માર્ગદર્શન મુજબ તેવી પ્રતિમા બનાવવાનું શરૂ કર્યું.

અરદેશર કોટવાળને પણ શ્રીહરિની મૂર્તિ બનાવવાની ભાવના હતી. તેથી તેમણે તે સમયે મીઠારામ કરીને એક નવાબનો ચિતારો હતો. તેને નવાબની આજ્ઞા લઈ શ્રીહરિની પ્રતિમા ચીતરવા મોકલ્યો. તેણે નારાયણજીભાઈને વાત કરી. તેથી નારાયણજીભાઈએ આધારાનંદસ્વામીને કહ્યું, 'તમે શ્રીહરિને ગુપ્ત રીતે આ વાત સંભળાવો અને મહારાજની મરજી લઈ આવો.' પછી તેને ઉત્તર આપીએ. તેથી આધારાનંદસ્વામી શ્રીહરિની પાસે ગયા. તે વખતે શ્રીહરિ હિંડોળા ઉપર સભામાં બેઠા હતા. સ્વામી તેમની પાસે ડાબી બાજુમાં જઈને બેઠા. શ્રીહરિએ તેમની સામુ જોઈને કહ્યું, 'શું કામ આવ્યા છો ?' ત્યારે આધારાનંદ સ્વામીએ બીજા કોઈ ન સાંભળે તેમ શ્રીહરિને ચિતારો મૂર્તિ દોરવા આવ્યો છે તે વાત કહી. પછી શ્રીહરિ કહે,

'જમવા આવીએ ત્યારે પૂછજો.' પછી શ્રીહરિ જમવા ગયા. અને જમી રહ્યા બાદ હરિભક્તોને વિદાય કર્યા.

પછી ચિતારાને બોલાવીને શ્રીહરિએ કહ્યું, 'અમે કહીએ તે રીતે મૂર્તિ સારી અને મોટી બનાવજો. આ ગોવિંદભાઈ તેના જેટલા કહેશો તે પ્રમાણે પૈસા આપશે.' પછી કહ્યું, 'શ્વેતદ્વીપમાં તપ કરતી વાસુદેવનારાયણની મૂર્તિ કરજો. ત્યારે ચિતારો કહે, 'વાસુદેવનારાયણ કેમ તપ કરે છે ? તેની મને ખબર નથી.' પછી શ્રીહરિ જેમ વાસુદેવનારાયણ શ્વેતદ્વીપમાં તપ કરે છે તે રીતે પોતે પાટ ઉપર ઊભા રહ્યા અને કહ્યું, 'આ રીતે મૂર્તિ બનાવજો. અને તેની એક પડખે નર અને બીજે પડખે નારાયણ હાથ જોડીને ઊભા હોય તેમ ચીતરજો.' એમ કહી શ્રીહરિએ તેમને ૧૦ રૂપિયા આપી પાઘ બંધાવી.

પછી જ્યારે શ્રીહરિ સુરતથી નીકળ્યા ત્યારે મુક્તમુનિને પોતાના રથમાં બેસાડ્યા. શ્રીહરિ રથ હાંકવા બેઠા અને આધારાનંદસ્વામીને ભલામણ કરતા કહ્યું કે, 'તમે હમણા અહીં રહેજો અને આપણે વાસુદેવનારાયણની બે ચિત્ર પ્રતિમા કરવાની કહી છે; તેને તમે જાણો છો. માટે એ બેમાંથી જે પહેલી તૈયાર થાય તે લઈને ગઢપુર આવજો.' એમ કહી શ્રીહરિ સુરતથી નીકળ્યા ને ફરતાં ફરતાં ગઢપુર પહોંચ્યા. પછી આધારાનંદસ્વામી પોતે સાથે રહીને તે પ્રતિમા દોરાવતા. તેમાં ચિતારા મીઠારામે શ્રીવાસુદેવનારાયણ અને તેની બંને પડખે નર તથા નારાયણ હાથ જોડીને ઊભા છે, તેવી પ્રતિમા પ્રથમ તૈયાર કરી. જ્યારે ફાગણ માસ બેઠો ત્યારે સ્વામી તે પ્રતિમા લઈને ગઢપુર આવ્યા. સ્વામીની સાથે ધર્માત્માનંદસ્વામી પણ હતા.

સ્વામી જ્યારે ગઢપુર આવ્યા ત્યારે શ્રીહરિ સંતોને લાડુ પીરસતા હતા. શ્રીહરિ તે બંને સંતોને ભાવથી ભેટ્યા અને પછી જમવા બેસાડ્યા. શ્રીહરિએ અતિ પ્રેમથી ત્રણ ત્રણ લાડુ પીરસ્યા. પછી તે જ દિવસે સાંજે સ્વામીને બોલાવીને કહ્યું, 'મૂર્તિ લાવો.' તેથી આધારાનંદસ્વામી મૂર્તિ લાવ્યા અને પટ(કવર) ખોલીને બતાવી. તે જોઈને શ્રીહરિ મૂર્તિની પ્રશંસા કરતા બોલ્યા કે, **'વાસુદેવ-નારાયણની મૂર્તિમાં અને આ મૂર્તિમાં એક રોમનો પણ**

**ફેર નથી. શાસ્ત્રમાં જેવું વર્ણન કર્યું છે, તેવી જ આ મૂર્તિ થઈ છે.'** આમ મૂર્તિને જોઈને શ્રીહરિ સ્વામી ઉપર અતિ રાજી થયા.

सोरठा : **ऐसे पट जो जेह, आधारानंद मुनि यह ।**
**पास रखाये तेह, श्रीहरि एक जो वर्ष लग ।।** (હ.ચ.સા.૨૮/૧૮)

શ્રીહરિએ આ સુરતના મીઠારામે આધારાનંદમુનિ સાથે રહીને બનાવેલી મૂર્તિ એક વર્ષ સુધી પોતાની પાસે રાખી. અને જે કોઈ ભક્તો દર્શને આવે ત્યારે આધારાનંદસ્વામી પાસે આ મૂર્તિ મંગાવી, પછી જેવો પાત્ર હોય તે પ્રમાણે શ્રીહરિ તેને ભગવાનના મહિમાની વાતો કરતા. પછી બીજે વર્ષે નડિયાદમાં શ્રીહરિએ બિશપ હેબરને આ પ્રતિમા બતાવેલી. ત્યારે પણ સ્વામી ત્યાં હાજર હતા. આમ, સ્વામીએ શ્રીહરિની સાથે રહી અનેક વાર અનેરો લહાવો લીધેલો. પછી કોઈ એકવાર સુરતના ભક્તો મહારાજ પાસે આવ્યા. તેમની સેવાથી શ્રીહરિ રાજી થયા. ત્યારે આ મૂર્તિ સુરતના ભક્તોને પ્રેમથી આપી. જે હાલ સુરત-રામપુરા મંદિરે સભામંડપમાં છે.

એકવાર સં.૧૮૮૨માં શ્રીહરિએ ગઢપુરમાં દાદા ખાચરના દરબારમાં સવારમાં સભા ભરી. તે વખતે આધારાનંદસ્વામીને બોલાવીને કહ્યું કે, "શ્વેતદ્વીપપતિ વાસુદેવની ચિત્રપ્રતિમા અમે કહીએ તેમ તમે કરો. ક્ષીર સમુદ્રમાં વેદિકાએ સહિત બેટ કરવો અને તેમાં અતિ સુશોભિત એક કલ્પવૃક્ષ કરવું. અને તેની નીચે વાસુદેવની મૂર્તિ ઊર્ધ્વબાહુવાળી કરવી. વિશ્વકસેનાદિ સોળ પાર્ષદ, ગરુડ તથા નિરન્નમુક્ત કરવા. આવી મૂર્તિ બનાવો."

પછી શ્રીહરિની આજ્ઞાથી આધારાનંદસ્વામીએ તે પ્રમાણે પટ મૂર્તિ કરવાનો આરંભ કર્યો અને કહ્યા પ્રમાણે અદ્‌ભુત મૂર્તિ બનાવી. તે જોઈને શ્રીહરિ અતિ પ્રસન્ન થયા. અને સ્વામીને પ્રસાદીનો હાર આપ્યો. પછી સહુ સંતોભક્તોને સભામાં તે મૂર્તિ દેખાડી, ને બોલ્યા કે, **'ભક્ત નિષ્કામપણે ભગવાનની ભક્તિ કરી શકે તેવા હેતુથી આ મૂર્તિ કરી છે.'** **(સંદર્ભ : હ.ચ.સા.૨૮/૪૨-૪૩)** આવા અનેક પ્રસંગો તથા અનુભવો સ્વામીએ શ્રીહરિચરિત્રામૃતસાગર ગ્રંથમાં ઘણી જગ્યાએ લખ્યા છે.

### ❋ શ્રીહરિની જન્મપત્રીમાં અદ્ભુત ચિત્રકળા :

વઢવાણના પંડિત લાધારામ ઠાકર જ્યોતિષ શાસ્ત્રમાં પારંગત વિદ્વાન હતા. તેણે એકવાર શ્રીહરિને પ્રાર્થના કરી કે, 'હે મહારાજ ! હું આપની જન્મપત્રી રચીને મારી વિદ્યા સાર્થક કરવા માગું છું.' તેમનો નિષ્કામભાવ જોઈને શ્રીહરિએ હા કહી. તેથી તેણે અતિ હૃદયની ભાવુકતાથી શ્રીહરિની જન્મપત્રી લખી. વિ.સં.૧૮૮૪ અષાઢ સુદ-૧૦ ને બુધવારે આ જન્મપત્રી ગ્રંથ પૂરો કરી ગઢપુરમાં શ્રીહરિને સમર્પણ કર્યો. આ સમયે શ્રીહરિની સાથે સતત સેવામાં રહેનારા આધારાનંદસ્વામી ત્યાં હાજર હતા. તે સારા કવિ અને ચિત્રકાર હતા. તેમણે તે જન્મપત્રી જોઈને તે મુજબ ચિત્ર બનાવવાની શ્રીહરિની આજ્ઞા લીધી. પછી હાથના બનાવેલા સારા કાગળ નીચે સફેદ રેશમી કાપડ ચોંટાડીને ૧૪૨ ફૂટ લાંબો અને ૧૧ ઇંચ પહોળો પટ્ટો તૈયાર કર્યો. તેની બંને બાજુ બહારની ધારે બહુરંગી સુંદર ફૂલવેલનું ચિત્ર તૈયાર કર્યું. તે ફૂલવેલની વચ્ચેના ભાગમાં સુંદર સંસ્કૃત ભાષામાં પંડિત લાધારામ ઠાકરે રચેલી જન્મપત્રી લખી. તે જન્મપત્રીના મંગલ પ્રવેશનું ચિત્ર કલા-કૌશલ્યના આદર્શ ઉદાહરણરૂપ મૂક્યું છે.

તદ્ઉપરાંત જન્મપત્રીને અનુરૂપ એવાં ૪૧ ચિત્રો દોર્યાં છે, જે અનેક ભાવોની સ્થિતિને પ્રસ્તુત કરે છે. આ જન્મપત્રીમાં લાધારામ ઠાકરની વિદ્વત્તા અને આધારાનંદસ્વામીની ચિત્રકળા, બંને પોતપોતાના ક્ષેત્રમાં સ્પર્ધા કરતા હોય ને શું..! એવા અજોડ નમૂનારૂપ છે. લાધારામનું પાંડિત્ય અને આધારાનંદ સ્વામીનું કલાલાલિત્ય તે જન્મપત્રીમાં દોરેલી કુંડલીઓ અને ચક્રોમાં એકબીજાના પૂરક અને સંવર્ધક બનીને ગુણોની ચરમસીમા સુધી પહોંચ્યા છે. આ ૧૪૨ ફૂટના લાંબા પટ્ટા પર સુંદર કલાત્મક રીતે દોરેલી શ્રીહરિની જન્મપત્રી સં.૧૮૮૬ મહા વદ-૮ના રોજ આધારાનંદસ્વામીએ ગઢપુરમાં પૂર્ણ કરી અને શ્રીહરિને સમર્પણ કરી. આ વાત શ્રીહરિની જન્મપત્રીના અંતિમ શ્લોકથી સિદ્ધ થાય છે.

**સ્રગ્ધરા:लाधारामेति नाम्ना, गणितविधिविदा लेखितेयं द्विजेन ।**
**आधारानंदनाम्ना, गुणिजनगुरुणा, चित्रिता जन्मपत्री ॥**

આ લાધારામ વિપ્ર ભાગવત અને જ્યોતિષ ભણેલા હતા. શ્રીહરિ વઢવાણ પધારેલા ત્યારે તેમણે શ્રીહરિને ફૂલહાર પહેરાવીને પુરમાં પધરાવ્યા હતા. **'યમયાતના'** ગ્રંથ પણ સ્વામીની ચિત્રકળાના આદર્શ નમૂનારૂપ છે.

### ❊ ઉત્તમ શિલ્પી તથા વાદક :

આધારાનંદસ્વામી શ્રેષ્ઠ લહિયા, સર્વોત્તમ કવિ, આદર્શ ચિત્રકાર તેમજ ઉત્તમ શિલ્પી પણ હતા. શ્રીહરિના સમયમાં સત્સંગમાં ચારે બાજુ શિખરબંધ નવાં મંદિરો તથા ઠેર ઠેર હરિમંદિરો મોટે પાયે બંધાઈ રહ્યાં હતાં. તેમાં જ્યાં જેવી જરૂરિયાત હોય ત્યાં તે પ્રમાણે આધારાનંદસ્વામી અતિ શ્રદ્ધાથી ખૂબ મહેનત કરતા. અને શિલ્પ તથા કલા-કારીગરીની દૃષ્ટિએ પણ મંદિરોના બાંધકામ ખાતામાં જાતે દેખરેખ રાખી તે સેવા કરાવતા. કામથી ક્યારેય કંટાળતા નહીં. સદા હસતે મોઢે રહી એક પછી એક કામ કરવાની તેમાં અતૂટ શ્રદ્ધા હતી. તે જોઈને શ્રીજીમહારાજ તથા મુક્તાનંદસ્વામી વગેરે તેમની ઉપર બહુ વાર પ્રસન્ન થયેલા. થાળની પ્રસાદી તથા અન્ય પ્રસાદીઓ પણ તેમને અનેક વાર આપેલી.

એકવાર શ્રીહરિ **વડનગર** પધાર્યા. ત્યાં હાટકેશ્વર મહાદેવમાં મોટી સભા કરી. ત્યારે ત્યાંના ગવૈયાએ એકઠા થઈને ગાન કર્યું. શ્રીહરિની સાથે રહેલા ગવૈયા સંતોએ પણ વાજિંત્ર વગાડી ગાન કર્યું. અને તેમાં શહેરના ગવૈયાઓની હાર થઈ. તે સમયે દેવાનંદસ્વામીએ સરોદ, પ્રેમાનંદસ્વામીએ દોકડ, બ્રહ્માનંદ સ્વામીએ સારંગી, હરિયાનંદસ્વામીએ મંજિરાં અને સાથે **આધારાનંદસ્વામીએ સિતાર** વગાડ્યો હતો. આ ગાન તથા સંગીત સાંભળી દેવોના ગાયક ગાંધર્વોનો પણ ગર્વ ગળી ગયો હતો. આ પ્રસંગે લક્ષ્મીરામ દેરાસરી હાજર હતા. તેમણે પોતે કરેલા 'લીલાચિંતામણિ' નામના ગ્રંથ અ.૧૨માં આ પ્રસંગ વિસ્તારથી કહ્યો છે. આમ, સ્વામી સારા ગાયક અને સંગીતજ્ઞ પણ હતા.

### ❊ સત્સંગના મજૂર :

આવી અનેક કળાઓ તથા ગુણો તેમનામાં હોવા છતાં તેઓ સદૈવ સત્સંગના મજૂર બનીને રહ્યા. તે વાત સ્વામીએ પોતે જ **હ.ચ.સા.૬/૬૩**માં

કહી છે. સિદ્ધાનંદસ્વામી કહે, 'શ્રીહરિનાં ચરિત્ર લખવાની મનમાં ઘણી ઇચ્છા છે. પરંતુ સર્વે વાત શ્રીહરિની વાતમાં છે. વિઘ્ન આવતા પળની પણ વાર લાગતી નથી. શ્રીહરિ તથા સંતોભક્તો જેટલી સહાય કરે તેટલી સેવા થાય.

**संत हरि ईछा होइ, तितनो सो बनी आवहि एहि ॥**
**ताके हाथ हे सोइ, अपने हाथ न बात कोउ ॥१६॥**

चोपाई :

**हरिजन संत धर्मकुल हि ताके, में बनी रहेहुं मजुर वाके ॥**
**मजुरकु हर्ष शोक न काऊ, धर्मकुल संत धनी सो रहाऊ ॥१७॥**
**मजुरी करन देवे ज्यां लगही, चरित्र मजुरी करनी हे त्यां लगही ॥**
**थोरे भाग्यकु मजुरी एसा, कोटि जन्म न मिलत तेसा ॥१८॥**

શ્રીહરિ સહુનું મૂળ છે. મેં મુક્તાનંદસ્વામીની કાંઈક સેવા કરી ત્યારે તેમણે કૃપા કરીને મને આશીર્વાદ આપ્યો. તેથી આ સંતોભક્તો અને ધર્મકુળ રાજી થાય એવી સેવા મળી છે. નહિ તો આવી સેવા બીજાને ઝાઝી ક્યાં મળે છે ! મનુષ્યને બીજી અનેક નિધિ મળે છે, પરંતુ ચિંતામણિ એક પણ મળતો નથી. જ્યારે મારા ગુરુ મુક્તાનંદસ્વામીએ તો કૃપા કરીને મને આ **'શ્રીહરિચરિત્રામૃતસાગર' રૂપી ચિંતામણિ મારા હાથમાં આપ્યો છે. જ્યાં સુધી મારાં ભાગ્ય હશે ત્યાં સુધી આ ચિંતામણિ મારા હાથમાં રહેશે.** શ્રીહરિએ મારી બુદ્ધિમાં જેવો પ્રેરણાનો પ્રકાશ કર્યો છે, તે પ્રમાણે હું આ ગ્રંથ ઉત્સાહથી લખું છું."

આવું મોટું કાર્ય પણ સત્સંગના મજૂર બનીને કરવું, એ જ તેમનું સાચું મુક્તપણું, દાસપણું અને સાચી સાધુતા છે.

### ❊ અનુભવ અને ઉત્તમ દૃઢતા :

એકવાર વડતાલમાં આધારાનંદસ્વામીને મહારાજે કહ્યું કે, 'અક્ષરધામમાં અનેક કોટિ સૂર્ય, ચંદ્રમા, અગ્નિ સરખા તેજોમય ભગવાન છે. તેના તે જ ભગવાન આજ મનુષ્યરૂપે થયા છે.' ત્યારે સ્વામીએ કહ્યું, 'એવું તેજ આપ કેમ દેખાડતા નથી ?' ત્યારે શ્રીહરિ કહે, 'જો એવું તેજ દેખાડે તો ભક્તને સુખ ન થાય, માટે બતાવતા નથી. ને જો કોઈને જોવાની ઇચ્છા હોય તો

બતાવું. કેમ જે, સર્વે અમારા હાથમાં છે.' ત્યારે સ્વામીએ કહ્યું કે, 'હે મહારાજ ! દેખાડો તો ઠીક.' પછી મહારાજે તેમને તેજ બતાવ્યું. તે અતિશય તેજ જોઈને સ્વામીને અહોભાવમાં દેહભાન રહ્યું ન હતું. તેથી એક મહિના સુધી સતત આનું આ જ ચિંતન મનન રહેલું. *(સંદર્ભ : નિર્ગુણસ્વામીની વા.૩૬૯)*

શ્રીહરિ અને મોટા સંતોની મરજીમાં રહીને સેવા કરતા આધારાનંદસ્વામી ઉપર એક વખત મહારાજ અતિ રાજી થયા. એકવાર સ્વામી ધ્યાનમાં બેઠા. ત્યારે તેમના અંતરમાં તેજોમંડળ મધ્યે મહારાજની મૂર્તિ દેખાણી. તે વખતે સ્વામીને એવો સંકલ્પ થયો જે, 'ચોવીશ અવતાર કેવા હશે ?!' એટલે તરત મહારાજે તેમને રામકૃષ્ણાદિક ચોવીશેય અવતારની નોખી નોખી આકૃતિઓ દેખાડી. તેમાં શ્રીકૃષ્ણનું રૂપ તો એવું દેખાણું જે, 'માથે મોરના પીછાનો મુગટ, પાસે કાળો ધાબળો ને પંડે શ્યામ; એવી મૂર્તિ પ્રત્યક્ષ જોઈ.' પરંતુ તેથી સ્વામીને શાંતિ થઈ નહીં. પછી જ્યારે શ્રીજીમહારાજની મૂર્તિ અંતરમાં ધારી ત્યારે પ્રથમની જેમ જ તેજ મધ્યે મહારાજની મૂર્તિ દેખાણી અને અંતરમાં અતિશય શાંતિ થઈ. પછી **એક શ્રીહરિ જ સર્વે અવતારના અવતારી, સર્વનું કારણ અને સર્વોપરિ પરમ તત્ત્વ છે તથા મહારાજ જેવું સુખ બીજે ક્યાંય નથી; એમ સમજ્યા.** અને ત્યાર પછી પોતાનાં અંતરમાં દિવ્ય તેજ મધ્યે સ્વામિનારાયણ ભગવાનની મૂર્તિ તેમને અખંડ દેખાવા લાગી. એવા તે સ્થિતિવાળા થયા. *(સંદર્ભ : અક્ષરપુરુષદાસજીસ્વામીની વા.૧૦)*

### ❊ અનુભવેલા પ્રસંગોની અનુપમ યાદી :

સ્વામી હ.ચ.સા. ગ્રંથમાં વારે વારે લખે છે કે, **'હું જેવું ચિંતવન કરું તેવી મહારાજની મૂર્તિ મને દેખાય છે. અને શ્રીહરિ લખાવે તે મુજબ જ હું લખું છું.'** સ્વામી સદૈવ સેવકના સેવક બની મહારાજ અને મોટા સંતોની મરજી હોય તેમ વર્તતા હતા. તેથી શ્રીહરિ પ્રાયઃ તેમને સાથે રાખતા હતા.

એકવાર લોયામાં સભા સંબોધતા શ્રીહરિએ કહ્યું, 'દરેક સંપ્રદાયોમાં તથા મતોમાં જુદા જુદા તિલક હોય છે. ધામોમાં ભગવાનની મૂર્તિઓ રહી છે તેમને પણ તિલક હોય છે અને તેનાથી તે મૂર્તિઓ સુંદર શોભે છે. પરંતુ આપણે બધા સંપ્રદાયથી સારું, દેખાવમાં સહુ લોકોને પ્રિય લાગે એવું અને

મોટા મોટા રાજાઓને પણ પ્રેમ થાય એવા તિલક-ચાંદલાની પ્રથા આપણા સંપ્રદાયમાં પ્રવર્તાવવી છે.' એમ કહીને શ્રીહરિએ આધારાનંદસ્વામી તથા કપિલેશ્વરાનંદ સ્વામીને પાસે બોલાવ્યા અને કહ્યું જે, **"તમે બંને ઘણા હોશિયાર છો. માટે ઈચ્છારામભાઈના મુકામે જઈને, દર્પણમાં દેખીને ગોપીચંદનનું તિલક કરજો અને વચમાં ગોળ ચાંદલો કરજો. વળી, આધારાનંદસ્વામીને કહ્યું, 'લલાટમાં બીજના ચંદ્રના જેવું, નાસિકાના મૂળમાં ઊર્ધ્વપુંડ્ર તિલક કરજો."**

પછી તે બંને સંતો શ્રીહરિની આજ્ઞા મુજબ તિલક-ચાંદલો કરીને આવ્યા. મહારાજે તેમને પોતાની સમીપે ઊભા રાખ્યા. પોતાના બંને હાથ તે બંને સંતોના મસ્તક ઉપર રાખ્યા અને સભામાં બેઠેલા સહુ સંતોને કહ્યું, 'સહુ જૂઓ, આ બેમાં કોનું તિલક સરસ છે ?' પછી સહુ સંતો પોતે જેવું જાણતા હતા તેવું અલગ અલગ રીતે બોલ્યા. છેલ્લે મુક્તાનંદસ્વામીએ કહ્યું જે, 'સહુ સંપ્રદાયમાં અલગ અલગ તિલક-ચાંદલા હોય છે, પરંતુ ઊભું તિલક કરીને તેમાં વચ્ચે ચાંદલો કોઈ કરતા નથી; તથા તિલકનાં મૂળમાં બીજના ચંદ્રમા જેવો ગોળાકાર પણ કોઈ મતમાં કરતા નથી. **આ આધારાનંદસ્વામીએ કરેલું તિલક સહુ કરતાં છટાદાર છે. આવું તિલક કોઈ મતમાં દેખાતું નથી. આ તિલક તો બીજા બધાં તિલકોનો રાજા છે; તથા અનુપમ અને શ્રેષ્ઠ છે.'**

ત્યારે શ્રીહરિએ કહ્યું જે, "આવું તિલક બધાને એકસરખું કરતા આવડે નહીં." પછી શ્રીહરિએ નિષ્કુળાનંદસ્વામી અને આધારાનંદસ્વામીને સાથે રાખી નારાયણજીભાઈ સુતાર પાસે શીશમના લાકડામાં તિલકનું બીબું કરાવ્યું. અને પછી સહુ સંતો તથા ભક્તોને એ પ્રમાણે તિલક ચાંદલો કરવાનું કહ્યું. આ રીતે આપણા સંપ્રદાયમાં વિદ્યમાન તિલક ચાંદલાની શરૂઆત આધારાનંદસ્વામી દ્વારા શ્રીહરિએ કરાવેલી. *(સંદર્ભ : હ.ચ.સાગર પૂ.૨૪/૫૨)*

સં.૧૮૭૯માં શ્રીહરિ લોયાથી પંચાળા પધાર્યા. એક દિવસ સભામાં શ્રીહરિ કહે, "આપણા સંપ્રદાયમાં કેસર ચંદનનું તિલક અને વચ્ચે કુંકુમનો ચાંદલો કરવો તે યોગ્ય છે. માટે કોઈ ચતુર સંત હોય તે ચંદનનું સુશોભિત તિલક અમારા કપાળે કરે." પછી વૈષ્ણવાનંદસ્વામી ઘણા ચતુર કહેવાતા

હતા. તે તથા બીજા બેચાર સંતો શ્રીહરિને તિલક કરવા માટે ઊઠ્યા અને કહે, 'અમને સરસ તિલક કરતા આવડે છે. આપ કહો તો અમે તિલક કરી આપીએ.' પરંતુ શ્રીહરિએ તેમની પાસે ન કરાવ્યું.

પછી શ્રીહરિએ આધારાનંદસ્વામીને તેમનું નામ લઈને પોતાની પાસે બોલાવ્યા અને કહ્યું, 'તમે તિલક કરી આપો.' પછી સ્વામીએ શ્રીહરિને તિલક કરી આપ્યું. તેમનો અંતરનો પ્રેમભાવ જોયો અને શ્રીહરિ સ્વામી ઉપર અતિ પ્રસન્ન થયા. *(સંદર્ભ : શ્રીહરિચરિત્રામૃતસાગર : પૂ.૨૫/૯)*

શ્રીહરિ પંચાળા હતા ત્યારે એક દિવસ બુંદેલખંડના હરિભક્તોએ શ્રીહરિની અતિશય ભાવ સહિત પૂજા કરી. તે સમયે શ્રીહરિની મૂર્તિ અતિશય સુંદર અને નટવર બની હતી. અનંત બ્રહ્માંડોમાં જે જે કાંઈ શ્રેષ્ઠ શોભા કહેવાય છે, તે બધી જ શોભા શ્રીહરિની મૂર્તિમાં પ્રગટ દેખાવા લાગી.

**જેટલાં બ્રહ્માંડો છે તે બધાં બ્રહ્માંડોનાં દેવતાઓ, રાજાઓ, મનુષ્યો, પશુ, પક્ષી, વૃક્ષ, નગર, સાગર, સરોવર એ બધાં જ તે સુંદર સુશોભિત એવી શ્રીહરિની મૂર્તિમાં દેખાઈ આવતાં હતાં. તે સમયે શ્રીહરિની મૂર્તિ એવી રમણીય બની હતી કે જોતા જ સહુ તેમાં તલ્લીન થઈ જતા હતા. અને સર્વે ચિત્રમાં દોર્યા હોય તેના સમાન સ્થિર દેખાતા હતા. અને સહુને એક મૂર્તિનું જ ધ્યાન રહેતું હતું. કોઈને પોતાની સ્મૃતિ રહેતી નહિ અને શ્રીહરિની આ મૂર્તિથી અધિક બીજી કોઈ વસ્તુને દેખતા નહિ.**

તે સમયે શ્રીહરિની જેવી મૂર્તિ હતી તેવી દેખાડવાને માટે આધારાનંદ સ્વામી તત્કાળ ઊઠ્યા અને એક દર્પણ લાવીને શ્રીહરિના હાથમાં આપ્યું. પોતાની મૂર્તિ જે રીતની સુશોભિત બની હતી તેને શ્રીહરિએ તેવાં રૂપમાં દર્પણમાં દેખી. દર્પણમાં મૂર્તિ દેખીને શ્રીહરિ મરક મરક હસવા લાગ્યા અને પછી મુખ દેખીને તે દર્પણ સંતને પાછું આપ્યું. આમ અનેક ઐતિહાસિક પ્રસંગોના સ્વામી સાક્ષી છે. *(સંદર્ભ : શ્રીહરિચરિત્રામૃતસાગર પૂ.૨૫/૧૬)*

### ✻ તેત્રીશ કરોડ દેવતાઓ શ્રીહરિના દર્શને :

એકવાર શ્રીહરિ ગોપીનાથજી મહારાજના મંદિરથી પશ્ચિમ દિશામાં

નીચેના ભાગમાં નારાયણ લહેરી નામે કૂવો છે, તેની સમીપે ઉપરના ભાગમાં રૂપચોકી છે. તેના ઉપર રાત્રીએ બિરાજમાન થયા હતા. ત્યારે શ્રીહરિને પરસેવો વળ્યો, તેથી સાધુઓ પવન નાંખવા માંડ્યા. પછી મહારાજ કહે જે, "અમારે ના'વું છે, માટે આ કૂવામાંથી તૂંબડાં ભરી પાણી લાવો." પછી સાધુઓ પાણી લાવ્યા. અને મહારાજ કૂવા પાસે રૂપચોકી ઉપર બેઠા. તે વખતે ૬૦-૭૦ સાધુઓ હતા. તે સહુએ એકેક તુંબડું લાવી મહારાજને સ્નાન કરાવ્યું. પછી મહારાજે લૂગડું બદલાવ્યું.

પછી દરવાજાની આગળ ચોકીમાં ગાદીતકિયા બિછાવીને ઢોલિયો તૈયાર કરેલો હતો તે ઉપર આવીને મહારાજ બેઠા. ને બ્રહ્મચારીને કહ્યું જે, 'લાડુબાને ત્યાંથી સાકરનું પાણી લાવો.' તેથી સાકરનું પાણી લાવ્યા, તે મહારાજે પીધું. પછી મહારાજ કહે જે, "લાડુબાને ત્યાંથી સહુ પરમહંસો માટે સાકરનું પાણી લાવો." તેથી લાડુબા, રાજબા તથા જીવુબા વગેરે બસો બાઈઓની મંડળીએ મળી મોટી તાંબા-પિત્તળની ગોળીઓ ભરીને પાણી લાવ્યા ને કેટલાક મણ સાકર લાવ્યા. પછી સાકરનું પાણી કર્યું. મહારાજે ફરી પાણી પીને તે પાણી સર્વે ગોળીઓમાં રેડ્યું. પછી મહારાજે નાના કરીમભાઈને આજ્ઞા કરી કે, "જેટલા પરમહંસ ગામમાં કે જ્યાં હોય ત્યાંથી બોલાવી લાવો." તેથી તે બોલાવી લાવ્યા. પછી મહારાજે પોતાના હાથે એકેક પતર સાકરનું પાણી સર્વ પરમહંસ તથા સર્વે બાઈભાઈને પોતાને હાથે આપ્યું.

પછી મહારાજ ગાદીતકિયા ઉપર ઉગમણે મુખારવિંદે આડે પડખે સૂતા. અને મુક્તાનંદસ્વામી, બ્રહ્માનંદસ્વામી, પ્રેમાનંદસ્વામી, યોગાનંદસ્વામી તથા **આધારાનંદસ્વામી** સારંગી, સિતાર, મંજિરાં, તંબૂર, મૃદંગ વગેરે વાજિંત્રો લઈ ગાવણું કરવા માંડ્યા. તે સમયે મહારાજની મૂર્તિમાંથી કરોડો સૂર્ય સરખો પ્રકાશમાન અને કોટિ ચંદ્રમા સરખો શાંત, તથા મંદ, શીતળ ને સુગંધીમાન એવો ઘણા પ્રકાશે યુક્ત તેજનો અંબાર દેખાયો. તેમાં કોટાનકોટિ તેજોમય ચતુર્ભુજ દિવ્ય મૂર્તિઓ એક મુહૂર્ત જેટલો સમય સહુને જોવામાં આવી. અને એ પ્રકાશ તો ઘણી વાર સુધી રહ્યો. તેથી બધી સભા બેઠી હતી તે 'અહો..હો.!' એમ કહેવા લાગી. પછી સર્વ અદૃશ્ય થઈ ગયું.

પછી મુક્તાનંદસ્વામીએ મહારાજને પૂછ્યું જે, "હે મહારાજ ! આ અલૌકિક આશ્ચર્યકારી તેજ દેખાયું તે શું હતું ?" પછી મહારાજ કહે જે, "એ તો તેત્રીશ કરોડ દેવતા અમને પગે લાગવા આવ્યા હતા. તે મારાં અને આ સભાનાં દર્શન કરીને ગયા. આ તેજ તે દેવતાઓનું હતું. અને તેજમાં મૂર્તિઓ પણ સહુ દેવોની દેખાતી હતી." આવાં શ્રીહરિનાં વચન સાંભળી સહુ સંત હરિભક્તો ખૂબ રાજી થયા. પછી તે જ વખતે વરસાદ થવાનો આરંભ થયો. તેથી મહારાજે સભાને રજા આપી અને પોતે અક્ષરઓરડીએ પધાર્યા. પછી ઘણો વરસાદ થયો. એ પ્રમાણે એ જગ્યાએ મહારાજે મોટું ચરિત્ર કર્યું, પણ આ તો દિશમાત્ર લખ્યું છે. *(સંદર્ભ : શ્રીજીમહારાજનું ચરિત્ર-૧૪૬; દુર્ગપુર માહા.અ.૧૦૬)*

## ❊ હરિવરે હૈયાનું હેત વરસાવ્યું :

આધારાનંદસ્વામી પ્રત્યે શ્રીજીમહારાજને કેટલાં બધાં હેત પ્રીત હતાં તે દર્શાવતો એક પ્રસંગ છે. શ્રીહરિ ઠેર ઠેર નાનાં-મોટાં મંદિરો બંધાવતાં હતાં. તે માટે મૂર્તિઓની જરૂર હતી. તેથી એક દિવસ ગઢપુરમાં સંતો-હરિભક્તોની સભા પૂર્ણ થઈ, ત્યારબાદ શ્રીહરિએ આધારાનંદસ્વામીને કહ્યું, 'તમે વડોદરા જઈ ધર્મ, ભક્તિ, મોરલીધર શ્રીકૃષ્ણ ને રાધાજીની ધાતુની મૂર્તિઓ કરાવો. અને પાષાણની ચતુર્ભુજ મૂર્તિ ત્યાં ફતાજી સલાટ પાસે કરાવજો. રામનવમી ઉપર તૈયાર થાય એમ ધાતુની ચારેય મૂર્તિઓ કરાવજો.' ત્યારે સ્વામી કહે, 'હે મહારાજ ! ધાતુની ચારેય મૂર્તિઓ તરત બની શકશે નહિ. તે દિવાળી કે પ્રબોધિની સુધીમાં પ્રયત્ન કરતા બનશે.' ત્યારે શ્રીહરિ કહે, 'સારું.' એમ કહી પૈસાની લેણદેણનો પત્ર નાથભક્ત ઉપર લખી આપ્યો. અને કહ્યું, 'તે ભક્ત તમારી બરદાસ કરશે.'

પછી શ્રીહરિની આજ્ઞા લઈ સ્વામી વડોદરા જવા નીકળ્યા. ત્યારે તેમની સાથે શ્રીહરિએ કેશવાનંદ નામે એક નવા સાધુ કરીને જોડમાં મોકલ્યા. સ્વામીએ વડોદરા આવી નાથભક્તને પત્ર આપ્યો. તેમણે તરત જ સારા શિલ્પીને બોલાવી મૂર્તિ કરવાનો બંદોબસ્ત કરાવ્યો. *(સંદર્ભ : હ.ચ.સા.૨૮/૯૬)*

આ સમયે શ્રીહરિ રંગોત્સવ કરવા અમદાવાદમાં પધાર્યા હતા. અને વડોદરાના નાથભક્તની ત્યાં ઘેબરની રસોઈ હતી. સહુ સંતો જમવા બેઠા

હતા. શ્રીહરિ અતિ પ્રેમથી ઘેબરના ચાર ચાર કટકા કરી સંતોને પીરસતા હતા. દરેકને ઘેબરના બબ્બે ટુકડા આપતા હતા. ત્યાં પીરસતાં પીરસતાં અચાનક શ્રીહરિને આધારાનંદસ્વામી યાદ આવ્યા. એટલે તેમના ભાગના બે ઘેબર નિષ્કુળાનંદ સ્વામીને તથા કપિલેશ્વરાનંદસ્વામીને આપ્યા.

**आधारानंद ताके हिता, घेबर दीने करि के प्रीता ।**

ત્યારે કોઈએ કહ્યું, 'હે નાથ ! આવો પક્ષપાત શા માટે કરો છો ?' ત્યારે શ્રીહરિએ ખુલાસો કરતાં કહ્યું કે, **"આપણે આધારાનંદસ્વામીને વડોદરા મોકલ્યા છે. તે પરિશ્રમ વેઠીને ત્યાં ગયા છે ને અમારાં વચનથી તે ત્યાં રહ્યા છે. વળી, રસ્તામાં તેમને ખાવા-પીવાનું ઠેકાણું રહેશે નહિ. અને તમે તો અહીં રોજ રસોઈ જમો છો. તેથી અમે આધારાનંદસ્વામીને યાદ કરીને તેમના વતી આ બંને સંતોને બબ્બે ઘેબર વધુ આપ્યાં છે."** પછી શ્રીહરિ ગઢપુર આવ્યા.

જ્યારે રામનવમીનો ઉત્સવ આવ્યો ત્યારે આધારાનંદસ્વામી વડોદરાથી ગઢપુર આવ્યા. શ્રીહરિને દંડવત કરવા લાગ્યા. ત્યારે શ્રીહરિ ઊભા થયા અને તેમને ગુલાબનો હાર પહેરાવી ભેટ્યા. પછી મૂર્તિઓ સંબંધી વાત પૂછી. એટલે સ્વામીએ તે તમામ વાત કરી. તે સાંભળી શ્રીહરિ અતિ પ્રસન્ન થયા. પછી કહે, 'નાથભક્તે રસોઈ આપી ત્યારે અમે તમને સંભારીને તમારા ભાગનાં ઘેબર નાથભક્ત વતી નિષ્કુળાનંદમુનિને તથા અમારા વતી કપિલમુનિને આપ્યા હતા.' આવા તે સ્વામી શ્રીહરિના કૃપાપાત્ર હતા. *(સંદર્ભ : હ.ચ.સા.૨૮/૧૦૬)*

### ❋ પુરુષોત્તમ કડિયાનું દુઃખ ટાળ્યું :

સ્વામી જ્યારે વડોદરામાં મૂર્તિઓનું કામ કરાવતા હતા ત્યારે સ્વામીના યોગમાં આવતા પચાસેક જેટલા કડિયાના ઘર સત્સંગની વાત સાંભળી, કુસંગ છોડી સત્સંગ કર્યો અને હરિભક્ત થયા હતા. તેમાં પુરુષોત્તમ, કેવળરામ તથા નંદલાલ એ બે ભાઈ, જગજીવન, દામોદર અને આદિતરામ વગેરે કડિયા પાકા સત્સંગી થયા હતા. આ કડિયાઓ સત્સંગી થયા તેથી કુસંગી કડિયાએ ભેગા થઈ હરિભક્ત કડિયાને નાત બહાર મૂકવાનો નિર્ણય કર્યો. તેથી બીજા ગરીબ કડિયા ભક્તો નાતના પ્રબંધમાં ભળ્યા એટલે તેમનું કોઈએ નામ લીધું નહીં.

તે સમયમાં મૂર્તિનું કામ કરતા શિલ્પીની માતા ગુજરી ગયાં. તે પુરુષોત્તમ કડિયાની સાસુ થતાં હતાં. તેના નિમિત્તે જલેબીનો ખર્ચ કરવા કુસંગી કડિયાઓએ સરકારમાં બસો રૂપિયા ભર્યા. અને હરિભક્તના ચાર ઘરને નાત બહાર રાખવાનો ઠરાવ કર્યો. તે જાણીને પુરુષોત્તમ કડિયા આધારાનંદસ્વામી પાસે આવી રડવા લાગ્યા. અને કહે, "સત્સંગ માટે અમારે બહુ કષ્ટ આવ્યું, તે કોઈ ઉપાયે છૂટવાનું નથી. માટે તમે કાંઈ સહાય કરો તો થાય. કેમ જે, કુસંગી નાતિલાઓ એમ કહે છે કે, 'હજાર હજાર રૂપિયા દંડ ભરે તો જ આ ચારને નાતમાં લેવા છે." તેથી સ્વામીએ તેમને આશ્વાસન આપ્યું અને કહ્યું, 'મોટેરા હરિભક્તોને વાત કરો. તે તમને સહાય કરશે.'

પછી તેમણે નાથભક્ત તથા સદાશિવભાઈ વગેરેને વાત કરી. આ ભક્તોએ તેમના નાતિલાને સમજાવ્યા પરંતુ કોઈ માન્યા નહીં. નંદલાલ કડિયાને સત્સંગ અચળ હતો. પરંતુ પુરુષોત્તમ કડિયાને એટલી દૃઢતા ન હોવાથી તેઓ વિહ્વળ થઈ ગયા. ને કહે, 'નાત વિના હવે કેમ કરવું ?' એમ કહી સ્વામીને કહે, 'કાલે બધી નાત અમને છોડીને પકવાન જમશે, તેથી અમારે જીવ્યા ન જીવ્યા બરાબર થશે. અમે શું મોઢું દેખાડીશું ? અને અમારું આ દુઃખ કોણ સાંભળે ? હવે અમારી કોણ સહાય કરે ? અત્યારે તો મરેલાને જીવતા કરે એવા સંત હોય તે અમારું દુઃખ ટાળે.' ત્યારે આધારાનંદસ્વામી કહે, 'અમે કાંઈ મરેલાને જીવતા કરતા નથી. પરંતુ અહીં ઘણા સમાધિનિષ્ઠ ભક્તો છે, તેને જઈને તમે વાત કરો તો તેઓ મહારાજને પૂછી આવશે ને તમારા દુઃખનો અંત આવશે.'

ત્યારે પુરુષોત્તમ કહે, **'સંતમાં ભગવાન પ્રગટ રહે છે. માટે સંતને છોડીને મારે બીજે ક્યાંય જાવું નથી. કેમ જે, સંત સમાન બીજા કોઈ હરિભક્ત કહેવાય નહીં.'** પછી સ્વામીને બહુ દયા આવી. તેથી કહે, **'જેમ શ્રીહરિની ઈચ્છા હશે તેમ થશે. માટે તમે ધીરજ રાખો, હું પ્રયત્ન કરું છું.'** એમ કહી ઈશ્વરભક્તને સાથે લઈ સ્વામી નારુપંત નાના પાસે ગયા. પરંતુ નારુપંત નાનાએ સ્વામીની વાત સાંભળી નહિ. અને બીજા ત્રીજા બહાના બતાવ્યા. તેથી સ્વામી અંતરમાં દુઃખાઈને તરત ત્યાંથી ચાલી નીકળ્યા. તે જ સમયે

શ્રીહરિએ સ્વામીનાં અંતરમાં રામચંદ્ર વૈદ્યને મળવાની પ્રેરણા કરી. તેથી સ્વામી રામચંદ્ર વૈદ્યને મળ્યા અને હરિભક્ત કડિયાને નાત બહાર મૂક્યા તથા તેમને દુઃખ આવ્યું, તે બધી વાત કરી.

તેથી રામચંદ્ર વૈદ્ય કહે, **'સ્વામી, ચિંતા કરતા નહીં, મારાથી બનશે તેટલી હું કોશીશ કરીશ. સરકાર જે વાત પકડે અને દીવાન જે વાતમાં ભળે તે છોડવી ઘણી કઠણ છે, પણ શ્રીહરિ જેમ ધારે તેમ થાય અને તે શ્રીહરિ તમારે વશ છે. તેમજ તમારા અંતરમાં અખંડ રહ્યા છે. અને તેમનું ધાર્યું જ બધું થાય છે. હું તો નિમિત્તમાત્ર છું.'** પછી સ્વામી મંદિરે આવ્યા. અને રામચંદ્ર વૈદ્ય ગાડીમાં બેસી સરકાર પાસે ગયા. અને હરિભક્ત કડિયા ઉપર તેમના નાતિલા કડિયાઓએ મૂકેલો ખોટો પ્રતિબંધ તથા હજાર હજાર રૂપિયા દંડની વાત કરી. તે સાંભળી સરકારે દૂતને બોલાવી હુકમ કર્યો કે, 'જાઓ કડિયાને કહો કે કાલે કોઈ નાત જમે નહીં અને જો હરિભક્ત કડિયાને નાતમાં બેસાડ્યા વિના જમશે તો મોટો દંડ થશે.'

આ હુકમ સાંભળીને હરિભક્તોનું દુઃખ ટળ્યું ને કુસંગીઓને દુઃખ આવ્યું. **શ્રીહરિ સમાન કોઈ સમર્થ નથી. તે જ કોઈપણમાં રહીને માર્ગ ભૂલેલાને માર્ગ બતાવે છે. દુઃખી માણસને જ્યારે બીજા કોઈ સહાય ન કરે ત્યારે તે જો શ્રીહરિ કે સંતને સંભારે તો તે સહાય કરે છે.** આમ, આધારાનંદસ્વામીએ કચેરીમાં જઈને તથા હરિભક્તોની પાસે જઈને અને શ્રીહરિને પ્રાર્થના કરીને કડિયા હરિભક્તનું દુઃખ ટાળ્યું હતું. આવા તે દયાળુ અને ભક્તો ઉપર પ્રીતિ રાખનારા સંત હતા. *(સંદર્ભ : હ.ચ.સા.૨૮/૯૯-૧૦૧)*

### ❊ સર માલ્કમનું ચિત્ર દોરાવ્યું :

સતીપ્રથાના કુરિવાજને કારણે પોતાની સગી માતા તથા સગી ભાભીને કુટુંબીઓએ સળગતી ચિતામાં સળગાવી દીધી. તે સમયની તેમની અસહ્ય વેદના નજરે નિહાળી બંગાળના ક્રાંતિકારી વિચાર ધરાવનાર રાજા રામમોહનરાયના દિલમાં અતિ દુઃખ થયું. તેણે દૃઢ સંકલ્પ કર્યો કે, 'કોઈ પણ ભોગે આ કુરિવાજ નાબુદ કરવો જ છે.' સન્.૧૮૨૭ સં.૧૮૮૩માં આહ્લાબાદ પ્રયાગક્ષેત્રમાં મોટો કુંભમેળો ભરાયો. કોઈ મહાપુરુષની

મદદ મળે એવા હેતુથી રાજા રામમોહનરાય ત્યાં આવ્યા. ઈશ્વર-ઈચ્છાથી સર્વાવતારી શ્રીહરિના પરમહંસ નમોનારાયણાનંદ સ્વામી સમંડળ પણ ત્યાં ગયા હતા. રાજા રામમોહનરાયનું આ સંતમંડળની સાથે મિલન થયું. સંતોનાં દર્શન, વાણી અને વર્તનથી તેમનું દિલ ઠર્યું. પોતાના કાર્યમાં મદદ થવાની માંગણી કરી. સ્વામીએ કહ્યું, **‘હાલ પૃથ્વી પર સ્વામિનારાયણ નામે પરમેશ્વર પ્રગટ થયા છે, તેમના આશીર્વાદ મળે તો સર્વ વાતે સાનુકૂળ થાય.’**

પછી નમોનારાયણાનંદસ્વામીની સાથે રામમોહનરાય ગઢપુર આવ્યા. શ્રીહરિને સર્વે વાત કરી. મોટીબાએ પણ આ વાત જાણીને મહારાજને પ્રાર્થના કરી જે, ‘હે નાથ ! સ્ત્રીસમાજના હિતનું આ કાર્ય છે. આપ કૃપા કરો તો સારું.’ પછી શ્રીહરિએ આધારાનંદસ્વામીને ધ્યાનમાં બેસાર્યા. સ્વામીને ધ્યાનમાં તે સમયે મુંબઈમાં ગવર્નર તરીકે નિમાયેલા સર માલ્કમ દેખાયા. શ્રીહરિએ કહ્યું, **‘જે વ્યક્તિ તમને દેખાણી હોય તેનું ચિત્ર દોરો.’** સ્વામીએ ગવર્નર સર માલ્કમનું આબેહુબ ચિત્ર તૈયાર કરી બીજે જ દિવસે શ્રીહરિને આપ્યું. શ્રીહરિએ તે ચિત્ર નીચે શુકમુનિ પાસે ભલામણ પત્ર લખાવતાં કહ્યું, ‘બંગાળ પ્રાંતમાં સતીપ્રથા તથા સ્ત્રીશોષણનો અતિ કુરિવાજ ચાલે છે. ત્યાંના ગવર્નર મિ.લોર્ડ વિલિયમ બેંટીનિક આપના સ્નેહી છે તો આવેલ વ્યક્તિની વાત સાંભળી તમો નારીસમાજના હિત માટે તે પ્રાંતમાં યોગ્ય પગલાં લેવાય તેવી મદદ કરશો.’

આ પત્ર શ્રીહરિએ રામમોહનરાયને આપ્યો. તેમની સાથે ગઢપુરથી હરજી ઠક્કરને મોકલ્યા. સન્. ૧૮૨૮માં આ બંને મુંબઈના ગવર્નર સર માલ્કમને મળ્યા. શ્રીહરિએ આપેલો પત્ર તેમને આપ્યો. પોતાની અદ્‌ભુત પ્રતિકૃતિ નિહાળી તે અચંબો પામી ગયા. અને પૂછ્યું, ‘આ કોણે દોર્યું ?’ હરજી ઠક્કરે ઉપરોક્ત વાત કહી. શ્રીહરિએ કરેલા સમાજ સુધારણાનાં અનેક કાર્યોની વાતો કહી શ્રીહરિનો મહિમા કહ્યો. પછી રામમોહનરાયે બંગાળમાં પણ આવા નારીહિતનાં તથા સમાજ સુધારણાનાં કાર્યો થાય, તે માટે ત્યાંના ગવર્નરને ભલામણ પત્ર લખી આપવા અને તે માટે યોગ્ય પગલાં લેવા રૂબરૂ વાત કરી. શ્રીહરિએ સર માલ્કમના અંતરમાં પ્રેરણા કરી. તેથી તેમણે તેમના

ઉપરી અધિકારી બંગાળમાં નિમાયેલા મિ.લોર્ડ વિલિયમ બેંટીનિક ઉપર પત્ર લખી આપી પોતાની સહી કરી.

ત્યાર બાદ હરજી ઠક્કર ગઢપુર આવ્યા. રામમોહનરાય પોતાના વતન બંગાળ ગયા. સન્.૧૮૨૯માં આ પત્ર ત્યાંના ગવર્નરને આપ્યો. તેણે ત્યાંની વર્તમાન સ્થિતિ તપાસી તેના ઉપર કેમ અંકુશ લેવો તેની યોગ્ય ગોઠવણી કરી. ત્યાર બાદ એક વર્ષે સન્.૧૮૩૦માં બંગાળ નારીસમાજના હિતમાં સતિપ્રથા નાબુદીનો કાયદો પ્રસાર કર્યો. આમ, બંગાળ પ્રાંતમાં સમાજહિતનાં કાર્યો થયાં. તેમાં પણ શ્રીહરિએ આધારાનંદ સ્વામીને નિમિત્ત બનાવ્યા હતા.

અને વળી આધારાનંદસ્વામીએ સંપ્રદાયના સાહિત્યસર્જનની આશ્ચર્ય જનક અદ્‌ભુત સેવા કરી છે. નારાયણ અંગચિંતામણિ તથા શ્રીહરિની સચિત્ર જન્મપત્રી તો તેઓએ શ્રીહરિની હયાતીમાં રચેલ છે. અને શ્રીહરિના ધામગમન બાદ તેમના હાથે લખાયેલા ગ્રંથો વિષે હવે થોડું વિચારીએ.

### ✲ યમયાતના :

**આ 'યમયાતના' ગ્રંથ આધારાનંદસ્વામીએ સં.૧૮૯૬ આસો વદ-૧૪ના દિવસે વડતાલમાં રહીને પૂરો કર્યો છે.** આ ગ્રંથમાં ૩૪૬ કડીઓ છે. ૨૮ નરકના કુંડોનું વર્ણન છે. જે જીવ જેવાં પાપ કરે તેને તેવું નરક મળે તેની સુંદર વિગત આપી છે. વળી, પોતાના હાથે તેનાં ચિત્રો દોરી જે તે વર્ણનને તાદૃશ કરી આપ્યું છે. **૨૮ કડવાના આ ગ્રંથમાં ૬૦ ચિત્રો સ્વામીએ દોર્યાં છે.** આજથી પોણા બસો વર્ષ પહેલા જ્યારે કોઈ સુવિધા ન હતી ત્યારની દૃષ્ટિએ વિચારીએ તો આ એક અદ્‌ભુત કામ કર્યું કહેવાય. વળી, તે સમયે કેવાં ચિત્રો બનતાં, તેના રંગકામમાં કેવા વનસ્પતિ-જન્ય દેશી રંગ વપરાતા કે જે આટલાં વર્ષોએ પણ હજુ એવા ને એવા જ છે. એ ગ્રંથ જોતાં અને વાંચતાં પ્રત્યક્ષ અનુભવાય છે.

આ ગ્રંથમાં સ્વામીએ યમપુરીમાં જીવાત્માને કેવાં કેવાં દારુણ દુઃખો ભોગવવાં પડે છે તેનું હૃદયદ્રાવક ચિત્રણ કર્યું છે. અને યમયાતનાનાં તથા જન્મમરણનાં દારુણ દુઃખ ટાળવાનો ઉપાય ભગવાનનો દૃઢ આશરો અને સદ્‌ગુરુ સંતનો સમાગમ બતાવ્યો છે. જેને પ્રગટ હરિ કે પ્રગટ સાચા સંત

મળે તેનું જન્મમરણ ટળે અને પરમપદ મળે, એવું આ ગ્રંથમાં સુંદર વર્ણન કરેલું છે. સ્વામીએ આપણા માટે કરેલો આ દાખડો જોતાં સહેજે જ તેમના પ્રત્યે અહોભાવ પ્રગટ થાય છે.

આ ગ્રંથ નાશ ન થઈ જાય તેવા હેતુથી શ્રીસ્વામિનારાયણ મંદિર કારેલીબાગ-વડોદરા દ્વારા અમારા ગુરુજી પ.પૂ.સદ્.શ્રીજ્ઞાનજીવનદાસજી સ્વામીએ પોતાને પ્રાપ્ત થતા તત્કાળ જ યથાવત્ સ્વરૂપમાં પ્રકાશિત કર્યો છે.

**અક્ષરબાવની :** આ 'અક્ષરબાવની' નામનો નાનકડો ગ્રંથ સિદ્ધાનંદ સ્વામીએ ગઢપુરમાં શ્રીગોપીનાથજી મહારાજની સાંનિધ્યમાં રહીને લખ્યો છે. **સંવત્ ૧૯૧૦ આસો સુદ એકાદશી**એ આ ગ્રંથ પૂર્ણ કર્યો છે. આ ગ્રંથનો મહિમા સમજાવતાં સ્વામી કહે છે કે, **'જે કોઈ ચિત્ત દઈને આ ગ્રંથ વાંચે કે સાંભળે તે નિષ્કામી બને છે. જન્મમૃત્યુના દુઃખને તરે છે અને અંતે અક્ષરધામમાં અપાર સુખને પામે છે.'** આ ગ્રંથમાં શ્રીહરિનો મહિમા તથા જગતનું નાશવંતપણું સમજાવવા માટે પૂ.સ્વામીએ કક્કાના અનુક્રમમાં ચોપ્પન છંદ-છપ્પઈ લખી છે.

આ ગ્રંથ અમારા ગુરુજી પ.પૂ.સદ્.શ્રીજ્ઞાનજીવનદાસજી સ્વામીએ U.S.A.માં સંપૂર્ણ કથા કરીને CD, DVDમાં પ્રકાશિત કર્યો છે.

અને આ ગ્રંથનું ગુજરાતી ભાષાંતર શાસ્ત્રી શ્રીજ્ઞાનપ્રકાશદાસજીસ્વામી (ગાંધીનગર)એ કર્યું છે. તે શ્રીહ.ચ.સા.ભાગ-૧૦માં પ્રકાશિત કર્યું છે.

**શિક્ષાપત્રી દોહાવલી :** આ 'શિક્ષાપત્રી દોહાવલી' ગ્રંથ પણ સિદ્ધાનંદ સ્વામીએ ગઢપુરમાં રહીને લખ્યો છે. આ ગ્રંથ **સંવત્ ૧૯૧૩ ભાદરવા વદિ એકાદશી**એ પૂર્ણ કર્યો છે. આ ગ્રંથમાં પૂ.સ્વામીએ સહુ સંતસમાજના સુખાર્થે ચિંતામણિ તુલ્ય એવી **'શિક્ષાપત્રી'**નો હિંદી પદ્યમાં અનુવાદ કર્યો છે. આ ગ્રંથ શ્રીહ.ચ.સા.ભાગ-૧૦માં પ્રકાશિત કર્યો છે.

સ્વામીએ સત્સંગ ઉપયોગી આવા અનેક સાહિત્યનું સર્જન કર્યું છે. છતાં તેમના હૈયાનું તાન તો શ્રીહરિની મૂર્તિમાં અખંડ જોડાયેલા રહેવું, તે જ હતું. પુસ્તકો કરતાં તેમને પરમેશ્વર અને સંતોભક્તો જ પ્રધાન હતા. ગુણાતીતાનંદ સ્વામી કહેતા, "આ જે વાત છે તે તો ગાંડા થઈ જાય તેવી

છે. આધારાનંદ સ્વામીએ ઓરડીનાં કમાડ વાસી પુસ્તક, પાનું ને લૂગડાં જે હતું તે છકમાં બાળી નાંખ્યું. ત્યારે તેની ગંધ આવવાથી કોઈએ કમાડ ઉઘાડ્યું ને પૂછ્યું જે, 'આ શું કર્યું ?' ત્યારે કહે જે, 'આત્યંતિક પ્રલય હુવા !' એમ આ વાતું સમજાય તો ગાંડા થઈ જવાય એવો આ વાતોમાં ચમત્કાર છે."

*(સંદર્ભ : ઉપદેશામૃત વા.૭૦૧)*

## ❊ શ્રીહરિચરિત્રામૃતસાગર ગ્રંથની રચના :

શ્રીજીમહારાજ સ્વધામ સિધાવ્યા તેને ૨૭-૨૮ વર્ષનાં વાણાં વહી ગયાં. સ્વામી સતત અનેક પ્રકારની સત્સંગની સેવા કરતા રહ્યા. પછી એક દિવસ તેમના અંતરમાં સંકલ્પ થયો કે,

**सर्वोपरि यह भये अवतारा, एसे अवतार न भये कोउ वारा ॥**
**सर्वोपरि जो चरित्र कर ताही, सत्संगमें जन बोलत रहाही ॥३७॥**

**सर्वोपरि ग्रंथ बिन ताके, प्रमान कबहु न होवत वाके ॥**
**लक्ष श्लोक होवे जिहाँ लगहु, ओर अवतार सम तिहाँ लगहु ॥३८॥**

આ શ્રીહરિનો સર્વોપરિ અવતાર થયો છે. આવો અવતાર ક્યારેય થયો નથી. શ્રીહરિના અવતારની જેમ તેમનાં ચરિત્રો પણ સર્વોપરિ છે. આમ આપણા સત્સંગમાં સહુ ભક્તો કહે છે. પરંતુ સર્વોપરિ ગ્રંથ સિવાય ઉપર કહેલી બાબતનું પ્રમાણપણું ક્યારેય ન થાય; માટે એક લાખ શ્લોકો થાય ત્યાં સુધીનો એક વિશાળકાય ગ્રંથ લખવો. જેથી આ ગ્રંથ ઉપરથી લોકો શ્રીહરિનો સર્વોપરિ અવતાર કહેશે. કેમ જે, સર્વોપરિ ગ્રંથ સિવાય અન્ય મતના લોકો ક્યારેય આ સંપ્રદાયની તથા સંતની વાતને કબૂલ ન કરે. કારણ કે, બધા લોકો લૌકિક બુદ્ધિના હોય છે. જે લૌકિક મનુષ્ય છે, તે આ સર્વોપરિ ગ્રંથને જોઈને મનમાં આશ્ચર્ય પામશે. અને શ્રીહરિને બીજા બધા અવતારો કરતાં પર, અર્થાત્ સર્વોપરિ કહેશે. *(સંદર્ભ : હ.ચ.સા.૧૫/૪૮)*

માટે એવો મોટો ગ્રંથ લખવાનો સ્વામીના અંતરમાં સંકલ્પ થયો. પછી તે વાત તેમણે આચાર્ય શ્રીરઘુવીરજી મહારાજ તથા મોટા મોટા સંતોને કહી. તેથી આચાર્યશ્રીએ તેમજ સાધુ-સંતોએ હર્ષભેર આવકારી. તેથી સ્વામીશ્રીએ

રામાયણના જેવી સાદી સરળ શૈલીમાં હિંદી ભાષામાં **વડતાલમાં રહીને સં.૧૯૧૪, જેઠ સુદ આઠમે 'શ્રીહરિચરિત્રામૃતસાગર' લખવાની શરૂઆત કરી.**

दोहा : **ओगणसाठ तन वर्ष भये, ग्रंथ आरंभ हि किन ॥**
**संवत् ओगणिश चौदमें, जिष्ट शुदि अष्टमि दिन ॥११॥**

જ્યારે આ ગ્રંથ લખવાનો આરંભ કર્યો ત્યારે સ્વામીની ઉંમર ૫૯ વર્ષની હતી. પછી તો સ્વામી જે રીતે શ્રીહરિ પ્રેરણા કરતા ગયા તે રીતે એક પછી એક પૂર લખતા ગયા. સ્વામી દરેક પૂરના પ્રારંભે પ્રાયઃ શ્રીહરિની વંદના કરતા કહે છે કે, 'શ્રીહરિની કૃપાથી જેવાં મને તેમનાં ચરિત્ર અંતરમાં દેખાય છે તેવાં હું લખું છુ. શ્રીહરિની મૂર્તિ અને તેમનાં ચરિત્ર જ્યારે હું કહેવા લાગું છું ત્યારે તે બધાં મને દૃષ્ટિ આગળ પ્રત્યક્ષ દેખાય છે અને તે પ્રમાણે હું લખું છું. શરીરનું આયુષ્ય તો શ્રીહરિને આધીન છે. એક ઘડી કે પળનો પણ નિર્ધાર નથી. છતાં જ્યાં સુધી શ્રીહરિ કૃપા કરતા રહેશે ત્યાં સુધી ચરિત્ર લખતો રહીશ.'

चोपाई : **श्रीहरिकी मूर्ति देखि जेसी, उच्छव चरित्र करत हि तेसी ।**
**देश देशमें फिरे वारमवारा, भक्तजन हित करी हरि प्यारा ॥१७॥**

**प्रगट मूर्ति देखी में जेसे, उर बिच मोर रखिके तेसे ।**
**चरित्र लिखत संभारिके ताई, जेसे उर में देत देखाई ॥१८॥**

જેવા મેં પ્રગટ મૂર્તિ શ્રીહરિનાં દર્શન કર્યાં છે, તેવાં જ મારા અંતરમાં સંઘરી રાખ્યાં છે. અને તે હું મારાં હૃદયમાં જ્યારે સંભારું છું ત્યારે જેવું છે તેવું દેખાઈ આવે છે. અને એ મુજબ હું ચરિત્રને લખું છું. સૂર્ય સિવાય આપણી આંખો કાંઈ દેખી શકે નહિ તેમ **શ્રીહરિની મૂર્તિની સ્મૃતિ સિવાય હું કાંઈ પણ લખી શકતો નથી.** *(હ.ચ.સા.૮/૧)*

જ્યાં સુધી ભગવાનનો રાજીપો રહેશે અને શરીરની સાનુકૂળતા રાખશે, ત્યાં સુધી શ્રીહરિનાં જેટલાં ચરિત્રો છે તેને શ્રદ્ધા રાખીને મારે લખવાં છે.

चोपाई : **चरित्र यह लिखत जिहाँ लगही, श्रीहरि जेसे रहे तिहाँ लगी।**
**चरित्र कर प्रगट समीप देखाते, यामें इतना लाभ रहाते॥३०॥**

**न देखे कबहु हरिकु जाही, चरित्र करीके तिनकु ताही।**
**प्रत्यक्ष हरि देखेमें आते, देखनेकी जिमि रीत रहाते॥३१॥**

જ્યાં સુધી હું શ્રીહરિનાં આ ચરિત્રને લખું છું, ત્યાં સુધી જેવા શ્રીહરિ હતા અને જેવાં ચરિત્ર તેમણે કર્યાં તે મને પ્રત્યક્ષ સમીપ દેખાય છે. આ ચરિત્ર લખવામાં આટલો મને લાભ થાય છે. જેણે ક્યારેય શ્રીહરિનાં દર્શન કર્યાં ન હોય તેને માટે શ્રીહરિનાં પ્રત્યક્ષ દર્શન થાય એવી રીતે આ શ્રીહરિનાં ચરિત્ર લખું છું. આ ચરિત્રોએ કરીને મને શ્રીહરિ પ્રત્યક્ષ દેખ્યામાં આવે છે. *(હ.ચ.સા.૨૭/૨૦)*

એકવાર સ્વામી ગ્રંથ લખતા હતા. ત્યારે કોઈ સંતે આવીને કહ્યું કે, 'તમે આ સ્થળે મહારાજ હાથીની સવારી ઉપર બેઠા હતા, એમ વર્ણન કર્યું તે બરાબર નથી. કેમ જે, તે પ્રસંગે હું હાજર હતો અને ત્યાં મહારાજ ઘોડેસવાર હતા. અને શ્રીહરિની શોભાયાત્રા નીકળી હતી.' ત્યારે સ્વામી કહે, **'મને જેવા શ્રીહરિ પ્રત્યક્ષ દેખાય છે અને અનુભવાય છે તેમ હું આ ચરિત્રો અને ગ્રંથ લખું છું.** તમને જેમ દેખાતા હોય તેમ તમે લખજો.' માટે સ્વામીના અનુભવના ખજાના જેવો આ ગ્રંથ શ્રીજીમહારાજની રોજનિશી જેવો છે. તેમાં શ્રીહરિની લીલા, ઉપદેશ તથા મૂર્તિનું વિગતવાર ઝીણવટભર્યું વર્ણન કર્યું છે. સ્વામી ઘણી વાર લખે છે કે,

सोरठा : **कोटीमेंसु एक, बात लिखत हे याद कर ॥**
**बात रहेउ अनेक, आयुष रहे निरधार बिन ॥२८॥**

**पलक नहीं निरधार, तन रहे यह ईस विध हि ॥**
**श्रीहरि धर्मकुमार, आयुष हाथ हि रहे यह ॥२९॥**

કરોડો બાબતમાંથી કોઈ એક વાત યાદ કરીને લખું છું. વાતો અનેક છે, આયુષ્યનો કોઈ નિર્ધાર નથી. આ દેહનું આયુષ્ય તો શ્રીહરિના હાથમાં છે. શ્રીહરિએ મનમાં જેવો ધાર્યો છે તેવો આ ગ્રંથ છે.

### ✻ આ ગ્રંથનો જોટો જડવો અશક્ય છે :

**આ ગ્રંથના ૧૫મા પૂરનો ૪૧મો તરંગ હું જ્યારે લખી રહ્યો ત્યારે સં.૧૯૧૯, મહા સુદ બીજને દિવસે આચાર્ય શ્રીરઘુવીરજી મહારાજ**

**અક્ષરવાસી થયા.** જે દિવસથી મેં આ ગ્રંથ લખવાનો આરંભ કર્યો તે દિવસથી રોજ આચાર્યશ્રી આવીને મને પૂછતા જે, 'કેટલી વાત લખાણી ?' આ ગ્રંથનાં ઘણાં પાનાં તો તેમના માટે નિત્ય નવીન રહેતાં. પ્રારંભના પાંચ પૂરોની કથા તો આચાર્યશ્રીએ કરાવીને સાંભળી હતી. આ ગ્રંથના પૂર વાંચીને તેઓ અતિ પ્રસન્ન થતા અને એવું બોલતા કે, 'આ ગ્રંથના પૂરમાં જેટલી મહાન વાતો આવી તે બધો ઉપદેશ તથા શ્રીહરિએ જે જે ચરિત્ર કર્યાં હતાં તે તથા સંતો ભક્તોને જે રીતે વર્તાવ્યા છે, તે બધું જેવું છે તેવું આ ગ્રંથમાં લખાયું છે; એવો **આ અજોડ ગ્રંથ છે, આ ગ્રંથનો જોટો જડવો અશક્ય છે.** *(હ.ચ.સા.૧૫/૪૮)*

### ❊ અધૂરા કામે પણ અંતર પૂર્ણ :

આ ગ્રંથમાં આશરે **૯૮,૧૪૫ દોહા અને ચોપાઈઓ છે. ૨૩૦૭ તરંગો અને ૨૮ પૂર છે.** છતાંય ગ્રંથ અધૂરો રહી જવા પામ્યો છે. સં.૧૮૮૨ની સાલ સુધીની લીલા આ ગ્રંથમાં લખાઈ છે. પરંતુ સ્વામીના અંતરમાં પૂર્ણતા છે. વારે વારે સ્વામી કહે છે કે, **'જ્યાં સુધી શ્રીહરિની ઈચ્છા હશે, ત્યાં સુધી હું આ ગ્રંથ લખીશ. જ્યારે મહારાજ મને ધામમાં લઈ જશે ત્યારે સુખેથી ત્યાં શ્રીહરિની સેવા કરીશ.'** તેથી કદાચ સ્વામીને પણ આ ગ્રંથ પૂર્ણ નહિ થાય એવો અંદાજ આવી ગયો હશે. એટલે સ્વામીએ શ્રીજીમહારાજના અંતર્ધાનનો પ્રસંગ ટૂંકમાં છતાં સુંદર રીતે **હરિગીત છંદ**માં ગાયો છે કે,

**मेरा स्वरूप है शिक्षापत्री सो अचल सत्य मानियो ।**
**धर्मवंशी संत हि हरिजन दृढ करीके जानियो ॥**
**अब तो शिक्षापत्री कहे तेहि तैसे चलना प्रीतसुं ।**
**और आचार्य धर्मवंशी कहे त्युं चलना सुरितसुं ॥**
**मेरे ही अक्षरधाममें सो आवही नहिं संदेह ही ।**
**धर्मवंशी द्वारमें रहे बचन ग्रहो मेरो तेह ही ॥**
**ओर ही मूर्ति द्वारमें रहे मंदिर मोरे जाइ है ।**
**एक रूप तिन रूप धरे सब जन सुखदाइ है ॥**

**चो० : मेरी आज्ञा सो मेरो स्वरूपा, मेरे बचन मानना अनुपा ।**
**मेरे बचन में शशी अरु सुरा, निशदिन तत्पर रहे हजूरा ॥**

આમ, આધારાનંદસ્વામીનું સમગ્ર જીવન પૂર્ણપુરુષોત્તમ શ્રીસ્વામિનારાયણ ભગવાન તથા તેમના સંતો-ભક્તોની સેવામાં, તેમજ સત્સંગની મા સદ્‌ગુરુ શ્રીમુક્તાનંદસ્વામીના સેવક અને લહિયા તરીકે તથા સંપ્રદાય માટે શ્રીહરિના ચરિત્રનો રસાસ્વાદ કરાવનાર મહાન કવિ અને સ્વામિનારાયણ ભગવાનની મૂર્તિ સહુનાં મનમંદિર પર અંકિત કરાવનાર ચિત્રકાર અને મંદિરના કારીગરો માટે માર્ગદર્શક તરીકે પસાર થયેલું હતું.

પૂ.સ્વામીશ્રીમાં એકમાં જ અનેક કળાઓનો વાસ હતો. જેમ કે,

(૧) આદર્શ કવિ, (૨) અનુપમ ચિત્રકાર, (૩) શ્રેષ્ઠ ગાયક, (૪) સિતારવાદક, (૫) ઉત્તમ શિલ્પકાર, (૬) સર્વોત્તમ લહિયા, (૭) અનુપમ વ્યવહારદક્ષ અને (૮) નૂતન ગ્રંથ રચનાર વગેરે અનેક કળાઓનો સદ્. શ્રીઆધારાનંદ સ્વામી ખજાનો હતા.

પૂ.સ્વામીશ્રી શ્રીહરિચરિત્રામૃતસાગર ગ્રંથના એક પછી એક પૂર લખતા ગયા. અમુક પૂરના અંતે તથા આરંભમાં પોતે કયા વારે અને કઈ તિથિએ તેનો આરંભ કર્યો તે આ ગ્રંથમાં લખ્યું છે, તેની વિગત.

**પૂર-૧** સં.૧૯૧૪ જેઠ સુદ-૮ વડતાલધામમાં ગ્રંથનો આરંભ કર્યો.
**પૂર-૯** સં.૧૯૧૬ વડતાલધામમાં રહીને પૂરું કર્યું છે.
**પૂર-૧૦** સં.૧૯૧૬ વૈશાખ વદ-૫ ને ગુરુવારે વડતાલમાં પૂરું કર્યું છે.
**પૂર-૧૧** સં.૧૯૧૭ ભાદરવા સુદ-૧ ને શુક્રવારે વડતાલમાં પૂરું કર્યું છે.
**પૂર-૧૩** સં.૧૯૧૮ માગશર વદ-૪ના રોજ વડતાલમાં પૂરું કર્યું છે.
**પૂર-૧૪** સં.૧૯૧૯ કારતક સુદ-૫ ને સોમવારે વડતાલમાં પૂરું કર્યું છે.
**પૂર-૧૫** સં.૧૯૧૯ જેઠ સુદ-૫ ને શુક્રવારે વડતાલમાં પૂરું કર્યું છે.
**પૂર-૧૬** સં.૧૯૨૦ દ્વિ. શ્રાવણ વદ-૮ ને શનિવારે વડતાલમાં પૂરું કર્યું છે.
**પૂર-૧૭** સં.૧૯૨૧ આસો સુદ-૩ ને સોમવારે વડતાલમાં પૂરું કર્યું છે.

સં.૧૯૧૪થી ૧૯૨૧ સાત વર્ષ ને ચાર માસમાં સ્વામીએ ૧૭ પૂર લખ્યાં. ત્યાર બાદ સ્વામી શક્તિ પ્રમાણે ભક્તિ કરતા રહ્યા. એક પછી એક તરંગ અને પૂર લખતા રહ્યા. વચ્ચે સ્વામી બે-ત્રણ વાર બીમાર પડી ગયા. એવો પોતે જ આ ગ્રંથના ૨૭ અને ૨૮ના પૂરમાં ઉલ્લેખ કર્યો છે. ૨૮ પૂર

પૂરાં થયાં. ૨૯મા પૂરનો આરંભ કર્યો તેના ત્રણ તરંગ લખાયા અને ચોથા તરંગની ૨૮ પંક્તિઓ લખાઈ ત્યાં લખતાં લખતાં જ **સં.૧૯૨૮ માગશર સુદ-૭, તા.૧૮/૧૨/૧૮૭૧ ને સોમવારના રોજ સ્વામી અક્ષરવાસી થયા. એટલે કુલ ૧૩ વર્ષ, ૫ માસ અને ૧૪ દિવસ સ્વામીએ આ ગ્રંથ લખ્યો; એવું અનુભવી મોટા સંતોએ નોંધ્યું છે.**

## ❊ શ્રીહરિચરિત્રામૃતસાગર ગ્રંથની વિશેષતા :

આ શ્રીહરિચરિત્રામૃતસાગર ગ્રંથ હિંદી સાહિત્યની દૃષ્ટિએ અદ્વિતીય ગ્રંથ છે. મહાભારતને ભારતીય વિદ્વાનો પંચમ વેદ ગણે છે. મહાભારતની સ્પર્ધા કરે એવો આ ગ્રંથ છે. પરંતુ આખો મહાભારત ગ્રંથ કોઈ અભ્યાસની દૃષ્ટિએ વાંચે તો મારે કોની ઉપાસના કરવી ? કોનો સંગ કરવો ? કેવા સંગનો ત્યાગ કરવો ? શું કરવાથી મારું જીવન બદલે ? હું બ્રહ્મરૂપ થઈ ભગવાનને પામું એવું બહુ જ ઓછું જોવા મળે છે. આજ્ઞા અને ઉપાસના આ બે ધામમાં જવાની પાંખો છે. પરંતુ મહાભારત ગ્રંથમાં અનેક જગ્યાએ શિવની, શક્તિની, સૂર્યની, વિષ્ણુની, બ્રહ્માની, ઇન્દ્રની વગેરે ભિન્ન-ભિન્ન દેવોની સ્તુતિ તથા ઉપાસનાનું વર્ણન આવે છે. તેથી મુમુક્ષુને નક્કી ન થાય કે મારે કોની ઉપાસના કરવી ? જ્યારે શ્રીહરિચરિત્રામૃતસાગર ગ્રંથમાં તો તરંગે તરંગે જીવને જાગ્રત કરે. વળી, જ્યાં આજ્ઞા-ઉપાસના તથા મોક્ષના પાયારૂપ એવા ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય, ભક્તિ તથા શ્રીહરિ, સંતો-ભક્તોનો મહિમા, કુસંગ તથા દંભનું ખંડન અને સત્સંગનું મંડન સ્વામીએ વારે વારે કર્યું છે. જેથી જીવન જીવવાનો તથા મોક્ષનો રાજમાર્ગ સહુને સહેજે સ્પષ્ટ જણાઈ આવે છે.

જેમ સપ્તરંગી મેઘધનુષ્ય આકાશને શોભાવે, ઘરેણાં શરીરને શોભાવે તેમ શ્રીહરિચરિત્રામૃતસાગર ગ્રંથનું પઠન-મનન હજારોનાં હૈયાને શોભાવે એવું છે. સદ્.શ્રીઆધારાનંદસ્વામી રચિત મહાભારત જેવડો આ વિશાળકાય ગ્રંથ **'શ્રીહરિચરિત્રામૃતસાગર'** છે. મહાભારતની અનેક હસ્તપ્રતો મેળવી ભાડાંરકર ઓરીયન્ટલ રીસર્ચ(પૂના)વાળાએ શ્લોકની ગણના કરી તો તેમાં

૮૪,૦૦૦ શ્લોકો થયા છે. જ્યારે **આ ગ્રંથમાં આશરે ૯૮,૧૪૫ ઉપરાંત છંદ-ચોપાઈઓ છે.** હિંદી સાહિત્યના ઈતિહાસમાં હજુ સુધી બીજો કોઈ આટલો મહાન ગ્રંથ રચાયો નથી. દોહા, સોરઠા, ચોપાઈ અને છંદોમાં ગૂંથાયેલા આ ગ્રંથમાં ખરેખર ગંગા નદીની જેમ ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય અને પરાભક્તિનાં પૂર વહે છે. મહિમા, દિવ્યભાવ, સ્નેહ, સમર્પણ, ગુણગ્રાહી દૃષ્ટિ તથા આંતરખોજના તરંગો તો વારંવાર રેલાય છે.

જેમ સ્વામિનારાયણ ભગવાન સર્વોપરિ છે, તેમ જ તેમની વિશાળ જીવનગાથાને વર્ણવતો અને શ્રીહરિનાં નાનાં-મોટાં તમામ લીલાચરિત્રોમાં અવગાહન કરાવતો તથા સત્સંગની સર્વોપરિતાને વારંવાર કહેતો આ ગ્રંથ પણ ખરેખર સર્વોપરિ જ છે. આ ગ્રંથ માત્ર આકારથી જ વિશાળ છે એવું નથી, પરંતુ વિશાળતાની સાથોસાથ તે સમયના સમાજની રચના, ઐતિહાસિક ઘટના અને લોકોના રીત રિવાજને પણ તાદૃશ્ય કરી આપે છે. વળી, જીવનમૂલ્યોને બદલી આપે એવો જીવંતબોધ પણ આ ગ્રંથમાં વારંવાર અમૃતની પેઠે રેલાયો છે; જેમાં અનેકના જીવન પરિવર્તન કરવાની, સમજણ સુધારવાની અને ભગવાન અને સાચા સંતના કૃપાપાત્ર બનવાની અગમ્ય શક્તિઓ સમાયેલી છે. ભારતની રાષ્ટ્રીય ભાષામાં લખાયેલો આ ગ્રંથ ખરેખર રાષ્ટ્રીય એકતા, સાંપ્રદાયિક એકતા અને ભક્તોની ભગવાન સાથેની આંતરિક એકતા કરતો મહાન સેતુ છે.

શ્રીજીમહારાજે સમાધિ પ્રકરણ ચલાવ્યું તે વખતે મુક્તાનંદસ્વામીને ખૂબ ઉદ્વેગ થયેલો. ત્યારે ખાખરાના વનમાં રામાનંદસ્વામીએ દર્શન દીધાં. તેનું વર્ણન તેમ જ શ્રીજીમહારાજ કોણ છે ? તેની યથાર્થ સમજ રામાનંદસ્વામી કરાવતા કહે,

**हमार प्रतीत न तुमकुं लेशा, बालक ज्युं करत मन क्लेशा ।**
**हमार स्वामीके स्वामी हें एहु, सत्य करीके मानो तुम तेहु ॥**

**अनंत प्रताप हरि जब देखाये, तोउ अब मन में न लाये ।**
**इनकी सेवा दुर्लभ हमारे, सो सहज मीली हें तुमारे ॥**

*(હ.ચ.સા.૩/૩૩/૫૫-૫૭)*

રામાનંદસ્વામીએ કહ્યું જે, 'મુક્તાનંદસ્વામી ! અમારી તમને લેશ પણ પ્રતીતિ નથી, જેથી બાળકની પેઠે ક્લેશ પામો છો; પણ આ વર્ણી તો અમારા સ્વામી જે શ્રીકૃષ્ણ, તેમના પણ સ્વામી પૂર્ણ પુરુષોત્તમનારાયણ છે. આ વાત તમે સત્ય કરીને માનજો. શ્રીહરિએ પોતાનો અનંત પ્રતાપ દેખાડ્યો છે. છતાં, તમે આજ સુધી મનમાં કેમ વિચાર્યું નથી ? એમની સેવા અમને પણ દુર્લભ છે જે તમને સહેજે મળી છે. હવે તો મન, કર્મ, વચને તેમનામાં જોડાઈ જજો અને લેશમાત્ર સંશય કરશો નહીં.' આમ શ્રીજીમહારાજને સ્વામીએ આ ગ્રંથમાં અનેક જગ્યાએ સર્વોપરિ સર્વાવતારી તરીકે વર્ણવ્યા છે.

પૂ.સ્વામી પોતાના જીવનમાં ૧૭ વર્ષ ગૃહસ્થાશ્રમમાં રહ્યા, ૧૪ વર્ષ શ્રીહરિની સાંનિધ્યે રહ્યા અને શ્રીહરિ સ્વધામ પધાર્યા બાદ ૪૧ વર્ષ આ સત્સંગમાં રહ્યા. આમ, સ્વામીએ કુલ ૭૩ વર્ષ સુધી અવની ઉપર રહી સંપ્રદાયની અવર્ણનીય સેવા કરી છે. **સં.૧૯૨૮ માગશર સુદ-૭, તા.૧૮/૧૨/૧૮૭૧ ને સોમવારના રોજ સ્વામી અક્ષરવાસી થયા.** આવા આપણા સહુના જીવન માટે ઉદાહરણરૂપ અનેક સદ્‌ગુણો અને કળાઓના ધામ સિદ્ધયોગી અને શ્રીહરિની મરજીની મૂર્તિસમા સદ્‌ગુરુવર્ય શ્રીઆધારાનંદસ્વામીનાં પાવન ચરણોમાં લાખો લાખો વંદન..!

*લિ.સાધુ બ્રહ્મપ્રકાશદાસ*

*ગુરુ : પ.પૂ.સદ્.શ્રીજ્ઞાનજીવનદાસજીસ્વામી(કુંડળધામ)ના*

*અતિ ભાવથી જય શ્રીસ્વામિનારાયણ*

# અનુક્રમણિકા INDEX


| |
|---|
| સદ્‌ગુરુ શ્રીમુક્તાનંદસ્વામી વિષે કિંચિત્ |
| ભક્તરાજ શ્રીદાદાખાચર વિષે બે બોલ |
| સદ્‌ગુરુ શ્રીઆધારાનંદસ્વામીનું જીવન |

## પૂર-૧

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ |
| ૯ | ૧૦ | ૧૧ | ૧૨ | ૧૩ | ૧૪ | ૧૫ | ૧૬ |
| ૧૭ | ૧૮ | ૧૯ | ૨૦ | ૨૧ | ૨૨ | ૨૩ | ૨૪ |
| ૨૫ | ૨૬ | ૨૭ | ૨૮ | ૨૯ | ૩૦ | ૩૧ | ૩૨ |
| ૩૩ | ૩૪ | ૩૫ | ૩૬ | ૩૭ | ૩૮ | ૩૯ | ૪૦ |
| ૪૧ | ૪૨ | ૪૩ | ૪૪ | ૪૫ | ૪૬ | ૪૭ | ૪૮ |
| ૪૯ | ૫૦ | ૫૧ | ૫૨ | ૫૩ | ૫૪ | ૫૫ | ૫૬ |
| ૫૭ | ૫૮ | ૫૯ | ૬૦ | ૬૧ | ૬૨ | ૬૩ | ૬૪ |
| ૬૫ | ૬૬ | ૬૭ | ૬૮ | ૬૯ | ૭૦ | ૭૧ | ૭૨ |
| ૭૩ | ૭૪ | ૭૫ | ૭૬ | ૭૭ | ૭૮ | ૭૯ | ૮૦ |

## પૂર-૨

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ |
| ૯ | ૧૦ | ૧૧ | ૧૨ | ૧૩ | ૧૪ | ૧૫ | ૧૬ |
| ૧૭ | ૧૮ | ૧૯ | ૨૦ | ૨૧ | ૨૨ | ૨૩ | ૨૪ |
| ૨૫ | ૨૬ | ૨૭ | ૨૮ | ૨૯ | ૩૦ | ૩૧ | ૩૨ |
| ૩૩ | ૩૪ | ૩૫ | ૩૬ | ૩૭ | ૩૮ | ૩૯ | ૪૦ |
| ૪૧ | ૪૨ | ૪૩ | ૪૪ | ૪૫ | ૪૬ | ૪૭ | ૪૮ |
| ૪૯ | ૫૦ | ૫૧ | ૫૨ | | | | |

## પૂર-૩ INDEX


| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ |
| ૯ | ૧૦ | ૧૧ | ૧૨ | ૧૩ | ૧૪ | ૧૫ | ૧૬ |
| ૧૭ | ૧૮ | ૧૯ | ૨૦ | ૨૧ | ૨૨ | ૨૩ | ૨૪ |
| ૨૫ | ૨૬ | ૨૭ | ૨૮ | ૨૯ | ૩૦ | ૩૧ | ૩૨ |
| ૩૩ | ૩૪ | ૩૫ | ૩૬ | ૩૭ | ૩૮ | ૩૯ | ૪૦ |
| ૪૧ | ૪૨ | ૪૩ | ૪૪ | ૪૫ | ૪૬ | ૪૭ | ૪૮ |
| ૪૯ | ૫૦ | ૫૧ | ૫૨ | ૫૩ | ૫૪ | ૫૫ | ૫૬ |
| ૫૭ | ૫૮ | ૫૯ | ૬૦ | ૬૧ | ૬૨ | ૬૩ | ૬૪ |
| ૬૫ | ૬૬ | | | | | | |




INDEX

# અનુક્રમણિકા

## પૂર-૧


| તરંગ | વિષય | પૃષ્ઠ |
|---|---|---|
| ૧ | મંગલાચરણ તથા ગ્રંથકર્તાની સ્તુતિ | ૧ |
| | ❋ હરિચરિત્રનો અદ્‌ભુત મહિમા | ૬ |
| ૨ | આચાર્ય સ્થાપનાદિક વિષયક દાદાખાચરના પ્રશ્નો | ૯ |
| ૩ | શ્રીશતાનંદ મુનિએ સત્સંગિજીવન રચવાની શરૂઆત કરી | ૧૬ |
| | ❋ શતાનંદસ્વામીએ શ્રીહરિની સર્વોપરીતા કહી | ૧૮ |
| ૪ | ગ્રંથ શ્રવણ મહિમા તથા મુક્તમુનિ અને દાદાખાચરનો સંવાદ | ૨૧ |
| ૫ | મુક્તમુનિએ હરિચરિત્ર કહેવાનો પ્રારંભ કર્યો | ૨૬ |
| ૬ | બદરિકાશ્રમનું વર્ણન અને ઋષિ મુનિઓનું ત્યાં આગમન | ૨૯ |
| ૭ | શ્રીનરનારાયણ ભગવાન અને ઋષિ-મુનિઓનું મિલન | ૩૩ |
| | ❋ નર પ્રભુએ કહેલ સંત મહિમા | ૩૬ |
| ૮ | મુનિઓએ કરેલી સ્તુતિ અને ભરતખંડની સ્થિતિનું વર્ણન | ૩૯ |
| | ❋ નારાયણ પ્રભુએ કહેલ સંતમહિમા | ૪૧ |
| ૯ | દુર્વાસામુનિનું આગમન અને તેમનો કોપ | ૪૫ |
| | ❋ ઋષિઓએ કરેલી ધર્મદેવની સ્તુતિ | ૪૬ |
| ૧૦ | દુર્વાસામુનિનો કોપ અને શાપ | ૪૯ |
| ૧૧ | નરનારાયણની સાંત્વના અને અસુરોની સક્રિયતા | ૫૨ |
| | ❋ નારાયણે કહેલો સંતોને નિજસ્વરૂપનો મહિમા | ૫૪ |
| | ❋ સંતપીડન માટે અસુરોએ કરેલી પૂર્વ તૈયારી | ૫૬ |
| ૧૨ | દેવાસુરોનું સમુદ્ર મંથન અને ચૌદ રત્નોની પ્રાપ્તિ | ૫૭ |
| | ❋ ગ્રંથકારે દાદા ખાચરના ભાગ્ય વખાણ્યા | ૫૯ |

| | | |
|---|---|---|
| ૧૩ | શ્રીહરિ અને લક્ષ્મીજીના વિવાહ, દેવોએ કરેલી પહેરામણી | ૬૧ |
| ૧૪ | દૈવી અને આસુરીજનોનું સ્વાભાવિક વર્ણન | ૬૪ |
| | ❋ સંત મળે તો જ પ્રગટ હરિ ઓળખાય | ૬૫ |
| | ❋ અવળું જ્ઞાન આપે તે અધર્મી અને અસુર છે | ૬૭ |
| ૧૫ | અસુરોનું તત્વજ્ઞાન, ભારતીય પ્રજાની સ્થિતિ અને શ્રીનરનારાયણ ભગવાનનો સંકલ્પ | ૬૮ |
| | ❋ આજ્ઞા પાળે થઈ શૂર, તેથી દોષો રહે દૂર | ૬૯ |
| | ❋ અસુરોની લાક્ષણિકતાઓ | ૭૦ |
| ૧૬ | પાંડે કનહીંરામનો પરિવાર અને ધર્મદેવનો જન્મ | ૭૨ |
| | ❋ બાલશર્મા અને ભાગ્યવતીના ગુણો | ૭૪ |
| | ❋ ધર્મદેવના જન્મથી સર્વત્ર ઉત્સવ | ૭૪ |
| | ❋ ધર્મદેવનું નામકરણ તથા ગુણવર્ણન | ૭૬ |
| | ❋ ધર્મદેવના જન્મથી સહુને થયેલો આનંદ | ૭૭ |
| ૧૭ | ભક્તિદેવીનો જન્મ, બાળપણ અને સગાઈ | ૭૮ |
| | ❋ ધર્મદેવની જાનનું છપૈયા તરફ પ્રયાણ | ૮૦ |
| ૧૮ | ધર્મદેવ અને ભક્તિદેવીના લગ્નનો પ્રારંભ | ૮૨ |
| | ❋ ધર્મદેવના સદ્‌ગુણોની પ્રશંસા | ૮૩ |
| ૧૯ | કૃષ્ણશર્માની પ્રાર્થનાથી ધર્મદેવ તેમને ઘેર રહ્યા | ૮૬ |
| | ❋ કૃષ્ણશર્માએ બાલશર્મા પાસે કરેલી ધર્મદેવની માંગણી | ૮૭ |
| ૨૦ | બાલશર્માએ આપેલો ભક્તિદેવીને હિતોપદેશ | ૮૯ |
| | ❋ પતિવ્રતા સ્ત્રીનો મહિમા | ૯૦ |
| | ❋ બાલશર્માએભક્તિદેવીને કહેલા સામાન્ય ધર્મ | ૯૧ |
| ૨૧ | બાલશર્માએ ધર્મદેવને વર્ણાશ્રમ ધર્મ અને રાજધર્મ કહ્યા | ૯૩ |
| | ❋ ધર્મની મહત્તા અને ધર્મ પાળવાની આવશ્યક્તા | ૯૮ |
| ૨૨ | બાલશર્માએ ભક્તિદેવીને સતીના ધર્મ કહ્યા | ૯૯ |
| ૨૩ | સતીગીતામાં પતિવ્રતાના ધર્મ | ૧૦૩ |
| ૨૪ | બાલશર્માએ કહેલા સતીગીતા મુજબ પતિવ્રતાના ધર્મ | ૧૦૬ |

| | | |
|---|---|---|
| | ✵ સતીધર્મ લોપનાર સ્ત્રીની ગતિનું વર્ણન | ૧૦૯ |
| ૨૫ | બાલશર્માએ કહેલા સતીગીતા મુજબ પતિવ્રતાના ધર્મ | ૧૧૦ |
| | ✵ શ્રીહરિ ધર્મવાળાની સદાય રક્ષા કરે છે | ૧૧૨ |
| | ✵ શ્રીહરિનું સર્વકારણપણું તથા મહિમા કહ્યો | ૧૧૨ |
| ૨૬ | ધર્મ ભક્તિનું રોજિંદુ જીવન, અસુરોપદ્રવ, કાશી આગમન | ૧૧૩ |
| | ✵ અસુરોનો ઉપદ્રવ અને ધર્મભકિતનું કાશીગમન | ૧૧૬ |
| ૨૭ | ધર્મદેવ કાશીથી પ્રયાગ આવ્યા, રામાનંદ સ્વામી મળ્યા અને વૈષ્ણવી દીક્ષા લીધી | ૧૧૭ |
| ૨૮ | રામાનંદ સ્વામીએ ભાગવત ધર્મનો ઉપદેશ કર્યો | ૧૨૦ |
| ૨૯ | ધર્મભક્તિ ઘેર આવ્યા, રામપ્રતાપજીને જનોઈ આપી, દુષ્ટોનો ફરી ઉપદ્રવ | ૧૨૩ |
| ૩૦ | દુ:ખ નિવારણ માટે હનુમાનજીની આરાધના | ૧૨૭ |
| ૩૧ | વૃંદાવનમાં ધર્મ તથા ઋષિમુનિઓનું મિલન તથા વાર્તાલાપ | ૧૩૧ |
| ૩૨ | યજ્ઞ દરમ્યાન શ્રીકૃષ્ણ ભગવાને આપેલાં દર્શન | ૧૩૩ |
| | ✵ ધર્મદેવ અને ઋષિઓને ભગવાનના દર્શન થયા | ૧૩૪ |
| ૩૩ | ધર્મદેવ અને ઋષિમુનિઓએ ભગવાનની સ્તુતિ કરી | ૧૩૬ |
| ૩૪ | ઋષિમુનિઓનું નિવેદન, શ્રીહરિએ અવતાર ધરવાનો કરેલો સંકલ્પ | ૧૪૦ |
| ૩૫ | ઘેર પાછા ફરતાં ધર્મ ભક્તિ વનમાં ભૂલા પડ્યા, અશ્વત્થામાનો શાપ | ૧૪૪ |
| ૩૬ | ધર્મદેવે હનુમાનજીનો મહિમા કહ્યો, અસુરો દ્વારા વિંધ્યવાસિની દેવીનું પૂજન તથા શ્રીહરિનો જન્મ | ૧૪૭ |
| | ✵ ભકિતદેવીની દિવ્યતા અને શ્રીહરિનું પ્રાગટ્ય | ૧૫૧ |
| ૩૭ | શ્રીહરિના જન્મનું વિસ્તૃત વર્ણન | ૧૫૩ |
| | ✵ ધર્મદેવ અને ભક્તિદેવીએ શ્રીહરિની સ્તુતિ કરી | ૧૫૫ |
| ૩૮ | સ્તુતિ અને શ્રીહરિ જન્મોત્સવ | ૧૫૬ |
| | ✵ શ્રીહરિના પ્રાગટ્યથી ત્રિલોકીમાં આનંદોત્સવ થયો | ૧૫૮ |

૩૯ શ્રીહરિ જન્મોત્સવ, શ્રીહરિના નાશ માટે કાલિદત્તે
મોકલેલ કૃત્યાઓ ૧૬૧
✵ છપૈયાવાસીઓએ શ્રીહરિનાં વધામણા કર્યાં ૧૬૧
✵ હનુમાનજીએ ધર્મ-ભકિતને શ્રીહરિનો મહિમા કહ્યો ૧૬૬
૪૦ શ્રીહરિના નામકરણ સંસ્કાર તથા ગુણકથન ૧૬૭
૪૧ ગુણાનુસાર શ્રીહરિના નામ તથા બાલચરિત્ર ૧૭૦
✵ શ્રીહરિનાં વચનની સર્વોપરિતા ૧૭૫
૪૨ શ્રીહરિના ચૌલ સંસ્કાર, કાળીદત્તનો કોપ ૧૭૭
✵ રામપ્રતાપજીના લગ્ન ૧૭૭
૪૩ અસુરકાળીદત્તે પ્રેરેલી માયાથી વાવાઝોડાનું તોફાન ૧૮૦
૪૪ શ્રીહરિની શોધ-ખોળ, ધર્મ ભક્તિ છપૈયા છોડી
અયોધ્યા રહેવા આવ્યા ૧૮૪
૪૫ અયોધ્યાપુરીની શોભાનું વર્ણન ૧૮૮
૪૬ શ્રીહરિની સ્વાભાવિક પ્રકૃતિ ૧૯૧
✵ રામપ્રતાપજીભાઈના ગુણોનું વર્ણન ૧૯૩
૪૭ વિદ્યાભ્યાસ તથા પ્રતિદિન દેવ મંદિરે જવાનો નિયમ ૧૯૫
✵ શ્રીહરિની દૈનિક ક્રિયા ૧૯૬
✵ રામચંદ્ર ભગવાનની સ્તુતિ ૧૯૮
૪૮ રઘુનાથ સ્તુતિ, હેતવાળા જનોને હિતોપદેશ ૧૯૯
✵ જેટલું જ્ઞાન હોય તેટલું સુખ થાય ૨૦૦
✵ સુમતિ તથા કુમતિવાળાનાં લક્ષણ ૨૦૧
૪૯ ધર્મશુદ્ધિ માટે ધર્મદેવની વિચારણા, શ્રીહરિને
જનોઈનું મુહૂર્ત જોવડાવ્યું ૨૦૩
✵ નરનારાયણદેવે ધર્મદેવને શ્રીહરિની સર્વોપરિતા કહી ૨૦૩
✵ ધર્મદેવે ધર્મશુદ્ધિની કરેલી વિચારણા ૨૦૫
૫૦ શ્રીહરિનો યજ્ઞોપવીત વિધિ ૨૦૭
૫૧ યજ્ઞોપવીત વિધિમાં ગુરુનો ઉપદેશ ૨૧૦

| | | |
|---|---|---|
| ૫૨ | શ્રીહરિનું તત્વ ચિંતન | ૨૧૩ |
| | ❋ શ્રીહરિના દિવ્ય ગુણોનું વર્ણન | ૨૧૫ |
| ૫૩ | ભક્તિમાતાએ શ્રીહરિને ભક્તિના કારણભૂત સાધુના લક્ષણ પૂછ્યા | ૨૧૮ |
| | ❋ શ્રીહરિએ હરિગીતાનો ઉપદેશ દેવાનો પ્રારંભ કર્યો | ૨૧૯ |
| ૫૪ | શ્રીહરિએ સાધુના લક્ષણ કહ્યાં | ૨૨૩ |
| | ❋ સંતોના દ્વારા ભગવાન, ધામ, તીથનો મહિમા સમજાય છે | ૨૨૬ |
| ૫૫ | શ્રીહરિએ પ્રેમવતીમાતાને ચાર વર્ણના સામાન્ય અને વિશેષ ધર્મ કહ્યા | ૨૨૯ |
| ૫૬ | ચાર આશ્રમના અને ગૃહસ્થના મુખ્ય ધર્મ | ૨૩૨ |
| | ❋ શ્રાદ્ધ કરવાની વિગત | ૨૩૭ |
| ૫૭ | શ્રીહરિએ ભક્તિમાતા આગળ વર્ણાશ્રમ ધર્મનું નિરૂપણ કર્યું | ૨૩૮ |
| | ❋ વાનપ્રસ્થાશ્રમીના ધર્મો | ૨૪૦ |
| | ❋ સંન્યાસીના ધર્મો | ૨૪૧ |
| ૫૮ | જીવાત્મા તથા પરમાત્માના સ્વરૂપનું નિરૂપણ | ૨૪૪ |
| ૫૯ | બ્રહ્માંડની ઉત્પત્તિનું વર્ણન | ૨૪૭ |
| ૬૦ | જીવ સૃષ્ટિની ઉત્પત્તિ | ૨૫૦ |
| ૬૧ | વૈરાગ્યનું સ્વરૂપ, લક્ષણ વગેરેનું નિરૂપણ | ૨૫૩ |
| ૬૨ | વૈરાગ્યનું સ્વરૂપ તથા યમયાતના વર્ણન | ૨૫૬ |
| ૬૩ | યમયાતના વર્ણન | ૨૬૦ |
| ૬૪ | યમયાતના તથા વૈરાગ્યનું સ્વરૂપ | ૨૬૩ |
| | ❋ સદ્‌ગુરુથી મોક્ષ અને અસત્પુષથી અધોગતિ | ૨૬૬ |
| ૬૫ | ભક્તિના સ્વરૂપ - શ્રવણ, કીર્તન અને સ્મરણ ભક્તિ | ૨૬૮ |
| | ❋ અનન્ય ભાવ કોને કહેવાય ? | ૨૬૯ |
| | ❋ કીર્તન ભક્તિનું વર્ણન | ૨૭૦ |
| | ❋ સ્મરણભક્તિનું લક્ષણ | ૨૭૧ |
| ૬૬ | ભક્તિના સ્વરૂપ - પાદસેવન, અર્ચન ભક્તિ | ૨૭૨ |

| | | |
|---|---|---|
| | ❋ અર્ચન ભક્તિનું વર્ણન | ૨૭૩ |
| ૬૭ | વંદન, દાસત્વ, સખ્ય, અને આત્મનિવેદન ભક્તિ | ૨૭૬ |
| | ❋ દાસત્વ ભક્તિનું વર્ણન | ૨૭૭ |
| | ❋ સખ્ય ભક્તિનું વર્ણન | ૨૭૮ |
| | ❋ આત્મનિવેદન ભક્તિનું વર્ણન | ૨૭૯ |
| ૬૮ | સકામ ભક્ત અને નિષ્કામ ભક્તની સ્થિતિનું વર્ણન | ૨૮૧ |
| | ❋ નિષ્કામભક્તની સ્થિતિનું વર્ણન | ૨૮૩ |
| ૬૯ | પ્રેમી ભક્તના લક્ષણ, ઉપદેશથી કૃતજ્ઞ થઈ ભક્તિમાતા શ્રીહરિ સ્વરૂપમાં જોડાઈ ગયા | ૨૮૪ |
| | ❋ હરિગીતાના જ્ઞાનની મહત્તા | ૨૮૬ |
| ૭૦ | ભક્તિમાતાને તાવ, અયોધ્યાની સ્ત્રીઓએ વ્યક્ત કરેલી લાગણી | ૨૮૮ |
| ૭૧ | ભક્તિમાતાનો અક્ષરવાસ | ૨૯૨ |
| | ❋ ભક્તિમાતાને સમાધિમાં શ્રીહરિનાં દર્શન | ૨૯૨ |
| | ❋ ભક્તિમાતાએ શ્રીહરિનો મહિમા કહ્યો | ૨૯૪ |
| ૭૨ | નગરજનો ધર્મને ઘેર આશ્વાસન માટે આવ્યા, ધર્મદેવની સમજણ | ૨૯૬ |
| | ❋ અયોધ્યાવાસીઓએ ધર્મદેવનો મહિમા કહ્યો | ૨૯૭ |
| ૭૩ | શ્રીહરિ મલ્લવિદ્યા શીખ્યા | ૩૦૦ |
| | ❋ શ્રીહરિની સંસાર પ્રત્યે નિર્લેપતા | ૩૦૧ |
| | ❋ શ્રીહરિના ક્ષત્રિય બે મિત્રના ગુણ તથા કળા | ૩૦૨ |
| ૭૪ | શ્રીહરિનું મલ્લયુદ્ધ, મિત્ર ભુવાનાદિન અને દિનાસંગની વાત, ધર્મદેવની ઉદાસીનતા | ૩૦૪ |
| | ❋ ભુવાનાદિન અને દિનાસંગને અક્ષરવાસ | ૩૦૬ |
| ૭૫ | ધર્મદેવે ઘનશ્યામજી તથા ઈચ્છારામજી માટે રામપ્રતાપજીને કરેલી ભલામણ તથા શ્રીહરિની સ્તુતિ | ૩૦૮ |

૭૬ શ્રીહરિએ પિતાજી આગળ કરેલી વાત, રામપ્રતાપ તથા ઈચ્છારામને પિતાની શિખામણ ૩૧૨
૭૭ ધર્મદેવનો પુત્રોને ઉપદેશ, શ્રીહરિએ ભાઈઓને હિતની વાત કહી ૩૧૬
૭૮ ધર્મદેવે શ્રીમદ્ ભાગવતની કથા સાંભળી અને અક્ષરવાસી થયા ૩૨૨
૭૯ ધર્મદેવની ઉત્તરક્રિયા, શ્રીહરિએ મોટાભાઈ આગળ સમજણની વાત કરી ૩૨૬
૮૦ શ્રીહરિનો ગૃહત્યાગ ૩૩૦
✵ શ્રીહરિએ મોટા ભાઈને સત્સંગનો મહિમા કહ્યો ૩૩૧
✵ શ્રીહરિએ મોટા ભાઈને પોતાના વિચાર કહ્યા ૩૩૪

## પૂર-૨

૧ શ્રીહરિ સરયૂ ઊતર્યા અને વરુણે પૂજા કરી ૩૩૭
✵ વર્ણિરાજ તથા અસુરનો સંવાદ ૩૩૯
૨ અયોધ્યાવાસીઓને શ્રીહરિના વિયોગનું દુઃખ ૩૪૧
✵ સરજૂ નદીએ શ્રીહરિનાં દર્શન કરી સ્તુતિ કરી ૩૪૧
૩ ધર્મકુળે કરેલું શ્રીહરિનું વિરહધ્યાન ૩૪૫
✵ ઈચ્છારામભાઈનો વિરહ ૩૪૬
✵ ઘનશ્યામના અંગેઅંગનું વિરહભાવે વર્ણન ૩૪૮
૪ વિરહથી વ્યાકુળ થયેલા ધર્મકુળની વિનંતિ ૩૫૦
✵ સુવાસિનીબાઈનો કરુણ વિલાપ ૩૫૨
✵ રામપ્રતાપભાઈનો વિલાપ ૩૫૩
૫ રામપ્રતાપજી તથા સુવાસિનીબાઈનો વિલાપ ૩૫૫
૬ વનવાસથી સંતુષ્ટ શ્રીહરિએ પ્રહ્લાદની ભક્તિનિષ્ઠા કહી ૩૫૯
૭ શ્રીહરિનો બદરિકાશ્રમના માર્ગે પ્રવાસ ૩૬૪
✵ વર્ણિરાજે કહેલી વાતોની વિશેષતા ૩૬૬

| | | |
|---|---|---|
| ૮ | શ્રીહરિ લોધેશ્વર પધાર્યા અને તેમનું ત્યાગપ્રધાન જીવન | ૩૬૮ |
| ૯ | નૈમિષારણ્યમાં મુનિઓએ શ્રીહરિને પૂજ્યા | ૩૭૨ |
| | ❋ મુક્તાનંદસ્વામીએ શ્રીહરિની સ્તુતિ કરી | ૩૭૩ |
| ૧૦ | શ્રીહરિ સેહજાપુર થઈને બરેલી આવ્યા અને લોકોપદેશ | ૩૭૫ |
| | ❋ દુઃખ ટાળવાનો અને સુખ પામવાનો શ્રેષ્ઠ ઉપાય | ૩૭૮ |
| ૧૧ | શ્રીહરિએ ગંગાજીને પ્રસન્ન કરી હરદ્વાર પધાર્યા | ૩૮૦ |
| | ❋ ગંગાજીકૃત વર્ણિરાજની પ્રાર્થના તથા આરતી | ૩૮૧ |
| ૧૨ | હરદ્વારમાં મહાદેવને શ્રીહરિએ જમાડી પૂજા કરી | ૩૮૪ |
| ૧૩ | તપોવનમાં મુનિઓની પૂજા સ્વીકારી અને ધ્રુવનો આશ્રમ જોયો | ૩૮૯ |
| | ❋ તપોવનના મુનિઓએ શ્રીહરિને સ્તુતિ કરી | ૩૮૯ |
| ૧૪ | શ્રીહરિએ લક્ષ્મણપુરામાં લક્ષ્મણજીની પૂજા સ્વીકારી | ૩૯૩ |
| | ❋ શ્રીહરિએ લક્ષ્મણજીને હેતનું કારણ કહ્યું | ૩૯૫ |
| ૧૫ | ગુપ્તકાશી, ગુપ્તપ્રયાગ, ગૌરીકુંડાદિ થઈ બદરિનાથ ગમન | ૩૯૭ |
| | ❋ નરનારાયણદેવના પૂજારીનો વર્ણિરાજ સાથે સંવાદ | ૩૯૮ |
| ૧૬ | જોષીમઠના પુજારીની સેવા સ્વીકારી હિમાલય તરફ પ્રયાણ | ૪૦૦ |
| ૧૭ | હિમાલય તથા નર ૠષિ શ્રીહરિની સન્મુખ આવ્યા | ૪૦૩ |
| | ❋ નારાયણે નર ૠષિને શ્રીહરિની સર્વોપરિતા કહી | ૪૦૪ |
| ૧૮ | બદરિકાશ્રમમાં શ્રીહરિ નરનારાયણનું મિલન | ૪૦૭ |
| | ❋ નારાયણે ધન્યભાગ્ય સાથે શ્રીહરિની સર્વોપરિતા કહી | ૪૦૮ |
| ૧૯ | શ્રીહરિ તથા નારાયણ ૠષિનો સંવાદ | ૪૧૧ |
| ૨૦ | પુનઃ બદરીનાથ આગમન તથા પંજાબના રાજા રણજીતસિંહનું મિલન | ૪૧૬ |
| ૨૧ | પંજાબના રાજા રણજીતસિંહ સાથે વાર્તાલાપ | ૪૧૯ |
| ૨૨ | પુનઃ અયોધ્યા આવી, મુક્તનાથનાં દર્શન કરવા કાળા પર્વત તરફ પ્રયાણ | ૪૨૩ |
| | ❋ વર્ણિરાજનું કાળા પર્વત તરફ વિચરણ | ૪૨૫ |

| | | |
|---|---|---|
| ૨૩ | શ્રમિત વર્ણીનો વડ નીચે વિરામ, રાતે આવેલા ભૂત-ભૈરવનો હનુમાનજી દ્વારા પરાજય અને શ્વેતગિરિ જતા ગંગા કિનારે આવ્યા | ૪૨૭ |
| ૨૪ | શ્રીહરિ શ્વેતગિરિ ઓળંગી પુલહાશ્રમમાં પધાર્યા અને તપ શરૂ કર્યું | ૪૩૧ |
| | ❋ પરમેશ્વરની ઈચ્છાથી જ બધું થાય છે | ૪૩૨ |
| | ❋ વર્ણિરાજનું પુલહાશ્રમમાં આગમન | ૪૩૩ |
| ૨૫ | પુલહાશ્રમમાં શ્રીહરિનું તપ અને સૂર્યનારાયણનાં દર્શન | ૪૩૪ |
| ૨૬ | સૂર્યદેવને પ્રસન્ન કરી શ્રીહરિનું ઉત્તર દિશા તરફ વિચરણ | ૪૩૮ |
| | ❋ નીલકંઠ વર્ણીએ સૂર્યદેવની સ્તુતિ કરી | ૪૩૯ |
| | ❋ સૂર્યદેવ અને ગ્રંથકારે શ્રીહરિની સ્તુતિ કરી | ૪૪૦ |
| ૨૭ | શ્રીહરિ બુટોલપુરમાં મહાદત્ત રાજાને ત્યાં આવ્યા અને રહ્યા | ૪૪૩ |
| ૨૮ | વર્ણિરાજ શ્રીહરિ છૂપી રીતે રાજભવન છોડી ચાલ્યા અને વનવિચરણ કરતા ગોપાળયોગીનો મેળાપ થયો | ૪૪૭ |
| | ❋ વર્ણિરાજ અને ગોપાલ યોગીનું મિલન | ૪૪૮ |
| ૨૯ | ગોપાળયોગી પાસે યોગાભ્યાસ, ગોપાળયોગીનો દેહત્યાગ | ૪૫૦ |
| | ❋ ગોપાળયોગીએ ગોવાળોની રક્ષા કરી | ૪૫૧ |
| ૩૦ | ગોપાળયોગીની ઉત્તર ક્રિયા કરી પૂર્વમાં પ્રયાણ, બાંસી થઈ આદિ વરાહ આવ્યા | ૪૫૪ |
| ૩૧ | આદિવરાહથી બંગાળમાં સિરપુર આવ્યા, સિદ્ધવલ્લભ રાજાએ ચાતુર્માસ પર્યંત પોતાને ત્યાં રાખ્યા | ૪૫૮ |
| | ❋ ગોપાળદાસના સદ્‌ગુણો | ૪૫૮ |
| ૩૨ | શ્રીહરિએ દંભી સિદ્ધોની સિદ્ધાઈ દેખાડી, સેવક ગોપાળદાસને બચાવ્યા, તૈલંગી બ્રાહ્મણની રક્ષા કરી | ૪૬૧ |
| | ❋ રાજા અને સિદ્ધોએ વર્ણીને સ્તુતિ કરી | ૪૬૩ |
| | ❋ વર્ણીએ તૈલંગી બ્રાહ્મણની રક્ષા કરી | ૪૬૪ |
| ૩૩ | સિદ્ધવલ્લભ રાજાએ શ્રીહરિનું કરેલું ભવ્ય સન્માન, ત્યાંથી શ્રીહરિની વિદાય | ૪૬૫ |

✵ સિદ્ધવલ્લભરાજાને સમાધિમાં વર્ણીએ પોતાની સર્વોપરિતા બતાવી ૪૬૬

૩૪ વર્ણીનું સિદ્ધો સાથે કામાક્ષી આગમન, અસુર પિબેક વર્ણી પાસે આવ્યો ૪૭૦

૩૫ પિબેકે શ્રીહરિ પર અપનાવેલી મેલી વિદ્યા, પોતે જ ખાધેલી પછડાટ ૪૭૩

૩૬ શ્રીહરિ કામાક્ષીથી વિદાય લઈને નવલખા પર્વતને માર્ગે ચાલ્યા ૪૭૮

૩૭ શ્રીહરિ નવલખા પર્વત ઉપર ગયા અને સિદ્ધોને મળ્યા ૪૮૧

૩૮ સિદ્ધો સાથે વાર્તાલાપ, બાલવા, ગંગાસાગર સંગમ થઈ કપિલાશ્રમ આવ્યા ૪૮૫

૩૯ કપિલાશ્રમથી ભુવનેશ્વર, જનકપુર, ઈન્દ્રદ્યુમ્ન થઈ જગન્નાથપુરી આવ્યા ૪૮૯

૪૦ પુરીના રાજા અને વર્ણી વચ્ચે વાર્તાલાપ, રથયાત્રામાં જોડાવા રાજાની વિનંતી ૪૯૩

૪૧ અસુર વિનાશ અને ઈન્દ્રદ્યુમ્ન સરોવર પર શ્રીહરિનું તપ ૪૯૭

૪૨ શ્રીહરિ માનસપુરમાં, રાજા દ્વારા અનેક અસુરોનો નાશ ૫૦૧

૪૩ માનસપુરના રાજાનું આતિથ્ય સ્વીકારી વેંકટાદ્રિ તરફ પ્રયાણ, માર્ગે મળેલો સેવકરામ શિવકાંચી, વિષ્ણુકાંચી, શ્રીરંગક્ષેત્ર થઈ કાવેરી ગંગા સ્નાન ૫૦૫

૪૪ મલબાર દેશમાં આવ્યા, ત્યાંના રાજા રામની સેવા પૂજા સ્વીકારી ચાલતા થયા ૫૧૦

૪૫ શ્રીહરિ સે તુબંધ રામેશ્વર પધાર્યા, સમુદ્રે શ્રીહરિની પૂજા કરી ૫૧૩

૪૬ સુંદરરાજ, ભૂતપુરી જવા આગળ ચાલ્યા, ભૂખ્યા શ્રીહરિને શિવ પાર્વતીએ સાથવો આપ્યો ૫૧૮

૪૭ ભૂતપૂરી આવ્યા, જીયરસ્વામી સાથે સંવાદ, કન્યાકુમારી આવ્યા ૫૨૨

૪૮ કન્યાકુમારીથી જનાર્દન, આદિ કેશવ, મલયાચલ, કિષ્કિંધાપુર થઈ પંઢરપુર આવ્યા ૫૨૫

૪૯ પુના આગમન, બાપુ ગોખલેના બાગમાં નિવાસ કર્યો ૫૨૯

| | | |
|---|---|---|
| ૫૦ | બાજીરાવ પેશવાના આમંત્રણથી તેના ઘરે પધાર્યા, પેશવા સાથે ઉપદેશાત્મક વાત | ૫૩૩ |
| ૫૧ | પુનાથી પશ્ચિમ તરફ આવ્યા ગુજરાતમાં થઈ સૌરાષ્ટ્રમાં આગમન | ૫૩૬ |
| ૫૨ | નાઘેરમાં લોઢવા ગામે લખુબાઈને ત્યાં થોડો સમય રહ્યા, ત્યાંથી પ્રાચી પાટણ, માંગરોળ થઈ લોજ પધાર્યા | ૫૪૦ |


## પૂર-૩


| | | |
|---|---|---|
| ૧ | શ્રીહરિનું લોજમાં મુક્તાનંદસ્વામી સાથે મિલન | ૫૪૫ |
| | ❋ સુખાનંદસ્વામી તથા વર્ણિરાજનું મિલન | ૫૪૭ |
| ૨ | શ્રીહરિ અને મુક્તાનંદસ્વામીના પ્રશ્નોત્તર | ૫૫૧ |
| | ❋ બ્રહ્મ અને પરબ્રહ્મના સ્વરૂપનું લક્ષણ | ૫૫૨ |
| | ❋ આશ્રમમાં સંતો અને વર્ણિરાજનો સંવાદ | ૫૫૪ |
| ૩ | લોજમાં જન્માષ્ટમી ઉત્સવ, શ્રીહરિએ સ્વામિનારાયણ નામનો મહિમા કહ્યો | ૫૫૭ |
| | ❋ કૃષ્ણ જન્મોત્સવ સમયે સહુને શ્રીહરિનાં દિવ્યદર્શન | ૫૫૯ |
| | ❋ સ્વામિનારાયણ મહામંત્રનો મહિમા | ૫૬૧ |
| ૪ | મુક્તમુનિ તથા શ્રીહરિએ રામાનંદસ્વામીને પત્ર લખ્યો અને સ્વામીનો ઉત્તર | ૫૬૨ |
| | ❋ વર્ણિરાજે રામાનંદસ્વામીને લખેલો પત્ર | ૫૬૪ |
| | ❋ શ્રીહરિએ મુક્તાનંદસ્વામીની વૃત્તિ દ્વારા ગુરુનું ધ્યાન કર્યું | ૫૬૭ |
| ૫ | શ્રીહરિ રામાનંદસ્વામીને મળ્યા, ભાગવતી દીક્ષા ગ્રહણ કરી | ૫૬૯ |
| | ❋ સંતો સાથે શ્રીહરિનું પીપલાણા ગમન તથા ગુરુમિલન | ૫૭૧ |
| ૬ | આખા, અગત્રાઈ આદિ સોરઠના ગામોમાં શ્રીહરિ સાથે સ્વામીનું વિચરણ | ૫૭૬ |
| | ❋ ધોરાજીમાં પાખંડમતનું ખંડન કર્યું | ૫૭૭ |
| ૭ | શ્રીહરિને પોતાની ગાદીએ બેસાડી રામાનંદસ્વામી અંતર્ધાન થયા | ૫૮૦ |

| | | |
|---|---|---|
| | ✵ કાઠીઓનો ઈતિહાસ | ૫૮૧ |
| | ✵ વાળા, ખાચર અને ખુમાણનો ઈતિહાસ | ૫૮૨ |
| | ✵ જેતપુરના ઉન્નડ ખુમાણ કોણ ? | ૫૮૬ |
| | ✵ સંતોભક્તોએ શ્રીહરિનો સર્વેશ્વર સ્વરૂપે નિશ્ચય કર્યો | ૫૯૦ |
| ૮ | શ્રીહરિનું સૌ પ્રથમ ધોરાજીમાં આગમન, લાલવડે ઉતારો | ૫૯૨ |
| ૯ | ધોરાજીથી ભાડેર આવ્યા, સરોવરકાંઠે ઉતારો | ૫૯૬ |
| ૧૦ | ભાડેરના રાજાની રસોઈ તથા સેવા-પૂજા સ્વીકારી | ૬૦૧ |
| | ✵ ભાડેરવાસી ભક્તોએ શ્રીહરિની પૂજા કરી | ૬૦૪ |
| ૧૧ | માણાવદર આવી વસંતપંચમીનો ઉત્સવ કર્યો | ૬૦૬ |
| | ✵ માણાવદરમાં શ્રીહરિનું ભવ્ય સ્વાગત | ૬૦૮ |
| ૧૨ | શ્રીહરિએ પીપલાણામાં વિષ્ણુયાગ તથા વસંતોત્સવ કર્યો | ૬૧૨ |
| | ✵ વસ્ત્રાલંકારોથી વિભૂષિત શ્રીહરિના સ્વરૂપનું દિવ્ય વર્ણન | ૬૧૨ |
| ૧૩ | શ્રીહરિનું અગત્રાઈમાં આગમન, રામનવમીનો ઉત્સવ કર્યો | ૬૧૭ |
| ૧૪ | શ્રીહરિનું અગત્રાઈથી કાલવાણી આગમન, ભક્તોએ કરેલો સત્કાર | ૬૨૩ |
| ૧૫ | કાલવાણીમાં ભીમએકાદશીનો ઉત્સવ કર્યો અને માંગરોળના નવાબનો પત્ર | ૬૨૯ |
| ૧૬ | શ્રીહરિ માંગરોળ પધાર્યા, નવાબ સાથે મિલન | ૬૩૪ |
| | ✵ શ્રીહરિ તથા સંતો ભક્તોની ભોજનલીલા | ૬૩૬ |
| ૧૭ | માંગરોળમાં શ્રીહરિની ભવ્ય સવારી, ચાતુર્માસ રહેવા માટે પ્રાર્થના | ૬૪૦ |
| ૧૮ | માંગરોળમાં આવેલી પુરાતની વાવનો જીર્ણોદ્ધાર કરી પૂર્તકર્મ કર્યું | ૬૪૫ |
| | ✵ વાવના કિનારે સહુને શ્રીહરિના અલૌકિક દર્શન | ૬૪૯ |
| ૧૯ | શ્રીહરિએ પોતાનો પ્રતાપ દર્શાવ્યો | ૬૫૧ |
| | ✵ માંગરોળમાં શ્રીહરિનો અલૌકિક પ્રતાપ અને દિવ્ય દર્શન | ૬૫૨ |
| | ✵ શ્રીહરિની સર્વોપરીતા કહી | ૬૫૩ |

૨૦ અધર્મના જોરની વાત તથા ચાતુર્માસના નિયમોમાં ધ્યાનનું નિયમ ૬૫૭

❋ કૃતઘ્નીપણાનો કરે ત્યાગ, તો થાય હરિમાં અનુરાગ ૬૫૮

❋ શ્રીહરિના અમોઘ પ્રતાપનું વર્ણન ૬૬૨

૨૧ જન્માષ્ટમીનો મહોત્સવ તથા શ્રીહરિની મૂર્તિનું નખશિખ વર્ણન ૬૬૪

❋ શ્રીહરિએ પોતાના પ્રતાપથી મતવાદીઓનો પરાજય કર્યો ૬૬૪

❋ મૂર્તિ વર્ણન ૬૬૭

૨૨ જન્માષ્ટમીનો મહોત્સવ તથા સમુદ્રસ્નાન ૬૭૦

❋ મૂર્તિ વર્ણન ૬૭૧

❋ સમુદ્ર શ્રીહરિને દર્શને આવ્યા ૬૭૧

૨૩ મેઘજી હલવાઈની રસોઈ અને સહુને
પોતપોતાના ઈષ્ટદેવનાં દર્શન ૬૭૫

❋ શ્રીહરિએ સહુને પોતપોતાના ઈષ્ટદેવનાં દર્શન કરાવ્યાં ૬૭૭

૨૪ આધારાદિ ષટ્ ચક્રનું નિરૂપણ ૬૭૯

૨૫ શ્રીહરિએ સમાધિ દ્વારા અનેક મુમુક્ષુઓને
પોતપોતાના ઈષ્ટદેવનાં દર્શન કરાવ્યાં ૬૮૩

❋ ધામાધિપતિઓએ કહેલી શ્રીહરિની સર્વોપરિતા ૬૮૬

૨૬ અવતારોએ ભક્તોને કહેલી શ્રીહરિની સર્વોપરિતા,
માંગરોળથી વિદાય ૬૮૮

૨૭ શ્રીહરિનું કાલવાણી, અગત્રાઈ, આખા, પીપલાણા
તથા માણાવદરમાં વિચરણ ૬૯૩

❋ પર્વતભાઈની મોટાઈ તથા સદ્ગુણો ૬૯૫

❋ શ્રીહરિનો રઘુનાથદાસને વિમુખ કરવાનો વિચાર ૬૯૬

૨૮ માણાવદરમાં દિવાળી, અન્નકુટોત્સવ તથા બાટવાના
નવાબ દર્શને અને તેમને સમાધિમાં દર્શન કરાવ્યાં ૬૯૯

❋ શ્રીહરિએ નવાબને સમાધિનાં દર્શન કરાવ્યાં ૭૦૨

૨૯ અન્નકૂટોત્સવ, નવાબની સ્તુતિ, વિદાયની તૈયારી ૭૦૪

❋ માણાવદરના નવાબે શ્રીહરિની સ્તુતિ કરી ૭૦૬

૩૦ શ્રીહરિનું મેઘપુર આગમન, સંજોગોને જોઈને
એક વિવેકપત્ર સૌને લખ્યો ૭૦૯

૩૧ ભક્તોને થતી સમાધિનું વર્ણન તથા ઐશ્વર્યદર્શન ૭૧૪

૩૨ ભક્તોને યોગકળા શીખવી રહેલા શ્રીહરિ,
કચ્છથી મુક્તાનંદસ્વામીનું આગમન ૭૧૯

❋ મુક્તાનંદસ્વામી શ્રીહરિને મેઘપુરમાં મળ્યા, બંનેનો વાર્તાલાપ ૭૨૨

૩૩ મુક્તમુનિનો શ્રીહરિને ઠપકો, રામાનંદસ્વામીએ
મુક્તમુનિને ઠપકો આપી શ્રીહરિની સર્વોપરિતા કહી ૭૨૪

❋ રામાનંદસ્વામીએ શ્રીહરિની સર્વોપરિતા કહી ૭૨૯

૩૪ મુક્તાનંદસ્વામીએ શ્રીહરિની પૂજા તથા પ્રાર્થના કરી ૭૩૧

❋ જો રાખે નિર્દોષભાવ તો મળે અલૌકિક લાવ ૭૩૫

૩૫ મેઘપુરમાં દેવદિવાળીનો ઉત્સવ, શ્રીહરિનો મહિમા
તથા અમોઘ ઐશ્વર્યદર્શન ૭૩૬

❋ શ્રીહરિની ભક્તોને પ્રેમ દેવાની અલૌકિક રીતિ ૭૩૮

૩૬ બ્રાહ્મણોની ચોરાશી કરી જૂનાગઢ પધાર્યા, ભક્તો સામૈયું લાવ્યા ૭૪૨

❋ જો કરે સાચો સત્સંગ તો રહે નવો નવો રંગ ૭૪૪

૩૭ શ્રીહરિની જૂનાગઢમાં શોભાયાત્રા, લોકોએ
અલૌકિક દર્શનની કરેલી પરસ્પર વાતો ૭૪૬

❋ મૂર્તિ વર્ણન ૭૪૭

૩૮ ગિરનારની શ્રીહરિને પ્રાર્થના, દીવાનને ઘેર પધરામણી,
ચોરાશી કરી ભાડેર પધાર્યા ૭૫૧

૩૯ ભાડેરમાં દરબાર વાઘજીભાઈ આગળ
માંગરોળના દિગ્વિજયની વાત ૭૫૬

❋ ત્રિશંકુનું દુખ ૭૫૯

| | | |
|---|---|---|
| ૪૦ | ધોરાજી થઈ ફરેણી પધાર્યા, આહીર ભક્તોને ત્યાં સંતોએ સહિત દૂધ-સાકર પીધાં | ૭૬૨ |
| | ❋ સાંકળી ગામમાં શ્રીહરિએ સત્સંગની મહત્તા કહી | ૭૬૩ |
| ૪૧ | ગુંદાળા થઈ જેતપુર પધાર્યા, શોભાયાત્રા સાથે દરબારમાં પધરામણી | ૭૬૬ |
| ૪૨ | જેતપુર દરબાર સાથે ધર્મ-અધર્મની વાતચીત | ૭૭૧ |
| | ❋ શ્રીહરિએ ધર્મ અને મોક્ષની વાત કરી | ૭૭૧ |
| ૪૩ | મુક્તાનંદસ્વામીએ દરબારને શ્રીહરિના પ્રતાપની વાત કરી | ૭૭૫ |
| | ❋ મુક્તાનંદ સ્વામીએ રાજાઓને ગુરુના ભેદ બતાવ્યા | ૭૭૮ |
| ૪૪ | શ્રીનગરથી ભાઈ રામદાસનો પત્ર, રઘુનાથદાસની દુર્બુદ્ધિ અને શ્રીહરિએ તેનો પ્રત્યુત્તર લખ્યો | ૭૮૦ |
| | ❋ શ્રીહરિએ સત્સંગની પ્રથાનો પત્ર લખાવ્યો | ૭૮૨ |
| ૪૫ | શ્રીહરિએ બીજો પત્ર લખ્યો, બંને પત્ર વાંચી રામદાસસ્વામી અને હરિભક્તોની પ્રસન્નતા, જેતપુરથી શ્રીહરિ ગોંડળ પધાર્યા | ૭૮૫ |
| | ❋ શ્રીહરિની મહિમાસહ ગુરુનિષ્ઠા | ૭૮૬ |
| ૪૬ | ગોંડળ નરેશે શ્રીહરિનું ભવ્ય સન્માન કર્યું | ૭૯૦ |
| | ❋ મૂર્તિ વર્ણન | ૭૯૩ |
| ૪૭ | મુક્તાનંદસ્વામીનું ભક્તિસંગીત અને ઉપદેશાત્મક વાર્તા | ૭૯૪ |
| | ❋ પ્રગટની અતિશય મહત્તા કહી | ૭૯૭ |
| | ❋ દરબાર હઠીભાઈએ પોતાની નિષ્ઠા કહી | ૭૯૯ |
| ૪૮ | ગોંડળમાં હઠીભાઈની સેવા સ્વીકારી અને મિત્રનાં લક્ષણ કહ્યાં | ૮૦૨ |
| | ❋ ભક્ત અને ભગવાનના સંબંધનું વર્ણન | ૮૦૪ |
| | ❋ ત્રણ પ્રકારના મિત્ર તથા મનુષ્યનાં લક્ષણ | ૮૦૬ |
| ૪૯ | શ્રીહરિએ પોતાનું અવતાર પ્રયોજન તથા મહિમા કહ્યો | ૮૦૭ |
| | ❋ શ્રીહરિએ હઠીસિંહને પોતાનો મહિમા કહ્યો | ૮૦૮ |
| | ❋ શ્રીહરિએ તેમના પ્રશ્નોના ઉત્તર આપ્યા | ૮૧૦ |

૫૦ શ્રીહરિની ગોંડળથી ભાવભીની વિદાય,
બંધિયાના મૂળુભાઈ સામે આવ્યા ૮૧૩
૫૧ બંધિયા ગામના લોક આગળ શ્રીહરિએ મનુષ્યદેહની
દુર્લભતાની અને સંત સમાગમની આવશ્યકતાની વાત કરી ૮૧૭
* સત્સંગ તથા શરણાગતિની આવશ્યક્તા અને મહત્તા ૮૧૯
૫૨ બંધિયાથી પીપળિયા પ્રયાણ, માર્ગમાં
દરબારોને સંતોનો મહિમા કહ્યો ૮૨૨
* જે સંતનો મહિમા જાણે તે જ મહાસુખને માણે છે ૮૨૭
૫૩ પીપળિયાના ભક્તોને પ્રસન્ન કરી રસ્તામાં વિનોદ
કરતા સરધાર પધાર્યા. ૮૩૦
૫૪ સરધાર ગામમાં ધામધૂમથી પધાર્યા,
સ્વયં થાળ જમીને સૌને જમાડ્યા ૮૩૫
* સરધારમાં શ્રીહરિની ભવ્ય શોભાયાત્રા ૮૩૬
૫૫ શ્રીહરિનું સરોવરમાં સ્નાન અને સુશોભિત સવારી સાથે
ઉતારે પધાર્યા ૮૪૦
૫૬ શ્રીહરિએ સંતોના અને સત્સંગના મહિમાની વાત કરી ૮૪૪
* સંતોની અલૌકિક રીતિ ૮૪૫
* શ્રીહરિએ પોતાના સંતોનાં પોતે તેને સાંભળતા વખાણ કર્યાં ૮૪૫
* શ્રીહરિએ દાસત્વની શ્રેષ્ઠતા કહી ૮૪૭
૫૭ રાજાએ કરેલી પૂજા, સત્સંગની શ્રેષ્ઠતા અને દુર્જનોની દુષ્ટતા ૮૫૦
* સ્વમુખે સર્વોપરિતા કહી ૮૫૧
૫૮ ભુજથી દંડીસ્વામી આવ્યા, તેણે સત્સંગ તથા
શ્રીહરિની સર્વોપરિતા કહી ૮૫૫
૫૯ સરધાર સરોવરમાં સ્નાન, વેરાભાઈએ કરેલી પૂજા
અને દરબારોનો મેળાપ ૮૬૦
૬૦ શ્રીહરિએ રામાનંદસ્વામીની વર્ષી કરી,
સરોવરે સભા અને હોમ કર્યો ૮૬૫

| | | |
|---|---|---|
| | ❋ શ્રીહરિની ભક્તવત્સલતા | ૮૬૬ |
| ૬૧ | શ્રીહરિએ અભયદાન આપવા સદાવ્રત બંધ કર્યાં અને સરધારથી નીકળ્યા | ૮૭૦ |
| ૬૨ | શ્રીહરિ આટકોટમાં ટીમણ કરી ધામધૂમથી કોટડા પધાર્યા | ૮૭૫ |
| | ❋ મૂર્તિ વર્ણન | ૮૭૬ |
| ૬૩ | કોટડાના દરબારે શ્રીહરિની પૂજા કરી તથા ઘોડી અર્પણ કરી | ૮૭૯ |
| | ❋ પ્રેમબાઈ તથા પૂતળીબાઈએ શ્રીહરિની પૂજા કરી | ૮૮૨ |
| | ❋ કોટડા નરેશની પૂજા | ૮૮૩ |
| ૬૪ | શ્રીહરિ કોટડાથી રાયપુર પધાર્યા, ત્યાંથી તુરત કાળુભાર નદીને કાંઠે રહેલા કરિયાણા ગામમાં પધાર્યા | ૮૮૪ |
| | ❋ ઇન્દ્રએ શ્રીહરિને અમૂલ્ય ઘોડો ભેટ આપ્યો | ૮૮૭ |
| ૬૫ | ખંભાળાના મોકાખાચર શ્રીહરિને તેડવા આવ્યા, સત્સંગ મહિમા તથા શ્રીહરિએ દેવઘોડો ફેરવ્યો | ૮૮૮ |
| | ❋ કરિયાણાના પાદરમાં શ્રીહરિની અશ્વારોહણ લીલા | ૮૯૧ |
| ૬૬ | શ્રીહરિ વાવડી અને માંડવધાર થઈને ગઢપુર પધાર્યા | ૮૯૩ |

INDEX

શ્રીસ્વામિનારાયણો વિજયતેતરામ્

## મહામુક્ત સ્વામી શ્રીસિદ્ધાનંદમુનિકૃત

# શ્રીહરિચરિત્રામૃતસાગર પૂર - ૧

## હિંદીનું ગુજરાતી ભાષાંતર

## પૂર પહેલું : તરંગ - ૧

### મંગલાચરણ તથા ગ્રંથકર્તાની સ્તુતિ

**दोहा : श्री पुरुषोत्तम श्रीहरि, नारायण परब्रह्म;**
**प्रगट भये श्रीकृष्ण प्रभु, भूपर स्थापन धर्म...०१**
**कर जोरी शिरनामि के, वंद हुं वारही वार;**
**अनेक विघ्न निवारने, उर धरी धर्मकुमार...०२**

(ગ્રંથના આરંભમાં ગ્રંથકર્તા મહામુક્ત સિદ્ધાનંદ સ્વામી ગ્રંથ નિર્વિઘ્ન સમાપ્ત થાય, તેટલા માટે શિષ્ટાચાર પ્રાપ્ત નમસ્કારાત્મક મંગલાચરણ કરે છે.) પરબ્રહ્મ પુરુષોત્તમ નારાયણ શ્રીકૃષ્ણ આ ભૂમિ ઉપર ધર્મ સ્થાપન કરવા માટે શ્રીહરિ રૂપે પ્રકટ થયા. ૧. અનેક વિઘ્નોના નિવારણ માટે હું મારા હૃદયમાં ધર્મપુત્ર શ્રીહરિનું ધ્યાન કરી બે હાથ જોડીને મસ્તક નમાવું છું અને તેમને વારંવાર વંદન કરું છું. ૨

**विघ्न हरन मंगल करन, दीजे विमल विचार;**
**अलस तम रु प्रमाद ही, सो सब दीजे टार...०३**
**कबहु मोह अग्यानता, व्यापे नहीं उर मांही;**
**करहु कृपा ऐसी प्रभु, पुनि पुनि लागहुं पाही...०४**

હે શ્રીહરિ ! આપ ગ્રંથલેખન કાર્યમાં આવતા વિઘ્નોને નિવારવા અને સર્વ પ્રકારે મંગળ કરવા મને નિર્મળ વિચાર આપો. તેમજ ગ્રંથ રચવામાં થતી આળસ, પ્રમાદ તથા અજ્ઞાનરૂપી અંધારુ, એ સર્વેનો નાશ કરો. ૩. હે પ્રભુ ! મારા હૃદયમાં ક્યારેય મોહ તથા અજ્ઞાન વ્યાપે નહીં. આપ મારા ઉપર એવી કૃપા કરો. હું આપને વારંવાર પગે લાગું છું. ૪. સાતે સાગર જેટલી શાહી કરી હોય, વનમાં રહેલા વૃક્ષ-વનસ્પતિની બની શકે તેટલી કલમ કરી હોય અને વિશાળ ભૂમિ જેટલો કાગળ કર્યો હોય અને તેના ઉપર હું નિરંતર લખ્યા જ કરુ છતાં આપના કલ્યાણકારી જે ગુણો છે તેને ક્યારેય લખી શકાય નહીં. ૫. જેમ સૂર્યોદય થયાની સાથે જ અંધારાનો નાશ થાય છે તેમ આપ મારા હૃદયમાં પ્રકટ થઈને મારી (નિર્મળ કાર્યક્ષમ) બુદ્ધિને પ્રકાશિત કરો. ૬. શ્રીહરિનાં ચરિત્ર અપાર છે, જે કવિની જેવી બુદ્ધિ હોય તે તે પ્રમાણે હરિચરિત્ર કહે છે. પરંતુ શેષજી જેવા હજારો (કવિઓ) કહેવા લાગે છતાં હરિચરિત્રનો કોઈ પાર પામતા નથી. તો તેમાં મારા જેવા કવિની બુદ્ધિ તો શું કહી શકે ? ૭. વ્યાસરૂપે ભગવાને શાસ્ત્ર લેખન માટે અવતાર લીધો. અને તેમણે ભગવાન તથા ભગવાનના કલ્યાણકારી ગુણો ઘણા જ લખ્યા, છતાં તેઓ તે ગુણોનો (તે આવા છે અને આટલા જ છે એમ) નિર્ધાર કરી શક્યા નહીં, તો બીજા ખદ્યોત (આગિયા) જંતુ તુલ્ય મારા જેવો કવિ શું લખી શકે ? ૮.

શ્રીહરિના દત્તપુત્ર આચાર્ય શ્રીરઘુવીરજી મહારાજ છે, તેમને રાત-દિવસ શ્રીહરિને રાજી કરવાની રુચિ રહે છે. ૯. તેમને પ્રકટ શ્રીહરિના ચરિત્ર સાંભળવાની પણ બહુ જ રુચિ છે. તેથી તેમણે મને શ્રીહરિના ચરિત્રો લખવામાં કૃપાપાત્ર સમજીને મહારસરૂપ એવા શ્રીહરિના ચરિત્રોથી સભર 'શ્રીહરિચરિત્રામૃતસાગર' નામના અનૂપમ (અદ્વિતીય) ગ્રંથ લખવાની અતિ પ્રસન્ન થઈને આજ્ઞા આપી. તેમના વચનથી મારા હૃદયમાં પ્રકાશ થયો અને સર્વ

અંધકારનો નાશ થયો. ત્યારે મને ઘણો જ આનંદ થયો. પછી તો ચિંતવતાની સાથે જ બધા ચરિત્ર સાંભરી આવ્યા. શ્રીરઘુવીરજી મહારાજનું તે આજ્ઞાવચન મારે માટે ચિંતામણિના જેવું અમૂલ્ય અને અનુકૂળ સહાયરૂપ થયું. ૧૦-૧૨. અને તેથી જ **'શ્રીહરિચરિત્રામૃતસાગર'** આવા નામનો ગ્રંથ લખવાની મને હિંમત આવી. શ્રીહરિના ચરિત્ર ઘણા જ રસભર્યા (રસાળ) છે. તે કહેવામાં મને અતિશય આનંદ થયો. ૧૩. જો કોઈ મનુષ્ય શ્રીહરિના ચરિત્રોને કહે છે કે સાંભળે છે તો તેમને ભવ ભટકણ રહેતું નથી. વેદો અને શાસ્ત્રો પોકારીને કહે છે કે, શ્રીહરિના ચરિત્રરૂપી અલૌકિક રસનો કોઈ પાર નથી. ૧૪

**ચોપાઈ :**

**તાતે મમ ગુરુ પરમ દયાલા, મુક્તાનંદ મુનિ હી કૃપાલા;**
**મોય કહે હરિચરિત્ર હી જેસે, તાકી કૃપાસે લિખત હી તેસે...૧૫**
**અનંત કોટિ બ્રહ્માંડકે સ્વામી, શ્રીપુરુષોત્તમ યહ બહુનામી;**
**કરી કરુના કલિ મહી ભારી, અનંત અવતાર કે અવતારી...૧૬**

મારા ગુરુ શ્રીમુક્તાનંદ સ્વામી પરમ દયાળુ છે. તેમણે કૃપા કરીને મને જેવા ચરિત્ર કહ્યા છે તેને તેવા રૂપમાં તેમની કૃપાથી જ લખી રહ્યો છું. ૧૫. અનંત કોટિ બ્રહ્માંડોના સ્વામી આ શ્રીપુરુષોત્તમનારાયણ શ્રીહરિ બહુનામી છે અને અનંત અવતારોના પણ અવતારી છે. તેમણે આ કળિયુગમાં જીવો ઉપર અતિશય મોટી કરુણા કરી છે. ૧૬. **તેનો ઈન્દ્રાદિ દેવતાઓ પણ પાર પામતા નથી. ભૂમિનો ભાર ઉતારવા માટે તે શ્રીપુરુષોત્તમ નારાયણ દયા કરીને આજ ઉત્તર કોશલ દેશમાં પ્રકટ થયા છે.** ૧૭. ભગવાને અનેક જીવોનો ઉદ્ધાર કરવારૂપ પોતાનું વચન સત્ય કરવા તથા અનેક લોકોને પોતાના શરણાગત બનાવવા તેમજ અસુરો અને અધર્મીઓનું માન ઉતારવા માટે સ્વામિનારાયણ ભગવાને અચળ ટેક ધારી હતી. ૧૮. શ્રીહરિ ધરતી પર આવ્યા ત્યારે મુક્તના વૃંદ સાથે લીધા. મહા કરુણારસથી તરબોળ અને અતિશય શક્તિશાળી એવા શ્રીહરિ અક્ષરાદિક અનંત ભક્તોને પણ પોતાની સાથે લાવ્યા. ૧૯. કળિયુગનું બળ ઘણું મોટું છે એમ જાણી-વિચારીને સમર્થ દિવ્ય મુક્તોની સભાને શ્રીહરિ સાથે લાવ્યા અને કળિને અને અધર્મીઓને

પરાસ્ત કરવાનો નિર્ધાર કરીને ધર્મદેવ અને ભક્તિદેવીના (સદ્‌ગુણરૂપી) અપાર પરીવારને પણ સાથે જ લાવ્યા. ૨૦.

**दोहा : गोलोक वैकुंठ ही से, हरिजन वृंद अपार;**
**श्रीहरि संग आये सब, गिनत न आवत पार...२१**
**बद्रिवन ही श्वेतद्विप, तिनके मुक्त ही जोय;**
**चरित्र श्रीहरिबर के, देखन आये सोय...२२**

ગોલોકમાંથી અને વૈકુંઠમાંથી પણ અપાર ભક્તોના (મુક્તોના) વૃંદ શ્રીહરિની સાથે આવ્યા. તેની ગણતરી કરતા પાર આવે નહીં. ૨૧. બદરિકાશ્રમ અને શ્વેતદ્વીપના મુક્તો પણ શ્રીહરિવરને પ્રકટ થયા દેખીને તેમના ચરિત્રોના દર્શન કરવા માટે અવની ઉપર આવ્યા. ૨૨.રાજાધિરાજ અને પ્રકટ પુરુષોત્તમ શ્રીહરિની કથા પરમ અનુપમ છે તેને હું વિવિધ રીતે કહું છું. ૨૩. કરુણાસાગર શ્રીહરિએ ઘોર કળિયુગમાં સ્વેચ્છાથી ભૂમિનો ભાર ઉતારવા ચરિત્ર કર્યાં છે. તે સર્વે ચરિત્રો સહુને સુખ આપનારા છે. ૨૪.

**हरिगीत :**

**मछ कछ वाराह नृसिंह वामन परशुराम ही;**
**राम कृष्ण ही बुद्ध कल्कि ही रूप धरे सुखधाम ही;**
**ओर अनेक रूप धारे हरन असुर के मान ही;**
**भक्त उद्धारन सबकारन आपे श्रीभगवान ही...२५**

મચ્છ, કૂર્મ, વરાહ, નૃસિંહ, વામન, પરશુરામ, રામ, કૃષ્ણ, બુદ્ધ અને કલ્કીરૂપ અવતાર સુખધામ એવા શ્રીહરિએ ધર્યા છે કે ધરશે. અને બીજા અનેક અવતારો અસુરોનું માન હરવા માટે ભગવાને ધાર્યા છે. એવા સર્વે અવતારોના કારણ ભગવાન શ્રીસ્વામિનારાયણ સર્વે ભક્તોનો ઉદ્ધાર કરનારા પોતે ભગવાન છે. ૨૫. ધર્મસર્ગ અને અધર્મસર્ગ તે બંને આદિ યુગથી છે એમ કહેવાય છે. જ્યારે અધર્મનું બળ વધે છે ત્યારે ભગવાન અવતાર ધારે છે. અને પોતાનું સામર્થ્ય પ્રકટ કરીને અસુરોનો ઉચ્છેદ કરે છે. તે પરમાત્માને જ વેદો વારંવાર ‘નેતિ નેતિ’ કરીને કહે-વર્ણવે છે. ૨૬. **ઘોર કળિયુગમાં મુમુક્ષુ જીવોનો ઉદ્ધાર કરવા માટે અને ધર્મવંશના સદ્‌ગુણોની અભિવૃદ્ધિ કરવા માટે**

**શ્રીહરિએ ભૂમિ ઉપર જન્મ ધારણ કર્યો.** ૨૭. ધર્મવંશના સમાન બીજા કોઈ આચાર્ય પૂજ્ય રહ્યા નહીં માટે ધર્મવંશના આચાર્યને મોક્ષદાતા તરીકે ચારે ધામમાં સ્થાપન કરવા સારુ જે શ્રીહરિ પ્રકટ થયા છે. ૨૮. અને સર્વે લોકો અને સર્વે રાજાઓમાં પણ પૂજ્ય તરીકે સ્થાપન કરવા તથા મિથ્યા ગુરુઓના માનને હરવા સરવરિયા (સરયૂપારીણ) શ્રેષ્ઠ બ્રાહ્મણો કે જે, ધર્મ પાળવામાં ધીર ગંભીર છે. અને તેઓ સહુ જનના મુકુટમણિ છે, શિરોમણિ છે, એમ જાણીને તેમને પૂજ્ય કરવાનું શ્રીહરિએ મનમાં નિશ્ચિત કરી લીધું હતું. એવા શ્રીહરિ ગ્રંથ રચવામાં મને સહાય કરો. અને સર્વે ધર્મવંશને પણ હાથ જોડીને પ્રાર્થના કરું છું કે ગ્રંથ રચવામાં મારી બુદ્ધિ સદાય રહો. ૨૯-૩૦.

અને વળી, સમગ્ર સંતોની અને હરિભક્તોની આગળ હું હાથ જોડીને માથું નમાવું છું. મને અલ્પ બુદ્ધિવાળો જાણીને સહુ મારા ઉપર અહોનિશ દયા કરતા રહો. ૩૧. **અક્ષરાધિપતિ ભગવાન શ્રીહરિના સ્વરૂપનું અત્યારે જો કોઈ જ્ઞાનને પામે તો તેને મહાન શાંતિ પ્રાપ્ત થાય અને આ સંસારમાં જન્મનું તથા મરણનું સર્વે દુઃખ પણ ટળે.** ૩૨. શ્રીહરિ પૂર્વમાં પ્રકટ થયા અને અહીં પશ્ચિમમા પધાર્યા. તેમણે અનેક પ્રકારના ચરિત્ર કર્યાં. તેને હું મારી બુદ્ધિને અનુસાર લખું છું. જેને સાંભળવાથી સંસાર સાગરનો પાર આવી જાય છે. ૩૩. હરિના ચરિત્રના સમાન બીજું કાંઈ જ શ્રેષ્ઠ નથી. મનુષ્યને તે ચરિત્ર સત્સંગમાંથી મળે છે. એક લવ (નિમેષનો છઠ્ઠો ભાગ) જેટલા સત્સંગની બરાબરી તો સ્વર્ગ કે મોક્ષ પણ કરી શકતા નથી. ૩૪.

પ્રહ્લાદ, પ્રિયવ્રત, ધ્રુવ, રાજા ઉત્તાનપાદ, પૃથુ અને ભરત, એ સહુએ મોહ તથા પ્રમાદને તજીને સત્સંગ કર્યો હતો. ૩૫. ચિત્રકેતુ, જનકરાજા, સુગ્રીવ, હનુમાનજી અને અઢાર પદ્મ જેટલા શક્તિશાળી વાનરો, એ બધા સત્સંગ કરવાથી ભવપાર થયા હતા. ૩૬. અનંત ગોપીઓ તથા ગોવાળો, પાંચ પાંડવો, તથા ઉદ્ધવજી, એ સહુ સત્સંગ કરવાથી અપાર સંસારને તરી ગયા છે. ૩૭. હરિના ચરિત્ર ઉદાર છે. તેને બ્રહ્મા, શિવજી, શેષજી અને અપાર ઋષિઓ પણ રોજે અધિક અધિક ગાયા કરે છે. ૩૮.

### ❋ હરિચરિત્રનો અદ્‌ભુત મહિમા :

**मोतिदाम :**

**चिंतामनि कल्प हि वृक्ष समान, या ग्रंथ ही गुन भरे यह मान;**
**चिंतवन चित्त महीं जो जो जेह, सोउ फल सबही मिलत तेह...३९**

ચિંતામણિ અને કલ્પવૃક્ષના જેવા જ ગુણો આ ગ્રંથમાં ભર્યા છે, એવું માનીને જે ભક્ત મનમાં જેવું ચિંતવે છે તેને તેવું ફળ અવશ્ય મળે જ છે. ૩૯. તેમજ જેને હરિના ચરિત્રોમાં ભાવાત્મક બુદ્ધિ થાય છે, તેને હૃદયમાં અધિક અધિક પ્રીતિ અને પ્રસન્નતા થાય છે. ઘી અને સાકર સાથેની ખીરમાં જેવો સર્વોત્તમ સ્વાદ રહ્યો છે તેવો જ ભાવાત્મક સ્વાદ હરિચરિત્રમાં પણ રહ્યો છે. ૪૦. આ શ્રીહરિચરિત્રો તો ખીર સમાન છે. પરંતુ આ દુનિયામાં જે મનુષ્ય શ્વાનના જેવા હોય તેને આ હરિચરિત્ર સાંભળીને ઊલટી થઈ જાય છે. અર્થાત્ ચરિત્ર સાંભળીને હૃદયમાં આનંદનો અનુભવ નહીં થતાં તે વિકૃતિરૂપ અભાવથી ચરિત્રને દૂર કરી દે છે. આવા જે હોય તેને તો શ્વાનની જાતિના જાણવા. ૪૧. અને જે જે મનુષ્ય એવા હોય છે તેને આખા જગતના મળ જેવા સમજવા. અને એવા મલિન અંતરના લોકો આ ગ્રંથનો રહસ્યાર્થ સમજ્યા વિના તેની હાંસી-ઠઠ્ઠા મશ્કરી કરતા હોય છે. ૪૨.

કેમજે, મળનો તો તે સહજ સ્વભાવ જ છે કે તે દુર્ગંધ ફેલાવ્યા સિવાય રહે જ નહીં. જ્યારે નિષ્પાપ અને મહાન એવા સંતો, વર્ણીઓ અને હરિભક્તો તો મત્સર દોષ રહિત છે. ૪૩. તેથી તેઓ તો અમૃતના સમાન આ શ્રીહરિચરિત્રના ગ્રંથ રસાયનનું કાનરૂપી પડિયાથી વારંવાર પાન કરતાં રહે છે. અને મત્સરવાળો સ્વભાવ તો મળના જેવો છે. અને આ ગ્રંથ તો અમૃત સમાન છે. ૪૪. અને તે મળરૂપ મત્સરના દોષવાળા જે છે તેમને તો આ ગ્રંથ ઝેર જેવો જણાશે. મળરૂપ મત્સર દોષ છુપાવતા છાનો નહીં રહે, તે વેણ કાઢતા જ દેખાઈ આવશે. ૪૫. કાગડો, કૂતરો, ગધેડો, ઘુવડ, બપૈયો, કોયલ, મોર અને પોપટ, એ બધા બોલતાંની સાથે જ કઈ કઈ જાતિના છે તે ઓળખાઈ જાય છે. તેમ જ મત્સર દોષ બોલતાંની સાથે જ જણાઈ આવે છે. ૪૬.

**अनंत ब्रह्मांड के हि सुखा, हरिचरित्र आगे सब लूखा;**
**अमृत आगे अन्य रस जोई, फिके से फिके लगत ही सोई...४७**

જેમ અમૃતની આગળ બીજા બધા રસ અતિશય ફિક્કા લાગે છે તેમ અનંત કોટિ બ્રહ્માંડોમાં જે સુખ છે તે બધા જ હરિચરિત્રની આગળ લૂખા લાગે છે. ૪૭. **શુકદેવજી, સનકાદિકો અને વ્યાસમુનિ વારંવાર એવું કહે છે કે, જે માણસ હરિના ચરિત્ર સિવાય બીજા સુખની ઈચ્છા રાખે છે તે માણસ ખરેખર સુખનો મારગ જ ભૂલી ગયો છે.** ૪૮. આ બ્રહ્માંડમાં ભગવાને વારંવાર અનંત અવતાર ધારણ કર્યા છે. પરંતુ આ અવતારમાં શ્રીહરિએ જે અનંત પવિત્ર ચરિત્ર કર્યાં છે એવા ચરિત્રો કોઈ અવતારમાં કર્યા હોય એવું કોઈ દિવસ સાંભળ્યું નથી. ૪૯.

**सोउ चरित्र कहतहुँ अबही, सुनिये एक चित्त ही सबही;**
**हरि के चरित्र हरि सम जाना, यह दोनु में भिन्न न माना...५०**

તે સ્વામિનારાયણ ભગવાનના ચરિત્રો હવે હું કહું છું. સહુ એકાગ્ર ચિત્તવાળા થઈને સાંભળો. શ્રીહરિના ચરિત્રો શ્રીહરિની સમાન જ જાણવા. તે બંનેને અલગ માનવા જોઈએ નહીં. ૫૦. મનુષ્ય માત્રનો એવો સ્વભાવ છે કે, તે જ્યાં ત્યાં બંધાઈ જાય છે. પછી તેનાથી અનંતવાર સંસારમાં ભટક્યા કરવું પડે છે. અને જમપુરીમાં જમનો માર ઘણો જ ખાવો પડે છે. ૫૧. તે બધાં સંસારના અને યમયાતનાનાં દુઃખોને મટાડવા માટે તો સારરૂપ શ્રીહરિના ચરિત્ર છે. માટે તેમાં ઘણો જ પ્રેમ રાખીને તેને વારંવાર સાંભળવા. ૫૨.

અતિશય ભાગ્યશાળી મનુષ્યે પાંચ વર્તમાન પાળીને ભગવાનના ચરણકમળમાં પ્રેમ કરવો અને આવા હરિના ચરિત્રોને સાંભળવા. ૫૩. જેના અનંત જન્મના ભાગ્ય એક સામટા ઉદય થયા હોય, તે બીજે કોઈ વાતે લાગતા-બંધાતા નથી પણ નિત્ય શ્રીહરિના ચરિત્રોને સાંભળે છે. ૫૪. ચાર વેદ, છ શાસ્ત્ર, અઢાર પુરાણ અને બધા ધર્મશાસ્ત્રો તેમજ યોગ, યજ્ઞ આદિ સર્વે હરિચરિત્રને સરસ રીતે વખાણે છે. ૫૫. કાઠિયાવાડ (સૌરાષ્ટ્ર) પ્રદેશમાં એક ઘણું સારું દુર્ગપુર-ગઢપુર નામે ગામ છે. ત્યાં એભલ ખાચર નામે કાઠી દરબાર કુળ કુટુંબ સાથે સ્વમાનપૂર્વક રહેતા હતા. ૫૬.

**તેમને ઉત્તમ (દાદાખાચર) નામે એક પુત્ર હતો. તેઓ સહુ પ્રેમ સહિત શ્રીહરિને શરણે આવ્યા અને તેમના આશ્રિત થયા. તેઓ એવા હરિભક્ત થયા કે ત્રિલોકીમાં તેની જોડ જડે નહીં. ૫૭.**

**हरि रखे निज भुवन जाई, तन मन धन दियेउ ताई;**
**बलि नृप सम अर्पन कीन, जो जो घर मध्य समृद्धि तीन...५८**

તે સહુએ શ્રીહરિને પોતાના દરબાર ગઢમાં રાખ્યા અને તેમને પોતાના તન, મન અને ધન, સર્વસ્વ અર્પણ કર્યું. પોતાના ઘરમાં જે કાંઈ સમૃદ્ધિ હતી તે બધી જ બલિરાજાની જેમ શ્રીહરિને અર્પણ કરી દીધી. ૫૮. તે સહુ શ્રીહરિના આજ્ઞાવચનમાં નિવાસ કરીને રાત-દિન તેમની પાસે જ રહ્યા. શ્રીહરિએ તેમનો શ્રેષ્ઠ નિષ્કામ પ્રેમ જોયો તેથી સ્વયં પણ તેના સ્નેહબંધનથી બંધાઈ ગયા. ૫૯. સ્વયં શ્રીહરિ ગઢપુરમાં આવીને રહ્યા અને પછીના સમયમાં અદ્‌ભુત અનુપમ મંદિર કરાવ્યું. તેમાં શ્રીગોપીનાથજી મહારાજને પધરાવ્યા. તે દેખીને બધા રાજાઓ પણ રાજી થયા. ૬૦.

શ્રીહરિએ દુષ્ટ લોકોનું માન ઉતારીને આત્મબળથી શ્રીરાધાકૃષ્ણ (શ્રીગોપીનાથજી)ને પધરાવ્યા. તે જોઈને તે સમયના ભાવનગર નરેશ વજેસિંહ પણ દીનઆધીન થયા. પછી તેણે શ્રીહરિને પોતાને દ્વાર કહેતા ભાવનગર દરબારમાં તેડાવ્યા. અને શ્રીહરિને રીજાવવા માટે અતિ પરમ પ્રેમથી પ્રાર્થના કરી પોતાના અપરાધની ક્ષમા માગી. અને બહુ પ્રકારની શ્રીહરિને પહેરામણી કરી. ૬૧-૬૨. શ્રીહરિએ ચારે ધામમાં દિગ્વિજય કર્યો અને સહુને ખૂબ જ આનંદિત કર્યા. હવે એ બધી કથા હું તમને કહું છું તો બધા ભક્તજન તે સાંભળો. ૬૩.

***ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના પ્રથમ પૂરમાં 'આરંભમાં કવિએ મંગલાચરણ કર્યું' એ નામે પહેલો તરંગ સમાપ્ત ॥૧॥***

## પૂર પહેલું : તરંગ - ૨

### આચાર્ય સ્થાપનાદિક વિષયક દાદાખાચરના પ્રશ્નો

દેવતાઓ મનુષ્યો અને મુનિઓના મુકુટ સમાન શિરતાજ મહારાજાધિરાજ શ્રીહરિ શ્રીઉત્તમરાજાના દરબારમાં સર્વોત્તમ સિંહાસન ઉપર વિરાજમાન થયા હતા. ૧. દેશ દેશના ચારે વર્ણના હરિભક્તો આવતા હતા અને પૂજાનો પુષ્કળ સામાન લાવીને ગઢપુરમાં બિરાજતા શ્રીહરિની વિવિધ પ્રકારે પૂજા કરતા હતા. ૨. અનંત સંતોના અપાર મંડળોની ભીડ સતત રહ્યા કરતી હતી. તે સંતો એક તારની જેમ આવતા હતાં અને પાછા જતા પણ હતા. ગઢપુરમાં અખંડ ઉચ્છવ છવાયેલો રહેતો હતો. ૩. ત્યાં વિવિધ પ્રકારના વાંજિત્રો રાત દિવસ વાગતા હતાં. સંતસમાજ શ્રીહરિના ગુણોને મુખથી વર્ણવતા અને પ્રેમયુક્ત થઈને ગાતા હતા. ૪.

તે સમયે કોશળ દેશથી સર્વે ધર્મવંશી ગઢપુરમાં આવ્યા હતા. તે સહુ ઘણા દિવસથી શ્રીહરિના વિયોગી હતા તેથી પ્રેમાતુર હતા. અને તેમના હૃદયમાં ઘણો સ્નેહ હતો. ૫. જ્યારે તેઓ શ્રીહરિને મળ્યા ત્યારે ખૂબ જ રૂદન કર્યું તેમની આંખોમાંથી આંસુઓની જળધારા વહેવા લાગી. ત્યારે કમળ લોચન શ્રીહરિએ અમૃતના જેવા મધુર વચન બોલીને તે સહુને શાંત કર્યાં. ૬. આ ધર્મવંશીઓને અત્યંત શુદ્ધ જાણી, તેઓ દઢ ધર્મનિષ્ઠ છે અને સરવરિયા (સરયૂપારીણ) અતિ શ્રેષ્ઠ બ્રાહ્મણ છે. આવું દિલમાં વિચારીને શ્રીહરિએ તેમને પોતાની પાસે રાખ્યા. ૭. અંતર્યામી શ્રીહરિએ ધર્મવંશીને સમર્થ જાણી આચાર્યપદ આપ્યું. અને ત્યારે તેના ઉપર અતિ પ્રસન્ન થઈને તેમજ હરિભક્તો અને સંતોના સુખને માટે શ્રીજીમહારાજે મંદિર, સંતો અને હરિભક્તો, આ બધું જ તેમને ધર્મની રક્ષા કરવા માટે સોંપી દીધું. બંને ભાઈના (એકેક એમ) બે પુત્રોને આચાર્ય કરીને સ્થાપ્યા. ૮-૯. શ્રીઅયોધ્યાપ્રસાદજી અને શ્રીરઘુવીરજીને ધર્મમાર્ગમાં દઢ અને ધીર-ગંભીર જાણીને શ્રીહરિએ પોતાની ઈચ્છા દિલમાં લાવી તે બંનેને દત્તક પુત્ર કર્યા. ૧૦. જાતે દહાડે તે બંનેને ક્યારેય કુહેત ન થાય આવું વિચારીને દેશ અને મંદિરોના વિભાગ કરીને તે બંનેને વહેંચી આપ્યા. ૧૧.

લોભ ભયંકર મોટો શત્રુ છે, તેમાં સહેજે કુસંપ રહ્યો છે. અને તે કુસંપમાં નિત્ય અધિક અધિક મોહ (અજ્ઞાન) રહે છે. ૧૨. જેના જીવમાં જ્યારે લોભ પ્રવેશે છે ત્યારે તે કોઈની મર્યાદા રાખતો નથી. લોભ આવો અત્યંત નિર્લજ્જ છે. ૧૩. લોભ નાકકાન વિનાનો છે. તેથી આ લોભ પોતાના ગોત્ર કહેતા નજીકના સંબંધીની પણ ઘાત કરે છે. આવું લોભનું બળવાનપણું જોઈને તેને કારણે પરસ્પર કુસંપ ન થાય એવા હેતુથી શ્રીહરિએ જગપ્રસિદ્ધ દેશ વિભાગના લેખ કરી દીધા. ૧૪. શ્રીહરિએ પોતે જ આ જગત રહે ત્યાં સુધી કાયમ રહે તેવી અનુપમ મોક્ષની રીત બાંધી આપી. તે સાંભળીને મોટા રાજાઓ પણ વિસ્મય થયા. ૧૫. પૃથ્વીનો બધો ભાર ઉતારી મોક્ષનો વાવટો ફરકાવ્યા બાદ શ્રીહરિએ પોતાના ધામ પ્રતિ જવાની ઈચ્છા કરી. ૧૬.

**सोरठा : आप बिचार मन मांई, किन कोउ न जान परेउ;**
**हेतकुं बहुत जनाई, हरिजनसुं बोलेउ तबे...१७**
**दुर्लभ मनुष्य देह, खनुभंगुर न विलंब कछ;**
**आचरन जैसे जेह, ताके नास न होत कबु...१८**

શ્રીહરિએ આ વિચાર મનમાં જ કર્યો હતો. જેથી કોઈ જાણી ન જાય. પછી ખૂબ જ હેત દેખાડીને હરિભક્તો પ્રત્યે ત્યારે બોલ્યા. ૧૭. **હે ભક્તો ! આ મનુષ્ય શરીર દુર્લભ હોવા છતાં તે ક્ષણ ભંગુર છે, તેને પડતાં કાંઈ વાર લાગતી નથી. જેનું જેવું આચરણ (પુણ્યરૂપ કે પાપરૂપ વર્તન) હશે તેના ફળનો ક્યારેય નાશ થતો નથી. ૧૮.** શુદ્ધ ધર્મને બતાવનારી શિક્ષાપત્રી મારું સ્વરૂપ છે, માટે તેનાં વચન અચળ અને સત્ય કરીને માનજો. મારા શિક્ષાપત્રીના વચનોને ધર્મવંશી, સંતો અને હરિભક્તોએ દૃઢ રીતે સમજી રાખવા. અને હવે પછી જેમ શિક્ષાપત્રીમાં કહ્યું છે તેમ સહુએ પ્રેમથી વર્તવું. અને ધર્મવંશી આચાર્ય કહે તેમ વિવેકથી સારી રીતે કરવું. ૧૯. જે શિક્ષાપત્રી પ્રમાણે રહેશે તે મારા અક્ષરધામમાં આવશે જ તેમાં કોઈ સંદેહ નથી, ૧. હવે હું શિક્ષાપત્રી આદિક સત્શાસ્ત્રો દ્વારા, ૨. જે મારા વચન પ્રમાણે રહે એવા ધર્મવંશી દ્વારા અને ૩. જે મારા મંદિર છે તેમાં જે મૂર્તિઓ છે તે દ્વારા હું રહ્યો છું. આમ, સહુજનોને સુખ દેવા માટે હું એક હોવા છતાં ત્રણરૂપ ધરીને રહ્યો છું. ૨૦.

**चोपाई :**

**मेरी आग्या सो मेरो स्वरूपा, मेरे बचन मानना अनूपा;**
**मेरे बचन में शशी अरु सूरा, निशदिन तत्पर रहे हजूरा...२१**
**सप्त समुद्र भोमि यह सबही, मम वचन में चलतहि अबही;**
**भव ब्रह्मा ईन्द्रादिक जैसे, शेष शारद नारद मुनि तेसे...२२**

મારી આજ્ઞા તે મારું સ્વરૂપ છે. માટે મારા વચનને અનુપમ માનજો. સૂર્ય અને ચંદ્રમા રાતદિન મારું વચન પાળવા તત્પર થઈને હજૂર રહે છે. ૨૧. સાત સમુદ્ર અને ભૂમિ, આ બધા જ આજે પણ મારા વચનમાં ચાલે છે. ભવ, બ્રહ્મા, ઈંદ્રાદિક દેવતાઓ, શેષ, શારદા અને નારદાદિક મુનિઓ, બધા મારી આજ્ઞા ભંગના ભયથી રાતદિન થરથર ધૂજતા રહે છે. અને તેથી જ તેમની લોકમાં ખ્યાતિ થઈ છે. મારી આજ્ઞામાં વાયુ ચાલે છે. હું જેમ કહું તેમ સૂર્ય તપે છે. ૨૨-૨૩. સ્થાવર અને જંગમ જે કાંઈ જગત છે તે બધું ઋતુ પ્રમાણે પ્રફુલ્લિત થાય છે. ઠંડી, ગરમી અને વર્ષા, ત્રણે ઋતુ મારી આજ્ઞામાં દીન-આધીન રહે છે. ૨૪. ધ્રુવ આદિ અપાર તારાઓ ઊંચે આકાશમાં રહ્યા છે. તે મારી આજ્ઞાલોપના ભયથી રાત દિવસ વારંવાર ધ્રૂજતા રહે છે. અને તેથી જ તેઓ મારી આજ્ઞાની બહાર જતા નથી. ૨૫.

**मोरी अग्या माने सो मेरो, न माने तेहि माया केरो;**
**हरिजनकुं सो कहत है सबही, आत्मघात न करना कबही...२६**

શ્રીહરિ સર્વે હરિભક્તોને કહેતા કે, ‘જે મારી આજ્ઞા માને તે મારા છે અને જે ન માને તે માયાના જીવ છે. વળી કહેતા કે કોઈએ આત્મઘાત તો ક્યારેય કરવો નહીં. ’ ૨૬. ‘આત્મઘાતી મહાપાપી છે’ આવું વેદો અને પુરાણો કહે છે. તેમનો ક્યારેય મોક્ષ થતો નથી. તેઓ તો ખૂબ જ હેરાન પરેશાન થાય છે. ૨૭. ભગવાને જ્યારે જ્યારે અવતાર લીધા હતા, તેઓ કાયમ કોઈ રહ્યા નથી. તો શાણા હરિજનોએ જાણવું જોઈએ કે આ મારું શરીર પણ કાયમ નહીં રહે. ૨૮. જે કાર્ય કરવા હું આવ્યો છું તે મારું બધું કાર્ય પૂરું થઈ ગયું છે. હવે કોઈ કાર્ય બાકી રહ્યું નથી. આ લોક તથા ભોગ્ય પદાર્થ, મને બધા ઝેર જેવા લાગે છે. ૨૯. ઉપર કહ્યા તેવા શ્રીહરિના

વચન સાંભળીને ઉત્તમરાજા (દાદાખાચર) અત્યંત દિલગીર થઈ ગયા. તથા ધર્મવંશીઓ, સંતો અને હરિભક્તો પણ અત્યંત દિલગીર થઈ ગયા. ૩૦.

**मोतिदाम :**

**स्वतंत्र स्वछंद हि आप रहाय, काउके वश नहीं नाथ कदाय;**
**निज धारे सोई किये ततखेव, हरिजन संत रहे जोत एव...३२**

તે સમયે શ્રીહરિએ પોતાનું અતિ મહાન્ સામર્થ્ય તે સ્થળે તત્કાળ બતાવ્યું. અને બધાના હૃદયને વજ્ર સમાન કઠણ કરી દીધાં. પછી તેમને હેતથી બોલાવીને ધીરજ આપી. ૩૧. સ્વયં ચાહે તે કરે તેવા શ્રીહરિ સ્વતંત્ર છે. સર્વના નાથ શ્રીહરિ ક્યારેય કોઈને વશ નથી. અર્થાત્ બધા જ તેમને વશ છે. તેથી તેમણે પોતે જે ધાર્યું હતું તે તત્કાળ કર્યું. સહુ સંતો અને હરિભક્તો તો દેખતાં જ રહ્યા. ૩૨.

**मुक्त मुनि गोपाल मुनि जोई, सबकुं धीरज दिनेउ सोई;**
**धर्मवंशी कुं धीरज जो दीने, आपने रेना हरि आधीने...३३**

તે સમયે મુક્તાનંદ સ્વામી અને ગોપાળાનંદ સ્વામીએ આ બધું જોયું. તેથી તેમણે સહુને ધીરજ આપી. ધર્મવંશીઓને પણ ધૈર્ય આપ્યું, અને કહ્યું કે, આપણે સહુએ શ્રીહરિની ઈચ્છાને આધીન રહેવું. ૩૩. આ જ રીતે દાદાખાચરને પણ ધીરજ આપીને સમજાવ્યા અને કહ્યું, શ્રીહરિએ તમારી ત્રિલોકીમાં જીત કરી છે. તમારા સારાએ પરિવારનું ભાગ્ય અપાર છે. કરોડો જન્મ સુધી તેનું વર્ણન કરીએ છતાં તેનો છેડો આવે તેમ નથી. ૩૪. અત્યારે તમારા ભાગ્યને લીધે તો આખું જગત્ ભાગ્યશાળી થયું છે. અત્યાર સુધી શ્રીહરિ તમારી ભાવનાને વશ થઈને રહ્યા છે, પણ હે પ્યારા દાદાખાચર ! હવે તમે શ્રીહરિને વશ વર્તો અર્થાત્ જેમ મહારાજને ગમે છે તેમ રહો. ૩૫. અથવા હે વીરા ! હવે કોઈ શ્રેષ્ઠ ધીરજવાન-જ્ઞાનવાન ધર્મવંશીની મરજી પ્રમાણે વર્તવું. હરિભક્તોએ એવા ધર્મવંશને અનુસરવું અને તેમની સેવા કરવી. ૩૬.

**શ્રીહરિ ધર્મવંશના ધર્મજ્ઞાનાદિક સદ્‌ગુણો જેમાં હોય તેમાં અખંડ રહ્યા છે. અને જેમાં અધર્મવંશના માન, કામ, ક્રોધાદિક દુર્ગુણો હોય ત્યાં રહેતા**

**નથી એમ પ્રમાણિક રીતે માનો.** સ્વધામ પધારતી વખતે શ્રીહરિએ અનંત પ્રકારનું અપરંપાર સામર્થ્ય દેખાડ્યું હતું. ૩૭. ત્યારે મોટા મોટા પરમ ચતુર અનંત દેવતાઓ વિમાનમાં બેસીને ઉપર આકાશમાં આવ્યા. અનેક રીતે વાજિંત્ર વગાડ્યા. મુખથી જય જયકાર બોલીને શ્રીહરિનો યશોગાન કરવા લાગ્યા. ૩૮. તે દેવતાઓ કેસર મિશ્રિત ચંદન અને અનંત પ્રકારના પુષ્કળ પુષ્પો લાવ્યા હતા. અને આનંદમાં આવી શ્રીહરિના ઉપર તેની વારંવાર વૃષ્ટિ કરવા લાગ્યા. ૩૯. કરુણાનિધાન શ્રીહરિ અદ્‌ભુત દિવ્ય વિમાનમાં વિરાજ્યા. અને દેવતાઓને દર્શન દેતા દેતા અક્ષરધામ તરફ ચાલ્યા. ૪૦. તે સમયે સ્વર્ગાદિક દેવોના લોકમાં ચારે બાજુ અનંત અને અપાર આનંદ-ઉત્સવ વ્યાપી ગયો, પણ ભૂલોકમાં સંતો અને હરિભક્તોને અત્યંત દુઃખ થયું. અને તે દુઃખનો પાર ન રહ્યો. ૪૧. **શ્રીહરિની રીતિ અલૌકિક છે, તેને કુબુદ્ધિ મનુષ્ય સમજી શકતા નથી. પણ જેને શ્રીહરિમાં પ્રેમ છે તેને તો આવી લીલા દેખીને અત્યંત આશ્ચર્ય થાય છે. ૪૨.**

અહીં ગઢપુરમાં શ્રીહરિએ આલોકની રીતે અંતરધ્યાનલીલા દેખાડી અને દિવ્ય વિમાન લઈને આવેલા અક્ષરમુક્તોના સમુદાયની સાથે શ્રીહરિ દિવ્યરૂપ ધરીને સહુને દર્શન દેતા થકા ગયા. અને ત્યાં અક્ષરધામના મધ્યમાં અનુપમ દિવ્ય સિંહાસન ઉપર બિરાજ્યા. ૪૩. તે અક્ષરધામમાં અનંત અપાર મુનિઓની શ્રીહરિની પાસે સભા ભરાઈને બેઠી. સચ્ચિદાનંદ સ્વામી પણ અતિ ઉમંગથી ત્યાં મુક્તોની સંગે છુપાઈને બેઠા. ૪૪. ત્યાં ધામમાં સચ્ચિદાનંદ સ્વામીને દેખીને શ્રીહરિ તેમના ઉપર એકદમ ખીજાઈને ડારો દીધો. અને કહ્યું કે, મુનિવર ! તમે અત્યારે જ તમારા દેહમાં પાછા જાઓ. જો અમારું વચન તમે નહીં માનો, તો તમારે અનંત કાળ સુધી અપાર દુઃખ ભોગવવું પડશે. ૪૫. પછી જ્યારે સચ્ચિદાનંદ સ્વામી દેહમાં જવા તૈયાર થયા ત્યારે શ્રીહરિ પોતે જળપાન કરીને તે પ્રસાદીનું જળ તેમને પાયું. પછી સ્વામી તત્કાળ પોતાના શરીરમાં પાછા આવ્યા. અને પોતે નજરે દેખેલી વાત દયાળુ સચ્ચિદાનંદ સ્વામીએ સહુ આગળ કહી. ૪૬. ગ્રંથકાર આધારાનંદસ્વામી કહે છે કે, મેં આંખે દેખેલી આ વાત અહીં લખી છે. માટે સુજ્ઞજનો તેને સાચી

કરીને માનજો. પછી સહુએ પરસ્પર વિચાર કર્યો અને શ્રીહરિના તિરોધાન પછી બારમાંના દિવસે જમણવારનો ઘણો સારો ઉત્સવ કર્યો. ૪૭.

શ્રીહરિના દત્તક પુત્ર શ્રીઅયોધ્યાપ્રસાદજી અને શ્રીરઘુવીરજી બંને યશસ્વી હતા, તેમણે સારા પકવાન્ન કરાવીને સહુ સંતો, વિપ્રો અને અનેક હરિભક્તોને સારી રીતે જમાડ્યા. ૪૮. આ નિમિત્તે બ્રાહ્મણોને અપાર દાન આપ્યાં. આ પ્રમાણે શ્રીહરિનું કારજ કર્યું. તે કારજ એવું જગત પ્રસિદ્ધ થયું કે દુનિયામાં આવો કોઈ બીજો દાન આપનારો ન દેખાયો. ૪૯. જે લોકો આવ્યા હતા તે સહુને જમાડ્યા હતા. ઘણીજાતના શાક બનાવ્યા હતા. એક હજાર ભાર (એક ભાર = દોઢ કિલો વજન) જેટલી તો ખાંડ વાપરીને અનેક પ્રકારના પકવાન્ન બનાવ્યાં હતાં. ૫૦. આપણા સત્સંગના આચાર્ય મહાપ્રતાપી કહેવાયા. દુનિયામાં બીજા જે આચાર્યો છે તેમાં કોઈ આટલા પ્રતાપી ન હતા. ૫૧. જેના અપાર ભાગ્ય હોય તેવા સમજુ મનુષ્ય જ આ શ્રીહરિના સ્વરૂપ તથા મહિમાને સમજી શકે છે. સૂર્યોદય થવા છતાં જેને દેખાતું ન હોય તે તો આંધળો ગણાય. તેમ શ્રીહરિએ અપાર સામર્થ્ય દેખાડ્યું છતાં જે તેમને ન સમજી શકે તે અજ્ઞાન હોવાથી આંધળો ગણાય. ૫૨.

**दोहा : जिनके भव अंत आवहि, तेहि होत सत्संग;**
**भव के अंत आये बिन, टरत न तेहि कुसंग...५३**
**सत्संग जेहि होत है, तिनके भाग्य अपार;**
**ओर अभागी हि देखना, धन होय कोटि भंडार...५४**

જેને સંસારનો છેડો આવવાનો થાય તેને જ સત્સંગ થાય છે. સંસારનો અંત આવ્યા વિના જીવને કુસંગ ટળતો જ નથી. ૫૩. જેને સત્સંગ થયો છે તેના તો અપાર ભાગ્ય છે અને તે સિવાયના લોકો પાસે કરોડોની સંખ્યામાં ધન ભંડાર ભર્યો હોય છતાં તે અભાગિયા જ છે. તેમ જાણવું. ૫૪. **વિક્રમ સંવત્ ૧૮૮૬ ના જેઠ સુદિ ૧૦ ની તિથિએ જ્યારે મધ્યાહ્ન સમય થયો ત્યારે અવિનાશી એવા શ્રીહરિએ આ ભૂમિનો ત્યાગ કર્યો હતો. ૫૫.** આ મનુષ્યલીલા પણ શ્રીહરિનું એક ચરિત્ર છે, એમ સમજવું. તેમની આ અલૌકિક રીત તો અસુરોને મોહ પમાડવા માટેની છે. ૫૬. પછી ધર્મવંશીઓ, સંતો અને

હરિભક્તો, તે ઘણા બધા ભેળા થયા હતા. ત્યારે શ્રીગોપીનાથજી મહારાજના મંદિરમાં એક અત્યંત મહત્વપૂર્ણ સારભૂત સભા ભરાણી. મુક્તાનંદ સ્વામી, ગોપાળાનંદ સ્વામી, નિત્યાનંદ સ્વામી અને બ્રહ્માનંદ સ્વામી, ઈત્યાદિ શ્રેષ્ઠ અને સહુથી અતિ સમર્થ એવા મોટેરા સદ્‌ગુરુઓ ત્યાં હાજર હતા. ૫૭.

તે શ્રેષ્ઠ સંતોમાં પણ મુક્તાનંદ સ્વામી મોટેરા છે એમ સમજીને ઉત્તમ-રાજાએ તેમની આગળ શ્રીહરિના ચરિત્રોની વાત પૂછી. સહુ સંતો એમ કહે છે કે, જન્મ અને મરણનું દુઃખ ઘણું છે તેમજ આધ્યાત્મિક, આધિભૌતિક અને આધિદૈવિક, એ ત્રણ પ્રકારના તાપ પણ સહુથી અધિક છે, છતાં તે બધા જ દુઃખો અને સંતાપોની શાંતિ તો શ્રીહરિચરિત્રથી થાય છે. ૫૮.

**दोहा : तीन कर्म तीन ताप तेही, जन्म मरन जो दुख;**
**हरिचरीत करत पानही, अंतर होत हि सुख...५९**
**परीक्षितकुं जब दुःखही, आये अति बडजोर;**
**शुकमुनिवर पायो तबे, हरिचरित्र रस घोर...६०**

કાયિક, વાચિક અને માનસ ત્રણ પ્રકારના કર્મ તથા ઉપર કહ્યા તે ત્રણ પ્રકારના તાપ અને જન્મમરણનું દુઃખ આ બધું શ્રીહરિચરિત્રરૂપી અમૃતનું પાન કરવાથી નષ્ટ થાય છે અને અંતરમાં અતિ સુખ થાય છે. ૫૯. જ્યારે પરીક્ષિત રાજાને અત્યંત દુઃખ આવી પડ્યું ત્યારે શ્રીશુકદેવજીએ શ્રીહરિચરિત્રરૂપી અતિશ્રેષ્ઠ રસ પાયો હતો. ૬૦. તેથી પરીક્ષિતે માયિક વિષયસુખના રસને દુઃખરૂપ જોયો એટલે તે સર્વે રસ તજી દીધો અને શ્રીહરિચરિત્રમાં ચિત્તને પરોવ્યું. અને તે પછી તેણે શરીરનો ત્યાગ કર્યો. એ વાત જગતમાં પ્રસિદ્ધ થઈ. આ રીતે પરીક્ષિત રાજા કથા સાંભળવાથી યુગો સુધીનું અવિચળ મોક્ષપદ પામ્યા. માટે હવે મને આપ પ્રકટ શ્રીહરિના ચરિત્રની વાત કહો. ૬૧-૬૨.

શ્રીમુક્તાનંદ સ્વામી અતિ મહાન સંત હતા. શ્રીહરિના તિરોધાન પછી તેમના ચરિત્ર કહેવાને માટે દોઢમાસ સુધી તેમણે પોતાનો દેહ રાખ્યો હતો. ૬૩. મુક્તાનંદ સ્વામીએ શ્રીઉત્તમરાજાની સામે જોયું. તેમને શ્રીહરિચરિત્ર સંભળાવવા માટેના સત્પાત્ર ગણ્યા. પછી તેઓ શ્રીહરિના ચરિત્રરૂપી અમૃતરસનું પાન કરાવવા લાગ્યા. અર્થાત્ શ્રીહરિચરિત્ર કહેવા લાગ્યા. ૬૪.

*ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના પ્રથમ પૂરમાં 'ઉત્તમનૃપનો પ્રશ્ન કહ્યો' એ નામે બીજો તરંગ સમાપ્ત ॥૨॥*

## પૂર પહેલું : તરંગ - ૩

### શ્રીશતાનંદ મુનિએ સત્સંગિજીવન રચવાની શરૂઆત કરી

શ્રીસહજાનંદ સ્વામીના શિષ્યમાં શ્રેષ્ઠ મહામુનિઓ ઘણા જ હતા. તેમાં એક શતાનંદ નામે અધિક ઉદાર ગુણવાન્ સંત હતા. ૧. તેઓ ચારેય ધામની યાત્રા કરીને ફરતા-ફરતા સૌરાષ્ટ્રના પશ્ચિમ ભાગમાં પહોંચ્યા. પછી તે મુનિવર સોરઠની પંચતીર્થી કરીને તેઓ લોજ (લોએજ) ગામ આવ્યા. ૨. ત્યાં તેમને શ્રીસહજાનંદ સ્વામીના દર્શન થયા. તેથી મનમાં અતિશય આનંદ થયો. ત્યારે ભવ બ્રહ્માદિક દેવોને પણ વંદનીય એવા શ્રીહરિને તેમણે તત્કાળ ઓળખી લીધા. ૩. તેથી હૃદયમાં શાંતિ થઈ, આધ્યાત્મિક આદિ ત્રણે તાપો ટળી ગયા. પછી તે મહાસંયમી સંતવર્ય સંસારસાગર તરવા માટે શ્રીસહજાનંદ સ્વામીને શરણે થયા. ૪.

પછી તેમણે બે હાથ જોડીને શ્રીહરિને કહ્યું કે, પ્રભો ! આપ મારી બુદ્ધિ ને શુદ્ધ-નિર્મળ કરો. હું ચારેય ધામમાં ફરીને અહીં આવ્યો છું. મેં આપના સમાન શુદ્ધ ત્યાં કોઈને દેખ્યા નથી. ૫. મારા મનમાં જેવી ઈચ્છા હતી તેવા સદ્‌ગુરુ આપ મને મળી ગયા છો. જ્યારથી મને આપના દર્શન થયા ત્યારથી જ મારા હૃદયનું અજ્ઞાનરૂપી અંધારું નાશ પામી ગયું છે. ૬. જેમ સૂર્યનો ઉદય થવાથી રાતનું અનંત અંધારું નાશ પામે છે તેમ મારા હૃદયનું તમામ અજ્ઞાનરૂપી અંધારું ટળી ગયું છે. હવે તે અજ્ઞાનરૂપી અંધકારનો લેશ પણ રહ્યો નથી. ૭.

**ત્યારે શ્રીહરિએ તેમને શુદ્ધ મુમુક્ષુ જાણ્યા. પછી હેત લાવીને તેમને ધ્યાનમાં બેસાડ્યા. દયાળુ શ્રીહરિએ તત્કાળ તેમને અંતર્દષ્ટિ કરાવીને પોતાનું દિવ્યસ્વરૂપ દેખાડ્યું. પછી પ્રથમ તેને સુપાત્ર જાણીને સહજાનંદજી એવા પોતાના સ્વરૂપના યથાર્થ જ્ઞાનનું દાન દીધું. પછી મોક્ષ માર્ગનો જે અનાદિ**

**સત્ય સિદ્ધાંત છે તે સર્વે પણ હેતે કરીને તેમને બતાવ્યો. ૮-૯.** આ જગતમાં દંભી ગુરુ બનીને ફરતા હોય છે તેઓ કોઈ પણ મોક્ષના અનાદિ સિદ્ધાંતને જાણતા નથી. કેમ જે, તેઓ અજ્ઞાનથી ભર્યા હોય છે. પરંતુ શ્રીહરિએ શતાનંદસ્વામીને ધર્મ, ભક્તિ, વૈરાગ્ય અને શુદ્ધ જ્ઞાન આપ્યું. તેથી તેમના અજ્ઞાનનો નાશ થઈ ગયો. ૧૦. અંતર્યામી શ્રીસહજાનંદસ્વામીએ તેમને શુદ્ધ જ્ઞાન આપ્યું. શ્રીહરિ પોતે જેવા અક્ષરધામમાં રહ્યા છે તેવા જ સત્સંગમાં રહ્યા છે. તેવા શ્રીહરિએ અનંત અને અપાર પ્રતાપ દેખાડ્યો. અને અનંત નરનારીઓનો ઉદ્ધાર કર્યો હતો.

હે નૃપ ! તે કથા હું તમને કહું છું. તેને તમે એકાગ્ર ચિત્ત થઈને સાંભળો. ૧૧-૧૨. શ્રીસહજાનંદજીસ્વામીનાં વચનથી શતાનંદસ્વામીના હૃદયમાં પ્રકાશ થયો. તેથી તેઓ જે જે ચિત્તમાં ચિંતવતા હતા તે તે શ્રીહરિના ચરિત્રાદિક સર્વે પોતાની પાસે જ દેખતા હતા. ૧૩. જેમ દૂરબીન કાચથી દૂર રહેલી વસ્તુ નજીક દેખાય છે તેમ શતાનંદસ્વામીને દૂર રહેલું બધું જ પોતાની દૃષ્ટિ પાસે નજીક સ્પષ્ટ દેખાતું હતું. તે વાત આખા જગતમાં પ્રસિદ્ધ છે. ૧૪. અહીંયા પોતાની નજર સમક્ષ જે અનુપમ વર્ણીના સમાન વેષધારી રહેલા હતા તે શ્રીહરિને તેમણે અક્ષરધામના મધ્યમાં શ્રીકૃષ્ણસ્વરૂપે દેખ્યા. ૧૫. આવી શ્રીહરિની અલૌકિક રીતિ જોઈને શતાનંદજી મહામુનિ ખૂબ જ આનંદ પામ્યા અને તેમણે શ્રીસહજાનંદસ્વામીના સમાન બીજા કોઈ ગુરુને જાણ્યા નહીં. ૧૬. શ્રીરામાનંદ સ્વામી ઉદ્ધવનો અવતાર હતા. તેમને શ્રીકૃષ્ણના સખા અને નિષ્કામી સંતના રૂપમાં દેખ્યા. ૧૭.

તથા દુર્વાસાના શાપથી ભૂમિ ઉપર અવતરેલા અતિશય ધર્મવાન અને જ્ઞાન, વૈરાગ્ય તથા ભક્તિએ સહિત બીજા અનેક મુક્તોને પણ દેખ્યા. ૧૮. સોરઠ, હાલાર, કચ્છ, ઝાલાવાડ, ગુજરાત, ભાલ, કાઠિયાવાડ, વાળાક, ગોહિલવાડ અને સુંદર કાનમદેશ કે જે પ્રદેશોમાં ભગવાનના અનેક શ્રેષ્ઠ ધામો રહ્યા છે. ત્યાંના લોકો શ્રીઉદ્ધવાવતાર રામાનંદ સ્વામીના ઉપદેશથી શ્રીકૃષ્ણ ભગવાનને શરણે થયા. ૧૯.

हरिगीत :

मद्य मांस हि चोरी जारी केफ आत्मघात वटालही;
मिथ्या कलंक विधवा परस तजावत कृपालही
देव निंदा जीव हिंसा करना न कहत जनकूं
विमुख से न कथा सुननि पलावत हि जतनकूं...२०

કૃપાળુ શ્રીરામાનંદ સ્વામી દારૂ, માંસ, ચોરી, વ્યભિચાર અને કેફી વ્યસનોનો ત્યાગ કરાવતા હતા. તેમજ આત્મઘાત, વટાળ, મિથ્યાકલંક અને વિધવા સ્ત્રીના સ્પર્શને પણ તજાવતા હતા. તેઓ લોકોને કહેતા કે દેવતાની નિંદા ન કરવી. જીવોની હિંસા ન કરવી અને વિમુખના મુખથી ભગવાનની કથા ન સાંભળવી. સ્વામી આવા નિયમો જતન કરીને લોકો પાસે પળાવતા પણ હતા. ૨૦.

### ❋ શતાનંદસ્વામીએ શ્રીહરિની સર્વોપરીતા કહી :

શ્રીશતાનંદમુનિએ સત્સંગની અતિ હિતકારી શુભ રીત જોઈને ફરીવાર શ્રીહરિને પ્રેમથી પૂછ્યું કે, અનંત યુગ વીતી ગયા છે પણ આપના જેવી કલ્યાણની રીતિ તો મેં ક્યાંય દેખી નથી. ૨૧. હે હરિ ! આપની જે અલૌકિક રીત છે તે સમગ્ર લોકોને માટે સુખરૂપ છે. અનંત જીવોનો મોક્ષ કરવા માટે આજે અત્યારે તે રીત આપે પ્રગટ દેખાડી છે. ૨૨.

चोपाई :

जेहि जन रीत एहि अनुसर हि, सो भवसिंधु सहेजे तरहि;
स्वामिनारायण नाम तुमारा, जेहि जन जपहि जो अब वारा...२३
तिनके जन्म मरण होय नासा, जम किंकर न आवहि पासा;
तुमारे सब चरित्र पुनीता, ऐसे कोउ जुग में न सुनीता...२४

જે લોકો આપની કહેલી કલ્યાણની રીતને અનુસરે છે તેઓ સહેજે જ સંસાર સાગરને તરી જાય છે. આ વખતે જે લોકો આપના 'સ્વામિનારાયણ' આવા નામનો જપ કરશે તેના જન્મમરણ ટળી જશે અને જમદૂત પણ તેની પાસે આવી શકશે નહીં. આપના બધા જ ચરિત્ર પરમ પવિત્ર છે. આવા ચરિત્રોને અમે કોઈ યુગમાં સાંભળ્યા નથી. ૨૩-૨૪. તે આ બધું મેં મારી

આંખે જોયું છે. અને તે જોયા પછી હું આપને શરણે (આધીન) થયો છું. અત્યારે આપના પ્રતાપે હું જે જે ચિંતવું છું તે તે બધું મને પ્રત્યક્ષ દેખાય છે. ૨૫. **ભૂત, વર્તમાન અને ભવિષ્ય ત્રણેય કાળમાં આપે જ સહુને સુખ દીધા છે અને સર્વે બ્રહ્માંડોમાં બધા જ લોકો અત્યારે આપના ચરિત્રોનું જ ગાન કરે છે. એમ હું દેખું છું. ૨૬.**

**अक्षरधाम में रहेउ जेते, सो सब गान करत हे तेते;**
**गोलोक वैकुंठ धाम जेहा, तिनमें रहे पार्षद तेहा...२७**
**सो सब गान करत हित लाई, तेहि में नित सुनतहु जाई;**
**श्वेतद्वीप वासी मुनि जेहु, तेहि गान करत सब तेहु...२८**

અક્ષરધામમાં જે મુક્તો રહ્યા છે તે બધા આપના જ ચરિત્રોનું ગાન કરે છે. ગોલોક અને વૈકુંઠ ધામમાં પાર્ષદો-મુક્તો રહ્યા છે તે બધા પણ ઘણા હેતથી આપના ગુણ-ચરિત્રોનું ગાન કરે છે. તેને હું રોજ ત્યાં જઈને સાંભળું છું. અને જે શ્વેતદ્વીપવાસી મુનિઓ છે તે સર્વે પણ આપના જ ગુણ-ચરિત્રો ગાય છે. ૨૭-૨૮. બદરિકાશ્રમમાં રહેલા શ્રીનરનારાયણ દેવ અત્યંત પ્રસન્ન મનથી નિત્ય આપના જ ચરિત્રોને કહે છે. ૨૯. હે શ્રીહરિ ! ચૌદ લોક અને નવખંડોમાં હું આપનું ધ્યાન કરીને જાઉં છું તો સર્વે દેવતાઓ પ્રેમભાવથી આપના જ ચરિત્ર ગાય છે અને બીજા બધા તેને ત્યાં સાંભળે છે. ૩૦.

**सोरठा : अवतार जो अपार, जो जो रहे धाम महिं;**
**सोउ सबहि अब वार, गान करत हें चरीत तव...३१**
**भक्ति हि धर्म के सूत, अवतार सब कारन तुम;**
**महा प्रतापि जूत, अब प्रगट भये कलि महिं...३२**

તે દેવો સિવાયના અનંત અવતારો જે જે ધામમાં રહ્યા છે તે બધા આ વખતે આપના જ ચરિત્રોનું ગાન કરે છે. ૩૧. ભક્તિ ધર્મના પુત્ર આપ સર્વ અવતારોનું કારણ છો. તે આપના સર્વોપરી મહાપ્રતાપથી યુક્ત એવા આપ અત્યારે કળિયુગમાં પ્રકટ થયા છો. ૩૨. શ્રીશતાનંદ સ્વામીએ કહેલી જે આ વાત તે અતિશય આશ્ચર્યકારી છે. તેને સાંભળીને બહુનામી શ્રીસહજાનંદસ્વામી શતાનંદસ્વામીને કહેવા લાગ્યા,૩૩. હે મુનિ, તમે મારા

વચન સાંભળો, હું તમને પ્રેમભાવથી કહું છું, તમને જે અમારો અપાર પ્રતાપ જોવામાં આવ્યો છે, તે પ્રતાપ તમારે અત્યારે પોતાના મનમાં જ રાખવો. વગર પાત્રે ક્યારેય કોઈને આ વાત કહેવી નહીં. પાત્રતા જોયા વગર જો આ વાત કહેવામાં આવે તો તે વાત પાત્રતા વિનાના લોકોને કોઈ સમાસ કરતી નથી. ૩૪-૩૫.

**मोरे चरित्र दिव्य कहावे, तेहि भाव करीके जेहि गावे;**
**सो जन परम पदकुं पावे, भव भटकन बहोरी न आवे...३७**

અસુર જાતિના લોકોના મનમાં મોહ-અજ્ઞાન રહ્યું હોય છે. તેથી મારા ચરિત્ર સાંભળીને દ્રોહ કરવા લાગે છે. માટે તેની આગળ એવા મારા ચરિત્ર ક્યારેય કહેવા નહીં. બધા લોકો તમારી સમાન સુપાત્ર છે એવું સમજવું નહીં. ૩૬. મારા ચરિત્ર દિવ્ય કહેવાય છે. જે મનુષ્ય તેવા દિવ્યભાવે કરીને મારા ચરિત્રોને ગાય છે, તે લોકો પરમપદ-આત્યંતિક મોક્ષને પામે છે. પછી તેને કોઈવાર આ સંસારમાં ભટકવું પડતું નથી. ૩૭. અમારો જન્મ અને અમારા ચરિત્ર જે જે તમારા જોયામાં આવ્યા છે તે બધાનો ગ્રંથ રચીને તેમાં કહેવા. ગ્રંથમાં વર્ણવ્યા સિવાય તે ચરિત્ર કાયમ રહેતા નથી. ૩૮. જે અવતાર જે સમયે થયો હોય તેના બધા ચરિત્ર ગ્રંથમાં લખ્યા હોય છે, તેથી તે બધા ચરિત્રો આજ સુધી પ્રત્યક્ષ જેવા જ પ્રતાપે યુક્ત ટકી રહ્યા છે. ૩૯. **તેમનાં સ્વરૂપ અને સ્વભાવ પણ ગ્રંથ દ્વારા પ્રકટ જોવામાં આવે છે અને તેમની સર્વે રુચિ પણ તેથી જાણી શકાય છે. કોઈપણ મનુષ્ય ગ્રંથ વિના તેને જાણી શકતો નથી. ૪૦.**

શ્રીશતાનંદ મુનિએ શ્રીહરિની આ આજ્ઞાને માથે ચઢાવી. પછી તેમણે હૃદયમાં અતિ સ્નેહભાવ લાવીને ગઢપુરમાં જ શ્રીગોપીનાથજીના મંદિરમાં (સત્સંગિજીવન) ગ્રંથ લખવાનો આરંભ કર્યો. જ્યારે શતાનંદસ્વામીએ ગ્રંથ કરવાનો આરંભ કર્યો ત્યારે વ્યાસમુનિ, શુકદેવજી, નારદજી વગેરે ત્યાં આવીને રહ્યા હતા. ૪૧-૪૨. તથા ચાર સનકાદિકો, નવ યોગેશ્વરો, વસિષ્ઠ, વાલ્મીકિ ઋષિ, મુખ્ય અઢાર સ્મૃતિ-ધર્મશાસ્ત્રના લેખક મુનિઓ, પૈલ, જૈમિનિ, વૈશંપાયન તથા સુમંતુ; આ ચાર ઋષિઓ વ્યાસ ભગવાનના

શિષ્ય અને ચાર વેદના આચાર્ય હતા, આ બધા ઋષિમુનિઓ દુર્વાસાના શાપથી અવતરીને જ્યાં હતા ત્યાંથી શ્રીગોપીનાથજી મહારાજના મંદિરમાં આવીને રહ્યા. ૪૩-૪૪.

*ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના પ્રથમ પૂરમાં 'ગઢપુર શ્રીગોપીનાથજીના મંદિરમાં શતાનંદમુનિએ સત્સંગિજીવન ગ્રંથ કરવાનો આદર કર્યો' એ નામે ત્રીજો તરંગ સમાપ્ત ॥૩॥*

## પૂર પહેલું : તરંગ - ૪

### ગ્રંથ શ્રવણ મહિમા તથા મુક્તમુનિ અને દાદાખાચરનો સંવાદ

દાદાખાચરે સદ્. શ્રીમુક્તાનંદ સ્વામીને પ્રશ્ન પૂછ્યો કે, 'તે સત્સંગિ-જીવન ગ્રંથમાં જે મુખ્ય મુખ્ય વાત કહી હોય તે વાત આપ હવે મને સ્પષ્ટ રીતે કહો. ' ૧. ત્યારે શ્રીમુક્તાનંદ સ્વામીએ ઉદાર સ્વભાવના ઉત્તમરાજાને કહ્યું કે, 'હે નૃપ ! તમે સાંભળો. તે ગ્રંથમાં મુખ્ય વાત યથાર્થ ધર્મની અને શ્રીહરિના ચરિત્રોની જ છે. ૨. શ્રીહરિએ સ્વયં પ્રસન્ન થઈને પોતાના આશ્રિતોને કહ્યું છે કે, ત્રણે પ્રકારના તાપને મટાડનારી સત્સંગિજીવનની આ કથા અતિ સુખકારી છે. ૩. શ્રીશતાનંદ સ્વામી નિરાવરણ દૃષ્ટિવાળા, ઉદાર અને ત્રિકાળ જ્ઞાની છે, તેમના દ્વારા શ્રીહરિએ પોતાની બધી વાત કહેવડાવી છે. ૪.

અક્ષરધામથી આરંભીને બધી વાત તમને મેં પ્રગટ પ્રમાણ સ્પષ્ટ કરીને કહી દીધી છે. અને શ્રીહરિના જે સુખકારી ચરિત્ર છે તેને બંને આચાર્ય પ્રસિદ્ધ કરશે. . ૫. અયોધ્યાપ્રસાદજી અને રઘુવીરજી બંને શ્રીહરિના દત્તક પુત્ર સુખના ધામરૂપ છે. તેમજ રામપ્રતાપજી અને ઈચ્છારામજી બંને નિષ્કામ ભાવવાળા શ્રીહરિના બંધુઓ છે. ૬. તે બંને ભાઈઓએ પોતાના એકેક પુત્ર શ્રીહરિને અર્પણ કરી દીધા. બીજું જે ધર્મકુળ છે તે બધું કાયમ શ્રીહરિની સમીપે રહ્યું છે. ૭. શ્રીહરિએ તેમને ઘણું માન આપ્યું અને શ્રેષ્ઠ બ્રાહ્મણ ગણીને પૂજનીય કર્યા. પોતાનો જે પ્રતાપ આ ભૂમિ ઉપર તેઓ લાવ્યા હતા

તે બધો ધર્મકુળમાં સ્થાપ્યો. ૮. આ જગતમાં ધર્મકુળ કહેતા સ્વામિનારાયણ ભગવાનના આશ્રિત સિવાય બીજે ક્યાંય આવો પ્રતાપ રહ્યો નથી. આપણા સત્સંગમાં ધ્યાન, ધારણા અને સમાધિ અપાર બળવાન થયા છે. ૯. **આજે સત્સંગના પ્રતાપથી તો કેટલાય સંતો મરેલાને પણ જીવતાં કરે છે. એવો સત્સંગનો કેટલોય પ્રતાપ છે. તે બધો પ્રતાપ જેમાં ધર્મકુળ કહેતા ધર્મ, જ્ઞાનાદિક સદ્‌ગુણો હોય તેમાં સ્થાપિત કર્યો છે. ૧૦.**

**धर्मकुल में रहे धर्म की रीता, सो धर्मवंशी जानहु पुनीता;**
**अधर्माचरन करही कोई, धर्मवंशी न जानना सोई...११**
**प्रगट हरि के निश्चय जाकुं, धर्मवंशी दृढ जानना ताकुं;**
**एसे कहे सहजानंद स्वामी, हरिजन संत प्रति अंतरजामी...१२**

ધર્મકુળમાં જન્મેલા જે ધર્મની રીતે રહે અર્થાત્ ધર્મ, જ્ઞાન, વૈરાગ્યાદિક સદ્‌ગુણોથી યુક્ત રહે તેને જ પવિત્ર ધર્મવંશી જાણવા, પણ જો કોઈ અધર્મનું આચરણ કરે તો તેને ધર્મવંશી કહેતા અમારો આશ્રિત જાણવો નહીં. ૧૧. પ્રકટ શ્રીહરિનો સ્વરૂપ નિશ્ચય જેને સુદૃઢ હોય તેને જ પાકો ધર્મવંશી જાણવો. આ પ્રમાણે અંતર્યામી શ્રીહરિએ પોતાના આશ્રિત સંતોને તથા હરિભક્તોને કહ્યું. ૧૨. જીવનો મોક્ષ કરવા માટે તો શ્રીહરિના અનંત ચરિત્ર છે તેને જે અંતરમાં ધારે છે તે પરમ પવિત્ર સંત બને છે. ૧૩. ભોજન અનંત પ્રકારના તૈયાર હોવા છતાં જમ્યા સિવાય ભૂખ ભાંગતી નથી. ભોજન બાબતની વાતો ભલે કર્યા કરે, પણ વાતોથી તૃપ્તિ થતી નથી. તેમ ભગવાનના ચરિત્રોને અંતરમાં ધાર્યા સિવાય માત્ર વાતો કરવાથી ક્યારેય શાંતિ થાતી નથી. ૧૪. લોકમાં પણ એવી રીત છે કે, ‘અભ્યાસ વિના આગળ વધાય નહીં, તેમ ભગવાનનો ભક્ત ભગવાનની વાતનો અભ્યાસ કરે તો આગળ વધે, પણ અભ્યાસ વિના વધે નહીં. ૧૫.

સૂર્યોદય વિના ક્યારેય રાતનું અંધારું ટળે નહીં તેમ પ્રગટ પ્રભુના જ્ઞાન વિના ક્યારેય અજ્ઞાનરૂપી અંધારું ટળે નહીં. અને તે વિના મનુષ્ય ક્યારેય આગળ વધી શકતો નથી. ૧૬. તત્પર થઈને જેટલો વિદ્યાભ્યાસ કરે અને અંતરમાં ધારે-વિચારે તેટલી વિદ્યા તેને સિદ્ધ થાય છે. અભ્યાસ વિના ક્યારેય

જ્ઞાન પમાતું નથી. ૧૭. શ્રીહરિના ચરિત્ર એવા છે કે તેનો અભ્યાસ કરવાથી ભક્તજન જ્ઞાની થઈ જાય છે. માટે વ્યાવહારિક વાતોનો દૂરથી ત્યાગ કરીને શ્રીહરિના ચરિત્રો જ અંતરમાં ધરવા-સંભારવા. ૧૮. શ્રીહરિના ચરિત્રોને અમૃતના સમાન જાણીને મનુષ્યે રાત દિવસ તેનું પાન કરવું જોઈએ. તેનાથી ભક્તમાં અતિશય મોટપ આવે છે અને તેથી જ ભક્તનો જન્મ-મરણરૂપી સંસાર નાશ પામે છે. ૧૯.

**સંતોની અને હરિભક્તોની એવી રીત છે કે, 'શ્રીહરિના ચરિત્રોમાં પ્રેમ કરવો. અને તે સિવાયના બીજા પ્રેમનો ત્યાગ કરી દેવો. ભગવાન સિવાય બીજા કોઈમાં ક્યાંય હેત રાખવું નહીં. ૨૦. રાજપાટનું સુખ અપાર હોય પણ તે બધાને દુઃખભર્યું જાણે તે જ સાચો એકાંતિક ભક્ત કહેવાય છે. અને તે જ શ્રીહરિના પરમપદને કહેતા અક્ષરધામને પામે છે. ૨૧.**

**सबसे अधिक हरिकुं जाने, तेहि सम नहिं कोउ प्रमाने;**
**सूर्य आगे ज्युं पतंग जैसा, ब्रह्मांड के सुख देखे तैसा...२२**
**दृढमति एसी भई जाकी, तुलता कोउ न कहाये वाकी;**
**एसे संत हरिजन ताके, निरंतर संग करना वाके...२३**

આવા ભક્ત સહુથી અધિક શ્રીહરિને જ માને છે, તેમના સમાન બીજા કોઈને ગણતા નથી. જેમ સૂર્યની આગળ પતંગિયું હોય તેમ આખા બ્રહ્માંડનું સુખ પણ ભગવાનના સુખની આગળ તેવું તુચ્છ દેખે છે. ૨૨. જેની આવી દૃઢ સમજણ થઈ ગઈ હોય તેવા ભક્તની તોલે કોઈ આવે નહીં. આવા જે સંત તથા હરિભક્ત હોય તેનો નિરંતર સમાગમ રાખવો જોઈએ. ૨૩. અને જો આવી વાતની હૃદયમાં દૃઢતા કરે તો વધતા વધતા સત્સંગમાં તે ઘણો આગળ વધી જાય છે. એને જે એવી વાતને અંતરમાં દૃઢતાપૂર્વક ઠેરાવે છે તેની તુલનામાં કોઈ આવી શકે નહીં. ૨૪. હરિના સિવાયની બીજી અનંત પ્રકારની વાતોને જે રાત દિવસ હૃદયમાં ભર્યા કરે છે તે તો જીવનનો બધો જ કાળ વ્યર્થ ખોવે છે, એવા જીવોને તો મલિન જાણવા. ૨૫.

**दोहा : शुद्ध जीव हि होवत तब, जब सुनत हरिचरित्र;**
**तेहि जानी के कहतहुं महा परम पवित्र...२६**

જીવ જ્યારે શ્રીહરિના ચરિત્રને સાંભળે છે ત્યારે જ શુદ્ધ થાય છે. અને આવું જાણીને જ હું મહાપરમ પવિત્ર શ્રીહરિના ચરિત્ર તમને કહું છું. ૨૬. જે પોતાના મનને એકાગ્ર કરીને આદરથી હરિચરિત્ર સાંભળે છે તે ભક્ત જ ભગવાનની આગળ ઉત્તમ અને સર્વોપરી હરિભક્ત ગણાય છે. ૨૭. જેના હૃદયમાં હરિ વિનાનો બીજો ઘાટ જ ન થતો હોય તે સર્વોપરી હરિભક્ત છે. તેનું ક્યારેય અનિષ્ટ થતું નથી. તે તો ભગવાનના ધામમાં જ બેઠો છે. ૨૮.

### ❋ હરિચરિત્રની મહત્તા તથા દુર્લભતા :

ઓગણ પચાસ વરસ થયા ત્યાં સુધી શ્રીહરિએ અહીંયા ચરિત્ર કર્યાં છે. અને તે શ્રીહરિના અનંત અને અપાર ચરિત્રોનો કહેતા-કહેતા પાર આવે તેમ નથી. ૨૯. અક્ષરધામથી લઈને પાતાળ સુધી મેં જોયું છે. બધે જ શ્રીહરિના ચરિત્ર છવાઈ ગયા છે. સ્વર્ગાદિક સર્વે લોકમાં અને બદરીકાશ્રમ આદિક સર્વે ધામોમાં જઈને પણ મેં જોયું છે, બધા મુક્તો ત્યાં શ્રીહરિના ચરિત્રોને પરસ્પર કહે છે. ૩૦. શિવ અને બ્રહ્મા પણ પોતાની સભામાં આ હરિચરિત્રને કહેતા રહે છે. હે દાદા ખાચર ! મેં જે શ્રીહરિના ચરિત્રો દેખ્યા છે તે તમને કહું છું, તમે સાંભળો. ૩૧. જે શ્રીહરિ અક્ષરધામના નિવાસી કહેવાય છે તે જ શ્રીહરિ નરનારાયણની ઇચ્છાએ કરીને અર્થાત્ તેમને નિમિત્ત કરીને મનુષ્યરૂપ ધરીને અહીંયા આવ્યા હતા. ૩૨. રાજાધિરાજ મહારાજ ભગવાન શ્રીહરિ ભૂમિનો ભાર ઉતારવાને માટે પ્રકટ થયા છે. તેનું મૂળ કારણ તો ઉદાર એવા સાધુ પુરુષોના અનંત અને અપાર ગુણ છે. ૩૩. શ્રીહરિના સમાન બીજો કોઈ અવતાર આ ભૂમિ ઉપર થયો નથી. એવા શ્રીહરિ આ વારે જગતમાં પ્રગટ થયા છે. બીજા બધા મતપંથીઓ તો તેમના વર્તનની આગળ ઝાંખા પડી ગયા અને દૂર ભાગ્યા. ૩૪.

તેમણે અસુરોનો સહજમાં વિનાશ કર્યો. તેમનું વર્તન દેખીને જ અસુરો ત્રાસી ગયા. તેજસ્વી સૂર્યનો ઉદય થતાં પળવારમાં જ અનંત અંધકારનો નાશ થઈ જાય છે, તેમ સમર્થ શ્રીહરિ પ્રગટ થતા જ અસુરો નાશ પામી ગયા. ૩૫. અધર્મરૂપી રાતના અંધારાનો નાશ કરનારા ધર્મપુત્ર શ્રીહરિ ધર્મની રક્ષા

કરવા માટે પ્રકટ થયા હતા. ૩૬. અધર્મના મૂળને તેમણે જોયા અને તુરંત તેને કાપી નાખ્યા. અને ભૂમિને મહાઆનંદિત કરી. તેથી તેના હૃદયમાં હર્ષ થયો. ૩૭. **શ્રીહરિના ચરિત્ર જ રસથી ભરપૂર છે તેના જેવો બીજા કોઈમાં ક્યાંય રસ નથી. આ બાબતને તો સમર્થ શ્રીહરિના પ્રગટ ઉપાસી વિશાળબુદ્ધિના ભક્તો જ જાણી શકે છે. ૩૮. શ્રીહરિના ચરિત્રને પરમ રસપૂર્ણ અને ચિંતામણિના સમાન સમજીને જે લોકો તેનું પાન કરે છે તેને ખૂબ જ ધન્ય છે, ધન્ય છે, ધન્ય છે. ૩૯. શ્રીહરિના ચરિત્ર અલૌકિક કહેવાય છે. તેને પ્રેમીભક્તો એક પળવાર પણ ભૂલતા નથી. ચાલતાં, બેસતાં, સૂતાં, ખાતાં અને પીતાં, જ્યારે દેખો ત્યારે તેને સંભારતાં જ હોય છે. ૪૦.** અને જેમ કોઈ ઘણું મેલું કપડું શુદ્ધ જળમાં ધોવાથી તત્કાળ શુદ્ધ થઈ જાય છે તેમ શ્રીહરિચરિત્રને સંભારવાથી મનમાં પૂર્વનો જે મેલ ભર્યો હોય છે તેને ટળતા વાર લાગતી નથી. ૪૧.

**अल्प पुन्ये नहिं होवत कबहु, यह कथाको जोग हि सबहु;**
**जोग मिले महाभाग्य हि जोऊ, भव भटकन तिनकुं नहिं होऊ...४२**
**ईकोतेर कुल करहि उद्धारा, कथा जो सुनहिं कर यह प्यारा;**
**अवश्य करन एहि हें काजा, सुन लेहु उत्तम तुमहि राजा...४३**

એક વાત સમજી રાખવી જોઈએ કે, થોડે પુણ્યે સર્વને શ્રીહરિની આ કથાનો ક્યારેય જોગ થતો નથી. અને જેને આ કથાનો જોગ થાય તો તેને પોતાનું મહાભાગ્ય માનવું. કેમ જે, તેને સંસારમાં ભટકવું પડતું નથી. ૪૨. જે આ શ્રીહરિચરિત્રની કથાને પ્રેમથી સાંભળે છે તે પોતાની એકોતેર પેઢીનો ઉદ્ધાર કરે છે. હે ઉત્તમરાજા, તમે એક વાત સાંભળી લો કે, કરવા જેવું અવશ્ય કાર્ય તો આ કથાશ્રવણ જ છે. ૪૩. હે નૃપ ! તમારી શુભ બુદ્ધિને ધન્યવાદ ઘટે છે. કારણ કે તમે ચિત્તને હરિચરિત્ર સાંભળવામાં જોડી દીધું છે. આ શ્રીહરિચરિત્ર સાંભળતાની સાથે જ અનેક પ્રકારના તાપ-સંતાપ તત્કાળ જ ટળી જાય છે. ૪૪.

**भव संकट हि रोग अपारा, तेहि मेटनके एहि उपचारा;**
**एहि सम उषध कोउ न कहावे, श्रवन करत दुख दूरहि नसावे...४५**

માનવ જીવનમાં ભવભટકણનું સંકટ એક અપાર રોગ છે. તે રોગ ટાળવાનો ઉપચાર શ્રીહરિચરિત્ર શ્રવણ જ છે. આ કથાશ્રવણ જેવું કોઈ ઔષધ કહેવાય નહીં. શ્રીહરિચરિત્રનું શ્રવણ જ દુઃખોને દૂર ભગાડે છે. ૪૫. **શ્રીહરિચરિત્ર સુખનો ખજાનો છે. તેને ક્યારેય દૂર છોડવો નહીં. તે સિવાય બીજુ બધું ખોટું છે, માટે તેને હૃદયમાં ધારવું નહીં.** ૪૬. સહુ ભક્તજનો સાંભળજો. હવે હું અનુપમ શ્રીહરિની કથા કહું છું. શ્રીહરિજી મહારાજ જ સંસારના કૂવામાં પડેલાને તારનારા છે. ૪૭. શ્રીહરિ પ્રકટ થયા અને જે જે દેશ કે ગામમાં પધાર્યા હોય તે બધી કથા હું કહું છું કે જે હરિભક્તોને માટે સદા સુખ દેનારી છે. ૪૮. જે કૂળમાં પ્રકટ થયા અને જે કાર્યોને હૃદયમાં ધારીને ભૂમિ પર આવીને જે જે કાર્યો કર્યા; તે હું વિસ્તારીને કહું છું. સર્વ શક્તિમાન શ્રીહરિ અધર્મને ઉખાડવા, ધર્મનું સ્થાપન કરવા, અસુરોને મારવા અને ભક્તોને તારવા કરુણા કરીને પ્રકટ થયા. ૪૯.

***ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના પ્રથમ પૂરમાં 'શ્રીમુક્તાનંદ સ્વામીએ ઉત્તમરાજાને ગ્રંથ શ્રવણનો મહિમા કહ્યો' એ નામે ચોથો તરંગ સમાપ્ત ॥૪॥***

## પૂર પહેલું : તરંગ - ૫

## મુક્તમુનિએ હરિચરિત્ર કહેવાનો પ્રારંભ કર્યો

ઉત્તમરાજાએ હાથ જોડીને હરખભર પૂછ્યું, હે મુક્તાનંદ મુનિ ! શ્રીહરિએ હરિભક્તોને ઘેર ઘેર જઈને તેમને જે રીતે સુખ આપ્યું હોય. ૧ અને તેમણે જ્યાં જ્યાં જે જે લીલા કરી તે સર્વે વાત મને કહો. તથા શ્રીહરિએ કેવી રીતે સત્સંગમાં વિચરણ કર્યું ? હે મુનિવર ! હું તે બધી વાત સાંભળવા ચાહું છું. ૨. મુક્તાનંદ સ્વામી ઉત્તમરાજાનો પ્રશ્ન સાંભળીને રાજી થયા. અને પછી અપાર લોકોના ઉદ્ધારરૂપી ઉપકાર કરવા માટે તેમને કહેવા લાગ્યા. ૩ ભગવાન જ્યારે પ્રકટ થાય છે ત્યારે તેમને કોઈક મનુષ્ય જ ઓળખે છે. તેથી શ્રીહરિએ એવો વિચાર કર્યો કે જેથી ઘણા લોકો પોતાના પરમાત્મ સ્વરૂપને

ઓળખે. ૪ શ્રીહરિએ આ વખતે પ્રકટ થઈને પોતાના ભક્તજનોને અપાર સુખ આપ્યું છે. તેમણે જ્યાં જ્યાં જઈને જે જે લીલા કરી છે તે બધા સ્થળને હું નિપુણતાથી સરસ રીતે કહું છું. ૫ તેમણે જે રીતે વિચરણ કર્યું હતું તેને જોઈ વિચારીને તે રીતે જ હવે વર્ણવું છું. શ્રીહરિએ પોતાના ભક્તોને જેમ વર્તાવ્યા છે તેને હું તેવી રીતે વર્ણવીને સંભળાવું છું. ૬ અને સમગ્ર સંતોને પણ જે રીતે વર્તાવ્યા હતા તે પણ બધું હું પ્રેમથી તમને કહું છું. શ્રીહરિએ પ્રકટ થઈ જે જે લોકોનો ઉદ્ધાર કર્યો છે તે વાત પણ હું તમને કહું છું. ૭. મહાન શક્તિશાળી શ્રીહરિએ આ વખતે હરિભક્તોને અપાર સુખ આપ્યું છે અને ત્યાગી કે ગૃહી જે કોઈ પણ આ વખતે શરણે આવ્યા તે બધા ભક્તોને અનંત પ્રતાપ દેખાડ્યો છે. ૮.

**अवतार सबके सामृथ जेता, अब आपमें देखाये तेता;**
**आपे हरि महा साधु होई, बहु प्रताप जनाये सोई...०९**
**हरिजन जो महिमा सो जाने, ओर जन तेहि निज सम माने;**
**आगे नजर कर देखो जोई, हरिजन सम नहिं चिने कोई...१०**

બીજા સર્વે અવતારોમાં જે જે સામર્થ્ય હતું તે બધું જ શ્રીહરિએ અત્યારે પોતાના સ્વરૂપમાં દેખાડ્યું છે. સ્વયં એક મહાન સંતના રૂપમાં પધાર્યા હતા છતાં તેમણે ઘણો જ પ્રતાપ જણાવ્યો છે. ૯. જે ભક્ત હોય તે જ શ્રીહરિના મહિમાને સમજે છે, બીજા લોકો તો ભગવાન શ્રીહરિને પણ પોતાના જેવા સાધારણ જ માને છે. ભૂતકાળમાં પણ નજર કરી જુઓ. તે સમયે પણ ભક્તોએ જેવા ભગવાનને ઓળખ્યા હતા તેવા બીજા કોઈએ ઓળખ્યા ન હતા. ૧૦. જે ભક્ત હોય છે તે જ પ્રગટ ભગવાનને ઓળખી શકે છે, તે સિવાયના બીજા તો જોઈ પણ શકતા નથી. વેદોને અને પુરાણોને ભણવાથી, પંડિત થવાથી કે ચતુરાઈ વાપરવાથી આ એક પણ રીતે શ્રીહરિ ઓળખાતા નથી. ૧૧. ભગવાન શ્રીહરિની આવી અલૌકિક એવી રીત છે. તેથી જે ભક્ત ન હોય તે નજરે દેખે, તોપણ તેને તેમાં વિશ્વાસ આવે નહીં. સ્વામિનારાયણ ભગવાને આ વખતે અપાર સામર્થ્ય દેખાડ્યું છે. અને હરિભક્તોને આત્યંતિક મોક્ષની રીત જણાવી છે. ૧૨

**प्रगट हरि बिन मोक्ष न ओरा, चार धाम की बीच कोउ ठोरा;**
**कलि के मध्य सत्जुग कीने, ऐसे प्रताप देखाई दीने...१३**

પ્રગટ શ્રીહરિથી જ મોક્ષ થાય છે. તે સિવાય ચાર ધામને મધ્યે બીજા કોઈ સ્થળે સરલ મોક્ષની રીત નથી. શ્રીહરિએ એવો પ્રતાપ દેખાડ્યો છે કે કળિકાળમાં પણ સત્યયુગ પ્રવર્તાવ્યો છે. ૧૩. અધર્મ વંશના કામ, ક્રોધાદિક દોષો તો અનંત અને અપાર છે, પણ આ વખતે શ્રીહરિએ તે સર્વેનો નાશ કર્યો છે. એવા શ્રીહરિના ચરિત્રોનો મહિમા ઘણો જ મોટો રહ્યો છે. ૧૪. **ભાગ્યશાળી લોકો જ શ્રીહરિના ચરિત્રોને વારંવાર પ્રેમથી સાંભળે છે. જે સાંભળે છે તેને સદ્‌બુદ્ધિવાળા જાણવા. તે સિવાયના બીજા તો કુબુદ્ધિવાળા અને ગમાર છે. ૧૫. હે રાજા ! જે જે ચરિત્ર મેં મારી નજરે જોયા છે અને કાનથી સાંભળ્યાં છે તે સર્વે હું તમને કહું છું. તમે તત્પર થઈને સાંભળો. ૧૬. મહારાજાધિરાજ શ્રીહરિનો મહિમા અનંત અને અપાર છે. તેને કહેતા પહેલા મારા મનમાં બહુ વિચાર આવે છે. ૧૭.** સાંગોપાંગ ચરિત્ર કહેવામાં મારું મન અત્યંત સંકોચ અનુભવે છે. ચરિત્ર તો અગણિત અને અત્યંત છે. તેને હું મારી બુદ્ધિ પ્રમાણે કહું છું. ૧૮. આકાશમાં રહેલા તારાઓના સમુહનો ગણવાથી કદાચ પાર આવે! તેમજ અનંત આકાશનો કોઈ પાર પામી શકે, પણ શ્રીહરિના ચરિત્ર તો અપાર છે. હરિભક્તોના મનને આનંદ કરનારા અને ભવપાર ઉતારનારા શ્રીહરિના ચરિત્રોને હવે હું મારી બુદ્ધિને અનુસારે કહું છું. ૧૯ ચરિત્રો કહેવા-લખવામાં આગળ પાછળના અનુક્રમનો કાંઈ મેળ રહ્યો નથી. જેમ શ્રીહરિનાં ચરિત્ર યાદ આવ્યા છે તેમ લખ્યા છે. પણ આ બધા ચરિત્રો સુખદાયક છે. હે સંતો-ભક્તો ! આપ તો સદ્‌ગુણોના સાગર છો, માટે ચરિત્ર કહેવામાં કાંઈ ભૂલ થાય તો તે મારા દોષને સહુ માફ કરજો. અને મને આ ગ્રંથ લખવામાં મદદરૂપ થઈને પાર ઉતારી દેજો. ૨૦.

***ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના પ્રથમ પૂરમાં 'મુક્તાનંદમુનિએ શ્રીહરિચરિત્રો કહેવાની શરૂઆત કરી અને શ્રીહરિનો સંકલ્પ અને મહિમાં કહ્યો' એ નામે પાંચમો તરંગ સમાપ્ત ॥૫॥***

## પૂર પહેલું : તરંગ - ૬

## બદરિકાશ્રમનું વર્ણન અને ઋષિ મુનિઓનું ત્યાં આગમન

ઉત્તમરાજાએ મહારસમય શ્રીહરિચરિત્રમાં મનને એકાગ્ર કરીને, બે હાથ જોડી મસ્તક નમાવીને મુક્તાનંદસ્વામીને ફરીને પૂછ્યું કે, ૧. અવિનાશી અક્ષરપતિ પુરુષોત્તમ ઋષિરૂપ શરીર ધારીને નર નારાયણરૂપે ભરતખંડમાં રહ્યા છે. ૨. હે મુક્તાનંદ સ્વામી ! સહુ કહે છે હિમાલય પર્વતમાં બદરિકાશ્રમ છે. ત્યાં અનંત મુનિઓ તત્પર થઈને તપ કરે છે. ૩. તે બદરિકાશ્રમની વાત આપની આગળ શ્રીહરિએ જેમ કહી હોય તેને આપ જ સાક્ષાત્ જાણો છો. તો તે વાત આપ મને કહો. ૪. મુક્તમુનિએ ઉત્તમરાજાનો પ્રશ્ન સાંભળ્યો. પછી તે જ સમયે તત્પર થઈને કહેવા લાગ્યા. શ્રીહરિના ચરણકમળમાં પ્રેમ હોવાથી તે કથાને એકદમ પ્રારંભથી જ કહેવા લાગ્યા. ૫. ઉત્તર દિશામાં એક અનુપમ હિમાલય નામે મહાન્ પર્વત છે. તેમાં મનને લલચાવનારી, ઘરના જેવી દેખાતી સુંદર ગુફાઓ શોભે છે. ૬. તેમાં દીવાના જેવા અનેક અનુપમ મણિ પ્રકાશથી ચમકી રહ્યા છે. ચાંદીના જેવો તે શ્વેત પ્રકાશમાન અને સૂર્યના કિરણોના સમાન હિમાલય ઉજ્જ્વળ જણાઈ રહ્યો છે. ૭. કોઈ જગ્યાએ તે શ્યામ રંગથી શોભતો હોય છે અને તેમાં ઘણાં જ શિખરો દેખાતા હોય છે. ચિત્ર વિચિત્ર રીતે ગૌરવપૂર્ણ ગણાતો તે પર્વત શોભાની ખાણ જેવો હોવાથી મહાન્ આનંદદાયક છે. ૮. તે પર્વતમાં ચારેય તરફ નદીના જેવા ઝરણાં વહેતા હોય છે અને વળી ત્યાં મોટા નદ ઉલ્લાસથી ધ્વનિ કરતા હોય છે. તેમાં લહેરો, તરંગો અને ભમરીઓવાળું સુંદર સ્વચ્છ પાણી શોભી રહ્યું હોય છે. ૯. તે શ્રેષ્ઠ પર્વત વિવિધ પ્રકારના વૃક્ષોને લીધે અતિ શોભે છે. ત્યાં જે વૃક્ષો સુંદર રીતે ઝૂકી રહ્યા છે તે વૃક્ષોના હવે હું નામ કહું છું. ૧૦.

આંબો, કદંબ, આસોપાલવ, અનાર-દાડમ, તાડ, તમાલ અને પારિજાત, પીપર, પીપળો, પીલુ, ફણસ, સાલ, સરગવો, સુગંધી ગુગળ,૧૧. સરસ, શિમળો, શીશમ, સાગ, પાંડળ, મિંઢોળ, બહેડા, પુનાગ, મહુડો, મરેઠી, બદામ, ભીલી, બોરસડી, ચમકતા બીજોરાદિક અપાર વૃક્ષો ખીલી રહ્યા છે. ૧૨. તથા ગરમાળો, ગુંદો, હરડે, સીતાફળી અને રામફળી સુંદર

હોય છે, સોપારી, ખાખરો, સરસ જામફલી, શાલમલી, ખીજડો. ૧૩. અમરવૃક્ષ, તમર, વિશાળ વડના ઝાડ, ઉંબરો, રસદાર આંબલી, કોઠી, રાયણ, જાંબુડો, લીમડો, કરેણ તે બધા આનંદથી ઝૂકી રહ્યા હોય છે. ૧૪. ખજુર, ખારેક ત્યાં ખીલેલા હોય છે, શ્રીફળ અને ચારોળી ઘાટી ભરી હોય છે. અંજીર, અનાનસ ઘણી જાતના થાય છે, જાત જાતના ફળ ઝાડ અને ફૂલ વેલો ઝૂકી રહ્યા હોય છે. ૧૫. કરમદા, કેરડા, કેતકી અને કેસરી કરેણ વગેરે તે પર્વતને અતિ શોભાવે છે. કેવડો તો બારે માસ મહેકી રહ્યો હોય છે. તે સિવાય જાત જાતના અનેક વૃક્ષો હોય છે. ૧૬. જરણી અરણી અને અનુપમ ચંપો પણ હોય છે. શ્રીખંડ-ચંદન અને બીજા બહુ જાતના દાડમ પણ હોય છે. લીંબુડી અને અનેક જામફળીઓ હોય છે, ધંતુર અને અરડૂસી શોભતા હોય છે. ૧૭. ઝૂલી રહેલી કેળ, વિકળો અને તુલસી આદિના વન તાજા ને તાજા દેખાય છે. તે એટલા બધા છે કે તેનું યથાર્થ ગણતરી થઈ શકે તેમ નથી, છતાં બુદ્ધિ પ્રમાણે વર્ણવ્યા છે. ૧૮.

તે સિવાય દ્રાક્ષ, શેરડી, જાયફળ, લવિંગની વેલો અને નાગરવેલો, અદ્‌ભુત એલાયચી અને ફૂલઝાડ પણ ચારે બાજુ ફેલાયેલા હોય છે. ૧૯. ડોલરના ફૂલ, ગુલાબ, ગુલદાવદી, સુગંધી સેવતી, જાઈ, જૂહી, જૂથિકા, માધવી, મલ્લિકા ઇત્યાદિ સુગંધી ફૂલ જેમાં મહેકી રહ્યા છે. ૨૦. નિર્મળી, માલતી, મોગરાની અનેક જાતિઓ, જલકુંભી તથા શ્વેત, પીળી અને લાલ આવી અનેક પ્રકારની ગુલદાવદીના ફૂલ પણ ત્યાં થાય છે. ૨૧. ચમેલીની જાત પણ ઘણી હોય છે. એટલા બધા ફૂલ ખીલેલા હોય છે કે તેનો ગણવાથી પાર આવે નહીં. તે ફૂલોથી ગિરિરાજ હિમાલય અતિ શોભી રહ્યો છે. ૨૨.

હિમાલય પર્વતમાં રસભર્યા કંદ અને મૂળ પણ ઘણા જ કોમળ અને સુગંધથી મહેકી રહ્યા હોય છે. ત્યાંના મુનિવરોમાં જેને જે રુચે તે જમે છે, જેનો સ્વાદ વર્ણવી શકાતો નથી. સમય સમય પ્રમાણે અતિ રસભર્યા બધી જ પ્રકારના ફળો પુષ્કળ પ્રમાણમાં ત્યાં મળી રહે છે. જેની જેવી રુચિ અને જેવી અનુકૂળતા હોય તે પ્રમાણે મુનિવરો તે ફળોને ખાય છે. ૨૩. ત્યાં અનેક પ્રકારના પશુઓ વિચરતા રહે છે. જેમ કે-શરભ, સિંહ, સસલા, સેમર,

લાલમુખવાળા વાનર, હરણ, ચિત્તા, હાથી, જંગલી ભૂંડ, પાડા, સુરભિ ગાય, ગેંડા વગેરે પશુઓ પોતાની જાતિના શબ્દ કરતાં ત્યાં ઘૂમતા હોય છે. રોઝ, કેસરી સિંહ, કાળા મુખવાળા વાનર, જરખ, ઘણાં વરૂ, શેઢાડી, શિયાળ, નોળિયા, અજગર તથા અનેક જાતના સર્પો હિમાલયમાં રહેતા હોય છે. ૨૪. તે બધા જ પ્રાણીઓ ત્યાં ભેળા વિચરે છે. પરસ્પર જન્મજાત સહજ વૈર ત્યાં કોઈમાં દેખાતું નથી. આવો તે પર્વત શુદ્ધ છે. માટે તેની તુલના કોઈ પર્વત સાથે કરી શકાય નહીં. ૨૫.

ત્યાં અનેક જાતના સારસ, હંસ, મેના, કોયલ, મોર, ચકોર, ચાતક, ચકલા, નાનીચકલી અને નીલકંઠ આ બધાં પોતાની ભાષામાં નિપુણતાથી શ્રીહરિનું નામ ઉચ્ચારતા હોય છે. ૨૬. બતક, કુકડા, મોટી ચિડિયા, બાજ, અનલપક્ષી, ગીધ, અનેક સમળીઓ, લેલા, હોલા, કાગડા, સુઘરી, કુલંગ (કુકડાની એક જાત), કુંજડા, કાબર, તેતર, બર્હી (મોરની જાતિ), ભમરાઓ અને અનંત તમરાઓ, આ બધા નાના મોટા પંખીઓ અમૃત જેવી મધુર વાણી બોલતા હોય છે. તે અનંત પંખીઓ ઝાડ ઉપર બેસીને સહુને ગમી જાય તેવો ઘણો જ કિલ્લોલ કરતા હોય છે. ૨૭-૨૮.

**मुनि मिल ज्युं हरि गुन गावे, सबहि पंछी जो तिस विध सोहावे;**
**मधुर शब्द वन रहेउ छाई, अतुलित शोभा कहे न जाई...२९**

ઋષિ મુનિઓ ભેળા મળીને જેમ ભગવાનના ગુણ ગાતાં હોય છે તેમ એ બધા પંખીઓ મળીને જે મધુર શબ્દ કરતાં હોય છે તે આખા વનમાં છવાઈ જાય છે. તેની અનુપમ શોભા કહી શકાતી નથી. ૨૯. મંદ, શીતળ અને સુગંધી પવન વાતો હોય છે. તે શરીરનો સ્પર્શ કરે છે તેથી શરીરની બધી પીડા શાંત થઈ જાય છે. વનની બધી છબી મુખથી વર્ણવી શકાતી નથી. પણ તેને જોતા જ મનુષ્યોને આનંદ ઉપજાવે છે. ૩૦. પંખી વૃક્ષો ઉપર બેઠા હોય છે, તે ઘેરા અને મીઠા સ્વરે જાત-જાતના શબ્દ કરતા હોય છે. જેમ કોઈ નર્તક નૃત્યના ભેદ પાડીને નૃત્ય સાથે લય અને તાનને અનુસરીને સુંદર ગાન કરતો હોય તેમ વૃક્ષ ઉપર બેઠેલા પક્ષીઓ પણ પરસ્પર મળીને લય-તાન સાથે માનો હરિગુણ ગાન કરતા હોય તેમ જણાય છે. પક્ષીઓનો આ

મધુર કલરવ પવન સાથે મળતા એવું લાગે છે કે, તે બીજાઓને પણ આ રીતે બોલવા પ્રેરણા કરતા હોય. ૩૧-૩૨.

હિમાલય જે કોઈ ઋષિ ત્યાં આવે તેને સુંદર પાકાં ફળ, કંદ, મૂળ અને ફૂલ અમૂલ્યરૂપમાં આપે છે. વૃક્ષો અને વેલીઓ પક્ષીઓને પણ બોલાવીને ફળ વગેરે આપતા હોય તેમ જણાય છે. આ રીતે બધાં હિમાલયના વન શોભતા હોય છે. ૩૩. કોયલ એવો અનુપમ શબ્દ કરતી હોય છે કે માનો તે છાની રીતે ઋષિઓને કહેતી હોય કે, અમારા ધન્ય ભાગ્ય છે કે આપ અહીંયા પધાર્યા. આપને લઈને અમે પણ મનમાન્યા ફળફૂલ પામ્યા છીએ. ૩૪. તે વિશાળ હિમાલયમાં સુખકારી અનેક નદીઓ વહી રહી છે. તેના ખળખળ વહેતા પાણીની ગર્જના સંભળાતી હોય છે. તેમાં રહેલા વિવિધ પ્રકારના કમળોની શોભાનું તો વર્ણન જ થઈ શકતું નથી. ૩૫. હિમાલયમાં રત્નો અને મણિઓની અનેક ખાણો હોય છે. તે રત્નો સૂર્યની જેમ ઝગમગ જ્યોતિ કરી રહ્યા હોય છે. બ્રહ્મા, શંકર અને બુદ્ધિમાન અનંત દેવતાઓ બદરિકાશ્રમને સેવી રહ્યા છે. ૩૬. હિમાલયની અધિક શોભા બધા જ પર્વતોમાં સહુથી અધિક વિરાજી રહી છે.

ગંગાજી બ્રહ્માના લોકમાંથી નીકળ્યા અને તેના સાત પ્રવાહ થયા. ૩૭. તે હિમાલય પર્વત ઉપર સપ્તધારામાં આવીને ઊતર્યા, તેના નામ હું પ્રેમથી કહું છું. 'વસ્વૌકસારા, નલિની, પાવની, સુખધામ સરસ્વતી, જાંબુ, સીતા, અને સિંધુ,' એ સાત ગંગાના પવિત્ર પ્રવાહો (ધારાઓ) છે. એ સાત પવિત્ર નદીઓ સુખકારી ગંગાના સ્વરૂપે જ વહે છે. ૩૮-૩૯. જે કોઈ પણ મનુષ્ય એ ગંગામાં સ્નાન કરે છે તો તત્કાળ જ તે શુદ્ધ થઈ જાય છે અને તેના અનેક મહાપાપોના ઓઘ (સમૂહ) નષ્ટ થઈ જાય છે. ૪૦. હિમાલયના વનની મધ્યમાં એક સુખધામ બદરી (બોરડી)નું ઝાડ છે. તેનું નામ જ એવું છે કે જે હંમેશા મનોવાંછિત સુખને આપે છે. ૪૧. સુખકારી ભગવાન શ્રીનરનારાયણ દેવ તે બદરી વૃક્ષની નીચે વિરાજે છે. પરસ્પર અભિન્ન અને અખંડ એવા તે ભગવાનને સમગ્ર મુનિઓ અને દેવતાઓ વંદન કરે છે. ૪૨. તેમનું સ્વરૂપ તેજના પુંજને મધ્યે ઝગમગ કાંતિથી ચમકતું રહે છે. તેમનું

વર્ણન કરતાં વેદો પણ પાર પામતા નથી. જેની જેવી બુદ્ધિ તેવું તે સ્વરૂપનું વર્ણન કરે છે. ૪૩.

પરમ સુખના મૂળ જેવા અપાર મુનિઓના મંડળો તેમની આગળ બેઠા હતા. અને શ્રીનરનારાયણ ભગવાનના મુખકમળથી સારભૂત કથાઓ સાંભળતા હતા. આવે સમયે ઘણા જ ઋષિઓ તીર્થયાત્રા કરવા નીકળેલા હતા તે શ્રીનરનારાયણ ભગવાનના દર્શન કરવા માટે ભેળા મળીને ત્યાં આવ્યા. ૪૪. જેઓ અત્યંત નિષ્કામભાવવાળા હતા તે બધા મુનિઓ બદરિકાશ્રમમાં આવ્યા હતા. તેના નામ હવે હું સંક્ષેપથી કહું છું. જેમના નામ સાંભળવા માત્રથી જ મનુષ્યના અગણિત પાપોનો નાશ થાય છે. માટે હે નૃપ ! તમે તત્પર થઈને સાંભળો, તેથી મનના બધા મેલ ધોવાઈ જશે. ૪૫.

**दोहा : प्रीत सहित जो श्रवन करे, एहि कथाकुं जोई;**
**अधर्म तेहि उर ना रहे, परम हरिजन होई...४६**

જે કોઈ આ કથાને પ્રેમથી સાંભળે, તો તેના હૃદયમાં અધર્મ ક્યારેય રહેશે નહીં અને તે ભગવાનના પરમ એકાંતિક ભક્ત થશે. ૪૬.

***ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના પ્રથમ પૂરમાં 'શ્રીનરનારાયણના આશ્રમનું વર્ણન કર્યું' એ નામે છઠ્ઠો તરંગ સમાપ્ત ॥૬॥***

## પૂર પહેલું : તરંગ - ૭

## શ્રીનરનારાયણ ભગવાન અને ઋષિ-મુનિઓનું મિલન

ઉત્તમરાજા વિનય સાથે હાથ જોડી મસ્તક નમાવી મુક્તાનંદસ્વામીને સુંદર કથામાં અંતરમાં આનંદ આપે એવા તે બધા ઋષિમુનિઓના નામ પૂછે છે. ૧. નરનારાયણઋષિની પાસે જે મુનિવર્યો આવ્યા હતા, તે બધાના નામ હું આપને પૂછું છું કેમ જે તે કથા અતિ ઉત્તમ છે. માટે મને કહો. ૨. ત્યારે ઉદાર સ્વભાવના મુનિવર મુક્તાનંદ સ્વામી ઉત્તમરાજાને કહેવા લાગ્યા. લોકોનો ઉદ્ધાર કરે તેવો સારરૂપ પ્રશ્ન તમે પૂછ્યો છે. ૩. હે રાજા !

સાક્ષાત્ શ્રીહરિના મુખથી મેં જે નામ સાંભળ્યા છે તે ઋષિમુનિઓના નામ અલગ-અલગ રીતે હવે હું તમને કહું છું. ૪. જેના ચરણ અતિશય પવિત્ર છે એવા ઋષિઓના નામ હું કહું છું. આ અમૃત સમાન કથા ભક્તોને માટે તો જીવનપ્રાણ છે. ૫.

પરમ ઉપકારી મરીચિ ઋષિ મનમાં વિચાર કરીને શ્રીનરનારાયણ પ્રભુના દર્શન કરવા આવ્યા. જન્મથી યોગી એવા શુકદેવજી, અને બ્રહ્મરસના ભોગી ગર્ગ અને ગૌત્તમ ઋષિ પણ આવ્યા. ૬. ધીર સ્વભાવના બગદાલવ, જ્ઞાનગંભીર ગૌરમુખ, અષ્ટાવક્ર, આસ્તિક, શાકટાયન, શૌનક,૭. ઔર્વ, આરુણિ, આસુરિ, ભરદ્વાજ, ઋષિશૃંગ, ભાગુરી, અંગિરા, અગસ્ત, સત્યધર્મી, શુક અને સંવર્ત વગેરે ઋષિઓ ત્યાં આવ્યા. ૮. વત્સ, વોઢુ, વિભાંડક, જરત્કારુ, જૈમિનિ, સૌભરિ, શાકલ્ય, શક્રિ, આર્ષ્ટિષેન, અત્રિ, ૯. મૈત્રેય, માંડવ્ય, જાજલિ, જયંત, નિષ્કામ ભાવનાવાળા જૈગિષવ્ય, બૃહસ્પતિ, વેદશિરા, વિશ્વામિત્ર, વસિષ્ઠ વગેરે ઋષિઓ પણ આવ્યા. ૧૦. કવષ, કૃતુ, કક્ષિવાન, યાજ્ઞવલ્ક્ય, સુજ્ઞ જાબાલ, ઉતથ્ય, ઉપમન્યુ, ઉરવ, પરમકૃપાલ દેવલ, રૌરવ,૧૧. વામદેવ, સુઢ બ્રહ્મચર્ય વ્રત રાખનારા વાલ્મીકિ, પિપેલાદ, પુલહ, પુલસ્ત્ય, કચ, કશ્યપ આદિ સમસ્ત મુનિઓ આવ્યા. ૧૨. કર્દમ, કાત્યાયન, પંચશિખ, વૈશંપાયન, પ્રચેતા, શંકુવર્ણ, લિખિત, શંખ, કણાદ, કરભાજન, કર્કશ, કણ્વ, બભ્રુ, ચ્યવન વગેરે મુનિઓ આવ્યા. ૧૩-૧૪. દયાળુ પરાશર, લોમશ, કુપાળુ હંસિમુનિ, પૈલ, મુનિવર પાણિનિ, ભૃગુઋષિ પણ આવ્યા. ૧૫. ગાલવ, માતંગ, શાંડિલ્ય, શ્વેતકેતુ, શરભંગ, માનનું ખંડન કરનારા મેધાતિથિ, બૃહદગ્નિ, બૃહદશ્વ અને વૈતંડી વગેરે ઋષિઓ ઉમંગથી આવ્યા. ૧૬. સુમંતુ, શરદ્વાન, ઇંદ્રપ્રમદ, ઈધ્મવાન, અથર્વા, એકત, દ્વિત, ત્રિત, માંડુકેય, માઠર, હારીત.

ભાંડા ત્રિયન, ભાર્ગવ, શિંશપાયન, પર્વત, કઠ, તાંડ્ય, કૌંડિન્ય, કવશ, ક્ષારપાણિ, સારા યશસ્વી પર્ણાદ, હરિશ્મશ્રુ, મંકી, અંશુમાન, ભાલુકિ, બુદ્ધિમાન શાર્કર, વૈતહવ્ય, વાત્સ્યાયન, સાવેતસ, સૈન્ધવાયન વગેરે ઋષિ આવ્યા. ૧૭-૧૯. સાવર્ણિ, સાવર્ણ્ય, સંવર્તુ, ભૂરિષેણ, શમીક, સંમતુ,

જમદગ્નિ, જાતુકર્ણ્ય, પ્રણાદ અને દેવરાત, અકૃતવ્રણ, યાસ્ક, વીતહવ્ય, ધ્રુવ, રુચિક, ગૌરશિરા, કૃષ્ણાત્રેય, સ્થૂલશિરા, મૌંજાયન, નાચિકેત, તૈતરિ, દાલ્ભ્ય, ઉત્તંક, કાલવૃક્ષીય વગેરે સુખધામ ઋષિઓ આવ્યા. ૨૦-૨૨. અગ્નિવૈશ્ય, મુદ્ગલ, દધીચિ, ઋશ્યશૃંગ, શ્વેતકેતુ, શમીક નામે ઋષિ આવ્યા, ઇંદ્રપ્રમિતિ, કુશિક, સૌમ્ય, નારદ, સારસ્વત, વત્સ, સુમતિ, વેદશિરા, અવલંબાયન, અરિજિત, ઔર્મિ, આછાદિત, ધારણિક, ધૌમ્ય, ધ્યાનેશ, બુદ્ધ, બૌદ્ધાયન, મૌનેશ, ગાંધર્વક, ગોભિલ, ગોપિત, ગવિષ્ઠિર, ગોશિરા, પૂર્વાતિથ્ય, ધ્રુવ, વાછિલ, વૈતાનસ, દેવ, વૈહિલ વગેરે પવિત્ર ઋષિ મુનિઓ આવ્યા. ૨૩-૨૬. વ્યાઘ્રપાદ, વિષ્ણુદત્ત, દધીચિ, દેવીદાસ, દેવરાત, દેવાતય, લોહિત,૨૭. વૈનતેય, નૈપુણ, હારિકર્ણી, ચાંદ્રાયણ, હરિતકેય, હંસાલ, ઉદ્દાલક, વગેરે મુનિઓ આવ્યા. ૨૮.

આવેલા તે બધા ઋષિઓના મનમાં અત્યંત ઉમંગ હતો. તેમણે સહુ પ્રથમ અલૌકિક મહાન વિશાલા બોરડીને દેખી. ૨૯. બદરિકાશ્રમ તે અક્ષરધામનું જ સુખદ રૂપ છે. તેની છાંયા ઘણી ઘાટી છે અને તે વિવિધ પ્રકારે શોભી રહી હોય છે. ૩૦. ત્યાં બદરીવૃક્ષ ઘાટી છાંયા હોવાથી મંદિરના સમાન શોભતું હતું, તેની નીચે અન્ય ઋષિઓની સાથે નરઋષિ આસન ઉપર વિરાજમાન હતા. અને જ્યાં આસન ઉપર બેસીને શ્રેષ્ઠ ઋષિઓ સુખકારી નારાયણનું નામ રટતા હતા. તે સુંદર સ્થળ સહુ મુનિવરોએ જોયું. ૩૧. તે સિવાય તેમની પાસે નવ યોગેશ્વર ઋષિઓ બેઠા હતા. હે નૃપ ! હું તેના નામ હવે કહું છું, તે તમે ચિત્ત દઈને સાંભળો. ચમસ, કવિ, અંતરિક્ષ, હરિ, પ્રબુદ્ધ, પિપેલાયન, કરભાજન, આવિર્હોત્ર અને દ્રુમિલ, આ બધા મહાપાવનકારી નવ યોગેશ્વર હતા. ૩૨ એ નવે યોગેશ્વર જગતનું હિત કરનારા મુનિવર કહેવાય છે. વળી તેમની સાથે સુખરાશી કલાપગ્રામમાં રહેનારા તનુ આદિ ઋષિઓ પણ હતા. ૩૩. તે સમયે આવા અનેક ઋષિ મુનિઓ હતા તે બધા નરઋષિને ઘેરીને ચારે બાજુ બેઠા હતા. નરઋષિનું સ્વરૂપ સુંદર અને શ્યામ હતું. દર્શન થતાંની સાથે લોકોના મનને ખેંચતું અને ભવસાગરના દુઃખને દૂર કરતું હતું. ૩૪. નરઋષિ ભવ્ય મૃગચર્મ ઉપર બેઠા

હતા. કંઠમાં સુંદર કમળની માળા પહેરી હતી. લલાટ હૃદય અને ભુજાઓ ઉપર અનુપમ ઊર્ધ્વપુંડ્ર કર્યાં હતાં. ૩૫. આવા નરઋષિને જોઈને સહુના નેત્ર આનંદિત થઈ ગયા, વાણી ગદ્‌ગદ્ થઈ ગઈ. બધા મુનિઓને દેખીને નર ભગવાન તરત ઊભા થઈને તેમની સન્મુખ ગયા. ૩૬.

મનમાં પ્રેમમગ્ન બનેલા ઋષિઓ ઉલ્લાસથી દોડીને નરઋષિના ચરણોમાં નમી પડ્યા. નરઋષિએ સહુને સરસ કોમળ આસન આપ્યા. તેના ઉપર બધા મુનિઓ પ્રેમથી બેઠા. ૩૭. દર્શન કર્યા પછી પરસ્પર પૂજા કરી. ઋષિઓના મનમાં મહા આનંદ થયો. ત્યારે નરઋષિ કહે, આપને સહુને ધન્યવાદ છે. આપ સહુ અહીં ભલે પધાર્યા. ૩૮.

**✵ નર પ્રભુએ કહેલ સંત મહિમા :**

**त्रिलोक के सुख सुगम कहावे, दुल्लभ तुमारो मिलनो रहावे;**
**कोटि तीर्थ को फल हे एही, चरन हि परस तुमारे तेही...४०**

આપ સહુ ભગવાનને બહુ પ્યારા છો. બધા મળીને શા વિચારથી અહીં પધાર્યા છો ? હે મુનિવરો ! આપનું મળવું, આપના દર્શન થવા અને ચરણ સ્પર્શ થવો, તે ઘણું દુર્લભ છે. ૩૯. ત્રિલોકીનું સુખ મળવું તે સુગમ છે પણ આપનો સમાગમ થવો દુર્લભ છે. કરોડો તીર્થ કર્યાનું ખરું ફળ એ જ છે કે, આપના ચરણનો સ્પર્શ કરવાનું મળે. ૪૦.

**सो फल सब अब जो हम पाये, हमार आश्रम सुफल कराये;**
**तुम मिले कर्म कोटि जाई, एसी ओर नहिं बात कहाई...४१**
**महिमा कहा कहूँ अधिकाई, बरनन करत न आवत ताई;**
**तुमारो महिमा कोहु न जाने, धन्य भाग्य जो तुमकुं माने...४२**

તે બધું ફળ અત્યારે અમને મળ્યું છે. અમારા આશ્રમને આપે સુફળ કર્યો છે. આપના સમાગમથી તો કરોડો પ્રકારના કર્મથી છૂટી જવાય છે. આપના મિલન જેવી બીજી કોઈ શ્રેષ્ઠ વાત નથી. ૪૧. હું આપનો મહિમા વધારે શું કહું ? તેનું વર્ણન કર્યે પાર આવે તેમ નથી. આપનો મહિમા કોઈ સમજી શકે તેમ નથી. ખરેખર જેઓ આપને માને-પૂજે છે તેના ધન્યભાગ્ય

છે. ૪૨. આપ આવ્યા તે સારું થયું, હમણા જ ભગવાન નારાયણના દર્શન થશે. ત્યારે તે ઋષિઓએ પ્રસન્ન મનથી હસતે મુખે નરઋષિને સુખભરી વાણી કહી. ૪૩. આ બ્રહ્માંડના અધીશ્વર આપને ધન્ય ધન્ય છે. જગતના ઈશ્વરો પણ આપના દર્શન ઈચ્છે છે. હે નર ! નારાયણને અત્યંત પ્રિય એવા આપ સુખકારી છો. ૪૪. આપ મુનીશ્વર રાત દિવસ તત્પર રહીને નારાયણની સેવા કરો છો. તેથી નારાયણમાં અને આપ નરમાં અમે લેશમાત્ર પણ ફેર માનતા નથી. ૪૫.

**આપ એક જ છો છતાં બે રૂપે દેખાઓ છો, તમારા આ ભેદને કોઈ જાણી શકતું નથી.** આપના ચરણોથી અંકિત આ ભૂમિના ભાગ્ય અમાપ છે. ૪૬. અહીંના પશુ, પંખી, વૃક્ષ અને વેલો બધાના ધન્યભાગ્ય છે. અહીંયા રહેનારા ઋષિઓ પણ ધન્યભાગ્ય છે અને દર્શન કરવાને યોગ્ય થયા છે. ૪૭. આ આશ્રમના દર્શન કરીને અમે પણ ભાગ્યવાન થયા છીએ. ઉદાર આશયવાળા ભગવાન નારાયણ અમને નિશ્ચિત દર્શન આપશે. ૪૮. આ પ્રમાણે ભગવાન નર અને ઋષિઓએ પરસ્પર દર્શન અને પ્રશંસા અનેક રીતે કરી. તે સમયે જ ભગવાન શ્રીનારાયણ પોતાની પર્ણકુટિમાંથી બહાર આવ્યા. ૪૯. તેઓ ઉગ્ર તપસ્યા કરતાં હોવાથી તેમનાં સ્વરૂપમાં અપાર કાંતિ હતી. તેની શોભાનું વર્ણન કર્યે પાર આવતો નથી. તેમનું તેજ આશ્રમમાં છાઈ ગયું છે. તેનાથી કરોડો સૂર્ય અને ચંદ્રમા પણ લજ્જિત થઈ જતા હતા. ૫૦. તેમની મૂર્તિ સુંદર શ્યામળી શોભતી હતી. હાથીની સૂંઢના જેવા બંને હાથ ઘૂંટણ સુધી લાંબા હતા. તાજા કમળની પાંખડી જેવી અણિયાળી આંખો ચંચળ માછલીના જેવી પ્યારી લાગતી હતી. ૫૧.

પૂર્ણચંદ્રના જેવું મુખ શોભતું હતું, તે જોઈને ભક્તોના મન લોભાતા હતા. મંદ મંદ હાસ્ય યુક્ત મુખ સોહામણું લાગતું હતું અને દાંતની પંક્તિ પ્રેમ ઉપજાવતી હતી. ૫૨. પાકાં ઘિલોડાના જેવા હોઠ સોહામણા હતા. દીવાની જોત જેવી નાસિકા જણાતી હતી. લાલ ચરણ કમળ જેવા કોમળ હતા. તેમાં રહેલા સોળે ચિહ્ન પ્રેમ ઉપજાવતા હતા. ૫૩. સૂક્ષ્મ અને પીળાશવાળા છટાદાર કેશની જટા મસ્તકે મુકુટના જેવી શોભતી હતી. ઊપડતી અને

વિશાળ છાતી શોભતી હતી અને તેમાં રહેલા શ્રીવત્સના ચિહ્નથી યુક્ત પ્રભુ દયાળુ જણાતા હતા. ૫૪. શંખના જેવો કંઠ અને પીપળાના પાનના જેવું ઉદર (પેટ) શોભતું હતું. ઉદરમાં શુભ ત્રિવળી પડતી હતી અને તેમાં ગોળ ગંભીર નાભિ મનને ખેંચતી હતી. ૫૫. શરીર (ખભા) ઉપર પીળાશ પડતું યજ્ઞોપવીત સુંદર લાગતું હતું અને ભગવાનના ડાબા હાથમાં કમંડળું હતું. જમણા હાથમાં ખાખરાનો દંડ હતો અને શરીર ઉપર શુભ શ્વેત વસ્ત્ર શોભતાં હતાં. ૫૬. શોભાના સાગર અને સુખના આશ્રય ભગવાન શ્રીનારાયણની સાથે સખા ઉદ્ધવજી શોભી રહ્યા હતા. પ્રભુના આવા દર્શન થતાં હતા. ૫૭.

સ્વરૂપ તમાલપત્રના સમાન શ્યામ હોવા છતાં અપાર તેજથી ઘણું જ ઉજ્જ્વળ લાગતું હતું. દીનદયાળુ પ્રભુને જોતાં જ તે સમયે મુનિઓ ખૂબ પ્રસન્ન થયા. ૫૮. પછી સહુ ઋષિઓ પ્રેમથી ચરણોમાં નમી પડ્યા. કંઠ ગદ્‌ગદ્ થઈ ગયો. આંખોમાંથી પ્રેમના આંસુઓ વહેવા લાગ્યા અને વારંવાર પ્રણામ કરવા લાગ્યા. ૫૯. પ્રભુએ સહુને પ્રેમથી બોલાવ્યા, આસન ઉપર બેસાડ્યા. દર્શનથી, સ્પર્શથી અને અમૃત જેવા વચન કહીને સહુના તાપ-સંતાપ દૂર કરી દીધા. ૬૦.

**हरिगीत :**

**मुर्ति मनोहर देख मुनि दृग त्रपत न पावही;**
**बहु दिन के प्यासे लोचन ईत उत न डोलावही;**
**दृग से जनु पिवन लगे जिह्वाय करी जनु चाटही;**
**भुज से जनु भेटहि सब बनी रहे यह घाटही...६१**

મનોહર મૂર્તિને જોઈને મુનિઓની દ્દષ્ટિને તૃપ્તિ જ થતી ન હોતી. ઘણા દિવસના તરસ્યા તેમના નેત્ર આમ તેમ ફરકતા નહીં. તે સમય એવો હતો કે માનો સર્વે ઋષિઓ આંખો દ્વારા પ્રભુની મૂર્તિને પીતા હોય, જીભ દ્વારા ચાટતા હોય, અને બંને બાહુઓથી ભેટી પડ્યા હોય તેમ જણાતું હતું. ૬૧. આશ્રમવાસીઓએ ઋષિઓનું અતુલિત હેત આ રીતે જોયું. પછી ઋષિઓ પૂજા કરવા ઉપચાર લાવ્યા. તે મુનિવરોએ ષોડશોપચાર વિધિથી શ્રીનરનારાયણ ભગવાનની પૂજા કરી. ધૂપ, દીપ અને આરતી કરીને સ્તુતિ કરવા લાગ્યા. ૬૨.

*ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના પ્રથમ પૂરમાં 'શ્રીનરનારાયણ ઋષિ સમાગમ પૂજાવિધિ કથન' એ નામે સાતમો તરંગ સમાપ્ત ।।૭।।*

## પૂર પહેલું : તરંગ - ૮

## મુનિઓએ કરેલી સ્તુતિ અને ભરતખંડની સ્થિતિનું વર્ણન

ઉત્તમરાજા ઘણા મહા પ્રવિણ છે. સર્વથી સારમાં પણ સાર શ્રીહરિચરિત્ર છે, તેના રસાસ્વાદમાં તેઓ તલ્લીન રહે છે. તે સિવાયનું બધું તેમને અસાર જણાય છે. ૧. તેમને શ્રીહરિના ચરિત્ર સાંભળતા 'હવે બસ છે' એવી તૃપ્તિ જ થતી નહીં. મુક્તાનંદ સ્વામીને તે જોઈને તેમના ઉપર મનમાં ખૂબ જ પ્રેમ ઊપજ્યો. ૨. તેમણે બે હાથ જોડ્યા અને મુક્તમુનિને પૂછ્યું, હરિચરિત્રરૂપી અમૃતરસનું પાન કરતાં મારું મન તૃપ્ત થતું નથી, થાકતું નથી. ૩. બદરિકાશ્રમમાં તે ઋષિઓએ શ્રીનરનારાયણ ભગવાનની સ્તુતિ કઈ રીતે કરી ? આપ શ્રીહરિના બાળમિત્ર છો અને સારા કુશળ વક્તા છો, માટે મને તે કથા કહો. ૪.

ત્યારે મુક્તાનંદસ્વામી બોલ્યા, શ્રીનરનારાયણ પ્રભુની પૂજા કરીને તે મુનિઓએ જે સ્તુતિ કરી હતી, તે મેં જે સાંભળ્યું છે તે હું તમને યથાર્થ રીતે કહું છું. તો હે નૃપ ! તમે સાંભળો. ૫. સમગ્ર મુનિઓએ હાથ જોડ્યા. અને એક પગે ઊભા રહ્યા. પ્રભુની મૂર્તિમાં તન, મન અને ચિત્તને જોડી દીધાં. પછી તે સહુ મુનિવરો સ્તુતિ કરવા લાગ્યા. ૬. નરવીર નારાયણને અત્યંત સમર્થ જાણીને તે સહુ જય જય...જય જય...આવી વાણી મુખથી બોલવા લાગ્યા. બદરીપતિ મહારાજાધિરાજનો જય હો...જય હો...આપના ગુણો ત્રિલોકીમાં છાઈને રહ્યા છે. ૭. આપ અખંડ, અભેદ્ય અને દીનબંધુ દેવ છો. આપનો જય થાઓ. આપ કૃપાસાગર કૃપાળુ છો, દયાનિધિ અને દયાળુ છો. આપનો જય થાઓ. ૮. આપ મહાપ્રભુ જગતના ઈશ છો અને અખિલ બ્રહ્માંડના ઈશ્વર છો, આપ આનંદનું મૂળ સ્વરૂપ છો, મુરારી છો અને સંતોને માટે સુખકારી એવા આપનો જય થાઓ..જય થાઓ...૯.

આપ ધર્મ અને ભક્તિના પુત્ર, ધીર અને જ્ઞાન વિજ્ઞાનથી ગંભીર છો. મોટા મુનિઓ આપને અજેય અને અભેદ્ય કહે છે તથા વેદો આપને નેતિ નેતિ કહે છે, તેવા આપનો જય થાઓ. . જય થાઓ...૧૦. આપ સદાકાળ સુખના નિધિ અને સુખના આશ્રય છો. આપ સદાય ક્રોધ અને કામથી રહિત છો. આપનો પ્રતાપ પુણ્યરૂપ અને પવિત્ર છે, આપ નિત્ય નિર્દોષ અને નિષ્પાપ છો, એવા આપનો જય થાઓ...જય થાઓ...૧૧.

આપ ધાર્મિક લોકોનું રક્ષણ કરનારા અને ભરતખંડના રાજા છો. પાપનો નાશ કરવા તથા સંતોનો સંતાપ હરવા પ્રકટ થયા છો એવા આપનો જય થાઓ...જય થાઓ...૧૨. ખળોના બળનો વિનાશ કરવા ભૂમિનો ભાર ઉતારવા, દુષ્ટજનોને દંડ દેવા તથા આત્મીય ભક્તોનું કાર્ય સુધારવા પધાર્યા છો. એવા આપનો જય થાઓ...જય થાઓ...૧૩. આપનું બળ-શક્તિ કળી શકાય તેમ નથી. આપ અવિનાશી છો અને અખિલ બ્રહ્માંડમાં પ્રકાશરૂપ-ગતિરૂપ છો. સમસ્ત અસુરોનો વિનાશ કરનારા આપ કાળના પણ કાળ છો, એવા આપનો જય થાઓ...જય થાઓ...૧૪.

**દુષ્ટજનોના ગર્વને ઉતારનારા, ભક્તજનોનો વિજય કરી સુખ આપનારા અને અશરણ લોકોના શરણરૂપ એવા આપ સર્વે લોકોની કુબુદ્ધિ નો વિનાશ કરો. ૧૫.** આપ બદ્રીકાશ્રમના ધામી, ભક્તવત્સલ ભગવાન છો, જે જનો આપને શરણે આવે છે તેને આપ અભયપદનું દાન કરો છો, એવા આપનો જય થાઓ... જય થાઓ...૧૬. આપ અનંત અવતારને ધરનારા છો. આપ મત્સ્ય, કૂર્મ, નૃસિંહ, વામન, પરશુરામ, રઘુનાથજી, હળધર બળરામ, કૃપાળુ કૃષ્ણ, દયાળુ બુદ્ધ અને કલ્કિ અવતારને પણ ધરનારા છો, આપ અલક્ષ્ય રીતે અવતાર ધરીને વિચરો છો અને સર્વના આધાર છો, એવા આપનો જય થાઓ...જય થાઓ...૧૭-૧૮. અનેક શરીરને ધારનારા, બદરીપતિ નરવીર, હંમેશા તપસ્વીના વેશે રહેનારા, શિર ઉપર જટારૂપી મુકુટને રાખનારા એવા આપનો જય થાઓ...જય થાઓ... ૧૯. એક હાથમાં દંડ અને બીજા હાથમાં કમંડળુ ધરનારા, મૃગચર્મ, ઊર્ધ્વપુંડ્ર, અક્ષમાળા અને યજ્ઞોપવીતને ધારી રહેલા, બ્રહ્મચારીરૂપ આપ બંને બંધુઓનો જય

થાઓ...જય થાઓ...૨૦. સુખના સાગર, શાંત મૂર્તિ, અનુપમ, અંતર્યામી, આત્મીય સંતજનોને સુખ આપનારા આવા નરનારાયણરૂપ બંને બંધુનો જય થાઓ...૨૧. અછેદ્ય, અભેદ્ય, અમિત, અંતરમાં સદા ખેદ રહિત, અપાર તેજસ્વી, અજર, અમર અને આનંદસ્વરૂપ આપનો જય થાઓ...૨૨.

આપ સદ્‌ગુણોના સાગર છો, ગોવિંદ છો, આપના ચરણારવિંદ શોભાયુક્ત છે. નિજભક્તોના નિવાસ-આશ્રયરૂપ અમાયિક-દિવ્ય અને અવિનાશી એવા આપનો જય થાઓ...૨૩. આપ આત્મીય ભક્તોના જીવનપ્રાણ, અને મહાન સુખના સાગર છો, આ રીતે ઋષિ મુનિઓએ જય જયકાર કર્યો. તે સર્વત્ર વ્યાપી ગયો. ૨૪. મુનિઓએ આ પ્રમાણે સ્તુતિ કરી, ભગવાનના દર્શનથી ઘણો જ આનંદ થયો. વારંવાર દંડવત્ પ્રણામ કર્યા. તેમની આંખોમાંથી પ્રેમના આંસુઓની ધારાઓ વહેવા લાગી. ૨૫. પછી તે સહુ હાથ જોડીને પાસે બેઠા. પોતાના હૃદયમાં સહુને અત્યંત પ્રકાશ દેખાયો. નરનારાયણ ભગવાનની ઈચ્છાથી તે મુનિઓને અનંત ધામોનાં દર્શન થયાં. ૨૬.

**પછી તે મુનિઓને અલૌકિક અક્ષરધામના જ દર્શન થયા. તેથી તેમણે પોતાના જન્મને સુફળ માન્યો. તે અક્ષરધામમાં અનંત અને અપાર તેજ દેખ્યું અને તેની વચ્ચે ભવ્ય સિંહાસન જોયું. ૨૭.** તે સિંહાસન ઉપર અક્ષરધામના ધામી પરમકૃપાળુ શ્રીનારાયણ ભગવાન વિરાજ્યા હતા. તે સર્વના નિયંતા દયાળુપ્રભુ શોભાના નિધિ છે. ૨૮. બધા મુનિમંડળને આવા શ્રીહરિનાં દર્શન થયા. તેથી નક્ષત્રરાજ ચંદ્રને દેખીને કુમુદિનીને જેવો આનંદ થાય છે, તેવો આનંદ થયો. ૨૯. પછી જ્યારે સમાધિમાંથી બહાર આવ્યા ત્યારે જે મૂર્તિ પોતે સમાધિમાં દેખી હતી તે જ બહાર છે, એમ અનુભવાયું. પછી તેની પરસ્પર વાત કરવા લાગ્યા. ૩૦. આવી અલૌકિક રીત તો ભગવાન નારાયણમાં અનંત રહી છે અને તે રીત ભગવાન ભક્તોનું હિત કરવા માટે બતાવે છે. તેને અભક્ત ક્યારેય જાણી શકતા નથી. ૩૧.

### * નારાયણ પ્રભુએ કહેલ સંતમહિમા :

પછી તે બધા ઋષિમુનિઓ બે હાથ જોડી મસ્તક નમાવીને ભગવાનના ચરણોમાં ઢળી પડ્યા. ત્યારે ભગવાન તેમના ઉપર અતિશય રાજી થયા. અને

હસીને હેતથી બોલ્યા કે, હે મુનિવર્યો ! તમે ભલે આવ્યા. હું તમારા ઉપર પ્રસન્ન થયો છું. તમે અહીંયા આવીને અમને દર્શન દીધા, તે તમે અમારા ઉપર કરુણા કરી. ૩૨. **મને ઘણા દિવસથી તમારાં દર્શનની ઈચ્છા થયા કરતી હતી. થોડા પુણ્યવાળા બીજા લોકોને તમારું મિલન થવું તે મહા દુર્લભ છે. ઈંદ્રનો લોક કહેતા સ્વર્ગ મળે, બ્રહ્માનો લોક મળે અને શંકરનો લોક કહેતા કૈલાશમાં વાસ મળી શકે છે તથા ચાર પ્રકારની મુક્તિ અને સર્વે સિદ્ધિઓ મળે છે પણ તમારું દર્શન-મિલન થતું નથી. એવું તમારું મિલન દુર્લભ છે. ૩૩.**

અનંત મુક્તિઓ તો તમારા ચરણની દાસી છે. તમારી સેવા કરવાથી મુક્તિ તો વગર પ્રયાસે પણ મળી શકે છે. મુક્તિ દુર્લભ નથી, દુર્લભ તો તમે છો. તમારો મહિમા તો હું જ જાણી શકું છું. ૩૪. ગોલોક આદિ જે મારા ધામ છે તેનાથી પણ તમે મને વધારે વહાલા છો. જપ, તપ, તીર્થ, વ્રત, દાન, યોગ, યજ્ઞ અને વેદાધ્યયન તથા પુરાણોનો અભ્યાસ કરવો ઈત્યાદિક મારી પ્રસન્નતાના સાધન છે. પણ હું તે સહુ સાધનથી તમને વધારે વહાલા માનું છું. તમે તો મને પ્રાણો કરતાં પણ વધારે વહાલા છો, આ વાતને હું ખરેખર સત્ય કહું છું, તમારો જેમ છે તેમ યથાર્થ મહિમા તો મારાથી પણ કહી શકાતો નથી. ૩૫-૩૬. બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ આદિક દેવો કહેવાય છે અને તે સિવાયની મારી બીજી શક્તિઓ પણ જે કાંઈ કહેવાય છે. હે તાત ! તે સહુથી તમે જ મને અધિક વહાલા છો. તે આજ તમે મને સાક્ષાત્ મળ્યા છો. ૩૭.

**તમે મારું અખંડ ચિંતન કરો છો, મારા સિવાય અન્ય કોઈને તમે ચાહતા નથી. તમે અન્ય લોકોને મારા સ્વરૂપનું જ્ઞાન આપો છો, તન, મન અને પ્રાણ તમે મને અર્પણ કરી દીધાં છે. ૩૮. જપ, તપ, યોગ, યજ્ઞ અનેક પ્રકારના વ્રત તથા અનંત પ્રકારનાં દાન, આ બધાં સાધન તમારા એક લવ જ સત્સંગના સોળમાં અંશ જેટલા પણ થઈ શકતા નથી. એવો તમારો મહિમા છે. ૩૯. લોકોને અભયદાન કરનારા તમે આજે મને મળ્યા છો. દુનિયામાં તમારા સમાન બીજું કોઈ નથી. તમારા મળવાથી આજ હું મારા પોતાના ધન્યભાગ્ય માનું છું. ૪૦.** તમે અપરમપાર પરમાર્થી-પરોપકારી છો, એવા

તો તમારામાં અનંત અને અપાર ગુણો છે. તે તમારા સદ્‌ગુણોનો મુખેથી કહેતા કહેતા પાર પમાતો નથી. એટલા બધા તમારામાં અગણિત સદ્‌ગુણો છે. ૪૧. હું મારે મુખે કેટલું કહું ? તમારા ગુણોનો અંત કોઈ પામી શકે તેમ નથી. ' દયાળુ શ્રીનારાયણ ઋષિ આવી રીતે રસભર્યાં અમૃતમય વચન બોલ્યા. ૪૨.

ઋષિઓએ ઉપર કહેલા ભગવાનનાં વચનોમાં તેમની મોટાઈ દેખી. વિનયભર્યા તેમના વચન સાંભળીને તે ઋષિઓની આંખોમાંથી પ્રેમના આંસુઓ વહેવા લાગ્યા. પછી તેઓ ભગવાન શ્રીનારાયણની સ્તુતિ કરવા લાગ્યા. ૪૩. બધા મુનિઓ ગદ્‌ગદ્ કંઠ થઈ ગયા અને વિનયપૂર્વક બોલવા લાગ્યા, 'હે સ્વામિન્ ! અમારા પ્રાણોના જીવનરૂપ આપને ધન્ય છે ! ! ! આજે અમને આપના દર્શન થયાં છે, તેથી કાંઈ ખામી રહી નથી. ૪૪. ભારતવાસી લોકોના ઉદ્ધાર માટે તપસ્યા કરનાર આપના આ નારાયણ અવતારને ધન્ય ધન્ય છે. ! ! ! સર્વજનોનું તમે હિત કરનારા છો અને શરણાગતના દુઃખોને ટાળનારા છો. ૪૫. પૂર્ણ ચંદ્રની જેમ આપ કલ્યાણકારી ગુણોથી પૂર્ણ રીતે પ્રકટ્યા છો. નિજ ભક્તોના મનને રંજન કરનારા આપ આનંદમય છો. આપ દીનબંધુ ભગવાન છો અને મોટા દુષ્ટોનું માન તોડનારા છો. ૪૬.

આપ નરનારાયણ એક જ એવા છો કે આપના સમાન આવો વિવેક બીજા કોઈનામાં રહ્યો નથી. આપની અકળ કળાને ધન્ય છે. આપ બંને બંધુ મહાસુખકારી છો. ૪૭. આપ સર્વજનોને માટે સુખની ખાણ છો. અને દીનજનોના દુઃખોને કાપી નાખનારા છો. સમસ્ત જીવોનું શુભ કરવા માટે આપ પ્યારા આ બદરિકાશ્રમમાં રહ્યા છો. માટે આપને ધન્ય. . ધન્ય છે. ૪૮. હવે અમે સહુ હાથ જોડીને આપની આગળ કહીએ છીએ કે, આપની જેવી ઈચ્છા હોય તે અમને આજ્ઞા કરો. ' મુનિઓની આવી વાણી સાંભળીને પ્રભુ પ્રસન્ન થયા અને હસતાં હસતાં બોલ્યા. ૪૯.

**મુનિજનો ! તમે સ્વેચ્છાથી ત્રિલોકીમાં આવો-જાઓ છો. અત્યારે ક્યાં લોકમાંથી આવો છો ? જ્યાંથી આવ્યા હોવ તે લોકની જે વાત તમે જાણી લાવ્યા હોવ, તે કહો. ૫૦.** ત્યારે તે સહુ મુનિઓ હાથ જોડીને બોલ્યા કે, 'હે નાથ !

અમે ભરતખંડની યાત્રા કરીને આવ્યા છીએ. ' ત્યારે શ્રીનારાયણઋષિએ કહ્યું કે, 'શું ત્યાંની પ્રજા બધી સુખી છે ને ?૫૧. ચાર વર્ણ અને ચાર આશ્રમના લોકો કઈ રીતે ધર્મમાં પ્રેમ રાખીને વર્તે છે ? તેમને ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય અને ભક્તિમાં પ્રેમ કેવોક છે ? ૫૨. હે ધીરમુનિઓ ! હું આપને પૂછું છું. માટે તમે જ્યાં જ્યાં વિચર્યા હોવ, તે ભરતખંડની બધી રીત જેવી જોઈ હોય તેવી મને કહો. '૫૩. ત્યારે મુનિવરો બોલ્યા, 'આપ સંસારની પીડાને ટાળનારા પરમ સુધીર છો. બધું જ આપ જાણો છો. '૫૪. મુનિઓના મંડળે નરવીર શ્રીનારાયણ ઋષિની બધી ઈચ્છા જાણી લીધી. તેમની બંને આંખોમાંથી અશ્રુઓ વહેવા લાગ્યા અને ગદ્‌ગદ્‌ કંઠ થઈને બોલ્યા. ૫૫.

'હે નરનારાયણ ભગવાન ! આપ બંને સાંભળો. અત્યારે ભારત દેશમાં જે અધર્મ થઈ રહ્યો છેપ તે કહી શકાય તેમ નથી. ૫૬. નરનારી મનુષ્ય માત્રે અત્યારે પોતાનો ધર્મ છોડી દીધો છે. અધર્મમાં લેલીન રહે છે. સૌને પાપ કરવામાં અતિ રાગ છે અને બધા નરનારીઓ કુમાર્ગે ચાલે છે. ૫૭. **બધા અસંત ગુરુઓ જગતમાં સંત થઈને ફરે છે અને પૂજાય છે. તેઓ અધર્મને ધર્મ તરીકે બતાવે છે અને સર્વે લોકોને નરકમાં લઈ જાય છે. રાજાઓ તે અધર્મી ગુરુના શિષ્ય થયા છે. તે સહુ તેને અનુસરીને જ વર્તે છે. કોઈ સંતપુરુષની વાત માનતા નથી અને બધા અસંતની વાત માનીને અસત્‌ માર્ગમાં ચાલે છે. ૫૮.**

તેથી બધી જ પ્રજા અધર્મમાં ગરકાવ થઈ ગઈ છે. કોઈને કોઈ વાતનો નિયમ નથી. ગમે તેમ વર્તન કરે, કોઈ અપરાધી ગણાતા જ નથી. અનંત અસુરો ગુરુ થઈ બેઠા છે. તેઓ અપાર અધર્મ આચરી રહ્યા છે. તે સહુ અધર્મકાર્યમાં જ મોક્ષ માને છે. તેવાઓનો કોઈ પાર નથી. ૫૯. પુરુષો અને સ્ત્રીઓ બધા અપાર વ્યસનમાં બંધાઈ ગયા છે. તે વ્યસનના બંધનથી આપના સિવાય કોઈ તેમને છોડાવનાર નથી. ૬૦. હે નાથ ! આવું બધું દુઃખ જોઈને અમે સહુ દુઃખી છીએ. આમ કહીને સહુ ઋષિઓએ સાથે મળીને ભગવાનને ખૂબ જ વિનંતિ કરી. ૬૧. મુક્તાનંદ સ્વામીએ કહ્યું, 'હે સુજ્ઞ રાજા ! સાંભળો. આ કથા અમૃતની ખાણના જેવી છે. અને સમગ્ર જગતનું મંગળ કરનારી છે. ' ૬૨.

*ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના પ્રથમ પૂરમાં 'મુનિઓએ કરેલી સ્તુતિ અને ભરતખંડની સ્થિતિનું વર્ણન' એ નામે આઠમો તરંગ સમાપ્ત ॥૮॥*

## પૂર પહેલું : તરંગ - ૯

## દુર્વાસામુનિનું આગમન અને તેમનો કોપ

શ્રીનારાયણદેવની કથા પરમ અનુપમ છે. ઉત્તમરાજાએ પૂછ્યું કે, સર્વ જગતનો ઉદ્ધાર કરનારા રાજાધિરાજ નારાયણ ઋષિએ મુનિઓની આગળ કઈ રીતનો પ્રત્યુત્તર આપ્યો ? આપ મારા ઉપર કૃપા કરીને તે બધી વાત મને સંભળાવો. ૧-૨. આપ મુક્તાનંદ સ્વામી તે મહારાજાધિરાજ શ્રીહરિકૃષ્ણની બધી જ વાતને પ્રસિદ્ધ રીતે જાણો છો. દુનિયામાં આપના સમાન બીજું કોઈ તે વાતને જાણતું નથી. ૩. જ્યારે ઉત્તમરાજાએ આવી પ્રાર્થના કરી, ત્યારે મુક્તાનંદ સ્વામી તેમને કહેવા લાગ્યા કે, મહાચતુર અને કુશળ એવા નારાયણઋષિ બદરીકાશ્રમમાં પ્રસન્નમુખે અમૃતમય વચનોથી ઋષિઓને વાત કરતા હતા. ૪.

**તે સમયે લોકોને સુખ આપનારા એવા ભગવાન શ્રીઅક્ષરાધિપતિએ લોકોના દુઃખોનો નાશ કરવાની મનમાં ઈચ્છા કરી તથા મુનિઓના શિરતાજ શ્રીહરિએ સર્વે અધર્મ સર્ગનો નાશ કરવાનો પણ હૃદયમાં વિચાર કર્યો. ૫. પછી અક્ષરાધિપતિ પરમ કૃપાળુ શ્રીહરિ શ્રીનારાયણ ઋષિના દ્વારા બધા ઋષિઓ આગળ બોલ્યા કે, 'હવે તત્કાળ અધર્મનો નાશ કરવો છે. સંતજનોને સુખી કરવા છે અને તમારી બધાની પીડા ટાળવી છે'.** એમ નરવીર દ્વારા શ્રીહરિ બોલ્યા. ત્યારે સર્વ મુનિઓ સુખેથી આસન ઉપર બેઠા હતા. તે સમયે મૂર્તિ અને ધર્મ (જે શ્રીનરનારાયણ ભગવાનના માતા-પિતા છે) તે બંને પોતાના સ્થાનથી ત્યાં આવ્યા. ૬-૭. તેમને દેખીને શ્રીનરનારાયણ ભગવાન અને બધા ઋષિઓ ઊઠીને તેમની સામે ગયા. દંડવત્ પ્રણામ કર્યા. પ્રવીણ મુનિવરોએ તેમની સ્તુતિ કરી. ૮.

જ્યારે ધર્મ અને મૂર્તિને જોયા ત્યારે શ્રીનરવીર નારાયણ પ્રસન્ન થયા. ધર્મનું શરીર શુદ્ધ સત્ત્વમય અને શ્વેત હતું. શરદ પૂનમના ચંદ્રમાની કાંતિ સમાન તેજસ્વી હતું. ૯. કંઠમાં કમળ અને તુલસીની માળા પહેરી હતી. મસ્તક ઉપર વિશાળ પીળી જટા મુકુટના સમાન હતી. તાજા કમળના જેવા સુખદ અને શાંતિમય લાલ નેત્ર હતા. ૧૦. શરીર ઉપર સુંદર શ્વેત વસ્ત્ર શોભતા હતા. તે જોઈને બધા ઋષિઓના મન આકર્ષાતા હતા. સુંદર હાથની રેખાઓ સોહામણી હતી, મનને ગમે તેવું શ્વેત યજ્ઞોપવિત ધાર્યું હતું. ૧૧.

### ❋ ઋષિઓએ કરેલી ધર્મદેવની સ્તુતિ :

આવા પરમ પવિત્ર ધર્મની ઋષિઓ સ્તુતિ કરવા લાગ્યા. તેને તમે સાંભળો, હે ધર્મ ! આપને ધન્ય છે. આપનો મહિમા અને પવિત્ર યશ સંસારમાં અપાર રીતે રહ્યો છે. ૧૨. હે ધર્મદેવ ! આપને લોકના આભૂષણરૂપ દેખીને બ્રહ્મા, વિષ્ણુ અને શિવના મનમાં પણ અતિશય ભરપૂર રીતે આપ ભાવી જાઓ છો. ૧૩. મનુ, કશ્યપ આદિ અનંત ઋષિઓ અને ઈંદ્રાદિ અપાર દેવગણ પ્રેમથી આપને હાથ જોડીને વારંવાર વંદન કરે છે. ૧૪. **સૂર્ય, ચંદ્ર અને નવલાખ જેટલા તારાઓનો સમુદાય પણ હે ધર્મદેવ ! તમારા ચરણોને હૃદયમાં ધારીને નિત્ય વંદન કરે છે. ૧૫. અનંત કોટિ બ્રહ્માંડો, સર્વ તમારે આધારે રહે છે.** હે ધર્મ ! તમે સર્વને એવા ધારણ કરનારા છો કે, કોઈ તમને ક્યારેય છોડી શકતા નથી. ૧૬. આપને કોઈ છોડી શકતા નથી. એટલે અમે બધા આપને વંદન કરીએ છીએ.

હે ધર્મ ! શેષ, શારદા અને ગણપતિને પણ તમે અત્યંત પ્રિય છો. ૧૭. વાયુ, અગ્નિ અને વરુણ આપને વંદન કરે છે, તે કોઈ આપની મર્યાદા લોપતા નથી, સપ્તર્ષિઓ, સનકાદિક સિદ્ધો અને જેટલી પતિવ્રતાઓ છે, તે બધી આપને સેવે છે. ૧૮. યોગીઓ, યતિઓ અને તપ કરનારા તપસ્વી સાધુઓ, આવા બધા આપની જ આરાધના કરે છે. બ્રહ્મચારી, ગૃહસ્થ, વાનપ્રસ્થ અને સંન્યાસી મુનિઓ, સહુ આપની ઉપાસના કરે છે. ૧૯. બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શૂદ્ર સૌ તમને ભજે છે પણ ક્યારેય તજતા નથી. પશુ, પક્ષી, પતંગિયા, નર અને નારી, સમગ્ર આપને દૃઢતાથી ધારી રહ્યા છે. ૨૦.

**तुमकुं तजीके जो करे काजा, भ्रष्ट होत सब तेहि समाजा;**
**त्याग करी तव भजे जो देवा, निष्फल हि होवे तिनकी सेवा...२२**

ચાર વેદ, છ શાસ્ત્ર અને અઢાર પુરાણ, આપને વંદન કરે છે. આખા વિશ્વમાં આપનો એવો પ્રતાપ છે કે કોઈ આપને ઉત્થાપી શકતું નથી. ૨૧. આપને તજીને જે કાર્ય કરે છે તે સર્વે સમાજમાં ભ્રષ્ટ થઈ જાય છે. ધર્મનો ત્યાગ કરીને જે દેવતાઓને ભજે છે, સેવે છે તેની તે સેવા નિષ્ફળ થઈ જાય છે. ૨૨.

**त्याग करी तव भजे भगवाना, तेहि होत हे बहु हेराना;**
**एसी श्रेष्ठ धर्म तव लाजा, तुमारो सब लोक में राजा...२३**

આપનો ત્યાગ કરીને કોઈ ભગવાનનું ભજન કરે, તો તે પણ ખૂબ જ હેરાન થાય છે. હે ધર્મ ! આપની લાજ મર્યાદા એવી શ્રેષ્ઠ છે. આપનું સર્વ લોકમાં રાજ્ય છે. ૨૩. જે ભગવાન શ્રીહરિને રાજી કરવા ચાહે છે તે સહુ આ જગતમાં તમને વંદન કરે છે. આ લોકમાં કે પરલોકમાં આપના શરણ સિવાય ક્યાંય સુખ નથી. ૨૪. લોકો જે જે કાંઈપણ સુખને ચાહે છે, તે જો આપ ધર્મને તજી દે છે તો તે સુખને પામતા નથી. આપનો મહિમા કેટલો કહીએ. હે ધર્મ ! આપ અમારું સર્વસ્વ છો. ૨૫.

નિપુણ ઋષિ-મુનિઓએ આ રીતે ધર્મદેવની પ્રશંસા-સ્તુતિ કરી. પછી તેઓ આસન ઉપર બેઠા. અને ચિત્તની વૃત્તિને એકાગ્ર કરીને શ્રીનારાયણ ઋષિના સન્મુખ જોઈ રહ્યા. ૨૬. મૂર્તિ અને ધર્મે પણ તે રીતે જ પોતાના ચિત્તની વૃત્તિને પ્રભુના ચરણોમાં પરોવી દીધી. પછી શ્રીનારાયણ ઋષિ ધર્મને ઉદ્દેશીને સુખરૂપ અમૃતમય વચન કહેવા લાગ્યા. ૨૭. **હે મારા માતાપિતા મૂર્તિદેવી અને ધર્મદેવ ! આપ બંને અહીં પધાર્યા તેથી બહુ સારું થયું. આપ ભલે પધાર્યા, આપના સુખકારી આગમનથી આ આશ્રમ પાવન થયો છે. ૨૮.** હવે હું એ ઋષિઓએ કહેલી વાત કહું છું. સુખપ્રદાતા આપ ધર્મદેવ તે વાત સાંભળો. પછી કમળના સમાન નેત્રવાળા અને બોલવામાં કુશળ એવા શ્રીનારાયણ ઋષિ અમૃતરસ ભર્યા શબ્દ ધીરે રહીને કહેવા લાગ્યા. ૨૯. અમારા અંતરમાં અતિશય આનંદ છે પરંતુ તે સંપૂર્ણ પણે પ્રગટ થવા

ઈચ્છતો નથી. કેમ જે, આ દયાળુ મુનિઓ સ્વર્ગ, મૃત્યુલોક અને પાતાળમાં ફરીને અહીં આવ્યા છે. ૩૦. તેઓ કહે છે કે, 'અત્યારે ભરતખંડની બધી જ પ્રજા પાપમય ક્રિયાઓને કરી રહી છે. ' આ રીતે ભરતખંડની જે વાત સાક્ષાત સાંભળી હતી તે બધી વાત પ્રભુ ધર્મને કહેવા લાગ્યા. ૩૧. હે પિતાશ્રી ધર્મદેવ ! આ બધા ધીર મુનિવર્યો ભારતમાંથી આવ્યા છે. તેમણે હમણાં જ મને જે વાત કહી તે હું તમને અત્યારે કહી સંભળાવું છું. ૩૨.

ભારતની જેટલી પ્રજા છે તે બધી અત્યારે અતિ દુ:ખી થઈ રહી છે. બધા જ લોકો અધર્મમાં ચાલે છે. ક્યાંય વર્ણાશ્રમનો ધર્મ રહ્યો નથી. ૩૩. રાજા અને પ્રજા સત્યનો માર્ગ છોડીને નિજ સ્વાર્થ માટે અનીતિ કરે છે. ત્યાગીઓ અને ગૃહસ્થો પોતાના ધર્મને છોડી દઈને મહાપાપમય કર્મ કરે છે. ૩૪. અપરંપાર નરનારીઓ પોતાના જ ગોત્રમાં વ્યભિચાર કરે છે. સહુની બુદ્ધિ અત્યારે અધર્મમાં ખૂંતી ગઈ છે. હવે તમારા અને અમારા સિવાય તે અધર્મ ટાળ્યો ટળે તેમ નથી. ૩૫. જ્યારે ભગવાન નારાયણઋષિ બધી વાત કહેતા હતા ત્યારે ધર્મ તે વાતને ચિત્ત દઈને સાંભળતા હતા. અને વાત સાંભળવામાં આંખ, કાન અને વેણમાં એક ચિત્ત થઈ ગયા. સર્વે વૃત્તિઓ પ્રભુમાં પ્રોવી દીધી. ૩૬.

તે સમયે પ્રભુની ઈચ્છાથી કૈલાસથી દુર્વાસામુનિ ત્યાં આવ્યા, પણ તેમને કોઈએ દેખ્યા નહીં. ૩૭. ઘડીભર તેઓ ત્યાં ઊભા રહ્યા. કોઈએ તેમનો આદર સત્કાર કર્યો નહીં. આથી તેમના હૃદયમાં એકદમ ક્રોધ વ્યાપી ગયો પછી ભ્રૂકુટિ ચઢાવીને બોલ્યા. ૩૮. કોઈ મુનિએ તેમનું સન્માન ન કર્યું. તેથી દુર્વાસા ઘણા દુ:ખી થઈ ગયા. પછી પોતાનું અપમાન માનીને તેઓ મનમાં ને મનમાં વિચારવા લાગ્યા. ૩૯. આ લોકોએ અહંકાર કરીને મને તુચ્છકાર્યો છે, તો તેના બદલામાં હવે હું એવું કરું કે, આ બધા તત્કાળ જ દુ:ખી થઈ જાય. ૪૦. પછી ઋષિરાજ દુર્વાસાએ તેને અનીતિ ગણીને તેમના ઉપર અતિશય ક્રોધ કર્યો. આ સહુની દુર્બુદ્ધિ કે કુબુદ્ધિનો હું આજ જ નાશ કરું. કેમ જે દુર્વાસા રુદ્રનો અંશ છે. દીર્ઘ ક્રોધવાળા છે. તેથી તેમનું શરીર ક્રોધથી થરથર ધ્રૂજવા લાગ્યું. અને ચહેરો એટલો વિરૂપ થઈ ગયો

કે, તે વાત કહી શકાતી નથી. ૪૧. શરીર તમાલપત્ર જેવું શ્યામ હતું, મન રોષભર્યું હતું. તેમને ક્રોધ તો સદાકાળ રહેતો જ હતો. ક્ષમા તો બિલકુલ નહીં, ક્રોધથી એટલા ક્ષુબ્ધ હતા કે માનો મૂર્તિમાન કાળ હોય ! અંબરીષ રાજા ઉપર ક્રોધ કર્યો હતો. ઈંદ્રને પણ શાપ દીધો હતો. તે રીતે જ બધા મુનિઓને સંતાપવાનું મનમાં ધારી લીધું. ૪૨.

***ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના પ્રથમ પૂરમાં 'દુર્વાસા બદરિકાશ્રમમાં આવ્યા અને બધા ઋષિઓ ઉપર કોપાયમાન થયા' એ નામે નવમો તરંગ સમાપ્ત ॥૯॥***

## પૂર પહેલું : તરંગ - ૧૦

## દુર્વાસામુનિનો કોપ અને શાપ

બધા ઋષિમુનિઓનું વૃત્તાંત સાંભળીને ઉત્તમરાજાને મનમાં આનંદ થયો. પણ તે પછી દુર્વાસા આવ્યા એટલે તે પ્રસંગે શું થયું ? એમ તેઓ પૂછવા લાગ્યા. ૧. દુર્વાસાનું અપમાન થયું, પછી તેમણે શું કર્યું ? હે મુનિ ! તે બધી વાત મને કહો. કારણ કે તે સાંભળવાથી જ મને ચેન પડશે. ૨. પછી મુક્તાનંદ સ્વામી શ્રીહરિના મુખથી જે પ્રકારે દુર્વાસાના શાપની વાત સાંભળેલી હતી તે, જેમ સ્વયં સાક્ષાત્ દેખી હોય, તે રીતે કહેવા લાગ્યા. ૩. દુર્વાસા મુનિનો શાપ પણ સમગ્ર જગતને પાવન કરનારો અને વરદાન (આશીર્વાદ)રૂપ થયો હતો. એ કથા ઘણી જ અનુપમ છે. તેને અનુક્રમે કહું છું. ૪. ક્રોધાભિભૂત દુર્વાસા અત્યંત ભયંકર હતા. તેમની ભાષા પણ ઘણી કઠોર હતી. હે રાજા ! હવે તે વાતને હું કહું છું. તમે સાંભળો. ૫. ક્રોધથી દુર્વાસાની આંખો લાલ લાલ થઈ ગઈ. વિકરાળ ભ્રુકુટિ ચઢાવી. શરીર ધ્રૂજવા લાગ્યું અને હોઠ ફરકવા લાગ્યા. તે ક્રોધ ધર્મ આદિ બધા ઋષિઓના ઉપર જ ચઢ્યો હતો. ૬.

પછી તેઓ બધા ઋષિઓ પ્રત્યે બોલ્યા, હે ધર્મનો ઘાત કરનારા મુનિઓ તમે બધા સાંભળો. તમે પોતાના માનથી ઘણા ઉદ્ધત થઈ ગયા છો, તમને

કોઈનો ભાર નથી. ૭. તમે પોતાના મનમાં તમને સહુથી સરસ માનો છો અને બીજાને નરસા ગણો છો. આવું ઘણું ભારે અભિમાન તમને સહુને છે, પણ હવે તેનું ફળ નજરે જોઈ લો. ૮. હું દુર્વાસા છું, ઘણે દૂરથી આવ્યો છું. છતાં તમે કોઈએ મને માથું નમાવી નમન ન કર્યું !!! આવું દેખતાં છતાં જો હું હૃદયમાં ક્ષમા રાખું, તો હું દુર્બુદ્ધિ કહેવાઉં !!! ૯. મારું નામ સાંભળીને મોટા રાજા કે ઈન્દ્ર પણ અત્યંત ભય પામીને થરથર ધ્રૂજતા હોય છે. મારા સ્વભાવમાં ક્ષમા કે શાંતિનો લેશ પણ નથી. મારું નામ જ દુર્વાસા એવું છે. ૧૦. હવે જે હું તમને દંડ કરું છું, તે તમે બધા મુનિઓ સાંભળી લો. આવું કહીને તેણે હાથમાં પાણી લીધું, તેમણે શાપ આપવાનો મનમાં નિર્ણય કરી લીધો. ૧૧. ‘આ દેશ મહા પુણ્યરૂપ અને પવિત્ર છે. મુનિવરો અને દેવતાદિક આનું સેવન કરે છે. માટે બધા મુનિઓનું અહીંથી તત્કાળ પતન થાય. વર્તમાન સમયમાં જ બધા મૃત્યુલોકમાં મનુષ્યના શરીરને પામો. ’૧૨.

**તેથી ફરીને પછી કોઈ બ્રાહ્મણ કે સંતનું અપમાન કરે નહીં. મારા સમાન કોઈ સમર્થ નથી. હું આ અજ્ઞાનથી નથી બોલતો. ૧૩. હું ખરેખર સત્ય કહું છું બ્રાહ્મણ કે સંતનું કોઈ અપમાન કરશે તો તેની દશા આવી જ થશે એમ સહુ જાણજો. ૧૪.** જેને કોઈ પણ બાબતનું કાંઈ માન આવે છે, તેને ક્યારેય કશું ભાન રહેતું નથી. કારણ કે માન અને મદ આવા મહાઅસુર છે. ૧૫. માન અને મદ ઘણા અસાધ્ય રોગ છે. તે મોટા મોટાના પણ મોત કરે છે. તે અસાધ્ય રોગને શાપ જ તરત સાધ્ય કરે છે. તેના સિવાય બીજો કોઈ ઉપાય નથી. ૧૬. એટલા માટે જ તમે સહુ ભારતમાં મનુષ્યજન્મને પામો. ત્યાં અધર્મ અને કળિયુગના દોષોથી ભરેલા અપાર લોકો દ્વારા ખૂબ જ દુઃખ પામો. તેથી ફરીવાર ક્યારેય આવું માન કે મદ ન રાખો. ૧૭. અત્યારે ભરતખંડમાં મોટા મોટા બધા અસુરો જન્મ્યા છે તેનો ગણતા પાર આવે તેમ નથી. જન્મ લઈને તમે તેની સાથે રહો, તેઓ જ તમારો મદ અને માન ઊતારશે. ૧૮.

દુર્વાસાએ આવો શાપ દઈ દીધો અને પછી પોતે મૌન થઈ ગયા. શ્રીનરનારાયણે અને ધૈર્યશાળી ધર્મે દુર્વાસાને જોઈને દુઃખી થયા. ૧૯. ઉદ્ધ

વજી અને સમગ્ર ઋષિઓ ભય પામ્યા. આસન ઉપરથી તત્કાળ ઊઠી ગયા અને સહુએ દુર્વાસાના ચરણોમાં મસ્તક ઝુકાવી નમ્રતાથી પ્રણામ કર્યા. ૨૦. તેમનો આદર કરીને ઘણો વિનય કર્યો. તેમને શાંત કરવા માટે દીન થઈ ગયા. અનેક રીતે વિનય કરવાં છતાં દુર્વાસાએ એક રતિભાર પણ રોષ છોડ્યો નહીં. પછી નિષ્પાપ ધર્મદેવે દુર્વાસાને કહ્યું, વગર અપરાધે, આપે શાપ કેમ દીધો ? હે ઋષિવર્ય ! જેનો વાંક હોય તેને દંડ આપો તો અમને કાંઈ વાંધો નથી. ૨૨.

**निष्पापकुं देत जो शापा, सो तिनकुं लगत सद्य आपा;**
**जाकुं आत क्रोध उर मांई, ताकुं निज दोष सूझत नाई...२३**

નિર્દોષ વ્યક્તિને જે શાપ આપવામાં આવે છે તે તો તુરંત તેમને સામેથી લાગે છે. જેને હૃદયમાં ક્રોધ વ્યાપે છે તેને પોતાનો દોષ સૂઝતો જ નથી. ૨૩. માનથી તત્કાળ ક્રોધ ઊપજે છે. અને ક્રોધથી (અબુદ્ધ) બાળકની જેમ બોલવા લાગે છે. દારૂડિયો અને ગાંડો માણસ જે જે બોલે છે તેને બુદ્ધિ માન લોકો કાંઈ ગણતા નથી. ૨૪. આપ તો ઘણા બુદ્ધિમાન છો, ભગવાનને અતિ વહાલા છો અને સૌને સુખકારી છો. સ્વયં શ્રીહરિ આપના મુખે બો-લ્યા છે. અર્થાત્ હરિની ઈચ્છાથી જ આપે શાપ દીધો છે. ૨૫. અમે તત્પર થઈને ભગવાન નારાયણના મુખથી મહત્વપૂર્ણ વાત સાંભળતા હતા. સહુની મનોવૃત્તિ હરિમાં પરોવાયેલી હતી. આપ આવ્યા, તે કોઈએ દેખ્યું નથી. ૨૬. હે મુનિ ! આપ એવા જ સમયમાં આવ્યા કે કોઈએ દેખ્યા નહીં. અને તેથી જ કોઈએ આપને આવકાર આપ્યો નથી. તો અમારા તે અપરાધને આપ અત્યારે ક્ષમા આપો. આપ મહાન્ છો, પોતાની મહત્તાને આપ ધારણ કરો. ૨૭. ઋષિવર્ય બ્રાહ્મણનું હૃદય તો માખણના જેવું કોમળ કહેવાય છે. આપ દયાળુ છો, માટે હવે દયા કરો અને આપના શાપનું નિવારણ આપ જ કરો. ૨૮.

ધર્મ શુદ્ધ અને અપાર નિષ્પાપ હતા. તેમણે પ્રેમથી આવી પ્રાર્થના કરી. ત્યાર પછી દુર્વાસા બોલ્યા, મારો ક્રોધ ક્ષણમાં ઉતરી જાય એવો નથી. ૨૯. હે ધર્મ ! હું શાપ આપીને તેનું નિવારણ કરું એવું મારું હૃદય નથી. છતાં તમે ભક્તિમાન છો અને ચોક્કસ અત્યંત નમ્રતાએ યુક્ત છો. ૩૦.

તમને દયાળુ દેખ્યા ત્યારે હવે મને થોડી દયા આવી છે. માટે હવે જે હું કહું છું તે તમે તથા બીજા બધા મુનિઓ સાંભળો. ૩૧. તમે મારું વચન મનમાં ધારો અને પૂર્વ દેશમાં જાઓ. ત્યાં ઉચ્ચ બ્રાહ્મણના કુળમાં મનુષ્યનો અવતાર ધારણ કરો. ૩૨. ધર્મ અને મૂર્તિ, તમે બંને દંપતી (પતિપત્ની) થશો. અને જે આ બદરીપતિનારાયણ છે તે તમારા પુત્ર થશે. ૩૩. તે નારાયણમુનિ મારા શાપથી તમને મુક્ત કરશે અને તમને સુખી કરશે. આમાં કોઈ સંશય નથી. મારા આ વચન નિશ્ચિત છે. ૩૪.

**તે પછી તમે ધર્મ અને મૂર્તિ, બંને દિવ્યગતિને પામશો, વળી સર્વે ઋષિઓ અને ઉદ્ધવ પણ ફરીને દિવ્યગતિને પામશે. શ્રીહરિની ઈચ્છાથી તમે જ્યાં જ્યાં દેહ ધારશો ત્યાં ત્યાં કરુણારસ લાવી શ્રીહરિ આવીને તમને મળશે. ૩૫.** તમે અક્ષરાધિપતિ પુરુષોત્તમનારાયણના સખા થશો. એમાં કોઈ સંશય નથી. પછી તુરંત મારા શાપથી મુક્ત થશો, તત્ક્ષણ દિવ્યગતિ પામીને શ્રીહરિના અક્ષરધામને પામશો. મારું આ વચન ચોક્કસ છે. આટલું કહીને દુર્વાસા ઋષિ કૈલાસ તરફ એકલા જ ચાલ્યા ગયા. ૩૬. બધા ઋષિવર્યો એ જાણ્યું કે, આ શાપ શ્રીહરિની ઈચ્છાથી થયો છે, એટલે તેને હિતકારી માનીને મસ્તકે ચઢાવ્યો. કશો સંશય રહ્યો નહીં. ૩૭. બધા મુનિવર્યો શ્રીહરિની ઈચ્છાને પૂર્ણ કરવા માટે મનમાં રાજી થયા. તેમાં સહુ પહેલા ઉદ્ધવે શ્રીહરિના ચરણે મસ્તક મૂકીને તે વચન સ્વીકારી લીધું. ૩૮.

***ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના પ્રથમ પૂરમાં 'દુર્વાસાનો ક્રોધ, શાપ અને અનુગ્રહ કહ્યો' એ નામે દસમો તરંગ સમાપ્ત ॥૧૦॥***

## પૂર પહેલું : તરંગ - ૧૧

### નરનારાયણની સાંત્વના અને અસુરોની સક્રિયતા

ઉત્તમરાજાએ ઉપરની કથા સાંભળી, તેથી તેને અપાર આનંદ થયો. પછી તેઓ બંને હાથ જોડીને અમૃતમય સાર વચન બોલ્યા. ૧. હે મહા ઉદાર

મુક્તાનંદ સ્વામી ! મૂર્તિદેવી અને ધર્મદેવે મનુષ્યદેહ ક્યાં ધારણ કર્યો ? અને ઉદ્ધવે પણ ક્યાં દેહ ધર્યો ? તે મને કહો. ૨. ઉત્તમરાજાની શ્રદ્ધા જોઈને મુક્તાનંદ સ્વામી પ્રસન્ન થયા. હૃદયમાં શ્રીહરિનું ધ્યાન કરીને પછી પ્રેમથી તે કથા કહેવા લાગ્યા. ૩. ભગવાનનો વિયોગ થશે આવા સંજોગોને જોઈને બધા મુનિઓ શોક કરવા લાગ્યા. અરે ! હવે ફરી ભગવાનનો જોગ ક્યારે થશે ? આવો વિચાર આવતાં સહુની આંખોમાંથી આંસુ ઝરવા લાગ્યા. ૪. હે રાજા, તે સમયે બધા મુનિઓ જે પરસ્પર બોલતા હતા, તે બધું હું તમને કહું છું.

અરે ! હવે ભગવાનના મુખકમળનાં વચન ક્યારે સાંભળવા મળશે ! મુખકમળને દેખ્યા વિના ચેન નહીં પડે. ૫. આપણને શ્રીહરિ બાથમાં લઈને ક્યારે ભેટશે ? આપણને બોલાવીને છાતી ઉપર ચરણારવિંદ ક્યારે ધારશે ? ફળ, કંદ અને મૂળ ક્યારે જમાડશે ? આવો અમૂલ્ય સમય ક્યારે મળશે ?૬. આવું બોલતાં અને ભગવાનનો વિયોગ સાંભરતાં સહુની આંખોમાંથી અશ્રુજળ વહેવા લાગ્યું. હરિનો વિયોગ જોઈને મુનિઓના હૃદયમાં અપાર સંતાપ વારંવાર વ્યાપવા લાગ્યો. ૭.

તે બધું જોઈને ભગવાને હસતે મુખે સહુને બોલાવ્યા, બાથમાં લઈને ભેટ્યા અને તેમનો સંતાપ ટાળ્યો. મુનિઓએ ભગવાનની મૂર્તિને પોતાના અંતરમાં ધારીને અવિચળ રીતે ઠેરાવી દીધી. ૮. તેથી તેમને હૃદયમાં ઘણો જ આનંદ થયો અને વિયોગનું દુઃખ વિસારી દીધું. પછી દુઃખને હરનારા શ્રીનારાયણઋષિ પોતાના મુખથી વચન બોલ્યા. તેથી સહુને સુખ થયું અને ચેતના આવી. ૯. કોઈએ લેશમાત્ર પણ શોક કરવો નહીં. મારી ઈચ્છાથી જ આ બધું થયું છે. હું ભૂમિ પર અવતરીને વિચરણ કરીશ. અને તમારી સૌની સાથે અનુસરીને રહીશ. ૧૦. **તમારા વિના હું એક પળ પણ રહીશ નહીં. જેમ તમે કહેશો તેમ હું કરીશ. તમે આવીને જ્યારે મને ભારત દેશના સમાચાર આપ્યા ત્યારે મેં તેવો સંકલ્પ કર્યો હતો. ૧૧.** મારી ઈચ્છાથી જ દુર્વાસા આવ્યા હતા. જ્યારે તેઓ સન્માન ન પામ્યા ત્યારે મારી ઈચ્છા જોઈને જ તેણે શાપ આપ્યો હતો. અને મારી ઈચ્છાને જોઈને જ તેમ બોલ્યા હતા. ૧૨.

**❋ નારાયણે કહેલો સંતોને નિજસ્વરૂપનો મહિમા :**

જે જે કાર્ય થાય છે તે કોઈ નિમિત્ત વિના થતું નથી. જ્યારે કોઈ નિમિત્તથી કામ થાય છે ત્યારે જ તે શોભે છે. ૧૩. જ્યારે જ્યારે મેં અવતાર લીધા છે ત્યારે ત્યારે કોઈ નિમિત્ત લીધું જ હતું. હે મારા પરમ પ્રિય મુનિવરો ! તેમજ આ સમયે પણ તે નિમિત્ત સમજી લો. ૧૪. તેમાં કોઈ પણ જાતનો કુતર્ક કરવો નહીં. મારાથી વધારે કોઈ પણ સમર્થ નથી. હું એક છું છતાં બધા જ બ્રહ્માંડોમાં મારી મૂર્તિઓ રહેલી છે. ૧૫.

**મારી યોગકળાઓ અનંત છે. તેને શેષ, શારદા, નારદ, શુકદેવજી, અરે ભવ અને બ્રહ્મા સુધી કોઈપણ જાણી શકતા નથી. ૧૬. મુક્તો અને અક્ષરપર્યંત કોઈ મારી યોગકળાને જાણતા નથી. જેની જેવી બુદ્ધિ હોય તે પ્રમાણે તે મને સમજે, પણ હું જેવો છું તેવો મને કોઈ યથાર્થ રીતે ઓળખતું નથી. ૧૭.** હું અપાર, અકળ અને અતર્ક્ય છું. કોઈ મારો પાર પામતું નથી. જો પાર આવતો હોય તો હું અકળ કેમ કહેવાઉં ? સહુ આવો નિશ્ચય કરીને મને જાણજો. ૧૮. કર્મ શુભ અને અશુભ, એમ બે પ્રકારના છે અને તે પોતપોતાના કર્મ પ્રમાણે બુદ્ધિ મળે છે. સત્સંગ કરીને બુદ્ધિને શુભ કરવી જોઈએ અને તે શુભ બુદ્ધિમાં સમજણ કેળવવી જોઈએ. ૧૯. કુસંગ કરવાથી બુદ્ધિ અશુભ થાય છે, પરંતુ તમને સહુને મારો જોગ થયો છે તેથી તમારી બુદ્ધિ અશુભ નહીં થાય, તેમ જાણવું. ૨૦.

**कर्मफल के जो मैं हुँ दाता, मो विन कर्म जडरूप रहाता;**
**ईश्वर कर्म काल हि तीना, मो विन जड मति लखिकर लीना...२१**
**सबकुं निश्चे रखना मेरो, तुमकुं न तजहुँ में कोउ वेरो;**
**ज्ञानघन शुद्ध मेरो नामा, रहत अखंड में अक्षरधामा...२२**

સર્વને કર્મના ફળને આપનારો પણ હું જ છું. મારા સિવાય કર્મ તો જડ કહેવાય છે. મારા વિના ઈશ્વર, કર્મ અને કાળ આ ત્રણે જડ છે, અચેતન છે. આવું તમારી સમજણમાં લખી રાખવું. ૨૧. સહુએ મારો નિશ્ચિત વિશ્વાસ રાખવો. હું તમને ક્યારેય તજી દેવાનો નથી. હું શુદ્ધ જ્ઞાનઘન છું અને અક્ષરધામમાં અખંડ રહ્યો છું. ૨૨.

**जेसी वस्तु तिहाँ तिस विध होई, सबमें अग्नि रह्यो हे गोई;**
**तिस विध अंतरजामीहि रूपा, मैं रह्यो हुँ सबमें अनूपा...२३**

કાષ્ઠ આદિ જે વસ્તુ જેવી હોય, તે બધામાં અગ્નિ તેવા રૂપમાં રહ્યો છે. તે રીતે જ અદ્વિતીય એવો હું પણ અંતર્યામીરૂપે સહુમાં રહ્યો છું. ૨૩. હે મુનિવૃંદ ! જ્યાં જેવી આવશ્યક્તા હોય ત્યાં હું તેવું કામ કરું છું. માટે મારો દૃઢ વિશ્વાસ રાખજો. હું ક્યારેય તમને છોડી દેવાનો નથી. ૨૪.

**तुम हो सरवस्व मेरे प्राना, तुमकुं तजी मैं कबहु न जाना;**
**अंतरजामी अखंड में एका, एसी दृढ रखना मन टेका...२५**

તમે મારું સર્વસ્વ છો, મારા પ્રાણ છો. તમને તજીને હું ક્યારેય જવાનો નથી. અખંડ અને સહુનો અંતર્યામી હું એક છું એવી તમે મનમાં દૃઢ ટેક રાખજો. ૨૫. બીજા બધાનું જ્ઞાન તો દીવાની જેમ થોડીવારમાં ઓલાઈ જાય છે, પરંતુ મારું જ્ઞાન અખંડ રહે છે. માટે તમે બધા મનમાં એમ સમજી રાખજો કે હું તમને ક્યારેય છોડીશ નહીં. ૨૬. તમે સહુ મારી આજ્ઞાથી ભરતખંડમાં જન્મ ધરો. ત્યાં તમને મારો જોગ આવી રીતે જ મળી રહેશે. ભૂમિ ઉપર પાપ ઘણું જ થઈ રહ્યું છે. અસુર લોકો સંતોને સંતાપ કરે છે, પીડે છે. ૨૭. હે ધર્મદેવ ! તમે એ નિશ્ચિત માનો કે 'હું હરિ આવે નામે તમારો પુત્ર થઈશ. ' હું મારા ભક્તોની રક્ષા કરીશ અને યુક્તિએ કરીને અસુરોને મારીશ. ૨૮.

હવે તમે કોઈ જાતની ચિંતા કરશો નહીં. સહુ દ્વિજાતિકુળમાં જન્મ ધારણ કરો. ચાર ધામમાં જ્યાં પોતાની ઈચ્છા હોય ત્યાં જઈને રહેજો. ૨૯ શ્રીહરિના મુખની આવી અમૃતમય વાણી સાંભળીને સહુએ બંને હાથ જોડ્યા અને ચરણારવિંદમાં નમી પડ્યા. તે પછી ધર્મદેવ તથા સર્વે ઋષિઓ પોતપોતાને આશ્રમે ગયા. ૩૦. ધર્મદેવ, ઉદ્ધવજી અને બધા ઋષિઓના અપાર શક્તિશાળી મંડળ કાળે કરીને આ ભૂમિ ઉપર પ્રકટ થયા. ૩૧. દેશ-દેશમાં દ્વિજ કહેતા બ્રાહ્મણ, ક્ષત્રિય અને વૈશ્ય જાતિમાં શુભ કુળ જોઈને સહુ જન્મ્યા, તે સર્વે વાત હવે કહું છું. હે રાજા ! તે તમે સાંભળો. ૩૨.

**સંતપીડન માટે અસુરોએ કરેલી પૂર્વ તૈયારી :**

ધર્મદેવ અને ઋષિઓ બધા ભૂમિ ઉપર જન્મ લેવાના છે તે બાબતને જાણીને સમગ્ર અસુરો તે સમયે તૈયાર થયા. ૩૩. અભાગિયા અપાર અસુરો અંદરો અંદર એમ વાત કરવા લાગ્યા કે, આપણે તેના સંબંધીઓમાં પ્રવેશ કરીને ધર્મનો વિનાશ કરશું. ૩૪. ઘણા બળવાન તે અસુરો તૈયારી કરીને બોલવા લાગ્યા કે આપણે તે ધર્મદેવ તથા ઋષિઓ જ્યાં જન્મશે ત્યાં તેના સગા સંબંધીઓમાં પ્રવેશ કરીને તેમને અનંત દુઃખ આપશું. ત્યારે એક આસુરી સ્ત્રી બોલી કે, હું તેની મા થઈશ અને કાયમ પાપ કરવાનું જ બતાવતી રહીશ. ત્યારે બીજી આસુરી સ્ત્રી બોલી કે, હું તેની માસી થઈશ અને ધર્મને ઉખાડી નાખીશ. ૩૫. વળી, કોઈ એક આસુરી સ્ત્રીએ કહ્યું, હું તેની બહેન થઈને તેના ભજનમાં વિઘ્ન કરવા માટે ખૂબ-ખૂબ રડીશ. ત્યારે બીજી સ્ત્રીએ કહ્યું, હું તેની દીકરી થઈશ અને તેના યશનો વિનાશ કરી નાખીશ. ત્યારે વિઘ્ન કરવાનું મનમાં ધારીને આસુરી નારીઓએ કહ્યું કે, અમે પ્રત્યેક ગામમાં રહીને તેના અનેક પ્રકારના સંબંધીઓ થઈશું. ૩૬. આ રીતે અસુરની સ્ત્રીઓ અનેક પ્રકારના મોટા વિઘ્ન કરવાનું બોલી રહી હતી. ત્યારે મનમાં બળતરા કરતાં અસુર કહેવા લાગ્યા કે, ખળતાઈ કરવાનું અમે બહુ જાણીએ છીએ. ૩૭.

એક અસુર બોલ્યો કે, હું તેનો પિતા થઈશ અને કરોડો વાતે તેની પાસે પાપ કરાવીશ. ત્યારે કોઈ એક અસુરે કહ્યું, હું એનો ભાઈ થઈને અનેક પ્રકારના અધર્મમાં એને ફેંકી દઈશ. ૩૮. ત્યારે વળી બીજો અસુર બોલ્યો કે, હું તેનો કાકો થઈશ અને તેને પાપ કરાવવામાં પાક્કો કરીશ. ત્યારે કોઈ અસુર બોલ્યો, હું તેનો મામો થઈને તેના બધા જ પાત્ર અધર્મથી ભરી દઈશ. ૩૯. એક અસુરે કહ્યું, તેનો બાળક બનીને તેના ભક્તિ અને ધર્મનો કાળ બની જઈશ. ત્યારે વળી એક અસુરે કહ્યું, તેનો હેતુ મિત્ર બનીને તેના નિયમમાત્રને ખોવડાવી દઈશ. અર્થાત્ નાશ કરાવીશ. ૪૦. ત્યારે બીજા અસુરે કહ્યું, હું તેના સખા બનીને ભગવદ્‌ભક્તોમાં પરસ્પર ક્લેશ-કંકાસ કરાવીશ. ત્યારે એક અસુરે કહ્યું, તેનો સગો થઈને કલ્યાણના માર્ગમાં દગો કરીશ. ૪૧. વળી, કોઈ એકે કહ્યું, 'હું તેનો ગુરુ થઈશ, અને તેને અધર્મ શીખવીશ, અને

તેના હૃદયમાં ધર્મનો લેશ પણ રહેવા દઈશ નહીં, તેથી તેને સંતજન ગમશે જ નહીં. ' ૪૨. ત્યારે અવિદ્યાએ કહ્યું કે, 'હું તેની પત્ની થઈને ઘરમાં જ રહીશ. તે કરોડો ઉપાય કરશે, છતાં હું તેને ઘર બહાર (મારા કબજામાંથી) નીકળવા દઈશ નહીં. '. ૪૩. એકે કહ્યું, ' હું નાના નાના બાળકના રૂપમાં થઈશ, સંબંધના ભાવથી મારામાં તેનું ચિત્ત પરોવાઈ જશે. ૪૪. છોકરા કે છોકરીના રૂપમાં થઈને મુખથી કાલી-કાલી બોલી બોલીશ. પછી અવિદ્યારૂપ માયામાં દબાવીને તેનાં અંતર સત્ત્વને હું નીચોવી નાખીશ. '૪૫.

આ પ્રમાણે બધા મળીને જીવના ભૂંડા હાલ કરશું. ખબડદાર રહીને હવે જોર કરશું અને ધર્મની ધજાને તોડી નાખશું. આ રીતે અધર્મ અને અવિદ્યાના પરિવારે પરસ્પર હળીમળીને પ્રયાણ કર્યું. કળિયુગનો રાજ્યકાળ હોવાથી તેણે પોતાનું વધુ પડતું બળ માન્યું. ૪૬. શ્રીકૃષ્ણ અવતારના જેટલા શત્રુઓ હતા તે બધા એકઠા થયા. પછી કળિકાળમાં ચારેધામોમાં જોઈ વિચારીને જન્મ લેવાનું ધાર્યું. કેટલાક યોગી થયા, કેટલાક ભોગી થયા અને કેટલાક રાજાઓ થયા. તેમજ સ્થાન સ્થાન પર કોઈ અનંત પ્રકારના મતવાદી ધર્મગુરુઓ થયા. ૪૭. ઉપરના વ્યવહારથી મોટા શાહુકાર થયા પણ અંદર તો અપાર કપટ ભર્યું હતું. પરધન અને પરસ્ત્રીનું અપહરણ કરવા માટે બીજાઓ ઉપર ખોટા ઉપકાર કરવા લાગ્યા. ૪૮.

***ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના પ્રથમ પૂરમાં 'નરનારાયણની સાંત્વના અને અસુરોની સક્રિયતા' એ નામે અગીયારમો તરંગ સમાપ્ત ॥૧૧॥***

## પૂર પહેલું : તરંગ - ૧૨

## દેવાસુરોનું સમુદ્ર મંથન અને ચૌદ રત્નોની પ્રાપ્તિ

ઉત્તમરાજાએ ઉપરની કથા સાંભળી, પછી વિનયે સહિત પૂછ્યું, હે મુનિ ! ઉપર કહ્યા તે અસુરોએ ભૂમિ ઉપર કઈ રીતે જન્મ લીધો ? હવે તેની કથા કહો. મુક્તાનંદ સ્વામીએ ઉત્તમરાજાના તે પ્રશ્નને 'જગતનું હિત

કરનાર છે' એમ માનીને અમૃતરસમય તે સર્વ કથાને મુખથી કહેવા લાગ્યા. ૨. વ્યાસમુનિએ વેદોની અને પુરાણોની વાતોને જે યુગમાં જેવા રૂપમાં થઈ હતી તેને તેવા રૂપમાં લખી છે, તેને અત્યારે સ્પષ્ટરૂપમાં કહેવા લાગ્યા. ૩. કળિયુગ અને દ્વાપરયુગના સંધી કાળમાં દેવોના વિરોધી અસુરો ઘણા જ જન્મ્યા હતા. યુગો યુગમાં જે રીતે અસુરો જન્મ્યા હતા તે રીતે જ તે બધા જ અસુરો અત્યારે પણ જન્મ્યા. ૪.

જે યુગમાં જ્યારે ભગવાન શ્રીહરિ પ્રકટ થાય છે તે યુગમાં ત્યારે અનંત અસુરો પ્રકટ થતાં હોય છે. આ બધું (પુરાણોમાં લખેલા) પ્રથમ દેવાસુર સંગ્રામના સમયથી થતું આવ્યું છે. ૫. સમુદ્ર મંથનને અંતે શ્રીહરિએ મોહિનીરૂપ ધાર્યું અને છળ કરીને દેવોને અમૃતપાન કરાવ્યું. દૈત્યોને છેતરીને દેવોને જ્યારે અમૃત પાયું ત્યારથી આરંભીને તેઓને પરસ્પર ખતરનાક વૈર બંધાયું છે. ૬. (જ્યારે મોહિનીરૂપ ભગવાન દેવોને અમૃત પાતા હતા ત્યારે) રાહુએ દેવનું રૂપ લીધું અને સૂર્ય તથા ચંદ્રમા, બેની વચ્ચે બેસી ગયો. ત્યારે સૂર્ય અને ચંદ્રે સંકેત કરીને તેને ઓળખાવી દીધો. ૭. ત્યારે ભગવાને સુદર્શન ચક્રથી રાહુનો શિરચ્છેદ કર્યો. તેથી ભયંકર દેવાસુર સંગ્રામ થયો. તેમાં પરમેશ્વરે અપાર અસુરોને માર્યા. ૮. તે દિવસથી લઈને આજ સુધી રાહુ સૂર્ય અને ચંદ્રને ગળવા દોડે છે. ગ્રહગતિના નિયમ પ્રમાણે જ્યારે સમય આવે ત્યારે રાહુ સૂર્ય અને ચંદ્રની પાછળ દોડે છે. ત્યારે તે બંનેના હિત માટે ભગવાન તીક્ષ્ણ ધારવાળા સુદર્શન ચક્રને હાથમાં લઈને તેને રોકી રાખે છે. આ રીતે અત્યાર સુધી તે બંનેની રાહુથી રક્ષા કરે છે. ભગવાનના પ્રતાપની આ બાબતને આખું જગત પ્રત્યક્ષ જુએ-જાણે છે. ૯. ૧૦.

જ્યારે સમુદ્ર મંથન કર્યું ત્યારે ચૌદ રત્ન નીકળ્યા હતા. પણ સૌ પહેલા હળાહળ ઝેર નીકળ્યું અને પછીથી બીજા ચૌદ રત્નો નીકળ્યાં હતા. ૧૧. હવે તે રત્નોના નામ ગણાવું છું. ૧-વિષ, ૨-લક્ષ્મી, ૩-અપ્સરાઓ, ૪-કલ્પવૃક્ષ, ૫-કામધેનુ, ૬-એરાવત હાથી, ૭-અશ્વ, ૮-ધન્વન્તરી, ૯-ચંદ્ર, ૧૦-અમૃત, ૧૧-સુરા, ૧૨-કૌસ્તુભ, ૧૩-શંખ, ૧૪-શાર્ઙ્ગ ધનુષ વગેરે ચૌદ રત્નો સમુદ્રમંથન સમયે નીકળ્યા હતા. ૧૨-૧૩. તેમાં હળાહળ ઝેરને

શિવજીએ ગ્રહણ કર્યું. અશ્વ અને સુરા, બંને દૈત્યોએ લીધા. કામધેનુ ગાય સપ્તર્ષિઓએ પોતાને ઉપયોગી છે તેમ માનીને ગ્રહણ કરી. ૧૪. નક્ષત્રોના અધિપતિ બનીને ચંદ્રમા આકાશમાં રહ્યા. ધન્વન્તરી સ્થાયી નિવાસ કરીને હરિધામ કહેતા વૈકુંઠમાં રહ્યા. ૧૫. કલ્પવૃક્ષ દેવોએ લીધું અને બધું અમૃત પણ દેવોએ લીધું. તેને લીધે દેવો અને દૈત્યોને તત્કાળ વૈર પૈદા થયું. ૧૬.

અમૃતને માટે જે ઉદ્યમ કરવો જોઈએ, તે દેવો અને દૈત્યોએ મળીને ખૂબ જ કર્યો. દૈત્યોને અમૃતની ઘણી આશા હતી પણ ભગવાને તેની આશા ઉપર પાણી ફેરવી દીધું. ૧૭. અમૃતને માટે ઘણું યુદ્ધ થયું, તેને કહે પાર આવે તેમ નથી. તેથી જ ભગવાન જ્યારે અવતાર ધારે છે ત્યારે અહંકારી અસુરો દુઃખ આપવા ચાહે છે. ૧૮. તે દિવસથી તે અસુરો અવળે માર્ગે ચાલે છે અને સત્શાસ્ત્રોને તેઓ માનતા નથી અર્થાત્ સત્શાસ્ત્રની સમજણ પણ સવળી રીતે લેતા નથી. પછી તે સહુ અસુરોએ ‘ક્યારેય ભગવાન અવતાર લેતા નથી’ આવી વાતો ગ્રંથોમાં લખી. ૧૯. તો કેટલાક અસુરોએ તે ઈશ્વર અખંડ રહે છે અને જેમ તેજમાં તેજ ભળે તેમ ઈશ્વરમાં જીવ ભળી જાય છે. આવું ગ્રંથમાં લખ્યું. કેટલાકે તો ‘ઈશ્વર કર્મરૂપ છે, કર્મ જ બધું કરે છે, કર્મ સિવાય અન્ય કોઈ ઈશ્વર છે જ નહીં. ’ એમ ગ્રંથોમાં ઠેરાવ્યું. ૨૦. બળવાન અસુરોએ આવા અનંત ઊંધા માર્ગ અપનાવ્યા. **‘અનુપમ શ્રીહરિ મૂર્તિમાન્ છે અને પ્રકટ સ્વરૂપ છે. ’** આવી વાતને તે અસુરો માનતા નથી. ૨૧. જ્યાં સુધી આ બ્રહ્માંડ રહેશે ત્યાં સુધી તે અસુરો એવીને એવી ચડિયાતી રીતે જ ઊંધે માર્ગે ચાલતા રહેશે. જ્યારે મહા આત્યંતિક પ્રલય થશે ત્યારે તે બધા ઊંધા માર્ગોનો નાશ થશે. ૨૨.

### ❋ ગ્રંથકારે દાદા ખાચરના ભાગ્ય વખાણ્યા :

હે નૃપ ! તમારું અપાર સદ્ભાગ્ય છે. વારંવાર હું મુખથી કેટલુંક કહું ! કરોડો બ્રહ્માંડની આયુષ્ય પામીને પણ તમારા સદ્ભાગ્યનો કોઈ પાર નહીં લઈ શકે. ૨૩. શ્રીહરિએ ચારે ધામની યાત્રા કરી. છેવટે તમારે ઘેર આવીને અખંડ રહ્યા. તમે સર્વે કુટુંબ તથા પરિવારે સહિત તેમના પરમ સ્નેહી ભક્તો થયા છો. ૨૪. આ ભૂમિ ઉપર અપાર લોકો રહે છે. તેનો ગણતા પાર ન

આવે. અપાર ભાગ્યશાળી રાજા-મહારાજાઓ અને મોટા મોટા સરદારો પણ છે. ૨૫. તેને કોઈને ઘેર શ્રીહરિ રહ્યા નહીં અને તમારે ઘેર રહ્યા. તેથી તમારા મહાન્ ભાગ્ય છે. તેને કરોડો યુગ વીતે છતાં લખી શકાય નહીં. ૨૬. વળી, તમે ધન્યભાગ્ય છો. શ્રદ્ધા રાખીને શ્રીહરિચરિત્રોને સાંભળો છો. તે સિવાયની સાંભળવા જેવી જગતના વ્યવહારની વાતો અનંત છે. તે વાતોને સંસારના બધા લોકો રાત દિવસ કર્યા જ કરે છે. તે વાતોથી ક્યારેય તેઓ ધરાતા (તૃપ્ત થતાં) નથી. આ બાબતને મોટું અઘોર પાપ કહેવાય છે. ૨૭-૨૮.

દસ રત્નોની વાત આગળ કહી. હવે બીજા ચાર રત્નો (લક્ષ્મી, કૌસ્તુભ, શંખ અને ધનુષ્ય)ની વાત કહું છું. રત્નાકર સમુદ્રે ઘણો મોટો અદ્‌ભુત અને અલૌકિક મંડપ રચ્યો. ૨૯. જેમાં રત્નજડિત થાંભલાઓ હતા તેની શોભાનો પાર ન હતો. લક્ષ્મીજીના વિવાહ કરવા હતા એટલે તેણે અનેક પ્રકારના સુંદર (સારા) પકવાન કરાવ્યા. ૩૦. તેત્રીશ કોટિ દેવતાઓ ત્યાં આવ્યા. તેમના અનેક વિમાનોથી સાગરનો કિનારો છવાઈ ગયો. તે સહુએ પોતપોતાને માટે જરિયાની તંબુઓ ઊભા કર્યા હતા. ૩૧. તેની પાસે જ મંદરાચળ પર્વતની શોભા પ્રકાશને લીધે અદ્‌ભુત બની હતી. નિશાન ફરકતાં હતાં, નોબત વાગતી હતી. મહાન્ શક્તિશાળી અનંત પ્રકારના વાજિંત્રો વાગી રહ્યા હતા. ૩૨.

બ્રહ્મા, શંકર અને કશ્યપની સાથે મોટા મોટા દેવો આવ્યા હતા તે બધાની સાથે તેઓની પત્નીઓ પણ આવી હતી. તે બધી મંગળ ગીત ગાતી હતી. તેનાથી સર્વત્ર આનંદનો રંગ છવાઈ ગયો હતો. ૩૩. તે સમયે જેટલા દેવો આવ્યા હતા તેટલી જ તેમની પત્ની દેવાંગનાઓ પણ આવી હતી. બધી દેવાંગનાઓ માંડવે રહી અને બધા દેવો જાનૈયા થયા. ૩૪. મૂર્તિ અને ધર્મદેવના પુત્ર જે હરિકૃષ્ણ કહેવાય છે, તેમના લગ્ન લઈને બ્રહ્માજી આવ્યા. તે દિવસ મહા મંગળમય બન્યો. ૩૫. મેરુ પર્વત ઉપર જે વૈકુંઠ ધામ છે ત્યાં બ્રહ્માજી લગ્ન લઈને આવ્યા. તેને દેખીને મૂર્તિ અને ધર્મને અત્યંત મહા આનંદ થયો. ૩૬. શ્રીહરિની સાથે લક્ષ્મીજીના વિવાહનો જેમાં અભિપ્રાય હતો તે સમુદ્રે મોકલેલા લગ્નને તેમણે તત્કાળ વધાવ્યા. ૩૭. તે લગ્નની વધામણીમાં (ધાણા સાથે) અપાર ગોળ-સાકર લાવીને વહેંચ્યા. ભગવાન શ્રીહરિને પાટ

ઉપર પધરાવ્યા અને કુંકુમ તથા ચંદનથી અભિષેક (ધાર) કર્યો. ૩૮. ત્યારે વધામણીની નોબતો સાથે ઢોલ વગેરે વાજિંત્ર ખૂબ જ વાગી રહ્યા હતા. તે પ્રસંગે અદ્‌ભુત શોભા થઈ હતી અને સર્વે સ્ત્રીઓ મંગળ ગીત ગાતી હતી. ૩૯. ધર્મદેવે તે વખતે મોટા મોટા અપાર ઋષિઓને બોલાવ્યા હતા. વ્યાસ આદિ અનંત ઋષિઓ અને સપ્તર્ષિઓ પણ ત્યાં આવ્યા. તેનો ગણતા પાર આવે તેમ નથી. ૪૦.

***ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના પ્રથમ પુરમાં 'સમુદ્રમંથન પ્રસંગે ચૌદરત્ન અને લક્ષ્મીજી તથા શ્રીહરિના વિવાહનો આરંભ કર્યો' એ નામે બારમો તરંગ સમાપ્ત ॥૧૨॥***

## પૂર પહેલું : તરંગ - ૧૩

### શ્રીહરિ અને લક્ષ્મીજીના વિવાહ, દેવોએ કરેલી પહેરામણી

ઉત્તમરાજાએ બે હાથ જોડ્યા અને અને શ્રીમુક્તાનંદ સ્વામીને કહ્યું કે જીવનું હિત કરનારા શ્રીહરિના વિવાહનું ચરિત્ર મને કહો. ૧. શ્રીહરિના વિવાહ કઈ રીતે થયા ? આ વાત તો અદ્‌ભૂત છે. આ વાત મેં ક્યારેય સાંભળી નથી. તે સાંભળવા હું ખૂબ જ ચાહું છું. ૨. ત્યારે શ્રીમુક્તાનંદ સ્વામીએ કહ્યું, વેદોમાં અને પુરાણોમાં આવી બધી વાતો પ્રસિદ્ધ છે. જે જે કવિઓ થયા તેમણે તે તે ગ્રંથોમાં બધી વાતો લખી છે. ૩.

એટલે દાદાખાચરે કહ્યું, તે શ્રીહરિના વિવાહનું દિવ્યચરિત્ર હું સાંભળવા ઈચ્છુ છું. ત્યારે મુક્તાનંદસ્વામી તે વાત કહેવા લાગ્યા. ૪. ધર્મદેવે પ્રથમ ગણપતિજીને સંભાર્યા એટલે અનેક સદ્‌ગુણ સંપન્ન વિશાળ સ્વરૂપ લંબોદર ગણપતિજી તત્કાળ હરખભર્યા તેમના ઘેર આવીને વિરાજમાન થયા. ૫. એક મનોહર માણેક સ્તંભ બનાવી તેને લઈને વિશ્વકર્મા તે સમયે ત્યાં આવ્યા. ધર્મદેવના મંદિર (ઘર) આગળ અનુપમ મંડપ બનાવ્યો હતો. ૬. તેના દ્વારથી દક્ષિણ તરફ તે માણેક સ્તંભ રોપ્યો. નાડા છડી લઈને મીંઢોળ બાંધ્યો અને વિવાહના કાર્યનો આ રીતે આરંભ કર્યો. ૭.

સર્વ પ્રથમ ઐરાવત હાથીને લઈને ઇંદ્ર આવ્યા. હાથી ઉપર બેસાડીને શ્રીહરિનું ફુલેકું ફેરવ્યું. તે શોભા વર્ણવવી અશક્ય છે. ત્યારે શ્રીહરિની મૂર્તિ મનને હરી લે તેવી બની હતી. ૮. તે સમયે વૈકુંઠપુરીમાં અનેક પ્રકારના બધા જ વાજિંત્ર વાગવા લાગ્યા. આખા બ્રહ્માંડમાં તેનો ધ્વનિ વ્યાપી ગયો. તેનો પાર પામી શકાય તેમ નહોતું. ૯. જ્યારે મધરાત થઈ ત્યારે શ્રીહરિ ફુલેકે ચઢ્યા. તે વખતે સૂર્ય અને ચંદ્રએ આગળ આવીને અનંત પ્રકારની મશાલો પ્રગટાવી દીધી. ૧૦. સ્વર્ગમાંથી જ્યારે ઇંદ્ર આવ્યા ત્યારે તેઓ પોતાની સાથે કેટલીક તોપોને પણ લાવ્યા હતા. તેનો અવાજ ઘણો મોટો થતો હતો. તે શોભાનો કહેવાથી પાર આવે તેમ નથી. ૧૧.

પછી શ્રીહરિની જાન જ્યારે સમુદ્રની સમીપે આવી ત્યારે સમુદ્ર સામૈયું લઈને સામા આવ્યા. તે જોઈને દેવતાઓ, નરનારીઓ મહાઆશ્ચર્ય પામ્યા. ૧૨. તે સમયે વિવિધ પ્રકારના અપાર વાજિંત્ર વાગવા લાગ્યાં. મંગળમય ગીત ગાનારી નારીઓના હૃદયમાં હેતનો કોઈ પાર ન હતો. ૧૩. અત્યંત કુશળ સમુદ્રે સારી જગ્યા જોઈને શ્રીહરિને ઉતારો આપ્યો. પછી ખૂબ જ ભાવથી તેમને જમાડ્યા. ૧૪. જ્યારે મધરાત થઈ ત્યારે શ્રીહરિ તોરણ આવ્યા. ઘણા બ્રહ્માંડના અધિષ્ઠાતા ઈશ્વરો વેદોના ધ્વનિથી વિવાહનો વિધિ કરવા લાગ્યાં. ૧૫. જે બધા ઋષિઓ હતા તે પણ વેદોનો મંત્રોચ્ચાર કરવા લાગ્યાં. તેમના અંતરમાં ઘણો જ સ્નેહ હતો. આનંદનું પુર ઉમટી પડ્યું. ૧૬. જ્યારે શ્રીહરિ માંડવે પધાર્યા ત્યારે સોનાના પાત્રોની ચોરી બાંધી હતી. તે સમયે અનંત અને અપાર મણિમય દીવાઓ ઝગમગી રહ્યા હતા. ૧૭. મોટા મોટા સ્વર્ગાદિ લોકોમાં રહેનારા મહા શક્તિશાળી દેવો હતા તેમણે ત્યાં મણિજડિત સિંહાસન જોયું. પછી તેના ઉપર શ્રીહરિને પધરાવ્યા. ૧૮.

લક્ષ્મીજીએ શ્રીહરિના રૂપ, ગુણ અને સામર્થ્યને જોયા. અને મનમાં વિચાર કરવા લાગ્યા, 'શ્રીહરિના વિના બધા કાળનો કોળિયો છે. તેઓ એક પલક વારમાં જ નષ્ટ થઈ જાય છે. ૧૯. આવું જોઈ વિચારીને લક્ષ્મીજીએ પોતાના મનમાં આવો દૃઢ નિશ્ચય કર્યો કે, મારે વરવા માટે યોગ્ય તો આ શ્રીહરિ એક જ છે. તેમાં કોઈ સંદેહ નથી. ' ૨૦. તે સમયે જે દેવો ત્યાં

આવ્યા હતા, તે બધા નારાયણનો અભિષેક કરવા લાગ્યા. અને અનેક પ્રકારની પહેરામણી લાવ્યા હતા, તે સર્વે લક્ષ્મીજીને ભેટ કરી. ૨૧. વળી બધી દેવાંગનાઓએ મળીને તથા નવસો ને નવાણું નદીઓએ આવીને લક્ષ્મીજીને પહેરામણી કરી. ૨૨. બળવાન નાગો અને કિન્નરોએ પણ અનંત પ્રકારની પહેરામણી કરી. ચારે દિશાના ચાર દિગ્ગજો ચાર સમુદ્રના જળથી કુંભ ભરીને લાવ્યા. ૨૩. લક્ષ્મીજીના ઉપર તે જળથી અભિષેક કર્યો. તેઓ પૂજા માટે અનેક ઉપચારો લાવ્યા હતા. વાજિંત્રો વગાડીને ગાંધર્વો ગાતા હતા, તેમજ અપાર અપ્સરાઓ આવીને ત્યાં નાચતી હતી. ૨૪. ગોલોક અને વૈકુંઠમાં રહેતી અષ્ટ સિદ્ધિઓ અને નવ નિધિઓ, આ બધા લોકોએ આનંદ ઉલ્લાસથી ત્યાં આવીને લક્ષ્મીજીને પહેરામણી કરી. ૨૫. પછી લક્ષ્મીજીને શણગાર પહેરાવીને શ્રીહરિની પાસે લાવ્યા. મધ્યરાત્રિ થઈ ત્યારે ચંદ્રનો પ્રકાશ ઘણો જ પ્રસરી રહ્યો હતો. ૨૬.

શ્રીહરિને જમણે પડખે સૂર્ય રહ્યા અને ડાબે પડખે ચંદ્રમા રહ્યા. તેઓ સુંદર પ્રકાશ કરી રહ્યા હતા. તેથી શોભા અત્યંત અને અપાર બની રહી હતી. ૨૭. બત્રીસ ભમરવાળો મોડિયો લક્ષ્મીજીના મસ્તક ઉપર શોભી રહ્યો હતો. તે વખતે મહારાજા ભગવાન શ્રીહરિ તથા લક્ષ્મીજીની સુંદર જોડ બની હતી. ૨૮. સમુદ્રે લક્ષ્મીજીને તેડીને શ્રીહરિને ડાબે પડખે પધરાવ્યા. બ્રહ્માએ પાણિગ્રહણ-હસ્તમેલાપ કરાવ્યું. અને બંનેના પાલવની ગાંઠ બાંધી. ૨૯. બ્રહ્માએ અત્યંત મંગળમય અગ્નિને પ્રકટાવ્યો. મંત્ર બોલીને અગ્નિમાં જવ, તલ અને ઘીનો હોમ કર્યો. ૩૦. ચારે વેદના મંત્રોચ્ચારનો ધ્વનિ ઘણો ગાજી રહ્યો હતો. જેટલા જાનૈયા દેવો હતા તે બધા શ્રીહરિની સમીપે બેઠા. ૩૧. અને બધી દેવાંગનાઓ લક્ષ્મીજી તરફ બેઠી હતી. તેની શોભા અત્યંત (મોહક) બની હતી. જ્યાં સુધી વિવાહનું કાર્ય થતું રહ્યું ત્યાં સુધી બધા દેવો માંડવા તરફ બેઠા અને તેની પત્નીઓ લક્ષ્મીજી તરફ બેઠી હતી. ૩૨. વિવાહના જેટલા મંગળમય પદ કહેવાય છે. તે બધાને દેવાંગનાઓ ગાતી હતી. અગ્નિ સંબંધી વિધિના જે મંત્ર બોલવાના હોય છે. તેને બ્રહ્મા ઉચ્ચારી રહ્યા હતા. ૩૩. ગંગાજીએ લક્ષ્મીજીનો હાથ પકડ્યો અને સમુદ્રે શ્રીહરિનો હાથ ઉમંગથી

પકડ્યો. પછી હરખભેર કન્યાદાન દીધું. તે સમયે બધા જ દેવો જય જય બોલવા લાગ્યા. ૩૪. વર અને કન્યા અગ્નિને પ્રદક્ષિણા કરતા હોય છે તે રીતે શ્રીહરિ મંદ મંદ હસતા હસતા ફેરા ફર્યા. વિશાળ ગુણ સંપન્ન લક્ષ્મીજી અને નારાયણ તુરંત રત્નજડિત સિંહાસન ઉપર બેઠા. ૩૫. બ્રહ્માએ બંનેને કંસાર જમાડ્યો. પછી જળથી આચમન કરાવ્યું. તે સમયે ભગવદ્ વિભૂતિરૂપ સમુદ્રે શ્રેષ્ઠ અને અનુપમ કૌસ્તુભ મણિ શ્રીહરિને અર્પણ કર્યો. ૩૬. પાંચજન્ય શંખ અને અદ્ભુત સારંગ નામે ધનુષ્ય પણ શ્રીહરિને હાથમાં રાખવા માટે હાથઘરણા પેટે અર્પણ કર્યા. ૩૭. ભગવાન શ્રીહરિ તરફ જે દેવો બેઠા હતા તેઓ ઘણો દિવ્ય સામાન લાવ્યા હતા. તે શ્રીહરિને હાથઘરણા પેટે અર્પણ કર્યો અને પોતાનું શ્રેષ્ઠ કાર્ય કરી લીધું. ૩૮. લક્ષ્મીજી તરફ જે દેવો બેઠા હતા તેઓ પણ હાથઘરણું કરવા માટે જે સમૃદ્ધિ લાવ્યા હતા તે અર્પણ કરી. ૩૯. તે સમયે લક્ષ્મીજીએ બધા દેવો તરફ જ્યારે અમૃતમય દૃષ્ટિ કરી. ત્યાર પછી દેવોને પહેલા હતી તે કરતા પણ અનંતગણી સમૃદ્ધિ પ્રાપ્ત થઈ. ૪૦.

***ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના પ્રથમ પૂરમાં 'સમુદ્રે લક્ષ્મીજી અને નારાયણનો વિવાહ કર્યો' એ નામે તેરમો તરંગ સમાપ્ત ॥૧૩॥***

## પૂર પહેલું : તરંગ - ૧૪

## દૈવી અને આસુરીજનોનું સ્વાભાવિક વર્ણન

ઉત્તમરાજાએ હાથ જોડીને વિનયથી પૂછ્યું. બીજા જે જે શ્રીહરિના ચરિત્ર હોય તે હવે મને કહો. ૧. જોયેલી અને સાંભળેલી શ્રીહરિની અનંત વાતોને આપ જાણો છો. જ્યારે આપ અંતર્દષ્ટિ કરો છો ત્યારે કાંઈ જ આપને દૂર રહેતું નથી અર્થાત્ બધું પ્રત્યક્ષ દેખાય છે. ૨. લોકો કહે છે કે, શતાનંદ મુનિ પ્રબળ સમાધિનિષ્ઠ હતા. આપ તેનાથી થોડા પણ ન્યૂન નથી. આપ તો ભગવાનનું મન ગણાતા એવા નારદમુનિના સમાન મહાન છો. ૩. ઉત્તમરાજાનું વચન સાંભળીને મુક્તાનંદ સ્વામીએ અમૃત કરતાં પણ

હરિચરિત્ર અધિક છે એમ માનીને શ્રીહરિના ચરણોમાં મન જોડીને તે કહેવા લાગ્યા. ૪. શંકર અને બ્રહ્મા વગેરે બધા દેવોએ તે વખતે શ્રીહરિની પૂજા કરી. પછી તત્પર રહીને આરતી ઉતારી અને નિપુણતાથી સ્તુતિ કરવા લાગ્યા. ૫. મોટા મોટા જે દેવો હતા તે સહુ અલગ અલગ સ્તુતિ બોલવા લાગ્યા અને તેમની સર્વે પત્નીઓ પણ અલગ અલગ રીતે સ્તુતિ કરવા લાગી. ૬. નાગ, કિન્નર, સિદ્ધ, ચારણ અને બીજા બંદિજનો જેટલા હતા તે બધા પણ પૃથક પૃથક રીતે ભગવાન શ્રીહરિનો સર્વોપરી યશ બોલવા લાગ્યા હતા. ૭. શેષ, શારદા, નારદ, ગણપતિ અને કાર્તિક સ્વામી વગેરેએ શ્રીહરિનો અતિશય અને અનંત મહિમા કહ્યો. ૮.

જેમ કે **ભગવાન શ્રીહરિ ભક્તોની રક્ષા કરવા માટે પ્રત્યેક યુગમાં પવિત્ર જન્મ (અવતાર) લે છે.** તેમાં જેમણે દસ અવતાર ધર્યા હતા તેના નામ કહી રહ્યા છે. ૯. મત્સ્ય, કૂર્મ, વારાહ, નૃસિંહ, અને અનુપમ વામનરૂપે થયા હતા. તેમ જ પરશુરામરૂપે થઈને જેણે એકવીશ વાર અધર્મી ક્ષત્રિયોને હણ્યા હતા. ૧૦. રઘુકુળમાં પ્રભુ રામરૂપે થયા અને રાવણાદિ રાક્ષસોને માર્યા. અને કૃષ્ણરૂપ થઈને કંસના જેવા અનંત બળવાન દૈત્યોને માર્યા. ૧૧. તેમણે બુદ્ધરૂપ મહાન અવતાર ધાર્યો. અને દયાએ કરીને જ્ઞાનોપદેશ કર્યો, તેથી અનેક નરનારીઓનો ઉદ્ધાર કર્યો અને આત્મીયજનોની રક્ષા કરી. ૧૨.

### ✻ સંત મળે તો જ પ્રગટ હરિ ઓળખાય :

દૈત્યોમાં પણ સર્વાધિક બળવાન દૈત્ય કામ, ક્રોધ અને લોભ છે. ભગવાન જ્ઞાનરૂપી ખડ્ગ લઈને યુક્તિપૂર્વક તેનો વિનાશ કરે છે. ૧૩. શ્રીહરિ કાળના પણ કાળ છે, છતાં દયાએ કરીને સાધુરૂપે થાય છે. સર્વથી અધિક હોવા છતાં પણ શ્રીહરિ સાધુતાને અનુસરીને વરતે છે. ૧૪.

**सोरठा : जानत हे जन कोई, हरि के महिमा अति अधिक;**
**संत मिलत तेहि जोई, तेहि कर जनकुं जान परत...१५**
**जब मिलत जेहि संत, प्रगट प्रभु के ज्ञान जुत;**
**सत्संग तब करंत, अभेय पदकुं देत तेहि...१६**

શ્રીહરિના અતિશય અધિક મહિમાને તો કોઈક જ માણસ જાણતો હોય છે. જેને સંત મળે અને તેને ઓળખે તો તેનાથી તે મનુષ્યને ભગવાન ઓળખાય છે. ૧૫. પ્રકટ પ્રભુની ઓળખાણવાળા સંત જ્યારે મળે અને તેનો જો સમાગમ (સત્સંગ) કરવામાં આવે ત્યારે તે સત્સંગ મનુષ્યને અભયપદ (મોક્ષ) આપે છે. ૧૬. ભગવાન શ્રીહરિ જ્યારે મનુષ્યોને વેદ, પુરાણો અને ધર્મશાસ્ત્રના સન્માર્ગથી ભ્રષ્ટ થયેલા દેખે છે અને અધર્મને વધેલો દેખે છે ત્યારે તેઓ યુગયુગમાં અવતાર ધારણ કરે છે. પછી સુખના ધામ શ્રીહરિ અધર્મને ઉત્થાપીને ધર્મનું સ્થાપન કરે છે. અને તે જ પ્રભુ કળિયુગના અંતમાં કલ્કિરૂપે થઈને મ્લેચ્છપ્રાય રાજા-પ્રજાનો નાશ કર કરશે. ૧૭.

**જેમ નાટકમાં સૂત્રધારને વશ બધા પાત્ર રહે છે તેમ સર્વ જગત્ શ્રીહરિને વશ વર્તે છે. જેમ કોઈ જાદુગર પોતાની કળાથી પ્રેક્ષકોને જાણે સ્વતંત્ર હોય તેમ વશ કરી લે છે. તેનું તેના કુટુંબીઓને આશ્ચર્ય થતું નથી. પણ બીજાઓને તો તે જાદૂ અટપટું લાગે છે. તેમ ભગવાન શ્રીહરિના લીલાચરિત્રોને તો જે હરિજન કે સંત હોય તે જ સમજી શકે છે. બીજાઓને તો તે અટપટું લાગે છે. ૧૮.** શ્રીહરિ જ્યારે ધરતી ઉપર અવતાર ધારણ કરે છે ત્યારે તેઓ અસુરોનો સંહાર કરે છે. જે દૈવીજન હોય તે શ્રીહરિને ભજે પણ અસુર તો તેને દેખીને તજી દે છે, દૂર ભાગે છે. ૧૯. પ્રત્યેક પથ્થર હીરા-માણેક હોતા નથી. વળી, પ્રત્યેક સરોવરને કિનારે સાચા મોતી હોતા નથી. તેમ બધી જગ્યાએ હરિજન નથી હોતા અને અધર્મીઓથી તો આખું જગત ભરેલું છે. ૨૦.

અધર્મી લોકો હરિજનને દેખીને સહેજે અદેખાઈ કરે છે. ચોર લોકોને ચંદ્રમા ન ગમે પણ શાહુકાર તો ચંદ્રને દેખીને આનંદિત થાય છે. તેમ ભગવાન ભક્તોને જોઈને ખુશ થાય છે. ૨૧. ચાર વર્ણ અને ચાર આશ્રમમાં અસુરો પ્રકટે છે. તેઓ હરિજનોની સાથે વેર કરે છે. ભક્તોને દેખીને અસુરો ખૂબ બળી મરે છે. ૨૨. બ્રાહ્મણ જેવા ઉચ્ચ વર્ણમાં જન્મ લઈને પણ તેઓ મુખથી પંચ મકારનું માહાત્મ્ય કહે છે કે, મદ્ય (દારૂ), માંસ અને મૈથુનના જેવું કલ્યાણકારી બીજુ કોઈ સાધન નથી. ૨૩. વેદમાં બતાવેલો આવો ધર્મ છે એમ કહીને વટાળ ફેલાવે છે અને મનુષ્યોને સન્માર્ગથી છોડાવીને કુમાર્ગે

ચલાવે છે. ઉત્તમ, મધ્યમ અને કનિષ્ઠ આવા અધર્મી-અજ્ઞાનીઓએ મનુષ્યોના ત્રણ ભેદ કરી દીધા છે. ૨૪.

### ❋ અવળું જ્ઞાન આપે તે અધર્મી અને અસુર છે :

'સર્વમાં આત્મા એક છે, વર્ણ અને આશ્રમ જેવું કાંઈ છે જ નહીં. ' અસુરોને આવું જ્ઞાન હોય છે. હે નૃપ ! તમે આવું જાણો. ૨૫. અસુરો ધર્મથી વિરોધી જ્ઞાન કહેતા હોય છે. તેઓ ધર્મને અધર્મ કહી બતાવે છે અને અધર્મને ધર્મ કહેતા હોય છે. ૨૬. સૂલટ-સવળા ધર્મમાર્ગને જોઈને અસુરો તેને ઊલટ-અવળો માર્ગ કહે છે. અને ઊલટ-અવળા અધર્મમાર્ગને તેઓ સૂલટો કરીને કહે-લખે છે. હે નૃપ ! આવા અસુરોને ઓળખી રાખવા. ૨૭. અસુરો રાતદિવસ વેદવિરુદ્ધ માર્ગે ચાલે છે. અને શુદ્ધ દૈવીજનો તે વેદવિરુદ્ધ માર્ગે ક્યારેય ચાલતા નથી. ૨૮.

અસુરજનો હંમેશા પાપ જ કરે છે. તેના હૃદયમાં લેશમાત્ર દયા હોતી નથી, તેની આગળ કોઈ દયાની વાત કરે તો પણ તેને વચનરૂપી બાણથી વીંધી નાખે છે. ૨૯. વર્ણ અને આશ્રમ સહુને એક કરી દે છે. તેને ધર્મ કે અધર્મનો કોઈ વિવેક હોતો નથી. પરસ્ત્રીને બલાત્કારે ઊઠાવી જાય છે. અને તેમાં મનમાં કોઈની શંકા રાખતા નથી. ૩૦. બીજાને મારીને તેનું ધન લૂંટી લે છે. તે અસુરો નિર્દય અને અહંકારી થઈને ફરતા હોય છે. તેઓને મનુષ્યને મારવામાં લેશમાત્ર દયા હોતી નથી. આ પ્રમાણે કરીને હંમેશા તેઓ પોતાનું પેટ ભરતા હોય છે. ૩૧. છળકપટ કરીને તેઓ પેટ ભરે છે અને તેનું પાપ મનમાં ધારતા નથી. તેઓ બધી જાતના નશાથી ભરપૂર હોય છે અને વિવિધ પ્રકારના વ્યસન કરવામાં શૂરવીર હોય છે. ૩૨.

સત્ય અને ન્યાયના માર્ગે ચાલતા લોકોને તેઓ અસત્ય અને અન્યાય બતાવે છે. અને સન્માર્ગે વિચરી રહેલા સંતોના ઉપર વૈરભાવ રાખે છે. બીજાના ઉપર મિથ્યા કલંક (અપવાદ) લગાવે છે અને તેના પાપની શંકાને તો તેઓ દૂર જ કરી દે છે. ૩૩. અસુરો મનમાં ધારે તેને ખરાબ કરી બતાવે છે અને પાપ કરવામાં તેઓ ઘણા જ ઉત્સાહી હોય છે. વેદો, શાસ્ત્રો

અને સંતોને તેઓ માનતા નથી પણ કલ્પિત શાસ્ત્રને સાચા માને છે. ૩૪. તેઓ સાચા સંતોને દેખીને રાત-દિવસ તેમની અસૂયા કરે છે, કહેતા તેમના ગુણોમાં પણ દોષો દેખાડે છે. મુખેથી તો કપટભર્યું અને મિથ્યા જ બોલે છે, અને પોતાના સમાન બીજા કોઈને સારા ગણતા નથી. ૩૫. જ્યારથી આદ્ય સૃષ્ટિ થઈ છે ત્યારથી દૈવી અને આસુરીજનો આ દુનિયામાં રહ્યા જ છે. જેમ અમૃત પોતાના અમૃતરૂપ ગુણોને છોડતું નથી અને ઝેર પણ પોતાના ગુણને રજ જેટલું પણ છોડતું નથી. તેમ સંતો સાધુતા છોડતા નથી અને અસુરો ખળતા ત્યાગતા નથી. ૩૬.

દૈવીજનો ધર્મનો ત્યાગ કરતા નથી અને તે અધર્મથી દૂર ચાલે છે. અને આસુરીજનો અધર્મને અનુસરે છે તથા પાપ કરવામાં પૂરા હોય છે. ૩૭. જ્યારે બ્રહ્માએ સૃષ્ટિનો આરંભ કર્યો ત્યારે જે પ્રથમ જન્મ્યા હતા તે અસુરો માતા, પુત્રી અને બહેનની સાથે પણ શારીરિક સંગ કરે છે અને ધર્મનો ભંગ કરે છે. ૩૮. તે અસુરો પોતાના ગોત્રની સ્ત્રીને પણ છોડતા નથી (પણ ભોગવે છે) અને તે સ્ત્રી પણ અદેવ અર્થાત્ આસુરી છે કે, જે પુરુષ અસુરની જેમ અધર્મનું આચરણ કરે છે. ૩૯. જે લોકો કુમાર્ગે ચાલે છે તે ભલે યોગી, યતિ, રાજા, નર કે નારી હોય, તેને સત્પુરુષ અને સદ્ગ્રંથ સમજાવે છે છતાં પણ તેઓ તેમની વાતને સમજતા જ નથી. ૪૦.

***ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના પ્રથમ પૂરમાં 'દેવ તથા અસુરોના સ્વાભાવિક ગુણદોષ કહ્યા' એ નામે ચૌદમો તરંગ સમાપ્ત ॥૧૪॥***

## પૂર પહેલું : તરંગ - ૧૫

## અસુરોનું તત્વજ્ઞાન, ભારતીય પ્રજાની સ્થિતિ અને શ્રીનરનારાયણ ભગવાનનો સંકલ્પ

ઉત્તમરાજાએ હાથ જોડીને મુક્તાનંદ સ્વામીને હેતથી પૂછ્યું, આપે અદેવ-અસુરો અને દેવોના સ્વરૂપ કહીને મને સમજાવ્યું. ૧. તમે શ્રીહરિની

પાસે રહ્યા છો તેથી બધું જાણો છો તો મને તે જુદુ પાડીને સમજાવો કે કોનો કેટલો સંગ-સંસર્ગ રાખવાથી શું અને કેટલું ફળ મળે છે ? અને તે છોડવાથી નુકસાન (વિનાશ) કેટલું થાય છે ?૨.

આપે શ્રીહરિના મુખે આ વાત વારંવાર સાંભળી હશે. તો આપ મને પ્રેમથી તે સમજાવો. કહ્યા સિવાય સમજાય નહીં. ૩. જ્ઞાન સૂર્યના સમાન છે. તે અજ્ઞાનરૂપી અંધારાને ટાળે છે. જો આપના સમાન જ્ઞાની મળ્યા હોય તો અજ્ઞાનનું અંધારું તુરંત ટળી જાય છે. ૪.

**चोपाई :**

**प्रगट हरि बिन शुद्ध हि ज्ञाना, कबहु मिले नहिं दृढ जाना;**
**प्रगट हरि बिन ज्ञानी जेता, निज रुचि सम वर्तत तेता...०६**

મુક્તમુનિએ ઉત્તમરાજાની વાત સાંભળી. પોતે સમગ્ર જીવોના પરમ મિત્ર છે. એટલે સૌનો ઉદ્ધાર કરવાને માટે સાક્ષાત્ બોલ્યા,૫. હે રાજા, એક વાત તમે દૃઢ રીતે સમજી લો કે, પ્રકટ હરિના વિના કોઈને શુદ્ધ જ્ઞાન ક્યારેય મળતું નથી. તે પ્રગટ ભગવાન સિવાયના જેટલા જ્ઞાની કહેવાય છે તે પણ બધા પોતાની રુચિ પ્રમાણે વર્તે છે. ૬.

### ❋ આજ્ઞા પાળે થઈ શૂર, તેથી દોષો રહે દૂર :

**ओरकुं ध्यान करन हे तेहा, सोउ केहेना करीके नेहा;**
**तेहि विध आचरन कबु न करना, तिनके बचन तिमि अनुसरना...०८**

શ્રીહરિની રુચિ-મરજી પ્રમાણે ચાલવું એ જ મોક્ષમાર્ગ છે અને બીજાઓની રુચિ મુજબ ચાલવું એ જ કુમાર્ગ છે એમ સમજવું. ભગવાન જે જે ચરિત્ર કરે છે તે તે બધા મોક્ષને આપનારા છે. ૭. 'તે શ્રીહરિના ચરિત્રોનું ધ્યાન-સ્મરણ કરવું' એમ બીજાઓને સ્નેહ કરીને કહેવું. શ્રીહરિની આજ્ઞા પ્રમાણે રહેવું, પણ તેમની ક્રિયાઓનું અનુસરણ-આચરણ ક્યારેય ન કરવું. ૮.

**बचन रखे सो हरिजन पूरा, नहिं रखे तेहि जानहु कूरा;**
**श्रीहरि अंतर की सब जाने, जेसे वर्त हि तेसे पेचाने...०९**

**बचन हरि के वर्तहि जेसा, तिनकुं सुख हरि देवहि तेसा;**
**हरिकुं अधिक नुन्य न कोउ, जेसे वर्त हि तेसे होउ...१०**

શ્રીહરિની આજ્ઞામાં જે રહે તે પૂરો હરિભક્ત છે, પણ જે આજ્ઞા ન માને તે અધૂરો છે. ભગવાન શ્રીહરિ સહુના અંતરની વાતને જાણે છે અને જે ભક્ત જેવો હોય તથા જેવું વર્તતો હોય તેવો તેને ઓળખે છે. ૯. શ્રીહરિના વચનમાં જે જેટલું રહે છે તેને તેટલું સુખ હરિ આપે છે. તેમને માટે કોઈ અધિક કે ન્યૂન નથી. જે જેવું વર્તન રાખે છે તે તેવા ફળને પામે છે. ૧૦.

**❋ અસુરોની લાક્ષણિકતાઓ :**

અસુરોની રીત જ અલગ છે. તેઓ સ્વયંને બ્રહ્મ કહીને અનીતિ આચરતાં હોય છે. તેઓ સમગ્ર જીવોને શુદ્ધ કહે છે, તેમના મતમાં કોઈ અશુદ્ધ તો છે જ નહીં. ૧૧. કોઈને પાપ કે પુણ્ય અડતું જ નથી. તેઓ દેહાભિમાની હોવા છતાં સ્વયં બ્રહ્મરૂપ થઈને બેઠા છે. તે અસુરો લોકોને આ રીતનો ઉપદેશ કરીને અધર્મપૂર્ણ માર્ગમાં ચલાવે છે. ૧૨. તેઓ અધર્મ કરવામાં જીવમાં લેશમાત્ર ખચકાતા-દુઃખાતા નથી. ઊલટા જેઓ ધર્મમાર્ગમાં ચાલે છે તેમની વાણીથી (હત્યા) નિંદા કરે છે. ૧૩. તેઓ 'બ્રહ્મના સમાન બીજુ કાંઈ નથી' આવું કહીને જપ, વ્રત-તપ, તીર્થાદિક મોક્ષપ્રાપ્તિના સાધનોનું ખંડન કરે છે. અને દેવોની પ્રતિમાને તો ક્યારેય પણ માનતા નથી, તેનું પણ ખંડન કરે છે. ૧૪.

'નહાઈ ધોઈને શરીરને સદા પવિત્ર રાખવું' આવા સ્નાન શૌચાદિક નિયમોની નિંદા કરે છે અને બોલે છે કે, 'બ્રહ્મને કશો દોષ લાગતો નથી. '૧૫. તે અસુરો 'બ્રાહ્મણથી લઈને ચાંડાળપર્યંતમાં સદા એક જ બ્રહ્મ છે' આવું બોલતા ફરે છે અને વૈદિક વિધિ-વિધાનોને કલ્પિત કહે છે. ૧૬. પ્રભુપણાનો એક પણ ગુણ નહીં હોવા છતાં 'અહં બ્રહ્માડસ્મિ' 'હું બ્રહ્મ છું' આવું મોઢે બોલે છે. સમાજમાં વટાળ ફેલાવે છે, શુદ્ધ આચાર વિચારની કાંઈ શંકા રાખતા નથી. વેદના વચનો જ્ઞાની લોકો માટે નથી. અજ્ઞાની આવો ઉપદેશ લોકો આગળ કરે છે. પ્રભુના ઘરમાં તો બધા એક જ છે, ત્યાં કાંઈ ભેદ નથી. આવું પણ કહે છે. ૧૭. દાન આપવામાં 'અન્નદેવનું દાન' કરવું તેમાં સહુથી વધારે પુણ્ય થાય છે. 'અન્નદાન જ મુક્તિ છે તથા અન્નદાન જ

ભક્તિ છે. તે સિવાયનું બધું અધૂરું-ન્યૂન છે. જેમ તેમ કરીને કોઈપણ રીતે કોઈ આત્માને સુખી કરો. ' આવો જે ઉપદેશ કરે છે તેને અસુર જાણવા. ૧૮.

અસુરો કહે છે કે 'એક આત્માને ઓળખી લો. તે પર્યાપ્ત છે. પછી મોક્ષ દૂર નથી. સહુમાં એક બ્રહ્મ જ છે એમ જાણવું. ' આવા જ્ઞાન વિના ક્યારેય મોક્ષ થાય નહીં. ૧૯. ઉપર કહેલી વાતમાં તુરંત વિશ્વાસ આવે અને તેમાં જ ચિત્તને જોડી રાખે, તેવાને મોક્ષના દાતા કહે છે. આવી વાતોના રંગમાં જ તેઓ રાત-દિવસ મહાલતાં ફરે છે. ૨૦. સાચા જ્ઞાનીઓને અસુરો ખોટા ગણે છે. જો કોઈ સત્ય વાત કહે, તો તેને બાળક જેવા ગણીને તેની અવગણના કરે છે. સાચી વાત સાંભળીને તેઓ તેની હાંસી (મશ્કરી) કરે છે અને બોલે છે કે, 'સદાચારની રહેણી કરણી તો બ્રહ્મજ્ઞાનની દાસી છે'. ૨૧. તે અસુરો સનાતન સત્ય બ્રહ્મને માનતા નથી. કલ્પિત બ્રહ્મને જ સાચા કરી બતાવે છે. સત્ય બ્રહ્મને અસત્ય કહે છે અને અસત્યને સત્ય કરી દે છે. ૨૨. ખરેખર સનાતન પ્રમાણ તો વેદ કહેવાય છે. મનનું માનેલું તો કલ્પિત પ્રમાણ કહેવાય. જેને જેવી રુચિ હોય, તે બ્રહ્મને તેવા રૂપમાં વર્ણવીને કહે છે. ૨૩. શ્રુતિઓ અને ઋષિઓનો મત જ સાચો કહેવાય છે, પણ તેમાં પોતાના તર્ક ભેળવીને તે મતને ઊલટો કરી નાખે છે. આ કળિયુગમાં અતિશય ધર્મના દ્વેષી આવા અસુરો અપાર રહ્યા છે. ૨૪.

આવા અસુરો ઘેર ઘેર જન્મ્યા. અને તેનાથી અધર્મ જગતમાં છવાઈ ગયો. પરસ્પર એક બીજાથી ભય અને સંકટ વધી ગયા. એક પળવાર પણ નરનારીઓને સુખ રહ્યું નહીં. ૨૫. અસુરો એક-એક ને મારીને ખાઈ જાય, અને તેનાથી એક રતિભાર પણ ત્રાસ મનમાં લાવે નહીં. પછી તો બધા જ લોકો અન્યાયભર્યા કાર્યો કરવા લાગ્યા. પ્રજા અને રાજા બધા એવા જ એક સરખા થઈ ગયા. ૨૬. **પરસ્પર કોઈનું ભલું ચાહે નહીં, સાધુ કે અસાધુને કોઈ ઓળખે જ નહીં, બળવાન મનુષ્ય દુર્બળ મનુષ્યને દુઃખ દેવા લાગ્યા. દુર્બળની તો કોઈ સંભાળ જ લેતા નહીં. ૨૭. આ દુનિયામાં કોઈ કોઈની રક્ષા કરે એવું ક્યાંય કોઈને દેખાતું નહોતું. પ્રત્યેક દેશમાં રાજા અને રૈયત એક સરખા થઈ ગયા. ૨૮.**

રાજા પ્રજાને પીડવા લાગ્યા. તેના હૃદયમાં તલભાર પણ દયા રહી નહીં. જ્યારે બધા જ રાજાઓ આવા થયા ત્યારે શ્રીહરિએ વિચાર કર્યો. ૨૯. જે ધર્મ પાળનારી પ્રજા હતી, તેને અપાર દુ:ખી જોઈ ત્યારે મરીચ્યાદિ બધા મુનિઓ બદરિકાશ્રમ આવ્યા. ૩૦. બધા ઋષિઓએ શ્રીનરનારાયણ ઋષિની પાસે રક્ષા કરવા પોકાર કર્યો, ત્યારે તેમણે પ્રજાને સુખી કરવાની સર્વ યોજના મનમાં ધારી લીધી. ૩૧. 'જેવો અવતાર ભૂમિ ઉપર થાય તેવો જ રાજા પણ ભૂમિ ઉપર હોય તો બીજા બધા નાના મોટા રાજા ન્યાય નીતિમાં ચાલે.' આવો વિચાર ભગવાને કર્યો. મોટા મોટા વાઘ કે સિંહ જ્યારે પાંજરામાં પુરાઈ જાય ત્યારે તેનું બળ કાંઈ ચાલતું નથી. તેનો માલિક (શિક્ષક) જેમ કહે તેમ કરવા તે મજબૂર થાય છે. ૩૨. ઉત્તરખંડ (યૂરોપ)માં અવનવો ઇંગ્લેંડ નામે સમુદ્રને મધ્યે ટાપુ છે. ત્યાંનો રાજા, જે નીતિ, ન્યાયમાં સાગર જેવો વિશાળ અને ચતુર બુદ્ધિવાળો હતો. તે અનીતિને છોડવાનું કહેતો હતો. તે રાજા સ્વયં દુ:ખ સહન કરીને પણ પ્રજાને સુખી કરવામાં તત્પર રહેતો હતો. ભારતમાં જો તેનું રાજ્ય થાય તો અધર્મ દૂર રહે. એવો ભગવાને વિચાર કર્યો. ૩૩.

***ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના પ્રથમ પૂરમાં 'શ્રીનરનારાયણ ભગવાને રાજા અને પ્રજાનું પાલન કરવાનો સંકલ્પ કર્યો' એ નામે પંદરમો તરંગ સમાપ્ત ॥૧૫॥***

## પૂર પહેલું : તરંગ - ૧૬

## પાંડે કનહીંરામનો પરિવાર અને ધર્મદેવનો જન્મ

ઉત્તમરાજાએ હાથ જોડીને મુક્તાનંદ સ્વામીને પૂછ્યું, હવે મને ધર્મદેવના જન્મની કથા સાંભળવામાં પ્રેમ છે. ૧. ધર્મદેવનો જન્મ કયા દેશમાં, કયા ગામમાં અને કયા વિપ્રવર્યને ઘેર થયો હતો ? તેમનું ગોત્ર, વેદ, શાખા અને પ્રવર શું હતું ?૨. તેમના માતા પિતાનું નામ શું હતું ? અને તેમનો જન્મ ક્યા વરસમાં થયો હતો ? તેમનું જે મહાપવિત્ર સ્થાન હોય, તેને પણ વિવિધ રીતે કહો. ૩. રાજાનો પ્રશ્ન સાંભળીને મુક્તાનંદ સ્વામીને અપાર

આનંદ થયો. અને તેઓ સંપૂર્ણ જગતના હિત માટે કથારૂપી અમૃતની વૃષ્ટિ કરવા લાગ્યા. ૪. શ્રીરામપ્રતાપજી નામે શ્રીહરિના મોટા ભાઈ છે. તેઓ આ બધી બાબતને યથાર્થ રીતે જાણે છે. તેમણે કહેલી વાત હવે હું તમને કહું છું. ૫. સરજૂ નદીને સામે કાંઠેનો પ્રદેશ સરવાર દેશ કહેવાય છે. તેમાં ઘણા જ સરવરિયા (સરયૂપારીણ) બ્રાહ્મણો રહે છે. તેમાં પણ 'તેર ઘરનું જે કુટુંબ' કહેવાય છે તે ઘણું શ્રેષ્ઠ ગણાય છે. ૬.

તે પ્રદેશમાં ઈટાર નામે એક શહેર છે. તે અનુપમ અને ઘણું સુશોભિત નગર ગણાય છે. તેને ચારે બાજુ કિલ્લો છે અને તેમાં બુરજ પણ છે. સુખ-સગવડભર્યું તે શહેર નદીને કિનારે વસ્યું છે. ૭. તે નદીનું નામ દેવસરિતા છે. તેનો મહિમા વર્ણવી શકાય નહીં, એટલો બધો મહાન્ છે. તેમાં સ્નાન કરવાથી અનેક પાપોનો નાશ થાય છે. ૮. જો મહિમાભર્યા પ્રેમથી તે નદીમાં સ્નાન કરવામાં આવે તો તેની અનેક પેઢીઓનો ઉદ્ધાર થાય છે. જે અપાર લોકો અવગતિ પામીને ભૂત પ્રેત કે પિશાચ થયા હોય છે,૯. તેના નિમિત્તનું શ્રાદ્ધ આ નદીને કિનારે કરવામાં આવે, તો તત્કાળ તે અવગતિથી છૂટીને દેવગતિને પામે છે. આવો તેનો અપાર મહિમા છે. આ સમયે ધર્મદેવે તે શહેરમાં જન્મ લેવા વિચાર્યું. ૧૦.

તે નદીને કિનારે સુંદર વન શોભતું હતું. જે જોવા માત્રથી જ લોકોના મનને ખેંચતું હતું. સારા નવા આંબા, કદંબ, આસોપાલવ આવા અનંત વૃક્ષોની શોભાને તે વને ધરી લીધી હતી. ૧૧. કેળ, જાંબુ, લીંબુ, જાયફળ, દાડમ, નાળિયેર, ચંદન, નાગ, પુન્નાગ, ખનિ, રસદાર ખજૂર, મહુડો, વડ, પીપળો, આંબલી, ચંપો અને ખાખરો ઈત્યાદિ વૃક્ષ તે વનમાં હતા. જાઈ, જૂઈ, ચમેલી અને પારિજાત આદિ સુગંધી વેલો અને વૃક્ષ હતાં. ૧૨-૧૩. તે વનમાં પાણીમાં થતાં અને જમીન ઉપર થતાં જાત જાતના કમળ હતાં. ફૂલ અને ફળ આપનારી અપાર વેલો હતી. ત્યાં સારસ, હંસ અને મોરના ટહુકા થતા હતા. ૧૪. પોપટ, કોયલ, ચકોર, મેના અને નીલકંઠ આદિ પંખીઓ મધૂર શોર બકોર કરતા હતા. તેથી સાંભળનારાના મનમાં અતિશય આનંદ થતો હતો. ૧૫. ઉપર કહેલા વૃક્ષોથી ઘેરાયેલું ઈટાર શહેર ઘણું શોભિત હતું

અને તે બધી શોભાથી ધર્મનું ઘર તો બીજી જ રીતે દીપતું હતું. ૧૬. ઈટારમાં બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શૂદ્ર, આ ચારે વર્ણોના મનુષ્યો ખાન-પાન, વસ્ત્ર, આભૂષણ ઇત્યાદિ સામગ્રીથી અપાર સુખમય જીવન જીવતા હતા. ૧૭. ત્યાં કોઈને કોઈ પણ જાતનું દુઃખ કે શોક હતા જ નહીં. ઈટાર શહેરના નગરપતિ પણ સરવરિયા (સરયૂપારીણ) બ્રાહ્મણ હતા અને તે ઘણા સુખી હતા. ૧૮.

**❋ બાલશર્મા અને ભાગ્યવતીના ગુણો :**

ઈટારમાં કનહીંરામ નામે એક પવિત્ર બ્રાહ્મણ હતા. તે અતિશય ધર્મ અને ભક્તિના ગુણોથી યુક્ત હતા. તેમનું જીવન અતિશય કરુણાભર્યું હતું. તે નિષ્પાપ અને મહાન ઉદાર મનના હતા. તેઓ પુણ્ય અને પવિત્ર ગુણોના ભંડાર હતા. ૧૯. તેઓ બ્રહ્માના અંશ અને ઊંચ કુળના સદાચારથી યુક્ત હતા. તેમના વિચાર હંમેશા સ્વધર્મનિષ્ઠ હતા. તેમનું ગોત્ર સાવર્ણી, વેદ સામ અને શાખા કૌથમી હતી. ૨૦. તેમના ભાર્ગવ, વૈતહવ્ય અને સાવેતસ, આ ત્રણ પ્રવર હતા. તેમની ગામના નામ સાથેની 'ઈટાર પાંડેય' આવી અટક હતી. ૨૧.

કનહીંરામ વિપ્ર ત્યાંના શિરનેત્ર રાજાના પૂજ્ય ગણાતા હતા. તેમના પુત્ર બાળશર્મા નામે હતા. તેઓ વેદો અને પુરાણોને ભણેલા તથા પરમ સુખી હતા. ૨૨. તેઓ શ્રદ્ધાળુ, આત્મજ્ઞાનથી ગંભીર, સત્યવાદી, જિતેન્દ્રિય અને ધીર હતા. શૂરવીર હતા, ધર્મમાં દઢ અને શીલ સંતોષ આદિ ગુણોથી યુક્ત હતા. ૨૩. દાંત, (ઇન્દ્રિયો નિયમન) શાંત અને ગુણોના ભંડાર હતા. દેશકાળને અનુસરીને રહેતા હતા. આવા મહાન્ બુદ્ધિશાળી બાળશર્માને ભાગ્યવતી નામે પત્ની હતી. ૨૪. તે અપાર પુણ્યવતી અને પવિત્ર હતી. મનથી નિર્મળ અને અપાર શુભ ગુણ સંપન્ન હતી. તે ભાગ્યવતી પતિવ્રતાના ધર્મનું દઢપણે પાલન કરતી હતી. ૨૫. તે ભાગ્યવતીના ઉદરથી જગદ્વંદ્ય ધર્મ પ્રકટ થયા. તેમના સમાન અન્ય કોઈને પ્રતાપી અને સ્વતંત્ર જાણવા નહીં. ૨૬.

**❋ ધર્મદેવના જન્મથી સર્વત્ર ઉત્સવ :**

જ્યારે ધર્મદેવનો જન્મ થયો ત્યારે આખા જગતમાં બધે જય જયકાર

થઈ ગયો અને ઘેર ઘેર અપાર આનંદ ઉત્સવ થવા લાગ્યો. ૨૭. વિક્રમ સંવત્ ૧૭૯૬ના પ્રમોદ નામે વર્ષમાં ધર્મદેવ પ્રગટ થયા. ૨૮. ત્યારે સૂર્ય દક્ષિણાયનમાં હતા, તેની અપાર શોભા વર્ણવી શકાતી નથી. ધર્મદેવના જન્મથી ભૂમિ ઉપર સર્વત્ર મહાઆનંદ થયો. લોકો વિવિધ પ્રકારના અન્ન ભોજન તૈયાર કરીને જમ્યા. ૨૯. ત્યારે શરદઋતુ હતી. કાર્તિક માસની સુદિ એકાદશીની તિથિ અને બુધવાર હતો. ઉત્તરાભાદ્રપદ નક્ષત્ર હતું, વજ્ર યોગ હતો. ૩૦. બધા રોગોને ટાળનાર વિષ્ટિ કરણ હતું અને કુંભ લગ્નનો જ્યારે યોગ થયો હતો. ત્યારે મધ્યાહ્ન સમયે સૌન્દર્યના નિધિ જેવા ધર્મદેવનો જન્મ ભાગ્યવતીના ઉદરથી થયો. ૩૧.

ધર્મદેવનો જન્મ સાંભળીને ત્રિલોકીમાં રહેનારા દેવો અને સાધુ પુરુષો ખૂબ જ આનંદિત થયા. તેમનો જન્મ સાંભળીને તેત્રીશ કરોડ દેવો આવ્યા. સહુએ હાથ જોડીને સ્તુતિ કરી. ૩૨. સાવિત્રીની સાથે બ્રહ્મા આવ્યા. ઉમંગવાળા શિવજી પાર્વતી સાથે આવ્યા. શારદા અને શેષ આવીને યશોગાન કરવા લાગ્યા અને નારદ તો નવતમ ગાન કરતાં કરતાં તાન તોડવા લાગ્યા. ૩૩. ગણોની સાથે શિવજીએ (તાંડવ) નૃત્ય કર્યું. ગંધર્વો અને અપ્સરાઓ પ્રસન્ન મનથી યશ ગાવા લાગી. સિદ્ધો, ચારણો, વિદ્યાધરો અને મુનિજનો અપાર આવ્યા અને ધર્મદેવના યશોગાન કરવા લાગ્યા. ૩૪.

વૈકુંઠવાસી મુક્તો વિમાન લઈને ત્યાં આવ્યા. તેઓ ધર્મદેવનો જન્મ સાંભળીને ખૂબ જ આનંદ પામ્યા. આકાશમાં દેવતાઓ આવીને છવાઈ ગયા. ફૂલોની હર્ષભેર વૃષ્ટિ કરી ને તેમણે મંગળ ધ્વનિવાળા વાજિંત્ર વગાડ્યાં. ૩૫. અધિક આનંદને લીધે દેવો ઢોલ અને દુંદુભિ વગાડીને જય જયકાર કરવા લાગ્યા. ધર્મદેવનો અવતાર થયો જાણીને અનેક પ્રકારના ઉત્સવો થયા. ૩૬. આકાશમાં જય જયકારનો શબ્દ વ્યાપી ગયો. તેની શોભા કહી શકાતી નથી. સુખકારી ધર્મદેવને જોઈને બધા જ નર અને નારીઓ આનંદિત થઈ ગયા. ૩૭. સ્ત્રીઓ ઘર ઘરથી નીકળી, બધી મળીને ભાગ્યવતીને ઘેર આવી. મંગળ ગીત ગાયા અને વધાઈ આપી. તે અપાર શોભા વર્ણવી શકાતી નથી. ૩૮. ધર્મજન્મોત્સવ કરનારા નરનારીઓએ દરવાજે નવ પલ્લવોના તોરણ બાંધ્યા.

ગજમોતીના થાળ ભરીને સહુ વારંવાર વધાવવા લાગ્યા. ૩૯. સ્ત્રીઓના વૃંદોએ મળીને ઘણો જ સારરૂપ ઉત્તમ ઉત્સવ કર્યો. તે પ્રસંગે ધર્મદેવનું ભવ્ય મુખ દેખીને ઘણી જ પ્રશંસા કરવા લાગી. ૪૦.

### ❋ ધર્મદેવનું નામકરણ તથા ગુણવર્ણન :

તે સમયે જ્યોતિષના પ્રસિદ્ધ વિદ્વાન્ બ્રાહ્મણોને બોલાવ્યા. તેમણે વાર, ઘડી અને શુભ લગ્નને જોઈને જાતક અપાર ગુણ સંપન્ન થશે તેમ કહ્યું. ૪૧. જ્યોતિષીઓએ જ્યોતિષ શાસ્ત્ર જોઈને તેના સારરૂપમાં વચન કહ્યાં કે, હે બાળશર્મા ! તમારા પુત્રમાં સદ્‌ગુણોનો પાર નહીં રહે. ૪૨. આ તમારો પુત્ર એવી શુભ પળમાં અવતર્યો છે કે તે ત્રિલોકીમાં સહુને સુખી કરશે. અત્યારે જે આ અવતર્યા છે તે દેહધારી થઈને ધર્મદેવ સ્વયં પ્રગટ થયા છે. ૪૩. આવું હરિકૃપા વિના હોય નહીં માટે આ બાળકનું નામ હરિપ્રસાદ જાણવું. ધીરજયુક્ત આ તમારા પુત્ર મહાન્ ધર્મ છે. અને બીજું સુખધામ એવું દેવશર્મા નામ રાખવું. ૪૪. સુશોભિત શરીર અને સુંદર સ્વભાવને લીધે આ દેવશર્મા કહેવાશે. તે સાંભળીને બાલશર્માને મનમાં ઘણો જ આનંદ થયો અને બ્રાહ્મણોને અપાર દાન આપ્યાં. ૪૫. બ્રાહ્મણોને અને ભિક્ષુકોને બોલાવ્યા અને તેમને મોઢે માગ્યાં દાન આપ્યાં. પ્રસન્ન થયેલા બ્રાહ્મણો ધર્મદેવની બહુ પ્રકારે સ્તુતિ કરીને પોતાને ઘેર ગયા. ૪૬.

પછી માતાપિતા બંનેએ વિચાર કર્યો. આ બાળકનો પ્રેમથી ઉછેર કરવો. રાત-દિવસ તેને છાતી આગળ જ રાખવો. તેને દૂર થવા દેવો નહીં, તેને નજર સામે હાજર જ રાખવો. ૪૭. માતાપિતા બાળકને હેતથી રમાડતા. પ્રેમથી પારણામાં ઝૂલાવતા. ઘરનું કામ કાજ કરતાં કરતાં પણ મનની વૃત્તિ તો ઘણું કરીને બાળક ધર્મદેવમાં જ રાખતા. ૪૮. હરખભર પુત્રને લાડ લડાવતા. દૂધ-સાકર પાતા અને સારા પકવાન ખવડાવતા હતા. આમ કરતા તે થોડા મોટા થયા એટલે મુખથી બોલવા લાગ્યા. ૪૯. જ્યારે તે કાલી કાલી તોતળી બોલી બોલતા ત્યારે માતાપિતા પ્રસન્ન થતા હતા. બાલ ચંદ્રમા જેમ રાત-દિવસ વધે તેમ તે દેવશર્મા મોટા થવા લાગ્યા. ૫૦.

**⁕ ધર્મદેવના જન્મથી સહુને થયેલો આનંદ :**

**જે દિવસથી ધર્મનો જન્મ થયો એમ જોયું તે દિવસથી સાધુ પુરુષો સુખી થયા. જે અધર્મી અસુર લોકો હતા તેમના હૃદયમાં અચાનક ભય ઉત્પન્ન થવા લાગ્યો. ૫૧.** ભૂમિ ઉપરના નગરો, ગામો અને ગોવાળોની વસતીમાં સર્વત્ર સૌના હૃદયમાં તે સમયે આનંદ થયો. યજ્ઞકુંડનો અગ્નિ ધુમાડા વિનાનો પ્રજ્વલિત થયો. આકાશમાં મંદ, શીતળ અને સુગંધી પવન વાવા લાગ્યો. ૫૨. સત્પુરુષોના ચિત્ત નિર્મળ થયા. પરમ પુનિત મનમાં શાંતિ થઈ. નદી, સરોવર, કૂવા અને વાવોના નીર સ્વચ્છ થયા અને તેના સર્વે કિનારા પણ નિર્મળ થયા. ૫૩. સિદ્ધો, ઋષિમુનિઓ અને દેવો તથા સમસ્ત નરનારીઓએ પોતાના હૃદયમાંથી અધર્મના વિચારોનો નાશ કરી દીધો. 'પરમ નિપુણ આ ધર્મ કરોડો વર્ષ જીવે' એવા સહુએ પ્રસન્ન થઈને આશીર્વાદ દીધા. ૫૪. સત્ય ધર્મવાળા સહુ સુખી થયા અને મનમાં આનંદ થયો, પણ જે કુકર્મી, પાપી અને પાખંડી હતા તે લોકો દુઃખી થયા અને મંદ પડી ગયા. ૫૫. જેઓ ધર્મને લીધે ધીરજવાળા હતા તે તો સુખ-દુઃખ, હર્ષ-શોક, ભૂખ-તરસ અને માન-અપમાનમાં સમાન ભાવનાવાળા રહ્યા. ૫૬.

બાળશર્માએ તો પોતાના પુત્રને મહા યોગેશ્વર જેવા દેખ્યા. જ્યારે જન્મથી આઠ વર્ષ થયા ત્યારે ધર્મદેવનો યજ્ઞોપવીત સંસ્કાર કર્યો. ૫૭. સામવેદી વિપ્રને બોલાવ્યા અને યજ્ઞોપવીત ઉત્સવ કરાવ્યો. તે સારો અવસર જોઈને પિતા બાલશર્માએ વિપ્રોને ઘણા પ્રકારનું દાન દીધું. ૫૮. ધર્મદેવે મસ્તકે પંચકેશ રાખ્યા. વર્ણીના વેશમાં દૃઢપણે સદાચારમય ધર્મને ધારણ કર્યો. ગાયત્રીનો મંત્ર લીધો. વેદ, પુરાણો અને શાસ્ત્રોના અધ્યયન સાથે તેનો રહસ્યાર્થ સમજી લીધો. ધર્મદેવ જ્યારે બાર વરસના થયા ત્યારે પિતા બાળશર્માએ તેમને કહ્યું. 'હું ચાહું છું કે હવે તમે ગૃહસ્થાશ્રમ સ્વીકારો. ' ૫૯. 'સર્વ સદ્‌ગુણો અને સૌંદર્યમાં પોતાને સમાન કોઈ કન્યાને જોઈને તમે તેને વરો' મારા મનમાં તમારે માટેના આવા વિચાર છે તેને તમે માનો. ગૃહસ્થાશ્રમમાં રહીને ધર્મનું પાલન કરો. તેનાથી તમારા ધર્મની વૃદ્ધિ ઘણી થશે. તે વખતે વ્યવહારકુશળ ધર્મે પિતાના વચનને માન્ય રાખ્યું. ૬૦.

*ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના પ્રથમ પૂરમાં 'પાંડે કનહીંરામનો પરિવાર અને ધર્મદેવનો જન્મ તથા સદ્‌ગુણો કહ્યા' એ નામે સોળમો તરંગ સમાપ્ત ॥૧૬॥*

## પૂર પહેલું : તરંગ - ૧૭

## ભક્તિદેવીનો જન્મ, બાળપણ અને સગાઈ

ઉત્તમરાજાએ ધર્મદેવના જન્મ આદિની રસમય કથા સાંભળી. પછી ભક્તિમાતાના અનુપમ જન્મ બાબતમાં પૂછ્યું. ૧. હે મુક્તાનંદ સ્વામી ! હવે મને ભક્તિદેવીનું ગામ, માતા-પિતા, જન્મનું વરસ (માસ), તિથિ વગેરે અને વિવાહ સંબંધી બધી વાત કહો. ૨. શ્રીમુક્તાનંદ સ્વામી ઉદાર સ્વભાવના છે. તેમણે ઉત્તમરાજાનો પ્રશ્ન સાંભળ્યો. પછી ભક્તિદેવીની મહાન અનુપમ કથા તેઓ કહેવા લાગ્યા. ૩. જે કોઈ નરનારી પ્રેમથી આ કથા કાનથી સાંભળે તો તેના હૃદયમાં ભગવાન શ્રીહરિ અચળપણે નિવાસ કરીને રહેશે. ૪.

સુંદર અને અનુપમ સરવાર દેશ છે. ત્યાં ભવ્ય મનોરમા નામે નદી વહે છે. તેમાં એક 'મખોડા' નામે તીર્થ છે. તેનાથી ઉત્તર ભાગમાં મનોહર છપૈયા નામે ગામ છે. ૫. ત્યાં નારાયણ સરોવર નામે એક સુંદર સરોવર શોભી રહ્યું છે. તેમાં કાયમી રહેલું નિર્મળ જળ જોઈને મન લોભાય છે. તેમાં રહેલા કમળ અને પોયણાંની અમાપ શોભા વર્ણવી શકાતી નથી. ૬. તે સરોવરથી દક્ષિણ તરફ 'બગિહા' અને 'ચુડહા' નામે બે વન છે. પ્રફુલ્લિત વનમાં સારા આંબાના વૃક્ષ ઘણા છે. તે વનના વૃક્ષો ઉપર જાત જાતના ફળ ઝૂલી રહ્યા હોય છે. ૭. તે બેની વચ્ચે જે અદ્‌ભૂત ભૂમિ, ત્યાં જ છપૈયા ગામ છે. તેમાં અનેક ગુણ સંપન્ન બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શૂદ્ર ચારે વર્ણના લોકો રહેતા હતા. ૮.

ત્યાં એક પરમ વિવેકી કૃષ્ણશર્મા નામે વિપ્ર રહેતા હતા. તેઓ શીલ સંતોષ આદિ અનેક ગુણોથી સંપન્ન, શુદ્ધ હૃદયના અને પવિત્ર વર્તનવાળા

હતા. ૯. તેના ઘેર ભાગ્યમાની (ભવાની) નામે પત્ની હતા. તે પતિવ્રતાના ગુણોથી સંપન્ન, નિર્મળ મનના યુવતિ હતા. અને તેવા જ ગુણવાન્ કૃષ્ણશર્મા હતા. ૧૦. કૃષ્ણશર્મા અને ભવાની દંપતી પ્રવિણ હતા. અને શ્રીકૃષ્ણ ભગવાનની ભક્તિમાં અતિશય લેલીન રહેતા હતા. તે બંને નિર્દોષ બુદ્ધિ વાળા દંપતિને ઘેર ભક્તિદેવીએ અવતાર લીધો. ૧૧. **વિક્રમ સંવત્ ૧૭૯૮ના કાર્તિક સુદિ પૂનમનો દિવસ હતો. કૃતિકા નક્ષત્ર અને બુધવાર હતો. ત્યારે ચંદ્રોદય સમયે ભક્તિનો જન્મ થયો. ૧૨.** પુત્રીના જન્મથી માતા અને પિતાને મનમાં હર્ષ થયો. તુરંત જ્યોતિષી વિપ્રને પોતાને ઘેર બોલાવ્યા. ૧૩. તે સમયે જન્મનું શુભ લગ્ન જોઈને જ્યોતિષીઓએ પુત્રીના અનંત ગુણો કહ્યા પછી 'બાલા' એવું સુંદર નામ રાખ્યું. ૧૪. આ બાલા નાની બાલિકા હશે છતાં તેમાં ભગવાનની ભક્તિના ગુણ સૌથી વધારે હશે. તમે બંને મનમાં સમજી રાખો કે આ કોઈ મનુષ્ય નથી પણ દેવી છે. ૧૫.

ઘણા મહાન્ ભાગ્ય વિના બીજાને ઘેર આવી દિવ્ય કન્યાનું આગમન થતું નથી. કૃષ્ણશર્મા જ્યોતિષીના આવા વચન સાંભળીને મનમાં અરોગી (પ્રસન્ન) થયા. ૧૬. સારો અવસર જોઈને કૃષ્ણશર્માએ બ્રાહ્મણોને બોલાવ્યા, તેમનું સન્માન કરીને જાતજાતના દાન આપ્યાં. ૧૭. માતાપિતાએ અત્યંત પ્રેમભાવથી બાલાનો ઉછેર કર્યો. અધિક સ્નેહથી દિન-પ્રતિદિન તેનું બહુ પ્રકારે લાલન-પાલન કર્યું. ૧૮. નાની બાળાએ બાળક્રીડાઓ દ્વારા પોતાનું પૂર્વનું જ્ઞાન છુપાવી રાખ્યું. બાળચંદ્રની જેમ પ્રતિદિન તે વધવા લાગ્યા. બચપણમાં પણ તે શ્રીકૃષ્ણ ભગવાનની ભક્તિ ખૂબ જ કરતા હતા. ૧૯. બાલા અતિ ભક્તિ કરતાં હતાં તેથી બધા સ્ત્રી-પુરુષો તેમને 'ભક્તિ' આવા નામથી બોલાવવા લાગ્યા, ભક્તિદેવી શુભ ગુણો, લક્ષણો, અનુપમ સૌંદર્ય અને પ્રેમભાવને લીધે અનુપમ દેવહુતિના સમાન લાગતા હતા. ૨૦. શીલ અને સ્વભાવને કારણે એની શોભા ઘણી મહાન હતી. અન્ય સ્ત્રીઓ એના ગુણ જોઈને લોભાતી હતી. મનથી લજ્જાશીલ, સ્વભાવિક નમ્રતા અને તેમના દયા તથા ક્ષમારૂપ ગુણોને લીધે તે સહુથી અધિક છવાઈ ગયેલા હતા. ૨૧. ધર્મના પૂર્વના પત્ની (મૂર્તિ) ભક્તિ નામે થયા કે જે બાલાના રૂપમાં

જન્મ્યા હતા. તે સદા હૃદયથી શુદ્ધ અને નિર્વિકારી હતા. નિષ્પાપ, નિર્મળ અને સાચા વ્રતધારી હતા. ૨૨. જ્યારથી તેમનો જન્મ થયો ત્યારથી તેમને શ્રીકૃષ્ણ ભગવાનની ભક્તિમાં સ્નેહ થયો હતો. તેમના હૃદયમાં પરમ પવિત્ર શ્રદ્ધા ઉત્પન્ન થઈ. આ જગતમાં તેમના સમાન યોગ્યતાવાળા અન્ય કોઈ ન હતા. ૨૩. જ્યારથી તેમનો જન્મ થયો ત્યારથી ઘેર-ઘેર આનંદ છવાઈ ગયો હતો. મંગળ ગીત ગવાતા હતા અને સર્વ સ્થળોથી વધામણી આવી રહી હતી. અનંત પ્રકારના વાજિંત્ર વાગતા હતા. દેવતાઓ અને મનુષ્યો સર્વત્ર તેમને નવાજી રહ્યા હતા. ૨૪.

પોતાની પુત્રી ભક્તિનો પ્રતાપ દેખીને કૃષ્ણશર્મા મુખથી કહેવા લાગ્યા કે, હવે દીકરી મોટી થઈ છે માટે જ્યાં મોટી સરવાર પ્રાંત છે ત્યાં તેની સગાઈ કરવી છે. ૨૫. ત્યાં ઘણા સદ્‌ગુણયુક્ત બાલશર્મા રહે છે. તેમનું ઘર ઘણું ઊંચા કુળમાં ગણાય છે. તેમના પુત્ર દેવશર્મા પવિત્ર છે. મારી આ કન્યા તેને યોગ્ય છે. ૨૬. તે સમયે કૃષ્ણશર્માની પ્રમાણભૂત વાત સાંભળીને બાલાની માતા ભવાની ઘણું રાજી થયા. પછી સારો શુભ વાર જોઈ લગ્ન લખ્યા અને તેને લઈને (ઈટાર-પાંડેય) બાલશર્માની પાસે બ્રાહ્મણને મોકલવા તૈયાર કર્યો. ૨૭. તે બ્રાહ્મણ તત્કાળ ઉતાવળે પગલે ચાલતો થયો. વિશાળ ઈટારપુરમાં આવ્યો.

ત્યાં બાલશર્માને તેણે કહ્યું કે, હું લગ્ન લઈને તમારે ઘેર આવ્યો છું. ૨૮. તમારા પુત્ર જે દેવશર્મા (ધર્મ) નામે છે, તેના લગ્ન તમે છપૈયા ગામ કરો. તે વાત સાંભળીને બાલશર્માના હૃદયમાં આનંદની ભાવના વધી. જે લગ્ન લાવ્યા હતા, તેને વધાવ્યા. ૨૯. બધા સગા સંબંધીઓ આવ્યા અને એક સુંદર જાન તૈયાર કરી. પરમ મંગળકારી ગણપતિદેવને તુરંત પધરાવ્યા. ૩૦.

**❋ ધર્મદેવની જાનનું છપૈયા તરફ પ્રયાણ :**

ઢોલ, નગારા અને જાત-જાતના વાજા વાગવા લાગ્યા. મહિલાઓ મંગળમય ગીતો ગાવા લાગી. તેથી ત્યાં વિવાહનો ઉત્સવ છવાઈ ગયો. ૩૧. રંગબેરંગી વસ્તુઓ વાપરીને અનુપમ મંડપ બનાવ્યો અને તેને સજાવ્યો. સોનેરી સ્તંભ ઊભા કર્યા અને એ રીતે સુશોભિત કર્યા કે, તે શોભાને વર્ણવી શકાતી નથી. ૩૨. બિલોરી કાચના ઘણી જાતના તોરણ બનાવીને બાંધ્યા.

વિવિધ પ્રકારના મોતીના તોરણ મંડપના દરવાજાએ બાંધ્યા. ૩૩. સારા કેળના સ્તંભ રોપાવ્યા. તેનાથી એવું લાગતું હતું કે, માનો તે એક સારો બાગ ન બનાવ્યો હોય ! તેમ શોભતો હતો. બાલશર્મા મહા ઉદાર દિલના હતા તેથી તેમણે અપાર સાકર દળીને પકવાનો બનાવ્યા હતા. ૩૪.

તેમણે જેટલા નજીકના સંબંધીઓ હતા, તે સહુના ઉપર કંકોતરીઓ મોકલી અને તેમને તેડાવ્યા. પોતાના પિતૃપક્ષના કાકા વગેરે, તથા સાસરાના પક્ષના બધા સગાઓને નામ લખી-લખીને બોલાવ્યા હતા. તે બધા આવ્યા. ૩૫. તે અપાર સગાઓ હજારો હાથી, ઘોડા, રથ અને સુખપાલમાં બેસીને આવ્યા. ઈટારના જે નગરપતિ (ગામધણી) હતા તે પણ તે સંબંધીઓને મળવા માટે આવ્યા. ૩૬. દેવશર્માને વસ્ત્ર તથા અલંકારોથી શણગારીને સુખપાલમાં બેસાડ્યા. સોનાથી શણગારેલો હાથી વરરાજા ઉપર ચામર ધારી રહ્યો હતો. ૩૭. વિવાહનો મહોત્સવ ત્રણ દિવસ થતો રહ્યો. તેમાં ચતુર સ્ત્રીઓ મંગળ ગીત ગાતી હતી. ઈટાર ગામની જેટલી સ્ત્રીઓ હતી તે બધીએ વરરાજાને પ્રેમથી વધાવ્યા. ૩૮.

જે દિવસે દેવશર્માની જાન નીકળી તે દિવસ આખા ગામને જમાડ્યું હતું. સુંદર શોભતા વરને શણગાર કર્યા. વિવિધ પ્રકારના વસ્ત્ર પહેરાવ્યા. ૩૯. રેશમી ધોતી પહેરાવી. શરીર ઉપર જરકસી જામો પહેરાવ્યો. મસ્તક ઉપર સોનેરી પાઘ બંધાવી. કપાળમાં કુંકુમનો ચાંદલો કર્યો. ૪૦. પાઘનાં શિરપેચમાં તોરા ઝૂકી રહ્યા હતા અને ઉપર કલંગીની શોભા અદ્‌ભુત હતી. છાતી ઉપર મંગળકારી સોનેરી હાર હતો અને દશે આંગળિયોમાં વેઢ પહેરાવ્યા હતા. ૪૧. બંને કાનમાં જડાવ મોતીના કુંડળ પહેરાવ્યા હતા તેમજ કંઠમાં મોતીની માળા હતી. છાતી ઉપર હાર અને ઊતરીમાં હીરા અને મણિઓ અપાર શોભતા હતા. ૪૨. વળી હૃદય ઉપર મોહનમાળા અને ચંદન હાર પહેરાવ્યા હતા. તે સિવાય સુગંધી ફૂલોના હારની શોભા તો અપાર હતી. ૪૩. ભુજાઓ ઉપર બાજૂબંધ, પહોંચી, કાંડામાં વળિયા અને નંગજડિત અંગૂઠી પણ પહેરાવી હતી. આ રીતે બાળકુમાર ધર્મદેવના શરીર ઉપર ખૂબ જ શોભા શણગાર કર્યા હતા. ૪૪.

ખંભા ઉપર લટકાવેલી સોનાની શ્રેષ્ઠ તલવાર જમણા હાથમાં ધારણ કરી. મુખ આડો રૂમાલ રાખ્યો, ત્યારે મંદમંદ હસતું તેમનું મુખ મનોહર લાગતું હતું. ૪૫. ચરણોમાં લાલ રંગની મોજડી પહેરી હતી. નંગજડિત ઝાંઝર (નૂપુર) પહેર્યા હતા. રાજહંસના જેવી ગતિ હતી. તે સમયે સ્ત્રીઓ ધોળ રાગના મંગળ ગીતો ગાતી હતી. ૪૬. શુભ સોનેરી સાજથી સુખપાલને શણગારો હતો. બાળભાવના ધર્મદેવ બની ઠનીને તે સુખપાલમાં બેઠા. ઢોલ, નગારા અને ત્રાંસા અનેક પ્રકારે સુંદર વાગી રહ્યા હતા. સ્ત્રીઓ મંગળ ગીતોને ગાતી હતી ત્યારે સર્વત્ર જય જયકાર થતો હતો. ૪૭. ઘણી શણગારેલી વેલો અને રથોને સાથે લીધા. નિશાન અને નેજાઓ ફરકવા લાગ્યાં. તેની શોભાનો પાર ન હતો. અત્યંત (શીઘ્ર) ઉતાવળી ગતિથી એક એકથી એક આગળ સૌ ચાલવા લાગ્યા. તે સહુની ગર્જનાથી આકાશ છવાઈ ગયો. અને તે દેખીને દેવતાઓને આનંદ થયો. ૪૮.

***ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના પ્રથમ પૂરમાં 'ભક્તિદેવીનો જન્મ, બાળપણ અને સગાઈ તથા ધર્મદેવની જાન છપૈયા તરફ ચાલી' એ નામે સત્તરમો તરંગ સમાપ્ત ॥૧૭॥***

## પૂર પહેલું : તરંગ - ૧૮

## ધર્મદેવ અને ભક્તિદેવીના લગ્નનો પ્રારંભ

જાન છપૈયા આવી. સહુને અપાર આનંદ થયો. જાન આવી સાંભળીને ઉદાર દિલના કૃષ્ણશર્મા તે જ સમયે સન્મુખ આવ્યા. ૧. તેમના દિલમાં અત્યંત ઉમંગ હતો. હાથી અને ઘોડા ઉપર બેસીને તેમના કુટુંબી અને પરિવારના લોકો પણ સાથે આવ્યા. ૨. આવી વાત સાંભળીને ઉત્તમરાજાએ શ્રીમુક્તાનંદ સ્વામીને ધર્મદેવના વિવાહની પરમ અનુપમ કથા પૂછી. ૩. ત્યારે મુક્તાનંદ સ્વામી તેમની આગળ તે વિવાહની વાત જેવી હતી તેવી પ્રત્યક્ષ દેખી હોય તેમ કહેવા લાગ્યા. ૪. જાન આવી ત્યારે અનેક તોપોનો અવાજ થયો. સહુએ સામ સામે વંદન કર્યા. પરસ્પર 'કુશળ છો ને ? સુખી

છો ને ?' આવું પૂછતા હતા. ૫. પછી બાલશર્માએ નમ્રભાવે કૃષ્ણશર્માની રુચિ (મરજી) પૂછી. ત્યારે કૃષ્ણશર્માએ તેમને કહ્યું, આપની જેવી મરજી હોય તેમ હવે કરો. ૬. પછી બાલશર્માની આજ્ઞાથી અનેક પ્રકારના અપાર વાજિંત્ર વાગવા લાગ્યા. નાચનારા લોકો ત્યારે નૃત્ય કરવા લાગ્યા. તે સિવાય કત્થક જાતિના લોકો કુશળતાભર્યું નૃત્ય કરી જાણતા હતા. ૭. અને બીજાઓ પણ જે નૃત્યમાં કુશળ અને રુચિવાળા હતા તે બધા આવ્યા અને તે પ્રસંગે નૃત્ય કરવા લાગ્યા. અને સર્વે બંદીજનો ધર્મદેવના અપાર ગુણોનું ગાન કરવા લાગ્યા. ૮.

### ✻ ધર્મદેવના સદ્‌ગુણોની પ્રશંસા :

**ધર્મદેવનું મુખ પૂર્ણ ચંદ્રમા જેવું હતું. તે દેખીને સર્વે નગરજનો મોહી રહ્યા હતા. દેખતાની સાથે સહુ લોકો સમજી ગયા કે, 'આ ધર્મ તો કોઈ દેવ છે, તે સામાન્ય મનુષ્ય નથી. '૯. ઘણા લોકો તો બોલતા હતા કે, ભક્તિના ભાગ્યને પણ ધન્ય છે. કૃષ્ણશર્માના પણ અપાર ભાગ્ય છે કે જેને દરવાજે 'ધર્મદેવ' જેવા વર આવ્યા છે. ૧૦.** નગરના લોકો ઘેર ઘેર બોલતા હતા કે ઉત્તમ ભાગ્ય સિવાય આમ બને નહીં. સમગ્ર સરવાર પ્રદેશમાં લોકો એને 'ધર્મ' કહે છે. ધર્મદેવના જેવી ઊંચી પદવી તેઓ ધારી રહ્યા છે. ૧૧. તેને લીધે જ આ 'ધર્મદેવના સમાન દેશભરમાં બીજો કોઈ નથી. ' યોગ્ય વિવાહથી ઉલ્લાસમાં આવી ગયેલા નાગરિક લોકો આવું બોલતાં બોલતાં પોતપોતાને ઘેર ગયા. ૧૨. પરમ સુજ્ઞ કૃષ્ણશર્મા જાનનું અત્યંત સ્વાગત સન્માન કરીને પોતાને ઘેર ગયા.

પછી વિવાહ કરવાનો બધો જ વિધિ સારી રીતે કરાવ્યો. ૧૩. જેનું કોઈ મૂલ્ય આંકી શકાય નહીં એવો અત્યંત શોભતો મંડપ રચ્યો હતો. તેના મધ્યે ચિત્ર વિચિત્ર રીતે વિશાળ વેદી અદ્‌ભુત રીતે સજાવી હતી. ૧૪. સારી રીતે સજાવેલો સોનાનો કળશ તેમાં મધ્યે સ્થાપ્યો. તે સમયે વિધિપૂર્વક ઊંચા સ્તંભ પણ રોપ્યા હતા. ૧૫. અનંત પ્રકારના કેળના સ્તંભ પણ રોપાવી અત્યંત શોભા કરી હતી. તેમજ દ્વાર પર મોટા તોરણ બંધાવ્યા હતા. ૧૬. બિલોરી કાચવાળા અપાર દીવાઓને ઝાડની જેમ

ગોઠવ્યા હતા. તેનું તેજ ઝળહળી રહ્યું હતું. નગરની બજારોને સ્વચ્છ કરાવીને તેમાં સુગંધી જળ છંટાવ્યું હતું. ૧૭. બજારમાં જેટલી દુકાનોના દ્વાર હતા તે બધાને ચિત્ર વિચિત્ર રીતે શણગાર્યા હતા. દ્વાર પર કેળના સ્તંભ રોપ્યા હતા અને અપાર દીવાઓ કર્યા હતા. ૧૮.

બાલશર્માએ કેટલાક દેવદારના વૃક્ષના સુંદર ઝાડ બનાવ્યા હતા, તેને જયાં જયાં ચોક પડતા હતા ત્યાં બધે રોપાવી દીધા હતા. ૧૯. જયારે અધરાત થવા આવી ત્યારે જાન માંડવે જવા તૈયાર થઈ. હાથી, ઘોડા અને રથ જે લાવ્યા હતા, તે બધાને તૈયાર કરાવ્યા. ૨૦. વરરાજાને સુખપાલમાં બેસાડ્યા અને તે નગર તરફ ચાલ્યા. અનંત પ્રકારના વાજિંત્ર વાગવા લાગ્યાં. તે બધી શોભા જાનની આગળ ચાલતી હતી. ૨૧. તોપના હજારો અવાજ થતા હતા. જાન ઊભી બજારે ચાલી. દારૂખાનું જેટલું હતું તે બધું ફૂટવા લાગ્યું. ૨૨. બધી મહિલાઓ મંગળ ગીત ગાતી હતી. ત્યારે મહા ઉત્સવ જામ્યો હતો. અબીલ અને ગુલાલ પુષ્કળ ઊડતો હતો. તેના રંગથી બધું આકાશ છવાઈ ગયું હતું. ૨૩.

વિમાનમાં બેસીને દેવો આવ્યા. તે બધા યશોગાન કરવા લાગ્યા. ધર્મદેવની આગળ અપ્સરાઓ નાચ કરવા લાગી. ૨૪. તેમના જરિયાની નિશાનો અનંત આકાશમાં ફર ફર ફરકતા હતા. જાનની શોભા એવી રીતની હતી કે તેનું વર્ણન કરવા છતાં પાર આવતો નથી. ૨૫. જયારે ધર્મદેવ તૈયાર થઈને તોરણે આવ્યા અને તેમને જોયા ત્યારે સાસુ વરનું પૂજન કરવા આવ્યા. ૨૬. સાસુ ભવાની ધર્મદેવને પોંખવાનો વિધિ કરવા માટે તે સ્થળે સંભારીને બધી સામગ્રી લઈ આવ્યા હતા. ૨૭. જયારે ધર્મદેવ સુખપાલમાં બેસીને માંડવે આવ્યા, ત્યારે બંને વેવાઈ પરસ્પર મર્મભર્યા વચન બોલતા હતા. ૨૮.

જયારે ધર્મદેવ માંડવે આવ્યા ત્યારે તેમને ચોકી ઉપર બેસાડ્યા. જેને ભક્તિદેવી કહેવાય છે તે કન્યા પછીથી મંડપમાં આવ્યા. ૨૯. તે સમયે ત્રિલોકીમાં અન્ય કોઈ સ્ત્રીઓમાં ન હોય તેવી ભક્તિદેવીની અપાર શોભા હતી. તેમને એટલા બધા સુશોભિત પ્રકારના વસ્ત્ર અને ઘરેણાં પહેરાવ્યાં હતા

કે, તેનું વર્ણન કરી શકાતું નથી. ૩૦. તેમના કર અને ચરણોમાં અપાર આભૂષણો પહેરાવ્યા હતા. તેનો રમઝમ રમઝમ શબ્દ થયા કરતો હતો. નાય (વાળંદ) જાતિની સ્રી તેને પોતાની કમર ઉપર તેડીને લાવી. રેશમી વસ્રોથી તેમના બધાં અંગો ઢંકાયેલા હતાં. ૩૧. તેમના મુખને કોઈ જોઈ ન શકે તે રીતે તેમને ત્યાં લવાયા હતા. ભક્તિદેવીને ધર્મદેવને ડાબે પડખે ઉલ્લાસથી બેસાડ્યા હતા. ૩૨.

વિદ્વાન બ્રાહ્મણનો વેદમંત્રોનો ઉચ્ચાર ચોતરફ છાઈ ગયો હતો. મંગલને માટે અગ્નિ પ્રકટાવવામાં આવ્યો. જ્યારે તલ અને તાજુ ઘી આવ્યું ત્યારે કુશળ બ્રાહ્મણ હોમ કરવા લાગ્યા. ૩૩. સામવેદના મંત્રોનું ગાન કર્યું. ત્યારે તેના ધ્વનિથી આખું આકાશ પૂરાઈ ગયું. વિઘ્ન નિવારણ કરનારા ગણપતિજી આવીને મંડપમાં વિરાજમાન થયા. ૩૪. બ્રાહ્મણનું મહત્વપૂર્ણ સ્વરૂપ ધારણ કરીને બ્રહ્મા અનુપમ રીતે ત્યાં આવીને બેસી ગયા. વિપ્રનું રૂપ લઈને ત્યાં શંકર આવ્યા. તે રીતે જ ઈંદ્ર પણ વિપ્રરૂપે આવ્યા. ૩૫. શારદા, શેષ અને બધા દેવો પણ વિપ્રોના રૂપ ધરીને ત્યાં આવી પહોંચ્યા. તે સમયે ધર્મદેવના પ્રિય કુળદેવ કહેવાતા મહાવીર હનુમાનજી પણ ત્યાં આવ્યા. ૩૬. આઠે દિગ્પાલ આદિક બધા દેવો ત્યાં આવ્યા. ધર્મદેવના વિવાહ થાય છે એવું સાંભળીને કોઈ દેવ આવવામાં બાકી રહ્યા નહીં. ૩૭. 'પોતાના ધન્ય ભાગ્ય છે' આવું માનીને બધા દેવ આવ્યા. ધર્મદેવને ભેટ અર્પણ કરવામાં તે સહુને અત્યંત આનંદ હતો. ૩૮. 'આવો સમય વારે-વારે આવ્યો નથી અને આવશે નહીં' આવું જાણી-વિચારીને બધા જ દેવો વગર બોલાવ્યે ત્યાં આવ્યા. ૩૯. અક્ષરપતિ અવિનાશી અને શ્રીપુરુષોત્તમનારાયણ આવા શ્રીકૃષ્ણ હરિને પ્રસન્ન કરવાનો તે સહુ દેવતાઓના અંતરમાં ગૂઢ વિચાર જણાતો હતો. ૪૦.

***ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના પ્રથમ પૂરમાં 'ધર્મદેવ અને ભક્તિદેવીના લગ્નનો પ્રારંભ અને દેવોનું આગમન' એ નામે અઢારમો તરંગ સમાપ્ત ॥૧૮॥***

## પૂર પહેલું : તરંગ - ૧૯

## કૃષ્ણશર્માની પ્રાર્થનાથી ધર્મદેવ તેમને ઘેર રહ્યા

ઉત્તમરાજાએ હાથ જોડીને શ્રીમુક્તાનંદ સ્વામીને પૂછ્યું, હવે મને કન્યાદાનની બધી વાત કહી સંભળાવો. ૧. કૃષ્ણશર્માએ પોતાની પુત્રી (ભક્તિદેવી)નું કન્યાદાન કઈ રીતે કર્યું ? હે મુનિવર ! આપ પરમ સુજાણ છો, માટે તે બધી વાત મને કહો. . ૨. શ્રીમુક્તાનંદ સ્વામીએ ઉત્તમરાજાના પ્રશ્નની પ્રશંસા કરીને તે વાત કહેવા લાગ્યા, હે નૃપ ! તમે બધું જાણતા જ હશો છતાં જ્યારે પૂછો છો, ત્યારે હું કહું છું. ૩.

તે સમયે કૃષ્ણશર્માએ ધર્મના હાથને પોતાના હાથથી પકડ્યો ત્યારે તેના પત્ની ભવાનીએ ભક્તિનો હાથ પોતાના હાથે પકડીને ધર્મદેવના હાથમાં સોંપ્યો. ૪. પછી કૃષ્ણશર્મા અને ભવાની તે બંનેએ આ રીતે કન્યાદાન કર્યું. પછી તે સમયે વરવધૂ બંને અગ્નિકુંડને સાતવાર ફેરા (પ્રદક્ષિણા) ફર્યા. ૫. વરનો ખેસ અને કન્યાની ઓઢણી (ચૂંદડી) બંનેના છેડાની એક ગાંઠ બાંધી. તે સમયે ત્યાં આવેલા લોકો વરકન્યા બંનેને સોનાનાં અને રૂપાનાં દાન આપવા લાગ્યા. ૬. તે દંપતીને હાથી, ઘોડા અને ગાયોનું ઘણું જ દાન અપાયું. દેવોએ અપાર સમૃદ્ધિ આપી. તેનો કોઈ પાર પમાય તેમ નથી. ૭. તે પછી વર-વધુ (દંપતી) ઘરમાં આવ્યા. ઘણી મહિલાઓની વચ્ચે આવીને બેઠા. તેની શોભા વર્ણવી શકાતી નથી. ૮.

પછી દહીં અને સાકરને ભેળવીને પરસ્પર એકબીજાના મુખમાં આપ્યા. અને યજ્ઞનો પ્રસાદ ખવડાવ્યો અને તે રીતે જ પાસાની રમત પણ રમાડી. ૯. તે પછી સ્ત્રીઓએ બંનેના વસ્ત્રોની ગાંઠ ખોલી નાખી. આ રીતે વિવાહનું કાર્ય પૂર્ણ કર્યું. વિવાહ વિધિ કરાવનારા ગોર (પુરોહિત)ને અપાર દાન આપ્યું. તે વખતે ચારે બાજુ અપાર જય જયકારનો ધ્વનિ થઈ રહ્યો હતો. ૧૦. દેવોએ દુંદુભિ વાજાં વગાડ્યા. તેનાથી આખું આકાશ ગાજી ઊઠ્યું. વરરાજા પરણીને ઉતારાને મકાને આવ્યા. અનેક પ્રકારના પાકો બનાવ્યા હતા. ૧૧. કૃષ્ણશર્માએ દેશની રીત પ્રમાણે સહુને જમાડ્યા, બે દિવસ સુધી સારા સારા

પાક કરી સહુને સંભારીને ખૂબ જ જમાડ્યા. ૧૨. ત્રીજે દિવસ સવાર થયું ત્યારે જાને પાછી જવાની તૈયારી કરી. તે સમયે બાલશર્માએ ભાટ, ચારણ આદિ સ્તુતિ પાઠકોને પુષ્કળ દાન આપ્યાં. ૧૩. તે સિવાય બ્રાહ્મણોને પણ અપાર દાન આપ્યા અને સેવા કરનારા નોકર-ચાકરોને પણ પુષ્કળ ધન વગેરે આપીને રાજી કર્યા. ૧૪.

**※ કૃષ્ણશર્માએ બાલશર્મા પાસે કરેલી ધર્મદેવની માંગણી :**

તે સમયે કૃષ્ણશર્મા બાલશર્મા પાસે આવ્યા અને બંને હાથ જોડ્યા. પછી પ્રેમથી કહેવા લાગ્યા. ૧૫. આપ સત્યવાદી, ઉદાર દિલના અને લોકો ઉપર પરોપકાર કરનારા છો. એટલા માટે હું મારા મનના વિચારોને આપની આગળ અંતર ખોલીને રજુ કરું છું. ૧૬. આપના પુત્ર ધર્મદેવ હજી તો ચૌદ વરસના જ થયા છે. કાશી જઈને તેઓ બધા વેદ અને પુરાણોને ભણ્યા છે. ૧૭. આપ પણ તે બધા ગ્રંથોને ભણ્યા છો અને સહુના ધર્મોને જાણો છો. અમે બ્રાહ્મણ હોવા છતાં તે ભણ્યા નથી અને મને તેની કાયમ બહુ પ્રકારે ચિંતા રહ્યા કરે છે. ૧૮. અમારા જેટલા બાળકો છે તે કોઈ વિદ્યા ભણ્યા નથી. બધા જ શાસ્ત્ર એમ પોકારીને કહે છે કે 'વિદ્યાદાનનું પુણ્ય ઘણું શ્રેષ્ઠ છે.'૧૯.

આપના કુળમાં અપાર વિદ્યા છે અને તેને લીધે જ આપને ઈટારમાં ગરાસની જમીન મળી છે. બાંસી શહેરના રાજા જે નેત્રરાજ નામે થયા છે,૨૦. તેની પાસે ધન સંપત્તિ ઘણી છે. સમગ્ર દેશમાં તેમની કીર્તિ ઘણી છે. દેશમાં ઊંચ જાતિના જેટલા સરવરિયા (સરયૂપારીણ) બ્રાહ્મણ છે, તેમને તેણે પોતાના ઈષ્ટદેવ જાણ્યા. ૨૧. અને તે સર્વને તેમણે પોતાના રાજ્યના ગામ આપ્યાં. તેનાથી દુનિયામાં તેનો યશ ઘણો જ વધ્યો. આવા રાજા પણ જે સરવરિયા બ્રાહ્મણના સેવક થયા, તેનાથી તેની લાજ-આબરૂ પણ વધી. ૨૨. તે ઊંચ કુળના બ્રાહ્મણ આપ છો. તેથી આપના પુત્ર ધર્મદેવની પાસે અમારા કુળને વિદ્યા ભણવાની આશા (ઇચ્છા) છે. અમારા કુળના બાળકો સદ્‌વિદ્યા ભણીને બધા સારી બ્રાહ્મણ જાતિના રહેશે. ૨૩. મારા હૃદયના જે ઉચ્ચ વિચાર છે તે મેં આપની આગળ પ્રેમથી પ્રકટ કરી દીધા છે. ઉપરની

બધી વાત સાંભળીને પરમ દયાળુ બાલશર્મા તત્કાળ રાજી થઈ ગયા. ૨૪. પછી બાલશર્મા બોલ્યા, તમે ઘણી કઠિન વાત કહી છે. હું મારા મનમાં વિચાર કરું છું પણ તમે કહ્યું તે પ્રમાણે કરવું ઘણું અઘરું છે. ૨૫. હું મારા પુત્રને શા માટે મારાથી છૂટો કરું ? ઈટારમાં અમારે ઘણો જ ગરાસ છે. મારા પુત્ર ધર્મના વિના તે ગરાસ જતો રહેશે. ૨૬. અમારા સર્વે પિતરાઈઓ અત્યારે અમારી સાથે જ આવ્યા છે. તેમને તમે હાથ જોડીને મનાવો. તેઓ હા કહે તો હું ધર્મને અહીં રહેવા હા કહું. ૨૭.

પછી કૃષ્ણશર્માએ બાલશર્માના પિતરાઈઓની પાસે જઈ પૂછ્યું, ત્યારે તેમણે 'ધર્મ અહીં રહે, તેમાં અમે રાજી છીએ' આવું કહ્યું. વળી કહ્યું, તમે ધર્મને મનાવો. તેમને જેવી ઇચ્છા હોય તેમ કરશું. ૨૮. **પછી કૃષ્ણશર્માએ ધર્મદેવ પાસે આવીને ઘણા જ વિનયથી ધર્મદેવને ત્યાં રોકાવા કહ્યું. ત્યારે પરમ દયાળુ ધર્મે તુરંત તેમને કહ્યું કે,૨૯.** મારા પિતાજી બાલશર્માની જેવી મરજી હશે તેમ હું કરીશ. ત્યારે બુદ્ધિમાન કૃષ્ણશર્મા બાલશર્માને સમજાવવા ગયા. તેઓ બીજાને સમજાવવાની મહાનીતિને જાણતા હતા તેથી કૃષ્ણશર્મા પ્રેમથી તેમની પાસે ગયા અને તેમની આગળ એવા મધુર વચન કહેવા લાગ્યા કે, જેનાથી પથ્થર જેવું હૃદય તત્કાળ મૃદુ થઈ જાય-પીગળી જાય. ૩૧.

બાલશર્મા ! આપ મહા કુળવાન છો. બધા મોટા રાજાઓ પણ આપની સેવા કરે છે. મોટા મોટા રાજાઓ પણ આપનું સન્માન કરીને નવાજે છે. આવી તો આપની મોટાઈ શોભે છે. ૩૨. આપના કુળમાં સંબંધ થવાથી હવે અમે પણ શોભા પામ્યા છીએ. અત્યારે આપની અમારા ઉપર જે કૃપા છે તેવી ને તેવી કૃપા કાયમ રાખજો. ૩૩. માટે, હું બે હાથ જોડીને આપની પાસે માગણી કરું છું. તે મારી માગણીને આપ ટાળી નાખશો નહીં. મને આપનો દૃઢ વિશ્વાસ છે કે આપ પોતાને મુખે ક્યારેય 'ના' કહી શકશો નહીં. ૩૪. આપની મહાનતા ઘણી વિશાળ છે. તેને સમજીને હું માગણી કરી રહ્યો છું. તે પણ જો પ્રેમ હોય તો જ થાય. પ્રેમ વિના કશું મનને ગમે નહીં. ૩૫. જ્યારે કામ પડે ત્યારે ખબર પડે કે મિત્રતા કેવી છે...! આપના પુત્ર વિદ્વાન્ કહેવાય છે. તેમના સમાન બીજા કોઈ વિદ્વાન અમારા મનમાં ગમતા

નથી. ૩૬. તેઓએ કાશી જઈને વેદ તથા પુરાણોનું અધ્યયન કર્યું છે. તેથી ધર્મદેવના મુખકમળથી પુરાણોની કથાનું અમે રસપાન કરશું. ૩૭. શાસ્ત્રોનું શ્રવણ કર્યા સિવાય બ્રાહ્મણનો ધર્મ રહે નહીં. શાસ્ત્રને લઈને જ બ્રાહ્મણનો ધર્મ રહી શકે છે. ૩૮.

**તે સમયે બાલશર્માએ અપાર મિત્રભાવના દેખી. પછી મનમાં એક નિર્ધાર કરીને કહ્યું કે, 'જેમાં તમે રાજી હોવ, તેમાં અમે પણ રાજી છીએ. ' આટલું બોલીને જેમ કોઈ પ્રાણને કાઢીને આપે તેમ પોતાના પ્રાણસમાન પ્રિય પુત્રને તેમને આપી દીધા. આવો નિર્ણય તો ધૈર્ય રાખીને બાલશર્મા જ કરી શકે છે. બીજા કોઈથી આવું થઈ શકે નહીં. ૩૯-૪૦.** બાલશર્માના તે વચન સાંભળીને કૃષ્ણશર્માને ઘણો જ આનંદ થયો. અને તેઓ વારંવાર બાલશર્માના ચરણોમાં નમી પડ્યા. ૪૧. અને બોલ્યા કે, અમે ધર્મદેવને પુત્ર કરતાં પણ વિશેષ જતન કરીને સાચવશું. અને વારંવાર આપના ઉપર કુશળ પત્ર લખાવતા રહીશું. ૪૨.

***ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના પ્રથમ પૂરમાં 'કૃષ્ણશર્માની પ્રાર્થનાથી ધર્મદેવ ઘરજમાઈ રહ્યા' એ નામે ઓગણીશમો તરંગ સમાપ્ત ।।૧૯।।***

## પૂર પહેલું : તરંગ - ૨૦

## બાલશર્માએ આપેલો ભક્તિદેવીને હિતોપદેશ

ઉત્તમરાજાએ પૂછ્યું, બાલશર્માના એક માત્ર પુત્ર ધર્મદેવ છપૈયા રહ્યા અને તે પણ તેના મિત્ર કૃષ્ણશર્માના હિત માટે જ ત્યાં રાખ્યા. ૧. તે પિતા જ્યારે પોતાને ઘેર ઈટાર ગયા ત્યારે તેમણે ધર્મદેવને ક્યાં હિતવચનો કહ્યા હતા ? હે મુનિવર ! તે સુખદાયક વાત હવે મને કહો. ૨. ઉત્તમરાજાના આવા વચન સાંભળીને અત્યંત પરમ દયાળુ શ્રીમુક્તાનંદ સ્વામી તુરંત તેમને તે વાત કહેવા લાગ્યા. ૩. બાલશર્માએ મનમાં ખૂબ જ ધીરજ રાખી. પછી ભક્તિદેવી આગળ તે સમયે પતિવ્રતા સ્ત્રીના બધા જ ધર્મ કહ્યા. ૪.

**❋ પતિવ્રતા સ્ત્રીનો મહિમા :**

**चोपाई :**

**तीन पेढी लग सबकुं तारे, जो नारी पतिव्रत धर्म धारे;**
**तन के रोम कोटि तीन प्रजंता, स्वर्ग भोग नर से लहंता...०६**
**सूर्य शशि होनकुं निष्पापा, बिवत पवन परशत आपा;**
**तप तीर्थ व्रत साधन जेता, फल पावे पतिव्रता तेता...७**

જે સ્ત્રી પતિવ્રતાના ધર્મ પાળે છે, તેના ઘણા મોટા સંકટ ટળી જાય છે. પતિવ્રતાના મા-બાપ અને કુટુંબીઓ જે હોય તેનો પણ તત્કાળ મોક્ષ થાય છે. ૫. જે સ્ત્રી પતિવ્રતાના ધર્મોને પાળતી હોય તે પોતાની ત્રણ પેઢી સુધીના બધા જ લોકોને તારી લે છે. શરીરમાં ત્રણ કરોડ જેટલા રોમ (રુવાટું) હોય છે. પતિવ્રતા સ્ત્રી સ્વર્ગમાં પોતાના પતિની સાથે તેટલા (ત્રણ કરોડ) વરસ સુધી સ્વર્ગનું સુખ ભોગવે છે. ૬.

સૂર્ય, ચંદ્ર અને વાયુ સ્વયં નિષ્પાપ (પવિત્ર) થવા માટે ડરતાં ડરતાં પતિવ્રતાનો સ્પર્શ કરે છે. તપ, વ્રત અને તીર્થ જેવા જેટલા કલ્યાણકારી સાધન છે તે બધાનું ફળ પતિવ્રતા સ્ત્રીને તે વ્રતના પ્રભાવથી મળે છે. ૭. જે સ્ત્રી પતિવ્રતા નારીની ચરણરજનો સ્પર્શ કરે છે તેમાં કોઈ પાપ દેખાતું (રહેતું) નથી. જે સ્ત્રી પતિવ્રતાનો સમાગમ પામે છે, તે સ્વયં પતિવ્રતા થઈ જાય છે. ૮. અત્યંત પવિત્ર જે પતિવ્રતા સ્ત્રીઓ થઈ છે તેના નામ હવે તમને કહું છું. 'વશિષ્ટ પત્ની અરુંધતી, અત્રિના પત્ની અનસૂયા, રામ પત્ની સત્યા-સીતા, શાંડિલી, બ્રહ્માના પત્ની સાવિત્રી, ગૌતમ પત્ની અહલ્યા, પાંડવ પત્ની દ્રૌપદી, મનુ પત્ની શતરૂપા, હિમાલયની પત્ની મેના, ઉત્તાનપાદની પત્ની સુનીતિ, સૂર્ય પત્ની સંજ્ઞા, યજ્ઞ પત્ની સ્વાહા અને અગસ્ત્ય પત્ની લોપામુદ્રા' આ બધી અનુપમ સ્ત્રીઓએ પતિવ્રતાનો ધર્મ પાળીને પતિની સેવા કરી હતી. ૯-૧૦.

ઉપર કહેલી પતિવ્રતાઓના જેવા તમે પતિવ્રતા થજો અને મારી કહેલી વાતને તમે સાચી માનજો. પતિમાં પ્રેમયુક્ત ભાવના (મતિ) કરશો તેનાથી તમે 'પ્રેમવતી' કહેવાશો. ૧૧. સચ્છાસ્ત્રને અનુસારે જે સદાચાર કહેવાય છે તેનું પાલન તમે તત્પરતાથી કરજો પણ તેનું કોઈ રીતે ઉલ્લંઘન કરતા નહીં. ૧૨.

*** બાલશર્માએભક્તિદેવીને કહેલા સામાન્ય ધર્મ :**

**दोहा : यह लोक परलोक ही, सुख मिल हि अपार;**
**उलंघन जो करत तेही, दो लोक होत ख्वार...१३**

સદાચારનું પાલન કરનારાને આ લોકમાં અને પરલોકમાં અપાર સુખ મળે છે, પણ જે તેનું ઉલ્લંઘન કરે છે તેના આ લોક અને પરલોક, બંને પાયમાલ થાય છે. ૧૩. હે સતિ ! તે માટે તમે સાવધાન રહેજો. સદાચારનું શ્રવણ કરીને તે પ્રમાણે નિરંતર પ્રેમથી વર્તજો. ૧૪. મારા આ ઉપદેશને હૃદયમાં રાખીને જૂ, માંકડ કે ચાંચડ કોઈ પણ પ્રાણીની લેશમાત્ર પણ હિંસા ન કરવી. ૧૫. દેવતા અને પિતૃઓને નિમિત્તે પણ બકરાં, મૃગલાં આદિ પ્રાણીની હિંસા ન કરવી, કારણ કે અહિંસા જ સારરૂપ મહા પરમ ધર્મ છે. ૧૬. પાપથી ડરવું, કોઈ પણ પ્રકારના લોભથી કોઈ મનુષ્યની હિંસા ક્યારેય કરવી નહીં. તેનાથી તમે આ લોક અને પરલોકમાં અનેકવાર અપાર સુખિયા થશો. ૧૭. ક્રોધે કરીને કે મૂંઝાઈને પણ કોઈ રીતે આત્મઘાત ન કરવો. એટલા માટે પોતાની તથા પારકી હત્યાનો બધી જ રીતે ત્યાગ કરવો. ૧૮.

તીર્થમાત્રમાં ક્યારેય જઈને આત્મહત્યા ન કરવી. યજ્ઞનું શેષ (પ્રસાદી) ગણાતું આવું માંસ, તે પણ ક્યારેય ખાવું નહીં. ૧૯. ભલે દેવને નિવેદિત કર્યું હોય છતાં પણ સુરા અને મદ્ય પીવું નહીં. ક્યારેક અજાણતા પોતાને હાથે કોઈ અકાર્ય થઈ જાય, તો પણ જાણીને પોતાના અંગનું છેદન કરવું નહીં. અને ધર્મ કરવાને માટે પણ ક્યારેય ચોરીનું કર્મ ન કરવું. પણ પાપથી ડરવું. ૨૦-૨૧.

**काष्ठ पुष्पादिक धनि को होई, बिन पूछे न लेना कोई;**
**व्यभिचार की मुख से बाता, त्याग करना जानी दुखदाता...२२**

ધણિયાતી જે પુષ્પ કે કાષ્ઠ આદિ વસ્તુ હોય તે તેના ધણીને પૂછ્યાં વિના ન લેવી. વ્યભિચાર અતિ દુઃખદાયક છે એમ જાણીને તેનો ત્યાગ કરવો અને તેની પોતાને મુખે વાત પણ કરવી નહીં. ૨૨. જૂગટું ઈત્યાદિ જે વ્યસન તેનો દૂરથી જ ત્યાગ કરવો. તેમ જ ગાંજો, ભાંગ, તમાકુ ઈત્યાદિ વ્યસનોનો ત્યાગ પણ મન, વચન અને ક્રિયાથી કરવો. ૨૩. જેના હાથનું અન્ન અને જેના

પાત્રનું જળ ન ખપતું હોય, તે ક્યારેય ખાવું પીવું નહીં, જ્યારે જગન્નાથપુરીમાં જાઓ ત્યારે જગન્નાથજીનો પ્રસાદ લેવાય, તેમાં કોઈ દોષ નથી. ૨૪.

પોતાના સ્વાર્થની સિદ્ધિને માટે પણ કોઈના ઉપર મિથ્યા અપવાદ આરોપવો નહીં. અને કોઈને ગાળ તો ક્યારેય લગાર પણ દેવી જ નહીં. ૨૫. દેવતા, તીર્થ, વિપ્ર, પતિવ્રતા સ્ત્રી, સાધુ અને વેદ, આ છ ની નિંદા કરવી નહીં. અને સાંભળાય જાય તો મનમાં ખેદ પામવો. ૨૬. જે દેવ (કે દેવી)ની આગળ સુરા અને માંસનું નિવેદ થતું હોય તથા બકરા આદિ પશુની હિંસા થતી હોય, તો તે દેવ કે દેવીનું શુદ્ધ નિવેદ પણ ખાવું-પીવું નહીં. ૨૭. માર્ગમાં ચાલતાં કોઈ દેવાલય આવે તો તે દેવને આદરથી નમસ્કાર કરવા. લૌકિક સદાચારને આદર આપવો પરંતુ તે દેવોનું વાંકુ ન બોલવું. ૨૮. **પોતાના વર્ણાશ્રમના ધર્મનો ક્યારેય ત્યાગ ન કરવો અને પાખંડધર્મ તથા પરધર્મનું આચરણ ન કરવું. ૨૯.**

**જેનું વચન સાંભળવાથી શ્રીકૃષ્ણ ભગવાનની ભક્તિનો અને પોતાના ધર્મનો નાશ થતો હોય તો તેના મુખની વાતો સાંભળવાથી 'પોતાનો ઘાત થશે' એમ માનીને ભગવાનની કથા-વાર્તા પણ સાંભળવી નહીં. ૩૦. પોતાનો અને પારકો દ્રોહ થાય આવું સત્યવચન પણ બોલવું નહીં. ચોર, પાપી, વ્યસની, કામી, કીમિયાગર, પાખંડી અને પ્રપંચી આ છ જણાનો સંગ બધી જ રીતે તજી દેવો. ભક્તિ અને જ્ઞાનનું અવલંબન કરીને જે માણસ સ્ત્રી, ધન અને રસાસ્વાદમાં આસક્ત થઈ પાપમાં પ્રવર્તતા હોય તેનો સંગ, અનંત ગણો લોભ દેખાડે તો પણ ક્યારેય ન કરવો.** ૩૧-૩૨. શ્રીકૃષ્ણ ભગવાન તથા તેના અવતારોનું જેમાં યુક્તિ કરીને ખંડન કર્યું હોય, આવા શાસ્ત્રોને ક્યારેય માનવા નહીં. અને તેને નહીં માનો ત્યારે જ શ્રીહરિ તમારા ઉપર રાજી થશે. ૩૩.

ગાળ્યા વિનાનું દૂધ તથા પાણી પીવું નહીં. તે અણગળ પીવાથી મનુષ્યની બુદ્ધિ મલિન થઈ જાય છે. અને જે પાણીમાં ઝીણા જંતુ ઘણા હોય, તેનાથી નહાવા-ધોવાની ક્રિયા પણ ક્યારેય કરવી નહીં. ૩૪. જે ઔષધમાં દારૂ અને માંસ ભેળવેલા હોય અને અજાણ્યા વૈદ્યે તે આપ્યું હોય, કદાચ શરીરમાંથી પ્રાણ નીકળી જાય તો પણ તે ઔષધ (દવા વગેરે) ખાવું પીવું

નહીં. ૩૫. લોક અને શાસ્ત્રમાં નિષેધ કરેલા સ્થળોમાં તથા પવિત્ર સ્થાનોમાં મળ-મૂત્રાદિ ક્રિયા ક્યારેય કરવી નહીં. તે ક્રિયા માટે બધી જ પવિત્ર જગ્યાનો ત્યાગ રાખવો. ૩૬. ચોર માર્ગે કરીને પેસવું નહીં તથા ત્યાંથી બહાર નીકળવું નહીં. ધણિયાતી જગ્યામાં તેના ધણીને પૂછ્યા સિવાય ક્યારેય ઉતારો કરવો નહીં. ૩૭. પુરુષોએ સ્ત્રીના મુખથી જ્ઞાનવાર્તા સાંભળવી નહીં. સ્ત્રી સાથે વાદ-વિવાદ ન કરવો. અને મનમાં લાજ-શરમ રાખવી. ૩૮. **વિચાર્યા વિના કોઈ કામ તત્કાળ કરવું નહીં. પણ ધર્મ સંબંધી કાર્ય તો તત્કાળ કરવું પણ તેમાં ક્યારેય વિલંબ કરવો નહીં.** ૩૯. આ રીતે ગૃહસ્થના સામાન્ય ધર્મ છે તે અનેક પ્રકારના છે. તેને પ્રેમથી સાંભળવા જોઈએ, કારણ કે **જ્ઞાન વિનાનો મનુષ્ય પશુના તુલ્ય ગણાય છે.** ૪૦.

***ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના પ્રથમ પૂરમાં 'ભક્તિદેવીની આગળ બાલશર્માએ સામાન્ય ધર્મ સંક્ષેપથી કહ્યા' એ નામે વીશમો તરંગ સમાપ્ત ॥૨૦॥***

## પૂર પહેલું : તરંગ - ૨૧

### બાલશર્માએ ધર્મદેવને વર્ણાશ્રમ ધર્મ અને રાજધર્મ કહ્યા

પછી ધર્મદેવે બંને હાથ જોડીને પોતાના પિતાજીની આગળ કહ્યું કે હવે મારે માટે શિખામણની જે વાત આપે કહેવી હોય તે મને સ્પષ્ટ કહો. ૧. અને ચારે વર્ણના જે વિશેષ ધર્મ હોય તે આપ હવે મને પ્રેમથી કહો. કારણ કે આપ બ્રહ્માના અંશ છો, એવું આપના વચનો જ જણાવી દે છે. ૨. **જે કોઈ પણ વસ્તુ હોય છે તે પોતાનો મહિમા પોતાને મુખે કહેતી નથી. તે વસ્તુના ગુણોથી જ તેનું જ્ઞાન થાય છે. ગુણ વિના તે વસ્તુનો ખ્યાલ આવતો નથી.** ૩. **જેનામાં જે ગુણ હોય તે આવિર્ભાવ થઈને દેખાય આવે છે. તેથી તે ગુણ સ્વયં જણાઈ આવે છે. કોઈનો સ્વભાવ છુપાવ્યો છૂપો રહેતો નથી.** ૪.

ધર્મદેવની પ્રબળ સમજણ પિતાએ જાણી લીધી. અને જાણ્યું કે, ધર્મ વિના ધર્મમાં ભાવ થાય નહીં. માટે ચોક્કસ આ ધર્મનું જ સ્વરૂપ છે. ૫.

છતાં પણ બાલશર્મા પોતાના પુત્ર હરિપ્રસાદની આગળ સહુ પહેલા સુખરૂપ બ્રાહ્મણના ધર્મ કહેવા લાગ્યા. ૬. બ્રાહ્મણોએ તેમને કરવા યોગ્ય જે બ્રહ્મકર્મ છે તેને બહુ પ્રકારે શીખીને તેમાં કુશળ રહેવું જોઈએ અને તે કર્મ જ રાત દિવસ કરવા જોઈએ. વળી, શમ, દમ, સંતોષ અને ક્ષમા આદિક બ્રાહ્મણોના ગુણો છે. તે ગુણોથી યુક્ત તમારે રહેવું. ૭. વર્ણ અને આશ્રમને ઘટે એવો જે ધર્મ તેનું પાલન કરવામાં તમારે તત્પર રહેવું. સત્ય બોલવું, સત્ય જ વર્તવું. એ રીતે સત્યના ગુણોને હૃદયમાં ઉતારવા. ૮. સુખ તથા દુઃખના પ્રસંગે ધીરજતાથી યુક્ત રહેવું. ક્યારેય કાયરના જેવું વેણ મુખથી બોલવું નહીં. રાત્રી દિવસ મત્સર દોષથી રહિત વર્તવું. તેવા વર્તનથી તમારો યશ દિન પ્રતિદિન વધશે. ૯.

કોઈ અકાર્ય-અયોગ્ય વાત કરવામાં લાજ-શરમવાળું વર્તન રાખવું. તપ, તીર્થ અને વ્રત કરવાં તથા તિતિક્ષા કહેતા સુખ-દુઃખાદિક દ્વંદ્વોથી પરાભવ પામવું નહીં. અનસૂયા રાખવી અને સચ્છાસ્ત્રનો અભ્યાસ રાખવો. ૧૦. અહિંસા પાળવી. ઈંદ્રિયોનો નિગ્રહ કરી તેને જીતવી. શૌચ, વિદ્યા અને વિનયપ્રધાન થવું. ચોરી કરવી નહીં. આસ્તિક થવું. હરિની ભક્તિમાં મનને પરોવવું. ૧૧. ક્યારેય પ્રતિગ્રહ ન કરવો અર્થાત્ દાન ન લેવું. જ્યારે સંધ્યા અને જપનો સમય હોય ત્યારે તત્પર થઈને તે કરવા. સ્નાન, ધ્યાન, હોમ, યજ્ઞ, દાન, સહનશીલતા અને શાણપણું રાખવું. ૧૨. સ્વાધ્યાય કરવો, ભણવું, ભણાવવું, પિતૃ તર્પણ, દેવપૂજા વગેરે કરવા તથા આત્મજ્ઞાનનો અભ્યાસ રાખવો. ૧૩. અને પરમાત્માના સ્વરૂપના જ્ઞાનરૂપ વિજ્ઞાનને પ્રાપ્ત કરવું. દયા, કોમળતા, બ્રહ્મચર્ય, ત્યાગ અને સરલતા. ૧૪. આવા અનેક પ્રકારના બ્રાહ્મણના બધા મહાન ગુણ કહ્યા છે. હે ધર્મ ! તમે મહાન ધર્મગુણવાળા હોવાથી તે ધર્મોને મૌન બની અર્થા્ત મનનશીલ બની રાખજો. ૧૫.

હવે ક્ષત્રિય વર્ણના જે પ્રસિદ્ધ ગુણ છે તે કહું છું. તે ગુણો જ્યારે યથાર્થ રીતે ક્ષત્રિયો પાળે ત્યારે તે શુદ્ધ ક્ષત્રિય કહેવાય છે. ૧૬. શૂરવીરતા, ધીરજ, ઉદારતા, બળ, તેજ, શરણાગતનું રક્ષણ, પ્રજાવત્સલતા, ગાય, વિપ્ર અને સાધુઓની રક્ષા કરવી અને દયાળુતા રાખવી તથા યજ્ઞ-યાગ કરાવવા, યુદ્ધ માં ઉત્સાહ, ગરીબના ઉપર દયા કરવી-પ્રસન્ન રહેવું અને ક્ષમા આદિ ગુણોથી

યુક્ત રહેવું. આ બધા ક્ષત્રિયોના ધર્મ છે. ૧૭-૧૮. હવે રાજાના ધર્મ કહું છું. તેને બરાબર સાવધાનીથી યથાર્થ સાંભળો. રાજાએ પોતાની પ્રજાને પ્રાણની જેમ માનવી. તેનું પાલન કરવું અને તેનું સન્માન કરવું. ૧૯. કોઈ આવીને પ્રજાને પીડે તો તેનાથી રાજાને દિલમાં દુઃખ થવું જોઈએ. પોતાની સાથે કોઈ વૈર કરવા ઇચ્છતો હોય તો તેની તપાસ કરવી. અને પછી તેના મૂળ ઉખાડી નાખવા. ૨૦. તેને એવો તો છિન્ન ભિન્ન કરી નાખવો કે ફરીથી તેનું બળ વધી શકે નહીં. અને આવો જે રાજા હોય તે જ ખરો નિપુણ રાજા ગણાય. પછી તેનો યશ ત્રિલોકીમાં વ્યાપી જાય છે. ૨૧. પોતાનાથી વિશેષ બળવાન કોઈ રાજા હોય તો તેની સાથે ક્યારેય ખોટુ જોર જણાવવું નહીં. તેની સાથે જો હળીમળીને રહેવાય તો ક્યારેય દુઃખ આવે નહીં. ૨૨. જેટલી ભૂમિમાં પોતાનું રાજ્ય હોય તેટલા ભાગને સુવ્યવસ્થિત કરતાં રહેવું. વિદુરનીતિમાં જે ધર્મ કહ્યા છે તેને રાતદિવસ વિચારી રાખવા જોઈએ. ૨૩. રાજાએ અધર્મના મૂળને ઉખાડી નાખવાની ઇચ્છા કરવી અને ધર્મનું સ્થાપન કરવામાં ઉત્સાહ રાખવો. વ્યસનમાત્રનો ત્યાગ રાખવો અને જેમાં નીતિ ન હોય તેવા કામમાં અનુરાગ (આદરભાવ) રાખવો નહીં. ૨૪.

ઉપર જણાવેલી નીતિ-રીતિ પ્રમાણે જે રહે છે તે જેમ અગ્નિને ઘીની આહુતિ મળવાથી તે વધે છે તેમ તેનું રાજ્ય દિન પ્રતિદિન વૃદ્ધિ પામતું અને પ્રફુલ્લિત સુફળ રહે છે. ૨૫. આ જગતમાં ધર્મવાળા રાજાને તુલ્ય બીજો કોઈ નરદેવ નથી. ચાર વર્ણ અને ચાર આશ્રમમાં ધર્મવાળો રાજા સહુથી અધિક શ્રેષ્ઠ છે. ૨૬. જે રાજા પ્રથમ સ્વયં ધર્મવાળો હોય અને પછી તે જો અધર્મ કરવા ચાહે છે તો તેમાં કોઈ પણ જાતની કાર્યશક્તિ રહેતી નથી. કારણ કે બળપ્રેરક ધર્મ તો દૂર થઈ ગયો હોય. ૨૭. વર્ણાશ્રમનો ધર્મ ઈશ્વરે સ્થાપ્યો છે. તેનો જે લોપ કરે છે તેને કૃત્યારૂપ અગ્નિના જેવું વિનાશકારી પાપકર્મ લાગે છે. ૨૮.

**चोपाई :**

**शुभ मति तिनको होवत नाशा, अधर्म आईके करत निवासा;**
**सत्यकुं सो असत्य कर देखे, असत्यकुं तब सत्य करी लेखे...२९**

**न्याय को सो करहि अन्याया, अन्याय को कर देवहि न्याया;**
**त्युं त्युं घटत घटहि जाई, चलत श्वास बंध ज्युं रहाई...३०**

જ્યાં અધર્મ આવીને નિવાસ કરે છે ત્યાંથી શુભબુદ્ધિનો વિનાશ થાય છે. પછી તે સત્યને અસત્ય માને છે અને અસત્યને સત્ય કરીને માને છે. તે ન્યાયને અન્યાય કરી દે છે અને અન્યાયને ન્યાય કરીને દેખે છે. આવું જ્યારે કરે ત્યારે તે ઘટતો ઘટતો ઘટી જાય છે. અને જેમ ચાલતો શ્વાસ બંધ થઈ જાય છે તેવી તેની સ્થિતિ બને છે. ૨૯-૩૦. શરીરમાં શ્વાસ બંધ થવાથી તે તત્કાળ શબ થઈ જાય છે. અને તેની જેવી દુર્દશા થાય છે તેવી જ ધર્મહિન બેહાલ થયેલા રાજાની તરત દુર્દશા થાય છે. તેટલા માટે બુદ્ધિમાન્ રાજાએ સાવધાન થઈને ધર્મ-નિયમમાં રહેવું. ૩૧.

**જે રાજા પોતાના હાથમાં ધર્મરૂપી ખડ્ગને ધારે છે અને ક્ષમારૂપી ઢાલને રાખે છે તે પોતાના શત્રુનો સંહાર કરી શકે છે. જે રાજાએ ક્ષમારૂપી ગઢ (કિલ્લા)ને જીતી લીધો હોય તે રાજાને આખું જગત આધીન રહે છે. ૩૨.** જે રાજા ધર્મને મુખ્ય રાખે છે, જેની રાજગાદી ધર્મપૂર્ણ છે તેની કીર્તિ નિત્ય રહે છે. ધાર્મિક રાજા વધતો વધતો એટલો બધો વધી જાય છે કે એને ફરીવાર આ સંસારનું ભટકણ રહેતું નથી. ૩૩. તેનું પવિત્ર યશભર્યું નિશાન ફરકતું રહે છે. તેમાં તેને કોઈપણ વિઘ્ન નડતું નથી. ધાર્મિક રાજા નિત્ય સુખની શય્યામાં સૂવે છે. તેને ક્યારેય દુઃખરૂપ શત્રુનું મુખ જોવું પડતું નથી. ૩૪.

**રાજ્યના સાત અંગ છે.** હવે તે અંગોને હું કહું છું. ૧-સ્વામી (રાજા), ૨-અમાત્ય (મંત્રીગણ), ૩-સુહૃદ (મિત્રો), ૪-કોશ (ખજાનો), ૫-દેશ, ૬-કિલ્લાઓ અને ૭-બળ (સેના) આ રાજ્યના સાત અંગ છે. ૩૫. હવે **રાજ્યના જે છ ગુણ છે** તે કહું છું, રાજનીતિ શાસ્ત્રમાં જે સાંભળવા મળે છે. તેને ૧-સંધી, ૨-વિગ્રહ, ૩-યાન, ૪-દ્વૈધીભાવ, ૫-આસન અને ૬-સમાશ્રય, કહેવાય છે. ૩૬. હવે રાજધર્મમાં ધીરજથી રહેનારા **રાજાને માટે ચાર સ્થિર ઉપાય કહું છું.** તે ૧-સામ, ૨-દામ, ૩-દંડ અને ૪-ભેદ, આવા નામે કહેવાય છે. ૩૭. રાજનીતિના ગ્રંથોને વિચારીને હવે હું તીર્થ બતાવું છું. ચાર (ગુપ્તચર)ને જ્યાં જ્યાં ગુપ્ત માહિતી મેળવવા મોકલવામાં આવે, તેને

નિશ્ચિત તીર્થ કહેવાય છે. ૩૮. રાજા સભાસદોને તથા વ્યવહારને દેખે. દંડવા લાયક અને ન દંડવા લાયકને ઓળખે. પૂરી તપાસ કરી કુળ જોઈને સભાસદોને નિર્ણય કરવાનો અધિકાર આપે. ૩૯. રાજા, રાજ્યગુરુ, સચિવ અને શિષ્ય-પ્રજા તપાસ્યા વગર ક્યારેય કોઈ નિર્ણય કરે નહીં. જે સભાસદો-મંત્રીઓ હોય તે આ બાબતનો નિર્ણય કરવામાં રાત્રી-દિવસ વારંવાર વિચાર કરે. ૪૦. બ્રાહ્મણ સિવાયના લોકોની કમાણીમાંથી કર લેવો, બ્રાહ્મણને દેહનો દંડ કરવો નહીં, આ રીતની રાજાની આવક (જીવિકા) કહેવાય. તેમાં કોઈ ભૂલ-ચૂક ન કરવી. ૪૧. રાજાએ ગાયો, બ્રાહ્મણ, દેવ અને સાધુ, આ ચારની સાચી ભાવનાથી સેવા કરવી. તે રાજા ઘણો કુળવાન ગણાય અને તેનો યશ અપાર વધે છે. ૪૨.

**હવે વૈશ્યના ધર્મ કહું છું.** જે (સદાચાર) ધર્મ અનાદિ કાળથી શુદ્ધ ગણાય છે. વૈશ્યે આસ્તિક અને અપાર દાન આપનારા થવું. સાધુ અને બ્રાહ્મણની સેવામાં પ્રેમથી તત્પર રહેવું. ૪૩. વૈશ્યે દ્રવ્ય મેળવવામાં ક્યારેય સંતોષ માનવો નહીં. રાત દિવસ ઉદ્યમ કરતાં રહેવું. 'શ્રીહરિ અને ગુરુદેવની ભક્તિ (સેવા) કરવામાં તત્પર રહેવું. '૪૪. ધર્મ, અર્થ અને કામ, આ ત્રણ પુરુષાર્થોનું પોષણ કરવું. કામ-કાજમાં કુશળ (ચતુર) રહેવું. આવા અનંત સદ્‌ગુણો છે. તે બધાનો કહેતા પાર આવે તેમ નથી. ૪૫.

હવે **શૂદ્રોના જે ગુણો છે** તેને પણ સંક્ષેપમાં કહું છું. શૂદ્રોએ નિષ્કપટ રહેવું. ચિત્તમાં સરલતા લાવવી. બ્રાહ્મણ, દેવ અને ગાયોના હિતકારી સેવક થવું. ૪૬. સ્વભાવમાં નમ્રતા અને આચારશુદ્ધિ રાખવી. મંત્રોચ્ચાર સિવાયના યજ્ઞ કરવા. ચોરી, વ્યભિચાર અને અભક્ષ્ય વસ્તુઓનો ત્યાગ કરવો. આવો સદ્‌ગુણી શૂદ્ર મહાન્ ભાગ્યશાળી ગણાય છે. ૪૭. હે ધર્મ ! આ પ્રમાણે ચારે વર્ણના જે ધર્મ છે, તેને મેં સંક્ષેપથી તમને સંભળાવ્યા છે. જે લોકો તમારા શિષ્ય બને તેને યોગ્યતા પ્રમાણે (સદાચારાત્મક) ધર્મ બતાવવો. ૪૮.

હવે એક બીજી વાત હું એ કહું છું કે, આ તમારી સૌભાગ્યવતી પત્ની સતી છે. તેનો ક્યારેય ત્યાગ કરવો નહીં. તેનાથી તમારો યશ વધશે. આટલું મારું વચન માનજો. ૪૯. **જે પુત્ર પિતાનું વચન માને તે સુપુત્ર કહેવાય અને**

**જે ન માને તે કુપુત્ર કહેવાય.** કુપુત્રે આપેલું શ્રાદ્ધ પિતૃઓ સ્વીકારતાં નથી. અને સુપુત્રે આપેલાં શ્રાદ્ધમાં કોઈ વિરોધ હોતો નથી. ૫૦.

### ✵ ધર્મની મહત્તા અને ધર્મ પાળવાની આવશ્યક્તા :

**दोहा : कोई विध धर्म न लोपही, धर्मवंत सो होय;**
**ताको जस त्रिलोक में, लोप न सकहि कोय...५१**
**धर्मवंश ताको बढे, श्रीहरि रहे त्यां आप;**
**अधर्म त्यां न रहत हरि, अधर्म तिहाँ रहे पाप...५२**

જે મનુષ્ય કોઈ રીતે ધર્મનો લોપ ન કરે, તે ધર્મવાન્ બને છે. તેનો ત્રિલોકીમાં બધે યશ થાય છે. તેના યશને કોઈ લોપી શકતું નથી. ૫૧. તેમના જીવનમાં ધર્મવંશના સદ્‌ગુણો વધે છે. ત્યાં સ્વયં શ્રીહરિ આવીને રહે છે. જ્યાં અધર્મ હોય ત્યાં શ્રીહરિ ન રહે, પણ ત્યાં પાપ રહે છે. ૫૨.

**सोरठा : अधर्म करत जन जोय, अधर्मवंश होत तिहाँ;**
**दिनदिन घटे जस सोय, घटत घटत घट जात अति...५३**

જે લોકો અધર્મ કરે છે ત્યાં છેવટે અધર્મવંશ ઉત્પન્ન થઈ જાય છે. તેનો જે યશ હોય તે દિન પ્રતિદિન ઘટતાં ઘટતાં અતિ ઘટી જાય છે. ૫૩. અધર્મ (પાપ) કરનારાને ક્યારેય પૂરતું અન્ન, ધન કે વસ્ત્ર પણ મળતું નથી. અધર્મી કદાચ ઇંદ્રના જેવો સમર્થ હોય તો પણ તે અધર્મે કરીને બેહાલ થઈ જાય છે. ૫૪. ધર્મ પાળવાથી ધર્મ બધી રીતે વધે છે અને જે જે ચિત્તમાં ચિંતવે છે તે અપાર સુખ પણ ધર્મ પાળવાથી તેને મળે છે. આ એક અનાદિ કાળની રીત છે. શિવ, બ્રહ્મા, દેવો, મનુષ્યો અને મુનિઓ બધા ધર્મ પાળવાથી જ પોતાના ગૌરવભર્યા પદને પામ્યા છે.

આ સર્વે ભૂમિ પણ ધર્મને આધારે જ સ્થિર થઈને રહી છે. ૫૫. **રાજા ધર્મ પાળવાથી રાજ્યને પામે છે, ધર્મથી જ જગતમાં વિજય મળે છે. જ્યાં ધર્મ હોય છે ત્યાં જ શ્રીહરિ રહે છે અને ધર્મવાળાનો ભાગ્યોદય થાય છે. જેને ધર્મ ગમે છે, ખરેખર તેના સદ્‌ભાગ્યને ધન્યવાદ છે. માટે ધર્મ પાળતા કદાચ પ્રાણ જાય છતાં ધર્મને છોડવો નહીં. ૫૬.**

*ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના પ્રથમ પૂરમાં 'બાલશર્માએ ધર્મને વર્ણાશ્રમ ધર્મ અને રાજધર્મ કહ્યો' એ નામે એકવીશમો તરંગ સમાપ્ત ॥૨૧॥*

## પૂર પહેલું : તરંગ - ૨૨

### બાલશર્માએ ભક્તિદેવીને સતીના ધર્મ કહ્યા

બાલશર્માને ધર્મ (સદાચાર) અત્યંત પ્રિય છે એટલે હવે ફરીથી (પુત્રવધૂ) ભક્તિદેવીની આગળ ધર્મની વાત કહેવા લાગ્યા. ૧. હું એક નિશ્ચયાત્મક રીતે કહું છું કે, 'આ દુનિયામાં જેટલી માન-મોટાઈ કે રિદ્ધિ સિદ્ધિ કહેવાય છે તે બધી જ્યાં ધર્મ હોય ત્યાં જ સદા રહે છે'. ૨. જેટલી મોટાઈ (મોટપ) હોય તેના મૂળમાં તેટલો ધર્મ હોય જ છે. ધર્મની તુલનામાં તો એક ભગવાન સિવાય બીજા કોઈને કહેવાય જ નહીં. ૩. **સૂર્યના વિના જેમ અંધારું હોય છે તેમ ધર્મના વિના દુનિયામાં સર્વે વાતમાં મોહ રહ્યો છે. ધર્મ મનુષ્યનું આભુષણ છે. સમગ્ર બ્રહ્માંડમાં ધર્મના સમાન બીજું કોઈ શ્રેષ્ઠ આભૂષણ દેખાતું નથી. ૪.**

**चोपाई :**

**सब हि पर भगवान हे जेहा, धर्म रखत तिहाँ रहतहि तेहा;**
**ईमि जानीके सति जो ताके, धर्म कहत सुनो चित्त दे वाके...०५**

સહુથી પર સર્વોપરિ તો એક ભગવાન જ છે. જે ધર્મને રાખે ત્યાં તે ભગવાન રહે છે. હે સતિ ! આવું સમજીને હું જે ધર્મની વાત કહું છું તેને તમે ચિત્ત દઈને સાંભળો. ૫. **હું જે રીતે ધર્મ પાળવાનું કહું છું તે રીતે તમે સદ્ધર્મ જીવનમાં રાખશો તો અક્ષરધામના અધિપતિ ભગવાન શ્રીપુરુષોત્તમનારાયણ તમારે ઘેર પ્રગટ થશે. ૬.** શંકરે સતીને જે રીતે ધર્મ કહ્યો હતો તે ધર્મને 'સતીગીતા' કહેવાય છે. હું તે ધર્મને પ્રેમથી તમારી આગળ કહું છું. તે પ્રમાણે જે વરતે તે પરમપદ અર્થાત્ ભગવાનના અક્ષરધામને પામે છે. ૭. જ્યારે તમને કોઈપણ પ્રકારનું દુઃખ આવી પડે, ત્યારે લગારેક પણ ધર્મનો

ત્યાગ કરવો નહીં. આ જગતમાં અધર્મી જીવો અપાર છે તે ધાર્મિક લોકોને નઠારા થઈને દુઃખ આપે છે. ૮. જેટલી પતિવ્રતા સ્ત્રીઓ થઈ છે તે બધીએ ધર્મને દઢપણે પાળ્યો છે. તેણે પોતાના પતિને ઈશ્વરના સમાન સમજીને તેની દઢ ભક્તિભાવથી સેવા કરી છે. ૯. પતિવ્રતા સવારમાં પતિની પહેલા જાગે. આળસ કે પ્રમાદનો મનથી ત્યાગ કરી દે. શૌચવિધિ કરીને તુરંત સ્નાન કરે. પછી ધોયેલા પવિત્ર વસ્ત્ર પહેરે. ૧૦. જે પતિવ્રતા નારી કહેવાય છે તે સર્વે વસ્ત્ર પહેર્યા વિના ક્યારેય સ્નાન કરે નહીં, પતિવ્રતાએ પતિની સેવામાં અપાર શ્રદ્ધા રાખવી અને પતિની આગળ હંમેશા હસતે મુખે રહેવું. ૧૧.

પતિની સેવામાં હાજર જ રહેવું. એક પળવાર પણ દૂર ખસવું નહીં. મનમાં ધીરજ રાખીને નિર્મળ સુંદર પાણીથી પતિને ધીરે-ધીરે સ્નાન કરાવવું. ૧૨. મનમાં અત્યંત ઉત્સાહ રાખીને પ્રેમથી પતિના પગ ધોવા. સેવા ભાવનાથી પતિને પહેરવા માટે સુંદર ધોતિયું આપવું. ૧૩. પતિ ઉપર સ્નેહભાવ અધિક રાખવો. ઘરનું આંગણું સ્વચ્છ રાખવું. પતિની રુચિને અનુસારે ભાવથી ભોજન કરાવવું. ૧૪. એક પરમેશ્વર સિવાય અન્ય કોઈ દેવને પણ પતિના તુલ્ય ગણવા નહીં. આવી દઢ ટેક રાખવી અને પતિને બેસવું હોય ત્યારે આસન આપવું. ૧૫. સમયને વિચારીને પતિના લલાટમાં અને અન્ય અંગો ઉપર ચંદન ચર્ચવું. ફૂલના, મોતીના કે સોનાના મોટા હાર પતિના કંઠમાં પહેરાવવા. ૧૬. પતિને પ્રસન્ન કરવાનો જે મંત્ર છે તેને તેની સ્તુતિ-પ્રશંસાના રૂપમાં કહેવો. ઈશ્વરભાવથી નિત્ય પતિને નમસ્કાર કરવા અને તેને સર્વ વેદરૂપ જાણવા. ૧૭.

ઉપર કહેલા ભાવાત્મક મંત્રથી પતિને નિત્ય પૂજવા અને પતિના જેવી ભાવના બીજે ક્યાંય રાખવી નહીં. ચંદન, વસ્ત્ર અને પુષ્પહાર ધારણ કરાવીને એ મંત્રનું ઉચ્ચારણ કરવું. ૧૮. જમવા માટે ઘણી જાતના ભોજન આપવાં અને તે સમયે સુગંધી પાણી પણ આપવું. પ્રિયતમા પતિવ્રતાએ પ્રેમભાવથી સુંદર મુખવાસ આપવો. ૧૯. બે હાથ જોડીને પતિની પાસે જ હાજર રહેવું. એક પળવાર પણ દૂર ન થવું. લક્ષ્મીજીએ ભગવાન નારાયણની જેમ પ્રથમ સ્તુતિ કરી હતી તેને પતિસ્તવન કહેવાય છે. તે હવે હું કહું છું. ૨૦.

લક્ષ્મીજીએ કહ્યું, હે પતિદેવ ! સુખદાયક આપ શિક્ષા (જ્ઞાન)ને આપનારા છો. હિતકારી આપ મારા ઉપર સદા પ્રસન્ન રહો. આપ મોક્ષને આપનારા અને મંગળકારી ગુણોના રાશિ છો. આપની મૂર્તિ શાંત, દાંત અને અવિનાશી છે. ૨૧. આપનું સ્વરૂપ સમગ્ર દેવતારૂપ છે. મારા અનુપમ પતિરૂપ આપને હું નિત્ય નમન કરું છું. સતીનારીના પ્રાણઆધારરૂપ તમારા મૂર્તિમાન આત્માને હું નમું છું. ૨૨. હે પ્રિય ! આપ મારે પૂજન અને વંદનને યોગ્ય છો. એટલે હું નિરંતર વારંવાર નમું છું. હે સ્વામિન્ ! તમે અંતર્યામી છો. મારા પ્રાણોના પ્રાણનાથ (આધાર) અને બહુનામી છો. ૨૩.

**મારી આંખોના તારા છો. હું ક્યારેય લગારેક પણ આપને દૂર થવા નહીં દઉં. આપ નારીને જ્ઞાનના દાતા અને સાક્ષાત્ પરમપદ (મોક્ષ)ને આપનારા છો. ૨૪. આપ ધર્મ છો, અચલ જ્ઞાન છો, પરમાનંદ સ્વરૂપ અક્ષરાધિપતિ છો. આપ બ્રહ્મ છો, પરબ્રહ્મ છો અને સર્વ સુખનું મૂળ છો. અને હંમેશા સર્વ તત્ત્વજ્ઞાનના પણ અધિપતિ છો.** ૨૫. મારાથી જાણે અજાણે જે કાંઈ અપરાધ થયો હોય તેને આપ માફ કરજો. હે દયાસિંધો ! મને પોતાની દાસી ગણીને મારા બધા જ પાપોને આપ બાળી દેજો. ૨૬. આપની પત્ની જે હું તે મારા તમે પ્રાણ છો અને હું આપની સદાની દાસી છું. ' આ રીતે સ્તુતિ કરીને બુદ્ધિમાન લક્ષ્મીજીએ નિજ પતિ નારાયણને વંદન કર્યું. અને તે કાયમ પોતાના પતિ નારાયણની પાસે જ રહ્યા. ૨૭.

બધી જ પતિવ્રતા સ્ત્રીઓએ લક્ષ્મીજીએ ગાયેલા આ સ્તોત્રનો પાઠ કરવો. તેનો પાઠ કરીને તે પ્રમાણે જો વર્તે તો તે પતિવ્રતા સ્ત્રી પોતાના બંને કુળનો ઉદ્ધાર કરે છે. ૨૮. દેવી સરસ્વતી અને ગાંધારી આ લક્ષ્મીજીએ કહેલા સ્તોત્રનો નિત્ય પાઠ કરે છે અને બ્રહ્માણી પણ બ્રહ્માને રાજી કરવા માટે આજે પણ અખંડપણે આ સ્તોત્રનો પાઠ કરે છે. ૨૯. પ્રસન્ન મનવાળા પાર્વતીજી પણ શિવને પ્રસન્ન કરવા માટે આ સ્તોત્રને ગાય છે. અને જેટલી દેવાંગનાઓ છે તે બધી જ આજ લગી આ સ્તોત્રનું ગાન કરે છે. ૩૦. પતિને વશ કરવા માટે આ સ્તોત્ર ઘણો મહાન્ છે અને ચમત્કારી છે. બધી જ પતિવ્રતાઓને સુખ આપનારા આ સ્તોત્રનો તેમણે રોજ વારંવાર પાઠ કરવો. ૩૧. પતિની જે

કાંઈ સેવા હોય તેને પતિવ્રતાએ ગર્વ રહિત થઈને કરવી. અન્ય વ્યક્તિ પાસે કાંઈપણ સેવા ન કરાવે, ત્યારે જ તેનું પતિવ્રતાપણું અવિચળ થયું ગણાય. ૩૨. બીજા પાસે પતિની સેવા જેટલી કરાવે તેટલું પતિવ્રતાપણું ખંડિત થયું ગણાય. પતિની રુચિ પ્રમાણે રસોઈ બનાવીને પત્નીએ પ્રેમથી પીરસીને પતિને જમાડવો જોઈએ. ૩૩. પતિવ્રતા સ્ત્રીએ પતિ જમી રહ્યા પછી પોતે જમવું. પતિ બેસે પછી તેણે બેસવું. અને પતિ ચાલે તેની પાછળ પ્રસન્ન મનથી ચાલવું. ૩૪.

શાણપણવાળી પતિવ્રતા નારીએ પતિ સૂવે, તે પછી પોતે સૂવું. કાળજી રાખીને પતિ જાગે તે પહેલા જાગવું. પતિની મરજી પ્રમાણે ઘરેણાં પહેરવા. પોતાની સ્વતંત્ર ઈચ્છાથી ક્યારેય ક્યાંય વિચરવું નહીં. ૩૫. જ્યારે પોતાનો પતિ કોઈ અન્ય ગામ જાય ત્યારે પતિવ્રતાએ સુશોભિત ઘરેણાં પહેરવા નહીં. પતિના અભાવમાં સતી દૃઢતાથી ત્યાગ-ધર્મને પાળે. પણ ક્યારેય શુભ સૌભાગ્યના ચિહ્નોને શરીર ઉપર ધારવા નહીં. ૩૬.

'પોતાનો પતિ લાંબુ આયુષ્ય ભોગવે' આવો વિચાર મનમાં રાખીને સતીએ મુખથી પોતાના પતિનું નામ બોલવું નહીં. ૩૭. પતિનું નામ જ કદાચ બીજા કોઈ પુરુષનું હોય, તો પણ તે લજ્જાશીલ બની પોતાને મુખે બોલવું નહીં. કોઈ કામ પ્રસંગે પણ સતીએ પોતાના પતિ સાથે વાદ-વિવાદ ન કરવો. ૩૮. કદાચ પતિ અપમાન કરે, મારે, તો પણ તેને સહન કરવું અને રાજી રહેવું. મુખથી પતિના સદ્‌ગુણોનું ગાન કરે અને ઝાઝીવાર સુધી ઘરના દરવાજામાં ઊભી રહે નહીં. ૩૯. ઊંચે સાદે બોલવું નહીં. વેણ કાઢે તો પણ ગુપ્ત રીતે કાઢે. લોભી માણસ જેમ જતન કરીને ધનને સાચવે છે પણ છૂટે હાથે વાપરતો નથી તેમ સતીએ સંવાદ (વાર્તાલાપ) કરવો. ૪૦

***ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના પ્રથમ પૂરમાં 'બાલશર્માએ સતીગીતામાં પતિવ્રતાના ધર્મ ભક્તિના પ્રત્યે કહ્યા' એ નામે બાવીશમો તરંગ સમાપ્ત ॥૨૨॥***

## પૂર પહેલું : તરંગ - ૨૩

### સતીગીતામાં પતિવ્રતાના ધર્મ

બાલશર્માએ સતીના વિવિધ પ્રકારના ધર્મ મનમાં વિચાર્યા અને પછી ભક્તિના પ્રત્યે કહેવા લાગ્યા. ૧. અત્યંત સરળ ચિત્તવાળી સતીએ પોતાના પતિ આગળ દીન થઈને રહેવું. પતિ જ્યારે જ્યારે બોલાવે, ત્યારે સતિએ તુરંત ઘરનું બીજું કામ તજી દેવું. ૨. અને હરખભર પતિની પાસે આવવું. હાથ જોડીને નમ્ર ભાવે બોલવું કે ‘આપની દાસી હું હાજર છું, હવે આપ આજ્ઞા આપો, તે હું કરું. ’૩. હળવેક રહીને મુખથી આવું બોલવું. પછી બીજી વાત કહેવી. આમ, જે વર્તે તે શુદ્ધ પતિવ્રતા નારી કહેવાય. તે સિવાયનું તો પતિવ્રતાપણું ખંડિત થયું ગણાય. ૪.

પતિ જે કામ કહે, તેને સતી નારીએ રાજી થઈને કરવું. અને ક્યારેક વગર કહ્યે પણ પતિનો બધો અભિપ્રાય સમજી લેવો. પછી તે વખતે પોતાના મનમાં અતિશય સ્નેહ રાખીને પોતાના પતિને જે ચીજ વસ્તુ જોઈતી હોય તે બધી તુરંત જ અત્યંત આદરથી લાવી આપવી. ૫-૬. પતિએ જમ્યા પછી જે અન્ન વધ્યું હોય તેને અત્યંત પ્રેમથી જમવા લેવું. અન્ન કે ફળ આદિ જે કાંઈ ખાવાની ચીજ હોય તેને વંદન કરીને જમવામાં લેવું. ૭. દેવ, પિતૃઓ, અતિથિ, ગાય અને ભિક્ષુક વગેરેની પૂજા કરવી અને ઘરના નોકર વગેરેને અન્ન આપ્યા સિવાય તે બધાથી પહેલા સતી સ્ત્રીએ ક્યારેય જમવું નહીં. ૮. કોઈ દુર્બળ મનુષ્ય, બ્રાહ્મણ, અનાથ, રાંક, અંધ, રોગી અને દીનજન, આવા કોઈ ભૂખ્યા હોય તો તેને ખાવા અન્ન આપવું. તેમજ નિર્માની થઈને પતિને આધીન થઈને રહેવું. ૯. પતિની પ્યારી સતીએ ઘર વપરાશની ચીજવસ્તુઓને વાપરી શકાય એવી તૈયાર રાખવી. વધારે પડતો ખર્ચ કરવો નહીં. પતિ જે વસ્તુને જ્યારે લાવવાનું કહે, તેને ત્યારે તુરંત લાવીને તે આપવું. ૧૦.

પોતાના પતિની ઇચ્છા વિરુદ્ધ, સતી સ્ત્રી ક્યારેય કોઈ વ્રત ઉપવાસ આદિને પણ કરે નહીં. શંખમુનિએ શ્રુતિને અનુસારે સતી સ્ત્રીના આ ઉદાર ધર્મ કહ્યા છે. ૧૧. તેમણે પોતાની પત્નીને અનુકૂલ સ્વભાવની સમજીને,

તેના હિતને માટે જે પતિવ્રતાના ધર્મ કહ્યા હતા. તે ધર્મને અત્યારે હું કહું છું, તો ભગવાનના પ્યારા એવા હે ભક્તિ ! તમે સાંભળો. ૧૨. સતી સ્ત્રીએ પોતાના પતિની આજ્ઞા સિવાય ઘરની બહાર નીકળવું નહીં. શરીર ઉપર વસ્ત્ર ઓઢ્યા સિવાય થોડીવાર પણ ક્યારેય રહેવું નહીં. ૧૩. પોતાની ચપળતા દેખાય તે રીતે ઉતાવળે પગલે ચાલવું નહીં. સતીના વ્રત ઉપર જેને શ્રદ્ધા હોય તેવી સ્ત્રીએ પરપુરુષ સાથે બોલવું નહીં. ૧૪. આ જગતમાં જે પતિવ્રતા સ્ત્રી હોય તેણે પોતાના આવશ્યક પ્રયોજન પૂરતું વેપારી, વૃદ્ધ અને વૈદ્ય સાથે બોલવું પણ જરૂરત સિવાય ક્યારેય બોલવું નહીં. ૧૫.

પોતાના સર્વે અંગ ઢંકાઈ જાય તે રીતે પગની ઘૂંટી સુધી પહોંચતા કપડાં પહેરવા. દાંત દેખાય તેવું ખડખડાટ હસવું નહીં અને પોતાની નાભિ, સ્તન અને મુખને ઢાંકી રાખવા. ૧૬. પતિ કે પતિના સગા સંબધીઓની સાથે લગારેક પણ દ્વેષ કે ક્લેશ કરવો નહીં. દૂતપણું કરનારી સ્ત્રી, ધુતારી, ઠગારી અને વેશ્યાના રૂપમાં જે સ્ત્રી રહેતી હોય તેનો સંસર્ગ ક્યારેય રાખવો નહીં, તેનો સંપર્ક દૂરથી જ તજી દેવો. નજર નાખનારી કે તેના જેવી જે જોગણી સ્ત્રીઓ હોય તેનો પણ સંગ કરવો નહીં. ૧૭-૧૮. જે સ્ત્રીમાં શીલ (ચારિત્ર્ય શુદ્ધિ) ન હોય, કપટી હોય અને કદરૂપી હોય તેનો પણ સંગ ન કરવો. સ્વૈરિણી, કામિની અને પુંશ્ચલી, આ ત્રણ પ્રકારની કુલટા સ્ત્રીઓ પતિત (મલિન) ગણાય છે. તેનો સંસર્ગ ભૂલથી પણ થઈ જાય તો ક્યારેય પતિવ્રતાપણું રહેતું નથી. જ્યાં ઝાઝા સમાજનો મેળો (ઉત્સવ) ભરાતો હોય ત્યાં સતીએ તેને જોવા માટે ક્યારેય જાવું નહીં. ૧૯-૨૦.

વિવેકશીલ પતિવ્રતાએ તીર્થ કરવા માટે પણ એકલા જાવું નહીં. પોતાને ઘેર રહીને જ ભગવાન શ્રીહરિને જે ભજે તે જ શાણી સતી કહેવાય છે. સતી સ્ત્રીએ (એકલી) વિવાહ આદિમાં પણ જાવું નહીં. અને પોતાના પતિમાં જ બધું સુખ માનવું. ૨૧. કોઈ આવશ્યક કામ હોય અને તે સમયે તેનો પતિ સૂતો હોય તો પણ સતીએ પતિને જગાડવો નહીં. વળી, જ્યારે પોતાનો પતિ સુખેથી આરામ કરતો હોય કે બેઠો હોય ત્યારે તેને કોઈપણ કામ કરવા માટે પ્રેરણા કરવી નહીં. ૨૨. સતી સ્ત્રી જ્યારે રજસ્વલા થાય

ત્યારે તેણે પોતાના પતિથી દૂર જ રહેવું. ત્રણ દિવસ સુધી પોતાનું મુખ પણ દેખાડવું નહીં. નિપુણ સ્ત્રીએ ચોથે દિવસે સ્નાન કરવું. ૨૩. પવિત્ર થયેલી સ્ત્રીએ ધોયેલા વસ્ત્ર પહેરવાં. પછી પ્રેમથી હૃદયમાં ભગવાનનું ધ્યાન કરવું. પોતાના પતિના ચરણોમાં પ્રેમથી પ્રણામ કરવાં. ખૂબ જ પ્રેમરસથી ભરપૂર થઈને પતિની સેવા કરવી. ૨૪. પોતાનો પતિ જ્યારે બહારગામ ગયો હોય ત્યારે પતિવ્રતાએ પોતાના પતિનું હૃદયમાં ધ્યાન કરીને સૂર્યના દર્શન કરવા અને પરપુરુષને ઝેર સમાન ગણવો. ૨૫. સતી સ્ત્રીએ લલાટમાં કુંકુમનો ચાંદલો કરવો. સેંથામાં સિંદૂર પૂરવો. આંખોમાં કાજળ આંજવું. છાતી ઉપર કાપડું (કાંચળી, ચોળી, કમખા) પહેરવું. ૨૬. માથાના વાળ સુંદર રીતે ગૂંથવા, મુખમંડન કરે એવું તાંબૂલ, આભૂષણ, હળદર અને તેલ વગેરેથી મનોહર વેશ રાખવો અને અંગોઅંગમાં ઘરેણાં સજીને પહેરવા. ૨૭. જે પતિવ્રતા સ્ત્રી પોતાના પતિનું લાંબુ આયુષ્ય ચાહતી હોય, તેણે શરીર ઉપરના શણગાર તજી દેવા નહીં અને પોતાના વિચારોને શુભ (સારા) રાખવા. ૨૮. સતીએ રજકી (ધોબણ)નો સંસર્ગ રાખવો નહીં, જે સ્ત્રીના હૃદયમાં ધર્મનો લેશ પણ નથી તે તો ધર્મનો ભંગ થાય એવો જ ઉપદેશ કરે. માટે પોતાના પતિવ્રતાપણાના ધર્મનો ભંગ થાય એવી વાત કરનારને છોડી દેવી. ૨૯. જે સ્ત્રી પોતાના પતિથી વિમુખ (વિરુદ્ધ) થઈ જાય તે તો પતિના અવગુણોને જ બતાવવાની ! પતિ સિવાયના અન્ય પુરુષમાં જેને આસક્તિ હોય આવી સ્ત્રીનો સંબંધ પતિવ્રતાએ રાખવો નહીં. ૩૦.

જે સ્ત્રીને કાંઈ બોલવાનો ઢંગ-ધડો ન હોય, જે સ્ત્રી વિશ્વાસઘાત કરનારી હોય, સ્ત્રીનો વેશ ધારી રહેલો જે હીજડો હોય, આ બધાનો સંસર્ગ સતીએ રાખવો નહીં. ૩૧. જે સ્ત્રી બહુ બોલકી હોય, પુરુષના વેશમાં રહેતી હોય, ઝાઝા ઘેર ભટકતી હોય, જુગાર રમતી હોય અને કેફી પદાર્થને ખાતી પીતી હોય. તેનો લેશપણ સંગ સતીએ કરવો નહીં. ૩૨. જે સ્ત્રી ચુગલીખોર (ચાડી, નિંદા કરનારી) હોય, વઢકણી, ચોરી કરનારી, મનની મેલી, અતિ ચંચળ, વધારે પડતો આહાર કરનારી અને એવા અપાર અપલખણવાળી જે હોય. જે પતિનો દ્વેષ કરનારી હોય તેનો સંગ કરવો નહીં, સતી સ્ત્રીએ પોતાનું

ઘર છોડીને બહાર ભટકવું નહીં, તેમજ કપડાં પહેર્યા સિવાય ક્યારેય સ્નાન કરવું નહીં. ૩૩-૩૪. પરપુરુષ પોતાના અંગોને દેખે તેમાં ત્રાસ અને ભય પામે અને ક્યારેય નિર્લજ્જ થઈ વેણ ઉચ્ચારે નહીં. ત્યારે જ તે સ્ત્રી પતિવ્રતા કહેવાય. ૩૫. પતિવ્રતાના ધર્મોનું આચરણ કરનારી સ્ત્રીઓએ ખાંડણિયો, સાંબેલુ કે સાવરણી ઉપર બેસવું નહીં. તેમજ ઉંબરામાં કે પથ્થર ઉપર બેસવામાં દોષ જાણીને તેના પર બેસવું નહીં. ૩૬. અંગસંગના સમય સિવાય પતિની આગળ પણ ક્યારે નિર્લજ્જ ન થાય. અને પતિની રુચિમાં પોતાની રુચિને જે મેળવી દે તેને પતિવ્રતા સ્ત્રી કહેવાય છે. ૩૭. ઊંચે આસને જે ન બેસે, જે નીચ ગાળો ન બોલે અને પરઘેર ભટકતી ન ફરે તે સતીસ્ત્રી કહેવાય છે. ૩૮. પોતાના જેઠ કે સસરા સાંભળે તે રીતે ઊંચે અવાજે બોલવું નહીં. બકવાટ કરવો નહીં અને નિર્લજ્જ થઈને અત્યંત હસવું નહીં. ૩૯. અન્ય પુરુષનો સ્પર્શ કરવો નહીં. પરપુરુષની સામે પ્રેમથી જોવું નહીં અને પોતાનું મન વશ રાખવું. ઈત્યાદિ પતિવ્રતા નારીની અનાદિકાળની રીત છે. ૪૦.

***ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના પ્રથમ પૂરમાં 'બાલશર્માએ ભક્તિના પ્રતિ સતીગીતામાં પતિવ્રતાના ધર્મ કહ્યા' એ નામે ત્રેવીશમો તરંગ સમાપ્ત ॥૨૩॥***

## પૂર પહેલું : તરંગ - ૨૪

## બાલશર્માએ કહેલા સતીગીતા મુજબ પતિવ્રતાના ધર્મ

જેમાં અપાર લાજ-મર્યાદા રહી છે એવા પોતાના ઉત્તમ ઘર (વંશ પરંપરા) ને જાણીને બાલશર્માએ ભક્તિદેવીને સતીના અપાર ધર્મોને કહ્યા. ૧. જેનું ઘર (વંશ પરંપરા) ઉત્તમ હોય તેમને અતિ લાજ-મર્યાદા હોય છે, એવી બીજા કોઈમાં ન હોય. આમ જાણીને જ બુદ્ધિમાન બાલશર્મા પતિવ્રતાના ધર્મોને કહે છે. ૨. સતી નારીના ધર્મોને ઉત્તમ કહ્યા છે અને સદા સુખપ્રદ કહ્યા છે, તેને હૃદયમાં દૃઢ રીતે ધારવા જોઈએ. ૩. 'જે નારી આ સતીના ધર્મને પાળે છે તેના હૃદયમાં શ્રીહરિ નિરંતર નિવાસ કરીને રહે છે. ' આ

મારું વચન ક્યારેય અન્યથા નહીં થાય. ૪. સતીસ્ત્રીએ નર જાતિના પશુને પણ આકર્ષાઈને દેખવાં નહીં. પારકાં કલંક, ક્લેશભર્યાં અને ભયંકર હોય છે, આવું વિચારીને સતીએ તેને ક્યારેય સાંભળવા નહીં. ૫.

કોઈના માથે કલંક નાખવું નહીં. અને કોઈને વઢીને વચનનું બાણ મારવું નહીં. પોતાનો પતિ કદાચ નપુંસક હોય, રોગી કે દરિદ્ર હોય, વૃદ્ધ કે બુદ્ધિહિન હોય, અસમર્થ કે રાંક હોય, આવી અનેક પ્રકારની ખામીઓ હોય છતાં સતીએ તેની આગળ દીન થઈને તેની સેવા કરવી. પતિના હરખે હરખાવું. ૬-૭. સતીએ પતિના દુઃખે દુઃખી રહેવું. સંપત્તિ હોય કે વિપત્તિ હોય, તેની સાથે એક ભાવથી રહેવું. અત્યંત આપત્કાળ આવી પડે છતાં ક્યારેય તેણે પોતાના ધર્મનો ત્યાગ કરવો નહીં. ૮. પતિવ્રતાએ ઘરમાં ઘી, તેલ, મીઠું અને ચોખા વગેરે ન હોય તો પણ ક્યારેય તે બાબતના દુઃખની વાત પતિ આગળ કરવી નહીં. ૯.

પોતાના પતિને પરિશ્રમ કરવો પડે, આવું કામ કરવા સતીએ પતિને પ્રેરવો નહીં. પતિ જ્યારે બહારથી પોતાને ઘેર આવે ત્યારે તેને દેખીને સતીએ અતિશય હર્ષ પામવો. ૧૦. સુકુમારી પતિવ્રતાએ ઉતાવળે આસન આપવું, પીવા પાણી આપવું, મુખથી અમૃત જેવું મધુર વચન બોલવું, તૈયાર કરીને પાનબીડું આપવું અને ગરમી થઈ હોય તો પંખાથી પવન વીંઝવો. ૧૧. પતિવ્રતાની એ ઉત્તમ રીત છે કે તેણે પતિની પગચંપી કરવી અને એવા સરસ મધુર વચન કહેવા કે, તે સાંભળીને પતિનો થાક તત્કાળ ઊતરી જાય. ૧૨. પતિની ભક્તિ કરનારી જે પતિવ્રતા હોય તેણે પતિ આગળ બંને હાથ જોડીને તેની સાથે પ્રેમભર્યાં વચનથી વાતો કરવી જોઈએ. ૧૩.

શ્રેષ્ઠ સમજણવાળી સતી સ્ત્રી પોતાના પતિને જ (તેને અનુસરી રહેવામાં જ) દેવ, ગુરુ, ધર્મ, તીર્થ, વ્રત, તપ, દાન અને યજ્ઞ યાગાદિક માને છે. ૧૪ સારા વસ્ત્ર અલંકારોને ધારી રહેલો કોઈ યુવાન મનુષ્ય, દેવ કે ગંધર્વ આદિ હોય અને કોઈ રૂપાળો ધનવાન હોય, તો પણ તેને નરકના સમાન જોવો. ૧૫. વિવાહના સમયે બ્રાહ્મણે જ્યારે પતિ પત્નીનો હસ્તમેળાપ કરાવ્યો હોય છે ત્યારે કહ્યું હોય છે કે 'પતિના શરીરના પડછાયાની જેમ પત્નીએ પતિને

અનુસરીને રહેવું. '૧૬. નિત્ય કે નૈમિત્તિક, જે શુભ પુણ્યકર્મ હોય તે પણ પતિવ્રતાએ પતિની આજ્ઞા લઈને કરવા. ઉપર કહેલા ધર્મવચનમાં જો ક્યારેક ભંગ થાય તો પ્રત્યેક વચનભંગે એક-એક ઉપવાસનું પ્રાયશ્ચિત કરવું. ૧૭. ઉપવાસ કરવાથી જ થયેલા પાપનું નિવારણ થાય છે. તે વિના પાપ ધોવાતું નથી. સવારે ઊંઘમાંથી જાગવું ઈત્યાદિ ઘણા પ્રકારના જે જે નિયમો કહ્યા છે તે બાબતમાં પતિવ્રતાએ દૃઢપણે રહેવું. **ક્યારેય ભૂલ કરવી નહીં. 'સતી, સંત અને શૂરાની રીત સૌથી જુદી જ છે અને અત્યંત પવિત્ર છે.** ૧૮-૧૯.

ચિતાના અગ્નિને દેખીને જે સતી ભાગે તેને તો દુનિયા મહાભ્રષ્ટ કહે છે. યુદ્ધ સમયે જે શૂરપુરુષ ભાગે છે તેના કુળને લોકો ધિક્કારે છે. ૨૦. અને ત્યાગી સાધુ થઈને જે પંચવિષયમાં બંધાઈ જાય છે તે તો શ્વાન કરતા પણ ઊતરતો કહેવાય છે. આવું સમજીને જે પતિવ્રતા સ્ત્રી છે તેણે પોતાના ધર્મનો કોઈપણ રીતે લોપ કરવો નહીં. ૨૧. જે નારીએ પતિને એકવાર પણ ગાળ દીધી હોય, તો તેણે પાદકૃચ્છ્ર વ્રતરૂપ પ્રાયશ્ચિત કરવું. તે પણ જો ભૂલથી એક જ વાર ગાળ દેવાઈ હોય તો તેના પાપથી છૂટવા તેનું આ નિર્ધારિત પ્રાયશ્ચિત છે. ૨૨. જે પતિને કાયમ ગાળો દેતી હોય, તેના પાપનું પ્રાયશ્ચિત્ત કોઈએ કહ્યું નથી. સતી સ્ત્રીએ અજાણતાં પોતાના પતિને જો તમાચો મારી દીધો હોય, તો તે જ્યારે એક સામટા ચાર ઉપવાસ કરે ત્યારે તે પાપથી છૂટે છે. સતીએ જો પતિને એક જ વાર પગની લાત મારી હોય તો તે પાપના નિવારણ માટે તેણે બાર દિવસનું પારાક નામે વ્રત કરવું જોઈએ. આ પ્રમાણે પતિવ્રતા સ્ત્રીના ધર્મો મેં સંક્ષેપથી તમને કહ્યા છે. ૨૩-૨૫.

આ જગતમાં પતિવ્રતાનો ધર્મ પાળનારી નારી દુર્લભ છે. જે સ્ત્રી રહસ્યરૂપ પતિવ્રતાના ધર્મને પાળે છે તે ત્રિલોકીમાં પૂજ્ય ગણાય છે. ૨૬. જે સ્ત્રી પતિની આજ્ઞાથી વિરુદ્ધ વર્તીને વ્રત ઉપવાસ વગેરે કરે છે તો તે પતિની બધી આયુષ્યને નષ્ટ કરીને સ્વયં નરકમાં પડે છે. ૨૭. તેણે કરેલા દાન, વ્રત કે ઉપવાસ, બધા નિષ્ફળ થાય છે, અગ્નિ જેમ બધા બળતણને બાળી દે છે તેમ તેના પુણ્યનો પણ નાશ થાય છે. ૨૮. જે સ્ત્રીનું પતિવ્રતાના ધર્મથી પતન થાય છે તે સ્ત્રી નિશ્ચિત નરકમાં જાય છે અને જે સ્ત્રી પતિની

આજ્ઞાને મનથી, વચનથી કે કર્મથી લોપતી નથી તે સ્ત્રીને ધન્યવાદ છે. તેને આ સંસારમાં ભટકવું પડતું નથી. શ્રીહરિનું ભજન કરીને જે ભવસાગરનો પાર કરે છે એવી પ્રતિવ્રતા નારીઓ અપાર થઈ ગઈ છે. ૨૯-૩૦. શીલ (શુદ્ધ ચારિત્ર્ય) વ્રત વિનાની સતી કહેવાતી નથી. જે નારીના શીલવ્રતનો ભંગ થાય તેનો જન્મ વગોવાઈ જાય છે. જો દુષ્ટવાણી બોલે નહીં, ખળ માણસનો સંગ કરે નહીં અને દૃઢ ધીરજ રાખે છે તો તેનું શુભ સતીત્વવ્રત અખંડ રહે છે. ૩૧. **જેનું મન નિર્મળ હોય, અને જેની યોનિ કલંકિત ન હોય, આવી સતીનારી એટલી બધી સમર્થ થાય છે કે તે સ્વયં પોતાના સત્યના બળથી આખા જગત્‌ને ધારણ કરી શકે છે. ૩૨.** અને પરપુરુષના સંગથી જે નારી યોનિને કલંકિત કરી ચૂકી હોય તો તેના પાપનું નિવારણ કોઈ ઠેકાણે બતાવ્યું નથી. ૩૩.

### ✻ સતીધર્મ લોપનાર સ્ત્રીની ગતિનું વર્ણન :

વચન દુષ્ટનું પાપ નિવારણ બતાવ્યું છે પણ યોનિદુષ્ટનું પાપ નિવારણ લખ્યું નથી. મુનિવરોએ એવો નિર્ણય કર્યો છે કે યોનિદુષ્ટ નારીનો તો કરોડો કલ્પ સુધી ઉદ્ધાર થતો નથી. ૩૪. તે સ્ત્રી અપાર પશુ-પક્ષીઓની જાતિમાં ઘણીવાર જન્મ લઈને મરણ પામે છે. તેમાંથી નામ માત્ર જ કોઈકને મનુષ્યનું શરીર પ્રાપ્ત થાય છે. ૩૫. જ્યારે પતિ બોલાવે ત્યારે જે નારી વધારે પડતો અતિશય ક્રોધ કરે છે તો વારંવાર તે ચાંડાળના જન્મને પામે છે અને કૂતરાંના માંસને ખાય છે. ૩૬. પતિ બોલાવે ત્યારે સામે ક્રોધ કરીને શઠની જેમ જે ઉપદેશ આપવા લાગે છે તો તે કૂતરીના જન્મને પામે છે અથવા વનમાં શિયાળના જન્મને પામે છે. ૩૭.

જે સ્ત્રી પોતાના પતિનો ત્યાગ કરીને પરપુરુષમાં પ્રેમ કરે છે તો તે ઝાડના કોતરમાં ઘુવડ (ઉલૂકી)ના જન્મને પામે છે. ૩૮. જે નારી દુષ્ટ થઈ જાય છે તે ઘુવડ થઈને કાગડા અને કીડાઓનો આહાર કરે છે અને આખી રાત ઘૂમ્યા કરે છે. તેને કષ્ટનો કોઈ પાર રહેતો નથી. ૩૯. સ્ત્રીનો ક્રોધ દેખીને કદાચ પતિ તેને મારે, તે સમયે જો સ્ત્રી તેના પતિને મારવા ચાહે કે પ્રયત્ન કરે, તો તે બીજે જન્મે સિંહણ થાય અથવા બિલાડી થઈને અનેક

જીવોને મારે છે. ૪૦. જે કુલક્ષણી સ્ત્રી કટાક્ષથી પરપુરુષને જુવે છે. તે જે જે યોનિમાં જન્મ ધરે છે તે દરેક સ્થળે ચોક્કસ ફાંગી કહેતા ત્રાંસી આંખે જોનારી થાય છે. ૪૧.

*ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના પ્રથમ પૂરમાં 'બાળશર્માએ ભક્તિદેવીને સતીગીતામાં પતિવ્રતાના ધર્મ કહ્યા' એ નામે ચોવીશમો તરંગ સમાપ્ત ॥૨૪॥*

## પૂર પહેલું : તરંગ - ૨૫

## બાલશર્માએ કહેલા સતીગીતા મુજબ પતિવ્રતાના ધર્મ

ભક્તિદેવીના જેવી કોઈ સતી નારી નથી અને ધર્મદેવના સમાન ધર્મનિષ્ઠ અન્ય કોઈ પતિ નથી. એટલે અતિ ઉત્તમ કુલીન શ્રીબાલશર્મા પ્રેમથી ભક્તિદેવીને વિશેષ સતીના ધર્મોને કહે છે. ૧. સર્વોત્તમ ધર્મ સંબંધી વાત હેત વિના કહી શકાય નહીં અને વગર હેતે જેને વાત કહી હોય, તે તેને ક્યારેય પસંદ આવતી નથી. ૨. જેના શરીરમાં અતિ રોગ હોય અને તેને અતિશય પીડા થતી હોય પછી વ્યાપેલો રોગ કાયમને માટે જો મટી જતો હોય તો સર્વે પીડારૂપ ડામને સહન કરવા પડે છે અને ઝેર જેવી કડવી દવા પણ પીવી પડે છે. ૩. પરંતુ જેને અસાધ્ય રોગ થયો હોય, તેને પ્રિય વસ્તુ પણ અપ્રિય લાગે છે અને તે રોગી હિતકારી ઉપાયને હિતરૂપ માનતો નથી પણ હિતકારીને અહિતકર ગણે છે. ૪.

**चोपाई :**

**असाध्य रोगकुं न लगत बोधा, बोध दिये तेहि करत क्रोधा;**
**तेसे जन की नहिं यह बाता, साध्य रोगकुं लगे सुखदाता...०५**

જેને અસાધ્ય રોગ થયો હોય તેને બોધ લાગતો નથી. કદાચ કોઈ તેને સમજાવે તો તેના ઉપર જ ક્રોધ કરે છે. તેવા વિષયાસક્ત અસાધ્ય રોગવાળા લોકો માટે આ વાત નથી, પણ જેનો રોગ સાધ્ય (મટી જાય તેવો) હોય, તેવાને આ ઉપદેશ સુખદાયક લાગે છે. ૫. જે સુજ્ઞ હોય તેને જેમ જેમ

સાચી વાત કોઈ સમજાવે તેમ તેમ તેને હેત થાય, અને તે સામેથી ક્યારેય કડવું વેણ કહે નહીં. ભક્તિદેવીની તેવી રીત છે એમ સમજીને બાલશર્માએ તેમને હેતથી હિતકારી વાત કહી. ૬. જે નારી પતિને છોડીને (આપ્યા વિના) એકવાર પણ મિષ્ટાન્ન ખાઈ લે છે તો તે બીજે જન્મે ગામમાં ફરનારી ભૂંડણના જન્મને અથવા વડલા ઉપર લટકતી વાગોળના જન્મને પામે છે. ૭. તે પાપને ટાળવા માટે વાગોળ બનીને તે ઝાઝા વરસ સુધી ઊંધે માથે ઝૂલતી રહે છે. તે મોઢેથી ખાય છે અને મોઢેથી જ મળ કાઢે છે, આટલું બધું પાપ તેને લાગેલું હોય છે. ૮.

જે સ્ત્રી પતિને તૂંકારાથી બોલાવે છે તે બીજે જન્મે મૂંગી થાય છે અને જે શોકના ખારથી પતિની સાથે ઈર્ષ્યાનો વ્યવહાર કરે છે તે બીજે જન્મે વિધવા થાય છે. ૯. જે નારી પતિની નજર ચુકાવીને પર પુરુષને પ્યારની દૃષ્ટિથી જુવે છે તો તે બીજે જન્મે કાંણી અને અત્યંત ખરાબ મુખવાળી થાય છે અને તે ગમાર સ્ત્રી અતિશય કદ્રૂપી થાય છે. ૧૦. **જે નારી શીલવ્રત (ચારિત્ર્ય) નો ભંગ કરે છે તો તે ત્રણ કુળને વારંવાર નરકમાં નાંખે છે. માતા, પિતા અને પતિ, આ ત્રણેના કુટુંબને તે લાંછને યુક્ત કરે છે. ૧૧. જેનો પતિ શુદ્ધ અને ધર્મયુક્ત હોય અને તે સ્વર્ગમાં ગયો હોય પણ તેની પત્ની જો શીલભંગ (ચારિત્ર્યથી ભ્રષ્ટ) થઈ હોય તો પતિ સ્વર્ગમાંથી પતિત થઈને અધોગતિને પામે છે. અને તેણે કરેલા જપ, તપ તથા દાન વગેરે મિથ્યા થઈ જાય છે. ૧૨.** એટલા માટે નારી માત્રે પોતાનું શીલવ્રત (ચારિત્ર્ય) અખંડ રાખવું જોઈએ અને મન, કર્મ (વચન)થી પરપુરુષનો સંગ ક્યારેય કરવો નહીં. ૧૩ **નારીએ વિચાર કરવો જોઈએ કે, આ મનુષ્ય શરીર પુણ્ય સંપાદન કરવાનું પાત્ર છે માટે અતિ પ્રયત્નપૂર્વક પરપુરુષનો સ્પર્શ કોઈપણ રીતે ન થાય તેમ સાવધાન રહેવું. ૧૪.** પરપુરુષનો સ્પર્શ (સંગ) તો માત્ર સુખાભાસ છે. તેના મોહમાં આધિન થયેલી મૂર્ખ સ્ત્રી જમદૂતના દુ:ખદ બંધનમાં આવે છે. ૧૫. પતિવ્રતાના ધર્મ પાળનારી સતીસ્ત્રીને દેહને અંતે નિત્ય સ્વર્ગીય નિવાસ મળે છે, આ જગતમાં યશ મળે છે, ક્યારેય જમદૂતનો ત્રાસ થતો નથી અને કમલા (લક્ષ્મીજી)નું સખીપણાનું સુખ મળે છે. ૧૬.

**❋ શ્રીહરિ ધર્મવાળાની સદાય રક્ષા કરે છે :**

જો પતિ ભગવાનથી વિમુખ હોય અને પાપી હોય તો સતીએ તેને છોડી દેવો જોઈએ. એવા પતિનું મોઢું જોવું નહીં. તેવા પતિને તજવાનું પાપ સતીને લાગતું નથી. જમદૂત તો સતીને દેખીને જ દૂર ભાગે છે. ૧૭. શ્રીહરિ તે સતીને સહાય કરે છે. કારણ કે, જે ધર્મવાળા છે તે જ પ્રભુને પ્રિય હોય છે. સત્ય એ ધર્મનું જ એક નામ છે. જ્યાં સત્ય છે ત્યાં શ્રીહરિનો નિવાસ છે. ૧૮. **જે સત્યધર્મને પાળે છે તે સત્યરૂપ શ્રીહરિના ધામમાં રહે છે તેને ક્યારેય સંકટ આવતું નથી. સત્યરૂપ ધર્મના બળથી જ બ્રહ્માજી તત્કાળ આ જગતની રચના કરે છે. અને સત્યરૂપ ધર્મના બળે કરીને જ વિષ્ણુ સમગ્ર વિશ્વનું પાલન-પોષણ કરે છે અને સત્યરૂપ ધર્મને બળે કરીને શિવજી સમગ્ર જગતનો સંહાર કરે છે. તે પ્રલયમાં કરોડો, બ્રાહ્મણો, સંતો અને ગાયોનો પણ એક પળ વારમાં જ નાશ થઈ જાય છે. પરંતુ સત્યરૂપ ધર્મને કારણે શિવજીને પ્રલય કરવા છતાં લેશ માત્ર પણ દોષ લાગતો નથી. સત્ય, ધર્મ, શ્રીહરિ અને ભક્તિ, એ ચાર એક સ્વરૂપ હોવા છતાં સ્વેચ્છાથી ભિન્ન-ભિન્ન થયા છે. ૧૯-૨૧.**

**❋ શ્રીહરિનું સર્વકારણપણું તથા મહિમા કહ્યો :**

સર્વનું કારણ એક ભગવાન શ્રીહરિ છે. તેમના સમાન બીજા કોઈને કહી શકાય નહીં. એક જ ઇંદ્રિયથી બધી જાતનું જ્ઞાન થતું નથી. પાંચે ઈન્દ્રિયો દ્વારા પ્રમાણભૂત જ્ઞાન થાય છે. ૨૨. **એક પરમાત્મા અનંતરૂપે થાય છે અને પાછા અનંતમાંથી એક રૂપે થાય છે. આવી તો ભગવાનમાં અનેક કળાઓ રહી છે. બીજા કોઈમાં તે પરમાત્માનો પ્રતાપ જો લેશમાત્ર આવે છે તે પણ શ્રીહરિ બીજાને અથવા એને જણાવે તો જ જાણી શકે છે. ૨૩.**

એટલા માટે ભગવાન શ્રીહરિ એક સર્વનું કારણ કહેવાય છે. તેમના સમાન અન્ય કોઈપણ હોતું નથી. બીજા તો બુદ્ધિ પ્રમાણે કલ્પના કરે છે તો કોઈક શાસ્ત્ર દ્વારા થોડું-ઘણું જાણીને બોલે છે. ૨૪. તેમાં પણ જેને જેટલો અભ્યાસ કરે તેને તેટલું ભગવાનનું જ્ઞાન થાય છે. **અભ્યાસ સિવાય જીવમાં**

**રહેલું અનાદિ અજ્ઞાન ક્યારેય ટળતું નથી.** ૨૫. જ્ઞાન-અજ્ઞાનરૂપ જ હરિની માયા અપાર છે. તે માયાના પારને કોઈ પામતું નથી. ગમે તેટલી જાણે છતાં તે અપારની અપાર રહે છે. ૨૬. પરથી પર અને તેનાથી પણ પર એવા પરાત્પર પરમેશ્વર શ્રીહરિ જ્યારે પ્રકટ મળે છે ત્યારે તે શ્રીહરિ અપાર અજ્ઞાનનો નાશ કરે છે અને જીવનો ઉદ્ધાર કરે છે. ૨૭. શ્રીહરિ સ્વસ્વરૂપનું જ્ઞાન કરાવીને જીવને અપાર અજ્ઞાનરૂપ માયાથી પાર કરી દે છે. આવું જ્ઞાન તે શ્રીહરિનું જ છે. માટે તેમના સમાન અન્ય કોઈ થાતું નથી. ૨૮.

***ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના પ્રથમ પૂરમાં 'બાળશર્માએ સતીગીતામાં પતિવ્રતાના ધર્મ ભક્તિદેવીને કહ્યા' એ નામે પચ્ચીશમો તરંગ સમાપ્ત ॥૨૫॥***

## પૂર પહેલું : તરંગ - ૨૬

## ધર્મ ભક્તિનું રોજિંદુ જીવન, અસુરોપદ્રવ, કાશી આગમન

**दोहा : धर्म ! धर्म न त्यागना, दुख परे कोउ प्रकार;**
**धर्म तिहाँ हरि रहत हे, कहत करी निरधार...०२**

બાલશર્મા હવે પુત્ર ધર્મનું હિત વિચારીને પરમ રહસ્યરૂપ શિખામણની સાક્ષાત્ વાત કરે છે. ૧. **હે ધર્મ ! ગમે તે જાતનું દુઃખ આવી પડે, તો પણ તમે સ્વધર્મનો ત્યાગ કરતા નહીં. કારણ કે શાસ્ત્ર અને સત્પુરુષો નિર્ણય કરીને કહે છે કે જ્યાં સ્વધર્મ છે ત્યાં જ ભગવાન રહે છે. ૨.** ધર્મનું પાલન કરતાં કોઈવાર જ્યારે અસુરો તમને દુઃખ દે, ત્યારે આપણા કુળદેવ ઉદાર ચરિત વાયુપુત્ર હનુમાનજીનું તમારે સ્મરણ કરવું. ૩. **તમારા ઉપર અપાર સંકટ આવી પડ્યા હશે તોપણ તે મહાવીર હનુમાનજી તે સર્વ કષ્ટોનો નાશ કરશે. શ્રીરામચંદ્રજીની કૃપાથી દુઃખોનો નાશ કરવામાં તેમને કાંઈ વાર લાગશે નહીં. ૪.**

હનુમાનજીએ રામચંદ્રજીની અતિ સેવા કરી અને તેનાથી શ્રીરામચંદ્રજીને અતિ રાજી કરી લીધા. ત્યારે તત્કાળ પ્રસન્ન થયેલા ભગવાન રામચંદ્રજીએ

તેમને ચિરંજીવી થવાનું વરદાન દીધું છે. માટે સંકટમાં તેમને સેવજો. ૫. તે રીતે જ દિવાળીને દિવસ આપણા કુળદેવી લક્ષ્મીજીનું પૂજન અત્યંત પ્રેમથી શાસ્ત્રમાં કહેલા વિધિ પ્રમાણે કરવું. ૬. બધી જ એકાદશીનું વ્રત કરવું. ભગવાનની કથા કરવી, કીર્તન ગાવા અને જ્યારે જેવો દેશકાળ હોય ત્યારે પોતાની શક્તિ પ્રમાણે તેવા ભગવાનના ઉત્સવ કરવા. ૭.

**संग करना सत्पुरुष केरा, धर्म वर्धी तब होय घनेरा;**
**संग करना दिन दिन अधिकाई, मन के मल दे सबे नसाई...०८**
**मन के मल नाश जब होवे, तब मन हरिचरन चित्त प्रोवे;**
**चोरी जारी मद्य मांस हि जेहा, भूल में संग न करना तेहा...०९**

સાધુઓનો સમાગમ કરવો. તેનાથી ધર્મમાં ઘણી વૃદ્ધિ થાય છે અને દિન પ્રતિદિન અધિક સત્સંગ કરવાથી મનમાં રહેલા બધા જ દોષોનો નાશ થાય છે. ૮. **જ્યારે મનના દોષોનો નાશ થાય છે ત્યારે શુદ્ધ થયેલું મન શ્રીહરિના ચરણોમાં પરોવાય છે. તેમજ ચોરી કરનારનો, વ્યભિચારીનો, દારૂડીયાનો અને માંસ ખાનારનો આટલાનો સંગ ભૂલથી પણ કરવો નહીં** તથા ધર્મભ્રષ્ટ જીવનો સંગ ન કરવો. ચંડાળની જેમ તેનો સંગ દૂરથી જ તજી દેવો. ઊઠતા, બેસતા કે જમતા ઉપર કહ્યા તે બધાનો પાશ ક્યારેય લાગવા દેવો નહીં. ૯-૧૦. બાલશર્માએ ઉપર કહ્યા પ્રમાણે ધર્મ અને ભક્તિને સ્પષ્ટપણે શિક્ષા (શિખામણ)ના વચનો કહ્યા. પછી કહ્યું કે, દુઃખ આવી પડે તો શ્રીરઘુનાથજીનું જ્યાં જન્મસ્થાન છે તે અયોધ્યાનગરમાં જઈને રહેજો. ૧૧. બાલશર્માના ઉપર કહ્યા પ્રમાણે શિખામણના વચન સાંભળ્યા પછી દંપતી (ધર્મભક્તિ) પગે લાગ્યા. તે શિક્ષા વચન શિરે ચઢાવ્યા અને હૃદયમાં આનંદ ઉભરાયો. ૧૨. ત્યારે પાંડેય બાલશર્માએ તે બંનેને ચિરંજીવી રહેવાનો આશીર્વાદ આપ્યો. અને કહ્યું કે, તમારો યશ જગતમાં પ્રસિદ્ધ થાઓ અને તમને કોઈ શત્રુ જીતી શકે નહીં. ૧૩. બાલશર્માએ ધર્મ ભક્તિને આવા શિક્ષાવચન કહ્યા. પછી પુત્ર અને પુત્રવધૂના વિયોગના સંતાપને હૃદયમાં લઈને જાન સાથે પોતાને ઘેર પાછા આવ્યા. ૧૪. તે પછી થોડા જ દિવસોમાં બાલશર્માએ સત્વરે શરીર છોડી દીધું અને પોતે દિવ્યગતિને પામ્યા. ૧૫.

મુક્તાનંદસ્વામી કહે, શુભમતિવાળા હે ઉત્તમરાજા ! હવે તમે મન દઈને સાંભળો. તે પછી ધર્મ અને ભક્તિ, બંને જે રીતે રહેતા હતા તે કહું છું. પોતાના પિતાએ જે શિક્ષાના વચન કહ્યા હતા તે પ્રમાણે તેઓ વર્તવા લાગ્યા. ૧૬. ધર્મદેવ શ્રુતિવેત્તા (વેદોને ભણેલા) હતા. તેથી સ્વયં પોતાની પત્ની ભક્તિએ સહિત ગૃહસ્થના ધર્મને પાળવા લાગ્યા. સંકટના સમયમાં પણ ક્યારેય ભૂલ ન થાય, તેમ ધ્યાન દઈને બધા જ ધર્મોને યથાર્થ રીતે પાળતા હતા. ૧૭. ધર્મવાળા મનુષ્યનો સમાગમ હરખથી, ઉત્સાહથી કરતા હતા. પોતાને મુખે બીજાના દોષોને કહેતા નહીં. અને વ્યર્થ વાતોને તો દૂરથી જ તજી દેતા હતા. ૧૮. ધર્મદેવ એ રીતે રહેવા લાગ્યા કે જોનારા બધા જ લોકોના મનમાં તેઓ ગમવા લાગ્યા. તેથી લોકોએ તેમનું નામ જ 'ધર્મદેવ' રાખી દીધું. અને તેઓ બધી રીતે ઘણા જ ઉદાર સ્વભાવના હતા. ૧૯. તે પછી બધા જ લોકો તેમને 'ધર્મ. . ધર્મ' આવા નામથી બોલાવવા લાગ્યા. ધર્મ અને ભક્તિની મહત્તાને દેખીને તો બધો સમાજ તેમને વશ થઈ ગયો. ૨૦.

પરમ પવિત્ર તે બંને સ્વધર્મમાં નિષ્ઠા રાખીને શ્રીકૃષ્ણની ભક્તિ કરતા હતા. પંચવિષયથી વિરક્ત રહેતા અને સહુ સાથે સુહૃદભાવ રાખતા. તેથી ધર્મ ભક્તિ સમાજમાં શોભતા હતા. ૨૧. પરમ ભગવદીય ઉદાર ભાવવાળા તેઓ બંને શ્રુતિ અને સ્મૃતિમાં પ્રતિપાદન કરેલા શુભ સદાચારમય ધર્મમાં હંમેશા રહેતા હતા. ૨૨. શાસ્ત્રોમાં જે ધર્મ જેવી રીતે પાળવાના કહ્યા હોય તે ધર્મને તે રીતે આદરભાવથી હંમેશા પાળતા હતા. ધર્મ અને ભક્તિ બંને સર્વે શુભગુણોના સાગર હોય તેવા થયા. ૨૩. જ્યારે જન્માષ્ટમી હોય ત્યારે નિર્મળ મનથી જાગરણે સહિત તેનું વ્રત કરતાં હતા. તેમજ રામનવમીનું વ્રત પણ શુદ્ધભાવથી કરતા હતા. ૨૪. જે સમયે જે વ્રત કે ઉત્સવના દિવસો આવે ત્યારે તે ઉત્સવ અને વ્રતોને કરતા. તેમજ ભગવાનની મૂર્તિનું હૃદયમાં ધ્યાન કરીને વાજિંત્ર વગાડીને ભગવાનના ગુણ-કીર્તનોને પણ ગાતા હતા. ૨૫. એકાદશીનું વ્રત અખંડ રીતે કરતા, ઉત્સાહપૂર્વક મુખે કીર્તન ગાતા અને કોઈ દિવસ ધર્મને છોડતાં નહીં, આવી તો તેમણે એક ટેક લઈ લીધી હતી. ૨૬.

**તેવા સમયમાં એક દિવસ ધર્મની શ્રદ્ધા આદિક પૂર્વની બાર પત્નીઓ જે ખૂબ પ્રેમ ધરાવતી હતી અને તેઓ સુંદર દિવ્યદેહ ધારીને આવી. તેમને ધર્મ તથા ભક્તિ બંનેએ દેખી. ૨૭.** આ રીતે જે દર્શન દીધાં તેને બીજા કોઈ પણ લોકોએ દેખ્યાં નહીં. ધર્મદેવ રોજ ત્રિકાળ સંધ્યા અને પિતૃતર્પણ કર્મ કરતા હતા. અને બાકીના સમયમાં સચ્છાસ્ત્રોનાં પઠન-મનન આદિને કરતા હતા. ૨૮. ધર્મદેવ સદાચારાત્મક મહાન્ ધર્મને જીવનમાં ધારી રહ્યા હતા. અને સમજણથી ભગવાનની ભક્તિ કરતા હતા. આમ કરતાં ઘણા મહિના વીતી ગયા ત્યારે ધર્મથી ભક્તિદેવીમાં રામપ્રતાપજી પુત્રનો જન્મ થયો. ૨૯.

**વિક્રમ સંવત ૧૮૧૮ (શ્રાવણ સુદ-૮) ના વરસમાં હર્ષ જનક સંકર્ષણ જેવા પુત્રનો જન્મ થયો.** તે સમય શુભ માસ, શુભ તિથિ અને શુભ વાર હતો. તેથી તેઓ અત્યંત ઉદાર અને પ્રતાપી થયા હતા. ૩૦. રામપ્રતાપજી દાનવીર, શૂરવીર, મહાતેજસ્વી અને પ્રતાપી થયા. જેને દેખીને પાપી લોકો થર-થર ધ્રૂજતા હતા. સ્વયં નિષ્પાપ હતા અને ભગવાનના પ્રતાપ સિવાય અન્ય કોઈનો પ્રતાપ તેઓ ક્યારેય માનતા નહીં. ૩૧. તે સમયમાં દુર્વાસાનો શાપ હોવાથી અપાર મુનિવર્યોએ જન્મ લીધા. પવિત્ર દ્વિજ-બ્રાહ્મણ, ક્ષત્રિય, અને વૈશ્ય-કુળોને જોઈને તેમાં તે મુનિવરોએ મનુષ્યદેહ ધર્યા. ૩૨. **જ્યાં જ્યાં તેઓએ જન્મ લીધો ત્યાં ત્યાં ભગવાનની ભક્તિ કરવા લાગ્યા. દિન પ્રતિદિન અત્યંત હેતે સહિત શ્રીકૃષ્ણ ભગવાનની કથા-વાર્તા પણ બહુ કરવા લાગ્યા. ૩૩.**

### ❋ અસુરોનો ઉપદ્રવ અને ધર્મભકિતનું કાશીગમન :

આવું બધું જોઈને અભાગિયા આસુરી જીવોના હૃદયમાં આગ લાગી. જ્યાંથી ત્યાંથી તે અસુરો તેમની પાછળ પડ્યા અને તત્કાળ ધર્મ અને મરીચિ આદિ ઋષિઓની સાથે શત્રુભાવ શરૂ કર્યો. ૩૪. ધર્મ અને ભક્તિની સાથે જે અસુર લોકો જન્મ્યા હતા ત્યાં તે અસુરોએ વિઘ્નોની શરૂઆત કરી દીધી. તે અસુરો પોતાના મનમાં ધર્મ, ભક્તિ અને ઋષિઓને શત્રુ માનવા લાગ્યા. ૩૫. જેમ જેમ ધર્મદેવને પીડા થાય તેમ બધા અધર્મી લોકો કરવા લાગ્યા. જે રીતે ભક્તિદેવીને પીડા થાય તે રીતે તે કુબુદ્ધિ લોકો કષ્ટકારી વર્તન કરવા

લાગ્યા. ૩૬. મરીચિ આદિ ઋષિઓને પણ જેમ કરવાથી અતિ દુઃખ થાય તે રીતે અસુરો ઉપદ્રવ કરવા લાગ્યા. પાપમય બુદ્ધિવાળા તે લોકો મુનિવરોના સદ્‌ગુણોમાં અવગુણ આરોપવા લાગ્યા. ૩૭. દેશના બધા જ નગરોમાં અને ગામોમાં જ્યાં જ્યાં તે દૈત્યો રહેતા હતા, ત્યાં ત્યાં ધર્મ અને ભક્તિને દેખીને તેમને હંમેશા પીડવા માંડ્યા. ૩૮. પછી ધર્મ અને ભક્તિ અસુરોથી આવતા દુઃખના નિવારણ માટે વિચાર કરીને તુરંત અયોધ્યાનગરમાં આવીને વસ્યા. ૩૯. અયોધ્યામાં પણ જે અધર્મી લોકો રહેતા હતા તે બધા ધર્મ અને ભક્તિને દુઃખ દેવા લાગ્યા. અને તે પછી તે દુઃખના નિવારણ માટે તેઓ કાશીપુરીમાં આવીને રહ્યા. ૪૦.

***ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના પ્રથમ પૂરમાં 'ધર્મ ભક્તિનું રોજિંદુ જીવન, અસુરોપદ્રવ અને કાશી આગમન' એ નામે છવ્વીશમો તરંગ સમાપ્ત ॥૨૬॥***

## પૂર પહેલું : તરંગ - ૨૭

## ધર્મદેવ કાશીથી પ્રયાગ આવ્યા, રામાનંદ સ્વામી મળ્યા અને વૈષ્ણવી દીક્ષા લીધી

ભક્તિ અને ધર્મની કથા અત્યંત પવિત્ર છે. એટલે ઉત્તમરાજાએ બે હાથ જોડ્યા માથું નમાવ્યું પછી પ્રેમથી મુક્તમુનિને પૂછ્યું. ૧. આ કથા વક્તા અને શ્રોતા બંને માટે અમૃતરસમય છે. અતિશય ઉત્તમ અને અનુપમ આ કથા તુરંત જ બંનેને શુદ્ધ કરે છે. ૨. ભક્તિ અને ધર્મદેવ બંને અસુરોએ આપેલા કષ્ટોથી ત્રાસીને કાશીનગરીમાં આવ્યા કારણ કે, તેઓ કાશીને સર્વશ્રેષ્ઠ પુરી માનતા હતા. ૩. હે મુનિરાજ ! મારે કાંઈ સાંભળવાનું બાકી રહી જાય નહીં. માટે આપ કૃપા કરીને મને તે કથા કહો કારણ કે તેને આપ બધી રીતે જાણો છો. ૪.

શ્રીહરિના ચરિત્રને કહેવા ગાવાના વ્રતવાળા મુનિરાજ શ્રીમુક્તાનંદ સ્વામી તે ઉત્તમરાજાની ઘણી મોટી શ્રદ્ધા જોઈને રાજી થયા અને ઉત્તમરાજાની

વારંવાર પ્રશંસા કરી હરખભેર તે બધી કથા કહેવા લાગ્યા. ૫. કાશી શિવજીની નગરી છે અને સર્વોપરિ છે આવું મનમાં ધારીને ભક્તિ ધર્મ બંને ત્યાં પોતાનું હિત જાણીને આવ્યા. ત્યાં એક અનુપમ મહારુદ્ર યાગ કરાવ્યો અને વેદસ્વરૂપ બ્રાહ્મણોને સારી પેઠે જમાડ્યા. ૬. તોપણ અસુરો શાંતિ પામ્યા નહીં. ત્યાં પણ તે બંનેને એવું કષ્ટ આપ્યું કે જે વર્ણવી શકાતું નથી. પછી તેઓ બંને છાની રીતે ત્યાંથી ચાલી નીકળ્યા. હવન માટેનો અગ્નિ સાથે રાખ્યો. ૭. અસુરો તરફથી આવતાં કષ્ટોથી છૂટવા ભક્તિ અને ધર્મે વારંવાર અનંત ઉપાય કર્યા. વ્રતો કરીને શરીરને સૂકવી નાખ્યું. તીર્થયાત્રા કરતાં તેઓ પ્રયાગમાં આવ્યા. ૮.

ત્યાં ગંગા (ગંગા, યમુના અને સરસ્વતીના સંગમ)માં સ્નાન કરીને પિતૃતર્પણ કર્યું. નિપુણતાથી એક ઉપવાસ કર્યો. ત્યાં પ્રેમથી ઘણા દિવસ રોકાયા ત્યારે એક સુખકારી વૈષ્ણવાચાર્યનો મેળાપ થઈ ગયો. ૯. તેમનું નામ સદ્‌ગુરુ શ્રીરામાનંદ સ્વામી હતું. તેઓ બ્રહ્મચારી, મહાતપસ્વી, અપાર ત્યાગી, ધર્મ પાળવામાં ધીર, ગંભીર તથા ગુણવાન હતા. ૧૦. મુમુક્ષુને દેખીને ઉપદેશ કરતા હતા. તેમનો વેશ નૈષ્ઠિક બ્રહ્મચારીના જેવો હતો. કપાળમાં અનુપમ સુખરૂપ કેસર ચંદનનું ઊર્ધ્વપુંડ્ર તિલક હતું. ૧૧. તે તિલકની વચ્ચે કુંકુમનો ચાંદલો સુંદર લાગતો હતો. કંઠમાં બેવડી તુલસીની કંઠી હતી અને લોકહિતકારી તે સ્વામીજી ડાબા ખભા ઉપર યજ્ઞોપવીત ધારી રહ્યા હતા. ૧૨.

લોકસુખકારી રામાનંદ સ્વામી વૈષ્ણવના વેશમાં તીર્થોમાં ફરતા હતા. શ્રીરામાનંદ સ્વામી શ્રીરામાનુજાચાર્ય પાસેથી દીક્ષા લઈને તેમના શિષ્ય થયા. ૧૩. પછી તો અનેક લોકો રામાનંદ સ્વામીના શિષ્ય થયા. તેમનો ઉદ્ધાર કરવા માટે જેને કોઈ યથાર્થ જાણતા નથી તેવા વાણી અને મનથી અગોચર દિવ્યસ્વરૂપ ભગવાનનો લોકોને ઉપદેશ દેતા હતા. ૧૪. સદ્‌ગુરુ શ્રીરામાનંદ સ્વામી શબ્દબ્રહ્મ (વેદો) અને પરબ્રહ્મને યથાર્થ રીતે જાણતા હતા. અર્થાત્ તેના સાક્ષાત્કારને પામેલા હતા. તેમનો મેળાપ ધર્મદેવને થયો. તેથી તેઓ

ખૂબ જ ખુશી થયા. ૧૫. ધર્મદેવ શ્રીરામાનંદ સ્વામીના શિષ્ય થયા તેથી અંતઃકરણમાં શાંતિ થઈ. સ્વામીએ તેમને ભાગવતી દીક્ષા આપી, એટલે તેમના મનમાં આનંદ છવાઈ ગયો. ૧૬. તુલસીની બેવડી કંઠી ધર્મદેવના કંઠમાં બાંધી. મંગળરૂપ ઊર્ધ્વપુંડ્ર તિલક કરાવીને તેમાં મનગમતો કુંકુમનો ચાંદલો કર્યો. ૧૭.

શ્રીકૃષ્ણ ભગવાનને શરણે કરવા માટે સ્વામીએ તેમને શ્રીકૃષ્ણ ભગવાનનો અષ્ટાક્ષર મંત્ર, સામાન્ય અને વિશેષ ભેદથી બંને પ્રકારનો આપ્યો. ૧૮. પછી ધર્મદેવે સદ્‌ગુરુ રામાનંદસ્વામીને ચારે વર્ણના પુરુષો અને સ્ત્રીઓને પાળવાના નિયમોની સર્વે રીત પ્રેમથી પૂછી. ૧૯. તે સદાચારરૂપ ધર્મની સર્વે વાત અનુપમ છે. કળિયુગના મળરૂપી મહાપાપને હરનારી છે. અને સંસારરૂપ સાગરને તરવા માટે સુદૃઢ નવી નૌકા સમાન છે. ૨૦. જેના સર્વોત્તમ પુણ્ય હોય તેને જ આવો ધર્મ-નિયમોનો જોગ મળે છે, કારણ કે પુણ્ય વિના ઘણો જ વિકટ સંસારરૂપ સાગર તરવો શક્ય નથી. ૨૧.

શ્રીરામાનંદ સ્વામીએ ધર્મદેવને પોતાના સંપ્રદાયની બધી જ રીત ભાત બતાવી દીધી. જેનાથી શ્રીકૃષ્ણ ભગવાન મનમાં પ્રેમ લાવીને ભક્તના ઉપર રાજી થાય છે. કામ, ક્રોધ અને લોભ જેવા અંતઃશત્રુઓનો સહેજે નાશ થાય છે. આ રીતે જ્યારે બધા અધર્મસર્ગનો નાશ થાય ત્યારે અંતઃકરણમાં પ્રકાશ થાય છે. ૨૨. તે પછી પરમપદ જે શ્રીહરિનું અક્ષરધામ તેને પામે છે અને તે બધા જ દુઃખના પારને પામે છે. શ્રીહરિ તેના હૃદયમાં વસે છે અને તે સુખનો હંમેશા આનંદ રહ્યા કરે છે. તે પ્રભુને કમળના સમાન નેત્ર છે. તેઓ સમગ્ર દુઃખોથી ભક્તોને છોડાવે છે અને અત્યંત કરુણારૂપી રસથી ભરપૂર છે, તેઓ નટવરનાગર અને સુખના સાગર છે અને ભક્તોને આનંદકારી છે. ૨૩.

***ઇતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના પ્રથમ પૂરમાં 'ધર્મદેવ કાશીથી પ્રયાગ આવ્યા, રામાનંદસ્વામીને મળ્યા અને વૈષ્ણવી દીક્ષા લીધી' એ નામે સત્તાવીશમો તરંગ સમાપ્ત ॥૨૭॥***

## પૂર પહેલું : તરંગ - ૨૮

## રામાનંદ સ્વામીએ ભાગવત ધર્મનો ઉપદેશ કર્યો

ઉત્તમરાજાએ આ અનુપમ કથા સાંભળી, તેથી બે હાથ જોડ્યા અને પૂછ્યું કે, હે મુનિવર ! મને પહેલા શ્રીરામાનંદ સ્વામીની વાત કહો. અને રામાનંદ સ્વામીએ ધર્મદેવની આગળ જે સદાચારની વાત કહી, તે કેવી રીતે કરી ? તે પણ કહો. ૧-૨. ઉત્તમરાજાનો પ્રશ્ન સાંભળીને શ્રીમુક્તાનંદ સ્વામી મનમાં ઘણું રાજી થયા. પછી ઘણા પ્રેમથી ઉત્તમરાજાના પ્રત્યે કહેવા લાગ્યા. ૩. તે સદાચાર એવો છે કે સાંભળવાથી ઘણો આનંદ થાય છે એટલે શ્રીરામાનંદ સ્વામી ધર્મદેવના પ્રત્યે કહેવા લાગ્યા. ૪.

ચારે વર્ણના જે સદાચારરૂપ ધર્મ છે, તેને હું સંક્ષેપમાં કહું છું. હે ધર્મ ! તે શાસ્ત્રની રીતે સદાચારરૂપ ધર્મને તમે પ્રેમથી સાંભળો. ૫. આ ધર્મને જે દ્રઢપણે પાળે છે તે અખંડ શુભકીર્તિને પામે છે. આ લોકમાં અને પરલોકમાં તેની કીર્તિ દિન પ્રતિદિન છવાઈ જાય છે. ૬. જે લોકો ધર્મમાં દ્રઢ પણે રહ્યા હતા તેની કીર્તિ ત્રિલોકીમાં વધી હતી. અને તેનાથી જ પ્રહ્લાદ અને પ્રિયવ્રત જેવા અપાર રાજાઓ બ્રહ્મવાદી (પરમાત્માના સ્વરૂપના યથાર્થ જ્ઞાની) થયા હતા. ૭. તે બધા ત્રિલોકીના રાજા હતા. છતાં પ્રભુપદની પ્રેમભક્તિથી ભરપૂર હતા. તેથી તેમણે સર્વ પ્રકારે કાળનો ત્રાસ છોડી દીધો અને ભગવાનના ચરણ સમીપે નિવાસ પામ્યા. ૮. સદાચારમય ભાગવત ધર્મનું પાલન કરીને તે સર્વે ભક્તો પરમપદને પામ્યા હતા. વેદો અને શાસ્ત્રોના રહસ્યરૂપ તે ભાગવત ધર્મ હવે હું તમને કહું છું. ૯. ધર્મ છે તે ત્યાગી ગૃહી, નરનારી બધાને (નિર્દોષ) સ્નેહ કરાવે છે, માટે હે ધર્મ ! તમો જ્યારે ઘેર જાઓ ત્યારે ત્યાં પણ ધર્મમાં રહેજો અને સહુને ધર્મમાં રાખજો અર્થાત્ બીજા પાસે પળાવજો. ૧૦.

**ધર્મની સર્વોત્તમ રીત સમજીને તે પ્રમાણે ચાલવું. અસત્ય (મિથ્યા) બાબતમાં પગ મૂકવો નહીં. જે મનુષ્ય ખોટે માર્ગે ચાલે છે તેનો જગતમાં અપયશ થાય છે. ૧૧.** હવે હું તમને શુદ્ધ, સુખદાયક અને ઉત્તમ ધર્મની વાત સંક્ષેપથી કહું છું. તે સાંભળીને ત્યાગી અને ગૃહસ્થ, બધા પરમપદને

પામે છે. ૧૨. શ્રાદ્ધ અને યજ્ઞ યાગાદિકમાં ક્યારેક અપાર આપત્કાળ પડે તોપણ પશુઓ અને પંખીઓની હિંસા ક્યારેય કરવી નહીં. ત્રણ પ્રકારની સુરા અને અગિયાર પ્રકારનું મદ્ય, તે ભૂલથી પણ ક્યારેય પીવું નહીં. કોઈ રોગ થયો હોય ત્યારે દારૂ અને માંસ ભેળવેલું ઔષધ પણ ક્યારેય ખાવું નહીં. ૧૪. યજ્ઞનું શેષ એવું માંસ તથા કોઈ દેવતાના નિવેદરૂપ માંસ, તે થોડું પણ ખાવું નહીં. અને કોઈપણ પ્રકારની ચોરી કરવી નહીં. આવો નિયમ કાયમ રાખવો. ૧૫. પરસ્ત્રીનો સંગ કરવો નહીં અને પોતાની પત્નીનું દાન કરવું નહીં. બુદ્ધિમાન મનુષ્યે પરસ્ત્રીનો સ્પર્શ તો દૂરથી તજી દેવો. ૧૬. હે ધર્મદેવ ! તમારે તો નિરંતર સાવધાન રહેવું, આપત્કાળમાં પણ પરસ્ત્રીનો સંગ ક્યારેય કરવો નહીં. ૧૭. અને ત્યાગી સ્ત્રીઓએ વિવેકબુદ્ધિથી આ સમજવું અને પોતાના સમીપના સંબંધ સિવાયના કોઈપણ અન્ય પુરુષનો ક્યારેય સ્પર્શ કરવો નહીં. ૧૮.

ત્યાગી પુરુષે વિચારપૂર્વક નિર્ણય કરીને તેણે જરૂર અષ્ટપ્રકારે સ્ત્રીનો ત્યાગ રાખવો. પરમ પવિત્ર અને સર્વોત્તમ એ અનાદિકાળની રીત છે. તેને ગુરુથી કે શાસ્ત્રમાંથી સાંભળીને મનમાં યાદ રાખવી જોઈએ. ૧૯. ક્યારેય આત્મઘાત કરવો નહીં. વિમુખના મુખથી કથાવાર્તા સાંભળવી નહીં. જેનું રાંધેલું અન્ન ન ખપતું હોય તે કદાચ ભગવાનનો પ્રસાદ હોય તો પણ ક્યારેય ખાવું નહીં. ૨૦. કોઈના ઉપર મિથ્યા અપવાદ આરોપવો નહીં, કોઈની સાથે નિરર્થક વાદ-વિવાદ ન કરવો. અને પોતાને મુખે કોઈને ગાળ ક્યારેય દેવી નહીં. આવી મનમાં વિચારીને દૃઢ ટેક રાખવી. ૨૧. જ્યાં સુધી શરીરમાં પ્રાણ રહે ત્યાં સુધી ચોર, પાપી, વ્યસની, વ્યભિચારી, પાખંડી અને લોકોને ઠગનારા આ છ જણનો સંગ કરવો નહીં. ૨૨.

**गुरु होई शिष्यकुं न सुधारे, मोक्ष के मारग से जो निवारे;**
**कोटि ब्रह्मांड हनन सो शिरा, पाप लगत ताकुं सद्य विरा...२४**

જે ત્યાગી ધન અને સ્ત્રીને રાખે, જેને અનેક પ્રકારના વ્યસન હોય, તેને પતિત અને પાપી જાણવો. તેનો જે સંગ કરે તે જમપુરીમાં જાય છે. ૨૩ હે ધર્મવીર ! જે ગુરુ થઈને શિષ્યને સુધારે નહીં, શિખામણ આપે નહીં, મોક્ષના

માર્ગે જતાં હોય તો તેને રોકે, તેવા ગુરુને માથે તત્કાળ કરોડો બ્રહ્માંડોનો નાશ કર્યાનું પાપ લાગે છે. ૨૪.

**मोक्ष मग जो जनकुं चढावे, अपार सो फल हि पावे;**
**धर्म में वर्ते वरतावे जेहु, ता सम मोक्षभागी न केहु...२५**

જે ગુરુ લોકોને મોક્ષને માર્ગે ચઢાવે છે, તેને અપાર પુણ્યનું ફળ મળે છે. જે સ્વયં ધર્મ પાળે અને બીજા પાસે પળાવે તેના જેવો બીજો કોઈ મોક્ષભાગી નથી. ૨૫. **જે સ્વયં ધર્મમાં વર્તે નહીં અને બીજાને વર્તાવે નહીં તે તો પોતાનો તથા બીજાનો આત્મઘાત કરનારો છે. જ્ઞાનની સુંદર યુક્તિઓ બતાવીને જે શ્રીકૃષ્ણ ભગવાન અને તેમના અવતારોનું જે ખંડન કરે છે, તો તે દુષ્ટને અસુર જાતિનો છે એમ સમજવું અને તેનો તો કોઈ રીતે મોક્ષ થવાનો જ નથી. દેવતા, તીર્થ, વેદ, બ્રાહ્મણ, સાધુ અને ગાયો આટલાની નિંદા ક્યારેય કરવી નહીં. હે ધર્મ ! તમે એ બધું સમજી રાખો કે કોઈ દર્દ થાય, દુઃખ આવે અને આપત્કાળ હોય, તોપણ તત્કાળ ધર્મનો ત્યાગ કરવો નહીં. ૨૬-૨૮.**

જે ગ્રંથની પ્રામાણિકતા ન હોય અને જે શ્રીકૃષ્ણ ભગવાનને નિરાકાર કહેતા હોય, તેને ક્યારેય વાંચવા સાંભળવા નહીં. મારા આ વચન પ્રમાણે સદા અનુસરવું. ૨૯. હે વિપ્રવર ધર્મ ! તમે અપાર છો. આખા જગતમાં તમારા તુલ્ય શ્રેષ્ઠ કોઈ નથી. માટે વિચાર કરીને પણ હાથમાં ક્યારેય શસ્ત્ર ઉઠાવવું નહીં. મારી આ વાતને હૃદયમાં ધારી લેજો. ૩૦. સહુને પોતપોતાના વર્ણ અને આશ્રમના ધર્મ જોઈને તે પ્રમાણે ચલાવજો. અને મનમાં રાત દિવસ શ્રીકૃષ્ણની ભાવથી ભક્તિ કરવી. ૩૧. પ્રતિ દિન રાસ પંચાધ્યાયીનો પાઠ કરવો. તન મનથી ચિત્ત ભગવાનના સ્વરૂપમાં પરોવી દેવું અને મુખથી કૃષ્ણ, કૃષ્ણ આવો જપ કરવો. ૩૨. મેં આપેલા આ મહામંત્રનો જપ કરજો. તમને શ્રીકૃષ્ણના દર્શન થશે અને તત્કાળ દુર્વાસાના શાપથી તમને છોડાવશે. ૩૩. ઉદ્ધવ સ્વરૂપ શ્રીરામાનંદ સ્વામીએ જે ઉપદેશના વચન કહ્યાં તેને શ્રીકૃષ્ણના અનુપમ ભક્ત ધર્મ અને ભક્તિએ શિરોધાર્ય કર્યાં. ૩૪.

**ઉદ્ધવાવતાર શ્રીરામાનંદ સ્વામીએ ધર્મદેવ તથા ભક્તિને શ્રેષ્ઠ જાણ્યા અને પોતાના ઉદાર શિષ્ય માન્યા, તેથી તેમને ભક્તિના અનંત**

**પ્રકારો અને બધી રીત-ભાતો કહી બતાવી. શ્રીરામાનંદ સ્વામીએ પોતાના મનમાં ધર્મદેવને ઈષ્ટદેવ શ્રીકૃષ્ણ ભગવાનને અભિષ્ટ (પ્રિય) એવા અનંત ગુણોના ભંડાર માન્યા. ૩૫.** પોતાના હૃદયમાં શ્રીકૃષ્ણ ભગવાનને ધારીને તમે ઘેર જાઓ. જે મુમુક્ષુ લોકો તમારી પાસે આવે તેમને મેં કહેલું ધર્મ ઈત્યાદિનું જ્ઞાન આપીને તેમની બુદ્ધિ શુદ્ધ કરજો. જમદૂતનો ત્રાસ રહે નહીં એવો સારરૂપ ઉપદેશ દેજો અને તમે મારા આપેલા મહામંત્રનો વારંવાર પ્રેમથી જપ કરજો. ૩૬.

***ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના પ્રથમ પૂરમાં 'શ્રીરામાનંદ સ્વામીએ ધર્મદેવને ભાગવત ધર્મનો ઉપદેશ કર્યો' એ નામે અઠ્યાવીશમો તરંગ સમાપ્ત ॥૨૮॥***

## પૂર પહેલું : તરંગ - ૨૯

### ધર્મભક્તિ ઘેર આવ્યા, રામપ્રતાપજીને જનોઈ આપી, દુષ્ટોનો ફરી ઉપદ્રવ

ઉત્તમરાજાએ કહ્યું, હે મુનિવર ! રામાનંદ સ્વામીએ ધર્મદેવને જે જે ધર્મોપદેશની વાત કહી હોય, તે બધી આપ મને કહો. ૧. ઉત્તમરાજાનું વચન સાંભળીને મુક્તાનંદ સ્વામી ઉત્સાહિત થઈ ગયા, પછી જે સાંભળવાથી પાપોનો નાશ થાય છે તે વાત કૃપા કરીને કહેવા લાગ્યા. ૨. શ્રીરામાનંદ સ્વામી દયાળુ છે. મહાન પરમ કૃપાળુ છે. સદા લોકોનું હિત કરનારા છે. તેઓ ધર્મદેવના પ્રત્યે કહેવા લાગ્યા. ૩. ઉદ્ધવાવતાર શ્રીરામાનંદ સ્વામી મહાપરોપકારી છે, તેઓ જગતના ઉદ્ધારનો મનમાં વિચાર કરીને પ્રેમથી ધર્મદેવને કહેવા લાગ્યા. ૪.

બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય, સચ્છૂદ્ર અને તેમની સ્ત્રીઓ, તે સહુ મુમુક્ષુ હોય તો તેને દેખીને, તે શ્રીકૃષ્ણ ભગવાનના જે બે મંત્ર મેં કહ્યા છે તે કહેવા. ૫. મુમુક્ષુને પ્રથમ મંત્ર (સામાન્ય મંત્ર) કહીને તેને ભવસાગરથી છોડાવી લેવા. જો અધિકારી મુમુક્ષુ તે પ્રથમ મંત્રનો જપ કરશે તો તેના બધા જ પાપ નષ્ટ થઈ જશે. ૬. અને જે બીજો મંત્ર છે તે (તેની યોગ્યતા દેખીને) પછીથી

આપવો. તેમાં સાવધાન (તત્પર) થઈને રહેવું જોઈએ. કોઈ સમયે કાંઈ દુઃખ આવી પડે તો તે મહામંત્રનો જપ કરવો. ૭.

શ્રીકૃષ્ણ ભગવાનના એ મંત્રનો જપ કરવામાં આવે તો પોતાની મનોવાંછિત સર્વે સિદ્ધિ પ્રાપ્ત થાય છે. અને શ્રીરામાનુજાચાર્યના (શ્રીભાષ્ય તથા વેદાર્થસંગ્રહ આદિ) જે ગ્રંથો છે તે બધા સ્નેહ રાખીને વાંચવા-સમજવા. ૮. અને ગીતાભાષ્ય આદિક જે ગ્રંથ છે તેમાં શ્રીકૃષ્ણ ભગવાનનું માહાત્મ્ય કહ્યું છે એટલે તેની રાતદિવસ કથા કરવી. અને આવી રીતે દિવસ પસાર કરવો. ૯. ધર્મ અને ભક્તિએ આવો ઉપદેશ ગુરુ રામાનંદ સ્વામી પાસે સાંભળ્યો. તેથી તે બંનેને મનમાં ઘણો જ આનંદ થયો. પછી ગુરુની આજ્ઞા લઈને બંને પોતાને ઘેર છપૈયા આવ્યા. ૧૦. **ઘેર આવ્યા પછી ધર્મ ભક્તિ શ્રીકૃષ્ણ ભગવાનની ભક્તિ કરવામાં તલ્લીન થઈ ગયા. પછી 'સ્થૂળ, સૂક્ષ્મ અને કારણ ત્રણ શરીરથી જુદો આત્મા છે' આવું (આત્મ સાક્ષાત્કારરૂપ) જ્ઞાન તેમને સત્વરે થયું. ૧૧.** જીવાત્મા ત્રણે દેહમાં વ્યાપીને રહ્યો છે અને શ્રીકૃષ્ણ ભગવાનનો દાસ છે. જીવ, ઈશ્વર અને માયાના પ્રેરક એક શ્રીકૃષ્ણ ભગવાન જ સર્વોપરી છે. ૧૨. (યથાર્થ જ્ઞાન થવાથી) ધર્મદેવે ઉપર કહ્યા મુજબનો નિશ્ચય કર્યો અને તત્કાળ આ જગત મિથ્યા (નાશવંત) માન્યું. પછી નિરંતર શ્રીકૃષ્ણ ભગવાનનું ધ્યાન અને રટણ કરવા લાગ્યા. શ્રીકૃષ્ણ સિવાય બીજો શબ્દ મુખથી બોલતા નહીં. ૧૩.

શુદ્ધ હૃદયવાળા ધર્મદેવને જોઈને દૈવી જીવો (લોકો) બોલવા લાગ્યા કે જે સનાતન ધર્મ કહેવાય છે તે જ આ ધર્મદેવ છે. તે સિવાય આવું જીવન કે વર્તન હોઈ શકે નહીં. ૧૪. જે દૈવીજીવો હતા તેમણે તો તત્કાળ અસુર ગુરુઓને છોડી દીધા અને ધર્મદેવના ચરણમાં-શરણમાં આવવા લાગ્યા. તેમણે અધર્મ માર્ગને તોડી નાખ્યો. ૧૫. ધર્મદેવની આજ્ઞા પાળીને જે લોકો શ્રીકૃષ્ણના દાસ (ભક્ત) થયા, જગતમાં તેમનો મહાન્ યશ થયો અને તેમને જન્મ-મરણનો ભય નષ્ટ થઈ ગયો. ૧૬. જે ચારે વર્ણના ધર્મદેવના શિષ્યો હતા તેઓ વારંવાર ધર્મદેવની પૂજા કરવા લાગ્યા અને અન્ન, ધન અને વસ્ત્ર અપાર લાવીને આપવા લાગ્યા. ૧૭. તેનાથી ધર્મદેવની સંપત્તિ વધી ગઈ.

દુઃખ અને દારિદ્રય દૂર થઈ ગયાં અને કોઈ વિપત્તિ રહી નહીં. આ પ્રમાણે ઘણા દિવસ વ્યતિત થઈ ગયા. ૧૮.

તે પછી ધર્મદેવે પોતાના પુત્ર રામપ્રતાપજીનો યજ્ઞોપવીત સંસ્કાર કર્યો. તે પ્રસંગે બહુ મોટો ઉત્સવ થયો અને તેમાં ઘણા જ બ્રાહ્મણોને જમાડ્યા. ૧૯. તે ઉત્સવ દેખીને દૈત્યો બહુ ખીજાયા. સહુ ધર્મના અવગુણોને પરસ્પર ઉપજાવીને કહેવા લાગ્યા. અપાર અસુરો ભેળા થયા. અને તે ગમાર લોકો ધર્મની સંપત્તિને લૂંટી ગયા. ૨૦. અન્ન, ધન, ઘરેણાં અને અપાર વસ્ત્ર, માણેક, મોતી અને રત્નપર્યંત બધું જ લઈ ગયા. હાથી, ઘોડા, બળદ, ગાયો, આમાંથી કાંઈ જ રહેવા દીધું નહીં. ૨૧. અને એટલું બધું દુઃખ આપ્યું કે જે મુખથી કહી શકાતું નથી. ધર્મદેવ એટલા નિર્ધન થઈ ગયા કે ઘરમાં થોડું પણ અનાજ રહ્યું નહીં. કપડાં પણ રહ્યા નહીં. શરીરે ક્લેશ સહન કરવાનું થયું. ૨૨. તે સમયે અસુરો તરફથી એવું દુઃખ આવ્યું કે તેમને કંદ, ફળ, ફૂલ ખાવા પડતાં. ક્યારેક તો દિવસમાં એકવાર વનસ્પતિના પાન ખાઈને રહેવું પડતું, અરે ! ક્યારેક તો તદ્દન ભૂખ્યા રહેવું પડતું. ૨૩. ધર્મદેવનું આટલું બધું દુઃખ દેખીને તે અભાગિયા અસુરો નિર્ભય થઈને હાંસી અને ઠઠ્ઠા મશ્કરી કરવા લાગ્યા કે, ધર્મ અને ભક્તિના સુખને તો જુઓ ! અરે ! આ લોકો શરીરે દુખિયા કેમ દેખાય છે ? ૨૪. ધર્મ અને ભક્તિ, બંને સત્યવાદી છે ! ચાલો તેને ઘેર આપણે અતિથિ બનીને જઈએ. તેઓ ના નહીં કહે !!! ધર્મનું ખરાબ દેખાડવાને માટે તે અસુરો આવું ન કરવાનું કામ કરવા લાગ્યા. ૨૫. જેમ તેમ કરીને તેમને તેઓ જમાડતા હતા. આદર કરીને તેમને હેતથી બોલાવતા. ધર્મને ભલે ખાવા ન મળે. પણ તેઓ પોતાની આબરૂ જવા દેતા નહીં. ૨૬. જ્યારે ઘણા દિવસ સુધી આવું દુઃખ સહન કર્યું ત્યારે પ્રેમવતી ભક્તિદેવીએ કહ્યું, હે સ્વામી ! આપણા ઉપર બહુ દુઃખ આવ્યું, કાંઈ સહન કરવું બાકી રહ્યું નથી. ૨૭.

હે દેવ ! આપ બધા જ ઉપાયોને જાણો છો. જો ટાળશો તો દુઃખ તુરંત ટળી જાશે. આપણા બેને માટે પણ અનાજ નથી અને વસ્ત્ર પણ તૂટી ગયાં છે. ઘેર મહેમાનો તો ખૂટતા જ નથી. ૨૮. આપણે તો ફળફૂલ ખાઈને રહીએ,

પણ મહેમાનોને એવું કેમ અપાય !!! તે સાંભળીને ધર્મદેવે વચન કહ્યાં, હે કલ્યાણિ ! તમે ધ્યાન દઈને સાંભળો. ૨૯. **વિધિએ (ભાગ્યમાં) જે સુખ-દુઃખ લખ્યા હોય તે શરીરે સહન કરવા જ પડે. તે કોઈના ટાળ્યાં ટળતા નથી. ધીરજ રાખો.** સુખને માટે તો આપણે મહારુદ્ર કર્યો, તેનાથી સુખ આવ્યું નહીં, ઊલટું મહાદુઃખ આવ્યું. ૩૦. **સુખ કે દુઃખ લલાટમાં જે લખ્યું હોય, તે એક વાળ જેટલું પણ ક્યારેય ઘટે નહીં અને મટે પણ નહીં.** દેવતાઓ, ઋષિઓ અને રાજાઓ કરોડો ઉપાય કરીને મરી જાય, તો પણ તે ટળતું નથી. ૩૧.

દેશકાળની વિપરીતતાને લીધે સંતોને પણ અવશ્ય દુઃખ ભોગવવા પડ્યાં છે. માટે વિચારીને જો ખોટી સમજણનો ત્યાગ કરીએ તો જ દુઃખ તુરંત ટળે છે. ૩૨. ગૌતમના શાપથી ઇંદ્રના શરીરમાં જ્યારે ભગ (યોનિ ચિહ્ન) થયાં ત્યારે ઇંદ્ર અને શચિને બહુ દુઃખ વેઠવું પડ્યું હતું. ઋષિઓને દુઃખ ટાળવાનો ઉપાય પૂછ્યો તો પણ સુખ થયું નહીં. ૩૩. વસિષ્ઠઋષિ અને અરુંધતિ, રાજા નલ અને દમયંતી, તેમને શત્રુ તરફથી બહુ દુઃખ આવ્યું હતું. રંતિદેવ રાજાને પણ મહાદુઃખ આવ્યું હતું. ૩૪. રાજા હરિશ્ચંદ્ર અને મયૂરધ્વજને અપાર દુઃખ આવી પડ્યું હતું. છતાં તેમણે દુઃખ ટાળવા ઈશ્વરની પ્રાર્થના કરી ન હતી. અને તેથી જ તેઓ ધર્મધ્વજ (શ્રેષ્ઠ ધર્મવાળા) કહેવાયા છે. ૩૫. ધર્મદેવના મુખથી આવી વાત સાંભળીને ભક્તિદેવી અતિશય રડી પડ્યા અને બોલ્યા કે ‘મારા તો દિવસ જતા નથી, આપની સેવા હું કયા ધર્મને આશરીને કરું ?૩૬.

**परधरी :**

**धर्म बोले तुम सुन हो बाल, रहे न दुख कबु सदाकाल;**
**ताकर रहेनो धीरज धार, कायर बानी न उचरो नार...३८**

મારા મનમાં અતિ ખેદ થયા કરે છે. ઘરમાં જમવાનું અન્ન જ નથી. તેથી આપને જમાડવાનો મારો મનનો મનોરથ મનમાં જ રહી જાય છે. ક્યારેય હું પ્રેમથી આપની સેવા કરી શકતી નથી. ૩૭. ત્યારે ધર્મદેવે કહ્યું, ‘હે બાલા, તમે સાંભળો કોઈનું દુઃખ કાયમ રહેતું નથી. તેથી ધીરજ ધારવી જોઈએ. સન્નારીએ કાયર વાણી બોલવી જોઈએ નહીં. ૩૮. **સત્યવાદીએ માથું**

**જાય તો પણ હરિની ભક્તિ છોડવી નહીં. સુખ તથા દુઃખમાં ડગવું નહીં, અડગ રહેવું. અને આગળ મૂકેલો પગ ક્યારેય પાછો લેવો નહીં. ૩૯. મનમાં અચળ ટેક રાખવી. જે શ્રીહરિ કરશે તે જ થાશે.** માટે મનમાં કોઈ રીતની ચિંતા લાવવી નહીં. એક દૈવ (ભાગ્ય) જે કરશે તે જ થાશે. ૪૦. મારાથી સહેજે જે બનશે તે ઉપાય હું કરી જોઉં છું. હવે મનમાં પ્રસન્નતા રાખો. ચિત્તને ભગવાનમાં પરોવી દો. ૪૧. આ પ્રમાણે ઘણી રીતે ધર્મદેવે ભક્તિને ધીરજ બંધાવી. પછી હૃદયમાં ઘણું હેત રાખીને ઉદાર વચન બોલ્યા. ૪૨.

***ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના પ્રથમ પૂરમાં 'ધર્મ ભકિત ઘેર આવ્યા, રામપ્રતાપજીને જનોઈ આપી, દુષ્ટોનો ફરી ઉપદ્રવ અને ધર્મદેવે ભક્તિને ધીરજ આપી' એ નામે ઓગણત્રીશમો તરંગ સમાપ્ત ॥૨૯॥***

## પૂર પહેલું : તરંગ - ૩૦

## દુઃખ નિવારણ માટે હનુમાનજીની આરાધના

ઉત્તમરાજા બંને હાથ જોડીને બોલ્યા, આપના મુખે મેં ધર્મદેવની ધીરજ જાણી. જે મનુષ્ય દુઃખમાં ધીરજ રાખે, તે મહાન્ છે. તેના સમાન બીજો કોઈ નથી. ૧. મનુષ્યમાત્રને સુખ તથા દુઃખ આવતા-જતા રહે જ છે. તેમાં જે ધીરજ રાખવી તે ઘણું કઠણ કામ છે. ૨. ઉત્તમરાજાના આવા વચન સાંભળીને શ્રીમુક્તાનંદ સ્વામી ખૂબ રાજી થયા અને બોલ્યા કે ધર્મદેવની કથા તો અતિ અનુપમ છે. ૩. પછી ધર્મદેવે ભગવાન શ્રીહરિનું ધ્યાન કર્યું. બે હાથ જોડીને પ્રાર્થના કરી. 'હે હરે ! આપ તો સુખના નિધાન, અંતર્યામી અને કર્મફલપ્રદાતા છો. '૪. **ત્યારે અંતર્યામી ભગવાને ધર્મના હૃદયમાં જ્ઞાનની પ્રેરણા કરી. એટલે તેમને પોતાના પિતાના વચન યાદ આવ્યા. તેથી તે ઉપાય કરવાનું મનમાં નક્કી કર્યું. ૫.**

કુલદેવ હનુમાનજી મહાબળવાન છે. સ્મરણ કરવાથી તેઓ અપાર દુઃખને નષ્ટ કરે છે. અત્યારના જેવું બીજું કોઈ દુઃખ કહી શકાય નહીં. જો

હું તેમને સંભારું તો તેઓ બધા જ કષ્ટોનો નાશ કરશે. ૬. ચારે બાજુથી દૈત્યો દુઃખ દે છે. અન્ન, ધન અને વસ્ત્રનું સુખ પણ રહ્યું નથી. એટલે હવે વાયુપુત્ર હનુમાનજીના સિવાય અન્ય કોઈ મારા દુઃખને ટાળી શકે તેમ નથી. ૭. પછી તેઓ છપૈયાથી અયોધ્યાપુરીમાં ગયા. અને ત્યાં હનુમાનજીના મંદિર (હનુમાન ગઢીના)માં જઈને તેમણે ખૂબ જ હેતથી તેમના મંત્રનો જપ કર્યો. અને અત્યંત સ્નેહ (ભક્તિ)થી સ્તુતિ કરતા. ૮. ધર્મ અને ભક્તિ બંને એક પગે ઊભા રહેતા. ધૂપ દીપ આદિ ઉપચારોથી પૂજા કરતા. એક જ જાતનું અન્ન દિવસમાં એક વખત જમતા. અને તે વખતે દૃઢપણે બ્રહ્મચર્ય પાળતા. ૯. આ રીતે બે માસ પર્યંત લગાતાર હનુમાનજીના મંત્રનો જપ કર્યો. હવે હું તે મંત્ર તમને કહું છું, કે જેનું ઉચ્ચારણ કરવાથી કોઈ પ્રકારનું દુઃખ રહેતું નથી. ૧૦. હે હનુમન્ ! આપ નીતિશાસ્ત્રમાં નિપુણ છો. નિગમ, આગમ અને સમગ્ર શાસ્ત્રોમાં આપના ગુણ કહ્યા છે. રાજાધિરાજ શ્રીરઘુનાયક રામચંદ્રજીના આપ મંત્રી છો. આપ મહાવીર અપ્રમેય અને અપાર છો. આપનું પ્રૌઢ સ્વરૂપ સિંદૂરથી ચર્ચિત છે તથા વજ્રના સમાન સુદૃઢ છે. નૈષ્ઠિકોમાં શ્રેષ્ઠ છો અને અમારા પ્યારા છો. એવા શ્રીરઘુવીર રામચંદ્રજીના દૂત, અનુપમ મહાવીર હનુમાનજી આપ અમારાં કષ્ટોને હરો, ટાળો. ૧૧.

શ્રીરામચંદ્રજીને સીતાના અપહરણને લીધે હૃદયમાં અપાર દુઃખ થયું ત્યારે તે દુઃખને ટાળવા આપ ત્યાં અચાનક આવ્યા અનેક માનવભક્ષી રાક્ષસોને અને અસુરોને આપે હણી નાખ્યા. રાક્ષસપતિ રાવણની નગરી લંકાને આપે બાળી દીધી. સમગ્ર સિદ્ધો અને શૂરવીરો આપની પ્રશંસા કરે છે. એવા શ્રીરઘુવીર રામચંદ્રજીના દૂત, અનુપમ મહાવીર હનુમાનજી આપ અમારાં કષ્ટોને હરો, ટાળો. ૧૨. લંકાપતિ રાવણના પુત્ર મેઘનાથે શક્તિ (એ નામે આયુધ) હાથમાં લઈને લક્ષ્મણના ઉપર ફેંકી. તે લક્ષ્મણના શરીર ઉપર વાગી. તેમના પ્રાણ કંઠે આવી ગયા અને બેભાન થઈ ગયા. ત્યારે આપ દ્રોણાચળ પર્વતને ઉઠાવી લાવ્યા અને જલદીથી સંજીવની ઔષધી લાવી આપી. લક્ષ્મણને ઉગાર્યા. એવા આપ શ્રીરઘુવીર રામચંદ્રજીના દૂત છો, અનુપમ મહાવીર છો તો દોડીને આવો અને અમારા કષ્ટોનો નાશ કરો. ૧૩.

શ્રીરઘુવીર રામચંદ્રજી અયોધ્યા આવી રહ્યા છે, આવા વધામણીના સમાચાર આપે ઝડપથી આવીને નમ્રભાવે ભરતજીને કહ્યા. ત્યારે રામના વિયોગરૂપ દુઃખના સાગરમાં ડૂબેલા ભરતજીએ આપને અતિ પુરસ્કાર આપ્યો હતો. આપ શ્રીરઘુવીર રામચંદ્રજીના ચરણસેવક છો અને કોઈ ભક્તને કષ્ટ આવી પડે ત્યારે આપ તરત જ તેને સહાય કરો છો. શ્રીરઘુવીરના દૂત આપ અનુપમ છો એવા હે મહાવીર ! આપ આવીને અમારા દુઃખોનો નાશ કરો. ૧૪. વાનરરાજ કેસરીની પત્ની અંજનીના આપ વાયુસ્વરૂપ પુત્ર છો. વીરોના મધ્યે પણ આપ મહાવીર કહેવાઓ છો. આપના સમાન કોઈ અનુપમ નથી. થોડો ધૂપ કરીને જે આપનું સ્મરણ કરે છે તેનું કષ્ટ ટાળવામાં આપ વાર લગાડતા નથી. શ્રીરઘુવીરના દૂત આપ અનુપમ છો એવા હે મહાવીર ! આપ ચુપચાપ આવીને અમારા દુઃખોને હણો. ૧૫. ઘણીજાતની ડાકણો, શાકણો, ભયંકર ભૈરવો, ભૂતના ગણો, અનેક પ્રકારના અને અતિશય કદરૂપા જીનના ટોળાઓ તથા અનેક જાતના શત્રુઓ, આ બધાની પીડાને આપ ભયંકરરૂપ ધારીને ટાળો છો. આવા શ્રીરઘુવીરના દૂત અનુપમ મહાવીર કપિરાજ આપ અમારા કષ્ટોનો વિનાશ કરો. ૧૬.

કૃત્યાઓ, વીરો, પિશાચો અને નિશાચરો (રાક્ષસો) જે આપને દેખીને તત્કાળ ભાગવા માંડે છે. જેનો મંત્રજાપ કરવાથી પુત્ર અને ધન આદિ મળે છે તથા તાપ-સંતાપ અને રોગની જ્વાળાઓ પણ ટળી જાય છે. જેના પ્રતાપથી પ્રેતો, પિશાચો, ભૂતો, કબંધકો અને ઝેરી સર્પ પણ ભાગવા લાગે છે તે શ્રીરઘુવીરના અનુપમ દૂત આપ દયાળુ મહાવીર અમારા દુઃખોનો વિનાશ કરો. ૧૭. અત્યંત મહા ઘોર (ભયંકર) બ્રહ્મરાક્ષસ પણ આપનું નામ જપવાથી બળવા લાગે છે. ડાકણો, જોગણીઓ બળવા માંડે છે અને બધા મલિન જાદુ, મંત્ર-જંત્ર વગેરે નાસવા લાગે છે. આપની હાક સાંભળીને બધા અઘોરી તાંત્રિકો પણ તરત ભાગવા માંડે છે. એવા શ્રીરઘુવીરના દૂત આપ અનુપમ છો, એટલે આપ મહાવીર આવીને અમારા કષ્ટોને હણો. ૧૮. અમને પૂર્ણકામ કરો. અમારા મનોવાંછિતને પૂર્ણ કરવામાં આપ અત્યંત શક્તિશાળી છો. અન્ય પ્રાણીઓમાં જેમ સિંહ શક્તિમાન છે તેમ કેસરી સિંહોથી પણ

આપ મહા શક્તિ સંપન્ન છો. સર્પ અને વીંછીના ઝેરને પણ આપ બાળી દો છો. કોઈપણ જાતિના અત્યન્ત મહા બળવાન્ ભલે હોય પણ આપ તેને એક પળમાં જ ભસ્મ કરી શકો છો. શ્રીરઘુવીરના દૂત આપ અનુપમ છો તો મહાવીર આપ આવી અમારા કષ્ટોને હરો. ૧૯. આપ વિકરાળો (ભયાનક) ને મધ્યે મહાવિકરાળ છો અને કાળના પણ મહાકાળ છો. જંત્રોના પણ જંત્ર, મંત્રોના મંત્ર અને જાદુગરોના પણ આપ ભયાનક જાદુગર છો. વાંકાઓની આગળ આપ ભયંકર વાંકા છો અને શત્રુઓના આપ મહાવિશાળ શત્રુ છો. એવા શ્રીરઘુવીરના દૂત આપ અનુપમ છો માટે કૃપાળુ મહાવીર આપ અમારા કષ્ટોનો નાશ કરો. ૨૦. ત્રિલોકીમાં સર્વત્ર આપની આણ (હુકમ) અને દાણ (અધિકાર) ફરે છે. તેને કોઈ પણ લોપી શકતું નથી.

જે ભક્તજન આપને બોલાવે છે ત્યાં આપ તુરંત પધારો છો. અને તેમના અનેક કષ્ટોનું નિવારણ કરી દો છો. શૂરવીર જેવું વિકરાળરૂપ લઈને આવો છો અને તેના દુઃખોને ટાળી દો છો. એવા શ્રીરઘુવીરના દૂત આપ અનુપમ છો તો હે મહાવીર ! આપ સંભારીને અમારા કષ્ટોને હણો. ૨૧. વિકરાળ વાયુનું રૂપ ધારીને આપ ગુગળના ધૂપમાં પ્રવેશ કરો છો. શત્રુનો નાશ કરવા આપ ઐશ્વર્યપૂર્ણ વજ્રના જેવું સુદૃઢ રૂપ ધારણ કરીને વજ્ર જેવી ભયંકર ગદા હાથમાં લઈને આવો છો. આપ મહાકિલકારી કરીને કાળભૈરવ જેવા કરોડોને કંપાવી દો છો. એવા શ્રીરઘુવીરના દૂત આપ અનુપમ છો તો હે મહાવીર શ્રેષ્ઠ ! અમારા દુઃખોનો વિનાશ કરો. ૨૨. **મહાવીર હનુમાનજીએ ઉપરનો સ્તોત્ર સાંભળ્યો અને તુરંત જ પ્રસન્ન થયા. પછી કુલદેવ હનુમાનજીએ સ્વપ્નમાં આવીને ધર્મદેવને કહ્યું, હું તમારા ઉપર પ્રસન્ન થયો છું. હવે તમારાં દુઃખમાત્રનો હું નાશ કરીશ. તમારે મારા વિના બીજા કોઈનું શરણું નથી એમ હું જાણું છું.** ૨૩-૨૪. જ્યારે જ્યારે તમને કોઈ દુઃખ આવી પડે ત્યારે ત્યારે તમે મને સંભારજો. તમારા બધા દુઃખો (વિઘ્નો)ને હું નષ્ટ કરીશ. આસો વદિ ચૌદશને દિવસ મારી પૂજા કરજો. ૨૫. આજ મારો શુભ દિવસ આસો વદિ ચૌદશ છે. માટે જે દુઃખી (દરદી) આજ મારી આરાધના કરશે તેના સર્વે દુઃખોને હું દૂર કરી દઈશ. ૨૬.

*ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના પ્રથમ પૂરમાં 'શ્રીધર્મદેવના ઉપર મહાવીર હનુમાનજી પ્રસન્ન થયા' એ નામે ત્રીશમો તરંગ સમાપ્ત ॥૩૦॥*

## પૂર પહેલું : તરંગ - ૩૧

## વૃંદાવનમાં ધર્મ તથા ઋષિમુનિઓનું મિલન તથા વાર્તાલાપ

આ વાત તો મહાઆશ્ચર્ય ભરી બની. ઉત્તમરાજા તે સાંભળીને રાજી રાજી થઈ ગયા. સર્વજન સુખકારી તે બાબતને તેમણે મુનિવર શ્રીમુક્તાનંદ સ્વામીને ફરીવાર પૂછી. ૧. તે સમયે મહાવીર હનુમાનજીએ ધર્મદેવને શું કહ્યું ? હે મુનિરાજ ! આપ અપાર કૃપા કરીને મને વિશેષ તે વાત કહો. ૨. ત્યારે મુનિવર શ્રીમુક્તાનંદ સ્વામી ઉત્તમરાજાના પ્રત્યે તુરંત મહાવીર હનુમાનજીએ જેમ કહ્યું હતું તેમ અમૃતમય રસાળ વચન બોલ્યા. ૩. પ્રસન્ન થઈને મહાવીર ધર્મદેવને કહેવા લાગ્યા કે, હવે તમારું જલ્દી કામ થઈ જાય એવી રીતે હું અત્યારે તમને કહું છું. ૪. હે તાત ધર્મદેવ ! ચિત્ત દઈને તમે સ્પષ્ટ સાંભળો. હવે હું વાત કહું છું કે તમો બંને અત્યારે વૃંદાવન જાઓ. મારા કહેલા સર્વે વચન સત્ય માનો. ૫. દુર્વાસા મુનિના શાપથી મુનિઓએ જે જે દેશમાં દેહ ધાર્યો છે. તે સહુ તમને ત્યાં આવીને મળશે અને તમારું સર્વનું દુઃખ તરત મટી જાશે. ૬.

બળવાન હનુમાનજી ધર્મદેવને આમ કહીને અંતર્ધાન થઈ ગયા. ધર્મદેવે આ વાત સાચી માની. જે દર્શન સ્વપ્નમાં થયા હતા તેને સાક્ષાત્ માન્યા. ૭. પુત્ર રામપ્રતાપજીને મોસાળમાં છપૈયા મૂક્યા. પછી ધર્મદેવ અને ભક્તિ તત્કાળ ચાલતા થયા. ઉત્સાહથી રસ્તામાં ચાલતા નૈમિષારણ્યમાં પહોંચ્યા, કોઈ સાથે નથી એકાએકી બે જણા જ જતા હતા. ૮. ત્યાંથી તેઓ વૃંદાવન પહોંચ્યા. પહોંચતા જ આનંદ થયો. સુખના મૂળભૂત વૃંદાવનધામના દર્શન થવાથી હૃદયમાં ઘણી શાંતિ થઈ. ૯. ત્યાં ધર્મ અને ભક્તિએ પુષ્પના હિંડોળામાં ઝૂલી રહેલા શ્રીકૃષ્ણ ભગવાનના સ્વરૂપના દર્શન કર્યા. ૧૦.

ધર્મ અને ભક્તિના હૃદયમાં તે સમયે ઘણો જ આનંદ-ઉલ્લાસ હતો. તેમણે અતિશય પ્રેમથી તીર્થયાત્રા નિમિત્તે એક ઉપવાસ કર્યો. ૧૧.

પછી બીજે દિવસ પારણામાં મનમાં ભગવાનનું ચિંતવન કરીને આનંદથી અનાજ જમ્યા. અને ગોવર્ધન પર્વતની પ્રદક્ષિણા કરવાનો મનમાં સંકલ્પ કર્યો. ૧૨. બંનેએ પોતાના મનમાં ગોવર્ધન પર્વતને શ્રીકૃષ્ણનું સ્વરૂપ છે એમ માન્યું. બંનેએ પૂરી પાંચ પ્રદક્ષિણા કરી. જેથી તેમના બધા જ દુઃખ દૂર થઈ ગયા. ૧૩. જ્યારે બધા દુઃખ દૂર થયા ત્યારે કૃપાનિધિ શ્રીકૃષ્ણ ભગવાન રાજી થયા હોય તેમ માન્યું. તેઓ ગોવર્ધનની પ્રદક્ષિણા કરીને આવ્યા અને એક સ્થળે બેઠા હતા ત્યારે મરીચ્યાદિ મુનિઓ હરખભર આવ્યા અને સહુ પરસ્પર મળ્યા. ૧૪. મરીચિ વગેરે મોટા મોટા મુનિવરો નૌતમ-શ્રેષ્ઠ વેશ ધરી રહ્યા હતા. તેમને દેખી-મળીને સહુને આનંદ થયો. મુનિમંડળ પ્રસન્ન મનથી એક જગ્યાએ બેઠું. ૧૫. વૃંદાવનમાં રહેતા લોકો કોઈ તેમને જાણી શકે નહીં તેમ તેઓ રહ્યા. **ભગવાનની ઈચ્છા બળવાન હોય છે. તેથી તે સહુ મુનિમંડળે પરસ્પર એકબીજાને ઓળખી લીધા. ૧૬.** સમગ્ર ઋષિઓને દેખતા જ ધર્મદેવ તેમને ઓળખી ગયા અને ધર્મદેવને દેખતા જ ઋષિઓ પણ તેમને ઓળખી ગયા. પછી પરસ્પર ક્ષેમ-કુશળ પૂછ્યાં અને ભાઈઓની જેમ પરસ્પર પ્રેમથી મળ્યા. ૧૭. પછી તે સહુ એકાંતમાં જઈને બેઠા અને પ્રત્યેકનું વૃત્તાંત પૂછ્યું. અસુરોએ જેટલું દુઃખ ઋષિઓને આપ્યું હતું તે બધું ધર્મદેવને કહ્યું. ૧૮. અને ધર્મદેવને જે રીતે અસુરોએ દુઃખ દીધું હતું તે ધીરજ રાખીને ઋષિઓને કહ્યું. પ્રત્યેકનાં દુઃખ સાંભળીને સૌના હૃદયમાં અત્યંત અશાંતિ થઈ ગઈ. ૧૯. પછી ઋષિઓએ કહ્યું, મુનિવર દુર્વાસાએ બદરિકાશ્રમમાં આવી જે શાપના વચન કહ્યા હતા તે સમય અત્યારે આવી ગયો છે. ૨૦.

વૃંદાવનનું આ સ્થાન ઉત્તમ છે. ભક્તવત્સલ ભગવાન શ્રીકૃષ્ણ અહીંયા પ્રત્યક્ષ વિચરે છે તો આપણે અત્યારે સહુ તેમનું ધ્યાન કરીએ. ૨૧. પૂતના અને શકટાસુર આદિ અપાર અસુરો અહીં આવ્યા હતા પણ ગોવાળોનો ઉદ્ધાર (રક્ષા) કરવા માટે ભગવાને તેનો તત્કાળ નાશ કર્યો હતો. ૨૨. અત્રિમુનિના પુત્ર દુર્વાસાનું વચન અમાપ હોય છે. તે મિથ્યા ન થાય. તેણે

શાપની સાથે વરદાન પણ કહ્યું હતું. જેવું તેણે કહ્યું હતું તેવું જ થશે. ૨૩. 'શ્રીકૃષ્ણ અવતરીને તમારા બધા દુઃખોને હરશે. ' આવું તેમણે કહ્યું હતું. તે સમય હવે આવી ગયો છે. ૨૪. ત્યારે શુદ્ધબુદ્ધિવાળા અને ધૈર્યગુણ સંપન્ન ધર્મદેવે કહ્યું, મુનિવરો ! તે વાત જરા પણ ખોટી નથી. અત્યારે એકાગ્ર મન કરીને આપણે એકાંતમાં બેસીએ અને સહુ મળીને આરાધના કરીએ. ૨૫. જે રીતે ભગવાન્ લક્ષ્મીપતિ નારાયણ આપણા ઉપર ખૂબ જ રાજી થાય તે રીતે તેમના સ્વરૂપમાં પ્રેમ કરીએ. હે મુનિવરો ! તમે સાંભળો આપણે અત્યારે તત્કાળ જ શ્રીકૃષ્ણ ભગવાનના મંત્રોનો જપ (જપાત્મક યજ્ઞ) કરીએ. ૨૬.

***ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના પ્રથમ પૂરમાં 'વૃંદાવનમાં ધર્મદેવ તથા ઋષિમુનિઓનું મિલન તથા વાર્તાલાપ કહ્યો' એ નામે એકત્રીશમો તરંગ સમાપ્ત ॥૩૧॥***

## પૂર પહેલું : તરંગ - ૩૨

### યજ્ઞ દરમ્યાન શ્રીકૃષ્ણ ભગવાને આપેલાં દર્શન

આ કથા અમૃતથી પણ અપાર અનુપમ છે, સારરૂપ છે. તે સાંભળીને ઉત્તમરાજા તે વખતે શ્રીમુક્તાનંદ સ્વામીના પ્રત્યે કહેવા લાગ્યા. ૧. ધર્મદેવ અને ઋષિઓએ ગોકુલપતિ ભગવાન શ્રીકૃષ્ણનું ધ્યાન કઈ રીતે કર્યું ? તથા તેમને શ્રીકૃષ્ણ ભગવાને પોતાના દર્શન કેવી રીતે આપ્યાં ? તે મને કહો. ૨. ત્યારે મહાઉદાર આવા શ્રીમુક્તાનંદ સ્વામીએ ઉત્તમરાજાના પ્રશ્નના વખાણ કર્યા. પછી જે રીતે શ્રીહરિના મુખથી આ કથાનું રસપાન કર્યું હતું તે રીતે તેમને કથા કહેવા લાગ્યા. ૩. ધર્મદેવ અને બધા ઋષિઓ પોતાના મનને અતિ શાંત કરીને શુદ્ધ થયા. પછી શ્રીકૃષ્ણ ભગવાનનું સ્મરણ કરવા (જપાત્મક યજ્ઞ કરવા) આસન લગાવીને સહુ બેઠા. ૪. શ્રીકૃષ્ણના મંદિરમાં જઈને તેઓ ભગવાનના ચરિત્ર સંભારવા લાગ્યા. તે વાત હવે હું કહું છું જેને સાંભળવાથી પ્રભુના ચરણોમાં મન, બુદ્ધિ સ્થિર થાય. ૫. ધર્મદેવે બધા ઈંદ્રિયો અને અંતઃકરણને એકાગ્ર કર્યાં, શ્રીકૃષ્ણ ભગવાનનું ધ્યાન કર્યું. અને

ભક્તિદેવી માતા યશોદા અને દેવકીની જેમ શ્રીકૃષ્ણમાં પ્રેમ કરવા લાગ્યા. ૬. તે સ્થાને ધર્મદેવની રીત દેખીને બીજા બધા ઋષિઓ પણ તત્પર થઈને ધ્યાન કરવા લાગ્યા. બધા મુનિઓના સમાજે જપાત્મક વિષ્ણુયાગનો આરંભ કરી દીધો. ૭. સામવેદની પદ્ધતિ દેખી. પછી જેમાં શ્રીકૃષ્ણ ભગવાનનું નામ છે એવા અષ્ટાક્ષર મંત્રનું પુરશ્ચરણ પ્રેમથી શરૂ કરી દીધું. ૮. શ્રીમદ્ ભાગવતના દશમ સ્કંધમાં રહેલી રાસપંચાધ્યાયીનો ભક્તિદેવી પાઠ કરવા લાગ્યા. તેમણે શ્રીકૃષ્ણ ભગવાનના સ્વરૂપમાં જ મન એકાગ્ર કર્યું અને ટેક રાખીને સર્વોત્તમ પ્રેમભાવ કરીને બેસી ગયા. ૯.

શ્રીમદ્ ભાગવત અને ભગવદ્ ગીતા શ્રીકૃષ્ણના સ્વરૂપના સમાન પવિત્ર છે. તેના જેવા જેટલા ચમત્કારી ગ્રંથો છે તે બધાનો પાઠ ઋષિઓ કરવા લાગ્યા. ૧૦. તે સમયે તુરંત જ મનમાં હરખ રાખીને બધા મુનિવરોએ તે પવિત્ર ગ્રંથોનું પુરશ્ચરણ શરૂ કરી દીધું, જેનાથી પરમ કૃપાળુ શ્રીકૃષ્ણ ભગવાન રાજી થાય. ૧૧. **ધર્મદેવ અને ઋષિઓ ઉપર કહ્યા મુજબ આરાધના કરતા હતા. તે સમયે તે સહુના મનમાં ઘણો જ વિશાળ પ્રેમ વધ્યો. શ્રીભગવાન તો ગોલોકધામના અધિપતિ છે. ભક્તોને માટે તો કલ્પતરુના સમાન છે. પરમ તેજના નિધાન છે. ૧૨. દયાળુ શ્રીકૃષ્ણ તો તેજોનિધાન છે. રસરૂપ છે, અને સુંદરતાના ધામ છે. તેમની અલૌકિક દિવ્ય શ્યામસુંદર મૂર્તિને જોઈને કરોડો કામદેવ લજ્જિત થઈ જાય છે. ૧૩.**

### ❋ ધર્મદેવ અને ઋષિઓને ભગવાનના દર્શન થયા :

વૈશાખ સુદિ મોહિની નામે એકાદશીની તિથિ હતી. તે દિવસે મુનિઓને ભગવાનના સાક્ષાત્ દર્શન થયા. મનગમતી ઘનશ્યામ છબી દેખી પ્રસન્ન થયા. ૧૪. પ્રથમ તો જ્યારે બ્રાહ્મમુહૂર્તનો સમય થયો ત્યારે ઉપર કહ્યા પ્રમાણેની મૂર્તિના મુનિઓને પ્રત્યક્ષ દર્શન થયા. તેથી સૌ મુનિવૃંદ ભગવાનના ચરણમાં નમી પડ્યા. કરોડો કરોડ સૂર્યના સમાન અમાપ તેજનો પુંજ દેખાયો. ૧૫. તે તેજના પુંજના મધ્યમાં તત્કાળ જ શ્રીકૃષ્ણના દર્શન થયાં. તેથી ધર્મદેવ વગેરે મુનિઓના સમૂહને અતિશય આનંદ વધ્યો. ૧૬. ધર્મદેવ આદિકે તથા સમગ્ર મુનિગણે અનુપમ શ્રીકૃષ્ણને દેખ્યા. જેની શોભા જોયા પછી બીજુ

બધું કદરૂપું લાગતું હતું. ૧૭. શ્રીકૃષ્ણ નવીન મેઘના સમાન શ્યામવર્ણથી સુંદર લાગતા હતા. કરોડો કામદેવના ગર્વને ઉતારે તેવું સુખમય સૌંદર્ય હતું. પીતાંબર પહેર્યાં હતાં. ૧૮. વ્રજચંદ્ર-વ્રજવાસીઓને આનંદ આપતા આવા તે પ્રભુએ મસ્તક ઉપર મોરમુકુટ ધાર્યો હતો. અલબેલી સ્વતંત્ર મૂર્તિનાં અંગો-અંગમાં ઘણાં જ નંગ ઝળકતાં હતાં. ૧૯.

સ્વતંત્રમૂર્તિ કૃષ્ણના નેત્ર કમળ સમાન હતાં. નવીન જુવાની સુખદાયક લાગતી હતી. બંને હાથમાં રહેલી મુરલીને હોઠ ઉપર રાખીને બજાવી રહ્યા હતા. તે શોભા એટલી બધી અધિક હતી કે તે વાણીથી કહી શકાતી નથી. ૨૦. બધા અંગોમાં દિવ્ય આભૂષણ ધાર્યાં હતા. તેમાં અનેક રીતે તેજ ઝળકી રહ્યું હતું. કંઠમાં કૌસ્તુભ મણિ હતો. નટવરના સમાન વેશ હોવાથી મૂર્તિ સોહામણી લાગતી હતી. ૨૧. છાતી ઉપર અપાર પુષ્પના હાર પહેર્યા હતા. વિશાળ લલાટમાં કેસરનું તિલક સરસ હતું. બંને કાનોમાં નંગજડિત કુંડળ હતા અને મુખ પૂર્ણચંદ્રના સમાન ભવ્ય લાગતું હતું. ૨૨. દૃષ્ટિ જોઈને તત્કાળ લલચાઈ જવાતું હતું. વિશાળ નેત્ર લાલ કમળના જેવા હતા. સુશોભિત ભુજાઓ ઘૂંટણ સુધી પહોંચતી લાંબી અને અમાપ શોભાયુક્ત વિરાજતી હતી. ૨૩. સામુદ્રિક શાસ્ત્રમાં જેવા શુભ અંગ કહ્યાં છે તેવા બધા કૃષ્ણના સ્વરૂપમાં દેખાતાં હતાં. ગોપીઓના વૃંદ અને રાધા આદિ અનંત શક્તિઓના અપાર મંડળોને મધ્યે ભગવાન શ્રીકૃષ્ણ શોભતા હતા. ૨૪.

અખંડ રાસમાં રમતા શોભાના ધામ ઘનશ્યામ શ્રીકૃષ્ણ અધિક વિરાજતા હતા. આવી શોભાએ યુક્ત શ્રીકૃષ્ણને દેખીને ધર્મદેવ આદિ સહુ મુનિઓ વિસ્મિત થઈ ગયા. ૨૫. સહુએ સાષ્ટાંગ પ્રણામ કર્યા. નિપુણ કૃષ્ણભક્તોને અધિક આનંદ થયો. વારંવાર સામવેદના મંત્ર ઉચ્ચારીને પ્રેમથી સ્તુતિ કરી. ૨૬. સહુ હાથ જોડીને ઊભા રહ્યા. પ્રેમમગ્ન સ્થિતિમાં આંખોની પલકો પણ બંધ થઈ ગઈ. કંઠ ગળગળો થયો. આંખોમાંથી પ્રેમનો અશ્રુપ્રવાહ વહેવા લાગ્યો. શરીરમાં અત્યંત રોમાંચ થઈ ગયો. ૨૭. લાકડાંના પૂતળાં હોય તેવા બધા મુનિઓ જણાતા હતા. બે ઘડી સહુ ઊભા રહ્યા. પછી બધા ભાનમાં આવ્યા. ૨૮. ઋષિઓએ અનંત કોટિ બ્રહ્માંડોના અધિપતિ પરમેશ્વરને દેખ્યા.

તેથી તેમને પ્રસન્ન કરવા માટે બંને હાથ જોડીને મુનિઓ સ્તુતિ કરવા લાગ્યા. ૨૯. હે ઉત્તમરાજા, તે મુનિવરોએ જે રીતે સ્તુતિ કરી તે હવે હું કહું છું, તો તમે તત્પર થઈ અતિશય સ્નેહ સાથે સાંભળો. ૩૦.

***ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના પ્રથમ પૂરમાં 'યજ્ઞ દરમ્યાન શ્રીકૃષ્ણ ભગવાને આપેલાં દર્શન' એ નામે બત્રીશમો તરંગ સમાપ્ત ॥૩૨॥***

## પૂર પહેલું : તરંગ - ૩૩

## ધર્મદેવ અને ઋષિમુનિઓએ ભગવાનની સ્તુતિ કરી

તેજ તેજના અંબારરૂપ હે પ્રભો ! આપનો જય થાઓ...જય થાઓ. આપ સહુથી પર છો. આપનાથી કોઈ પર નથી. સર્વ અવતારોના કારણ આવા હરિ, આપે અમને દર્શન દીધા. ૧. દેવોના પણ દેવ ! આપનો જય થાઓ... જય થાઓ. આપના સમાન અન્ય કોઈ દેવ નથી. ભૂમિ ઉપર અસુરો ઘણા જન્મ્યા છે. તેઓ ધર્મની મર્યાદાઓને તોડી રહ્યા છે. ૨. ધર્મની રક્ષાને માટે આપ વારંવાર પ્રકટ થાઓ છો. ત્યારે અસુરોને જીતી લો છો અને અધર્મનો નાશ થાય છે. ૩. અત્યારે ભૂમિ ઉપર કળિયુગનું જોર અપાર વધી રહ્યું છે. આપ મનમાં સંકલ્પ કરો કે 'ભૂમિ ઉપરના ભારને ઉતારવા માટે હવે હું પ્રકટ થાઉં'. ૪. **તેજ તેજના સાગર અને નંદજીના ચતુર સુકુમાર પુત્ર આપનો જય થાઓ...જય થાઓ. પોતાના ભક્તોની રક્ષા કરનારા, સંસારરૂપી સાગરથી પાર ઉતારનારા, સર્વનું કારણ, ભક્તોનો ઉદ્ધાર કરનારા અને દુષ્ટોનો નાશ કરવામાં તત્પર, અકલ સ્વરૂપ, બ્રહ્મસ્વરૂપ, તેજસ્વી સ્વરૂપ ધારનારા અને સર્વોપરિ આવા આપનો જય થાઓ...જય થાઓ...૫.**

જગતની ઉત્પત્તિ, સ્થિતિ અને પ્રલયના કરનાર, નાશ કરનાર કાલ સ્વરૂપ, લોકોનું પાલન કરનારા, લોકપાલોનું પણ પાલન કરનારા, ત્રિવિધ તાપના ત્રાસને ટાળનારા, દીનોના બંધુ, દયાના સિંધુ, ભક્તવત્સલ ભગવાન પરમ દયાળુ, મહાકૃપાળુ (બાહ્ય અને) આભ્યંતર બધાના જાણનારા એવા હે

પ્રભો ! આપનો જય થાઓ...જય થાઓ...૬. **આપ ક્ષર અને અક્ષરથી પર છો, ન સમજી શકાય તેવા અકળ હોવા છતાં અંતર્યામીપણે કરીને જડચેતનમાં અભિન્નપણે રહ્યા છો. આ જગતથી આપના ભેદને ભવ અને બ્રહ્મા પણ જાણી શકતા નથી. અન્ય કોઈ આપના સમાન સમર્થ નથી. યુગે-યુગમાં આપ લોકોનું રક્ષણ કરનારા છો. ૭.** હે મહારાજા ! આપ ધર્મની રક્ષા કરવા માટે વારંવાર પધારો છો, મચ્છ આદિ અવતારોને ધારો છો. અને પોતાના ભક્તોના દુઃખોને ટાળો છો. ૮. આપના સિવાય બીજો કોઈ અમને સહાય કરનાર નથી. આપ તો અત્યંત મહાસમર્થ છો. હે કરુણા સાગર ! કરુણા કરો અને અમને અસુરોના દુઃખથી બચાવી લો. ૯. ગોલોકપતિ ગોવિંદ ! આપનો જય થાઓ. આપના બંને ચરણારવિંદોનો જય થાઓ. રાધા અને લક્ષ્મીના પતિ અંતર્યામી આવા હે સ્વામિન્ ! આપનો જય થાઓ...જય થાઓ...૧૦.

હે મદનમોહન ! મુરારે ! વ્રજવાસીઓને સુખી કરનારા, પોતાના ભક્તોના દુઃખોને ભાંગનારા, ભક્તોનું પાલન કરવામાં હર્ષઘેલા થનારા એવા હે પ્રભો, આપનો જય થાઓ...જય થાઓ...૧૧. દુષ્ટોનું તત્કાળ દમન કરનારા, પાપી લોકોના કાળ, ભક્તજનોના સંસાર ભયને હરનારા અને સંતોને સુખ આપનારા એવા આપનો જય થાઓ...જય થાઓ...૧૨. અનાથોના નાથ, ભૂપોના ભૂપ, ઈશ્વરોના મહેશ્વર, અને અનુપમ અંતર્યામી એવા હે પ્રભો ! આપનો જય થાઓ. ૧૩. દીનજનોના બંધુ, અશરણના શરણ, શરણાગત માટે સુખની ખાણ જેવા, એવા આપ કૃપાનિધિ છો. અમે આપને વારંવાર વંદન કરીએ છીએ. ૧૪. સહુ લોકો આપને વિશેષપણે ભક્તરક્ષક, ભક્તપાલક કહે છે. આપના સમાન હૃદયના કોમળ અને દયાળુ અન્ય કોઈ નથી. ૧૫. આપ અનંત ગુણોથી વિશાળ-મહાન છો. ગાય, બ્રાહ્મણના પ્રતિપાલક અને સંતજનની રક્ષા કરવી એવું આપનું બિરુદ છે. તે બિરુદને શું ભૂલી ગયા ?૧૬.

આપ ગરીબનિવાજ (ગરીબને પાળનારા) છો, ભક્તાધીન છો, જેની ક્યાંય ગતિ ન હોય તેની ગતિરૂપ આપ શ્રીહરિ છો. અમે દુઃખોના સાગરમાં ડૂબી રહ્યા છીએ, તો હવે અમારી બાંય ગ્રહી લો, હાથ પકડી લો. ૧૭. હે

પ્રાણાધાર ! અમે બંને હાથ જોડીને વારંવાર આપને વિનતિ કરીએ છીએ. ભક્તોને જ્યારે અપાર દુઃખ આવે છે ત્યારે નંદકુમાર આપ પ્રકટ થાઓ છો. ૧૮. શરણાગત વત્સલ, આપ અનંત ગુણોના ભંડાર છો. આપ ભક્તોની પીડાને મટાડો છો તો હવે અમારી સાર-સંભાળ લો. જ્યાં જેને કોઈનું કામ આવી પડે ત્યારે તેનું નામ લઈને બોલાવવામાં આવે છે, તે તુરંત આવીને તેનું કામ કરી આપે છે. લોકની આ રીતને આપ દયાળુ બધી રીતે જાણો જ છો છતાં હે હરિ! અત્યાર સુધી આપ કેમ ધીરજ ધરી રહ્યા છો ?. ૧૯-૨૦.

આપનું કામ આપના સિવાય અન્ય કોઈ કરે તેમ નથી, આવું સમજીને દયાળુ આપ અત્યારે અમારા ઉપર દયા કરો. ૨૧. રામરૂપે અને કૃષ્ણરૂપે અવતરીને આપે અનેક કાર્ય કર્યાં હતાં, એવા જ આપ ભક્તોના ભયને ટાળવાની ટેકવાળા છો, દયાળુ છો અને કષ્ટહારી હરિ છો. ૨૨. બદરિકાશ્રમમાં આપે આવીને ભૂમિ ઉપર અવતરવાનું કહ્યું હતું. તેને ઘણા દિવસ વીતી ગયા છે. હવે વિલંબ શા માટે કરો છે ? ૨૩. પૃથ્વી ચલિત થાય, મેરુ પણ ચલિત થાય, સૂર્ય અને ચંદ્ર ચલિત થાય પણ આપ ક્યારેય ચલિત થાઓ નહીં, આવું આપનું અચળ વચન છે. ૨૪. અક્ષરધામ મહાઅલૌકિક છે. ત્યાં રાત દિવસ આનંદમય વાતાવરણ હોય છે. ક્યારેય ત્યાં દુઃખનો લેશ પણ હોતો નથી. અને અંતઃકરણમાં ક્લેશ પણ થતો નથી. ૨૫. **આપ પુરુષોત્તમ પૂર્ણકામ છો, શ્યામસુંદર ભક્તાધીન છો, આપનું સ્વરૂપ એક છે છતાં ભક્તો માટે અનંતરૂપે થાવ છો. તેમાં અધિકતા કે ન્યૂનતા તો આપની અનુપમ ઈચ્છાને આધારે છે. ૨૬.**

**एहि हे तव सदा स्वभावा, सो कबहु न देवत जावा;**
**आरत होत एक जनकी जबही, दौरीके तिहाँ आवत तबही...२८**

આપનો (સ્વરૂપ, ગુણ, વિભૂતિ અને ઐશ્વર્ય આદિનો) યથાર્થ રીતે કોઈ પાર પામી શકતું નથી. એટલા માટે તો વેદો તમને ('નેતિ નેતિ' એમ) અપાર કહે છે. જેવી ઈચ્છા રાખીને જે ભક્ત આપને ભજે છે, આપ તેની તેવી ઈચ્છાને પૂર્ણ કરો છો. ૨૭. એવો આપનો સ્વભાવ હંમેશા એક સરખો જ છે તેને ક્યારેય તજી દેતા નથી. **જ્યારે ભક્તજન આર્તનાદ કરે છે ત્યારે આપ દોડીને તુરંત ત્યાં પધારો છો.** ૨૮.

**आरतवान कुं रहत पासा, दूर न होवत भक्तनिवासा;**
**बिन आरत जन से रहो दूरा, ओरकुं कबहु रहत न ऊरा...२९**

આપ આતુરતાવાળા ભક્તની પાસે જ રહો છો. તેનાથી ક્યારેય દૂર જતા નથી. આપ ભક્તના નિવાસસ્થાન છો. જે લોકો ભક્તિભાવથી આપને આર્તનાદ નથી કરતા, તેનાથી આપ દૂર રહો છો. અને અન્ય (અભક્ત)ના અંતઃકરણમાં પણ આપ ક્યારેય રહેતા નથી. ૨૯. ધર્મદેવની અપાર આર્ત-પીડા જાણી તેથી તેમનો આર્તનાદ સાંભળ્યો, દિલદાર-પ્રિયતમે દયા આણી. અને અચાનક ભગવાન પોતાના ધામથી આવીને પ્રકટ થયા. ૩૦. ત્યારે જેમ આકાશ વીજળીથી ભરાઈ જાય તેમ તત્કાળ સર્વત્ર તેજ છવાઈ ગયું. તે તેજને મધ્યે મનોહર મૂર્તિએ દર્શન દીધાં જેનું વર્ણન કરી શકાતું નથી. ૩૧. તે પ્રભુના મસ્તકે રત્નજડિત મુકુટ વિરાજી રહ્યો છે. તેના ઉપર વાંકી કલગી શોભે છે. કાનોમાં મકરાકારે કુંડલ અને મુખનું સૌંદર્ય ચિત્તને ચોરે છે. ૩૨.

અંગો ઉપર કેસર ભેળવેલું ચંદન ચરચ્યું છે. શરીર ઉપર નવરંગા ચમકતાં આભૂષણો દીપી રહ્યાં છે. બંને હાથથી ધારેલી મુરલી હોઠ ઉપર રાખી છે. અને મંદમંદ હાસ્ય કરી રહ્યા છે. ૩૩. તેવી સુશોભિત મૂર્તિને દેખીને ધર્મદેવ તથા મુનિઓના મંડળે પ્રણામ કર્યા. તેઓના હૃદયમાં મહાઆનંદ થયો. સહુએ દંડવત્ પ્રણામ કર્યા અને હે અશરણ શરણ ! આવું બોલીને તેઓ હરિના ચરણોમાં ઢળી પડ્યા. ૩૪. ત્યારે ભગવાને કહ્યું, ધર્મદેવ અને ઋષિઓ, તમે સહુએ મળીને મારી પ્રાર્થના કરી, એટલે હું અદ્‌ભુત દિવ્યરૂપ લઈને અહીં આવ્યો છું. ૩૫. તમે તમારા મનમાં ધારેલી વાત કહો, અત્યારે હું પ્રસિદ્ધરૂપે વર દેવા આવ્યો છું. વિચાર કરીને મને કહો, હે તાત ! હું તે પ્રમાણે તત્કાળ કરું. ૩૬. ત્યારે ધર્મદેવ અને ઋષિઓ બોલ્યા, હે પ્રભો ! આપ આનંદકંદ (સુખનું મૂળ), દુઃખ હરનારા અને સુખ કરનારા છો. એટલે હવે અસુરોથી અમારી રક્ષા કરો. ૩૭. **હે હરિ ! આપ નિરંતર અમારી સાથે રહો, તેથી આપના પ્રતાપથી અને આપના ભજનના પ્રતાપથી અમને સહુને અતિ મહારંગ ચડે અર્થાત્ સહુમાં ધર્મ-ભક્તિની સ્થાપના થાય.** ૩૮.

*ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના પ્રથમ પૂરમાં 'ધર્મદેવ અને ઋષિઓએ શ્રીકૃષ્ણ ભગવાનની પ્રાર્થના કરી' એ નામે તેત્રીશમો તરંગ સમાપ્ત ॥૩૩॥*

## પૂર પહેલું : તરંગ - ૩૪

## ઋષિમુનિઓનું નિવેદન, શ્રીહરિએ અવતાર ધરવાનો કરેલો સંકલ્પ

શ્રીમુક્તાનંદ સ્વામીએ કહ્યું, હે ઉત્તમરાજા ! તમે આનંદથી સાંભળો, મરીચ્યાદિ ઋષિઓએ શ્રીહરિ આગળ જે કહ્યું તે હવે હું તમારી આગળ કહું છું. ૧. ઋષિ મુનિઓએ કહ્યું, હે કૃષ્ણ ! હે હરે ! અક્ષરાધિપતિ, આનંદઘન, આપનું અનુપમ ગોલોકધામ છે આવા આપ રાજાઓના પણ અધિરાજ છો. ૨. ભૂમિ ઉપર જેનો આંક કે પાર ન આવે આટલા બધા અસુરો અવતર્યા છે. તેને લીધે વરસમાં વારંવાર ભૂકંપ થયા કરે છે, તો હવે અસુરોના ભારને આપ ઉતારો. ૩. અતિશય અધર્મ થાય છે, તે દેખીને ભૂમિ રડે છે. અને તે અતિશય ક્ષીણ થઈ ગઈ છે. તે બધી વાતને આપ જાણો છો. ૪. હે હરિ ! આપ અમારી આટલી વિનતિ હૃદયમાં ધારજો. અમે જેમ સુખી થઈએ તેમ કરજો. અમે દુઃખના સાગરમાં ડૂબી રહ્યા છીએ, તો અમને તારો અને હવે અસુરો અમને કષ્ટ આપે છે તેનું નિવારણ કરો. ૫. **ત્યારે કૃપાળુ શ્રીકૃષ્ણ ભગવાને બધું વૃત્તાંત જાણી લીધું અને બોલ્યા, હે ઋષિવરો ! હવે તમે ડરશો નહીં. તમારા સર્વ દુઃખોનું નિવારણ કરીશ. ૬. હે સંતો ! અસુરોનો જે રીતે વિનાશ થાય તે રીતે હવે હું કરીશ. આમાં રંચ જેટલોએ સંદેહ રાખવો નહીં, કારણ કે મેં આવો દૃઢ સંકલ્પ કર્યો છે. ૭.**

તમે વિચારી લો, અસુરોને મારા ઉપર પૂર્વનું ઘણું મોટું વૈર છે. તેથી તેઓ મારો પરાજય કરવા માટે નિર્લજ્જ થઈને તમને સહુને પીડે છે. ૮. તમને મારા જાણીને તેઓ અપાર કષ્ટ દઈ રહ્યા છે. શ્રીહરિએ સ્વમુખે કહ્યું કે અસુરો ભૂમિનો ભાર છે. ૯. ભક્તજનોનું પાલન કરનારા ભગવાન શ્રીહરિએ ધર્મદેવને અસુરોના દોષ દેખાડીને રસપૂર્ણ અમૃત જેવી વાણીથી કહ્યું. ૧૦.

**संकल्प करीके मोर, होवत अनंत बह्मांड येहि;**
**पल में देवत तोर, असुर के न चलत कछु...१२**

**અસુરોનો અપાર પાપનો ઘડો હવે ભરાઈ ગયો છે. તેને ફૂટતા વાર નહીં લાગે. હવે તો તેનો તત્કાળ નાશ થશે. ૧૧.** મારા સંકલ્પમાત્રથી અનંત બ્રહ્માંડો ઊપજે છે અને તેનો વિનાશ પણ એક પળવારમાં જ હું કરી શકું છું. તેમાં અસુરોનું કાંઈ ઊપજી શકતું નથી. ૧૨.

**हरिगीत :**

**अनंत कोटि ब्रह्मांड एसे पलक होत पल नास ही;**
**अनंत भव ब्रह्मादिक कोटि मोरे चरन के दास ही;**
**अनंत कोटिक जम सब हि मोरे दीन आधीन हे;**
**असुर के नहिं भार मोरे काल करी पराधीन हे...१३**

આવા અનંતકોટિ બ્રહ્માંડો પળવારમાં ઉદ્‌ભવે છે અને પળવારમાં નાશ પામે છે. અનંત કોટિ શિવ, બ્રહ્માદિક દેવો મારા ચરણોના દાસ છે. અનંતકોટિ જમદૂત છે તે બધા મારી આગળ દીનઆધીન રહે છે. અસુરોનો મારા મનમાં કાંઈ ભાર નથી. તે તો બધા કાળની આગળ પરાધીન છે. ૧૩. અત્યારે અસુરોએ અનંત રૂપ ધાર્યાં છે. તે બધું હું મારા મનમાં જાણું છું. જ્યાં જેવા અસુર હશે ત્યાં હું તેવો થઈને તેના મૂળ ઉખાડી નાખીશ. ૧૪. હું સિદ્ધોમાં સિદ્ધ કહેવાઈશ અને જોગીઓમાં જોગી રહીશ. રાજાઓને મધ્યે રાજા રહીશ પણ હવે હું અધર્મને ખોઈશ-નષ્ટ કરી દઈશ. ૧૫.

હું સમગ્ર પ્રપંચોના પારને પામેલો છું. હું સહુથી એકદમ અલગ છું. હું બધી માયાનો સ્વામી છું. અને હરામી લોકો મારી આગળ થર-થર ધ્રૂજે છે. ૧૬. સિંહની આગળ બકરીના શા લેખા ? એ તેની સામે પણ જોઈ શકે નહીં. કરોડો મૂઠ, ચોટ, મંત્ર, જંત્ર, એ બધા મારી આગળ ખોટાં સાબિત થાય છે. ૧૭ વીરોને મધ્યે હું મહા વીરપુરુષ છું. મારી આગળ કોઈ ધીરજ ધરી શકતા નથી. કુપંથના મતવાદીઓથી શું થવાનું છે ? કારણ કે તેમના ચિત્ત તો અધર્મથી પરોવાયેલા હોય છે. ૧૮. કુપંથ તો એવા ગમાર છે કે તે બધા ભાંગ, દારૂ અને માંસને ખાય-પીવે છે. કોઈ કોઈને કાંઈ કહી શકે તેમ

નથી. જે તેને સેવે છે તેની લાજ-આબરૂ જતી રહે છે. ૧૯. બગલાની જેમ ધ્યાન કરતા દેખાય, પણ જો તેના નજીકના સંપર્કમાં આવે તો પ્રાણ જાય, સ્ત્રી મળે તો સ્ત્રીને લઈ જાય અને છોકરાં મળે તો તેને લઈ જાય. ૨૦. ધન મળે તો ધનને લઈ લે, જ્યારે કાંઈ મળે નહીં, ત્યારે પોતાને સિદ્ધ-ત્યાગી કહેવડાવે. આ રીતે બધા કુપંથ ખુવાર થઈ ગયા છે. કોઈ સાચો વીર કે વ્રતધારી પુરુષ રહ્યો નથી. ૨૧.

મિથ્યા ગુરુઓ પોતાને સિદ્ધ કહેવડાવે છે અને તેઓ ઘેર ઘેર પૂજાય છે. અંધશ્રદ્ધાવાળા તેને સાચું માને છે, પણ સજ્જન-વિવેકીજન તેમાં લલચાતો નથી. ૨૨. મિથ્યા ગુરુઓ સિદ્ધ બનીને મિથ્યાજ્ઞાન કહે છે. સત્યને અસત્ય બતાવીને બીજાના પ્રાણોને હરે છે. ૨૩. હંસ અને બગલો બંને ઊજળા દેખાય પણ તેનો ચારો જુઓ ત્યારે ખ્યાલ આવી જાય છે. પંચવિષયમાં ભાવ છે કે અભાવ છે, તેનો વિભાગ આંખો કરી લે છે. ૨૪. **જેની બુદ્ધિમાં વિવેક હોય તેને બધી ખબર પડે છે. જ્યારે સૂર્યોદય થાય છે ત્યારે લેશમાત્ર પણ અંધારું રહેતું નથી. ૨૫. કરોડો સૂર્યનો પ્રકાશ હોય તો પણ આંધળો મનુષ્ય તેને શું કરે ? તેમ જેને વિવેક-જ્ઞાન નથી તે તો આંધળાની જેમ જ બોલવાનો છે. ૨૬. પાપમય અસુરોનો નાશ કરવા માટે આજ મારા સિવાય કોઈ સમર્થ જણાતો નથી. અસુરોનો નાશ કરવો તે કાર્ય આવશ્યક થયું છે અને તેને ચોક્કસ કરવાનું જ છે. ૨૭.** મારા મનમાં તે અસુરોના વિનાશનો વિચાર પડ્યો જ હતો, આને માટેનો બીજો ઉપાય કોઈ દિવસ સૂઝ્યો જ નથી. બદરિકાશ્રમમાં આવીને દુર્વાસાએ જે શાપ આપ્યો હતો તે પણ અસુરોનો નાશ કરવાની મારી ઈચ્છાથી જ થયો હતો. ૨૮. જે દિવસ તે દારુણ (ભયાનક) શાપ થયો તે દિવસ હું તમારી સાથે શાપમાં આવી ગયો છું. આ ગુપ્ત વાત મેં તમને પ્રકટ કહી છે તેને તમે મનમાં સમજી રાખજો. ૨૯.

પછી તે સમયે શ્રીહરિએ ધર્મભક્તિને કહ્યું કે, તમે તમારું મનગમતું વરદાન જે હોય તે અત્યારે મારી પાસે માગો. ત્યારે તે બંનેએ વિચાર કરીને કહ્યું કે હે ભગવન્ ! અમને આપના સમાન પુત્ર થાય. ૩૦. **ત્યારે ભગવાન પોતાના હૃદયમાં વિચારવા લાગ્યા. તેમને પોતાને સમાન અન્ય કોઈ જણાયું**

**નહીં. તેમજ ધર્મ અને ભક્તિના સમાન અન્ય કોઈ દેવને પણ જોયા નહીં. ૩૧. પછી ભગવાન શ્રીકૃષ્ણે ધર્મ ભક્તિને 'તથાઽસ્તુ' 'તેમ થાઓ' આવું કહ્યું. ત્યારે સમગ્ર મુનિઓએ જય જયકારની ગર્જના કરી મૂકી. તે સમયે શિવ, બ્રહ્માદિ અનંત દેવોને સાથે લઈને આકાશમાં આવ્યા હતા. ૩૨.** તેમણે દુંદુભિના નાદની સાથે જય જયકારનો ધ્વનિ કર્યો. દેવલોકમાં પણ ઉત્સવ થવા લાગ્યો. દયાળુ શ્રીહરિ આવું વચન કહીને તત્કાળ અંતર્ધાન થઈ ગયા. ૩૩.

તે વખતે ધર્મદેવ, ભક્તિ અને બધા ઋષિઓ મનમાં ખૂબ જ આનંદ પામ્યા. મહાઅલભ્ય લાભ મળ્યો એટલે તે સહુએ (જપાત્મક વિષ્ણુયાગ અને) વ્રતની સમાપ્તિ કરી. ૩૪. પછી તે સહુ બુદ્ધિમાનોએ પહેલા અપાર બ્રાહ્મણ અને સાધુઓને જમાડ્યા. પછી પોતે વ્રતના પારણા કર્યાં. ઘણા અન્ય લોકોએ ધર્મદેવ અને ઋષિઓને તપસ્વી સમજીને અનાજ અને ઘી વગેરે વસ્તુઓ આપી. ૩૫. ધર્મદેવે બ્રાહ્મણોને ઘણું દાન આપ્યું. સદ્‌ગુણોના ભંડાર બધા ઋષિઓએ પરસ્પર વંદન કર્યાં અને પછી પોતાને સ્થાને જવા ચાલતા થયા. ૩૬.

**ભગવાનનું અલૌકિક રહસ્ય જ્ઞાન સહુએ મેળવ્યું, આનંદ થયો અને ભય દૂર થયો. નષ્ટ થયો.** ધર્મદેવ અને ભક્તિદેવી મનોવાંછિત મનોરથ પૂર્ણ રીતે પામ્યા. ૩૭. પરસ્પર હેત લાવીને ધર્મદેવ અને ભક્તિદેવી પોતાને ઘેર જવા માટે તૈયાર થયા. અને તત્પર થઈને વૃંદાવનથી હરખભર ચાલતા થયા. પોતે બે જ હતા. અન્ય કોઈ વૃદ્ધ કે બાળક વગેરે સાથે ન હતું. ૩૮. પોતાને ઘેર જવા નીકળ્યા ત્યારે વચ્ચે નૈમિષારણ્ય આવ્યું. તે વૃક્ષો, વેલો અને ઘાસ આદિથી ખૂબ જ ઘાટું ગહન વન હતું. ૩૯. તેથી તેમાં ક્યાંય રસ્તો સૂઝતો ન હતો, ઉપરથી સૂર્ય અસ્ત થયો. વળી આગળ જતાં બંને ભૂલા પડ્યા. રસ્તાનું નિશાન ક્યાંય દેખાતું ન હતું. ૪૦. બીજાને ડરાવી દે તેવા અસુરો તે વનમાં ચાલતા હતા. આગળ ચાલતા રસ્તામાં એક મહાકુટિલ મનની નારી તેના કુટુંબ સાથે મળી. ૪૧. દુષ્ટ અને તુષ્ટ-પુષ્ટ એવું તેનું બધું કુટુંબ ઊછળકૂદ કરીને વનમાં રમતું હતું. તેને કોઈની શંકા હતી નહીં. નિ:શંક એવા તેના મનમાં ઘણો આનંદ હતો. ૪૨.

*ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના પ્રથમ પૂરમાં 'ઋષિમુનિઓનું નિવેદન, શ્રીહરિએ અવતાર ધરવાનો કરેલો સંકલ્પ' એ નામે ચોત્રીશમો તરંગ સમાપ્ત ॥૩૪॥*

## પૂર પહેલું : તરંગ - ૩૫

### ઘેર પાછા ફરતાં ધર્મ ભક્તિ વનમાં ભૂલા પડ્યા, અશ્વત્થામાનો શાપ

સુજ્ઞ ઉત્તમરાજાએ અનુપમ સારરૂપ કથા સાંભળી. પછી તેમણે મહા બુદ્ધિમાન શ્રીમુક્તાનંદ સ્વામીને પૂછ્યું. ૧. ધર્મદેવને ભયંકર ઘોર વનમાં જે નારી મળી હતી તે કોણ હતી ? તે મને સમજાવીને કહો. ૨. ત્યારે મહાધીરજવાળા મુનિવર શ્રીમુક્તાનંદ સ્વામી શુદ્ધ નીરના સમાન નિર્મળ બુદ્ધિવાળા ઉત્તમરાજાની આગળ તે વાત કહેવા લાગ્યા. ૩. હે ઉત્તમરાજા ! તમે જે વાત પૂછી કે ધર્મદેવને સાક્ષાત્ નારી મળી હતી તે કોણ હતી ? તે હવે કહું છું. ૪. ધર્મદેવે તેને પૂછ્યું, આવા નિર્જનવનમાં મોજ-મજાથી ઘૂમી રહેલી નારી જાતિમાં તું કોણ છો ? મારી આગળ તે બધી વાત કહે. આ વનમાં તું ક્યારથી આવીને વસી છો ?

જ્યારે ધર્મદેવે આવું પૂછ્યું ત્યારે તે નારીએ કહ્યું, મારો પિતા કુસંગ છે, અને મારી માતાનું નામ પાપવતી છે, મારું નામ અવિદ્યા છે અને દુ:ખનાં ધામરૂપ પ્રભુવિમુખ મારો પતિ છે, એમ તમે જાણો. મારી પુત્રીનું નામ મિથ્યા છે. અને તેનો પતિ અધર્મ છે. ૫-૭. તેની પ્રજા અપરંપાર છે. તેની કોઈ વાતની ખબર પડે એવું નથી, કામ, ક્રોધ, લોભ, મોહ અને દંભ આદિ અનંત પુત્રો તેની સત્તામાં છે. ૮. આશા, તૃષ્ણા, ઈર્ષ્યા, નિર્દયતા, કુટિલતા, કુમતિ, કુબુદ્ધિ અને દુરુક્તિ ઈત્યાદિ તેની પુત્રીઓ છે. આ બધું મારું કુટુંબ છે. ૯. નિદ્રા, દ્રોહ, હર્ષ-શોક, શત્રુ-મિત્ર, રાગ-દ્વેષ, ખલ, છળ, છેતરામણી, અક્ષમા, અસત્ય (અનૃત), હિંસા, કલેશ, ભય. ૧૦. વિગ્રહ, વિપત્તિ, ત્રાસ, હાંસી, ઠઠ્ઠા-મશ્કરી, અભિમાન, આશા-તૃષ્ણા, અશાંતિ, મમતા, અહંકાર, (વગેરે) આવા મારા કુટુંબનો કોઈ પાર નથી.

૧૧. સમગ્ર લોકમાં મને સહુ ઓળખે છે, હે વિપ્ર ! તું મને કેમ ઓળખતો નથી. જગતમાં મને કોઈ જીતી શકે નહીં, એવા પ્રકારની નીતિ હું જાણું છું. ૧૨. ગૃહસ્થ કે જે ભેખધારી (ત્યાગી) કહેવાતો હોય, તે બધા મારે આધીન રહે છે. જગતમાં ચરાચર, સ્થાવર જંગમ બધામાં મારો નિવાસ છે. અત્યારે હું કોઈથી દૂર નથી. ૧૩. ભેખ (ભેખધારી) અને પંડિતો તો મારું પિયર છે. તેમાં મારો વાસ ઘણો જ છે. જોગી, જતિ, તપસ્વી અને સંન્યાસી, એ બધામાં હું અખંડ રહું છું. તેનાથી દૂર જતી જ નથી. ૧૪.

નીચે (પાતાળ), ઊંચે (સ્વર્ગ) અને મધ્યે (મર્ત્ય) ત્રિલોકીમાં અપાર જીવો રહ્યા છે. તે નાના-મોટા બધાને મેં કબજામાં લીધા છે, તેનો ગણતા પાર આવે તેમ નથી. ૧૫. હે વિપ્ર ! તમે મન દઈને સાંભળો. જીવને મોક્ષના માર્ગમાંથી હું પછાડી દઉં છું. અને સમગ્ર જગતને હું નચાવું છું. ૧૬. તે અવિદ્યાની વાત સાંભળી પછી ધર્મદેવે હૃદયમાં શ્રીહરિને ધાર્યા અને તે અવિદ્યારૂપ નારીનો તિરસ્કાર કરીને કહેવા લાગ્યા. ૧૭. એ પાપણી નારી ! તું સાંભળ. તું અત્યંત અહંકારી અને નિર્લજ્જ છો. શ્રીહરિના ગુણોને ભૂલી ગઈ છો અને પોતાના જ ગુણોને બોલતી રહી છો. ૧૮. તેં પોતાને મોઢે પોતાની જ મોટાઈ ગાઈ છે. ભગવાન શ્રીકૃષ્ણની મોટાઈ તો તેં કહી સંભળાવી નહીં ! શ્રીહરિનો પ્રતાપ તો અનંત છે. તેને તો તેં લેશમાત્ર પણ કહેતી નથી. ૧૯.

હવે જો જે તારા હાલ કેવા થાય છે ! ભગવાન્ લક્ષ્મીપતિનારાયણના પ્રતાપથી તારું ખૂબ જ અપમાન થશે અને તારું ઘણું ખરું કુટુંબ નાશ પામશે. ૨૦. ભગવાન શ્રીકૃષ્ણનો એવો પૂર્ણ પ્રતાપ છે કે તેનાથી કામ, ક્રોધ અને લોભ આદિ અધર્મનો ઉચ્છેદ હમણાં જ થઈ જશે. અને તે સમગ્ર પાપને દૂર હટાવી દેશે. ૨૧. આટલું કહીને ધર્મ તો ચાલતા થયા. રાતે ઘણું જ અંધારું થઈ ગયું હતું. વનમાં સિંહ ડણકો દઈ રહ્યા હતા. વાઘ, ભૂંડ અને વાનરોના શબ્દો જોરદાર થતા હતા. ૨૨. લોંકડી, ઘુવડ અને શિયાળ જેવા અનંત પ્રાણીઓ ચોતરફ ઊંચેથી ભયંકર શબ્દો કરતાં હતા. આવા વનમાં ધર્મદેવ અને ભક્તિદેવી બંને ભૂલા પડ્યા અને ખૂબ જ દુઃખ પામ્યા. ૨૩.

ખર્વટ (પહાડીમાં રહેલું નાનું ગામ), ઘોષ (ગોવાળોની વસતી) આદિ કોઈ ગામ આવ્યું જ નહીં. ભૂખ અને તરસ લાગ્યા હતા. શરીરથી ચલાતું નહોતું. પગમાં ઘણાં કાંટા અને કાંકરા વાગ્યા. કોઈ મલિન ડાકુ તો આવશે નહીં ને ? એવો ભય લાગતો હતો. ૨૪. ગળું સૂકાતું હતું. વેણ બોલાતું ન હતું. દુઃખને લીધે કાંઈ ચેન પડતું ન હતું. આવા સમયમાં એક તપસ્વી દેખાયો, તે એકાકી જ હતો. તેની સાથે કોઈ ન હતું. ૨૫. તેનો ચહેરો અત્યંત ભયાનક અને વિકરાળ હતો. ભુરી જટા હતી. તાળવામાં ટાલ હતી. ભ્રુકુટિ ખેંચેલી હતી. આંખો લાલ લાલ હતી. તેના અંગો કદરૂપા, કાળા અને ડરામણાં હતાં. ૨૬. તેનું હૃદય રુદ્રના જેવું કઠોર હોય તેમ લાગતું હતું. મેલા કપડાંવાળો બ્રહ્મચારી હોય તેવું જણાતું હતું. તેના મનમાં દયા કે મહેર હતા જ નહીં. દેખતાંમાં જ કોઈ અઘોરી સિદ્ધ જેવો તે લાગતો હતો. ૨૭.

તે અચાનક આગળ આવીને ઊભો રહ્યો. હાથ જોડી ધર્મદેવ પગે લાગ્યા. ત્યારે તપસ્વીએ તેમના સામે જોયું અને બોલ્યો કે હું તમને પૂછું છું, તમે બંને કોણ છો ?૨૮. તમારો દેશ અને ગામ કયું છે ? તમારું નામ સ્પષ્ટ બતાવો. ત્યારે ઉદાર અને દયાળુ ધર્મદેવ બોલ્યા. કૃપાળુ ! હું જાતિનો બ્રાહ્મણ છું. ૨૯. સરવાર દેશમાં ઈટ્ટાર મારું ગામ છે અને ધર્મદેવ મારું નામ છે. અમને દૈત્યો બહુ દુઃખ દેતા હતા. એક પળવાર પણ સુખેથી રહેવા દેતા નહીં. ૩૦. દુઃખને લીધે અમે ભાગી આવ્યા અને વૃંદાવન ગયા. ત્યાં વિષ્ણુયાગ અને વ્રત કર્યાં. તેથી શ્રીકૃષ્ણ ભગવાને અમને દર્શન દીધાં. ૩૧. ત્યારે શ્રીકૃષ્ણ આગળ પુકાર કરીને અમે અમારું બધું કષ્ટ કહ્યું. ત્યારે દયા કરીને શ્રીકૃષ્ણ બોલ્યા કે ‘હવે હું તમારું સર્વે દુઃખ ટાળી દઈશ. ૩૨. તેમણે મને ચોક્કસ કહ્યુ છે કે હું તમારે ઘેર અવતાર ધારણ કરીશ. અસુરો ભૂમિના ભારરૂપ છે એટલે હું તે બધાનો સંહાર કરીશ. ’૩૩. આવું વરદાન દઈને શ્રીકૃષ્ણ અંતર્ધાન થઈ ગયા.

તેથી અમે ખૂબ રાજી થયા અને હવે અમે અમારે ઘેર જઈએ છીએ. ૩૪. આજ મારું ધન્ય ભાગ્ય ગણાય આપ સમાન ઋષિરાજ મને મળ્યા. આજ મારા ભૂખ, તરશ અને બધા દુઃખ દૂર થઈ ગયા. ’ ધર્મદેવે કહેલી

વાત સાંભળીને તે ઋષિ એકદમ કુપિત થઈ ગયા. (ખિજાઈ ગયા) મેં વિચારી લીધું છે અને કૃષ્ણની ગતિ (ક્રિયા)ને હું જાણું છું. ૩૫. તે કૃષ્ણે છળકપટ કરીને પાંડવોના કુળને વધાર્યું અને મારા પ્રિય મિત્ર દુર્યોધનને મરાવ્યો. તે કૃષ્ણનો ભારે દોષ છે. મારું નામ અશ્વત્થામા છે અને હું ગુરુ દ્રોણાચાર્યનો પુત્ર છું. હવે હું શાપ દઉં છું. તે બાબતને તું સાંભળ. ૩૬. 'જો કૃષ્ણ તારા પુત્ર થશે તો તે શસ્ત્ર ધારી શકશે નહીં અને કદાચ તે શસ્ત્ર ધારશે તો ત્યારે તે શત્રુની સામે હારી જશે.' આટલું બોલીને તે પિશાચના જેવો અશ્વત્થામા તે જ વખતે અદૃશ્ય થઈ ગયો. આ તરફ ભક્તિ અને ધર્મદેવ ચિંતાતુર થઈ ગયા. તેમના મનમાં અપાર શોક થયો. ૩૭. અશ્વ-ત્થામાના શાપની વાત સાંભળીને ભક્તિ તથા ધર્મદેવ અપાર ઉદાસ થઈ ગયા, અને પછી બોલ્યા. ૩૮.

***ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના પ્રથમ પૂરમાં 'ઘેર પાછા ફરતા ધર્મ-ભક્તિને વનમાં અશ્વવત્થામાંએ શાપ આપ્યો. ' એ નામે પાત્રીશમો તરંગ સમાપ્ત ॥૩૫॥***

## પૂર પહેલું : તરંગ - ૩૬

## ધર્મદેવે હનુમાનજીનો મહિમા કહ્યો, અસુરો દ્વારા વિંધ્યવાસિની દેવીનું પૂજન તથા શ્રીહરિનો જન્મ

ઉત્તમરાજાએ ધર્મદેવની વાત સાંભળી. મનમાં હર્ષ પામી વિનયપૂર્વક શ્રીમુક્તાનંદ સ્વામીની આગળ તેઓ બોલ્યા. ૧. પછી તે વનમાં ધર્મદેવે ભક્તિમાતાને શું કહેવાનો વિચાર કર્યો હતો ? તે વાત પરમ ઉદાર એવા હે મુનિવર ! આપ મને કહો. ૨.

**सोरठा : एसो न ओर हि रस, हरि हरि के चरित्र सम;**
**सुनत अनंत वर्ष, एक पलक सम होत मोय...४**

ભગવાન અને ભગવાનના ભક્તોની વાત સાંભળવામાં આવે તો તે અનંત પ્રકારના પાપોનો નાશ કરે છે. તે સાંભળતા મને તૃપ્તિ થતી નથી.

દિન પ્રતિદિન નવોને નવો રસ (પ્રેમ) વધતો જાય છે. ૩. ભગવાન અને ભગવાનના ચરિત્રોના જેવો બીજો કોઈ રસ નથી. અનંત વર્ષ સુધી તેને સાંભળીએ છતાં તે મને એક પલક જેટલો સમય લાગે છે. ૪. ઉત્તમરાજાની અપાર શ્રદ્ધા જોઈને તે વખતે શ્રીમુક્તાનંદ સ્વામી ગદ્ગદ્ થઈ ગયા. રાજાની ઘણી પ્રશંસા કરી. પછી સુજ્ઞ એવા તે સ્વામી કહેવા લાગ્યા. ૫.

હે પ્રિય રાજા ! ધર્મ પોતાના મનમાં જે વિચાર કરવા લાગ્યા, તે વાત હવે હું કહું છું. અમને જે સુખ થવાનું છે, તે વાતની અસુર ગુરુઓને ખબર પડી ગઈ છે. ૬. માટે હવે તે લોકો અનેક પ્રકારના વિઘ્ન કરશે. તે વિઘ્નોને હવે કોણ ટાળશે ? આવો વિચાર કરીને ધીર સ્વભાવના ધર્મદેવે પીડાને હરનારા ગણપતિજીને યાદ કર્યા. ૭. તે પછી ધર્મદેવ વિઘ્નનિવારણ કરનારા શ્રેષ્ઠ ગણપતિના નામની માળા ફેરવવા માંડ્યા. અને તેમને ઘણી વિનંતિ પણ કરી. તેટલામાં રાતના ત્રણ પહોર (૯ કલાક) વીતી ગયા. ૮. તે સમયે વાયુ પુત્ર હનુમાનજી બ્રાહ્મણના વેશમાં આગળ આવીને ઊભા રહ્યા. અને તે વીર હનુમાનજીએ પહેલા પોતાનો પરિચય આપ્યો પછી ધર્મદેવની બધી પીડા હરવા માટે બોલ્યા, હે ધર્મદેવ ! શ્રીકૃષ્ણના સમાન બીજો કોઈ નથી. તમે મનમાં આવો દૃઢનિશ્ચય રાખો. શ્રીકૃષ્ણનો પરાભવ કોઈ કરી શકશે નહીં. તેમનાથી તો કાળ પણ ડરે છે અને બધા અસુરો પણ ડરે છે. ૯-૧૦. મોટી ભયંકર આગમાં જે જે પડે છે તે બધા સહેજે જ બળી જાય છે. તે જ રીતે શ્રીકૃષ્ણની પાસે આવે તે બધા નાશ પામે એવો તેનો પ્રતાપ છે, હે ધર્મદેવ ! તેને આપ સમજી રાખો. ૧૧. આ જગતમાં એવી કોઈ વ્યક્તિ નથી જે ભગવાન શ્રીકૃષ્ણનું ઉત્થાપન (વિનાશ) કરી શકે. કલ્પવૃક્ષ સહુનું હિત કરે છે. પણ જેને જેવી ભાવના હોય તેને તેવું ફળ મળે છે. ૧૨.

શ્રીકૃષ્ણની અનાદિ કાળથી એક એવી રીત છે કે તેમનો જે દ્વેષ કરે તેનો સહેજ જ વિનાશ થાય છે. આમ સમજીને આપ બંનેએ મનમાં કોઈ પ્રકારનો ભય રાખવો નહીં. ૧૩. તમારે ક્યારેય શોકે યુક્ત ન થવું. તે પ્રભુ સંકટને સમયે સહુને સહાય કરે છે. જ્યારે શ્રીકૃષ્ણ અવતાર ધરશે ત્યારે તો તે ભૂમિનો ભાર ઉતારશે જ. ૧૪. અષ્ટ સિદ્ધિ અને નવનિધિ જે છે તે તો

તમારા ઘરમાં આવીને રહેશે જ. એક લેશમાત્ર પણ દુઃખ કે દારિદ્ર તમારા જીવનમાં રહેશે નહીં. હવે તમારે આ બાબતનો મનમાં સંદેહ રાખવો નહીં. ૧૫. શ્રીકૃષ્ણ ભગવાન ખૂબ જ બુદ્ધિમાન છે. તેઓ બુદ્ધિથી જ અસુરોનો વિનાશ કરશે. બુદ્ધિરૂપી મહાન શસ્ત્રથી અસુરોના સ્થાનોનો વિનાશ કરશે. ૧૬. આ રીતે હનુમાનજી ધીરજ આપીને અદૃશ્ય થઈ ગયા. પછી બુદ્ધિમાન ધર્મદેવ તથા ભક્તિ, એ બંને પોતાના ઘર તરફ ચાલ્યા. ૧૭. રસ્તે ચાલતા ભક્તિએ ધર્મદેવને કહ્યું કે, હે નિષ્પાપ સ્વામી ! હનુમાનજીનો પ્રતાપ મને કહો અને તેઓ ચિરંજીવી શાથી થયા ? તે પણ કહો. ૧૮.

ત્યારે ધર્મદેવે શ્રીરઘુવીર રામચંદ્રજીના ચરિત્ર જે રામાયણમાં પોતે સાંભળ્યા હતા તે કહીને હનુમાનજી જે રીતે ચિરંજીવી થયા હતા તે બધું કહ્યું. ૧૯. હનુમાનજીએ મન, કર્મ, વચનથી શ્રીરામચંદ્રજીની જ્યારે ખૂબ જ સેવા કરી ત્યારે તેમને પોતાના ચરણોની સેવામાં પાસે જ રાખ્યા અને તેમને ચિરંજીવીનું પદ આપ્યું. ૨૦. હે ભક્તિ ! હવે ચિંતા ન કરો. જે દુઃખ છે તે સર્વનો હવે નાશ થશે. આવી વાતો કહેતા તેઓ સુખપૂર્વક પોતાને ઘેર આવ્યા. ત્યારે બધા સંબંધીઓ મળવા આવ્યા. ૨૧. પછી તો પહેલા જે ધર્મદેવના શત્રુ થયા હતા તે બધા પણ મિત્ર થઈ ગયા. અને બધાં દુઃખ તથા દારિદ્ર દૂર થઈ ગયા. આ બધો શ્રીકૃષ્ણનો જ પ્રતાપ હતો. જે ઘણા મોટા દુઃખ હતા તે બધા જ નષ્ટ થઈ ગયા. ૨૨.

**અક્ષરાધિપતિ શ્રીકૃષ્ણ કૃપાળુ છે. ભક્તોનો મોક્ષ કરનારા દયાળુ છે. હવે ભૂમિ ઉપર પ્રકટ થવાનો વિચાર કર્યો એટલે પોતાના અક્ષરમુક્તોને પણ સાથે લીધા. ૨૩. જેને ભવ અને બ્રહ્મા પણ હંમેશા ભજે છે. તેમણે ધર્મના હૃદયમાં પ્રવેશ કર્યો. ભગવાનને લીધે ધર્મ અપાર તેજસ્વી થઈ ગયા. ભગવાનનો કોટિક તેજનો ભંડાર તેમાં આવ્યો. ૨૪.** ધર્મદેવને હરિનો પ્રસાદ (પ્રસાદ-રાજીપો) ઘણો જ મળ્યો. તેથી લોકો પણ તે રાજીપાને અનુસારે તેમને બોલાવવા માંડ્યા અર્થાત્ 'હરિપ્રસાદ' આવું તેમનું નામ રાખીને બોલાવવા લાગ્યા. અને લોકો ધર્મદેવને દેખીને ખૂબ જ રાજી થતા હતા. ૨૫. ભગવાન શ્રીકૃષ્ણ જે રીતે ધર્મદેવના હૃદયમાં પ્રવેશ્યા હતા તે રીતે જ પછીથી ભક્તિના

હૃદયમાં પ્રવેશ્યા, તેને લીધે માતા દેવહૂતિની જેમ જ ભક્તિદેવી રમણીય અને તેજના ધામ બન્યા. ૨૬.

**જેના એક-એક રોમકૂપમાં કરોડો બ્રહ્માંડ સમાઈ જાય છે તે શ્રીહરિ ભક્તિદેવીમાં આવીને રહ્યા. આ આશ્ચર્યની વાત તો કહી જાતી નથી. ૨૭.** ત્યારે ભક્તિદેવીનું શરીર પૂર્ણચંદ્રની જેમ ખીલી ઊઠ્યું. તેમની ઉજ્જ્વલ કાંતિ વધવા લાગી. ભક્તિએ પ્રેમથી શ્રીહરિને ઉદરમાં ધાર્યા. તેથી બધા લોકો તેમને 'પ્રેમવતી' આવા નામથી બોલાવવા લાગ્યા. ૨૮. ભક્તિ અને ધર્મનો ઉત્કર્ષ દેખીને જે અસુરો હતા તે બધા દેવીને પૂજવા ચાલ્યા. ચારે વર્ણના જેટલા મનુષ્યો હતા તે બધા સંપીને એક થઈ ગયા. ૨૯. પછી અપાર અસુરો મળીને વિંધ્યવાસિની દેવીને મંદિર ગયા. પાડા, બકરાં, ઘેટાં, કુકડાં અને માછલાં પુષ્કળ પ્રમાણમાં લાવ્યા. ૩૦. મદિરા (દારૂ)ના અપાર ઘડા ભરી-ભરીને લાવ્યા અને અનેક પશુઓને મારીને દેવીની આગળ નિવેદના રૂપમાં ધરાવ્યા. ૩૧. કૌલ ગ્રંથોમાં કહેલા વિધિ પ્રમાણે બધી રીતે દેવીનું પૂજન કર્યું. ધૂપ અને દીપ આદિ કરીને બહુ પ્રકારના વાજિંત્ર વગાડ્યા. ૩૨. પછી ઘણા જ ભાવથી માંસ અને મદિરા (દારૂ)નો પ્રસાદ સહુએ લીધો. તેઓના મનમાં આનંદ થયો અને નશાથી બધા કામાતુર થઈ ગયા. ૩૩.

પછી ત્યાં દેવીના મંદિરમાં જ સ્વૈરિણી, કામિની અને પુંશ્ચલી, આ ત્રણ પ્રકારની સ્ત્રીઓનો સંગ તે બધા અસુરોએ કર્યો. અત્યંત ઉમંગમાં આવી જઈને એ પ્રમાણે દેવીની પૂજા કરી. ૩૪. દેવીની પૂજા જે રીતે કરવામાં આવે છે તે રીતે દેવી પ્રસન્ન થતી હોય છે. અહીં તો અસુરોએ વિપરીત રીતે પૂજા કરી હતી. તે દેખીને દેવી કોપ કરીને બોલી, 'તમે અત્યંત અધમ કર્મ કર્યું છે. તેથી તમારો તત્ક્ષણ વિનાશ થશે. અને જે લોકો તમારો પક્ષ રાખશે. તે ભલે રાજ્ય અને સમૃદ્ધિથી ભર્યા હોય તોપણ તેમનો તત્ક્ષણ નાશ થશે. હું પ્રસન્ન થઈને ? (ખીજાઈને) એવો તમને વર ? (શાપ) આપું છું. આજથી તમારી જેમ જે જે મારું પૂજન કરશે તો તે નિશ્ચિત તેના વંશ રહિત થઈ નાશ પામશે. ૩૫-૩૭. આજ પછી થોડા જ દિવસોમાં તમારો નાશ થશે, આવું મારું વચન છે. તમે તમારું મોત માગીને લીધું

છે. ત્યારે પ્રસન્ન થઈને આવો વર (શાપ) તમને દીધો છે. ૩૮. તમારા સહુનો સંહાર કરનારા શ્રીહરિ પ્રકટ થશે તેમાં વિલંબ નહીં થાય. તેઓ હાથમાં ધર્મરૂપી ખડ્ગ લેશે અને બધા અધર્મી અસુરોનો વિનાશ કરશે. ૩૯. ધર્મરૂપી ખડ્ગને દેખતાની સાથે તત્કાળ અધર્મી અસુરો બેહાલ થઈ જશે. શ્રીહરિમાં જેટલું સામર્થ્ય છે તે બધું આ વખતે તેઓ પ્રકટ કરશે. ૪૦. શ્રીહરિનું તે સામર્થ્ય દેખીને અસુરોનો વિનાશ વિશેષે થશે. શ્રીહરિમાં અપાર કળાઓ રહી છે. તેને કોઈપણ અસુર થોડુંક પણ જાણતા નથી. ૪૧. તેમના એક રોમની માયાને દેખીને અસંખ્ય અસુરોનો વિનાશ થાય છે. જેમ અગ્નિના પ્રકાશને દેખીને અસંખ્ય પતંગિયાનો સહેજે જ નાશ થાય છે. તેમ શ્રીહરિના પ્રતાપથી સહેજે અસુરોનો નાશ થશે. '૪૨. આટલું કહીને વિંધ્યાવાસીની દેવી અદૃશ્ય થઈ ગઈ. તે શબ્દોને સાંભળીને બધા અસુરો શોકથી ઘેરાઈ ગયા. ૪૩. પછી તે બધા અસુરો પરસ્પર મળીને વિચાર કરવા લાગ્યા. દેવી ઘણી જ કોપી છે એટલે તેને કહેલું સત્ય થશે માટે તેને રાજી કરવા કાંઈક પ્રયત્ન કરીએ. ૪૪.

હવે જે રીતે આપણું વધારે બળ વધે એવો બીજો કાંઈક ઉપાય કરવો જોઈએ નહીં તો આપણું મોત થશે. ૪૫. આપણે મરતાં મરતાં પણ કાંઈ બળ વાપરીને શત્રુનો પરાભવ કરવા પુરુષાર્થ કરવો જોઈએ. કારણ કે હવે થોડા દિવસોમાં આપણા શત્રુના જન્મનો આભાસ થઈ રહ્યો છે. ૪૬. આવું બોલીને તે બધા અસુરો ત્યારે પોતપોતાના ઘેર ગયા. ધર્મદેવ આ બધી વાતને જાણતાં હતા. તે તેમણે ભક્તિને પણ વાત કહી હતી. ૪૭. જો આપણે ગણપતિનું વ્રત કરીએ તો અસુર સંબંધી બધાં જ દુઃખોને તરી જઈએ. ધર્મે આવું ભક્તિને કહ્યું અને તુરંત ગણપતિનું વ્રત શરૂ કરી દીધું. ૪૮. સરસ રીતે ગર્ભની રક્ષા થાય એટલા માટે ગણપતિના મંત્રોનો આરંભ કરી દીધો. તેનાથી અસુરોએ જે જે ઉપાયો કર્યા, તે બધા નિષ્ફળ થઈ ગયા. ૪૯.

### ❋ ભકિતદેવીની દિવ્યતા અને શ્રીહરિનું પ્રાગટ્ય :

આ બાજુ ભક્તિદેવી દેવમાતા અદિતિના જેવા માનવાને યોગ્ય થઈ ગયા. પ્રેમવતીના પુણ્યનો કોઈ પાર નથી. આખા સંસારમાં તેઓ પ્રસિદ્ધ

થઈ ગયા. ૫૦. ભક્તિદેવીને દેખીને બીજી સ્ત્રીઓ પરસ્પર મધુર વચને વાતો કરવા લાગી. ભૂમિ ઉપર આપણે સગર્ભા નારીઓ તો ઘણી જોઈ છે પણ કોઈ આ ભક્તિદેવીના જેવી તો દેખી જ નથી. ૫૧. ગર્ભવતી ભક્તિદેવી મહાતેજસ્વી છે. આના જેવી અન્ય કોઈ સ્ત્રીને અમે દેખી નથી અને કાને સાંભળી પણ નથી. હાં, પુરાણમાં સાંભળેલા એક દેવકીજી આ ભક્તિદેવીના સમાન હતા. ૫૨.

**તે સ્ત્રીઓ પરસ્પર એવું પણ કહેતી હતી કે આ ભક્તિનું અનુપમ તેજ તો જુઓ ! આપણને તો એમ લાગે છે કે, આ પ્રેમવતીના ઉદરમાં સર્વના કારણરૂપ કોઈ આવ્યું હશે. ૫૩.** બધી નારીઓ પ્રેમવતીના મહાન ભાગ્યના ગુણગાન કરતી હતી. તેને દેખીને તેના ચરણોની રજને મસ્તકે ચઢાવીને મહિમા કહેતી હતી. ૫૪. **ભક્તિમાતા ઘણા પ્રતાપી હતા. જ્યારે દસ માસ પૂરા થયા ત્યારે કરોડો પૂર્ણ ચંદ્રની કાંતિ સમાન તેજસ્વી પુત્રનો સાક્ષાત્ જન્મ થયો. ૫૫. કરુણાસાગર અને કમલનયન ભગવાન જ્યારે પ્રકટ થયા ત્યારે સાધુપુરુષોના મન અતિશય પ્રસન્ન થયા અને ઉત્સાહથી તેમના શરીર પણ શોભાથી ખીલી ઊઠ્યા. ૫૬.**

જે અખિલભુવનના પતિ છે, સર્વના નાથ છે, તેથી જ તમામ લોકના પતિઓ પણ જેને મસ્તક નમાવીને પગે લાગે છે. જે અવિનાશી છે, અખંડ છે અને અનાદિ દેવ છે. તે જ ધર્મદેવને ઘેર પ્રકટ થયા છે. ૫૭. તે ઘરની વચ્ચે અતિશય અધિક પ્રકાશ હતો. તેનાથી આકાશમાં રહેલા ચંદ્ર અને તારાગણો પણ વિશેષ ઉજ્જ્વલ દેખાવા લાગ્યા. તે પછી ભક્તિદેવીએ પોતાની શય્યામાં પરમસુખનું મૂળ એવા પોતાના લાલને (પુત્રને) દેખ્યા. ૫૮.

***ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના પ્રથમ પૂરમાં 'ધર્મદેવે હનુમાનજીનો મહિમા કહ્યો, અસુરો દ્વારા દેવીપૂજન, તેનો કોપ, અને શ્રીહરિનું પ્રાગટ્ય કહ્યું' એ નામે છત્રીશમો તરંગ સમાપ્ત ॥૩૬॥***

## પૂર પહેલું : તરંગ - ૩૭

## શ્રીહરિના જન્મનું વિસ્તૃત વર્ણન

સહુને અતિ આનંદ આપનારા શ્રીહરિનો જન્મ થયો, તેની અદ્‌ભુત વાત સાંભળીને ઉત્તમરાજા મનમાં અત્યંત પ્યાર લાવીને કહેવા લાગ્યા. ૧. **હે મુનિવર ! શ્રીહરિના પ્રાદુર્ભાવની વાત મને વિવિધ રીતે વિસ્તારીને આપ કહો. કારણ કે તેના સમાન અન્ય કોઈ સાર વસ્તુ નથી.** ૨. શ્રીહરિનો જન્મ થયો તેનું વરસ, માસ, તિથિ, વાર, નક્ષત્ર, લગ્ન, કરણ અને યોગ વગેરે ક્યા હતા ? તે નિર્ધાર કરીને કહો. ૩. વળી ક્યા દેશના ક્યા ગામમાં જન્મ થયો ? તે બધી કથા વિસ્તાર કરીને કહો. તે સાંભળતા-સાંભળતા ઘણો જ પ્યાર થાય છે, તેમાં મને તૃપ્તિ થતી નથી. ૪. મુક્તાનંદ સ્વામીએ ઉત્તમરાજાના મનનો આનંદ અનંત અને અપાર રૂપમાં દેખ્યો. પછી તેઓ બોલ્યા કે,

હે નૃપ ! શ્રીહરિનું જન્મચરિત્ર હું તમને બધી રીતે વિસ્તારથી કહું છું. આ જગતમાં શ્રીહરિના ચરિત્ર સાંભળનાર તમારા જેવું કોઈ સત્પાત્ર નથી. આવું સમજીને હું કહું છું. કારણ કે કવિની આગળ સાંભળનારું પાત્ર જેવું હોય તેવા તે હરિના ચરિત્રને કહે છે. ૫-૬. પૂર્વદેશમાં સરજૂગંગા નામે દેવનદી વહે છે. અયોધ્યાનગરીને નજીક જ તે નદીની અલૌકિકતા શોભી રહી છે. ૭. તે સરજૂગંગાને ઉત્તર કિનારે સરવાર દેશ છે. ત્યાં રહેતા લોકોની ભીડથી તે સુંદર લાગે છે. ત્યાં ઘણા સરવરિયા બ્રાહ્મણ રહે છે. તેમાં ઘણા ખરા જમીનદાર હોય છે, તેનો પાર આવતો નથી. ૮. તેમાં તેર ઘરના બ્રાહ્મણો બીજા બધા બ્રાહ્મણો કરતા ઉત્તમ ગણાય છે. તે તેર ઘર માહેલું ધર્મદેવનું ઘર હતું. તેમનું નિવાસ સ્થાન ઈટાર શહેરમાં હતું. ૯. તેઓની અટક ઈટાર પાંડેય કહેવાતી હતી. તેના બરાબર બીજા કોઈ વિપ્ર કહેવાતા નહીં. મોટા રાજા મહારાજાઓ પણ તેમની અખંડ સેવા કરતા હતા. ૧૦. તેમાં ધર્મદેવ પોતાના પિતાની આજ્ઞાથી પ્રસન્ન મને અયોધ્યાથી આઠ કોશ દૂર છપૈયા ગામમાં રહ્યા હતા. અને ત્યાંનો શુભકાળ જોઈને ધર્મદેવ અને ભક્તિદેવી બંને ત્યાં સાથે રહેતા હતા. શ્રીકૃષ્ણનો જન્મ ત્યાં છપૈયામાં થયો અને તેથી તે સમયે મહાઆનંદ ઉત્સવ છવાઈ ગયો હતો. ૧૧-૧૨.

ધર્મ અને ભક્તિના ઘરમાં શ્રીહરિ જે સમયે પ્રકટ થયા ત્યારે ત્યાં અનંત અને અપાર તેજનો અંબાર ઉભરાયો હતો. ૧૩. તે ઘર તેજ તેજ તેજથી ચારે બાજુ ભરાઈ ગયું હતું. તે તેજને લીધે ભક્તિમાતાને પોતાનું કે અન્યનું કાંઈ ભાન રહ્યું નહીં. ૧૪. **શોભાના નિધિ ઘનશ્યામ તે સમયે બે ભુજાવાળા સ્વરૂપે પ્રકટ થયા. તેઓ અનંત સુખના ધામ હતા, શેષ પણ જેના મહિમાનો પાર પામી શકતા ન હતા. ૧૫. જગતવંદ્ય શ્રીહરિ જ્યારે પ્રગટ થયા ત્યારે ત્રિભુવનમાં એવો આનંદ થયો કે તેવો આનંદ પૂર્વે ક્યારેય થયો ન હતો. ત્યારે દેવતાઓ પણ ઉત્સવ કરવા લાગ્યા. ૧૬. શ્રીઅક્ષરાતીત પુરુષોત્તમ પ્રકટ થયા તે તેજમાં દેખાતા હતા. પછી ભક્તવત્સલ ભગવાને હૃદયમાં દયા લાવીને તે અપાર તેજને પોતાના સ્વરૂપમાં શમાવી દીધું. ૧૭.** ભક્તિમાતાને તે સમયે દર્શન થયા. તે દેખીને તેમને અપાર આશ્ચર્ય થયું. ધર્મદેવે પુત્રનો જન્મ થયો એમ જાણ્યું, તેથી તેમણે પોતાને ધન્યભાગ્ય માન્યા. ૧૮.

તેઓ તુરંત જ ઘરમાં ગયા, લોક મનોહર શ્રીહરિની શોભા જોઈને મહાઆશ્ચર્ય પામ્યા. અને આવીને શ્રીહરિના ચરણોમાં નમી પડ્યા. ૧૯. ત્યારે મસ્તક ઉપર નંગજડિત મુકુટ શોભતો હતો અને કાનોમાં કુંડળ વિરાજતા હતાં, ઝગમગતું તેજસ્વી મુખ હતું. તેને દેખીને કરોડો ચંદ્ર પણ લજ્જિત થઈ જતા હતા. ૨૦. વિશાળ લલાટમાં ચંદનનું તિલક હતું. વાંકી ભ્રુકુટિ અત્યંત સુખરૂપ હતી. નાસિકા દીવાની જ્યોત જેવી હતી અને ચંચળ નેત્ર ભક્તોના ભયનો નાશ કરી દેતા હતા. ૨૧. ગોળ ગાલ લાવણ્યભર્યા હતા. તેમાં જમણે ગાલે સુંદર તિલનું ચિહ્ન શોભતું હતું. ડાબા કાનમાં શ્યામ બિંદુનું ચિહ્ન હતું. પાકાં બિંબફલ (ઘિલોડા)ના જેવા હોઠ સુખનું ધામ હતા. ૨૨. શોભાના નિવાસ પ્રભુએ મુખ ઉપર મોરલી ધારી હતી. ચિબુકનું (નીચલા હોઠથી નીચેના ખાડાવાળો ભાગ) ચિંતવન દુઃખનો નાશ કરતું હતું. શંખના જેવો કંઠ અતિ સોહામણો હતો. હારમાં જડેલો કૌસ્તુભમણિ પહેર્યો હતો. ૨૩. ઊપડતા અને સોહામણા, વક્ષસ્થળમાં રહેલું શ્રીવત્સનું ચિહ્ન ઉમંગ વધારતું હતું. સુંદર ભૃગુલાંછન અને વૈજયંતીમાળા પણ છાતી ઉપર શોભતા હતા. ૨૪. હાથીની સૂંઢ જેવા ઘૂંટણ સુધી લાંબા બાહુઓ સુંદર શોભતા હતા.

તેમાં બાજુબંધ, કડાં અને પહોંચી વગેરે ઘરેણાં પહેર્યાં હતાં. ૨૫. કમર ઉપર સોહામણું પીતાંબર હતું. ઊંડી ગોળ ગંભીર નાભિ હતી. પ્રત્યેક અંગમાં કેસર મિશ્રિત ચંદન ચરચ્યું હતું અને પીળા રંગનું યજ્ઞોપવીત ધાર્યું હતું. ૨૬. ચરણોમાં સુંદર નૂપુર હતા અને સોળ ચિહ્ન અંકિત હતા. ચરણમાં નખરૂપી મણિઓનું અપાર તેજ અતિ ઝગમગ ઝગમગ ચમકી રહ્યું હતું. ૨૭. **ધર્મ અને ભક્તિએ બંને હાથ જોડ્યા અને સ્તુતિ કરતાં તેમણે કહ્યું કે હે પ્રભો ! આપ અમને સુખ આપવા માટે પ્રકટ થયા છો. ૨૮.**

**⁕ ધર્મદેવ અને ભક્તિદેવીએ શ્રીહરિની સ્તુતિ કરી :**

હે કૃપાળુ શ્રીકૃષ્ણ ! આપનો જય થાઓ, જય થાઓ. હે સુંદર મૂર્તિ, દયાળુ ! હે કૃષ્ણ ! હરે ! સ્વામિન્ ! આપ કારણના પણ કારણ અને બહુનામી છો આપનો જય થાઓ, જય થાઓ. ૨૯. **આપ અનંત બ્રહ્માંડોની અંદર તેના આદિમાં તથા અંતમાં પણ અખંડ રહ્યા છો. સત્ય અને જ્ઞાન આદિ કલ્યાણકારી ગુણોથી યુક્ત, આપ સદા આનંદના રૂપમાં સર્વ જગતમાં વ્યાપીને રહ્યા છો. ૩૦.**

હે પૂર્ણકામ ! જેમ ઘટપટાદિ કાર્ય જગતથી મહાભૂતો વ્યતિરેકપણે રહે છે. તેમ આપ વ્યતિરેકપણે દિવ્ય અક્ષરધામમાં રહ્યા છો. આપ પુરુષોત્તમ છો અને પૂર્ણબ્રહ્મ છો, તેથી વેદો આપને 'નેતિ' 'નેતિ' કહે છે. ૩૧. આપ ભૂમિનો ભાર ઉતારવા માટે પૂર્વે યદુકુલમાં વસુદેવ તથા દેવકીને ઘેર મનોહર સ્વરૂપે મથુરામાં પ્રકટ થયા હતા. ૩૨. કંસના ભયથી વસુદેવે આપને તત્કાળ ગોકુળમાં પહોંચાડ્યા હતા. આપ સ્વેચ્છાથી વ્રજમાં પધાર્યા અને ગોપીઓ તથા ગોવાળો, સહુના મનને ભાવી (ગમી) ગયા હતા. ૩૩. નંદજી અને યશોદાજી અત્યંત ભાગ્યશાળી ગણાય કારણ કે આપને પ્રેમથી અતિ લાડ લડાવવાનું સૌભાગ્ય તેમને મળ્યું હતું. પહેલા આપે માસી પૂતનાનો વિનાશ કર્યો અને પછી તૃણાવર્ત દૈત્યને માર્યો. ૩૪. બાદમાં શકટાસુરને માર્યો. માતા યશોદાજીને મુખમાં વિશ્વ બતાવ્યું. દહીં મથવાની ગોળી ફોડીને માતાને ઘણા ક્રોધિત કર્યા. ૩૫.

યમલાર્જુનના મૂળ ઉખાડ્યા, બકાસુરની ચાંચ ચીરીને તેને મારી નાખ્યો, વત્સાસુરનો પણ કાળ લાવી દીધો. અને અઘાસુરને મારીને બાળકોને બચાવ્યા. ૩૬. આપ બાળકોરૂપે અને વાછરડાં રૂપે થયા ત્યારે તે દેખીને બ્રહ્મા પણ ભૂલા પડ્યા હતા. કાલીયનાગનું આપે દમન કર્યું અને દાવાનળનું પાન કર્યું. ગૌરીવ્રત કરનારી વ્રજ કન્યાઓને અભીષ્ટ વરદાન આપ્યું. ૩૭. ઋષિ પત્નીઓએ આપને પૂજ્યા (કજમાડ્યા) તેથી તેમને શ્રુતિના જેવી પવિત્ર કરી. પોતાના ભક્ત ગોવાળો વગેરેની રક્ષા કરવા આપે ગોવર્ધનપર્વત ધારણ કર્યો. ૩૮. આપે સાત વરસની ઉમરમાં જ ગોવર્ધનપર્વત ધારીને ઇંદ્રનું માન ઉતાર્યું. વરુણલોકમાં જઈને નંદજીને છોડાવી લાવ્યા. ૩૯. ગોવાળોને પોતાનું આશ્ચર્યકારી દિવ્યધામ દેખાડ્યું. ભક્તોની મનઃકામનાને પૂર્ણ કરનારા આપે રાસ રમાડીને ગોપીઓને સુખી કરી. ૪૦.

***ઇતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના પ્રથમ પૂરમાં 'શ્રીહરિનો જન્મોત્સવ તથા ધર્મ અને ભક્તિએ સ્તુતિ કરી' એ નામે સાડત્રીશમો તરંગ સમાપ્ત ॥૩૭॥***

## પૂર પહેલું : તરંગ - ૩૮

## સ્તુતિ અને શ્રીહરિ જન્મોત્સવ

ભક્તિમાતા કહે છે, હે હરે ! આપે રાસ રમીને અનંગ-કામદેવને દાસ કરી દીધો અર્થાત્ તેને હરાવ્યો. અજગરના મુખથી નંદજીને છોડાવ્યા અને શંખચૂડ નામના અસુરને મારીને ગોપીઓની રક્ષા કરી. ૧. અપાર દ્વેષ ભાવ રાખનારા વૃષભાસુર, વ્યોમાસુર અને કેશી જેવા અપાર અસુરોને મારીને આપે વ્રજવાસીઓનો ઉદ્ધાર કર્યો. ૨. અક્રુરને યમુનાના જળમાં આપે આશ્ચર્યકારી દર્શન દીધાં. અને આપ કાળના પણ કાળ છો એવો સુદૃઢ નિશ્ચય તેને કરાવ્યો. ૩. પછી મથુરા આવ્યા. ત્યાં આપે રાજમાર્ગ ઉપર ધોબીને મારીને યમપુરી મોકલ્યો. દરજીનો અને સુદામ માળીનો ઉદ્ધાર કર્યો. ૪. કુબ્જાએ કેસર ચંદનની અર્ચા કરી. પછી ધનુર્યાગ સ્થળે જઈને ધનુષ ઉઠાવીને ભાંગી નાખ્યું. રંગ

અખાડાના દ્વારમાં જ કુવલયાપીડ હાથીને માર્યો. પછી જે અખાડામાં આવ્યા હતા તે મલ્લોને માર્યા. ૫. આપે કંસના માથાના વાળ પકડીને તેને મારી નાખ્યો. તે સિવાય જે અસુરો આવ્યા તે બધાનો આપે સંહાર કર્યો. વસુદેવ અને દેવકીજીના દુઃખો આપે ટાળ્યા અને મહારાજ ઉગ્રસેનનો રાજ્યાભિષેક કરીને તેને શિરે છત્ર ધારણ કરાવ્યું. ૬.

સાંદીપનિ ગુરુ પાસે રહીને વિદ્યા પ્રાપ્ત કરી અને તેમને પુત્ર લાવી આપીને તેમની આશાઓને પૂર્ણ કરી. પછી કુબ્જાને ઘેર પધાર્યા. અને જે વચન આપ્યું હતું તેને સત્ય કર્યું. ૭. અક્રૂરજીને ઘેર ગયા અને તેને હસ્તિનાપુર મોકલવાનું નક્કી કર્યું. મનમાં જરાસંધનો ભય કલ્પીને દ્વારકાનું નિર્માણ કરાવ્યું અને ત્યાં વસ્યા. ૮. મુચુકુંદરાજા દ્વારા કાળયવનને ભસ્મ કરી નાખતા વાર લાગી નહીં. છળ કરીને જરાસંધનો નાશ કર્યો અને તેના બંધનમાંથી વીશ હજાર રાજાઓને છોડાવ્યા. ૯.

પોતાના બળ-પૌરુષથી રાજાઓને જીતીને આઠ પટરાણીઓની સાથે વિવાહ કર્યા. અને ભોમાસુર જેવા મહાઅસુરરાજને મારીને સોળ હજાર સ્ત્રીઓને દ્વારકા લાવ્યા. ૧૦. બાણાસુરના હાથ કાપી નાખ્યા. યુધિષ્ઠિર મહારાજનો રાજસૂય યજ્ઞ નિર્વિઘ્ન પૂરો કરાવ્યો. મહાન વિકરાળ શાલ્વ, શિશુપાળ અને દંતવક્ર જેવા અસુરોનો વિનાશ કર્યો. ૧૧. એક દુર્બળ બ્રાહ્મણ સુદામાને કૃપાદૃષ્ટિથી દેખીને તેને કંચનના મહેલ કરી આપ્યા. કુટુંબ પરિવારને સાથે લઈને કુરુક્ષેત્ર સ્યમંતપંચક ક્ષેત્રમાં ગયા, માતાએ માગેલા મોટાભાઈઓને લાવી આપ્યા. ૧૨. **અર્જુનને તથા મિથિલાનગરીમાં જનકરાજા અને શ્રુતદેવ ભક્ત બ્રાહ્મણને અપાર સુખી કર્યા. આ રીતે જેણે પુકાર કરીને પ્રાર્થના કરી આવા અનંત ભક્તોના આપે કામ કર્યા છે. ૧૩.**

આ રીતે જે જે ભક્તો આપને શરણે આવ્યા તેને આપે અભયદાન કર્યું છે. એવા આપ દીનબંધુ અને દયાળુ છો, આપે અત્યારે પણ ઘણી જ કૃપા કરી છે. ૧૪. શ્રીહરિ પરમ દયાળુ છે એટલે ધર્મદેવ તથા ભક્તિમાતાએ જે હૃદયથી સ્તુતિ કરી તેને મનમાં ધારી લીધી. તમાલવૃક્ષના પાનના સમાન શ્યામસુંદર જેનું સ્વરૂપ છે આવા શ્રીહરિ પછી પ્રેમરસથી ભર્યા શબ્દ બોલ્યા. ૧૫.

**હે માતા ! આપ હવે મનમાં ચિંતા કરશો નહીં. આપ જે ધારશો તે થશે. વ્રજની વાત સંભારવા માટે જ મેં આ મારું આશ્ચર્યકારીરૂપ અત્યારે તમને બતાવ્યું છે. ૧૬. આવું કહીને દયાળુ પ્રભુએ બાળચરિત્ર કરવા ધાર્યું. તે સમયે બતાવેલું દિવ્યરૂપ અદૃશ્ય કર્યું ને તત્કાળ બાળસ્વરૂપે થઈ ગયા. ૧૭.** તે સમયે મનોહર બાલસ્વરૂપ શ્રીહરિને દેખીને ધર્મદેવના હૃદયમાં ધીરજ આવી અને નિશ્ચય થયો કે, હવે અમારા બધા સંકટ દૂર થયા અને અસુરોનો વિનાશ જરૂર થશે. ૧૮.

કમનમાં આવું સમજાયું ત્યારે તેમને ખૂબ જ આનંદ થયો. દુઃખ માત્ર દૂર થઈ ગયા (નષ્ટ થઈ ગયા. ) અનેક પ્રકારના સુખો આવ્યા અને અધર્મી અસુરોના રાજ્યનો નાશ થયો. ૧૯. જે સમયે મહાપ્રભુ શ્રીહરિ પ્રકટ થયા ત્યારે બધા જ લોકોમાં મહાન્ મંગળમય વાતાવરણ છવાઈ ગયું. ત્રિલોકીમાં સર્વત્ર જય જયકાર થઈ ગયો. ક્યાંય કોઈના મનમાં શોક રહ્યો જ નહીં. ૨૦. તે અવસર એટલો બધો સુખરૂપ હતો કે તે પરમ અનુપમ સમયનું હવે હું વર્ણન કરું છું. **વિક્રમ સંવત્ ૧૮૩૭** નું વિરોધ નામે શ્રેષ્ઠ વરસ હતું. ૨૧. સૂર્ય ઉત્તરાયણમાં હતો. વસંત ઋતુ હતી. ચૈત્રમાસના શુક્લપક્ષની સુખદાયક નવમી (રામનવમી) તિથિ હતી. ૨૨. પુષ્ય નક્ષત્ર અને સોમવાર, જે સદા શાંતિ આપનારા સારા હતા. તે વખતે વૃશ્ચિક લગ્ન હતું. કૌલવ નામે કરણ હતું. જગતનો ઉદ્ધાર કરે એવો સુકર્મા નામે યોગ હતો. ૨૩.

### ❋ શ્રીહરિના પ્રાગટ્યથી ત્રિલોકીમાં આનંદોત્સવ થયો :

રાત જ્યારે દસ ઘડી વીતી હતી (૧૦ વાગ્યા) ત્યારે ભગવાન શ્રીહરિનો જન્મ થયો. તે સમયે જગતમાં સર્વત્ર ઘેર ઘેર મહાઆનંદ ઉત્સવ થવા લાગ્યો. ૨૪. દેવતાઓના લોક સ્વર્ગ આદિમાં તત્કાળ શ્રેષ્ઠ અને વિશાળ મહોત્સવ થવા લાગ્યો. ઇંદ્રાદિક દેવતાઓએ તે સમયે ધારા કરીને વારંવાર ફૂલની વર્ષા કરવા લાગ્યા. ૨૫. ગાંધર્વો ગાવા લાગ્યા. તેનાં હૃદયમાં અપાર પ્રેમ ભર્યો હતો. અનેક જાતની વિવિધતાવાળા વાજિંત્ર વાગવા લાગ્યા. ૨૬. દેવતાઓના બધા વિમાનો આકાશમાં છવાઈ ગયા. તેનો કોઈ પાર ન હતો. દેવાંગનાઓ આનંદથી નાચી રહી હતી. તેનો ઊંચો ધ્વનિ એકતાર સંભળાતો હતો. ૨૭.

**સુખના પરમધામ, આનંદ ઘન, અક્ષરાધિપતિ પુરુષોત્તમ, સુંદર શ્રીઘનશ્યામ આવીને દ્વિજકુળમાં પ્રકટ થયા. ૨૮. માતા, પિતા અને ભાઈ વગેરે બધા હૃદયથી રોમાંચિત થઈ ગયા અને શ્રીહરિના જન્મના ગીત ગાવા લાગ્યા. ૨૯.** તેજ તેજના અંબારથી ભરેલા ઘરમાં શ્યામસુંદર શ્રીહરિ શોભી રહ્યા હતા. પ્રત્યેક દિશામાં મંગલ આચાર થવા લાગ્યા અને ભૂમિનો ભાર પણ ક્ષીણ થવા લાગ્યો. મંદ, શીતલ અને સુંગધી પવન વાવા લાગ્યો. સહુના હૃદય આનંદથી ખીલી ઊઠ્યા અને આકાશમાં નક્ષત્રોનું તેજ અતિશય શોભતું હતું. ૩૦. સરોવર અને નદીઓના પાણી બધે જ ઘણા નિર્મળ થઈ ગયા. ભગવાને જન્મ લીધો તેનાથી નિર્મળ આકાશની શોભા અત્યંત અદ્‌ભુત જણાતી હતી. અગ્નિહોત્રીઓના બધા અગ્નિઓ જાજ્વલ્યમાન થઈ ગયા. સંતજનોના મન પવિત્ર થઈ ગયા અને તેમાં આપોઆપ જ્ઞાનોદય થયો. ૩૧.

પૂર્ણ પુરુષોત્તમ પોતાના ભક્તોની રક્ષા કરવા પ્રકટ થયા એટલે ભૂમિ ઉપર રહેલા બધા જ અસુરોના મનમાં અતિ ત્રાસ ઉત્પન્ન થયો. તે સમયે અત્યંત હર્ષના આવેશમાં આવેલા દેવતાઓએ દુંદુભિઓને ખૂબ જ વગાડ્યા. તે જ પ્રમાણે ધર્મદેવના ઘરને દરવાજે અનંત પ્રકારના શ્રેષ્ઠ વાજિંત્ર વાગવા લાગ્યા. ૩૨. તે સમયે સર્વત્ર લીલાલહેર થઈ ગઈ. સ્ત્રીઓ સુંદર ગીત ગાવા લાગી. તેઓ બાલસ્વરૂપ શ્રીહરિને આશીર્વાદ આપતી હતી અને તેમનું મુખ જોઈને મનમાં પ્રસન્ન થતી. બધી સ્ત્રીઓ ઉદાર હાસ્ય કરતી કરતી દહીં, હળદર, કુંકુમ અને ગુલાલ આદિ રંગ લઈને પરસ્પર એકબીજા ઉપર છાંટતી હતી. ૩૩. ત્રિલોકીમાં બધે જય જયકારનો ધ્વનિ થવા લાગ્યો. પોતાના પુત્રને દેખીને ધર્મદેવના મનમાં તો અત્યંત આનંદ થયો. પ્રેમથી પુત્રનું મુખ જોયું એટલે હૃદયમાં ઘણો જ હર્ષ થયો. તેઓ એટલા બધા સ્નેહાસક્ત થઈ ગયા કે જે વાત હું કહી શકતો નથી. ૩૪.

**ભક્તજન પ્રતિપાલક પ્રભુ પ્રકટ થયા એટલે ઉપર કહ્યા પ્રમાણે ખૂબ જ આનંદ થયો. સર્વનિયંતા શ્રીહરિ ભક્તોનું હિત વિચારીને મનોહર બાલક સ્વરૂપે બન્યા. ધર્મને ઘેર સ્વયં પુરુષોત્તમ પ્રકટ થયા છે આવું જાણીને ઈંદ્રાદિક**

**બધા દેવતાઓ આવ્યા. અને મંગળમય ગીત ગાવા લાગ્યા. ૩૫.** અનેક પ્રકારના વધામણીના વાજિંત્ર વાગતા હતા અને મંગળકારી ગીતો ગવાતા હતા ત્યારે કેટલાક દેવો અને દૈવી મનુષ્યો ત્યાં શ્રીહરિકૃષ્ણનો જન્મ જાણીને આવ્યા. તેમજ બધા નર અને નારીઓ જય જયકાર બોલીને મનમાં હર્ષ પામતા હતા. અને જગતના જીવનરૂપ બાલસ્વરૂપ શ્રીહરિના મુખને દેખી, હર્ષોન્મત્ત થઈને ડોલવા માંડતા હતા. ૩૬.

ગાંધર્વો ગીત ગાતા હતા. દેવાંગનાઓ સુંદર નૃત્ય કરતી હતી અને આકાશમાં દેવોના વિમાન છાઈ ગયા હતા, તેથી સહુને ઘણું જ કુતૂહલ થતું હતું. આ વખતે દેવતાઓ અત્યંત ઉલ્લાસથી પુષ્પોની ઝડી વરસાવતા હતા. કારણ કે અવિનાશી સુંદર બાળસ્વરૂપ (બાળલાલ) શ્રીહરિ અક્ષરધામથી પ્રકટ થયા હતા. ૩૭. પુત્ર જન્મ સાંભળીને તુરંત ધર્મદેવે પ્રેમથી જાતકર્મ કરાવ્યું. તે સમયે જેણે જે માગ્યું તેને તે વસ્તુ આપી. તે જાતકર્મ જોઈને સહુ લોકોએ મહા ઉત્સવ કર્યો. ઘણા જ લોકો ટોળે વળ્યા અને સાથે મળીને બાલસ્વરૂપ શ્રીહરિના મુખકમળના દર્શન કર્યાં. ૩૮. આ જાત-કર્મોત્સવમાં ધર્મદેવે વેદોક્ત રીત પ્રમાણે બધા બ્રાહ્મણોનું ઘણું સન્માન કર્યું અને તેમને અનેક પ્રકારના દાન આપ્યાં. જે યાચકો આવ્યા તે બધાને ખૂબ જ આદર માન આપ્યું. ધનના ભંડાર ખુલ્લા મૂકી દીધા અને સહુને યથાવિધિ દાન આપ્યાં. ૩૯. **આ રીતનાં ભગવાન શ્રીહરિનાં જન્મચરિત્રને જે કોઈ સાંભળશે કે બીજાને સંભળાવશે તો તે બંને આ લોકમાં મનોવાંછિત ફળને પામશે. અંતે શાશ્વત શ્રીહરિના ચરણોમાં અક્ષરધામમાં નિવાસ પામશે. ૪૦.**

***ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના પ્રથમ પૂરમાં 'સ્તુતિ અને શ્રીહરિના જન્મોત્સવનું વર્ણન કર્યું. ' એ નામે આડત્રીશમો તરંગ સમાપ્ત ॥૩૮॥***

## પૂર પહેલું : તરંગ - ૩૯

## શ્રીહરિ જન્મોત્સવ, શ્રીહરિના નાશ માટે કાલિદત્તે મોકલેલ કૃત્યાઓ

ભગવાન શ્રીહરિનું શ્રેષ્ઠ રસભર્યું જન્મચરિત્ર સાંભળીને વિશાળ બુદ્ધિવાળા અને અપાર સદ્‌ગુણવાળા ઉત્તમરાજા ઘણા જ રાજી થયા. ૧. **ભગવાનના બાળચરિત્ર શ્રેષ્ઠ રસની ખાણ જેવા છે. એમ તેની પ્રશંસા કરીને ઉત્તમરાજાએ શ્રીમુક્તાનંદ સ્વામીને પૂછ્યું. ૨. શ્રીહરિના અપાર ચરિત્ર છે, તે સર્વે મહાઅમૃતરસથી ભરેલા સાગર જેવા છે. આપ ઉદાર સદ્‌ગુરુ છો. તે મારા સદ્‌ભાગ્યથી મને મળ્યા છો.** ૩. આવી ઉત્તમરાજાની વાત સાંભળીને શ્રીમુક્તાનંદ સ્વામી અમૃતના વરસાદની ઝડીની જેમ બાળચરિત્રની ઝડી વરસાવવા લાગ્યા. ૪.

### ❋ છપૈયાવાસીઓએ શ્રીહરિનાં વધામણા કર્યાં :

**જ્યારથી ભગવાન શ્રીહરિ પ્રકટ થયા ત્યારથી તેમને માતાપિતા ખ્યાલ રાખીને દેખતાં જ રહેતા. બંનેને બાલપ્રભુ ઉપર એટલું બધું હેત થયું કે એક પળવાર પણ તેમને અલગ રાખતાં નહીં. ૫.** (શ્રદ્ધા) શાંતિ અને દયા આદિક જે ધર્મની બાર પૂર્વ પત્નીઓ હતી તે બધી આ સમયે દિવ્યદેહ ધરીને ધર્મદેવને ઘેર આવી. તે સિવાય છપૈયામાં જેટલી સ્ત્રીઓ રહેતી હતી તેઓ પણ માંગલિક પદાર્થો લઈને ત્યાં આવી. ૬. તે બધી ચતુર સ્ત્રીઓ બાલપ્રભુને વધાવવા માટે મોતી ભરેલા સોનાના થાળ લઈને આવી હતી. કુંકુમ, કેસર ભેળવેલું ઘસેલું ચંદન, શ્રીફળ, અક્ષત (ચોખા), સોપારી, નાગરવેલના પાન, લવીંગ અને એલાયચી આદિ પદાર્થોથી બીજા થાળ ભર્યા હતા. સૌના હૃદયમાં અતિશય ઉત્સાહ અને હર્ષ ભર્યો હતો. અપાર મંગળ ગીત ગાતી ગાતી તે બધી સ્ત્રીઓ ધર્મદેવના ઘરને દ્વારે આવી. ૭-૮.

તેઓ બાલપ્રભુને મંગળ દ્રવ્યોથી વધાવીને ઓવારણા લેવા લાગી. તેમજ મુખથી વારંવાર આશીર્વાદ ઉચ્ચારવા લાગી. શ્રીહરિના મુખના દર્શન કરવા છતાં આંખોને તૃપ્તિ થતી ન હતી. અને મુખને જોયા વિના ક્યાંય ચેન પડતું ન હતું. ૯. તેઓ મુખથી બોલતી કે 'આ બાળક ઘણું જીવો, માતા પિતાનું

પ્રતિપાલન કરો.' વારંવાર મુખ દેખતી હતી અને હૃદયમાં અલૌકિક સુખને માણતી હતી. ૧૦. બાલપ્રભનું હાસ્ય તથા વિલાસયુક્ત મુખ શોભતું હતું. નેત્રો અને કર તથા ચરણમાં ચિત્ત લોભાતું હતું. મુખ તો અતિશય મનોહર અને મંગલકારી હતું, 'હે મુરારિ ! અમારું મંગળ કરજો. '૧૧. એમ કહીને તે બધી સ્ત્રીઓ હૃદયમાં પરમ સ્નેહ સાથે પ્રભુની મૂર્તિને ધારીને પોતપોતાને ઘેર ગઈ. બાલશર્માના પુત્ર ધર્મદેવને તેનાથી અતિશય આનંદ થયો. ૧૨.

તે સમયે વધામણાની નોબત (મોટું નગારું) વાગતી હતી. શ્રેષ્ઠ દુંદુભિનો ધ્વનિ પણ ગુંજતો હતો. ભેરી, ભૂંગળ અને શરણાઈના સૂર અપાર સંભળાતા હતા. ૧૩. સ્તુતિ અને ગીતોને સાંભળીને ધર્મદેવ હરખથી ગુલતાન થઈ ગયા. આજ શુભ અવસર આવ્યો છે, એમ વિચારીને બ્રાહ્મણોને ઘણાં દાન આપ્યાં. ૧૪. બ્રાહ્મણોનું સન્માન કર્યું. પછી તેમને અપાર અન્ન, ધન અને વસ્ત્રો આપ્યાં. સોનાના સાજથી શણગારેલા મોટા હાથી અને અશ્વો પણ આપ્યા. ૧૫. વિપ્રોને દૂઝણી ભેંશો આપી તથા શણગારેલી દૂઝણી ગાયો આપી અને ઘીના ભરેલા મોટા ઠામ (પાત્ર) બ્રાહ્મણોને આપ્યાં. ૧૬. તે સમયે જે કોઈપણ માગણ આવ્યા હતા તે બધાને ધર્મદેવે જોઈતી વસ્તુઓ આપીને રાજી કર્યા હતા. છપૈયાવાસી લોકોએ પોતપોતાના ઘરના દરવાજાને શણગાર્યા અને સ્ત્રીઓએ ત્યાં અપાર તોરણ બાંધ્યા. ૧૭.

**પછી તો માતા અને પિતા બાલપ્રભુના દિવ્યભાવને ભૂલી ગયા. સહજ સ્વભાવે તેમને પોતાના પુત્ર માન્યા અને મનુષ્યભાવ લાવીને તેમને લાડ લડાવવા લાગ્યા. ૧૮. ધર્મદેવ અને પ્રેમવતી પૂર્વની સ્મૃતિને ભૂલી ગયા. સ્વયં જાણીને કે અજાણમાં પૂર્વની સ્મૃતિને સ્વપ્ન જેવી ગણીને વર્તવા લાગ્યા. ૧૯. સુખ અને સંપત્તિ વધ્યા, દુઃખનું ભાન ભુલાઈ ગયું. પ્રભુ પ્રકટ્યા એટલે બધી વિપત્તિ તણાઈ ગઈ.** જે સત્યવાદી હતા તે સુખી થયા અને તેને દેખીને આસુરી લોકો દુઃખી થયા. ૨૦. કૌલ, (શક્તિપંથી) નાસ્તિક અને કુંડાપંથી જે અસુરો હતા તે તો પોતાના મનમાં અતિ ઘણા જ દુઃખી થયા. આ સિવાયના ભૂમિ ઉપરના જે અસુરો હતા કે જે દિનરાત દ્વેષ કર્યા કરતા હતા,૨૧. તેને અશુભના સંકેતના રૂપમાં કેટલાક અપશુકન થવા લાગ્યા. તેમને વારંવાર ડાબા

અંગ અને ડાબી આંખો ફરકવા લાગી. ૨૨. તેમને વારંવાર ખરાબ સ્વપ્ન આવતા. તેમને સ્વપ્નમાં માથા વિનાનું પોતાનું ધડ દેખાતું. ઊંટ ઉપર બેસીને દક્ષિણ તરફ પોતે જતા હોય તેવું લાગતું. આવા ઘણા ખરાબ સ્વપ્નને દેખીને મનમાં ત્રાસી ગયા. ૨૩. તેના ઘર સામે મોઢું રાખીને કૂતરાં ભસતા. રાતે દુ:ખભર્યો અવાજ હોય તે રીતે અપાર ગાયો ભાંભરતી. ઘેર-ઘેર કાગડા ક્રૂર અવાજ કરીને બોલતા, બપોરે નઠારો અવાજ કાઢીને શિયાળો બોલતા હતા. ૨૪. ઘુવડ અને હોલા અત્યંત કઠોર અને ભયંકર અવાજથી બોલતા. ગીધ ગર્જના કરતા અને સમળાઓ ઘર ઉપર ચક્કર મારતા હતા. ૨૫. અસુરોને ઊંચે આકાશમાંથી સૂર્ય, ચંદ્ર અને નક્ષત્રગણ જમીન ઉપર પડતા હોય તેવું આકાશમાં અશુભ દેખાતું હતું. ૨૬.

આવા અનેક અશુભ અપશુકનો દેખાવા લાગ્યા. ત્યારે અસુરોનો ગુરુ, જે કાળીદત્ત નામે કહેવાતો હતો, તેણે કહ્યું કે, દેવીએ આપણા ઉપર કોપીને કહ્યુ હતું. તે પ્રમાણે અસુરોનો સંહાર કરવા માટે ચોક્કસ હરિનો અવતાર થયો જ છે. તેણે અસુરોને પોકારીને કહ્યું કે, હવે તેનો નાશ કરવાનો ઉપાય આપણે કરવાનો છે. ૨૭-૨૮. અત્યારે તે હરિ બાળક જ હશે. તેને છળકપટ કરીને તત્કાળ મારવો જોઈએ. અપાર કૃત્યાઓને પેદા કરીને મોકલો. તે જઈને તરત જ બાળહરિનો સંહાર કરશે. '૨૯. આવું કહીને તે કાળીદત્ત મંત્રજાપ કરવા લાગ્યો અને તેણે પાપરૂપ કૃત્યાઓને પેદા કરી. કૃત્યાઓ શરીરે અત્યંત કાળી હતી. માથાના વાળ છૂટા હતા. કપાળમાં સિંદૂરનો લેપ કર્યો હતો. ૩૦.

તે બધી કૃત્યાઓના નાક છેદાયેલા હતા. ત્યારે તેણે અત્યંત નઠારા રૂપ લીધાં હતા. લાંબા લબડતા હોઠ હતા. મોઢા ફાડેલા હતાં. ઉપર નીચેના દાંત વચ્ચેથી જીભને બહાર કાઢી હતી. ૩૧. લબડતું લાંબુ પેટ હતું. આંખો લાલ હતી. બંને ગાલ ઉપર લોહી લીંપાયેલું હતું. માણસની ખોપરી હાથમાં રાખી હતી. તે બધી જ કૃત્યાઓ નગ્ન થઈ હતી. ૩૨. પ્રત્યેકના હાથમાં ઉગામેલા ખુલ્લા આયુધ હતાં. એવો જ ભયંકર વેશ બનાવ્યો હતો. અસુર કાલીદત્તે તેઓને આજ્ઞા કરી કે, છપૈયામાં અમારો શત્રુ છે તેને તમે શોધી કાઢો. ૩૩. તે અમારા શત્રુનો તમે નાશ કરો. તે કામ કરીને તરત મારી

પાસે આવો. તરત તે બધી કૃત્યાઓ આકાશમાં ઊડી ગઈ. બધી જ કૃત્યાઓ વિરૂપ (ભયંકર આકારવાળી) અને ભૂખી હતી. ૩૪. તે બધી હરિપ્રસાદ (ધર્મદેવ) વિપ્રને ઘેર આવી. કારણ કે તેને બાલસ્વરૂપ શ્રીહરિ સાથે વૈર હતું. તે સમયે શ્રીહરિ ભક્તિમાતાની પાસે હતા. તેમનો નાશ કરવા માટે કૃત્યાએ તેમને હાથમાં પકડી લીધા. ૩૫. કૃત્યાઓ પડકારીને બોલવા લાગી કે, મારો ! મારો ! ખાઓ ! ખાઓ ! શત્રુ હાથમાં છે, મળ્યો છે, તેને છોડશો નહીં ! શ્રીહરિના ઉપર ક્રોધ કરીને કૃત્યાઓએ મોઢા ફાડ્યા અને આયુધો ઉગામ્યા. ૩૬.

બાલસ્વરૂપ શ્રીહરિને કંઠે પકડ્યા. અને છપૈયાગામની બહાર લઈ ગઈ. તે સમયે ભક્તિમાતા પુકાર કરીને રડવા લાગ્યા. આંખોમાંથી ચોધારા આંસુ વહેવા લાગ્યા. ૩૭. જ્યારે ભક્તિદેવી આર્તનાદ સાથે અતિ રડી રહ્યા હતા ત્યારે તે રડવાના શબ્દોને સાંભળીને, ધર્મદેવ ત્યાં આવ્યા. ૩૮. તે સમયે એકાદશીની રાત હતી ધર્મદેવ જાગરણ કરતા હતા. ત્યાંથી દોડીને પોતાને ઘેર આવ્યા. ૩૯. આવીને બાલસ્વરૂપ હરિને જ્યારે તેમણે દેખ્યા નહીં ત્યારે તે મૂર્છિત થઈ ગયા અને ધરતી ઉપર ઢળી પડ્યા. ૪૦. ધર્મદેવ તથા ભક્તિનો વિલાપ સાંભળીને વાયુપુત્ર હનુમાનજી તુરંત ત્યાં આવ્યા. બંનેને રડતા દેખીને કહ્યું, તમે શા માટે રડો છો ? જે કામ હોય તે કહો, તમારું દુ:ખ હું આજે જ ટાળી દઉં. ૪૧.

ત્યારે ભક્તિમાતાએ તે સમયે કહ્યું, મારા પુત્ર બાલહરિને કૃત્યાઓ ગામ બહાર લઈ ગઈ છે. તેઓને તમે તરત ધમકાવીને મારીને મારા પુત્રને છોડાવો. તે કરવામાં તમે ઘણા જ સમર્થ છો. ૪૨. ત્યારે હનુમાનજીએ કહ્યું, બાલહરિની રક્ષા કરવા તો હું આવ્યો છું. તમે મનમાં ચિંતા ન કરો. આપના પુત્રને હું ચોક્કસ લાવું જ છું. ૪૩. **પોતાના ઈષ્ટદેવ (સ્વામી) શ્રીકૃષ્ણનું સ્મરણ કરો. અંતર્યામી પ્રભુ સહુને સુખી કરે છે. જે પ્રેમથી મારું વ્રત કરે છે. તેને કોઈ દિવસ કષ્ટ આવતું નથી.** ૪૪. આટલું કહીને તત્કાલ હનુમાનજી બાલસ્વરૂપ શ્રીહરિને છોડાવવા ચાલ્યા. જ્યારે તેઓ ગામથી બહાર નીકળ્યા ત્યારે તેમણે ત્યાં કૃત્યાઓના ઘણાં ટોળાઓને દેખ્યાં. ૪૫. તે

ટોળાઓની વચ્ચે મહાસમર્થ બાલકૃષ્ણ પ્રભુને જ્યારે દેખ્યા ત્યારે તેમણે ક્રૂર દૃષ્ટિ કરીને તે કૃત્યાઓની સામે જોયું. તેથી તે બધી કૃત્યાઓ બળવા લાગી. ૪૬. પછી તેણે બાલહરિને ભૂમિ ઉપર ફેંકી દીધા અને 'મારો' 'મારો' એમ પડકારા કરવા લાગી. તેટલીવારમાં તો ત્યાં વીર હનુમાનજી પહોંચી ગયા. તેમને દેખીને કૃત્યાઓને ધીરજ રહી નહીં અને ભાગવા લાગી. ૪૭. ત્યારે અંજનીપુત્રે પડકારીને કહ્યું, 'ઊભી રહો ! તમારા કૃત્યનું ફળ હું આપું છું. આજ તમને કોઈને હું જીવતી છોડવાનો નથી. '. ૪૮. તમે બધી મનમાં એક નિશ્ચય કરો. અને આજ મારું પરાક્રમ દેખો. આટલું કહીને તેમણે તે સમયે જોરથી કૃત્યાના માથાના વાળ પકડ્યા. ૪૯. બળપૂર્વક પગની પાટુંઓ મારીને જમીનમાં દબાવી દીધી. ત્યારે કૃત્યાએ હાથ જોડ્યા અને દીનઆધીન થઈને બોલી 'અમે આપના કરોડો અપરાધ કર્યા છે.

હે મહાવીર ! આપ અમને છોડી દો. હવે પછી ક્યારેય આ બાળકનું અમે લગારેક નામ પણ નહીં લઈએ. ૫૦-૫૧. ફરીવાર આ ઠેકાણે અમે ક્યારેય આવશું નહીં. અને આ બાળકનું નામ પણ લઈશું નહીં. અમને છોડી દો, પગે લાગીને કહીએ છીએ. ૫૨. અમે ક્યારેય નજરે ચડીશું નહીં. અમે ભાગીને દૂર રહીશું. અમારા અપરાધને આપ માફ કરો. ' આવું બહુ કરગરી ત્યારે હનુમાનજીએ કૃત્યાને છોડી દીધી. ૫૩. વૈતરી અને કોટરા ઈત્યાદિક જે બાલગ્રહ કહેવાય છે તે કૃત્યાનો ગણ (ટોળું) આવ્યો હતો. તે બધો ભયનો માર્યો ભાગવા લાગ્યો. ૫૪.

અસુરની દુઃખરૂપ જે દશા થઈ તે તેણે કાળીદત્તને ચુપચાપ સંભળાવી. પછી તેણે એમ કહ્યું કે, આ બાળકનો નાશ થઈ શકે તેમ નથી. અમને તો તે બહુ સમર્થ જણાયા છે. ૫૫. આ બાલ શ્રીહરિ અસુરમાત્રનો નાશ કરશે. તેમાં કોઈ સંદેહ નથી. આટલી વાત થઈ ત્યાં તો મહાવીર હનુમાનજી બાલ શ્રીહરિને લઈને ભક્તિ ધર્મને ઘેર પહોંચ્યા. હનુમાનજીના મનમાં ઘણો જ ઉત્સાહ છાયો હતો. તેમણે ભક્તિમાતાના હાથમાં બાલસ્વરૂપ શ્રીહરિને આપ્યા. તેથી તે દંપતી-ભક્તિધર્મ ખૂબ જ પ્રસન્ન થયા. ૫૬-૫૭. ભક્તિમાતાએ કહ્યું, મહાવીર ! તમે સાંભળો. તમે અમારી ઘણી મોટી પીડા

ટાળી છે. આ પુત્રની તો અમને આશા જ રહી નહોતી. તમે તેને નવે જન્મે લાવ્યા છો. ૫૮. તમને અમે અત્યારે શું આપીએ ? તમે અમને ઘણી જ સહાય કરો છો. તમે અમારા સમર્થ કુળદેવ છો, અમે તમને વારંવાર વંદન કરીએ છીએ, આવતી કાળી ચૌદશને દિવસ અમે તમારી મહાપૂજા કરશું. તમને અમે અમારા કુળદેવ જાણીને ખૂબ જ મનમાં હરખ રાખીને ઉત્સવ કરશું. ૫૯-૬૦.

### ✵ હનુમાનજીએ ધર્મ-ભક્તિને શ્રીહરિનો મહિમા કહ્યો :

ત્યારે હનુમાનજી બોલ્યા, ભક્તિમાતા, આપ સાંભળો. **આપના આ પુત્ર અપાર સમર્થ છે. તે પ્રાકૃત મનુષ્ય નથી. એમ નક્કી કરી રાખજો. ૬૧. હું આપને જે કહું છું તેનો તમે નિશ્ચય કરીને સમજી રાખજો. આપના આ બાલપુત્ર સ્વયં ભગવાન છે અને અક્ષરધામના ધામી, બહુનામી શ્રીકૃષ્ણ છે. ૬૨.** આ વખતે મહારાજાધિરાજ પ્રભુ મુમુક્ષુજનોનું કલ્યાણ કરવા, ધર્મની રક્ષા કરવા અને આપના ઉપર અપાર દયા કરીને સુખ આપવા માટે જ પધાર્યા છે. ૬૩. આ શ્રીહરિ આપ ધર્મ અને ભક્તિને અપાર પુષ્ટ કરશે અને જ્ઞાન તથા વૈરાગ્ય આદિ જેટલા આપના વંશ કહેવાય છે,૬૪. તે બધાની વૃદ્ધિ (પુષ્ટિ) કરશે. અસુરોનો વિનાશ કરશે. અને શરણાગતરક્ષક પ્રભુ મારો મહિમા પણ વધારશે. ૬૫. તમે મારી વાતને મનમાં ધારી રાખો, આ બાલહરિ અલૌકિક છે. અપાર લોકોનું હિત (કલ્યાણ) કરશે. અને ભયમાત્રને ટાળી નાખશે.'૬૬. આટલું બોલીને મહાવીર હનુમાનજી મૌન થઈ ગયા. તેમની બધી જ પીડા ટાળી દીધી. અને પછી તુરંત તેઓ અદૃશ્ય થઈ ગયા. ૬૭. પ્રેમવતી ભક્તિમાતાએ તે બધું જોયું-અનુભવ્યું. હૃદયમાં અતિશય આશ્ચર્ય થયું. આ ઘટનાને અલૌકિક સમજીને તેઓ આનંદમાં રહેવા લાગ્યા. ૬૮.

***ઇતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના પ્રથમ પૂરમાં 'શ્રીહરિ જન્મોત્સવ, શ્રીહરિના નાશ માટે કાલિદત્તે મોકલેલ કૃત્યાઓ અને મહાવીર હનુમાનજીએ તે કૃત્યાઓનો પરાભવ કર્યો' એ નામે ઓગણ ચાલીશમો તરંગ સમાપ્ત ॥૩૯॥***

## પૂર પહેલું : તરંગ - ૪૦

### શ્રીહરિના નામકરણ સંસ્કાર તથા ગુણકથન

શ્રીહરિના જન્મની કથા સાંભળીને ઉત્તમ નૃપ બોલ્યા, હે મુનિવર મુક્તાનંદસ્વામી ! બાલપ્રભુનું ક્યા ઋષિએ નામ પાડ્યું ? આપ કૃપા કરીને મને તે કહો. ૧. જન્મના લગ્નને જોઈને પ્રભુની બાબતમાં તે ઋષિએ શું કહ્યું ? હે મુનિ, તે બધી વાત મને કહો. હવે હું તે જ સાંભળવા ચાહું છું. ૨. ઉત્તમરાજાનો અનુપમ પ્રશ્ન સાંભળીને શ્રીમુક્તાનંદસ્વામી ઘણું રાજી થયા. પછી તેના ઉત્તરના રૂપમાં શ્રીહરિના રસરૂપ ચરિત્ર તેમણે કહ્યા. ૩.

મુનિવર્ય શ્રીમુક્તાનંદસ્વામીએ ઉત્તમનૃપને કહ્યું, જે ચરિત્ર પ્રેમીજનને જીવનરૂપ છે તે રહસ્યરૂપ શ્રીહરિના ચરિત્ર તમે પૂછ્યા છે. ૪. શ્રીહરિ બાલસ્વરૂપ હતા. તે દિન પ્રતિદિન બાલચંદ્રમાની જેમ અનુપમ રીતે વધવા લાગ્યા. એક સમયે જે વર્ણીના સમાન વેશવાળા માર્કંડેય નામે ઋષિ હતા, તે તપના અને સુખના પરમધામ રૂપ હતા. ૫. દયાળુ મુનિવરે કરુણા કરી. અને તે કૃપાળુ ધર્મદેવને ઘેર પધાર્યા. ધર્મદેવે તેમનું અત્યંત સન્માન કર્યું. પછી વિધિ પ્રમાણે તેમની પૂજા કરી. ૬. ધર્મદેવ માર્કંડેય ઋષિને પરમ ઉદાર અત્યંત ચતુર અને ત્રિકાળદર્શી જ્યોતિષી છે એમ જાણ્યા. પછી પ્રેમથી પ્રાર્થના કરી. ૭.

મુનિને હાથ જોડીને વિનંતિ કરતાં તેઓ બોલ્યા, આપ આ સ્થળે ભલે પધાર્યા. આવ્યા તે બહુ સારું થયું. મારો લાલ-બાળપુત્ર અમારી જીવનદોરી છે. તે હવે 'નામકરણ સંસ્કારને યોગ્ય થયો છે. ૮. જો કે આપ ઋષિ છો. અપાર શિષ્યો સાથે છે. આપ જ્યોતિષ શાસ્ત્રને ભણાવતા હોવ તેમ જણાય છે. આપ અહીં ક્યાંથી પધાર્યા છો ? અને આપનું નામ શું છે ? તે અમને કહો. ૯. આપ કયા સિદ્ધાંતના ગ્રંથોને ભણ્યા છો ? તે કૃપા કરીને અમને કહો. ત્યારે તે ઋષિ બોલ્યા, હે ધર્મદેવ ! હું કહું છું. તેને તમે સાંભળો, અમે તીર્થાટન (તીર્થયાત્રા) કરતાં કરતાં અહીં આવ્યા છીએ. મારું નામ માર્કંડેય ઋષિ છે. વેદો, પુરાણો અને જ્યોતિષના જે ગ્રંથ છે તેને હું ભણ્યો છું. ૧૦-

૧૧. મારી સાથે જે આ મારા શિષ્યો છે તે પણ વેદોને અને પુરાણોને ભણે છે અને કેટલાક તો જેટલી જ્યોતિષ વિદ્યા છે તે સંપૂર્ણ ભણેલા છે. ૧૨.

ધર્મદેવ તે વાતને સાંભળીને મનમાં રાજી થયા. પરમાત્માની કૃપાથી જ આપ અહીંયા પધાર્યા છો. ૧૩. ધર્મદેવે હાથ જોડીને કહ્યું, આપ મારા પુત્રનું નામ પાડો. આપના સમાન અન્ય કોઈને લગ્નનું જ્ઞાન નથી. આપ તો નિષ્કામધર્મને પાળનારા ત્રિકાલજ્ઞાની છો. ૧૪. તે સાંભળીને માર્કંડેય ઋષિના મનમાં આનંદ થયો. મંગલકાર્યનો બધો સામાન મંગાવ્યો. બાલહરિ જગદ્વંદ્ય છે એમ જાણીને તે સમયે વિવિધ પ્રકારના વાજિંત્ર વગડાવ્યા. ૧૫. કેળના સ્તંભ રોપાવીને મંગલમય મંડપ કરાવ્યો. ધૂપ અને દીપ કરાવ્યા. પછી પોતે રમણીય ટીપણું (પંચાંગપત્ર) હાથમાં લઈને બેઠા. ૧૬. ઋષિની સાથે જે શિષ્યો હતા, તે બધા સામવેદનું ગાન કરવા લાગ્યા. સ્ત્રીઓ મળીને મંગળગીત ગાવા લાગી. ધર્મનો લાલ શ્રીહરિ તે સાંભળીને હરખાતા હતા. ૧૭. શ્રીહરિના નામકરણ સંસ્કારને સાંભળવા માટે બધા દેવતાઓ ભેટપૂજાની સામગ્રી લઈને આવ્યા. સુંદર પ્રકારના વિમાનોમાં તેઓ બેઠા હતા અને અપ્સરાઓ નૃત્યની સાથે ગાન કરતી હતી. ૧૮.

ઋષિએ પહેલા તો વર્તમાન યુગનો વિચાર કર્યો. પછી સંવત્સર (વરસ) ઉપર દૃષ્ટિ કરી, ત્યાર પછી મહિનો જોયો અને પક્ષનો (પખવાડિયું) વિચાર પણ કર્યો. ૧૯. તે પછી તિથિ, વાર, ચોઘડિયું, ઘડી, પલ, વિપલ, નક્ષત્ર, યોગ અને કરણ વગેરેનો વિચાર કરીને તેના ઉપર દૃષ્ટિ રાખી. ૨૦. સંક્રાંતિ વિચારી, ગ્રહોની અનિષ્ટતા અને બલિષ્ઠતાને પણ દેખી. જેટલા વર્ગ વૈર કહેવાય છે તે બધાનો મનમાં વિચાર કર્યો. ૨૧. ગ્રહોની શાંતિ કરાવવા માટે તે નિમિત્તે બ્રાહ્મણોને બેસાડ્યા હતા. બધા વિધિ કરીને જન્મકુંડળી લાવ્યા. તે ઋષિના હાથમાં અપાવી. ૨૨. જેટલા યોગ કહેવાય છે. તેટલા જન્માક્ષર કરી લાવ્યા. પછી બોલ્યા, હે ધર્મદેવ ! આ જાતક તો અનંત ગુણોના સાગર છે અને બધા યોગોથી પર છે. ૨૩.

આના યથાર્થ ગુણ કહેવાને કોઈ સમર્થ નથી, જેની જેવી બુદ્ધિ હોય તે તે રીતે ગુણ સામર્થ્ય લખશે. આ ઋષિઓએ આપના પુત્રના યોગ

જોયા તો તે બધા જ યોગ અપારના અપાર જ આવ્યા છે. **એમ બોલતા થકા જ્યારે બાલપ્રભુના ચરણોમાં ચિહ્ન જોયાં ત્યારે સહુને ઘણું જ આશ્ચર્ય થયું. અન્ય અંગો ઉપર જ્યારે ચિહ્ન નિહાળ્યા ત્યારે ખ્યાલ આવ્યો કે આ જાતક તો મહાઐશ્વર્યને ધારણ કરી રહ્યા છે. ૨૫.** જ્યારે જમણા હાથની હથેળીમાં બધી રેખાઓ જોઈ ત્યારે જણાયું કે એક એક રેખામાં અનંત ઐશ્વર્ય સમાઈને રહ્યાં છે. ૨૬. જન્માક્ષરો વિચાર્યા પછી સોનાની શાહી બનાવીને તેનાથી નવગ્રહોના નામ લખ્યાં અને તેમાં તેને નિર્ધારિત રીતે સ્થાપન કર્યાં. ૨૭. પ્રથમ નિર્ધાર કર્યા પ્રમાણેની જન્મની કુંડળી કરવામાં આવી. પછી દ્વાદશ ભુવનની સાથે રાશિની કુંડળી કરી. ૨૮. જન્મકુંડળી અને રાશિની કુંડળી, બંને ધર્મદેવના હાથમાં આપવામાં આવી. અને કહેવામાં આવ્યું કે આ **તમારા લાલ (બાળપુત્ર) સહુના દુઃખો હરિ લેશે માટે તેનું નામ અમે 'હરિ' રાખીએ છીએ. ૨૯.**

**વળી, કર્ક રાશિ અને સોમવાર જેવા શુભ દિવસે જન્મ થયો હોવાથી પણ આનું 'હરિ' આવું નામ જાણવું. જો કે આના તેમના ગુણોને અનુરૂપ નામ તો અનંત છે. અને ચંદ્રના યોગે કરીને પણ હરિ નામ રાખ્યું છે. તમારા આ પુત્ર તો અનંતસુખોનું ધામ છે. એમાં જે સદ્‌ગુણો છે તેવા તો કોઈ દેવ કે મનુષ્યોમાં સદ્‌ગુણો નથી.** ૩૧. સમગ્ર બ્રહ્માંડોથી પાર આ શ્રીહરિ છે, તેની અકળ કળા કોઈપણ યથાર્થ રીતે કળી શકે તેમ નથી. આ દેખાતાં સર્વે બ્રહ્માંડોનું કારણ પણ આ શ્રીહરિ જ છે. તેના સ્વરૂપમાં જો સ્નેહ કરવામાં આવે તો તેના સ્નેહી આશ્રિતોની આ અભિવૃદ્ધિ કરે છે. ૩૨. આનો જન્મ ચૈત્ર માસમાં છે તેથી તેનું નામ કૃષ્ણ પણ થાય છે. વળી, આનું સ્વરૂપ કૃષ્ણ વર્ણનું છે, તેથી પણ કૃષ્ણ આવું નામ રાખવામાં આવે છે. ૩૩. જે જે લોકો આને દેખશે, તે તે આની મૂર્તિમાં લીન થઈ જશે. પોતાની મૂર્તિમાં લોકોના ચિત્તને જે આકર્ષણ કરે છે, તેનાથી પણ કૃષ્ણ આવું નામ પ્રામાણિક ગણાય છે. ૩૪. **'હરિ'** અને **'કૃષ્ણ'** આવા બે નામ અલગ અલગ છે છતાં તેને કોઈ **'હરિકૃષ્ણ'** આવા એક નામે પણ પ્રેમથી બોલાવશે તો **'હરિકૃષ્ણ'** આવું ત્રીજું નામ પણ થશે. હે ધર્મદેવ ! તમે મનમાં યાદ રાખજો. ૩૫. તપ, ત્યાગ,

યોગ, ધર્મ અને જ્ઞાન, એ પાંચ ગુણ આમાં મુખ્ય રહેશે. અને તેનાથી તે શિવજીના જેવા ગણાશે. તેથી તેનું **'નીલકંઠ'** આવું નામ પણ થાય છે. ૩૬.

આમાં ગુણ **જેવા દેખાશે તથા આનું કામ જેવું દેખાશે તેવા નામ રાખીને લોકો આની કીર્તિ ગાશે. આમાં જેટલા સદ્‌ગુણ અને સત્કર્મ મને દેખાય છે, હે ધર્મદેવ ! તેટલા હું તમારી આગળ કહું છું.** ૩૭. આ તમારા પુત્ર શાસ્ત્ર સાંભળવામાં પૃથુ ભગવાન જેવા થશે. આત્મનિવેદી ભક્તોમાં અંબરીષરાજાના સમાન થશે અને જનકરાજાને તુલ્ય જ્ઞાની થશે, તે દેખીને જગતના લોકો તેની ખૂબ પ્રશંસા કરશે. ૩૮. ત્યાગ અને વૈરાગ્યમાં શુકજીના જેવા થશે. ભગવાનના દાસપણામાં હનુમાનજીના સમાન થશે અને ઈષ્ટદેવમાં એક નિષ્ઠા રાખવામાં પાર્વતીના બરાબર થશે. આવું સર્વ જગત જાણશે. ૩૯. શ્રીકૃષ્ણ ભગવાનની ભક્તિ કરવાના અત્યંત આગ્રહમાં તો આ પ્રહ્લાદના જેવા થશે. તેમજ સમગ્ર શુભગુણોનો સંગ્રહ કરવામાં સાગર જેવા થશે. ૪૦. આત્મજ્ઞાનીઓમાં કર્દમ પુત્ર કપિલ ભગવાનના જેવા થશે. વળી અન્યના દોષ દેખવા નહીં, પણ ગુણ દેખવા, આવી બાબતમાં તો આ તમારા પુત્ર ભગવાન દત્તાત્રેયની તુલ્ય થશે. ૪૧.

***ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના પ્રથમ પૂરમાં 'શ્રીહરિના નામકરણ સંસ્કાર તથા ગુણકથન કર્યું' એ નામે ચાલીશમો તરંગ સમાપ્ત ॥૪૦॥***

## પૂર પહેલું : તરંગ - ૪૧

## ગુણાનુસાર શ્રીહરિના નામ તથા બાલચરિત્ર

માર્કંડેય મુનિવરે ધર્મદેવની આગળ શ્રીહરિના જે બીજા ગુણ કહ્યા તે અત્યંત શુભ છે. ૧. માર્કંડેયે કહ્યું, હે ધર્મદેવ ! આ તમારા પુત્ર શાસ્ત્રમાં ભગવાનની આજ્ઞાને જોઈને તે પ્રમાણે નિર્દોષ મનવાળા થઈને **જડભરત**ની જેમ વર્તન કરશે. ૨. અધર્મ સર્ગને દેખીને તો **યુધિષ્ઠિર**ની જેમ ડરશે. દુઃખી મનુષ્યના હૃદયને દેખીને દાન આપનારામાં તો આ **રંતિદેવ** રાજાના જેવા

ઉદાર થશે. ૩. લોકોને ભગવાનના સ્વરૂપનું જ્ઞાન કરાવવામાં તો **નારદ**ના સમાન થશે. ભગવાનમાં દોષ માનવા (દેખવા) નહીં, તેમાં તો આ **જાનકીજી (સીતા)**ના જેવા થશે. ૪. **માયા અને માયાનું જે કાંઈ કાર્ય છે, તેમાં એક રજ જેટલી પણ કોઈ બાબત આનાથી અજાણી રહેશે નહીં.** લક્ષ્મીજીની જેમ સ્વતંત્ર રીતે શ્રીકૃષ્ણના સ્વરૂપમાં આ તલ્લીન રહેશે. ૫. ભગવાન અને ભગવાનના દ્રોહીની સાથે વર્તન કરવામાં તો અખંડપણે **લક્ષ્મણજી**ના જેવા આ થશે. **માતા જેમ પોતાના બાળકોને માટે સુખરૂપ હોય છે તેમ સમગ્ર જીવપ્રાણી માત્રને માટે આ તમારા પુત્ર સુખકારી થશે. ૬.**

ભગવાનની ચરણરજનું માહાત્મ્ય સમજવામાં તો આ તમારા પુત્ર **અક્રૂર**ના જેવા નિપુણ થશે. ભગવાનના પ્રિયભક્તોમાં તો આ **દ્રૌપદી**ના જેવા થશે. ૭. અંતઃશત્રુઓને જીતવામાં તો આ તમારા પુત્ર **અર્જુન**ના સમાન થશે. શાસ્ત્રીયજ્ઞાનના પ્રશ્ન કરવામાં અને તેના પ્રત્યુત્તર આપવામાં તો આ **બૃહસ્પતિ**ના તુલ્ય થશે. ૮. ધીરજવાળાઓને મધ્યે અતિશય ધૈર્ય ધરવામાં તો માનો **બલિરાજા**ના જેવા થશે, અસુરોને મોહ ઉપજાવવામાં ભગવાન **વામનજી**ના જેવા દેખાશે. ૯. **ધર્મની સૌથી ભારે રક્ષા કરશે. તેના બધા લક્ષણ તો તમે નિહાળી જુઓ ! સામુદ્રિક શાસ્ત્રમાં કહેલા પદ્મ અને અંકુશ આદિ જે જે ચિહ્નો છે તે તે બધા જમણા હાથની હથેળીમાં દેખાય છે. આનું મુખ જોઈને તો કરોડો કામ જેવા પણ ભાગવા લાગે છે. હે ધર્મદેવ ! સ્વસ્તિક અષ્ટકોણ, અંકુશ, ધ્વજ, કમળ, જવ, જાંબુ, વજ્ર અને ઊર્ધ્વરેખા, આ સુખકારી નવ ચિહ્ન જમણા ચરણમાં ધારી રહ્યા છે તેને તમે દેખો. મચ્છ, ત્રિકોણ, કળશ, વ્યોમ, ધનુષ્ય, ગોપદ અને અર્ધચંદ્ર, આ સાત ચિહ્ન ડાબા ચરણમાં શ્રીહરિ ધારી રહ્યા છે. હે ધર્મદેવ ! મનુષ્યોમાં કે દેવોમાં આના સમાન બીજા કોઈ સમર્થ નહીં થાય. ૧૦-૧૩. આપના આ પુત્ર જેનું કોઈપણ શરણ ન હોય તેને શરણે રાખશે અને અભયપદનું દાન કરશે. મોટા-મોટા રાજાઓ પણ આનું સન્માન કરશે. ૧૪.**

આ હરિ અનંત લોકો પાસે કળિયુગમાં પણ સત્યયુગના જેવા નિયમોનું પાલન કરાવશે. આ એવા મહાબળવાન થશે કે તે તો પછીથી તમને જણાશે.

૧૫. જેમ દેવતાઓને, અસુર સંબંધી દુઃખ આવતું ત્યારે વિષ્ણુ મદદ કરતા હતા તેમ તમારા અનંત પ્રકારના દુઃખોને ટાળીને આ હરિ તમારી સહાય કરશે. ૧૬. વિષ્ણુની માફક જ આ તમારા પુત્ર તમને સહાય કરશે. આવા બધા સદ્‌ગુણ તમારા પુત્રમાં રહ્યા છે. આ સિવાયના બીજા પણ અનંત સદ્‌ગુણો આમાં ભર્યા છે. તેને અમે પ્રત્યક્ષ દેખીએ છીએ. ૧૭. **ચિંતામણિ નાનો હોય કે મોટો હોય, બધામાં એક સમાન જ ગુણ રહ્યા હોય છે. જેવું પાત્ર તેવા ગુણ જણાય પણ મોટા મણિમાં અધિક ગુણ અને નાના મણિમાં ન્યૂન ગુણ હોય એવું હોતું નથી. તેમ તમારા આ પુત્રમાં નાનપણથી જ બધા ગુણો અને સામર્થ્ય રહ્યું છે. એમ તમે જાણો. ૧૮. શ્રીહરિ તો સદા નિર્દોષ જ છે. પણ જેમ સ્વાતિ નક્ષત્રમાં વરસાદના જે બિંદુ પડે છે તેને જેવું પાત્ર સ્વીકારે છે તેવા ગુણ તેમાં દેખાય છે. બિંદુમાં ભેદ નથી પરંતુ તેને ગ્રહણ કરનારા પાત્રમાં ભેદ છે. તેમ જે શ્રીહરિમાં જેવી ભાવના કરશે તેવા તેમાં ગુણ આવશે. ૧૯.** તમારા પુત્રમાં પણ તેવા જ ગુણ છે. જેવું પાત્ર હશે તેવું તેને ફળ મળશે.

માર્કંડેય ઋષિએ જ્યારે આવા વચન કહ્યા ત્યારે તે સાંભળીને ધર્મદેવ ઘણા જ ખુશી થયા. ૨૦. પછી ધર્મદેવે માર્કંડેયને અપાર વસ્ત્ર, ઘરેણાં અને ધન આપ્યું અને જાત જાતનું અનાજ પણ તે સમયે આપ્યું. તેનાથી માર્કંડેય ઘણું રાજી થયા. અને શ્રીહરિના દર્શન થાય આવું વિચારીને બે દિવસ ત્યાં રહ્યા. ૨૧. પછી સુખદાયી માર્કંડેય ઋષિ આશીર્વાદ દઈને ત્યાંથી શિષ્યોની સાથે ચાલ્યા. તે પ્રયાગક્ષેત્રમાં આવ્યા અને ત્યાં પ્રસન્નપણે નિત્ય શ્રીહરિનું માહાત્મ્ય કહેતા હતા. ૨૨. ધર્મ અને ભક્તિ પ્રસન્ન મનથી બાલસ્વરૂપ શ્રીહરિને અનેક રીતે લાડ લડાવતા હતા. આ પ્રમાણે ચાર માસ પૂરા થયા અને પવિત્ર પાંચમો મહિનો બેઠો. ત્યારે સારો શુભ દિવસ જોઈને ધર્મ તથા ભક્તિ, બંનેએ મળીને પોતાના પુત્ર શ્રીઘનશ્યામને અત્યંત હેતથી પ્રથમવાર ભૂમિ ઉપર બેસાડ્યા. ૨૪. એક વિપ્રને બોલાવ્યો. અત્યંત પ્રેમભાવથી બેસીને તેણે વરાહે સહિત વસુંધરાની પૂજા કરી. અને સારો ઉત્સવ કર્યો. ૨૫. બ્રાહ્મણોને જમાડ્યા. મંગળમય વાંજિત્ર વગડાવ્યા. ભાવથી વધામણી કરી અને ચોતરફ આનંદનું વાતાવરણ છવાઈ ગયું. ૨૬.

તે પછી બાલ ઘનશ્યામને સાતમાસ પૂરા થયા. પછી પૂનમની તિથિ અને ગુરુવાર હતો તે દિવસે અતિશય ઉલ્લાસના વાતાવરણમાં શ્રીઘનશ્યામના કાન વીંધાવ્યા. ૨૭. ઉત્તમ પ્રકારના સોનાના ઘરેણાં અતિશય પ્રેમથી પહેરાવ્યા હતા. તે પછી આસો વદિ બીજને દિવસ થોડું અન્ન ખવડાવીને અન્નપ્રાશનનો સંસ્કાર કર્યો. ૨૮. તે દિવસ અપાર બ્રાહ્મણોને જમાડ્યા. અનુપમ સારો ઉત્સવ કરાવ્યો. પછી શ્રીઘનશ્યામની આગળ ૧-શાસ્ત્ર, ૨-સોનામહોર અને ૩-તલવાર મૂક્યા. ૨૯. તે સમયે સર્વના નાથ ઘનશ્યામે શાસ્ત્ર ઉપર હાથ મૂકીને પોતાની રુચિ દેખાડી. ત્યારે ભક્તિમાતાએ પોતાના પ્યારા લાલાને છાતી સાથે ચાંપીને વિશાળ પ્રેમથી તેને ચુંબન કર્યું. ૩૦. તે સમયે ભક્તિમાતાએ સ્તનપાન કરાવ્યું. તે દિન પ્રતિદિન શ્રીહરિમાં અપાર હેત કરતા હતા. દયાળુ શ્રીહરિ બાળચરિત્ર કરતા હતા અને ચંદ્રની કળાની જેમ વધતા જતા હતા. ૩૧.

જે કોઈપણ નર કે નારી શ્રીઘનશ્યામને દેખતા હતા તેને ઘણો જ પ્રેમ વધતો હતો. માતાપિતા લાલ ઘનશ્યામને એક નિમિષ (મટકું મારે તેટલો) સમય પણ અલગ થવા દેતા નહીં. આખો દિવસ આનંદમાં જ પસાર થતો હતો. ૩૨. જે કોઈપણ મનુષ્ય આવીને બાળલાલને દેખતા હતા તો તેમના મનમાં હર્ષ અત્યંત વધતો હતો. કોઈ વૃદ્ધ હોય, વિદ્વાન્ હોય કે વિદ્યા-કલાકાર હોય, બાળલાલને દેખતાં જ તનભાન ભૂલી જતા હતા. ૩૩. પ્રભુ લોકોને રુચે તેવા ચરિત્ર કરતા હતા. તે રીતે હાથની સાથે હાથને લડાવતા હતા. તે રમત કરવામાં ભાગતા ત્યારે કોઈને હાથ આવતા નહીં. એકે એક માણસને હેત ઉત્પન્ન કરાવતા હતા. ૩૪. માતા, પિતા, બહેન, ભાઈ, કાકા, અને મામા આદિક જે સગાઓ કહેવાય, તે બધા બાલ હરિના ઉપર ખૂબ જ હેત રાખતા હતા અને બીજા મનુષ્યો પણ તે રીતે જ હેત રાખતા હતા. ૩૫. **બાલસ્વરૂપ શ્રીહરિ નરનારી સહુને એટલા પ્યારા લાગતા હતા કે માતા ભક્તિદેવીને પણ ક્યારેક બાલપ્રભુને રમાડવાનું મળતું નહીં. પછી ઘનશ્યામ થોડું થોડું બોલવા લાગ્યા. તોતળી બોલીમાં કાંઈ માગતા હતા. ૩૬. શ્રીઘનશ્યામ જેમ જેમ તોતળી બોલી બોલવા લાગ્યા, તેમ તેમ તે**

**માતાને વધારે પ્યારા લાગવા માંડ્યા અને મુખથી નામ દઈને બોલાવવા લાગ્યા. ૩૭.** તેમાં જે શાણી (ડાહી) સ્ત્રીઓ હતી તે તો ઘણું સારું બોલતા શીખવતી, હાસ્ય વિનોદ કરીને રમાડતી અને પ્યાર કરીને સાકર નાખેલું દૂધ પીવડાવતી હતી. ૩૮. તે સ્ત્રીઓ ખૂબ જ પ્રેમભાવથી ભગવાનને જાત-જાતના પકવાન જમાડતી હતી અને શ્રીહરિ પણ પુરના લોકોને રાજી રાખવા માટે તે પકવાનને જમતા હતા. ૩૯. નિપુણ સ્ત્રીઓ બાળલાલને ધીરે ધીરે ચાલતા શીખવતી હતી. દયાળુ શ્રીહરિ ડગલેને પગલે પડી જતા, છતાં ઊભા થઈને ચાલવા લાગતા હતા. ૪૦.

બાલ ઘનશ્યામ જ્યારે ત્યાં નીકળેલા સર્પને કે અગ્નિને દેખતા ત્યારે તેને પકડવા દોડતા. તે જોઈને માતા ભક્તિદેવી અને પિતા ધર્મદેવ તેને પરાણે રોકતા, એટલે તેઓ ખૂબ રડવા લાગતા હતા. ૪૧. પછી તેમને ફોસલાવીને છાના રાખતા અને તે પછી તેમને હસાવવા જાતે રમાડતા હતા. ભક્તજનોના હિત માટે પ્રભુ અનંત અને અપાર બાળક્રીડા કરતા હતા, કે જેનો વર્ણન કરતા પાર આવે નહીં. ૪૨. બાળલાલ રીસ (ગુસ્સો) કરીને રડે, પળ પળવારમાં પડે, છતાં તેમની સર્વે લીલા અકળ જ રહેતી. ભાવિકજનના જેવા મનોરથ હોય, પ્રભુ તેવી સુખદાયી લીલા કરતા. ૪૩.

**અંતર્યામી પ્રભુ બધી જ વાતોને જાણતા હોય છે. જ્યારે જેવો સમય હોય ત્યારે તેવી લીલા કરતા. એમને જેવા ચરિત્ર કરતા આવડે, તેવા બીજાને લેશમાત્ર પણ આવડે નહીં. ૪૪. આ પ્રભુ જે જે ચરિત્ર કરે તે તે બધા ગુણાતીત અને દિવ્ય હોય છે. તેમાંથી એકાદ ચરિત્રને પણ જો હૃદયમાં યાદ કરી રાખે તો તેને અષ્ટ આવરણથી પાર દિવ્ય અક્ષરધામમાં પહોંચાડી દે છે. ૪૫. નરક જેવા દુઃખમાં પડેલો કોઈ મનુષ્ય જો તે ચરિત્રને સંભારે છે તો તત્કાળ તે દુઃખથી તેનો ઉદ્ધાર થાય છે. મનુષ્ય જે યોનિમાં જાય ત્યાં પણ એક શ્રીહરિના ચરિત્રને જ યાદ કરવા જોઈએ. ૪૬.** ગમે તેવું કઠોર (વિકટ) બંધન હોય તો પણ તે હરિચરિત્રના સ્મરણથી તત્કાળ તૂટી જાય છે. આવો અપાર લાભ ચરિત્રોને સંભારવામાં છે, પણ તેનાં માહાત્મ્યની ગમાર લોકોને ખબર પડતી નથી. ૪૭. ગમાર મનુષ્ય કદાચ હરિની સાથે રહેતો

હોય તો પણ ક્યારેય તેનો ઉદ્ધાર થતો નથી. કારણ કે તે સાધનનો મહિમા વધારે માને છે પણ શ્રીહરિના મહિમાને તેવા વધારે માનતો નથી. ૪૮.

### ✻ શ્રીહરિનાં વચનની સર્વોપરિતા :

અથવા તો શ્રીહરિના મહિમાની ઓથે ધર્મનો ત્યાગ કરે, કાં તો ધર્મના મહિમાની ઓથ લઈને અધર્મમાં ચાલે, તે બંને અધર્મી છે એમ માનવું. ૪૯. ધર્મ બે પ્રકારના છે. એક શુદ્ધ અને બીજો મલિન, તેમાં ભગવાનનો ભક્ત તો ક્યારેય મલિનધર્મમાં ન ચાલે પણ તે તો શુદ્ધધર્મમાં જ ચાલે. ૫૦.

**सोरठा : भगवान कुं रखी मुख, जो जो चले धर्म महिं;**
**सो पावे अति सुख, दुख को जामें न लेश कबहु...५१**
**हरि की मर्जि न होय, धर्म में सुख कहे कोटि कर;**
**हरिजन दुखमय जोय, अविचल सुख हरि वचन ग्रहत...५२**

ભગવાનને મુખ્ય રાખીને જે જે ધર્મમાં ચાલે, તે અતિશય સુખને પામે છે. તેને ક્યારેય લેશમાત્ર પણ દુઃખ આવતું નથી. ૫૧. શ્રીહરિની મરજી ન હોય તેવા ધર્મમાં કરોડવાર ચાલવાથી પણ તેનાથી સુખ ન આવે. માટે પ્રગટ હરિના વચન વિના સર્વને દુઃખમય જોઈને એક શ્રીહરિના વચનને પ્રામાણિક રીતે સ્વીકારવું. ૫૨.

**हरि के वचन होय दुख अतंता, सो अंत्ये अति सुख करंता;**
**हरि वचन विन सुख होय कोटि, तामें आपदा आवहि मोटि...५३**

હરિનું વચન પાળતા કદાચ ઝાઝું દુઃખ દેખાતું હોય તો પણ અંતે જાતાં તો તે અત્યંત સુખકારી થાય છે. અને હરિના આજ્ઞાવચન સિવાયનું સુખ કદાચ કરોડગણું સારું હોય તોપણ અંતે તો તેમાં મોટી આપત્તિ આવે છે. ૫૩. ભગવાનના ભક્તને તેમના વચનમાં રહેવું એ જ સિદ્ધાંત છે અને તેને લીધે જ તે સહુથી અધિક ગણાય છે. ભક્ત ભગવાનના વચનમાં જ પરથી પણ પર અર્થાત્ સર્વોપરી સુખને માને છે. ૫૪. જે ભગવાનથી વિમુખ છે તેને હરિવચનમાં રહેવું તે વાત ક્યારેય રુચતી નથી. તેથી તે બધા કાયમ ભગવાનથી વિમુખ જ રહે છે. ભગવાન વિના કદાચ અપાર

સુખ મળતું હોય તોપણ તેને ભગવાનનો ભક્ત સારું માનતો નથી. ૫૫. ભગવાનના વચન સિવાયના પાતાળથી લઈને પ્રકૃતિ-પુરુષ સુધીના સર્વે સુખ છે તે સ્વપ્નના જેવા તુચ્છ અને ક્ષણિક છે. તે સુખમાં ભગવાનનો ભક્ત ભૂલો પડતો નથી. ૫૬.

હવે ફરીને શ્રીહરિના ચરિત્ર કહું છું. ચરિત્ર સાંભળવાથી બુદ્ધિ એક સરખી રહે છે. બાલ ઘનશ્યામને જ્યારે ઘરનો ઉંબરો ઓળંગવો હોય ત્યારે તેના ઉપર ચઢતાં ઘણી વખત ગલોટિયું ખાઈ પડી જતા હતા. ૫૭. બાલપ્રભુ ઘરમાં ગોઠણભર ચાલતા, તો ક્યારેક ગોઠણને ટેકો દઈને ઊભા રહેતા હતા, સહુથી પાર મહાપુરુષ અને તેથી પાર અક્ષરબ્રહ્મથી પણ શ્રીહરિ અપાર સમર્થ છે. છતાં તેઓ લીલા કરીને અસમર્થતા દેખાડતા હતા. ૫૮. જેટલા દેવ અને અસુર કહેવાય છે. ભૂત, પ્રેત, દનુજ, દૈત્ય, રાક્ષસ, રાક્ષસીઓ, યક્ષ વગેરે પણ તેટલા જ કહેવાય છે, તે બધા જેના ભયથી થર થર ધ્રૂજતા હોય છે. ૫૯.

અનંત બ્રહ્માંડોના જે ભોગ છે તે બધાને કાળ એક પલકવારમાં જ ગળી જાય છે. અને જે અનંત બ્રહ્માંડ કહેવાય છે તે બધા કાળનો એક ગ્રાસ (કોળિયો) જ થાય છે. ૬૦. **આવો કાળ જે મહાન્ કહેવાય છે તે પણ શ્રીહરિથી થર-થર કંપે છે. આવા ધર્મના લાલ બાલસ્વરૂપ શ્રીહરિ બાલચરિત્ર કરતાં હતા. ૬૧. તે ચરિત્ર અત્યંત આશ્ચર્યરૂપ છે અને પરમ અનુપમ છે, તે હું તમારી આગળ કહું છું. ક્યારેક ઘણું (કોટિગણું) દુઃખ પડે તોપણ તે બાલપ્રભુ હાસ્ય વિનોદ કરતા રહેતા. ૬૨.** ક્યારેય રડે નહીં. સદા પ્રસન્ન હોય, હરખ સાથે મીઠાં મીઠાં વચન જ બોલતા. ૬૩. દૂધ સાકર ક્યારેક પીવે, ક્યારેક ન પીવે, અણઇચ્છાએ માગી પણ લેતા. ખાવાનું, વસ્ત્ર અને ઘરેણાંનો મનથી ત્યાગ રાખતા. ૬૪. ટાઢ, તડકો કે વરસાદ અને મચ્છર-ડાંસનો મનમાં ડર રાખતાં જ નહીં. એવા ગુણો તેમનામાં સહજભાવે રહેતા અને વિષમ દુઃખ-સુખને પણ સહી લેતા. ૬૫. તેમની અપાર સુશીલતાને દેખીને માતાપિતા આશ્ચર્ય માનતા. અને ક્યારેક કોઈ મહાન્ ગુણ દેખાય ત્યારે આ કોઈ જગતનું કારણ તત્ત્વ છે એવું જાણતા અને સહુને કહેતા. ૬૬.

*ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના પ્રથમ પૂરમાં 'ગુણાનુસાર શ્રીહરિના નામ તથા બાલચરિત્ર કહ્યા' એ નામે એકતાલિશમો તરંગ સમાપ્ત ॥૪૧॥*

## પૂર પહેલું : તરંગ - ૪૨

## શ્રીહરિના ચૌલ સંસ્કાર, કાળીદત્તનો કોપ

શ્રીમુક્તાનંદ સ્વામી, ફરીવાર આગળના શ્રીહરિના બાળચરિત્રોને કહેવા લાગ્યા. હરિભક્તોનું હિત ચાહનારા ઉત્તમરાજા તે ચરિત્રરૂપી રસને પ્રેમથી પીવા લાગ્યા. ૧. બાળક્રીડા કરતા શ્રીહરિ એક વરસના થઈ ગયા. હવે શ્રીહરિના મોટાભાઈ શ્રીરામપ્રતાપજીની વાત કહું છું. ૨.

**✽ રામપ્રતાપજીના લગ્ન :**

ધર્મદેવના મોટા પુત્ર શ્રીરામપ્રતાપજી અદ્‌ભુત શુભગુણ સંપન્ન હતા. હવે ધર્મદેવે તેમના વિવાહનું કાર્ય આરંભ્યું. ૩. મંગલ સમાચાર લખી લખીને સર્વે સંબંધીજનોને બોલાવ્યા. તે બધા ઘોડા અને હાથી ઉપર બેસીને ધર્મદેવને ઘેર આવ્યા. તેથી અતિશય ભીડ થઈ. ૪. તેમને માટે દેરા, તંબુ, ચંદની અને મ્યાનાં લાવવામાં આવ્યા અને અપાર વાજિંત્રો પણ લાવ્યા. ડંકા અને સોનેરી નિશાન પણ લાવ્યા. તે બધાથી શોભાનો કોઈ પાર રહ્યો નહીં. ૫. છપૈયાથી પશ્ચિમ દિશામાં બાર કોશ જેટલું દૂર તરગામ નામે એક ગામ છે. ધર્મદેવ પોતાના પુત્ર રામપ્રતાપજીની જાન લઈને ત્યાં આવ્યા. ૬. તે તરગામમાં સારા જમીનદાર અને સર્વોત્તમ સરવરિયા બળદેવ દુબે (દ્વિવેદી) નામે વિપ્રવર રહેતા હતા. તેને સારા સુખી લક્ષ્મીપ્રસાદ નામે એક પુત્ર હતા અને સુવાસિની નામે એક પુત્રી હતી. તે પુત્રીની સાથે રામપ્રતાપજીના વિવાહ કર્યા. ૭-૮.

સુવાસિનીબાઈ ઘણા આત્મબળવાળા અને ભક્તિમાતાના જેવા ધર્મનિષ્ઠ હતા. રામપ્રતાપ પરણીને ઘેર આવ્યા તે પ્રસંગે ધર્મદેવે ઘણા જ બ્રાહ્મણોને જમાડ્યા. ૯. વિપ્રોને અપાર દાન દીધાં. જે કહે પાર આવે એમ

નથી. ભક્તિમાતાએ સુવાસિનીબાઈમાં સદ્‌ગુણ જોયા એટલે તેમના અતિ વખાણ કરવા લાગ્યા. ૧૦. સુવાસિનીબાઈ ભક્તિમાતા તથા ધર્મપિતાને પ્રસન્ન કરવા માટે અત્યંત ભાવથી તેમની સેવા કરવા લાગ્યા. જગતમાં જે કાંઈ સદ્‌ગુણો કહેવાય છે તે બધા ગુણ સુવાસિનીબાઈના કોઈ એક ગુણ જેટલા પણ કહી શકાય નહીં. ૧૧. તેમને ભક્તિમાતા અને ધર્મપિતામાં દેવબુદ્ધિ હતી. તેમના ગુણોને કહેવાથી કોઈ પાર આવતો નથી. માનવ સમાજમાં સદ્‌ગુણવાળી નારીઓ ઘણી થઈ છે, પણ સુવાસિનીબાઈની રીત તો તે સહુથી ન્યારી છે. ૧૨.

**પૂર્વે રૈવતનામે રાજા હતા. તેની પુત્રીનું નામ રેવતી હતું. તેમાં જે કાંઈ ગુણ હતા તેનાથી સુવાસિનીબાઈમાં સદ્‌ગુણ વધારે હતા. ૧૩. ઈશ્વરની ભાવનાથી તેઓ પતિની સેવા કરતા. સદા પ્રસન્ન મનવાળા જ રહેતા. કદાચ ક્યારેક પતિ થોડા ખીજાઈ જાય તો પણ તેઓ મનમાં શાંત રહેતા. ૧૪. સુવાસિનીબાઈ પતિ નારાજ થાય આવું કામ ક્યારેય કરતા નહીં.** અને કોઈ કુટિલ (છળ-કપટવાળા) સ્વભાવની નારી દેખાય તો તેના સંગનો તરત ત્યાગ કરતાં. ૧૫. તેઓ જગતને પાવન કરે એવા શ્રીહરિના ચરિત્રની વાતો કહેતા કે જે વાતો પરમરસથી પણ પવિત્ર હતી અને ભક્તિરસના રસિક ભક્તો જેને પ્રેમથી સાંભળવા ચાહતા હતા. ૧૬. ધર્મદેવના લાલ શ્રીહરિને જ્યારે બીજું વરસ બેઠું ત્યારે મહાચતુર ધર્મદેવ અને ભક્તિએ આનંદભર્યા ઉત્સવનો આરંભ કર્યો. ૧૭. પોતાના પુત્રના ક્ષેમ અને કુશળને માટે અનેક પ્રકારના વાજિંત્ર વગડાવ્યા. જેટલા જેટલા દેવતાઓ અને ઋષિઓ કહેવાતા હતા તે તે બધાની આદરથી પૂજા કરવાની શરૂઆત કરી. ૧૮.

પુત્રનું હિત કરનારા જે હનુમાનજી તેમની પૂજા કરી. તે સિવાય બલિરાજા, વ્યાસ, કૃપાચાર્ય, અશ્વત્થામા, વિભીષણ, માર્કંડેય અને પરશુરામ, આ આઠ ચિરંજીવીઓનું પૂજન પણ વિવિધ પ્રકારના ષોડશોપચાર વિધિથી કરાવ્યું અને ભાત-ભાતના ભોજનો તૈયાર કરાવીને બ્રાહ્મણોને તથા ભગવાનના ભક્તોને જમાડ્યા. ૧૯-૨૦. અનેક પ્રકારની દક્ષિણા બ્રાહ્મણોને આપી તેથી વિપ્રો જય જયકાર કરવા લાગ્યા. સમય સમયના ઉત્સવો મનાવતા

શ્રીહરિ બે વરસના તો થઈ ગયા. ૨૧. શ્રીહરિને ત્રીજું વરસ બેઠું. પછી જ્યારે (સંવત ૧૮૩૯) જેઠ વદી પાંચમની તિથિ આવી ત્યારે માતાપિતાએ જ્યોતિષીને બોલાવ્યા. પોતાના કુલાચાર પ્રમાણે વિધિ કરાવ્યો. ૨૨.

તે દિવસ જન્મના વાળ ઉતરાવ્યા અર્થાત્ ચૌલસંસ્કાર કર્યા. તે નિમિત્તે ઘણો મોટો ઉત્સવ કરાવ્યો. બ્રાહ્મણોને અને ભગવાનના અનંત ભક્તોને આ પ્રસંગે જમાડ્યા. ત્યારે **ભક્તિમાતા ઘણી જાતના કામકાજમાં વ્યસ્ત થઈ ગયા. તેથી પોતાના પુત્ર બાલઘનશ્યામને ભૂલી ગયા. બ્રાહ્મણોને જમાડવાના કામમાં રહેવાથી તેની સ્મૃતિ રહી નહીં.** ઘનશ્યામને બીજાના હાથમાં રમાડવા આપ્યા હતા, પણ તેની પાસેથી બીજા છોકરાઓ લઈ ગયા. ૨૩-૨૪. બાળકો બાલસ્વરૂપ શ્રીહરિને રસાળફળોનો બાગ દેખાડવા લઈ ગયા. જ્યાં સરસ જામફળી, સીતાફળી, ઊંચી નાળિયેરી, દાડમી, આંબા, જાંબુડા, લીંબુડી અને નારંગી વગેરે ફળ ઝાડ તથા દ્રાક્ષ વગેરેના વેલાઓ ઘણા સારા હતા. તેને દેખીને બાળકો તેમાં મશગૂલ થઈ ગયા. ૨૫-૨૬. બાળકોએ બાલપ્રભુને કોઈ એક વૃક્ષ નીચે બેસાડ્યા. બાગમાં પાકીને નીચે ખરેલા ફળ લેવા બધા બાળકો જતા રહ્યા. સૂર્ય અસ્ત થવાની તૈયારીમાં હતો. આવા સમયમાં ત્યાં એક અસુર આવ્યો. ૨૭. તેનું નામ કાળીદત્ત હતું. તે હૃદયથી અત્યંત કુટિલ અને કપટી હતો. તે બદમાસે બાળકનો વેશ લીધો. જેથી 'આ અસુર છે' એમ કોઈ ઓળખી શક્યા નહીં. ૨૮.

કુટિલ મનવાળો કાળીદત્ત બાળક બનીને બાળકો સાથે રમવા લાગ્યો. કૃત્યાને ભગાડી હતી, તે પ્રસંગથી તેના મનમાં રોષ હતો. એટલે તે વેર વાળવા માટે એકાંત સ્થળ (અને યોગ્ય સમય) જોઈને આવ્યો હતો. ૨૯. તે કજાત હતો. મનમાં કપટભર્યું હતું. મોટો ઘાતકી હતો, છતાં ઉપરથી ગરીબ જેવો દેખાતો હતો. ઘણીવાર સુધી બાળકો સાથે રમ્યો પણ પછીથી તેણે પોતાની અપાર માયાને પસારી-ફેલાવી. ૩૦. જ્યારે તેને લાગ આવ્યો ત્યારે તેણે આંખોને ખૂબ જ લાલ લાલ કરી. અંગ વધારીને વિકરાળ થયો. તેણે મોઢું ફાડ્યું, જાણે કાળ આવ્યો ન હોય !૩૧. જીભને અપાર લાંબી કરી. મોઢા બહાર દેખાય એવા દાંત કર્યા. બાળસ્વરૂપ લાલને મારવા આવ્યો હતો તેથી

તેણે પોતાનો વેશ અત્યંત ભયંકર બનાવ્યો. ૩૨. કાળીદત્તને દેખીને બીજા બધા બાળકો ડરી ગયા અને તેથી જ ત્યારે કાંઈ શોર બકોર કરી શક્યા નહીં. બાલસ્વરૂપ હરિને પકડીને તેનો નાશ કરવા માટે તેણે તત્કાળ પોતાના હાથ લાંબા કર્યા. ૩૩.

ત્યારે શ્રીહરિએ તે કપટી અને કુટિલ કાળીદત્તને જોયો. તે અનંત અસુરોનો રાજા છે, એમ માન્યું. પછી રોષભરી વક્રદષ્ટિ કરી તેની સામે જોયું. ૩૪. તે દૃષ્ટિ તેના ઉપર પડતાંની સાથે જ તેનું શરીર બળવા લાગ્યું. તેથી તે અત્યંત ક્રોધિત થયો. અસુરોમાં તે ઘણો જ બળવાન ગણાતો હતો. તેણે આસુરીમાયા ફેલાવી. ૩૫. તેમાં તેણે ઘનઘોર (દલબાદલ) ઘાટાં વાદળાંની ઘટા સરજી. તેથી જોરદાર પવન નીકળ્યો. ભયંકર આંધી ચઢી. રાત અંધારી થઈ ગઈ. વીજળી ફરતી ઝબકારા કરવા લાગી. ૩૬. મેઘ આકાશમાં ચઢીને ગરજવા લાગ્યો. જોરદાર કડાકા થવા લાગ્યા. જાણે બધું આભ તૂટ્યું ન હોય ! ક્યાંય કશું સૂઝતું ન હતું. ૩૭. મોટે મોટે છાંટે મેઘ એક ધારો વરસવા લાગ્યો. જમીન ઉપર પાણીનું પૂર ચાલ્યું. વરસાદ સાથે અપાર પથ્થર પણ પડવા લાગ્યા. ૩૮. ક્રોધ કરીને વરસાદની ઝડિયો પડવા લાગી, વાવાઝોડાથી મોટા મોટા ઝાડ ઊખડી ગયા. તોપ ફૂટતી હોય તેવી આકાશમાં ગર્જનાઓ થતી હતી. ૩૯. અપાર પશુઓ અને પંખીઓ જમીન ઉપર ઢળી પડ્યા. જેનો ગણત્રી કરતાં પાર આવે નહીં. મૃગલાની બધી જાતિઓ બેભાન થઈ ગઈ. ૪૦.

***ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના પ્રથમ પૂરમાં 'શ્રીહરિના ચૌલ સંસ્કાર, કાળીદત્તનો કોપ' એ નામે બેતાલીશમો તરંગ સમાપ્ત ॥૪૨॥***

## પૂર પહેલું : તરંગ - ૪૩

## અસુરકાળીદત્તે પ્રેરેલી માયાથી વાવાઝોડાનું તોફાન

બાલસ્વરૂપ શ્રીહરિના ઉપર અસુરે કોપ કર્યો. તે વાત તે દિવસે જેટલી બની, તેટલી ફરીવાર મુક્તમુનિ કહે છે. ૧. અસુરે મહાન્ ઉત્પાત કર્યો.

વચ્ચે અંધારી રાત આવી. અસુરનો પ્રકોપ જોઈને બાળકો ડરી ગયા, તેથી તે બધા ભાગી ગયા. ૨. બાલ શ્રીહરિને જે ઝાડ નીચે બેસાડ્યા હતા, તે ઝાડ બાળકોને યાદ રહ્યું નહીં. બાળકોના શરીર ધ્રૂજતા હતા. અસુરના કોપથી જોરદાર વરસાદ વરસ્યો. ૩. રાત અત્યંત ઘનઘોર અંધારાથી ભયંકર અને વિકરાળ થઈ ગઈ. અસુર કાળીદત્તે શ્રીહરિના પ્રાણ લેવા માટે જોરદાર માયાને ફેલાવી. ૪. શ્રીહરિ જ્યારે એકાકી થઈ ગયા ત્યારે તે અસુર તેમને ખોળવા લાગ્યો. આંબાના ઝાડ નીચે અનંત બ્રહ્માંડોના રાજા શ્રીહરિ બેઠા હતા તેને અસુરે દેખ્યા. ૫. ત્યારે તે ઊંચે આકાશમાં ઉડ્યો અને ક્રોધ કરીને તે આંબાના ઝાડ ઉપર જેમ હિમાલયનું શિખર પર્ણકુટિ ઉપર પડે, તેમ પડ્યો. ૬.

એ અભાગિયો અસુર એ રીતે પડ્યો કે તેને લીધે તે આખું વૃક્ષ ભાંગી ગયું. પરંતુ બાલસ્વરૂપ શ્રીહરિ તો તે વૃક્ષ નીચે જ બેઠા હતા. તેમનો એક વાળ પણ તૂટ્યો (વાંકો થયો) નહીં. ૭. બળવંત શ્રીહરિ તો નિધડક થઈને ત્યાં બેસી રહ્યા. તેને દેખીને તે અસુર તો અપાર કોપ્યો. જેટલી તેની પાસે માયાશક્તિ હતી તે બધી તેણે પ્રયુક્ત કરી. ૮. શ્રીહરિ તો અસુરને દેખીને હસવા લાગ્યા. તે દેખીને તો અસુરના હૃદયમાં આગ લાગી. ગોવર્ધન પર્વતની નીચે જે રીતે વ્રજવાસીઓની સાથે કૃષ્ણ રહ્યા હતા તે રીતે શ્રીહરિ તે વૃક્ષ નીચે પ્રસન્ન મુદ્રામાં બેસી રહ્યા. ૯. વાયુ, વરસાદ અને વીજળી ખૂબ જોર કરીને છેવટે શાંત થઈ ગયા. નિર્ભય શ્રીહરિ તો અચળપર્વતની જેમ ઘણા પ્રસન્ન ચિત્તે બેસી રહ્યા હતા. ૧૦. તે અસુરનું જ્યારે કાંઈ ચાલ્યું નહીં, ત્યારે તેને ખૂબ જ ક્રોધ આવ્યો. તે દૈત્યરાજ શ્રીહરિને પકડવાનો ઉપાય વિચારવા લાગ્યો. ૧૧.

ત્યારે શ્રીહરિએ તેના તરફ વક્રદૃષ્ટિ કરી. તેથી તે મોહ પામીને જમીન ઉપર ઢળી પડ્યો. અત્યંત વ્યાકુળ થયો, તેથી તેને મૂર્છા આવી ગઈ. અને શરીરની સૂધ-બૂધ રહી નહીં. ૧૨. શરીર ઉપર પહેરેલા વસ્ત્ર નીકળી ગયાં. તે વિહ્વળ થઈ ગયો. શરીરનું ભાન ભૂલી ગયો. પછી પોતાના શરીરમાં ચકરાવો ચઢ્યો. તેથી તે વૃક્ષે-વૃક્ષે ભમીને ભટકાવા લાગ્યો. ૧૩. શરીરમાં જેટલું બળ હોય, તે પ્રમાણે જોરથી ઝાડના થડ સાથે માથું ભટકાવતો હતો. તેને આ રીતનો દેખીને શ્રીહરિ ખડખડાટ હસી રહ્યા હતા. ૧૪.

ઝાડને મૂળમાંથી ઉખાડવા માટે તે દોડીને તેને બાથ ભરતો હતો. તેમાં એક ઝાડ તેના માથે પડ્યું, તેથી તે દબાઈને મરી ગયો. ૧૫. જેમ સાપના કરંડિયાને જોઈને જ્યારે ઉંદર તેને કાપવા લાગે ત્યારે તેના ત્રાસથી બહાર નીકળેલો સર્પ તરત જ તે ઉંદરને મારે છે. તેમ શ્રીહરિને મારવા આવેલો કાલિદત્ત પોતાની માયામાં જ મૃત્યુ પામ્યો. ૧૬. જેમ કોઈ જે ડાળીના ઉપર પોતે બેઠો હોય તેને જ તે કાપે તો તેનું તરત જ મૃત્યુ થાય અથવા જે જાણી જોઈને કૂવે પડે તેનું મોત તો વગર વિલંબે તરત થાય. ૧૭. જેમ કરોળિયો બીજાને ફસાવવા જાળ કરે છે, પણ તે પોતે જ તેમાં ફસાઈને મરે છે. તેમ અસુરે શ્રીહરિને મારવા માયાજાળ કરી પણ તે માયા-જાળમાં પોતે જ ભટકી ભટકીને તરત મરી ગયો. ૧૮. અસુર કાળીદત્ત જ્યારે મર્યો ત્યારે તુરંત જ તે અપાર ઉપદ્રવ શાંત થઈ ગયો. વાયુ, વરસાદ, વીજળી કાંઈ જ રહ્યું નહીં. આકાશ શુદ્ધ થયું તેથી બધા લોકો સુખી થયા. ૧૯.

**તે સમયે ભક્તિમાતાને પોતાના લાલ શ્રીહરિ યાદ આવ્યા. જ્યારે નજીકમાં ક્યાંય ન દેખાયા ત્યારે તેમને ઊંચે અવાજે પોકાર્યા.** ધર્મદેવ અને રામપ્રતાપજી પણ પોકાર કરવા લાગ્યા. ૨૦. જેટલા સગા સંબંધીઓ હતા તે બધા આવીને તરત તેમને મળ્યા. આસપાસના જે પાડોશી હતા તે સર્વે પણ પોકાર સાંભળીને ત્યાં દોડી આવ્યા. ૨૧. ભક્તિમાતા બધી સ્ત્રીઓને પોકારીને કહેતા હતા કે, હે નારીઓ ! તમે મને મારા લાલના સમાચાર આપો. જ્યારે હું કામકાજ કરતી રહી, ત્યારે હું મારા લાલ (બાલ ઘનશ્યામ)ની સંભાળ લેવાનું ભૂલી ગઈ. ૨૨. મારા બાળપુત્રને કોણ જાણે, કોણ લઈ ગયું હશે !!! હવે મને મારા લાલને કોણ દેખાડશે !!! મારા લાલને કોઈ લાવી આપો, તો હું બદલામાં તેને મારા પ્રાણ આપી દઉં એટલું હું તેનું માન રાખું. ૨૩.

હર એક ઘરની પાછળ જેટલા ઝાડ હતા ત્યાં બધે ગામના લોકો બાળહરિને ખોળવા લાગ્યા. લગભગ બધાએ હાથમાં મશાલ લીધી હતી. કોઈ કોઈએ ફાનસ પણ પ્રકટાવીને લીધાં હતા. ૨૪. જે બાળકો લાલને રમવા માટે લઈ ગયા હતા તેઓ મનમાં ત્રાસ પામીને અત્યંત રડવા લાગ્યા. ૨૫. જ્યારે બાળલાલ ન મળ્યા, ત્યારે હવે આપણે ઘેર જઈને શું કહેશું ? આવું

મનમાં વિચારીને તે બધા બાળકો રડવા લાગ્યા. ૨૬. તે બાળકોને દેખીને લોકો તેને કહેવા લાગ્યા કે કોઈએ બાળલાલને દેખ્યા હોય તો કહો. જો લાલ મળી જાય તો તમને સહુને એક-એક વસ્ત્ર આપશું. ૨૭.

બાળકો બધા ડરી ગયા હતા પણ તેમાંથી એક બાળક બોલ્યો, આ બાગમાં આંબાના ઝાડ નીચે મેં દૂરથી બાળલાલને દેખ્યા હતા. ૨૮. તે પછી તો મોતના જેવી આંધી આવી અને મને તે ઝાડનું કશું ભાન રહ્યું નહીં. અને અમે બધા દોડીને ગામમમાં પેસી ગયા. બસ આટલી મને ખબર છે. ૨૯. બાળ ઘનશ્યામની જ્યારે આટલી ખબર મળી, ત્યારે લોકોને થોડોક આનંદ થયો. ધર્મદેવ અને ભક્તિમાતાને તો શરીરની સૂધ જ રહી ન હતી. મૂર્છિત દશામાં જમીન ઉપર પડ્યા હતા અને અત્યંત પીડાતા હતા. ૩૦. કોઈએ જઈને તેમના કાનમાં આ વાત સંભળાવી, ત્યારે તેમને કાંઈ સૂધ આવી. અને પછી તે છોકરાને ફોસલાવી-પટાવીને ઉત્સાહથી તે જગ્યા બતાવવા માટે સાથે લીધો. ૩૧. ધર્મ ભક્તિએ હનુમાનજીની માનતા કરી કે પુત્ર મળ્યા પછી જ અમે અન્ન જળ ખાશું-પીશું. કેટલાક પુરુષોએ તો હાથમાં સજ્જ કરેલા હથિયાર લીધા. અને બધા છપૈયા ગામથી બહાર નીકળ્યા. ૩૨. ભક્તિમાતાના હાથને ટેકો આપવા પકડીને બધી સ્ત્રીઓ પણ પુરુષોની સાથે ચાલી. છપૈયાવાસી બધા લોકોને બાળલાલમાં ઘણું હેત હતું તેથી સહુ હનુમાનજીની સ્તુતિ કરવા લાગ્યા. ૩૩. સહુને હનુમાનજીમાં વિશ્વાસ હતો. તે સિવાય બીજા દેવની તેઓ આશા રાખતા નહીં. કારણ કે હનુમાનજીએ ઘણીવાર કષ્ટોનું નિવારણ કર્યું હતું. તેથી તે સહુને હનુમાનજી ઘણા જ વહાલા હતા. ૩૪.

**હનુમાનજી તો શ્રીહરિને પોતાના સ્વામી માનતા. હનુમાનજી એવું માનતા કે, 'શ્રીહરિની રક્ષા તો ખૂબ જ કાળજી રાખીને કરવી. કેમજે, હું તો શ્રીહરિનો દાસ છું, દાસ વિના (મારા વિના) સેવા-સહાય કોણ કરે ? ૩૫. શ્રીહરિને તો કોઈનો ભય નથી. તેઓ તો કાળના પણ કાળ ગણાય છે. જ્યારે તેઓ મનુષ્યનો ગુણ (મનુષ્યભાવ) સ્વીકારે છે ત્યારે જ સ્વયં મનુષ્યચરિત્ર કરે છે.'** ૩૬. શ્રીહરિના જે જે અને જેટલા મનુષ્યચરિત્ર છે તે બધા ભક્તજનને માટે મોક્ષકારી છે. અભક્તને તો તે ઝેર જેવા જણાય છે.

૩૭. સ્વાતિ નક્ષત્રમાં વરસાદ વરસે ત્યારે તે જળબિંદુને ગ્રહણ કરનાર જેવું યોગ્ય પાત્ર હોય તેવું તેનું ફળ-પરિણામ આવે છે. અને તે પ્રકટ દેખાય છે. તેમ ભગવાનને જે જેવા ભાવથી માને-પૂજે તે તેવા ફળને પામે છે. ૩૮. આવો વિચાર કરતાં કરતાં સર્વે લોકો છપૈયા ગામની બહાર આવ્યા અને જે જગ્યાએ બાલપ્રભુ ઝાડની નીચે બેઠા હતા તેને મનમાં ધારીને ત્યાં ગયા. ૩૯. લોકોએ જોયું કે મોટા મોટા ઝાડ વાવાઝોડાથી ઊખડીને જમીન ઉપર ઢળી ગયા હતા. અને તેના પછડાટથી ઘણા પશુઓ અને પક્ષીઓ પણ મરી ગયા હતા. ૪૦.

***ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના પ્રથમ પૂરમાં 'કાળીદત્તે પ્રેરેલી માયાથી વાવાઝોડનું તોફાન અને તેનો નાશ' એ નામે ત્રેતાલીશમો તરંગ સમાપ્ત ॥૪૩॥***

## પૂર પહેલું : તરંગ - ૪૪

## શ્રીહરિની શોધ-ખોળ, ધર્મ ભક્તિ છપૈયા છોડી અયોધ્યા રહેવા આવ્યા

મુક્તાનંદસ્વામી શ્રીહરિના ચરિત્ર જે આગળ કહેશે, તેને કાનથી જે સાંભળશે, તેને ફરીવાર સંસારમાં આવવું પડતું નથી. ૧. તે બગીચામાં જેટલા ઝાડ હતા તે પ્રત્યેક ઝાડે મનુષ્યો ફેલાઈ ગયા. અને બધા દિલગીર થઈને પાંદડે પાંદડું જોઈ વળ્યા. ૨. માતાપિતા ભક્તિ-ધર્મ બંને ડગલેને પગલે પડતાને આખડતાં ત્યાં આવ્યા. તેમને પુત્ર વિયોગનું દુઃખ એટલું બધું હતું કે જે મુખથી કહી શકાતું નથી. ૩. તે અત્યારે બાલહરિ માતાપિતાથી વિખૂટા પડી ગયા છે. એમ વિયોગનો સમય વિચારીને ધર્મદેવની પૂર્વની શ્રદ્ધા આદિ બાર પત્નીઓ દિવ્યદેહ ધરીને શ્રીહરિની સેવા કરવા આવી પહોંચી. ૪. તે બધી શ્રીહરિને પોતાના પુત્ર માનીને લાડ લડાવવા આવી હતી. તેણે હૃદયમાં ખૂબ જ પ્રેમ લાવીને બાળલાલને ધવડાવ્યા. માતાઓનો અપાર પ્રેમ દેખીને બાળલાલ પણ તે સમયે બાર રૂપે થયા. ૫.

આવે સમયે છપૈયા ગામના લોકો બધા વૃક્ષોને તપાસતાં તપાસતાં જ્યાં બાલહરિને બેસાડ્યા હતા ત્યાં બધા આવી પહોંચ્યા. અને બાળકોએ પણ જે ઝાડ નીચે શ્રીહરિને બેસાડ્યા હતા તે ઝાડ બતાવ્યું. ૬. પણ જે ઝાડની નીચે બાલહરિને બેસાડ્યા હતા તે ઝાડ તો ઊથલીને પડી ગયું હતું. તૂટેલા તે ઝાડને દેખીને સૌના મનમાં અતિશય ત્રાસ થયો. આ ઝાડની નીચે લાલ ક્યાંથી બચ્યા હોય ? ૭. તે બધા મનમાં ઉદાસ થઈ ગયા. ત્રાસભર્યા સહુ ખોળવા લાગ્યા. તે સમયે શ્રદ્ધા આદિ ધર્મદેવની બાર પત્નીઓ બાળલાલને છોડીને ગુપ્તપણે અદૃશ્ય થઈ ગઈ. ૮. દેખતાં દેખતાં સુકુમાર બાળલાલ તે વખતે (સુંદરી) મામીના હાથમાં આવ્યા. તેણે બાળપ્રભુને તરત ભક્તિમાતાના હાથમાં આપી દીધા. પુત્ર મળવાથી ભક્તિમાતા ખૂબ જ પ્રસન્ન થયા. ૯. ભક્તિમાતાએ પોતાના ભાભીને તરત જ કિંમતી મોતીનો હાર આપ્યો. અને બીજા જે સોનાના ઘરેણાં હતા તે બીજા લોકોને પણ એકેક આપ્યાં. ૧૦.

પછી ઘેર આવ્યા અને પ્રત્યેક છોકરાને એકેક સરસ (પાગિયા- પાઘડીના ઘાટની બાંધેલી) ટોપી આપી. પછી માતાએ ઘણા હેતથી બાળલાલને ધવડાવ્યા. માનો તેઓ અત્યારે નવે જન્મે ઘેર આવ્યા હોય ને શું ?૧૧. જ્યારે સહુ ઘેર આવતા હતા ત્યારે એક ઝાડને જોયું, તો ત્યાં એક મરેલો પુરુષ પડ્યો હતો. અત્યંત વિકરાળ તે ભૂંડી રીતે પડ્યો હતો. તેને દેખીને જ લોકો ડરી ગયા હતા. ૧૨. શાંત વાતાવરણમાં જ્યારે છોકરાઓને પૂછ્યું ત્યારે તેમણે જે ઘટના જે રીતે બની હતી તે બધી સંભારી-સંભારીને વિસ્તારથી કહી. ૧૩. બધા જ બાળકોને મારી નાખવાના આશયથી તે આવ્યો હતો, પણ કોણ જાણે શું થયું, એ પાપી પોતે જ મરી ગયો. ૧૪. બાળકોએ જ્યારે આમ કહ્યું ત્યારે બધા લોકોને આશ્ચર્ય થયું. હવે બધા વિઘ્નો ટળી ગયા. આ વખતે પણ હનુમાનજીએ બધાની રક્ષા કરી છે. ૧૫.

તે સમયે ચંદ્રનો પ્રકાશ થયો. આટલી રાત વીતી ગઈ હતી. ગામમાં બધે આનંદ ઉલ્લાસ હતો. સહુ જય જયકાર કરતાં હતા. ૧૬. છપૈયાવાસી લોકો પરસ્પર વાતો કરવા લાગ્યા. હે રાજા, હવે તે વાત હું તમને સાક્ષાત્ કહું છું. 'જે શ્રીકૃષ્ણ છે તે જ આ ધર્મ અને ભક્તિના બાળલાલરૂપે ફરીવાર

પ્રગટ થયા છે. ૧૭. તેના સિવાય અસુરો ક્યારેય મરે નહીં. કદાચ કરોડો લોકો આવે તોયે શું ? તે સમયે જે કાળીદત્ત મર્યો, તેથી માનો બધા જ દૈત્યોનો પાર (નાશ) આવી ગયો છે. ૧૮. અસુર કાળીદત્ત જે મર્યો, તેનાથી બીજા અસુરોનું પણ જાણે મોત થયું હોય તેમ તેનું મન ભાંગી ગયું. હવે તે અસુરોનું બળ નહીં રહે, અને તેથી તે બધા ગરીબ થઈને વર્તશે. ૧૯. સામાન્ય લોકો આવા વિચાર કરતા હતા, પણ બે જ દિવસ પછી અપાર દૈત્યો ચઢી આવ્યા. અને ભક્તિ ધર્મને દુઃખ દેવા લાગ્યા. એક પળવાર પણ સુખેથી રહેવા દેતા નહીં. ૨૦.

પછી શ્રીહરિના માતાપિતા બંને મનમાં વિચારવા લાગ્યા. અહીં છપૈયામાં રહેશું ત્યાં સુધી ઘણાં મોટા વિઘ્ન આવ્યા કરશે. (કુળદેવ) હનુમાનજી કેટલા દુઃખોનું નિવારણ કરશે ! ૨૧. વારે વારે એમને કહીએ, તેનાથી તો તેમને ઘણો જ પરિશ્રમ પડે. માટે હવે આપણે અયોધ્યા રહેવા જઈએ, તો ત્યાં પુત્રનો વિનાશ ન થાય. ૨૨. શ્રીરામચંદ્રજીના તીર્થધામના પ્રતાપથી પાપી અસુરો ત્યાં નહીં આવે. ભક્તિમાતાએ ધર્મદેવને સાચું કહ્યું કે, મારા મનમાં તો અયોધ્યા જવું એ વાત સારી લાગે છે. ૨૩.

આવો વિચાર કરીને બંનેએ અયોધ્યા જવાની તૈયારી કરી. છપૈયામાં અમાપ ઉત્પાત થતાં દેખીને સગા-સબંધી કાંઈ બોલ્યા નહીં. ૨૪. ઘરની સમૃદ્ધિ-ચીજ વસ્તુઓ જે લઈ જઈ શકાય તેવી હતી તે સાથે બધી લીધી. તે સમયે બધા સંબંધીઓ આવ્યા. ૨૫. સહુ સંબંધીઓ મળ્યા. ગામની બહાર આવ્યા. સંબંધીઓએ તેમને ગાડીમાં બેસાડ્યા. પછી તેઓ પાછા વળ્યા. ૨૬. ધર્મદેવની પાસે પુત્ર રામપ્રતાપજી બેઠા અને ભક્તિમાતા આનંદ ઉલ્લાસ સાથે પોતાની પાસે શ્રીઘનશ્યામને લઈને બેઠા. ૨૭. ગાડી ધીરે ધીરે ચલાવીને અયોધ્યાનગરી આવ્યા, જ્યારે સંધ્યા સમય થયો ત્યારે સાંજે સરજૂનદીને કિનારે પહોંચ્યા. ૨૮. ખેવટિયો જ્યારે વહાણ લઈ આવ્યો, ત્યારે તેઓ તેમાં બેસીને સરજૂગંગાને સામે કિનારે પહોંચ્યા. બધો સરસામાન સંભારીને ઉતારી લીધો. અને નિપુણ એવા તેમણે સરજૂની શોભા દેખી. ૨૯. સરજૂનું નિર્મળ અને સુખકારી પાણી દેખ્યું. તેને કિનારે શોભાયમાન કમળની છટા

સરસ હતી. લાલ કમળ અને શ્વેત પોયણાં, વિવિધ પ્રકારના ફૂલો જ્યાં ફૂલી રહ્યા હતા. તે પણ દેખ્યા. ૩૦. ત્યાં સારસ અને હંસ અપાર હતા. જળકુકડાંનો તો પાર જ ન હતો. પંખીઓ પરસ્પર નાદ કરતા હતા. માનો મોટા પંખીઓ નાના પંખીઓને સાદ કરતા હોઈને શું ? ૩૧.

સરજૂ નદીની શોભા અપાર હતી. કિનારાનું પાણી ઘણું હૂંફાળું હતું. ગુલાબ, બકુલ અને હજારીગલના ફૂલ પુષ્કળ હતા તેમજ તુલસીના તો ચોતરફ વનના વન હતાં. ૩૨. ગુલદાવદી, હજારીગલ, કેસરી કણેર, કુંભીપુષ્પ, જાય, જાૂઈ, જાુથિકા, માધવી, મલ્લિકા, માલતી, મોગરો, કેસુડો, કેતકી, નિરમાળી અને સુખરૂપ ગુલછડી, ચંપો, ચમેલી, ચંદ્રમુખી કમળ અને સોમવેલી આદિક ફૂલોનો ક્યાંય પાર આવતો ન હતો. તેની સુખરૂપ સુગંધ મહેકતી. ૩૩-૩૪. પિયાવાસ, પાટલ, જાસૂદ, વસંતમાં સુગંધવાળી બોરસલી, સુગંધી મરવો, આંબાનો સુગંધવાળો મોર તથા ઠેકાણે ઠેકાણે કેવડો મહેંકી રહ્યો હતો. ૩૫. સૂર્યમુખી અને ચંદ્રમુખી ફૂલોની સુગંધ વિશેષ પ્રકારની હતી. હરસિંગાર, તોરાવાળા ગલ અને ડમરો વગેરે ઉપરોક્ત ફૂલોની ઉપર ભમરાના ટોળાને ટોળા ઊડતા રહેતા હતા. ૩૬. ત્યાં અનંત પ્રકારની જાતોના ફૂલ હતા. તેની શોભા એક-એકથી અધિક હતી. તે રીતે જ ફળ પણ અનંત પ્રકારના હતા. તેની શોભા પણ વર્ણવી શકાતી નથી. ૩૭.

બાગો-બગીચાઓ બહુ હતા. ફૂલવાડીઓ પણ અપાર હતી. ત્યાં પોપટ, કોયલ, મોર અને મેનાના મધુર શબ્દધ્વનિ થયા કરતા હતા. ૩૮. સરજૂને કાંઠે પચરંગી અમૂલ્ય મણિના જેવા પથ્થરથી ઠેર ઠેર ઘાટ બાંધેલા હતા. મણિ જડેલા અમાપ પગથિયા હતા, જેનો ગણતા પાર આવતો નહીં. ૩૯. નગરના અપાર લોકો, તેમજ દેશોદેશના સંઘ આવીને સ્નાન કરતા હતા. ત્યાં ધર્મદેવ અને ભક્તિમાતા પણ નહાયા. ૪૦. સ્વયં ભક્તિમાતાએ સરજૂગંગાનું માહાત્મ્ય સમજીને પહેલા શ્રીહરિને ત્યાં સ્નાન કરાવ્યું અને રામપ્રતાપજીએ પણ સ્નાન કર્યું. ૪૧. સ્નાન કરીને વસ્ત્ર પહેર્યા પછી જ્યારે બ્રાહ્મણોનું પૂજન કર્યું અને અનંત પ્રકારના દાન આપ્યા ત્યારે બ્રાહ્મણોએ આશીર્વાદ દીધા. ૪૨.

*ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના પ્રથમ પૂરમાં 'શ્રીહરિની શોધ-ખોળ, ધર્મ ભક્તિ છપૈયા છોડી અયોધ્યા રહેવા આવ્યા' એ નામે ચુંમાળીસમો તરંગ સમાપ્ત ॥૪૪॥*

## પૂર પહેલું : તરંગ - ૪૫

## અયોધ્યાપુરીની શોભાનું વર્ણન

મુક્તાનંદસ્વામી કહે છે, હે રાજા ! હવે અયોધ્યાપુરીની સર્વે અત્યંત અનુપમ વાત કહું છું, તેને તમે બધા સાંભળો. ૧. અયોધ્યાપુરીની પશ્ચિમે સરયૂનદીના પાસેના બંગલામાં લોકો આવીને રહે છે અને સરયૂગંગામાં ગુપ્તઘાટના કિનારે લોકો સ્નાન કરે છે. ૨. સરયૂને કિનારે અપાર દેવમંદિરો શોભી રહ્યા છે. ત્યાં સ્વર્ગદ્વાર આદિ આરાઓ છે, જેનો ગણ્યે પાર આવે તેમ નથી. ૩. સરયૂનદીમાં અનુપમ લક્ષ્મણઘાટ, સીતાઘાટ અને સુંદર મોટો રામઘાટ છે. તેમજ શહેરમાં હનુમાનગઢી નામે હનુમાનજીનું મંદિર છે. ૪. અયોધ્યાપુરીમાં 'રામજન્મસ્થાન' નામે પ્રસિદ્ધ સ્થળ ખૂબ જ સુશોભિત છે. લક્ષ્મણઘાટને નજીક સુગ્રીવટીલા નામે એક પવિત્ર દેવસ્થાન છે. ૫. આ સિવાય બીજા પણ વિવિધ પ્રકારના દેવસ્થાનો અપાર છે. શ્રીહરિના પધારવાથી તેની હજારો હજારગણી શોભા વધી. ૬.

અયોધ્યાપુરીને ચારે બાજુ દિવ્યકિલ્લો છે. તેનો પ્રકાશ આકાશમાં વ્યાપી જાય છે. તેમાં અગણિત બુરજ છે. ઉપરના ભાગમાં સોનાના કળશ મૂકેલા અનેક કાંગરાઓ છે. ૭. પ્રત્યેક બુરજના ઉપર તોપો ગોઠવેલી છે. શ્રીહરિ પધાર્યા ત્યારે, તે તોપો ગર્જી ઊઠી. પુરજનોને તે બાબતે આશ્ચર્ય જણાયું. પછી ખબર પડી કે અયોધ્યામાં શ્રીહરિનું આગમન થયું છે. ૮. અયોધ્યાવાસી લોકોના મનમાં સહેજે જ આનંદ થયો. જ્યારે સૂર્ય અસ્ત થયો ત્યારે ઘેર ઘેર ધૂપ કર્યો. અને સરયૂગંગાને કિનારે ઘણા જ દીવાઓ પ્રકટ્યા. ૯. તે દીવાના પ્રતિબિંબ નદીના પાણીમાં પડતા હતા. તેથી એમ લાગતું હતું કે બધા દીવા માનો સરજૂગંગામાં જ કર્યા છે. કિનારા ઉપર જે

મોટી હવેલીઓ હતી તે બધી ઊંચે આકાશમાં પહોંચી ગઈ હતી. ૧૦. તે હવેલીઓમાં ગોખ, અટારી-છજા અને જાળિયા જે હતા તે બધા રમણીય રંગથી સજાવેલા હતા. તે સર્વના ઉપર દીવાઓની પંક્તિ કરી હતી. તેની શોભા તો અત્યંત દીપી ઊઠી હતી. ૧૧. દરેક ભવન (ઘર) ઉપર સોનેરી વાવટા ફરકતા હતા. વાવટા ઉપર સોનાના કળશ હતા. તેથી તે અદ્‌ભુત શોભા ધરી રહ્યા હતા. ૧૨.

ઈક્ષ્વાકુ કુળના મનુ મહારાજે આ અયોધ્યાનગરી બાંધી હતી. એટલે આના સમાન બીજુ કોઈ ધામ નથી. ૧૩. ક્યાંય ન હોય તેવા કોઈ રમણીય ભાતના દરવાજાઓ તેમાં હતા અને તેના સોનેરી બારણાઓ ઝગમગાટ કરી રહ્યા હતા. ૧૪. જ્યાં જેટલા દરવાજાઓ હતા ત્યાં દ્વારે-દ્વારે સુંદર રીતે સજાવેલા ગજમોતીના તોરણ બાંધી દીધા હતા. ૧૫. દરવાજા ઉપર ઘણા ઊંચે સોનાના કળશયુક્ત નિશાન ફરકતા હતા. તેને જોતા થકાં ભગવાન રામચંદ્રજીના નિવાસસ્થાનની પાસે આવ્યા. ૧૬. ભગવાન શ્રીવાસુદેવે જ્યાં જન્મ ધારણ કર્યો હતો તેનું તે સ્થાન છે. અને તેને લીધે જ અયોધ્યાપુરીને પવિત્ર કહેવાય છે. અને તે અનંત શોભાને ધારી રહી છે. ૧૭. રાજમાર્ગો અને અન્ય માર્ગની જે શોભા કરી હતી તેનો પાર પમાય તેમ નથી. માર્ગો વળાવીને પાણી છંટાવી દેવાયા હતાં, તેમાં ગુલાલ, કેસર અને અબીર છાંટ્યા હતા. ૧૮. તે માર્ગો ચિત્ર વિચિત્ર રીતે અનેક પ્રકારે શોભાવ્યા હતા જે મુખથી કહી શકાય તેમ નથી. નગરમાં જેટલી હવેલીઓ હતી તે બધી સાત-સાત માળવાળી ઊંચી હતી. ૧૯.

કૈલાસ પર્વતના જેવા બધા ભવન ઊજળા શોભતા હતા. તે બધા ભવન દોરીછટ પંક્તિબધ એક સરખા હતા અને અનેક એક સરખા દરવાજા બનાવ્યા હતા. ૨૦. ચિત્ર વિચિત્ર રીતે તૈયાર કરેલા મોતીના તોરણ હરેક દરવાજે બાંધ્યા હતા. પ્રત્યેક ભવનના સોનાના સ્તંભ ચિત્ર વિચિત્ર રીતે શણગારેલા એક સરખા હતા. ૨૧. રંગબેરંગી છજાઓ એક સમાન હતા અને વિવિધ પ્રકારના કાચના દીવાઓ પ્રકટાવ્યા હતા. બધી જ દુકાનો અલગ-અલગ વિભાગે કરી હતી. તેની શોભા પણ અથાગ હતી. ૨૨. કોઈ સ્થાને દહીં અને

દૂધ વેચાતાં, તો ક્યાંક ઘી, સાકર અને ગોળ પુષ્કળ પ્રમાણમાં વેચાતાં હતાં. ક્યાંક ફળ, ફૂલ અને પાન વેચાતાં તો કોઈક જગ્યાએ વસ્ત્ર અને શસ્ત્રોનો સામાન વેચાતો હતો. ૨૩. કોઈક સ્થાને વિવિધ પ્રકારના ઠામ-વાસણ વેચાતાં તો ક્યાંક અનેક જાતના અપાર આભૂષણ વેચાતાં હતાં. કોઈ સ્થળે માણેક, મોતી અને હીરાને વેચનારા ઝવેરીઓની દુકાનો હતી. ૨૪.

માર્ગો ઉપર શણગારેલા હાથી અને ઘોડા લગાતાર આવતાં જતાં રહેતા હતાં. સુખપાલ, મ્યાના અને રથ તો માર્ગો ઉપર દોડતાં હોય તેવું દેખાતું હતું. ૨૫. અનેક પ્રકારના રસ ભરેલા અન્ન, વિવિધ પ્રકારના શાક વેચાતા હતા અને હલવાઈ (કંદોઈ) મેવા, મિઠાઈ અને વિવિધ પાક બનાવીને વેચતા હતા. ૨૬. ગાંધી, મોદી, મણિયાર, અનેક પ્રકારના નાણાવટી, અપાર માળી, તંબોળી, ધોબી અને સાળવી, પોતપોતાનો ધંધો કરવા બેસતા હતા. ૨૭. દુકડ (તબલા), સરોદ અને સિતાર આદિ વાજિંત્ર વગાડીને ગવૈયા (ગાયક) કલાકારો ગાન, તાન અને સ્વરને નિયમ મુજબ એક કરી રહ્યા હતા. ૨૮. કોઈ સ્થળે વિપ્રો વેદોનો અભ્યાસ કરતાં હતાં. તો ઠેકાણે ઠેકાણે બાળકો ઉલ્લાસ આનંદથી ભણતાં હતાં. ક્યાંક ક્ષત્રિયોની સભા શોભતી હતી તો કોઈ જગ્યાએ વૈશ્યો વેપાર કરતા હતા. ૨૯. ક્યાંક શૂદ્રો સેવા કરતા હતા. આમ ચારે વર્ણનો ધર્મ ત્યાં હતો. કોઈક સ્થળે અખાડામાં મલ્લ-કુસ્તીની કલાઓ અને પેચ કરાતા હતા. ૩૦. જે જે વેચાઉ વસ્તુઓ કહેવાતી હોય તે પ્રત્યેકની અલગ અલગ દુકાનો હતી અને તેને લીધે બજારો બધી શોભતી હતી. અને તેને લીધે જ તે નગરી અતિ શોભા ધરી રહી હતી. ૩૧.

અયોધ્યામાં અપાર વિતરાગી સાધુઓ રામના ઉપાસક હતા. તેમાં કેટલાક ત્યાગી હતા અને કેટલાક ગૃહસ્થ સાધુ હતા. ધર્મશાળાઓ અને મંદિરો નગરમાં ઘણા જ શોભતા હતા. ૩૨. દરેક ચોક ચંદન અને પુષ્પોથી વિવિધ રીતે છંટાતા હતા. સમગ્ર નગરવાસી લોકો સરયૂગંગામાં સ્નાન કરતા હતા, તેને લીધે તેઓ દેવના જેવા સોહામણા દેખાતા હતા. ૩૩. મંદિરોમાં રામ, લક્ષ્મણ અને સીતાની મૂર્તિઓ હોય ત્યાં નિત્ય દર્શન કરવા માટે નરનારી બધા ઘણા જ ઉત્સાહથી જતાં હતાં. ૩૪. મંદિરમાં જ્યારે આરતી થાય ત્યારે

ઝાલર (ઘડિયાળ)ના ઝણકારા થતાં હતા, ઝાંઝ, મૃદંગ અને શંખધ્વનિ ગુંજતો હોય તેમજ અખંડ ઉત્સવ થતો હોય છે. ૩૫. તે મંદિરોમાં ભેરી, તુરાઈ (શરણાઈ), રણશિંગા, નોબત અને દુંદુભિ અખંડ વાગતા રહેતા. વિવિધ પ્રકારના વાજિંત્ર વાગતા રહેતા હોવાથી અયોધ્યાપુરીનું આકાશ ગાજતું જ રહેતું. ૩૬. શ્રીહરિપ્રસાદજી અને પ્રેમવતી દેવી બજારમાં ચાલ્યા જતાં હતા અને પોતાના પુત્રોને શહેરની શોભા બતાવતા હતા. ૩૭. હારમાં મણિ ચમકે તેમ નગરમાં ચમકતા દીવાઓની અદ્‌ભુત શોભા હતી અને તેના પ્રકાશમાં નાની ગલીઓમાં અને મોટા માર્ગો ઉપર અપાર મનુષ્યો જતા આવતા હતા. ૩૮. રામઘાટ દેખ્યો. સમગ્ર શહેરની શોભા જોઈ. પછી 'બરહટા' નામે શાખા નગર (પરાવિસ્તાર) માં આવીને જોયું. ૩૯. બરહટામાં અગ્નિહોત્રીઓ હવિષ્યાન્ન અને ઘીનો હોમ કરતા હતા. તેનો સુગંધ ચોતરફ પ્રસરેલો હતો. ત્યાં આવીને ધર્મદેવ તથા ભક્તિએ નિવાસ કર્યો. ૪૦.

***ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના પ્રથમ પૂરમાં 'અયોધ્યાપુરીની શોભાનું વર્ણન' એ નામે પિસ્તાલિશમો તરંગ સમાપ્ત ॥૪૫॥***

## પૂર પહેલું : તરંગ - ૪૬

## શ્રીહરિની સ્વાભાવિક પ્રકૃતિ

ઉત્તમરાજાની આગળ શ્રીમુક્તાનંદ સ્વામી ભક્તિમાતા અને ધર્મદેવની વાત કહે છે કે જેને ઘેર અક્ષરાધિપતિ સાક્ષાત્ શ્રીહરિ પ્રકટ થયા. ૧. તેમણે અયોધ્યાપુરીમાં નિવાસ કર્યો, ત્યાર પછી તેઓ ઘણા જ સુખી થયા. રોજ સરજૂ નદીમાં સ્નાન કરતા અને શ્રીહરિના નામનું ઉચ્ચારણ કરતા. ૨. સરજૂનદીમાં સ્નાન કરીને ધર્મદેવ ત્યાં જ સંધ્યાવંદન કરતા. પછી ઘેર આવીને રોજ શ્રીકૃષ્ણ ભગવાનની સેવાપૂજા કરતા. ૩. ધર્મદેવ જે સેવાપૂજા કરે તેને બાળ શ્રીહરિ નિત્ય જુવે, તેથી સ્વયં પણ સેવાપૂજા શીખી ગયા. બાળપ્રભુ ઘણા બુદ્ધિ માન હતા. સાધુ-શાંત સ્વભાવથી તેઓ શોભતા હતા. ૪. જે ખાન પાનમાં

જગતના લોકો ખુશ રહેતા તેવા ખાનપાનમાં શ્રીહરિ ક્યારેય ખુશ થતા નહીં. શ્રીહરિ જે ખાનપાન કરતાં તેમાં પણ દિવ્ય અલૌકિકભાવ રહેતો હતો. ૫. શ્રીહરિનું બોલવું, બેસવું કે ચાલવું, સમગ્ર ક્રિયાઓમાં ક્યાંય બાળસ્વભાવ દેખાતો જ નહીં. ક્યારેક લોકરંજન કરવા માટે મહારાજા શ્રીહરિ બાળચરિત્ર દેખાડતા હતા. ૬. બાલ ઘનશ્યામ પિતાની સાથે નિત્ય સ્નાન કરવા સરયૂએ જતા. સ્નાનલીલા કરીને પિતાને આનંદ ઉપજાવતા. સ્નાન કરીને જ્યારે ઘેર પાછા આવે તે પછી આખો દિવસ શ્રીકૃષ્ણની મૂર્તિની સેવા કર્યા કરતા. ૭.

**અત્યંત ભાવનાથી શ્રીકૃષ્ણની મૂર્તિની પૂજા કરવી એવો બચપણથી જ સ્વભાવ હતો. ભગવાનની સેવા કરવામાં તેમને અપાર રુચિ રહેતી. બાળક્રીડા પણ એવી કરતા કે જેમાં અપાર સેવા હોય. ૮. તેમને હંમેશા પવિત્રતા (ક્રિયાશુદ્ધિ) સોહાવતી (ગમતી), ક્યારે દિલમાં અશુદ્ધિ ગમતી નહીં. હરિની સેવામાં જે વિઘ્ન કરે તેની સાથે મનમેળ રહેતો નહીં. ૯. કથા અને કીર્તનમાં ઘણો પ્રેમ રાખતા. રસિયા થઈને રામચરિત્ર સાંભળતા. જેમાં સાધુતાનો ગુણ દેખાય તેને દેખીને બહુ હર્ષ પામતા. ૧૦.** તેમને અસાધુતા એક રંચમાત્ર પણ ગમતી નહીં. આમ કરતાં-કરતાં પાંચ વરસ વીતી ગયા. બાળ ઘનશ્યામની કુમાર અવસ્થા પૂરી થઈ. હે નૃપ ! હવે ત્યાર પછીની વાત કહું છું. પૌગંડ અવસ્થા શરૂ થઈ, કપડાં પહેરવાની સૂધ આવી ગઈ. એકલા સરયૂમાં નહાવા જતા અને મનગમતી જળક્રીડા પણ ત્યાં કરતા. ૧૧-૧૨.

પછી તો તેઓ રાતદિવસ રામ, લક્ષ્મણ, સીતા અને હનુમાનજીનું સતત સ્મરણ કરવા લાગ્યા. ૧૩. પોતાના પિતાના મુખે સત્પુરુષોના ધર્મને અતિશય પ્રેમથી સાંભળતા અને તેના રહસ્યને લખી લેતા. ૧૪. પિતાએ તેમને પુરુષો અને સ્ત્રીઓના વર્ણાશ્રમના સર્વોત્તમ ધર્મ કહ્યા. તેને અત્યંત ભાવથી શ્રીહરિએ સાંભળ્યા. ૧૫. સાંભળેલા તે બધા ધર્મોને હૃદયમાં લખી રાખતા હતા. ધર્મપુત્ર શ્રીહરિ તે ધર્મોને ક્યારેય ભૂલતા નહીં, કારણ કે તેઓ સર્વશ્રેષ્ઠ બુદ્ધિમાન હતા. ૧૬. બાળપણમાં પણ શ્રીહરિની બુદ્ધિ અપાર હતી. તેઓ વિદ્યાના સાગર, પરમ ચતુર અને અતિ નિપુણ હતા. તેમણે ખૂબ જ પ્રેમથી પિતા પાસે કેટલાય ગ્રંથોને ભણી લીધા. ૧૭. જેટલી સારી વિદ્યાઓ

કહેવાય છે તે બધી તેઓમાં અનાદિકાળથી રહેલી જ હતી, છતાં પણ શ્રીહરિ મનુષ્યની રીત દેખાડે છે. કેમજે, આવી તેમની કાયમની રીત છે. ૧૮.

જ્યાં ભાગવતની કથા વંચાતી હોય ત્યાં જઈને ભાગવત સાંભળતા. જેઓ સારા હરિભક્ત કહેવાતા હોય તેની સાથે પરમ સ્નેહભાવ રાખતા. ૧૯. પણ જે હરિભક્ત ન હોય તેને દેખીને તો તેનાથી નિઃસ્પૃહ રહેતા. તેમને અંતઃકરણમાં અને શરીરમાં ત્યાગ અને વૈરાગ્ય રુચતા હતા. અને ભગવાનના ભજનમાં આસક્ત (તત્પર) રહેતા. ૨૦. શ્રીહરિને જ્યારે છઠ્ઠું વરસ બેઠું. ત્યારે (સંવત ૧૮૪૨) **વૈશાખ સુદિ બીજની તિથિએ પતિવ્રતા પ્રેમવતીમાતાની કૂખે એક અનુપમ (ત્રીજા) પુત્રે જન્મ લીધો. જે પછીથી ઈચ્છારામ આવા નામે પ્રસિદ્ધ થયા.** તે ગુણો વડે પ્રદ્યુમ્નને સમાન હતા, અને શ્રેષ્ઠ સાધુના જેવા શાંત સ્વભાવના હતા. આ સિવાય બીજા બધા સદ્‌ગુણો તેમાં ભરપૂર હતા. ૨૧-૨૨.

### * રામપ્રતાપજીભાઈના ગુણોનું વર્ણન :

તે બુદ્ધિમાન ઈચ્છારામજી શ્રીહરિમાં અત્યંત પ્રેમ રાખતા. તેઓ શ્રીહરિના અનુજ (નાનાભાઈ) હતા અને રામપ્રતાપજી મોટાભાઈ હતા. ૨૩. તેઓ સંકર્ષણનો કે શેષજીના સમાન બળવાન હતા અને બળરામના સમાન ગુણવાન હતા. તેઓ હરિચરિત્રનું ગાન પ્રેમથી કરતા. ૨૪. રાત અને દિવસ ભગવાનના ચરિત્રો ગાવામાં તેમને અપાર પ્રેમ હતો. ભગવાનના ચરિત્ર સિવાય જે કાંઈ સુખ હોય તેમાં તે પ્રેમ કરતા નહીં. ૨૫. જ્યારે તેઓ હરિચરિત્રને ગાતા હોય ત્યારે શરીરનું ભાન પણ રહેતું નહીં. બધા રસોમાં તેમને માટે સહુથી આકર્ષકરસ તો એક હરિચરિત્રરૂપ ભક્તિરસ જ હતો. જેને તેઓ રસોની ખાણ માનતા હતા. ૨૬. **ભગવાનની મૂર્તિની સન્મુખ જ્યારે તેઓ કીર્તન ગાતા હોય ત્યારે તેમને તે ભક્તિના સુખની આગળ ચૌદલોકના ઉત્તમ સુખો પણ નરકના સમાન લાગતા હતા. ૨૭. શ્રીરામપ્રતાપજી પ્રેમમગ્ન સ્થિતિમાં જ્યાં સુધી કીર્તન ગાતા હોય ત્યાં સુધી સ્વયં શ્રીહરિ તેને સાંભળતા રહેતા. ૨૮.**

રામપ્રતાપજી જેવા ભક્તિભાવથી કીર્તન ગાતા, તેવા જ ભાવથી શ્રીહરિ નિત્ય તે કીર્તનોને સાંભળતા અને તેને લીધે જ રામપ્રતાપજીને શ્રીહરિના સ્વરૂપમાં અત્યંત સ્નેહ થયો હતો. ૨૯. રામપ્રતાપજી જ્યારે ક્યાંય જતા હોય તો શ્રીહરિને પોતાના ખભા ઉપર બેસાડીને સાથે ફરવા લઈ જતાં. જ્યારે તીર્થ કરવા જાય ત્યારે પણ શ્રીહરિને સાથે લઈ જતા હતા. ૩૦. ગોકુળ, મથુરા અને વૃંદાવન જવાનું થાય ત્યારે તેમનું મન શ્રીહરિમાં રહેતું. બુરાનપુર જઈને રામપ્રતાપજીએ તાપીમાં સ્નાન કર્યું. ત્યારે નાની વયના શ્રીહરિ પણ સાથે હતા. ૩૧.

શ્રીહરિ નાનપણમાં પણ ઘણા હોશિયાર હતા. પ્રદેશોમાં ફરવામાં તેમને પ્રેમ હતો. કાશી (વારાણસી) અને પ્રયાગમાં પણ શ્રીહરિને રામપ્રતાપજીએ ફેરવ્યા હતા. ૩૨. તે સિવાયના નજીકના અન્ય તીર્થોની યાત્રા રામપ્રતાપજી કરતા ત્યારે શ્રીહરિને પણ સાથે લઈ જતા. એટલે તેનાથી શ્રીહરિને અતિશય આનંદ થતો. ૩૩. જ્યારે રામપ્રતાપજી શ્રીહરિને તીર્થોમાં સાથે ન લઈ જાય ત્યારે શ્રીહરિને તે સારું લાગતું નહીં. રામપ્રતાપજીની સાથે રિસાઈ જતા અને એક, બે કે ત્રણ દિવસ સુધી ઘેર પણ આવતા નહીં. ૩૪. અથવા તો પંદર દિવસ કે એક મહિનો શ્રીહરિ ઘેર આવે નહીં. જે ગામમાં વશરામ મામા રહેતા ત્યાં એકલા જ સુખધામ શ્રીહરિ પહોંચી જતા. ૩૫.

શ્રીહરિ વારંવાર મામા અને મામીને અપાર સુખ આપતા હતા. મામા અને મામી પણ પોતાના ભાણેજને દેવસમાન માનીને તેમની સેવા કરતા હતા. ૩૬. જેટલા સંબંધીઓ હતા તે બધા શ્રીહરિની સાધુતા જોઈને સેવા કરતા જે મુખથી કહી શકાય તેમ નથી. ૩૭. શ્રીહરિના વિના જ્યારે ભક્તિમાતા ઘરમાં વિલાપ કરવા (રડવા) લાગતા ત્યારે ધર્મદેવ શ્રીહરિને બોલાવવા જતા. ૩૮. ઘનશ્યામ જ્યારે રિસાતા ત્યારે બોલાવ્યા વિના ઘેર આવતા નહીં. આ રીતે સુખના પરમધામ શ્રીહરિ ક્યારેક મનુષ્યચરિત્ર દેખાડતા હતા. ૩૯. જ્યારે ભગવાનના સંબંધમાં કોઈ અંતરાય કરે ત્યારે ઘનશ્યામ પ્રભુ રિસાઈ જતા પણ બીજી કોઈ બાબતમાં ક્યારેય રિસાતા નહીં અને ભગવાન સાથે અધિક સંબંધ રાખતા હતા. ૪૦.

*ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના પ્રથમ પૂરમાં 'શ્રીહરિની સ્વાભાવિક પ્રકૃતિ કહી' એ નામે છેતાલીશમો તરંગ સમાપ્ત ॥૪૬॥*

## પૂર પહેલું : તરંગ - ૪૭

### વિદ્યાભ્યાસ તથા પ્રતિદિન દેવ મંદિરે જવાનો નિયમ

શ્રીહરિને વિશાળ બુદ્ધિમાન્ સમજી તેમને ઘરમાં રાખવા માટે વૈશાખ સુદિ બારશને દિવસ ભણવા માટે નિશાળે બેસાડ્યા. ૧. અતિશય પ્રેમથી પહેલા લક્ષ્મીનારાયણદેવને પગે લગાડ્યા અને પછી સરસ્વતી તથા ગણપતિની પ્રેમથી પૂજા કરાવી. ૨. ભણાવનારા વિદ્યાગુરુ બૃહસ્પતિના જેવા ગુણવાન હતા. હૃદયરામ નામે તે વિપ્ર અયોધ્યાપુરીમાં જ રહેતા હતા. ૩. તે ગુરુ વિદ્યાની બધી જ રીતોને જાણતા હતા. તેઓ પરમ પવિત્ર અને ભગવદ્ભક્ત હતા. તેઓ શ્રીહરિને વિદ્યા શીખવવા (ભણાવવા) લાગ્યા. ૪. પહેલા તેમણે જેટલા આંક કહેવાય છે તે બધા શ્રીહરિને શીખવાડ્યા. હૃદયરામને શ્રીહરિ ઉપર હેત હતું, તેથી તેઓ હેતથી તેમને ભણાવતા હતા. ૫. જ્યારે શ્રીહરિને નિશાળે ભણવા બેસાડ્યા ત્યારે તે પહેલે દિવસ પિતા ધર્મદેવે હોમ કરાવ્યો અને તેના હરખથી બ્રાહ્મણોને જમાડ્યા. વિવિધ પ્રકારના વાજિંત્ર વગડાવ્યા. અને વિપ્રોને અપાર દાન પણ દીધાં. ૬.

ગોળ, ધાણા અને શ્રીફળ તૈયાર કરીને અપાર લોકોમાં વહેંચ્યાં. કેસર નાખીને ઘસાવેલા ચંદનથી પ્રેમપૂર્વક અધ્યાપક ગુરુની પૂજા કરી. ૭. સુંદર ફૂલહાર લાવીને પહેરાવ્યા. પછી આંક ભણવા-ભણાવવાનું શરૂ કર્યું. થોડા જ દિવસોમાં જેટલા આંક ભણવાના હોય છે તે બધા ભણી લીધા. ૮. શ્રીહરિને જ્યોતિષ શાસ્ત્રનું જે જ્ઞાન હોવું જોઈએ તે બધું ભણાવીને તેમાં નિપુણ કર્યા. તે સિવાયની જેટલી બીજી શુભવિદ્યાઓ છે તે પણ ભણાવીને તેમાં તેમને નિપુણ કર્યા. ૯. ખગોળ અને ભૂગોળની જેટલી રચના છે તે બધીને પણ થોડા જ દિવસોમાં ભણી લીધી. બાળપ્રભુ આત્મવિદ્યા અને બ્રહ્મવિદ્યાનું જ્ઞાન

પણ થોડા જ દિવસોમાં શીખી ગયા. ૧૦. **અધ્યાપક (ભણાવનારા) હૃદયરામે જ્યારે બાલસ્વરૂપ શ્રીહરિમાં અતિશય સામર્થ્ય દેખ્યું ત્યારે તેને શ્રીહરિ સહુના કારણરૂપે દેખાયા. તેથી તેમના મનમાં થયું કે આ કોઈ સામાન્ય પાકૃત બાળક નથી. ૧૧.** પછી તો થોડા જ દિવસોમાં જેને વ્યાકરણ શાસ્ત્ર કહેવાય છે, તેને શીખી લીધું. દયાળુ શ્રીહરિએ સરસ વાલ્મીકિ રામાયણ અને બીજા કાવ્યશાસ્ત્રો પણ જોઈ લીધાં, ભણી લીધાં. ૧૨. જેટલા પુરાણોના ગ્રંથો હતા તે બધા ઘેર બેઠા જ પોતાના પિતાજી ધર્મદેવ પાસે થોડા જ દિવસોમાં ભણી લીધા. અને પોતે સારા પંડિત થઈ ગયા. ૧૩. તે ગ્રંથોમાં જે રહસ્યમય સિદ્ધાંતની વાતો આવતી તેને પોતે કંઠસ્થ (યાદ) કરી લેતા. પરંતુ શ્રીહરિમાં તેનો ગર્વ કોઈને ક્યારેય દેખાય પડતો નહીં. ૧૪.

### ✵ શ્રીહરિની દૈનિક ક્રિયા :

શ્રીહરિ જે કોઈ મતને માનનારા હોય તેને તે સિદ્ધાંતના પ્રશ્ન પૂછતા, પણ તેનો કોઈ પ્રકારે યથાર્થ પ્રત્યુત્તર કરી શકતા નહીં. ૧૫. રોજ સવારે બ્રાહ્મ મુહૂર્તમાં ઊઠીને સરયૂનદીમાં સ્નાન કરવા જતા, સ્નાન કરીને પાછા ઘેર આવતા, ત્યાર પછી શ્રીકૃષ્ણ ભગવાનની પૂજા કરતા. ૧૬. ધૂપ, દીપ, ફૂલ, ફળ, મૂળ આદિ ઉપચારોથી વિશેષરૂપમાં પૂજા કરતા, તે પછી સ્તોત્રોનો પાઠ કરતા. શ્રીકૃષ્ણ ભગવાનમાં હેત ઘણું હતું. ૧૭. નૈવેદ્યમાં જે અન્ન અર્પણ કર્યું હોય, પછીથી તેને પ્રસન્ન મનથી જમી લેતા. ભગવાનને અર્પણ કર્યા સિવાયનું કાંઈપણ જમતા નહીં. ધીર આવા શ્રીહરિની પાસે જે જે વસ્તુ આવતી. જેમ કે, ફળ, ફૂલ, કંદ, મૂળ, મેવા, મીઠાઈ, ચવાણાની અનેક ચીજો, દૂધ, દહીં, માખણ, અરે પાણી પણ, ભગવાનને અર્પણ કર્યા વિના વાપરતાં નહીં. ૧૮-૧૯.

**चोपाई :**

**हरि अर्पे विन वस्तु जेति, अति दोष जुत जानत तेति;**
**आभूषण वसन जितने रहाई, हरि अर्पे विन धरत न ताई...२०**

હરિને અર્પણ કર્યા સિવાયની જેટલી ચીજો હોય તેને બાલપ્રભુ અતિ દોષયુક્ત સમજતા. ઘરેણાં કે વસ્ત્ર જે કાંઈ હોય, ભગવાનને અર્પણ કર્યા વિના

પોતે પહેરતા નહીં. ૨૦. જે કોઈ નવાં વાહન જેવી વસ્તુ હોય, તો પણ તે પહેલા ભગવાનને અર્પણ કરતા. શ્રીહરિ આત્મનિવેદી ભક્તની રીતને પરમ પ્રેમભાવથી રાખતા. ૨૧. જગતમાં અનાચાર વધી ગયો હતો, તેને દેખીને શ્રીહરિ પોતે સદાચારને વિશેષરૂપમાં પાળતા. ચાર વર્ણ અને ચાર આશ્રમના લોકો સદાચારરૂપ ધર્મપાળવામાં મંદ થઈ ગયા હતા. ૨૨.

**पिंड ब्रह्मांड से न्यारे होई, गुनातीत सो वर्तना सोई;**
**ब्रह्मरूप होई हरिकुं भजना, जाके जो धर्म सो कबु न तजना...२४**

જે અચ્યુત ગોત્રી (શ્રીવૈષ્ણવ રામાનંદી સમાજ) હતા, તેણે તે સદાચાર ધર્મને પ્રથમ છોડી દીધો. બ્રહ્મવેત્તા-બ્રહ્મનિષ્ઠ થવું, તે જ્ઞાન તો અત્યંત દુર્લભ છે. સર્વ પ્રથમ વર્તન શુદ્ધ હોવું જોઈએ. ૨૩. પિંડ અને બ્રહ્માંડથી જુદા થઈને અર્થાત્ ત્રણ દેહ અને દુનિયાના ભાવને છોડી ત્રિગુણાતીત સ્થિતિમાં વર્તવું જોઈએ. બ્રહ્મરૂપ થઈને ભગવાનનું ભજન કરવું અને જેના જે ધર્મ હોય તે ક્યારેય તજવા જોઈએ નહીં. ૨૪.

**अंतःकर्ण हे विवेक हित, जानी धर्म करे त्याग;**
**अधम में अधम सो जाननो, नहिं संग करने लाग...२६**

સન્માર્ગ કે કુમાર્ગની વિગત તો જ્ઞાનેન્દ્રિયો દ્વારા થતી હોય છે. જ્યારે તે જ્ઞાનેન્દ્રિયોનો જ લય થઈ જાય (બ્રહ્મનિષ્ઠાને લીધે બાહ્યજ્ઞાન ન રહે, દેહનું પણ ભાન ન રહે) ત્યારે તેને કોઈ નિયમ બાધ કરતા નથી, એ નિશ્ચિત વાત છે. ૨૫. અંતઃકરણમાં સારા નરસાનો વિવેક હોય (બ્રહ્મ સ્થિતિ પ્રાપ્ત થઈ ન હોય) અને જાણી જોઈને ધર્મનો ત્યાગ કરે, તો તે અધમમાં પણ અધમ છે એમ જાણવું. તે સમાગમ કરવાને લાયક નથી. ૨૬. અસંખ્ય જીવોનો ઉદ્ધાર કરવા અને વર્ણાશ્રમના ધર્મને સ્થાપવા માટે શ્રીહરિએ કેટલાક શ્રેષ્ઠ નિયમ-ધર્મ ધારણ કર્યા. ૨૭. તુલસીની બેવડી કંઠી બનાવીને ગળામાં ધારણ કરી. કપાળમાં ઊર્ધ્વપુંડ્ર તિલક કરતા. ૨૮.

તે તિલકના મધ્યમાં ભગવાનની પ્રસાદીના કુંકુમનો ગોળ ચાંદલો કરતા. રામકોટ અને જન્મસ્થાનમાં જઈને શ્રીહરિ નિત્ય પ્રદક્ષિણા કરતા. ૨૯. બ્રહ્મકુંડ, સ્વર્ગદ્વારીઘાટ, જાનકીઘાટ, વિદ્યાકુંડ, સરજૂકુંડ અને

ભદ્રાસન આદિ તીર્થોમાં પણ ભયહારી પ્રભુ જતા. ૩૦. કનકસિંહાસન, રત્નસિંહાસન, હનુમાનગઢી અને સુગ્રીવટીલા પણ હંમેશા જતા. ૩૧. અયોધ્યામાં જગન્નાથ કાવડિયાની એક સુંદર જગ્યા હતી. જેટલા ત્યાગી સાધુ કહેવાતા, તે બધા ત્યાં રહેતા હતા. ૩૨. શ્રીહરિ ત્યાં પણ નિત્ય જાતા. ત્યાં ત્યાગી સાધુઓને જોઈને રાજી થતા. અહલ્યાબાઈને મંદિરે પણ શ્રીહરિ જતા. ૩૩. દિલાપસીગંજ, સુંદર રાયગંજ અને જેસંગપુર પણ ઉત્સાહથી જતા. જ્યાં ભગવાન હોય કે ભગવાનના ભક્ત રહેતા હોય ત્યાં ચિત્તને ખેંચનારા શ્રીહરિ જતા. ૩૪.

**❋ રામચંદ્ર ભગવાનની સ્તુતિ :**

જેટલા તીર્થ સ્થાન ગણાતા, ત્યાં સવારમાં ઊઠીને બધે ફરતા. જ્યાં જ્યાં રામ અને કૃષ્ણની મૂર્તિઓ હોય ત્યાં ત્યાં હરખભર સ્તુતિ કરતા. ૩૫ એક પગે ઊભા રહેતા અને ભક્તિરસથી તરબોળ વચન ઉચ્ચારતા. ભગવાન શ્રીરઘુનાથજી ! આપને ધન્ય... ધન્ય છે !!! આપનો મહિમા અપાર છે. ૩૬. આપના ચરણરજના પ્રતાપથી અહલ્યા પવિત્ર થઈ. તે દેખીને ઋષિ મુનિઓ પણ વિસ્મિત થયા અને વિનયભર્યા વચન બોલવા લાગ્યા. ૩૭.

આપે ગુહરાજાનો સંસારથી ઉદ્ધાર કર્યો, અપરાધી (પાપી) જયંતને પણ ઉદ્ધાર્યો, દુઃખથી છોડાવ્યો. શબરીને સનાથ કરી તેનો ઉદ્ધાર કર્યો. અને જટાયુનો પણ મોક્ષ (ભવપાર) કર્યો. ૩૮. તેના અંત સમયે પોતાના દર્શન આપ્યા અને હે ભગવન્ ! આપે પ્રસન્ન થઈને પોતાને હાથે તેની અંતિમક્રિયા કરી. ૩૯. આપે સુગ્રીવની સાથે મિત્રતા કરીને વાલીને માર્યો. અને શક્તિશાળી, બળવાન હનુમાનજીને નિરંતર પોતાની પાસે રાખ્યા. ૪૦.

***ઇતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના પ્રથમ પૂરમાં 'વિદ્યાભ્યાસ તથા પ્રતિદિન દેવ મંદિરે જવાનો નિયમ' એ નામે સુડતાળીશમો તરંગ સમાપ્ત ॥૪૭॥***

## પૂર પહેલું : તરંગ - ૪૮

## રઘુનાથ સ્તુતિ, હેતવાળા જનોને હિતોપદેશ

શ્રીહરિ હંમેશા મનુષ્ય લીલા કરતા હોય છે. ઉપર જે સ્તુતિનો ભાગ અવશેષ રહી ગયો, તેને હવે મુક્તમુનિ ફરીથી કહે છે. ૧. શ્રીહરિ રામચંદ્ર ભગવાનની મૂર્તિને જ્યાં દેખે ત્યાં વિનયપૂર્વક તેમના મહિમાને કહેતા. અને તેમાં અતિશય હેત દેખાડતા હતા. ૨. ભક્ત વિભીષણને આત્મીયજન જાણીને તેનો ઉદ્ધાર કર્યો. મહાન્ અસુર રાવણને માર્યો પછી હેતથી વિભીષણને લંકાનો રાજા કર્યો. ૩. આવા અનેક કામ કરીને આપ અયોધ્યાપુરીમાં આવ્યા. પછી અયોધ્યાનગરીનું રાજ્ય કર્યું. શ્રીહરિ આ પ્રમાણે પોતાના અવતારનો મહિમા કહેતા. ૪. દિવસના એક પહોર કે બે પહોર સુધી એક પગે ઊભા રહીને શ્રીહરિ સ્તુતિ કરતા રહેતા, ત્યારે ખાનપાન કરવામાં મનની વૃત્તિ રાખતા જ નહીં. ૫. દર્શન કરીને જ્યારે ઘેર આવે ત્યારે જે હાજર હોય તે જમી લેતા. તે પછી વિદ્યા ભણવા બેસતા. સાધુતાના અપાર ગુણ તેમણે સંપાદન કર્યા હતા. ૬.

જ્યારે ધર્મદેવ શ્રીહરિના ગુણ કે વર્તનને દેખે ત્યારે પૂર્વની ઘટનાને સંભારતા. માર્કંડેયઋષિએ જેવું કહ્યું હતું, તેવા જ ગુણ પુત્રરૂપ શ્રીહરિમાં દેખાય છે. ૭. લોકો જે કાંઈ બાબત પૂછે તરત જ તેનો પ્રત્યુત્તર શ્રીહરિ કરતા. તેમાં કાંઈ સંદેહ રહેવા દેતા નહીં. તે સાંભળીને તેમને ઘણું આશ્ચર્ય થતું હતું. ૮. શ્રીહરિ ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય અને ભક્તિનો ઉપદેશ લોકોને કરતા. કદાચ કોઈ જીવ ભગવાન સિવાય બીજી વસ્તુમાં સુખ માનતા હોય તો તેનું મૂળ ઊખડી જાય તેટલું ખંડન કરતા. ૯. જે માણસ ભગવાન સિવાય અન્યમાં સાર બતાવે તે તો મલિનમાં પણ મલિન કહેવાય. અને જ્યાં સુધી ભગવાન વિના અન્યમાં સાર જાણે ત્યાં સુધી તેને સંસારનો પાર આવે નહીં. ૧૦.

**चोपाई :**

**सार में सार हरि जब जाने, भवभटकत तब आये ठिकाने;**
**निधि में निधि परम यह पाया, ईनसे निधि न अपर रहाया...१२**

અનેક ધર્મ ગ્રંથો છે તેમાં અનેક વાતો કહી છે. તેમાં આ એક જ સિદ્ધાંતની વાત કહેવાય છે કે જ્યાં સુધી જીવને ભગવાનમાં સાર ન મનાય ત્યાં સુધી તેનું ભવભટકણ ચાલુ રહે છે. ૧૧. સારમાં પણ સાર એક શ્રીહરિ જ છે, એમ જ્યારે સમજાય ત્યારે ભવભટકણ ટાળવાને ઠેકાણે આવે. સર્વ નિધિના નિધિ આ એક શ્રીહરિને પામે પછી એમનાથી બીજો કોઈ શ્રેષ્ઠ નિધિ રહેતો નથી. ૧૨ મોટા મોટા રાજાઓ અને દેવોના વૈભવો જોયા, પણ તે આવી સમજણની આગળ ફિક્કા પડી જાય છે. ૧૩. મીઠા વિનાના (વ્યંજન) શાકમાં કરોડ ગણો વઘાર (છુંકાર) કરવામાં આવે તો પણ એમાં સ્વાદ આવતો નથી. તેમ ભગવાન વિનાના બીજા કરોડો સુખ પણ મીઠા વિનાના શાક જેવા ફિક્કા છે. રસરૂપ તો એક ભગવાન જ છે. તેમ જો સમજાય તો તેમાં સ્વાદ આવે અને શ્રીહરિ અતિ પ્યારા લાગે. ૧૪.

**✵ જેટલું જ્ઞાન હોય તેટલું સુખ થાય :**

**सोरठा : रस मात्र के मूल, श्रीहरि प्रगट जाने जब;**
**सो भक्त कहत अमूल, शुक नारद जनक सम...१६**

આ જગતમાં મુખ્યપણે રસ છ પ્રકારના છે. જ્ઞાનદષ્ટિથી જોઈએ તો એક-એકમાં અપાર ભેદ દેખાય છે. ૧૫. રસમાત્રનું મૂળ ભગવાન છે. તેમને જ્યારે પ્રકટ જાણીને ભજે છે ત્યારે તે ભક્ત અમૂલ્ય-ઉત્તમ કહેવાય છે. અને તે શુક, નારદ અને જનકના સમાન બને છે. ૧૬.

**चोपाई :**

**जितनो ज्ञान हरि को जाकुं, तितनो सुख आवत उर ताकुं;**
**जग सुख को अभावहि जितनो, हरि को सुख आवत तितनो...१७**

જે ભક્તને ભગવાનના સ્વરૂપનું જેટલું જ્ઞાન હોય તેના હૃદયમાં તેટલું સુખ થાય છે. જગતના સુખનો મનમાં જેટલો અભાવ આવે, તેટલું તેને ભગવાનના સ્વરૂપનું સુખ આવે. ૧૭. **શ્રીહરિ સિવાયની બીજી વસ્તુ જેટલી વહાલી લાગે, તેટલી તેને કુવાસના છે એમ સમજવું. અને જેટલી કુવાસના હોય તેટલો તેને તે કુવાસના ભગવાનથી દૂર રાખે છે. ૧૮.** જેટલી કુવાસના જેને રહે છે તેને તેટલો હરિની સાથે અંતરાય રહે છે. જો કુવાસનાનો અભાવ

હોય તો જ શ્રીહરિના દિવ્ય સ્વરૂપમાં ભાવ થાય છે. ૧૯. જે કુવાસનાનો અભાવ લેવાનું શીખવાડે, તેવા હરિભક્તનો સમાગમ કરવો જોઈએ. જે ભક્ત અખંડ ભગવાનની સમીપે રહેતો હોય તેને જ કુવાસનાનો તરત અભાવ આવે છે. ૨૦. જેમ સોમલનું ઝેર ખવડાવવાનું કોઈ કરતું નથી, અને જો કોઈ તે કામ કરે તેને અતિ ભયંકર વેરી સમજે છે, તેમ જે શ્રીહરિથી દૂર કરી દે, તેને તેનાથી કરોડો ગણો વેરી જેવો સમજવો જોઈએ. ૨૧. ખરો વેરી જો મનાયો હોય તો તે સ્વપ્નમાં પણ દેખાય. વેરીનો ભય જાગ્રતમાં જેટલો રહે છે સ્વપ્નમાં પણ તેટલો જ ભય લાગે છે. તેમ વિષય જો વેરી મનાય તો તેનો સર્વે અવસ્થામાં ભય રહે છે. ૨૨. માટે જેટલી કુવાસના રહે છે તેને તેટલી મહાપાપણી જાણવી. કુવાસનાના ફળનો વિચાર કરવો. કુબુદ્ધિ માણસ આવી વાતને હૃદયમાં ઉતારે નહીં. ૨૩. સદ્‌બુદ્ધિવાળાને જો આવી વાત કહેવામાં આવે તો તેનાથી તેને પ્રેમ ઊપજે છે. ભગવાન સિવાયની વસ્તુમાંથી પ્રેમ તોડવાની જે વાત તે સદ્‌બુદ્ધિવાળાને જ ગમે છે. ૨૪.

### ⁕ સુમતિ તથા કુમતિવાળાનાં લક્ષણ :

**दोहा : हरि में प्रीत न जाहिकूं, विधि सम कोटि रहाय;**
**सो अधिकारी हे नर्क के, एसे बात रहाय...२६**

ભગવાન સિવાય ભૌતિકવિષયોમાં અતિ સુખ જાણે છે, અને પંચવિષયને જ પ્રિય માનીને તેમાં હેત કરે છે, તે મનુષ્ય અતિશય કુબુદ્ધિવાળા છે. ૨૫. જેને હરિમાં પ્રેમ નથી, તે કદાચ કરોડો બ્રહ્માના જેવા બુદ્ધિશાળી હોય તો પણ તે નરકના અધિકારી છે, આ સત્ય સિદ્ધાંત વાત છે. ૨૬.

**सोरठा : रंक में रंक देखात, व्यवहारीक नहिं बुद्धि कछु;**
**हरि में प्रीत रहात, कोटि विधि से समृथ तेहि...२७**

જે અતિશય રાંક દેખાતો હોય અને તેમાં વ્યાવહારિક બુદ્ધિ કાંઈ હોય જ નહીં, પણ તેને જો શ્રીહરિમાં પ્રેમ હોય, તો તે કરોડો બ્રહ્મા કરતાં પણ સમર્થ છે એમ જાણવું. ૨૭. **ભગવાનનો પ્રેમી ભક્ત ભગવાનના વિના જેટલા ભોગ છે તે મોટા (અસાધ્ય) રોગના જેવા છે, એમ કહે. અને તે ભોગનો જોગ ક્યારેય ન કરે. જોગ તો એક શ્રીહરિની મૂર્તિનો જ રાખે. ૨૮.**

મુક્તાનંદસ્વામી કહે, હે નૃપ ! શ્રીહરિની પાસે જે લોકો આવતા હતા તેની આગળ તેઓ તેવી જ વાતો કહેતા હતા. સદ્‌બુદ્ધિવાળા લોકો તે વાતને સવળી સમજતા અને શ્રીહરિની અગાધ બુદ્ધિની પ્રશંસા કરતા. ૨૯.

**પણ કુબુદ્ધિવાળા મનુષ્યના હૃદયમાં આવા અમૃત જેવા વચન ગમતા નથી. જેને શ્રીહરિના વચન ન ગમે, તેને સંસારમાં ભટકણ ટળતું નથી. ૩૦.** કોઈ પણ મનુષ્ય આવે અને તે કુબુદ્ધિવાળો દેખાય તો શ્રીહરિ તેની સાથે વાત કરતા નહીં. સુબુદ્ધિવાળા મનુષ્ય શ્રીહરિની વાત સાંભળીને તેમને પ્રકટ ભગવાનના રૂપમાં જાણતા હતા. ૩૧. જે વાતને પરખનારો છે તે તો વાતને સાંભળીને તત્કાળ સમજી જાય છે. અને તેને હરખથી મોક્ષદાતા માને છે. તત્કાળ તેને આત્મદર્શી જાણી મતવાલો થઈને પ્રગટ ભગવાનનું રટણ કરવા લાગે છે. ૩૨. શ્રીહરિ માતા અને પિતાને દિવ્યગતિ આપવા માટે ઘરમાં રહ્યા હતા. અને જનોઈ (યજ્ઞોપવીત સંસ્કાર)ની વાટ જોતા-જોતા પણ ઘરમાં રહ્યા હતા. ૩૩.

**કમળ પાણીમાં જ રહે છે છતાં પાણીનો લેશ પણ કમળને ક્યારેય અડતો નથી, તેમ શ્રીહરિ ઘરમાં રહ્યા હતા પણ કોઈ સંબંધીઓમાં લેશપણ ક્યાંય હેત રાખતા નહીં. નિર્બંધ રહ્યા હતા. ૩૪. સહુની સાથે હળીમળીને રહેતા. છતાં પોતાના દિલને તો પોતાના હાથમાં, કબજામાં રાખ્યું હતું.** ધર્મદેવ અને ભક્તિનું સત્યવાદીપણું જોઈને અન્ય નરનારીઓ તેમના શિષ્ય થતા. ૩૫. શિષ્યોને શુદ્ધ ધર્મનો ઉપદેશ કરીને તેમને શ્રીકૃષ્ણનો મંત્ર આપતા. શ્રીકૃષ્ણને સર્વોપરિ જાણીને શિષ્યો પાસે શ્રીકૃષ્ણના નામનો જપ કરાવતા. ૩૬. શિષ્યોને ધર્મ, જ્ઞાન, વૈરાગ્યે સહિત ભક્તિનો ઉપદેશ કરતા અને ચોરી, વ્યભિચાર, માંસ અને મદ્ય (દારૂ)નો દૂરથી જ ત્યાગ કરાવતા હતા. ૩૭. સ્વયં પવિત્ર અને અત્યંત શુદ્ધ રહીને ચારે વર્ણના લોકો પાસે અહિંસામય મહાવિષ્ણુયાગ જેવા યજ્ઞ કરાવતા હતા. ૩૮. ધર્મદેવની પાસે ચારે વર્ણના જે લોકો આશ્રય કરવા આવતા તેમને અહિંસાધર્મ જેમાં પ્રથમ રહ્યો છે એવા જે નિયમો તે ધારણ કરાવતા. ૩૯. સદાચારમય શુદ્ધ ધર્મને જાણીને કેટલીક પવિત્ર હૃદયવાળી યુવતિઓ ધર્મદેવ પાસે શિષ્યા થવા આવતી. પણ ધર્મદેવ તેમના ગુરુ થતા નહીં. ૪૦.

*ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના પ્રથમ પૂરમાં ' રઘુનાથ સ્તુતિ, હેતવાળા જનોને હિતોપદેશ કહ્યો' એ નામે અડતાલીશમો તરંગ સમાપ્ત ॥૪૮॥*

## પૂર પહેલું : તરંગ - ૪૯

## ધર્મશુદ્ધિ માટે ધર્મદેવની વિચારણા, શ્રીહરિને જનોઈનું મુહૂર્ત જોવડાવ્યું

ધર્મદેવે ચારે વર્ણના લોકોને મંત્રદીક્ષા આપી અને તેઓ તેના ગુરુ થયા. તેમની જે મહાઅલૌકિક રીત હતી તેને હવે કહું છું. ૧. આ જગતમાં સંપ્રદાયોનો કોઈ પાર નથી. લગભગ બધા કાંતા અને કનક (સ્ત્રી અને ધન) ને હરવા (લૂંટવા) લાગ્યા છે, તેમ જ માંસ તથા દારૂ ઉદ્ધાર કરનારા છે એમ માનવા લાગ્યા છે. ૨. વાસ્તવમાં જે નરકના દ્વાર છે, તેને તેઓ મોક્ષનું દ્વાર માની બેઠા છે. આવા જે બધા ગુરુઓ થયા છે તે સર્વે તો જમપુરીના નિવાસી છે. ૩. ધર્મદેવે બધું જોયું-વિચાર્યું કે 'આવા બધા નકામા ગુરુઓએ મોક્ષનું દ્વાર તો બંધ કરી દીધું છે' પછી ધર્મદેવે આ મોક્ષનો માર્ગ તૈયાર કર્યો. ૪.

### ❋ નરનારાયણદેવે ધર્મદેવને શ્રીહરિની સર્વોપરિતા કહી :

**चोपाई :**

**नरनारायण दरश हि दीने, वेद को रहस्य सबहि कीने;**
**वेद के जो जिवन हे जेहु, तव पुत्र घनश्याम हे तेहु...०६**

પહેલાના (સત્યાદિક) યુગમાં જે વેદોની રીત હતી તે ધર્મદેવે મનમાં વિચારી. ત્યાર પછી શ્રીનરનારાયણદેવનું ધ્યાન કર્યું. ૫. ત્યારે ભગવાન નરનારાયણે તેમને દર્શન આપ્યાં અને વેદોનું સંપૂર્ણ રહસ્ય તેમને કહી બતાવ્યું. પછી કહ્યું કે, વેદોનું જે જીવન છે, તે તો તમારા પુત્ર ઘનશ્યામ છે. ૬.

**सो धर्म कहे जस रीति, तस जानना परम प्रीति;**
**वेद प्रसन्न होत तेहि जोई, एसे यह तब सुत हे सोई...७**

**सनातन देव हमारे जोउ, ईनकुं हम मानत हें सोउ;**
**सब पर हमकुं मानत देवा, देव के देव होईके एवा...८**

તે ઘનશ્યામ જે રીતે ધર્મ કહે, તેને પરમ પ્રેમથી તમારે સમજવો. તે જોઈને વેદ પણ તમારા પર પ્રસન્ન થશે. તમારા પુત્ર આવા પ્રભાવશાળી છે. ૭. અમે પણ અમારા સનાતન ઈષ્ટદેવ આ શ્રીઘનશ્યામ મહારાજને જ માનીએ છીએ. દેવતાઓ તો જાણે અમે દેવોના પણ દેવ હોઈએ તેમ અમને સર્વથી પર માને છે. ૮. પરંતુ સર્વનું કારણ આ શ્રીઘનશ્યામ પ્રભુ જ હોવા છતાં તેઓ ઉપાસક (ભક્ત)ની રીતે વર્તે છે. આવું વર્તન બીજા કોઈથી થઈ શકે નહીં. મોટા થાવા માટે તો સહુ કોઈ દોડધામ કરતા હોય છે. ૯.

આ શ્રીહરિ તો ભક્તના પણ ભક્ત થઈને રહે છે તોપણ તેઓ સહુથી મોટા જ રહે છે. અને તેમની મોટપ કોઈને લીધે કોઈ પ્રકારે ઘટતી નથી. કેમજે, એમનામાં એવા જ સદ્‌ગુણો સંપૂર્ણપણે ભરાઈને રહ્યા છે. ૧૦. જેટલા મનુષ્ય, દેવ અને અસુર છે, તેઓ આ ઘનશ્યામ પ્રભુને માને કે ન માને, પરંતુ તેઓ તો સહુથી પર અને સમર્થ છે, તેથી બધા માને તેણે કરીને તેમની મોટાઈ વધતી નથી અને ન માને તેથી તેમની મોટાઈ ક્યારેય ઘટતી નથી. ૧૧. આ શ્રીઘનશ્યામનું સ્વરૂપ તો સદા એકનું એક સરખું જ રહે છે. તે ક્યારેય વધતું ઘટતું નથી. આ રીતે જે આ પ્રગટ શ્રીહરિની મોટાઈને જેટલી સમજે છે, તેનામાં તેટલી મોટાઈ આવે છે. ૧૨.

તે માટે એક દૃષ્ટાંત છે જે, ચાર માસ સુધી સતત વરસાદ ખૂબ જ જોરથી વરસતો રહે. તેનું જળ અનંત નદીઓમાં પણ સમાય નહીં, તેથી તે બધું જળ સમુદ્રમાં વેગથી જતું રહે છે. ૧૩. આ રીતે પચાસ કોટિ યોજનના વિસ્તારવાળી ભૂમિમાં જેટલું પણ વરસાદનું પાણી છે તે બધું જ જળ સમુદ્રમાં જતું રહે છે તોપણ તે સમુદ્ર તેવો ને તેવો જ સ્થિર થઈને રહે છે. ૧૪. વળી, કદાચ સો વરસ સુધી પૃથ્વી પર બિલકુલ વરસાદ વરસે નહીં, છતાં પણ સમુદ્ર સુકાતો નથી અને જેવો છે તેવો જ અખૂટ રહે છે. એવો સમુદ્ર અગાધ હોય છે. એ જ રીતે આ શ્રીહરિને તમામ ચેતનો ગમે તેટલા માને, પૂજે તોપણ તેઓ ક્યારેય ફૂલાઈ જતા નથી અને કોઈ જ લેશ પણ ન માને તેનાથી તેઓ સહેજ પણ ન્યૂન થઈ જતા નથી. ૧૫. હે ધર્મદેવ ! આ રીતે સમુદ્રના કરતાં પણ આ શ્રીહરિમાં તો અનંત અપાર ગુણ રહ્યા છે. તેથી તેઓ કોઈના માપમાં આવે એવા નથી. છતાં જે મૂર્ખ હોય છે તે તેનું માપ કરવા જાય છે. ૧૬.

### ✲ ધર્મદેવે ધર્મશુદ્દિની કરેલી વિચારણા :

પરમ પવિત્ર શ્રીનરનારાયણ ભગવાન આવી રીતે શ્રીહરિનો અપાર મહિમા કહીને અદશ્ય થઈ ગયા. ધર્મદેવ તે સમયે ધ્યાન કરતા (સમાધિમાં) હતા તે ધ્યાનમાંથી બહાર આવ્યા. ૧૭. **પછી જે યુવતીઓ શિષ્યા થવા આવતી તેમને ધર્મદેવ ભક્તિની શિષ્યા કરાવતા. આમ કરવાથી ગુરુને ક્યારેય લાંછન લાગે નહીં અને યુવતીઓ સહેજે મોક્ષને પામે. ૧૮. યુવાન સ્ત્રી અને પુરુષ એક સ્થળે ભેળા થાય તો કામ તેમાં વિવેક રહેવા દેતો નથી. ભવ અને બ્રહ્મા કરતાં વધારે કોઈ સમર્થ નથી. તેઓ મનુષ્ય અને દેવોના ઈશ્વર ગણાય છે. ૧૯.** નર અને નારીની સૃષ્ટિ તેમણે જ કરી છે, છતાં તેઓ નારીમાં મોહ પામ્યા હતા. નારીને જોવાથી કામે પ્રવેશ કર્યો અને દેવરાજ ઇંદ્ર નારીની પાછળ દોડતો ગયો. ૨૦. કામે કોઈની લાજ-આબરૂ રહેવા દીધી નથી. તેણે બધાને અત્યંત ફજેત કર્યા. કામ દોષ એટલો બધો જોરાવર નીકળ્યો કે તેણે ભવ અને બ્રહ્માદિ દેવોની પણ લાજ-આબરૂ પાડી દીધી. ૨૧. પુરુષ અને સ્ત્રી, બંનેને જે પરસ્પર પ્રેમ છે તે જ મૂર્તિમાન કામ છે. પરસ્પર પ્રેમ સિવાય તેનું બળ ચાલતું નથી. પરસ્પર સંગ સિવાય ક્યાંય પ્રેમ થતો નથી. ૨૨.

**કામ મોક્ષમાર્ગમાં ભયાનક શત્રુ છે, તે હેત દેખાડીને મારી નાખે છે. નર અને નારી ક્યારેય એકાંતમાં ભેળા ન બેસે, તો તેનો મોક્ષમાર્ગ અખંડ-નિર્વિઘ્ન રહે છે. ૨૩. મોક્ષમાર્ગને અખંડ (નિર્વિઘ્ન) રાખવા માટે તો નારી અને નરની સભાઓ અલગ-અલગ કરી છે. જે નરનારી સભામાં અલગ અલગ બેસે છે તે જ સાચા હરિભક્ત કહેવાય છે. અને તે અલગ સભા સત્સંગના નિયમોને દૃઢ રખાવે છે. ૨૪.** ધર્મદેવે બરાબર વિચાર કર્યો અને મોક્ષની રીતિ જોઈ. પછી સંપ્રદાયની શુદ્ધિને વિચારીને સ્ત્રી, પુરુષની સભા જુદી કરી. જેનાથી મુમુક્ષુનો મોક્ષ થાય. ૨૫. જેટલી સ્ત્રીઓ આવતી, તે બધી ભક્તિમાતાનો ઉપદેશ ગ્રહણ કરતી અને સધવા તથા વિધવા સ્ત્રીના સંપૂર્ણ ધર્મોને હંમેશા સાંભળતી. ૨૬.

જે જે સ્ત્રીઓ ભક્તિમાતાના ઉપદેશથી નારીના ધર્મનું પ્રેમથી પાલન કરવા લાગી તેના પૂર્વના સંચિત અને પ્રારબ્ધ આદિ બધા કર્મ બળી ગયા. ૨૭. કુલટાના જેવી કુબુદ્ધિવાળી નારીઓ પણ ધર્મનું પાલન કરીને શુદ્ધ થઈ ગઈ. તેથી

અયોધ્યાપુરીમાં ભક્તિદેવીનો પ્રતાપ ઘણો જ વધી ગયો. ૨૮. ધર્મદેવ પુરુષોને તેના ધર્મોનો ઉપદેશ કરતા અને તેથી તેના જન્મ મરણના ક્લેશ ટળી જતા. વળી ભગવાનના જે જે જન્મદિન આવતા તેને જોઈને તે નિમિત્તે ભગવાનમાં પ્રેમ વધે એટલા માટે વારંવાર ઉત્સવ કરતા. વ્રતોને અને ઉત્સવોને એવી રીતે સરસ ઊજવતા કે તેનાથી ભગવાનના સ્વરૂપમાં ગાઢ પ્રીતિ થાય. ૩૦.

ભાદરવા સુદિ ચોથને દિવસ તેઓ ગણપતિની પૂજા કરતા. અને આસો વદિ ચૌદશને દિવસ પ્રેમથી હનુમાનજીનું પૂજન કરતા હતા. ૩૧. એક દૃઢ નિયમ રાખીને ભગવાનના જે ચરિત્ર, તેને વારંવાર સાંભળતા હતા. અને જે બ્રાહ્મણ ભણવા માટે આવતા તેને તેઓ વેદોનો અભ્યાસ કરાવતા. ૩૨. હેતથી તેમને ભગવાનની વાત સંભળાવતા અને તેમની પાસે શુદ્ધ સદાચારરૂપ ધર્મ પળાવતા. પાંચ જ્ઞાનેન્દ્રિયો અને છઠ્ઠું જે મન, તે છએ શત્રુને ધર્મદેવ જીતી ચૂક્યા હતા. ૩૩. જે પોતાના આશ્રિત શિષ્યો આવતા, તેમને પણ ઈન્દ્રિયો અને અંતઃકરણરૂપ શત્રુઓને જીતાવતા હતા. ભક્તિ અને ધર્મદેવ, બંને સદાચારમય અપાર ધર્મનું પાલન કરતા. તેમાં ક્યારેય લગારેક પણ ભૂલ પડવા દેતા નહીં. ૩૪.

**જેને ઘેર પરબ્રહ્મ પુરુષોત્તમનારાયણે અવતાર લીધો હોય તેના પુણ્યનો તો કોઈ પાર જ ન આવે. જેટલા સદ્‌ગુણ કહેવાય તે બધા ત્યાં ધર્મ-ભક્તિમાં આવીને રહ્યા હતા. ૩૫. તેમાં કાંઈ આશ્ચર્ય પામવું નહીં. જ્યાં શ્રીહરિ રહ્યા હોય ત્યાં શું ન હોય ? જે રિદ્ધિ અને સિદ્ધિ કહેવાય છે તે તો શ્રીહરિની પાછળ પાછળ જ ફર્યા કરે છે. ૩૬.** શ્રીહરિના જન્મને આઠ વર્ષ પુરા થઈ ગયા. પછી ધર્મદેવ બેઠા-બેઠા વિચારવા લાગ્યા. કારણ કે શ્રીહરિના યજ્ઞોપવીત સંસ્કાર કરવાના બાકી હતા. તે વિચાર કર્યા પછી સારા સામવેદી વિદ્વાન્ જ્યોતિષીને બોલાવ્યા. ૩૭-૩૮. પહેલા તો પુષ્પો અને શ્રીફળ આદિ અર્પણ કરીને તે વિપ્રની પુજા કરી. પછી પુત્રને યજ્ઞોપવીત આપવા માટેના સમય અંગે તેમને પ્રશ્ન કર્યો. ત્યારે જ્યોતિષીએ જ્યોતિષ શાસ્ત્રનું પંચાંગપત્ર જોઈને કહ્યું કે ફાગણ સુદિ દશમની તિથિ અને શુક્રવારે યજ્ઞોપવીત સંસ્કાર કરવાનું સારું મુહૂર્ત છે. પછી શ્રીહરિ તરગામમાં હોવાથી તેમને લેવા માટે

ધર્મદેવ તરગામ ગયા. અને શ્રીહરિના મામા વશરામ તિવારીએ યજ્ઞોપવીત આપવા માટેનો બધો સામાન ભેળો કર્યો. ૪૨.

***ઇતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના પ્રથમ પૂરમાં 'ધર્મશુદ્ધિ માટે ધર્મદેવની વિચારણા, શ્રીહરિને જનોઈનું મુહૂર્ત જોવડાવ્યું' એ નામે ઓગણ પચાસમો તરંગ સમાપ્ત ॥૪૯॥***

## પૂર પહેલું : તરંગ - ૫૦

## શ્રીહરિનો યજ્ઞોપવીત વિધિ

ઘણા જ મહા બુદ્ધિમાન્ વશરામ મામા યજ્ઞોપવીત સંસ્કારના પ્રસંગમાં ઉપયોગી બધો સામાન અયોધ્યામાં લઈને આવ્યા. ૧. શ્રીહરિના માતાપિતા તે બધું જોઈને ખૂબ રાજી થયા. દિલના અતિ ઉદાર ધર્મદેવે તે સિવાયનો પણ વધારાનો સામાન મંગાવ્યો. ૨. ગામોગામ કંકોતરી લખીને બધા સગાઓને તેડાવ્યા. અને સહુને અયોધ્યામાં આવવાનું કહ્યું. ૩. ધર્મદેવના ઘરને ભાત-ભાતના સામાનોથી સુંદર રીતે શણગાર્યું. કેળના સ્તંભ રોપાવીને મોટો મંડપ કરાવ્યો. ૪. તેમાં રંગબેરંગી, મનોહર પ્રકારના જરિયાની અપાર ઉલેચ બંધાવ્યા અને બધી દિશાઓમાં મોતીના તરિયા-તોરણ પણ બંધાવ્યા. ૫. મંડપના ચારે દરવાજાની રચના કમાનોથી ઘણી શોભતી હતી અને તેમાં સુંદર ઘુંમટ હતો. જેની શોભી કહી શકાતી નથી. ૬. મંડપની વચ્ચે સોનેરી સ્તંભ સુશોભિત કર્યા અને ચાર સ્તંભની વચ્ચેના જેટલા ચોક પડ્યા તેટલી સારી કમાનો કરાવી. ૭. વચ્ચે ઘણો સુંદર ઘુમટ કર્યો, તેને મધ્યે સોનાનું કમળ મૂક્યું. ઘુમટના ઉપર સોનાના કળશ શોભતા હતા, જે આકાશમાં રહેલા દેવોના મનને પણ લોભાવતા હતા. ૮. જેટલા સોનેરી સ્તંભ કર્યા, તેટલા જ ઉપર સોનાના કળશ મુકાવ્યા. માનો વિશ્વકર્માએ આવીને સૂર્યકાંત મણિ અને ચંદ્રકાંત મણિ લગાવ્યા હોય તેવી શોભા રચાવી. ૯. જેટલા સ્તંભના ચોક થયા તેટલા બિલોરી કાચના ઝાડ તેમાં લટકાવી દીધાં. તે બધાને એવા પચરંગી કર્યા હતા કે દેખનારા લોકો વિસ્મિત થઈ જતા હતા. ૧૦.

દેવલોકની શોભા પણ આ મંડપની શોભાને જોતા ફિક્કી લાગતી. મંડપની અંદર અપાર મનોહર પ્રકારના દીવાઓ કર્યા. તેનો ગણે પાર ન આવે. ૧૧. મંડપની એટલી સુંદર શોભા થઈ કે ત્રિલોકીમાં આવી શોભા બીજે ક્યાંય ન હોય. તે શોભા જોઈને રાજાઓ અને દેવો પણ પ્રશંસા કરવા લાગ્યા કે આવી શોભા બીજે ક્યાંય નથી. ૧૨. વિવાહની જેમ યજ્ઞોપવીતના સમારંભનો આરંભ કર્યો. વિવિધ પ્રકારના અપાર વાજિંત્રો વાગવા લાગ્યા અને સ્ત્રીઓ ઉત્સાહભેર ગીત ગાવા લાગી. ૧૩. અયોધ્યાપુરીના મોટા મોટા ધનવાન લોકો પણ મંડપ જોવા નિત્ય આવતા અને તેની ઘણી જ ભીડ અખંડ રહેતી. ૧૪.ફાગણ સુદી નવમીને દિવસ ગામે-ગામના સર્વે સંબંધીઓ જાત જાતના વાહનોમાં બેસીને આવવા લાગ્યા. ૧૫. સોનેરી શણગારથી શણગારેલા હાથી, ઘોડા અને રથમાં બેસીને આવતા. બધાના દિલમાં અત્યંત ઉત્સાહ દેખાતો. કેટલાક તો મ્યાના અને સુખપાલમાં બેસીને આવ્યા. ૧૬. બાળક, યુવાન કે વૃદ્ધ, બધી જ નારીઓ શરીર ઉપર સોનાના ઘરેણાં પહેરીને આવી. યજ્ઞોપવીતનો સમય જોઈ-વિચારીને બ્રાહ્મણો પણ અપાર આવ્યા. ૧૭. કેટલાક તો અયોધ્યાપુરીના અને શ્રીહરિના દર્શનની ચાહનાથી આવ્યા. કેટલાક સરયૂમાં સ્નાન કરવાના ઉત્સાહથી આવ્યા. અયોધ્યામાં અનંત-અપાર તીર્થસ્થાનો હતા તે જોવાનો બધાને ઘણો ઉત્સાહ હતો. ૧૮. મહેમાનોને જમાડવા માટે ધર્મદેવે વિવિધ પ્રકારના પાકો પુષ્કળ પ્રમાણમાં કરાવ્યા હતા. બે વાર પંક્તિ કરીને સહુને જમાડતા અને તે પણ જેની જે ઇચ્છા હોય તેમ 'ઇચ્છા ભોજન' કરાવતા. ૧૯.

શ્રીહરિના મોસાળના પિતરાઈઓ તો મોટા મોટા જમીનદાર ગણાતા. તેઓ તો પહેરામણી રૂપે અપાર સોનાના ઘરેણાં અને સોનેરી કિંમતી વસ્ત્ર વગેરે લાવ્યા. ૨૦. ધર્મદેવ અને ભક્તિદેવીના શિષ્ય નરનારીઓ તે સમયે ગુરુના અને શ્રીહરિના દર્શન કરવા ત્યાં આવ્યા. જે જે આવ્યા, તેને યોગ્ય રીતે ઉતારા કરાવ્યા. ૨૧. સૌની સરભરા સારી રીતે, અતિ ઉત્સાહથી અને ઘણા જ પ્રેમભાવથી રાખી. અનેક પ્રકારના શાક અને વડા વગેરે દરેક રાતે બનાવતા રહ્યા. ૨૨. જ્યારે (તા. ૭/૩/૧૭૮૯, સંવત ૧૮૪૫) ફાગણ સુદ દશમનો

દિવસ થયો ત્યારે સારા વિદ્વાન્ વિપ્રો આવ્યા. સામવેદી કુળગોર શુક્લજી સદાચારી અને આત્મનિવેદી હતા. ૨૩. અયોધ્યામાં પુરાણીઓ, શાસ્ત્રજ્ઞ શાસ્ત્રીઓ જે ઘણા પ્રસિદ્ધ હતા તે આવ્યા. એક જ્યોતિષી પુરાણી શુક્લજી હતા કે જે ચોઘડિયા અને પળ વગેરે જોઈ આપતા, તે પણ આવ્યા. ૨૪.

શ્રીહરિના યજ્ઞોપવીત સંસ્કારના ઉત્સવમાં તે સમયે મંગળમય વાજિંત્ર વાગવા લાગ્યા અને સ્ત્રીઓ મંગળ ગીતો ગાવા લાગી. ૨૫. નિર્વિઘ્નતા માટે ગણપતિની સ્થાપના કરી અને પૂજા કરી. તે સમયે પહેલેથી વિચારી રાખેલી ત્રણ ગાયોનું દાન બ્રાહ્મણને કર્યું. ૨૬. સ્થંડિલની સ્થાપના કરી. પછી તેના ઉપર અગ્નિને પ્રકટાવ્યો. તેમાં ઘી, જવ, તલ અને ડાંગર તથા અન્ય હવ્યોની આહુતિઓ આપી. (તથા બીજી ગુગળ, સુખડ, કપૂર કાચલી, કમળકાકડી, ખારેક, સોપારી, ટોપરું, મોથ વગેરે તથા આંકડો, ખેર, ખાખરો, ઉંબરો, પીપળો, ખીજડો, અઘેડો, ધરો, ડાભ વગેરે હોમની અને પૂજાની સામગ્રી પણ રાખી હતી) સામવેદનું જે કર્મ તે તો ધર્મદેવે પાસે રહીને કરાવ્યું. ભક્તિમાતાને ઘણો ઉત્સાહ હતો. તેમણે પ્રથમ પુત્રરૂપ શ્રીહરિને સ્નાન કરાવ્યું. ૨૭-૨૮. તે પછી અનેક પ્રકારના ભોજન ભક્તિનંદન શ્રીહરિને જમાડ્યા. પછી મુંડન કરાવીને ફરીવાર સ્નાન કરાવ્યું. તે પછી ધર્મદેવ પુત્રરૂપ શ્રીહરિની પાસે આવ્યા. ૨૯. બ્રાહ્મણને માટે જે સંસ્કાર વિધિ કરાવવો જોઈએ તે વિધિ બધો પ્રથમ કરાવ્યો. એક કૌપીન પહેરાવી. ડાબે ખભે જનોઈ (યજ્ઞોપવીત) પહેરાવી. ૩૦.

પછી શુક્લ ગુરુ બોલ્યા, હે ધર્મપુત્ર ! તમે ચિત્ત દઈને સાંભળો. તમે બ્રહ્મચારી (વર્ણી) થઈને બાર વરસ સુધી ભૂમિ ઉપર વિચરણ કરો. ૩૧. પછી પોતાના પિતા ધર્મદેવે તે પછી શિક્ષાના વચન કહ્યાં, સારી રીતે વૈશ્વદેવ કર્મ કરવું. પ્રેમભાવથી ત્રણવાર સંધ્યા કરવી. ૩૨. ભગવાનના પ્રસાદીરૂપ અન્નનું જ ભોજન કરવું. ક્યારેય દિવસે સૂવું નહીં. ગુરુની સેવામાં પ્રેમ રાખવો. ત્યારે બટુક શ્રીહરિ 'સત્ય, સત્ય' (સારું સારું) આવું ઉચ્ચારણ કરતા રહેતા. ૩૩. મોસાળના જે બધા પિતરાઈઓ હતા તે બટુકનો ઉચ્ચાર સાંભળીને ઘણું પ્રસન્ન થયા. તે પછી ધર્મદેવે તેમને ગાયત્રીનો મંત્ર કહ્યો. 'ખૂબ જ હોશિયારીથી જપ કરજો' આવું પણ કહ્યું. ૩૪.

તે સમયે જાત જાતના વાજિંત્રો વાગતા હતા. મહિલાઓનો સમાજ મંગળ ગીતોને ગાતો હતો. વિપ્રોનો વેદ મંત્રોચ્ચાર ગાજી રહ્યો હતો. લોકોમાં ઉત્સાહ છવાઈ ગયો હતો. ૩૫. પરસ્પર પહેરામણી આપી. ધર્મદેવે દક્ષિણાઓ આપી. જે ગાયક દ્વિજો કહેવાતા હતા તે બધાને રાજી કર્યા. ૩૬. વિવિધ પ્રકારના અપાર અન્ન, ધન અને વસ્ત્ર આપ્યા. જે યાચક (માગણ) દ્વિજો કહેવાતા હતા તે જય જય કાર બોલવા લાગ્યા. ૩૭. ગુરુએ ખાખરા (પલાશ)નો દંડ લાવીને વર્ણીના હાથમાં આપ્યો અને જગતનું મંગળ કરનારું એવું **'નીલકંઠ'** નામ ધાર્યું. ૩૮. મુંજની કટિમેખલા, આસન માટે મૃગચર્મ તેમજ અંગ અને કૌપીન પર ઢાંકવા માટે નવીન વસ્ત્ર આપ્યું. ૩૯. પહેલા ધર્મદેવે જે ધર્મ સંભળાવ્યા હતા તે ધર્મ વર્ણીને બુદ્ધિમાન દેખીને ગુરુએ હેતથી સ્પષ્ટ રીતે કરીને સમજાવ્યા. ૪૦.

***ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના પ્રથમ પૂરમાં 'શ્રીહરિનો યજ્ઞોપવીતવિધિ' એ નામે પચાસમો તરંગ સમાપ્ત ॥૫૦॥***

## પૂર પહેલું : તરંગ - ૫૧

## યજ્ઞોપવીત વિધિમાં ગુરુનો ઉપદેશ

હવે નિષ્પાપ ગુરુ કહે છે, હે બાળ બ્રહ્મચારી ! તમે સાંભળો, વર્ણીના ધર્મો હું કહું છું. માટે તે પ્રમાણે ચાલવું-વર્તવું. ૧. હૃદયમાં વિચાર કરીને પવિત્ર શુદ્ધ ધર્મને સ્વીકારવો. ક્યારેય ક્રોધ કરવો નહીં. સદાય વિનયે યુક્ત રહેવું. ૨. ક્યારેય ભૂલથી પણ પોતાના મુખથી મિથ્યા વચન બોલવું નહીં. હે વર્ણી, હવે તમારે આઠ પ્રકારે નારીનો ત્યાગ રાખવો. ૩. ગ્રામ્યવાતો (વિષય સંબંધી વાતો) મુખે બોલવી નહીં અને કાને સાંભળવી નહીં. નૃત્ય અને તેવા જ વાજિંત્રો ક્યારેય આંખે દેખવા નહીં અને કાને સાંભળવા નહીં. ૪. જે સુગંધી તેલ આદિ પદાર્થ હોય તે પોતાના અંગો ઉપર ચોળવા નહીં, પગથી પગને ઘસીને ધોવા નહીં, તેમજ પગને વધારે ઘસીને અમસ્તા પણ

ધોવા નહીં. ૫. પોતાના ગુરુની આગળ ઊંચે આસને ક્યારેય થોડીવાર પણ બેસવું નહીં. વધારે દાંત ઘસવા નહીં, કેશ ગૂંથવા નહીં અને જમીન ઉપર લેશ પણ અક્ષરો લખવા નહીં. ૬.

યોગ્ય સમય વિચારીને માથાના કેશ ઉતરાવવા. દારૂ અને માંસનો સ્પર્શ પણ કરવો નહીં. બળદના વાહનમાં ન બેસવું. દર્પણમાં મોઢું જોવું નહીં. ૭. કોઈની નિંદા કે દ્રોહ કરવો નહીં. પગમાં પગરખાં પહેરવા નહીં. કોઈપણ જંતુની હિંસા જાણી જોઈને મન, કર્મ, વચનથી પણ કરવી નહીં. ૮. કોઈપણ પ્રકારની મુક્તિને માટે આત્મઘાત ન કરવો પણ તેનાથી ડરતાં રહેવું. ક્યારેય કુસંગ કરવો નહીં કે જેનાથી ધર્મનો લોપ થાય. ૯. ધર્મના જેવું બીજું કોઈ સુખકારી નથી. એટલા માટે તત્પર થઈને ધર્મમાં રહેવું. નિષ્કામવ્રતધારી વર્ણીએ જમીન ઉપર મૂકીને કે કાંસાના ઠામમાં જમવું નહીં. ૧૦.

કાથો, ચૂનો અને નાગરવેલનું પાન ખાવું નહીં. જુગારને દૂરથી જ તજી દેવો. ગાંજો, ભાંગ, મફર અને અફીણ આદિને તજી દેવા. ૧૧. દેવતા, તીર્થ, વિપ્ર, ગાય, સાધુ, સતી અને મહત્વપૂર્ણ સચ્છાસ્ત્ર, આટલાની નિંદા ક્યારેય પોતે કરવી નહીં. અને કોઈ કરતો હોય તો તે સાંભળવી નહીં. ૧૨. હે હરે ! બ્રહ્મચારીની રીત ચિત્ત દઈને સાંભળો. જેમ ગુરુ કહે તેમ હેતથી કરવું. ૧૩. કૌપીન, મુંજની કટિમેખલા, દંડ, કમંડલુ, જનોઈ, મૃગચર્મ અને ભિક્ષાપાત્ર આટલાને ક્યારેય તજી દેવા નહીં. સ્નાન, સંધ્યા, ગાયત્રીનો જપ, હોમ, ભણવું, ભણાવવું (સ્વાધ્યાય), દેવ અને પિતૃનું તર્પણ એટલા કર્મ અને શ્રીકૃષ્ણ ભગવાનની પૂજા, આટલા નિયમિત રોજ કરવા તે વર્ણીનો ધર્મ છે અને નિત્ય-નિરંતર શ્રીકૃષ્ણભગવાનની નવ પ્રકારે ભક્તિ કરવી. ૧૪-૧૬.

આ પ્રમાણે ગુરુદેવે બ્રહ્મચારીના ધર્મની રીતિ કહી. ત્યારે ‘સત્ય’ ‘સત્ય’ (‘સારું, સારું’) આવું શ્રીહરિ સરલતાથી બોલ્યા. પછી અગ્નિને પ્રદક્ષિણા કરાવીને શ્રીહરિને ભક્તિમાતા પાસે ભિક્ષા લેવા મોકલ્યા. ૧૭. જ્યારે માતા પાસે ભિક્ષા માગી ત્યારે તેમણે આનંદોલ્લાસથી ભિક્ષા આપી. મોટા ભાભી સુવાસિનીબાઈએ પણ હેતથી ભિક્ષા આપી. ૧૮. તે ભિક્ષા ગુરુ આગળ મૂકી. પછી ગુરુની આજ્ઞાથી તે જમ્યા. પછી કાશી (ભણવા)

જવા માટે ગુરુએ બધી સામગ્રી આપી. ૧૯. જેમ કે, દંડ, કમંડલુ, મૃગચર્મ, વિશાલ કટિમેખલા, તુલસીની માળા, માતાએ જે ભાતું બરફી, પતાસા અને પેંડા વગેરે આપ્યું હતું તે શ્રીહરિને આપ્યું. ૨૦. અને પીળા રંગનું અંગરખું, મસ્તકે પાઘડી ઘાટની ટોપી, હાથમાં ખાખરાનો દંડ, તેની સાથે બાંધેલું ભાતું, આ બધું લઈને બ્રહ્મચારી બાળપ્રભુ કાશી ભણવા જવા માટે તત્કાળ ચાલતા થયા. ૨૧. ઘરથી નીકળ્યા. પુરીથી બહાર ગયા. પાછા વળવું જ નથી, એમ મનમાં નિર્ધાર કર્યો. સંબંધીઓની સ્નેહમયી માયાને દૂર કરીને નિશ્ચયાત્મક રીતે ચાલતા થયા. ૨૨. વશરામ મામા વર્ણીને પાછા લાવવા તેમની પાછળ દોડ્યા. ઘણું જોરથી દોડ્યા પણ પહોંચી શક્યા નહીં. પછી દૂરથી પાછળ રહ્યા-રહ્યા પોકાર કર્યો, વર્ણીકુમાર પાછા વળો...પાછા વળો...માતાપિતાની સેવા કરો. મારી આટલી વિનતિ છે, તે સાંભળો. મામાનું વચન દિલથી માન્યું, પછી ઊભા રહ્યા. મામાએ હાથ પકડીને વર્ણી શ્રીહરિને પાછા વાળ્યા. ૨૩-૨૪. **ત્યારે મામાને અત્યંત હેત થયું, તેથી તેમને ખભે ઉઠાવી લીધા. અને માતાપિતાની સેવા કરવા માટે પિતાને ઘેર લાવ્યા. ૨૫.** ઘનશ્યામ ફરીને ઘેર આવ્યા. માતાપિતા તેમનું મુખ જોઈને વારંવાર હેતથી ભેટી પડ્યા. અને તેમના હૃદયમાં શાંતિ થઈ. ૨૬.

**જેટલા સગા સંબંધીઓ હતા તે બધા દોડી આવ્યા. ઘનશ્યામ દૂર સુધી ભાગી ગયા છે એવું સાંભળીને સહુને આંખે અંધારાં આવી ગયાં હતાં. પણ જ્યારે પાછા આવ્યા ત્યારે બધા પરસ્પર ભેટવા લાગ્યા. ૨૭.** સંબંધીઓ ચારે બાજું ઘેરીને બેઠા. 'ઘનશ્યામ તમે ભલે પધાર્યા' આવું વારંવાર બોલવા લાગ્યા અને એમ પણ કહ્યું કે, જો તમે ન આવ્યા હોત તો અમારા કોઈના પ્રાણ રહેત નહીં. ૨૮. 'અમને જીવાડવા તમે ભલે પધાર્યા...ભલે પધાર્યા' આવીને તમે અમૃતની વૃષ્ટિ કરી. તમે આવ્યા તેથી અમે સજીવન થયા છીએ. એમ પરસ્પર બોલીને સહુ હરખાયા. ૨૯. હળીમળીને સહુ બેઠા. ત્યારે બધાની વચ્ચે ઘનશ્યામ બેઠા. મનમાં પ્રેમ લાવીને સહુ રમ્યા અને જમ્યા. પછી આવેલા મહેમાનો પોતાને ગામ જવા તૈયાર થયા. ૩૦. જનોઈનો બધો વિધિ પૂર્ણ થયો. સૌ જય જય, જય જય, એમ બોલતા ગયા. સરવરિયા (સરયૂપારીણ) વિપ્રો અપાર છે. ઘણા તો મોટા ધનાઢ્ય છે. ૩૧.

આવો યજ્ઞોપવીત વિધિ કોઈએ કર્યો નહીં હોય, તેથી આ ઉત્સવ પ્રસંગ સર્વોપરિ થયો. આવું સહુ પરસ્પર બોલતા હતા અને અતિશય હેતથી ઉત્સવ પ્રસંગની પ્રશંસા કરતા હતા. ૩૨. ધર્મદેવે વિપ્રોને પુષ્કળ દાન આપ્યાં. વસ્ત્ર, ઘરેણાં, સોનું અપાર આપ્યું. હાથી, ઘોડા અને રથ જેવા વાહન, તે તો પ્રત્યેક વિપ્રને એક એક આપ્યા. ૩૩. સોનાના સારા કળશ કરાવ્યા અને તે અપરંપાર લહાણીના રૂપમાં વહેંચ્યા. સરવરિયા બ્રાહ્મણની નાતમાં દેશમાં કે પરદેશમાં જે કોઈ રહેતા હતા,૩૪. તે સહુને સંભારી સંભારીને લહાણું મોકલ્યું, પાર ન આવે એટલી બધી ગાયો પણ દાનમાં આપી. ધર્મ અને ભક્તિના શિષ્ય અને શિષ્યાઓ જે અનંત પુરુષો અને સ્ત્રીઓ હતી. તેઓ પુષ્કળ વસ્ત્રો અને ઘરેણાંઓને લાવ્યા હતા, તેનાથી પુરુષોએ શ્રીહરિની પૂજા કરાવી. જેટલી સ્ત્રીઓ આવી હતી તે સહુએ ભક્તિમાતાની પૂજા કરી. ૩૫-૩૬.

જેટલા પુરુષો આવ્યા હતા, તેમણે સહુએ ધર્મદેવને અને ધર્મદેવના પરિવારની પૂજા કરીને સેવા કરી. ૩૭. ધર્મદેવ અને ભક્તિમાતાએ જેટલા પોતાના શિષ્યો આવ્યા હતા, તે સહુને યોગ્યતા પ્રમાણે ખૂબ જ પ્રેમથી જમાડ્યા. ૩૮. જે શિષ્યો આવ્યા હતા તે પણ પોતપોતાને ઘેર ગયા કોઈ બાકી ન રહ્યા, ત્યારે સર્વત્ર જય જયકાર થઈ ગયો. ૩૯. તે પછીના સમયમાં ધર્મદેવે પોતાના પુત્રરૂપ શ્રીહરિને ખૂબ જ પ્રેમથી અંગોએ સહિત વેદ ભણાવ્યા. ૪૦.

***ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના પ્રથમ પૂરમાં 'યજ્ઞોપવીત વિધિમાં ગુરુનો ઉપદેશ' એ નામે એકાવનમો તરંગ સમાપ્ત ॥૫૧॥***

## પૂર પહેલું : તરંગ - ૫૨

## શ્રીહરિનું તત્વ ચિંતન

શ્રીહરિએ વ્યાસમુનિના અને રામાનુજાચાર્યના ગ્રંથોમાંથી સારા-સારા સારભૂત જે મોક્ષપરક વચનો હતાં તેને મનમાં ધારી લીધા. ૧. બીજ વિના વૃક્ષ થાય નહીં, વૃક્ષ વિના ફળ ન થાય અને ફળ વિના રસ કે બીજ થાય

નહીં. આમ બહુ બહુ વિચાર્યું. ૨. **ઈશ્વર અક્ષરમાં રહે અને અક્ષર ઈશ્વરમાં રહે, તે અન્યોન્ય ક્યારેય જુદા પડતા નથી. સદા અખંડના અખંડ જ રહે છે.** ૩. અક્ષરના એક દેશમાં માયા અવ્યક્તપણે રહી છે. જેમ દિવસે તારા દેખાતા નથી તેમ અક્ષરમાં માયા લેશમાત્ર ક્યારેય પણ વ્યક્ત જણાતી નથી. ૪. ભલે માયા અનંત કહેવાતી હોય, પણ અક્ષર આગળ તેનું લેશમાત્ર પણ ચાલે નહીં, અને તેનાથી જ અક્ષરમાં માયા રહી છે આમ કહેવાય નહીં. આ બધું વિચાર્યા સિવાય સમજાય નહીં. ૫. **જેની દૃષ્ટિ અક્ષરધામ સુધી પહોંચે, તેને કાંઈ અગમ્ય રહેતું નથી. અને કાંઈ અપ્રાપ્ય પણ રહેતું નથી. અક્ષરબ્રહ્મમાં બધી જ વાત આવી જાય છે. ૬.**

**चोपाई :**

**अनंतकोटि ब्रह्मांड को सुखा, अक्षर आगे सब लगत हे लुखा;**
**एसो सुख अक्षर में रहेउ, अनंत मुख न बनत कियेउ...०७**
**अनंतकोटि सुख अक्षर केरा, हरि के एक अंग में हे घनेरा;**
**मूर्त्ति में एसो सुख हे अपारा, सो जानत कोउ जाननहारा...०८**

અનંતકોટિ બ્રહ્માંડોનું સુખ, તે બધું અક્ષરબ્રહ્મના સુખ આગળ લૂખું લાગે છે. આવું સુખ અક્ષરબ્રહ્મમાં રહ્યું છે, તે સુખને અનંત મુખોથી પણ વર્ણવી શકાતું નથી. ૭. અને અનંતકોટિ અક્ષરબ્રહ્મનું જે સુખ છે તેનાથી વધારે સુખ તો ભગવાન શ્રીહરિના એક અંગમાં રહ્યું છે. શ્રીહરિની મૂર્તિમાં આવું અપાર સુખ છે તેને કોઈ અનુભવી જાણકાર જ સમજી શકે છે. ૮. શ્રીહરિની મૂર્તિનું યથાર્થ સુખ જેને પ્રાપ્ત થયું હોય તેને અક્ષરબ્રહ્મના જેવા અનંત સુખ પણ મોહ ઉપજાવી શકતા નથી. ૯. તો બીજા સુખ તો તેના કોણ લેખામાં (ગણતરીમાં) આવે ? સુવર્ણના અનંત બ્રહ્માંડો મળે અને અપાર મેવા-મીઠાઈ મળે તો પણ તે મૂર્તિના સુખમાં તેને વિઘ્ન કરી શકતા નથી. ૧૦.

**मूर्त्ति विन सुख ईछत हे जेता, सो सुख नहिं दुख हे तेता;**
**बिन समझ अक्षर लग जोउ, ताकुं सुख कबु न आवे सोउ...१२**

જ્યારે તે ભગવાનની મૂર્તિનું સુખ યાદ આવે ત્યારે અનંત બ્રહ્માંડના બીજા બધા સુખ કાકવિષ્ઠા જેવા થઈ જાય છે. મૂર્તિના સુખને જાણ્યામાં જેટલી

ન્યૂનતા રહે, તેને તેનાથી બમણું દુઃખ થાય છે. ૧૧. મૂર્તિ વિનાના સુખને જે જે લોકો ઇચ્છે છે, તે સુખ નહીં પણ તે બધું દુઃખ જ છે. વગર સમજણે અક્ષર સુધીનાને પણ સુખ ક્યારેય આવતું નથી. ૧૨.

**मूर्त्ति बिन सुख अवर की, जां लग जिय में आस;**
**तां लग दुख अति ताहिकुं, कबहु न होवे नास...१४**

સમજણ વિનાનું તો મૂર્તિ સુધીના મહાઆનંદનું પણ લેશ સુખ આવતું નથી. મૂર્તિના સિવાયના બીજા અધિક અધિક સુખને જોવાથી અને ભોગવવાથી ક્લેશ જ થાય છે. ૧૩. કેમ જે, જીવમાં જ્યાં સુધી મૂર્તિના સુખ સિવાયના બીજા સુખની આશા રહે છે. ત્યાં સુધી તેને અત્યંત દુઃખ રહે છે અને તેનો ક્યારેય નાશ થતો નથી. ૧૪. શ્રીહરિએ વેદોના શબ્દસમુદ્રનું મંથન કરીને સિદ્ધાંતનો પણ સિદ્ધાંત એવો નક્કી કર્યો કે, જ્યાં સુધી જીવને મૂર્તિમાં સુખ ન દેખાય ત્યાં સુધી દેવ અને મનુષ્ય સુધીના સર્વને માટે તે નરક જ કહેવાય. અને આ સમજણ જ વેદ તથા બીજા અપાર ગ્રંથ ભણવાનો સિદ્ધાંત છે. ૧૫-૧૬.

### ❋ શ્રીહરિના દિવ્ય ગુણોનું વર્ણન :

શ્રીકૃષ્ણસ્વરૂપ શ્રીહરિ શ્રીકૃષ્ણભગવાનની દીક્ષા અને '**श्रीकृष्ण शरणं मम**' આ અષ્ટાક્ષર શરણમંત્ર, આ બધું પિતા ધર્મદેવ પાસેથી પામ્યા. ૧૭. તે મંત્રનો એવો મહાન્ પ્રતાપ છે કે, જે તેનો વારંવાર જપ કરે તેનો સંસાર સાગરમાંથી ઉદ્ધાર કરે છે અને જીવ તત્કાળ સ્વતંત્ર-મુક્ત થાય છે. ૧૮.

શ્રીઉદ્ધવ સંપ્રદાયના જે પરમ રહસ્યમય સિદ્ધાંત, તે બધા જાણી લીધા. પોતાના પિતા જે રીતે રહેવાનું બતાવે તે રીતે શ્રીહરિ દિનરાત વર્તતા હતા. ૧૯. શ્રીહરિ શ્રીકૃષ્ણ ભગવાનની પૂજા પ્રેમથી કરતા. સમય સમય પ્રમાણે સેવા કરતા. અનંત જીવોને સમાસ કરવા માટે શ્રીહરિ સ્વયં ભગવાન હોવા છતાં દાસની જેમ વર્તતા હતા. ૨૦.

**माया जमकिंकर हि जेहु, ताकुं पीरी सकत न तेहु;**
**दास से दुख सब होवत दूरा, बडेकुं दुख होवत पूरा...२२**

**મોક્ષમાર્ગમાં તો જે દાસનું પદ છે તે જ સહુથી અધિક છે. જ્યારે પોતાના જીવમાં ‘હું શ્રીકૃષ્ણનો દાસ છું’ આવું દઢ થાય છે ત્યારે તેને કાળ અને કર્મ પીડી શકતા નથી. ૨૧.** તેમ જ માયા અને જમના દૂત (કિંકર) પણ તેને પીડી શકતા નથી. ભગવાનના દાસથી બધા દુઃખ દૂર રહે છે. જે દાસ નથી થાતો ને પોતાને મોટો માને છે તેને પૂરું દુઃખ આવે છે. ૨૨.

**ચોપાઈ :**

**छोटे पर ईर्षा कोउ न लावे, बडे पर ईर्षा सबकुं आवे;**
**तेहि कर दास पद अधिकाई, सो पद ग्रहन करे हरि चाई...२३**

નાના માણસના ઉપર કોઈ ઈર્ષા કરતું નથી પણ મોટાના ઉપર સહુને ઈર્ષા આવે છે. તેટલા માટે જ દાસનું પદ (સ્થાન) અધિક છે, આથી શ્રીહરિએ સહુને પ્રેરણા આપવા માટે ચાહીને દાસપદ ગ્રહણ કર્યું હતું. ૨૩. સૂર્ય અને ચંદ્ર જો મોટા થયા છે તો તેને વારંવાર રાહુ ગ્રહણ કરે છે. જ્યારે તારા નાના થઈને રહ્યા છે, તો તેને રાહુ ગ્રહણ કરતો નથી. ૨૪. નાની ધરોની જેમ દાસના પણ દાસ થઈને રહેવું. કેમજે, જે મોટા ઘાસ કે ઝાડ હોય તે જ્યારે નદીનું પૂર કે ભયંકર વાવાઝોડું થાય તેમાં ઉડી જાય છે અને જે સર્વે નાની ધરો છે તે નિર્ભય રહે છે. તેમ જે જગતમાં મોટો થાવા જાય તે કાળની ઝપાટે ઊડી જાય છે અને જે ભગવાનના દાસનો દાસ થઈને રહે છે તે નિર્ભય રહે છે. ૨૫. નિર્માનીપણું તે મહાન્ નિર્ભયપદ છે, જેમાં કાંઈ વિઘ્ન આવતું નથી. અને માન અપાર ભયનું પદ (સ્થાન) છે. આવું શ્રીહરિ વિચારતા હતા. ૨૬. **માન અને મોહ મહાન્ દોષ છે. પણ જે જેટલો આત્મસત્તારૂપે વર્તશે તે તેટલો સદા નિર્દોષ થાશે. માટે ભગવાન સિવાય અન્ય બધી ઈચ્છાનો ત્યાગ કરવો જોઈએ. ૨૭. આત્મસત્તારૂપે વર્તવું તે સમગ્ર ગુણોમાં શ્રેષ્ઠ ગુણ છે અને ભગવાનના દાસ થઈને રહેવું એ ગુણ તો તે સહુથી અધિક છે. એ સિવાય બધા જ ગુણો ન્યૂન છે, માટે ભગવાન સિવાય બધું જ વિઘ્નરૂપ છે એમ માનવું. ૨૮.**

અનંત ગ્રંથોને વારંવાર વાંચ્યા-વિચાર્યા. તેના સિદ્ધાંતોમાંથી સારરૂપ સિદ્ધાંત એ જ ગ્રહણ કર્યો છે કે સર્વે તત્ત્વનું તત્ત્વ એક શ્રીહરિ જ છે. એવો અમે સદ્‌ગ્રંથોના વિચારોના પરિણામરૂપે દઢ વિવેક કર્યો છે. ૨૯. પછી

ભગવાન વિના સર્વને અસાર જાણીને નિર્માનીપણારૂપ મોટા ગુણને ગ્રહણ કર્યો. સત્ત્વ, રજ અને તમ આ ત્રણ ગુણ છે, પરંતુ દાસત્વમાં આ ત્રણ ગુણનો લેશ પણ ભાગ નથી, અર્થાત્ નિર્માનીતા ત્રિગુણાતીત છે. ૩૦. **પરમેશ્વર ગુણાતીત (ત્રણ ગુણોથી પર) છે. જેનામાં રજ, તમ આદિક ત્રણ ગુણ હોય તે ભગવાનને પામી શકતો નથી. નિર્માનીપણારૂપ ગુણ માયાના ત્રણ ગુણોથી પર છે, આવી સમજણ કેળવવી તેને જ વાસ્તવમાં આત્મતત્ત્વનો વિચાર કર્યો કહેવાય. ૩૧. ભગવાનની આગળ જે નિર્માની થઈને રહે છે, તેનું સર્વત્ર માન વધે છે. અર્થાત્ તેને વિશેષ માન મળે છે. અને તે નિર્માનીપણાથી તેની શુભ (મોક્ષરૂપ) ગતિ થાય છે. અને આવાગમન (જન્મમરણ)નું દુઃખ નષ્ટ થઈ જાય છે. ૩૨.**

**चोपाई :**

**अनंत जन मोक्ष के काजा, दास गुन ग्रहे महाराजा;**
**दास के दास हरि सम जोई, ओर जन हो सकत न कोई...३४**

**અનંત સદ્‌ગ્રંથોનું પરમ રહસ્ય એ છે કે, 'શ્રીહરિના ચરણોમાં સ્નેહ કરવો. ' તે ચરણોમાં જો હેત ન થયું, તો શું થયું ? ચિંતામણિના સમાન મનુષ્યના શરીરને ખોઈ નાખ્યું !!!.** ૩૩. શ્રીહરિ રાજાધિરાજ હોવા છતાં તેમણે અપાર લોકોનો મોક્ષ કરવા માટે દાસપણાનો ગુણ સ્વીકાર્યો. શ્રીહરિના તુલ્ય બીજો કોઈ દાસનો દાસ થઈ શકે નહીં. ૩૪.

**ओर में याको लेशहि आवे, तेहि करी हरि धाम में जावे;**
**हरि में गुन अनंत अपारा, ताको कोउ न पावत पारा...३५**

બીજા કોઈમાં જે શ્રીહરિએ દાસત્ત્વ ગ્રહણ કર્યું છે તેવા દાસત્ત્વનો લેશમાત્ર પણ ગુણ આવે તો તેણે કરીને તે ભગવાનના ધામને પામે છે. શ્રીહરિમાં તો અનંત અને અપાર સદ્‌ગુણો રહ્યા છે. તેનો કોઈથી પાર પામી શકાય તેમ નથી. ૩૫. **તે તમામ સદ્‌ગુણોમાં દાસત્ત્વપદરૂપી ગુણ તો બીજા અનંત પદો-ગુણોથી પણ શ્રેષ્ઠ છે. દાસપણું એક જ સર્વે પદોમાં પરમ-શ્રેષ્ઠ પદ છે. બીજા સર્વે પદો ભગવાનના દાસત્ત્વના પદથી ઘણા ન્યુન છે. ૩૬. પરાત્પર પરબ્રહ્મ અને પુરુષોત્તમ તો એક ઘનશ્યામ શ્રીહરિ છે. સુખધામ જે**

**શ્રીહરિ અનંત જીવોનો ઉદ્ધાર કરવા માટે પ્રકટ થયા છે. ૩૭.** મોટા પુરુષોએ શાસ્ત્રમાં જેટલા શુભ સદ્‌ગુણો કહ્યા છે તે બધા જ શ્રીહરિમાં સ્વાભાવિક રીતે નિવાસ કરીને રહ્યા છે. આવા એ મહાપ્રભુ સમર્થ છે. ૩૮. ઉપર કહેલા તે સ્વાભાવિક અપાર ગુણોમાં પણ નિર્માનીપણાનો જે શુભ ગુણ છે તેને આ વખતે શ્રીહરિએ વિચાર કરીને સ્વીકાર્યો છે. ૩૯. આ જગતમાં જેટલા દંભી જ્ઞાનીઓ ભગવાન બની બેઠા હતા તે સહુને પાછા હઠાવવા માટે શ્રીહરિએ નિર્માનીપણાના ગુણને મુખ્ય રાખ્યો હતો. ૪૦.

***ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના પ્રથમ પૂરમાં 'શ્રીહરિનું તત્ત્વચિંતન કહ્યું' એ નામે બાવનમો તરંગ સમાપ્ત ॥૫૨॥***

## પૂર પહેલું : તરંગ - ૫૩

### ભક્તિમાતાએ શ્રીહરિને ભક્તિના કારણભૂત સાધુના લક્ષણ પૂછ્યા

ગરીબનિવાજ શ્રીહરિને જ્યારે અગિયારમું વરસ બેઠું, ત્યારે તેમણે માતા પ્રેમવતીને ધર્મ, જ્ઞાન અને વૈરાગ્યે સહિત (ભક્તિનો) ઉપદેશ આપ્યો. ૧. ઉત્તમરાજાએ જ્યારે તે વાત સાંભળી ત્યારે તેમણે શ્રીમુક્તાનંદ સ્વામીને તે અંગે પૂછ્યું એટલે તેમણે મનમાં ઘણો જ સ્નેહ લાવીને તે બધી વાત કહી. ૨. ભક્તિમાતાને જ્યારે પોતાનો દેહ અતિ બિમાર થયો ત્યારે તેમને અંતરમાં વિચારવાથી 'હવે મારે દેહનો અંતકાળ છે' એવો ખ્યાલ આવી ગયો. ત્યારે તેમણે પોતાના પુત્રરૂપ શ્રીહરિને બે હાથ જોડીને કહ્યું કે, જે હું આપને પૂછું તે ઉપાય આપ મને સમજાવો-કહો. ૩-૪. હે પ્રભુ ! સહુના દુઃખ હરે એવું આપનું 'હરિ' નામ છે અને આપ પ્રગટ ભગવાન છો, સુખના ધામ છો. માટે આપને હાથ જોડીને વારંવાર નમસ્કાર કરું છું. અને કહું છું કે, આપ તો પોતાના આશ્રિત જે ભક્તજન હોય તેના સમસ્ત કષ્ટોનું નિવારણ કરનારા છો. આપ સાક્ષાત્‌ નારાયણઋષિ છો, મુમુક્ષોનું શરણ અને સુખદાતા પણ આપ છો. ૫-૬. જે લોકો આપને શરણે આવે છે

તે બધા નિશ્ચિત મોક્ષપદને પામે છે. હે હરે ! જીવોને જે વારંવાર સંસારમાં ભટકવું પડે છે તેનું કારણ તો અજ્ઞાનરૂપ માયા છે. તે માયાની નિવૃત્તિ જે રીતે થતી હોય તેવો યથાર્થ ઉપદેશ અત્યારે મને નિ:સંદેહપણે કરો. ૭-૮. સત્ય સારરૂપ બુદ્ધિને આપનારા, આવા હે ભગવન્ ! હું આપને શરણે છું. જે માયિક પંચવિષય સંબંધી સુખ છે તે તો અત્યંત તુચ્છ છે. ૯. તે તુચ્છ સુખથી મને વૈરાગ્ય થયો છે, એટલે જ હું હવે આપને શરણે આવી છું. તે કારણે આપ મારા ઉપર કૃપા કરો. આપ મને મુમુક્ષુ જાણો. ૧૦.

હે પ્યારા હરિ ! જે રીતે મારું હિત થાય તે રીતે આપ મને કહેવા યોગ્ય છો. **આ ભૂમિ ઉપર જે સર્વે જીવો રહ્યા છે તે બધાનું કલ્યાણ કરવા માટે આપ પ્રકટ થયા છો. અને આપ સહુનું કલ્યાણ કરી શકો એવા મહાસમર્થ છો, હું યથાર્થ જાણું છું કે આપ સાક્ષાત્ નારાયણ છો. ૧૧-૧૨. હે ભગવન્ ! આપે સ્વેચ્છાથી જ પોતાના દિવ્યભાવને છુપાવી રાખ્યો છે. આ રીતે તમે દિવ્યભાવ છૂપાવી રાખ્યો હોવા છતાં પણ તે આપનો પ્રતાપ પ્રગટ દેખાય રહ્યો છે. આપ સાક્ષાત્ એવા ને એવા અતિ સમર્થ છો. ૧૩-૧૪.** હે પ્રભુ ! આપ મારા અજ્ઞાનનો તત્કાળ નાશ કરો. કેમ જે, જેમ સૂર્ય બહાર રહેલા તમામ અંધકારનો નાશ કરે છે, તેમ જ આપ મારા અજ્ઞાનરૂપ અંધકારને તત્કાળ નાશ કરનારા છો. તેમાં કોઈ સંદેહ નથી. ૧૫-૧૬. માટે જ હું આપને પરમેશ્વર જાણીને વારંવાર પ્રાર્થના કરું છું. કેમ જે, આપથી અધિક કોઈ સમર્થ નથી. ૧૭. શ્રીમુક્તાનંદ મુનિએ ઉત્તમરાજાને કહ્યું કે, પ્રેમવતી માતાએ આવી રીતે શ્રીહરિને અતિશય સમર્થ જાણીને ઘણા જ હેત સાથે વિનયથી પૂછ્યું. ૧૮. શ્રીહરિ અનાદિ કાળથી સ્વાભાવિક રીતે અતિશય જ શુદ્ધ છે. (ત્યાજ્ય દોષોથી રહિત છે. ) અને જેમાં પ્રબળ જ્ઞાન (શક્તિ, બળ, ઐશ્વર્ય, વીર્ય, અને તેજ આદિ અનંત કલ્યાણકારી ગુણ) નિરંતર રહેલ છે એવા સાક્ષાત્ શ્રીહરિ છે. ૧૯.

### ☸ શ્રીહરિએ હરિગીતાનો ઉપદેશ દેવાનો પ્રારંભ કર્યો :

પોતાની માતા પ્રત્યે પ્રસન્ન થઈને અને તેમને અત્યંત મુમુક્ષુ જાણીને શ્રીહરિએ હરિગીતારૂપ અમૃત સૌથી પહેલા પ્રકટ કર્યું. હરિગીતા નામે આ

અધ્યાત્મશાસ્ત્ર શ્રીહરિ ભક્તિમાતાને કહેવા લાગ્યા. તેમાં ધર્મ, જ્ઞાન અને વૈરાગ્યે સહિત પોતાના સ્વરૂપમાં પરમ પ્રેમરૂપી જે એકાંતિકી ભક્તિ છે, તેને પરોક્ષપણું દેખાડીને ભક્તિમાતાની આગળ વર્ણન કરવા લાગ્યા. હે માતા ! જે બધા સચ્છાસ્ત્ર છે તેને સારી રીતે હું માનું-સમજું છું. ૨૦-૨૨. વેદોને જાણનારા-માનનારા મોટા મોટા ઋષિ-મુનિઓએ મળીને જે એક નિર્ણય કર્યો છે તે પોતાના જીવાત્માના કલ્યાણને માટે પરમ હિતકારી છે તે વાત હું આપને કહી રહ્યો છું. તેને આપ સ્પષ્ટ રીતે સાંભળો. આપ ઘણા મહાન્ મુમુક્ષુ છો અને સંસારના સુખને તુચ્છ ગણીને આપે તેને છોડી દીધાં છે. ૨૩-૨૪. સાંસારિક સુખથી અપાર વૈરાગ્ય થયો છે. માટે આપ તે બાબતને સાંભળવાના અધિકારી થયા છો. ૨૫.

જીવ અને ઈશ્વર આદિ સહુમાં અંતર્યામીરૂપે પ્રવેશ કરીને અનુપમ પુરુષોત્તમનારાયણ રહ્યા છે. ૨૬. વળી, જે ક્ષર અને અક્ષરથી પણ પર અને ઉત્તમ પુરુષ છે. એવા અત્યંત મનોહર પ્રત્યક્ષ પુરુષોત્તમ આ શ્રીકૃષ્ણ ભગવાન છે. ૨૭. આવા જે ભગવાન છે તે મુમુક્ષુજનોએ મન, કર્મ, વચને સર્વભાવે માનવા તથા સેવવાને યોગ્ય છે. ૨૮. આ કૃષ્ણ ભગવાનની જે માયા છે તેણે સમગ્ર લોકોને મોહ પમાડ્યા છે. તેણે કરીને લોકો જન્મ-મરણરૂપી સંસૃતિમાં વારંવાર ભટક્યા કરે છે. ૨૯. એટલા માટે જે જે લોકો શ્રીકૃષ્ણ ભગવાનને પ્રત્યક્ષપણે શરણે જાય છે તે બધા તેમની માયાને ચોક્કસપણે તરી જાય છે. ૩૦.

**चोपाई :**

**ता बिन दुजे तरत नहिं कोई, साधन अवर कोटि करे तोई;**
**सत्पुरुष के करीके संगा, भगवान के प्रथम अभंगा...३१**
**माहात्म्य जाने दृढ करीके, कबहु नास न होवे फरीके;**
**एसे माहात्म्य करीके जेहा, पाये स्वधर्म ज्ञान हि तेहा...३२**
**वैराग्य हि जुक्त एसी जोहु, भगवान जो ताकि भक्ति सोहु;**
**एसी सो भक्ति करीके जेहु, भगवान की सेवा करना तेहु...३३**

ભગવાનને શરણે ગયા સિવાય કદાચ કોઈ કરોડ સાધન કરે, છતાં તે સંસાર સાગરને તરી શકતા નથી. સહુ પહેલા દૃઢ વિશ્વાસ રાખીને,

સત્પુરુષનો સમાગમ કરવો અને તેમના મુખથી ક્યારેય ફરીને નાશ થાય નહીં એવું ભગવાનનું સુદૃઢ માહાત્મ્ય સમજવું જોઈએ. અને માહાત્મ્ય સમજાયા પછી સ્વધર્મ, જ્ઞાન, વૈરાગ્ય અને મહિમાએ સહિત એવી ભગવાનની ભક્તિ કરવી. અને એવી ભક્તિએ કરીને ભગવાનની સેવા કરવી. ૩૧-૩૩. સ્વધર્મ, જ્ઞાન અને વૈરાગ્ય, એ ત્રણ અંગોએ સહિત એવી સુદૃઢ ભક્તિ કરવી. તેવી ભક્તિનો જ આ લોકમાં ક્યારેય નાશ થતો નથી. ૩૪. જે ભક્તિ ઉપર કહેલા ત્રણે અંગે યુક્ત હોય છે તેમાં કદાચ કોઈ વિઘ્ન આવે તો પણ તેનો ક્યારેય નાશ થતો નથી. તે સ્વધર્મ આદિ ત્રણ અંગોમાંથી કદાચ કોઈ એકાદ અંગ ન હોય તો જ્યારે દેશકાળની વિષમતા થાય ત્યારે તે ભક્તિમાં વિઘ્ન થાય છે. આ વચનમાં કોઈ ફેરફાર નથી. ૩૫-૩૬.

**सोरठा : तिन यह अंग जो जूत, भक्ति जो करीके तेहि;**
**जीय में रहे खूत, माया की निवृत्ति होत तेहि...३९**

આવા કારણથી સ્વધર્મ, જ્ઞાન અને વૈરાગ્ય, એ ત્રણ અંગોએ સહિત જ ભગવાનની ભક્તિ કરવી. જો સ્વધર્મ આદિ ત્રણ અંગોએ સહિત આવી ભગવાનની ભક્તિ કોઈ કરે, તો તેમાં તેને ક્યારેય કોઈ વિઘ્ન આવતું નથી. હે માતા ! આ વાત હું તમને સત્ય કહું છું. ૩૭. આ જીવ કાર્યરૂપ અને કારણરૂપ માયામાં રહ્યો છે. તે માયા સર્વ પ્રકારે ટાળવી હોય તો સ્વધર્મ, જ્ઞાન અને વૈરાગ્યે સહિત આવી ભગવાનની અનુપમ ભક્તિને જીવમાં ખૂબ જ દૃઢ કરવી જોઈએ. તો તેનાથી જ તે માયાની નિવૃત્તિ થાય છે, અર્થાત્ તે માયા ટળી જાય છે. ૩૮-૩૯. ત્રણ સાધનોએ સહિત એવી જે ભક્તિ તેના સિવાયના બીજા કોઈ ઉપાય કરવામાં આવે તો તેનાથી ક્યારેય તે માયાની નિવૃત્તિ થતી નથી. ૪૦. જેને માયાની નિવૃત્તિ થઈ ગઈ હોય તે તો શુદ્ધ બ્રહ્મભાવને પામ્યા કહેવાય અને તેને શ્રીકૃષ્ણ ભગવાનના પરમ એકાંતિકભક્ત કહેવાય. તે તો અત્યંત ઊંચી અનુપમ સ્થિતિને પામી દિવ્યરૂપ કહેતા ચૈતન્યની મૂર્તિ બનીને ભગવાનના ધામને પામે છે. તે ભક્ત જે ધામને પામે છે તેને બધા જ શાસ્ત્રોમાં ઠેર ઠેર બ્રહ્મધામ આવા નામથી વર્ણન કર્યું છે. અને તેને જ અક્ષરધામ અથવા બ્રહ્મપુર આવા કેટલાક શબ્દથી પણ વર્ણવ્યું છે. ૪૧-૪૩.

તે અક્ષરધામ કાળ કે માયાના ભયથી રહિત છે અર્થાત્ ત્યાં કાળની ગતિ નથી. એવું જે અક્ષરધામ તેમાં તેવા ભગવાનના ભક્ત જઈને પોતાના મનોવાંછિત સુખને પામે છે. ૪૪. કાળના ભયથી રહિત આવું જે અપાર સુખ તેને મુક્તાત્મા પામે છે અને તે અક્ષરધામમાં ભગવાનની સેવામાં હજુરમાં રહે છે. ૪૫. સેવાના સુખનો જે પરમ આનંદ છે, તેનો કોઈ પાર પામી શકતા નથી. આ વાત ચાર વેદ, છ શાસ્ત્ર અને અઢાર પુરાણ તથા પંચરાત્ર તંત્ર, આ બધા શાસ્ત્રોના સિદ્ધાંત અને સારરૂપ છે. આવી અમૃતરૂપ પરમરસની ખાણ સમાન પોતાના પુત્રરૂપ શ્રીહરિની વાણી સાંભળીને પ્રેમવતી માતાએ ફરીવાર જે સમગ્ર શાસ્ત્રોના અર્થને અને તેના તત્ત્વરૂપ રહસ્યને જાણનારા છે એવા શ્રીહરિને પૂછ્યું,૪૬-૪૮.

ધર્મ, જ્ઞાન અને વૈરાગ્ય, આવા ત્રણ અંગોએ યુક્ત શાસ્ત્રોક્ત ભક્તિ કરવાથી માયાની નિવૃત્તિ થાય છે. તે ભક્તિ કેવી છે ? તે આપ અમને કહી સંભળાવો. કારણ કે તેવી ભક્તિને અમે તો દુર્લભ માનીએ છીએ. ૪૯-૫૦. તમે કહ્યો તે સર્વ શાસ્ત્રોનો પરમ રહસ્યમય સિદ્ધાંત છે. તેને હું સમજી શકું તેમ તમે કહો. કારણ કે, આપના સમાન બીજો કોઈ નથી કે જે તે વાત કહી શકે. ૫૧. આપ અગાધ બુદ્ધિમાન છો માટે તે બધી વાત મને કહો. હું હાથ જોડીને કહું છું. માટે વાતને યથાર્થપણે આપ કહો. ૫૨. વળી, હું નારી જાતિ છું એટલે આપ મને તે જેવું હોય તેવું યથાર્થરૂપમાં બધું જ કહો. હું તેને જાણવા ચાહું છું. તેથી આપ મને પ્રેમથી કહો. ૫૩. માટે જે રીતે તેનું જ્ઞાન થાય તે રીતે કહેવાને આપ જ યોગ્ય છો.

તેમાં આપના માહાત્મ્યનું જ્ઞાન જેમાં પ્રથમથી જ રહ્યું હોય તથા ધર્મ, જ્ઞાન અને વૈરાગ્ય એ ત્રણ અંગોએ સહિત એવી નવ પ્રકારની ભક્તિ જે સાધુના સત્સંગથી પ્રાપ્ત થાય એવા અનુપમ સંત હોય, અને જેમાં યોગ્ય સાધુતા રહી હોય, એવા સાધુઓના લક્ષણ સ્પષ્ટપણે કહો. પછી ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય, અને ભક્તિ આ ચારેના યથાર્થ લક્ષણ જેવા હોય તેવા અલગ અલગ વિભાગ કરીને યથાર્થરૂપમાં મને હેતથી સમજાવો. ૫૪-૫૭. મેં કહ્યા તે બધા લક્ષણ જો હું જાણી શકું તેમ સમર્થ હોવ તો, હે તાત ! મને તે

બધાના લક્ષણો સ્પષ્ટપણે કહી સંભળાવો. ૫૮. હવે ઉત્તમરાજાની આગળ શ્રીમુક્તાનંદ સ્વામી તે વાતને કહે છે. શ્રીહરિ મનમાં રાજી થયા અને પરમ આનંદ પામીને માતાને પ્રથમ સાધુના લક્ષણ કહેવાની શરૂઆત કરી કે જેથી ક્યારેય સંસૃતિનો ફેરો ન થાય અર્થાત્ આ સંસારનું ભટકણ ટળી જાય. આ રીતે શ્રીહરિ હેતથી સાધુના લક્ષણ કહેવા લાગ્યા. ૫૯-૬૦. તેની સાથો સાથ ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય અને ભક્તિના લક્ષણ પણ માતાને સમજાવવા માટે કહેવા લાગ્યા. ૬૧. હે માતા ! આપે પોતાનું કલ્યાણ થાય આવી ઈચ્છાથી ઘણો જ હિતકારી અને સુંદર પ્રશ્ન કર્યો છે. ૬૨. **ધર્મ, જ્ઞાન અને વૈરાગ્ય, આવા ત્રણ અંગોએ સહિત જે શ્રેષ્ઠ ભક્તિ છે તેને ઉપજાવવાનું દ્વાર સાધુનો સંગ છે અર્થાત્ તે જ એ ચારને ઉત્પન્ન થવાનું મુખ્ય દ્વાર છે. જે સાધુઓ સેવવાને યોગ્ય છે તેના લક્ષણ હવે હું પ્રેમથી પ્રથમ કહું છું. તે જ્યારે મળે ત્યારે તેના લક્ષણથી જ દેખાઈ આવે છે. ૬૩-૬૪.**

***ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના પ્રથમ પૂરમાં 'ભક્તિમાતાએ શ્રીહરિને ભક્તિના કારણભૂત સાધુના લક્ષણ પૂછ્યા' એ નામે ત્રેપનમો તરંગ સમાપ્ત ।।૫૩।।***

## પૂર પહેલું : તરંગ - ૫૪

## શ્રીહરિએ સાધુના લક્ષણ કહ્યાં

શ્રીહરિએ ભક્તિમાતાના પ્રત્યે જે સાધુનાં લક્ષણ કહ્યાં, તેને હવે હું કહું છું. કારણ કે તે બધા સદ્‌ગુણો સર્વને સુખ કરનારા છે. ૧. સાધુ દયાળુ હોય છે અને પારકા અપરાધને ક્ષમા આપવાના સ્વભાવવાળા હોય છે. જીવપ્રાણીમાત્રનું તેઓ હિત ઈચ્છે છે. ૨. તેઓ ટાઢ અને તડકાને સહન કરે છે. તેમાં બીજાના ગુણોમાં દોષને આરોપવારૂપી અસૂયા હોતી નથી. ૩. સાધુ સ્વભાવે શાંત હોય છે અને તેને કોઈ શત્રુ હોતો નથી. ઈર્ષ્યાથી રહિત તથા સર્વ ભૂતપ્રાણીમાત્રમાં આત્મતુલ્ય (સ્વ સમાન-બરોબરિયાપણાની) દૃષ્ટિ હોય છે. ૪. પોતાનું સન્માન સાધુને અસહ્ય બને છે. માટે તે સદા તેની સ્પૃહાથી

રહિત વર્તે છે. પોતાના બરોબરિયાનું સન્માન દેખીને મનમાં સંતાપ કરતા નથી પણ પ્રસન્ન રહે છે. ૫. કોઈના ઉપર વૈરભાવ રાખતા નથી, સદાને માટે નિર્વૈરભાવે રહે છે. તેમાં માન કે મત્સર દોષ હોતા નથી, અને તેથી જ બીજાની મોટાઈને દેખીને મનમાં રાજી થાય છે. ૬. **સાચા સંતો જેને જેવું ઘટે, તેને તેવું માન આપે છે. અને બીજાને જે રીતે ગમે તેવી રીતે પ્રિય અને સત્ય વાણી મુખથી બોલે છે. ૭.**

**સાધુ કામને જીતે છે, ક્રોધને જીતે છે, લોભ અને મદને જીતે છે, દેહમાં અહંબુદ્ધિ કરતા નથી તથા દેહના સંબંધીઓ અને પદાર્થોમાં મમત્વબુદ્ધિ કરતા નથી. સ્વધર્મમાં દૃઢપણે રહે છે. તેઓ સ્વભાવે દંભ રહિત હોય છે. તેઓ અંદર અને બહાર પવિત્રપણે રહે છે. ૮-૯.** સાધુપુરુષ પોતાના શરીરને અને ઈંદ્રિયોને દમે છે. સ્વભાવથી સહજ અને સરળ હોય છે. જેટલું જરૂરનું હોય તેટલું જ મુખે બોલે છે. ૧૦. પોતાના ઈંદ્રિયગણને જીતી રાખે છે. તેઓ સર્વ પ્રકારે પ્રમાદ રહિત રહે છે. સુખ તથા દુઃખ, માન તથા અપમાન, હર્ષ તથા શોક અને અભિમાન વગેરે ભાવોના આવેશમાં ક્યારેય તેઓ પરાજીત થતા નથી. ધીરતારૂપી આભૂષણને ધારણ કરીને સંતો શોભાયમાન અને આનંદમાં રહે છે. ૧૧-૧૨. જેની વાણી ઈત્યાદિ કર્મેંદ્રિયોમાં અને શ્રોત્ર આદિ જ્ઞાનેંદ્રિયોમાં ચંચળતા હોતી નથી. મન સદા ક્ષોભ રહિત અર્થાત્ શાંત રહેતું હોય છે. ૧૩. પોતાના ધર્મને અનુસારે દેહ નિર્વાહ કરે છે. જરૂરથી વધારે પદાર્થોનો સંગ્રહ ન કરે. ૧૪. બીજા મનુષ્યોને તેના ધર્મરૂપ સદાચાર સમજાવવામાં તેઓ અતિશય નિપુણ હોય છે. ૧૫. સાધુપુરુષો સ્વસ્વરૂપમાં દૃઢ નિષ્ઠાવાળા હોય છે અર્થાત્ પરમ અનુપમ આત્મનિષ્ઠાને પામ્યા હોય છે. તથા તેમને ભગવાનની સેવામાં અધિક ભાવ હોય છે. ૧૬.

બધી જ જાતના જીવ-પ્રાણીઓ ઉપર યથાયોગ્ય ઉપકાર કરે છે અને કોઈને કોઈપણ પ્રકારનો ભય કરાવતા-આપતા નથી. ૧૭. જેને કોઈ પણ પદાર્થની અપેક્ષા (ઈચ્છા) હોતી નથી અને જેઓ દ્યૂત (જૂગટું) આદિ વ્યસન માત્રથી હંમેશા રહિત જ હોય છે. ૧૮. તેઓ શ્રદ્ધાવાન્ અને સ્વભાવે ઉદાર હોય છે. તપ કરવામાં નિષ્ઠાવાળા હોય છે. અને કોઈપણ પ્રકારના પાપકર્મથી

તેઓ રહિત રહે છે. અર્થાત્ તેઓ નિષ્પાપ હોય છે. ૧૯. સાધુ પુરુષો ગ્રામ્યકથા તથા લૌકિક ગ્રામ્યવાર્તાઓ કરતા નથી, હંમેશા તેનાથી રહિત રહે છે. પણ તેઓ સચ્છાસ્ત્રના વ્યસની હોય છે, તેના વાંચન, પ્રવચન અને ચિંતનમાં નિરંતર તત્પર રહેતા હોય છે. ૨૦. માયિક પંચવિષયની તેમને આસક્તિ હોતી નથી, અને તેઓ આસ્તિક બુદ્ધિવાળા હોય છે અને સત્ય-અસત્યનો સર્વે વિવેક હોય છે. ૨૧. તેઓ દારૂ (મદ્ય) અને માંસ આદિનો સંસર્ગ રાખતા નથી. નિર્વ્યસનીપણાના દૃઢ વ્રતને પાળે છે અને મનથી પણ સદા તે અંગે દૃઢ હોય છે. ૨૨.

તેઓ કોઈપણ માણસની ચાડી કરતા નથી. તેમજ કોઈની ચોરી કરવાનો બુદ્ધિમાં વિચાર પણ કરે નહીં. અને કોઈની ખાનગી (ગુહ્ય) વાતને બીજા પાસે પ્રસિદ્ધ કરે નહીં. ૨૩ સંતો આહાર અને નિંદ્રાને જીતનારા હોય છે તેમજ હંમેશા સજ્જનોની શુભ રીતે વર્તે છે. પોતાના પ્રારબ્ધ કર્મને અનુસારે તથા દેશકાળને અનુસારે પોતાના વિચારોને કેળવે છે. ૨૪. જે સમયે જે પદાર્થ મળે તેનાથી સંતોષ માને છે. જેની જેવી બુદ્ધિ હોય તે પ્રમાણે પોતાના ધર્મમાં તેઓ દૃઢપણે રહે છે. ૨૫. સાધુઓનું વર્તન હિંસાથી રહિત હોય છે, તેમને કોઈપણ પદાર્થની તૃષ્ણા રહેતી નથી. અને આંખોમાં સદા અમૃત રહેતું હોય છે. ૨૬. **પોતાને જે રીતે વારેવારે સુખ-દુઃખ થતું હોય છે તેવી રીતે બીજાઓને પણ વારેવારે સુખ-દુઃખ થતું હોય છે એમ જાણીને આત્મવત્ સમજણને રાખે છે. ૨૭. સચ્છાસ્ત્રની બાબતમાં તો જે કહ્યું હોય તે પ્રમાણે વર્તે પણ કોઈ કહે તેમ ન વર્તે. અને કોઈ અઘટિત કાર્ય હોય તો તેમાં લાજશરમને અનુભવે અર્થાત્ શરમ લાગે. ૨૮.** પોતાને મુખે પોતાના વખાણ કરે નહીં તેમ જ પારકી નિંદા કરે નહીં. અને સચ્છાસ્ત્રોમાં જે રીતે નિષ્કામ બ્રહ્મચર્ય વ્રત કહ્યું હોય તે રીતે યથાર્થ તેને પાળે અને તે બાબતમાં સાવધાન વર્તે છે અને જે યમ અને નિયમ કહ્યા છે તેને સમજીને તેનાથી યુક્ત રહે છે. અર્થાત્ તેને યથાર્થ રીતે પાળે છે. ૨૯-૩૦.

સાધુ આસનને જીતનારા અને પ્રાણવાયુને જીતનારા (પ્રાણાયામ કરનારા) હોય છે. યોગકળાની બધી રીતોને જાણતા હોય છે. અને શ્રીકૃષ્ણ

ભગવાનના ચરણકમળોમાં દૃઢઆશ્રયવાળા હોય છે. ૩૧. તેઓ શ્રીકૃષ્ણ ભગવાનની નવધા ભક્તિપરાયણ રહે છે. તેમજ તેઓ બધી જ ક્રિયાઓ શ્રીકૃષ્ણ ભગવાનને માટે જ કરતા હોય છે. ૩૨. શ્રીકૃષ્ણ ભગવાન અને તેમના જે અવતારો, તેમના ચરિત્રોમાં મનથી પ્રેમ કરે છે અને તેને હંમેશા હરખભેર સાંભળે છે. ૩૩. **ભગવાનના અવતારોના જે ચરિત્ર હોય, તેનું નિરંતર કીર્તન ઘણા જ પ્રેમથી હરખભેર કરે છે. ૩૪. સારી સમજણવાળા સાધુ શ્રીકૃષ્ણ ભગવાનની મૂર્તિનું ધ્યાન કરવામાં તત્પર (પરાયણ) રહે છે. અને ભગવાનની ભક્તિ વિના એક ક્ષણ જેટલો સમય પણ વ્યર્થ જવા દેતા નથી. ૩૫.** તે સાધુઓ હંમેશા નિર્દોષ જીવન જીવતા હોય છે. હે પ્રેમવતી માતા ! ઉપર કહ્યા એવા લક્ષણેયુક્ત જે હોય તેને તમારે સંત જાણવા. ૩૬.

ઉપર કહ્યા તેવા લક્ષણે યુક્ત સાધુનો સમાગમ કરીને પ્રથમ ભગવાનના સ્વરૂપનું માહાત્મ્યજ્ઞાન સમજવું. પછી મુમુક્ષુજનોએ ધર્મ, જ્ઞાન અને વૈરાગ્ય, આ ત્રણ અંગોએ સહિત ભગવાનની (એકાંતિકી) જે ભક્તિ કહી છે તે કરવી. જે મુમુક્ષુઓને ત્રણ અંગોએ સહિત માહાત્મ્યવાળી ભક્તિ પ્રાપ્ત થાય છે, તેને વિશ્વમાં કોઈ વસ્તુ અપ્રાપ્ય રહેતી નથી. જેને જેવા સાધુનો સમાગમ થાય તે તેના સમાગમથી ભગવાનનું માહાત્મ્ય સમજીને તેવી ભક્તિને પ્રાપ્ત કરે છે. ૩૭-૪૦.

### સંતોના દ્વારા ભગવાન, ધામ, તીર્થનો મહિમા સમજાય છે :

હવે ભગવાનના મહિમાની વાત હું કહું છું. કહ્યા સિવાય ખબર પડે નહીં. હે માતા ! મેં જે (ઉપર) સાધુ કહ્યા, તેને તો શ્રીકૃષ્ણ ભગવાનનો સાક્ષાત્કાર થયો હોય છે. ૪૧. માટે તેમના મુખેથી જેમાં અપાર આશ્ચર્ય રહ્યું છે તેવા ભગવાનના વરાહ આદિ અવતારોના ચરિત્રો, તેને વારંવાર સાંભળવા. ૪૨. એવી રીતે જ સંતના મુખેથી શ્રીકૃષ્ણ ભગવાનના જે ચરિત્રો છે, તેને વારંવાર સાંભળવાથી આ સંસારના ફેરા ટળી જાય છે, અર્થાત્ મોક્ષ પ્રાપ્ત થાય છે. ૪૩. ભગવાનના જે ગોલોકધામ, અક્ષરધામ અને વૈકુંઠધામ છે. તે ધામોમાં ભગવાનનું અનંત ઐશ્વર્ય રહ્યું છે. ૪૪. તે ઐશ્વર્યનું જ્ઞાન,

કહ્યા એવા સાધુના સમાગમે કરીને જ જાણ્યામાં આવે છે. ક્ષીર સાગરમાં જે બ્રહ્મમય તેજથી વ્યાપ્ત શ્વેતદ્વીપ નામે ધામ છે. તેનું યથાર્થ માહાત્મ્ય પણ ઉપર કહ્યા તેવા સાધુઓના સમાગમથી જ સમજાય છે. ૪૫-૪૬.

આ ભરતખંડમાં જે ભગવાનના ધામ છે. જેમ કે વૃંદાવન, દ્વારકા, અને બદરિકાશ્રમ આદિક, તેનું અપાર માહાત્મ્ય પણ સાધુ દ્વારાએ જ જાણી શકાય છે. આ ભરતખંડમાં પુલહાશ્રમ અને મુક્તનાથ આદિક ઘણા મોટા સુંદર ક્ષેત્રો રહ્યા છે. તેમ જ ગંગા અને યમુના આદિ મોટા મોટા તીર્થો પણ છે. તે મોટા ક્ષેત્ર અને તીર્થોનું આશ્ચર્યકારી માહાત્મ્ય તો શ્રીકૃષ્ણ ભગવાનના સંબંધે કરીને છે. ૪૭-૫૦. તે તીર્થો, ધામો અને ક્ષેત્રોનું માહાત્મ્ય તો જો સાધુઓ દ્વારા કહેવામાં આવે ત્યારે જ તેને સાંભળીને લોકો તે માહાત્મ્ય બધી રીતે જાણી શકે છે. ૫૧.

**શ્રીહરિએ કહ્યું હે માતા ! મેં જે સાધુ કહ્યા તે જ્યારે શ્રીકૃષ્ણ ભગવાનના ચરિત્ર વગેરેને કહેતા હોય ત્યારે તેને વારંવાર સાંભળવા જોઈએ. ૫૨.** શુભ રીતે જો શ્રીકૃષ્ણ ભગવાનનું માહાત્મ્ય સાંભળવામાં આવે, તો તેનું અધિક-અધિક માહાત્મ્ય મુમુક્ષુને જાણવામાં આવે છે. ૫૩. સ્વધર્મ, જ્ઞાન અને વૈરાગ્ય, આ ત્રણ શ્રીકૃષ્ણ ભગવાનની ભક્તિના અંગ છે. આવી અંગોએ સહિત જો ભગવાનને વિષે પ્રબળ ભક્તિ થાય તો ગમે તેવા વિષમ દેશકાળ આવી પડે છતાં તે ભક્તિનો ક્યારેય નાશ થાય નહીં. અને તે કાયમ નિશ્ચળપણે ઘણી દૃઢ રહે છે. ૫૪-૫૫.

સંતો જ્યારે માહાત્મ્યજ્ઞાને યુક્ત સાંગભક્તિનું વર્ણન કરતા હોય ત્યારે તેને તેવી રીતે જ ચિત્ત પરોવીને શ્રવણ કરવું જોઈએ. તો તે ભક્તિ ક્યારેય નાશ થાય નહીં. અને શ્રવણની રીતને જાણ્યા વિના પોતાની રીતે જે ભક્તિ કરે છે તો, તે ભક્તિ આંધળી, બહેરી અને મૂંગા જેવી કહેવાય છે. ૫૬. જો સાંભળવાની રીતે સાંગભક્તિને માહાત્મ્યજ્ઞાને સહિત સાંભળે, અને તેમજ આચરે તો તેનું અપાર ફળ મળે છે. પહેલા જે સાધુઓના લક્ષણ કહ્યાં તે સાધુઓ તો અત્યંત પવિત્ર છે. અને તેના મુખથી શ્રવણ કરવાથી જ તેવી

ભક્તિ પ્રાપ્ત થાય છે. ૫૭. હે માતા ! મારી સમજણમાં જેવું આવ્યું છે તેવું, તે સાધુનું માહાત્મ્ય હું હવે કહું છું. એવા સાધુ તો દુર્લભ છે. પૂર્વના અપાર પુણ્ય વિના તે મળતા નથી. ૫૮.

**दोहा : धर्म जुत हि जो साधु के, दरश स्परश करेउ;**
**नमस्कार सेवन करही, भोजन कराये तेउ...६०**
**पूजे ततकाल जन के, अपार जन्म के पाप;**
**समूह ताके मूल से, कर देवत हि उथाप...६१**

હે માતા પ્રેમવતી ! રાત દિવસ તે સાધુની સાથે રહે અને વાતો સાંભળે, છતાં શુભ પવિત્ર બુદ્ધિ સિવાય તે સંત ઓળખાતા નથી. ૫૯. ધર્મયુક્ત ઉપર કહેલા જે સાધુઓ છે, તેના જો દર્શન કરવામાં આવે, ચરણસ્પર્શ કોઈ કરે, કોઈ નમસ્કાર કરે, સેવા કરે, ભોજન કરાવે કે તેમની પૂજા કરે, તો તેના અનેક જન્મના પાપના સમૂહોનો મૂળે સહિત વિનાશ થઈ જાય છે. ૬૦-૬૧.

**सोरठा : एसे साधु जो ताकूं, श्री कृष्ण भगवान तेहि;**
**निज हृदय सम वाकूं, प्रीय सो वेर वेर कहे...६२**
**एसे साधु ताके, चरण रहे जो तिन महिं;**
**तीर्थ समूह हि वाके, निवास करीके रहे यह...६३**

એવા સાધુઓને તો શ્રીકૃષ્ણ ભગવાને વારંવાર પોતાના હૃદયના સમાન પ્રિય કહ્યા છે. ૬૨. અને આવા સાધુના ચરણોમાં તો બધા જ તીર્થ આવીને નિવાસ કરીને રહે છે. ૬૩. **આવા સાધુનો સત્સંગ જે મુમુક્ષુ મનુષ્ય મન, કર્મ અને વચનથી કરે છે તેને જે અત્યંત દુર્લભ સિદ્ધિ પ્રાપ્ત થાય છે. ૬૪.**

***ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના પ્રથમ પૂરમાં 'શ્રીહરિએ સાધુના લક્ષણ કહ્યા' એ નામે ચોપનમો તરંગ સમાપ્ત ॥૫૪॥***

## પૂર પહેલું : તરંગ - ૫૫

### શ્રીહરિએ પ્રેમવતીમાતાને ચાર વર્ણના સામાન્ય અને વિશેષ ધર્મ કહ્યા

હવે શ્રીહરિ પ્રેમવતીમાતાની આગળ ધર્મ, જ્ઞાન અને વૈરાગ્ય તથા અંગે સહિત ભક્તિની વાત તેના લક્ષણે સહિત હેતથી કહે છે. શ્રીમુક્તાનંદ સ્વામી ઉત્તમરાજાની આગળ તે ધર્માદિકના લક્ષણો અલગ અલગ રીતે વિભાગ કરી સમજાવીને પ્રેમથી કહે છે. ૧-૨. ભક્તિના તે ત્રણ અંગોને મધ્યે પ્રથમ ધર્મ છે, તેનો પ્રતાપ ઘણો મહાન્ છે. તે ધર્મને લીધે જ બ્રહ્માદિ ઈશ્વરો, સ્વર્ગ, મૃત્યુ અને પાતાલ, એ ત્રણ લોકનું ધારણ-પોષણ-પાલન કરી રહ્યા છે. એટલે ધર્મ આવો મહત્વ પૂર્ણ છે. ૩-૪.

**બધા જ મનુષ્યો, બ્રહ્મા આદિ દેવતાઓ અને મોટા જે ઈશ્વરો, તે સહુએ નિરંતર શુદ્ધ ધર્મનું પાલન કરવું જોઈએ, કેમ જે, ધર્મ અતિશય આચરણ કરવા યોગ્ય છે. એવું જ ધર્મનું દેવો, ઈશ્વરો વગેરે સમર્થન કરનારા છે. ધર્મની નિયમ પાલનથી જ મોટાઈ કહી છે, જો કોઈ ઉતરતા કુળનો મનુષ્ય ધર્મ પ્રમાણે આચરણ કરે તો તે બ્રહ્માદિક દેવતાઓએ પણ પૂજવાને યોગ્ય થાય છે. તેમજ વારંવાર પ્રશંસા કરવાને યોગ્ય થાય છે. ૫-૭.** બ્રહ્મા આદિ જેટલા ઈશ્વરો છે તે અત્યંત સમર્થ ગણાય છે. છતાં પણ તેઓ ક્યારેક જો ધર્મથી પડી જાય છે તો તેઓ મોટા કહેવાતા હોય તો પણ અલ્પ એવા સર્વે મનુષ્યો માટે તે બ્રહ્માદિક દેવો નિંદા કરવાને યોગ્ય બની જાય છે. માટે ધર્મને લીધે જ મોટાઈ છે. આવી ધર્મની રીત અને તેનું ગૌરવ છે, તેને સમજી વિચારીને જેટલા ધર્મદેવના આશ્રિત છે તે બધા ધર્મનું નિરંતર પાલન કરે છે. ૮-૧૦.

હે માતા ! જે ધર્મ કહેવાય છે તે વર્ણધર્મ અને આશ્રમ ધર્મ, આવા બે વિભાગે કરીને અલગ અલગ બતાવ્યો છે. અને તેને શ્રુતિઓ અને સ્મૃતિઓએ પ્રમાણિત કર્યો છે. ૧૧. સત્પુરુષો જેટલા આચરણને પ્રમાણભૂત કરે તેટલા આચરણ પ્રમાણે વર્તવું તે ધર્મ છે. બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શૂદ્ર, એ ચાર વર્ણ કહેવાય છે. ૧૨. તાત્ત્વિક દૃષ્ટિએ તપાસીને જોઈએ તો બ્રહ્મચારી, ગૃહસ્થ, વાનપ્રસ્થ અને સંન્યાસ, એ ચાર આશ્રમ કહેવાય છે.

૧૩. ચાર વર્ણ અને ચાર આશ્રમના ધર્મ સામાન્ય ધર્મ અને વિશેષ ધર્મ, એમ બે પ્રકારના કહ્યા છે. ૧૪. તે સામાન્ય કહેતા ત્યાગી, ગૃહિ સહુને પાળવાના ધર્મ અને વિશેષ કહેતા જે તે વર્ણ કે આશ્રમને અનુરૂપ એમ જે બે પ્રકારના ધર્મ કહ્યા છે, તેને હું આપની આગળ સંક્ષેપથી કહું છું. તો હે માતા ! આપ તેને સાંભળો. ૧૫. જાણી જોઈને કોઈ પણ રીતે પ્રાણીમાત્રની ક્યારેય હિંસા કરવી નહીં. પોતાનો તથા પારકો ક્યારેય દ્રોહ થાય નહીં, એવું ધ્યાન રાખવું. ૧૬. પોતાનું તથા પારકું ભૂંડું (અહિત) થાય આવું સત્યવચન પણ મન, કર્મ, વચને ક્યારેય બોલવું નહીં. ૧૭.

ક્યારેય કોઈની પણ ચોરી કરવી નહીં, કામ, ક્રોધ અને લોભ આદિ દોષોને જીતવા. દારૂ (મદ્ય) અને માંસને પીવા ખાવા નહીં, અને પુરુષે પરસ્ત્રીના સંગથી ડરવું. અર્થાત્ પરસ્ત્રી સંગ કરવો નહીં. ૧૮. અને સ્ત્રીઓએ પણ રાત દિવસ પરપુરુષના સંગનો ત્યાગ કરવો. જેટલા વ્યસન કહેવાય છે તે બધાનો સાવધાન થઈને ત્યાગ કરી દેવો. ૧૯. પોતાની જાતિ તથા પારકી જાતિમાં જેનાથી વટાળ થાય આવું જે આચરણ તેને પાપરૂપ તથા દુઃખદાયક જાણીને તજી દેવું. ૨૦. **સર્વજનોએ સાધુ પુરુષની સેવા કરવી તથા ભગવાનની ભક્તિ કરવી. આવી રીતે જે અહિંસા આદિકને કહ્યા તેને શુભધર્મ કહેવાય છે. ૨૧.** આ રીતે ચાર વર્ણ અને ચાર આશ્રમના જે મનુષ્યો, તે સહુને માટે એક સરખા જે પાળવાના છે તેને સાધારણ ધર્મ કહેવાય છે. ૨૨.

હવે ચાર વર્ણના જે વિશેષ ધર્મ છે તેને કહું છું. તેમાં પ્રથમ બ્રાહ્મણના જે વિશેષ ધર્મ છે, તેને કહું છું. ૨૩. બ્રાહ્મણે શમ એટલે અંતઃકરણને વશ રાખવું અને દમ એટલે બાહ્ય ઇંદ્રિયોને નિયમમાં રાખવી. અર્થાત્ શમ તથા દમાદિ નિયમથી યુક્ત રહેવું. ૨૪. તે સિવાય તપ, જ્ઞાન, દયા, શ્રદ્ધા અને ક્ષમા આદિક જે ગુણ તે બ્રાહ્મણના સ્વાભાવિક વિશેષ ધર્મ કહ્યા છે. ૨૫. શૌર્ય, વીર્ય, ધૈર્ય, બળ, ઉદારતા અને સાધુ તથા બ્રાહ્મણની હંમેશા રક્ષા કરવી. ૨૬. ઇત્યાદિ જે ગુણ, તે ક્ષત્રિયના સ્વાભાવિક વિશેષ ધર્મ કહ્યા છે, જે ક્ષત્રિયોનું પ્રિય-હિત કરનારા છે. ૨૭. ખેતી, વેપાર, ગોપાલન, અને

વ્યાજવટાવ વગેરે ઉદ્યમને નિરંતર સાવધાનીપૂર્વક ભાવથી કરવો. ૨૮. સારી રીતે તે વૃત્તિ (કામ ધંધો) કરીને અન્ન અને ધન આદિકને સંપાદન કરવું. અને તેમાંથી યથાશક્તિ દાન આપતા રહેવું તથા સર્વનું પોષણ કરતા રહેવું. ૨૯. વૈશ્ય જાતિના આ બધા સ્વાભાવિક ધર્મ સંક્ષેપથી કહ્યા છે. બ્રાહ્મણ, ક્ષત્રિય અને વૈશ્ય, આ ત્રણ વર્ણની હંમેશા સેવા કરવી. ૩૦. તે શૂદ્રજાતિના સ્વાભાવિક ધર્મ છે. ઉપર કહેલા ચાર વર્ણના મનુષ્યોથી ઊતરતા મનુષ્ય હોય તેમણે પોતપોતાના કુળને અનુસારે માનેલા ધર્મને વિચારીને પાળવા. હિંસા, ચોરી અને વ્યભિચાર આદિક જે નઠારા પાપમય કર્મ છે તેને તજી દેવા, તે ધર્મ કહેવાય છે. આવા સહુના ધર્મ છે.

હવે જે ઉત્તમ ચાર વર્ણ કહ્યા તેની આજીવિકા કહે છે. ૩૧-૩૩. યજમાનને યજ્ઞ કરાવવો, ભણાવવું અને દાન લેવું, આટલી બ્રાહ્મણની નિર્દોષ આજીવિકા છે, તે તેમને માટે અતિ શુભ અને પરમ હિતકારી છે. ૩૪. ક્ષત્રિયે હાથમાં આયુધ ધારણ કરીને ઉત્સાહપૂર્વક રાજા વગેરેને ત્યાં ચાકરી કરવી તે તેની આજીવિકા કહી છે. ૩૫. વેપાર ધંધો કરવો તે વૈશ્યની આજીવિકા છે. બ્રાહ્મણ આદિ ત્રણ વર્ણની તત્પર થઈને જે સેવા-ચાકરી કરવી, તે શૂદ્રની આજીવિકા છે. આ પ્રમાણે અનુક્રમથી ચારે વર્ણની આજીવિકા કહી છે. બ્રાહ્મણ અને ક્ષત્રિયને જ્યારે કોઈ કઠણ આપત્કાળ આવી પડે ત્યારે તેમણે વૈશ્યની વૃત્તિ સ્વીકારવી. ૩૬-૩૮. જ્યારે વૈશ્યને કોઈ આપત્કાળ આવી પડે ત્યારે તેણે સમયને અનુસારે શૂદ્રની વૃત્તિ ગ્રહણ કરવી. ૩૯. અને શૂદ્રને જ્યારે કોઈ આપત્કાળ આવી પડે ત્યારે તેણે ઘાંચી આદિની વૃત્તિ (કામ-ધંધો) ગ્રહણ કરીને જીવન જીવવું. ૪૦. આ રીતે ચારે વર્ણના મનુષ્યોને માટે આપત્કાળમાં આજીવિકા વગેરે કહ્યા, પણ જ્યારે તે આપત્કાળ ટળી જાય ત્યારે પોતપોતાના વર્ણની આજીવિકા સ્વીકારી તે રીતે જીવન જીવવું, એ જ હિતકર છે. ૪૧.

***ઇતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના પ્રથમ પૂરમાં 'શ્રીહરિએ પ્રેમવતીમાતાને ચાર વર્ણના સામાન્ય અને વિશેષ ધર્મ કહ્યા' એ નામે પંચાવનમો તરંગ સમાપ્ત ॥૫૫॥***

## પૂર પહેલું : તરંગ - ૫૬

## ચાર આશ્રમના અને ગૃહસ્થના મુખ્ય ધર્મ

શ્રીહરિએ પ્રેમવતી માતાના પ્રતિ ચાર આશ્રમના વિશેષ ધર્મ કહ્યા. ૧. શ્રીમુક્તાનંદ સ્વામીએ ઉત્તમરાજાને જે વાત કહી હતી તેને પ્રસિદ્ધ કરવા માટે હવે વિશેષ ધર્મના રૂપમાં કહે છે. ૨. શ્રીહરિએ કહ્યું, હે માતા ! બ્રાહ્મણ, ક્ષત્રિય અને વૈશ્ય જાતિમાં જેનો પ્રસિદ્ધ રીતે જન્મ થયો હોય. અને જેના વેદોક્તવિધિથી બધા સંસ્કાર થયા હોય અને યજ્ઞોપવીત સંસ્કાર થયા પછી તે દ્વિજ (દ્વિજાતિ) કહેવાય છે. અને ઉપવીત પામ્યા પછી તે બ્રહ્મચારી કહેવાય છે. ૩-૪. તે બ્રહ્મચર્યાશ્રમમાં રહેલો બ્રહ્મચારી વેદાદિ વિદ્યા ભણવા માટે પોતાના ગુરુને ઘેર જઈને રહે અને જેમ ગુરુ કહે તેમ કરે. ૫. તેણે કૌપીન અને ધોતિયું આદિ જે આવશ્યક વસ્ત્ર, તે સૂતરાઉં રાખવાં. અને એક કામળી રાખવી. ૬. આસન માટે મૃગચર્મ અને શણિયું ઈત્યાદિ આવશ્યક વસ્તુઓ રાખવી. દંડ, કમંડલુ અને જપમાળાને ઉત્સાહથી રાખવી. ૭. **યજ્ઞોપવીત, જટા અને દર્ભ આટલાને ધારી રાખવા. બ્રહ્મચારીને આંખમાં કાજળ આંજવું નહીં. તેલમાલિશ કરવું નહીં. ચંદનની અર્ચા અને ફૂલમાળા ધારવી નહીં. ૮. હે માતા ! બ્રહ્મચારીએ વીંટી, દોરો, હાર આદિક આભૂષણોનો તત્પર થઈને ત્યાગ રાખવો. મોક્ષપ્રાપ્તિના દ્વારભૂત મોટા સાધુ જેમ કહે તેમ પ્રેમથી કરવું.** ૯. તે સાધુની સેવા અને સમાગમ કરવો. કારણ કે તેમાં જ નિશ્ચિત આ જીવનો મોક્ષ રહ્યો છે.

જીવના ઉપર વારંવાર જન્મમરણ, યમયાતના અને સંસાર રહ્યો છે. ૧૦. **તેનું મૂળભૂત કારણ (દ્વાર) પરસ્ત્રીનો સંગ છે, તેમજ સ્ત્રીલંપટ કામી પુરુષનો સંગ છે. માટે ચાર વર્ણ અને ચાર આશ્રમના જે બ્રહ્મચારી આદિક મોક્ષના ખપવાળા હોય તેમણે પરસ્ત્રી અને સ્ત્રીલંપટ પુરુષ તેના સંગને મન, કર્મ, વચને સંપૂર્ણ રીતે ત્યાગ કરવો. અને કામીપુરુષને તો ઓળખીને તેનાથી દૂર ભાગવું. ૧૧-૧૨. પ્રત્યક્ષ ભગવાનના દૃઢ નિશ્ચયવાળા અને નિર્દોષ અને અપ્રેરિત જીવોનું હિત કરવાવાળા સાધુથી જ નિર્બાધ જ્ઞાન થાય છે.** એવા સંત જ જીવના સાચા મિત્ર છે. માટે એવા સંતોને સદ્ગુરુ જાણવા. ત્રણ વર્ણના પ્રથમાશ્રમી બ્રહ્મચારીએ આવા સાધુને ગુરુ માનવા. ૧૩-૧૪.

બ્રહ્મચર્ય વ્રતને દઢ રાખવા માટે બ્રહ્મચારીએ પ્રથમ જે ભણવું જોઈએ, તેની રીત હવે હું કહું છું. ૧૫.

બ્રહ્મચારીએ શ્રવણ, કીર્તન આદિ આઠ પ્રકારે સ્ત્રીનો સંબંધ તજી દેવો, તે પહેલા શીખવું. ૧૬. સ્ત્રીઓના સ્પર્શનો ત્યાગ સર્વ પ્રકારે રાખવો. અને ગુરુપત્નીને નમસ્કાર પણ દૂર રહીને જ કરવા. ૧૭. બ્રહ્મચર્યવ્રતને ધારી રહેલા એવા જેટલા બ્રહ્મચારી હોય, તે ગુરુ આજ્ઞા કરે તો પણ ગુરુની સ્ત્રીનો સ્પર્શ ક્યારેય કરવો નહીં. ૧૮. તથા બ્રહ્મચર્ય વ્રતનું પાલન કરનારા બ્રહ્મચારીએ મૈથુનાસક્ત કોઈપણ પશુ તથા પક્ષી વગેરે પ્રાણીમાત્રને જાણીને જોવા નહીં. ૧૯. કોઈ દેવતાની મૂર્તિ (ચિત્ર પ્રતિમા) સિવાયની કોઈપણ સ્ત્રીની ધાતુ, કાષ્ઠ, પથ્થર કે ચિત્રની પ્રતિમા (ચિત્રામણ કે પૂતળી) વગેરેને હાથથી અડવું નહીં. અને પોતાને હાથે તેની પ્રતિમા બનાવવી પણ નહીં. તેમજ પ્રતિદિન ગુરુની સેવા ભક્તિભાવથી કરવી. વળી બ્રહ્મચારીએ રોજ પ્રાતઃકાળે, મધ્યાહ્નને અને સાયંકાળે, ત્રણ વખત સંધ્યાવંદન કરવા. અને પોતાની શક્તિને અનુસારે ગાયત્રીમંત્રનો જપ કરવો. ૨૦-૨૨. સવારે અને સાંજે ભગવાનના નામમંત્રનો જપ કરવો. જપ કરતી વેળાએ મૌન રાખવું, પણ મુખથી વારંવાર બીજો-ત્રીજો બકવાદ કરવો નહીં. ૨૩. પ્રાતઃકાળે અને સાયંકાળે તરત જ અગ્નિમાં હોમ કરવો. ભિક્ષા માગીને નિર્વાહ કરવો અને પ્રેમથી વેદોનો અભ્યાસ કરવો. ૨૪. વિવેકના ભંડાર જેવા વર્ણીએ પોતાના ગુરુકુળમાં મનમાં પ્રેમ રાખીને વાસ કરીને રહેવું અને પોતાની સર્વ ઇંદ્રિયોને જીતવી. ૨૫. દેશકાળને અનુસારે અને પોતાની શક્તિ પ્રમાણે અંગોએ સહિત અને અર્થે સહિત વેદોને ભણવા. ૨૬. જે બ્રહ્મચારીને વૈરાગ્ય ભાવના ન હોય અને વેદાભ્યાસ પૂરો થયો હોય તો તેણે બ્રહ્મચર્યની સમાપ્તિ કેમ કરવી ? હવે તેની રીત હું કહું છું. ૨૭. તેમાં એવી રીત છે કે તે બ્રહ્મચારીએ પોતાના ગુરુને દક્ષિણા આપીને પછી ગૃહસ્થાશ્રમ સ્વીકારવો. ૨૮. જે બ્રહ્મચારીને વૈરાગ્યમાં રુચિ હોય તેણે વાનપ્રસ્થાશ્રમ અંગીકાર કરવો અથવા સંન્યાસ આશ્રમ સ્વીકારવો. ૨૯. અથવા વિચાર કરીને જીંદગીભર બ્રહ્મચર્ય પાળનાર નૈષ્ઠિક બ્રહ્મચારી થવું.

હે માતા ! જે બ્રહ્મચર્ય વ્રતને સમાપ્ત કરીને ગૃહસ્થ થવા ચાહતો હોય તેવા પુરુષે પવિત્રકુળમાં જન્મેલી અને પોતાના વર્ણની કન્યા સાથે સગાઈ કરવી. જેમ કે, બ્રાહ્મણે બ્રાહ્મણી સાથે, ક્ષત્રિયે ક્ષત્રાણી સાથે અને વૈશ્યે વૈશ્ય કન્યા સાથે સંબંધ કરવો. ૩૦-૩૨. પોતાના કરતા જે કન્યા ઉમરમાં નાની હોય, જે સર્વ પ્રકારે અનિંદિત હોય અને જેમાં પવિત્ર ધર્મ રહ્યો હોય,૩૩. આવી કન્યાનું પાણિગ્રહણ કરવું અર્થાત્ તેની સાથે વિવાહ કરવો. પછી ગૃહ-સ્થાશ્રમમાં રહેવું અને ન્યાય-નીતિથી ધન સંપાદન કરવું. ૩૪. સ્નાન, ત્રણ વાર સંધ્યાવંદન, હોમ, પિતૃતર્પણ, ગાયત્રીનો જપ, વિષ્ણુની પૂજા, વેદનો પાઠ (સ્વાધ્યાય) અને વૈશ્વદેવ, આટલાને પોતાની શક્તિને અનુસારે પ્રતિદિન કરવા. જ્યારે કોઈ આપત્કાળ આવે ત્યારે તે કર્મ તેની રીત પ્રમાણે કરવા. ૩૫-૩૬. આપત્કાલની સ્થિતિમાં મધ્યાહ્ને કરવાની સંધ્યા પ્રાતઃકાલમાં તત્પર થઈને કરવી. ૩૭.

પ્રાતઃકાલની સંધ્યાને મધ્યાહ્ને કરવી. અને સાયંકાલની સંધ્યાને મોડી રાતે કરવી. ૩૮. સંધ્યાવંદન, ગાયત્રીનો જપ અને વિષ્ણુની પૂજા, આટલા કર્મને બ્રાહ્મણે અવશ્ય કરવા. ગૃહસ્થ બ્રાહ્મણ ચાર વેદને ભણ્યો હોય પણ જો સંધ્યાવંદનાદિક કર્મ ન કરતો હોય તો તેને શૂદ્રના સમાન ગણવો. તેમાં કોઈ સંદેહ નથી. ૩૯-૪૦. વિપ્રે સ્નાન કર્યા પછી ધોયા વિનાના સુતરાઉ વસ્ત્રને અડવું નહીં, તેમજ સ્નાન કર્યા વિનાના મનુષ્યને પણ અડવું નહીં. કારણ કે સ્નાન કર્યા વિનાનો પુરુષ અપવિત્ર કહેવાય છે. સુતરાઉ વસ્ત્ર જે ધોયેલા હોય તેને અડવું, પણ વગર ધોયેલાને ક્યારેય અડવું નહીં. આવી બધી બ્રાહ્મણોની રીત છે. ૪૧-૪૨.

બ્રાહ્મણ, ક્ષત્રિય અને વૈશ્ય જે દ્વિજ કહેવાય છે. તે ત્રણ વર્ણના ગૃહસ્થોએ વિવાહને સમયે અથવા પિતાની મિલકતની ભાઈઓમાં વહેંચણી કરવામાં આવે ત્યારે યજ્ઞ થઈ શકે ધન-ધાન્યાદિક શક્તિનો સંભવ હોય તો નિત્ય હોમ કરવા માટે અગ્નિને સ્વીકારવો. ૪૩-૪૪. અગ્નિનું સ્થાપન કરીને શ્રદ્ધાભાવથી સમયને અનુસારે નિત્ય હોમ કરવો. વળી પોતાના પોષ્ય વર્ગ-માતા, પિતા, ગુરુ અને પુત્રાદિકનું અન્ન વસ્ત્ર આદિકે કરીને પોતાની શક્તિ પ્રમાણે ઉદારભાવથી

પોષણ કરવું પણ જેનાથી દુઃખ થાય એવું હોય તે લગારેક પણ ન કરવું. ૪૫-૪૬. પોતાને ઘેર જે કોઈ અતિથિ આવે, તેને અન્ન, જળ અને વસ્ત્ર આદિકે કરીને પોતાની શક્તિ પ્રમાણે દયાળુભાવે સંતોષ કરાવવો. ૪૭.

**પ્રતિદિન સાધુનો સમાગમ સારી રીતે કરવો અને ભગવાનની નવ પ્રકારની ભક્તિ પણ ઘણા જ ભાવથી કરવી. ૪૮. ગૃહસ્થ દ્વિજોએ કુસંગનો સંસર્ગ ક્યારેય રાખવો નહીં અને મૂર્ખ માણસની જેમ ઘરસંસારમાં આસક્તિથી બંધાઈ જવું નહીં. ૪૯. સત્ય-અસત્યની અથવા બંધન-મોક્ષની વિવેકરૂપ સમજણથી ઘરની આસક્તિને ટાળી નાખવી અને નિર્ધાર કરીને ભગવાનમાં જ દૃઢપણે આસક્તિ કરવી. ૫૦.**

શ્રીહરિએ કહ્યું, હે પ્રેમવતી માતા ! સમસ્ત જે ગૃહસ્થ જીવો છે તેમાં સાક્ષાત્ ભગવાનના જે એકાંતિક ભક્ત હોય તેને અધિક (શ્રેષ્ઠ) માનવા અને તેમનું માન-આદર રાખીને, તેમનું રક્ષણ, પૂજન વગેરે ક્રિયાએ કરીને તેમને સેવવા. ૫૧-૫૨. ન્યૂન અધિક ભાવની વિગત કરીને જોવું જોઈએ કે જે નિર્જીવ છે તેના કરતા જેમાં જીવ હોય એવા પાષાણ આદિ શ્રેષ્ઠ છે અને તેના કરતાં તૃણ-ઘાસ આદિ શ્રેષ્ઠ છે, તેના કરતાં અન્ન અને ઔષધીઓ શ્રેષ્ઠ છે. તેના કરતાં વેલ-લતાઓ શ્રેષ્ઠ છે અને તેનાથી આંબો ઇત્યાદિ ફળઝાડ ઉત્તમ છે. ૫૩-૫૪. તેના કરતાં પણ દેવવૃક્ષ, પીપળો અને પારિજાત વગેરે સ્થાવર જાતિના જે વૃક્ષ છે તે ઉત્તમ છે. ૫૫. શાસ્ત્રોમાં આ બધી સ્થાવર જાતિમાં એક-એકથી બીજાની વિશેષતા બતાવી છે. હવે જે જંગમ જાતિના જીવ છે તેમાં પણ એક-એકથી અધિકતા-વિશેષપણું દેખાડે છે. ૫૬.

હે માતા ! કીડી આદિ જંતુથી પતંગિયાદિક શ્રેષ્ઠ છે અને તેના કરતાં તીડ આદિક અધિક છે અને તેનાથી ભમરાદિક ઉત્તમ છે. ૫૭. અને તેનાથી ચકવા આદિક અધિક ગણાય અને તેનાથી સસલું આદિક જીવ અધિક શ્રેષ્ઠ ગણાય છે. ૫૮. સસલાથી બકરાદિક શ્રેષ્ઠ કહેવાય અને તેનાથી ગાય વગેરે જે જીવ છે તે શ્રેષ્ઠ કહેવાય છે. ૫૯. તે ગાય આદિ પશુ કરતાં મનુષ્ય શરીરવાળા જીવ અપાર ઉત્તમ છે, મનુષ્યોમાં પણ બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શૂદ્ર, એ ચાર વર્ણ ઉત્તમ છે. ૬૦. મનુષ્યને શ્રેષ્ઠ કહ્યા તેમાં શાસ્ત્રની આજ્ઞા પ્રમાણે

રહેનારા ચાર વર્ણોમાં બ્રાહ્મણ શ્રેષ્ઠ છે. ૬૧. બ્રાહ્મણોમાં પણ સ્વધર્મનિષ્ઠ બ્રાહ્મણ પોતાના ધર્મને ધરી રહ્યો હોવાથી ઉત્તમ છે અને તેવા સ્વધર્મનિષ્ઠ બ્રાહ્મણોની મધ્યે પણ જે **આત્મજ્ઞાની વિપ્ર છે તેને શાસ્ત્રની રીત પ્રમાણે અધિક શ્રેષ્ઠ કહ્યા છે.** ૬૨-૬૩. **આત્મનિષ્ઠોમાં (આત્મજ્ઞાનીઓમાં) પણ ભગવાનનો જે એકાંતિક ભક્ત હોય તે સહુથી અધિક શ્રેષ્ઠ છે. ૬૪. તે એકાંતિક ભક્તોમાં પણ સ્વધર્મ, જ્ઞાન અને વૈરાગ્યે યુક્ત ભગવાનના માહાત્મ્યજ્ઞાને સહિતની ભક્તિનિષ્ઠાવાળો હોય અને જેમાં દંભ કે કપટ બિલકુલ ન હોય, તેના સમાન અન્ય કોઈ શ્રેષ્ઠ નથી અર્થાત્ તે સર્વથી સર્વશ્રેષ્ઠ છે. ૬૫-૬૬.**

**चोपाई :**

**दंभ रहित एकांतिक तामें, भक्त जो रहायेउ यामें;**
**श्रीहरि निरंतर रहे तेहा, यामें नाहिं रंच संदेहा...६७**

નિર્દંભ એવા જે ભગવાનના એકાંતિક ભક્ત હોય, તેમાં ભગવાન શ્રીહરિ અખંડ રહ્યા છે તેમાં કોઈ રંચમાત્ર પણ સંદેહ નથી. ૬૭. એટલા માટે જે એકાંતિક ભક્ત છે તે સર્વશ્રેષ્ઠ છે. તેમાં પણ જેનામાં જેટલો એકાંતિકધર્મ વધારે દૃઢ હોય તેટલો તે વધારે ઉત્તમ ભક્ત છે. ૬૮. જેને એકાંતિકના ધર્મમાં જેટલી કસર હોય તેટલો તેને તેનાથી ઊતરતો સમજવો. જેમાં જેવો એકાંતિકધર્મ રહે છે તેમાં તેટલો ભગવાનનો નિવાસ હોય છે. અર્થાત્ જે સંપૂર્ણ એકાંતિક ધર્મવાન છે એમાં ભગવાન સંપૂર્ણપણે પ્રગટ રહે છે. ૬૯. હે માતા ! આ પ્રમાણે મેં આપની આગળ પ્રેમથી ધર્મયુક્ત જ્ઞાનની વાત કહી છે. એક રતિભાર પણ બાધ ન આવે તે રીતે મેં જ્ઞાન કહ્યું છે. ૭૦. સ્થાવર અને જંગમ જેટલા જીવ છે તેમાં મેં પ્રથમ ન્યૂનાધિક ભાવ કહ્યો. તે સમજાવ્યા પછી મેં ભગવાનના ભક્તને જ સહુથી શ્રેષ્ઠ કહ્યા છે. ૭૧. તેમાં પણ એકાંતિક ભક્તને સહુથી શ્રેષ્ઠ અને સર્વોપરિ રીતે માનવાને યોગ્ય કહ્યા છે. હે માતા ! આ સિવાય અધિકતા કે ન્યૂનતાની વાતને હું માનતો નથી. ૭૨.

**सत्पुरुष अत्पुरुष तिनकूं, समान करीके मानत ईनकूं;**
**तेहि करीके दोष जो जितने, निवास करी यामें रहत तितने...७३**

સત્પુરુષ અને અસત્પુરુષને જે સમાન દૃષ્ટિથી એક સરખા માને છે તેમાં તો જેટલા દોષ છે તે બધા જ આવીને નિવાસ કરીને રહે છે. ૭૩. ગૃહસ્થ વગેરે જે સૌ મનુષ્ય છે તે બધા સુખની જ ઈચ્છા રાખે છે. એટલા માટે સત્ય અને અસત્યનો વિવેક શીખવો જોઈએ. તે વિવેકમાં અનેક પ્રકારનું સુખ રહ્યું છે. ૭૪. ભગવાનના ભક્ત જેટલા ગૃહસ્થ છે તે બધાએ, ચંદન, પુષ્પના હાર, ઘરેણાં, વસ્ત્ર અને અન્ન આદિ જે ભોગ્ય પદાર્થ છે, તેને ભક્તિભાવથી ભગવાનને અર્પણ કરવા. ૭૫-૭૬. અને તે પછી પ્રસાદીરૂપ જે તે પદાર્થ, તેને પોતાને માટે વાપરવા. જે જે ભગવાનના સદ્‌ભક્ત કહેવાય છે તેની આ રીત છે. ૭૭

**❋ શ્રાદ્ધ કરવાની વિગત :**

ભગવાનને ચંદન, પુષ્પાદિક સર્વે નૈવેદ્ય કરીને અર્થાત્ ભગવાનને અર્પણ કરીને તે વડે જ અન્ય દેવતા અને પિતૃઓને તે શ્રીવાસુદેવ ભગવાનના અંગભૂત દેવતા છે એવી ભાવનાથી પૂજવા. આ રીતે જે ગૃહસ્થ પૂજા કરે છે તે પરમ પવિત્ર ગણાય છે. ૭૮-૭૯. પોતાના માતાપિતા આદિ સગા સંબંધીઓના શ્રાદ્ધને સમયને અનુસારે, જ્યાં જેવી રીતે શાસ્ત્રોક્તવિધિ કહી હોય ત્યાં, તે પ્રમાણે તેમ કરવું. ૮૦. વગર ખેતીએ થતાં મુનિઅન્ન (એક પ્રકારનું ફરાળ), નિવાર અને સામો વગેરેથી તે શ્રાદ્ધકર્મ કરવું. અથવા બીજી રીતે હું કહું છું કે, ખેતીથી ઊપજેલા ડાંગર (ચોખા) અને ઘઉં આદિક પવિત્ર અન્નથી સમયને અનુસારે શ્રાદ્ધકર્મ કરવું. ૮૧-૮૨. જે મનુષ્ય જાતિના કહેવાય છે, તેણે ગમે તેવો અતિ આપત્કાળ હોય તો પણ માંસથી શ્રાદ્ધ ક્યારેય કરવું નહીં. ૮૩.

ગમે તેવા વિકટ દેશકાળ હોય તો પણ માંસ વિના જ શ્રાદ્ધ કરવું. અને શ્રાદ્ધમાં માંસને નહીં આપવાથી જ પિતૃઓનો ઉદ્ધાર થાય છે. ૮૪. જે ધર્મમાં જેટલું અહિંસાનું પ્રતિપાદન છે તેટલો જ તે ધર્મ ઉત્કૃષ્ટ (શ્રેષ્ઠ) કહેવાય છે. પિતૃઓ વિષ્ણુના ભક્ત છે એટલે તેમને અહિંસા પ્રિય છે. ૮૫. **જેટલા દેવો અને જેટલી દેવીઓ મદ્ય (દારૂ) અને માંસના ભોગને સ્વીકારે છે, તે દેવ કહેવાતા હોય, તો પણ તે અદેવ-આસુરી જ છે કારણ કે તેઓ અભક્ષ્યનું ભક્ષણ કરે છે.** ૮૬. અભક્ષ્યનો ભોગ લેનાર જે દેવ કે

અભક્ષ્યનો ભોગ લેનારી દેવી, તેને માનનારા જેટલા ગૃહસ્થ છે તે બધા અભક્ષ્યને ભોગવનારા (ખાનારા) બને છે. ૮૭. માટે જે ગૃહસ્થ સુખી થવા ઈચ્છતા હોય, તેમણે દેશકાળને અનુસરીને પોતાના અધિકાર પ્રમાણે વારંવાર ભગવાનના તીર્થવ્રતાદિકને શાસ્ત્રોક્તવિધિ પ્રમાણે ઉત્સાહથી કરવા. ૮૮-૮૯. પવિત્ર દેશ, પવિત્ર કાળ અને સત્પાત્ર દેખાય ત્યારે તુરંત તે તીર્થ વ્રત આદિને વિશેષપણે કરીને કરવા. ૯૦. **પવિત્ર દેશકાળમાં અને સત્પાત્રમાં જો કોઈ પુણ્યદાન કરવામાં આવે તો તેનું અક્ષયફળ મળે છે.** આવી રીતે જે પુણ્ય અને દાન કરે છે તે ફળ પ્રાપ્ત કર્યા સિવાય રહેતા જ નથી. ૯૧.

***ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના પ્રથમ પૂરમાં 'ચાર આશ્રમના અને ગૃહસ્થના મુખ્ય ધર્મ કહ્યા' એ નામે છપ્પનમો તરંગ સમાપ્ત ॥૫૬॥***

## પૂર પહેલું : તરંગ - ૫૭

## શ્રીહરિએ ભક્તિમાતા આગળ વર્ણાશ્રમ ધર્મનું નિરૂપણ કર્યું

હવે શ્રીહરિ માતા પ્રેમવતીને ઉદ્દેશીને ધનાઢ્ય સુબુદ્ધિમાન્ ગૃહસ્થના ધર્મની વાત શાસ્ત્રોક્તવિધિ પ્રમાણે સ્પષ્ટ રીતે કહે છે. ૧. જ્યારે ભગવાન પરોક્ષ હોય છે ત્યારે પણ સારી સમજણવાળા (સુમતિ) ગૃહસ્થને ભગવાનને રાજી કરવાની ભાવના ઘણી જ થતી હોય છે. ૨. ભગવાન ગૃહસ્થ ભક્તો ઉપર જે રીતે પ્રસન્ન થાય તેવી વાતને હવે શ્રીહરિ કહે છે, જે બુદ્ધિમાન ગૃહસ્થ પોતાના મોક્ષ માટે ભગવાનને ઘણું જ પ્રસન્ન કરવા ઈચ્છતા હોય તો તેવા સુમતિ ગૃહસ્થોએ જેવી ભાવના હોય તેને અનુસારે અત્યંત સુંદર અને ઘણું જ મજબૂત એવું ભગવાન નારાયણનું મંદિર કરાવે. ૩-૪. પછી તે મંદિરમાં ધર્મદેવ, ભક્તિમાતા અને રાધાકૃષ્ણાદિકની અતિ મનોહર મૂર્તિઓને પધરાવવી. તેમજ તે મંદિરમાં વૃત્તિ-આજીવિકા માટે, તથા ભગવાનની પૂજાના પ્રવાહ માટે, (કાયમને માટે વ્યવસ્થિત થાય તે સારુ) ધનાઢ્ય ગૃહસ્થોએ ખેતર કે ધન ઈત્યાદિ અર્પણ કરવા.

વળી ધનાઢ્ય અને સુમતિ ગૃહસ્થ હોય તેણે ઝાઝી દક્ષિણાવાળા અને જેમાં કોઈ પણ જીવની હિંસા ન થતી હોય તેવા વિષ્ણુયાગ આદિ યજ્ઞ હંમેશા વારંવાર કરતા રહેવું. ૫-૭. તેમજ ભગવાનને રાજી કરવા માટે પોતાની શક્તિને અનુસારે વાવ, કૂવા અને તળાવ (સરોવર) વગેરે કરાવવા. ફૂલ અને ફળોને માટે સારા બાગ બગીચા કરાવવા જેનાથી તે મોક્ષનો અધિકારી થાય છે. ૮. **ધનાઢ્ય ગૃહસ્થોએ ભગવાનને રાજી કરવા માટે જેમાં ઘી અને સાકર ઘણાં જ વપરાયા હોય તેવા સારા ભોજન તૈયાર કરાવી તેનાથી સાધુઓને તથા બ્રાહ્મણોને વારંવાર જમાડવા-તૃપ્ત કરવા. તેનાથી તે મોક્ષભાગી થાય છે. ૯-૧૦.**

**चोपाई :**

**पवित्र निर्मल संत हि जाई, सब पर मित्र भाव रहाई;**
**एसे संत आगे वात कोई, कपट छल न रखना सोई...१२**

સ્વધર્મનિષ્ઠ એવા સાધુ અને બ્રાહ્મણ, તેનું મન, કર્મ કે વચને ક્યારેય અપમાન કરવું નહીં, પણ તેનાથી ડરતા રહેવું. ૧૧. જે સાધુ પવિત્ર અને નિર્મળ સ્વભાવના હોય, સહુના ઉપર મિત્રભાવ રાખતા હોય એવા સાધુની આગળ વાત કરવી હોય ત્યારે કાંઈ છળકપટ રાખવું નહીં. ૧૨. જેને સાચા સુખ મેળવવા ઉપર જ દોડ-તાન હોય તેવા સુમતિ ગૃહસ્થએ અતિ લોભી થાવું નહીં, અતિ કામી બનવું નહીં અને કોઈ સ્થાને કોઈ ઉપર અતિ ક્રોધ કરવો નહીં. અતિ માની થવું નહીં. કોઈના ઉપર મત્સર તો રાખવો જ નહીં. અને શરીરધારી પ્રાણીમાત્ર ઉપર દયા રાખવી. ૧૩-૧૪. જે સારો સમજણો (સુમતિ) ગૃહસ્થ હોય તેણે પોતાના નજીકના સંબંધ-સગપણ સિવાયની વિધવા સ્ત્રીનો આપત્કાળ વિના જાણી જોઈને ક્યારેય સ્પર્શ કરવો નહીં. જે નિપુણ ગૃહસ્થ આવી રીતે રહે છે તે મોક્ષનો અધિકારી થાય છે. ૧૫-૧૬.

જે બુદ્ધિમાન ગૃહસ્થ કહેવાતા હોય તેણે આપત્કાળ સિવાય (યુવા અવસ્થામાં રહેલી) પોતાની મા, બહેન અને દીકરી સાથે પણ એકાંત સ્થળમાં ક્યારેય સાથે રહેવું નહીં. તેણે મનમાં એવો દૃઢ વિચાર રાખવો કે ક્યારેક કોઈ આપત્કાળની સ્થિતિ આવી પડે તો પણ જે રીતે રહેવાથી પોતાનો ધર્મ સચવાય તે રીતે રહેવું. ૧૭-૧૮. સદ્‌બુદ્ધિવાળા ગૃહસ્થ

જેટલા હોય તેણે પોતાના આત્માના મોક્ષ માટે ક્યારેય તીર્થાદિક પવિત્ર સ્થાનમાં પણ આત્મહત્યા ન કરવી. અથવા બીજાની હત્યા પણ ક્યારેય કરવી નહીં. અને હંમેશા પોતાના ધર્મમાં નિષ્ઠા રાખીને તે પ્રમાણે વર્તન રાખવું. ૧૯-૨૦.

જે સધવા પતિવ્રતા સ્ત્રી હોય તેણે ચપળતાને તજી દઈને ઘણા જ હરખથી પોતાના પતિને આનંદથી દેવ જેવો માનવો અને અતિશય પ્રેમથી તેની સેવા કરવી. અને વિધવા સ્ત્રી હોય તેણે તત્પર થઈને પોતાના ધર્મને યથાર્થ રીતે પાળવો. ૨૧-૨૨. તે વિધવા સ્ત્રીઓએ લક્ષ્મીપતિ ભગવાન શ્રીકૃષ્ણમાં પતિની ભાવના રાખવી અને તત્પર થઈને તે પતિબુદ્ધિએ તે ભગવાનની સેવા કરવી. ૨૩. વિધવા સ્ત્રીએ વ્રત અને ઉપવાસ આદિકે કરીને પોતાના શરીરને દુર્બળ કરી દેવું અને પોતાના સંબંધી ન હોય એવા પુરુષને ક્યારેય નેત્ર દ્વારા જોવા નહીં. ૨૪. કોઈ પણ પુરુષનો સ્પર્શ કરવો નહીં. ત્યાગીની રીત રાખવી. પોતાના પિતા અને પુત્ર આદિની સાથે કાયમ બોલી શકે છે. ૨૫. વિધવાસ્ત્રીએ આપત્કાળ સિવાય પોતાના પિતા કે પુત્રાદિકની સાથે પણ એકાંત સ્થળમાં ક્યારેય રહેવું નહીં. ૨૬.

**❋ વાનપ્રસ્થાશ્રમીના ધર્મો :**

સુબુદ્ધિમાન્ ગૃહસ્થે પોતાની 'ઉંમરનો ત્રીજો ભાગ આવ્યો છે' એવું જોઈને વનમાં પ્રવેશ કરવો અર્થાત્ વાનપ્રસ્થાશ્રમ ગ્રહણ કરવો. ૨૭. જો પોતાની પત્નીને તપમાં રુચિ હોય અને તે સારા સ્વભાવવાળી હોય તો તેને પણ વનમાં સાથે રાખવી. ૨૮. જો પત્નીના મનમાં તપ કરવાની રુચિ ન હોય તો ગૃહસ્થ સ્વયં એકલો જ વનમાં જાય અને વાનપ્રસ્થના ધર્મોનું પાલન કરે. ૨૯. આ રીતે જે વનમાં રહે તેને વાનપ્રસ્થ કહેવાય છે. તે વાનપ્રસ્થ ઉનાળાના ચાર માસ સુધી પંચાગ્નિ તાપે. અર્થાત્ ચારે દિશામાં લાકડાં સળગાવીને કરેલા ચાર અગ્નિ અને ઉપરથી સૂર્યનો તાપ, તે પંચાગ્નિનો તાપ સહન કરે. ૩૦. શિયાળામાં ગળાસુધી પાણીમાં બેસે અને ચોમાસાની ઋતુમાં વરસાદની ધારાઓને સહન કરે. અને નિરંતર ભગવાનની નવધા ભક્તિને કરે. ૩૧. વનમાં થયેલા નિમાર, સામો જેવા ધાન્ય અને ફળ

આદિકે કરીને યોગ્ય સમયે અગ્નિહોત્ર આદિ કર્મને નિત્ય કરતો રહે. ૩૨. અગ્નિહોત્રના અગ્નિને રાખવાનું વિચારીને અગ્નિને માટે પર્ણકુટિ કરે અને પોતે તો વાનપ્રસ્થ છે એટલે પર્ણકુટિની બહાર નિવાસ કરે. ૩૩. જે વાનપ્રસ્થ કહેવાતા હોય તેણે વગર ખેડે જમીનમાં પાકેલા નિમાર અને સામો ઇત્યાદિ અન્ન (ખડધાન્ય) સ્વયં લાવવા. ૩૪. અને ફળ-ફૂલ વગેરે પણ જાતે લાવ્યા હોય તેનાથી જીવિકા હરખભેર ચલાવવી. પોતાની શક્તિ હોય તેટલા વર્ષ સુધી વિચારીને જુએ. રહી શકાય તેટલા વરસ વનમાં રહે અને તે પછી જે સંન્યાસ આશ્રમ છે તેને ગ્રહણ કરે. ૩૫-૩૬

### ❋ સંન્યાસીના ધર્મો :

સંન્યાસ ગ્રહણ કર્યા પછી, સંન્યાસીએ કેવું વર્તન રાખવું તે રીત હવે કહું છું. સ્વસ્થ ચિત્તવાળા સંન્યાસીએ પોતાના ધર્મને વિચારીને એક કંથા અને બે કૌપીન રાખવી. ૩૭. કૌપીન ઉપર પહેરવાનું એક નાનું ટૂંકું કપડું (બહિર્વાસ) રાખવું અને દંડ તથા કમંડલુ પોતાની પાસે નિરંતર રાખવા. ૩૮. સંન્યાસીએ નારાયણ પરાયણ થવું અને '**ॐ नमो नारायणाय**' આવા અષ્ટાક્ષર મંત્રનો નિત્ય જપ કરવો. જ્યારે તે નામ-મંત્રનો નિરંતર શ્વાસોશ્વાસ ભગવાનના સ્વરૂપમાં ધ્યાન રાખીને જપ કરવામાં આવે ત્યારે મન સ્થિર થઈ જાય છે. ૩૯-૪૦. પોતાના આત્માના સ્વરૂપને શાસ્ત્રમાં કહ્યા પ્રમાણે યથાર્થ રીતે જે જાણવું, તેને જ્ઞાન કહેવાય છે. ૪૧. પોતાના જીવાત્મા અને ભગવાનના સ્વરૂપનું જ્ઞાન નિરંતર જાણવું-શીખવું અને દઢતા કરવી. તથા વિશેષપણે ભગવાનની ભક્તિમાં પરમભાવ યુક્ત થઈને નિરંતર જોડાયેલા રહેવું અને બીજા વ્યાવહારિક કામકાજને મન, કર્મ, વચને છોડી દેવા. આવું જે જ્ઞાન તે જ વિજ્ઞાન કહેવાય છે. અને તેનાથી જીવ પરમપદને કહેતા આત્યંતિક કલ્યાણને પામે છે. ૪૨. ૪૩.

વર્ષાઋતુ સિવાય અને કોઈ આપત્કાલ સિવાય સંન્યાસીએ ક્યારેય એક સ્થાનમાં નિરંતર વસીને રહેવું નહીં. ૪૪. સંન્યાસીએ સ્વધર્મનિષ્ઠ કોઈ બ્રાહ્મણને ઘેર દિવસમાં એક જ વાર પરિમિત ભિક્ષા લેવી. આવી તેમની ભિક્ષા અંગેની રીત છે. ૪૫. જે સંન્યાસી થયા હોય તેણે પણ ભગવાનના

એકાદશી આદિ જે વ્રત, તેને વિધિ પ્રમાણે કરવા. તેમજ સંન્યાસીએ મન તથા ઇંદ્રિયોને જીતીને અષ્ટપ્રકારે બ્રહ્મચર્યવ્રતને પાળવું. જો કે વાનપ્રસ્થ અને સંન્યાસ, આ બે આશ્રમ જે મેં કહ્યા, તેના ધર્મ-નિયમ પાળવા તે કળિયુગમાં ઘણા જ કઠણ છે. એટલે મોટા મોટા સમર્થ ઋષિ-મુનિઓએ પણ તે બંને આશ્રમ કળિયુગમાં ગ્રહણ કરવા નહીં, આવો નિષેધ કર્યો છે. ૪૬-૪૮. એટલા માટે વૈરાગ્યને પામેલા એવા બ્રહ્મચારી અથવા બ્રાહ્મણ, ક્ષત્રિય અને વૈશ્ય વર્ણના વૈરાગ્યવાળા ગૃહસ્થ પુરુષે શું કરવું ? હે માતા ! હું હવે તે અંગે કહું છું તેને તમે સાંભળો. ૪૯-૫૦.

વૈરાગ્યને પામેલા બ્રહ્મચારીએ અને વૈરાગ્યયુક્ત ત્રણ વર્ણના ગૃહસ્થ ભક્તોએ વાસુદેવીય મહાદીક્ષા ગ્રહણ કરીને વૈષ્ણવ થવું. પછી તે વૈષ્ણવે પોતાના આશ્રમમાં રહેવું. ૫૧-૫૨. પોતાના આશ્રમમાં રહેતા તે વૈષ્ણવે અષ્ટપ્રકારે સ્ત્રીના ત્યાગરૂપ બ્રહ્મચર્ય વ્રતનું દૃઢપણે પાલન કરવું. અને નિત્ય શ્રીહરિનું ભજન કરવું. ૫૩. અથવા તે બ્રહ્મચારીએ અને ગૃહસ્થે પોતાના ઘરનો ત્યાગ કરીને સાધુઓના મંડળમાં રહેવું અને સાધુની સેવા કરવી. ૫૪. ત્યાગી સંતના જેવો સ્વભાવ કરવો અને ખૂબ જ પ્રેમભાવથી શ્રીકૃષ્ણ ભગવાનનું ભજન કરવું. પૂર્વે જેમ જડભરત વર્તતા હતા તેવા ભાગવત પરમહંસ થઈને રહેવું. ૫૫. ત્યાગી સાધુના જેવો સ્વભાવ રાખવો અને શ્રીકૃષ્ણ ભગવાનનું ભજન કરવું. ભગવાનમાં પોતાનું મન રાખીને સાધુની રીતે વર્તવું. ૫૬. ત્યાગી થયા પછી પોતાના આત્મ કલ્યાણ માટે તત્પર રહે. જે સાધુને માર્ગે ચાલ્યો હોય તેણે કાષ્ઠ, ધાતુ કે ચિત્રામણની નારીની પ્રતિમા (ચિત્ર કે પૂતળી)ને જાણીને અડવું નહીં તેમજ જોવી પણ નહીં. સોનું ઇત્યાદિક ધનનો બધી રીતે ત્યાગ રાખવો. ૫૭-૫૮.

**चोपाई :**

**त्रियायुं त्रिया के आधीना, एसे कामी पुरुष हि दीना;**
**ताके समाग हरि बिन जोऊ, मुक्त एसे पुरुषकुं सोऊ...५९**
**निश्चे करीके बंधन कहीता, त्यागी रहत तेहि करी डरीता;**
**ज्ञान भक्ति तप योग त्यागा, सत शास्त्र तामें अनुरागा...६०**

સ્ત્રીઓનો અને સ્ત્રીને આધીન એવા કામીપુરુષ, તેનો સંસર્ગ તો એક ભગવાનને જ બંધન કરતો નથી તે સિવાય તો મોટા મુક્તપુરુષને પણ તે બંધન કરે છે એટલા માટે ત્યાગી સાધુએ તે બેના સંપર્કથી ડરતા રહેવું. જ્ઞાન, ભક્તિ, તપ, યોગ, ત્યાગ અને સચ્છાસ્ત્રોમાં અનુરાગ (વિશ્વાસ-નિષ્ઠા કે પ્રેમ) આવા શુભગુણ, જે હોય તે બધા જ સ્ત્રીના પ્રસંગથી વ્યર્થ થઈ જાય છે. આટલા જ કારણથી જે ત્યાગી સાધુ હોય તેણે, જેમ સર્પથી માણસ ડરે છે તેમ, સ્ત્રીઓથી ડરતા રહેવું. ૫૯-૬૨. સમાધિનિષ્ઠ એવા કોઈ ત્યાગી સાધુ હોય તો તેણે પણ સ્ત્રીના સંસર્ગથી દૂર રહેવું. તો બીજાની તો વાત જ શું કહેવી ! ૬૩. કામ, લોભ, ક્રોધ, માન, માયિક પદાર્થોમાં સ્નેહ અને રસાસ્વાદમાં આસક્તિ આ છ જે દોષ કહેવાય છે, તે નરકમાં જવાના દરવાજા છે. તેટલા માટે જે ત્યાગી સાધુ હોય તેમણે તે છએ દોષોને જીતવા. અને જ્યારે તે છ દોષોનો ત્યાગ કરે છે ત્યાર પછી જ ભગવાનમાં પ્રેમ (અનુરાગ) થાય છે. વળી અષ્ટ પ્રકારે જે બ્રહ્મચર્ય તેને સ્નેહથી દઢતાપૂર્વક પાળવું. ૬૪-૬૬.

પોતાના ઇંદ્રિયોના સમુદાયને જીતવો અને પ્રેમભાવથી ભગવાનની નવ પ્રકારની ભક્તિને હંમેશા આનંદમાં રહીને સદાકાળ કરતાં રહેવું. ૬૭. **ભગવાનના ભક્તે ભગવાનની સેવા વિનાની ચાર પ્રકારની મુક્તિને પણ ક્યારેય ઈચ્છવી નહીં. અને ભગવાનની સેવામાં જ રુચિ રાખવી. ૬૮. કેવલ્ય મોક્ષ જે અક્ષરબ્રહ્મના તેજને કહેવાય છે, તે બ્રહ્મતેજમાં લીન થવું તેને પણ ભગવાનનો ભક્ત ક્યારેય ઈચ્છે નહીં. ૬૯.** ભક્ત જો અક્ષરબ્રહ્મમાં લીન થવાનું ન ચાહે, તો પછી તે લૌકિક તુચ્છ સુખને તો ક્યારેય ચાહે જ ક્યાંથી ? ત્યાગી સાધુ તો તેને કહેવાય છે કે જે ભગવાનની સેવા સિવાય અન્ય સર્વે પદાર્થોની વાસનાને મૂળમાંથી ઉખેડી નાખવામાં તત્પર રહે અને વાસનાને નિર્મૂળ કરવાના ઉદ્યમથી નિરંતર યુક્ત રહે. તેને જ ત્યાગી સાધુ કહેવાય છે. ૭૦-૭૧. કામ, ક્રોધ અને લોભ આદિક જે અંતઃકરણના શત્રુઓ છે (અંતઃ શત્રુઓ છે) તે ઘણા અજેય અને અટળ જેવા છે. જેણે બ્રહ્મા ઈત્યાદિ મોટા દેવોને પણ માર્યા-હરાવ્યા છે. સંતોએ એ રીતનું વર્તન રાખવું જોઈએ કે તે અંતઃશત્રુઓને પ્રવેશવાનું કોઈ દ્વાર જ મળે નહીં. અને એવી રીતે વર્તતા થકા સંતોએ એક ભગવાનને રાજી કરવાનું જ તાન રાખવું જોઈએ. ૭૨-૭૩.

અસત્-અશુભ એવા દેશ, કાળ, ક્રિયા, સંગ અને શાસ્ત્ર તેનો સંતોએ ત્યાગ કરવો. અને જે તેનો ત્યાગ કરે છે તે જ અનાદિ મુક્તના માર્ગે ચાલી શકે છે. ૭૪. **પોતાના મોક્ષને માટે શુભ દેશ, કાળ, ક્રિયા અને સંગ ઈત્યાદિને આશરે રહેવામાં જે તત્પર રહે છે તે જ સાચા સંત-સાધુ કહેવાય છે. ૭૫ પૂર્વે સત્પુરુષો જે સન્માર્ગ ઉપર ચાલ્યા હતા, તે જ સન્માર્ગ ઉપર આજે પણ સાચા સંતોએ ચાલવું જોઈએ.** ૭૬. ઉપર જે વર્ણો અને આશ્રમોના ધર્મ કહ્યા છે. તેમાં જેને જેટલો ભંગ થાય તેણે તે અંગે ધર્મ-શાસ્ત્રમાં જોઈને તે ધર્મભંગનું પ્રાયશ્ચિત્ત કરવું. અને તે પ્રાયશ્ચિત્ત કરવામાં આવે તો જ ચાર વર્ણ અને ચાર આશ્રમના ધર્મને લેશમાત્ર પણ બાધ આવે નહીં. ૭૭-૭૮.

***ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના પ્રથમ પૂરમાં 'શ્રીહરિએ ભક્તિમાતા આગળ વર્ણાશ્રમ ધર્મનું નિરૂપણ કર્યું' એ નામે સત્તાવનમો તરંગ સમાપ્ત ॥૫૭॥***

## પૂર પહેલું : તરંગ - ૫૮

### જીવાત્મા તથા પરમાત્માના સ્વરૂપનું નિરૂપણ

વળી, શ્રીહરિએ માતાના પ્રત્યે સચ્છાસ્ત્રમાં જે રીતે કહ્યું છે તે રીતે જ્ઞાનનું લક્ષણ કહ્યું. ૧. હે માતા ! જે વસ્તુ જે રીતની હોય, તે વસ્તુને તે પ્રમાણે તેવા રૂપમાં જાણવી, તેને જ્ઞાન કહેવાય છે. ૨. તે જ્ઞાન બે પ્રકારનું છે. એક આત્માજ્ઞાન અને બીજું પરમાત્માનું જ્ઞાન. તેમાં આત્મા શબ્દથી જીવ કહેવાય છે, અને તે જીવ સંખ્યાની દૃષ્ટિએ અપાર છે. ૩. તે આત્મા કેવો છે ? તો જે આપણા શરીરમાં નખથી શિખાપર્યંત વ્યાપીને રહ્યો હોય તેમ દેખાય છે. ૪. નેત્ર અને શ્રોત્ર ઈત્યાદિ જે બાહ્ય ઇંદ્રિયો દેખાય છે તથા મન આદિ જે અંતઃકરણ છે. અને ઇંદ્રિયો તથા અંતઃકરણના જે (ચૌદ) દેવતા છે, એ બધાને પ્રકાશન કરનારો જીવાત્મા છે. અને તે જીવ જાગ્રત, સ્વપ્ન અને સુષુપ્તિ એ ત્રણ અવસ્થાઓથી જુદો છે. તથા સ્થૂળ, સૂક્ષ્મ અને કારણ, એ ત્રણ શરીરોથી પણ જુદો છે. છતાં એ બધાની સાથે અનુપમ રીતે તાદાત્મ્ય

સંબંધથી બંધાયેલો છે. જીવને યર્થાથ જ્ઞાન નહીં હોવાને લીધે પોતાને તે તે દેહ, ઈંદ્રિયો કે અંતઃકરણરૂપે માને છે. અને તેને લીધે જીવને અનાદિકાળથી (વિષયોની વાસના, કર્મ અને જન્મ મરણરૂપ સંસાર) આ બધાનું બંધન રહ્યું છે. જ્ઞાન વિના તે બંધન છૂટતું નથી. ૫-૮.

સ્વસ્વરૂપની દૃષ્ટિએ વિચારીએ તો જીવાત્મા દેહ, ઈંદ્રિયો, દેવતા, મન અને પ્રાણ, એ સહુથી વિલક્ષણ છે-જુદો છે. જેમ તપાવેલા લોઢાના ગોળામાં અગ્નિ તદાત્મકપણે વ્યાપીને રહે છે. ત્યારે તે અગ્નિ ગોળાથી ભિન્ન હોવા છતાં ગોળા દ્વારા દાહક અને લાલ પ્રકાશને પ્રકટ કરે છે. તે રીતે જ જીવાત્મા દેહાદિકમાં તદાત્મકપણે વ્યાપીને રહેલો દેખાય છે પણ વાસ્તવમાં તે દેહાદિથી જુદો છે તે જાણપણું (જ્ઞાતૃત્વ) તથા પ્રકાશકપણું ઈત્યાદિથી વિલક્ષણપણે અનુભવાય છે. ૯-૧૧.

આવી રીતે પોતાનો આત્મા દેહાદિક ગુણોથી ભિન્ન દેખાતો હોવા છતાં યથાર્થરૂપમાં તેને મુખથી કહી શકાતું નથી. શરીર અનેક પ્રકારના વિકારને પામે છે પણ દેહમાં રહેનારો જે જીવ, તે કોઈ વિકારને પામતો નથી. દેહનો નાશ થાય છે પણ દેહી આત્માનો નાશ થતો નથી. ૧૨-૧૩. જીવાત્મા સત્યરૂપ છે, ચૈતન્યમય છે, અક્ષર છે અને સૂક્ષ્મ છે. અને કોઈને એ તત્કાળ જાણ્યામાં આવતો નથી. ૧૪. **જીવાત્મા એક એવું તત્ત્વ છે કે તે દેહમાં રહ્યો હોવા છતાં દેહ આદિ બધાથી વિલક્ષણ છે. ૧૫. શ્રીહરિએ કહ્યું, હે માતા ! જીવાત્માને આ રીતે જે સમજવો તેને (આત્મ) જ્ઞાન કહેવાય છે. અને તે આત્મજ્ઞાન વિનાના મનુષ્યને અંધ કહેવાય છે. ૧૬.**

હે માતા ! હવે હું આપની આગળ પરમાત્માના સ્વરૂપનું જ્ઞાન કહું છું. તે પરમાત્માને (શાસ્ત્રમાં) યથાર્થરૂપમાં કહ્યા છે. જે પરબ્રહ્મ શ્રીકૃષ્ણ ભગવાન છે તેને જ પરમાત્મા કહેવાય છે. પ્રકૃતિના જે સત્ત્વ, રજ અને તમ, ત્રણ ગુણ છે, તેમાંથી એકપણ ગુણ પરમાત્મામાં રહ્યો નથી. ૧૭-૧૮. તે માયા (પ્રકૃતિ)ના ગુણથી રહિત હોવાથી પરમાત્માને (શાસ્ત્રોમાં) નિર્ગુણ કહ્યા છે. તેઓ ઈશ્વરોના પણ ઈશ્વર છે એટલે પરમેશ્વર કહેવાય છે. ૧૯. વિષ્ણુ, નારાયણ, ભગવાન્, વાસુદેવ ઈત્યાદિ જેના નામ કહેવાય છે તે જ

શ્રીકૃષ્ણ પરમાત્મા એવા નામથી કહેવાય છે. ૨૦. કર્મોનો કરનારો જે પુરુષ તેને કર્તા કહેવાય છે. એટલે તે કર્તા પુરુષ, શ્રદ્ધા, કર્મ, જ્ઞાન, સ્થાન અને વસ્ત્ર આદિ અનેક પદાર્થો છે તે બધા ત્રિગુણાત્મક છે. છતાં પણ **શ્રીકૃષ્ણ ભગવાનના સંબંધને લીધે નિર્ગુણ થઈ જાય છે. ભગવાનના સાક્ષાત્ સંબંધને જ નિર્ગુણપણું કહેવાય છે**. ૨૧-૨૨. સત્વ, રજ અને તમ, એ ત્રણ ગુણ માયાના ગુણથી ભગવાન રહિત છે. અને એવા જે શ્રીકૃષ્ણ ભગવાન છે તે હંમેશા સ્વતંત્ર રહ્યા છે. ૨૩.

પોતે પોતાને પ્રકાશ કરનારા હોવાથી સ્વયંપ્રકાશ છે. તે સર્વ કારણના કારણ છે અને તેમનાથી કોઈ અધિક કહેવાતા કે હોતા નથી. ૨૪. બ્રહ્મરૂપ એવા જે મુક્તો, તેમણે પણ તે ભગવાન સદા ઉપાસના કરવાને યોગ્ય છે. ૨૫. કરોડો કરોડ સૂર્ય, ચંદ્ર અને અગ્નિનું તેજ પણ લજ્જા પામી જાય એવો ભગવાનની મૂર્તિનો દિવ્યપ્રકાશ છે. ૨૬. જેમનું તેજ (પ્રકાશ) અલૌકિક છે, અપાર છે, અને ઉજ્જ્વળ છે અને જેમની શોભાનો કોઈ પાર નથી આવા તે શ્રીકૃષ્ણ ભગવાન છે. ૨૭. પ્રકૃતિ પુરુષ, મહત્તત્ત્વ, અહંકાર, આકાશ, વાયુ, તેજ, જળ અને પૃથ્વી, આ આઠ આવરણોથી ચારે બાજુ ઘેરાયેલા કોટિ-કોટિ બ્રહ્માંડો જેમાં અણુની જેમ ઊડે છે, એવું મહાન અક્ષરબ્રહ્મ છે. તે અક્ષરબ્રહ્મ શ્રીકૃષ્ણ ભગવાનનું અનુપમ અને અતિ ઉત્તમધામ છે. ૨૮-૩૦. તે શ્રીકૃષ્ણ ભગવાન આવા સર્વોત્તમ અક્ષરધામના નિવાસી છે. મહાસમર્થ અને અવિનાશી છે. તેમનું સ્વરૂપ મહાઅલૌકિક છે. અને તે અક્ષરબ્રહ્મના પણ આત્મા કહેવાય છે. ૩૧. તે અક્ષરબ્રહ્મથી પણ પર છે. સર્વ જીવોના અંતર્યામી છે. આવી રીતે જેમને વેદોમાં કહેવામાં (પ્રતિપાદન કરવામાં) આવ્યા છે. ૩૨.

જેનું અચ્યુત અને શ્રીહરિ નામ છે. તેમના ચરિત્ર અને ગુણ અપાર છે. કાળ, માયા, પુરુષ અને મહત્તત્ત્વ આદિ ચોવીશ તત્ત્વ, અને વિરાટ પુરુષ ઈત્યાદિ સમગ્ર શ્રીકૃષ્ણ ભગવાનની શક્તિઓ છે. અને શ્રીકૃષ્ણ ભગવાન તે સહુના સ્વામી છે, પતિ-માલિક છે. ૩૩-૩૪. એ પરમાત્માનું સ્વરૂપ, સ્વભાવ, ગુણ, વિભૂતિ (ઐશ્વર્ય), એ બધાની ઉપમા કોઈની સાથે દઈ શકાય તેમ નથી. તે તો પોતે જ પોતાના અપાર મહિમાથી યુક્ત છે.

૩૫. તેટલા માટે જ વેદ-વેદાંતમાં તે પરમાત્માને વારંવાર એક અને અદ્વિતીય બ્રહ્મ કહ્યા છે. રૂકમેવા દ્વિતીયં બ્રહ્મ એમ અનેક રીતે તેની શાખાઓમાં વારે વારે નિરૂપણ કર્યું છે. અને આવા તે પરમાત્મા અત્યંત સમર્થ છે. ૩૬. આવા જે શ્રીકૃષ્ણ ભગવાન છે તે અનેક જીવોનું કલ્યાણ કરવા માટે આ ભૂમિ ઉપર વારંવાર અવતાર ધારણ કરે છે. તેમના અવતારોને ગણવા છતાં તેનો પણ પાર આવતો નથી. એવો ભગવાનનો મહિમા છે. ૩૭-૩૮. તે ભગવાનમાં અનેક કલ્યાણકારી ગુણો રહ્યા છે. એક પણ સદ્‌ગુણ તેમાં ન્યૂન નથી. તે પ્રભુ ક્ષર અને અક્ષરથી પણ પર છે. ૩૯. તેમને પુરુષોત્તમ કહ્યા છે. ઉત્તમ પુરુષ કહ્યા છે. આવા મહિમાએ યુક્ત શ્રીકૃષ્ણ ભગવાનને પરમાત્મા જાણવા. ૪૦.

***ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના પ્રથમ પૂરમાં 'જીવાત્મા તથા પરમાત્માના સ્વરૂપનું નિરૂપણ કર્યું' એ નામે અઠ્ઠાવનમો તરંગ સમાપ્ત ॥૫૮॥***

## પૂર પહેલું : તરંગ - ૫૯

## બ્રહ્માંડની ઉત્પત્તિનું વર્ણન

વળી, શ્રીહરિએ પોતાની માતા પ્રેમવતીની આગળ પરમાત્માના સાક્ષાત્ પરમ જ્ઞાનની વાત ફરી આગળ કહી. ૧. હે માતા ! શ્રીકૃષ્ણ ભગવાને (સૃષ્ટિના આદિકાળમાં) અપરિમિત (અનેક) બ્રહ્માંડોને સર્જવાની જ્યારે ઈચ્છા કરી,૨. ત્યારે તેમણે અનુપમ અક્ષરપુરુષરૂપે કરીને પોતાની શક્તિ જે મૂળમાયા, તેની સામે દૃષ્ટિ કરીને જોયું. ૩. ત્યારે જેને વેદ અને પુરાણોમાં મૂળપ્રકૃતિ કહે છે તે મૂળમાયાએ અક્ષરપુરુષની દૃષ્ટિ દ્વારા ગર્ભને ધારણ કર્યો. ૪. પછી તે મૂળપ્રકૃતિ (માયા)માંથી કરોડોની સંખ્યામાં પ્રધાન અને પુરુષના જોડકાં ઊપજ્યા. ૫. તે પછી પુરુષોત્તનારાયણ એવા વાસુદેવ ભગવાને અક્ષરપુરુષરૂપે કરીને અપરિમિત પ્રધાનપુરુષ ઉપર દૃષ્ટિ કરી. તેનાથી બ્રહ્માંડના કારણતત્ત્વોની ઉત્પત્તિ થઈ. ૬. આ રીતે પરમાત્મા

શ્રીહરિએ ઇચ્છા કરી તેથી બ્રહ્માંડોના ચોવીસ તત્ત્વના સર્ગની ઉત્પત્તિ થઈ. અને તે સમયે પ્રધાનપુરુષે તે તત્ત્વસર્ગ દ્વારા કોટાન કોટી બ્રહ્માંડોની ઉત્પતિ કરી. હે માતા ! ઉત્પન્ન થયેલા તે અનંતકોટી બ્રહ્માંડોમાંથી હવે હું એક બ્રહ્માંડની ઉત્પત્તિનો અનુક્રમ તમને વિવેકથી વ્યવસ્થિત રીતે કહું છું. તેનો જેમ છે તેમ વિસ્તાર કરીને કહેવા માટે તો કોઈ સમર્થ નથી. ૭-૯.

માટે હે માતા ! હવે તે એક બ્રહ્માંડની ઉત્પત્તિને સંક્ષેપ કરીને તમને કહું છું. પ્રધાનનો અધિષ્ઠાતા (નિયામક) મહાપુરુષ કહેવાય છે. ઉદાર એવા તે પુરુષે જ્યારે સૃષ્ટિ સર્જનની ઇચ્છાથી પ્રધાન સામે દૃષ્ટિ કરી, ત્યારે પ્રધાનરૂપ જે પ્રકૃતિ, તેનાથી જગતના અંકુરરૂપ ત્રિગુણ તત્ત્વ (રજ, તમ, સત્ત્વ)ની ઉત્પત્તિ થઈ. ૧૦-૧૧. તે પ્રધાનના આવરણ યુક્ત ત્રિગુણાત્મક માયામાંથી મહત્તત્ત્વ ઉત્પન્ન થયું. અને જેમ ત્રિગુણાત્મક માયાને પ્રધાનપુરુ-ષનું આવરણ છે તેમજ મહત્તત્ત્વને માયાનું આવરણ છે. તે પછી ભગવાન વાસુદેવની ઇચ્છાથી તે મહત્તત્ત્વમાંથી ત્રણ પ્રકારનો અહંકાર ઉત્પન્ન થયો. ૧૨-૧૩. તે સાત્ત્વિક, રાજસ અને તામસ આવા ત્રણ પ્રકારનો જે અહંકાર ઊપજ્યો તેને યથાર્થરૂપમાં કહું છું. ૧૪.

જેમ મહત્તત્ત્વના ઉપર પ્રધાનનું આવરણ હોય છે તેમ આ ત્રિવિધ અહંકાર ઉપર પણ મહત્તત્ત્વનું આવરણ રહે છે. ૧૫. પછી મહત્તત્વના આવરણવાળા તામસ અહંકારથી શ્રીવાસુદેવ ભગવાનની ઇચ્છાથી તત્કાળ શબ્દની ઉત્પત્તિ થઈ અને તે શબ્દમાંથી આકાશ ઉત્પન્ન થયો. તે આકાશને શબ્દ તન્માત્રા વિષય છે અને તે આકાશ અહંકારથી આવૃત છે. જેની શબ્દ તન્માત્રા કહી છે એવા આકાશમાંથી સ્પર્શ ઊપજ્યો. અને તે સ્પર્શમાંથી સ્પર્શતન્માત્રાવાળો વાયુ ઉત્પન્ન થયો એમ સમજવું. ૧૬-૧૯. અને આકાશતત્ત્વથી આવૃત એવો જે વાયુ તેનાથી રૂપ ઉત્પન્ન થયું. અને તે રૂપમાંથી તેજ ઊપજ્યું. તે તેજ કેવું છે ? તો તેની રૂપ તન્માત્રા છે. અને તે તેજ વાયુથી આવૃત્ત રહે છે. ૨૦-૨૧. તે તેજમાંથી રસ ઉત્પન્ન થયો અને રસમાંથી જળ ઉત્પન્ન થયું. જળ કેવું છે ? તો તે રસ તન્માત્રાવાળું જળ તેજથી આવૃત છે. તે જળમાંથી ગંધ ઉત્પન્ન થયો અને ગંધમાંથી પૃથ્વી ઉત્પન્ન

થઈ. તે ગંધ તન્માત્રાવાળી પૃથ્વી જળથી આવૃત છે. એવી વિશેષ નામવાળી પૃથ્વીને ભૂમિ પણ કહે છે. ૨૨-૨૪.

હે માતા ! આ પ્રકરણમાં આકાશ, વાયુ, તેજ, જળ અને પૃથ્વી, તેને પંચ મહાભૂત આવા નામથી કહેવાય છે અને શબ્દ, સ્પર્શ, રૂપ, રસ અને ગંધ, તેને પંચ તન્માત્રા આવા શબ્દથી કહેવાય છે. ૨૫-૨૬. રાજસ અહંકારથી વિવિધ પ્રકારની પાંચ જ્ઞાનેંદ્રિયો ઉત્પન્ન થઈ અને પાંચ કર્મેંદ્રિયો પણ ઉત્પન્ન થઈ. પ્રાણ અને બુદ્ધિ જે રીતે ઊપજ્યા તે કહું છું. શ્રોત્ર (કાન), ત્વચા (ચામડી), ચક્ષુ (આંખો), રસના (જીભ), ઘ્રાણ (નાક), આ પાંચને જ્ઞાનેંદ્રિયો કહેવાય છે, વાક (વાણી), પાણિ (હાથ), પાદ (પગ), ઉપસ્થ (શિશ્ન-લિંગ), પાયુ (ગુદા), આ પાંચને કર્મેંદ્રિયો કહેવાય છે. ૨૭-૨૯. આ પાંચેય કર્મ ઇંદ્રિયોની સર્વે ક્રિયા ભિન્ન-ભિન્ન રહી છે. પાંચ જ્ઞાનેંદ્રિયો અને પાંચ કર્મેંદ્રિયોને બાહ્યકરણ કહેવાય છે. આ બધા રાજસ અહંકારથી થયા છે અર્થાત્ રાજસ અહંકારનું તે કાર્ય છે. મન, બુદ્ધિ, ચિત્ત અને અહંકાર, આ ચારને સ્પષ્ટ રીતે અંતઃકરણ કહેવાય છે. ૩૦-૩૧. સાત્ત્વિક અહંકારથી દસ ઇંદ્રિયોના અને ચાર અંતઃકરણના ચૌદ દેવતાઓ ઊપજે છે. ૩૨. મન (અંતઃકરણ) સાત્ત્વિક અહંકારથી ઉત્પન્ન થયું છે. હવે ચૌદ દેવતાના નામ કહું છું. નામ સિવાય તેની ઓળખાણ થતી નથી. ૩૩. તેમાં શ્રોત્રેંદ્રિયના દેવ દિકપાલ છે. ત્વચાના દેવ વાયુ છે, ચક્ષુના દેવ સૂર્ય છે, જિહ્વાના દેવ વરુણ છે, નાસિકાના દેવ અશ્વિનીકુમાર છે, વાણીના દેવ અગ્નિ છે, પાણિ (હાથ)ના દેવ ઇંદ્ર છે, પગના દેવ વિષ્ણુ છે, શિશ્નના દેવ પ્રજાપતિ છે અને ગુદાના દેવ મિત્ર છે, મનના દેવ ચંદ્ર છે અને બુદ્ધિના દેવ બ્રહ્મા કહેવાય છે. ૩૪-૩૬. ચિત્તના દેવ ક્ષેત્રજ્ઞ-વાસુદેવ છે અને અહંકારના દેવ રુદ્ર છે. આ સર્વે ઇંદ્રિયો અને અંતઃકરણના ચૌદ દેવ કહ્યા. ૩૭.

ઉપર જે મહત્તત્ત્વ આદિ તત્ત્વ કહ્યા અને ઇંદ્રિયો, અંતઃકરણ તથા તેના દેવતા કહ્યા, તે બધા પરમાત્મા શ્રીહરિ સિવાય પોતાનું કાંઈપણ કાર્ય કરવા સમર્થ નથી. ૩૮. ભગવાન વાસુદેવની ઇચ્છાથી તે ઇંદ્રિયો, અંતઃકરણ, દેવતા, તન્માત્રા અને મહાભૂત આ બધા પોતપોતાના અંશથી એકત્ર-ભેળા

મળ્યા. ૩૯. પછી સહુએ મળીને વિરાટ દેહની રચના કરી. તેમાં આત્માએ પ્રવેશ કર્યો. જેને વૈરાજપુરુષ કહેવાય છે. ૪૦. તે વિરાટપુરુષને ઈશ્વર નામે પણ કહેવાય છે. તેના અંગોમાંથી પાણી ઉત્પન્ન થયું. તે પાણીમાં વૈરાજપુરુષે શયન કર્યું. ૪૧. તેનાથી તેઓ નારાયણ આવા નામથી કહેવાયા. કારણ કે જેવું કાર્ય હોય તેવું નામ કહેવાય છે. ૪૨

***ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના પ્રથમ પૂરમાં 'બ્રહ્માંડની ઉત્પત્તિનું વર્ણન કર્યું' એ નામે ઓગણ સાઠમો તરંગ સમાપ્ત ॥૫૯॥***

## પૂર પહેલું : તરંગ - ૬૦

## જીવ સૃષ્ટિની ઉત્પત્તિ

શ્રીહરિએ પોતાની માતા પ્રેમવતીની આગળ પરમાત્માના પ્રકટ પ્રતાપની વાત ફરી કહેવાની શરૂ કરી. ૧. હે માતા ! તે વૈરાટ પુરુષની નાભિમાંથી કમળ થયું. તેમાંથી રજોગુણથી યુક્ત બ્રહ્મા પ્રગટ થયા. ૨. પરમેશ્વર શ્રીકૃષ્ણ ભગવાને બ્રહ્મારૂપે કરીને પોતાની ઈચ્છાથી સમગ્ર જીવ શરીરની સૃષ્ટિ કરી. ૩. જીવસૃષ્ટિ જે રીતે ઉત્પન્ન થઈ તેને હવે હું કહું છું. મરીચિ ઈત્યાદિ પ્રજાપતિઓની સૃષ્ટિ સૌ પ્રથમ કરી. ૪. પછી તે મરીચ્યાદિક પ્રજાપતિ દ્વારા સ્વાયંભુવ આદિ જે મનુઓ, દેવતાઓ, ઋષિઓ, પિતૃઓ, ગાંધર્વો, સિદ્ધ, ચારણ, યક્ષ, વિદ્યાધર, અને અસુરો, આ બધાને સૌ સૌની રીતે અલગ અલગ ઉત્પન્ન કર્યા. તે હવે હું જેમ છે તેમ કહું છું. હે માતા ! આપ પ્રસન્ન મનથી સાંભળો. ૫-૬.

કિંપુરુષ-દેવોના ગવૈયા, અપાર અપ્સરાઓ, કિંનર, નાગ, અનંત માતૃગણ, પિશાચ, રાક્ષસ, ભૂત, પ્રેત અને વિનાયક એ બધા ઉત્પન્ન થયા. ૭. વેતાલ, ઉન્માદ ગણ, કુષ્માંડ, વૃદ્ધગ્રહ, બાલગ્રહ, અને પશુ મૃગ વગેરે તથા પક્ષીઓ, વૃક્ષો અને પહાડો ઉત્પન્ન થયા. ૮. સરી (શરીરને પૃથ્વી સાથે ઢસડીને ચાલનારા) સર્પોની બધી જાતિઓને ઉત્પન્ન કરી. આ સિવાયની બીજી

સ્થાવર અને જંગમ અનેક જીવોની સૃષ્ટિ કરી. ૯. એટલી જીવ સૃષ્ટિ થઈ કે તેને કહેતા પાર આવે નહીં.

જમીન ઉપર રહેનારા, પાણીમાં રહેનારા અને આકાશ વગેરે સ્થાનોમાં વસનારા તે દેહધારી જીવો થયા. ૧૦. એવા કેટલાએ જીવ હતા કે તે સર્વે પોતાના કર્મ અને ગુણને અનુસારે સર્વે દેહને પામેલા હતા. ભગવાને બ્રહ્મારૂપે કરીને તે તે બધા જીવોની જેવી રીતે સૃષ્ટિ કરી તેવી રીતે હે માતા ! મેં તમારી આગળ કહી. ૧૧-૧૨.

એ બધા જીવોની જે સૃષ્ટિ થઈ તેમાં કેટલાક તો શુદ્ધ સત્વગુણથી યુક્ત દેખાય છે અને કેટલાક તો રજોગુણ અને તમોગુણ જેમાં મિશ્ર હોય એવા સત્ત્વગુણથી યુક્ત દેખાય છે. ૧૩-૧૪. તેમાં કેટલાક તો કેવળ રજોગુણયુક્ત જ હતા અને કેટલાક તો એકલા તમોગુણયુક્ત જ હતા. કેટલાકમાં તો સત્વગુણ અને તમોગુણ મિશ્ર હતા. ત્રણ ગુણોમાંથી જેવા ગુણેયુક્ત હતા તેવા તે બધા દેખાતા હતા. ૧૫-૧૬. કેટલાક તો તે ત્રણે ગુણોથી રહિત જેને નિર્ગુણ કહીએ એવા શ્રેષ્ઠ હતા. ત્રણ ગુણ યુક્ત જે જીવ હતા તેમાં જેવા ગુણ તેવા સ્વભાવ પણ તેને મળતા આવતા હતા. ૧૭. અને તે સ્વભાવને યોગ્ય તે જીવો કાં તો પુણ્યકર્મ કરતા હતા અને કાં તો પાપકર્મ કરતા હતા. અથવા તો પુણ્ય અને પાપ જેમાં મિશ્ર હોય એવા કર્મ પણ કરતા હતા. ૧૮. અને જે નિર્ગુણ જીવો હતા તે તો શ્રીકૃષ્ણ ભગવાનની ભક્તિ કરતા હતા અને ધર્મમાં વર્તતા હતા. હે માતા ! આ પ્રમાણે સર્વજ્ઞ આવા શ્રીકૃષ્ણ ભગવાને બ્રહ્મારૂપે તે સમયે પ્રજાની સૃષ્ટિ કરી હતી. ૧૯-૨૦. અને વિષ્ણુરૂપે થઈને પ્રજાની રક્ષા કરે છે તથા શિવરૂપે કરીને પ્રજાનો સંહાર કરે છે. ૨૧. શ્રીકૃષ્ણ ભગવાન બધા જીવોમાં અક્ષરપુરુષરૂપે પ્રવેશ કરી સમભાવ આશરીને જે પ્રકારના જીવ હોય અને જેના જેવા કર્મ હોય તે પ્રમાણે અર્થાત્ તેના કર્મને અનુસારે ઈશ્વરો, દેવો તથા જીવોને યથાયોગ્ય ફળરૂપ ભોગોને આપે છે. ૨૨-૨૩.

પરમેશ્વર જીવોમાં અનુસ્યૂત રહ્યા થકા કર્મફળ આપવામાં કોઈને વધ-ઘટ કરતા નથી. હંમેશા તેઓ કર્મફળ દેવામાં તત્પર રહે છે. હે માતા ! આવા પરમાત્મા શ્રીહરિ છે કે જેનું અક્ષરબ્રહ્મધામ છે. ૨૪. તે અક્ષરાધિપતિ

પરમાત્મા જ સૌના એક નિયંતા છે પણ તેમના નિયંતા કોઈ નથી. તેઓ જ સહુના આત્મા છે એટલે તેઓ પરમાત્મા કહેવાય છે. ૨૫. મૂળપ્રકૃતિ (માયા) અને તેના અધિષ્ઠાતા જે મૂળપુરુષ, અનંત પ્રધાનો અને અનંત પુરુષો, મહત્તત્ત્વ આદિ જે ચોવીસ તત્ત્વોનો સમૂહ, તે સહુના એક જ જે નિયંતા કહેવાય છે તે પરબ્રહ્મ પરમાત્મા છે. ૨૬-૨૭. બ્રહ્માંડની અંદર સૂક્ષ્મરૂપે અને બ્રહ્માંડની બહાર, સ્થૂળરૂપે જેમની તરેહ તરેહની અનેક પ્રકારની ગતિ છે. ૨૮. એવા અક્ષરાધિપતિ પરમાત્મા જ કાળ અને મહત્તત્ત્વ આદિ અને તેના કાર્યરૂપ જે આવા વિરાટપુરુષ આદિ, એ સમગ્રના તે સ્વયં એક જ નિયંતા છે. વળી વિરાટપુરુષથી ઊપજેલા જે બ્રહ્મા વગેરે પ્રજાપતિ, તે સહુના સ્વયં એક જ નિયંતા છે. તેમના નિયંતા કોઈ જ નથી. ૨૮-૩૦.

જેમ આ સમગ્ર ભૂમિનો એક સમ્રાટ્ ચક્રવર્તી રાજા હોય અને તેના પ્રત્યેક ખંડના નાના મોટા અનેક બીજા રાજાઓ હોય, પણ તે સહુનો નિયંતા તો એક સમ્રાટ જ હોય છે તેમ પરબ્રહ્મ પરમાત્મા શ્રીહરિ જ તે ક્ષર, અક્ષર અને બ્રહ્મા આદિ સહુના નિયંતા છે. અને તમામ ઈશ્વરો, દેવો વગેરે તો તેમના ખંડિયા રાજા જેવા અનેક છે. ૩૧-૩૨. **પરમાત્મા તો મહારાજાધિરાજ છે. બધી જાતના પાપોનો વિનાશ કરનારા છે. સૌની વચ્ચે આ બ્રહ્માંડનું જે સર્જન આદિ કાર્ય, તેના અધિકાર ઉપર જે બ્રહ્મા આદિ રહ્યા હોય છે, તે સર્વને પરમાત્મા જ પ્રેરે છે. અને તે કાર્યવાહક દેવો સાવધાનીથી જેમ તે ભગવાનની આજ્ઞા હોય તેમ બધું જ કાર્ય કરે છે. તેમની આજ્ઞાભંગના ભયથી ડરતા રહે છે અને નિરંતર તેમના વચનને જ અનુસરે છે. ૩૩-૩૪.**

આ બધી વિશ્વની રીત આવી છે. તેમાં બધા જ પરતંત્ર છે. સ્વતંત્ર તો એક પરમાત્મા શ્રીહરિ જ છે. તે સિવાય બીજા કોઈ સ્વતંત્ર નથી. ૩૫. **એટલા માટે જ સેવવા-ભજવાલાયક તો સહુના સ્વામી અક્ષરાધિપતિ શ્રીકૃષ્ણ ભગવાન એક જ છે. બીજા જે અક્ષરાદિક છે તે તો ભગવાન પુરુષોત્તમના દાસ છે. આવી રીતે પરમાત્માના સ્વરૂપનું યથાર્થ જ્ઞાન મેં તમને કહ્યું છે.** ૩૬. સારા સદ્‌ગુરુ પાસેથી જો આ મેં કહ્યું તેવી રીતે ભગવાનના સ્વરૂપનું સાચું જ્ઞાન પામે તો તે જીવને બીજું કાંઈ સમજવાનું બાકી રહેતું નથી.

૩૮. હે માતા ! આ રીતે મેં તમારી આગળ જીવાત્માની અને તેના સ્વામી પરમાત્માના જ્ઞાનની સાક્ષાત્ વાત કહી છે. ૩૯. **સાધુઓના પ્રસંગે કરીને પ્રસન્ન (શુદ્ધ) મનથી શ્રીકૃષ્ણ પરમાત્માના સ્વરૂપનું જ્ઞાન વારંવાર સમજવું જોઈએ. ૪૦.** ભગવાન વાસુદેવ જ સંસારના બંધનને કાપનારા છે. જે તેની ભક્તિ-ઉપાસના કરે તે જ સંસારના બંધનથી મુક્ત થાય છે અને તેને જ મુક્ત કહેવાય છે. ૪૧. **ભક્તિ દ્વારા બંધનરૂપ સંસારથી છૂટીને મુક્ત થયેલા પવિત્રાત્મા તત્કાળ જ સારરૂપ ભગવાનના ધામને પામે છે. ૪૨.**

***ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના પ્રથમ પૂરમાં 'શ્રીહરિએ જીવસૃષ્ટિની ઉત્પત્તિ કહી' એ નામે સાઠમો તરંગ સમાપ્ત ॥૬૦॥***

## પૂર પહેલું : તરંગ - ૬૧

## વૈરાગ્યનું સ્વરૂપ, લક્ષણ વગેરેનું નિરૂપણ

વળી, શ્રીહરિ પ્રેમવતીમાતાની આગળ અનુપમ અને સર્વોત્તમ વૈરાગ્યના સ્વરૂપને નિરૂપણ કરનારી વાત હવે કહે છે. ૧. ભગવાન સિવાય અન્ય કોઈપણ વસ્તુ કે વ્યક્તિમાં હેત-પ્રેમ ન રાખવો તેને મોટા મુનિવરો વૈરાગ્ય કહે છે. ૨. વૈરાગ્યના સ્વરૂપને સ્પષ્ટ કરવા માટે, હું જેવી રીતે જાણું છું તે રીતે તેને વિસ્તારથી વાત કહું છું. ૩. જેને પોતાનો દેહ, દેહના સંબંધીઓ, સ્ત્રી, પુત્ર વગેરે તથા ધન-સંપત્તિ, ઘર, પશુ, વાહન, આભૂષણ, પાત્ર, ખેતર (જમીન) વગેરે બધા જ પદાર્થોમાં અરુચિ થઈ જાય તેને શુદ્ધ વૈરાગ્ય કહેવાય છે. ૪-૫. પોતાને યોગ્ય અને મનગમતા-શબ્દ, સ્પર્શ, રૂપ, રસ અને ગંધાદિક અનેક પ્રકારના પંચવિષયના ભોગોનો યોગ થાય છતાં તેમાં અરુચિ રહે ત્યારે તેને વૈરાગ્ય કહેવાય. ૬.

તથા અમૂલ્ય એવા વસ્ત્રો અને અનેક પ્રકારની બીજી વસ્તુઓ મળે, રાજાને યોગ્ય ઘણા મોટા ભોગ-વૈભવ હોય તે બધું મળે, છતાં ભગવાન સિવાયની તે બધી ચીજ, વસ્તુઓમાં નિરંતર અરુચિ-અભાવ વર્તે (ત્યારે તેને

વૈરાગ્ય કહેવાય) યજ્ઞ અને દાન આદિ જે બધા પુણ્યકર્મ કરવાથી મળનારા જે સ્વર્ગ આદિ લોક અને તે સંબંધી વિવિધ પ્રકારના જે સુખ, તે સર્વેમાં સર્વ પ્રકારે અરુચિ-અભાવ રહે (ત્યારે તેને વૈરાગ્ય કહેવાય). ૭-૯. આ રીતે સ્પષ્ટતા કરીને જ્યારે વૈરાગ્યનું સ્વરૂપ કહ્યું ત્યારે માતા પ્રેમવતીએ પોતાના પુત્રરૂપ શ્રીહરિને ઘણા હેતથી પૂછ્યું, હે કૃષ્ણ, હરે ! હે સુખદાયી ! આપે જે પ્રેમથી સરસ રીતે વૈરાગ્યની વાત કહી, તે વૈરાગ્ય શું કરવાથી ઊપજે ? તેના ઉપાય મને કહો. હે નાથ ! આપ સર્વજ્ઞ છો. બધી જ વાત આપના હાથમાં છે. (હસ્તામલકવત્ છે). ૧૦-૧૨.

**दोहा : हरि बिन सबहि बात में, अरुचि कहे जेउ;**
**एसे जो वैराग्य तेही, संत के संग तेउ...१४**

ત્યારે શ્રીહરિએ પ્રેમવતીમાતાની આગળ જે વૈરાગ્યની યથાર્થ વાત કહી તેને હવે હું કહું છું. ૧૩. ભગવાન સિવાય અન્ય સર્વે (વ્યક્તિ કે વસ્તુની) વાતમાં અરુચિ-અભાવરૂપ વૈરાગ્ય કહ્યો છે. તે વૈરાગ્ય સંતોના સમાગમથી જ ઊપજે છે. ૧૪. સંતો જ્યારે વૈરાગ્યની વાત કહે તેને સાંભળીને જીવ તેનું મનમાં મનન કરતા રહે ત્યારે તત્કાળ વૈરાગ્ય ઊપજે છે. સંતો ઘણા કૃપાળુ હોય છે. તેમને ભગવાન સિવાય બીજી કોઈ વસ્તુ પ્રિય હોતી નથી. ૧૫. જે સંતોની જેવી રુચિ હોય તે સંતોનું તેવું જ જીવનવૃતાંત હોય છે. જે સંતોને ભગવાન વિના બીજા બધા જ વસ્તુ-પદાર્થમાં અરુચિ હોય તે જ્યારે વાત કરે ત્યારે તેની જીવને અરુચિ થાય તેવી જ વાત કરે છે. ૧૬.

હવે વૈરાગ્ય ઉત્પન્ન થવાની વાતને હું જે જાણું છું તે વાત પ્રકટ સ્પષ્ટ કહું છું. 'પાતાળથી આરંભીને પ્રકૃતિ સુધીના દેહધારી જીવમાત્રના જેટલા લોક કે ભોગ-સુખ છે, તે બધા નાશવંત જ છે તેમ દેખવા. નિત્યપ્રલય, નૈમિત્તિકપ્રલય, પ્રાકૃતપ્રલય અને આત્યંતિકપ્રલય આ ચાર પ્રકારના પ્રલયને યથાર્થ રીતે સમજવા. આ ચાર પ્રકારના પ્રલયમાં પ્રકૃતિપુરુષ થકી ઉપજ્યા જે કાર્યરૂપ અનંતકોટી બ્રહ્માંડોનો નાશ થાય છે. ૧૭-૧૯. માટે આ ચાર પ્રકારના પ્રલયમાં પ્રકૃતિનું કાર્ય જે બ્રહ્માંડો તેનો અહોનિશ વિનાશ થતો જ રહે છે. કોઈ અખંડ રહેતું નથી, પણ તે જોવામાં આવતું નથી. કાળ એટલો

બળવાન છે કે તેનાથી બ્રહ્માંડોથી લઈને સ્થાવર પર્યંત દેહધારી પ્રાણીમાત્ર અને તેના ભોગ વગેરેનો વિનાશ થઈ જાય છે. આવું નિશ્ચિતરૂપે સમજવું. ૨૦-૨૧. **કાળ નાના જીવથી લઈને કરોડો બ્રહ્માંડોનો સતત વિનાશ કરે છે. પરંતુ તે કાળની રીત જ એવી અલૌકિક છે કે તે વિનાશ કોઈને દેખવામાં આવતો નથી. આ રીતે જે બધાનો વિનાશ થાય છે તેને મુમુક્ષુજન દેખે છે.** ૨૨. વિશ્વમાં જે ભોગ્ય વસ્તુમાત્રને નાશવંત દેખે છે, તેને તેમાંથી વૈરાગ્ય ઊપજે છે. જે રીતે સર્વે પદાર્થમાત્રને નાશવંત દેખવાથી વૈરાગ્ય થાય છે તે રીતે જ દેહધારી જીવ પ્રાણીમાત્રને નિરંતર કાંઈને કાંઈ અનેક પ્રકારનું દુઃખ રહેતું જ હોય છે. તે દુઃખને સુલટી રીતે જો વિચારવામાં આવે તો તે દુઃખોને દેખીને પણ વૈરાગ્ય ઉત્પન્ન થાય છે. ૨૩-૨૪.

જે જીવને શરીરમાં જેટલું દુઃખ થાય છે તે દુઃખ તેણે પૂર્વે કરેલા પાપકર્મનું જ ફળ હોય છે. ૨૫. અને જે જીવને પોતાના શરીરમાં જેટલું સુખ થાય છે તે તેણે પૂર્વે કરેલા પુણ્ય તથા શુભકર્મોનું જ ફળ હોય છે, પણ છેવટે તે નાશવંત હોવાથી તેને દુઃખ જ ભોગવવું પડે છે. ૨૬. આ ભૂમિ ઉપર શિશ્ન (કામ) અને ઉદરની તૃપ્તિ (રસાસ્વાદ) માટે જેટલા કામ કરવામાં આવે છે તે સર્વની સાથે તેટલું દુઃખ જોડાયેલું આવે જ છે. ૨૭. સ્ત્રીસંગથી જે કામભોગનું સુખ ભોગવે છે. તેમજ જીભ ઇન્દ્રિય દ્વારા રસાસ્વાદથી પેટ ભરીને ભોજન લે છે. આને જ શિશ્ન તથા ઉદરનું સુખ કહેવાય છે. ૨૯. આ બંને પ્રકારના જે સુખ, તેમાં જીવને અતિ આસક્તિ થાય તેને જ અસત્પુરુષ કહેવાય છે. અને આવા વિષયી જીવ (અસત્પુરુષ)નો સંગ રહેવાથી જીવ પાપમય કર્મને વિશે પ્રવૃત્તિ કરે છે. આવી વિષયાસક્ત વૃત્તિને કારણે જીવને અત્યંત દુઃખ ભોગવવું પડે છે. ૨૮-૩૦.

અસત્પુરુષ (દુર્જન)ના સમાન બીજુ કોઈ ખરાબ નથી. જે તેનો સંસર્ગ રાખે છે તેની જેટલી શુભબુદ્ધિ અને ધર્મનિષ્ઠા હોય તેનો તત્કાળ નાશ થઈ જાય છે. ૩૧. દુષ્ટ મનુષ્યના સમાગમથી, જ્ઞાન, ભક્તિ આદિ જે જે શુભગુણ હોય તે બધાનો તત્કાળ નાશ થઈ જાય છે. પછી જીવ અતિશય દુઃખોને પામે છે. ૩૨. જે હોંશથી અસત્પુરુષનો સંગ કરે છે, તેને જરૂર

દેહને વિશે અભિમાનપણું આવે છે અને તેનાથી મોક્ષનું બીજ બળી જાય છે. ૩૩. પછી તેને દેહ સંબંધી જેટલા વસ્તુ-પદાર્થ હોય છે તેમાં તેટલું જ મમત્ત્વ જાગે છે, તથા દેહ અને જેટલા દેહના સંબંધીઓ કે પદાર્થ હોય છે તેટલી તેમાં પારાવાર આસક્તિ થાય છે. તે આંધળી આસક્તિનો કોઈ અંત જ નથી. અને તે આસક્તિને કારણે થયેલ અહંતા તથા મમતાને લીધે જીવ પરવશ થઈ જાય છે. દેહ, સ્ત્રી, પુત્ર અને ધન ઈત્યાદિમાં આસક્તિ વધવાને લીધે તે બધાને માટે રાત દિવસ અનેક પ્રકારના પાપમય કર્મ કરે છે. અને તેને તે અધર્મમાં પાપ દેખાતું નથી. ૩૪-૩૬.

**દેહ કે દેહના સંબંધીઓમાં આસક્ત થઈને, તેમાં હેત રાખીને તેમને માટે જે મનુષ્ય જેટલું પાપકર્મ કરે છે. પછી જે પાપકર્મ જે રીતે કર્યું હોય છે તે પાપના તેવી રીતના તેના બધા દુઃખમય ફળ મળે છે. તેની રીત હવે હું કહું છું. ૩૭-૩૮.** મનુષ્યનું શરીર પ્રાપ્ત કરીને પછી કોઈ માણસ જો પારકી થાપણને ગુપ્ત-છુપાવી રાખે અર્થાત્ થાપણ ઓળવી લે. અને જે વ્યક્તિ પોતાના ઉપર વિશ્વાસ ધરાવનારનો નાશ કરાવે છે, પણ તેમાં કશો મનમાં ડર ન રાખે. તેઓ વિશ્વાસઘાતી તથા દંભી, ચાડિયાપણું, કોઈને ધૂતવો અને મિથ્યા બોલવું ઈત્યાદિક પાપકર્મ જે માણસ નિરંતર કરતો રહે છે તે અતિ અધોગતિને પામે છે. (તે વાત હવેના તરંગમાં કહેશે. )૩૯-૪૧.

***ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના પ્રથમ પૂરમાં 'વૈરાગ્યનું સ્વરૂપ, લક્ષણ વગેરેનું નિરૂપણ કર્યું' એ નામે એકસઠમો તરંગ સમાપ્ત ॥૬૧॥***

## પૂર પહેલું : તરંગ - ૬૨

## વૈરાગ્યનું સ્વરૂપ તથા યમયાતના વર્ણન

શ્રીહરિ વળી પ્રેમવતીમાતાના પ્રત્યે પાપમય કર્મ કરવા તત્પર રહેતા જીવની જેવી દુર્ગતિ થાય છે તેની જેમ છે તેમ વાત કહે છે. ૧. જે મનુષ્ય પોતાના સ્વાર્થની સિદ્ધિને માટે બીજાના ઉપર મિથ્યા અપવાદને આરોપણ

કરે છે,૨. જે માણસ પારકો દ્રોહ કરે છે, જીવોની હિંસા કરતા હોય છે, અને ખૂબ જ ચોરી કરવી ઈત્યાદિક પાપ કરતા હોય છે,૩. વળી, જે માણસ પોતાના કુટુંબનું પોષણ કરવા માટે કેવળ અનીતિ કરે છે અને પાપકર્મ કરતા ડરતો નથી. ૪. વળી, જે મનુષ્યો દુનિયામાં નિંદા થાય એવા પાપકર્મ કરીને જ્યાંથી ત્યાંથી ધન લઈ આવે છે. પછી તે ધને કરીને પોતાના સંબંધીઓનું રાતદિવસ પોષણ કરતા રહે છે. પણ મનમાં તે પાપકર્મનો કોઈ પ્રકારે ત્રાસ રાખતા નથી. ૫-૬.

જે મનુષ્ય લોકમર્યાદાને છોડી દઈને પોતાના સંબંધી અને ધનમાં આસક્ત થઈ જાય છે. એવા જે પુરુષો છે અને જે મનુષ્યના હિતને માટે વેદાદિ શાસ્ત્રોએ ચાર વર્ણ અને ચાર આશ્રમના જે ધર્મ વારંવાર કહ્યા હોય છે તેને તજી દઈને દૂર દુષ્ટ કર્મ કરે છે. તથા વેદથી વિરુદ્ધ ચાલવા લાગે છે અને પાખંડીઓના જેવો વેશ રાખે અને છળધર્મનું આચરણ કરતા હોય. ૭-૯. જે મનુષ્ય ગાય, બ્રાહ્મણ, સાધુ, વેદ, તીર્થ અને દેવ, એ બધાનો દ્રોહ કરવામાં શૂરવીર રહેતો હોય, જે ક્યારેય પારકી પીડાને સમજતો નથી. ૧૦. જે મનુષ્ય કુળ, ધન અને ગુણના મદનું અભિમાન રાખતો હોય, બ્રાહ્મણ કે સાધુની આગળ નમતો ન હોય, જે ભગવાનની ભક્તિથી વિમુખ રહેતો હોય. ૧૧. જે મનુષ્ય જેનું માંસ મળે તેનું ખાતો હોય, જે સુરા અને મદ્ય (અનેક પ્રકારના દારૂ)ને પીતો હોય અને તેવા પાપ કરવામાં નિર્ભય થઈને (મનસ્વી થઈને) વર્તતો હોય. ૧૨. જે મનુષ્ય નિર્લજ્જ મનનો થઈને કામે કરીને પરસ્ત્રીમાં બંધાઈ ગયો હોય. ૧૩.

જે વિધવા સ્ત્રીમાં (કામવાસનાથી) આસક્ત થઈ જાય છે અને ચિંતામણિ જેવા મનુષ્યના શરીરને પાપકર્મ કરવામાં ખોઈ નાખે છે. ૧૪. વળી, જે મનુષ્ય નિર્લજ્જ થઈને મદને લીધે છકી જાય છે, ઉદ્ધત થઈ જાય છે. જે પોતાને માટે યોગ્ય ન હોય આવી અઘટિત વસ્તુઓને પીવે છે. ૧૫. જે વસ્તુ ખાવાલાયક ન હોય તેને ખાય છે અને જે બોલવાને લાયક ન હોય એવા વચન મુખથી બોલતો હોય છે. ૧૬. હે માતા ! આ ભૂમિ ઉપર રહેલા મનુષ્યના આવા અનંત પ્રકારના જે દુષ્કર્મ છે તે મેં તમારી આગળ કહ્યા.

૧૭. જે મેં ઉપર અયોગ્ય પાપમય કર્મ કહ્યા તે બધા કર્મ તે મનુષ્યને જ અંતકાળે (મૃત્યુ સમયે) ખૂબ-ખૂબ દુઃખને નિશ્ચિત રીતે અતિશય પમાડે છે. ૧૮. જેટલા પાપી મનુષ્યો હોય છે તે બધા પોતાના મનમાં આલોકમાં ખૂબ જ સુખ માનતા હોય છે. પરંતુ છેવટે તે સુખના કરતાં અનંતગણું અપાર કષ્ટ તેને ભોગવવું પડે છે. ૧૯.

જે પાપી લોકો હોય છે તેનો જ્યારે દેહાંતકાળ આવે ત્યારે યમરાજાના અત્યંત ભયંકર દૂતો તેને લેવા આવે છે. ૨૦. યમદૂતોમાં દયાનો છાંટોએ ન હોય, તે હંમેશા અત્યંત નિર્દય હોય છે. જાણે શેઢાડી (શાહુડી)ના સિસોળિયા (શૂળ જેવા પીંછા) ન હોય તેવા તે યમદૂતોના શરીર ઉપર લાંબા અને વાંકડિયા વાળ હોય છે. ૨૧. તે જમદૂતોએ હાથમાં લોઢાના પાશ (સાંકળ) લીધેલા હોય છે. તેની આંખો ભયંકર હોય છે. વાંકી આંખોથી જ્યારે દેખે છે ત્યારે પાપી જીવના શરીરના બધા જ બંધ તૂટી જાય છે. જે જીવ જેટલો પાપી હોય છે તેને તેટલો ત્રાસ તે દેખવા માત્રથી જ થાય છે. ૨૨-૨૩. જે જીવ જમરાજાને દયા આવે એવું અહીં કોઈ એક પણ કામ કરતા નથી, અને જે કરવાથી જમદૂતોને પણ વધારે ક્રોધ ચઢે એવા જ ઉપાયો-કર્મ કરે છે તેને કોઈ મદદ કરતું નથી. ૨૪. **જો મનુષ્યે જપ, તપ, તીર્થ, યજ્ઞ, દાન અને વ્રત આ સાધનો કર્યા હોય તો તે ધર્મયુક્ત બધા કાર્ય દુઃખને વખતે મદદ કરે છે.** ૨૫.

અધર્મ યુક્ત (પાપના) કર્મ દુઃખના સમયે કાંઈ મદદ કરતા નથી, પણ ઊલટું તે પાપ તો વજ્રલેપ જેવું થઈને વળગે છે એ વાત નિશ્ચિત છે. ૨૬. પછી જમના દૂત જ્યારે પાપીની સામે જુએ છે ત્યારે તે પાપી જીવ અત્યંત કંપવા લાગે છે અને આકુળ વ્યાકુળ થઈ જાય છે. ૨૭. તે યમદૂતો જીવની સ્થૂળ શરીર સંબંધી ભાવનાઓ અતિશય દૃઢ થઈ ગઈ હોવાથી પછી તેને સ્વપ્ન અવસ્થામાં લઈ જાય છે. ૨૮. સ્વપ્નમાં જે સૂક્ષ્મ (લિંગ) શરીર હોય છે. તેમાં તે પાપીને બાંધી દે છે. તે પછી તે પાપી મનુષ્યને અતિશય દુઃખભર્યે ઘણે લાંબે માર્ગે ચલાવતા લઈ જાય છે. ૨૯. જમદૂત જ્યારે પાપીને જમપુરીના માર્ગે લઈ જાય છે ત્યારે તે નિર્દય જીવ ઉપર થોડીએ દયા રાખતા નથી પણ

વધારે કઠણ સ્વભાવના થઈ જાય છે. ૩૦. તે જમદૂતો પાપી જીવને દેખીને લોઢાના કોરડા (ચાબખા) અને લાકડીઓ તેની પીઠ ઉપર મારે છે. અને તેનાથી પાપી જીવ રસ્તામાં ડગલે ને પગલે પડી જાય છે. ૩૧. **પાપી કોઈ પરમેશ્વરને આશરે ગયેલો નથી હોતો એટલે તે આશ્રય વિનાનાનું રક્ષણ (નિવારણ) કોણ કરે ? ઊંચે સ્વરે આર્તનાદ કરતો તે પાપીજીવ કેટલુંએ રુદન કરતો રહે છે. ૩૨.**

સૂર્યના ઉગ્રતાપમાં તપેલી કે દાવાનળથી તપેલી રેતી જેમાં હોય અને અતિશય કાંટા જેમાં હોય આવા અતિશય વિકટ માર્ગે તે જીવને યમદૂતો ચલાવે છે. જો તે પાપીજીવ તેવા રસ્તામાં ચાલી ન શકે તો જમદૂતો તેને ઘણું જ તાડન કરે છે. ત્યારે તે જીવ હાય. . હાય, હું મરી ગયો આવું બોલે છે અને અત્યંત દુઃખને લીધે તે માર્ગમાં જ પડી જાય છે. જમદૂતો તેને ઉઠાડી મારીને ચલાવે છે. એક પળવાર પણ તેને વિશ્રામ લેવા દેતા નથી પણ તેને ખૂબ જ ઉતાવળથી ચલાવે છે. ૩૩-૩૬. યમદૂતો આ પ્રમાણે પાપીજીવને અપાર કષ્ટ આપે છે અને તેને મારતા-મારતા જમપુરીમાં પહોંચાડે છે. ૩૭. જેમ આ દુનિયામાં રાજાએ નિમેલા રક્ષકો (પોલીસ) ગુનેગારને પકડીને રાજદરબાર (ન્યાયાલય)માં લઈ આવે છે. તેમ યમદૂત પાપી મનુષ્યને પકડીને જમપુરીમાં લઈ જાય છે અને યમદૂતો જે રીતે તેને દુઃખ દે છે, તે વાત યથાર્થ કહી શકાતી નથી. ૩૮-૩૯. પાપી મનુષ્યે મન, વાણી અને શરીરથી જેટલા પાપમય દુષ્ટકર્મ કર્યા હોય છે તે સર્વે વાતને યમરાજા જાણતા જ હોય છે અને તેના દીવાન (મંત્રી) ચિત્રગુપ્ત પણ તે જીવના દુષ્ટકર્મને જાણતા હોય છે. ૪૦-૪૧. પાપ અને પુણ્યને જાણવાની શક્તિ ભગવાને તે બંનેને આપી છે. તે બંને જીવના પાપોનો વારંવાર તપાસ કરે છે તેથી ક્યારેય અનીતિ થતી નથી. ૪૨.

***ઇતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના પ્રથમ પૂરમાં 'વૈરાગ્યના સ્વરૂપ તથા યમયાતના વર્ણન કહ્યું' એ નામે બાસઠમો તરંગ સમાપ્ત ॥૬૨॥***

## પૂર પહેલું : તરંગ - ૬૩

### યમયાતના વર્ણન

શ્રીહરિને જીવના મોક્ષ ઉપર જ તાન છે, એટલે વૈરાગ્યને પરિપક્વ કરાવવા માટે પ્રેમવતીમાતાને ફરીને વાત કહેવાની શરૂઆત કરી. ૧. ગમે તેવો કામકાજમાં નિપુણ માણસ હોય તો પણ ભોજન, પાત્ર (ઠામ-વાસણ) અને ઘરેણાંને સુધારવાને (સારા કરવાને) માટે ઘણો પ્રયત્ન કરે પણ જ્યાં સુધી તેને અગ્નિમાં ગરમ ન કરે ત્યાં સુધી સુધરે નહીં, સારા થાય નહીં. ૨. તેમ વૈરાગ્ય એક પ્રકારનો અગ્નિ છે. તેનો જોગ કરીને અર્થાત્ વૈરાગ્યથી જીવને તપાવવામાં આવે તો પાપરૂપ બધા જ દોષો (મળ) જેમ અગ્નિમાં લાકડું બળે તેમ બળી જાય છે. ૩. ચાહે મેરુ પર્વત જેવડો દારૂનો ઢગલો હોય, પણ તેમાં જો રતિભાર અગ્નિ મૂકવામાં આવે તો તે બધો જ દારૂ વગર વિલંબે બળી જાય છે. તેમ ગમે તેટલા પાપ હોય તો પણ વૈરાગ્યરૂપી અગ્નિથી તત્કાળ નાશ થઈ જાય છે. ૪.

પ્રકટ અગ્નિ વિના માત્ર કાગળ ઉપર અગ્નિ અગ્નિ આવું નામ લખ્યા કરવાથી અગ્નિનું કાર્ય થતું નથી. પ્રકટ અગ્નિ જેવું કામ કરે, તેવું કાગળ ઉપર લખેલું નામ કામ ન કરે. ૫. અગ્નિનું નામ લેશ પણ મિથ્યા નથી, છતાં પ્રકટ અગ્નિ પાસે ચાહે ત્યારે કામ કરાવી શકાય છે તેમ પ્રકટ વૈરાગ્યથી જ કામ થાય છે. તે વિના મરી જાય તો પણ મોક્ષ થઈ શકતો નથી. ૬. મહાભાગ્યશાળી જીવ હોય તેને જ વૈરાગ્યમાં રુચિ થાય છે. અભાગિયા જીવને વૈરાગ્યમાં રુચિ થતી નથી. જેનામાં અગ્નિ ન હોય (મંદ પડી ગયો હોય), તેવા પ્રાણીમાત્રના શરીરમાં લેશમાત્ર પણ શક્તિ રહેતી નથી. ૭. શરીર જ્યારે એકદમ ફિક્કું પડી જાય-સફેદ થઈ જાય અને લોહી ન રહે ત્યારે તેમાં જીવવાની આશા રાખી શકાય નહીં. તેમ જેને બિલકુલ વૈરાગ્ય ન હોય તેને ક્યારેય મોક્ષની આશા રાખવી નહીં. ૮.

**वैराग्य में दैवत रहाये जेसे, ओर कोई में न रहाये तेसे;**
**निधि के निधि वैराग्य रहाते, वैराग्य बिन कंगाल कहाते...०९**

**अनंतकोटि ब्रह्मांड के सूखा, वैराग्य आगे सबहि लूखा;**
**हम वैराग्य कहत हें जेहा, हे मात तेसे रहाये तेहा...१०**

વૈરાગ્યમાં જેવું દૈવત રહ્યું છે, તેવું દૈવત બીજા કોઈ સાધનમાં ક્યાંય રહ્યું નથી. વૈરાગ્ય તો નિધિનો પણ સર્વોત્તમ નિધિ છે, વૈરાગ્ય વિનાનો વ્યક્તિ કંગાળ કહેવાય છે. ૯. અનંતકોટિ બ્રહ્માંડોનું સર્વે સુખ પણ વૈરાગ્યની આગળ અત્યંત લૂખું છે. હે માતા ! હું જેવો કહું છું તેવો જ વૈરાગ્ય હોવો જોઈએ. તેમાં આવું દૈવત રહ્યું છે. ૧૦. મોક્ષ મેળવવાનું અનુપમ સાધન મનુષ્યદેહ છે. પરંતુ જે લોકો પાપને માર્ગે ચાલે છે તે મનુષ્ય શરીરને વ્યર્થ કરી નાખે છે. ૧૧. તેટલા માટે જે ધર્મરાજા (યમરાજા) છે તે પાપીજીવની સામે રીસ કરીને દેખતા નથી, પણ પોતાના દૂતોને કહે છે. ૧૨. પછી જે મનુષ્યના જેવા પાપ હોય તેને દેખીને તે રીતે જમદૂતોની પાસે નિત્ય તેને દુઃખ અપાવે છે. ૧૩. જમદૂતો પાપીના જેટલા પાપ હોય તેને નિશાન અને નામ સાથે પાપીના મુખે જ કબુલ કરાવે છે અને તલભાર પણ અનીતિ કરતા નથી. ૧૪. મનુષ્યે જેવા પાપ કર્યા હોય તેવા ત્યાં નરકકુંડ હોય છે. તે કુંડોમાં દુઃખ ભોગવાવીને પાપથી છોડાવવાનું જ તે કુંડોનું પ્રયોજન હોય છે. બીજું કોઈ પ્રયોજન હોતું નથી. ૧૫. જેમ મેલા કપડાંને ગરમ પાણીમાં પલાળી ક્ષાર નાખે છે, પછી તેને પછાડી કે ધોકા મારીને ધુવે છે અને કપડાંને સ્વચ્છ કરે છે. તેમ જીવને પણ નરકકુંડોમાં નાખીને અનેક રીતે દુઃખ આપીને તેને મારીને કે પછાડીને તેના પાપ ધુવે છે ત્યારે જીવ મલિનતાનો ત્યાગ કરે છે અને શુદ્ધ થાય છે. ૧૬.

જે લોકો પાપી કહેવાય છે તે પાપ કરીને મેલા થઈ ગયા હોય છે. અને પાપના કીચડમાં ખૂંતી ગયા હોય છે. તેને જેમ ધોબી કપડાને શુદ્ધ કરે છે તેમ જમદૂતો તે જીવને મારીને શુદ્ધ કરે છે. ૧૭. જે મનુષ્યો વ્યભિચારનું પાપ કરનારા છે, તેમને દુઃખ ભોગવવા માટે મોટા દારુણ નરકના કુંડો બનાવ્યા હોય છે. ૧૮. સેંકડો અને હજારો અપાર નરકના કુંડ રહ્યા છે તેમાંથી કેટલાક નરકકુંડના નામ હવે હું કહું છું. ૧૯. તેમાં તામિસ્ર, અંધતામિસ્ર, રૌરવ, મહારૌરવ, કુંભીપાક, કાલસૂત્રં, અસિપત્રવન, અંધકૂપ, શૂકરમુખ,

સંદંશ, અતિ દુઃખધામ કૃમિભોજન, તપ્તસૂર્મિ, વૈતરણી, વજ્રકંટક, શાલ્મલી, પ્રાણરોધ, પૂયોદ, સારમેયાદન, લાલાભક્ષ, વૈશસન, અયઃપાન, અવિચિકા અને ક્ષારકર્દમ, આ બધા નરકના કુંડ છે. તે સિવાય બીજા પણ અપાર નરકના કુંડ છે. તેના બધાના લક્ષણ અને વિગત શ્રીમદ્‌ભાગવતના પંચમસ્કંધના છવ્વીશમાં અધ્યાયમાં કહી છે અને પાપ કરનારા જે દુષ્ટ (નકાર) જીવ છે તેની દુર્ગતિની પણ વાત ત્યાં કહી છે. ૨૦-૨૪.

ઉપર જે નરક કહ્યા તેમાં પડેલા પાપી જીવો બૂમો પાડી પાડીને ઘણું જ મહાદુઃખ ભોગવે છે જે મુખથી કહી શકાતું નથી. ૨૫. પાપી જીવોને નિરંતર દુઃખ દેવાને માટે જમદૂતો નિત્ય તત્પર રહે છે. ૨૬. જમરાજાના વજ્ર જેવા કઠોર ત્રણ દૂતો ત્યાં રહ્યા હોય છે કે જે પાપી જીવોના અંગોને તીખા કુહાડાથી કાપી-કાપીને ચાવે છે અને તેના ટુકડાઓને પાપી જીવોને પણ ખવડાવે છે. ૨૭-૨૮. યમદૂતો પાપી જીવોને સળગતા અગ્નિમાં વારંવાર બાળી દે છે ત્યારે તે જીવો અનેક પ્રકારે દુઃખને કારણે બૂમો પોકારે છે. ૨૯. તે પછી અતિશય તપાવેલ તેલમાં તેને ફેંકી દે છે. અને ત્યારબાદ સર્પ અને વીંછીના ડંખ દેવડાવે છે, ગીધ પંખી અને કૂતરાં પાસે પાપીને ખવડાવે છે. તેથી થતું દુઃખ તો મુખથી કહી શકાતું નથી.

જમદૂતો તે પાપી જીવની જીવિત દશા હોય ત્યારે જ તેનાં આંતરડાં ખેંચી કાઢે છે. તેને તલભાર પણ દયા આવતી નથી. જમપુરીમાં તે વિકટ પાપ ભોગવવાને યોગ્ય જ હોય છે. ૩૦-૩૨. પાપી જીવના પાપ જ્યાં સુધી બચ્યા હોય છે અર્થાત્ જ્યાં સુધી ખૂટતા નથી ત્યાં સુધી વારંવાર પુષ્કળ પ્રમાણમાં તેને દુઃખ આપવામાં આવે છે. ૩૩. જમદૂત પાપી જીવના શરીરને અનંતવાર કાપે છે છતાં એક ક્ષણવારમાં જ તે શરીર પહેલા જેવું હોય તેવું જ બની જાય છે. ૩૪. કર્મફળપ્રદાતા પરમેશ્વરના પાપી જીવને કર્મફળ ભોગવાવવાના સંકલ્પને લીધે તે પાપીનું શરીર ફરી જીવીત થાય છે. પાપી જીવ મનુષ્યદેહે જે રીતે અન્ય જે જીવોને મારે છે, તે રીતે જ તે જીવની પાસે જ તે પાપીને માર મરાવે છે. અને અતિ ભય પમાડે છે. કેમ જે, સર્વે યમદૂતો મહા ક્રુર સ્વભાવના હોય છે. ૩૫-૩૬.

લોઢાના મોટા મોટા મુદ્‌ગર, છરા, કટાર, વિશાળ ત્રિશૂળ, ભાલા, લોઢાની આંકડીવાળી લાકડીઓ, તલવાર, ખાંડા (પહોળી ધારવાળી તલવાર જેવું હથિયાર), ધનુષ્ય, બાણ, ફરસી, ગદા, ચક્ર વગેરે આયુધ લઈને પાપીઓના પ્રાણ લેવા જમદૂતો પાપી જીવને સામે ક્યારેક દેખે છે ત્યારે પાપી પણ જમદૂત સામે જુએ છે પણ તેનું કાંઈ ચાલતું નથી. કોઈ વખતે જમદૂત પાપીને હાથીની પાસે ચિરાવી નાખે છે. ૩૭-૩૯. કોઈ સમયે યમદૂત પાપી જીવને ઊંચા પર્વત ઉપર ચઢાવીને બહુ જ ડરાવીને નીચે જમીન ઉપર ફેંકી દે છે. ૪૦. કોઈ વાર ઝેરી અગ્નિના ધુમાડામાં પાપી જીવને ઘણીવાર સુધી રુંધી રાખે છે. ૪૧. અને કોઈ વખતે તો જમદૂત પાપીને ખરાબ કીચડમાં દબાવીને રુંધી રાખીને ઘણું જ અમાપ દુઃખ દે છે. ૪૨.

***ઇતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના પ્રથમ પૂરમાં 'યમયાતના વર્ણન' એ નામે ત્રેસઠમો તરંગ સમાપ્ત ॥૬૩॥***

## પૂર પહેલું : તરંગ - ૬૪

### યમયાતના તથા વૈરાગ્યનું સ્વરૂપ

શ્રીહરિ માતા પ્રેમવતીની પાસે 'યમયાતના' ની જે વાત જેવી છે તેવી ફરીને વિશેષ કહેવા લાગ્યા. ૧. લોઢાનું સ્ત્રીનું પૂતળું આગમાં તપાવીને લાલ કરે, પછી તત્કાલ (વ્યભિચારી) પાપી જીવને તેનું આલિંગન કરાવે છે. ૨. જે પુરુષે પરનારીનો સંગ અહીં એકવાર કર્યો હોય તેને તે તપાવીને લાલ કરેલી સ્ત્રીની પૂતળી સાથે અનેકવાર બાથ ભરાવે છે. ૩. જમદૂત વિકરાળ છે. પાપી મનુષ્ય જેવી રીતે પાપ કરે છે તેને તે બધી રીતે દેખતા હોય છે. પછી જેનું જેવું પાપ, તેને તેવું દુઃખ દે છે. ૪. **જે પુરુષ કામબુદ્ધિથી પરનારી સામે જુએ છે અને આંખોથી જે પાપ કરે છે, તો જમદૂત તપાવેલા લોઢાના ખીલાને તે પાપીની આંખોમાં ઠોકી બેસાડે છે.** અને કાનોથી જે વાત સાંભળવી ન જોઈએ તેવી વાતોને પ્રેમથી જે જીવ સાંભળે છે,૫-૬. તેના કાનમાં જમદૂતો આનંદ માનીને ગરમ કરીને પીગાળેલા સીસાને ભરી દે છે.

પાપરૂપ અને અપવિત્ર જેટલી વસ્તુઓ છે, વર્ણાશ્રમથી જે વિરુદ્ધ છે, તેને મુખથી ખાય છે અને પીવે છે તેમજ અઘટિત વચન મુખથી બોલે છે, તો જમદૂત તેના મુખમાં ગરમ કરેલા લોઢાનો રસ રેડે છે. ૭-૮.

જમપુરીમાં જેટલા જમદૂત રહે છે તે બધાને નિત્ય તેવો ઉદ્યમ કરવાનો રહે છે. જેમ આ દુનિયામાં ઉદ્યમી માણસને રાતદિવસ કામ ચાલતું જ હોય છે તેમ જેટલા જમદૂતો જમપુરીમાં રહે છે તે બધાને આવા ઉદ્યમની ટંકશાળા (કારખાનું) ચાલતી જ રહે છે. ૯-૧૦. જ્યાં સુધી આ બ્રહ્માંડ રહેશે ત્યાં સુધી આ પાપીઓને સુધારવાની ટંકશાળા (જમપુરી) ચાલતી જ રહેશે. બ્રહ્માંડનો પ્રલય જ્યારે થશે ત્યાં સુધી આ વ્યવસ્થા રહેશે. અને પ્રલય સમયે આ ટંકશાળા બંધ થશે. ત્યારે જમદૂતો પણ પાપીને મારવાના કામ કરતા બંધ થશે. અને ફરીને જ્યારે બ્રહ્માંડની ઉત્પત્તિ થશે ત્યારે ફરીને પૂર્વવત્ આ જમપુરી પણ થઈ આવશે. ૧૧-૧૨. પછી જમદૂતોની પાપી જીવોને મારવાની ટંકશાળા જેવી પહેલા હતી તેવીને તેવી જ પછીથી પણ ચાલતી થશે. તેમાં જે પ્રકારના પાપી જીવ હશે તે પ્રકારની મારપછાડ પણ થયા જ કરશે. ૧૩.

જે પાપી જીવો હોય છે તેને જમદૂતો વારંવાર વીર્ય, વિષ્ઠા અને મૂતર પાયા કરે છે. ૧૪. જમદૂત ઘણા જ ક્રૂર હોય છે તે લોઢાના લાંબા મોટા સોયા કરાવે છે અને તેનાથી પાપી જીવની ત્વચા (ચામડી)ને છેદી નાખે છે. ૧૫. પાપીની ત્વચાને ચીરી નાખીને પછી તેને મોટા સોયાથી સીવી લે છે. જે અતિ લોભી છે, અધીર છે, ખૂબ દ્રવ્ય ભેળું કરે છે, પણ પુણ્ય કરતો નથી. ૧૬. તો જમદૂતો તે લોભીની ત્વચા (ચામડી)ને ચીરી નાખીને સીવે છે. તે આ ચીરવાની અને સીવવાની ક્રિયા વારંવાર થયા કરે છે. જમદૂતો મોટા મોટા લોઢાના કોલુંમાં પાપીજીવોને રાતદિવસ પીલે છે. તે પાપી લોકો દુઃખથી બૂમ બરાડા પાડતા રહે છે. અને કેટલાક પાપીને તો લોઢાના મોટા ઘંટમાં વારંવાર પીસવામાં આવે છે. ૧૬-૧૮. કેટલાક પાપી જીવોને લોઢાના ખાંડણિયામાં કચરી (ખાંડી) નાખવામાં આવે છે. હે માતા ! આ રીતે અપાર યમયાતનાની વાત મેં કહી. ૧૯. પાપી લોકો જેટલી જાતના પાપ કરે છે, તેને ભોગવવા તેટલી જ જાતના નરકકુંડ જમપુરીમાં છે. તેને ગણતા પાર

આવે તેમ નથી. ૨૦. જેટલા કુંડ છે તેટલી જ જાતના ત્યાં દુઃખો છે. તે અગણિત હોવાથી ગણાવી શકાતા નથી. જેટલું પુણ્ય કરે તેટલું જ જીવને સુખ રહે છે તે પણ મુખે કહી શકાતું નથી. ૨૧.

**જે મનુષ્ય જ્યાં સુધી ભગવાનને શરણે જતો નથી અને જે પુણ્યકર્મ કરે છે, તેનું ફળ સુખરૂપ સ્વર્ગાદિક મળે છે. પણ તે સુખ અતિ અલ્પ અને ક્ષણ ભંગુર હોય છે. ૨૨.** તે સુખ ભોગવ્યા પછી તેને અપાર દુઃખ ભોગવવું પડે છે. જે મનુષ્ય આલોકમાં ઠગાઈ કરે છે તે જમપુરીમાં જાય છે ત્યારે ત્યાં જમપુરીના જેટલા દુઃખ છે તે બધાને ભોગવે છે. યમયાતના ભોગવ્યા પછી પાછા કર્મભૂમિમાં આવીને ઉદ્ભિજ, અંડજ, જરાયુજ અને સ્વેદજ આ ચાર, જેને ખાણો કહેવાય છે, તે પ્રત્યેકમાં એકવીશ એકવીશ લાખવાર જન્મ લેવો પડે છે. અર્થાત્ ચોર્યાશી લાખ યોનિમાં જન્મ લેવો પડે છે. ૨૩-૨૪. ચોરાશી લાખ પ્રકારના જેમાં જન્મ લેવાના હોય છે તે લખચોરાશીમાં પાપીને લાવીને ધકેલી દેવામાં આવે છે. ૨૫. **પાપી જીવને ગર્ભવાસનું ઘણું જ દુઃખ વારંવાર ભોગવવું પડે છે. તથા જન્મનું જે દુઃખ છે તેની તો વાત કહી જાતી નથી. ૨૬.** અનેક પ્રકારના જન્મોની પાછળ રોગ સંબંધી પણ દુઃખ અપાર હોય છે, તેમજ વૃદ્ધાવસ્થા અને મરણના દુઃખ પણ અનંત હોય છે. ૨૭.

**જીવ જ્યાં સુધી ભગવાનને શરણે જાતો નથી ત્યાં સુધી આ બધા કહ્યા તે દુઃખ વારંવાર આવ્યા કરે છે, તેનો ક્યારેય છેડો આવતો નથી. ૨૮.** હે માતા ! જે પાપી જીવો છે તેને આધ્યાત્મિક, આધિભૌતિક અને આધિદૈવિક આ ત્રણ પ્રકારના દુઃખ પાપકર્મને અનુસાર આવ્યા કરે છે. ૨૯. અને તેને રડતાં રડતાં ભોગવે છે. એટલે પાપી જીવ અત્યંત વિપરીત રીતે દુઃખરૂપ તે ચારે ખાણોમાં સેંકડો અને હજારો યુગ સુધી વારંવાર ભટક્યા કરે છે. ભગવાનને શરણે ગયા સિવાય તે ક્યાંય સ્થિર થઈને બેસી શકતો નથી. ૩૦-૩૧. **આ રીતે આ સંસાર અત્યંત દુઃખભર્યો ઘોર અંધારિયો કૂવો છે. ક્યારેક આવા પાપી જીવને ભગવાન શ્રીકૃષ્ણ કરુણાવશ થઈને ફરીવાર મનુષ્યનો દેહ આપે છે. તે મનુષ્યદેહ કેવો છે ? તો જીવને અપાર સંસારના દુઃખમાંથી મોક્ષ પમાડનારો છે તથા આ મનુષ્યદેહ મોક્ષના સાધનરૂપ છે.**

**⁕ સદ્‌ગુરુથી મોક્ષ અને અસત્પુષથી અધોગતિ :**

**હે માતા ! મનુષ્ય દેહ ધાર્યા-મળ્યા પછી પણ જે સાધુનો સમાગમ કરે છે,૩૨-૩૪.** અને શ્રીકૃષ્ણ ભગવાનને શરણે જઈને ભજન કરતો રહે તો તે મનુષ્ય જન્મમાં ઈચ્છેલી ભુક્તિ (ભૌતિક સુખ) અને અંતે મુક્તિને પ્રાપ્ત કરે છે. ૩૫. જે મનુષ્ય આવા માનવદેહને પામીને પણ અસાધુની-દુષ્ટ પુરુષોની સોબત રાખે છે તો તેઓ જીવને સ્ત્રી, પુત્ર અને ધન આદિમાં આસક્તિ કરાવે છે. ૩૬. પછી કુસંગને લીધે તે શ્રીકૃષ્ણ ભગવાનની ભક્તિથી દૂર રહે છે. અને તુચ્છ બુદ્ધિ-વિચારોવાળો રહે તો તે મનુષ્ય ફરીથી પણ અપાર દુઃખને પામતો જ રહે છે. અને કુમાર્ગે ચાલવાથી તેના દુઃખનો પાર આવતો જ નથી. ૩૭-૩૮. વળી તે પાપી લોકો આ મર્ત્યલોકમાં પાપ કરીને કાળે કરીને શરીર છોડીને જમદૂતોના હાથમાં જાય છે. ૩૯. **અપાર દુઃખોથી ભરેલી એવી તે યમયાતનાને તે પાપી લોકો ફરીથી પામે છે. પછી તેના દુઃખોનો પાર આવતો નથી. ૪૦.** ઉપર જે ચાર ખાણ કહી તેમાં પાપી જીવો ચોરાશી લાખ જાતના શરીરોને વારંવાર ધારણ કરતા રહે છે અને એટલું બધું દુઃખ સહે છે કે તેનો મોઢે કહે પાર આવતો નથી. ૪૧.

**હે માતા ! આવી રીતના જે હરિવિમુખ જીવો છે તે અત્યંત દુઃખોને સહન કરે છે. તોપણ ફરીવાર જ્યારે તેને મનુષ્ય દેહ મળે છે ત્યારે તે દુઃખને માર્ગે જ ચાલે છે. ૪૨.** અને તેને જે ગુરુ મળે છે તે પણ પોતાના જેવા જ હોય છે. ને માતાપિતા અને બીજા મનુષ્ય પણ જે જે મળે છે તે બધા તેના જેવા જ હોય છે. પોતાની જેવી બુદ્ધિ હોય તેવી જ તે બધા લોકોની બુદ્ધિ હોય છે. તેથી સહુમાં મોક્ષ બાબતની બુદ્ધિ તો નાશ પામી હોય છે. અને તેથી જ તે સહુને સંસારનો પાશ (બંધન) લાગ્યો રહે છે. ૪૩-૪૪.

**चोपाई :**

**संसार के पास लगत न जाही, एसे गुरुसंत मिलत जब आही;**
**संसार के पास करे तब नाशा, जाके रुदे हरि रहे कर वासा...४५**
**हरि निवास करत जा मांहीं, ब्रह्मांड के भोग जितने कहाही;**
**दुखद रहाये वस्तु जितने, तिनसे बुरे समझत तितने...४६**

જેના હૃદયમાં ભગવાન અખંડ નિવાસ કરીને રહ્યા હોય, એવા સદ્‌ગુરુ સંત જીવને જ્યારે મળે છે ત્યારે તેને બીજો કોઈ સંસારનો પાશ લાગતો નથી અને જે પાશ હોય છે તેનો પણ તેવા સદ્‌ગુરુના સંગે નાશ પામી જાય છે. ૪૫. જેના હૃદયમાં ભગવાન નિવાસ કરીને રહ્યા હોય છે તે આખા બ્રહ્માંડના જેટલા ભોગ-સુખ કહેવાય છે તે બધા જેટલી દુઃખદાયી વસ્તુઓ છે તેના કરતાં પણ ભૂંડા સમજે છે. ૪૬. આવા સદ્‌ગુરુ લોકોને ઠગવાની વાતો કરતા નથી. તેથી જ તેનાથી અનંત જીવોનો ઉદ્ધાર થાય છે. ઉપર જુદા અને અંદર જુદા આવા લોકો તો દુનિયામાં ઘણા જ દેખાય છે. પણ આવા દંભીને ભગવાનના ચોર સમજવા. ૪૭. એક ઠગને બીજા ઠગનો અભાવ આવતો નથી. ઠગ બીજા ઠગને ભગવાન બનાવી દઈને પૂજે છે. એક ઠગના સંગથી બીજા ઠગ લોકો અન્યને છેતરીને પોતાનું પેટ ભરતા હોય છે. ૪૮.

**સાચા સદ્‌ગુરુ હોય, તે વાત વાતમાં જ ઠગ ગુરુને બતાવી દેતા હોય છે. મુમુક્ષુ હોય તે સદ્‌ગુરુની વાતને માને છે પણ ઠગ લોકો તે વાતને માનતા નથી. ૪૯.** આ જગતમાં જે લોકોને ઠગે છે, તે પરલોકમાં અપરંપાર ઠગાય છે. જે બીજાને ઠગતો રહે છે તે જ ઠગાતો રહે છે. કેમજે, કર્મ ફળપ્રદાતા પરમેશ્વરને ત્યાં અંધેર નથી. ૫૦. **જેટલા સત્પુરુષો છે તે ભૂત, ભવિષ્ય અને વર્તમાન આ ત્રણેય કાળનું બધું જ જાણતા હોય છે. તેથી સત્પુરુષ ક્યારેય ઠગને રસ્તે ચાલતા નથી. ૫૧.** જે ઠગ છે તે તો સત્પુરુષને પણ ઠગ કહે છે, આ લોકમાં ઠગ ચાહે તેમ ચાલે પણ આગળ જમપુરીમાં તેની વાત છે !!! ૫૨. જમપુરી, લખચોરાશી અને અપાર જન્મમરણનું દુઃખ એ બધું ઠગ લોકોને દંડ દેવા માટે જ રચ્યું છે. ભલે અત્યારે તે ઠગ લોકોને લગારેય ત્રાસ થતો ન હોય, પણ અંતે અપાર દુઃખ ભોગવવું પડશે. ૫૩. ઠગ લોકોથી તો આખું બ્રહ્માંડ ભર્યું છે, જે ભગવાનનું ભજન કરે છે તે સંસારને તરી જાય છે. જ્યારે જીવ ઠગબુદ્ધિને છોડી દે છે ત્યારે તે મહાભાગ્યશાળી બની જાય છે. ૫૪. આવા મહાભાગ્યશાળી તો પૂર્વે કેટલાય સંત-ભક્ત થઈ ગયા છે. જેમ કે, ધ્રુવ, પ્રહ્લાદ વગેરે અને વિભીષણ, વાનરો, ગોપીઓ, ગોવાળો, વસુદેવ, નંદજી, ભક્તિથી મતવાલા થયેલા ઉદ્ધવજી, પાંડવો, દ્રૌપદી અને

અન્ય આવા અનંત લોકોએ સત્સંગ કર્યો છે. તેથી તેમને અપાર સુખ મળ્યું અને ઠગ લોકોને સર્વે પ્રકારનું દુઃખ મળ્યું છે. ૫૫-૫૬. જીવ જ્યારે સંતોનો સમાગમ કરીને સંસારમાં દુઃખને દેખે છે, ત્યારે તેને વૈરાગ્ય ઊપજે છે. પછી તે વૈરાગ્ય દિન-પ્રતિદિન વધતો જાય છે. ૫૭. પછી દુષ્ટ એવા જે અસત્ ગુરુ, તેના સંગથી અત્યંત ભય પામતા રહે છે. અને પછી તેઓ શ્રીકૃષ્ણ ભગવાનનો આશ્રય કરે છે. ૫૮.

**ભગવાનનો આશ્રય કેવો છે ? તો જીવને દુઃખ, ક્ષય અને ભયથી રહિત કરી દે છે. આશરો તો જીવ માટે નિરંતર, અનુપમ અને પરમ આનંદરૂપ હોય છે. ૫૯. હે માતા ! જે મનુષ્યો વૈરાગ્ય વિનાના હોય તેને દુઃખ વિનાનું સુખ હોતું જ નથી. અને તેમાં ભગવાનની ભક્તિ પણ હોતી નથી. ૬૦.** પરંતુ જે માણસને વૈરાગ્ય થયો હોય તેમાં સ્નેહે યુક્ત શ્રીકૃષ્ણ ભગવાનની ભક્તિની વૃદ્ધિ થાય છે. અને છેવટે તે પરમગતિ કહેતા આત્યંતિક મોક્ષને પામે છે. ૬૧. હે માતા ! આ રીતે મેં વૈરાગ્ય ઊપજ્યાનું કારણ કહ્યું અને તેની સાથે અનેક જીવોને સંસારમાંથી તારનાર વૈરાગ્યનું સ્વરૂપ પણ કહ્યું છે. ૬૨. હવે આ સંસારના પાશથી છૂટવાની જેને ઈચ્છા થતી હોય તેને આવશ્યક વાત કહું છું. ૬૩. ભક્તિ મનોવાંછિત સુખ દેવાવાળી છે, જેમાં દુઃખનો લેશ પણ નથી. હવે તેનું સ્વરૂપ દેખાડું છું અર્થાત્ કહું છું. ૬૪.

***ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના પ્રથમ પૂરમાં 'વૈરાગ્યનાં સ્વરૂપનું અને લક્ષણનું નિરૂપણ કર્યું' એ નામે ચોસઠમો તરંગ સમાપ્ત ॥૬૪॥***

## પૂર પહેલું : તરંગ - ૬૫

## ભક્તિના સ્વરૂપ - શ્રવણ, કીર્તન અને સ્મરણ ભક્તિ

વળી શ્રીહરિ પ્રેમવતીમાતાની આગળ, જેનાથી મોક્ષ મળે છે એવી ભક્તિના સ્વરૂપની અને લક્ષણની વાત કહેવા લાગ્યા. ૧. શ્રીકૃષ્ણ ભગવાનમાં અપાર સ્નેહે સહિત તેમની સેવા કરવી, તેને જ્ઞાની લોકો

વિચારીને ભક્તિ કહે છે. ૨. જેમ પતિવ્રતા સ્ત્રી અનન્ય ભાવ રાખીને પોતાના પતિની અતિશય સેવા કરે છે. ૩. તેમ મુમુક્ષુ મનુષ્યે અનન્ય ભાવ રાખીને નિરંતર શ્રીકૃષ્ણ ભગવાનની ભાવથી સેવા-ભક્તિ કરતા રહેવું. ૪.

**❊ અનન્ય ભાવ કોને કહેવાય ?**

જ્યાં સુધી પોતાના શરીરમાં પ્રાણ રહે ત્યાં સુધી પોતાના સ્વામીમાં એક જ રીતનો ભાવ રહે. અને જેવો પોતાના ઈષ્ટદેવમાં ભાવ હોય તેવો આજીવન બીજા કોઈમાં જરાપણ ભાવ ન થાય, આવી એકની એક મતિ જેને રહે તેને અનન્ય ભાવ કહેવાય છે. વિષ્ણુ આવા નામથી કહેવાતા સુખધામ શ્રીકૃષ્ણ ભગવાનની એકની એક જ ભાવનાથી હંમેશા નવધા ભક્તિ કર્યા કરવી. (તે નવધા ભક્તિના નામ શું છે ?) ૫-૬. તો ૧-શ્રવણ, ૨-કીર્તન, ૩-સ્મરણ, ૪-ચરણોની સેવા, ૫-પૂજન-અર્ચન, ૬-વંદન, ૭-દાસત્વ-દાસપણાની ભાવના, ૮-સખાપણું-મિત્રભાવ, અને ૯-આત્મનિવેદીપણું. આ રીતે શ્રવણ આદિ નવ પ્રકારે ભક્તિનું એક લક્ષણ કહ્યું છે. **જે મુમુક્ષુ નવ પ્રકારની ભક્તિમાંથી એક પ્રકારની ભક્તિનો આશ્રય કરે છે તે ભુક્તિ (લૌકિક સુખ)એ સહિત સુખમય મુક્તિને પામે છે.** હવે નવે પ્રકારની ભક્તિનું લક્ષણ વિસ્તાર કરીને હરખ સાથે કહું છું. ૭-૯.

હે માતા ! નવધા ભક્તિમાં જે શ્રવણ ભક્તિ છે તેનું લક્ષણ હું પહેલા કહું છું. સ્વધર્મમાં રહેલો જે શ્રીકૃષ્ણ ભગવાનનો ભક્ત છે. ૧૦. તેના મુખથી શ્રીહરિના જે જન્મ ઇત્યાદિ જેટલા ચરિત્ર હોય તેને મનમાં ખૂબ જ પ્રેમ રાખીને વારંવાર સાંભળવા. ૧૧. વળી મુમુક્ષુએ શ્રીકૃષ્ણ ભગવાનના વરાહ આદિ જે અવતારો, તેના ચરિત્રોને આદરભાવથી સાંભળવા. ૧૨. તથા શ્રીકૃષ્ણ ભગવાનના જે મહાન્ ભક્ત પ્રહ્લાદજી, ધ્રુવજી, પ્રિયવ્રત, અંબરીષ અને ઉદ્ધવજી. એ આદિક જે ભક્તો છે તેમની સર્વે કથા-ચરિત્ર પરમપદ(મોક્ષ)ને પમાડનારી છે. માટે તેના ચરિત્રો પણ પરમ આદરભાવથી સાંભળવા, તેને શ્રવણભક્તિ કહેવાય છે. ૧૩-૧૪.

**❋ કીર્તન ભક્તિનું વર્ણન :**

હે માતા ! હું કીર્તનભક્તિની વાત વિગત સાથે હવે કહું છું. તે તમે સાંભળો. તેનાથી તમને આ કીર્તનભક્તિનું જ્ઞાન થશે. ૧૫. મહારાણી રાધિકાના સ્વામી એવા શ્રીકૃષ્ણ ભગવાનના રસભર્યા ચરિત્રોના પદોને નિત્ય ગાવા. ૧૬. **તેમજ ભગવાનના જે સાધુ-સંતો, તેના ચરિત્રના જે કીર્તન, તેને ગાવા. વળી, ભગવાન અને ભગવાનના સંતો-ભક્તોના જે ચરિત્રો, તેની કથાને આદરભાવથી નિરંતર વાંચવી-ગાવી. જે ભક્તો પોતાનું હિત ચાહતા હોય તેણે તે કથા કે કીર્તનભક્તિમાં બાધ કરે એવા આળસ, મોહ અને પ્રમાદનો ત્યાગ કરવો. ૧૭-૧૮.**

શ્રીકૃષ્ણ ભગવાન અને તેમના ભક્તો આ બંનેના સંબંધોથી યુક્ત એવા જે સુંદર સદ્ગ્રંથો હોય, તેને નિત્ય ભાવથી ભણવા તથા ભણાવવા, તેમજ તેનો નિત્ય પાઠ કરવો. વળી વ્રજરાજ શ્રીકૃષ્ણ ભગવાનના ગુણોના તથા ચરિત્રોના સંસ્કૃતમાં જે છંદ કે શ્લોક રચ્યા હોય તથા ગદ્ય પણ હોય તથા લોકભાષામાં કીર્તન-પદ્ય હોય તેને ખૂબ જ હરખભેર વારંવાર ગાવા. વળી જેને સારી કુશળતાથી વાજિંત્ર વગાડતા આવડતું હોય, તેણે વીણા અને મૃદંગ આદિ વાજિંત્રોના સાજની સાથે કીર્તનો ગાવા. અથવા તાળીઓ બજાવીને કીર્તન ગાવા. ક્યારેક તાળી વગાડ્યા વિના પણ હિતકારી કીર્તનોનું ગાન કરવું. આ રીતે ભગવાન સંબંધી કર્થાવાર્તા અને કીર્તન કરવા. (તેને કીર્તનભક્તિ કહેવાય છે.) ૧૯-૨૪. તે કથા-વાર્તા, કીર્તનાદિક પણ શ્રદ્ધાએ સહિત ઉત્સાહથી રાતદિવસ કરવાં. શ્રદ્ધા અને ઉત્સાહ વિનાની કીર્તનભક્તિ તો મીઠા વિનાના શાક આદિ ભોજનના જેવી નીરસ ગણાય. ૨૫. હે માતા ! શ્રીકૃષ્ણ ભગવાન તો મહાન્ સમર્થ છે. તેમની સ્તુતિ, પ્રાર્થના તથા કીર્તન તો હૃદયમાં અતિ હેત લાવીને કરવા. ૨૫-૨૬. તેમના જે શ્લોક ઈત્યાદિ હોય તેનો પાઠ કરીને સ્તુતિ-પ્રાર્થના કરવી અથવા ખૂબ જ પ્રેમ કરીને મનોહર વચનોથી સ્તુતિ-પ્રાર્થના કરવી. ૨૭. આ મેં કહ્યું તે રીતે કરવું તેને અમે કીર્તનભક્તિ કહીએ છીએ. અને હવે જે રીતે શાસ્ત્રોમાં સ્મરણભક્તિની રીતે કહી છે તે રીતે હું તમને કહું છું. ૨૮.

**❋ સ્મરણભક્તિનું લક્ષણ :**

હે માતા ! હસ્તકમળ અને મુખકમળ આદિ જે ભગવાનના અંગો છે તથા હાર, મુરલી અને આયુધ (છડી) ઈત્યાદિ જે ઉપાંગો છે. ૨૯. આવી જે શ્રીકૃષ્ણ ભગવાનની મૂર્તિ અંગોપાંગ સહિતની સમગ્ર છે, તેને હૃદયકમળમાં ધારીને વારંવાર તેનું ચિંતવન કરવું. ૩૦. અથવા એ ભગવાનના બધા અંગોનું ચરણારવિંદથી લઈને એક એક અંગનું પૃથક્ પૃથક્ પરમ વિવેકથી ધ્યાન કરવું. ૩૧. ભગવાનનું હાલવું, ચાલવું, બોલવું, બેસવાદિકથી લઈને હાસ્યપર્યંતના સર્વે અંગોને પૃથક-પૃથક સંભારીને તેનું હૃદયમાં અધિક પ્રેમ લાવીને ધ્યાન કરવું. (તેને સ્મરણભક્તિ કહેવાય છે. )૩૨. વૃંદાવનમાં ચંદ્રની જેમ શોભતા વૃંદાવનચંદ શ્રીકૃષ્ણ ભગવાનના નામનું મનમાં સ્મરણ કરવું. ૩૩. તે સ્મરણ પણ પ્રેમ સહિત કરવું. કેમ જે, પ્રેમ વગરનું સ્મરણ નીરસ રહે છે.

ભગવાનના જે જે ચરિત્ર છે તે બધાને દિવ્યભાવથી દેખવા. ૩૪. **ભગવાનમાં તો મોટા મોટા દિવ્ય સદ્‌ગુણ રહ્યા છે. જગતની ઉત્પત્તિ, સ્થિતિ અને પ્રલય આદિને કરવારૂપ તેવા અનંત ઐશ્વર્ય પણ રહ્યા છે. ૩૫.** એવા સદ્‌ગુણોનું તથા ઐશ્વર્ય પ્રતાપનું દિવ્યભાવે સહિત સ્મરણ કરવું અને માયિકભાવોને દૂર તજી દેવા. અને ભગવાનના મંત્રોનો પ્રેમ સહિત મનથી જપ કરવો. ૩૬. હે માતા ! આ સર્વ જગતના પતિ એવા જે શ્રીકૃષ્ણ ભગવાન છે તેના જે ધામ છે તેને હવે હું કહું છું. ૩૭. ગોલોક, વૈકુંઠ, શ્વેતદ્વીપ અને બ્રહ્મપુર (અક્ષરધામ), એ આદિક જે ભગવાનના ધામ, તેનું હૃદયમાં સ્મરણ કરવું. (તેને પણ સ્મરણભક્તિ કહેવાય છે. )૩૮. **તે ભગવાનના ધામ દિવ્ય છે, ભગવાનની મૂર્તિ દિવ્ય છે, તેમાં રહેલા પાર્ષદો, શક્તિઓ અને ઐશ્વર્ય, આ બધું જ દિવ્ય છે. ૩૯.** તેમના સમગ્ર અપાર વૈભવ પણ દિવ્ય છે. તેનું સ્થિર મનથી વારંવાર સ્મરણ કરવું. તે પણ સ્મરણભક્તિ છે. ૪૦.

***ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના પ્રથમ પૂરમાં 'ભક્તિના સ્વરૂપ - શ્રવણ, કીર્તન અને સ્મરણ ભક્તિ' એ નામે પાંસઠમો તરંગ સમાપ્ત ॥૬૫॥***

## પૂર પહેલું : તરંગ - ૬૬

## ભક્તિના સ્વરૂપ - પાદસેવન, અર્ચન ભક્તિ

શ્રીહરિ પોતાની માતા પ્રેમવતીની આગળ ચરણસેવારૂપ (પાદસેવન) ભક્તિને હવે વિધિએ સહિત કહે છે. ૧. મહાપુરુષના પણ પતિ એવા જે પ્રત્યક્ષમૂર્તિ સાક્ષાત્ શ્રીકૃષ્ણ ભગવાન છે તેમના જે ચરણારવિંદ છે કે જેમાં સોળ ચિહ્નો રહ્યા છે. તેને સુંદર રીતે સ્નેહથી ચાંપવા. (પગચંપી કરવી). તેને પાદસેવન ભક્તિ કહે છે. ૩. **જ્યારે પ્રત્યક્ષ ભગવાન હોય નહીં, ત્યારે તે ભગવાનના સોળ ચિહ્નોએ સહિત ચરણારવિંદનું મને કરીને ધ્યાન કરવું અને તે ચરણોની સેવા ધ્યાન દ્વારા કરવી. તેનાથી મનના દોષોનો નાશ થઈ જાય છે.** જ્યારે ભગવાનની પ્રતિમા-મૂર્તિનો યોગ થાય ત્યારે પ્રત્યક્ષ ભાવ લાવીને તેમના ચરણારવિંદનો સ્પર્શ કરવો, સેવા કરવી. બ્રહ્મા, વિષ્ણુ અને શિવ, તે જેવા ત્રણ મોટા દેવો પણ શ્રીકૃષ્ણ ભગવાનના ચરણકમળની સેવા કરીને જગતની ઉત્પત્તિ, સ્થિતિ અને પ્રલય કરવાનું સામર્થ્ય પામ્યા છે છતાં તેઓ ભગવાનની આજ્ઞાભંગના ભયથી ડરતા રહે છે. ૪-૭. સ્વર્ગલોક, મર્ત્યલોક અને પાતાળલોક, આ ત્રિલોકીમાં ગતિ કરનારી જે ગંગા કહેવાય છે, તે પણ ભગવાનના ચરણકમળનો સ્પર્શ થવાથી જ સમગ્ર બ્રહ્માંડને પવિત્ર કરી રહી છે. ૮-૯.

**चोपाई :**

**जो यह भगवान तेहि ताका, चरनकमल आश्रयकर वाका;**
**काल कर्म माया जमहि ताको, भय नाश पावत जनहीं वाको...१०**

જે મનુષ્યો આવા સમર્થ ભગવાનના ચરણકમળનો આશ્રય કરે છે તેનો કાળ, કર્મ, માયા અને જમદૂતોનો ભય નાશ પામી જાય છે. ૧૦. રાધિકાજી અને લક્ષ્મીજી આદિક જે મોટા મોટા ભક્ત છે, તેઓ ભગવાનના ચરણકમળની નિરંતર સેવા કરતા રહે છે. ૧૧. હે માતા ! જે ભગવાનના ચરણકમળ છે તેમની સેવા કોણ ન કરે ? ચરણસેવા નિરંતર કરવી. કારણ કે, ચરણસેવા છે તે અતિશય દુર્લભમાં પણ દુર્લભ વસ્તુ છે. ૧૨. વ્રજની જેટલી ગોપીઓ હતી તે બધી શ્રીકૃષ્ણ ભગવાનના ચરણકમળની સેવા કરીને સર્વોત્તમ ગતિને પામી હતી. ૧૩. લક્ષ્મીજી અને બ્રહ્માના કરતા પણ

ગોપીઓને કીર્તિ વધારે મળી છે. તેમની કીર્તિથી તો આખું બ્રહ્માંડ ભરાઈ ગયું છે. એવો ભગવાનની ચરણસેવાનો મહિમા છે. ૧૪. મધ્યયુગમાં થયેલા સર્વે કવિઓએ તથા પૂર્વે થયેલા વ્યાસજી આદિક અપાર કવિઓએ પોતાના ગ્રંથોમાં વ્રજની ગોપીઓની સમગ્ર કીર્તિને વારંવાર લખી છે. ૧૫. નરનાટ્ય કરતા શ્રીકૃષ્ણ ભગવાન વૃંદાવનમાં તે લીલાઓ કરીને ચંદ્રના જેવા આનંદદાયક સુશોભિત રહ્યા હતા. ૧૬.

**एसे जन जो ताकुं ततकाला, हरि के चरनकमल रसाला;**
**ताकि प्राप्ति होवत रहेऊ, लवलेश यामें संशय न रयेऊ...१८**

આવા જે ભગવાન તેમના ચરણકમળની સેવા સંસારથી મુક્તિ મેળવવા માટે રાતદિવસ કરવી જોઈએ. ૧૭. જે મુમુક્ષુ એવા રસરૂપ (આનંદરૂપ-રસાલ) ભગવાનના ચરણારવિંદની સેવા કરે છે તેને તત્કાળ શ્રીહરિની પ્રાપ્તિ થાય છે. તેમાં એક લેશમાત્ર પણ સંશય નથી. આવો પાદસેવન ભક્તિનો પ્રતાપ છે. ૧૮.

### ✵ અર્ચન ભક્તિનું વર્ણન :

હવે જેને પૂજનભક્તિ કહેવાય છે, તે જેવી છે તેવી આપની આગળ કહું છું, તો હે માતા ! શ્રદ્ધાથી આપ તેને સાંભળો. ૧૯. જ્યાં સુધી ભગવાનની પૂજનભક્તિની વાત કહેવામાં નથી આવતી ત્યાં સુધી તે યથાર્થ સમજ્યામાં આવતી નથી. શ્રીકૃષ્ણ ભગવાનનું જે અર્ચન-પૂજન, તેની બાબતમાં તો ભક્તિમાર્ગના જે મોટા મોટા આચાર્યો થયા છે તે બધા પંચરાત્ર આગમના મતને અનુસર્યા છે. ૨૦-૨૧. સેવા-પૂજા કરનારા ભક્તની શક્તિને અનુસારે પૂજાનો વિધિ પ્રેમથી પંચરાત્રમાં કહ્યો છે. તે પવિત્ર સેવન-પૂજનને આભ્યંતર (માનસીપૂજા) અને બાહ્ય (પ્રત્યક્ષ પૂજા) એમ બે પ્રકારે કહેલ છે. ૨૨. તેમાં શ્રીકૃષ્ણ ભગવાનને બાહ્ય જેવા દેખ્યા હોય કે સાંભળ્યા હોય તેવા તે ભગવાનનું પોતાના હૃદયમાં ધ્યાન કરવું. પછી હર્ષપૂર્વક મનથી કલ્પેલા એવા જે ચંદન, પુષ્પ અને નૈવેદ્ય આદિ ઘણા સારા સારા ઉપચારોથી પ્રેમપૂર્વક ભગવાનની પૂજા કરવી. (તેને આભ્યંતર પૂજન કહેવાય છે) ૨૩-૨૪. ઉપર બે પ્રકારની જે પૂજા બતાવી તેમાં પહેલી વિવેક સાથેની આભ્યંતર (માનસી)

પૂજાની રીત કહી છે. ૨૫. પોતાનું સામર્થ્ય અને દેશકાળાદિને અનુસારે જે સમયે જેવા ચંદન-પુષ્પ આદિ બાહ્યપૂજાની સામગ્રી મળે તેનાથી, પોતાના અધિકાર પ્રમાણે વેદોક્તમંત્ર બોલીને અથવા પુરાણોક્ત વિધિથી શ્રીકૃષ્ણ ભગવાનની પૂજા કરવી. તેને બાહ્યપૂજા કહી છે. તે બીજા પ્રકારની બહારની પૂજા સમજવી. ૨૬-૨૮. પહેલા કહી તે આભ્યંતર પૂજાને માનસીપૂજા કહેવાય છે. તે માનસીપૂજાને પ્રથમ કરવી. તે પછી બાહ્ય ઉપચારોથી બીજી પ્રત્યક્ષપૂજા કરવી. ૨૯. શ્રીકૃષ્ણ ભગવાનની મૂર્તિ જો ચળ હોય તો તેમાં પ્રથમ આહ્‌વાન કરવું અને તે પછી પૂજન કરવું. ૩૦. અચળ મૂર્તિમાં આહ્‌વાન કરવાનું રહેતું નથી. મદ્ય (દારૂ) અને માંસ ઈત્યાદિ જે અપવિત્ર વસ્તુઓ, તેના સંસર્ગથી રહિત, વાળ કે સૂક્ષ્મ કીટાણું વગેરેના સંસર્ગથી રહિત અને અત્યંત પવિત્ર એવા જે ચંદન પુષ્પાદિ, તેને જ પૂજનભક્તિ માટેના શુદ્ધ ઉપચારો કહ્યા છે. ૩૧-૩૨.

શાસ્ત્રોમાં પ્રસિદ્ધ ઉપચાર કહ્યા છે તે ચંદન પુષ્પ આદિ પણ અન્ય દેવને અર્પણ ન થયા હોય, તેવા અપાર ઉપચારોથી પ્રેમપૂર્વક શ્રીકૃષ્ણ ભગવાનની પૂજા કરવી. ૩૩. જ્યારે શ્રીકૃષ્ણ ભગવાનની પરમ કલ્યાણકારી પૂજા કરવાની હોય ત્યારે પહેલા અનુક્રમે સ્નાન આદિ ક્રિયાઓ કરાવવી જોઈએ. ૩૪. તે પછી ઘટે તે રીતે વસ્ત્ર ઈત્યાદિ ભગવાનને પહેરાવવા. જ્યાં યોગ્ય હોય ત્યાં વિચારીને અનેક પ્રકારના અલંકાર ધરાવવા. ૩૫. ભગવાનની પૂજા કરનારા એવા તે ઉદાર મનના પવિત્ર ભક્તે પૂજામાં મનને એકાગ્ર કરીને કુશળતાપૂર્વક વસ્ત્ર અલંકાર ધરાવવા. ૩૬. કુંકુમ અને કેસર આદિથી યુક્ત એવા ચંદન આદિની અર્ચા (લેપ) ભગવાનના સ્વરૂપને સારી રીતે કરવી. ૩૭. ઋતુને અનુસારે કપાળમાં સુંદર અને અત્યંત છટાદાર તિલક કરવું જેથી દર્શન કરનારા ભક્તોને ઘણી તૃપ્તિ થાય. ૩૮. પછી ભગવાનને અતિશય સુગંધી ફૂલોના હાર, ગુચ્છ અને તોરા ધરાવવા, તેમજ મસ્તક ઉપર ઘણી સુંદર પાઘ ધરાવવી. ૩૯. તે પછી ધૂપ અને દીપ અર્પણ કરવો અને ઋતુને અનુકુળ જોઈ વિચારીને નૈવેદ્ય (થાળ) ધરાવવું. ૪૦. પછી વિવિધ પ્રકારના વાજિંત્ર વગાડીને ઘણી સારી રીતે આરતી કરવી. ત્યારબાદ પ્રદક્ષિણા અને

નમસ્કાર કરીને સ્તુતિપૂર્વક પ્રાર્થના કરવી. ૪૧. દિન પ્રતિદિન આ રીતે ભગવાનની પૂજા કરવી. પ્રાતઃકાલ મંગળાઆરતીનો સમય કહેવાય છે. ૪૨. સંગવકાળે (સૂર્યોદય થયા પછી આશરે બે કલાકે) શણગાર આરતી કરવી. અને મધ્યાહ્નકાળે રાજભોગ આરતી કરવી. અપરાહ્નકાળ પછી જ્યારે સંધ્યા સમય થાય ત્યારે સંધ્યાઆરતી કરવી અને નિશામુખ (પ્રથમ પહોર) સમયે શીતળઆરતી (શયનઆરતી) કરવી. આ પ્રમાણે આરતી કરવાનો સમય કહેવાય. ૪૩-૪૪. આ રીતે નિત્ય પાંચ વખત (પ્રત્યક્ષ કે માનસી) પૂજા કરવી, તેને ઉત્તમપૂજા કહેવાય છે, પ્રાતઃકાળે, મધ્યાહ્ને અને સાયંકાળે ત્રણ વખત જે શ્રીકૃષ્ણ ભગવાનની પૂજા કરવી તેને મધ્યમ પૂજા કહેવાય છે અને પ્રાતઃકાળે નિત્ય એક વખત જ જે પૂજા કરવી તેને કનિષ્ઠ પૂજા કહેવાય છે. ભગવાનના અસમર્થ ભક્તે કનિષ્ઠ પૂજા કરવી. (અને સમર્થ ભક્તએ સર્વે પૂજા કરવી.) હે માતા ! શ્રીકૃષ્ણ ભગવાનના જન્માષ્ટમી આદિ જન્મદિવસ આવે ત્યારે જન્મોત્સવ કરવો અને એકાદશીના દિવસે પણ (વ્રત સાથે) ઉત્સવ કરવો. ૪૫-૪૮. તે ઉત્સવોમાં ગીત અને વાજિંત્રના ધ્વનિ સાથે શ્રીકૃષ્ણ ભગવાનની મહાપૂજા કરવી. જેની વિશાળ કીર્તિ છે એવા, ૪૯. બધા જ જન્મોત્સવોના દિવસે અને એકાદશીના દિવસે ભાવના સાથે ઉપવાસ કરવો અને રાતે જાગરણ કરવું. ૫૦.

પારણાને દિવસ તથા અન્નકૂટ આદિ ઉત્સવને દિવસ વિપ્રોને અને સાધુઓને તત્ક્ષણે સામર્થ્ય પ્રમાણે જમાડવા. ૫૧. જે ગૃહસ્થ ધનાઢ્ય હોય તો તેમણે શ્રીકૃષ્ણ ભગવાનનું મંદિર ઘણા સ્નેહથી કરાવવું અને તેમાં શ્રીકૃષ્ણ ભગવાનની મૂર્તિ પધરાવવી. (તેને પણ પૂજનભક્તિ કહેવાય છે. )૫૨. જે પ્રમાણે પ્રતિષ્ઠાનો વિધિ હોય તે પ્રમાણે હેતથી બધું કરવું. વિવિધ પ્રકારના વાજિંત્ર વગડાવીને ઉત્સવ કરવો. તે ભગવાનના સ્વરૂપની પૂજા (પૂજા પ્રવાહ) નિર્વિઘ્નપણે થતી રહે તે માટે ગામ, ખેતર અને ધન આદિક નિર્બાધ અઘાટ (દસ્તાવેજી હક સાથે) કાયમ આજીવિકા ચાલે તે માટે જેમ અનાદિ કાળથી ચાલ્યું આવે છે તે રીતે આપવા. અથવા અનાદિથી બધું ભગવાનનું જ છે; એમ માનીને આજીવિકા માટે તે બધું ભગવાનને અર્પણ કરવું. ૫૩.

તેમજ ધનાઢ્ય ગૃહસ્થે શ્રીકૃષ્ણ ભગવાનના નિમિત્તે કૂવો, વાવ, સરોવર, કુંડ અને ફૂલવાડી વગેરેને મનમાં અતિશય ઉત્સાહ રાખીને કરાવવા. જીવહિંસાએ રહિત-અહિંસામય વિષ્ણુયાગ આદિ યજ્ઞ કરાવવા. અને અષ્ટાક્ષર મંત્ર આદિ મંત્રોનો જપ કરીને તેનું પુરશ્ચરણ કરાવવું. તેમજ ભગવદ્‌ગીતા અને શ્રીમદ્ ભાગવત આદિ સદ્‌ગ્રંથ કે જેમાં ભગવાનના અવતારોનું પ્રતિપાદન કર્યું હોય, તે ગ્રંથોનું પણ પુરશ્ચરણ કરાવવું. ૫૪-૫૫. સ્વધર્મનિષ્ઠ અને ભગવાનના ભક્ત તથા શાસ્ત્રોક્તવિધિ પ્રમાણે ભગવાનની સેવા-પૂજાની રીત જાણતો હોય તેવા બ્રાહ્મણ હોય તેની પાસે પૂજા કરાવવી. અને શ્રીકૃષ્ણ ભગવાનની પૂજા કરતા વધેલા પ્રસાદીરૂપ જે ચંદન, પુષ્પ આદિક, તેણે કરીને તરત જ અન્ય જે દેવતા અને પિતૃઓ તેમની પૂજા પ્રેમથી કરવી. અને શ્રીકૃષ્ણ ભગવાનને જે નૈવેદ્ય ધરાવ્યું હોય, તેનું પ્રસાદીરૂપ જે અન્ન તેનાથી દેવતા અને પિતૃઓને નૈવેદ્ય ધરાવવું તથા વિપ્ર તથા સાધુઓને પણ ખૂબ જ ભાવનાથી તૃપ્ત કરવા. આ રીતે મેં આપની આગળ પૂજનવિધિ કહ્યો. તેને પૂજનભક્તિ કહેવાય છે. ૫૬-૫૮

***ઇતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના પ્રથમ પૂરમાં 'ભક્તિના સ્વરૂપ - પાદસેવન, અર્ચન ભક્તિ કહ્યા' એ નામે છાસઠમો તરંગ સમાપ્ત ॥૬૬॥***

## પૂર પહેલું : તરંગ - ૬૭

### વંદન, દાસત્વ, સખ્ય, અને આત્મનિવેદન ભક્તિ

પ્રત્યક્ષ પુરુષોત્તમનારાયણ શ્રીહરિ પોતાની માતા પ્રેમવતીની આગળ હવે વંદનભક્તિની વાત કહે છે. ૧. પવિત્ર વ્રતવાળા એવા હે પ્રેમવતી માતા ! શ્રીકૃષ્ણ ભગવાનના ભક્ત જે પુરુષો હોય તેમણે શ્રીકૃષ્ણ ભગવાનને આઠ અંગે સહિત દંડવત્ પ્રણામ કરવા. (હવે તે આઠ અંગની વિગત કહે છે) ૨-૩. ૧-બે પગ, ૨-હાથ, ૩-બે ઢીંચણ, ૪-છાતી, ૫-મસ્તક, ૬-દૃષ્ટિ, ૭-વચન અને ૮-મન, આ આઠે અંગોએ સહિત શરીરને ભૂમિ ઉપર નમાવીને

જે નમસ્કાર કરવા, તેને અષ્ટાંગ અથવા સાષ્ટાંગ પ્રણામ કહેવાય છે. તે ભગવાનમાં ચિત્ત અર્પણ કરીને ઓછામાં ઓછા પાંચવાર કરવા. તેમજ ભગવાનની ભક્ત એવી જે સ્ત્રીઓ હોય તેણે દિલમાં ઘણું હેત રાખીને પંચાંગ પ્રણામ કરવા. અને તે પણ પ્રેમથી પાંચવાર કરવા. ૪-૬. પાંચ અંગોની રીત એવી છે કે જમીન ઉપર બેસીને ઉમંગ સાથે ૧-બે હાથ, ૨-મસ્તક, ૩-મન, ૪-વચન અને ૫-દૃષ્ટિ, એ પાંચ અંગોથી બહેનોએ પ્રણામ કરવા. ૭. સ્ત્રીઓએ અષ્ટાંગ પ્રણામ કરવા નહીં. મનમાં પ્રેમ રાખીને અક્રૂરની જેમ શ્રીકૃષ્ણ ભગવાનના ચરણકમળોની રજ પોતાના અંગોમાં ચોંટે તે રીતે આળોટવું. મનમાં હેત રાખીને પોતાના શિર ઉપર વારંવાર તે ચરણરજને ધારવી. તેને વંદનભક્તિ કહેવાય છે. ૮-૯.

**✲ દાસત્વ ભક્તિનું વર્ણન :**

હે માતા ! હવે હું દાસપણાની ભક્તિની રીત કહું છું. જેટલા પ્રકારના માન કહેવાતાં હોય, તે સર્વે પ્રકારના માનને ભગવાનના ભક્તે દૂરથી જ તજી દેવા. ૧૦. ભગવાનનું દાસપણું કરવું અર્થાત્ ભગવાનના દાસ થઈને રહેવું. અને દાસપણાની રીતને અનુસરવું. જેમ દાસ (સેવક) પોતાના સ્વામી (માલિક)ની સેવા સમયને અનુસારે કરે છે તેમ ભક્તે પણ દૃઢ નિર્ણય કરીને સમયને અનુસારે પોતાના ઈષ્ટદેવની સેવા-પરિચર્યા પરાયણ રહેવું. આ પ્રમાણે દાસભક્તની રીત જે પ્રમાણે છે તે કહું છું.

પોતાના સ્વામી એવા જે ભગવાન શ્રીકૃષ્ણ, ૧૧-૧૨. તેમની જે જે અને જેટલી સેવા-પરિચર્યા હોય તે બધી સમયને અનુસારે તે રીતે જ તત્પરતાથી કરવી. ૧૩. શ્રીકૃષ્ણ ભગવાનને માટે જળ, પુષ્પો અને તુલસીપત્ર પોતે જાતે જ લઈ આવવા. ૧૪. ભગવાનની પૂજા માટે ચંદન પોતાના હાથથી ઘસીને તૈયાર કરવું. અને ભગવાનના થાળને માટે સ્વયં પવિત્ર થઈને રસોઈ પણ પોતે તૈયાર કરવી. ૧૫. ઋતુ પ્રમાણે અને સમયે સમયે હાથ જોડીને વિનય સાથે સેવામાં તત્પર રહેવું-તૈયાર રહેવું. ૧૬.

**चोपाई :**

**चाय तेसी बडता जो पावे, कृष्ण सेवा हित दास रहावे;**
**श्रीकृष्ण के मंदिर ताके, चाय तेसे काम होय वाके...१८**

વીંજણા, ચામર અને વસ્ત્ર આદિ વસ્તુ લઈને સેવામાં તત્પર રહેવું. શ્રીકૃષ્ણ ભગવાનને વીંજણાથી પવન વીંઝવો. ૧૭. લોકદૃષ્ટિએ ગમે તેવી મોટપ મળે છતાં ભગવાનની સેવા કરવાની હોય તથા ભગવાનના મંદિરની ગમે તે સેવા કરવાની હોય ત્યાં તો દાસ થઈને જ હાજર રહેવું. . ૧૮.

**झारु देना लिपना प्रजंता, दास होई के करत रहंता;**
**अन्न जल फलादिक करीके, जिमि घटे तिमि मनमोद भरीके...१९**

**भगवान ताके भक्त कि तेहा, प्रीति जुक्त होई करहि एहा;**
**दास होईके सेवा करही, गुन के मान ईहाँ परहरही...२०**

વાળવું, લીંપવુંપર્યંતની સેવા દાસ થઈને કરતા રહેવું. મનમાં હરખ રાખીને અન્ન, જળ અને ફળ આદિકે કરીને જેમ ઘટે તેમ સેવા કરવી. ૧૯. પોતામાં જે ગુણ હોય તેનું માન છોડી દઈને કોઈ ભગવાનના ભક્ત હોય તેમની સેવા પણ દાસભાવે પ્રેમથી કરવી. ૨૦. **જેટલા ભગવાનના ભક્ત હોય તેમને પોતાના કરતા અધિક માનવા. મનમાં દાસાનુદાસની ભાવના રાખીને તે ભક્તોને પણ નમસ્કાર કરતા રહેવું. ૨૧.** જેમાં લેશમાત્ર પણ છળકપટ ન હોય ત્યારે તે ભગવાનનો સાચો દાસ ભક્ત કહેવાય છે. આ રીતે દાસાનુદાસ થઈને સેવા કરે તેને દાસત્ત્વભક્તિ કહેવાય છે. હે માતા ! હવે **હું સખાભાવ (મિત્રભાવ)ની ભક્તિનું સ્વરૂપ તમને કહું છું.** ૨૨.

### ❋ સખ્ય ભક્તિનું વર્ણન :

હે માતા ! પૂર્વે દ્રૌપદી અને અર્જુન શ્રીકૃષ્ણ ભગવાનની ઉપર સખાભાવ રાખીને ભક્તિ કરતા હતા. તે રીતે હૃદયમાં ભગવાન સાથે સખાભાવ રાખીને હંમેશા પ્રસન્નપણે રહી સેવા-ભક્તિ કરવી. ૨૩. સખાભાવ રાખનારા ભક્તે પોતાનું શરીર, સ્ત્રી, પુત્ર અને ધન આદિથી પણ વધારે પ્રેમભાવ ભગવાનમાં રાખવો જોઈએ, મનુષ્યલીલા કરનારા ભગવાન મનુષ્યની રીતે ચાલતા હોય છે. ૨૪. છતાં તેઓ જે રીતે રહેતા હોય છે તે બધી તેમની લીલાઓ મોક્ષકારિણી હોય છે. ભગવાનની જેટલી લીલાઓ (ક્રિયાઓ) જેવી હોય તે બધી દોષોને મટાડનારી હોય છે. ૨૫. ભગવાનની કોઈ પણ ક્રિયાઓમાં લેશમાત્ર પણ દોષ હોતા નથી, આમ નિર્દોષભાવે ભગવાનને સેવવા તેને સખ્યભક્તિ

કહેવાય છે. અને જે તેમાં દોષ પરઠે (ઠરાવે) છે તેટલો તેની સખાપણાની ભક્તિમાં આસુરભાવનો પ્રવેશ થયો છે તેમ માનવું. ૨૬. સખાભાવે ભક્તિ કરનારા ભક્તને ગમે તેટલું દુઃખ આવી પડે છતાં તે ભગવાનમાં દૃઢપણે વિશ્વાસ રાખે છે. ૨૭. ભગવાનની જે જે ક્રિયાઓ હોય છે તે બધી દોષ રહિત જ હોય છે એમ સમજવું તે સખાભક્તિની રીત કહી છે. (માટે પ્રત્યક્ષ ભગવાનની નિર્દોષભાવે સેવા કરવી તેને જ સખ્યભક્તિ કહેવાય છે. )૨૮.

**❋ આત્મનિવેદન ભક્તિનું વર્ણન :**

હે માતા ! હવે આત્મનિવેદીપણાની ભક્તિ કે જે નવમી ભક્તિ ગણાય છે તેની વિગતથી વાત કહું છું. ૨૯. અહીં આત્મનિવેદન ભક્તિમાં પોતાનો જે આત્મા અને પોતાનો દેહ તેનાથી સર્વ પ્રકારે કરીને શ્રીકૃષ્ણ ભગવાનની સેવા કરવી અને આત્મા સહિત સર્વસ્વ પરમ પ્રેમથી ભગવાનને અર્થે કરીને રાખવું. તેને આત્મનિવેદનપણું કહેવાય છે. ૩૦. સમજી વિચારીને પોતાના દેહ, ઇંદ્રિયો, અંતઃકરણ અને સ્વભાવ, તથા પોતાના માતા, પિતા, પુત્ર, નારી અથવા તો અન્ય સંબંધીજનોને ક્યારેય આધીન થાવું નહીં. તે અંગે વિચાર કરવો કે જો માતા-પિતા વગેરે સંબંધીઓને પરવશ થઈશ તો જન્મ અને મૃત્યુરૂપ સંસારને વશ થાવું પડશે. આમ વિચારી પોતાના દેહ ઇંદ્રિયાદિને નિત્ય શ્રીકૃષ્ણ ભગવાનને જ આધીન રાખવા. ૩૧-૩૨. જે જે ક્રિયાઓ કરવી તે તે બધી ભગવાનને વશ રહીને જ કરવી, મન, કર્મ, વચનથી શ્રીકૃષ્ણ ભગવાનની જ ભક્તિ કરવી. ૩૩.

વળી પોતાનો જે જે સ્વભાવ ભગવાનની ભક્તિમાં વિઘ્ન કરે તેવો હોય અથવા પોતાના જે સંબંધીઓ ભક્તિમાં વિઘ્ન કરે એવા હોય તો તુરંત તે બધાનો ત્યાગ કરવો. ૩૪. અને ભગવાનના જે ભક્ત હોય તેણે પોતાના નેત્રોએ કરીને શ્રીકૃષ્ણ ભગવાનના પ્રેમભાવથી દર્શન કરવા. ૩૫. કાને કરીને ભગવાનની જે કથા, કીર્તન અને ચરિત્ર, તેને ખૂબ જ પ્રેમરસમાં તરબોળ થઈને વારંવાર સાંભળવા. ૩૬. ત્વચા (ચામડી)એ કરીને ભગવાનના ચરણકમળનો ખૂબ જ ભાવથી વારંવાર સ્પર્શ કરવો. ૩૭. જીભથી ભગવાનના ગુણ-ચરિત્રો (કીર્તન આદિ)ને ગાવા અને ભગવાનને નૈવેદ્યના રૂપમાં અર્પણ

કરેલ અન્નની પ્રસાદી જ જમવી. ૩૮. ભગવાનને અર્પણ કરેલા પુષ્પ કે પુષ્પના હાર, ઈત્યાદીનો સુગંધ લેવામાં નાસિકા (નાક)ને રાખવી. ૩૯.

જે આત્મનિવેદી ભક્ત હોય તેણે પોતાના હાથને કાયમને માટે ઘણા જ પ્રેમરસથી ભગવાનની સેવા-પરિચર્યા કરવામાં જ જોડી રાખવા. ૪૦. વળી, તે ભક્તએ મસ્તકથી હંમેશા ભગવાનને પ્રણામ કરવા. પગથી ચાલીને ભગવાનની પ્રદક્ષિણા કરવી અને ભગવાનની પાસે જાવું. મનથી ભગવાન સંબંધી જ સંકલ્પ કરવા. ૪૧-૪૨. ભગવાનનો દૃઢ નિશ્ચય કરવામાં જ બુદ્ધિનો ઉપયોગ કરવો. ભગવાનનું ચિંતવન કરવામાં ચિત્તને સદા જોડી રાખવું અને અહંકારે કરીને હું ભગવાનનો દાસ છું, એવું દૃઢ કરીને રાખવું. અને દાસત્વ સંબંધી જ અભિમાનનો કેફ અહોનિશ વારંવાર રાખવો. ૪૩-૪૪.

**निवेद करे बिन जेंवत न कबही, आत्मनिवेदी जितने सबही;**
**चंदन पुष्प वस्त्रादिक जेता, पदार्थ जेते कहावत तेता...४६**
**श्री कृष्ण भगवान ताकी, प्रसादि करे बिन धरत न वाकी;**
**पत्र फल जलादिक जितना, हरिकुं धरे बिन लहत न ईतना...४७**

ખેતી કે વેપાર જે કાંઈ ઉદ્યમ-ધંધો હોય તે ભગવાનને અર્થે જ કરી રાખવું. અને જેટલા આત્મનિવેદી ભક્ત હોય તે સૌએ પોતાને અત્યંત પ્રિય જે ખાવાની વસ્તુ હોય તે સર્વે પણ ભગવાનને નૈવેદ્યમાં અર્પણ કર્યા સિવાય ક્યારેય જમવી નહીં. તેમજ ચંદન, પુષ્પ તથા વસ્ત્રાદિક જે જે પદાર્થ કહેવાય છે. તે બધું ભગવાનને અર્પણ કરવું. ૪૫-૪૬. શ્રીકૃષ્ણ ભગવાનની પ્રસાદી કર્યા સિવાય કોઈપણ વસ્તુ-પદાર્થ વાપરવા નહીં. વળી પત્ર, ફળ અને જળ આદિ જે વસ્તુઓ તે પણ ભગવાનને અર્પણ કર્યા સિવાય વાપરવી નહીં. ૪૭. તપ, યજ્ઞ, વ્રત અને દાન તથા સંતોની જે સેવા, આ બધું જે કરવું તે પણ શ્રીકૃષ્ણ ભગવાનની પ્રસન્નતા માટે જ કરવું. ૪૮.

હે માતા ! આ પ્રમાણે મેં શ્રવણ આદિ નવ પ્રકારની જે ભક્તિ તેના લક્ષણ કહ્યા તે પ્રમાણે ભગવાનની ભક્તિ કરવી. ૪૯. જે મનુષ્યના ઘણા મોટા ભાગ્ય હોય તે શ્રીકૃષ્ણ ભગવાનની આ પ્રમાણે નવધા ભક્તિ કરે છે. તેમાં પણ જેને પ્રભુના ચરણોમાં ગાઢ અનુરાગ હોય તેને આત્મનિવેદી ભક્ત

કહેવાય છે. ૫૦. ભગવાનની ભક્તિ મન, વચન અને કર્મથી એકતાર થઈને જે કરતા હોય છે તે ભક્તોના બે પ્રકાર છે. હવે તેની વિગત હું કહું છું. ૫૧.

***ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના પ્રથમ પૂરમાં 'વંદન, દાસત્વ, સખ્ય, અને આત્મનિવેદન ભક્તિના સ્વરૂપ કહ્યા' એ નામે સડસઠમો તરંગ સમાપ્ત ॥૬૭॥***

## પૂર પહેલું : તરંગ - ૬૮

## સકામ ભક્ત અને નિષ્કામ ભક્તની સ્થિતિનું વર્ણન

શ્રીહરિએ પોતાની માતા પ્રેમવતીની આગળ ઘણું હેત કરીને સકામ અને નિષ્કામ ભક્તની વાત પ્રેમથી કહી. ૧. સકામ ભક્ત પોતાના શરીરને છોડીને શ્રીકૃષ્ણ ભગવાનના ગોલોક આદિક ધામમાં જાય છે. અને ત્યાં ધામને વિશે ભગવાને આપેલા અવિનાશી અને મનોવાંછિત આવા સુખને ભોગવે છે. ૨-૩. જે નિષ્કામ ભક્ત છે તે તો શ્રીકૃષ્ણ ભગવાનની સેવા વિનાની મુક્તિને પણ ચાહતો નથી. ૪. તે નિષ્કામ ભક્ત સાલોક્ય આદિ ચાર પ્રકારની મુક્તિને પણ ક્યારેય ઈચ્છતો નથી. અને અણિમાદિક અષ્ટસિદ્ધિઓને પણ ક્યારેય તે ચાહતો નથી. ૫. તે તો એક ભગવાનની સેવાને જ ઈચ્છે છે.

તેથી ભક્તવત્સલ ભગવાન પણ તે ભક્તના ઉપર ઘણું જ પ્રસન્ન રહે છે. ૬. પછી તે નિષ્કામભક્તને પોતાનો અતિ પ્રિયપાત્ર માનીને ભગવાન ખૂબ જ પ્રેમથી તેને ચાર પ્રકારની મુક્તિ અને અણિમાદિક અષ્ટસિદ્ધિ તથા મોટા ઐશ્વર્યને આપવા લાગે છે, પણ તે બધું જ ભગવાનની સેવામાં વિઘ્નરૂપ છે એમ માનીને તેને નિષ્કામ ભક્ત ક્યારેય ગ્રહણ કરતો નથી, અને મનમાં તેને લેવાના સંકલ્પ પણ કરતો નથી. ૭-૮.

**हे मात एसी रीत हि जेही, निष्काम भाव करी जन तेही;**
**श्रीकृष्ण भगवान कुं जेहु, भजत भक्त उत्तम कहे तेहु...०९**
**सब प्रकार पूरनकाम भयेउ, भगवान के हृदय रहे एउ;**
**अति प्रीय जेहि रहेउ जाही, निज हृदय सम कहे ताही...१०**

હે માતા ! આ પ્રમાણે જે ભક્ત નિષ્કામભાવથી શ્રીકૃષ્ણ ભગવાનને ભજે છે તે ઉત્તમ ભક્ત કહેવાય છે. ૯. તે ભક્ત તો સર્વ પ્રકારે પૂર્ણકામ બને છે. અને તે નિષ્કામ ભક્ત તો ભગવાનનું હૃદય કહેવાય છે. તે ભક્ત ભગવાનને અતિશય વહાલો લાગે છે. ભગવાને તેને પોતાના હૃદયના સમાન કહ્યો છે. ૧૦. **જે ભક્તજન નિષ્કામ ભાવથી ભગવાનની સેવા કરે છે, તેને દિન પ્રતિદિન ભગવાનમાં પ્રેમ અતિશય વૃદ્ધિને પામતો જાય છે. ૧૧. પછી તે ભક્તના પ્રેમને કોઈ વિઘ્ન કરી શકતું નથી કે ક્યારેય કોઈ તેનો નાશ કરી શકતું નથી. જેમ ગંગાનો જળપ્રવાહ પોતાના રસ્તામાં અંતરાય કરનારા બધા મોટા પર્વતોને પણ તોડીને તત્કાળ સમુદ્રમાં પહોંચે છે અને તે વચમા ક્યાંય રોકાતો નથી. તેમજ નિષ્કામ ભક્તને પણ ગમે તેવા દેશકાળ આદિના વિઘ્ન આવે છતાં ભગવાનના સ્વરૂપમાં જે તેનો પ્રેમ હોય છે તે ક્યારેય ઘટતો નથી. ૧૨-૧૪.** શ્રીકૃષ્ણ ભગવાનના સ્વરૂપમાં જે પ્રેમવાળા ભક્તજનો છે તે પ્રેમી ભક્ત ભક્તિમાર્ગમાં આવતા સર્વે વિઘ્નોનું નિવારણ કરીને ભગવાનને જ પામે છે. ૧૫. નિષ્કામી ભક્તજનના ચાર અંતઃકરણ (મન, બુદ્ધિ, ચિત્ત અને અહંકાર)ની જે વૃત્તિઓ છે અને નેત્ર આદિ બાહ્યઇંદ્રિયોની જે વૃત્તિઓ છે તે સર્વે સહજ સ્વભાવે શ્રીકૃષ્ણ ભગવાનના સ્વરૂપમાં જ નિમગ્નપણે લાગેલી રહે છે. ૧૬-૧૭. અને ભગવાનના ભક્ત સિવાયના જે લોકો હોય છે, તેના અંતઃકરણ, ઇંદ્રિયોની વૃત્તિઓ સહજ સ્વભાવે માયિક પંચવિષયમાં રહે છે. ૧૮. ભગવાનના ભક્તની જે ઇંદ્રિયો તથા અંતઃકરણની વૃત્તિઓ છે તે બધી નિરંતર ભગવાનના સ્વરૂપમાં જ એકતાર બનીને વર્તે છે. અને તે ભક્ત ભગવાનમાં પ્રેમ કરીને રસબસભાવે રહે છે. ૧૯.

**साक्षातकार प्रत्यक्ष प्रमाना, एसे जो श्रीकृष्ण भगवाना;**
**तामें स्नेह के अधिकपने पाये, निष्काम भक्त जेते जो रहाये...२०**

નિષ્કામ ભક્તને તો સ્નેહની અધિકતાથી શ્રીકૃષ્ણ ભગવાન પ્રત્યક્ષ પ્રમાણ જેવા દર્શન સમાનાકાર જણાતા હોય છે. ૨૦. તે ભક્ત ભગવાનના સ્વરૂપમાં જ આસક્ત રહેતા હોય છે, તેથી તેને ભગવાન સિવાયના બીજા પદાર્થોમાં ક્યારેય આસક્તિ થાતી નથી. ૨૧.

**✲ નિષ્કામભક્તની સ્થિતિનું વર્ણન :**

હે માતા ! આ લોકમાં બે પ્રકારના પદાર્થ છે. એક જે રમણીય, સુંદર અને સારા છે. બીજા અરમણીય છે, અસાર-તુચ્છ છે. ૨૨. તેમાં જે જે પદાર્થો જેટલા રમણીય છે તે તે પદાર્થોને નિષ્કામ ભક્ત જોવે છે ત્યારે તેને તે તેટલા જ દુઃખરૂપ દેખાય છે, એમ નિષ્કામ ભક્તને સહજ સ્વભાવે સમજણ રહે છે. ૨૩.

શ્રીકૃષ્ણ ભગવાનના સ્વરૂપમાં પ્રેમ રાખનારા જે ભક્ત છે તે અસાર-અરમણીય પદાર્થને માત્ર દેહનિર્વાહને કારણે ક્યારેક સુખરૂપ માનીને ગ્રહણ કરે છે પરંતુ રમણીય પદાર્થને તો દુઃખરૂપ ગણીને તુરંત જ તજી દે છે. ૨૪-૨૫. **ભગવાનના નિષ્કામ ભક્તને ભગવાનના સંબંધ વિનાનું મલયાગર ચંદન પણ ઝેર જેવું કે કીચડ જેવું લાગે છે. ૨૬. અપાર સુગંધવાળા અને સુંદર, આવા ફૂલના હાર પણ તે ભક્તને દેખતાની સાથે સર્પના જેવા લાગે છે. ૨૭. ભગવાનના સ્વરૂપને જ સારરૂપ માનનારા ભક્ત સોનાના અને ચાંદીના ઘરેણાને પણ દૂષણરૂપ માને છે. ૨૮.** ભગવત્ પ્રેમીભક્તને સુંદર અને વિવિધ પ્રકારના ફૂલથી સજાવેલી પથારી પણ બળબળતી આગ જેવી લાગે છે. ૨૯. ભગવાનના સ્વરૂપમાં પ્રેમ કરનારા ભક્તને ભગવાન વિનાનો શીતળતા કરનારો ચંદ્રમા પણ ઉનાળામાં આગ વરસાવતા સૂર્યના જેવો લાગે છે. ૩૦. જે પ્રેમીભક્ત હોય છે તેને રમણીય રંગોથી સજાવેલો, સુંદર નવો મહેલ પણ ઘોર જંગલના જેવો જણાય છે. ૩૧. મંદ, શીતળ અને સુગંધી, આવો ત્રણ પ્રકારનો જે સુંદર પવન હોય છે, તે પણ પ્રેમીભક્તને તો દાવાનળની જ્વાળા જેવો અનુભવાય છે. ૩૨.

ચિત્રવિચિત્ર રંગવાળા મનોહર ઝીણા એવા વસ્ત્ર તે ભક્તને ભારરૂપ લાગે છે અને પોતાનું પ્રિય કરનારા જે સગાસંબંધીઓ હોય તે પણ તે ભક્તને તો વરુના જેવા જણાય છે. ૩૩. તે ભક્ત ભગવાન સિવાયના શરીરના સૌંદર્યને કોઢ જેવું દેખે છે અને સુંદર રસદાર ભોજન પણ તેને ઝેરના જેવું દેખાય છે. ૩૪. કાનને ગમે એવા મનોહર રાગ અને રાગણીઓ અર્થાત્

સંગીતના સ્વરો, તેને કાનમાં તીખા બાણના જેવા લાગે છે. કોઈ દેવતા કે દેવાંગના હોય, અથવા કોઈ અપ્સરાઓ કહેવાતી હોય તેની ઉપમા જેને દઈ શકાય આવી રૂપાળી સુંદર સ્ત્રી હોય તોપણ જે પ્રેમીભક્ત છે તેને તો તે રાક્ષસીના સમાન જણાય છે. ૩૫-૩૬.

**दोहा : भगवान एक बिन ओर में, पदार्थ कोउ तामें;**
**प्रीति रहित वरतत रहे, चिह्न यह कहे यामें...३७**

એક ભગવાન સિવાય અન્ય કોઈપણ પદાર્થ હોય, તેમાં જેને પ્રેમ ન થાય, તે પ્રેમીભક્તનું પ્રધાન ચિહ્ન-લક્ષણ છે. ૩૭. જ્યારે આવા લક્ષણો દેખાય ત્યારે સમજવું જે, તે ભગવાનનો યથાર્થ પ્રમાણિત પ્રેમીભક્ત છે. ૩૮.

**सोरठा : प्रेमिभक्त जो ताके, अंतर अरु बाहिर जोउ;**
**एक श्रीकृष्ण वाके, निरंतर स्फुरत रहेउ...३९**

**જે ખરો પ્રેમીભક્ત હોય તેને હૃદયમાં અને બહાર એક ભગવાનની જ અખંડસ્મૃતિ રહેતી હોય છે, ભગવાન જ નિરંતર સ્ફૂરે છે.** ૩૯. અતિ સ્નેહને લીધે કોઈ વખતે ભગવાનની મૂર્તિની સ્ફુરણા જ્યારે થાય ત્યારે તે ભક્ત મૂર્તિને દેખીને વારંવાર હસવા લાગે છે. ૪૦.

***ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના પ્રથમ પૂરમાં 'સકામ ભક્ત અને નિષ્કામ ભક્તની સ્થિતિનું વર્ણન' એ નામે અડસઠમો તરંગ સમાપ્ત ॥૬૮॥***

## પૂર પહેલું : તરંગ - ૬૯

## પ્રેમી ભક્તના લક્ષણ, ઉપદેશથી કૃતજ્ઞ થઈ ભક્તિમાતા શ્રીહરિ સ્વરૂપમાં જોડાઈ ગયા

શ્રીહરિ પ્રેમવતીમાતાની આગળ પ્રેમીભક્તને સમજવા માટે તે પ્રેમીભક્તના લક્ષણની વાત લોકોને સમજાવવા માટે ફરીને કહેવા લાગ્યા. ૧. **પ્રેમીભક્ત કોઈ સમયે માનો ભગવાન પોતાનાથી દૂર જતા રહ્યા છે આવું સમજે ત્યારે તેમના વિયોગને લીધે તે રુદન કરવા (રડવા) લાગે છે. અને**

**જ્યારે તે ભક્ત ભગવાનને પોતાની સમીપે દેખે છે, ત્યારે ભગવાનને પ્રસન્ન કરવા માટે હરખથી નાચવા લાગે છે. ૨-૩.** કોઈ સમયે જાણે ભગવાન તે ભક્તની સમીપે જ બોલતા હોય તેમ વાતો કરે છે, તો કોઈ સમયે તે બુદ્ધિમાન ભક્ત ભગવાનને સાષ્ટાંગ પ્રણામ કરવા લાગે છે. ૪.

ક્યારેક ભગવાન માનો પોતાની પાસે જ ઊભા છે, તેમ સમજીને પ્રેમીભક્ત કશું બોલતો નથી. અને ક્યારેક તે ભક્ત 'હે ભગવન્ ! મારા અપરાધને આપ ક્ષમા કરો' એવી રીતે ભગવાનની પ્રાર્થના કરતો હોય છે. કોઈ વખતે સ્નેહથી પરવશ થઈ ગયો હોય તેમ તે ભક્ત દુનિયાની લાજ-મર્યાદા છોડીને વારંવાર કીર્તન ગાવા લાગે. અને કોઈ વખતે હે હરે ! હરે ! હે નારાયણ ! એમ મુખથી ઉચ્ચા સ્વરે બોલવા લાગે. ૫-૭.

**चोपाई :**

**कहे एसे भक्त सो जेही, आपकि चरनरज करहि तेही;**
**समग्र जगत कहावत जितना, ताकुं पवित्र करत हे तितना...१०**

ક્યારેક તે ભક્ત ભગવાનના નામોને હે સ્વામિન્ ! હે કૃષ્ણ ! હે ગોવિંદ ! હે માધવ ! આ રીતે ઊંચે સ્વરે બોલે. ૮. આ રીતે જે પ્રેમીભક્ત હોય તે વારંવાર ભગવાનને બહુ પ્રકારે પોકારતો રહે છે. ભગવાનના પ્યારા આવા પ્રેમીભક્તો ઉપરોક્ત કહ્યા ઇત્યાદિક અનેક પ્રકારના લક્ષણોથી યુક્ત હોય છે. તેના ઉપરથી તે ભક્ત ઓળખાય છે. ૯. આવી રીતના જે ભગવાનના ભક્ત છે તે પોતાની ચરણરજથી સમગ્ર જગતને પવિત્ર કરે છે. ૧૦. હે માતા ! કહ્યા એવા જે અતિશય પ્રેમયુક્ત ભગવાનના ભક્ત છે તેના પ્રાણ અને મન, ભગવાનની મૂર્તિમાં જ રહે છે. આવી રીતના જે ભગવાનના ભક્ત નર અથવા નારી હોય તેના મન અને પ્રાણોના નિરોધરૂપી સમાધિ આ ભક્તને સહેજમાં ચોક્કસ થાય છે. ૧૧-૧૨. તે ભક્ત જ્યારે પોતાના શરીરનું પ્રારબ્ધ કર્મ પૂરું થાય ત્યારે તેનો ત્યાગ કરે છે. અને ભગવાનના અત્યંત બળને પામે છે. ૧૩. પછી તે માયાના સત્ત્વ, રજ અને તમ, એ ત્રણ ગુણોથી રહિત થઈને સર્વોત્તમ નિર્ગુણભાવને પામે છે. ૧૪. પછી તે ભક્ત ભગવાનની ઇચ્છાથી બ્રહ્મરૂપ દિવ્ય ભાગવતી તનુને પામે છે. અને દિવ્યવિમાનમાં બેસીને તેને

જે ધામ પ્રિય હોય તેવા ભગવાનના ધામમાં જઈને રહે છે. ૧૫-૧૬ અને તે પ્રેમીભક્તને ધામમાં જે દિવ્યસુખ મળે છે, તે મુખથી કહી શકાતું નથી. તે બીજા જે સકામ ભગવાનના ભક્ત હોય તેના કરતા ઘણી મોટપને પામે છે. ૧૭. ગોલોક, અક્ષરધામ અથવા વૈકુંઠધામમાં જે જે ભક્તો રહ્યા છે તેને તે પ્રણામ કરે છે. ૧૮. પછી તે ભક્ત (મુક્ત) શ્રીકૃષ્ણભગવાનની અખંડ સેવામાં રહે છે. હે માતા ! તે ધામમાં શ્રીકૃષ્ણ ભગવાન તે ભક્તને અપાર દિવ્યસુખ પરાણે આપે છે કે જે સુખનો કાળે કરીને પણ નાશ થતો નથી. આ વાત નિશ્ચિત છે તેમાં કાંઈ જ ફેરફાર નથી. ૧૯-૨૦.

### ❋ હરિગીતાના જ્ઞાનની મહત્તા :

હે માતા ! આ રીતે મેં પહેલા સાધુના લક્ષણ કહ્યાં અને પછી ધર્મ, જ્ઞાન અને વૈરાગ્યે સહિત ભક્તિનું લક્ષણ તમને કહ્યું છે. સમસ્ત શાસ્ત્રોના રહસ્યરૂપ આ અધ્યાત્મશાસ્ત્ર જે મેં કહ્યું છે, તે અનંત જીવોના કલ્યાણ કરવા માટે કહ્યું છે, અને આ હરિગીતા કહેવાનો આટલો જ મતલબ છે. ૨૧-૨૨. મેં જે આ સિદ્ધાંત યથાર્થ રીતે આપની આગળ કહ્યો છે, તેમાં ચારવેદ, પંચરાત્ર તંત્ર, સ્વતંત્ર એવા સાંખ્ય અને યોગશાસ્ત્ર અને ધર્મશાસ્ત્ર, એ બધા જ શાસ્ત્રોનું સમગ્ર રહસ્ય તમને સ્પષ્ટપણે કહ્યું છે. હે માતા ! તેને તમે પરમ સુખદાયી સમજો. ૨૩-૨૪.

હે માતા ! આપની આગળ મેં જે આ હિત કરનારી તથા કલ્યાણકારી શાસ્ત્રોના રહસ્યભરી વાત કહી છે, તે દુર્લભમાં પણ અતિશય દુર્લભ છે એમ માનવું. ૨૫. તમે પોતાના મનમાં આ રહસ્યરૂપ સિદ્ધાંતની વાતને વારંવાર સંભારી રાખજો. જેનાથી તમે બધા જ કષ્ટોથી જલ્દી મુક્ત થઈ જશો. ૨૬. મેં કહેલી આ વાતનો વિચાર કરતા રહેશો તો સર્વથી શ્રેષ્ઠ સુખને પામશો. અને તેને લીધે ક્યારેય તમને દુઃખ નહીં થાય. ૨૭. આ સર્વોત્તમ અને સર્વનું હિત કરનાર રહસ્યની વાત તમને કહી તે બધી વાતને જે કોઈ સાંભળશે અથવા સદ્‌ભાવથી કોઈની આગળ રહસ્યમય વાત કહેશે,૨૮. તો તે બંનેને શ્રીકૃષ્ણ ભગવાનમાં સુદૃઢ નિશ્ચળ ભક્તિ થશે અને પોતાના મનોવાંછિત સુખને પામશે. ૨૯.

હે ઉત્તમરાજા ! પોતાના પુત્ર શ્રીહરિએ કહેલી આ રહસ્યપૂર્ણ વાતને સાંભળીને પ્રેમવતીમાતા હૃદયમાં ખૂબ જ પ્રસન્ન થયા. તેમના બધા જ સંશયો ટળી ગયા. પછી તેઓ ઘણાં જ પ્રેમથી શ્રીહરિને કહેવા લાગ્યા. ૩૦-૩૧. હે હરે ! આપે મને સ્વધર્મ, જ્ઞાન અને વૈરાગ્યે યુક્ત આવી જે શ્રવણાદિક નવ પ્રકારની ભક્તિ કહી છે તે મનુષ્યોને માટે કલ્યાણકારી છે. ૩૨. આવી શ્રીકૃષ્ણ ભગવાનની ભક્તિ આપે જે મને કહી, તે શ્રીકૃષ્ણ પ્રભુ તો અત્યારે આ લોકમાં આપ શ્રીહરિ જ છો, જે મારા પુત્રરૂપે પ્રકટ્યા છો. મારા મનમાં મેં આવો દૃઢ નિશ્ચય કર્યો છે. તેમાં એક રતિ જેટલો પણ સંશય નથી. ૩૩-૩૪.

હે હરે ! હવે હું મારા મનને આપના સ્વરૂપમાં જોડી રહી છું. અત્યારે હું માયા, કાળ અને કર્મના બંધનથી અને બધી જાતના કષ્ટોથી આ વખતે મુકાઈ ગઈ છું. હે કૃપાળુ ! આપની કૃપાથી આપનું જે પરમ અક્ષરધામ છે તેને હવે હું તત્કાળ પામીશ. ૩૫-૩૬. માતા પ્રેમવતીએ ખૂબ જ પ્રેમથી શ્રીહરિને આ રીતે કહ્યું. તે પછી તેમણે અત્યંત શુદ્ધ એવા પોતાના મન તથા ચિત્તને શ્રીહરિના સ્વરૂપમાં જોડી દીધું. ૩૭. **જ્યારે તેઓએ હૃદયમાં શ્રીહરિનું ધ્યાન કર્યું ત્યારે તેમને દેહની સ્મૃતિ ભૂલાઈ ગઈ અને તેમને શ્રીહરિના સિવાયનું અન્ય કાંઈ દેખાય જ નહીં, એવી શ્રીહરિએ તેમની ચિત્તવૃત્તિ સ્થિર કરાવી. ૩૮.** શ્રીરામપ્રતાપજી, શ્રીહરિ અને શ્રીઈચ્છારામજી, ભક્તિમાતાના એ ત્રણે પુત્ર ખૂબ જ ભાવનાથી માતાની સેવા કરતા હતા. ૩૯. રામપ્રતાપજીના પત્ની સુવાસિનીબાઈ પણ ભક્તિમાતાની સેવા કરતા હતા તેમજ બીજા પણ કેટલાક સગા-સંબંધીઓ સેવા કરવા માટે ત્યાં હાજર હતા. ૪૦.

***ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના પ્રથમ પૂરમાં 'પ્રેમીભકતના લક્ષણ, ઉપદેશથી કૃતજ્ઞ થઈ ભક્તિમાતા શ્રીહરિ સ્વરૂપમાં જોડાઈ ગયા' એ નામે ઓગણો સિત્તેરમો તરંગ સમાપ્ત ॥૬૯॥***

## પૂર પહેલું : તરંગ - ૭૦

## ભક્તિમાતાને તાવ, અયોધ્યાની સ્ત્રીઓએ વ્યક્ત કરેલી લાગણી

ઉત્તમરાજાએ શ્રીમુક્તાનંદ સ્વામી આગળ હાથ જોડ્યા. ભક્તિમાતાને પછી શું થયું ? એવી અત્યંત રસરૂપ-સુખરૂપ અને પરમ અનુપમ વાત પૂછી. ૧. તે સાંભળીને શ્રીમુક્તાનંદસ્વામી જેના પુત્ર સાક્ષાત્ શ્રીહરિ છે એવા ભક્તિમાતાની સાક્ષાત્ અક્ષરધામરૂપ પદને પહોંચાડનારી એવી વાત કહેવા લાગ્યા. ૨. તે દિવસ (સંવત ૧૮૪૮)**કાર્તિક સુદિ દશમની તિથિ અને મંગળવાર** હતો ત્યારે ભક્તિમાતાને શરીરે તત્કાળ ઘણો જ તાવ આવ્યો. ૩. પ્રસન્ન મનથી ઘરકામ કરતા હતા પણ જ્યારે તાવ આવ્યો ત્યારે સૂઈ ગયા. તે જાણીને રામપ્રતાપજી, ઈચ્છારામજી અને ધર્મદેવ ઉતાવળા દોડી આવ્યા. ૪.

પરમ દયાળુ પુત્રરૂપ શ્રીહરિ તે તાવની વાતને સાંભળીને તરત જ માતાની પાસે આવીને બેઠા. રામપ્રતાપજીના પત્ની સુવાસિનીબાઈ, તેના પુત્ર નંદરામજી અને જે ત્યાં સંબંધીઓ હતા તે બધા આવ્યા. અયોધ્યાનગરના કેટલાક પુરુષો અને સ્ત્રીઓ, બધા ભક્તિમાતાને તાવ આવ્યો છે આવું સાંભળીને તેમને જોવા તથા મળવા આવ્યા. ૫-૬. ભક્તિમાતાના શરીરમાં તાવે આવીને ઘણો પ્રવેશ કર્યો હતો પણ તેમના મનમાં તે અંગે લેશમાત્ર પણ દુઃખ ન હતું. તેમને તે તાવ હતો કે જેને 'કાળજ્વર' કહેવાય છે. ૭. રામપ્રતાપજીએ માતાના હાથની નાડી દેખી. **શરીરમાં તાવની પીડા ઘણી હતી પણ અંતઃકરણમાં તો સુખનો કોઈ પાર નહોતો.** ૮.

અયોધ્યા શહેરના જેટલા પ્રસિદ્ધ વૈદ્ય ગણાતા હતા તે બધા તાવના સમાચાર સાંભળીને તરત આવ્યા. શહેરના લોકોને ભક્તિમાતાના ઉપર પારાવાર પ્રેમ હતો. ૯. ભક્તિમાતાની બીમારી જોઈને શહેરની સ્ત્રીઓ શોક કરવા લાગી. અને બોલી કે, જેની સાથે કોઈની તુલના કરી શકાય નહીં એવા સતી ભક્તિમાતાના જેવી કોઈ બીજી સ્ત્રીને આપણે દેખી નથી તેમજ સાંભળી પણ નથી. ૧૦. આ જગતમાં બ્રહ્માણી (વિધાતા), રુદ્રાણી (પાર્વતી), દ્રૌપદી અને સીતા, આવી સતીઓ ઘણી જ હતી. તેમજ

ગાંધારી, યશોદા અને દેવકીજીના કરતા પણ આ ભક્તિમાતા તો અતિ ઉત્તમ સતી હોય તેવું પ્રમાણિત થાય છે. ૧૧. અયોધ્યાપુરીની બધી જ સ્ત્રીઓ ભક્તિમાતાની પ્રશંસા કરતી હતી અને પરસ્પર બોલતી હતી કે પૂર્વે થયેલી સમગ્ર સતીઓએ વંદન કરવાને યોગ્ય ભક્તિદેવી છે. ૧૨. અયોધ્યામાં તે વખતે એવી અગણિત સ્ત્રીઓ હતી કે જેઓ ભક્તિમાતાના સત્સંગથી પરમપવિત્ર થઈ હતી અને ભગવાન સિવાય આ જગતમાં ક્યાંય હેત રાખતી નહીં. ૧૩. **તે બધી સ્ત્રીઓ આવીને ભક્તિમાતાને આશીર્વાદ આપતી હતી અને આપનો સત્સંગ અમને કાયમ રહે એવા આશીર્વાદ પણ મસ્તક નમાવીને તેમની પાસે માગતી હતી. ૧૪.**

અને બોલતી કે, હે ભક્તિમાતા ! આપના પ્રતાપથી અમે બધી સંસારને તરી ગઈ છીએ. જે દિવસથી આપનો જોગ થયો છે તે દિવસથી સંસૃતિનું દુઃખ અને પાપ બધું જતું રહ્યું છે. ૧૫. આપ જે દિવસથી અહીં આવ્યા છો તે દિવસથી અયોધ્યાનગર અતિ સમૃદ્ધિવાળું થયું છે. એવો આપના ચરણનો પ્રતાપ છે એમ અમે માનીએ છીએ. ૧૬. તે આપના ચરણ અતિશય દુર્લભ છે એમ સમજીને તથા કદાચ આપનો વિયોગ થાય, આવી કલ્પના કરીને અમે અહીં દોડી આવ્યા છીએ. ક્યારેય અમને આપનો વિયોગ ન થાય. જ્યાં આપ હોવ ત્યાં અમે સર્વે સાથે આવશું. ૧૭.

આપ અને અમે ઘણા દિવસ સાથે રહ્યા છીએ હવે અમને એમ લાગે છે કે આપે અમને વિયોગ કરાવવાનું મન કર્યુ છે. અત્યાર સુધીનો બધો શુભ સમય વીતી ગયો છે. હવે અમારે માટે વિષમકાળ આવશે. ૧૮. આપના વિના (વિયોગથી) ધર્મદેવ ભૂમિ ઉપર થોડા દિવસો જ રહેશે. વળી આપના સુપુત્ર ઘનશ્યામને તો આપના ઉપર અપાર હેત છે. ૧૯. તે પણ તમારા વિના ઘરમાં ટકશે નહીં. જો કે અમે તેને ઘણા જ પ્રયત્નો કરીને રોકી રાખશું. તેમનો જન્મ જે દિવસે થયો છે ત્યારથી આરંભીને તેમને તમારા સિવાય બીજા કોઈ સાથે હેત થયું નથી. ૨૦.

જેટલા ભગવાનના મંદિરો છે ત્યાં બધે ઘનશ્યામ આખો દિવસ ફરતા રહે છે. તેમની રુચિ તો તીર્થોમાં અને વનમાં રહેવાની જણાય છે. તેમની

કળા અકળ છે, કોઈ તેને જાણી શકે તેમ નથી. ૨૧. ઘનશ્યામને સંસારની કોઈપણ વાતમાં લેશમાત્ર પણ પ્રીતિ નથી. તેમના દિલમાં ભાંડભવાઈનું મનોરંજન પ્રવેશ્યું જ નથી. તે ક્યારેય હાંસી કે ઠઠ્ઠા મશ્કરી કોઈની સાથે કરતા નથી. અને તેમણે બચપણથી જ મૌનવ્રત રાખ્યું છે. ૨૨.

જગતના એલફેલને તેમણે તજી દીધા છે. રામ અને કૃષ્ણ અવતારના જે ચરિત્ર છે તેની વાતો તેઓ કહે છે. ૨૩. **તે વાતોમાં જ તેમને અનંત અને અપાર રુચિ છે. એમ અમે વારંવાર દેખીએ છીએ. મનુષ્યથી તો આવી રીતે કોઈ કાળે રહી શકાય નહીં. હે બાલાદેવી ! તમે તો મહાન્ પ્રતાપી છો. ૨૪.** અમે તો બધી તેમને જોઈએ છીએ ત્યારે અમને અપાર આનંદ થાય છે. અમને અમારા પુત્ર પણ ઘનશ્યામ જેવા પ્રિય લાગતા નથી. એવું અમે અમારે મુખે કહીએ છીએ. ૨૫. અમે તેમના ઉપર ઘણું હેત કરીએ છીએ પણ તેઓ ક્યારેય અમારા ઉપર હેત કરતા નથી. તેઓ બાળકોની સાથે ક્યારેય રમવા પણ જાતા નથી. તેમણે સંસાર ઉપરથી પ્રેમરસ ટાળી નાખ્યો છે. ૨૬. તેઓ સંસારથી ઉદાસ ફરે છે. કોઈ નિષ્કામ ભક્તને દેખે તો તેમની પાસે બેસે છે. એમની વાત જ એવી અલૌકિક છે કે, **અનંત અવતારો થઈ ગયા છે અને હજી પણ અનંત અવતારો થશે. મુક્તોનો તો કોઈ સુમાર (અંદાજ) જ નથી, એટલા થયા છે. પરંતુ તે સહુથી આ ઘનશ્યામની ગતિ-સ્થિતિ અધિક દેખાય છે. ૨૭-૨૮.**

આકાશ સર્વત્ર વ્યાપક છે. તેના સિવાયની કોઈ ચીજ નથી. પણ ઘનશ્યામ તો તેથી પણ પર છે અને તેના કરતાં પણ નિર્બંધ છે. આ આપના પુત્ર ઘનશ્યામ એવા છે કે તે માનવ સમાજમાં પ્રગટ થયા છે છતાં સહુથી અલગ (ન્યારા) જ દેખાય છે. ૨૯. તેમની ગતિ અકળ છે. કોઈના લક્ષ્યમાં (કળ્યામાં) તે આવતા નથી. આવા તેમને દેખીને અમને વિસ્મય થાય છે. તેમની રીત સહુ મનુષ્ય, દેવો કે ઈશ્વરોથી પણ ભિન્ન છે. ભવ અને બ્રહ્મા જેવા પણ તેમનો પાર પામતા નથી. ૩૦.

જે લોકો આ ઘનશ્યામનો પાર (તાગ) લેવા ગયા તે બધા તેમાં ડૂબી ગયા છે. શેષ, શારદા, નારદ, જ્ઞાની શુકદેવજી, અને વિજ્ઞાન સંપન્ન સનકાદિકો, આ બધા અત્યાર સુધી એમનો પાર પામી શક્યા નહીં, તો અમે

એમની શી ગણતીમાં ? હે માતા ! તમારા સમાન ઘનશ્યામમાં બીજા કોઈને ભક્તિભાવ નથી, છતાં તે તમારે વશ વર્તતા નથી, એવા તે અજીત છે. ૩૧-૩૨. એમની રીત મનુષ્ય કરતા અલૌકિક છે. એમને કોઈ જીતી શકે નહીં. એમનું નામ જ સદા અજિત છે. તેઓ માનવરૂપમાં જન્મ્યા છે છતાં તે કર્માધીન નથી માટે અજન્મા છે અને તેઓ અખંડ કહેવાય છે. ૩૩. જે અપાર છે તેનો પાર લેવા પ્રયત્ન કરીએ તો અમે મૂર્ખના રાજા કહેવાઈએ. માટે પોતાની બુદ્ધિને અનુસારે જ ભગવાનના ચરિત્રોને કહેવા જોઈએ. ૩૪.

જેને જેટલી ભૂખ કે તરશ હોય, તેણે તેટલું ખાવું-પીવું જોઈએ. જે માપસર જ ખાય પીવે છે તેને ક્યારેય તે ખાવા પીવાનો અભાવ આવતો નથી, દિન પ્રતિદિન અધિક ભાવ રહે છે. ૩૫. એક લાલમણિ નામે તંબોળી (પાન, સોપારી વેચનારો) હતો તેની પત્નીનું નામ વલની હતું. જે ઘણી નિઃસ્વાર્થ ભાવે પ્રેમ રાખતી હતી અને ભક્તિમાતા તેને બહેન માનતા હતા. તેણે ઉપર પ્રમાણે ભક્તિમાતાને હેતથી કહ્યું. ૩૬. ભક્તિમાતાની સેવા રામપ્રતાપજીએ ઘણી કરી છે. એવી સેવા કોઈથી થઈ શકે નહીં. રામપ્રતાપજીએ તો સેવામાં તન અને મન સમર્પિત કરી દીધું છે. ૩૭. તેવી રીતે જ શ્રીઘનશ્યામ, ઈચ્છારામજી અને સુવાસિનીબાઈએ પણ ઘણો જ પ્રેમ લાવીને અતિ સેવા કરી છે. ૩૮.

**सोरठा : धर्म त्यां में रहत, में रहत त्यां धर्म रहत;**
**सुत कुं एसे कहत, जानो बचन मम सत्य कर...४०**

ભક્તિમાતા તે સહુની સેવા જોઈને ખૂબ જ રાજી થયા. તેણે પોતાના પુત્રોને કહ્યું કે તમારું મન ધર્મમાં રાખજો. ૩૯. જ્યાં ધર્મ હોય ત્યાં હું ભક્તિ રહું છું અને જ્યાં હું રહું છું ત્યાં ધર્મ રહે છે. મારા આ વચનને સત્ય કરી જાણજો. આમ પોતાના પુત્રોના પ્રત્યે ભક્તિમાતાએ કહ્યું. ૪૦.

***ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના પ્રથમ પૂરમાં 'ભક્તિમાતાને તાવ અને અયોધ્યાની સ્ત્રીઓએ વ્યક્ત કરેલી લાગણી કહી' એ નામે સીત્તેરમો તરંગ સમાપ્ત ॥૭૦॥***

## પૂર પહેલું : તરંગ - ૭૧

## ભક્તિમાતાનો અક્ષરવાસ

શ્રીમુક્તાનંદ સ્વામીએ કહ્યું, હે રાજા ! તમે સાંભળો, શ્રીહરિએ ભક્તિમાતાને જે કહ્યું, તે વાર્તા મહા અલૌકિક છે અને ભક્તોને ભગવાનમાં હેત કરનારી છે. ૧. શ્રીહરિ બોલ્યા, હે માતા ! આ માયિક શરીરને તજી દો અને દિવ્યશરીરને ધારણ કરો, હવે મારા દિવ્યધામમાં નિવાસ કરો. હું આપને પ્રસિદ્ધ કરીશ. ૨. હવે પછી થોડા જ દિવસોમાં ધર્મદેવ પણ આપની પાસે આવશે. નવીન દિવ્ય શરીર ધારણ કરશે. કેમ જે આ શરીરમાં કશો સાર નથી. ૩. ભક્તિમાતાએ શ્રીહરિનું આવું અનુપમ વચન સાંભળ્યું. પછી તેમણે હૃદયમાં પોતાની પાસે રહેલા શ્રીહરિની મૂર્તિ ધારી. અને તરત જ તેઓ પોતાના ભૌતિક શરીરના ભાનને ભૂલી ગયા. ૪.

### ✵ ભકિતમાતાને સમાધિમાં શ્રીહરિનાં દર્શન :

તે સમયે અરુણોદય થઈ રહ્યો હતો. પછી સુકુમાર શરીરવાળા શ્રીહરિ સરયૂમાં સ્નાન કરવા પધાર્યા. સ્નાન કરીને તુરંત પાછા આવ્યા અને દયાળુ શ્રીહરિએ માતાને જોયા. ૫. તે જ સમયે ભક્તિમાતાને પોતાના હૃદયમાં શ્રીહરિની મૂર્તિના દર્શન થયા. મૂર્તિનું મુખ પ્રસન્ન હતું. વર્ણીના સમાન વેશ હતો. મસ્તક ઉપરના વાળ ઝગમગતા તેજથી શોભી રહ્યા હતા. ૬. મસ્તક ઉપરના કેશ સુંદર છટાથી બાંધ્યા હતા. પૂર્ણ ચંદ્રના જેવું મુખ શોભતું હતું. નેત્ર કમળની પાંખડીના સમાન લાલ હતા. સુંદર વિશાળ લલાટ ઝગમગી રહ્યું હતું. ૭. નવીન મેઘના સમાન શ્યામ શરીર તમાલવર્ણું લાગતું હતું. ભક્તજન પ્રતિપાલક (શ્રીહરિએ) પીતાંબર પહેર્યું હતું. બીજું પીતાંબર ખભે હતું. ચરણોમાં પાદુકા પહેરી હતી. ૮. કંઠમાં બેવડી તુલસીની કંઠી હતી, કેસર તિલક કપાળમાં કર્યું હતું. શ્વેત યજ્ઞોપવીત (જનોઈ) છાતી ઉપર ધાર્યું હતું. ચાતુર્યભર્યું મંદમંદ હાસ્ય મુખ ઉપર છવાયું હતું. ૯.

ઉપર કહ્યા પ્રમાણેની મૂર્તિનું ચિંતન કરતાં કરતાં મૂર્તિ ભક્તિમાતાના ચિત્તમાં ચોંટી ગઈ. તેથી શરીરમાં વ્યાધિનું દુઃખ રહ્યું નહીં અને જીવમાં

પરમ સુખ થયું. ૧૦. સુખમય પોતાના આત્માનો સાક્ષાત્કાર થયો. તેમને આત્માનું દર્શન થયું. તે આત્મા અજર, અમર, અછેદ્ય, અપાર, અખંડિત, શુદ્ધ જ્ઞાનસ્વરૂપ અને અવિકારી જણાયો. ૧૧. તેજોમય, સ્વયંપ્રકાશ, સમગ્ર માયિકભાવોથી પર જણાયો અને ઇંદ્રિયો, અંતઃકરણ, દેહ અને ત્રણ ગુણ, એ બધું માયિક ભાવનું અને મલિન દેખાયું. ૧૨. પછી માતાને માયિકભાવોથી, માયાથી અને પોતાના આત્માથી પર અત્યંત પ્રકાશમાન અક્ષરધામ દેખાયું. જેને તેજોમય બ્રહ્મપુર કહે છે. તે અક્ષરધામમાં નિવાસ કર્યો. ૧૩.

બ્રહ્મતેજને મધ્યે અનુપમ શ્રીકૃષ્ણના દર્શન થયા. મૂર્તિ ઘણી મનોહર હતી. રૂપ નખશિખ સુંદર હતું. ૧૪. છટાદાર મૂર્તિની શોભા જોઈને કરોડો કામદેવ લજ્જાઈ જતા હતા. કરોડો ચંદ્રમાના જેવો પ્રકાશ પ્રત્યેક અંગમાં હતો. ૧૫. અંગો ઉપર અનુપમ અદ્‌ભુત સોનેરી વસ્ત્ર શોભતા હતા. ચિંતવતાની સાથે જ તેમાં મન લોભાઈ જતું હતું. કમર ઉપર સોનાનો કંદોરો પહેર્યો હતો. ૧૬. નવીન રંગથી ચમકતા નંગો જેમાં જડ્યા હતા એવો મોરમુકુટ મસ્તકે શોભતો હતો. બંને કાનોમાં મકરાકૃતિ કુંડળ ધાર્યાં હતાં. હાથ ઉપર પહોંચી અને ભુજાઓમાં બાજુબંધ પહેર્યા હતા. ૧૭. કંઠમાં કૌસ્તુભમણિ અને ગળામાં મોતીની માળાઓ લટકતી હતી. સોનાના વેઢ, વીંટીઓ અને સાંકળાં વગેરે અંગૂઠા, આંગળિયો અને કાંડામાં પહેર્યાં હતા. જેની ઘણી અદ્‌ભુત શોભા હતી. ૧૮.

ચરણોમાં ઝાંઝર (નૂપુર) ઘણા શોભતા હતા. છેલછબિલાની છટાદાર શોભા હતી. નવીન કિશોર મૂર્તિ નમણી લાગતી હતી, તે મૂર્તિએ મહાકમનીય (સુરમ્ય) શોભા ધારી હતી. ૧૯. કેસર મિશ્રિત ચંદન અંગો ઉપર ચર્ચ્યું હતું. કપાળ ઉપર ચમકતું રંગીન તિલક કર્યું હતું. કાન ઉપર ગુલાબના ગુચ્છ હતા અને મસ્તક ઉપર કલગી અને તોરા વિરાજતા હતા. ૨૦. કંઠમાં અણમૂલી વૈજયંતીમાળા ધારી હતી. તેમજ અંગોઅંગમાં ફૂલ શોભતાં હતાં. અધર (હોઠ) ઉપર રાખેલી મુરલીના નાદના શબ્દ મધુર સ્વાદુ લાગતા હતા. ૨૧. આવી રીતે શ્રીકૃષ્ણના જ્યારે દર્શન થયા ત્યારે પ્રેમવતીમાતા પરમ પુનિત થઈ

ગયા. મૂર્તિ સામે જોતા અપાર પ્રેમ વધ્યો. આંખોમાંથી પ્રેમના આંસુઓની ધારા સતત વહેવા લાગી. ૨૨.

### ❋ ભકિતમાતાએ શ્રીહરિનો મહિમા કહ્યો :

**વળી, ભક્તિમાતા થોડીવારે શરીરના ભાનમાં આવ્યા ત્યારે કૃષ્ણને પોતાના પુત્ર એવા બ્રહ્મચારીના રૂપમાં દેખ્યા. તે કૃષ્ણહરિને હરિકૃષ્ણના રૂપમાં દેખ્યા. સમાધિમાં જે જોયા તેમાં અને પ્રત્યક્ષ બહાર રહેલા શ્રીહરિમાં કાંઈ ભેદ દેખાયો નહીં. ૨૩.** ત્યારે ભક્તિમાતાએ બે હાથ જોડ્યા અને બોલ્યા, આપનો મહિમા અલૌકિક છે, તે મહિમાને મેં અત્યારે જ જોયો તેને થોડામાં કહું છું. ૨૪. અનંત બ્રહ્માંડોના અનંત શિવ, બ્રહ્મા અને ઇંદ્રાદિક બધા જ દેવો દિનરાત લગાતાર આપની સ્તુતિ કરે છે, તેમાં કોઈ થાકતા જ નથી. ૨૫. અનંત તેજોમય મહામુક્તો અને અનંતધામોના અધિપતિઓ કે ઈશ્વરો આપને વારંવાર વંદન કરવા આપના ચરણોમાં મસ્તક નમાવે છે. ૨૬. ગોલોક અને વૈકુંઠધામના અનંત અને અપાર પાર્ષદો મનમાં ઉલ્લાસ લાવી આપની પાસે આવી આવીને, આપને વંદન કરે છે. ૨૭. રાધા અને લક્ષ્મી આદિ અનંત શક્તિઓ (મહારાણીઓ) અત્યંત સુંદરરૂપ ધારીને આપના મહિમાનું ગાન કરતાં એક ક્ષણવાર પણ તૃપ્તિ અનુભવતા નથી અર્થાત્ થોડીવાર પણ વિશ્રાંતિ લેતા નથી. ૨૮. **જે અષ્ટ સિદ્ધિઓ અને નવ નિધિઓ છે તે પણ ઘણા પ્રેમરસ ભર્યા થઈને આપના મહિમાને ગાય છે. તેમજ મોટા મોટા દેવો છે તે પણ વિમાનમાં બેસીને આવતા જતા સર્વત્ર આપના જ ગુણોને ગાય છે.** ૨૯.

મહાકુશળ તે દેવો અનંત પ્રકારની પૂજા સામગ્રી લઈને અખંડપણે આપની પૂજા કરે છે. સહુના સુખકારી એવા આપ પણ તે જેટલા દેવો હોય છે તેટલા રૂપ ધારીને તેમને દર્શન આપો છો. ૩૦. આપ અનંતરૂપોને ધારણ કરો છો તો પણ પૂજાનો પાર આવતો નથી, એટલા દેવો-મુક્તો, ઈશ્વરો આપને પૂજે છે. આપ એવું અપાર સુખ આપનારા છો, ત્યાં જાતજાતના વાજિંત્રોનો ધ્વનિ વ્યાપી ગયો હોય છે. તે ધ્વનિને સાંભળતા તૃપ્તિ થતી નથી. ૩૧. તે આપના સાનિધ્યમાં કોઈને ક્યારેય ભૂખ કે તરસ લેશમાત્ર

પણ લાગતી નથી. હંમેશા મૂર્તિમાં જ તૃપ્ત થઈને રહે છે. કામ, ક્રોધ, લોભ, મોહ, ઈર્ષ્યા, માન, મદ અને અવિવેક, આવા અનંત દોષો જે નરકનો સાજ છે તે ત્યાં આપની પાસે આવતા લજ્જાય છે અર્થાત્ આવી શકતા નથી. આપના દિવ્યધામને દેખીને તત્કાળ દૂર ભાગે છે અને બેહાલ થઈ જાય છે. ૩૨-૩૩. ભગવાનના ભક્તોને માટે એ બધા દોષો ચોરરૂપ છે અને મોક્ષના માર્ગમાં ઘણું મોટું વિઘ્ન કરે એવા બળિયા છે. પરંતુ આપનું ધામ દેખીને તે દોષોને અતિ તાપ લાગે છે, એટલે તેઓ તે સ્થળે ક્યારેય આવતા નથી. ૩૪.

જે આપના અપરાધી હોય છે તેની ત્યાં સુધી ગતિ હોતી નથી. જે આપના વચનનું ઉલ્લંઘન કરે છે તે તો દેવલોક આદિ બીજા અનંત લોક છે તેમાં રહે છે. ૩૫. તે ધામમાં જે ભક્ત-મુક્ત રહેલા હોય છે તેઓ આવી બધી વાતો કરતા હોય છે. આ પ્રમાણે ભક્તિમાતાએ અનંત વાતો કરીને શ્રીહરિની સ્તુતિ કરી. ૩૬. તે સમયે ગાયનું છાણ મગાવ્યું અને ભૂમિ ઉપર લીંપણ કર્યું. ડાભ (દર્ભ) લઈને સુંદર રીતે બિછાવ્યા. પછી ભક્તિમાતાના શરીરને સરયૂના નીરથી સ્નાન કરાવ્યું. ૩૭.

તેમને ડાભના આસન ઉપર બેસાડ્યા. તેમણે ધ્યાન કરીને રામકૃષ્ણ આવા નામોની ધૂન શરૂ કરી. પછી ભક્તિમાતાએ શ્રીહરિના ચરણોમાં ચિત્તની વૃત્તિ જોડી દીધી. અને દેહનો સંબંધ બધા સાથેથી તોડી નાખ્યો. ૩૮ પછી શ્રીહરિની મૂર્તિ આગળ વારંવાર વિનંતિ કરી. આ રીતે ભક્તિમાતાએ ભૌતિકદેહનો ત્યાગ કર્યો. ૩૯. તે સમયે પ્રેમવતીમાતાને દિવ્યદેહ પ્રાપ્ત થયો. પછી દિવ્યવિમાનમાં બેઠા અને તૈયાર થઈને ધામમાં જવા ચાલ્યા. ૪૦. તે સમયે જ દુર્વાસાનો શાપ છૂટી ગયો. સ્વયં દિવ્યગતિને પામ્યા ત્યારે દેવતાઓએ જય જયકારનો ધ્વનિ કર્યો. ૪૧. **વિક્રમ સંવત્ ૧૮૪૮ના કાર્તિક સુદિ-૧૦ને શનિવારે ભક્તિમાતાએ ભૌતિકશરીરનો ત્યાગ કર્યો.** ૪૨.

***ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના પ્રથમ પૂરમાં 'ભક્તિમાતાને સમાધિ તથા તેમનો અક્ષરવાસ કહ્યો' એ નામે એકોતેરમો તરંગ સમાપ્ત ॥૭૧॥***

## પૂર પહેલું : તરંગ - ૭૨

### નગરજનો ધર્મને ઘેર આશ્વાસન માટે આવ્યા, ધર્મદેવની સમજણ

તે વખતે ભક્તિમાતાના પાર્થિવ શરીરને 'રામ રામ' આવું બોલતા બોલતા સહુ સરયૂનદીને કિનારે રામઘાટની પાસે લઈ ગયા. ૧. રામપ્રતાપજી વગેરે અને બીજા અપાર સંબંધીઓની ત્યાં ઘણી જ ભીડ થઈ. જેનો ગણતા પાર આવે નહીં. ૨. તે પછી તુલસી અને ચંદનના કાષ્ઠની ચિતામાં ભક્તિમાતાના શરીરને રાખીને અગ્નિદાહ ક્રિયા કરી. જ્યારે શરીરની ભસ્મ થવા લાગી ત્યારે તેમાં ઘી અને શ્રીફળ નાખ્યાં. ૩. પછી રામપ્રતાપજીએ સરયૂના જળથી ટાઢી ઠારી. ફૂલ (અસ્થિ) લઈને સરયૂમાં વહાવી દીધાં. પછી બધો સ્નાન આદિનો વિધિ કર્યો. ૪.

સુવાસિનીબાઈ આદિ અપાર સ્ત્રીઓએ સરયૂમાં સ્નાન કર્યું. પછી જ્યારે ઘરના દરવાજે પહોંચી, ત્યારે રામપ્રતાપજી, તેમની સાથે રહેનારા શ્રેષ્ઠ બ્રાહ્મણો અને અયોધ્યાવાસી ઘણા મોટા માણસો ભક્તિમાતા નિમિત્તે શોક પ્રકટ કરવા સાથે ચાલ્યા. તે બધા ચાલીને ધર્મદેવને ઘેર આવ્યા અને સહુએ મળીને લૌકિક રીત કરી. ૫-૬.

**चोपाई :**

**सुन हो पुरवासी जन सबहि, तुमकुं बात कहत हुँ अबहि;**
**जल बुदबुद वत यह देहा, ताको भरुंसे न रखना केहा...०८**

જ્યારે આવેલા લોકો ભક્તિમાતાના સદ્‌ગુણોને યાદ કરીને તેમનો શોક કરવા લાગ્યા ત્યારે ધર્મદેવે પોતાના હૃદયમાં ઘણી જ ધીરજ રાખીને તેમની આગળ વાત કરી. ૭. આપ સહુ નગરવાસીજનો સાંભળો, તમારી સહુની આગળ હું એક વાત કહું છું. માણસનો આ દેહ પાણીના પરપોટા જેવો છે, કોઈએ આ દેહની સ્થિરતામાં વિશ્વાસ રાખવો નહીં. ૮.

**पल एक में सब होवहि नाशा, ताकि क्या रखना दृढ आशा;**
**देह में सार नहिं कोउ लेशा, ताके अर्थ क्या करना कलेशा...०९**

જ્યાં એક પળમાત્રમાં સર્વનાશ થઈ જતો હોય ત્યાં તેની દૃઢતાની આશા શી રાખવી ? આ શરીરમાં લેશમાત્ર પણ કોઈ સાર વસ્તુ નથી. તો તેને

અર્થે ક્લેશ શા માટે કરવો ?૯. અજ્ઞાની માણસ જ અસારમાં સાર માને છે. ધર્મદેવે આવી ઘણી જ સારી સમજણની વાત કહી. નગરવાસી બધા લોકોએ તે બધું સાંભળ્યું. ત્યારે તેઓ પરસ્પર એવી વાત કરવા લાગ્યા કે,૧૦.

### ❋ અયોધ્યાવાસીઓએ ધર્મદેવનો મહિમા કહ્યો :

**ધર્મદેવના સમાન ધીરજવાળા આ જગતમાં કોઈ દેવ પણ નથી. તેના બધા પુત્રો પણ એવા જ સમજુ છે. સહુ એક સરખી રીતે ધીરજ રાખી રહ્યા છે. ૧૧. ધર્મદેવના સમાન સમર્થ કોઈને જોયા નથી. જ્યારે કામ પડે ત્યારે માણસની ખબર પડે. વિપત્તિના સમયમાં પણ જે ધીરજ રાખી શકે છે તેને જ મોટા સમર્થ ગણવા. ૧૨.** આ ધર્મદેવ તો દેવોના પણ દેવ દેખાય છે, તે સિવાય આમ ન રહી શકાય. બીજા લોકો તો સામાન્ય તુચ્છ બાબતમાં પણ લડતા-મરતા હોય છે. ૧૩. જે તુચ્છ જેવી વાતોમાં લડી મરે તે મનુષ્ય તો તુચ્છ જ ગણાય છે, પણ સમર્થ પુરુષની રીત બીજી જ હોય છે. તે જ્યારે કામ પડે ત્યારે ઓળખાય છે. ૧૪. ધર્મ, ધૈર્યવાન પુરુષ, નારી અને મિત્ર, આ ચાર તો જ્યારે તેની જરૂર પડે-કામ પડે ત્યારે જ ઓળખાય છે, કામ પડ્યા વિના તેની ખબર પડતી નથી. ૧૫. આ અયોધ્યાપુરીને પણ ધન્ય છે અને તે ભાગ્યશાળી છે કે ધર્મદેવ જેવા મહાપુરુષનો અહીંયા નિવાસ છે. આપણે જ એવા અભાગિયા છીએ કે પળ પળવારમાં હરખ અને શોક કર્યા કરીએ છીએ. ૧૬.

**चोपाई :**

**हरि भजे बिन महादुख होई, ताको तपास न करत कोई;**
**रुदेराम कर विप्र हि जोई, एसी वात हि बोले सोई...१९**

'ક્યાં રાજા ભોજ અને ગાંગો તેલી' તુચ્છ વાતને પણ છોડી શકતા નથી. આપણું જીવન પણ આપણા હાથમાં નથી. કોઈનો પરિવાર ક્યારેય કોઈને સાથે આવવાનો નથી. ૧૭. છતાં જીવની સાથે જે આવનારું છે તે (પુણ્ય-પાપ)નો મનમાં વિચાર જ કરતા નથી. અંધાધુંધીમાં જ આયુષ્ય ખપાવી દઈએ છીએ. ક્યારેય શ્રીહરિનું ભજન કરતા નથી. ૧૮. **શ્રીહરિના ભજન વિના તો મહાદુઃખ આવવાનું છે,** તેની તપાસ કોઈ કરતું જ નથી. હૃદયરામ નામે જે વિપ્ર હતા તેણે ઉપર કહી તે બધી વાત કરી. ૧૯.

અયોધ્યાવાસી જે મોટા માણસો હતા તેમણે ધર્મદેવની પાસે આવીને કહ્યું કે અમારા જેવું જે કાંઈ કામકાજ હોય તે અમને પોતાના જાણીને કહેજો. ૨૦. ધર્મદેવ, અમારા ઘરમાં જે કાંઈ વસ્તુ પદાર્થ હોય તેને આપ પોતાની જ જાણજો. આવી વાત કહીને બધા નગરવાસી લોકો પોતપોતાને ઘેર ગયા. ૨૧. અયોધ્યાના મોટા ઘરની જે મોટી મોટી સ્ત્રીઓ હતી તે સુવાસિનીબાઈ પાસે આવતી અને તેને ધર્મકુળની પત્ની અને મોટા દેવી જેવા જાણીને વંદન કરતી હતી. ૨૨. તે સ્ત્રીઓ આવીને ઘરનું જે કાંઈ કામકાજ હોય તે કરતી હતી. તેમાં વલની નામે એક તંબોલી જાતિની સ્ત્રી હતી તે આવીને ઝાઝા ભાગનું કામ કરી જતી હતી. ૨૩.

સુવાસિનીબાઈ ઘરમાં રસોઈ કરતા અને તંબોળી વલની બીજું બધું કામ કરતી હતી. શ્રીઘનશ્યામને બાળક જાણીને વલનીએ સેવા કરીને ઘણો લાભ લીધો હતો. ૨૪. સુવાસિનીબાઈ અને વલની એ બંને મળીને પ્રેમવતીમાતાની જેમ જ શ્રીઘનશ્યામ જન્મથી આરંભીને અગિયાર વર્ષના થયા ત્યાં સુધી સેવા કરતી હતી. ૨૫. પ્રેમવતીમાતાની જેમ જ શ્રીઘનશ્યામને પોતાના ગણીને તે બંને નવાને નવા નૌતમ સ્નેહથી તેમને લાડ લડાવતી હતી. ૨૬. મોટાભાઈ રામપ્રતાપજી, તેનાથી નાના શ્રીઘનશ્યામ અને તેમનાથી નાના ઈચ્છારામજી, જે નિર્મળ સ્વભાવના હતા. ૨૭. ત્રણે ભાઈ સુખનું ધામ હતા. સમગ્ર દેવોથી પણ તેઓ પર-શ્રેષ્ઠ હતા. તે ત્રણમાં પણ શ્રીઘનશ્યામ તો સામર્થ્યે કરીને અતિશય અધિક હતા. ૨૮.

**મુક્તાનંદસ્વામી કહે, હે નૃપ ! હું જે વાત કહું છું તેની મને કાંઈ ગમ નથી. શ્રીહરિ જ એક બધું જાણે એવા સર્વજ્ઞ છે. તેમના સર્વજ્ઞપણાનો પાર તો કોઈ દેવ પણ લઈ શકતા નથી. ૨૯.** શ્રીહરિ જેને જેટલું જણાવે છે, જ્ઞાન આપે છે, તે બધા મોટા મોટા દેવ કહેવાય છે. હે નૃપ ! શ્રીહરિએ મારા ઉપર કૃપા કરીને જેટલી વાત મને જણાવી દીધી છે. ૩૦. જેટલી શ્રીહરિએ મને સ્મરણશક્તિ આપી છે, તેટલી વાત હું તમને જણાવી રહ્યો છું. હું તો જડમતિવાળો છું, કાંઈ જાણતો નથી. મારામાં કાંઈ નથી. તેમની કૃપાથી જ હું આ વાત કહી રહ્યો છું. ૩૧. બધી જ બાબત શ્રીહરિના હાથમાં છે,

સર્વના નાથ શ્રીહરિ જ્યારે કૃપા કરે છે ત્યારે ગમે તેવી અગમ્ય વાત હોય તોપણ તે સર્વે કહી શકાય છે. ૩૨. અગમ્ય વાતોને કહેવી તે ઘણું દુષ્કર કામ છે. વાત જ્યારે સહુના હૃદયમાં બેસે, સમજાઈ જાય, ત્યારે તે વાતને સિદ્ધાંતની વાત કહેવાય છે. ૩૩. તેમાં જે સદ્‌બુદ્ધિવાળો હોય, જે આસ્તિક હોય, જેને ખરેખર મોક્ષનો ખપ હોય, જે નિષ્કપટ હોય, જેમાં કુટિલતા ન હોય, તેને આ વાત તરત જ મનાઈ જાય છે. ૩૪.

**चोपाई :**

**निष्पाप अंतर जेहि शुद्धा, सो सुनि कबु न बोलत उद्धा;**
**सुबुद्धि जनकुं अमृत जेसा, कबुद्धि जनकुं विष हे तेसा...३५**

જેનું હૃદય નિષ્પાપ હોય, શુદ્ધ હોય, તે સારી વાત સાંભળીને ક્યારેય અવળું બોલે નહીં. સદ્વાર્તા સદ્‌બુદ્ધિવાળાને અમૃત સમાન જણાય છે પણ કુબુદ્ધિને તો તે ઝેરના જેવી લાગે છે. ૩૫. માટે જેવો શ્રોતા હોય તેવી પદ્ધતિથી વાત કહેવી જોઈએ અને ત્યારે જ આ કથા સુખકારી થાય. પટાના ખેલ કરતાં પણ વાત કરવારૂપી ખેલ ઘણો કઠણ છે. તે વિચારીને નિષ્ણાત ગુરુ પાસે શીખી લેવો જોઈએ. ૩૬. દેશ અને કાળની વાતનો (પરિસ્થિતિનો) જેને પાકો અભ્યાસ હોય તે જ જ્ઞાની ગુરુ છે એમ જાણવું. દેશકાળનું જ્ઞાન જેને ન હોય તેવાને તો ગધેડા જેવો જાણવો. ૩૭. જેમ ગધેડાના શબ્દ (ભૂંકવા) ને સાંભળવાથી મનમાં ત્રાસ થાય છે, તેનાથી કોઈને શાંતિ થતી નથી. ઊલટો પોતાનો તથા બીજાનો તે વિનાશ કરે છે. તેમ જ અજ્ઞાની ગુરુ કે લોકોની વાત સાંભળવાથી કોઈને શાંતિ થાતી નથી, ઊલટાનો ત્રાસ થાય છે. ૩૮.

**सोरठा : हरि प्रगट जब होय, तब न बात को मेल कोउ;**
**ज्युं चाये त्युं सोय, करनकुं समृथ एक हि तेहि...४०**

સાચા ગુરુના ગુણો તો અજ્ઞાની કરતા બીજા જ પ્રકારના હોય છે. ગુરુ તો સાચા જ્ઞાનથી જ થાય છે. આ બાબતને ઝાઝા લોકો સમજતા નથી. કારણ કે ઝવેરી તો કોઈક જ હોય છે. ઝાઝા હોતા નથી. તેમ સાચા સદ્‌ગુરુઓ પણ કોઈક જ હોય છે. ૩૯. જ્યારે ભગવાન પ્રકટ-પ્રત્યક્ષ હોય ત્યારે કોઈ વાતનો મેળ રહેતો નથી. તેઓ તો જેમ ચાહે તેમ કરે કારણકે, તેઓ એક

જ બધુંય કરવા માટે સમર્થ છે. ૪૦. સમર્થને કાંઈ મેળ નથી હોતો (દોષ નથી હોતો) તેઓ જે કરે તે સાચું જ ઠરે છે. પણ બીજાએ દેખાદેખીથી સમર્થ સદ્‌ગુરુ જેવો ખેલ કરવો જોઈએ નહીં. ૪૧. જેમાં જેટલું માપ હોય છે, તેમાં તેટલી જ વસ્તુ ભરી શકાય છે. વગર માપે તો તે સહજ વાતમાં ઊલટું થઈ જાય છે. તેમ જે સામર્થ્ય વિના મોટાની દેશી કાઢવા જાય તો ઊલટાનું તેનું જ ભૂંડુ થાય. ૪૨.

***ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના પ્રથમ પૂરમાં 'નગરજનો ધર્મને ઘેર આશ્વાસન માટે આવ્યા, ધર્મદેવની સમજણ કહી' એ નામે બોંતેરમો તરંગ સમાપ્ત ॥૭૨॥***

## પૂર પહેલું : તરંગ - ૭૩

### શ્રીહરિ મલ્લવિદ્યા શીખ્યા

ઉત્તમરાજાએ બે હાથ જોડીને શ્રીમુક્તાનંદ સ્વામીને ભક્તિમાતા બાબતમાં વિશેષ વાત કહેવા પૂછ્યું. ત્યારે શ્રીમુક્તાનંદ સ્વામી ભક્તિમાતાની દિવ્યગતિ પછીની વાતને જગતમાં પ્રસિદ્ધ કરવાના આશયથી કહેવા લાગ્યા. ૧. રામપ્રતાપજીએ દેશે દેશના સંબંધીઓને ભક્તિમાતાના કારજ ઉપર તેડાવ્યા. તેથી તે પ્રસંગ ઉપર અપાર બ્રાહ્મણો આવ્યા. ૨. રામપ્રતાપજીએ અનેક પ્રકારના અપાર પકવાન કરાવ્યા હતા. તેરમે દિવસ મનમાં વિચારીને બધા વિપ્રોને જમાડ્યા અને યથાવિધિ બધી 'કારજ'ની ક્રિયાઓ કરી. ૩.

અયોધ્યાપુરીમાં ધર્મદેવના મિત્રો જે ઘણા જ મોટા માણસો હતા તે બધાને ઉત્સાહથી બોલાવ્યા. અને વિવિધ પ્રકારના પાકો કરાવીને તે સહુને જમાડ્યા. ૪. ભક્તિમાતાની સાથે હેત-પ્રેમ રાખનારી શહેરની જે જે સ્ત્રીઓ હતી, તેમને સુવાસિનીબાઈ ઓળખતા હતા. તે બધીને બોલાવીને ઘણા પ્રેમથી જમાડી. ૫. કેટલીક અગ્રપૂજ્ય વિપ્ર સ્ત્રીઓ હતી તેને ગાય, વાછરડાં, ઘરેણાં, વસ્ત્ર, વાહન અને શય્યા આદિ અપાર વસ્તુઓ આપી. અને ઉત્તરક્રિયાનો સર્વશ્રેષ્ઠ વિધિ કર્યો. ૬. વ્યવહાર ચતુર રામપ્રતાપજીએ પોતાના ઊંચાકુળને

અનુરૂપ બધી ક્રિયાઓ શ્રેષ્ઠ પદ્ધતિથી કરી. દેશદેશાંતરના જે વિપ્રો આવ્યા હતા તેમનું યોગ્ય રીતે સન્માન કર્યું. ૭. તે વિપ્રો પ્રસન્ન થયા અને પછી સહુ રામપ્રતાપજીની પાસે ગયા અને બોલ્યા કે, તમે બ્રાહ્મણોને ખૂબ જ માન્યા પૂજ્યા છે, એટલે દિનપ્રતિદિન તમારી સમૃદ્ધિ વૃદ્ધિ પામશે. ૮.

આમ કહીને તે બધા વિપ્રો પોતપોતાને ગામ જતા રહ્યા. હે રાજા ! તે પછી જે થયું હતું તે વાત પ્રત્યક્ષના જેવી જ હું તમને કહું છું. ૯. રામપ્રતાપજીના પત્ની સુવાસિનીબાઈ શ્રીહરિની સેવા ઘણા જ હેતથી ખૂબ કરતા હતા. ૧૦. તેઓ ભક્તિમાતાની જેમ ઘણા વહાલ સાથે સાવધાનીથી શ્રીહરિને દિનરાત ખૂબ જ સાચવતા હતા. શ્રીહરિ પણ સુવાસિનીબાઈને માતાને સ્થાને માનતા હતા અને તેમની આજ્ઞા પ્રમાણે રહેતા હતા. ૧૧. સુવાસિનીબાઈ સાધુના જેવા સ્વભાવવાળા હતા, હંમેશા સરલ અને શાંત ચિત્તના હતા. તેણે કાયમી એવી ટેક લીધી હતી કે શ્રીહરિને જમાડ્યા પછીથી જ જમવું. ૧૨.

શ્રીહરિ જે કહે તેને પ્રેમથી કરતા. કઠિન વચનોને પણ સહન કરતા, કારણ કે તેમનું ચિત્ત સુકોમળ અને મૃદુ હતું. ૧૩. તેઓ ક્યારેય શ્રીહરિને અરધી ઘડી પણ દૂર રહેવા દેતા નહીં. જો શ્રીહરિ દેખાયા ન હોય તો અકળાઈ જતા અને ઘેર ઘેર જઈને ખોળવા લાગતા. ૧૪. મોટાભાઈ રામપ્રતાપજી પણ ઘનશ્યામ સાથે તેવી જ ભાવના રાખતા હતા. તેઓ શ્રીહરિને ભૂલી જઈને કોઈ દિવસ ખાતા-પીતા નહીં. ૧૫. શ્રીહરિ બાલચરિત્ર કરવાને માટે ક્યારેક જો ઘરની બહાર જતા રહ્યા હોય તો તેમને જોયા વિના માનો મોત જેવું દુઃખ થતું હતું. આવું તે રામપ્રતાપજીને શ્રીહરિ ઉપર હેત હતું. ૧૬.

### ✵ શ્રીહરિની સંસાર પ્રત્યે નિર્લેપતા :

**चोपाई :**

**निष्कामी निर्मानी निस्प्रेहा, निस्वादी जन जानत जेहा;**
**देह को जाकुं सहज गुदारा, ताहि संग हरि करत प्यारा...१८**

શ્રીહરિ સંસારથી અતિશય નિઃસ્પૃહ રહેતા. ખાવા-પીવામાં ક્યારેય સ્નેહ રાખતા નહીં. તેમના વર્તનમાં શીલ, સંતોષ આદિ અનંત ગુણ હતા. તપ અને ત્યાગ તો માનો મૂર્તિમાન હોય તેમ લાગતું. ૧૭. જેમાં નિષ્કામીપણું,

નિર્માનીપણું, નિઃસ્પૃહીપણું, નિઃસ્વાદીપણું આવા ગુણ જે લોકોમાં દેખાય અને જે દેહનિર્વાહ સહેજે મળે તેનાથી ચલાવી લેતા હોય તેની સાથે શ્રીહરિને હેત થતું હતું. ૧૮.

**✵ શ્રીહરિના ક્ષત્રિય બે મિત્રના ગુણ તથા કળા :**

શ્રીહરિ જેમાં ત્યાગ અને શૂરવીરતા આ બે હોય તેની સાથે હેત-પ્રેમ રાખતા હતા. આખી અયોધ્યાનગરીમાં ફરતાં ફરતાં ઘણા દિવસ વીતી ગયા ત્યારે પોતાની રુચિ પ્રમાણે રુચિવાળા બે જણ જ તે વખતે દેખાયા. તે બંને ઘણા શૂરવીર હતા અને અત્યંત નિઃસ્પૃહ હતા. તેના હવે હું ચોક્કસ રીતે નામ કહું છું. તેમાં એક જેસંગપુરના વિપ્ર ભુવાનાદીન અને બીજા રાયગંજ બજારના ક્ષત્રિય દિનાસંગ હતા. જેના બળ આગળ આખું અયોધ્યાનગર ધ્રૂજતું હતું. ૧૯-૨૧. તેમણે પોતાના મુકામ આગળ જ મલ્લ અખાડો કર્યો હતો. તે પુરવા (નાનું ગામડું)ના જે જે બાળકો મલ્લયુદ્ધ શીખવા ત્યાં આવે તો તે બધાને તે બંને મલ્લયુદ્ધ શીખવતા. તે બંને વીર નૈષ્ઠિક બ્રહ્મચર્ય વ્રતને રાખતા. આંખ માંડીને ક્યારેય નારીને દેખતા નહીં. ૨૨-૨૩.

બંને રાજકુમાર જેવા હતા. કોઈની તમા લેશમાત્ર પણ રાખતા નહીં. સતત પુરની ચોકી કરતા. તેથી તે બંને સહુને પ્યારા લાગતા. ૨૪. લોકો મોટું મન રાખીને ઉત્સાહપૂર્વક તે બંનેને જે જોઈએ તે મનભાવતા મેવા, મીઠાઈ, વસ્ત્ર અને સીધું સામાન વગેરે લાવી આપતા હતા. ૨૫. તે બંનેની શૂરવીરતા અને નૈષ્ઠિક બ્રહ્મચર્યને જોઈને શ્રીહરિને તેના પ્રત્યે હેત થયું. અને તેની સાથે ગાઢ મિત્રતા થઈ. પરસ્પર એક બીજાને સતત નિત્ય ચાહવા લાગ્યા. ૨૬. તે બંનેના સહવાસથી શ્રીહરિ મલ્લયુદ્ધ શીખ્યા. તેમાં દિન પ્રતિદિન ઉત્સાહ વધતો. પછી શ્રીહરિ તેમની પાસેથી નવા-નવા દાવપેચ શીખ્યા. ૨૭. ચક્રદંડ, દંડ, દાવપેચની અનેક કલાઓ, લાઠીના દાવ, ઉલટ-સુલટ ગુલાંટિયાના પ્રકાર, આવું ઘણું બધું શીખ્યા. ૨૮. જ્યારે રાતનો પાછલો પહોર રહે ત્યારે શ્રીહરિ સ્નાન કરવા ઊઠતા. સ્નાન કરીને નિત્યવિધિ કરતા. પછી દૂધનો ભરેલો અબખોરો અને પલાળેલી પાવભર (૨૫૦ ગ્રામ) ચણાની દાળ મલ્લ અખાડે લઈ જઈને મૂકી રાખતા. રામરજ (એક પ્રકારની ઝીણી માટી) લઈને આખા શરીર ઉપર ખૂબ લગાવતા હતા. ૨૯-૩૦.

તે પછી સવાસો દંડ કરતા, ત્યારબાદ ચક્રદંડ ફેરવતા, અને ઉલટાં-સુલટાં ગુલાંટિયા ખાતા, પછી ભૂમિ ઉપર અક્કડ-ટટાર દૃઢતાથી ઊભા રહેતા. ૩૧. તેમાં પગ સિવાય લેશમાત્ર પણ ભૂમિને સ્પર્શતા નહીં. આવી કલાઓ ભુવાનાદિન અને દિનાસંગ શ્રીહરિને શીખવતા. બંને એક-એક દિવસ શ્રીહરિને આવા બધા ખેલ શીખવતા હતા. ૩૨. જેટલા મલ્લવિદ્યાના પેચ હતા તે બધા શ્રીહરિને શીખવ્યા. શ્રીહરિ નિત્ય મલ્લકુસ્તી કરી લીધા પછી તુરંત ચણાની દાળ ખાતા. ૩૩. પછી જે દૂધ લાવ્યા હોય તે પીતા. આ પ્રમાણે ચાર મહિનામાં તો શ્રીહરિએ બધી મલ્લવિદ્યા શીખી લીધી. ૩૪. ત્યાં એક બ્રાહ્મણ, જે મલ્લવિદ્યામાં કુશળ હતો. તે પઢ્ઢાદાર શરીરવાળો અને ઘણો બળવાન હતો. શ્રીહરિ મલ્લવિદ્યા શીખ્યા છે એવું સાંભળીને તે તેમની સાથે મલ્લયુદ્ધ કરવા આવ્યો. ૩૫. ત્યારે શ્રીહરિ અગિયાર વરસના હતા અને સામે તે બ્રાહ્મણ વીશ વરસનો હતો. તેને શ્રીહરિએ રમવાની ના કહી. તો પણ મલ્લકુસ્તી રમવાનો આગ્રહ કરતા તેને જરાપણ શરમ આવી નહીં. ૩૬.

ભુવાનાદિન અને દિનાસંગે પણ તેને રમવાની ના કહી, છતાં તે શ્રીહરિની સાથે કુસ્તી લડવા આવ્યો. તે ઘણો અબૂજ-મૂરખ હતો. ૩૭. ત્યારે શ્રીહરિએ તેને કહ્યું, સાંભળ ! તું ઘણો અબૂજ અને અભિમાની છો. હું કુસ્તી લડવા ચાહતો નથી, છતાં તું અજ્ઞાની મારી સાથે લડવા ચાહે છે. ૩૮. આપણે બંને કુસ્તી લડીએ, તેમાં કદાચ કોઈ ચોટ લાગે, તો તેનો કોઈના ઉપર કોઈએ રોષ રાખવો નહીં. ' આવી પ્રતિજ્ઞા કરીને પછી કુસ્તી લડવા આવ. ૩૯. પછી તેણે 'ચોટ લાગે તો પણ કોઈએ કોઈના ઉપર રોષ રાખવો નહીં. ' આવી પ્રતિજ્ઞા કરી અને તેમાં ભુવાનાદિન તથા દિનાસંગને જામીન રાખ્યા. ૪૦.

***ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના પ્રથમ પૂરમાં 'શ્રીહરિ મલ્લવિદ્યા શીખ્યા' એ નામે તોંતેરમો તરંગ સમાપ્ત ॥૭૩॥***

## પૂર પહેલું : તરંગ - ૭૪

## શ્રીહરિનું મલ્લયુદ્ધ, મિત્ર ભુવાનાદિન અને દિનાસંગની વાત, ધર્મદેવની ઉદાસીનતા

ઉત્તમરાજાએ શ્રીમુક્તાનંદ સ્વામી આગળ હાથ જોડીને કહ્યું, શ્રીહરિના ચરિત્ર ભક્તજનોને પ્રકટ આનંદ આપનારા છે, માટે તે ચરિત્ર મને કહો. ૧. તે સાંભળીને શ્રીમુક્તાનંદ સ્વામી ઉત્તમરાજાની આગળ અતિ ઉદારમૂર્તિ શ્રીહરિના ચરિત્રોને અપાર પ્રેમથી કહેવા લાગ્યા. ૨. શ્રીહરિનું શરીર સુકોમળ હતું. તેમણે પોતાની ધોતીનો કછોટો વાળ્યો. મહાછેલછબિલા શ્રીહરિ નટવર જેવા બન્યા, તેની શોભા વર્ણવી શકાતી નથી. ૩. પૂર્વદેશ (પૂર્વોત્તરભારત) ની એક રીત છે કે બધાને મલ્લયુદ્ધ દેખવા પ્રેમ થાય. આથી અયોધ્યાપુરીના રાજકુમારો તે વાત સાંભળીને તે મલ્લયુદ્ધ જોવા માટે દોડી આવ્યા. ૪. તે સમયે બ્રાહ્મણ અને ક્ષત્રિય જાતિના બીજા અપાર કુમારો (છોકરાઓ) પણ તે જોવા આવ્યા. તેમજ નગરની સ્ત્રીઓએ તે વાત સાંભળી એટલે તે સર્વે પણ પ્રેમથી મલ્લયુદ્ધને જોવા આવી. ૫.

શ્રીહરિએ તે સમયે મૂર્તિમાન્ નવરસ એકત્ર થયા હોય તેવું સ્વરૂપ ધાર્યું. જોનારામાં જેને જેવી ભાવના હતી તેને તેવા શ્રીહરિના દર્શન થયા. મહારાજે પ્રથમ શ્રૃંગારરસ દેખાડ્યો અને પછી બીજો સુંદર હાસ્યરસ જણાવ્યો. ૬. ત્રીજો કરુણારસ, ચોથો રૌદ્રરસ, પાંચમો વિકરાળ વીરરસ, છઠ્ઠો ભયાનકરસ, સાતમો બીભત્સરસ, આઠમો અદ્ભુતરસ અને નવમો શાંતરસ, આ નવે નવ રસો શ્રીહરિએ પોતાના સ્વરૂપમાં અલગ-અલગ રીતે દેખાડ્યા. ૭-૮. તે સમયે આકાશમાં દેવતાઓના વિમાન છવાઈ ગયા. દુંદુભિ, ભેરી અને શરણાઈઓ વાગવા લાગ્યા. પૂર્વે કૃષ્ણાવતારમાં જે મલ્લને માર્યો હતો, તે જ આ વિપ્રનું શરીર ધારીને આવ્યો હતો. ૯. માટે તે વેર વાળવા માટે જ શરીરે ભયાનક સાજ સજીને આવ્યો. ત્યારે શ્રીહરિએ તેને ઓળખી લીધો અને તેને મારવાનો વિચાર નક્કી કર્યો. ૧૦. પછી તેને જ્યારે વિપ્રના રૂપમાં જોયો ત્યારે શ્રીહરિને મનમાં દયા આવી. તેથી જેમાં ન થાય મરણ કે ન થાય અનીતિ

એવી સહેજ રમવાની રીત વિચારી. ૧૧. પણ તે વિપ્રના મનમાં ઘણો દગો હતો. તેણે શ્રીહરિને પ્રાણરહિત કરવાની મનમાં ટેક લીધી હતી. તે સમયે તેના મેલા (દુષ્ટ) ઘાટને આંખો ઉપરથી જ શ્રીહરિએ જાણી લીધા. ૧૨.

બંને આમને સામને ઊભા રહ્યા. થોડેક દૂર રહીને જોયું. પછી પોતપોતાની ભુજાને ઠોકીને તાલ દીધો. ૧૩. તે શબ્દ આકાશમાં ચારેકોર વ્યાપી ગયો. તે પછી બંનેએ એકબીજાને ઘણા મહાબળથી જોરદાર બાથ ભરી. ૧૪. એકબીજાના હાથમાં (કબજામાં) કોઈ રહેતા ન હતા. તુરંત નીકળી જતા હતા. સહુ લોકોનું હિત વિચારીને સહુના નાથ શ્રીહરિએ બે ઘડી આવું કર્યું. ૧૫. ત્યારે શ્રીહરિના મુખ ઉપરના પરસેવાના બિંદુઓ મોતીની જેમ ઝગમગવા લાગ્યા. પણ તે શ્રીહરિનું અત્યંત બળ દેખીને વિપ્રનું મુખ લૂખું થઈ (સુકાઈ) ગયું. ૧૬. ત્યારે શ્રીહરિએ કહ્યું મારી કમરને ખૂબ તાકાત લગાવીને પકડ. ત્યારે તેણે બે હાથે બળ કરીને શ્રીહરિની કમર પકડી. શ્રીહરિ કહે, હવે મને ફેંકી દે. ૧૭. ત્યારે તે વિપ્ર જ્યારે શ્રીહરિને ફેંકવા ગયો ત્યારે શ્રીહરિ તેના હાથમાંથી છટકી ગયા. પછી શ્રીહરિએ તેને જ ફેંકીને પછાડી દીધો. તેથી તે ચૂકચૂર થઈ ગયો. મોઢામાંથી પુષ્કળ રુધિર વહેવા લાગ્યું. ૧૮.

એક પહોર સુધી તો તેના પ્રાણ પણ જતા રહ્યા. તેના એક હાથનું કાંડું પણ ભાંગી ગયું. સર્વે લોકો આ તમાશો જોતા હતા. તેમાં અનેક લોકો તો હસતા હતા. ૧૯. આ સાંભળીને તે વિપ્રના ઘરના બધા માણસો ત્યાં દોડી આવ્યા. શ્રીહરિના બંધુ રામપ્રતાપજી પણ આ સાંભળીને ત્યાં આવી પહોંચ્યા. ૨૦. તેના સગાઓએ વિપ્રના હાલ જોયા. તેઓએ તેને બોલાવ્યો છતાં તે મુખથી કાંઈ બોલી શક્યો નહીં. ત્યારે ત્યાં તે વિપ્રનો પિતા શ્રીહરિને ડરાવવા લાગ્યો. ૨૧.

ત્યારે રામપ્રતાપજીએ તેને કહ્યું, આ (ઘનશ્યામ) તો નાનો છોકરો છે, એ તારા દીકરાના જેવડો નથી. તારો દીકરો તો ઘણો મોટો છે. નાના બાળક સાથે કુસ્તી ખેલવા શા માટે આવ્યો ? ૨૨. તમે બાપ દીકરો બંને મૂર્ખમાં પણ મૂર્ખ છો. જેથી એક નાના બાળક સાથે લડવા આવ્યા છો, આમાં તમારી મોટાઈ શી છે ? હવે ઘેર જાઓ. એમાં જ તમારી સલામતી છે. ૨૩. જ્યારે રામપ્રતાપજી

આવી રીતે ડારો દીધો ત્યારે તે ગમાર કશું બોલ્યો નહીં. પછી તે બેભાન પડેલા વિપ્રને ઝોળીમાં નાખીને શહેરના બાળકો તેને ઘેર લઈ ગયા. ૨૪.

### ❋ ભુવાનાદિન અને દિનાસંગને અક્ષરવાસ :

તે દિવસથી આરંભીને તે વિપ્ર ભુવાનાદિન અને દિનાસંગને વેર વાળવા, મરાવી નાખવા, આવા આશયથી સતત રાતદિવસ મનમાં દુઃખી રહ્યા કરતો હતો. ૨૫. ત્યાંનો ઈજારો રાખનારો કોઈ રાજા હતો. તે એક વખત અયોધ્યા આવ્યો. ત્યારે તે વિપ્રે તેની આગળ વાત કહી તે હું હવે કહું છું. ૨૬.

તે વિપ્રે કહ્યું, જે આ ભુવાનાદિન અને દિનાસંગ છે તે મહાશૂરવીર છે. તેના જેવો બીજો કોઈ યોદ્ધા તમારી સેનામાં નહીં હોય. ૨૭. બે હજાર સૈનિકોની સેનાને પણ આ બે જણ મળીને પહોંચી વળે એવા છે. અમારા નગરમાં રોજ તેઓ ચોકી-પહેરો કરે છે. ૨૮. પછી રાજાએ તે બંનેને બોલાવ્યા અને તેને પોતાની નોકરી કરવાનું કહ્યું. ત્યારે તેઓએ રાજાને કહ્યું, અમે કોઈના નોકર નહીં થઈએ. ૨૯. ત્યારે રાજાએ તેમને 'જાકારો દીધો' અને આ અયોધ્યાપુરી છોડીને ચાલ્યા જવાનું કહ્યું. ત્યારે તે બંનેએ કહ્યું અમે અહીંથી નહીં જઈએ. તમારા જેવા તો અહીં હજારો આવે છે. ૩૦. અમે કોઈનું કાંઈ લેશમાત્ર પણ લેતા નથી. અને કોઈની સાથે કાંઈ કજિયો પણ કરતા નથી, અમારે કાંઈ ધનની જરૂર નથી, એટલે અમે કોઈના નોકર (ચાકર) થવાના નથી. ૩૧. એમ કરતાં થોડો સમય ગયો ત્યારે એક વખત રાજા હાથી ઉપર બેસીને લશ્કર સાથે બહાર રસ્તા ઉપર નીકળ્યો, તેની સાથે તેમના નોકર-ચાકરનો કોઈ પાર ન હતો. ૩૨. રામનવમીનો દિવસ છે એમ ધારીને સુંદર સજેલી સવારી સાથે નગર જોવા નીકળ્યો હતો. અદ્‌ભુત વાજિંત્રો વાગી રહ્યા હતા. ૩૩. ભુવાનાદિન અને દિનાસંગ, આ બંને પણ રાજાની સવારી જોવા આવ્યા હતા. મનને ભાવે તેવી મનોહર મૂર્તિરૂપ શ્રીહરિ પણ તેમની સાથે હતા. ૩૪.

રાજાના નોકર અતિ ઉન્મત્ત હતા, તેઓ નગરની નારીઓને દેખીને હસતા હતા. સહુએ ઢાલ અને તલવાર લીધેલા હતા. તે વખતે સ્ત્રીઓની સામે જોઈને હસવાને નિમિત્તે સામસામે બોલાચાલી થઈ. ૩૫. પછી ભુવાનાદિન

અને રાજાના સૈનિકો પરસ્પર લડવા તૈયાર થઈ ગયા. આમને સામને તલવારો ખેંચાણી, લડવાનું નિશ્ચિત થયું. ૩૬. ભુવાનાદિને એ સમયે કહ્યું કે, તમે શા માટે આમ કરી રહ્યા છો ? તમારા માર્યા અમે ક્યારેય મરવાના નથી. ૩૭.

આમ કહીને જે આવતા ગયા તેના ઉપર ઘા મારતા ગયા. ત્યારે રાજાએ બંદૂક (તુપક) ચલાવવાની આજ્ઞા કરી. ૩૮. તે વખતે શ્રીહરિ બધું જોવા માટે દોડીને ઝાડ ઉપર ચઢી ગયા હતા. પોતાના પરમમિત્ર તે બંનેનો કાળ આવી રહ્યો હતો. ૩૯. રાજાના અનેક સૈનિકોને તે બંનેએ મારી નાખ્યા હતા. ત્યારે રાજાને મોતનો વિચાર આવ્યો અર્થાત્ ભય લાગ્યો, એટલે તે હાથી ઉપર બેઠા હતા તે ત્યાંથી દોડીને ભાગી નીકળ્યા. ૪૦. ભુવાનાદિન તેની પાછળ દોડ્યા. તેની જંઘા (પીંડી) ઉપર તલવારનો ઘા લાગ્યો. તેથી રાજા ભૂમિ ઉપર ઢળી પડ્યા. એટલે ચારે બાજુ હાહાકારનો શબ્દ થવા લાગ્યો. ૪૧. તે પછી તે બંને રાજાના બે કુંવરોને મારવા દોડ્યા. ત્યારે બંને રાજકુંવરોએ સામે હાથ જોડ્યા. બીજી બાજુ તે રાજકુંવરોને બચાવવા બીજા લોકો આવ્યા. ૪૨. રાજાના બંદૂકધારી સૈનિકોએ ચારે બાજુથી આવીને તે બંનેને ઘેરી લીધા અને ગોળીઓ મારી. તે બંને જમીન ઉપર બેસી ગયા. ૪૩.

પોતાને હાથે પિંડ (શરીર) ઉપર ઊનનો કામળો (લોઈ) ઢાંકીને તે પછી બંનેએ પ્રાણ છોડ્યા. શ્રીહરિએ તેમના ઉપર કૃપાદૃષ્ટિ કરી. અને દિવ્યવિમાનમાં બેસાડીને તે બંનેને પોતાના ધામમાં પહોંચાડી દીધા. ૪૪. **આગળ-ભવિષ્યમાં શ્રીહરિનો વિયોગ થવાનો જ હતો. તેથી તે બંનેનું આ વિઘ્ન શ્રીહરિએ ટાળી દીધું. પછી લોકો શહેરમાં ગયા અને પરસ્પર એકબીજાને તે વાતો કહેવા લાગ્યા. ૪૫.** તે ઘટના પછી કેટલાક મહિના સુધી ધર્મદેવ શ્રીહરિની ઉદાસીનતાભરી પ્રવૃત્તિ જોઈને સ્વયં મનમાં ઉદાસ થવા લાગ્યા. અને તેને લીધે શરીરમાં અપાર તાવ (જ્વર) રહેવા લાગ્યો. ૪૬. પોતાના પુત્ર તો ભગવાન છે. તેમાં ધર્મદેવને ખૂબ જ હેત હતું. શ્રીહરિમાં સ્નેહરૂપ તપે કરીને તેમણે પોતાના મનને વારંવાર શુદ્ધ કર્યું. ૪૭. ધર્મદેવને હવે શરીરનો અવધિ (અંતકાળ) નજીક આવતો હોય તેમ જણાયું. તેમને કેટલાક અપશુકન થતા હોય તેમ લાગ્યું, ઊલટાં સ્વપ્ન આવવા લાગ્યા. માનો શરીરને અત્યારે

છોડી દીધું હોય તેવું જણાણું. ૪૮. પછી મનમાં જ્યોતિષના ગ્રંથોનો વિચાર કર્યો. પછી નિર્ધાર થયો કે હવે થોડા જ દિવસોમાં આ દેહનો અંતકાળ આવી જશે. ૪૯. શ્રીકૃષ્ણભગવાનના બાળચરિત્ર દશમ સ્કંધમાં છે એવું વિચારીને તેનો પાઠ કરવા લાગ્યા, અને શ્રીકૃષ્ણનાં સ્વરૂપમાં પોતાનું મન પરોવ્યું. ૫૦. પછી ધર્મદેવ દેહ, દૈહિક સહુમાંથી ઉદાસ થઈ ગયા. આમ કરતા એક માસ વીતી ગયો. પછી તેમણે રામપ્રતાપજીની પાસે વાત કરી. ૫૧. તમે હવે પછી ચાર માસ સુધી અપાર વિપ્રોને જમાડો. હવે મારા શરીરનો નિર્ધાર નથી, એમ તમે મનમાં સમજો. ૫૨.

***ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના પ્રથમ પૂરમાં 'શ્રીહરિનું મલ્લયુદ્ધ, મિત્ર ભુવાનાદિન અને દિનાસંગની વાત, ધર્મદેવની ઉદાસીનતા' એ નામે ચુંમોતેરમો તરંગ સમાપ્ત ॥૭૪॥***

## પૂર પહેલું : તરંગ - ૭૫

## ધર્મદેવે ઘનશ્યામજી તથા ઇચ્છારામજી માટે રામપ્રતાપજીને કરેલી ભલામણ તથા શ્રીહરિની સ્તુતિ

ઉત્તમરાજાએ શ્રીમુક્તાનંદ સ્વામીને બે હાથ જોડીને ધર્મદેવની જે વાત પૂછી તે સાંભળવાથી બધા જ પાપોનો નાશ થઈ જાય છે. ૧. હવે શ્રીમુક્તાનંદ સ્વામી લોકોનો ઉદ્ધાર કરે એવી ધર્મદેવની વાત ઉત્તમરાજાની આગળ વિસ્તારીને કહેવા લાગ્યા. ૨. ધર્મદેવે રસદાર અને અતિ સુંદર રસોઈ કરાવી. રામપ્રતાપજી અને બધું કુટુંબ સાથે બેસીને જમ્યા. પછી ધર્મદેવે ઘણા જ પ્રેમથી રામપ્રતાપજીને કહ્યું, આ તમારા બંને ભાઈ નાના છે, માટે તેની તમે સહાય કરજો અર્થાત્ સાચવજો-સંભાળજો. ૪. તમે સ્વભાવે ઉગ્ર છો, માટે હવે વિચાર કરીને શાંત થાજો. અમારા શરીરનો કોઈ નિર્ધાર નથી, અમે તો આજકાલમાં જ ચાલ્યા જઈશું. ૫. તમે ઘનશ્યામ અને ઈચ્છારામની માતા અને પિતા (બંને) છો. માટે હવે મારી સેવા કરતા પણ વિશેષપણે તે બંનેની સેવા પ્રેમથી કરજો. ૬.

'આ બંનેને હું સાચવીશ' આવો મને કોલ (વચન) આપો તો મારા હૃદયમાં શાંતિ થાય. અને હું તમને મારા પિતૃભક્ત પુત્રોમાં માનું, અને જો કોલ આપો તો તમે ક્યારેય દુઃખી નહીં થાઓ. ૭. પછી રામપ્રતાપજીએ તે બાબતનો પિતાને કોલ આપ્યો. તેથી તે સમયે ધર્મદેવ તુરત પ્રસન્ન થયા. પછી તેમણે તત્કાળ જ દેહ અને ઘર-પરિવાર આદિમાંથી મનની વૃત્તિ તોડી નાખી. ૮. બીજે દિવસ એકાદશી હતી. અને સુંદર સુખદાયી હરિવાસર પણ હતો. તે દિવસે શ્રીકૃષ્ણ ભગવાનની પૂજા કરીને પોતાનું ચિત્ત ભગવાનના ચરણોમાં જોડી દીધું. ૯. બ્રાહ્મણોનું યથાયોગ્ય સન્માન કરીને દાન આપ્યાં. પછી જ્યારે સૂર્ય અસ્ત થયો ત્યારે બધા સગા-સંબંધીઓ આવ્યા. ૧૦. બધાને તે દિવસ ઉપવાસ હતો. ધર્મદેવે સહુને પોતાની પાસે બેસાડ્યા. ધર્મદેવના ઉપર સહુને સ્નેહ હતો. સહુ મધ્યરાત્રિ સુધી જાગ્યા. ૧૧. છપૈયા અને તરગામના વિપ્રવરો પણ ધર્મદેવની માંદગીના સમાચાર સાંભળીને આવ્યા. જેમ કે મનછારામ અને વશરામ તિવારી તથા તેમની બધી પત્નીઓ વગેરે આવ્યા હતા. ૧૨.

તે સહુ થાક્યા પાક્યા સૂઈ ગયા, ધર્મદેવ પાસે શ્રીહરિ સિવાય બીજું કોઈ બેઠું હતું નહીં. શ્રીહરિએ પિતાની પાસે આખી રાત જાગરણ કર્યું. ૧૩. શ્રીહરિ પોતાના પિતાના ચરણકમળોને ખૂબ જ પ્રેમ સાથે દબાવતા રહ્યા. શરીર અતિશય તપેલું હતું, પણ ચિત્ત શાંત થઈ ગયું હતું. ૧૪. **તે સમયે શ્રીહરિની ઈચ્છાથી ધર્મદેવને અંતર્દષ્ટિ પ્રાપ્ત થઈ. તત્કાળ તેમને બ્રહ્મતેજ દેખાયું. ૧૫.** તે તેજમાં સુખમય વૃંદાવન દેખાયું, જ્યાં શ્રીકૃષ્ણ ભગવાનનો અખંડ વિહાર (વિચરણ) હોય છે, તેની શોભા કહી શકાતી નથી. ૧૬. હાથમાં સુંદર મુરલી ધારી છે. તે શોભા દેખીને કરોડો કામદેવ પણ લજ્જિત થઈ જાય છે. ગોપીઓ અને ગોવાળોની સાથે સુખના મૂળ શ્રીકૃષ્ણ ભગવાનના દર્શન થવાથી અપાર આનંદ થયો. ૧૭.

સમગ્ર શરીર રોમાંચિત થઈ ગયું. આંખોમાંથી હરખના આંસુઓ ઝરવા લાગ્યા. શ્રીકૃષ્ણ અને પોતાના પુત્ર સુખધામ ઘનશ્યામ તે બંને એક જ સ્વરૂપે છે. તેમ દેખ્યું. ૧૮. આવા દર્શનથી ધર્મદેવ મનમાં વિહ્વળ થઈ

ગયા. શ્રીહરિને દંડવત્ પ્રણામ કર્યા. પછી જે શ્રીહરિ પોતાની આગળ ઊભા હતા તેમને બંને હાથ જોડીને નમસ્કાર કર્યા. ૧૯. કૃષ્ણને પોતાના બાળકરૂપે દેખ્યા, ધર્મદેવે પરમ અનુપમ શ્રીકૃષ્ણને શ્રીહરિરૂપે દેખ્યા અને શ્રીહરિને શ્રીકૃષ્ણસ્વરૂપે દેખ્યા. આવું જોવાથી તેમને મહા આશ્ચર્ય થયું. ૨૦.

ધર્મદેવને તે પછી યાદ આવ્યું કે શ્રીકૃષ્ણ જ મારા પુત્રરૂપે થયા છે. મારે ઘેર મારા પુત્ર ઘનશ્યામ છે તે રૂપે કૃષ્ણ પ્રકટ થયા છે એવી સમજણ આવી. ૨૧. 'મારા જેવો બીજો કોઈ અજ્ઞાની નથી. કારણ કે મેં કૃષ્ણને મારા પુત્રના સમાન દેખ્યા.' આવું કહીને તે પ્રેમવિવશ થઈ ગયા. અને શ્રીહરિને વારંવાર ભેટીને મળવા લાગ્યા. ૨૨. પછી ધ્યાનમાં જે સ્વરૂપ દેખાયું હતું, તે તુરંત અંતર્ધાન (અદૃશ્ય) થઈ ગયું. ધર્મદેવે જે મહાન્ આશ્ચર્ય દેખ્યું હતું તે બધું સમાધિમાંથી જાગ્યા પછી કહ્યું. ૨૩. ધ્યાનમાં જે કૃષ્ણના દર્શન થયા હતા તેને તો પોતાની સેવા કરતા હોય તેમ જોયું. પરમ સ્નેહથી પ્રગટ ભગવાનને ભેટ્યા-મળ્યા. તેમના પ્રત્યેક અંગ રોમાંચિત થઈ ગયા. ૨૪.

હૃદયમાં અપાર આનંદ થયો. ચાતુર્માસ (ચોમાસા)માં જેવી પાણીની ધારાઓ ચાલે તેવી આંખોમાંથી આંસુઓની ઝડીઓ વરસવા લાગી. ૨૫. બંને હાથ જોડીને વારંવાર નમસ્કાર કર્યા. અને અપાર આશ્ચર્ય દેખીને પ્રગટ હરિની પ્રેમથી પ્રાર્થના કરી. ૨૬. હે નાથ ! આપે સર્વ સામર્થીને પોતામાં લીન કરીને મનુષ્યરૂપનું ધારણ કર્યું છે. અને અતિશય નરનાટક કરવા માટે આપે અત્યારે તે અનંત પ્રકારના ઐશ્વર્યને છુપાવી રાખ્યું છે. ૨૭. સમગ્ર જગતના નાથ જે શ્રીકૃષ્ણ છે તે જ આપ શ્રીહરિ છો, હું બંને હાથ જોડીને આપને વંદન કરું છું. મારા ઈષ્ટદેવ કૃષ્ણ આપ પ્રકટ થયા છો. ૨૮. જે પૂર્ણ પુરુષોત્તમ કહેવાય છે તે જ આજ મારે ઘેર પ્રકટ થયા છે. પોતે આપેલા વચનને સત્ય કરવા માટે અનંત સામર્થ્ય સાથે લઈને આપ આજ પ્રકટ થયા છો. ૨૯. સ્વતંત્ર અને મહાન્ જ્ઞાનના ભંડાર આવા આપ અત્યારે મારા પુત્ર થયા છો. આપે જન્મ સમયે જ્ઞાન કરાવ્યું હતું, મહાન્ તેજોમય ભગવત્સ્વરૂપે દર્શન આપ્યું હતું. ૩૦.

પણ અત્યાર સુધી તો હું તે બધું ભૂલી ગયો હતો. કેટલોએ કાળ અજ્ઞાનમાં પસાર થઈ ગયો. અત્યારે તે જ્ઞાન મને ફરીવાર થયું છે. હવે તેને હું ક્યારેય ભૂલું નહીં, તે વર હું આપની પાસે માગું છું તો તે વર મને આપો. મને આપના સ્વરૂપમાં કાયમ દિવ્યભાવ રહે. આજકાલમાં મારું શરીર છૂટી જશે. હવે તો મારી રક્ષા કરનારા આપ જ છો. ૩૧-૩૨. શરીર છૂટે તેનો મને લેશમાત્ર પણ ભય નથી. બધો જ કલેશ હૃદયમાંથી નીકળી ગયો છે. આપનો દૃઢપણે આશ્રય કરવાથી મને પરમ સુખ પ્રાપ્ત થયું છે. ૩૩. હવે મારા મનમાં એક જ ખેદ રહ્યા કરે છે તેને હે હરિ ! હું તમારી આગળ કહું છું. મને આપના વિયોગનો અપાર ખેદ છે, જેનો કોઈ નિર્ધાર નથી. ૩૪. સહુથી વધારે દુઃખ તો વિચાર કરીને મેં એ જોયું છે કે મને આપનો વિયોગ થશે. માટે હવે મારો ફરીને જન્મ જો થાય તો જ્યાં આપ હોવ ત્યાં થાય. એવો આપની પાસે હું આ વર માગું છું. ૩૫. ધર્મદેવે કહેલા વચનને કાને સાંભળીને ભગવાન શ્રીહરિએ કહ્યું, પિતાજી ! આપ મારી વાત સાંભળો. આપનો બધો ખેદ મટી જશે. ૩૬. આ લોકમાં અને પરલોકમાં આપને મારો વિયોગ નહીં થાય, હે પિતાજી ! જ્યાં હું હોઈશ ત્યાં જ તમને રાખીશ, અને જ્યાં આપ હશો ત્યાં હું રહીશ જ. ૩૭. કુમુદ (પોયણું) પાણીમાં રહે છે અને ચંદ્રમા આકાશમાં રહે છે પણ તે બંને પ્રેમરૂપી દોરીથી બંધાયેલા હોવાથી સદા પાસે જ ગણાય છે. ૩૮.

તેમ જ હું અને આપ-આપણે બંને પ્રેમરૂપી દોરીના માર્ગે બંધાઈને હવે સદા સાથે જ રહીશું. પ્રેમ વિના સાથે ક્યાં રહેવાય છે. . ! ૩૯. હે પિતા ! જે વસ્તુ સારમાં પણ સારરૂપ છે, જેનાથી વિશેષ સાર કોઈ નથી તે વસ્તુને આ સમયે તમે પામ્યા છો. માટે આપના સમાન કોઈનું ઊંચું ભાગ્ય નથી. ૪૦.

***ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના પ્રથમ પૂરમાં 'ધર્મદેવે ઘનશ્યામજી તથા ઈચ્છારામજી માટે રામપ્રતાપજીને કરેલી ભલામણ તથા શ્રીહરિની સ્તુતિ' એ નામે પંચોતેરમો તરંગ સમાપ્ત ॥૭૫॥***

## પૂર પહેલું : તરંગ - ૭૬

## શ્રીહરિએ પિતાજી આગળ કરેલી વાત, રામપ્રતાપ તથા ઇચ્છારામને પિતાની શિખામણ

શ્રીમુક્તાનંદ સ્વામી ઉત્તમરાજા આગળ કહે છે કે હે રાજા ! જે વાત સાક્ષાત્ થઈ છે તે હવે હું કહું છું, તેને તમે સાંભળો. શ્રીહરિએ પોતાના પિતા ધર્મદેવને કહ્યું, હે પિતાજી ! આ ભૌતિક શરીરનો ત્યાગ કરો અને દિવ્યશરીરને ધારણ કરીને સદા મારી સાથે રહો, આપને મારા વિયોગનો ભય હવે નહીં રહે. ૧-૨. જે આપના ધર્મકુળના છે, જે જે મારા સંબંધને પામ્યા છે તે બધા નિષ્પાપ થયા છે. હવે તેમને મારો વિયોગ નહીં રહે. ૩. મનમાંથી સંદેહને કાઢી નાખો અને એક દઢ નિશ્ચય કરો. તમે સહુમાં મહાભાગ્યવાન્ છો, તેની કોઈને ખબર નથી. ૪. હવે હું જે વચન કહું છું તેથી આપને તેનું જ્ઞાન થશે. આપને ત્યાં મારો જન્મ થયો છે. તેથી હવે કોઈને ફરીવાર જન્મ લેવો નહીં પડે. ૫.

**સર્વોપરી એવો હું આપને ત્યાં આવ્યો તેનાથી આપનું કુળ પણ સર્વોપરિ થયું, તેમાં જે ધર્મ અને જ્ઞાને સહિત ભક્તિ કરશે તેનાથી શ્રેષ્ઠ કોઈ નહીં કહેવાય.** ૬. વૈરાગ્ય અને વિવેક ઈત્યાદિ અનંત ઉત્તમ ગુણ કહેવાય છે તે બધા ધર્મ સહિત ભક્તિ કરનારા એવા આપના કુળના સભ્યોમાં આવીને રહેશે. અને જે એવી રીતે નહીં રહે તે બીજા બધા મનુષ્યોમાં તે સદ્‌ગુણોનો નાશ થશે. ૭. **આપના કુળ સિવાય ક્યાંય મોક્ષ નથી. બીજા બધાએ તો ધર્મને તોડી નાખ્યો છે. જ્યાં ધર્મ ન હોય ત્યાં અધર્મ રહે અને અધર્મથી શુભબુદ્ધિનો નાશ થાય છે. ૮.**

જ્યારે શુભ બુદ્ધિનો નાશ થાય ત્યારે અન્યાયને ન્યાય કહે છે. અને તે પછી તેના ધન, સંપત્તિ અને અનેક પ્રકારના સુખ, તે બધું એક પલકવારમાં નષ્ટ થઈ જાય છે. ૯. જે અધર્મ કરે છે તે બ્રહ્માના સમાન બુદ્ધિમાન હોય છતાં એક લેશમાત્ર પણ તેની કીર્તિ ટકતી નથી. હિરણ્યાક્ષ, રાવણ અને કંસ, તે બધાનો અધર્મ કરવાથી વંશે સહિત નાશ થઈ ગયો હતો. ૧૦. તો બીજા

લોકોની શી ગણતી ? જે ધર્મ સહિત ભક્તિ કરે તેનાથી ભગવાન દૂર નથી. શ્રીહરિ તો તેની નજીક જ છે. ભગવાન કદાચ દૂર હોય તો પણ તે ભક્તની નજીક જ રહે છે. આવી વાતને જ્ઞાનીજનો સમજે છે. ૧૧. આપ મહાન્ જ્ઞાની છો, ધર્મિષ્ઠ છો અને ધીર છો. આપને તો મોટા અમીરો (શ્રીમંત-રાજપુરુષ) પણ ચાહે છે. અત્યારે તો આપ સહુથી અસંગ (વિરક્ત) થઈ ગયા છો, અને આપના બધા જ મનોરથ પૂર્ણ થઈ ગયા છે. ૧૨. હવે આપ પ્રગટ કૃષ્ણપરાયણ રહો, કૃષ્ણ આપની પાસે જ છે. આપ મનને શુદ્ધ કરો, તેથી આપના હૃદયમાં પ્રકાશ થશે. ૧૩. પોતાનો આત્મા તેજોમય છે. તેમાં આપ મારું ધ્યાન કરો. આત્મામાં મારું કૃષ્ણસ્વરૂપ પ્રત્યક્ષ વિરાજમાન છે, તે સર્વ શોભાના નિધિ ભગવાન છે. ૧૪.

હે ઉત્તમ નૃપ ! ધર્મદેવની વાત, જે મેં કહી તેને તમે સાંભળી. જે પ્રેમથી આને ગાશે તેના ઉપર શ્રીહરિ અતિશય પ્રસન્ન થશે. ૧૫. શ્રીહરિએ પ્રસન્ન થઈને પોતાના પિતાના પ્રત્યે જે વચન કહ્યાં તે વચન કરોડો પાપોને તત્કાળ ભસ્મ કરી દે છે. ૧૬. શ્રીહરિએ જે અમૃત જેવા વચન કહ્યા તેને સાંભળીને ધર્મદેવ રાજી થયા. પછી તુરંત ધર્મદેવે નમસ્કાર કરીને શ્રીહરિ આગળ વચન કહ્યા. ૧૭. **અનંત ભુવનોના અધિપતિ રાજાધિરાજ આપ શ્રીહરિ કરુણા કરીને મારે ઘેર પધાર્યા. આપે મારા ઉપર બહુ જ ઉપકાર કર્યો છે. તેનો જીભે કહેતા પાર આવે તેમ નથી. ૧૮.**

**કરોડો વિરાટ પુરુષના આયુષ્ય સુધી કોઈ તે ઉપકારોને કહે તોપણ તેનો પાર આવે તેમ નથી. તે ઉપકારના બદલામાં તો હું કેવળ બે હાથ જોડીને મારા મસ્તકને આપના ચરણોમાં નમાવીને વંદન કરું છું.** ૧૯. આવા પિતાજીના વચનને સાંભળીને તે સમયે શ્રીહરિએ તેમને કહ્યું, હે તાત ! આપ જે વચન કહેશો, તેને હું હરખથી કરીશ. ૨૦. હે તાત ! ત્યાગ અને તપ મને બહુ વહાલા છે. તેમાં જ મારી સદાય રુચિ રહે છે. ખાન પાન વગેરે મનોવાંછિત ભોગો તો મને ઝેર જેવા અને ભયાનક રોગો જેવા લાગે છે. ૨૧. માટે સર્વ પ્રકારે વિષયભોગનો ત્યાગ કરવો અને સદા ભગવાનની ભક્તિને જ અનુસરવું. મનના ધાર્યા મુજબના સમગ્ર ખાન પાન વગેરેમાં

રુચિ ન રાખવી, કારણ કે મનના ધાર્યા પ્રમાણે તો ક્યારેય તે મળવાનું જ નથી. ૨૨. જેને વિષયની ઈચ્છા જ ન હોય એવા મનુષ્યો તો આ જગતમાં દુર્લભ છે. ત્યાગ અને તપમાં તત્પર એવા લોકોને અમે ખોળીએ જ છીએ. જે વિપ્રો છે તેમણે તો ખાસ કરીને ત્યાગ અને તપ પરાયણ રહેવું જોઈએ. ૨૩. તે સાંભળીને ધર્મદેવને ઘણો જ આનંદ થયો. પછી તેમણે રામપ્રતાપજી અને ઈચ્છારામજીને બોલાવ્યા. (તેઓ આવ્યા પછી) ધર્મદેવે પોતાનો અંત સમય વિચારીને તેમને ઘણા મહત્વપૂર્ણ વચન કહ્યા. ૨૪. તમે બંને તે સમજી રાખો કે શ્રીહરિના સ્વરૂપ બાબતના જ્ઞાનને કોઈ ચિંતામણિ કહે છે, તો કોઈ કલ્પતરુ કે પારસમણિ (સ્પર્શમણિ) કહે છે. ૨૫. તે જ્ઞાન તમને બંનેને આપવાની મારી ઘણી ઈચ્છા છે. તે જ્ઞાનને પ્રયત્ન પૂર્વક સંભાળી રાખજો, દૂર કરશો નહીં અર્થાત્ ભૂલી જતા નહીં. ૨૬.

પોતાનો મૃત્યુ સમય સમીપ જાણીને ધર્મદેવ હૃદયના ઘણા જ પ્રેમથી બંને પુત્રોને શિક્ષાવચન કહે છે, પ્રસન્ન મનથી પ્રત્યક્ષ શ્રીહરિના સ્વરૂપનું જ્ઞાનરૂપી ધન આપે છે. ૨૭. **કોઈ મનુષ્ય પોતાના મૃત્યુ સમયે પુત્રોને અપાર ધન આપે છે તેમ ધર્મદેવ વિચાર કરીને અખૂટ જ્ઞાનરૂપી ધન આપે છે. ૨૮.**

હે પુત્રો ! હવે હું જે કહું છું તે મારું વચન અજોડ છે. તમારું હિત કરનારું અને તમારે માટે સુખરૂપ છે. જે અતિશય રહસ્ય (ખાનગી) વાત કહું છું, તેને તમે તત્પર થઈને સાંભળો. ૨૯. હું જે સિદ્ધાંત વચન કહું છું તેને સ્નેહથી હૃદયમાં સંઘરી રાખજો. ત્યારે તે બંને ભાઈઓએ હાથ જોડીને કહ્યું કે હે તાત ! અમે આપના વચનને પાળશું. ૩૦. આપ જે જે હિતકારી વચન કહેશો તેને અમે સત્ય માનીને યાદ રાખશું. તેમાં કદાચ જો ક્યારેય કાંઈ ફેર પડે તો અમને (પુત્રને) કુપુત્ર માનજો. ૩૧. ત્યારે ધર્મદેવ રાજી થયા. અને તે સમયે સુંદર વચન બોલ્યા. પ્રત્યક્ષ ભગવાનના જ્ઞાનરૂપી શ્રેષ્ઠમાં પણ અતિ શ્રેષ્ઠ વાત વિચારીને તેઓને કહેવા લાગ્યા. ૩૨.

**चोपाई :**

**राधाकृष्न मम ईष्ट हे देवा, जाकि करत में निशदिन सेवा;**
**अनंत अवतार के अवतारी, अनंत ब्रह्मांड के महिं हे बारी...३३**

**ताके धाम हे अनंत अपारा, सो पावे जेसो भक्त अधिकारा;**
**एसे समृथ श्रीहरि जोउ, बंधु तुमारे भये हे सोउ...३४**

શ્રીરાધાકૃષ્ણ મારા ઈષ્ટદેવ છે. જેની સેવા હું દિનરાત કરતો રહ્યો છું. જે અનંત અવતારોના અવતારી છે અને જે અનંતકોટી બ્રહ્માંડોની અંદર રહ્યા છે અને બહાર પણ રહ્યા છે. ૩૩. તેમનાં ધામ અનંત અને અપાર છે. તેને જે ભક્ત જેવો અધિકારી હોય તે ભક્ત તેવા ધામને પામે છે. આવા મહાસમર્થ આ ભગવાન શ્રીહરિ છે તે તમારા બંનેના ભાઈ થયા છે. ૩૪. **તે વાત તમે ચોક્કસ (નિશ્ચિત) કરી જાણજો. માટે તેમાં તમે હવે 'આ અમારા ભાઈ છે' આવી ભાવના ક્યારેય રાખશો નહીં. એના જેટલા મનુષ્ય ચરિત્ર છે તે બધા મોક્ષદાયી છે એમ તમે માનજો. ૩૫. અનંત જીવોનો ઉદ્ધાર કરવાને માટે તેઓ આજે મારે ઘેર પ્રકટ થયા છે. મારો જ્યારે અંત સમય આવ્યો છે ત્યારે તે શ્રીહરિએ મને પોતાનો પ્રતાપ બતાવ્યો છે. ૩૬.**

તે સમર્થ મહાપ્રભુને હું આટલા દિવસ સુધી 'મારા પુત્ર છે' એમ જાણતો હતો. હવે અત્યારે મને તેમનો બધો મહિમા સમજાયો છે. તે તમને બંનેને હું કહી રહ્યો છું. ૩૭. આવા ઘોર કળિયુગમાં તે શ્રીહરિ પ્રકટ થયા છે. હવે તે શ્રીહરિનું શરણું લીધા સિવાય બીજા કોઈ ઉપાયથી જીવનો મોક્ષ થઈ શકે તેમ નથી. ૩૮. હે પુત્રો ! હું તમારા હિત માટે સત્ય વાત કહું છું. તમે તમારા ભાઈ પ્રત્યક્ષ પરમેશ્વર આ શ્રીહરિને શરણે થાઓ. આ તો રાંકને ઘેર ચિંતામણિ રહ્યો છે. ૩૯. બંને ભાઈઓએ પિતા ધર્મદેવના વચન સાંભળ્યા. પછી પોતાની માન-મોટપને મૂકી દીધાં અને પિતાએ જે રીતે કહ્યું તે પ્રમાણે પોતાના બંધુ શ્રીહરિને શરણે ગયા અર્થાત્ તેમનું શરણ સ્વીકાર્યું. ૪૦.

***ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના પ્રથમ પૂરમાં 'શ્રીહરિએ પિતાજી આગળ કરેલી વાત, રામપ્રતાપ તથા ઈચ્છારામને પિતાની શિખામણ' એ નામે છોતેરમો તરંગ સમાપ્ત ॥૭૬;॥***

## પૂર પહેલું : તરંગ - ૭૭

## ધર્મદેવનો પુત્રોને ઉપદેશ, શ્રીહરિએ ભાઈઓને હિતની વાત કહી

ઉત્તમરાજાએ હાથ જોડીને પૂછ્યું ત્યારે શ્રીમુક્તાનંદ સ્વામીએ શ્રીહરિ પાસે જે સાક્ષાત્ સાંભળી હતી તે ધર્મદેવની વાત તેમને કહી. ૧. ધર્મદેવે વળી પોતાના બંને પુત્રોને કહ્યું, આ અગમ્ય એવા પ્રત્યક્ષ શ્રીકૃષ્ણ ભગવાનને અનંત બ્રહ્માંડમાં અખંડ વ્યાપીને રહ્યા છે એમ જાણીને તથા હૃદયમાં દિવ્યભાવ લાવીને સેવા કરજો. ૨. જ્યાં શ્રીકૃષ્ણ ભગવાનની મૂર્તિ સ્થાપિત કરેલી હોય, પોતાના ઈષ્ટદેવ સમજીને તેને પૂજવી અને માનવી. ૩. મેં જે તમને પ્રથમ મંત્ર કહ્યો છે તે આ પ્રત્યક્ષ શ્રીકૃષ્ણ ભગવાનનો જ છે એમ જાણજો. અને તે અષ્ટાક્ષર મંત્રનો આવું સમજીને તમે નિત્ય જપ કરજો. ૪.

અહિંસા ઈત્યાદિ (ધર્મ) નિયમોને સમજીને પાળવા. સ્વધર્મમાં તત્પર થઈને વરતવું. અત્યંત સ્નેહ સાથે ભગવાનનું ભજન કરવું. આટલી મેં તમને આજ્ઞા કરી છે. ૫. આ પ્રમાણે વર્તન રાખશો તો તમારું કોટિગણું અપાર શ્રેય થશે અને તમારો મોક્ષ થશે. માટે બંનેએ તત્પર થઈને ધર્મમાં રહેવું. ક્યારેય અધર્મને માર્ગે ચાલવું નહીં. ૬. અક્રોધ કહેતા ક્રોધ રહિત અને સદા શાંત સ્વભાવે યુક્ત આ પ્રત્યક્ષ કૃષ્ણ તમારા ભાઈ છે. તેથી તેઓ શસ્ત્રધારીને ક્યારેય યુદ્ધ નહીં કરે. હંમેશા સાધુ સ્વભાવના ગુણોને અનુસરશે. ૭. ભગવાન જેટલા અવતાર લે છે તે બ્રાહ્મણ જાતિમાં અથવા ક્ષત્રિય જાતિમાં લે છે. સર્વ ગુણોમાં સાધુતાનો ગુણ અધિક-શ્રેષ્ઠ છે. મોટા રાજાઓ અને દેવો પણ સાધુતાને પગે લાગે છે. ૮.

અત્યારે તે સાધુતાના ગુણોનો નાશ થયો છે. જે સંતો કહેવાય છે તે પણ સ્ત્રીના દાસ થઈ ગયા છે. બીજા જે જે ત્યાગી કહેવાય છે તે પણ ધનના દાસ થઈ ગયા છે. ૯. ધન અને નારી બંને નરકનું દ્વાર છે. બધા જ ભેખધારીઓ તે ધન અને સ્ત્રીને માર્ગે ચાલ્યા છે. હવે જે મુમુક્ષુ જીવ હશે તેનો મોક્ષ કઈ રીતે થશે ? ૧૦. **મોક્ષમાર્ગનો નાશ થયો છે એમ જાણીને સુખની ખાણ જેવા શ્રીહરિ પ્રકટ થયા છે. પ્રકટ થઈને તેમણે સાધુતા(સંત)**

**ના ગુણ ગ્રહણ કર્યા છે અને કેટલાએ જીવોનો મોક્ષ કર્યો છે.** ૧૧. જેને અધર્મમાં પ્રીતિ હોય તેને અસુર જાણવા. આ વખતે આ શ્રીહરિ જ્ઞાનરૂપી ખડ્ગ (તલવાર) લઈને અસુરોનો સંહાર કરશે. ૧૨.

**दोहा : ज्ञानखडग कर जाहिके, तेहि सम खडग न कोई;**
**ओर सो मारन मारही, देखे विचारी जो होई...१४**

તોપ આદિ અનંત (અસ્ત્ર) શસ્ત્ર છે જેનો ગણતા પાર આવે નહીં. પરંતુ જ્ઞાનરૂપી ખડ્ગના સમાન કોઈ શ્રેષ્ઠ હથિયાર નથી. તે વાત ચોક્કસ છે. ૧૩. જ્ઞાનરૂપી ખડ્ગ જેના હાથમાં છે, તેના સમાન બીજુ કોઈ નથી. બીજા શસ્ત્ર છે તે તો મારનારાને પણ મારે છે પણ જ્ઞાનરૂપી ખડ્ગનો ઉપયોગ કરનારાનો કોઈ વિનાશ કરી શકતું નથી. તે વિચારી જોવું જોઈએ. ૧૪. **આ જગતમાં જે જે અનંત દેવો કે રાજાઓ થયા હોય તેના સામર્થ્યને જુઓ તો તે શ્રીહરિના સમાન કોઈ સમર્થ નથી. તો સામાન્ય લોકો તો શું લેખામાં છે ?** ૧૫. અનંત બ્રહ્માંડોના બધા દેવતાઓ રાતદિવસ તત્પર થઈને આ શ્રીહરિની આજ્ઞા પ્રમાણે રહે છે. શ્રીહરિ એવા મહાસમર્થ છે. ૧૬.

વૈરાગ્ય ભક્તિ અને ધર્મ વિનાના (કોરાં) જ્ઞાનને તો અજ્ઞાન જાણવું. ધર્મ, ભક્તિ અને વૈરાગ્યે સહિત ભગવાનના સ્વરૂપનું જે જ્ઞાન, તે જ પરમ પુનિત છે. ૧૭. હરિશ્ચંદ્ર, મયૂરધ્વજ જેવા રાજાએ અત્યારે જેમ શ્રીહરિ ધર્મને ધારી રહ્યા છે તે રીતે જ ધર્મને ધાર્યો હતો. અત્યંત ભારે આપત્કાળમાં પણ તેમણે ધર્મને છોડ્યો ન હતો. ૧૮. પ્રહ્લાદ, પૃથુ અને અંબરીષની જેમ જ શ્રીહરિ દૃઢતાથી ભક્તિને ધરી રહ્યા છે. શુકદેવજી, સનકાદિકો, કપિલ અને દત્તાત્રેયની માફક શ્રીહરિએ વૈરાગ્ય રાખ્યો છે. ૧૯. જ્ઞાનમાં તો શિવજીના જેવા મહાપ્રવીણ (ચતુર) છે. નવીન યોગકળાઓને પણ જાણે છે. અનંત ગુણોનું મૂળ હોવા છતાં સરળ સ્વભાવના છે અને એમનામાં અનંત પ્રકારનું સામર્થ્ય રહ્યું છે. ૨૦.

જે જે સુખ કહેવાય તે તે બધા જ આ શ્રીહરિમાં રહ્યા છે. અનંત શોભા અને અનંત સારભૂત રસ છે તે બધાનું કારણ આ શ્રીહરિ છે. ૨૧. આ હું કહું છું તેમાં લગારેક પણ સંદેહ નથી. તે તમે ચોક્કસપણે નિર્ધારિત માનજો.

પિતાના મુખથી આવી વાત સાંભળીને બંને ભાઈ બહુ જ ખુશી થયા. ૨૨. પછી તે બંને ભાઈ અંતરમાં હરખાઈને શ્રીહરિના ચરણોમાં પડ્યા. અને બંને ભાઈ બોલ્યા, હે નાથ ! આપના આવા મહાન્ મહિમાને અમે જાણી શક્યા નહીં. ૨૩. પિતાજીના વચનોથી આટલો થોડોક ઉપદેશ અમને લાગ્યો છે. માટે અમારા ઉપર આપ એવી કૃપા કરો કે અમે પિતાજીની જેમ આપના મહિમાને સમજી શકીએ. ૨૪. ત્યારે શ્રીહરિ બોલ્યા, તમે બંને ભાઈ સાંભળો, સંતોના સમાગમ સિવાય આ બાબત ક્યારેય સમજાય નહીં. ૨૫.

**दोहा : संत विन निश्चे न होतहि, प्रगट हरि को जोउ;**
**संत तव घर आवहि, कृपा करी अति सोउ...२६**
**मुमुक्षु बुद्धि होत जब, तब तेहि निश्चे होत;**
**वैराग्य विन मुमुक्षुता, होत न जन्म विगोत...२७**

પ્રકટ હરિનો નિશ્ચય સંત મળ્યા વિના ક્યારેય થાય નહીં. જ્યારે અત્યંત કૃપા કરીને સંતો તમારે ઘેર આવશે અને તમારા મનમાં મુમુક્ષુપણાની ભાવના થાશે ત્યારે સંતકૃપાથી તમને ભગવાનનો નિશ્ચય થાશે. વળી, આખી જિંદગી વિતાવે તો પણ વૈરાગ્ય વિના મુમુક્ષુપણું આવતું નથી. ૨૬-૨૭. ચાર પ્રકારના પ્રલયની વાતને જ્યારે મનુષ્ય સાંભળે છે ત્યારે તેને વૈરાગ્ય થાય છે. પછી તેને ભગવાન વિના બીજું કાંઈ ગમતું નથી. ૨૮. આવી રીતે વૈરાગી મુમુક્ષુને સંત સમાગમ થાય ત્યારે ક્યારેય નાશ ન થાય એવો ભગવાનનો અપાર મહિમા જણાય છે. મુમુક્ષુભાવ વિના હૃદયમાં ક્યારેય મહિમા ટકતો નથી. ૨૯. જીવને મરવાનું તો જરૂર છે જ અને જીવવાનું તો બધું અસત્ય (અનિશ્ચિત) છે, છતાં પણ સમગ્ર સંસાર અનંત યુગોથી મોહના પૂરમાં વહ્યો જાય છે. ૩૦.

**જીવમાં આવી રીતે જ્યારે જગતનું નાશવંતપણું વરતાય ત્યારે તેને મુમુક્ષુજન જાણવો, અને તેવા મુમુક્ષુને જ્યારે સંત આવીને મળે છે; એટલે તરત જ તે હરિભક્ત થાય છે.** ૩૧. બધા પાપોમાં ભારે પાપ તો નાસ્તિકભાવ છે, તે પણ જો સાચા સંતને આશરે જાય તો તેને બળી જાતા વાર લાગતી નથી. સંચિત, પ્રારબ્ધ અને ક્રિયમાણ આ ત્રણ પ્રકારના કર્મ કહેવાય છે.

૩૨. તે ત્રણેય પ્રકારના કર્મનું મૂળ નાસ્તિકભાવ છે. તે નાસ્તિકભાવ બળે તો સ્વભાવ બળી જાય છે. તે ત્રણ પ્રકારના કર્મો છે, તેમાં પણ ત્રણ ગુણોને આધારે પ્રત્યેકના (ઉત્તમ, મધ્યમ, કનિષ્ઠ એમ) ત્રણ-ત્રણ વેગ છે. ૩૩. તે એક-એક વેગના પણ (રજ, તમ, સત્વ આ) ત્રણ-ત્રણ ગુણ છે. આ રીતે તે કર્મોના ભેદ અતિશય કહ્યા છે. તે રીતે જ ધર્મ, ભક્તિ, વૈરાગ્ય અને જ્ઞાનના પણ સત્વ, રજ અને તમ, આ ત્રણ ગુણને આધારે ત્રણ-ત્રણ ભેદ જાણવા. ૩૪.

એક-એક ગુણના ત્રણ-ત્રણ વેગ હોય છે અને જે કર્મ જેવા ગુણમાં, જેટલા વેગથી કર્યું હોય તેવું તેને ફળ આપે છે. અને તેના ભિન્ન-ભિન્ન રીતે ચાલીશ ભેદ રહ્યા છે. ૩૫. આવી વાત તો અનંત અને અપાર છે. જેને જ્ઞાનચક્ષુ હોય તે જાણી શકે છે. મન, બુદ્ધિ, ચિત્ત અને અહંકાર, આ ચાર જ્ઞાન માટેના ચોક્કસ દ્વારો છે. ૩૬. બાહ્યચક્ષુને તો જ્યારે સૂર્યનું અજવાળું હોય ત્યારે ભૂમિ ઉપર જે જે વસ્તુઓ હોય તે દેખાય છે. ૩૭. તેમ જ્ઞાનરૂપી સૂર્ય છે તે અંતઃકરણમાં પ્રકાશ કરે છે. અને આંતરિક અજ્ઞાનરૂપી અંધારાને મટાડીને સમસ્ત અજ્ઞાનરૂપી પાપનો નાશ કરે છે. ૩૮. જ્યારે પરોક્ષ ભગવાનના અવતારમાં પ્રથમ હેત થાય ત્યારે તે અમૃતના સમાન ગુણકારી-લાભદાયક લાગે અને તેથી જ જગતમાં કુહેત થાય છે. ૩૯. પછી જ્યારે જગતમાં વૈરાગ્ય થાય ત્યારે પરોક્ષરૂપ પ્રત્યક્ષ ભગવાનના સ્વરૂપમાં લીન થઈ જાય છે. પછી પરોક્ષ અને પ્રત્યક્ષ બંનેમાં મતિ-ભાવના એક થઈ જાય છે, તેમાં ભિન્નતા રહેતી નથી. ૪૦. પ્રત્યક્ષ ભગવાન અને પરોક્ષ ભગવાન બંને એક જ છે, છતાં પ્રત્યક્ષમાં શાંતિ અતિશય થાય છે. જેની બુદ્ધિમાં આવો વિવેક હોય તે જ આ વાતને જાણી શકે છે. ૪૧. પરોક્ષનું ફળ પરોક્ષ છે, પ્રત્યક્ષનું ફળ પ્રત્યક્ષ જ છે. બંને પ્રકારનો મોક્ષ એક પ્રત્યક્ષ ભગવાનની પ્રાપ્તિથી થાય છે. ૪૨.

ભગવાનની મૂર્તિમાં કોઈ ભેદ નથી, ભેદ તો ભક્તોની અલગ-અલગ સમજણમાં છે. પોતાની સમજણ ભિન્ન ભિન્ન હોવાથી પરોક્ષ પ્રેમી ભક્તને પ્રત્યક્ષ ભગવાનને માનનારા ભક્ત સાથે પરસ્પર અતિ ખેદ-ધોખા થાય છે.

૪૩. જે મનુષ્યો મોટા વહાણમાં બેસે છે તેની સમજણને શું કરવી ? સુકાની અને વાયુની સહાયથી વહાણ સમુદ્રને કિનારે પહોંચી જાય છે. તેમ જેને પ્રગટ ભગવાનનો આશરો અને મોટા સંતનો વિશ્વાસ છે, તે સહેજે ભવસાગર તરી જાય છે. ૪૪. સંસારરૂપી સમુદ્રનો છેડો નથી. આખું જગત તેમાં ડૂબી રહ્યું છે. નરકનું અને લખચોરાશીનું દુઃખ પણ અનંત છે. વારે વારે તે જીવને સહન કરવું પડે છે પણ તેનો પાર આવતો નથી. ૪૫. અજ્ઞાનીઓ દુઃખને જ સુખકર માની લે છે, અને તેમાં જ પોતાને મહાચતુર ગણે છે. પછી રાતદિવસ મોહની મદિરાને પીવે છે. તેથી જીવ કુજાતિ બની ગયા હોય છે. ૪૬. અજ્ઞાનીજનોને કુકર્મ કરતા ત્રાસ લેશમાત્ર પણ થતો નથી. તે સંતોના ઉપદેશને કેમ કરીને સાંભળે ! અજ્ઞાની લોકો નરકને અને લખચોરાશીને જ મોક્ષ માને છે અને મોક્ષને નરક તથા લખચોરાશી જાણે છે. ૪૭.

અનંત યુગોથી ભેળું થયેલું વિપરીત જ્ઞાન એક જન્મે કરીને કેમ ટળે ? અજ્ઞાનીજનો લોઢા જેવા છે અને સંતો પારસમણિ જેવા છે. ૪૮. **અજ્ઞાનીને જો સંતોનો જોગ થાય, તો જેમ પારસમણિના જોગથી લોઢું સોનું થાય છે તેમ તે જીવ પણ મુક્ત થાય છે. જ્યારે તે લોઢું કંચનને આકારે થાય છે ત્યારે તેની લોઢાની જાતિ જતી રહે છે. તેમ સંતને યોગે કરીને જ્યારે જીવ સાચું સમજે છે, ત્યારે તેનું અજ્ઞાન જતું રહે છે.** ૪૯. પછી મુક્તોની જેમ તેનું મૂલ્ય અનંત થઈ જાય છે. આમ સંતના જોગથી અજ્ઞાનીજન પણ ભગવાનના ચરણોમાં પોતાના મનને જોડે છે. ત્યારે શ્રીહરિના ચરણકમળરૂપી નૌકાના પ્રતાપથી અપાર ભવસાગરને તરી જાય છે. ૫૦. શ્રીહરિમાં સુખ છે તેની ખબર તો જીવ જ્યારે તેનો દૃઢપણે આશ્રય કરે ત્યારે પડે છે. ગમે તેટલું ઝાડને પાણી પાવામાં આવે અને તેમ ગમે તેટલી તેમાં બુદ્ધિ ચલાવવામાં આવે તો પણ યોગ્ય સમય સિવાય તેમાં ફળ આવતાં નથી. તેમ યોગ્ય સમયે પ્રત્યક્ષ ભગવાનના આશ્રયથી અને સંત સમાગમથી જ અજ્ઞાન ટળે છે અને આત્માનો ઉદ્ધાર થાય છે. ૫૧. પ્રહ્લાદ અને પ્રિયવ્રત જેવા અનંત મુમુક્ષુઓ સંત સમાગમથી ભગવાન શ્રીહરિને શરણે ગયા હતા. તેથી જગતમાં તેનો અનંત, અપાર યશ કહેવાયો છે. માટે ભગવદાશ્રય અને સત્સંગનો પ્રથમ નિશ્ચય-નિર્ધાર કરવો જોઈએ. ૫૨.

પહેલા નિર્ધાર કરીને કોઈ કામ શરૂ કરવામાં આવે તો તેનું બધું કામ સફળ થાય છે, વગર નિર્ધારે કોઈ કામ થતું નથી. ઊલટું કાર્ય કરવાનું હોય અને અકાર્ય થઈ જાય છે. ૫૩. તમે બંને મારા ભાઈ છો એટલે હિતની વાત મેં કહી છે. તમારા સમાન કોઈ બીજો હેતુ-હિતનો લક્ષ્ય હોઈ ન શકે. અને હેતની વાત હેતુની આગળ કરાય છે. ૫૪. **તમે અને હું, આપણે બધા પિતાજીના વચનને હેતથી પાળીએ. ભગવાનના શરણ સિવાય જીવ માટે આખું જગત કુહેત અર્થાત્ દુઃખરૂપ છે.** ૫૫. શ્રીહરિનું વચન સાંભળીને બંને ભાઈઓએ અતિશય પ્રસન્ન મનથી ધર્મદેવ પાસે કહ્યું, હે તાત ! ઘનશ્યામ મહાન્ સમર્થ છે. તે બાબત અમે સારી રીતે સમજ્યા છીએ. અમે તેમના મુખની વાત સાંભળી, અને સાંભળવામાં તે બધું દેખાઈ આવ્યું છે. ૫૬-૫૭.

જેનો જેવો પ્રતાપ હોય તે તેની વાતમાં જણાઈ આવે છે. બીજી રીતે લોકો જો તેના ગુણોને માપવા જાય તો તેમાં સર્વે પ્રકારે ભૂલ થઈ શકે છે. ૫૮. પૃથ્વીમાં ગુણો અપાર છે પણ તેના કરતા જળ દસગણું વધારે છે, જળથી તેજ દસગણું અધિક છે, તેજ કરતાં વાયુ દસગણો વધારે છે. ૫૯. અને વાયુ કરતા આકાશ દસગણો અધિક છે, આકાશ કરતાં અહંકાર દસગણો વધારે છે અને તેના કરતા મહત્તત્વ દસગણો વધારે છે, મહત્તત્વથી માયા ઘણી અધિક છે. એમ શાસ્ત્રોમાં કહ્યું છે. ૬૦. **અને માયા કરતા અનંતગણું અધિક વિશાળ ભગવાનનું ધામ છે, અને તેના કરતાં ભગવાન શ્રીહરિનું સામર્થ્ય તો અતિ અપાર અધિક છે. જેનો કોઈ અંત પામી શકે તેમ નથી. ૬૧. તે શ્રીહરિ અમારા ભાઈ છે. હે તાત ! તેને અમે આજ સમજી લીધા છે. હવે અમે તેમના વચનને માનશું; તેમાં હવે અમે ક્યારેય કાંઈ ભૂલ પડવા દેશું નહીં. ૬૨.**

***ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના પ્રથમ પૂરમાં 'ધર્મદેવનો પુત્રોને ઉપદેશ, શ્રીહરિએ ભાઈઓને હિતની વાત કહી' એ નામે સત્યોત્તેરમો તરંગ સમાપ્ત ॥૭૭॥***

## પૂર પહેલું : તરંગ - ૭૮

## ધર્મદેવે શ્રીમદ્ ભાગવતની કથા સાંભળી અને અક્ષરવાસી થયા

ધર્મદેવની વાત જેવી બીજી કોઈ વાત નથી. શ્રીમુક્તાનંદ સ્વામી સાક્ષાત્ તે વાતને ઉત્તમરાજાની આગળ કહે છે. ૧. ધર્મદેવની આ વાતને કોઈ જો સાંભળે કે સંભળાવે, તો તે ભગવાનના ધામમાં વસે છે. પછી તેને કોઈપણ પ્રકારનો ભય રહેતો નથી. ૨. **ધર્મદેવને વાત કરતા કરતા એકાદશીની રાત વીતી ગઈ. ભગવાનનો અને હરિભક્તોનો મહિમા અતિશય નિર્મળ અને અતિશય સુખદાયી છે. ૩. શ્રીહરિ જ્યારે બંને ભાઈઓ આગળ સંત તથા ભગવાનનો મહિમા કહેતા હતા ત્યારે સૂર્યોદય થયો. પછી ધર્મદેવે પોતાના પુત્રોની સાથે ભગવાનનું સ્મરણ અને ધ્યાન કર્યું. ૪.** પછી રામપ્રતાપજી આદિ સર્વ બંધુજનો સરયૂનદીએ સ્નાન કરવા ગયા હતા, તે સ્નાન કરીને પાછા ઘેર આવ્યા અને હરખથી પોતાનો નિત્ય વિધિ કરવા લાગ્યા. ૫.

પછી સહુએ પારણા કર્યા. બ્રાહ્મણોને તો પહેલેથી જ સીધાઓ આપી દીધાં હતાં. તે પછી ધર્મદેવની પાસે આવીને શ્રીહરિએ કહ્યું, આપને જે અત્યારે અભિષ્ટ હોય તે અમે હર્ષોલ્લાસથી કરીએ. ૬. હે તાત ! જે પ્રમાણે કહેશો તે પ્રમાણે જ અમે કરશું. એમ ત્રણે ભાઈઓએ હાથ જોડીને જ્યારે કહ્યું. ત્યારે ધર્મદેવના મનમાં આનંદોત્સવ છવાઈ ગયો. અને તે સહુના પ્રત્યે કહેવા લાગ્યા. ૭. હે હરે ! મેં જે જે મનોરથ કર્યા હતા તે બધા મનોરથો મારા અત્યારે પૂરા થઈ ગયા છે. રામપ્રતાપજી અને ઈચ્છારામજીએ આપને પરમ સુખધામ કૃષ્ણ તરીકે ઓળખ્યા છે. ૮.

હવે કોઈ વાતમાં ન્યૂનતા રહી નથી, આપ આવ્યા એટલે બધું પૂર્ણ થઈ ગયું છે. હવે જે અમારો બધો વંશ છે તે બધા આપને ભજશે. ૯. તેથી તે સમગ્રનો આપ ઉદ્ધાર કરજો, એવું વચન હવે મને આપો. મૃત્યુને આડા સાત દિવસ રહ્યા છે, તેમાં આપનું ધ્યાન ઘણું વધારે થાય. ૧૦. એવો ઉપાય અત્યારે મને કહો. (એમ કહી પોતે ભાગવતકથા સાંભળવાની ઈચ્છા જણાવી) તેથી બધા ભાઈઓ તત્પર થઈને તેની તૈયારી કરવા લાગ્યા. જેમાં

શ્રીકૃષ્ણ ભગવાનના અનંત ચરિત્ર રહ્યા છે એવા ભાગવતની સપ્તાહ કથાનો આરંભ કરાવ્યો. ૧૧. તે સમયે બ્રાહ્મણના વેશમાં શુકદેવજી શ્રીહરિની પાસે આવ્યા. જે વર્ણીના વેશમાં સાધારણ નાના હોય તેમ કિશોર અવસ્થાવાળા હતા. જેમને શ્રીહરિએ સ્વતંત્રગતિ આપી હતી. ૧૨. વ્યાસપુત્ર શુકદેવજીનો સુંદરવેશ હતો. મસ્તક ઉપર કેશ શોભતા હતા. કથાના પ્રવચનમાં કંઠ ઘણો મધુર હતો. ૧૩. શ્રીહરિએ તેમનું સન્માન કર્યું, પ્રેમથી આવકારીને બોલાવ્યા.

ત્યારે તેમણે શ્રીહરિને દંડવત્ પ્રણામ કર્યા અને ચરણકમળમાં એકદમ નમી ગયા. ૧૪. રામપ્રતાપજીએ અત્યંત પ્રેમથી અદ્‌ભુત મંડપ બનાવ્યો હતો. મહાત્મા શુકદેવજી વિપ્રનું રૂપ ધારીને તે મંડપમાં આવીને બેઠા. ૧૫. યથાયોગ્ય ઘટે તેવું ઊંચુ વ્યાસાસન બનાવ્યું હતું. તેના ઉપર પ્રસન્ન મનના વક્તા શ્રેષ્ઠવિપ્ર આવીને બેઠા. ૧૬. જ્યારે વિપ્ર કથા કરવા માટે બેઠા, ત્યારે બધાના મનમાં અતિ આનંદ થયો. પૂજાનો જેટલો વિધિ (સામાન) કહેવાય છે તે બધો રામપ્રતાપજી લાવ્યા હતા. ૧૭. સહુ પ્રથમ શ્રીકૃષ્ણ સ્વરૂપ શ્રીમદ્‌ભાગવતની પૂજા કરી. અનુપમ કેસર મિશ્રિત ચંદન, પુષ્પહાર, તોરા, બાજુબંધ, મેવા, મીઠાઈ, રસદાર ફળ, વગેરેથી તે વખતે પૂજા કરી. ધૂપ અને દીપ પ્રકટાવીને આરતી કરી. પછી કુશળ વક્તા વિપ્રની પૂજા કરી. ૧૮-૧૯. યથાયોગ્ય રીતે સભામાં સર્વે શ્રોતાની પૂજા કોઈ બાકી ન રહે તે રીતે કરી. વિવિધ પ્રકારના વાજિંત્ર વગડાવ્યા અને તે પછી શ્રીમદ્ ભાગવતની કથાનું મંગલાચરણ કર્યું. ૨૦. વક્તાએ સહુ પ્રથમ દીનભાવથી નમસ્કાર કર્યા. ત્યાર પછી ભાગવત શરૂ કર્યું. વિધિ પ્રમાણે સપ્તાહ પારાયણ કરવાનો નિર્ધાર કર્યો હતો. ૨૧.

નગરવાસી બધા મોટા માણસો ઉત્સાહથી કથા સાંભળવા આવતા હતા. ત્યારે ધર્મદેવે પોતાના આત્માને શ્રીહરિની મૂર્તિમાં અતિ સ્થિર કરીને ટકાવી દીધો હતો. ૨૨. જેમ જેમ કૃષ્ણનો મહિમા સાંભળતા હતા તેમ તેમ હૃદયમાં અત્યધિક સુખ અનુભવાતું હતું. ભાગવત જેનો મહિમા કહે છે તે ભગવાન તો પોતાને ઘેર પ્રકટ થયા છે. ૨૩. **તેને લીધે મનમાં અપાર હેત થતું હતું. આંખોમાંથી હર્ષના આંસુઓની ધારા એકધારી વહેતી હતી. ભાગવત જેનું મહત્વ કહે છે તે પ્રભુ તો પ્રત્યક્ષરૂપમાં પોતાની આંખોની આગળ જ વિરાજ્યા**

છે. ૨૪. ભાગવતને સહુ લોકો પોતપોતાની રીતે સાંભળતા હતા. પરંતુ તેમાં ધર્મદેવની સમજણ કાંઈ જુદી હતી અને સાધારણ લોકોની સમજણ પણ તેનાથી જુદી જ હતી. ૨૫.

ધર્મદેવ દિવસે જે કથા સાંભળતા હતા તે સર્વેને રાતે મનન કરતા. તેથી સમાધિમાં હોય તેવું તેમને અખંડ ભગવાનનું ધ્યાન થતું-અનુભવાતું. આ પ્રમાણે છ દિવસ વીત્યા. ૨૬. સાતમે દિવસ (જેઠ વદ) ચોથને શુક્રવારે સવારે કથા પૂર્ણ થઈ. જે ઉદાર કથા પરમપદ (મોક્ષ)ને પ્રાપ્ત કરાવનારી હતી. ૨૭. પછી બ્રહ્મભોજન કરાવ્યું, વિપ્રોને મહાન દાન આપ્યા, વસ્ત્ર અને આભૂષણો પહેરાવ્યા, સર્વોત્તમ ભાવનાથી વિપ્રોને પૂજ્યા. ૨૮. પછી બધા બ્રાહ્મણો પોતાને ઘેર ગયા. એક પહોર દિવસ ચઢ્યો હતો. ત્યારે ધર્મના શરીરમાં તાવ વધ્યો કે જેને કાળજ્વર નામે કહેવાય છે. ૨૯. ત્યારે ધર્મદેવે વિચાર્યું, હવે આ શરીર ટકશે નહીં. પછી વિચારીને સંબંધીઓને બોલાવ્યા. સાંભળતાની સાથે બધા દોડી આવ્યા. ૩૦. રામપ્રતાપજી, શ્રીઘનશ્યામ અને ઈચ્છારામજી આદિ પુત્રો, તથા સર્વે સંબંધીઓ આવીને પાસે બેઠા ત્યારે ધર્મદેવનો શ્વાસ વધ્યો. ૩૧. રામપ્રતાપજી તથા શ્રીઘનશ્યામ, બંનેએ ધર્મદેવની નાડી તપાસી. પ્રયાણના સમયે સંકેલાઈ જતી નાડીની ગતિનો સંકોચ થવા લાગ્યો. ત્યારે નિશ્ચય કર્યો કે હવે દેહ છૂટશે. ૩૨. ત્યારે પુત્રોએ હાથ જોડીને ધર્મદેવને કહ્યું, અમને કાંઈ આજ્ઞા (શિક્ષા) વચન કહો, આપના સિવાય અમને હિતની વાત કોઈ કહી શકે નહીં. હવે આપના દેહનો કાંઈ નિર્ધાર નથી. ૩૩.

હે નૃપ ! ધર્મદેવના પ્રાણ કંઠે આવી ગયા હતા. શબ્દોને પણ સ્પષ્ટ રીતે કાનથી સાંભળી શકતા નહીં. બીજી ઈંદ્રિયોનું જ્ઞાન સંકેલાઈ ગયું હતું. આંખોમાં કાંઈક જ્ઞાન રહ્યું હતું. ૩૪. **તેથી તેમણે આંખોથી સંકેત કર્યો કે, 'આ ઘનશ્યામ ભગવાન છે' એની વાતને પ્રેમથી ગ્રહણ કરજો. અને ક્યારેય અનીતિને માર્ગે ચાલશો નહીં. ૩૫. તમારા જે બાળ-બચ્ચા થાય તે સહુએ ઘનશ્યામમાં જ ચિત્તને પરોવવું. પ્રેમ સિવાય ચિત્ત તેમાં રહે નહીં. પ્રેમીજનો જ તેમને પ્યારા લાગે છે. ૩૬.** આટલી સૂચના કરીને ધર્મદેવ તરત મૌન થઈ ગયા. તે સમયે તેમણે ચિત્તની વૃત્તિને ઘનશ્યામની મૂર્તિમાં જોડી દીધી. ૩૭.

ધર્મદેવનો અંતકાળ નજીક સમજીને તે સમયની ધર્મદેવની તમામ ક્રિયાઓ કરવા માટે રામપ્રતાપજીએ તત્કાળ તે વિધિઓને જાણનાર વિપ્રોને બોલાવ્યા. ૩૮.

આવેલા વિપ્રોએ શાસ્ત્રોક્ત વિધિ જોઈને તે પ્રમાણે તત્કાળ અંતસમયની સર્વે ક્રિયાઓ કરી. આવી વિધિ કોઈએ કરી ન હતી. કારણ કે ભગવાન પોતે જ ધર્મદેવના પુત્ર થયા છે. ૩૯. પછી તરત હજારો બ્રાહ્મણોને બોલાવ્યા તેમને કાચું અન્ન અને પુષ્કળ ઘી આપ્યું. તાંબાનું, રૂપાનું અને અનંત ગાયોનું દાન પણ આપ્યું. ૪૦. ગાયોનું છાણ લીંપાવ્યું. તેના ઉપર ડાભ (દર્ભ) બિછાવ્યા. વાળંદને બોલાવીને વતું (હજામત) કરાવ્યું. પછી ધર્મદેવને સરયૂગંગાના જળથી સ્નાન કરાવ્યું. ૪૧. શરીર ઉપર કેસરીચંદન ચરચ્યું. બે રંગના કરેણના ફૂલના હાર પહેરાવ્યા અને ડાભની શય્યા ઉપર પધરાવ્યા. ત્યારે તેમણે સિદ્ધાસન લગાવી દીધું હતું. ૪૨. તે સમયે ત્યાં જે લોકો હતા તે બધા રામ, કૃષ્ણ, હરિકૃષ્ણ આવા ભગવાનના નામ બોલીને એકતાર થઈને ધૂન કરવા લાગ્યા. તે વખતે ધર્મદેવના હૃદયમાં અપાર તેજ ઉત્પન્ન થયું. ૪૩. તે તેજથી પછી આખું ઘર ભરાઈ ગયું, સહુ લોકોએ આશ્ચર્ય જોયું. તે તેજ થોડીવાર દેખાઈને પછી તરત જ લીન (અદૃશ્ય) થઈ ગયું. અને તે તેજની સાથે જ ધર્મદેવે દિવ્યગતિ પ્રાપ્ત કરી. ૪૪.

**ત્યારે દેવતાઓ અનંત વિમાનોને લઈને આવ્યા હતા, તે બધા જય જયકાર બોલવા લાગ્યા. તે સમયે શ્રીહરિ દિવ્યસ્વરૂપે પધાર્યા, ઘણા પ્રેમથી ધર્મદેવને દર્શન દીધાં.** ૪૫. ધર્મદેવે શ્રીહરિને જ્યારે દિવ્યસ્વરૂપે જોયા ત્યારે તે પણ તેવા દિવ્યભાવને પામી ગયા. તે સમયે શ્રીહરિએ ધર્મદેવનો હાથ પકડ્યો અને તેમને વિમાનમાં બેસાડી દીધા. ૪૬. શ્રીહરિ અને ધર્મદેવ, બંને એક જ વિમાનમાં બેઠા. તેની ઘણી અદ્‌ભુત શોભા થઈ. દેવતાઓ દુંદુભિ આદિ વાજિંત્રોને વગડાવતા હતા. તેનાથી આકાશ ગાજી રહ્યું હતું. ૪૭. મોટા મોટા દેવોએ પણ ધર્મદેવને પોતાના ભવનોમાં પધરાવ્યા. અને ત્યાં વસ્ત્ર અને આભૂષણોનો તો કોઈ પાર ન હતો. તે વડે પ્રેમથી અનંત પ્રકારે ધર્મદેવની પૂજા કરી. ૪૮. તે સમયે કેસર ચંદન અને પુષ્પોની ઘણી વૃષ્ટિ થઈ. તેની સુગંધથી આકાશ વ્યાપ્ત થઈ ગયું. દેવોને અપાર હર્ષ થયો. ૪૯.

પછી માયાના અષ્ટ આવરણથી પાર જ્યાં અક્ષરધામ છે ત્યાં શ્રીહરિ ધર્મદેવને લઈ ગયા. ૫૦. ધર્મદેવે અલૌકિક અક્ષરધામ જોયું. જ્યાં અપાર નિષ્કામી દિવ્યમુક્તો રહે છે. ૫૧. ધર્મદેવને આવ્યા જાણીને બધા મુક્તો દોડી આવ્યા. મુક્તોની અપાર ભીડ થઈ ગઈ. બધા મુક્તો મુખેથી જય જયકારનો ધ્વનિ કરવા લાગ્યા. ૫૨. **વિક્રમ સંવત્ ૧૮૪૮ ના જેઠ વદિ ૪ (ચોથ)ને શુક્રવારે ધર્મદેવે પંચભૌતિકદેહનો ત્યાગ કર્યો હતો.** ૫૩.

***ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના પ્રથમ પૂરમાં 'ધર્મદેવે શ્રીમદ્ ભાગવતની કથા સાંભળી અને અક્ષરવાસી થયા' એ નામે અઠ્યોતેરમો તરંગ સમાપ્ત ॥૭૮॥***

## પૂર પહેલું : તરંગ - ૭૯

### ધર્મદેવની ઉત્તરક્રિયા, શ્રીહરિએ મોટાભાઈ આગળ સમજણની વાત કરી

ઉત્તમરાજાએ ધર્મદેવની વાત સાંભળી, તેથી તેના હૃદયમાં આનંદ થયો. પછી તેમણે ફરીને તે કથા પૂછી. ૧. હે મુનિધીર ! આપ ત્રિકાળજ્ઞાની છો, મારા ઉપર કૃપા કરીને સંસારની પીડાને ટાળનારી તે વાતને હવે આગળ કહો. ૨. ધર્મદેવની જે જે વાત છે તે બધી અમૃતરસના જેવી છે. તેનું પાન કરતા તૃપ્તિ જ થતી નથી. જેમ સાંભળીએ છીએ તેમ સાંભળવામાં પ્રેમ વધતો જાય છે. ૩. શ્રીહરિના પિતા ધર્મદેવ અનંતભુવનોમાં વિખ્યાત છે, એમ સહુ કહે છે. તેમના સમાન કોઈ અન્ય દેવ નથી. ૪. શ્રીમુક્તાનંદ સ્વામી મહાન્ પરમ દયાળુ સંત છે. તેમણે ઉત્તમરાજાની અતિશય શ્રદ્ધા જોઈ. પછી ધર્મદેવની વાતને ફરીવાર કહેવા લાગ્યા. ૫.

ધર્મદેવના ભૌતિકદેહને એક વિમાન કરી, તેમાં મૂક્યો. તે સમયે સહુ ઝાંઝ, મૃદંગ અને વાજિંત્ર વગડાવીને સુંદર વૈરાગ્યના પદો ગાવા લાગ્યા. ૬. વિમાન લઈને સરયૂગંગાને કિનારે ગયા. ત્યાં મોટા મોટા માણસોની ઘણી ભીડ થઈ હતી. પછી રામઘાટની પાસે લઈ ગયા. સહુ લોકો આજ મનમાં ખૂબ ઉદાસ હતા. ૭. પીપળો, ચંદન અને તુલસીના કાષ્ઠ ખૂબ ઝાઝાં લાવ્યાં

હતાં. ઉત્તર-દક્ષિણ લાંબી ચિત્તા ચાતુર્યથી બનાવી હતી. તેના ઉપર ધર્મદેવના શરીરને સુવાડી દીધું. ૮. તે સમયે રામપ્રતાપજીએ વિધિ પ્રમાણે અગ્નિદાહ કર્યો, ત્યારે ત્યાં જે બધા લોકો આવ્યા તેમણે રામકૃષ્ણ નામની ધૂન મચાવી. ૯. પછી ચિત્તામાં શ્રીફળ અને ઘી હોમ્યા અને જ્યાં સુધી શરીરની ભસ્મ થઈ ત્યાં સુધી સહુ ભગવાનની ધૂન કરતા રહ્યા. આ રીતે શાસ્ત્રીયવિધિ પ્રમાણે અગ્નિસંસ્કાર કર્યો. ૧૦. (સરયૂ) ગંગાજળ લઈને ભસ્મને ટાઢી કરી, પછી તે ભસ્મ તથા અસ્થિને સરયૂમાં વહાવી દીધા. તે પછી સહુએ સ્નાન કર્યું. તે સમયે સહુ તત્પર થઈને તૈયાર થયા. ત્યારે સુવાસિનીબાઈ આદિ બધી અપાર સ્ત્રીઓએ તત્પર થઈને સરયૂમાં સ્નાન કર્યું. પ્રથમ સ્ત્રીઓ ઘેર ગઈ. પછી પુરુષો ઘેર જવા ચાલ્યા. ૧૧-૧૨.

રામ અને કૃષ્ણના નામની ધૂન કરતા બધા લોકો ઘેર આવ્યા. એક રામપ્રતાપજી રુદન કરતાં આવ્યા. ૧૩. ધર્મદેવના જેટલા સંબંધીઓ હતા તે બધા સૌ સૌને ઘેર ગયા. સહુએ તે દિવસ ઉપવાસ કર્યો. કોઈ જમ્યા નહીં. ૧૪. ધર્મદેવ તે સમયે દુર્વાસાના શાપથી મુક્ત થયા હતા. અને તેઓ અત્યંત નિષ્પાપ થઈને અક્ષરધામમાં જઈને વસ્યા હતા. ૧૫. મોટા-મોટા વિપ્રો તેર દિવસ સુધી રામપ્રતાપજીને ઘેર આવતા રહ્યા. શાસ્ત્રાનુસારે ઘટીત હોય તેમ તે તે દિવસે શ્રાદ્ધ પણ કર્યા. ૧૬. ગામે ગામ પત્ર લખીને સહુને મોકલ્યા, અને ગામે ગામના બધા જ સહુ વિપ્રોને બોલાવ્યા. જ્યારે ધર્મદેવ ધામમાં ગયા તેને તેર દિવસ થયા ત્યારે તે બોલાવેલા બધા વિપ્રો આવ્યા. ૧૭. રામપ્રતાપભાઈ વગેરેએ વિપ્રોનું સન્માન કરીને શય્યાનું દાન કર્યું, જાતજાતના અન્ન આપ્યાં, હાથી, ઘોડા, ગાય અને ભેંસોના દાન પણ ઘણાં જ આપ્યાં. ૧૮. જે જે વિપ્રો આ પ્રસંગ ઉપર આવ્યા હતા તેમણે પોતાનો મુકામ અયોધ્યાપુરીથી બહાર કર્યો હતો. સહુને જમાડવા માટે બહુ ભાતના શ્રેષ્ઠ પકવાન કરાવ્યા હતા. ઉચ્ચ પ્રકારની પુષ્કળ સાકર લાવ્યા હતા. ૧૯. લાખો અને હજારો વિપ્રોને જમાડ્યા છતાં પકવાન તો અપાર વધ્યું. વિપ્રો જમીને અત્યંત પ્રસન્ન થયા. જય જયકારનો ધ્વનિ સહુ કરતા હતા. ૨૦. જેનું જેવું સન્માન કરવું ઘટે તેવું તેનું માન જાળવ્યું હતું. જેની જેવી યોગ્યતા

તે રીતે વિપ્રોને બહુ પ્રકારના દાન આપ્યા. ૨૧. તે જોઈને સર્વે વિપ્રો તો ભારે આશ્ચર્યચકિત થઈ ગયા. પછી તે સહુ પોતપોતાને ઘેર ગયા. નગરવાસી નાના મોટા સહુને બોલાવી બોલાવીને જમાડ્યા. ૨૨. પછી અયોધ્યાના જે સુજ્ઞ મોટા મોટા શાહુકારો હતા તેમણે અનુમાન લગાવીને તે ખર્ચ નિમિત્તે રામપ્રતાપજીને ધન આપ્યું. ૨૩. વસ્ત્રો અને આભૂષણો તો સવાયા લઈ આવ્યા અને રામપ્રતાપજીને પહેરાવી દીધાં. ધર્મદેવનું આ કારજ તો (દેશકાળ અને) રીતિ રિવાજ પ્રમાણે બધું સારી રીતે કર્યું હતું. ૨૪. મુક્તાનંદસ્વામી કહે, હે રાજા ! હવે હું તમને શ્રીહરિની વાત કહું છું. આ દુનિયામાં આવી બીજી કોઈ વાત નથી, માટે તમે તત્પર થઈને તેને સાંભળો. ૨૫. ધર્મદેવ ધામમાં ગયા પછી સ્વયં રામપ્રતાપજી પોતે તત્પર થઈને શ્રીહરિની સેવા કરવા લાગ્યા. ૨૬. ઈચ્છારામની સેવા શ્રીહરિ કરતા. રાતદિવસ તેમને લાડ લડાવતા. અને બંને ભાઈ ઝૂલામાં ઝૂલતા હતા. ૨૭. શ્રીહરિ નિત્ય ઝૂલામાં ઝૂલતા હોય ત્યારે જો રામપ્રતાપજી તેમને દેખી જાય તો શ્રીહરિ તુરંત દોડીને ક્યાંય સંતાઈ જતા હતા. શ્રીહરિ આવા ચરિત્ર કરતા હતા. ૨૮.

રામપ્રતાપજીને શ્રીહરિમાં ઘણું હેત હતું, તેથી તેઓ શ્રીઘનશ્યામને જુદા મૂકતા નહીં. ઘરનું કામકાજ કરતી વેળાએ પણ શ્રીઘનશ્યામને સાથે ને સાથે જ રાખતા હતા. ૨૯. શ્રીહરિ તો સ્વતંત્ર અને સ્વછંદ સ્વભાવના હતા. ક્યારેક મોટાભાઈનું વચન માનતા અને ક્યારેક નો'તા માનતા. ત્યારે રામપ્રતાપજી આવીને ડારો દે, છતાં લાડકા શ્રીહરિ ન માને. ૩૦. ત્યારે રામપ્રતાપજી ડરીને એકદમ ઉતાવળા શ્રીહરિની પાસે જઈને તેમના ચરણોમાં પડે ત્યારે શ્રીહરિ ઘરમાં આવતા. આવી અનંતપ્રકારની લીલા શ્રીહરિ કરતા. ૩૧.

શ્રીહરિના સિવાય ક્યારેય રામપ્રતાપજી જમતા નહીં, તે રીતે જ સુવાસિનીબાઈ પણ શ્રીહરિના સિવાય એક પળ પણ સુખ-શાંતિ પામતા નહીં. ૩૨. શ્રીહરિ જ્યાં સુધી ઘેર ન આવે ત્યાં સુધીમાં સુવાસિનીબાઈ તો રડીરડીને અધમુવા થઈ જતા. તેમને નંદરામ નામે એક પુત્ર હતા. તેના કરતાં પણ સુવાસિનીબાઈને શ્રીહરિ ઉપર અધિક હેત હતું. ૩૩. શ્રીહરિ અને ઈચ્છારામજી, બંને રાતદિવસ ભેળા જ ફરતા. ઈચ્છારામજી તો સાધુ

સ્વભાવના હતા. તેને શ્રીહરિ ઉપર બહુ જ હેત હતું. ૩૪. નગરથી બહાર જ્યાં વનમાં સુંદર જગ્યા જણાય ત્યાં શ્રીહરિ ઇચ્છારામજીને સાથે લઈને ઉમંગથી હરતા-ફરતા હતા. ૩૫. અથવા તો સરયૂનદીના સોહામણા ઘાટ ઉપર જઈને નિત્યે ઉત્સાહપૂર્વક ત્યાં વિચરતા હતા. પોતાની સમાન ઉંમરના છોકરાઓને સાથે લઈને નિત્ય નવા ખેલ ખેલતા હતા. ૩૬. વનના ફળફૂલોને જુએ તો મનમાં હરખાઈ જતા. અને તેનો નિત્ય આહાર કરતા અને શ્રીહરિને અન્ન જમવું આવી કોઈ તમા-પરવા ન હતી. ૩૭.

કોઈવાર તો બે-ચાર દિવસે ઘરે આવતા, રામપ્રતાપજીને કાંઈ વાત કહેતા નહીં અને તેમનું લગારેક પણ માનતા નહીં. ૩૮. ત્યારે રામપ્રતાપજી શ્રીહરિ આગળ હાથ જોડીને બોલતા કે, તમારો વિયોગ વિચારીને તમારા વિના મનમાં ઘણો જ તાપ-સંતાપ થાય છે. ૩૯. તમારા વિના અન્ન અને જળ ઝેર જેવા લાગે છે, કોઈ દિશા સૂઝતી નથી. તમે જેમ ઉપાય કહો તેમ અમે કરીએ. ૪૦.

ત્યારે શ્રીહરિ તેમની સામે મોઢે કહેતા કે તમે કોણ ? અને અમે કોણ ? તમે તો આ સંસારને વહન કરનારા છો અને અમને તો તે સંસાર અતિ ખારો લાગે છે. ૪૧. આ જગતના ખાન, પાન અને માનનો જોગ અમને તો મહાઝેર જેવો લાગે છે, અમે વિષયભોગરૂપી ઝેરને ખાવાવાળા નથી. અમે તો અમારું ધાર્યું કરશું. ૪૨. આ નાના ભાઈ ઈચ્છરામજી છે તેનું પણ અમારે કાંઈ કામ નથી. જો તમે જતન કરીને હેતથી તેની સેવા કરશો તો તમે અમારી સેવા કરી છે. આવી વાત શ્રીહરિએ તેમને કહી દીધી. પછી કહ્યું, હવે તમારે લેશમાત્ર શોકાતુર થવું નહીં. શોક કરવાથી તો અત્યંત કલેશ-દુઃખ થાય છે. ૪૩-૪૪. કલેશથી તો બુદ્ધિનો નાશ થાય છે અને બુદ્ધિનો નાશ થાય તો તો આત્માનો જ વિનાશ થાય છે. રામપ્રતાપજી શ્રીહરિના આવા શબ્દ સાંભળીને રડવા લાગ્યા. ૪૫. **પછી પોતાના ઉપર તેમને બહુ હેત છે એમ સમજીને શ્રીહરિ અમૃતના સમાન વચન કહેવા લાગ્યા, હે ભાઈ ! હું તો બાળક છું અને તમે મોટાભાઈ છો, છતાં મારી સાથે તમે અતિશય કેમ હેત કરો છો ?** ૪૬.

**समझ बिन सो हेत कहावे, यामें कोउ दिन दुख पावे;**
**जा हेत में दुख होवे अतंता, हेत नहिं सो दुख कहंता...४७**

**दुख होवे सो हेत न करना, ज्ञान की बात पकि समझना;**
**ज्ञान बिन नर अंध कहाई, अंत्ये दुख अति होय ताई...४८**

આ તમારું હેત સમજણ વિનાનું છે, તેમાંથી તો કોઈક દિવસ ઘણું દુ:ખ થાય. જે હેત કરવાથી અત્યંત દુ:ખ થાય તે હેત ન કહેવાય, તે તો દુ:ખ જ કહેવાય. ૪૭. હે મોટાભાઈ ! દુ:ખ થાય તેવું હેત ન કરવું, તમારે જ્ઞાનની વાતને પાકી સમજવી જોઈએ. જ્ઞાન વિનાનો માણસ આંધળો કહેવાય છે. તે છેવટે બહુ દુ:ખી થાય છે. ૪૮. **માટે હે ભાઈ ! એવું હેત ક્યારેય ન કરવું કે જેમાં ફરીને અવગુણ (કુહેત) થાય. હવે જ્ઞાનના નિધિની વાત હું તમને સંભળાવું છું.** ૪૯.

પિતા કાયમને માટે પુત્રનો થતો નથી અને પુત્ર કાયમને માટે પિતાનો થતો નથી. હેત મોહને લીધે જ થાય છે. સાચી વાત તો એ છે કે, મોહજન્ય હેત કોઈનું ક્યારેય સ્થિર રહેતું નથી. ૫૦. જીવ અને શરીર બંને એક હોય તેમ મળીને રહ્યા છે, છતાં પણ તે કાયમને માટે એક રહેતા નથી. માટે આત્મા દેહથી ભિન્ન છે તેવો વિવેક કરવો, વિવેક વગરનું માનવજીવન ગાઢ અંધારાથી ભર્યું છે. ૫૧. વિવેકરૂપ જ્ઞાનના સિવાયનો માનવ તો પશુના સમાન કહેવાય છે. માટે નિપુણ મનુષ્યે આત્મા-અનાત્માનો વિવેક શીખવો જોઈએ. આવા વિવેકરૂપ જ્ઞાનને લીધે જ મનુષ્ય જન્મ લીધો તે સાર્થક થાય છે. ૫૨.

***ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના પ્રથમ પૂરમાં 'ધર્મદેવની ઉત્તરક્રિયા, શ્રીહરિએ મોટાભાઈ આગળ સમજણની વાત કરી' એ નામે ઓગણ્યોએંસીમો તરંગ સમાપ્ત ॥૭૯॥***

## પૂર પહેલું : તરંગ - ૮૦

### શ્રીહરિનો ગૃહત્યાગ

આવી વાત સાંભળીને રામપ્રતાપજીભાઈએ બે હાથ જોડીને શ્રીહરિને કહ્યું, અત્યારે આપ જ્ઞાનની વાત કહો છો, પણ બુદ્ધિ થોડી હોવાથી તે મને સમજાતી નથી. ૧. સંસાર-વ્યવહારનું જ્ઞાન છે, તેને હું જાણું છું પણ જીવનો

મોક્ષ થાય તેવું જ્ઞાન હું જાણતો નથી અને મુક્તિ-મોક્ષના જ્ઞાન સિવાય જીવમાંથી અજ્ઞાન ટળતું નથી. ૨. **મુક્તિ-મોક્ષરૂપી જ્ઞાનની ખાણ જેવા આપ ભગવાન શ્રીહરિ મારા ભાઈ છો, છતાં મને અજ્ઞાનરૂપી અંધારું ઘણા જ સમયથી છે. એટલે તમે જે વાત કહો છો તેમ મારાથી થઈ શકતું નથી.** ૩. **મારું એવું કોઈ પુણ્ય નથી કે ફરીને આવો આપનો યોગ થાય. મારું અજ્ઞાન તો ઘોર અંધારા જેવું છે, માટે આપ તે અજ્ઞાનને હવે ટાળી નાખો.** ૪. હે ભાઈ ! આપ જે વાત કહો તેમ કરીએ. આપના સમાન બીજા કોઈ અમારા હેતુ (હિતકારી) નથી, આપ તો સાક્ષાત્ પરમેશ્વર છો. માટે કૃપા કરીને મારો મોહ મટાડો, અજ્ઞાનરૂપ અંધારું ટાળી દો. ૫. શ્રીહરિ પરમ કૃપાળુ છે, ભક્તવત્સલ અને કરુણાના સાગર છે. દીનબંધુ અને અશરણના શરણ છે. તે હવે કૃપા કરીને બોલ્યા. ૬.

### * શ્રીહરિએ મોટા ભાઈને સત્સંગનો મહિમા કહ્યો :

મોહ તો અજ્ઞાનભર્યો અંધારિયો કૂવો છે, તેને ટાળવાનું અનુપમ સાધન તો સત્સંગ છે. રાતના અંધારાને જેમ સૂર્ય ટાળે છે તેમ સત્સંગથી મોહરૂપી અંધારું ટળે છે. ૭. ભગવાનનો તથા ભગવદ્ ભક્તનો સમાગમ એમ સત્સંગ બે પ્રકારનો છે. તે બંને જુદો-જુદો છે. પણ મોહરૂપ અજ્ઞાનને જ્યારે રોગ માનવામાં આવે ત્યારે વિષયભોગ ઝેરના સમાન લાગે છે. ૮.

**चोपाई :**

**सत्संग खप होवे न नासा, एसो करना नित्य तपासा;**
**तपास बिन न होवत काजा, मनुष्य तन मिलत न साजा...१०**

પછી સંત સમાગમરૂપી સત્સંગ હેતથી કરવો અને તે પણ સમજી વિચારીને કરવો, અને તેમાં પણ પૂરી રીતે અપાર ખપ હોવો જોઈએ. ખપ વિના તે ક્યારેય પાર ન પામે. ૯. એવી નિત્ય તપાસ રાખવી જોઈએ કે સત્સંગનો ખપ ટળી ન જાય, તપાસ કર્યા વિના કોઈ કાર્ય થતું નથી. આટલું સુંદર મનુષ્યનું શરીર (વારંવાર) મળતું નથી. ૧૦.

**सत्संग खप अधिक हि होई, तेसे संग हि करना जोई;**
**युँ समझके जो करे सत्संगा, ताको सत्संग रहत अभंगा...११**

**ताके नाम सत्संग कहावे, सो सत्संग से परमपद पावे;**
**मन ईन्द्रि कुसंग रहे जेता, ताकुं विघ्न न करहि तेता...१२**

તેવા સંતનો સંગ રાખવો જોઈએ કે જેનાથી સત્સંગનો ખપ અધિક અધિક વધતો રહે. આવું સમજીને જો સત્સંગ કરવામાં આવે તો તેનો સત્સંગ અખંડિત રહે છે. ૧૧. તેનું નામ જ સત્સંગ છે કે જે પરમપદ (મોક્ષ)ની પ્રાપ્તિ કરાવે. જેટલી મનમાં અને ઇંદ્રિયોમાં આસક્તિરૂપી કુસંગ છે તે મોક્ષમાં વિઘ્ન ન કરે તેમ જતન કરવું જોઈએ. ૧૨. હવે કુસંગનું સ્વરૂપ કહું છું તમે સાવધાન થઈને સાંભળો. અધર્મ માર્ગના કામ, ક્રોધ, લોભ, માનાદિક દોષોનો જેટલો પ્રસંગ રહે છે તે બધાને સારી રીતે કુસંગ જાણવો. ૧૩. કુસંગની ગણતરી કરીએ તો તેનો પાર આવે તેમ નથી. એ બધા કુસંગના માર્ગો નરકનું દ્વાર છે. લોક વ્યવહારમાં અને શાસ્ત્રમાં જેની નિંદા થાય છે તે બધાને કુસંગ જાણવો. ૧૪. જેટલા નિંદિત કર્મ થાય તે બધો કુસંગ ગણાય છે. અને જેટલા અનિંદિત કર્મ કરાય છે તે બધો સત્સંગ કહેવાય છે. ૧૫.

**ભગવાનનું ભજન કરવામાં જે જે સહાયક થાય છે તે બધાને સત્સંગ જાણવો. અને તે ભજન કરવામાં જે જે વિઘ્ન કરે છે તે બધાને કુસંગ જાણવો. ૧૬.** ઉત્તમ, મધ્યમ અને કનિષ્ઠ આવા સત્સંગના ત્રણ ભેદ છે. તેમાં જેને જે રુચે તે તેવાનો સત્સંગ તે કરે છે. ૧૭. તેને લીધે કોઈ ઉત્તમ હોય તોપણ તે મધ્યમ કે કનિષ્ઠ થઈ જાય છે, અને કોઈ કનિષ્ઠ હોય તે પણ મધ્યમ અથવા ઉત્તમ થઈ જાય છે. અર્થાત્ જેવો સંગ કરે તેવો થઈ જાય છે. ઉત્તમનો સંગ કરે તો ઉત્તમ થાય છે, મધ્યમનો સંગ કરે તો મધ્યમ થયા છે અને કનિષ્ઠનો સંગ કરે તો કનિષ્ઠ થઈ જાય છે. ૧૮.

અને સત્સંગ કરવાની શ્રદ્ધા ત્રણ પ્રકારની હોય છે, અને તે શ્રદ્ધાના વેગ પણ ત્રણ છે. તે વેગને મંદ, મધ્યમ અને તીવ્ર કહેવાય છે. જે જેવા વેગથી સત્સંગ કરે છે તે તેવો થઈ જાય છે. ૧૯. મંદ શ્રદ્ધાવાળાએ મધ્યમ શ્રદ્ધ ાવાળાનો સમાગમ કરવો અને મધ્યમ શ્રદ્ધાવાળાએ ઉત્તમ શ્રદ્ધાવાળાનો સંગ કરવો. ઉત્તમ શ્રદ્ધાવાળાએ તો ઉત્તમનો જ સંગ રાખવો, પણ મધ્યમ અને મંદ શ્રદ્ધાવાળાનો સંગ ક્યારેય કરવો નહીં. ૨૦. અને તેમ કરવામાં આવે ત્યારે

જ શ્રદ્ધાનો વેગ એક સરખો રહે. તે વિના તો તે વેગ ઉલટ-પુલટ થઈ જાય. જેના હૃદયમાં મોક્ષનો ખપ હોય તેણે હંમેશા સત્સંગનો શુદ્ધ વિચાર રાખવો જોઈએ. ૨૧. બધી જ ક્રિયાઓમાં શુદ્ધ વિચાર રાખવો, એ તો જેમ નટ દોર ઉપર ચાલે અને કોઈ ખુલ્લી તલવારની ધાર ઉપર ચાલવું તેવું કઠણ છે. પણ આ તો ભગવાનને રિઝવવાનો આ ખેલ છે માટે સાવધાન રહેવું. સમય સમય પ્રમાણે જ્યારે લોકો સાથે ભેળા થવાનું થાય,૨૨. **ત્યારે તેમાં વિચારીને ઉત્તમ સંતોનો જ સંગ કરવો. ઉત્તમ પુરુષના સંગથી શ્રદ્ધા ઉત્તમ થાય છે અને જે જીંદગીભર શ્રદ્ધાને જીવંત રાખે છે તે જ અક્ષરધામમાં જઈને રહે છે.** ૨૩.

જે નિયમ-ધર્મમાં ઉત્તમ રહે છે તે મનુષ્ય જ અક્ષરધામમાં જાય છે અને જેને ગોલોકની રુચિ હોય તે ગોલોકમાં જાય અને જેને વૈકુંઠની રુચિ હોય તે વૈકુંઠમાં જાય. ૨૪. જે ભક્ત જેવી રુચિથી સત્સંગ કરે છે, તે તેવા ધામને પામે છે. પ્રત્યક્ષ અને પરોક્ષ, એમ સત્સંગ બે પ્રકારનો છે. જેને જેવી સમજણ હોય તેને તેવું ફળ મળે છે. ૨૫. પ્રત્યક્ષ અને પરોક્ષ એમ સંતો પણ બે પ્રકારના છે. જે જેવો સંગ કરે તેને તેવું ફળ મળે છે. પ્રત્યક્ષ અને પરોક્ષ, એમ શાસ્ત્ર પણ બે પ્રકારના છે. જે જેવું શ્રવણ કરે તેને તેવું ફળ મળે છે. અર્થાત્ પ્રત્યક્ષનો સંગ કરે તેને પ્રત્યક્ષ ફળ મળે છે અને પરોક્ષનો સંગ કરે તેને પરોક્ષ ફળ મળે છે. ૨૬. ભગવાનની પ્રત્યક્ષ મૂર્તિ અને પરોક્ષ (ધામસ્થ) મૂર્તિ બંને એક જ પ્રકારની છે. એમ જાણી દૃઢ નિર્ધાર કરીને ભગવાનને સેવવા. ૨૭. મૂર્તિમાં ભેદ નથી. ભેદ તો ભક્તની રુચિમાં છે. તેથી સેવક પોતાની રુચિને અનુસારે જ ફળને પામે છે. અર્થાત્ પ્રત્યક્ષ ભાવે સેવનારો પ્રત્યક્ષ ફળને પામે છે. અને પરોક્ષભાવે સેવનારો પરોક્ષફળને પામે છે. ૨૮.

**सोरठा : संसार में नहिं सार, सार जानत सो अज्ञानी नर;**
**हम युँ किये निरधार, तेहि जानीके हम दुर रहत...२९**
**हमारी करनी न आस, संसार के सुख भोग करन;**
**हम हें तामें उदास, नारी लगत हे नरककुंड...३०**

હે મોટાભાઈ ! આ સંસારમાં કાંઈ સાર નથી. જે તેમાં સાર માને છે તે મનુષ્ય અજ્ઞાની છે. એવો મેં મારા મનમાં નિર્ધાર કર્યો છે. તેથી જ હું

સંસારથી દૂર રહું છું. ૨૯. સંસારના સુખ ભોગવવા બાબતમાં તમે મારી આશા રાખશો નહીં, હું તેનાથી ઉદાસ છું. મને નારી તો નરકના કુંડ જેવી લાગે છે. ૩૦. હે પ્રિય ભાઈ ! મારા ઉપર જો તમારે વધારે હેત હોય તો મારા વિવાહ કરવાનું મનમાંથી કાઢી નાખજો. ઈચ્છારામ આપણા ભાઈ છે. તેના વિવાહ તમે કરો. ૩૧. ત્યારે રામપ્રતાપજીભાઈ વિચારીને બોલ્યા, હે બ્રહ્મચારી ઘનશ્યામ ! તમે સાંભળો. જ્યાં સુધી તમે નાના છો ત્યાં સુધી ત્યાગ-વૈરાગ્યમાં તમને રુચિ છે અને નારીમાં તમને અનુરાગ-આકર્ષણ નથી. ૩૨. આપણું ઘર ઘણું કુળવાન્ કહેવાય. વિપ્રો દીકરી દેવા આપણે ઘેર સામેથી આવે છે. ભાઈ ! આપણે ઈટારના પાંડેય છીએ. મોટા મોટા રાજાઓ પણ આપણા ચરણમાં પડે છે. ૩૩. પોતાના જીવન નિર્વાહનો કાંઈ વિચાર કરવાનો હોતો નથી. જે દીકરી આપશે તે બધું આપશે. અન્ન કે વસ્ત્રની કાંઈ ખેંચ નહીં રહે. વગર ઉદ્યમે બધું અખૂટ રહેશે. ૩૪.

ભગવાનની પૂજા, સેવા અને ધ્યાન જ કરવાનું. કોઈને શિરદંડ ભરવાનું નહીં આવે. જે જે મોટા યોગી કહેવાય છે અને અષ્ટાંગ યોગ સાધવામાં તત્પર રહે છે,૩૫. હઠ જોગ કરે છે, જંગલી ફળ ખાઈને રહે છે. બધા તીર્થોમાં ફરે છે. તે પણ અંતે ખુવાર થયા છે. તેઓ પ્રથમ ઘર છોડે, પછી ત્યાગાશ્રમરૂપી સ્થાન છોડે અને છેવટે બંનેથી ખુવાર થાય છે. ૩૬. કેમ જે, આજ કળિયુગનું બળ અપાર છે. તેથી ત્યાગ છેવટ સુધી પાર પડતો નથી. માટે હવે તમે બાળબુદ્ધિ ને તજી દો. હું જોઈ વિચારીને તમારા હિતની વાત કહું છું. ૩૭. પિતાએ કહ્યું છે કે, આ ઘનશ્યામ ભગવાન છે, માટે તમને સ્ત્રીનું બંધન નહીં થાય. તમને જે નારી આવીને વરશે તેના ભાગ્ય તો કહી શકાશે પણ નહીં. ૩૮.

**❋ શ્રીહરિએ મોટા ભાઈને પોતાના વિચાર કહ્યા :**

સંતો અને શાસ્ત્રો એમ કહે છે કે, સહુને ભગવાનનો ભય હોય છે, પણ ભગવાનને કોઈનો ભય હોતો નથી. તો હવે તમે જ મને કહો. તમારે શું કરવું જોઈએ ?૩૯. ત્યારે શ્રીહરિએ કહ્યું કે, હે ભાઈ રામપ્રતાપજી ! આપ સાંભળો. આપે જે જે વાત કહી તે બધી કેવળ પોતાના સ્વાર્થની જ કહી છે. ૪૦. કૂપમંડુકના જેવા આપના વિચાર અલ્પ (તુચ્છ) છે. તેને આપ અપાર

મોટા વિચાર માનો છો. પણ ક્યાં તમારા કૂપ (કૂવો) જેવા અલ્પ વિચાર અને ક્યાં મારા સાગર જેવા ઉચ્ચ વિચારો ? ૪૧. મેં મનમાં એક નિશ્ચય કર્યો છે કે, જગન્નાથ અને દ્વારકાનાથ તથા બદરીનાથ અને રામનાથ (રામેશ્વર) આ ચાર ધામ વચ્ચેના જે લોકો છે તેનો મારે ઉદ્ધાર કરવો છે અને ઘેર ઘેર જઈને લોકોને દર્શન આપવા છે. ૪૨.

**ચોપાઈ :**

**कंचन कामनी दोरहि करीके, चौद लोक बंधे जकरीके;**
**हम नहिं तामहिं बंधन वारे, बंधन कि आस तुम तजहु प्यारे...४४**

**ચૌદ લોકનું જે સુખ છે તેનાથી પણ વધારે અમે પૂર્ણકામ છીએ. ચૌદ લોકના વાસીઓ શબ્દ, સ્પર્શ, રૂપ, રસ અને ગંધ, એ પાંચ વિષયમાં બંધાયેલા છે. ૪૩.** કાંચન અને કામિનીના દોરડાથી ચૌદેય લોકના દેવો, મનુષ્યો જકડીને બંધાયેલા છે. હું તેમાં બંધાવાનો નથી. પ્યારા ભાઈ ! મને બાંધવાની આશા છોડી દો. ૪૪. **હું જોગી છું ભોગોને ભોગવનારો ભોગી નથી. ક્યારેય કુળને લાંછન નહીં લગાડું. હું કોઈ એવા પરદેશમાં જઈને રહીશ કે જ્યાં આપનો પ્રવેશ થઈ શકે નહીં. ૪૫. લોકોનો મોક્ષ કરવાને માટે જ મેં અત્યારે વિપ્રકુળમાં જન્મ ધર્યો છે. જે મનુષ્ય મારે શરણે આવશે, તેના ઉપર ક્યારેય જમની ચઢાઈ નહીં આવે. ૪૬. જે કોઈ મનુષ્ય મારા દર્શન કે ચરણસ્પર્શ કરશે તો તેને કાળ કે કર્મનો ભય નહીં રહે, તે ભય નાશ પામશે. જે કોઈ મને અન્નથી કે વસ્ત્રથી પૂજશે તો તે બધાનો મોક્ષ થશે.** ૪૭. જે વસ્તુ લઈને મને કોઈ પૂજશે તે વસ્તુ તેને નિર્ભય એવા ધામમાં મળશે. જે કોઈ જાણે-અજાણે મારા દર્શન પામશે તે આખા જગતમાં પૂજ્ય થશે. ૪૮. આ વખતે ‘મારે અનંત જીવોનો મોક્ષ કરવો’ આવો મેં દૃઢ સંકલ્પ કર્યો છે. કાઠી, કોળી અને કણબીની જાતિઓનો મારે અનેક રીતે ઉદ્ધાર કરવો છે. ૪૯. જો તમે મને ભલમનસાઈથી શીખ (વિદાય) આપશો તો ક્યારેક ફરી આવીને મળશું. આવું વચન હું પ્રેમથી આપું છું. અને જો તમે મને રાજીપે શીખ નહીં આપો તો ફરીને ક્યારેય મળશું નહીં. ૫૦. ત્યારે રામપ્રતાપભાઈ બોલ્યા કે હે બાળ ઘનશ્યામ ! તમે સાંભળો. હવે એક પલકભર પણ હું તમને દૂર

થવા નહીં દઉં. હૈયાના હારની જેમ રાખીશ. ૫૧. ત્યારે શ્રીહરિ ફરી કાંઈ બોલ્યા નહીં અને વિચારો મનમાં જ રાખ્યા. રામપ્રતાપભાઈને કહ્યું, ભાઈ ! તમે કહો તેમ કરશું. ૫૨. તે પછી રામપ્રતાપભાઈના મનમાં આનંદ થયો. કેમ જે, શ્રીહરિ પોતે વિવાહ કરવા માટે સંમત થયા. ૫૩. તે અરસામાં ખંભરિયા ગામમાં રહેતા સારા વિદ્વાન નિહાલ **મિશ્ર** નામે વિપ્ર અયોધ્યામાં આવ્યા. ૫૪. તેમની પુત્રી-કન્યા સમગ્ર શુભગુણોથી સંપન્ન **ચંદ્રકલા** નામે હતી. તેના વિવાહ કરવાના આશયથી તેઓ આવ્યા હતા. ૫૫. તેર ઘરોમાં નિહાલ મિશ્રનું કુળ ઘણું ઊંચુ મનાતું હતું. તેમને બે પુત્ર હતા. ૫૬. તે પુત્રોના ગૌરી અને બિસુન નામ હતા. તેમને ધર્મકુળ ઉપર અતિશય હેત હતું. તેઓ બધા શ્રીઘનશ્યામને જોઈને મનમાં ઘણા જ પ્રસન્ન થયા. ૫૭. શ્રીહરિએ તે વાત જાણી એટલે સવારના પહોરમાં મોટાભાઈને પૂછ્યા વિના જ સ્નાન કરવાને નિમિત્તે ચાલી નીકળ્યા. ૫૮.

***ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના પ્રથમ પૂરમાં 'શ્રીહરિએ મોટા ભાઈને પોતાના વિચારો કહ્યા અને ઘેરથી વન વિચરણ કરવા માટે ચાલી નીકળ્યા' એ નામે એંસીમો તરંગ સમાપ્ત ॥૮૦॥***

## ઈતિ શ્રીહરિચરિત્રામૃતસાગર ગ્રંથમાં પહેલું પૂર સમાપ્ત

INDEX

શ્રીસ્વામિનારાયણો વિજયતેતરામ્

**મહામુક્ત સ્વામી શ્રીસિદ્ધાનંદમુનિકૃત**

# શ્રીહરિચરિત્રામૃતસાગર પૂર - ૨

**હિંદીનું ગુજરાતી ભાષાંતર**

## પૂર બીજું : તરંગ - ૧

### શ્રીહરિ સરયૂ ઊતર્યા અને વરુણે પૂજા કરી

ઉત્તમ રાજાએ હાથ જોડીને શ્રીમુક્તાનંદ સ્વામીને પૂછ્યું, હે મુને ! આપ જે જાણતા હો તે પ્રમાણે શ્રીહરિએ જે વનવિચરણ કર્યું, તે વાત મને કહો. ૧. શ્રીહરિનાં ચરિત્રોને કહેવામાં નિપુણ આવા શ્રીમુક્તાનંદસ્વામીએ ઉત્તમરાજાના અનુપમ વચનને સાંભળ્યું. તે પછી તત્કાળ જ પરમ રસરૂપ તે શ્રીહરિનાં ચરિત્રોને કહેવા લાગ્યા. ૨. અખિલ બ્રહ્માંડના અધિપતિ અને રાજાધિરાજ શ્રીહરિ વર્ણીના સમાન વેષ કરીને લગભગ આઠ વર્ષ પર્યંત વનમાં વિચર્યા, તે કથાને હવે હું કહું છું. ૩. શ્રીઘનશ્યામ મહારાજ અત્યંત અદ્‌ભુત વર્ણી બન્યા. જે સ્વયં શોભા અને રસ(સુખ)ની ખાણ છે. ભક્તોના મનોરથોને પૂરા કરે છે અને પોતે તો પૂર્ણકામ છે. ૪. પોતે અનંત જીવોનો ઉદ્ધ ાર કરવાનો વિચાર કર્યો હતો. એટલે એકાકી જ નીકળી પડ્યા. સ્વયં અપાર નિર્ભય હતા. ૫. શ્રીહરિ યોગીઓને મધ્યે મહાન્ યોગી છે, યોગકલાના ભંડાર છે અને તેઓ મનમાં જેવો સંકલ્પ કરે, તુરત જ તે સાકાર થાય છે. ૬.શ્રીહરિમાં કલ્પતરુ, ચિંતામણિ અને પારસમણિ જેવા ગુણો છે. અને

શ્રીહરિમાં તો એવી અનંત નિધિઓ તથા ગુણો ઘર માનીને રહ્યાં છે. ૭. **શ્રીહરિ તો અનંત બ્રહ્માંડોના અધિપતિ છે અને તેમની સેવાથી શિવ-બ્રહ્માદિક દેવો જેવા અનંત થયા છે, એવા એ મહાન્ પરમેશ્વર છે. ૮.**

તે શ્રીહરિએ વર્ણીનો વેષ ધારણ કર્યો. તે એટલો બધો સુશોભિત હતો કે તેનું વર્ણન કરી શકાય તેમ નથી. જેના થોડીવાર દર્શન કરવા માત્રથી જ સમગ્ર નરનારી સમુદાય આશ્ચર્ય ચકિત થઈ જતો. ૯. વિક્રમ સંવત્ ૧૮૪૮ના વરસના અષાઢ માસના સુદિ દશમને શુક્રવારને દિવસે, જ્યારે સવારમાં અરુણોદય થયો ત્યારે અતિ ભવ્ય વર્ણીના વેશમાં શ્રીહરિ સરયૂ નદીને કિનારે પહોંચ્યા. ત્યારે તેમની સાથે કોઈ હતું નહીં. ૧૦-૧૧. તે સમયે વર્ણીરાજે સુકોમળ અંગો ઉપર એક કૌપીન ધારી હતી અને તેના ઉપર એક નાનું ટૂંકું વસ્ત્ર વીંટ્યું હતું. ખભા ઉપર મૃગચર્મ હતું. કંઠમાં તુલસીની બેવડી કંઠી હતી. ૧૨.

કપાળમાં, બે ભુજાઓ ઉપર અને છાતીમાં સુંદર ઊર્ધ્વપુંડ્ર તિલક કર્યું હતું. મસ્તક જટારૂપી મુકુટથી શોભતું હતું. હાથમાં એક ખાખરાનો દંડ લીધો હતો. અને ગંભીર મુદ્રા હતી. ૧૩. પ્યારા વર્ણીરાજે સમગ્ર શાસ્ત્રોનો સાર કાઢીને એક ગુટકો લખી રાખ્યો હતો. તેને સાથે રાખ્યો હતો. તે શાસ્ત્રનાં હવે હું નામ કહું છું કે જેને સાંભળવાથી ભક્તને શાંતિ થાય છે. ૧૪.શ્રીમદ્ ભાગવતના સારભૂત દશમસ્કંધ અને પંચમસ્કંધ, મહાભારતમાંથી વિદુરનીતિ, ભગવદ્ગીતા અને પરમ પવિત્ર એવું વિષ્ણુ સહસ્રનામ સ્તોત્ર, સ્કંદ પુરાણમાંથી વાસુદેવ માહાત્મ્ય અને સર્વ ધર્મશાસ્ત્રોમાંથી યાજ્ઞવલ્ક્ય સ્મૃતિ, એટલાં શાસ્ત્રોમાંથી સારરૂપ ગુટકો લખી રાખ્યો હતો કે જે સમગ્ર શાસ્ત્રોના દોહનરૂપ હતો. ૧૫-૧૬.આનંદમૂર્તિ વર્ણિરાજે હાથમાં કમંડલું, કમર ઉપર મુંજની મેખલા અને એક ભિક્ષાપાત્ર પણ પાસે રાખ્યું હતું. શાલગ્રામ અને બાલમુકુંદ, બંનેને એક બટવામાં રાખીને કંઠે બાંધ્યા હતા. ૧૭.

આવા મનોહર વર્ણિરાજ ચાલીને સરયૂને કિનારે આવ્યા. કોઈ પાછળ મને લેવા આવતું તો નથીને ? આવા ડરથી ચારે બાજું માર્ગોને જોતા હતા. ૧૮.તે વખતે સરયૂ નદીએ મહાન ગંભીર રૂપ ધાર્યું હતું. જેમાં

મોટા મગરમચ્છો હતા અને પાણી અથાહ હતું. સરયૂ પાર કરવામાં નૌકા સિવાય કોઈ ઉપાય ન હતો, પણ તેમાં પકડાઈ જવાનો ભય હતો. ૧૯. જો કોઈ માણસ સરયૂમાં પડે તો તે પાછો નીકળે એવી સ્થિતિ ન હતી. પાણીમાં મોટા મોટા લોઢ ઊછળતા હતા અને તે પાણીમાં વારંવાર ઘૂમરીઓ પણ દેખાતી હતી. ૨૦.સરયૂનો પટવિસ્તાર બે કોશ (અંદાજે પાંચ કિ.મિ. થી પણ વધારે) જેટલો હશે. પાણીનો વેગ અપાર હતો. કોઈ પણ માણસ નૌકા વિના તેનો પાર પામી શકે તેમ ન હતું. ૨૧. વળી તે પાણીમાં અનેક જાતનાં મહાભયાનક જળજંતુઓ રહેતાં હતાં. કોઈ પાણીમાં પડે તો તુરંત તેને જોરથી પકડી લેતા હતા. ૨૨.

**❋ વર્ણિરાજ તથા અસુરનો સંવાદ :**

તે વખતે એક અસુર મનુષ્યનું રૂપ લઈને વર્ણી પાસે આવ્યો. મનમાં ઘણું છળ-કપટ હતું. વર્ણીને મારી નાખવા ચાહતો હતો, છતાં પ્રેમથી પૂછ્યું, ‘ક્યાં જવું છે ? ચાલો, હું નદી પાર ઉતારી દઉં.’ ૨૩-૨૪.ત્યારે વર્ણી કહે, તમે આગળ ચાલો એટલે હું તમારી પાછળ ચાલું છું. આવા પાણીના પૂરમાં બે જણને સાથે ન ચલાય. જો ચાલીએ, તો કોઈ એક મરી જાય. ૨૫. ત્યારે તે અસુર બોલ્યો, હું તમારી સાથે છું, ડરો છો શા માટે ? તમે મારો વિશ્વાસ કેમ નથી કરતા ? મારો ભય રાખશો નહીં. ૨૬.વર્ણિરાજ ! તમને દેખીને હું નદી ઉતારવા આવ્યો છું. તમારી પાસે જે બોજ હોય તે બધો મને આપી દો. ૨૭. જો નહિ આપો તો હું તમારી પાસેથી જોર કરીને લઈ લઈશ અને તમને પાણીમાં બોળી દઈશ-નાખી દઈશ. ત્યારે વર્ણીએ કહ્યું, ‘તું મને ડુબાડવાની આશા રાખીશ નહિ. ૨૮.તું નિશ્ચિત અસુરની જાતિ છો. તારા દિલની ઘાતકી ઇચ્છાને હું જાણું છું.’ એટલીવારમાં તો અસુર સમીપ દોડી આવ્યો અને તેણે અતિ ક્રોધ કરીને વર્ણીને પકડ્યા. ૨૯. અને સરયૂમાં ફેંકીને ડુબાડી દીધા, પણ વરુણે આવીને વર્ણીને બચાવી લીધા. તે સમયે જે વરુણની સાથે તેના પાર્ષદો હતા તેમણે અસુરને પકડી લીધો. ૩૦.પછી તેને દોરડાથી બાંધીને ખૂબ જ માર્યો. તેથી તેને શરીરનું ભાન રહ્યું નહિ. હાય, હાય, મરી ગયો !!! એમ બોલીને ચીસો પાડવા લાગ્યો, તોપણ તેને મારવાનું વરુણના

પાર્ષદોએ બંધ ન કર્યું. ૩૧. લોઢાના મૂસળ મારીને તેનાં સર્વે હાડકાં ભાંગી નાખ્યાં. મારતાં મારતાં જ્યારે તેને મૂર્છા આવી ગઈ

ત્યારે વરુણે કહ્યું, ‘હવે એને જાવા દો.’ ૩૨.ત્યારે વરુણે વર્ણીને હેતથી બચાવી લીધા. વરુણે માન્યું કે ભગવાને મારા ઉપર કૃપા કરી. ૩૩. જ્યારે શ્રીહરિએ ગરુડ આદિ પાર્ષદોને યાદ કર્યા ત્યારે તે બધા મનમાં ઉલ્લાસ રાખીને ત્યાં દોડી આવ્યા. ૩૪.આ બાજુ અસુરે એમ માન્યું કે મેં વર્ણીને પાણીમાં ડુબાડી દીધા છે. કારણ કે તેને શ્રીહરિના સામર્થ્યની ખબર ન હતી. જ્યારે તે ભાનમાં આવ્યો ત્યારે પોતાને ઘેર પહોંચ્યો. ૩૫. પોતાની સાથે રહેતા અસુરોના ઘણાં કુળ હતાં. તેમની આગળ તેણે કહ્યું કે, ‘મેં ધર્મપુત્ર ઘનશ્યામને પાણીમાં ડુબાડી દીધા છે. ૩૬.હું વર્ણીને ડુબાડતો હતો તે વખતે ત્યાં રાજા અને રાજાના માણસો અચાનક આવી ગયા. અને તેણે મને જેમ કાળ પકડે તેમ તત્કાળ પકડ્યો. ૩૭. તેમણે નિર્દય થઈને લોઢાના મોટા મુદ્‌ગરોથી મને ખૂબ જ માર્યો. ત્યારે મેં ઘણી જ બૂમો પાડી. મારાં બધાં હાડકાં તૂટી ગયાં છે. ૩૮. મારતાં મારતાં જ્યારે મને મૂર્છા આવી ગઈ ત્યારે તેઓએ મને છોડી દીધો. પછી તેઓ ક્યાંક ચાલ્યા ગયા. તેના મારની અત્યારે મારા શરીરમાં અતિ પીડા થાય છે.’ ૩૯. આવું બોલતાં બોલતાં તેની જીભ બંધ થઈ ગઈ અને તે બન્ને આંખોએ આંધળો થઈ ગયો. ચક્કર ખાઈને નીચે પડી ગયો અને શરીરમાંથી તેના પ્રાણ નીકળી ગયા. ૪૦.મરતાં મરતાં તેના ઝાડો પેશાબ છૂટી ગયા. બધા ભેળા મળેલા અસુરો રડવા લાગ્યા.

હે નૃપ ! હવે હું વર્ણીની વાત કહું છું. જેને સાંભળવાથી બધો જ સંસારનો મોહ ટળી જાય છે. ૪૧. પ્યારા વર્ણી અયોધ્યાપુરીથી બાર કોશ (ત્રીશ પાંત્રીશ કિ.મિ.થી પણ) દૂર સુધી સરયૂના જળપ્રવાહમાં ચાલ્યા. ત્યારે વરુણે તેમને નદીને પાર ઉતાર્યા. આટલું નદીના પ્રવાહમાં ખેંચાયા છતાં વર્ણીને કાંઈ જ પીડા થઈ નહિ. ૪૨.**વરુણે વર્ણીને પરમેશ્વર જાણ્યા હતા. તેથી તેમની મહાપૂજા કરવા બધી સામગ્રી લાવ્યા હતા. ફૂલોનાં વસ્ત્ર અને ઘરેણાં લાવ્યા હતા. તે વર્ણિવર શ્રીહરિને પહેરાવ્યા.** ૪૩. ફૂલોથી સજાવેલું સિંહાસન બનાવ્યું હતું. તેમાં શ્રીહરિને હરખથી વિરાજમાન કર્યા. કપાળમાં

કેસર ચંદનની અર્ચા કરી. બીજાં વિશાળ અંગો ઉપર પણ ચંદનની અર્ચા કરી. ૪૪.અનંત પ્રકારના મેવાઓની અને ફળોની છાબડીઓ ભરી ભરીને તેઓ લાવ્યા હતા. તે બધું શ્રીહરિને અર્પણ કર્યું અને મનમાં અતિશય આનંદ પામ્યા. ૪૫. પછી ધૂપ-દીપ કરીને વિધિ પ્રમાણે આરતી કરી. પાંચ પ્રદક્ષિણા કરી અને પ્રેમથી પાંચ દંડવત્ પ્રણામ કર્યા. ૪૬.તેમણે ગદ્‌ગદ કંઠ થઈને બન્ને હાથ જોડીને વારંવાર શ્રીહરિની સ્તુતિ કરી. આંખોમાંથી પ્રેમભાવ ભર્યાં આંસુ વહેવા લાગ્યાં. ૪૭. 'હે કૃપાલુ હરે ! હવે ફરીને આપનો યોગ ક્યારે થશે ? તે મને કહો. આપ તો વિયોગ કરીને ચાલ્યા, હવે તો હું આપની સાથે આવું.' ૪૮.

***ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના દ્વિતીય પૂરમાં 'શ્રીહરિ સરયૂ ઊતર્યા અને વરુણે પૂજા કરી' એ નામે પહેલો તરંગ સમાપ્ત ॥૧॥***

## પૂર બીજું : તરંગ - ૨

### અયોધ્યાવાસીઓને શ્રીહરિના વિયોગનું દુઃખ

શ્રીમુક્તાનંદસ્વામીના ચરણોમાં મસ્તક નમાવી, હાથ જોડીને ઉત્તમ રાજાએ કહ્યું કે, 'આપે શ્રીહરિનાં અદ્‌ભુત ચરિત્ર કહ્યાં. હવે આગળ બીજાં તે ચરિત્ર કહો. ૧. ત્યારે મુક્તાનંદસ્વામી જેમ જેમ શ્રીહરિનાં ચરિત્ર યાદ આવતાં ગયાં તેમ તેમ કહેવા લાગ્યા. હરિચરિત્રોને યાદ કરવા સ્વામી મૂર્તિનું ધ્યાન કરી અંતર સન્મુખ જોતા હતા. ૨.સ્વામી જ્યારે અંતર્વૃત્તિ કરતા ત્યારે શ્રીહરિ દર્શન આપતા. તેથી બુદ્ધિ ઉપરના બધાં જ આવરણ ટળી જતાં અને જે ચિંતવતા તે પ્રત્યક્ષ દેખાતું હતું. ૩. શ્રીહરિ મુક્તાનંદસ્વામીના અંતઃકરણમાં વારંવાર પોતાનાં ચરિત્રોને પ્રકાશિત કરી દેતા હતા અને સ્વામી જેવું પોતાને દેખાય તેવું કહેતા હતા. ૪.

**❋ સરજૂ નદીએ શ્રીહરિનાં દર્શન કરી સ્તુતિ કરી :**

સરયૂ નદી સુંદર સ્વરૂપ ધારણ કરીને શ્રીહરિના ચરણોમાં નમી પડી, પણ શ્રીહરિએ પોતાના મનમાં તેને નારીજાતિ ગણીને તેની સામે જોયું નહિ.

૫. ત્યારે સરયૂને મનમાં ઘણો ડર લાગ્યો. મનમાં તેણે વિચાર કર્યો. મારામાં કયો દોષ હશે કે જેને લીધે શ્રીહરિ મારો ત્યાગ કરી રહ્યા છે ! હવે હું શું ઉપાય કરું ? ૬. સરયૂ લાજ-મર્યાદા છોડીને રડવા લાગી. તે સમયે શ્રીહરિના મસ્તક ઉપર વરુણદેવ શ્વેત છત્ર ધારી રહ્યા હતા. ૭. શ્રીહરિએ વરુણને કહ્યું, આ વનમાં કોણ નારી રહે છે ? ક્યા દુઃખને લીધે તે રુદન કરે છે ? તેને એવું શું મોટું દુઃખ આવી પડ્યું છે ? ૮.તમે જઈને દુઃખનું કારણ પૂછો અને તેનું જે હોય તે દુઃખ ટાળી દો. ત્યારે વરુણ તેની પાસે ગયા. અને તેને પૂછ્યું. ત્યારે તે નારીના રૂપમાં રહેલી સરયૂ બોલી. ૯. મારું નામ સરયૂગંગા છે. મારું સ્થાન અયોધ્યાપુરી છે. શ્રીહરિ મારો ત્યાગ કરીને અયોધ્યાથી નીકળી ગયા છે. તેને લીધે હું આટલું ઘણું બધું રડી રહી છું. ૧૦.શ્રીહરિએ ઘણા દિવસ સુધી મને લાડ લડાવ્યા, હવે તે સુખદાયક પ્રભુ મને તજીને નીકળી ગયા છે. અને અત્યારે મારામાં કાંઈક દોષ દેખીને શ્રીહરિએ મારી સામે પણ જોયું નહિ. ૧૧. હવે હું ક્યારેય અહીંયાં અયોધ્યાપુરીમાં રહીશ નહિ. શ્રીહરિથી હું લગારેક પણ દૂર નહિ જાઉં. જ્યાં સુધી શ્રીહરિ અયોધ્યાપુરીમાં રહ્યા ત્યાં સુધી સુખ હતું. ૧૨.આ પુરીને ઘણી પવિત્ર કરીને શ્રીહરિ કાંઈક વિચારીને અહીંથી ચાલી નીકળ્યા છે. અને હવે ફરી પાછા અહીં ક્યારેય આવશે નહિ, આવો દૃઢ નિર્ધાર કર્યો છે. ૧૩.

આ વખતે શ્રીહરિ અપાર લોકોનો ઉદ્ધાર કરવા પ્રકટ થયા છે. શ્રીહરિએ અત્યારે સાધુપણું સ્વીકાર્યું છે. તેમનો તો કોઈ પાર પામી શકે તેમ નથી. ૧૪.શ્રીહરિ અયોધ્યા છોડીને ગયા છે, એવું સાંભળ્યું ત્યારે તેમના ઉપર હેતવાળા દેવતાઓએ અને મનુષ્યોએ, કોઈએ અન્ન ખાધું નથી. ૧૫. અયોધ્યાવાસી લોકો અત્યારે ઘણો હાહાકાર કરી રહ્યા છે. સહુને મોટા સોનેરી મહેલ પણ સ્મશાન જેવા લાગે છે. ૧૬.હું શ્રીહરિ પાસે વિનતિ કરવા આવી છું. મારું મન ઘણું ઉદાસ થઈ ગયું છે. એક અસુરે રોષ કરીને શ્રીહરિને મારા જળ પ્રવાહમાં ફેકી દીધા. ૧૭. તેમાં શ્રીહરિને કાંઈક દુઃખ થયું હશે પણ તેમાં મારો કાંઈ વાંક નથી એટલા માટે હું ડરની મારી અયોધ્યા છોડીને અહીંયાં શ્રીહરિની પાસે આવી છું. ૧૮.જ્યારે સરયૂનાં આવાં વચન શ્રીહરિએ

સાંભળ્યાં ત્યારે તેની સાથે હસીને બોલ્યા. તેથી સરયૂના શરીરમાં શાંતિ થઈ ગઈ અને શ્રીહરિના વિયોગની બધી પીડા મટી ગઈ. ૧૯. પછી સરયૂએ ઘણા પ્રેમથી શ્રીહરિની પૂજા કરી. સરયૂ પૂજાની મહાઅલૌકિક રીતિને જાણતી હતી. શ્રીહરિએ તેને અપાર સુખ આપ્યું અને કહ્યું કે, 'હું તારો ઉદ્ધાર કરીશ.' ૨૦.

**चोपाई :**

**चरनकमल धरे तेहि शीरा, आनंद करे हरे सब पीरा;**
**हरि कहे मेरा ध्यान हि करना, मम मूर्ति कबु न विसरना...२१**
**ध्यान की मूर्ति मेरी जोई, तामें अखंड रेना चित्त प्रोई;**
**मेरो वचन हे सुफल सदाई, ताकु लेना शीर चडाई...२२**

પછી તેના મસ્તક ઉપર બન્ને ચરણ મૂક્યા. તેને આનંદિત કરીને બધી પીડા ટાળી દીધી. શ્રીહરિએ તેને કહ્યું, 'તારે મારી મૂર્તિનું જ ધ્યાન કરવું પણ મારી મૂર્તિને ક્યારેય વિસરવી નહિ. ૨૧. ધ્યાનમાં મારી મૂર્તિ સામે જોઈ રહેવું અને તેમાં પોતાનું ચિત્ત અખંડ પરોવી દેવું. મારું વચન સદાને માટે શ્રેષ્ઠ ફળ આપનારું છે માટે તેને મસ્તકે ચડાવી લેવું.' ૨૨.આ પ્રમાણે શ્રીહરિ વરુણ અને સરયૂના ઉપર ઘણા રાજી થયા અને તે બન્નેને પાછા વાળી દીધા અને ગરુડ આદિ સેવકોને સાથે લઈને ત્યાંથી ચાલવાની તૈયારી કરી. ૨૩. શ્રીનરનારાયણ ભગવાનનો આશ્રમ (બદરિકાશ્રમ) હિમાલયમાં છે. તે ઉત્તર દિશાને સન્મુખ જ મહાન ઘોર વન તરફ શ્રીહરિ ચાલ્યા. ૨૪. જ્યાં સુધી દૃષ્ટિ પહોંચી ત્યાં સુધી વરુણ અને સરયૂ બન્ને શ્રીહરિ તરફ જોઈ રહ્યાં. પછી શ્રીહરિને દંડવત પ્રણામ કરીને બન્ને પોતાના ભુવને ગયાં. ૨૫.

હે ચતુર રાજા ! શ્રીહરિ ઘેરથી ચાલ્યા તે પછીની વાત હવે તમને કહું છું. તમે મન એકાગ્ર કરીને સાવધાનપણે સાંભળો. ૨૬.**શ્રીહરિ તત્પરતાથી એકલા જ ચાલ્યા. સાથે કોઈ ન હતું. પોતાના સંબંધીઓને કહ્યા વિના જ સરયૂ નદીને પાર કરી ગયા હતા. ૨૭. તેથી સવારની પૂજાનો સમય વીતી ગયો છતાં શ્રીહરિ ઘેર આવ્યા નહિ. શ્રીહરિના મિત્રો હરખભર્યા રમવા માટે ઘેર આવ્યા. ૨૮.પણ શ્રીઘનશ્યામને ઘરમાં દેખ્યા નહિ. આમ તેમ બધા**

**ખોળતા રહ્યા. સંસારના ભયને ટાળનારા શ્રીહરિને જ્યારે ન દેખ્યા ત્યારે સહુના મનમાં ઘણો જ ત્રાસ થયો.** ૨૯. શ્રીહરિના પરમ સ્નેહી બધાં બાળકો ચિંતાતુર થઈ ગયાં. અમારા મિત્ર ઘનશ્યામ અમને તજીને ક્યાંક જતા રહ્યા છે. આવું ધારીને સહુ રડવા લાગ્યા. ૩૦. તેઓ પરસ્પર રડીને એમ બોલતા હતા કે, 'ઘનશ્યામની ખબર કેમ કોઈ આપતું નથી ?'

અતિ દુ:ખી થયેલાં તે બધાં બાળકો નગરમાં જ્યાં જ્યાં બેસવા જવા આવવાનાં સ્થાનો હતાં ત્યાં ત્યાં જોઈ આવ્યા. ૩૧. તે બાળકો, જેટલાં મંદિરો હતાં ત્યાં બધે જોઈ આવ્યા. તે પછી સહુ સરયૂને કિનારે ગયાં. અતિ ધીરજ રાખીને બધા સ્નાન કરવાના ઘાટો પણ તપાસ્યા. ૩૨.બધા વાટ અને ઘાટ ફરી ફરી જઈને નિહાળ્યા. અનેક લોકોને પૂછી વાળ્યું છતાં કોઈએ કાંઈ સમાચાર ન કહ્યા. તેથી અતિ સ્નેહવાળાં તે બાળકો રડવા લાગ્યાં. ૩૩. બાળકોને શ્રીહરિ સાથે અત્યંત પ્રેમ હતો. તેમાં પણ બચપણનો પ્રેમ તો ઘણો બળવાળો હોય છે. છોકરાઓ જોઈ જોઈને થાક્યા પણ પોતાના પ્યારા ઘનશ્યામ ક્યાંય મળ્યા નહિ. ૩૪. બાગ-બગીચાઓ અને ફૂલવાડીઓમાં ખોળ્યા. વનનાં એકેક વૃક્ષોને દેખી વળ્યા. અપાર વાવો, કૂવાઓ, સરોવરો અને ગુફાઓમાં પણ તપાસ કરી. હનુમાનગઢી સુધી આખું નગર દેખ્યું. ૩૫. ઘર ઘર, અને દ્વાર દ્વાર ફરીને ખોળ્યા છતાં જ્યારે શ્રીહરિ ન મળ્યા ત્યારે રડતાં રડતાં તે બાળકો ધર્મદેવને ઘેર આવ્યાં અને રામપ્રતાપજીભાઈને બધી વાત સંભળાવી. ૩૬.

ધીર મતિવાળા હે રામપ્રતાપજી ! આપના ભાઈ શ્રીઘનશ્યામ ક્યાં ગયા છે ? સવારથી ખોળી ખોળીને અમે તો થાકી ગયા છીએ. સરયૂનો બધો કિનારો અમે જોઈ ચૂક્યા છીએ. ૩૭. રામપ્રતાપજીભાઈ તો તે સાંભળીને અકળાઈ ગયા. શરીરમાંથી જેમ પ્રાણ નીકળી ગયા હોય તેમ તે વાત સાંભળીને ચિંતાતુર થઈ ગયા. ૩૮. **પછી ઘરમાં આવીને પૂછ્યું, સુખના ધામ જેવા મારા પરમ બંધુ ઘનશ્યામ ક્યાં ગયા ? તેમને આવવાનો સમય તો ઘણો વીતી ગયો છે.** ૩૯. ઘનશ્યામ ક્યાંક ચાલ્યા ગયા છે. આવું સાંભળતાં જ સુવાસિનીબાઈ જાણે પ્રાણ નીકળી ગયા હોય, તેમ જમીન ઉપર ઢળી પડ્યાં. ૪૦.

*ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના દ્વિતીય પૂરમાં 'રામપ્રતાપજી આદિ અયોધ્યાવાસીને શ્રીહરિના વિયોગનું દુઃખ થયું' એ નામે બીજો તરંગ સમાપ્ત ॥૨॥*

## પૂર બીજું : તરંગ - ૩

## ધર્મકુળે કરેલું શ્રીહરિનું વિરહધ્યાન

હે ઉત્તમ નૃપ ! હવે હું ધર્મકુળને થયેલા શ્રીહરિના વિયોગની વાત કહું છું, જે કોઈ તેને કહે છે, સાંભળે છે કે બીજાને સંભળાવે છે, તે મનુષ્ય નિષ્પાપ થઈ જાય છે. ૧. શ્રીહરિ ચાલ્યા ગયા છે તેવું સાંભળીને રામપ્રતાપજીભાઈ અને ઈચ્છારામભાઈને વિરહનું અપાર દુઃખ થયું. આંખોમાંથી આંસુઓની ધારાઓ ચાલવા લાગી. ૨.બંધુ વિયોગના વિરહને કારણે તેમને શરીરનું ભાન રહ્યું નહિ. તેમને અપરંપાર દુઃખ થયું. ભાઈ !!! ભાઈ !!! આવું બોલીને રડતા હતા. ૩. બંધુના વિરહથી દુઃખી બન્ને ભાઈઓની સ્થિતિ પાણી વિનાના માછલા જેવી થઈ. શરીરમાંથી જેમ પ્રાણ ચાલ્યા ગયા હોય તેમ તેમનાં શરીર એકદમ ક્ષીણ થઈ ગયાં. ૪.અમારા ભાઈ કોઈ બીજા પ્રદેશમાં ચાલ્યા ગયા હશે, તેમાં કોઈ સંદેહ નથી. પણ વગર પૂછ્યે કયા દેશમાં ચાલ્યા ગયા હશે ? અથવા તીવ્ર વૈરાગ્યવાળા હોવાને કારણે વનમાં ચાલ્યા ગયા હશે ? ૫. એમ ચિંતાતુર બંને ભાઈ ખોળવા ચાલ્યા. નગરમાં અને બાગ બગીચાઓમાં ખોળવા લાગ્યા. તેઓને ઘનશ્યામ આપણને મળશે એવો મનમાં નિશ્ચય ન હતો છતાં પણ હેતને કારણે શોધતા હતા. ૬.બંને ભાઈ તથા રામપ્રતાપભાઈની પત્ની, બધા પોકારી પોકારીને ખૂબ જ રડતા હતા. તેમના શીલ અને સ્વભાવને યાદ કરી કરીને એક પળમાત્ર પણ તેમને વિસરી શકતા ન હતા. ૭.

'ઘનશ્યામ ક્યાંક ચાલ્યા ગયા છે.' આવા સમાચાર સાંભળીને જેટલા સંબંધીઓ અને કુટુંબીઓ હતા તે બધા આવવા લાગ્યા. 'હરિકૃષ્ણ ક્યાં ગયા ?' આમ બોલીને બધા વિલાપ કરતા હતા. ૮.હજી આવ્યા નહિ, ક્યાં

રોકાઈ ગયા ? તેમના વિના દિવસ કેમ કાઢશું ? આવું કહીને કુટુંબીજનો જે ભેળા મળ્યા હતા તે તપાસ કરવા નીકળ્યા. ૯. તેઓએ નગરની બધી બજારો જોઈ. આખા શહેરમાં ફરી ફરીને બધા થાકી ગયા. જોતાં જોતાં સૂર્ય અસ્ત થઈ ગયો અને રાત પડી ગઈ. કોઈને ક્યાંય સુખ કે ચેન પડતું નથી. ૧૦.સહુ પોતપોતાને ઘેર આવ્યા. કહી શકાય નહિ એટલું અપાર દુઃખ થયું. તેથી સહુએ ખાન-પાન અને ભોજનાદિક બધું છોડી દીધું. અત્યંત ચિંતાતુર થઈને રડવા લાગ્યા. ૧૧. ચિતાની જેમ ચિત્ત બળવા લાગ્યું. સહુએ આંખ્યોમાંથી નિદ્રા તજી દીધી. બધા પરવશ થઈ ગયા. શરીરની સૂધ ન રહી. એક પલક જેટલા સમયની પીડા કલ્પકાળ સમાન થઈ. ૧૨.તે સમયે ભાભી હેતભરી વાણી બોલી ઊઠ્યાં. બેહોશ થઈને તમે બધા કેમ પડ્યા છો ? ૧૩. સુંદર શ્રીઘનશ્યામ શોધ્યા વિના ક્યાંથી મળશે? બાગ-બગીચાઓમાં શોધો. સરયૂને કિનારે શોધો. ૧૪. મારા સસરાએ વારંવાર ઘણી ભલામણ કરી હતી. તે યાદ ન રાખ્યું અને ઘનશ્યામની સંભાળ રાખી શક્યા નહિ. ૧૫. તેમણે કહ્યું હતું કે ઘનશ્યામ કોઈની પાસે ક્યારેય ખાવાનું કે પીવાનું માગશે નહિ, તેને અન્ય કોઈની પાસે કાંઈ આશા પણ છે નહિ. માટે તેને જતન કરીને સાચવજો. ૧૬.મારી આ મતિ બળી જાઓ ! કારણ કે સાવધાનીથી હું તેમને સંભાળી શકી નહિ. હે મારા વીરા ! તમે ભૂખ્યા ક્યાં ગયા છો ? આમ બોલીને ભાભી પોકાર કરતા હતા. ૧૭. નાનાભાઈ ઈચ્છારામજી ઘનશ્યામ ! ઘનશ્યામ ! આમ બોલીને રડ્યા કરતા હતા. આ પ્રમાણે તે બન્ને બંધુઓ શોકના અગાધ સાગરમાં ડૂબી ગયા હતા. ૧૮.

**✵ ઇચ્છારામભાઈનો વિરહ :**

તેઓ બોલ્યા કે, ‘આ તો અમારાં ભાગ્ય-દૈવની વાત છે. તેથી જ અત્યારે અમને મહાદુઃખ દેનારું ભાગ્ય આવી પડ્યું છે. જો ભાગ્ય જ એવું હોય તો કોને વાત કહેવી ? તેઓ મનમાં આવું વિચારતા હતા. ૧૯. મારા બાળપણમાં માતા અને પિતાએ દેહ તજી દીધો. મારા બંધુ ઘનશ્યામે પણ મને બાળક દેખીને જ અત્યારે ઘર છોડી દીધું છે. ૨૦.હું મારા મનમાં એવું માનતો હતો કે મારા ભાઈ નીલકંઠ મને પ્રેમથી લાડ લડાવશે. તેઓ તો

તુરંત જ ઘર છોડીને ચાલ્યા ગયા. હવે તે દયાળુ ક્યારેય નહિ મળે. ૨૧. આમ કહીને તેઓ શ્રીઘનશ્યામભાઈને જોવા નીકળ્યા. સમાજને દેખીને તેમની આંખોમાંથી આંસુ વહેવા લાગ્યાં. એક પળવાર પણ પોતાના બંધુ ભુલાતા નથી, તેથી તેમને દેખવાના અનેક ઉપાય કરવા લાગ્યા. ૨૨.

ઈચ્છારામજીએ શહેરમાં ફરીને જોયું. બજારમાં તપાસ કરી. ગલીએ ગલી અને ઘરે ઘર જોયાં. મંદિર, મહેલ, હવેલી, દુકાનો અને પૂરી બજારને પણ ચુપચાપ તપાસી લીધી. ૨૩. હરેક ચોક અનેક અટારીઓ, અગાસીઓ, હરેક ગોખ, તપાસ્યા. વન અને ઉપવનો, ઘણી જાતના બાગ-બગીચાઓને પણ બધી રીતે તપાસી જોયા. ૨૪.સરયૂ નદીના કિનારાઓ, ઘાટ, અનેક એકાંત સ્થળ, સરોવરો, નદીઓ, કૂવાઓ અને છેક વાવો સુધ્ધાં તપાસી જોયા. ૨૫. ઈચ્છારામજી કાનમાં આંગળી દઈને વારંવાર ઘનશ્યામ ભૈયાનું નામ લઈ બહુ જ પોકાર કરતા રહ્યા. દેખતાં દેખતાં રાત પડી ગઈ અને શરીરનું ભાન પણ ભૂલી ગયા. ૨૬.મારા નાથ ક્યાંય મળ્યા નહિ, તેઓ અમારા પ્રાણોને લઈ ગયા છે. તેમને દિલમાં એક લવ જેટલી પણ દયા ન આવી. આ પ્રમાણે તેઓ સહુની સાથે બોલતા હતા. ૨૭. મારે માટે તો શિવ અને બ્રહ્મા બન્ને અતિશય ક્રૂર થઈ ગયા છે. કેમ જે, મારા ભાગ્યના લેખ વિધાતાએ ઊલટા લખી દીધા છે. જેને લીધે મારા બાળપણમાં જ મારા બંધુ દૂર ચાલ્યા ગયા અને તેમનો વિયોગ થયો. ૨૮.ઘનશ્યામ અપાર દયાળુ છે છતાં અપાર દુઃખ આપતા ગયા. અમે બધા તો રડતા જ રહ્યા. દયાળુને લેશમાત્ર પણ દયા આવી નહિ અને અમને બહુ જ દુઃખી કરીને ચાલ્યા ગયા. ૨૯. તેમને કોઈ કપટી કે ક્રૂર માણસ મળી ગયો હશે. તેના ભ્રમમાં તેઓ આવી ગયા હશે.

હે બંધુ ! તમારી સુંદર ચાલે અને કટાક્ષભરી દૃષ્ટિએ અમારા હૃદયમાં જે તીર માર્યાં છે તે અતિશય ખટકે છે. ૩૦.જે તમે મારી પાસે આવીને સુખદાયક અમૃતમયી મધુરી વાણી બોલતા હતા. જે મને 'દાદા' 'ભૈયા' કહીને બોલાવતા હતા તે મારા પ્યારા ભાઈ આજ દૂર થઈ ગયા છો. ૩૧. તમે અમારું કાળજું વીંધી નાખ્યું છે. એક તલભાર પણ તમને દયા ન આવી.

જ્યારે શ્રીરામચંદ્રજી વનમાં ગયા ત્યારે મહારાજા દશરથને દુઃખ થયું હતું. ૩૨. તે રીતે જ તમે 'નાથ' થઈને અમને દુઃખ દીધું છે. બંધુનો સંગ છોડીને ચાલ્યા ગયા છો. હે નીલકંઠ ! તમે મારા ભાઈ થઈને નિર્દય થઈ ગયા ! ૩૩. પ્રથમ પ્રેમ કરીને પછી કાંઈ દયા ન આવી ? અમે તો અહીંયાં તમારા વિના મરી રહ્યા છીએ. બાળપણનો અત્યંત પ્રેમ જે હતો તેને તમે નિર્દય થઈને તરત જ તોડી નાખ્યો ! ૩૪.જેમ સર્પ કાંચળી ઉતારીને ફેંકી દે છે તેમ તમે દયાળુએ ઘરને તજી દીધું છે. જેમ હરણા બળી ગયેલા વનને તજીને બીજા નવા વનની સાથે અનુરાગ કરે છે. ૩૫.

**તમે તેવી જ રીત અપનાવી છે પણ હું તો ઘરમાં તમારા વિયોગથી વિલાપ કરીને રડી રહ્યો છું. મારા પ્રાણ નીકળી ગયા પછી જો તમે પાછા આવશો તો પણ લોકો તમને નિર્દય કહેશે. ૩૬.હે ઘનશ્યામ ! તમે મને દુઃખના દરિયામાં નાંખીને પોતે છટકી ગયા છો. હવે મને ક્યાંય ચેન પડતું નથી. આઠો જામ (રાત દિવસ) હું વ્યાકુળ રહું છું. ૩૭. મારું ભાગ્ય જ ફૂટેલું છે. અમે લગારેક પણ સુખ દેખ્યું નથી. જન્મ લીધો ત્યારથી અપાર દુઃખ દેખ્યું છે. ૩૮.**અમારા બાળપણમાં અમારાં માતાપિતા વનમાં ઘૂમતા રહ્યા હતાં. ત્યારે અમે મોસાળમાં રહેતા હતા. તે દુઃખ તો કહી શકાતું નથી. ૩૯. આજ સુધી ક્યારેય માતાપિતાના પ્યારનું સુખ મળ્યું નથી. જ્યારે ત્યારે દુઃખ જ મળ્યું છે. તેમાં પણ આ તો અનંત દુઃખ આવ્યું છે. ૪૦.

### ✵ ઘનશ્યામના અંગેઅંગનું વિરહભાવે વર્ણન :

આ રીતે રામપ્રતાપજી અને ઈચ્છારામજી બન્ને ભાઈ અતિશય વિહ્વળ થઈ ગયા હતા. શ્રીઘનશ્યામ એક પળવાર પણ ભુલાતા નહિ. વિરહના તાપથી તપતા હતા. ૪૧. હે ઘનશ્યામ ભૈયા ! આપ તો અત્યંત સુકુમાર બાળક છો. શરીર કોમળ છે. મુખ અતિ સુંદર છે. ભાઈ ! ઈશ્વરે તમને તપને યોગ્ય નથી કર્યા. કિશોર વયમાં આપનું કેવું મનોહર રૂપ બનાવ્યું છે ? ૪૨.કમળ જેવા કોમળ ચરણો બનાવ્યા છે અને મનને હરે એવા સુંદર ભરાવદાર આપનાં સર્વે અંગો બનાવ્યાં છે. ચંદ્ર સમાન મુખની શોભા કહી શકાતી નથી. તેને જોઈને કામદેવ પણ શરમાઈ જાય છે. ૪૩. હે ઘનશ્યામ ! સૂર્યનો તાપ તો આપે

ક્યારેય સહન કર્યો જ નથી. આપ ક્યારેય પોતાના નિવાસના પ્રદેશથી બહાર પરદેશમાં ગયા નથી. અતિશય શોભાના ધામરૂપ હે ઘનશ્યામ ! આપ ખેલતા કે ખાતા-પીતા અયોધ્યાપુરીમાં જ વિચર્યા છે. ૪૪. શરદ ઋતુના કમળની પાંખડી જેવાં, શ્રીઘનશ્યામનાં ચંચળ નેત્ર બહુ જ પ્યારાં લાગે છે. માનો તે શરદ ઋતુના બાળચંદ્ર સમાન છે. વિશાળ લલાટ પણ ઘણું રમણીય છે. ૪૫.

સુંદર થોડા થથરતા ગાલ ભવ્ય લાગે છે, તે કમળના કરતાં પણ કોમળ જણાય છે. નાસિકા પોપટની ચાંચના જેવી નમણી બનેલી છે અને હોઠ તો માનો પાકાં ઘિલોડાના જેવા લાલ છે. ૪૬.દાંત દાડમની કળીઓના જેવા છે. મુખ ઉપર રસભરી ઘણી રેખાઓ ઊઠેલી જણાય છે. તેમનું અમૃતરસ ભર્યું હાસ્ય તો એક ઘડીવાર પણ ભુલાતું નથી. ૪૭. આંબાની ગોટલી જેવી સુંદર હડપચી (ચિબુક) શોભે છે. અને શંખના જેવો ભરાવદાર કંઠ રમ્ય લાગે છે. ચંદ્રથી પણ સુંદર એવા મુખમાંથી અમૃત ઝરતાં વચનો ઉપર તો વારી જઈએ. ૪૮.

ઊપડતું અને ભવ્ય વિશાળ હૃદય છે. તેના ઉપર શ્રીવત્સનું ચિહ્ન છાયેલું છે, માનો તે પરમ ચતુર બાલહંસના જેવું જણાય છે. ૪૯. ઢીંચણ સુધી લાંબી ભુજાઓને દેખીને હાથીની સૂંઢ પણ લજ્જાઈ જાય છે. પીપળાના પાનના જેવી ઉદરની શોભા અધિક બની છે. ૫૦.રમણીય ઉદરમાં ત્રિવળી શોભે છે અને નાભિ ગોળ તથા ગંભીર (ઊંડી) છે. કમર કેસરી સિંહના જેવી ઉદાર છે અને ગજના જેવી લટકંતી મરોડદાર ચાલ સુરુચિ ઉપજાવે છે. ૫૧. કેળના સ્થંભના જેવા ગોળ સાથળ શોભાના ધામ છે. પિંડી અને ઘૂંટીઓ રૂડી દેખાય છે. વળી ચરણકમળની શોભા તો હવે આગળના તરંગમાં કહું છું. ૫૨.

***ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના દ્વિતીય પૂરમાં 'ધર્મકુળે કરેલું વિરહધ્યાન' એ નામે ત્રીજો તરંગ સમાપ્ત ॥૩॥***

## પૂર બીજું : તરંગ - ૪

## વિરહથી વ્યાકુળ થયેલા ધર્મકુળની વિનંતિ

હે ઉત્તમ નૃપ ! વિરહધ્યાનની જે વાત હું કહું છું તેને કોઈ સાંભળે તો તેનાં અનંત પાપના મોટા પહાડો હશે તોપણ તે બળી જશે. ૧. આ વિરહધ્યાનને કાનથી સારી રીતે સાંભળ્યા પછી હરિભક્ત તેનું જો નિત્ય ચિંતવન કરે તો તે પરમ પવિત્ર ભક્ત શ્રીહરિના અક્ષરધામને પામશે. ૨.શ્રીરામપ્રતાપજી અને ઈચ્છારામજી, બન્ને ભાઈ ખાન પાનનો ત્યાગ કરીને શ્રીહરિના ચરણોનું ચિંતવન કરે છે. ૩. શ્રીહરિના ચરણોનો પીઠ ભાગ લાવણ્યપૂર્ણ છે. અંગૂઠા અને આંગળીઓના નખરૂપી મણિગણ સૂર્યના કિરણોના કણ હોય તેવા તિક્ષ્ણ છે અને તેજસ્વી છે. ૪. ચરણનાં તળિયાં લાલ, અનુપમ અને લલિત છે, સોળ ચિહ્નોથી યુક્ત અને રસરૂપ છે. સ્વસ્તિક, અષ્ટકોણ, વજ્ર, કમળ, અંકુશ, જવ, જાંબુ, ઊર્ધ્વરેખા અને કેતુ (ધ્વજ), આ નવ ચિહ્નોથી યુક્ત શોભતો રમણીય જમણો ચરણ છે, જે અજ્ઞાનરૂપી મહાઅંધકારને અને વિકરાળ મોહનો નાશ કરનાર છે. ૫-૬.

મચ્છ, અર્ધચંદ્ર, ગોપદ, વ્યોમ, ત્રિકોણ, ધનુષ અને કળશ - એ શુભ સાત ચિહ્ન ડાબા ચરણમાં છે એમ પ્રકટ પ્રમાણ જાણો. ૭. શ્રીઘનશ્યામનાં ચરણતળ શરદઋતુના કમળના સમાન સુકોમળ છે તેને કઠણ જમીન ઉપર મૂકીને વનમાં કઈ રીતે ચાલશે ? વળી, તેમનાં નેત્રકમળ અતિશય ચંચળ છે. ૮. બન્ને ચરણોમાં વચ્ચે સુંદર રેખાઓ છે. ચિહ્નોથી યુક્ત લાંક (તળિયામાં અંગૂઠાની પાછળ અને પાનીથી આગળ અંદરના ભાગે વળાંકવાળા મરોડદાર ભાગને લાંક કહેવાય છે) પણ શોભે છે. ચાલતી વેળાએ જમીન ઉપર મુકાયેલા ચરણોમાં રહેલી તળિયાની બધી જ રેખાઓ બારીક માટીમાં ઊઠી આવતી હતી. ૯. ભાઈ નીલકંઠનો આવો આકાર છે. બ્રહ્માની સૃષ્ટિમાં તેમના જેવો બીજો કોઈ આકાર નથી. ભાઈ અને ભાભી, બધાં મળીને વનમાં જોવા-દેખવા નીકળતાં હતાં. ૧૦.છતાં કોઈ ઠેકાણે નીલકંઠ ન મળ્યા. નીલકંઠની મનોહર મૂરતિ એક પળવાર પણ ભુલાતી નહિ. તેમનું અનુપમ સુંદર રૂપ છે, કિશોર વય છે. અને મનોહર દૃષ્ટિ લોકોના ચિત્તને ખેંચે છે. ૧૧. જેને

દેખીને લાખો કામદેવ પણ લજ્જિત થઈ જતા હતા. આવી તેમની મનોહર મૂરતિ છે. તેમના ડાબા કાનમાં વચ્ચે અદ્‌ભુત તલ છે. તેને દેખીને મોટા રાજાઓ પણ વિસ્મિત થાય છે. ૧૨. જમણે ગાલે નાસિકા પાસે એક સુંદર તલ છે. અને કપાળમાં તિલકને આકારે ઊંચી ઊપડતી એક રેખા દેખાઈ રહી છે. ૧૩. તેઓ એમ બોલતા કે, તે મનોહર રૂપાળા બાળ છે, તેમને કોઈએ જાણીને તો ક્યાંય સંતાડી રાખ્યા નથી ને ? જો કોઈને તેની ખબર પડે તો અમને બતાવી દેજો. ૧૪.**અમારા સમજણા ભાઈ નીલકંઠની વગર પૂછે ઓળખાણ એ છે કે ચૌદ લોકમાં તેમના જેવા બીજો કોઈ પણ નથી, અને ક્યાંય મનુષ્યોમાં છુપાવ્યા છુપાય તેવા નથી. ૧૫. અને તેમને તો લોકો કરોડો માર્ગે જુવે છે, કરોડો લોકો એની પાછળ ફરે છે, કરોડો ગ્રંથ તેમનું ગુણગાન કરે છે અને કરોડો મુનિઓ તેમનું ધ્યાન ધરે છે. ૧૬.**

અને વળી વિલાપ કરતા લોકોને કહેવા લાગ્યા કે, વનમાં, પર્વત ઉપર, માર્ગમાં કે શહેરમાં કોઈ નરનારીને તે નીલકંઠ જો ભેળા થાય-મળે તો તેને સારી રીતે શિખામણ આપીને સમજાવજો. એકાંતમાં બોલાવીને પ્રેમથી એમ કહેજો કે, ભાઈ ! તમે તમારે ઘેર જાઓ. તમને બધા ખોળે છે, પોકારે છે. તમારા વિના અપાર વિલાપ કરીને રડે છે. વનમાં અને વાટમાં પોકારે છે અને વિયોગની બળતરાથી પિડાય છે. ૧૭-૧૮.પણ પ્યારા નીલકંઠ ક્યાંય ન મળ્યા. બધા ખોળી ખોળીને થાકી ગયા. પછી ઘેર આવ્યા. બધાએ ઘણો જ અફસોસ કર્યો અને પોતે પોતાના મનમાં વિચારવા લાગ્યા. ૧૯. ભાભી પોતાનો હાથ ગાલે રાખીને બેઠા અને મનમાં સંકોચાવા લાગ્યા. માનો મુખરૂપી ચંદ્રમાને રાહુરૂપી શત્રુએ ઘેરી લીધો હોય ! ૨૦.

રામપ્રતાપજીભાઈ પોતાની કમર ઉપર બન્ને હાથ રાખીને પરાધીન થઈ ગયા હોય તેમ ડગમગ ડોલતા હતા. મોટા લાંબા નિસાસા નાખતા હતા. ક્ષીણ-દીન વાણી ઉચ્ચારીને બોલતા હતા, ૨૧. અરેરે !! વિપરીત અને ક્રૂર કાળ આવી ગયો છે. અત્યારે મને સર્પ કેમ કરડતો નથી ? જરૂર મારી છાતી વજ્રના જેવી થઈ ગઈ છે કે જેથી ફાટી પણ જતી નથી અને પ્રાણો પણ નથી નીકળતા. ૨૨. ભાઈ ! તમે તો ઘણા ગુણવાન છો. સ્વયં ભગવાન્ છો,

અમારા હૃદયમાં ઘણું ખટકે છે. અમે વિશાળ કુટુંબ સાથે વિરહના પૂરમાં તણાઈ રહ્યા છીએ. ૨૩. આપના વિરહમાં અમે ખાવા પીવાનું પણ ભૂલી ગયા છીએ. એક પલકવાર પણ અમને આંખોમાં ઊંઘ આવતી નથી. અમારા ઘર ઉપર ઘણી મોટી વિપત્તિ આવી પડી છે તે દુઃખ કોઈને કહ્યું જાતું નથી. ૨૪.

**❋ સુવાસિનીબાઈનો કરુણ વિલાપ :**

ભાભી વિલાપ કરતા બોલે છે, ઘનશ્યામ ! ઘેર આવો !!! અત્યારે જમવાનો સમય થઈ ગયો છે. સુખધામ ! હું હેતથી બોલાવું છું. ૨૫. મારી આંખો વ્યાકુળ છે તેને ચેન પડતું નથી, સુખ નથી. અમે દિવસભર વ્યાકુળ થઈને થોડા પાણીમાં માછલાની જેમ ઘૂમીએ છીએ. ૨૬. આખું શહેર ખોળીએ છીએ. અને તેથી મનમાં ઘણું દુઃખ થાય છે. તમે કાંઈ મહેર પણ લાવતા નથી. અત્યારે નિર્દય કેમ થઈ ગયા છો ? ૨૭. માથે મૂકવાની આ પાઘ (નાની ટોપી) અહીં પડી છે. અંગરખું કે ધોતિયું કાંઈ લીધું નથી. તમને શેમાં અનુરાગ થયો છે ? શું તમે વર્ણીનો વેષ કર્યો છે ? ૨૮.હે પ્યારા ! તમે ઉઘાડે પગે નીકળી ગયા છો. છોડી દીધેલી મોજડી તો આ બારણે જ પડી છે. અમારા ચિત્તને ચોરીને તમે અત્યાર સુધી ક્યાં જઈને રહ્યા છો ? ૨૯.

હે કમળનયન ! તમે અમને વિરહનું બાણ મારી ગયા છો. અને તેથી તમે અમારા પ્રાણ લઈ લીધા છે. હવે અમે કેમ જીવશું? માટે તમે આવીને અમારા પ્રાણ પાછા આપો. ૩૦.અમને મનમાં એવું નિશ્ચિત જણાય છે કે આપ વનમાં ગયા હશો, પણ એક વાત કહું છું કે હે નાથ ! આપનું શરીર કમળના જેવું કોમળ છે. તમે ત્યાં બહુ દુઃખી થશો. ૩૧. વનમાં તીણી ચાંચવાળા અને કરડનારા ડાંસ વગેરે ક્રૂર અને લોહી પિનારાં ઘણાં ભયંકર જંતુઓ રહેતાં હોય છે. તેમજ અનેક જાતનાં ભૂત, પ્રેત, પિશાચ અને રાક્ષસો, બધાં ઘૂમતાં-ફરતાં હોય છે. ૩૨.અનેક વરું, વાઘ, રીંછ, ભીંછ (જંગલી હિંસક પશુ), વાનર, માકડાં, રોઝ, મદઝરતા હાથીનાં ઝુંડ, વગેરે ફરતાં જ હોય છે. ધર્મકુળના ચંદ્રમા તમે ઘેર આવો. ૩૩. જ્યાં જંગલી ભેંસો, મદોદ્ધ ત પાડાઓ અને ભૂંડનાં ટોળેટોળાં રહેતાં હોય છે. આવા વિકટ વનમાં કોઈ જાય નહિ. કદાચ કોઈ જાય તો તે પ્રાણોને ગુમાવે છે. ૩૪. આવા અતિશય

વિકટ વનમાં તમારા સિવાય બીજું કોઈ ન રહે. ત્યાં તમારા સિવાય ભૂખ અને તરશને કોણ સહન કરે ? સામર્થ્ય વિનાના બીજાનો તો નાશ જ થાય. ૩૫. રાત દિવસ અપાર ઠંડી અને ગરમી પડતી હોય છે. ચોમાસામાં તો વરસાદની ધારાઓ પડતી હોય છે. આપનાં ચરણકમળ કોમળ છે. તેમાં કાંકરા અને કાંટા વાગશે. ૩૬.

હે વીરા ! જ્યારે તમને ભૂખ લાગશે ત્યારે ખાવાનું કોણ પૂછશે ? કે તાત ! આવો આપણે ભાજી, પૂરી અને ખીર જમીએ. ૩૭. આપ કિશોર વયના કોમળ બાળક છો. આપનું રૂપ અત્યંત મનોહર છે. તે તાપમાં તપીને શ્યામ થઈ જશે અને રજથી ભૂખરું થઈને કદરૂપું થઈ જશે. ૩૮.વનમાં ખૂબ જ ઘાટાં વિકટ ઝાડો અને બહુ પ્રકારના પહાડો હોય છે. તેમાં અપાર નિઝરણાં વહેતાં હોય છે. અને પહાડમાં ઘણી ઊંડી ગુફાઓ અને ગહ્વરો (બખોલો) હોય છે. ૩૯. હે ઘનશ્યામ ! તમે સુજાણ (સુજ્ઞ) છો એટલે કહું છું કે આવા વિકટ વનના ડરથી તમે પાછા વળી જાઓ અને ઘેર આવો. તમે મારા પ્રાણોના પતિ છો. ૪૦.રામપ્રતાપજીભાઈ અને સુવાસિની ભાભી બન્ને મળીને આ રીતે રાત દિવસ બહુ પ્રકારે વિલાપ કરતાં હતાં. ક્યારેક કોઈ સમાચાર કાને સંભળાય તો જ્યાં તે રહ્યા હોય ત્યાં તુરંત વનમાં જઈ પહોંચતાં હતાં. ૪૧. કુળ, કુટુંબ અને પરિવારના જે કોઈ હતાં તે બધાં રડી રડીને થાકી ગયાં. છતાં નિર્મોહી શ્રીહરિને ફરી મોહ થયો જ નહિ. આવા કોઈ કઠણ અને નિર્દય નહિ હોય. ૪૨. માતા, પિતા, ભાઈ, આ બધા પરિવારને સ્વપ્નની જેમ છોડી દીધા. તત્કાળ જ તીવ્ર વૈરાગ્યને લીધે દયાળુ કોઈ વનમાં જઈને વસી ગયા. ૪૩.

**❋ રામપ્રતાપભાઈનો વિલાપ :**

જે મોટાભાઈ રામપ્રતાપજી કહેવાય છે, તેને શ્રીહરિ ઉપર ઘણું જ હેત હતું. તેઓ રડીને આવે સમયે બોલવા લાગ્યા કે, હે હરિ ! હે કૃષ્ણ, હે કૃપાળુ ! આ કાળ મારા પ્રાણોને લઈ ગયો છે. હે નાથ ! તમે મારા સ્નેહને નભાવો. હે ધર્મકુંવર ! હવે મારો હાથ પકડો. ૪૫.તમે કયા દેશમાં ગયા છો ? અમારી સાથે તમે પ્રેમ કેમ કાપી નાખ્યો ? વગર પૂછે કયા દેશમાં ચાલ્યા

ગયા છો ? અમને હમેશાં એ જ દુઃખ કાપ્યા કરે છે. ૪૬. હવે હું પોકારીને કોને વાત કહું ? મારા પાપી પ્રાણ પણ શરીરમાંથી બહાર નીકળતા નથી. હે તાત ! ઘનશ્યામ! તમને દેખવા માટે હું કયા વનમાં જાઉં કે જ્યાં તમે મને મળો ! ૪૭. મારા પ્રાણસ્નેહી ઘનશ્યામની મને ખબર જ નથી તો હું કયા દેશમાં જઈને તેમની સાર-સંભાળ લઉં ? મારા જન્મને હું સફળ ત્યારે જ જાણીશ કે જ્યારે હે નાથ ! મને તમારું મુખકમળ દેખાય. ૪૮.

હે હરિકૃષ્ણ ! હે કૃપાનિધિ ! હું મસ્તક નમાવીને કહું છું કે જ્યારે હું આપને ભુજાઓ વચ્ચે લઈ બાથ ભરીશ ત્યારે જ મને પૂર્ણ ભાગ્યશાળી માનીશ. ૪૯. હે હરે ! દિલમાં થોડી દયા લાવીને આપના સુંદર મુખને દેખાડો. અમને પોતાના જન જાણીને પાછા ઘેર આવો. ૫૦. હે ઘનશ્યામ ! કૃપાલો ! ધર્મપુત્ર ! અમારા ચિત્તના ચોર, તમે પોતાના ભાઈની પીડાને સાંભળીને જલદી ઘેર આવો. ૫૧. જેને માટે તમે અવતાર ધાર્યો છે, બિરુદ આપ્યું છે, તેનો થોડો વિચાર કરો. તમે આવીને ધર્મકુળ પરિવારની રક્ષા કરો. ૫૨.જ્યારે રાક્ષસોએ બહુ જ દુઃખ દીધું ત્યારે તમે આવીને રક્ષા કરી હતી. અત્રિનંદન દુર્વાસાના ઘોર શાપથી તમે અમને પોતાના અપાર બળથી બચાવી લીધા. ૫૩. દ્રોણપુત્ર અશ્વત્થામાના શાપનો તમે નાશ કર્યો. તમે અવિનાશીએ અપાર દુઃખોને ટાળ્યાં. હે નાથ ! હવે તમે અત્યારે અમને કેમ ભૂલી ગયા છો ? સંગાથ તોડીને દૂર ક્યાં જતા રહ્યા છો ? ૫૪.બધું કુટુંબ અને નગરના જે લોકો છે, તે બધા મને ધિક્કારે છે. તેઓ કહે છે કે નાનો બાળક ભાઈ કેટલાય દિવસથી જતો રહ્યો છે અને આ ઘરમાં પડ્યો છે ! આણે શું કર્યું ? ૫૫.

તમે જે કોઈ દેશમાં હો, મને એક પત્ર લખી મોકલો, સંભારીને ક્ષેમકુશળ લખજો, તેમાં કરુણા કરીને વિલંબ ન કરતા. ૫૬.**પત્ર લખશો તો જ અમને સુખ થશે અને ચેન પડશે. નહિ તો હે પ્યારા! વગર મોતે હું મરી જઈશ. હું શોકના સાગરમાં ડૂબી રહ્યો છું. તમે અમારા પ્રાણરક્ષક નાવરૂપ થાઓ.** ૫૭. હે વીરા ! તમે મરીચિ આદિ ઋષિઓની વિનતિ સાંભળી, પછી ધીર થઈને ધર્મકુળમાં પ્રકટ્યા. દ્વિજો અને સંતોની રક્ષા કરવા માટે કેટલીયે

વાર તમે અસુરોનો સંહાર કર્યો છે. ૫૮.ધર્મકુળના રાજાધિરાજ, સુખનિધિ આવા હે શ્રીહરિ, પોતાના પોષ્ય વર્ગની વિનતિને સાંભળીને અત્યંત હેતે કરીને અમને મુખના દર્શનરૂપી અમૃતરસનું પાન કરાવો. ૫૯. હે વાલા ! હે હિતકારી હરિકૃષ્ણ ! હૃદયમાં તમારાં ચરણકમળની રુચિ ધારીને લક્ષ્મીજી અને બધાં ધામો સુખી થયાં છે. તે તમારા ચરણોનાં દર્શન ક્યારે કરાવશો? ૬૦. તમારા ચરણોના મહિમાને હું શું વર્ણવું ! તે મહિમાના પારને શેષ પણ પામતા નથી. નિગમો અને આગમો તેને 'નેતિ નેતિ' કહે છે. અક્ષર પણ તે મહિમાને લેશમાત્ર જ જાણે છે. ૬૧. આપ કાલીય નાગનો ગર્વ ઉતારનારા છો. મુનિઓના સમુદાયને આનંદ પમાડનારા રાજહંસ છો. અને અનંત ભુવનોના સ્વામી હોવા છતા આપ કૃપા કરીને ભૂમિ ઉપર પ્રકટ થયા છો. ૬૨.તમારા ચરણકમળના નખનું પ્રક્ષાલન કરીને સુરસરિતા ગંગા પાવન થઈ છે. તેથી જ ભવ બ્રહ્માદિક દેવોને પણ આ ગંગા વંદનીય બની છે અને મહામુનિવરો પણ નિત્ય તેમાં ડૂબકી મારી સ્નાન કરે છે. ૬૩. તમે જાહ્નવી ગંગાને માટે અભિરામ છો, સમગ્ર જીવોનાં પાપોને હરનારા છો અને તમારું નામ સહુને અતિશય પવિત્ર કરે છે. તમે વિશુદ્ધ કીર્તિવાળા અને ભૂમિના આધારરૂપ છો. ૬૪.

***ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના દ્વિતીય પૂરમાં 'વિરહાકુળ ધર્મકુળે શ્રીહરિને વિનતિ કરી' એ નામે ચોથો તરંગ સમાપ્ત ॥૪॥***

## પૂર બીજું : તરંગ - ૫

### રામપ્રતાપજી તથા સુવાસિનીબાઈનો વિલાપ

હે ઉત્તમરાજા ! સદ્‌બુદ્ધિ આપનારા આવા શ્રીહરિનાં અનુપમ ચરિત્રોને સાંભળો. હું વારંવાર કહું છું કે હરિચરિત્ર પાપરૂપ સંસારકૂપના ભયને ટાળનારા છે. ૧. જે મનુષ્ય હિતકારી આવા આ હરિચરિત્રને સાંભળે છે તેની કુબુદ્ધિ દૂર થઈ જાય છે. જે તેને હૃદયમાં દૃઢ રીતે ધારે છે તે શ્રીહરિના

અક્ષરધામને પામે છે. ૨.શ્રીહરિના મહિમાને જોઈને રામપ્રતાપજી ફરી કહેવા લાગ્યા, હે હરિ! જેના મહિમાને ભવ બ્રહ્માદિક દેવો અમાપ કહે છે એટલે જ કુટિલ અને પાપ કરનારાઓ પણ આપની પદરજથી પાવન થાય છે. આપની ચરણરજના પ્રતાપે ગૌત્તમ ઋષિની પત્ની પથ્થર મટીને પવિત્ર થઈ હતી. ૩-૪.તમારા ચરણના પ્રકટ પ્રતાપથી સૂર્યપુત્રી યમુના પાપોને ટાળનારી, દેવોએ વંદ્ય, લોક કલ્યાણકારિણી અને મંગળકારિણી થઈ છે. ૫. તમારા ચરણોને સાગરપુત્રી લક્ષ્મી હૃદયના રસાળ પ્રેમથી રાત દિવસ સેવે છે. તે ચરણ અત્યારે વનમાં અને પર્વતોમાં ભમે છે, આ દુઃખ મારાથી કહી શકાતું નથી. ૬.

આ રીતે બધું ધર્મકુળ રાત દિવસ બંધુરૂપ શ્રીહરિને વંદન કરે છે. નીલકંઠ ઉપર અપાર સ્નેહ છે. તેથી ઉદાર ચરિત્રના ઘનશ્યામને કોઈ ભૂલી શકતા નથી. ૭. હે હરિકૃષ્ણ ! તમે અમારા બંધુ છો. રાજીવલોચનને હવે કેટલીવાર છે ? અમને મીઠાં વચનોથી બોલાવીને હવે ક્યારે સુખ શાંતિ આપો છો ? ૮.કઠણ ભૂમિ ઉપરના વિકટ વનમાં તપસ્વીના રૂપે વિચરણ કરશો ત્યારે તપતા સૂર્યના તાપથી ભૂમિ બળવા લાગશે અને તે સમયે જે તાપ લાગશે તે સહન કરવો પડશે. ૯. હે નાથ ! તમારા તે કષ્ટને કલ્પીને અમને થતું દુઃખ અમારા કાળજાને વીંધી નાખે છે. મારે માટે બ્રહ્માએ આ દુઃખ ક્યાં સંઘરી રાખ્યું હશે ? ૧૦.તમે કપટ કરીને અમને છેતર્યા. અચાનક અમારો ત્યાગ કરીને ચાલ્યા ગયા. ક્ષણ ક્ષણમાં આવીને તે દુઃખ અમારા કાળજાને કાપે છે. હૃદયમાં ખટકે છે. તે ભુલાતું નથી. ૧૧.

મનોહર, શ્યામ અને મસ્તકના વાંકડિયા વાળથી ઘેરાયેલું મુખચંદ્ર મહાદુઃખ, દ્વન્દ્વો અને રાગને મટાડનાર છે. તે મુખચંદ્રને અમે અમારી આંખોની આગળ ક્યારે દેખશું ? ૧૨.તમે ધર્મકુળરૂપી કમળને વિકસાવનારા સૂર્ય છો, ધર્મકુળના જીવનપ્રાણ છો, ધર્મકુળનું અભેદ્ય કવચ છો અને ધર્મકુળનાં નેત્રોને પ્રકાશ આપનારા સૂર્ય છો. ૧૩. તમે ધર્મકુળનું પાલન કરવા માટે અને ધર્મકુળને પ્રસિદ્ધ કરવા માટે પ્રકટ્યા છો. ધર્મકુળની કીર્તિ વધારનારા મારા ભાઈ તમે અક્ષરધામના અધિપતિ છો. ૧૪. **એક પલક**

**જેટલો સમય પણ મારે માટે કલ્પ સમાન થયો છે. હે ધર્મનંદન ! હવે તો બહુ થયું. રાતે ઊંઘ પણ આવતી નથી અને તમારા સિવાય ભોજન પણ ભાવતું નથી.** ૧૫.

હે ભગવાન ! હવે સાંભળો. હે નાથ ! તમે તો નિરાવરણ છો. હવે પ્રાણ નીકળવાનું પ્રયાણ કરે છે અને વિરહાગ્નિ મારા શરીરને બાળી રહ્યો છે. ૧૬.સુવાસિનીબાઈ શ્રીહરિનાં ચરિત્રો સાંભર્યા જ કરતાં હતાં. એટલે તે બોલ્યાં કે મહાન કપટી, ઠગ અને કુટિલ વિધાતાએ જ અમને આ શ્રીઘનશ્યામનો વિયોગ કરાવ્યો છે. ૧૭. હે હરિ ! હે કૃપાલુ કૃષ્ણ ! હે દયાળુ ! મારી આટલી વિનતિ સાંભળો અને મારાથી થયેલા અપરાધોને તમે ભૂલી જાઓ. તમે આ વિયોગના કિલ્લાને તોડી નાખો. ૧૮.હે દયાળુ ! અમને દીન જાણીને અને ભક્તવત્સલતા લાવીને તમારાં દર્શન આપો. હે કૃપાળુ ! તમારો બાળભાવનો વિનોદ મારા હૃદયમાં ખટકે છે. ત્યારે મને કાંઈ ચેતના-ભાન લગાર પણ રહેતું ન હતું. ૧૯. તમારી ચંચળ મૂર્તિ અને મીઠી બોલી, તે રાત દિવસ મને ભુલાતી નથી. સુખનિધિ એવા તમે એક દિવસ આવીને ખાવાનું માગ્યું. ૨૦.ત્યારે મેં કહ્યું, થોડીવાર ખમો. નવી રસોઈ બનાવીને તાજું ભોજન આપું છું. ત્યારે તમે તરત જ રિસાઈને ચાલતા થયા અને પછી કંદોઈની દુકાને ગયા. ૨૧. હે રંગભીના ! તમે અંગૂઠી આપીને મીઠાઈ લીધી. પછી બાળકોની સાથે બેસીને તે મીઠાઈ ખાધી. જ્યારે તમે અખાડામાં કુસ્તી શીખવા જતા હતા. ત્યારે હું તમારા પાછા આવવાની રાહ દેખતી હતી. ૨૨.

જ્યારે પાછા આવતા ત્યારે તમે રાજી રહો એ પ્રમાણે હું કરતી. તમારી રુચિને અનુસાર નિત્ય ગરમ ગરમ ભોજન તમને હું પ્રેમથી જમાડતી હતી. ૨૩. આવાં તમારાં અનંત ચરિત્ર છે. ગણી ગણીને તેનો કોઈ પાર લઈ શકે તેમ નથી. મધુર હાસ્ય (મુસકાન) અને ગજગતિ ચાલ વગેરે સંભારણાં હૃદયમાં જેમ બાણ વાગ્યું હોય તેમ મને ખટકે છે. ૨૪.હે હરિ ! તમારા મોટા અને નાના, બન્ને ભાઈ તમારા વિયોગને લીધે ઝૂરી રહ્યા છે. વિરહની પીડાથી બળતા બળતા બન્નેના હવે માત્ર હાડકાં અને પ્રાણ જ બચ્યાં છે.

૨૫. તે બન્નેનાં શરીર એક તોલા ભાર રહ્યાં નથી. માંસ એક માસા (એક તોલાનો બારમો ભાગ માસો) જેટલુંયે નથી. શરીરમાં રક્ત રતીભાર પણ નથી. કેવળ શ્વાસ રૂપે પ્રાણ રહ્યા છે. ૨૬.તમે ચાંખડી કે પગરખાં પણ તજી દીધાં છે. વનમાં ખુલ્લા પગે ઘૂમો છો, જમીન ઉપર સૂઈ રહો છો અને ફળોને ખાઓ છો, તે બધું મારા હૃદયમાં બાણની જેમ ખૂંચે છે. ૨૭. મારા આ અસહ્ય દુઃખને જાણ્યા પછી સુખધામ એવા તમે મારી ઉપર દયા કરો. હે સજ્જન ! આટલું સાંભળ્યા પછી ઘેર આવવાનું હવે તો જરૂર નક્કી કરજો. ૨૮.અમારી ઘણી દુઃખભરી દશા થઈ છે, આ કાંઈ થોડી નથી. તમે ઈશ્વર છો. બધું જાણો જ છો. હે જગદીશ ! અમે મરી ગયા પછી જો તમે આવશો તો કોને મદદ કરશો ? અને શું કરશો ? ૨૯.

**હે શ્યામ! હે સુખદ સ્નેહી ! અમને પોતાના સુહૃદ્ જાણીને અમારી સંભાળ લો. હે પ્યારા પ્રભુ ! દર્શનરૂપી અમૃતનું સિંચન કરીને અમારા શરીરના બધા ત્રાસને-દુઃખોને ટાળો.** ૩૦.દુઃખભર્યા અનેક સંતાપને મટાડવા કેવળ એક ઘનશ્યામના દર્શનની જ જેને અત્યંત અભિલાષા છે એવા નિષ્પાપ સુવાસિની બાઈએ આ પ્રમાણે વિનય સાથેનો વિલાપ કર્યો. ૩૧. શ્રીહરિના વિયોગને લીધે જે વિલાપ કર્યો તે તમને ઘણો કહ્યો. હવે આટલાથી અહીં તે વાત પૂરી કરીએ. આ પછી શ્રીહરિએ જે વનગમન કર્યું તે પ્રસંગને આગળ વર્ણવું છું. ૩૨.

હવે શ્રીહરિકૃષ્ણ વર્ણી તત્કાળ સરયૂ નદીને ઊતર્યા. પછી પરમાનંદમય સુખકંદ શ્રીહરિએ ઉત્તર દિશા તરફ પ્રયાણ કર્યું. ૩૩. સુખદાયક શ્રીહરિ એકલા જ ચાલ્યા. તેમની સાથે કોઈ પણ મનુષ્ય હતું નહિ. અનંત ગામડાંઓ અને નગરોને ઉલ્લંઘ્યા. તેનો કહેતા કહેતા કોઈ પાર જ આવતો નથી. ૩૪.દેવ-મનુષ્યોના પાલક પોષક રાજાધિરાજ શ્રીહરિ સરયૂ નદીને પાર કરીને પહેલે જ દિવસ વનમાં રાત રહ્યા. ત્યાં સુંદર મોટાં મોટાં ઝાડ અને નદીને જોઈને મનમાં પ્રસન્ન થયા. ૩૫. મૃગચર્મ પાથરીને તેના ઉપર બેઠા. ત્યારે ત્યાં પાર્ષદો આવીને બેઠા. તેમણે જળપાત્ર ભરીને આપ્યું. શ્રીહરિએ તેને નાના પાત્રમાં ગાળીને લીધું. ૩૬. પછી શ્રીહરિએ તે વખતે મુખકમળ

ધોયું અને ચરણ પણ ધોયા. ખુલ્લે પગે ચાલ્યા હતા, છતાં તેની કોઈ પીડા ગણતા નહિ. ૩૭. પછી પાણી પીધું. ઈશ્વરેશ્વર વર્ણીંદ્રે લેશમાત્ર અન્ન ખાધું નથી. છતાં અન્નનો સંકલ્પ પણ નથી કરતા. ૩૮.

**सोरठा : कहन लगे हरि बात, पारसद संग हि आये तेहि;**
**आज निरभे भइ यह रात, सुख भये दिन आज कर...३९**
**भय दुःखमात्र हि टार, अब भये निरभे हि हम;**
**खेद न रहे लगार, सुख सुख हि सुख भयेउ...४०**

જે પાર્ષદો સાથે આવ્યા હતા તેની સાથે શ્રીહરિ વાતો કરવા લાગ્યા કે, આજ આ રાત નિર્ભય થઈ છે. અને આજથી અમે સુખી થયા છીએ. ૩૯. ભય અને દુઃખમાત્ર ટાળી દઈને હવે અમે નિર્ભય થયા છીએ. અમારા મનમાં લગારેક પણ ખેદ નથી. સુખ સુખ અને સુખ જ છે. ૪૦.

***ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના દ્વિતીય પૂરમાં 'રામપ્રતાપભાઈ તથા સુવાસિનીબાઈનો વિલાપ અને શ્રીહરિનો વનવાસ કહ્યો' એ નામે પાંચમો તરંગ સમાપ્ત ॥૫॥***

## પૂર બીજું : તરંગ - ૬

### વનવાસથી સંતુષ્ટ શ્રીહરિએ પ્રહ્લાદની ભક્તિનિષ્ઠા કહી

હે સુમતિ ઉત્તમ નૃપ ! શ્રીહરિ ખૂબ જ પ્રસન્ન મનથી વનમાં વિચર્યા તે કથા હવે કહું છું. તેને તમે સાંભળો. ૧. શ્રીહરિને વન, પર્વત, નદી, સરોવર, કૂવા, બાગ-બગીચા અને મોટાં મોટાં ઝાડ ખૂબ જ ગમતા હતા. ૨.શ્રીહરિ વનમાં અને પહાડમાં રહેવું, તેને ઉત્તમ ગણતા. બાગ-બગીચામાં રહેવું, તેને મધ્યમ ગણતા અને ગામથી નજીક ઝાડ નીચે કે ધર્મશાળામાં રહેવું, તેને કનિષ્ઠ ગણતા. ૩. તેમણે મનમાં એવો નિશ્ચય કર્યો હતો કે દેશમાં સાવ એકલા ફરતા રહેવું તે તો અતિશય અધમ કહેવાય. કારણ કે તેમાં લેશમાત્ર ધર્મ રહેતો નથી. ૪.તેઓ પોતાના સખા-પાર્ષદોની સાથે વાતો કહેતા હતા કે આજ અમારા દિલમાં સુખ અને શાંતિ થઈ છે. અમારી ઘણા

દિવસની જે ઇચ્છા હતી તે બધી આજ પૂર્ણ થઈ છે. ૫. **દેહના સંબંધીઓનું બંધન ઘણું ભારે છે. તેને કોઈ ટાળી શકતું નથી. જીવનભર તે બંધન છૂટતું નથી. મરણ થાય ત્યારે જ તે બંધનથી છુટકારો મળે છે. ૬.**

**ચોપાઈ :**

**अमुलख नर देह मिली जोई, वृथा होई जावत सब सोई;**
**हरि भजवे को समय यह आयो, गये पीछे करे कोन उपायो...०७**

**संसार सम नहिं बेडी केहा, भजवेमें हरि विघ्न महा एहा;**
**हरि भजवेकी वात हे जेहु, मात तात कु न रुचत तेहु...०८**

આ મનુષ્યનો દેહ જે મળ્યો છે તે અમૂલ્ય છે. સંબંધીઓના બંધનથી તે વૃથા-નિષ્ફળ થઈ જાય છે. અત્યારે હરિને ભજવાનો સમય આવ્યો છે. આ સમય ગયા પછી તેનો શું ઉપાય થાય ? ૭. સંસારના જેવી કોઈ બેડી નથી. હરિના ભજનમાં તે મોટું વિઘ્ન છે. હરિના ભજનની વાત માતાપિતાને ગમતી નથી. ૮.

ભાઈની તો વાત જ શું કહેવી ? તે પણ હરિના ભજનમાં વિઘ્ન કરાવે છે. હિરણ્યકશિપુના જેવો કોઈ રાજા નહિ. તે તો ત્રિલોકીનો રાજા હતો. ૯. સ્વર્ગ, મૃત્યુ અને પાતાલપર્યંત, ત્રણે લોકો સુધી તેનું મોટું રાજ્ય હતું અને તે ઘણો બળવાન, વિચક્ષણ અને બુદ્ધિમાન હતો. દેવરાજ ઇન્દ્રને અને મોટા રાજાઓને પણ તેણે વશ કર્યા હતા. ૧૦.તેના એક પુત્રનું નામ પ્રહ્લાદ હતું. તે નારદના શિષ્ય થયા અને જન્મથી હરિના ભક્ત બન્યા. ૧૧. તેના પિતા હિરણ્યકશિપુને પ્રહ્લાદના ભક્તિભાવની ખબર ન હતી. પોતાના બીજા રાજકુમારોના જેવા જ તેને માન્યા હતા. પિતા તેનું જતન કરતા હતા. પ્રહ્લાદ પાંચ વરસના થયા. ૧૨.પિતાને પુત્ર ઉપર ઘણો જ પ્રેમ હતો. તેથી તે પોતાના પુત્રને રાત દિવસ પોતાની નજીક જ રાખતા હતા. પુત્રને જે જે વસ્તુ ગમતી હોય તે વેણ સાંભળતા જ તુરંત મગાવી દેતા હતા. ૧૩. પુત્ર ઉપર અપાર હેત હતું. માટે તેને સારો બુદ્ધિમાન બનાવવા તેમજ રાજકાજ બધું તેને આપવાનું હતું તેથી રાજા હિરણ્યકશિપુએ મનમાં વિચાર કર્યો. ૧૪.જો સહુ પહેલાં આ બાળકને રાજનીતિના બધા ગ્રંથ ભણાવવામાં આવે,

તો બધી પ્રજા સન્માર્ગે ચાલે. આવો વિચાર કરીને પોતાનું હિત કરવામાં અત્યંત કુશળ તે રાજાએ, હજી પુત્ર તો પાંચ વર્ષની ઉંમરનો જ હતો છતાં તેને ભણાવવા માટે એક સારો સુજ્ઞ વિપ્ર બોલાવ્યો. ૧૫-૧૬.

તે વિપ્ર બાળકને વિદ્યા ભણાવવા લાગ્યો. બાળકને પોતાની આગળ જ બેસાડતો. જે જે વિદ્યા ભણાવવામાં આવે તે તે બાળક તત્પર થઈને બધું શીખી જતો હતો. ૧૭. તે સાંભળીને તેનો પિતા હિરણ્યકશિપુ અતિ હરખાતો. તેથી ભણાવનારા વિપ્રને બહુ પ્રકારે દાન આપ્યું. પછી પ્રહ્લાદને તેના પિતાએ હેતથી પૂછ્યું કે, બેટા ! તું જે ભણ્યો હો, તે બતાવ. ૧૮.**ત્યારે પરમ સુજાણ પ્રહ્લાદે પોતે જે વિદ્યા સિદ્ધ કરી હતી અને પોતાના ગર્ભવાસ સમયમાં નારદે જે જ્ઞાન આપ્યું હતું, તે પોતાના પિતા આગળ કહ્યું. ૧૯. હે પિતાજી ! શ્રીહરિ વિનાનું આ જગતમાં જે કાંઈ છે તે બધું હું નાશવંત જોઉં છું. સત્સંગ વિનાની જેટલી વિદ્યાઓ છે તે બધીને હું નિષ્ફળ માનું છું. ૨૦.હે વીર પિતા ! હરિ વિનાની જેટલી વાત છે તે બધી ઠાલું નીર વલોવ્યા જેવી છે. તેમાંથી કાંઈ ઘી નીકળે નહિ. હું જેટલી વિદ્યાઓને શીખ્યો છું, તે અત્યારે નિષ્કપટ ભાવે કહું છું. ૨૧.**

તમે મનમાં ધીરજ રાખીને તત્પરતાથી તે સાંભળો. જે તુરંત પોતાનું હિત કરે, તેને જ વાત કહેવાય છે, પણ જે હિત કરે નહિ તે તો ઉત્પાત કહેવાય. ૨૨.પ્રહ્લાદ પોતાના પિતાને અસુર (દૈત્ય) તરીકે જાણતા હતા તોપણ તેણે પ્રસન્ન મનથી કહ્યું કે શ્રીહરિનો પ્રતાપ તો અમાપ છે, તેને સમજનારા પણ અપાર થયા છે. ૨૩. પ્રહ્લાદજીએ નીતિ અને ધર્મનું તત્ત્વ-સાર વિચાર્યો કે, ભગવાન સિવાય કોઈ પણ રહેવાનું નથી. નિર્ભય પદ તો એક ભગવાનનું ધામ જ છે. તે સિવાય અન્ય સ્થાન સ્થિર રહેતા નથી. ૨૪.બ્રહ્માંડપુરુષ (વિરાટ્ પુરુષ) સુધી જો કોઈનું ઠેકાણું રહેતું ન હોય ત્યારે બ્રહ્માદિક તો શું લેખામાં ? એવું મેં અંતર્દૃષ્ટિ કરીને જોયું છે. ૨૫. સહુથી વધારે મહાબળવાન તો કાળ છે. મોટા રાજાઓની રાજધાનીઓનો પણ તે નાશ કરે છે. એટલે જ એમ કહેવાય છે કે કાળરૂપી શત્રુ ભારે બળવાન છે. તે સહુનાં સ્થાનોનો નાશ કરે છે. ૨૬. કાળ ક્યારેય જેનો

નાશ ન કરી શકે એવું નિર્ભય નિવાસ સ્થાન તો ભગવાનના ચરણમાં વાસ કરવો તે છે. અને એવા જ અવિનાશી તો સ્વયં ભગવાન છે, તે સિવાય તો બધું નાશવંત છે. ૨૭.**કાળરૂપી શત્રુ સહુથી મહાબળવાન છે. પ્રકૃતિ પર્યંત તે દોડીને જાય છે. તે કાળરૂપી શત્રુને જીતવાની પરમ પુનિત રીત હવે હું કહું છું. આવી વિદ્યાને જ વિદ્યા કહેવાય છે. તે વિના બીજી વિદ્યા કાંઈ રહેતી નથી. નિર્ભય વિદ્યા તે જ ખરી વિદ્યા છે. આ મનુષ્ય દેહ ફરી ફરીને મળતો નથી. ૨૮-૨૯.**

મૃત્યુને કાંઈ વાર જ નથી. કેમ જે, કાળરૂપી શત્રુ બળવાન છે. કાળની આગળ કોઈ રાજાનું પણ અભિમાન ચાલતું નથી. ૩૦. શંકર અને બ્રહ્મા મનુષ્યો અને દેવોને નિર્ભય થવાનો વર આપે છે; પણ જ્યારે કાળરૂપી શત્રુ શંકર અને બ્રહ્માને સકંજામાં લે છે ત્યારે તેમના સ્થાનનું પણ કાંઈ ઠેકાણું રહેતું નથી. ૩૧.કાળ મહાશત્રુ છે. તેને જ્યાં સુધી જીતે નહિ ત્યાં સુધી રાજા હોય તોય શું ? રાજા હોય તોપણ કાળની આગળ તો તે કીટ સમાન છે. ૩૨.

**ખરો સુજ્ઞ રાજા તે જ ગણાય કે જે કાળરૂપી શત્રુને જીતી લે છે. જે કાળના પણ કાળ છે આવા પરમેશ્વરના બળથી જ કાળરૂપી શત્રુને જીતી શકાય છે.** ૩૩.કાળના ઉપર પણ વિજય અપાવે આવી જે વિદ્યા છે તે જ ખરી વિદ્યા છે. તે સિવાયની બીજી વિદ્યાથી કોઈ સિદ્ધિ થાતી નથી. બીજી વિદ્યાઓમાં કાળનો ત્રાસ રહ્યો છે અને તેને કાળ તો એક પલકમાં જ વિનાશ કરી નાખે છે. ૩૪. આવો બળવાન કાળરૂપી શત્રુ જેને માથે છે તેવા રાજાનું પણ શું ઠેકાણું ? આવો સારો સારરૂપ વિચાર દિલમાં લાવો. વિચાર વગરનો રાજા તો આંધળો જ ગણાય અને અંતે આંધળાનું માન ક્યાંય રહેતું નથી. ૩૫.રાજપુત્ર પ્રહ્લાદની વાતમાં બળ હતું, પણ તેને સાંભળીને તેના પિતાએ તે વાતને હસી કાઢી.

હિરણ્યકશિપુએ કહ્યું, 'દીકરા ! તું હવે મારો રહ્યો નથી.' આમ કહીને તેણે પ્રહ્લાદનું ઘણું અપમાન કર્યું. ૩૬. હિરણ્યકશિપુએ ભગવાનને નિમિત્તે પ્રહ્લાદનું જે જે અપમાન કર્યું હતું, તે અપમાનને પ્રહ્લાદજી શોભાથી પણ અધિક શોભા-ગૌરવ માનતા હતા. ૩૭.પ્રાણી કર્મને વશ થઈને તો

અપાર દુઃખ ભોગવ્યા જ કરે છે. અને તે દુઃખ ભોગવ્યાનું કાંઈ ફળ પણ જણાતું નથી. તે પ્રગટ દેખ્યામાં આવે છે. ૩૮. હિરણ્યકશિપુએ કહ્યું, 'હવે તારે ભણવાનું નથી. નિરંતર મારે આધીન રહેવાનું છે.' ત્યારે પ્રહ્લાદે તેને કહ્યું, 'હું સુખકારી નિર્ભયવિદ્યાને ભણી ચૂકેલો જ છું.' ૩૯.પછી રાજા હિરણ્યકશિપુએ પ્રહ્લાદને ઘણું દુઃખ દીધું. તેને મારવા માટે પૂરી મહેનત કરી પણ છેવટે તો તેનો જ તુરંત નાશ થયો. અને દેહાભિમાનને લીધે તે બેહાલ થઈ ગયો. ૪૦. **વર્ણીએ પાર્ષદોને કહ્યું, 'આ કથા મેં જ્યારે સાંભળી ત્યારથી જ મનમાં ઘરનો ત્યાગ કરવાનો નિશ્ચય કરી લીધો. ભગવાન સિવાય બીજા કોઈને મેં સમર્થ ન દેખ્યા. કાળ અને કર્મ પણ ભગવાનને જ વશ રહે છે.'** **૪૧.**શ્રીહરિનાં વચન સાંભળીને ઘણા સમજુ તે પાર્ષદોએ હાથ જોડ્યા અને બોલ્યા કે, 'આપ તો સાક્ષાત્ ભગવાન છો. ૪૨.

અત્યારે આપને મનુષ્યચરિત્ર કરવાની ઈચ્છા થઈ છે, તેમ જ અનેક જીવોનો ઉદ્ધાર કરવાનો આપે સંકલ્પ કર્યો છે, તેથી અત્યારે વર્ણીનો વેશ લીધો છે. ૪૩.**આ ભૂમિનાં પણ ધન્ય ભાગ્ય છે, વૃક્ષો, વન અને ગામડાંઓનાં પણ ધન્ય ભાગ્ય છે કે હવે તેને આપના ચરણોની સેવા કરવાનો લાગ આવ્યો છે.** ૪૪. તે સમયે નજીકના ગામના અપાર લોકો વર્ણીને આવ્યા જાણીને ત્યાં તેમની પાસે આવ્યા. તેમને યોગી જાણીને ઘણાં ફળ અને મીઠાઈ પણ લાવ્યા. ૪૫. વર્ણીએ ઘણા ભાવથી ફળ વગેરે પ્રથમ ભગવાનને અર્પણ કર્યાં, પછી પોતે જમ્યા. મનમાં ઘણો ઉત્સાહ હતો. વધેલો પ્રસાદ પાર્ષદોને પણ આપ્યો. ૪૬. **મનોહર મૂર્તિ વર્ણિરાજનાં દર્શન કરીને લોકો વિસ્મિત થયા. અત્યંત અલૌકિક તે વર્ણીના રૂપને દેખતાં જ સહુની મનોવૃત્તિ તેમાં ચોંટી ગઈ.** ૪૭.

***ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના દ્વિતીય પૂરમાં 'શ્રીહરિ વનમાં રાત રહ્યા' એ નામે છઠ્ઠો તરંગ સમાપ્ત ॥૬॥***

## પૂર બીજું : તરંગ - ૭

### શ્રીહરિનો બદરિકાશ્રમના માર્ગે પ્રવાસ

બીજે દિવસ જ્યારે સવાર થયું ત્યારે શ્રીહરિ ઊંઘમાંથી ઊઠ્યા. પહેલાં જઈને શૌચવિધિ કરી દાતણ કર્યું. પછી સ્નાન કરી દેવપૂજા કરી. ૧. ત્યારે ગામના લોકો આવ્યા. હેતથી ફૂલ, ફળ આદિ વસ્તુઓને લાવ્યા. શ્રીહરિએ ખૂબ જ ભક્તિભાવથી તે પદાર્થો ભગવાનને અર્પણ કર્યા. ૨.જે પ્રસાદ હતો તે સહુને આપી દીધો. સ્વયં શ્રીહરિ થોડો પ્રસાદ જમ્યા. બીજો બધો પ્રસાદ દેવોના પાર્ષદોને આપ્યો. ૩. પછી શ્રીહરિએ તરત ચાલવા માટેની તૈયારી કરી. તે દિવસ અષાઢ માસની અજવાળી એકાદશી (દેવશયની-નિયમની) હતી. ૪.શ્રીહરિ ઉત્તર દિશા તરફ ચાલતા થયા. ત્યારે પાર્ષદોને શિખામણ આપતા કહ્યું, અમે અમારા મનમાં કોઈનો ડર રાખતા નથી, માટે હવે તમે અમારી કાંઈ ચિંતા કરશો નહિ. ૫. અણુ અણુમાં મારી વ્યાપ્ય અને વ્યાપક શક્તિ રહી છે. દરેક જડ અને ચેતન મારી બીજી શક્તિઓ જ કહેવાય છે. તે શક્તિઓ થર થર ધ્રૂજતી થકી મારી આજ્ઞા પાળવા માટે તત્પર રહે છે. ૬.

**चोपाई :**

**न्यामक शक्ति हे मेरी जेहा, जड चेतनकु नियम रखे एहा;**
**भरन पोषन शक्ति हे जोऊ, तेहि मेरी कहावत सोऊ...०७**
**मेरी शक्ति अनंत अपारा, अक्षर जाके लहत न पारा;**
**शक्ति सिद्धि सामृथ जेहु, तीन मील एक कहावत तेहु...०८**

વળી મારી નિયામકપણારૂપી શક્તિ જે છે તેનાથી હું જડ અને ચેતન સહુનું નિયમન કરું છું. 'સમગ્ર જગત્‌ને ધારણ કરવું અને તેનું પોષણ કરવું.' તે રૂપ પણ મારી એક અન્ય શક્તિ છે. ૭. મારી આવી શક્તિઓ તો અનંત-અપાર છે. તેનો પાર તો અક્ષર સુદ્ધાં કોઈ પામી શકતું નથી. શક્તિ, સિદ્ધિઓ અને સામર્થ્ય, ત્રણે મળીને એક જ કહેવાય છે. ૮. જેમ અંતઃકરણ એક હોવા છતાં પ્રવૃત્તિ ભેદથી મન, બુદ્ધિ, ચિત્ત અને અહંકાર એમ તેનાં ચાર નામ કહેવાય છે. અને જેમ પાંચ જ્ઞાનેન્દ્રિયો મુખ્ય કહેવાય

છે. અને તે પ્રત્યેકના વિષયો અનેક પ્રકારના રહ્યા છે. ૯. તે રીતે જ અંતઃકરણ અને ઈન્દ્રિયોથી જીવ અલગ છે અને તે અનંત છે. અને તે અણુ હોવા છતાં જ્ઞાનમયી શક્તિથી નખથી શિખાપર્યંત સમગ્ર શરીરમાં વ્યાપીને રહે છે. તે રીતે જ હું પણ જડ અને ચેતન, સર્વથી અલગ છું. છતાં અનંત કોટિ બ્રહ્માંડોમાં સહુમાં વ્યાપીને રહ્યો છું. ૧૦.

**चोपाई :**

**जीव के मोक्ष करन हि काजा, मनुष्य रूप में धरत समाजा;**
**मेरी इच्छा होत हें जबही, मनुष्य रूप कु त्यागत तबही...११**

આ સંસારમાં અનેક જીવોનો ઉદ્ધાર કરવાને માટે હું મનુષ્ય શરીર ધરીને માનવ સમાજમાં પ્રકટ થાઉં છું. અને જ્યારે મારી ઈચ્છા થાય ત્યારે તે માનવ શરીરને હું તજી દઉં છું. ૧૧. **અથવા તો કોઈ પ્રેમી ભક્તનો જ્યારે ભાવ પૂર્ણ કરવાનો હોય ત્યારે હું મનુષ્યરૂપે પ્રકટું છું. અત્યારે હું ધર્મ અને ભક્તિનું હિત કરવા માટે તેમને ઘેર મનુષ્યરૂપે પ્રકટ થયો છું. ૧૨.**હવે હું ધર્મનું સ્થાપન કરવા માટે ચારેય ધામમાં ફરીશ. તમને મારાં દર્શન થયાં છે. તેથી હવે અત્યારે તમે અહીંથી પાછા વળો. ૧૩. અમરાવતી નગરી(સ્વર્ગ) થી જે પાર્ષદો આવ્યા હતા. તેમને શ્રીહરિએ પાછા વાળ્યા અને પછી પોતે ત્યાંથી આગળ ચાલ્યા. ૧૪.જતી વખતે તે પાર્ષદોએ શ્રીહરિને ઘણા જ દંડવત્ પ્રણામ કર્યા. ઝાઝીવાર સુધી પ્રાર્થના કરી. તેમના મનને શ્રીહરિ સિવાય ચેન પડતું ન હતું. આવા તે પાર્ષદો હતા. ૧૫.

તે વખતે બધી દિશાઓમાં ઘાટાં કાળાં વાદળાં ઉપર ચડી આવ્યાં. ત્યારે ચારે બાજુ કડાકા સાથે વીજળી ચમકવા લાગી અને મોટા મોટા ફોરા પડીને વરસાદ વરસવા લાગ્યો. ૧૬.ચો તરફથી મોર, બપૈયો અને કોયલ બોલવા લાગી. તેમાંએ તે પક્ષીઓએ જ્યારે શ્રીહરિને દેખ્યા ત્યારે તો ખૂબ જ આનંદિત થઈને મનભાવ્યા મધુર શબ્દોમાં બોલવા લાગ્યા. ૧૭. તે દિવસો વર્ષા ઋતુના હતા. શ્રીહરિને તે બહુ જ ગમતા. જેમ જેમ વરસાદની ધારાઓ પડે તેમ તેમ તેઓ અપાર આનંદને પામતા હતા. ૧૮.ગરમીમાં તપેલી ભૂમિ વરસાદથી અતિ શીતળ થઈ ગઈ. વરસાદનું પાણી ખળખળ

અવાજ કરતું વહેવા લાગ્યું. તેને દેખીને શ્રીહરિને આનંદોલ્લાસ થયો અને ઉતાવળી ગતિથી આગળ ચાલવા લાગ્યા. ૧૯. શ્રીહરિ રોજ પાંચથી દશ કોશ ચાલતા. જ્યાં ક્યાંય સારું સ્થળ દેખાય ત્યાં એક રાત રહેતા. ૨૦.જે ગામમાં સુબુદ્ધિમાન્ લોકો દેખાય ત્યાં એક દિવસ વિશ્રામ કરતા. શ્રીહરિ જ્યાં વિશ્રામ કરતા ત્યાં લોકો તેમને માટે અનાજ કે ફળ વગેરે લાવી આપતા. ૨૧. સ્વયં પોતાને હાથે રસોઈ બનાવતા. પહેલાં બધું દેવને નૈવેદ્યમાં ધરાવતા. તે પછી પોતે જમતા. ઉદારચરિત શ્રીહરિએ આવો સુદૃઢ નિયમ કરી રાખ્યો હતો. ૨૨.ફળ કે ફૂલ જે કાંઈ મળે તે દેવને ધરાવીને પોતે જમતા. જે કોઈ માણસ પાસે આવીને બેસે તેને પ્રેમ અને ઉત્સાહથી બોલાવતા. ૨૩. તેની આગળ જીવના મોક્ષ અંગેની કાંઈક વાત જ્યારે કહેતા ત્યારે તે લોકો તે વાતને શિરોધાર્ય કરતા. શ્રીહરિ ક્યારેક એકલા અને ક્યારેક કોઈની સાથે, એમ ઉમંગથી ચાલતા. ૨૪.

### ❋ વર્ણિરાજે કહેલી વાતોની વિશેષતા :

જે કોઈ મનુષ્ય શ્રીહરિની સાથે ચાલે તો તેની સાથે વાતો કરીને તેની કુબુદ્ધિને-અજ્ઞાનને ટાળી નાખતા અને તેને સદ્‌બુદ્ધિ આપતા. ૨૫. **જેમાં સ્પષ્ટ રીતે ત્યાગ અને વૈરાગ્યની વાત કહી હોય આવાં કીર્તન કોઈ બીજાની પાસે ગવડાવતા અથવા તો તેવાં કીર્તનોને પોતે ગાતા. ૨૬.** સુજનોને ધર્મની રીત દેખાડીને અધર્મનો ઉચ્છેદ કરતા. સચ્છાસ્ત્રની રીત સમજાવીને સત્ય-હકીકત બતાવતા. ૨૭. શ્રીહરિ કહેતા કે ‘હિરણ્યકશિપુ, રાવણ અને કંસ વગેરે અનંત અસુરોએ અધર્મમય-પાપરૂપ જે ઘોર કર્મ કર્યાં તેને કોઈ મોક્ષ આપનારા કહેતા નથી.’ ૨૮.શ્રીહરિ આવી તો અનંત વાતો કહેતા. જે મનુષ્ય આવીને તેમની સાથે રહે, તેનો સંસાર બાબતનો મોહ ટાળી દેતા અને મોક્ષના માર્ગમાં તેને જોડી દેતા. ૨૯. પ્રભુના ભજવામાં લાભ છે, તેમ જણાવતા અને સંસારના માર્ગમાં નુકશાન જણાવતા. વ્યસનમાત્રનો ત્યાગ કરાવતા અને ભગવાનના ચરણોમાં પ્રેમ કરાવતા. ૩૦.**સુજાણ શ્રીહરિ કામ, ક્રોધ, મદ અને લોભ વગેરે દોષોને નરકનું દ્વાર કહેતા અને નિષ્કામ, નિર્લોભ અને નિર્માન વગેરે સદ્‌ગુણોને મોક્ષનું દ્વાર કહી સમજાવતા. ૩૧. માણસ નિઃસ્પૃહ**

**અને નિઃસ્નેહ આદિ પાંચ ગુણોથી સંપન્ન થઈને જ્યારે ભગવાનના ચરણોમાં ચિત્તને પરોવી દે છે ત્યારે તેનો આત્મા ભગવાનના ધામમાં જાય છે. ૩૨.**

**एसी बात करत दिन रेना, तेहि विन व्यर्थ करत न सेना;**
**राम कृष्णादिक अवतार जोउ, अनंत भये हें आगे सोउ...३३**

શ્રીહરિ રાત દિવસ આવી જ વાતો કહેતા. તે સિવાય એક ક્ષણ પણ વ્યર્થ ગુમાવતા નહિ. પૂર્વે રામ, કૃષ્ણ આદિ જે ભગવાનના અનંત અવતારો થયા, તેનો અનંત અને અપાર મહિમા પ્રેમી ભક્તની જેમ કહેતા. પોતે સર્વનું કારણ હોવા છતાં ક્યારેય પોતાની મહત્તાની વાત કરતા નહિ. ૩૩-૩૪.**એ જ શ્રીહરિનું મહાન સામર્થ્ય છે, તેને જે બુદ્ધિશાળી માણસ હોય તે સમજી લેતા; પણ જે કુબુદ્ધિ મનુષ્ય હોય, તે ભલે કરોડો વરસ શ્રીહરિની સાથે રહે, તોપણ તે તેમના સામર્થ્યને સમજી શકે નહિ. ૩૫. મોટાને ક્યારેય મોટા થવાની ઈચ્છા નથી હોતી. મોટા તો પોતાના સામર્થ્યે કરીને જ મહાન હોય છે. જેમ કસ્તૂરીનો સુગંધ છુપાવ્યો છુપાતો નથી તેમ મોટાનું સામર્થ્ય ક્યારેય ઢાંક્યું ઢંકાતું નથી.** ૩૬.જે જે લોકો એક જ વાર આવીને શ્રીહરિનાં દર્શન કરતા તો તેને તે મૂર્તિ ક્યારેય ભુલાતી નહિ. પછી તેના વિયોગને લીધે તે નિરંતર રડ્યા જ કરતા. ૩૭. શ્રીહરિની મહામનોહર મૂર્તિમાં તેને એવી અતિશય પ્રીતિ થઈ જતી. શ્રીહરિની જે સેવા કરતા તેનો જન્મ-મરણરૂપ સંસાર ટળી જતો. ૩૮.શ્રીહરિ જ્યાં રાત રોકાતા ત્યાં અતિશય આનંદનું વાતાવરણ થઈ જતું. જેમ કૃષ્ણાવતારના સમયના ગોકુળમાં થતું તેની સમાન સુંદર શોભા પ્રકટ થઈ જતી. ૩૯. આસપાસના ગામેગામના લોકો દેખતાની સાથે દોડીને વર્ણી પાસે આવતા. અત્યંત પ્રસન્ન મનથી પ્રેમભાવ રાખીને શ્રીહરિની પૂજા કરતા. ૪૦.

***ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના દ્વિતીયપૂરમાં 'શ્રીહરિ બદરિકાશ્રમ જવા માર્ગમાં ચાલતા થયા' એ નામે સાતમો તરંગ સમાપ્ત ॥૭॥***

## પૂર બીજું : તરંગ - ૮

## શ્રીહરિ લોધેશ્વર પધાર્યા અને તેમનું ત્યાગપ્રધાન જીવન

શ્રીમુક્તાનંદસ્વામીએ કહ્યું, હે બુદ્ધિમાન્ ઉત્તમરાજા, તમે સાંભળો. શ્રીહરિનાં ચરિત્ર દિવ્ય છે. તેનો કહ્યે પાર પામી શકાય તેમ નથી. ૧. શ્રીહરિ એક રાત રોકાતા. અવિનાશી સવારે ઊઠી સ્નાન અને દેવપૂજા આદિ કરે તેટલા સમયમાં તો અજવાળું થઈ ગયું હોય પછી ચાલતા થતા. ૨.ખૂબ જ દર્શન કર્યા જેવો સુંદર વર્ણિવેશ હતો. મસ્તક ઉપર અતિશય સુંદર કેશ હતા. તે તેજથી અતિ ઝગમગ ઝગમગ ચમકતા હતા. ૩. આકાશમાં ઘાટાં વાદળાં છાઈ ગયાં હતાં. ધીમે ધીમે વરસાદ વરસતો હતો. લોકચિત્તાકર્ષક મૂર્તિ એવા વર્ણી પાંચ કોશ ચાલીને રોકાઈ ગયા. ૪.ત્યાંથી લોધેશ્વર ગામ આવ્યા. ત્યાં લોધેશ્વર નામે શિવાલય હતું. ભક્તજન મનોરંજન કરનારા અને પ્રતિપાલક દયાળુ શ્રીહરિએ લોધેશ્વર મહાદેવનાં દર્શન કર્યાં. ૫. ત્યાં પાસે જ લોધેશ્વર નામે એક સરોવર હતું. તેમાં બારે માસ અખંડ પાણી ભર્યું રહેતું. તેમાં અપાર નરનારી લોકો નહાતા હતા. શ્રીહરિ જઈને તે સરોવરમાં નહાયા. ૬.સરોવરને કિનારે અનેક વૃક્ષ હતાં. અને તેને લીધે તે સરોવર ઘણું શોભતું હતું. ત્યાં એક સુંદર ધર્મશાળા (જગ્યા) હતી. શ્રીહરિએ તેમાં ઉતારો કર્યો. ૭.

ત્યાંના જે ભાવિક લોકો હતા તે આવ્યા. અને તેમણે વર્ણીને આસન કરી આપ્યું તથા સીધું લાવી આપ્યું. પછી તેમાંથી રસોઈ બનાવી અને તેનો થાળ ઠાકોરજીને ધરાવ્યો. ૮.પછી સ્વયં તે પ્રસાદીને મેળવીને જમ્યા. અલગ અલગ વસ્તુઓને જમતા નહિ. પોતે ત્યાગીની રીત રાખતા અને તેમને ત્યાગમાં ઘણો પ્રેમ હતો. ૯. સ્વયં દિવસમાં એક વાર જમતા. જે મળે તેનાથી ગુજરાન કરતા. ખુલ્લી જમીન ઉપર મૃગચર્મ બિછાવીને તેના ઉપર સૂતા. ૧૦. તે સિવાય બીજુ કાંઈ પાથરતા નહિ. આવી તેમની હમેશાંની રીત હતી. તેમને નિરંતર ત્યાગમાં જ અપાર રુચિ હતી. ક્યારેય દેહની સંભાળ રાખતા નહિ. ૧૧. વર્ણી સ્વયં ત્યાગીની એક શુભ રીત માનીને જાણી જોઈને દેહનો અનાદર રાખતા અને મનમાં અપાર વૈરાગ્ય રાખતા. કોઈ પાસેથી કોઈ પણ વસ્તુને માગીને લેતા નહિ. ૧૨.

**दोहा : रीति अलौकिक देखके, पुर के लोक हि तेह;**
**वर्निकु ईश्वर जानीके, पूजेउ बहु सनेह...१४**

સદાચારમય ધર્મમાં અને એકાંતિકી ભક્તિમાં પોતે અતિ પ્રવીણ હતા. લેશમાત્ર પણ તેનો લોપ (ભંગ) કરતા નહિ. કોઈ પણ પદાર્થને માટે કોઈને ઉપદેશ કરતા નહિ. ૧૩. વર્ણીની આવી અલૌકિક રીત જોઈ, તેથી લોધેશ્વર ગામના લોકોએ તેમને પરમેશ્વર માન્યા. ખૂબ જ હેત ભાવથી પૂજા કરી. ૧૪.

**सोरठा : फलफूल बहुत हि लाय, बर्नी आगे भेट धरत;**
**ताकु बर्नी न चाय, तोहु लावत बहुत विध...१५**
**बर्नी सो दई देत, आप न रखत पास कछु;**
**कोउसे न करत हेत, भरत आख्यान बिचार कर...१६**

તેઓ ઘણાં જ ફળ તથા ફૂલોને લાવ્યા. વર્ણીની આગળ ભેટ મૂક્યાં. વર્ણી તેને ચાહતા નથી છતાં લોકો અનેક પ્રકારની તે ફળ વગેરે વસ્તુઓને લાવવા માંડ્યા. ૧૫. વર્ણી તે વસ્તુઓને પાછી આપી દેતા અથવા બીજાને આપી દેતા. પોતાની પાસે કાંઈ રાખતા નહિ. કોઈના ઉપર હેત પણ કરતા નહિ અને જડભરતનું આખ્યાન વિચાર્યા કરતા. ૧૬.જે મોટા મોટા રાજાઓ કહેવાતા હતા તે બધા વર્ણીની આવી ત્યાગની છટા સાંભળીને તેમની પાસે આવતા. વર્ણીનું અતિશય મહાન્ સામર્થ્ય દેખીને તે બધા ચરણમાં આળોટવા લાગતા. ૧૭. તે સહુ હાથ જોડીને બોલતા, ‘આપ કૃપા કરીને અમારે ઘેર પધારો. અમારું રાજ્ય અને જે સમૃદ્ધિ છે તે બધું આપને અર્પણ કરી દઈએ છીએ.’ ૧૮.**છતાં વર્ણી ક્યારેય તેમને ઘેર જતા નહિ. તેને વિઘ્ન સમજીને તેનાથી દૂર રહેતા. સ્વયં તો સમર્થ જગદીશ છે, અરે ! અનંત બ્રહ્માંડોના ઈશ્વર છે. ૧૯. શિવ, બ્રહ્મા અને ઈન્દ્રાદિક જે મોટા દેવશ્વરો છે તે પણ તેમની ગણતરીમાં કાંઈ જ નથી. વર્ણીનો વૈરાગ્ય એવો પાકો હતો કે તેઓ શિવ બ્રહ્માદિક દેવોના સુખને તો કાકવિષ્ઠા તુલ્ય ગણતા હતા.** ૨૦.વર્ણીને પ્રભુ ભજવામાં જ પૂર્ણ પ્રીતિ હતી. શુભ ધર્મને પાળતા હતા અને જીવનમાં અદલ નીતિ રાખતા. જગતના સુખને અતિશય તુચ્છ જાણતા, તો પછી તે તુચ્છ સુખ માટેની લોકોની વાતને વર્ણી ક્યાંથી માને! ૨૧.

જે રાજાઓ પરમાત્માને સર્વોપરિ માની તેમનું ઘણા હેતથી ભજન કરતા હોય. ગણવા છતાં જેનો અંત ન આવે એવા રાજપાટનાં અનંત સુખો હોય, ૨૨.અર્વ ખર્વ (એકના આંક ઉપર સત્તર શૂન્ય મુકાય તેવી અઢાર આંકડા સુધીની સંખ્યા વગેરે)ની સંખ્યાથી પણ જેનો પાર આવે નહિ એવા કરોડો કરોડના ધનભંડાર હોય, ગણી શકાય નહિ તેટલા હાથી અને ઘોડાઓ હોય, સંપત્તિ અને શાસનની દૃષ્ટિએ જે રાજાની તુલ્ય બીજો કોઈ ન થઈ શકતો હોય, ૨૩. પચાસ કરોડ યોજનના વિસ્તાર વાળી આ ભૂમિ છે. તેના ઉપર જે રાજ્ય કરતા હોય, જેને રહેવાના મહેલો પણ સોનાના હોય, ૨૪.જેનાં રૂપ સૌંદર્યનો પાર પામી ન શકાય એવી કરોડો સ્ત્રીઓ હોય; આ બધાને જે અત્યંત દુ:ખદાયક માનતા હોય અને એક પરમાત્મામાં જ સાર માનતા હોય, ૨૫. એવા જે રાજા હોય તેનું જ અનાજ મહાન્ વર્ણિવર શ્રીહરિ અતિ પ્રેમથી જમતા હતા. ૨૬.**તેવા પ્રભુપ્રેમી રાજાઓને અતિશય નિર્બંધ માનીને તેને જ ઘેર વર્ણી રહેતા. અને ભગવાનનાં સ્વરૂપમાં તેમના પ્રેમને દેખીને તેઓ જેમ કહે તેમ કરતા. ૨૭.** વર્ણીએ પોતાના મનમાં તો રાજા અને રાંકનો એક સરખો જ દૃઢ વિચાર કરી રાખ્યો હતો. જેમાં ભગવાનને વિષે ભક્તિની ટેક દેખતા તેને બ્રહ્મા કરતાં પણ અધિક ગણતા. ૨૮.સ્ત્રીજાતિમાત્રનો ગંધ ક્યારેય ભૂલથી પણ સૂંઘતા નહિ. તેઓ કાયમ ઋષ્યશૃંગનું આખ્યાન સંભારી રાખતા. ૨૯. શિવ, બ્રહ્મા અને નારદ શક્તિશાળી હતા. પોતે ઈશ્વર જેવા હતા. તેનાં આખ્યાનોને વર્ણી સંભારતા અને માનતા કે નારી મોક્ષમાર્ગમાં વિઘ્નરૂપ છે. ૩૦.

**चोपाई :**

**देखतमें करे मति को नाशा, वैराग कर देवे विनाशा;**
**धर्म भक्ति तब रहे न लेशा, तब तेहि रेवे ज्ञान हि केसा...३२**

દારૂ, ઝેર, સાપ અને આગ, તેઓ ભલે વિનાશકારી હોય પણ આંખથી જોવા માત્રમાં તેઓ ઘાત કરતા નથી. પણ નારી તો તેના કરતાં કરોડગણી વધારે ઘાતક છે અને તેમાં અપાર દોષો રહ્યા છે. ૩૧. કેમ જે, નારીને તો જોવામાત્રથી જ બુદ્ધિનો નાશ થઈ જાય છે અને તે વૈરાગ્યનો પણ નાશ કરી

નાખે છે. નારીના આકર્ષણથી જે ખેંચાયો હોય તેમાં ધર્મ અને ભક્તિનો લેશ પણ રહેતો નથી; તો પછી તેમાં જ્ઞાન તો રહે જ ક્યાંથી ? ૩૨.જ્યારે જ્ઞાનનો વિનાશ થાય ત્યારે તે અજ્ઞાનથી અંધ બની જાય છે. પછી તે સંસારનાં અનંત પાશોથી બંધાઈ જાય છે. પછી તે બુદ્ધિહીન મલિન જીવને નરકનાં અને લખચોરાશીનાં અનંત દુઃખ વેઠવાં પડે છે. ૩૩. જીવને જગતનાં જે અનંત બંધનો છે તેને છોડાવવા માટે અને અનંત જીવોનું કલ્યાણરૂપ કામ કરવા માટે તો રાજાધિરાજ પરમાત્માએ વર્ણીનું રૂપ ધાર્યું છે. ૩૪.પોતે તો આકાશ જેવા નિર્બંધ છે. તેથી જ અનંત જીવોને બંધનમાંથી છોડાવનારા છે. છતાં પણ મુમુક્ષુ જીવોના હિતને માટે શ્રીહરિએ વર્ણીનો વેશ લીધો છે. ૩૫.

સનાતન ત્યાગની રીત તો શુકદેવજી અને સનકાદિકોના જેવી છે. પરંતુ અત્યારે તો કળિયુગમાં મતમતાંતરના ત્યાગીઓએ તે સનાતન રીતને તજી દીધી છે. ૩૬. બધા જ ત્યાગીઓ ધનને અને નારીને રાખવા માંડ્યા છે. તે સહુએ મોક્ષના માર્ગનો ત્યાગ કર્યો છે. તેઓ અનેક પ્રકારનાં વ્યસનોથી ભરપૂર થઈ ગયા છે. તેઓ કોઈ પણ ફેલ-ફિતૂર (ઢોંગ-પાખંડ) કરવામાં અધૂરા રહ્યા નથી. ૩૭.મોટા રાજાઓ પણ તે મિથ્યા ગુરુઓને સિદ્ધ સમજીને રાતદિન ભાવથી તેને માને છે. ૩૮. પ્રજાના ઉપર તો મહાન્ ભય રહ્યો છે. જે ધર્મગુરુઓ રક્ષક હોય છે તેઓ જ દુઃખ દેવા લાગ્યા. ઠેક ઠેકાણે આવું બનવા લાગ્યું, ત્યારે પ્રજા કોનું શરણું લે ? ૩૯.શ્રીહરિએ જ્યારે પ્રજાનું આવું દુઃખ દેખ્યું ત્યારે તેમના દિલમાં અતિશય દયા આવી. અને અતિશય અધર્મને દેખીને સ્વયં મહાયોગીંદ્ર બન્યા. ૪૦. શ્રીહરિનું એક જ ચરિત્ર હોય, પણ તેમાં અનેક હેતુઓ હોય છે. જેમાં વિવેક હોય તે જ મનુષ્ય તેને સમજી શકે છે. વિવેક વગરના લોકોને તેની ખબર પડતી નથી. ૪૧.

***ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના દ્વિતીય પૂરમાં 'શ્રીહરિ લોધેશ્વર પધાર્યા અને તેમનું ત્યાગીજીવન કહ્યું' એ નામે આઠમો તરંગ સમાપ્ત ॥૮॥***

## પૂર બીજું : તરંગ - ૯

## નૈમિષારણ્યમાં મુનિઓએ શ્રીહરિને પૂજ્યા

શ્રીમુક્તાનંદ સ્વામી શ્રીહરિનાં અદ્‌ભુત ચરિત્રોને કહે છે. તેને સાંભળીને મોટા મોટા દેવતાઓ, મુનિઓ રાજાઓ વગેરે પણ મનમાં પ્રસન્ન થાય છે. ૧. ઉત્તમ રાજાને હરિચરિત્રો સાંભળીને દિન પ્રતિદિન ઉત્સાહ વધતો જ રહે છે. તેઓ તો શ્રીહરિચરિત્ર રસના અથાહ મહાસાગરમાં બૂડ્યા રહે છે. ૨.સમગ્ર કાર્યોને કરી કરીને તેનું સારરૂપ એટલું જ ફળ છે કે, 'લોકલાજનો ત્યાગ કરીને અખંડ શ્રીહરિનાં ચરિત્રોને સાંભળવાં.' ૩. શ્રીહરિનાં ચરિત્રોને મહાઅમૃતરસ સમજીને તેનું પ્રેમથી પાન કરવું. તે સિવાયની અન્ય બાબતોને અસાર ગણીને તેને તજી દેવી. ૪.**શ્રીહરિનું સ્મરણ જીવે પૂર્વે અનંત જન્મોમાં કરેલાં ભારે પાપોને પણ ટાળી દે છે. શ્રીહરિના જેવું આ સંસારમાં કોઈ પણ પદાર્થ સારરૂપ નથી, એટલા માટે મુખથી વારંવાર શ્રીહરિનું સ્મરણ-ઉચ્ચારણ કરતા રહેવું જોઈએ. ૫. જેવા શ્રીહરિ સમર્થ છે તેવાં જ તેમનાં ચરિત્ર પણ સમર્થ છે. તેમાં જેટલા શ્રીહરિનાં વચન છે તે બધાં જન્મમરણરૂપી સંસારને છોડાવનારાં છે.** ૬.શ્રીહરિનાં ચરિત્રો અને વચનોમાં માયિક ભાવ હોતો નથી.

તે પછી શ્રીહરિ આગળ ચાલ્યા અને **જેતપુર** શહેરમાં આવ્યા. ૭. ત્યાંથી શ્રીહરિ **પથેપુર** આવ્યા અને ત્યાં એક રાત રોકાયા. ત્યાંથી આગળ **ખેરિલાપુર** આવ્યા. તે પછી ચાલતા નૈમિષારણ્યમાં સરોવર હતું ત્યાં પહોંચ્યા. ૮.તે સરોવર ઘણું જ મોટું હતું. તેની શોભા અવર્ણનીય હતી. તેમાં અખંડ અગાધ જળ રહેતું. તેને દેખીને શ્રીહરિની તે ગમી ગયું. ૯. સરોવરને કિનારે ઘણી જાતનાં વિવિધ વૃક્ષ અપાર હતાં. ત્યાં અનેક જાતનાં પંખીઓ મધુર કલરવ કરતાં હતાં. ૧૦.ફળ-ફૂલોથી ભરેલી તે વૃક્ષોની ડાળીઓ જમીન ઉપર ઝૂકી ગઈ હતી. મોટા મોટા ઋષિ-મુનિઓના ત્યાં ઘણા જ આશ્રમ હતા. તે બધા ઋષિઓ શ્રીહરિનું ધ્યાન ભજન કરતા હતા. ૧૧. બધા તપરૂપી યજ્ઞ કરતા હતા. તેમનાં દર્શન તો કોઈને ક્યારેક જ થતાં હતાં. તેઓ શ્રીહરિનાં ચરિત્રોને રસભર્યાં સર્વોપરિ સમજીને ખૂબ જ પ્રેમથી સાંભળતા હતા. ૧૨.

તે ઋષિમુનિઓએ શ્રીહરિને દેખ્યા. તેથી બધા જ પાસે દોડી આવ્યા. અને શ્રીહરિના ચરણોમાં નમી પડ્યા. શ્રીહરિ તેમને ઊભા કરીને ભેટ્યા. ૧૩. ખૂબ જ હેતથી સહુને મળ્યા. પછી પાસે બેઠા. પછી બધા ઋષિઓ બોલ્યા કે 'આપના દર્શનથી અમને બહુ આનંદ થયો. ૧૪.હે વર્ણીરૂપ શ્રીહરિ ! હવે અમને આપની સાથે જ લઈ લો. આપને પ્રસન્ન કરવાને માટે જ અમે અહીંયાં નિરંતર તપ કરી રહ્યા છીએ. ૧૫. આપને પ્રસન્ન કરવા તપ કરતાં કરતાં અમારે અનંત યુગ વીતી ગયા. હવે આપ જેમ કહો તેમ અમે કરીએ. ૧૬.હે પ્યારા ! આપનાં આ વખતનાં અપાર ચરિત્ર જોવાનો અમારા મનમાં ઘણો જ ઉત્સાહ છે. અમે ઉમંગથી આપની પાસે એવું માગીએ છીએ કે આપ અમને અખંડ આપની પાસે રાખો. ૧૭. આપની સાથે ફરવાનો અમને માંડ લાગ આવ્યો છે. આપ કહેશો તેવો અમે ત્યાગ પાળશું. આપની જેવી મરજી હશે તેને અનુસરીને જ અમે વચન બોલશું.' ૧૮.આવું કહીને તે બધા ઋષિમુનિઓએ અત્યંત મીઠી પાકી કેરીઓ લાવીને શ્રીહરિને અર્પણ કરી. શ્રીહરિએ હેતથી તે કેરીઓ લીધી. ૧૯. પરમ દયાળુ વર્ણીએ તે વખતે જ દેવ બાલમુકુંદને નિવેદના રૂપમાં ધરાવી અને પછી પોતે જમવા લાગ્યા. હરેક ઋષિ પાંચ પાંચ કેરીઓ લાવ્યા હતા. તે બધી કેરીઓને શ્રીહરિ જમી ગયા. ૨૦.

### ✵ મુક્તાનંદસ્વામીએ શ્રીહરિની સ્તુતિ કરી :

આ વાત સાંભળીને ઉત્તમ રાજાને આશ્ચર્ય થયું. તેમણે હાથ જોડ્યા અને શ્રીમુક્તમુનિને કહ્યું, 'શ્રીહરિ તો મનુષ્યાકૃતિના રૂપમાં છે એટલે એક સાથે આટલી બધી કેરીઓ કઈ રીતે જમ્યા હશે ?' ૨૧. ત્યારે શ્રીમુક્તાનંદ સ્વામી મૃદુ હાસ્ય કરીને બોલ્યા કે આવી બાબતમાં આશ્ચર્ય માનવું નહિ. જે જોગી સિદ્ધગતિને પામ્યા હોય તેને પણ આવું કરતાં આવડે. ૨૨.શ્રીહરિ તો સિદ્ધોમાં પણ મહાન્ સિદ્ધ છે. તેમની ગતિને તો આપણે કઈ રીતે સમજી શકીએ ? શ્રીહરિમાં તો આવી અપાર શક્તિઓ-સિદ્ધિઓ સ્વયં સ્વતઃ રહી છે, ભલે તેઓ મનુષ્યના જેવા જણાતા હોય. ૨૩. **શિવ, બ્રહ્મા, અરે ! અક્ષર પર્યંત કોઈ પણ શ્રીહરિની ગતિને કે શક્તિને માપી શકતા નથી. શરીરના**

**બીજભૂત જે વીર્ય દેખાય છે તેમાં કોઈ જાતનો આકાર દેખાતો નથી. ૨૪.** છતાં જ્યારે તે વીર્યના બિંદુને સ્ત્રીના રજસ્‌નો યોગ થાય છે ત્યારે તેમાંથી ભિન્ન ભિન્ન પ્રકારના શરીરનું નિર્માણ થાય છે. ૨૫. એક બિંદુમાંથી એક અથવા બે શરીર બંધાય છે. તેમાં એક કણના કેટલા કણ થાય છે તે કોઈ જાણી શકતું નથી. ૨૬.

કેટલીક બાબત લક્ષ્ય (સુજ્ઞેય- સમજાય તેવી) હોય છે અને કેટલીક બાબત અલક્ષ્ય (ન સમજાય તેવી) હોય છે. અલક્ષ્ય બાબત હોય તે ક્યારેય યથાર્થરૂપમાં સમજાતી નથી. સિદ્ધની ગતિ-સ્થિતિને તો સિદ્ધ જ સમજી શકે છે. ૨૭. સિદ્ધ પુરુષને કોઈ બાબત અગમ્ય-અપ્રાપ્ય કે અસંભવ નથી. એવી તો અનંત વાતો-બાબતો છે. તેમાં જે આશ્ચર્યજનક બાબત છે તે તો જ્યારે સિદ્ધદશા મળે ત્યારે જ સમજાય છે. ૨૮.દુર્વાસા, અગસ્ત અને શુકદેવજી, તેઓ જ્યારે સિદ્ધદશાને પામ્યા ત્યારે કોઈના તર્કમાં પણ ન આવે તેવી વિસ્મય જનક વાત સમજમાં આવી. ૨૯. જાદુગર (બાજીગર) તો અતિ તુચ્છ છે કે જે ઘેરઘેર ભીખ માગતો ફરે છે. તેની માયા ઘણી મલિન હોય છે. તે પણ કોઈના કળ્યામાં આવતી નથી. ૩૦.**જ્યારે શ્રીહરિ તો સહુના અંતર્યામી છે. સિદ્ધોને મધ્યે પણ સર્વ શ્રેષ્ઠ સિદ્ધ છે. માયાના પણ સ્વામી છે. કોઈ બ્રહ્માદિકના જેવા હોય છતાં કોઈ તેમની ગતિ-સ્થિતિને પામી શકતા નથી.** ૩૧. શ્રીહરિનાં જેટલાં ચરિત્ર છે તે બધાં આશ્ચર્યોથી ભરપૂર છે. જે દૈવી જીવ હોય છે તેમના દિલમાં તે ચરિત્ર રુચે છે. ૩૨.આસુરીને તો તે ચરિત્ર ક્યારેય રુચતાં નથી, તે તો આશ્ચર્યકારી વાતને ઊલટી જ સમજે છે. દૈવી જીવોનો મોક્ષ કરવા માટે જ હું આ શ્રીહરિના ચરિત્રનો ગ્રંથ લખું છું. ૩૩.

સહુ ઋષિમુનિઓ ષોડશોપચાર લઈને સહુ પૂજા કરવા માટે આવ્યા. મનમાં અતિશય ઉમંગ લાવીને કેસર યુક્ત ચંદન શ્રીહરિની મૂર્તિને ચરચ્યું. ૩૪.ઘણા જ હેતથી શ્રીહરિને ફૂલોના બાજુબંધ અને હાર પહેરાવ્યા. મસ્તક ઉપર ફૂલોની ટોપી અને તોરા પણ પ્રેમથી ધરાવ્યા. ૩૫. ધૂપ અને દીપ પ્રકટાવ્યા પછી સહુએ આરતી કરી. નખથી શિખાપર્યંતની મૂર્તિ હૃદયમાં ધારી લીધી. આપના અનંત અવતારો થયા છે, પણ આ સમયે તો આપે

સર્વોપરિ અવતાર ધારણ કર્યો છે. સર્વે અવતારના અવતારી આપનો જય થાઓ, જય થાઓ. ૩૬.

**दोहा : नरनारायन देव जेहि, तुमार दरश नित चात;**
**सो तुम मिले जाहि प्रभु, आश्चर्य भई यह बात...३७**
**तुमारे महिमा अपार ही, गान करत हे तेह;**
**हम जाके नित्य ध्यान करत, कहत प्रगटे हे एह...३८**

શ્રીનરનારાયણ દેવ આપના દર્શનને હમેશાં ચાહે છે. તે આપ અમને અહીંયાં જ મળી ગયા તે ખરેખર આશ્ચર્યકારી વાત છે. ૩૭. આપના અપાર મહિમાનું ગાન-કથન નરનારાયણ દેવ કરે છે. અને તેઓ કહે છે કે ‘અમે જે સર્વોપરિ શ્રીહરિનું ધ્યાન કરીએ છીએ તેઓ હાલમાં પ્રકટ થયા છે. ૩૮.

**सोरठा : भूमि उतारन भार, सो अब प्रगट भये हे हरि;**
**अनंत भये अवतार, एहि सम कोउ न भये हे अब...३९**

ભૂમિ ઉપરના ભારને ઉતારવા માટે તે શ્રીહરિ અત્યારે પ્રકટ થયા છે. અવતારો તો અનંત થયા છે પણ અત્યાર સુધી આ શ્રીહરિના સમાન કોઈ અવતાર થયો નથી. ૩૯. અમારા ઉપર તેમને હેત છે એટલે તેઓ સહુ પહેલાં અહીંયાં આવશે. મનુષ્ય દેહ ધારીને અત્યારે વર્ણિવેશે દર્શન આપી રહ્યા છે. ૪૦.

***ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના દ્વિતીય પૂરમાં ‘નૈમિષારણ્યમાં મુનિઓએ શ્રીહરિની પૂજા કરી’ એ નામે નવમો તરંગ સમાપ્ત ॥૯॥***

## પૂર બીજું : તરંગ - ૧૦

### શ્રીહરિ સેહજાપુર થઈને બરેલી આવ્યા અને લોકોપદેશ

નૈમિષારણ્યના ઋષિઓને દર્શન દઈને શ્રીહરિ ત્યાંથી ચાલતા થયા, સેહજાપુર આવ્યા. ત્યાં એક દિવસ રહ્યા. ૧. તે પુરથી પશ્ચિમોત્તર (વાયવ્ય) દિશામાં એક મોટી નદી જ વહેતી હતી. શ્રીહરિએ ત્યાં જઈને તેમાં સ્નાન

કર્યું. તે સમયે ઘનઘોર આકાશમાં ગર્જના થતી હતી. ૨.તે પુરવાસી લોકોએ શ્રીહરિને જોઈને મનમાં પ્રસન્ન થઈ ચરણોમાં પ્રણામ કર્યા. તેમજ શ્રીહરિને માટે રસોઈ બનાવવા સીધું લાવ્યા. ૩. વર્ણીએ તેમાંથી બાટી બનાવી, દાળ કરી, ભાત રાંધ્યો અને કેરીનો રસ કાઢ્યો. બાળમુકુંદ લાલજીને થાળ ધરાવ્યો. ૪.ગામથી ઉત્તરમાં નદીને કાંઠે, નિર્મળ જળથી ભરેલો કૂવો હતો. ત્યાં આંબાની સુંદર છાયા હતી. વર્ણીએ ત્યાં રસોઈ બનાવી હતી. ૫.

પુરના જે મોટા મોટા આગેવાન લોકો હતા તે ત્યાં આવીને શ્રીહરિની સામે બેઠા. તેમણે શ્રીહરિને જમતા જોઈને સૌને ઘણું આશ્ચર્ય થયું. ૬.જમવાનું ભોજન બધું ભેળું કરી નાખ્યું. તેમાં ઉપરથી પાણી નાખ્યું. એમ અન્નને સ્વાદ રહિત કર્યું. પછી 'આ ભોજન ઘણું સ્વાદુ છે' એમ કહીને જમ્યા. ૭. વર્ણીની આવી જમવાની રીત જોઈને લોકો તેમને વશ થઈ ગયા. સહુએ મુખથી વર્ણીની ખૂબ પ્રશંસા કરી અને કહેવા લાગ્યા, 'જે સમર્થ હોય તે જ આમ કરી શકે. સમર્થ સિવાય બીજા કોઈથી આવું થઈ શકે નહિ. ૮.અમે અનંત જોગીઓને દેખ્યા છે, પણ તેમાં કોઈ આપના સમાન ન હતા. આ કાંઈ સામાન્ય મનુષ્યની રીત નથી.' બધા લોકો પ્રેમભાવથી આવું બોલ્યા. ૯.

વળી તે લોકો હાથ જોડીને બોલ્યા, 'વર્ણિરાજ ! અત્યારે ચાતુર્માસ ચાલે છે, તો અમારો મોક્ષ કરવા માટે આપ અહીંયાં જ રહો.' ૧૦.ત્યારે વર્ણિરાયે કહ્યું, 'પુરવાસી તમે સહુ સાંભળો. આ ચાતુર્માસમાં જ અમને બદરીનાથ નરનારાયણ ઋષિનાં દર્શન થઈ જાય, પછી તેમનાં દર્શન કરીને અમે અહીંયાં આવશું. એમ તમે ચોક્કસ મનમાં માનો.' પછી ચાતુર્માસ સમજીને સુખદાયક વર્ણીએ પોતાની પાસે જે એક પોથી હતી તે ત્યાં સેહજાપુરમાં મૂકી દીધી. ૧૧-૧૨. ત્યારે તે પુરવાસી લોકોને મનમાં એવો વિશ્વાસ આવ્યો કે 'વર્ણી ફરીવાર અહીંયાં પાછા પધારશે. તેમાં ફેર પડશે નહિ.' ૧૩. પછી વર્ણી સેહજાપુરથી ચાલ્યા. નદીને પુલથી ઊતર્યા. બરેલી શહેરમાં આવ્યા. ત્યાંથી દક્ષિણ તરફ પણ નદી વહેતી હતી. ૧૪.પુલથી તે નદીને પાર ઊતર્યા. તેને ઉત્તર કાંઠે વિશાળ તટ પર મોટા મોટા વૃક્ષોની મનોહર ઘાટી છાયા હતી. ૧૫.

ત્યાં સુંદર ફૂલોનો બાગ હતો. બાગની વચ્ચે એક મોટો બંગલો ઊતર્યા જેવો દેખ્યો. પછી વર્ણીએ પૂછીને તેમાં ઉતારો કર્યો. ૧૬.બંગલો નદીને કાંઠે હતો. ઝરૂખાઓથી ઘણો સુશોભિત દેખાતો હતો. તેમાં વર્ણીએ ઉતારો તો કર્યો પણ ત્યાં ચોતરફનું વાતાવરણ અને શોભા જોઈને ખૂબ જ ખુશ થયા. ૧૭. નદી તરફના ભાગમાં ઉપર એક ગોખ હતો. વર્ણી ત્યાં ગયા અને ગોખમાં બેઠા. તે સમયે નદીના ભારે પ્રવાહને જોઈને મનમાં ખૂબ જ રાજી થયા. ૧૮.પછી તુલસીદાસનાં પદોને ગંભીર સ્વરથી બોલવા લાગ્યા. આકાશમાં રહેલાં વાદળાંમાં મેઘગર્જના થવા લાગી અને તેની સાથે વીજળીના ઝબકારા થવા લાગ્યા. ૧૯. મોર, બપૈયો અને કોયલ વગેરે પંખીઓ ઊંચે અવાજે બોલવા લાગ્યા. તે જોતા જોતા શ્રીહરિ પદ ગાતા હતા. ગાન કરતાં વચ્ચે તાન તોડતા હતા. ૨૦.'સરજૂગંગાને કિનારે સુંદર શ્યામ કુંવર ઊભા છે.' આવું ગીત સાંભળીને પુરના લોકો દોડી આવ્યા. મનભાવન ભવ્ય મૂર્તિનાં દર્શન કર્યાં. ૨૧.

વર્ણીએ તે સહુને ઘણા જ પ્રેમથી પોતાની પાસે બેસાડ્યા. તે લોકોને બુદ્ધિમાન સમજીને સુખદાયક વર્ણીએ પ્રશ્ન પૂછ્યો, ૨૨.જગતમાં અનંત બાબતો રહી છે. અને તેનાં સુખ પણ અલગ અલગ રહ્યાં છે. સ્વર્ગનું ઈન્દ્રાસન મળે તોપણ તે બધું સુખ એક વ્યક્તિને મળી શકે તેમ નથી. ૨૩. અને તેથી જ માણસને તે બાબતનું અપાર દુઃખ રહ્યા કરે છે. તેનાથી તે ક્યારેય શાંતિ મેળવી શકતો નથી. જ્યાં સુધી જન્મ મરણરૂપ સંસારનો ફેરો ટળતો નથી ત્યાં સુધી તીર્થ અને વ્રતાદિ પુણ્યરૂપ સાધન કરવાથી પણ શું ફાયદો ? ૨૪.

**બધા વેદો અને પુરાણો ભણ્યા પણ તે જ્ઞાને કરીને શું થવાનું ? સત્પુરુષને ઓળખ્યા વિના અજ્ઞાન ટળવાનું નથી. ૨૫. તમે બધા સત્પુરુષનો સમાગમ કઈ રીતે કરો છો ? હું તમને હેત-ભાવથી પૂછું છું, તો તે બાબત તમે કહી બતાવો.** ૨૬.વર્ણીની વાત સાંભળીને પુરવાસી લોકો બોલ્યા, આપ તો સાક્ષાત્ પરમેશ્વર છો. જો આપ અમને સમજાવશો તો અમને ખબર પડશે. ૨૭. જીવને સુખ કે દુઃખ જે થાય છે. તે બાબતમાં અમને કોઈ વિશેષ જ્ઞાન નથી. હા, અમને એટલી ખબર છે કે કોઈ વાત આપણા પોતાના હાથમાં નથી. ૨૮.

**✵ દુઃખ ટાળવાનો અને સુખ પામવાનો શ્રેષ્ઠ ઉપાય :**

જ્યારે સુખ મળે ત્યારે સુખ ભોગવવું અને જ્યારે દુઃખ આવી પડે ત્યારે દુઃખને સહન કરવું. ધર્મનું ફળ સુખ છે અને પાપનું ફળ દુઃખ છે. ૨૯. ત્યારે વર્ણીએ કહ્યું, સુખ મેળવવું અને દુઃખ ટાળવું, તે આપણા હાથની જ વાત છે. અને તેટલા માટે જ સહુએ ધર્મમાર્ગમાં ચાલવું જોઈએ. જે ધર્મમાર્ગમાં ચાલે છે તે જ સત્પુરુષ કહેવાય છે. ૩૦.

**चोपाई :**

**ताके जो जब होवे ग्याना, सोउ टारे अपने अग्याना;**
**अग्यान टरे जिय होय शुद्धा, शुद्ध होय तब होवे विशुद्धा...३१**
**जितनो कुसंग करते तामें, जियकु रुचि रहायेउ यामें;**
**तितनो जिय अशुद्ध कहाते, सतपुरुष देवत देखाते...३२**

તેવા સત્પુરુષની જ્યારે ઓળખાણ (જ્ઞાન) થાય છે ત્યારે તે આપણા અજ્ઞાનને ટાળે છે. અને જ્યારે અજ્ઞાન ટળે છે ત્યારે જીવ શુદ્ધ થાય છે. જ્યારે જીવ શુદ્ધ થાય છે ત્યારે તેમાં વિશેષ શુદ્ધિ-કલ્યાણની પાત્રતા આવે છે. ૩૧. જીવને કુસંગ કરવામાં જેટલી રુચિ હોય તેટલો તે અશુદ્ધ છે, એમ જાણવું અને આ બાબત સત્પુરષ આપણને સમજાવે છે. ૩૨.

**सत्संग करने भाव जितनो, सतपुरुष के जोग करी तितनो;**
**जिय शुद्ध होवत भये तितना, प्रगट भगवान के जितना...३३**

જીવને સત્સંગ કરવામાં જેટલો ભાવ હોય છે તેટલો તે સત્પુરુષનો યોગ રાખે છે. પ્રકટ ભગવાનનો જેટલો નિશ્ચય હોય છે તેટલો જીવ શુદ્ધ થાય છે. ૩૩. **સત્પુરુષ જેને સમજાવે છે તે નિશ્ચય તેટલો શુદ્ધ થાય છે. તે સત્પુરુષ પોતાના સત્પુરુષપણાનું (સજ્જનતાનું) જ્ઞાન પણ તેને કરાવે છે.** ૩૪.

તે ઉપદેષ્ટા સત્પુરુષ જો ભગવાન સિવાયની બીજી કોઈ વાત કહે તો તેને કાન ઉપર ધારવી નહિ કારણ કે ભગવાન વિનાનું બધું હાનિકારક છે. ૩૫. જેટલો અધર્મસર્ગ કહેવાય છે તેનો દૂરથી ત્યાગ કરી દેવો જોઈએ. ભગવાન સિવાયના બીજાં જેટલાં વ્યસનો હોય તેને દૂરથી જ તજી દેવાં.

૩૬. ક્યારેય ભાંડ ભવાઈ જોવા નહિ. તેનાથી છેટે રહેવું. ભગવાનનાં ચરિત્ર અમૃતના સમાન છે. તેમાં હમેશાં પ્રેમ રાખવો. ૩૭. વર્ણીની આવી વાત સાંભળીને બધા પુરવાસી લોકો તત્કાળ તેમને શરણે ગયા. ૩૮.તે લોકો શુદ્ધ ભાવનાથી અપાર મેવા-મીઠાઈ લાવ્યા. સારામાં સારી પાકી કેરી લઈ આવ્યા અને વર્ણીની આગળ ભેટ મૂકી. ૩૯. કેરી અને મીઠાઈ બધું તત્કાળ ભગવાનને ધરાવ્યું. લગભગ બધી વસ્તુઓ પાછી આપી, પણ બહુ ભાવના હોવાથી કેરી જમ્યા. ૪૦.

શ્રીહરિને ફળોના ઉપર બહુ ભાવ હતો. કેટલાક લોકો, કેરી, દાડમ, કેળા, જામફળ અને નારંગી લાવ્યા. કોઈ કંદમૂળ પણ લાવ્યા. તે ઘણી જાતની વસ્તુઓને શ્રીહરિ જમતા હતા. ૪૧. અનેક પ્રકારની પાનવાળી ભાજી, કેટલાક કંદ અને કાકડી જેવાં ઘણાં ફળ લાવતા તેને શ્રીહરિ ઘણા ભાવથી જમતા. કારણ કે તે બધાને સારી રીતે નિર્દોષ (નિર્બાધ) સમજતા હતા. ૪૨.મીઠાઈ જેવા ભોજનને વિઘ્નરૂપ માનતા. અને વધારે પડતાં ખાટાં, ખારાં અને તીખાં સ્વાદવાળાં ભોજન પણ ત્યાગીને માટે વિઘ્નરૂપ છે, એમ માનતા. ૪૩. ઉત્તમ કે મધ્યમ પ્રકારનાં જે જે ભોજન હોય તેને જો મેળવ્યા વિના ખાવામાં આવે તો તે ત્યાગીને માટે ઝેરના સમાન ગણતા અને મેળવીને જે જમવામાં આવે તેને અમૃત સમાન માનતા. ૪૪.

શ્રીહરિ જમી રહ્યા પછી કોઈ વસ્તુને રાખી મૂકતા નહિ, સંઘરો કરતા નહિ. અને તે તેમની કાયમની વૃત્તિ હતી એટલે તેને અનુસરતા. કોઈ પણ અભ્યાગત-અતિથિ જો આવે તો તેને તુરંત હેતથી તે વસ્તુ આપી દેતા. ૪૫. જે કોઈ વસ્તુ-પદાર્થમાં ભય જેવું જણાય તો તે વસ્તુને પોતાની પાસે રાખતા નહિ. જે નિર્ભય વસ્તુ હોય તેને પોતાની પાસે રાખતા. જેને દેખી કોઈ તેને મેળવવાની આશા જ ન કરે. ૪૬.જે કોઈ મનુષ્ય વર્ણીનું આવું વર્તન દેખે, તેને વર્ણીના ઉપર સહેજે જ હેત થાતું. તેમનું બોલવું ચાલવું કે બધું વર્તન, તેને દેખીને સહુ લોકોને તેમના ઉપર પ્રેમ ઉત્પન્ન થતો. ૪૭. વર્ણીની નટવર મૂર્તિને જે કોઈ પણ નારી દેખતી, તેના હૃદયમાં તેને તે મૂર્તિ પ્યારી લાગતી. દેખેલી તે મૂર્તિ તેવી ને તેવી જ તેના હૃદયમાં પેસી જતી

હતી. ૪૮.ધ્યાનમાં વસી ગયેલી તે મૂર્તિ તેના હૃદયમાંથી એક પળવાર પણ દૂર ખસતી નહિ. અત્યંત તેજોમય તે સુંદર મૂર્તિ રાતદિન પ્રત્યક્ષ અનુભવાતી હતી. ૪૯. હાલતા-ચાલતા, ખાતા-પીતા કે સૂતા, તે મૂર્તિ સાથે ને સાથે જ રહેતી, તેનો વિયોગ ક્યારેય થતો નહિ. ૫૦.**તે મૂર્તિમાં આવો અનંત પ્રતાપ રહેતો હતો. જેઓ પાપી હોય તેમને તે પ્રતાપ દેખાતો નહિ, પણ જે નિષ્પાપી લોકો હોય તે સહુને તે પ્રતાપ દેખાતો હતો.** ૫૧. જેને હૃદયમાં હેત ન હોય તેને મૂર્તિ દેખાતી નથી. અથવા પોતે જેને દર્શન દેવાનું ચાહે તેને મૂર્તિ દેખાય છે. ત્યારે તો કોઈ નિયમ રહેતો નથી. ૫૨.

***ઇતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના દ્વિતીય પૂરમાં 'શ્રીહરિ સેહજાપુર થઈને બરેલી આવ્યા અને ત્યાં લોકોને ઉપદેશ દીધો' એ નામે દસમો તરંગ સમાપ્ત ॥૧૦॥***

## પૂર બીજું : તરંગ - ૧૧

### શ્રીહરિએ ગંગાજીને પ્રસન્ન કરી હરદ્વાર પધાર્યા

શ્રીહરિનાં ચરિત્રોને ઉત્તમ રાજા જેમ જેમ સાંભળે છે તેમ તેમ તેના હૃદયમાં ઘણો આનંદ થાય છે. અને સદ્‌ગુરુ શ્રીમુક્તાનંદ સ્વામી સુખના મૂળભૂત તે મહાઅનુપમ ચરિત્રોને કહે છે. ૧. વર્ણિવેશ શ્રીહરિ બરેલીથી ચાલ્યા, વચ્ચે એક મોટું શહેર આવ્યું. ત્યાંથી આગળ ચાલ્યા. રસ્તામાં એક મોટું વન આવ્યું. તેની શોભા કહી નથી જાતી. ૨. અનેક પ્રકારનાં વૃક્ષો ઘણાં ઊંચાં આકાશ સુધી હતાં. તેના ઉપર જાત જાતનાં અપાર ફળ આવ્યાં હતાં. તે વનમાં કેટલાક સિદ્ધો તપ કરતા હતા. ૩. નારદજીએ બચપણમાં જ્યાં તપ કર્યું હતું તે આ અનુપમ વન હતું. તેને દેખીને શ્રીહરિ ખૂબ જ ખુશ થયા. ૪. વિવિધ પ્રકારના પહાડો અનેક જાતનાં ફળ-ફૂલોથી શોભતા હતા. અને જાત જાતનાં પંખીઓ વિવિધ પ્રકારનો અવાજ કરી રહ્યાં હતાં. ૫. અનેક જાતિનાં પશુઓ પણ તે વનમાં શોભતાં હતાં. કોઈ પણ જાતનાં પશુઓમાં પરસ્પર વૈરભાવ ન હતો. બધાં જ એક સાથે વિચરણ કરતાં હતાં. ૬.

મુનિવરો જ્યારે ધ્યાન કરવા બેસતા ત્યારે તે પશુઓ તેમની પાસે બેસતા. તે પશુઓનું વર્તન પણ મુનિઓના જેવું હતું. તે વનમાં મહા ભયંકર સિંહો પણ રહેતા હતા. તે સિંહો મુનિવરો જ્યાં ધ્યાનમાં બેઠા હોય ત્યાં આવીને પાસે બેસતા. તે આશ્રમોનો પ્રતાપ જ એવો હતો કે કોઈને પણ કોઈ પ્રાણી સંતાપતા નહિ, પીડતા નહિ. ૭-૮.તે વનમાં જે સિદ્ધો રહેતા હતા તે તો શ્રીહરિને દેખતા જ દોડીને ચરણોમાં પડ્યા. તેમના મનમાં ઘણો જ આનંદોત્સવ થયો. ૯. શ્રીહરિ તે સિદ્ધોની પાસે બેઠા. તેમનાં દર્શન કરીને તેઓ આનંદોલ્લાસ પામ્યા. ફળ ફૂલ આદિ શ્રીહરિને જમાડીને તેઓ આનંદ પામ્યા. ૧૦. ત્યાં પર્વતમાં અપાર ગુફાઓ હતી. તેમાં બેસીને મુનિઓ ધ્યાન કરતા હતા. શ્રીહરિ તે વનમાં દસ દિવસ રહ્યા અને મુનિઓના મનોરથ પૂર્ણ કર્યા. ૧૧.તે વનવાસી મુનિઓ જ્યારે અતિશય રાજી થયા. તે પછી શ્રીહરિ ત્યાંથી ચાલતા થયા. **બહાદુરપુર** નામે શહેરમાં આવ્યા. ત્યાં એક દિવસ રહ્યા. ૧૨. પુરવાસીઓને દર્શન દીધાં અને તેમનાં અન્નજળ સ્વીકાર્યાં. ત્યાંથી શ્રીહરિ તે જ માર્ગે આગળ ચાલ્યા તે ગંગાને કિનારે પહોંચ્યા. ૧૩.ગંગાને પોતાના ચરણોથી પવિત્ર થયેલી જાણીને તેના ઉપર હૃદયમાં ઘણું હેત થયું અને તેના દોષોને (મળને) દૂર કરવાને માટે તે ગંગામાં નહાયા. ૧૪.

પોતાના ઉપર શ્રીહરિને ઘણું હેત છે, તે દેખીને ગંગા શ્રીહરિની પાસે આવી. વિનંતી કરી અને બોલી કે, 'હે હરે ! મને આપના ચરણોમાં નિરંતર વાસ આપજો. ૧૫. હું આપના ચરણકમળથી ઊપજી છું. મને શિવજીએ પોતાને મસ્તકે રાખી છે. તે પછી તો ભગીરથ રાજા મને ભાગીરથીના રૂપમાં લઈ આવ્યા. આમ ધીરે ધીરે ઘણા યુગો વીતી ગયા. ૧૬. હે ધર્મપુત્ર ! આપ સાંભળો, મેરુના શિખર ઉપર હું આવી અને આપની ઇચ્છાથી મેરુ પર્વતની ચોતરફ મારી ધારાઓ ચાલી. ૧૭.

### ✵ ગંગાજીકૃત વર્ણિરાજની પ્રાર્થના તથા આરતી :

આપે વામન અવતાર લીધો. પછી બલિનો ઉદ્ધાર કરવા તેની પાસે ગયા. તે સમયે મને આપે પ્રકટ કરી. ૧૮. તે આપના ચરણોની સેવા કરવાની મારા મનમાં ખૂબ અભિલાષા છે. આપ તો દેવોના પણ દેવ છો.

મને આપના ચરણોની સમીપે રાખો. ૧૯.આમ બે હાથ જોડીને ગંગાએ ઘણી જ પ્રાર્થના કરી. વિવિધ પ્રકારનો પૂજાપો લાવ્યાં. ફૂલો અને ફળોનો તો કોઈ પાર ન હતો. ૨૦. ગંગાના હૃદયમાં અતિ ઉમંગ ભર્યો હતો. શ્રીહરિના અંગો ઉપર કેસર ચંદનની અર્ચા કરી. સુંદર ફૂલોનું સિંહાસન લાવીને તેના ઉપર શ્રીહરિને પધરાવ્યા. ૨૧. અનેક પ્રકારનાં ફૂલોનાં આભૂષણ લાવીને સરસ રીતે પહેરાવ્યા. ધૂપ અને દીપ પ્રકટાવીને પ્રસન્ન મનથી આરતી કરી. ૨૨.

**अथ आर्ति :**

**जय देव जय देव, जय जन सुखकारी;**
**श्रीहरिकृष्ण नारायन, अति करुणा धारी...जय० २३**

**पूरन ब्रह्म पुरुषोत्तम, प्रगटे बहुनामी;**
**भक्तवत्सल सुखदायक, सुरनरमुनी स्वामी...जय० २४**

**मछ कछ वाराह, वपु वामन धारे;**
**नृसिंह रामरघुवीर, दईत अनंत मारे...जय०२५**

**बुद्ध कल्कि वपु धरी, पाप सकल हरता;**
**अधर्म मूल उखारी, धर्मकुल दृढ करता...जय० २६**

**कल्पतरु चिंतामनि, मूर्ति तुमारी;**
**सिद्धानंद मन चितवत, फल मिलत भारी... जय० २७**

(આરતી-પદ) ગંગા બોલ્યાં, હે દેવાધિદેવ ! આપનો જય થાઓ. જનોને સુખકરનારા આપનો જય થાઓ. હે શ્રીહરિ ! કૃષ્ણ! નારાયણ! આપે અત્યંત કરુણા કરી છે. ૨૩. બહુ નામે ભજાતા આપ પૂર્ણબ્રહ્મ પુરુષોત્તમ પ્રકટ થયા છો. આપ ભક્તવત્સલ, સુખદાયક છો, દેવ, મનુષ્ય અને મુનિઓના સ્વામી છો. ૨૪. આપે મચ્છ, કૂર્મ, વરાહ, વામન, નૃસિંહ, રઘુવીર રામ વગેરે અવતારો ધારીને અનંત દૈત્યોનો સંહાર કર્યો છે. ૨૫. બુદ્ધ અને કલ્કી સ્વરૂપે આપ સમગ્ર પાપોનો નાશ કરનારા છો. અધર્મના મૂળ ઉખાડીને ધર્મના વંશનું દૃઢપણે સ્થાપન કરનારા છો. ૨૬.આપની મૂર્તિ કલ્પતરુ અને ચિંતામણિ છે. હું સિદ્ધાનંદ આપની મૂર્તિને મનમાં ચિંતવું છું

કે જેને ચિંતવવાથી અતિશય મોટું ફળ મળે છે. ૨૭.ગંગાએ આ પ્રમાણે આરતી ઉતારીને પ્રદક્ષિણા કરી. શ્રીહરિના ચરણકમળને પોતાના મસ્તક ઉપર ધાર્યા. વારંવાર વંદન કર્યા. ભાવાકુળતાને લીધે આંખોમાંથી આંસુઓની ધારા ચાલી. ૨૮.

ઘણા દિવસના વિયોગને લીધે તે ઘણું રડ્યા. તેણે કહ્યું કે, 'હવે મને પળવાર પણ છેટે ન રાખો. આપ જ્યાં રહો, ત્યાં મને પાસે રાખો. ૨૯.ગંગાનો અતિ પ્રેમ જોઈને શ્રીહરિ વિચાર કરી બોલ્યા, 'તમારા જે જે મનોરથ હશે. તે બધાને હું પૂરા કરીશ.' ૩૦. ત્યારે ગંગાજી ખૂબ આનંદમાં આવી ગયાં. તેણે શ્રીહરિને જમાડવા થાળ કર્યો. અનેક પ્રકારનાં ભોજન બનાવ્યાં. ઘણા દિવસથી મનમાં કલ્પેલો લહાવો લીધો. ૩૧. ઉજ્જવળ અને અપાર સુગંધી ભોજન સામગ્રીને શ્રીહરિ પ્રેમથી જમ્યા. સુખધામ શ્રીહરિ ત્યાં એક રાત રોકાયા અને ગંગાને આનંદ આપ્યો. ૩૨.બીજે દિવસ શ્રીહરિ ત્યાંથી ચાલ્યા. પુલના રૂપમાં વહાણ રાખેલા હતા. તે વહાણના પુલ ઉપર ચાલીને તુરંત ગંગા પાર ગયા. કોઈ સાથે ન હતું. ૩૩. શ્રીહરિ હરદ્વાર (હરિદ્વાર) આવ્યા. ત્યાં ગંગા વહે છે. એક મોટો પહાડ છે તેના ઉપર ચઢીને આવ્યા. ૩૪.હરદ્વારથી ઉત્તર તરફ ગંગા અગાધ જળથી વહે છે. ત્યાં પાકો બાંધેલો રમણીય ઘાટ છે. ૩૫. નજીકમાં મહાદેવજીનું શિખરબદ્ધ મંદિર પૂર્વ મુખે છે. તે ઝગમગ ઝગમગ ચમકતું હતું. ૩૬.

સુખદાયક શ્યામ સુંદર સ્વરૂપ શ્રીહરિ ગંગાને ઘાટે જઈને નહાયા. ત્યાં સ્નાન કરવા માટે બાર વરસે કુંભનો મેળો ભરાય છે. ૩૭. તે કુંભમાં અપાર લોકો આવે છે. ત્યારે ઘાટ ઉપર નાવાની ખૂબ જ ભીડ થાય છે તેથી ઘાટ ઉપર જગ્યા જ નથી રહેતી. કેટલાએ ભેખધારીઓ કુંભના મેળામાં આવે છે. તેનો ગણતા પાર ન આવે. ૩૮.ભેખધારીઓ પોતાના જૂથ સાથે (નિશ્ચિત) સમયે સ્નાન કરવા માટે આયુધોને સજીને આવે છે. પહેલાં સ્નાન કરવા માટે તો પરસ્પર એક બીજા લડે છે. જેનું જોર વધારે હોય તે પહેલાં સ્નાન કરે છે. ૩૯. તેમાં અપાર લડીને મરી જાય છે. તેની ગણતરી કરીએ તો પાર આવે તેમ નથી. તે જોઈને શ્રીહરિના દિલમાં બહુ દયા આવી. રાજાએ

ત્યારે વ્યવસ્થા રાખવા માટે ચોકીદારોને રાખ્યા હતા. ૪૦.તે સમયે વિપ્રનું રૂપ લઈને મહાદેવજી શ્રીહરિ પાસે આવ્યા. ચરણોમાં નમ્યા અને બોલ્યા, મારા મંદિરમાં આપ ઊતરો. ૪૧.

ત્યારે શ્રીહરિ તેની સાથે આવ્યા. વિપ્રે શ્રીહરિનો હાથ પકડ્યો. પોતાના સ્થાનમાં ઉતારો કરાવ્યો. ઘણા જ આદર-ભાવથી સન્માન કર્યું. ૪૨.તેણે શ્રીહરિનું નામ પૂછ્યું. ત્યારે સુખધામ વર્ણીરૂપ શ્રીહરિ બોલ્યા, 'મારું નામ નીલકંઠ છે. અત્યારે હું તીર્થયાત્રા કરવા નીકળ્યો છું. ૪૩. ગોલોક ધામના અધિપતિ શ્રીકૃષ્ણ દ્વારકાપુરીમાં રહ્યા છે. શ્રીકૃષ્ણ અને નારાયણ બન્ને એક સ્વરૂપ છે અને અનુપમ મહામનોહર મૂર્તિ છે. ૪૪.તે નરનારાયણદેવનાં દર્શન કરવા હું જાઉં છું. મહાન્ નૈષ્ઠિક વ્રતધારી, તેમનાં દર્શન કરવાની મારા મનમાં ઈચ્છા રહી છે. ૪૫. નૈષ્ઠિક બ્રહ્મચર્ય વ્રતધારી તે નરનારાયણદેવ ઉપર મને બહુ પ્રેમ છે. તેમના જેવા ગુણોને હું ચાહું છું. તે સિવાય બીજું બધું મને અસાર લાગે છે.' ૪૬.**ત્યારે તે વિપ્રે કહ્યું, 'આપ કોઈ જીવ નથી, આપ તો સાક્ષાત્ પરમેશ્વર છો. અહીંયાં તો આપ દર્શન દેવા પધાર્યા છો.** ૪૭. હું બ્રહ્મપુત્ર છું. આપને મેં ક્યારેય જમાડ્યા નથી, તો હું રસોઈ બનાવું છું તો આપ પ્રેમથી તે જમો.' ૪૮.

***ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના દ્વિતીય પૂરમાં 'શ્રીહરિ ગંગાજીને કૃતાર્થ કરીને હરદ્વાર પધાર્યા' એ નામે અગિયારમો તરંગ સમાપ્ત ॥૧૧॥***

## પૂર બીજું : તરંગ - ૧૨

## હરદ્વારમાં મહાદેવને શ્રીહરિએ જમાડી પૂજા કરી

હે ઉત્તમ રાજા, તે વિપ્રે રસોઈ બનાવવી શરૂ કરી ત્યારે ત્યાં સતી આવ્યાં. તેણે હેતથી પૂછ્યું. ૧. 'વિપ્ર, તમે ક્યારેય રસોઈ કરી નથી. છતાં આજ રસોઈ કરવા લાગ્યા છો, એટલે કાંઈ નવીન વાત લાગે છે.' ૨. ત્યારે વિપ્રે કહ્યું, 'મહાન્ નૈષ્ઠિક વ્રત રાખનારા આ વર્ણી આવ્યા છે. તે પોતાને

હાથે રસોઈ બનાવીને ક્યારેક જ જમે છે.' ૩. ત્યારે આવીને સતી બોલ્યાં, 'તમે જાતે રસોઈ બનાવવા લાગી ગયા છો, તેથી મારા મનમાં અતિશય આશ્ચર્ય જણાય છે, તેનું ખરું રહસ્ય શું છે ? તે મને જણાવો. ૪.આપણે આ સ્થળે આવ્યાં તેને કેટલાએ યુગ વીતી ગયા છે. તે સમયમાં શુક અને સનકાદિક વગેરે અપાર નૈષ્ઠિક વ્રતધારીઓ અહીંયાં આવી ગયા છે, પણ આ વાત તો કોઈ ઘણી મહત્વભરી જણાય છે. ૫. અહીંયાં જે મોટા મોટા સિદ્ધો આવે છે તે બધા આપની સેવા કરે છે. ત્રિલોકીમાં આપનાથી કોઈ મોટું નથી. માટે આ વાતને તમે છુપાવી રાખશો નહિ.' ૬.ત્યારે વિપ્રે કહ્યું, 'તમે ધ્યાન કરો, તુરંત ખ્યાલ આવી જશે.' પછી વિપ્રે કહેલાં વચન પ્રમાણે સતીએ ધ્યાન કર્યું. ૭.

ત્યારે તેને જણાયું કે, આ વર્ણી તો શિવજી કરતાં પણ ઘણા અધિક છે. તે દેખીને સતી અત્યંત આશ્ચર્ય પામ્યાં. જ્યારે વર્ણીને સહુથી અધિક જાણ્યા ત્યારે સતિ જઈને વર્ણીના ચરણોમાં પડ્યાં. ૮.વર્ણીનું સ્વરૂપ તેને માયાના ત્રણે ગુણોથી પર અને અનુપમ જણાયું. જ્યારે તેણે સત્ત્વ, રજ અને તમ, એ માયાના ત્રણે ગુણોથી પર વર્ણીના સ્વરૂપનું ધ્યાન કર્યું ત્યારે સતીને યથાર્થ સ્વરૂપ દેખ્યામાં આવ્યું. ૯. ત્યારે સતી હાથ જોડીને બોલ્યાં કે, 'ત્રણ ગુણથી પર મારી ગતિ નથી.' વર્ણીએ કહ્યું, 'આ હજી કાચા જોગી છે. કોઈ મોટાની સેવા કરી નહિ હોય. ૧૦.એટલે આ વિપ્ર અમારી સેવા કરે છે.' ત્યારે સતીએ કહ્યું, 'આપ જમો તેવી રસોઈ આ વિપ્રને બનાવતા નથી આવડતી. ૧૧. જો આપની મરજી હોય તો હું જઈને રસોઈ બનાવી લાવું.' વર્ણીએ કહ્યું, 'હું કોઈને કાંઈ કહું નહિ. તમે અને વિપ્ર પરસ્પર સમજીને કરો. ૧૨.અમારે તો જમવાનું કામ છે. બીજું કાંઈ કામ નથી. માટે જે તે રીતે જલદી થાય તે કરીને લાવો.' ૧૩. પછી સતી તુરંત ગયાં. જલદીથી કેરીનો રસ અને રોટલી બનાવીને તરત લઈ આવ્યાં અને શ્રીહરિને તેનાથી જમાડ્યા. ૧૪. જમતા જમતા શ્રીહરિએ સતીને કહ્યું, 'તમે મને કહો, અહીંયાં જે વિપ્ર છે તે અને તમે કોણ છો ? ૧૫. હું આ વાત જાણતો નથી. તમે તમારી સાફ વાત કહો. જો કહેશો તો હું અહીં રાત રોકાઈશ. જો સ્પષ્ટ નહિ કહો, તો

હું અહીંયાં રહીશ નહિ.' ૧૬.સતીએ કહ્યું, 'આપ તો બધું જાણો છો. છતાં પૂછો છો એટલે હવે કહું છું, પણ પછી આપ આપની વાત કહેજો. કહ્યા વિના કશી ખબર પડતી નથી. ૧૭.

જે આ હરદ્વાર ધામ છે તે જેમના નામ ઉપરથી હરદ્વાર કહેવાયું છે. તે હર (મહાદેવ) આ વિપ્ર છે, ને મને તેમની પત્ની સતી જાણો. ૧૮.પૂર્વે અમે અહીંયાં આવીને તપ કર્યું હતું, તેના ઉપરથી આ સ્થાન હરદ્વાર થયું છે. તેમનાં દર્શન કોઈને થતાં નથી. આ સ્થાનનો મહિમા ઘણો જ મોટો છે.' ૧૯. ત્યારે શ્રીહરિએ કહ્યું, 'સતી, તમે મારી વાત સાંભળો. તમે જે અહીંયાં તપ કર્યું તે કયા ફળની ઈચ્છા રાખીને કર્યું હતું? અત્યારે હે દેવી ! તે વાત મને કહો.' ૨૦.સતીએ કહ્યું, 'હું તે વાતને જાણતી નથી. વિપ્રને બોલાવીને પૂછી જુઓ.' તેટલામાં તો વિપ્ર રસોઈ બનાવીને લઈ આવ્યા. સતી તે જોઈને મંદ મંદ હસ્યાં. ૨૧. વર્ણીએ કહ્યું, 'મને તો ઘણી ભૂખ લાગી હતી. રસોઈ બનાવવામાં તમને ઘણી વાર લાગી. મારું પેટ વાયુથી ભરાઈ ગયું છે. હવે તેનો ઉપાય શો કરવો ?' ૨૨.વિપ્રે કહ્યું, 'તમે જમવા લાગશો એટલે વાયુ દૂર થઈ જશે.' પછી વર્ણીએ ઓડકાર ખાઈને વાયુને બહાર કાઢી નાખ્યો. ૨૩. વર્ણી તો ભક્તોના મનને રાજી કરનારા છે એટલે પછી જમવા લાગ્યા. ભોજન જમીને તે વિપ્રના મનને ઘણું રાજી કર્યું. ૨૪.વિપ્ર સોનાના થાળ ભરી ભરીને મોટી મોટી કેરીઓ લાવ્યા. અને વિવિધ પ્રકારના મેવાઓને લાવ્યા. ૨૫. તે વિપ્રનો ઘણો મોટો પરિવાર હતો. તે બધાને શ્રીહરિનાં દર્શન થાય એટલા માટે તેઓ તેને સાથે લાવ્યા હતા. ૨૬.

વર્ણી તે જોઈને થોડું હસ્યા અને બોલ્યા, 'હે વિપ્ર ! આ બધા તમારી સાથે કોણ આવ્યા છે ? તમે તો ઘણા જ મોટા જણાઓ છો, તો તમે તમારી બધી વાત મને કહો.' ૨૭. પછી વિપ્ર બોલ્યા, 'આપ બધું જાણો જ છો. આપને હું શું કહું ? આ બધા તો આપના સેવક છે. ૨૮.મારું નામ શંભુ છે. મારી સાથેના આ બધા મારો પરિવાર છે. આપને પ્રસન્ન કરવા માટે અમે બધા અહીંયાં રહીને તપ કરીએ છીએ.' ૨૯. શ્રીહરિ ખૂબ જ ભાવથી તે જમ્યા. વધેલો બધો પ્રસાદ તે વિપ્રરૂપ શંભુએ લઈ લીધો. કુશળ શિવજીએ

પોતાના બધા કુટુંબમાં પ્રસાદ વહેંચી આપ્યો અને તે ઘણા જ પ્રસન્ન થયા. ૩૦.શંભુએ પોતાના કુટુંબ સાથે વાત કરતા કહ્યું, 'જેને હું ચાહતો હતો તે યોગ આજ આવી ગયો. ઘણા યુગોથી અહીંયાં તપ કરીએ છીએ, તેનું ફળ આજ આપણને મળ્યું છે. ૩૧. બીજી બધી અનંત સમૃદ્ધિ મળી શકે છે. ઘણું મોટું ઐશ્વર્ય પણ પ્રાપ્ત થઈ શકે છે. તે બધું દુર્લભ નથી. પણ વર્ણીનો જે યોગ થયો એજ સહુથી દુર્લભ છે, તેમાં રંચમાત્ર સંદેહ નથી. ૩૨.**તપ તપીને, યોગ સાધીને અને વ્રત કરીને મરી જઈએ તોપણ આ વર્ણીનાં દર્શન ક્યારેય મળતા નથી. ઘણા યુગોથી નરનારાયણ દેવ પાપોને નાશ કરનારું મહા ભારે તપ કરે છે.** ૩૩. આવું ઉગ્ર તપ નરનારાયણ દેવ આ વર્ણીરૂપ શ્રીહરિની પ્રસન્નતા પામવા કરે છે. આ વર્ણીરાજની રીત તો અલૌકિક છે. આવા બ્રહ્માંડો તો વારંવાર ઉત્પન્ન થયા જ કરે છે. ૩૪.

**ચોપાઈ :**

**याके दरशन अब हि पाये, एसी एहि बात जो रहाये;**
**हमकु सेवा मिलि अब जोऊ, एहि तप के फल मिले सोऊ...३५**

**इनसे अधिक न फल रहे ओरा, एसे हि फल मिले यह ठोरा;**
**तप करे से अधिक फल दीना, एसे हे हरिभक्त आधीना...३६**

પણ આ વર્ણીના દર્શનની વાત ઘણી દુર્લભ છે. વર્ણીનાં દર્શન આપણે અત્યારે પામ્યા છીએ તથા અત્યારે આપણને તેમની સેવા કરવા રૂપ લાભ મળ્યો છે તે જ આપણને તપનું ફળ મળ્યું છે. ૩૫. આનાથી કોઈ અધિક ફળ બીજું છે નહિ. એવું ફળ આ જગ્યાએ વર્ણી મળ્યા તેથી આપણને મળ્યું છે. ભગવાન તો ભક્તને આધીન છે. તેથી આપણે તપ કર્યું હતું તેનાથી પણ અધિક ફળ આપ્યું છે. ૩૬.

**पल भर याके जोग हि जेहा, कोटी कल्प तप मिले न तेहा;**
**एहि संग रात दिन हि रेना, ताको फल मुख आत न केना...३७**

આ વર્ણીનો જે એક પળવાર જેટલોએ જોગ થયો છે તેવું ફળ તો કરોડો કલ્પ પર્યંત તપ કરવાથી પણ મળતું નથી. વર્ણીની સાથે રાત દિવસ રહેવાનું

જે ફળ છે તે તો મુખેથી કહી શકાય તેમ નથી. ૩૭. વર્ણીના સમાગમના ફળને જે ન સમજી શકે, તેના જેવો તો બીજો કોઈ અજ્ઞાની (અધમ) ન જાણવો. દર્શનરૂપી ફળને છોડીને જે અન્ય પદાર્થને ચાહે છે તે તો પોતાના મનુષ્ય જન્મને જ નિરર્થક કરી રહ્યો છે. ૩૮.વર્ણીનાં દર્શન કર્યાં હોય અને તેમની થોડી એવી પણ જો સેવા કરવામાં આવી હોય તો તેનું ઘણું જ મોટું ફળ મળે છે. સેવા કરવાથી તેમનો રાજીપો કાયમને માટે રહે છે. ૩૯.

**ભગવાનને પ્રસન્ન કરવાનાં જે જે સાધન કહ્યાં છે તે બધામાં સેવાને મુખ્ય કહી છે. સેવવાને યોગ્ય એવા પરમેશ્વરની મરજીને અનુસારે સેવા કરવી જોઈએ અને તેમાં દૃઢપણે ધર્મને ધારી રાખવો જોઈએ. ૪૦.**આજના દિવસને ધન્ય છે. આજે આપણા ભાગ્યને પણ ધન્ય છે. કારણ કે આજે આપણને શ્રીહરિનાં સહેજે જ દર્શન થયાં છે. વારે વારે આવો લાગ આવતો નથી. ૪૧. પૂજાની સામગ્રી વિવિધ પ્રકારની લાવો. જઈને શ્રીહરિની સહુ પૂજા કરો. ફરી ક્યારેય આવો સુભગ દિવસ નહિ આવે. નહિતર પાછળથી પસ્તાવો થશે. ૪૨.શંભુ(મહાદેવજી)નાં આવાં વચનો સાંભળીને તેમના બધા પરિવારજનો તત્કાળ વર્ણિરૂપ શ્રીહરિની પૂજા કરવા માટે સોનાના થાળમાં બધો પૂજાનો સામાન લઈને મોટા રાજાની જેમ બની કરીને આવ્યા. ૪૩. હરદ્વાર નગરના સમગ્ર લોકો તે પૂજાનાં દર્શન કરવા માટે આવ્યા. આકાશમાં વિવિધ પ્રકારનાં વાજિંત્રો વાગવા લાગ્યાં. ૪૪.

બ્રહ્મા ઈત્યાદિ સહુ દેવતાઓ વિમાનોમાં બેસીને શ્રીહરિનાં દર્શન કરવા આવ્યા. તેઓ શ્રીહરિના ઉપર પુષ્પોની અને ચંદનની વૃષ્ટિ કરવા લાગ્યા. ૪૫. મહાદેવજીએ કોઈ રાજાના જેવું રૂપ ધારણ કર્યું. શ્રીહરિની પૂજા કરવા લાગ્યા. કેસર મિશ્રિત ચંદન લઈને શ્રીહરિનાં અંગ ઉપર તેનો લેપ (અર્ચા) કર્યો. ૪૬. અત્તરની ફોરમ ચારે બાજુ સભામાં ફેલાઈ રહેતી હતી. તે પછી ભાત ભાતનાં ફૂલોનાં ઘરેણાં શ્રીહરિને પહેરાવ્યા. ૪૭. તે પછી પ્રેમથી આરતી ઉતારી. પૂજા કરવા ઘણા જ ઉપચારો લાવ્યા હતા. ધ્યાન કરવા માટે વર્ણીનાં અંગોની વારંવાર ધારણા કરવા લાગ્યા. ૪૮.પ્રદક્ષિણા કરીને દંડવત્ પ્રણામ કર્યાં. ખૂબ જ ભાવભરી સ્તુતિ કરી. શ્રીહરિ અનંત શક્તિઓને ધારનારા છે,

એમ સમજી આવો તે સહુએ પરિપૂર્ણ લહાવો લીધો. ૪૯. મહાદેવજીના બધા કુટુંબે પણ અપાર પ્રેમથી શ્રીહરિની પૂજા કરી. અને તેથી શ્રીહરિ તે સહુના ઉપર ઘણું પ્રસન્ન થયા અને બધે જય જયકાર થઈ રહ્યો. ૫૦.

***ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના દ્વિતીય પૂરમાં 'હરદ્વારમાં મહાદેવજીએ શ્રીહરિને જમાડીને પૂજા કરી' એ નામે બારમો તરંગ સમાપ્ત ॥૧૨॥***

## પૂર બીજું : તરંગ - ૧૩

## તપોવનમાં મુનિઓની પૂજા સ્વીકારી અને ધ્રુવનો આશ્રમ જોયો

હે ઉત્તમ રાજા, તમે સાંભળો. શ્રીહરિ હરદ્વારમાં પાંચ દિવસ રહી ત્યાંથી ચાલવા તૈયાર થયા. છઠ્ઠે દિવસ હરખભર ચાલતા થયા. ૧. પછી તપોવનમાં આવ્યા. વનને દેખીને આનંદ થયો. તેમાં અનેક જાતનાં વૃક્ષો હતાં. મેઘ મંદ મંદ ગર્જના કરતો હતો. ૨. અનેક જાતિનાં પંખીઓ મધુર શબ્દ બોલતાં હતાં. માનો ભગવાનના ગુણોનું તે ગાન કરતાં હતાં અને ઠેકાણે ઠેકાણે નાચતાં હતાં. ૩. અનેક પ્રકારના પહાડો હતા. તેના ઉપરથી ઝરતાં ઝરણાંઓ પણ શોભી રહ્યાં હતાં. પશુની અનેક જાતિઓ-હાથી, ઘોડા, સિંહ અને વાઘ વગેરે તેમજ હરણની પણ ઘણી જાતિઓ-ઘૂમતી-ફરતી દેખાતી હતી. જાતજાતના વાંદરા પણ બોલતા હતા. રીંછ, ભીંછ (એક જંગલી પશુ), સાબર અને સુરા ગાયો (ચમરી ગાય) વનમાં અનેક પ્રકારની ભમતી હતી. ૪-૫.વિવિધ જાતિનાં પશુઓ વનમાં વિચરતાં હતાં. પરસ્પર કોઈ પ્રાણીઓને એકબીજા સાથે વેર ન હતું. બધા ભેળા જ વિચરતા હતા. વન ઘણું શોભતું હતું. ૬. તે વનમાં અનેક સુજ્ઞ મુનિઓ રહેતા. જે ધ્યાનમાં તત્પર રહેતા. તપસ્યા કરતા, યોગની સાધના કરતા હતા. તે બધા વનમાં થયેલાં ફળોનો આહાર કરતા અને વરસતા વરસાદની ધારાઓને માથા ઉપર સહન કરતા હતા. ૭.

### ❋ તપોવનના મુનિઓએ શ્રીહરિને સ્તુતિ કરી :

પ્રત્યેક વૃક્ષની નીચે પથ્થરની ભૂમિ (વેદિકા) હતી. તેના ઉપર ઋષિ-

મુનિઓ બેઠેલા હતા. તે બધા બાલસ્વરૂપ યોગી શ્રીહરિને જોઈને મનમાં ખુશી થયા અને ઊઠીને તેમની પાસે આવ્યા. ૮. સહુ આવીને શ્રીહરિના ચરણોમાં નમ્યા. અને વિનય ભર્યા વચન બોલ્યા કે આપનું વર્ણિસ્વરૂપ અનુપમ અદ્‌ભુત છે. અમને તો તે જોવામાત્રથી જ પ્યારું લાગે છે. ૯.

આપના તપસ્વી શરીરમાં અપાર તેજ રહ્યું છે. તેનાથી આખું વન છાઈ ગયું છે. આપ ક્યાંથી પધારીને અમને દર્શન આપો છો ? આપે અમારા મનની વૃત્તિને સ્વસ્વરૂપમાં ખેંચી લીધી. ૧૦. **અમારી વૃત્તિ આપ સિવાય બીજું કાંઈ જોતી નથી. આપે દર્શનમાત્રથી અમારા દિલને ચોરી લીધું છે. આપની મૂર્તિમાં અત્યારે જેવું તેજ દેખાય છે તેવું તેજ અમે અમારા દિલમાં પણ ક્યારેય દેખ્યું નથી**. ૧૧. હે દેવ ! આપ તેનું કારણ અમને કહો. આપ જે કહો તે અમે સેવા કરીએ. અમારા સૌના દિલમાં અત્યારે એવી ભાવના થઈ છે કે જો આપ કહો તો અમે બધા આપની સાથે આવીએ. ૧૨.આવું બોલીને તે મુનિઓ ઘણી જાતનાં ફૂલ, ફળ અને બહુ પ્રકારના મેવા લાવ્યા. તે બધા ગંગાને કિનારે રહેતા હતા. તેથી કોઈક ઋષિ શ્રીહરિ માટે ગંગાજળ ગાળીને ભરી લાવ્યા. ૧૩. ગંગાને ઉત્તર કાંઠે એક ભવ્ય પર્વત હતો તેના સુંદર શિખર ઉપર જઈને મહાસુખધામમૂર્તિ શ્રીઘનશ્યામ બેઠા. ૧૪.મુનિઓએ જે ફળ અને ફૂલ વગેરે અર્પણ કર્યાં હતાં તે પ્રથમ ઠાકોરજીને ધરાવ્યાં. પછી પ્રસન્ન મન થઈને તે પ્રસાદને સ્વયં જમ્યા. ૧૫. સૌ મુનિવર્યોએ તે દેખ્યું ત્યારે તેમને વિસ્મય થયો અને તેઓ બોલ્યા કે આપ બાળમુકુંદ લાલજીની સેવા શા માટે કરો છો ? ૧૬.

ત્યારે વર્ણિરાજ શ્રીહરિ બોલ્યા, આ બાલમુકુંદનો બધો પ્રતાપ અમારામાં આવ્યો છે. આ બાલમુકુંદ શ્રીકૃષ્ણ છે તે અમારા ઈષ્ટદેવ છે. ૧૭. તે ભગવાન મારામાં રહ્યા છે, તેને કોઈ જાણતું નથી. સૌ લોકો બહારના આકાર(સ્વરૂપ)ને જ જાણે છે - ઓળખે છે. જ્યારે જ્યારે ભગવાન અવતાર ધારણ કરે છે ત્યારે ત્યારે તેઓ મનુષ્યાકારે થાય છે. ૧૮.**તે ભગવાનને દેખીને જે અજ્ઞાની માણસ હોય તે તો તેને પોતાને તુલ્ય જ માની લે છે. તેથી તેનું કલ્યાણ થાતું નથી, પણ અભાવ લઈને તે નરકમાં પડે છે.** ૧૯.

ભગવાન અવતાર લે કે ન લે, બન્ને રીતે અજ્ઞાની માણસ તો ઘોર નરકમાં જ પડે છે. તેટલા માટે જ ભગવાનની પ્રતિમા કરવામાં આવી છે. કેમ જે, અજ્ઞાની માણસ પ્રતિમાને આધીન રહે છે. ૨૦.

**જ્યારે પ્રતિમામાં પ્રગટભાવ કરવામાં આવે છે ત્યારે તેનું મૂળભૂત અજ્ઞાન ટળી જાય છે. અજ્ઞાની લોકોના મોક્ષને માટે જ પ્રતિમારૂપ સ્વરૂપ પ્રગટ કર્યું છે.** ૨૧. ભગવાનના અવતારો આ પૃથ્વી ઉપર પ્રગટ થાય છે પણ ક્યારેય અહીં કાયમ રહેતા નથી. અવતાર કાર્ય પૂરું કરી બધા પોતપોતાના ધામમાં ચાલ્યા જાય છે. પણ પ્રતિમા અચળ અને અનાદિ રહે છે અને તેની ક્યારેય કોઈ પરંપરાની ગાદી પણ ચાલતી નથી. ૨૨.**તેથી જેટલા અવતાર થયા છે તે બધા પ્રતિમાની સેવા-પૂજા કરે છે. પોતાની પ્રતિમાને પોતે જો પૂજે તો તેમાં સમજુ માણસ ખોટ ન કહે.** ૨૩. જે માણસ ખળ હોય, નાસ્તિક હોય અને આસુરી હોય તે તો કોઈ રીતને માનતો નથી. તે લોકોને માટે તો કોઈ અવતાર નથી. તેઓ તો મરીને જમપુરીમાં જાય છે. ૨૪.

**दोहा : दैवी आस्तिक सरल चित्त, ता हित हरि अवतार;**
**वार वार हि धरत हे, करन जन उद्धार...२५**
**असुरी दैवी होत हे, नास्तिक आस्तिक होत;**
**खल होवत सरल चित्त, निज दोष जब जोत...२६**

જે જીવ દૈવી હોય, આસ્તિક હોય અને સરલ ચિત્તવાળા હોય, તેના માટે જ ભગવાનનો અવતાર છે. અને તેવા લોકોનો ઉદ્ધાર કરવા માટે જ ભગવાન વારંવાર અવતારોને ધારણ કરે છે. ૨૫. જ્યારે માણસ પોતાના દોષોને જુવે છે-ઓળખે છે ત્યારે તે આસુરી હોય તોપણ દૈવી થઈ જાય છે, નાસ્તિક હોય તો તે આસ્તિક થાય છે અને ખળ હોય તો તે સરલ ચિત્તવાળો થાય છે. ૨૬.

**सोरठा : पाप बलत हे जाहि, सो निज दोषकु जान सके;**
**पाप बसत हे ताहि, आपको दोष न देख परे...२७**

જેનાં પાપોનો નાશ થાય તે પોતાના દોષોને જાણી શકે છે. જેમાં પાપ રહ્યા હોય તેને પોતાના દોષ દેખાતા નથી. ૨૭. જેના પાપનો નાશ થયો

હોય ત્યારે તેમાં ખપ(મુમુક્ષુતા)નો ઉદય થાય છે, જો વિચારવામાં આવે તો આ દેખાય છે, પણ વગર વિચારે દેખાતું નથી. ૨૮.જ્યારે શ્રીહરિએ આટલી વાત કહી ત્યારે તેને સાંભળીને બધા મુનિઓ ખુશ થઈ ગયા. સહુએ હાથ જોડીને શ્રીહરિને કહ્યું, અમને બધાને આપ પોતાની સાથે લઈ લો. ૨૯.

હવે અમારું તપ પૂર્ણ થઈ ગયું છે. આપ મળ્યા એટલે કાંઈ અધૂરું રહ્યું નથી. આપના સમાન સમર્થને મેળવવા માટે અમે તપસ્યા કરતા હતા. ૩૦.**'હવે મહાસમર્થ એવા આપ અમને મળી ગયા છો આવું અમે અમારા દિલમાં વિચારી લીધું છે. આવો સુયોગ ફરીને મળી શકે નહિ. મનુષ્યનું શરીર તો એક પળવારમાં જ ટળી જાય એવું છે.** ૩૧.

માટે જો આ મનુષ્ય શરીર છૂટી ગયું તો મોક્ષનો કાંઈ ઉપાય સફળ થઈ શકે નહિ. પછી તો મનમાં કેવળ પશ્ચાત્તાપ જ રહે.' તે સમજણા મુનિઓ આવું બોલીને શ્રીહરિની પૂજા કરવા માટે પૂજાપો લઈ આવ્યા. ૩૨.શ્રીહરિની આજ્ઞા લઈને સહુએ પૂજન શરૂ કર્યું. કેસરયુકત ચંદન અને ફૂલોના હાર વગેરે અપાર સામગ્રી લાવ્યા. ૩૩. વર્ણીની બાલસ્વરૂપ મનોહર મૂર્તિ અત્યંત અનુપમ અને તેજોમય છે. હૃદયમાં અતિશય ઉત્સાહવાળા સર્વે મુનિઓ શ્રીહરિના સ્વરૂપને ચંદન ચરચવા લાગ્યા. ૩૪. છાતી ઉપર ફૂલહાર પહેરાવ્યા. ભુજાઓમાં ફૂલના અપાર બાજુબંધ બાંધ્યા. ફૂલોની ટોપી અને તોરાઓ મસ્તકે ધરાવ્યા. ૩૫. ગુલાબના ગુચ્છ કાન ઉપર રાખ્યા. લલાટમાં કેસરી તિલક કર્યું, ધૂપ કર્યો, દીપ પ્રકટાવ્યો અને આરતી ઉતારી. શ્રીહરિએ અત્યંત અદ્‌ભુત શોભા ધારણ કરી હતી. ૩૬.

સહુએ દંડવત્ પ્રણામ કરીને ગદ્‌ગદ્ કંઠે સ્તુતિ કરી. અને તે મુનિઓએ શ્રીહરિના ચરણોને વારંવાર પોતાની છાતીએ ચાંપ્યા. ૩૭. પછી શ્રીહરિએ કહ્યું, 'સહુ ચાલો, આપણે જઈને વન જોઈએ, જેમાં ઉત્તાનપાદના પુત્ર ધ્રુવે તપસ્યા કરી હતી.' ૩૮.**પછી શ્રીહરિ ધ્રુવનો આશ્રમ-તપોભૂમિ જાણીને તેને જોવા માટે ચાલ્યા. અનંત બ્રહ્માંડોના અધિપતિ શ્રીહરિ બધાનો મોક્ષ કરવા માટે પધાર્યા છે.** ૩૯. ધ્રુવે જ્યાં તપસ્યા કરી હતી ત્યાં પહોંચ્યા. તપમાં પ્રવીણ શ્રીહરિ પૂર્વમુખે અને એક પગ ઉપર ધ્રુવની જેમ ઊભા રહ્યા. ૪૦.

*ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના દ્વિતીય પૂરમાં 'શ્રીહરિ હરિદ્વારથી તપોવનમાં આવ્યા' એ નામે તેરમો તરંગ સમાપ્ત ॥૧૩॥*

## પૂર બીજું : તરંગ - ૧૪

### શ્રીહરિએ લક્ષ્મણપુરામાં લક્ષ્મણજીની પૂજા સ્વીકારી

શ્રીહરિ તપોવનમાં દસ દિવસ રહ્યા. તે પછી ત્યાંથી ચાલતા થયા. સાથે બીજું કોઈ હતું નહિ. ૧. ઉત્તમ રાજાની આગળ શ્રીમુક્તાનંદ સ્વામી આ વાતને કહે છે. તેને લોક પ્રસિદ્ધ કરવા માટે હવે હું કહું છું. ૨.શ્રીહરિ ગંગાને કિનારે ચાલતા ચાલતા **લક્ષ્મણપુર** પધાર્યા. લક્ષ્મણજીનું મોટું અદ્‌ભુત મંદિર હતું તેને દૂરથી દેખ્યું. ૩. શ્રીહરિ મંદિરની પાસે પહોંચ્યા ત્યારે લક્ષ્મણજીએ તેમને જોયા. તેમના મનમાં ઘણો જ આનંદ થયો. એકદમ દોડ્યા અને શ્રીહરિના ચરણોમાં પડ્યા. ૪.સુંદર રાજાના જેવું રૂપ લઈને લક્ષ્મણજી સન્મુખ દોડી આવ્યા હતા. વનમાં ફરતા હતા તે સમયના રામચંદ્રજીના જેવા સ્વરૂપને દેખીને લક્ષ્મણજી સ્નેહભાવથી ચરણોમાં પડ્યા. ત્યારે શ્રીહરિએ તેને ઉઠાડ્યા અને કુશળતાથી બાથમાં લઈને તેને ભેટ્યા. ૫-૬.લક્ષ્મણજીએ શ્રીહરિનો હાથ પકડીને પોતાના મંદિરમાં લઈ ગયા અને સુંદર ઉતારો આપ્યો. મંદિર ગંગાને કિનારે રહ્યું છે. શ્રીહરિને મંદિરના ગોખમાં બેસાડ્યા. ૭. લક્ષ્મણજી અપાર પ્રસન્ન થયા. બે હાથ જોડીને સન્મુખ ઊભા રહ્યા. પૂછ્યું, 'સ્વામી, આપ અત્યારે ક્યાંથી પધાર્યા છો ? હે બહુનામી ! આપણે મળ્યા તેને ઘણા યુગ વીતી ગયા.' ૮.

ત્યારે વર્ણીએ કહ્યું, 'હું અત્યારે તો અયોધ્યાથી આવું છું. ભાઈ ! તમે ગંગાને કિનારે તપ કરો છો, તે સાંભળીને હું અહીં આવ્યો છું. '૯. 'તમે તપ કરો છો તેમ હું પણ તપ કરું.' આવો દઢ વિચાર મેં મારા દિલમાં કર્યો. તે સિવાય અત્યારે ભૂમિ ઉપર અસુરોનો ભાર વધી ગયો છે, તેને ઉતારવો છે. એટલા માટે હું આજ ફરીથી ભૂમિ ઉપર પ્રકટ થયો છું. ૧૦. અત્યંત

ઊંચા કુળના વિપ્ર ધર્મદેવને ઘેર આ વખતે મેં અવતાર ધાર્યો છે. અનંત અસુરોનો સંહાર કરવા મેં પહેલાં બે અવતાર ક્ષત્રિય જાતિમાં લીધા છે. ૧૧. સહસ્રાર્જુનના સમયમાં મેં ઋષિકુળમાં અવતાર ધાર્યો હતો. ત્યારે તે ક્ષત્રિયો અત્યંત ઉન્મત્ત થઈ ગયા હતા. તેઓ ઋષિઓની મર્યાદા રાખતા નહિ. ૧૨. બધા જ ક્ષત્રિય રાજાઓ ઘણા ઉન્મત્ત (ઉદ્ધત) થઈ ગયા. ઋષિઓ પાસેથી પણ કર લેવા માંડ્યા અને તેમને મારવા માંડ્યા. ૧૩. ત્યારે તેમના અધર્મને દેખીને મેં પ્રલય સમયનો ગુણ ધાર્યો. હાથમાં ફરસી લીધી. એકવીશ વાર ભૂમિ ઉપર ફરીને ક્ષત્રિયોને માર્યા. ૧૪.

**આ વખતે તો મેં બ્રાહ્મણના કુળમાં અવતાર લઈને સાધુઓના ગુણોને સ્વીકાર્યા છે. માટે સાધુતામાં રહીને હું અધર્મનો ઉચ્છેદ (વિનાશ) કરી દઈશ.** ૧૫. કોઈ રાજાના હાથે હું અસુરોનો વિનાશ કરાવીશ, તેમાં વાર નહિ લાગે. હવે ન્યાયવાળો રાજા થશે (આવશે). ૧૬.હવે જે કોઈ ન્યાય-નીતિના ગુણને નહિ રાખે, ઉદ્ધત થઈને વર્તશે અર્થાત્ ઉદ્ધતાઈને લેશમાત્ર પણ જે નહિ છોડે, તેને વારંવાર દુઃખ આવશે. ૧૭. અત્યારે મારો એક એવો સંકલ્પ છે કે, અન્યાયીનો વિનાશ થશે જ. જે અન્યાયીને બચાવે નહિ, જે અન્યાયીને અણસમજુ કહીને છોડી દે નહિ. ૧૮.એટલા માટે કોઈ એક એવો રાજા થશે કે તેને હાથે અન્યાયીના વંશનો નાશ થશે. જે અન્યાય કરશે તે ગાંડો ગણાશે અને તેનું ક્યાંય ઠેકાણું રહેશે નહિ. ૧૯. જે વિચાર કરીને-સમજીને ચાલશે-વર્તશે તેની શુભ કીર્તિ લોકમાં વધશે.'

શ્રીહરિના મુખથી બધું સાંભળીને લક્ષ્મણજી અતિશય ખુશ થયાં. શ્રીહરિની મરજી વિચારીને બોલ્યાં, 'આપ આજ્ઞા કરો તેવી હું સેવા કરું. હું સેવક છું અને આપ તો મારા મોટા દેવ છો.' તે વખતે ગંગા મૂર્તિમાન પ્રકટ થયાં અને વર્ણી પાસે આવીને બોલ્યાં, ૨૦-૨૧.'હું રસોઈ બનાવીને લાવું છું, તમે મનમાં કાંઈ વિચાર (ચિંતા) કરશો નહિ. મારા ઘરમાં અન્નનો કોઈ પાર નથી. અને મને કોઈ રોકનાર કે ટોકનાર પણ નથી.' ૨૨. આમ કહીને ગંગા રસોઈ તૈયાર કરવા ચાલ્યાં ગયાં. લક્ષ્મણજી તો મનમાં વિચારતા જ રહ્યા. પછી તે વખતે તેમણે અપરમપાર મેવા અને મીઠાઈઓ

લાવીને મૂક્યા. ૨૩.શ્રીહરિએ દેવને નૈવેદ્ય ધરાવ્યું. પછી તે પ્રસાદીને પ્રેમથી જમ્યા. લક્ષ્મણજીનો પૂર્વનો સ્નેહ વિચારીને પછી તેમને પ્રસાદી આપી. ૨૪. લક્ષ્મણજી તુરંત ગાળેલું પાણી લઈ આવ્યા. તે શ્રીહરિએ હેતથી પીધું. આમ, લક્ષ્મણજી શ્રીહરિની સેવા કરવા લાગ્યા. ૨૫.પછી શ્રીહરિએ પ્રેમ લાવીને ભાવથી લક્ષ્મણજીને પૂછ્યું, આપણે બાર વરસ સુધી વનમાં સાથે રહ્યા. ૨૬. વનમાં જાનકીજી પણ સાથે હતાં ત્યારે તમે મારી ઘણી સેવા કરી હતી. દિન પ્રતિદિન અધિક અધિક આવતા દુઃખોને ખૂબ જ સહન કર્યાં. ૨૭.

**❋ શ્રીહરિએ લક્ષ્મણજીને હેતનું કારણ કહ્યું :**

છતાં તમે ક્યારેય મારો સાથ છોડ્યો નહિ. મેં તમને ઘણું દુઃખ દીધું હતું તોપણ તમે ક્યારેય મારો અવગુણ લીધો નહિ. તે તમારા મોટા ગુણને હું સમજું છું. ૨૮. **ઝાઝાં હેત સિવાય આવું થાય નહિ. મનુષ્યને જ્યારે દુઃખ આવી પડે છે ત્યારે કોઈ મદદ કરતું નથી. દુઃખને સમયે આવીને જે મદદ કરે છે તેના સમાન બીજો કોઈ હેતુ (મિત્ર) કહેવાય નહિ.** ૨૯.તેથી જ તમારો યશ ચૌદ લોકમાં પ્રસિદ્ધ છે. જગતમાં ભક્ત તો ઘણા થયા છે પણ લક્ષ્મણજીના જેવો બીજો કોઈ સેવક થયો નથી. ૩૦.

**હું રાત દિવસ તમને સંભારું છું. તેમાં વનવાસને જ્યારે સંભારુ છું ત્યારે તો હું રડી પડું છું. મને પ્રસન્ન કરવા માટે તો આ લોકના સુખનો બધો સમાજ ઘણા ભક્તોએ છોડી દીધો હતો.**૩૧.પ્રિયવ્રત અને પ્રહ્લાદના જેવા અનંત રાજાઓ થઈ ગયા છે. અને હરિશ્ચંદ્ર, મયૂરધ્વજ, રંતિદેવ અને ચિત્રકેતુ પણ એવા રાજાઓ થયા છે.૩૨. પ્રારબ્ધને વશ થઈને તો માણસ એટલા અનંત, અપાર દુઃખો સહન કરે છે કે તેનો છેડો જ આવતો નથી. તોપણ તે કષ્ટોને સહન કરવાથી હું તેના ઉપર ક્યારેય રાજી થતો નથી. ઊલટાનું મર્યા પછી તે બધાને જમપુરીમાં જાવું પડે છે. ૩૩.

**चोपाई :**

**जीव जाति कहावत जेते, ताके शिर दुःख रहे हे तेते;**
**मोय तजी ओर सुख की आशा, तांलग दुख को न होवत नाशा...३४**

**ओर आश कर जीव कहावे, मरी मरीके जमपुर जावे;**
**लख चोराशी मिटत न ताकु, वार वार दुःख होवत वाकुं...३५**

જીવ-પ્રાણી માત્રના શિર ઉપર કર્મવશ દુઃખો તો રહ્યાં જ છે. મને તજી દઈને જીવ જે અન્ય સુખની આશા રાખે છે ત્યાં સુધી તેનાં દુઃખોનો સદંતર નાશ થાતો જ નથી. ૩૪. જે જીવ પરમાત્મા સિવાય અન્યની આશા રાખે છે તે મરીને જમપુરીમાં જાય છે. તેના ઉપરથી ક્યારેય લખચોરાશી મટતી નથી. તે વારંવાર દુઃખ ભોગવ્યા કરે છે. ૩૫.ચાર ઘડી (દોઢેક કલાક) દિવસ બાકી રહ્યો ત્યારે ગંગા વિવિધ પ્રકારનાં ભોજન લઈને આવ્યાં. તેની સાથે અપાર સેવકો હતા. ૩૬.

ગંગાને કિનારે ખુલ્લી જગ્યામાં ઘણો સારો ચોક હતો તેમાં ચોકી ઢાળી. ૩૭. તે ઉપર શ્રીહરિ જમવા બેઠા. અનંત પ્રકારનાં ભોજનોને દેખીને શ્રીહરિ મંદ મંદ હસવા લાગ્યા. સુખનું મૂળ શ્યામસુંદર શ્રીહરિ અત્યંત ભાવથી તે બધું જમ્યા. ૩૮. શ્રીહરિએ થાળ જમી રહ્યા પછી ચળુ કરીને જળપાન કર્યું. પછી એક થાળ પીરસીને લક્ષ્મણજીને આપ્યો અને બાકીનું બધું ગંગાએ લીધું. ૩૯.તે વખતે ગંગાએ પોતાના સેવકોની સાથે શ્રીહરિની પૂજા કરી. શ્રીહરિના ચરણોને કેસર ચંદન ચરચીને પછી પોતાની છાતી ઉપર લીધા. ૪૦. યતિ એવા લક્ષ્મણજીએ પણ અનેક પ્રકારનો પૂજાપો લાવીને શ્રીહરિનાં અંગો ઉપર કેસર ચંદનની ચરચા કરી. ૪૧. પુષ્પોનાં આભૂષણ અત્યંત પ્રેમથી પહેરાવ્યાં. આંખોમાંથી પ્રેમ ભાવનાં આંસુઓની ધારા વહેવા લાગી. અને પછી આરતી ઉતારી. ૪૨. **તેમણે વારંવાર કહ્યું, 'પ્રભુ, આપ આવા ને આવા નિરંતર મારી સમીપે રહો.' શ્રીહરિએ તેનો નિશ્છળ પ્રેમ જોયો. પછી પ્રસન્ન થઈને તે વરદાન આપ્યું.** ૪૩.

***ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના દ્વિતીય પૂરમાં 'શ્રીહરિ લક્ષ્મણ ઘાટે આવ્યા અને ગંગાએ તથા લક્ષ્મણજીએ પૂજા કરી' એ નામે ચૌદમો તરંગ સમાપ્ત ॥૧૪॥***

## પૂર બીજું : તરંગ - ૧૫

## ગુપ્તકાશી, ગુપ્તપ્રયાગ, ગૌરીકુંડાદિ થઈ બદરિનાથ ગમન

ત્યાં શ્રીહરિ એક રાત રહ્યા. લક્ષ્મણ ઝૂલાનો ઘાટ ઊતર્યા. લક્ષ્મણજી પોતે ઘાટ ઉતારવા આવ્યા. તેમણે શ્રીહરિને પગકેડીનો માર્ગ બતાવ્યો. ૧. શ્રીહરિએ તે વખતે લક્ષ્મણજીને ઘણા હેતથી ત્યાં જ ઊભા રાખ્યા. પછી બે દિવસ સુધી રસ્તામાં ચાલ્યા ત્યારે શ્રીપુર નામે શહેર આવ્યું. ૨.ઉદ્ધવજીને જ્યારે શ્રીકૃષ્ણ પરમાત્માનો વિયોગ થયો ત્યારે તેણે આ સ્થળે તપ કર્યું હતું. તપે કરી તેણે જ્યારે પોતાના શરીરને અત્યંત સૂકવી નાખ્યું ત્યારે નારદજીએ તે પુર વસાવ્યું હતું. ૩. શ્રીહરિ પહેલાં ચિત્તભંગ પર્વત ઉપર ચઢીને નીચે ઊતર્યા અને પછી મનભંગ પર્વત ઉપર ચઢીને નીચે ઊતર્યા. ૪. તે પર્વતની શોભા અપાર હતી. તેના ઉપર અનેક પ્રકારનાં વૃક્ષ હતાં. તેમાં અનેક જાતનાં પંખીઓ મધુર સ્વરે બોલતાં હતાં. ૫.

ત્યાં અનેક જાતનાં ફૂલ અને ફળ શોભતાં હતાં. તેને જોઈને તો મોટા મુનિઓનાં મન પણ લોભાઈ જતાં હતાં. બીજા પણ કોઈ ત્યાં જઈને તે પર્વતને જો જુવે તો તેનું મન તુરંત તેમાં લોભાઈ જતું હતું. ૬.તે પર્વત ઉપર બેસીને મોટા યોગીઓ તપ કરતા હતા. તેઓ કોઈ જીવ-જંતુથી ક્યારેય ડરતા નહિ. સિંહ, હાથી અને વાઘ, એ બધા પાસે પાસે બેસતા હતા. ક્યારેય કોઈની હિંસા કરતા નહિ. ૭. તેમને અંદરોઅંદર કોઈને વેરભાવ થતો જ નહિ. બધા એક સાથે વિચરતા ઘૂમતા હતા. શ્રીહરિ ત્યાં થોડા દિવસ રહ્યા અને ત્યાંના નિવાસી યોગીઓને પોતાનાં દર્શન દીધાં. ૮.બધા યોગીઓને આનંદ કરાવ્યો. યોગીઓએ જાણ્યું કે આ વર્ણી તો ભગવાન છે. ઘણાં ઉત્તમ પ્રકારનાં ફળ અને ફૂલ લાવીને તે વખતે શ્રીહરિને સહુએ જમાડ્યાં. ૯.

પછી ઉદ્ધવના આશ્રમને સંપૂર્ણ જોઈને શ્રીહરિ ત્યારે **શ્રીનગર** આવ્યા. શ્રીનગરના લોકો બહુ ભાવિક હતા. તેમનાં બધાં પાપોનો શ્રીહરિએ વિનાશ કર્યો. ૧૦. પછી દયાળુ શ્રીહરિ ત્યાંથી તત્કાળ ચાલતા થયા. તે **ગુપ્તકાશી** પહોંચ્યા. તેનાથી ઉત્તર તરફ એક મોટો પર્વત છે. તેની શોભા તો સહુથી ન્યારી જ હતી. ૧૧. ત્યાં જઈને શ્રીહરિએ બધો જ પર્વત દેખ્યો અને તે

પર્વતનો અવતાર સફળ કર્યો. ત્યાંથી આગળ ગુપ્તપ્રયાગ આવ્યા. ઘણી ભાગ્યશાળી ગંગા ત્યાં નજીકમાં જ વહે છે. ૧૨. ગંગાને ઝૂલા પર થઈને ઊતર્યા. ઝૂલાને દેખીને શ્રીહરિ પ્રસન્ન થયા. ત્યાંથી જ્યારે આગળ ચાલ્યા ત્યારે રસ્તામાં એક મોટું મંદિર આવ્યું. ૧૩.તે મંદિરમાં ત્રિયુગિનારાયણ વિરાજતા હતા. તેનાં દર્શન કરીને શ્રીહરિ રાજી રાજી થઈ ગયા. ૧૪. તે સુશોભિત સુંદર મંદિર પૂર્વ મુખે હતું. ત્યાં **ગૌરીકુંડ** નામે તીર્થ હતું. સુંદર શ્યામ શ્રીહરિએ ત્યાં સ્નાન કર્યું. ૧૫.ત્યાં ત્રિયુગિનારાયણ નામે શહેર હતું. ત્યાંના લોકો નિર્વૈર (વેરભાવરહિત) હતા. અને તેમને સંતોના ઉપર બહુ જ પ્રેમ ભાવના હતી. ૧૬. ત્યાં કેટલાક દિવસ રહ્યા. પછી **કેદારનાથ** આવ્યા. મહાપ્રવીણ શ્રીહરિએ કેદારનાથનાં દર્શન કર્યાં. ૧૭.કેદારનાથ મહાદેવનું મંદિર તો ઘણું મોટું છે. શ્રીહરિ ત્યાં ઇચ્છા પ્રમાણે રહ્યા. પછી ત્યાંથી ચાલ્યા. ૧૮. આગળ એક બરફથી ઢંકાયેલો મોટો પર્વત હતો તેને ફરીને વર્ણી ચાલ્યા. સતત નવ દિવસ સુધી ચાલ્યા ત્યારે **બદરીનાથ** પહોંચ્યા. ૧૯.

બદરીનાથનું મંદિર પૂર્વમુખે છે. મંદિર નાનું છે તેવો જ આગળ નાનો મંડપ છે. ૨૦. બદરીનાથનું મંદિર શિખરબંધ (બદ્ધ) છે તેમજ ઘણું જ શોભાદાર-ભવ્ય છે. નર અને નારાયણની મૂર્તિઓ નાની છે. બન્ને મૂર્તિઓ મહાગંભીર છે. ૨૧.તે મૂર્તિઓએ અનેક પ્રકારનાં અને અપાર સોનાનાં વસ્ત્ર અને આભૂષણો ધારેલાં હતાં. અત્યંત સુંદર બન્ને સ્વરૂપ તેજસ્વી હતા. દર્શન કરીને નરનારી સહુ વિસ્મિત થતા હતા. ૨૨.શ્રીહરિએ ત્યાં જઈને દર્શન કર્યાં ત્યારે હૃદયમાં અતિ હેત વ્યાપી ગયું. નારદ અને ઉદ્ધવજી, બન્ને શ્રીનરનારાયણદેવના સેવક છે, તે તેમની પાસે જ ઊભા છે. ૨૩. હાર્દિક પ્રેમથી શ્રીહરિએ તેમનાં દર્શન કર્યાં. જોષી મઠના વર્ણી તે મંદિરમાં સેવા-પૂજા કરતા હોય છે. ૨૪. બદરીનાથના પૂજારી બ્રાહ્મણને રાવળ કહેવાય છે. તેઓ જે અતિથિ આવે તેની સેવા-સંભાળ રાખતા હોય છે. કોઈ અતિથિને દેખે તો તેનું અતિશય આદરભાવથી સન્માન કરે છે. ૨૫.

### ✵ નરનારાયણદેવના પૂજારીનો વર્ણિરાજ સાથે સંવાદ :

તે રાવળ પૂજારીએ વર્ણીરૂપ શ્રીહરિને દેખ્યા. ખૂબ જ રાજી થયા.

પગમાં પડ્યા અને પૂછ્યું, 'હે સુખકંદ ! આપ ક્યાંથી પધારો છો ? ૨૬. હે વર્ણી ! તમે કયા દેશના નિવાસી છો ? તમારું નામ શું છે ? આપે દયા કરીને અમને દર્શન દીધાં. આ ધામમાં આપ ભલે પધાર્યા. ૨૭.અહીંયાં વર્ણી તો બહુ આવે છે પણ આપના જેવા અમે કોઈ દેખ્યા નથી. આપ કોઈ મોટા સંત છો અથવા તો માનો સાક્ષાત્ નરનારાયણ જ છો. ૨૮. શ્રીનરનારાયણદેવ કેટલાએ યુગોથી અહીંયાં તપ કરે છે અમે તેમની સેવા-પૂજા કરીએ છીએ. માનો અમારી તે સેવાથી પ્રસન્ન થઈને તે નરનારાયણ જ આપના સ્વરૂપે અમને દર્શન દેવા પધાર્યા છો. ૨૯.કાં તો નારદમુનિ હશો કાં શુકદેવજી ! કાં તો આપ કોઈ સનકાદિક, કપિલમુનિ, દત્તાત્રેય અથવા, મહારાજ ભરત હશો ! અથવા આપ સ્વયં ઋષભદેવજી હશો. ૩૦. કાં તો આપ જે રામ અને કૃષ્ણ કહેવાય છે તે જ વર્ણીના વેશમાં આવ્યા છો. કાં તો આપ ગોલોકથી કે વૈકુંઠધામથી સુંદરશ્યામ પધાર્યા છો. ૩૧.**અથવા જે સહુના કારણ છે એવા આપ અક્ષરધામાધિપતિ પધાર્યા છો ? આપમાં કોઈ એવું અપાર દૈવત (દેવત્વ) દેખાય છે કે આપ કોઈ સાધારણ દેહધારી મનુષ્ય નથી. ૩૨. આપના ચરણોમાં સોળ ચિહ્ન છે. તે દેખીને મેં તમને જાણી લીધા છે. આપની આ દિવ્ય મૂર્તિ ત્રિલોકીથી કોઈ જુદી જ લાગે છે. ૩૩.**

અત્યારે આવા કળિયુગમાં આપના સમાન કોઈ બીજો વર્ણી જણાતો નથી. આપનાથી કોઈ મહાન્ તો હોઈ શકે જ નહિ. અને હોય તો તેમનો પ્રતાપ છુપાવ્યો છુપાય રહે નહિ. ૩૪. જ્યારે સૂર્યોદય થાય છે ત્યારે તે પોતાને મુખે ક્યારેય કહેતો નથી કે મારો ઉદય થયો છે. તેનો પ્રતાપ ક્યારેય છુપાવ્યો રહેતો નથી. સૂર્યોદય થાય ત્યારે તે આપોઆપ દેખાઈ આવે છે. ૩૫.

જ્યારે સૂર્યોદય થાય ત્યારે રાત્રિનું અંધારું ક્યાંય રહેતું નથી. સૂર્યમાં એટલી બધી ઉજ્જવળતા છે કે તેનાથી સંપૂર્ણ ત્રિલોકી પ્રકાશિત થઈ જાય છે. ૩૬. તે રીતે જ આપ અત્યારે સૂર્યરૂપ અનુપમ બ્રહ્મચારી (વર્ણી) રૂપે થયા છો. આપ જેટલા દિવસ અહીં રહો તેટલા દિવસ શ્રીનારાયણ ભગવાનના થાળનો પ્રસાદ જમતા રહેજો. ૩૭.તે પછી પૂજારીવર્ણી શ્રીનારાયણના થાળની પ્રસાદી વર્ણિરૂપ શ્રીહરિને રોજ આપતા અને શ્રીહરિ તેને રોજ અતિશય પ્રેમથી

જમતા. ૩૮. શ્રીનરનારાયણ આદિ દેવોને જેવા શણગાર ધરાવ્યા હોય તેવી મૂર્તિનું શ્રીહરિ નિત્ય ધ્યાન કરતા. તે સિવાય વસ્તુ કે વ્યક્તિમાં શ્રીહરિ પ્રીતિ રાખતા નહિ, પણ ભગવાનના ભક્તોની સાથે પ્રેમ રાખતા. ૩૯.

શ્રીનરનારાયણ દેવનાં દર્શન કરવા અપાર લોકો આવતા હતા, પણ જ્યારે વર્ણીને દેખતા ત્યારે તેમને વર્ણીમાં અધિક અધિક પ્રેમ વધતો હતો. ૪૦. આ કોઈ વર્ણી માનો મૂર્તિમાન શ્રીનરનારાયણ દેવ છે, કેમ જે તેમનો પ્રતાપ જ એવો લાગે છે. આપણને દર્શન દેવા માટે જ તેઓ અત્યારે આવ્યા છે. ૪૧.જે લોકો દર્શન કરતા હતા તેઓ પરસ્પર આવી વાતો કરતા હતા. અને વર્ણીના રૂપને દેખીને તો ખૂબ જ ખૂશ થઈ જતા હતા. ૪૨. લોકોને વર્ણીનાં દર્શન કરતી વખતે જગતના કોઈ ઘાટ-સંકલ્પ થતા જ નહિ. આવો અપાર પ્રતાપ વર્ણીમાં સહેજે રહ્યો હતો. ૪૩.

***ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના દ્વિતીય પૂરમાં 'શ્રીહરિ બદરીનાથ પધાર્યા' એ નામે પંદરમો તરંગ સમાપ્ત ॥૧૫॥***

## પૂર બીજું : તરંગ - ૧૬

## જોષીમઠના પુજારીની સેવા સ્વીકારી હિમાલય તરફ પ્રયાણ

ઉત્તમ રાજાએ પૂછ્યું, 'શ્રીહરિ બદરીનાથ કયે દિવસ પધાર્યા ? હે મુનિવર ! તે વાત મને કહો. આપ બધું જાણો છો. ૧. હિંડોળાના દિવસોમાં ઘનશ્યામ પ્રભુ ક્યાં હતા ? અને દેવશયની એકાદશી સુખધામ શ્રીહરિએ ક્યાં કરી ? ૨.શ્રાવણ સુદિ પવિત્રા એકાદશી ક્યાં કરી ? તે બધી વાત મને કહો. ૩. શ્રાવણ વદિ આઠમ જે શ્રીકૃષ્ણ જન્માષ્ટમી કહેવાય છે તેને શ્રીહરિએ ક્યાં આવીને કરી ? ૪.ભાદરવાના સુદ પક્ષમાં સામ શ્રાવણીએ યજ્ઞોપવીત બદલીને નવું ક્યાં ધારણ કર્યું ? ભાદરવા સુદિ ચોથ એટલે કે ગણેશ ચોથ ક્યાં આવીને શ્રીહરિએ કરી ? ૫. ઋષિપંચમી ક્યાં જઈને કરી ? તે વાત મને હેતથી કહો. જળઝીલણી એકાદશી અને વામન દ્વાદશી તે શ્રીહરિએ ક્યા

સ્થાને કરી ? શ્રાદ્ધ પક્ષમાં ક્યાં રહ્યા ? હે નિપુણ મુક્તમુનિ ! એ બધું મને અલગ અલગ કહો. અને નવરાત્રીના દિવસોમાં ક્યાં હતા ? તે પણ કહો. ૬-૭. તે બધી જ વાત આપ મને કહો.

ઉત્તમ રાજાનો પ્રશ્ન સાંભળીને પછી શ્રીમુક્તાનંદમુનિ બોલ્યા, 'હે પરમ સુજાણ રાજા ! તમે સાંભળો. શ્રીહરિનું ધ્યાન કરીને હું વાત કહું છું. ૮. હિંડોળાના આઠ દિવસ (અષાઢ સુદિ ૧ થી ૮ સુધી) શ્રીહરિ અયોધ્યામાં જ હતા. નવમે દિવસ સરયૂ ઊતરીને હરખભર **અમરપુર** આવ્યા. ૯. નિયમની દેવશયની એકાદશીએ ત્યાંથી નીકળ્યા તે માર્ગમાં ચાલતા ચાલતા નારદવનમાં પહોંચ્યા. ૧૦. હિંડોળાના જે દિવસ બાકી હતા તે નારદવનમાં પૂરા થઈ ગયા. શ્રાવણ સુદિ પવિત્રા એકાદશી **હરદ્વાર**માં કરી. ૧૧. જન્માષ્ટમી તપોવનમાં જઈને કરી, લક્ષ્મણ ઝૂલામાં આવીને શ્રીહરિએ સામ શ્રાવણી કરી અર્થાત્ નવું યજ્ઞોપવીત ધારણ કર્યું. ૧૨. ભાદરવા સુદિ-૪ ગણેશ ચતુર્થી શ્રીહરિએ **શ્રીનગર**માં કરી અને ઉદ્ધવવનમાં જઈને ઋષિપંચમી કરી. જે જળઝીલણી એકાદશી કહેવાય છે તે **ગુપ્ત કાશી**માં આવીને કરી. ૧૩-૧૪. અને વામનદ્વ ।દશી પણ ત્યાં જ રહીને કરી. શ્રાદ્ધપક્ષમાં શ્રીહરિ ગુપ્ત પ્રયાગમાં આવ્યા. ૧૫. ત્યાંથી શ્રીહરિ ચાલ્યા તે **કેદારધામ** આવ્યા, જ્યાં કેદારનાથ મહાદેવજી છે ત્યાં શ્રાદ્ધ પૂર્ણ થયા. ૧૬.નવરાત્રીના દિવસ તો માર્ગમાં જ પૂરા થયા કારણ કે શ્રીહરિ **બદરીનાથ** નવ દિવસે પહોંચ્યા હતા. દશહરા (દશેરા) અને માણેકઠારી-શરદપૂનમનો ઉત્સવ બદરીનાથમાં કર્યો. ૧૭. દશેરાથી અન્નકૂટ સુધીના દિવાસા(દિવાળી)ના વીશ (એકવીશ) દિવસ બદરીનાથમાં રહ્યા. દિવાળી અને અન્નકૂટ શ્રીહરિએ ત્યાં જ કર્યા. ૧૮. અન્નકૂટ કરીને બદરીનાથના મંદિરનાં પટ બંધ થઈ જાય છે. તે દિવસથી લઈને અક્ષય તૃતીયા (અખાત્રીજ) સુધી થાળ ધરાવવો વગેરે સેવા સિદ્ધો કરે છે. ૧૯.

જોષીમઠના પૂજા કરનારા જે વર્ણી, તેની પાસે એક સુંદર હાથી હતો. તેના ઉપર સોનાનો સુંદર હોદ્દો હતો. પૂજારીએ તેના ઉપર પહેલાં વર્ણી શ્રીહરિને બેસાડી દીધા. અને પછી સ્વયં પૂજારી વર્ણી સોનાનું ચામર હાથમાં લઈને શ્રીહરિની પાછળ બેઠા અને નિપુણતાથી ચામર કરવા લાગ્યા. ૨૦-૨૧.

એક સોનાનું ઘણું સુંદર છત્ર શ્રીહરિના ઉપર ધારવામાં આવ્યું. આગળ આગળ ચોપદાર નેકી પોકારતો હતો અને જય જયકાર કરતા જોષીમઠ તરફ ચાલ્યા. ૨૨. આકાશમાં નેજા-નિશાન ફરકતાં હતાં. નોબતો વાગતી હતી. સંપૂર્ણ આકાશ ગાજતું હતું. ઘોડાઓનો તો કોઈ પાર ન હતો. એ સિવાય પણ બીજી ઘણી શોભા થઈ હતી. ૨૩. બદરીનાથથી જોષી મઠનો માર્ગ બાર કોશ(લગભગ ૩૫ કિ.મિ.)નો ગણાતો હતો. આ રીતે **જોષીમઠ** પાછા આવ્યા. ત્યાં બાગ-બગીચાઓ હતા તેમાં સુંદર બંગલો હતો. ૨૪. પરમ ઉદાર સ્વભાવના પૂજારી બ્રહ્મચારીએ જોષીમઠના તે બંગલામાં શ્રીહરિનો ઉતારો કરાવ્યો. ૨૫. તે સમયે ઘણા સમજુ અને મહાપ્રવીણ તે બ્રહ્મચારી બોલ્યા કે, 'આ જોષીમઠ અમે આપને અર્પણ કરીએ છીએ.' ૨૬.ત્યારે વર્ણિવર શ્રીહરિ તે સાંભળીને બોલ્યા, 'તમારો જે ભાવ હતો તે તમે પૂરો કર્યો છે. ૨૭. તમે જે મુખથી કહ્યું તે બધું અમે દીધું, પણ હવે અમે થોડા દિવસોમાં પાછા અહીંયાં આવશું. ૨૮. હવે અમારી ઈચ્છા બરફથી ઢંકાયેલા હિમાલયમાં જવાની છે, કે જ્યાં શ્રીનરનારાયણ ઋષિ તપ કરે છે. ૨૯. ત્યાં જઈને તે આશ્રમ દેખીશ. ને ત્યાંની શોભા કેવી છે ? તે પણ જાણીશ. મારી ઈચ્છા તો ત્યાં તપ કરવાની છે. મને ત્યાંનો રસ્તો બતાવી દો. ૩૦.

**चोपाई :**

**हरि से सामर्थ अधिक न केहा, ताको डर रखत एक एहा;**
**सो करे हि होवहि तेसा, हमारे मन निश्चे हे एसा...३२**

જો તમે ત્યાંનો માર્ગ નહિ બતાવો તોપણ હું ત્યાં પહોંચી જઈશ. અમને કોઈનાથી પણ ડર લાગતો નથી તો હિમાલયથી તો ડર લાગે જ કેમ? ૩૧. ભગવાનથી અધિક કોઈ સમર્થ નથી. હું તો એક તેમનો જ ડર રાખું છું. તે ભગવાન કરશે તે થશે. એમ મારા મનમાં નિશ્ચય છે. ૩૨.ત્યારે જોષીમઠના બ્રહ્મચારીએ શ્રીહરિની પૂજા કરી. કપાળમાં કેસર ચંદનની અર્ચા કરી. અને ઘણા ફૂલહાર પણ પહેરાવ્યા. ૩૩. જેમાં ઠંડી પેસી શકે નહિ તેવો એક ઊનનો મોટો ધૂંસો શ્રીહરિને ઓઢાડ્યો અને પછી સ્તુતિ કરી કે, 'હે વર્ણિરાય ! આપ તો બધી રીતે નિર્બંધ છો. ૩૪.આપ તો સમર્થ જ્ઞાની છો. આ જગ્યા(સ્થાન)

ને પોતાની ગણીને ફરી દર્શન આપજો. અમે તો આ જગતના બંધનમાં પડ્યા છીએ, પણ આપની સેવા કરવા ચાહીએ છીએ. ૩૫. વારંવાર આપની સેવા અમારાથી બની આવે એવો વર આપો. અને શ્રીનરનારાયણ દેવને ત્યાં જઈને અમારા દંડવત્ પ્રણામ કહેજો. ૩૬. આપ નારાજ ન થાઓ એટલા માટે અમે ક્યારેય આપને કાંઈ પણ શિખામણ કહેતા નથી. અમે શિખામણ આપતા અતિ ડરીએ છીએ. ૩૭. અને તે ડરથી જ અમે કાંઈ બોલી શકતા નથી. વર્ણિરાજ, આપ તો મહાન્ સમર્થ છો. જે કરો તે અમારે માટે તો સુખરૂપ જ હોય. ૩૮.**જે જીવ હોય તે તો દુઃખ દેખીને અતિશય ડરી જાય છે તમે તો પરમેશ્વર છો, છતાં કહીએ છીએ આપ મૃત્યુને માર્ગે ચાલી રહ્યા છો.** ૩૯. પૂજારી બ્રહ્મચારીએ વિનયથી શ્રીહરિને આવી વાત કહી; તોપણ શ્રીહરિ તો હિમાચ્છાદિત હિમાલયમાં આગળ ચાલતા થયા. સૌ નિપુણતાથી દેખતા રહ્યા અને શ્રીહરિ આગળ વધતા અદૃશ્ય થઈ ગયા. ૪૦.

***ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના દ્વિતીય પૂરમાં 'શ્રીહરિએ જોશીમઠના પૂજારીની સેવા સ્વીકારી હિમાલયમાં પ્રવેશ કર્યો' એ નામે સોળમો તરંગ સમાપ્ત ॥૧૬॥***

## પૂર બીજું : તરંગ - ૧૭

### હિમાલય તથા નર ઋષિ શ્રીહરિની સન્મુખ આવ્યા

શ્રીહરિ હિમગિરિ તરફ ચાલ્યા, તે જોઈને જોષીમઠમાં રહેનારા લોકોને અપાર આશ્ચર્ય થયું, તેઓ બોલ્યા કે, આ કોઈ સામાન્ય વર્ણી નથી આ તો કોઈ અવતાર છે. ૧. કોઈ હિમગિરિમાં ગયું હોય, એવી વાત આપણે ક્યારેય સાંભળી નથી; પણ આજ તો તે આશ્ચર્ય દેખ્યું. આ વર્ણી તો કોઈ મહાન્ સિદ્ધ પુરુષ છે. ૨.ઉત્તમ રાજા, ઉપર કહી તે વાત સાંભળીને મનમાં પ્રસન્ન થયા. અને અતિ આશ્ચર્યના ભાવથી તેઓ શ્રીમુક્તાનંદ સ્વામી આગળ બોલ્યા. ૩. શ્રીહરિ હિમગિરિમાં ગયા તે વાત હવે મને કહો. આપ તો બધું સાક્ષાત્ જાણો છો. કારણ કે, આપ શ્રીહરિના અતિ એકાંતિક સંત છો. ૪.

**✵ નારાયણે નર ઋષિને શ્રીહરિની સર્વોપરિતા કહી :**

**चोपाई :**

**नर कु कहे नारायन जेही, मुनी कु संग लईके तेही;**
**अक्षरपति सब पर भगवाना, बाल स्वरूप बने हे नाना...०६**

જ્યારે ઉત્તમ રાજાએ આવો પ્રશ્ન કર્યો ત્યારે શ્રીમુક્તાનંદ સ્વામી બોલ્યા, હે રાજા ! જ્યારે શ્રીહરિ હિમગિરિમાં ચાલ્યા ત્યારે તે બાબતની શ્રીનરનારાયણ દેવને ખબર પડી ગઈ. ૫. નારાયણઋષિએ નરઋષિને કહ્યું, અક્ષરાધિપતિ સર્વોપરી પુરુષોત્તમ ભગવાન પોતાના મુનિઓને સાથે લઈને ભૂમિ ઉપર પ્રકટ થયા છે. તેઓ અત્યારે નાના બાળ સ્વરૂપે રહ્યા છે. ૬.

**तप करन मिश आवत आंहीं, दरशन देन कु हित हि लाहीं;**
**जाको नित करत हम ध्याना, प्रसन्न करन हित चित्त आना...०७**

તપ કરવાને બહાને હેતથી આપણને દર્શન દેવા માટે અત્યારે અહીંયાં આવી રહ્યા છે. જેને પ્રસન્ન કરવા માટે આપણે પોતાના હૃદયમાં નિત્ય જેનું ધ્યાન કરીએ છીએ. ૭. આપણને તપસ્યા કરતાં અનંત યુગ વીતી ગયા છે તેમ સમજીને તેઓ હેત લાવીને આપણને દર્શન દેવા અહીંયાં પધારી રહ્યા છે. તેઓ ઉઘાડે પગે ચાલે છે અને સાથે બીજું કોઈ નથી. ૮. શ્રીહરિ કરુણા કરીને આવે છે એવી વાત મને પવને સંભળાવી છે, તો તમે હિમગિરિને જઈને કહો કે તમે ઉતાવળે પગલે પહેલાં તેમની સન્મુખ જાઓ. ૯. શ્રીહરિને કોઈ પણ રીતે લેશમાત્ર પણ કષ્ટ ન થાય તેવી વ્યવસ્થા પ્રયત્નપૂર્વક કરો. હે તાત નર ! તમે અત્યારે જ જાઓ અને શ્રીહરિને સુખ થાય તેવી તજવીજ કરો. ૧૦.પછી દયાળુ નરઋષિ તત્કાળ ગયા અને હિમગિરિને કહ્યું, **મહારાજાધિરાજ અક્ષરાધિપતિ પુરુષોત્તમ કરુણા કરીને અત્યારે તમને દર્શન દેવા માટે અહીંયાં પધારે છે.** નારાયણ ઋષિએ કહ્યું છે કે તમે અત્યારે જ તેમની સન્મુખ જાઓ અને તેમને જરાય કષ્ટ ન થાય તેમ સુખેથી અહીં લઈ આવજો. ૧૧-૧૨.

તે સાંભળીને ઉત્તમ હિમગિરિએ કોઈ મોટા દેવના જેવું સ્વરૂપ ધાર્યું અને ઘણા જ ભક્તિભાવથી તેઓ શ્રીહરિની સન્મુખ આવ્યા. ૧૩. શ્રીહરિ

જ્યારે હિમગિરિને નજીક પહોંચ્યા ત્યારે તે અત્યંત પ્રેમભાવથી તેમને મળ્યા. ૧૪.હિમગિરિ શ્રીહરિને સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કરીને પગે લાગ્યા. મનમાં ભક્તિભાવનો ઉત્સાહ હતો તેથી બે હાથ જોડીને બોલ્યા. ૧૫. હે નાથ ! અમને પાવન કરવા માટે આપ ભલે પધાર્યા. અને હાથ જોડી રાખીને જ કહ્યું, હે પ્રભો ! આપ કહો તે વાહન હું અત્યારે જ લઈ આવું. ૧૬. લોકો જેને હિમગિરિ હિમાલય કહે છે તે મારું નામ છે. મારો વિસ્તાર નવહજાર યોજન(લગભગ ૧,૦૮,૦૦૦ ચોરસ કિ.મિ.)માં છે. ૧૭. આપ અત્યારે તે વિસ્તારમાં વિચરો છો. માટે મને પરમ પવિત્ર કરો. નરનારાયણ દેવે મને આજ્ઞા કરી છે, ૧૮. તેથી હું આપની સન્મુખ આવ્યો છું અને આવતાની સાથે મને આપનાં દર્શન થયાં છે. આપના સમાચાર સાંભળીને મારી પાછળ પાછળ નરઋષિ પણ આવે છે. ૧૯.

ત્યારે શ્રીહરિ બોલ્યા, હિમગિરિ, તમે સાંભળો, મને કાંઈ વાહનની ઈચ્છા નથી. હું તો પગે ચાલીને તીર્થ કરું છું. ૨૦.પગે ચાલીને જે તીર્થ કરાય, તેનું અનંત ગણું ફળ થાય, તે કારણે જ હું ચાલીને આવ્યો છું અને તેનાથી મનમાં ઘણો જ આનંદ રહે છે. ૨૧. આવી વાતો કરતા જ્યારે થોડું આગળ ચાલ્યા, ત્યાં તો નરઋષિ મુનિમંડળને સાથે લઈને સામે જ આવતા દેખાયા. શ્રીહરિનાં દર્શન કરીને સહુને આનંદોત્સવ થયો. ૨૨.સહુ મુખથી જય જયકારનો ધ્વનિ કરવા લાગ્યા. વિચક્ષણ મુનિજનો શ્રીહરિને મળ્યા. પ્રથમ નરઋષિ મળ્યા અને તે પછી બીજા મુનિઓ મળ્યા. ૨૩. બધા એક બીજાને પગે લાગ્યા. અન્યોન્ય મહિમાનાં વચન કહેતા હતા. પરસ્પર કુશળ પૂછ્યું. પ્રત્યેકના હૃદયમાં હેત સમાતું ન હતું. ૨૪.શ્રીહરિ નરઋષિને દેખીને અતિ આનંદ પામ્યા. તેમજ નરઋષિ પણ શ્રીહરિને દેખીને ખુશખુશાલ થઈ ગયા. અને મુનિમંડળ પણ રાજી રાજી થઈ ગયું. ૨૫. મુનિજનો જે બહુ પ્રકારનાં ફળ ફૂલ લાવ્યા હતા. તે અત્યંત પ્રેમથી શ્રીહરિને અર્પણ કર્યાં. ૨૬.જ્યાં ઘણું જ ઠંડુ પાણી દેખ્યું ત્યાં શ્રીહરિએ સ્નાન કર્યું અને મુનિજનોએ પણ ભીડમાં ઠંડે પાણીએ સ્નાન કર્યું. ૨૭. તે સમયે સૂર્ય દોડીને શ્રીહરિની પાસે આવ્યા. તેણે બીજું ઉષ્ણ સ્વરૂપ ધારણ કરીને શ્રીહરિની બધી જ કડકડતી

ઠંડીને ઉડાડી દીધી. ૨૮.પછી શ્રીહરિએ પોતાની જે પૂજાની નિત્યવિધિ હતી તે કરી. બાલમુકુંદને ફળ-ફૂલ આદિનું નૈવેદ્ય અર્પણ કર્યું અને તે નર ઋષિ આદિ સહુને પ્રસાદી આપી દીધી. ૨૯.

પછી પોતે પ્રેમથી જમ્યા. હૃદયમાં મહાઆનંદ છવાઈ રહ્યો હતો. સહુ રોજ પાંચ પાંચ કોશ ચાલતા હતા. એમ વીશ દિવસ ચાલ્યા ત્યારે બદરીવન આવ્યું. ત્યાં મહાઅલૌકિક શોભા પ્રસરેલી હતી. જાત જાતનાં અનંત વૃક્ષ હતાં. તેને ગણવાથી તેનો પાર આવે તેમ ન હતું. ૩૦-૩૧.જેની કોઈની સાથે સરખામણી કરી ન શકાય તેવાં સુગંધી ફૂલ અને તેવાં જ રસદાર ફળ ડાળીઓને છેડે ઝૂલી રહ્યાં હતાં. જાત જાતનાં પંખીઓ મુખથી સુમધુર શબ્દ કરતાં હતાં. ૩૨. અનેક જાતિનાં પશુઓ ત્યાં ફરતાં હતાં. ગણતા ગણતા તેનો છેડો આવતો ન હતો. બધાં જ પશુઓ સાથે હળી મળીને ઘૂમતાં હતાં. ટોળેટોળાં આવતાં જતાં હતાં. ૩૩.તેઓ જ્યારે આવી રહેલા શ્રીહરિને જોયા ત્યારે ચિત્રમાં આળેખેલા હોય એવા નિશ્ચળ થઈ જતા. વિવિધ પ્રકારના મોટા મોટા ગિરિવરો ચિત્ર વિચિત્ર રંગોને ધારી રહ્યા હતા. ૩૪. તે પહાડોમાંથી અનેક નિઝરણાનું વહેતું પાણી ખળખળ ધ્વનિ કરતું ચાલ્યું જતું હતું. ઊજળું નીર ઘણું શોભતું હતું, તેને જોવાથી દેવો અને દાનવોનાં મન પણ લોભાઈ જતાં હતાં. ૩૫.

આગળ જતા અત્યંત ઠંડા પાણીથી વહેતી એક નદી આવી. તેમાં જે પડે તે તત્કાળ ઠરીને પથ્થર જેવો થઈ જતો હતો. ધર્મનંદન શ્રીહરિએ તે નદીને દેખી. ૩૬.તે સમયે ત્યાંના સિદ્ધ મુક્તો ત્યાં હાજર હતા. તેમણે શ્રીહરિને ઉઠાવી લીધા. એક ક્ષણવારમાં તે નદીને પાર કરી દીધી. વધારે સમય લાગ્યો નહિ. ૩૭. જેમ જેમ શ્રીહરિ આગળ ચાલતા હતા તેમ તેમ શ્રીહરિને આનંદ થતો હતો. મહાઅદ્‌ભુત વનને દેખીને સર્વ સુખનું મૂળ આવા શ્રીહરિ બોલ્યા, ૩૮.જે શ્વેતદ્વીપ ધામ છે તેવું આ ધામ લાગે છે. જે ભક્ત અહીંયાં આવીને રહે છે તે નિષ્કામ થઈ જાય છે. ૩૯. ભરતખંડમાં આવું કોઈ બીજું ધામ નથી. અહીંથી હવે આગળ જવાય નહિ. જે ઇચ્છા હોય તે અહીં પ્રાપ્ત થઈ જાય છે. ૪૦.

*ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના દ્વિતીય પૂરમાં 'શ્રીહરિને આવતા જાણી નર ઋષિ તથા હિમગિરિ સામે આવ્યા' એ નામે સત્તરમો તરંગ સમાપ્ત ॥૧૭॥*

## પૂર બીજું : તરંગ - ૧૮

### બદરિકાશ્રમમાં શ્રીહરિ નરનારાયણનું મિલન

જ્યાં નરનારાયણ ઋષિ તપ કરે છે તે મહાન્ અલૌકિક આશ્રમ પાસે ઋષિઓ સાથે વર્ણી આવી પહોંચ્યા. ૧. શ્રીહરિ જ્યારે તે આશ્રમને એકદમ નજીક ગયા ત્યારે અપાર મુનિઓની સાથે શ્રીનારાયણમુનિ દોડતા દોડતા સન્મુખ આવ્યા. ૨.તે સમયે ભવ, બ્રહ્મા, અનેક દેવો વિમાનમાં બેસીને બધા ત્યાં આવી પહોંચ્યા. ફૂલોની ઝડી વરસાવતા વરસાવતા અનેક પ્રકારનાં વાજિંત્ર વગડાવવા લાગ્યા. ૩. આકાશ દિવ્ય ધ્વનિથી ગાજી ઊઠ્યું. ત્રિલોકીમાં આનંદ છવાઈ ગયો. હૃદયમાં હરખ સમાતો ન હતો. સહુ જય જયકારનો શબ્દ કરી રહ્યા હતા. ૪.સહુ પ્રથમ નારાયણ ઋષિ શ્રીહરિને મળ્યા. વારંવાર પાંચ ડગલાં પાછા હઠે અને પછી દોડીને હસતા હસતા ભેટતા હતા. ૫.

**જેમ પહેલાં વેતરની ગાય પોતાના વાછરડા ઉપર ઘણું હેત કરે છે તેમ નારાયણ ઋષિ શ્રીહરિને મહા પ્રેમ સહિત મળતા હતા.** ૬.કરોડો રાધિકા અને લક્ષ્મીનું હેત પણ નારાયણ ઋષિના હેતની સમાન થાય નહિ. તેઓ એવું અપાર હેત કરીને શ્રીહરિને મળ્યા. કંઠ ગદ્ગદ્ થઈ ગયો અને આંખોમાંથી સ્નેહની અશ્રુધારાઓ વહેવા લાગી. ૭. મુનિઓને મળવાનો વારો ન આવ્યો ત્યારે સહુ પ્રેમથી ચરણોમાં પગે લાગ્યા. જ્યારે સાંજનો સમય થયો ત્યારે બધા સન્મુખ આવ્યા. ૮.સુગંધીમાન હજારોહજાર ફૂલહાર શ્રીહરિના કંઠમાં પહેરાવ્યા. તે સમયે શ્રીહરિ દોડીને નારાયણઋષિના ચરણોમાં પડ્યા. ૯.

નારાયણઋષિએ કુશળ સમાચાર પૂછ્યા અને બોલ્યા કે 'હે તાત વર્ણીરાજ ! આપ ભલે પધાર્યા. આપ પધાર્યા એટલે હવે આ આશ્રમ

મહાપવિત્ર થઈ ગયો છે. ૧૦.**આપના ચરણોના પ્રતાપથી અનંત બ્રહ્માંડો નિષ્પાપ થાય છે. આપના આ ચરણોના પ્રતાપથી જ અક્ષરધામ સહુથી અધિક સર્વોપરી થયું છે.** ૧૧. નારાયણ ઋષિએ શ્રીહરિનો હાથ પોતાના હાથે પકડ્યો અને પોતાના આશ્રમમાં પધાર્યા. કાર્તિક વદિ (અંધારી) આઠમના દિવસે આ મહાન નિષ્પાપ કરનાર દર્શનનો યોગ થયો. ૧૨.રાત ઘણી અંધારી હતી એટલે સૌ મુનિજનોએ રાળના કાષ્ઠની મશાલો પ્રકટાવી હતી. ૧૩. જ્યારે અનંત મશાલો પ્રકટી ત્યારે દિવસના જેવું અજવાળું થયું. બદરીવૃક્ષ નીચે આવ્યા ત્યારે ત્યાં પણ અજવાળું થયું હતું. ૧૪.સારાં આસન ગોઠવવામાં આવ્યાં. શ્રીનારાયણઋષિને અને શ્રીહરિને આસન ઉપર બેસાડ્યા. નારાયણઋષિ થોડા તેમની પાછળ બેઠા. ૧૫. શ્રીહરિને બોલાવીને જ્યારે તેમની પાસે બેઠા ત્યારે ઘણું હેત કરીને પૂછ્યું કે, 'આપ અહીંયાં શા કારણથી આવ્યા છો ?' ૧૬.

આ હિમગિરિ અત્યંત વિકટ કહેવાય છે. અહીં જે આવે છે તેના પ્રાણ જાય છે. જે મુનિઓ ઘણાં વર્ષ સુધી તપ કરે છે તેઓ સિદ્ધગતિને પામે છે. ૧૭. તે સિદ્ધોને જે કેદારનાથ શિવજી છે તે અહીં પહોંચાડે છે. તે સિવાય કરોડો ઉપાય કરીને કદાચ કોઈ અહીં સુધી આવે તો તેનું શરીર ગળી જાય છે અર્થાત્ તેનો નાશ થઈ જાય છે. ૧૮.

### ❋ નારાયણે ધન્યભાગ્ય સાથે શ્રીહરિની સર્વોપરિતા કહી :

તેવી સ્થિતિમાં આપ અત્યંત નિર્ભય થઈને કોઈ પણ સંગ સોબત વિના અહીંયાં ચાલ્યા આવ્યા તે અપાર આશ્ચર્યની વાત છે. અને હે પ્યારા ! તે એક આપનાથી જ બની શકે છે. ૧૯. આપ અમને જેવી અને જે સેવા કહેશો તે સેવા અમે જેવી અમારાથી બની આવશે તેવી કરશું. હે શ્રીહરિ ! **અહીંયાં અમે જે ધ્યાન કરીએ છીએ તેમાં આપનું જ હૃદયમાં ચિંતવન કરીએ છે. ૨૦.અમે ધ્યાનમાં આપની જ માનસી સેવા-પૂજા કરતા હતા તે જ સુખકારી આપ પ્રત્યક્ષ અહીં પધાર્યા છો. આપે અહીંયાં પધારીને અમને અમારા તપનું બધું જ ફળ આપી દીધું છે.** ૨૧.

હવે અમે અત્યંત કૃતાર્થ થયા છીએ. તેને અમે એક મુખે કેમ કરીને કહીએ ? આપના મહિમાને શેષ હજાર મુખે કહે છે છતાં તેનો પાર પામી શકતા નથી અને શારદા તથા નારદ તો અપાર મહિમાને કહેતા સંકોચને અનુભવે છે. ૨૨.આજ આ આશ્રમનાં ધન્ય ભાગ્ય છે. આ બદરીવૃક્ષની જગ્યા પણ ધન્ય ધન્ય થઈ છે. બીજાં બધાં વૃક્ષો પણ ઘણા ભાગ્યશાળી છે. અભાગિયા તે છે કે જે આપને ઓળખી શકતા નથી. ૨૩. આપની જે જે ઈચ્છા હોય તે બધી જ મને કહેજો. આ આશ્રમને પોતાનો જાણીને જ્યાં સુધી ઈચ્છા થાય ત્યાં સુધી સુખદાયક આપ અહીં રહો. ૨૪.

**दोहा : तुम से जो अधिक कोउही, हम ही देखत नाहिं;**
**तुम से अधिक हि कहत हे, देव नर पशु कहाहि...२६**

અમને કૃતાર્થ કરવા માટે આપ તપને બહાને અહીંયાં પધાર્યા છો. પોતાના અપાર સામર્થ્યને છુપાવીને આપ વિચરણ કરો છો. ૨૫. આપનાથી કોઈ અધિક હોય એવું અમે દેખ્યું નથી. અને જે તમારા સિવાયના અન્ય કોઈને અધિક કહે છે તો તે દેવ હોય કે મનુષ્ય, તે પશુના સમાન છે. ૨૬.

**चोपाई :**

**तुम जेसे तुम एक हो स्वामी, एसे हम जानत बहुनामी;**
**तुमसे अधिक कहत हे जाही, कोटि नर्क सो भुक्तत ताही...२७**
**तुमकु लई मोटप कहे जाकी, पाप मेटि सबुद्ध होय वाकी;**
**तुमारे प्रताप अधिक जो जाने, सब जग ताकु अधिक कर माने...२८**

હે સ્વામી ! આપના સમાન તો આપ એક જ છો, હે બહુનામી ! આવું હું સમજું છું. જે કોઈ તમારા સિવાય બીજાને અધિક કહે છે તેને તો કરોડો વાર નરક ભોગવે છે. ૨૭. આપના સંપર્કથી કે મહિમાથી જે કોઈની પણ મોટપ કહેવામાં આવે, તો તેનાં પાપ ટળી જાય છે અને તે સદ્‌બુદ્ધિ માન થાય છે. આપનો પ્રતાપ જે અધિક જાણે છે તેને આખું જગત અધિક કરીને માને છે. ૨૮.

**तुमारे प्रताप न जानत जोई, हम कु अधिक मानत सोई;**
**अधिक में अधिक कियेउ आई, हम कु दरश दिये हित लाई...२९**

હે શ્રીહરિ ! આપના પ્રતાપને જે જાણતો નથી તે મને અધિક મોટો કરીને માને છે. આપે હેત લાવીને અહીં પધારી અમને જે દર્શન દીધાં છે તેનાથી તો આપે અમને અધિકમાં અધિક કર્યાં છે. ૨૯. મારે યોગ્ય જે કાંઈ કહેવા જેવું હોય તે મને કહેજો. હું આપની આગળ તે વિનય સાથે કહું છું. જેમ અમૃત ભરેલો સાગર હોય તેમ આપનાં વચન તો અનંત છે-અપાર છે. ૩૦.

**सब हि बचन हे मुक्ति दाता, एक एक से अधिक रहाता;**
**तामें एक दृढ धारे कोई, जन्म मृत्यु तरी जावे सोई...३१**
**जमकिंकर तेहि देखत न कोरा, होई तुमारे फिरत चोरा;**
**स्वामिनारायन मंत्र तुमारा, भूत प्रेत जादु देवत जारा...३२**

જો કે આપનાં બધાં જ વચન મુક્તિ આપનારાં છે અને તે એક એકથી અધિક મહત્વપૂર્ણ છે. તેમાંથી પણ કોઈ એક જ વચનને દૃઢ કરીને પાળવામાં આવે તો તે પાળનારો જન્મમૃત્યુરૂપ સંસારને તરી જાય છે. ૩૧. યમદૂત તો તેના તરફ ક્યારેય જોતા પણ નથી. ઊલ્ટાના યમદૂતો તો તેને અનુકૂળ થઈને તેનાથી દૂર ચારે તરફ ફરે છે. **'સ્વામિનારાયણ'** આવો આપનો નામમંત્ર તો ભૂત, પ્રેત અને જાદુને પણ બાળી દે છે, તેનો નાશ કરી નાખે છે. ૩૨.**મનુષ્ય જ્યારે આપનો આશ્રય કરીને આપના નિયમોને પાળે છે ત્યારે તે નિયમો તેને ફળીભૂત થાય છે.'** હે ઉત્તમ રાજા ! ઉપર કહ્યા પ્રમાણે શ્રીનારાયણઋષિએ બે હાથ જોડીને શ્રીહરિની પ્રશંસા કરી. ૩૩. ત્યારે શ્રીહરિએ શ્રીનારાયણ ઋષિને કહ્યું કે, **'જે સ્વયં મોટા હોય તે બીજાને મોટા કરી જાણે છે. અને જે સ્વયં તુચ્છ હોય છે તે બીજાને તુચ્છ ગણે છે.** ૩૪.

હે અવિનાશી નારાયણ ! વાસણમાં જેટલો અવકાશ હોય તેટલું તેમાં પાણી ભરી શકાય છે. આપ તો અગાધ અને અપાર સમુદ્રના સમાન છો એટલે જ બીજાને પણ તેવા જાણો છો. ૩૫. જે કારણે હું અહીંયાં આવ્યો છું તે કારણને હવે હું કહું છું. અત્યારે હાળાહળ ઝેર જેવો ઘોર કળિયુગ છે,

તેનું જોર હમણાં ઘણું વધી ગયું છે. ૩૬. સહુ માંસ ખાય છે, દારૂ પીવે છે અને વ્યભિચાર પણ કરે છે. તેમાં ચોરીની તો વાત જ શી કહેવી ! આજે જગતનાં પાપ કહી શકાતાં નથી. ૩૭. ગુરુ, રાજા અને પ્રજા, બધા એક રુચિવાળા થઈ ગયા છે. કોઈને ધર્મ રુચતો નથી એટલે ધર્મને સહાય-મદદ કોણ કરે ? ૩૮.યજ્ઞ-યાગાદિનો નાશ થઈ ગયો છે. વરસાદનું પ્રમાણ ઘણું ઘટી ગયું છે. આથી હું ઉદાસ થઈ ગયો છું અને તમારી પાસે આવ્યો છું. ૩૯. હવે આપ તેનો ઉપાય બતાવો, જેનાથી બધામાં ધર્મની રુચિ ઉદ્‌ભવે. આ લોકમાં મેં વિચારીને જોયુ કે, આપના સિવાય બીજો કોઈ સહાય કરી શકે તેમ નથી. ૪૦.

***ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના દ્વિતીય પૂરમાં 'બદરીકાશ્રમમાં શ્રીનારાયણઋષિનો સમાગમ થયો' એ નામે અઢારમો તરંગ સમાપ્ત ॥૧૮॥***

## પૂર બીજું : તરંગ - ૧૯

### શ્રીહરિ તથા નારાયણ ઋષિનો સંવાદ

શ્રીહરિનાં વચન સાંભળીને નારાયણઋષિ અત્યંત પ્રસન્ન થયા. અને પછી નારાયણઋષિ બોલ્યા, **'આપ સેવા કહો તે હું કરીશ. અમે આપને આધીન છીએ. આ બધા મુનિઓ પણ આપને આધીન છે. ભલે, આપે અમારા ઉપર કૃપા કરી. ૧-૨.આપ તો અપાર સમર્થ છો. આપના સમાન અન્ય કોઈ સમર્થ નથી. જે સ્વયં મોટા હોય, તેના વિચાર પણ મોટા જ હોય, જે સહાય કરવા માટે સહુને સાથે લે છે. ૩. ચક્રવર્તી રાજા સ્વયં લડવા જતો નથી. રાજા પોતે તો કર્પ (ધાક, અતિ પ્રતાપ) રાખે છે અને યુદ્ધ તો પ્રધાનમંત્રી, સેનાપતિ અને સૈનિકો જ કરે છે. ૪.**

**चोपाई :**

**जो जो करो तुम तेहि हे धर्मा, तुमसे अधिक न कोउको कर्मा;**
**जो जो करो तुम संकल्प जाई, तेहि विध करना परे सब ताई...०६**

અને તેનાથી કાંઈ તે રાજાની મોટપ ઘટતું નથી. તેની મોટપ તો પ્રતિદિન વધતું જ રહે છે. એ રીતે જ કદાચ બીજા કોઈ કામ કરે તેનાથી તમારી મોટપ ઘટતી નથી. ૫. આપ જે કરો, તે જ ધર્મ છે. આપનાથી અધિક કોઈનું કર્મ નથી. આપ જે જે સંકલ્પ કરો તે પ્રમાણે જ સહુને કરવું પડે છે. ૬.

**तब ताकी मोटप कछु रेहेवे, ता बिन महादुःख तेहि लेवे;**
**कहाँ कलि कहाँ अधर्म केहा, तुम से थर थर ध्रुजत एहा...०७**

આપના સંકલ્પ-મરજી પ્રમાણે જે કાર્ય કરે છે, તેની જ કાંઈક મોટપ રહે છે. આપના સંકલ્પ પ્રમાણે જે ન વર્તે તેને મહાદુઃખ ભોગવવું પડે છે. બિચારો કળિયુગ ક્યાં ? અને અધર્મ વળી કોણ ? આપના ભયથી તો તેઓ થરથર ધ્રૂજતા રહે છે. ૭. આપની આગળ તો તેઓ અતિશય કંગાળ છે અને આપને દેખીને તો તેઓ રડવા લાગે છે. બીજાની આગળ ભલે તેનું સામર્થ્ય ચાલતું હોય, પણ આપની આગળ તો તેનું કાંઈ જ ચાલતું નથી. ૮.

**तप तीर्थ जोग जज्ञ अनंता, तुमकु फल सो कहा देवंता;**
**तुम सबकु हो फल के दाता, सो आज प्रगट भये साक्षाता...०९**
**तुमारी कृपा से अनंत ब्रह्मांडा, प्रफुलित होई रहे हें प्रचंडा;**
**ताकी न तुमकु मोटप लेशा, बर्नी रूप धरे अब वेशा...१०**

તપસ્યા કરવી, તીર્થયાત્રા કરવી, યોગ સાધવો, યજ્ઞ કરવા, એ બધાં અનંત સાધન આપને શું ફળ દેશે ? કેમ જે, સહુના કર્મફળપ્રદાતા તો આપ જ છો. તેવા આપ આજે સાક્ષાત્ પ્રકટ થયા છો. ૯. આપની કૃપાને આધારે જ અનંત બ્રહ્માંડો અતિશય પ્રફુલ્લિત થઈ રહ્યા છે. છતાં તેનું આપને લેશમાત્ર પણ મહત્ત્વ નથી. આપે તો અત્યારે સર્વોત્તમ વર્ણિવેશ ધારણ કર્યો છે. ૧૦.

**कोईकी मोटप न तुमकु बढावे, तुमारी मोटप सबकु निभावे;**
**एसे हम जानत हे तुमकू, राजी करन तुम आये हो हमकू...११**

બીજામાં રહેલી મોટાઈ આપને કાંઈ આગળ વધારતી નથી; પણ આપમાં રહેલી મોટાઈ સહુને નિભાવે છે, આધારરૂપ થાય છે. અમે આપને

આ રીતના મહાન્ સમજીએ છીએ. અત્યારે તો આપ અમને રાજી કરવા માટે જ પધાર્યા છો. ૧૧. **આ રીતે આપની મોટપ અપાર છે, આપ સમર્થ હોવા છતાં પોતાનું ધાર્યું કરતા નથી.** આ રીતે તે બન્ને દિવ્ય સ્વરૂપો વિનોદ કરતા હતા. આ રહસ્ય તો બ્રહ્માદિ દેવોને માટે પણ અકળ અને તેનો ભેદ ન જાણી શકાય તેવું હતું. ૧૨.

શ્રીહરિ બદરિકાશ્રમમાં પધાર્યા છે એમ જાણીને અન્ય ખંડોના દેવતાઓ પણ શ્રીહરિનાં દર્શન કરવા માટે ત્યાં આવવા લાગ્યા. ૧૩. તે દેવતાઓએ ઘણી પ્રાર્થના કરી. બહુ પ્રેમથી પૂજા કરી, અપાર ફૂલોના હાર લાવીને ઘણા હેતથી શ્રીહરિને પહેરાવ્યા. ૧૪. શ્રીનરનારાયણદેવની સાથે તે બદરીવનમાં ઘનશ્યામ શ્રીહરિએ ત્રણ માસ પર્યંત ભોજનમાં અનાજ લીધું નહિ. સુખધામ મહાપ્રભુએ નિત્ય ધ્યાન-સ્મરણ કરતાં કરતાં તપસ્યા કરી. ૧૫. દયાના નિધિ અને સમગ્ર સુખોનું મૂળ આવા શ્રીહરિ ભક્તોને માટે તો કલ્પતરુ અને ચિંતામણિના સમાન છે. એવા શ્રીહરિએ દર્શન, સ્પર્શ અને ધ્યાન દ્વારા ત્યાંના મુનિઓને ઘણું સુખ આપ્યું. ૧૬. જેના હૃદયમાં જેવી ભાવના હોય તે પ્રમાણે બધા મુનિઓ રોજ આવીને શ્રીહરિની પૂજા કરતા હતા. રાજાધિરાજ શ્રીહરિ નારાયણઋષિની આગળ લોકોને શીખવવા માટે યુગને અનુસારે વર્ણ અને આશ્રમોના ધર્મ અંગે પ્રશ્ન પૂછતા હતા. ત્યારે નારાયણઋષિએ તેની બધી રીત બતાવી.૧૭-૧૮.

પછી વળી, સર્વે અવતારોના કારણ-અવતારી એવા જે શ્રીહરિ તેમને નારાયણ ઋષિ કહેવા લાગ્યા. "વ્યાસ આદિ અનંત મુનિઓ થયા છે અને તેમણે અનંત ગ્રંથો લખ્યા છે. ૧૯. એક એક ગ્રંથમાં અનંત પ્રકારની પૃથક્ પૃથક્ રીતો કહી છે. અને તેમાં પણ પરમ પ્રેમ રસથી તેની બધી રીતો કહી છે.૨૦. બધા લોકોની એક સમાન રુચિ હોતી નથી. એટલા માટે શાસ્ત્રોમાં અનેક પ્રકારની વાતો કહી છે. જે જેવો અધિકારી હોય તે વિચારીને તેને માટે વાત કરી હોય છે. ૨૧. જેમ મનુષ્યની ભૂખ ટાળવા માટે અનેક જાતનું અનાજ કરવામાં આવ્યું છે. તેમ સહુનું હિત સમજીને તેમજ સહુને નિયમમાં રાખવા માટે અનેક પ્રકારની રીતો બતાવી છે. ૨૨.

પ્રત્યેક અન્નનો સ્વાદ ભિન્ન ભિન્ન છે. જેવો અધિકારી હોય તેવા રૂપ અને રસ આદિ વિષયોનો તે ઉપભોગ કરે છે. ૨૩. આ રીતે જ સમજણની બાબતમાં પણ અનંત પ્રકાર છે. જે બુદ્ધિમાન હોય તે વિચારી જુએ છે અને બુદ્ધિહીન હોય તે તો જ્યાં ત્યાં બંધાઈ જાય છે. અને મનુષ્ય દેહને વ્યર્થ ખોઈ બેસે છે. ૨૪. **એટલા માટે આપે અત્યારે સર્વ શ્રેષ્ઠ બ્રાહ્મણ વર્ણની અંદરના ધર્મકુળમાં અવતાર ધાર્યો છે. તેમાં પણ અત્યારે જે આપનો પ્રસંગ-સંપર્ક રાખશે તેનું સંસારનું દુઃખ ટળી જશે. ભવદુઃખ ટાળવા માટે બીજો કોઈ ઉપાય નથી. ઉપાય-સાધન કર્યા વિના કોઈને અભિષ્ટ ફળ મળતું નથી.** ૨૫-૨૬.

મનુષ્ય દેહને પામીને જે જન્મ-મરણના દુઃખને જોવે-વિચારે છે તે જ બુદ્ધિમાનોમાં પણ શ્રેષ્ઠ બુદ્ધિમાન છે. અને તે સિવાયના બીજા બધા તો મનુષ્યજન્મ વ્યર્થ બગાડે છે. ૨૭. ચક્રવર્તી રાજા થાય તોય શું ? દેવ કે દાનવ થાય તોય શું ? પણ જો ચિંતામણિ જેવા દુર્લભ મનુષ્ય દેહને પામી મોક્ષનો ઉપાય ન કરે તો તેણે ચિંતામણિ સમાન આ દેહને ફેંકી દીધો છે. ૨૮. ચિંતામણિ પોતાના ઘરમાં જ પડ્યો છે, પણ તેની ખબર નહીં હોવાથી અજ્ઞાની માણસ રાંક થઈને ઘેર ઘેર ભટકે છે અને ભીખ માગે છે.૨૯. પાપને લીધે અજ્ઞાની મનુષ્યને કાંઈ સુઝતું નથી. તેથી તે અધર્મમાં ધર્મ માને છે. માટે તેવા લોકો આગળ ક્યારેય આગ્રહ કરવો નહિ. કેમ જે, ઋતુ વિના (અનુકૂળ હવામાન વિના) ફળ આવતાં નથી. ૩૦. કદાચ ઝાડ ઉપર ફળ આવે, તેનાથી શું ? કાચું ફળ કામમાં આવતું નથી. કાચા ફળની જાળવણી કરવી પડે છે. જાળવણી વિના તે પાકતું નથી. ૩૧.

તેમાં પણ વૃક્ષની જાતિ જોવી-સમજવી પડે છે. આંકડાના કે ધતૂરાના ફળફૂલમાં ક્યારેય મોહ પામવું નહિ. આપ તો સમર્થ છો એટલે આપના માટે હું આ વાત નથી કહેતો, સાધારણ લોકોને માટે હું કહું છું. ૩૨. આપ તો સમર્થ છો તેથી જે ચાહો તે કરી શકો છો. આપની સામે હું કોઈ દાવો કરતો નથી. આપની કાર્યપદ્ધતિ સહુથી જુદી જ છે. આપ તો જે કરો તે બધું સારું અને સાચું જ હોય છે. ૩૩. માટે હું તો સામાન્ય માણસને માટે આ વિચાર રજૂ કરું છું. જો તે સમજે તો તેને દુઃખ ન આવે. **આપણે જ્યારે**

**બીજાને સુખી કરવા જઈએ તેમાં આપણને પોતાને પણ ઘણું દુઃખ આવી શકે છે.** ૩૪. માટે જેમાં અંતે સુખ થાય તે જ વાત કરવી જોઈએ. જે બાબતમાં ક્યારેય સુખ મળે તેમ ન હોય તે બાબતમાં બુદ્ધિમાન સજ્જને પ્રવેશ કરવો જ નહિ. ૩૫.

**ब्रह्मा भव नारद हि जेसे, तुम बिन समर्थ नहिं कोउ एसे;**
**ताके कलंक कहत हे सबही, कईक जुग हो गहे अबही...३७**

જે બાબતમાં જેને જેટલો અધિકાર હોય, તેણે તે બાબતમાં તેટલો જ વિચાર કરવો. વગર વિચારે જે કામ કરે છે તેની ફજેતી ઘણી થાય છે. ૩૬. આપના સિવાય બ્રહ્મા, શંકર અને નારદ જેવા કોઈ સમર્થ નથી. કેટલાયે યુગ વીતી ગયા છતાં હજી સુધી તેમના કલંકની વાતો સર્વત્ર થયા કરે છે. ૩૭. બીજાં ઘણી જાતનાં કલંક છે પણ નારીનાં કલંક જેવું બીજું કોઈ કલંક નથી. તેમાં પણ ત્યાગીને તો તે બાબતમાં અધિક વિચાર રાખવો જોઈએ. ૩૮. બધાને કલંક લાગે છે પણ આકાશને લેશમાત્ર પણ કલંક નથી લાગતું. જેને વિષયમાં ભોગબુદ્ધિ નથી તે જ વિશેષ અસંગી રહે છે. ૩૯.

**सोरठा : भोग बुद्धि जा मांहिं, कलंक जाननो तितनो तेहि;**
**सुरत रखना तांहि, बिन सुरत लगही कलंक...४०**

જેમાં ભોગ બુદ્ધિ (ભોગની વાસના) હોય તેને તેટલું કલંક લાગે છે. માટે તેણે સાવધાન રહેવું જોઈએ. અસાવધાનને કલંક લાગે જ છે. ૪૦. પરમેશ્વરે બાંધેલી ધર્મમર્યાદામાં જે રહે છે તેને કોઈ પણ કલંક લાગતું નથી. તે મનુષ્ય નિષ્કલંક કહેવાય છે અને તે મનુષ્યને માયા, કાળ તથા જમદૂતનો ભય પણ રહેતો નથી. ૪૧.

***ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના દ્વિતીય પૂરમાં 'શ્રીનારાયણઋષિએ જીવના મોક્ષની વાત કહી' એ નામે ઓગણીશમો તરંગ સમાપ્ત ॥૧૯॥***

## પૂર બીજું : તરંગ - ૨૦

## પુનઃ બદરીનાથ આગમન તથા પંજાબના રાજા રણજીતસિંહનું મિલન

શ્રીહરિએ નારાયણઋષિની વાત સાંભળી, તે વાતને તેમણે માથે ચડાવી લીધી. અને પછી બોલ્યા. ૧. આપ તો ભરત ખંડના રાજા છો. અને હું તો આપનો શિષ્ય છું. મારા મનમાં તપ કરવાની ઈચ્છા ઘણી જ છે. હું મારું શીશ (મસ્તક) આપને અર્પણ કરું છું. ૨. હવે આપ જેમ કહેશો તેમ હું કરીશ. આપ તો સાક્ષાત ઈશ્વર છો અને લોક કલ્યાણને માટે તપ કરો છો. ૩. આપ જે લોકહિતને જાણો છો તેને બીજો કોઈ જાણી શકે નહિ. આપ સહુના પરમ મિત્ર છો. એક મિત્ર પોતાના બીજા મિત્રનું હિત કરે છે. ૪. આ પ્રમાણેનાં શ્રીહરિનાં સુખરૂપ વચન સાંભળીને નારાયણઋષિ અનુપમ વચન બોલ્યા. મરીચિ આદિ ઋષિઓ અને અમને ઉદ્દેશીને દુર્વાસાએ ભારે દુઃખરૂપ શાપ દીધો. ૫. મેં (નારાયણ ઋષિ) જ્યારે આપની પાસે આવીને પૂછ્યું, ત્યારે આપે મને મદદ કરી. અને તેને લીધે જ ઉદ્ધવજી અને મુનિઓએ ચાર ધામોના મધ્ય ભાગમાં જન્મ ધારણ કર્યો છે. ૬. ગિરનાર પર્વતની આસપાસના પ્રદેશમાં તે બધા ઈશ્વરેચ્છાથી આવશે. જેટલાં તીર્થધામ છે તથા વન છે ત્યાં સહુને દર્શન આપવા આપ જાજો. ૭. પછી છેલ્લે પશ્ચિમ ભારતમાં જાજો, ત્યાં આપને ઉદ્ધવ ચોક્કસ મળશે. પહેલાં નારદ મળશે અને પછી ઉદ્ધવ મળશે. ૮. નારદ તથા ઉદ્ધવના શિષ્ય બનજો. અને તેમની આજ્ઞા પ્રમાણે વર્તજો. હે નાથ ! આપને કહેવું તે ઘટતું ન કહેવાય છતાં આપની મરજી જાણીને હું કહું છું. ૯.

નારાયણઋષિની મરજી જાણી સુખદાયક શ્રીહરિ તૈયાર થયા. જુદા પડવાથી લગાર વાર પણ પ્રાણ ન રહે એવું બન્નેને પરસ્પર ઘણું જ હેત થયું. ૧૦. પરસ્પર ઘણું બધું હેત હોવા છતાં આજ્ઞામાં રહેવું એવું બન્ને સંપૂર્ણ રીતે જાણતા હતા. તેથી જ શરીરમાં પ્રાણ ટક્યા. વિયોગને લીધે આંખોમાંથી આંસુઓની ધારા વહેવા લાગી. ૧૧. કંઠ ગદ્ગદ્ થઈ ગયો. કોઈથી કાંઈ બોલાયું નહિ. પરસ્પર મસ્તક નમાવીને પ્રણામ કર્યા. જ્યારે શ્રીહરિને વળાવવા માટે નરઋષિ ચાલ્યા ત્યારે શ્રીહરિએ તેમને પાછા વાળ્યા. ૧૨.

શ્રીહરિએ હિમાચળને સાથે લીધો. બીજું કોઈ સાથે હતું નહિ. શ્રીહરિના ગુણોને સંભારતા સંભારતા નરનારાયણઋષિ પાછા વળ્યા. ૧૩. શ્રીહરિ ગયા પછી તેમના વિના બદરિકાશ્રમ એકદમ સૂનો-ઊજડ લાગવા માંડ્યો. તે દિવસ કોઈને ચેન રહ્યું નહિ. સહુ ઘણા ઉદાસ થઈ ગયા. ૧૪. શ્રીહરિ હિમાચળની આગળ શ્રીનારાયણ ઋષિના મહાન્ ગુણોની વાતો કહેતા ચાલ્યા. હવે ફરીને ક્યારે મળશું, એમ હેતથી સંભારતા હતા. ૧૫.

માનસરોવરને કિનારે અનંત હંસો રહે છે, તે હંસોને અને સરોવરના પાણીને જોવા માટે શ્રીહરિ માનસરોવર ગયા. ૧૬. માનસરોવર ઘણું જ વિશાળ છે તેમાં લાલ કમળો ખીલે છે. અને જળ કુકડાઓ તેમાં કિલ્લોલ કરતા હતા. સરોવરમાં પાણીના તરંગો હિલોળે ચડ્યા હતા. ૧૭. તેના ઉપર સુગંધીમાન પવન વહેતો રહે છે. કમળોમાં ભમરાઓ ગુંજારવ કરતા ઊડે છે. તેને કિનારે અપાર હંસો બેઠા હોય છે. તે બધા મોતીનો ચારો કરે છે. ૧૮. હંસ મીઠી અને મધુરી વાણી બોલે છે. જેમ ધ્યાનમાં મુનિઓ બેસે તેમ બધા બેઠા હોય છે. સરોવરને કિનારે ચોતરફ જાતજાતનાં વૃક્ષ શોભી રહ્યાં હોય છે. ૧૯.

તે વૃક્ષો ઉપર અનંત પ્રકારનાં પંખીઓ બેઠાં હોય છે અને મધુર શબ્દ બોલતાં હોય તે સૌને સાંભળવા ગમે છે. શ્રીહરિ ત્યાં પહોંચ્યા અને માનસરોવરમાં નાહ્યા અને આનંદોલ્લાસમાં મગ્ન થઈ ગયા. ૨૦. હિમાચળ શ્રીહરિને માટે સારાં રસભર્યાં ઘણી જાતનાં પાકાં ફળ તત્કાળ લઈ આવ્યા. શ્રીહરિ ઘણા ભાવથી તે ફળોને જમ્યા. 'આવાં ફળ કોઈ દિવસ મળ્યાં નથી.' ૨૧. આવું બોલીને પ્રસન્ન થયેલા શ્રીહરિએ પ્રસાદીનાં ફળ હિમાચળને આપ્યાં. માનસરોવરે શ્રીહરિ પાંચ દિવસ રહ્યા અને બધા હંસોએ શ્રીહરિનાં દર્શન કર્યાં. ૨૨.

માનસરોવરથી જે સરજૂ નદી નીકળી છે તે અયોધ્યાપુરી સુધી આવી છે. ત્યાંથી શ્રીહરિ ચાલતા થયા. કેટલાક દિવસ ચાલતા રહ્યા. ૨૩. ત્યારે અખાત્રીજ(અક્ષય તૃતીયા)ને દિવસે બદરીનાથના મંદિરે પાછા આવ્યા. ત્યાં દેવ દર્શન કર્યાં. ત્યાંના પૂજારીએ વર્ણીને ઓળખી લીધા. ૨૪. ત્યાંના બધા

લોકો આવીને શ્રીહરિના ચરણોમાં પડ્યા. પગે લાગીને ઘણા હેતથી બોલાવ્યા અને ભોજન લાવીને આપ્યું. ૨૫. ત્યારે શ્રીહરિ તે જમ્યા અને પૂજારીને વાત કહી કે 'મેં અહીં અનાજ ખાધું હતું, તે ફરીને પાછું આજ અનાજ ખાધું.' ૨૬. તે પછી જોષીમઠના બ્રહ્મચારી શ્રીહરિની પાસે આવીને બેઠા. તેમણે અનંત દુ:ખોને ટાળે એવી બધી વાત પૂછી. ૨૭. સુખરૂપ શ્રીહરિએ પછી બધી વાત કહી, જે વાત ક્યારેય કોઈના માપમાં આવે નહિ એવી મહા આશ્ચર્યકારી અને અદ્ભુત હતી. ૨૮. શ્રીહરિ જે રીતે હિમાચળમાં આગળ ગયા અને બદરિકાશ્રમ પહોંચ્યા. તે બધી વાત સવિસ્તાર કહી. તથા બદરીવનની જે શોભા હતી તે બધી તે પ્રમાણે વર્ણવી. ૨૯. નરનારાયણ ઋષિની જે રીત હતી તે પણ ઘણા પ્રેમથી કહી. છ માસ પર્યંત પોતે ફળાહાર કરીને રહ્યા, તે બધી વાત પણ કહી. ૩૦. નરનારાયણ ઋષિ જે રીતે તપસ્યા કરે છે તે બધી વાત પણ કહી સંભળાવી. ત્યાંનાં પશુ-પક્ષીઓની બધી જ પરમ પવિત્ર રીત પણ તેમની આગળ કહી. ૩૧. શ્રીનરનારાયણનો આશ્રમ હમેશાંને માટે એવો છે કે ત્યાં કોઈને ભૂખની પીડા થતી નથી. ત્યાંનો પ્રતાપ જ એવો છે કે ત્યાં કળિયુગનો પ્રવેશ લેશમાત્ર પણ થઈ શકતો નથી. ૩૨. જેવું પોતે સાક્ષાત્ જોયું હતું તે રીતે માનસરોવરની બધી વાત પણ કહી. તે સાંભળીને સહુ લોકોને આશ્ચર્ય થયું અને સહુએ શ્રીહરિના ચરણમાં મસ્તક નમાવ્યાં. ૩૩. બધા એમ બોલતા કે આવી આશ્ચર્યકારી વાત તો અમે ક્યારેય સાંભળી નથી. આ કાંઈ કોઈ જીવનું કામ નથી. ઈશ્વર સિવાય હિમાચળમાં જવાની કોઈથી હિંમત જ થાય નહિ. ૩૪.

**આપણાં પણ ધન્ય ભાગ્ય છે કે આપણને આવા મહાપુરુષનાં દર્શન થયાં છે. ભાગ્ય વિના આવા મહાપુરુષનાં દર્શન થાય નહિ. એ વાત ચોક્કસ સમજવી.** ૩૫. પંજાબ પ્રદેશના રાજા રણજિતસિંહ નામે હતા. જેના સૈન્યમાં બે લાખ ઘોડે સવારો હતા. ઘણા કોશોમાં તેનું રાજ્ય હતું. ૩૬. તેઓ તે વખતે બદરીનાથનાં દર્શન કરવા આવ્યા હતા. તેણે વર્ણિરાજ શ્રીહરિની વાત સાંભળી. તેથી તેને અપાર આશ્ચર્ય થયું. ૩૭. તેઓ વર્ણી શ્રીહરિની પાસે આવ્યા અને ચરણોમાં આળોટી પડ્યા. પછી બોલ્યા, આપ કરોડો ઉપાય

કરો તોપણ હવે હું આપને છોડવાનો નથી. ૩૮. **હું આપનો દાસ છું. અને દાસભાવે જ આપની આગળ વિનંતિ કરું છું. આપ જેમ કહો તેમ હું કરું. ૩૯. અત્યારે લોકોનો ઉદ્ધાર કરવા આપે અવતાર ધાર્યો છે. હું પોકાર કરીને વિનંતિ કરું છું કે મને શરણે આવેલાને આપ તજી દેશો નહિ.** ૪૦.

***ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના દ્વિતીય પૂરમાં 'શ્રીહરિ ફરીવાર બદરીનાથ પધાર્યા અને રાજા રણજિતસિંહનો મેળાપ થયો' એ નામે વીશમો તરંગ સમાપ્ત ॥૨૦॥***

## પૂર બીજું : તરંગ - ૨૧

### પંજાબના રાજા રણજીતસિંહ સાથે વાર્તાલાપ

શ્રીહરિએ રાજા રણજિતસિંહને તે સમયે કહ્યું, અમે તો ભક્તોને વશ છીએ, ભક્તોને પરાધીન છીએ, પણ લગારેય તમારે આધીન નથી. ૧. અમે યોગી છીએ અને તમે રાજા છો. આપણી બન્નેની પ્રકૃતિ ક્યાંથી મળે ? સ્વભાવ પ્રકૃતિ મળ્યા સિવાય હૃદયમાં (હેતનો) પ્રકાશ થતો નથી. ૨. અંતરમાં (સ્નેહનો) પ્રકાશ થાય ત્યારે આપોઆપ ખબર પડી જાય છે. અમને તો વનવાસ ગમે છે અને તમને રાજમહેલમાં રહેવું ગમે છે. ૩. અમે પગપાળા ચાલીએ છીએ અને તમે હાથી ઉપર સવારી કરો છો. આપણામાં જમીન અને આસમાન જેટલો તફાવત છે. સ્વભાવ મેળ ક્યાંથી થાય ? ૪. **અમે આકાશમાં વિહાર કરનારા છીએ અને તમે જમીન ઉપર ફરનારા છો. અમે બધા ભોગોથી વિરક્ત છીએ અને તમે ભોગ વૈભવોમાં રસબસ આસક્ત છો. આપણી સંગતિ કઈ રીતે થાય ?** ૫.

અમારે કોઈ પણ પ્રકારનું વ્યસન નથી અને તમારે તે બધાં જ વ્યસન હોય છે. અમે સ્ત્રીની આસક્તિમાં દોષ બતાવીએ છીએ અને તમને તે કહીએ તો રોષ ઊપજે છે. ૬. બ્રહ્માદિક પર્યંતનાં શરીર, ઘર, સુખ સંપત્તિ, એ બધાંમાં અમે જમપુરીથી પણ વધારે દુઃખ માનીએ છીએ અને તેનાથી પોતાની ખુવારી થાય છે આવું સમજી છીએ. ૭. અને હે રાજા ! તમે તો તે

બધાં સુખોને મેળવવાને માટે તીર્થયાત્રા કરવા નીકળ્યા છો. અને તે માયિક સુખો મેળવવા માટે જ અમને યોગી જાણીને અમારી સેવા કરો છો. અમારે અને તમારે હેત-પ્રેમ થાય નહિ. ૮. **અમારું ધામ તો સત્વ, રજ અને તમ એ ત્રણે ગુણોથી પર છે. અમે તો તે ધામના સુખને ભોગવનારા છીએ. અમે તો ઊઠતા, બેસતા, ચાલતા, ખાતા, પીતા અને સૂતા, બધી જ અવસ્થામાં તે ધામમાં જ છીએ.** ૯. અમે ત્યાં બેસીને ધ્યાન કરીએ છીએ અને ધામમાં રહ્યા થકા જ આ લોકમાં સહુને દર્શન આપીએ છીએ. અમારો એવો અભ્યાસ છે અને અમે તે પ્રકાશને અહીં બેઠા થકા અખંડ દેખીએ છીએ. ૧૦.

**चोपाई :**

**सो सुख कर रेवत हम सुखी, कोउ काल न होवत दुःखी;**
**तेहि विन सुख सब हे दुःखा, जिहाँ दुःख त्यां कबु न सुखा...१२**

તે પ્રકાશને મધ્યે જે મહામનોહર મૂર્તિ શ્રીકૃષ્ણ છે તે અમને તેવા ને તેવા અત્યારે સાક્ષાત્ દેખાય છે. તે મૂર્તિ અમારી આંખોથી એક ક્ષણવાર પણ ક્યારેય દૂર થતી નથી. ૧૧. તે ભગવાનના સુખે કરીને અમે સુખી રહીએ છીએ, કોઈ કાળે અમે દુઃખી થતા નથી. ભગવાન સિવાયનાં જેટલાં સુખ છે તે બધાં દુઃખરૂપ છે. જ્યાં દુઃખ છે ત્યાં ક્યારેય સુખ હોતું નથી. ૧૨. આ શ્રીકૃષ્ણ ભગવાન જ પરમ મોક્ષ છે. તેમનાથી પર કોઈ મોક્ષ નથી. બધી જ સંપત્તિ અને સુખ, આ શ્રીકૃષ્ણ જ છે. ૧૩. અત્યારે ભગવાન અમારા દ્વારા આવીને બોલે છે, તેને તમે કઈ રીતે માનશો ? ખરેખર હું આ સત્ય વાત કહું છું. ૧૪. તમે તે શ્રીકૃષ્ણ ભગવાનને શરણે જાઓ. તેમની પ્રાર્થના કરો કે, તેનાથી જન્મ અને મરણરૂપ સંસાર મટી જાય. તે શ્રીકૃષ્ણ હુકમ કરશે તો અમે આવશું. ૧૫. **જેમ પવનને આધારે પાન ફરકે છે તેમ અમે તો તેમને વશ છીએ. અમારું ધાર્યું કાંઈ થતું નથી. આ વાત ચોક્કસ છે.** ૧૬.

### ❋ શ્રીહરિએ રણજીતસિંહજીને સંસારની અસારતા બતાવી :

તેમની ઈચ્છાથી જ ધાર્યું થાય છે. તેમાં અમારું કાંઈ બળ ચાલતું નથી. જ્યારે તમારું ધાર્યું થાય નહિ, ત્યારે તમે આવો દૃઢ વિચાર કરજો. ૧૭. તે ભગવાનનું 'સત્યસંકલ્પ' એવું નામ છે. અને તેમનું ધામ અપાર સુખમય

છે. ત્યાં લેશમાત્ર પણ દુઃખ ક્યારેય હોતું નથી. તેથી ત્યાં ક્યારેય અંતરમાં કલેશ થતો નથી. ૧૮.

**ज्युं यह लोक में लेश न सुखा, अंत्ये आगे दुःख को दुःखा;**
**दुःख में सुखकर मानत जेहा, सो पशुवत मानना तेहा...१९**

જેમ આ સંસારમાં લેશમાત્ર પણ સુખ નથી. પહેલાં કે છેલ્લે દુઃખનું દુઃખ જ છે. જે દુઃખમાં પણ સુખ માને છે તેને તો પશુના જેવો જાણવો. ૧૯. આ લોકનું અલ્પ સુખ પણ દુઃખથી ભરેલું હોય જ છે. એવાં દુઃખ ભર્યાં સુખમાં મનુષ્ય ખૂંત્યો રહે છે. છાણનો કીડો હોય તે છાણમાં જ સુખ માને છે. ૨૦. આવી આ જગતની રીત છે. તેથી તેની સાથે અમને હેત થાતું નથી. તમે જો અમારી મરજી અનુસારે વર્તો પણ અમે જો તમારી મરજીને સાચવી ન શકીએ. ૨૧. અને તમારું ધાર્યું ન થાય તો પણ તમારે તે બાબતે ક્યારેય ક્રોધ આવવો જોઈએ નહિ. અમે તો ભગવાનને આધીન વર્તીએ છીએ. અમે અમારા તન, મન ભગવાનને અર્પણ કરી દીધાં છે. ૨૨.

માટે ઉપર કહ્યા પ્રમાણે તમે વર્તી શકો તો અમે તમારી સાથે આવીએ. તે પણ ભગવાનની ઈચ્છા હોય ત્યાં સુધી આવીએ અને ભગવાન કહે એટલે પાછા ફરી જઈએ. ૨૩. તમે ભગવાનથી મોટા કહેવાઓ નહિ. તમે પણ તેમનું આપેલું જ ખાઓ છો. તે ભગવાન જ્યારે હુકમ કરે છે ત્યારે તેમનો હુકમ ચોક્કસપણે પાછો ફરતો નથી. જ્યારે તેઓ હુકમ કરે છે ત્યારે બ્રહ્મા, ભવ, ઈન્દ્ર વગેરે દેવો, દાનવો અને બીજા રાજાઓ પણ તેમના હુકમને માન આપે છે અને તે હુકમ પ્રમાણે ચાલે છે. કેમ જે, ભગવાનની આગળ બીજો કોઈ પણ મોટો નથી, સમર્થ નથી. ૨૪-૨૫. મોટાં મોટાં સરોવર પણ સાગરથી મોટાં ન હોય, તેમ કોઈ ગમે તેવો મોટો હોય તો પણ તે ભગવાનથી મોટો ન હોઈ શકે. એમ કવિઓ કહે છે. હે રાજા ! એમ તમે જાણી લેજો. ૨૬.

તે સમયે રાજા રણજિતસિંહે હાથ જોડી નમસ્કાર કરીને શ્રીહરિને કહ્યું, ‘અત્યારે હું આ એક નિયમ લઉં છું કે, આપ વર્ણી પોતાની મરજી પ્રમાણે રહો. જેમ કોઈ આકાશ માર્ગે ચાલે તો તેને કોઈ રોકી શકે નહિ તેમ આપ

કોઈના બંધનમાં નથી. માટે હવે આપ પોતાની ઇચ્છા હોય તેમ કરો. ૨૭-૨૮. રાજાનો શુદ્ધભાવ જોઈને પછી શ્રીહરિએ તેમને કહ્યું, હે નૃપ, હવે તમે આગળ ચાલો. અમે તો અત્યારે ધીમે ધીમે ચાલી આવીએ છીએ. ૨૯. જે ગંગોત્રી તીર્થ છે. તેની યાત્રા કરવાની અમારી ઇચ્છા છે. પગે ચાલીને યાત્રા કરવી તેનું ઘણું મોટું ફળ હોય છે. ૩૦. અમે જ્યારે તમારા શહેરમાં આવશું ત્યારે તમને ખબર આપશું. જો તમે આપણા આ મેળાપને ભૂલી નહિ જાઓ તો અમે ચોક્કસ તમારે ત્યાં આવશું. ૩૧.

આટલું કહીને શ્રીહરિએ રાજાને વિદાય આપી. વિચક્ષણ રાજા પણ પગે લાગીને ચાલતા થયા. 'શ્રીહરિને હાથી ઉપર બેસાડીને લઈ જવા' આવા બધા જે રાજાના સંકલ્પ હતા તે તૂટી ગયા. ૩૨. તેઓ નિરાશ થઈ ચાલતા થયા. તેની ઘણી ઇચ્છા હતી તે એમનમ છુપી રહી ગઈ. હૃદયમાં અસંતોષની જ્વાળા સળગી અને બળતરા થવા લાગી. તત્કાળ ચિંતા જ્વર આવ્યો. ૩૩. ખાવાનું, પીવાનું અને વાહન છોડી દીધાં. નિપુણ રાજા ડોળીમાં બેઠા. રાજાએ પોતાના માણસોને કહ્યું, જ્યારે વર્ણી દૃષ્ટિ આગળ દેખાય ત્યારે જ હૃદયમાં કાંઈક સુખ-શાંતિ થશે. હું આ વાત કોને કહું ? કોઈ જઈને વર્ણીને અહીં લઈ આવો. હું તેમને આ મારું રાજ્ય આપી દઉં. ૩૫. આવી ઝંખના કરતા કરતા તેઓ હરદ્વાર પાછા આવ્યા. ત્યાં સંભારવાથી વર્ણિવર શ્રીહરિ મળ્યા. દર્શન થવાથી રાજાને ઘણો આનંદ થયો. અને દર્શન થતાની સાથે જ ચિંતાજ્વર ઊતરી ગયો. ૩૬.

**જેમ એકવાર નીકળી ગયેલા પ્રાણ પાછા આવે તેમ તે વખતે રાજાને થયું. કંઠ અત્યંત ગદ્‌ગદ થઈ ગયો અને આંખોમાંથી આંસુઓની ધાર થવા લાગી.** ત્યારે શ્રીહરિએ હસીને કહ્યું, 'મને ભૂખ ઘણી લાગી છે. જે ભોજન તૈયાર હોય તે લાવો, અન્ન છે તે પ્રાણોનો આધાર છે.'૩૮. ત્યારે તત્કાળ જ જે ભોજન તૈયાર હતું તે સોનાના થાળમાં ભરી ભરીને લઈ આવ્યા. ત્યારે શ્રીહરિ તે પ્રેમથી જમ્યા. ૩૯. પછી શ્રીહરિએ જેટલા થાળ લાવ્યા હતા તે બધા ત્યારે રાજાને આપ્યા. અને બોલ્યા કે, 'અમે જેમ કહ્યું તેમ જો તમે કરશો તો અમે ફરીવાર તમારી પાસે આવશું.' ૪૦.

*ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના દ્વિતીય પૂરમાં 'શ્રીહરિ ફરીવાર હરદ્વાર આવ્યા અને રાજા રણજિતસિંહ સાથે વાર્તાલાપ કર્યો' એ નામે એકવીશમો તરંગ સમાપ્ત ॥૨૧॥*

## પૂર બીજું : તરંગ - ૨૨

### પુનઃ અયોધ્યા આવી, મુક્તનાથનાં દર્શન કરવા કાળા પર્વત તરફ પ્રયાણ

શ્રીહરિએ જે વાત કહી તેને રાજા રણજિતસિંહજીએ સાંભળી. તેથી તેમને અંતરમાં અતિ શાંતિ થઈ. અને મનમાં ખૂબ જ પ્રસન્ન થયા. ૧. પછી રાજાએ હાથ જોડીને કહ્યું, 'આપ નિર્બંધ યોગી છો. હું તો મહામોહની ગૂંચવણી ભરી જટિલ જાળમાં ફસાઈને બંધાઈ ગયો છું. ૨. મેં આપનું શરણ લીધું છે. હવે આપના નામનું જ રટણ કરું છું. અને આપને જ આધીન થયો છું. હવે તો આપ જેમ કરશો તેમ થાશે. ૩. આપની આ મૂર્તિ દિનરાત મારા હૃદયને મધ્યે રહે. રાજ્ય, સંપત્તિ, સુખ અને ઘર, એ બધામાં દિન પ્રતિદિન અનિત્યતા (નાશવંતપણું) સમજાય.' આવી રણજીતસિંહે પ્રાર્થના કરી. ૪. રણજિતસિંહ રાજાને શાંતિ થાય, એટલા માટે વર્ણિમહારાજ ત્યાં બે દિવસ રહ્યા. અને તેને ખૂબ જ હેતથી વાત કહી, જેને લીધે તેનો મોક્ષ થાય. ૫. જે મનુષ્ય ધર્મમાં ભાવના (મતિ) રાખે છે તેની લોકમાં બધે કીર્તિ થાય છે. તેમાં ધર્મ તો અનંત પ્રકારનો છે. ગણતા ગણતા તેનો પાર આવતો નથી. ૬. જે ધર્મ માત્રનું મૂળ છે, એવા ધર્મને રાખવો જોઈએ. તે ધર્મ હું તમને કહું છું કે, જે ગુપ્તમાં પણ અતિ ગુપ્ત છે. ૭.

આ દુનિયામાં જે રાજામાત્ર કહેવાય છે તે બધા (ઈતિહાસ પુરાણના) ગ્રંથોમાં લખાયા છે. તે ગ્રંથોમાં જે ઘણા યશસ્વી રાજા થયા છે તેમની રીત લખી છે. ૮. અને જે રાજાઓ અપકીર્તિરૂપ થયા છે તે બધાની રીત પણ લખી છે. યશસ્વી અને અપકીર્તિવાળા એ બન્ને રાજાઓનો વિચાર કરીને અંતરમાં તપાસ કરવો જોઈએ. અને પછી જે યશસ્વી રાજાઓ થયા છે, તેનો માર્ગ

ઉત્સાહથી સ્વીકારવો જોઈએ. ૯. જે કીર્તિમાનને માર્ગે ચાલે તેની કીર્તિ વધે છે અને તેની ક્યારેય અપકીર્તિ થતી નથી. જે અહિંસા ધર્મ કહેવાય છે તે સર્વે ધર્મોમાં મુખ્ય છે. ૧૦.

જે અત્યારના રાજાઓ છે તે બધા દાન અને પુણ્યનું કામ ઘણું જ કરે છે. તીર્થયાત્રા કરે છે, અનેક પ્રકારનાં વ્રતોને કરે છે કે જેની ઉપમા આપી શકાતી નથી. ૧૧. પણ તે રાજાઓ જ્યારે હિંસામાં રુચિ રાખે છે ત્યારે તેમણે કરેલાં દાન, વ્રત, તીર્થ આદિ બધાં પુણ્યકર્મ બળીને ભસ્મ થઈ જાય છે. તે રીતે જ કેટલાક વિપ્ર ભણી ગણીને સારા વિદ્વાન્ થાય છે પણ તેઓ દુરાચારી થઈ જાય છે. ૧૨. અને તે વિપ્રો હિંસા કરવામાં અનંત સુખ મનાવે છે. તેમજ હિંસા કરવાથી તેના ફળ સ્વરૂપે જે દુઃખ થાય છે તેને કહેતા નથી. અને રાજાઓ પણ પોતાની બુદ્ધિથી તેને વિચારીને જોતા નથી. ૧૩. **પરંતુ જ્યારે સ્ત્રી અને ધનથી દૂર રહેનારા તથા જગતના સુખને નહિ ચાહનારા એવા શુદ્ધ સંત જીવને મળે છે ત્યારે તેને સંસારના બંધનથી છોડાવે છે.**૧૪. જેને પ્રગટ ભગવાનની દૃઢ ઉપાસના હોય છે તેઓ ક્યારેય ભગવાનને નિરાકાર માનીને ભજતા નથી. કેમજે, તે ભગવાન સદા મૂર્તિમાન જ છે. ૧૫.

**सोरठा : जेसे हम देखात, तेसी हे मूर्ति सो तेहि;**
**जेसि हमारी वात, तेसी हे सो वात तेहि...१६**

જેવા હાલ અમે તમને દેખાઈએ છીએ તેવી જ તે ભગવાનની મૂર્તિ છે. અને જેવી અમારી વાત છે તેવી જ તેમની તે વાત છે.૧૬.

**चोपाई :**

**हम मिले सो मिल चुके ताई, ध्यान सो रखना उर सदाई;**
**यह मूर्ति विन अवर हि जेता, देखे सुने में जो आवत तेता...१७**

અમે તમને મળ્યા તેથી તે પરમાત્મા તમને મળી જ ચૂક્યા છે. હવે આ મૂર્તિનું સદા અંતરમાં ધ્યાન કરતા રહેજો. આ મૂર્તિ સિવાયનું બીજું જેટલું કાંઈ જોવામાં કે સાંભળવામાં આવે તે બધું જ અંતે નાશ થઈ જશે. માટે તેની ક્યારેય આશા રાખવી નહિ. આ મૂર્તિ સિવાયની બીજી આશા

કંઈ કામમાં આવવાની નથી. કેમજે, ભગવાન સિવાયની બધી જ આશાઓ જીવને બંધન કરાવે છે. ૧૭-૧૮.

**श्रीहरि में सुख हे जेसा, ओर में कबु नहिं हे लेशा;**
**ओर में सुख जाने त्यां लगही, भवबंधन न छुटे त्यां लगही...१९**

શ્રીહરિમાં જેવું સુખ છે તેવું સુખ ક્યારેય બીજા કોઈમાં લેશમાત્ર પણ નથી. બીજામાં જ્યાં સુધી સુખ મનાય છે ત્યાં સુધી ભવબંધન છૂટતું નથી. ૧૯. શ્રીહરિની આટલી વાત સાંભળી એટલે રાજા રણજીતસિંહને મનમાં અતિશય સુખ-શાંતિ થઈ. પછી રાજા પોતાના દેશમાં ગયા અને શ્રીહરિ પાછા અયોધ્યા આવ્યા. ૨૦.

### ✳ વર્ણિરાજનું કાળા પર્વત તરફ વિચરણ :

ત્યાં થોડા દિવસ છાના રહી પાછા ચાલ્યા ગયા. પછી શ્રીહરિ મુક્તનાથનાં દર્શન કરવા માટે ઈશાન કોણ તરફ ચાલ્યા. ત્યારે ચાલતા ચાલતા જ્યાં મોટો કાળો પર્વત છે ત્યાં આવ્યા. ૨૧. તે પર્વત ઘણો વિશાળ હતો. તેના ઉપર અનંત વૃક્ષો હતાં. પશુઓ તેમાં એટલાં ફરે છે કે તેનો ગણ્યે પાર આવે નહિ. જેટલી મનુષ્યની જાતિ કહેવાય છે તેમાંથી એક પણ મનુષ્ય ત્યાં જોવા મળતા નહિ. ૨૨. શ્રીહરિ તે કાળા પહાડના વનમાં પહોંચ્યા. પોતાની સાથે બીજો કોઈ માણસ પણ ન હતો. કાળા પર્વતની જે તળેટી તે તો વનથી ઘણી જ ઘાટી હતી. તેને શ્રીહરિએ જોઈ. ૨૩. જ્યાં સૂર્યનો પ્રકાશ પણ ઊંડો ઊતરી શકતો નથી ત્યાં જઈને શ્રીહરિએ નિવાસ કર્યો. વન અને પહાડ તો અતિ ઘોર અને ભયંકર હતા; પણ તેને દેખીને તો શ્રીહરિને અતિશય આનંદ થયો. ૨૪.

ફળ-ફૂલ, કંદ-મૂળ કે પત્ર-ફળ જે મળે તે જમી લેતા અને મનમાં અતિશય આનંદ માનતા. ૨૫. અત્યંત સ્વાદુ, કોમળ અને રસાળ સોનેરી કેળા ત્યાં બહુ થતા હતા. તેને શ્રીહરિ નિત્ય જમતા હતા. ૨૬. નિર્મળ નીરવાળી નદીઓ ઠેકાણે ઠેકાણે વહેતી હતી અને અનેક જાત-ભાતનાં પશુઓ અને પંખીઓનાં ટોળેટોળાં તે વનમાં રહેતાં હતાં. ૨૭. સિંહ તથા વાઘનો

કોઈ પાર ન હતો. જંગલી ભૂંડ તથા જંગલી પાડા, હાથી, રીંછ, ભીંછ (એક જંગલી જનાવર) અને ગેંડા, પોતપોતાની જાતિના અતિ શબ્દો કહી રહ્યા હતા. ૨૮. તેમાંએ જ્યારે કેસરી સિંહ તાડૂકતા હોય ત્યારે તેના પડછંદાથી વન અને પહાડો ગાજતા હતા. ચમરી ગાયો, રોઝ, સાબર અને શિયાળ, જંગલી પશુઓનાં ટોળેટોળાં ઘૂમતાં ફરતાં હતાં. ૨૯. વરું, વાનરા, ભૂરા હરણ, કસ્તૂરિયા મૃગ, એ બધાં ભેળાં રમતાં હતાં. ત્યાંની પથરાળ જમીન ઉપર અપાર કાંકરા હતા. સુકોમળ ચરણોવાળા શ્રીહરિ ત્યાં વિચરતા હતા. ૩૦. તીખી અણીવાળા (કરડા) કાંટા જમીન ઉપર પથરાયેલા હતા. ત્યાં પગમાં કાંઈ જ પહેર્યા વિના શ્રીહરિ ચાલતા હતા. ભૂત, પ્રેત કે દૈત્ય, કોઈનાથી તેઓ ડરતા નથી. આત્મસત્તારૂપે થઈને શ્રીહરિ વનમાં ફરતા હતા. ૩૧.

શ્રીહરિ ગર્વરહિત અને અતિશય દયાળુ હતા. અતિશય કુશાગ્રબુદ્ધિ વાળા હતા. જે કાંઈ ફળ-ફૂલ મળે તે જમતા. કાંઈ ન મળે ત્યારે પાણી પીને ચલાવતા. ૩૨. કોઈ દિવસ કંદમૂળ મળે તો દેવને નૈવેદ્ય ધરાવીને પ્રવીણ શ્રીહરિ જમતા. ક્યારેય ઘરને સંભારતા નહિ. વનમાં જ ઘણો આનંદ માનીને ફરતા. ૩૩. રાજર્ષિ ભરતજીના આખ્યાનનો મનમાં વિચાર કરતા, અને તેથી ખૂબ જ અસંગ-અનાસક્ત રહેતા. તે બધા વનને દેખતા દેખતા તે વખતે શ્રીહરિ પુલહાશ્રમ તરફ ચાલ્યા. ૩૪.

શ્રીહરિને તપ કરવાનો ભારે ઈશક હતો. વિચાર કરીને શરીરમાં ત્યાગ-વૈરાગ્ય રાખતા. એકવાર ચાલતા ચાલતા રસ્તો ભૂલી ગયા. છતાં મનમાં તો ઘણો જ ઉત્સાહ હતો. ૩૫. પછી દિશાનું અનુસંધાન રાખીને ચાલ્યા. પોતાના શરીરનું કાંઈ ભાન રાખ્યું નહિ. એમનામ ત્રણ દિવસ જતા રહ્યા છતાં પાણી કે ફળ વગેરે કાંઈ મળ્યું નહિ. ચોથે દિવસ શરીર અત્યંત ક્ષીણ (ઢીલું) થઈ ગયું. ૩૬. તેથી જમીન ઉપર ઢળી પડ્યા. મૂર્છા બે ઘડી રહી. ચેતના આવી ત્યારે ઊભા થયા. ચારે દિશાઓ તરફ દૃષ્ટિ કરી. ૩૭. દૂર એક નદી દેખાણી. ત્યારે ધીરે ધીરે તે તરફ ચાલ્યા. પહેલા નદીમાં સ્નાન કર્યું. પછી હરખાઈને દેવપૂજા કરી. ૩૮. પછી જળપાન કર્યું, તરશ છીપાઈ તેથી શરીર(મન)માં થોડી ધીરજ આવી. પછી જોયું તો નજીકમાં જ એક

મોટું વડલાનું ઝાડ હતું. ૩૯. તે ઝાડના થડ પાસે બેઠા. સૂર્ય આથમી ગયો. સંધ્યાવંદન કરીને નારાયણકવચનો પાઠ કરવા લાગ્યા. ૪૦.

*ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના દ્વિતીય પૂરમાં 'પુનઃ અયોધ્યા આવી મુક્તનાથનાં દર્શન કરવા કાળા પર્વત તરફ પ્રયાણ કર્યું' એ નામે બાવીશમો તરંગ સમાપ્ત ॥૨૨॥*

## પૂર બીજું : તરંગ - ૨૩

### શ્રમિત વર્ણીનો વડ નીચે વિરામ, રાતે આવેલા ભૂત-ભૈરવનો હનુમાનજી દ્વારા પરાજય અને શ્વેતગિરિ જતા ગંગા કિનારે આવ્યા

'ઘોર વનમાં વડલાના ઝાડ નીચે આવીને શ્રીઘનશ્યામ-વર્ણી બેઠા. હવે તે પછીની વાત મને કહો. મને તે સાંભળવામાં ઘણો ઉત્સાહ છે.' ૧. આવું જ્યારે ઉત્તમ રાજાએ શ્રીમુક્તાનંદ સ્વામીને પૂછ્યું ત્યારે તેઓ અત્યંત પ્રેમ મગ્ન થઈને તેને કહેવા લાગ્યા. ૨. હે ઉત્તમ રાજા, તમે સાંભળો. તમે જે મને પૂછ્યું, તે હવે કહું છું. શ્રીહરિનાં બધાં ચરિત્ર એવાં છે કે, તે સાંભળવાથી આનંદ ઘણો જ વધે છે. ૩. અત્યંત ભયંકર વન જોઈને શ્રીહરિએ વાયુપુત્ર હનુમાનજીને સંભાર્યા. તેથી મહાબળવાન હનુમાનજી બટુકના જેવા વેશમાં આવીને બેસી ગયા. ૪. હનુમાનજી આવીને શ્રીહરિના ચરણોમાં પડ્યા. તેમના મનમાં આજ ઘણો આનંદોત્સવ છાયો હતો. આસો માસની સુદિ આઠમની તિથિ હતી. રાત ઘણી ભયંકર જણાતી હતી. ૫. તેમાંએ પાછલી રાત ઘોર અંધારી હતી. ચારે બાજું સિંહ હૂંકારા કરતા હતા. તેથી વન ઘણું ભારે ભયંકર લાગતું હતું. ડરાવી દે તેવાં અપાર ભૂતો ઘૂમતાં હતાં. ૬. અપાર વાનરો ભયાવહ રીતે બોલતા હતા. અનેક વૈતાલ અને વૈતાલી નાચતાં હતાં. વનમાં હોહોકાર થતો હતો અને અનેક ટીડ તથા તમરાં બોલતાં હતાં. ૭.

આકાશમાં ઘનઘોર મેઘ ગર્જના થતી હતી, ચારે કોર ઠેકાણે ઠેકાણે વીજળીના ઝબકારા થતા હતા. એકધારો વરસાદ વરસવા લાગ્યો. નદીમાં અપાર પૂર આવ્યું. ૮. અનંત યક્ષો, રાક્ષસો, રાક્ષસીઓ, અને બળવાન

દાનવો અને દૈત્યો ત્યાં ઘૂમતાં હતાં. અને જ્યારે વીજળી થાય ત્યારે તેના અજવાળામાં ચોતરફ પાસે ઘૂમતાં દેખાતાં હતાં. ૯. તે દેખીને શ્રીહરિને લેશમાત્ર પણ ભય લાગતો નહિ. હમેશાં શ્રીકૃષ્ણનું ભજન કરવામાં નિમગ્ન રહેતા હતા. તે સમયે ત્યાં એક ભયંકર ભૈરવ આવ્યો. તે પોતાની સાથે ઘણાં ભૂતોને અને પિશાચોને લાવ્યો હતો. ૧૦. તેની સાથે આવેલી ડાકણ, શાકિની, પિશાચણી અને ભૈરવીનો તો કોઈ પાર જ ન હતો. સળગતા અંગારા જેવી તેની આંખો લાલ લાલ દેખાતી હતી. હરેકના હાથમાં ત્રિશૂળ ધારેલાં હતાં. ૧૧. તે બધાં ભયંકર અને કદરૂપાં લાગતાં હતાં. મહાન પાપમય અને દુઃખ ભરેલા કૂવા જેવા હતા. તેમાં ભૈરવ અત્યંત ભયંકર કાળો કાળો અને ઊંચે આકાશમાં વધેલો વિકરાળ લાગતો હતો. ૧૨. તેનું વિકરાળ મોઢું ફાડેલું હતું. તેમાં દાંત ઘણા લાંબા દેખાતા હતા. પશુ, પંખીઓ અને મનુષ્યોને ભરખી(ખાઈ)ને તે સમયે આવ્યો હતો. ૧૩.

હજારો (તામસ) દેવીઓની સાથે તે વડની પાસે આવ્યો. તેનું બધું શરીર લોહીથી લથબથતું હતું તેની ચારે બાજુ ઘણી દુર્ગંધ ફેલાતી હતી. ૧૪. તેણે આવતાની સાથે તત્કાળ અત્યંત ઉગ્ર પડકારો કર્યો, માનો એ મૂર્તિમાન કાળ ન હોય ? તેને દેખતાની સાથે બધાં વૃક્ષો અને પહાડો ધ્રૂજી ઊઠ્યાં. ૧૫. ભૈરવની સાથે બધાં ભૂતોની સેના હતી. તેણે કેટલાએ પશુઓ અને પંખીઓને મારીને ઉઠાવેલાં હતાં. ભૈરવ અને બધાં ભૂતો તે વડના ઝાડમાં કાયમ રહેતાં હતાં. અને તેથી જ ત્યાં વર્ણીને દેખીને તેઓ અત્યંત કોપ્યાં. ૧૬. આ ભૈરવનો વટવૃક્ષમાં નિવાસ બીજાઓને માટે ત્રાસરૂપ હતો, જે અહીંયાં આવતા, તેઓનો તે નાશ કરતો. તે ભૈરવ પોતાનો ખોરાક લેવા ગયો હતો. અહીં પહોંચતાની સાથે જ તેણે ભયંકર ત્રાડ મારી. ૧૭. **તેના અવાજને સાંભળીને બધાં જ જંગલના પ્રાણીઓ તે જગ્યા છોડીને ભાગી ગયાં, એટલે હનુમાનજી દોડીને તેની સામે ગયા. હનુમાનજીએ અત્યંત જોરદાર કિલકાર કર્યો.** ૧૮. હનુમાનજીનો શબ્દ સાંભળીને અપાર ભૂતો અને પ્રેતો તે સમયે જ દશે દિશાઓમાં ભાગી ગયાં. અને તે ધ્વનિ વન, પર્વત અને આકાશ સુધી ચોતરફ છવાઈ ગયો. ૧૯. શ્રીહરિ ધ્યાનમાંથી જાગી ગયા. લેશમાત્ર

પણ ડર્યા નહિ. જેવા બેઠા હતા તેવા જ શાંતભાવે નિધડક બેસી રહ્યા. તેમને જોઈને તે ભૈરવને ઘણો જ ક્રોધ વ્યાપી ગયો. ૨૦. ભાગી ગયેલાં ભૂતો અને પ્રેતોને તેણે પાછા બોલાવ્યાં, તેના મનમાં અહંકાર ભરાઈ ગયો. સહુને એવી આજ્ઞા કરી કે 'આ વર્ણીને આ જ ક્ષણે તત્કાળ ખાઈ જાઓ. ૨૧.

આ બાળક બટુકને તમે પ્રેમથી ખાઈ જાઓ. સરસ રીતે તેનું લોહી પીવો. અત્યારે ત્રિશૂળ મારીને તેનું માંસ ખાઓ.' આવું બોલતો ભૈરવ તે વખતે વર્ણીની પાસે આવ્યો. ૨૨. ભૂતોને અને પ્રેતોને પણ આજ્ઞા કરી કે, 'તમે આ વાનરને મારીને તેનું માંસ ખાઓ.' ત્યારે મહાવીર હનુમાનજીએ ગર્જના કરી અને શરીર પર્વતના જેવું વિરાટ્ કર્યું. ૨૩. ભૂતોની અને પ્રેતોની બધી સેનાને પૂંછથી બાંધીને તેને ભેળી કરી લીધી. તેને પગની પાટુથી મારવા લાગ્યા. ત્યારે તે ભૂતો અને પ્રેતો 'હાય હાય ! મરી ગયા...' એમ બોલવા લાગ્યા. ૨૪. તેમને મોતના જેવું અત્યંત દુઃખ થયું. રડતા રડતા બેહાલ થઈ ગયા. તે સમયે તે બધાં કુબુદ્ધિ ભૂતો પોતાના પ્રાણ બચાવવાને માટે ભાગવા લાગ્યાં. ૨૫.

ભૂતોના પતિ ભૈરવને ઘણો બળવાન જાણીને હનુમાનજીએ પોતાના બન્ને હાથની મૂઠીઓ મારીને તેનું માથું ફોડી નાંખ્યું. ૨૬. માથું ધડમાં ઘૂસી ગયું, મુખમાંથી અને નાકમાંથી લોહી વહેવા લાગ્યું. જેમ કોઈ મોટા પહાડની ખડક પડે તેમ તે ભૈરવ જમીન ઉપર પટકાઈ પડ્યો. ૨૭. ભૈરવ જ્યારે જમીન ઉપર પડ્યો ત્યારે મહા ભયકંર અવાજ થયો, ત્યારે કરોડો દેવતાઓ વિમાનમાં બેસીને આવ્યા અને જય જયકાર કરવા લાગ્યા. ૨૮. વાનરરાજ હનુમાનજીનું ઘણું મોટું સામર્થ્ય દેખીને તે સમયે શ્રીહરિ રાજી થયા. તેમને મસ્તકે બન્ને ચરણકમળ સ્થાપ્યાં અને બાથમાં લઈને ભેટ્યા. ૨૯. પાછલી રાતનો એક પહોર રહ્યો હતો. પછી જ્યારે અરુણોદય થયો ત્યારે શ્રીહરિ નદીએ ગયા. ત્યાં સ્નાન કર્યું. આસને આવીને સંધ્યા કરી. ૩૦. તેટલીવારમાં હનુમાનજીએ પાકાં મીઠાં ફળ લાવી આપ્યાં, તે ભગવાનને ધરાવ્યાં. આમ, ચોથો દિવસ થયો ત્યારે શ્રીહરિ તે ફળોની પ્રસાદી જમ્યા. ૩૧. વર્ણીએ હનુમાનજીને ધન્યવાદ કહ્યા. આજ તમે અમારી ઘણી સેવા કરી. જો તમે આજ અહીંયાં ન આવ્યા હોત, તો અમારું મોત થયું હોત. ૩૨.

**चोपाई :**

**अब जब स्मरन करे तुमारे, साय करन आवना हमारे;**
**तब हनुमंत बोलत भयेऊ, तुमारो साम्रथ तुमने दियेऊ...३३**
**तुम हो प्रभु काल के काला, में क्या करी शकु रखवाला;**
**तुम प्रभु मोय संभारोगे जबही, तरत ही आवहु अब तबही...३४**

હવે પછી હું જ્યારે તમને સંભારું, ત્યારે મને સહાય કરવા તમારે આવવું. ત્યારે હનુમાનજીએ કહ્યું, ‘આ સામર્થ્ય તો આપનું છે અને આપે જ મને આપ્યું છે. ૩૩. હે પ્રભુ ! આપ તો મહાસમર્થ છો, કાળના પણ કાળ છો, હું આપનું રક્ષણ શું કરી શકું ? હે પ્રભુ ! આપ જ્યારે મને સંભારશો ત્યારે હું આ વખતની જેમ તુરંત સેવામાં આવીશ.’ ૩૪. આવું બોલીને હનુમાનજી ચાલતા થયા અને મહાપ્રભુ શ્રીહરિ ઉત્તર દિશામાં ચાલતા થયા. સ્વયં જ્યાં જ્યાં જઈને રહેતા ત્યાં રાતે નિર્ભય થઈને સૂતા હતા. ૩૫. ફળ, ફૂલ, અન્ન, જળ અણ ઈચ્છાએ મળતું તેને શ્રીહરિ ખાતા-પીતા હતા. આમ કેટલાએ દિવસ ચાલ્યા ત્યારે તે કાળો પહાડ ઉલ્લંઘન કરાયો. ૩૬.

પછી શ્વેત (સફેદ) પહાડ આવ્યો. તેનાં શિખર ઘણાં ઊંચાં આકાશમાં હતાં. અવિનાશી એક શ્રીહરિએ તે શિખરોને જોયાં. ૩૭. તે પર્વતમાં સાતે ધાતુઓની ઘણી ખાણો હતી. દેવતાઓને અને તપસ્વીઓને રહેવા યોગ્ય ઘણી મોટી મોટી ગુફાઓ પણ તેમાં હતી. ૩૮. ત્યાં એવું ઘાટું વન હતું કે તેમાં રહેનારાને સૂર્ય કે ચંદ્રમા દેખાતા નહિ. કોઈ માર્ગ પણ સૂઝે નહિ એવું તે અતિ ઘાટું વન હતું. ૩૯. વર્ણિરાજ તે વનમાં ભૂલા પડ્યા પણ ઉત્તર દિશા તરફ ચાલતા રહ્યા. જ્યાં ગંગાનદી આવી ત્યારે ત્યાં વર્ણી રાત રોકાયા. ૪૦.

***ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના દ્વિતીય પૂરમાં ‘શ્રમિત વર્ણીનો વડ નીચે વિરામ, રાતે આવેલાં ભૂત-ભૈરવનો હનુમાનજી દ્વારા પરાજય અને શ્વેતગિરિ જતા ગંગા કિનારે આવ્યા’ એ નામે ત્રેવીશમો તરંગ સમાપ્ત ॥૨૩॥***

## પૂર બીજું : તરંગ - ૨૪

### શ્રીહરિ શ્વેતગિરિ ઓળંગી પુલહાશ્રમમાં પધાર્યા અને તપ શરૂ કર્યું

શ્રીહરિનો ત્યાગ-વૈરાગ્ય અતિશય હતો. તેમની સમાન એવો બીજો કોઈ નથી. તેની વાત હું મુખથી કેટલી કહું ? મારાથી તે વાત પૂરેપૂરી કહી શકાતી નથી. ૧. **ભૂલથી પણ લગારેક પણ ક્યારેય પોતાને દેહરૂપ માનતા નહિ. શરીર તો ઈશ્વરેચ્છાથી રહ્યું હતું. પોતે તેની સંભાળ રાખતા નહિ.** ૨. વર્ણીએ પોતાના શરીરને ગંગામાં જેમ લાકડાને ફેંકે તેમ ફેંકી દીધું. સામે ઉત્તર કિનારે વર્ણી પહોંચ્યા. પછી પ્રેમભાવથી પૂજા કરી. ૩. શ્રીહરિ તો મહા ધીર છે. તેથી મનુષ્યથી ન થઈ શકે તેવું ગંગાના અથાહ પાણીને ઊતરવાનું કામ શ્રીહરિએ કર્યું અને પછી ઉત્તર દિશા તરફ ચાલ્યા. ૪. પહાડમાંથી સુખકારી નિઝરણાં ચાલતાં હતાં. વર્ણીના મનમાં ઘણો આનંદ-ઉત્સાહ હતો. નિધડક થઈને વનમાં આગળ ચાલતા હતા. તેમાં નજીકમાં બે પડખે બે પર્વત આવ્યા. ૫. સામસામે રહેલા બન્ને પર્વત ઘણા ઊંચા હતા. આગળ જતા બન્ને અડીને એક થઈ ગયા હતા. તેની વચ્ચે નિઝરણાંઓમાં ધીરે ધીરે આગળ વધ્યા. ૬. સહુ જનના આત્મારામ એવા શ્રીહરિ આગળ ચાલ્યા ત્યારે એક નદી આવી. તેના પાણીમાં શ્રીઘનશ્યામ સામા પ્રવાહે ચાલ્યા. ચાલતા આગળ સામે મોટો પહાડ આવ્યો. તેની ગુફામાંથી પાણીનો પ્રવાહ આવતો હતો. ૭. તે જળધારાનો વેગ પ્રચંડ હતો. પાણીના ધોધનો શબ્દ-ઘોર ઘણો થતો હતો. ચાલવાને માટે કોઈ પણ તરફ માર્ગ ન હતો, આવો ઘણો કઠણ આપત્કાળ આવ્યો. ૮.

ત્યાં બેસીને શ્રીહરિ વિચાર કરવા લાગ્યા. તે વખતે સૂર્ય અસ્ત થઈ ગયો. શ્રીહરિ ચારે બાજુ નિહાળીને દેખવા લાગ્યા. ત્યાં એક ઊંચો પુરુષ દેખાયો. ૯. તે પૂર્વ તરફના પહાડના શિખર ઉપર હતો. પર્વતની જેમ અડગ ઊભો હતો. તેનો વેશ મહાભયાનક હતો. તેના પગ અને હાથ ઘણા લાંબા હતા. ૧૦. મોટું મસ્તક ઊંચે આકાશમાં હતું. જો બીજા તેને જુએ તો પ્રાણ જ ત્યાગી દે. તે પુરુષે એક હાથમાં મોટો ભાલો લીધો હતો. તે પુરુષે શ્રીહરિને માર્ગ બતાવ્યો. ૧૧. કોઈ એકબીજા સાથે બોલ્યા નહિ. માત્ર

હાથના ઈશારાથી બતાવી દીધું. 'ગુફામાં જાઓ' એમ સાન-સૂચના કરી. ત્યારે શ્રીહરિ તે સમજી ગયા. ૧૨. ગુફા પાંચ કોશ જેટલી લાંબી હતી. તેમાં ઘણું અંધારું હતું. તેમાં કોણ ચાલી શકે ? માણસમાત્રથી ક્યારેય આવું થઈ શકે નહિ. ૧૩. તેમજ રાતનું અંધારું હતું. તે નદીમાં અપાર જીવજંતુઓ હતાં. મોટા સાપ અને મોટા મગર, તેનો પણ કોઈ પાર ન હતો. ૧૪.

**✵ પરમેશ્વરની ઇચ્છાથી જ બધું થાય છે :**

**सोरठा : विचार कीने ओर, ईश्वर को कर्यो होत एक;**
**अपनो नहिं को जोर, यामें कहा विचारे अब...१६**

શ્રીહરિએ વિચાર કર્યો, 'રાત અહીં બહાર બેસી રહેવું. દિવસે સંભાળીને ચાલવું. કેમ જે, આ જગ્યા તો મહાન વિકટ અને અજાણી છે.' ૧૫. વળી બેઠા બેઠા બીજો વિચાર કર્યો, 'પરમેશ્વરનું કર્યું જ એક થાય છે. તેમાં આપણું કાંઈ જોર ચાલતું નથી. માટે હવે તે બાબતમાં શું વિચાર કરવો ? ૧૬.

**चोपाई :**

**जत्न करने ईश्वर एक एहा, इनमें नाहिं कछु संदेहा;**
**इनसे अजान न वात हे कोई, एसे समर्थ एक एह होई...१७**
**कोटि जत्न अपने किजे, इनकी इच्छा सम सो लिजे;**
**सब जन निशदिन इच्छत सुखा, बिन इच्छे हि आवत दुःखा...१८**

જતન કરવાવાળા તો એક પરમેશ્વર જ છે. તેમાં કોઈ સંદેહ નથી. તેમનાથી કોઈ વાત અજાણી નથી. એવા સમર્થ તો તે એક જ છે. ૧૭. આપણે કરોડો રીતે પ્રયત્ન કરીએ પણ ફળ તો પરમેશ્વરની ઈચ્છાને અનુસારે જ મળવાનું છે. મનુષ્ય રાત-દિવસ સુખને જ ઈચ્છે છે, પણ વગર ચાહ્યું દુઃખ આવીને ઊભું રહે છે. ૧૮.

**जन को धार्यो होवे जबही, कबु प्रभु कु भजे न तबही;**
**धारे रती भर होत न तोहू, प्रभु कु भजत न कोहू...१९**

જો મનુષ્યનું ધાર્યું જ બધું થાતું હોય તો કોઈ પ્રભુને ક્યારેય ભજે નહિ. એક રતીભાર પણ માણસનું ધાર્યું થતું નથી છતાં તે કોઈ પરમેશ્વરનું ભજન

કરતા નથી. ૧૯. **મનુષ્ય દિન-રાત પરમેશ્વરને છોડીને સમુદ્ર જેટલા અનંત ઘાટ-સંકલ્પ કર્યા કરે છે. તેમાં તેનું ધાર્યું કાંઈ થતું નથી. એક પરમેશ્વરનું ધાર્યું જ થાય છે. ૨૦.** તેટલા માટે હવે બીજો વિચાર કરવો નથી. ચાલો, આ ગુફાને પાર નીકળીએ.' આવું વિચારીને શ્રીહરિ તે ગુફામાં ચાલ્યા. બધા દેવતાઓ હાહાકાર કરવા લાગ્યા. ૨૧.

ત્યારે બધા દેવો મનમાં વિચારવા લાગ્યા. 'આપણે બધા આમના જ આધારે રહ્યા છીએ. માટે અત્યારે તેમની સેવા કરવાનો લાગ આવ્યો છે. તે આપણાં સદ્‌ભાગ્ય છે. ૨૨. અત્યારે આપણે તેમની મન અને કર્મથી સેવા કરીએ' આવું કહી-વિચારીને દેવતાઓ ભય ટાળવા આવ્યા. જ્યારે બધા દેવો ગુફામાં આવ્યા એટલે દિવસના મધ્યાહ્ન જેવું વાતાવરણ થઈ ગયું. ૨૩. મહાન્ ભયંકર જીવજંતુઓ નિર્જીવ જેવાં થઈને પડ્યાં રહ્યાં. શ્રીહરિ તે બધાને દેખતાં દેખતાં ગુફાની બહાર નીકળ્યા. ૨૪. રાત બધી વીતી ગઈ ત્યારે શ્રીહરિ તે ગુફાની બહાર નીકળ્યા, આગળના ભાગમાં એક મોટો નદ (સમુદ્રને ન મળતો હોય એવો જળપ્રવાહ) અગાધ રૂપમાં વહ્યો જાતો હતો. ૨૫.

તે નદના પાણીની ઝાલક ગુફામાં પડતી હતી અને તે પાણી નદીરૂપ થઈને વહેતું હતું. તેને શ્રીહરિએ પોતાની આંખોથી જોયું. ૨૬. પછી શ્રીહરિ બહાર નીકળ્યા ત્યાં સ્નાન કર્યું અને વિષ્ણુની પૂજા કરી. પછી વિષ્ણુસહસ્રનામ સ્તોત્રનો જાપ કરવા લાગ્યા. ૨૭. નદીને કાંઠે એક વન દેખ્યું. તેમાં અપાર કેળો હતી તેમાંથી શ્રીહરિએ કેળાં લીધાં અને દેવને નિવેદ ધરાવીને પછી પોતે જમ્યા. ૨૮. અવિનાશી શ્રીહરિને આ વખતે ત્રણ દિવસના ઉપવાસ થયા હતા. ચોથે દિવસ ફળાહાર કર્યો. જમીને જ્યારે તૃપ્ત થયા ત્યારે વળી વિચારવા લાગ્યા. ૨૯. 'અત્યારે આ આગળ વહેતા નદમાં તો અથાહ પાણી છે. હવે તેને કઈ રીતે પાર કરવો.' આવું વિચારી-કહીને વર્ણીએ પરમેશ્વરની ઇચ્છા હશે તેમ થાશે. આવું ધારીને પોતાના શરીરને તે નદમાં વહેતું મૂક્યું. ૩૦.

### ❋ વર્ણિરાજનું પુલહાશ્રમમાં આગમન :

તરતા તરતા સામે પાર જ્યારે નીકળી ગયા ત્યારે ત્યાંથી તેમને માર્ગ મળ્યો. તે માર્ગે ચાલતા ઘણા દિવસ થયા ત્યારે અદ્‌ભુત અને નવીન

**પુલહાશ્રમે** પહોંચ્યા. ૩૧. પુલહાશ્રમ અત્યંત ચમત્કારી છે. જે પુલહાશ્રમને સેવે તે સુખી થાય છે. ત્યાં જે તપ કરવામાં આવે તેનું ફળ તત્કાળ મળે છે. તે આશ્રમની પાસે જ પર્વતમાળા છે. ૩૨. ઋષભદેવ ભગવાનના પુત્ર ભરતે ત્યાં તપ કર્યું હતું. અને બીજીવાર મૃગ જન્મમાં પણ ફરીવાર ત્યાં જ તપ કર્યું હતું. જે મુમુક્ષુજન કહેવાય છે તેમને આ પુલહાશ્રમ સેવવા યોગ્ય છે. આ વન શ્રીકૃષ્ણ ભગવાનને પ્રિય છે. ૩૩-૩૪.

તે પુલહાશ્રમને ચારે બાજું ઘણા વેગીલા પ્રવાહવાળી ચક્ર નામે નદી વહે છે. શ્રીહરિએ તેમાં સ્નાન કર્યું. તેમને ઘણો જ આનંદ થયો. ૩૫. પૂજા-પાઠ વગેરે પ્રેમથી કર્યા. પછી ભવ્ય **મુક્તનાથ** ભગવાનનાં દર્શન કર્યાં. જે સ્થાને ભરજીએ તપ કર્યું હતું ત્યાં પરમ ચતુર શ્રીહરિ જઈને બેઠા. ૩૬. ભરતજીએ જેવું તપ કર્યું હતું તેવા તપનો આદર કર્યો. તેમની માફક જ જપ શરૂ કર્યો. અને નિઃસ્નેહ-અનાસક્ત સ્થિતિમાં લીન રહેવા લાગ્યા. ૩૭. **અંતરમાં વિચાર કરીને બાહ્ય વ્યવહારનો બધો સંગ તજી દીધો અને અંતરમાં પુરંજન રાજાની કથાનો વિચાર કરીને બુદ્ધિનો સંગ પણ તજી દીધો.** ૩૮. **શ્રીહરિ પોતાના આત્માને પરમ વિશુદ્ધ સ્વરૂપ માન્યો. અને એવા થયા થકા ઊંચા હાથ કરી નિત્ય ગાયત્રીનો જપ કરવા લાગ્યા.** ૩૯. તે સમયે શ્રીહરિ ગંડકી નદીમાં સ્નાન કરીને મુક્તનાથ ભગવાનની સેવા કરતા અને સૂર્યનારાયણનું નિત્ય ધ્યાન કરતા હતા. ૪૦.

***ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના દ્વિતીય પૂરમાં 'શ્રીહરિ શ્વેતગિરિ ઓળંગી પુલહાશ્રમમાં પધાર્યા અને તપ શરૂ કર્યું' એ નામે ચોવીશમો તરંગ સમાપ્ત ॥૨૪॥***

## પૂર બીજું : તરંગ - ૨૫

## પુલહાશ્રમમાં શ્રીહરિનું તપ અને સૂર્યનારાયણનાં દર્શન

શ્રીહરિનું મહાન મનુષ્ય ચરિત્ર કહું છું. જે ભક્તોએ ધ્યાન કરવા માટેનું છે અને હરિવિમુખને માટે તો ઝેરના જેવું છે. ૧. હે ઉત્તમ રાજા, તમે મોટા

એકાંતિક ભક્ત છો, તેટલા માટે શ્રીહરિનું આ ચરિત્ર સંભારીને તમને કહું છું. ૨. શ્રીહરિનાં ચરિત્ર અપાર છે. તેની ભિન્ન ભિન્ન ગતિ છે. સુબુદ્ધિ ભક્ત તેમાંથી ગુણ ગ્રહણ કરે છે પણ કુબુદ્ધિ મનુષ્યને તે ચરિત્રોમાં મોહ થાય છે. ૩. ચરિત્ર બધાં જ એક સરખાં નથી. કેટલાંક હરિચરિત્ર ધ્યાન કરવા યોગ્ય છે, કેટલાંક સાંભળવાને યોગ્ય છે અને કેટલાંક પ્રમાણરૂપે ગ્રહણ કરવા યોગ્ય છે. આ રીતે શ્રીહરિનાં બધાં ચરિત્રોની ગતિ-રીતિ એક સરખી નથી. ૪. જે મુમુક્ષુ ભક્ત હોય તેણે વિવેક કરીને શ્રીહરિનાં ચરિત્રોને સમજવાં-વિચારવાં જોઈએ. વિવેક વગરના મનુષ્યને તો પશુના સમાન સમજવો. ૫. વિધિ-નિષેધ વિનાની કોઈ વાત નથી, પણ શ્રીહરિની મૂર્તિમાં ક્યારેય વિધિ-નિષેધ વગેરેનો બાધ નથી. માણસની બુદ્ધિ તો અલ્પ અને અજ્ઞાનમય છે. અને તેને લીધે જ તે સંસારરૂપી કૂવામાં પડીને ભટકતો રહે છે. ૬.

**चोपाई :**

**जो जो चरित्र करे हरि जेही, गान करन कु सब हे तेही;**
**ता कारन यह लिखत हे जानी, सब चरित्र हे मोक्ष की खानी...०७**
**जोग्य अजोग्य हरिचरित्र जेता, गान कर मोक्ष पावे एता;**
**हरि बिन बात हे अनंत अपारा, सो सब ही हे जमपुर द्वारा...०८**

શ્રીહરિ જે જે ચરિત્ર કરે છે તે બધા ભક્તજનોએ ગાવા માટે હોય છે. અને તે માટે જ સમજી વિચારીને આ ચરિત્ર લખાયાં છે. શ્રીહરિનાં બધાં ચરિત્ર તો મોક્ષની ખાણ જેવાં છે. ૭. શ્રીહરિનાં યોગ્ય-અયોગ્ય જેટલાં ચરિત્રો છે તેનું જો ગાન કરવામાં આવે તો ગાન કરનારા મોક્ષ પામે છે. શ્રીહરિ સિવાયની બીજી વાતો તો અનંત અપાર છે પણ તે બધી જ વાતો જમપુરીનું દ્વાર છે. ૮. હે રાજા ! જમપુરીનો દરવાજો બંધ કરવા માટે તો હું આ હરિચરિત્રની વાત કહી રહ્યો છું. કરોડોનું દાન, તપ કે યજ્ઞ આદિ કરીએ તો પણ જમપુરી ટળે નહિ. જમપુરી ટાળવા માટે શ્રીહરિ સિવાય બીજો કોઈ અન્ય ઉપાય નથી. ૯. વ્યાસ આદિ જે ઋષિઓ થયા, તેમણે વિવિધ પ્રકારના ગ્રંથ લખ્યા. ગણતા ગણતા પાર ન આવે એટલા બધા ગ્રંથ તેમણે લખ્યા. ૧૦.

જે ભક્ત તે બધા ગ્રંથોનું તાન અનંત વાર વિચારે તો તે ભક્ત ગમે તેમ કરીને ચિત્તને શ્રીહરિના ચરણોમાં જ વાળી લે. અને પછી તે સિવાયની અન્ય બધી જ બાબતને ગૌણ દેખાડીને એક હરિચરણમાં જ ચિત્ત જોડી દે.૧૧. **જેમ આંબલીનાં ઝાડ ઉપર અનંત પાન હોય છે, તેનો ગણવાથી પાર આવતો નથી; પણ વિચાર કરીને જોઈએ તો બધાં જ પાંદડાંનો આધાર એક થડ જ છે અને તે થડને આધારે જ ડાળીઓ, ફળ, ફૂલ અને પાન, બધાં જ રહ્યાં છે. તેમ શ્રીહરિનાં ચરિત્ર, શ્રીહરિની મૂર્તિ, શ્રીહરિનાં ચરણકમળ અને શ્રીહરિએ જે જે વચન કહ્યાં છે, તે બધાંનું મૂળ એક શ્રીહરિ જ છે.** ૧૨-૧૩. મૂળ, ડાળીઓ, ફળ, પાન, ફૂલ અને બીજ, આ બધું શ્રીહરિ જ છે. બધામાં એક જ રસ છે. જેને જે રુચે તેનો તે ઉપયોગ (ઉપભોગ) કરે. ૧૪.

**सोरठा : भावे लियो हरिनाम, भावे ध्यान हि करो तेहि;**
**सेवा करो निष्काम, हरि बचन दृढ मग ग्रही...१५**
**हरि बच वज्रकोट, तामें रही करनो तेहि;**
**ताकि न तजनी ओट, फलिभूत तब होवे सबे...१६**

માટે તમને ગમે તો શ્રીહરિનું નામ જપો કે ભાવથી ધ્યાન કરો કે નિષ્કામભાવે સેવા કરો, પણ શ્રીહરિનાં આજ્ઞાવચનને દૃઢપણે ગ્રહણ કરી રાખવાં. ૧૫. શ્રીહરિનાં આજ્ઞાવચન, તે મજબૂત કિલ્લો છે. તેને આશરે રહીને જ બધું કરવું. તે વચનરૂપી આધારને તજે નહિ ત્યારે બધું ફળીભૂત થાય છે. ૧૬. હવે શ્રીહરિની વાત કહું છું કે જે પુલહાશ્રમમાં સાક્ષાત્ રહ્યા છે. શ્રીહરિ જ્યારે જે ફળ-ફૂલ વગેરે મળી આવે ત્યારે તે જમી લેતા. ૧૭. ત્યાંના નિવાસી તપસ્વીઓ શ્રીહરિની રીત જોઈને વિસ્મય પામતા હતા. તેઓ જે પરસ્પર બોલતા હતા તેને હવે હું તમારી આગળ કહું છું. ૧૮. “શું આ બટુક વર્ણી છે તે તપ કરવાની ઈચ્છાથી અહીં આવેલા પ્રહ્લાદજી તો નહિ હોય ને ? અથવા તો તપ કરવા સ્વયં ધ્રુવ આવ્યા લાગે છે. કાં તો આ કાર્તિક સ્વામી આવ્યા છે ? ૧૯. કાં તો શુકદેવજી અથવા નારદજી આવ્યા છે અથવા સનકાદિક ઋષિ આવ્યા લાગે છે. કાં તો દત્તાત્રેય ઋષિ હશે અથવા ખુદ નારાયણ ઋષિ હશે. ૨૦.

એવો અમે અમારા મનમાં નિશ્ચય કરી લીધો છે. કેમ જે, તેમના વિના આવું તપ કરવા માટે કોઈ સમર્થ નથી. આ વર્ણી અતિ ભારે અને કઠિન તપ કરી રહ્યા છે. કોઈ કાચાપોચા હોય તો આવું તપ ન કરી શકે. હારી જાય. ૨૧. આમનું મુખ પૂરણ ચંદ્રના જેવું શોભે છે. જોવામાત્રથી જ તેમાં સહુનાં મન લોભાઈ જાય છે. અમે મનમાં વિચારી જોયું છે કે બ્રહ્માની સૃષ્ટિમાં આ વર્ણીના જેવા બીજા કોઈ નથી. ૨૨. એમણે એવું તપ આરંભ્યું છે કે કોઈ મનુષ્યથી આવું તપ થઈ શકે નહિ. આના તપ આગળ આપણું તપ તો છોકરાની રમત જેવું લાગે છે. ૨૩. ઉંમરમાં નાના બાળક દેખાય છે પણ તેમાં મોટપ ઘણી રહી છે. તેમને જોઈને અત્યંત વિસ્મય થાય છે. પરમેશ્વર સિવાય આવું તપ બીજા કોઈથી થઈ શકે નહિ." આવું બધા તપસ્વી લોકો બોલતા હતા. ૨૪. વર્ણીનું અત્યંત કઠિન તપ જોઈને જે તપસ્વી મુનિજનો હતા તે તો પ્રભુને બહુ દુઃખ થતું હશે, આવું સમજીને તેઓ મનમાં દુઃખાતા હતા. ૨૫.

ભક્તિ અને ધર્મ, બન્ને દિવ્યદેહે શ્રીહરિની પાસે જ રહેતાં હતાં. તે બન્નેને પુત્રરૂપ હરિ ઉપર અત્યંત દૃઢ હેત હતું. તેથી તેઓ ત્યાં શ્રીહરિ પાસે અખંડ નિવાસ કરીને રહ્યાં હતાં. ૨૬. વર્ણીએ અત્યંત કઠોર તપથી શરીરને અતિશય કૃશ કરી દીધું હતું ભક્તિ-ધર્મ બન્ને પોતાની આંખોથી તે જોઈને દીન થઈ જતાં હતાં, પણ પુત્રને કશું કહી શકતા નહિ. ૨૭. શ્રીહરિ ઉપર અતિશય હેત હતું તેથી નિરંતર પાસે જ રહેતાં હતાં. તમે અજર, અમર અને અવિચળ સદા રહો. આવા આશીર્વાદ નિત્ય આપતાં હતાં. ૨૮. **શરીર એટલું બધું દુર્બળ થઈ ગયું હતું કે, જે જોયું જાતું ન હતું. શરીરમાં રતીભાર પણ રુધિર રહ્યું ન હતું. નખથી શિખાપર્યંતના ભાગમાં જેટલી નાડીઓ હતી તે બધી નિરાળી દેખાતી હતી.** ૨૯. અસ્થિ (હાડકાં) દેખાતાં હતાં. ક્યાંય માંસ રહ્યું ન હતું. હાડ સાથે ચોંટેલી ત્વચા (ચામડી)જ એકમાત્ર બચી હતી. દેહને જોતા એમ લાગતું કે, 'હવે દેહ કોઈ પણ રીતે રહેશે નહિ.' એમ જોનારા બધા લોકો કહેતા હતા. ૩૦. શ્રીહરિએ શરીરથી આવું તપ આદર્યું હતું. મુખે ધીરેથી ગાયત્રીનો જપ કરતા હતા. પોતે ભગવાન હોવા છતાં ભાવનાથી સૂર્યનારાયણનું ધ્યાન કરતા હતા. ૩૧.

પુલહાશ્રમમાં શ્રીહરિ હંમેશાં આવું તપ કરતા. શ્રીહરિની અકળ કળા કોઈ લેશમાત્ર પણ ઓળખી-સમજી શકતા નહિ. શ્રીહરિએ ચાર માસ સુધી હાથ ઊંચા રાખીને મસ્તક ઉપર પડતી વરસાદની ધારાઓને સહન કરી. ૩૨. સૂર્યને તત્કાળ પ્રસન્ન કરવા માટે તેમની ઘણી જ ઉપાસના કરી. કાર્તિક સુદિ પ્રબોધિની એકાદશી આવી ત્યારે તે નિમિત્તે રાતે જાગરણ કર્યું. ૩૩. **તે વખતે સૂર્યનારાયણ અત્યંત પ્રસન્ન થયા. પ્રકટ થઈને આવ્યા અને દર્શન દીધાં. સ્વરૂપ અત્યંત સુંદર હતું. અંગોઅંગની શોભા અનુપમ હતી.** ૩૪. બે હાથમાં અલગ અલગ બે કમળ હતાં. નંગ જડિત મુકુટ મસ્તકે હતો. બન્ને હાથમાં સોનાનાં કડાં પહેર્યાં હતાં. ભુજાઓ ઉપર બાજુબંધ બાંધ્યા હતા. ૩૫. કાનોમાં સુશોભિત, નંગ જડિત અને તેજના અંબાર જેવાં કુંડળ પહેર્યાં હતાં. મંદ હાસ્યથી મુખ શોભતું હતું. કરુણાથી ભર્યાં નેત્ર હતાં. ૩૬. આવા સૂર્યનારાયણ પ્રકટ થયા અને આવીને દર્શન દીધાં. ત્યારે અત્યંત પ્રસન્ન થઈને દીનદયાળ શ્રીહરિ ધ્યાનમાંથી બહાર આવ્યા. ૩૭. શ્રીહરિએ ભક્તિભાવથી સ્વયં દંડવત પ્રણામ કર્યા. અત્યંત નિર્મળ મતિવાળા અને નિષ્પાપ શ્રીહરિનો કંઠ ગદ્ગદ થઈ ગયો. ૩૮. શરીરની સૂધબૂધ ભૂલી ગયા. અતિશય રોમાંચિત થઈ ગયા. બુદ્ધિ અત્યંત વિશુદ્ધ થઈ. બન્ને આંખોમાંથી આંસુઓની ધારા વહેવા લાગી. ૩૯. કરુણાનિધિ બે હાથ જોડીને પ્રસન્ન મનથી સૂર્યદેવની સ્તુતિ કરવા લાગ્યા. અકળમૂર્તિ શ્રીહરિની અકળ ગતિને કોણ જાણી શકે ? ૪૦.

***ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના દ્વિતીય પૂરમાં 'પુલહાશ્રમાં શ્રીહરિનું તપ અને સૂર્યનાં દર્શન વગેરેનું નિરૂપણ કર્યું' એ નામે પચ્ચીશમો તરંગ સમાપ્ત ॥૨૫॥***

## પૂર બીજું : તરંગ - ૨૬

### સૂર્યદેવને પ્રસન્ન કરી શ્રીહરિનું ઉત્તર દિશા તરફ વિચરણ

શ્રીહરિ સ્વયં દેવાધિદેવ હોવા છતાં સૂર્યનારાયણની સ્તુતિ કરવા લાગ્યા. શ્રીહરિ જ્યારે મનુષ્યચરિત્ર કરતા હોય છે ત્યારે તેના ભેદને-રહસ્યને

કોઈ સમજી શકતું નથી. ૧. આ બાબત તો અક્ષર આદિ મુક્તોને માટે પણ અતર્ક્ય-અકલ્પ્ય છે, તો પછી દેવો અને મનુષ્યો તો તેના શા લેખામાં ? તેઓ તો મનમાં મૂંઝાઈ જાય છે. ૨.

**❋ નીલકંઠ વર્ણીએ સૂર્યદેવની સ્તુતિ કરી :**

'હે તેજોમય ! માર્તંડ ! આપ કશ્યપ પ્રજાપતિને ઘેર પ્રકટ થયા અને અખિલ બ્રહ્માંડને પ્રકાશિત કરી રહ્યા છો. તે આપને હું નમસ્કાર કરું છું. ૩. આપના ઉદયથી સમગ્ર જગત સુખી થાય છે. જે આપને માનતા નથી તેવા પાપી લોકો અપાર દુઃખી થાય છે. ૪. જે કેટલાક આપના ઉદયને આધારે જ કાળની ગણતરી કરે છે, તે આપના વિના કાળનો નિર્ધાર કરી શકે નહિ. આવા હે પ્યારા ! આપને હું નમસ્કાર કરું છું. ૫. આપના ઉદયને આધારે જ દેવ, દાનવ, અને મનુષ્ય, નર કે નારીના આયુષ્યનું માપ કરેલું હોય છે. તે આપને હું નમસ્કાર કરું છું. ૬. આપ પ્રત્યક્ષ પ્રભુ છો, આપ જ દેવ છો, આપનું આ અભેદ્ય રહસ્ય સહુ કોઈ જાણે છે. આપનો પ્રતાપ લગારેક પણ ગુપ્ત નથી. આપને હજારો નમસ્કાર કરું છું.' ૭.

જ્યારે શ્રીહરિએ હાથ જોડીને આવી રીતે સ્તુતિ કરી ત્યારે વિચક્ષણ સૂર્યનારાયણ બોલ્યા, 'હે હરે ! આપના હૃદયમાં જે ભાવ હોય, જે ઈચ્છા હોય તે માગો. ૮. હું તો આપના ચરણનો દાસ છું. તે આપ દાસ એવા મારી પાસે માગવા આવ્યા છો. આ તો આપનું બહુ ભારે ચરિત્ર છે. તેમાં મને ક્યારેય મોહ ન થાય. ૯. આવું વરદાન હું આપની પાસે પહેલાં જ માગું છું. અત્યારે આપ અમારે લાગ આવ્યા છો. દયાળુ પ્રભુ ! હવે આપ મારી પાસે માગો, હું તત્કાળ તન અને મન આપને બધું જ આપી દઉં.' ૧૦. ત્યારે પોતાના ભક્તોનું હિત કરનારા એન સર્વેના પરમ મિત્ર શ્રીહરિ બન્ને હાથ જોડીને બોલ્યા, 'કામ, ક્રોધ, લોભ, દંભ અને મોહ વગેરે અંતઃશત્રુઓથી તથા ઈન્દ્રિય, અંતઃકરણના સમુદાયથી મારી રક્ષા કરજો કે જેનાથી હું અખંડ નૈષ્ઠિક બ્રહ્મચારી રહું. હું જ્યારે જ્યારે આપને સંભારું ત્યારે આવીને મને દર્શન દેજો. ૧૧-૧૨.

**दोहा : तव सूर्य बोलत भये, मो में जो प्रताप;**
**तुमारो दियो हे पास मम, सो अब लियो आप...१४**

**હું આપની પાસે વારંવાર ઉપર કહેલો જ વર માગું છું. જેનો વારંવાર વિનાશ થતો હોય એવાં માયિક સુખોને હું માગતો નથી.** ૧૩. ત્યારે સૂર્યનારાયણ બોલ્યા, 'મારામાં જે પ્રતાપ છે, તે બધો આપનો આપેલો જ છે. તે મારી પાસે આપનો આપેલો જે પ્રતાપ છે તેને હવે આપ સ્વીકારો. ૧૪.

### ❋ સૂર્યદેવ અને ગ્રંથકારે શ્રીહરિની સ્તુતિ કરી :

**सोरठा : तुम सम बडे न कोय, अनंत ब्रह्मांड के देव महिं;**
**हम जानत हें सोय, समर्थ होय सो करे न कहा...१५**

અનંત બ્રહ્માંડના દેવોમાં આપના સમાન અન્ય કોઈ મોટું નથી. તેને હું જાણું છું. જે સમર્થ હોય તે શું ન કરે ? ૧૫. **જે અતિ મોટા અને સમર્થ હોય તેમણે જે જે ચરિત્ર કર્યાં હોય તેને જો કોઈ ચરિત્ર કરીને જાણે અર્થાત્ તે ચરિત્રોમાં અતિ દિવ્યભાવ જ રાખે તો તેના માટે તે ચરિત્રો મોક્ષદાયી છે.** ૧૬.

સૂર્યનારાયણે આ પ્રમાણે શ્રીહરિને વરદાન આપ્યાં અને તેઓ પછી અંતર્ધાન થઈ ગયા. જ્યારે સૂર્યનારાયણ પાસેથી વરદાન લીધાં પછી શ્રીહરિએ તપની સમાપ્તિ કરી. ૧૭. બારશનો દિવસ ત્યાં રહ્યા. પછી ત્યાંથી ચાલતા થયા. શ્રીહરિ આવાં તો અનંત ચરિત્ર કરે છે અને તેનો અંત અક્ષર પણ પામી શકતા નથી. ૧૮.

**चोपाई :**

**अनंत धाम के धामी हे एहा, मनुष्य रूप सो भये हें तेहा;**
**भव ब्रह्मा विष्णु देव जैसे, जाकी अग्या में वर्तत ऐसे...१९**

**चंद्र इंद्रादिक देव अनेका, शारद नारद शेष न छेका;**
**जाकी अग्या में वर्तत ताई, ऐसी हे हरि की मोटाई...२०**

શ્રીહરિ અનંત ધામોના ધામી છે તે મનુષ્ય રૂપમાં થયા છે. શિવ, બ્રહ્મા અને વિષ્ણુ જેવા દેવો પણ જેની આજ્ઞામાં રહે છે. ૧૯. ચંદ્રમા,

ઈન્દ્રાદિ અનેક દેવો, શારદા, દેવર્ષિ નારદ અને શેષનારાયણ જેવા અનેક દેવો જેની આજ્ઞામાં વર્તે છે. એવી શ્રીહરિની મોટપ છે. ૨૦. **માયા, કાળ, કર્મ, યમરાજ, વગેરે જેની આજ્ઞાભંગના ભયથી કંપતા રહે છે. લોક અને લોકપાળો પણ જેની આજ્ઞાને અનુસરે છે. ૨૧. પૃથ્વી, જળ, તેજ, વાયુ અને આકાશ, જેની આજ્ઞા પાળીને આનંદ માણે છે. આવા સર્વના નિયંતા હોવા છતાં શ્રીહરિ મનુષ્ય ચરિત્ર કરે છે. ૨૨.** તેટલા માટે તો શ્રીહરિએ મનુષ્યશરીર ધાર્યું હોય છે એટલે મહારાજાધિરાજ શ્રીહરિ આવાં મનુષ્યચરિત્ર કરે છે, મનુષ્યચરિત્ર હરિભક્તોને માટે આનંદકારી છે. હરિભક્ત સિવાયના લોકોને તો તે ચરિત્ર ઘણાં વિઘ્નકારી છે. ૨૩.

શ્રીહરિ બીજાં ચરિત્રો કરવા માટે નિર્ભય થઈને આગળ ચાલ્યા. ઉત્તર દિશા તરફ ચાલ્યા. તપ કરવાની ઈચ્છા મનમાં જોરદાર છે. ૨૪. જ્યાં પુલહાશ્રમ રહ્યો છે તે પર્વતમાં અનંત નદીઓ વહેતી હતી. શ્રીહરિ તે પર્વત ઉતરીને સ્વયં એકલા જ ચાલ્યા. ત્યાં વૃક્ષોનો અને વેલાઓનો પાર જ ન હતો. તેમાં મદઝરતા હાથી ફરતા હતા. ૨૫. જેના સોસરવા સૂર્યના કિરણ પણ નીકળી ન શકે તેવાં અનંત વૃક્ષ હતાં. તેમાં અનંત પશુઓ ફરતાં હતાં. જેનો ગણવાથી પાર આવે તેમ ન હતું. ૨૬. આભને આંબે એવાં ઊંચાં વૃક્ષ હતાં. તેના ઉપર ફળ અને ફૂલ ઝૂલી રહ્યાં હતાં. અંદર બેઠેલાં પક્ષીઓ કલરવ કરતાં હતાં, તેને દેખવાથી ઘણો જ આનંદ થતો હતો. ૨૭. જેમ ઘણાં સારાં મંદિર બનાવ્યાં હોય તેવી પહાડોમાં અપાર ગુફાઓ હતી. તે ગુફાઓ એકતાર એવી સુંદર લાગતી હતી કે, માનો તેને લીધે તે વન ઈન્દ્રની અમરાવતી નગરી કરતાં પણ અધિક ન હોય !! ૨૮.

વનમાં કેસરી સિંહ, દીપડા વગેરે જાનવરોનાં ટોળાં ફરતાં હતાં. કેટલીક જાતિનાં વાનર, હરણ અને હાથીઓના પણ કેટલાક સમૂહ ફરતા હતા. ૨૯. ગેંડા અને રોઝનો તો કોઈ પાર ન હતો. પાડા, વાઘ અને જંગલી ભૂંડ પણ અનંત હતાં. ચમરી ગાયો, સાબરોનાં જૂથો ચારે કોર ઘૂમતાં દેખાતાં હતાં. ૩૦. શિયાળ, સસલાં, શાહુડી અને નોળિયાની તો ટોળીઓ ફરતી હતી. તે જાનવરોનાં ટોળાં સામસામે તીવ્ર શબ્દ કરતાં હતાં, તે ઘણા ભયંકર

લાગતા હતા. ૩૧. જે માનવ સમાજ કહેવાય છે તે તો ત્યાં જઈ શકતો જ નહિ. અને કદાચ કોઈ મનુષ્ય વનમાં જતો હોય તો તે ક્યારેય જીવતો પાછો આવતો નહિ. તે વન આવું વિકટ જણાતું હતું. ૩૨. આવા વનમાં શ્રીહરિ નિર્ભય થઈને એકાકી ફરતા રહેતા. તે વનમાં ભૂત, પ્રેત, દાનવ અને દૈત્યોનાં ટોળાં અપાર સંખ્યામાં રહેતાં હતાં. ૩૩.

યક્ષ, રાક્ષસ, વિકરાળ ભૈરવ, ભૈરવી અને વૈતાલી, માનો મૂર્તિમાન કાળ હોય, તે બધાં રાત દિવસ વનમાં જ્યાં રમતાં હોય ત્યાં શ્રીહરિ એકલા જ ફરતા. ૩૪. આવી બધી તામસ યોનિનો મોક્ષ કરવા માટે શ્રીહરિ તપ કરવાને બહાને ફરતા. વનમાં જેટલાં વૃક્ષ, પર્વતો અને જંતુઓ રહેતાં હતાં તેમાં કેટલાયનો પોતાનાં કલ્યાણકારી દર્શન આપીને મોક્ષ કર્યો. ૩૫. શ્રીહરિના તપ કરવામાં અનેક વિચારો હોય છે, અનેક ઉદ્દેશ્યો હોય છે. તેને કોઈ પાર પામી શકતું નથી. તે જીવોના પૂર્વના તપરૂપી પુણ્યને વિચારીને-તેને દિલમાં ધારીને શ્રીહરિ તે વનમાં ગયા હતા. ૩૬.

**दोहा : श्रीहरि जब करुना करे, तब जिय पावत मोक्ष;**
**प्रगट बिन मोक्ष न होत कबु, सब जग भजत हे प्रोक्ष...३७**
**अनंत जन के मोक्ष हित, हरि धरत अवतार;**
**पात्र कुपात्र न गनत तब, ज्युं त्युं करत हे पार...३८**

શ્રીહરિ જ્યારે કરુણા કરે છે ત્યારે જ જીવ મોક્ષને પામે છે. પ્રકટ ભગવાન વિના મોક્ષ ક્યારેય થતો નથી. પરોક્ષને તો આખું જગત ભજે જ છે ને ! ૩૭. અનંત જીવોનો મોક્ષ કરવા માટે તો ભગવાન અવતાર ધારે છે. અને તે વખતે તેઓ પાત્ર-કુપાત્રનો વિચાર કરતા નથી. જેમ તેમ કરીને પણ તે જીવોને ભવસાગરને પાર પહોંચાડે છે. ૩૮. **શ્રીહરિની કૃપા અપાર છે અને જીવના અવગુણોનો પણ પાર નથી. છતાં શ્રીહરિ પોતાના કરુણાકર-દયાળુ વગેરે ગુણોને જોઈને જીવોનો ઉદ્ધાર કરે છે.** ૩૯. વનમાં ચાલતા ચાલતા જ્યાં રાત પડતી ત્યાં શ્રીહરિ સૂઈ રહેતા હતા. નિઃશંક અને નિર્ભય થઈને રહેતા હતા. અને જે જે જીવ મળતા તેની સેવા કરતા હતા. ૪૦.

*ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના દ્વિતીય પૂરમાં 'શ્રીહરિ સૂર્યદેવને પ્રસન્ન કરી મુક્તનાથથી ઉત્તર દિશા તરફ ચાલ્યા' એ નામે છવીશમો તરંગ સમાપ્ત ॥૨૬॥*

## પૂર બીજું : તરંગ - ૨૭

### શ્રીહરિ બુટોલપુરમાં મહાદત્ત રાજાને ત્યાં આવ્યા અને રહ્યા

શ્રીહરિ વનમાં ચાલતા ચાલતા આગળ જતાં બુટોલપુર શહેરમાં આવ્યા. ત્યાં મહાદત્ત નામે રાજા રહેતા હતા. તે રાજા દિલના ઘણા દયાળુ હતા. ૧. જ્યારે જ્યારે ચાતુર્માસ આવે ત્યારે દર વરસે વિચાર કરીને હજારો અભ્યાગત સાધુ-સંતોને પોતાને ત્યાં રાખતા હતા. ૨. તે રાજાએ નગરની ચોતરફ બાગ-બગીચાઓ કરાવી રાખ્યા હતા. તેમાં વિવિધ પ્રકારની ઈમારતો બંધાવી રાખી હતી. ૩. તે ઈમારતોમાં ચાતુર્માસ કરવા રાખેલા સંતો ઊતરતા હતા. ચાર માસ સુધી નિત્ય નવી એમ વિવિધ પ્રકારની રસોઈ કરાવવામાં આવતી હતી. ૪. તે મહાદત્ત રાજાને સંતોના ઉપર અપાર ભાવ હતો. તે રીતે ત્યાં રાજાની બેન 'મૈયા રાણી' રહેતાં હતાં. તેમને પણ સંતોમાં ખૂબ ભાવ હતો. પરંતુ તેમને સત્ય અસત્યનો વિવેક ન હતો. તેથી સહુમાં એક સરખી પૂજ્યબુદ્ધિ રાખતાં. ૫.

રાજા રોજ તે સંતોની પૂજા કરતા. ફળ ફૂલ જે કાંઈ હોય તે સંતોની આગળ અર્પણ કરતા. તેઓ સંતથી અધિક કોઈને જાણતા ન હતા. એવી તેમની અતિશય શ્રદ્ધાભાવના હતી. ૬. સ્વયં સાચા સંત નહિ હોવા છતાં ત્યાં રહેલા કહેવાતા સંતો ભક્તમાળ (નાભાજી નામના ભક્તએ રચેલ ગ્રંથ) ગ્રંથમાં લખેલી સંતોના મહિમાની વાતોને કહેતા હતા. તે જોઈને શ્રીહરિને તે રાજા ઉપર અતિ કરુણા થઈ. ૭. તેથી શ્રીહરિ ત્યાં ચાર માસ પર્યંત રહ્યા. વરસાદ અખંડ વરસ્યા કરતો હતો. બગીચામાં એક મોટો બંગલો હતો. તેમાં શ્રીહરિ વિચાર કરીને રહ્યા હતા. ૮. વગર ઈચ્છાએ જ્યારે જે મળે ત્યારે તેને પ્રેમથી જમતા હતા. ફળ, ફૂલ, અન્ન, આદિક જે મળે તેને ખાતા

હતા. ૯. એક ભગવદ્ ભજનમાં જ સાવધાન રહેતા હતા, પણ બીજી કોઈ બાબતમાં ધ્યાન આપતા નહિ. અરુણોદય થાય ત્યારે (પ્રાતઃકાળે) સરોવરમાં અથવા નદીમાં જઈને સ્નાન કરી આવતા. ૧૦. વર્ણી શહેરથી દૂર જ્યાં કોઈ મનુષ્ય ન આવતા હોય એવ જગ્યાએ સ્નાન કરવા જતા. એક દિવસ એક પહોર અંધારી રાત બાકી હતી ત્યારે શ્રીહરિ સ્નાન કરવા ગયા. ૧૧. જ્યારે શ્રીહરિ સરોવરમાં સ્નાન કરવા ગયા ત્યારે ત્યાં બે સિંહ આવ્યા. સિંહ ઘણા મોટા અને વિકરાળ હતા. દેખતાની સાથે છાતી ફાટી, જાય તેવા બિહામણા હતા. ૧૨.

જ્યાં શ્રીહરિ સ્નાન કરતા હતા ત્યાં સિંહ પાણી પીવા આવ્યા હતા. શ્રીહરિને દેખતાની સાથે જ બન્ને સિંહ ત્યાંના ત્યાં જ થંભી ગયા. ૧૩. શ્રીહરિ તેને ખસવાની રાહ જોઈ રહ્યા, પણ જ્યારે તે દૂર ખસ્યા નહિ, ત્યારે તે બન્ને સિંહને જોઈને શ્રીહરિ તેની નજીક જવા ચાલ્યા. ૧૪. તે સમયે તે બન્ને સિંહ શ્રીહરિના ચરણોની આગળ આવીને આળોટવા લાગ્યા, પણ શ્રીહરિ તો તે બન્નેની વચ્ચેથી નીકળી ગયા. નિધડક થઈને શ્રીહરિ બન્નેની વચ્ચેથી નીકળ્યા, તે વાત ઘણી આશ્ચર્યકારી કહેવાય. ૧૫. આવાં શ્રીહરિનાં ચરિત્ર અનંત અપાર છે તેને કહેતા કોઈ પાર આવે તેમ નથી. સર્વે જીવ-પ્રાણીમાત્રની જીવનદોરી તો શ્રીહરિના જ હાથમાં છે. ૧૬.

શ્રીહરિ જે બાગમાં રહ્યા હતા તેમાં મોટાં મોટાં ઘણાં ઝાડ હતાં. ફણસ અને આંબાનો કોઈ પાર ન હતો. ફળોથી અને ફૂલોથી તે સરસ શોભતાં હતાં. ૧૭. તે બાગમાં ઘણા પ્રકારે ઝુલા બાંધેલા હતા. ત્યાં આવીને રાજકુમારી પોતાના શરીર ઉપર અનેક પ્રકારનાં આભૂષણો પહેરીને રોજ ઝૂલતી હતી. ૧૮. રાજકુમારી ઘણી સખીઓ સાથે લઈને અત્યંત ઉત્સાહથી ઝૂલા ઉપર ઝૂલતી હતી. તે રાજકુમારીને જોઈને જે સાચા સંત ન હતા, એવા તે કહેવાતા સંતોનાં મન અતિ ક્ષોભ પામતાં હતાં. ૧૯. જ્યારે રાજકુમારીએ તે અસંતોની મનોવૃત્તિને ઓળખી ત્યારે તેને અસંતોને ખર (ગધેડા) જેવા જાણ્યા. અને એક શ્રીહરિને જ સાચા દૃઢ બ્રહ્મચારી જોયા. બીજા બધાને તો કામથી ખુવાર થતા જાણ્યા. ૨૦. રાજકુમારીએ રાજભવનમાં જઈને પોતાની

માતાને બધી વાત સંભળાવી. રાણીએ તે વાત રાજાને કહી. ત્યારે રાજાએ તે બાબતે પોતાના મનમાં નિશ્ચય કર્યો. ૨૧.

પછી રાજાએ પોતાના દૂતને બોલાવ્યા, અને કહ્યું કે, 'એક નીલકંઠ વર્ણી સિવાયના બીજા બધા જ ખાખીઓને અત્યારે જ રજા આપી દો. જો ન માને તો તેને ડરાવીને પણ કાઢી મૂકો.' ૨૨. કોઈને મારી પાસે આવવા દેશો નહિ. તેમને વાપરવા આપેલ વાસણ વગેરે જે આપણી વસ્તુઓ હોય, તે તેમની પાસેથી લઈ લેજો. ગોકુળ અષ્ટમી અર્થાત્ જન્માષ્ટમીને દિવસ અચાનક જ તે બધાને રજા આપીને કાઢી મૂક્યા. ૨૩. તેઓને અપાતાં સાકરનાં સીધાં બંધ કરી દીધાં. તે મલિન ભેખધારીઓ ત્યાંથી ભૂખ્યા જ ચાલ્યા ગયા. એક શ્રીહરિને જ ત્યાં રાખ્યા. બીજા તમામને રજા આપી દીધી. ૨૪.

રાજા રોજ રોજ શ્રીહરિની પાસે આવતા. અત્યંત વિનયભાવથી આત્યંતિક કલ્યાણની વાત સાંભળતા હતા. ૨૫. રાજાએ પહેલા સાંભળેલી ભક્તમાળ ગ્રંથની વાતો તો ખોટા ભક્તની વાત સમાન થઈ ગઈ. જ્યારે સાચી વાત કાને પડી ત્યારે તેને અલૌકિક દૃષ્ટિ-વિવેક બુદ્ધિ પ્રાપ્ત થઈ. ૨૬. શ્રીહરિ અણઈચ્છાએ જે ફળ ફૂલ આવતાં તે જમતા, પણ જ્યારે તે અનુકૂળ ન આવે ત્યારે ઉપવાસ કરતા. ૨૭. રાજાને જ્યારે તે ખબર પડી ત્યારે તેણે ઘણી પ્રાર્થના કરી. આવીને શ્રીહરિ આગળ ચરણોમાં પડ્યા. અને હાથ જોડીને કહ્યું. ૨૮.

**चोपाई :**

**अब जेंये तुम अन्न हमारा, बहुत कृछ तन भये तुमारा;**
**तुम जेंये ब्रह्मांड जेंये सबही, एसे में जानत हु अबही...३०**

**'હે વર્ણી ! આપ અહીંયાં ભલે પધાર્યા. અમને આપનાં દર્શન થયાં. જ્યારથી અમને આપનાં દર્શન થયાં છે ત્યારથી અમારા બધાના જન્મ સફળ થયા છે.** ૨૯. માટે હવે આપ અમારું અનાજ જમો. આપનું શરીર ઘણું કૃશ (દુબળું) થઈ ગયું છે. આપ જમશો તો આખું બ્રહ્માંડ જમ્યું, એમ હું અત્યારે સમજું છું. ૩૦. આપ રોજ રાજભવનમાં જમવા પધારો. અમારે ત્યાં બ્રાહ્મણ રસોઈ બનાવે છે. હવેથી આપના અને અમારા બન્ને ઠાકોરજી (દેવ)

સાથે થાળ જમશે.’ ૩૧. શ્રીહરિએ રાજાને કહ્યું, ‘અમે દેવપૂજા કરીને તુરંત ઠાકોરજી બ્રાહ્મણને આપી દઈશું.’ પછી તો શ્રીહરિ નિત્ય જમવા માટે જ્યાં રાજા રહેતા હતા ત્યાં રાજભવનમાં પ્રેમથી જતા. ૩૨. વર્ણીની સુંદર-પવિત્ર વૃત્તિ (વર્તન અને જીવન) જોઈને રાજા અને રાણી મુગ્ધ થઈ ગયા. તેમની વાત સાંભળીને રાજા રાણી-બન્નેને ઘણું હેત થયું. ૩૩.

જ્યારે વર્ણીમાં હેત થયું ત્યારે તે બન્ને વર્ણીનું વિશેષ જતન કરવા લાગ્યાં, વધારે સંભાળ રાખવા, સાચવવા લાગ્યાં. પોતાનો રાજકુમાર હોય તેના કરતાં પણ વધારે અપાર હેત થયું. ૩૪. જે કાંઈ પણ સારી ચીજ-વસ્તુ હોય તે વર્ણીને આપવા લાગ્યા. પોતાના ઘરમાં જે કોઈ મનુષ્ય હતા તે બધા શ્રીહરિને આપ્યા સિવાય કોઈ વસ્તુને ખાતા પણ નહિ. ૩૫. **સહુ શ્રીહરિને આકાશના જેવા નિર્લેપ અને મહાન્ ગણતા. અને અનુપમ પ્રેમ કરતા, તેમજ મહાન્ સત્પાત્ર જાણીને નિશ્ચિતરૂપમાં કલ્યાણકારી માનતા હતા.** ૩૬.

શ્રીહરિ ત્યાં નિત્ય ભોજન કરતા. પછી રાજાને શ્રીહરિએ શરણે લઈને નિયમ આપ્યા. રાણી, રાજકુમાર અને રાજકુમારીને પણ નિયમ દીધા. સહુ શ્રીહરિના શરણે થયા ત્યારે તે સહુનો શ્રીહરિએ મોક્ષ કર્યો. (મુક્તિનું વચન આપ્યું). પછી શ્રીહરિએ ચાલવાની તૈયારી કરી, ત્યારે રાજાએ આવીને વિનતિ કરી. ૩૭-૩૮. ‘હવે અમે આપને અહીંથી જવા નહિ દઈએ. કરોડ વાતોની સારભૂત આ એક જ વાત છે. આપ જેમ કહેશો તેમ અમે કરશું. અમે બધા આપના દાસ છીએ. ૩૯. અમારું આ બધું રાજપાટ, હાથી, ઘોડા બધું જ આપને અર્પણ કરી દઈએ છીએ. હવે આપ રાજ્ય કરો. યોગ અને તપ વગેરે તો આપે બહુ કર્યાં છે.’ ૪૦.

***ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના દ્વિતીય પૂરમાં ‘શ્રીહરિ બુટોલપુરમાં મહાદત્ત રાજાને ત્યાં આવ્યા અને રહ્યા’ એ નામે સત્તાવીશમો તરંગ સમાપ્ત ॥૨૭॥***

## પૂર બીજું : તરંગ - ૨૮

## વર્ણિરાજ શ્રીહરિ છૂપી રીતે રાજભવન છોડી ચાલ્યા અને વનવિચરણ કરતા ગોપાળયોગીનો મેળાપ થયો

ઘનશ્યામ શ્રીહરિને દેખ્યા ત્યારથી રાજા અને રાણીને તેમના ઉપર ઘણો જ પ્રેમભાવ હતો. તેઓ કોઈ પણ રીતે શ્રીહરિને જવા દેવા ચાહતાં ન હતાં. તેથી સુખધામ શ્રીહરિ વગર પૂછે છાનામાના નીકળી ગયા. ૧. જ્યારે રાણીને ખબર પડી કે, વર્ણી ચાલ્યા ગયા છે. ત્યારે તેણે જેટલા માર્ગો હતા તે બધા માર્ગો ઉપર ઘોડે સવાર દોડાવ્યા. દસ કોશ જેટલે પહોંચી ગયેલા વર્ણીને પાછા લઈ આવ્યા. ૨. રાણીએ નિર્ધાર કર્યો કે, 'હવે વર્ણીને ક્યાંય જવા દેવા નથી. કેમ જે, જો તેઓ એકવાર ગયા તો ફરીને પાછા ક્યારેય આવશે નહિ.' તેથી રાણીએ દસ દસ કોશ ઉપર બધે ઘોડે સવાર મૂકી દીધા. ૩. **રાણીએ વર્ણીને ભગવાનના રૂપમાં ઓળખી લીધા હતા. કેમ જે, તે વિના આવા કોઈ હોય નહિ. રાજા અને રાણી જેમ જેમ માન આપવા લાગ્યાં તેમ તેમ શ્રીહરિ ખૂબ જ ઉદાસ થવા લાગ્યા.** ૪. શ્રીહરિએ એક મહિના પછી ચાલ્યા જવાની યોજના કરી. ઘણી રીતે કમર કસીને તૈયાર થયા અને પૂછ્યા વિના જ રાતે નીકળી ગયા. ૫. માર્ગ છોડીને વનમાં જ વીશ કોશ સુધી ચાલ્યા. વૃક્ષો, પહાડો અને નદીઓ વચ્ચે ઘણાં જ આવ્યાં. હાથીઓનો તો કોઈ પાર ન હતો. ૬.

ત્યાં શ્રીહરિ હાથીઓનાં ટોળાં વચ્ચે ચાલ્યા. નેપાળ દેશનું એક (કાઠમંડુ નામે) મોટું શહેર આવ્યું. (જે તેની રાજધાની છે.) વર્ણી ત્યાં થોડું રોકાયા. ૭. ત્યાંનો રાજા ગુરખા (રણબહાદુર શાહ) હતો. અને તે શહેર પણ ગુરખાનું કહેવાતું. ઘણા જ વિકરાળ પહાડોની વચ્ચે તે શહેર વસેલું હતું. ૮. તેની પાસે નવ લાખ તો ઘોડા અને અઢાર હજાર હાથી હતા. શ્રીહરિએ ત્યાં જઈને ગુરખા રાજાને દર્શન દીધાં અને પોતાનું ઐશ્વર્ય છુપાવી રાખ્યું. ૯. એક મહિના સુધી તેના સદાવ્રતમાં જમ્યા. ત્યાંથી ચીન દેશની પાસે આવ્યા. ચીન દેશને તો દૂરથી જ દેખ્યો. અને તે પછી ત્યાંથી પાછા વળ્યા. ૧૦.

નેપાળ દેશમાં પાછા આવ્યા. એક મોટું વિકરાળ વન હતું. તે વનમાં હરિઈચ્છાએ આગળ ગયા. ત્યાં એક મોટો વડ આવ્યો. ૧૧. તેની ચારે તરફ નદી અને સરોવર હતું. તેમાં પાણી હિલોળા મારતું હતું. તે વડ પણ ઘણા વિસ્તારમાં ફેલાયેલો હતો. ઊંચો પણ ઘણો જ દેખાતો હતો. ૧૨. તેની આસપાસમાં આવીને અપાર હાથી ફરતા હતા. બીજાં પણ અનંત પશુઓ ત્યાં હતાં. તેનો ભયંકર શબ્દ થયા કરતો હતો. ૧૩. ત્યાંથી પૂર્વ દિશા તરફ એક કોશ જેટલે દૂર એક વડ હતો. વર્ણી તે વડની પાસે ગયા. ૧૪.

### ✵ વર્ણિરાજ અને ગોપાલ યોગીનું મિલન :

તે વડના થડની પાસે બેસીને એક જોગી ધ્યાન કરતા હતા. તેને ભગવાન સિવાય અન્ય કોઈની આશા હતી નહિ. તેઓ મૃગચર્મ ઉપર બેઠા હતા. ૧૫. મસ્તકે જટા ધારી હતી. કૌપીનના ઉપર એક આચ્છાદન વસ્ત્ર (ટૂંકો વસ્ત્રનો ટૂકડો) હતું અને તે પણ જૂનું સારહીન હતું. તે સિવાય કશું પાસે ન હતું. ૧૬. જેટલાં માયિક વિષય સુખ કહેવાય છે તેનાથી તેઓ ઉદાસ રહેતા. શાલિગ્રામની સેવા પૂજા કરતા અને નિત્ય નિયમ પૂર્વક ગીતાનો પાઠ કરતા. ૧૭. તેમનું ગોપાલ યોગી નામ હતું અને સ્વભાવે અતિ ઉદાર હતા. તે વખતે શ્રીહરિએ તેમને દેખ્યા. જઈને તેમને નમસ્કાર કર્યા. કુશળ યોગી તુરંત ઊઠ્યા. ૧૮. વર્ણીને છાતીએ ચાંપીને ભેટી પડ્યા. હૃદયમાં મહાઆનંદ છવાઈ રહ્યો. જેમ કોઈ જૂના પ્રિય મિત્ર મળ્યા હોય તેમ આનંદ ઊભરાવા લાગ્યો. ૧૮-૧૯.

એ રીતે મળ્યા પછી બન્ને બેઠા. પરસ્પર કુશળ વૃત્તાંત પૂછ્યું. એક બીજાને વૃત્તાંત પણ કહ્યાં. તે સાંભળીને અન્યોન્ય અત્યંત હેત થયું. ૨૦. પછી નિર્ભય કરનારા શ્રીહરિ બોલ્યા, ‘ઘણું મોટું વન જોતા જોતા આપની પાસે આવ્યો છું. આપના જેવા જોગી ક્યાંય દેખ્યા નથી. આપ અંતઃકરણમાં ઘણા જ સ્વસ્થ (અરોગી) જણાઓ છો. ૨૧. આપને એવા ગુરુ કોણ મળ્યા છે ? કે જે સાક્ષાત્ સનકાદિકના જેવા હશે. અથવા આપના ગુરુ શુકદેવજી, નારદજી કાં તો કપિલમુનિ હશે. એવા કોઈ સમર્થ ગુરુ જરૂર આપને મળ્યા છે. ૨૨. કેમ જે, તે વિના આવી યોગની કળાઓ હોય નહિ. મેં આવી યોગની કળાઓ ક્યાંય દેખી નથી. હું નરનારાયણ ઋષિનો જે આશ્રમ છે

ત્યાં સુધી જઈ આવ્યો છું. ૨૩. ત્યાં મોટા મોટા સંતો રહે છે. જેઓ બળવાન સિદ્ધગતિને પામેલા છે. તે બધા શ્રીનરનારાયણ દેવનું નિરંતર ધ્યાન કરે છે. ૨૪. બદરિકાશ્રમમાં કેટલાક ઋષિઓ છ માસ જાય ત્યારે ફળ-ફૂલનો આહાર કરે છે, કેટલાક ત્રણ માસે ફળ ખાય છે, કેટલાક એક માસ જાય ત્યારે ખાય છે. તે ઋષિઓને ધ્યાન કરવાનો અભ્યાસ છે, પણ હઠયોગનો અભ્યાસ નથી. અમે ત્યાં જઈને ધ્યાન શીખ્યા છીએ. અને હવે અષ્ટાંગ યોગ શીખવા માટે અહીં આવ્યા છીએ. ૨૫-૨૬.

**सोरठा : बर्नी की सुनी बात, गोपाल जोगी बोलत भयेउ;**
**तुम ईश्वर साक्षात, दरश देन मम आये अब...२७**
**मेरो करन उद्धार, आये बर्नी रूप धरहि;**
**ईश्वर जग आधार, ता बिन इहाँ न आवे कोउ...२८**

વર્ણીની વાત સાંભળીને ગોપાળ યોગી બોલ્યા, 'આપ તો સાક્ષાત પરમેશ્વર છો. અત્યારે મને અહીંયાં દર્શન આપવા માટે આવ્યા છો. ૨૭. મારા આત્માનો ઉદ્ધાર કરવા માટે આપ વર્ણિવેશે અહીં પધાર્યા છો. આપ જગતના આધાર પરમેશ્વર છો. તે સિવાય અહીંયાં કોઈ આવે જ નહિ.' ૨૮. શ્રીહરિએ કહ્યું, 'આપ મારા ગુરુ અને હું આપનો શિષ્ય છું. હવે આપ કૃપા કરીને મને અષ્ટાંગ યોગ શીખવો. તેનો મારે ઘણો ભારે ઈશક છે. કેમ જે, હું નૈષ્ઠિક બ્રહ્મચારી છું. અષ્ટાંગ યોગનો અભ્યાસ કર્યા વિના નૈષ્ઠિક થવાતું નથી. ૩૦. મનુષ્યના દેહની આવી રીત છે. માટે આપ મને પ્રેમથી અષ્ટાંગ યોગ શીખવો. આપ જેમ કહેશો તેમ હું કરીશ. તેમાં કોઈ રીતે હું ડરીશ નહિ. ૩૧. યોગ સાધતા કદાચ મારા દેહનો નાશ થાય, તોપણ મને તેનો ભય નથી. શરીર બાબતના જેટલા ભય હોય છે તે બધાને તો મેં પહેલેથી છોડી દીધા છે. ૩૨. **અછેદ્ય, અભેદ્ય, અજર, અમર આવાં જેનાં અનંત લક્ષણ છે એવો મારો આત્મા અક્ષરરૂપ છે. તેને હું સત્ય અને અનુપમ જાણું છું.** ૩૩. **તે આત્મા શુદ્ધ છે, પ્રકાશમાન છે. દેહ અસત્ય છે અને દુઃખરૂપ છે. તે સત્ય આત્મા અને અસત્ય દેહનો જોગ થયો છે તેથી સત્યરૂપ આત્માને અસત્યરૂપ દેહનો રંગ રખે લાગી ન જાય એવો આપ**

**હવે મને અભ્યાસ કરાવો. હું તે બાબતમાં તત્પર રહીશ. યોગની વિદ્યા તે મહાવિદ્યા કહેવાય છે. જેમાં શરીરનું સુખ રહેતું નથી.** ૩૪-૩૫.

યોગ શીખવાથી જેટલાં દેહનાં વિઘ્નો છે તે બધાંને સહેજે જ તરી જવાય છે. દેહનાં વિઘ્ન સમુદ્રના સમાન છે. મજબૂત નાવ સિવાય તે વિઘ્નોનો વિનાશ થઈ શકે નહિ. ૩૬. જો યોગી યોગરૂપી દૃઢ નાવમાં બેસે છે તો તેને દેહરૂપી સમુદ્રનો ભય ક્યારેય રહેતો નથી. ૩૭. યોગ શીખ્યા પછી જે નિત્ય-નિરંતર તેનો અભ્યાસ કરતો જ રહે છે ત્યારે તેને ક્યારેય ભય ઊપજતો નથી; પણ અભ્યાસ રાખ્યા વિના તો ભય જીતાતો નથી, નાશ થતો નથી. ૩૮. વર્ણી શુદ્ધ (પવિત્ર અને નિષ્કપટ) છે આવું જાણીને યોગિરાજ ગોપાળયોગી પ્રસન્ન થયા. હૃદયમાં અતિશય કરુણા લાવીને સરળ ચિત્તથી યોગ શીખવવા લાગ્યા. ૩૯. સહુ પહેલાં 'હઠયોગ પ્રદીપિકા' (જેમાં દેહને કષ્ટ આપીને યોગ સાધવાનો હોય તેવી યૌગિક ક્રિયા) નામે હઠયોગના ગ્રંથનો સાર સાર કાઢીને ભણાવવાની શરૂઆત કરી. ૪૦.

***ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના દ્વિતીય પૂરમાં 'વર્ણિરાજ શ્રીહરિ છૂપી રીતે રાજભવન છોડી ચાલ્યા અને વનવિચરણ કરતા ગોપાળયોગીનો મેળાપ થયો' એ નામે અઠ્ઠાવીશમો તરંગ સમાપ્ત ॥૨૮॥***

## પૂર બીજું : તરંગ - ૨૯

### ગોપાળયોગી પાસે યોગાભ્યાસ, ગોપાળયોગીનો દેહત્યાગ

હે ઉત્તમ રાજા, હવે તમે સાંભળો. શ્રીહરિએ યોગનો અભ્યાસ જેમ કર્યો તે વાત હું તમને સાક્ષાત્ કહું છું. ૧. અનંત બ્રહ્માંડોના આધાર શ્રીહરિ યોગ-કલાનો અભ્યાસ કરવા માટે પ્રથમ ચમત્કારરૂપ ગ્રંથને ભણવા માંડ્યા. ૨.

**सोरठा : बुद्धि गुन भंडार, जोग के भंडार बर्नी यह;**
**मनुष्यचरित्र उदार, करत अनंत जन मोक्ष हित...०४**

યોગના જે આઠ અંગ છે. પહેલાં તો તેનાં નામ શીખ્યા. યોગીના યોગનાં જે મૂળભૂત આઠ અંગ તેને શીખવામાં વર્ણીને ઘણો જ ઉમંગ હતો. ૩. વર્ણી સ્વયં બુદ્ધિના અને ગુણોના ભંડાર છે. યોગના પણ ભંડાર છે. છતાં અનંત જીવોનો ઉદ્ધાર કરવા માટે ઉદાર મનુષ્યચરિત્ર કરે છે. ૪.

અષ્ટાંગ યોગના અલગ અલગ સુખરૂપ જે નામ છે તેને હવે હું કહું છું. તે યમ, નિયમ, આસન, પ્રાણાયામ, પ્રત્યાહાર, ધારણા, ધ્યાન, અને સમાધિ, આ આઠ યોગનાં અંગ છે. પરમ સુખદાયી શ્રીહરિએ તે આઠે અંગોને થોડા જ દિવસમાં શીખી લીધાં. ૫-૬. એકવાર જે બતાવવામાં આવ્યું હોય તેને વર્ણી તરત જ શીખીને દેખાડી દેતા હતા. અને પ્રથમ જે અંગ શીખ્યા હોય તેને પણ ઉમંગથી સિદ્ધ કરી દેખાડતા હતા. ૭. બે પ્રકારની બસ્તિ, નેતિ, (ધોતી) કુંજરક્રિયા, નોલી અને શંખ પ્રક્ષાલન નામે જે બધી ક્રિયાઓ છે તેને સુખધામ શ્રીહરિ પહેલાં શીખ્યા હતા. ૮. પછી તે શીખેલી બધી જ ક્રિયાઓને વર્ણી ગુરુ ગોપાળદાસ યોગીને કરી બતાવતા હતા. તે જોઈને ગુરુએ વિચાર કર્યો કે, આ વર્ણી કોઈ સામાન્ય મનુષ્ય નથી, એ નિશ્ચત વાત છે. ૯. ગોલોકધામના અધિપતિ જે શ્રીકૃષ્ણ ભગવાન છે, તે જ મૂર્તિ ધારીને અહીં પધાર્યા છે. દીનદયાળુ અને પરમકૃપાળુ તે પરમાત્મા જાણી જોઈને મારા ઉપર કૃપા કરી રહ્યા છે. ૧૦. ગોપાળ યોગી પોતાના મનમાં વર્ણીને વિષે શ્રીકૃષ્ણની ભાવના રાખીને તેમનાં દર્શન કરીને આનંદ પામતા હતા. આ રીતે બન્ને પરસ્પર મહિમા સમજીને, હેતથી ગુરુભાવ રાખતા હતા. ૧૧. વર્ણી વનમાંથી કંદ, મૂળ, ફૂલ અને ફળ વગેરે લઈ આવતા હતા. બન્ને ગુરુ-શિષ્ય સાથે બેસીને પ્રેમથી જમતા હતા. બન્ને એક વરસ સુધી સાથે રહ્યા. યોગની ક્રિયાઓ દ્વારા શરીરને નીચોવી નાખ્યું. ૧૨.

### ✲ ગોપાળયોગીએ ગોવાળોની રક્ષા કરી :

હૃદયમાં ઘણી ધીરજ રાખીને ટાઢ, તડકો અને વરસાદની ધારાઓને વનમાં સહન કરતા હતા અને આ રીતે તપ કરીને યોગ સાધતા હતા. ૧૩. બન્નેને મહાન્ સિદ્ધ જોઈને ગોવાળ લોકોએ ઘણી ગાયોની સાથે તે યોગીઓની પાસે જ આવીને વસવાટ કર્યો. ૧૪. કાંટાળાં મોટાં મોટાં ઝાડ ઝાંખરાને કાપી

લાવી તેની ઊંચી વાડ કરીને ગાયોને રાખવા વાડો કર્યો, છતાં સિંહ ત્યાં આવીને ગાયોને મારી નાખતા હતા. ૧૫. તે ગોવાળોએ ગોપાળયોગી પાસે આવીને પોતાની તે દુઃખભરી વાત કહી કે, રોજ સિંહ આવીને ગાયોને મારે છે, અમારે માટે તો આ મોટો ઉત્પાત થયો છે. ૧૬. ગાયોને બચાવવાના ઉપાય કરીને અમે થાકી ગયા છીએ. હવે આપ બન્ને અમને મદદ કરો. આપ બન્ને મહાસિદ્ધ યોગી છો. અમે આપને શરણે આવ્યા છીએ.' ૧૭. ત્યારે ગોપાળ યોગીએ કહ્યું, 'હવે ડરશો નહિ. અમે તેનો ઉપાય કરશું. આજ તમે નિશ્ચિંત થઈને સૂઈ જાઓ. આવતી રાતે અમે શંખનાદ કરશું. ૧૮.

તેથી ફરીવાર ક્યારેય સિંહ નહિ આવે. આવું તમે મનમાં ચોક્કસ નિર્ધાર કરી લો.' ત્યારે તે પશુપાળ ગોવાળો ખુશી થયા. તે ગોવાળો કાયમ યોગીને દૂધ આપતા હતા. ૧૯. રાત પડી ત્યારે ગોપાળયોગીએ શંખ વગાડ્યો. ચોતરફ એકેક કોશ સુધી તે અવાજ સંભળાયો. તે અવાજ વનનાં વૃક્ષો, પહાડ અને આકાશમાં સર્વ સ્થળે છવાઈ ગયો. ૨૦. તે અવાજ સાંભળીને જેટલાં હિંસક પ્રાણીઓ હતાં તે બધાં ભાગી ગયાં. પછી ફરીવાર સિંહ ક્યારેય ત્યાં આવ્યા નહિ. તેથી ત્યારે યોગીનો પ્રતાપ સહુને ઘણો જણાયો. ૨૧. પછી બાર બાર કોશ સુધીના બધા ગોવાળ તે સમયે દૂધ અને દહીં લાવવા માંડ્યા. કેટલાક તો ખીર બનાવવા માટે ચોખા લાવતા. ઘણી 'ના' કહેવામાં આવે, છતાં કોઈ તે લાવતા અટકતા નહિ. ૨૨. આમ, બહુ ગાયો અને ગોવાળો સુખી થયાં. સહુએ મુનિઓનો અપાર પ્રતાપ જાણ્યો. નરનારીઓ બધાં એમ બોલતાં કે 'મુનિના પ્રતાપ સિવાય આવું બને નહિ.' ૨૩.

યોગ શીખ્યા પછી દિવસનો જે સમય બચતો તેમાં શ્રીહરિ ગીતાનો પાઠ કરતા. તેમાં બીજા અધ્યાયને તો રાત દિવસ વાંચતા રહેતા. તેનાથી આત્માની શુદ્ધતા જણાતી હતી. ૨૪. **આત્માનું જેવું સ્વરૂપ છે તેવું મનમાં દૃઢ નિશ્ચિત કર્યું. પ્રત્યાહારથી ઈન્દ્રિય અંતઃકરણને વશ કરીને શ્રેષ્ઠ અનુપમ રીતે આત્મ સ્વરૂપનો વિચાર કર્યો.** ૨૫. ધીરે ધીરે ઈન્દ્રિયોની અને અંતઃકરણની વૃત્તિને પાછી વાળીને આત્મસન્મુખ કરી. ૨૬. આવી ધારણા કરી પછી તેનો

અભ્યાસ કરતાં કેટલોક સમય વીત્યો ત્યારે આત્મસ્વરૂપની પ્રવીણતા પ્રાપ્ત થઈ અને અખંડ તથા અવિચળપણે આત્મનિષ્ઠા સ્થિર થઈ. ૨૭. ધ્યાન અને યોગની અત્યંત પરિપક્વ દશા તો જ્યારે બધા જ ભોગનો ત્યાગ કરે ત્યારે જ થઈ શકે છે. ૨૮. **વનમાં યોગની ક્રિયાઓને કરતાં કરતાં શ્રીહરિ ગોપાળયોગીને કહેતા કે, 'ભગવાનની કૃપાથી હું યોગની કળાઓને તત્કાળ સારી રીતે શીખી શક્યો છું. ૨૯.**

**હું મારા આત્માને અખંડ દેખું છું. અને તેને બ્રહ્મની સાથે એક કરી દીધો છે. તેથી હું બ્રહ્મસ્વરૂપ થયો છું. ૩૦. આને બ્રહ્મયોગની સમાધિ કહેવાય છે.' પછી તે સમાધિને ગોપાળયોગી શીખ્યા. શ્રીહરિએ પરમ સ્નેહથી આવી મહાન બ્રહ્મયોગની સમાધિરૂપ યોગકળા ગોપાળયોગીના ઉપર કરુણારસ લાવીને શીખવી. કેમ જે, શ્રીહરિની કૃપા વગર તે યોગકળા ક્યારેય પ્રાપ્ત થઈ શકતી નથી. ગોપાળયોગી તુરંત બ્રહ્મરૂપ થયા. અને તેમને બ્રહ્મરૂપ પોતાના આત્મામાં વિરાજમાન શ્રીહરિનાં અનુપમ દર્શન થયાં. ૩૧-૩૨.** જ્યારે ગોપાળયોગીને બ્રહ્મયોગનું જ્ઞાન પરિપકવ થયું ત્યારે તેઓ એમ બોલ્યા કે, 'શ્રીનરનારાયણ ઋષિએ મારા ઉપર ઘણી કરુણા કરી છે. ૩૩. તે સુખકારી પ્રભુ બ્રહ્મચારીનું રૂપ લઈને મને અહીંયાં દર્શન દેવા પધાર્યા. અનંત જીવોનો ઉદ્ધાર કરવા માટે આ વનમાં વિચરણ કરવા આવ્યા. ૩૪.

વન વિચરણની અત્યંત રુચિને દેખીને હું કહી શકું છું કે આ વર્ણી છે તે નરનારાયણ જ છે તેમાં કાંઈ સંશય રહ્યો નથી.' ૩૫. આવું સમજીને ગોપાળ યોગી જ્યારે ધ્યાન કરવા બેઠા ત્યારે શ્રીહરિની મૂર્તિમાં તેમની વૃત્તિ એક તાન થઈને ચોંટી ગઈ. પોતાના શરીરનું ભાન ભૂલી ગયા અને સમાધિમાં અમાપ તેજ દેખાયું. ૩૬. ગોપાળયોગીએ સમાધિમાં અનંત શોભાનું ધામ એવું વૃંદાવન જોયું. કે જેની આગળ બદરીવન કે બીજાં વન પણ શું ? એવી તેની પ્રસિદ્ધિ છે. ૩૭. દુર્વાસાના શાપથી જે પ્રભુ પ્રકટ્યા છે. અનંત મુનિઓ પણ પ્રકટ્યા છે. આવું બધું તેમણે જાણી લીધું. ૩૮. તેમણે વર્ણીને વૃંદાવનના વાસી શ્રીકૃષ્ણ જાણ્યા. જે સુખના ધામરૂપ ગોલોકવાસી છે તેમણે જ અત્યારે વર્ણીનું રૂપ ધારણ કર્યું છે એમ જાણ્યું. ૩૯. ગોપાળયોગીએ સમાધિમાં

શ્રીહરિની અનંત સુખમય મૂર્તિ જોઈને દેહમાંથી વૃત્તિ તોડી નાંખી. તેમણે કરેલા મોક્ષના ઉપાયરૂપ બધાં સાધન પૂરાં થઈ ગયાં. અર્થાત્ તેનું શરીર છૂટી ગયું અને ગોલોકધામમાં ગયા. ૪૦.

***ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના દ્વિતીય પૂરમાં 'ગોપાળયોગી પાસે યોગાભ્યાસ અને ગોપાળયોગીએ દેહત્યાગ કર્યો' એ નામે ઓગણત્રીશમો તરંગ સમાપ્ત ॥૨૯॥***

## પૂર બીજું : તરંગ - ૩૦

## ગોપાળયોગીની ઉત્તર ક્રિયા કરી પૂર્વમાં પ્રયાણ, બાંસી થઈ આદિ વરાહ આવ્યા

શ્રીહરિએ સ્વયં ગોપાળયોગીનો અગ્નિસંસ્કાર અને ઉત્તર ક્રિયાઓ કરી. પછી ત્યાં થોડા દિવસ રહ્યા. અને પૂર્વ તરફ અમાપ રીતે ચાલ્યા. ૧. વધારે ને વધારે વનોને દેખતા શ્રીહરિ સ્વયં એકલા જ ચાલ્યા. આગળ એક બાંસી નામે શહેર આવ્યું. રંગછેલા મનમોહક સુખરૂપ શ્રીહરિ ત્યાં રોકાયા. ૨. બાંસીથી થોડે દૂર એક સુંદર નદી વહેતી હતી. તેને દેખીને વર્ણીના મનમાં આનંદ થયો. વર્ણી રોજ સ્નાન કરવા તે નદીએ જતા. ૩. તેનું સુંદર નિર્મળ નીર શ્રીહરિના મનને ઘણું ગમતું હતું. કિનારે કેટલાએ બાગ-બગીચાઓ હતા. તેમાં હજારો પંખીઓ રહેતાં હતાં. ૪. નદીમાં મોટાં મોટાં નેતરનાં થૂંબડાંઓ છાઈ રહ્યાં હતાં. તે નદી કમળોથી શોભતી હતી. અનંત ભમરાઓનાં ટોળાં તેના ઉપર ગુંજારવ કરતાં હતાં. તેને નિત્ય શ્રીહરિ સાંભળતા હતા. ૫. રોજ ત્યાં જઈને શ્રીહરિ યોગની ક્રિયાઓને કરતા હતા. એમ કરતાં ઘણા દિવસ વીતી ગયા.

એક દિવસ રાજાના બે નોકર ત્યાં આવ્યા. જ્યાં શ્રીહરિ નિત્ય સ્નાન કરતા હતા. ૬. ત્યાં જે સુંદર પંખીઓ રહેતાં હતાં. નોકરોએ તે પંખીઓને જોયાં. શ્રીહરિની કશી મર્યાદા રાખ્યા વિના જ તેમણે આવીને બંદૂકથી ગોળી મારી. ૭. પછી પંખીઓએ અપાર ચીસો પાડી અને તેમના પ્રાણ નીકળી ગયા.

શ્રીહરિ બહુ દિલગીર થઈ ગયા. મુખથી રામ રામ રામ બોલવા લાગ્યા. ૮. તે દિવસ શ્રીહરિએ ઉપવાસ કર્યો. અવિનાશી શ્રીહરિ નદીના તે કિનારાથી દૂર ચાલ્યા ગયા અને તે શહેરને પણ છોડી દીધું. પ્રવીણ શ્રીહરિ ગામથી દૂર નદીએ આવીને રહ્યા. ૯. જ્યારે અરધી રાત ગઈ હશે ત્યારે શ્રીહરિએ મનમાં સહજ સ્વભાવે એવો સંકલ્પ કર્યો કે, આ શહેર બળી જાઓ. ૧૦. આવો સંકલ્પ કરીને ફરી વિચાર કર્યો કે આવો વિચાર ક્યારેય કરવો જોઈએ નહિ. કેમ જે, તેવો સંકલ્પ કરવો તે સંતોની રીત નથી. ક્ષમારૂપી ગુણ જ સાધુને શોભાડે છે. ૧૧. છતાં પણ શ્રીહરિના સંકલ્પે બાંસી શહેર તત્કાળ સળગ્યું. આગની મોટી મોટી જ્વાળાઓ નીકળવા લાગી. રાજ દરબાર (રાજભવન) જ પ્રથમ અગ્નિથી લપેટાયો. બીજા લોકો તો બધા ભવન છોડીને બહાર ભાગ્યા. ૧૨. રાજા પોતાની રાણી અને પુત્રની સાથે રાજભવનમાંથી બહાર નીકળી ગયા. રાજાના બીજા નોકરો બચી ગયા, પણ જેમણે પક્ષીઓ માર્યા હતા તે બે પાપી ચાકરો આગમાં બળી ગયા. ૧૩. શ્રીહરિએ તે જોયું. એટલે તુરંત નદીના પાણીમાં પડ્યા. ત્યારે તે આગ બુઝાઈ ગઈ અને શહેર આગથી બચી ગયું. ૧૪.

પછી શ્રીહરિએ તત્કાળ નદીમાં સ્નાન કર્યું. પછી હાથમાં પાણી લીધું. અને તે સમયે સ્વયં પોતાની વાણીને શાપ દીધો કે, **'કોઈ દિવસ ભૂલથી પણ જો કાંઈ મલિન ઘાટ થઈ જાય તો તે જ ક્ષણે તે નિષ્ફળ થઈ જાય.'** ૧૫-૧૬. ત્યાંથી શ્રીહરિ પૂર્વ દિશાના વનમાં ચાલ્યા. પોતે એકાકી હતા. કોઈ પણ સાથે હતું નહિ. તે વનમાં ઘણા જોરદાર સિંહ રહેતા હતા. સિંહોનાં ટોળેટોળાં ફરતાં હતાં. ૧૭. ત્યાં એક મોટી નદી દેખી. સુખકારી શ્રીહરિ તે નદીને કિનારે રહ્યા. વનમાંથી ફળ ફૂલ લાવીને જમતા હતા. વનને જોઈને ત્યાં આનંદથી રહેતા હતા. ૧૮. દરરોજ યોગનો અભ્યાસ કરતા. બીજા કોઈની આશા રાખતા નહિ. જ્યારે કેટલાક દિવસ ત્યાં રહ્યા ત્યારે એક દિવસ એક સિંહ આવ્યો. ૧૯. વર્ણી ધ્યાનમાં બેઠા હતા. સિંહ આવીને વર્ણીના ચરણોને ચાટવા લાગ્યો. વર્ણી તરત ધ્યાનમાંથી જાગ્યા. ત્યારે વર્ણીએ સિંહને પકડી લીધો. સિંહે કાંઈ કર્યું નહિ પણ વર્ણી પાસે એકદમ દીન થઈ ગયો. ૨૦.

જેવી બકરી હોય તેવો તે શીલવાન (ડાહ્યો) થઈ ગયો. તે સમયે વર્ણીના મનમાં સંકલ્પ થયો કે, 'આ વખતે આ સિંહ ઉપર સવારી કરીને ગામેગામ ફરું. તેમ કરવાથી બધા લોકો આશ્ચર્ય પામશે અને મને સિદ્ધ માનીને પૂજશે.' આવું વિચારીને જ્યારે ગામ તરફ ચાલ્યા ત્યારે તે સિંહ ઉપર બેસીને સવારી કરી. ૨૨. ત્યારે વર્ણીએ મનમાં ફરીને એવો વિચાર કર્યો કે, 'આ સિંહ તો ઘણું કઠોર પ્રાણી કહેવાય. કોણ જાણે શું નું શું થઈને ઊભું રહે ? આમાં તો ઘણી વાતો સમાયેલી છે.' ૨૩. મોટા સિદ્ધનું આ કામ નથી, એમ વિચારીને તે સ્થળે જ સિંહને છોડી દીધો. મોટા સિદ્ધની આવી રીત ન હોય. આવો દેખાવ કરવો તે તો પાખંડીની રીત છે. ૨૪.

પાખંડી લોકો પાખંડ કરીને પેટ ભરતા હોય છે. પાખંડ વિના કોઈ લોકો માને નહિ. આવી સિદ્ધિઓ દેખાડવી તે તો પાખંડીઓની રીત છે. ૨૫. સિદ્ધપુરુષની રાજાથી રંક પર્યંત સર્વે લોકો આશા રાખે છે. કેમજે એ સિદ્ધો એવા જ હોય છે.૨૬. અરે ! બધા દેવોમાં શિવજી જેવા કોઈ સિદ્ધ નથી. બધા દેવો પણ તેમના જેવા થવાની આશા રાખે છે. ૨૭. **પણ જેને એક ભગવાનની જ આશા છે તેના સમાન બીજો કોઈ સિદ્ધ છે જ નહિ. જેને પોતાને પૂજાવાની આશા હોય છે તે સિદ્ધ નહિ પણ અસિદ્ધ છે તેમ જાણવું.**૨૮.

**ચોપાઈ :**

**सब बडता में बडता एहा, हरि पद एक करना नेहा;**
**ताके साधन भये सब पूरे, सो नहीं तब सब ही अधूरे...२९**

મોટપમાં સહુથી અધિક મોટપ એ છે કે, 'એક ભગવાનના ચરણોમાં હેત કરવું.' જેને હરિચરણોમાં હેત હોય તેનાં બધાં જ સાધન પૂરાં થઈ ગયાં જાણવાં અને જેને હરિના ચરણમાં હેત નથી તેનાં બધાં સાધનોને અધૂરાં જાણવાં. ૨૯. **અધૂરાં સાધન કરીને જેનું મરણ થાય છે તે સંસાર સાગરને તરી શકતો નથી. સંસાર સાગરને તરવાનું સાધન તો એક ભગવાનના ચરણોરૂપી નાવ જ છે, પણ તે નાવને તો તેમણે છોડી દીધી છે.** ૩૦.

**प्रकाश बिन कबु देख न पावे, सतसंग दिन रेन करावे;**
**सत्संग को फल हे एता, प्रभु पद करना निकेता...३२**

ભગવાનના આશરારૂપી નાવ વિના હવે કઈ રીતે તરશે ? આવું ભગવાનના ચરણોના રસમાં રાચતા ભક્તો કહે છે. જ્યારે પોતાના હૃદયમાં વિચાર કરી તપાસ કરવામાં આવે ત્યારે અંતરમાં અતિ પ્રકાશ થાય છે. ૩૧. રાત દિવસ સત્સંગ કરવામાં આવે તો પણ અંતરમાં પ્રકાશ થયા વિના ક્યારેય જોઈ શકે નહિ. અને સત્સંગનું ખરું ફળ એ જ છે કે, 'ભગવાનના ચરણોમાં નિવાસ મળે.' ૩૨.

**मन संतोष न पावत कबहू, वेर वेर दुःख पावत तबहू;**
**साधन में साधन मुख्य एहू, मन को प्रथम संग तज देहू...३३**

જો મનમાં ક્યારેય સંતોષ ન થાય તો વારંવાર દુઃખ પામે છે. સર્વ સાધનોમાં મુખ્ય સાધન એ છે કે, 'સહુથી પહેલાં મનનો સંગ તજી દેવો.' ૩૩. આવું કહીને વર્ણીએ મનને પ્રભુપદમાં જોડ્યું. નાસિકાના અગ્રભાગે દૃષ્ટિને ઠેરાવી રાખી. આત્મામાં બ્રહ્મની ભાવના લાવીને શ્રીહરિ પછી ત્યાંથી આગળ ચાલતા થયા. ૩૪. **વર્ણી અખંડ પોતાના સ્વરૂપમાં રહેતા. પિંડ(દેહ)ને અને બ્રહ્માંડને અસત્ (નાશવંત-અસ્થિર) જાણતા. વર્ણીને દિશાના અનુસંધાન સિવાય બીજો કોઈ માર્ગ ન હતો. આ રીતે ચાલતા વર્ણી આદિવરાહ પહોંચ્યા. (નેપાળ રાજ્યમાં કોસી નદીના કિનારા ઉપર આ તીર્થ આવેલું છે. ત્યાં મંદિરમાં વરાહ ભગવાનની ચતુર્ભુજ મૂર્તિ છે.)** ૩૫. ત્યાં ત્રણ દિવસ રહ્યા અને પુરવાસીઓને દર્શન આપ્યાં. બધા લોકોએ વર્ણીને મહાન્ સિદ્ધ જાણીને ખૂબ જ પ્રેમથી માન્યા-પૂજ્યા. ૩૬.

શ્રીહરિનાં દર્શન કરીને લોકોને ખૂબ જ આનંદ થયો. પછી નગર જનોનાં ટોળેટોળાં દર્શન કરવા આવવા લાગ્યાં. ૩૭. શ્રીહરિ તે લોકોનો નિશ્ચિત મોક્ષ કરવા માટે ભાગવતનાં પ્રમાણો લઈ સ્વધર્મની વાત કરવા લાગ્યા. ૩૮. શ્રીહરિનાં ઉપદેશ-વચન સાંભળ્યાં ત્યારે તેમને મિથ્યા ગુરુની સમજ પડી. જમદૂતનો અને કાળનો ભય લાગ્યો. યથાર્થ જ્ઞાન થયું એટલે બુદ્ધિશાળી સાત્વિક લોકો શ્રીહરિને શરણે આવ્યા. ૩૯. લોકોને જ્યારે શ્રીહરિનું જ્ઞાન થયું-ઓળખાયા ત્યારે સહુ મોહ અને અજ્ઞાન તજીને શ્રીહરિનું ભજન કરવા લાગ્યા. તેમણે બધાં ફેલ ફિતૂર છોડી દીધાં. ૪૦.

*ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના દ્વિતીય પૂરમાં 'ગોપાળયોગીની ઉત્તર ક્રિયા કરી પૂર્વમાં પ્રયાણ, બાંસી થઈ આદિવરાહ આવ્યા' એ નામે ત્રીશમો તરંગ સમાપ્ત ॥૩૦॥*

## પૂર બીજું : તરંગ - ૩૧

## આદિવરાહથી બંગાળમાં સિરપુર આવ્યા, સિદ્ધવલ્લભ રાજાએ ચાતુર્માસ પર્યંત પોતાને ત્યાં રાખ્યા

આદિ વરાહનાં દર્શન કરીને શ્રીઘનશ્યામ મહાપ્રભુ આગળ ચાલ્યા, તે બંગાળ પ્રદેશમાં સિરપુર નામે શહેર પધાર્યા. ૧. ત્યાંના સિદ્ધવલ્લભ નામે રાજા હતા. તે ધર્મનિષ્ઠ અને બુદ્ધિમાન્ હતા. જે તીર્થવાસી આવતા તેમને તે અન્નદાન કરતા હતા. ૨. બુદ્ધિમાન્ રાજાએ શ્રીહરિને દેખ્યા એટલે તેમના ઉપર અત્યંત હેત થયું, તેથી તેમને ચાતુર્માસ રાખવા ઘણી પ્રાર્થના કરી. શ્રીહરિને મહાન્ ત્યાગી દેખ્યા. બે હાથ જોડીને દીનભાવે ઘણો આગ્રહ કર્યો ત્યારે શ્રીહરિએ તેના ઉપર કૃપા કરી ત્યાં રોકાયા. ૩-૪. જ્યારે શ્રીહરિ ત્યાં ચાતુર્માસ કરવા રોકાયા ત્યારે રાજાએ તેમને એકલા જાણીને તેમની સેવા કરવા એક ગોપાળદાસ નામના સાધુને રાખ્યા. ગોપાળદાસ રાજા પાસે રહેતા હતા. રાજાને તેના ઉપર ઘણું હેત હતું. ગોપાળદાસ નૈષ્ઠિક બ્રહ્મચર્યને દૃઢપણે પાળતા. તેથી શ્રીહરિએ તેને સેવા કરવા પ્રેમથી આજ્ઞા દીધી. ૫-૬.

### ❋ ગોપાળદાસના સદ્‌ગુણો :

ગોપાળદાસ અત્યંત ખુશી થઈને શ્રીહરિની સેવામાં રહ્યા. પરમ ઉદાર સ્વભાવના તે સાધુ શ્રીહરિની મરજી પ્રમાણે વર્તન રાખતા હતા. ૭. અત્યંત સમજણા ગોપાળદાસ હાથ જોડીને પાસે જ રહેતા. એક પળવાર પણ દૂર જતા નહિ. મન, કર્મ, વચનથી એકતાન થઈને સેવા કરતા. ૮. ગોપાળદાસ સ્થિર બુદ્ધિના અને સાધુ સ્વભાવના શાંત હતા. તેનામાં ચંચળતા ન હતી. તે આમ તેમ જતા પણ નહિ. શ્રીહરિની સેવાને પરમ લાભ માનતા. સેવા સિવાયના અન્ય કામને નુકશાની ગણતા હતા. ૯. તેઓ એવું માનતા કે,

તીર્થ, વ્રત, યોગ, તપ, દાન અને યજ્ઞ આવાં કરોડો સાધનો કરતાં શ્રીહરિની સેવા અધિક છે. એવી તેમનામાં બુદ્ધિ હતી. ૧૦. **હરિ અને શુદ્ધ ગુરુને એક જાણવા, એવો તેની બુદ્ધિમાં વિવેક હતો તેથી તે જે ધર્મનિષ્ઠ જે ત્યાગી ગુરુ હોય તેની સેવા કરતા હતા. ૧૧.**

**શ્રીહરિએ પણ ગોપાળદાસને જોયા ત્યારથી જ તે મનમાં ગમી ગયા. એટલે તેને પોતાની સેવામાં રખાવ્યા. શ્રીહરિનો પણ એવો સ્વભાવ હતો કે, જેમાં ત્યાગ અને શ્રદ્ધા ન દેખાય તે ગમે નહિ. ૧૨.** રાજાએ બીજા ભેખધારીઓને ઘણા જ શ્રદ્ધાભાવથી ચાર્તુમાસ કરવા માટે પોતાના નગરમાં રાખ્યા હતા. ૧૩. તે ભેખધારીઓ એટલા બધા અપાર વ્યસની અને ફેલી હતા કે, તે ગણતા પાર આવે નહિ. તેઓ મંત્રોના અને તંત્રોના અભ્યાસી હતા. તેમને ક્ષુદ્ર દેવો ઉપર પ્રેમ હતો. ૧૪. બધાના વેશ જુદા જુદા હતા. કેટલાક જટાવાળા હતા, તો કેટલાક શિર મુંડાયેલા હતા. તેમને ભગવાનના સ્વરૂપનું લેશમાત્ર પણ જ્ઞાન ન હતું. અને સંતોના માર્ગથી બધા ઊલટા ચાલતા હતા. ૧૫. કેટલાક નાગા હતા, તો કેટલાક વસ્ત્ર પહેરતા હતા. કોઈ જૂના કપડાવાળા હતા તો કોઈ છેલ બટાઉ-વરણાગિયા હતા. કોઈ તો સાપના જેવા તમોગુણી હતા. ૧૬.

વળી તેમાં કેટલાક તો ઘણા મોટા તપસ્વી હતા. તેઓ બહાર તડકામાં જઈને બેસતા હતા. કેટલાક બ્રહ્મચારી હતા તો કેટલાક સંન્યાસી હતા. કોઈક હંસ હતા તો કોઈ ઉદાસી હતા. ૧૭. કોઈક ભેખધારી 'કાલી-કાલી' આવું મુખથી બોલતા હતા તો કોઈક બહુચરાનુ નામ બોલતા હતા. કોઈક ભૈરવ ભૈરવ એમ બોલતા હતા તો કોઈક ભવાનીને અને જોગણીને સંભારતા હતા. ૧૮. કેટલાક મૌન રાખતા તો કેટલાક બોલતા હતા. કોઈ રાત દિવસ આંખોને ખોલતા જ નહિ. કોઈ ખાખી હતા તો કોઈ હુડદંગા (અખાડામાં લાકડી વગેરેથી ખેલનાર તથા કસરતથી શરીર મજબૂત કરનાર બાવા) હતા. તે સિવાયના બીજા ઘણા અડબંગા ભેળા થયા હતા. ૧૯. કેટલાક શરીર ઉપર રાખ ચોળીને સિદ્ધ થયા હતા. ઘણા ભાંગ અને ગાંજો પીનારા રંગીલા એકઠા થયા હતા. રાજા તેમને મોટા સિદ્ધ માનીને પ્રેમભાવથી ઘણી મોટી

રસોઈ આપતા હતા. ૨૦. રેશમનાં ગાદલાં બનાવીને બધા સિદ્ધોને પાથરવા આપ્યા હતા. રાજાનો ભરપૂર ભાવ જોઈને તેઓ અભિમાનથી સિદ્ધાઈની વાતો કરતા હતા. ૨૧.

એમ કરતા વરસાદ આવ્યો, પવન ફૂંકાયો અને ઉત્પાત થયો. વારંવાર ગર્જના સાથે વીજળી ઝબૂકવા લાગી. મૂસળધારાથી વરસાદ વરસવા લાગ્યો. ૨૨. આકાશમાં ગર્જના સાથે કડાકા થવા લાગ્યા. માનો હમણાં જ આકાશ તૂટી પડશે. સતત વરસીને અપાર હેલી મંડાણી. જમીન ઉપર પાણી ઊભરાતા ચાલ્યા. ૨૩. તે સમયે બહાર વરસાદમાં કોઈ સિદ્ધ બેસી રહ્યા નહિ. શ્રીહરિ એક બેસી રહ્યા. રાજા સિદ્ધોની સિદ્ધાઈને કાયમ દેખતા. અને તે વાત મનમાં રાખતા. ૨૪. શ્રીહરિ એક દિવસ અને એક રાત બહાર વરસાદમાં બેસી રહ્યા. ત્યારે નખથી શિખા સુધી આખા શરીર ઉપર અમાપ કીચડ ચડી ગયો. ૨૫. જ્યારે સવારમાં વહેલા સેવક આવ્યો ત્યારે જ્યાં વર્ણી બેઠા હતા ત્યાં જોયું. કીચડમાં ખોળાખોળ કરી પણ ક્યાંય દેખાયા નહિ. ૨૬. રાજાએ તે સાંભળ્યું. તેઓ તત્કાળ ત્યાં વેગથી દોડી આવ્યા. રાજા શોક કરવા લાગ્યા પણ બીજા ભેખધારી સિદ્ધો ખુશી થયા. ૨૭. ઘણો શોરબકોર થયો. બધા નગરજનો દોડી આવ્યા. રાજા રડતા રડતા જોરદાર પ્રાર્થના કરવા લાગ્યા. ૨૮. ત્યારે મૂસળધાર વરસાદ પુષ્કળ પડ્યો. કીચડની બધી માટી તણાઈને બહાર ખેંચાઈ ગઈ. ત્યારે શ્રીહરિ નિરાળા (અલગ) દેખાયા. તે જોઈને રાજાને અત્યંત હર્ષ થયો. ૨૯. બધા સિદ્ધોનાં મુખ ઝાંખાં-કાળાં પડી ગયાં તે રાજાએ જોઈ લીધું. રાજાએ પોતે જઈને બન્ને હાથોથી શ્રીહરિને ઉઠાવી લીધા. ૩૦. તરત જ પાણી ગરમ કરાવ્યું. રાજા સેવાની રીત જાણતા હતા એટલે તેમણે શ્રીહરિનાં બધાં અંગોને પોતાને હાથે ચોળીને ગરમ પાણીથી નવડાવ્યા. ૩૧.

રાજાએ શ્રીહરિને શેક કરવા માટે તરત સળગતી સગડી મંગાવી. મોટી એક પાટ મંગાવીને તેના ઉપર મોટું સારું ગાદલું નંખાવ્યું. ૩૨. રાજાએ તેના ઉપર શ્રીહરિને સુવડાવ્યા અને પછી પોતાના હાથે સારી રીતે શેક કર્યો. પોતાના દુપટ્ટાની પોટલી કરી મીણના તેલ સાથે તેને બધા શરીરે

લગાવી-ઘસી. આટલું કર્યું ત્યારે શ્રીહરિને કાંઈક ચેતના આવી ત્યારે અમૃત સમાન વેણ બોલ્યા, 'હું અહીંયાં ક્યારે આવ્યો ? આ પાટ તમે ક્યારે લઈ આવ્યા ? ૩૩-૩૪. મને તો તેની કાંઈ ખબર જ નથી. હું તો વરસાદની હેલીમાં ત્યાં રહી ગયો હતો. ખબર હોય તો કોઈ શા માટે ત્યાં રહે ? માટે આમાં શું મોટી સિદ્ધાઈ કહેવાય ? ૩૫. હે નૃપ ! અહીંયાં જે મોટા સિદ્ધો આવ્યા છે તેની તમે સંભાળ લો. મને શરીરમાં કાંઈ પણ તકલીફ (કષ્ટ) થયેલ નથી. હેલીની પીડા પણ કાંઈ જણાતી નથી. ૩૬. શરીરના જે જે ભાગમાં-અંગમાં જ્યારે પીડા અનુભવાતી હોય ત્યારે તેને જે દેહાધ્યાસી-દેહાત્માભિમાની હોય તે કઈ રીતે સહન કરી શકે ? ૩૭. હું તો ઠંડીની ઋતુમાં હિમાચળની વચ્ચે શ્રીનરનારાયણના આશ્રમમાં ગયો હતો અને ત્યાં મેં છ માસ પર્યંત તપ કર્યું હતું. ૩૮. રાજાએ જ્યારે તે સાંભળ્યું ત્યારે તેને હૃદયમાં ઘણું જ હેત થયું. અને એમ બોલ્યા કે, 'આ વર્ણી જ નરનારાયણ છે. ૩૯. તે સિવાય આવું વજ્રથી પણ અધિક કઠિન શરીર કોઈનું ન હોઈ શકે. વર્ણીએ આ શરીરથી મુશળધાર વરસાદને અને શિરપર વીજળીને જે સહન કરી છે તે કોઈથી ન થઈ શકે. ૪૦.

***ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના દ્વિતીય પૂરમાં 'આદિવરાહથી બંગાળમાં સિરપુર આવ્યા. સિદ્ધ વલ્લભ રાજાએ ચાતુર્માસ પર્યંત પોતાને ત્યાં રાખ્યા' એ નામે એકત્રીશમો તરંગ સમાપ્ત ॥૩૧॥***

## પૂર બીજું : તરંગ - ૩૨

## શ્રીહરિએ દંભી સિદ્ધોની સિદ્ધાઈ દેખાડી, સેવક ગોપાળદાસને બચાવ્યા, તૈલંગી બ્રાહ્મણની રક્ષા કરી

ઉદાર સ્વભાવના શ્રીમુક્તાનંદ સ્વામી ઉત્તમ રાજાના પ્રતિ જે કથા કહે છે તે કથાને હું તેમની જ કૃપાને મનમાં યાદ કરીને કહું છું. સિરપુરના રાજાએ અને નગરજનોએ શ્રીહરિનો પ્રતાપ દેખ્યો. તેથી તેઓ વર્ણિરાજ શ્રીહરિને

મહાન્ પરમેશ્વર માનીને દિન પ્રતિદિન પૂજવા લાગ્યા. ૧-૨. લાગલાગટ ચાર માસ સુધી વરસાદની ઝડીઓ ચાલુ રહી. અર્થાત્ વરસાદ બહુ વરસ્યો એટલે બધા સિદ્ધો ભાગવા લાગ્યા. હર એક રાતમાં એક એક કરીને ધીરે ધીરે બધા નાસી ગયા. જે જે સિદ્ધ ત્યાં આવ્યા હતા તેમાંથી કોઈ ન રહ્યો. તે જોઈને લોકો મજાક કરતા કે, 'આસન ખાલી પડ્યા છે સિદ્ધ ક્યાં ગયા? ૩-૪. વર્ણી શ્રીહરિ એક જ બેસી રહ્યા. તેમને દેખીને નરનારી-મનુષ્યો પગે લાગતા અને બોલતા કે, 'આ એક વર્ણી જ સાચા સિદ્ધ છે, બીજા બધા દંભી અને કાચા હતા તેથી ભાગી ગયા છે.' ૫. વર્ણીને મોટા માનીને રાજા પગે લાગ્યા અને બીજા સિદ્ધોને તેમણે ખોટા જાણ્યા. આ રીતે શ્રીહરિનું માન ખૂબ જ વધ્યું. તેથી લોકો વર્ણી સિવાય બીજા કોઈનું સન્માન કરતા નહિ. ૬. તે જોઈને બીજા સિદ્ધો મનમાં અતિશય બળવા લાગ્યા. તેથી તે બધા જેમ અંતકાળે કાળ આવે તેમ વર્ણીને મારવા માટે આવ્યા. મંત્રેલા અડદની મૂઠ વર્ણી ઉપર નાખી પણ તે બધી મિથ્યા થઈ ગઈ. ૭.

તે પછી સાધુ ગોપાળદાસ, જે વર્ણીની સેવા કરતા હતા તેના ઉપર મૂઠ નાખી. આથી તે ભૂમિ ઉપર પટકાઈ પડ્યો. તેને ઘણી પીડા થઈ. ૮. તેના મોઢામાંથી ફીણ નીકળવા લાગ્યાં. તેને જોઈને લોકો બોલતા કે, 'હવે આ જીવશે નહિ.' પછી રાજાએ સિદ્ધોને બોલાવીને કહ્યું, 'હવે તમે મૂઠ પાછી વાળી આમને બેઠા કરો.' ૯. ત્યારે સિદ્ધોએ ઈર્ષ્યા અને અભિમાનથી કહ્યું કે 'ગોપાળદાસને તો વર્ણી જિવાડશે.' ત્યારે રાજાએ વર્ણી પાસે આવીને હાથ જોડ્યા અને કહ્યું, 'હે નાથ ! હવે આપ આ સાધુને જિવાડો.' ૧૦. **ત્યારે શ્રીહરિ ગોપાળદાસ પાસે આવ્યા અને તેના કાનમાં શ્રીકૃષ્ણ ભગવાનનો મંત્ર સંભળાવ્યો અને તેને ઉઠાડ્યા. ત્યારે તે સાધુ તરત જ ઊઠ્યા-ભાનમાં આવ્યા, જરાય વાર ન લાગી ત્યારે હજારો લોકોને વિસ્મય થયો. ૧૧. લોકો કહેવા લાગ્યા કે 'આ તો કૃષ્ણ આવ્યા છે. આપણાં સદ્‌ભાગ્ય છે કે આપણે તેનાં દર્શન પામ્યા.' વર્ણીનું સામર્થ્ય સિદ્ધો કરતાં પણ ઘણું મહાન્ છે માટે તેને કૃષ્ણ જાણવા. ૧૨** આ બાજુ જે સિદ્ધે ગોપાળદાસ ઉપર મૂઠ નાખી હતી તે મૂઠ તેને અવળી પડી અને મૂઠ નાખનારો સિદ્ધ જ તરત ભૂમિ ઉપર ઢળી

પડ્યો અને બેહાલ થઈ ગયો. ૧૩. તેના મોઢામાં ધૂળ ભરાઈ ગઈ. અને ઘણાં ફીણ આવી ગયાં. મોઢામાંથી અને નાકમાંથી એકધારું લોહી નીકળવા લાગ્યું. ૧૪. હવે તેને જીવવાની આશા જતી રહી. બીજા સિદ્ધોએ તેને બચાવવાના ઘણા ઉપાય કર્યા પણ કાંઈ થયું નહિ. તેથી સિદ્ધોને મનમાં ઘણો ત્રાસ થયો. હવે આ સાધુની હાલત તો સુધરે તેમ નથી. ૧૫. માટે આપણે હવે વર્ણીને પગે પડીએ. કારણ કે આપણાથી તો કાંઈ ઉપાય થઈ શકે તેમ નથી. વર્ણી પાસે જઈને આ સિદ્ધને બચાવવાની વિનંતિ કરીએ-કહીએ કે હવે અમે આપના શિષ્ય છીએ અને આપ અમારા ગુરુ છો. ૧૬.

એમ વિચારીને સહુ શ્રીહરિ પાસે આવ્યા. અને પગમાં પડી મસ્તક નમાવ્યા. હાથ જોડીને બહુ વિનય કર્યો. અને ગદ્‌ગદ્ કંઠ થઈને બોલ્યા, 'આપ અમારા ગુરુ અને અમે આપને આધીન શિષ્ય છીએ' ૧૭. સહુએ આવીને મોઢામાં ઘાસનાં તરણાં લીધાં. ત્યારે શ્રીહરિ તે બેભાન પડેલા સિદ્ધ પાસે ગયા. તેના કાનમાં શ્રીકૃષ્ણ ભગવાનનો મંત્ર કહ્યો કે જે તે સમયે સર્વોપરિ પ્રકટ વિરાજમાન હતા. ૧૮.

### ❋ રાજા અને સિદ્ધોએ વર્ણીને સ્તુતિ કરી :

તે સિદ્ધ તત્કાળ મૃત્યુના મુખમાંથી છૂટી ગયો અર્થાત્ જીવિત રહ્યો. તેથી સહુને ઘણો જ આનંદ થયો. રાજા અને સિદ્ધો, સહુએ મળી શ્રીહરિ પાસે આવીને તેમની સ્તુતિ કરી. ૧૯. **અત્યારે ચારે ધામમાં આપના સમાન કોઈ પ્રતાપી નથી. અમે બધે જઈને જોયું છે. આપ સમર્થ હોવા છતાં છુપાઈને રહ્યા છો. ૨૦. ચાર ધામની યાત્રાનું જે ફળ હોય, તે આપ મળવાથી પૂર્ણ થઈ ગયું છે. આપ મળ્યા એટલે હવે જે તીર્થ કરવાનાં હતાં તે બધાં અમારે માટે પૂરાં થઈ ગયાં છે.** ૨૧. અત્યારે અમે બધાં જ વ્યસનોને છોડી દઈએ છીએ. અમે ઘણા ભાગ્યશાળી છીએ કે, આપ રસરૂપ-સુખરૂપ ગુરુ અમને મળ્યા છો. જ્યારે તેમણે શ્રીહરિને ઘણા મહાન્ સમજ્યા ત્યારે તે રાજા અને બધા સિદ્ધો શ્રીહરિને શરણે આવ્યા. ૨૨. શ્રીહરિને અત્યંત સમર્થ જાણીને રાજાનો બધો પરિવાર પણ શ્રીહરિને શરણે થયો. જે જે સિદ્ધો સિદ્ધાઈ દેખાડીને કોઈના ઉપર મૂઠ નાંખતા અને પાછું તેનું વાળણ-નિવારણ કરીને પોતાનું પેટ ભરતા હતા.

૨૩. તે બધા સિદ્ધોનો સમાજમાં જે ભય હતો, તેને શ્રીહરિએ આ રીતે ભાંગી નાખ્યો અને લોકો નિર્ભય થઈ ગયા. લોકોએ શ્રીહરિને અતિ સમર્થ જાણ્યા એટલે તેઓ બધા વસ્ત્ર, ધન આદિ વસ્તુ લાવીને શ્રીહરિને આપતા. ૨૪.

### ❋ વર્ણીએ તૈલંગી બ્રાહ્મણની રક્ષા કરી :

શ્રીહરિ તો અત્યંત ત્યાગી હતા. તેથી વસ્ત્ર, ધન આદિ બ્રાહ્મણને આપી દેતા. બ્રાહ્મણો પણ પ્રેમભાવથી ભીંજાઈને શ્રીહરિની સેવા કરતા હતા. ૨૫. એક તૈલંગ દેશનો બ્રાહ્મણ સ્ત્રી અને પુત્ર આદિ પરિવારને સાથે લઈને સિરપુર આવ્યો. તે બધાં વેદો, શાસ્ત્ર અને પુરાણોને અતિ ઉત્સાહથી ભણેલો હતો. ૨૬. તે બ્રાહ્મણ દેશમાં પ્રસિદ્ધ હતો. સિદ્ધવલ્લભ રાજાની પાસે આવ્યો. તે દાન લેવાની વિધિને સારી રીતે જાણતો હતો. ૨૭. ધર્મનિષ્ઠ સિદ્ધવલ્લભ રાજાએ પણ તેને સારા મોટા વિદ્વાન્ જાણીને એક હાથી દાનમાં આપ્યો. દાન લેતાની સાથે જ તે વિદ્વાન્ બ્રાહ્મણનું શરીર એકદમ કાળુ થઈ ગયું. ૨૮.

જ્યારે તે બ્રાહ્મણ ગૌર મટીને કાળો થઈ ગયો ત્યારે આખું ગામ તેની નિંદા કરવા લાગ્યું. પછી તે બ્રાહ્મણ વર્ણીરૂપ શ્રીહરિ પાસે આવ્યો. અને અત્યંત દીન વાણી બોલીને કહેવા લાગ્યો. ૨૯. 'હે મહારાજ ! હું તનથી (આર્થિક વ્યવહારથી) અત્યંત દુઃખી છું. તેથી મોટું દાન લઈને સુખી થવા ગયો હતો. તે સુખ લેવા જતા તો હું અત્યંત દુઃખી થઈ ગયો છું. હવે મારે છેલ્લે મરવાનો સમય જ આવ્યો છે. ૩૦. હવે હું મારું શરીર છોડું (મરું) તો પણ મારાથી થયેલા પાપથી હું છૂટું નહિ. મારા મનુષ્ય દેહનો નાશ થાય તો પણ બીજો કોઈ ઉપાય નથી. અને મનુષ્ય દેહનો ત્યાગ ન કરું તો પણ મારો કોઈ સહાયક નથી. ૩૧. દાનમાં થતાં પ્રત્યવાય (પાપ) ની શાંતિને માટે હું જે ઉપાયોને જાણું છું તે બધા જ કરી ચૂક્યો છું. જે પ્રત્યવાયની શાંતિ કરનારા જે મોટા મોટા છે તેની પાસે જઈને પણ હું પોકાર કરી આવ્યો છું. ૩૨.

જે જે મોટાં તીર્થ કહેવાય છે, હું ત્યાં પણ બધે દોડી વળ્યો છું. કરોડ કરોડ ગાયત્રી મંત્રનો જપ પણ મેં કર્યો છે છતાં હું તે 'મહાદાન' ના પાપથી છૂટ્યો નથી. ૩૩. હે વર્ણી, છેવટે હું આપને શરણે આવ્યો છું. મને મારા મહાપાપથી છોડાવો. હે દેવ, આપ ગૌ-બ્રાહ્મણના પ્રતિપાલક છો

અને એવા આપમાં અનંત મહાન્ ગુણો છે. ૩૪. **હે શરણાગતરક્ષક ! હે શરણાગતપ્રતિપાલક ! હે અશરણ શરણ ! હે દીનદયાળ ! અત્યારે શ્રીકૃષ્ણ એવા આપે વર્ણીનો વેશ લીધો છે. આપને એવા પરમેશ્વર જાણીને હું શરણે આવ્યો છું.** ૩૫. **ત્યારે શ્રીહરિએ તેનું અત્યંત દુઃખ દેખ્યું, સ્નેહભાવથી તેના ઉપર દયા કરી. શ્રીકૃષ્ણ મહામંત્ર તેના કાનમાં કહ્યો.** ૩૬. કાનથી અષ્ટાક્ષર મંત્ર સાંભળ્યો, તે વખતે જ તે ગૌર વર્ણનો થઈ ગયો. દાન લીધા પહેલાં જેવો તેના શરીરનો વર્ણ હતો તેવો તે થઈ ગયો. ૩૭. તે બ્રાહ્મણ સહુથી અધિક શ્રીહરિનો પ્રતાપ દેખીને શ્રીહરિનું શરણ લઈને આશ્રિત થયો. પછી તેણે સ્વયં ષોડશોપચાર વિધિથી શ્રીહરિની પૂજા કરી. ૩૮. શ્રીહરિના ચરણોમાં વારંવાર નમીને તેણે બહુ રીતે પ્રાર્થના કરી. પછી અતિશય વિચક્ષણ તે બ્રાહ્મણ શ્રીહરિ પાસે બોલ્યો. ૩૯. **'હે પ્રભો ! હે હરે ! આપે મને નવો જન્મ આપ્યો છે. હવે હું આપનું જ ભજન કરીશ. હું આપને આધીન છું. આપ જેમ કહો તેમ કરું.'** ૪૦.

*ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના દ્વિતીય પૂરમાં 'શ્રીહરિએ દંભી સિદ્ધોની સિદ્ધાઈ દેખાડી, સેવક ગોપાળદાસને બચાવ્યો, તૈલંગી બ્રાહ્મણની રક્ષા કરી' એ નામે બત્રીશમો તરંગ સમાપ્ત ॥૩૨॥*

## પૂર બીજું : તરંગ - ૩૩

## સિદ્ધવલ્લભ રાજાએ શ્રીહરિનું કરેલું ભવ્ય સન્માન, ત્યાંથી શ્રીહરિની વિદાય

શ્રીહરિએ તૈલંગી બ્રાહ્મણને કહ્યું, તમે પોતાને ઘેર જાઓ, હવે આવું મહાદાન લેવાનું ક્યારેય કરવું નહિ. ૧. અતિશય લોભને કારણે બ્રાહ્મણ 'યોગ્ય' 'અયોગ્ય' આવું વિચારે નહિ, ત્યારે તેમાં ક્યારેય બ્રહ્મતેજ રહેતું નથી. અને પછી તેને દુઃખ અને રોગ વધે છે. ૨. સહેજ લોભ કરવો, પણ મરવું પડે એવો લોભ ક્યારેય કરવો નહિ. નિર્લોભપણું તે મહાન્ સુખ છે

અને અતિલોભ, તે વિકરાળ દુઃખ છે. ૩. શ્રીહરિએ કહેલી વાતને મનમાં ધારીને બ્રાહ્મણ પોતાને ઘેર ગયો. તે શ્રીહરિના ગુણોને યાદ કરીને દિનરાત શ્રીહરિનું ભજન કરવા લાગ્યો. ૪. સિરપુરના નિવાસી લોકો અને સિદ્ધ વલ્લભ રાજા, બધા તે સમયે શ્રીહરિનો અપાર પ્રતાપ દેખીને શરણે થયા. ૫. હૃદયમાં ઘણો જ પ્રેમ વધારીને તે બધા શ્રીહરિનું ભજન કરવા લાગ્યા. અસત્ય અને અનીતિ, એ બધાને તજી દઈને પ્રેમથી નિત્ય શ્રીહરિની પૂજા કરતા હતા. ૬.

### ✵ સિદ્ધવલ્લભ રાજાને સમાધિમાં વર્ણીએ પોતાની સર્વોપરિતા બતાવી :

જેણે શ્રીહરિને પૂર્ણ પ્રતાપી દેખ્યા, એવા દુઃખી લોકોનાં દુઃખ શ્રીહરિએ મટાડ્યાં. ત્યાંના રાજાને જન્મ-મરણના બંધનથી છોડાવી લીધો અને તેનું સંસારનું દુઃખરૂપ સંકટ પણ બધું તોડી નાંખ્યું. ૭. શ્રીહરિએ પહેલાં રાજાને જ્ઞાનોપદેશ કર્યો અને પછી પોતાની મૂર્તિનું ધ્યાન કરાવ્યું. રાજાએ જ્યારે હૃદયમાં શ્રીહરિની મૂર્તિ ધારી ત્યારે અંતરમાં અતિ મહાપ્રકાશ દેખાયો. ૮. રાજાને અનંત અપાર તેજ તેજ દેખાયું. સંપૂર્ણ બ્રહ્માંડ તેજથી ભરપૂર દેખ્યું. રાજાને પોતાના સ્વરૂપ સિવાય બીજી કોઈ પણ વસ્તુ નજરમાં આવતી ન હતી. ૯. તે તેજમાં મહાગંભીર શબ્દ થતો હતો. તે શબ્દ ધીરો અને અમૃત રસના જેવો અત્યંત મીઠો હતો. તે શબ્દને સાંભળતા અતિશય પ્રેમ-આનંદ ઊપજતો હતો. તેના સિવાય બીજું કાંઈ સારું લાગતું ન હતું. ૧૦.

**चोपाई :**

**अनंत अवतार भये हें जेते, मूर्ति चहुं कोर बैठे हे तेते;**
**कर जुग जोर रहे दृग जोरी, एक पलक दूर लेत न चोरी...१२**

રાજાને આવા તેજમાં જે મૂર્તિ હતી તે અતિશય સુંદર દેખાણી. શ્રીહરિએ અહીં તો વર્ણીનું રૂપ ધાર્યું હતું પણ ત્યાં સમાધિમાં તો તેમની મૂર્તિ અપાર રૂપયુક્ત સુંદર હતી. તે મૂર્તિનાં સુખ આગળ તો બ્રહ્મા આદિનું સુખ પણ શું ? તે તો અતિ તુચ્છ ગણાય. ૧૧. અત્યાર સુધી જે અનંત

અવતારો થયા છે તે બધા શ્રીહરિની મૂર્તિ ફરતા ચારે બાજુ બેઠા હતા. તે બધા અવતારોએ શ્રીહરિની મૂર્તિમાં દૃષ્ટિ એકાગ્ર કરી બન્ને હાથ જોડી રાખ્યા હતા. તે અવતારો એક પળવાર પણ શ્રીહરિની મૂર્તિમાં જોડેલી દૃષ્ટિને પાછી ખેંચતા ન હતા. ૧૨.

**दोहा : नृप देखि आश्चर्य भये, सब यह कारनरूप;**
**कारन के कारन मूर्ति यह, सिंघासन बैठे अनूप...१३**
**सो मूर्ति ईहाँ आत नहिं, तिहाँ रहे इहाँ देखात;**
**एसी हे कला याहिमें, ब्रह्मादिक देव मुंझात...१४**

સિદ્ધવલ્લભ રાજાને સમાધિમાં આવું દેખાયું. ત્યારે તેને અત્યંત આશ્ચર્ય થયું કે, આ વર્ણીરૂપ શ્રીહરિ તો સર્વે અવતારાદિકના કારણરૂપ છે. સિંહાસન ઉપર બેઠેલી આ અનુપમ મૂર્તિ તો સર્વે કારણનું પણ કારણ છે. ૧૩. તે મૂર્તિ કાંઈ આ મર્ત્યલોકમાં આવતી નથી. ત્યાં રહી થકી જ અહીંયા દેખાય છે. શ્રીહરિની મૂર્તિમાં આવી અદ્‌ભુત યોગકળા રહી છે કે, જે સમજ્યામાં નહિ આવતી હોવાથી બ્રહ્માદિક દેવો પણ મૂંઝાય છે. ૧૪.

**सोरठा : अक्षर आदिक मुक्त, ताकु जान न परत कबु;**
**एसे सामर्थ जुक्त, श्रीहरिकु कुंन लख सके...१५**

**અક્ષર આદિક જે મુક્તો છે તેમને પણ શ્રીહરિની યોગકળાનું યથાર્થ જ્ઞાન ક્યારેય થતું નથી, આવા સામર્થ્યથી યુક્ત જે શ્રીહરિ છે તેને જ્ઞાનનું લક્ષ્ય કોણ કરી શકે ? કોણ ઓળખી શકે ? જેની જેવી બુદ્ધિ હોય તેવું તે બધા શ્રીહરિની બાબતમાં કહે છે, પણ કોઈ સીધી-સ્પષ્ટ વાત કહેતા નથી. જે શ્રીહરિ અતર્ક્ય છે, તેની બાબતમાં કહો, શું તર્ક કહેશે-કરશે ?** ૧૫-૧૬. **શ્રીહરિનો પ્રતાપ તો અનંત છે અને અપાર છે. જેને જેવું દેખાયું તેવું તે નક્કી કરી લે છે. જેને જેવો પ્રતાપ દેખાયો, તેણે તેવો ઠરાવ કર્યો. (તેવી સમજણ ઠેરાવી દીધી.)** ૧૭. બધાના ઠેરાવથી શ્રીહરિ તો ન્યારા છે. પ્યારા શ્રીહરિ જેણે જેવો ઠરાવ કર્યો હોય તેના માટે તેવી રીતે રહ્યા છે. અને તેથી જ સત્ય અને અસત્ય આવા બે વાદ બ્રહ્માંડના-જગતના આદિ કાળથી જ ચાલ્યા આવે

છે. ૧૮. તેથી જે સત્ય માર્ગ છે તેને દેખાડવા-સમજાવવા માટે ભૂમિ ઉપર શ્રીહરિના અવતાર થાય છે. ત્યારે જે મનુષ્ય તે બતાવેલા માર્ગે ચાલે છે તેનો મોક્ષ થાય છે. અને જો તે સન્માર્ગે ન ચાલે તો તેનો જન્મ બગડી જાય છે. ૧૯.

સિદ્ધવલ્લભ રાજાએ શ્રીહરિને અત્યંત આશ્ચર્ય યુક્ત જોયા. તેથી 'આ વર્ણી ભગવાન છે' એવો મનમાં નિશ્ચય કર્યો. જેમ સર્પ પોતાના શરીર ઉપરની કાંચળીને ઉતારી નાખે છે તેમ રાજાએ રાજપાટ-સંપત્તિ અને શરીરથી પોતાના આત્મસ્વરૂપને અલગ જ કરીને અનુભવ્યું. ૨૦. તે સમયે શ્રીહરિ રાજાને દેહમાં લાવ્યા. આજ્ઞા કરીને દેહમાં ઠેરાવ્યા-રાખ્યા. શ્રીહરિએ રાજાને પ્રેમથી કહ્યું, 'હવે તમારે કોઈ ભય રહ્યો નથી, તમે નિર્ભય થયા છો.' ૨૧. આમ કરતાં દિવાળી આવી ગઈ. ત્યાં અન્નકૂટનો ઉત્સવ કરાવ્યો. પછી શ્રીહરિએ ચાલવાની તૈયારી કરી. વ્યવહાર કુશળ રાજા પૂજાપો લઈને આવ્યા. ૨૨. તેણે શ્રીહરિની પૂજા કરી. બીજા સિદ્ધોની પણ પૂજા કરી અને તે વખતે જેને જે જોતું હતું તે આપ્યું. રાજાએ શ્રીહરિની સ્તુતિ કરી અને સેવાનો ઘણો લહાવો લીધો. ૨૩. રાજા શ્રીહરિની આજ્ઞાથી જ રાજ્ય વ્યવહારમાં બંધાઈને રહ્યા. રાજા આજ્ઞા વિના રાજ્યમાં રહે તેમ ન હતા. તેણે શ્રીહરિને બે હાથ જોડીને કહ્યું કે, 'આપના ચરણકમળમાં મારું ઘર-નિવાસ સ્થાન છે. ૨૪. **જેમ લક્ષ્મીજી આપના ચરણોમાં અખંડ નિવાસ કરીને રહે છે તેમ મને પણ પોતાનો દાસાનુદાસ સમજીને પોતાના ચરણકમળમાં રાખજો. ૨૫. હે રમા ! લક્ષ્મીજી ! આપ તો અત્યંત અને ઉત્તમ દયાવાળા છો. હું ચરણોમાં રહું તો મારી સાથે આપ ઈર્ષ્યા કરશો નહિ. મને પોતાનો દાસ માનીને મારા ઉપર કરુણા રાખજો. ૨૬.**

રાજાએ શ્રીહરિને કહ્યું, હાથી, ઘોડા, મ્યાના અને રથ વગેરે અનંત વાહન છે. આપની જે ઈચ્છા હોય, તેને હું તૈયાર કરીને લાવું.' ૨૭. રાજા શ્રીહરિની સામે હાથ જોડીને ઊભા રહ્યા અને બોલ્યા, 'હે હરિ ! મેં પ્રતિજ્ઞા કરી છે કે, જો આપ તે કોઈ વાહનમાં નહિ બેસો તો મારે માટે પણ તે કોઈ વાહનની જરૂર નથી.' ૨૮. શ્રીહરિએ મનમાં જાણ્યું, રાજાનો ભાવ અત્યંત છે. જો હું નહિ બેસું તો રાજા દુખિયા થઈ જશે. પછી શ્રીહરિ બોલ્યા,

'જેવી તમારી ઇચ્છા હોય તે પ્રમાણે વાહન તુરંત લાવો.' ૨૯. પછી રાજાએ પોતાની સેનાને તૈયાર કરીને બોલાવી. સૈન્યની વચ્ચે હાથી ઉપર શ્રીહરિને બેસાડ્યા. બીજા સિદ્ધોને રથમાં બેસાડ્યા. કેટલાક મ્યાનામાં જઈને બેઠા. ૩૦. શ્રીહરિની સવારીની વાત સાંભળીને આખું શહેર બહાર નીકળી આવ્યું. નર નારીઓનો કોઈ પાર ન રહ્યો. બધા ભેટ સામગ્રીમાં જેને જે મળ્યું તે લઈને આવ્યા હતા. ૩૧. અનેક પ્રકારના મેવા અને મીઠાઈઓને લાવીને શ્રીહરિની આગળ મૂક્યા. તેનો મેરુના જેવો ઢગલો થયો. તેમાંથી કાંઈક થોડું લઈને શ્રીહરિ પ્રેમથી જમ્યા. ૩૨. બીજા મેવા મીઠાઈઓથી સહુ સિદ્ધ ોને જમાડ્યા. વધ્યું તે બધું શહેરના લોકોને અપાવ્યું. સેનાના જવાનોને પણ જમાડ્યા. તે સમયે સર્વત્ર વર્ણીનો જય જયકાર થઈ રહ્યો હતો.

હાથીના ઉપર સોનેરી અંબાડી સજાવી હતી. તેમાં શ્રીહરિને બેસાડ્યા. મૂર્તિને ફૂલોમાં ગરકાવ કરી દીધી. માત્ર મુખારવિંદ જ દેખાતું હતું. ૩૩-૩૪. કપાળમાં કેસરયુક્ત ચંદનની સુંદર અર્ચા કરી, અને મધ્યે કુંકુમનો લાલ ચાંદલો કર્યો. મુખચંદ્ર ઝગમગ પ્રકાશ કરી રહ્યું હતું. એક કોશ સુધી નગરમાં સુગંધ પ્રસરી રહ્યો હતો. ૩૫. તે સમયે રાજાએ હાથમાં ચામર લીધું અને પોતાને પ્યારા શ્રીહરિ ઉપર ચામર ઢોળવા લાગ્યા. નગારાં, નોબત અને વાજાં વાગતાં હતાં. આખું આકાશ ગાજી રહ્યું હતું. ૩૬. તે સમયે વિમાનમાં બેસીને દેવતાઓ આવ્યા. નગરવાસી લોકોએ તેને જોયા. સહુ શરીરનું ભાન ભૂલી ગયા અને સૌના મનમાં આશ્ચર્ય થયું. ૩૭. જેમ વાદળામાં વીજળી ચમકે તેમ ઝગમગતાં જરિયાની નિશાન આકાશમાં ફરકતાં હતાં. ચોપદાર વર્ણીનો જય જયકાર પોકારતા હતા. તેની શોભા વર્ણવી શકાતી નથી. ૩૮. આગળ ચાલતા જ્યારે ઝાડી આવી ત્યારે શ્રીહરિ હાથી ઉપરથી નીચા ઊતરી ગયા. સિદ્ધવલ્લભ રાજાને પાછા વાળ્યા. પછી શ્રીહરિ અને સિદ્ધો આગળ ચાલતા થયા. ૩૯. તે વખતે રાજા અને બીજા નાગરિકજનો, સહુ શ્રીહરિના ચરણોમાં પડ્યા. અને આંખોમાંથી ભક્તિભાવનાં આંસુઓનો વરસાદ થવા લાગ્યો. સહુને શ્રીહરિના ઉપર ભાવ હતો તેથી બધા તેમને નિર્નિમેષ એક દૃષ્ટિથી જોતા રહ્યા. ૪૦.

*ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના દ્વિતીય પૂરમાં 'સિદ્ધવલ્લભ રાજાએ શ્રીહરિનું કરેલું ભવ્ય સન્માન ત્યાંથી શ્રીહરિની વિદાય' એ નામે તેત્રીશમો તરંગ સમાપ્ત ॥૩૩॥*

## પૂર બીજું : તરંગ - ૩૪

## વર્ણીનું સિદ્ધો સાથે કામાક્ષી આગમન, અસુર પિબેક વર્ણી પાસે આવ્યો

હે ઉત્તમ રાજા, શ્રીહરિ અને સહુ સિદ્ધો કામાક્ષી દેવી આવ્યા તે વાત હવે હું કહું છું તેને તમે સાંભળો. ૧. શ્રીમુક્તાનંદ સ્વામી ઉત્તમ રાજા (દાદા ખાચર) ઉપર ઘણું હેત કરીને આ કથા કહે છે, તો અમૃતમય યશ ભરેલી શ્રીહરિની કથાને શ્રીહરિના ઉત્તમ ભક્તો સહુ સાંભળો. ૨. શ્રીહરિ અને બધા સિદ્ધો કામાક્ષી દેવીના સ્થાનમાં આવ્યા. ગામ બહાર ફૂલબાગ હતો ત્યાં ઉતારો કર્યો. બાગમાં અનેક પ્રકારનાં વૃક્ષોની ઘાટી છાયા હતી. ૩. જ્યાં સિદ્ધો હોય ત્યાં સીધાંનો કોઈ પાર રહેતો નહિ. વગર માગે જાત જાતનાં સીધાં સિદ્ધોને આસને આવતાં. ૪. સીધું આવ્યું એટલે જુવાનિયા સિદ્ધો જેટલી જરૂર હતી તેટલી રસોઈ કરવા લાગ્યા. કામાક્ષીને નજીક એક ગામ હતું. ત્યાં પિબેક નામે એક સિદ્ધ રહેતો હતો. વિપ્ર જ્ઞાતિનો હતો છતાં મહામલિન હતો. તે દેવીનો મહાન્ તન્મય ભક્ત હતો. સિદ્ધોનું મંડળ આવ્યું છે એમ જાણીને તે મહાઅભિમાની તરત જ ઊઠ્યો. ૬. સિદ્ધોની સિદ્ધાઈ જોઈ-જાણીને બોલ્યો, 'બધાને ચૂંથી નાખું અને બધાને ગુલામ કરીને મારે ઘેર રાખું. ભલે આ સ્થાને આવ્યા.' ૭. દુર્ભાગિયો આવું બોલતો હતો. અભિમાનને લીધે તેનાં અંગોમાં ક્રોધાગ્નિ વ્યાપી ગઈ. તે અભિમાનમાં એવું બોલતો હતો કે, 'જ્યારે મારું નામ સાંભળે છે ત્યારે સિદ્ધો દૂરથી જ ભાગી જાય છે. ૮. કોઈ દિવસ સિદ્ધો અહીં આવી જ શકે નહિ. આજ આવ્યા છે, તો તેમને કબજે કરી લઉં છું. મારી માતા બળવાન છે. તેણે સિદ્ધરૂપી પશુને આંધળા કરી દીધા છે તેથી અહીં આવ્યા છે.' ૯. પિબેકે પોતાના જોરને કહી બતાવવા

એક બ્રાહ્મણને આગળથી મોકલ્યો. પછી તે બ્રાહ્મણ સિદ્ધો પાસે આવ્યો અને તેમને પિબેકનું બળ બતાવીને ભયભીત કરવા લાગ્યો. ૧૦.

તેણે કહ્યું કે, 'જો તમારે જીવવાની આશા હોય તો અત્યારે જ અહીંથી ભાગી જાઓ-નાસી જાઓ નહિતર તમારો નાશ થશે. કારણ કે, અહીંયાં પિબેક નામે એક ભારે સિદ્ધ રહે છે. તે એક એકને પકડીને મારી નાખશે. ૧૧. તે સાંભળીને કેટલાક કાચા સિદ્ધો હતા તે થર થર ધ્રૂજી ઊઠ્યા. અને ત્યાંથી ચાલ્યા જવાની તૈયારી કરવા લાગ્યા. તે જાણીને મહાન ઉદાર સ્વભાવના વર્ણીએ તે સિદ્ધોને બોલાવીને કહ્યું, 'તમે શા માટે ચાલ્યા જાઓ છો ? તમારે લગારેક પણ ભય નથી. ૧૨-૧૩. અહીં રસોઈ બનાવો અને સહુ જમો. સહુ એક માસ સુધી અહીંયાં રહો. પિબેકનો શો ભાર છે ? હું તો તેને તરણાં (ઘાસ) જેવો જાણું છું. ૧૪. **એવા તો અપાર પાખંડીઓ હોય છે. હું તો તેને કાંઈ કહેતો-ગણતો નથી. મને શ્રીકૃષ્ણ ઉપર જ પ્રેમ છે અને શ્રીકૃષ્ણને જ હું સાચા સિદ્ધ માનું છું.**' ૧૫.

આ વાત સાંભળીને પિબેકનો મોકલેલો બ્રાહ્મણ તત્કાળ પાછો પિબેક પાસે ગયો, અને તેણે કહ્યું કે, 'ત્યાં એક મોટો વિકરાળ સિદ્ધ છે જે તમને તરણાં (ઘાસ) તુલ્ય ગણે છે. ૧૬. તે સિદ્ધની ઉંમર લગભગ સોળ વરસની છે. બધા સિદ્ધોમાં તે મુખ્ય છે. તેની આંખોમાં અપાર તેજ છે. તેણે શરીરને તપ કરીને વજ્ર જેવું કરી દીધું છે. ૧૭. પંજાબી સિદ્ધો તેને દબાવી રાખે, તો પણ તે બધાને ફૂલ જેવા ગણે છે. તેની ગતિ (સિદ્ધિ) કેસરી સિંહના જેવી છે. તેની આગળ તમારી ગતિ તો બકરીના જેવી લાગે છે.' ૧૮. ત્યારે પિબેક પોતાના મનમાં અહંકાર ભરીને બકવાદ કરતો બોલ્યો, 'કામાક્ષી દેવી મારે વશ છે. એક ક્ષણવારમાં જ હું તે બધાનો પરાજય કરી દઉં છું. ૧૯. કાલિકા આદિ બધી દેવીઓ, ભૈરવ, વીર, મોટા મોટા જીન, તે બધાને સિદ્ધો વંદન કરે છે. તે બધા પણ મારે વશ રહે છે. ૨૦. મોટા મોટા લોકપાળો પણ જેનાથી થરથર ધ્રૂજે છે. જે જે મોટા સિંહ કહેવાય છે તે પણ જેની આગળ બકરીના જેવા થઈ જાય છે. તે બધા મારે વશ છે. ૨૧. માટે બીજા સિદ્ધો શું લેખામાં ? આજ તે બધાની સિદ્ધાઈને હું જોઈ લઈશ. હું

જે સિદ્ધોને ખોળતો હતો તે સિદ્ધોને જ આજ દેવી લાવી છે. ૨૨. આવું બોલીને કાલીના મોટા ઉપાસક પિબેકે કુલવારિ (કુલાષ્ટક શબ્દથી કહેવાતી નીચ જાતિના સ્ત્રીના ગુહ્યાંગને ધોયેલું પાણી) પીધું અને તે સિદ્ધોને જીતવા માટે અત્યંત ભયાનક સાજ સજીને તૈયાર થયો. ૨૩. તેને જે કોઈ સામાન્ય માણસ જુવે તો તુરંત તેના પ્રાણ નીકળી જાય. જે નરનારી દયાળુ સ્વભાવના હતાં તે તો હાહાકાર કરવા લાગ્યાં. ૨૪. લોકો બોલતા હતા કે, 'આજ તો મહાપ્રલય થઈ જશે. પિબેક સંતોને મારી નાંખશે. સંતો અહીંયાંથી ચાલ્યા ગયા નહિ, હવે શું થશે ?' ૨૫.

સિદ્ધો રસોઈ બનાવી રહ્યા પછી જમવા બેઠા, પણ પિબેકને આવવાની મનમાં રાહ જોઈને એકલા વર્ણી બેસી રહ્યા. ૨૬. તેવા સમયમાં પિબેક આવ્યો. ગામના ઘણા લોકો તેની સાથે હતા. શ્રીહરિએ તેને પતંગિયા જેવો અલ્પ સામર્થ્યવાળો જોયો. ૨૭. **શ્રીહરિ તો મહાન્ વીર સ્વરૂપ ધારીને પોતાને આસને બેસી રહ્યા. પિબેકે વર્ણીને જોયા તો તેને મેરુ સમાન અડગ બેઠા હોય તેવા વર્ણી જણાયા. ૨૮.** પિબેક તો માંસ ખાઈને મદ્ય પીઈને આવ્યો હતો. તેણે પોતાનો વેષ ભયંકર કર્યો હતો. તીખી અણીવાળું ત્રિશૂળ હાથમાં લીધું હતું. બધાં અંગો ઉપર સિંદૂરનો લેપ કર્યો હતો. કપાળમાં મેશનો કાળો ચાંદલો કર્યો હતો. નાકના મૂળમાં સિંદૂર અને મેશ લગાડી. બીજાં બધાં અંગો ઉપર મેશથી ત્રિશૂળ કર્યાં. આવું બહુરંગી રૂપ ધાર્યું. ૨૯-૩૦. સ્ત્રીના રજમાં ભીંજવેલા કુંકુમથી કપાળમાં બીજો ચાંદલો કર્યો. ઘણું કુલવારિ પીધું અને બાકીનું આખે શરીરે લગાવ્યું. ૩૧. માછલીનો મુખવાસ લીધો. એક લાલ કપડાનો ફટકો માથે બાંધ્યો. માથાના વાળ છૂટા રાખીને દેવીનો વેષ બનાવી લીધો. ૩૨.

આખા દેશમાં પ્રસિદ્ધ એવો તે સિદ્ધ હતો. તેને સદ્‌ઉપદેશ કોણ આપે! જે સામે બોલવા આવે તેને તે તરત જ મારી નાખતો. ૩૩. તેનો સ્વભાવ અતિ દુષ્ટ હતો. ચાર વાર તો તે મદ્ય (દારૂ) પીતો હતો. ગળામાં બિલાડીના હાડકાની પોટલી તેણે બાંધી હતી. વર્ણી અને સિદ્ધો જ્યાં હતા ત્યાં તે આવ્યો. ૩૪. તે કદરૂપો પિબેક વર્ણીની સન્મુખ બેઠો. પિબેકે વિરૂપ અને ભયાનક

વેશ બનાવ્યો હતો. તે ચકળવકળ આંખો કરવા લાગ્યો. પછી તે શંકા છોડી દઈને બોલવા લાગ્યો. ૩૫. 'તમે પાંખડી સિદ્ધો ક્યાંથી આવ્યા છો ? તમને મારો જરાય ભય કેમ ન લાગ્યો ? આજ મારા સિવાયનો બીજો સિદ્ધ કોણ છે ? તમારા જેવા સિદ્ધો તો મારું ખાજ છે. ૩૬. મોટા મોટા સિદ્ધોને પણ મેં તત્કાળ જીતી લીધા છે. અને મેં તે બધાને મારા શિષ્ય બનાવી લીધા છે; તો હવે તારી જેવા બાળકનું શું ગજું ? ૩૭. તેટલા માટે તમે બધા વિચારીને મારા શિષ્ય થઈ જાઓ. અત્યારે તમારી કંઠી અને જનોઈને તત્કાળ ઉતારી નાખો. ૩૮. નહિતર હમણાં જ હું અનેક વીર, ભૂત, પ્રેત અને ભૈરવને બોલાવું છું. વાર કેમ લગાડો છો ? તે બધા તમારા માંસને ખાઈ જશે. ૩૯. શ્રીહરિ સિવાયના સિદ્ધો ડરી ગયા. ત્યારે બધા બોલ્યા. 'આપણી પાસે ક્યાં સિદ્ધિ છે ? માટે કંઠી અને જનોઈ ઉતારી દ્યો. ' ૪૦.

***ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના દ્વિતીયપૂરમાં 'વર્ણીનું સિદ્ધો સાથે કામાક્ષી આગમન, અસુર પિબેક વર્ણી પાસે આવ્યો' એ નામે ચોત્રીશમો તરંગ સમાપ્ત ॥૩૪॥***

## પૂર બીજું : તરંગ - ૩૫

### પિબેકે શ્રીહરિ પર અપનાવેલી મેલી વિદ્યા, પોતે જ ખાધેલી પછડાટ

સિદ્ધો જ્યારે મનમાં ધીરજ ત્યાગવા લાગ્યા ત્યારે શ્રીહરિ બોલ્યા કે, 'સિદ્ધો ! થોડી ક્ષણ તો ધીરજ રાખો. આ પિબેક પહેલાં મને શિષ્ય કરે, તમારી વાત તો પછીની છે. ભયથી અકળાઈને સંતાવા કેમ માંડ્યા છો ? હવે જુઓ શું થાય છે ?' ૧-૨. સિદ્ધો ભયના માર્યા ધીરજ ત્યાગી દઈને શ્રીહરિ પ્રત્યે બોલ્યા કે, 'આપણે અત્યારે જ ભાગી જઈએ. આ તો જરૂર તમને મારી નાખશે. ૩. આ દુષ્ટ અત્યંત પાપી છે. એને અમે બધા જાણીએ છીએ. આ દારૂડિયો નિર્દય છે. મોટા મોટા રાજાઓ પણ આનાથી કંપે છે.' ૪. શ્રીહરિ અને સિદ્ધોની પરસ્પરની વાતોને સાંભળીને પિબેક ક્રોધ કરીને બોલ્યો, 'બ્રહ્મચારી, મારો પ્રતાપ દેખ. અત્યારે જ તને પહેલા મારો પ્રતાપ

દેખાડું છું. તે જોઈને મને સાચો સિદ્ધ જાણજે. અને પ્રતાપ ન દેખાય તો ખોટો માનજે. આટલું બોલીને પિબેકે ત્યાં આગળ રહેલા વડના ઝાડ ઉપર મૂઠ નાખી. તેથી તે વડ તે જ વખતે સુકાઈ ગયો. ૫-૬.

ત્યારે પિબેક બોલ્યો, 'વર્ણી ! હવે હું આવા જ હાલ તારા કરું કે મારી વાતને માની લે છે ?' ત્યારે વર્ણીએ હસીને કહ્યું, 'મને વડના ઝાડ જેવો ન માનો. અત્યારે આપણે બંને સિદ્ધ ભેળા બેઠા છીએ. તારે જે જે કરવું હોય તે તારામાં જેટલું સામર્થ્ય હોય તે બધું કરી લે. હું જોઉં છું કે તારી શક્તિ કેટલી છે ! ૭-૮. અમે તારું સામર્થ્ય જોવા માટે જ અહીંયાં આવ્યા છીએ. અત્યારે કાંઈ શક્તિ છુપાવી રાખીશ નહિ. અમારા જેવું ખાજ તારી પાસે આવ્યું નહિ હોય, તો તને જેમ ફાવે તેમ કરી લે.' ૯. વર્ણીની વાત સાંભળીને બીજાં નરનારીઓ પોકારીને વર્ણીના ચરણોમાં પડ્યાં. અને કહ્યું, 'હે વર્ણી ! તમે આ પિબેકની સામે બળ ન કરતા. કેમ જે, આમાં તો તરત જ મરવાનું થશે.' ૧૦.

**चोपाई :**

**देह जिय दोउ ईश्वर केरा, ईश्वर से सम्रथ नहिं अब वेरा;**
**ईश्वर ने धारे होवहि जेसे, सब बात बनी आवहि एसे...१२**

ત્યારે વર્ણીએ તે લોકોને કહ્યું કે, 'હું તો આને મારો દેહ અર્પણ કરવા જ આવ્યો છું. જીવને આની જેવા કોઈ મારી શકે તેમ નથી. આવું સમજીને હું નિર્ભય થઈને બોલું છું. ૧૧. આ દેહ અને જીવ તો ઈશ્વરના છે અને તેને આધીન છે. અત્યારે કોઈ ઈશ્વરથી અધિક સમર્થ નથી. ઈશ્વરે જેમ ધાર્યું હશે તેમ જ બધી વાત થશે. ૧૨. શ્રીકૃષ્ણ એકને જ પરમેશ્વર કહેવાય છે, તે સિવાય કોઈ પરમેશ્વર નથી. કદાચ કોઈ બીજા ઈશ્વર કહેવાતા હોય, તો તેઓ શ્રીકૃષ્ણના દાસ છે. એમ તમે સહુ સમજો. ૧૩. શ્રીકૃષ્ણના તમોગુણી અને રજોગુણી ગુલામ અનેક છે, તે બધા અમને હરિભક્ત જાણીને અમારી સેવા કરે છે.' ૧૪. એમ કહીને શ્રીહરિ તે વખતે દૃઢ વીર આસન કરીને બેસી ગયા. સિદ્ધો અને બીજાં નરનારીઓ બધાં શ્રીહરિની પાછળ છુપાઈને બેઠાં. ૧૫. તે વખતે પિબેકે રીસ કરીને શ્રીહરિના ઉપર મંત્રેલા અડદ ફેંક્યા,

પણ તે સિદ્ધ પિબેકનું એક રુંવાડા જેટલું પણ ચાલ્યું નહિ. ૧૬. ત્યારે તે વિપ્ર પિબેક ખૂબ જ ખિજાયો અને બોલ્યો કે, 'બ્રહ્મચારી ! હવે ખબરદાર રહેજે, ધીરજ રાખજે. વર્ણી ! હવે તને માર્યા વિના સાજો સમો છોડું નહિ.' આમ કહીને ફરીને તેણે મૂઠ નાંખી. તે મૂઠ પણ નકામી ગઈ. ત્યારે તે થોડું વિચારીને બોલ્યો, 'મેં તને મારવાની પ્રતિજ્ઞા કરી છે. તને માર્યા વિના કોઈ દિવસ છોડીશ નહિ. ૧૭-૧૮. વર્ણી ! જે તારા ઈષ્ટદેવ હોય, તેને યાદ કર. હવે તને માર્યા વિના મૂકું નહિ. હવે કાળ ભૈરવની મૂઠ નાખું છું. તેથી તારો દેહ રહેશે નહિ.' ૧૯. વર્ણીએ કહ્યું, 'હું તો તારી સામે જ બેઠો છું. અભાગિયા ! તારે જે કરવું હોય તે કરી લે. પછીથી તું પણ ખબરદાર રહેજે. મારી સિદ્ધાઈ તારે જોવી પડશે. ૨૦. અત્યારે તારું જેટલું બળ હોય તે બધું પહેલા વાપરી લે. વારંવાર ખાલી બકવાદ કરીશ નહિ. તારી સિદ્ધાઈને મેં ઝાલી-પકડી લીધી છે.' ૨૧.

પછી પિબેકે શ્રીહરિના ઉપર ભૈરવના વીર ધીરે રહીને ચલાવ્યા. છતાં શ્રીહરિ તો જેવા બેઠા હતા તેવાને તેવા બેસી રહ્યા. ૨૨. તે સમયે બે ભૈરવવીર ત્યાં આવ્યા પણ તેમાંથી કોઈ શ્રીહરિની સામું જોઈ પણ શક્યા નહિ. તેથી તે શ્રીહરિને ચરણે તત્કાળ પડ્યા. પછી તત્કાળ ક્રોધ કરીને વિકરાળ રૂપ કરીને પિબેકની પાછળ પડ્યા અને તેને પીડવા લાગ્યા. પિબેક તુરંત ભૂમિ ઉપર ગબડી પડ્યો. તેના મુખમાંથી અને નાકમાંથી અપરંપાર રુધિર નીકળવા લાગ્યું. ૨૩-૨૪. તેને મૂર્છા આવી ગઈ. શરીરનું સાન-ભાન રહ્યું નહિ. મોંભર ઊંધો પડ્યો. બન્ને આંખો ફાટી રહી અને મોઢામાં ધૂળ ભરાઈ ગઈ. ૨૫. તે ઘણી વાર સુધી પડ્યો રહ્યો. ત્યારે મૂર્છા ઊતરી. તેની છાતી થરથર ધ્રૂજતી હતી છતાં ઊઠીને તે બળમાં બોલતો હતો કે, 'બ્રહ્મચારી ! હવે તારી વાત છે ! આ વખતે તારા ઉપર બટુ ભૈરવને મોકલું છું. ૨૬-૨૭. તે તત્કાળ મારી નાખે એવો બળવાન છે. તે મહાકાળરૂપ છે. તે તરત જ તને ખાઈ જશે.' ૨૮.

ત્યારે શ્રીહરિએ તેને કહ્યું, 'મોકલ તે બટુ ભૈરવને ! હું તો અહીંનો અહીં જ બેઠો છું.' તે સમયે શ્રીહરિનું સામર્થ્ય જોઈને ત્યાં જે હાજર હતા તે બધા લોકો મનમાં ઘણા જ રાજી થયા. ૨૯. તેઓ પરસ્પર બોલવા લાગ્યા

કે, ‘હવે પિબેકની સિદ્ધાઈ ગઈ. શ્રીહરિએ તેનું સામર્થ્ય હરી લીધું છે. હવે તો જો તે દીન થઈને શ્રીહરિના ચરણોમાં પડે તો જ તેની કાંઈ થોડીક લાજ-આબરું રહેશે, પણ અત્યારે તેની પાસે જઈને કહે કોણ ?’ ત્યારે એકે કહ્યું કે, ‘હજી તેને ઘણો મદ રહી ગયો છે. તેને ખુવાર થઈને મદ ઊતરવા દ્યો. ૩૦-૩૧. પિબેકમાં જેવો બળવાન મદ હતો તેવા જ સામે શાણા શક્તિમાન વર્ણી મળ્યા છે.’ પછી પિબેકે જ્યારે બટુવીર બોલાવ્યા ત્યારે તે શ્રીહરિને દેખીને તુરંત ભાગી ગયા. ૩૨. અને પિબેકને જ જઈને તે વળગ્યા. બટુવીરે રીસ કરીને પિબેકને જમીન ઉપર ફેંકી દીધો. પિબેક બેહાલ થઈને પડ્યો અને થરથર ધ્રૂજવા લાગ્યો. ત્યારે શરીરની કાંઈ સુધ રહી નહિ. આમ, પડીને પિબેક ફરીથી ઊભો થયો ત્યારે શ્રીહરિને કહેવા લાગ્યો, ૩૩. ‘જે કાલિકાના વીર છે તે તને માર્યા વિના છોડશે નહિ.’ પછી તેણે કાલિકાના વીરોને બોલાવ્યા અને તેને ઘણી હિંમત આપી. ૩૪. છતાં તે વીરો શ્રીહરિની નજીક જ આવ્યા નહિ. છેટે આવીને ઊભા રહ્યા. જ્યારે તે પાછા ફર્યા ત્યારે પિબેકને જ વળગ્યા અને તેને જમીન ઉપર ઢાળી-પછાડી દીધો. ૩૫.

પિબેક વારંવાર અપાર દુઃખી થયો. છતાં તે પોતાનું અભિમાન ભર્યું બળ લગારેય છોડતો ન હતો. એક પહોર (૩-કલાક) પછી જ્યારે તે ઊઠ્યો ત્યારે ફરીને શ્રીહરિ આગળ આવીને તે બોલ્યો, ‘બ્રહ્મચારી ! તું બેસી રહેજે, હવે તારી વાત છે, હનુમાનના વીરને મોકલું છું જે તરત જ તારી હત્યા કરશે.’ ૩૬-૩૭ **એમ કહીને તેણે હનુમાનના વીર મોકલ્યા. તેણે આવીને વર્ણીને હજારો નમસ્કાર કર્યા, દર્શન કરીને પાછા વળ્યા અને પિબેકને વળગી તેને બેહાલ કરી દીધો.** ૩૮. જે જે ભૈરવ, ભૂત, વીરોને શ્રીહરિની પાસે મોકલ્યાં હતાં તે બધાં સાથે મળીને વિપ્ર પિબેકનો નાશ કરવા આવ્યાં. તેના બૂરા હાલ થઈ ગયા. તેનું વિકરાળ મોઢું ફાટ્યું રહ્યું. ૩૯. શરીરની બધી નાડીઓ ક્ષીણ થઈ ગઈ. માથું જમીનમાં ભરાવી દીધું. અને મોઢામાં ઘણી ધૂળ ભરાઈ ગઈ, તેમજ અત્યંત વિરૂપ દેખાવા લાગ્યો. આંખોના ખાડા કૂવા જેવા ભયંકર થઈ ગયા. **તેનું વર્ણન કરવાનું પણ ફાવતું નથી. નાકમાંથી અને મોઢેથી લોહી વહેવા લાગ્યું દુઃખને લીધે ઊઠવાની ચેતના પણ રહી**

નહીં. ૪૦-૪૧. ત્યારે તે પિબેકના સગાં સંબંધીઓ ભેળાં થઈને બધાં ત્યાં આવ્યાં અને શ્રીહરિના પગમાં પડ્યાં. બે હાથ જોડીને શ્રીહરિને વિનંતિ કરવા લાગ્યાં, 'હે હરિ ! હે જગદાધાર ! આપ અત્યંત નિષ્પાપ અને નિર્દોષ છો. હે અજિત ! આપ અમાપ અને માયિક આકારથી રહિત છો. આપનું દિવ્ય સ્વરૂપ આ ચર્મચક્ષુથી જોઈ શકાતું નથી. ૪૨-૪૩.

હે દીનદયાળ ! અધમોનો ઉદ્ધાર કરનારા ! કરુણાના સાગર હોવું તે તો આપનો શુભ ગુણ છે. માટે હે દ્વિજવર ! આપ અમારી વિનંતિ સાંભળો. આ પિબેક હવે પછી ફરીને આવું ક્યારેય નહિ કરે. ૪૪. આપ સ્વયં ગર્વરહિત છો અને અન્યના ગર્વને ઉતારનારા છો. ઉજ્જવળ નિર્દોષ મહાન ધર્મને ધારણ કરો છો. આપની જે પવિત્ર કીર્તિ છે, તેને વિચારીને આ પિબેકના દોષોને ક્ષમા આપો. ૪૫. પિબેકને પોતાનું પાપ જ દુઃખ રૂપ બન્યું છે. આપ વર્ણી તો સદા નિષ્પાપ છો. જે સંત નિષ્પાપ હોય તે જ પાપીનાં પાપોને ધૂવે છે. ૪૬.

હે હરિ ! આપ તો અત્યંત મહાન નિષ્પાપ છો અને પિબેક સમાન બીજો કોઈ પાપી નથી. અત્યારે અમને એવું જ્ઞાન થયું છે કે આપ પિબેકનો ઉદ્ધાર કરવા માટે જ અહીંયાં પધાર્યા છો. ૪૭. હવે કાંઈ કસર રાખશો નહિ. સર્પ ગરુડના હાથે પકડાયો છે. આપના સમાન બીજા કોઈ ગુરુ મળી શકે નહિ. આપે અમારા ઉપર આ કૃપા કરી છે. ૪૮. તે સહુની વિનતિ સાંભળીને શ્રીહરિ તત્કાળ તેની પાસે ગયા અને તેને ઉઠાડ્યો. શ્રીહરિ તો અનંત ગુણ સંપન્ન હોવાથી વિશાળ છે. મચ્છરનો રોષ મેરુની શી ગણતીમાં ? ૪૯. વિપ્ર પિબેક ઊઠ્યો. શ્રીહરિના ચરણોમાં પડ્યો. સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કર્યા. તેણે હાથ જોડીને માથું નમાવ્યું અને વર્ણીને વિનંતિ કરવા લાગ્યો. ૫૦. પિબેકે સિદ્ધોને રસોઈ આપી. મુખમાં ભાવે તેવા સ્વાદુ શુદ્ધ પાક કરાવ્યા. ૫૧.

***ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના દ્વિતીયપૂરમાં 'પિબેકે શ્રીહરિ પર અપનાવેલી મેલી વિદ્યા, પોતે જ ખાધેલી પછડાટ' એ નામે પાંત્રીશમો તરંગ સમાપ્ત ॥૩૫॥***

## પૂર બીજું : તરંગ - ૩૬

## શ્રીહરિ કામાક્ષીથી વિદાય લઈને નવલખા પર્વતને માર્ગે ચાલ્યા

પિબેક સિદ્ધોને રસોઈ આપીને પોતાને ઘેર ગયા, પણ પછી મન એવું ને એવું ન રહ્યું. કોઈ દુષ્ટ માણસે તેને મળીને મન ફેરવી નાખ્યું. ૧. જ્યારે અધરાત થઈ ત્યારે પિબેક ઊઠ્યો. દારૂ તથા માંસનું નૈવેદ્ય આપવા કાળભૈરવને બોલાવ્યો. ૨. બલિદાન કરીને મહાન કાળભૈરવને પૂજ્યો. કાળભૈરવ સહુથી જોરાવર ગણાય. તામસી શુદ્ર દેવોમાં તેનાથી અધિક બળવાન બીજો કોઈ નથી. ૩. પિબેકે કાળભૈરવને ખુશ કરીને શ્રીહરિ પાસે મોકલ્યો. તેનું મોઢું લોહીથી ખરડાયેલું હતું અને તે ભયંકર રૂપ લઈને આવ્યો. ૪. તે શરીરે નગ્ન, તાડ જેટલો ઊંચો, અને લાલ આંખોવાળો હતો. શરીર કાજળ જેવું કાળું હતું. રુંવાડાં ત્રાકનાં જેવાં હતાં, હાથમાં ત્રિશૂળ હતું. તેનું માથું નાક અને કાન વિનાનું હતું. ૫. તે શ્રીહરિ પાસે આવ્યો ખરો પણ શ્રીહરિની પાસે તેનું કાંઈ ઊપજ્યું નહિ. શ્રીહરિની સામે જોતા જ ડરી ગયો. તેને અત્યંત આકરો તાપ લાગ્યો. પાસે આવતા બળી જતો હતો. ૬. તેથી તે દૂર જઈને બેઠો. આખી રાત તેને શાંતિ ન રહી. સવાર થયું ત્યારે શ્રીહરિએ તેને જોયો અને અતિશય ખડખડાટ હસ્યા. ૭. જ્યારે શ્રીહરિ સ્નાન કરવા ચાલ્યા ત્યારે તે કાળભૈરવની સામે દૃષ્ટિ કરી. તેથી થરથર ધ્રૂજવા લાગ્યો. તરત જ પાછો ભાગ્યો. ૮.

કાળભૈરવ પિબેક પાસે ગયો અને તેને પીડવા લાગ્યો. પિબેક તો કાળ ભૈરવને આવતો દેખીને ભાગ્યો. કાળભૈરવે પિબેકને કહ્યું, 'હું આજ તને નિશ્ચય મારી નાખીશ. તારો બધો જ ગર્વ ઉતારી નાખું છું. તેં આજ મારું મોત બેઠું કર્યું છે. તને એક રતીભાર પણ શરમ ન આવી. મહા સમર્થ શ્રીહરિ છે. તેમણે મને ઉગાર્યો છે. મારો અપરાધ લગારેક પણ ગણ્યો નથી. ૯-૧૦. **શ્રીહરિ મહાન સમર્થ છે. હજી તું તેમને ઓળખી શક્યો નહિ. સર્વ શક્તિમાન શ્રીહરિની આગળ તારું શું ગજું ? તે તને માને. ક્યાં મચ્છર જેવો તું અને ક્યાં ગરુડ જેવા શ્રીહરિ !!! તું તેમની સાથે વાદ કરવા ગયો ? ૧૧. ભગવાન શ્રીહરિ અને તેમના ભક્તો આગળ તો હું કાંઈ જ નથી. શ્રીહરિની**

**કાળ શક્તિ એટલી મહાન્ છે કે તેમની આગળ તો બ્રહ્મા અને શિવજી જેવા પણ કાંપે છે. ૧૨.** તેમની આગળ તો કાળ યમરાજ પણ થરથર ધ્રૂજે છે. ત્યાં મારી ગણતરી શી ? તે શ્રીહરિ આવા સમર્થ છે.' ૧૩.

તે સમયે ભાગેલો પિબેક શ્રીહરિની પાસે આવ્યો. બે હાથ જોડીને બહુ જ વિનયથી કરગર્યો. તેને ભૈરવથી ઘણો જ ત્રાસ લાગતો હતો. ૧૪. શ્રીહરિ તો મહાન્ પરમ દયાળુ છે. તેમણે પિબેકને કહ્યું, 'જે તારી રક્ષા કરનારા છે, તેને તું અત્યારે લઈને આવ્યો ? તારું જીવન અમારા હાથમાં છે છતાં તે અમારો દગો કરી અતિ વિશ્વાસઘાત કર્યો. તને લાજ-શરમ નથી. હજી ફરી વાર તને છોડી દઉં છું.' ૧૫-૧૬. **ત્યારે તે વિપ્ર પિબેક હાથ જોડીને બોલવા લાગ્યો, 'હે દયાળુ ! હવે આપ મને શરણે લો. આપ એક જ મારા રક્ષક છો, બીજું કોઈ મારું રક્ષક નથી. ૧૭. હવે આપના સમાન બીજો કોઈ સમર્થ નથી. જ્યારે કામ પડે ત્યારે સમજાય છે. હવે આપ જેમ કહેશો તેમ હું કરીશ. તેમાં હું પાછો પગ નહિ કરું. ૧૮. મેં આપનો અપાર અપરાધ કર્યો છે. આ સમયે મારા જેવો પાપી કોણ હોય ? હવે આપ તે મારા અપરાધને માફ કરો અને મારા જેવા અધમને અભયપદ આપો.' ૧૯.**

તે હાથ જોડીને વારંવાર બોલવા લાગ્યો કે, 'મને ઘણો જ ધિક્કાર છે. મેં ઘણો સમય કાશીવાસ પણ કર્યો છતાં હું ભણી ગણીને ભૂતોનો ભક્ત થયો. ૨૦. મેં દુષ્ટકર્મ અત્યંત અને અપાર કર્યાં છે. તેનો છેડો આવે તેમ નથી. જેટલા પ્રકારની હિંસા કહેવાય છે તે મેં ન કરી હોય તેમ નથી. ૨૧. મેં પાપને જ તરવાનો ઉપાય માન્યો. ધર્મને અત્યંત દુઃખદાયી ગણ્યો. જે ભાગવત અને ગીતા મોક્ષદાયક છે તેમને મેં કપોળ કલ્પિત કહ્યા. ૨૨. સનાતન ધર્મના મૂળરૂપ વેદને મેં ભૂલા પડ્યાનો માર્ગ કહ્યો. મોક્ષને બતાવનારા જે ગ્રંથ છે તેને મેં કલ્પિત કહ્યા. ૨૩. વ્યાસ મુનિને મેં બોપદેવ કહ્યા. મેં ઈન્દ્રિયોના બધા ભોગ ભોગવી લેવા આવું બધું કર્યું. મને તેનું મહાભારે પાપ લાગ્યું છે, તે પાપને લીધે મેં અત્યારે આપની સાથે આવી લડાઈ કરી. ૨૪.

એક લાખ શ્લોકવાળા કૌલાર્ણવ ગ્રંથને મેં સાચો માન્યો. જે અત્યંત ઘોર ક્રૂરતા ભર્યો છે. ૨૫. મદ્ય, માંસ અને વ્યભિચાર, તેના જેવું બીજું

કોઈ પાપ નથી, છતાં મેં તે ત્રણેને મોક્ષપ્રદ માન્યાં, આવી મારી દુર્મતિ થઈ ગઈ. ૨૬. મારે માટે જ આપ અહીંયાં આવ્યા છો તો હવે મારો ઉદ્ધાર કરો. હું વારંવાર આપને પગે લાગું છું. હવે મારી બુદ્ધિ બીજી રીતની નહિ થાય અર્થાત્ બગડશે નહિ.' ૨૭. જ્યારે વિપ્ર પિબેકે પોતાના દોષ ઓળખ્યા, પોતાનો અવગુણ તેને સૂજ્યો, ત્યારે શ્રીહરિએ તેને શરણે લીધો. તેના ઉપર રોષ રાખ્યો નહિ. કારણ કે શ્રીહરિ તો શરણાગતવત્સલ છે અને અન્યને સુખ આપનારા છે. ૨૮. પિબેક પહેલા જેવો શુદ્ધ હતો તેવો જ તે ફરીને શુદ્ધ થયો અને શુદ્ધ ધર્મ પાળવા લાગ્યો. શ્રીહરિને શરણે થયો ત્યારથી જ મદ્ય અને માંસ આદિ અપાર પાપોને તેણે છોડી દીધાં. ૨૯. સનાતન ધર્મથી વિરુદ્ધ કૌલાર્ણવ આદિ જેટલા ગ્રંથો હતા તેને બાળી નાખ્યા. ભાગવત અને ગીતા આદિક જે શુભ ગ્રંથો તેને તેણે મોક્ષદાયક માન્યા. ૩૦.

તે ગ્રંથોને મનમાં પ્રેમ રાખીને ભણ્યો, તેમજ જેટલી અનીતિ હતી તે બધી તજી દીધી અને શ્રીકૃષ્ણનો મહાન્ ભક્ત થયો. આ વાતને પૂર્વદેશના નરનારી સહુ જાણે છે. ૩૧. શ્રીહરિના પ્રતાપને દેખીને તે પુરમાં રહેનારા બધા લોકો પરમ આનંદથી શ્રીહરિને શરણે થયા. તે દેશ અને પ્રદેશના બધા જ મનુષ્યોને શ્રીહરિએ નિર્ભય કરી દીધા. ૩૨. લોકોનું પરમ હિત કરવાને માટે શ્રીહરિ કામાક્ષીમાં એક માસ સુધી રહ્યા. સહુ લોકોને શ્રીહરિના ઉપર ઘણું જ હેત થયું. તેથી તેઓ વારંવાર પૂજવા લાગ્યા. ૩૩. પછી શ્રીહરિએ ચાલવાની તૈયારી કરી. સાથેના બધા સિદ્ધોને શ્રીહરિએ વિદાય આપી. સિદ્ધો શ્રીહરિના ચરણોમાં પડીને ચાલતા થયા. શ્રીહરિએ પોતાની સાથે કોઈને રાખ્યા નહિ. ૩૪.

**'શ્રીહરિનો પ્રતાપ અપાર છે' એમ બધા સિદ્ધો બોલતા હતા. અને રસ્તામાં કે નગરોમાં યશ ગાતા જતા હતા. તેમજ તેઓ વ્યસનમાત્રથી દૂર રહેતા હતા. ૩૫. શ્રીકૃષ્ણ ભગવાન સિવાય તેમણે મન, કર્મ અને વચને કરીને બીજા બધામાંથી પ્રતીતિનો ત્યાગ કર્યો હતો. શ્રીહરિએ તેમને જે રીતે શ્રીકૃષ્ણ ભગવાનનો મંત્ર કહ્યો હતો તે રીતે તેઓ સહજભાવે ભજન કરતા હતા. ૩૬.** શ્રીહરિ એકલા ચાલ્યા ત્યારો અપાર લોકો તેમની પાછળ પાછળ

ચાલ્યા. તે જોઈને પોતે ઊભા રહ્યા ત્યારે લોકોએ ફૂલહાર પહેરાવ્યા. ૩૭. સહુ લોકોને દર્શન આપીને શ્રીહરિ તે વખતે ઉતાવળા ચાલ્યા. નવલખા પર્વતે જવાના વિચારથી તેનો રસ્તો લીધો. ૩૮. શ્રીહરિએ મનુષ્ય શરીર ધાર્યું છે. છતાં સામર્થ્ય અનંત અને અપાર છે. મનમાં કોઈનો લગારેક પણ ભય નથી. જે તરફ ભય હોય તે તરફ ચાલ્યા જતા હતા. ૩૯. જેમ માછલાને સામે પૂર ચાલવામાં અતિશય આનંદ થતો હોય છે, કોઈ ગમે તેટલો ડરાવે છતાં સિંહ જેમ દૂર હટી જતો નથી તેમ શ્રીહરિને જો કોઈ ડારો દઈને ડરાવતા તો પણ કોઈના ભયથી ક્યાંય પાછા હઠતા નહિ. ૪૦.

***ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના દ્વિતીય પૂરમાં 'શ્રીહરિ કામાક્ષીથી વિદાય લઈને નવલખા પર્વતને માર્ગે ચાલ્યા' એ નામે છત્રીશમો તરંગ સમાપ્ત ॥૩૬॥***

## પૂર બીજું : તરંગ - ૩૭

### શ્રીહરિ નવલખા પર્વત ઉપર ગયા અને સિદ્ધોને મળ્યા

શ્રીહરિ એકલા જ નવલખા પર્વત ઉપર ગયા, હવે હું તે વાત કહું છું. સહુ પરમ વિવેકથી સાંભળો. ૧. શ્રીમુક્તાનંદ સ્વામી આ વાત ઉત્તમ રાજાને સંભળાવે છે. જેના મનમાં શ્રીહરિનાં ચરિત્રો પ્રત્યે અધિક ચાહના-ભાવના હોય, તેવા બધા હરિભક્તોને માટે આ વાત કહું છું. ૨. કૂવાનું પાણી પહેલા થાળામાં આવે, તે પછી નીક(ધોરિયો, ઢાળિયો) માં ચાલે અને પછી અલગ અલગ ક્યારામાં જાય. પાણી તે રીતે વાવેતરને પહોંચે છે. ૩. થાળું અને નીક ન હોય તો પાણી ક્યારામાં વાવેતર સુધી ક્યારેય પહોંચે નહિ. તે રીતે જ વિચક્ષણ મનુષ્યે ધ્યાન દેવું જોઈએ કે, પ્રથમ વક્તા દ્વારા મુખ્ય શ્રોતાએ સાંભળેલો ગ્રંથ અનુક્રમે અન્ય સામાન્ય શ્રોતાજન સુધી પહોંચે છે. ૪. હવે મેં જેમ સાક્ષાત્ સાંભળ્યું છે તેમ શ્રીહરિની વાત કહું છું. સુખરાસી શ્રીહરિ નવલખા પર્વતને જોવા ચાલ્યા. તે પર્વત ઘણો ભયાનક અને ત્રાસદાયક છે.

૫. તેની ચારે બાજું બાર બાર કોશ સુધી મહાન્ વિકટ અને ઘોર વન રહ્યું છે. તેમાં જવાનો કોઈ તરફનો એક પણ માર્ગ નથી. અને તેમાં કોઈનું બળ ચાલી શકતું નથી. ૬.

તે વનની ચોતરફનાં પ્રત્યેક ગામમાં રાજાએ ચોકીદારો બેસાડ્યા હતા. એટલે કોઈ પણ મનુષ્યને તે ઝાડીમાં-વનમાં ચાલવા-પ્રવેશવા દેવાતું નહિ. ૭. જે માણસ તે ઝાડીમાં એકવાર જાય, તે ફરીવાર ત્યાંથી પાછો આવતો નહિ. જમીન ઉપર જે લાકડાનું કામ કરનારા કબાડી (કઠિયારા) હોય તે પણ એક કોશની આસપાસ જ જતા આવતા રહેતા. ૮. તે જંગલમાં મોટા મોટા હાથી અસંખ્ય રહેતા. સિંહ તો અપરંપાર રહેતા. તે વનમાં ઠેકાણે ઠેકાણે નદીઓ વહેતી અને ફળ-ફૂલ પણ પુષ્કળ થતાં. ૯. તે વનમાં અનેક જાતનાં પંખીઓ સુંદર કલરવ કરતાં. તે સમયે શ્રીહરિ ગાયોના ધણમાં ભળી ગયા અને તે વનમાં પેઠા. ૧૦. અરુણોદય સમયે ચાલેલા શ્રીહરિ સાંજે તે નવલખા પર્વતે પહોંચ્યા. શ્રીહરિ કોઈનો ભય મનમાં ધારતા નહિ. નિધડક થઈને વનમાં ફરતા. ૧૧. તેમણે પશુમાત્રથી ભય છોડી દીધો હતો. જીવજંતુઓ તો તેમને દેખીને દૂર ભાગતા. જે કોઈ ભયંકર અઘોરી કહેવાતા તે જે વનમાં રહેતા હતા. ૧૨. ત્યાં શ્રીહરિ એકલા જ ચાલીને જતા હતા. કોઈ પરિચિત હોય કે અપરિચિત હોય, તે કોઈનાથી ડરતા નહિ. આ પ્રમાણે શ્રીહરિ રહેતા. ૧૩.

**પોષ મહિનાની પૂનમની રાત અજવાળાથી ઘણી ઊજળી હતી અને ઘણી સુશોભિત હતી ત્યારે તે રાતે વર્ણી નવલખા પર્વત ઉપર ચાલ્યા. ૧૪.** જ્યારે સૂર્યાસ્તનો સમય થયો ત્યારે પર્વત ઉપર શોભા જણાવા લાગી. ઠેક ઠેકાણે ધૂણી ધખાવીને નવલાખ સિદ્ધો ત્યાં બેસતા. ૧૫. દિવસે તો સિદ્ધો કે તેની ધૂણીઓ કાંઈ જ દેખાતું નહિ. રાતે તેઓને જોઈ શકાતા. શ્રીહરિ ત્યાં પર્વત ઉપર ત્રણ રાત રહ્યા. ૧૬. નવલખા પર્વતની બધી અકલ્પ્ય કળાઓને શ્રીહરિ જોતા. તે જોવામાં આશ્ચર્યભરી લાગતી, પણ તેને યથાર્થ રીતે કોઈ જાણી શકતું નહિ. ૧૭. શ્રીહરિએ તે બધા સિદ્ધોને પોતાનાં દર્શન દીધાં. અને તેનાથી સહુને ખુશ કર્યા. બધા સિદ્ધોને બોલાવીને દેખ્યા, પણ તેઓ કાંઈ મુખથી બોલ્યા નહિ. ૧૮. તેઓ બધા આમ તેમ ક્યાંય ચાલતા નહિ અને તે સિદ્ધો ક્યારેય

આવતા જતા પણ દેખાતા નહિ. બધા જ સિદ્ધો આસન વાળીને નાસિકાના અગ્રભાગ ઉપર દષ્ટિને સ્થિર રાખતા. ૧૯. આસન ઉપર બે હાથ લગાવીને કાષ્ઠની જેમ સ્થિર રહેતા. ત્યારે શ્રીહરિ તે સિદ્ધોની બધી માયાને-આશ્ચર્યકારી શક્તિને જોવા માટે ત્યાં ધ્યાનમાં બેઠા. ૨૦.

ત્યારે શ્રીહરિએ જે નવલખો પર્વત કહેવાય છે તેની માયા-આશ્ચર્યકારી શક્તિ જોઈ. તે વખતે ચતુર નવલખો પર્વત મૂર્તિમાન પ્રકટીને શ્રીહરિની પાસે આવ્યો. ૨૧. **મહાન્ સિદ્ધનું રૂપ ધરી રહેલો તે શ્રીહરિના ચરણોમાં પડ્યો. અને બોલ્યો કે, 'મને કૃતાર્થ કરવા માટે આપ અહીંયાં પધાર્યા છો.' ૨૨. બીજા પણ જેટલા સિદ્ધો હતા તે બધા મૂર્તિમાન થઈને આવ્યા અને તેમણે શ્રીહરિનાં દર્શન કર્યાં. તેઓ ફળ-ફૂલ અને મેવા વગેરે ઘણું લાવ્યા. ત્યારે શ્રીહરિ તે જમ્યા. ૨૩.** પર્વતની ગુફાઓમાં જે સિદ્ધો રહેતા હતા તે બધા પણ તે સમયે ત્યાં આવ્યા.

શ્રીહરિએ પર્વતને પૂછ્યું, 'તમારી માયાને અમે સમજી શક્યા નથી. ૨૪. તમે કોણ છો ? આ સિદ્ધો કોણ છે ? રાતમાં કયા સિદ્ધો હોય છે ? રાતે ઠેકાણે ઠેકાણે અગ્નિ શેનો છે ? અને તે પાછા દિવસે કેમ દેખાતા નથી ?' ૨૫. ત્યારે નવલખા પર્વતે મસ્તક નમાવી, હાથ જોડીને કહ્યું, 'શ્રીહરિ, આપ બધું જાણો જ છો. છતાં હું તે કહું છું. ૨૬. અહીં નવલાખ સિદ્ધો રહે છે અને તેના આશ્રમો પણ અહીંયા છે. તેના પ્રતાપથી હું જેટલા પર્વતો છે તેમાં પૂજ્ય ગણાઉં છું. ૨૭. અહીં એક એક વેંતના વર્તુલાકારે (ગોળ) અને એક એક ગજ ઊંડા બધા કુંડ છે. તેમાં તે સિદ્ધોનો પ્રતાપ રહ્યો છે. ૨૮. દિવસે તેમાંથી પાણી વહે છે અને રાતે અગ્નિ નીકળે છે. અને અગ્નિની સાથે જ આકાશમાં જેમ વાદળાં થાય છે તેમ સિદ્ધો પ્રકટ થાય છે.૨૯.વાદળાં જેમ ઊપજે છે અને જેમ વીખરાઈ જાય છે તેવી જ રીત આ સિદ્ધોમાં છે. ગુફાઓમાં જે બીજા સિદ્ધો રહે છે તે બધા જુદા છે. અહીંયા તે બધા બોલતા-ચાલતા હોય છે. ૩૦. તેમાં પણ જે સિદ્ધ હોય તે જ બીજા સિદ્ધોને દેખે છે. પણ બીજો કોઈ તેમને ક્યારેય દેખી શકતો નથી. અહીંયાં સિદ્ધ સિવાય બીજો કોઈ ક્યારેય આવતો નથી અને કદાચ કોઈ આવે તો તે અહીંથી પાછો જાય

નહિ. ૩૧. આપ તો ભારે સમર્થ પરમેશ્વર છો. આપની ગતિ-સ્થિતિ તો સહુથી ન્યારી-અલગ રીતની જ છે.

શ્રીહરિ અને બધા યોગીઓ પાસે બેઠા. શ્રીહરિ તેમને યોગનો અભ્યાસ પૂછવા લાગ્યા. ૩૨. ત્યારે તે બધા યોગીઓએ પોતાનું વૃત્તાંત કહ્યું. અને જેવી રીતે યોગાભ્યાસ કરતા હતા તે વાત પણ કહી. તેમની વાત સાંભળીને શ્રીહરિ ખૂબ જ પ્રસન્ન થયા. તેમજ તે સહુની આસક્તિ ટાળી નાંખી. ૩૩. (પછી શ્રીહરિ સિદ્ધોને કહેવા લાગ્યા,) જે વૃંદાવનમાં વિચર્યા છે તે પ્રકટ સ્વરૂપ શ્રીકૃષ્ણ ભગવાન છે તેમનું અહોનિશ ધ્યાન કરવું. અને તેમનું ધ્યાન-અખંડસ્મૃતિ સિવાય એક શ્વાસ પણ લેવો નહિ. ૩૪. પરમાત્માનનું ધ્યાન કરવું, તેમની મૂર્તિમાં વૃત્તિ રાખવી તે જ યોગાભ્યાસનું ફળ છે. ફળ વિના તો કોઈ વૃક્ષ પણ શોભતું નથી. એક કલ્પ પર્યંત જીવી શકાય એવી દેહના દીર્ઘાયુષ્યની સિદ્ધિ મળી હોય તોપણ તેનું વિશેષ ફળ શું ? તેમાં તો કાંઈ ફળ રહ્યું નથી. ૩૫. દેહ દીર્ઘજીવી થાય કે દીર્ઘજીવી ન થાય તેની સામે જોવે નહિ, તે આત્મદર્શી યોગી કહેવાય છે. અને જે દેહદર્શી હોય તે તો ભોગી કહેવાય છે. ૩૬.

**दोहा : मोक्ष हे अनंत प्रकार के, सो सब विघ्न हे रूप;**
**नीकसे अल्प खाडेसे, जाई परे महा कूप...३८**

સત્સંગ વિના દિન પ્રતિદિન અજ્ઞાન તો અતિશય વધતું જ જાય છે. એટલા માટે મોક્ષભાગી વિચક્ષણ સાધકે સત્સંગ અવશ્ય કરવો જોઈએ. ૩૭. મોક્ષ એટલે છૂટવું. કોઈ પણ વિપરીત પરિસ્થિતિ ટળે તેને મોક્ષ કહી શકાય. આવા કહેવાતા મોક્ષ તો અનંત પ્રકારના છે. અને તે બધા કહેવાતા મોક્ષ તો આત્યંતિક મોક્ષભાગી સાધકને વિઘ્નરૂપ છે. આત્યંતિક મોક્ષ સિવાયના બીજા બધા મોક્ષ તો નાના ખાડામાંથી નીકળીને મોટા કૂવામાં પડ્યા જેવું કહેવાય. ૩૮.

**सोरठा : थोरो जिवनो जोय, अल्प खाडे सो जानना तेहि;**
**बहुत जीवना सोय, सो कूप महा जानो तुम...३९**

**सत्संग बिन हि तेह, सुझत नहिं अग्यान बडो;**
**हरिपद करना नेह, तासे बडो नहिं मोक्ष कोउ...४०**

જે થોડું જીવવું તેને નાનો ખાડો જાણવો. અને જે ઝાઝું જીવવું તેને મોટો કૂવો જાણવો. ૩૯. આવું મોટું અજ્ઞાન તે સત્સંગના વિના સમજાતું નથી. અને શ્રીહરિના ચરણોમાં જે હેત કરવું, તેનાથી કોઈ મોટો મોક્ષ નથી. ૪૦.

*ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના દ્વિતીયપૂરમાં 'શ્રીહરિ નવલખા પર્વત ઉપર ગયા અને સિદ્ધોને મળ્યા' એ નામે સાડત્રીશમો તરંગ સમાપ્ત ॥૩૭॥*

## પૂર બીજું : તરંગ - ૩૮

### સિદ્ધો સાથે વાર્તાલાપ, બાલવા, ગંગાસાગર સંગમ થઈ કપિલાશ્રમ આવ્યા

ઉત્તમ રાજાએ શ્રીમુક્તાનંદ સ્વામીને બે હાથ જોડીને કહ્યું કે, 'શ્રીહરિએ સિદ્ધો આગળ જે વાત કહી હોય તે બધી મને કહો.' ૧. ઉત્તમ રાજાનો પ્રશ્ન સાંભળીને શ્રીમુક્તાનંદ સ્વામી શ્રીહરિ અને સિદ્ધોની અનુપમ વાત કહેવા લાગ્યા કે, જે સાંભળવાથી ભક્તની બુદ્ધિ પ્રભુના ચરણોમાં તદાકાર થઈ જાય છે. ૨. શ્રીહરિએ સિદ્ધોના પ્રત્યે હેતથી કહ્યું કે, 'તમે તપસ્યા કરો છો, તેમાં તે તપસ્યાનું સર્વોત્તમ અધિક ફળ શું માન્યું છે ? ૩. મોક્ષ કહો, ફળ કહો કે લાભ કહો તે ત્રણેયને અમે એક કહીએ છીએ. અલાભ પ્રાપ્ત કરવા કહેતા પોતાને નુકશાન થાય તે માટે કોઈ વ્યક્તિ ક્યારેય પણ પ્રયત્ન કરતી નથી. ૪. આપણે કોઈ હેતુ માટે જ જન્મ લીધો છે. કોઈક ઘર-સંસારમાં રહ્યા છે તે પોતાનું હિત વિચારીને જ રહ્યા છે. કોઈકે તે ઘર-સંસારનો ત્યાગ કર્યો છે તે પણ પોતાનું હિત ધારીને જ કર્યો છે. તેમ જ કોઈ વિકટ વનમાં વિચરતા હોય તે પણ એ રીતે પોતાનું હિત વિચારીને જ કરતા હોય છે. ૫. હિતકારી ફળ ન મળતું હોય તોપણ કોઈ પ્રકારનો નિરધાર કર્યા વગર કોઈ જ અપાર કષ્ટ સહન કરે નહિ. તેવી રીતે હે સિદ્ધો ! તમે આ તપનું

શું ફળ નિરધાર્યું છે ? તે અમને વિચારીને કહો. ૬. અને તમારા ગુરુ કોણ છે ? તે બધી બાબત મને કહો. હું આ કારણે જ અહીંયાં આવ્યો છું, તેથી તમે સ્નેહભાવથી મને તે કહો.' ૭. ત્યારે તે સિદ્ધોના મનમાં અત્યંત આનંદ છવાઈ ગયો અને બોલ્યા, 'આપ તો બધું જાણનારા પરમેશ્વર છો, છતાં અમે અમારી વિગત કહીએ છીએ. ૮.

અમે બધા હઠયોગ સાધીએ છીએ. તે સિવાય બીજી કોઈ વાત અમે સમજતા નથી અને મનમાં ક્યારેય વિચારી જ નથી. ૯. 'આ દેહને અમર રાખવો' આ જ અમારી સિદ્ધાંત વાત છે. હવે આપ જેમ કહેશો તેમ અમે કરશું. માટે આપ અમને હેતથી હિતકારી વાત બતાવો. ૧૦. **આપ અમારા હિતને માટે અહીં પધાર્યા છો. આપ જે કહેશો તે અમે પ્રેમથી કરશું.' ત્યારે શ્રીહરિ તે સમયે સિદ્ધો ઉપર ખૂબ જ હેત કરીને બોલ્યા, 'તમે અંતદૃષ્ટિથી સ્પષ્ટ રીતે જોઈને વિચારો કે, આ આપણા શરીરમાં કઈ એવી ચીજ છે, જે સુખરાશિ-પરમ સુખના સમુદાયરૂપ હોય ? મળ, મૂત્ર, પરુ-પાચ, રુધિર, હાડકાં અને ચામડી, આ બધું શરીરમાં ભર્યું છે.** ૧૨. જેવો ચમારનો ગંધાતો કુંડ હોય તેના કરતાં પણ શરીર વધારે મલિન છે. તેનું તમે અત્યંત જતન કરી રહ્યા છો. તે તમે કેવા ડાહ્યા છો ? ૧૩. તમારા ગુરુ દેહાધ્યાસી-દેહને જ આત્મા માનનારા છે. તેણે તમને પણ તેવા જ દેહાધ્યાસી કરી દીધા છે. અમે તો આત્માધ્યાસી-આત્મનિષ્ઠ છીએ, માટે આ વાત તમને જણાવી દીધી છે. ૧૪. **દેહ જ આત્મા છે એવો અભ્યાસ તજીને દેહમાં રહેલો જે આત્મા છે તે જ હું છું એવો પોતાને આત્મા માનવાનો નિત્ય અભ્યાસ કરો. આત્મા સ્વયંપ્રકાશ છે. આત્મા અત્યંત અજર, અમર અને અછેદ્ય છે. ૧૫. આત્માને જ સ્વસ્વરૂપ માનો અને દેહના બધા ગુણોનો ત્યાગ કરો અને ત્યારે જ તમે સર્વોત્તમ પરમ સુખ સ્વરૂપ શ્રીકૃષ્ણનો સાક્ષાત્કાર મારી જેમ પામી શકશો.' ૧૬.**

પછી શ્રીહરિએ જેમ કહ્યું તેમ તે સિદ્ધો હૃદયમાં પ્રેમ રાખીને કરવા લાગ્યા. પછી ત્યારે જ દેહાત્મ ગ્રંથીને છોડી નાખી અને સ્વયંપ્રકાશ શુદ્ધ સ્વસ્વરૂપના અભ્યાસમાં બધા જોડાઈ ગયા. ૧૭. **આ સિવાયના બીજા જે**

**નવલાખ યોગી હતા તેમનો જે દેહાધ્યાસ હતો તે પણ પોતાના સ્વરૂપનું ધ્યાન કરાવીને શ્રીહરિએ છોડાવી દીધો. અને તે સહુનો મોક્ષ કર્યો.** ૧૮. જે યોગીઓ રાતે દેખાતા હતા તે હવે દેખાતા બંધ થઈ ગયા. તેથી સિદ્ધોને ઘણું આશ્ચર્ય થયું. નવલખા પર્વતના મનમાં પણ અપાર આશ્ચર્ય થયું. તે બધા વારંવાર શ્રીહરિને વંદન કરવા લાગ્યા. ૧૯. પર્વતે કહ્યું, 'મારો ઉદ્ધાર કરો. હે પ્યારા ! મારો મોક્ષ થાય એવો મને વર આપો.' ત્યારે પ્રભુ શ્રીહરિએ મધુર હાસ્ય કરીને તેને ઈષ્ટ વર દીધો અને દારુણ બંધનથી તેનો મોક્ષ કર્યો. ૨૦.

પછી શ્રીહરિ તત્કાળ નવલખા પર્વત ઉપરથી નીચા ઊતર્યા. દયાળુ શ્રીહરિને ઘણો જ આનંદ થયો હતો. ત્યાંથી ઉત્તર દિશા તરફ ચાલતા થયા. રામકોટ નામનું સ્થાન દૂરથી દેખાયું. ૨૧. જાણે સ્ફટિક મણિ અને મોતીઓ હોય તેવું પુષ્કળ તેજ ત્યાં ઝળહળી રહ્યું હતું. ત્યાં જવાનો મનમાં સંકલ્પ કર્યો. તે દેશનાં રીત-રીવાજ પૂછી લીધાં. ૨૨. કોઈ સાધુ સંત ત્યાં ભૂલથી પણ જઈ ચડ્યા હોય તો ત્યાંના લોકો તેમને ખૂબ જ પૂજતા. ઘેર ઘેર પધરાવીને પ્રેમથી બહુ જમાડતા અને વળી, તે જે રીતે પ્રસન્ન થાય તે બધું જ કરતા હતા.૨૩. તો પણ શ્રીહરિ ત્યાં જવા તૈયાર થયા પણ મોટેરા સંતોએ તેમને ત્યાં જતા રોક્યા. સંતોએ કહ્યું, 'રામકોટને તમે દૂરથી દેખી લીધો છે તેટલું બસ છે. વર્ણી તમે હજી નાના છો, એટલે ત્યાં જશો નહિ.' ૨૪. પછી શ્રીહરિ વન જોતા જોતા પાછા વળ્યા. ત્યાંનાં પશુ, પંખી અને વૃક્ષો મનમોહક હતાં. પછી જે બાલવા કુંડ કહેવાય છે ત્યાં શ્રીહરિ પધાર્યા. ૨૫.

ત્યાં જઈને શ્રીહરિ ત્રણ દિવસ સુધી તે કુંડમાં નાહ્યા. કોઈક સમયે ત્યાં વાયુ, અગ્નિ અને જળ નિવાસ કરીને રહ્યા હતા. ૨૬. દેશોદેશના અનંત લોકો ત્યાં **બાલવા કુંડ** આવતા હતા. કરુણાનિધિ અને બળવાન શ્રીહરિએ સહુને દર્શન આપ્યાં. ૨૭. અનંત જીવોનું કલ્યાણ કરવા માટે જગદ્વંદ્ય શ્રીહરિ બાલવા કુંડથી અગ્નિકોણને સાધીને ચાલ્યા. નવા દેશને જોવાથી વર્ણીને આનંદ થતો હતો. ૨૮. શ્રીહરિ **ગંગા અને સાગરના સંગમે** પહોંચ્યા. ત્યાં તીર્થ સ્નાન કર્યું. શ્રીહરિની રીત અગમ્ય છે એમ બ્રહ્મા ભવ અને શેષ, બધા કહે છે. ૨૯. અગમ્યની રીતને કોઈ જાણી શકતું નથી. જો જાણી શકાતી જ

હોય તો તેને અગમ્ય કેમ કહેવાય ? જેને અગમ્ય શ્રીહરિ પોતે જેટલું જણાવે છે ત્યારે તેને તેટલું જણાય છે. ૩૦. ગંગાસાગર સંગમ ઉપર શ્રીહરિ ત્રણ દિવસ રહ્યા. ત્યારે ત્યાં રહીને લોકોને આનંદિત કર્યા. તે પછી વહાણમાં બેસીને સમુદ્રની ખાડીને ઊતર્યા. ૩૧.

**કપિલદેવજીના આશ્રમમાં** પધાર્યા. તે આશ્રમ જોઈને મનમાં ઘણો ગમી ગયો. કપિલાશ્રમને ચારે બાજુ પ્રદક્ષિણા આકારે સમુદ્ર રહ્યો છે. ૩૨. સાગરની વચ્ચે કપિલાશ્રમ છવાઈને રહ્યો છે. તેની શોભા વર્ણવી જાતી નથી. સમુદ્રના પુષ્કળ રેતીની વચ્ચે તે બેટ છે. તેમાં અપાર વૃક્ષ હતાં. ૩૩. તે વૃક્ષો ઉપર જાત જાતનાં પક્ષીઓ રહેતાં હતાં. તેની શોભા કહી જાતી નથી. તે પંખીઓનો મધુર કલરવ એવો સંભળાતો હતો કે માનો તે પક્ષીઓ શ્રીહરિના જ ગુણ ગાતા હોય. ૩૪. ત્યાં જાત જાતનાં પશુઓ પણ આનંદથી ઘૂમતાં-ફરતાં હતાં. તે બેટમાં એક સુંદર અજોડ સરોવર હતું. તે જોવામાં દિવ્યસ્વરૂપ લાગતું હતું. ૩૫. ઠેક ઠેકાણે કૂવાઓ અને વાવો હતી, તેનું પાણી એટલું મીઠું હતું કે, તે પીનારાનું મન ક્યારેય કચવાતું નહિ. સમુદ્રના કાંઠા ઉપર ઘણું મોટું અને સુશોભિત કપિલદેવજીનું એક મંદિર હતું. ૩૬. તે મંદિર પૂર્વમુખે હતું. મંદિરના મધ્યમાં કપિલદેવનું સ્વરૂપ હતું. તે સ્વરૂપ સિદ્ધાસને બેસીને ધ્યાનમાં તલ્લીન હોય એવું દેખાતું હતું. કપિલદેવની મૂર્તિ અતિ શ્વેત હતી. ૩૭.

મૂર્તિના મસ્તક ઉપર જટા શોભતી હતી. સુંદર કમળની પાંખડી સમાન નેત્ર હતાં. મંદ મંદ હાસ્ય ભરેલું મુખ હતું અને સુખદાયક તપ કરતા હોય તેમ જણાતું હતું. ૩૮. શ્રીકપિલદેવજી ભગવાને માતા અને પિતાને શ્રેષ્ઠ અને અનુપમ જ્ઞાનોપદેશ કર્યો હતો. કપિલદેવજી તો સાંખ્ય શાસ્ત્રના આચાર્ય છે. તેમના જેવું અન્ય કોઈનું સ્વરૂપ નથી. ૩૯. લોકોનો મોક્ષ કરવા માટે મહાન્ સમર્થ એવા શ્રીકપિલદેવજીએ ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય, ભક્તિ અને યોગ, આ પાંચ તત્ત્વનો ઉપદેશ કર્યો અને સ્થાપન કર્યું હતું. ૪૦. શ્રીહરિએ તે મંદિરમાં જઈને શ્રીકપિલ ભગવાનનાં દર્શન કર્યાં. કપિલદેવજીની માફક જ ત્યાં તપ કર્યું અને બે માસ સુધી ત્યાં રહ્યા. ૪૨.

*ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના દ્વિતીયપૂરમાં 'શ્રીહરિ કપિલાશ્રમ પધાર્યા' એ નામે આડત્રીશમો તરંગ સમાપ્ત ॥૩૮॥*

## પૂર બીજું : તરંગ - ૩૯

## કપિલાશ્રમથી ભુવનેશ્વર, જનકપુર, ઇન્દ્રદ્યુમ્ન થઈ જગન્નાથપુરી આવ્યા

લોકો કપિલાશ્રમમાં આવતા. હેતથી દર્શન કરતા, પણ શ્રીહરિને દેખીને તો એકીટશે જોતા રહીને થંભી જતા હતા. ૧. તે લોકો પરસ્પર વાતો કહેતા કે, 'આપણાં ઘણાં મોટાં ભાગ્ય છે કે કપિલદેવજી મૂર્તિમાન થઈને નિશ્ચય આ વખતે અહીં આવ્યા છે. ૨. સિદ્ધ યોગીઓ તો અહીંયાં પારાવાર આવે છે, પણ આવા યોગી કોઈ વાર અહીં આવ્યા નથી. આ તો આશ્ચર્યકારી વાત છે ૩. આ વર્ણીનો ચહેરો દેખીને મનમાં અત્યંત આનંદ થાય છે. તેમને જોઈને તો સહુનાં ચિત્ત જાણે કે ચિત્રમાં આલેખેલા ન હોય !! તેમ વર્ણીની મૂર્તિમાં સ્થિર થઈ જતાં હતાં. ૪.

આવું બોલીને પ્રેમથી તેઓ વર્ણીને પૂજતા. નિર્મળ સ્નેહભાવથી પુષ્પ, ચંદન, મેવા, મીઠાઈ વગેરે પુષ્કળ વસ્તુ લાવીને તેમની આગળ અર્પણ કરતા. દરરોજ વર્ણીની આવી પૂજા થતી રહેતી. તેથી મંદિરના પૂજારી વિપ્રને વર્ણી ઉપર ભાવ થયો. પણ લોકો વર્ણી આગળ જે અર્પણ કરતા તેમાંથી તે પૂજારી શ્રીહરિને ફળ-ફૂલ જ દેતા અને મેવા-મીઠાઈ વગેરે પોતે લઈ લેતા.૫-૬. શ્રીહરિ આગળ હાથ જોડીને પૂજારી બોલતા, 'હવે આપ આપની આ કૃપા છે તેને તોડી નાખતા નહિ. અહીંયાં ને અહીંયાં જ નિવાસ કરીને રહો. હવે અહીંથી ક્યારેય ઉદાસ થશો નહિ. ૭. આપના ઉપર ભગવાન કપિલદેવજી ખૂબ જ પ્રસન્ન થયા છે. આપની સેવામાં તે હાજર જ રહે છે. એક પળવાર પણ તમારાથી દૂર જતા નથી. ૮. કપિલદેવ ઘણા મોટા સિદ્ધ છે. ઘણા નર-નારીઓને, લોકોને અહીંયાં ખેંચી લાવે છે.

તમે જે દિવસથી અહિંયાં આવ્યા છો ત્યારથી દર્શનાર્થીઓની ભીડની ભીડ રહે છે. ૯. બધા લોકો ઘી, સાકરના પાકાં સીધાં પુષ્કળ પ્રમાણમાં લાવતા જ રહે છે. અમે તો અહીં ઘણા સમયથી રહીએ છીએ પણ જનસમાજમાં આવો ભાવ ક્યારેય દેખ્યો નથી. ૧૦. આપ તો નિત્ય ફક્ત ફળ-ફૂલને જ જમો છો. બીજી બધી સીધા સામગ્રી તો અમારે અનુકૂળ આવે છે. આપ અહીં આવ્યા તેને હજી બે માસ થયા નથી. આપ આવ્યા પછી અમારે ધનની ખૂબ જ કમાણી થઈ છે. ૧૧. ખાદ્ય પદાર્થોનો અને વસ્ત્રોનો તો ક્યાંય પાર રહ્યો નથી. તે બન્નેથી તો અમારા ભંડાર ભરાઈ ગયા છે.' પછી શ્રીહરિ ત્યારે ત્યાંથી ચાલવા માટે તૈયાર થયા. તે દેખીને ત્યાંનાં બધાં નરનારીઓ ઉદાસ થઈ ગયાં. ૧૨.

શ્રીહરિ વહાણમાં બેસીને સમુદ્રની ખાડી ઊતર્યા. પછી ત્યાંથી આગળ ચાલીને **ભુવનેશ્વર** પધાર્યા. ૧૩. ત્યાં જગન્નાથજીના જેવું જ એક મોટું મંદિર છે. તેમાં ભુવનેશ્વર નામે શિવનું સ્વરૂપ વિરાજે છે. ૧૪. શ્રીહરિએ ભુવનેશ્વર મહાદેવનાં દર્શન કર્યાં અને ત્યાં ત્રણ દિવસ રહ્યા. ત્યાંના લોકો હોશિયાર હતા. તેથી વર્ણીને 'આ સમર્થ યોગી છે' એમ ઓળખી બધા પગે લાગ્યા. ૧૫. ત્યાંથી ચાલીને શ્રીહરિ **જનકપુર** આવ્યા. સૌને દર્શન આપતા આપતા **ઈન્દ્રદ્યુમ્ન સરોવરે** આવીને રોકાયા. ૧૬. પછી ત્યાંથી ચાલ્યા તે (સંવત ૧૮૫૩ માગસર વદ-૧૧ને દિવસે) શ્રીહરિ **જગન્નાથપુરીમાં** આવ્યા. જ્યારે જગન્નાથજીનાં દર્શન કર્યાં ત્યારે રંગભીના ઘનશ્યામ ઘણા જ આનંદિત થયા. ૧૭. જગન્નાથજીનું મંદિર પૂર્વ દ્વારનું છે. તે મંદિર પથ્થરથી બાંધેલું છે. તેનું શિખર ઘણું ઊંચું છે. ૧૮. શિખર ઉપર મોટો સુવર્ણ કળશ શોભે છે. શુભ જરિયાની નિશાન (ધજા) શિખર ઉપર ફરકતું રહે છે. ૧૯. મંડપની અંદરના ભાગમાં ગરુડ સ્તંભ છે. શ્રીહરિ ત્યાં આવીને ગરુડ સ્તંભને ભેટ્યા અને મનમાં ઘણો જ ઉત્સાહ લાવીને તેની પાસે જ આસન કર્યું. ૨૦.

મંદિરમાં ત્રણ મૂર્તિઓ છે. પૂજારી રોજ નવા નવા શણગાર ધરાવતા. તેનાં દર્શન કરીને શ્રીહરિ ધ્યાન કરતા. નાની ઉમરના શ્રીહરિ પૂજારીને દિલમાં વસી ગયા. ૨૧. પૂજારી રોજ એક વખત જગન્નાથજીના થાળની પ્રસાદી વર્ણીને

ખૂબ જ પ્રેમથી આપતા. શ્રીહરિ ત્યાં છ માસ સુધી રહ્યા અને નગરજનોને સુખ આપ્યું. ૨૨. શ્રીહરિ નિત્ય મહાસાગરમાં અતિ ઉત્સાહથી સ્નાન કરવા જતા. મંદિરનો મુખ્ય દરવાજો (સિંહદ્વાર) ઘણો મોટો છે. સુખકારી શ્રીહરિ ત્યાંથી રોજ આવતા-જતા રહેતા. ૨૩. પૂર્વ દિશાનો જે દરવાજો છે તે પણ ઘણો જ સુશોભિત છે. તેની પાસે ઘણો ફેલાયેલો એક મોટો વડ હતો. ત્યાં પણ જઈને શ્રીહરિ ક્યારેક બેસતા હતા. ૨૪. મંદિરમાં જગન્નાથજી (શ્રીકૃષ્ણ), બળદેવજી અને તેમનાં બહેન સુભદ્રાજી, આ ત્રણની કાષ્ઠમાંથી બનાવેલી સુશોભિત મૂર્તિઓ છે. ૨૫. મંદિરમાં મંગળમય વાજિંત્રો અખંડ વાગતાં રહે છે. ગાયક ભક્તજનો શ્રીકૃષ્ણ ચરિત્રનાં અજોડ પદોનું ગાન કરતા હોય છે, તેમજ ચરિત્રોને અનુરૂપ અષ્ટપદીઓ પણ ગવાતી હોય છે. ૨૬. નિરંતર શ્રીમદ્ ભાગવત વંચાતું તેને શ્રીહરિ નિત્ય સાંભળતા. બીજે ક્યાંય આવતા જતા નહિ. દિવસમાં બે વાર સ્નાન કરવા જતા હતા. ૨૭. યોગની ક્રિયાઓને કરવા માટે શ્રીહરિ નિત્ય **ચંદન તલાવડી** જતા. તેમના સુંદર કોમળ ચરણોને જોઈને લોકોની આંખો લલચાઈ જતી. ૨૮. **શ્રીહરિએ છ માસ પર્યંત અયાચક વૃત્તિનું વ્રત રાખ્યું હતું. વાયુ ભક્ષણ કરીને દિવસ ગાળતા. વર્ણીને તપમાં, યોગમાં અને ધ્યાન કરવામાં બહુ ભાવ રહેતો. કથા અને કીર્તનોને સાંભળવાની ચાહના રહેતી.** ૨૯. જેટલી જગત્ સંબંધી વાતો હોય તેને કહેતા કે સાંભળતા નહિ. મનમાં ભગવાન સિવાયનો બીજો સંકલ્પ પણ થવા દેતા નહિ. ભગવાન સિવાય બીજું વેણ મુખથી બોલતા નહિ. ૩૦.

શ્રીહરિએ એવો યોગ અભ્યાસ કર્યો હતો કે ચાલતા-બેસતા નેત્રની વૃત્તિને નાસિકાના અગ્રભાગ ઉપર રાખતા. દસ ઈન્દ્રિયો અને ચાર અંતઃકરણની વૃત્તિને ક્યારેય બાહ્ય વિષયોમાં જવા દેતા જ નહિ. ૩૧. ઈન્દ્રિયોની અને અંતઃકરણની ચૌદેય વૃત્તિઓને એક કરીને, તેને નાસિકાના અગ્રભાગ ઉપર શ્રીહરિ રાખતા. મોટા યોગીઓ જ્યારે શ્રીહરિની આ રીતિને દેખતા ત્યારે તેઓ શ્રીહરિના ઉપર ઘણો જ પ્રેમ કરવા લાગ્યા. ૩૨. **તે યોગીઓ શ્રીહરિને મન, કર્મ અને વચનથી પૂજતા અને વર્ણીને માટે કહેતા કે, 'આ યોગી ભગવાનરૂપ છે. કેમ જે, તેના વિના આવી કોઈ વૃત્તિ હોય**

**નહિ. આ વર્ણી તો બાહ્ય સંસારનું કે પોતાના દેહનું પણ ક્યારેય જોતા નથી, અનુસંધાન રાખતા નથી. ૩૩. આમની આંખોમાં કોઈ પણ જાતનો વિકાર નથી.' એમ બધા લોકો વિચાર કરીને કહેતા હતા. ચૌદ લોકના બ્રહ્માંડમાં જેટલો વિકાર કહેવાય છે તેમાંથી આ વર્ણીના મનમાં કોઈ એક પણ વિકાર નથી. ૩૪.** સ્વયં પરમાત્મા સિવાય આવું કોઈ હોઈ શકે નહિ. બીજા તો યોગાભ્યાસ કરીને દેહ ખોવે છે, નાશ કરે છે. એમની પાસે જઈને જો બેસીએ છીએ તો મનના બધા ઘાટ સંકલ્પ બંધ થઈ જાય છે. ૩૫. આ વર્ણીમાં એવો તો મહાન્ પ્રતાપ છે કે, દર્શન કરનારાનાં સમગ્ર પાપોને હરી લે છે.' જેટલા સુબુદ્ધિવાળા લોકો હતા તે બધા પરસ્પર આવી વાતો કરતા હતા. ૩૬.

ત્યારે સુબુદ્ધિવાળા લોકોની વાતોને સાંભળીને ત્યાંના અપાર બુદ્ધિ માન એવા રાજા પગે ચાલીને તે સમયે જ શ્રીહરિની પાસે આવ્યા. ૩૭. (તે સમયે ત્યાંના રાજા દિવ્યસિંહદેવ હતા ઇ.સ.૧૭૮૦માં ખુર્દાવંશના રાજા રામમુકુંદ દવેએ તેમનો રાજ્યાભિષેક કર્યો હતો. વર્ણીરાજ શ્રીહરિ ઇ.સ ૧૭૯૭માં જગન્નાથપુરીમાં આવ્યા. ત્યારબાદ તેણે એક વર્ષ સુધી ત્યાંનું રાજ્ય કર્યું હતું. પછી તેના પુત્ર મુકુંદદવે (બીજા)ને રાજ્ય ગાદી સોંપી તેમણે પોતાનું આત્મકલ્યાણનું કામ કર્યું હતું.) શ્રીહરિને વારંવાર સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કર્યા. અને બોલ્યા કે, 'આ ભૂમિનાં ધન્ય ભાગ્ય છે કે, આપ અમારે ઘેર પધાર્યા છો.' ૩૮. વિનય પૂર્વક રાજાએ કહ્યું કે, 'હવે આપ અહીંયાં જ રહો. હે હરિ ! આ મંદિર આપનું-પોતાનું જ છે એમ માનીને મંદિરમાં રહો. ૩૯. આજ સુધી આપના સમાન કોઈ અહીં આવ્યા નથી. આજે મારી સેવા સફળ થઈ છે. યોગીઓ અનંત છે પણ તેમાં સહુથી અધિક આપ તે સહુનું કારણ છો.' ૪૦.

***ઇતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના દ્વિતીય પૂરમાં 'શ્રીહરિ જગન્નાથપુરી પધાર્યા અને તેમની દિનચર્યા કહી' એ નામે ઓગણચાલીશમો તરંગ સમાપ્ત ॥૩૯॥***

## પૂર બીજું : તરંગ - ૪૦

## પુરીના રાજા અને વર્ણી વચ્ચે વાર્તાલાપ, રથયાત્રામાં જોડાવા રાજાની વિનંતી

જગન્નાથપુરીના રાજાએ વારંવાર વિનયપૂર્વક આગ્રહ કર્યો ત્યારે શ્રીહરિ હૃદયમાં વિચાર કરીને બોલ્યા. ૧. 'મેં ચાર ધામની યાત્રા કરવાનો નિયમ લીધો છે. તમે કહો છો તે રીતે તો હું અહીંયાં છ માસ અને છ દિવસથી તો રહ્યો છું.' ૨. ત્યારે રાજાએ કહ્યું, 'આવતી કાલે જ અષાઢ સુદિ બીજ છે. ત્યારે અહીંયાં ઘણો જ મોટો ઉત્સવ થાય છે. જો આપ રથયાત્રામાં સાથે આવો તો અમારો ઉત્સવ ઘણો સારો થાય. અને ઉત્સવમાં અતિ રંગ ચડે. હું મારું બધું સૈન્ય પણ ઉત્સવમાં સાથે લાવીશ. ૩-૪. હાથી, ઘોડા, રથ અને મ્યાના, વગેરે પુષ્કળ વાહનો સારી રીતે સજી શણગારીને લાવશું. તેમાં આપની જેવી રુચિ હોય, તે મને પોતાનો દાસ જાણીને કહેજો. ૫. જેટલાં મારી પાસે વાહન છે તે બધાં હું આપને અર્પણ કરી દઉં છું. મને પોતાનો જાણીને તેને સ્વીકારજો. આપની દૃષ્ટિ તેના ઉપર પડશે તોયે તેનો ઉદ્ધાર થઈ જશે. ૬.

હે દેવ ! બધાનો તુરંત જ ઉદ્ધાર થઈ જાય આવા આશયથી હું કહું છું. આવો સુયોગ ફરીને ક્યારે આવશે ? આપનો એક પળવારનો જોગ તો અનંત જન્મોને છોડાવે છે. ૭. આપના મનમાં તો કોઈ એવી ઈચ્છા ન હોય છતાં હું તો આપની સેવાનો અમને લાભ મળે એટલા માટે કહું છું. આખું જગત આપનું જ કરેલું છે. માટે અમારાં આવાં સાધનો તો આપની નજરમાં પણ ક્યાંથી આવે ? ૮.

**સર્વ જગતના કર્તા અને અકર્તા બન્ને આપ જ છો અને તેનું ભરણ-પોષણ કરનારા પણ આપ જ છો. છતાં તેનો આપના મનમાં લેશમાત્ર પણ ગર્વ નથી. આપ માત્ર તપ કરો છો અને સદુપદેશ આપો છો.** ૯. આપ જે સમયે જે ચરિત્ર કરો છો તે પણ અનંત જીવોનો ઉદ્ધાર કરવા માટે જ કરો છો. આપને માટે તો બીજી કોઈ વાત જ નથી. મેં બધું જાણી લીધું છે. ૧૦.

**चोपाई :**

**तुम तुमारे गुन करी जेहा, अनंत ब्रह्मांड शोभावत तेहा;**
**यह मंदिर में बैठे हो छपाई, अनंत ब्रह्मांड प्रकाशत ताई...१२**

જે મારો અંતઃસાક્ષી છે તે આવું મને કહે છે. આપ તો નાના બાલસ્વરૂપ છો છતાં પણ સહુથી મોટા અને મહાઅનુપમ છો. ૧૧. આપ તો પોતાના કલ્યાણકારી ગુણોથી અનંત બ્રહ્માંડોને શોભાડો છો. અત્યારે આપ આ મંદિરમાં છુપાઈને બેઠા છો, પણ અનંત બ્રહ્માંડો આપનાથી જ પ્રકાશિત છે. ૧૨. આપ નાના એવા યોગી બન્યા છો. ખુલ્લા ચરણે ચાલો છો. ક્યારેક અન્ન જમો છો અને નથી પણ જમતા. તે જ આપ સર્વ જગતનું મૂળ કારણ છો. ૧૩. ચિંતામણિ ભલે અણુ સરખો નાનો હોય અને દેખ્યામાં પણ ન આવતો હોય, પણ તેમાં અનંત ગુણો રહ્યા છે, તે મોટા ગુણોને લીધે જ ચિંતામણિ મોટી કહેવાય છે. ૧૪.

પ્રકૃતિ, પુરુષ, અને અક્ષર ઇત્યાદિ ધામ, એ બધા ઘણા જ મહાન્ છે, મોટા છે, પણ આપ તો તે સહુનું કારણ છો. ૧૫. અલ્પ જીવ કદાચ આપનો અપરાધ કરે, છતાં આપ તે અપરાધને ગણતા નથી. આપમાં રહેલા અનંત ગુણોને લીધે વેદો આપને નિત્ય 'નેતિ' 'નેતિ' કહીને ગાય છે. ૧૬. આપનાં જે અનંત ઐશ્વર્ય છે તે બધાં ખૂબ જ મોટાં છે. પરંતુ તે બધાં ઐશ્વર્યોને આપ છુપાવીને વર્તો છો, તે જ આપની મોટી યોગકળા છે. ૧૭. દેખાવમાં તો ઘણા મોટા કહેવાતા યોગીઓ કે ભોગીઓ નિત્ય નિરોગી રહેવાને માટે જપ અને તપ કરતા રહે છે. ભલે દેવ હોય કે મનુષ્ય હોય પણ કોઈ ભગવાનને રાજી કરવા કાંઈ કરતા નથી. ૧૮. પોતે ભોગોને ભોગવવા માટે મોટા મોટા યોગીઓ તપ કરતા રહે છે. (પણ બધા એવા નથી.) નારદ, શુક, સનકાદિકો, કપિલ, દત્તાત્રેય, અને ભરત એ બધા ભગવાનને પ્રસન્ન કરવા માટે જ તેમની બધી ક્રિયાઓ હોય છે. પોતાને માટે તો તેઓ ક્યારેય કાંઈ કરતા નથી. આપ તો તેમના કરતાં પણ બળવાન લાગો છો. આપ તો અનંત જીવોનું કલ્યાણ કરવા માટે પ્રકટ્યા છો. ૧૯-૨૦.

**सेव करे विन कृपा न होवे, अंतर तपासीके जब हि जोवे;**
**खप बिन सेवा न बनी आवे, रोग बिन न खप उपजावे...२२**

**આ વાતને બધા લોકો જાણી શકતા નથી. જેના ઉપર આપની કૃપા હોય તેઓ જ જાણી શકે છે. જેના ઉપર આપની કૃપા થાય છે તેનું અંતઃકરણ એકદમ શુદ્ધ થઈ જાય છે. ૨૧.** જ્યારે અંતરમાં તપાસી જુએ ત્યારે જણાય કે, સેવા કર્યા સિવાય કૃપા થાય નહિ. અને ખપ વિના સેવા થઈ શકે નહિ અને (જન્મ મરણરૂપી) રોગના ભય વિના ખપ ઉપજે નહિ. ૨૨. જન્મ અને મરણનું દુઃખ અનંત છે તેને હું મૂર્તિમાન દેખી રહ્યો છું. સૂતી વેળાએ સ્વપ્નમાં પણ તે ભુલાતું નથી. અને તે પણ આપની કૃપાને લીધે જ આવું રહે છે. ૨૩. આપ મારો ઉદ્ધાર કરવા માટે જ પધાર્યા છો. તેમાં બીજું કોઈ કારણ રહ્યું લાગતું નથી. આપ જેમ કહેશો તેમ હું કરીશ. તેમાં ક્યારેય પાછો પગ નહિ ધરુ. ૨૪. જે કહેવું હોય તે આપ તત્કાળ કહો. મને આવો અવસર ફરી ક્યારે મળે ? અનંત જન્મ ખુવાર થઈ જાય તો પણ ગયેલો સમય ફરીવાર ક્યારેય પાછો આવતો નથી.' ૨૫.

શ્રીહરિએ રાજાની પરીક્ષા લીધી. પછી તેને શરણે લઈને શિષ્ય કર્યો. તેનો ઉદ્ધાર કરવા માટે વર્ણીએ રાજાને શ્રીકૃષ્ણ ભગવાનનો અષ્ટાક્ષર મંત્ર આપ્યો. ૨૬. વર્ણીએ રાજાને ધ્યાનમાં બેસાડીને અંતર્દષ્ટિ કરાવી. ત્યારે આખું બ્રહ્માંડ ભરાઈ જાય તેવો અતિશય પ્રકાશ રાજાના ઉરમાં થયો. ૨૭. હૃદયમાં અમાપ સુખ થયું. અત્યંત આનંદ આનંદ થઈ રહ્યો. અને આ વર્ણી ભગવાન જગન્નાથનો અવતાર છે, એવું તેને તેજમાં દેખવામાં આવ્યું.૨૮. પછી જ્યારે રાજા ધ્યાનમાંથી ઊઠ્યા. ત્યારે તુરંત બોલ્યા, 'જગદાધાર ભગવન્ ! ધન્ય છે, ધન્ય છે. અહીંયાં અને મેં ધ્યાન-સમાધિમાં જોયું તે બધું એક જ છે.' ૨૯. ત્યારે શ્રીહરિએ તેને કહ્યું કે, 'જે તમને અનુભવ થયો છે તે બધાને કહેતા ફરશો નહિ. જીવ એકલો આવ્યો છે અને એકલો જ જવાનો છે. તે વિવેકથી દઢપણે સમજી રાખજો. ૩૦. પોતે સંસાર સાગર તરી ગયા તો બધું જગત્ તરી ગયું. કેમ જે, પોતે સંસાર સાગર તરી ગયા પછી બીજું કોઈ બાકી રહેતું નથી. જીવ જ્યારે જન્મે છે ત્યારે કર્મ અને વાસનામય

જગતને સાથે લઈને જન્મે છે. જ્યારે મરણ થાય છે ત્યારે પણ તે કર્મ અને વાસનામય જગત તેની સાથે જ રહે છે. ૩૧. આવું સમજીને સત્સંગ કરવો. તે સત્સંગથી બુદ્ધિ અભંગ-એક સરખી અતૂટ થાય છે. સાજા વાસણ વિના પાણી ન રહે. ફૂટેલા પાત્રમાંથી તો બધું જ પાણી જતું રહે છે. ૩૨. જેવો અધિકારી જીવ, તેવી વાત ન કરવામાં આવે તો સમજાતું નથી. જે પાકો વૈદ્ય હોય છે તે રોગને જોઈને ઔષધ આપે છે. ૩૩. બધા રોગીને માટે એક જ ઔષધ ન હોય. એવી રીતે બ્રહ્મવિદ્યા પણ અનેક પ્રકારની છે. એટલા માટે જે જ્ઞાની હોય છે તેને અનંત નેત્રવાળો કહેવાય છે.' ૩૪. રાજાએ જ્યારે સત્સંગ કર્યો ત્યારે તેમાં શુદ્ધ વિવેક આવ્યો. તેથી જેટલા પાખંડીઓ ગુરુ થયા હતા તે બધા દેખ્યામાં આવ્યા. ૩૫.

ત્યારે રાજાને તે પાખંડી ગુરુઓનો અભાવ આવ્યો. તેથી ભાવ વિના તે પાખંડીઓને ખાવા કેમ દે ? પછી તો એકવાર ભોજન થાય તેટલું સદાવ્રત દઈને બધા પાખંડી ગુરુઓને વળાવી દીધા-રજા આપી. ૩૬. પછી જે હજારો હજાર વૈરાગીઓ હતા તે બધા ભૂખે મરવા લાગ્યા. પછી તે બધા મળીને ઈન્દ્રદ્યૂમ્ન સરોવરે આવ્યા. અને ત્યાં જ સહુએ પડાવ નાખ્યો. ૩૭. (સંવત ૧૮૫૪ અષાઢ સુદ બીજ, તા.૨૬/૬/૧૭૯૭, સોમવાર) **બીજે દિવસ રથયાત્રાનો ઉત્સવ આવ્યો.** ત્રણ રથ હતા તેમાં શ્રીજગન્નાથજી (શ્રીકૃષ્ણ), શ્રીબળદેવજી અને દેવી સુભદ્રા, ત્રણને પધરાવ્યાં. ૩૮. રાજા દિવ્યસિંહ દવેએ વર્ણીની પૂજા કરી અને તેમને આગળના રથ ઉપર બેસાડ્યા કે જે રથને રાજા સ્વયં ખેંચતા હતા. ૩૯. અનંત બંગાળી ભક્ત ઉત્સાહયુક્ત અતિ પ્રસન્ન મનથી રથને ખેંચવા લાગ્યા. તે સમયે અપાર વાજિંત્ર વાગતાં હતાં. ૪૦. રાજાએ અનેક શસ્ત્રોથી સજ્જ કરાવેલી સેના બધી આવી. બધા નિયમ પ્રમાણે ખેંચીને રથને જનકપુર લઈ ગયા. ૪૧.

***ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના દ્વિતીય પૂરમાં 'શ્રીહરિનો જગન્નાથપુરીમાં છ માસ વાસ અને રથયાત્રાનો ઉત્સવ થયો' એ નામે ચાળીશમો તરંગ સમાપ્ત ॥૪૦॥***

## પૂર બીજું : તરંગ - ૪૧

### અસુર વિનાશ અને ઇન્દ્રદ્યુમ્ન સરોવર પર શ્રીહરિનું તપ

ભગવાન જગન્નાથજી જનકપુર આવીને ત્રણ દિવસ રહ્યા. જગન્નાથજીનું ત્યાં જે રાજદ્વાર હતું તેની સારી શોભા બની હતી.૧. શ્રીહરિ રોજ ઈન્દ્રદ્યુમ્ન સરોવરે નાહવા જતા. તે સરોવર આસપાસ વૈરાગી બેઠા પણ સમાતા નહિ, એટલા ભેળા મળ્યા હતા. ૨. બધા જ વેરાગીઓ શસ્ત્રોથી સજ્જ હતા. એક પણ વૈરાગી નિર્વ્યસની દેખાતો નહિ. સહુ કેફમાં અંધધંધ હતા. મોઢામાંથી ગાળ સિવાયનું તો એક વચન-વેણ બોલતા નહિ. ૩. તે સમયે ત્યાં એક વૈરાગ્યવાળા અને ધર્મનિષ્ઠ સાધુ અભ્યાગતના-તીર્થયાત્રીના રૂપમાં આવ્યા હતા. બીજા સૌ સાધુ તેને હેરાન કરતા હતા અને તેને મારીને પોતાની સેવા કરાવતા હતા. ૪. તે અભ્યાગત સાધુએ શ્રીહરિને રાજાના ગુરુ જાણીને તેમની પાસે ફરિયાદ કરી કે, ‘આ બધા શસ્ત્રધારી વેરાગીઓ મને કાયમ હેરાન-પરેશાન કરે છે. ૫. હું તો અભ્યાગત તીર્થયાત્રી છું, ગરીબ છું. કોઈ પણ જાતનું મારે વ્યસન નથી. હું ફેલ ફિતૂર કરતો નથી. પ્રભુ સિવાય મને ક્યાંય અનુરાગ-આસક્તિ નથી. ૬. અત્યારે આપમાં સાક્ષાત્ ભગવાન રહ્યા છે, એટલે જ મોટા રાજા પણ આપને નમે છે. હે હરિ ! જો આપ મને સહાય કરો તો તે બધા એક જ પળમાં ઊડી જાય તેમ છે. ૭.

આ બધા સાધુનો વેશ ધારે છે પણ બધા જ અધર્મમાં વર્તે છે. આ બધા વૈરાગી હોવા છતાં પરસ્ત્રી સંગ કરે છે. ૮. તેમાં કોઈની પણ લાજ-મર્યાદા રાખતા નથી. તેમને કોઈ રાજા પણ કાંઈ કહેતા નથી. બહારથી આવેલા અભ્યાગત સિવાયના તે બધા વામમાર્ગી ભક્ત કહેવાય છે. ૯. બધા શૂરવીર થઈને મદ્ય, માંસ અને વ્યભિચાર કરવામાં પૂરા વેગથી આગળ વધી રહ્યા છે. સ્વયં કળિયુગે તેમાં પ્રવેશ કર્યો છે, તેથી કોઈ કોઈનું પાપ કહેતા નથી. ૧૦. બધા મંત્ર તંત્ર શીખ્યા છે પણ શ્રીકૃષ્ણનો જપ ક્યારેય કરતા નથી જેટલાં પાપ કહેવાય છે તે બધાં આ વૈરાગીઓમાં ભેળાં થયાં છે. ૧૧. ભૂતોની અને ભૈરવની ઉપાસના કરનારા જે હોય છે તે પણ બધા અહીંયાં જ ભેળા થયા છે. જો આપ કાંઈક ઉપાય કરો તો મારી મદદ કરી કહેવાશે. ૧૨.

અભ્યાગત તીર્થવાસી ધર્મનિષ્ઠ હતો. તેનાં વચનો પણ ધર્મરૂપ હતાં.' તે વાતને મહાપરમ અનુપમ શ્રીહરિએ મનમાં ધારી લીધી. ૧૩. વાંસનું મોટું ઘાટું વન હોય, તેમાં કેટલાક વાંસ સુકાઈ જાય. પછી તે સૂકા વાંસ પવનના વેગથી ઘસાય ત્યારે તેમાં ઘસારાથી આગ પેદા થાય અને તે આગથી આખું વન ભસ્મ થઈ જાય છે.૧૪. આમાં કોઈનો દોષ કહેવાય નહિ. તેમ જૂથમાં પરસ્પર રોષ ઊપજે તો પાપીઓને હાથે જ પાપીઓ મરે. તેમાં તે પાપ કોઈના ઉપર કહેવાય નહીં. ૧૫. જે મનુષ્ય ધર્મનિષ્ઠ હોય, તે ક્યારેય કોઈનું બૂરું કરે નહિ. ભગવાન પોતે બધું જાણે જ છે છતાં તેઓ ઘણો વિચાર કરે છે.૧૬.

પાપી માણસ ઘણો જ માર ખાય છે છતાં તે પાપ કર્મને ક્યારેય છોડતો નથી. કદાચ રાજા અત્યારે જ તોપથી તેને ઉડાવી દે તો પણ પાપી માણસ પાપને છોડે નહિ. ૧૭. તે રીતે જ ધર્મનિષ્ઠ માણસ ગમે તેટલું દુઃખ આવે છતાં તે ધર્મને છોડે નહિ અને જીવનમાં અધર્મનો ડાઘ લાગવા દે નહિ. ચારે ધામમાં કે આખા દેશમાં બધે જ અધર્મ નથી હોતો. ૧૮.

**ચોપાઈ :**

**धर्म होई तिहाँ रेहेनो जाई, हमारो सिद्धांत ईतनो रहाई;**
**अधर्म को फल पापकु पावे, धर्म को फल धर्म लहावे...१९**

માટે જ્યાં ધર્મ હોય ત્યાં જઈને રહેવું. એવો અમારો સિદ્ધાંત છે અધર્મનું ફળ પાપ છે અને ધર્મનું ફળ ધર્મ-પુણ્ય છે. ૧૯. જેમ ખેતરમાં જેવું અન્ન વાવવામાં આવે તેવું મળે છે તેમ ધર્મ કે અધર્મ કર્યો હોય તેનું પાપ અને પુણ્યનું ફળ અહીં જ પામે છે. પરમેશ્વરનું જે કાળચક્ર છે તે બધાને નજરમાં રાખે છે. ૨૦. જેને જેટલું પૂર્વનું પુણ્ય હોય તેનો પરમેશ્વર ક્યારેય તોડતા નથી, વિનાશ કરતા નથી, તેને તોડતા નથી. જે મનુષ્ય પોતાના પુણ્ય કરતાં પાપ વધારે કરે છે તેને તે પાપનું ફળ તરત જ આ લોકમાં મળે છે. ૨૧. જે અંતર્યામી પરમેશ્વર છે તેનું તમે સ્મરણ કરો. જે ધર્મપુત્ર શ્રીહરિ છે તે તમારી રક્ષા કરશે. ૨૨.

**धीरज में काम होत हे जेसा, उतावर में न होवत तेसा;**
**सबकी नारी हे हरि के हाथा, ताकु नमावना अपना माथा...२३**

જેવું ધીરજ રાખવાથી કામ સારું થાય છે તેવું ઉતાવળ કરવાથી થાતું નથી. સહુનાં નાડીપ્રાણ ભગવાનના હાથમાં છે માટે તેમને જ પોતાનું માથું નમાવીને પ્રણામ કરવા. ૨૩. **કદાચ કોઈ કુબુદ્ધિ મનુષ્ય આપણને ગાળ દે કે માર મારે તો પણ સંતોએ તે સહન કરવું જોઈએ. અને તેનું હિત થાય એવો સંકલ્પ કરવો પણ અહિત થાય એવો સંકલ્પ ક્યારેય કરવો નહિ. ૨૪. જે જડભરત નામે સંત થયા હતા તેમણે પોતાનું બૂરું કરનારનું પણ બૂરું ન ઈચ્છ્યું. ત્યારે પરમેશ્વરે તેમની રક્ષા કરી, એ આખું જગત જાણે છે. ૨૫.** પ્રહ્લાદજી પોતાના ઘરમાં રહીને જ નારદજીના પ્રતાપે સંત શિરોમણિ થયા. અને તેમણે પણ અમાપ ધીરજ રાખી હતી. ૨૬. મયૂરધ્વજ, હરિશ્ચન્દ્ર, દધીચિ અને વિશ્વામિત્ર આદિ અનંત જગદ્વંદ્ય સંત થઈ ગયા છે. ૨૭. સહન કરવું તે સંતોનો માર્ગ છે અને સહન ન કરવું તે અસુરનો માર્ગ છે. માટે વિષમ પરિસ્થિતિમાં પણ ઉત્સાહ રાખવો, કેમ જે, આપણું ધાર્યું કશું થાતું જ નથી.' ૨૮. શ્રીહરિ તપ કરવા માટે ઈન્દ્રદ્યુમ્ન સરોવર પર આવીને રહ્યા. ત્યારે રાજા અને રથ વગેરે પાછા ગયા.

પછી શ્રીહરિએ તપ કરવાની ઈચ્છા કરી. ૨૯. શ્રીહરિ ત્યાં તપ કરવા લાગ્યા. તે જોઈને જે શુભ મતિવાળા હતા તેમને શ્રીહરિમાં ભાવ થયો, પણ જે અધર્મી લોકો હતા તે જોઈને બળી ઊઠ્યા. તે અભાગિયા શ્રીહરિને હેરાન કરવા લાગ્યા. ૩૦. તે દુર્જનો જ્યારે શ્રીહરિને હેરાન કરતા ત્યારે સજ્જનો તેને રોકતા, છતાં તે અધર્મી લોકો હેરાન ગતિનાં દુર્વચનો અપશબ્દો બોલીને પીડવા લાગ્યા. ૩૧. છતાં શ્રીહરિ તો મનમાં હમેશાં પ્રસન્ન જ રહેતા. કોઈનું બૂરું-અશુભ ઈચ્છતા નહિ. શ્રીહરિની ભારે ધીરજ જોઈ તે સમયે શ્રીહરિનું કાળચક્ર અસુરોની સેનામાં જઈને પડ્યું. કાળચક્ર જ્યારે અસુરોના ઉપર તૂટી પડ્યું, ત્યારે તેઓને એક બીજામાં વિરોધ થયો. સામ સામે શસ્ત્ર લઈને લડવા તૈયાર થઈ ગયા. ૩૨-૩૩. જેના હાથમાં જેવું શસ્ત્ર આવ્યું તે પર-સ્પર મારવા લાગ્યા. કોઈ કોઈનો મિત્ર ન રહ્યો. એક બીજાનાં માથાં કાપવા લાગ્યા. ૩૪. જેટલી તે અસુરોની સેના હતી તે બધી બે પહોર (૬-કલાક) જેટલા સમયમાં તો કપાતી રહી. લોહીની નદીનો પ્રવાહ ચાલ્યો. તે એટલો

બધો વિનાશ થયો કે કહી શકાતો નથી. ૩૫. આવો વિનાશ દેખીને શ્રીહરિ રામ... રામ.... રામ.... આવું બોલવા લાગ્યા. કેટલા મર્યા તે લખે પાર આવે તેમ નથી. તેમાં જે વૈરાગી સંતને શ્રીહરિ ઉપર પ્રેમભાવ હતો, તે મરીને ભગવાનના ધામમાં ગયા. ૩૬.

શ્રીહરિમાં ભાવવાળા વૈરાગી સંતો અદ્‌ભુત વિમાનમાં બેસી ભગવાનના ધામમાં ગયા. અને અસુરો તો જ્યાં વિકરાળ નરકના કુંડ છે તેવી જમપુરીમાં ગયા. ૩૭. તે બધા અસુરો ધર્મના દ્વેષી, કપટી અને કામી હતા. શૈવ, વૈષ્ણવ અને શક્તિપંથીના જેવો ઉપરનો વેશ રાખતા. કામ, ક્રોધ અને મત્સરથી ભરપૂર હતા. આશા, તૃષ્ણા, લોભમય અને ક્રૂર હતા. ૩૮. તે અસુરો મંત્ર જંત્ર કરતા. પરમેશ્વરનું ધ્યાન અને સ્મરણનો તો ત્યાગ કર્યો હતો. નાભાદાસ કૃત ભક્તમાળ ગ્રંથની વાતો કરીને અસુરોએ સમગ્ર સ્ત્રી-પુરુષોને વશ કરી રાખ્યા હતા. ૩૯. વર્ણ અને આશ્રમના ધર્મને કાપી નાંખ્યા. ક્યારેય ધર્મ માર્ગે ચાલતા જ નહિ. વટાળથી બધાને ભ્રષ્ટ કરી નાંખ્યા અને તેથી તેમની બુદ્ધિ મલિન થઈ ગઈ. ૪૦. મોટા સાધુની સેવાનું ફળ ગાઈને સ્ત્રીઓની આગળ તો જ્ઞાનની વાતો બરાબર રસ લગાવીને કહેતા. પછી સ્ત્રીઓને ધર્મભ્રષ્ટ કરતા. અને સાધુની નિંદા કરવામાં પાપ બતાવતા. ૪૧.

અસુરો આવી રીતે અનંત પ્રકારે અધર્મ કરવા લાગ્યા. જેનો કહે પાર આવે તેમ નથી. અસુરોએ આપેલા જ્ઞાનને આશરીને તે સાંભળનારાં નરનારી બધાં જ તે વખતે અસુર જેવા થઈ ગયાં. ૪૨. તે ગમાર લોકો માંસ, મદિરા (દારૂ) અને વ્યભિચારને મોક્ષનો માર્ગ કહેતા હતા. સહુ પહેલા રાજાઓ તે અસુર ગુરુઓના શિષ્ય થયા. તે પછી કોઈને કોઈનો ભય રહ્યો નહિ. ૪૩. તેનાથી અસુરોનું જોર વધ્યું અને ઠેકઠેકાણે પાપ કરવા લાગ્યા. જો કોઈ સંત પુરુષ અધર્મને 'પાપ' કહે તો અસુરો તેને બાંધીને મારતા. ૪૪.

કોઈ સંત જનની રક્ષા કરતા નહિ, પણ બધા જ 'મારો' 'મારો' આવું બોલતા. ક્યાંય કોઈ ધર્મના રક્ષક રહ્યા નહિ, આખું જગત અધર્મમાં જ રચ્યું પચ્યું રહેવા લાગ્યું. ૪૫. જપ, તપ, વ્રત, દાન અને યજ્ઞયાગ, આ બધા દુનિયામાંથી ભાગી ગયા. વિપ્ર અને સાધુ બધા આવા થયા હતા. તેથી

તેમને જમાડવાથી શું પુણ્ય થાય ? ૪૬. ચોમાસામાં વરસાદ ઓછો થવા લાગ્યો. દુષ્કાળ પડવા લાગ્યા. મનુષ્યોમાં પરસ્પર વૈરભાવ અતિશય વધી ગયો. બેહાલની સ્થિતિમાં ભૂકંપ થવા લાગ્યા. ૪૭. જમીનમાંથી રસ ચોરાઈ ગયો. ઝાડ ઉપર ફળ ઓછાં થઈ ગયાં. અને ધર્મ પણ ભગવાન પાસે જઈને પોકાર કરીને રડવા લાગ્યો. ૪૮. **હે ઉત્તમ નૃપ ! પછી ધર્મની રક્ષા કરવાને માટે શ્રીહરિએ અવતાર ધાર્યો. અનેક શુભ કાર્યોને કરવા તેઓ ભૂમિ ઉપર વિચરવા લાગ્યા.** ૪૯. જે અધર્મી રાજાઓ હતા તેને શિક્ષા કરવા માટે કોઈ (શક્તિશાળી) રાજાને પ્રકટ કર્યો. અને તેણે અધર્મને કબજે કરી લીધો. ૫૦.

***ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના દ્વિતીયપૂરમાં 'ઈન્દ્રદ્યૂમ્ન સરોવર ઉપર શ્રીહરિએ તપ કર્યું અને અસુરોનો નાશ થયો' એ નામે એકતાળીશમો તરંગ સમાપ્ત ॥૪૧॥***

## પૂર બીજું : તરંગ - ૪૨

### શ્રીહરિ માનસપુરમાં, રાજા દ્વારા અનેક અસુરોનો નાશ

શ્રીહરિ ઈન્દ્રદ્યુમ્ન સરોવરથી તે સમયે ચાલતા થયા. પછીથી દક્ષિણ ભારતની યાત્રા કરવાનો દૃઢ સંકલ્પ કર્યો. ૧. હે ધીર ઉત્તમ રાજા ! હવે તે ચરિત્ર તમારી આગળ કહું છું. તે તમે સાંભળો. જેને મનુષ્યો કાનથી સાંભળે તો મનુષ્યને આ સંસાર સંબંધી બધી પીડા ટળી જાય છે. ૨. સદ્‌ગુરુ શ્રીમુક્તાનંદ સ્વામીએ શ્રીહરિનાં અમૃતરસ ભર્યાં ચરિત્ર જે કહ્યાં છે તે ચરિત્રને સાંભળ્યા પછી જે તે બીજાને સંભળાવશે તો તે તત્કાળ પરમપદ-મોક્ષને પામશે. ૩. શ્રીહરિ એકાકી થઈને ચાલ્યા. ત્યારે જગન્નાથપુરીની ઘટનાથી શ્રીહરિના મનમાં કલક-ખેદ રહેતો હતો. વર્ણીને વનમાં રહેવાની જ રુચિ રહેતી પણ શહેરમાં રહેવાની રુચિ ક્યારેય થતી નહિ. ૪.

**ચોપાઈ :**

**भक्तिधर्म बिन जिय जग जेता, श्रीहरिकु न कबु रुचत तेता;**
**त्याग वैराग्य तन रखत अतंता, ताकर करी मगन रहंता...०६**

**हरिजन बिन जो रहे नरनारी, पशु सम सो देखत विचारी;**
**ता संग प्रीत न करत कबहू, जदपि नृप धनाढ्य होय तबहू...०७**

ભક્તિ અને ધર્મ (માતા-પિતા) દિવ્ય દેહે હમેશાં શ્રીહરિની સાથે જ રહેતાં. એક પળવાર પણ ક્યારેય દૂર જાતાં નહિ. ૫. જગતના જે જીવોમાં ધર્મ અને ભક્તિ ન દેખાય, તે શ્રીહરિને ક્યારેય ગમતા નહિ. ત્યાગ અને વૈરાગ્ય અત્યંત રાખતા અને તેને લીધે પોતે આનંદમાં રહેતા. ૬. ભગવાનના ભક્ત સિવાયનાં જે અન્ય નર-નારીઓ હોય તેમને પોતે વિચાર કરીને પશુના સમાન જોતા હતા. ભલે તે કોઈ રાજા અથવા ધનાઢ્ય હોય, તો પણ ક્યારેય તેની સાથે હેત થતું નહિ. ૭. આવા અત્યંત સમર્થ અને ઘણા જ નિઃસ્પૃહ શ્રીહરિ સ્વેચ્છાથી આગળ ચાલ્યા. આદિકૂર્મ નામના તીર્થમાં પધાર્યા. ૮. તેની નજીક એક માનસપુર નામે શહેર હતું. શ્રીહરિ દૂર સુધી ચાલીને ત્યાં પધાર્યા. ત્યાંના રાજા બહુ પવિત્ર હતા. તેણે અપાર અન્નક્ષેત્ર બંધાવ્યાં હતાં. ૯. ત્યાં કોઈ પણ અન્નાર્થી આવે, તો તેને ભાવથી ભોજન આપતા. તે રાજાએ વર્ણી શ્રીહરિને જ્યારે દેખ્યા ત્યારે મનમાં ઘણીવાર વિચારી રહ્યા. ૧૦. તેને વર્ણી ઘણા મોટા જણાયા એટલે વિનંતિ કરીને પોતાની પાસે જ રાખ્યા. વર્ણી અતિશય ત્યાગી અને તપસ્વી હતા. તેથી તેમને એકાંત સ્થાનમાં ભાવથી રાખ્યા. ૧૧. રાજાએ તેમને બેસવા માટે એક મોટા સિંહાસન લાવીને પ્રેમથી આપ્યું. શ્રીહરિ આવીને તેના ઉપર બેઠા. વર્ણીની મનોહર મૂર્તિ જોઈને રાજાનું મન લોભાઈ ગયું હતું. ૧૨.

પ્રેમરસમાં તરબોળ થયેલા રાજા સ્વયં શ્રીહરિની સેવા કરતા હતા. તેમજ તેના નોકરો પણ સેવાની રીત જોઈ-જાણીને તે રીતે સેવા કરવા લાગ્યા. ૧૩. વર્ણીને કોઈ મોટા દેવ જાણીને રાજા નિત્ય સેવા કરતા હતા. તેમને અત્યંત ત્યાગી જાણીને તો ભાવના ખૂબ જ વધી. ૧૪. આ રીતે રાજા ઘણા જ ભાવથી વર્ણીની સેવા કરતા હતા. તે જોઈને અસુરો મનમાં બળી ઊઠ્યા. તેમાં જે જે અધર્મમાં રચ્યા પચ્યા રહેનારા હતા તે તો ખૂબ જ ખિજાયા. ૧૫. માનસપુરમાં જ રહેનારા જે અસુરો હતા તે બધા સંગઠિત થઈને જાહેરમાં એવું બોલ્યા કે, આ વર્ણી અત્યંત ત્યાગી-નિઃસ્પૃહ છે અને બહારથી અહીં

આવ્યા છે. માટે તેને આપણે અવશ્ય મારી નાખવા. આવો કોઈ ઠરાવ કરીને બધા વર્ણીને મારવા તૈયાર થયા. ૧૬-૧૭. એકેક શેર (આશરે ૫૦૦ ગ્રામ) વજનના પથ્થર બબ્બે મણ જેટલા બધા લાવ્યા. તે બધા અનંત અસુરો ભેળા થઈને સમી સાંજ(સંધ્યા કાળ)ના જ આવી ગયા. ૧૮. આસન ઉપર એકલા જ વર્ણીને જોઈને તે અદેખાઈ કરનારા અસુરો વર્ણીને મારવા આવ્યા. બધા વર્ણી ઉપર પથ્થર ઝીંકવા માંડ્યા, પણ તે વખતે શ્રીહરિ કાંઈ જ બોલ્યા નહિ. ૧૯. હજારોહજાર અસુરોએ સાથે મળીને આવી અપાર ઉપાધિ કરી. સમી સાંજથી સવાર થયું ત્યાં સુધી પથ્થરની વૃષ્ટિ કરી. ૨૦.

**શ્રીહરિ તો અત્યંત સાધુ સ્વભાવના છે, નિર્વેર છે. કોઈના વિરુદ્ધ દાવો પણ કરે નહિ એવા ક્ષમાવાન અને ધીર છે. તેમના ઉપર આટલા પથ્થર ફેંકાયા છતાં એક પણ પથ્થર તેમના શરીર ઉપર વાગ્યો નહિ. ૨૧.** જે ચબૂતરા ઉપર શ્રીહરિ બેઠા હતા તેની ચારે કોર પથ્થર પડ્યા. ચબૂતરા કરતાં પણ ઊંચો પથ્થરનો ઢગલો થયો. છતાં પણ શ્રીહરિને કુશળક્ષેમ જોયા ત્યારે તે બધાએ આયુધ ઉઠાવ્યાં. ૨૨. 'જો રાજાને ખબર પડી જશે તો મોટો ઉત્પાત થશે' આવું તેઓ વિચારતા હતા. તેવા સમયમાં જ રાજાને તે પરિસ્થિતિની જાણ થઈ ગઈ. તેથી તે એકદમ દોડતા આવ્યા. ૨૩. બીજા બધા નગરવાસી લોકો પણ દોડી આવ્યા. ચારે બાજુ પથ્થરના ઢગલા દેખીને શોકાકુળ થઈ ગયા. આ બધું દેખીને રાજાએ તો મનમાં વિચારી લીધું કે, 'આ વર્ણીને તો ભગવાને જ બચાવ્યા છે.'૨૪.

પ્રહ્લાદની અને ગોપ બાળકોની ભગવાને જેમ સહાય કરી હતી તેમ આ વર્ણીની રક્ષા પણ ભગવાને કરી છે. તેમાં કોઈ ફેર નથી. ૨૫. વર્ણીને સમર્થ સમજીને રાજા ભાવનાથી વારંવાર પગે લાગ્યા. 'હે પ્રભુ ! અમે આપના દાસ છીએ.' એમ વારંવાર કહ્યું. ૨૬. વર્ણિરાજ શ્રીહરિએ રાજાને શિષ્ય કર્યો, અન્ય લોકોને શુભ ઉપદેશ આપ્યો. રાજા ઘણા ચતુર હતા. તે પોતાના મનમાં વિચારવા લાગ્યા. ૨૭. 'આ પાપી અસુરો વર્ણીનો કાળ કરી નાંખત, અર્થાત્ તેને મારી નાખવાના હતા. વર્ણી તો ધર્મરૂપ (ધર્મનિષ્ઠ) છે, માટે રાજાએ આવો અધર્મ સહન કરવો જોઈએ નહિ. ૨૮. **વર્ણીને મારા ઈષ્ટદેવ અને**

**ગુરુ જાણીને તેઓ છાની રીતે ઘણી ઉપાધિ કરી રહ્યા છે. તેમણે આ વર્ણીનો દ્રોહ નથી કર્યો, પરંતુ મારો દ્રોહ કર્યો છે. હવે મને તેની ખબર પડી ગઈ છે. ૨૯. રાત દિવસ આ લોકોએ મારું જ અન્ન ખાધું અને તે મારા ઈષ્ટદેવ-ગુરુને જ મારવા તૈયાર થયા. જેમ દૂધ પાઈને ઉછેરેલો સાપ ઉછેરનારાના જ પ્રાણ લે, તેમ આ બધા અધર્મી વૈરાગીઓએ મારી સાથે કર્યું છે. ૩૦.** મેં અત્યાર સુધી મનમાં તેમના વિશે પ્રભુભાવ રાખીને તેમની સેવા કરી છે. તેમણે તો મને સેવાનું ફળ તત્કાળ આવું આપ્યું ? હવે હું તેમને કાળરૂપે દેખું છું. ૩૧. આ બધા ધર્મરાજાના દૂત જેવા મને તેમનું પોષણ કરવારૂપી પાપની દોરડીથી બાંધીને નરકમાં લઈ જતા હતા. તે આ વર્ણીએ આવીને મને છોડાવ્યો છે. મારા અનંત જન્મને વર્ણીએ લેખે લગાડ્યા છે. સાર્થક કર્યા છે.' ૩૨.

રાજાને ઘણો જ ક્રોધ ચઢ્યો છે, એમ જાણીને તે સમયે જ બધા અસુરો છાની રીતે ભાગ્યા. કેટલાએ વરસ સુધી સિદ્ધ થઈને રહેનારા તે અસુરોએ નગરની સ્ત્રીઓને ધર્મભ્રષ્ટ કરી હતી. ૩૩. તે બધા પોતાનો સરસામાન લેવા પણ રોકાયા નહિ, ચારે દિશાઓમાં ભાગવા લાગ્યા. અને એકબીજાનો સંગાથ પણ છોડી દીધો. ૩૪. તે સમયે રાજાને પણ ખબર મળી ગઈ. તેણે પોતાની બધી ફોજ તૈયાર કરી. વર્ણિરૂપ શ્રીહરિએ તેમને બહુ પ્રકારે રોકવા પ્રયત્ન કર્યો છતાં રાજાએ અસુરોનો પીછો (કેડ) છોડ્યો નહિ. ૩૫. જે મહાન્ અધર્મી અને ચોર તે અસુરોને ચારે બાજુથી ઘેરી લીધા. 'ઊંડેથી સારા સારા શક્કરપારા દેવા આવ્યા છીએ તો તમે લેતા જાઓ.' ૩૬.

એમ કહીને હજારો અસુરોને જમને દ્વાર ધકેલી દીધા અને ભૂમિનો ભાર ઉતાર્યો. તેથી ભૂમિ ઘણી જ પ્રસન્ન થઈ. ૩૭. આ ભૂમિ ઉપરના જે અસુરો નિર્દોષ લોકોને પીડતા હતા, તે બધા પોતપોતાના પાપને લીધે જ ધીરે ધીરે નષ્ટ થઈ ગયા. ૩૮. **શ્રીહરિ સ્વયં નિર્દોષ છે. તેઓ ભૂમિ ઉપર જ્યાં જ્યાં અસુરો રહેતા હતા ત્યાં ત્યાં ભૂમિનો ભાર ઉતારવા વિચરણ કરતા; પણ પોતે તો અરોષ છે અર્થાત્ કોઈના ઉપર રોષ (ક્રોધ) કરતા નહિ. ૩૯. શ્રીહરિ અસુરોને હઠાવીને અનંત જીવોનો ઉદ્ધાર કરતા. અત્યંત કરુણા રસને ધારણ કરીને શ્રીહરિ અપરંપાર પ્રતાપ દેખાડતા હતા. ૪૦.**

*ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના દ્વિતીયપૂરમાં 'શ્રીહરિએ માનસપુરના રાજા દ્વારા અસુરોનો નાશ કરાવ્યો' એ નામે બેતાલીશમો તરંગ સમાપ્ત ॥૪૨॥*

## પૂર બીજું : તરંગ - ૪૩

## માનસપુરના રાજાનું આતિથ્ય સ્વીકારી વેંકટાદ્રિ તરફ પ્રયાણ, માર્ગે મળેલો સેવકરામ શિવકાંચી, વિષ્ણુકાંચી, શ્રીરંગક્ષેત્ર થઈ કાવેરી ગંગા સ્નાન

ભગવાન શ્રીહરિએ માનસપુરના રાજાને અભયપદ(મોક્ષ)નું દાન કર્યું. તેને અતિ પ્રસન્ન કરીને પછી શ્રીહરિ ત્યાંથી ચાલતા થયા. ૧. રાજા અત્યંત વિનીત ભાવથી શ્રીહરિના ચરણોમાં પડ્યા અને પ્રાર્થના કરી, **'હે હરે ! મારે આપનો જ એક આધાર છે માટે મારા અંતકાળે આપ પધારજો.** ૨. હે હરિ ! હાથી, ઘોડા અને રથ આદિ વાહન મારી પાસે અપાર છે. જે આપ કહો તે તૈયાર કરીને હું લાવું, કારણ કે મારે તેનો પણ મોક્ષ કરાવવો છે.' ૩. એમ કહીને રાજા અનેક પ્રકારનો પૂજાનો સામાન લાવ્યા. શ્રીહરિને કેસરયુક્ત ચંદનની અર્ચા ઘણા પ્રેમથી કરી. ૪. અનેક પ્રકારનાં પુષ્પોના હાર પહેરાવ્યા. ધૂપ અને દીપ કરીને આરતી ઉતારી. મેવા, મીઠાઈ, ફળ અને ફૂલ વગેરે ખૂબ જ લાવ્યા હતા, તે બધું શ્રીહરિને અર્પણ કર્યું. ૫.

શ્રીહરિની પ્રદક્ષિણા કરીને વારંવાર દંડવત્ પ્રણામ કર્યા. તેટલામાં તો નગરવાસી લોકો આવ્યા. તે સહુએ પ્રેમ ભાવથી શ્રીહરિની પૂજા કરી. ૬. રાજાએ સવારી બોલાવી ત્યારે તે તૈયાર થઈને આવી. જ્યારે શ્રીહરિને હાથી ઉપર બેસાડ્યા ત્યારે રાજાને ઘણો જ હર્ષ થયો. ૭. રાજા શ્રીહરિની પાછળ બેસીને ચામર કરવા લાગ્યા. લોકો જય જય, જય જય, આવો ધ્વનિ કરવા લાગ્યા. અનંત પ્રકારનાં વાજિંત્ર વાગતાં હતાં. ચોપદાર નેકી પોકારતા હતા. ૮. જરિયાની નિશાન ફરકતાં હતાં. ગુણીજનો ખૂબ જ ગુણગાન કરતા હતા. રાજદરબારની અંદર એક મણિજડિત સુંદર મંદિર હતું. ૯.

રાજાએ પ્રેમથી તે મંદિરમાં અલૌકિક ગતિ-સ્થિતિવાળા શ્રીહરિને પધરાવ્યા. રાજા શ્રીહરિને પોતાના રહેવાના મહેલમાં લઈ ગયા. ત્યારે રાણીને શ્રીહરિનાં દર્શન થયાં. ૧૦. રાણીએ સોનાનાં પુષ્પોના થાળ ભરી ભરીને શ્રીહરિને ઘણા જ પ્રેમથી વધાવ્યા. વર્ણીને પુષ્પોના હાર કંઠમાં પહેરાવ્યા. કપાળમાં કુંકુમનો ચાંદલો કર્યો. ૧૧. મોક્ષના ઘણા જ ખપવાળો રાજાનો બધો પરિવાર શ્રીહરિને શરણે થયો. સહુએ પ્રાર્થના કરી કે, 'આપ આવાને આવા અમારા હૃદયમાં નિવાસ કરીને રહેજો. ૧૨. આપની પાસે અમે એ જ વિનંતિ કરીએ છીએ કે, **આપના સિવાય બીજો કોઈ ઘાટ-સંકલ્પ અમારા હૃદયમાં થાય નહિ.'**

ત્યારે શ્રીહરિએ તેવો વર આપ્યો. મુમુક્ષુનો ઉદ્ધાર કરવામાં નિપુણ આવા શ્રીહરિ ત્યાંથી ચાલતા થયા. ૧૩. મહાન્ શોભાના ધામ આવા ઘનશ્યામ શ્રીહરિ હાથીની અંબાડીમાં વિરાજ્યા. ઊભી બજારે સહુને દર્શન આપતા આપતા ચાલ્યા. ૧૪. બજારે નગરવાસી સ્ત્રીઓ મોતીના થાળ ભરી ભરીને આવી. ઘણા જ પ્રેમ સાથે તે મોતીથી શ્રીહરિને વધાવ્યા અને અપાર વિનંતી કરી. ૧૫. શ્રીહરિ નગરની બહાર નીકળ્યા. ઉડાડેલો ગુલાલ બધે આકાશમાં છાઈ ગયો હતો અને ભૂમિ પણ રંગીલી થઈ ગઈ હતી. હાથી અને ઘોડાઓ પણ રંગ રંગ થઈ ગયા હતા. ૧૬. આખું નગર રંગાઈ ગયું. વૃક્ષો અને વેલીઓ પણ રંગથી રંગાઈ ગઈ. પછી સહુને પાછા વાળીને શ્રીહરિ ચાલતા થયા. ૧૭.

રાજા શ્રીહરિને પાંચ કોશ સુધી વળાવવા આવ્યા. ત્યારે પ્યારા શ્રીહરિ હાથી ઉપરથી તરત ઊતરી ગયા. અને તેમણે રાજાને પાછા વાળ્યા. ૧૮. વર્ણિરૂપ હરિરાય ઉઘાડે પગે ચાલતા હતા. તે દેખીને રાજાના દિલમાં ઘણું દુઃખ થયું. શ્રીહરિએ વેંકટાદ્રિનો માર્ગ લીધો. માનસપુરના રાજાને શ્રીહરિએ તેની સેવા સ્વીકારીને અતિ રાજી કર્યા હતા. ૧૯. **જ્યારે શ્રીહરિ ભૂમિ ઉપર ચાલ્યા ત્યારે કમાનમાંથી છૂટેલા તીરની જેમ ઉતાવળા અને સીધી ગતિએ ચાલતા હતા. તે સમયે રાજા એક સુરતા (ધ્યાન)થી વર્ણીને**

**દેખી રહ્યા હતા. તે મૂર્તિ અત્યંત મનોહર લાગતી હતી. ૨૦.** વર્ણીની મનોહર મૂર્તિ જેવી દેખાતી હતી તેવીને તેવી પોતાના હૃદયમાં રાજાએ ઠેરાવી દીધી. તેથી રાજા પોતાના મનમાં ખુશ થયા, પણ તે વાત તેણે કોઈ બીજાને કહી નહિ. ૨૧.

ચાલતા ચાલતા શ્રીહરિ જ્યારે આગળ ગયા ત્યારે ઘણા સાધુઓનો સંઘ સાથે થયો. તેમાં એક સેવકરામ નામે સાધુ હતા. જે ભાગવત્ ભણેલા હતા. ૨૨. તે વૈરાગી સાધુ અયોધ્યામાં જન્મસ્થાનના મંદિરમાં રહેતા હતા. શ્રીહરિ અયોધ્યામાં તેની પાસેથી ગોપિકાગીતના શ્લોક શીખ્યા હતા. ૨૩. તેની સાથે પરસ્પર ઓળખાણ થઈ. તે પણ સરવરિયા(સરયૂપારીણ)ની નાતના હતા. તેણે રામપ્રતાપભાઈની ખબર આપી અને તેમની બીજી બધી વાતો પણ કહી. ૨૪. વળી કહ્યું કે, 'તમે ઘર છોડ્યું તેને પાંચ વરસ થઈ ગયાં છે. છતાં તેઓ તમારી જગ્યા(ભાઈ પ્રત્યેની લાગણી)ને સંભારીને હજી રડી રહ્યા છે. ૨૫. ચાર ધામની યાત્રા કરીને કોઈ સંત આવે ત્યારે તેમની પાસે જઈને તમારા સમાચાર તેઓ પૂછે છે. જ્યારે ખબર ન મળે ત્યારે તેઓ અંતરમાં ઘણા જ અકળાય છે. ૨૬. તમે પ્રીતિ તોડી નાખી. ફરીવાર ક્યારેય મળ્યા નહિ. મોટા ત્યાગી તો ઘણા હોય છે પણ આવી રીત અમે ક્યાંય સાંભળી નથી. ૨૭. હવે અમે અને તમે સાથે જ અયોધ્યાપુરી જઈએ. તમે મારે હાથ આવ્યા છો એટલે હવે તમને દૂર કરીશ નહિ.' ૨૮.

**चोपाई :**

**त्यागी होई संभारत जेहा, जरूर बंधन होवत तेहा;**
**अब न तुमारे संग हम करही, एकेले जाईके फिरही...३०**

શ્રીહરિ તે સાંભળીને હસ્યા અને બોલ્યા, 'અમારો અને તમારો સંગાથ હવે નહિ રહે. પૂર્વાશ્રમના જે સંબંધી હોય તેને ત્યાગીએ સંભારવા જોઈએ નહિ. ૨૯. ત્યાગી થઈને જે પોતાના સંબંધીને સંભારે છે તેને જરૂર બંધન થાય છે. હવે હું તમારો સંગ નહિ રાખું. હું જઈને એકલો જ ફરીશ. ૩૦. આટલા માટે જ હું એકલો ફરું છું. કોઈ પણ ત્યાગીને ભેળા રાખતો નથી. કોઈને ભેળા રાખીએ તો તે જઈને ઘરના લોકોને વાત કહે. પછી સંબંધીઓ

ઘરમાં ન રહે, અમારી પાછળ આવે. ૩૧. અને જ્યારે અમારા સંબંધીઓ પાછળ પાછળ આવે તો અમને સુવાણ-સુખ રહે નહિ. કેમજે, સંબંધીઓ જ્યારે ભેળા મળે ત્યારે ત્યાગની મઝા કે મર્યાદા રહેતી નથી.' ૩૨. આવું કહીને શ્રીહરિએ તેનો સંગ તજી દીધો.

ત્યારે સેવકરામ બહુ રોવા લાગ્યો. છતાં શ્રીહરિ તેની પાસે આવ્યા નહિ. અને તેને ફરીને ક્યારેય બોલાવ્યો પણ નહિ. ૩૩. ત્યારે તેને ઘણો ભય લાગ્યો અને તેનું પેટ છૂટી ગયું અર્થાત્ તેને ઝાડા થઈ ગયા. જેની સાથે તે સાધુ આવ્યો હતો તે કોઈ તેની સાથે રહ્યા નહિ. ૩૪. તેથી તે બહુ રડવા લાગ્યો. બધાએ તેને તજી દીધો તેથી તે નિરાધાર થઈ ગયો હતો. તે દેખીને શ્રીહરિએ તેના ઉપર દયા કરી. પહેલા તો ડારો દઈને તેને બિવડાવી દીધો કે, 'ભગવાન સિવાય બીજી કોઈ વાત કરતા નહિ. તમે પણ ત્યાગી થયા છો. માટે આમ વર્તશો તો જ હું તમારી સેવા કરીશ અને જે કહેશો તે લાવીને આપીશ.' ૩૫-૩૬. ત્યારે સેવકરામે આવો નિયમ લીધો કે, 'ભગવાન સિવાયની વાત કરવી નહિ. અને જો ભગવાન સિવાયની બીજી વાત કરું તો મારી માતામાં ફેર છે એમ સમજજો.' ૩૭.

પછી શ્રીહરિ રસ્તામાં આવતા એક ગામમાં આવ્યા. ગામ બહાર સારી ફૂલવાડી હતી. તેમાં એક મોટો વડ હતો. વડમાં એક હજાર ભૂત રહેતાં હતાં. ૩૮. વર્ણીએ કેળનાં પાન લાવીને તેની પથારી કરી અને તેના ઉપર સેવકરામને સુવડાવ્યો. તે સાધુને લોહીખંડ પેટબેસણું (રક્તાતિ સાર-વધારે પડતા ઝાડા થાય અને તેમાં લોહી પડે) થયું હતું. તેવી બીમારીમાં શ્રીહરિ તેની સેવા કરતા હતા. ૩૯. તેની સાથે કોઈ હતું નહિ. વળી તે અતિશય નિરાશ થઈ ગયેલો દેખાતો હતો એટલે શ્રીહરિએ તેના ઉપર અત્યંત દયા કરી અને બે માસ સુધી તેની સેવા કરી. ૪૦. પછી તો તે નીરોગી થઈ ગયો એટલે ત્યાંથી ચાલ્યા. તેનો એક મણ જેટલો જે ભાર હતો તે શ્રીહરિને માથે મુકાવતો હતો. ૪૧. પોતે હાથમાં ખાલી માળા લઈને જ ચાલતો. તે શ્રીહરિના સુખ-દુઃખની કાંઈ સંભાળ રાખતો નહિ. પોતે પોતાને માટે વર્ણી પાસે પાકી રસોઈ બનાવડાવીને નિત્ય હરખાઈને જમતો હતો. ૪૨.

શ્રીહરિ પોતે તો ગામમાં જઈને જમી આવતા હતા. ક્યારેક જમવાનું મળતું અને ક્યારેક તો ઉપવાસ કરવો પડતો; પણ તે સાધુ વર્ણીની ક્યારેય દરકાર રાખતો નહિ. ૪૩. તેથી સેવકરામને અતિશય કૃતઘ્ની જાણીને અને નિર્દય માનીને શ્રીહરિએ તેનો ત્યાગ કર્યો. **શ્રીહરિનો તો સહજ સ્વભાવ એવો હતો કે, તેઓ ભાર નામે કાંઈ જ (એક રૂમાલ પણ) રાખતા નહિ. ૪૪.**

પછી શોભાના નિધિ સુંદરશ્યામ ઘનશ્યામ **વેંકટાદ્રિ** પહોંચ્યા. ત્યાં જે ઠાકોરજીનું સ્વરૂપ હતું તેનાં દર્શન કર્યાં. ૪૫. અનેક જીવોનો ઉદ્ધાર કરવામાં પ્રવીણ આવા શ્રીહરિ ત્યાં પાંચ દિવસ રહ્યા. પછી ત્યાંથી ચાલતા થયા. **શિવકાંચી** અને **વિષ્ણુકાંચી** આવ્યા. ત્યાં કેટલાક દિવસ રોકાયા. ૪૬. વર્ણીએ બન્ને સ્થળે પ્રશ્નોત્તર કર્યા. તેમના મતમાં જે સાર હતો તે બધો ગ્રહણ કર્યો. વન, પર્વત અને તીર્થોમાં જે સાર દેખાતો તેને શ્રીહરિ ગ્રહણ કરતા. ૪૭. જે અસાર દેખાતો તેનો તરત ત્યાગ કરતા. સાર જણાયા વિના પ્રેમ થતો નહિ.

તે પછી શ્રીહરિ **શ્રીરંગક્ષેત્ર** આવ્યા. પ્યારા શ્રીહરિએ ત્યાંના દેવ (શ્રીરંગનાથજી)ના પ્રેમથી દર્શન કર્યાં. ૪૮. શ્રીહરિ **કાવેરીગંગા**એ જઈને તેમાં નાહ્યા. ત્યાં એક ઘણી સુંદર શોભાયમાન ફૂલવાડી હતી તેમાં જઈને ઊતર્યા. ૪૯. અનુપમ કાવેરી નદીને કિનારે ફળ-ફૂલ અપાર થતા હતા. ત્યાંના રાજાએ પ્રસન્ન થઈને શ્રીહરિને ત્યાં રાખ્યા. શ્રીહરિ બે માસ સુધી ત્યાં રહ્યા. ૫૦. શ્રીરંગમાં વૈષ્ણવો અપાર રહેતા. નાટક ચેટક કરે એવા લોકો પણ ત્યાં ઘણા રહેતા. ૫૧. તે લોકો બહુ કુકર્મ કરતા. શ્રીહરિએ તે બધાને જીતી લીધા. સદાચારમય સ્વધર્મ ચલાવ્યો અને ત્યાં ધર્મનો ડંકો વગાડી દીધો. ૫૨.

***ઇતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના દ્વિતીય પૂરમાં 'શ્રીહરિ તીર્થો કરતા કરતા કાવેરી-શ્રીરંગ પધાર્યા' એ નામે ત્રેતાલીશમો તરંગ સમાપ્ત ॥૪૩॥***

## પૂર બીજું : તરંગ - ૪૪

### મલબાર દેશમાં આવ્યા, ત્યાંના રાજા રામની સેવા પૂજા સ્વીકારી ચાલતા થયા

પરમ દયાળુ અને જનપ્રતિપાલક આવા શ્રીહરિ કાવેરીથી ચાલી નીકળ્યા. તે **મલબાર દેશ**માં આવ્યા. ૧. તે દેશના રાજાનું નામ રામ હતું. જે ઘણા ભક્તિમાન હતા અને હૃદયની વિશુદ્ધ ભાવનાથી આખા દેશમાં સદાવ્રત આપતા હતા. ૨. તે પ્રદેશને ચારે બાજુ પર્વત હતો. તેની શોભા ઘણી છાયેલી હતી. સુગંધી ચંદનનાં ઝાડ પણ ઘણાં હતાં. ૩. લવિંગ, સોપારી, દ્રાક્ષ, એલાયચી, મરી, તજ વગેરે અનંત પ્રકારના તેજાના તે પ્રદેશમાં લાખોની સંખ્યામાં થતા. ૪. તે પર્વતને ચારે તરફ ફરીને જોયો. જાત જાતની વેલો વૃક્ષોને વીંટળાઈ ગઈ હતી. મહાન્ સુગંધ તે પર્વતરાજમાં ચારે બાજુ છવાઈ રહ્યો હતો. ૫. તે પ્રદેશમાં અનેક પ્રકારનાં ફળો અને ફૂલો ઠેક ઠેકાણે જમીન ઉપર પડ્યાં હોય છે. જેટલા સારી જાતના મેવા કહેવાય છે તે બધા તે પર્વતમાં ભરપૂર થાય છે. ૬.

તે પહાડ ઉપર જવાનો એક જ દ્વાર-માર્ગ છે. તે સિવાય બીજે રસ્તે જવાતું નહિ. આ દેશ જેવો બીજો કોઈ રસાળ દેશ નથી. ત્યાંના લોકો દયાળુ અને સંતોનું પ્રતિપાલન-સેવા કરનારા હોય છે. ૭. તે પ્રદેશમાં વધારે પડતો પાપનો પ્રવેશ નથી. તેમજ દારૂ તથા માંસ ખાવાનો રિવાજ પણ લેશમાત્ર નથી. ઊંચી જાતનું જેટલું અનાજ ગણાય છે તે બધું ત્યાં થતું હતું. ૮. ત્યાં બારે માસ રુચિ પ્રમાણે અર્થાત્ જરૂર પ્રમાણે વરસાદ થતો રહે છે. પર્વતમાંથી સુંદર નિઝરણાં નીકળે છે. અને તેની નીલ વર્ણની શોભા થાય છે. ત્યાં ઘાસચારાની તો ક્યારેય ખેંચ હોતી જ નથી. બધાં જ પશુઓ હૃષ્ટ પુષ્ટ અને મતવાલાં દેખાય છે. જે સિંહલ દ્વીપ (શ્રીલંકા) કહેવાય છે તેને પણ શ્રીહરિએ દૂરથી દેખ્યો. ૧૦. ત્યાં એક ટંગા મનુષ્યની જાતિ અને અશ્વમુખ મનુષ્યની જાતિને જોઈ. તે મલબાર દેશમાં ચાર માસ સુધી ત્યાંના રાજાને સુખકારી શ્રીહરિએ દર્શન આપ્યાં. ૧૧.

શ્રીહરિનાં દર્શન કરીને તે રાજા મનમાં ખૂબ જ ખુશ થયા. રાજાએ ચાર માસ સુધી શ્રીહરિની પૂજા કરી અને નિત્ય નવા નવા મેવા શ્રીહરિને જમાડ્યા. ૧૨. શ્રીહરિને તે દેશ મનમાં ઘણો ગમી ગયો. તેથી ત્યાં રહેવાનું મન થયું, પણ પછીથી જ્ઞાનરૂપી ખડ્ગથી તે સ્નેહને કાપી નાખ્યો. ૧૩. શ્રીહરિ જ્યારે ત્યાંથી ચાલવા તૈયાર થયા ત્યારે ત્યાંના રામ નામે જે રાજા હતા તે આવ્યા. અને શ્રીહરિના ચરણોમાં નમી પડ્યા અને વિનંતી કરીને બોલ્યા. ૧૪. 'મારું બધું આ રાજ્ય, શરીર, કુટુંબ પરિવાર વગેરે તથા ધન સંપત્તિ, હાથી, ઘોડા આદિ સર્વ હું આપને અર્પણ કરું છું. ૧૫. આ ભૌતિક પદાર્થોમાં મને રુચિ નથી. મને એકમાત્ર આપનાં દર્શન કરવામાં રુચિ છે. આપ તો ધર્મના પુત્ર છો. અમને જીવન આપીને હવે મારશો નહિ. ૧૬. **આપના વિના જે જીવ્યા તે ન જીવ્યા જેવું છે. આપના વિના જે ખાધું તે ન ખાધા બરાબર છે. આપના સિવાય રાજમહેલ સ્મશાન સમાન લાગે છે અને બધાં સુખો પણ શૂળીના જેવાં લાગે છે. ૧૭. ઘરેણાં અને વસ્ત્રો ઝેર જેવાં જણાય છે. ચંદન કીચડ સમાન લાગે છે. ગળામાં પહેરેલા પુષ્પહાર સર્પ જેવા અનુભવાય છે અને ચંદ્રના કિરણો આગ જેવા લાગે છે. ૧૮.** મને નારી પિશાચીના જેવી દેખાય છે. અત્યારે મારી સ્થિતિ તો આવી થઈ ગઈ છે. આપ જો મને જિવાડવા ચાહતા હોવ તો અહીંયાં ટકી જાઓ.' ૧૯.

ત્યારે શ્રીહરિએ તેને કહ્યું, "હે સુજ્ઞ રાજા ! સાંભળો, તમે તો ઘણા ડાહ્યા છો. અમે અહીંયાં આવ્યા, તમને મળ્યા અને હૃદયમાં ઘણી શાંતિ થઈ છે, અમે તમારા ઉપર રાજી થયા છીએ. ૨૦. માટે જ્યારે તમે અમને અંતરમાં સંભારશો ત્યારે આવા ને આવા અમારાં દર્શન તમને થાશે." આવું કહીને શ્રીહરિ રાજાને પ્રેમથી ભેટ્યા. તેથી તેમના મનમાં ઘણી શાંતિ થઈ. ૨૧. વર્ણીની બહાર દેખાતી મૂર્તિ અંતરમાં-હૃદયમાં વસી ગઈ. એટલે રાજા ફરીવાર આગળ કાંઈ બોલ્યા નહિ. પછી શ્રીહરિ જ્યારે ચાલવાના થયા ત્યારે રાજાએ અપાર પૂજાની સામગ્રીઓ લઈને પૂજા કરી. ૨૨. તે પછી હાથી, ઘોડા અને રાજાની બધી સેના તૈયાર થઈને આવી. શ્રીહરિને હાથી ઉપર બેસાડ્યા. શ્રીહરિને માથે ચામર કરવા રાજાના પુત્રને બોલાવ્યા. ૨૩. રાજાના બન્ને

પુત્રો જ્યારે ચામર કરતા હતા ત્યારે બધી પ્રજા જય જયકારનો ધ્વનિ કરતી હતી. તે સમયે અનંત વાજિંત્ર વાગતાં હતાં અને ચોપદાર છડી પોકારતો હતો. ૨૪. જય જયકારના ધ્વનિથી આકાશ બધું ગાજી ઊઠ્યું. દેવતાઓ વિમાનમાં બેસીને આવ્યા. અપાર પુષ્પોની વૃષ્ટિ કરવા લાગ્યા. ૨૫.

મોટું જરિયાની છત્ર શિર ઉપર ધાર્યું હતું. અને છત્રના ઉપર સુવર્ણનો કળશ શોભતો હતો. તે સમયે વર્ણીનું રૂપ રાજાધિરાજ (અમીર)ના જેવું દીપતું હતું. ૨૬. નગરની બધી સ્ત્રીઓ ઊંચા મકાનની અગાસીઓ અને ગોખ ઉપર ચડીને દર્શન કરતી હતી અને સોનેરી પુષ્પોથી શ્રીહરિને વધાવતી હતી. ૨૭. શ્રીહરિ મુખ્ય રાજમાર્ગ ઉપર ચાલ્યા. પ્રત્યેક ઘરના દરવાજે અપાર ધજાઓ અને તોરણો બાંધ્યાં હતાં. લોકો પુષ્પ વરસાવીને અનંત પુષ્પહાર પહેરાવતા હતા. ૨૮. ફૂલમય બનેલી શ્રીહરિની મૂર્તિ ભારે શોભતી હતી. તે વખતે હાથી પણ ફૂલમય થઈ ઢંકાઈ ગયો હતો. શ્રીહરિ દર્શન કરનારાને ફૂલહાર પ્રસાદીરૂપે આપતા હતા. ઘોડાઓ અને ઘોડે સવારો પણ ફૂલોથી ગરકાવ થઈ ગયા હતા. ૨૯. ત્યારે સવારીની શોભા ફૂલબાગ જેવી થઈ હતી. તેથી પુરમાં ચહુકોર સુગંધ વ્યાપી ગઈ હતી. ભમરાઓ પણ ફૂલના સુગંધમાં ગુલતાન એકરસ બનીને શ્રીહરિના ઉપર ભમીને શ્રીહરિનું ગુણગાન કરતા હતા. ૩૦. ભવ, બ્રહ્મા અને ઈન્દ્રાદિક જેવા દેવતાઓ પણ શ્રીહરિનાં દર્શન કરવા આવ્યા હતા. આ પ્રમાણે શ્રીહરિની સવારી પશ્ચિમ દરવાજે પહોંચી. તે સવારીની શોભાનો કોઈ પાર જ ન હતો. ૩૧. કેસરયુક્ત ચંદનની વૃષ્ટિ ઘણી થઈ હતી. તે સમયે બધા પ્રેમરસમાં તરબોળ થઈ ગયા હતા. સવારી જ્યારે પુરની બહાર આવી ત્યારે તુરંત શ્રીહરિ હાથી ઉપરથી નીચે ઊતરી ગયા. ૩૨. રાજા આવીને ચરણોમાં નમી પડ્યા અને અનેક પ્રકારે વિનંતિ કરવા લાગ્યા, 'હે દયાળુ, હવે ફરીને દર્શન આપજો. આપ તો ભક્તજનોના પ્રતિપાલક છો. ૩૩.

આપ ભક્તવત્સલ અને ભક્તોના ભયને ટાળનારા છો. માટે ફરીને આપ અમને યાદ કરીને અમારી સંભાળ લેજો. આપ તો નિર્મોહી છો, પણ અમે મોહવાળા છીએ. માટે અમારું ધ્યાન રાખી સંભાળ લેતા રહેજો.૩૪.

અમારા જીવનમાં જે જે બંધન થશે, તેમાંથી અમે છૂટી શકવાના નથી. પણ આપ તો તે બંધનોને છોડાવવા માટે સમર્થ છો. એટલે આપ આવીને અમારી શરણાગતની સહાય કરજો. ૩૫. **આપનું નામ અશરણશરણ છે. અને અમારે આપના સિવાય બીજું કોઈ શરણ નથી. આપને સમર્થ માનીને જ અમે આપને શરણે આવ્યા છીએ, તો હવે આપ અમને ભૂલી જશો નહિ. ૩૬.**

હે દયાળુ ! આપ અનંત કોટિ બ્રહ્માંડોના નાથ છો. અમે તો આપની કોઈ ગણતરીમાં નથી, પણ આપ તો શરણાગત રક્ષક અને ભક્ત પ્રતિપાલ છો. ૩૭. અમે અત્યંત અધમ છીએ એમ જાણીને અમને ભવસાગરથી ઉગારવા માટે અપાર સામર્થ્ય ધારીને આપ અત્યારે આ ભૂમિ ઉપર પ્રકટ થયા છો. ૩૮. **અનંત બ્રહ્માંડોનાં નાડીપ્રાણ આપના હાથમાં છે. એટલે આપના ચરણોમાં માથું ટેકવીને કહું છું. આપના ચરણો સિવાય અમારી બીજી કોઈ ગતિ ન થાય.** એ જ વરદાન આપો. હે વર્ણી ! આપ તો ભગવાન છો. અમે આપને વિનતિ કરીને કહીએ છીએ કે, હવે આવો સુયોગ ફરીવાર ક્યારે મળશે ?' ૩૯-૪૦. શ્રીહરિ ત્યારે હસ્યા અને તે રાજાની છાતીમાં ચરણારવિંદ આપ્યાં. પછી ભક્તિવશ્ય શ્રીહરિ બોલ્યા કે, 'આ ચરણારવિંદની સેવા કરતા રહો.' ૪૧. રાજાને આ પ્રમાણે ખુશ કર્યા. પછી શ્રીહરિ તત્પર થઈ ચાલતા થયા. તેમની ગતિ ગરુડના જેવી વેગવાળી હતી. જોતજોતામાં તો તેઓ અદૃશ્ય થઈ ગયા. ૪૨.

***ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના દ્વિતીય પૂરમાં 'શ્રીહરિએ દક્ષિણ ભારતના મલબાર દેશના રાજાને દર્શન આપી કૃતારથ કર્યો' એ નામે ચુંમાળીશમો તરંગ સમાપ્ત ॥૪૪॥***

## પૂર બીજું : તરંગ - ૪૫

### શ્રીહરિ સેતુબંધ રામેશ્વર પધાર્યા, સમુદ્રે શ્રીહરિની પૂજા કરી

શોભાના ધામ એવા ઘનશ્યામ શ્રીહરિ દરિયાને કાંઠે મોટાં મોટાં જહાજોને વહાણોને દેખતા દેખતા ચાલ્યા. ૧. શ્રીહરિ સમુદ્રમાં સ્નાન કરવા

જાતા. ક્યારેક વહાણમાં બેસતા. મોટા વહાણને જોઈને તેમાં ધ્યાન કરવા પણ બેસતા હતા. ૨. સાત માળવાળાં વહાણ તે સમુદ્રમાં ચાલતાં હતાં. તે બધાને સફળ કરવા, ધન્ય કરવા માટે શ્રીહરિ તેમને દેખતા. ૩. શ્રીહરિને વનવાસમાં જેમ રુચિ હતી. તેમજ સમુદ્ર પણ અત્યંત રુચતો હતો. બીજા લોકો તો સમુદ્રને દેખીને ધ્રૂજતા પણ શ્રીહરિને તેનો કાંઈ જ ભય ન હતો. ૪. સાગરને અને વહાણને પવિત્ર કરવાના હેતુથી ત્રણ ત્રણ કોશ જેટલું સમુદ્રની અંદર પાણીમાં જઈને વહાણોને જોઈને પાછા આવી જતા હતા. શ્રીહરિને તો ત્યાં જઈને કાંઈ જ લેવાનું હતું નહિ. ૫. જેમ તેમ કરીને પણ સહુનો મોક્ષ કરવો તે કારણે જ શ્રીહરિ વિચરતા રહે છે. શ્રીહરિને કોઈ વાત જોવા જેવી હોતી નથી. અર્થાત્ શ્રીહરિને કોઈ વસ્તુ જોવાનો મોહ હોતો નથી. કેમ જે, શ્રીહરિ તો સ્વસ્વરૂપના સુખમાં જ અલમસ્ત રહે છે. ૬. શ્રીહરિને પોતાના સુખથી અન્ય બીજું કોઈ સુખ અધિક નથી. એવી શ્રીહરિની અલૌકિક મૂર્તિ છે. અન્ય જીવોના મોક્ષને માટે જ મહારાજાધિરાજ શ્રીહરિ અનંત ચરિત્ર કરે છે. ૭. શ્રીહરિનાં જે જે ચરિત્ર હોય છે તે બધાં મોક્ષદાયક જ હોય છે. અને તેને મોક્ષદાયક જાણીને જ તેનું ગાન કરવું જોઈએ, પણ તે ચરિત્ર માયિક છે આવો ભાવ મનમાં ક્યારેય લાવવો નહિ. ૮.

**चोपाई :**

**तब ताको होय निश्चे कल्याना, यामें नहिं रति अप्रमाना;**
**त्याग भाग न करना केहा, जो जो हरि चरित्र होय जेहा...०९**
**सो सब ध्यान गान में आवे, तेहि सम हरिजन नाहिं करावे;**
**तेहि वचन कहे होय जेता, हरिजन कु सब व्रतना तेता...१०**

આમ જે ચરિત્રોમાં દિવ્યભાવ રાખે છે તેનું નિશ્ચિત કલ્યાણ થાય છે. તેમાં રતીભાર પણ સંદેહ નથી. શ્રીહરિનાં જે જે ચરિત્રો હોય તેમાં કોઈ ત્યાગ ભાગ કરવો જોઈએ નહિ. તે બધાં ચરિત્રો ધ્યાન કરવા યોગ્ય અને ગાન કરવા યોગ્ય છે. પરંતુ તે શ્રીહરિનાં ચરિત્રોનું અનુકરણ હરિભક્તોએ કરવું જોઈએ નહિ. બધા હરિભક્તોએ તો શ્રીહરિએ જે જે વચન કહ્યાં હોય તેમ જ વર્તવું જોઈએ. ૯-૧૦.

**आगे पीछे यामें कबहू, पाव न धरना हरिजन सबहू;**
**ओर सब में माया जानो, माया में अधर्म मुख्य प्रमानो...११**
**अधर्म जब तेहि करे प्रवेशा, तब कलेश तिहाँ होय विशेषा;**
**क्लेश होय तब करे नियम त्यागा, नियम त्यागे कलि करत मागा...१२**

સમગ્ર હરિભક્તોએ ભગવાનના કહેલા વચનથી આગળ પગ ન ધરવો. તેમજ પાછળ પણ પગ ન ધરવો. શ્રીહરિનાં વચન સિવાય બીજા બધામાં તો માયા રહી છે એમ સમજવું. અને માયામાં તો મુખ્ય અધર્મ જ રહ્યો છે એમ સમજવું. ૧૧. અને જ્યારે અધર્મ પ્રવેશ કરે ત્યારે ત્યાં વિશેષપણે કલેશ જ થાય છે. અને જ્યારે ક્લેશ થાય ત્યારે નિયમોને છોડી દે છે. અને જ્યારે નિયમોને તજી દેવામાં આવે ત્યારે ત્યાં કળિયુગ માગ-જગ્યા (પોતાને રહેવાનું સ્થાન) કરે જ છે. ૧૨.

જ્યારે કળિયુગ પ્રવેશ કરે છે ત્યારે તેને કુસંગ થાય છે, પણ જે **પોતાના દોષોને કહે છે-સ્વીકારે છે, સમજે છે તેને સુસંગ અથવા સત્સંગ જાણવો. ૧૩. જે આવો સુસંગ-સત્સંગ રાખે છે તેના ઉપર સંતો-હરિભક્તોની અત્યંત કૃપા થાય છે. અને તેને કારણે જ તેના ઉપર ભગવાન કૃપા કરે છે. અને તે ભગવત્કૃપાથી જીવ મોક્ષપદને પ્રાપ્ત કરે છે. ૧૪.** જે સત્સંગથી વિમુખ થઈને સંતો-હરિભક્તોનો દ્રોહ કરે છે. તેને જોઈને સંતો તથા હરિભક્તો મનમાં ઘણા દુઃખાય છે. ૧૫. જ્યારે સંતો-ભક્તો દુઃખાય છે ત્યારે ભગવાન પણ દુઃખાઈ જાય છે. અને ભગવાન દુઃખાય છે તેથી તેના અંત સમયે બધા જમદૂતો આવે છે. અને તે દ્રોહીને પકડીને કૃતઘ્ની-પાપીના નરક કુંડમાં નાખે છે. ૧૬. કૃતઘ્નીના કુંડમાં ભારે દુઃખ ભોગવવું પડે છે. તેનું વર્ણન કરવાનું વિચારી પણ શકાતું નથી. જેટલા જીવમાત્ર છે, તેમાંથી કોઈ પણ તે કૃતઘ્નીના સામે જોતું નથી. ૧૭.

જેટલાં પંચ મહાભૂતો કહેવાય છે તે બધાં કૃતઘ્નીથી થર થર ધ્રૂજે છે. સહુને જે સુખ અનુભવાય છે તે પંચભૂતોને લીધે છે. તે પંચભૂતો સિવાય તો જીવને દુઃખ જ ભોગવવાનું રહે છે. ૧૮. જેને કોઈ સહાય ન કરે એવો તે ક્રૂર કૃતઘ્નીનો કુંડ છે. જેમાં અત્યંત દુઃખ રહ્યું છે. કોઈની સહાય જ ન હોય

તો આવા દુઃખથી છૂટવાનો ઉપાય જ કઈ રીતે કરી શકાય ? ૧૯. **જ્યારે તે પોતાના દોષોને ઓળખે, પોતાને મહાકૃતઘ્ની માને, સંતો અને હરિભક્તોનો ગુણ જ ગ્રહણ કરીને તેને કહેતો રહે, ત્યારે જ ભગવાન તેની પ્રાર્થનાને સાંભળે છે. ૨૦. પછી ભગવાન ગરુડ આદિ પોતાના પાર્ષદોને મોકલીને તેનો નરક કુંડથી ઉદ્ધાર કરે છે. આવા ભગવાન શ્રીહરિ પરમ દયાળુ છે. અને તેમનાં ચરિત્રો પરમ રસભર્યાં છે. ૨૧.**

તે ચરિત્રોને હું મારી બુદ્ધિ પ્રમાણે કહું છું. તેને પ્રેમથી સાંભળવા. ગામેગામ શ્રીહરિ દર્શન દેતા જાય છે. અને કેટલાએ ભાગ્યશાળી લોકોને પોતાને શરણે લીધા. ૨૨. પછી શ્રીહરિ **સેતુબંધ રામેશ્વર** પધાર્યા. રામેશ્વર મહાદેવજીનાં દર્શન કર્યાં. રામેશ્વરનું મંદિર સાગરને કિનારે છે. મહાન્ ગંભીર શિવજી તે મંદિરમાં વિરાજમાન છે. ૨૩. શ્રીરામચંદ્રજી ભગવાને ઘણી મહેનત કરીને રામેશ્વરથી લંકા સુધી સેતુ બંધાવ્યો હતો. કોઈ મનુષ્યથી આવું કામ થઈ શકે નહિ. અત્યારે તો માત્ર તે સેતુનું નિશાન જ છે. ૨૪. તે બધું શ્રીહરિએ દેખ્યું. ત્યાં સાગરમાં સ્નાન કર્યું. તે સ્થાનને પવિત્ર દેખીને-માનીને ત્યાં બે માસ સુધી રહ્યા. ૨૫. તે વખતે સમુદ્રે બ્રાહ્મણનું રૂપ ધરી પૂજાનો સામાન લઈને આવ્યા. અને જેમણે રામચંદ્રજીરૂપે આ સેતુ બાંધ્યો હતો એવા શ્રીહરિની પ્રેમથી પૂજા કરી.૨૬. કેસરયુક્ત ચંદન ચર્ચીને પુષ્પહાર પહેરાવ્યા. પછી શ્રીહરિને સર્વ જગતના આધાર સમજીને પ્રેમથી આરતી ઉતારી. ૨૭. ત્યાં એક બાગ હતો. તેમાં સારી જગ્યા જોઈને શ્રીહરિએ ઉતારો કર્યો. સાગર ત્યાં નિત્ય નવા નવા મેવા લાવતો અને ફળોનો તથા ફૂલોનો તો પાર રહેતો નહિ. ૨૮. સમુદ્રને કિનારે રામેશ્વરમ્‌ની પાસે જ સ્થિર થઈને રહ્યા. અને બે માસ સુધી રામચરિત્રને સાંભળ્યાં. ૨૯.

શ્રીરામચંદ્રજી અને લક્ષ્મણજી અયોધ્યામાં જન્મ્યા હતા અને શ્રીહરિ પોતે તે અયોધ્યામાં રહ્યા હતા. મનમાં આવું સમજીને તેમને રામચરિત્રમાં અધિક પ્રેમ થતો હતો. ૩૦. હનુમાનજીએ રામચંદ્ર ભગવાનની બહુ સેવા કરી. રામચંદ્રજીએ સીતાજીનું ઘણું જ હેત સમજીને તેને માટે બહુ દુઃખ સહન કર્યું. ૩૧. સ્વયં ભગવાન તો અપાર આનંદમય-સુખરૂપ છે, પણ પ્યારા

ભગવાને પોતાના જીવન ઉપરથી ગૃહસ્થ લોકોનું ઘણું જ દુઃખ દેખાડ્યું. ૩૨. તેમણે કુળ, કુટુંબ, રાજ્ય અને ધન આ બધાનું મહાદુઃખ લોકોને દેખાડ્યું. વળી તેમણે અનેક જીવોનો ઉદ્ધાર કર્યો. એ પરમાત્માની આવી બધી કળાઓનો તો કોઈ પાર પામી શકે નહિ. ૩૩. શ્રીહરિને જોઈને ત્યાંના નિવાસી લોકોને મહાઆનંદ થયો. શ્રીહરિ લોકો આગળ રોજ રામચંદ્રજીની શુભ વાતો કહેતા હતા. ૩૪. અને લોકોમાં ધર્મને નામે જે અધર્મ રહ્યો હોય તેનાં મૂળ ઉખાડી નાખતા. શ્રીહરિએ જે દેશમાં જે જે ગુણ-દોષ દેખ્યા હતા તેની વાત ખાસ કરીને કહેતા. ૩૫. પોતે જ્યાં જઈને જપ કર્યા હોય કે તપ કર્યું હોય તેની વાત પણ હેત કરીને કહેતા. અત્યંત વિકરાળ વન અને પર્વતોમાં જે ફર્યા, બદરિકાશ્રમમાં જે નરનારાયણનાં દર્શન કર્યાં; ૩૬.

**તે બધી અપાર આશ્ચર્યકારી અને મનુષ્યથી થઈ શકે નહિ એવી વાતો લોકોને કરતા. તે બધી વાતોને લોકો જ્યારે સાંભળતા ત્યારે તેઓ શ્રીહરિનો આશ્રય કરવા લાગતા. ૩૭. અને તેઓ અધર્મમાત્રનો ત્યાગ કરી દેતા. તેથી તેમને શ્રીહરિના ચરણોમાં દૃઢ હેત-અનુરાગ થતો. જે મત મતાંતરોને માનનારા હતા તે પણ શ્રીહરિનો આશ્રય કરતા હતા. ૩૮.** જ્યારે અંતરમાંથી અધર્મ ટળી જતો ત્યારે પ્રકાશ થતો-અનુભવાતો. ત્યારે જે જે મતમાં દોષ રહ્યા હતા તે સ્પષ્ટ રીતે તેમને દેખાવા લાગ્યા. ૩૯. તેથી તે લોકો વગર કહે જેમાં જેટલો દોષ હોય તે કહેવા લાગ્યા. જ્યારે અધર્મનો ત્યાગ કરે ત્યારે તે નિર્દોષ થાય છે. ૪૦. **જ્યારે સાચો સત્સંગ થાય ત્યારે તેને અધર્મ ઓળખાય છે. અને અજ્ઞાનરૂપી બધું અંધારું ટળી જાય છે, પણ સત્સંગ વિના કાંઈ ખબર પડતી નથી. ૪૧. જ્યારે કોઈ સત્સંગ કરે છે ત્યારે સાચા અર્થમાં મનુષ્ય બને છે. અને જેમ જેમ સત્સંગનો રંગ ચઢે છે તેમ તેમ તેને આ સંસાર અસાર થઈ જાય છે. ૪૨.**

***ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના દ્વિતીય પૂરમાં 'શ્રીહરિ સેતુબંધ રામેશ્વર પધાર્યા' એ નામે પિસ્તાલીશમો તરંગ સમાપ્ત ॥૪૫॥***

## પૂર બીજું : તરંગ - ૪૬

## સુંદરરાજ, ભૂતપુરી જવા આગળ ચાલ્યા, ભૂખ્યા શ્રીહરિને શિવ પાર્વતીએ સાથવો આપ્યો

મહાઆનંદમય અને સુખના કારણરૂપ શ્રીહરિ સેતુબંધ રામેશ્વરથી ચાલ્યા. અને મુમુક્ષુઓને દર્શન આપવા માટે સુંદરરાજ પધાર્યા. ૧. શ્રીહરિએ ત્યાં થોડા દિવસ વિશ્રાંતિ લીધી. અને ત્યાંનો બધો સાર ગ્રહણ કરીને ભૂતપુરી આવ્યા. ૨. કોઈને પણ રસ્તો પૂછ્યા વિના જ દિશા સાધીને ચાલ્યા. આગળ જતા ઘણું ઘાટું એક વિકટ વન આવ્યું. ૩. ચાલતા ચાલતા જ્યાં રાત પડે ત્યાં સૂઈ રહેતા. તપે કરીને શરીરને સૂકવી નાખ્યું હતું. શરીરનાં કોઈ અંગોમાં કાંઈ રુધિર રહેવા દીધું ન હતું. ૪. ત્યાં કોઈ વખત ફળ-ફૂલ મળતાં તે જમતા. અને ન મળે તો વાયુભક્ષણ-ઉપવાસ કરતા. એક દિવસ રસ્તામાં ચાલતા હરિઈચ્છાથી કૂવો આવ્યો. ૫. ત્યાં ધૂણી લગાવીને એક સિદ્ધ એકાકી જ બેઠા હતા. તેના માથા ઉપર મોટી જટા હતી. સુખકારી શ્રીહરિએ તેને દેખ્યા. ૬.

પછી શ્રીહરિએ તે સિદ્ધને પૂછ્યું, ‘આપ અહીંયાં કેટલા દિવસથી રહો છો ? આપ કઈ ઈચ્છાથી તપ કરો છો ? તે તપ આપ મને શીખવો. ૭. મારા મનમાં તપ શીખવાની ઈચ્છા છે. આપના જેવા સિદ્ધ કોઈ દેખ્યા નથી. ઘણાં પ્રકારનાં વન દેખતાં દેખતાં અહીં આવ્યો છું. અહીં આપને જોઈને મારી છાતી ઠરી છે. ૮. મેં મારા મનમાં જેવા ઈચ્છ્યા હતા તેવા યોગી આજ આપ મળી ગયા છો. મેં મારા મનમાં અત્યારે એવો દૃઢ નિર્ધાર કર્યો છે કે, ‘હવે મારે બીજે કોઈ સ્થળે જવું નથી.’ ૯. ત્યારે તે યોગીએ કહ્યું, ‘તમે યોગીની વાત સમજી શકો નહિ. મોટા યોગીની વાત તો બહુ ભારે હોય. તેને તમે દિલમાં ધારી-સમજી શકો નહિ. ૧૦.

હું અહીં કેટલાએ યુગોથી રહું છું. અહીંયાં કોઈ પણ માણસ આવતો નથી. તમે આજ અહીંયાં આવ્યા છો, આ એક આશ્ચર્યની વાત કહેવાય. ૧૧. હું ક્યારેય અનાજ ખાતો નથી. વાયુનું પાન (આહાર) કરી લઉં છું. તમારાથી તેવું થઈ શકે નહિ, કારણ કે તમારો જન્મ તો કળિયુગમાં થયો છે.

૧૨. મારું તપ ઘણું મોટું છે. તેથી અહીંયાં મારી પાસે કોઈ ટકતું નથી. આજ કળિયુગમાં બધા લોકોમાં સામર્થ્ય અલ્પ હોવાથી કોઈ આવું તપ કરી શકતું નથી. ૧૩. તમે કોઈ બીજે ગામ જતા રહો. તમારે અહીં રાત રહેવું નહિ. આ જગ્યાએ મોટા મોટા સિંહ આવે છે તેથી ભય લાગશે. ૧૪. ભૂત, પ્રેત અને ભૈરવ, તેનો પણ ઘણો ભય લાગશે. જો કોઈ ભૂલથી અહીં આવે છે તો તેને તે બધાં ખાઈ જાય છે. ૧૫. મને કોઈ દેખતું નથી. અહીંયાં આવીને કોઈ બેસે અને મને જુવે તો તત્કાળ આંધળો થઈને વિકરાળ થઈ જાય છે. ૧૬. મારા ઈષ્ટદેવ ભગવાન નૃસિંહજી છે. તેઓ મારી રક્ષા કરે છે. હું તો તમને સવેળા-અગાઉથી ચેતવણી આપું છું, જેથી મને દોષ ન લાગે. ૧૭.

ત્યારે શ્રીહરિએ મનમાં વિચાર કર્યો. અત્યારે આની સિદ્ધિ જોવી છે. આમાં કેટલીક સિદ્ધિ છે ? તે બધું અહીંયાં રહીને જ દેખવું છે. ૧૮. આમ વિચારીને શ્રીહરિ ત્યાં રોકાયા. ધૂણીની પાસે જ બન્ને બેસી રહ્યા. એક પહોર (૩-કલાક) રાત ગઈ ત્યારે ત્યાં મોટા બે ચિત્તા આવ્યા. ૧૯. કૂવાની કુંડીમાં જે પાણી ભર્યું હતું તે બન્ને ચિત્તાએ પીધું. મોટી ધૂણીની જ્યાં રાખ પડી હતી ત્યાં જઈને બન્ને રાખમાં આળોટ્યા. ૨૦. તે પછી બન્ને એક ઘડીવાર ત્યાં બેઠા અને પછી તે ચાલ્યા ગયા. ત્યારે તે સિદ્ધે શ્રીહરિને કહ્યું, ‘મેં જે વાત કહી હતી તે અત્યારે સાચી પડીને ? ૨૧. તમે એક લેશમાત્ર પણ ડર્યા કેમ નહિ ? મારા મનમાં કાંઈ શંકા થાય છે. તમે કોઈ મોટા સાચા સિદ્ધ જણાઓ છો. તમે એક તલભાર પણ કાચા નથી.’ ૨૨. આમ કહ્યા પછી બન્ને સૂતા. પણ હકિકતમાં બંનેમાંથી કોઈ સૂતા ન હતા. છતાં શ્રીહરિ જાણે ઊંઘી ગયા હોય તેમ જોરથી પોતાના નશકોરા બોલાવવા લાગ્યા. ૨૩.

જ્યારે રાત અરધી ગઈ ત્યારે શ્રીહરિને ઊંઘતા જાણીને તે સિદ્ધ બેઠો થયો અને નિશાની જોઈને તે વનમાં ચાલ્યો. ૨૪. શ્રીહરિ પણ ઊઠીને તે સિદ્ધની પાછળ ગયા. દૂર રહીને જ તે સિદ્ધની બધી જોગક્રિયાને જોવા લાગ્યા. ૨૫. તે સિદ્ધે એક ઝાડ ઉપર વાલોળના વેલા ચઢાવી દીધા હતા. તે વાલોળ ફળી ઉતારી. પછી છૂપાવેલા લોટ અને ઘી લીધાં. ૨૬. શ્રીહરિ તો તેના પહેલા તરત આવીને પહેલાની જેમ જ આસન ઉપર સૂઈ ગયા. તે

પછી સિદ્ધ ત્યાં આવ્યો. ૨૭. તેણે ઘઉંના લોટની બાટી બનાવી. વાલોળને લઈને અગ્નિમાં બાફી, બાટી પકાવીને ઘી લગાડ્યું. તૈયાર થયા પછી તે જમવા લાગ્યો. ૨૮. જમીને સિદ્ધે જ્યારે હાથ ધોયા ત્યારે શ્રીહરિ ખોંખારીને જાગ્યા. પછી સિદ્ધ સૂઈ ગયો, પણ શ્રીહરિ તો જાગતા જ રહ્યા. ૨૯. **સિદ્ધની ગુપ્ત વાત દેખી હતી તેથી શ્રીહરિ સૂતા નહિ. જો સૂવે તો તેમાં ભારે વિઘ્ન આવી શકે. કારણ કે, આમાં કોઈ તરત જ મારી નાખે. ૩૦. શ્રીહરિ અન્ય લોકોનાં કલ્યાણ માટે પણ તેવી સાવધાનીથી રહેતા હતા. રાત વીતી અને જ્યારે અરુણોદય થયો ત્યારે દિશા સાધીને ચાલ્યા. ૩૧.**

પાંચ દિવસ સુધી વનમાં ચાલ્યા. ક્યાંય અન્ન કે જળ કશું જ મળ્યું નહિ. પછી શરીર અત્યંત અચેતન જેવું થઈ ગયું. વર્ણી ઘણા પ્રકારનું કષ્ટ સહન કરતા વનમાં ફરતા રહ્યા. ૩૨. ગળું એકદમ સુકાઈ ગયું. ક્યાંય પીવાનું પાણી ન મળ્યું. મહાધીર શ્રીહરિ ધીરે ધીરે આગળ ચાલ્યા. ત્યારે વનમાં પાણી આવ્યું. ૩૩. શ્રીહરિએ તેમાં પ્રથમ સ્નાન કર્યું. પછી હરખાઈને વિષ્ણુ શાલિગ્રામને નવડાવ્યા. પછી પરબોળિયાની ચાર શીંગો (ફળી) મળી, તેને શેકીને નૈવેદ્ય ધરાવ્યું. ૩૪. પછી ઘનશ્યામ શ્રીહરિ તે પ્રસાદી જમ્યા. તે સ્થાને પરમ દયાળુ શ્રીહરિ એક પહોર રહ્યા અને પછી આગળ ચાલતા થયા. જ્યારે બીજે દિવસ મધ્યાહ્નનો સમય થયો. ૩૫. ત્યારે અરણ્યમાં એક કૂવો આવ્યો. તેમાં ઘણું સારું પાણી હતું. મહા મુનિરાજ શ્રીહરિએ ત્યાં સ્નાન કર્યું. ૩૬.

ઝાડની ઘાટી છાયા જોઈને ત્યાં જઈને બેઠા. શ્યામસુંદર વર્ણીએ કમંડળુ (તુંબડા)માં ગાળીને પાણી ભર્યું. ૩૭. પછી વિષ્ણુને નવડાવવા લાગ્યા. એક કઠારીમાં વિષ્ણુને પધરાવ્યા. તુંબડાના પાણીની તે ઉપર ધાર કરી. વિષ્ણુ ભગવાન બધું પાણી પી ગયા. ૩૮. પોતે વિચાર કરવા લાગ્યા. 'બધું પાણી ક્યાં ગયું ?' જોયા પછી નક્કી ખબર પડી કે, પાણીને તો સ્વયં વિષ્ણુ પી ગયા છે. ૩૯. ઘણાં કમંડળુ સીંચીને વિષ્ણુને પાણી પાયું પણ વિષ્ણુની તરશ ન મટી. પછી વિષ્ણુને જ કમંડળુમાં પધરાવીને કમંડળુ કૂવામાં ઉતાર્યું. ૪૦. વિષ્ણુ પાણી પીને જ્યારે તૃપ્ત થયા ત્યારે વિચાર કરીને વિષ્ણુને બહાર લાવ્યા. પછી મનમાં ખૂબ જ આનંદિત થઈને ચંદનથી પૂજા કરી. ૪૧.

**ચોપાઈ :**

**आपकु मिले नहिं अन्न जेहा, ताको विचार न करत तेहा;**
**अन्न मिले छ दिन हि भयेऊ, तोहु धीरजवान हि रहेऊ...४३**
**कापडी भेख धरी नरनारी, आवत भये तिहाँ ते वारी;**
**पोठिया उपरी बैठे दोऊ, काषांबर बसन धरे सोऊ...४४**

પછી વર્ણીએ મનમાં વિચાર કર્યો. 'નૈવેદ્ય ધરવાનું તો કાંઈ મળ્યું નથી. ઠાકોરજીને જેમ તરસ લાગી હતી તેમ ભૂખ પણ લાગી જ હશે ને! હવે શું ઉપાય કરવો ?' ૪૨. વર્ણીને પોતાને અન્ન મળ્યું ન હતું, તો પણ તેનો વિચાર મનમાં નહોતા કરતા. અન્ન મળ્યું તેને છ દિવસ થઈ ગયા હતા છતાં ધીરજવાન રહ્યા હતા. ૪૩. તે સમયે કાપડી (દેવી પૂજક સાધુ-બાવા) ના વેશમાં એક પુરુષ અને એક સ્ત્રી, એમ બે જણ ત્યાં આવ્યાં. બન્ને પોઠિયા ઉપર બેઠાં હતાં. તેનાં કપડાં ભગવાં હતાં. ૪૪.

બંનેના મનમાં ખૂબ જ ભાવના ભરી હતી. તેમના હૃદયમાં મહાઆનંદ છવાઈ ગયો હતો. શ્રીહરિની પાસે જ્યારે આવ્યા ત્યારે શ્રીહરિએ તેમને નમસ્કાર કર્યા. ૪૫. અને આદરભાવથી બેસવા આસન આપ્યું. ત્યારે તે દંપતીએ કહ્યું, 'હે મુને ! તમે એકલા જ ક્યાંથી આવો છો ? આપની સાથે કોઈ સેવક કેમ નથી ? ૪૬. તમને અતિ ભારે ભૂખ લાગી હશે.' એમ બોલતા તેમની આંખોમાંથી આંસુ વહેવા લાગ્યાં. પછી તે પુરુષે પોતાની સાથે જે સ્ત્રી-પોતાની પત્ની હતી તેને કહ્યું, 'આ વર્ણી ઘણા ભૂખ્યા થયા છે.' ૪૭. માટે તમે વર્ણીને મીઠાની સાથે સાથવો (સક્તુ) જેટલો જોઈએ તેટલો આપો. કંઠથી બોલી શકાતું નથી એટલે એમ લાગે છે કે, બહુ દિવસથી એમણે ખાધું નહિ હોય. ૪૮. ત્યારે સતીએ અપાર હેતથી સાથવો આપ્યો. વર્ણીએ મુખથી ના કહી તો પણ આપતા જ રહ્યા. ૪૯. પછી વર્ણીએ વિષ્ણુને નૈવેદ્ય ધરાવ્યું. સાથવાને પાણીમાં ઘોળીને પીધો. જ્યારે પેટમાં તૃપ્તિ થઈ ત્યારે બોલવા માટેનો કંઠ ખૂલી ગયો. ૫૦. પછી શ્રીહરિ તત્કાળ બોલ્યા, 'આપ દયાળુ અહીં ક્યાંથી આવ્યા છો ? આપ બન્ને કોઈ દેવ જણાઓ છો તેમાં કોઈ સંદેહ નથી.' ૫૧.

*ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના દ્વિતીય પૂરમાં 'શ્રીહરિને મહાવનમાં શિવ-પાર્વતીએ મીઠું અને સાથવો આપ્યો' એ નામે છેતાળીશમો તરંગ સમાપ્ત ॥૪૬॥*

## પૂર બીજું : તરંગ - ૪૭

### ભૂતપૂરી આવ્યા, જીયર સ્વામી સાથે સંવાદ, કન્યાકુમારી આવ્યા

શ્રીહરિ સાથવો જમી રહ્યા પછી જળપાન કર્યું. ત્યારે કાપડી સાધુના વેશમાં રહેલા શંકર મુખથી અમૃતના સમાન વાણી બોલ્યા. ૧. ' હે વર્ણી, તમે સાંભળો. આપ તો મહાતપસ્વી, અક્રોધી અને નિષ્કામી છો. આપ વિશુદ્ધ શ્રીકૃષ્ણ છો. હું મિથ્યા નામ કહેતો નથી. ૨. હે મહામતિ વર્ણી ! હું શંકર છું અને મારી સાથે આ સતી છે. આપ અતિશય ભૂખ્યા છો આવું જાણીને અમે અહીં આવ્યા છીએ. અમે સદા તીર્થોમાં અને ક્ષેત્રોમાં એટલે જ ફરતા રહીએ છીએ કે, ૩. કોઈક દિવસ આપના જેવાનાં દર્શન થઈ જાય. તેનો અમને અતિ આનંદ થાય છે. અમે પછી તેનું રાત દિવસ ધ્યાન કરીએ છીએ.' ૪. મહેશ્વર શંકરની કહેલી વાત સાંભળીને શ્રીહરિ સાક્ષાત્ ઘણા રાજી થયા કે, કૈલાસવાસી અને સુખનિધિ શ્રીશંકર પાર્વતી મને આવીને મળ્યાં. ૫. વર્ણીએ તેમને ઓળખી લીધા અને નમીને પગે લાગ્યા. પછી શ્રીહરિએ બે હાથ જોડીને નિર્માનીપણે કહ્યું, 'હે શિવ ! મને વૈરાગ્ય અધિક દૃઢ થાય, એવી આપ સહાય કરો.' ૬.

**શિવજીએ શ્રીહરિનો અત્યંત વૈરાગ્ય દેખીને કહ્યું, 'આપ તો સાક્ષાત્ શ્રીકૃષ્ણનારાયણ નામે પ્રસિદ્ધ છો. પરમ સુખના નિધિ આપ અત્યારે પ્રકટ્યા છો. ૭. ભૂમિનો ભાર ઉતારવા માટે આપ આજ ધર્મદેવને ઘેર પ્રકટ થયા છો.** જ્યારે ભૂમિ ઉપર અસુરોનો ભાર અતિશય વધી ગયો ત્યારે દુર્વાસાએ શાપ દીધો. ૮. ભૂમિનું અતિશય રુદન સાંભળીને હું અને બ્રહ્મા તુરંત આવ્યા. ક્ષીર સાગરને કિનારે જઈને અમે આપનું બહુ ધ્યાન કર્યું. ૯. ત્યારે આપ ખૂબ જ પ્રસન્ન થયા. અને અમને સાક્ષાત્ વરદાન આપ્યું. પછી નરનારાયણઋષિ દ્વારા

આવીને તે શાપને સ્વીકાર્યો. ૧૦. તે આપે ઋષિઓને વૃંદાવનમાં ધ્યાનમાં શ્રીકૃષ્ણરૂપે સુખદ દર્શન દીધાં. તે પછી ધર્મદેવના હૃદયકમળમાં આવીને નિવાસ કર્યો. ૧૧. તે પછી આપે ભક્તિદેવીમાં નિવાસ કર્યો. ત્યારે ભક્તિદેવી પરમ સુખદ દિવ્ય પ્રકાશયુક્ત થયાં. પછી આપ કૌશલ દેશમાં પ્રકટ થયા. જેને લીધે મોટા અસુરો પણ થર થર કંપવા લાગ્યા. ૧૨. આપને દેખીને બધા જ અસુરો ભસ્મસાત્ થઈ જાય છે એવો આપનો પ્રતાપ છે. જે હું મારા મુખે યથાર્થરૂપમાં કહી શકતો નથી.' ૧૩. બન્નેએ પરસ્પર પ્રશંસા કરી અને આનંદોત્સાહથી ભેટ્યા. પછી શંકર અંતર્ધાન થઈ ગયા. આવી એક આશ્ચર્યની વાત બની. ૧૪. ત્યાં એક મોટો વડ હતો. તેને સમીપે વર્ણી અને શંકરનો મેળાપ થયો. જ્યાં બીજું કોઈ હતું નહિ ત્યાં એક જ શ્રીહરિ રહ્યા. ૧૫.

પછી શ્રીહરિ **ભૂતપુરી** આવ્યા. તે શ્રીરામાનુજાચાર્યનું સ્થાન છે. ત્યાં તેમની મૂર્તિ છે. શ્રીહરિએ તેનાં દર્શન કર્યાં. ૧૬. જીયર સ્વામી નામે કહેવાતા એક સંન્યાસી ત્યાંના વડા હતા. શ્રીહરિ તેની પાસે જઈને બેઠા. તેમણે શ્રીહરિનો ઘણો આદર સત્કાર કર્યો. ૧૭. **ત્યાં ચક્રની છાપો લીધી. તેમના જે ગ્રંથો હતા તે સાંભળ્યા. તેનું બધું રહસ્ય જાણી લીધું. તેમની ઉપાસના શુદ્ધ છે એવું માન્યું.૧૮. વૈકુંઠધામના અધિપતિ લક્ષ્મીનારાયણ સર્વનું કારણ છે એવું તપાસી જોયું. શુદ્ધ ભાવે હું ભગવાનનો દાસ છું એમ માનીને તેમની ઉપાસના કરવી. તે પણ શીખ્યા. ૧૯.** કોઈ પણ પ્રકારનું વ્યસન કોઈ રાખતું નહિ. સંપ્રદાયમાં રહેલા ત્યાગી ધન લેતા નહિ. સ્ત્રીઓની સાથે બોલવું અને તેને અડવું, તેમાં બાધ માનતા નહિ. ૨૦. સહુ શ્રીમન્નારાયણનું ભજન કરતા. બધાના આચાર અને વ્યવહાર શુદ્ધ હતા. કોઈ પણ ક્યારેય અભક્ષ્યનું ભક્ષણ કરતા નહિ. ૨૧.

શ્રીહરિ સમગ્ર દેશમાં ફર્યા ત્યારે અપાર સંપ્રદાયોને દેખ્યા. બધા સંપ્રદાયોમાં આ શ્રીસંપ્રદાય શુદ્ધ દેખવામાં આવ્યો. પછી પોતાનું નામ તેમાં રખાવ્યું. ૨૨. જીયર સ્વામી જે હતા તેણે પ્રેમથી વર્ણીનું નામ સંપ્રદાયમાં રાખ્યું. શ્રીહરિ સહજ સ્વભાવે સરળ થઈને અંતરમાં ખૂબ જ ભાવ રાખી ત્યાં કેટલાક માસ મહાન્ ત્યાગીના રૂપમાં રહ્યા. શ્રીહરિ બાલિકા, યુવતિ કે વૃદ્ધ

સ્ત્રીમાત્ર કહેવાય તેનો કોઈ પ્રસંગ રાખતા નહિ. કેવળ ભગવાનની વાતનો જ પ્રસંગ રાખતા. અષ્ટ પ્રકારે સ્ત્રીનો ત્યાગ દૃઢપણે રાખતા. ૨૩-૨૫. અવિનાશી શ્રીહરિ બદરિકાશ્રમમાં શ્રીનરનારાયણની પાસે ગયા ત્યારે સ્ત્રીના ત્યાગની વાત જેમ તેમણે કહી હતી તે પ્રમાણે જ ત્યાગ રાખતા હતા. ૨૬. શ્રીહરિ જીયર સ્વામીને અતિ ત્યાગી જાણીને ભગવદ્‌ગીતા અને ભાગવતનો મત લઈને સ્નેહથી પ્રશ્ન પૂછ્યો કે, ૨૭. જે ત્યાગી થયા છે તેણે સ્ત્રીનો અને ધનનો ત્યાગ શા માટે કરવો જોઈએ ? તે વાત આપ મને કહો. ૨૮. આપનાથી મોટો કોઈ બીજો ત્યાગી નથી. એવું માનીને જ હું આપને આ પ્રશ્ન પૂછું છું. કારણ કે **સ્ત્રી, દ્રવ્ય અને રસાસ્વાદ છે આ ત્રણ ત્યાગીને માટે મોટાં બંધન છે.** ૨૯. જે દત્તાત્રેય ત્યાગી થયા હતા, તેમણે ત્યાગીને પાંચ પ્રકારનાં બંધન છે તેમ કહ્યું છે. તેમાં વિચારીને જોયું તો સ્ત્રી અને સુવર્ણ આદિ બે બંધન તો અત્યંત મોટાં છે. ૩૦.

**પાતાળથી લઈને સ્વર્ગ સુધી બ્રહ્મા વગેરેને પણ તે બેએ બાંધી રાખ્યા છે. કોઈ વૃદ્ધ હોય, રોગી હોય કે મહાન્ યતિ-સંન્યાસી હોય તો પણ તેને સ્ત્રીનો આઠ પ્રકારે ત્યાગ કરવાનું કહ્યું છે. ૩૧.** તો આપ તેની શુદ્ધ વિગત મને કહો. આપ ઘણા મોટા ત્યાગી છો. એટલે મારા ઉપર પ્રેમ રાખી ત્યાગીના યથાર્થ ત્યાગની રીતિ પણ મને સમજાવો. ૩૨. **હું જે રીતે સમજી શકું તે રીતે આત્મા અને અનાત્માની વિગત મને કહો. અને પરમાત્માના સ્વરૂપની યથાર્થ વાત કેવી છે ? તે પણ મને યથાર્થ સમજાય તેવી રીતે કહો. ૩૩. આ પિંડ તથા બ્રહ્માંડમાં કેવું દુઃખ રહ્યું છે ? તેમજ ભગવાનના અક્ષરધામનું સુખ કેવું છે ? તે પણ મને અત્યારે આપ મને પોતાનો શિષ્ય જ ગણીને યથાર્થ રીતે કહો. ૩૪.**

મને જેવી બાબતમાં પ્રેમ છે તેવા જ આપ ઉદાર ગુરુ મને મળ્યા છો.' આવી વર્ણીની વાત સાંભળીને જીયર સ્વામી એકદમ ઘણો ક્રોધ કરીને ઊઠી ગયા. ૩૫. પછી તે બીજા શિષ્યોની આગળ બોલ્યા, 'અત્યારે જ આ છોકરાને અહીંથી કાઢી મૂકો. હું આને એટલો બધો કુશિષ્ય માનતો ન હતો. આના બહાર નીકળ્યા પછીથી જ હું અન્નજળ લઈશ. ૩૬. નાનો

બાળક થઈને બ્રહ્માંડને બાથ ભરે છે. આ વાતો તો મોટા ઈશ્વરની છે. તે બીજાના હાથમાં કેમ આવે ? ૩૭. ઊંચે આકાશમાં ગતિ તો ગરુડ કરી શકે છે. મચ્છરનું એમાં શું જોર ? મચ્છર આકાશની ગતિને પામે, એવું તો અમે કોઈ જગ્યાએ સાંભળ્યું નથી.' ૩૮.

ત્યારે શ્રીહરિએ જીયરસ્વામીને કહ્યું, 'આ ત્યાગીની રીત નથી. ક્રોધ કરીને આમ અકળાઈ જવું તે કાંઈ ગુરુ શિષ્યનો ધર્મ નથી. ૩૯. સત્યરૂપી અગ્નિ ભલે થોડો હોય પણ તેનાથી આખું બ્રહ્માંડ સળગી જાય છે. મિથ્યાથી તો કરોડો કલ્પે પણ નરક દ્વારમાંથી છૂટકારો થઈ શકે નહિ. ૪૦.

**सोरठा : काम क्रोध हि लोभ, तिनु नरक के द्वार कहे;**
**निष्काम निर्लोभ, निर्मान हरि द्वार कहेउ...४१**

કામ, ક્રોધ અને લોભ આ ત્રણને નરકનાં દ્વાર કહ્યાં છે. નિષ્કામ, નિર્લોભ અને નિર્માન આ ત્રણને હરિદ્વાર-ભગવાનને મેળવવાનો માર્ગ કહ્યા છે.' ૪૧. આટલું કહીને શ્રીહરિ ત્યાંથી તત્કાળ ચાલતા થયા. કાંઈ પણ લેવા ત્યાં રોકાયા નહિ. પછીથી કુમારિકા ક્ષેત્ર-કન્યાકુમારી સ્થાને આવ્યા. ૪૨.

***ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના દ્વિતીય પૂરમાં 'શ્રીહરિ ભૂતપુરીથી કન્યાકુમારી પધાર્યા' એ નામે સુડતાળીશમો તરંગ સમાપ્ત ॥૪૭॥***

## પૂર બીજું : તરંગ - ૪૮

## કન્યાકુમારીથી જનાર્દન, આદિ કેશવ, મલયાચલ, કિષ્કિંધાપુર થઈ પંઢરપુર આવ્યા

શ્રીહરિએ કન્યાકુમારીના સાગરમાં સ્નાન કર્યું. અને પ્રવીણ શ્રીહરિ બે-ત્રણ દિવસ લોકોને દર્શન દેવા માટે ત્યાં રહ્યા. ૧. કૃપાળુ શ્રીહરિકૃષ્ણ પ્રભુ પદ્મનાભ પધાર્યા. પરમ દયાળુ શ્રીહરિએ ત્યાંના નિવાસી લોકોને અત્યંત આનંદ આપ્યો. ૨. ચરાચર જગતના સ્વામી શ્રીહરિ જનાર્દન પધાર્યા. શ્રીહરિ જે તીર્થમાં જતા તે બધા જ તીર્થોમાં દેવનાં દર્શન કરતા

અને સ્નાન કરતા. જેમના ચરણની રજને બ્રહ્મા અને શિવ મસ્તક નમાવે છે તો પણ મળતી નથી. ૩. આવા જે શ્રીહરિ છે તે ભૂમિને પવિત્ર કરવા માટે તીર્થોમાં, દેશોમાં, વનોમાં અને પર્વતોમાં ઉઘાડે ચરણે વિચરે છે. ૪. તે પછી મહાપ્રભુ આદિકેશવ આવ્યા. ત્યાં આદિ કેશવનાં દર્શન કર્યાં. દર્શન કરવા માટે ત્યાં ઘણા દિવસ રહ્યા અને ઘણા લોકોને પોતાના શિષ્ય કર્યા. ૫. હે ઉત્તમ નૃપ ! તમારે ચરિત્ર શ્રવણની ઘણી શ્રદ્ધા છે. માટે સાંભળો. હવે હું આદિકેશવની વાત થોડી વિસ્તારીને કહું છું. આદિકેશવની પાસે એક સુંદરપુર હતું. ૬. તે પુરમાં બે હજાર જેટલા અસુરો રહેતા હતા. શ્રીહરિ જ્યારે ત્યાં આવ્યા, ત્યારે અસુરોએ શ્રીહરિને જોયા. ૭.

તે અસુરો શ્રીહરિને ઓળખી ગયા કે, 'આ તો આપણા શત્રુ છે.' અને બોલ્યા, 'જેની આપણે રાહ જોતા હતા તે અત્યારે અહીંયાં આવી ગયા. અને આપણાં સદ્‌ભાગ્ય છે કે, દૈવે તેમને એકલા જ મોકલ્યા છે.' ૮. આવું બોલીને તે અસુરો તત્કાળ ઊભા થયા. તે બધા દેખવામાં તો અત્યંત ભયંકર લાગતા હતા. હાથમાં પોતપોતાનાં શસ્ત્ર લઈને ઊઠ્યા. ૯. કોઈએ કહ્યું, 'આ વર્ણીને બાંધીને મારો. હવે તેને જવા દેશો નહિ.' આવું બોલતા તે શ્રીહરિને મારવા માટે આવ્યા. કારણ કે નકટા લોકોને લાજ-શરમ હોતી નથી. ૧૦. ગામના જે લોકો વિવેકી હતા, સમજણા હતા તે બધા અસુરોને રોકવા આવ્યા; પણ જ્યારે અસુરોએ તેમની વાત ન માની ત્યારે કોઈએ છાની રીતે રાજાને ખબર આપી દીધી. ૧૧. 'એક મહાન્ પરમહંસ જેવા સાધુ આપણા નગરમાં આવ્યા છે. તેને બગલા જેવા અસુર વૈરાગીઓ મારવા દોડ્યા છે. પરમહંસ અત્યંત સાધુ સ્વભાવના છે. આવા સંત ક્યારેય આપણા નગરમાં આવ્યા નથી. ૧૨.

હે રાજન્ ! તમે અત્યારે તેની મદદ કરો. તમે તો નીતિપ્રવીણ રાજા છો. સાધુ સંતોની સહાય કરવા માટે તો પરમેશ્વરે તમને આ રાજ્ય આપ્યું છે. ૧૩. જેની કૃપાથી તમે રાજ્ય પામ્યા છો. માનો, તે જ અહીંયા આવ્યા છે. અસુરો બે હજાર છે. હવે તેઓનો તમે નાશ કરો.' ૧૪. ત્યારે રાજા પોતાની બધી સેનાને લઈને આવ્યા, પણ અસુરો મહાન્ વિકરાળ હતા, તે

બધા રાજાની સામે થયા. ૧૫. અસુરોનો અધર્મ દેખીને રાજા અત્યંત ખિજાયા. કેટલાકને તોપે દીધા અને કેટલાકનાં મસ્તક કાપી નાંખ્યાં. ૧૬. શ્રીહરિ સહેજે અહીં આવ્યા અને બે હજાર અસુરોનો વિનાશ થયો. રાજાએ શ્રીહરિનાં દર્શન કર્યાં અને તે મનમાં ખૂબ જ પ્રસન્ન થયા. ૧૭. ચરણકમળમાં નમી પડ્યા. બે હાથ જોડીને બોલ્યા કે, 'મને કાંઈ સેવા બતાવો. આપ વર્ણીના રૂપમાં જે આવ્યા છો તે હું માનું છું કે, આપ પ્રભુ વામનજી જ આવ્યા છો. ૧૮. હું આપને માટે જે કહો તે કરું. આપની સેવાથી જ હું ભવસાગર તરી જઈશ. મેં બીજા કોઈ જપ કે તપ વગેરે સાધન કર્યાં નથી. મને સેવા કરવામાં જ ભાવ છે.' ૧૯.

આમ કહીને શ્રીહરિને પોતાના રાજદરબારમાં પધરાવ્યા. શ્રીહરિની મહાપૂજા કરવા માટે બધો સામાન મંગાવ્યો. અંગે કેસર ચંદન ચરચ્યું અને ગુલાબજળ છાંટ્યું. ૨૦. મોગરાની કળીઓનો ખૂંપ (પાઘડી કે માથા ઉપર બંધાતો ફૂલોનો એક ઘાટ) શ્રીહરિના મસ્તકે ધારણ કર્યો. છાતી ઉપર મોગરાની કળીઓના અપાર હાર પહેરાવ્યા. ૨૧. મોગરાની કળીઓના બાજુબંધ અને તોરા ધરાવ્યા. જેનો સુગંધ ચોતરફ ફેલાયો હતો. રાજાએ ચરણકમળ ઉપર ચંદન ચર્ચીને પછી તેને પોતાની છાતી ઉપર ચાંપ્યા. ૨૨. ધૂપ અને દીવો કર્યા પછી આરતી ઉતારી. ઘણી જાતનાં મેવા અને ફળ પણ ધર્યાં. સુખસ્વરૂપ શ્રીહરિ તે રાજાનો અત્યંત ભાવ જોઈને ખૂબ જ રાજી થયા. ૨૩. શ્રીહરિ અમૃત જેવાં વચન બોલ્યા જે સાંભળતા સહુને આનંદ આનંદ થઈ ગયો. **'રાજા, તમે જપ અને તપ વગેરે બધું કરી લીધું છે કારણ કે તમે ભગવાનની અને સંતોની રક્ષા કરી છે. ૨૪.**

**दोहा : तुमारी रक्षा संत हरि, अब ही करही तेह;**
**जिहाँ नहिं रक्षा कोउ करन, तिहाँ हे तत्पर एह...२५**

હવે ભગવાન અને સંતો તમારી રક્ષા કરશે. જ્યાં કોઈ રક્ષા કરનાર ન હોય ત્યાં ભગવાન અને સંતો રક્ષા કરવામાં તત્પર રહે છે. ૨૫. **શરીરનું સુખ તો સ્વપ્નના સમાન છે. ભગવાનના ચરણોનું સુખ તો અખંડ રહેવાનું છે. જેનો ક્યારેય નાશ નહિ થાય એવું પુષ્કળ અને મહાન્ સુખ તમને મળશે.'**

**૨૬.** શ્રીહરિએ રાજાને આવું વરદાન કહ્યું અને ચાલતા થયા. ત્યારે સમસ્ત નગરના લોકોએ પણ ઘણા જ ભાવથી શ્રીહરિની પૂજા કરી. ૨૭.

આ રીતે અનેક પુરોમાં ફરતા ફરતા શ્રીહરિ **મલયાચલ**માં આવ્યા. તે પર્વતની શોભા જોઈને શ્રીહરિ મનમાં અપાર પ્રસન્ન થયા. ૨૮. જેને મલયાગર ચંદન કહેવાય છે, તેનાં અનેક પ્રકારનાં વૃક્ષ ત્યાં હતાં. ત્યાં તે ચંદન વૃક્ષનાં વન એટલાં બધાં ઘાટાં છવાયેલાં હતાં કે, તેની શોભાનું વર્ણન કરી શકાતું નથી. ૨૯. તે વૃક્ષ એવાં સુંગંધી હતાં કે, મોટા મોટા સાપ તેના થડને વીંટાઈને રહેલા હતા. તે બધાને જોતા જોતા શ્રીહરિ તે મલયાચલના વનમાં પાંચ દિવસ રહ્યા. ૩૦. **સાક્ષીગોપાલ**નાં દર્શન કર્યાં અને તે બધા વનની શોભા (છબી) જોઈ લીધી. શ્રીહરિએ જે જે વૃક્ષને અને વનને દેખ્યા હતા તે બધાને મોક્ષભાગી જાણવા. ૩૧. કારણ કે જો મોક્ષભાગી ન હોય તો તેને શ્રીહરિએ જોયા ન હોય. અને જેને શ્રીહરિએ નથી જોયા તેનું જીવન અલેખે (એળે-નકામું) જાણવું. અને તે અલેખ જીવનવાળા સમાન કોઈ પાપી નથી. કેમ જે, **ભગવાન પ્રકટ્યા** છે છતાં તેનો યોગ થયો નહિ. ૩૨. અથવા તો **ભગવાનના ભક્તનો સંબંધ** જેને થાય, તેના કર્મનાં બંધન છૂટી જાય છે. તેમજ **શ્રીહરિએ સ્થાપન કરેલી મૂર્તિઓ**ના સંબંધમાં જે આવે તે બધાનાં કર્મોનો નાશ થઈ જાય છે. અને તે ફરીને લખચોરાશીમાં જતો નથી. શ્રીહરિએ જે ધર્મવંશીઓને પોતાની ગાદીએ બેસાડ્યા છે. ૩૩-૩૪.

**ચોપાઈ :**

**तेसे हरि के संत हि जानो, परम पद मिलन ठिकानो;**
**पाँच सबंध यह कहे जेहा, सबसे मोक्षपद मिले तेहा...३६**

તેમનો સંબંધ જેને જેને થશે તે બધા ભાગ્યશાળી કહેવાશે. તેના અનંત જન્મના પાપનો અંત આવશે અને તેનો મોક્ષ પણ તરત જ થશે. ૩૫. તે રીતે જ શ્રીહરિના સંતોને પણ મોક્ષરૂપ પરમપદ મેળવવાનું સ્થાન જાણવું. આ રીતે મેં પાંચ સંબંધ કહ્યા. (૧-ભગવાનનો સંબંધ, ૨-ભગવાનના ભક્તનો સંબંધ, ૩-મૂર્તિઓનો સંબંધ, ૪-આચાર્યનો સંબંધ, ૫-સાધુ-સંતનો સંબંધ) તે પાંચેના દ્વારા મોક્ષપદ મળે છે. ૩૬. **પ્રકટ ભગવાનના સંબંધનો આવો**

**પ્રતાપ છે. એટલા માટે સત્સંગ કરવો જોઈએ. જેણે કરીને સમગ્ર પાપ ભસ્મ થઈ જાય.** ૩૭. શ્રીહરિ મલયાચલથી ચાલતા થયા, **કિષ્કિંધાપુર**માં પધાર્યા. ત્યાં પંપા સરોવરમાં જ્યારે સ્નાન કર્યું ત્યારે મનામાં ઘણો જ આનંદ થયો. ૩૮. અક્ષરાધિપતિ સુખધામ શ્રીઘનશ્યામ શ્રીહરિ ત્યાંથી અનેક જીવોનો ઉદ્ધાર કરવા ચાલ્યા. પછી **ચંદ્રભાગા નદી**એ પહોંચ્યા અને તેમાં સ્નાન કર્યું. ૩૯. ત્યાંથી **પંઢરપુર** પધાર્યા. વિઠોબા શ્રીવિઠ્ઠલનાથજીનાં દર્શન કર્યાં અને હૃદયના ઘણા જ હેતથી ત્યાં બે માસ પર્યંત રહ્યા. ૪૦.

***ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના દ્વિતીય પૂરમાં 'શ્રીહરિ તીર્થયાત્રા કરતાં કરતાં પંઢરપુર આવ્યા' એ નામે અડતાલીશમો તરંગ સમાપ્ત ॥૪૮॥***

## પૂર બીજું : તરંગ - ૪૯

### પુના આગમન, બાપુ ગોખલેના બાગમાં નિવાસ કર્યો

પંઢરપુર વિઠોબા (વિઠ્ઠલનાથજી)ના મંદિરમાં વિઠોબા (વિઠ્ઠલનાથજી) અને રુક્મિણીનું નામ લઈને બધા ધૂન કરતા હતા. શ્રીહરિ તેને નિત્ય સાંભળતા. ૧. તે ધૂન સાંભળીને શ્રીહરિ અતિ પ્રસન્ન થતા. શ્રીહરિ સત્સંગમાં આવ્યા પછી પણ કેટલાએ દિવસ તે નામની ધૂન કરાવતા હતા. ૨. વિઠ્ઠલનાથજીને ભેટીને વારંવાર વંદન કર્યા. ત્યાં અનેક લોકોનાં દુઃખોને ટાળીને શ્રીહરિ એકાએક ચાલતા થયા. ૩. વનમાં ચાલતા શ્રીહરિ કોઈ એક દિવસ રાતે એક રાક્ષસ-અઘોરી ધૂણી કરીને અરધી રાતે સૂતો હતો. શ્રીહરિ ત્યાં તેની પાસે આવ્યા. ૪. તે રાક્ષસ મનમાં બહુ મેલો હતો. તેને જો મનુષ્ય મળે તો છોડતો નહિ, ખાઈ જતો. તે મહાઅઘોરી કહેવાતો. તેની આંખો પણ અતિશય લાલચોળ હતી. ૫. શ્રીહરિએ તે રાક્ષસને પાટું મારીને જગાડ્યો. તેનાથી જરાય ડર્યા નહિ. તે મહાવિકરાળ રાક્ષસ શ્રીહરિને દેખીને તત્કાળ પગમાં પડ્યો. ૬. છતાં અવિનાશી શ્રીહરિએ તેનો વિશ્વાસ કર્યો નહિ. માર્ગ પૂછીને ચાલતા થયા. ગામેગામ ફરીને શ્રીહરિ મુમુક્ષુઓને ખોળતા-દેખતા હતા. ૭.

વિક્રમ સંવત્ ૧૮૫૫ ના વરસમાં શ્રીહરિ **પુના શહેર**માં પધાર્યા. શહેરની ચારેકોર વિવિધ પ્રકારના બગીચાઓ શોભતા હતા. ૮. બગીચાની વચ્ચે ઘણી જાતના ચિત્ર વિચિત્ર દેખાતા અપાર બંગલાઓ હતા. ત્યાંના રાજાના દિવાન અને મહાબુદ્ધિશાળી એક **બાપુ ગોખલે** નામે હતા. ૯. તેની એક મોટી ફૂલવાડી હતી. સુખકારી શ્રીઘનશ્યામ તે ફૂલવાડીમાં ઊતર્યા. તેઓ મરાઠી બ્રાહ્મણ હતા. તેનું જીવન ધર્મવાળું અને પવિત્ર હતું. ૧૦. વર્તનથી શુદ્ધ, મુમુક્ષુ અને ભગવાનમાં શ્રદ્ધાભાવ રાખતા. પરોક્ષભાવથી ભગવાનની ભક્તિ બહુ કરતા. તે જાણીને શ્રીહરિ ત્યાં આવ્યા અને પોતાના પ્રત્યક્ષ દર્શન આપ્યાં. ૧૧. શ્રીહરિ **અષાઢ માસ**માં ત્યાં રહ્યા. રોજ બાપુ ગોખલે શ્રીહરિની સેવા કરતા. જ્યારે દિવસ ચાર ઘડી (દોઢેક કલાક) બાકી રહે ત્યારે રોજ શ્રીહરિની પાસે તેઓ આવતા. ૧૨. તેઓ વર્ણીને મહાતપસ્વી જાણીને હેતથી સેવા કરતા. વળી તેઓ રોજ દેશોદેશની વાતો પૂછતા. ૧૩.

તેમજ ધર્મ, ભક્તિ, વૈરાગ્ય અને જ્ઞાનની વાતો પણ પૂછતા હતા. શ્રીહરિએ અષ્ટાંગ યોગ સાધ્યો અને જે તપ કર્યું, તે બધું પૂછતા. ૧૪. શ્રીહરિએ વનમાં અને પર્વત ઉપર જઈને જ્યાં જ્યાં જે તપ કર્યું, જે તીર્થોની યાત્રા કરીને આવ્યા હતા તે બધું પૂછતા. અને શ્રીહરિ તેને કહેતા. ૧૫. દિવાન આવતા ત્યારે પહેલા પ્રેમથી શ્રીહરિનો હાથ પકડીને હિંડોળે બેસાડતા. પછી તેઓ પૂજા કરતા. ૧૬. એક મોટો સોનાનો થાળ લાવતા. તેમાં બધો પૂજાપો મૂકતા. તેમાં કેસરચંદનથી ભરેલા સોનાના કટોરા મૂકતા. ૧૭. ઘણું સુગંધી અત્તર લઈને છાની રીતે તે ચંદનમાં મેળવતા. તે દિવાનની પત્ની હતી તે રોજ ચંદન ઘસી-ઉતારીને આપતી. ૧૮.

તે ચંદનને નિત્ય દિવાન શ્રીહરિનાં અંગો ઉપર ચર્ચતા. અષાઢ માસ બેસતા શ્રીહરિ ત્યાં આવ્યા હતા. તે સમય ચંદન ચર્ચવાના દિવસોનો હતો. ૧૯. ચંદન ચર્ચીને શ્રીહરિનાં અંગ ઉપર અપાર ફૂલહાર પહેરાવતા. ઘણી જ શોભાવાળી ફૂલની ટોપી તોરાની સાથે શ્રીહરિના મસ્તક ઉપર પહેરાવતા હતા. ૨૦. બન્ને ભુજાઓ ભરાઈ જાય તે રીતે ફૂલના બાજુ બાંધતા. બન્ને

ચરણોમાં ફૂલનાં ઝાંઝર બાંધતા. જેવો ભાવ હોય તેવું કરતા રહેતા. ૨૧. **ખૂબ જ પ્રેમ-ભાવથી કપૂરની આરતી ઉતારતા. વર્ણીમાં શ્રીકૃષ્ણની મૂર્તિને ધારતા. શ્રીકૃષ્ણ અને વર્ણીને એક જ માનીને રોજ પ્રેમ લાવીને આવી પૂજા કરતા. ૨૨.** સૂર્ય અસ્ત થાય ત્યાં સુધી વર્ણીના મુખે પ્રેમથી વાતો સાંભળતા. અને તે પછી હાથમાં તાનપૂરો લઈને ખૂબ જ હરખભર્યા હૃદયથી અભંગનાં પદ ગાતા. ૨૩. કોઈ વખતે શ્રીહરિને હિંડોળે ઝુલાવતા. તેમના પ્રેમનો તો કોઈ પાર જ ન હતો. અનંત પ્રકારના મેવાઓ લાવીને તેઓ શ્રીહરિને નિત્ય જમાડતા હતા. ૨૪. બાપુ ગોખલે કોઈ વાર શ્રીહરિની પગચંપી કરતા. ચરણોમાં સોળ ચિહ્નોને જોઈને તેમને ઘણો જ પ્રેમ થતો. ૨૫. તેઓ બોલતા, 'આપ શ્રીકૃષ્ણ છો. તે સિવાય આમ હોય નહિ. ભગવાન શ્રીકૃષ્ણ સિવાય કોઈ માયિક પંચવિષયમાં વિરક્ત રહી શકે નહિ. ૨૬.

પેશવા અમારા રાજા છે. આપ આવીને તેમને દર્શન આપો. આપે અનેક તીર્થ કર્યાં છે. જપ, તપ કર્યાં છે, યોગ સાધ્યો છે, મહાન વનવાસ પણ કર્યો છે. ૨૭. જો તેમને આપનાં દર્શન થશે તો તેમાં તેમનો અતિ યશ વધશે. એ સિવાય તો ઈન્દ્ર, ભવ અને બ્રહ્માદિક દેવો પણ રહેવાના નથી. ૨૮.

**चोपाई :**

**तुमारो दरश एक छिन हि जोई, अजान में कर ही नर कोई;**
**ताकु भव भटकन न होवे, चोरासी आवागमन खोवे...२९**
**तुम विन न ओर उपावू, अश्वमेध कोटि करत रहावू;**
**तिनसे तव दरश फल भारी, तेहि कर कहत हे सुखकारी...३०**

કોઈ માણસને અજાણતા પણ એકાદ ક્ષણ જો આપનાં દર્શન થાય તો તેને ભવાટવીનું ભટકણ રહે નહિ. તેમજ લખચોરાશીમાં આવાગમન (જન્મ-મરણ) ટળી જાય છે. ૨૯. કરોડો અશ્વમેધ યજ્ઞ કરવામાં આવે છતાં આપના સિવાય સંસારથી છૂટવાનો બીજો કોઈ ઉપાય નથી. તે યજ્ઞાદિકથી આપના દર્શનનું ફળ ઘણું ભારે છે એટલા માટે જ આપનાં સુખકારી દર્શન રાજાને થાય એવું હું કહું છું.' ૩૦. દિવાન બાપુ ગોખલેની વાત સાંભળીને શ્રીહરિ અમૃતરસભર્યાં વચન બોલ્યા, 'હે બુદ્ધિમાન્ દિવાન ! તમે સાંભળો. તમારા

મનમાં દર્શન કરાવવાનો ભાવ છે, પણ તે રાજા તો ખાન-પાન વગેરેના સુખને પરમેશ્વર કરતાં પણ વધારે માને છે. જે પરમેશ્વર બધું આપે છે તેના નામનું ઉચ્ચારણ પણ કરતા નથી. ૩૨.

**જેમાં જે જે સુખ દેખાય છે તે ભગવાનની સેવાનું જ પરિણામ છે. શ્રીહરિની સેવા વિના તેમાં સુખ મળે નહિ. ભગવાનની સેવાનું સુખ અપાર છે, તેને અણસમજુ (ગમાર) માણસ કોઈ સમજતો નથી.** ૩૩. ભગવત્સેવાનું સુખ ક્યારેય નાશ પામતું નથી. દિન-પ્રતિદિન તેમાં ઉલ્લાસ વધતો રહે છે. અને બીજાં જે માયિક દેવ-દેવી હોય છે તેની સેવાનું સુખ તો અલ્પ હોય છે. ૩૪. અન્ય દેવની સેવા કરવામાં પણ જો કોઈ સેવા કરનાર બ્રહ્મચર્યવ્રત ન રાખે તો તે દેવતા જ તેના ઉપર કોપે છે. અને તે પછી તેનો નાશ થઈ જાય છે. ૩૫.

અને જ્યારે નાશ થઈ જાય, તે પછીના વિચારો કાંઈ કામ લાગતા નથી. એટલા માટે પહેલા જ બધો વિચાર કરવો જોઈએ, તો જ તેને થોડો પણ ભય રહે નહિ. ૩૬. **સમજુ મનુષ્યે પાણી આવ્યા પહેલાં પાળ બાંધવી જોઈએ. સરોવરમાં પાણી આવે ત્યારે પાળ બંધાય નહિ, અને જો બાંધવા જાય તો હેરાન થઈ જાય છે. ૩૭.** પરમેશ્વરે લોકોને સુખી કરવા માટે નિયમ બાંધ્યા છે. તે નિયમોને લોપનારા કદાચ બ્રહ્મા વગેરે હોય તો તેની પણ લાજ રહેતી નથી. ૩૮. **ધર્મ અનંત પ્રકારના છે પણ નિયમના જેવો કોઈ ધર્મ નથી. નિયમોને થોડા પણ છોડી દેવામાં આવે તો અવશ્ય અત્યંત દુઃખ થાય જ છે. ૩૯.** ભલેને કોઈ બ્રહ્મા કે શંકર જેવા હોય, અથવા ઈન્દ્ર, ચંદ્ર કે નારદમુનિ જેવા હોય, તેઓએ પણ જો નિયમ તજી દીધા હતા તો અત્યારે પણ તેમનો અપયશ ગવાય છે. ૪૦.

***ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના દ્વિતીય પૂરમાં 'શ્રીહરિ પૂના શહેરમાં બાપુ ગોખલેના બગીચામાં રહ્યા' એ નામે ઓગણપચાસમો તરંગ સમાપ્ત ॥૪૯॥***

## પૂર બીજું : તરંગ - ૫૦

## બાજીરાવ પેશવાના આમંત્રણથી તેના ઘરે પધાર્યા, પેશવા સાથે ઉપદેશાત્મક વાત

પેશ્વાના દિવાન બાપુ ગોખલેએ શ્રીહરિની વાત સાંભળી. પછી બુદ્ધિમાન અને સમજણા તે દિવાને શ્રીહરિને અંતર્યામી જાણ્યા. ૧. પછી તેણે કહ્યું, 'આપ નિશ્ચય કોઈ દેવ છો. મારો ઉદ્ધાર કરવા માટે જ પધાર્યા છો. એમ મને અત્યારે જ્ઞાન થયું છે. ૨. હું આપને શરણે આવ્યો છું તો આપ મને પોતાને શરણે રાખો. મને કાળથી બચાવી લો. મારું કયું એવું પુણ્ય હશે ? કે જેને લીધે આપ અહીં પધાર્યા છો. ૩. મારાં ઘણાં જ ધન્ય ભાગ્ય છે. આવું ભાગ્ય ક્યારેય મળે નહિ. મેં જપ, તપ કે બીજું કાંઈ ધર્મસંબંધી કાર્ય કર્યું નથી છતાં આપ મને અહીં મળી ગયા છો ! ૪. શ્રીહરિએ દિવાનનો અપાર ખપ જોયો. તેથી તેમને શરણે લીધા અને તરત જ શ્રીકૃષ્ણનો શુભ અષ્ટાક્ષર મંત્ર કાનમાં આપ્યો. ૫. **તેથી તેના હૃદયમાં અતિશય તેજ દેખાયું. અને તે તેજમાં વર્ણીના વેશમાં શ્રીહરિનાં દર્શન થયાં. વૃંદાવનમાં જે રાસ કર્યો હતો તે વૃંદાવનવિહારીની મૂર્તિ પાસે જ દેખી. ૬.** ત્યારે તે દિવાનના મનમાં અત્યંત આશ્ચર્ય થયું. વિસ્મય પામીને મનમાં નિશ્ચય કર્યો કે, આ વર્ણી જ પરબ્રહ્મ છે, હવે તેમાં કાંઈ સંદેહ નથી. ૭. જેટલી એકાદશી આવતી તેની આખી રાત જાગરણ કરતા. તેમાં હરદાસને બોલાવતા અને તેની પાસે કથા કરાવતા. ૮.

દિવાને બે એકાદશીને દિવસે શ્રીહરિને પોતાને ઘેર પધરાવ્યા હતા. ત્યારે હિંડોળા ઉપર બેસાડીને કેસર-ચંદનથી પૂજા કરતા. ૯. અપાર ફૂલહાર પહેરાવતા. ઘણી બધી શોભા કરતા. રાતના સમયે બિલોરી કાચના ઝાડમાં દીવા પ્રકટાવતા. તેની શોભા ખૂબ જ થતી. ૧૦. અનેક પ્રકારના મેવા લાવીને શ્રીહરિની આગળ ધરાવતા. અનેક પ્રકારનાં ભોજન કરાવીને દિવાને બે વાર શ્રીહરિને પોતાને ઘેર જમાડ્યા હતા. ૧૧. વિવિધ પ્રકારની રંગોળી પૂરી સોનાના બાજોઠ ઉપર બેસાડીને સોનાના થાળમાં ભોજન પીરસીને ઘણા જ પ્રેમથી શ્રીહરિને જમાડ્યા. ૧૨. અનેક પ્રકારની અગરબત્તીનો ધૂપ કર્યો.

જેવો તે દેશનો રિવાજ-આચાર હતો તે પ્રમાણે બધા ઉપચારો કર્યા. ૧૩. કોઈ વાર હાથી ઉપર બેસાડીને તો કોઈ વાર મ્યાનામાં બેસાડીને દિવાન શ્રીહરિને પોતાને ઘેર પધરામણી કરાવતા. તે સમયે તેના હૃદયમાં ખૂબ જ આનંદ છવાઈ જતો. ૧૪.

શ્રીહરિ દિવાનના ગુરુ છે એમ સમજીને પેશ્વા બાજીરાવે વિવિધ પ્રકારનાં પકવાન ભોજન તૈયાર કરાવ્યાં. અને શ્રીહરિને પોતાના મહેલમાં જમવા માટે બોલાવ્યા. ૧૫. પોતાની મતિને અનુસારે (સમજણ પ્રમાણે) પેશવાએ શ્રીહરિનું ઘણું સન્માન કર્યું. તેનો વિવેક જોઈને શ્રીહરિ રાજી થયા. ૧૬. પેશવા અને તેની પત્ની બન્ને એક હિંડોળા ઉપર બેઠાં. પછી પેશવાએ માર્મિક ભાષામાં શ્રીહરિને કાંઈક કહ્યું. ૧૭. 'ચિંતામણિ જેવો આ મનુષ્ય દેહ જો મળ્યો હોય તો તેને કષ્ટ શા માટે આપવું ? જે લોકો શરીરને કષ્ટ દે છે તેને આત્મઘાતનું પાપ લાગે છે. ૧૮. આત્મા જેવી બીજી કોઈ ચીજ નથી. માટે આત્માને સુખી કરવો. જે આત્માને સુખી કરી જાણે તેને જ ખરેખર શાણો-સમજુ માણસ જાણવો.' ૧૯.

તેમની કહેલી વાત સાંભળીને શ્રીહરિએ બે વાત કહી. 'તમે તો રાજ્યઅધિકારના મદથી ભરપૂર છો અને તેનાથી જ સુખી છો. તમારી વાત અને અમારી વાત જુદી જુદી છે. તેથી બન્નેનું પરિણામ એક સરખું નથી આવે. ૨૦. તમે જેવું કરશો તેવું ફળ તમને મળશે અને અમે જેવું કરશું તેવું ફળ અમને મળશે. બન્નેનાં ફળ અલગ અલગ ભોગવવાનાં છે. માટે તમારે કાંઈક પરોપકારનું કામ કરવું જોઈએ. તમે તો ઘણા શક્તિશાળી રાજા છો. તમારા જેવો બીજો કોઈ શક્તિશાળી નથી. તેમાં પણ તમે ઉચ્ચકોટીના બ્રાહ્મણ છો. બધા નાના-મોટા અન્ય રાજાઓ તમારી સેવામાં હાજર રહે છે. ૨૧-૨૨. તમને પરમેશ્વરે રાજ્યગાદી (રાજાની પદવી) આપી છે તો પરમેશ્વરને આધીન-તેમની આજ્ઞામાં રહેજો. જેની પૂર્વે કોઈ નથી એવા બ્રહ્મા, વિષ્ણુ અને શંકર, આ બધા એક એકથી શક્તિમાન છે છતાં તેઓ પણ પરમેશ્વરને આધીન રહે છે. ત્યારે જ તેમનો યશ વિખ્યાત રહે છે અને દિન-પ્રતિદિન વધતો રહે છે. ૨૪.

હે રાજન્ ! તમે પૂર્વે બીજા બધા રાજાઓ કરતાં વધારે તપ કર્યું હશે એટલે તમે બીજા બધા કરતા અધિક છો અને બીજા તમારે આધીન રહે છે. ૨૫. હવે જો તમે કાંઈક તપ કરશો તો તમારી આગળ બીજા બધા દીન-આધીન રહેશે. તપ કર્યા વિના તો બધા લોકો પરાધીન થાય છે. ૨૬. ઈશ્વર તપ રૂપ છે. તેમના હાથમાં અનંત ફળ રહ્યાં છે. જે મનુષ્ય જેટલું તપ કરે, તેને તેટલું ફળ તેઓ આપે છે. ૨૭. **જે દેવો અને મનુષ્યો છે તે બધા પરાધીન જ વર્તે છે. તે બધું સ્પષ્ટ નજરે દેખાય છે. છતાં જે પાપમાં રચ્યો-પચ્યો હોય તેને તે દેખાતું નથી. ૨૮.**

જેને પાપરૂપ પડળ આવી ગયા હોય તેને અધર્મ કરવામાં ભાવ વધે છે. રાજા બધી પ્રજાનો પિતા છે અને પ્રજા રાજાના પુત્ર સમાન છે. ૨૯. તેમાં જે ધર્મપ્રેમી રાજા હોય તે પ્રજાની રક્ષા કરે છે, પણ જો પ્રજાને અધર્મી રાજા મળી જાય તો પ્રજા મહાદુઃખને પામે છે. ૩૦. પ્રજા જ્યારે દુઃખી થાય છે ત્યારે તેની પોકારને પરમેશ્વર સાંભળે છે અને ત્યારે તે પરમેશ્વર હરકોઈ દ્વારા પ્રજાનો દુઃખથી ઉદ્ધાર કરે છે. ૩૧. **પરમેશ્વરના જેવો બીજો કોઈ સમર્થ નથી. જેને સહાય કરનાર કોઈ ન હોય તેના સહાયક પરમેશ્વર છે. જ્યારે પ્રજા ધર્મવાળી હોય છે ત્યારે તેના પોકારને પરમેશ્વર કાનોકાન સાંભળે છે. ૩૨.**

**चोपाई :**

**अधर्मी जन को न सुनत कबही, नजिक होय तोउ दूर हे तबही;**
**ईश्वर की हे अकल कलाऊ, कछुक भजना कबहु ताऊ...३३**
**ईश्वर को डर रखत हे जाई, ताकी ईश्वर करत सहाई;**
**ईश्वर को हम जानत जीमी, तुमकु बात करत हम तीमी...३४**

અધર્મી માણસની વાતને પરમેશ્વર ક્યારેય સાંભળતા નથી. ભલે અધર્મી નજીક હોય તો પણ તે તો પરમેશ્વરથી દૂર જ છે. પરમેશ્વરની કળા અકળ છે. માટે ક્યારેક તેમનું થોડુંક ભજન કરજો. ૩૩. જે પરમેશ્વરનો ડર રાખે છે તેને પરમેશ્વર સહાય કરે છે. અમે પરમેશ્વરને જેવા જાણીએ-સમજીએ છીએ તેવી વાત તમારી આગળ કરીએ છીએ. ૩૪.

**सतपुरुष हे चिंतामनि जेसे, जेसो चिंतवे मिले तेसे;**
**चिंतामनि सबको इच्छत सुखा, कोईको कबु न करत दुःखा...३६**

મોટા મોટા સિદ્ધો તમારા ગુરુ કહેવાય છે એટલે અમારી આ વાત તમને નહિ ગમે; પણ અમને તે અંગે કાંઈ દુઃખ કે માન નથી. કારણ કે કર્મફળ મળ્યા વિના તેની ખબર પડતી નથી. ૩૫. સત્પુરુષ તો ચિંતામણિ જેવા હોય છે. જેવું જેવું ચિંતવવામાં આવે તેવું ફળ મળે છે. ચિંતામણિ તો સહુને માટે સુખને જ ઇચ્છે છે. તે ક્યારેય કોઈને દુઃખી કરતો નથી. ૩૬.

**दोहा : नाव आये निज पास ही, तामें न बैठे जाय;**
**भव सागर सो अपार ही, केसे उतरे ताय...३८**

નાવનો ગુણ 'તારવું' તે જ છે. તે બધા જ લોકોને તારે છે. તેના મતે કોઈ ઊંચ-નીચ નથી. જે નાવમાં બેસે તેને તે તારે છે. ૩૭. નાવ જો આપણી પાસે આવે અને આપણે તેમાં બેસીએ નહિ તો અપાર ભવસાગરને કઈ રીતે ઊતરી શકીએ ? ૩૮. સમુદ્રને તરવા માટે તો વિવિધ પ્રકારના નાવ છે પણ સંસારરૂપી સાગરને તરવાની નાવ તો કોઈક જ છે અને તે ક્યાંક ફરતી હશે.૩૯. પણ સાગર પાર જવાનું જેને લક્ષ્ય હોય તો તેને નાવ (વહાણ) સહાય કરે છે. લક્ષ્ય વિના તેની ઈચ્છા થતી નથી. અને ઈચ્છા વિના સાગરને કઈ રીતે તરી શકાય ?' ૪૦.

***ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના દ્વિતીય પૂરમાં 'શ્રીહરિ પૂનામાં બાજીરાવ પેશવાને મહેલે પધાર્યા' એ નામે પચાસમો તરંગ સમાપ્ત ॥૫૦॥***

## પૂર બીજું : તરંગ - ૫૧

## પુનાથી પશ્ચિમ તરફ આવ્યા ગુજરાતમાં થઈ સૌરાષ્ટ્રમાં આગમન

પેશવા રાજાની સાથે શ્રીહરિએ સહજ વિનોદમાં આવી વાતો કરી. પછી દિવાનના જે બગીચામાં ઉતારો કર્યો હતો ત્યાં આવ્યા. જો કે રાજાએ રોકાવા પ્રાર્થના કરી હતી. છતાં શ્રીહરિ દિવાનની રજા લઈને ચાલવા તૈયાર

થયા. તેમના વિચારોને જોઈ વાતચીત કરી બધા નગરજનોને ખુશી કર્યા. ૧-૨. શ્રીહરિ પુનામાં એક માસ સુધી રહ્યા હતા. તે સમય સહુને એક ઘડી જેવો જણાયો. શ્રીહરિ જાય છે એવું જોઈને બધા લોકો ઉદાસ થઈ ગયા અને વિનંતિ કરવા લાગ્યા. ૩. **'હે દીનબંધો ! અશરણશરણ ! આપ લોકોનો ઉદ્ધાર કરનારા છો. અમે આપનું શરણ લીધું છે. હવે અમને સંસારસાગરથી પાર ઉતારો.'** ૪. જ્યારે બધા લોકો દર્શન કરવા આવ્યા ત્યારે સહુએ ઉપર કહ્યા પ્રમાણે શ્રીહરિની સ્તુતિ કરી. સહુએ આવીને શ્રીહરિની પૂજા કરી. પુષ્પોનો અને ચંદનનો કોઈ પાર રહ્યો નહિ. પછી સહુ લોકોને પાછા વાળીને શીખ આપી. ત્યાર બાદ શ્રીહરિ પશ્ચિમ તરફ ચાલતા થયા. શ્રીહરિ નવીન દેશોમાં ફરતા ફરતા તત્કાળ **વિંધ્યાચળ**માં આવ્યા. ૬.

ત્યાં આગળ **ઉજ્જૈન** નામનું અનુપમ શહેર આવ્યું. ઉજ્જૈનમાં સિંધિયાનું રાજ્ય હતું. શહેરથી ઉત્તર દિશામાં સરોવર છે. ત્યાં જઈને શ્રીહરિએ સ્નાન કર્યું. ૭. અંગક્ષેત્ર (?) નામે સ્થાનમાં એક શ્રીકૃષ્ણનું મંદિર છે ત્યાં જઈને શ્રીકૃષ્ણનાં દર્શન કર્યાં અને ધર્મશાળામાં ઉતારો કર્યો. ૮. ત્યાં થોડા જ દિવસ રહ્યા અને પછી **ગ્વાલિયર** પધાર્યા. (વિંધ્યાચળથી ગ્વાલિયર સુધીની આ કથા અન્ય કોઈ દિવસની છે ક્રમશઃ નથી.) ત્યાંથી પાછા **દંડકારણ્ય**માં પધાર્યા. ૯. મનમાં ઘણો જ ઉત્સાહ હતો તેથી તેમણે દંડકારણ્યની પ્રદક્ષિણા કરી. ત્યાંથી **નાસિક** શહેરમાં પધાર્યા. ત્યાં ગોદાવરી નદીમાં શ્રીહરિએ સ્નાન કર્યું. ૧૦.

ત્યાંથી **ત્ર્યંબકેશ્વર** જઈને દર્શન કર્યાં. અને ત્યાંના બધા મુમુક્ષુ લોકોને પોતાનાં દર્શન દીધાં. ત્યાંથી ચાલીને **ધરમપુર** પધાર્યા. તે તરફનાં વન અને પર્વત બધું જોયું. ૧૧. તે પર્વતમાં એક દેવતાની જગ્યા હતી. સહુને ગમે તેવી તે જગ્યા દેખી. ત્યાંથી શ્રીહરિ ચાલ્યા ત્યારે **સુરત શહેર** પધાર્યા. ૧૨. નિર્વાણીપંથની જગ્યામાં શ્રીહરિ ત્રણ દિવસ રહ્યા. પછી **તાપી નદી** ઊતરીને ચાલ્યા. **નર્મદા નદી**એ પહોંચ્યા. ૧૩. દેવાણમાં **મહી (સાગર) નદી** ઊતરીને **ખંભાત બંદર** પધાર્યા. ત્યાં **નારેશ્વર સરોવર**માં સ્નાન કરીને રોકાયા અને લોકોને દર્શન દીધાં. ૧૪. પછી **નગરા** ગામમાં આવીને બ્રહ્માજીની મૂર્તિનાં

દર્શન કર્યાં. ત્યાંથી ચાલીને **બુધેજ** પધાર્યા. ત્યાં સદાવ્રતમાંથી અન્ન લીધું. ૧૫. ત્યાંથી ચાલ્યા ગુડેલ પધાર્યા અને ત્યાંથી **મિતલી** ગામ પધાર્યા. ત્યાંથી આગળ એકલા જ સાબરમતી નદીને ઊતર્યા. પછી પીપળી ગામ પધાર્યા. ૧૬. ત્યાંથી ગાંફ અને **ગાંફ**થી ખરડ પધાર્યા. ખરડથી **ઝિંઝર** આવીને રહ્યા. ઝિંઝરથી **ભીમનાથ** પધાર્યા. ૧૭.

ત્યાંથી **પોલારપુર** ગામ પધાર્યા, અને ત્યાંથી સુખધામ શ્રીહરિ **બરવાળા** ગામ પધાર્યા. ત્યાં ગામથી બહારની જગ્યામાં જઈને એક રાત સૂઈ રહ્યા. ૧૮. તે પછી **વળા** (વલ્લભીપુર) ગામ પધાર્યા. ત્યાંથી સુજાણ ભગવાન શ્રીહરિ **શિહોર** પધાર્યા અને ત્યાં બ્રહ્મકુંડમાં સ્નાન કર્યું. ૧૯. ત્યાં પાંચ દિવસ રોકાયા અને ત્યાંથી **ભાવનગર** પધાર્યા. ત્યાં તળાવ ઉપર પાંચ દિવસ રહ્યા અને શહેરના લોકોને દર્શન દીધાં. ૨૦. પછી **નકલંગ પધાર્યા.** લોકો જ્યાં નકલંગની યાત્રા કરવા આવે છે. ત્યાંથી **પડવા** થઈને શ્રીહરિ **કુકડ** ગામમાં પધાર્યા. ૨૧. ત્યાંથી દિહોર ગામ પધાર્યા અને ગામના ચોરામાં ઊતર્યા. ત્યાંથી **લાકડિયા** ગામ પધાર્યા અને પ્રેમજી ભક્તની દુકાનમાં રહ્યા. ૨૨.

ત્યાંથી ચાલીને **તળાજા** શહેરમાં આવ્યા. ત્યાંના પર્વતમાં જે સુંદર રચનાઓ છે તે બધીને શ્રીહરિએ દેખી. ૨૩. ત્યાંથી ચાલીને શ્રીહરિ **સિદ્ધાચળ** (શેત્રુંજો પર્વત) પધાર્યા. આખો પર્વત દેખીને પછી ગોપનાથ **મહાદેવ**ના સ્થાનમાં પધાર્યા. ૨૪. ત્યાં સમુદ્રને કિનારે આવેલા **વરાહતીર્થ** નામે સ્થાનમાં પધાર્યા. તે સમયે સાથે કોઈ હતું નહિ, પોતે એકલા જ હતા. ૨૫. ત્યાં કેટલાક દિવસ રહ્યા અને ત્યાંથી **તુલસીશ્યામ** પધાર્યા. ત્યાં છાતી ઉપર બે છાપો લીધી અને બે છાપો હાથે લીધી. ૨૬. ત્યાં ઠંડા પાણીના અને ગરમ પાણીના બે કુંડ હતા. તેમાં આનંદનીધિ શ્રીહરિ નાહ્યા અને કેટલાક દિવસ ત્યાં રહ્યા. ૨૭. ત્યાં એક પહાડમાં કલાકારીગરીની રચનાઓ કરેલી છે તેને શ્રીહરિએ દેખી. તે જગ્યા અનંત વૃક્ષો અને વનની વચ્ચે છે. ત્યાં જઈને શ્રીહરિ થોડું રોકાયા. ૨૮. ત્યાંની પંચતીર્થી કરીને શ્રીહરિ ગુપ્તપ્રયાગમાં આવ્યા. મોટા વનમાં તે જગ્યા જોઈ એટલે શ્રીહરિના મનમાં ઘણી ગમી ગઈ. ૨૯. કુંડને કાંઠે એક રાયણનું ઝાડ હતું. તેની

શોભા ઘણી જ સુંદર હતી. તેની નીચે જઈને શ્રીહરિએ આસન કર્યું. અને યોગકુશળ શ્રીહરિ ત્યાં ધ્યાન કરવા માટે બેઠા. ૩૦. અત્યંત આનંદભર્યા શ્રીઘનશ્યામ રંગભીનાએ દોઢ માસ સુધી ત્યાં ધ્યાન કર્યું. **ગુપ્ત પ્રયાગ**માં જે એક બ્રહ્મચારી હતા તેનો સ્વભાવ ઘણો જ સારો હતો. ૩૧. તે બ્રહ્મચારીને શ્રીહરિની મૂર્તિ દેખી ત્યારે તે મનમાં ગમી ગઈ. તે નિત્ય શ્રીહરિની સેવા કરતા. બાલમુકુંદની મૂર્તિ જગ્યા (મઠ-મંદિર)માં પધરાવેલી હતી. ૩૨.

**તેને માટે રોજ જે થાળ બનાવતા. તે શ્રીહરિને રોજ જમાડતા. દિન-પ્રતિદિન તે બ્રહ્મચારીને શ્રીહરિના ઉપર હેત વધતું ગયું.** ૩૩. શ્રીહરિ રોજ તે કુંડમાં સ્નાન કરતા અને તે પછી ધ્યાનમાં બેસતા. તેમને દેખીને લોકો અતિશય આશ્ચર્ય પામતા. તેથી બધા વર્ણી પાસે આવીને રોજ માથું નમાવીને પગે લાગતા. ૩૪. લોકો એવું બોલતા કે, 'આવા તો અહીં કોઈ આવ્યા નથી. વર્ણી તો અતિ મહાન અને ઘણા જ નિર્મળ છે.' જે કોઈ શ્રીહરિની વાત સાંભળતા તેના હૃદયમાં ઘણી શાંતિ થતી. ૩૫. શ્રીહરિ એકાકી રહેતા. કોઈથી ડરતા નહિ. તેમનો અત્યંત પ્રતાપ જોઈને લોકો તેમના ચરણોમાં પડ્યા. ૩૬. શ્રીહરિ જે જે દેશમાં ફર્યા, વનમાં ફર્યા અને મોટા પર્વતોના ઉપર પણ ફર્યા, તે ઘણા જ વિકરાળ હતા છતાં ક્યારેય કોઈનાથી ડરતા નહિ. ૩૭.

**सोरठा : हरिचरित्र ही जोइ, प्रीत करी जो सुनहि जन;**
**हरिपद पावे सोइ, जन्म मरन टरी जात सब...३९**

હે ઉત્તમ રાજા ! હું શું કહું ? શ્રીહરિનું સામર્થ્ય અપાર છે. તે શ્રીહરિનાં ચરિત્રો એવાં મહાન છે કે તેને કોઈ સાંભળે તો તે સંસારરૂપી સાગરના પારને પામે છે. ૩૮. જે કોઈ પણ મનુષ્ય શ્રીહરિનાં ચરિત્રોને પ્રેમથી સાંભળે તો તેનો ભગવાન શ્રીહરિના ચરણોમાં નિવાસ થાય છે. અને તેના જન્મ-મરણ આદિ બધાં જ દુઃખ ટળી જાય છે. ૩૯.

***ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના દ્વિતીય પૂરમાં 'શ્રીહરિ તુલસીશ્યામની પંચતીર્થી કરતાં ગુપ્ત પ્રયાગ આવ્યા' એ નામે એકાવનમો તરંગ સમાપ્ત ॥૫૧॥***

## પૂર બીજું : તરંગ - ૫૨

## નાઘેરમાં લોઢવા ગામે લખુબાઈને ત્યાં થોડો સમય રહ્યા, ત્યાંથી પ્રાચી પાટણ, માંગરોળ થઈ લોજ પધાર્યા

શ્રીહરિ ગુપ્ત પ્રયાગથી ચાલ્યા. લીલા નાઘેર દેશમાં લોઢવા ગામમાં આવ્યા. જ્યાં એક નિષ્કામ ભક્ત રહેતા હતા. તેમનું નામ લખુબાઈ હતું અને તે ચારણ જ્ઞાતિના હરિભક્ત શિરોમણિ સ્ત્રી ભક્ત હતાં. તેને ઘેર ઘનશ્યામ શ્રીહરિ પધાર્યા. ૧-૨. શ્રીહરિ સર્વના નાથ છે, અંતર્યામી છે. તેમને માટે કાંઈ અજાણ્યું નથી. કારણ કે, અનેક કોટિ બ્રહ્માંડોની જીવનદોરી તેમના હાથમાં છે. ૩. તે ચારણ લખુબાઈએ શ્રીહરિનાં દર્શન કર્યાં. તે ઘણી મુમુક્ષુ જણાઈ, અને શ્રીહરિના અતિશય ખપવાળી હતી,

એટલે દર્શન કરતાની સાથે જ આવીને તે શ્રીહરિના ચરણોમાં નમી પડી. ૪. તે લખુબાઈ **આત્માનંદ** નામના એક મોટા સિદ્ધની શિષ્યા હતી. તેને ગુરુનું અપાર બળ હતું. તે આખા જગતને કાળનો કોળિયો માનતી હતી. ૫. **તે પોતાને પિંડ અને બ્રહ્માંડથી પર માનતી. માયિક આકાર માત્રને અસત્ય જાણતી. શાણી લખુબાઈ ગુરુને માયાથી પર જાણીને ગુરુનું જ ભજન કરતી હતી. ૬.** ગુરુ ભગવાનનું ધ્યાન કરતા હતા, તેથી લખુબાઈ તેને બ્રહ્મને તુલ્ય માનતી હતી. શાસ્ત્રોમાં ગુરુનાં જેટલાં લક્ષણ કહ્યાં છે તે બધાં તેણે પોતાના ગુરુમાં જોઈ લીધાં. ૭. ગુરુ સ્ત્રીનો તથા ધનનો સંકલ્પ પણ કરતા નહિ. તેમણે બધા દૈહિક સુખનો ત્યાગ કરી દીધો હતો. ભગવાનને તુલ્ય તેઓ બીજા કોઈને માનતા નહિ. તેમનું મન એકમાત્ર ભગવાનમાં તલ્લીન રહેતું હતું. ૮. તેમને કોઈ પણ પ્રકારના વ્યસનમાં અનુરાગ (બંધન) ન હતો. મહાન્ ભાગ્યશાળી તેઓ એક ભગવાનની મસ્તીમાં જ રહેતા હતા. ભગવાનના પ્રતાપથી તે ગુરુ જે જે સંકલ્પ કરતા તે બધા સિદ્ધ થતા હતા. ૯.

તે ગુરુ શ્રીઆત્માનંદ સ્વામી ભગવાનના ધામમાં ગયા. પછી તે ગુરુભક્ત લખુબાઈ અહીં રહી હતી. તેણે શ્રીહરિને દેખ્યા અને વાત કહેવા લાગી કે, 'મારા ભાઈ ! વર્ણી તમે સાંભળો. ૧૦. શા કારણથી તમે આવા

યોગી થયા છો ? હે સુજાણ ! તે તમે મને કહો. વગર કારણે કોઈ ઘરને છોડતું નથી. તમારે અત્યારે કોઈ દેહનું સુખ તો દેખાતું નથી. ૧૧. કેટલાક લોકો બન્ને હાથ ઊંચા રાખીને ઊભા ઊભા તપ કરે છે. કોઈક પંચાગ્નિને તાપે રહે છે. કોઈ વાયુભક્ષણ કરે છે અને કોઈ તો માત્ર એક વખત જ પાણી (કે દૂધ) પીવે છે. ૧૨. કેટલાક તો વનમાં અને પર્વતોમાં જ ફરે છે અને ફળ-ફૂલ જ ખાય છે. કોઈક તો યોગનો અભ્યાસ કરે છે અને કેટલાક તો તીર્થોમાં યાત્રા કરતા રહે છે. ૧૩.

એમ અનેક યોગીઓ અનેક પ્રકારનાં તપ કરે છે. તપ કરવાની પાછળ અનેક પ્રકારના ફળની મનમાં ધારણા રાખીને ટેક ગ્રહીને તપ કરતા હોય છે. ૧૪. તપ, સાધના કે આરાધના કરીને કોઈક દેવતા થવાનું ચાહે છે, તો કોઈક રાજા થવાનું ઈચ્છે છે. મહાધનાઢ્ય થવાનું મનમાં ધારીને કોઈક મીઠા વિનાનો ખોરાક લે છે. ૧૫. કોઈક ભગવાનની પ્રાપ્તિ થાય એટલા માટે અત્યંત ઉગ્ર તપસ્યા કરે છે. તમારે કઈ બાબતની ચાહના (પ્રીતિ) છે? તે મને અત્યારે સાચે-સાચું કહી બતાવો.' ૧૬. શ્રીહરિએ લખુબાઈને સાચા ભક્ત માનીને પોતાની યથાર્થ સુખદાયક વાત કહી દીધી કે, 'મેં પ્રકટ ભગવાનનો મેળાપ થાય, આવા આશયથી પોતાનું ઘર, સુખકારી સંપત્તિ અને બધો સમાજ તજી દીધો છે. ૧૭.

**ભગવાન સિવાયના, પ્રકૃતિપુરુષના લોક સુધીનાં જે કાંઈ બીજાં સુખો છે, તે બધાં કાકવિષ્ઠા સમાન જાણીને તે દુઃખદાયક સુખોનો મેં ત્યાગ કરી દીધો છે. ૧૮. ભગવાન સિવાયનો કોઈ સંકલ્પ પણ મારા મનમાં ઊપજતો નથી. અને સ્વપ્નમાં પણ મને ભગવાન સિવાય અન્ય સત્ય ભાસતું નથી. એક ભગવાનનો આકાર જ મને સત્ય લાગે છે. તે મૂર્તિ સિવાય બ્રહ્મતેજનો પણ મારા મનમાં કોઈ ભાર નથી. ૧૯. જે બ્રહ્મસ્વરૂપ તેજ કહેવાય છે તે તો મારું સ્વરૂપ છે, જેને હું સાક્ષાત્ દેખું છું. અને તે બ્રહ્મરૂપ મારા આત્મામાં સાકારમૂર્તિ શ્રીકૃષ્ણના સ્વરૂપને પણ દેખું છું. છતાં પણ મને તેમના પ્રકટ સ્વરૂપ ઉપર બહુ જ પ્રેમ છે. ૨૦.** તે પ્રકટ ભગવાન મળે, એટલા માટે જ મેં ઘણાં જપ અને તપ કર્યાં છે. અને પ્રકટ ભગવાનને માટે જ મેં મારા

શરીરને ઘણું જ કષ્ટ આપ્યું છે. વિકટ વનમાં અને પર્વતો ઉપર હું ફર્યો છું. તેમજ કેટલાયે મોટા મોટા સિદ્ધોને પણ મળ્યો છું. ૨૧. હું બદરિકાશ્રમ ધામમાં ફરી આવ્યો છું. હવે ક્યાંય જવાનું બાકી રહ્યું નથી. હવે દ્વારકા, ગિરનાર અને આબુ પર્વત આટલાની યાત્રા કરવાનું બાકી રહ્યું છે. ૨૨. તે દેખ્યા પછી એક ઠેકાણે બેસીને શ્રીકૃષ્ણ ભગવાનનું ધ્યાન કરીશ. તે ધ્યાન કર્યા પછી આ શરીરનો ત્યાગ કરવામાં કોઈ વાર નહિ લાગે. ૨૩. તેટલા સમયમાં જો પ્રકટ ભગવાન મળી જાશે તો હું પ્રેમથી તેમની સેવા કરીશ.' આવી શ્રીહરિની વાત ચારણ લખુબાઈએ સાંભળી. ત્યારે તે સાક્ષાત્ શ્રીહરિની આગળ વાત કહેવા લાગી. ૨૪.

**दोहा : गुरु मिले हरि मिल रहे, गुरु मुख सुनी युँ बात;**
**तुमारी बात ओर देश की, गुरु ओर हरि ओर भात...२६**

'તમે અહીંયાં ત્રણેક મહિના રહો. હું તમારી આગળ ભગવાનની વાતો કહું. ભગવાન તમારો પ્રેમ જાણીને ચોક્કસ રીતે તમને સાક્ષાત્ પ્રકટ પ્રમાણ મળશે. ૨૫. હે વર્ણી ! ગુરુ મળ્યા એટલે ભગવાન મળી જ ગયા છે. આવી મેં મારા ગુરુના મુખથી વાત સાંભળી છે, પણ તમારી વાત તો બીજી જ દિશની છે જે, 'ગુરુ અલગ હોય છે અને હરિ (ભગવાન) પણ કંઈક અલગ હોય છે.' ૨૬. **વાતની એક દિશ (દૃષ્ટિકોણ) મળ્યા વિના વાતમાં ક્યારેય રસ આવે નહીં અને ઉલ્ટાનો અંતરમાં ક્લેશ થાય છે. અને જ્યાં ક્લેશ હોય ત્યાં પ્રગટ ભગવાન હોય નહિ. ૨૭.** પછી શ્રીહરિ એક માસ સુધી તે લખુબાઈને ઘેર રહ્યા. વર્ણી ઉદાસ ન થાય તે રીતે લખુબાઈએ વર્ણીની ઘણી સેવા કરી. ૨૮. તેને ઘેર દૂધ અને દહીં તો અપાર હતાં. કારણ કે, લખુબાઈના ઘરમાં ચાલીશ ભેંશો હતી. તેઓ દહીંમાં અને દૂધમાં સાકર નાખીને રોજ શ્રીહરિને જમાડતા હતા. ૨૯. લખુબાઈ પોતાના ગુરુ આત્માનંદ સ્વામીના અપાર પ્રતાપની વાતો કરતાં હતાં. તેમના બ્રહ્મતેજને જ પરમ આનંદ જાણતાં હતાં. ૩૦. આત્માનંદ સ્વામી ઘરથી નીકળીને ત્યાગી થયા ત્યાં સુધીના કેટલાયે પરચાની વાતો કરી. વળી કેટલાક શિષ્યોને યોગધારણા કરાવી અને તેનું ઐશ્વર્ય આપ્યું. તે બધી વાતો કહી. ૩૧.

ત્યારે શ્રીહરિએ લખુબાઈને કહ્યું, 'તમારા ગુરુ જે પ્રમાણે જ્ઞાન કહેતા હતા તે પ્રમાણે તમે મને પ્રેમથી કહો. અમે તે વાત સાંભળીને વાત ઉપરથી તેને પારખી લેશું. ૩૨. તમારા ગુરુના પ્રતાપની જે વાતો હોય તે મને શરૂઆતથી કહો. જો તે વાતો ઔચિત્યની દૃષ્ટિએ અમારા મનમાં ચોંટશે તો અમે તેમને સત્ય માનશું. ૩૩. જે તેમનો પ્રતાપ હશે તે અમારા હૃદયમાં બાણની જેમ ચોંટી જશે. જો તે હૃદયમાં ચોંટશે તો તે પ્રતાપ સાચો છે એમ માનશું અને જો તે અમારા હૃદયમાં નહિ ચોંટે તો અમે તેને કાચો જાણશું.' ૩૪. ત્યારે તે લખુબાઈ પોતાના ગુરુના પ્રતાપની વાતો, તેણે જેવી સાંભળી હતી તેવી શ્રીહરિની આગળ કહેવા લાગ્યાં. ત્યારે શ્રીહરિએ તે વાતને સાંભળીને વિચાર કર્યો કે, આ વાતથી તો ભગવાનની મૂર્તિની સાકારપણાની ઉપાસનાનો નાશ થઈ જાય છે. ૩૫. તેમાં તો તેજોમય બ્રહ્મની જ ઉપાસના પ્રતિપાદિત થતી જણાઈ છે, પણ સાકાર મૂર્તિ શ્રીકૃષ્ણની ઉપાસના તો કાંઈ રહી જ નથી; એટલે પછી શ્રીહરિ ત્યાંથી ચાલતા થઈ ગયા. પ્રાચી પાટણ આવીને રહ્યા. ૩૬. શ્રીકૃષ્ણ ભગવાને જે સ્થળે દેહત્યાગ કર્યો હતો ત્યાં આવીને મહાન્ ભાગ્યશાળી શ્રીહરિ પાંચ દિવસ રહ્યા. સરસ્વતી અને સાગરના પાણીના સંગમસ્થળે શ્રીહરિએ સ્નાન કર્યું. પછી કિનારે જઈને બેઠા. ૩૭. ત્યાંથી શ્રીહરિ તત્પર થઈને ચાલ્યા. તે આગળ જતાં માંગરોળ બંદર આવ્યા. તે વખતે ત્યાં આણંદજી સંઘેડિયા નામે એક હરિભક્ત શ્રીહરિને મળ્યા. ૩૮.

**चोपाई :**

**सत्संग करे बिन मोक्ष न होवे, देह दमी दमी कोटि खोवे;**
**तप त्याग ज्युं करे अति भारी, ताकी ताकु चढत खुमारी...४०**

આણંદજીભાઈ શ્રીહરિને દેખીને મનમાંને મનમાં ઘણું હસ્યા. પછી તે સમયે હસીને બોલ્યા કે, 'હે બાળકુમાર જોગી ! સાંભળો. ૩૯. સત્સંગ કર્યા સિવાય મોક્ષ નહિ થાય. દેહને દમન કરી કરીને કરોડો જન્મ ખોવે છે. તે બધા જેમ જેમ અતિ ભારે તપ કરે અને ત્યાગ રાખે તેમ તેમ તેની તેમને ખુમારી ચડતી જાય છે. ૪૦.

दोहा : तप त्याग को मान अति, जिय कु करत अंतराय;
सत्संग न तेहि कर सके, सत्संग विन मोक्ष न ताय...४१
सत्संग में प्रगट हरि, रहत हे करीके वास;
प्रगट हरि मिले विन, कर्म न होवत नाश...४२

વધારે તપ-ત્યાગ કર્યા હોય તો તેનું માન અતિશય વધે છે અને તે માન જીવને અંતરાય કરે છે. તેથી તે સત્સંગ કરી શકતો નથી. અને સત્સંગ વિના તેનો મોક્ષ થતો નથી. ૪૧. સત્સંગમાં પ્રગટ ભગવાન નિવાસ કરીને રહે છે. તે પ્રકટ ભગવાન મળ્યા વિના કર્મોનો વિનાશ થતો નથી.' ૪૨. પરમ દયાળુ શ્રીહરિએ તે આણંદજી સંઘેડિયાને પૂછવા લાગ્યા, 'તમે મને તુરંત સત્સંગ બતાવો. તે સત્સંગ માટે તો હું આખો દેશ ફર્યો છું.' ૪૩. ત્યારે તેણે સત્સંગનું કેન્દ્ર લોજ બતાવ્યું. ત્યારે તુરંત વર્ણી ચાલતા થયા. વર્ણીરાજ હૃદયમાં અતિ આનંદ પામીને લોજપુર ગામ આવ્યા. ૪૪.

*ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના દ્વિતીય પૂરમાં 'શ્રીહરિ લોજપુર પધાર્યા' એ નામે બાવનમો તરંગ સમાપ્ત ।।૫૨।।*

**ઈતિ શ્રીહરિચરિત્રામૃતસાગર ગ્રંથમાં બીજું પૂર સમાપ્ત**

INDEX

શ્રીસ્વામિનારાયણો વિજયતેતરામ્

**મહામુક્ત સ્વામી શ્રીસિદ્ધાનંદમુનિકૃત**

# શ્રીહરિચરિત્રામૃતસાગર પૂર - ૩

**હિંદીનું ગુજરાતી ભાષાંતર**

## પૂર ત્રીજું : તરંગ - ૧

### શ્રીહરિનું લોજમાં મુક્તાનંદસ્વામી સાથે મિલન

શ્રીહરિ શ્રીજીમહારાજનાં જે શ્રેષ્ઠ અને અનુપમ ચરિત્ર લોજપુરથી શરૂ થાય છે તે હવે ત્રીજા પૂરમાં શરૂ કરીએ છીએ. જે ચરિત્રો મહાન છે શ્રેષ્ઠ છે અને રસરૂપ છે. ૧. આ ત્રીજું પૂર છે. તેના તરંગ છાસઠ છે. તેમાં શ્રીહરિ ગઢપુર પધાર્યા ત્યાં સુધીનાં ચરિત્ર કહું છું. જેનાથી શ્રીહરિનાં ચરણોમાં હેત વધે. ૨. શ્રીહરિ જન્મ પછી **ઓગણીશ વરસ**ના થયા ત્યારે તીર્થોની યાત્રા કરતાં કરતાં લોજપુર ગામ આવ્યા. ૩. **તે ચરિત્રો મહાન છે, અનુપમ છે, મનમાં પ્રેમ રાખીને તે ચરિત્રોનું હું વર્ણન કરું છું. કારણ કે શ્રીહરિકૃષ્ણ મહારાજની રીતિ મહાન અલૌકિક છે. ૪. બ્રહ્મા, શિવ, દેવો અને શેષને માટે પણ હરિચરિત્ર અગમ્ય (ન સમજાય તેવાં) છે, તો બીજા કોઈથી તો ક્યાંથી સમજી શકાય ? હા, જેને શ્રીહરિ સમજણ આપે છે તે સમજી શકે છે. ૫.**

**વિક્રમ સંવત્ ૧૮૫૬ ના શ્રાવણ માસની સુખકારી વદિ છઠની તિથિ હતી, ત્યારે મહાન યોગીંદ્ર, સુખધામ, શ્રીહરિ વર્ણિવેશે ત્યાં લોજમાં પધાર્યા.** ૬. ગામના પશ્ચિમ દ્વાર આગળ સમીપમાં જ એક વાવ હતી. પાકા પથ્થરથી અદ્‌ભુત રીતે બાંધેલી હતી. જેમાં સુખ થાય તેવું નિર્મળ-આછું તાજું પાણી હતું. ૭. તે પાણીમાં ભગવાન શ્રીહરિએ સ્નાન કર્યું અને વાવથી બહાર આવ્યા. વાવની ઉપરના ભાગમાં વડની છાયા હતી. તેની નીચે સુખદ શ્રીહરિ બેઠા. ૮.

**આકૃતિ બાળસ્વરૂપ છે. યોગીંદ્રના જેવો વેશ છે. મોટા યોગીઓ પણ જેને કળી શકે નહિ, જાણી-સમજી શકે નહિ એવા, શરીર કૃશ છે છતાં સોહામણું છે. માથે કેશની છટા-શોભા સોનેરી છે.** ૯. રમણીય અંગોનું તેજ ઝગમગી રહ્યું છે અથવા ભુરા કેશનો માથે બાંધેલો અંબોડો ઝગમગતી જ્યોતિ જેવો શોભી રહ્યો છે. મોતી ઝરતાં હોય તેવું સ્પષ્ટ સુંદર બોલે છે. મૃગચર્મના આસન ઉપર વીર આસન કરીને બેઠા છે. ૧૦. શાર્દૂલ અને સિંહના જેવી છબી બની છે. કોઈ તપ-ત્યાગમાં કાચોપોચો માણસ તો પાસે પણ આવી શકતો ન હતો. યુવાન શરીર છતાં મોટા તપસ્વી છે. અષ્ટાંગયોગ પરાયણ બ્રહ્મચારી છે. ૧૧. હાથથી લખેલો પંચરત્નનો ગુટકો ખભાથી નીચે લટકતો રાખ્યો છે. કોપીન ઉપર એક કપડું લપેટ્યું છે. ઉજ્જ્વળ વિભૂતિ રૂપ શરીર શોભી રહ્યું છે. ૧૨. ભગવાન શ્રીહરિએ પાણી પીવા માટેનું એક નાનું પાત્ર ગરણા સાથે પાસે રાખ્યું છે. ૧૩.

મહાન અદ્‌ભુત ભ્રમરગીત, ગોપિકાગીત, વેણુગીત, યુગલગીત, વેદસ્તુતિ, જયદેવકૃત સારરૂપ અષ્ટપદી અને મણિરત્નમાલા, આ બધું કંઠસ્થ-મુખપાઠ કરેલું હતું. ૧૪-૧૫. તેની મનમાં ધૂન લગાવીને બોલે છે અને અહોનિશ જાજ્વલ્યમાન રહે છે. બ્રહ્મનિષ્ઠ શુકદેવજી આદિની જેમ જેમનો યશ ચોતરફ છવાઈ રહ્યો છે. ૧૬. શ્રીકૃષ્ણના સખા ઉદ્ધવનો અવતાર રામાનંદસ્વામી નામે વૈષ્ણવાચાર્ય હતા. જેઓ સર્વ સદ્‌ગુણોનો ભંડાર હતા. તેમના શિષ્ય સાધુઓ લોજમાં સદાવ્રત બાંધીને રહેતા હતા. તેઓ કાયમ પ્રેમ અને હરખભર્યા હૈયાથી જે તીર્થવાસીઓ આવતા તેમને જમાડતા હતા.

૧૭. ત્યાં રહેવા માટે એક સુંદર જગ્યા (સાધુઓને રહેવાનો આશ્રમ) બાંધીને સારા સાધુઓ રહેતા હતા. તેઓ સર્વ સાધુગુણ સંપન્ન હતા અને હરિભજનમાં એકતાર રહેતા. તેમને રાતદિવસ હરિભજનનું જ વ્યસન હતું. બીજાં કોઈ પણ વ્યસન સંતોને ન હતા. તે સંતોમાં હરિગુણાનુરાગી મુક્તમુનિ નામના સંત મુખ્ય હતા. ૧૮.

### ✲ સુખાનંદસ્વામી તથા વર્ણિરાજનું મિલન :

બીજા સંતો તેમની આજ્ઞામાં રહેતા. જેઓ ભગવાન સિવાયની બીજી વાત પણ કરતા નહિ. તે માંહેલા એક સુખાનંદ નામે સાધુ હતા. ૧૯. જ્યારે એક પહોર દિવસ બાકી હતો ત્યારે તે સાધુ ત્યાં નહાવા માટે આવ્યા. તે સમયે તેમણે ધર્મકુમાર શ્રીહરિને બાળયોગીના રૂપમાં દેખ્યા અને તરત તેમના જીવમાં ચોંટી ગયા. ૨૦. તેઓ શ્રીહરિની નજીક જઈને બેઠા અને સુખકારી વચન બોલ્યા. તે સિવાય કેટલાક ગામના લોકો પણ ત્યાં આવ્યા અને યોગીને પગે લાગ્યા. ૨૧. યોગીએ નેત્રની વૃત્તિ નાસિકાના અગ્રભાગે લગાવી હતી. ત્યારે સુખાનંદ મુનિ મસ્તક નમાવીને બોલ્યા. યોગિરાજ ! તમે તો મહાન અલૌકિક પુરુષ છો. અંતરના પણ તંદુરસ્ત દેખાઓ છો. ૨૨. આપનું તેજ પ્રતાપ અપાર જણાય છે. આપના જેવા બીજા કોઈ સંતને અમે દેખ્યા નથી. આપ જ્ઞાન, વૈરાગ, જપ, તપ અને યોગમાં લાગેલા જણાઓ છો. અન્ય ભોગો તજી દીધા હોય તેમ દેખાય છે. ૨૩.

આપ કોણ છો ? અમને કૃપા કરીને કહો. આપ દત્તાત્રેય છો કે કપિલ મુનિ ? અથવા જગતનું હિત કરનારા સાક્ષાત્ કલ્યાણમૂર્તિ આપ લોકોનાં પાપોને બાળવા માટે પ્રેમથી અહીં પધાર્યા છો ? ૨૪. કૃપાળુ, આપનો દેશ કયો છે ? અને ગામ કયું છે ? પરમ દયાળુ, અત્યારે આપ ક્યાંથી આવ્યા છો ? અને ક્યાં જઈ રહ્યા છો ? તે મને કહો. ૨૫. આપના ગુરુનું સ્થાન ક્યાં છે ? અને સંપ્રદાય કયો છે ? કેટલાય દિવસો વીતી ગયા છે પરંતુ આપના સમાન યોગી મેં જોયા નથી. ૨૬. **આપ અલક્ષ્ય (ન ઓળખાઓ તેવા) બન્યા છો. અને સ્વસ્વરૂપમાં અવિચળ સ્થિતિથી સંતુષ્ટ દેખાઓ છો.**

**તેમજ આત્મામાં અંતર્યામીના રૂપમાં વિરાજમાન શ્રીકૃષ્ણના સ્વરૂપનો નિત્ય જપ કરી રહ્યા છો. ૨૭.** ત્યારે સર્વ શુભ ગુણોના ભંડારરૂપ મહાન યોગી ધ્યાનમાંથી બહાર આવ્યા. પછી મુખ ઉપર મૃદુ મંદ હાસ્ય ધારણ કરીને બોલ્યા. ૨૮. અમારે કોઈ ગામ કે દેશ નથી. અમારો કોઈ ગુરુદ્વારો કે સંપ્રદાય નથી. અમારે માતા, પિતા કે બંધુજન કોઈ જ નથી કે, જેનાથી ભવસંકટ દૂર થાય. **જન્મ અને મરણ એ ભારે મોટું દુઃખ છે. આ દુઃખ થકી જે છોડાવે તે જ ગતિરૂપ ખરા ગુરુ છે.** બધો પૂર્વદેશ ફરીને અહીંયાં આવ્યો છું, પણ ક્યાંય મોક્ષદાતા ગુરુ મળ્યા નથી. ૨૯-૩૦. હવે દ્વારકાધામ જાવું છે. શ્રીરણછોડજીનું મોટું નામ છે. તેમનાં દર્શન કરવા છે. સ્વયં શ્રીકૃષ્ણ ભગવાન ત્યાં આવીને રહ્યા છે. ૩૧.

ત્યારે સુખાનંદ મુનિ બોલ્યા, પ્રકટનાં દર્શન સિવાય મોક્ષ નહિ થાય. ત્યારે સામેથી બાળયોગીએ વચન કહ્યું, **તે સુખદાયક ભગવાન આજ પ્રકટ ક્યાં મળે છે ?** ૩૨. ત્યારે મસ્તક નમાવીને સુખાનંદ મુનિએ કહ્યું, મોક્ષ કરનારા તો રામાનંદસ્વામી છે. તેમના શિષ્ય, સુખકારી અને મહાન સંત મુક્તાનંદ સ્વામી નામે સાધુ અહીંયાં જ રહે છે. ૩૩. **તો આપ અત્યારે તેમની પાસે આવો તો આપના બધા જ કાર્ય સિદ્ધ થઈ જશે. ત્યારે તે બાળયોગીએ કહ્યું, "જીવને બંધન થઈ જાય" આવું માનીને હું ગામમાં જાતો નથી.** ૩૪. જે નારી અને ધનનો પ્રસંગ રાખે તે યોગી હોય તોપણ તે અંતે ભોગ ભોગવવા લાગી જાય છે. તેટલા માટે હું ક્યારેય ગામમાં જાતો નથી. જ્યારે ભિક્ષા માગવી હોય ત્યારે ગામમાં જાઉં છું. ૩૫. એકવાર હું ભિક્ષા લેવા જાઉં અને જો કાંઈ ન મળે તો ઉપવાસ કરું છું, પણ ફરીવાર ગામમાં જાતો નથી. ત્યારે સુખાનંદ મુનિએ કહ્યું, અમારી જગ્યા(આશ્રમ) ગામથી અલગ છે. માટે બ્રહ્મચારી આપ કૃપા કરીને ત્યાં પધારો. ૩૬.

ત્યારે જગતપતિ પરમેશ્વર શ્રીહરિ સુખાનંદ મુનિની સાથે તેમના આશ્રમમાં આવ્યા. સહુ સંતો પ્રેમથી મસ્તક નમાવીને શ્રીહરિને પગે લાગ્યા. ૩૭. આનંદનું મૂળ શ્રીહરિ મુક્તાનંદ સ્વામીની પાસે આવીને બેઠા. અંગો ઉપર તપની મહાન કાંતિ હતી એટલે પૂર્ણ ચંદ્રમાની જેમ શોભતા

હતા. ૩૮. યોગી વર્ણીને જે આસન આપ્યું હતું તે તેમણે છોડી દીધું અને જમીન ઉપર નીચા બેઠા. ત્યારે મુક્તાનંદ મુનિ બંને હાથ જોડીને બોલ્યા. ૩૯. અર્થાત્ તેમણે યોગીને તે વાત પૂછી કે આપ આસન ઉપર કેમ બેઠા નહિ તેનું જે કારણ હોય તે વિચારીને કહો. ૪૦. **ત્યારે બાલાયોગીએ મનમાં ઉમંગ રાખીને સંતોની આગળ મધુર વચન કહ્યાં, આ પચાસ કોટી યોજનની વિશાળ ભૂમિનું મેં આસન કર્યું છે.** ૪૧. **તેનાથી મોટું બીજું કોઈ આસન નથી. તેને છોડીને નાના આસનને શું કરવું છે ? વાસ્તવમાં સંતોની આગળ કોઈ માન-મોટાઈ રાખવી ન જોઈએ. સંતોની આગળ તો નાનપ રાખીને વરતવું જોઈએ.** ૪૨.

ચારે બાજુ સંતોની સભા થઈ. વચ્ચે મહાન તપસ્વી યોગી બેઠા. તેઓ દેખાતાની સાથે જ સહુના મનમાં ભાવી ગયા. આવા યોગિરાજ કોઈ આવ્યા નથી. ૪૩. જગત્‌ના કારણરૂપ કોઈ મહાન યોગી છે એમ જાણીને સહુ પરસ્પર બોલતા હતા. આ યોગી તો અગમ નિગમની વાતો કહે છે. આવા બીજા કોઈ જ્ઞાની અને સંયમી નથી. ૪૪. જો આપણાં સદ્‌ભાગ્ય હોય તો આ યોગિરાજ અહીંયાં રહે. આ તો બધા યોગીઓ અને સિદ્ધોની ચરમ સીમા છે. સંતો પોતાના મનમાં આવા મનોરથ કરતા હતા. ૪૫. **જેમ ચમક લોઢાને પોતાની તરફ ખેંચે છે તેમ આ યોગી આપણા મનની વૃત્તિને પોતાના સ્વરૂપમાં ખેંચે છે. યોગી કોઈ એવા કારણરૂપ છે કે તેમને દેખતા આંખોને પણ તૃપ્તિ થતી નથી.** ૪૬. મનુષ્યમાં તો આપણે આવી રીત ક્યાંય દેખી નથી. માટે આ તો કોઈ પવિત્ર દેવ કે ઈશ્વર હશે અથવા તો ચંદ્ર કે સૂર્ય હશે ? અગ્નિ હશે કે વાયુદેવ ? ૪૭. કાં તો આ બ્રહ્મા, શિવ કે સુરરાજ ઈન્દ્ર હશે. અથવા કોઈ એકાંતિક મુક્ત પુરુષ હશે, કાં તો મૂર્તિમાન તપ આવ્યું હશે. કાં તો બદરીપતિ નારાયણઋષિ આપણને દર્શન દેવા પધાર્યા હશે. ૪૮. સંતો વિચારે છે કે આપણા મનની વૃત્તિ ક્યારેય માયિક વિષયમાં ચોંટતી નથી. છતાં આ યોગીમાં ચોંટે છે એટલે એવું અનુમાન કરી શકાય કે આ યોગીના રૂપમાં માયાથી પર રહેલા પુરુષોત્તમ જ આવ્યા હશે. ૪૯.

**કરુણાસાગર પ્રભુએ કરુણા કરી પોતાની સ્વતંત્ર બળવત્તર ઈચ્છાથી અહીં પધારીને આપણને દર્શન આપ્યાં છે. ૫૦. આપણાં અપાર ભાગ્ય છે, તેનું મુખથી વર્ણન કરી શકાય તેમ નથી. ગુરુ શ્રીરામાનંદસ્વામી આપણા ઉપર અતિ રાજી થયા તેથી આપણને સર્વના આધાર આ યોગી મળ્યા છે.** ૫૧. પછી મુક્તાનંદ સ્વામીએ કહ્યું, આપ તો અમાપ સદ્‌ગુણોથી યુક્ત છો. આપ રસોઈ બનાવો. આ સંતોને આપ સેવક સમજજો. ૫૨. શ્રીહરિએ પછી રસોઈ બનાવી. પહેલાં વિષ્ણુ ભગવાનને થાળ ધરાવ્યો. પછી પોતે જમ્યા. તે પછી વર્ણિરાજ પ્રસન્ન મનથી સંતોની પાસે આવીને બેઠા. વર્ણીએ મનમાં જાણ્યું કે આ બધા સાધુ શુદ્ધ બુદ્ધિવાળા, જિતેન્દ્રિય અને નિષ્કપટ છે. કોઈમાં દંભ નથી. સરળ ચિત્તવાળા અને પ્રભુનાં ચરણોમાં પ્રેમ ભાવથી ચોંટેલા છે. ૫૩. **ભગવાન શ્રીહરિએ જોયું કે બધા સાધુઓને ભગવાનનાં ચરિત્રોની કથા સાંભળવામાં આસ્તિક ભાવ છે. તેમણે મનમાં નિશ્ચય કર્યો કે આ બધા સાચા અર્થમાં ભગવાનના સાધુ છે. બધો પૂર્વ દેશ જોયો. અહીંના જેવા ક્યાંય સાધુ નથી, માટે આ મોટેરા સંતોની સાથે કેટલાક દિવસ રહું. કેમ જે, મોટાનો સંગ અતિ બળવાન છે.** ૫૪.

**दोहा : श्रीहरि बोले संतसुँ, सुनो सबे चित्त लाय;**
**तुम पास हम रहन की, इच्छा किन हरखाय...५५**
**संत की सेवा करनकु, इच्छा होत हे जोई;**
**पूर्व जन्म के भाग्य जेहि, उदे होत हे सोई...५६**

પછી શ્રીહરિએ સહુ સંતો આગળ કહ્યું, સંતો, બધા ધ્યાન દઈને સાંભળો. આપ સંતોની પાસે રહેવાની ઈચ્છા કરતા મને આનંદ થાય છે. ૫૫. સંતોની સેવા કરવાની ઈચ્છા તો પૂર્વ જન્મના શુભ પુણ્ય (ભાગ્ય) ઉદય થયાં હોય ત્યારે થાય છે. ૫૬. પોતાનું મનધાર્યું કરવા માટે તો બધા જ લોકો જપ, તપ, તીર્થ અને વ્રતોને કરે છે; પણ ધાર્યું કરવાથી તો મનુષ્ય ભવસાગરમાં જ જન્મમરણ પામ્યા કરે છે. ૫૭. વેદો અને આગમો કહે છે કે ભગવાનના સંતો સંસાર સાગર તરવા માટે નાવરૂપ છે. તે સંતોનો સમાગમ હવે મને મળ્યો છે. ૫૮.

*ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના તૃતીય પૂરમાં 'શ્રીહરિનું લોજમાં મુક્તાનંદ સ્વામી સાથે મિલન' એ નામે પહેલો તરંગ સમાપ્ત ॥૧॥*

## પૂર ત્રીજું : તરંગ - ૨

### શ્રીહરિ અને મુક્તાનંદસ્વામીના પ્રશ્નોત્તર

બધા સંતોમાં આનંદ થયો. સ્વમુખે પોતાના ભાગ્યને ધન્ય ધન્ય કહેવા લાગ્યા અને સહુને ભગવાનનાં ચરણોમાં પ્રેમ થયો. ૧. નીલકંઠ વર્ણી નામે મુનિએ મનમાં ઘણા જ પ્રસન્ન થઈને મુક્તાનંદ સ્વામીના પ્રત્યે પાંચ પ્રશ્ન પૂછ્યા. ૨. ૧-જીવ, ૨-માયા, ૩-ઈશ્વર, ૪-બ્રહ્મ અને ૫-પરબ્રહ્મ, આ પાંચના સ્વરૂપને અલગ અલગ રીતે સમજાવો. સમગ્ર સિદ્ધાંતના મર્મને આપ જાણો છો. ૩. પ્રશ્ન ઘણો જ સૂક્ષ્મ હતો. સરલ ચિત્તવાળા અને ઉદાર મનના સંત શ્રીમુક્તાનંદ સ્વામીએ હાથ જોડીને કહ્યું, ૪. મેં મારા ગુરુ શ્રીરામાનંદસ્વામી પાસે જે સાંભળ્યું છે તે પ્રમાણે જ હું તમારા પ્રશ્નોના ઉત્તર કરી શકું તેમ નથી. **આ પ્રશ્નનો યથાર્થ ઉત્તર તો અમારા ગુરુ જ જાણે છે**. ૫. ત્યારે વર્ણીએ કહ્યું, આપ જાણતા હો તેમ ઉત્તર કહો. આપના ગુરુ પાસેથી ફરીને સાંભળશું. ત્યારે મુક્તાનંદ મુનિએ કહ્યું, તમારા પ્રશ્નોના ઉત્તર હું કહું છું. તેને તમે સાંભળો. ૬.

**(૧) સ્થૂળ, સૂક્ષ્મ અને કારણ, આ ત્રણ શરીર છે, તે ત્રણેમાં નખથી શિખા પર્યંત જે વ્યાપીને રહ્યો છે; અંતઃકરણ અને ઈન્દ્રિયોને આધારે જે બધી ક્રિયાઓને કરે છે, પણ વાસ્તવમાં જે દેહ, ઈન્દ્રિયો અને અંતઃકરણ, એ સર્વથી ભિન્ન છે;** ૭. જે અજર, અમર અને નિરંશ કહેવાય છે; જેના અછેદ્ય અભેદ્ય આદિ લક્ષણ કહેવાય છે; જે નિત્ય છે, સનાતન છે અને અચળ છે, જ્ઞાતા પણ છે તે જીવનું લક્ષણ છે. એમ સમજવું. ૮.

**શ્રેષ્ઠ અને અનુપમ એવા હે મુનિવર ! હવે હું ઈશ્વરનું લક્ષણ કહું છું, તે તમે સાંભળો. (૨) વિરાટ્ સૂત્રાત્મા અને અવ્યાકૃત, એ ત્રણમાં જે**

**વ્યાપીને અનુસરીને રહે છે.** ૯. ઉત્પત્તિ, સ્થિતિ અને પ્રલય, આ ત્રણ અવસ્થા ઈશ્વરની છે. એમ ઈશ્વરના સ્વરૂપને તમે સમજો. તે સિવાય અધિક હોય તે હે મુનિ ! આપ જાણો. ૧૦. **હે મુનિરાજ ! હવે હું માયાનું સ્વરૂપ કહું છું.** (૩) **જે પરબ્રહ્મ એવા શ્રીકૃષ્ણ ભગવાનની શક્તિ છે, જે જીવના શરીરની ઉત્પત્તિનું ક્ષેત્ર છે, ત્રિગુણાત્મક છે, કાર્યકાળે જડચેતનરૂપ છે અને અંધકારરૂપ છે; તેનું આ સ્વરૂપ અનાદિ છે.** ૧૧-૧૨. જે અજ્ઞાનમય છે, દુઃખરૂપ છે, જે ગુણોની સામ્યાવસ્થામાં નિર્વિશેષ રહે છે, સત્સંગના યોગ સિવાય તે કોઈથી ટાળી ટળી શકતી નથી; ૧૩. જીવને અહં અને મમત્વ કરાવનારી છે; હે વર્ણી, તમે આવા માયાના સ્વરૂપને જાણો. હું જેવું સમજું છું તેવું મેં કહ્યું છે. ૧૪.

**❋ બ્રહ્મ અને પરબ્રહ્મના સ્વરૂપનું લક્ષણ :**

**હવે હું બ્રહ્મનું લક્ષણ કહું છું.** આપ તો મહાન જ્ઞાનના નિધિ છો. (૪) જે સત્ય, જ્ઞાન, અનંત અને અક્ષરધામરૂપ છે, જેનું અનંત શક્તિધર આવું નામ પણ છે, ૧૫. જે પૂર્ણબ્રહ્મ છે, અખંડ, અમાપ અને અવિનાશી છે, પ્રકાશરૂપ છે, એકરૂપ (એક સરખું) છે, જે જીવ, ઈશ્વર અને માયાના પ્રકાશક છે, જે મૂર્ત અને અમૂર્ત છે, શુદ્ધતમ છે, ૧૬. જે સર્વાધાર અને નિર્વિકાર છે, જે નિત્ય અને અખંડ છે, માયાના ત્રણ ગુણોથી રહિત છે, એવું બ્રહ્મનું સ્વરૂપ છે. તે મેં કહ્યું. વર્ણી, તમે પણ તેનું યથાર્થ રૂપ તો જાણો જ છો. ૧૭. શ્રેષ્ઠ અને અનુપમ આવા હે વર્ણી, તમે સાંભળો, હવે **હું પરબ્રહ્મનું સ્વરૂપ કહું છું.** (૫) જે કૃષ્ણ, વિષ્ણુ, નારાયણ, વાસુદેવ અને અચ્યુત કહેવાય છે; ૧૮.

**ચોપાઈ :**

**आनंदमय प्रभु दिव्य स्वछंदा, अव्यय सदा कहत सुखकंदा;**
**रमाकांत भगवान कहावे, अक्षर कोटि जेहि नित्य ध्यावे...१९**

**माया काल नियंता कहिये, क्षर अक्षर पर्यंत हि लहिये;**
**कर्मफल प्रद सबके एहा, एहि सम कोउ न औरहि जेहा...२०**

જે આનંદમય, પ્રભુ, દિવ્ય, સ્વતંત્ર, અવ્યય અને સદા સુખોનું મૂળ કહેવાય છે; જે રમાકાંત ભગવાન કહેવાય છે, અક્ષરકોટિ જેનું નિત્ય ધ્યાન

કરે છે, ૧૯. જે માયા અને કાળના નિયંતા છે, જે ક્ષર-અક્ષર પર્યંતના પણ નિયામક છે, જે સર્વનાં કર્મફળોને આપે છે, જેના સમાન બીજું કોઈ જ નથી; ૨૦.

**सब कारन के कारन ताई, अनंत शक्तिधर ईश्वर जाई;**
**सब प्रेरक परब्रह्म कहाउ, साकार सदा ब्रह्मपुर रहाउ...२१**
**मुक्त कोटि जेहि चरनकु सेवे, निश दिन नाम रटन मुख लेवे;**
**अक्षर मुक्त ईश्वर जीय जोउ, सब कर ध्येय कहावत सोउ...२२**

જે સર્વ કારણોના પણ કારણ છે, જે અનંત શક્તિને ધારણ કરનારા ઈશ્વર કહેવાય છે અને જે સર્વના પ્રેરક-પ્રવર્તક છે, જે સદા સાકાર છે, બ્રહ્મપુર (અક્ષરધામ)માં જે રહ્યા છે, ૨૧. કરોડો મુક્તો જેના ચરણારવિંદની સેવા કરે છે, જેના નામનું સ્મરણ રાત-દિવસ મુખથી કરતા રહે છે; જે અક્ષરમુક્તો, ઈશ્વર અને જીવ, એ સહુએ ધ્યાન કરવા જેવા છે; તે પરબ્રહ્મ કહેવાય છે. ૨૨.

હે મુનિવર ! ગુરુના મુખથી જેવું સાંભળ્યું છે, તે રીતે મેં આ પરબ્રહ્મનું સ્વરૂપ પણ તમારી આગળ કહ્યું છે. ૨૩. તમારા પ્રશ્નોના યથાર્થ ઉત્તર તો મારા ગુરુ જે પ્રૌઢ જ્ઞાની છે, તે જાણે છે. તેઓ આ પાંચે તત્ત્વોને હસ્તામલકની જેમ સ્વયં દેખે છે અને બીજાને તેનું દર્શન તત્કાળ કરાવે છે. ૨૪. પાંચ પ્રશ્નોના ઉત્તર સાંભળીને વર્ણિરાય શ્રીહરિ ઘણા જ પ્રસન્ન થયા. આપના ગુરુ શ્રીરામાનંદસ્વામી આવે અને મળે ત્યાં સુધી હવેથી હું અહીંયાં રહીશ. ૨૫. આપે અનુભવથી અને શાસ્ત્રોના પ્રમાણથી મારા પ્રશ્નોના ઉત્તર સાચા કહ્યા છે. બીજા કોઈ તેને યથાર્થ જાણતા નથી. મેં ઘણા સાધુ-સંતોને અને પંડિતોને આ પ્રશ્ન પૂછ્યો છે. ૨૬. આપનાં દર્શન થવાથી મને ઘણો હર્ષ થયો છે, આનંદ થયો છે. હું ઘણા દેશોમાં ફર્યો છું. મેં ઘણા જ્ઞાની સંતોને જોયા છે. ૨૭. ઝાઝા ભાગના તેઓ કશું જાણતા ન હોય અને દંભનો પાર ન હોય. તે સ્વભાવે ખળ, કુટિલ અને અતિ અહંકારી હોય છે. આપ એકને જ મેં નિષ્કપટ દેખ્યા. ઘણા ખરાને તો મેં અતિશય અજ્ઞાન ભર્યા જ દેખ્યા છે. ૨૮. **અહીંયાંના સંતોને મેં નિર્મળ જોયા, તેથી મારું મન અહીંના**

**સત્સંગમાં રહેવા લલચાયું છે. જે બીજે ક્યાંય ઠર્યું નથી. બીજાઓને તો મેં માયિક પંચ વિષયમાં ચોંટેલા જોયા છે, પણ આપના સમાન કોઈને મેં ત્યાગી જોયા-જાણ્યા નથી.** ૨૯.

પંચવિષયને ભોગવવા માટે દંભથી નગ્ન ફરે છે. તેના હૃદયમાં (અંગમાં) તો કામ ક્રોધ અને લોભ ભર્યા હોય છે. સિદ્ધ બનીને બગલાની જેમ ધ્યાન કરે, પણ જે મળે તેના પ્રાણ લઈ લે છે. ૩૦. વન, પર્વતો, ગુફાઓ અને ઘણા દેશો મેં જોયા છે. મારે હવે જોવાનું કાંઈ જ બાકી રહ્યું નથી. જ્યાં જ્યાં જેટલા સિદ્ધ કહેવાતા હતા, ત્યાં બધે હું જઈ આવ્યો છું. ૩૧. ખૂબ જ ઝીણવટથી મેં હઠયોગીઓને નિહાળ્યા-સાંભળ્યા છે. વળી મોટા અઘોરીઓને પણ દેખ્યા છે. તેમજ જગ્યા બાંધીને રહેતા ઘણા મહંતોને જોયા છે, પણ તે કોઈને મેં માયાથી છૂટેલા દેખ્યા નથી. ૩૨. તેઓ માયિક વિષયની આશારૂપી પાશથી બંધાયેલા હોય તેમ હું ખાતરી કરીને જાણી ચૂક્યો છું. તેથી દસ-વીશ દિવસ અથવા એક માસ સુધી સાથે રહ્યા પછી તેનો સાર સમજીને હું ચાલતો થયો છું. ૩૩. **આપ જેવા સંતોને મળવા માટે તો મેં ઘર છોડ્યું છે. તે અત્યારે આપ મળી ગયા છો, તેથી હવે મારું મન આપમાં લાગી ગયું છે. માટે હવે જેમ આપ કહેશો તેમ હું કરીશ. સંતો માટે તો હું મારા પ્રાણોને પણ આપી શકું છું.** ૩૪. શ્રીહરિ અને સંતો પરસ્પર વિવિધ પ્રકારના પ્રશ્ન અને ઉત્તર રોજ કરતા હતા. આ રીતે તેમને પ્રેમ ઘણો જ વધ્યો. ૩૫. શ્રીહરિના મુખનાં અમૃત સમાન વચનોને સાંભળીને બધા સંતો રોમાંચિત થઈ જતા અને બોલતા કે આજના સમયમાં આ વર્ણીના સમાન બીજા કોઈ મહાન નથી. ૩૬. શ્રીહરિ અને સંતોમાં પરસ્પર સંસ્કૃત ભાષામાં કે લોક(પ્રાકૃત)ભાષામાં પ્રશ્નો અને ઉત્તરની ઝડીઓ વરસતી હતી. ત્યારે જે ચતુર-વિચક્ષણ સંતો હતા તેઓ તો પ્રશ્નના ઉત્તર સાંભળીને અત્યંત ચકિત થઈ જતા હતા. ૩૭.

### ❋ આશ્રમમાં સંતો અને વર્ણિરાજનો સંવાદ :

મુનિરાજ નીલકંઠ વર્ણીને સહુ સંતો સાક્ષાત્ ઈશ્વરના સમાન ગણીને તેમની સેવામાં મન, વચન, કર્મથી તત્પર રહેતા હતા. ૩૮. સહુ સંતો

સ્નાન, પૂજન, ધ્યાન, સ્મરણ, વંદન, શાસ્ત્રાધ્યયન આદિ કરવા માટે બેસતા હતા. દૃષ્ટિને સ્થિર કરતા, મનને એકાગ્ર રાખતા, નિત્ય અષ્ટાંગ યોગ કરતા. કોઈ વાતે ફેર પડવા દેતા નહિ. ગ્રામ્ય વાતો કરતા નહિ અને સાંભળતા પણ નહિ. એક ભગવાનના ચરણોની સ્મૃતિ જ રાખતા હતા. ૩૯. એક દિવસ સહુ સંતોએ મસ્તક નમાવીને વર્ણિરાજને પૂછ્યું કે તમે ધ્યાન કોનું કરો છો ? અમને તે વાતથી આશ્ચર્ય થાય છે કે આપ ધ્યાન કરતી વેળાએ અમારા મનને શા માટે ખેંચો છો ? ત્યારે વર્ણિરાજે કહ્યું સૌ સંત મંડળ સાંભળો. મારા મનના ભાવોને પૂર્ણ કરવા અર્થાત્ શાંતિ-સંતોષને પ્રાપ્ત કરવા હું શ્રીરાધાકૃષ્ણનું ધ્યાન કરું છું. ૪૦. શ્રીરાધાકૃષ્ણ જ મારા ઈષ્ટદેવ છે, એમાં કોઈ સંદેહ નથી. તે મહા પ્રભુ બ્રહ્મા, ભવ આદિ દેવોના પણ દેવ છે, તે આવું સમજીને જ હું ધ્યાન અને સેવા કરું છું. ૪૧. વરાહ આદિ અનંત અવતારો પણ તેમાંથી જ વારંવાર પ્રકટે છે. અનંત બ્રહ્માંડોની (ઉત્પત્તિ) પાલન અને સંહાર કરવો તે બધી તેમની સહજ લીલા છે. ૪૨.

આવા શ્રીકૃષ્ણને હું પરબ્રહ્મ માનું છું અને તેમને જ મારા ઈષ્ટદેવ માનીને હું તેમનું ધ્યાન કરું છું. શ્રીહરિ સ્વયં પુરુષોત્તમ હોવા છતા સંતોની આગળ આવું બોલ્યા. જેની લીલાઓમાં બ્રહ્મા આદિ પણ ભ્રમ થવાથી ચલિત થઈ જાય છે. ૪૩. **જ્યારે જ્યારે ભગવાન અવતાર ધારણ કરે છે ત્યારે પોતે પોતાનો મહિમા ક્યારેય કહેતા નથી. ભગવાનના સામર્થ્ય (શક્તિ) વિના તો જીવ, ઈશ્વર, માયા અને બ્રહ્મ સુદ્ધા બધાં જ અચેતન જેવા છે.** ૪૪. એવા ભગવાન પોતે પોતાના મુખથી મહિમા કહે તેથી શું વિશેષતા! જ્યારે સૂર્યોદય થાય ત્યારે અંધારું રહે જ નહિ, પણ જે ઘુવડ હોય છે, તેને સૂર્યના પ્રકાશનો મહિમા સમજાતો નથી. ઘુવડ તો સૂર્ય ઉદય થાય તોપણ તેને ક્યારેય માનતા નથી. ૪૫. વર્ણિવેશ શ્રીહરિની અમૃતના જેવી વાણી સાંભળીને મુક્તાનંદ સ્વામીને ઘણો જ પ્રેમ થયો. પછી તેઓ મુખથી બોલ્યા કે અમે પણ તે શ્રીકૃષ્ણનું જ ભજન કરીએ છીએ. ૪૬. **અમે જ્યારે ધ્યાન કરીએ છીએ ત્યારે ગુરુની કૃપાથી તે શ્રીકૃષ્ણ ભગવાનને અમે દૃષ્ટિ આગળ**

**મૂર્તિમાન દેખીએ છીએ.** ૪૭. શ્રીરામાનંદસ્વામી નામે અમારા જે ગુરુ છે તે સાક્ષાત્ ઉદ્ધવનો અવતાર છે અને હાલમાં લોકોનો ઉદ્ધાર કરવા, તેઓ પ્રકટ થયા છે. ૪૮. જેને શરણે રહીને પુરુષ અને સ્ત્રીઓ, ટોળેટોળાના રૂપમાં નિષ્કામ વ્રતમાન પાળીને ભગવાનનું ભજન કરે છે. આવા શ્રીરામાનંદસ્વામી મહાન કૃપાળુ છે. ૪૯. ત્યારે વર્ણિરાજ બોલ્યા, સમગ્ર લોકોને સુખ આપનારા રામાનંદસ્વામી અત્યારે ક્યાં છે ? તો સહુ અત્યારે ચાલો, આપણે તત્કાળ તેમની પાસે જઈએ. ૫૦.

"આપ અત્યંત અને મહાન દયાળુ સંત છો, તો મારા ઉપર આપ કૃપા કરો. હવે દયાળુ સદ્ગુરુ શ્રીરામાનંદસ્વામી મને તુરંત કઈ રીતે મળે ? ૫૧. **જ્યાં તે રામાનંદસ્વામી હોય ત્યાં આપણે જઈએ, અથવા તેઓ અહીંયા આવે. જે યોગ્ય હોય તે ઉપાય મને કહો. તે સ્વામી અત્યારે કયા પ્રદેશમાં રહ્યા છે ?" આમ જ્યારે વર્ણિરાજ બોલ્યા.** ૫૨. ત્યારે મહામુનિ મુક્તાનંદ સ્વામી બોલ્યા, વર્ણિરાજ ! સાંભળો. સદ્ગુરુ રામાનંદસ્વામી તો અત્યારે ભુજ નગરમાં વિરાજે છે. ૫૩. ત્યાં જવા માટે નો માર્ગ અત્યંત વિકટ (દુર્ગમ) છે. ભુજ સમુદ્રની ખાડીને સામે પાર છે. કચ્છ દેશમાં જવું તે ઘણું કઠણ છે. પચીશ યોજનથી પણ વધારે દૂર છે. ૫૪.

ત્યારે વર્ણીએ કહ્યું, આ માનવ શરીર અત્યંત ક્ષણભંગુર ગણાય, તેનો કાંઈ નિર્ધાર નથી. હવે તો સ્વામીનાં દર્શન થયા સિવાયનો એક પલક જેટલો સમય પણ યુગના જેવો લાગે છે. ૫૫. ત્યારે મુક્તાનંદ સ્વામીએ કહ્યું, વર્ણી, આપ તો વિચક્ષણ છો. સ્વામીની આજ્ઞા વિના કોઈએ ક્યારેય દર્શન કરવા જવાય નહિ. પહેલાં સ્વામીની મરજી શું છે ? તે આપણે જાણવું જોઈએ. માટે સમાચાર પૂછીને હું આજ્ઞા મગાવું છું. ૫૬.

***ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના તૃતીય પૂરમાં 'શ્રીહરિ અને મુક્તાનંદ સ્વામીના પ્રશ્નોત્તર' એ નામે બીજો તરંગ સમાપ્ત ॥૨॥***

## પૂર ત્રીજું : તરંગ - ૩

## લોજમાં જન્માષ્ટમી ઉત્સવ, શ્રીહરિએ સ્વામિનારાયણ નામનો મહિમા કહ્યો

વર્ણીરૂપ શ્રીહરિની રામાનંદસ્વામીનાં દર્શન કરવાની તીવ્ર ઈચ્છાએ વિરહનું રૂપ ધારણ કરી લીધું. તેમણે મુક્તાનંદ સ્વામીને કહ્યું કે આપ કોઈ એવો ઉપાય કરો કે મને સ્વામીનાં દર્શન આજ ને આજ જ થાય. ૧. ત્યારે મુક્તાનંદ સ્વામીએ કહ્યું, હે વર્ણિવર્ય ! તમે મારી વાત સાંભળો. ચૈત્ર માસમાં સદ્‌ગુરુ શ્રીરામાનંદસ્વામી સાક્ષાત્ અહીં આવીને મળશે-દર્શન આપશે. ૨. ત્યારે વર્ણીએ તે વચન સાંભળીને પોતાના મનને થોડું સ્થિર કર્યું. દિવસોને ગણતા ગણતા વર્ણી ક્યારેક વિયોગને લીધે અત્યંત વ્યાકુળ થઈ જતા. ૩. તે વ્યાકુળતા કહી શકાતી નથી. સીતાના વિયોગમાં રામચંદ્રજીની જેમ વર્ણી ગુરુના વિયોગનું દુઃખ પામ્યા. જો કે શ્રીહરિ આ રીતે મનુષ્ય ચરિત્રને અધિક કરી રહ્યા હતા. ૪. આમ ને આમ દિવસો પસાર થતાં જન્માષ્ટમી આવી. જન્માષ્ટમી પરમ સુખદાયી છે. કૃષ્ણની તિથિ છે. આસપાસનાં ગામોના હરિભક્તો ઉત્સવનો દિવસ જાણીને લોજ આવ્યા હતા. ૫.

“લોજમાં કોઈ અલૌકિક તપસ્વી આવ્યા છે,” આવું જાણીને તેમનાં દર્શન કરવા માટે હરિભક્તોનો સમાજ ઘણો જ આવ્યો હતો. તેઓ ફળ-ફૂલ અને મેવામીઠાઈ ઘણું લાવ્યા અને તપસ્વી વર્ણીની આગળ બધું અર્પણ કર્યું. ૬. તે જોઈને બધા સંતો ખૂબ જ રાજી થયા. કોઈના મનમાં ઈર્ષ્યા ન થઈ. તે પૂજા જોઈને સહુએ તેની પ્રશંસા કરી. જેવું ઘટતું હતું તેવું થયું. ૭. ભવ-સંસારના ભયને હરનારા શ્રીહરિનાં દર્શન કરીને સહુ પ્રેમી હરિભક્તો ઘણા જ રાજી થયા. તે દિવસ જન્માષ્ટમી હતી તેથી ગામોગામ જન્મોત્સવ છવાઈ ગયો હતો. ૮. અષ્ટમી તિથિએ ઉત્સવ કરવાનો હોય છે. તે જ્યારે જન્મ થયો હતો ત્યારે ગોકુળમાં જેવો ઉત્સવ થયો હતો તેવો ઉત્સવ કરવાનું સૌએ મનમાં ધાર્યું હતું. ૯. ઝાંઝ, મૃદંગ અને નોબત વગેરે વાજિંત્રો વગાડીને અત્યંત હરખભરી ભાવનાથી ઉત્સવ કર્યો. સંતો અને હરિભક્તોએ વર્ણીને સાથે લીધા અને સમુદ્રમાં સ્નાન કરવા બધા ઉમંગથી ચાલ્યા. ૧૦.

ધોળ રાગનાં મંગળમય કીર્તનોને ગાતા ગાતા સંતો અને હરિભક્તો ચાલ્યા. તે સહુની વચ્ચે શ્યામ સુંદર સ્વરૂપના શ્રીહરિ અત્યંત શોભતા હતા. ૧૧. શ્રીહરિનું સ્વરૂપ નખથી શિખા પર્યંત ફૂલહારથી ઢંકાઈને શોભતું હતું. કેસરયુક્ત ચંદનથી અંગે અર્ચા કરી હતી, તેથી મૂર્તિ નટવરના સમાન દેખાતી હતી. ૧૨. સમુદ્ર કિનારે ભેળા મળેલા સહુ ભક્તજનો જય જયકારનો ધ્વનિ કરતા હતા. શ્રીહરિ પોતાને ભવન આવ્યા છે, એમ જાણીને સમુદ્ર પણ ખૂબ જ પ્રસન્ન થયો. ૧૩.

સમુદ્ર નવસો ને નવાણું નદીઓનો પતિ છે. તેને જોઈને તથા પોતાના શેષશય્યાના આસનનું ઠેકાણું છે એમ જાણીને શ્રીહરિએ ત્યાં સમુદ્રમાં સ્નાન કર્યું. ૧૪. બ્રહ્મા, ભવ ઈન્દ્ર અને દેવતાઓ, બધા અનંત અપાર આવ્યા. ગાન કરવા માટે ગાંધર્વો આવ્યા. દેવતાઓનાં વિમાનોનો કોઈ પાર ન હતો. જાત જાતનાં ફૂલ લાવીને શ્રીહરિના ઉપર તેનાથી ઝડીઓ વરસાવી, સમુદ્ર પણ હરખ ભર્યો મનુષ્યદેહ ધારીને પૂજાનો સામાન લઈને પૂજા કરવા આવ્યો. ૧૫.

શુભ કમળોનો બધો સાજ લઈને શ્રીહરિને અર્પણ કર્યો. વિવિધ પ્રકારના મેવાઓ લઈને પ્રેમપૂર્વક તે હાથમાં અર્પણ કર્યા. બધા હરિભક્તો નજરે દેખતા હતા છતાં કોઈને તેની પૂરી માહિતી મળતી ન હતી. શ્રીહરિની આવી અલૌકિક લીલા છે. તે બધાને ખ્યાલમાં આવે નહિ. ૧૬. જેમ કોઈ માયાવી જાદુગર હોય તેના જાદુની બીજાને ખબર પડતી નથી તેમ આ તો શ્રીહરિની અલૌકિક વિદ્યા છે તેને માયિક લોકો ક્યાંથી સમજી શકે ? ૧૭. જે ભક્તોને અલૌકિક દૃષ્ટિ પ્રાપ્ત થઈ હોય તેઓ તે સાક્ષાત્ ચરિત્રોને પોતાની પાસે જ જુએ છે. શ્રીહરિનાં દિવ્ય ચરિત્ર અને મનુષ્ય ચરિત્ર, બંને ભેળા-એક કરીને હું લખું છું. ૧૮.

**चोपाई :**

**तिनमें नहिं कोउ संशे करना, सुनिके महिमा अंतर धरना;**
**दिव्य जाने हरि चरित हि जोई, सो जन दिव्य गति लहे सोई...१९**
**हरि के चरित कु जो माईक जाने, सो माया के परत हे पाने;**
**तेहि कर दिव्य करीके जोना, मनुष्यभाव हि सबकु खोना...२०**

એટલે આવાં દિવ્ય અને અદિવ્ય ચરિત્ર ભેળાં હોય તેમાં સંશય કરવો નહિ. તેને તો સાંભળીને તેનો મહિમા મનમાં સમજી રાખવો. જે મનુષ્ય ભગવાનનાં ચરિત્રોને દિવ્ય માને છે તે દિવ્ય ગતિને પામે છે. ૧૯. જે મનુષ્ય ભગવાનનાં ચરિત્રોને માયિક સમજે છે તે માયાને પાને પડે છે. અર્થાત્ માયાને વશ થાય છે. એટલા માટે ભગવાનનાં ચરિત્રોમાં દિવ્ય ભાવ રાખવો અને બધા જ મનુષ્ય ભાવોને તજી દેવા. ૨૦. સુંદર શ્યામ શ્રીહરિ સમુદ્ર સ્નાન કરીને ગાજતે વાજતે ગામમાં પધાર્યા. તે સમયે સમગ્ર હરિભક્તોના મનમાં અપાર આનંદ વ્યાપી ગયો હતો. અંગે અંગમાં આનંદ પ્રસરી ગયો હતો. ૨૧. બધા ભગવાનની મૂર્તિમાં લેલીન થઈ ગયા હતા. બાહ્ય ભાન નહિ રહેવાથી પરસ્પરનો પરિચય પણ ભુલાઈ ગયો. જેમ ભગવાનના ધામમાં આનંદ આનંદ છવાયેલો રહે છે તેમ અહીંયાં પણ હરિભક્તોનો સમુદાય આનંદમાં તલ્લીન થઈ ગયો. ૨૨.

### ✻ કૃષ્ણ જન્મોત્સવ સમયે સહુને શ્રીહરિનાં દિવ્યદર્શન :

જ્યારે મધરાત થઈ ત્યારે સુંદર તૈયાર કરેલા પારણામાં બાલમુકુંદની મૂર્તિ પધરાવી. ૨૩. સંતો ઝાંઝ અને મૃદંગ વગાડવા લાગ્યા. શ્રીકૃષ્ણ ભગવાનના જન્મચરિત્રનાં પદોને પ્રેમ સાથે બોલીને ઘણો સરસ ઉત્સવ કરવા લાગ્યા. ૨૪. ભગવાનના એક સ્વરૂપનાં દર્શન પારણામાં થતાં હતાં ત્યારે બીજા સ્વરૂપનાં દર્શન સંતોની વચ્ચે થતાં હતાં. તે સમયે હરિભક્તોએ પરસ્પર દહીં અને હળદર છાંટીને ચારે બાજુ કીચડ જેવું કરી દીધું હતું. ૨૫. સવાર થયું ત્યાં સુધી સંતોએ ઉત્સવ કર્યો. પછી મનમાં હરખાતા હરખાતા સંતો સ્નાન કરવા માટે ગયા. ૨૬. ઊંચી સમજણવાળા સંતો સ્નાન કરીને પોતાને સ્થાને આવ્યા. માનસી પૂજા કરી. પછી ઊર્ધ્વપુંડ્ર તિલક કર્યાં. ૨૭. પ્રેમથી ભગવાનની પૂજા કરી, ગદ્ગદ કંઠે આરતી ઉતારી સ્તુતિ કરી નિયમપૂર્વકના દંડવત્ પ્રણામ કર્યા. ૨૮. પછી હરખથી એક સરખી નારાયણ ધૂન કરી. બોલવામાં કોઈ જુદા પડતા નહિ. પછી કોઈ કોઈ મુખથી “સ્વામિનારાયણ” આવું નામ બોલતા હતા. ૨૯. પરસ્પર એટલો બધો પ્રેમ હતો તે કહી શકાતો નથી. શ્રીહરિના પધારવાથી તે પ્રેમ ઘણો જ વધ્યો. સહુનાં મન શુદ્ધ

અને શાંત થયા. કોઈને રતીભાર પણ ઉદ્વેગ રહ્યો નહિ. ૩૦. આ સંસારમાં આધ્યાત્મિક, આધિભૌતિક અને આધિદૈવિક, એમ ત્રણ પ્રકારના સંતાપ અનંત અને અપાર રહ્યા છે. કોઈ ઉપાયે તે ટાળ્યા ટળતા નથી. જેના ઉપર ભગવાનની કૃપા થાય ત્યારે તે સંતાપને બાળી દે છે, નષ્ટ કરી દે છે. ૩૧. શ્રીહરિ સ્વયં રસોઈ બનાવીને જમતા. બીજાના હાથની રસોઈ જમતા નહિ. પોતે જમીને પછી પ્રેમભાવથી ઉદાર મનથી સંતોને જમાડતા. ૩૨. સંતોની સેવામાં વર્ણીને ઉમંગ અધિક રહેતો. દિન પ્રતિદિન રંગ ચઢતો રહેતો. સંતોના હૃદયમાં ભગવાન રહ્યા છે, એવું માનીને સંતોને જીવનપ્રાણ માનતા. ૩૩. સંતોને કલ્પવૃક્ષ અને ચિંતામણિ જેવા માનતા. દૃઢ મનોબળવાળા વર્ણી સંતોને મોટા સિદ્ધ જેવા માનતા. સંતોનો વિયોગ એક પળ જેટલો પણ થયો હોય તો તેને કરોડો કલ્પ જેટલો માનતા હતા. ૩૪.

જન્માષ્ટમી કરવા આવેલા હરિભક્તો વર્ણીના સ્વરૂપમાં પ્રેમમગ્ન થઈને લોભાયા, એટલે એકાદશીનો ઉત્સવ કરવા રોકાયા. કારણ કે સત્સંગના જોગમાં રહેવાથી ત્રણ પ્રકારના તાપો શમી જતા હતા અને સત્સંગની વાતોરૂપી અમૃતપાન પણ થતું હતું. ૩૫. વર્ણિરૂપ શ્રીહરિનાં દર્શન થવાથી જેમનું મન અત્યંત પ્રફુલ્લિત થયું હતું એવા તે ભક્તો પોતાના કામધંધાને ભૂલી ગયા. સત્સંગરસનું પાન કરીને મતવાલા થયેલા હરિભક્તોને ભગવાન સિવાયનું સાંસારિક સુખ તો કાળના સમાન લાગતું હતું. ૩૬. શ્રાવણ વદિ બારશ સુધી મહાન ઉત્સવ ચાલું રહ્યો. તેનાથી ભગવાનના ચરણોમાં પ્રેમ દિન પ્રતિદિન અધિક વધતો રહ્યો. ૩૭.

સત્સંગની અલૌકિક રીત જોઈને હરિભક્તોને અત્યંત આનંદ થયો; પણ જે કુબુદ્ધિ ગમાર લોકો હતા તેના મનમાં (તનમાં) બળતરા થવા લાગી. ૩૮. તે દુર્બુદ્ધિ લોકોએ ગામોગામ અને ઘરોઘર પ્રાણ જાય એવા ઉપદ્રવો શરૂ કરી દીધા. ૩૯. પ્રજાનું રક્ષણ કરનારા જે રાજાઓ હતા તે તેવા જ દુર્બુદ્ધિ થઈ ગયા. તેથી ફરિયાદ પણ કોની પાસે કરે ? આ પ્રમાણે રાત દિવસ અસુરો તરફની અપાર પીડા વધી ગઈ. ૪૦. જે અધર્મ વંશના (અધાર્મિક) નર અને નારીઓ હતાં તે બધાં ધર્મવંશી કહેતા ધર્મનિષ્ઠ સંતો-ભક્તોને દેખીને બળી

ઊઠ્યા. કેમ જે, અધર્મ ઘેર ઘેર પ્રવેશીને વ્યાપી ગયો હતો. ૪૧. આ વાતને શ્રીહરિએ પોતાના મનમાં સમજી લીધી. હરિભક્તોની આગળ તે વાત કરવા ચાહીને સહુને કહ્યું કે ભગવાનના ભક્તોએ સાવધાન રહેવાનું છે. કારણ કે અધર્મે સહુનાં મન ઉપર ચડાઈ કરી છે. ૪૨.

**❋ સ્વામિનારાયણ મહામંત્રનો મહિમા :**

પછી શ્યામસુંદર શ્રીહરિએ સહુને કહ્યું, તમે સહુ પોતપોતાને ગામ જાઓ. અધર્મનો સહેજે નાશ થશે અને તમારા દ્રોહીઓનો પણ વગર પ્રયાસે નાશ થશે. ૪૩. **કાળરૂપી મારી મહાન શક્તિ છે, તે બધા અધર્મવંશનો નાશ કરશે. વળી પ્રત્યેક હરિભક્તની સાથે તે કાળશક્તિ મૂર્તિમાન રહેશે અને તે અધર્મી લોકોને બાળી નાખશે. ૪૪.**

**भूत प्रेत पिशाच पिशाची, नारायन नाम सुनि जात नाशी;**
**स्वामिनारायन नाम हे जेहा, मोरी शक्ति यह जानो तेहा...४५**

**मुख जपे अब जेहि एहि नामा, तिनको सुफल होहि सब हि कामा;**
**मूठ चोट जादु जंद अपारा, बिर कृत्यानल आदिक सारा...४६**

ભૂત, પ્રેત, પિશાચ અને પિશાચી, એ બધાં "સ્વામિનારાયણ" આવું નામ સાંભળતાં જ નાસી જશે. "સ્વામિનારાયણ" આવું જે નામ તે મારી શક્તિ છે એમ જાણજો. ૪૫. એ નામનો જે હવે મુખે જપ કરશે તેના બધા જ મનોરથ સુફળ થશે. મૂઠ, ચોટ, જાદુ, જીન, વીર, કૃત્યાનળ, ઇત્યાદિ અનેક ઉપદ્રવ કરનારા છે. ૪૬.

**ओर मलिन जो जो देव कहावे, नाम सुनि सो जरी सद्य जावे;**
**महा प्रताप यह नाम में जानी, अहुनिश लेना एकतार हि प्रानी...४७**

**जमकींकर महा बिकट कहावे, यह नाम सुनत निकट नहिं आवे;**
**यह नाम की दोरी करीके, अंत समे हरि आत दोरीके...४८**

તે સિવાયના બીજા જે મલિન દેવી કે દેવતા હોય તે બધા આ 'સ્વામિનારાયણ' નામ સાંભળીને તુરંત બળવા લાગશે. મનુષ્યે એ નામનો મહાન પ્રતાપ સમજીને રાત દિવસ તેનું ભજન કરવામાં એકતાર-એકરસ થાવું. ૪૭. જમદૂતો અત્યંત વિકરાળ કહેવાય છે. તે પણ "સ્વામિનારાયણ"

આવું નામ સાંભળશે તો પાસે નહિ આવે. આ નામ એવી દોરી છે કે તેનાથી બંધાયેલા ભગવાન અંત સમયે દોડીને આવશે. ૪૮. **એ નામના પ્રભાવથી ભક્તના અંત સમયે ભગવાન રથ, વિમાન, હાથી, અશ્વ વગેરે કોઈ વાહન લઈને અથવા સુખપાલ લઈને કે ગરુડ ઉપર બેસીને સંતો અને પાર્ષદોને સાથે લઈને ભક્તને લેવા આવે છે. ૪૯.** હરિભક્તોને પાળવાના જે નિયમ કહ્યા છે તેને હેતથી દૃઢપણે રાખવા-પાળવા. અને ભગવાનમાં ચિત્ત એકાગ્ર રાખીને કામકાજ કરવું. ૫૦.

**सोरठा : देह गेह सुत नारि, सबे सबंध दो दिन के;**
**सो मनसुँ देना टारि, मिजमान जानी घटि पल के...५१**
**साचि प्रीत हरि संग, ओर प्रीत पतंग सम;**
**करनो एसे सत्संग, कुसंग संग को त्याग करी...५२**

પોતાનો દેહ, ઘર, પત્ની અને પુત્ર પરિવાર, એ બધાનો સંબંધ બે દિવસનો છે. તે બધા એક ઘડીના કે પળવારના મહેમાન છે, એમ જાણીને તેમને મનમાંથી કાઢી નાખવા. ૫૧. ભગવાનના સ્વરૂપમાં જે પ્રેમ કરવો, તેજ સાચો પ્રેમ છે. બીજામાં જે પ્રેમ કરવો તે પતંગિયાના જેવો ચંચળ-અનિત્ય છે. માટે કુસંગના પ્રસંગને છોડી દઈને આવો સત્સંગ રાખવો. ૫૨.

***ઇતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના તૃતીય પૂરમાં 'લોજમાં જન્માષ્ટમી મહોત્સવ તથા શ્રીહરિએ સ્વામિનારાયણ નામનો મહિમા કહ્યો' એ નામે ત્રીજો તરંગ સમાપ્ત ||૩||***

## પૂર ત્રીજું : તરંગ - ૪

## મુક્તમુનિ તથા શ્રીહરિએ રામાનંદસ્વામીને પત્ર લખ્યો અને સ્વામીનો ઉત્તર

લોજપુરમાં જન્માષ્ટમીનો ઉત્સવ કરવા જે હરિભક્તો આવ્યા હતા તેઓ બધા ખૂબ જ આનંદ માણીને જેમ ચકોર ચંદ્રનું ચિંતવન કરે તેમ વર્ણીનું ચિંતવન કરતા કરતા પોતાને ઘેર પાછા ગયા. ૧. બીજી બાજુ મુક્તાનંદ

સ્વામીએ ગુરુ રામાનંદસ્વામીને આવવાની જે અવધિ કહી હતી તે પૂરી થવા આવી. તેથી વર્ણી ઉદાસીનતાથી વ્યાકુળ થઈ ગયા. ૨.

ત્યારે મુક્તાનંદ સ્વામી વર્ણીને પગે લાગ્યા અને કહ્યું, વર્ણી, તમે આનંદથી રહો. હું આજ સ્વામીને પત્ર લખું છું. સ્વામી જેમ કહે તેમ આપ કરજો. ૩. આવું કહીને મુક્તાનંદ સ્વામીએ તુરંત પત્ર લખ્યો. પત્ર એવા ચાતુર્યથી લખ્યો કે તે વાંચીને સ્વામી તુરંત આવે. ૪.

**ચોપાઈ :**

**ऐसे न देखे हमरे यह नेना, ऐसे स्वरूप कोई धर लेना;**
**संत की सेव में श्रद्धा अनंता, ग्यान ध्यान में बहु बलबंता...०६**

પહેલાં વર્ણીના મહાન ગુણોને વર્ણવીને લખ્યા. જેમાં કોઈ ઊણપ ન હોય એટલા અનંત ગુણો વર્ણીમાં છે. તે બધા ગુણોને અનંત શારદા અને શેષ લખવા લાગે છતાં તેના પારને પામતા નથી. ૫. એમણે એવું સ્વરૂપ ધારણ કર્યું છે કે મેં મારી આંખે આવા બીજા કોઈને દેખ્યા નથી. એમને સાધુઓની સેવા કરવામાં અપાર શ્રદ્ધા છે. જ્ઞાનવાર્તામાં અને ધ્યાન કરવામાં તો તેઓ મહાન બળવાન છે. ૬.

**जोगकला की मूर्ति जनु होई, ऐसे सिद्ध सुने देखे नहिं कोई;**
**देखत वृत्ति जात महिं चौंटि, एसी कला धर रहे हे मौटि...०७**

**जो सुने याके मुख की बानी, तरत होत तेहि बश हि प्रानी;**
**पशु पंछि देखि थंभित रहावे, ओर जन की कहाँ बात कहावे...०८**

યોગકલાઓની તો માનો એ મૂર્તિ છે. આવા કોઈ બીજા યોગીને મેં સાંભળ્યા કે જોયા નથી. એમની એક એવી મોટી કળા છે કે જે એમને જુવે છે તેના ચિત્તની વૃત્તિ તુરંત જ એમના સ્વરૂપમાં ચોંટી જાય છે. ૭. જે એમના મુખની વાણી સાંભળે છે તેઓ તુરંત એમને વશ થઈ જાય છે. બીજા કોઈ મનુષ્યની તો વાત શું કહેવી પણ એમને જોઈને તો પશુ પણ થંભી જાય છે. ૮. દત્તાત્રેય, કપિલ, શંકર, શુકદેવ, શૌનક, લોમશ અને દધીચિ, વગેરે ઘણા જ બ્રહ્મરસનું પાન કરનારા યોગીઓને અમે સાંભળ્યા છે, પણ આ વર્ણી તો તે સૌ કરતાં પણ મોટા છે એમ અમે માનીએ છીએ. ૯. જેમ

કોઈ આકાશનો પાર પામી શકતું નથી તેમ આ યોગીના ગુણ વગેરેનો પાર અમે પામી શકતા નથી. પોતાના મુખે તેઓ જે વચન બોલે છે તેને અમે પ્રેમે સહિત અનુસરીએ છીએ. ૧૦.

**दोहा : ज्युं ब्रह्मपुर धाम में, वर्तत सुख अपार;**
**तेसे सुख वर्तत इहाँ, आवत धर्मकुमार...१२**

એમાં કોઈ એવો ચમત્કાર રહ્યો છે કે એમને દેખી અમે બધા સ્તબ્ધ થઈ જઈએ છીએ. આખો દિવસ અમે એમને જ દેખતા રહીએ છીએ. એક પળવાર પણ દેખ્યા વિના ખાલી જતી નથી. ૧૧. જેમ બ્રહ્મપુર ધામમાં અપાર અને અખંડ સુખ રહ્યું છે, તેમ અત્યારે આ વર્ણી આવવાથી અહીંયાં અખંડ અને અપાર સુખ વર્તે છે. ૧૨. વર્ણી અત્યારે આપની પાસે આવવા માટે ઘણી જ ઉતાવળ કરે છે તો આપની જે મરજી હોય તે હવે પત્રમાં લખી આપજો. ૧૩. ત્યાં ભુજનગર વાસી સુંદરજીભાઈ સુથાર આદિ બધા જ પ્રેમી હરિભક્તોને અમારા 'જય શ્રીકૃષ્ણ' કહેજો. ૧૪.

### ❋ વર્ણિરાજે રામાનંદસ્વામીને લખેલો પત્ર :

આવો સ્વસ્તિ વાચક (કુશળ સમાચારવાળો) પત્ર લખીને મહાન સંત શ્રીમુક્તાનંદ સ્વામીએ પછી વર્ણીને કહ્યું, આપ પણ પોતાના મનોભાવ પ્રમાણેનો પત્ર લખો. તે પછી વર્ણિરાજે ખૂબ જ વિનંતિપૂર્ણ પત્ર લખ્યો. આપનાં દર્શન કરવા માટે મારી આંખો ભરાઈ આવે આવે છે.૧૫. આપ ગુરુરાજનાં દર્શન થયાં નથી, તેથી તેના વિના એક પલક જેટલો સમય પણ મારે માટે કોટિ યુગો વીતી ગયા હોય તેમ લાગે છે. આપના આવવાના અવધિની રાહ જોઈને હું રોકાયો છું, તો દર્શન કરવાની મારી ઈચ્છાને આપ પૂર્ણ કરો. હું આપને માટે જ દેહધારીને ઉતાવળે અહીંયાં આવ્યો છું. મેં આપને માટે કેટલુંયે તપ કર્યું છે અને વ્રત પણ કર્યાં છે, તો હવે તેને આપ પર્યાપ્ત માનીને સ્વીકારી લો. ૧૬. આપ ચંદ્ર છો તો હું આપનો ચાહક ચકોર છું. આપ મેઘ છો તો હું આપનો સ્નેહી મોર છું. આપ સુવર્ણ છો તો હું આપને સુશોભિત કરનાર શણગાર છું. આપ મોતી છો, તો હું આપમાં ઓતપ્રોત દોરો છું. ૧૭.

આમ અનેક રીતે મારે આપની સાથે પ્રીતિ બંધાયેલી છે. કદાચ આપ તે પ્રીતિને તોડવા ચાહો તો પણ હું તેને તોડવાનો નથી. જહાજના મધ્ય સ્તંભ ઉપર બેઠેલા કાગડાના જેવી મારા મનની સ્થિતિ છે. ૧૮. મારા જેવા ચાહક આપને અનેક હશે, પણ મારે માટે તો આપ એક જ છો. આવો સુદૃઢ નિશ્ચય કરીને એક ટેક કરી રાખી છે. અને તે ટેક પણ આપના જ હાથમાં છે, તો હે ભક્તજનોના નાથ ! આપ અહીં આવીને તેને સફળ કરો. ૧૯. રુક્મિણી અને સતીના જેવી જ મારી કરોડો જન્મ સુધીની ટેક છે તેને આપ મનમાં ધારી લેજો. વર્ણીએ એવાં તો ઘણાં જ વચનો વિવરણ સાથે લખ્યા કે જે સાંભળીને મુનિવર રામાનંદસ્વામીને પણ ધીરજ ન રહે. ૨૦.

લખેલા પત્રને કવરમાં બીડી દીધો. ઉપર સરનામું ભુજનગરમાં વિરાજમાન ગુરુશ્રીને સ્થાને મળે, એવું લખ્યું. પછી વ્યવહાર કુશળ મયારામ ભટ્ટ(વિપ્ર)ના હાથમાં તે પત્ર આપ્યો. ૨૧. અને કહ્યું કે તમે અત્યારે જ ઉમંગથી જાઓ અને પત્રને પહોચાડી દેજો. સ્વામીને લઈને વેગથી-ઉતાવળા પાછા આવો. તમે પાછા આવો ત્યાં સુધી હું સ્વામીનું ધ્યાન કરું છું. જો સ્વામી નહિ આવે તો હું મારા પ્રાણોને તજી દઈશ. ૨૨. આવી રીતે પત્ર મયારામ વિપ્રના હાથમાં આપીને જવાની આજ્ઞા કરી. અને તે નિપુણ વિપ્ર પણ સાત દિવસે ભુજમાં સ્વામી પાસે પહોંચી ગયા. ૨૩. ભુજમાં ગંગારામ મલ્લને ઘેર રામાનંદસ્વામી વિરાજમાન હતા. ત્યાં ભટ્ટજીએ સ્વામીના હાથમાં પત્ર આપ્યો અને સ્વામીએ તેને હાથમાં લઈ શિરપર ચઢાવ્યો. ૨૪. મહાન તપસ્વીએ આ પત્ર મોકલ્યો છે

એમ અનેક રીતે તેનો મહિમા સમજીને સ્વામીએ પત્રને વારંવાર કંઠે લગાવ્યો અને છાતીએ ચાંપ્યો.૨૫. તે દેખીને હરિભક્તોએ સ્વામીને પૂછ્યું કે પત્રમાં શું છે ? આપ કૃપા કરીને કહો. ૬. સ્વામીએ પહેલાં પોતાના મનમાં જ તે પત્ર વાંચી વિચારી તેનો સાર મનમાં સમજી લીધો. પછી નખશિખ વર્ણીનું વર્ણન કરીને તેમની વાત કહી. ૨૭. પછી બોલ્યા કે સહુ હરિભક્તો સાંભળો, વર્ણી બાબતના જે પત્ર આવ્યા છે તેને હું વાંચું છું. આમ કહીને રામાનંદસ્વામીએ તે બંને પત્ર વાંચી સંભળાવ્યા. તેથી બધા હરિભક્તો અતિ

રાજી થયા. ૨૮. અનંત બ્રહ્માંડોના જે કર્તા છે તે હવે સત્સંગમાં આવ્યા છે. સ્વામીએ તેના ઉમંગમાં સાકર મંગાવીને વહેંચી. વધામણી સાંભળીને ઉત્સાહ ઘણો જ વધ્યો.૨૯. કચ્છ દેશના બધા હરિભક્તો ભેળા થાઓ અને હવે આપણે પીપલાણા ગામ જઈએ. ત્યાં આ સુખના ધામરૂપ યોગી આપણને મળશે. ૩૦. આવું કહીને પછી શ્રીરામાનંદસ્વામીએ ભગવાનના ચરણોમાં શિર નમાવીને પત્ર લખ્યો. વર્ણી, હવે તમે ધીરજ રાખીને રહેજો. જે કાંઈ સુખ દુઃખ થાય તેને સહન કરજો. ૩૧. મુનિરાજ ! તે તમે વિચાર કરો કે તમે આ મનુષ્ય દેહ શા માટે ધારણ કર્યો છે ? હવે તમારે આ સત્સંગરૂપી થાંભલાને બે હાથે બાથ ભરીને રહેવાનું છે. ૩૨.

તમને મારા ઉપર ઘણું હેત છે એમ તમે કહ્યું છે, તો હવે હું જે આજ્ઞા કરું તેને તમે દૃઢતાથી ગ્રહણ કરી લો. તમે ભક્તિવશ છો. ભક્તોની સાથે ભાવથી બંધાઈ જાઓ છો. એ સિવાય મને બીજો કોઈ ઉપાય સૂઝતો નથી. ૩૩. તમે ભક્તવત્સલ છો તમારું જે બિરુદ છે તેને વિચારો અને હવે તેને પૂર્ણ કરો. હે બ્રહ્મચારી ! વારંવાર ભારે વિનતિ કરીને તમારા ઉપર આ પત્ર લખ્યો છે. ૩૪. બીજું મુક્તાનંદ સ્વામી આદિ જે તમે બધા સંતો છો, તે બધા ઘણા બુદ્ધિશાળી છો. તમારી પાસે જે બ્રહ્મચારી આવ્યા છે તેમની સેવા મહિમા (ઉલ્લાસ)થી કરજો. ૩૫.

મારા કરતાં પણ વર્ણી ઉપર વધારે હેત રાખજો. પ્રેમથી તેમની અનુવૃત્તિમાં રહેજો. પ્રેમરસ હોય તો બધું થાય અને તેના વિના તો બધું નીરસ થઈ જાય છે. ૩૬. વર્ણીની પાસે સહુએ અષ્ટાંગ યોગ શીખવો. વૈશાખ માસ ઊતરતા હું આવીશ, એમ સૌ દૃઢ વિશ્વાસ રાખજો. ૩૭. જ્યારે હું પીપલાણા આવીશ ત્યારે તમને મારાં દર્શન થાશે, એટલે કોઈ અકળાશો નહિ. ૩૮. મહાન સુજ્ઞ શ્રીરામાનંદસ્વામીએ મનમાં ઘણો વિચાર કરીને શુભ સારરૂપ (અલગ અલગ બે) પત્ર લખ્યા અને બંનેને ભેળા કરીને એક કવરમાં મૂક્યા. ૩૯. પછી વિપ્ર મયારામ ભટ્ટના હાથમાં તે કાળજીથી લખેલા પત્ર આપ્યા. તે વિપ્રની સાથે અન્ય કોઈ હતું નહિ. તેથી તેઓ ઉતાવળા ઉતાવળા લોજપુર ગામ આવ્યા. ૪૦. રામાનંદસ્વામીએ

વર્ણીને મૌખિક સમાચાર પણ કહેવડાવ્યા કે, હું આવું ત્યાં સુધી સરળ સ્વભાવના થઈને મુક્તાનંદ સ્વામીની આજ્ઞામાં રહેજો. ૪૧.

**सोरठा : गुरु बचन में करत निवास, सोउ शिष्य गुरुमुखि कहत;**
**गुरु बचन हि लोपे जास, नगरा शिष्य सो प्रमानिये...४२**

ગુરુના આજ્ઞાવચનમાં જે રહે તે શિષ્ય ગુરુમુખી કહેવાય છે અને જે ગુરુનાં આજ્ઞાવચન પ્રમાણે ન રહે અને વચન લોપે તેને 'નગરા' (નગુરા) શિષ્ય કહેવાય છે. ૪૨. સાત દિવસે વિપ્ર પાછા આવ્યા. તેમને જોઈને સંતો તથા વર્ણી મનમાં હરખાયા. સહુ તેમને પોતાના હિતમિત્ર જાણીને ભેટ્યા. ૪૩. મયારામ ભટ્ટ જે પત્ર લાવ્યા તે મુક્તાનંદ સ્વામીના હાથમાં આપ્યો. ગુરુકૃપાના તે પત્રને મુક્તાનંદ સ્વામીએ શિરપર ચઢાવ્યો. ૪૪. સંતો અને વર્ણી બધા તે પત્રને વાંચીને ખૂબ જ ખુશી થયા. મયારામ ભટ્ટ લોજથી ભુજ જઈને પાછા આવ્યા તેટલા દિવસ સુધી લોજમાં રહેલા વર્ણીની વાત કહે છે. ૪૫.

**✻ શ્રીહરિએ મુક્તાનંદસ્વામીની વૃત્તિ દ્વારા ગુરુનું ધ્યાન કર્યું :**

વર્ણિરાજે એક દિવસ મુક્તાનંદ સ્વામીને કહ્યું, આપણે સુખદાયક ગુરુનું ધ્યાન કરીએ. ગુરુગીતામાં ત્રિપુરારિ શંકરે ગુરુનો મહિમા ઘણો જ કહ્યો છે. ૪૬. જ્ઞાનીજનોનું એવું કહેવું છે કે "ગુરુની મૂર્તિ (રૂપ) ધ્યાનનું મૂળ છે. ગુરુના ચરણ પૂજાનું મૂળ છે. ગુરુની વાણી મંત્રોનું મૂળ છે અને ગુરુની કૃપા તે મોક્ષનું મૂળ છે." ૪૭. તે માટે તમે ગુરુ શ્રીરામાનંદસ્વામીને જેવા દેખ્યા હોય તેવી તેમની મૂર્તિનું ધ્યાન કરો. તે સમયે તમારા અંતઃકરણની વૃત્તિ સાથે હું મારા અંતઃકરણની વૃત્તિને જોડી દઉં-એક કરી દઉં. તેનાથી હું અહીંયાં રહ્યો થકો જ શ્રીરામાનંદસ્વામીનાં દર્શન કરું. ૪૮.

જ્યારે મુક્તાનંદ સ્વામી ધ્યાન કરવા બેઠા ત્યારે તેમની સામે વર્ણી પણ ધ્યાન કરવા બેઠા. મુક્તાનંદ સ્વામી સદ્.રામાનંદસ્વામીના સ્વરૂપનું જેવું ધ્યાન કરે તેવું જ વૃત્તિસંયોગ દ્વારા જાણીને વર્ણી બહાર સ્વામીના સ્વરૂપની વાત કરે. ૪૯. જે રીતે મુક્તાનંદ સ્વામી ગુરુ શ્રીરામાનંદસ્વામીનું ધ્યાન

કરતા, તે રીતે જ ધ્યાનમાંથી ઊઠીને વર્ણી કહેતા. જુદા જુદા સ્થળોએ અને જુદા જુદા વેષ પરિધાનમાં જેવું ધ્યાન મુક્તાનંદ સ્વામી ધરતા હતા તેને ધ્યાનમાંથી બહાર આવીને પ્યારા વર્ણી કહી દેતા હતા. ૫૦. તે સાંભળીને મુક્તાનંદ સ્વામીને ઘણું આશ્ચર્ય થતું. બાળયોગી એવી અનંત કળાઓને જાણતા હતા. જેને લીધે સૌના મનની વાતને તે ઓળખી બતાવતા હતા. જે કોઈ પણ મનુષ્ય મનમાં જે સંકલ્પ કરે તેને તરત જ જાણીને બહાર બીજા આગળ કહી બતાવતા. ૫૧.

ત્યારે મુક્તાનંદસ્વામીએ વર્ણીને કહ્યું, હે બાલાજોગી ! આપ સાંભળો. વધારે પડતું કહેવા લાગશો તો આપનું પોતાનું લક્ષ્ય જતું રહેશે અથવા આપના જ્ઞાનને કોઈક લોકો ઇન્દ્રજાળ માનશે. ૫૨. આખી ભૂમિનું પાણી પોતાની અંદર સમાઈ જાય છતાં સમુદ્ર છલકાતો નથી. સામર્થી હોય છતાં છલકવું નહિ એ જ મોટાની મોટાઈ છે. અને તેથી જ તેને અગાધ કહેવાય છે. ૫૩. ક્ષુદ્ર (નાની) નદી છલકાઈને વહે છે. તે કાંઈ યોગ્ય કે અયોગ્ય સ્થળને ગણતી નથી. તેવો જ ક્ષુદ્ર (તુચ્છ) માણસને સમજવો. તે થોડીવાર પણ થંભતો-સ્થિર થતો નથી. ૫૪. બીજાના લક્ષ્યને કોઈ જોવા લાગે ત્યારે તે જોનારાનું પોતાનું લક્ષ્ય જતું રહે છે. આ તો 'આભ' ફાટ્યું છે તેને થીગડું ક્યાં દેશો ? ૫૫. મનનું કાંઈ ઠેકાણું નથી. તે તો યોગ્ય અને અયોગ્ય હરેક બાબતમાં જતું રહે છે. મન બીજાની બધી જ મર્યાદાઓને તોડી નાખે છે પણ તેને પોતાને મર્યાદા કોઈની નથી. ૫૬.

તે પછીથી મુક્તાનંદસ્વામી જેમ કહે તેમ વર્ણી કરતા હતા. તેમની આજ્ઞા (વચન) વિના એક વેણ પણ બોલતા નહિ. જે કામ કહે તે કરતા. રાત દિવસ ધ્યાનમાં જ તત્પર થઈને રહેતા. બેસતા-ઊઠતા, ચાલતા, ખાતા-પીતા, અને સૂતા બધી જ ક્રિયા કરતી વેળાએ એક પલકવાર પણ ધ્યાનને ભૂલતા નહિ.૫૭. કથા, વાર્તા અને કીર્તન સિવાય એક ઘડી જેટલો સમય પણ વ્યર્થ જવા દેતા નહિ. બચપણથી જ એવી ટેવ પાડી હતી એટલે તેના વિના તેમને ગમતું નહિ. અથવા તો પ્રસન્ન મનથી શરીર દ્વારા સંતોની સેવા કરતા રહેતા. સ્વયં શ્રીહરિ એ રીતે રહેતા હતા કે તેમને અન્ય કોઈ કળી શકતા નહિ. ૫૮.

શ્રીહરિની ભજન-ભક્તિની રીતને દેખીને કેટલાયે તીર્થવાસીઓ લોજમાં આવતા હતા તે ત્યાં જ રહી ગયા. જેઓ મોટી મોટી જગ્યાઓ (સંસ્થાઓ) બાંધીને રહ્યા હતા, તેના બંધન છોડીને તે પણ ઉપર કહ્યા પ્રમાણેનો અભ્યાસ કરવા લાગ્યા. ૫૯. જેને ભગવાનને મેળવવાનો ખપ હતો, જે મુમુક્ષુ હતા, એવા સુજ્ઞ સમગ્ર સંતો બધી જ જાતનું માન છોડીને આવવા લાગ્યા. ૬૦. જેમ પેટ ભરવા માટે રાંકા આવે તેમ ઘણા લોકો આવતા, પણ જે ભેખધારીને માન હતું તેઓ અંતે ચાલ્યા જતા હતા. ૬૧. જેના વિચાર એવા હતા કે ભેખ ધારવાનું ખરું ફળ તો ક્યાંક સાક્ષાત્ ભગવાન મળે અથવા સાચા સંત મળે તે જ છે. કેમ જે, તે વિના જન્મમરણ ટળતા નથી. આવા મુમુક્ષુઓ રોકાઈ જતા હતા. ૬૨.

***ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના તૃતીય પૂરમાં 'મુક્તમુનિ તથા શ્રીહરિએ રામાનંદસ્વામીને પત્ર લખ્યો અને સ્વામીનો ઉત્તર' એ નામે ચોથો તરંગ સમાપ્ત ॥૪॥***

## પૂર ત્રીજું : તરંગ - ૫

### શ્રીહરિ રામાનંદસ્વામીને મળ્યા, ભાગવતી દીક્ષા ગ્રહણ કરી

સંતોના સમાગમમાં રહેતા શ્રીનીલકંઠ વર્ણીને વૈશાખ માસ વીતી ગયો. શ્રીરામાનંદસ્વામીનો કહેલો અવધિ પણ પૂરો થયો. ત્યારે ભક્તોમાં વસીને રહેલા વર્ણી બોલ્યા. ૧. શ્રીમુક્તાનંદ સ્વામી વગેરે સહુ સંતો, મારી વાત સાંભળો. વૈશાખ માસ પૂરો ગયો અને અર્ધો જેઠ માસ પણ વીતી ગયો છે. મારા મનમાં હું વિચારું છું કે૪ જન્માષ્ટમી, જળઝીલણી-૧૧, દશેરા, શરદ પૂનમ, દિવાળી, અન્નકોટ, પ્રબોધની-૧૧, આ બધા દિવસો વીતી ગયા. ૩. વસંતપંચમી, હુતાશની, ફૂલદોલ, રામનવમી, નૃસિંહ જયંતી અને ભીમ એકાદશીના દિવસો પણ વીતી ગયા. ૩-૪. (છતાં સ્વામી કેમ ન આવ્યા ?)

**सोरठा : मुक्तानंद मुनिराज, कहत हरि सुँ हित करी;**
**स्वामी तुमहि काज, आज काल आवहि अबे...०५**

ત્યારે મુનિવર્ય મુક્તાનંદ સ્વામીએ શ્રીહરિને ઘણા હેતથી કહ્યું, રામાનંદસ્વામી આપણા માટે જ આજકાલમાં ચોક્કસ આવશે. ૫. અથવા સ્વામી આવ્યાના સમાચાર લઈને અવશ્ય કોઈ આવશે. મનમાં ધીરજ રાખો, આપ મનમાં અકળાશો નહિ. ૬.

**चोपाई :**

**मन को कयो करत सब जंता, पशु मनुष्य हि देव प्रजंता;**
**पुरुषप्रकृति लग मन को राजा, तिनकर जिय को होत अकाजा...०७**

મનુષ્ય, પશુ અને દેવ પર્યન્ત બધાં જ પ્રાણીઓ મનનું કહ્યું કરે છે. અરે ! પ્રકૃતિપુરુષ સુધી બધે મનનું જ રાજ્ય છે અને તેને લીધે જ જીવ નહિ કરવાનું કાર્ય કરી બેસે છે. ૭. આપની વાત એવી નથી. આપ તો સાક્ષાત્ ઈશ્વર છો. સ્વયં ઈશ્વર હોવા છતાં બાળકના જેવી લીલા કરો છો, અમે તેને ઓળખી શકતા નથી. ૮. આપની લીલાને વિચારતા અમારી બુદ્ધિ ઉપર અજ્ઞાનનું પડ વારંવાર જામી જાય છે; તો હે નાથ ! તે અમારી બુદ્ધિ ને ઢાંકતા માયાના આવરણ (પડ)ને આપ ટાળી દો. ૯.

ત્યારે વર્ણીએ હૃદયનું હેત દેખાડીને કહ્યું, “શ્રીરામાનંદસ્વામીના દર્શનની તીવ્ર ઈચ્છાથી હું લોકલાજ છોડીને રડું છું. સ્વામીની રાહ જોતા જોતા તો દસ માસ અને સાત દિવસ વીતી ગયા, છતાં સ્વામીએ મને દર્શન દીધાં નહિ. આ રીતનો વર્ણીનો અપાર પ્રેમભાવ જોઈને તે સમયમાં જ શ્રીરામાનંદસ્વામી કચ્છથી સોરઠમાં પધાર્યા. ૧૦-૧૧. તે વાતને હવે હું કહું છું, તેને સહુ મન દઈને સાંભળો. ગિરનાર પર્વતની તળેટીના સુંદર ભાગમાં પીપલાણા નામે ગામ કહેવાય છે. ત્યાં નરસિંહ મહેતા નામે ઉનેવાળ(ઉનાના રહેવાસી બ્રાહ્મણની એ નામની જાત) બ્રાહ્મણ રહેતા હતા. તેઓ દાસભાવે શ્રીહરિનું ભજન કરનારા અનન્ય હરિભક્ત હતા. ભગવાનના આશ્રયના બળથી મનમાં કોઈનો પણ ભય રાખતા નહિ. ૧૨-૧૩. સદ્‌ગુરુ રામાનંદસ્વામી દસ-બાર જેટલા સંતો અને સત્સંગીઓના સમુદાયની સાથે તે નરસિંહ મહેતાને ઘેર પધાર્યા. ૧૪. અષાઢી વિક્રમ સંવત્ ૧૮૫૬ના જેઠ વદિ એકાદશીને દિવસ સૂર્યોદય વેળાએ સ્વામી પધાર્યા.

તેથી ગામમાં બધે આનંદનું વાતાવરણ છવાઈ ગયું. ૧૫. સ્વામીએ કુંવરજી નામના બ્રાહ્મણને બોલાવ્યા અને બધા સંતોને બોલાવવા માટે સંદેશ લઈને તેમને લોજ ગામ મોકલ્યા. ૧૬. કુંવરજી વિપ્ર સ્વામીને પગે લાગીને લોજ આવ્યા. સહુ સંતોને વધામણી-શુભ સંદેશ કહ્યો. તેમને દેખીને બધા જ સંતો આનંદિત થઈ ગયા. ૧૭.

### ✵ સંતો સાથે શ્રીહરિનું પીપલાણા ગમન તથા ગુરુમિલન :

વિપ્ર કુંવરજીએ કહ્યું, "હે નિષ્પાપ સંતો ! સહુ સાંભળો. સદ્‌ગુરુ શ્રીરામાનંદસ્વામી સ્વયં પીપલાણા ગામ પધાર્યા છે. સહુને બોલાવવા માટે મને અહીં મોકલ્યો છે." વિપ્રના મુખની અમૃતના જેવી વાણી સાંભળીને સહુ સંતો ખુશી થયા. નીલકંઠ વર્ણી તો તુરંત જ જવા તત્પર થયા. તેમની અધીરાઈ તો ન કહી શકાય તેવી હતી. ૧૮. ત્યારે મુક્તાનંદ મુનિએ કહ્યું, "વર્ણિરાજ ! સાંભળો. મોડેથી ચંદ્રોદય થાય ત્યારે આપ, હું અને સહુ સંતો સાથે જ ચાલશું." પછી જ્યારે ચંદ્રોદય થયો ત્યારે સહુ અત્યંત ઝડપથી ચાલવા લાગ્યા. ચાલતા ચાલતા વર્ણી થાકીને બેસી ગયા અને મનમાં એકદમ વ્યગ્ર (વિહ્વળ) થઈ ગયા. ૧૯. અને પૂછવા લાગ્યા કે પીપલાણા અહીંથી કેટલા કોશ દૂર છે ? આમ સુખધામ શ્રીહરિ ત્યાં બાળકના જેવું ચરિત્ર કરવા લાગ્યા ત્યારે મુક્તાનંદ સ્વામીએ કહ્યું, વર્ણી, ગામ તો હજી દૂર છે. ૨૦. બ્રહ્મચારી, હવે અમે આપને ઉઠાવી લઈએ અને તો જ તુરંત પીપલાણા પહોંચાશે. ત્યારે ધર્મકુમાર ભગવાન શ્રીહરિએ યોગધારણા-ધ્યાન કરી અને તીવ્ર વેગથી ચાલ્યા. ૨૧. યોગકળામાં પ્રવીણ વર્ણીએ પોતાના શરીરને વાયુના જેવા વેગથી ચલાવ્યું. સંતો બધા પાછળ રહી ગયા. કોઈ ચાલવામાં તેમને પહોંચી શક્યા નહિ. ૨૨.

પીપલાણા ગામથી દક્ષિણ દિશામાં ઓજતગંગા નદી ઘણા જ ઉલ્લાસથી વહેતી હતી. તે ઘણી ફાંફડી, ઊછળતી અને અગાધ પાણીથી ભરપૂર હતી. જે તેમાં ઊતરે તેને તાણી જતી હતી. ૨૩. તેમાં પાણીના મોટા લોઢ ઊછળતા હતા. ઘણી જોરદાર ઘૂમરીઓ દેખાતી હતી. હાથીના સમાન બળવાનને પણ પછાડી દે તેવી હતી. અવિનાશી વર્ણી ઓજતને કાંઠે પહોંચ્યા અને પોતાના

મનમાં વિચાર કર્યો.૨૪. સરજૂ જેવી મોટી નદીઓની આગળ આ નદી તો દેખવા માત્રથી જ તુચ્છ લાગે છે. તેથી એકલા જ નદીમાં પડ્યા, પરંતુ પોતે ઘણા જ વિવેકી છે. ૨૫. સર્વનું કારણ અને સહુને તારનારા બલવીર શ્રીહરિ ધનુષ્યમાંથી છૂટેલા બાણની જેમ સીધા સામે કિનારે પહોંચ્યા. ૨૬. બીજા સંતો શરીરથી બળવાન હતા. તેમણે અપાર મહેનત કરી ત્યારે જતાં જતાં માંડ માંડ ધીરે રહીને નદી ઊતરી શક્યા. ૨૭.

સહુ એક સ્થાને ભેળા થયા. સ્નાન, પૂજા તિલક વગેરે કર્યું. પછી મહાન તપસ્વી વર્ણીની જોડે સહુ ગામમાં આવ્યા. ૨૮.વિક્રમ સંવત્ (અષાઢી)૧૮૫૬ ના જેઠ વદિ સુખકારી બારશને દિવસ વર્ણી અને સહુ સંતો પ્રસન્ન મનથી વિપ્ર નરસિંહ મહેતાને ઘેર આવ્યા. ૨૯. ત્યાં સદ્‌ગુરુ શ્રીરામાનંદસ્વામી સંતોની સભામાં વિરાજમાન હતા. તેમને સહુ મળ્યા. સ્વામી પૂર્વ મુખે વિરાજતા હતા. મુખ અત્યંત પ્રસન્ન હતું. ૩૦. સ્વામીનું શરીર ગૌર, પુષ્ટ અને સુંદર હતું. ઉજ્જ્વળ શ્વેત વસ્ત્ર પહેર્યાં હતાં. નૈષ્ઠિક વર્ણીના જેવો સર્વોત્તમ વેશ હતો. અંગો ઉપર કેસરથી મિશ્ર ચંદન ચર્ચ્યું હતું. ૩૧.

આવા શ્રીરામાનંદસ્વામીનાં દર્શન કરીને સહુએ સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કર્યા. સ્વામી ઊઠીને સામા આવ્યા. અતિશય પ્રેમ સહિત સહુને છાતીએ ચાંપીને ભેટ્યા. ૩૨. સહુ ગદ્‌ગદ કંઠ થઈ ગયા. આંખોમાં પ્રેમના અશ્રુઓ ઊભરાયાં. પરસ્પર કોઈ એક વેણ પણ બોલી શક્યા નહિ. એટલો બધો સ્નેહ હતો કે જે વર્ણવી શકાતો નથી. પ્રત્યેકની આંખો પ્રેમથી થંભી ગઈ. ૩૩. પરસ્પર મળીને બેઠા. ખૂબ જ આનંદ થયો. સ્વામી અને વર્ણી, બંને ઘણા દિવસના દર્શનના તરશ્યા હતા. સ્વામીએ વર્ણીનું રૂપ અને ઘણું મોટું તપ જોયું. પછી તેઓ બોલ્યા, પ્રિય વર્ણી, તમારો દેશ, કુળ અને જન્મ, તેનું બધું વૃત્તાંત કહો. ત્યારે વર્ણિરાજે પોતાનો દેશ, જન્મ સ્થાન અને કુળ વગેરે કહ્યું. ૩૫-૩૫. પિતા અને માતાનાં નામ કહ્યાં. વેદ, શાખા, ગોત્ર, પ્રવર, ઈષ્ટદેવ અને ગુરુ, ઈત્યાદિ વિગતવાર યથાવિધિ કહી બતાવ્યું. ૩૬. પછી વર્ણીએ પોતાનો તીવ્ર વૈરાગ્ય કહ્યો અને સ્વજનોનો ત્યાગ, અનેક વનોમાં જે વિચરણ કર્યું તે બધું કહ્યું. ૩૭. જે રીતે પોતે તપસ્યા કરી, યોગ સાધના

કરી, જે રીતે તીર્થોની યાત્રા કરી અને તેમાં પોતે જે રીતે સ્વસ્થ રહ્યા, અપાર પાખંડીઓ ગુરુ બનીને તીર્થોમાં રહ્યા હતા તેને પોતાના દ્વેષી અને દુઃખરૂપ દેખીને કોઈ પણ નિમિત્તે તેમનો વિનાશ બીજાને હાથે કરાવ્યો; ૩૮-૩૯. શમ દમાદિ ગુણોથી સંપન્ન વર્ણીએ આ બધું વૃત્તાંત અનુક્રમે કહ્યું. તે સાંભળીને સ્વામી રાજી થયા. ૪૦.

પછી સ્વામી બોલ્યા, મહાન તપસ્વી, વર્ણિરાજ નીલકંઠ ! તમે સાંભળો, તમે અમારા જ છો. અત્યારે બધી રીતે મેં તમને ઓળખી લીધા છે. ૪૧. હવે હું જે વાત કહું છું, તેને સાંભળીને તમને પણ ઘણો નવો જ સ્નેહ ઊપજશે. તમારા પિતા જે દેવશર્મા (ધર્મદેવ) તે મને બહુ પહેલાં પ્રયાગક્ષેત્રમાં મળ્યા હતા. તે સમયે તેઓ ઘણા જ પ્રેમથી અમારા શિષ્ય થયા હતા. આ વાતને તમે ખરેખર સત્ય જ માનજો. આમાં કાંઈ જ અસત્ય નથી. ૪૨-૪૩. તેમણે પહેલાં અમારી પાસેથી ભાગવતી દીક્ષા લીધી હતી. પછી અમારી આજ્ઞાથી તેઓ જનતામાં ધર્મોપદેશ કરતા હતા. ૪૪. ધર્મે સહિત શ્રીકૃષ્ણ ભગવાનની ભક્તિ કરતા કરતા તેઓ લોકોને મોક્ષમાર્ગનો ઉપદેશ કરીને સ્વયં કોશલ દેશના અલંકારરૂપ રહ્યા હતા. ૪૫. તમે તે ધર્મદેવના બાળક છો. તે કૃપાળુ તમે અહીંયાં પધાર્યા. તમારો ચહેરો દેખવા માત્રમાં જ દિવ્ય જણાય છે. અમારાં ધન્ય ભાગ્ય છે કે તમે અહીં પધાર્યા. ૪૬.

હે મુનિશ્વર ! બધા દેશને ખરેખર ધન્ય છે. તેની ધરણીને પણ ધન્ય છે કે જ્યાં તમારાં ચરણપગલાં પડ્યાં. જ્યાં તમે ચરણ રાખ્યાં તે બધાં તીર્થો પણ ફરીવાર અત્યંત પવિત્ર થઈ ગયાં. ૪૭. તમારા પિતાજી ઘણા ગુણવાન હતા અને તમે તો તેના કરતા પણ અપાર ગુણવાન છો. જેને જેને તમારાં દર્શન થયાં હશે તે બધા જ મનુષ્યો સંસારના પારને પામી ગયા છે. ૪૮. જેણે તમારું પૂજન કે વંદન કર્યું હશે, જેને ઘેર તમે ભોજન જમ્યા હશો, તે આ સંસારના ભટકણમાં વારંવાર નહિ આવે. ૪૯. આ રીતે શ્રીરામાનંદસ્વામીએ રસભરી અમૃતમય વાણી કહી. બીજી બાજુ ધર્મના બાળ એવા વર્ણિરાજ સ્વામીને પોતાના કરતાં અતિશય અધિક સમજતા હતા. ૫૦. અવિનાશી વર્ણી મનમાં રાજી થઈને સેવા કરવા માટે સ્વામીની

પાસે જ રહ્યા. સ્વયં પરમેશ્વર હોવા છતાં ખૂબ જ શિષ્યભાવ જણાવતા. ૫૧. ચાર માસ અને ચૌદ દિવસ સુધી વર્ણીએ સ્વામીની ખૂબ જ સેવા કરી, તેથી તે સમયે સ્વામી તેમના ઉપર ઘણું જ પ્રસન્ન થયા અને તેમને દીક્ષા દેવાનો મનમાં વિચાર કર્યો. ૫૨. પછી સ્વામીએ દેવપોઢી(નિમી) એકાદશી, જન્માષ્ટમી, દિવાળી અને અન્નકૂટ આદિ સર્વે પર્વના દિવસે ઉત્સવ ત્યાં પીપલાણામાં રહીને જ કર્યા. ૫૩.

પછી સદ્‌ગુરુ શ્રીરામાનંદસ્વામીએ વિક્રમ સંવત્ ૧૮૫૭ના કાર્તિક સુદિ એકાદશીને દિવસ નીલકંઠવર્ણીને ભાગવતીદીક્ષા આપી. અને શ્રીસહજાનંદ-સ્વામી તથા સ્વામિનારાયણ (નારાયણ મુનિ) આવા સુખધામ નામ ધારણ કરાવ્યા. શ્રીકૃષ્ણભગવાનનો મોક્ષકારી અષ્ટાક્ષરમંત્ર પણ અર્થ સાથે સમજાવીને આપ્યો. ૫૪-૫૫. શ્રીસહજાનંદ સ્વામી સમસ્ત સદ્‌ગુણોથી સંપન્ન છે એમ રામાનંદસ્વામીએ મનમાં દૃઢ નિશ્ચય કર્યો. પછી મનમાં તે સદ્‌ગુણોને વિચારીને પોતાની ધર્મધુરા પણ તેમને જ આપવી એમ મનમાં નક્કી કર્યું. ૫૬. સ્વામીએ શ્રીહરિને સર્વોત્તમ સાધુગુણોથી સંપન્ન માન્યા. અરે ! પોતાના ઈષ્ટદેવ શ્રીકૃષ્ણ ભગવાન જ આ શ્રીહરિ છે એમ માન્યું. વારંવાર હૃદયમાં ધ્યાન કરીને સ્વામીએ જોયું તો તેમને શ્રીહરિમાં પોતાના કરતાં અનંત સદ્‌ગુણો અધિક દેખાયા. ૫૭.

**चोपाई :**

**अनंत भये हरि के अवतारा, गनत गनत कोउ लहत न पारा;**
**सब के कारन देखे एहा, सो बात निज दिल रखे तेहा...५८**
**मनुष्य रित उपर से देखावे, अलोकिक गुन अंतर छिपावे;**
**एहि बडे की हे रित अनादा, ओछे अल्प गुन जनवे जादा...५९**

ભગવાનના અવતાર અનંત થયા છે. તેને ગણતા પણ કોઈ પાર પામી શકતું નથી. સ્વામીએ શ્રીહરિને સર્વના કારણ દેખ્યા. તે વાતને તેમણે પોતાના દિલમાં જ રાખી. ૫૮. ઉપરથી મનુષ્યની રીતે રહે, પણ અલૌકિક ગુણોને તો અંતરમાં છુપાવી રાખે છે. મહાપુરુષોની એ એક અનાદિની રીત છે કે કોઈમાં અલ્પગુણ હોય તો પણ તેને વધારે દેખાડે. ૫૯. હવે રામાનંદસ્વામીએ

વિચાર્યું સત્સંગની જવાબદારી શ્રીસહજાનંદ સ્વામીને સોંપી નિશ્ચિત થાઉં તો પોતાને વિશ્રાંતિ મળે. પછી પોતાનાં બધાં જ કર્તવ્ય પૂરાં થયાં, હવે કોઈ કામ અપૂર્ણ રહ્યું નથી એમ માનીશ. ૬૦. પીપલાણામાં આ રીતે એક માસ પર્યંત ઉત્સવ થયો. દેશ દેશથી ભક્તજનો આવ્યા. અને શ્રીહરિની પૂજા કરવાનો બધો સામાન લાવ્યા હતા. ૬૧. જાત જાતનાં વાજિંત્ર વાગતાં હતાં. નિત્ય આનંદનું વાતાવરણ છવાયેલું રહેતું, શ્રીહરિનાં દર્શન કરવા માટે રોજ દેવતાઓ આવતા હતા. તેમનાં વિમાનો આકાશમાં છવાયેલાં રહેતાં હતાં. તેને રહેવાની જગ્યા મળતી ન હતી. ૬૨.

ઝીણા બુંદોથી ચંદનનો વરસાદ થતો હતો. ક્યારેક દુંદુભિઓ વાગવાથી આકાશમાં ગર્જના સંભળાતી હતી. ૬૩. ક્યારેક ફૂલોની ઝડીઓ વરસતી હતી તો ક્યારેક સાકરના કરા પડતા હતા. લોકોને આશ્ચર્ય દેખાતું. ગુલાલની ઝડીનો રંગ છાયેલો રહેતો. ૬૪. સાધુ અને બ્રાહ્મણો પંક્તિમાં નિત્ય જમતા હતા અને હરિભક્તો પ્રેમથી જમાડતા હતા. રોજ નવાં નવાં પકવાન તૈયાર થતાં. અને વિવિધ પ્રકારનાં શાકભાજી પણ તૈયાર બનાવતા હતા. કેળના સ્તંભ રોપીને અનેક પ્રકારના મંડપો બનાવતા. તેમાં ચારે દિશાઓમાં તરિયા (એક જાતના મોતી)નાં તોરણ બાંધીને સુંદર સુશોભિત રચનાઓ કરતા. ૬૫.

મંડપના પ્રત્યેક ખંડમાં દરવાજા કર્યા. બધી દિશાઓમાં કમાનો બાંધી હતી જે અદ્‌ભુત રીતે શોભતી હતી. વિચિત્ર રીતે સજાવેલા સ્તંભ દેખનારાના મનને મોહ ઉપજાવતા હતા. પ્રત્યેક દરવાજે મૂકેલા સોનાના કળશની ચમક ઝગમગી રહી હતી. શ્રીહરિકૃષ્ણ આવા મંડપને મધ્યે વિરાજ્યા હોય તેને સંતો અને હરિભક્તો જોઈ જ રહેતા હતા. ૬૬. ઘનશ્યામ શ્રીહરિની શોભા મારા મુખે સંપૂર્ણપણે કહી શકાતી નથી. આકાશમાં વિમાનો છવાઈ ગયાં હતાં અને અપ્સરાઓ નાચતી હતી. ૬૭. રામાનંદસ્વામી આ બધું દેખીને ઘણું ખુશ થયા. શ્રીઘનશ્યામની શોભાને દેખીને તો વારંવાર તેની પ્રશંસા કરવા લાગ્યા. ૬૮. એ શોભા એવી બની હતી કે જેને "ન ભૂતો ન ભવિષ્યતિ" કહી શકાય અથવા ક્યાંય થઈ જ શકે નહિ. કાનથી ક્યારેય સાંભળી પણ ન હોય એવી અદ્‌ભુત શોભા હતી. ૬૯. શ્રીહરિનાં બધાં અંગો ઉપર કેસર

મિશ્રિત ચંદનની અર્ચા કરી હતી. મૂર્તિ વિવિધ પ્રકારનાં આભૂષણ અને બહુરંગી ફૂલહારોથી સુશોભિત બની હતી. ૭૦. જ્યારે રાત થતી ત્યારે તો અપાર શોભા બનતી હતી. અનંત ભુવનોમાં આવી શોભા ક્યાંય કોઈએ દેખી નહિ હોય. ૭૧. બ્રહ્માની સભા કરતાં પણ શ્રીહરિની સભાને અનંત રીતે અધિક કહી શકાય. કારણ કે આ સભામાં બ્રહ્મનિષ્ઠ સંતો અને હરિભક્તો મળીને બેઠા હતા. ૭૨.

***ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના તૃતીય પૂરમાં 'શ્રીહરિ રામાનંદ સ્વામીને મળ્યા, ભાગવતી દીક્ષા ગ્રહણ કરી' એ નામે પાંચમો તરંગ સમાપ્ત ॥૫॥***

## પૂર ત્રીજું : તરંગ - ૬

### આખા, અગત્રાઈ આદિ સોરઠના ગામોમાં શ્રીહરિ સાથે સ્વામીનું વિચરણ

હરિભક્તોને દર્શન દેવાનું મનમાં ધારીને શ્રીરામાનંદસ્વામી રથમાં બેઠા. ૧. સ્વામીએ શ્રીહરિને પોતાની સાથે રથમાં બેસાડ્યા. ભૂલથી પણ કોઈ દિવસ સ્વામી શ્રીહરિને પોતાનાથી દૂર રાખતા નહિ. ૨. ગામેગામના હરિભક્તો રામાનંદસ્વામીની સાથે શ્રીસહજાનંદ સ્વામીને પણ પોતાને ઘેર પધરામણી કરવા લઈ જતા. ૩. સહુ પહેલાં શ્રીહરિ રામાનંદસ્વામીની સાથે અધિક ઉત્સાહ સાથે 'આખા' ગામ પધાર્યા અને તે પછી 'અગત્રાઈ' ગામ પધાર્યા. ૪. ત્યાં પાંચ દિવસ સ્વામી રહ્યા. ત્યાંથી બહુનામી શ્રીહરિ સાથે 'કાલવાણી' ગામ પધાર્યા. કાલવાણીમાં જે ધર્મશાળા કરાવી હતી તે પોતાની જગ્યામાં રહ્યા. ૫. માગશર અને પોષ, બે માસ ત્યાં રોકાયા. રામાનંદસ્વામીએ જોયું. શ્રીહરિનું શરીર અત્યંત કૃશ હતું. શરીરમાં ક્યારેય પરસેવો વળતો નહિ. ૬. આવળ મગાવીને રોજ રાતે શેક કરાવતા હતા. વસંત પંચમી ત્યાં કાલવાણીમાં કરી. રંગક્રીડાની ધૂમ મચાવી. ૭.

વસંતના ધુમાર રાગનાં સુંદર પદ સ્વામીને ગાતાં આવડતાં. સ્વામીને ઝાંઝ વગાડતા સરસ આવડતું તેમના જેવું કોઈ બીજા સંતને ઝાંઝ વગાડતા ફાવતું નહિ. ૮. પૂર્વ સમયથી કલ્યાણ પર્યંતના ભક્તકવિ મૃદંગ વાગતા અને પદ ગાતા હતા. પુષ્ટિમાર્ગના અષ્ટછાપના કવિ (સૂરદાસ, કુંભનદાસ, પરમાનંદદાસ, કૃષ્ણદાસ, છીત સ્વામી, ગોવિંદ સ્વામી, ચતુર્ભુજદાસ અને નંદદાસ)નાં પદોને સ્વામી ગદ્‌ગદ કંઠ થઈને ગાતા હતા. ૯. સ્વામી તુલસીદાસનાં પદ પણ ગાતા. સાકારપણાનું પ્રતિપાદન કરનારાં પદો ઉપર અધિક ભાવ રહેતો. ભગવાનના અવતારોનું ખંડન કરનારાક પદ, અને તેવાં શાસ્ત્રમાત્ર, વળી જેમાં અધર્મનું આચરણ કરવા છતાં ઘણી પ્રાપ્તિ બતાવી હોય, તે બધાનો ચંડાળની જેમ અને મળની જેમ તુરંત ત્યાગ કરી દેતા. સ્વામી આવા મહાન સમર્થ અને ઘણા જ પ્રભાવશાળી હતા. ૧૦-૧૧.

શ્રીહરિનું શરીર ઠીક થાય એટલા માટે પ્રેમથી ઉપાયો કરતા. શરીરે મીણનું તેલ ચોળાવતા. તેમને સ્વસ્થ કરવા માટે રોજ કસ્તૂરી ખવડાવતા. ૧૨. શ્રીહરિ વરસાદને તથા ઠંડીને સહન કરી શકતા, પણ તડકો સહન કરી શકતા નહિ; તેથી તેને માટે સ્વામીએ પ્રયત્નપૂર્વક ઘણા ઉપાયો કર્યા. ૧૩. અદ્‌ભુત રીતે તૈયાર કરાવીને રોજ મીંઢી આવળ (સોનામુખી)ને પિવડાવતા. ખાંડેલા લાલ મરચાને અનાજની જેમ ખાતા, છતાં કશું જણાતું નહિ. ૧૪. માંગરોળમાં શ્રીહરિ અને સ્વામી, બંને સાથે આણંદજી સંઘેડિયાને ઘેર પંદર દિવસ રહ્યા. ૧૫. પછી પંદર દિવસ લોજમાં રહ્યા. બાકીના બધા વસંતના દિવસોમાં માણાવદરમાં રહ્યા. અને ત્યાં હુતાશની અને ફૂલદોળનો ઉત્સવ કર્યો. ૧૬. તે પછી રંગપંચમી મેઘપુરમાં કરી અને તે પછીના પાંચ દિવસ ભાડેરમાં રહ્યા. પછી સ્વામી ધોરાજી પધાર્યા. અંતર્યામીએ ત્યાં પણ શ્રીહરિને પોતાની સાથે જ રાખ્યા હતા.૧૭.

### ❋ ધોરાજીમાં પાખંડમતનું ખંડન કર્યું :

ધોરાજીમાં રામનવમીનો સારો સમૈયો કર્યો. દૈત્યોએ માનેલા મતનો નાશ કરવા ત્યાં એક માસ સુધી રહ્યા. ૧૮.

**ચોપાઈ :**

**हरि अवतारकुं खंडे जे ते, दैत मत के जानत ते ते;**
**वर्णाश्रम को नहिं विचारा, जाके उर नहिं धर्म लगारा...१९**

**केफ व्यसन में रहे भरपूरा, हरि को ध्यान नहिं जेहि उरा;**
**रसना धन नारी के हिता, रात दिन सो जत्न करीता...२०**

દૈત્યોનો મત એટલે જેઓ ભગવાનના અવતારોનું ખંડન કરે, તેને સ્વામી દૈત્ય મતના જાણતા. જેના મતમાં વર્ણ અને આશ્રમનો વિચાર જ ન હોય અને દિલમાં લગારેક પણ ધર્મ ન હોય, જેઓ નશો કરતા હોય, વ્યસનોથી ભરપૂર હોય, જે હૃદયમાં ભગવાનનું ધ્યાન કરતા ન હોય, રસાસ્વાદ, ધન અને સ્ત્રીને માટે જ રાતદિન મહેનત કરતા હોય; ૧૯-૨૦.

**एसी प्रकृति जो जाकी रहाई, असुर दैत संत जाने ताई;**
**हरि के नाम सो अनंत रहाये, जपत जन को मोक्ष कराये...२१**

**साकार जानी मुख नाम न लेवे, असुर जानत लछन हि एवे;**
**अष्ट प्रकार हरि मूर्ति जेहि, असुर सो न माने कबु तेहि...२२**

આવી પ્રકૃતિવાળા જે હોય તેને સંતો અસુર અને દૈત્ય જાણે છે. ભગવાનનાં નામ તો અનંત છે. તેનો જપ કરવાથી મનુષ્યનો મોક્ષ થાય છે. ૨૧. ભગવાનને સાકાર સમજીને જે મુખથી નામ જપ નથી કરતા, તેવાં લક્ષણોથી તેમને અસુર જાણવા. ભગવાનની આઠ પ્રકારની જે મૂર્તિ છે તેને અસુર લોકો ક્યારેય માનતા નથી. ૨૨.

ધોરાજીમાં આવા દૈત્ય-અસુર લોકો રહેતા હતા, તેથી સ્વામીએ શ્રીહરિના દ્વારા તેમનું ખંડન કરાવ્યું. જેટલા પાખંડ મત કહેવાય છે તે બધાનું ખંડન-ઉચ્છેદન કરવાનું શ્રીહરિને આવડતું હતું. ૨૩. શ્રીહરિને તર્ક કરીને એવું બોલતા ફાવતું હતું કે તે અસુરોના મુખથી જ સત્ય વાત કહેવડાવતા અને સત્યનો સ્વીકાર કરાવતા. તેમના મતનાં વચનો ટાંકીને પ્રથમ તેમને બાંધી દેતા. જેથી તે ઊલટું બોલી ન શકે. ૨૪. રામાનંદસ્વામીએ શ્રીહરિનો આવો અનંત પ્રતાપ દેખીને તેમને પોતાની સાથે રાખ્યા હતા. તે પછી તેઓ **ફરેણી** ગામ પધાર્યા. ૨૫. ત્યાં એક માસ સુધી રહ્યા અને તે પછી **જેતપુર** પધાર્યા. ત્યાંથી

**સાંકળી** ગામ જઈને **ભાડેર** પધાર્યા. ૨૬. ત્યાં ભીમ એકાદશી(જેઠ સુદ-૧૧) કરી. ભીમએકાદશીનો ઉત્સવ કરીને ત્યાંથી **મેઘપુર** ગામમાં આવીને રહ્યા. ૨૭. ત્યાં અષાઢી દેવશયની નિયમની એકાદશી કરીને પાછા **ધોરાજી** પધાર્યા અને કેટલાક દિવસ ત્યાં રહ્યા. ૨૮. ફરીને **ફરેણી** આવીને રહ્યા અને શ્રીહરિના પ્રકટ પ્રતાપનો સહુને પરિચય કરાવ્યો. ફરેણીથી **સાંકળી** ફરીવાર પધાર્યા અને ત્યાંથી ભક્તોના પ્યારા સ્વામી **જેતપુર** પધાર્યા.૨૯. ત્યાંથી **પીપલાણા**, **આખા**, **અગત્રાઈ** અને **કાલવાણી** થઈને પછી **માંગરોળ** પધાર્યા અને ત્યાં જન્માષ્ટમીનો સમૈયો કર્યો.૩૦. જળઝીલણી એકાદશી, શ્રાદ્ધ પક્ષ, દશહરા અને શરદ પૂનમ, આટલા પર્વના ઉત્સવ માંગરોળમાં જ કર્યા અને તે પછી **લોજ** પધાર્યા. ૩૧.

દિવાળી અને અન્નકોટનો ઘણો સારો અને છેલ્લો ઉત્સવ ત્યાં કર્યો. કોઈ સાધુ કે હરિભક્તોને ખબર ન પડી જાય તે રીતે એમ બોલતા કે હવે ફરી અહીંયાં અવાય કે ન અવાય ઉત્સવ સારો કરો. ૩૨. પર્વતભાઈને તે વાતનો ખ્યાલ આવી ગયો હતો. કોઈની આગળ તે વાત કહે પણ તે વાત તેમને મનાતી નહિ. તે પછી સ્વામી છેલ્લી વાર **પંચાળા** થઈને **માણાવદર** પધાર્યા. ૩૩. હરિભક્તો જ્યારે કહે, સ્વામી, ફરીવાર પધારજો. ત્યારે તેમને સ્વામી કહેતા કે તે તો અંતર્યામી જાણે. અત્યારે દર્શન કરી લો. ફરીને કોણે જોયું છે ? જેટલો લાભ લેશો તે લેખે લાગશે. ૩૪. ગયા દિવસ ફરી વાર આવતા નથી. દિવસો તો નવા ને નવા આવ્યા જ કરે છે. અનાદિ કાળની આવી રીત છે. અમારી કહેલી વાતને પ્રેમથી માની લેવી. ૩૫. આવું કહીને દયાળુ સ્વામી માણાવદરથી તત્કાળ ચાલ્યા અને **પીપલાણા** ગામમાં પધાર્યા. ત્યાંથી **મેઘપુર** અને **ભાડેર** થઈને **ધોરાજી**માં કાંઈક રહ્યા. તે પછી **જેતપુર**માં આવી રોકાઈ ગયા. ૩૬.

જેમ ચંદ્રના વિના ચકોર પક્ષી રહી શકે નહિ તેમ રામાનંદસ્વામીનું મન શ્રીસહજાનંદ સ્વામીના વિના ક્યાંય સ્થિર થતું નહિ. આવો ભાવ શ્રીહરિના ઉપર સ્વામીને થઈ ગયો હતો. ૩૭. રામાનંદસ્વામી રોજ તાનમાં આવી જઈને એવી વાત કહેતા કે સહજાનંદ સ્વામી ઘણા મોટા સંત છે. જેવા ભગવાનમાં હોય તેવા સમગ્ર સંપૂર્ણ ગુણ એમાં રહ્યા છે. ૩૮. આવ્યા પછી અમારી પાસે

દોઢ વરસથી છે. જે રીતે અનંત લોકોનો મોક્ષ થાય તે રીતે નિત્ય અભ્યાસ કરે છે. ૩૯. ભાઈ રામદાસ સ્વામી અને મુક્તાનંદ સ્વામી આદિ બીજા સંતો આગળ પણ સ્વામી આનંદોલ્લાસમાં આવી બધી વાતો રોજ કરતા હતા. ૪૦. આ કોઈ અલૌકિક સંત આવ્યા છે, તેની બધી રીતો બીજાએ શીખવી જોઈએ. તેઓ કઈ રીતે શું કરે છે, તે બધું શીખવા માટે રાત દિવસ જોયા કરવું જોઈએ. ૪૧. નાની ઉંમરમાં જ તેઓ કેવો સરસ અભ્યાસ કરે છે ! તેમની આગળ બેસીને સુખકારી મોક્ષની રીત પૂછવી જોઈએ. ૪૨.

*ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિ-ચરિત્રામૃતસાગરના તૃતીય પૂરમાં 'આખા, અગત્રાઈ આદિ સોરઠનાં ગામોમાં શ્રીહરિ સાથે સ્વામીનું વિચરણ' એ નામે છઠ્ઠો તરંગ સમાપ્ત ॥૬॥*

## પૂર ત્રીજું : તરંગ - ૭

### શ્રીહરિને પોતાની ગાદીએ બેસાડી રામાનંદસ્વામી અંતર્ધાન થયા

ધર્મ, ભક્તિ,વૈરાગ્ય અને જ્ઞાન બાબતના જે જે પ્રશ્ન શ્રીહરિને પૂછવામાં આવતા હતા તે બધાના ઉત્તર તુરંત જ તેઓ સહજ ભાવે આપતા હતા. ૧. સાંખ્યશાસ્ત્ર અને યોગશાસ્ત્રના મતની સ્પષ્ટ અને શુદ્ધ વાત શ્રીહરિને જે કહેતા આવડતી હતી તે બીજા કોઈને આવડતી નહિ. ૨. રઘુનાથદાસને દેખીને સ્વામી વારંવાર કહેતા કે, આણે આટલા દિવસ રહીને સત્સંગ કર્યો, પણ તે બધો અલેખે ગયો છે. ૩. રઘુનાથદાસ આજ દિવસ સુધી જે જે ગ્રંથ ભણ્યા છે તે બધા થૂંકથી ભર્યા છે કારણ કે, તેણે પોતાની બુદ્ધિના અભિમાનને લીધે કોઈ ગ્રંથમાંથી સન્માર્ગ અપનાવ્યો નથી.૪ . જ્યારે રામાનંદસ્વામીએ આવું કહ્યું ત્યારે કેસરી ચંદનથી અર્ચિત લલાટવાળા, ભક્તોના મનને પ્રસન્ન રાખનારા અને પરમ દયાળુ, આવા બહુનામી શ્રીહરિ તેમની પાસે જ બેઠા હતા. ૫. મુક્તાનંદ સ્વામી આદિ બુદ્ધિશાળી મોટેરા સંતો પણ સભામાં બેસતા હતા. જેતપુરના કાઠી દરબાર ઉનડ ખુમાણના દરબારગઢમાં રામાનંદસ્વામી આવીને રહ્યા. ૬.

**❋ કાઠીઓનો ઈતિહાસ :**

હવે આ ગ્રંથમાં કાઠી દરબારોનો પ્રવેશ થાય છે તો તે કાઠીઓ કોણ હતા ? અને ઉન્નડ ખુમાણ હતા કે વાળા હતા ? વગેરે ઈતિહાસ સમજી લઈએ... ઐતિહાસિક દૃષ્ટિએ કાઠીઓ સૂર્યવંશી ગણાય છે. તેઓની આજીવિકા પ્રાયઃ યોદ્ધા તરીકેની હતી. તેઓ રજપૂતોથી પણ વિશેષ સાહસિક અને લડાઈમાં કુશળ હતા. કાઠીઓની મુખ્ય આઠ જ્ઞાતિ ગણાય છે. (૧) પટગીર (૨) પાડવા (૩) નાટા (૪) નરેડ(જાતવડા) (૫) માંઝરિયા (૬) કટોહરિયા (૭) ગુલિયા અને (૮) ગરીબા.

મહાભારતના યુદ્ધ બાદ પાંડવોથી પરાજિત થયેલા અમુક કૌરવ પક્ષોના કટ્ટરવાદી ક્ષત્રિયો સાથે કાઠીઓ પણ પાંડવોના રાજ્યને છોડીને આરબી દેશોમાં ગયા હતા. ત્યાં જઈ કાઠીઓએ પોતાના બાહુબળથી મધ્ય એશિયા ખંડમાં ઘણા પ્રદેશો જીતી પોતાનું રાજ્ય સ્થાપ્યું હતું. પછી મધ્ય એશિયા ખંડમાંથી કાઠી દરબારો ઈરાક, ઈરાન, અફઘાનિસ્તાન વગેરે પ્રદેશોમાં રહેવા ગયા. ત્યાંથી ભારતમાં પંજાબ આવ્યા. ઈ.સ. ૩૩૬માં ગ્રીકથી દિગ્વિજય કરવા નીકળેલા એલેકઝાંડર (સીકંદર) સાથે પંજાબના રાજા પોરસે યુદ્ધ કર્યું હતું. ત્યારે પોરસના સૈન્યમાં ઘણાક કાઠીઓ હતા. તેણે સીકંદરને ઘાયલ કર્યો હતો. તેમાં સત્તર હજાર કાઠીઓ મરાયા હતા. પછી સીકંદર પાછો ફર્યો.

ત્યારબાદ કાઠીઓએ પંજાબના રાજા પોરસ પર હુમલો કર્યો, તેથી તે ચેતી ગયો. પછી માલવ દેશના રાજા અભીસારની મદદ લઈને પોરસે કાઠીઓને પંજાબમાંથી હાંકી કાઢ્યા હતા. ફરતાં ફરતાં કાઠીઓ કચ્છમાં આવ્યા હતા. અને ત્યાં આઠમી સદીમાં ચાવડા લોકોને યુદ્ધમાં હરાવી કાઠકોટને કાઠીઓએ મુખ્ય રાજધાની બનાવી. અત્યારે તેને કંથકોટ કહેવાય છે. નવમી સદીમાં જાડેજાઓ સિંધમાંથી આવ્યા તેમાંય કચ્છમાંથી કાઠીઓ અને સોલંકીઓનું રાજ્ય જપ્ત કર્યું અને પોતાનું આધિપત્ય સ્થાપ્યું. પછી કાઠીઓ ત્યાંથી સોરઠમાં આવ્યા. તેમાં મુખ્ય અમરા(વિહળ) પટગીર હતા. તેમની દીકરીનું નામ રૂપાદેબા હતું.

**✵ વાળા, ખાચર અને ખુમાણનો ઈતિહાસ :**

પુરાણોમાં સૂર્યવંશી પ્રસિદ્ધ રાજાઓનાં નામ લખાયેલાં છે. તે મુજબ સૂર્યના મનુ થયા. તેમના ઈશવાકુ થયા. જેણે અયોધ્યા વસાવ્યું હતું. તેમની ૩૫મી પેઢીએ હરિશ્ચંદ્ર થયા. તેમની ૧૦મી પેઢીએ સગર રાજા થયા. તેમની પાંચમી પેઢીએ ભગીરથ થયા. જે ભાગીરથી-ગંગાને પૃથ્વી ઉપર લાવ્યા હતા. તેમની ૨૨મી પેઢીએ રામચંદ્ર ભગવાન થયા. તેમના વંશમાં દ્વાપરના અંતમાં બૃહદબલ રાજા થયા. જે મહાભારતમાં કૌરવપક્ષે લડતા અભિમન્યુને હાથે મરાયા હતા. એક ઈતિહાસ એવો પણ છે કે કર્ણનો ચોથો પુત્ર વૃષકેતુ વંશવૃદ્ધિ માટે મહાભારતના યુદ્ધમાંથી પાછો વળી ગયો. તેથી તેના વંશજો 'વાળા' કહેવાયા. પરંતુ આ ચંદ્રવંશી હતા. તેને યુધિષ્ઠિરે મધ્યપ્રદેશમાં રાજ્ય આપ્યું હતું.

માળવા તેની મુખ્ય રાજધાની હતી. સૂર્યવંશી બૃહદબલના વંશમાં લગભગ ૨૭મી પેઢીએ ગૌતમબુદ્ધ થયા. ગૌતમબુદ્ધ(સિદ્ધાર્થ)ના ભાઈ લાંગલના પુત્ર પ્રસેનજીત બીજા થયા. તેની પાંચમી પેઢીએ સુમિત્ર થયા. તેને ત્રણ પુત્ર હતા. (૧) વિશ્વરાજ (૨) કૂર્મ અને (૩) વજનાભ. આ ત્રણ પૈકી વિશ્વરાજના રાઠોડસિંહે જોધપુરમાં મુખ્ય ગાદી સ્થાપી. તેના વંશજો રાઠોડ કહેવાયા. કૂર્મના પુત્ર કચ્છવાહાએ જયપુરમાં મુખ્ય ગાદી સ્થાપી. અને વજનાભે મગધ દેશમાં પોતાની ગાદી સ્થાપી. અને તેના પુત્ર મૈત્રકે કાઠિયાવાડના વલ્લભીપુરમાં મુખ્ય ગાદી સ્થાપી. તેથી તેઓ મૈત્રકવંશીઓ કહેવાયા. આ મૈત્રકની ૩૧મી પેઢીએ ઈ.સ. ૫૫૫માં ગુહસેન રાજા થયા. તેને બે પુત્ર હતા. (૧) ધરસેન (૨) ગુહાદિત્ય. આ ગુહાદિત્યએ ઈ.સ. ૫૮૦માં ઈડર વસાવ્યું અને તે ત્યાંના રાજા થયા. તેના વંશજ બાપા રાવળે ઈ.સ. ૭૨૮માં માનસિંહ પરમાર પાસેથી ચિત્તોડનું રાજ્ય જીતી લીધું. તેમના વંશજમાં ઉદેસિંહ થયા. જેણે ઈ.સ. ૧૫૭૦માં ઉદેપુર વસાવ્યું.

ઉદેસિંહના પુત્ર મહારાણા પ્રતાપ થયા. આ ચિત્તોડના રાજવંશમાંથી એક યુવરાજ મહારાષ્ટ્રમાં ગયા. ત્યાં પોતાની સત્તા સ્થાપી. તેમના વંશમાં સતારા અને કોલ્હાપુર નરેશ શાહજી અને જીજાબાઈ થકી ઈ.સ. ૧૬૨૭માં

છત્રપતિ શિવાજીનો જન્મ થયો. ધરસેન વલ્લભીપુરની ગાદીએ રહ્યા. ઈ.સ. ૭૬૫માં આરબોએ વલ્લભીપુરનો નાશ કર્યો. ત્યારે બચેલું એક કુટુંબ ખંભાત ગયું. પછી ઈ.સ. ૭૯૪માં શીલાદિત્ય(સાત)માં એ પાછા આવી ખંડેર થયેલા વલ્લભીપુરને ફરી વસાવ્યું. અને વાળા તથા તળાજામાં પોતાની ગાદી સ્થાપી. ત્યારથી આ સૂર્યવંશી કુળ 'વાળા' તરીકે પ્રસિદ્ધ થયું. શીલાદિત્યની ચોથી પેઢીએ ઝાંઝરશી વાળા થયા. તેણે ઈ.સ. ૧૮૬૦માં ઝાંઝમેર વસાવ્યું. આ રીતે તેમનો વંશ કાઠિયાવાડમાં વિસ્તર્યો. આ ઝાંઝરશી વાળાની ચૌદમી પેઢીએ એભલવાળા(ચોથા) થયા. તેમને ત્રણ પુત્ર હતા. (૧) ધાનવાળા (૨) ચાંપરાજ વાળા અને (૩) અમરજી વાળા. તેમાં ચાપરાજ વાળા જેતપુરના રાજા થયા. તે મહા શૂરવીર હતા. ઈ.સ. ૧૩૬૭માં દિલ્હી બાદશાહ શમશખાન સાથેના યુદ્ધમાં વીરગતિ પામ્યા. જેનું માથું જેતપુરમાં પડ્યું અને ધડ લડતું લડતું લાઠી સુધી આવેલું. તેથી તેમની મસ્તકની ખાંભી જેતપુરમાં અને ધડની ખાંભી લાઠીમાં છે. એભલ વાળાના ત્રીજા પુત્ર અમરજીને ધાતરવડ વિસ્તાર જાગીરમાં મળ્યો.

અમરજીને બે પુત્ર થયા. (૧) જશવંતસિંહ તેના પુત્ર વીર માંગડાવાળો થયો. જે ધૂમલી તથા ભાણવડના રાજા ભાણ જેઠવા(ચોથા)નો ભાણેજ હતો. કાઠીઓએ ધૂમલીથી ગાયોનું ધણ વાળ્યું. ત્યારે માંગડાવાળો ગાયોની વારે ચઢ્યો અને બાયલ ચાવડા નામના કાઠીની બરસીથી વીંધાઈને વીરગતિ પામ્યો. (૨) એભલ વાળાના મોટા પુત્ર ધાનવાળા ઢાંકાની ગાદીએ આવ્યા. તેમના પુત્ર વેરાવળજી થયા. આ વેરાવળજી સૂર્યના મહાન ભક્ત હતા. તેમણે કાઠીઓને સાથે રાખી કચ્છના રાજા મૂળવાજી સાથે યુદ્ધ કર્યું. તેને મારી નાંખી કચ્છને જીતી લીધું. પરંતુ તે યુદ્ધમાં વેરાવળજી ઘાયલ થયા. ત્યારે અમરા(વિહળ) પટગીરની પુત્રી રૂપાદેએ તેમની ખૂબ સેવા કરી. પછી કાઠી અમરા પટગીરે પોતાની પુત્રી રૂપાદેને ઈ.સ. ૧૩૧૬માં વેરાવળજીને પરણાવ્યા. તેથી તેમના ગરાસદાર ભાઈઓએ તેને નાત બહાર મૂક્યા. તેથી તે કાઠી બની ગયા. તેમને રૂપાદે થકી ત્રણ પુત્ર થયા. (૧) વાળાજી (૨) ખુમાજી (૩) લાલાજી અને એક સોનબાઈ નામે પુત્રી થઈ. ત્યારબાદ

મૂળવાજીના પુત્ર કાયાજીએ પિતાનું વૈર લેવા વેરાવળજી તથા અન્ય કાઠીઓ સાથે યુદ્ધ કર્યું. તેમાં કાઠીઓના મુખ્ય સેનાપતિ માર્યા ગયા. સૈન્ય ભંગાણ થયું. તેથી મેદાન છોડી કાઠીઓ ભાગ્યા તે મોરબી થઈ થાન આવ્યા. તેમની પાછળ સસૈન્ય કાયાજી આવ્યા.

ત્યારે વેરાવળજી અને અન્ય કાઠીઓએ હવે શું કરવું ? તે વિચાર્યું. તે સમયે મારવાડથી રાઠોડ રજપૂત કાળુસિંહ, વડસુરસિંહ અને જેતસિંહ દ્વારકાની યાત્રાએ જતા. કાઠીઓએ તેમની ખૂબ મહેમાન ગતિ કરી. પછી પોતાની મુશ્કેલી જણાવી એટલે મહા શૂરવીર તે ત્રણેય ભાઈઓ કાઠીઓના પક્ષે યુદ્ધ કરવા તૈયાર થયા. આ સમયે વેરાવળજી વગેરે મળી કુલ બાર મહા શૂરવીરો હતા. વેરાવળજીએ અન્ન-જળ છોડી ત્રણ દિવસ સૂર્યની આરાધના કરી. ત્રીજે દિવસે રાત્રીએ સૂર્યદેવે તેમને સ્વપ્નમાં સંકેત આપતા કહ્યું, ‘તમે કચ્છના લશ્કર સામે લડાઈ કરો. હું તમારી મદદે છું. તમારો વિજય થશે.’ અને તમે અહીંથી થાન પહોંચો ત્યારે તમારા બાર વ્યક્તિ સાથે તેરમો વ્યક્તિ અચાનક આવી જાય તો સમજજો કે, ‘હું તમારી સાથે છું.’ સૂર્યદેવે કહ્યું તે વાત સત્ય ઠરી તેથી અતિ વિશ્વાસ લાવી અમુક કાઠીઓને સાથે રાખી કચ્છના કાયાજી સાથે યુદ્ધ કર્યું. તેમાં વેરાવળજીનો ભવ્ય વિજય થયો. પછી તેણે ભાણવડ ગામના ભાણજેઠવા(ચોથા)ના સાડા મિયાત બાબરિયા પાસેથી થાન રાજ્ય જપ્તે કર્યું. અને ત્યાં સૂર્યદેવનું ભવ્ય મંદિર બંધાવ્યું. પછી વેરાવળજીએ પોતાની પુત્રી સોનબાને ચૌહાણ વાલેરા જળુ સાથે પરણાવ્યાં. અને સોનગઢ ગામ બાંધી આપ્યું અને તેમને સૂર્યદેવની સેવા સોંપી. આજે પણ તેમના વંશજો ત્યાં સૂર્યદેવની પૂજા કરે છે. રાઠોડ કાળુસિંહને લાખામાસી ગામ આપ્યું. તેઓ કાઠીની પુત્રીને પરણ્યા તેના પુત્ર ધાધલજી થયા. તેનો વંશજ ધાધલ કહેવાયા.

આ વેરાવળજીએ જ ઈ.સ. ૧૩૩૨માં વેરાવળ બંદરની સ્થાપના કરી. તેમનું સોળસો ઉપરાંત ગામમાં રાજ્ય હતું. પ્રથમ વાર આવડું મોટું રાજ્ય સ્થપાણું તેથી તે આ આખો પંથક કાઠિયાવાડ તરીકે પ્રસિદ્ધ થયો. વેરાવળજીના મોટા પુત્ર વાળાજીના વંશજો વાળા કાઠી કહેવાણા. વચેટ પુત્ર ખુમાજીના

વંશજો ખુમાણ કહેવાયા. આ ખુમાજીની ૨૦મી પેઢીએ હાદા ખુમાણ થયા. તેમના પુત્ર જોગીદાસ ખુમાણ હતા. વાળાજીને જેતપુર વિસ્તારના આઠસો ગામ ભાગમાં આવ્યાં. તેથી તે પંથકનું નામ વાળાક કહેવાણું. ખુમાજીને શેત્રુંજીથી લઈ ધાતરવડી નદી સુધીના આઠસો ગામ ભાગમાં આવ્યાં. આ ખુમાજીના પુત્ર નાગપાળના ખાચરજી થયા. તેમના વંશજો ખાચર કહેવાયા. માણસુરના પુત્ર ખુમાજી હતા. તે બંનેને ચારસો ચારસો ગામ ભાગમાં આવ્યાં. તે પણ વાળાક પ્રાંતમાં જ ગણાય છે. અને ખાચરજી જશદણથી લઈ વલ્લભીપુર સુધીના ચારસો ગામ આવ્યાં. તે કાઠિયાવાડ તરીકે પાછળથી પ્રસિદ્ધ રહ્યો. આ ખાચરજીની ૧૨મી પેઢીએ કાળા ખાચર અને નાગપાળ ખાચર આ બે ભાઈ થયા. તેમાં નાગપાળ ખાચરના મોકા ખાચર(પહેલા) થયા. તેના વંશજો મોકાણી ખાચર કહેવાણા. કરિયાણા, વાંકિયા, ખંભાળાના દેહા ખાચર, મોકા ખાચર વગેરે.. કાળા ખાચરે કાળાસર ગામ વસાવ્યું. તેમને પાંચ પુત્ર હતા. (૧) બોડા ખાચર (૨) સામત ખાચર (૩) દાના ખાચર (૪) ઠેબા ખાચર અને (૫) વેજાણંદ ખાચર. તેમાં સામત ખાચરે સેજકપુર અને શાહપુર ગામ વસાવ્યાં. સામત ખાચરના પુત્ર દેવાયત ખાચર તથા રામ ખાચર થયા. આ રામ ખાચરના વંશજો રામાણી કહેવાણા. તેઓ ચોટીલા પ્રાંતમાં રહે છે. જેમાં સારંગપુરના જીવા ખાચર વગેરે દેવાયત ખાચરના ગોદડ ખાચર થયા. તેમના વંશજો ગોદડકા કહેવાણા. ગોદડ ખાચરની ત્રીજી પેઢીએ ઉન્નડ ખાચર થયા. તેણે ઈ.સ. ૧૬૭૫(સં. ૧૭૩૨)માં ગઢપુર વસાવ્યું. અને તેમના ભાઈ જીવા ખાચરે હાડીકા ગામ વસાવ્યું. પરંતુ બંને ગઢપુર રહેતા.

આ ઉન્નડ ખાચરના પુત્ર બાવા ખાચર તેમના એભલ ખાચર અને તેમના દાદા ખાચર થયા. જીવા ખાચરના પુત્ર પૂંજા ખાચર થયા. તેમને ચાર પુત્ર થયા (૧) જીવા ખાચર (૨) મૂળુ(ભીમ) ખાચર (૩) દાના ખાચર (૪) રામ ખાચર. તેમાં જીવા ખાચરના ભોકા ખાચર અને દેહા ખાચર. રામ ખાચરના રાણીંગ ખાચર તથા દાન ખાચર થયા. કાળા ખાચરના ચોથા પુત્ર ઠેબા ખાચરને બે પુત્ર થયા. (૧) દાના ખાચર અને (૨) લાખા ખાચર. તેમાં દાના ખાચરના વંશજો ઠેબાણી કહેવાણા. લોયાના સુરા ખાચર તથા

પાળિયાદના દરબારો વગેરે અને લાખા ખાચરના વંશજો લાખાણી કહેવાણા. સારંગપુરના જીવા ખાચર તથા જમરાળા, જશદણના દરબારો લાખાણી ખાચર કહેવાય છે. આ વેરાવળજીના મુખ્ય સેનાપતિ અમરા પટગીર હતા. તેની આશરે વીસમી પેઢીએ ભોજા પટગીર થયા. તેમના બે પુત્રો (૧) ગીગા પટગીર અને (૨) નાજા પટગીર. તેમાં સં. ૧૮૧૫ મહા સુદ બીજને ગુરુવારે નાજાબાપુએ બેલાગામના ગઢવીને સાથે રાખી કુંડળનું તોરણ બાંધ્યું હતું.

### ❋ જેતપુરના ઉન્નડ ખુમાણ કોણ ?

આ વેરાવળજીની લગભગ ૨૧મી પેઢીએ જેતપુરની ગાદીએ મૂળુજી વાળા હતા. તેઓ વ્યસનાદિકમાં ભરપૂર હતા. વળી, તેમને પુત્ર ન હતો. તેથી તેમણે પોતાના રાજ્યમાં વફાદાર વ્યક્તિ તરીકે તેના સગા માસીના દીકરા ઉન્નડ ખુમાણને સાવરકુંડલા પંથકમાંથી જેતપુર તેડાવ્યા. અને રાજ્યનો વહીવટ તમામ તે સંભાળતા હતા. મૂળુ વાળા સત્સંગી ન હતા. પરંતુ ઉન્નડ ખુમાણ રામાનંદસ્વામીના ભક્ત હતા. વળી, તેમના મુખ્ય બે ખેડૂતો(મુખી, જીવાઈદાર) હતા. (૧) ભાણા કાપડિયા (૨) જીવા કાપડિયા. તે પણ રામાનંદસ્વામીના ભક્ત હતા. તેથી સ્વામી ઘણીવાર જેતપુર આવતા હતા.

આ બંને પટેલોનાં ઘર પણ ઉન્નડ ખુમાણના દરબારમાં જ હતાં. અને ભાણા પટેલના ઓરડામાં સ્વામી ઊતર્યા હતા. મહારાજને ગાદીએ બેસાડવાની પ્રથમ સંતોભક્તો સાથે સભામાં વાતચીત રામાનંદસ્વામીએ આ ભાણા કાપડિયાની ઘેર કરી હતી. આપણા સાંપ્રદાયિક ગ્રંથોમાં બધે ઉન્નડ ખુમાણનું નામ આવે છે. ઘણાક શરતચૂકથી ઉન્નડ ખુમાણને ઉન્નડ વાળા કહે છે. પરંતુ તે હકીકત નથી. આ ઉન્નડ ખુમાણના દરબારમાં રામાનંદસ્વામી આવતા.

**(મૂળગ્રંથ શરૂ)** રોજ ભાદર નદીએ સ્નાન કરવા જાતા. ત્યાં સ્નાન કરીને શ્રીકૃષ્ણ ભગવાનનું ધ્યાન કરતા. સુખદાયક સ્વામી ધ્યાન કર્યા પછી ગામમાં આવતા અને પછી રસોઈ કરાવીને જમતા હતા. ૭. સંતો પહેલાં શ્રીહરિને જમાડીને પછી જમતા. ઉમંગથી કથાવાર્તા કરતા. તે સાંભળીને સંતો રંગમાં-આનંદમાં આવી જતા. ૮. પોષ મહિનો ઉતર્યો ને માઘ

મહિનો બેઠો અને સૂર્ય જ્યારે ઉત્તરાયણમાં પ્રવેશ્યો ત્યારે રામાનંદસ્વામીએ રામદાસસ્વામીને બોલાવ્યા. ૯. વળી, મુક્તાનંદસ્વામી વગેરે મોટેરા સંતોને બોલાવ્યા. તેમજ મયારામ ભટ્ટ અને પર્વતભાઈ વગેરે મોટેરા હરિભક્તોને પણ ઉદાર સ્વભાવના રામાનંદસ્વામીએ વિચાર-વિમર્શ કરવા માટે બોલાવ્યા. સહુ આવ્યા પછી સ્વામીએ કહ્યું, સૌ એકાગ્ર ચિત્તથી મારી વાતને સાંભળો. ૧૦-૧૧. હવે અમારા શરીરનો કોઈ નિરધાર નથી, એટલે અત્યારે અહીંયાં આવેલા તમે સહુ વિચાર કરીને મને કહો કે આપણા સત્સંગની વૃદ્ધિ કઈ રીતે થાય. અને તે સત્સંગવૃદ્ધિનો ઉપાય શું કરવો ? ૧૨. ત્યારે સંતોએ અને હરિભક્તોએ સ્વામીના વચનને મનમાં વિચારીને કહ્યું, આપણી પરંપરાની રીત જગતથી જુદી જ છે. આપ અમારા પ્રાણ છો. સત્સંગનું હિત મનથી જે ધારતા હો, તે પ્રમાણે આપ કરો. ૧૩.

ત્યારે સ્વામીએ સહજાનંદ સ્વામીને બોલાવ્યા અને સ્વયં તેમને પોતાની ગાદી ઉપર બેસાડ્યા. પછી સ્વામીએ જ તેમની પ્રથમ પૂજા કરી. સંતોને અને હરિભક્તોને તેમની પૂજા કરવાની આજ્ઞા કરી. ૧૪. વિવિધ પ્રકારનાં વાજિંત્ર વગડાવ્યાં. તે સમયે સહુએ જય જયકારનો ઉચ્ચાર કર્યો. ત્યાં સંતો અને હરિભક્તો જે હાજર હતા, તેમણે સહુએ શ્રીહરિની પૂજા કરી. ૧૫. વિક્રમ સંવત્ ૧૮૫૮ના (માગશર સુદિ-૨?) કારતક સુદ એકાદશીને દિવસ રામાનંદસ્વામીએ શ્રીસહજાનંદ સ્વામીને પોતાની ગાદીએ બેસાડ્યા. ૧૬.

પછી સ્વામીએ શ્રીહરિને નિત્ય વર્તન માટેની બધી આચાર સંહિતા બતાવતા કહ્યું, મુનિરાજ ! સ્ત્રીઓને ધર્મમાં વર્તાવવા માટે તમે તેની સાથે બોલજો. ૧૭. કોઈ ભક્તો તમને ભેટમાં ધન આપે તો તેનાથી તુરંત બ્રાહ્મણોને જમાડી દેવા. વિષ્ણુયાગ જેવા સારા યજ્ઞ કરાવવા અને અત્યંત સુંદર ભગવાનના મંદિરો પણ કરાવવા. ૧૮. રામાનંદસ્વામીએ જે જે કહ્યું તે બધું બહુનામી શ્રીહરિએ શિરોધાર્ય કર્યું. આ સિવાયના સહુના વર્તનની રીત પણ અલગ અલગ રીતે પ્રેમથી કહી સંભળાવી. ૧૯. તે પછી દયાળુ રામાનંદસ્વામી નિવૃત્ત થઈને શાંતિથી બેઠા અને તત્કાળ જ્વર (તાવ) સ્વીકાર્યો. ભોજન છોડી દીધું. સ્વૈચ્છિક રીતે રોગને આધીન થયા. ૨૦.

તે સમયે તેમણે સહુ સંતોને કહ્યું, મારા દેહનો કાંઈ નિરધાર નથી. હવે મને ફરેણી લઈને ચાલો. વિલંબ કરશો નહિ. ૨૧. પછી રામાનંદસ્વામીને રથમાં બેસાડ્યા. શ્રીહરિ તેમની સાથે બેઠા. **ફરેણી** ગામ આવ્યા. સંતોનાં શરીર પણ સ્વામીની બીમારીથી ક્ષુબ્ધ થઈ ગયાં હતાં. ૨૨. રામાનંદસ્વામી બે દિવસ જગ્યામાં (સાધુના આશ્રમાં) રહ્યા. તેમણે સહુ સંતોને આજ્ઞા કરી કે તપસ્વી સહજાનંદ સ્વામી કહે તેમ કરજો અર્થાત્ તેમની આજ્ઞામાં રહેજો. ૨૩. સુખની ખાણ એવા સહજાનંદ સ્વામી મારા પ્રાણ છે. તેઓ સર્વ રીતે જીવના જીવન છે. તેમની મરજી પ્રમાણે અમે કરીએ છીએ. ૨૪.

**हरिगीत :**

**श्रीहरि कहे तिमि करना सोई जोग अभ्यास हे;**
**एहि जप तप तिर्थ व्रत हे कर्म एहि कर नास हे;**
**अनंत ब्रह्मांड में अनंत मुक्त हे सो सब इन के दास हे;**
**काल माया पाप कर्म यमदूतकुं इनकी त्रास हे...२५**

શ્રીહરિની અનુવૃત્તિમાં રહેવું, તે જ તમારે સહુને માટે યોગાભ્યાસ છે. તેમની આજ્ઞા પાળવી એ જ જપ, તપ, તીર્થ અને વ્રત છે. તેમની આજ્ઞા જ સમગ્ર કર્મોનો નાશ કરશે. અનંત બ્રહ્માંડો છે અને તેમાં અનંત મુક્તો છે. તે બધા આ શ્રીહરિના દાસ છે, કાળ, માયા, પાપમય કર્મ અને યમદૂતો, એ બધા આ શ્રીહરિથી ત્રાસ પામે છે. ૨૫. અનંત જન્મોનાં પુણ્ય એક સામટાં ઉદય થયાં હોય ત્યારે જ આ શ્રીહરિનો યોગ થાય છે. આ શ્રીહરિના યોગ માટે, તેમને મેળવવા માટે યોગીઓ અનંત જન્મોને ખોવે છે. મુનિજનો કરોડો રીતે ઉપાસના-સાધનાની મહેનત-યત્ન કરતા રહે છે, તો પણ તેમને આ શ્રીહરિનું સમીપપણું મળતું નથી. આજે મારાં ધન્યભાગ્ય છે કે તેઓ મારી પાસે આવીને બેઠા છે. ૨૬. એકાદશીએ સંતો ફરેણી ગામમાં આવ્યા. તે દિવસ વ્રત નિમિત્તે ઉપવાસ કરાવ્યો. બારશને દિવસ સાધુ અને બ્રાહ્મણોને જમાડ્યા. હરિભક્તો પાસે બ્રાહ્મણોને દાન અપાવડાવ્યાં. ૨૭. વળતે દિવસ સ્નાન કરીને પદ્માસન વાળી ધ્યાનમાં બેઠા. હૃદયમાં શ્રીકૃષ્ણની મૂર્તિ ધારી, તે સિવાયના બીજા સંકલ્પ ટાળી નાખ્યા. ૨૮. બાહ્ય

વૃત્તિ હતી તે જ્યારે અંતર્વૃત્તિ થઈ ગઈ ત્યારે આત્મા શરીરથી અલગ પડી ગયો. જ્યારે ભૌતિક દેહનો ત્યાગ થયો ત્યારે દિવ્યદેહમાં અનુરાગ થયો. ૨૯. તે સમયે સ્વસ્વરૂપનું જ્ઞાન થયું. પોતાને ઉદ્ધવ જાણ્યા અને શ્રીહરિને પોતાના સ્વામી ઈષ્ટદેવ જાણ્યા. તે સમયે તેઓ તુરંત ભાગવતી તનુ ધારીને બદરિકાશ્રમ ગયા. ૩૦. વિક્રમ સંવત્ ૧૮૫૮ના માગશર સુદિ-૧૩ ને ગુરુવારે પરમ પ્રવીણ રામાનંદસ્વામી સ્વતંત્રપણે દિવ્યગતિને પામ્યા. તેને કોઈ જાણી ન શક્યા. ૩૧.

શ્રીસહજાનંદ સ્વામીએ જ્યારે પોતાના ગુરુએ ભૌતિક શરીર છોડી દીધું છે એમ જાણ્યું ત્યારે તેઓ મનુષ્ય ભાવે રડવા લાગ્યા પણ જ્ઞાન દૃષ્ટિથી તો તેમને દુર્વાસાના શાપથી મુક્ત થયા જાણીને ઘણી જ પ્રસન્નતા વધી. ૩૨. શ્રીઘનશ્યામ પ્રભુ સ્વયં તો પૂર્ણકામ છે. તેમની ઈચ્છા સિવાય કાંઈ જ થતું નથી; એટલે તેઓ ઘણું કરીને મનુષ્યલીલા જ કરતા હોય છે. ૩૩. રીત પ્રમાણે વિમાન (પાલખી) તૈયાર કરાવ્યું, તેમાં ગુરુદેવને પધરાવ્યા. બધાં અંગો ઉપર ચંદન ચર્ચ્યું અને તત્કાળ ઘણા પુષ્પહાર પહેરાવ્યા. ૩૪. સ્વામીના પાર્થિવ શરીર ઉપર અને વિમાન (પાલખી) ઉપર ઘણો ગુલાલ છાંટ્યો. સૂર્યોદય થતા જ વાજતે-ગાજતે વિમાન લઈને સહુ ચાલ્યા. ૩૫. સાથે અપાર હરિભક્તો હતા. કોઈ ધૂન-કીર્તન ગાતા હતા તો કોઈ રુદન કરતા હતા. સંતો વિમાનને ભાદર નદીએ લઈ ગયા. ત્યાં વર્ણિવર શ્રીહરિએ અગ્નિસંસ્કાર કર્યો. ૩૬.

તે સમયે સંતહરિભક્ત સહુએ મળીને નદીમાં સ્નાન કર્યું. તે પછી સહુ ગામમાં પાછા આવ્યા. સહુ શોકથી ઘેરાયેલા હતા. કોઈને ઉત્સાહ ન હતો. ૩૭. તે પછી ગામેગામના હરિભક્તોના ઉપર શોક-સમાચારના પત્રો લખ્યા. તે પત્ર વાંચીને સૌ હરિભક્તોએ તે નિમિત્તે સ્નાન કર્યું. પરસ્પર સમાચાર જાણીને સહુનાં મન શોકાતુર થઈ ગયાં. ૩૮. સ્વામીએ દેહ તજ્યો તેને બાર દિવસ થયા, ત્યારે દેશ દેશના હરિભક્તો બધા ફરેણી ગામ આવ્યા. સહુના મનમાં સ્વામીના વિયોગનો ખેદ હતો. ૩૯. શ્રીસહજાનંદ સ્વામીએ સહુ ભક્તોને બોલાવીને આશ્વાસન આપ્યું.

બહુનામીએ પોતાનો ઘણો જ પ્રતાપ જણાવ્યો. તેથી સહુના હૃદયમાં અધિક આનંદ છવાઈ ગયો અને તેથી શોકની વાતને ભુલાવી દીધી. ૪૦. શ્રીહરિએ સહુ સંતોને ઘણા જ પ્રેમથી બોલાવ્યા. સહુને શ્રીહરિના ઉપર સ્નેહભાવ થયો. તેર દિવસ સુધી બધું કાર્ય વિધિએ સહિત કર્યું. સંતોને અને બ્રાહ્મણોને બધાને જમાડ્યા. ૪૧. દેશદેશના સમગ્ર હરિભક્તોને પણ સારી રીતે જમાડ્યા. ઘણો જ આનંદ-ઉત્સવ છવાઈ ગયો. સમસ્ત સંતોમાં શ્રીમુક્તાનંદ સ્વામી બહુનામી શ્રીહરિને સહુથી અધિક માન આપતા હતા. તે રીતે જ રામદાસજી સ્વામી પણ અધિક માનતા હતા. તે રીતે જ બીજા બધા સંતો પણ શ્રીહરિને ઘણું માન આપતા હતા. ૪૨.

**✵ સંતોભક્તોએ શ્રીહરિનો સર્વેશ્વર સ્વરૂપે નિશ્ચય કર્યો :**

**चोपाई :**

**हरि में सबकु प्रतित हि आई, सत्संग रंग बढो अधिकाई;**
**तिनके जन्म भये सब लेखे, प्रगट हरि यह नैन हि देखे...४३**
**मनुष्य जन्म को फल हे एहा, प्रगट हरि में करना नेहा;**
**सो न भयो तो भयो कहा होई, मनुष्य देह वृथा सब खोई...४४**

સ્વામીના શિષ્યો ત્યાગી-ગૃહી સહુને શ્રીહરિમાં વિશ્વાસ આવ્યો. સત્સંગનો રંગ વધારે ચમક્યો. સાક્ષાત્ શ્રીહરિને પોતાની આંખોથી અનુભવીને તેમનો જન્મ લેખે થયો-સફળ થયો. ૪૩. **મનુષ્ય જન્મની સફળતા એ જ છે કે પ્રત્યક્ષ શ્રીહરિમાં સ્નેહરૂપ ભક્તિ કરવી.** તે ભક્તિ ન થઈ તો કશું જ ન થયું. બધું માનવ જીવન નિરર્થક ખોયું કહેવાય. ૪૪.

**दोहा : बेद शास्त्र पुरान को, मुनि को एहि सिद्धांत;**
**प्रगट हरि प्रिछे नहिं, कहा भयो होई दांत...४५**

વેદ, શાસ્ત્ર, પુરાણ અને ઋષિમુનિઓનો એક સિદ્ધાંત છે કે જો પ્રગટ-પ્રત્યક્ષ શ્રીહરિને ઓળખી શક્યા નહિ તો સાધુ (દાંત-સંયમી) થયાનું ફળ પણ શું મળ્યું ? ૪૫. સંતો અને હરિભક્તો, સહુએ મળીને એક ઉત્તમ સિંહાસન બનાવ્યું. પછી અપાર હેતથી તેના ઉપર શ્રીનારાયણમુનિ - સહજાનંદ સ્વામીને પધરાવ્યા. ૪૬. તે વખતે વસ્ત્રો, અનંત પ્રકારનાં આભૂષણ, ઉત્તમ પ્રકારનું

કેસરી ચંદન, ફૂલના હાર અને તોરા વગેરે પૂજાનો સામાન ત્યાં લાવ્યા. ૪૭. સહુ પહેલાં મુક્તાનંદ સ્વામીએ પ્રેમભાવથી શ્રીહરિની પૂજા કરી અને તે પછી બધા સંતોએ અનુક્રમથી પૂજા કરી. ૪૮.

રામદાસજીસ્વામી ઘણા બુદ્ધિમાન હતા. પૂજાની બધી રીતને જાણતા. તે પોતે શ્રીહરિની પાસે જ બેઠા. તેમની બોલાવવાની રીત ઘણી સુંદર હતી.૪૯. તેઓ નામ બોલીને હરિભક્તોને પૂજા કરવા માટે બોલાવવા લાગ્યા. પહેલાં મયારામ ભટ્ટને બોલાવ્યા અને તેમની પાસે શ્રીહરિની પૂજા કરાવી.૫૦. ત્યારબાદ પર્વતભાઈએ આવીને પૂજા કરી. પછી જે સત્સંગી દરબારો હતા, તેમણે પૂજા કરી. વિચક્ષણ રામદાસ સ્વામી શ્રીહરિને વસ્ત્ર અને આભૂષણો પહેરાવતા હતા. ૫૧. તે વખતે શ્રીહરિએ રામદાસ સ્વામીને કહ્યું, આપ બુદ્ધિશાળી સંત છો. આપણે બધા ત્યાગી-સાધુ છીએ, તો આપ સહુ મને આવાં વસ્ત્રો અને ઘરેણાં શા માટે પહેરાવો છો ? ૫૨. ત્યારે રામદાસ સ્વામીએ હાથ જોડ્યા અને તેઓ બોલ્યા, આપ તો આકાશ જેવા નિર્બંધ છો અને બીજાનાં બંધનોને પણ તોડાવનારા છો. ૫૩. જે સ્વયં નિર્દોષ હોય તેને બીજો કોઈ દોષ લાગી શકતો નથી. આપ તો સર્વોપરિ પુરુષોત્તમ મનુષ્યના રૂપમાં પ્રકટ્યા છો. માત્ર નરનાટ્ય ધારણ કરવા આવો વેશ ધર્યો છે. ૫૪.

હે નાથ ! તો હવે આ ભૂમિના ઉપર તે નરનાટ્ય મનુષ્યના વેશને યર્થાથરૂપમાં આપ ભજવો. હવે સહુ સંતોને સાથે લઈને ધર્મવંશ (દૈવી સંપત્તિ) ને સર્વત્ર પ્રસિદ્ધ કરો, તેનો પ્રસાર-પ્રચાર કરો. ૫૫. દેવ, અસુર કે માનવ, રાજા, આપને કોઈ લોપી-હરાવી શકે તેમ નથી. અરે ! બ્રહ્મા અને શિવ જેવા પણ આપની આગળ નિરંતર દીનઆધીન રહીને સેવા કરે છે. ૫૬.

***ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના તૃતીય પૂરમાં 'શ્રીહરિને પોતાની ગાદીએ બેસાડી રામાનંદ સ્વામી અંતર્ધાન થયા' એ નામે સાતમો તરંગ સમાપ્ત ॥૭॥***

## પૂર ત્રીજું : તરંગ - ૮

## શ્રીહરિનું સૌ પ્રથમ ધોરાજીમાં આગમન, લાલવડે ઉતારો

ધર્મપુત્ર શ્રીહરિ ધર્મની ગાદી ઉપર વિરાજ્યા ત્યારે આ બ્રહ્માંડના બધા દેવો તત્કાળ આવ્યા અને તેમણે શ્રીહરિની પૂજા કરી. ૧. બધા દેવો દિવ્ય વિમાનમાં બેસીને આવ્યા. તેનાથી આકાશ છવાઈ ગયું. વિવિધ પ્રકારનાં વાજિંત્ર વગડાવીને આનંદ માણવા લાગ્યા. ૨.

**दोहा : जो जो हमारी संपत्ति, तुमारी हे घनश्याम;**
**जो जो कहो सो दिजे तव, तुम प्रभु पूरनकाम...०४**

પૂજા કરવા જે જે સામાન લાવ્યા હતા તે બધું શ્રીહરિને સમર્પણ કર્યું અને પછી બહુ પ્રકારની દીનભાવે પ્રાર્થના કરી. ૩. હે ઘનશ્યામ ! અમારી જે કાંઈ સંપત્તિ છે તે બધી આપની જ છે. આપ જે કહો તે અમે અર્પણ કરીએ, પણ આપ તો પૂર્ણકામ છો. ૪.

**सोरठा : तुम सरिखे तुम एक, हम सरिखे हे अनंत तव;**
**जानत तुम बिबेक, तुमारी आगे हम बालबत...०५**
**कृपा करहु कृपाल, हमारो हित तुम जानीके;**
**तुम हो जन प्रतिपाल, दीनबंधु अशरन शरन...०६**

આપના સમાન તો આપ એક જ છો અને અમારા જેવા તો આપને અનંત છે. તે બધાનો વિવેક-વિગત આપ જ જાણો છો. અમે તો આપની આગળ બાળક જેવા છીએ. ૫. હે કૃપાળુ, અમારું જેમાં હિત હોય તે વિચારીને આપ અમારા ઉપર કૃપા કરતા રહેજો. આપ તો ભક્ત પ્રતિપાલક, દીનબંધુ અને અશરણશરણ છો. ૬. તે બધા દેવો જેની જેટલી અને જે કહેવાતી હતી તે બધી સમૃદ્ધિ લાવ્યા હતા. શ્રીહરિએ તેના ઉપર નજર કરીને જોયું પણ પોતાની સમૃદ્ધિ બરાબર કશું જ જણાયું નહિ. ૭. પતંગિયું સૂર્યને મદદ શું કરી શકે ? પછી દેવોને પોતાના દાસ જાણીને શ્રીહરિએ કાંઈક તેમાંથી લીધું. ભક્તોના મનોરથને પૂર્ણ કરવા માટે શ્રીસહજાનંદ સ્વામી મહારાજ પ્રેમથી સેવા સ્વીકારે છે. ૮.

શ્રીહરિના શિષ્યોમાં સાધુ અને બ્રહ્મચારી તો ઘણા જ મહાન ત્યાગી કહેવાતા. તેમજ સદા પાસે રહેનારા, ચરણ સેવામાં પ્રેમ રાખનારા, શસ્ત્રધારી પાર્ષદો પણ ત્યાગી કહેવાતા. ૯. ચારે વર્ણના ગૃહસ્થાશ્રમી બધા શિષ્યો હતા. તેમાં ખુમાણ, ખાચર અને વાળા, કાઠી દરબાર રાજાઓ હતા. ૧૦. તેમજ ધાધલ, ચાંદુ, મકવાણા, જેબલિયા, માંજરિયા, માલા, જોગિયા, ચાવડા, મૈત્રા, ગોવાળિયા અને પટગીર વગેરે પણ કાઠી દરબારો હતા.૧૧. તે રીતે જ મૂળુભાઈ વગેરે જાડેજા, વાઘજીભાઈ આદિ વાઘેલા, ઝાલા, ચૂડાસમા અને રાણા વગેરે રાજપૂત ક્ષત્રિય રાજાઓ સારા હરિભક્ત થયા.૧૨. પૂર્વ દેશના દરબાર ઝીણાભાઈ સત્સંગના ઘણા બળવાળા પૂર્વ જન્મના(પૂરબિયા) હરિભક્ત હતા. અને તેમના ભાઈ(ગગાભાઈ) પણ તેવા જ ભક્ત હતા. ૧૩. ગોહિલ, રાઠોડ, પરમાર, જાંગડા, રાવળ, પાંડરા અને મહારાજા ગાયકવાડ વગેરે સૂર્યવંશી અને ચંદ્રવંશી રાજાઓ સત્સંગી થયા. ૧૪. આ બધા ક્ષત્રિય રાજાઓ શ્રીહરિની સવારી નીકળે ત્યારે તેમાં વારાફરતી હાજર રહેતા. જ્યાં શ્રીહરિ પધારે ત્યાં તેમને ચારે બાજુ ઘેરીને તેઓ ચાલતા. ૧૫. પાટણના ચોપદાર અનન્ય અને મહાન હરિભક્ત હતા. તેઓ 'રાજાધિરાજ' અને પુરુષોત્તમ વગેરે શબ્દોથી સંબોધીને જય જયકારનો ઉચ્ચાર કરતા હતા. ૧૬. તેમનું નામ 'ભગવાનસિંહજી' હતું. બીજા એક તેમના કાકા પણ હતા. તેઓ બંને ગામેગામ કાયમ શ્રીહરિની સાથે જ રહેતા. ૧૭.

સહુ પહેલાં કારિયાણીના ખટ્વાંગ રાજાએ (માંચા ખાચરે) નવીન સાજથી શણગારેલા સુંદર અશ્વ ઉપર શ્રીહરિને બેસાડ્યા. સમગ્ર વિશ્વ શ્રીહરિને આધીન છે. એમ જાણીને તેમના મસ્તક ઉપર શ્વેત છત્ર ધાર્યું અને સાથે ચાલ્યા. તે સિવાય તે અશ્વના જેવા જ જાતવાન અને અલગ રંગવાળા અશ્વો ઉપર સવાર થયેલા હરિભક્તો પણ ચાલતા હતા. ૧૮. અલૈયા ખાચર અને સૂરા ખાચર વગેરે દરબારો અનન્ય સખા ભાવવાળા હરિભક્ત હતા. તેઓ ખાતા, પીતા, મનોવિનોદ કરતા, રમતા જાત જાતના તર્ક કરતા, અનેક ક્રિયાઓમાં શ્રીહરિની સાથે જ રહેતા. તે બધા શ્રીહરિની સવારીમાં અદ્ભુત રીતે શોભતા. ૧૯. આખા શરીર ઉપર નવાં અને ઊજળાં વસ્ત્ર

પહેરીને શ્રેષ્ઠ સૂર્યકાંત મણિની જેમ શોભતા તે સખાઓ, કમરે ભેટ બાંધી કવચ અને ટોપ પણ પહેરતા. ચમકતો ભાલો હાથમાં રાખતા. ૨૦. તેઓ ચાલતા ત્યારે ધરા ધણધણી ઊઠતી. આસુરી લોકો તેને દેખીને બળી મરતા. જેમ કોઈ મોટી નોબત વાગતી હોય તેવું જોઈને ગામેગામના નરનારી ભક્તો હરખાતાં હતાં. ૨૧. વિવિધ પ્રકારનો પૂજાપો લઈને સહુ દોડીને ગામ બહાર આવતા. "જય નારાયણ" આવુ બોલીને સદ્‌ભાવનાથી શ્રીહરિનાં ચરણોમાં પ્રણામ કરતા. ૨૨.

સહુ પહેલાં શ્રીહરિ ધોરાજી ગામ પધાર્યા. તે જાણીને સહુ હરિભક્તો ખૂબ ખુશી થયા. ભક્ત સમુદાયે મળીને શ્રીહરિનું સામૈયું કર્યું. વિવિધ પ્રકારનાં વાજિંત્ર વગાડ્યાં. ૨૩. શ્રીહરિની એટલી બધી સુંદર શોભા હતી કે જે જુએ તે તેમાં મુગ્ધ થઈ જતા. તે મહાન શોભાનું મુખથી વર્ણન થઈ શકતું નથી. આને દેખ્યા પછી બીજી કોઈ શોભા નજરમાં ગમે જ નહિ, એવી તે શોભા હતી. ૨૪. શ્રીહરિની ઘનશ્યામ સુંદર મૂર્તિ અત્યંત વિરાજતી હતી. મનને લોભાવનારા જરિયાની વસ્ત્ર પહેર્યાં હતાં. લલાટમાં કુંકુમનો ચાંદલો અને છાતી ઉપર પુષ્પોના હાર શોભી રહ્યા હતા. ૨૫. મુકુંદાનંદ અને જયાનંદ, એ બે વર્ણીઓ પાસે ઊભા રહીને ચામર કરી રહ્યા હતા. શ્રીહરિના પ્રિય સખા સોમલા ખાચર શિર ઉપર છત્ર ધારી રહ્યા હતા. ૨૬. જરીના તાર ભરેલી મનોહર પાઘ શ્રીહરિએ મસ્તકે બાંધી હતી. ગુલાબના ગુચ્છ બંને કાન ઉપર ધાર્યા હતા. ગુલાબના તોરા પાઘમાં છાઈ રહ્યા હતા. ૨૭. ભુજાઓ ઉપર ગુલાબના બાજુબંધ હતા. સોનાના જડાઉ કડાં કાંડામાં પહેર્યાં હતાં. જડાઉની અંગૂઠી દશે આંગળીઓમાં પહેરી હતી. ૨૮. ડાબા હાથમાં ઘોડાની લગામ હતી અને જમણા હાથમાં રૂમાલ હતો. રસ્તામાં ધીરે ધીરે ચાલતા શ્રીહરિ ધોરાજી નગરમાં પધારી રહ્યા હતા. ૨૯. નગરને પૂર્વ દરવાજે શ્રીહરિ જ્યારે પહોંચ્યા ત્યારે સૂર્ય અસ્ત થઈ ગયો. તે વખતે અનેક પ્રકારની મશાલો લાવીને પ્રગટાવી. ૩૦.

ગામની વચ્ચે બજારમાં શ્રીહરિની સવારી ઘણી શોભતી હતી. આગળના ભાગમાં ઘણા સંતો વાજિંત્ર વગાડીને ઉત્સવના પદ બોલતા હતા.

૩૧. સાથોસાથ અપાર હરિભક્તોની શોભા પણ અદ્‌ભુત થઈ હતી. પુરવાસી ભક્તો જ્યારે એકદમ સામા આવી ગયા ત્યારે પરસ્પર મળીને મુખથી 'જય જય' નો ધ્વનિ કરતા હતા. ૩૨. ભક્તો મનના પુષ્કળ ભાવથી શ્રીહરિને પગે લાગ્યા. શુદ્ધ બુદ્ધિના ભક્તોએ ફૂલહાર પહેરાવ્યા. ફળોની ભેટ મૂકી, શ્રીહરિ કૃપા કરીને અહીં ભલે પધાર્યા. દર્શન દઈને અમારા જન્મને સફળ કર્યો છે, આવું સહુ બોલ્યા. ૩૩. દયાળુ શ્રીહરિએ પુરના ભક્તોને દર્શન દીધાં. પછી તુરંત પુરની બહાર નીકળી આવ્યા. પૂર્વ દિશામાં એક અનુપમ 'લાલવડ' નામે વડનું ઝાડ હતું. દેવો, મનુષ્યો અને મુનિઓના મહારાજા શ્રીહરિએ તે લાલવડે ઉતારો કર્યો. ૩૪. સંતો અને હરિભક્તોનો કોઈ પાર ન હતો. તે બધાને સાથે લઈને શ્રીહરિએ એક મોટી સભા કરી અને તેના મધ્યે ભવભયહારી સ્વયં વિરાજમાન થયા. ૩૫. જેમ નક્ષત્ર મંડળની વચ્ચે ચંદ્રમા શોભે તેમ શ્રીહરિનું સ્વરૂપ ભક્તોની વચ્ચે વિરાજતું હતું. ત્યાં એક નંગજડિત સોનાથી મઢેલો રથ જોયો. ૩૬. શ્યામ સુંદર શ્રીહરિ તે રથ ઉપર બેઠા અને બાજુમાં સુખધામ રામદાસ સ્વામી બેઠા. તે વખતે બધા હરિભક્તો વિવિધ પ્રકારની પૂજા લાવ્યા. ૩૭. ઘરેણાં અને વસ્ત્રો અનંત તથા અપાર હતાં. જાત જાતના ફૂલહાર હતા. ઘણી જાતના મેવા અને મીઠાઈઓ હતી. સુંદર કેસર ભેળવેલું ચંદન હતું. ૩૮.

હરિભક્તોએ પહેલાં શ્રીહરિની પૂજા કરી. તેનાથી શ્રીહરિએ અપાર શોભા ધારણ કરી. તે પછી રામદાસ સ્વામીની પૂજા કરી. ૩૯. તે પછી અનુક્રમે સંતોની પૂજા કરી. અત્યંત નિપુણ એવા આનંદ મુનિએ પ્રેમથી આરતી ઉતારી. ૪૦. તે પછી રથ ઉપર ઊભા થઈને શ્રીહરિએ હરખભર નારાયણ ધૂન કરાવી. તે ધૂનના અવાજથી બધું આકાશ ગાજી ઊઠ્યું. ૪૧. નારાયણ ધૂનના શબ્દને સાંભળીને બ્રહ્મા, શંકર અને દેવરાજ ઇન્દ્ર, બધા તુરંત પોતાનું સ્થાન અને કામકાજ છોડીને વિમાનમાં બેસીને ત્યાં આવી પહોંચ્યા. ૪૨. તેમણે આનંદ અને ઉત્સાહથી પુષ્પોની અને ચંદનની વૃષ્ટિ કરી. અનેક પ્રકારનાં વાજિંત્ર વગડાવીને ગાંધર્વોએ મહાન ગીત ગાયાં. ૪૩. તે સમયે ભગવાનનું ધ્યાન કરવામાં તલ્લીન રહેનારા સંતો અને તેવા જ

ગૃહસ્થ હરિભક્તોએ તે મહાન દિવ્યભાવ જોયો. તેથી તેમના હૃદયમાં દિવ્ય આનંદ છવાઈ ગયો. ૪૪. પછી ત્યાં સહુના અલગ અલગ ચોકા કરીને રસોઈ કરાવી. તેમાં પ્રથમ કરુણાપૂર્ણ શ્રીહરિને હેતથી જમાડ્યા. તેમની કરુણાનું મુખથી વર્ણન કરી શકાતું નથી. ૪૫. તે વખતે સહુ સંતોએ શ્રીહરિને થાળ જમાડ્યો. પાર્ષદોને, દરબારોને અને અપાર હરિભક્તોને પણ પીરસીને જમાડ્યા. ૪૬. જમી લીધા પછી સહુ હરિભક્તો જ્યાં પોતાનો ઉતારો હતો ત્યાં આવીને બેઠા. પ્રેમ ભાવથી શ્રીહરિનું યશોગાન કરવા લાગ્યા. તે સમયે તે સ્થાન ગોકુળ ગામ જેવું થઈ ગયું હતું. ૪૭. પછી શ્રીહરિએ એક મશાલીને સાથે લીધો અને પ્રત્યેક ભક્તના ઉતારે ગયા. સહુને કુશળ પૂછીને તેમની સુરક્ષાનો પ્રબંધ કર્યો. ૪૮. 'જેને જે કાંઈ ચીજ વસ્તુની જરૂર હોય તે મને કહેજો. તમે સહુ હરિભક્તો આજ અહીંયાં અમારે માટે જ આવ્યા છો ને ?' ૪૯. આ રીતે સહુ ભક્તોની સાર-સંભાળ લઈને પછી શ્રીહરિ પોતાના સર્વ ભક્તોનું હિત મનમાં વિચારતાં વિચારતાં પોઢી ગયા. ૫૦. હરિભક્તો શ્રીહરિને જ પોતાનાં માતાપિતા કે કુટુંબના રૂપમાં માનતા હતા. અને આ દેહના સગા પુત્ર કે ભાઈ વગેરેને તો સહુ ભૂલી ગયા હતા. ૫૧.

***ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના તૃતીય પૂરમાં 'શ્રીહરિનું સૌ પ્રથમ ધોરાજીમાં આગમન, લાલવડે ઉતારા' એ નામે આઠમો તરંગ સમાપ્ત ॥૮॥***

## પૂર ત્રીજું : તરંગ - ૯

### ધોરાજીથી ભાડેર આવ્યા, સરોવરકાંઠે ઉતારો

જ્યારે રાત ચાર ઘડી (૧ કલાક ૩૬ મિનિટ) બાકી રહી ત્યારે શ્રીહરિની મૂર્તિમાં ચિત્તને પરોવીને સંતો તથા હરિભક્તોએ ધ્યાન, ભજન અને કીર્તન કરવાનું શરૂ કર્યું. ૧. વળી સૂર્યોદય થયા પહેલાં જ તેઓએ સ્નાન કર્યું અને પછી પ્રત્યક્ષ શ્રીહરિની માનસી પૂજા કરી. ૨. શ્રીહરિ સવારમાં સ્નાનાદિ નિત્યકર્મ કરીને સભામાં બેઠા. કમળનયન અને કરુણાના સાગર શ્રીહરિનાં

નેત્રોમાં અમૃતરસ ભર્યો હતો. ૩. તે સમયે ધોરાજીના લોકો અને બુદ્ધિમાન મોટા મહાજનો પણ સદ્‌ભાવનાથી શ્રીહરિનાં દર્શન કરવા માટે આવવા લાગ્યા. ૪. સહુ હરખભેર શ્રીહરિને પગે લાગ્યા. ત્યારે શ્રીહરિએ તેમને બોલાવીને પોતાની પાસે બેસાડ્યા. ત્યારે તે બધા લોકો હાથ જોડીને બોલ્યા, આપની રીતિ તો બધા મતોથી અલગ અને અમૂલ્ય છે. ૫. આ ભૂમિ ઉપર અનેક મત મતાંતર છે, પણ તે કોઈ આપના સમાન નથી. અમે તપાસ કરીને જોયું છે કે સમર્થ સિવાય આવું બની શકે નહિ. ૬.

**चोपाई :**

**ऐसे संत ऐसे हरिजन जोउ, एहि सम अवर देखात न कोउ;**
**एसे संत तिहाँ होई भगवाना, एसी बात हम निश्चे जाना...०७**
**तेहि कर हम पर कृपा कीजे, हमारी बिनति सुनि के लिजे;**
**तुमारे जन सम हम नहिं होवे, तुमकुं जिमाय के पातक धोवे...०८**

આવા સંત અને આવા સત્સંગી, બીજે ક્યાંય જોવા મળતા નથી. જ્યાં આવા સંત હોય છે ત્યાં ભગવાન હોય જ છે. તે વાતને અમે ચોક્કસ જાણીએ છીએ. ૭. એટલા માટે આપ અમારા ઉપર કૃપા કરો. અમારી વિનંતી સાંભળો. અમે આપના ભક્તો સમાન થઈ શકીએ નહિ. અમે તો આપને જમાડીને પોતાનાં પાપોને ધોવા ચાહીએ છીએ. ૮.

અમે બધા આપનું આપેલું જ ખાઈએ છીએ. તેટલા માટે આપ અમારી રસોઈ સ્વીકારો. જ્યારે શ્રીહરિએ તે લોકોનો ઘણો જ ભાવ જોયો ત્યારે પોતે ચાલવા તૈયાર થઈ ગયા હતા છતાં રોકાઈ ગયા. ૯. પછી મયારામ ભટ્ટને બોલાવ્યા અને તેમની આગળ ધોરાજીના મહાજનની વાત કહી સંભળાવી. ત્યારે ભટ્ટે “બહુ સારું તેમ કરીએ,” આવું બોલીને મસ્તક ઝુકાવ્યું. ૧૦. મહાજન શુદ્ધ કરેલું સીધું લાવ્યા. સારા પકવાન કર્યાં. અનેક પ્રકારનાં શાકભાજી વગેરે કર્યાં. સહુ વિપ્રોએ મળીને રસોઈ બનાવી. પછી પ્રથમ શ્રીહરિને જમાડ્યા. ૧૧. તે પછી સંતોની અને વિપ્રોની યથાવિધિ પંક્તિ કરાવીને યોગ્ય રીતે તેમને જમાડ્યા. શ્રીહરિએ સંતો, પાર્ષદો અને રાજાઓને વારંવાર પિરસાવીને જમાડ્યા અને ખૂબ જ રાજી કર્યા. ૧૨. તે

પછી બીજા બધા હરિભક્તોને જમાડ્યા. ધોરાજીના બધા ભક્તોએ પોતાને ઘેર શ્રીહરિની પધરામણી કરી. ૧૩. પ્રેમભાવથી પૂજા કરી. સર્વોત્તમ કેસર ચંદન ચરચ્યું. વસ્ત્રો, ઘરેણાં અને પુષ્પહાર પહેરાવ્યાં. ૧૪. ત્યાંથી ચાલવા તૈયાર થયેલા શ્રીહરિ રથમાં બેઠા. બધા સંતોને સાથે લીધા. દરબારો અને પાર્ષદો પણ સાથે જ હતા. બધા ભક્તો હાથ જોડીને ઊભા હતા. ૧૫. વિવિધ પ્રકારનાં વાજિંત્ર વાગતાં હતાં. સજાવટની શોભા અપાર હતી. આખા પુરમાં બધે જયજય, જયજયકાર છાઈ રહ્યો હતો. ૧૬.

સુંદરવર ઘનશ્યામ શ્રીહરિનાં દર્શન કરીને નગરજનો આનંદ માણી રહ્યા હતા. ઘરનાં કામકાજ છોડીને લોકો બધે ટોળેટોળાં મળેલાં દેખાતાં હતાં. ૧૭. આજનો દિવસ ધન્ય છે. દેવો, મનુષ્યો અને ઋષિ-મુનિઓના શિરોમણિ જેવા અને સદા સુખરૂપ આવા સાધુરૂપે પ્રકટેલા ઘનશ્યામ ચાલીને આપણે ઘેર પધાર્યા છે. ૧૮. પ્રતાપ દેખીને ધોરાજીમાં ઘણા લોકો શ્રીહરિને શરણે આવ્યા. અસત્ ગુરુઓને છોડી દીધા અને પોતાનાં તન, મન અને ધન શ્રીહરિને અર્પણ કર્યાં. ૧૯. જ્ઞાન, વૈરાગ્ય અને ભક્તિએ યુક્ત ધર્મમાં પ્રતિષ્ઠિત શ્રીહરિ ઘણા નિપુણ છે. તેમણે ધોરાજીમાં દિગ્વિજય કર્યો. અધર્મને ટાળીને સદ્ધર્મનું સ્થાપન કર્યું. ૨૦. ઘનશ્યામ શ્રીહરિ આ રીતે જય જયકાર કરીને ધોરાજીથી ચાલ્યા. ભાડેર ગામ પધાર્યા. ગામની બહાર જ રથમાંથી ઊતર્યા અને ઘોડે સવાર થયા. ઘોડાના બધા જ શણગાર સોનેરી હતા. પગમાં પહેરાવેલાં ઝાંઝર ઘમઘમતાં હતાં. ઘોડા ઉપર રાખેલી નોબત ગડગડતી હતી. તે વખતે આગળના ભાગમાં નિશાન ફરકતાં હતાં. ૨૧.

રણશિંગા(શિંગડાના જેવા આકારનું એક જાતનું વાંકું કામઠા જેવું અને મોઢેથી પહોળું ફૂકીંને વગાડવાનું વાજું - અંગ્રેજીમાં તેને બ્યૂગલ કહેવાય છે) અને તુરાઈ વાગતાં હતાં. ભેરી (ફૂકીંને વગાડવાનું એક વાદ્ય) અને ભૂંગળ (એક જાતનું વાયવાદ્ય - આ વાદ્ય લડાયક વાદ્ય ગણાય છે) 'ભૂં' 'ભૂં' કરતાં હતાં. ત્રંબાળુ (તાંબાનું) ઢોલ ગડગડતા હતા અને ત્રાંસાં (પેટ ઉપર રાખી નેતરની પાતળી સોટીથીઓથી વગાડવાનાં નગારાં) બધાં અમંગળોને ટાળી નાખતાં હતાં. ચારણ અને બંદિજનો જય જયકાર બોલતા હતા. ગાંધર્વો ગાન કરતા હતા. નર્તક લોકો તાન તોડીને ખૂબ જ નાચતા હતા. ૨૨.

**संत जन करे हरिगुन गाना, हरि कु रिझावन सब हि ताना;**
**मारग महिं रह्यो उछब छाई, शोभा अनोपम बरनि न जाई...२३**

સંતો શ્રીહરિના ગુણોના કીર્તન ગાતા હતા. તેમને ભગવાનને રાજી કરવાનું જ તાન રહેતું. રસ્તામાં બધે ઉત્સવ છવાઈ ગયો હતો. તેની અદ્‌ભુત-અનુપમ શોભા વર્ણવી શકાતી નથી. ૨૩. શ્રીહરિના ઉપર છત્ર શોભતું હતું. જરિયાની શણગારોથી શ્રીહરિની મૂર્તિ વિરાજતી હતી. મોતીના બાજુબંધ ધાર્યા હતા અને છાતી ઉપર મોતીના હાર પહેર્યા હતા. ૨૪. ચરણોમાં સોનાનાં ઝાંઝર અને તોડા પહેર્યાં હતાં. પગમાં મોતી જડિત મોજડીઓ પહેરી હતી. મોતીથી મઢેલી છડી હાથમાં રાખી હતી. મનગમતાં મોતીનાં કુંડળ કાનમાં પહેર્યાં હતાં. ૨૫. શ્રીહરિની મૂર્તિની અદ્‌ભુત શોભા વર્ણવી શકાતી નથી. દેખતાં જ મનમાં આનંદ ઉપજાવતી હતી. જ્યારે શ્રીહરિ ભાડેર ગામને એકદમ નજીક પહોંચ્યા ત્યારે વધામણીના રૂપમાં દેશી ઢબની બંદૂકો ધણધણી ઊઠી. ૨૬. શ્રીહરિ પધાર્યા છે એવું જાણીને ગામધણી દરબાર સામે ચાલીને આવ્યા અને હાથ જોડી પગે લાગ્યા. તે સિવાય ભાડેર ગામના બ્રાહ્મણ, ક્ષત્રિય,વૈશ્ય અને શૂદ્ર, બધા લોકો આવ્યા. શ્રીહરિને દંડવત્ પ્રણામ કરીને પગે લાગ્યા. સહુના મનમાં ઘણો જ હરખ ભરાયો હતો. કોઈ શ્રીફળ લાવ્યા હતા તો કોઈ ફૂલહાર લાવ્યા હતા. ધર્મના લાલ શ્રીહરિએ તે વસ્તુઓને પ્રેમ ભાવથી સ્વીકારી. ૨૭-૨૮. શ્રીહરિએ ગામની બહાર સારું તળાવ દેખ્યું. એટલે સહુની સાથે તે તળાવને કાંઠે ઉતારો કર્યો. દરબારોના જે પોતપોતાના ડેરા-તંબુઓ હતા તે ત્યાં ઊભા કરી દીધા. ૨૯.

શ્રીહરિનો તંબુ સૌથી ભારે સારો હતો. તેના ઉપર સુખરૂપ સોનાનો કળશ હતો. હજાર થાંભલાવાળો ચંદરવો ડેરાની આગળ ઊભો કર્યો હતો. ૩૦. તેમાં વચ્ચે સોનાનું સિંહાસન ગોઠવ્યું હતું. પૂર્ણકામ અને મનોહરમૂર્તિ શ્રીઘનશ્યામ તેના ઉપર વિરાજ્યા. ૩૧. તેની ચારે બાજુ સંતો, દરબારો અને બીજા હરિભક્તોની વિશાળ સભા ભરાઈ. તે વખતે તેની શોભા બ્રહ્મમહોલ (અક્ષરધામ)ના જેવી થઈ હતી. ૩૨. જ્યારે સંધ્યા સમય થયો ત્યારે ઘણી મશાલો પ્રકટી. સંતોએ પહેલાં ગોડીનાં પદ ગાયાં અને પછી આરતી કરી.

૩૩. પછી શ્રીહરિ ઊભા થયા અને નારાયણધૂન શરૂ કરી. બધા સંતોએ પણ ઊભા થઈને બે ઘડી સુધી ધૂન કરી. ૩૪. પછી સહુ સંતોએ શ્રીહરિના યશોગાનપૂર્ણ સુંદર સ્તુતિ ઉચ્ચારી. તે પછી સંતો શ્રીહરિનાં ચરણોમાં પડીને પગે લાગ્યા. શ્રીહરિ પણ પહેલાં સંતોને નમસ્કાર કરતા. ૩૫.

પછી શ્રીહરિએ સંતોને માન દઈને બોલાવ્યા અને સુંદર ગાન (સંગીત) કરાવ્યું. સંગીતકારોમાં મુક્તાનંદ સ્વામી, બ્રહ્માનંદ સ્વામી, પ્રેમાનંદ સ્વામી, ગાયક દેવાનંદ સ્વામી, જ્ઞાનાનંદ સ્વામી અને ચુગન મુગન નામે બે સંતો, એ બધાને બોલાવવાથી ત્યાં આગળ આવ્યા. ૩૬-૩૭. કોઈ સંત ગાતા હતા તો કોઈ વાજિંત્ર વગાડતા હતા. કોઈ નૃત્ય કરી સૌને આનંદ પમાડતા હતા. જ્યારે ચાર ઘડી રાત વીતી ત્યારે મુકુંદ વર્ણી શ્રીહરિને બોલાવવા આવ્યા. તેથી શ્રીહરિ તેમની સાથે ગયા. ગરમ પાણીથી ચરણ ધોયાં. પછી મોટા બાજોઠ ઉપર બેઠા. ૩૮-૩૯. અનેક પ્રકારનાં ભોજન બનાવ્યાં હતાં. તે બધા મોટા બાજોઠ ઉપર એક સાથે મૂક્યાં. અલગ અલગ ઘણાં પાત્રો ભર્યાં હતાં. તેમાંથી લઈને શ્રીહરિ પ્રેમથી જમ્યા. ૪૦.

જમી ચળુ કર્યા. જળપાન કરીને વધેલો બધો પ્રસાદ ત્યાંના રાજાને આપ્યો. તે પછી સુંદર મુખવાસ લીધો. ચાખડીઓ પહેરી. ૪૧. ઝીણા મોતીથી જડેલી, ઘણી કીમતી સુખદ છડી હાથમાં લીધી અને કાળાભાઈ નામે વાળંદે આગળ મશાલ રાખી. ૪૨. આગળ આગળ છડીદાર નેકી પોકારતો હતો, આ રીતે શ્રીહરિ ફરીવાર સભામાં પધાર્યા. બધી જ સભા શ્રીહરિને દેખીને ઊભી થઈ ગઈ. શ્રીહરિ સિંહાસને વિરાજ્યા ત્યારે પાછા સહુ બેઠા. ૪૩. તે પછી બધા પાર્ષદો અને દરબારો પણ ભોજન કરવા ઊઠ્યા. સંતોનો બધો સમાજ તેમનો તેમ બેસી રહ્યો. ૪૪. બીજા જે બધા હરિભક્તો હતા તે પણ પોતપોતાને ઉતારે ભોજન કરવા ગયા. ૪૫. રાત ઘણી વીતી ગઈ છે. એમ જાણ્યા પછી શ્રીહરિ પોઢી ગયા. અને પછી જે મુનિઓ સંગીત કરતા હતા તેમણે પણ તેની સમાપ્તિ કરી. ૪૬.

જ્યારે રાત ચાર ઘડી બાકી રહી છે, એમ જણાયું ત્યારે "નારાયણ ધૂન" શરૂ થઈ. ત્યાર બાદ ધ્યાન કરીને સહુ વારંવાર નામમંત્રનો જપ (રટણ)

કરવા લાગ્યા. ૪૭. તે પછી શૌચકર્મ કરીને સહુએ સ્નાન કર્યું. શુદ્ધ વસ્ત્ર પહેર્યાં. પછી સૌ માનસી પૂજા કરવામાં તલ્લીન થઈ ગયા. તે પછી તિલક કર્યાં. ભગવાનની સેવા જે પટમૂર્તિ વગેરે લઈને તેનાં દર્શન-પૂજા કરવી, તે શ્રીહરિની આજ્ઞા પ્રમાણે કરીને પછી પ્રત્યેક સંતની પાસે જઈ પગે લાગી વંદન કર્યાં. ૪૮-૪૯. તેના પછી નિત્ય કરાતા વિધિના સારભૂત કોઈ સર્વોત્તમ સદ્‌ગ્રંથ તેનો પાઠ કરીને પોતાને પ્રેમપૂર્વક નિત્ય નિયમિત રાખતા. ૫૦.

જ્યારે સૂર્યોદય થયો ત્યારે શ્રીહરિ સ્નાનાદિ નિત્યકર્મ કરીને તૈયાર થઈ ગયા. તે પછી સભામાં આવીને સિંહાસન ઉપર વિરાજમાન થયા ત્યારે સહુ સંતો ઊભા થઈ ગયા. ૫૧. પછી સહુ સંતો બેઠા ત્યારે બધા હરિભક્તો આવ્યા. પાર્ષદો અને દરબારો તો મનમાં ઘણું હરખાઈને શ્રીહરિની આસપાસમાં જ બેઠા. ૫૨. ભાડેર ગામના દરબાર મયારામ ભટ્ટને સાથે લઈને ઘણા જ ઉલ્લાસથી શ્રીહરિની પાસે આવ્યા. ત્યાં ગોકુલદાસ (નામે ખાખી) પણ સાથે હતા. ૫૩. બંનેએ શ્રીહરિની પાસે આવીને હાથ જોડ્યા અને વિનતિ કરી. અમે આપના દાસ છીએ અને આપ શ્રીહરિ અશરણશરણ છો, તો સાંભળો. ૫૪.

***ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના તૃતીય પૂરમાં 'ધોરાજીથી ભાડેર આવ્યા, સરોવર કાંઠે ઉતારો કર્યો' એ નામે નવમો તરંગ સમાપ્ત ॥૯॥***

## પૂર ત્રીજું : તરંગ - ૧૦

### ભાડેરના રાજાની રસોઈ તથા સેવા-પૂજા સ્વીકારી

આજ ઉત્તરાયણનું પર્વ છે, તે નિમિત્તનો પુણ્યકાળ પણ છે; તો આપ અમને આજ્ઞા આપો. અમે સારી રસોઈ કરાવીએ. ૧. ધન મળવું સુગમ છે પણ સંતો મળવા દુર્લભ છે, આમ સમજીને સંતોને જમાડવા છે, તો આપ પ્રસન્ન થઈને હા કહો. ૨. ગામધણી દરબારની શ્રદ્ધા જોઈને શ્રીહરિએ જમાડવાની હા કહી. પછી તે રાજાએ જાતજાતનાં પકવાન કરાવ્યાં. ૩. શ્રીહરિએ (ઉત્તરાયણ નિમિત્તે) બધા વિપ્રોને બોલાવ્યા. તેમને પ્રેમથી પૂજ્યા.

પશુ, વાહન, અન્ન અને ધન, એમ અનેક પ્રકારનાં દાન આપ્યાં. ૪. હરિભક્ત વિપ્રોએ અનેક પ્રકારની રસોઈ બનાવી, તે વર્ણવી શકાતી નથી. ગોકુળદાસ આખી રાત જાગ્યા અને સારી રીતે દૂધ તથા દહીં લઈ આવ્યા. ૫. તેના ઘણાં જ વાસણ ભરાવી રાખ્યાં અને પછી તેમાં સાકર ભેળવી દીધી. મહાન સંતોની પંગત કરીને જમાડવા માટે ગામ સમાજે મોટા મંડપ બાંધ્યા. ૬. બુદ્ધિ માન વિશ્વકર્માએ હૃદયમાં ઉત્સાહ લાવીને કલા-કારીગરીથી બાંધેલા મંડપમાં પ્રત્યેક ખંડને વિવિધ રંગથી રંગ્યા. ૭. પોતાની બુદ્ધિની જે નિપુણતા હતી તે બધી મંડપને સજાવવામાં દેખાડી.

જ્યારે થાળ તૈયાર થયો ત્યારે મુકુંદ બ્રહ્મચારી શ્રીહરિને બોલાવવા આવ્યા. ૮. ત્યારે દયાળુ શ્રીહરિએ સુગંધી તેલ અંગો ઉપર ચોળીને તુરંત સ્નાન કર્યું. સોનેરી કોરનું પીતાંબર પહેર્યું અને એક શાલ ઓઢી. ૯. સોનાની જડાઉ ચાખડીઓ પહેરી. હાથમાં શ્વેત રૂમાલ રાખ્યો. રૂપાની જળઝારીમાં પાણી ભર્યું હતું, તેને હાથમાં લઈને નિપુણ બ્રહ્મચારી સાથે ચાલ્યા. ૧૦. મુનિરાજ શ્રીહરિ બાંધેલા મંડપની વચ્ચે આવ્યા. ત્યાં સોનાના બાજોઠ ઉપર રાજાધિરાજ શ્રીહરિ વિરાજ્યા. સુખના મૂળરૂપ મહાપ્રભુ પૂર્વમુખે બેઠા. મુનિઓનાં મંડળ પણ તે સમયે ત્યાં દર્શન કરવા બેઠા. આગળના સોનેરી બાજોઠ ઉપર ભોજન રાખ્યાં. છપ્પન પ્રકારનાં સુંદર પકવાન અને છત્રીશ પ્રકારનાં વ્યંજન-શાકભાજી વગેરે જે બનાવ્યું હતું. તે બધું અલગ અલગ પીરસીને મૂક્યું. ૧૧-૧૨. બધાં જ પાત્રોમાંથી એક એક ગ્રાસ જેટલું ભોજન પૂર્ણકામ અને સુખનિધિ આવા શ્રીહરિએ લીધું. તેની પ્રશંસા કરીને તે જમ્યા. ૧૩. મહાન સમર્થ શ્રીહરિએ જમીને ચળુ કર્યું. જળપાન કરીને મુખવાસ લીધો, પછી સંતો અને દરબારોને જમાડવાને માટે ઘણા જ ઉત્સાહિત થયા. ૧૪.

જરકસી કોરનો રૂમાલ મસ્તક ઉપર કસીને બાંધ્યો. કેસર ભેળવેલું ચંદન લલાટ ઉપર વિવિધ રીતે ચર્ચ્યું. ૧૫. સુવર્ણ અને મોતીનો હાર પોતાની છાતી ઉપર ધાર્યો હતો. ડાબા ખભા ઉપર રાખીને પીતાંબરને કમરે કસીને બાંધ્યું હતું. ૧૬. ચરણમાં સુંદર નૂપુર પહેર્યાં હતાં. તેમાંની ઘૂઘરીઓ ઘમ ઘમ ગાજતી હતી. ઘૂઘરીઓ ટાંકેલી સુંદર ચાખડીઓ ચરણોમાં વિરાજતી હતી.

ભુજાઓ ઉપર મોતીના બાજુબંધ હતા અને મોતીના તોરા શિર ઉપર શોભતા હતા. કાનોમાં મકરાકાર કુંડળ પહેર્યાં હતાં. તે કામદેવના મનને પણ મુગ્ધ કરી દેતાં હતાં. ૧૭. તે સમયે મુક્તાનંદ સ્વામી વગેરે સર્વ સંતો પંગત કરીને બેસી ગયા હતા. તે રીતે જ બધા દરબારો પણ યથાવિધિ પંગત કરીને તેમાં આવીને બેઠા હતા. ત્યારે સૌ પહેલાં શ્યામસુંદર શ્રીહરિ સંતોની પંગતમાં વારે વારે પાંચ-સાત વાર ફર્યા અને આગ્રહ કરીને તેમને જમાડ્યા. ૧૮.

તે પછી દરબારોની પંગતમાં વારંવાર શ્રીહરિ ફર્યા. અત્યંત સ્નેહ-ભાવથી ખૂબ જ પિરસાવ્યું. ઢોળાયેલાં દૂધ-દહીંનો તો ગારો થઈ ગયો. દૂધ અને દહીં તો ખૂબ ખૂબ સહુને પાયું. ૧૯. પછી આનંદભર્યા શ્રીહરિ હસતા હસતા પોતાના તંબુમાં આવ્યા અને બધા દરબારો પણ પોતપોતાને ઉતારે ગયા. આ પ્રમાણે જમવા-જમાડવામાં કોઈ પણ જાતની ખામી રહી નહિ. ૨૦. બુદ્ધિમાન સંતો કથા, વાર્તા અને ધ્યાન કરીને સ્નાન કરવા ગયા. સ્નાન કરીને તિલક કર્યાં. તેની વચ્ચે મનભાવતો કુંકુમનો ચાંદલો કર્યો. ૨૧. જ્યારે પાછલો એક પહોર(૩-કલાક) દિવસ રહ્યો ત્યારે શ્રીહરિએ સભા કરી. સોળ કળાએ ખીલેલા ચંદ્રમા જેવા ઘનશ્યામ શ્રીહરિ આવીને રત્ન સિંહાસન ઉપર વિરાજમાન થયા. ૨૨. કોઈ મોટા માણસ સભામાં આવે ત્યારે નેકી-બરકત (નેકી-સ્તુતિ, બરકત-સમૃદ્ધિ, સ્તુતિ અને સમૃદ્ધિને ઉચ્ચારવી) પોકારાતી હતી. મુક્તાનંદસ્વામી આદિ જે મોટેરા સંતો કહેવાતા, તે બધા શ્રીહરિની સામે આવીને બેસતા. અને ભાઈ રામદાસજી સ્વામી જેવા સહુથી વૃદ્ધ મોટા સંત કહેવાતા કે જેને તુલ્ય બીજા કોઈ ન હોય, ૨૩-૨૪.

**सो हरि तिनकुं बेसारत पासा, महा बृद्ध जानीके दृढ दासा;**
**वृद्ध बिन सभा सो सभा न सोहावे, युँ जानीके हरि बहूत बोलावे...२५**
**संत हरिजनकुं दुःख जो होई, तिनकी सहाय करत हे सोई;**
**हरिजनको दुःख सहत न लेशा, दुःख टालन तर्त करत उदेशा...२६**

શ્રીહરિ તેમને અતિશય વૃદ્ધ અને દૃઢ દાસત્વભાવવાળા જાણીને પોતાની પાસે જ બેસાડતા. વૃદ્ધો વિનાની સભા શોભતી નથી. આવું સમજીને શ્રીહરિ વૃદ્ધ સંતોને બહુ ભાવથી બોલાવતા. ૨૫. કોઈ સંતને કે હરિભક્તને

કાંઈ તકલીફ હોય તો શ્રીહરિ તરત જ તેને સહાય કરતા. કોઈ હરિભક્તને દુઃખ હોય તો તેને લેશમાત્ર પણ સહન કરતા નહિ. તેનું દુઃખ ટાળવા માટે તરત જ પ્રયત્ન કરતા. ૨૬.

**दोहा : आपको दुःख न गिनत कछु, हरिजन दुःख न सहत;**
**एसे महा परमारथि, सबसे अधिक कहत...२७**
**सब सत्संगि पुछिके, करत हे जो जो काज;**
**बिन पूछे कबु करत नहिं, तिनको होत न अकाज...२८**

**પોતાને કાંઈ દુઃખ આવે તો તેને ગણકારતા નહિ પણ હરિભક્તને આવેલું દુઃખ તેઓ સહન કરી શકતા નહિ. આવા તેઓ સૌથી અધિક મહાન પરમાર્થી કહેવાતા. ૨૭.** સમગ્ર સત્સંગીઓ પણ જે કાંઈ કામ કરવું હોય તે શ્રીહરિને પૂછીને જ કરતા. વગર પૂછે કાંઈ કરતા નહિ, તેથી તેમને હાથે કોઈ અકાર્ય થઈ જતું નહિ. ૨૮. ભૂત, વર્તમાન અને ભવિષ્ય, આ બધું પોતે જાણતા, પણ કોઈને કાંઈ કહેતા નહિ. સ્વયં નિર્માનીપણે રહેતા. જ્યારે પાસે રહેવાનું થાય ત્યારે ખબર પડે. ૨૯. આવું સમજીને શ્રીહરિ મોટા સંતોને પોતાની પાસે બેસાડતા. જો કોઈ આવીને પૂછે તો પૂજાનો વિધિ કહેતા. ૩૦.

### ❋ ભાડેરવાસી ભક્તોએ શ્રીહરિની પૂજા કરી :

ગામધણી દરબાર અને બધા તેમના ભાયાતો, બધા ભેળા મળીને આવ્યા. પોતાની સાથે અનેક પ્રકારનો પૂજાપો લાવ્યા. સભાની આગળના ભાગમાં જાતજાતનાં વાજિંત્ર વાગતાં હતાં અને મહિલાઓ મંગળ પ્રકારનાં ગીતો ગાતી હતી. ૩૧. બધા દરબારો રૂપાની છાબમાં ભરેલો પૂજાપો પોતાની આગળ રાખીને આવ્યા. શ્રીહરિને બ્રહ્માંડાધીશ તથા દેવાધિદેવ જાણીને તે પૂજાપો લાવ્યા હતા. ૩૨. વિધિ પ્રમાણેની પૂજાની રીત તો મયારામ ભટ્ટ જાણતા. તેમણે ષોડશોપચારનો બધો સામાન મગાવેલો, તેથી વિચક્ષણ દરબારો તે બધો સામાન લાવ્યા. ૩૩. પહેલાં દરબારોને આચમન કરાવ્યું અને પછી બંને હાથ જોડાવ્યા. પૂજાનો સંકલ્પ કરાવ્યો. દૂધથી શ્રીહરિનાં ચરણ ધોવડાવ્યાં. ૩૪.

પંચામૃતથી ચરણોની પૂજા કરી. પછી બીજી બધી વસ્તુઓથી પૂજા કરી. શુદ્ધ જળથી ચરણોને શુદ્ધ કર્યાં. નિપુણતાથી ચંદન અને કુંકુમથી પૂજા કરી. ૩૫. કપાળ ઉપર કેસર મિશ્રિત ચંદનની આડ કરીને કુંકુમનો ચાંદલો કર્યો. જેમાં સુંદર શિરપેચ બાંધેલા હતા એવી સોનેરી પાઘ મસ્તકે ધરાવી. ૩૬. શિરપેચમાં જડાવની વાંકી કલગી હતી. મોતીના તોરા પણ મસ્તક ઉપર ધાર્યા. બંને કાનમાં જડાઉ મોતીનાં કુંડળ ઘણી હોશિયારીથી પહેરાવ્યાં. ૩૭. સુંદર સોનેરી સુરવાળ પહેરાવ્યો અને શરીર ઉપર સોનેરી જામો પણ પહેરાવ્યો. છાતી ઉપર સોનાના અને મોતીના હાર ધરાવ્યા. ભુજાઓ ઉપર જડાઉ બાજુબંધ ધરાવ્યા. ૩૮. કાંડાંમાં સોનાનાં કડાં પહેરાવ્યાં. આંગળીઓમાં જે વેઢ પહેરાવ્યા તે વર્ણવી શકાય તેવા ન હતા. ગળામાં ઘણું જ કીમતી પદક(ચંદ્રક જેવું ઘરેણું) પહેરાવ્યું. જેનું અનુપમ તેજ ઝગમગી રહ્યું હતું. ૩૯. ઘણી કીમતી શાલ અને અમૂલ્ય દુપટ્ટા ઓઢાડ્યા. પછી કપૂરથી આરતી ઉતારી. તે પછી સંતો-પાર્ષદો અને વિચક્ષણ દરબારોની પણ પૂજા કરી. ૪૦, પછી વિધિ પ્રમાણે બ્રાહ્મણોની પૂજા કરી. વિવિધ પ્રકારનાં દાન આપ્યાં.

સ્થાનિક હરિભક્તોમાં દરબારશ્રી વાઘજીભાઈ ઘણા બુદ્ધિમાન રાજા હતા. ૪૧. તેમના પુત્ર દેહલસિંહજી પણ મહાન બુદ્ધિશાળી અને હરિભક્ત શિરોમણિ હતા. તે બંને શ્રીહરિની સેવા કરવામાં ઘણા જ ઉદાર હતા. ૪૨. ગોકુલદાસ ખાખી ઉદાર સ્વભાવના હતા. તેમણે પણ પ્રેમભાવથી શ્રીહરિની પૂજા કરી. તે સિવાય ત્યાંના સ્થાનિક હરિભક્તોમાં વિપ્ર દેવરામ અને બીજા પણ હરિભક્તો ઘણા હતા. તે બધા સત્યનો અને અસત્યનો વિવેક અલગ કરીને સમજતા હતા. ૪૩-૪૪. તે દરબાર આદિ સહુ હરિભક્તોએ પોતાને ઘેર શ્રીહરિની પધરામણી કરી. શ્રીહરિ સ્વયં રથમાં બેઠા. પધરામણીમાં સહુ સંતોને સાથે લીધા હતા. ૪૫. આગળના ભાગમાં વિવિધ પ્રકારનાં વાજિંત્ર વાગતાં હતાં. અને જય જયકારનો ઉચ્ચાર ઊંચેથી થતો હતો. આ રીતે શ્રીહરિ સ્વયં પ્રત્યેક ગામમાં ફરી ફરીને પોતાનો અનંત પ્રતાપ દેખાડતા હતા. ૪૬.

તેમાં જે દૈવી લોકો હતા તે શ્રીહરિના સર્વોત્તમ પ્રતાપના મહિમાને સમજતા હતા, પણ જે આસુરી લોકો હતા તે આવા પ્રતાપને સમજતા નહિ;

પરંતુ અવગુણ લઈને માથે પાપ ભરતા હતા. ૪૭. સૂર્ય અસ્ત થયો ત્યારે શ્રીહરિ પોતાને ઉતારે પધાર્યા. નારાયણ નામનો જપ કરતા આવીને સિંહાસને વિરાજ્યા. ૪૮. નારાયણધૂન કરીને સહુ શ્રીહરિને પગે લાગ્યા. આત્મનિષ્ઠા આદિ સદ્‌ગુણ સંપન્ન સંતો પોતપોતાને સ્થાને આવીને બેસી ગયા. ૪૯. પછી શ્રીહરિએ કહ્યું, ચોરી, પરસ્ત્રીનો સંગ, માંસ અને દારૂ, આ ચાર મોટાં પાપ છે, એમ સનાતન ધર્મમાં પ્રસિદ્ધ છે, એટલે મનુષ્ય જાતિના કોઈએ પણ તે પાપ કરવાં નહિ. ૫૦. ભાગવતમાં શુકદેવજી મહાત્માએ પરીક્ષિત રાજાને આવું કહ્યું છે અને અમે પણ તે કહીએ છીએ. ૫૧. દરબાર વગેરેને આવી વાત કહીને શ્રીહરિ અને સંતો વગેરે પોઢી ગયા. સવારે ઊઠી સ્નાનાદિ નિત્યકર્મ કરી રહ્યા ત્યારે ભાડેર ગામથી ચાલવા તૈયાર થયા. ૫૨.

***ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના તૃતીય પૂરમાં 'ભાડેરના રાજાની રસોઈ તથા સેવા-પૂજા સ્વીકારી' એ નામે દશમો તરંગ સમાપ્ત ॥૧૦॥***

## પૂર ત્રીજું : તરંગ - ૧૧

### માણાવદર આવી વસંતપંચમીનો ઉત્સવ કર્યો

શ્રીહરિ ગામથી ચાલી નીકળ્યા. સવારી અદ્‌ભુત શોભતી હતી. ધર્મપુત્રે સંતોને અને હરિભક્તોને સાથે લીધા. ૧. માણાવદર ગામમાં શ્રીહરિ પધારે છે. આવું સાંભળીને ગામવાસી બધા ભક્તો સન્મુખ આવ્યા. ૨. સહુએ હાથમાં ફૂલહાર અને શ્રીફળ વગેરે લીધાં. હાર પહેરાવી શ્રીફળ અર્પણ કરીને ભક્તો ગદ્‌ગદ કંઠ થઈ ગયા. ૩. શ્રીહરિએ વિવિધ પ્રકારના સોનેરી શણગાર પહેર્યા હતા. શોભાનો કોઈ પાર ન હતો. અનેક પ્રકારનાં વાજિંત્ર વાગતાં હતાં. ૪.

મયારામ ભટ્ટ આદિ ચારે વર્ણના હરિભક્તોએ શ્રીહરિનું સામૈયું કર્યું. સહુ સન્મુખ ગયા. ઝાંઝ, મૃદંગ, ઢોલ અને નોબત આદિ વાજિંત્ર વાગતાં હતાં. ૫. ભૂંગળ, ભેરી, તુરાઈ અને રણસિંગા આદિ વધામણાનાં ઉત્સાહ

વર્ધક વાજિંત્ર વાગતાં હતાં. સૌના હૃદયમાં આનંદ છવાઈ રહ્યો હતો. અદ્‌ભુત શોભા અવર્ણનીય થઈ હતી. ૬. ઘણા હરિભક્તો પ્રેમભર્યાં હૃદયે હરખભેર આવ્યા. દંડવત્ પ્રણામ કર્યા અને કહે, આજે ધન્યઘડી અને ધન્ય દિવસ થયો છે. અમારા સદ્‌ભાગ્યે અખિલ ભુવનપતિ આપ અમારે આંગણે પધાર્યા છો. ૭. અમારી આંખો ઘણા દિવસથી આપના દર્શનની તરસી હતી. તે આજે સફળ થઈ છે. અમે કેટલાયે સમયથી આપનાં દર્શન ચાહતા હતા. સુખદાયક આપે અમને કૃતાર્થ કર્યા છે. ૮.

**चोपाई :**

**ब्रह्मा भव सुरराज हि देवा, तिनकुं दुल्लभ हो महा एवा;**
**अगम निगम कोउ पार न पाए, सो करुना करीके घर आए...०९**
**गावत धवल मंगल बधाई, शोभा अनंत भई बरनेमें नाई;**
**हरि अस्वारी सोहत महा भारी, शोभा बनी त्रिलोक सुँ न्यारी...१०**

હે નાથ ! બ્રહ્મા, ભવ અને ઈન્દ્ર જેવા દેવોને પણ આપ અત્યંત દુર્લભ છો. આગમ (શાસ્ત્ર) અને નિગમ (વેદો) જેનો પાર પામી શકતા નથી તે આપ કરુણા કરીને અમારે ઘેર પધાર્યા છો. ૯. મંગળમય વધામણીના ધોળ ગવાતા હતા. ન વર્ણવી શકાય આવી શોભા બનેલી હતી. શ્રીહરિની સવારી એટલી બધી શોભતી હતી કે તે સંપૂર્ણ ત્રિલોકીની શોભા કરતા કાંઈ ઓર પ્રકારની જ હતી. ૧૦. દેખતાની સાથે બધા દેવતાઓ પણ તેમાં લલચાઈ જતા હોય ત્યાં આ લોકની તો વાત જ શી કહેવી ? માણાવદરના રાજા(નવાબ)ને પણ શ્રીહરિનાં ચરણોમાં દૃઢ પ્રેમભાવ હતો. ૧૧. તેથી તેઓ શ્રીહરિના આગમનને સાંભળીને તત્કાળ પોતાની પત્નીને સાથે લઈને સામૈયામાં ગયા. તેમણે પોતાની સવારી સાથે લીધી હતી. આગળ નોબત વાગતી હતી. સવારીને શોભાડી હતી. ૧૨.

**हम हि अधम उधार तुम कावो, हमारे गुना बकसीश करावो;**
**तुमारे शरन हम आए स्वामी, तुम कहावत हो बहुनामी...१४**

શ્રીહરિનાં દર્શન કરીને તેમને મનમાં ઘણો જ આનંદ થયો અને અંગોમાં ઘણું જ સુખ થયું. તેઓ બોલવામાં ઘણા જ નિપુણ હતા. દીનભાવે વિનયથી

તેઓ બોલ્યા. ૧૩. અમે અધમ છીએ અને આપ અધમ-ઉદ્ધારક છો. આપ અમારા અપરાધને માફ કરો. અમે આપને શરણે આવ્યા છીએ. બહુનામી આપ અમારી રક્ષા કરજો. ૧૪.

**दोहा : तुम सम्रथ शिरदार सबे, तुमारे शिर नहिं कोइ;**
**खाबिन्द हो सब खलक के, तुमारे शरन हम होइ...१५**

આપ સર્વ સમર્થ સિરદાર (સરદાર-સર્વોપરિ) અગ્રણી છો. આપના ઉપરિ કોઈ નથી. આપ સમગ્ર વિશ્વના માલિક (ખાવિંદ-ધણી) છો એટલે અમે આપને શરણે આવ્યા છીએ. ૧૫. રાજપાટ અને બધી સમૃદ્ધિ આપની જ છે. આપે દીધેલું જ અમે ખાઈએ છીએ. આપ એવા અલૌકિક છો જે બધાને ઓળખાતા નથી. ૧૬. આપ ગામમાં પધારો. અમ જેવા અનાથ લોકોને સનાથ કરો. અમે બે હાથ જોડીને વિનંતિ કરીએ છીએ અને પગે લાગીએ છીએ. ૧૭. રાજાનાં વેણ સાંભળીને શ્રીહરિ ઘણું પ્રસન્ન થયા. પછી સંતો, સહુ હરિભક્તો અને બધા દરબાર રાજાઓની સાથે માણાવદર ગામમાં પધાર્યા. ૧૮.

**✵ માણાવદરમાં શ્રીહરિનું ભવ્ય સ્વાગત :**

પૂર્ણચંદ્ર સમાન શ્રીહરિ વાજતે-ગાજતે ગામમાં પધાર્યા. શિર ઉપર સોનેરી છત્ર શોભતું હતું અને મુખથી મરક મરક (મંદ મંદ) હસી રહ્યા હતા. આગળના ભાગમાં છડીદાર નેકી પોકારતો હતો અને અપાર વાજિંત્ર વાગતાં હતાં. ધર્મકુમાર શ્રીહરિનાં સુંદર દર્શન કરીને મહિલાઓ મંગળમય ગીતોને ગાતી હતી. ૧૯.

ઘેર ઘેરથી આવીને કેટલીયે સ્ત્રીઓનાં ટોળાં મળ્યાં અને તે સમયે કાંચન મોતીના થાળ ભરીને તેઓ શ્રીહરિને વારંવાર પ્રેમથી વધાવવા લાગી. રાજમાર્ગ ઉપર રહેલા પ્રત્યેક ઘરના દરવાજે તોરણ બાંધ્યાં હતાં અને જાત જાતનાં ચિત્રો મૂકીને બજારને ઘણી સુંદર રીતે સજાવી હતી. ૨૦. બધા મહાજનોએ હરેક દુકાને કેળના સ્તંભ રોપાવ્યા હતા. નવા નવા અલંકાર પહેરીને તે બધા બજારમાં સ્વાગત કરવા ઊભા રહ્યા હતા. ૨૧. માણેક અને મોતીથી ચોક પુરાવ્યા હતા આવા મંદિર(ઘર)માં શ્રીહરિને પધરાવ્યા.

જેમાં ચિત્ર-વિચિત્ર મણિજડિત થાંભલાઓનો કોઈ પાર ન હતો, એવા મકાનમાં સહુને ઉતારો કરાવ્યો. ૨૨. જ્યારે દિવસની ચૌદ ઘડી થઈ હશે ત્યારે (લગભગ ૧૧-૧૫ વાગ્યે) બધા ગામમાં આવી ગયા. ત્યાં આવેલા વિપ્રોએ મળીને બધી રસોઈ બનાવી. જાત જાતના પાક કર્યા. ૨૩. શ્રીહરિને સ્નાન કરવાની ઇચ્છા હોવાથી ચોકી (પાટ) ઉપર પધરાવ્યા. અત્યંત કાર્યકુશળ મુકુંદ બ્રહ્મચારીએ શ્રીહરિનાં અંગ ઉપર અત્તર આદિ સુગંધી તેલ ચોળ્યું. ૨૪. રંગભીના ઘનશ્યામને ગરમ નીરથી નવડાવ્યા. તુરંત સુવાળા વસ્ત્રથી અંગ લૂછ્યાં. પ્રિય શ્રીહરિએ જરકસી કોરવાળું પીતાંબર ચોપથી પહેર્યું. ૨૫. એક પીતાંબર ઓઢ્યું અને ચરણોમાં ચાખડીઓ પહેરી. ચરણોમાં પહેરેલા ઝાંઝરની ઘૂઘરીઓનો ઘમકારો થતો હતો. ઠમક ઠમક કરીને ગજગતિ ચાલે શ્રીહરિ ચાલતા હતા. ૨૬. ધર્મપુત્ર શ્રીહરિ સોનેરી બાજોઠ ઉપર વિરાજ્યા અને બીજા એક તેવા જ સોનેરી બાજોઠ ઉપર બ્રહ્મચારીએ થાળ મૂક્યો. ૨૭. તેમાં છપ્પન પ્રકારનાં ભોજન અને છત્રીશ પ્રકારનાં વ્યંજનો(શાકભાજી)ને શ્રીહરિ હરિભક્તોના પ્રેમને જોઈને સ્વાદ સહિત જમ્યા. ૨૮.

**सोरठा : प्रेम में स्वाद अपार, तितनो नाहिं हे काहु में;**
**सो जानत जाननहार, ओर जानत हे वस्तु में...२९**
**हरि की अलोकिक रित, सो हे भुखे भाव के महा;**
**भाव बिन करत न प्रीत, अश्वमेद कोउ जज्ञ करेउ...३०**

પ્રેમમાં જે સ્વાદ રહ્યો છે તે બીજા કોઈમાં નથી. તેને કોઈ જાણકાર જ સમજી શકે છે. અને બીજો સ્વાદ વસ્તુમાં પણ છે. ૨૯. શ્રીહરિની રીત અલૌકિક છે. તેઓ ભાવનાના અત્યંત ભૂખ્યા છે. કદાચ કોઈ મોટો અશ્વમેધ જેવો યજ્ઞ કરે તોયે શું ? તેઓ ભાવના વિના પ્રેમ કરતા નથી. ૩૦.

શ્રીહરિએ જમ્યા પછી ચળુ કર્યું. પ્રસાદી સાથે રહેનારા રાજાઓ (દરબારો)ને આપી. શ્રીહરિ તેમને પોતાની પાસે બેસાડીને વારંવાર હેતથી જમાડતા હતા. ૩૧. પોતાના અનન્ય સખાને ભક્ત ગણતા. તેમના સમાન કોઈની સાથે બનતું નહીં. શ્રીહરિ હૃદયની બધી વાતોને સમજતા હતા. જે

ભક્ત ન હોય તેવા બીજા માણસ સાથે હેત રાખતા નહિ. ૩૨. શ્રીહરિએ પૂરા પ્રેમથી સંતોને જમાડ્યા. જમાડવામાં કાંઈ ઊણપ ન રાખતા. તે પછી હરિભક્ત વિપ્રોને જેવી જેની ઇચ્છા તે મનભાવતી રીતે જમાડ્યા. ૩૩. પછી સુખદાયક ઘનશ્યામ શ્રીહરિ હસતા હસતા આવીને પલંગ ઉપર બેઠા. જેણે રસોઈ કરાવી હતી તે હરિભક્તોએ આવીને શ્રીહરિની અને સંતોની પૂજા કરી. ૩૪. આ પ્રમાણે નિત્ય નવીન ને નવીન ઉત્સવ આનંદ થયા કરતા હતા. સંતો અત્યંત ઉત્સાહથી રાત દિવસ કથા-વાર્તા અને કીર્તન કર્યા કરતા હતા. ૩૫.

માણાવદરના હરિભક્તો શ્રીહરિની આવી અલૌકિક રીત દેખીને એક પળવાર પણ શ્રીહરિથી દૂર થતા નહિ. કેટલાક લોકો શ્રીહરિને શરણે થયા. તેમના શ્રીહરિએ લખચોરાશીનાં દુઃખ ટાળ્યાં.૩૬. વસંતઋતુના દિવસો અજોડ કહેવાય અને તેમાં પણ વસંત પંચમી (મહા સુદ ૫) ઉત્તમ ગણાય. શ્રીહરિ માણાવદરમાં વિરાજમાન હતા અને વસંત પંચમી આવી. ૩૭. વસંત પંચમીનો ઉત્સવ જાણીને ગામેગામના હરિભક્તો ધર્મપ્રિય શ્રીહરિનાં દર્શન કરવા માટે માણાવદર આવ્યા. ૩૮. સહુ સુખકારી શ્રીહરિનાં દર્શન કરીને રાજી થયા. ભક્તોને દેખીને તેમને પાસે બોલાવ્યા. પુષ્પોના હાર શ્રીહરિને પહેરાવ્યા, શ્રીફળ અને આંબાનો મોર આગળ મૂક્યો. ૩૯. શેરડીના સાંઠા ઘણા લાવ્યા હતા. તે ઉમંગથી શ્રીહરિની આગળ મૂક્યા. કેટલાક તો અન્ય ફળ તથા વિવિધ પ્રકારના મેવા લાવ્યા હતાં, તે હરખભેર શ્રીહરિની આગળ રાખ્યા. ૪૦. અલગ અલગ પ્રકારના પોશાક કરાવીને લાવ્યા હતા, તે પણ શ્રીહરિને મનમાં પ્રેમ કરીને પહેરાવતા હતા. હૃદયમાં આનંદોત્સવથી ભરેલા તે હરિભક્તો શ્રીહરિનાં અંગોને કેસર મિશ્રિત ચંદનની અર્ચા કરતા હતા. ૪૧.

સૌ હૃદયમાં અલૌકિક રીત સમજીને ઘણા જ પ્રેમથી સંતોની પણ પૂજા કરતા હતા. પ્રેમ તરબોળ થયેલા સંતો વસંત વધાઈનાં પદો ગાઈને ઉત્સવ કરતા હતા. ૪૨. એક સુવર્ણ કળશ લીધો. આંબાના મોર અને નવપલ્લવોથી તેને શણગાર્યો. પછી સંતોએ ઉત્સવ કરતા કરતા પ્રેમથી તે

કળશ શ્રીહરિની આગળ રાખ્યો. ૪૩. ઝાંઝ, મૃદંગ, ઢોલ, દુંદુભિ, તુરાઈ, રણસિંગું, ભૂંગળ અને ભેરી વગાડીને તે ઉત્સવને ઘણો અદ્‌ભુત રીતે ઊજવ્યો. ૪૪. શ્રીહરિએ કેસરી (કેસુડાનો)રંગ અને પતંગનો રંગ ઘડામાં ભરી ભરીને ઉછાળ્યો. (મધ્ય હિંદ અને કટક પ્રાંતમાં થતું પત્રંગ નામનું એક જાતનું પીળું અને સુગંધીદાર ઝાડ, જેના લાકડાના નાના કટકા કરી લગભગ બે પહોર પાણીમાં ઉકાળવામાં આવે છે, જેથી એક જાતનો બહુ સુંદર લાલ રંગ નીકળે છે. તેને પતંગનો રંગ કહેવાય છે.) દરબારો અને અન્ય હરિભક્તો સાથે વસંત રમતા ખૂબ જ ગુલાલ અને અબીલ ઉડાડ્યો. ૪૫. સહુએ ઉડાડેલા ગુલાલથી અને રંગથી આકાશ ભરાઈ ગયું હતું. તેની શોભા એટલી અદ્‌ભુત હતી કે તે મુખથી કહી શકાતી નથી. ૪૬. ગામના પશ્ચિમ દરવાજાથી આથમણી સ્વચ્છ પાણીવાળી નદી વહે છે. એટલે શ્રીહરિ ગામથી દૂર શુદ્ધ પાણી હશે એમ જાણીને ત્યાં પધાર્યા. ૪૭. સહુ હરિભક્તોને સાથે લીધા હતા. શ્રીહરિની મૂર્તિ રંગથી રસબસ હતી. તે નદીએ જઈને તેમાં સહુએ સ્નાન કર્યું. ભક્તોના મનમાં ઉત્સાહ ભર્યો હતો. ૪૮. શ્રીહરિ સ્નાન કરીને ગામમાં પધાર્યા. રસોઈ તૈયાર થઈ ત્યારે પહેલાં શ્રીહરિ થાળ જમ્યા અને પછી સંતો જમ્યા. ૪૯.

બધા સખાઓ-દરબારો જમ્યા. જે હરિભક્ત વિપ્રો હતા તે પણ જમ્યા. અનેક પ્રકારની સરસ રસોઈ થઈ હતી, જે યથાર્થરૂપમાં કહી શકાતી નથી. ૫૦. માણાવદરમાં શ્રીહરિ કેટલાક દિવસ આનંદથી-રાજીપે રહ્યા. સમગ્ર હરિભક્તોના સેવા કરવાના બધા મનોરથોને પૂરા કર્યા. ૫૧. શ્રીહરિએ ત્યાં વર્ણોના અને આશ્રમોના ભિન્ન ભિન્ન ધર્મો કહ્યા. ધર્મસર્ગ અને અધર્મસર્ગનું નિરૂપણ વિગતવાર કર્યું અને ધર્મના ઉત્કર્ષ-પોષણની વાત પણ કહી. ૫૨.

***ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના તૃતીય પૂરમાં 'માણાવદર આવી વસંત પંચમીનો ઉત્સવ કર્યો' એ નામે અગિયારમો તરંગ સમાપ્ત ॥૧૧॥***

## પૂર ત્રીજું : તરંગ - ૧૨

## શ્રીહરિએ પીપલાણામાં વિષ્ણુયાગ તથા વસંતોત્સવ કર્યો

પીપલાણા ગામમાં સંતોના મનને રાજી કરે એવાં અદ્‌ભુત ચરિત્ર ઘનશ્યામ શ્રીહરિએ જે કર્યાં છે તેને હું હવે લખું છું. ૧. ફાગણ માસના દિવસો હતા. ત્રિભુવનનાથ શ્રીહરિએ સંતોનું મંડળ સાથે રાખ્યું હતું. તેમજ પાર્ષદો, સખા દરબારો અને બીજા હરિભક્તો પણ સાથે હતા. ૨. ઘનશ્યામ શ્રીહરિની અનુપમ સવારી ઘણી શોભતી હતી. શ્રીહરિ તો રાજાધિરાજ છે. આ ભૂમિ ઉપર તેમના જેવું બીજું કોઈ નથી. ૩. સોનેરી સાજથી શણગારેલા અશ્વની શોભા ઝગમગ ઝગમગ ચમકી રહી હતી. કરોડો બ્રહ્માંડોના સ્વામી સુખકારી શ્રીહરિ તે અશ્વ ઉપર વિરાજ્યા છે. ૪. ઘણા જ સુશોભિત સોનેરી સાજ-શણગાર શ્રીહરિએ પહેર્યા છે. તેની અદ્‌ભુત શોભા ચૌદ લોકથી ન્યારી જણાય છે. તે શોભાને નિહાળીને કરોડો કામની છબી પણ ઝાંખી પડી જતી હતી. ૫.

### ✵ વસ્ત્રાલંકારોથી વિભૂષિત શ્રીહરિના સ્વરૂપનું દિવ્ય વર્ણન :

**चोपाई :**

**हरि की शोभा सम कोउ न कहावे, जो जो शोभा या जग में रहावे;**
**तातें कहत हे सर्वोपरी, श्रवने सुननि सब हि मुद भरी...०६**
**शोभा अनंत ब्रह्मांड की जोई, हरि में तेहिसुँ कोटि गनि होई;**
**हरि को सबंध जा जा महिं आवे, तिनकी तुलना कोई न पावे...०७**

આ જગતમાં જે જે વસ્તુ કે વ્યક્તિ શોભાયમાન કહેવાય છે, તે તે બધા જ શ્રીહરિની શોભાને સમાન થઈ શકતા નથી. અને તેથી જ શ્રીહરિને કાન દ્વારા હરખથી સાંભળીએ એવા સર્વોપરિ કહેવાય છે. ૬. અનંત બ્રહ્માંડોમાં જે શોભા રહી હોય છે તેના કરતાં શ્રીહરિની શોભા તો કરોડોગણી અધિક છે. જેને જેને શ્રીહરિનો સંબંધ થાય છે, તેની બરાબરી કોઈ પણ કરી શકતું નથી. ૭. શ્રીહરિના મસ્તક ઉપર સોનેરી પાઘ વિરાજી રહી છે. તેમાં મોતીના તોરા વિશેષ શોભે છે. તેમાં શિરપેચ તો અધિક સુંદર દીપી રહ્યો છે. તેનાથી

દર્શન કરનારાને ઘણો જ આનંદ થાય છે. ૮. મસ્તક ઉપર સોનેરી છત્ર ધાર્યું છે. તેનું તેજ ઝગમગ ઝગમગ ચમકી રહ્યું છે. જરિયાની જામો પહેર્યો છે. તેની શોભા તો અત્યંત ઝળહળી રહી છે. ૯. જરિયાની સુરવાળની શોભા પણ ઘણી અદ્‌ભુત છે. કમર ઉપર સોનાનો કંદોરો (કટિમેખલા) પહેર્યો છે. છાતી ઉપર મોતીના અપાર હાર પહેર્યા છે અને ભુજાઓ ઉપર મોતીના બાજુ બાંધ્યા છે. ૧૦. આંગળીઓમાં નંગ જડાઉ વેઢ અને વીંટીઓ પહેરી છે. કાંડાંમાં સોનાનાં કડાં પહેર્યાં છે. પહોંચી અને સાંકળાં પણ નંગ જડાઉ પહેર્યાં છે. મુખથી મરક મરક હસી રહ્યા છે. ૧૧

શ્રીહરિ ઓજત ગંગાને કિનારે પહોંચ્યા, તેમાં નિર્મળ નીર જોયું. તેથી સંતોએ સહિત તેમાં ઉમંગથી સ્નાન કર્યું. ૧૨. સ્નાન કરતી વેળાએ શ્રીહરિએ સહુ સંતોને કહ્યું કે સદ્‌ગુરુ શ્રીરામાનંદસ્વામી આ ઓજત ગંગામાં ઘણી વાર નહાયા છે. ૧૩. તે વખતે અમે પણ સ્વામીની સાથે પ્રેમથી આ નદીમાં બહુ નહાયા છીએ. તેમાં એક વખત અમે સ્વામીને હાથ જોડીને પ્રશ્ન પૂછ્યો,

**दोहा : श्रीहरि सद्‌गुरु संत ही, दोउ मोक्ष दातार;**
**तिनमें तुम हि कोंन हो, मोई कहो करी प्यार...१५**

અમે પૂછ્યું, ભગવાન અને સદ્‌ગુરુ સંત બંને મોક્ષના દાતા છે, તેમાં આપ કોણ છો ? તે મને પ્રેમથી કહો. પણ સ્વામીએ તેનો ઉત્તર ન આપ્યો. ૧૪-૧૫. ત્યારે સ્વામી પર્વતભાઈની સાથે બીજી વાત કરતા કરતા બોલ્યા કે સૂર્યોદય થયા પછી ચંદ્રમા શોભતો નથી. ૧૬. આટલી વાત કરી પછી સ્નાન કરીને તૈયાર થયા. સ્વયં ભક્તોને આધીન છે એટલે ઘણા સંતોને તથા હરિભક્તોને સાથે લીધા હતા. ૧૭.

**પીપલાણા** ગામના બધા હરિભક્તો શ્રીહરિ પધારે છે તેમ જાણીને સામૈયું લઈને આવ્યા. સાથે ઝાંઝ, મૃદંગ ઢોલ અને નોબત જેવાં વાજિંત્ર વાગતાં હતાં. ૧૮. ધર્મકુમાર શ્રીહરિ પહેલાં ગામવાસીઓને દર્શન દેવા માટે વાજતે ગાજતે ગામમાં પધાર્યા. તે વખતે ઘણી જ શોભા થઈ હતી. ગામના ભક્તો વિસ્મિત થઈને વારંવાર પગે લાગતા હતા. શ્રીહરિની આગળ શ્રીફળ મૂકીને ફૂલહાર પહેરાવતા હતા. ૧૯. ગામવાસી બધા ભક્તોને સારી રીતે

દર્શન દઈને પછી શ્રીહરિ ગામથી બહાર નીકળ્યા. તે સમયે ચોપદાર “જય જય મહારાજાધિરાજ” આવા શબ્દોને ઊંચેથી બોલતો હતો. શ્રીહરિએ ઓજત ગંગાનો કિનારો સુંદર દેખીને ત્યાં ઉતારા માટે સારા દેરા-તંબુ ઊભા કરાવ્યા હતા. ૨૦. તેમાં એક સુંદર સભામંડપ કરીને તેને વિવિધ પ્રકારે શણગાર્યો. તેની સુંદરતા અદ્‌ભુત હતી, જે વર્ણવી અશક્ય છે. ગામને પછવાડે એક મોટું વડલાનું ઝાડ હતું. સુખદાયક શ્યામસુંદર શ્રીહરિ તે વડની નીચે ઊતર્યા. ૨૧. મહારાજાધિરાજ શ્રીહરિએ ત્યાં વિષ્ણુયાગ કરવાનું ધારીને શરૂઆત કરી. યજ્ઞમાં સારા વિદ્વાન વિપ્રોની વરણી કરવા માટે સુજ્ઞ વિપ્રોને તત્કાળ બોલાવ્યા. ૨૨.

વિધિ પુરઃસર શુભ યજ્ઞકુંડ કરાવ્યા. નવીન સુંદર યજ્ઞમંડપ પણ કરાવ્યો. ચારે દિશાઓમાં મોટા દરવાજાઓ કરાવ્યા. તેમને ચિત્રવિચિત્ર સાધનોથી સારા શણગાર્યા. ૨૩. ચારે તરફ તરિયાતોરણ (ત્રણ પ્રકારના તોરણ- આંબા તથા આસોપાલવનાં પાનનાં અને નાળિયેરનાં) બાંધ્યાં. સોનાનો વરખ ચઢાવીને બધી વસ્તુઓને અત્યંત ઉજ્જ્વળ કરી હતી. યજ્ઞમંડપ ઉપર સુવર્ણ કળશ ચઢાવ્યો હતો. તેનો ચળકાટ ચારે તરફ શોભતો હતો. ૨૪. તે મંડપની રક્ષા કરવા માટે શ્રીહરિએ પોતાના શસ્ત્રસજ્જ ઘણા પાર્ષદોને રાખ્યા હતા. વિપ્રોને સુખદાયક પોતાનાં દર્શન દેવા માટે શ્રીહરિ તે મંડપની વચ્ચે વિરાજમાન થયા. ૨૫. પીપલાણાના વિપ્ર નરસિંહ મહેતાને યજ્ઞના યજમાન કર્યા. તે સમયે વિપ્રોએ વેદમંત્રોનો ઉચ્ચાર કરીને આઠે ખૂણાઓમાં દેવોની સ્થાપના કરી. ૨૬. યજ્ઞમાં તે દેવોનું સ્થાપન વેદમંત્રો બોલીને કર્યું. ભગવાનની મૂર્તિના પ્રત્યેક અંગમાં બધા દેવોની કલ્પના ઉમંગથી કરી. ૨૭. યજ્ઞમાં વાપરવાની સમિધાઓને મંત્રોથી પ્રોક્ષિત કરીને જાજ્વલ્યમાન કરી. જૂના યવ અને તલ તેમજ શુદ્ધ ઘી લઈને તેનો હોમ કર્યો. ૨૮. બીજા બધા વિપ્રો મળીને રસોઈ તૈયાર કરતા. તે રોજ શ્રીહરિ, સંતોને તથા દરબારોને જમાડતા હતા. આ પ્રમાણે કેટલાયે દિવસ સુધી અનેક પ્રકારે લાખો બ્રાહ્મણોને એક સંગાથે શ્રીહરિ જમાડતા. ૨૯. બ્રાહ્મણો સાંજના સમયે રોજ જમતા હતા. આમ રોજ ઉચ્છવ ચાલું રહેતો. વડલાની ડાળીએ એક હિંડોળો બાંધ્યો હતો. તેમાં આવીને શ્રીહરિ રોજ ઝૂલતા હતા. ૩૦.

દેશો દેશના ચારે વર્ણોના અપાર હરિભક્તો બધા શ્રીહરિનાં દર્શન કરવા આવતા હતા. ૩૧. તે બધા હૃદયમાં નિર્દોષ હેત કરીને ઘનશ્યામ શ્રીહરિનું ભજન કરતા હતા. તે બધા સર્વ જગતને મિથ્યા (નાશવંત) ગણીને શ્રીહરિના ચરણોમાં મનને સ્થિર કરતા હતા. ૩૨. તેઓ એક શ્રીહરિ વિના બીજા કોઈને સમર્થ જાણતા નહિ. અને શ્રીહરિ પણ આવું સમજીને જ હરિભક્તોને વિશેષ અધિક માનતા હતા. ૩૩. જેના મનમાં જેવી હોંશ હોય તે પ્રમાણે તેઓ શ્રીહરિની પૂજા કરવા માટે વિવિધ પ્રકારનાં વસ્ત્રો અને આભૂષણો ખૂબ જ લાવતા હતા, જેનો ગણતા પણ પાર પામી શકાય તેમ નથી. ૩૪. કોઈ હરિભક્ત થાળમાં વિવિધ પ્રકારનાં ભોજન કરાવીને શ્રીહરિને હેતથી જમાડતા. કોઈ ઊંચી જાતના મેવા તથા મીઠાઈઓ મગાવીને પ્રેમથી આવીને શ્રીહરિને સમર્પણ કરતા હતા. ૩૫. કોઈ ધર્મકુમાર શ્રીહરિને પ્રેમથી ફૂલહાર પહેરાવતા, ત્યારે તેઓ તેનો સ્વીકાર કરતા. કોઈ હરિભક્ત ઘણા જ પ્રેમથી શ્રીહરિને કેસરચંદનની અરચા કરતા. ૩૬.

જેના મનમાં જેવી ભાવના હોય તે પ્રમાણે તે ભક્ત શ્રીહરિને પૂજીને કે થાળ જમાડીને લાડ લડાવતા હતા. શ્યામસુંદર શ્રીહરિ પણ હરિભક્તોના ઉપર અઢળક ઢળ્યા હતા. ભક્તોના મનની કામનાઓને-મનોરથોને સ્વયં પૂર્ણ કરતા હતા. ૩૭. શ્રીમુક્તાનંદ સ્વામી આદિક સંતો સંગીતવિદ્યાના બુદ્ધિમાન કલાકાર હતા. તાલ, દૂકડ (નરઘાં), સરોદ અને વીણા વગેરે વિવિધ પ્રકારનાં વાજિંત્ર તેઓ રાખતા હતા. ૩૮. તે સંતો વાજિંત્ર વગાડીને શ્રીહરિના ગુણોનું કીર્તન કરતા હોય ત્યારે શ્રીહરિ તેમાં તાન તોડતા હતા. તેઓ હૃદયમાં પ્રેમ ભરીને વસંત, ધુમાર, હોરી વગેરે પદોને ગાતા હતા. ૩૯. મુક્તાનંદ સ્વામી તો હસતે મુખે શ્રીહરિનાં ગુણ-પદોને ગાતા. ભગવદ્‌ ગુણોને ગાતા તેમને “હવે બસ છે,” આવી તૃપ્તિ થતી નહિ. તેમને શ્રીહરિમાં અપાર પ્રેમ હતો. જ્યારે તેઓ પદ ગાતા હોય ત્યારે તેમને શરીરનું ભાન પણ રહેતું નહિ. ૪૦.

આમ દિવસો પસાર થતા હુતાશની (ફાગણ સુદ ૧૫) આવી. તે દિવસે બધા હરિભક્તો પૂજાનો સામાન લાવ્યા. જાત જાતના પોશાક લાવ્યા.

વારાફરતી તે પ્રેમથી પહેરાવતા હતા. ૪૧. તે દિવસ સહુ સંતોએ મળીને શ્રીહરિની પૂજા કરી. પુષ્પોનાં હાર અને ચંદન વગેરે લીધું. ચરણો ઉપર ચંદનની ચરચા કરી. પછી તે આનંદકારી ચરણોને પોતાની છાતીમાં ચાંપ્યા. ૪૨. તે દિવસ જોઈને શ્રીહરિએ યજ્ઞની સમાપ્તિ કરાવી. તે નિમિત્તે વિપ્રોને વિવિધ પ્રકારનાં દાન અપાવ્યાં. વસ્ત્રો અને આભૂષણો ઘણાં જ પહેરાવ્યાં. ૪૩. તે વેળાએ શ્રીહરિએ ગાયોનું અને અશ્વોનું અપાર દાન અપાવ્યું. વિપ્રોને જમાડવામાં ઘીથી લચપચતા લાડુ પિરસાવીને પછી ફરી વાર તેના ઉપર ઘી પિરસાવ્યું. ૪૪. શ્રીહરિએ ઘીની ધાર કરીને પ્રેમથી ખૂબ જ જમાડ્યા. ત્યારે વિપ્રો એમ બોલ્યા, “આપની મહાન કીર્તિ અખંડ રહો.” ૪૫. જય જયકાર બોલીને તેમણે આશીર્વાદ આપ્યા કે, “આપનો પ્રતાપ ક્યારેય ક્ષીણ થશે (ઘટશે) નહિ. પાતાળથી લઈને બ્રહ્માના લોક સુધી આપની કીર્તિ દિન પ્રતિદિન વધારે બળવાન થઈને વધતી રહે.” ૪૬.

બીજે જ દિવસ ફૂલદોળ આવ્યો. મનમાં રંગે રમવાનું ધારીને શ્રીહરિએ રંગ તૈયાર કરાવ્યો. ૪૭. તે સમયે કેસર, કેસુડાં, કસ્તૂરી અને પતંગ નાખીને ઘણો જ રંગ કરાવ્યો અને તેની માટીની પાકી કોઠીઓ પ્રેમથી ભરાવી. ૪૮. રામદાસ સ્વામી રંગ કરાવવામાં ઘણા જ ચતુર હતા. તેમણે અનુપમ અને અત્યંત સારરૂપ બધો રંગ કરાવ્યો હતો. ૪૯. સૂર્યોદય સમયે શ્રીહરિને ફૂલોના દોળામાં (હિંડોળામાં) બેસાડ્યા. હિંડોળાને અનેક રીતે શણગાર્યો હતો. તેનું વર્ણન કરતા કોઈ પાર પામી શકે તેમ ન હતું. ૫૦. તે વખતે ઢોલ, ત્રાંસાં અને મોટી નોબત વગેરે મંગળમય વાજિંત્ર વાગવા લાગ્યાં. બધા સંતો અને હરિભક્તો ત્યાં આવ્યા અને એક મોટી સભા ભરાઈ. ૫૧. બધા દરબારો શ્રીહરિની પાસે બેઠા. વસંત ઋતુનાં આકર્ષક વસ્ત્ર પહેર્યાં હતાં. ભક્તોના મનના પરમ નિધિ જેવા શ્રીહરિનાં બધાં અંગો પણ તેવાં જ આકર્ષક વસંતને અનુરૂપ થયાં. ૫૨. પહેલાં શ્રીહરિએ પ્રસન્ન મન થઈને પ્રેમભાવથી રંગનો કળશ સંતો ઉપર ઢોળ્યો. અને પછી ઉમંગમાં આવીને દરબારો ઉપર પણ રંગ ઢોળ્યો.૫૩. પછી સંતોએ પણ ઉત્કૃષ્ટ હેતથી શ્રીહરિ ઉપર કેટલોયે રંગ નાખ્યો. અપાર ગુલાલ અને અબીર ઊડવા લાગ્યા. સંતો વસંતનાં પદ ગાતા

હતા. ૫૪. મધ્યાહ્ન સુધી રંગની ધૂમ મચી. રંગે રમનારા ભક્તોની વચ્ચે રહેલા ઘનશ્યામ શ્રીહરિની શોભા શારદા અને શેષ હજાર મુખથી કહે તો પણ કહી શકાતી નથી. ૫૫.

ભવ, બ્રહ્મા અને ઈન્દ્રાદિ દેવો આ રંગક્રીડાની લીલાનાં દર્શન કરવા વિમાનમાં બેસીને આવ્યા. આકાશમાં ચારે તરફ વિમાન છવાઈ ગયાં. દર્શન કરવા છતાં તેમનાં નેત્રોને તૃપ્તિ થતી ન હતી. ૫૬. કેસરી ચંદન અને પુષ્પોને લઈને દેવતાઓ રંગલીલા ઉપર વૃષ્ટિ કરવા લાગ્યા. અપ્સરાઓ પ્રેમથી નાચવા લાગી. તેમના હૃદયમાં આનંદ સમાતો ન હતો. ૫૭. તે સમયે દેવતાઓ અને મનુષ્યો, બધા જય જયકાર કરતા હતા અને શ્રીહરિ દરબારોને અને સંત-મંડળને સાથે લઈને રંગક્રીડાનો મહાન આનંદ માણી રહ્યા હતા. ૫૮. ઓજત નદીનું બધું પાણી રંગે કરીને સુશોભિત થયું હતું. તેમાં જે સ્નાન કરે તેની ભવની પીડા શમી જતી હતી. એવો તે નીરનો મહાન પ્રતાપ થયો હતો. ૫૯. સ્નાન કર્યા પછી શ્રીહરિ અને બધા સંતો વિવિધ પ્રકારની રસોઈ જમ્યા. વસંતોત્સવ પૂર્ણ થયો અને આ સમૈયો પણ ઘણો મહાન થયો. ૬૦.

***ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના તૃતીય પૂરમાં 'શ્રીહરિએ પીપલાણામાં વિષ્ણુયાગ તથા વસંતોત્સવ કર્યો' એ નામે બારમો તરંગ સમાપ્ત ॥૧૨॥***

## પૂર ત્રીજું : તરંગ - ૧૩

### શ્રીહરિનું અગત્રાઈમાં આગમન, રામનવમીનો ઉત્સવ કર્યો

કરુણાસાગર શ્રીસહજાનંદ સ્વામી કરુણા કરી પીપલાણાથી અગત્રાઈ ગામ પધાર્યા. તેથી ગામના ભક્તોને આનંદ થયો. ૧. ત્યાંના પર્વતભાઈ આદિ સમગ્ર હરિભક્તોએ તુરંત જ દેવાધિદેવ પધાર્યા છે એમ જાણીને વિવિધ પ્રકારનાં વાજિંત્રો વગાડીને શ્રીહરિનું સામૈયું કર્યું. ૨. શ્રીહરિની સવારીના અશ્વને બધો જ સોનેરી સાજ લઈને શણગાર્યો. તે પ્રમાણે જ શ્રીહરિએ પણ

અનુપમ સોનેરી સાજ (વસ્ત્રાંલકાર) પહેર્યો હતો. ૩. મસ્તકે સોનેરી પાઘ હતી. તે છોગાથી વિશેષ શોભતી હતી. મસ્તકે મોતીના તોરા ઝૂકી રહ્યા હતા. ૪. પાઘ ઉપર સોનેરી જડાઉ શિરપેચ હતો. કાનોમાં નંગ જડાઉ કુંડળ તથા લલાટમાં સુંદર કેસરી તિલક દીપતું હતું. રસભર્યાં (પ્રેમભર્યાં) ચપળ નેત્રો ચિંતવવા જેવા હતા. ૫. દીવાની શિખા અને પોપટની ચાંચના જેવી નાસિકા નમણી હતી. દાડમની કળીઓ જેવા દાંત હતા. અને અધરરૂપી બિંબ પ્રવાળાના જેવા લાલ હતા. પૂર્ણચંદ્રના જેવું વિશેષ (વિશાલ) શોભતું મુખ હતું. ૬. જમણે ગાલે નાસિકાને નજીક લાલ મણિના જેવો એક તિલ શોભી રહ્યો હતો. ડાબા કાનની વચ્ચે નીલ મણિના જેવું શ્યામ ચિહ્ન અતિશય રમણીય જણાતું હતું. ૭.

છાતીની ઉપર મોતીના હાર શોભતા હતા. તેમજ જરિયાની જામો પહેર્યો હતો. તે અતિશય ભવ્ય લાગતો હતો. ભુજાઓની ઉપર મોતીના બાજુ શોભતા હતા. સોનાનાં કડાં પહેર્યાં હતાં. તે દેખતાની સાથે જ મનને મુગ્ધ કરતાં હતાં. ૮. સોનેરી પહોંચી અને સાંકળાં સોહામણાં હતાં. મોજિલા મોહન-મોહ ઉત્પન્ન કરતા શ્રીહરિ અલંકારોથી લૂમઝૂમ હતા. કમરે જરિયાની સુરવાળ પહેર્યો હતો. દયાળુ શ્રીહરિએ કમર ઉપર દુપટ્ટો બાંધ્યો હતો. ૯. દસે આંગળીઓમાં વેઢ અને વીંટીઓ નંગ જડેલી હતી. હાથમાં મોતીથી મઢેલી છડી ધારી હતી. ચરણોમાં પહેરેલાં ઝાંઝરોની ઘૂઘરીઓ વાગતી હતી. જે સોનેરી અને નંગ જડિત સોહામણી હતી. ૧૦.

બંને ચરણોમાં મોતી જડેલી સોનેરી મોજડીઓ બહુ જ ઝળકી રહી હતી. અશ્વનો બધો સાજ-સામાન ભરપૂર મોતીથી ભરેલો હતો. અશ્વના મોઢાનું ચોકડું પણ સરસ સોનેરી હતું. ૧૧. ચોકડામાં નંગ જડિત સોનામહોરો હતી અને ઉપરના ભાગમાં મોરયુક્ત કલગી હતી. બંને બાજુએ પણ નવીન મોર કર્યા હતા. તેના કપાળમાં વચ્ચે સુંદર અર્ધચંદ્ર કર્યો હતો. ૧૨. તેમાં સોનેરી ઝીણી ઘૂઘરીઓ ઘણી શોભતી હતી અને ગળામાં પહેરાવવાનાં સોનાનાં ઘરેણાં પણ સોહામણાં લાગતાં હતાં. ૧૩. સોનાનાં શ્રેષ્ઠ બે ઝાંઝર અશ્વના પગમાં હતાં. બંને સોનેરી પેગડામાં પણ મોર કરેલા હતા. પીઠ પાછળ સોનેરી

ડુમચી (ઘોડાનો પલાણ ખસી ન જાય તે માટે પૂછડાના મૂળ સાથે ભરાવાતી દોરી) બાંધી હતી. ૧૪. કળશથી ભવ્ય લાગતું છત્ર શ્યામસુંદર શ્રીહરિ ઉપર શોભતું હતું. તેને અત્યંત નિર્ભીક પાર્ષદ ડુંગરજી હાથમાં ઝાલી રહ્યા હતા. ૧૫. મુકુંદવર્ણી અને જયાનંદવર્ણી, બંને આમને સામને ઊભા રહીને ચામર કરતા હતા. ચામરની રત્નજડિત સોનેરી દાંડીઓ ચમકથી અતિશય પ્રકાશી રહી હતી. ૧૬. ચોપદાર હાથમાં વિવિધ પ્રકારનાં રત્નોથી જડિત સોનાની છડી લઈને "જગત્પતિ ! જગન્નાથ ! આપનો જય થાઓ ! જય થાઓ !" આવું બોલીને નેકી પોકારતો હતો. ૧૭.

શ્રીહરિની સવારીમાં સાથે રહેલા કાઠી દરબારો(રાજાઓ), બધાં સોનાનાં આભૂષણોથી વિભૂષિત હોવાને લીધે ઘણા ચમકીલા દેખાતા હતા. ૧૮. જે સંતો શ્રીહરિની સાથે અક્ષરધામથી આ ભૂમિ ઉપર અવતર્યા હતા, તેઓ સ્ત્રી અને ધનથી દૂર રહેતા હતા. તેમની શોભા પણ આ સવારીમાં અદ્‌ભુત હતી. અનેક પ્રકારનાં વાજિંત્ર વાગતાં હતાં. તેના ધ્વનિથી આકાશ ગુંજી રહ્યું હતું. ભક્ત સ્ત્રીઓ ભેળી મળીને ઘણા પ્રેમ અને ઉત્સાહથી મંગળ ગીતો ગાતી હતી. ૧૯. હરિભક્તો શ્રીહરિની પાસે આવીને વિનંતિપૂર્વક વારંવાર ચરણોમાં નમી પડતા હતા. કેટલાક આગળ શ્રીફળ મૂકી ફૂલહાર પહેરાવતા અને વંદન કરતા હતા. ભક્તોના મનને ગમી ગયેલા અને સુખધામ આવા શ્રીહરિ ગામલોકોને દર્શન આપવા માટે વાજતેગાજતે ગામની બજારે ચાલ્યા જતા હતા. ૨૦. ભક્તોએ બજારને વળાવીને પાણી છાટ્યું હતું. જાત જાતનાં સુગંધી ફૂલો વેરાવ્યાં હતાં. હરેક દરવાજે તોરણ બાંધ્યાં હતાં. આ પ્રમાણે ગામની શોભા અદ્‌ભુત બનાવી હતી. ૨૧.

દયાળુ શ્રીહરિએ આખા ગામમાં લોકોને દર્શન આપ્યાં. પછી તરત ગામથી બહાર આવી ગયા. જે રીતે રાખવા જોઈએ તે રીતે ત્યાં તંબુ તણાવ્યા હતા. તે તંબુ ઊભા કરવાની રીતિ-નીતિ રામદાસજી સ્વામી જાણતા હતા. ૨૨. શ્રીહરિએ ગામથી દક્ષિણ ભાગે પોતાનો મુકામ કર્યો, જ્યાં જળ અને છાયાનો જોગ સારો હતો. જેમાં બધા હરિભક્તો સારી રીતે બેસી શકે તેવો મોટો સભામંડપ પણ કરાવ્યો હતો. ૨૩. મયારામ ભટ્ટ આદિક જે વિપ્ર હતા,

તેમણે વિવિધ પ્રકારની સારી રસોઈ કરાવી. અને તેમાં સહુ પ્રથમ શ્રીહરિને થાળ જમાડ્યો. ૨૪. તે પછી સંતો, દરબારો અને બીજા જે ભક્તો આવ્યા હતા તે સહુને જમાડ્યા. સાંજ સમયે વિશાળ સભામંડપમાં સભા થઈ, જે અદ્‌ભુત હતી. તે કહી શકાતી નથી. ૨૫. સભામંડપની વચ્ચે અનુપમ સિંહાસન કર્યું હતું. તેના ઉપર મહારાજાધિરાજ શ્રીહરિ વિરાજમાન થયા. વિવિધ પ્રકારના રંગવાળું કેસરમિશ્રિત ચંદન શ્રીહરિનાં અંગો ઉપર ચરચ્યું હતું. ૨૬. જાઈ, ચમેલી અને મોગરાનાં ફૂલોના વિવિધ પ્રકારના હાર છાતી ઉપર પહેર્યા હતા. ગુલાબના ગજરા હતા અને શ્રીહરિની ભુજાઓ ઉપર ગુલાબના બાજુ બાંધેલા હતા. ૨૭. કાન ઉપર ગુલાબના ગુચ્છ શોભતા હતા. પાઘમાં મૂકેલા લટકતા તોરા મનને લોભાવતા હતા. કેસરી ચંદન અને ફૂલહાર લઈને ભક્તો પ્રેમથી સંતોને પૂજતા હતા. ૨૮. સંતોએ વાજિંત્ર વગાડીને ગોડીનાં પદ ગાયાં. તે પછી સુંદર આરતી પ્રકટાવીને ‘જય દેવ’ ‘જય દેવ’ આવું બોલીને શ્રીહરિની આરતી ઉતારી. ૨૯.

તે પછી હરખભેર તાળીઓ પાડીને ‘નારાયણ ધૂન’ કરી. ધર્મના દુલારા પ્રિય શ્રીહરિ મધુર સ્વરથી નારાયણ ધૂન પહેલાં બોલતા. ૩૦. શરૂમાં ધીમે ઢાળે ધૂન બોલતા અને પછી ઘણી ઉતાવળથી બોલતા.એમ પાંચ-છ વાર ધૂનમાં ઉતાર-ચઢાવ કરીને પ્રેમમગ્ન થઈ જતા. ૩૧. ધૂન થયા પછી સંતો બંને હાથ જોડીને પ્રેમે સહિત સ્તુતિ કરતા. આંખ, કાન અને નેત્રની વૃત્તિને એક કરીને અંગેઅંગમાં સ્નેહ છવાઈ જતો. ૩૨. દસ-વીશ જેટલી મશાલો કરી. તેનું અજવાળું ઘણું થયું. દેવતાઓ અને મનુષ્યો વારંવાર મસ્તક નમાવીને શ્રીહરિનાં ચરણોમાં પ્રણામ કરતા. ૩૩. નિર્મળ મનના મુનિજનો દૂકડ અને સરોદ વગાડીને જ્યારે કીર્તન ગાય ત્યારે અમૃતભરી દૃષ્ટિવાળા શ્રીહરિ તેમની સાથે ગાતા અને તાન તોડતા. ૩૪.

આમ નિત્ય નવા ઉત્સવ થતા. તે બધા મુખે કહી શકાય નહિ. પછીના દિવસોમાં રામનવમી (સં.૧૮૫૮ ચૈત્ર સુદ-૯) આવી. તે તિથિ શ્રીહરિની જયંતીની પણ છે. ૩૫. એવું સમજીને મોટો ઉત્સવ કરવાનું પર્વતભાઈએ મનમાં વિચાર્યું. પછી પ્રેમથી બે હાથ જોડી વિનંતી કરીને તેઓએ શ્રીહરિને

તે કહ્યું. ૩૬. પછી શ્રીહરિએ દેશોદેશમાં રહેતા હરિભક્તો પ્રત્યે મંગલ પત્ર લખાવ્યા. તે પછી તેના ઉપર કુંકુમનાં છાંટણાં કર્યાં. આવા બધા પત્ર તૈયાર કર્યા. ૩૭. પછી વિપ્રને બોલાવીને તેમના દ્વારા મંગલ પત્ર મોકલ્યા. તેમાં લખ્યું હતું કે સત્સંગી બાઈ-ભાઈએ અગત્રાઈ આવવું. બાઈ-ભાઈ કોઈએ ઘરમાં પૂછ્યા વિના છાની રીતે અહીં આવવું નહિ. ૩૮. **સમગ્ર સત્સંગીએ સંગ સોબત સિવાય ક્યારેય ચાલવું નહિ. આમ સહુએ રહેવું અને વિવેકથી સત્સંગ કરવો. તેમ કરવાથી સત્સંગનું અંગ દિન પ્રતિદિન વૃદ્ધિ પામે છે. ૩૯. પોતાને સમીપ સંબંધ ન હોય તેવાની સાથે સ્ત્રીઓએ અમારાં દર્શન કરવા આવવું નહિ. જે અમારી આજ્ઞાવચનમાં રહે તે નિત્ય અમારી પાસે જ છે અને જે અમારું વચન ન માને તે અમારાથી ઘણો દૂર છે. ૪૦.**

શ્રીહરિએ આવી રીતનો પત્ર લખાવ્યો, જે બહુનામી શ્રીહરિએ પરમ વિવેકથી લખાવ્યો હતો. પત્રને વાંચીને હરિભક્તો રાજી થયા. જેવું શ્રીહરિએ પત્ર દ્વારા કહેવડાવ્યું હતું તેવું સહુએ કર્યું. ૪૧. રામનવમી આવી ત્યારે બધા હરિભક્તો પ્રેમથી અગત્રાઈ આવ્યા. સ્નેહભર્યા હૃદયના અને ઉત્સાહી તે ભક્તો દોડીને શ્રીહરિને પગમાં પડીને પ્રણામ કરતા હતા. ૪૨. ઘણા દિવસથી દર્શનના તરશ્યાં નરનારી સહુ ભક્તો શ્રીહરિનાં દર્શન કરીને સ્થિર થઈ જતાં. કોઈ શબ્દ બોલી શકતા નહિ. ૪૩. શ્રીહરિની મૂર્તિ ઘણી મનોહર હતી અને ચિત્તને ખેંચતી હતી. અંગોની સુંદરતા કહી શકાતી નથી. તે સમયે સહુ હરિભક્તોને શ્રીહરિનાં અંગોઅંગમાં અપાર તેજ દેખાયું. ૪૪.

**चोपाई :**

**श्रीहरि ऐसे प्रताप देखाई, खेंच लिये फेर आप में वाई;**
**एसो प्रताप बिबिध हि भाँति, आप में देखावत बिख्याति...४५**
**अनंत अवतार भए हे जेता, आप में हरि देखाये तेता;**
**निज के धाम अनंत कहावे, एक पलक में सब देखावे...४६**

તે વખતે શ્રીહરિએ એવો પ્રતાપ જણાવ્યો કે સહુના મનને પોતાના સ્વરૂપમાં ખેંચી લીધાં. પોતે આવો વિવિધ પ્રતાપ પોતાના સ્વરૂપમાં પ્રકટ રીતે દેખાડતા હતા. ૪૫. પૂર્વે જેટલા ભગવાનના અવતાર થઈ ગયા, તેને

પોતાના સ્વરૂપમાં જ શ્રીહરિ દેખાડતા અને જે પોતાનાં અનંત ધામ શાસ્ત્રોમાં કહ્યાં છે તે બધાને શ્રીહરિ એક પળ વારમાં જ દેખાડતા હતા. ૪૬.

આવો પોતાનો જે અનંત પ્રતાપ તેને શ્રીહરિએ સ્વસ્વરૂપમાં દેખાડ્યો. તે કહે પાર આવે તેમ નથી, છતાં તેને થોડા રૂપમાં કહું છું. ૪૭. ભગવાન શ્રીરામચંદ્રજીની અને ભગવાન શ્રીહરિની જન્મતિથિ જે દિવસ આવી તેને મનમાં સમજી વિચારીને હરિભક્તો અપાર ખુશી થયા. ૪૮. સ્થાનિક હરિભક્ત પર્વતભાઈએ શ્રીહરિની જન્મતિથિ જાણીને એક સુંદર હિંડોળો બનાવડાવ્યો. ૪૯. આવો સારો અવસર જોઈને સહુ ભક્તોએ શ્રીહરિને વારંવાર હાથ જોડીને ઘણી જ વિનતિ કરી. ખૂબ જ આગ્રહ કરીને શ્રીહરિને તે હિંડોળામાં પધરાવ્યા. ૫૦.

તે સમયે અપાર વાજિંત્ર વાગ્યાં. શોભા અનંત થઈ. શ્રીહરિએ પોતાનાં અંગ ઉપર સારાં વસ્ત્રો અને આભૂષણો ધારણ કર્યાં. તેનો અદ્‌ભુત અને અલૌકિક રંગ સર્વત્ર છવાઈ ગયો. ૫૧. અપાર પ્રેમી હરિભક્તો પૂજાની સામગ્રી લાવ્યા હતા. તે પ્રેમથી અર્પણ કરી શ્રીહરિને ધરાવી. ભક્તજનો મુખથી જય જયકારના શબ્દ બોલતા હતા. તેને જોઈને વિમુખ જીવો મનમાં બળી મરતા હતા. ૫૨. નવમીની તિથિએ સહુએ વ્રત કર્યું. બીજે દિવસ રસોઈ (પાક) કરાવી. પહેલાં શ્રીહરિને થાળ જમાડ્યો અને પછી સંતોને તથા દરબારોને જમાડ્યા. ૫૩. વળી એકાદશીનું વ્રત કર્યું અને તેનો ઉત્સવ કર્યો. ફરી બારશને દિવસ વિવિધ પ્રકારના પાક કરાવ્યા. શ્રીહરિને તથા સંતોને જમાડ્યા. ૫૪. પછી વિપ્રોને અનેક પ્રકારનાં દાન આપીને ઘણી વાર જમાડ્યા. આવી રીતે ધર્મકુમાર શ્રીહરિ અધર્મના મૂળને ઉખાડી નાખતા હતા. ૫૫. પછી શ્રીહરિએ હરિભક્તોને સૌ સૌને ઘરે જવાની આજ્ઞા આપી અને મુક્તાનંદ સ્વામી કેટલાક સંતોને સાથે લઈને ભુજ ગયા. ૫૬.

***ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના તૃતીય પૂરમાં 'શ્રીહરિનું અગત્રાઈમાં આગમન, રામનવમીનો ઉત્સવ કર્યો' એ નામે તેરમો તરંગ સમાપ્ત ॥૧૩॥***

## પૂર ત્રીજું : તરંગ - ૧૪

### શ્રીહરિનું અગત્રાઈથી કાલવાણી આગમન, ભક્તોએ કરેલો સત્કાર

રામદાસજી સ્વામી થોડા સંતોને સાથે લઈને સત્સંગીઓની આગળ કથાવાર્તા કરવા માટે નીકળ્યા અને ગુજરાતમાં અમદાવાદ નગરમાં ગયા. ૧. ત્યાં **રામદાસજી સ્વામી ભક્તોને સહજાનંદ સ્વામીના સર્વોપરિ પ્રતાપની વાતો કહેતા. પૂર્વે જે અનંત અવતારો થઈ ગયા, તેનાથી શ્રીહરિને અધિક-શ્રેષ્ઠપણે બતાવતા.** ૨.

**सोरठा : मनुष्य के जन्म अनंत, अनंत साधन जेहि शुभ किएउ;**
**तिनको फल ए बलबंत, प्रगट हरि जो मिल हि जेहि...०३**
**प्रगट नीर बिन प्यास, कबहु न जावे उपाय कोउ;**
**कोटि जन्म होये नाश, प्रगट नीर मिले प्यास टरे...०४**

જીવે અનંત મનુષ્ય જન્મ લીધા હશે અને તે વખતે અનંત કલ્યાણકારી સાધન કર્યાં હશે. તેનુ પ્રબળ ફળ એ જ છે કે જેથી પ્રત્યક્ષ ભગવાનની પ્રાપ્તિ થાય. ૩. પ્રત્યક્ષ પાણી સિવાય ક્યારેય તરશ મટે નહિ, ભલે બીજા કરોડો ઉપાય કરવામાં આવે. જ્યારે પ્રત્યક્ષ પાણી મળે ત્યારે તરશ મટે છે તેમ પ્રત્યક્ષ હરિ મળે ત્યારે જ કરોડો જન્મનો નાશ થાય. ૪. સ્વામી આવી રીતે અનંત દૃષ્ટાંત સાથે સિદ્ધાંતવાળી અનેક વાતો કહેતા હતા. સ્વામીની આવી વાતો સાંભળીને સમજુ મનુષ્યો તે વાતને માનતા અને કેટલાયે લોકો પ્રત્યક્ષ શ્રીહરિને શરણે થયા, ૫.

તેનો કહે પાર આવે તેમ નથી. સમજુ મનુષ્યોએ નકામા ગુરુઓને તજી દીધા. તેમને પ્રકટ હરિના દ્રોહી માન્યા. કારણ કે તેવા અસત્ ગુરુઓને તો બોલવામાત્રથી જ ઓળખી શકાય છે. ૬. સાધુ થાય પણ સાધુતાના ગુણનો લેશ ન હોય તો તેનાથી શું ? બગલો હંસનો વેશ લે તેના જેવું છે. કારણ કે તેઓ બધાં જ વ્યસનોથી ભરપૂર રહેતા. તેઓમાં કોઈ પણ વ્યસન બાકી રહ્યું ન હોય. ૭. કનક (ધન) અને કામિની(સ્ત્રી)ને માટે વૈરાગી બને, ઘર છોડીને ત્યાગી થાય, શરીરે ભભૂતિ (રાખ) ચોળીને ભૂત જેવા લાગે એવાને

મૂર્ખ લોકો સિદ્ધ કહે છે. ૮. જેઓ યંત્ર પૂજતા હોય, મંત્ર જપતા હોય અને મોટા જાદુગર હોય તેને નરનારીઓ બધા જ સેવે છે. પુત્ર, ધન અને નારીને મેળવવા તેમજ રોગને નિવારવા માટે તેવા સાધુને બધું ઘર અને બધો સાજ આપી દે છે. ૯. આ દુનિયાના લોકોને જ્ઞાન માત્ર શરીર પૂરતું જ હોય છે, કોઈ જીવના મોક્ષને ચાહતું નથી. જેવા ગુરુ તેવા ચેલા હોય છે. પરંતુ 'જૂ'ના પેટમાં હાથી પેદા ન થાય તેમ એવા ગુરુથી મોક્ષ ન થાય. ૧૦.

**चोपाई :**

**मोक्ष के दाता गुरु होय जोई, तिनकी रित अलोकिक सोई;**
**जग में फिरे रहे जग न्यारा, हरि बिन कोउ में रखे न प्यारा...११**

**हरि बिन सोच न कोईको कर ही, हरिगुन रस में दिन निगम ही;**
**सो गुन में हे गुन अपारा, तेहि जानत कोउ जानन हारा...१२**

જે ગુરુ મોક્ષના દાતા હોય તેની રીત તો અલૌકિક હોય છે. જગતમાં ફરતા રહે છતાં જગતથી નિર્લેપ રહે. તેમને ભગવાન સિવાય અન્ય કોઈમાં આસક્તિ હોતી નથી. ૧૧. તેઓ ભગવાન વિના બીજું કાંઈ વિચારતા નથી અને ભગવાનના ગુણગાનના રસમાં જ દિવસ વિતાવે છે. આવા સદ્‌ગુરુમાં તો અપાર ગુણ રહ્યા છે, તેને તો કોઈ જાણકાર જ ઓળખી શકે છે. ૧૨.

**जिनकुं जथार्थ हरि को ज्ञाना, तिनकुं लोपे न मान अपमाना;**
**एहि निशानी हरिजन केरी, ज्ञान नजर करी लेना फेरी...१४**

શંકર, બ્રહ્મા, શુકજી, નારદજી અને સનકાદિક આદિ ઋષિઓ જ તે ગુણોને ઓળખે છે. શારદા, શેષ અને વ્યાસ જેવા જ ભગવાનના ગુણને જાણતા હોય છે. ૧૩. જેને ભગવાનના સ્વરૂપનું યથાર્થ જ્ઞાન હોય તેને માન કે અપમાન પરાભૂત કરી શકતાં નથી. ભગવાનના ભક્તનું એ જ લક્ષણ છે કે બધે જ્ઞાનદૃષ્ટિથી જોવું જોઈએ. ૧૪.

**दोहा : जिनकी जेहि जाति हे, तिनको दृढ तेहि ज्ञान;**
**मान अपमान में टरत नहिं, सुप्ने रहे तेहि ध्यान...१५**

**तेसे हरि को ज्ञान जेहि, सो साचे हरिजन;**
**देश काल न लोपे तेहि, होय न दूजो मन...१६**

જેની જેવી જાતિ હોય તેને તેવું દૃઢ જ્ઞાન હોય છે, તેનું ધ્યાન હોવું જોઈએ. પરંતુ ભગવાનનો ભક્ત સ્વપ્નમાં પણ માનથી કે અપમાનથી ક્યારેય પાછો પડતો નથી. ૧૫. તે પ્રમાણે જ જેને શ્રીહરિના સ્વરૂપનું યથાર્થ જ્ઞાન હોય તે જ સાચો હરિભક્ત છે, જેને વિષમ દેશકાળની કાંઈ અસર થાય નહિ અને મનમાં પણ બીજો વિકાર કે વિચાર થાય જ નહિ, ૧૬. તેવા હરિભક્તની સાથે જ ભગવાનને હેત રહે છે અને તેથી તેના સત્સંગના જીવનમાં દિન પ્રતિદિન નવો રસ અને નવો રંગ અધિક અધિક વધતો રહે છે. ૧૭. જે ભક્તના હૃદયમાં જેવો ભાવ હોય તેને ભગવાન જાણે જ છે. અને તેની ભાવનાને અનુરૂપ ભગવાન તેને લાભ આપે છે. કારણ કે ભગવાન ભક્તાધીન છે અને અશરણશરણ છે. ૧૮.

મુનિવર્ય શ્રીમુક્તાનંદ સ્વામી કચ્છ દેશના ભુજનગરમાં ગયા હતા. તેઓ દુનિયાની લાજ-શરમ રાખ્યા સિવાય પ્રકટ શ્રીહરિના સ્વરૂપની વાતો કરતા હતા. તેમણે શ્રીહરિનો પ્રતાપ જેવો દેખ્યો હતો તેવી સાચી વાત કરતા હતા. તેમના મુખથી આવી સુંદર વાત સાંભળીને અનંત જીવો શ્રીહરિને શરણે આવ્યા અર્થાત્ સત્સંગી થયા. ૧૯. મુક્તાનંદ સ્વામીની કહેલી વાતો અન્ય મત-મતાન્તરોથી શ્રેષ્ઠ હતી અને બીજાં સર્વ શાસ્ત્રોના સર્વોચ્ચ સિદ્ધાંતવાળી જણાતી હતી. જે કોઈ લોકો સ્વામીની સાથે વાદ-વિવાદ કરવા આવતા, તે બધા તેમની આગળ હારી જતા. જે કોઈ નાટક-ચેટક કરનારા કે જાદૂ કરનારા હતા તે પણ હારી જતા હતા. તે બધા લોકોનું બળ સ્વામી આગળ લેશમાત્ર પણ ચાલ્યું નહિ, તેથી તેઓ પોતે કરેલાં પાપોને યાદ કરીને રડતા હતા. ૨૦.

આ વખતે બહુનામી શ્રીસહજાનંદ સ્વામીએ તો ઘણી જ કરુણા કરી છે. તે પ્રકટ થયા ત્યારથી તેમણે અનેક નવાં નવાં ચરિત્ર કર્યાં છે. ૨૧. તે બધાં ચરિત્ર અત્યંત દિવ્ય કહેવાય છે. તે ચરિત્રોને જે સાંભળે છે તેને ફરી વાર આ સંસારમાં આવવું પડતું નથી. તેમનાં ચરિત્રોને સાંભળીને જે મનુષ્ય અભાવ-અવગુણ લે છે તે અસુરની જાતિનો છે એમ જાણવું. ૨૨. જે લોકો વર્ણ અને આશ્રમના ધર્મને નથી માનતા તેને પણ અસુર જાણવા. કોઈ પંડિત હોય કે કોઈ રાજા હોય, અરે ! ભેખધારી હોય, જેમાં અસુરનો સ્વભાવ હોય

તેને અસુર જાણવો. ૨૩. ભગવાન જ્યારે જ્યારે અવતાર ધારે છે ત્યારે ત્યારે બધા અસુરો આવે જ છે. તેઓ બધા વર્ણોમાં અને આશ્રમોમાં પ્રવેશ કરીને તેમાં બહુરૂપીની જેમ ઘણા વેશ ધારીને રહે છે. ૨૪. કોઈ સગા-સંબંધીના રૂપમાં, જ્ઞાતિના રૂપમાં કે પરજ્ઞાતિના રૂપમાં અનેક રીતે પ્રવેશ કરીને તેમાં રહે છે. પથ્થર, વૃક્ષ, પશુ કે પક્ષીના રૂપમાં આવીને અસુર પ્રવેશ કરે છે. ૨૫.

જે ભક્ત પ્રત્યક્ષ ભગવાનને ભજતા હોય તેને અસુરો ઘણું દુઃખ આપતા હોય છે. આવી બધી બાબતો શાસ્ત્રોમાં અપાર લખેલી હોય છે, તેનો કહે પાર આવતો નથી. ૨૬. માતા, પિતા, ભાઈ, પુત્ર, પત્ની, કાકા, મામા કે બહેન, અરે ! કોઈ મોટા મિત્રના રૂપમાં ગણાતા હોય, તે બધામાં અસુરો પ્રવેશ કરીને રહે છે. ૨૭. તે અસુરો ભક્તોના હિતકારી થતા નથી, પરંતુ તે બધા તો તેના શત્રુ જેવા થઈ જાય છે. અસુર જો દેવોમાં નિવાસ કરે તો ત્યાં પણ ભક્તોના બધા સુખનો નાશ કરી નાખે છે. ૨૮. તેટલા માટે ભક્તે ભગવાનના દૃઢ નિશ્ચયને ઘણા પ્રયત્ન કરીને જાળવવો. કોઈ ભક્તે એક પળ વાર પણ ગાફલ રહેવું નહિ. કારણ કે સાવધાની ન રહે તો તેમાં ઘણાં જ વિઘ્ન આવે છે, એમ જાણવું. ૨૯. કોઈએ બાળકના જેવું અબુધ ન થાવું. પ્રત્યક્ષ ભગવાન તો હાથમાં આવેલ ચિંતામણિ છે. ચિંતામણિનો આનંદ (મૂલ્ય) બાળકને ન હોય. બાળક તો એક પળવારમાં જ ચિંતામણિને ફેંકી શકે છે. ૩૦.

**दोहा : बालपने में अनंत ही, जन्म ले कीन खवार;**
**तेसे अब न खोवना, संत करत पोकार...३१**

આપણે અનંત જન્મ લીધા છે પણ બાળકપણાથી-અજ્ઞાનતાથી ખુવાર થયા છીએ. માટે સંતો પોકારીને કહે છે કે આ વખતના જન્મને અજ્ઞાનતાથી ખોવો નથી. ૩૧. સનકાદિક, નારદ, શુકજી, ધ્રુવ, પ્રહ્લાદ ઇત્યાદિ સહુએ બાળકપણાને-અજ્ઞાનતાને તજી દઈને ભગવાનનું ભજન કર્યું હતું, તે જગતમાં સહુ જાણે છે. ૩૨.

**सोरठा : हरि भजे महा लाभ, होवत सो न जात कियो;**
**एसो मिले नहिं दाव, प्रगट हरि अरु संत तेहि...३३**

ભગવાનના ભજનથી ઘણો મોટો ફાયદો થાય છે, જે મુખથી કહી શકાતો નથી. પ્રકટ-પ્રત્યક્ષ ભગવાન અને સંતો મળ્યા છે, તે આવો દાવ (લાગ) ફરી વાર ક્યારેય નહિ મળે. ૩૩. બહુનામી શ્રીસહજાનંદ સ્વામી કરુણા કરીને પોતાના ભક્તોની આગળ આવાં અમૃતમય વચન વારંવાર કહેતા હતા. ૩૪. અગત્રાઈથી શ્રીહરિ પોતાની અપાર સવારી સાથે વાજતેગાજતે કાલવાણી ગામ પધાર્યા. ૩૫. "મહારાજાધિરાજ ધર્મકુમાર સહજાનંદ સ્વામીનો જય થાઓ, જય થાઓ," આવી વાણીને ઊંચેથી બોલીને છડીદાર નેકી પોકારતો હતો. ત્રાંસાં, નોબત અને ઢોલ વગેરેનો ધમધમાટ ભર્યો ધ્વનિ ભૂમિ અને આકાશમાં ગાજી રહ્યો હતો. ૩૬. જ્યારે કાલવાણી ગામ આવ્યું ત્યારે શ્રીહરિએ બધો સોનેરી સાજ ધારણ કર્યો હતો. તે રીતે જ બધા દરબારોએ પણ તે સમયે શ્રીહરિએ આપેલો સોનેરી સાજ ધારણ કર્યો હતો. ૩૭. સાથે રહેલા અપાર સંતો અને હરિભક્તો શ્રીહરિના ગુણોનાં કીર્તન પ્રેમથી બોલતા હતા. તે બધા શ્રીહરિની મૂર્તિમાં તલ્લીન થઈ ગયા હતા. તેથી તેમણે રાજ-કાજ અને બીજાં સુખોને છોડી દીધાં હતાં. ૩૮. તે સહુ શ્રીહરિના સુખસાગરમાં ડૂબેલા હતા. જગતનું સ્મરણ ક્યારેય થતું નહિ. તે ભુલાઈ ગયું હતું. શ્રીહરિના સુખના છક(કેફ)માં ઘરબાર વગેરેને તુચ્છ જાણીને તજી દીધાં હતાં. ૩૯. સહુ શ્રીહરિની સાથે જ ખાતા, પીતા, હસતા, રમતા, ખેલતા અને આનંદ કરતા હતા.

કાલવાણી ગામના બધા આહીર હરિભક્તો સામૈયું લઈને સન્મુખ આવ્યા. ૪૦. પ્રેમરસથી તરબોળ તે સહુ ભક્તોએ શ્રીહરિને દેખતાની સાથે જ દંડવત્ પ્રણામ કર્યા. જે જે ભેટ સામગ્રી લાવ્યા હતા તે બધું શ્રીહરિની આગળ સમર્પણ કર્યું. ૪૧. સહુએ બંને હાથ જોડીને શ્રીહરિ આગળ વિનંતિ કરીને કહ્યું, "આપ અમારા ગામમાં અખંડ રહો. અમારે ત્યાં અન્ન-જળ અપાર છે અને તે બધું આપનારા પણ આપ જ છો. ૪૨. આપનું દીધેલું જ અમે ખાઈએ છીએ. તે આપનારા જ નાથ આપ પધાર્યા છો. આપ અનંત વિશ્વના આધાર છો. હે પ્યારા ! તે બાબતને અમે દૃઢપણે જાણીએ છીએ. ૪૩. બધી રિદ્ધિ અને સિદ્ધિ આપમાં જ રહી છે, તે આપ પ્રભુ અહીં ચાલ્યા આવ્યા

છો. પછી તેમનો ભાવ જોઈ ગામવાસીઓને દર્શન દેવાને માટે શ્રીહરિ ઘેર ઘેર પધાર્યા. ૪૪. કાલવાણી ગામવાસીઓના પ્રેમને દેખીને શ્રીહરિ સ્વમુખે બોલ્યા કે યોગાભ્યાસી એવા બધા ગોકુળ ગામના નિવાસી અહીંયાં જન્મ્યા છે. ૪૫. જનપ્રતિપાલક કૃપાળુ શ્રીહરિએ ગામમાં સહુને દર્શન આપ્યાં અને પછી ગામથી બહાર નીકળ્યા. ત્યાં જાત જાતનાં અનંત વૃક્ષોથી ભરી એક રસાળ વાડી દેખી. ૪૬. ત્યાં બધા તંબુ તણાવ્યા. તેમાં શ્રીહરિનો તંબુ વચ્ચે હતો. જેના ઉપર ઊંચે આકાશમાં સુવર્ણ કળશ સોહામણો લાગતો હતો. ૪૭. તે તંબુની વચ્ચે અપાર રત્નોથી જડિત મોટું સિંહાસન ગોઠવ્યું હતું. અનંત ભુવનના આધાર શ્રીહરિ તે સિંહાસન ઉપર બેઠા. ૪૮.

તે વખતે વિપ્રોએ ઝડપથી ભાત ભાતનાં પકવાન કર્યાં. તે પ્રથમ ભગવાન શ્રીહરિ જમ્યા અને પછી સંતો તથા વિપ્ર વગેરે બધા જમ્યા. ૪૯. તે પછી બીજા હરિભક્તો અને જે કોઈ અન્નાર્થી હતા, તે સહુ દેવદુર્લભ પ્રસાદ લઈને તૃપ્તિ થાય તે રીતે જમ્યા. ૫૦. શ્રીહરિએ ત્યાં જલેબી અને મોતીચૂરના લાડુ દેખ્યાં. તેથી સ્વયં પીરસવા તૈયાર થયા. એક ખેસ ખેંચીને કમર કસીને બાંધી. હીરકોરનો રૂમાલ માથે બાંધ્યો. ૫૧. ચરણોમાં ચાખડીઓ પહેરી, જે ચરણો ઉપર કેસરી ચંદન ચરચ્યું હતું. રંગબેરંગી ફૂલોના હાર પહેર્યા હતા. તેમજ બાજુબંધ અને તોરાઓ પણ ફૂલના ધાર્યા હતા. ૫૨. અત્યંત અનુપમ રીતે લલાટમાં કેસરી ચંદન ચરચ્યું હતું. તે રીતે જ શરીરના અન્ય ભાગોમાં પણ ચંદન ચરચ્યું હતું, તેથી મૂર્તિ નટવર બની હતી. ૫૩.

બંને હાથમાં લાડુ લીધા. ચાખડીના ‘ચટ ચટ’ આવા શબ્દની સાથે સુંદરશ્યામ પીરસતા હતા. ચાલ અને ચિંતવન (દૃષ્ટિ) અતિ ચપળ હતાં. વારંવાર મુખથી પીરસણનું નામ બોલતા હતા. ૫૪. ‘ચટ’ ‘ચટ’ શબ્દ સાથે ઝડપથી ચાલતા શ્રીહરિ પોશ ભરી ભરીને જલેબી આપતા હતા. જેમ એક ઘડીવારમાં કોઈ માણસ ‘કોશ’ જેટલું ચાલી નાખે તેવી ઉતાવળી ગતિએ પીરસતા હતા. ૫૫. ભક્તોનું હિત કરનારા ભક્તપતિ શ્રીહરિ અત્યંત પ્રેમમગ્ન થઈને ક્યાંક પાંચ વાર, ક્યાંક સાત કે આઠ વાર, એમ વારંવાર પીરસતા હતા. ૫૬.

*ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના તૃતીય પૂરમાં 'શ્રીહરિનું અગત્રાઈથી કાલવાણી આગમન, ભક્તોએ કરેલો સત્કાર' એ નામે ચૌદમો તરંગ સમાપ્ત ॥૧૪॥*

## પૂર ત્રીજું : તરંગ - ૧૫

## કાલવાણીમાં ભીમએકાદશીનો ઉત્સવ કર્યો અને માંગરોળના નવાબનો પત્ર

મુકુંદ વર્ણીએ શ્રીહરિના હાથ ધોવડાવ્યા. હાથ લૂછવા રૂમાલ આપ્યો. તેને શ્રીહરિએ હાથમાં લીધો. ૧. 'ચટક' 'ચટક' ચાલથી ચાલતા શ્રીહરિ કરનાં લટકાં કરતા જતા હતા. તે ચટકતી ચાલ સાથેના કરનાં લટકાં કરતી છબી ભક્તોના હૃદયમાં અખંડ વસી જતી હતી. ૨. શ્રીહરિ એક પળવાર જેટલો સમય પણ હરિભક્તોથી છેટા જતા નહિ. જેનું હૃદય માખણના જેવું કોમળ હતું, આવા શ્રીહરિ રાત દિવસ હરિભક્તોની સાથે નજીક જ રહેતા હતા. ૩. શ્રીહરિનાં લટકાં અત્યંત રસભર્યાં હતાં. જેના અંતરમાં તે લટકાં ખૂંત્યાં હોય તે, શ્રેષ્ઠ અને અનુપમ એવા શ્રીહરિને પળ પણ ભૂલી શકતા નહિ. ૪. શ્રીહરિ બપોરે એક ઘડી-અરધી ઘડી આવીને પલંગ ઉપર શયન કરતા. સંતો કીર્તન ગાતા, કોઈ સંત શ્રીહરિનું ધ્યાન કરતા. ૫.

ગામથી પશ્ચિમમાં મોટું આંબાનું ઝાડ હતું. શ્રીહરિ રોજ ત્યાં સભા કરતા. તે આંબાની ડાળે ઝૂલાના રૂપમાં એક પલંગ બાંધ્યો હતો. લાલજી સુતારે તેને શણગાર્યો હતો. ૬. શ્રીહરિ તે ઝૂલાના પલંગ ઉપર જઈને બિરાજમાન થતા. અને તે પણ હરિભક્તોને દર્શન દેવા માટે જ વિરાજતા. શતાનંદ સ્વામી મહાન સમર્થ હતા. તેવા જ ઉદાર અને સમર્થ સ્વરૂપાનંદ સ્વામી હતા. ૭. વ્યાપકાનંદ સ્વામી, નિરંજનાનંદ સ્વામી, સુખાનંદ સ્વામી અને સુખધામ આનંદાનંદ સ્વામી. ૮. એ આદિક અનેક મોટા સંતો હતા. શ્રીહરિ તેમને કાયમ પોતાની સાથે રાખતા. તેમાં આનંદાનંદ સ્વામી ઘણા નિપુણ હતા. તેઓ નિરંતર શ્રીહરિની સેવામાં તત્પર રહેતા. ૯. શ્રીહરિએ

તેમને અત્યંત નિર્મળ બુદ્ધિ-વાળા જાણીને પ્રેમથી તેમને પોતાની સેવામાં રાખ્યા. તેઓ શ્રીહરિની મરજી પ્રમાણે નિયમિત રીતે કહેલી સેવા કરતા. ૧૦. શ્રીહરિને અંગે પ્રેમથી ફૂલેલ-તેલ ચોળતા અને સારી રીતે પ્રેમથી સ્નાન કરાવતા. અને ભાવથી વસ્ત્રો તથા અલંકારોને પહેરાવતા. ૧૧. અનેક પ્રકારનાં મેવાઓ અને મીઠાઈઓને સવારે તથા સાંજે જમાડતા. શ્યામસુંદર સ્વરૂપને ધારી રહેલા શ્રીહરિ તે વખતે બાવીશ વરસના થયા હતા. ૧૨. ઘનશ્યામ સ્વરૂપ ઘણું સોહામણું લાગતું. હોઠ પાકા ઘિલોડાના જેવા લાલ હતા. મૂછનો દોરો સુંદર દેખાતો હતો. મુખ ઉપરનું મંદ મંદ હાસ્ય આનંદ આપતું હતું. ૧૩.

ભીમ એકાદશી (સં.૧૮૫૮ જેઠ સુદ-૧૧) મહાન ભયને ટાળનારી અને પાપને તારનારી શાસ્ત્રોમાં કહી છે. તે ભીમ એકાદશીનું અનુપમ વ્રત અને તે નિમિત્તનો ઉત્સવ, દેવો અને મનુષ્યોના રાજાધિરાજ આવા શ્રીહરિએ કર્યો-કરાવ્યો. ૧૪. તે દિવસે હરિભક્તો પાકી કેરી અપાર ઘણા જ હેતથી લાવ્યા. તેમજ શ્રીહરિની આગળ પ્રેમથી અર્પણ કરેલાં બરફી અને પેંડાઓનો તો કોઈ પાર ન હતો. ૧૫. ફરાળ કરવામાં ઉપયોગી થશે, આવું ધારીને કોઈ હરિભક્તે પાકાં કેળાં ઘણાં લાવીને શ્રીહરિને અર્પણ કર્યાં. તેથી સુખદાયક શ્રીહરિ ઘણું રાજી થયા. ૧૬. તે ભક્તજનનો ભાવ જોઈને તે કેળાને શ્રીહરિ ખૂબ જ પ્રેમથી જમ્યા અને વારંવાર તેનાં વખાણ કર્યાં. ૧૭. ફરાળ કરતા કરતા શ્રીહરિ દરબારોની સામે દેખતા અને તેમને ફરાળ કરાવતા હતા. તેમને પોતાના અનન્ય સખા જાણીને તાનમાં આવી જતા અને તેમની સાથે થોડી મજાક પણ કરતા. ૧૮. પછી શ્રીહરિએ અપાર પ્રેમથી સંતોને પણ ફરાળ કરાવ્યું. બ્રહ્મચારીઓને અને વિપ્રોને ફરાળ કરાવ્યું. તેમજ બીજા હરિભક્તોનો તો કોઈ પાર જ ન હતો કે જેમને ફરાળ કરાવ્યું. વારંવાર આવો મોકો આવતો નથી, એમ જાણીને તથા શ્રીહરિની પ્રસાદી છે એમ માનીને સહુએ પૂરી રીતે ફરાળ કર્યું. ૧૯.

અનંત શોભાને ધારણ કરતા શ્રીહરિ આવીને હિંડોળા ઉપર વિરાજમાન થતા. વિવિધ પ્રકારનાં વાજિંત્ર વાગતાં. સંતો પ્રેમથી કીર્તન ગાતા. હરિભક્તો સારાં સારાં વસ્ત્રો અને ઘરેણાં વગેરે પૂજાનો સામાન લઈને આવતા. શ્રીહરિને

અંગે ચંદન ચરચીને ફૂલહાર પહેરાવતા. ૨૦. માંગરોળના નવાબે મનમાં વિચાર કરીને સમયાનુસારે ઘણા ભારે વીરણવાળાના બે પંખા શ્રીહરિને માટે મોકલ્યા. આનંદ મુનિએ અને જેરામ બ્રહ્મચારીએ તેના ઉપર પાણી છાંટ્યું. ૨૧. પછી શ્રીહરિને બંને બાજુએ એક એક ઊભા રહીને મનને ગમે તેવો પવન વીંઝવા લાગ્યા. તે વખતે નવાબે સોનાનો વરખ પિગળાવીને એક પત્ર લખી મોકલ્યો હતો. ૨૨. મથાળે શ્રીહરિનું નામ લખ્યું. નવાબ ઘણા સમજદાર અને નીતિનિપુણ હતા. શ્રીહરિને ઉત્તમ યોગકળાના પારંગત અને પ્રસિદ્ધ યોગી જાણીને પત્ર લખનારાએ પોતે પોતાને માટે ચરણસેવક આવો શબ્દ લખ્યો. ૨૩.

તેમણે ઘણી જ ભાવનાથી પત્રમાં વિનંતિ લખી હતી. તેઓ દિલના સાફ હતા અને તેમને ધનની ચાહના ન હતી. તેમણે લખ્યું કે, આપ અત્યંત તેજસ્વી અને મારા સાહેબ-માલિક ઈશ્વર છો. હું આપના ચરણોનો દાસ છું. ૨૪. મને આપનાં દર્શન કરવાની જ એક અભિલાષા રહે છે. શેતાન (દગો દે એવું શરીર કે મન) લાખો મનોરથ કરાવે છે. જ્યારથી આપની વાત મારે કાને આવી છે ત્યારથી મને આ રાજ્ય અને તેની સત્તા ગમતી નથી. ૨૫. આખા સંસારનાં નાડી-પ્રાણ આપના જ હાથમાં છે, એમ હું જાણું છું. સમગ્ર જગતમાં આપનું જ એક તેજ છે, એમ જાણીને હું આ પત્ર લખી મોકલું છું. ૨૬. આપ દિલને જાણનારા છો, આપની આગળ હું કશો પડદો (કપટ) રાખતો નથી. અમે તો નરકના અધિકારી છીએ, તો આપ આવીને અમારો ઉદ્ધાર કરજો. ૨૭. બહિષ્ત(સ્વર્ગ કે ખુદાના લોક)ના માલિક તો આપ એક જ છો. નીતિ દેખવામાં વિવેક કર્યો છે, આપની નીતિ બહિષ્ત (ધામમાં જવા) ની સીડી છે. એટલા માટે જ મેં આ પત્ર લખીને બંધ કરી દીધો છે, બીડી દીધો છે. ૨૮. આ વાતને આપ અને મારું દિલ, બે જ જાણે. બીજાને કાને વાત જવી જોઈએ નહિ. આ દુનિયાની વાત તો કાંઈ ઓર જ (જુદી જ) છે. અને તેથી જ તે લોકો સાહેબના (ઈશ્વરના) ચોર બને છે. ૨૯.

**चोपाई :**

**नीति रखे सो सायब के बंदा, फिरस्ते के ओर खावत कंदा;**
**नीतिकुं जानत जो अनीति, अनीतिकुं मानत हे सो नीति...३०**

જે નીતિ રાખે છે તે સાહેબના બંદા છે, ઈશ્વરના સેવક છે. અને જે નીતિ નથી રાખતા તે તો ફિરસ્તા (દેવદૂત)ના કંદા(ધોકા)ને ખાય છે. જે મનુષ્ય નીતિને અનીતિ માને છે અને અનીતિને નીતિ ગણે છે, ૩૦. એ જ તેનું પાપ છે. તે સિવાય બીજું કાંઈ પાપ નથી. પરંતુ આપનો આશીર્વાદ નથી તેથી તેને કાંઈ કર્તવ્ય સૂઝતું નથી. ૩૧. જાણીને કે વગર જાણે કોઈ અમૃતને પીવે તો તેમાં છેવટે તો પીનારાને ફાયદો જ છે. અને જે અમૃતને નથી પીતો તે તો પાપી કહેવાય છે. ૩૨. આપ બધી રીતે શક્તિમાન છો. મિત્રના પ્યારને આપ જાણો જ છો, તો દર્શનનો વરસાદ કરો અર્થાત્ મને આપનાં દર્શન આપો. (સ્વાતિ નક્ષત્રના) વરસાદ વિના મોતી પાકશે નહિ. ૩૩. આપ મીઠા સાગર સમાન છો અને હું ખારા જળના કૂવા જેવો છું. આપ અમૃતમય વચન પાઈને (સંભળાવીને) અમારી દષ્ટિને-આંખોને પાવન કરો. ૩૪.

આવો નવાબે લખેલો પત્ર વાંચતા વાંચતા શ્રીહરિએ હાથમાં રહેલો રૂમાલ મુખ આડો રાખી દીધો. સ્નેહપૂર્ણ ભાવે જ્યારે મૃદુ મંદ મંદ હસવા લાગ્યા ત્યારે લલાટમાં બે ઊભી રેખાઓ ઊપસી આવી. ૩૫. શ્રીહરિએ પત્ર વાંચ્યો અને જ્યારે હરિભક્તોની સભા થઈ ત્યારે સ્વયં બોલ્યા કે આમાં મુસલમાન કે હિંદુનો કાંઈ મેળ નથી. જેને નીતિ-નિયમમાં ભાવ હોય તે હિંદુ છે. ૩૬. ચાર વર્ણની અંદરના કહેવાતા હોય પણ જે અધર્મ-પાપ કરે તે જ યવન (મુસલમાન) કહેવાય છે. જે ધર્મને પાળે છે તે જ સાચા વર્ણ છે. તે સિવાયના અર્થાત્ જે ધર્મને ન પાળે તે બધા કાચા છે. ૩૭. જ્ઞાનમાર્ગ જુદો છે અને લોકમાર્ગ જુદો છે. જે લોકો ધર્મની મર્યાદાને તોડે છે તેના ઉપર તો જમદૂતનો માર પડે છે. માટે સમગ્ર હરિભક્તોએ ધર્મની મર્યાદાને દઢપણે પાળવી જોઈએ. ૩૮.

**त्यागी के धर्म में त्यागी चलना, गृहस्थ के धर्म में गृहस्त व्रतना;**
**त्यागी की देशि गृहस्थ न लेना, गृहस्थ की देशि त्यागी न रेहेना...३९**
**सो नहिं माने जो बचन हमारा, मोरे धाम से जावेंगे बारा;**
**मनमुखि सो दुःखि ईहाँ होई, तिनकी सहाय हम करत न कोई...४०**

માટે ત્યાગીએ ત્યાગીના ધર્મમાં રહેવું અને ગૃહસ્થે ગૃહસ્થના ધર્મમાં રહેવું. ત્યાગીની (દેશી) રીતે ગૃહસ્થે ન રહેવું અને ગૃહસ્થની રીતે ત્યાગીએ ન રહેવું. ૩૯. જે અમારું આ વચન નહિ માને તેને અમે અમારા ધામથી બહાર કાઢશું. જે મનમુખ થશે તે આ લોકમાં દુઃખી થશે. અમે તેને કાંઈ પણ સહાય નહિ કરીએ. ૪૦.

**हमारो कोई दोष मत लेना, हाथ बजाय हम बात कर देना;**
**हमारे बचन में ब्रत जो अबही, तिनकुं दुःख न आन दियु कबही...४१**
**रामानंदस्वामी की में आगे, हाथ जोरी के में यह वर मागे;**
**तुमार बचन में दृढ जो रहावे, ऐसे हरिजन जो जो कहावे...४२**

અમે તાળી પાડીને વાત કરી દઈએ છીએ. માટે પછીથી કોઈ અમારો વાંક (દોષ) કાઢશો નહિ. અત્યારે જે અમારી આજ્ઞામાં વર્તશે તેને અમે ક્યારેય દુઃખ આવવા નહિ દઈએ. ૪૧. મેં રામાનંદસ્વામીની પાસે હાથ જોડીને એ વર માગ્યો છે કે, હે સ્વામી ! તમારા વચનમાં (ઉદ્ધવ સંપ્રદાયની રીતમાં) જે દૃઢપણે રહે, એવા જે જે હરિભક્ત હોય, ૪૨.

**तेहि अन्न बस्त्र करी कोउ प्रकारा, दुःखि न होई दिजें अब बारा;**
**तब महा प्रसन्न होई तत्काला, वर दियो मोय परम कृपाला...४३**
**सतपुरुष को बचन जोउ, ब्रह्मांड फिरे यह फिरे न सोउ;**
**ऐसे दृढ रखि बिसबासा, अनन्य दृढ होनां हरिदासा...४४**

તેને અન્ન-વસ્ત્રે કરીને કોઈ રીતે આપ દુઃખી થવા દેશો નહીં. તે સમયે મહાન કૃપાળુ સ્વામીએ મારા ઉપર રાજી થઈને મને તેવો વર તત્કાળ આપ્યો હતો. ૪૩. "ભલે બ્રહ્માંડ ફરે પણ સત્પુરુષનું વચન ન ફરે" આવો દૃઢ વિશ્વાસ રાખી અનન્ય અને દૃઢપણે ભગવાનના ભક્ત થાવું. ૪૪. પછી શ્રીહરિએ કહ્યું, હવે સંધ્યાસમય થયો છે. હરખથી ગોડી અને આરતી કરો. આજ પાપોનો નાશ કરનારી એકાદશી છે. તેથી સહુ સત્સંગીઓએ કરવાની હોય છે. ૪૫. આવતી કાલે પારણા કરીને માંગરોળ બંદર જઈને રહેવું છે. ત્યાંના નવાબે અમને પત્ર લખીને બોલાવ્યા છે. ૪૬. નવાબે અમને પ્રથમ પત્ર લખીને બોલાવ્યા છે, માટે કોટિ ઉપાય કરો તો પણ ત્યાં ગયા સિવાય

ચાલશે નહિ. ૪૭. તે વખતે મયારામ ભટ્ટે બંને હાથ જોડીને શ્રીહરિને કહ્યું, કૃપાનાથ ! આપ સાંભળો. ૪૮. લોજપુરમાં સદ્‌ગુરુ શ્રીરામાનંદસ્વામીએ "તમારે માંગરોળ જાવું નહિ." આ પ્રમાણે આપને માંગરોળ જવાની ના કહી છે. ૪૯. ત્યારે શ્રીહરિએ તેમને કહ્યું, વિપ્રવર ! તમે સાંભળો. આજ સ્વામીએ જ આજ્ઞા કરી છે, એટલે મારે અને તમારે તેમ કરવાનું છે. ૫૦.

તે સમયે મશાલ પ્રગટી. સહુ પ્રસન્ન મન થઈને ઊભા થયા. આનંદ મુનિએ કપૂર પ્રકટાવ્યું અને આરતી કરી. ૫૧. "જય દેવ ! જય દેવ!" કહીને સંતો આરતી બોલ્યા. આર્તનાદ કરીને આરતી ઉતારી. ભગવાનના સ્વરૂપને નખથી શિખા પર્યંત વારંવાર ધારવાથી મુનીને પોતાના શરીરનું ભાન રહ્યું નહિ. ૫૨. શ્રીહરિ જ્યારે ઊભા થઈને ધૂન કરવા લાગ્યા, ત્યારે આરતી પૂરી થઈ અને મુનિ જાગૃત થયા. ૫૩. ધર્મપુત્ર શ્રીહરિએ એક પહોર સુધી ધૂન કરી. આકાશથી પાતાળ સુધી બ્રહ્માંડ ગાજી ઊઠ્યું. અપરંપાર દેવતાઓ આવ્યા. ૫૪. દેવો વિમાનમાં બેસીને આવ્યા હતા. તેથી આકાશ બધું ઢંકાઈ ગયું હતું. અનંત વાજિંત્ર વગાડીને પુષ્પોની તથા ચંદનની વૃષ્ટિ કરી. ૫૫. ગાંધર્વો ગાન કરવા લાગ્યા. અપ્સરાઓ પ્રેમયુક્ત થઈને નાચવા લાગી અને ધર્મના લાલ શ્રીહરિના મહિમાને જાણીને નવતમ તાન તોડવા લાગી. ૫૬.

***ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના તૃતીય પૂરમાં 'કાલવાણીમાં ભીમ એકાદશીનો ઉત્સવ કર્યો અને માંગરોળના નવાબનો પત્ર' એ નામે પંદરમો તરંગ સમાપ્ત ॥૧૫॥***

## પૂર ત્રીજું : તરંગ - ૧૬

## શ્રીહરિ માંગરોળ પધાર્યા, નવાબ સાથે મિલન

સહુ સંતોએ શ્રીહરિની સ્તુતિ કરી. બે હાથ જોડીને અનંત વાર 'જય જય જય' ઉચ્ચારી પછી ઊભા રહ્યા. ૧. શ્રીહરિનાં નામ, ગુણ અને ઉદાર ચરિત્ર અનંત છે. તે અનંત અવતારોને ધારે છે, તેમનો મહિમા પણ અનંત અને અપાર છે. ૨. સામર્થ્ય, ઉદારતા, કલાઓ અને લાવણ્ય વગેરે ગુણો અનંત છે.

સર્વથી પર જે અક્ષર, તેનાથી પણ જે શ્રીહરિ પર છે, તેથી જ તેને વેદો 'નેતિ નેતિ' એમ કહે છે. ૩. અનંત કાળ અને અનંત પ્રધાનપુરુષ અને મહાપુરુષ, અનંત શક્તિ, અનંત બ્રહ્મા અને શંકર, એ બધા શ્રીહરિને સર્વ રીતે અનંત સમજીને, પાર નહિ પામીને અનંત અનંત અને અનંત એમ જ કહ્યા કરે છે. ૪.

દસ દસ સંતો સામસામે રહીને ઉપર્યુક્ત આવા અનંત-સ્વરૂપ ભગવાન શ્રીહરિની સ્તુતિ આખી રાત કરતા રહ્યા. જ્યારે સવાર થયું ત્યારે બધાએ વાડીને કૂવે આવીને સ્નાન કર્યું. ૫. શ્રીહરિ પણ ઠંડા પુષ્કળ પાણીથી નાહ્યા. પછી ધીરે રહી કપડાથી લૂછીને શરીર કોરું કર્યું. પછી જરિયાની વિચિત્ર કોરવાળું નવું પીતાંબર પહેર્યું. ૬. રમણીય અને સોનેરી ચાખડીઓ ચરણોમાં પહેરી. બીજું એક જરિયાની પીતાંબર મસ્તક સુધી ઓઢી લીધું. ૭. તે સમયે તેમણે પોતાનું મૂળભૂત જે આદિ સ્વરૂપ છે તેની પૂજા કરી. કારણ કે આ જગતમાં અનંત નાસ્તિક લોકો છે. તે જો દેખે તો તેમને પોતાના આદ્ય સ્વરૂપની અત્યંત દૃઢતા થાય એવો ઉદ્દેશ્ય છે. ૮.

**ચોપાઈ :**

**श्रेष्ठ पुरुष होई जो जो आचरही, तेहि बिध शुद्ध जन करही;**
**निच गति सब जन की स्वभावा, उँच गति मग कोउ चलावा...०९**

**जेसे जन की संगति होउ, तेसे गुन तेहि आवत सोउ;**
**तेहि जानी श्रेष्ठ श्रेष्ठ मग जोहि, चलत हे ओर मोक्ष हित सोहि...१०**

સમાજમાં શ્રેષ્ઠ મનુષ્ય જેમ વર્તે છે તેને દેખીને બીજા શુદ્ધ મનુષ્યો પણ તે પ્રમાણે વર્તન રાખે છે. નીચ આચરણ કરવું તે તો જગતનો સ્વભાવ છે અને ઉચ્ચ આચરણ તો કોઈકનું જ હશે. ૯. જેવા મનુષ્યનો સંગ થાય તેમાં તેવા ગુણ આવે છે. તેટલા માટે શ્રેષ્ઠ પુરુષો સારો ઉત્તમ જીવનમાર્ગ જોઈને અન્ય લોકોનાં કલ્યાણ માટે તે ઉત્તમ માર્ગે ચાલે છે. ૧૦. શ્રેષ્ઠ પુરુષ જો નીચે માર્ગે ચાલશે તો અન્ય લોકો તો તે નીચે માર્ગે સહેજે જ ઊતરી જશે. કદાચ શ્રેષ્ઠ પુરુષને હીન આચરણ કરવાનું પાપ ન લાગે, પણ સામાન્ય મનુષ્ય તો તે પાપનું દુઃખરૂપ ફળ ભોગવતા કરોડો કલ્પે પણ છૂટતા નથી. ૧૧. દયાળુ શ્રીહરિ સામાન્ય જનો ઉપર દયા કરે છે અને તેથી કૃપાળુ

શ્રીહરિ ધર્મનું આચરણ યથાર્થ રીતે કરે છે. અજ્ઞાનથી આંધળો મનુષ્ય તે વાતને સમજી શકતો નથી, તેથી શ્રેષ્ઠ પુરુષોમાં પણ પોતાની સમાનતાની ભાવના થાય છે. ૧૨. આવા અજ્ઞાનને લીધે તે જીવનું કલ્યાણ થાતું નથી અને વારંવાર નરક-યાતના ભોગવે છે. આવા લોકોનું હિત કરવા માટે જ શ્રીહરિનો અવતાર થયો છે. શ્રીહરિએ એવું ધાર્યું છે કે જીવમાં મોક્ષ મેળવવાની બુદ્ધિ જાગૃત કરવી અને તેમાં જ તે જીવનું હિત રહ્યું છે. ૧૩.

**❋ શ્રીહરિ તથા સંતો ભક્તોની ભોજનલીલા :**

જ્યારે શ્રીહરિ નિત્યવિધિ કરી રહ્યા ત્યારે જીવનપ્રાણ શ્રીહરિને જમવા માટે મુકુંદ વર્ણી બોલાવવા આવ્યા. પછી શ્રીહરિ ત્યાંથી તત્કાળ ઊઠ્યા. ૧૪. ચાલતી વેળાએ શ્રીહરિની ચાખડીઓ 'ચટાક ચટાક' અવાજ કરતી હતી અને તેમાં જડેલી ઘૂઘરીઓ ઘમ ઘમ થતી હતી. તેને ભક્તગણરૂપી ચકોર જોઈ રહેતા હતા. ૧૫. શ્રીહરિ સોનેરી બાજોઠ ઉપર થાળ જમવા બેઠા. વિવિધ પ્રકારનાં અપાર ભોજન પીરસ્યાં. ૧૬. પાકી કેરીઓને ઘોળીને રસ કાઢ્યો. તેમાં ઘી અને સાકર નાખ્યાં. પછી તે રસ કટોરામાં ભર્યો. શ્રીહરિ સહુ પહેલાં તે રસ જમ્યા. ૧૭. કાઠા ધોળા ઘઉંની ઝીણી ઝીણી રોટલી સુંદર હતી. અમદાવાદના વિપ્ર ગણપતરામે શ્રીહરિને જમાડવા માટે ખૂબ જ પ્રેમથી તે રોટલી કરી હતી. ૧૮.

શ્રીહરિ બધી જાતનાં ભોજનોને પ્રેમથી જમ્યા. તે પછી તેઓ વારંવાર પેટ ઉપર હાથ ફેરવતા હતા. ૧૯. શંખના વળિયાના સમાન ગળાવાળો અને કબૂતરના સમાન સોહામણો એક નાનો અબખોરો હતો. શ્રીહરિ તે અબખોરાથી વારંવાર થોડું થોડું પાણી પીતા હતા. ૨૦.શ્રીહરિના જેવી જમવાની ચતુરાઈ જગતમાં કોઈને હતી નહિ. પોતે હસતા, અનેક પ્રકારે રમૂજ કરતા, બધી સભા તેને જોઈ રહેતી. જમવામાં કાંઈ વિગત પાડતા નહિ, પણ ક્યારેક વિગત પાડતા. પોતાના ભક્તોના મનોરથોને પૂર્ણ કરવા માટે જ શ્રીહરિ આ રીતનું વર્તન કરતા હતા. ૨૧. સહુ દરબારોને પોતાની પાસે બેસાડીને શ્રીહરિ જમાડતા. પોતે જે રીતે જમતા તે રીતે જ નિષ્પાપ

રૂપમાં સહુને જમાડતા. તે દેખીને-અનુભવીને સહુ દરબારોને દિન દિન પ્રતિ સ્નેહ વધતો ગયો. તે સહુએ મનમાં એવો નિશ્ચય કર્યો કે ભગવાન શ્રીહરિના સિવાય આવું કોઈથી થઈ શકે નહિ. ૨૨. બધા દરબારો ઘણા દિવસ સુધી સાથે રહ્યા. શ્રીહરિની અનંત ક્રિયાઓને તેમણે દેખી. તે સમગ્ર ક્રિયાઓમાં અલૌકિકતા દેખાતી. તેમની કોઈ પણ ક્રિયા મનુષ્ય જેવી ન હતી. ૨૩. **તેનાથી આ શ્રીહરિ પ્રત્યક્ષ પુરુષોત્તમ નારાયણ છે, ભગવાન છે. માટે ભલે પછી પ્રાણ પણ નીકળી જાય, છતાં નિશ્ચયમાં ફરક પડે નહિ. આવો તેમના જીવમાં ભગવાનપણાનો નિશ્ચય થઈ ગયો.** હવે જ્યારે પાછા ઘેર જઈએ ત્યારે બધા કુટુંબીઓને પણ સત્સંગ કરાવવો, એવો મનમાં પાકો નિર્ણય કરી લીધો. ૨૪. શ્રીહરિ થાળ જમ્યા, પછી સંતોને પણ મનફાવતો કેરીનો રસ અને બીજાં ઘણાં અપાર ભોજનો જમાડ્યાં. તે પછી બીજા હરિભક્તોને જમાડ્યા. ૨૫. તે સિવાય બીજા વિપ્રોને પણ અનેક રીતે જમાડ્યા. બધી વાતો કરી શકાતી નથી. શ્રીહરિનાં ચરિત્ર પણ અનંત છે. કરોડો જન્મમાં દેહધારી થઈને કહેવા લાગે છતાં પૂરાં કહી શકાતાં નથી. ૨૬.

એક કરોડનો કરોડથી ગુણાકાર કરવામાં આવે, તેટલા જન્મ લઈને હરિનાં ચરિત્રોને કોઈ કહેવા ચાહે તો પણ તેનો પાર આવે નહિ. જેમ કોઈ એક કીડી ભૂમિ ઉપરના બધા જ કણોનો સંગ્રહ કરવા ચાહે તો તે પોતાના મુખમાં કેટલા કણ લઈ શકે ? ૨૭. કાલવાણી ગામના જેટલા હરિભક્તો હતા તે બધા શ્રીહરિની પૂજા કરવા માટે આવ્યા. તેઓ અનેક પ્રકારનાં વસ્ત્ર લાવ્યા હતા. તે બધા શ્રીહરિની આગળ ધર્યાં. ૨૮. સોનાનાં ઘરેણાંનો તો કોઈ પાર જ ન હતો. એક સારો ઘોડો શણગારીને લાવ્યા અને તે શ્રીહરિને અર્પણ કર્યો. શ્રીહરિ પહેલાં અહીંયાં ઘણું રહ્યા હતા. ૨૯. બીજા દ્રવ્યનો પણ ત્યાં પાર ન હતો. ભક્તોએ તે બધું શ્રીહરિને અર્પણ કર્યું. શ્રીહરિએ પણ તે બધું બ્રાહ્મણોને દાનમાં આપ્યું. તેનાથી તેમનું દારિદ્ર્ય ટાળી નાખ્યું. ૩૦.

પછી શ્રીહરિ તુરંત તૈયાર થઈ ગયા. સહુ સંતોને સાથે લીધા. દરબારો પણ બધા તૈયાર થયા. પોતપોતાના અશ્વ ઉપર સવાર થઈ ગયા. ૩૧. શ્રીહરિ સ્વયં પણ ઘોડે સવાર થયા. તે સમયની શોભાનો કોઈ પાર ન હતો. અનંત

પ્રકારનો સોનેરી સાજ હતો. ગણતા ગણતા થાકીએ, પણ પાર આવતો ન હતો. ૩૨. આગળ અનેક પ્રકારનાં ઉત્તમ વાજિંત્ર વાગતાં હતાં અને ચોપદાર "જયજય ધર્મકુમાર" આવું બોલીને છડી પોકારતો હતો. ૩૩. શ્યામસુંદરના મસ્તક ઉપર સોનેરી છત્ર ધાર્યું હતું. તેનો દંડ નંગ જડિત અને સોનેરી હતો. તેની શોભા અદ્‌ભુત બની હતી. ૩૪. બંને બાજુ અત્યંત શ્વેત અને ઉજ્જ્વળ ચામરો વીંઝાતા હતા. તેનો પ્રકાશ અત્યંત જણાતો હતો. આ પ્રમાણે શ્રીહરિ ધીમે ધીમે આગળ ચાલ્યા. ૩૫.

સંતોની સાથે ચાલેલા શ્રીહરિ જ્યારે **માંગરોળ** બંદર ગામની પાસે આવ્યા ત્યારે તે સાંભળીને ત્યાંના બધા ભક્તોને ઘણો જ આનંદ ઉલ્લાસ થયો. ૩૬. માંગરોળમાં જ્યાં ત્યાં નવા નવા રંગબેરંગી સારા બગીચાઓ હતા. અનેક પ્રકારનાં વૃક્ષો પણ ઘણાં સુંદર હતાં. તેના ઉપર જાત જાતનાં ફૂલો અને ફળો લૂમઝૂમ લટકી રહ્યાં હતાં. અને વિવિધ જાતિનાં પક્ષીઓ પણ ત્યાં કલરવ કરી રહ્યાં હતાં. ૩૭. કોયલ, મેના, પોપટ અને મોર આદિ પંખીઓ વારંવાર ઘણા જ મધુર શબ્દોનો ઉચ્ચાર કરતાં હતાં. શ્રીહરિ પધાર્યા છે તેવા સમાચાર સાંભળીને તુરંત જ બધા હરિભક્તો ત્યાં આવ્યા. ૩૮. ત્યાં એક અજોડ બાગ હતો. તેમાં શ્રીહરિએ ઉતારો કર્યો. સહુ સંતોએ સ્નાન કર્યું. તિલક કરીને તેના મધ્યે મનને ગમે તેવો કુંકુમનો સુંદર ચાંદલો કર્યો. ૩૯. તે બધા અક્ષરધામના મુક્તોના જેવા સુંદર શોભતા હતા. અનંત સૂર્ય અને ચંદ્રમા ત્યાં ચાલીને આવ્યા હોય તેમ શ્રીહરિની પાસે આવીને બેઠા. ૪૦.

સંતોની વચ્ચે વિરાજેલા શ્રીહરિએ પોતાના સ્વરૂપમાં અપાર શોભા ધારણ કરી હતી. જેમના હૃદયમાં ઘણો જ આનંદ ભર્યો હતો, આવા બધા હરિભક્તો તુરંત દોડીને ત્યાં પહોંચી ગયા. ૪૧. સહુ ફૂલહાર અને શ્રીફળ લઈને આવ્યા હતા, તે હાર પહેરાવ્યા અને શ્રીફળ આગળ મૂક્યાં. "આપે અમારા ઉપર ઘણી કૃપા કરીને દર્શન દીધાં" આવું બોલીને વારંવાર હાથ જોડીને વિનંતી કરી. ૪૨. માંગરોળના રાજા (નવાબ) વજદિન (બદરુદ્દીન) નામે હતા. શ્રીહરિ પધાર્યા છે એમ જાણીને તેના હૃદયમાં અપાર આનંદ થયો અને તેણે થાળ ભરી ભરીને બધે સાકર વહેંચાવી. ૪૩. જ્યારે તેમણે

વધામણીની તોપ ફોડાવી ત્યારે બધી સેના તૈયાર થઈ ગઈ. નવરંગી-નવ અંગમાં આવેલી તે સેના તૈયાર થઈ. હવે તેનું વર્ણન હું નિયમ પ્રમાણે સ્નેહથી કરું છું. ૪૪.

હાથી, ઘોડા, ઊંટ, રથ, સુખપાલ અને પાયદળ (પદાતિ), વાજિંત્ર, નેજા અને ગાયક, નવરંગી સેનાના એ નવ રંગ બનીઠનીને ચાલ્યા. ૪૫. હાથી અને ઘોડાઓને તો બહુ જ શણગાર્યા. બધાના ઉપર સોનેરી સાજ નાખ્યો. તેમાં પણ જે હાથી ઉપર શ્રીહરિ વિરાજવાના હતા તે હાથીને તો સહુથી વધારે નવાબે શણગારાવ્યો હતો. ૪૬. પારાવાર સોનાના સાજ ઉપર હીરા, નંગ અને મોતી જડ્યાં હતાં. હાથમાં સોનાની છડી લઈને કેટલાયે નેકી (છડી) પોકારનારા ચોપદાર આવી ગયા હતા. ૪૭. વિવિધ પ્રકારનાં વાજાં વાગતાં હતાં. તેમાં રણશિંગાં, તુરાઈ વગેરે સોહામણાં લાગતાં હતાં. નોબત અને ડંકા ઉમંગથી વાગતાં હતાં. આ પ્રમાણે તે નવાબની સેના અત્યંત નવરંગી બની હતી. ૪૮. નવાબ હાથી ઉપર બેસીને શ્રીહરિની સન્મુખ આવ્યા. બધી પ્રજા પણ સાથે આવી. કેવળ વિમુખ વેરાગીઓ ન આવ્યા. ૪૯. શ્રીહરિ જ્યારે નવાબને ભેટ્યા-મળ્યા ત્યારે પાંચ તોપો ફૂટી અને નાની બંદૂકો ફૂટી, તેનો તો કોઈ પાર ન હતો. ૫૦. આકાશ ગાજવા લાગ્યું, સાગર પણ અતિ આનંદથી ઘૂઘવવા લાગ્યો. નગરજનોને આનંદ-હર્ષ ક્યાંય સમાતો ન હતો. બધી બજારોમાં પાણી છંટાવી દીધું હતું. ૫૧. હરેક દુકાનને બારણે કેળોના સ્તંભ રોપાવી દીધા. અનંત બ્રહ્માંડોના અધિપતિ પધાર્યા છે તેની શોભા વર્ણવી શકાતી નથી. ૫૨. નવાબ શ્રીહરિનાં ચરણોમાં નમી પડ્યા. એકબીજાની અદબ રહે તે રીતે, ઘટે તેમ બંને અલગ અલગ આસન ઉપર બેઠા. પછી નવાબે હાથ જોડીને વિનંતી કરી. ૫૩. ગુલાબના હાર મગાવ્યા હતા. સંમતિ લઈને જેમ ઘટે તેમ તે હાર પહેરાવ્યા. હરખભર્યા નવાબ પ્રેમમગ્ન થઈ ગયા હતા. ૫૪.

પછી નવાબે બંને હાથ જોડીને પ્રાર્થના કરી, આપ પરમેશ્વર છો, અમારા નગરમાં પધારો. ૫૫. આપ મારા હાથી ઉપર વિરાજો અને હું બીજા હાથી ઉપર બેસું. ચામર કરાવવાને માટે હું આપની બાજુમાં ચાલીશ. ૫૬.

ચાહે તેવો મોટો ભૂપ આવે તો પણ અમે અમારા ચામર અને છડી આપીએ નહિ; પણ આપને માટે આપું છું. તે હેતથી આપું છું અને ખુશી-આનંદને લીધે આપું છું. ૫૭. આપના આશીર્વાદથી જ હું આ રાજપદવી-રાજ્યસત્તાને પામ્યો છું. આવું સમજીને જ હું કહું છું. તેમાં કોઈ સંદેહ નથી. ૫૮.

***ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના તૃતીય પૂરમાં 'શ્રીહરિ માંગરોળ પધાર્યા, નવાબ સાથે મિલન' એ નામે સોળમો તરંગ સમાપ્ત ॥૧૬॥***

## પૂર ત્રીજું : તરંગ - ૧૭

### માંગરોળમાં શ્રીહરિની ભવ્ય સવારી, ચાતુર્માસ રહેવા માટે પ્રાર્થના

શ્રીસહજાનંદ સ્વામી તુરંત નગરમાં જવા માટે તૈયાર થઈ ગયા. સંધ્યા સમય થયો હતો તેથી મશાલો પ્રકટાવી હતી. ૧. ઝાઝી મશાલો પ્રકટેલી હોવાથી દિવસના જેવું અજવાળું થયું. તેમાં શ્રીહરિ અવિદ્યા-અજ્ઞાનનો નાશ કરવા નગરમાં જવા ચાલ્યા. ૨. અવિદ્યા નામે એક નકટી નારી છે. તે પોતાનાં પાપોને લીધે જ બળી ઊઠી. સર્વોચ્ચ ધર્મકુમાર શ્રીહરિને દેખીને દરિયાને પાર જવા ભાગી. ૩. તેનો પતિ અધર્મ છે, તે પણ કુટુંબને તજી દઈને તેની સાથે ચાલ્યો. બચવાથી નિરાશ-આશા રહિત થઈને હાથ ઘસવા લાગ્યો. ૪.

રત્નજડિત સોનાની અંબાડીમાં વિવિધ પ્રકારનાં મોતી ભર્યાં-જડ્યાં હતાં. સુખકારી તે અંબાડી ઉપર ભારે ઝમમગતા સોનાના કળશ અત્યંત સોહામણા લાગતા હતા. ૫. બીજા પણ અપાર સોનાના સાજથી પ્રેમથી તે હાથીને શણગાર્યો હતો. તે હાથી ઉપર શ્રીહરિ વિરાજ્યા અને તેમની પાછળ હાથમાં ચામર લઈને સોમલા ખાચર બેઠા. ૬. શ્રીહરિની ઉપર ચામર ઢોળવામાં સોમલા ખાચરના મનમાં ઘણો જ સ્નેહ ભર્યો હતો. આગળના ભાગમાં વિવિધ પ્રકારનાં વાજિંત્ર વાગતાં હતાં. ચોપદાર ઊંચે અવાજે છડી પોકારતો હતો. સંતો અને હરિભક્તો સહુ સાથે મળીને મંગળમય ધોળ રાગનાં

કીર્તન ગાતા હતા. ૭. બધી સ્ત્રીઓ પણ ભેળી મળીને કીર્તન ગાતી હતી. સહુને શ્રીહરિના ઉપર અપાર હેત હતું, તે યથાર્થ રીતે કહી શકાતું નથી. ધીમે ધીમે ચાલતા નગરને દરવાજે આવ્યા. ત્યાં દરવાજે શોભાનો કોઈ પાર ન હતો. ૮. કેટલાક લોકો 'જય જય' 'જય જય' એમ બોલતા હતા અને કેટલાક તો તે શોભાની ખુશીમાં ડોલતા હતા.

નગરની અંદર પૂર્વને દરવાજે આવ્યા, ત્યારે શ્રીહરિના ભક્ત સખા સહુ દરબારો સાથે જ લીધેલા હતા. ૯. તે સહુ શ્યામસુંદર શ્રીહરિની પાસે રહીને સોહામણા દેખાતા. અને ઘોડે સવાર થયેલા તેઓ આનંદ ઉપજાવતા. વિચિત્ર પ્રકારે બનાવેલા સોનેરી સાજથી તે બધા શોભતા હતા. ૧૦. સૌના હાથમાં ભાલા હતા. આવી શોભા ક્યારેય થઈ ન હતી. અનેક રીતે વીજળી ઝબકતી હોય તેમ તે બધા ભાલા ચમકથી ઊજળા દેખાતા હતા. ૧૧. પાંચ રંગનાં જરિયાની નિશાન પ્રકાશમાં ઝગમગતાં ચમકતાં હતાં. નોબત અને ડંકાઓ ઉમંગથી વાગતાં હતાં અને સહુ લોકોના મનનો ઘણો જ ઉત્સાહ દેખાતો. ૧૨. બધી જ બજારોમાં પાણી છંટાવી દીધું હતું. તે વખતે બંને બાજુએ દીવાઓ પ્રકટાવ્યા હતા. માંગરોળનું મહાજન મંડળ પણ હર્ષના આવેશ ભર્યું ધર્મપુત્ર શ્રીહરિનાં દર્શન કરવા માટે આવ્યું. ૧૩.

પ્રેમને વશ થયેલી માંગરોળની અનેક સ્ત્રીઓ ગોખમાંથી અને અટારીઓમાંથી શ્રીહરિનાં દર્શન ભાવથી કરતી હતી. તે બધી મહિલાઓ મોતીના થાળ ભરી ભરીને સુંદરશ્યામ શ્રીહરિને સ્નેહથી વધાવતી હતી. ૧૪. કેટલીક સ્ત્રીઓ તો સોનાના અને રૂપાના ફૂલના થાળ ભરી ભરીને વધાવતી હતી. તેમજ સોનાના તથા મોતીના હાર લાવીને શ્રીહરિને પહેરાવતી હતી. ૧૫. કોઈ મોતીના તોરા, બાજુબંધ તથા પહોંચીઓ લાવી હતી. તે ઊભી બજારે ચાલતા શ્રીહરિને પહેરાવતી હતી. ૧૬. ધર્મકુમાર ઘનશ્યામ શ્રીહરિએ તે વખતે મહાન શોભા ધારણ કરી હતી. તેમાં બીજું કોઈ કારણ નથી. ભગવાન તો ભક્તોને વશ છે. ૧૭. મહારાજાધિરાજ શ્રીહરિને તો અનંત ભુવનના અધિપતિઓ પણ પૂજે છે. આજે તો લોકો ઉપર કૃપા કરીને જાણી-જોઈને અઢળક ઢળ્યા છે. ૧૮.

**हरिगीत :**

**हरि की मोटप हरि में रही सेज स्वभावि करिके;**
**इनकुं न मोटप ओर वते कोउ लिना मन युँ धरिके;**
**इनकी दई हे मोटप सबकुं जो जो जितनी जाइ हे;**
**पतंग सूर्य को सहाय करे कहा कोटि भेले होई आइ हे...१९**

શ્રીહરિમાં રહેલી મોટાઈ તો તેમની સ્વાભાવિક જ છે. તેમની મોટાઈ બીજા પાસેથી આવી નથી. બીજે જ્યાં જ્યાં મોટાઈ દેખાય છે તે બધી શ્રીહરિએ આપેલી જ છે. કરોડો પતંગિયાં ભેળાં મળીને શું સૂર્યના પ્રકાશને મદદ કરી શકે છે ? ૧૯. શ્રીહરિ જે કાંઈ મોટાઈ (ઐશ્વર્ય) ગ્રહણ કરે છે તે તો પોતાના ભક્તોને લાડ લડાવવા માટે જ છે. ઐશ્વર્ય જણાવવાથી જ તેમની મોટાઈ નથી. આવો વિવેક તેઓ ધારે છે. જે સ્વયં પૂર્ણ છે તેને બીજો કોણ પૂર્ણ કરે ? શ્રીહરિ ભક્તે આપેલી જે સેવાને સ્વીકારે છે તે પણ તે ભક્તના હિતમાં છે, તેના મનને સંતોષ આપવા માટે જ હોય છે. ૨૦.

**चोपाई :**

**भक्त हित हरि धरत अवतारा, निगम अगम इमि करत पोकारा;**
**भक्त बश्य सदा भगवाना, भक्त हित करे चरित्र नाना...२१**

વેદો અને શાસ્ત્રો પોકારીને કહે છે કે ભગવાન ભક્તોનું હિત કરવા માટે જ અવતાર ધારણ કરે છે. ભગવાન ભક્તને વશ છે, તે ભક્તોના હિતને માટે અનેક પ્રકારનાં ચરિત્રોને કરે છે. ૨૧. માંગરોળવાસી લોકોને દર્શન આપીને દયાળુ શ્રીહરિ તરત જ નગર બહાર આવ્યા. શ્રીહરિની સવારી પશ્ચિમ દરવાજે આવી. ૨૨. દરવાજાની આગળના ભાગમાં એક ફૂલવાડી હતી. તેમાં જાત જાતનાં અનેક ઝાડ હતાં. બહુનામી શ્રીહરિએ ત્યાં સ્વચ્છ જગ્યા જોઈને તંબુ તણાવ્યા હતા. ૨૩. તે સ્થાનની પાસે જ એક સારી જગ્યા હતી. જે શ્રીહરિને રાજી કરવા સંતો ત્યાં સમજણપૂર્વક સદાવ્રત આપતા હતા, તે મહારાજાધિરાજ શ્રીહરિ આજે ત્યાં પધાર્યા હતા. ૨૪. જે સારા હરિભક્ત બ્રાહ્મણો હતા, તેમણે અનેક પ્રકારની રસોઈ બનાવી હતી. શ્રીહરિ ત્યાં સંતોને સાથે લઈને થાળ જમ્યા. હેતવાળા દરબારોને પણ સાથે

જમાડ્યા. ૨૫. બ્રાહ્મણો જમ્યા અને હજારો બીજા હરિભક્તો પણ જમ્યા. સહુએ સારી રીતે ત્યાં વાળુ કર્યું.

તે વખતે તંબુની વચ્ચે સારો પલંગ બિછાવ્યો હતો તેના ઉપર આવીને શ્રીહરિ વિરાજમાન થયા. ૨૬. બિલોરી કાચની હાંડીઓમાં દીવા કરીને તંબુમાં તે લટકાવી હતી. બિલોરી કાચનું બનાવેલું એક ઝાડ પણ તે હાંડીઓની વચ્ચે લટકાવ્યું. તે અદ્‌ભુત લાગતું હતું. ૨૭. તેમાં તેજ ઝગમગ ઝગમગ ઝબકતું હતું. ત્યાં હરખભર્યા ભક્તો આવીને બેઠા. તે સમયે વિવિધ પ્રકારનાં વાજિંત્ર લઈને અત્યંત પ્રેમી એવા સંતો કીર્તન ગાવા લાગ્યા. ૨૮. તેમાં શ્રીહરિ તાન તોડીને પોતાના અધરામૃતનું પાન કરાવતા હતા. સુંદરશ્યામનાં અંગોમાં કેસરી ચંદન ચરચ્યું હતું. તે ભવ્ય રીતે સુગંધ પ્રસરાવતું હતું. ૨૯. ઘનશ્યામ સ્વરૂપ એવું બન્યું હતું કે તેમાં અત્તરની સુગંધ મહેકતી હતી. તેમજ અનેક જાતનાં ફૂલોના હાર, તોરા અને સુંગધી બાજુબંધ ધાર્યા હતા. ૩૦. માથે ફૂલની ટોપી પહેરી હતી. તે જ રીતે ફૂલની પછેડી પણ ધારી હતી. આ રીતે શ્રીહરિ ફૂલોમાં ગરકાવ થઈ ગયા હતા. બધાનું વર્ણન કરતા પાર આવતો નથી. ૩૧. ધર્મકુમાર શ્રીહરિના લલાટમાં કુંકુમનો ચાંદલો ઘણો સુંદર કર્યો હતો ને કાન ઉપર ગુલાબના ગુચ્છ ધાર્યા હતા. ૩૨.

હરિગુણોનાં કીર્તન ગાતા ગાતા જ્યારે રાત અરધી થઈ ત્યારે ભગવાન શ્રીહરિએ નિદ્રા ગ્રહણ કરી અર્થાત્ શ્રીહરિ પોઢી ગયા. ૩૩. કમળનયન શ્રીહરિની પ્રસન્નતા પ્રાપ્ત કરવા માટે યોગનિદ્રા પણ એકાગ્ર ચિત્ત થઈને પ્રેમથી સેવા કરવા લાગી ગઈ. ૩૪. તે સમયે બધા હરિભક્તો ઊઠ્યા. ગવૈયા સંતોએ મૃદંગ અને તાલ વગેરે સાજ મૂકી દીધો. પોતાને ઉતારે જઈને સંતો ધ્યાન કરતા કરતા સૂઈ ગયા. ૩૫. ચાર ઘડી (૧.૩૬ કલાક) રાત બાકી રહી ત્યારે બધા હરિભક્તો ઊઠ્યા. "રામકૃષ્ણ ગોવિંદ જય જય ગોવિંદ" "હરે રામ ગોવિંદ જય જય ગોવિંદ, નારાયણ હરે !" આવાં સુખરૂપ નામોને વારંવાર બોલીને ભારે ભાવભરી ભગવાનના નામોની ઘણી ધૂન કરી. ૩૬-૩૭. ધૂન સાંભળીને તરત શ્રીહરિ ઊઠ્યા. "હરિ હરિ હરિ" એમ ટેવ મુજબ મુખથી બોલ્યા. તે પછી શૌચવિધિ કરીને પરંપરાના સદાચારને

અનુસર્યા. ૩૮. "બ્રહ્મચારીએ શુદ્ધ સુંવાળી માટી લઈને પહેલાં ડાબા હાથને પાણીથી દસ વાર મૌનપણે ધોવો અને પછી બંને હાથને ભેળા કરીને સાત વાર ધોવા." આવા શાસ્ત્રોક્ત નિયમ પ્રમાણે પ્રિય શ્રીહરિએ પાટલા ઉપર બેસીને હાથ ધોયા. ૩૯.

એક એક આંગળીને વારંવાર નિહાળી અને ઘસી ઘસીને ધોઈ. પછી તે સમયે યાદ રાખીને બંને પગને છ વાર ધોયા. ૪૦. પછી બે-ચાર વાર કોગળા કર્યા. પછી સારું સુંવાળું અને કાંટા વિનાનું બાવળનું દાતણ "દંતધાવન કર્મ માટે" મગાવ્યું. ૪૧. શ્રીહરિએ તેને ઘણી ચતુરાઈથી ચાવ્યું. તેનાથી દંતમંજન (દાંતની સફાઈ) કરી તે પછી એક કોગળો કરીને બરાબર અધવચ્ચેથી દાતણનાં બે ચીરિયાં કર્યાં. ૪૨. તેમાંથી અનુક્રમે એક એક ચીરિયું હાથમાં લઈને તેને કમાનની જેમ વાળીને તેને જીભ ઉપર ઘસીને ઓળ ઉતારી. ૪૩. તે પછી સુખકારી શ્રીહરિએ કોગળા કરીને મુખને ધોયું. એટલી વારમાં બ્રહ્મચારી આવી ગયા. તેઓએ સુગંધી તેલ ફૂલેલ લઈને શ્રીહરિનાં બધાં અંગો ઉપર મનમાં ખૂબ જ પ્રેમ રાખીને ચોળ્યું. તે પછી જળથી સ્નાન કરાવીને અંગોને લૂછવા માટે વસ્ત્ર આપ્યું. ૪૪-૪૫. ઘણું સારું નવું અને સુંદર એક પીતાંબર શ્રીહરિને પહેરવા આપ્યું અને બીજું એક ઓઢવા આપ્યું. ૪૬. સારી ધોયેલી સુંદર ચાખડીઓ પ્રભુનાં ચરણોમાં પહેરાવી. પછી હાથમાં એક રૂમાલ આપ્યો, તે લઈને પોતાને સિંહાસને વિરાજ્યા. ૪૭. લલાટમાં સારરૂપ કેસરી તિલક પ્રેમભાવથી કર્યું, તેના મધ્યમાં કુંકુમનો ઘણો જ સુંદર ચાંદલો કર્યો. ૪૮.

સર્વોત્તમ જ્ઞાનસંપન્ન સંતો સહુ સ્નાન, તિલક, પૂજા, વંદન આદિ નિત્યકર્મ કરીને શ્રીહરિની પાસે આવીને બેસી ગયા. ૪૯. માંગરોળ ગામના બધા હરિભક્તો શ્રીહરિનાં દર્શન કરવા આવ્યા. નવાબ પણ આવ્યા. તેમણે બે હાથ જોડીને વિનંતી કરી. ૫૦. હે નાથ ! હું હાથ જોડી મસ્તક નમાવીને કહું છું. મને પોતાનો જાણીને આજ્ઞા કરો. આપ જે કહેશો તે કામ હું કરીશ. આપનું આપેલું જ રાજ્ય હું કરું છું. ૫૧. હવે પછી આપ ચાતુર્માસ પર્યંત અહીંયાં રહો. આપને જે રુચે તે રસોઈ કરાવો. મહાજન લોકો પણ તે જ વાત કહે છે. એટલે તેઓ આપને કહેવા આવ્યા છે. ૫૨. શ્રીહરિએ નવાબ

વગેરેનો સર્વોત્તમ અપાર ભાવ જોયો. ઘણું રાજી થયા. પછી બોલ્યા, તેટલું રહેવાનો અમારો કોઈ નિર્ધાર નહિ. ૫૩. **પવનને આધીન જેમ પાદડાં ફરકે છે તેમ અમે ઈશ્વરને આધીન રહીને ફરીએ છીએ. અમારી તો મનુષ્યના જેવી રીત છે, પણ તમને અમે ભગવાન દેખાઈએ છીએ. ૫૪.**

**दोहा : सब इच्छत निज हितकुं, अहित न इच्छत कोइ;**
**ईश्वर को धार्यो होत हे, सुख वा दुःख ही होइ...५५**
**ईश्वर प्रसन्न होय यथा, अपने करना काज;**
**तिन में दुःख तोउ भलो, सो सब सुख को साज...५६**

સહુ કોઈ પોતાનું હિત થાય તેમ ઈચ્છે છે પણ કોઈ અહિતને ઈચ્છતું નથી; પણ સુખ કે દુઃખ બધું ઈશ્વરનું ધાર્યું જ થાય છે. ૫૫. ઈશ્વર રાજી થાય તે રીતે પોતાનું કામકાજ કરવું જોઈએ. તેમ કરતાં પણ જો દુઃખ આવે, તો ભલે આવે. તે બધો સુખનો જ સાજ છે. ૫૬. અમારી આવી સમજણ છે. દૈહિક સુખનો કાંઈ મેળ નથી. તે તો આવ્યું ગયું રહે છે. અખંડ સુખ તો આત્માનું છે. ૫૭. **દૈહિક સુખ તો સ્વપ્ના જેવું છે. તેનો કાંઈ નિર્ધાર નથી. દેહનું સુખ તો વીજળીના ઝબકારા જેવું છે, એમ માનીને તેને મેળવવા માટે કોઈ પ્રયત્ન કરવો જોઈએ નહિ. ૫૮.**

***ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના તૃતીય પૂરમાં 'માંગરોળમાં શ્રીહરિની ભવ્ય સવારી, ચાતુર્માસ રહેવા માટે પ્રાર્થના કરી' એ નામે સત્તરમો તરંગ સમાપ્ત ॥૧૭॥***

## પૂર ત્રીજું : તરંગ - ૧૮

## માંગરોળમાં આવેલી પુરાતની વાવનો જીર્ણોદ્ધાર કરી પૂર્તકર્મ કર્યું

ગોવર્ધન શેઠ આદિ માંગરોળના હરિભક્તો રસોઈ આપવા તૈયાર (તત્પર) થયા. તેઓ નિત્ય નવાં પકવાન કરાવતાં, જેનો પાર આવતો નહિ. ૧. પછી એક કાગળ લઈને તેમાં પ્રત્યેક રસોઈ આપનારા ભક્તનાં અલગ અલગ તિથિ સાથે નામ લખ્યાં. ૨. ગોવર્ધન શેઠ, દામોદર,

રામચંદ્ર, સૂરચંદ્ર, રતનજી આદિક વણિક હરિભક્ત ઘણી જાતના હતા. ૩. મનછારામ નામે ક્ષત્રિય અને મધુ, આણંદજી, ધનજી અને ત્રિકમ ઈત્યાદિ શૂદ્ર ભક્તો, તથા રજનીબાઈ અને ભાનુબાઈ આદિ અનેક સ્ત્રી ભક્તો હતાં. ૪. જે હરિભક્ત વિપ્રો શ્રીહરિનાં દર્શન કરવા માટે માંગરોળમાં આવતા તે બધા નિત્ય નવી રસોઈ બનાવતા, જેનો ગણતા પાર આવે તેમ નથી. ૫. પહેલાં તો તેઓ નિત્ય નવા પ્રેમથી શ્રીહરિને થાળ જમાડતા. પછીથી શ્રીહરિની પૂજા કરતા. કેસરવાળું ચંદન અને ફૂલહાર પહેરાવતા. ૬. વળી તે સમયે સંતોની પૂજા પણ કરતા. શતાનંદ સ્વામી આદિક અપાર સંતો જે સાથે રહેતા હતા તેમને બહુનામી શ્રીસહજાનંદ સ્વામી શ્રીહરિ પોતાને હાથે પીરસીને નિત્ય જમાડતા. ૭. પરમ દયાળુ, પરમ કૃપાળુ ચરણોમાં ચાખડીઓ પહેરીને સંતોની પંગતમાં ફરતા. પીરસતી વેળાએ રમૂજ પણ ઘણી કરતા, જે સાંભળીને હૃદયમાં શાંતિ થતી. ૮.

**चोपाई :**

**हरि के चरित्र जो जो कहावे, सब जन कुं आनंद उपजावे;**
**अनंत ब्रह्मांड को जो जो सुखा, सो सब सुखकुं करत हे लुखा...०९**
**चरित्र जेहि सुने चित्त प्रोई, जग को सुख तेहि मल वत होई;**
**फेर ताको न होवे भावा, तब सो साचे भक्त कहावा...१०**

જે જે ભગવાનનાં ચરિત્ર કહેવાય છે તે ભક્તજનોને આનંદ આપે છે. **હરિચરિત્રનું સુખ અનંત બ્રહ્માંડનાં સુખોને નીરસ કરી દે છે.** ૯. જેણે મન દઈને શ્રીહરિનાં ચરિત્ર સાંભળ્યાં હોય તેને સાંસારિક સુખ મળ જેવાં જણાય છે. જો ફરીને તેને સાંસારિક સુખોમાં ભાવ ન થાય તો તેને સાચો ભગવાનનો ભક્ત કહેવાય. ૧૦. એવા ભક્તને અંત સમયે ભગવાન પાસે જ બેઠા હોય એવું જણાય છે. તે ભક્તને ભગવાન વિમાનમાં બેસાડીને લઈ જાય છે. કોઈ કોઈ ભક્તને બીજા ભગવાનના પાર્ષદ લેવા આવે છે તેમ જણાય છે. ૧૧. ભગવાનનાં જે ચરિત્ર કહેવાતાં હોય તેને જે ભક્ત સાંભળે છે તે સંસારને પાર કરી જાય છે. તેટલા માટે જ ભગવાનના અવતાર થાય છે. એટલા માટે જે ચરિત્રોને સંભારે છે તેનો ઉદ્ધાર થાય છે. ૧૨.

**हरि की सेवा करत जो प्रानी, तिनकी फरि न होय कबु हानी;**
**इहाँ के सुख को नहिं निरधारा, जीय में दृढ हि करनो बिचारा...१३**

જે જીવ શ્રીહરિની સેવા કરે છે તેને ફરી વાર ક્યારેય હાની થતી નથી, અર્થાત્ તેનું ભવભ્રમણ ટળી જાય છે. આ લોકના સુખનો કોઈ નિર્ધાર નથી. આવો વિચાર મનમાં દઢ કરીને રાખવો. ૧૩. માંગરોળમાં ખૂટે નહિ તે રીતે રસોઈઓ થવા લાગી, પણ શ્રીહરિએ જોયું કે પાણીની ઘણી ખેંચ છે. ત્યારે ત્યાં નજીકમાં જ એક વાવ દેખી. માટી ભરાઈ જવાથી તેમાં પાણી રહ્યું નહોતું. ૧૪. કોઈ વખતની એ પુરાતની વાવ હતી. માથા સુધી માટી ભરાઈ ગઈ હતી. ત્યાં વાવનું નામ-નિશાન પણ રહ્યું નહોતું. આ બધું ઘનશ્યામ શ્રીહરિએ દેખ્યું. ૧૫. પછી શ્રીહરિએ નવાબને ત્યાં બોલાવ્યા. અને પછી પૂછ્યું, 'જો તમે કહો તો અમે આ પુરાતની વાવને ફરી ગળાવીએ અને જો પાણી થાય તો ચાતુર્માસ અહીંયાં રહીએ.' ૧૬. ત્યારે રાજાએ હુકમ આપ્યો, "સંતોના હિત માટે આ વાવની જગ્યા અમે આપને આપીએ છીએ. તેમાં અમારો રતીભાર પણ હક-હિસ્સો નથી. બીજું જે હોય તે કહો. અમે આપીએ." ૧૭. બધા સંતો ત્યાં જ રહ્યા. રહેવા જેટલી બીજી જગ્યા પણ આપી. તેમાં આવશ્યક જે કાટમાળ જોઈએ તે પણ નવાબે અપાવ્યો. ૧૮.

ગામેગામથી હરિભક્તો જે શ્રીહરિનાં દર્શન કરવા આવતા હતા તેમની પાસે પોતે તે વાવને ખોદાવતા હતા અને સંતોનો સમાજ પણ સાથે રાખતા. સ્વયં શ્રીહરિ અને બધા સંતો તે વાવનો ખોદેલો ગાળ ઉઠાવતા હતા. વાવ ખોદાય ત્યારે ત્યાં ત્રાંસાં, ઢોલ, નોબત અને રણશિંગાં વાગતાં હતાં. ૧૯. સંતો વેદસ્તુતિ ગાતા ત્યારે તેમની સાથે સાથે શ્રીહરિ પણ તે ગાતા. ક્યારેક ગોપીગીત ગાતા. ક્યારેક વેણુગીત, ક્યારેક યુગલગીત તો ક્યારેક ભ્રમરગીત સૌ ગાતા હતા. આ રીતે તે સમયે ત્યાં ભગવત્પ્રેમથી ભરેલો ઘણો રસ અને તેનો રંગ બધે છવાઈ જતો હતો. ૨૦.

**संत की सेवा जो जो जोई, तिन में प्रेम मगन महा होई;**
**करत श्रीहरि दिन रु राति, सेवा करन में श्रद्धा न धराति...२१**

**आपे श्रीहरि वर्तत यह भाँति, मान नहिं अंग कोउ जाति;**
**जो जो शुभ नियम कावत जेहा, प्रथम रखत जो आपे तेहा...२२**

સંતો જે સેવા પ્રેમભાવે કરતા હતા તેને દેખીને શ્રીહરિ પણ પ્રેમમગ્ન થઈ જતા અને રાતદિવસ સેવા કરવામાં શ્રદ્ધા રાખતા હતા. ૨૧. સ્વયં શ્રીહરિ એ રીતે વર્તતા હતા કે તેઓ કોઈ પણ જાતનું માન તેમાં રાખતા નહિ. જે જે સારા શુભ નિયમો કહેવાય તે બધાને પહેલાં પોતે જ પાળતા હતા. ૨૨. સાધુ કોઈ વસ્તુને માગે તો તુરંત શ્રદ્ધાથી મગાવીને હરખથી આપતા. સંતો અને હરિભક્તોનું હિત જે બાબતમાં દેખાય, તેને વગર પૂછ્યે પત્ર લખીને સ્વયં તેમને જણાવી દેતા. ૨૩. તે પત્ર વાંચીને બધા સંતો અને હરિભક્તો તેમાં કહ્યા પ્રમાણે રહેતા હતા.

શ્રીહરિ સ્વયં નિર્માની થઈને સહુનું પરમ કલ્યાણ ચાહતા હતા. ૨૪. **પોતે પોતાના મનમાં જેવું ચિંતવતા હતા તેવું આખા બ્રહ્માંડમાં થાતું હતું; છતાં મનમાં તેનો કાંઈ જ ગર્વ રાખતા નહિ. પોતામાં અનંત સામર્થ્ય હોવા છતાં તેને છુપાવી રાખતા. ૨૫.** એક સૂર્યના તેજને સહન કરવાની શક્તિ જો કોઈ મનુષ્યમાં નથી હોતી, તો તે પરમાત્મા શ્રીહરિના એક રોમમાં અનંત સૂર્યોનું તેજ રહ્યું છે એમ વેદો, પુરાણો અને સંતો કહે છે; ૨૬. તો તે તેજને લોકો સહન કેમ કરી શકે ? તેને કેમ જોઈ શકે ? આ બધું સમજીને પ્રભુ પોતાના ઐશ્વર્ય-મોટાઈને છુપાવે છે. ખરેખર તે છુપાવવું એ જ તેમની મોટાઈ છે. વરસાદનો તો એક છાંટો હોય તો પણ પ્યારો લાગે છે. ૨૭. કદાચ આખો સમુદ્ર ઊછળીને આવે તો તેનાથી સમાજને સુખ થાતું નથી. કારણ કે તે ખારું છે. થોડું, પણ મીઠું ગમે. તેમ શ્રીહરિ લોકોના હિતને સમજી વિચારીને સુખમય સ્વરૂપને ધારે છે. ૨૮. શ્રીહરિ સાધારણ લોકોની સાથે ખાય અને પીવે તેનાથી તેમને ઘણો જ રંગ ચડે છે, તેઓ સામાન્ય લોકોની સાથે ઊઠતા બેસતા હોય છે ત્યારે પરસ્પર પ્રેમરસ ખૂબ જ વધે છે. ૨૯.

**ભગવાનની જે ક્રિયાઓ અને જેવી ક્રિયાઓ હોય તે બધી અત્યંત સુખદાયક જ જાણવી. તેમાં જે કુતર્ક કરે તેને અસુરની જાતિનો જાણવો.** ૩૦. કારણ કે આસુરી મનુષ્ય સુલટી વાતને પણ પોતાના મનમાં ઊલટી સમજે છે. કોઈ માણસ કાંઈ બોલે તો તેના શબ્દ ઉપરથી બોલનારને સમજી લેવો. માટે

**ક્યારેય કડવું વચન બોલવું નહિ. ૩૧. કોઈ કાંઈ બોલે તો તેનાથી વિનાશ પેદા થાય છે અને કોઈ બોલે તો તેનાથી સમાસ-સારું સર્જન થાય છે. જેને જ્ઞાનરૂપી ચક્ષુ હોય તેણે તે લક્ષણથી જાણી લેવું.** ૩૨. વાવ ખોદાતી હતી અને તેનો ગાળ બહાર કાઢતા. તેમાં જે સેવાભાવી સંત-હરિભક્તો હતા તેમને શ્રીહરિ રોજ ઘીથી લચપચતા લાડુ જમાડતા. ૩૩. જે હરિભક્તો દર્શન કરવા આવતા, તેઓ સાકર લાવતા. તેનો કોઈ પાર ન હતો, પણ શ્રીહરિ તે સાકર જે આવે તેને પ્રસાદના રૂપમાં બધી આપી દેતા. ૩૪. વાવ ગાળતાં પાંચ દસ દિવસ થયા ત્યારે તેમાં સારું ગંગાજળ જેવું નવું પાણી આવ્યું.

પહેલાં શ્રીહરિ જઈને તે જળમાં નહાયા અને તે પ્રસાદીનું જળ સહુને આપ્યું. ૩૫. વાવને કાંઠે કોશ જોડાવ્યો અને તે પાણીને ચોખ્ખું કરાવ્યું. ભક્તજન સુખકારી શ્રીહરિએ તરત વિદ્વાન વિપ્રને બોલાવ્યા અને તેમને ઘણા પ્રેમથી કહ્યું, ભૂદેવ ! પૂર્તકર્મનો જે શાસ્ત્રમાં વિધિ કહ્યો હોય તે પ્રમાણે આપણે આ વાવનું પૂર્તકર્મ (ભર્યું) કરવું છે. ૩૬-૩૭. તેમાં જે સામાન જોઈએ, તેનો શાસ્ત્રમાં જે વિધિ લખ્યો હોય તે જુઓ. ત્યારે વિદ્વાન વિપ્રે તેનું પુસ્તક મગાવ્યું. તે વાંચીને તે પ્રમાણે સામાન લખી આપ્યો. ૩૮. શ્રીહરિએ જોઈને બધો સામાન મગાવ્યો. પૂર્તકર્મનો બધો વિધિ શાસ્ત્રાનુસારે કર્યો. વિવિધ પ્રકારનાં વાજિંત્ર વગડાવીને મનગમતો મહાન ઉત્સવ કરાવ્યો. ૩૯.

### * વાવના કિનારે સહુને શ્રીહરિના અલૌકિક દર્શન :

રત્ન જડેલો એક સારો કીમતી બાજોઠ હતો, તેના ઉપર સુખકારી ઘનશ્યામ વિરાજ્યા. ૪૦. ત્યારે તેમણે સહુને પોતાના અલૌકિક ચતુર્ભુજ વિષ્ણુ સ્વરૂપે દર્શન આપ્યાં. તે અદ્‌ભુત સ્વરૂપ કિશોર અવસ્થામાં હતું. ૪૧. મસ્તકે વિવિધ પ્રકારના નંગ જડેલો શુભ મુકુટ ધાર્યો હતો. કાનમાં નંગ જડાઉ કુંડળ પહેર્યાં હતાં અને ભુજાઓ ઉપર તેવા જ બાજુબંધ ધાર્યા હતા. ૪૨. કાંડાંમાં જડાઉ કડાં શોભતાં હતાં. દસે આંગળીઓમાં પહેરેલા વેઢ મનને મોહ ઉપજાવતા હતા. ગદા, પદ્મ, શંખ અને ચક્ર, આયુધો ચારે હાથમાં ધાર્યાં હતાં. ૪૩. ચમકતું સોનેરી પીતાંબર પહેર્યું હતું. નંગ જડિત ઝાંઝર ચરણોમાં હતાં. શરીરે કેસરી ચંદન ચરચ્યું હતું. તે સ્વરૂપ દર્શન કરનારાની સાંસારિક પીડાને

હરે તેવું હતું. ૪૪. ચરણતળોમાં શુભ સોળ ચિહ્ન હતાં. તેજોમય નખમણિની પંક્તિ વિશેષ શોભતી હતી. સોનેરી કંદોરો સોહામણો હતો અને તેમાં ઘણી ઘૂઘરીઓ જડેલી હતી. ૪૫. ગોળ નાભિ ઊંડી હતી અને તેના ઉપર પડતી ત્રિવળી દેખનારાને પ્યારી લાગતી. પીપળાના પાનના જેવું પેટ સુંદર લાગતું અને છાતી ઊપડતી અવર્ણ્ય હતી. ૪૬. છાતીમાં શ્રીવત્સનું ચિહ્ન અને ભૃગુ લાંછન પણ હતું. નીલમણિના જેવા શ્યામ સ્તન સોહામણા લાગતા. શંખના જેવો કંઠનો આકાર હતો. તેમાં કૌસ્તુભમણિ પહેર્યો હતો. ૪૭.

સોનાના અને મોતીના હાર છાતી ઉપર બહુ પહેર્યા હતા. મસ્તકે મોતીના તોરા હતા અને નીચે કલગી ઝૂકી રહી હતી. ૪૮. કાનો ઉપર ગુલાબના ગુચ્છ પહેર્યા હતા અને રાજાધિરાજ તે પ્રભુના લલાટની વચ્ચે કેસરી તિલક અનુપમ રીતે સોહામણું લાગતું હતું. ૪૯. ભક્તોના મનને સંતોષવા માટે મુખથી મરક મરક હસી રહ્યા હતા. તેને લીધે ભક્તોના હૃદયમાં અત્યંત પ્રકાશ છવાઈ ગયો હતો. ૫૦. કમળના સમાન નેત્રવાળા તે કૃપાળુ પ્રભુના હોઠ પાકાં ઘિલોડાં અને પ્રવાળાના સમાન હતા. ડાબા કાનમાં એક શ્યામ ચિહ્ન હતું અને જમણા ગાલ ઉપર એક સુખદ તિલ હતો. ૫૧. કે જે દીવાની શિખા, મણિ અને પોપટની ચાંચ જેવી નાસિકાની પાસે હતો. દાડમની કળીઓના જેવા દાંતોની પંક્તિ સુંદર હતી. તે વારંવાર ઝગમગ કરતા તેજમાં ચળકતી હતી. ૫૨.

મુખથી અમૃત સમાન વેણ બોલતા. સુખના ધામરૂપ ઘનશ્યામ પ્રભુના અંગેઅંગમાં સુંદરતા ભરપૂર હતી. શ્રીદામા આદિ પાર્ષદો સેવામાં અખંડ ઊભા હતા. ૫૩. ડાબે પડખે શ્રીધર્મદેવ અને જમણે પડખે ભક્તિમાતા, મહાન દિવ્યરૂપ ધરીને રહ્યા હતાં. તે મુખે વર્ણવી શકાતું નથી. ૫૩. તે સમયે જે ત્યાં નજીકમાં હતા તેમને ચતુર્મુખ, ચતુર્ભુજ અને ચતુષ્પાદ આવા ધર્મનાં દર્શન પણ થયાં. ૫૫. તેમણે શિર ઉપર જડાઉ મુકુટ પહેર્યો હતો અને કાન ઉપર મકરાકૃતિ કુંડળ પહેર્યાં હતાં. બીજાં પણ સોનાનાં ભારે ભારે આભૂષણો પહેર્યાં હતાં. તે ખૂબ જ ચમકતાં હતાં. ૫૬. સાથેના પાર્ષદો પણ ચતુર્ભુજ હતા. તેમના મસ્તકે પણ મોરમુકુટ અને કાનોમાં નંગ જડિત કુંડળ હતાં. તેની શોભાનો કોઈ પાર ન હતો. ૫૭.

*ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના તૃતીય પૂરમાં 'માંગરોળમાં આવેલી પુરાતની વાવનો જીર્ણોદ્ધાર કરી પૂર્તકર્મ કર્યું' એ નામે અઢારમો તરંગ સમાપ્ત ॥૧૮॥*

## પૂર ત્રીજું : તરંગ - ૧૯

### શ્રીહરિએ પોતાનો પ્રતાપ દર્શાવ્યો

વાવના પૂર્તકર્મ વખતે શ્રીસહજાનંદ સ્વામીએ ઘણા પ્રેમથી વિપ્રોને જમાડ્યા અને તેથી બધે જય જયકાર થઈ ગયો. ૧. પ્રથમ ભોજનની સામગ્રી તો થોડી હતી અને વિપ્રો અપાર આવ્યા; પણ સર્વ શક્તિમાન શ્રીહરિએ તે બધાને સારી રીતે જમાડ્યા અને બધા હરિભક્તોને પણ જમાડ્યા. ૨. શ્રીહરિકૃષ્ણ મહારાજનો દિવ્ય પ્રતાપ જોઈને લોકોના મનનાં પાપ બળી ગયાં. અને તેમનાં અંતઃકરણ નિર્મળ થઈ ગયાં. ૩. શ્રીહરિના મહાન દિવ્ય પ્રતાપને જોઈને ચારે વર્ણના મનુષ્યો, "આના જેવા બીજા કોઈ જગત્કર્તા નથી," એમ સમજીને શ્રીહરિને શરણે થયા. ૪. **ચોરી, વ્યભિચાર, દારૂ, માંસ, વટાળ, આત્મઘાત, દેવોની નિંદા અને વિધવાનો સ્પર્શ, એ સર્વને છોડી દેવાં.** કોઈના ઉપર મિથ્યાપવાદ આરોપવો નહિ. વિમુખના મુખથી ભગવાનની કથા પણ સાંભળવી નહિ. ૫.

હરિભક્તોએ ગાળ્યા વિનાનું પાણી કે દૂધ ક્યારેય પીવું નહિ. કારણ કે તે **ગાળ્યા વિનાનાં દૂધ અને પાણી માંસના જેવાં છે, એમ જાણીને તેનો મનુષ્યે ત્યાગ કરવો જોઈએ.** ૬. જેટલી અભક્ષ્ય વસ્તુ કહેવાતી હોય તે બધી વસ્તુઓનો પણ ત્યાગ કરવો જોઈએ. માઝમ અને ગાંજો આદિ કેફી વસ્તુઓને ખાવી નહિ. શ્રીહરિના દિવ્ય પ્રતાપને જોઈને જે નવા સત્સંગી થયા અને શ્રીહરિના ચરણમાં પ્રેમવાળા હતા તેમણે ઉપર કહેલા બધા નિયમો ધાર્યા અને તે પ્રમાણે વર્તવા લાગ્યા. ૭. તેમનું મન ક્યારેય જુગાર વગેરે વ્યસન તરફ પણ જાતું નહિ. નાસ્તિકનો સંગ ક્યારેય કરતા નહિ. તેમજ બ્રહ્મજ્ઞાની (શુષ્કવેદાંતી)નો સંપર્ક પણ રાખતા નહિ. ૮. કુંડાપંથી અને શક્તિપંથીની

પાસે ક્યારેય બેસતા નહિ. પ્રત્યક્ષ ભગાવાન સિવાયની બધી જ વાતોનો તેમના મનમાં અભાવ હતો. ૯.

ઉપર કહ્યા પ્રમાણેનું સદાચારી વર્તન થવાથી તે ભક્તોનાં અંતઃકરણ નિર્મળ દર્પણના જેવાં શુદ્ધ થઈ ગયાં. આ રીતે શ્રીહરિ ભક્તોને શુદ્ધ થયેલા જાણીને તેમની આગળ કેટલીક ધ્યાન સંબંધી વાતો કહેવા લાગ્યા. ૧૦. પછી શ્રીહરિ પોતાનું જેવું સ્વરૂપ છે તેવું સ્વરૂપ ભક્તોને બતાવવા લાગ્યા. સ્વયં પોતાનો પ્રતાપ કહે તો પાપી લોકો તેને માને નહિ. ૧૧. શ્રીહરિ તે સમયે બીજા દ્વારા પોતાનો પ્રતાપ સહુને દેખાડવા લાગ્યા, પણ તે કીડીના મુખમાં કરોડ મણ પકવાન રાખવા જેવું થયું. તેથી કીડીના મુખમાં આપેલું તે પકવાન પેટમાં તો ન સમાય પણ તેના પ્રાણ નીકળી જાય. ૧૨. શ્રીહરિની સાથે અનાદિ મુક્તો આવ્યા હતા. તેના પેટમાં શ્રીહરિના મહાન પ્રતાપરૂપી પકવાન સમાઈ શકતું હતું. શ્રીહરિએ પોતાનું અત્યંત સામર્થ્ય પ્રકટ કર્યું અને અનંત અલૌકિક રીતિ દેખાડી. ૧૩. જ્યારે વરસાદ વરસવા લાગે ત્યારે તે સાર કે અસાર વસ્તુને જોતો નથી. તેના ઘરમાં કાંઈ ખોટ નથી. ગમે ત્યાં અને ગમે તેટલું વરસે છતાં પાણી તો અખૂટ જ રહે છે. ૧૪. જ્યારે ભારે વરસાદ વરસે ત્યારે કાચા ઘરમાં તો પ્રલય થઈ જાય છે. તે વરસાદથી કાચા ઘરવાળાને આનંદ થતો નથી. તેથી તે ભારે વરસાદને દેખીને તો રડવા લાગે છે. ૧૫. જે જે રસાલ પદાર્થ કહેવાય છે તે તે વરસાદ વિના નીપજતા નથી. જ્યારે વરસાદ બિલકુલ ન આવે ત્યારે તો દુષ્કાળ થયો કહેવાય છે. ૧૬. કલ્યાણનો દુષ્કાળ તો ઘણા દિવસો સુધી રહેતો હોય છે. જ્યારે શ્રીહરિ પ્રકટ વિરાજતા હોય તે દિવસોમાં જ તેનો સુકાળ હોય છે. ૧૭. શ્રીહરિએ આ વખતે તો કલ્યાણનો વરસાદ બારમલાર (મલબાર)ના વરસાદની જેમ કર્યો છે. શ્રીહરિ પ્રકટ થયા એટલે કળિયુગ પણ સત્યયુગ જેવો થઈ ગયો છે. ૧૮.

### ❋ માંગરોળમાં શ્રીહરિનો અલૌકિક પ્રતાપ અને દિવ્ય દર્શન :

**हरिगीत :**

**श्रीहरि इच्छा आप आप से प्रताप प्रगट कियो;**
**अनंत अपार न पार जाको सो सामृथ धर लियो;**

**जो जिनके होय ईष्ट देव तिनको ध्यान धरात हे;**
**ईष्टदेव देखाई तिनके आप में लिन करात हे...१९**

શ્રીહરિએ પોતાની સ્વતંત્ર ઈચ્છાથી પ્રતાપ પ્રકટ કર્યો. અનંત પ્રતાપ કે જેનો પાર પામી શકાય નહિ. એવું અનંત સામર્થ્ય પ્રકટ કર્યું. જેના જે ઈષ્ટદેવ હોય તેની પાસે તે ઈષ્ટદેવનું ધ્યાન કરાવતા, તેના ઈષ્ટદેવનાં દર્શન કરાવતા અને પછી તે તેના ઈષ્ટદેવને પોતાના સ્વરૂપમાં લીન કરી દેતા હતા. ૧૯. ઘનશ્યામ શ્રીહરિ નિત્ય સુખ અને પોતાનું અનંત સામર્થ્ય દેખાડતા. પૂર્ણકામ મહાપ્રભુ સંતોની સભામાં આવીને વિરાજમાન થતા. મુખથી "સ્વામિનારાયણ" "સ્વામિનારાયણ" આવું ઉચ્ચારણ કરતા. નિરંતર ધ્યાન, રટન અને સ્મરણની જ વાતો કહેતા. ૨૦. થોડા-ઘણા દિવસો વીત્યા, ત્યાં તો સંતો અને હરિભક્તો શ્રીહરિનું જ ભજન કરવા લાગ્યા. અને તેનાથી પોતાના હૃદયમાં પરમ કૃપાળુ શ્રીસહજાનંદ સ્વામીનાં દર્શન થતાં હતાં. ૨૧.

કેટલાક સંતો અને હરિભક્તોને શ્રીહરિના એક એક રોમમાંથી કરોડો સૂર્ય અને ચંદ્રમાના તેજના સમૂહના જેવું તેજ નીકળતું દેખાતું. ૨૨. તે તેજના મધ્યમાં મનોહર ઘનશ્યામ મૂર્તિનાં દર્શન થાતાં હતાં. જેની અત્યંત નવીન કિશોર અવસ્થા હતી. અંગ ઉપર નવું પીતાંબર ધાર્યું હતું. મણિ જડિત મુકુટ મસ્તકે ધાર્યો હતો. ૨૩. તેના ઉપર ભારે કલગી હતી. તેમાં પણ રમણીય નંગ જડ્યા હતા. કાનોમાં મકરાકાર કુંડળ હતાં. ભગવાને જડાઉ બાજુ ભુજાઓ ઉપર બાંધ્યા હતા. ૨૪.કંઠમાં કૌસ્તુભ મણિ અને છાતી ઉપર વૈજયંતી માળા પહેરી હતી. કૃપાળુ પરમાત્મા દિવ્ય આભૂષણોથી સુશોભિત જણાતા. હોઠ ઉપર રાખીને વાંસળી વગાડતા હતા. વાણી અમૃતમય અને નેત્રો બેય ચપળ હતાં. ૨૫.

### ❋ શ્રીહરિની સર્વોપરીતા કહી :

આ પ્રમાણે શ્રીહરિએ શ્રીકૃષ્ણ સ્વરૂપે દર્શન આપ્યાં, પણ પોતે તો તેથી પર સર્વોપરિ પુરુષોત્તમ જણાયા. ગોલોકધામના મધ્યથી પર જેને સર્વોત્તમ, અક્ષરધામ કહેવાય છે, ૨૬.

चोपाई :

श्रीकृष्ण रूप धरी दर्श देखाया, पर पुरुषोत्तम आप जनाया;
गोलोक के मध्य पर कहावे, ऐसो जो अक्षरधाम रहावे...२६

× × × × ×, × × × × ×;
अक्षरधाम के मध्य अनुपा, अक्षर से कोटि अक्षर रूपा;
ऐसो पुरुषोत्तम को महोला, सब धाम से कोटि अतोला;
सब धाम कुं उपास्य हे तेहा, इन कुं नहिं उपास्य हे केहा...२७

अक्षरातेरतः पर कहावे, जाको महिमा वेद लहावे;
एहि स्वरूप न कोउ दिन आवा, इनके धाम न कोउ जन पावा...२८

તે અક્ષરધામને મધ્યે તેના કરતાં પણ કોટિગણો અક્ષરરૂપ શ્રીપુરુષોત્તમનો બ્રહ્મમહોલ છે. જે બધા જ ધામો કરતાં કોટિ ગણો અજોડ-અનુપમ છે. તેમાં બિરાજમાન પુરુષોત્તમનારાયણ બધાં જ ધામોને માટે ઉપાસ્ય છે. તેમને ઉપાસ્ય કોઈ છે જ નહિ. ૨૭. જે પરમેશ્વરનો મહિમા વેદો **'अक्षरात् परतः परः'** કહીને સમજાવે છે. આ સ્વરૂપ પૂર્વે ક્યારેય આવ્યું નથી અને એના ધામમાં અન્ય કોઈ પહોંચ્યું નથી. ૨૮.

એ સર્વોપરિ મહાપ્રભુ કોઈ અન્યની ઈચ્છાથી નથી આવ્યા, પણ પોતે પોતાની ઈચ્છાથી જ પધાર્યા છે. શંકર, બ્રહ્મા, ઈન્દ્ર અને શેષ વગેરે, એ કોઈનું તેમની આગળ લેશમાત્ર પણ ચાલતું નથી. ૨૯. સુખધામ આવા તે મહાપ્રભુ, આ લોકમાં જેનું નામ પ્રસિદ્ધ હોય તેને સ્વીકારીને અથવા સ્વયં આચાર્ય બનીને પોતાનો સર્વ પ્રકારનો મહિમા કહેવડાવે છે. ૩૦. ભગવાનની લીલા અનંત છે, તેનો પાર કોઈ પામી શકતું નથી. જેને તે ભગવાન જણાવે તે જ જાણી શકે છે. આવું પોકારીને વેદો કહે છે. ૩૧. તે પ્રભુનો પ્રતાપ જેટલો તે જાણે છે તેટલો મુખે કહે છે. પ્રતાપને જાણ્યા વગર તે શું કહે ? ૩૨.

सोरठा : संत संत करत हे बात, प्रताप देखि महाराज को;
सब मुख कह्यो न जात, एसो प्रताप हे आज को...३३

हरि लिये अवतार, अनंत अनंत अनंत ही;
एसो कोउ न वार, प्रताप देखायो लेश ही...३४

મહારાજાધિરાજના પ્રતાપને દેખીને સંતો જે પરસ્પર વાત કરે છે તે સહુને કહી શકાતો નથી. એવો આજના સમયનો શ્રીહરિનો પ્રતાપ છે. ૩૩. શ્રીહરિએ પૂર્વે અનંતાનંત અવતાર લીધા છે, પણ આ વખતે જે પ્રતાપ દેખાડે છે તેનો લેશ પણ પૂર્વ અવતારોમાં દેખાડ્યો નથી. ૩૪.

**मोतिदाम :**

**अनंत प्रताप देखायो अपार, सो कहत कहत आत न पार;**
**अवतारी एक न होत अनंत, ऐसे सब वेद पुरान कहंत...३५**
**प्रताप से जेहि प्रताप अधिक, अधिक सो मानत भक्त रसिक;**
**ज्युं राजा अनेक चक्रवर्ति एक, तेसे कर जानत यह विवेक...३६**

આ વારે શ્રીહરિએ પ્રતાપ અનંત અપાર દેખાડ્યો છે. તે કહેતા પાર આવતો નથી. અવતારી તો એક જ હોય, પણ તે અનંત ન હોય શકે. આવું બધા વેદો અને પુરાણો કહે છે. ૩૫. અન્ય અવતારોના પ્રતાપ કરતાં જેનો પ્રતાપ અધિક હોય, તેને પ્રેમી(રસિક)ભક્ત સર્વાધિક માને છે. જેમ રાજા અનેક હોય છે પણ ચક્રવર્તી તો એક જ હોય છે. **તેમ અવતાર અનંત હોય પણ અવતારી તો એક જ છે.** એમ વિવેક જાણવો. ૩૬.

જેમ વરસાદ સર્વ વનસ્પતિઓને સુખદાયક છે, પણ જવાસો વરસાદના પાણીથી સમૂળો સુકાઈ જાય છે, તેમ જ કુબુદ્ધિ મનુષ્ય હોય છે તે સત્ય વાતને અસત્ય કહે છે. ૩૭. જગતમાં એક એવી અનાદિની રીત છે કે દુર્જન મનુષ્યને સત્યમાં વિશ્વાસ આવતો નથી. ગાયોના ધણમાં રહેલી ગાય સોહામણી લાગે અને ગધેડાના ટોળામાં ગધેડો સારો લાગે. ૩૮. તેમ જ અનેક જાતિઓને અલગ અલગ રીતે વિચારી જુઓ. જે જાતિનો કણ હોય તેમાં જ તે કણ શોભે બીજી જાતનો કણ ઠીક ન લાગે. ૩૯. પોતપોતાની જાતિ-વર્ણમાં બધા શોભે છે. આવો વિવેક શ્રીહરિએ અપનાવ્યો, જે પ્રથમયુગ - સત્યયુગથી ચાલ્યો આવ્યો છે. ૪૦. શ્રીહરિને બધો વિવેક આવડે. અસુરની જાતિ બધું એક કરીને ચલાવે. હંસ નીર અને ક્ષીરનો વિવેક જાણે, પણ બગલો નીરક્ષીરના વિવેક વિના બધું ભેળું જ પીવે. ૪૧.

જ્યારે સૂર્ય ઉદય થાય છે ત્યારે જે વસ્તુ જેવી હોય તેવી બરાબર રીતે જાણી શકાય છે. અત્યારે બહુનામી સહજાનંદ સ્વામીરૂપ સૂર્ય ઉદય પામ્યા છે. ૪૨. અજવાળી હોય કે અંધારી હોય, રાત તે રાત જ કહેવાય. અજ્ઞાન રૂપ રાતમાં બહુ સમય વિતાવ્યો. જ્ઞાનનો દિવસ તો ક્યારેક જ અનુભવાય છે. (દેખાય છે.) ૪૩. બીજી તિથિઓ તો રોજ આવતી હોય છે, પણ કપિલા છઠ (ભાદરવા વદિ છઠે હસ્ત નક્ષત્ર અને વ્યતિપાત સાથે મંગળવાર આવે તેવો દિવસ, આવો યોગ સામાન્ય રીતે બાર વર્ષે આવે છે.) તો ક્યારેક આવે છે. તેમ પૂર્ણ પુરુષોત્તમ ભગવાન તો અનેક યુગો વીત્યા ત્યારે પધાર્યા છે. ૪૪. તે પૂર્ણ પુરુષોત્તમને વેદો 'નેતિ' 'નેતિ' કહીને છૂટી જાય છે તેમ સમજવું જોઈએ. જેમ આકાશના પારને (ગતિને) કોઈ પામે નહિ, તેમ સર્વોપરિ પુરુષોત્તમની મોટપના પારને પણ કોઈ પામે નહિ. ૪૫.

જેમ મેં સાક્ષાત્ જોયું છે અને સાંભળ્યું છે તેમ તે પૂર્ણ પુરુષોત્તમની વાત હવે હું કહું છું. લોકાલોક જેવો જે પર્વત છે તે પણ જે એક હાથે ઉઠાવી શકે છે, ૪૬. તેમના પ્રતાપ જેવો બીજા કોઈનો પ્રતાપ ન હોઈ શકે. દેખતો માણસ હોય તે જાણી શકે છે; પણ તેને આંધળો માણસ માને નહિ. ૪૭. શ્રીહરિએ જેને દિવ્યદૃષ્ટિ આપી હોય તે કંઈક-થોડોક મહિમા જાણી શકે છે, બીજા તો તેમનો દ્રોહ કરે છે. ૪૮. જે એકલો આંધળો હોય તે કોઈ દિવસ જાણી શકે છે અને જે એકલો બહેરો હોય તે કોઈ દિવસ માની શકે છે; પણ જે એક સાથે આંધળો તથા બહેરો બંને હોય, તે અને કુબુદ્ધિ મનુષ્ય ક્યારેય જાણતા-માનતા નથી. ૪૯. જે કોઈ વાતને જાણતો જ નથી તે દ્રોહ પણ શું કરે ? પણ જે જાણીને કે દેખીને ઉત્પાત કરે છે તેને દ્રોહી સમજવો. ૫૦. **શ્રીસહજાનંદ સ્વામીએ સહજ સ્વભાવે અનંત પ્રતાપ દેખાડ્યો, તેથી સહજાનંદ સ્વામીનું નામ સહુથી પર-સર્વોપરિ કહેવાયું. ૫૧. "સ્વામિનારાયણ" આવો શબ્દ ઉચ્ચારતાની સાથે લોકોના મનમાં તેનો મહાન પ્રતાપ દેખાતો. જે કોઈ તેમની મૂર્તિનાં દર્શન કરતા તેને ધારણા, ધ્યાન કે સમાધિ થઈ જતાં. ૫૨.** ચમકના પહાડને દેખીને જેમ તેની પાસે લોઢું ખૂબ જ ખેંચાય છે, તેમ જ સ્વામિનારાયણ શ્રીહરિનાં દર્શન થવાની સાથે જ સમગ્ર માનવ સમાજ તેમના

તરફ ખેંચાતો હતો. ૫૩. આ સમયે અધિકારી કે બિન અધિકારીનો કાંઈ મેળ રહ્યો નહિ. જેને શ્રીહરિનાં દર્શન થયાં તેને યોગ્ય અધિકારી જાણવો. ૫૪. ચક્રવર્તી રાજા જ્યારે પ્રથમ ગાદીએ બેસે છે ત્યારે તે પોતાનો પ્રતાપ અને હુકમ (આદેશ)નો સિક્કો બેસાડે છે. ૫૫. બીજાના પ્રતાપ, આદેશ કે સિક્કાને લેશ પણ ચાલવા દે નહિ ત્યારે તે ચક્રવર્તી કહેવાય છે. તે રીતે જ શ્રીહરિ પોતાની સામર્થી જણાવીને ઉપદેશ કરતા હતા. ૫૬.

***ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના તૃતીય પૂરમાં 'શ્રીહરિએ પોતાનો પ્રતાપ દર્શાવ્યો' એ નામે ઓગણીશમો તરંગ સમાપ્ત ।।૧૯।।***

## પૂર ત્રીજું : તરંગ - ૨૦

## અધર્મના જોરની વાત તથા ચાતુર્માસના નિયમોમાં ધ્યાનનું નિયમ

શ્રીસહજાનંદ સ્વામીએ પોતાનું સામર્થ્ય જણાવવા માટે પોતાનો અનંત પ્રતાપ પ્રકટ કર્યો. તેનાથી અધર્મને મનમાં ઘણી દાઝ થઈ. ૧. પછી તે અધર્મ બારવટુ કરવા માટે બેટમાં જઈને વસ્યો અને ભેખધારી, રાજા તથા પંડિતોમાં આવીને ફેરા મારવા લાગ્યો અર્થાત્ લાગ જોવા લાગ્યો. ૨. અધર્મ ભેખ, રાજા અને પંડિતો દ્વારા જ્યાં ત્યાં વારંવાર આવીને મન કર્મ વચને સત્સંગનો અપાર દ્રોહ કરવા લાગ્યો. ૩. શ્રીહરિએ અધર્મના મૂળને ઉખાડી નાખવા માટે ધર્મ, જ્ઞાનાદિક ગુણોને પોતાનો પ્રતાપ આપ્યો. તે જોઈને અધર્મના મનમાં ઘણો જ સંતાપ થયો. ૪. તેથી અધર્મ કોઈના હૃદયમાં પ્રવેશીને કહેવા લાગ્યો કે "જ્યાં સુધી કળિયુગ હશે ત્યાં સુધી મારું રાજ્ય અચળ રહેશે જ." ૫. ત્યારે શ્રીહરિએ અધર્મને કહ્યું કે, જ્યાં મારું રાજ્ય હોય ત્યાં ક્યારેય તારું રાજ્ય નહીં થાય. જ્યાં મહાપાપ થતાં હોય ત્યાં તને નિવાસ આપ્યો છે. ૬. તારે મારા ભક્તોની રક્ષા કરવી અને તેનાથી રાત દિવસ ડરતા રહેવું. મનુષ્યની જાતનો કોઈ પણ હોય, થોડો અપરાધ હોય તો તારે તેને મારવો નહિ. ૭. કદાચ કોઈ સત્સંગનો દ્રોહ કરે, તો તેનું જે તેજ હોય તે તારે

હરી લેવું. શ્રીહરિએ આવી આજ્ઞા કળિયુગને આપી. ૮. કદાચ કોઈ અધમ જાતિનો હોય તો પણ તેણે નીતિમાં ચાલવું. જો તે નીતિને મૂકી દે, તો તેનો ઉદ્ધાર નથી. જે સત્યનિષ્ઠ રહીને લે છે કે દે છે એવી સર્વે પ્રજાની તારે રક્ષા કરવી. ૯. તારું રાજ્ય રહે ત્યાં સુધી તારે ક્યારેય વધારે પડતો લોભ કરવો નહિ. જે જે કામ કરવું હોય તે પોતાની પહોંચને વિચારીને જ કરવું. ૧૦. વધારે પડતો લોભ પાપનું મૂળ છે, તેનાથી તો સમૂળગું રાજ્ય જ જતું રહે. ક્યારેય સત્સંગનો દ્રોહ કરવો નહિ. ભૂલથી પણ સત્સંગના દ્રોહને માર્ગે ચાલવું નહિ. ૧૧.

### ✵ કૃતઘ્નીપણાનો કરે ત્યાગ, તો થાય હરિમાં અનુરાગ :

જેને આધારે મોટી પદવી મળી હોય તેનો દ્રોહ ક્યારેય કરવો નહિ. જો કોઈ તેનો દ્રોહ કરે તો તેને કૃતઘ્ની જાણવો. ૧૨. હવે હું કૃતઘ્નીની વાત કહું છું, જે મહાભારતમાં સ્પષ્ટપણે (સાક્ષાત્) શરભાખ્યાનના નામે લખી છે. તે તારા હિતમાં છે અને સુખના ઘરરૂપ છે. ૧૩. એક કોઈ મોટુ અને પવિત્ર વન હતું. તેમાં એક ત્રિકાળ જ્ઞાની યોગી રહેતા હતા. ફળ, ફૂલ, મૂળ કે પાદડાં, દેશકાળ પ્રમાણે જે મળે તે દિવસમાં એક વાર ખાતા. ૧૪. તે યોગીની સાથે જંગલી પશુઓ પણ અપાર રહેતાં. તે બધાનું વર્તન પણ મુનિના જેવું હતું. તે બધાની સાથે એક કૂતરો (શ્વાન) શિષ્ય ભાવે રહેતો. ૧૫. તેની વૃત્તિ તે યોગી-મુનિના જેવી હતી. તે કૂતરાને મુનિની સેવા કરવામાં ઘણો સ્નેહ હતો. જેમ મુનિ કહે તેમ તે કરતો. મુનિનાં વચન બહાર પગ મૂકતો નહિ. ૧૬.

કૃપાળુ મુનિએ તે કૂતરાને અનન્ય શિષ્ય જાણીને તેના માગ્યા પ્રમાણે ઊંચામાં ઊંચી પદવી તત્કાળ આપી. ૧૭. બધાં પશુઓમાં શરભની પદવી ઘણી ઊંચી ગણાય. તે કૂતરાને તરત આપી કે જેના સમાન શક્તિશાળી બીજું કોઈ નથી. અર્થાત્ તે કૂતરાને તરત શરભ બનાવ્યો.૧૮. પછી તે શરભ અનેક જાતિનાં પશુઓનું માંસ ખાઈને તે ઘણો બળવાન થયો. પછી ગુરુજીનું (મુનિનું) માંસ કેવું હશે ? એવી જિજ્ઞાશા રાખી તેણે મુનિને મારવાની મનમાં ઈચ્છા કરી. ૧૯. ત્યારે મુનિએ તેની આંખોને દેખી. તે સમજી ગયા કે આ મને મારવા ચાહે છે. તેના ચેન-ચાળા જોઈને મુનિએ અજાણ્યા રહીને પૂછ્યું.

૨૦. અરે ! તું મનમાં શું વિચારે છે ? મને નિષ્કપટ થઈને કહે. ત્યારે તે શરભે કહ્યું, આપને મારવાનું મને મન થયું છે. તે સાંભળીને મુનિએ તેને હતો તેવો ને તેવો કૂતરો કરી દીધો અને કૃતઘ્ની જાણીને પોતાના આશ્રમના સ્થાનમાંથી કાઢી મૂક્યો. આ વાતને ધ્યાન દઈને સાંભળો. ૨૧.

**हरिगीत :**

**ईश्वरता पावत तेहि मद आवत एसी वात अपार हे;**
**मद न आवत ईश्वर मांहिं, एहि वात निरधार हे;**
**मद न आवत बात एसी कहूँ अधर्म धारी के;**
**मन क्रम बचन करीके सो तुम लिजे विचारी के...२२**

ઐશ્વર્ય પ્રાપ્ત થાય એટલે મનુષ્યને મદ-ગર્વ આવે છે, આવી વાતો તો અપાર છે. અને તે વાત પણ ચોક્કસ છે કે એક પરમેશ્વરને જ કોઈ જાતનો મદ આવતો નથી. મદ ન આવે એવી વાત હું કહું છું. કોઈ મદ કરે તો અધર્મ આવે છે, તેમ તમે મન, કર્મ અને વચનથી વિચારી લો. ૨૨.

**चोपाई :**

**अपने हाथ नहिं कोउ बाता, ईश्वर धार्यो त्युं हो जाता;**
**अपजस मिले आपनकुं जोई, जस मिले ईश्वर कुं सोई...२३**
**ईश्वर में अपजस नहिं लेशा, ईनकुं कबहु न आवत क्लेशा;**
**पालत उपजात करत जग नाशा, एसे ईनके सेज तमाशा...२४**

કોઈ વાત આપણા હાથમાં નથી. બધું પરમેશ્વરનું ધાર્યું જ થાય છે. અપયશ આપણને મળે છે અને યશ પરમેશ્વરને મળે છે. ૨૩. પરમેશ્વરને એક લેશમાત્ર પણ અપયશ મળતો નથી. અને તેમને ક્યારેય કલેશ-દુઃખ આવતું નથી. આ જગતની ઉત્પત્તિ, પાલન અને પ્રલય કરવો તે તો તેમને માટે એક સહજ તમાશો, ખેલ-લીલા છે. ૨૪.

**ऐसे अनंत कोटि ब्रह्मंडा, बनी रहि सो लीला अखंडा;**
**तिनको वाद करत नर जोउ, सो पापि महा होत हे सोउ...२५**
**ईश्वर कहे सो तेहि बिध करना, तिनको आचरन नहिं अनुसरना;**
**कहाँ भोज राज कहाँ गांगा तेली, ईनकी देना लालच मेली...२६**

આવાં અનંત કોટિ બ્રહ્માંડો, તેમની અખંડ લીલા બની રહ્યાં છે. જે મનુષ્ય તે બાબતમાં તર્ક કરીને વાદવિવાદ કરે છે તે તો મહાન પાપી ગણાય છે. ૨૫. પરમેશ્વર કહે તે પ્રમાણે વર્તન રાખવું જોઈએ, પણ તેમના આચરણનું અનુકરણ કરવું જોઈએ નહિ. "ક્યાં રાજા ભોજ અને ક્યાં ગાંગો તેલી !" રાજાને લાલ ચમેલી યોગ્ય છે પણ તેલી-ઘાંચીને તે યોગ્ય નથી. ૨૬.

જ્યાં સુધી તે પરમેશ્વરને આધીન-આજ્ઞામાં રહે ત્યાં સુધી તેનું ઐશ્વર્ય ટકી શકે છે. શ્રીહરિની આટલી વાત સાંભળીને કળિયુગ-અધર્મ પાપીના ઘરમાં જઈને વસ્યો. ૨૭. શ્રીસહજાનંદ સ્વામીએ અનંત જીવોને પોતાને આશરે લીધા. તેઓ સહુને ધ્યાન કરવા બેસાડતા. હૃદયમાં મનની વૃત્તિનો નિગ્રહ કરીને એકાગ્ર કરતા. ૨૮. "સ્વામિનારાયણ" મંત્રનો જપ કરાવતા અને તે સમયે પોતાના સ્વરૂપનાં દર્શન કરાવતા. તેજસ્વી મુક્તો પાસે રહ્યા હોય એવી અપાર તેજોમય મૂર્તિનાં દર્શન કરાવતા. ૨૯. અત્યંત તેજોમય તે જગ્યા દેખાતી કે અનંત સૂર્ય અને ચંદ્રમા તેના શા લેખામાં ! તે મહાન સુખમય ધ્યાનમાં બેઠા હોય ત્યારે તેને ઉઠાડતા પણ ઊઠે નહિ, તેનો વારો પણ આવતો નહિ. ૩૦.

**तब हरि तेहि उठावन काजा, तिनको नाम लेत महाराजा;**
**नेत्र नेत्र तेहि जोरी स्वामी, ध्यान सुँ उठावत बहुनामी...३१**
**तिनकी आगे करावत बाता, ध्यान में जो देखि साक्षाता;**
**सो बोलत हे सब हि ईमा, यह मूर्ति हे सबकी सीमा...३२**

ત્યારે તેને ઉઠાડવાને માટે તેનું નામ લઈને બોલાવતા. ધ્યાનમાં બેઠેલાનાં નેત્ર સાથે પોતાનાં નેત્રની વૃત્તિને જોડીને તેને બહુનામી શ્રીહરિ ધ્યાનમાંથી ઉઠાડતા. ૩૧. જે ધ્યાનમાંથી ઊઠે તેની પાસે તેણે જે ધ્યાનમાં અનુભવ્યું હોય તેની વાત કરાવતા. તેઓ એમ કહેતા કે જે આ શ્રીહરિની મૂર્તિ છે તે સહુની સીમા છે, સર્વોપરિ છે. ૩૨.

**इहाँ देखावत साधु जैसे, धाम में हे तेजोमय तैसे;**
**अनंत ब्रह्मा अनंत भव जाहि, हाथ जोरी रहे ईनकुं ताई...३३**

અહીંયાં આ સાધુઓ જેવા દેખાય છે તેવા જ બધા ધામમાં છે અને અત્યંત તેજોમય છે. અનંત ભવ, અનંત બ્રહ્મા વગેરે મોટા દેવો આ શ્રીહરિની આગળ હાથ જોડીને ઊભા હોય છે. ૩૩. અનંત પ્રદ્યુમ્ન, અનિરુદ્ધ અને સંકર્ષણ જેવા મહાન બળવાન ઈશ્વરો, અને ચતુર્ભુજ બધા પાર્ષદો પણ આ શ્રીહરિની આગળ હાથ જોડીને ઊભા હોય છે. ૩૪. ધામમાં એક રત્ન જડિત સિંહાસન છે. તેના ઉપર આ શ્રીહરિ વિરાજે છે. રાધા અને લક્ષ્મી આદિ અનેક શક્તિઓ પ્રેમભાવથી આ શ્રીહરિની મૂર્તિની પાસે બેઠેલી હોય છે. ૩૫. અનંત અને અપાર ગોવાળોનાં વૃંદ મળીને ત્યાં આ શ્રીહરિના જ ગુણોનું ગાન કરે છે. વિવિધ પ્રકારનાં વાજિંત્ર વાગતાં હોય છે, તેનો ધ્વનિ એક સરખો ચાલું રહે છે. ૩૬.

ત્યાં એક અત્યંત તેજસ્વી-તેજના પુંજ જેવું મંદિર છે. તેની ચારે બાજુ કુંજ છે. વિવિધ પ્રકારનાં વૃક્ષો પણ છે. તે બધાં કલ્પવૃક્ષની જાતિનાં જ છે. ૩૭. તેના ઉપર કાયમને માટે ફૂલો અને ફળ રહેલાં જ હોય છે. અને તેની છાયા પણ અત્યંત શીતળ અને સોહામણી હોય છે. અનંત પ્રકારનાં પક્ષીઓ પણ અજોડ હોય છે, જે મધુર અને રસાળ વાણી બોલતા હોય છે. ૩૮. ત્યાંની ભૂમિ બધી કંચનમય છે. તેનું અપાર તેજ ઝગમગતું રહે છે. અને તેમાં અનંત પ્રકારના મણિ ઝગમગ ઝગમગ તેજથી ચમકતા હોય છે. ૩૯. અમે જેવું ત્યાં દેખ્યું છે તેવું અહીં અમને કહેતા આવડતું નથી. ધામની તે અદ્‌ભુત શોભા એવી સુખરૂપ લોભામણી છે કે તેને છોડીને એક પળવાર પણ ત્યાંથી ખસી શકાતું નથી. ૪૦.

**सोरठा : रामानंदस्वामी जोय, तेहि शिष्य आदिक अनंत;**
**महा मुक्त सब सोय, ध्यान करत यह मूर्ति को...४१**
**यह मूर्ति की सेव, अर्चन बंद करत सब;**
**महा देवन के देव, इनके दास होईके भजत...४२**

સદ્‌ગુરુ શ્રીરામાનંદસ્વામી, તેમના શિષ્યો અને અનંત મહામુક્તો, એ બધા આ મૂર્તિનું જ ધ્યાન કરે છે. ૪૧. તે બધા આ મૂર્તિની જ સેવા-પૂજા અને વંદના કરે છે. મોટા દેવોના દેવો પણ આમના દાસ થઈને ભજે છે.

૪૨. અમે અનંત દિવ્ય સ્થાનો તથા ધામો જોઈને આવ્યા છીએ. જ્યાં જુઓ ત્યાં આ મૂર્તિનાં જ ગુણગાન થાય છે. સહુ આ મૂર્તિનું જ રટણ અને ધ્યાન કરે છે. સહુને આ મૂર્તિ ઉપર જ તાન છે. ૪૩.

**❋ શ્રીહરિના અમોઘ પ્રતાપનું વર્ણન :**

**एहि मूर्ति महिं तेज अपार, भरे सो आवत न वार हि पार;**
**ईनसे होत अनंत अवतार, एसे हम देखे जो एक हि वार...४४**

એ મૂર્તિમાં એટલું બધું મહાન તેજ ભર્યું છે કે તેનો પાર આવતો નથી. આ મૂર્તિમાંથી અનંત અવતારો થાય છે એમ અમે એકવાર જોયું છે. ૪૪ શ્રીસહજાનંદ સ્વામી, જે બહુનામી છે, તેઓ દિન પ્રતિદિન આવી લીલાઓ કરતા. બધા સંતોને મહાન આનંદ પ્રાપ્ત થતો. દેશાવરમાં વિચરતા સંતો પણ માંગરોળ આવતા. ૪૫. ચારે ધામમાં જે વિચરણ કરતા હતા તે મરીચિ આદિ ઋષિઓનાં મંડળ પણ અહીંયાં માંગરોળમાં આવીને મળ્યાં. સનતસુજાત આદિ અઠ્યાસી હજાર ઋષિઓ, જે મહાન તપોબળ સંપન્ન હતા. તેઓ પણ માંગરોળમાં આવીને શ્રીહરિને મળ્યા. ૪૬. મનમાં અત્યંત ઉમંગ ધરાવતા તેઓ સુત પુરાણીને પણ સાથે લાવ્યા. શ્રીહરિનો મહા અદ્‌ભુત અવતાર થયો છે એવું જાણીને તે સહુ આવ્યા. ૪૭. તેમણે નૈમિષારણ્યને છોડી દીધું અને અહીં આવીને શ્રીહરિમાં હેત કર્યું. 'સ્વામિનારાયણ' મંત્રનું ભજન જોઈને, તેને પ્રત્યક્ષ પ્રમાણ માનવા લાગ્યા. ૪૮. માંગરોળમાં રત્નાકર-સાગરને નજીકની તે 'જગ્યા' શ્વેતદ્વીપના જેવી સોહામણી બની હતી. ત્યાં શ્રીહરિને રહેવાનું સ્થાન (મંદિર) સારું હતું અને તેની પાસે જ સુખરૂપ વડલાનું ઝાડ શોભતું હતું. ૪૯. અને વડલાની વિશાળ છાયામાં મોટા સંતોએ ઉતારો કર્યો હતો. સહુ એક વખત ભોજન કરતા. ફરી વાર કોઈ જમતા નહિ. ૫૦.

તે દિવસોમાં બધા સંતો શ્રીહરિની સાથે સમુદ્રસ્નાન કરતા. નિત્ય નવી જળક્રીડા કરતા અને દર્શન કરનારાની સાંસારિક પીડાઓને શમાવી દેતા. ૫૧. ક્યારેક જળમાં જ પ્રેમથી કીર્તન ગવડાવતા અને સહુ સંતોને રાજી કરતા. પાણી ઉછાળીને પરસ્પર છાંટતા. અને મુખે જય જય બોલીને ધૂન કરતા. ૫૨. સમુદ્રના પાણીમાં ઘણે દૂર સુધી જઈને સ્નાન કરતા. એમ સ્નાન કરતા

તૃપ્ત થતા નહિ. શ્રીહરિ ડૂબકી મારીને પાણીમાં ઘણીવાર સુધી રહેતા. એક પહોર વારે (૩-કલાકે) પાણી બહાર નીકળતા. ૫૩. સમુદ્રે શ્રીહરિને પોતાના ભવનમાં પધરાવ્યા. હરખભેર પૂજા કરી. અંગો ઉપર કેસરચંદન ચરચ્યું. તેના મનમાં ઉમંગ ઘણો હતો. ૫૪. લાખ લાખની કીમતનું એક મોતી હતું. તેવા મોતીનો સુંદર હાર, તોરા અને બાજુબંધ, તે સમયે સમુદ્રે પહેરાવ્યા. ૫૫. મસ્તક ઉપર નંગજડિત મુકુટ અને નંગ જડાઉ કુંડળ પણ ઘણા પ્રેમથી પહેરાવ્યાં. આમ સમુદ્રે બધા પ્રકારનો લાભ લીધો. ૫૬. ક્યારેક શ્રીહરિ નવી નૌકામાં બેસીને સમુદ્રમાં જળક્રીડા કરવા જતા. હરિભક્તોને સુખ આપવાનો મનમાં ઘણો જ ઉત્સાહ રાખતા. ૫૭. શ્રીઘનશ્યામ હરિ સંતમંડળની સાથે ખૂબ જ નાહીને ધૂમધામ મચાવતા પાછા પોતાના આશ્રમમાં આવતા. ૫૮.

જેનો મહિમા જગપ્રસિદ્ધ છે એવી અષાઢ સુદિ દેવશયની એકાદશી આવી. તે જાણીને સમગ્ર હરિભક્તોના મનમાં ઘણો જ ઉત્સાહ વધ્યો. ૫૯. ગામેગામના હરિભક્તોના સંઘ મળીને પૂર્ણચંદ્ર સમાન શ્રીહરિનાં દર્શન કરવા માંગરોળ આવ્યા. અને સહુએ ચાતુર્માસના વિશેષ નિયમો યથાશક્તિ જોઈ વિચારીને લીધા. ૬૦. તે નિયમમાં ભગવાનની કથાનું શ્રવણ કરવું, પ્રેમપૂર્વક કથા વાંચવી, ભગવાનના ગુણોનાં કીર્તન ગાવાં, મહાપૂજા કરવી, મંત્રોનો જપ કરવો, સ્તોત્રોનો પાઠ કરવો, ભગવાનને પ્રદક્ષિણા કરવી અને સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કરવા; એ આઠમાંથી એક નિયમ ઉત્તમ જાણીને રાખ્યું. ૬૧-૬૨. શ્રીહરિએ તે સાંભળ્યું અને ભક્તોની અધિક શ્રદ્ધા જાણીને પોતાની ઇચ્છાથી રાજી થઈને એક નિયમ વધુ આપ્યો. ૬૩. રસરૂપ એવી પ્રત્યક્ષ મૂર્તિનું નિત્ય ધ્યાન કરવું અને પ્રત્યક્ષ મૂર્તિને જેવી રીતે આંખે દેખી હોય તેવી રીતે અનુપમ મહિમા જાણીને નિત્ય સંભારવી. ૬૪.

***ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના તૃતીય પૂરમાં 'અધર્મના જોરની વાત તથા ચાતુર્માસના નિયમોમાં ધ્યાનનું નિયમ' એ નામે વીશમો તરંગ સમાપ્ત ॥૨૦॥***

## પૂર ત્રીજું : તરંગ - ૨૧

## જન્માષ્ટમીનો મહોત્સવ તથા શ્રીહરિની મૂર્તિનું નખશિખ વર્ણન

હરિભક્તો સહુ સમાધિમાં જે રીતે આશ્ચર્યરૂપ દર્શન કરતા હતા, તેને હું હવે કહું છું. ૧. અષ્ટાંગ યોગ સાધી સાધીને અનંત યોગીઓ મરી ગયા, તોપણ તેઓ એવા સમાધિનિષ્ઠ થયા ન હતા કે જેવા આ સમયે સામાન્ય જીવો પણ સમાધિને પામ્યા હતા. ૨. હવે હું તે આશ્ચર્યકારી વાત કહું છું કે જે ક્યારેય સાંભળી પણ ન હોય. સાક્ષાત્ શ્રીહરિની ઈચ્છાથી જ તે સમાધિ થતી હતી. ૩. શ્રીહરિએ સમાધિ પ્રકરણમાં અપાર સામર્થ્ય દેખાડ્યું તેમાંથી આ લેશમાત્ર જ લખું છું. બધું લખે પાર આવે તેમ નથી. કારણ કે સામર્થ્ય અપાર અપાર ને અત્યંત અપાર છે. ૪.

**चोपाई :**

**ध्यान धारना करत नरनारी, सबकुं समाधि भई तेहि वारी;**
**निज देह में अनंत हि स्थाना, देखन लगे धरत हि ध्याना...०५**
**जो जो चितवे चित्त में लाई, सो सब देखत हे जन ताई;**
**जो जो लोक की रचना जेसी, समाधि में सब देखत तेसी...०६**

જે નરનારીઓ ધારણા અને ધ્યાન કરતાં હતાં તે બધાંને સમાધિ થઈ જતી. ધ્યાન ધરતાની સાથે જ પોતાના શરીરમાં અનંત સ્થાન દેખાવા લાગ્યાં.૫. ધ્યાન કરનાર મનુષ્ય પોતાના ચિત્તમાં જે જે ચિંતવન કરતા, તેને તે બધું દેખાતું. જે લોકની જેવી રચના હોય તે પણ બધી સમાધિમાં તેવી જ દેખાતી. ૬. લોકપાળોની અને બધા દેવતાઓની વાતોને ધ્યાનમાં દેખીને પછી પ્રત્યક્ષ કહેતા હતા. જેમ દર્પણની સામે જે વસ્તુ રાખે, તે તેવી જ દેખાય છે, તેમ સહુ પોતાના ચિત્તમાં જેવું ચિંતવે તેને તે તત્કાળ તેવું જ દેખવામાં આવતું. પછી તે દેખનારા સહુ તે અલૌકિક વાતને સમાધિમાંથી બહાર આવીને કહી બતાવતા. તેને સાંભળીને સમાજમાં તેનો અત્યંત ઉદ્‌ઘોષ થયો. ૭-૮.

### ❋ શ્રીહરિએ પોતાના પ્રતાપથી મતવાદીઓનો પરાજય કર્યો :

માંગરોળના નગરવાસી જે મતમતાંતરને માનનારા હતા તે બધા અપરંપાર ભેળા મળીને આવ્યા. તે શૈવ, શક્તિપંથી-કૌલાગમને માનતા,

નાસ્તિકો, બહુ પ્રકારના વૈષ્ણવો, બધા એક થયા. ૯. બ્રહ્મજ્ઞાની(અદ્વૈતી)ઓ, મુસલમાનો, પ્રણામી, કબીરપંથી, આ બધા મતપંથીઓના ગુરુઓ, જેઓ શ્રીહરિને જીવન્મુક્ત કહેતા હતા, તે સહુ શ્રીહરિને જીતવા ચાહતા હતા. ૧૦. વૈદિક ભટ્ટ અને પંડિતો, ભૈરવ, ભૂત, પ્રેત વગેરેને સાધીને મૂઠ-ચોટ નાખનારા, મંત્ર-જંત્ર કરનારા વગેરે જે કોઈ હતા, તે બધા શ્રીહરિને જીતવાનું ધારીને તેમની પાસે આવ્યા. ૧૧. દયાળુ શ્રીહરિએ તે સહુને દેખ્યા, તેમને બોલાવીને પાસે બેસાડ્યા. અંતર્યામી શ્રીહરિએ તેમના મનની વાત જાણી લીધી. પછી પ્રથમ બોલ્યા, તમે બધા દિલમાં શું ધારીને અહીંયાં આવ્યા છો ? તમે જ બોલો, એટલે અમને ખબર પડે. જ્યારે તે સહુએ શ્રીહરિને જોયા ત્યારે તેની બુદ્ધિમાં કાંઈ સૂઝ્યું જ નહિ. બુદ્ધિ શૂન્ય થઈ ગઈ, માનો તેમાં અંધારું વ્યાપી ગયું હોય ! ૧૨-૧૩.

સહુએ પોતપોતાના મતાનુસારે પ્રશ્ન પૂછ્યા, તેના ઉત્તર સરસ રીતે શ્રીહરિએ કહ્યા. તે સાંભળીને સહુને આશ્ચર્ય થયું. અરે ! આની વાત તો અકળ છે, કળ્યામાં આવતી નથી. ૧૪. તે મતવાદી ગુરુઓએ પોતાનું પરાક્રમ દેખાડવા પ્રયાસ કર્યો, પણ શ્રીહરિની આગળ તેમનું લેશમાત્ર પણ ચાલ્યું નહિ અને તેઓ ઝાંખા પડ્યા. ૧૫. સૂર્યની આગળ આગિયો પોતાનો પ્રતાપ શું જણાવી શકે ! તે રીતની જ બધાની સ્થિતિ થઈ. મુખથી કાંઈ બોલી શક્યા નહિ. ૧૬.

**सोरठा : उद्धव मत हि बीन, ओर मत सब मृतक सम;**
**देखाये हरि प्रबीन, श्रुति स्मृति बचन कर...१७**
**शुध रे'नि रहे जाय, शुद्ध मत सब ताहि कहत;**
**अधर्म मत रत ताय, अधर्म मत सो कहत सब...१८**

વિચક્ષણ શ્રીહરિએ શ્રુતિ-સ્મૃતિનાં વચન બતાવીને ઉદ્ધવ સંપ્રદાય સિવાયના બીજા બધા મતોને મરી ગયા હોય તેવા નિસ્તેજ કરી દીધા. ૧૭. જેની રહેણી-કહેણી શુદ્ધ હોય તે સંપ્રદાયને શુદ્ધ કહેવાય છે; પણ જે મતમાં લોકો અધર્મરત રહેતા હોય તે મતને તો સહુ અધર્મમત જ કહે છે. ૧૮. જેમાં જેટલા ગુણ હોય કે દોષ હોય, તે તેવા કહેવાય છે. ગુણ ઉપરથી જાણી

શકાય છે કે આ મત સુમત છે અને આ મત કુમત છે. સોનાને અને પીતળને તપાવવામાં આવે તો અગ્નિ જ તેનું ખરું સ્વરૂપ બતાવી દે છે. જ્યારે કામમાં જરૂર પડે ત્યારે બધું જણાઈ આવે છે, કોને કેટલું હેત છે અને કોને હેત નથી. ૧૯. શ્રીહરિએ પોતાનો પ્રતાપ દેખાડીને સહુ મતપંથીઓનો પરાજય કર્યો. આ વખતે પ્રભુએ સંપૂર્ણ શક્તિ ધારી છે. અકળ સામર્થ્ય ધાર્યું છે. આ સમયે સામર્થ્ય બહુ દેખાડ્યું. જોકે મચ્છ, કૂર્મ અને વરાહ આદિ અવતારો તો ઘણા જ લીધા છે, પણ આવું સામર્થ્ય પૂર્વે ક્યારેય દેખાડ્યું નથી. ૨૦.

ગુરુઓ અત્યંત અધર્મી થયા. ત્યારે દૈવી લોકો તેને અધર્મથી રોકવા લાગ્યા. તેને દેખીને શ્રીહરિએ પોતાનો પ્રતાપ પ્રકટ કર્યો. ૨૧. બહુનામી શ્રીહરિ માંગરોળમાં ચાતુર્માસ રહ્યા અને ત્યાં સનાતન ધર્મની સ્થાપના કરી. પતિત લોકોનો ઉદ્ધાર કરવામાં શ્રીસહજાનંદ સ્વામી ઘણા જ ઉદાર સાબિત થયા. ૨૨. નર અને નારી, સહુનો ઉદ્ધાર કરવા માટે ખૂબ જ કરુણા કરીને શ્રીહરિ પ્રકટ થયા. શ્રીહરિએ માંગરોળમાં રહીને જન્માષ્ટમીનો ઉત્સવ કર્યો. ૨૩. દેશ દેશાવરથી સમૈયામાં હરિભક્તો આવતા. શ્રીહરિનાં દર્શન કરીને સૌ ખૂબ જ ખુશી થતા. ભક્તો દર્શન કરવા આવે ત્યારે શ્રીહરિ પહેલાં તેનું ગામ પૂછતા અને પછી તેનું પોતાનું નામ પૂછતા. ૨૪.

શ્રીહરિ હસતા હસતા ભક્તોની છાતી ઉપર ચરણ ચાંપતા હતા. દર્શન કરીને ભક્ત જ્યારે પાછો ફરે ત્યારે હેત કરીને તેની પાસે કાંઈ માગતા હોય તેમ બોલે. તમે બધા હરિભક્તો દર્શન કરવા આવ્યા છો, તો અમારે માટે શું લાવ્યા છો ? શ્રીહરિ પ્રેમથી આવું વારંવાર કહીને સૌ ભક્તોને હેતથી હસાવતા. ૨૫-૨૬. કોઈ ભક્ત કાંઈ મેવા-મીઠાઈ લાવ્યા હોય તો તેને યાદ કરાવી આપતા. આવા સુખદાયક શ્રીસહજાનંદ સ્વામી પોતાનું ભક્તવત્સલપણું જણાવતા હતા. ૨૭. સાક્ષાત્ લક્ષ્મીજી છએ રસથી ભરપૂર થાળ લઈને પ્રેમથી સન્મુખ ઊભાં હોય તો તેની સામે નિહાળીને દેખતા પણ નથી અને આ બાજુ સુખકારી શ્રીહરિ ભક્તજનોને યાદ કરાવી દઈને પણ રાજી કરતા-સુખ આપતા. ૨૮.

**जिहाँ जेहि घटित आवत देखि, तिहाँ तिनकुं उतरावत लेखि;**
**सो कबहु तेहि भूल न जावे, चाये तेसी प्रवृत्ति रहावे...२९**
**एसे सहज स्वभाव हरि केरा, भूल न पावत कोउ बेरा;**
**कृपासिंधु हरि परम दयाला, करत करुना अप्रेरित कृपाला...३०**

ઉત્સવ વખતે કોઈ હરિભક્તને આવેલા દેખે એટલે જેને જ્યાં યોગ્ય હોય ત્યાં તેને ઉતારો કરાવતા. ચાહે તેટલી પ્રવૃત્તિ હોય પણ તે ક્યારેય ભૂલતા નહિ. ૨૯. શ્રીહરિનો આવો સહજ સ્વભાવ હતો તેથી ક્યારેય ભૂલી જતા નહિ. કૃપાસિંધુ શ્રીહરિ પરમ દયાળુ હતા, તેથી ભક્ત ઉપર કૃપાળુ શ્રીહરિ અપ્રેરિત કરુણા કરતા હતા. ૩૦. જન્માષ્ટમીને દિવસ ઘણો ભારે ઉત્સવ થયો. જેવો અક્ષરધામમાં ઉત્સવ થાય છે તેવો ઉત્સવ ત્યારે થયો. ૩૧. ભક્તોને ખુશી કરવા વિવિધ પ્રકારનો મંડપ કરાવ્યો, તેમાં નંગ જડિત સોનાના સ્થંભ મુકાવ્યા. બધી જ રીત અલૌકિક હતી. ૩૨. તે મંડપની વચ્ચે એક નંગ જડિત સિંહાસન હતું. તેનું તેજ ઝગમગી રહ્યું હતું અને શોભાનો કોઈ પાર ન હતો. ૩૩.

**⁕ મૂર્તિ વર્ણન :**

કરુણાનિધિ અને સુખધામ આવા ઘનશ્યામ શ્રીહરિ તે સિંહાસન ઉપર વિરાજમાન થયા અને તેમણે અલૌકિક શોભા ધારી હતી. તેમના અંગ ઉપર કેસરમિશ્રિત ચંદન ચરચ્યું હતું. ૩૪.

**चोपाई :**

**कुंद की पाग बडि शिर धारे, चंचल लोचन मोहन प्यारे;**
**गुछ गुलाबि करन में दोउ, मंद मंद मुख हसत हि सोउ...३६**
**केशर चंदन चरचीत भाला, चतुराई कर भक्त रसाला;**
**कुंकुम चंद्र भाल बिच कीने, महा शोभा हरि धर लीने...३७**

જાઈ, ચમેલી અને મોગરો વગેરે વિવિધ પ્રકારનાં ફૂલના હાર, બાજુબંધ અને તોરા, ચિત્તને ચોરે એવા શ્રીહરિએ અંગ ઉપર ધાર્યા હતા. ૩૫. મસ્તક ઉપર મોગરાની મોટી પાઘ પહેરી હતી. મોહક ચંચળ નેત્ર પ્યારાં લાગતાં હતાં. કાન ઉપર ગુલાબના ફૂલના ગુચ્છ હતા. અને પોતે ધીરે રહીને મરક મરક મુખથી હસતા હતા. ૩૬.

ભક્તોએ ચતુરાઈથી સરસ કેસરી ચંદન લલાટ ઉપર ચરચ્યું હતું. વચ્ચે કુંકુમનો ચાંદલો કરીને શ્રીહરિએ મહાન શોભા ધારી હતી. ૩૭. એક સરખા બંને કાન સોહામણા હતા. તેમાં ડાબા કાનમાં શ્યામ બિંદુ (ચિહ્ન) હતું. અને બંને કાનમાં મકરાકૃતિ કુંડળ હતાં. તે એવા છટાદાર હતાં કે તેનાથી કામદેવનું પણ માન તૂટી જતું હતું. ૩૮. નાસિકા દીવાની જ્યોત, મણિ અને પોપટની ચાંચ કરતાં પણ અધિક નમણી લાગતી. તેની સુંદરતાનું વર્ણન કરતા આવડતું નથી. તેની પાસે જ જમણે ગાલે અમૂલ્ય લાલ રંગનો તિલ હતો. ૩૯. હોઠ પાકા ઘિલોડાના જેવા સારા સરસ અને એક સરખા હતા. વચનરૂપી અમૃતની ધારા વરસતી હતી. દાંતોની પંક્તિ તેજ કરી રહી હતી. તેને ભક્તો આનંદથી નીરખી રહ્યા હતા. ૪૦.

જ્યારે શ્રીહરિ દાંતોની વચ્ચે જીભને દબાવતા ત્યારે તેને દેખીને જે પાપી હોય તેમને ત્રાસ ઊપજતો. મહાન સુખધામ શ્રીહરિના મુખમાં જમણી બાજુએ નીચેની પહેલી દાઢમાં શ્યામ ચિહ્ન રહ્યું હતું. ૪૧. જીભ કમળની પાંખડીના જેવી કોમળતાથી શોભતી અને શુભ દાઢી નાની અને ગોળ વિરાજી રહી હતી. શંખના જેવો કંઠ સુંદર હતો. તેની સુંદરતાનું વર્ણન કરતાં પાર આવતો નથી. ૪૨. હાથીની સૂંઢના જેવી ભુજાઓ ઘૂંટણ સુધી લાંબી હતી. તે ઘણી દૃઢ અને સોહામણી લાગતી. નખરૂપી મણિઓ કાંતિથી ભરાયેલી આંગળીઓ ચોળાફળીના જેવી જણાતી. ૪૩. શુદ્ધ સોનાના વેઢ દસે આંગળીઓમાં પહેર્યા હતા. સોનાનાં કડાં અને પહોંચીઓ તથા નંગભર્યા જડાઉ બાજુ પહેર્યા હતા. ૪૪.

કંઠમાં કૌસ્તુભમણિ ઘણી જ શોભાને આપતો. શ્રીવત્સનું ચિહ્ન અને ભૃગુલાંછન છાતી ઉપર ભવ્ય લાગતું. ૪૫. બંને સ્તન શ્યામ નીલમણિ જેવા અને નાના નાના હતા. અને સિંહ કે વાઘના જેવી ઊપડતી છાતી પુષ્કળ સોહામણી દેખાતી. ૪૬. પીપળાના પાનના જેવા સુંદર ઉદરમાં સુશોભિત ગોળ અને નમતી નાભી વિરાજતી, જે બ્રહ્માનું મહાન ઉદ્‌ભવ-સ્થાન છે. ૪૭. કમરનો ભાગ થોડો પહોળો અને સુંદરતાની ખાણ જેવો હતો. તે શ્યામ, સુંદર, છટાદાર અને સુખકારક હતો. કમર ઉપર પીતાંબર પહેરીને

પ્રિય ધર્મના દુલારા નટવર બન્યા હતા. ૪૮. બંને સાથળ કરભના જેવા હતા. તેની છટા કેળના સ્તંભ જેવી જણાતી હતી. બંને ઘૂંટણ સુખકારી અને ગોળ હતા. પીંડીઓની શોભા તો સહુથી ઓર જ હતી. ૪૯. બંને ઘૂંટીઓ રમણીય, એક સરખી, ગોળ અને અનુપમ હતી.

જ્યાં રસદાર નૂપુરનો ધ્વનિ થતો હતો. ચરણકમળ બંને એક સરખાં અને કેસરચંદનથી પૂજેલાં હતાં. ૫૦. અનુપમ આંગળીઓનું વર્ણન તો થઈ શકે તેમ જ નથી. જે ચળકતા નખમણિથી સોહામણી લાગતી હતી. લાલ કૂંપળના જેવી, ઊપડતી અને ગોળ તે આંગળીઓ બધી શોભાદાર અને રંગચોળ હતી. ૫૧. જમણા ચરણના અંગૂઠાના નખમાં ત્રણ રેખાઓની ઊભી હાર સુંદર હતી. બંને ચરણોનાં તળિયાંમાં સોળ ચિહ્નો હતાં. તેને નિપુણ ભક્તો નીરખીને જોતા. ૫૨. સ્વસ્તિક, અષ્ટકોણ, જવ, વજ્ર, કમળ, અંકુશ, જાંબુ, ધ્વજ અને ઊર્ધ્વરેખા ઈત્યાદિક જમણા ચરણતળમા નવ ચિહ્નો હતાં. ૫૩. મચ્છ, ત્રિકોણ, કળશ, અર્ધચંદ્ર, ગોપદ, ધનુષ અને વ્યોમ, આ સુખકારી સાત ચિહ્ન ડાબા ચરણતળમાં હતાં, તે ભક્તોને આનંદ ઉપજાવતાં. ૫૪.

ઉપર નખશિખ વર્ણવેલી શ્રીહરિની મૂર્તિને જ્યારે ભક્તજન દેખે ત્યારે તે ઘણા આનંદિત થતા અને તત્કાળ તે સમાધિમાં તેવી મૂર્તિને દેખતા. ૫૫. બાળક, જુવાન અથવા વૃદ્ધ એવા પુરુષો અને સ્ત્રીઓના ટોળેટોળાને સમાધિ થતી અને તેમાં આનંદના મૂળરૂપ શ્રીહરિનાં દર્શન તેમને થતાં. ૫૬. ત્યાંનું બધું સંતમંડળ તો રાત દિવસ સમાધિમાં જ રહેતું. બધા આસન સિદ્ધ કરીને બેઠા હોય. કોઈને દેહનું ભાન જ રહેતું નહિ. ૫૭. સમાધિ કરીને રહેલા તે બધા હરિભક્તો સૂતા હોય તેમ પડ્યા હોય, કોઈને દેહનું ભાન હોય નહિ. શ્રીહરિ તેમને ઉપરાઉપરી ખડકી રખાવતા. ૫૮. તે સમાધિની સ્થિતિમાં કોઈ એક, ત્રણ, પાંચ, દસ કે પંદર દિવસ સુધી રહેતા. કોઈ એક માસ, ત્રણ માસ કે છ માસ સુધી રહેતા. સમાધિમાંથી પાછા આવીને અનેક લોકની રચનાને કહી સંભળાવતા. ૫૯. શ્રીહરિનો આવો પ્રતાપ જોઈને અનંત મનુષ્યો આશ્રિત થયા. તે બધા અધર્મમાર્ગને છોડી દઈને ધર્મને માર્ગે ચાલવા

લાગ્યા. જ્યારે સાચા ગુરુ મળ્યા ત્યારે સહુએ પાખંડી ગુરુઓને તજી દીધા. જમપુરીનો માર્ગ મૂકીને મોક્ષને માર્ગે ચાલવા લાગ્યા. ૬૦.

દેવોના પણ અધિદેવ શ્રીઘનશ્યામ જ્યારે મળ્યા ત્યારે ચિંતામણિ મળ્યે દોકડાની જેમ બીજા બધા દેવો નીરસ (ફિક્કા) લાગ્યા . ૬૧. સંતો અનેક વાજિંત્ર લઈને, જ્યારે કીર્તનો બોલીને ગુણગાન કરવા લાગ્યા ત્યારે બધા સ્વર્ગના દેવતાઓ વિમાનમાં બેસીને ત્યાં આવ્યા. ૬૨. પ્રગટ શ્રીહરિનાં કીર્તન સાંભળીને બધા દેવો ગુલતાન-ભાવવિભોર થઈ ગયા અને અક્ષરાતીત ભગવાન શ્રીહરિનાં દર્શન કરીને તો ભીંતે આલેખેલા ચિત્રની જેમ થંભી ગયા. ૬૩. જ્યારે દેવોએ એક ચિત્તથી કીર્તન સાંભળ્યાં ત્યારે તે બધાને પણ સમાધિ થઈ. શરીરનું ભાન રહ્યું નહીં, એટલે શ્રીહરિ હસવા લાગ્યા. ૬૪.

***ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના તૃતીય પૂરમાં 'જન્માષ્ટમીનો મહોત્સવ તથા શ્રીહરિની મૂર્તિનું નખશિખ વર્ણન' એ નામે એકવીશમો તરંગ સમાપ્ત ॥૨૧॥***

## પૂર ત્રીજું : તરંગ - ૨૨

### જન્માષ્ટમીનો મહોત્સવ તથા સમુદ્રસ્નાન

માંગરોળના નાગરિકો બધા રોજ શ્રીહરિનાં દર્શન કરવા માટે આવતા. તેઓ ભાત ભાતની પૂજા સામગ્રી લાવતા અને તેનાથી પૂજા કરતા. ૧. તેમાં ગોવર્ધનભાઈ નામે નગરશેઠ મુખ્ય હતા. લખપતિ શાહુકાર હતા. તે શ્રીહરિના નિષ્કામ ભક્ત થયા. ૨. શ્રીહરિએ તેને શુદ્ધ જોયા અને પાકા સમાધિનિષ્ઠ કર્યા. તે બુદ્ધિમાનોમાં શ્રેષ્ઠ હતા છતાં તેણે બધી સંપત્તિ તજી દીધી. ૩. તે જ્યાં સુધી જીવ્યા ત્યાં સુધી ભગવાનની મૂર્તિમાં તલ્લીન રહેતા. મનની વૃત્તિને ભગવાનના સ્વરૂપમાં પરોવી દીધી. પિંડ અને બ્રહ્માંડને અસત્ય-નહિવત કરી દીધાં. ૪. તેણે શ્રીહરિને અનેક રીતે માન્યા, પૂજ્યા અને લાડ લડાવ્યા. તે બાબતને મુખે કહેવી અશક્ય છે. તે દિવસ જન્માષ્ટમી જોઈને હરિભક્તોએ શ્રીહરિની પૂજા કરી. ૫.

**✻ મૂર્તિ વર્ણન :**

તે ક્ષણે શ્રીહરિએ બધો જ જરિયાની નવો પોશાક પહેર્યો હતો. શરીર ઉપર અપાર શણગાર ધાર્યા. સોનાના અને મોતીના ઘણા હાર પહેર્યા. ૬. ભુજાઓ ઉપર બાજુ બાંધ્યા. મસ્તકે તોરા લટકાવ્યા. પાઘમાં શિરપેચ ધરાવ્યા. કાનોમાં મકરાકાર કુંડળ પહેરાવ્યાં. તેના ઉપર ગુચ્છની છબી પ્યારી લાગતી. ૭. હસ્તકમળનાં કાંડાંમાં કડાં, સાંકળાં અને જડાઉ પહોંચી પહેરાવી. હાથમાં મોતીથી મઢેલી છડી આપી. કપાળમાં કુંકુમનો ચાંદલો કર્યો. ૮. કમર ઉપર પટ્ટીવાળો કંદોરો પહેર્યો હતો, જેમાં ઘૂઘરીઓનો ઘમકારો થતો હતો. ઝાંઝર અને તોડા ચરણોમાં ધાર્યાં. તેમાં પણ ઘૂઘરીઓ ઘમકતી હતી. ૯. ચાખડીઓ ઘણી ચિત્ર-વિચિત્ર હતી. તેના ઉપર ચતુરવર્ય અને લહેરી એવા શ્રીહરિ ચઢ્યા. સમુદ્રસ્નાન કરવાનો વિચાર કર્યો. અપાર સંતો અને હરિભક્તોને સાથે લીધા. ૧૦.

તે સમયે તત્કાળ વાજિંત્ર વાગવા લાગ્યાં. અનેક પ્રકારનો રસાલો સાથે હતો. 'જય જય સ્વામિનારાયણ !' આવો ધ્વનિ બ્રહ્માંડમાં વ્યાપી ગયો. ૧૧. શ્રીહરિના તે સમુદ્ર-સ્નાનોત્સવને જોવા માટે ઘણા દેવો વિમાનમાં બેસીને આવ્યા. તેમણે ચંદન અને પુષ્પોની ઝડી વરસાવી. તે જોઈને લોકોને ઘણું આશ્ચર્ય થયું. ૧૨. આગળના ભાગમાં ચોપદાર છડી પોકારતો. હિંમતસિંગે શ્રીહરિના મસ્તકે ઘણા પ્યારથી છત્ર ધાર્યું હતું. ૧૩. ભુજના સુંદરજીભાઈ ઘણું સારું ચામર લાવ્યા હતા. હૃદયમાં અપાર પ્રેમ ભરીને શ્રીહરિ ઉપર તે ચામર ફેરવવા લાગ્યા. ૧૪. ગજગતિથી ચાલતા શ્રીહરિની લટકતી ચાલમાં ચાખડીઓનો ચટાક-ચટાક આવો અવાજ સંભળાતો. તે છબીને દેખીને અનંત લોકોને તત્કાળ સમાધિ થતી. ૧૫.

**✻ સમુદ્ર શ્રીહરિને દર્શને આવ્યા :**

શ્રીહરિ જ્યારે સમુદ્રને કિનારે આવ્યા ત્યારે સમુદ્ર ખૂબ જ ખુશી થયો. મોટા લોઢના રૂપમાં ભુજાઓને ફેલાવીને પાણીના રૂપમાં તે સન્મુખ આવ્યો. ૧૬. સમુદ્રે પહેલાં તો શ્રીહરિનાં ચરણ ધોયાં. મળવાનું તો પછી છે, એમ તેણે મનમાં વિચાર્યું. તેનો ઘણો પ્રેમ જાણીને સુખદાયક શ્રીહરિએ અલંકાર

ઉતાર્યા અને બધાં વસ્ત્ર બદલ્યાં. ૧૭. તેનો અત્યંત પ્રેમ જાણીને શ્રીહરિ તે વેળાએ બાથ ભરીને સમુદ્રને મળ્યા. સમુદ્ર ગંભીર શબ્દથી શ્રીહરિના ગુણોને ગાતો હતો. દર્શન કરવામાં તેને તૃપ્તિ થાતી નહિ. ૧૮. તેણે હાથ જોડીને ઘણી વિનંતી કરીને કહ્યું. “હે સ્વામિન્ ! હે બહુનામી, મેં આપને મારી સંપત્તિ આપી છે. વિરજાના શાપથી મારું જળ ખારું થઈ ગયું છે. (બ્રહ્મવૈવર્તપુરાણ-કૃષ્ણજન્મખંડમાં) ૧૯. હવે આપ મારો તે શાપ ટાળો. મહાન બળવંત અને મહારાજાધિરાજ આપ ચાલીને મારે આંગણે પધાર્યા. આજ કૃપા કરીને મને કૃતાર્થ કર્યો છે. ૨૦. નવસો અને નવાણું નદીઓ મારી પત્નીઓ છે. આપનાં ચરણ સ્પર્શથી ઘણી બળવતી થઈ છે. હવે આપ તેને આપના ચરણના અધિકારવાળી કરો. મારી આ વિનંતી છે, તેને આપ ધારી લેજો. ૨૧. દયાળુ શ્રીહરિએ સમુદ્રની તે માગણીને તત્કાળ માન્ય રાખી અને તેની પત્નીઓને સત્સંગમાં જન્મ આપ્યો. તે બધી અવતરેલી બાળાઓ સાંખ્યયોગી બહેનો બની. જેમણે જન્મથી જ પુરુષનો સંબંધ ટાળી નાખ્યો. ૨૨.

તે સિવાય શ્રીહરિની સેવા કરવા માટે ધામમાંથી જે આવી હતી, તેમણે પણ પુરુષમાત્રનો સંસર્ગ નષ્ટ કર્યો. ત્યાગ માટે પોતાના સંબંધીઓની સાથે પણ ઘણો કલેશ કર્યો. મૃત્યુ પર્યંત બ્રહ્મચારિણી રહેવાની ટેક દિલમાં ધારી લીધી. ૨૩. તે તે દેશના રાજા (ગામધણી) અને અધિકારીઓ પણ ત્યાગી બહેનોની સામે બળ પ્રયોગ કરીને છેવટે હારી ગયા. બધા કલેશ કરીને મરી ગયા પણ તેમનું લેશમાત્ર ત્યાગી બહેનો આગળ ચાલ્યું નહિ. ૨૪. સમુદ્રસ્નાન કરીને શ્રીહરિએ બ્રાહ્મણોને અનેક પ્રકારનાં દાન આપ્યાં. તેમણે મુખથી જે જે માગ્યું તે બધું ભગવાન શ્રીહરિએ તેમને આપ્યું. ૨૫. શ્રીઘનશ્યામે કીમતી વસ્ત્રો અને આભૂષણો પહેર્યાં. પછી શોભાનિધિ સુખના ધામ શ્રીહરિ પોતાને સ્થાનકે પધાર્યા. ૨૬. સંતો અને હરિભક્તો શ્રીહરિની સાથે જે સમુદ્રસ્નાન કરવા ગયા હતા, તે બધા સ્નાન કરીને પાછા વાજિંત્ર વગાડતા વગાડતા શ્રીહરિની સાથે જ પોતાને સ્થાને આવ્યા. ૨૭.

અને પછી શ્રીહરિ સિંહાસન ઉપર વિરાજ્યા. તે સમયે શોભા અદ્‌ભુત થઈ હતી. સહુ લોકો તે દેખીને વિસ્મય પામ્યા. ૨૮. સભામાં શ્રીહરિ પૂર્વ

મુખે વિરાજ્યા હતા. આગળ સંતોની સભા થઈ. જે હરિભક્ત પુરુષો હતા તે બધા સભામાં ઉત્તર તરફ બેઠા. ૨૯. દૂર દક્ષિણ તરફ સો હાથ છેટે બધી ધર્મનિષ્ઠ સ્ત્રીઓ બેઠી. પશ્ચિમ તરફના ભાગમાં શ્રીહરિની સેવામાં તત્પર રહેનારા ઘણા પાર્ષદો ઊભા રહ્યા. ૩૦. જે બાર સૂર્ય કહેવાય છે તે દરબારોના રૂપમાં અને શ્રીહરિના પાર્ષદોના રૂપમાં આવીને અખંડ સેવા કરતા. ૩૧. ધ્રુવ અને પ્રહ્લાદ આદિ પૂર્વના ભક્ત રાજાઓ મનુષ્યદેહ ધરીને સેવા કરવા આવ્યા. તેમજ બ્રહ્મા, ભવ અને ઈન્દ્રાદિ દેવતાઓ પણ શ્રીહરિની મરજી જાણીને મનુષ્યદેહ ધારીને સંતોમાં અને હરિભક્તોમાં છુપાઈને રહ્યા. માંગરોળના પુરવાસી લોકોએ આવી અલૌકિક રીત જોઈને પોતાના અંતઃકરણમાં વિચાર કરીને જોયું. ૩૨-૩૩.

**चोपाई :**

**श्रीसहजानंद स्वामी जो एहा, सब के कारन तारन तेहा;**
**इनमें कारन अनंत अपारा, सब भोक्ता यह सबसे न्यारा...३४**
**सब संगि असंगि ज्युं आकाशा, ऐसो प्रबल इनमें प्रकाशा;**
**निज तेज करी मत सब दाबा, देखत ईनकुं होत सब हाबा...३५**

ત્યારે તેમને જણાયું કે જે આ સહજાનંદ સ્વામી છે તે સહુનું કારણ છે અને સૌને તારનાર છે. તેમાં પણ ઘણા હેતુઓ છે. તે સહુના ભોક્તા હોવા છતાં બધાથી ન્યારા છે. ૩૪. શ્રીહરિ આકાશની જેમ સહુની અંદર રહેલા હોવા છતાં અત્યંત અસંગી છે. સહુમાં શ્રીહરિનો જ બધો પ્રબળ પ્રકાશ રહ્યો છે. અને શ્રીહરિએ પોતાના તેજોબળથી બધા મતપંથીઓને દાબી દીધા છે. તેથી તેમને દેખીને બધા ગભરાઈ જતા હતા. ૩૫. જગતમાં જેટલા રાજાઓ છે તે અને બધા જ કહેવાતા ગુરુઓ અને કહેવાતા આચાર્યો, તે બધાનું તેજ આ શ્રીહરિએ જ હરી લીધું છે. ૩૬. જેમ નાના એવા અગ્નિના તણખાને પવન અનુકૂળ મળે તો તે અપાર વનને પણ ભસ્મ કરી નાખે છે. આ શ્રીહરિની પણ તે જ રીત છે. ૩૭. **આ શ્રીહરિ સર્વ અગ્નિઓમાં પણ દાહશક્તિ આપનારા છે. આનાથી કોઈ પર નથી. સહુથી પર સર્વોપરિ આ શ્રીહરિ જ છે.** એમનાં ચરિત્રોને જોઈને આવું કહીએ છીએ. ૩૮. સહજાનંદ

સ્વામી જ્યારથી અહીં આવ્યા છે, ત્યારથી તેમની રીત નિત્ય અલૌકિક જ દેખાય છે અને તેને જોઈને અમે કહીએ છીએ કે આ કોઈ મનુષ્યનું કાર્ય કે વર્તન નથી. ૩૯. જ્યારે એક પહોર દિવસ બાકી રહ્યો છે એવું જોયું ત્યારે સંતોએ વાજિંત્ર લીધાં. તેઓ પ્રેમ રસમાં તરબોળ થઈને મલ્હાર રાગમાં રસિક કીર્તન ગાવા લાગ્યા. ૪૦. દેવરાજ ઈન્દ્રે તત્કાળ તે સમય વિચાર્યો. ઐરાવત હાથીની સવારી કરીને તે આવ્યો. પવનરૂપી પોતાના પડઘમ ચઢાવ્યા. વાદળાંની સેના સાથે લીધી. ૪૧. તેમાં વીજળીરૂપી નટી નાચવા લાગી. તેને દેખીને આકાશ ભયંકર રીતે ગાજવા લાગ્યું. બાર મેઘની સેનામાં લાલ, પીળા અને ધુમાડિયા રંગનાં વાદળાં સરદાર હતાં. ૪૨.

તેની અંદર વાદળાંની કાળી ઘટા હતી. તેણે છૂપી રીતે ધીમે ધીમે વરસવાનો આરંભ કર્યો અને તેમાં શ્રીહરિને દેખીને મનમાં હરખ આવ્યો. તેથી તે ઘટા સુખદ ઝીણાં ઝીણાં બુંદે વરસાવવા લાગી. ૪૩. જ્યારે આનંદનો વરસાદ પૂરો થયો ત્યારે હજૂરી સેવકોએ આવીને શ્રીહરિને સ્નાન કરાવ્યું. વરસાદ થયો તે અવસર જોઈને મોર, કોયલ, બપૈયો અને દેડકા બોલવા લાગ્યાં. ૪૪. શ્રીહરિને રાજી કરવા માટે તે મોર આદિ પ્રાણીઓ પોતાના સમાજને જલ્દી તૈયાર કરીને અનેક રીતે મધુર શબ્દોને બોલવા લાગ્યા. કારણ કે તે બધા શ્રીહરિને રાજી કરીને પોતાનો જન્મ સફળ કરવા ચાહતા હતા. ૪૫. પક્ષીઓના મીઠા સુખકારી શબ્દોને સાંભળીને શ્રીહરિએ તેનાં વખાણ કર્યાં. શ્રીહરિને રાજી કરવા માટે ઉત્સાહિત થયેલો વરસાદ આખી રાત વરસ્યો. ૪૬.

**गौ ब्राह्मन संत ब्रह्म हि वेता, तेहि हित बरसात होत हे एता;**
**ओर जन हित कबहु न होऊ, श्रीहरि देखिके बोले सोऊ...४७**

વરસાદ જોઈને શ્રીહરિએ કહ્યું, ગાય, બ્રાહ્મણ અને બ્રહ્મવેત્તા સંતોને માટે જ વરસાદ થાય છે, પણ બીજાને માટે થતો નથી. ૪૭. જ્યારે અધરાત થવા આવી ત્યારે ભુજના સુંદરજીભાઈએ એક રમણીય હિંડોળો તૈયાર કર્યો. ઘનશ્યામ શ્રીહરિ તેના ઉપર બેઠા. ૪૮. શ્રીધર્મનંદન શ્રીહરિએ વિવિધ પ્રકારના શણગાર શરીરે ધારણ કર્યા. તેનાથી મૂર્તિ અદ્‌ભુત શોભાયમાન અને

છટાદાર બની. ૪૯. શ્રીકૃષ્ણ જન્મનો સમય થવા આવ્યો ત્યારે બાલમુકુંદ ભગવાનને પારણામાં પધરાવ્યા. સહુના હૃદયમાં અપાર હરખ હતો. ૫૦. ભગવાનના જન્મનો સમય થઈ ગયો છે એવું જાણીને નોબત અને ઢોલ વગેરે જાત જાતનાં વાજિંત્ર વાગવા લાગ્યાં. બંદૂકોના અવાજ પણ થવા લાગ્યા. ૫૧. ઉત્સવ ભલી ભાતે થયો. દહીં અને દૂધ બહુ ઉછાળ્યા. તે સમયે ચંદ્રોદય થયો એટલે રાતનું અંધારું ટળી ગયું. ૫૨.

***ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના તૃતીય પૂરમાં 'જન્માષ્ટમીનો મહોત્સવ તથા સમુદ્રસ્નાન' એ નામે બાવીશમો તરંગ સમાપ્ત ॥૨૨॥***

## પૂર ત્રીજું : તરંગ - ૨૩

## મેઘજી હલવાઈની રસોઈ અને સહુને પોતપોતાના ઇષ્ટદેવનાં દર્શન

જ્યારે સવાર થયું ત્યારે સહુ સંતોએ સ્નાન કર્યું. શ્રીહરિની મૂર્તિ હૃદયમાં ધારીને પૂજા, તિલક વગેરે નિત્ય નિયમ કર્યાં. ૧. તે દિવસે ઘણા ધીર એવા મેઘજી હલવાઈ (સુખડિયા-કંદોઈ)નામે હરિભક્તે રસોઈ આપી હતી. કારણ કે તે આર્થિક દૃષ્ટિએ ઘણા સુખી (ધનવાન) હતા. ૨. તેણે રસોઈમાં પુષ્કળ બરફી, પેંડા, ટોપરાપાક અને ગુંદરપાક વગેરે ઘણા પાક બનાવ્યા હતા. ૩. તેણે બીજી બધી રસોઈ બ્રાહ્મણ પાસે કરાવી. પહેલાં જે જે કર્યું-કરાવ્યું તે બધાનો થાળ શ્રીહરિને જમાડ્યો. ૪. તેનો ઘણો જ પ્રેમ જોઈને શ્રીહરિ તે બધી રસોઈ જમ્યા. વારંવાર તે રસોઈનાં વખાણ કર્યાં કે આવી રસોઈ અમે ક્યારેય જમ્યા નથી. ૫. આમ કહીને શ્રીહરિએ ચળુ કર્યું અને જળપાન કર્યું. પછી નિપુણતાથી લવિંગ, સોપારી, તજ અને એલાયચી વગેરેનો મુખવાસ લીધો. તેનો સુગંધ ચોતરફ પ્રસર્યો. ૬. બહુનામી શ્રીહરિએ તેને દૃઢ ભક્ત માનીને પ્રસાદીનો થાળ આપ્યો. હૃદયમાં દૃઢ નિશ્ચય થયો ત્યારે મેઘજી ભક્તે વિવિધ પ્રકારનાં ઘરેણાં, વસ્ત્ર, કેસરવાળું ચંદન અને ફૂલહાર વગેરે લાવીને હરખભેર શ્રીહરિની પૂજા કરી. શ્રીહરિ પછી બધા

સંતોને જમાડ્યા. વારંવાર પંગતમાં ફરીને મનગમતું બધું પીરસ્યું. ૭-૮. એક સમયે મેઘજી ભક્તે દેહાભિમાનને લીધે ઘણો જોરદાર પરિશ્રમ કર્યો હતો. તેને જોઈને શ્રીહરિએ હસતા હસતા તેના મદને તોડી નાખ્યો હતો. જ્યારે તે ભક્ત શ્રીહરિ આગળ દીનઆધીન થઈ ગયા ત્યારે, 'હું પણ કાંઈક છું' આવું દેહાભિમાન તજી દીધું. ૯. પોતાના તે અપરાધને યાદ કરીને જ્યારે તેઓ દિનરાત રડવા લાગ્યા ત્યારે તેને શાંતિ આપવાને માટે શ્રીહરિ તેને વારંવાર પ્રેમથી બોલાવતા. ૧૦.

તે સિવાય શ્રીરામાનંદસ્વામીના જે બીજા શિષ્યો શ્રીહરિનાં દર્શન કરવા આવતા તેઓને પણ "આ પ્રકટ સહજાનંદ સ્વામી આપણા ઈષ્ટદેવ ગોકુલેશ્વર શ્રીકૃષ્ણ જ છે," એમ સમાધિમાં દેખાડતા. અને તેમને કાંઈ સંદેહ રહેતો નહિ. ત્યારે તેઓ શ્રીરામાનંદસ્વામી કરતાં પણ અધિકપણે ડહાપણ મૂકીને શ્રીહરિને સેવવા લાગ્યા. ૧૧-૧૨. રામાનંદસ્વામીના સમગ્ર શિષ્યોમાં મયારામ ભટ્ટ અને પર્વતભાઈ મોટેરા કહેવાતા. જેઠો મેર અને દેવાનંદ સ્વામી દંડી, તે બે તો ક્યારેક વર્ણી શ્રીહરિની વાતનું ખંડન પણ કરી દેતા. ૧૩. ત્યારે વર્ણી બોલતા કે જેમ તમે કહો તેમ કરીએ. તમે બંને વૃદ્ધ-મોટા છો. ૧૪. રામાનંદસ્વામીની વાતને પૂરેપૂરી હું નથી જાણતો. તમે બંને વૃદ્ધ છો તે બધું જાણો છો, તો તમે કશો ભેદભાવ રાખ્યા સિવાય મને કહો. ૧૫.

ત્યારે તે બંને રાજી થયા અને તેમણે એક પ્રશ્ન કર્યો. આ પ્રશ્નનો જે યથાર્થ ઉત્તર કરે તેને અમે સાક્ષાત્ શ્રીકૃષ્ણ માનીએ. ૧૬. તે પ્રશ્ન આ હતો. "જેની છાતીમાં ભૃગુલાંછન અને શ્રીવત્સનું ચિહ્ન હોય તથા જેનાં ચરણોમાં સોળ ચિહ્ન હોય, આ ત્રણ લક્ષણોને પ્રમાણ કરીને તેને દક્ષ લોકો ઈશ્વર કહે છે." ૧૭. ત્યારે શ્રીહરિએ જેવો પ્રશ્ન હતો તેને અનુસારે પ્રત્યુત્તર કર્યો, અર્થાત્ છાતીમાં ભૃગુલાંછન અને શ્રીવત્સ ચિહ્નનાં દર્શન કરાવ્યાં તથા ચરણોમાં સોળ ચિહ્ન બતાવ્યાં. ત્યારે તે બંને રાજી થયા અને તેમના મનમાં એક રતીભાર પણ સંદેહ રહ્યો નહિ. ૧૮. પછી તેઓએ શ્રીહરિને પોતાના પ્યારા ઈશ્વર દૃઢતાથી માન્યા અને તે સમયે જ તેઓ શ્રીહરિના આશ્રિત થયા. બીજા પણ જે જે મુમુક્ષુઓ શ્રીહરિને શરણે આવીને સત્સંગી થતા, તેઓ પ્રકટ પ્રમાણ

શ્રીહરિનું ભજન કરતા. અને "સ્વામિનારાયણ" આવા નામનો ઉચ્ચાર કરતા. શ્રીહરિ અત્યંત કરુણામય છે અને અતિશય ઉદાર છે. તેમણે પોતાનું અપાર સામર્થ્ય પ્રકટ કર્યું. ૧૯-૨૦.

**❋ શ્રીહરિએ સહુને પોતપોતાના ઇષ્ટદેવનાં દર્શન કરાવ્યાં :**

સુખધામ ઘનશ્યામ શ્રીહરિ ભક્તોના પ્રાણની વૃત્તિનો નિરોધ પોતાની મૂર્તિમાં કરતા. તેને લીધે જેઓને ભગવાનના ચરણમાં વાસ મળ્યો હોય એવા હજારો હરિભક્ત થયા. ૨૧. મુમુક્ષુઓને પોતાને શરણે લેવામાં શ્રીહરિએ વર્ણનો કે આશ્રમનો વિવેક નથી રાખ્યો. અધિકારી કે અનધિકારીની વાત પણ વિચારી નથી. વર્ષાઋતુનો મેઘ જેમ યોગ્ય કે અયોગ્યને દેખતો નથી, બધે એક સરખી રીતે જ વરસે છે તે રીતે જ શ્રીહરિએ અમૂલ્ય દયા કરી. આવો અધિક પ્રતાપ દેખીને લોકોનાં મન આપોઆપ આશ્ચર્ય પામતાં. ૨૨-૨૩. પછી તેઓ શ્રીહરિને શરણે આવીને આશ્રિત થાતા. અને તે સમયે સહુ પ્રકટ શ્રીહરિનું ભજન કરતા. ધર્મકુમાર શ્રીહરિ આ પ્રમાણે પોતાનું અપરંપાર ઐશ્વર્ય દેખાડવા લાગ્યા. ૨૪.

**चोपाई :**

**देखान लगे कैवल्य धामा, अत हि समाधि महिं अभिरामा;**
**कीतने जनकुं श्याम सुखदाई, गोलोक बिच धाम हे जाई...२५**
**अक्षर जाको नाम कहावे, परम भक्त तिन महिं रहावे;**
**राधा लक्ष्मी आदिक जोउ, ऐसे भक्त अनंत हि सोउ...२६**

સુખદાયક શ્યામસુંદર શ્રીહરિએ કેટલાક લોકોને ભવ્ય સમાધિમાં કેવલ્યધામ બતાવ્યું તો કેટલાકને ગોલોકધામને મધ્ય રહેલું અક્ષરધામ બતાવ્યું. જેમાં ભગવત્પરાયણ મુક્તો અને રાધા તથા લક્ષ્મી આદિ અનંત શક્તિઓ રહે છે. ૨૫-૨૬. જ્યાં શ્રીદામા આદિ અનંત અને અપાર પાર્ષદો રહે છે, જેઓ વિવિધ પ્રકારના ઉપચારો લઈને શ્રીહરિકૃષ્ણની સેવામાં તત્પર રહ્યા હોય છે. ૨૭. જગદ્વંદ્ય શ્રીહરિએ કેટલાક લોકોને વૈકુંઠ ધામમાં લક્ષ્મીજી અને નંદ-સુનંદ પાર્ષદોની સાથે વિષ્ણુરૂપે દર્શન આપ્યાં. ૨૮. ઘનશ્યામ પ્રભુએ કેટલાક લોકોને શ્વેતદ્વીપમાં નિરન્નમુક્તોએ સહિત મહાપુરુષરૂપે દર્શન આપ્યાં.

૨૯. અવ્યાકૃત ધામમાં લક્ષ્મી આદિ શક્તિઓ અને અનંત પાર્ષદોએ સહિત ભૂમાપુરુષરૂપે દર્શન દીધાં. ૩૦. કેટલાકને બદરિકાશ્રમમાં મુનિઓએ સહિત નરનારાયણરૂપે દર્શન આપીને પોતાના સ્વરૂપનો દૃઢ નિશ્ચય કરાવતા. ૩૧. કોઈને તો ક્ષીરસાગરમાં શેષશય્યા ઉપર લક્ષ્મીજી ચરણસેવા કરતાં હોય તેવા શ્રીકૃષ્ણ સ્વરૂપધારી પ્રભુના દર્શન કરાવતા. ૩૨. આ રીતે દયાળુ અને મહામનોહર મૂર્તિ ધર્મપુત્ર શ્રીહરિ કોઈ ભક્તોને યોગેશ્વર સ્વરૂપ જગદીશ્વરનાં દર્શન કરાવતા હતા. ૩૩.

મહારાજાધિરાજ શ્રીહરિ કેટલાક ભક્તોને પોતાના સ્વરૂપમાં દૃઢ નિશ્ચય કરાવવા માટે સૂર્યમંડળમાં હિરણ્મય પુરુષના અલૌકિક સ્વરૂપનાં દર્શન આપતા હતા. ૩૪. મહાન યોગકલાઓથી સંપન્ન ભગવાન શ્રીહરિ કેટલાક મુમુક્ષુઓને અગ્નિમંડળમાં યજ્ઞપુરુષરૂપે પોતાનાં દર્શન આપતા. ૩૫. શ્રીનારાયણમુનિ પ્રભુ કોઈને મહાન પ્રણવનો ધ્વનિ સંભળાવતા, તો કોઈકને કરોડો કરોડ સૂર્યના જેવો પ્રકાશ દેખાડતા. ૩૬. જે જાગૃત, સ્વપ્ન અને સુષુપ્તિ, એ ત્રણ અવસ્થાઓથી પરે સચ્ચિદાનંદ લક્ષણવાળા જે હોય તેને કવિઓ દૃષ્ટા, અંતર્યામી તથા બ્રહ્મ કહે છે, આવા સ્વરૂપનાં દર્શન કોઈક મુમુક્ષુને કરાવતા, જેને દેખીને તેને મહાન આનંદ થતો. જેને વિશ્વાધાર નામથી કહેવાય છે, આવા સુખધામ શ્રીકૃષ્ણ સ્વરૂપે પણ દર્શન કરાવતા. ૩૭-૩૮.

જે સ્વરૂપની પુરુષસૂક્તમાં સ્તુતિ કરવામાં આવી છે આવા વૈરાજ સ્વરૂપે કોઈને દર્શન આપતા. ૩૯. ખગોળમાં અને ભૂગોળમાં પોતાનું જે ઈશ્વર સ્વરૂપ છે કે ઐશ્વર્ય છે તે કોઈક ભક્તજનને દેખાડતા. ૪૦. વળી ભગવાન શ્રીહરિ સમાધિ કરાવીને લોકોને આ બ્રહ્માંડની અંદર રહેલા જે દેવોનાં સ્થાનો છે તેને બતાવતા. ૪૧. તેમજ આ શરીરમાં આધાર આદિ (મૂલાધાર, સ્વાધિષ્ઠાન, મણીપુર, અનાહત, વિશુદ્ધિ અને આજ્ઞા) ષટ્ચક્ર છે તે સર્વ ચક્ર ન્યારા(અલૌકિક) છે, તેને ભક્તો દેખતા અને કહેતા. ૪૨.

***ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના તૃતીય પૂરમાં 'મેઘજી હલવાઈની રસોઈ અને સહુને પોતપોતાના ઈષ્ટદેવનાં દર્શન કરાવ્યાં' એ નામે ત્રેવીશમો તરંગ સમાપ્ત ॥૨૩॥***

## પૂર ત્રીજું : તરંગ - ૨૪

## આધારાદિ ષટ્ ચક્રનું નિરૂપણ

સહજાનંદ સ્વામી શ્રીહરિ પોતાના ભક્તાને જે ષટ્ ચક્ર દેખાડતા હતા, તેની વાત હવે હું અલગ અલગ રીતે કહું છું. ૧. પહેલાં ચક્રનું સ્થાન બતાવું છું. પછી તેનું નામ કહું છું. કમળની પાંખડીઓ, તેના દેવતાનું નામ અને જપની સંખ્યા, સમય અને સ્થાન પણ કહું છું. ૨. પ્રથમ ગુદાસ્થાને મૂલાધાર નામનું ચક્ર રહે છે. તેને ચાર પાંખડી છે. બપોરિયાના જેવો વર્ણ-પ્રકાશ છે. ૩. ચાર પાંખડીઓમાં 'વ' આદિ ચાર અક્ષરનાં સ્થાન છે. તે તેના ફળે સહિત રહ્યા છે. ૪ તે ચક્રના મધ્યમાં ગણપતિનું સ્થાન છે. ગણપતિ ચતુર્ભુજ છે. પાશ, અંકુશ, પરશુ અને અભયદાન, તે ચાર હાથમાં પ્રસન્નતાથી ધારણ કરે છે. ૫. શુદ્ધિ અને બુદ્ધિ નામે બે સ્ત્રીઓ બાજુમાં ઉપાસના કરી રહી હોય છે. લક્ષ અને લાભ નામે બે પુત્ર સેવામાં રહ્યા છે. તેમનું વાહન ઉંદર છે, આટલા ગણપતિ દેવની પાસે રહ્યા છે એમ જાણવું. ૬. તે ચક્રમાં યોગી એક ઘડી ને ચાર પળ રહે છે. તેટલા સમયમાં તે છસો ૬૦૦ અજપાજપ કરે છે અને પછી તે પાછો પોતાના દેહમાં આવે છે. ૭.

બીજું લિંગ સ્થાન છે. તેમાં સ્વાધિષ્ઠાન ચક્ર રહ્યું છે. ત્યાં છ પાંખડીનું કમળ છે. તેનો સુવર્ણના જેવો રંગ (વર્ણ) શોભે છે. ૮. 'બ' આદિ છ અક્ષર તે પાંખડીઓમાં રહે છે. તે કમળમાં ચતુર્મુખ બ્રહ્મા રહ્યા છે. તેનું સ્થાન સુખરૂપ કહેવાય છે. ૯. બે હાથમાં બે પુસ્તક રાખ્યા હોય છે. ત્રીજા હાથમાં અક્ષમાળા અને ચોથા હાથમાં દંડ-કમંડળુ ધાર્યાં છે. તે આવી ચાર ભુજાઓથી શોભે છે અને પ્રિય લાગે છે. ૧૦. ડાબે ભાગે સાવિત્રી શક્તિ રહી છે. સુખરૂપ હંસનું વાહન સોહામણું લાગે છે. ત્યાં સોળ ઘડી ને ચાલીશ પળ સુધી યોગી ધ્યાન ધરીને દેખે છે. ૧૧. એટલે યોગી ત્યાં રહીને ૬૦૦૦ છ હજાર અજપાજપનો હોમ કરે છે. બહુનામી શ્રીસહજાનંદ સ્વામી પોતાનો ભક્ત જાણીને તેને દેખાડે છે. ૧૨.

ત્રીજું નાભિ સ્થાન છે. ત્યાં મણિપુર ચક્ર કહેવાય છે. તેમાં દસ પાંખડીઓવાળું કમળ ઈન્દ્રનીલમણિના જેવા વર્ણવાળું છે. ૧૩. 'ડ' આદિ દસ અક્ષર તે પાંખડીઓમાં રહે છે, ઈચ્છિત ફળ આપવા માટે યોગી તેને દેખે છે. ૧૪. તે વિષ્ણુનું સ્થાન છે અને તે મૂર્તિ ઘનશ્યામ છે. તેનું વાહન ગરુડ છે. જેને ડાબે ભાગે શક્તિ રહી છે. ૧૫. તે ચાર ભુજાઓમાં શંખ, ચક્ર, ગદા અને પદ્મને ધારી રહ્યા છે. ત્યાં યોગી સોળ ઘડી ને ચાલીશ પળ સુધી રહીને ૬૦૦૦ છ હજાર અજપાજપનો હોમ કરે છે. ૧૬. ચોથું હૃદય સ્થાન છે. ત્યાં અનાહત ચક્ર છે. બાર પાંખડીવાળું કમળ છે. તે શંખના સમાન ઘણું શ્વેત છે. ૧૭. 'ક' આદિ બાર અક્ષર બીજા બધા અક્ષરોનું મૂળ છે અને તે બાર પાંખડીઓમાં તેનો ઉચ્ચાર થાય છે. યોગી જ્યારે ત્યાં જાય છે ત્યારે તેને સાંભળે છે. ૧૮. શુદ્ધ સ્ફટિક મણિની કાંતિ જેવા અત્યંત તેજસ્વી શિવજી ત્યાં રહે છે. તેનું વાહન નંદીશ્વર છે. ૧૯. તેને ડાબે પડખે શક્તિ રહી છે. તે શિવજી ચતુર્ભુજ વિરાજે છે. ચારે હાથમાં વરદાન, પરશુ, ધનુષ અને શૂળ (ત્રિશૂળ) ધારી રહ્યા છે. તે ત્રણ નેત્રવાળા છે છતાં પ્યારા લાગે છે. ૨૦. તે ચક્રમાં યોગી સોળ ઘડી અને ચાલીશ પળ સુધી રહે છે. ત્યારે ૬૦૦૦ છ હજાર અજપાજપનો હોમ કરે છે. ૨૧.

પાંચમું કંઠ સ્થાન છે. ત્યાં વિશુદ્ધિ નામે ચક્ર છે. સોળ પાંખડીવાળું કમળ છે. તે સ્ફટિક મણિના જેવું શ્વેત વર્ણનું છે. ૨૨. તે વિચિત્ર રંગયુક્ત હોવાથી સોહામણું લાગે છે. તે પાંખડીઓમાં 'અ' 'આ' આદિ સોળ અક્ષર રહ્યા છે. ૨૩. તે ચક્ર સિદ્ધિઓનું ધામ છે. વિદ્યાથી યુક્ત ઈશ્વરનું અનુપમ સ્થાન છે. તેની સોળ શક્તિઓ છે. તે ઈશ્વર બ્રહ્માંડનું કારણ છે. ૨૪. તે ચક્રમાં સમજદાર યોગી બે ઘડી, છેતાલીશ પળ અને ચાલીશ વિપળ સુધી રહે છે. ૨૫. ત્યાં રહેલો યોગી ૧૦૦૦ એક હજાર અજપાજપનો હોમ કરે છે. શ્રીહરિના વચનથી જે મુમુક્ષુ સમાધિ કરીને ગયો હોય તે તેને દેખે છે. ૨૬.

છઠ્ઠું સ્થાન ભ્રૂકુટિ છે. ત્યાં આજ્ઞા ચક્ર રહે છે. ત્યાં બે પાંખડીવાળું શ્યામ વર્ણનું કમળ છે. ૨૭. પ્રલય કાળના અગ્નિના જેવી તેની કાંતિ છે. તેની પાંખડીઓમાં 'હ' અને 'ક્ષ' આ બે અક્ષર રહે છે. ૨૮. આ જગતનો

પ્રલય કરવાને માટે ભયાનક સાજની સાથે બુદ્ધિમાન રુદ્રરૂપ કાળ, તે સ્થાનમાં કાળ શક્તિની સાથે રહે છે. ૨૯. તે સ્થાનમાં યોગી બે ઘડી, છેતાળીશ પળ અને ચાલીશ વિપળ જેટલો સમય રહે છે. અને ત્યારે તે ૧૦૦૦ એક હજાર અજપાજપનો હોમ કરે છે. શ્રીહરિએ સમાધિમાં મોકલેલો હરિભક્ત ત્યાં રહીને તેને દેખે છે. ૩૦. શ્રીસહજાનંદ સ્વામીના આજ્ઞાવચને કરીને સમાધિમાં ગયેલો ભક્ત પ્રણવના નાદના ફળના રૂપમાં છએ ચક્રને પામે છે અને તેમની આજ્ઞાથી ત્યાં વારંવાર જાય છે. ૩૧.

તાલુ (તાળવું) સ્થાનમાં બ્રહ્મરંધ્ર કહેવાય છે. ત્યાં હજાર પાંખડીનું કમળ છે. તેનું તેજ એક કરોડ સૂર્યના જેવું છે. ત્યાંના શક્તિ મહાલક્ષ્મી છે. ૩૨. તે મહાવિષ્ણુની સાથે તે ધામમાં રહે છે. વિશ્વક્સેન આદિ પાર્ષદો પણ અનંત વિમાનોયુક્ત ત્યાં રહે છે. ત્યાં ત્રિવેણી નદી વહે છે. ૩૩. ત્યાં કોઈ યોગી સ્નાન કરે છે. ત્યાં બે ઘડી, છેતાળીશ પળ અને ચાલીશ વિપળ જેટલું રહીને તેને સમાધિમાં ગયેલો ભક્ત સહજ ભાવે જુએ છે. ૩૪. તેનાથી ઉપરને આઠમે સ્થાને અનાહત (સ્વયંભૂ-અનહદ) નાદ રહે છે. તેમાં કરોડો સૂર્ય અને ચંદ્રમાના સમાન તેજસ્વી પંચમુખી શિવજી રહે છે. ૩૫. તે અનંત શક્તિઓથી ઘેરાઈને બેઠા હોય છે. તેને શ્રીહરિ ભક્તોને દેખાડે છે. તેના ઉપર નવમું સ્થાન જે છે તેને રોધનાશક્તિ કહેવાય છે. ૩૬. કરોડો સૂર્ય અને ચંદ્રમાના સમાન તેજસ્વી તે રોધનાશક્તિને અસંખ્ય દેવો વીંટાળાઈને રહ્યા હોય છે. ૩૭. તેમાં રોધિકા, દીપિકા, રોચિકા, મોચિકા અને ઊર્ધ્વિકા, આ પાંચ કલાઓ રહી છે. ૩૮. તેનાથી પણ પર જે દસમું સ્થાન કમળ છે, તે ચાલીશ કરોડ ગાઉ જેટલું વિશાળ છે. તેની પાંખડીઓ એક હજાર કહેવાય છે. તેમાં પ્રત્યેક પાંખડીનું તેજ દસ દસ કરોડ સૂર્ય અને ચંદ્રમાના સમૂહના તેજ જેવું હોય છે, ને વધારે તેજનો પુંજ મધ્યે રહે છે. ૪૦.

અગિયારમું સ્થાન બ્રહ્મ શિવનું છે. તેને પાંચ મુખ અને દસ હાથ કહેવાય છે. તેને એક અર્બુદ (દસ કરોડ) રુદ્ર વીંટાળાઈને રહ્યા છે. અને અનેક શક્તિઓ પણ વીંટાળાઈને રહી છે. ૪૧. તેનાથી પરે બ્રહ્મબિલ્વ નામે સ્થાન છે. તેમાં પ્રણવ આવે છે અને જાય છે. શ્રીહરિ હરિભક્ત પાસે

તેની ધારણા કરાવીને પછી હેતથી તેને દેખાડે છે. ૪૨. તેનાથી પરે સુમના નામે શક્તિ છે અને તેનાથી પણ પર ઉન્મના નામે શક્તિ છે. શ્રીહરિ હરિભક્તોને તે શક્તિઓ દેખાડે છે. ૪૩. તેનાથી ઉપર મહાશૂન્ય છે. તે સહુથી કઠિન કહેવાય છે. શ્રીહરિની મૂર્તિ સિવાયનો યોગી હોય કે ભોગી હોય, તેમાં ગળી જાય છે. ૪૪.

તેનાથી ઉપર કોઈની ગતિ થઈ શકતી નથી. અહીંયાં સુધી શૂન્યની માયા (મૂળ પ્રકૃતિ) કહેવાય છે. તેનાથી પરે કોઈ માયા નથી, એમ વેદો, શાસ્ત્રો અને મુનિઓ કહે છે. ૪૫. મૂળ પ્રકૃતિ મહાતમોરૂપ છે. તેનાથી પર અનુપમ પુરુષનું સ્થાન છે. તે એક શુદ્ધ ચિદ્રૂપ "સિંધુ" નામે કહેવાય છે. તેના મધ્યમાં એક સુખરૂપ "મણિમય" બેટ છે. ૪૬. ચો તરફ નવરંગ રત્નોથી જડિત છે. તેમાં કલ્પવૃક્ષોનું વન શોભે છે. તે વનમાં એક મોટો મંડપ છે. તે કરોડો સૂર્યના જેવો તેજસ્વી છે અને સુખકારી છે. ૪૭. તેની દીવાલો રત્નોથી બનેલી છે. તેમાં રહેલા ઘણા થાંભલાઓ મણિઓના બનાવેલા છે. તેમાં એક સાથે અનેક ઘંટોનો ધ્વનિ થાય છે.

અને અનેક વાજિંત્ર તેમાં વાગે છે. ૪૮. તે મંડપની ચારેબાજુ ઘણા સારાં, અનેક પ્રકારનાં ફૂલઝાડ ઝૂકી રહ્યાં હોય છે. ૪૯. તેમજ અનેક પ્રકારનાં પક્ષીઓ, જેવાં કે હંસ, મોર, કોયલ, પોપટ, મેના અને કબૂતર વગેરે હરિગુણ ગાતા હોય તેવા જોવા મળે છે. ૫૦. તે મંડપને ચાર દરવાજા છે. ઘણા યોજનમાં તેનો વિશાળ-વિસ્તાર છે. તેના ચોકમાં પર્વત જેવો રત્નોનો મોટો ઢગલો છે. ૫૧. તેના ઉપર મણિઓનો પરથાર છે. અને તેના ઉપર રત્નનો પલંગ છે. તેના ઉપર અત્યંત શ્વેત ઓછાડ ઓછાડ્યા છે. અને તેના ઉપર તે પુરુષ, સૂતા છે. ૫૨.

***ઇતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના તૃતીય પૂરમાં 'આધારાદિ ષટ્ચક્રનું નિરૂપણ' એ નામે ચોવીશમો તરંગ સમાપ્ત ॥૨૪॥***

## પૂર ત્રીજું : તરંગ - ૨૫

## શ્રીહરિએ સમાધિ દ્વારા અનેક મુમુક્ષુઓને પોતપોતાના ઇષ્ટદેવનાં દર્શન કરાવ્યાં

તે પુરુષનું હૃદયકમળ છે, તે સુમંગલાનું સ્થાન છે. તે ચિદાનંદ સાગરની લહેર કહેવાય છે. યોગી શ્રીહરિના ધ્યાનથી તેને પામે છે. ૧. તે યોગીરાજ સુમંગલાની ઇચ્છા કરે છે ત્યારે તેને ચિદંશ અને આનંદાંશ બે માર્ગ દેખાય છે.૨. ચિદંશ માર્ગમાં એકરસ અક્ષરનું તેજ છે, ત્યાં પુરુષોત્તમનાં દર્શન થતાં નથી. કેવળ અપાર તેજ ને તેજ દેખાય છે. ૩. આનંદાંશના માર્ગમાં ભગવાનનું ધામ દેખાય છે. અને ત્યાં ભક્તને ભગવાનના અને ધામના ભક્તો(મુક્તો)નાં દર્શન થાય છે. ૪. આવું સુમંગલાનું જે સ્થાન છે તેને બધા જ હરિભક્તો દેખતા. બાળક, જુવાન અને વૃદ્ધ, પુરુષ હોય કે સ્ત્રી હોય, તેમને શ્રીહરિની કૃપાથી તે બધું સમાધિમાં દેખાતું. કોઈ વાર લાગતી નહિ. ૫. તેનાથી ઉપર અમૃતરસનો કૂપ છે. તેને અનુપમ ભક્તજન પ્રાપ્ત કરી શકે છે. તેનાથી ઉપર ગાયત્રીનું સ્થાન છે, જે સત્ ચિત્ અને આનંદ રૂપ રસવાળું છે. ૬. તેનાથી ઉપર અત્યંત શોભામય અને સુખરૂપ શ્વેતવૈકુંઠ નામે ધામ છે. અને તેનાથી ઉપર કૈવલ્ય વૈકુંઠ છે. શ્રીહરિની કૃપાથી સમાધિમાં ભક્તો તેને દેખતા. ૭.

તેનાથી ઉપર જેને સર્વાધાર કહેવાય છે, જે સર્વ વ્યાપક અને દિવ્ય છે, પૂર્વે જે બધા લોકો કહ્યા તે સહુનાથી વિલક્ષણ (જુદું જ) છે. ૮. જેને પરમ ચૈતન્ય કહેવાય છે, સત્ય અને જ્ઞાન કહેવાય છે, જે અનંત છે, જેનું 'આ આટલું જ છે' આવું જેનું દેશ, કાળ કે વસ્તુથી માપ (પ્રમાણ) કરી શકાતું નથી. વેદો જેને અક્ષરબ્રહ્મ કહે છે, તેને પુરુષોત્તમનું સ્થાન કહી શકાય છે. ૯. તે સર્વાધાર પ્રકાશને ચિદ્વ્યોમ કહી શકાય છે. અને તે અક્ષરધામ છે. તેને કોઈ અભૂતપૂર્વ ઉપમાથી કહી શકાય છે. તેને આ કોઈ ભૌતિક ઉપમા સંભવતી નથી. ૧૦. અનંત કોટિ યોજનના વિસ્તારવાળી એવી બધી ભૂમિ જો કાચની હોય, તેમાં રહેલા સ્થાવર-જંગમ પદાર્થમાત્ર

પણ જો કાચના હોય, આકાશમાં જેટલા તારાઓ છે તે બધા સૂર્ય હોય, તો તેનો પ્રકાશ ઘણો જ અપાર હોય, તેવો તે ધામનો પ્રકાશ આપણે નિર્ધારિત કરી (કલ્પી) શકીએ છીએ. ૧૧-૧૨. કરોડો સૂર્યના સમાન કાંતિ જેના એક એક રોમમાં રહી હોય આવા અનંત ભક્તો-મુક્તો તે અલૌકિક સર્વાધાર સ્થાનમાં રહે છે. ૧૩. તે તેજ ઘણું શીતળ છે. અપાર સુખમય છે અને ત્યાં કાળનો તો પ્રવેશ પણ નથી. ત્યાં ભગવાન પુરુષોત્તમ જ એક શિરસ્થ (શિરદાર) સર્વોપરી છે. ૧૪.

**सोरठा : आनंद आनंद अनंत, दुःख को नहिं लवलेश तिहाँ;**
**हरिजन ध्यानी कहंत, आत जात निज घर हि जिमि...१५**
**तेहि धाम भक्त को तेज, सब हि भेगे कीजिये लई;**
**सभाविक हि सेहेज, भगवान के एक रोम होत नहिं...१६**

ત્યાં આનંદ, આનંદ અને આનંદ જ છે. દુઃખનો ત્યાં લેશ પણ નથી. ધ્યાન કરનારા (સમાધિવાળા) ભક્તો તો તે ધામમાં પોતાના ઘરની જેમ આવતા જતા રહેતા હોય છે. ૧૫. તે ધામનું તેજ અને ત્યાંના ભક્તોનું (મુક્તોનું) તેજ, એ બધું ભેળું કરવામાં આવે તો જે તેજની આપણે કલ્પના કરીએ કે તે તેજ ભગવાનના સહેજ અને સ્વાભાવિક એક રોમના તેજની બરોબરી પણ કરી શકે નહિ. ૧૬. પુરુષોત્તમ શ્રીહરિકૃષ્ણ મહાપ્રભુની એવી ત્યાં અનંત શોભા છે. તે અક્ષરધામની મધ્યમાં વૃંદાવન સમજવું. તે કરોડો રત્નોથી આવૃત્ત-ઘેરાયેલું-ભર્યું છે એમ સમજવું. ૧૭. ચારે બાજુ રત્નનાં દ્વારો શોભે છે. તેના અનંત માળ ચિત્તને ખેંચી લે છે. ચોતરફ સુવર્ણના કળશનો કોઈ પાર નથી. દ્વાર ઉપર અને કિલ્લા ઉપર તેની અપાર શોભા રહી છે. ૧૮. જરિયાની વસ્ત્રોની અનંત ધજાઓ ફરકતી હોય છે. માનો દૂરથી આવતા ભક્તોને તે બોલાવતી હોય તેમ જણાય છે. રત્નજડિત તે ધ્વજદંડો પણ વિચિત્ર પ્રકારના હોય છે. તે બધી શોભા મુખે કહી શકાતી નથી.

વિવિધ પ્રકારના પુષ્પહાર અને કેસર મેળવેલું મલયાગરુ ચંદન હાથમાં લઈને અનંત મુક્તો ત્યાં ઊભા હોય છે. અખંડ પૂજા થતી હોય છે, તેનો

અંત આવતો નથી. ૧૯-૨૦. આવી બધી દિવ્યતાને સમાધિમાં ગયેલા ભક્તો ત્યાં જોતા. પછી ત્યાંથી આવીને તે વાત સહુને કહેતા. વળી ક્યારેક કોઈ ભક્ત સો યોજન (૧૨૦૦ કિ.મિ.) જેટલો દૂર રહેતો હોય તો પણ સુખકારી પ્રભુ પ્રકટ પ્રમાણ (સાક્ષાત્) ત્યાં જઈને નિઃસંદેહ તેને દર્શન આપતા અને તેના મનોરથ પૂરા કરતા. કોઈ ઘણો દૂર દેશમાં રહેતો હોય અને તે ભગવાનની પ્રતિમાની પૂજા હંમેશા કરતો હોય. ૨૧-૨૨ પછી તે અત્યંત પ્રેમથી ભગવાનની પ્રતિમાને થાળ ધરાવે તો શ્રીહરિ તેને ઘેર સાક્ષાત્ પ્રકટ જઈને તે થાળ જમતા. તે દેખીને ભક્તને ખૂબ જ આનંદ થતો. આવી ઘટના તો ક્યારેય દેખી નહિ હોય. ૨૩. કોઈ સ્થળે કોઈ ભક્તજન જ્યારે દેહ તજે ત્યારે તેના અંતસમયે શ્રીહરિ આવીને તે પુણ્યાત્માને પોતાના ધામમાં લઈ જતા, તે કોઈ અન્યને પ્રકટ દેખાડતા. ૨૪. તે દેહ છોડાવતી વેળાએ તે ગામના જ કોઈ ભક્તને અથવા અભક્તને ધર્મકુંવર પ્રભુ દર્શન દઈને કહેતા કે અમે અમુક ભક્તને તેડવા આવ્યા હતા. ૨૫. ભક્તોના હિતને દિલમાં ધારીને શ્રીહરિ દેશોદેશમાં કે ગામેગામમાં વારંવાર આવું પોતાનું અનંત ઐશ્વર્ય દેખાડતા હતા. ૨૬.

બુદ્ધિમાન લોકો જ્યારે શ્રીહરિનો આવો અનંત પ્રતાપ દેખે ત્યારે તે બધાને ઘણો વિસ્મય થતો અને પછી પોતાના મિથ્યા ગુરુઓનો ત્યાગ કરીને તેઓ 'સ્વામિનારાયણ' ભગવાનને શરણે આવતા. ૨૭. પછી જેમ સમુદ્રમાં રહેલા નાવ ઉપરનો કાગડો ઊડીને છેવટે પાછો નાવના ઊંચા થંભ ઉપર જ આવીને બેસે છે, તેમ તેઓ અન્ય માન્યતાઓને તજી દઈને પ્રગટ પ્રમાણ 'શ્રીસ્વામિનારાયણ' નામનું જ ભજન કરતા. ૨૮. તે પછી બીજા મતપંથના શાસ્ત્રોને ભણેલા વિદ્વાનો શ્રીસહજાનંદ સ્વામીની સાથે વાદ વિવાદ કરવાની આશાથી આવતા. ૨૯. તેઓ શ્રીહરિનું સામર્થ્ય અને પ્રતાપને દેખે ત્યારે ઝાંખા પડીને બેસી રહેતા. સંકોચને લીધે કાંઈ પણ બોલ્યા વિના જ જમીન ખોતરવા લાગતા. ૩૦. અંતર્યામી શ્રીહરિએ સહુના મનની વાત જાણીને એવી વાત કહી કે તે સાંભળીને જે મતવાદીઓ ખળતાઈથી આવ્યા હતા તે પસ્તાવો કરવા લાગ્યા. ૩૧. તેઓએ શ્રીહરિનો અમાપ પ્રતાપ જોયો. પછી

તેમણે વારંવાર શ્રીહરિને પ્રણામ કર્યા. પછી તે બધા મતવાદીઓ હાથ જોડી માથું નમાવીને ત્યારે બોલ્યા. ૩૨. આપ કોઈ નિશ્ચિત પરમેશ્વર છો. બસ, અમને આટલું જ સમજવામાં આવ્યું છે. આપ દસ અવતાર માંહેલા કોઈ છો ? ચોવીશ અવતાર માંહેલા છો ? કે હજારો અવતાર માંહેલા છો ? હે પ્યારા! તે અવતારો માંહેલા આપ કોણ છો ? ૩૩. અમે તેમાં કશું જાણતા નથી, તો આપ કૃપા કરીને અમને કહો. પછી અમે આપના શરણે આવીએ. બસ અમને આટલો જ સંદેહ છે. ૩૪. અમારા ઈષ્ટદેવ જો કહે તો તેમના વિશ્વાસથી તેમણે કહેલી વાતને અમે સાચી માનીએ. ત્યારે કરુણારસથી પરિપૂર્ણ પરમ દયાળુ શ્રીહરિએ કરુણા કરીને કહ્યું, તમે તમારા ઈષ્ટદેવને દેખ્યા તો નથી. તો પછી તેમના કહ્યામાં વિશ્વાસ કેમ આવે ? ત્યારે તેમણે કહ્યું, અમારા ઈષ્ટદેવ અનુપમ પ્રતિમાના રૂપમાં પ્રગટ રૂપ છે. ૩૫-૩૬. ત્યારે કૃપાનિધાન શ્રીસહજાનંદ સ્વામીએ કહ્યું, અનંત જીવોને શરણે લેવા એમ ભગવાન ચાહે છે. ૩૭.

**दोहा : गिनत न दोष अदोष हरि, शरनागत सुखखान;**
**निज बरद विचारीके, देत अभयपद दान...३८**

એટલે શરણાગતને માટે સુખની ખાણ જેવા ભગવાન જીવોના ગુણોની કે અવગુણોની સામે જોતા નથી. તેઓ પોતાનું બિરુદ વિચારીને જ જીવોને અભયદાન કરે છે. ૩૮. જેમ ચક્રવર્તી રાજા સહુ પ્રથમ રાજસિંહાસન ઉપર બેસે છે, ત્યારે તેના ઉપલક્ષમાં તે બધા જ કેદીઓને કેદમાંથી તત્કાળ છોડી મૂકે છે. ૩૯. તે રીતે જ આ સમયે ઘનશ્યામ શ્રીહરિ મોક્ષના તખ્ત ઉપર વિરાજ્યા ત્યારે તેમનું નામ સાંભળીને જે કોઈ શરણે આવે તેમને તેઓ અભયદાન કરતા. ૪૦.

### ❋ ધામાધિપતિઓએ કહેલી શ્રીહરિની સર્વોપરિતા :

પછી જે બધા મતવાદીઓ આવ્યા હતા તેમને ધ્યાનમાં બેસાડ્યા. અને ભગવાન શ્રીહરિએ તેમને કહ્યું કે, તમે પોતાના ઈષ્ટદેવનું ધ્યાન કરો. ૪૧. ત્યારે તે સહુ જેવા પોતાના ઈષ્ટદેવ હોય તેવું ધ્યાન કરવા લાગ્યા, એટલે વિશાળ યોગકલાના જાણકાર શ્રીહરિએ તે સહુના ઈષ્ટદેવનું રૂપ લીધું. ૪૨.

**चोपाई :**

**समाधि कराई ततकाला, इष्टदेव देखाये कृपाला;**
**सो बोले तिनसे तेहि वारा, सुनो शिष्य हो सबहि हमारा...४३**

**हम में प्रताप तुम जानत जोउ, धर्मसुत से पाये हे सोउ;**
**इनसे देव नहिं अधिक हि कोई, जान लियो तुम मन में सोई...४४**

તે બધાને તત્કાળ સમાધિ કરાવી. કૃપાળુએ તેમના ઈષ્ટદેવનાં દર્શન કરાવ્યાં. તેમણે કહ્યું, તમે બધા મારા શિષ્ય છો તે સાંભળો. ૪૩. અમારામાં જે પ્રતાપને તમે જાણો છો કે માનો છો તે બધો જ પ્રતાપ આ ધર્મપુત્ર શ્રીહરિ પાસેથી જ અમને પ્રાપ્ત થયો છે. આમનાથી અધિક બીજો કોઈ દેવ નથી. આવું તમે સહુ મનમાં સમજી રાખો. ૪૪.

**चिंतामनि से द्रव्य अधिक न कोऊ, चिंतामनि मिले सिद्धि सब होऊ;**
**मोक्ष पद जो जोये जिनकूं, तो मन कर्म कर भजना इनकूं...४५**

**आत्यंतिक मोक्ष कहावत जाई, सो तिनके हे हाथ में ताई;**
**इनकी मर्जि जोई चलत हे हमहि, मोक्ष जोये तो चलना तुमहि...४६**

ચિંતામણિથી અધિક કોઈ ધન નથી. ચિંતામણિ મળે તો બધી વાત સિદ્ધ થઈ જાય. જેને મોક્ષપદ જોઈતું હોય તેણે મન-કર્મે કરીને આ શ્રીહરિનું ભજન કરવું. ૪૫. જે આત્યંતિક મોક્ષ કહેવાય છે તે આ સહજાનંદસ્વામીના હાથમાં છે. અમે પણ એમની મરજી જોઈ વિચારીને ચાલીએ છીએ; એટલે જો તમારા જીવનો મોક્ષ કરવો હોય તો તમે પણ એમની મરજીમાં-આજ્ઞામાં રહો. ૪૬.

**एसो न कोई दिन भयो अवतारा, फेर न कोउ दिन होननहारा;**
**जो जिनके होय भाग्य अपारा, सो मानेगे जन अब हि वारा...४७**

આવો અવતાર પૂર્વે ક્યારેય થયો નથી અને ફરી વાર થવાનો પણ નથી. માટે જેનું મહાન ભાગ્ય હશે તે આ વેળાએ તેમને ઓળખીને માનશે-પૂજશે. ૪૭. (હવે તેની વિગત ગ્રંથકાર કહે છે.) જેણે જેણે પોતાના ઈષ્ટદેવનાં દર્શન કર્યાં હતાં, હવે તે હું અનુક્રમે કહું છું. પ્રથમ વલ્લભકુળને આશરેલા, પુષ્ટિ માર્ગીય વૈષ્ણવ જે નરનારીઓ શરણાગતિ સ્વીકારી ચૂકેલાં હતાં, ૪૮. તેમજ નિંબાર્ક સંપ્રદાયના આશ્રિત અને માધ્વ સંપ્રદાયના આશ્રિત જે સ્ત્રી-પુરુષો

હતાં, ૪૯. તે ત્રણે સંપ્રદાયના બધા વૈષ્ણવોએ ગોપીઓના સમુદાયની વચ્ચે વૃંદાવનમાં રાસ રમતા હોય તેવા અલૌકિકરૂપે શ્રીગોપીનાથજીને જોયા. ૫૦.

**सोरठा : सब कारन अवतार, श्रीकृष्ण कुं कहत सब;**
**तिनसे देखे पार, धर्मकुंवर घनश्याम कुं...५२**

મનોહર લીલાને કરતા નટવરના સમાન વેષધારી શ્રીકૃષ્ણ ભક્તોનું કલ્યાણ કરવા બાળસ્વરૂપે વિરાજમાન હોય, એવા પણ દર્શન થયાં. ૫૧. સર્વ અવતારોનું કારણ શ્રીકૃષ્ણ છે, આવું સહુ કહે છે. પરંતુ તે સહુએ ધર્મપુત્ર ઘનશ્યામને શ્રીકૃષ્ણથી પણ પર દેખ્યા. ૫૨.

***ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના તૃતીય પૂરમાં 'શ્રીજીમહારાજનો પ્રતાપ સમાધિ પ્રકરણમાં કહ્યો' એ નામે પચ્ચીશમો તરંગ સમાપ્ત ॥૨૫॥***

## પૂર ત્રીજું : તરંગ - ૨૬

## અવતારોએ ભક્તોને કહેલી શ્રીહરિની સર્વોપરિતા, માંગરોળથી વિદાય

ચંદ્રનું તેજ અપાર છે પણ તે સૂર્યોદય ન થયો હોય ત્યાં સુધી જ કહેવાય. જ્યારે સૂર્યોદય થઈ જાય ત્યારે તો તે એક સૂર્યનું જ તેજ સર્વશ્રેષ્ઠ ગણાય છે. ૧. મણિ અનંત છે, પણ પ્રત્યેક મણિમાં ઘણો તફાવત હોય છે. અન્ય મણિઓ કરતાં ચિંતામણિ કાંઈક જુદો જ છે. તેમ અવતારોમાં પણ શ્રીહરિનો અવતાર કોઈ ઓર જ છે. ૨. દીવો, મશાલ, વીજળીનો અગ્નિ અને વડવાનળ, એ બધા અગ્નિના રૂપમાં સમાન છે, છતાં પ્રતાપની દષ્ટિએ એક એકથી બીજો અધિક અધિક પ્રતાપી અગ્નિ છે. ૩. અને દામ એક જ પ્રશાસનના હોવા છતાં તેમાં ન્યૂનાધિક ભાવ રહે છે, તેમ પ્રત્યેકમાં ન્યૂન-અધિકનો વિવેક હોય છે. તેમ શ્રીહરિ કહેતા. ૪. આવી વાતો તો અનંત અને અપાર છે. મુખે કહેતા પાર આવે તેમ નથી. સંતો તો જેમાં જેટલો ગુણ હોય તેને જ ગ્રહણ કરે છે. ૫. **"ઝાઝા ગુણોને છોડી દઈને એક**

**અવગુણને જ જે લે છે તેને અધમ જાણીને તેનો ત્યાગ કરવો તે વિવેક છે."** શ્રીહરિની આવી વાત સાંભળીને જેના હૈયામાં હરખ થાય તો તેને માટે આ વાત અમૃત જ કહેવાય. ૬. દિન પ્રતિદિન વધારે હેત કરીને આવી વાત પ્રેમથી સાંભળવી જોઈએ.

હવે આગળ વાત કહેવાય છે કે રામાનુજ સંપ્રદાયનાં અનુયાયી જે પુરુષો અને સ્ત્રીઓ હતાં, ૭. તેમને સમાધિમાં વૈકુંઠધામ દેખાયું. તેથી તેઓને ઘણો જ આનંદ થયો. વૈકુંઠમાં નંદ, સુનંદ, વિશ્વક્સેન અને ગરુડ આદિ પાર્ષદોએ સહિત લક્ષ્મીનારાયણનું મહાન સ્વરૂપ દેખાયું. તેમણે મસ્તકે મોરમુકુટ અને પીતાંબર ધાર્યાં હતાં. તેઓ કિશોર વયના અને ચતુર્ભુજ હતા. ૮-૯. બધા પાર્ષદો અને સેવકો આનંદમાં હતા. બધા જ વિમાનમાં બેસીને સ્વતંત્ર રીતે વિચરતા હતા. શ્રીલક્ષ્મીનારાયણ પ્રભુએ પોતાના ભક્તોને કહ્યું કે, **"આ ધર્મપુત્ર સહજાનંદ સ્વામી અમારા કરતાં મહાન છે. ૧૦. અમે પણ એમની જ આજ્ઞામાં રહીએ છીએ એમ તમે નિશ્ચય જાણો."**

હવે રામાનંદ સંપ્રદાયની વાત કહું છું. શ્રીરામાનંદ સંપ્રદાયના અનુયાયી જે શિષ્ય નરનારીઓ હતાં, ૧૧. તેઓ પણ તે સમયે સમાધિમાં ગયાં. ત્યારે તેમણે દેખ્યું કે સીતા, લક્ષ્મણ અને મહાવીર હનુમાનજી સાથે રામચંદ્રજી ભગવાન શ્વેતવૈકુંઠ ધામમાં વિરાજમાન છે. ૧૨. શ્રીરામચંદ્રજી ભગવાન હાથમાં ધનુષ્ય અને બાણ લઈને સીતાજી સાથે સિંહાસન ઉપર બેઠા છે. લક્ષ્મણજી તેમને ચામર કરી રહ્યા છે અને હનુમાનજી પાસે જ બેઠા છે. ૧૩. ભરતજી શ્રીરામચંદ્રજી ભગવાનની પાસે જ ભક્તોની સભા કરીને બેઠા છે. તેઓ મુખથી રામચરિત્ર કહે છે અને અનંત ભક્તો તે રામચરિત્રને સાંભળે છે. ૧૪.

**सोरठा : भक्त जन कूं जोई, श्रीरामचंद्र बोलत भयेउ;**
**सुनहो मम जन सोई, गोप्य बात अब कहत मैं...१५**
**हम से पर अनंत, एसे हरि अब प्रगट भये;**
**भूमि पर बलवंत, तिनके हम आधिन सदा...१६**

સમાધિમાં આવેલા ભક્તોને જોઈને શ્રીરામચંદ્રજી બોલ્યા, 'મારા ભક્તો ! બધા સાંભળો, હું એક ગોપ્ય (ખાનગી) વાત કહું છું. ૧૫. અમારા કરતાં અનંતગણા પર અને બળવાન એવા શ્રીહરિ અત્યારે ભૂમિ ઉપર પ્રગટ થયા છે. અમે સદા તેમને આધીન છીએ.' ૧૬. રામચંદ્રજીના મુખની વાત સાંભળ્યા પછી સમાધિમાંથી બહાર આવેલા બધા ભક્તો તે સમયે પ્રત્યક્ષ વિરાજમાન શ્રીહરિને શરણે થઈને આશ્રિત થયા. તે સાંભળીને વૈરાગીઓ ખારા થયા-ખિજાયા. ૧૭. તેઓ આખા દેશમાં ગામેગામ શ્રીહરિના સત્સંગનો દ્વેષ કરવા મંડી પડ્યા. શંકરાચાર્યના અદ્વૈતમતનાં નરનારી શિષ્યોને પણ તે વખતે સમાધિ થઈ. ૧૮. તેમણે અત્યંત ઉજ્જ્વળ બ્રહ્મજ્યોતિરૂપ તેજના રાશિને જોયો. અને તેનું કારણ પણ ધર્મપુત્ર શ્રીહરિને જાણ્યા. તેથી તેઓ પણ મોહજાળનો ત્યાગ કરીને શ્રીહરિને શરણે થયા. ૧૯. શૈવોને ઉદાર શિવનાં દર્શન થયાં. સાથે દેવી ઉમા અને અપાર પ્રમથગણ હતો. શૈવોએ જાણ્યું કે અમારા ઈષ્ટદેવના પણ જીવનપ્રાણ આ ઘનશ્યામ શ્રીહરિ છે, એટલે તેઓએ પણ સુખધામ શ્રીહરિનું શરણું લીધું. ૨૦.

જે સૂર્યના ઉપાસક ભક્તો હતા તેમને સૂર્યના મંડળમાં વિરાજમાન હિરણ્મય પુરુષ જેવા સૂર્યરૂપે શ્રીહરિનાં દર્શન થયાં. ૨૧. તે સ્વરૂપને દેખીને તત્કાળ જ સૂર્યભક્તોએ શ્રીહરિને પ્રતિપાલક-જગતનો ઉદ્ધાર કરનારા જાણીને શરણ સ્વીકાર્યું. ગણપતિના ભક્તોએ શ્રીહરિને મહા ગણપતિરૂપે દેખ્યા. ૨૨. જે લોકો જૈન હતા તેમણે શ્રીહરિને તીર્થંકરરૂપે દેખ્યા. જે દેવીના ભક્તો હતા તેમણે શ્રીહરિને તે સમયે દેવીના સમાન જોયા. ૨૩. મુસલમાનોને શ્રીહરિ પેગંબરરૂપે દેખાયા, એટલે તેમને કાંઈ સંદેહ રહ્યો નહિ. આવું જ્યારે સહુએ દેખ્યું ત્યારે તે બધા પોતપોતાના મનમાં ઘણા જ ખુશી થયા. અને પછી તેઓ શ્રીહરિનું શરણ લઈને આશ્રિત થયા. ૨૪. તે બધા મુમુક્ષુઓ પોતપોતાના ધર્મમાં રહેવા લાગ્યા. અધર્મમાર્ગનો ત્યાગ કરી દીધો અને શ્રીહરિનાં વચન દૃઢપણે સ્વીકાર્યાં. ૨૫. શ્રીહરિએ આ પ્રમાણે પોતાનો અપાર પ્રતાપ દેખાડ્યો. તેને મુખથી કહેતા સો જન્મ વીતી જાય તો પણ પાર આવે તેમ નથી. ૨૬. શ્રીહરિનાં ચરિત્ર અનંત છે. હવે મારું આયુષ્ય થોડું રહ્યું છે. મનના જેવા

વેગથી કહેવામાં આવે તો તે બુદ્ધિના માપમાં આવે. ૨૭. બધાં ચરિત્ર લખ્યાં હોત તો પૂરું આકાશ કાગળોથી ભરાઈ જાત, પણ અત્યારે તો મનમાંથી બધું ભુલાઈ ગયું છે. જે લેશમાત્ર યાદ છે તેને હવે લખું છું. ૨૮.

**चोपाई :**

**मूल अग्यान जीव को जोई, नाश करत भये हरि सोई;**
**एकांतिक धर्म अवनि के मांई, नाश भए जानी सुखदाई...२९**
**प्रगट होई के धर्मकुमारा, स्थापन किये सब हि प्रकारा;**
**धनाढ्य ऐसे हरिजन जोउ, गृहस्थ सत्संगी एसे सोउ...३०**

જીવના મૂળ અજ્ઞાનનો નાશ કરવા માટે શ્રીહરિ પ્રકટ થયા અને પૃથ્વી ઉપરથી એકાંતિક ધર્મનો પણ નાશ થયો એવું જાણીને સુખદાયક ધર્મપુત્ર શ્રીહરિ પ્રગટ થઈને તેને બધી રીતે સ્થાપિત કર્યો. ધનાઢ્ય ગૃહસ્થ સત્સંગીઓની પાસે સારાં અન્નક્ષેત્ર કરાવ્યાં. અભ્યાગત-અતિથિ તીર્થવાસીઓને માટે ધર્મશાળાઓ બંધાવી અને અહિંસામય વિષ્ણુયાગ જેવા યજ્ઞો પણ કરાવ્યા. ૨૯-૩૧. બહુનામી શ્રીહરિ મહાપૂજા કરીને યજ્ઞ કરાવવા લાગ્યા. તે સાંભળીને અપાર લાખો બ્રાહ્મણો આવવા લાગ્યા. ૩૨. ઘીથી લચપચતા લાડુ કરાવીને તેમને જમાડ્યા, જે વર્ણવી શકાય તેમ નથી. એક મહિનો, બે મહિના, છ મહિના સુધી બ્રાહ્મણોને જમાડ્યા, તેનો કોઈ નક્કી ઠેરાવ રહ્યો નહિ. ૩૩. બ્રાહ્મણો મુખથી 'ના' ન કહે ત્યાં સુધી રોજ મિષ્ટાન્ન તેમને જમાડવું. આવું જ્યારે નક્કી કર્યું ત્યારે બ્રાહ્મણો જમીને તૃપ્ત થાય, પણ મુખથી 'ના' ન કહે, છેવટે છાની રીતે ભાગવા લાગ્યા. ૩૪.

ત્યારે ભાગતા તે બ્રાહ્મણોને પાછા બોલાવીને તેના શાસ્ત્રાભ્યાસને અનુસારે પૂજા કરતા. પતિ-પત્ની બંને(વિપ્ર દંપતિ)ને તે સમયે અપાર દાન આપતા. ૩૫. સાધુઓને, વિપ્રોને અને દેવોને હૃદયના પ્રેમથી નિત્ય ભોજન વડે તૃપ્ત કરીને શ્રીહરિ પૂજતા. ૩૬. આમ જગદ્વંદ્ય સહજાનંદ સ્વામીએ વારંવાર અધર્મી અને પાખંડી મતોનો ઉચ્છેદ કર્યો. ૩૭. જ્યાં જ્યાં પોતાના ભક્તો રહેતા ત્યાં ત્યાં સંતોને સાથે લઈને શ્રીહરિ જાતા. ત્યાંથી અધર્મનો નાશ કરીને ધર્મનું દૃઢતાથી સ્થાપન કરતા. ૩૮. શ્રીહરિએ વર્ણાશ્રમના ધર્મને

મજબૂત કર્યો. અધર્મના માર્ગને દૂર કરાવ્યો. અધર્મી ગુરુઓનો ત્યાગ કરાવ્યો અને સંતોને ઓળખાવ્યા. તેમજ અથાગ ત્યાગ પળાવ્યો. ૩૯. આટલું કર્યું ત્યારે સહુને મોક્ષની વાત સાક્ષાત્ ઓળખ્યામાં આવી. અને સત્સંગથી સાચા-ખોટા સંતોની સહુને ઓળખાણ થઈ. ૪૦.

અજ્ઞાન અનાદિ કાળનું છે. સત્સંગ વિના તેની ખબર પડતી નથી. તે અજ્ઞાનનો નાશ કરવા માટે મહારાધિરાજ શ્રીહરિ દેશોદેશમાં ચારે ધામમાં વિચર્યા. અધર્મનાં મૂળિયાં કાપી નાખ્યાં. આત્મજ્ઞાન કરાવ્યું. અનુપમ વૈરાગ્ય આપ્યો. ઘણાને પોતાનું દિવ્ય સ્વરૂપ બતાવ્યું. ૪૧-૪૨. માહાત્મ્યજ્ઞાને સહિત પોતાની ભક્તિ કરાવી અને અનેક લોકોને કાળના પાશમાંથી છોડાવી લીધા. તેથી બધા પાખંડી ગુરુઓ સાથે મળ્યા અને એક થયા. તેમણે ધર્મનો નાશ કરવાની ટેક લીધી. ૪૩. ભ્રષ્ટ ભક્તની માળા બનાવી અને તે દરેક શ્રદ્ધાળુ લોકોના ગળામાં નાખી. તેનાથી બધા લોકો ભ્રષ્ટ થઈ ગયા. વટાળ થવા છતાં તેને શોક થતો નહિ. ૪૪. "આમાં જે સંશય કરે તેને ભક્ત જાણવો નહિ," આવું તે બધાએ પ્રમાણિત કર્યું-માન્ય રાખ્યું. આ પાપને લીધે તે સમયે બધા લોકો જમપુરીને માર્ગે જ ચાલ્યા. ૪૫. ભગવાને જ્યારે જોયું કે હળાહળ અધર્મ વધ્યો છે, મારા સિવાય આ અધર્મ ક્યારેય ટળશે નહિ. ત્યારે સ્વયં શ્રીહરિ પધાર્યા. ૪૬. શ્રીહરિએ ધર્મરૂપી અભેદ્ય કવચ પહેર્યું, હાથમાં જ્ઞાનરૂપી તલવાર લીધી, મદદ માટે ભક્તિની ઢાલ લીધી, વૈરાગ્યરૂપ અશ્વ ઉપર સવારી કરી, ૪૭. સંતોનું લશ્કર સાથે રાખીને દેશમાં બધે ફરવાનો ઉત્સાહ રાખ્યો. કીર્તિરૂપી મોટા તંબુઓને સાથે રાખવાનો વિચાર પણ કર્યો. ૪૮. ભગવાને નિર્લોભ, નિષ્કામ, નિર્માન, નિઃસ્નેહ અને નિઃસ્વાદની મોટી તોપોને પણ સાથે લીધી. ૪૯. સત્સંગરૂપી મોટો હાથી કે તેના જેવો અજર, અમર અને અપાર બળવાન બીજો કોઈ હાથી ન હોઈ શકે, તે સાથે લીધો. ૫૦. ત્યાં માંગરોળમાં ચાર માસ રહીને ધર્મનો દિગ્વિજય કર્યો. દશેરાને દિવસ ભોજન લઈને પછી શ્રીહરિ અત્યંત ઉત્સાહપૂર્વક ત્યાંથી ચાલી નીકળ્યા. ૫૧.

સમાચાર સાંભળીને નવાબ એકદમ વિહ્વળ થઈ ગયા. તુરંત શ્રીહરિ પાસે દોડી આવ્યા. અને બોલ્યા, હે ઘનશ્યામ પ્રભુ, આ વખતે આપે

માંગરોળમાં રહીને મને કૃતાર્થ કર્યો છે. ૫૨. તેમણે તુરંત જ અંબાડીથી સજાવેલો હાથી મગાવ્યો. ત્યારે તેનો પ્રેમ જોઈને શ્રીહરિ હાથી ઉપર બેઠા. ૫૩. સાથે અપાર ઘોડેસવારો હતા. સહુના પ્રાણઆધાર શ્રીહરિ શહેર વચ્ચેથી વાજતેગાજતે નીકળ્યા. નગરજનો પ્રેમથી શ્રીહરિનું ઘણું યશોગાન કરતા હતા. ૫૪. નવાબે પોતાની કચેરીમાં શ્રીહરિની પધરામણી કરી. તે સમયે મુખે કહી શકાય નહિ એટલી બધી પહેરામણી ભેટ કરી. ૫૫. નવાબે શ્રીહરિને માટે સિંહાસન નવું જ કરાવ્યું હતું. તેના ઉપર પરમ ગુરુ મહાપ્રભુને પધરાવ્યા. શ્રીહરિને મહાન પરમ પૂજ્ય ગણીને મનમાં સંતોષ થાય તે રીતે પૂજા કરી. ૫૬. તેમણે ઘણા જ પ્રેમથી જરિયાની પોશાક બધાં જ અંગો ઉપર પહેરાવ્યો. સદાચારની રીતે પદ્ધતિ પ્રમાણે તે બધું પાર્ષદની સાથે આપ્યું. તોરા, બાજુબંધ, કુંડળ, મોતીના હાર વગેરે પહેરાવ્યું. કપાળમાં સુંદર કુંકુમનો ચાંદલો કર્યો. ૫૭. સંતોને ફૂલના હાર પહેરાવીને એક એક વસ્ત્ર ઓઢાડ્યું. હાથ જોડીને વિનંતી કરી કે ફરી વાર અહીંયાં પધારીને દર્શન આપજો. નવાબને રાજભવનના દ્વાર ઉપર જ ઊભા રાખીને શ્રીહરિ બહાર નીકળ્યા. વળાવવા આવેલી બધી સવારીને પાછી વાળીને શ્રીહરિ આગળ પોતાની રીતે ચાલતા થયા. ૫૮.

***ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના તૃતીય પૂરમાં 'અવતારોએ ભક્તોને કહેલી શ્રીહરિની સર્વોપરિતા, માંગરોળથી વિદાય લીધી' એ નામે છવીશમો તરંગ સમાપ્ત ॥૨૬॥***

## પૂર ત્રીજું : તરંગ - ૨૭

### શ્રીહરિનું કાલવાણી, અગત્રાઈ, આખા, પીપલાણા તથા માણાવદરમાં વિચરણ

ભક્તોના મનોરથને પૂર્ણ કરનારા શ્રીહરિ માંગરોળથી નીકળીને કાલવાણી ગામ પધાર્યા. ત્યાં શરદ પૂર્ણિમાનો ઉત્સવ કર્યો. ૧. ત્યાં લોકોને વારંવાર સમાધિ કરાવવાની લીલા રાત દિવસ એકધારી કરવા લાગ્યા. ૨.

ત્યાંના હરિભક્તો બહુ પ્રેમી હતા. ઘેર ઘેર શ્રીહરિની પધરામણી કરતા હતા. પોતાના સ્વામી શ્રીહરિને બરફી તથા પેંડા લાવીને બહુ જમાડતા. ૩. તેઓ ખૂબ જ પ્રેમથી પૂજા કરતા. અંગો ઉપર કેસરી ચંદનની ચરચા કરતા. અતિશય પ્રેમભાવથી-રસભરી રીતથી ફૂલોના હાર પહેરાવતા. ૪. કપૂરથી અનુપમ આરતી ઉતારતા. અગરબત્તી ને ધૂપ કરતા. હરખથી ચરણકમલની ઉપર ચંદન લગાવીને છાતીએ ચાંપતા. ૫.

બ્રહ્મા અને શંકરને પણ જે દુર્લભ છે તે સુખ હરિભક્તોને નિત્ય મળતું. શ્રીહરિ ભક્તજનોને સુખ આપવા માટે કાલવાણીથી નીકળીને અગત્રાઈ ગામ પધાર્યા. ૬. તે ગામના હરિભક્તોને પણ સમાધિ કરાવીને આ વખતે પોતાનો અનંત અને અપાર પ્રતાપ દેખાડ્યો. ૭. તે પ્રતાપ દેખીને સહુ લોકોને આશ્ચર્ય થતું. ભગવાનનો આવો અવતાર થયો હોય આવું ક્યારેય સાંભળ્યું નથી. શ્રીહરિને પરમેશ્વર માનીને બાંય પકડી પકડીને ભક્તોએ દરેક ઘેર પધરામણી કરી. ૮. ભક્તો મેવા અને મીઠાઈના થાળ ભરી ભરીને શ્રીહરિને જમાડતા, તેનાથી ઘણો જ આનંદ થતો. તે પછી વિવિધ પ્રકારનો સાજ લાવીને હરખભેર પૂજા કરતા. ૯. જે હરિભક્તના હૃદયમાં જેવો ભાવ હોય તે પ્રમાણે તેઓ શ્રીહરિને પ્રેમથી લાડ લડાવતા હતા. શ્રીહરિની મનોહર મૂર્તિમાં જે ધારણા કરતા તેમને તુરંત સમાધિ થાતી. ૧૦.

મુકુંદાનંદ બ્રહ્મચારી શ્રીહરિની સેવામાં રહેતા. સવારે અને સાંજે થાળ બનાવીને નિત્ય શ્રીહરિને જમાડતા. ૧૧. જેરામ બ્રહ્મચારી અખંડ શ્રીહરિની સાથે રહેતા અને જળપાન કરાવતા. શ્રીહરિના બાલમિત્ર આનંદાનંદ સ્વામી શ્રીહરિની પગચંપી કરતા. ૧૨. નાથ ભક્ત અને ઉમાભાઈ આ બંને શિરોમણિ હરિભક્ત હતા. અને તે શ્રીહરિની મૂર્તિમાં તલ્લીન રહેતા. તે કણભા ગામના હતા. ૧૩. તે બંને શ્રીહરિના પરમ એકાંતિક અને અનન્ય દાસ કહેવાતા. તેઓ શ્રીહરિનાં વસ્ત્રોને અને આભૂષણોને પોતાની પાસે સાચવીને રાખતા હતા. ૧૪. નરસિંહ મહેતા, રણછોડ ભક્ત, થોભણ ભક્ત અને મીરાબાઈ, એ ચારેનાં પદોને તથા પ્રગટ શ્રીહરિનાં ગુણ અને ચરિત્રોને પ્રત્યક્ષ પ્રમાણ માનીને તેમનાં પદોને, બંને જણ ઊભા થઈ તાળીઓ પાડીને

ગાતા હતા. ૧૫-૧૬. તે પદોમાં જેવો જેવો ભાવ જણાવ્યો હોય તેવાં લટકાં કરીને જ્યારે ગાતા હોય ત્યારે ભક્તજન પ્રતિપાલક શ્રીહરિ પલંગ ઉપર બેઠા બેઠા મુખ આગળ રૂમાલ રાખીને હસતા. ૧૭. નાથજીભક્ત જ્યારે ઉત્સાહથી કીર્તન ગાતા હોય ત્યારે તેની આંખોમાંથી પ્રેમનાં આંસુઓ ગંગાની જેમ વહેતાં. તે રીતે હીરાભાઈ અને અખેરાજ આ બંને શ્રીહરિની મૂર્તિ સામે જોઈને ગદ્‌ગદ્ થઈ જતા. ૧૮. જ્યારે તેઓ કીર્તન ગાતા હોય ત્યારે તેમને દેહનું ભાન ભુલાઈ જવાતુ. શ્રીહરિ તેનો હાથ પકડીને જગાડતા ત્યારે તેઓ જાગીને શ્રીહરિને બાથ ભરીને પોતાને કંઠે લગાડતા. ૧૯. તે પ્રમાણે જ સમાધિમાં ગયેલા બધા જ પ્રેમીભક્ત જાગીને શ્રીહરિને કંઠે લગાડતા. શ્રીહરિ હસીને તે ભક્તોને છોડી દો, છોડી દો, આવું કહે ત્યારે ઉલ્લાસથી ફરી વાર કંઠે લપટાવી દેતા. ૨૦.

### ✻ પર્વતભાઈની મોટાઈ તથા સદ્‌ગુણો :

**ચોપાઈ :**

**हरिभक्त जो पर्वतभाई, तेहि मोटप सब से अधिकाई;**
**हरि मूर्ति सो नेंन की मांई, अखंड धरी पल जावत नाई...२१**
**आवत जावत हरि परदेशा, मूर्ति रखि नेंन खसत न लेशा;**
**मूर्ति में रहि निज देह वरतावे, मूर्ति बिन नहिं स्वास भरावे...२२**

તેમાં હરિભક્ત પર્વતભાઈની મોટાઈ તો સહુથી અધિક હતી. તેઓ શ્રીહરિની મૂર્તિને પોતાનાં નેત્રોમાં જ અખંડ ધારી રાખતા. મૂર્તિની ધારણા સિવાય એક પળ જેટલો સમય પણ ખાલી જાતો નહિ. ૨૧. શ્રીહરિ ભલે દેશ-પરદેશ જાય, પણ પર્વતભાઈ મૂર્તિને પોતાનાં નેત્રોમાં જ રાખતા. લેશમાત્ર પણ ખસતી નહિ. તે મૂર્તિમાં રહીને જ પોતાના દેહની ક્રિયાઓ કરતા. મૂર્તિને ભૂલીને તો એક શ્વાસ પણ લેતા નહિ. ૨૨.

**घर को सब हि करत वेहवारा, मूर्ति सु पल न रेवत न्यारा;**
**अक्षरधाम से हरि जब आये, भूपर करन को काम ठेराये...२३**

**તેઓ ઘરનો બધો વ્યવહાર કરતા પણ મૂર્તિથી પલવાર પણ અલગ રહેતા નહિ.** શ્રીહરિ અક્ષરધામથી જ્યારે પધાર્યા ત્યારે ભૂમિ ઉપરના

અનંત જીવોનો ઉદ્ધાર કરવાનું મનમાં નક્કી કર્યું. ૨૩. તે બધું શ્રીહરિએ પર્વતભાઈની આગળ જણાવ્યું. માત્ર કહેવાથી જ તે વાત પર્વતભાઈને મનાણી નહિ, પછી જ્યારે શ્રીહરિએ તે નજરે દેખાડ્યું ત્યારે તેમણે વાતને સાક્ષાત્ માની. ૨૪. પર્વતભાઈ અને મયારામ પરમ હિત કરનારા મિત્ર હતા. શ્રીહરિ જે જે કરવાનું હોય તે બધી વાત તેમને કહેતા. ૨૫. જે કોઈ ભક્ત પર્વતભાઈને નિષ્કપટપણે કાંઈ પૂછે તો તેને શ્રીહરિ જે કરવા ચાહતા હોય તે બધું કહેતા. ૨૬. મુક્તાનંદ સ્વામીએ શ્રીહરિની વાત પહેલાં જે મયારામ ભટ્ટને કહી હતી, તે તેમને પોતાના બુદ્ધિના ડહાપણના ગુણને લીધે નજરે જોઈ તોપણ ન મનાણી; ૨૭. પણ તેમને મોક્ષનો ખપ અપાર હતો તેથી અધિક સારી વાત હોય તેને સ્વીકારી લેતા અને જે અસાર હોય તેને ફેંકી દેતા. હંસના નીરક્ષીર વિવેકની જેમ તપાસ કરીને કામ કરતા. ૨૮.

### ✵ શ્રીહરિનો રઘુનાથદાસને વિમુખ કરવાનો વિચાર :

રઘુનાથદાસ રળિયા ગઢવીના પુત્ર હતા. પોતામાં ગુણ માનતા તેથી તેઓ વધારે મૂઢ અને મહાન અભિમાની હતા. તેને મોક્ષનો ખપ વધારે હતો નહીં. ૨૯. સદ્‌ગુરુશ્રી રામાનંદસ્વામીના બધા સદ્‌ગુણ પોતામાં છે, એવું તે આપમેળે માની બેઠા હતા. તે પાપને લીધે તેની બુદ્ધિ મલિન થઈ ગઈ. શ્રીહરિથી વિમુખ થવાનો મનમાં વિચાર કર્યો. ૩૦. કૂતરાને હડકવાનો રોગ થયો હોય તે બીજાના પણ પ્રાણ લે. જેને તે હડકાયા કૂતરાની લાળ લાગી હોય, તેને બચવાની આશા છૂટી જાય છે. ૩૧. શ્રીહરિએ ત્રણ માસમાં જ રઘુનાથદાસને વિમુખ કરવાનું નક્કી કર્યું. શ્રીહરિએ તે વાત મનમાં જ રાખી હતી. પછી મયારામ ભટ્ટને તે વાત કહી હતી. ૩૨.

કાલવાણીથી શ્રીહરિ આખા ગામ પધાર્યા. નારાયણજી નામે બ્રાહ્મણને ઘેર મહેમાન થયા. તેઓ ઘણા સારા ગુણવાન હરિભક્ત હતા. મનગમતી ઘણી સારી રસોઈ કરાવીને રોજ અતિશય હેતથી શ્રીહરિને તેઓ જમાડતા હતા. ૩૩. ત્યાં જે હરિભક્તો દર્શન કરવા આવતા તેમને શ્રીહરિ ધ્યાન કરવા બેસાડતા. ધ્યાનમાં બેસતાની સાથે જ તેમને સમાધિ થઈ જતી. સૂકાં લાકડાંની જેમ તે પડ્યા રહેતા. ૩૪. સમાધિમાં રહેલાના

નાકને કે મોઢાને દબાવવામાં આવે છતાં તેને તેનું ભાન રહેતું નહિ. કદાચ કોઈ તેના અંગ ઉપર સળગતો અંગારો મૂકે છતાં પણ તેને તેની સૂધ રહેતી નહિ. ૩૫. સમાધિમાં ગયેલાને જ્યારે મૂર્તિનું તેજ અપાર દેખાય ત્યારે તે વખતે તે અત્યંત હસવા લાગતા. કોઈ સમાધિસ્થ આંખોને થંભાવીને મૂર્તિમાં જોડાયો હોય તો તે બિલકુલ મટકું મારતો નહિ. ૩૬. શ્રીહરિ આવી રીતે ગામેગામ ફરતા અને આવાં અનંત વિચિત્ર ચરિત્રોને કરતા. શ્રીહરિનો આવો પ્રતાપ દેખીને ઘણા જ લોકો તેમને શરણ આવીને સત્સંગના આશ્રિત થયા. ૩૭.

પીપલાણા ગામના નરસિંહ મહેતા ઘણા ઉદાર સ્વભાવના હતા. તેમણે શ્રીસહજાનંદ સ્વામીને પોતાને ઘરે પધરાવ્યા. ૩૮. ઘેર ઘેર થાળ કરાવીને શ્રીહરિને તેમણે જમાડ્યા. અત્યંત હેતથી પૂજા કરી. પછી દિવ્ય વસ્ત્રાલંકારો પહેરાવ્યાં. ૩૯. સુખધામ પુરુષોત્તમ શ્રીઘનશ્યામ શ્રીહરિનો યથાર્થ મહિમા સમજીને અતિશય પ્રેમથી તેમને પલંગ ઉપર પધરાવ્યા. ૪૦. શ્રીહરિની મનોહર મૂર્તિનાં દર્શન કરતાની સાથે બાળ, યુવાન કે વૃદ્ધ તે સહુને સમાધિ થઈ. તેને દેખીને શ્રીહરિ અત્યંત હસવા લાગ્યા. ૪૧ આ ગામના જે હરિભક્તો હતા તે બધા મહાન મુક્તો હતા અને શ્રીહરિની સાથે જ અવતર્યા હતા. તે સિવાય આવું ન થાય. યોગનો અભ્યાસ કરે તો પણ સમાધિ થતી નથી. ૪૨.

તે સમાધિમાં અલૌકિકતા દેખીને દેહમાં આવ્યા. પછી તે બધી વાતોને લોકો આગળ કહેતા હતા. તે સાંભળીને ગામના બીજા લોકો શ્રીહરિને શરણે આવીને તેમના આશ્રિત થતા હતા. ૪૩. તે પછી શ્રીહરિ પીપલાણાથી માણાવદર ગામ પધાર્યા. સર્વ સંતોને પોતાની સાથે લીધા હતા. અનુપમ અશ્વ ઉપર બેઠા હતા. શ્રીહરિ બનીઠનીને મોટા રાજા જેવા થયા હતા. ૪૪. શ્રીહરિને આવતા સાંભળીને હરિભક્તો સામૈયું લઈને સન્મુખ આવ્યા. વાજિંત્ર વગડાવીને ગામમાં પધરાવ્યા અને મયારામ ભટ્ટને ઘેર ઉતારો કરાવ્યો. ૪૫. સુંદર પલંગ બિછાવ્યો. તેના ઉપર શ્રીહરિ બિરાજ્યા. ચારે તરફ સંતોની સભા થઈ અને બીજા હરિભક્તો પણ

આવીને બેઠા. ૪૬. માણાવદરના નવાબને ખબર પડી એટલે તેઓ પણ તુરંત ત્યાં આવ્યા. તેમણે શ્રીહરિને નવીન શાલ ઓઢાડી. મહાન પ્રતાપી સમજીને તેઓ શ્રીહરિના ચરણોમાં નમી પડ્યા. અને શ્રીહરિનાં કરકમળ લઈને તેમણે પોતાને મસ્તકે મુકાવ્યા. ૪૭. તેણે શ્રીહરિની મૂર્તિને અપાર તેજસ્વી દેખી. એટલે તેનાથી તે નવાબને તે સમયે અંતર્દષ્ટિ થઈ ગઈ. તેથી હાલર પક્ષીએ પગમાં પકડેલા લાકડાના ટુકડાની જેમ શ્રીહરિની મૂર્તિ તેના અંતઃકરણમાં ચોંટી ગઈ. ૪૮. આ વાત તેણે કોઈને કહી નહિ, તેમાં તેમને અત્યંત પ્રેમના રસની અનુભૂતિ થઈ.

મયારામ ભટ્ટે રસોઈ બનાવી. પછી ઘણા જ સ્નેહ ભાવથી તેણે શ્રીહરિને જમાડ્યા. ૪૯. તેમણે ઘણી જાતનાં પકવાન કર્યાં હતાં. તેમાં પણ દૂધપાક મુખ્ય હતો. તે સિવાય પૂરી અને માલપૂડા પણ બનાવ્યાં હતાં. આટલી વસ્તુઓ તો પકવાન ઉપરની હતી. ૫૦. વડાં, ભજિયાં, પાપડ અને અથાણાં, એ બધી વસ્તુઓ પણ બુદ્ધિશાળી ભટ્ટે કરાવી હતી. જ્યારે સંતોની પંગત થઈ ત્યારે સ્વયં શ્રીહરિ તેમને પીરસવા પધાર્યા. ૫૧. શ્રીહરિનો પ્રસાદ સમજીને બધા સંતો પ્રેમથી જમ્યા. તે પછી બધા હરિભક્તો જમ્યા. સૌના મનમાં ઘણો આનંદ થયો. ૫૨. શ્રીહરિ જે થાળ જમ્યા તેને ત્યાંના રાજાએ (નવાબે) માગી લીધો. પોતાનું મહાન ભાગ્ય સમજીને તે થાળને રાજભવનમાં લઈ ગયા. ૫૩. નવાબની પત્ની (રાણી) શ્રીહરિના મહિમાને અતિશય સમજતી હતી, પણ તેણે તે મહિમાની વાત કોઈને કહી ન હતી. વળી તે પોતાના મનથી શ્રીહરિની મૂર્તિ પાસે જ રહેતી હતી. ૫૪. શ્રીહરિ જ્યારે બજારે નીકળતા ત્યારે તે રાણી પોતાના રાજભવનમાંથી જ શ્રીહરિનાં દર્શન એકતાર દષ્ટિથી કરતી હતી. મૂર્તિને પોતાના હૃદયમાં ઉતારતી હતી. ૫૫.

***ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના તૃતીય પૂરમાં 'શ્રીહરિનું કાલવાણી, અગત્રાઈ, આખા, પીપલાણા તથા માણાવદરમાં વિચરણ' એ નામે સત્તાવીશમો તરંગ સમાપ્ત ॥૨૭॥***

## પૂર ત્રીજું : તરંગ - ૨૮

### માણાવદરમાં દિવાળી, અન્નકુટોત્સવ તથા બાટવાના નવાબ દર્શને અને તેમને સમાધિમાં દર્શન કરાવ્યાં

શ્રીહરિ માણાવદરમાં ધનતેરસને દિવસ પધાર્યા હતા. ગજેફરખાન નવાબે ઘનશ્યામ શ્રીહરિને ત્યાં દિવાળી અને અન્નકોટ કરવા રોક્યા. ૧. દિવાળીનો સમૈયો કરવા અને શ્રીહરિનાં દર્શન કરવા બધા દેશોમાંથી ચારે વર્ણના લોકો માણાવદર આવ્યા. ૨. કેટલાક હરિભક્તો શણગારેલા ગાડામાં બેસીને પ્રેમથી આવ્યા હતા. કેટલાક ઘોડેશ્વાર થઈને અને કેટલાક તો પગપાળા ચાલીને આવ્યા. એમ અનંત લોકો આવ્યા. ૩. બાટવાના નવાબને પણ શ્રીહરિ માણાવદર પધાર્યા છે, આવા સમાચાર મળ્યા. તેથી તેઓ પણ પ્રેમવિહ્વળ થઈને સવારી સાથે માણાવદર આવ્યા. ૪.

**चोपाई :**

**श्रीहरि के आई परे चरना, विनय बचन मुख कीन उचरना;**
**नाम बुलेखा करीके तेहा, श्रीहरि मूर्ति में बहु स्नेहा...०५**
**तिनके कुरान की बात हि जोई, जो जो चित्तवि आये सोई;**
**अंतर की हरि तेहि जानी, बोलत भये तेहि विध बानी...०६**

તેનું નામ બુલેખા હતું. તેને શ્રીહરિની મૂર્તિમાં બહુ જ હેત હતું. તેથી તે આવીને શ્રીહરિના ચરણોમાં નમી પડ્યા. અને મુખથી વિનયભર્યાં વચન ઉચ્ચાર્યાં. ૫. નવાબે કુરાન વાંચ્યા પછી મનમાં તેના જે જે વિચારો આવ્યા હતા, તે જ્યારે શ્રીહરિ પાસે આવ્યા ત્યારે શ્રીહરિએ અંતર્યામીપણે જાણીને તે બધું તેને કહી બતાવ્યું. ૬.

**तब तेहि सुनि बात हरि केरी, मन में निश्चे किये तेहि वेरी;**
**सब विश्व के एहि हे करता, काल रहत हे जिन से डरता...०७**
**प्रगट भए हे निज ईछाई, ईनकुं कोई को डर नाई;**
**अनंत ब्रह्मांड के जोउ देवा, ईनकी तुल्य न कोउ हे एवा...०८**

ત્યારે તે શ્રીહરિની વાતને સાંભળીને તેણે મનમાં નિશ્ચય કર્યો કે, આ સ્વામિનારાયણ જ સર્વ જગતના કર્તા છે કે જેનાથી કાળ પણ ડરતો રહે છે. ૭. તેઓ સ્વેચ્છાથી પ્રકટ થયા છે. તેમને કોઈનો ડર નથી. અનંત બ્રહ્માંડમાં જે દેવતાઓ છે તેમાં કોઈપણ આ સ્વામિનારાયણ જેવા નથી. ૮. એમાં તેજ રહ્યું છે અને તે તેજમાં એ રહ્યા છે, આમાં કોઈ સંશય નથી. પછી બુલેખાએ જે વાત થઈ હતી તે બધી માણાવદરના નવાબ ગજુમિયાં (ગજેફરખાન) પાસે જઈને જણાવી. વળી કહ્યું કે, આજ તમારાં ધન્ય ભાગ્ય છે કે આવા મહાપુરુષ તમારા ગામમાં પધાર્યા છે. (તે સાંભળી ગજુમિયાં ખૂબ રાજી થયા.) તે સમયે દેશોદેશના હરિભક્તો બહુ જ થાળ કરાવતા. શ્રીહરિ મયારામ ભટ્ટને ઘેર જઈને થાળ જમવા ગયા. ૯-૧૦.

ત્યારે ત્યાં સુંદર બાજોઠ હતો. સુખદાયક શ્રીહરિ આવીને તેના ઉપર બેઠા. તેઓ નાના નાના કોળિયા લઈને જમતા અને "આજ કેટલા થાળ છે ?" આવું પૂછતા. ૧૧. ત્યારે વ્યવહાર કુશળ મયારામ ભટ્ટ જેનો જેનો થાળ હોય તેનાં નામ કહી સંભળાવતા. પછી તે હરિભક્તની પ્રશંસા કરીને સ્વયં ભગવાન પ્રસન્નતાથી તે થાળ જમતા. ૧૨. જયાનંદ બ્રહ્મચારી ચળુ કરાવીને જળપાન કરાવતા અને મુકુંદ બ્રહ્મચારી શ્રીહરિને મુખવાસ આપતા. ૧૩. તે પછી બધા સંતો આવીને જમવા બેઠા. તેમને પીરસવા માટે મનમાં હરખભર્યા શ્રીહરિ ઊઠ્યા. ૧૪.

શ્રીહરિએ મોતીચૂરના લાડુ હાથમાં લીધા. એક હાથમાં બબ્બે લાડુ લઈ ચોપ (ખંત) રાખીને ચટ ચટ આપવા લાગ્યા. ૧૫. સંતોના સુખધામ શ્રીહરિ પીરસી રહ્યા ત્યારે બોલ્યા, "સંતો ! જમો" પછી ફરી વાર પીરસવા નીકળ્યા. ૧૬. જ્યાં સુધી કોઈ સંત પીરસણ લે નહિ ત્યાં સુધી શ્રીહરિ પંગતમાં ફર્યા. પછી હાથ ધોઈ રૂમાલથી કોરા કર્યા. પછી દયાળુ શ્રીહરિ સભામાં આવીને વિરાજમાન થયા. ૧૭. પીરસતી વેળાએ ખેસથી જે કમર બાંધી હતી તે સભામાં આવીને છોડી નાખી. શ્રીહરિનાં જે જે આવાં ચરિત્રો છે, તે ભાવથી દર્શન કરનારને ભવપાર કરાવે છે. ૧૮. **જે શ્રીહરિનાં ચરિત્રોને**

**સાંભળે છે અને બીજાને સંભળાવે છે, તેને આ સંસારમાં ભટકવાનું રહેતું નથી.** આવું સમજીને હું હરખાઈને ખુશી થઈને વારંવાર શ્રીહરિનાં ચરિત્રોને કહું છું. ૧૯. શ્રીહરિચરિત્રના સમાન બીજો કોઈ રસ નથી. બીજા રસ તો જમપુરીમાં લઈ જાય છે. એટલા માટે જે હરિચરિત્રનો રસ છે તેને વારંવાર હેત કરીને સાંભળવો. ૨૦.

જે હરિભક્તો થાળ કરાવતા, રસોઈ આપતા, તે બધા હરિભક્તો પૂજાનો સામાન લઈને આવ્યા. હરખભેર શ્રીહરિની પૂજા કરવા લાગ્યા. ૨૧. કેસરવાળું ચંદન પ્યારા શ્રીહરિને ચર્ચતા. પછી તે હરિભક્તો ફૂલહાર પહેરાવતા. વિવિધ પ્રકારનાં વસ્ત્ર અને આભૂષણો પહેરાવતા હતા, જેનો કોઈ પાર ન હતો. ૨૨. તે પછી સંતોની પૂજા કરતા. ચંદનની ચરચા કરીને ફૂલહાર પહેરાવતા. સંતો વાજિંત્ર વગાડીને કીર્તન ગાતા. આ સમાજ ઘણો જ અલૌકિક બન્યો હતો. ૨૩. તે સમયે માણાવદરના નવાબ ગજુમિયાંએ અતિ હેતથી શ્રીહરિને હાથ જોડ્યા, મસ્તક નમાવ્યું અને કહ્યું, હે સ્વામી, આપ અંતર્યામી છો. ૨૪.

**दोहा : तब हि बोले श्रीहरि, सुनिये नृपति राय;**
**हमारे गुरु प्रताप की, इच्छा होत हे ताय...२६**

આપના બધા શિષ્યોને જે સમાધિ થાય છે, તે સમાધિ અમને આપ બતાવો, આવી મારી ઇચ્છા છે. ૨૫. ત્યારે શ્રીહરિએ નવાબને કહ્યું, હે રાજન ! તમે સાંભળો. સમાધિ તો અમારા ગુરુના પ્રતાપથી અને તેમની ઇચ્છાથી જ થાય છે. ૨૬.

**सोरठा : गुरु कृपा बिन बात, होत नहिं जो जो कछु;**
**जीय मन में बहु चात, मनोरथ अनेक प्रकारहि के...२७**
**सब हि पर गुरु जोय, जब हि जाने जीव यह;**
**तेहि पर कृपा होय, चिंतामनि चिंत हि जिमि...२८**

અનેક પ્રકારના મનોરથોને લીધે જીવ મનમાં તો ઘણું ચાહે છે, પણ તે ગુરુની કૃપા વિના થતું નથી. ૨૭. જેમ ચિંતામણિનો મહિમા સમજ્યા પછી જે ચિંતવે તે સિદ્ધ થાય છે, તેમ 'ગુરુ સહુથી પર છે, મહાન છે' આવું

જ્યારે જીવ જાણે છે ત્યારે તેના ઉપર ગુરુકૃપા થાય છે. પછી તે જે ચિંતવે તે થાય. ૨૮. ચિંતામણિ અને કલ્પવૃક્ષ જે ચિંતવે તે ફળ આપે છે. સવળું ચિંતવે તો સવળું ફળ મળે છે અને અવળું ચિંતવે તો વિપરીત ફળ મળે છે. અમે અમારા ગુરુનું ધ્યાન કરીએ છીએ. કૃપાનિધાન ગુરુમહારાજ જ્યારે પ્રસન્ન થાય છે ત્યારે લોકોને સમાધિ થાય છે. ગુરુના રાજીપા સિવાય કોઈને સમાધિ થાતી નથી. ૨૯-૩૦.

**❋ શ્રીહરિએ નવાબને સમાધિનાં દર્શન કરાવ્યાં :**

શ્રીહરિએ આટલું કહીને ત્યાં જે સંતો અને હરિભક્તો હતા તે સહુને ધ્યાનમાં બેસાડ્યા. પછી પ્રકટ ગુરુનું ધ્યાન કર્યું ત્યારે ત્યાં સહુને સમાધિ થઈ. ૩૧. કોઈના શ્વાસ કે નાડી ચાલતાં રહ્યાં નહિ. તે બધા સૂકાં લાકડાં જેવા થઈ ગયા. તેમાં બે જણ ઘણા પરિપક્વ હતા. તેના દેહને કોઈ કાપે કે બાળે, છતાં તેની તેમને ખબર પડતી ન હતી. એવા તે પરિપક્વ હતા. તેમાં એક મૂળજી (લુવાણા) નામે હિંદુ ભક્ત હતો અને બીજો શેખજી નામે મુસલમાન ભક્ત હતો. ૩૨-૩૩. તેમાં મૂળજી નામે લુવાણા ભક્ત માળિયા ગામના હતા અને શેખજી પઠાણ ગોંડળ ગામના હતા. ૩૪. તે બંને તોફાનીઓમાં પણ કરોડગણા મુખ્ય તોફાની હતા. તે જોઈને શ્રીહરિએ તેને સમાધિ કરાવીને તત્કાળ ભગવાનનાં દર્શન કરાવ્યાં. તેથી તેમણે પોતાના અયોગ્ય સ્વભાવો છોડી દીધા. ૩૫. શ્રીહરિએ સળગતા લાલ અંગારા મગાવ્યા અને મૂળજીના પગ ઉપર રાખ્યા. છતાં તેણે એક રુંવાટાં જેટલું પણ અંગ ખેચ્યું (ચોર્યું) નહિ. અંગારો જ બુઝાઈ ગયો. ૩૬. શ્રીહરિ ફરી વાર અંગારાને મગાવીને મૂળજીના અંગ ઉપર રાખવા તૈયાર થયા, પણ નવાબે શ્રીહરિનો હાથ પકડીને તેને રોકી રાખ્યા. ૩૭. શેખજીને સમાધિમાં શી શી બાબત દેખાઈ તે અંગે બધા વાતો કરતા રહ્યા કે જે તેને દેખાયું હતું. ૩૮.

આ બધું જોઈને નવાબ ગજેફરખાન બોલ્યા, "આપની વાત મેં અદ્દલ(ખરેખર, સાચી) દેખી. બીજા બધા મતમાં તો મને પાખંડ દેખાય છે. ૩૯. જ્યારે એ બધા ધર્મના સિદ્ધાંતો (મત) પ્રવર્ત્યા હશે, ત્યારે ધર્મનું સ્થાપન કરીને અધર્મ ટાળ્યો હશે. પરંતુ પાછળથી તેની ગાદી ઉપર એવા

સમર્થ અને સારા માણસો નહિ આવવાથી અધર્મ મુખ્ય થઈ ગયો હશે. અને **સર્વે ધર્મોમાં મુખ્ય બાબત અહિંસા અને નિષ્કામપણું છે.** ૪૦. ધર્મ તેવો ને તેવો વિશુદ્ધ રહે તેવી વાત આપ કરો છો. **જ્યાં ધર્મ હોય છે ત્યાં મોક્ષ રહે છે. ધર્મ વિના તો જીવ જમપુરીમાં જાય છે.** ૪૧. સમુદ્રના ઉપર પાળ બાંધે એવા કોઈ સમર્થ હોય હોઈ શકે છે. આકાશમાં ઉપર ઊંચે ચઢવાના ઉપાય કરી શકે છે, પણ ધર્મની પાળ કોઈએ બાંધી હોય એવું સાંભળ્યું નથી. ૪૨. હવે આપ ધર્મની પાળ એવી બાંધો કે તે યુગો જાય છતાં તૂટે નહિ. આ ભૂમિ ઉપર આપના જેવા સમર્થ પુરુષ વારંવાર આવતા નથી. ૪૩. અત્યારે આ ભૂમિનાં ભાગ્ય અપાર છે. કારણ કે, તેમાં આપનું વિચરણ થઈ રહ્યું છે. આપ જ્યાં સુધી આ ભૂમિ ઉપર હશો ત્યાં સુધી ફળ, ફૂલ, અન્ન અને રસનો પાર નહિ રહે. ૪૪. આજ આપ કેટલાયે યજ્ઞ કરો છો એટલે ઈન્દ્ર આપને માટે જ વરસાદ કરે છે. પાપી લોકોને માટે વરસાદ થાતો નથી. પાપીને માટે તો દુષ્કાળ જ આવે છે. ૪૫. રાજાઓ સુરક્ષા માટે કેટલાયે કિલ્લાઓ અને બુરજ કરાવે છે અને તેના ઉપર તોપો ગોઠવી દે છે. રાજભવનને દરવાજે કરોડો હાથી ઝૂલતા રહે છે, છતાં તેને કાળ ચોટલી પકડીને ઉપાડી જાય છે. ૪૬.

કાળનો ઘા(પ્રહાર) ઘણો જ વિકરાળ હોય છે. બ્રહ્માદિ દેવોને પણ પળવારમાં તે બેહાલ કરી મૂકે છે. ચારે ધામમાં ધર્મના કોટ(કિલ્લાઓ) બનાવો. આપના સંકલ્પથી તે થઈ શકે છે. ૪૭. રાજા કે દેવોને આપના સમાન કહેવાય નહિ. વિષ્ણુ, બ્રહ્મા અને શિવ પણ આપના સમાન કહેવાય નહિ. મેં મારા દિલમાં વિચારી જોયું છે કે આપની ગતિ તો તે સહુથી ન્યારી-અલગ જ છે. ૪૮. ચંદ્રમા પાણીમાં દેખાય છે છતાં તે પાણીથી દૂર જ છે, પાણીને તો ગ્રહણ કરી શકીએ છીએ પણ ચંદ્રમા ગ્રહણ કરાતો નથી. તે તો તેને ઠેકાણે જ રહે છે. ૪૯. માછલી અને ચંદ્રમા બંને પાણીમાં રહે છે, બંનેની ગતિ એક સમાન દેખાય છે. તેમાં માછલીને પકડી શકાય છે, પણ ચંદ્રમા તો છેક દૂર રહ્યો છે. ૫૦. હે નાથ ! આપ ચંદ્રમાના સમાન છો. બ્રહ્મા આદિ સુધીના અમે સહુ માછલી જેવા છીએ. અમારી દોરી આપના

હાથમાં છે. હવે આપ જેમ ચાહો તેમ કરી શકો છો. ૫૧. આજે અમારાં ધન્ય ભાગ્ય છે કે અત્યારે અમને આપનાં દર્શન થયાં. આજ દિવાળીને દિવસે આપ મળ્યા, તે આવો લાગ (લાભ) મળતો નથી.” ૫૨.

*ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના તૃતીય પૂરમાં 'માણાવદરમાં દિવાળી, અન્નકુટોત્સવ તથા બાટવાના નવાબ દર્શને અને તેમને સમાધિનાં દર્શન કરાવ્યાં' એ નામે અઠ્ઠાવીશમો તરંગ સમાપ્ત ॥૨૮॥*

## પૂર ત્રીજું : તરંગ - ૨૯

## અન્નકૂટોત્સવ, નવાબની સ્તુતિ, વિદાયની તૈયારી

શ્રીહરિએ વિવિધ પ્રકારનાં સોનેરી વસ્ત્ર આખા શરીર ઉપર પહેર્યાં. અને બધાં આભૂષણ મોતીથી જડેલાં પહેર્યાં. તે જોઈને રાજાઓ પણ વિસ્મિત થતા. ૧. મોતીથી ભરેલી છડી હાથમાં લીધી. છાતી ઉપર મોતીના હાર પહેર્યા અને માથે જડિત શ્રેષ્ઠ ટોપી પહેરી. ૨. આવી અપાર શોભાને ધારણ કરીને શ્રીઘનશ્યામ હિંડોળે બેઠા. નિષ્કામી ભક્તો રાતદિવસ સેવામાં રહેતા. ૩. બધી સભાની ચારે કોર પાંચ પંક્તિવાળી દીપમાળા કરી. તેમાં ચાર દિશામાં ઊંચા ચાર દરવાજા કર્યા. ૪. જ્યારે સંધ્યા સમય થયો ત્યારે અસંખ્ય દીવા પ્રકટાવ્યા. છત્રીશ પ્રકારનાં વાજિંત્ર વાગવા લાગ્યાં. અપાર ગાન અને તાન પણ થવા લાગ્યાં. ૫. પૂરવ રાગના ગીતની સાથે તાન મેળવીને શરણાઈ અને ચોઘડિયાં વાગવા લાગ્યાં.

જે જે સમય થતો તેને જાણકાર કલાકારો સમય સાથે તાનને પણ મેળવતા. ૬. ઠીક રીતે આલાપ કરીને રાગ ગવાતા. આલાપ વિના રાગ ફિક્કા લાગતા. દીપમાળાઓને મધ્યે વિચિત્ર પ્રકારની હાંડીઓ બાંધી હતી. ૭. તેજ ઝગમગ ઝળઝળી રહ્યું હતું. તેમાં શ્રીહરિએ પહેરેલાં વસ્ત્ર બહુ જ ચમકતાં. જય જય ધ્વનિની સાથે એકધારો 'સ્વામિનારાયણ' 'સ્વામિનારાયણ' આવો ઉચ્ચાર ચાલું થતો રહ્યો . ૮. 'સ્વામિનારાયણ' આવો શબ્દ આકાશમાં

છાઈ ગયો. બધું જ આકાશ તેનાથી ભરાઈ ગયું. તે શબ્દ સાંભળીને બધા દેવો વિમાનમાં બેસીને આવ્યા. ૯.

તેઓ ચંદન અને પુષ્પોને વરસાવવા લાગ્યા. શ્રીહરિનાં દર્શન થવાથી તેમનો હરખ વધ્યો. ગાંધર્વો ગાન કરવા આગળ આવ્યા. તેમણે સારું ગાન કરીને શ્રીહરિને રાજી કર્યા. ૧૦. અપ્સરાઓ ઘણી કુશળતાથી નાચી. અનેક પ્રકારના રસોને અને ભાવોને પ્રકટ કર્યા. ઋષિમંડળે સામવેદના મંત્રોનું ગાન કર્યું. બધાનું તાન એક સરખું મળતું આવતું. ૧૧. તે સાંભળીને પ્યારા ધર્મકુમાર શ્રીહરિ મુખથી મરક મરક હસતા. બીજા લોકોને શબ્દ સંભળાતા પણ તેને દેખાતું નહિ, સમાધિવાળાને તો તે નજરે સ્પષ્ટ દેખાતું. ૧૨. આવું મહાન આશ્ચર્ય જોઈને તે સમયે અનેક નરનારીઓને અલગ અલગ સમાધિ થઈ, તેનો કોઈ પાર રહ્યો નહીં. ૧૩. સમાધિમાં જે બધા ધામમાં ગયેલા તેઓ સહુ તેમણે ત્યાં જેવી દેખી હોય તેવી અલગ અલગ હરિચરિત્રની અનંત વાતો કહેતા. ૧૪. આમ કરતાં આખી રાત એક જ પહોરની જેમ વીતી ગઈ. સવાર થવા આવ્યું ત્યારે શ્રીહરિ હસીને બોલ્યા, “આ બધા દેવતાઓ અહીં સંતોનાં દર્શન કરવા આવ્યા છે તેમાં આખી રાત વીતી ગઈ. સાંજના નિયમ ભુલાઈ ગયા.” તેટલી વારમાં તો સવાર થઈ ગયું. ૧૫-૧૬. ત્યારે હરિભક્તો સંતો અને શ્રીહરિ સહુ સાથે મળીને નદીએ સ્નાન કરવા ગયા. પશ્ચિમ દ્વારથી નીકળીને શ્રીહરિ ગામથી ઘણા દૂર ચાલ્યા ગયા. ૧૭.

શ્રીહરિ પહેલાં શૌચ જઈ આવ્યા. પછી ચાતુર્યથી વારંવાર શુદ્ધ માટી લઈને જળથી હાથ ધોયા. આમ હાથ ધોયા પછી. ૧૮. બાવળની સોટીનું સુકોમળ દાતણ લીધું. તેને કુશળતાથી સારી રીતે ચાવીને દાંતો સાથે ઘસ્યું. પછી તેને હાથથી ચીરી નાખ્યું. ૧૯. એક ચીરિયાને ધીરે રહીને કમાનની જેમ વાળીને પછી તેનાથી જીભને સાફ કરી. આમ બે-ત્રણ વાર ઓળ ઉતારીને પાણીથી ઘણા કોગળા કર્યા. ૨૦. પછી તુરંત નદીના જળમાં નાહ્યા. સંતો અને હરિભક્તો સહુએ સ્નાન કર્યું. પછી હાથમાં રૂમાલ લઈને મુખ લૂછ્યું. વસ્ત્ર બદલી શ્રીહરિ ગામમાં પધાર્યા. ૨૧. શ્રીહરિએ ચરણોમાં ચાખડીઓ પહેરી. કુશળતાથી એટલા ઉતાવળા ચાલ્યા કે તેમની સાથે ચાલવામાં બીજા

કોઈ પહોંચી શક્યા નહિ. ૨૨. ગામનો દરવાજો જ્યાં આવ્યો ત્યાં આગળ તે સમયે વાજિંત્ર વાગવા લાગ્યાં. વાજિંત્ર સાંભળીને ગામના સહુ લોકો ઉત્સાહથી દર્શન કરવા આવવા લાગ્યા. ૨૩. માણાવદરના(ગજેફરખાન) અને બાટવાના(બુલેખા), બંને ગામના નવાબો સન્મુખ આવ્યા. તેમણે રાજ દરબારમાં પધરામણી કરી. અનુપમ નવું સિંહાસન (તખત) મૂક્યું. તેમાં ગાદી તથા તકિયા ગોઠવ્યાં હતાં. ૨૪. તેના ઉપર શ્રીહરિને પધરાવ્યા અને અનેક પ્રકારની પૂજાની સામગ્રી મગાવી. તે સમયે સોનાનાં ઘરેણાં અને વસ્ત્ર શ્રીહરિને પ્રેમથી ધારણ કરાવ્યાં. ૨૫. મોતીના બાજુ, તોરા અને હાર શ્રીહરિને ઘણા પ્યારથી પહેરાવ્યા. બ્રાહ્મણની પાસે ચંદન ચરચાવ્યું અને તેથી તેમને ઘણો જ ઉલ્લાસ થયો. ૨૬. રૂમાલમાં શુદ્ધ ગુલાબ જળ આપ્યું અને વસ્ત્રો ઉપર ઘણું અત્તર લગાવ્યું. ત્યારે તેમણે શ્રીહરિના ઉપર હેત ઘણું જણાવ્યું. ૨૭. પછી બંને નવાબો શ્રીહરિને સારા યોગી જાણીને તેમના પગમાં નમી પડ્યા. તે વખતે "તમારો યશ બધે વધતો રહે." આવો આશીર્વાદ શ્રીહરિએ આપ્યો. ૨૮. તમારા વંશનો અપાર પ્રતાપ અને તેજ વધતા રહે, તમે સત્સંગનું રક્ષણ કરજો. તમારા કુળને માટે આ કાયમનો ધર્મ છે. આવી ભલામણ કરી. ૨૯.

**❋ માણાવદરના નવાબે શ્રીહરિની સ્તુતિ કરી :**

નવાબે સંતોની પૂજા બ્રાહ્મણ પાસે કરાવી. સંતોને એક એક ફૂલહાર પહેરાવ્યો. ૩૦. ચતુર નવાબ શ્રીહરિ આગળ દીન થઈ ગયા. બે હાથ જોડ્યા અને બોલ્યા, આ બધી રાજ્ય-સમૃદ્ધિ આપની જ આપેલી છે, તેને અમે ભોગવીએ છીએ. ૩૧. આપ જ્યાં રાખો, ત્યાં અમે રહીએ. આપનું આપેલું જ અમે લઈએ. બ્રહ્મા વગેરેને પણ જે જે તેના સામ્રાજ્યનું સુખ છે તે આપનું આપેલું જ તેઓ ભોગવે છે. ૩૨.

**चोपाई :**

**अनंत ब्रह्मांड के तुम हो भूपा, तुमारी तुल्य न कोईको रूपा;**
**अनंत ब्रह्मांड के ब्रह्मा जोई, तुमार आगे पतंग वत सोई...३३**
**तिनकी सब जो राज हि धानी, तुमारे रोम एक तुल्य न जानी;**
**ऐसे तुम महा सुखरासी, लोक देखके करत हे हासी...३४**

આપ અનંત બ્રહ્માંડોના રાજાધિરાજ છો. આપના સમાન અન્ય કોઈ જ નથી. તે અનંત બ્રહ્માંડોના બ્રહ્માઓ પણ આપની આગળ તો પતંગિયાં જેવા છે. ૩૩. તે બધાની જે રાજધાનીઓ છે તે આપના એક રોમ જેટલી પણ જણાતી નથી. આવા આપ મહાસુખના રાશી છો, છતાં દુનિયા આપની સામે જોઈને હાંસી કરે છે. ૩૪. આપ તેના અપરાધને ગણકારતા નથી, તે મુનિઓના પતિ આપની મોટાઈ છે. ઐશ્વર્યને લીધે આપ મોટાથી પણ મોટા છો, આપની સમાનતા દેવતાઓમાં નથી. ૩૫. કહો આપની આગળ બીજી સમૃદ્ધિ તો શું લેખામાં! આપની આગળ તો બધું તુચ્છમાત્ર જ દેખવામાં આવે છે, આપ જે કાંઈ વસ્તુ પદાર્થોને સ્વીકારો છો તે તો બીજાના મોક્ષને માટે જ છે. ૩૬.

**आसा कोईकी हे न तुमारे, तुमारी आसा हे जो हमारे;**
**ब्रह्मादिक सुँ पर जो कहावे, तुमारी सबकुं आस रहावे...३७**
**जिवाय तुमारे जिवत सबही, सब प्रताप हम देखे अबही;**
**नाडि प्रान सब दोरी हे दोऊ, तेहि बिना सब अचेतन होऊ...३८**

આપને કોઈની આશા નથી, પણ અમારે તો આપની પાસે કલ્યાણની ઘણી જ આશા છે. બ્રહ્મા વગેરે જે દેવતા કહેવાય છે તેને પણ આપની પાસે ઘણી આશા હોય છે. ૩૭. આપના જીવાડ્યા જ બધા જીવે છે. અમે અત્યારે જ આપનો તે પ્રતાપ દેખ્યો છે. સહુનાં નાડી અને પ્રાણ આ બે દોરી છે તે આપના હાથમાં જ છે, તે વિના તો આખું જગત અચેતન છે. ૩૮.

સહુની તે દોરીને આપ સહેજ વાતમાં તાણી લો છો અને વળી ફરીને આપો પણ છો. આ એક આપની મોટી કરામત છે. તે કોઈની ટાળી ટળી શકે તેમ નથી. ૩૯. ભૂત, પ્રેત અને પિશાચ તો આપને દેખીને બળવા લાગે છે. મૂઠ, ચોટ, જંત્ર-મંત્ર, એ બધાં ભલે અનંત પ્રકારનાં હોય પણ તેઓ આપને દેખીને તુરંત જ દાઝી જાય છે. ૪૦. અત્યંત મલિન અઘોરી અને અધર્મી લોકો પણ આપના તેજસ્વી સ્વરૂપને દેખીને બળી મરે છે. ૪૧. આ આપનો સાજ-સમાજ અધર્મી લોકોને માટે શત્રુના જેવો છે અને ધાર્મિક લોકોને માટે તો તે સુધા-અમૃતના સમાન છે. ૪૨. બધા અધર્મી લોકો મળીને આપનો

દ્રોહ કરી રહ્યા છે. આપ તો અત્યારે સહુના અદ્રોહી રહીને પણ તે દ્રોહીઓનું નિકંદન કરી નાખશો. ૪૩. મારી બુદ્ધિમાં તો મને એવું સૂઝે છે કે તમારા દ્રોહીરૂપી મચ્છર બધા ભેળા મળીને આપના સમાન પ્રતાપી પુરુષના દ્રોહરૂપી અગ્નિકુંડમાં પડી રહ્યા છે; તેથી તે આપોઆપ મરશે. ૪૪.

**तुम हरि हो सहाय सब वारे, कहा सहाय करे ओर तुमारे;**
**तदपि तुमारी कृपा कर जोई, बनि आवे जो कर हि सोई...४५**
**हम हें निमित तुम हो करता, ओरकुं जस तुम देत विचरता;**
**हरि आये पीछे निज मकामा, बाजा बाजते सुंदर श्यामा...४६**

હે હરિ ! આપ સહુની સહાય કરવાવાળા છો, બીજો કોઈ આપની સહાય શું કરી શકે ? છતાં આપની કૃપાથી અમે જે બની શકશે તે કરશું. ૪૫. અમે તો નિમિત્ત માત્ર છીએ, કર્તાહર્તા તો આપ છો. બીજાને યશ આપતા રહો છો. નવાબે શ્રીહરિને આવું કહ્યું. પછી વાજિંત્ર વગડાવતા સુંદરશ્યામ શ્રીહરિ પોતાને મુકામે પધાર્યા. ૪૬.

ત્યાં અન્નકૂટમાં અપાર ભોજન પૂરવામાં આવ્યાં. તે ભોજનોનો ગણવાથી પાર આવે એમ નથી. પકવાનનાં જેટલાં નામ કહેવાય છે તેટલાં બધાં બનાવીને તેનાથી મોટાં ઠામ ભરી રાખ્યાં હતાં. ૪૭. શ્રીહરિ સોનેરી પાટલા ઉપર બેઠા અને જળથી ફરી વાર સ્નાન કર્યું. સોનેરી કોરનું પીતાંબર પહેર્યું અને લલાટમાં ચંદનની આડ કરી. ૪૮. હજારી ફૂલના હાર કંઠમાં પહેર્યા. હાથમાં સોનાનાં કડાં પહેર્યાં અને બંને બાંયો ઉપર બાજુબંધ બાંધ્યા. ૪૯. સૌના જીવનપ્રાણ ભગવાન થાળ જમવા બેઠા. રુચિ પ્રમાણે કોળિયા લેતા હતા અને રુચિને અનુસારે વચ્ચે જળપાન કરતા હતા. પ્યારા શ્રીહરિ પેટ ઉપર હાથ ફેરવતા હતા. ૫૦. જમતી વેળાએ અથવા પછી કોઈ વાર ઓડકાર ખાતા. તેને ભક્તજન વારંવાર દેખતા રહેતા. જયાનંદવર્ણી અને મુકુંદવર્ણી બંને રૂમાલથી માખો ઉડાડતા રહેતા. ૫૧. ઉદાર શ્રીહરિ તે વેળાએ જમી રહ્યા, ચળુ કર્યું અને પછી જળપાન કર્યું. હાથ લૂછીને મુખવાસ લીધો. પછી સંતોને જમવાની આજ્ઞા કરી. ૫૨. ખભા ઉપરથી ખેસ કમરે લાવીને બાંધ્યો. પછી શ્રીહરિ સંતોને પંગતમાં પીરસવા માટે પધાર્યા. સહુ પહેલાં

જલેબી અને મોતીચૂરના લાડુ પીરસ્યાં. ૫૩. તેના પછી બરફી અને પેંડા લઈને વારંવાર પીરસ્યાં. ઘણા વિપ્રો પણ પંગતમાં આવીને પીરસવા લાગ્યા. ૫૪. આ રીતે સંતો જમ્યા, સર્વ વિપ્રો જમ્યા. જમનારા બીજા હરિભક્તોનો તો કોઈ પાર જ ન હતો. ત્યાં જ બેસીને બધા દરબારો અને રાજાઓને પણ જમાડ્યા. તેઓ વારંવાર જમવાનાં વખાણ કરતા હતા. ૫૫. જ્યારે બધા જ લોકો જમી રહ્યા ત્યારે શ્રીહરિએ ચાલવાની તૈયારી કરી. નવાબ સવારી લઈને તે વેળાએ ત્યાં આવ્યા. ૫૬. સોનેરી સાજ-સામાનથી શણગારેલા અશ્વ ઉપર શ્રીહરિ સવાર થયા. અપાર વાજિંત્ર વાગતાં હતાં. અને ચોપદાર જય જયકાર કરીને છડી બોલતો હતો. ૫૭. શ્રીહરિ માણાવદર ગામ બહાર નીકળ્યા. હરિભક્તોનો કોઈ પાર નહોતો. તેમણે નવાબને પાછા વાળ્યા. પછી વેગથી અશ્વ દોડાવીને ચાલી નીકળ્યા. ૫૮

***ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના તૃતીય પૂરમાં 'શ્રીહરિએ માણાવદરમાં અન્નકૂટનો સમૈયો કર્યો' એ નામે ઓગણત્રીશમો તરંગ સમાપ્ત ॥૨૯॥***

## પૂર ત્રીજું : તરંગ - ૩૦

## શ્રીહરિનું મેઘપુર આગમન, સંજોગોને જોઈને એક વિવેકપત્ર સૌને લખ્યો

શ્રીહરિ સંધ્યા સમયે મેઘપુર ગામ પહોંચ્યા. બધા હરિભક્તો સારાં વસ્ત્ર વગેરે પહેરીને સામૈયું લઈને આવ્યા. ૧. પહેલાં દંડવત્પ્રણામ કર્યા. પછીથી પગમાં નમી પડ્યા. ઉત્સાહથી હજારી ફૂલના હાર પહેરાવ્યા. ૨. બે મશાલો કરાવી. વાજિંત્રોમાં ઢોલ વગડાવ્યાં. પછી શ્રીહરિ નારાયણ સોનીને ઘેર પ્રેમથી આવ્યા અને ઉતારો કર્યો. ૩. સંતો સદાવ્રતની જગ્યામાં ઊતર્યા. પછી આવીને પ્રભુને પગે લાગ્યા અને ચોક વચ્ચે સુખદ સભા કરી. ૪. અરધી રાત સુધી સંતોએ કીર્તન ગાયાં. ગામના બધા માણસો આવ્યા હતા. ગામના રાજા અમરસિંહ ભાટ પણ કુટુંબની સાથે સભામાં આવ્યા હતા. ૫.

તેઓ શ્રીહરિના ચરણમાં નમી પડ્યા. સર્વ ભયને હરનારા શ્રીહરિએ તેમને પોતાની પાસે બેસાડ્યા. શ્રીહરિની વાત સાંભળીને તેઓ સર્વ કુટુંબ-પરિવાર સાથે શ્રીહરિના આશ્રિત થયા. ૬. અમરસિંહને રણછોડજી, નંદલાલભાઈ અને કૃષ્ણજી, એ ત્રણ પુત્ર અને લાડકીબાઈ નામે એક અનુપમ પુત્રી હતી. તેઓ શ્રીહરિના સ્વરૂપનાં દર્શન કરીને શરણે આવી આશ્રિત થયાં. ૭. જીવરામ સોની અને વીરુબાઈ પણ આવીને શ્રીહરિને શરણે આશ્રિત થયાં. જેઠો, ભાણજી અને રવજી, એ બધા બ્રાહ્મણો પણ શ્રીહરિના આશ્રિત થયા. ૮. શુભ બુદ્ધિમાન સવદાસ અને સાંમત, એ બે પ્રજાપતિ શુભ મતિવાળા હતા. તેઓ શ્રીહરિને શરણે આવ્યા. બીજા લોકો પણ શ્રીહરિના આશ્રિત થયા. ૯. જ્યારે અધરાત થવા આવી ત્યારે સહુ લોકો પોતપોતાને ઘેર ગયા અને શ્રીહરિ સંતોને મધ્યે સુંદર પલંગ બિછાવ્યો હતો ત્યાં પોઢી રહ્યા. ૧૦.

પછી જ્યારે સવાર થયું ત્યારે બધા સંતો જાગ્યા. 'સ્વામિનારાયણ' નામ બોલીને આનંદિત થયેલા સહુ મતવાલા થઈ ગયા. ૧૧. ભુજના સુંદરજી સુતાર ઘેર જવા તૈયાર થઈને તે વેળાએ શ્રીહરિની પાસે રજા લેવા આવ્યા. ત્યારે શ્રીહરિએ તેમને હરખભેર કહ્યું, તમે ભુજ જઈને શ્રીમુક્તાનંદ સ્વામીને અમારા 'જય સ્વામિનારાયણ' કહેજો. હવે અહીંયાં આવીને અમને સહુને દર્શન આપે, બસ અમારા આટલા સમાચાર જરૂર કહેજો. ૧૨-૧૩. પછી મયારામ ભટ્ટે એક પત્ર લખ્યો. તેમાં અલગ અલગ વિગતવાર વિવેકભર્યા સમાચાર લખ્યા અને તે પત્ર સુંદરજીભાઈને આપ્યો. શ્રીહરિને મનમાં ઘણો આનંદ થયો. ૧૪.

મેઘપુરમાં પહેલી રસોઈ દરબાર અમરસિંહ ભાટે આપી અને તે મયારામ ભટ્ટે રાંધીને તૈયાર કરી. ૧૫. મુકુંદાનંદ વર્ણી અને જયાનંદ વર્ણી, એ બંને કુશળતાથી શ્રીહરિ માટે નિત્ય થાળ તૈયાર કરતા. ૧૬. આનંદાનંદ સ્વામી કાયમ પહેલાં શ્રીહરિને અંગે સુગંધી તેલ ચોળતા. પછી સ્નાન કરાવતા. ૧૭. પછી શરીરને રૂમાલથી લૂછીને એક પીતાંબર પહેરાવ્યું અને બીજું સારું પીતાંબર ઓઢવા આપ્યું. ૧૮. ચરણોમાં પહેરવા માટે ધોયેલી ચાખડીઓ મૂકી. તત્કાળ તે ચાખડીઓ શ્રીહરિએ પહેરી લીધી અને એક સુંદર રૂમાલ

હાથમાં લીધો. ૧૯. પછી ઉલ્લાસથી જઈને બાજોઠ ઉપર બેઠા. વિવિધ રીતે બનાવેલો થાળ ધરાવ્યો. ત્યારે પરમ ઉદાર શ્રીહરિ ભાવનાથી જમવા લાગ્યા. ૨૦. ત્યાંના દરબાર અમરસિંહ ભાટ પાસે આવીને બેઠા. ઘણી ચાતુર્યભરી વાતો શ્રીહરિ સાથે કરતા. શ્રીહરિ તેનું હૃદય જાણતા કે આને સ્નેહ કેવળ ઉપરથી કહેવામાત્રનો જ છે. ૨૧. થાળ જમ્યા પછી શ્રીહરિએ ચળુ કરીને જળપાન કર્યું. તુરંત પ્રસાદી દરબારને આપી અને શ્રીહરિએ કહ્યું, "દરબાર ! સાંભળો, આ પ્રસાદી તમે ન લેશો. તમારા પુત્રોને આપજો. અમારો બધો પ્રસાદ એવો હોય છે કે જેને જેવો ભાવ હોય છે તેને તેવું ફળ મળે છે. ૨૨-૨૩. દરબારે તેને મજાક માની હતી પણ શ્રીહરિએ મજાક કરી ન હતી. તેઓ પુત્રોની સાથે પ્રસાદી જમ્યા. તેનાથી દરબારના પુત્રોને ભાવના ઘણી વધી. ૨૪. તેઓ રાતદિવસ શ્રીહરિની સાથે જ રહેતા અને ઉત્સાહથી ધ્યાન તથા ધારણા કરતા. ગામમાંથી જે લોકો આવતા તે શ્રીહરિની વાત સાંભળીને ખુશ થતા. ૨૫. જે આવતા તે બધાને ભારે સમાધિ થાતી. સમાધિને લીધે સહુ ઘરનું કામ પણ ભૂલી જાતા. પોતાના સંબંધીએ ચીંધેલું કામ પણ કરતા નહિ. તેઓ રાતદિવસ ધ્યાન જ ધરતા હતા. ૨૬.

તે ગામમાં કેટલાક વેરાગી રહેતા. તે દરબાર અમરસિંહને અનુકૂળ થઈને રહેતા. તેણે શ્રીહરિનો અતિશય પ્રતાપ જોયો એટલે તેઓ બળી ઊઠ્યા. ૨૭. તેથી તેઓ તે દરબારની પાસે દોડી ગયા. પોકારીને કહ્યું, તમે તો અમારા થઈને બીજાને ગુરુ કેમ કર્યા ? ૨૮ તમે દરબાર છો, એટલે તમારે લીધે જ અમે આ ગામમાં રહ્યા છીએ. તમે અમારી શરમ રાખી નહિ અને અમને શીખ (વિદાય) આપવાનો જ તમે આ ઉપાય રચ્યો છે. ૨૯. એક મિયાનમાં ક્યાંય બે તલવાર દેખી નથી. અમને રાખો કાં તેમને. આ સ્પષ્ટ નિર્ણય થયા પછી જ અમે ઠાકોરજીને ભોગ(થાળ) ધરાવશું. ૩૦. ત્યારે દરબારને મોટું ધર્મસંકટ આવ્યું. તેમણે હમણાં જ તાજો સત્સંગ ધાર્યો હતો. તેથી બુદ્ધિ-જ્ઞાન પરિપક્વ થયેલ નહિ. હૃદયમાં મોક્ષનો અંકુર ન હતો. ૩૧. તેઓ બગલાને અને હંસને એક સરખા ગણતા. "ભેખ બધા એક જ છે" એમ માનતા. નાભાદાસના ભક્તમાળનું જ એક જ્ઞાન હતું. મોક્ષની બાબતમાં એક

લેશ પણ તાન હતું નહિ. ૩૨. માન મળે તેની જ ઇચ્છા હતી, બીજું કાંઈ ચાહતા નહિ. મનમાં કોઈ પરીક્ષા કરતા નહિ. જ્યાં વધારે માન મળે, તેને તેઓ પ્રભુના સમાન માનતા. ૩૩. પછી દરબારે વેરાગીને કહ્યું, ગભરાશો નહિ. હું તમારા સિવાય બીજા કોઈને માનતો નથી. અમે તો ગામધણી કહેવાઈએ. અમારે બધાનું સન્માન કરવું જોઈએ. આ સહજાનંદ સ્વામીનું અમે સન્માન કર્યું છે, તેને તમારે વ્યવહાર જાણવો. ૩૪.

**चोपाई :**

**नृप वेशा भेखधारी वेपारी, मतलब के ए चार हि यारी;**
**मतलब सरे न कोई कोई का, ऐसे सब को मतो हे ईका...३५**

રાજા, વેશ્યા, ભેખધારી અને વેપારી એ ચાર તો સ્વાર્થ(મતલબ)ના યારી(પ્રેમી) હોય છે. પોતાનો મતલબ સર્યો એટલે કોઈ કોઈના થતા નથી. આ રીતે બધાનો એક જ મત છે. ૩૫. તમે સુખે ભગવાનનું ભજન કરો. કોઈ તમારું અપમાન કરશે નહિ. જો કોઈ કાંઈ તમને કહે, તો તે મને કહેજો. તેને માટે તો હું પ્રાણ આપી દઈશ. ૩૬. દરબારે આમ કહ્યું એટલે વેરાગીને બળ મળ્યું, તેઓ હરિભક્તોને અને સંતોને ગાળો દેવા લાગ્યા. ત્યારે હરિભક્તોએ શ્રીહરિ પાસે આવીને બધી વાત કહી સંભળાવી. ૩૭. ત્યારે શ્રીહરિએ કહ્યું, 'કોઈ આપણને-પોતાને ગાળો દે, છતાં તમે કાંઈ બોલશો નહિ.' પણ તેનાથી તો ઊલટું થયું. જ્યારે ગામના બીજા કોઈ લોકો ન હોય ત્યારે તે વેરાગી હથિયાર લઈને શ્રીહરિના આશ્રિતોને ડરાવતા. ૩૮.

**दोहा : तब श्रीहरि कहे संतकुं, हरिजन सुनियो बात;**
**गारी कोउ देवे मारे कोउ, तिनको न करना घात...३९**
**एहि सत्संगि हमार हे, ओर हे वचनद्रोहि;**
**ऐसे पत्र लिखायके, सत्संग में फेर्‍यो सोहि...४०**

ત્યારે શ્રીહરિએ સંતોને અને હરિભક્તોને કહ્યું, "સૌ સાંભળો, પોતાને કોઈ ગાળ દે કે મારે, તો તેને સહન કરવું. સામે મારવો નહિ." ૩૯. જે અમારી આજ્ઞાને માનશે તે અમારો સત્સંગી અને જે નહિ માને તે વચનદ્રોહી છે." આવો પત્ર લખાવીને શ્રીહરિએ સત્સંગમાં ફેરવ્યો. ૪૦.

**सोरठा : ध्यान धारणा जोई, भजन स्मरन शक्ति उर सम;**
**प्रगट हरि धरी सोई, आसन वारिके करना सबे...४१**

સહુએ પોતાની શક્તિ પ્રમાણે સ્થિર આસન કરવું. હૃદયમાં પ્રકટ હરિને ધારીને ધ્યાન-ધારણા અને ભજન-સ્મરણ કરતા રહેવું. ૪૧. જે સાંખ્યયોગી સંતો છે તેમણે આસન અને મટકું જીતવું. અને ભગવાનમાં હેત કરવું. દેહના સગા-કુટુંબીઓનો સંબંધ તો અત્યંત કાચો છે. ૪૨. **કોઈ પણ સત્સંગીએ સત્સંગને નિમિત્તે કોઈની સાથે વેર કરવું નહિ. ગૃહસ્થોએ સંસારનો વ્યવહાર તો સંસારની રીતે પ્રેમથી કરવો.** ૪૩. ગૃહસ્થને હૃદયમાં વૈરાગ્ય ઊપજે તોપણ તેણે પોતાની પત્નીનો ત્યાગ કરવો નહિ. તે રીતે જ સ્ત્રીએ પણ વૈરાગ્યને લીધે પોતાના પતિનો ત્યાગ કરવો નહિ. જો પતિ પાપી હોય તો તેનો ત્યાગ કરવો. ૪૪.

**बिचार बिना जो कोउ करही, सो अंते पार नहिं परही;**
**सत्संग सब को इच्छे जो हिता, ऐसे संत हि परम पुनीता...४६**
**निज स्वारथ नहिं अंतर लेशा, तेहि कहे त्युं लिनो उपदेशा;**
**क्लेश न होय सो एसो बतावे, जो सुने सोई शांति पावे...४७**
**एसे संत को करना विश्वासा, तिनसे न होवे मोक्ष को नाशा;**
**दिन दिन तेहि संग सत्संगा, बढत बढत होवे उत्तंगा...४८**

જો હૃદયમાં ત્યાગની અત્યંત દૃઢતા હોય તો નરનારીએ પરસ્પર ત્યાગ રાખવો. જો છેવટ સુધી દૃઢતા ન રહે તો તે ત્યાગને પ્રકટ કરવો નહિ. ૪૫. વિચાર કર્યા વિના જે કરવામાં આવે તે પાર પડતું નથી. આપણા સત્સંગમાં જે સહુનું હિત ઈચ્છે એવા સંતો પરમ પવિત્ર ગણાય છે. ૪૬. જેના મનમાં પોતાનો સ્વાર્થ લેશમાત્ર પણ હોતો નથી, તેના ઉપદેશને લેવો, તે કહે તેમ કરવું. તે એવું બતાવે કે જેનાથી કલેશ ન થાય. અને તેને જે સાંભળે તેને શાંતિ થાય. ૪૭. એવા સંતનો વિશ્વાસ કરવો. તેનાથી મોક્ષનો નાશ થતો નથી. દિન પ્રતિદિનના તેના સમાગમથી સત્સંગ વધીને ઘણી ઉચ્ચ કક્ષાએ પહોંચે છે. ૪૮.

જેવો રોગ હોય, તેને સમજીને જે વૈદ્ય તેને અનુરૂપ ઔષધ આપે છે તો બધા જ લોકો તે વૈદ્યનું કહ્યું માને છે. પણ રોગ કાંઈ હોય અને ઔષધ તેથી

વિપરીત કાંઈ જુદું જ હોય, તો તેને કોઈ ઠેકાણે લોકો માનતા નથી. ૪૯. સમજ્યા વિના વિપરીત ઔષધ આપનારા વૈદ્યને તો ગામેગામ ઉપાધિ થાય છે અને ઠામેઠામ 'મારો' 'મારો' એમ લોકો બોલે છે. અને વિરુદ્ધ ઉપચારથી તો રોગ અસાધ્ય કક્ષાએ પહોંચીને ઘણો જ વધી જાય છે. તે પછી તો કોઈને સત્ય ઉપચાર કે બાબતમાં ક્યાંય વિશ્વાસ રહેતો નથી. ૫૦." શ્રીહરિએ આવી બાબતના વિવેકનો પત્ર તુરંત લખાવ્યો. આમ **શ્રીહરિ સત્સંગનું હિત જ કરે છે.** ૫૧. દેશેદેશ અને ગામેગામ હરિભક્તોએ નિત્ય આ પત્ર વાંચવો. અને તે પ્રમાણે જ સહુએ વર્તવું. અને જે આ પ્રમાણે વર્તશે તે જ અમારો મિત્ર છે. ૫૨. **બધા સત્સંગીઓને અમે અમારું અંગ માન્યું છે, માટે કોઈએ અમારા આ વચનને લોપવું નહિ. તે વચનને લોપશે તેને અવશ્ય દુઃખ આવશે. ૫૩.** હું તો તાળી પાડીને કહું છું કે તે મરીને જમપુરીમાં જાશે અને તે સત્સંગનો દ્રોહી કહેવાશે અથવા તે ભૂત-પ્રેત કે રાક્ષસના દેહને પામશે. ૫૪.

***ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના તૃતીય પૂરમાં 'શ્રીહરિનું મેઘપુર આગમન, સંજોગોને જોઈને એક વિવેકપત્ર સૌને લખ્યો' એ નામે ત્રીશમો તરંગ સમાપ્ત ॥૩૦॥***

## પૂર ત્રીજું : તરંગ - ૩૧

## ભક્તોને થતી સમાધિનું વર્ણન તથા ઐશ્વર્યદર્શન

પર્વતભાઈ અને સહુ સંતોએ તે પત્ર સાંભળ્યો અને તેને સત્સંગનું જીવન જાણીને સૌએ મસ્તકે ચઢાવ્યો. ૧. ગામેગામના હરિભક્તો તેમાં પોતાનું હિત રહ્યું છે, આવું માનીને તે પત્રને વાંચતા. જે મુમુક્ષુઓ હતા તે બધા પત્રને સાંભળીને સત્સંગ કરવા લાગ્યા. ૨. શ્રીહરિ જે ગામમાં રહ્યા હોય ત્યાં સત્સંગીઓ ઘણા આવતા. શ્રીહરિની મૂર્તિને હૃદયમાં ધારતા અને તેથી તેમને તત્કાળ સમાધિ થતી. ૩. શ્રીહરિએ યોગરૂપી યજ્ઞ કરવાની આ મહાન રીત અપનાવી. તેનાથી ચારે વર્ણના લોકોને તેઓ હિતકારી પોતાનું જ્ઞાન આપીને તૃપ્તિ કરાવતા હતા. ૪. સાંભળવાની અને જોવાની વાત

જુદી જ છે. દૂર સ્થાનમાં રહીને પણ નજીક જણાતું હોય છે. વાત સાંભળી હોય ત્યાં થોડા અનુમાનની પણ જરૂર રહે છે. માત્ર સાંભળવાથી સાક્ષાત્ દઢ નિશ્ચય થાતો નથી. ૫.

**चोपाई :**

**हरि हरिधाम हे अमायिक जोई, सुने में निश्चे केसे होई;**
**युँ जानीके श्रीहरि जेहा, आप इच्छाये करीके तेहा...०७**
**करी करुना हरि अपरमपारा, निजधाम देखावत भये सारा;**
**हरिजन हित हि लोक अपवादा, हरि सब हि सहन करे प्रभु जादा...०८**

કેવળ અનુમાનને આધારે જ બધું બતાવવામાં આવે તોપણ તેમાં સુદઢ નિષ્ઠા (નિર્ણય) થઈ શકતી નથી. જો માયિક પદાર્થનું જ્ઞાન અનુમાન દ્વારા યથાર્થ રીતે સમજી શકાતું ન હોય, તો ભગવાનનું ધામ અને ભગવાન, બંને અમાયિક (દિવ્ય) છે, તે સાંભળવામાત્રથી જ તેનો નિશ્ચય કઈ રીતે થઈ શકે ? આવું વિચારીને શ્રીહરિએ પોતાની સ્વતંત્ર ઇચ્છાથી જ અપરમપાર કરુણા કરી અને સમાધિમાં પોતાનું સંપૂર્ણ ધામ દેખાડવા લાગ્યા. અને હરિભક્તોના હિતને માટે જ તેમણે બધા જ લોક-અપવાદોને ખૂબ સહન કર્યા. ૬-૮.

ભૂમિ લોકોના અપાર અપરાધોને સહન કરે છે. તે રીતે જ શ્રીહરિએ આસુરી તત્ત્વોના અપરાધોને સહન કરીને આ વખતે વિચરણ કર્યું. **સમર્થ હોવા છતાં જે સહન કરવું, તે જ આશ્ચર્યકારી વાત મનમાં ધાર્યા જેવી છે.** ૯. "અનેક જીવોનું કલ્યાણ કરવું." આ એક ગુણ શ્રીહરિમાં નિશ્ચળ છે અખંડ છે. બીજામાં તો તે ગુણ આવ્યો-ગયો હોય છે. તે સિવાયના બીજા ગુણ તો પોતાની રુચિ પ્રમાણે હોય છે. ૧૦. આવું સમજીને પરમ દયાળુ શ્રીહરિએ લોકોના ઉપર અપાર કૃપા કરી છે. પોતાનું જે અનંત ઐશ્વર્ય છે તેને સ્વેચ્છાથી દેખાડતા. ૧૧. શ્રીહરિની કૃપાથી અનંત નર અને નારીઓને જે સમાધિ થાતી તે સમાધિ કદાચ કોઈ અષ્ટાંગ યોગ સાધીને મરી જાય તો પણ થઈ શકે નહિ. ૧૨.

શ્રીહરિની અપાર કરુણાથી આબાળવૃદ્ધ નરનારીઓ બધાં જ મહાન સિદ્ધ ગતિને પામ્યાં અને સમાધિમાં સ્વતંત્ર થયાં. ૧૩. શ્રીહરિના પ્રતાપના

બળથી હરિભક્તોનાં ટોળેટોળાં અનાદિ મહામુક્તોના જેવા સમાધિમાં અવિચળ અને સ્વતંત્ર થયાં. ૧૪. શ્રીહરિ જે સમાધિ કરાવતા હતા તેના પ્રભાવથી આ દુનિયામાં જે જોગી થઈને ફરતા હતા; જે જતિ (યતિ) કે સતી તરીકે પ્રસિદ્ધિ પામ્યાં હતાં, તે બધાં ખુવાર થઈ ગયાં. અને નાટક ચેટકનો પણ રતીભાર જેટલોએ ભાર રહ્યો નહિ. ૧૫. કોઈ યોગસાધના કરીને પ્રાણાયામથી શરીરને તજી દે કે યોગના ઐશ્વર્યથી લાંબા સમય સુધી શરીરમાં આસક્ત રહે. તેમના કરતાં પણ શ્રીહરિના આશ્રિત અધિક સ્વતંત્ર થયા હતા અને શ્રીહરિના પ્રતાપથી મનચાહી ગતિને પામતા હતા. ૧૬. સહુને એક સાથે સમાધિ થાતી. વિશાળ સમુદાય જોઈને લોકોને વિસ્મય થતો. તે અંગે સંક્ષેપમાં હું પ્રેમથી તે સમાધિની શુભ રીતભાત કહું છું. ૧૭.

અપરમપાર લોકોને સમાધિ થાતી. અનાદિકાળથી મનમાં રહેલા વિકારો કે દોષો સમાધિથી ધોવાઈ જાતા. હજારોની સંખ્યામાં, જેનો કોઈ અવધિ નહિ એવાં પુરુષો અને સ્ત્રીઓ અલગ અલગ પંક્તિબદ્ધ થઈને સમાધિ કરતાં. ૧૮. તે સહુને સમાધિમાં જનપ્રતિપાલક અને ધર્મના પ્રિયપુત્ર કિશોર વયમાં રહેલા શ્રીહરિનાં દર્શન થાતાં હતાં. કોઈ સિદ્ધાસને બેસીને સમાધિ કરતા અને નાસિકાના અગ્રભાગ ઉપર મૂર્તિને સ્થિર કરતા. ૧૯. કોઈ પદ્માસન કરીને સમાધિમાં મન અને પ્રાણને લીન કરીને સ્થિર થઈ જતા. કોઈ વીર આસને બેસીને સમાધિનો આનંદ લેતા, તો કોઈ વજ્રાસને રહેતા. ૨૦. જેને સ્વસ્તિકાસન કહેવાય છે તેને લગાવીને કોઈ બેસતા. કોઈ શબાસને સમાધિમાં બેસીને ભગવાનની મૂર્તિમાં મનને મગ્ન કરી દેતા. ૨૧.

સમાધિમાં જે ગયા હોય તેના શરીર લાકડાનાં જેવાં પ્રાણ વગરનાં અને મરેલાં જેવાં પડ્યાં હોય. આવા સમાધિનિષ્ઠ કે જે રાત દિવસ પંક્તિબદ્ધ ઘણા જ પડ્યા દેખાતા. ૨૨. ધર્મકુમાર શ્રીહરિનો મહિમા અપાર છે. કરોડો જીભથી કહેવામાં આવે તો પણ પાર પમાય તેમ નથી. શારદા અને શેષ પણ જો તે મહિમાને કહેવા માંડે તો તેઓ પણ કોઈ દિવસ તેના પારને પામી શકે તેમ નથી. ૨૩. જે જે લોકો શ્રીસહજાનંદ સ્વામીને શરણે આવીને સત્સંગી થયા, તે બધા સિદ્ધગતિને પામ્યા અને સમાધિનિષ્ઠ થયા. ૨૪. તેઓ એક પળવાર

પણ બહાર આવવા ચાહતા નહિ. શ્રીહરિની મૂર્તિમાં જ લીન રહેતા. તેમણે પ્રાણની વૃત્તિઓને પ્રભુપદમાં ગાઢ પ્રેમથી લીન કરી દીધી. ૨૫.

શ્રીહરિ કોઈ સમાધિમાં જાય પછી એક પહોર (૩-કલાક) સમય જાય ત્યારે તેને જગાડતા. કોઈને બે પહોરે જગાડતા. ૨૬. કેટલાકને તે બે દિવસ વીત્યા પછી જગાડતા. કોઈને તો શ્રીહરિ એક પખવાડિયે જગાડતા. ૨૭. કોઈકને એક મહિનો ગયા પછી જગાડતા, તો કોઈકને બે મહિને જગાડતા. ક્યારેક ત્રણ મહિના પસાર થઈ ગયેલાને જગાડતા, તો કોઈને ચાર માસ સમાધિમાં રહ્યા પછી જગાડતા. ૨૮. પ્રાણ અને ચિત્તનું આકર્ષણ કરનારા શ્રીહરિ કેટલાકને બહુ ઝાઝે સમયે જગાડતા, તો કોઈને થોડે સમયે જગાડતા. પોતાના સ્વરૂપનું અપાર સુખ તે ભક્તોને સમાધિ કરાવીને દેખાડતા હતા. ૨૯. સર્વ સુખનું મૂળ શ્રીસહજાનંદ સ્વામી સમાધિમાં ગયેલાની સામે નજર કરીને તેને ઉઠાડતા. અંતર્યામી તે પ્રભુ કોઈકને શબ્દ બોલીને ઉઠાડતા. ૩૦. કોઈને તો પોતે મનમાં સંકલ્પ કરીને જગાડે એટલે તે તરત જ પોતાના શરીરમાં આવી જતા. સમાધિમાં અનંત સુખ પામીને પછી તે અહીંના દેહના સુખને તો તુચ્છ દેખીને ફરતા. ૩૧.

**हरि इच्छा कर बाहिर रहेवे, ब्रह्मा लग सुख तुच्छ हि टेवे;**
**हरिप्रताप कर एसे बलवाना, हरिजन भये धरी हरि में प्राना...३२**

**अलोकिक सुख रहे रस सारा, तजी न आवत ध्यान से बारा;**
**मकर ग्राह जिमि सिंधु मांहिं, मुदित रहत महामुद पाहि...३३**

શ્રીહરિની ઈચ્છાથી તેઓ બાહ્ય શરીરમાં રહેતા પણ બ્રહ્મા સુધીના લૌકિક સુખને તેઓ તુચ્છ જ માનતા. શ્રીહરિના પ્રતાપે હરિભક્તો મૂર્તિમાં પ્રાણ રાખીને આટલા બળવાન થયા હતા. ૩૨. જેમ મોટો મગર સાગરમાં ઊંડે બૂડ્યો રહે અને બહાર ન આવે, તેમ કોઈ ભક્ત રસમય કે સારરૂપ તે અલૌકિક સુખને તજીને તે ધ્યાનથી બહાર આવવા ન ચાહે અને તે સમાધિના સુખમાં જ આનંદ માણતો રહે. ૩૩.

ત્યારે શ્રીહરિ તેને પરાણે શરીરમાં લાવતા. ભલે તે ગાઢ સમાધિમાં લીન હોય તો પણ ધર્મના લાલ તેને જગાડી દેતા. ૩૪. સમાધિમાંથી બહાર

આવ્યા પછી તે અલૌકિક વાતો કરતા. જે દૈવી જીવ હોય તેને તે વાત સાચી મનાતી પણ જે મહાપાપી આસુરી જીવ શાપિત થયા હોય તેને આ વાત મનાતી નહિ. ૩૫. કોઈ બ્રહ્મપુર-અક્ષરધામની, કોઈ વૈકુંઠની કે કોઈ ગોલોકધામની સાક્ષાત દેખી હોય તેવી વાતો કહેતા. ૩૬. કેટલાક સમાધિવાળા ભક્તો બદરિકાશ્રમની શ્વેતદ્વીપની અને ત્યાંના અનંત મુક્તોની અને તેને મધ્યે રહેલી જે મૂર્તિ, તે બધાની વાતો આવીને કહેતા. ૩૭. ત્રિલોકીની અંદર ઘણા જ મહાન દિવ્ય સ્થાનો છે. દેવતાઓનાં, મુનિઓનાં અને અસુરોનાં પણ સ્થાન છે. અહીં વર્ણન કરતા તેનો પાર આવે તેમ નથી. ૩૮.

ત્રિલોકીમાં પ્રસિદ્ધ એવાં ભગવાનનાં સ્થાનો છે. અત્યંત રમણીય અને તેજસ્વી છે, તેનું વર્ણન સમાધિવાળા ભક્તો ખૂબ જ હરખથી કહેતા. ૩૯. લોકાલોક પર્વતની બહાર જે સિદ્ધિઓવાળા દિવ્ય સ્થાનો છે તેનું વર્ણન ભક્તો જેવું દેખ્યું હોય તેવું કરતા. ૪૦. સભામાં જે બીજા લોકો બેઠા હોય તે સમાધિવાળાની વાત સાંભળીને આશ્ચર્યચકિત થાતા. અનેક કોટિ બ્રહ્માંડોમાં રહેલા બ્રહ્મા, વિષ્ણુ અને શંકર, જેઓ ઘણા સુખમય છે, તેમની ક્રિયાઓ જગતને ઉત્પન્ન કરવું, તેનું પાલન કરવું, તેનો પ્રલય કરવો, વગેરે છે; તેને સમાધિમાં દેખીને તે ભક્તો તેનું યથાર્થરૂપમાં વર્ણન કરતા. ૪૧-૪૨. અનંત બ્રહ્માંડોમાં જેટલો વૈભવ રહ્યો છે, તેનું વર્ણન પણ ભક્તજનો કરતા. અનેક બ્રહ્માંડોની રચના જેવી દેખી હોય તેવી સમાધિમાંથી પાછા આવીને કહેતા. ૪૩. પોતાનાં શરીર અંદરની રચના અને બ્રહ્માંડની રચના, તે બંનેની એકતા, તેનું કોઈ વર્ણન કરતા. કોઈ ભૂગોળનું વર્ણન કરતા તો કોઈ પાતાલ પર્યન્તના સાત લોકોની વાતો કહેતા. ૪૪.

તે રીતે જ બ્રહ્માના સત્યલોક પર્યંત ખગોળના વિસ્તારની વાતોને કોઈક ભક્ત કહેતા. પ્રભુ નારાયણમુનિ તે ભક્તોની સર્વ પ્રકારની વાતોને સાંભળીને તેનો નિર્ધાર કરતા. ૪૫. પછી અંતર્યામી અને બહુનામી આવા શ્રીહરિ તેની ધારણાની પક્વતા તથા અક્વતાને કહેતા. પછી જેની ધારણા પરિપક્વ થઈ હોય તેમને અલગ બેસાડતા. ૪૬. જે ભક્તોની ધારણા અપક્વ રહી હોય તેમને પ્રભુ શ્રીહરિ પક્વ કરવાનું સ્વયં સાક્ષાત્ શીખવતા. યોગકલાનિધિ

શ્રીહરિ પ્રાણોના સંકોચનો પ્રકાર અને વિધિ તથા નાડીઓના સંકોચનો પ્રકાર તથા વિધિ શીખવતા. ૪૭. પછી પક્વ થયેલો તે ભક્ત સ્વેચ્છાથી પોતાનાં નાડી અને પ્રાણનો સંકોચ વિકાસ તત્કાળ જ કરી બતાવતો. ૪૮. કાચબો જેમ બહારથી પોતાના અંગોને સંકોચી લે છે તેમ શ્રીહરિ ભક્તોને દૃઢ અભ્યાસ કરાવીને સંકોચ વિકાસની ક્રિયાઓ શીખવતા. ૪૯. પોતાના અંગોથી જીવને અને પ્રાણોને ખેંચીને અલગ કરી બતાવતા, તેમજ એક જ અંગમાં જીવ કે પ્રાણોને પરોવી દેતા. આ પ્રમાણેની બધી યોગની કળાઓને શ્રીહરિ શીખવતા. ૫૦. જે ભક્તને સ્વતંત્ર ધારણા થતી તેને પોતાના શરીરનું ભાન રહેતું નહિ. ધારણા થયા પછી તેના શરીરને કોઈ કાપે કે બાળે તો પણ તેની પીડા તેને થાતી નહિ. ૫૧.

***ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના તૃતીય પૂરમાં 'ભક્તોને થતી સમાધિનું વર્ણન તથા ઐશ્વર્યદર્શન કહ્યું' એ નામે એકત્રીશમો તરંગ સમાપ્ત ॥૩૧॥***

## પૂર ત્રીજું : તરંગ - ૩૨

## ભક્તોને યોગકળા શીખવી રહેલા શ્રીહરિ, કચ્છથી મુક્તાનંદસ્વામીનું આગમન

જગદ્વંદ્ય શ્રીસહજાનંદ સ્વામી તે સમાધિના બધા જ રસિયાઓને વારંવાર બેસાડીને પક્વ ધારણા શીખવતા. ૧. સુખધામ પુરુષોત્તમ શ્રીઘનશ્યામ સમાધિવાળાને અંતર્દષ્ટિ કરીને દેખતા તો કોઈને બાહ્યદષ્ટિથી આગળ દેખતા. ૨. એક નેત્રને પ્રતિલોમ કરાવીને તેના મટકાને બંધ કરાવી દેતા, સુખદ શ્રીહરિ આવું શીખવતા. બંને નેત્રોને પણ ઊલટા કરી નાખવાનું શીખવતા. ૩. અને તેમાં મૂર્તિની દૃઢપણે ધારણા કરાવતા. ત્યારે તેમાં બંને આંખોથી એક મટકું પણ મારતા નહિ. યોગકલાના નિપુણ યોગીઓ આને અક્ષિવિદ્યા કહે છે, તે શીખવતા. ૪. કોઈ ભક્તને બંને નેત્રોથી લક્ષ્ય કરાવીને મનોહર મૂર્તિને તેમાં પહેલાં સ્થિર કરાવી (ઠેરાવી) દેતા. પછી તેને અંતર્દષ્ટિ કરાવીને

મૂર્તિને ચાકડાની જેમ ફેરવાવતા. ૫. ભગવાન શ્રીહરિ નાડીઓનું અને પ્રાણોનું આકર્ષણ કરવાનું શીખવતા. જેને અક્ષિવિદ્યા કહેવાય છે તેને જગતમાં કોઈ જાણતું નહિ. ૬.

**ચોપાઈ :**

**प्रगट हरि मिले बिन एहा, जोगकला न पावे तेहा;**
**पलक रहित लोचन करे दोई, प्रगट देखत मूर्त्तिकुं सोई...०७**
**नारी प्रान खेंचनकी रीति, सिखावत करी हरि प्रीति;**
**जोगकलावंत भए जन सबही, प्रगट श्रीहरि सो भए जबही...०८**

પ્રકટ શ્રીહરિ મળ્યા સિવાય આવી યોગકલાઓને તેઓ પામી શકે નહિ. આવી યોગકલાના પ્રભાવથી તે ભક્ત મટકું (પલક) માર્યા વિના જ બંને આંખોથી પ્રકટ શ્રીહરિની મૂર્તિને સતત દેખી શકે છે. ૭. શ્રીહરિ તે ભક્તોને નાડીઓને અને પ્રાણોને ખેંચવાની રીત પ્રેમથી શીખવાડતા. જ્યારે શ્રીહરિ પ્રકટ થયા ત્યારે બધા સામાન્ય મનુષ્યો પણ યોગકલાવાળા થયા. ૮. શ્રીહરિ તે સાધક પાસે જે ષટ્ચક્ર છે તેમાંથી કોઈ એક ચક્રમાં પ્રાણને રુંધાવતા-રોકાવતા. તેમાં સુંદર પ્રણવનો નાદ સંભળાવતા. તે સાંભળીને તેને ઘણો જ સ્વાદ લાગતો. ૯. શ્રીહરિ કોઈ સાધકના પ્રાણોને કોઈ એક ચક્રમાં રુંધાવતા. અને તેની પાસે તે સાધકને બેસાડીને પરમ ઉલ્લાસથી સહેજે જ સ્વાભાવિક રીતે પ્રણવના નાદને ગણાવતા. ૧૦. જ્યારે તે ભક્ત સમાધિમાંથી બહાર આવે ત્યારે તેને પ્રેમથી પાસે બેસાડતા. વારંવાર તેને ધ્યાન કરાવીને પ્રણવની વાત કરાવતા. ૧૧.

સુખકંદ શ્રીસહજાનંદ સ્વામી પોતાના ભક્તોને ઈડા, પિંગલા અને સુષુમ્ણા આદિક જે નાડીઓ, તેના માર્ગોને બતાવતા. ૧૨. શ્રીહરિ ભક્તને ઈડાને માર્ગે ચલાવીને સૂર્યમંડળમાં મોકલતા અને તે પાછો આવે તે પછી તેની પાસે ત્યાંની બધી વાતો કહેવડાવતા. ૧૩. કોઈ ભક્તને પિંગલા નાડીને માર્ગે ચલાવીને ચંદ્રમંડળમાં મોકલતા. તે ત્યાં જોઈને પાછો આવે ત્યારે તેની પાસે તે ચંદ્રમંડળની બધી વાતોને કહેવડાવતા. ૧૪. આ પ્રમાણે જ શ્રીહરિ ભક્તોને અનંત દેવલોકોને બતાવતા. તે ભક્તો તેને દેખીને શોકમુક્ત થતા

અર્થાત્ આનંદિત થતા. પછી તેમને કલ્યાણનો કોઈ સંદેહ રહેતો નહિ. ૧૫. શ્રીહરિ યોગકલાની આવી અનંત યુક્તિઓને જાણતા અને પરિપક્વ સમાધિ કરાવવાને માટે ભક્તોને શીખવતા. ૧૬. અખિલ ભુવનના અધિપતિ અને અક્ષરાતીત, ધર્મને ઘેર અવતરેલા શ્રીહરિએ જેઓને સાધનનું કાંઈ જ બળ ન હતું એવા આ ભક્તોને કેવળ તેમની કૃપાના બળથી જ યોગૈશ્વર્ય પ્રાપ્ત કરાવ્યું. ૧૭. શ્રીહરિ લોક લોકાંતરોની બધી જ જે કાંઈ ક્રિયાઓ હોય તે સ્વયં હાથતળમાં આંબળાના ફળને જેમ કોઈ દેખે તેમ દેખતા. કોઈ પણ બાબત શ્રીહરિથી દૂર ન રહેતી. જેનો સંકલ્પ કરે, તે પાસે જ હોય કે હાજર જ હોય. ૧૮. છતાં પણ હરિભક્તોનું હિત કરવાને માટે કેટલુંક પોતાનું ઐશ્વર્ય બતાવતા હતા. શ્રીહરિના પ્રતાપનું બળ મેળવીને તો કેટલાયે સિદ્ધ બની ગયા, જે વર્ણવી શકાતા નથી. ૧૯. આ ભૌતિક લોકની જે બાજી છે તે તો બ્રહ્મા આદિ દેવતાઓના હાથમાં છે. જે બાજીગર કે નટ કહેવાય છે તે ક્ષુદ્ર છે, છતાં સર્વ લોકોને મોહ પમાડી દે છે. ૨૦.

**શ્રીહરિ તો બધા દેવોના પણ અધિદેવ છે. તેઓ કોઈ બાજીગરને કે બ્રહ્માદિકને પણ ગણતા-ગણકારતા નથી. એટલા માટે જ શ્રીહરિ તો સર્વ શિરોમણિ, સર્વના કારણ અને અંતર્યામી, સર્વના સ્વામી-માલિક છે. ૨૧.** પોતે ધર્મના લાલ સ્વેચ્છાથી આનંદની છોળોને ઉછાળે છે. બાજીગરની જેમ ખેલ રચે છે અને નાના બાળકની જેમ બાળલીલાઓને કરે છે. ૨૨. જેમ કોઈ રાજકુમાર હોય તે પોતાની જેમ ઈચ્છા થાય એમ વર્તે છે, તેમ શ્રીહરિ તો સર્વે રાજાઓના પણ મહારાજાધિરાજ છે. અને તેઓ રાજકુમારની જેમ સ્વતંત્ર સ્વેચ્છાથી આ સમાધિ પ્રકરણની લીલાને વિસ્તારી રહ્યા છે. ૨૩. શ્રીહરિ કોઈ ભક્તને પ્રેરીને બીજા મનુષ્યના અંતઃકરણમાં પ્રવેશ કરાવતા. પછી તે મનુષ્ય જે જે સંકલ્પ કરે તેને સ્વયં સાક્ષાત્ બહાર કહી દેતા અને પ્રવેશેલો ભક્ત તેનો સાક્ષી રહેતો. ૨૪.

શ્રીહરિએ પોતાના ભક્તોને આવી અનંત બાબતો શીખવીને તેમને સિદ્ધ ગતિ આપી. અને સ્થૂળ દેહને સૂક્ષ્મ કરવાની નિપુણતાભરી કળા પણ શીખવી. ૨૫. મહારાજાધિરાજ શ્રીહરિએ આ સમયે અપાર દયા કરીને ભક્તોને આ

રીતે બ્રહ્મવિદ્યા પરિપક્વ કરાવીને બ્રહ્મગતિને પમાડ્યા. ૨૬. બધા ભક્તો યોગકળાને જાણતા થયા. તેઓ ક્યાંય અટકતા નહિ. આ પ્રતાપ શ્રીહરિનો છે કે જેણે મતપંથોને તોડી નાખ્યા. ૨૭. શ્રીહરિનો મહિમા અપરમપાર છે. કહી કહીને પણ કેટલો કહેવો ! શેષ અને શ્રુતિઓ લગાતાર મહિમાને કહે છે પણ હજી સુધી તેઓ પાર પામ્યા નથી. ૨૮.

**चोपाई :**

**एक रसना कुन लेखा मांहिं, अक्षरमुक्त पार पावत नाहिं;**
**ऐसे श्रीकृष्ण धरी नर देही, भक्तजन के भये परम स्नेही...२९**
**अति सुखप्रद हरिधाम हे जेता, भक्तजन को देखावत तेता;**
**प्रभुप्रताप बल पाये अनंता, समृथ शिष्य भये बुद्धिवंता...३०**

એક જીભથી શ્રીહરિનો મહિમા કેમ લખ્યામાં આવે ? આ મહિમાનો પાર તો અક્ષરમુક્તો પણ પામે નહિ. આવા મહાપ્રભુ શ્રીહરિકૃષ્ણ મનુષ્યદેહ ધરીને ભક્તજનોના પરમ સ્નેહી બન્યા. ૨૯. અત્યંત સુખકારી ભગવાનનાં જેટલાં ધામ છે તે બધાં ધામો ભક્તોને શ્રીહરિ દેખાડતા. ભક્તોને પ્રભુના પ્રતાપનું અનંત બળ મળ્યું. તેથી તે બધા ભક્તો(શિષ્યો) સમર્થ અને બુદ્ધિમાન થયા. ૩૦. એવા ગૃહસ્થોનો અને ત્યાગીઓનો કોઈ પાર ન હતો. શ્રીહરિની કૃપાથી કે આજ્ઞાથી સમાધિ દ્વારા જે દિવ્ય લોકમાં ગયા હોય અને ત્યાં શોકમુક્ત તથા નિર્ભય થઈને તે બેઠા હોય, ત્યારે શ્રીહરિની જ આજ્ઞાથી બીજો ભક્ત સમાધિ દ્વારા દિવ્ય લોકમાં જાય અને પ્રથમ જઈને ત્યાં બેઠેલા ભક્તને પાછો ઉઠાવી લાવે. આવા તો સમાધિની ઊંચી સ્થિતિવાળા અનંત ભક્તો થયા હતા. ૩૧-૩૨.

### ❋ મુક્તાનંદસ્વામી શ્રીહરિને મેઘપુરમાં મળ્યા, બંનેનો વાર્તાલાપ :

ભક્તપ્રતિપાલક શ્રીહરિ મેઘપુરમાં બિછાવેલા પલંગ ઉપર વિરાજમાન હતા. દયાળુને અગણિત શિષ્યો વીંટાઈને બેઠા હતા. હરિભક્તો શ્રીહરિના મુખકમળને એકી નજરે નિહાળી રહ્યા હતા. ત્યારે સદ્‌ગુરુ મુક્તાનંદ સ્વામી આવ્યા. ૩૩. તેમના હાથમાં રંગેલી છડી હતી. આવી રહેલા તેમને દૂરથી જ દેખીને શ્રીહરિ ઊઠીને તેમની સન્મુખ દોડ્યા. પાસે આવીને તેમના ચરણોમાં

નમી પડ્યા. સાષ્ટાંગ પ્રણામ કરીને શિર ધર્યું. ૩૪. ત્યારે વિશાળ બુદ્ધિના મુક્તાનંદ સ્વામીએ તેમનો હાથ પકડીને તત્કાળ ઊભા કરી દીધા. તેમને બાથમાં લઈ છાતીએ ચાંપીને મળ્યા. તેનાથી અંતરની પીડા શમી ગઈ. ૩૫. જળના સંસર્ગથી જેમ અગ્નિ શીતળ થઈ જાય છે તેમ બધાં અંગોમાં શીતળતા થઈ. શ્રીહરિ તો અનંત કોટિ બ્રહ્માંડના નાથ છે અને સર્વના અંતર્યામી હોય, સર્વનું જાણે છે. ૩૬. સંતો પણ પરસ્પર અપાર હેતથી મળ્યા. બધા હરિભક્તો પગમાં પડ્યા. ત્યારે શ્રીહરિએ તેમના હાથ પકડી લીધા. ૩૭. શ્રીહરિએ પ્રેમથી મુક્તાનંદ સ્વામીને પોતાના પલંગ ઉપર બેસાડ્યા અને સ્વયં નીચે જમીન ઉપર બેઠા. ત્યારે તે જોઈને મુક્તાનંદ સ્વામીના મનમાં ફરી તે અંગે સંતાપ થયો. ૩૮. શરીર થરથર ધ્રૂજવા લાગ્યું. જે સન્માન મળ્યું તે શૂળીના જેવું દુઃખરૂપ થયું. મનમાં વાદળાની જેમ અનેક ઘાટ-સંકલ્પોના તરંગ ઊછળવા લાગ્યા. ૩૯. બધા હરિભક્તોનાં નેત્ર શ્રીહરિ ઉપર અમૃતરસ વરસાવી રહ્યાં હતાં. ત્યારે મુક્તાનંદ સ્વામી તરફ તો ઉજ્જડ(વેરાન) ખેતર તરફ જુવે તેમ સૌ જોઈ રહ્યા હતા. ૪૦.

એવા સમયમાં તો રસોઈ તૈયાર થઈ હોવાથી મુકુંદ વર્ણી બોલાવવા આવ્યા. તત્કાળ શ્રીહરિ જમવા ઊઠ્યા. ભક્તપ્રતિપાલક શ્રીહરિએ મુક્તાનંદ સ્વામીને પણ ઉઠાડ્યા. ૪૧. બંને સાથે જમવા બેઠા. નાથ શ્રીહરિએ પહેલાં મુક્તાનંદ સ્વામીના પાત્રમાં પિરસાવ્યું. પોતાને બેસવાનો જે બાજોઠ હતો તેના ઉપર મુક્તાનંદ સ્વામીને બેસાડ્યા. ૪૨. લોકરંજનકારી તથા ભક્તોના ચિત્તને ચોરનારા શ્રીહરિ એક બીજા પાટલા ઉપર બેઠા. શ્રીહરિએ મુક્તાનંદ સ્વામીને કહ્યું, આપ પહેલાં જમો. હું તો આપના પછી છેલ્લે જમીશ. ૪૩. ત્યારે સ્વામીએ કહ્યું, આપ અને અમે સાથે જમીએ તો તેમાં આનંદ થશે. શ્રીહરિ કહે, આપ મોટા છો અને હું આપની આગળ બાળક છું. બંને સાથે જમીએ તે ખોટું ગણાય. ૪૪. પરંપરાગત સદાચારની જે રીત હોય તેને જોઈને આપણે બંનેએ પ્રેમથી કરવું જોઈએ. ત્યારે સ્વામી કહે, વધારે વૃદ્ધ તો નાના બાળક જેવો કહેવાય, એટલે તેની રીત તો પ્રથમ જ આવે. ૪૫. પછી વિચાર થયો કે બંને વાતે એક નિર્ણય થાતો નથી, એટલે આપણે બંને

ઉત્સાહથી સાથે જ જમીએ. પછી શ્રીહરિ અને મુક્તાનંદ સ્વામી બંને સાથે જમવા લાગ્યા. તેનાથી સ્વામીની થોડી ભ્રાંતિ દૂર થઈ ગઈ. ૪૬.

પછી શ્રીહરિએ કચ્છ દેશના હરિભક્તોના કુશળ સમાચાર પૂછ્યા. અને ત્યાંના દેશ-કાળની જેટલી વાતો પૂછવાની હતી તે બધી પૂછી. ૪૭. વચનરૂપી અમૃતની વૃષ્ટિ કરતા શ્રીહરિએ મુક્તાનંદ સ્વામીને તેમની પોતાની કુશળતા પૂછી. સુખદાયક શ્રીસહજાનંદ સ્વામી જાણીને પણ તેની તે વાત પૂછતા. ૪૮. વળી કહ્યું, અમને જેણે 'નારાયણ' કહ્યા હોય તેમનાં નામ બોલો, તેમજ તેમણે અમારે માટે જે ભેટ મોકલી હોય અને આપ જો તે અહીંયાં લાવ્યા હો તો વસ્તુઓ આપો. ૪૯. ત્યારે તત્કાળ જ સ્વામીને બધું યાદ આવ્યું. વિભ્રાંતિને લીધે જે ભુલાઈ ગયું હતું તે પરમ કૃપાળુએ યાદ કર્યું. ૫૦. ભુજના સુંદરજી અને હિરજી સુતાર, ગંગારામ મલ્લ આદિ ભક્તો અને પ્રાગજી દવે વગેરેએ કહેલા 'નારાયણ' કહ્યા. ૫૧. તે સિવાયના કચ્છ દેશના બધા હરિભક્તોનાં નામ યાદ કરીને સૌના 'જય સ્વામિનારાયણ' કહ્યા અને તેમણે ઘણી પ્રાર્થના કરી. ૫૨.

***ઇતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના તૃતીય પૂરમાં 'ભક્તોને યોગકળા શીખવી રહેલા શ્રીહરિ, કચ્છથી મુક્તાનંદસ્વામીનું આગમન થયું' એ નામે બત્રીશમો તરંગ સમાપ્ત ॥૩૨॥***

## પૂર ત્રીજું : તરંગ - ૩૩

## મુક્તમુનિનો શ્રીહરિને ઠપકો, રામાનંદસ્વામીએ મુક્તમુનિને ઠપકો આપી શ્રીહરિની સર્વોપરિતા કહી

ભોજન જમીને શ્રીહરિ તથા મુક્તાનંદ સ્વામી તૃપ્ત થયા. પછી બંને ઉતારે પધાર્યા. સ્નાન કરવા જવું છે, આવું નિમિત્ત બતાવીને શ્રીહરિનું નામ લઈને તેમને સાથે આવવા બોલાવી લીધા. ૧. મુક્તાનંદ સ્વામીએ સહુ હરિભક્તોને કહ્યું, "તમારે કોઈએ અમારી સાથે આવવાનું નથી. ૨. સહુ સંતોએ સ્નાન કરવા માટે અમારી સાથે આવવું." તે બધું જોઈને હરિભક્તો

બધા આશ્ચર્યચકિત થઈ ગયા. મનમાં જાણ્યું કે 'આજ કાંઈ જુદી જ વાત છે.' ૩. શ્રીહરિ તો તરત જ સહુના પહેલાં તૈયાર થયા. તેઓ તો બધું જાણે જ છે, છતાં તેઓ મનુષ્યચરિત્ર અધિક કરતા. ૪.

ગામથી પૂર્વમાં મેઘવતી નામે એક નાની ગંગા (નદી) સુખ-સગવડવાળી વહે છે. સં. ૧૮૫૯ ના કાર્તિક સુદિ દશમનો દિવસ હતો અને શ્રીહરિ ત્યાં સ્નાન કરવા પધાર્યા હતા. ૫. તે સમયે ત્યાં હરિભક્તોના દસબાર છોકરાઓ પણ આવ્યા હતા. સત્સંગનું હિત જાણી-વિચારીને મુક્તાનંદ સ્વામી શ્રીહરિને એક કોર બેસાડીને ઠપકો આપવા લાગ્યા. આ દુનિયામાં રામાનંદસ્વામીના જેવા બીજા કોઈ નથી. ૬-૭. તેમના ગુરુ આત્માનંદ સ્વામી હતા. તેઓ અખંડ મહાન તેજમાં રહેતા. ષટ્ચક્રની જે વાતો છે, તેને તેઓ એક તલ તલ જેટલી જાણતા. ૮. તેમનામાં એવો પ્રતાપ હતો કે તેઓ ધારે તો બીજાને ઊલટ-સૂલટ કરી નાખતા. જ્યાં સુધી પોતાની ઈચ્છા હતી ત્યાં સુધી તેમણે દેહ રાખ્યો. પછી તેઓ ધામમાં ગયા. ૯. તે સિવાય રામ અને કૃષ્ણ આદિ અપાર અવતાર થઈ ગયા છે. આજે તમે કોઈ એવી વાત લઈને બેઠા છો કે માનો તમે તે ગુરુઓ અને અવતારોના કરતાં પણ આગળ વધી ગયા હો ! ૧૦. જ્યાં સુધી કોઈ પૂછવાવાળો મળ્યો નથી ત્યાં સુધી જ તમારું માહાત્મ્ય રહેવાનું છે. રામાનંદસ્વામીએ જેમ કહ્યું છે તેમ કરો. તે સિવાયની બીજી બાબતોને છોડી દો. ૧૧. બીજી બધી વાતો-બાબતો તો ઉત્પાત કહેવાય. તેમાં કોઈને શાંતિ થાય નહિ. જે સીધે માર્ગે ચાલે તેને કોઈ ઠપકો દે નહિ. ૧૨.

**दोहा : मुक्तानंद मुनिराज ही, जो जो कही बात;**
**सो सब सवली ग्रही हरि, गुरु मानी साक्षात...१३**
**अब मुक्तमुनि कुं श्रीहरि, कहत जोरी दो हाथ;**
**तुमारी अग्या होय तब, में बोलुँ नमी माथ...१४**

મુક્તાનંદ સ્વામીએ શ્રીહરિને જે જે વાત કહી તે બધી શ્રીહરિએ સાંભળી સવળી લીધી અને સ્વામીને સાક્ષાત્ ગુરુ માનીને સ્વીકારી લીધી. ૧૩. પછી શ્રીહરિએ બે હાથ જોડીને મુક્તાનંદ સ્વામીને કહ્યું, જો આપની આજ્ઞા હોય

તો હું મસ્તક નમાવીને બોલું. ૧૪. ત્યારે સ્વામીએ કહ્યું, તમે તમારા દિલની જે વાત હોય તે કહો. પટોળા ઉપર ભાત પડે. (કીમતી રેશમી વસ્ત્ર ઉપર રંગીન ભરતકામ) પટોળાં સિવાય બીજાં વસ્ત્ર ઉપર રંગ જામે નહિ. તેમ યોગ્ય પાત્ર સિવાય પદ શોભે નહિ. ૧૫. ત્યારે શ્રીહરિએ કહ્યું. આપના સમાન બીજું કોઈ 'પટોળું' 'યોગ્ય પાત્ર' નથી. આપ મહાન બુદ્ધિમાનોમાં શ્રેષ્ઠ છો. આપના એકના કારણે જ હું અહીંયાં અત્યાર સુધી ટક્યો છું. ૧૬.

આપ મુમુક્ષુઓને મધ્યે પણ શ્રેષ્ઠ મુમુક્ષુ છો. સાર-અસારને વિચારી શકો છો. આપ સારને સ્વીકારી લો છો અને અસારનો ત્યાગ કરો છો. ૧૭. મને આપના ઉપર ઘણો જ ભાવ છે અને તેને લીધે જ હું અહીંયાં ટક્યો છું. આપ જેમ કહો તેમ હું કરીશ અને સદા આપની આંખો સામે દેખીને આપને અનુસરતો રહીશ. તેમાં જે કાંઈ ફરક પડે તે મને કહેજો. મને જે સત્ય કહે તે મારા ગુરુ છે. સત્ય વાત મને બહુ ગમે છે. ૧૮-૧૯. હું ખોટી વાતને માનતો નથી. ખોટી વાતને હું કાનથી સાંભળતો પણ નથી. જે કોઈ ખોટી વાતને ચલાવી લે છે, તેની અંતે ફજેતી થાય છે. ૨૦. અસત્ય વાતનો નાશ કરવા માટે તો ધર્મનો પ્રકાશ(પ્રચાર) કરીએ છીએ. ઘોર અંધારી રાત સૂર્યોદય થયા સિવાય ટળે નહિ. ૨૧. દીવો કરે તો ઘરમાં અજવાળું થાય. મશાલ પ્રકટાવે તો ખેતરવા અજવાળું થાય, મશાલથી આખી પૃથ્વી પરની રાત જાય નહિ, એટલે સૂર્યોદય થયા સિવાય રાત જાય નહિ. ૨૨.

**ધર્મની વાત સૂર્યના જેવી છે અને ધર્મને તો હું પિતા માનું છું. ધર્મની પત્ની ભક્તિ છે. તેને હું માતા માનું છું. ૨૩. જ્ઞાન અને વૈરાગ્ય ભક્તિના પુત્ર છે. તે મહા ભાગ્યશાળીને હું મારા બંધુ માનું છે. ધર્મનો વંશ ઘણો શાંત કહેવાય. તે મારું કુટુંબ રહ્યું છે. ૨૪.** આ જગતમાં જેટલો અધર્મવંશ છે, તેનો મને ઘણો જ અભાવ છે. અધર્મનાં મૂળ ઉખેડવા માટે તો આ વખતે અમે પ્રકટ થયા છીએ. ૨૫. પછી તો આપ જેમ કહો તેમ હું કરું. આપની મરજી પ્રમાણે હું રહું. મને મોક્ષનો ભારે ખપ છે. આત્માનો મોક્ષ કરવા માટે તો આ દેહ ધાર્યો છે. ૨૬. શ્રીહરિના મુખથી નિષ્કપટ શુદ્ધ વાણી સાંભળીને મુક્તાનંદ સ્વામીની આંખોમાંથી પાણી વહેવા લાગ્યું. ૨૭. તેઓ

ગદ્‌ગદ કંઠ થઈ ગયા. કાંઈ બોલી શક્યા નહિ, બેભાન થઈ ગયા. ત્યારે તેમને શાંતિ આપવાને માટે પ્રભુ શ્રીહરિ બોલ્યા કે જે સાંભળીને તેમને હેત થાય. ૨૮. ગુરુ રામાનંદસ્વામીની ઈચ્છાથી જ બધું થાય છે. અમે તેમનું જ ધ્યાન કરાવીએ છીએ અને ધ્યાનમાં રામાનંદસ્વામી સહુને દર્શન દે છે. ૨૯. સ્વામી તો અત્યારે ધામમાં રહ્યા છે. તેઓ શ્રીકૃષ્ણ ભગવાનનો અનંત અને અપાર પ્રતાપ જે ત્યાં ધામમાં દેખે છે તે અહીંયાં જણાવે છે. ૩૦. તેમાં અમારો એક લેશમાત્ર પણ વાંક-દોષ નથી. હવે સ્વામી જેમ આપને જણાવે તેમ આપ કરો. અન્ય સંતોને પણ સ્વામી જે રીતે જણાવે તે સહુ સંતો તે રીતે મનફાવ્યું ભલે કરે. ૩૧. આ વાત તો ખુલ્લા ચોગાનની છે, કોઈ ખૂણા-ખાંચાની નથી. **સાચી વાતને તો ચૌદ લોકમાં સહુ વખાણે-સ્વીકારે છે અને ખોટી વાતને સહુ દૂર ફેંકી દે છે.** ૩૨.

**ચોપાઈ :**

**मोक्ष की बात हे करडि कमाना, सूर उठावो जो मनमाना;**
**मेदान के बिच परी हे एहा, तिनको निवारनहार न केहा...३३**

મોક્ષની વાત તો કરડી કમાન છે. મન ચાહે તે શૂરો તેને ઉઠાવી શકે છે. તે મેદાન વચ્ચે પડી છે. તેને કોઈ રોકનારો નથી. ૩૩. આપ મારા ઉપર ધોખો કરશો નહિ. ધોખો કરો તો રામાનંદસ્વામી ઉપર કરજો. તે સ્વામી તો અંતર્યામી છે. માટે આપ તેમને શિર ઝુકાવીને કહો. ૩૪. તેઓ દૂર હોવા છતાં હજૂર-પાસે જ છે. તેઓ આપના મનોરથોને પૂર્ણ કરશે. સહુ સંતોએ તો મારા ઉપર કૃપા રાખવી. હું તો આપના અપરાધથી ડરતો રહું છું. ૩૫. **ઐશ્વર્ય કે ધામ કોઈ દુર્લભ નથી. આપની કૃપા જ દુર્લભ છે. જાણે અજાણે કાંઈ દોષ-અપરાધ થઈ જતો હોય તો તેનો મનમાં કોઈ રોષ રાખશો નહિ.** ૩૬.

**दोहा : नवनित कहे संत हृदय, तिनसे कोमल चीत;**
**सो हे हरि के लाडिले, हरि संग पूरन प्रीत...३७**
**हरि रखे एक चित्त में, ओर सब दिन बहाय;**
**निशदिन चितवन करत हे, हरिचरित हुलसाय...३८**

સંતોના હૃદયને માખણના જેવું કહ્યું છે અને તેના કરતાં પણ સંતોના ચિત્તને કોમળ કહ્યું છે. જેને ભગવાનની સાથે પૂરો પ્રેમ છે એવા સંતો તો ભગવાનના લાડિલા છે. ૩૭. સંતો ચિત્તમાં એક ભગવાનને જ રાખે છે, તે સિવાયનું બીજું બધું તજી દે છે. તેઓ રાત દિવસ ઉલ્લાસથી ભગવાનનાં ચરિત્રોનું જ ચિંતવન કરતા રહે છે. ૩૮.

નદીએ જે દસબાર છોકરાઓ આવ્યા હતા તેમાં વાલજી અને લખમણ આવા નામના બે છોકરાઓ હતા. તેઓ ભગવાનનું ધ્યાન કરવા લાગ્યા. તેમાં તેમને સમાધિ થઈ ગઈ. તેનો આત્મા શરીરથી અલગ થઈ ગયો. ૩૯. મુક્તાનંદ સ્વામીએ તે જોયું. તેમના મનમાં ઘણું આશ્ચર્ય થયું. હાથ પકડીને તેની નાડી દેખી. શરીર અચેતન હતું. નાકમાં શ્વાસ પણ બંધ હતો. ૪૦. ત્યારે શ્રીહરિએ તે બંને બાળકોને પાણીમાં ડુબાડી દીધાં અને પોતે બહિર્ભૂમિએ(શૌચ કરવા) ગયા. શ્રીહરિએ મુક્તાનંદ સ્વામીને કહ્યું કે જ્યારે આપની નજરમાં આવે અર્થાત્ આપને જ્યારે ઠીક લાગે ત્યારે બંને બાળકોને પાણીમાંથી બહાર કાઢીને પછી તેને તરત જગાડજો. મારી રાહ જોશો નહિ. મારે પાછા આવવામાં છ ઘડી જેટલો વિલંબ થશે. (૨ કલાક ને ૨૪ મિનિટ)૪૧-૪૨.

આટલું કહીને શ્રીહરિ તત્કાળ ત્યાંથી ચાલ્યા ગયા અને દૂર જ્યાં વિશાળ જગ્યા હતી ત્યાં શૌચ કરવા ગયા. તે બે બાળકોને પાણીમાં ડુબાડ્યા હતા, તેને જ્યારે ચાર ઘડી થઈ ત્યારે સ્વામીએ બહાર કઢાવ્યા. ૪૩. જ્ઞાનસંપન્ન મુક્તાનંદસ્વામીએ રામાનંદસ્વામીનું ધ્યાન કરીને પછી તે બંને બાળકોને ઉઠાડવા પ્રયત્ન કર્યો. જેટલું બળ હતું તેટલા ઊંચા અવાજે તે બાળકોનું નામ કાનમાં બોલીને જગાડવા પોકાર કર્યો. ૪૪. જેટલું બોલવાનું બળ હતું તે બધું કર્યું, વધારે બળ કર્યા પછી અવાજ પણ ધીમો પડી ગયો. ત્યારે અત્યંત નિપુણ શ્રીહરિ ત્યાં આવ્યા અને હસતા હસતા બોલ્યા, સ્વામી ! આપ કહો તો હું બાળકોને ઉઠાડું. જો આપ આજ્ઞા કરો તો જ થાય. આ વાતમાં હું કાંઈ જાણતો નથી. રામાનંદસ્વામી કૃપા કરે તો કાંઈક થાય. ૪૫-૪૬. પ્યારા શ્રીહરિએ તે સમયે બાળકની આંખ ઉપર પોતાની આંખને ઘડીવાર થંભાવી. તે બાળક જ્યારે આંખમાં આવી ગયો ત્યારે શ્રીહરિએ તે બાળકની બાંય

પકડીને અવાજ કર્યો. ૪૭. તુરંત વાલજી નીકળીને બહાર આવ્યો અને તેણે જઈને લખમણને પણ જગાડ્યો.

પછી શ્રીહરિએ છોકરાને કહ્યું, મુક્તાનંદ સ્વામીએ તને બોલાવ્યો ત્યારે તેં આંખ કેમ ખોલી નહિ ? ૪૮. ત્યારે તે બંને બાળકો બોલ્યા, અમે અક્ષરધામમાં ગયા હતા. મુક્તાનંદ સ્વામી અમને બોલાવવા ત્યાં આવ્યા ન હતા, પણ આપ અમને બોલાવવા આવ્યા. ૪૯. અક્ષરધામના દરવાજે આપે આવીને મને પકડ્યો. લખમણ દૂર ગયો હતો એટલે હું ત્યાંથી તેને બોલાવી લાવ્યો છું. ૫૦. મુક્તાનંદસ્વામીએ જ્યારે આ વાત સાંભળી ત્યારે તેમનું ચિત્ત ચકડોળે ચઢ્યું. 'મને પોતાને (જીવમાં) જ્યારે દેખાય ત્યારે મનમાં આનંદ થાય.' ૫૧. જળ વિનાની માછલીની જેમ ચિત્તમાં તરફડવા લાગ્યા. ઘણો શોક થયો. નિસાસા નાખવા લાગ્યા. પછી દૂર સુધી બહિર્ભૂમિએ ચાલ્યા ગયા. ૫૨. શૌચ કરીને ત્યાંથી થોડે દૂર હાથ ધોયા. ત્યાં એક ઝાડ હતું તેની નીચે બેઠા. પછી રામાનંદસ્વામીનું ધ્યાન કરવા લાગ્યા. ૫૩.

### ✵ રામાનંદસ્વામીએ શ્રીહરિની સર્વોપરિતા કહી :

અંતર્યામી રામાનંદસ્વામી તે સમયે પ્રકટ પ્રમાણ ત્યાં આવ્યા. ચંદન ચરચેલું ગૌર શરીર હતું. મુક્તાનંદ સ્વામીનું દુઃખ દૂર કરવા તેઓ બોલ્યા. ૫૪.

**चोपाई :**

**हमेरी प्रतित न तुमकुं लेशा, बालक ज्युं करत मन क्लेशा;**
**हमारे स्वामीके स्वामी हे एहु, सत्य करीके मानो तुम तेहु...५५**
**अनंत प्रताप हरि देखाये, तोउ अबे मन में न लाये;**
**तुमारे भये शिष्य हि आई, तोउ तुम हि प्रतीत न लाई...५६**

"તમને અમારો લેશમાત્ર વિશ્વાસ નથી. અને તેથી જ બાળકની જેમ મનમાં દુઃખી થઈ રહ્યા છો. આ વર્ણી શ્રીહરિ મારા સ્વામી કૃષ્ણના પણ સ્વામી છે. તમે મારા આ વચનને સાચું માનો. ૫૫. આ શ્રીહરિએ અનંત પ્રતાપ દેખાડ્યો છે તોપણ હજી સુધી તમને મનમાં સમજાતું નથી. તેઓ આવીને તમારી પાસે શિષ્ય થઈને રહ્યા, તોયે તમને તેનો વિશ્વાસ આવ્યો નહિ. ૫૬.

**इनकी सेवा दुल्लभ हमारे, सो सेजे मली हे तुमारे;**
**अब मन क्रम बचन हि होई, यामें संशे न करना कोई...५७**

આ શ્રીહરિની સેવા તો મારે માટે પણ દુર્લભ છે, તે તમને સહેજે જ મળી છે. હવે મન, કર્મ, વચનથી સેવા કરો. આ બાબતમાં કાંઈ સંશય કરશો નહિ. ૫૭. મયારામ ભટ્ટ ફૂટેલું ઠામ છે. જેમ કામ લાગે તેમ તેને સાંધજો. શ્રીહરિ તેની મોટાઈને જાળવે છે. વૃદ્ધ જાણીને તેની ગોબરાઈને ગણતા નથી. ૫૮. તેને અમારામાં અપાર ભાવ છે અને તેથી જ સહુ સંતો તેને માન આપે છે. તેમનું નિષ્કામવ્રત ઘણું મહાન છે. મેરુ પર્વતના જેવું અડગ છે. કોઈથી ટાળ્યું ટળે તેવું નથી. ૫૯. તેમાં એટલો દોષ રહ્યો છે કે તેમને સંશય કરવાનો સ્વભાવ છે. શ્રીહરિ તેમના તે દોષને ગણતા નથી. કારણ કે તે તેમની મોટાઈ છે." ૬૦. રામાનંદસ્વામી મુક્તાનંદ સ્વામીને આટલું કહીને અંતર્ધાન થઈ ગયા. મુક્તાનંદ સ્વામી પ્રેમમગ્ન થઈને રસ્તે ચાલતા ગાન કરતા હતા. ૬૧. પર્વતભાઈ મુક્તાનંદ સ્વામીને દેખીને મનમાં ખૂબ જ ખુશ થયા અને તેમનો હાથ પકડીને પૂછવા લાગ્યા. ૬૨. મુનિ, તમને સાક્ષાત્ જે દેખાયું હોય તે વાત કહો. આપના મનમાં આનંદ સમાતો નથી. આપે શું આશ્ચર્ય દેખ્યું ? ૬૩. ત્યારે મુક્તાનંદ સ્વામીએ કહ્યું, હવે ગામમાં ચાલો. એમ કહીને સહુ ગામમાં આવ્યા અને તે પછી સ્વામી "અલૌકિક આદિત ઉદિયા રે, સ્વામી સહજાનંદ" એ સાત વારનું કીર્તન નવું કરીને બોલ્યા. ૬૪.

અલૌકિક આદિત ઉદિયા રે, સહજાનંદસ્વામી;
પતીતને પાવન કરવા રે, પ્રગટ્યા બહુનામી...૧

સોમ થકી ઘણું સીળા રે, કરુણારસ ધારી;
પ્રગટ્યા અવની પર રે, તારવા નર નારી...૨

જનમન કુમુદ વિકાસ્યા રે, પુરુષોત્તમ પોતે;
કોટી કર્મને ટાળે રે, નયણાં ભરી જોતે...૩

બુધ થઈ બોધ પ્રકાશે રે, આપે અવતારી;
મુઢ મલીન જન તાર્યા રે, અગણીત નરનારી...૪

ગુરુજીનાં ચરણ ઉપાસે રે, હરિહર અજ જેવા;
બ્રહ્મરૂપ મુનિ મોટા રે, કરે સદ્‌ગુણ સેવા...૫
શુકર શ્વાન ખર જેવા રે, જેને ચરણે રહે આવી;
બ્રહ્મરૂપ થયા ભવમાં રે, ગોવિંદ ગુણ ગાવી...૬
શનિશ્ચર ગ્રહ સમ સહુને રે, મન મહા દુઃખહારી;
તેને તે વશ કરી રાખે રે, વચનાંકુશ મારી...૭
અક્ષરપદ અવિનાશી રે, જેનું ધામ કહાવે;
મુક્તાનંદ તે ગુરુના રે, નિશદિન ગુણ ગાવે...૮

***ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના તૃતીય પૂરમાં 'મુક્તમુનિનો શ્રીહરિને ઠપકો, રામાનંદસ્વામીએ મુક્તમુનિને ઠપકો આપી શ્રીહરિની સર્વોપરિતા કહી' એ નામે તેત્રીશમો તરંગ સમાપ્ત ॥૩૩॥***

## પૂર ત્રીજું : તરંગ - ૩૪

### મુક્તાનંદસ્વામીએ શ્રીહરિની પૂજા તથા પ્રાર્થના કરી

શ્રીહરિ અને સંતો નારાયણ સોનીને ઘેર પધાર્યા. કીર્તન બોલીને ઉત્સવ કરવા લાગ્યા અને તેનાથી માનો આનંદરસ વરસવા લાગ્યો ! ૧. ચિત્ર-વિચિત્ર ઘાટવાળો એક મોટો સોનેરી પલંગ હતો. મુક્તાનંદ સ્વામીએ તે વેળાએ તેને ચોંપ કરીને(ઉત્સાહથી) મગાવ્યો. ૨. સોનેરી બુટ્ટાદાર કાપડથી બનાવેલા રામાનંદસ્વામીનાં જે ગાદી અને તકિયો વગેરે હતું તે બધું મગાવ્યું. ૩. કેસર મેળવેલું સારું ચંદન ઘસીને તૈયાર કર્યું. અપાર ફૂલહાર કર્યા. ધૂપ અને દીપ વગેરે બધું મગાવ્યું. ૪. ઢોલ, નોબત, નગારાં, ભૂંગળ, રણશિંગું, તુરાઈ, ત્રાંસાં, ચોઘડિયાં અને શરણાઈ વગેરે વાજિંત્ર વાગવા લાગ્યાં અને સંતો ઝાંઝ તથા મૃદંગ વગાડીને ઉત્સવનાં પદ ગાવા લાગ્યા. ૫.

ગામેગામના હરિભક્તો આવ્યા. મંગળમય મહાન ઉત્સવ ચોતરફ છવાઈ ગયો. લાભ અને અમૃત ચોઘડિયાં જોઈને શ્રીહરિને પલંગ ઉપર

પધરાવ્યા. ૬. અનુપમ જરકસી વસ્ત્ર પહેરાવ્યાં. ઊતરી અને કડાં વગેરે ઘણી જાતનાં ઘરેણાં પહેરાવ્યાં. વેઢ, વીંટી અને બાજુબંધ ભુજાઓ ઉપર ધરાવ્યાં. મસ્તકે શિરપેચવાળી પાઘ બંધાવી. ૭. પાઘમાં ફૂલના તોરા મૂક્યા. ગુચ્છ બનાવીને કાન ઉપર ધાર્યા. લલાટમાં કેસરી ચંદન ચરચ્યું. વચ્ચે મોટો કુંકુમનો ચાંદલો કર્યો. ૮. બધું ચંદન ચરણો ઉપર પણ ચરચ્યું. તે વેળાએ ધૂપ અને ઘણા દીવાઓ કર્યા. પ્રેમથી કપૂરની આરતી પ્રકટાવીને ઉતારી. પ્રેમભર્યા આનંદમાં સહુ તલ્લીન થઈ ગયા. (આરતી - જય સદ્‌ગુરુ સ્વામી... સં.૧૮૫૯ કારતક સુદ-૧૧) ૯. મુનિવર મુક્તાનંદ સ્વામીએ પ્રદક્ષિણા અને દંડવત્ કરીને શ્રીહરિના ચરણોમાં મસ્તક ધરી દીધું. મેવા અને મીઠાઈ જે કાંઈ લાવ્યા હતા, તે બધું શ્રીહરિની આગળ ધરાવી દીધું. ૧૦.

તે સમયે સમગ્ર સંતો અને અપાર હરિભક્તોએ પૂજા કરી. પછી મુક્તાનંદસ્વામીએ સ્તુતિ કરી. બાળમિત્ર હોવા છતાં હું ભૂલી ગયો. ૧૧. આપની માયા અપાર છે. અમારી સાથે હેત કરીને અમને ભૂલા પાડી દીધા. અમે માન્યું કે આ કોઈ મહામુક્ત પ્રકટ થઈને અહીંયાં આવ્યા છે. ૧૨. તે સમયે રામાનંદસ્વામીએ વાત કહી જ હતી પણ મનમાં કોઈ ઘાતકી પાપનો પડદો રહી ગયેલો તેથી યથાર્થ સમજાયું નહિ. ૧૩. આપ દીનબંધુએ આજે દયા કરીને મને અજ્ઞાનરૂપ મહાન પાપથી છોડાવ્યો છે. અને મોહરૂપ અજ્ઞાનના અંધારાને કાપી નાખ્યું છે. ૧૪.

**सोरठा : मुक्त जन्म भयो आज, अतने दिन अमुक्त रहे;**
**मेर करी महाराज, मोह सिंधु निकार लिये...१५**
**तुमारे गुन को न पार, अवगुन के भंडार हम;**
**तव गुन दिन विसार, निज गुन के अभिमान कर...१६**

આજે ખરેખર મુક્ત થયો છું. આટલા દિવસ સુધી હું અજ્ઞાનના બંધનમાં રહ્યો છું. મહારાજ ! આપે દયા કરીને મને મોહરૂપી સાગરથી બહાર કાઢી લીધો છે. ૧૫. આપના ગુણોનો કોઈ પાર નથી. અમે તો અવગુણનો ભંડાર છીએ. પોતાના ગુણના અભિમાનને લીધે આપના ગુણોને અમે ભૂલી ગયા છીએ. ૧૬. હે દયાળુ, હું હાથ જોડીને આપની પાસે માગું છું કે ફરી વાર

ક્યારેય આવું ન થાય. આપની માયામાં બ્રહ્મા આદિ પણ ભૂલા પડ્યા છે. અમે તો આકડાના તૂર(તૂલ) જેવા છીએ, તેથી તેની ગણતીમાં ક્યાંથી આવીએ ! ૧૭. શંકર ભૂલ્યા, પાર્વતી ભૂલ્યાં, સીતાજી અને યતિ લક્ષ્મણ પણ ભૂલ્યાં છે. યશોદા અને નંદ, દેવકી અને વસુદેવ, બંને માતા-પિતા ભૂલ્યાં. ૧૮. બળદેવ અને અક્રૂર ભૂલ્યા. કૌરવો તો બધા જ ભૂલ્યા. હિરણ્યાક્ષ અને લંકેશ્વર રાવણ સરખા પણ ભૂલ્યા છે. ૧૯. ચંદ્ર અને ઈન્દ્ર જેવા ભૂલ્યા, નહૂષ અને સુજ્ઞ બૃહસ્પતિ ભૂલ્યા. પરાશર અને નારદ ભૂલ્યા, મહર્ષિ ઋષ્યશૃંગ પણ ભૂલ્યા છે. ૨૦. ઋષભદેવના પુત્ર ભરત, ભૃગુ ઋષિ, શુક્રાચાર્ય, ગરુડ, સૌભરિ, ચ્યવન, જૈમિનિ, રાધિકાજી અને શ્રીદામા જેવાં પણ ભૂલ્યાં છે. આ બધું આપની માયાનું કામ છે. આપ એક જેના ઉપર કૃપા કરો છો, તેની જ એક સરખી નિર્વિઘ્ન સ્થિતિ રહે છે. ૨૧-૨૨.

**આપનો દાસ જ્યારે ભૂલ કરે છે ત્યારે આપ તેની બાંય પકડીને તેને ઉગારી લો છો, પણ જે આપનો દાસ-ભક્ત હોતો નથી તે ભૂલ કરે છે, તે પછી પણ તે ભૂલ ભરેલો જ રહે છે. ૨૩.** તે લોકોની ઊર્ધ્વગતિ કે અધોગતિ કર્મને આધારે છે અને આપના ભક્તોની ગતિ તો આપ જ છો અને તેથી જ આપ તેનો ઉદ્ધાર કરો છો. અસુરોને માટે તો ઘોર નરકનું દ્વાર જ છે. ૨૪. હાથ જોડી, માથું નમાવી, હું વારંવાર માગું છું કે આપની જે અનંત માયા છે તે અમને ક્યારેય લોપે નહિ, કલ્યાણના માર્ગથી ભ્રષ્ટ કરે નહિ. ૨૫. આપની માયાની આગળ અમારું જોર લેશમાત્ર પણ ચાલે નહિ, એટલા માટે જ આપના ચરણોમાં ચિત્ત ધરીને હું વિનંતી કરું છું. ૨૬. આ ચિત્તનું કાંઈ ઠેકાણું નથી. તે રોગાદિને લીધે કે વિષમ દેશ કાળાદિકને કારણે અથવા પ્રારબ્ધ કર્મને વશ થઈને પરાધીન થઈ જાય છે. ૨૭. બ્રહ્મરાક્ષસ, રાવણ, કુંભકર્ણ અને કંસ આદિ આસુરી તત્ત્વોને કોઈ સેવે તો તે તેનો જ દ્રોહ કરવા લાગે છે, તેમ દેહ, ઈન્દ્રિય, અંતઃકરણાદિક પણ સેવવાથી જીવનો દ્રોહ કરે છે. ૨૮.

**चोपाई :**

**मनुष्य देह को नहिं नीरधारा, तेहि कर भय लगत हे अपारा;**
**अनंत जन्म ब्रह्मचर्य रखे जेहा, वन फल खाईके दमे देहा...२९**

**अष्टांगजोग करे दिन राति, सब तिर्थ व्रत करे विख्याति;**
**अहंसिक जज्ञ करे अनंता, जोग जज्ञ करे तिनको न अंता...३०**

મનુષ્યદેહનો કોઈ નિર્ધાર નથી અને તેથી અપાર ભય લાગે છે. અનંત જન્મ સુધી બ્રહ્મચર્ય વ્રત પાળવામાં આવે, જંગલી ફળ ખાઈને દેહનું દમન કરવામાં આવે, ૨૯. રાત દિવસ પરિશ્રમ કરીને અષ્ટાંગ યોગ સાધવામાં આવે, પ્રસિદ્ધ તીર્થોની યાત્રા કરવામાં આવે, અનેક અહિંસામય યજ્ઞ કરવામાં આવે, જેનો પાર ન આવે એવા યોગયજ્ઞ કરવામાં આવે, ૩૦.

**ब्रह्मजज्ञ करे कोटिक कल्पा, तुमारो जोग मिलत नहिं सल्पा;**
**जब हि मिलत हे तुमारे संता, संत मिलत तब आवत अंता...३१**
**संत मिलावत तुमकुं जोई, तुम मिले तब शांति होई;**
**तुम हि शांति मानत ताई, मायादिक को कोउ उपजत नाई...३२**

કરોડો કલ્પ સુધી બ્રહ્મયજ્ઞ કરવામાં આવે, આટલાં સાધનો કરવા છતાં આપનો સ્વલ્પ-થોડો એવો પણ યોગ મળતો નથી. પરંતુ આપના સંતનો યોગ મળે છે. અને જ્યારે સંત મળે છે ત્યારે સંસારનો અંત આવે છે. ૩૧. સંતો આપનો મેળાપ કરાવે છે અને આપ મળો એટલે શાંતિ થાય છે. જ્યારે આપના તરફથી શાંતિ મળી ત્યારે તેમાં માયા વગેરેનું કાંઈ ચાલતું નથી. ૩૨. મહાન અગાધ જળમાં જેમ જહાજ સુખરૂપ થાય છે. જે જહાજને છોડી દે તેને દુઃખ આવે છે, તેમ સંસારસાગરમાં ભગવાનના આશ્રયમાં દૃઢ થયેલું મન જ સુખરૂપ છે. તેને જાણી જોઈને ક્યારેય માયાના અગાધ જળમાં નાખવું જોઈએ નહિ. ૩૩. કદાચ અજાણતા કોઈએ મનને માયારૂપી સાગરમાં નાખ્યું હોય તો તે પછી તેના હાલ શું થાય ? આ મારો મોટો સંશય છે, આપ તેનું સમાધાન કરો. ૩૪. ત્યારે શ્રીહરિએ કહ્યું, તમે પ્રશ્ન ઘણો મોટો કર્યો છે. તેમાં કોઈ ખામી નથી. તેનો ઉત્તર આપવો ઘણો કઠણ છે. તેનો ઉત્તર વેદો અને પુરાણોના સારરૂપ છે. ૩૫. આ ઉત્તર સર્વ રહસ્યોનું પણ રહસ્ય છે. આ એકને સમજવામાં આવે તો બધાં વિઘ્ન ટળી જાય. એટલા માટે શક્તિશાળી સર્વ સંતો એક ચિત્ત-સાવધાન થઈને સાંભળો. પ્રશ્નનો ઉત્તર હું કરું છું. ૩૬.

**❋ જો રાખે નિર્દોષભાવ તો મળે અલૌકિક લાવ :**

પચાસ કોટિ યોજનના વિસ્તારવાળી આ ભૂમિ છે, તેને નિશાન બનાવીને કોઈ તીર છોડે તો તે નિશાનને કોણ ભૂલે ? કોઈ ભૂલે જ નહિ. ૩૭. તે રીતે જ **પ્રકટ ભગવાનના સ્વરૂપનો દૃઢ નિર્ધાર કરવો. તન અને મન તેમને જ અર્પણ કરી દેવું. જીવનો ઉદ્ધાર કરવાવાળા તો તે પ્રકટ જ છે.** ૩૮.

**सोरठा : हरि के दास हि दास, तिनके दास हि होईकर;**
**छल कपट करना नाश, वरतना शुद्ध होईकर...३९**
**दगाबाज हि घात, जानी करीके करत जेहि;**
**तेहि तेसे फल पात, श्रीहरि संत निर्दोष सदा...४०**

ભગવાનના દાસના દાસ અને તેના પણ દાસ થઈને રહેવું. છળકપટ છોડી દેવું અને શુદ્ધ વર્તન રાખવું. ૩૯. દગાબાજ થવું તે મોક્ષમાર્ગમાં મોટી ઘાત છે. જે જાણીને દગો કરે છે તેને તેવું ફળ અવશ્ય મળે છે. તેમાં સંતો અને પરમેશ્વર તો સદાને માટે નિર્દોષ જ છે. ૪૦. જે અમૃતને તજી દઈને ઝેરને પીવે તેને ઝેર ચોક્કસ દુઃખ દે છે. ઝેર પીનારાને અમૃત સહાયક ન થાય, તે રીતે શ્રીહરિ અને સંતો દગાબાજને સહાયક ન થઈ શકે. ૪૧.

જે અમૃત પીવે તેને ઘણું મહાન સુખ થાય છે. તેને દુઃખનો લેશ પણ જોવા મળતો નથી. **જીવનું સુખ-સ્વરૂપ અમૃતરૂપ છે અને દૈહિક સુખ તો ઝેર ભરેલો કૂવો છે.** ૪૨. દેહનું સુખ તો ચિત્તને વિભ્રાંત-વિહ્વળ કરી નાખે છે, માટે તેનાથી હમેશાં ડરતા રહેવું જોઈએ. **જાગતા જાગતા પણ જેમ (નિદ્રા) ઉંઘાડી દે છે તેમ દેહનું સુખ તો જોતજોતામાં જીવને મલિન કરી નાખે છે.** ૪૩. હિતૈષી થઈને જીવને ભરમાવી દે, એવી એ મહાન બલા છે. નટ જ્યારે દોરડા ઉપર ચાલે છે ત્યારે તેને સંતુલન માટે જ એક ધ્યાન રહે છે. ૪૪. એક સુરત રાખીને તે જ્યારે દોરડાને સામે છેડે નિર્વિઘ્નપણે જાય છે ત્યારે તેને અપાર મોજ-ઈનામ મળે છે, ને તે તો પછીથી મળે છે. અને નટ જો દોરડાં ઉપરથી નીચો પડી જાય તો તેનું કાંઈ ઠેકાણું રહેતું નથી. જોનારા બધા લોકો તેનું અપમાન કરે છે. ૪૫. એટલા માટે જ **મોક્ષનું કામ તો ઘણું ભારે છે. જો બાળબુદ્ધિ રાખે તો ખુવાર થવાય છે.** નારદ, ધ્રુવ અને પ્રહ્લાદની

જે રીતિ હતી તે પ્રમાણે પ્રેમ-ઉત્સાહથી મોક્ષમાર્ગે ચાલવું જોઈએ. ૪૬. તેથી ઉપર કહેલા મોક્ષમાર્ગે નિર્ભય થઈને ચાલવું. સંસારના માર્ગમાં તો ઘણાં વિઘ્નો છે એટલે તેનાથી ડરતા રહેવું. **સત્ય તથા અસત્યનો વિચાર કરવો અને સાર તથા અસાર વસ્તુને વારંવાર જોવી.** ૪૭. પરિણામે આવતાં સુખ કે દુઃખ તેને વારંવાર જોવાં. કોઈ દિવસ ગબરગંડ ન થાવું. મોક્ષનો માર્ગ તો સહુથી પર છે. અક્ષરપર્યંત સહુ મોક્ષથી ઓરા રહે છે. ૪૮.

જે વજ્રની ભૂમિમાં વજ્રની ખીલી જડવામાં આવે તો તેને વજ્રસાર કહેવામાં આવે છે, તેમ પ્રકટના સ્વરૂપની દૃઢતા નિર્ધારિત-નિશ્ચિત કરવી જોઈએ. ૪૯. સુવર્ણને શુદ્ધ કરતા કરતા તે કુંદન થાય છે. તે રીતે જ જીવને વારંવાર શુદ્ધ કરવો, પણ તેમાં કોઈએ ગાફલ (અસાવધ) રહેવું નહિ. ૫૦. ગાફલનો વિશ્વાસ કરનારો ગાફલ હમેશાં માર ખાય છે. એટલા માટે **જે ભગવાનમાં ચિત્ત ધારી-જોડી રાખતો હોય તેનો જ સંગ હમેશાં કરવો. ૫૧. ગુરુ કરવા હોય તો તેને શુદ્ધ અને જ્ઞાની હોય તેવા સમજીને કરવા** અને પાણી પીવું હોય તો ગાળીને પીવું. તેમ કરવાથી કોઈ હાનિ-નુકસાન નથી. માટે જોઈને તપાસીને સંગ કરવો. ૫૨.

***ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના તૃતીય પૂરમાં 'મુક્તાનંદસ્વામીએ શ્રીહરિની પૂજા તથા પ્રાર્થના કરી' એ નામે ચોત્રીશમો તરંગ સમાપ્ત ॥૩૪॥***

## પૂર ત્રીજું : તરંગ - ૩૫

## મેઘપુરમાં દેવદિવાળીનો ઉત્સવ, શ્રીહરિનો મહિમા તથા અમોઘ ઐશ્વર્યદર્શન

દેવ દિવાળીને દિવસ આજુબાજુના દેશનાં અપાર હરિભક્તો આવ્યા. તેમના ઉતારા ગામથી બહાર કરાવ્યા. ૧. ત્યાં ઘણો વિશાળ મંડપ કરાવ્યો તેથી છાયા સારી થઈ. મંડપની વચ્ચે સિંહાસન ગોઠવ્યું. તેના ઉપર ધર્મપુત્ર શ્રીહરિ વિરાજ્યા. ૨. ઘનશ્યામ સ્વરૂપ શ્રીહરિ સોનાનાં આભૂષણ પહેરવાથી (ધારીને)

શોભતા હતા. અનંત બ્રહ્માંડોની શોભાઓને ધારી રહ્યા હતા એટલે શોભાનો કોઈ પાર ન હતો. ૩. સિંહાસનની ચોતરફ સંતોની અપાર સભા થઈ. તે પછી અનંત હરિભક્તો બેઠા અને તેના પછી સ્ત્રીઓ બેઠી હતી. ૪. મેઘપુર ગામને નજીક પીપલાણાને માર્ગે સુંદર વિશાળ ભૂમિ છે. ત્યાં ઘણાં સોહામણાં વૃક્ષોની હારમાળા ઊભી હતી. ૫. કેળના બગીચા અને ફૂલના બગીચા પણ સુંદર હતા. શેરડીના વાડ પણ ચારે બાજુ હોવાથી તે ભૂમિ ખૂબ જ રળિયામણી અને સુખ-સગવડવાળી લાગતી. ૬. તે ભૂમિમાં હરિભક્તોને ઉતારા કરાવ્યા. અપરમપાર શોભા બની હતી. પ્રેમરસથી તરબોળ હરિભકતો શ્રીહરિનું યશોગાન કરતા અને મૂર્તિમાં બધા તલ્લીન રહેતા હતા. ૭. તે સહુ ભગવાનની જ વાતો કરતા. વ્યવહાર સંબંધી વાતોને તેઓ કરતા જ નહિ. તેઓએ વ્યસનમાત્રને છોડી દીધાં હતાં, માત્ર શ્રીહરિના દર્શનનો જ લાભ લેતા હતા. ૮.

તે સમયે સહુ ચંદન અને પુષ્પ વગેરે લઈને શ્રીહરિની પૂજા કરવા આવતા. કેટલાક સંતો વાજિંત્ર વગાડતા, ત્યારે કેટલાક પગમાં ઘૂઘરા બાંધીને નાચતા. ૯. કેટલાક ભક્તો શ્રીહરિનું ધ્યાન કરતા. આ રીતે સહુ દિવ્ય લાભ લેતા. કોઈ ભક્તો તો સુંદર મનોહર મૂર્તિને હૃદયમાં ઉતારતા. ૧૦. કોઈ પવિત્ર ભગવદ્ ભક્ત શ્રીહરિના કોઈ એક અંગને ચિત્તમાં ચિંતવીને લખી લેતા-આલેખી લેતા. જે હરિભક્તો હતા તે પણ એક એક અંગનું ધ્યાન કરીને બીજાને બતાવતા. ૧૧. કોઈ ભક્ત જેટલા પાળવાના નિયમ હોય તે એક એક ગણીને બતાવતા. કેટલાક ભક્ત તો શ્રીહરિના હાથમાં પોતાનો હાથ આપીને સત્સંગના નિયમો ધારતા. ૧૨. હરિભક્તો આવીને શ્રીહરિની પૂજા કરતા, પછી આગળ ભેટ મૂકતા. તે પછી શ્રીહરિના ચરણકમળને પોતાની છાતીએ ચાંપીને બધા તાપોથી શાંતિ મેળવતા. ૧૩. ભક્તો બરફીના, પેંડાના અને સાકરના થાળ ભરી ભરીને લાવતા. તેઓ જ્યારે આગળ મૂકે ત્યારે તેને જોઈને દયાળુ શ્રીહરિ હસતા. ૧૪. પછી જેને જેમ ઘટે તેમ યાદ કરી કરીને શ્રીહરિ પ્રસાદ અપાવતા. ક્યારેય કોઈને પ્રસાદ આપવાનું ભૂલતા નહિ. ૧૫. કોઈ ભક્ત ફૂલહાર લઈને પહેરાવવા આવે પણ તેને રસ્તો ન મળે, ત્યારે શ્રીહરિ તેને માટે રસ્તો કરાવીને તેને પોતાની પાસે બોલાવતા. ૧૬.

**✵ શ્રીહરિની ભક્તોને પ્રેમ દેવાની અલૌકિક રીતિ :**

જે જે ગામના હરિભક્તો આવીને શ્રીહરિને પગે લાગતા ત્યારે તેમને પોતે તમારું ગામ કયું છે ? અને તમારું નામ શું છે ? તેમજ તમારી જ્ઞાતિ કઈ છે ? એમ બધું પૂછતા. ૧૭. તમારું ગામ અહીંથી કેટલું દૂર છે ? કઈ દિશામાં આવ્યું ? તમારા ગામમાં હરિભક્તો કેટલા છે ? અને ત્યાં કુસંગનું બળ કેવું છે ? ૧૮. સત્સંગ ઉપર ભાવ કેટલાને છે ? સત્સંગનો અભાવ કેટલાને છે ? ત્યાંના લોકો અમારી બાબતમાં કેવી વાતો કરે છે ? અને તમારે ત્યાં સંતો આવે ત્યારે તેમની પાસે કેટલા લોકો સત્સંગ કરવા આવે ? ૧૯. તમારા ઘરમાં સત્સંગી કેટલા ? અને કુસંગી કેટલા ? શ્રીહરિનાં આવાં વચન સાંભળીને હરિભક્તો જેવું હોય તેવું કહેતા. ૨૦.

આવેલા હરિભક્તોને ઘટે તેવી સંભાવના પોતે રખાવતા. ગમે તેટલી પ્રવૃત્તિ હોય તોપણ સંભાવનાને ક્યારેય ભૂલી જાતા નહિ. ૨૧. જેને જેવા રૂપમાં બોલાવવો ઘટે તેને તેવા રૂપમાં શ્રીહરિ બોલાવતા. જેને જ્યાં બેસવું ઘટતું હોય તેને ત્યાં બેસાડતા. ૨૨. કોઈ પૂરા પ્રેમીભક્ત હોય, સેવા કરવામાં શૂરા હોય, તો તેની પરીક્ષા કરીને સેવા કરાવવી ઘટતી હોય તેની પાસે સેવા પણ કરાવતા. ૨૩. ઘરમાં તે ભક્તનું ચલણ કેવું છે, તેની તપાસ કરતા. સત્સંગમાં તેની પક્વતા કેવી છે, તે વ્રતમાન કેવાં પાળે છે, તે જોઈને તેને ઓળખી લેતા. પછી તેને શ્રદ્ધા અને ઉત્સાહ કેવા છે તે જોઈને તેના સત્સંગનું અંગ દિન પ્રતિદિન વધતું રહે, આવું બધું તપાસી-જાણી જોઈને પછી તેને યોગ્ય હોય તેવી સેવા કરવાનું કહેતા. તે પણ તેને મહાપદ દેવા માટે જ, નહિ કે બીજા કોઈ સ્વાર્થથી. ૨૪-૨૫.

અનંત બ્રહ્માંડોના બ્રહ્મા, ભવ અને ઈન્દ્ર આદિ બધા દેવો જેની સેવા કરવા માટે રાતદિવસ તત્પર રહેતા હોય તે દેવોની સામે પણ શ્રીહરિ દેખતા નહિ. ૨૬. અનંત બ્રહ્માંડોના દેવતાઓ સુદ્ધા સહુના મનોરથોને પૂર્ણ કરનારા શ્રીહરિ આવા મહાન સમર્થ છે, તેને એકાંતિક ભક્તો જ ઓળખી શકે છે. ૨૭. **જેના ઉપર એ મહાપ્રભુ કૃપા કરે તેના ઉપર અઢળક ઢળી જાય છે. સ્વયં તેને ઘેર જઈને લૂખું-સૂકું જે હોય તે માગી લે છે. ૨૮.**

**चोपाई :**

**अनंत जज्ञ महा करहि कोऊ, अनंत दान महा देवत जोऊ;**
**प्रेमीभक्त सम मानत न नाथा, कोटिक देव जोरि रहे हाथा...२९**

કોઈ મોટા મોટા અનંત યજ્ઞોને કરે, કોઈ મોટાં મોટાં અનંત પ્રકારનાં દાન આપે, કરોડો દેવો જેની આગળ હાથ જોડીને ઊભા રહે, છતાં મહાપ્રભુ શ્રીહરિ તે સહુને પોતાના પ્રેમી ભક્તની સમાન માનતા નથી. ૨૯. જગતના જીવો તે મર્મને સમજી શકતા નથી. તે તો લૌકિક ધર્મને જ શ્રેષ્ઠ માને છે. માટે લૌકિક અને અલૌકિક બંને બાબતોને વિવેકી મનુષ્યે તપાસવી જોઈએ. ૩૦. કોઈ મોટો ચક્રવર્તી રાજા હોય તો પણ શ્રીહરિને તેની કાંઈ ગણતરી નથી. જેની આગળ બ્રહ્માદિ દેવોની પણ ગણતરી નથી તેની આગળ બીજો કોણ તુલ્યતા કરી શકે ? ૩૧. કરોડો અક્ષર આદિકને પણ જેની સેવા કરવાનો વારો આવતો નથી એવા જે શ્રીકૃષ્ણ છે, તે મનુષ્યદેહને ધારણ કરે છે, ૩૨. ત્યારે તેની કોઈને ખબર પડતી નથી. જ્યાં બ્રહ્માદિક દેવતાઓ પણ ભૂલા પડતા હોય ત્યાં પંડિત કે પુરાણીનું તો શું લેખું ? જે આંખથી દેખતા હોવા છતાં માનતા નથી. ૩૩.

**मोक्ष के मग में चलत न माना, चलत हे तेहि जो निर्माना;**
**कामि क्रोधि लोभि जन जेहू, धन कुल मद विद्या केहू...३४**
**बुद्धि को मन डोड जो भारी, हरिमग में ए सब हि ख्वारी;**
**जग के अर्थ में आवत तेहा, मोक्ष अर्थ में विघ्न हे एहा...३५**

મોક્ષના માર્ગમાં માન કાંઈ કામ આવતું નથી. મોક્ષને માર્ગે તો તે ચાલી શકે છે કે જે નિર્માની ભક્ત હોય. જે કામી, ક્રોધી અને લોભી હોય, ધન, કુળ અને વિદ્યાનો જેને મદ હોય, જેના મનમાં હું બુદ્ધિમાન છું આવો ભારે ડોડ હોય, એ બધા ભગવાનના માર્ગમાં ખુવાર થાય છે. જે જગતના કામમાં ઉપયોગી થતા હોય તે મોક્ષના માર્ગમાં ઉપયોગી થતા નથી, પણ તે તો વિઘ્નરૂપ થાય છે. ૩૪-૩૫.

**चिंतामनि मनुष्य देह पाई, मोक्ष के मग में अर्थ न आई;**
**तिनको जन्म कहत हे व्रथा, वेद पुरान देव समृथा...३६**

મનુષ્યનો દેહ ચિંતામણિ જેવો છે, જે ચિંતવે તે સફળ થાય, પણ મોક્ષરૂપ પુરુષાર્થમાં જે મનુષ્યદેહ ઉપયોગી ન થયો, તેનો જન્મ વેદો, પુરાણો અને સમર્થ દેવો વૃથા કહે છે. ૩૬. શ્રીહરિ સર્વ સમર્થ છે, છતાં મનુષ્યભાવથી વિચરણ કરે છે. સહુથી અધિક મહત્વના આ ઉપર કહેલાં ચરિત્રને તો જે ભગવત્પ્રેમી-રસિકજન હોય તે જ ઓળખી શકે છે. ૩૭. 'દયા' 'દયા' આમ બોલીને દયાનું રટણ તો સહુ કોઈ કરે છે, પણ દયા તો એક મોટો સાગર છે. જ્યારે શ્રીહરિ પ્રકટ હોય છે ત્યારે તો તે અમૃતના પણ અમૃત હોય છે. ૩૮.

**આવાં જે બ્રહ્માંડ છે તેનો વારંવાર, અનંત વાર મહાપ્રલય થઈ ગયો છે, પણ ક્યારેય આવો અવતાર થયો હોય, એવું સાંભળ્યું નથી.** ૩૯. શ્રીહરિ કહે, જે સુખે સુઈ રહે તે અથવા તપ કરી કરીને સો વાર સુકાઈ જાય તોપણ આ પ્રકટની અમાપ વાતનું માપ કઈ રીતે કરી શકે ? ૪૦. પરોક્ષ અવતારની વાત જે જે કહેવામાં આવે તે બધી માનવામાં આવે, પણ પ્રત્યક્ષની વાત એક રતીભાર પણ કહેવામાં આવે તો તે તોપના ગોળા જેવી આંકરી-વિનાશક લાગે. ૪૧. **જે મનુષ્ય બુદ્ધિમાન હોય તેણે પોતાની બુદ્ધિનું ખરું દૈવત આ પ્રકટની વાત સમજવામાં જ જોવું. અને બુદ્ધિમાનની રૂડી બુદ્ધિનું ફળ પણ એને જ સમજવું કે, "જેનાથી પ્રકટ ઓળખાય. તે સિવાયની બીજી બુદ્ધિ તો મોક્ષમાર્ગમાં ઝેરના જેવી છે." ૪૨.**

આ આપણો જે જીવ છે તે દેવ થયો છે અને રાજા પણ થયો છે. આવાં અનંત બ્રહ્માંડોનાં સુખોને ભોગવી ભોગવીને પણ હજી ભૂખ્યો જ રહ્યો છે. ૪૩. જીવે પોતાની અપાર બુદ્ધિને ચારે બાજુ દોડાવેલી છે. તે મણિ જડિત કાંચનના મહેલ પણ બનાવી ચૂકેલો છે. જીવે અનંત સ્ત્રીઓને ભોગવી છે અને અનંત પ્રકારના બધા જ રસોને પણ તે અનુભવી ચૂકેલો છે. ૪૪. છતાં આ જીવને અત્યાર સુધી તે ભોગોથી શાંતિ મળી નથી. જીવે આ રીતે અનંત જન્મ વ્યર્થ કરી નાખ્યા છે. જમપુરીમાં અપાર દુઃખ સહન કર્યું છે. કરોડો જન્મ વીતી ગયા છે. તેનો કહે પાર આવતો નથી. ૪૫.

**लखचोरासी दुख तेसे सहेउ, कहत कहत कोउ पार न लएउ;**
**सत्संग बिना न संत को जोगा, संत मिले तब टरे भवरोगा...४६**
**संत देवत हरि हाथ में हाथा, दिन हो चरन में नामे माथा;**
**संत कहे सोई तेसे करना, पाप बुद्धि को संग परहरना...४७**

તે પ્રમાણે જ જીવે લખચોરાશીનાં દુઃખ પણ ઘણાં સહન કર્યાં છે. તેનો કહેતા કહેતા પણ પાર આવે તેમ નથી. **આ સત્સંગ સિવાય સંતનો જોગ થઈ શકે નહિ, આ સંતો મળે તો જ ભવરોગ ટળે તેમ છે. ૪૬. સંતો મુમુક્ષુ જીવના હાથને ભગવાનના હાથમાં આપે છે, એટલે દીનભાવે સંતના ચરણમાં મસ્તક નમાવવું. સંતો જે કહે તે કરવું. અને પાપની વાસનાવાળી બુદ્ધિનો સંસર્ગ તજી દેવો. ૪૭.**

ઋતુનાં ફળ ઋતુમાં તત્કાળ આવે છે અને મળે છે. ઋતુ વીતી જાય પછી તે ફળ ન મળે. તે જો પોતાના હૃદયમાં તપાસી જોવામાં આવે તો તેનો યથાર્થ પ્રકાશ થાય છે. તેનું યથાર્થ જ્ઞાન થાય છે. ૪૮. શ્રીસહજાનંદ સ્વામીએ જે પોતાના મુખથી વાત કહી હતી તેને મેં સાક્ષાત્ મોક્ષ થાય એટલા માટે લખી છે. ૪૯. આવી વાતને સાંભળીને જે પોતાના ચિત્તમાં ધારી લે છે તેને શ્રીહરિ તુરંત દર્શન આપે છે. તેમાં વાર લાગતી નથી. ૫૦. ત્યાં મેઘપુરમાં શ્રીહરિની મૂર્તિનાં જે દર્શન કરતા, તે અનંત લોકોને સમાધિ થતી. અને અનંત સૂર્ય ઊગ્યા હોય એવો પ્રકાશ દેખાતો હતો. અને તે પણ શીતળ જણાતો હતો. ૫૧. સમાધિમાં ગયેલા મનુષ્યોના શરીરમાં પ્રાણ રહેતા નહિ, એટલે તે બધા નિર્જીવ જણાતાં શરીરોને એકના ઉપર એક એમ ઉપરાઉપરી ખડકી મૂકતા હતા. ૫૨.

***ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના તૃતીય પૂરમાં 'મેઘપુરમાં દેવ દિવાળીનો ઉત્સવ કર્યો તથા શ્રીહરિનો અપાર મહિમા કહ્યો તથા અમોઘ ઐશ્વર્યદર્શન કરાવ્યું' એ નામે પાંત્રીશમો તરંગ સમાપ્ત ॥૩૫॥***

## પૂર ત્રીજું : તરંગ - ૩૬

## બ્રાહ્મણોની ચોરાશી કરી જૂનાગઢ પધાર્યા, ભક્તો સામૈયું લાવ્યા

શ્રીહરિ મેઘપુરમાં હતા ત્યારે ચારે ધામના અપાર વેરાગીઓ સદાવ્રત લેવા માટે ત્યાં આવતા અને તે પ્રસંગે શ્રીહરિનાં દર્શન પણ કરતા. ૧. વેરાગીઓએ શ્રીહરિના સંતોનું વર્તન જોયું, સરલ ચિત્તવાળો સ્વભાવ જોયો, એટલે પોતાના આત્માના મોક્ષ માટે તે વેરાગીઓ પણ સંતોના ભેળા ભળી ગયા. ૨. તેઓ શ્રીહરિના સ્વરૂપનો નિશ્ચય કરીને સંત શિરોમણિ થઈ ગયા. મહાન અને અનંત યોગકળાઓ જોઈ તેથી શ્રીહરિની વાતમાં તલ્લીન થઈ ગયા. ૩. નવા ભળેલા સંતોએ જૂના સંતોની શુદ્ધ રીતિ જોઈ. પછી તેમણે અન્ય સંપ્રદાયની રીત, મોક્ષ માર્ગથી જે વિરુદ્ધ હતી અને અશુદ્ધ હતી તેને છોડી દીધી. ૪. તેમને જ્યારે યથાર્થ જ્ઞાન થયું ત્યારે પહેલાં જ્યાં હતા તે પોતપોતાના સંપ્રદાયની રીત તેમને વિપરીત લાગી. તેઓ બધી વાતે કુશળ થઈને આવ્યા હતા, છતાં તેમને શ્રીહરિ પાસે કંઈક અધિક પ્રાપ્ત થયું. ૫.

જ્યારે તેમને સત્ય વાત સમજાણી ત્યારે તેઓ તેમનાં છિદ્રોને કહેવા લાગ્યા. તે વાત જ્યારે વેરાગીઓએ સાંભળી ત્યારે તેઓ અત્યંત ક્રોધે ભરાણા. ૬. સત્ય અને અસત્ય, બંને એક સાથે ન રહે. શાહુકાર સાથે શાહુકાર અને ચોરની સાથે ચોર રહે. દિવસ અને રાત એક સાથે ભેળા ન રહે. દિવસે સૂર્ય રહે અને રાતે અંધારું રહે. ૭. બુદ્ધિમાન બુદ્ધિમાનને દેખીને રાજી થાય પણ દુર્બુદ્ધિને દેખીને તેનું મન વ્યાકુળ થાય. અંતર્યામી શ્રીહરિએ જ્યારે એ બધી વાતોને દેખી ત્યારે સ્વયં બોલ્યા, ૮. ભક્તો, તમે સહુ મારી વાત સાંભળો. કોઈની સાથે બગાડીને વાત ન કહેવી. કાણાને કાણો ન કહેવો. તેને હળવાશથી પૂછવું કે તમારી આંખ શાથી બગડી ? ૯. આમ પૂછીએ ત્યારે તે પોતાને મુખે જ સઘળી વાત કહેશે. તેમાં ક્યારેય કજિયાની આગ ન લાગે. **પોતાનું સુખ તો પોતાના જ હાથમાં છે.** માટે કોઈની સાથે કજિયાની બાથ ભરવી નહિ. ૧૦. દુઃખ થાય એવી વાત કહેવી નહિ. સુખેથી ભગવાનનું સ્મરણ કરવું. આમ રહેવા છતાં પણ કોઈ આપણને દુઃખ દે તો માનવું કે, ભગવાન ગર્વગંજન છે. ૧૧. આ વખતનો અવતાર તમારી રક્ષા કરવા માટે જ ધાર્યો

છે. જેણે ગર્ભમાં રક્ષા કરી છે તે હજી પણ મદદ કરશે જ. ૧૨. માટે હે સંતો ! શરીરના પડછાયાની જેમ ભગવાન તમારી પાછળ જ ફરે છે. માટે મનમાં લેશમાત્ર પણ ચિંતા ન કરશો. દેશ દેશમાં જઈને ફરતા રહો. ૧૩.

સમાધિમાં ગયેલાને જે ઉપરાઉપર ખડકી દીધા હતા, તેમાંથી કોઈ નીચે રહેલાને ઉઠાડવામાં આવે, ત્યારે તે વેદનાની ચીસ પાડતા. ૧૪. ત્યાંના દરબાર અમરસિંહ ભાટ રોજ શ્રીહરિનાં દર્શન કરવા આવતા. તે સમાધિવાળાને જોઈને દંગ (વિસ્મિત) થઈ જતા, પણ વેરાગીઓ તેની બુદ્ધિને બગાડી નાખતા. ૧૫. દૂધપાક જેવું શ્રેષ્ઠ ભોજન હોય પણ તેમાં જો સર્પની લાળ પડી હોય તો તે ખુવાર (પાયમાલ) થઈ જાય. અને તેને જે ખાય તેના પ્રાણ જાય છે. ૧૬. સંધ્યા સમય થવા આવ્યો ત્યારે વાજિંત્ર વગાડીને સંતો કીર્તન ગાવા લાગ્યા. શ્રીહરિએ અપાર આભૂષણો પહેર્યાં હતાં. તેથી અપાર શોભા ધારી હતી. ૧૭. મસ્તકે કલગી ધારી હતી અને મૂર્તિની છટા સુંદર નવરંગી હતી. કોટિ કામના જેવી મનોહર શોભા અલૌકિક હતી, જે વર્ણવી શકાતી નહિ. ૧૮. દર્શન કરતાં નેત્રોને તૃપ્તિ થાતી નહિ. શોભા જોતા પ્રેમાશ્રુથી આંખો ભરાઈ જતી. ભક્ત લાલજી સુતારે ચારે તરફ દીપમાળા પ્રકટાવી હતી. ૧૯. આગળના ભાગમાં બે દીવાનાં ઝાડ કર્યાં હતાં. તેની શોભા ઘણી સુંદર લાગતી. સંતોની મહાસભા અતિ સોહામણી લાગતી. દેખતાની સાથે દેવતાઓનાં મન પણ લલચાતાં હતાં. ૨૦. આવી સભા કોઈ લોકમાં ન હતી. તે વખતે તે અતિશય રમણીય લાગતી. તે સમયે સૌ શ્રીહરિનાં દર્શન કરતા હતા અને સવાર થવા આવ્યું. અજવાળું થઈ ગયું. ૨૧.

કરુણારસથી ભીના ભક્તવત્સલ અને દયાળુ આવા શ્રીહરિએ કાર્યકુશળ મયારામ ભટ્ટને તે સમયે ત્યાં બોલાવ્યા. ૨૨. પછી તેમને કહ્યું, આ ગામના વિપ્રોને, આપણી સાથે આવેલા વિપ્રોને અને આસપાસનાં ગામડાંના બધા વિપ્રોને, જે હોય તે બધાને ચોરાશી કરીને જમાડો. ગયેલો અવસર ફરી નહિ આવે. ૨૩. સહુને નોતરાં અપાવો, જલદી રસોઈ તૈયાર કરાવો. અમે હવે સ્નાન કરવા જઈએ છીએ. તમે તમારું કામ સત્વરે કરો. ૨૪. મયારામ ભટ્ટે શ્રીહરિની આજ્ઞા માથે ચઢાવી. પછી શ્રીહરિ, સંતો અને હરિભક્તો,

સહુ સ્નાન કરવા માટે મેઘવતી નદીને કિનારે પહોંચ્યા. ૨૫. પ્રથમ શ્રીહરિ શૌચ ગયા. પછી યથાવિધિ કર-ચરણ આદિની શુદ્ધિ કરી. સહુ સંતોની સાથે સ્નાન કર્યું. તે સમયે ત્યાં હરિભક્તોનો કોઈ પાર ન હતો. ૨૬. મુકુંદ વર્ણી અને જયાનંદ વર્ણી શ્રીહરિનાં અંગ ચોળીને સ્નાન કરાવતા હતા. ત્યારે સંતો અને હરિભક્તો ઉત્સાહ અને પ્રેમથી કીર્તન ગાતા હતા. ૨૭. "ધન્ય વૃંદાવન વંસી વટની છાંય જ્યાં, બેસતા અશરણશરણ, ધન્ય ધન્ય યમુનામાં નહાતા હરિ" આવા નરસિંહ મહેતાનાં જે પદ પ્રકટ ભગવાનની મૂર્તિનાં ચરિત્રને વર્ણવતાં હતાં, તે પદોને વારંવાર બોલતા. કીર્તનોને બોલતા ત્યારે હજારો લોકોને લક્ષ(સમાધિ) થતો. ૨૮-૨૯.

**✵ જો કરે સાચો સત્સંગ તો રહે નવો નવો રંગ :**

**ચોપાઈ :**

**दुल्लभ दुल्लभ हरिजन संगा, दुल्लभ दुल्लभ संत प्रसंगा;**
**शितल संत सभा महिं आई, प्रगट विचरत हरि सुखदाई...३०**
**अडसठ तीर्थ तिहाँ कहाई, वंदत हरिचरन हित लाई;**
**वैकुंठ लोके विष्नु हे जोई, संत सभा मध्य आवत सोई...३१**

હરિભક્તોનો સમાગમ અને સંતોનો સમાગમ દુર્લભમાં પણ દુર્લભ છે. સુખદાયક શ્રીહરિ સંતોની શીતળ સભામાં આવીને પ્રકટપણે વિચરણ કરતા. ૩૦. જે ચરણોમાં અડસઠ તીર્થ રહ્યાં છે, તે ચરણોને ભક્તો માહાત્મ્ય સમજીને હેતથી વંદન કરતા. જે વિષ્ણુ ભગવાન વૈકુંઠમાં વસે છે તે મહાપ્રભુ સંતોની સભાને મધ્યે પધારે છે. ૩૧. માટે જે **ભક્તો સંતોની સભામાં આવીને બેસે છે તેને વૈકુંઠલોકનું કાર્ય અહીં જ થાય છે. જ્યારે સંતોનો આવો મહિમા સમજાય છે ત્યારે જ પ્રભુના ચરણોમાં નિવાસ મળે છે. ૩૨.** સંતો પોતાના અનુભવનો સહારો લઈને વારંવાર ભગવાનના સ્વરૂપનું જ્ઞાન કહેતા હોય છે. તેનાથી ભગવાનનો વિશ્વાસ દૃઢ થાય છે. તેથી તેને ફરી વાર આ સંસારમાં ભટકવું પડતું નથી. ૩૩.

**संत चिंतामनि पारस जेसे, कल्पतरु रु कामधेन एसे;**
**ओर हि रिद्धि सिद्धि का कामा, संत मिले जब सुखधामा...३५**

**तिनकी चरनरेन ही जोऊ, पापी जियकुं दुल्लभ सोऊ;**
**संत रज शिर जेहि चढावा, हरि समिप तेहि वास करावा...३६**

આદિ, મધ્યે કે અંતે એક પરમાત્મા શ્રીહરિ જ રહ્યા છે. જેને ભગવાનના ચરણોમાં સંપૂર્ણ પ્રેમ વધે છે તેને દેખીને યમદૂતો પણ ડરતા રહે છે. ૩૪. સંતો ચિંતામણિ અને પારસમણિના જેવા છે. અરે ! કલ્પતરુ અને કામધેનુના જેવા છે. સુખના ધામ જેવા સંતો જો મળ્યા હોય તો પછી બીજી રિદ્ધિ કે સિદ્ધિનું કામ જ શું છે ? ૩૫. એવા સંતોના ચરણોની રજ પાપી જીવોને મળવી દુર્લભ છે. **સંતોના ચરણની રજ જેના મસ્તકે ચઢી હોય તેનો નિવાસ ભગવાનની સમીપે થઈ ગયો જ હોય છે.** ૩૬.

આવા (ભાવવાળા) ગોપાળદાસનાં પદોને પણ હરિભક્તો ગાતા હતા. તે સમયે શ્રીહરિએ કોરાં વસ્ત્ર પહેરી લીધાં અને આનંદપૂર્વક **મેઘપુર** ગામમાં પધાર્યા. ૩૭. જ્યારે બધી રસોઈ તૈયાર થઈ ગઈ ત્યારે સુવર્ણના બાજોઠ ઉપર બેસીને ભક્તજન પ્રતિપાલક શ્રીહરિ પહેલાં થાળ જમ્યા. ૩૮. સંતો અને વિપ્રો જમ્યા.

તે પછી બીજા બધા હરિભક્તો જમ્યા અને તે પછી તીર્થવાસીઓ પણ સહુ જમ્યા. આ રીતે ઘણો સુખ-સગવડતા ભર્યો સમૈયો પૂરો થયો. ૩૯. બારોટ(ભાટ) લાડકીબાઈએ તે સમયે શ્રીહરિને સારો પોશાક ધારણ કરાવ્યો. અને શુદ્ધ બ્રાહ્મણને ઘેર વારંવાર રસોઈ કરાવીને થાળ જમાડ્યા. ૪૦. લાડકીબાઈએ ઘણા જ હેતથી બ્રાહ્મણ પાસે ષોડશોપચાર વિધિથી પૂજા કરાવી. કપૂરથી આરતી કરાવીને શ્રીહરિની મનોહર મૂર્તિને હૃદયમાં દૃઢપણે ધારી લીધી. ૪૧. શ્રીહરિના ચરણોમાં જોડાઈને તેણે સંસારનો બધો નાતો છોડી દીધો. તેને લીધે તો મોટી તકરાર થઈ. દુનિયા તો માથું કૂટીને હારી બેઠી. ૪૨. શ્રીહરિ સંતોને ઘણા જ ભાવથી ભેટ્યા અને પ્રદેશોમાં ફરવાની આજ્ઞા કરી. કાંઈક વિચાર કરીને મુક્તાનંદ સ્વામી આદિ દસબાર સંતોને સાથે રાખ્યા. ૪૩. પછી શ્રીહરિ રથમાં બેસીને મેઘપુરથી **જૂનાગઢ** પધાર્યા. શ્રીહરિએ પોતાનું વર્ણિરૂપ એટલું ભવ્ય અને અનુપમ ધારણ કર્યું કે તેનાં દર્શન કરીને મોટા રાજાઓ પણ વિસ્મિત થઈ જતા. ૪૪.

જૂનાગઢના ભક્તોને વર્ણી પધારે છે આવા સમાચાર મળ્યા, એટલે બધા નાગર જ્ઞાતિના ભક્તો તથા બીજા પણ અપરમપાર લોકો પ્રેમથી ઉલ્લાસથી સન્મુખ આવ્યા. ૪૫. દીવાન અમરજી આદિ ઘણા મોટા માણસો અને રામજીભાઈ આદિ હરિભક્તો, બધા જ આવ્યા. ૪૬. ઠાકોર હિંમતસિંહજી(દરબાર ઝીણાભાઈ) અને દાદાભાઈ વગેરે તો સવારી સાથે સામૈયું લઈને આવ્યા. તેઓ અનેક પ્રકારનાં વાજિંત્ર લઈ આવ્યા. ૪૭. સામૈયામાં નવાબનાં ડંકા અને નિશાન વગેરે ઘણું જ આવ્યું હતું. બધા અમૂલ્ય વસ્ત્ર પહેરીને આવ્યા હતા. આખું જૂનાગઢ શહેર હિલોળે ચડ્યું હતું. ૪૮. ભીમજીભાઈ વર્ણીને બેસાડવા માટે દીવાનની સુખપાલ લઈ આવ્યા હતા. બધે અત્યંત આનંદ છવાઈ ગયો હતો. ૪૯. બધા મોટા માણસો આવીને વર્ણીને પગે લાગ્યા. તેમને મહાન સમર્થ જાણીને સહુએ બંને હાથ જોડ્યા હતા. ૫૦. વર્ણીનું અત્યંત તેજ અને મહાન પ્રતાપને જોઈને "આ કોઈ જગતનું મૂળ કારણ તત્ત્વ છે," એમ સહુ બોલતા હતા. ૫૧. વર્ણીનું સ્વરૂપ એવું લાગતું હતું કે માનો બટુક વામન જ આવ્યા ન હોય ! અથવા તો મહાદેવ અદ્‌ભુત દર્શન દેવા માટે આવ્યા હોય ! ૫૨.

***ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના તૃતીય પૂરમાં 'શ્રીહરિ બ્રાહ્મણોની ચોરાશી કરી જૂનાગઢ પધાર્યા અને ભક્તોએ સામૈયું કર્યું' એ નામે છત્રીશમો તરંગ સમાપ્ત ॥૩૬॥***

## પૂર ત્રીજું : તરંગ - ૩૭

## શ્રીહરિની જૂનાગઢમાં શોભાયાત્રા, લોકોએ અલૌકિક દર્શનની કરેલી પરસ્પર વાતો

જૂનાગઢ શહેરની આસપાસ ફલાઉ વૃક્ષોના બાગ હતા. તેમાં અપાર આંબા, આસોપાલવ અને આંબલીનાં ઝાડ એક સરખાં ઝૂકી રહ્યાં હતાં. ૧. અનેક પ્રકારના બાગ-બગીચાઓ, અનંત ફૂલવાડીઓ ઘણી રીતે પ્રફુલ્લિત થઈને શોભતી હતી. તે શોભાનો કોઈ પાર ન હતો. ૨. ગિરનાર (રૈવતક)

પર્વત તો દેવગિરિ કહેવાય. તે સર્વ દેવોનું સ્થાન છે. ગિરનારની પશ્ચિમ તળેટીમાં જૂનાગઢ નગર ઘણું સુખ-સગવડથી ભર્યું છે. ૩. ગિરનાર મૂળમાં ચોવીશ કોશ અને ઊંચાઈમાં ત્રણ કોશ ગણાય છે. તેમાં બધી જ જાતનાં વૃક્ષો છે. તેના ઉપર રહેતાં પંખીઓ ઘણો જ કલરવ કરતાં હોય છે. ૪. પર્વતમાં પશુઓ પણ અનંત અને અપાર હોય છે. જે કહો તે પશુ ત્યાં હોય જ છે. અનેક ધારાઓમાં ઝરણાંઓ ઠેકઠેકાણે ઝરતાં હોય છે. ૫. ગિરનાર ઠેકઠેકાણે કુંડોથી અને વાવોથી ભર્યો છે. તેમાં ભગવાન દામોદરનું અને ભવનાથ શિવજીનું પણ મંદિર છે અને બીજાં પણ મંદિરો છે. (ભગવાન દત્તાત્રેય, મત્સ્યેન્દ્ર અને ગોરખનાથ જેવા હઠયોગીઓ પણ ત્યાં રહેતા હતા.) ૬. ગિરનારમાં સંતોને સ્નાન કરવા માટે ગંગાએ ત્રણ રૂપ લીધાં છે. સોનરેખ, કાળવો અને ગોમુખી, તે ત્રણે સુખ-સગવડતાથી ભરપૂર છે. ૭. માનો ગિરનારની પ્રાર્થના સાંભળીને જ સુજ્ઞ શ્રીહરિ વર્ણીનું રૂપ લઈને આવ્યા છે ! નવાબની ફૂલવાડી આવી ત્યાં સુખદાઈ શ્રીહરિ રથમાંથી ઊતર્યા. ૮. જૂનાગઢના બધા ભક્તો સામૈયું લઈને ત્યાં આવ્યા. પરમ દયાળુ શ્યામસુંદર વર્ણીએ તેમને પાસે બોલાવ્યા. સહુનાં નામ પૂછ્યાં. ૯.

અત્યંત મનોહર વર્ણીને જુનાગઢના ભક્તોએ ચરણો ઉપર ચંદન ચરચીને ફૂલહાર અપરંપાર પહેરાવ્યા. ૧૦. તે સમયે ભક્તો ત્યાં સુખપાલ લઈ આવ્યા અને તેમાં સુખદાયક વર્ણીને પધરાવ્યા. બીજા મુક્તાનંદ સ્વામી વગેરે જે સંતો સાથે હતા. ૧૧. તેમને વર્ણિરાજે બોલાવીને રથમાં બેસાડ્યા. તે વખતે વાજિંત્ર વાગવા લાગ્યાં. ચોપદાર નેકી પોકારવા લાગ્યો. ૧૨.

### ❋ મૂર્તિ વર્ણન :

વર્ણી શ્રીહરિએ પીતાંબર પહેર્યું અને શાલજોટો ઓઢ્યો. મસ્તકે ફૂલની ટોપી શોભી રહી હતી. તેમનાં દર્શન થતાની સાથે સહુનાં મન લોભાતાં હતાં. ૧૩. કેસરી ચંદનની અર્ચા લલાટમાં કરી હતી. અનંત રીતે શોભા ધારણ કરી હતી. શહેરના દરવાજામાં આવ્યા. તે વખતે ઘણી મશાલો પ્રકટાવી હતી. ૧૪. બધા લોકો મુખ્ય રાજમાર્ગ ઉપર ચાલ્યા. બજારોમાં મહાજનોનાં ટોળેટોળાં ઊભાં હતાં. ૧૫. નગરની સ્ત્રીઓ ગોખમાંથી અને અટારીઓમાંથી

ટોળે મળીને દેખતી હતી. તે બધી પ્રેમભાવથી હાથ જોડતી હતી અને ક્યાંક નાનાં બાળકો રડતાં દેખાતાં હતાં. ૧૬.

નગરની સ્ત્રીઓ ટોળે મળીને બોલતી કે "આ વર્ણી મહાન આનંદમય, મનોહર મૂર્તિ છે. તે આપણા મનને ખેંચે છે. ૧૭. રાસલીલા કરી ત્યારે કૃષ્ણના અનુપમ રૂપનું વર્ણન કર્યું છે, પણ અત્યારનું આ વર્ણીનું રૂપ તો તેના કરતાં પણ મહાન ભવ્ય લાગે છે. આ વર્ણી કોઈ જગતનું કારણ હોય તેમ ભાસે છે. ૧૮. આ વર્ણી જો અહીંયાં બે દિવસ રોકાય તો તેમની સેવા કરી લેવી જોઈએ. અત્યાર સુધી આના જેવા બીજા કોઈ તપસ્વી, સાધુ સંન્યાસી કે વર્ણી આવ્યા નથી. ૧૯. તે તપસ્વી જેવા લોકો જે આવતા તેમની નજર ખુવાર કરે એવી દેખાતી અને આ વર્ણીની નજર તો શુદ્ધ અને અમૃતભરી છે. આની નજર એવી દીસે છે કે માનો એ આપણા પોતાના જ બાળક હોય ! ૨૦. આના પ્રત્યેક અંગમાં અપાર તેજ ભર્યું છે. આપણો ઉદ્ધાર કરવા-ભવપાર કરવા પધાર્યા છે. આપણા પતિ જ્યારે ઘેર આવશે ત્યારે આની આપણે ઘેર પધરામણી કરશું. ૨૧. એ બધી સ્ત્રીઓ વર્ણીની બાબતમાં એવા મનોરથ કરતી હતી કે અમારા હૃદયમાં તેમનો પ્રેમમય ભક્તિભાવ વધે.

જૂનાગઢનું મહાજન પણ વાતો કરતું હતું કે, આપણા શહેરમાં વલ્લભકુળના આચાર્ય આવે છે. ૨૨. તેના કરતાં તો આ વર્ણી ઘણા તેજસ્વી ભાસે છે. આખું શહેર વર્ણીના ઉપર ન્યોછાવર થઈ ઘર બહાર આવી ગયું છે. જો દૈવત ન હોય તો આમ ન થાય. લોકો કામકાજ છોડીને કેમ આવે? ૨૩. આ બધામાં કોઈને કોઈનું ભાન (ધ્યાન) જ નથી. આ જ એનામાં દૈવત જણાય છે. રથમાં બેઠેલા સંતો કેવા ધ્યાનમગ્ન છે ! તેઓ રથમાં છે છતાં સુખદ અને સોહામણા લાગે છે. ૨૪. સૂર્યના સમાન સંતો પોતાના તેજથી અન્ય મતપંથને ઢાંકી દે તેવા છે. અન્ય મતો તો પતંગિયાની જેમ ઊડી જશે. આ સહુની રહેણી અને કહેણી જોઈને એમ લાગે છે કે બીજા બધા મતો આકડાના તૂરની જેમ ઊડી જશે. ૨૫.

"આ વર્ણી કોઈ સર્વ જગતનું કારણ છે" તેમ સહુ પ્રશંસા કરતા હતા. આ જૂનાગઢમાં અનેક મતના લોકો આવે છે. કાળભૈરવના જેવા જોરદાર

દેખાતા હોય છે. ૨૬. કેટલાયે નાટક-ચેટક કરનારા અને જાદુગર આવે છે. મંત્ર-જંત્ર જાણનારા આવે છે. શક્તિપંથી, કુંડાપંથી અને નશામાં ચકચૂર ક્રૂર અઘોરીઓ પણ આવે છે. ૨૭. ઘોર નાસ્તિકો, પુષ્કળ કબીરપંથીઓ, ખીજડાપંથી (પ્રાણનાથ સ્વામીએ અઢારમી સદીમાં સ્થાપેલો પ્રણામી સંપ્રદાય, વૈષ્ણવ પંથ), કાંચળિયાપંથી (જેમાં ધર્મને નામે વ્યભિચાર પોષાય છે એવો પંથ) (હીજડા), ચૂંદડિયા પણ અહીંયાં આવે છે. ૨૮. ચાર સંપ્રદાયના અને બાવન દ્વારાના મતના લોકો, તેમજ કહી ન શકાય એટલા બધા ફકીરો પણ અહીંયાં આવે છે. ૨૯. ગોસાઈજી(ગોસ્વામી), સંન્યાસીઓ અને બ્રહ્મચારીઓના કેટલાક મતો છે, તે અહીં આવે છે છતાં આ વર્ણી વગેરેની વાતો(ગતિ) અલૌકિક જણાય છે. ૩૦. એ વાત ચોક્કસ છે કે જીવનો મોક્ષ કરવા માટે એવા કોઈક પ્રગટ્યા છે. અને તે સંતોનો સમાજ સાથે લઈને લોકઉદ્ધાર કરવા ફરે છે. ૩૧.

આપણે તો કેવળ પેટ ભરનારા છીએ અને વિષયોમાં લોલુપ છીએ, એટલે આમને શરણે જઈ શકતા નથી. ૩૨. જેવા આપણે તેવા જ આપણા ગુરુઓ થયા છે. તેમની પાસેથી મોક્ષ ક્યાંથી મળે ? રસાસ્વાદ અને વિષય બમણા મળતા રહે છે. થોડાયે અધૂરા રહેતા નથી. ૩૩. વિષયભોગ કરવા છતાં જો મોક્ષ થતો હોય તો જમપુરીમાં કોણ જાય ? કલ્યાણ માટેના સાધન કરવાનું તો કોઈ પ્રમાણ જ રહ્યું નહિ. વિપ્ર અને ચાંડાળ એક સમાન થઈ જાય. ૩૪. આપણા ગુરુના સમાન (ઊતરતા) કોઈ નથી. તે નરકમાં જ મોક્ષ મનાવે છે. સ્વયં જમપુરીના અધિકારી થઈને આવ્યા છે અને બીજાનો નરકથી છૂટકારો કરશે ?! તેમણે તો મોક્ષમાર્ગનાં બધાં દ્વાર બંધ કરી દીધાં છે. ૩૫. એક જમપુરીનું દ્વાર ખુલ્લું કરી દીધું છે. શિષ્યોનો મોક્ષ કરવા ગુરુએ એવું વિચાર્યું છે કે માનો, તેમણે શિષ્યોને સંસારસાગરથી તારવા માટે લોખંડનું વહાણ કરાવ્યું છે. ૩૬. લાકડાના વહાણને સમુદ્ર તરવામાં ભય રહે અને લોખંડનું વહાણ નિર્ભય કહેવાય ? હવે આપણે સહુએ મળીને વિચાર કરવો જોઈએ કે તે બંને વહાણમાં કયું વહાણ સારું ? ૩૭. આ વર્ણીએ અપાર તપ કર્યું છે, તેનાથી તે પાપને બાળી દે છે. **જ્યારે પાપ બળે ત્યારે સદ્‌બુદ્ધિ**

**પ્રાપ્ત થાય અને જ્યારે સદ્‌બુદ્ધિ પ્રાપ્ત થાય ત્યારે જ વિષય છૂટે છે.** ૩૮. જ્યાં કામ હોય ત્યાં મોક્ષનો લેશ પણ હોતો નથી અને જ્યાં મોક્ષ હોય ત્યાં કામનો કલેશ હોતો નથી. જેની બુદ્ધિનો નાશ થયો હોય તેની દૃષ્ટિમાં મોક્ષ અને કામ બંને સમાન દેખાય. એવા પુરુષથી તો સમજુ માણસને મનમાં ઘણો ભય લાગે છે. ૩૯. અને એવા લોકો જે તે પોતાના કોઈ પાપોને ક્યારેય છોડવાના નથી. કેમ જે, તે કોઈને મોક્ષ કરવાનું તાન નથી. જે લોકો બુદ્ધિ માન છે તેઓ આવું બોલતા હતા. ૪૦.

જ્યારે વર્ણી નવાબના રાજભવનની પાસે પધાર્યા ત્યારે તેમને જોઈને ખૂદ નવાબ (હેમદખાન) સામે ચાલીને પાસે આવ્યા. ૪૧. તેઓ વર્ણિવર શ્રીહરિને પગે લાગ્યા અને પ્રાર્થના કરીને કહ્યું, "હે વર્ણી, આ રાજપાટ આપે મને ઉદારતાથી આપ્યું છે. ૪૨. આપના આશીર્વાદથી હું સુખેથી રહું છું. હવે ફરી વાર આશીર્વાદ આપો કે આવી સ્થિતિમાં જ હું બહિશ્ત(સ્વર્ગ)માં જાઉં. ૪૩. અમે તો મહાન અધમ કહેવાઈએ. આપે અહીંયાં પધારીને અમારો ઉદ્ધાર કર્યો છે. આપ તો ઉત્તમોમાં પણ અત્યંત ઉત્તમ છો. એક પળવારમાં જ આપ આખા જગતની રચના કરી દો છો." ૪૪. જ્યારે નવાબે આગળ ચાલવા સંમતિ આપી ત્યારે શ્રીહરિ નાગરવાડામાં પધાર્યા. ત્યારે અમરજી દીવાને વર્ણીને કહ્યું, ૪૫. "હે વર્ણી, આ બધી જગ્યા આપની જ છે. આપ જ્યાં કહો ત્યાં ઉતારો કરાવીએ." ત્યારે વર્ણીએ કહ્યું, "જ્યાં સ્ત્રીઓનો પગફેર ન હોય ત્યાં ઉતારો કરાવો." ૪૬.

ત્યારે દાદાભાઈએ કહ્યું, "એવી જગ્યા તો અમારી છે, અમારું મોટું દીવાનખાનું છે. ત્યાં કોઈ સ્ત્રીઓ આવતી જાતી નથી." ૪૭. પછી તત્કાળ ત્યાં જઈને ઉતારો કર્યો. અને વર્ણીના મનમાં ઘણો જ આનંદ થયો. પછી વર્ણીએ અમરજી દીવાનને બોલાવીને પ્રેમથી પ્રસાદીનો પુષ્પહાર આપ્યો. ૪૮. સહુ વર્ણીને પગે લાગીને પોતપોતાને ઘેર ગયા. તે વખતે દરબાર ઝીણાભાઈએ એક મોટો ભારે નવરંગ પલંગ લાવી આપ્યો. ૪૯. તેના ઉપર મખમલની ગાદી બિછાવી. તેના ઉપર વર્ણિરાજ વિરાજ્યા. તેથી સહુને ઘણો આનંદ ઉલ્લાસ થયો. ૫૦. મખમલનો એક તકિયો લાવીને

આનંદથી વર્ણીની પીઠ પાછળ મૂક્યો અને પછી હાથ જોડીને ઝીણાભાઈએ વર્ણિવરને કહ્યું, "આપ અમને રસોઈ તૈયાર કરવાની રજા આપો. આજ અમને પવિત્ર કરો." ત્યારે વર્ણીએ સહુને પૂછ્યું કે, "જેમ રુચિ હોય તેમ સૌ બોલો." ૫૧-૫૨.

ત્યારે મુક્તાનંદ સ્વામી આદિ સહુએ કહ્યું, "જે તૈયાર હોય તે લાવો, થોડું થોડું જમશું." ત્યારે મહાન બુદ્ધિમાન તે દરબાર ઝીણાભાઈ બે પાંચશેરી (આશરે ૫. કિલોગ્રામ) જેટલાં બરફી અને પેંડા લાવ્યા અને કાંઈક કેળાં લાવ્યા. ૫૪. પછી જેવી રુચિ હતી તે પ્રમાણે ઘણા જ ભાવથી વર્ણી જમ્યા અને તે પછી બધા સંતો પણ ભાવથી જમ્યા. ૫૫. રાતે ઘણીવાર સુધી ભજન કીર્તન કર્યાં, કથા-વાર્તા કરી. પછી હૃદયમાં પરમાત્માને ધારીને સહુ સૂઈ ગયા. જ્યારે સવાર થયું ત્યારે સહુ ઊઠ્યા. ૫૬.

***ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના તૃતીય પૂરમાં 'શ્રીહરિની જૂનાગઢમાં શોભાયાત્રા અને લોકોને અલૌકિક દર્શન થયાં' એ નામે સાડત્રીશમો તરંગ સમાપ્ત ॥૩૭॥***

## પૂર ત્રીજું : તરંગ - ૩૮

## ગિરનારની શ્રીહરિને પ્રાર્થના, દીવાનને ઘેર પધરામણી, ચોરાશી કરી ભાડેર પધાર્યા

ગિરનાર પર્વત(રૈવતાચલ ગિરિ) વિપ્રનું રૂપ ધારીને અનુપમ વર્ણિવેશ શ્રીહરિકૃષ્ણ પ્રભુનાં દર્શન કરવા માટે આવ્યો. ૧. તેણે હાથ જોડીને વારંવાર બહુ જ પ્રાર્થના કરી, "પ્રભુ, મારો મોક્ષ કરો. આપ સંસારના બંધનને ટાળનારા છો. ૨.

**सोरठा : अक्षरपति अविनाश, पुरुषोत्तम करी कहत जोउ;**
**तुम हि आयो में पास, बांह ग्रहि अब कीजें शरन...०४**

હે પ્રભુ, અત્યંત ઘોરમાં પણ ઘોર એવા અનંત જન્મનાં પાપોથી આપ જીવોને છોડાવો છો તો આપ મારા ઉપર કરુણા કરો. ૩. આપ અક્ષરધામના

અધિપતિ, અવિનાશી પુરુષોત્તમ એવા નામથી કહેવાઓ છો, એ પોતે જ કૃપા કરીને મારી પાસે આવ્યા છો, તો મારી બાંય પકડીને મને પોતાના શરણમાં લો. ૪.

**चोपाई :**

**तुम अवतारन के अवतारी, मोक्ष काज हरि नरतनु धारी;**
**भये अवतार भूमि पर जेते, मोय दर्श हि देने हे तेते...०६**

આપને મેળવવા માટે તપ કરતાં કરતાં મારે આજ કેટલાયે યુગ વીતી ગયા છે. મને અત્યારે આપનો યોગ થયો છે, તો આપ મારી વિનંતી સાંભળો. ૫. આપ અનંત અવતારોના અવતારી છો. અનેક જીવોનો મોક્ષ કરવા મનુષ્યરૂપે પ્રકટ્યા છો. આ ભૂમિ ઉપર જેટલા અવતાર થયા છે તે સહુએ મને દર્શન આપ્યાં છે. ૬.

**में पूजा हरि सब की कीने, सब के चरनकमल शिर लीने;**
**अक्षरधाम धाम सब मांहीं, सब सुँ श्रेष्ठ महा सो कहाही...०७**
**तिनसे धाम न अधिक हि कोई, जो जो अवर कहावत सोई;**
**अक्षरधाम के वासी जोउ, ऐसे पुरुषोत्तम प्रभु सोउ...०८**

હે હરે ! મેં બધા જ અવતારોની પૂજા કરી છે. બધાનાં ચરણકમળ મસ્તકે ધાર્યાં છે. સર્વ ધામોમાં અક્ષરધામ સર્વ શ્રેષ્ઠ કહેવાય છે. ૭. બીજાં જે ધામો કહેવાય છે તેમાં તે અક્ષરધામથી અધિક કોઈ ધામ નથી. તે અક્ષરધામના વાસી આપ પુરુષોત્તમ છો. ૮.

**इहाँ आये सो न सुने अवतारा, यह ब्रह्मांड भये बहु वारा;**
**धन्य धन्य भाग्य भोमिको एहा, प्रगट भये पुरुषोत्तम तेहा...०९**

આ બ્રહ્માંડ થયું તેને તો ઘણો જ સમય થઈ ગયો છે. તેમાં તે અક્ષરાધિપતિ અવતારી આપ ક્યારેય પધાર્યા હો, તેવું મેં ક્યારેય સાંભળ્યું નથી. અત્યારે આ ભૂમિનાં ધન્યભાગ્ય છે કે તે પુરુષોત્તમ આપ આ ભૂમિ ઉપર પ્રકટ થયા છો. ૯. આ કળિયુગના સમયને પણ ધન્યવાદ ઘટે છે કે જેમાં આપ દયાળુ પુરુષોત્તમ પ્રકટ્યા છો, આ બ્રહ્માંડના નિવાસી દેવો અને મનુષ્યોને પણ ધન્યવાદ આપું છું કે જે આપને લીધે અત્યંત સુખી થયા છે.

૧૦. વૃક્ષો, લતાઓ, વનની વેલીઓ એ બધાંને પણ ધન્ય ધન્ય છે કે જેનાં અત્યારથી બધાં પાપ છૂટી ગયાં છે. આપનાં દર્શન થયાં છે તેથી અન્ય પર્વત અને વનને પણ હું ધન્ય ભાગ્યવાળા ગણું છું. ૧૧. જ્યારે આપ પ્રકટ થયા છો એટલે અત્યારનાં પશુઓ અને પંખીઓ પણ ધન્યભાગી થયાં છે. તે સરોવરો અને નદીઓને પણ હું ધન્ય કહું છું કે જેમાં આપે સ્નાન કર્યું હોય. ૧૨. એ મહાસાગરને પણ ધન્ય છે કે આપે ખૂદ જઈને જેમાં સ્નાન કર્યું છે. સર્વ અવતારમાં શ્રેષ્ઠ આપ આ સમયમાં પ્રકટ થયા છો તો મને પણ ધન્યભાગ્યવાળો કરો." ૧૩.

શ્રીહરિએ ગિરનાર પર્વતની પ્રાર્થના-વિનંતી સાંભળી. કરુણાનિધિ કૃપાળુ ગિરનાર જવા તત્કાળ તૈયાર થયા. સંતોને અને હરિભક્તોને સાથે લીધા. ૧૪. ભક્તવત્સલ ભગવાન શ્રીહરિ પહેલાં દામોદર કુંડે પધાર્યા. (આ કુંડ અનિરુદ્ધના પુત્ર વજ્રનાભના વખતમાં બંધાયેલ છે.) તેમાં સ્નાન કર્યું. પછી રેવતી કુંડમાં પણ સ્નાન કર્યું. ૧૫. ત્યારબાદ મૃગી કુંડ અને ભીમ કુંડમાં સ્નાન કર્યું. પર્વતને મસ્તકે ચરણ ધાર્યાં અને પછી બધા દેવોને દર્શન આપ્યાં. ૧૬. બધાં તીર્થો અને સ્થાન-દેવતાઓ વગેરે તે સમયે ધન્ય ધન્ય આવું બોલવા લાગ્યા. આજે ભગવાન પુરુષોત્તમ અમારે ઘેર પધાર્યા છે. એવું બોલીને જેને જેવાં ફળ, ફૂલ, કંદ, મૂળ જે કાંઈ મળ્યાં તે બધાં શ્રીહરિને સમર્પિત કર્યાં. ૧૭.

ગિરનારમાં રહેલાં વૃક્ષો અને વેલીઓ તથા પશુઓ અને પંખીઓ, સર્વના ઉપર દૃષ્ટિ કરી, સહુને દર્શન દીધાં, પછી પાછા પધાર્યા. સુખકંદ શ્રીપુરુષોત્તમના પધારવાથી ગિરનારને મહાન આનંદ થયો. ૧૮. સર્વ પ્રકારનો પૂજાપો લાવીને તેણે શ્રીહરિને અપાર પ્રેમથી પૂજ્યા. દંડવત્ પ્રણામ અને પ્રાર્થના કરીને તે વિચક્ષણ પર્વતે શ્રીહરિની શરણાગતિ સ્વીકારી. ૧૯. ગિરનાર પર્વતને અત્યંત કૃતાર્થ કરીને સુખકારી શ્રીહરિ પાછા જૂનાગઢ શહેરમાં પધાર્યા. દરબાર ઝીણાભાઈએ સુંદર સુસ્વાદુ રસદાર ભોજનનો થાળ કરાવ્યો. ૨૦. સહુના મનને આકર્ષણ કરતા મનોહર મૂર્તિ શ્રીહરિ સોનેરી બાજોઠ ઉપર આવીને વિરાજ્યા અને થાળ મુકુંદ વર્ણીએ કરીને શ્રીહરિને અર્પણ કર્યો. શ્રીહરિ પણ હરખભેર તે થાળ જમ્યા. ૨૧. શ્રીહરિના

થાળની પ્યારી પ્રસાદી તે વેળાએ સહુ સંતો જમ્યા. તે પ્રમાણે જ દરબાર દાદાભાઈ પણ વિપ્ર પાસે થાળ કરાવીને શ્રીહરિને બોલાવવા આવ્યા. ૨૨.

શ્રીહરિ વારંવાર તેમને ઘેર જઈને થાળ જમતા. તે રીતે રામજીભાઈ અને ભીમજીભાઈને ઘેર પણ થાળ જમતા. ૨૩. વૃંદાવન અને રૂપશંકરભાઈએ પણ અનેક પ્રકારનાં ભોજનનો થાળ જમાડીને શ્રીહરિની બહુ પ્રકારે પૂજા કરી. ૨૪. અંબારામભાઈ અને માણેકલાલભાઈએ પણ થાળ કરાવીને શ્રીહરિને જમાડ્યા. તેમજ સ્નેહભાવથી સર્વોત્તમ પૂજા કરી. ૨૫. સુખી સદ્‌ગૃહસ્થ નાગરોએ વર્ણી શ્રીહરિને ઘણા પ્રતાપી જાણીને અને અપાર તેજસ્વી તથા ત્યાગી જોઈને પોતાને ઘેર પધરામણી કરી. ૨૬. વર્ણીને મહાન બ્રહ્મરૂપ માનીને સહુ વિવિધ પ્રકારનાં ભોજન બનાવડાવીને થાળ જમાડતા. અને ઊંચી ભાવનાથી સારો પૂજાપો લાવીને પૂજા કરતા. ૨૭.

વર્ણીનો સર્વ પ્રકારે અલૌકિક પ્રતાપ જોઈને બ્રહ્મા, વિષ્ણુ કે શિવના જેવા આ કોઈ મોટા દેવ છે, એમ લોકો માનતા. ૨૮. અમરજી દીવાને વર્ણી શ્રીહરિને સર્વ જગત્‌નું મૂળ કારણ આ છે. એમ માનીને પોતાને ઘેર ઘણા જ આદરભાવથી પધરાવ્યા. ૨૯. શ્રી વર્ણી આવ્યા પહેલાં તે દીવાને પોતાને ઘેર દીવાનખાનામાં એક ઘણી મોટી ગાદી બિછાવી રાખેલી. દીવાનને ઘેર ગયા પહેલાં વર્ણી શિવાલયમાં ગયા. ઘણી જ ભાવનાથી શિવજીનાં દર્શન કર્યાં. ૩૦. દીવાને વર્ણીનો શિવજી ઉપર ઘણો જ ભક્તિભાવ જોયો. અરે ! તે વેળાએ બંનેને એકરૂપ દેખ્યા. તેનાથી દીવાનને મનમાં ઘણું જ આશ્ચર્ય થયું, પણ તેમણે તે વાતને પોતાના મનમાં જ રાખી. કોઈને કહી નહિ. ૩૧. પછી તે દીવાને ઘણા જ ભક્તિભાવથી વર્ણીને તે ગાદી ઉપર પધરાવ્યા. મનમાં ઘણો જ ઉત્સાહ હતો, એટલે ષોડશોપચાર વિધિથી ઘણા પ્રેમ સાથે શ્રીવર્ણીને તેમણે પૂજ્યા. ૩૨. વર્ણીને સર્વનું કારણ મનમાં સમજીને વિવિધ પ્રકારનાં વાજિંત્ર વગડાવ્યાં અને પોતાના પુત્રના મસ્તક ઉપર વર્ણીના હાથ મુકાવીને આશીર્વાદ અપાવ્યા. ૩૩. વર્ણીને જનપ્રતિપાલક સમજીને દીવાન વર્ણીનાં ચરણોમાં પડ્યા. તે મર્મને કોઈ જાણી શક્યું નહિ. ઠેઠ સુધી તે ગુપ્ત જ રહ્યું. ૩૪.

અમરજી દીવાને મનમાં હરખાઈને શ્રીહરિને પોતાના ઘરના ઓરડામાં પધરાવ્યા અને સોનેરી બાજોઠ ઉપર બેસાડ્યા. વિવિધ પ્રકારનાં ભોજનનો થાળ જમાડ્યો. ૩૫. પછી લલાટમાં કેસરી ચંદનની અર્ચા કરી. ખૂબ જ સુંદર અને ફૂલોની વિશાળ એક ટોપી પ્રીત કરીને પહેરાવી. તેઓ શાસ્ત્રમાં કહેલી બધી રીત જાણતા હતા. ૩૬. દીવાન અમરજી ઘણા જ બુદ્ધિમાન હતા. તેમણે પૂજા કરીને બે હાથ જોડ્યા તથા મસ્તક નમાવ્યું. પછી વર્ણીને પૂછ્યું, આપનું સ્થાન કયું છે ? ૩૭. આપ કઈ જાતના વિપ્ર છો ? આપના વેદ અને શાખા કઈ છે ? આપના ગોત્ર, વેદ અને પ્રવર કેટલા છે ? આપને દેખીને મને આશ્ચર્ય થાય છે. ૩૮. આપે કેટલા વરસની ઉમરમાં ઘર છોડ્યું ? વિચરણ ક્યાં સુધી કર્યું ? અને દીક્ષા ક્યાં જઈને લીધી ? ૩૯. આપે કેટલા ધામની યાત્રા કરી ? અને હવે કેટલા-ધામની યાત્રા કરવાની બાકી રહી છે ? આપ મહાન ચતુર છો, અમે તો બુદ્ધિ હીન અને મહાન મુઢ છીએ. ૪૦. આપના ગુરુ કોણ છે ? માતા પિતા કોણ છે ? અને આપના સંબંધી કોણ છે ? અને ભાઈ કેટલા છે ? આપને કયા શાસ્ત્રનું વ્યસન (રોચક અધ્યયન) છે ? આપ કયા દેવને પોતાના ઈષ્ટ માનો છો ? ૪૧. હું આપને પૂછવાની યોગ્યતાવાળો નથી. મારા અપરાધને દિલમાં ધારશો નહિ. આપ તો અહીંયાં અમારે માટે પધાર્યા છો. આપને અમારી પાસે કાંઈ કામ (સ્વાર્થ) નથી. ૪૨. આપ તો સ્વેચ્છાથી દિલમાં દયા કરીને અહીંયાં પધાર્યા છો. બધી રિદ્ધિ અને સિદ્ધિ તો આપના ચરણોમાં રહે છે. ચાર પ્રકારની મુક્તિ તો આપની દાસી કહેવાય છે. ૪૩.

આપ સર્વ દેવોના પણ દેવ છો. કલ્પવૃક્ષ અને ચિંતામણિ જેવા છો. અમે તો આ જગતના પાપમય બંધનથી બંધાઈ ગયા છીએ. ૪૪. અમને અત્યારે જ આપનો યોગ થયો છે. આપના સિવાય બીજો કોઈ જગતના બંધનથી છોડાવનારો નથી. હવે અમે આપને શરણે આવ્યા છીએ એટલે જેમ ચાહો તેમ કરજો. ૪૫. ઉપર પ્રમાણે દીવાને જે જે કાંઈ પૂછ્યું તે બધું વર્ણીએ સ્પષ્ટ કહ્યું. તે સાંભળીને સહુને ઘણો જ આનંદ થયો અને તે પછી વર્ણી સહુને ઘેર ઘેર પધરામણીમાં ફર્યા. ૪૬. વર્ણી સહુના ઘેર બરફી, પેંડા

અને સાકર જમતા. તે સિવાય અનંત પ્રકારના મેવાઓને પણ વર્ણી ઘેર ઘેર જમતા. ૪૭. નાગર પ્રજા મહાચકોર હોય છે, તેમણે સહુ પહેલાં અપાર અને સારો લાભ લીધો. તેમની પત્નીઓએ પણ સહુથી વધારે અને પૂરેપૂરો દર્શન-પૂજન આદિનો લાભ લીધો. ૪૮. જાણીને કે અજાણે જે કોઈ અમૃતનું પાન કરે, તેને તેનો લાભ મળે જ છે. કારણ કે અમૃત પોતાના ગુણ કે સ્વભાવને છોડતું નથી. તેમજ **ભગવાન પણ મન, વચન, કર્મથી સેવા કરનારાને તેનો લાભ આપે જ છે. ૪૯.** વર્ણી શ્રીહરિ જૂનાગઢમાં પંદર દિવસ રહ્યા. બધા જ ભક્તોને ઘેર પધરામણી કરી. પધરામણી વિનાનું એક પણ ઘર રહ્યું નહિ. ૫૦. પછી વર્ણીએ જૂનાગઢ નગરના જે બ્રાહ્મણો હતા તેની ચોરાશી કરી. ઘીથી લચપચતા સારા સાકરના લાડુ કરાવીને સહુને જમાડ્યા. ૫૧. આ પ્રમાણે જૂનાગઢ નગરમાં જય જયકાર કરીને વર્ણિરાજ શ્રીહરિ જૂનાગઢથી રથમાં બેસીને ચાલ્યા અને **ભાડેર** ગામ પધાર્યા. ૫૨.

***ઇતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના તૃતીય પૂરમાં 'ગિરનારની શ્રીહરિને પ્રાર્થના, દીવાનને ઘેર પધરામણી, ચોરાશી કરી ભાડેર પધાર્યા' એ નામે આડત્રીશમો તરંગ સમાપ્ત ॥૩૮॥***

## પૂર ત્રીજું : તરંગ - ૩૯

## ભાડેરમાં દરબાર વાઘજીભાઈ આગળ માંગરોળના દિગ્વિજયની વાત

ભાડેર ગામમાં દરબાર વાઘજીભાઈ સારા સત્સંગી હતા. તેઓ અને બીજા હરિભક્તો શ્રીહરિ પધારે છે એવું સાંભળીને સન્મુખ આવ્યા. ૧. સૌ દંડવત્ પ્રણામ કરીને શ્રીહરિને પગે લાગ્યા. પછી સારાં વાજિંત્ર વગડાવીને પ્રેમથી ગામમાં પધરાવ્યા. ૨. ત્યાંના ગોકુલદાસ ખાખી સાધુ શ્રીહરિના મહાન ભક્ત હતા. તેમણે ઘણા જ આનંદ ઉલ્લાસથી શ્રીહરિને પોતાને ઘેર પધરાવ્યા. ૩. ખૂબ જ વિનય કરીને શ્રીહરિને પલંગ ઉપર પધરાવ્યા. મુક્તાનંદ સ્વામી વગેરે સંતોનો સમાજ પણ તે સમયે સાથે જ હતો. ૪. ગામના બીજા બધા

હરિભક્તો પણ આવ્યા. શ્રીહરિને પગે લાગ્યા. શ્રીફળ, સાકર, કેળાં અને શેરડીના ભારા બાંધીને ભેટના રૂપમાં સહુ લાવ્યા. ૫. ભક્તો બધું લાવીને આગળ ધરતા. શ્રીહરિ તેને પોતાને હાથે લઈ લેતા. તેઓ મોટા મોટા બોર લાવીને પણ શ્રીહરિને ભેટ મૂકતા. ૬. જે જે વસ્તુ શ્રીહરિની પાસે આવતી, તેમાંથી થોડું થોડું લઈને શ્રીહરિ જમતા. પછી વધેલી વસ્તુને તુરંત જ વહેંચી દેતા, પણ તે વસ્તુઓનો સંગ્રહ કરતા નહિ. ૭. તે વખતે ગોકુલદાસ સાધુએ મુકુંદવર્ણી અને જયાનંદવર્ણી પાસે રસોઈ કરાવી. અને શ્રીહરિની સાથે સંતોને દૂધપાક-પૂરી વગેરે જમાડ્યા. ૮. વડાં, ભજિયાં, પાપડ, સુંદર કેરીનું અથાણું, ખીચડી અને કઢી, વગેરે ખૂબ જ જમાડ્યા અને પછી ઉદાર સ્વભાવના શ્રીહરિએ ચળુ કર્યું. ૯. થાળ જમીને તેની પ્રસાદી દરબાર વાઘજીભાઈને આપી અને બીજા થાળની પ્રસાદી ગોકુળદાસે લીધી. દરબાર થાળનો પ્રસાદ જમીને આવ્યા અને શ્રીહરિનાં ચરણોમાં નમી પડ્યા. ૧૦.

દરબાર વાઘજીભાઈ હાથ જોડીને શ્રીહરિ આગળ બોલ્યા, "હે નાથ! આપ ક્યાં ક્યાં વિચરણ કરીને અહીં પધાર્યા છો ? હવે આપને ક્યાં જવાની ઈચ્છા છે ? તે આપ મને કહો. ૧૧. અમને બધાને પોતાના દાસ સમજીને અહીંયાં હેતથી કાયમ રહો. જે જે કહેશો તે તે અમે સેવા કરશું. જો આપ કહો તો રહેવા માટે જગ્યા પણ આપીએ." ૧૨. ત્યારે શ્રીહરિએ તેમને કહ્યું, દરબાર, સાંભળો, હવે અમારે સમગ્ર સત્સંગમાં ફરવાની ઈચ્છા છે. ૧૩. શ્રીરામાનંદસ્વામીનો સત્સંગ (શિષ્ય સમુદાય) કેટલા પ્રદેશમાં છે અને તે કઈ રીતે વર્તી રહ્યો છે તે અમારે ત્યાં જઈને જોવું-જાણવું છે. ૧૪. સર્વ હરિભક્તોમાં સત્સંગની દઢતા કેવી છે, તે જાણવાનું મનમાં નક્કી કર્યું છે. બીજું બધું તો પરમેશ્વરનું ધાર્યું થાય છે. ૧૫. અમે અત્યાર સુધીમાં માણાવદર, પીપલાણા, આખા અને અગત્રાઈ ગામ ગયા હતા. ૧૬.

તે પછી કાલવાણી ગામ ગયા અને ત્યાર બાદ માંગરોળ બંદરમાં અમે મુકામ કર્યો. ત્યાંના નવાબનો ભાવ જોઈને આખો ચાતુર્માસ માંગરોળમાં રહ્યા. ૧૭. ત્યાં ઘણા વાદી-વિવાદીઓ આવ્યા, મત-મતાંતરને માનનારા લોકો ભેળા થયા. સદ્‌ગુરુ રામાનંદસ્વામીના સંપ્રદાયને ઉખાડી નાખવા સહુ

ચાહતા હતા. તેઓ પરસ્પર એવું બોલતા હતા કે રામાનંદસ્વામી તો ઘણા સમર્થ હતા. તે એકલા જ બધા સત્સંગને ધારી રહ્યા હતા. ૧૮. તેઓ તો અત્યારે સ્વધામ ગયા છે. હવે તો બધા નકામા-પુરુષાર્થ શૂન્ય રહ્યા છે. ૧૯. સહજાનંદ સ્વામી તો પરદેશી છે, તે તો બીજાની દેશી કાઢે છે. (અનુકરણ કરે છે.) નકલ કરે છે, બાળબુદ્ધિ હોવાથી તેને કશી ખબર પડતી નથી. દેખાવમાં તો મોટા ચતુર (શાણા) હોય તેમ બની-ઠનીને બેસી ગયા છે. ૨૦. હાથી ઉપર બેસીને અહીં માંગરોળમાં આવ્યા છે, પોતાના ગુરુ કરતાં પણ વધારે ઢોંગ મચાવ્યો છે. અહીંયાં રહેનારા લોકોને તેણે દેખ્યા નહિ હોય. તેના ઢોંગને દેખીને બધા ખસી જશે.(કોઈ પાસે આવશે નહિ.) ૨૧.

આવું મનમાં નક્કી કરીને બધા મતપંથીઓ આવ્યા, ત્યારે મેં રામાનંદસ્વામીને સંભાર્યા; અંતર્યામી રામાનંદસ્વામીએ મને દર્શન દીધાં. અને તેમણે મને કહ્યું. ૨૨. **તમે તો અનંત સૂર્યના જેવા સમર્થ છો અને અમે તો દીવાની જ્યોત જેવા છીએ. તમે તો સર્વ બ્રહ્માંડના દેવ છો. બધા દેવો પણ તમારી સેવા કરે છે. ૨૩. તે રીતે જ અમે પણ તમારા સેવક (દાસ) છીએ.** તમારી આગળ તો આ બધા મતપંથીઓ તરણા (ઘાસ) તુલ્ય છે. બાજીગરની માયા તો બાજીગરના હાથમાં જ હોય છે. ૨૪. બાજીગર જેવું ચિંતવે છે તે પ્રમાણે તેની માયાથી બધા ખેલ થાય છે. તે જ્યારે માયાને સંકેલી લે છે ત્યારે 'જેમનું તેમ' (જેવું હોય તેવું જ) પડ્યું હોય છે. ૨૫. **હે નાથ ! તમે જેમ ચિંતવશો તેમ બધું થશે. અનંત બ્રહ્માંડોની બધી જ ક્રિયાઓ તમારા હાથમાં છે. ૨૬.**

સ્વામીનું વચન સાંભળીને મારામાં હિંમત આવી. મારું મન નિર્ભય થયું. મેં માન્યું કે બધું સ્વામીની ઈચ્છાથી થઈ રહ્યું છે. ૨૭. બધા મતવાદીઓને પાછા પાડવા માટે તે સમયે યોગકળાઓને પ્રકટ કરી. જે જે સામે આવ્યા તે પાછા પડ્યા અને શરમાઈ ગયા. બધા નાક ઘસીને પગમાં પડ્યા. ૨૮. સત્સંગનો મહાન ભારે પ્રતાપ જોઈને બધા હારી ગયા. એક મેઘજી નામે કંદોઈ (સુખડિયો) હતો. તે વીરવિદ્યાનું મોટું ધામ ગણાતો. ૨૯. બાવન વીર તેને વશ હતા. તે પકવાન બનાવવામાં તો સારો કારીગર હતો. તેણે

કહ્યું, "જે મને આવીને જીતે, તેનો હું શિષ્ય થઈ જાઉં." ૩૦. તે પોતાને રામાનંદસ્વામીનો શિષ્ય કહેવડાવતો. કાયમ સત્સંગીઓનું અપમાન કરતો. મહાવીર હનુમાનજીની સાધના કરીને તેણે તેને વશ કર્યા હતા. ૩૧. તે સળગતા અગ્નિમાં જઈને જો બેસે તો પણ અગ્નિ તેને બાળી શકતો નહિ. સમુદ્રમાં પાણી ઉપર ચાલ્યો જાય તો પણ સમુદ્ર તેને ડુબાડતો નહિ. ૩૨. આવી કળાઓને તે કોઈ જોગીની પાસે શીખ્યો હતો. તેના મનમાં તેને કોઈનો ડર લાગતો નહિ. તે રામાનંદસ્વામી પાસે પણ આવતો. તેમની વાતો પણ ઘણી સાંભળતો. ૩૩. છતાં તે મનમાં ઘણું સિદ્ધપણાનું માન રાખતો. તે કોઈનું પણ માને નહિ આવો ગર્વિષ્ઠ હતો. તે પોતાના ગુરુની એવી વાતો સંભળાવતો કે તે કોઈથી જીતી શકાય તેવા ન હતા. ૩૪. "એક રામચંદ્રજીની આગળ તારું કાંઈ ચાલશે નહિ" આવું તેના ગુરુએ કહેલું, તેથી તેને તે રામચંદ્ર જાણતો. અને બીજા બધાને પાખંડ કહેતો. ૩૫.

પછી તો તે અમારી પાસે આવવા લાગ્યો. જેમ વાઘ ગર્જના કરે તેમ સામે આવીને બોલવા લાગ્યો. ત્યારે તે બધા લોકો બોલતા હતા કે, આવા અભિમાનીને વર્ણી કઈ રીતે જીતશે ? ૩૬. મહાન અસુરના જેવા બળવાન તે મેઘજીએ ફરીને મેઘના જેવી ગર્જના કરીને કહ્યું, "મને કોઈ જીતનાર છે જ નહિ. હું જ બધાને શિષ્ય કરું, તેવો છું." ૩૭. પછી તો મેઘજીએ ચોરાશી કરી. બધા બ્રાહ્મણોને અને ભેખધારીઓને જમાડ્યા. રામાનંદસ્વામીના શિષ્યોને જમાડ્યા નહિ, તેમને સાધુઓમાં રતીભાર પણ ગણ્યા નહિ. ૩૮. ત્યારે અમે તેને કહ્યું, "સિદ્ધિ તો સિદ્ધના હાથમાં હોય છે, તે કાંઈ કહેવાની ચીજ હોતી નથી. તું તો પોતાને સિદ્ધ કહેવડાવે છે અને હવે તો સ્વયં સિદ્ધ થઈને ફરે છે." ૩૯. પછી તે પોતાને ઘેર ગયો. પોતાની સિદ્ધાઈ કરવા લાગ્યો. જે જે કર્યું તેમાં તે બધું ત્રિશંકુરાજાની જેમ તેને દુઃખરૂપ જ થયું. ૪૦.

**❋ ત્રિશંકુનું દુઃખ :**

(ત્રિશંકુ ઈક્ષ્વાકુના કુળમાં નિબંધન રાજાનો મોટો પુત્ર હતો. તેને હરિશ્ચન્દ્ર અને અંબરીષ બે પુત્ર હતા. તે અયોધ્યાનો રાજા હતો ને અભિમાની હતો. સાત્ત્વિક અહંને કારણે તેણે ગુરુ વસિષ્ઠને કહ્યું, 'મને યજ્ઞ કરાવો.' ગુરુએ

કહ્યું, 'થોડા સમય પછી શુભકાળમાં કરીશું.' પોતાનું ધાર્યું ન થયું એટલે અહમ્‌ને કારણે વસિષ્ઠ મુનિનું અપમાન કર્યું. જેમ-તેમ તેનું વાંકુ બોલવા લાગ્યો. ગુરુએ તો સહન કર્યું પરંતુ તે અપમાન તેમના શિષ્યો(પુત્રો)થી સહન ન થયું, તેથી એને શાપ આપ્યો. હે ગુરુદ્રોહી ! ચાંડાળની જેમ બોલનાર તું ચાંડાળ થા. તેથી ત્રિશંકુ એ જ દેહે ક્ષત્રિય મટી ચાંડાળ જેવો થયો. પછી પ્રજાએ ધિક્કાર્યો એટલે વનમાં ગયો.

ત્યાં ફરતા ફરતા વિશ્વામિત્રને મળ્યો, તેને વાત કરી. વિશ્વામિત્રને વસિષ્ઠમુનિ સાથે ઈર્ષ્યા હતી એટલે દુશ્મનનો દુશ્મન મિત્ર એ ન્યાયે પોતાના તપના પ્રભાવથી ચાંડાળના દેહે ફરતા ત્રિશંકુને રથ સહિત સ્વર્ગમાં પહોંચાડવા આકાશમાં મોકલ્યો. ત્રિશંકુ સ્વર્ગની સમીપે ગયો. ત્યાં દેવોએ દેખ્યો એટલે દેવો કહે, 'હેઠો પડ... હેઠો પડ...' એટલે તરત જ તેનો રથ નીચે આવવા લાગ્યો. સ્વર્ગમાંથી નીચે પડતા રથ-ઘોડા સહિત તે ઊંધા માથે થયો. તે વિશ્વામિત્રે જોયું એટલે તપના પ્રભાવથી તે કહે, 'સ્થિરો ભવ... સ્થિરો ભવ... હેઠો આવીશ મા, ત્યાં જ રહે.' એટલે ત્રિશંકુ ઊંધે માથે લટક્યો. ન ઊંચે જઈ શક્યો ન નીચે આવી શક્યો. તેના મુખમાંથી લાળ નીકળવા લાગી. તે જે નદીમાં પડી તેનું નામ કર્મનાશા નદી પડ્યું. અને તે રથની છાયા પડી તે મગધ દેશ થયો. તે દેશમાં મરે તે જમપુરીમાં જાય. અને તે નદીમાં જે સ્નાન કરે તેનાં તમામ પુણ્યકર્મો નાશ પામે અને અસંખ્ય જીવો યમપુરીમાં જાય છે. આમ ગુરુદ્રોહના પાપથી ત્રિશંકુ મહાદુઃખ પામ્યો.)

સિદ્ધાઈ દેખાડવા તેણે પોતાનાં નાડીપ્રાણોને સંકેલી લીધાં અને તેને હૃદયમાં લઈ આવ્યો. તેની બધા શરીરની નાડીઓ કોલુમાં શેરડી પિલાય તેમ પિલાઈ ગઈ. ૪૧. મેઘજી સિદ્ધાઈના પ્રયત્ન કરી કરીને હારી ગયો. બધુ શહેર સાંભળે તે રીતે દુઃખની બૂમો પાડવા લાગ્યો. ગામના બીજા સિદ્ધો ત્યાં આવ્યા. તેઓ પણ સિદ્ધાઈ કરીને હારી ગયા. ૪૨. દુઃખ ટાળવાનો પ્રયત્ન કરવા છતાં દુઃખ (પીડા) વધતું જ ગયું. રોમે રોમમાં કોટિ વીંછીની વેદના થઈ. કેટલાયે દિવસ તે દુઃખ વેઠ્યું. અત્યંત ભૂખથી પ્રાણ જવા લાગ્યા. ૪૩. ત્યારે તેણે સત્સંગીને બોલાવ્યા. તેમને કહ્યું, "તમે

મને મદદ કરો. હવે મારા શરીરમાંથી પ્રાણ નીકળી શકતા નથી. તેમજ શરીરમાં પાછા વ્યવસ્થિત ચાલતા પણ નથી. ૪૪. હવે મારા હાથમાં કોઈ ઉપાય રહ્યો નથી. સહજાનંદ સ્વામીને જલદી બોલાવી લાવો. તમે જેમ કહેશો તેમ હું કરીશ. તમે મારી રક્ષા કરનારા છો. ૪૫. હે સ્વામી! તમે સિદ્ધોના પણ સિદ્ધ છો, હું તો મહાન ખળ અને હરામી છું. મારો ઘણો મોટો ગર્વ તમે ઉતાર્યો છે. તમારા સિવાયના બીજા સિદ્ધ ખુવાર થયા છે." ૪૬. પછી અમને ત્યાં હાથ જોડીને બોલાવ્યા. અમે તો તરત જ દોડીને ત્યાં ગયા. શહેરના બધા લોકો પણ ત્યાં આવ્યા. અને ચારે કોર ભરાઈ ગયા. ૪૭. સહજાનંદ સ્વામીની સિદ્ધિ શું છે તે જાણીએ, શું થાય છે તે પણ દેખીએ. આમાં કોઈનું માન નહિ રહે, જે હોય તે અત્યારે બતાવે. ૪૮. બધા લોકો આવું બોલતા હતા ત્યારે અમે તે મેઘજીની પાસે બેઠા. મેઘજીને શરીરની સૂધબૂધ હતી નહિ. થોડો થોડો શ્વાસ ચાલતો હતો. ૪૯. અમે જઈને તેની છાતી ઉપર ચરણ અડાડ્યો, એટલે તરત જ તે શરીરના ભાનમાં આવી ગયો. ઊઠીને પગે લાગ્યો. પછી બોલ્યો, ૫૦.

આપ ખરેખર રામચંદ્ર જ છો. મને મારા મનમાં દૃઢ નિશ્ચય થઈ ગયો છે. લોક હવે જખ મારે. મારે આપનું શરણ લેવું છે. ૫૧. પછી તે મેઘજી કંદોઈ તુરંત જ અમારે શરણે થયા. તેણે બીજાની આશાઓ તજી દીધી. તત્કાળ બધા ભય છોડી દઈને તેણે સત્સંગને જ સાચો માન્યો. ૫૨. તે ઘટનાને દેખીને બીજા બધા મતવાદીઓ નિર્જીવ જેવા થઈ ગયા અને સહુએ સત્સંગને સત્ય જાણ્યો. હવે આપણા સત્સંગને ઉખેડવાવાળો કોઈ નથી. ૫૩. હે હરિ, હવે તમે હજાર હાથી ઉપર બેસો, તમને કોઈ લોપી-રોકી શકે તેમ નથી. તમે તો ખરેખર દિગ્વિજય કરી લીધો છે. એમ સહુ વારંવાર બોલવા લાગ્યા. ૫૪.

***ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના તૃતીય પૂરમાં 'શ્રીહરિએ ભાડેરમાં દરબાર વાઘજીભાઈ આગળ માંગરોળના દિગ્વિજયની વાત કહી' એ નામે ઓગણચાળીશમો તરંગ સમાપ્ત ॥૩૯॥***

## પૂર ત્રીજું : તરંગ - ૪૦

## ધોરાજી થઈ ફરેણી પધાર્યા, આહીર ભક્તોને ત્યાં સંતોએ સહિત દૂધ-સાકર પીધાં

અમે કાલવાણી આવ્યા, ત્યાંથી અગત્રાઈ, આખા, માણાવદર અને મેઘપુર થઈને જૂનાગઢધામ આવ્યા. ૧. જૂનાગઢમાં ગિરનાર પર્વત જોયો. નાગરોને ઘેર ઘેર જઈને તેમનું અન્ન જમ્યા અને પછી ત્યાંથી અહીંયાં આવ્યા છીએ. ૨. શ્રીહરિએ ભાડેરના દરબાર વાઘજીભાઈને આવી વાતો કરી. અને ત્યાં એક રાત રહ્યા. સવારે ત્યાંથી ચાલવા તૈયાર થઈ ગયા. હૃદયમાં આનંદ સમાતો ન હતો. મુક્તાનંદ સ્વામી રથમાં બેઠા. ૩. શરીર ઉપર બધાં સોનેરી વસ્ત્ર પહેરીને શ્રીહરિ ઘોડે સવાર થયા. બીજી સવારી પણ તૈયાર થઈ. દરબાર વાઘજીભાઈ સાથે ચાલ્યા. ૪. હરજીવન જિવા વ્યાસ હિ જોઈ, બાઈ દેવુ જેઠિબાઈ સોઈ...૦૬... શ્રીહરિ ધોરાજી પધાર્યા. બધા હરિભક્તો સામે આવ્યા. ક્ષત્રિય ભક્તોમાં લાધાજી, જીજીભાઈ, અજુજી, સબળાજી, બતડજી, વાઘજી, ગોપાળજી ભક્ત અને અદાભાઈ વગેરે હતા. બ્રાહ્મણોમાં માવજી, મૂળજી, હરજીવન અને જીવા વ્યાસ તથા દેવુબાઈ અને જેઠીબાઈ વગેરે હતાં. ૫-૬. લોહાણામાં માવજી, દેવસી અને દેવચંદ વગેરે હતા. પ્રજાપતિમાં ભીમજી, લીલો અને લીલીબાઈ વગેરે હતાં. ૭. એ બધા આવીને શ્રીહરિના ચરણોમાં પડીને પગે લાગ્યાં. કોઈના હૃદયમાં આનંદ સમાતો નહિ. ઢોલ અને નગારાં વગેરે વાજિંત્રો વગડાવીને શ્રીહરિને પુરમાં પધરાવ્યા. ૮.

ધોરાજીના ભક્તોને ખૂબ જ આનંદ થયો. આવીને સહુ શ્રીહરિને પગે લાગ્યા. સહુએ મેવા-મીઠાઈ લાવીને શ્રીહરિની આગળ મૂક્યાં. ૯. દરબારો(ક્ષત્રિય)ને ઘેર ઊતર્યા હતા. સુંદર પલંગ બિછાવ્યો હતો. ત્રિભુવન રાય તેના ઉપર વિરાજ્યા. પછી સ્નાન કરીને બહાર આવ્યા. ૧૦. ક્ષત્રાણી (દરબાર જ્ઞાતિના) બહેનો જે હતાં, સજુબા, હકુબા, બાજીબા, ભાવકુંવરબા, ભામનાજી, જીવુબા અને વીરુબા, એ બધાં બાઈઓ શ્રીહરિની આગળ આવ્યાં. દૂર રહીને પગે લાગ્યાં. હરિભક્ત વિપ્રોએ થાળ બનાવ્યો હતો તે

તરત જ શ્રીહરિ પાસે લાવ્યા. ૧૧-૧૨. શ્રીહરિ પ્રેમભાવથી થાળ જમ્યા. સહુ સંતોને જમાડ્યા અને સાથે રહેલા બધા દરબારોને જમાડ્યા. આ રીતે આનંદરૂપી રસ વરસતો હતો. ૧૩. બધા હરિભક્તો ભેળા થયા. તેમણે શ્રીહરિની પૂજા કરી. પછી પ્રેમભાવથી શ્રીહરિનાં ચરણકમળને મસ્તક ઉપર ધારણ કર્યાં. ૧૪.

શ્રીહરિ ધોરાજીથી તૈયાર થઈને ચાલી નીકળ્યા. સાંકળી ગામ પધાર્યા. સમાચાર મળતાની સાથે નરનારી, બધાં હરિભક્તો દોડતા દોડતા સન્મુખ આવ્યાં. ૧૫. ભક્ત ભગવાનજી ઠક્કર વગેરે ઘણા જ હરિભક્તો હતા. તેમણે શ્રીહરિનું સન્માન કર્યું. એ પછી પોતાને ઘેર લઈ ગયા. ૧૬. એક સુંદર પલંગ બિછાવ્યો. રંગભીના-ઘનશ્યામ શ્રીહરિ તેના ઉપર વિરાજ્યા. થાળ ભરીને શ્રીફળ અને સાકર લઈ આવ્યા. સહુના હૃદયમાં વિશાળ આનંદ થયો. આ પ્રમાણેના આનંદથી શ્રીહરિની સહુએ પૂજા કરી અને ઘણા લોકોએ સત્સંગનાં વ્રતમાન લીધાં. ૧૭. ત્યાં શ્રીહરિએ સત્સંગ સારો દૃઢ થાય એવી વાત કરી. વળી કહ્યું, તમે જેટલા હરિભક્તો હો તે સહુએ સાંજે ભેળા થાવું. ૧૮.

**❋ સાંકળી ગામમાં શ્રીહરિએ સત્સંગની મહત્તા કહી :**

**चोपाई :**

**कीर्तन कथा वार्ता करना, कुसंग संग जोई परहरना;**
**सत्संगी कुं धर्म सोहावे, अधर्मी कुं कुसंग सुहावे...१९**
**सत्संग करत सो मालम परही, सत्संग से भवसागर तरही;**
**भवसागर से तरने काजा, सत्संग हे बडो हि जहाजा...२०**

ભગવાનનાં કીર્તન બોલવાં, કથાવાર્તા કરવી અને કુસંગને ઓળખીને તેના સંગનો ત્યાગ કરવો. સત્સંગીને ધર્મ તે શોભા છે-ગમે છે અને અધર્મીને કુસંગ ગમે છે. ૧૯. મનુષ્ય સત્સંગ કરે તો તેને ખબર પડે કે **સત્સંગથી ભવસાગર તરી શકાય છે.** ભવસાગર તરવાને માટે તો સત્સંગ એક મોટું જહાજ છે. ૨૦. **જે કોઈ પણ મનુષ્યની જાતિનો હોય તે સત્સંગરૂપ જહાજમાં બેસે તો તત્કાળ ભવસાગરના પારને પામે છે અને જમપુરી તથા લખચોરાશીના ફેરા ટળી જાય છે. ૨૧.** મહાન પરમ અને અનુપમ ભગવાન

સત્સંગમાં પ્રકટ રૂપમાં વિચરતા હોય છે. એ વાતનું તમારે ધ્યાન રાખવું કે તે ભગવાન તમારું કલ્યાણ કરશે. ૨૨. આપણા સત્સંગના સંતો જ્યારે તમારા ગામમાં આવે ત્યારે તેમને તમારે પાંચદસ દિવસ રાખવા. તેમના ચરણોમાં વંદન કરવા. ૨૩.

જ્યારે સંતો ભગવાનની વાતો કહે ત્યારે પ્રેમરસથી ભરપૂર થઈને તે વાતોને તમારે સાંભળવી. **જે કોઈ હરિભક્ત કહેવાતા હોય તેમણે ક્યારેય ભાંડ કે ભવાઈ જોવા જાવું નહિ. ૨૪.** અમારા બધા જ **હરિભક્તોએ વ્યસનમાત્રનો ત્યાગ કરવો.** બાઈ ભાઈ સહુએ પાણીની સગવડ કર્યા સિવાય શૌચ કરવા જાવું નહિ. ૨૫. શૌચ ગયા પછી શુદ્ધ માટી અને પાણીથી ડાબા એક હાથને દસ વાર ધોઈને બંને હાથ ભેળા કરીને સાત વખત ધોવા. પાણી અને દૂધ વસ્ત્રથી ગાળીને પીવું. ૨૬. **"સ્વામિનારાયણ" નામ બોલીને તેનું ભજન કરવું. તે એક "સ્વામિનારાયણ" નામ જ આ કળિયુગમાં તારનારું કહ્યું છે. ૨૭.**

શ્રીહરિ આટલી વાત કહીને ચાલતા થયા. તે ગામથી પાછા વાતોનો વરસાદ કરતા કરતા ફરેણી ગામ પધાર્યા. ૨૮. ફરેણીના સમગ્ર હરિભક્તો સમાચાર સાંભળીને તુરંત પ્રેમથી શ્રીહરિની સન્મુખ આવ્યા. ગોવાભાઈ અને વેલાભાઈ બે સોની ભક્તો, ભક્ત કાનજી અને રામજીભાઈ વગેરે, ૨૯. તથા જીવીબાઈ, અમૂલાબાઈ અને કેસરબાઈ આદિ સ્ત્રીઓ, લુનાભક્ત આહીર, સુતાર કરસન, વીરજી અને રામજી નામે જે હરિભક્તો, ૩૦. તેમજ હરિદાસ નામે વેરાગી સાધુ, એ બધા ભક્તો મૃદંગ અને ઝાંઝ વગાડીને સામે આવ્યા અને શ્રીહરિના ચરણમાં નમીને પગે લાગ્યા. પછી તેઓ ઉત્સવ કરવા લાગ્યા. ૩૧.

શ્રીહરિ ઘોડે સવાર થયા છે. શરીર ઉપર સોનેરી વસ્ત્ર પહેર્યાં છે. સાથે દરબારોની સોહામણી સવારી ચાલી રહી છે. સુખદાયક શ્યામસુંદર આગળ ચાલે છે. ૩૨. આગળ ઢોલ અને મૃદંગ આદિ વાજિંત્ર વાગી રહ્યાં છે. તેમાં બની- ઠનીને મહારાધિરાજ શ્રીહરિ ચાલ્યા આવે છે. મુક્તાનંદ સ્વામી રથમા બેઠા છે અને સાથેના અન્ય અલૌકિક સંતો સોહામણા લાગે છે. ૩૩. સાંજ થઈ ત્યારે મશાલો સળગી. તેના તેજમાં ધર્મના લાલ શ્રીહરિ ઝળહળી રહ્યા

છે. તેમનાં દર્શન કરીને ગામના લોકો આશ્ચર્યચકિત થઈ ગયા. સામે દેખતા એક મટકું પણ મારતા નથી. ૩૪. શ્રીહરિના અદ્‌ભુત સ્વરૂપનાં દર્શન કરવા ભેળાં થયેલાં નરનારીઓનાં ટોળાં પરસ્પર વાતો કરવા લાગ્યાં કે, આવું અદ્‌ભુત રૂપ આપણે પહેલાં ક્યારેય જોયું નથી. ૩૫. આ ગામમાં અંતર્યામી શ્રીરામાનંદસ્વામી ઘણું રહ્યા છે. સહજાનંદ સ્વામી તો ગુરુ કરતાં પણ ઘણા પ્રતાપી થયા. થોડા દિવસોમાં યશ ઘણો વધાર્યો. ૩૬.

શ્રીહરિ વેલાભાઈ સોનીને ઘેર આવીને ઊતર્યા. હરિભક્તોએ એક સુંદર પંલગ લાવીને બિછાવી દીધો. ૩૭. સુખકંદ શ્રીહરિ આવીને પલંગ ઉપર વિરાજ્યા. મુક્તાનંદ સ્વામી પણ સંતોની સાથે આવીને સુખરૂપ બેઠા. ૩૮. ફરેણી ગામમાં ખેતી કરતા આહીર જાતિના મહાન શૂરવીર હરિભક્તો હતા. તેઓ સત્સંગના નિયમ પાળવામાં ઘણા શૂરવીર હતા. ૩૯. તેઓ શ્રીહરિની પાસે આવ્યા. શ્રીહરિએ તેમને પ્રેમથી બોલાવ્યા અને કહ્યું, તમે કૃષ્ણના દાસ (ભક્ત) છો, તેથી સંતોના પણ દાસ કહેવાઓ. ૪૦. ત્યારે તે બધા આહીર બોલ્યા, અત્યારે તો તમે અમને તજી દીધા છે. જેવું ગોકુળમાં હેત રાખતા તેવું હેત મથુરામાં જઈને ન રાખ્યું. ૪૧. મથુરાથી ભાગીને જ્યારે તમે ગોકુળ આવ્યા ત્યારે અમારા ઉપર બહુ હેત રાખ્યું. કુટુંબી બનીને સૌની સાથે ભળી ગયા. કોઈ પણ જાતની જુદાઈ જણાવી નહિ. ૪૨. નંદના પુત્ર થઈને રહ્યા ત્યારે અલૌકિક સુખ આપ્યું. સહુની સાથે ખાધું પીધું. ઘણા ઉમંગથી ખેલ્યા. ૪૩. તે વેળાએ સહુને ઘણો જ પ્રેમ આપ્યો. ઘેર ઘેર જઈ પ્રેમથી સૌમાં પેસી ગયા. દૂધ, દહીં, માખણ બધું મનમાન્યું છાની રીતે ખાધું. ૪૪. અગિયાર વર્ષ સુધી સહુને સુખ આપ્યું. એક તલભાર પણ કોઈને દુઃખ આવવા દીધું નહિ. અનંત મોટાં કષ્ટો વ્રજવાસીઓને આવ્યાં, તે તમે તુરંત ટાળી નાખ્યાં. ૪૫. પછી જ્યારે મથુરાના રાજા થયા ત્યારે અમારું કાંઈ કામ રહ્યું નહિ. તે સમયથી અમને છોડીને તમે ચાલ્યા ગયા છો. અત્યારની વાત તો તમને શું કહીએ ! ૪૬. જો તમે અમને પોતાના માનતા હો, તો અમારે ઘેર આવો, હજીયે દહીં અને દૂધ વગેરે જમો, એટલા માટે અમે તમને પગે લાગીએ છીએ. ૪૭.

આહીર લુના ભગતને રૂપાઈ અને મનાઈ નામે બે બહેનો હતી. તે ઘણી પ્રેમીભક્ત અને મહાન શૂરવીર હતી. તેમણે જગતના સુખને હરામ કર્યું હતું. ૪૮. ફરેણી ગામના હરિભક્તો બધા જ સમાધિનિષ્ઠ હતા. કોઈની શંકા રાખે નહિ. એવા સત્સંગમાં મહાન બળવાન હતા. ૪૯. તેઓ સિંહના સમાન શૂરવીર હતા. તેનાથી કુસંગ તો થર થર ધ્રૂજતો. દિન પ્રતિદિન તેના સત્સંગનો રંગ તો ચઢતો જ રહેતો. ૫૦. શ્રીહરિ માટે થાળ થયો. શ્રીહરિ અને સંતોને પાવા માટે ભરી ભરીને દૂધનાં વાસણ(માટલાં) લાવ્યાં અને ધોયેલી સાકર પણ લાવ્યા. ૫૧. દૂધનાં વાસણ જોઈને શ્રીહરિએ તે ઉઠાવ્યાં. પહેલાં તેમાં સાકર નાખીને પોતે દૂધ પીધું. ૫૨. પછી બધા સંતોને અને દરબારોને પણ તે દૂધ ખૂબ જ પાયું. જે જે દૂધ લાવ્યા તે બધું સ્વયં પીધું અને ભક્તોને પાયું. ૫૩. જેવો તે ભક્તોનો ભાવ હતો તે પ્રમાણે તે ભક્તોને શ્રીહરિએ ખુશી કર્યા. તે સહુને પોતાના આત્મારૂપ ભક્ત જાણીને આવું અદ્‌ભુત ચરિત્ર કર્યું. ૫૪.

***ઇતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના તૃતીય પૂરમાં 'શ્રીહરિ ધોરાજી થઈ ફરેણી પધાર્યા, આહીર ભક્તોને ત્યાં સંતોએ સહિત દૂધસાકર પીધાં' એ નામે ચાળીશમો તરંગ સમાપ્ત ॥૪૦॥***

## પૂર ત્રીજું : તરંગ - ૪૧

## ગુંદાળા થઈ જેતપુર પધાર્યા, શોભાયાત્રા સાથે દરબારમાં પધરામણી

સવાર થયું ત્યારે શ્રીહરિ નિત્યકર્મ કરીને તત્કાળ ચાલવા તૈયાર થઈ ગયા. દયાળુ કરુણા કરીને **ગુંદાળા** ગામ પધાર્યા. ૧. ઘનશ્યામ શ્રીહરિ પધારે છે, આ સમાચાર સાંભળ્યા. હરિભક્તોને ઘણો જ આનંદ થયો. સૌ પ્રેમાતુર થઈને ટોળેટોળાંના રૂપમાં ભક્તો આવ્યા. ૨. આણંદજી અને કરમસી આદિ બધા વણિક, મીઠાભાઈ સોની, લાખાભાઈ કુંભાર અને કેસરબાઈ આદિ બધી સ્ત્રીઓ, એ સહુ ભેળાં મળીને શ્રીહરિની સન્મુખ આવ્યાં. ઢોલ આદિ વાજિંત્ર વગડાવીને શ્રીહરિને પોતાને ઘેર પધરાવ્યા. ૩-૪. ઘેર ઘેર પલંગ

બિછાવ્યા. ઘણા જ સ્નેહથી શ્રીહરિની પધરામણી કરી. તે વેળાએ સાકરના થાળ ભરી ભરીને શ્રીહરિની પૂજા કરી. ૫. ગામના બધા લોકો આવીને શ્રીહરિના ચરણોમાં નમીને પગે લાગતા. શ્રીહરિ તેમને બોલાવી મૂઠીઓ ભરીને સાકર આપતા. ૬.

શ્રીહરિ ગામના લોકોને કહેતા, સત્સંગ કરજો. માથે મરવાનું તો જરૂર છે. **જે લોકો સત્સંગ કરતા નથી, નિયમ પાળતા નથી તે મરીને જમપુરીમાં જાય છે. ૭. ત્યાં જમ પાપી જીવોને અનેક પ્રકારે મારે છે, ત્યારે જીવ દુઃખથી ઘણો જ પોકાર કરે છે, પણ ત્યાં તેને માતા, પિતા, બંધુઓ, પુત્ર કે નારી કોઈ મદદ કરી શકતા નથી. ૮.** જે મિથ્યા ગુરુઓ છે, તે કાંઈ કામ આવતા નથી. સાચા ગુરુઓ છે તે જ જમપુરીથી છોડાવે છે. **તે સાચા ગુરુ અત્યારે સત્સંગમાં છે.** માટે સમજીને તેમનો હાથ પકડવો જોઈએ. ૯. સંસારમાં ડૂબનારાનો હાથ પકડનારા સંતો તો અહીં છે. ભાગ્યશાળીને આ વાત મનાય છે. આવો સત્સંગનો જોગ વારંવાર થોડો પણ આવવાનો નથી. ૧૦. સમય જતો રહેશે પછી અમને યાદ કરીને રડશો, પણ ત્યારે તમે સત્સંગ સન્મુખ થઈ શકશો નહિ. શ્રીહરિની આવી વાત સાંભળીને ગામના સહુ લોકો શ્રીહરિને શરણે આવ્યા અને સત્સંગનાં વ્રતમાન લીધાં. ૧૧.

શ્રીહરિ ગુંદાળાથી ચાલવા તૈયાર થયા. શરીરે બધાં સોનેરી વસ્ત્ર પહેર્યાં. અખિલભુવનપતિ રાજાધિરાજ બનીને ઘોડે સવાર થયા. ૧૨. ગુંદાળાથી નીકળેલા શ્રીહરિ જેતપુર પધાર્યા. સમાચાર સાંભળીને સમગ્ર હરિભક્તો સામે આવ્યા. તે નામ આ પ્રમાણે છે. ૧૩. વામન ભટ્ટ, અજરામર, જેરામ અને જીવનભાઈ, વેલુબાઈ, દેવબાઈ, પૂતળીબાઈ અને પાર્વતીબાઈ એ બધા વિપ્રો, નિષ્કામ ભક્તો હતાં. ૧૪. ભગવાન, ડુંગર, ભાણો, માવજી અને અજુબાઈ એ કણબી હરિભક્તો, સુથારમાં ઠાકરસી, આંબાભાઈ, માનુબાઈ, અમરબાઈ અને ટબીબાઈ હતાં. ૧૫. તે બધાં ભક્તો શ્રીહરિ પાસે આવ્યાં અને અપાર પ્રેમભાવથી ચરણોમાં પડ્યાં અને તે સહુ હરિભક્તોના મનમાં ઘણો આનંદ ઉલ્લાસ થયો. ૧૬. જેતપુર પાસે ભાદર (ગંગા)નામે મોટી નદી વહે છે. ત્યાં રામાનંદસ્વામી ઘણી વાર નાહ્યા હતા

અને શ્રીહરિ પણ મોટેરા બધા સંતોને સાથે લઈને અનેક વાર નાહ્યા છે. ૧૭. નદીમાં જ્યાં પાણી ઊછળીને ધોધના રૂપમાં વહેતું હતું ત્યાં મુક્તાનંદ સ્વામી આદિ સંતોને સાથે લઈને શ્રીહરિ ગયા. ૧૮. જેતપુર ગામથી ઉત્તર દિશામાં તે પુષ્કળ જળપ્રવાહ વહેતો હતો, ત્યાં સ્નાન કર્યું. તે પ્રવાહમાં જો અજાણ્યો માણસ નહાવા પડે તો તેના પ્રાણ જાય, એવી ત્યાંની સ્થિતિ હતી. ૧૯. જ્યાં મહાન વિકરાળ એવો વળાંક છે, ત્યાં નહાવામાં લોકોને ડૂબી જવાનો ભય રહેતો હોય છે. અનુભવ રહિત માણસ જો તે પાણીમાં પડે તો નિશ્ચિત તેનું મૃત્યુ થઈ શકે છે. ૨૦.

તેને જોઈને શ્રીહરિએ કહ્યું, “આ ભયાનક સ્થળથી સહુ દૂર રહેજો.” એટલે બધા સંતો તે સ્થળથી દૂર રહીને નાહ્યા. ૨૧. સ્નાન કર્યા પછી બધાં સોનેરી વસ્ત્ર પહેર્યાં અને શ્રીહરિ રંગલહેરી બન્યા. ભાદરનો તે કિનારો ઘણો સુંદર હતો. તેમાં શ્યામ મણિ જેવા વિશાળ પથ્થર ઘણા હતા. ૨૨. શ્રીહરિએ તેમાં શ્યામ પથ્થરની મોટી ખડક દેખી. તે ઉંચાઈમાં સહુથી વધારે હતી. બધાને દર્શન દેવા માટે શ્રીહરિ તેના ઉપર ચઢીને બેઠા. ૨૩. તે સમયે જેતપુર શહેરના અપાર લોકો શ્રીહરિનાં દર્શન કરવા માટે ત્યાં આવ્યા. તેઓ ફૂલના હાર અને મેવાઓને લાવ્યા હતા. શ્રીહરિને મોટા દેવ માનીને ફૂલહાર પહેરાવ્યા. ૨૪.

જેતપુર ગામ ભાદર નદીને કિનારે રહ્યું છે. તેને ચોતરફ મોટો પથ્થરનો કિલ્લો છે. તેમાં ઘણા મજબૂત બુરજ હતા, તેનાથી તેની શોભા ઘણી દીપતી હતી. ૨૫. રાજદરબારમાં સાત માળનો મહેલ સોહામણો હતો. ચારે તરફ તેને ઝરૂખાઓ શોભતા હતા. તે ઘણો વિશાળ અને ઉજ્જ્વળ હતો. ૨૬. નદીને કિનારે અનેક જાતની ફૂલવાડીઓ હતી. બગીચાઓમાં રહેલાં જાત જાતનાં વૃક્ષો મનમાં સ્નેહની ભાવના ઉપજાવતાં હતાં. ૨૭. શ્રીહરિ કહે, “નદીને કિનારે જે પુર હોય તેની શોભા સહુથી અધિક દીપે છે. અને તે અમને સહુથી વધારે ગમે છે. ૨૮. જ્યાં જ્યાં આવું પુર હોય છે ત્યાં ત્યાં અમે બે દિવસ વધારે રહીએ છીએ. નદીના કિનારાની ઝાડી જોઈને તો વધારે દિવસ રહેવાય છે. ૨૯. નદીના કિનારાનું સ્થળ ઘણું પવિત્ર કહેવાય. ત્યાં

ધ્યાન કરવામાં આનંદ થાય છે. જે યોગની કળાઓને જાણતા હોય એવા યોગીને માટે તો આ સ્થાન ઘણું સુખદાયક ગણાય. ૩૦.

શ્રીહરિ આવી વાતો કહે છે. તે સમયે જેતપુર ગામના રાજા (ઉનડ ખુમાણ) ત્યાં આવ્યા. તેઓ કાઠી દરબારોની જ્ઞાતિમાં શિરોમણિ ગણાતા. ૩૧. જેટલો વાળાક પ્રદેશ કહેવાય છે તે બધામાં ઉનણ ખુમાણનું રાજ્ય હતું. જેઓ હરિભક્ત હતા. ત્યાંના રાજા(મૂળુવાળા)ના માસિયાઈ ભાઈ થતા. ૩૨. તેમણે જઈને દરબારને સમાચાર આપ્યા, એટલે રાજા જૈતા વાળા અને મૂળુ વાળા નામે બંને ભાઈ શ્રીહરિ જ્યાં બેઠા હતા ત્યાં હરખપૂર્વક આવ્યા. ૩૩. બધા કુટુંબને સાથે લાવ્યા હતા. આવીને શ્રીહરિને પગે લાગ્યા. તેઓ આવ્યા એટલે શ્રીહરિએ તેમને પાસે બોલાવીને બેસાડ્યા. ૩૪. શ્રીફળનો થાળ ભરીને લાવ્યા હતા. તે સમયે તે શ્રીહરિની આગળ મૂક્યો. પછી બંને હાથ જોડીને તેઓ શ્રીહરિ પાસે બોલ્યા, આજ અમારાં ભાગ્ય છે કે અમને સહેજે આપનાં દર્શન થયાં. અમે તો અધમ અને મહાપાપી છીએ. તેને લીધે અમને આપનાં દર્શન ક્યારેય થાય નહિ. ૩૫-૩૬.

પરંતુ આપનું અધમઉદ્ધારણ નામ છે તે આપે આજે સત્ય કરી દયા કરીને દર્શન આપ્યાં છે. અને તેથી અમારાં બધાં કાર્ય સફળ થઈ ગયાં. ૩૭. અમારા દિલમાં ઘણા દિવસથી આપના દર્શનની અભિલાષા હતી. તે આજે આપે પૂરી કરી છે, તો હવે અમારો ઉદ્ધાર કરવા અમારી બાંય ગ્રહણ કરો. ૩૮. આપ તો અનાથોના નાથ છો તો આપના દાસની અરજને સાંભળો. અમે હાથ જોડીને કહીએ છીએ તો આપ પુરના લોકોના હિતને માટે પુરમાં પધારો. ૩૯. મૂઢ લોકો આપના મહાપ્રતાપને જાણતા નથી. પરંતુ તેમના બધાં પાપ આપના દર્શનથી બળી જાશે. ૪૦.

શ્રીહરિએ રાજાના હૃદયનો શુદ્ધ ભાવ જોયો, એટલે હસીને પુરમાં જવા તૈયાર થયા. ત્યારે દરબારે પોતાની સવારી બોલાવી અને ડંકા, નિશાન અને બધાં ભારે વાજિંત્ર પણ મગાવ્યાં. ૪૧. અશ્વ સોનેરી સાજથી શણગારેલો હતો અને સોનેરી વસ્ત્રો તથા ઘરેણાંથી શોભતા શ્રીહરિ તૈયાર થયા હતા. સહુ એક જ સમયે ઘોડે સવાર થયા ત્યારે આગળના ભાગમાં

ચોપદાર નેકી પોકારતો હતો. ૪૨. અનંત પ્રકારનાં વાજિંત્ર વાગવા લાગ્યાં. તેના ધ્વનિથી આકાશ ગાજી રહ્યું હતું. અપાર ગુલાલ ઉડાડવાથી તેની ડમરી ચડી હતી. ગુલાલથી આકાશ છવાઈ ગયું હતું. ૪૩. ભક્તો મંગળમય ધોળ રાગનાં કીર્તનો ઝાંઝ-મૃદંગ સાથે આનંદ-ઉલ્લાસથી ગાતા હતા. જ્યારે જેતપુર શહેરને દરવાજે પહોંચ્યા ત્યારે આરબોની (યવનની) એક ટુકડી સામે આવી. ૪૪. તે દૂર રહીને શ્રીહરિને પગે લાગ્યા. તેઓ કમર ઉપર રાખેલા જમૈયા (વાંકા આકારનો અરબી છરો) અને છરાને એક બાજુ કાઢી નાખીને પોતાની ભાષામાં બોલતા બોલતા શ્રીહરિની આગળ નાચવા લાગ્યા. ૪૫. જેતપુર ગામની બજારોને વાળી સાફ કરાવીને તેમાં પાણી છાંટી દીધું હતું. શ્રીહરિની સવારીની સુંદર શોભા જોઈને નરનારી બધાં લોકો ઊભરાઈ આવ્યાં. ૪૬.

બધા લોકો હાથ જોડીને પગે લાગતા હતા. સહુના હૃદયમાં મહાન આનંદ છવાઈ રહ્યો હતો. કેટલાક લોકો તો ગોખમાં અને અટારીઓ ઉપર ચઢીને ઘનશ્યામ શ્રીહરિની છટાનાં દર્શન કરતા હતા. ૪૭. દરબાર વાઘજીભાઈ શ્રીહરિને મસ્તકે છત્રધારી રહ્યા હતા અને વર્ણી (મુકુંદાનંદ) ચતુરાઈથી ચામર કરતા હતા. તે અનંત શોભા કહી શકાતી નથી. ૪૮. તે દરબારોએ અપાર આદરભાવથી શ્રીહરિને રાજદરબારમાં સુંદર ભવનમાં પધરાવ્યા. ૪૯. સોનેરી પલંગ ઉપર ગાદીતકિયા બિછાવ્યાં અને ઘણા જ હેતથી તેના ઉપર શ્રીહરિને વિરાજમાન કર્યા. ૫૦. વિપ્રોને બોલાવીને સાકરનાં પકવાન કરાવ્યાં અને સારાં કૂણાં રીંગણાં મગાવીને તેનું ઘીમાં શાક કરાવ્યું. ૫૧. થોડીવારમાં જ વિવિધ પ્રકારનાં ભજિયાં તથા વડાં કરાવ્યાં. ઉદાર સ્વભાવના બધા વિપ્રવરો રસોઈ બનાવવામાં ઘણા ચતુર હતા. ૫૨.

***ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના તૃતીય પૂરમાં 'શ્રીહરિ ગુંદાળા થઈ જેતપુર પધાર્યા, શોભાયાત્રા સાથે દરબારમાં પધરામણી કરી' એ નામે એકતાળીશમો તરંગ સમાપ્ત ॥૪૧॥***

## પૂર ત્રીજું : તરંગ - ૪૨

## જેતપુર દરબાર સાથે ધર્મ-અધર્મની વાતચીત

જ્યારે બધી રસોઈ તૈયાર થઈ ગઈ ત્યારે દરબાર આવ્યા. શ્રીહરિ આગળ હાથ જોડીને બોલ્યા, પ્રભુ ! રસોઈ તૈયાર થઈ ગઈ છે. જમવા માટે પધારો. આપની સાથે જે કોઈ પણ આવ્યા છે તે બધા પણ જમવા માટે ઊઠે. ૧-૨. પહેલાં શ્રીહરિ ગયા અને જમી લીધું. પછી સ્વયં સહુને પીરસવાને માટે તૈયાર થયા. ૩. સંતો, પાર્ષદો અને સાથે આવેલા બધા દરબારો, સહુને પંગતમાં જમવા બેસાડ્યા અને સ્વયં શ્રીહરિ પીરસવા લાગ્યા. ૪. જેતપુર ગામના દરબારો અને તેમના બધા કુટુંબીઓ, તેમને શ્રીહરિએ પોતાને હાથે પીરસીને જમાડ્યા. તેથી તેઓ મહાન ભાગ્યશાળી ગણાયા. ૫. શ્રીહરિની સેવા ઘણી કરી. મહાન અલૌકિક લાભ લીધો. જેઓ શ્રીહરિની સાથે ભાદર નદીમાં નાહ્યા તેમનાં તો મહાન ભાગ્ય ગણાય કે જે વર્ણવી શકાતાં નથી. ૬. સુખકારી શ્રીહરિએ એક જરિયાની રેટો દરબારને બંધાવ્યો. પછી લક્ષ્મીના નિવાસરૂપ શ્રીહરિએ મુક્તાનંદસ્વામી પાસે સંગીત કરાવ્યું. ૭.

તે પછી તે દરબાર હાથ જોડીને બોલ્યા, હે હરે ! આપ મારી એક વિનંતી સાંભળો. આ જેતપુર આપની ગાદીનું ગામ છે અને રામાનંદસ્વામીનું આ સ્થાન છે; ૮. તો આ સ્થાનને ક્યારેય ખાલી (શૂન્ય) ન કરવું જોઈએ. આપે અહીંયાં આવતા રહેવું જોઈએ. દર વરસે એક વાર તો આપે અહીંયાં ચાહીને આવવું જ જોઈએ. ૯. સ્વામી, આ દરબારગઢ આપનો જ છે. હે અંતર્યામી, આપ અહીંયાં અખંડ રહો. તે સાંભળીને શ્રીસહજાનંદ સ્વામીએ તેમને કહ્યું, ૧૦.

### ❋ શ્રીહરિએ ધર્મ અને મોક્ષની વાત કરી :

દરબાર, મારી વાત સાંભળો. તમે બધા ઘણા રજોગુણી ગણાઓ. અમે સાધુ અને તમે રાજા. તમે લોકો અમારી મર્યાદા રાખી શકો નહિ. ૧૧. એટલે અમારે અને તમારે તાન મળે નહિ. અને તાલમેળ આવ્યા સિવાય જ્ઞાન ક્યાંથી થાય ! અમારા પુરનું નામ 'ધર્મપુર' છે. ધર્મની ગાદીથી અમે દૂર ન રહીએ. ૧૨. દૃઢ 'નિયમ' તે ધર્મપુરનો મોટો કિલ્લો છે. તેનો પાયો પાતાળ

સુધી છે. તે નિયમરૂપ કિલ્લાને દઢપણે ધર્મપુરની ચારે બાજુ દઢ બનાવ્યો-વધાર્યો છે. ૧૩. તે કિલ્લો ચારે ધામ સુધી પહોળો છે. ઊંચાઈમાં એ અષ્ટ આવરણથી પરે છે. ચારે ધામની વચ્ચેના અવકાશમાં અમારો મહેલ છે. ૧૪.

સત્સંગરૂપી અમારો દેશ છે. અમે તેનું રાજ્ય કરીએ છીએ. તે દેશમાં જઈને અમે મુમુક્ષુજનોને ઉપદેશ કરીએ છીએ. ૧૫. બધા વર્ણના સત્સંગીઓ અનેક પ્રકારનાં કલ્પવૃક્ષો છે. ભક્તની જાતિ ઉત્તમ છે. અભક્ત બધા નીચ જાતિના છે. ૧૬. છતાં પણ લોક-વ્યવહારની દૃષ્ટિએ બધું પ્રેમથી ચલાવીએ છીએ. વર્ણાશ્રમનો ધર્મ પળાવીને સહુને મોક્ષને માર્ગે આગળ ચલાવીએ છીએ. ૧૭. ધર્મરૂપી પુરમાં જે રહે છે તે મનુષ્યોને કોઈનો ભય રહેતો નથી. જમદૂતોના ધાડા નિત્ય કેટલાયે ફર્યા જ કરે છે. અને તેઓ કેટલાયે જીવોને ઉઠાવી જાય છે. ૧૮. મહાજંગલમાં તો વરુ અને વાઘ પ્રાણીઓને ખાઈ જાય છે, પણ તે કોટમાં અંદર આવી શકતા નથી. કોઈ રાજા કહેવાતા હોય કે કોઈ રાંક હોય કોટના આશ્રય વિના તો સૌની એક સરખી જ ગતિ છે. ૧૯.

જ્યારે જીવનનો અંત સમય આવે છે ત્યારે લૌકિક કોટ કોઈ રક્ષા કરી શકતા નથી. જે ધર્મ નિયમના કોટ-કિલ્લામાં હોય તે જ નિર્ભય રહે છે. તેનાથી તો જમદૂતો પણ ડરે છે. ૨૦. અંતરદૃષ્ટિ કરીને વિચારી જોશો તો જણાશે કે ખરેખર જીવને ભય તો પોતાના દેહથી જ છે. સમય ગયા પછી કરેલો વિચાર કાંઈ કામમાં આવતો નથી. એટલા માટે અમે તમને સાચી વાત કહીએ છીએ. ૨૧. પોતાના જીવના મોક્ષ માટે તમે અમને સહુને જમાડ્યા છે. એટલા માટે જ અમે તમને મોક્ષની વાત સમજાવીએ છીએ. **ઉત્તમ મિત્ર તો તે કહેવાય કે જે પોતાના મિત્રને દુઃખ લગાડીને પણ તેના હિતની વાત કહે. ૨૨.**

**चोपाई :**

**अपनो परम हित करे एसा, जग में मित्र न रहे तेसा;**
**परम हित करे जिय को जेई, साचे मित्र कहावत तेई...२३**

પોતાનું પરમ હિત કરે એવા મિત્રો જગતમાં બહુ હોતા નથી. અને જે જીવનું પરમ હિત કરે, તે જ સાચો મિત્ર કહેવાય છે. ૨૩. અજ્ઞાની જીવો તો દેહને અને જીવને એક જ કહે છે. દેહમાં રહીને જો જીવ ભગવાનનું

ભજન કરે તો તે દેહને અમૂલ્ય કહેવાય, દેહમાં રહીને પણ જો ભગવાનને ભજાય નહિ, તો દેહને શત્રુ જાણવો. ૨૪. **વેદ, શાસ્ત્રો અને પુરાણો એ બધાનો એક જ સિદ્ધાંત છે કે જે સત્યને અને અસત્યને એક માને તે અદાંત (અસંયમી-અસાધુ) છે. ૨૫.**

આપણો દેહ જ મોક્ષમાર્ગનું અને નરકનું કારણ છે. દેહથી સત્સંગ થાય તો મોક્ષમાર્ગે ચલાય છે અને દેહથી કુસંગ થાય તો નરકમાં જવાય છે. અને તેનું કારણ પણ તેમાં હેત (સ્નેહ) છે. ૨૬. મનમાં જે કાંઈ વિચારો હોય પણ હેત વિના કશું થતું નથી, એટલે જે હેત કરવું તે લાભ-ગેરલાભને વિચારીને જ કરવું. ૨૭. જે મનુષ્ય ગેરલાભમાં લાભ માને છે તેને તો મહાન પાપી જાણવો. તેના માથે તો દુઃખના ડાભ ઊગે છે અર્થાત્ તેને કોઈ દુઃખનો અંત આવવાનો નથી. ૨૮. ત્યારે દરબારે કહ્યું, આપ જે કહો છો તે સાચી વાત છે. આપના સમાન કોઈ જાણકાર નથી. અમારા મનમાં એ દૃઢ થઈ ગયું છે. ૨૯. આ જગતમાં જે જે ગુરુઓ કહેવાય છે તે બધા ધન અને સ્ત્રીના જ યારી છે. મનને આકર્ષે એવાં કીર્તન બોલે અને કથા કરે, પણ અંદર જો દેખવામાં આવે તો તેની નીતિ-રીતિ ગધેડાના જેવી વાસના ભરેલી જણાશે. ૩૦. મૃદંગ આદિ વાજિંત્રોને બરાબર તાલમાં વગાડે, પણ તેનું તાન પોતાના ઈન્દ્રિયોને તૃપ્ત કરવામાં હોય છે. તેમનું દેશ વિદેશમાં ફરવાનું કારણ પણ સ્ત્રીનો સ્નેહ પ્રાપ્ત કરવો તે જ હોય છે. ૩૧. પંચધૂણી તાપવી, શરીરે દિગંબર રહેવું, યોગની ક્રિયાઓ કરવી વગેરે પણ રસાસ્વાદ માટે કરતા હોય છે. જંગલના ફળ ખાઈને રહેવુ, એકલું દૂધ જ પીવું, વાયુભક્ષણ કરીને રહેવું ઈત્યાદિ પ્રવૃત્તિ પણ છેલ્લે તો પોતાના ઈન્દ્રિયોને પોષવા માટે કરતા જણાય છે. કેટલાક તો આવી ક્રિયાઓથી મરીને પણ પોતાને સિદ્ધ કહેવડાવવાના પ્રયત્ન કરતા હોય છે અને છાની રીતે ભોગોને ભોગવતા હોય છે. ૩૨-૩૩.

શિષ્યો પોતાના ગુરુનો મહિમા પોકારી પોકારીને ગાતા હોય છે. 'આ સહુથી ભારે મોટા સિદ્ધ છે, આને કોઈ પણ જાતના વિષયમાં રુચિ નથી.' આવું કહેવડાવીને પણ વિષયનો સ્વાદ અધિક ભોગવતા હોય છે. ૩૪. લોકો

દેખે તેમ તેને ઝેર કહે છે અને વળી તે જ બરફીને ખૂણામાં બેસી ખાય છે. સીધા માણસને માટે દુનિયા ઊંધી છે અને ઊંધા માણસને માટે દુનિયા સીધી છે. ૩૫. સિદ્ધોની અંદરની વાતને તો સિદ્ધો જ જાણતા હોય છે. જો બીજો માણસ કાંઈ બોલે તો તેને ઈર્ષા કહેવાય છે. જેમ જેમ કળિયુગ આગળ વધતો જશે તેમ તેમ ઉપર કહેલી વાત સાચી પડતી જશે. લોકો સાચા સિદ્ધની નિંદા કરશે અને ખોટા સિદ્ધને વંદન કરશે. ૩૬. સત્સંગની વાત તો અમે આપની પાસે જ જાણી. અને સત્સંગ જ સાચી વાત છે. બીજું બધું તો હૃદયમાં ઘાત-ઉદ્વેગ કરે તેવું છે. ૩૭.

હે ઘનશ્યામ ! સત્યને ઓળખીને જ અમે આપની સેવા કરીએ છીએ. આપના સંતો જ સાચા સંત છે. બીજા બધા તો કામને આધીન છે. ૩૮. આજ દિવસ સુધી જો આપ પ્રકટ ન થયા હોત તો બધું એકાકાર થઈ ગયું હોત અને અધર્મે ધર્મને લઈ લીધો-નષ્ટ કરી દીધો હોત. ૩૯. બ્રાહ્મણો પણ વેદ શાસ્ત્રોના અર્થને અધર્મ તરફ લઈ જાય છે. બધાની રુચિ અધર્મ તરફ થઈ ગઈ છે એટલે તેનો ઉચ્છેદ કોણ કરે ? અર્થાત્ તેને કોણ રોકે ? ૪૦. અમે જે અત્યારે ક્ષત્રિય રાજા છીએ. તે ચાર ધામની યાત્રામાં જઈએ ત્યારે ત્યાં જે સારા વિદ્વાન વિપ્રો હોય તે અમને એવું કહેવા લાગે છે કે, ‘માંસ અને દારૂ ખાવાંપીવાં, તે તો ક્ષત્રિયોનો આદિ કાળનો ધર્મ છે. તેનાથી ક્ષત્રિયોમાં તેજ-શક્તિ વધતી રહે છે.’ તે આવો ઉપદેશ કરે છે. ૪૧-૪૨. ગુરુ થઈને અધર્મ માર્ગની બધી રીતોને પ્રેમથી શીખવે. સ્વયં શ્રેષ્ઠ વિપ્ર હોવા છતાં જેને દારૂ-માંસમાં રુચિ ન હોય તેને પણ રુચિ ઉત્પન્ન કરાવે છે. ૪૩.

જગતમાં બ્રાહ્મણથી કોઈ ઊંચા કહેવાય નહિ. તેમના જીવનમાં અત્યારે કાંઈ અપવિત્રતાની સૂગ રહી દેખાતી નથી. તેઓ રાત દિવસ ગીતાનો પાઠ કરે, કેટલાયે ગાયત્રી મંત્રોનો જપ કરે, ૪૪. નહાય-ધોવે, સંધ્યા વંદનાદિ કરે, બહારથી પવિત્ર રહે પણ હૃદયમાં અધર્મ અને અપવિત્રતા ભરી હોય છે. શ્રીકૃષ્ણ પરમાત્માથી કોઈ મહાન કહેવાય નહિ, છતાં તેઓ માતાને શ્રીકૃષ્ણથી મહાન ઠેરાવી દે છે. ૪૫. દેવીને દારૂ અને માંસ ભાવે છે, તેના વિના બીજું કાંઈ દેવીને ગમે નહિ; આવાં અનંત વચનોને વિપ્રો ઘેર ઘેર કહેતા ફરે છે.

૪૬. ચાર વર્ણોમાં વિપ્ર સૌથી શ્રેષ્ઠ-ઉત્તમ ગણાય. તેઓ કોઈ એવા વેદનાં વચનોને લાવીને 'હરિ' અને 'હર' બંનેનું એકાત્મપણું કહે. ૪૭. તે પછી શિવ અને શક્તિ, બંનેને એક કહે. શિવ અને શક્તિમાં એક લેશમાત્ર પણ જુદાઈ ન માને. પછી કહે કે જે વસ્તુ શક્તિને ગમે-પ્રિય લાગે તે શિવને પણ ગમે. આવું મુખથી બોલતા તેઓને શરમ પણ આવે નહિ. ૪૮.

કાશીના સમાન જગતમાં બીજી કોઈ પુરી નથી. બધા ગ્રંથો છપાઈને કાશીથી જ પ્રસિદ્ધ થાય છે. ૪૯. વેદ, શાસ્ત્રો અને પુરાણોના સારા વિદ્વાન વક્તાઓ પણ કાશીમાં હોય છે. તે બધા તેવા શક્તિપંથીના ગ્રંથોને પ્રકટ કરે છે. તેને હૃદયમાં પાપનો ભય પણ લાગતો નથી. ૫૦. અત્યારે પ્રકટ થઈને આપે તે બધાને દબાવી દીધા છે, તે આપનું સામર્થ્ય છે. તેને અમે બધી રીતે જાણીએ છીએ. ૫૧. આપનાં આવાં અનંત સામર્થ્યને કહેતા કહેતા પણ તેનો છેડો આવતો નથી, એટલે **આપ બધા જ અવતારો કરતાં મહાન બળવાન શક્તિમાન થયા છો. ૫૨.**

***ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના તૃતીય પૂરમાં 'જેતપુરમાં દરબાર સાથે ધર્મ-અધર્મની વાતચીત કહી' એ નામે બેતાળીશમો તરંગ સમાપ્ત ॥૪૨॥***

## પૂર ત્રીજું : તરંગ - ૪૩

## મુક્તાનંદસ્વામીએ દરબારને શ્રીહરિના પ્રતાપની વાત કરી

પછી જેતપુરના દરબાર મૂળુ વાળાએ ફરીને શ્રીહરિને કહ્યું, હે પ્રભુ, ધર્મકુમાર આપ મારી વાત સાંભળો. હજી અહીંયાં બે દિવસ રોકાઓ અને વિભિન્ન પ્રકારની સમાધિ અમને બતાવો. ૧. આપનો પ્રતાપ રામાનંદસ્વામી કરતાં અનંત ગણો છે. તે આપના સંતો આવીને કહે છે, તેને અમે નિત્ય સાંભળીએ છીએ. ૨. ત્યારે શ્રીહરિએ તેમને કહ્યું, સુજ્ઞ રાજા, તમે સાંભળો. 'સમાધિ થવી' તે અમારા ગુરુ રામાનંદસ્વામીનો બધો પ્રતાપ છે. ૩. શિવજીએ ઉમાદેવીની આગળ ગુરુનો પ્રતાપ અતિશય કહ્યો છે. અત્યારે તે પ્રતાપને

સ્વયં રામાનંદસ્વામી અમારામાં દેખાડે છે. ૪. **ગુરુની ઈચ્છા સિવાય કાંઈ થતું નથી.** એવા ગુરુ તો એક શ્રીકૃષ્ણ જ કહેવાય છે. અમે નિત્ય તેમનું ધ્યાન કરીએ છીએ. બધા લોકોને તેમની ઓળખાણ ન હોઈ શકે. ૫.

મનોહર મૂર્તિ શ્યામસુંદર તે શ્રીકૃષ્ણ ગોલોકધામમાં રહે છે. અમે તેમને અખંડ ધારી રહ્યા છીએ. તેમને એક પળવાર પણ અમે અલગ કરતા નથી. ૬. ઊઠતાં, બેસતાં, ચાલતાં, ખાતાં, પીતાં, સૂતાં, તેલની ધારની જેમ અખંડ તેમને અમે એકધારા ધારી રહ્યા છીએ. તેઓ અમારા જીવનપ્રાણ છે. ૭. અમે તેમની સાથે એક જીવ કરીને રહ્યા છીએ. તે બધી વાત હવે હું તમને કહું છું. દેહ વિના જીવ ન રહે અને જીવ વિના દેહ ન રહે, તેમ અમે તેમના વિના એક પળ પણ રહેતા નથી. ૮. તેમ અમે એક થઈને રહીએ છીએ. એમનામાં અને અમારામાં બિલકુલ જુદાઈ નથી. એક જ શરીર અને એક જ આત્મા છે. એક જ ખાવાનું અને એક જ પીવાનું છે. ૯.

ત્યારે તે દરબારે હાથ જોડીને કહ્યું, હે નાથ ! વિનંતિ સાંભળો. આપના ઘરની વાત ઘણી મોટી હોય, અમે તો થોડી સમજણવાળા છીએ, એટલે તેને સમજી શકીએ નહિ. ૧૦. બ્રહ્મા, ભવ, ચાર સનકાદિકો, શારદા, શેષ, નારદ વગેરે મોટા દેવતાઓ અને આગમ કે નિગમ-વેદ કોઈ આપના પારને પામતા નથી, એ બધા આપનાં ચરિત્રોમાં મૂંઝાય છે. ૧૧. એવી ગહન બાબતમાં અમારું ચિત્ત સ્થિર ન થાય, ઊલટો આપનો દ્રોહ થાય. આપના સિવાયના બીજા અનંત અવતાર થયા છે, તેનો પણ કોઈ પાર લઈ શક્યું નથી. ૧૨. આપ સદા અમાપ છો, કોઈના માપમાં આવો તેવા નથી. જો આપ કોઈના માપમાં આવો તો આપને અમાપ કેમ કહેવાય ? ૧૩. વિભ્રાંત ચિત્તની વૃત્તિઓ અનેક થઈ જાય છે તે એકરૂપ કેમ થાય ? જેમ માટીના ઘડામાં અનેક છિદ્ર હોય પછી તેમાં પાણી કઈ રીતે ભરી શકાય ? પાણી નીકળી જ જાય. તેમ અમારા ચિત્તની વૃત્તિમાંથી વાતો નીકળી જાય છે. તેને હવે આપ એક કરો. ૧૪. ત્યારે કૃપાળુ શ્રીહરિ બોલ્યા, દરબાર, તમે મારી વાત સાંભળો. આ મુક્તાનંદ સ્વામી દયાળુ છે. તેઓ જે કહે, તેને તમે સાંભળો. ૧૫. મહામુનિ મુક્તાનંદ સ્વામી શ્રીહરિના મહિમાને જે સમજતા

હતા. તે દરબારની આગળ કહેવા લાગ્યા. તે વાતને હવે હું કહું છું. ૧૬. પછી મુક્તાનંદ સ્વામી વાત કહેવા લાગ્યા, દરબાર ! બાપુ, હવે સાંભળો, દૃષ્ટાંત સાથે સિદ્ધાંતની વાત કહું છું. દૃષ્ટાંત સિવાય વાત અંતરમાં રહેતી નથી. ૧૭. ઘડા બે જાતના છે. ૧-માટીનો અને ૨-ધાતુનો, તેમ જીવ પણ બે પ્રકારના છે. ૧-આસુરી જીવ અને ૨-દૈવી જીવ. ૧૮. ધાતુનો ઘડો દૈવી જીવ છે અને માટીનો ઘડો આસુરી જીવ છે. તેમાં આસુરીનું ચિત્ત એક ન હોઈ શકે. અનેક ચિત્ત (વિભ્રાંત ચિત્ત) હોવાથી તેનો જન્મ નષ્ટ થઈ જાય-ખોવાઈ જાય છે. ૧૯. જેમ કોઈ ઝાડના નાના રોપાને વારંવાર ઠેકઠેકાણે ફેરવીને રોપવામાં આવે તો તે રોપાને કોઈ પણ જાતનું ફળ ક્યારેય ન આવે. પરંતુ તે રોપ સમૂળગો સુકાઈ જાય. તેમાં ફૂલ કે ફળ કાંઈ આવે જ નહિ. ૨૦. તે આસુરી જીવની રીત છે, જે ગીતામાં સ્પષ્ટ રીતે કહી છે.

ત્યારે દરબાર બોલ્યા, તમે સાચી વાત કહો છો. ૨૧. પ્રહ્લાદ અને બલિ મહાન અસુર કહેવાયા છે, તેમનું ચિત્ત કેમ એક(એકાગ્ર) થયું ? ત્યારે મુક્તાનંદ સ્વામી તેમને ફરી વાર સમજાવવા લાગ્યા, જેનાથી દરબારને લેશમાત્ર પણ સંદેહ રહે નહિ. ૨૨. પ્રહ્લાદ અને બલિનું બીજ કોઈ ઓર હતું. બીજ પ્રમાણે ફળ થાય. જાતિ છે તે ખેતર છે. જેવું બીજ હોય તેવું ખેતર ઉગાડે છે. ૨૩. ધાતુના ઘડામાં જો છિદ્ર પડે તો કારીગર તેમાં રેણ મેળવીને તેને બંધ કરી દે છે-એક કરી દે છે.

**દૈવી જીવ જે કહેવાય છે તેને તેનો કારીગર સદ્‌ગુરુ મળે ત્યારે તે સદુપદેશ રૂપ રેણથી ભ્રાંતિ મટાડીને એકચિત્ત કરી દે છે. ૨૪. જો ઈલમી(સદ્‌ગુરુ)માં વિશ્વાસ હોય તો તો ચિત્ત એકાગ્ર થઈ જાય. અને જ્યારે ચિત્ત એકાગ્ર થાય, ત્યારે તેના હૃદયમાં ભગવાન પ્રકટ અનુભવાય. ૨૫.** પતિવ્રતાની ટેકના જેવી હરિભક્તને ભગવાનના સ્વરૂપમાં એક જ ટેક હોય. પતિવ્રતા સ્ત્રીનું ચિત્ત પોતાના પતિને છોડીને અનેક વૃત્તિવાળું વિભ્રાંત ન થાય. ૨૬. પતિવ્રતા સ્ત્રી પોતાના પતિ સમાન કોઈને દેખે નહિ. અરે ! દેવ કેમ ન હોય ? તોપણ તેમાં ચલિત ન થાય. ચક્રવર્તી રાજા હોય તોપણ તેને ચાંડાળના જેવો જાણે. ૨૭. ઘરમાં અન્ય જે મનુષ્ય

હોય તેને પતિના સંબંધી જાણીને પતિવ્રતા તેની સેવા કરે, પણ પતિભાવ તો એક પોતાના પતિમાં જ રાખે. ૨૮.

### ❋ મુક્તાનંદ સ્વામીએ રાજાઓને ગુરુના ભેદ બતાવ્યા :

મુક્તાનંદ સ્વામીનું એ છેલ્લું વાક્ય સાંભળીને તે સમયે દરબાર (મૂળુ વાળા) ફરીને બોલ્યા. મારાથી કાંઈ અપરાધ થતો હોય તો માફ કરજો. હું તો આપનો શિષ્ય થઈને પૂછું છું. ૨૯. આપના ગુરુ તો રામાનંદસ્વામી હતા. આપ મસ્તક ઝુકાવીને તેમના શિષ્ય થયા હતા. હજી આજ સુધી તેના તે જ ગુરુ છે કે તમે તે ગુરુનો ત્યાગ કરી દીધો છે ? ૩૦. ત્યારે મુક્તાનંદ સ્વામીએ તેમને કહ્યું, દરબાર ! મારું વચન સાંભળો. તમને શાસ્ત્રોનું જ્ઞાન નથી પણ બુદ્ધિનું માન ઝાઝું છે. ૩૧. હું તમને ગુરુ દત્તાત્રેયની વાત કહું છું, તે બધાં શાસ્ત્રોમાં અને જગતમાં પ્રસિદ્ધ છે. તે વીર પુરુષે ભગવાનના સ્વરૂપમાં પોતાના ચિત્તને સ્થિર કરવાને માટે ચોવીશ ગુરુઓ કર્યા હતા. ૩૨. ખરા પરમ ગુરુ તો શ્રીકૃષ્ણ ભગવાન એક જ છે. તેમની જ એક ટેક રાખવી જોઈએ. અને જ્ઞાનગુરુઓ તો અનંત છે, અપાર છે જેનો કહેતા પાર આવતો નથી. ૩૩.

પ્રથમ ગુરુ માતા અને પિતા છે. જે બંને આ શરીરના મૂળભૂત શુક્રશોણિતના બિંદુને આપનારા છે. બીજા ગુરુ પુંસવન (ગર્ભાધાનથી ચોથે મહિને કરવામાં આવતો સંસ્કાર) અને સીમંત આદિ સંસ્કાર દ્વારા ઉદરમાં વિરામ વેળાએ કે પછી બાળકનું પોષણ કરનારા છે. ૩૪. ત્રીજા ગુરુ નામકરણ સંસ્કાર કરનારા છે. ચોથા ગુરુ આંક, અક્ષર આદિથી અંત સુધી ભણાવનારા છે. પાંચમાં ગુરુ મંત્ર-દીક્ષા આદિને આપનારા, કંઠી બાંધનારા, ભગવાનને શરણે લઈને વ્રતમાન ધરાવનારા છે. ૩૫. **સદ્‌ગુરુ જે સંત છે તે છઠ્ઠા ગુરુ છે. જે અનાદિ અજ્ઞાનરૂપ માયામાં થયેલા ભ્રમરૂપી ગઢને તોડે છે. અને તે જીવને અસત્ય જગતમાંથી તોડી સત્યસ્વરૂપ ભગવાનમાં જોડનારા છે.** અને સત્ય સ્વરૂપ તો એક શ્રીકૃષ્ણ ભગવાન જ છે. એ જ એક પરમ ગુરુ છે. (અને તે જીવાત્માના સાતમા ગુરુ કહેવાય છે.) ૩૬.

**આ જ ભાવનું બ્રહ્માનંદસ્વામીનું કીર્તન છે.**

**પદ રાગ : લાવની**

ગુરુ ગુરુ કહત સકલ સંસારા, એસે જગ ભરમાયા હે;
ગુરુ જગતમેં બહુત કહાયે, તાકા ભેદ ન પાયા હે...૧
માત પિતા પ્રથમ ગુરુ જાનો, દુજા દાઈ કહાયા હે;
તીજા ગુરુ તાહિકુ જાનો, જીનને નામ ધરાયા હે...૨
ચોથા ગુરુ જેહી વિદ્યા દીના, અક્ષર જ્ઞાન શિખાયા હે;
માલા દિયા સો ગુરુ પાંચમા, જેહી હરિ નામ બતાયા હે...૩
છઠ્ઠા ગુરુ સો સંત કહાવે, જીન સબ ભરમ મિટાયા હે;
સરજનહાર સો ગુરુ સાતમા, આપે હી આપ લખાયા હે...૪
એસે ગુરુ વિના ભવજલકો, પાર કોઉ નહીં પાયા હે;
બ્રહ્માનંદ અચળ સદ્‌ગુરુ કે, ચરનકમળ લપટાયા હે...૫

રામાનંદસ્વામીએ અમને પરમ ગુરુ શ્રીસહજાનંદસ્વામીને બતાવી દીધા છે. તેથી અમે તેમના ચરણોમાં લપટાઈને-જોડાઈને રહ્યા છીએ. ૩૭. **એક પરમ ગુરુ સહજાનંદસ્વામી અમને મળી ગયા છે એટલે અમારાં યોગ, યજ્ઞ, જપ, તપ, તીર્થ અને વ્રત વગેરે અનેક છે, તે બધાં જ સાધનો પરિપૂર્ણ થઈ ગયાં છે.** ૩૮. શ્રીસહજાનંદ સ્વામી પરમ ચિંતામણિ છે. તે અમને મળી ગયા છે. તેઓ પરથી પણ પર છે, તેનાથી પર બીજું કોઈ નથી. ૩૯. દરબાર ! જેને સહુ કોઈ પર કહે છે, તે આ ભગવાન જ બધાથી પર-મહાન છે. તેને તમે સમજો-જાણો. એ જ અચલ પદ છે અને તેમનું જે દર્શન થાય છે તે જ સમાધિ છે. ૪૦.

સદ્‌ગુરુ મુક્તાનંદસ્વામી જ્યારે આવી વાત કહી રહ્યા હતા ત્યાં કેટલાક માણસોને સમાધિ થઈ. તેમાંથી કેટલાક બ્રહ્મમહોલમાં ગયા, તો કેટલાક ગોલોકમાં ગયા. ૪૧. કોઈ વૈકુંઠમાં ગયા તો કોઈ બ્રહ્માના લોકમાં ગયા. કોઈ કૈલાસમાં ગયા તો કોઈ ઇન્દ્રની પાસે સ્વર્ગમાં જઈને બેઠા. ૪૨. કોઈએ શ્વેતદ્વીપ ધામમાં જઈને નિષ્કામ એવા નિરન્ન મુક્તોનાં દર્શન કર્યાં, તો કોઈકે બદરિકાશ્રમમાં જઈને નરનારાયણ ભગવાનનાં દર્શન કર્યાં. ૪૩. કોઈએ ક્ષીરસમુદ્રમાં જઈને ભૂમા પુરુષનાં દર્શન કર્યાં, તો કોઈકે પાતાલમાં

જઈને અનંત મુખવાળા શેષજીનાં દર્શન કર્યાં. ૪૪. કોઈ તો સૂર્ય અને ચંદ્રના લોક સુધી પહોંચ્યા. કોઈએ શિશુમાર ચક્રની રચનાને દેખી. ૪૫. કોઈ સુજ્ઞ લોકોએ મેરુ પર્વત ઉપરનાં દેવસ્થાનોનાં દર્શન કર્યાં, તો કોઈ ખગોળની રચનાને દેખીને પાછા આવ્યા. પછી તેની વાતોને કહી. ૪૬. કોઈકે તો ભૂગોળની રચનાને જોઈ આવીને વાત કહી. જે જે લોક જેવા કહેવાતા હોય તે તે લોકોની તેવી વાતો કહી. ૪૭. પછી અંતર્યામી શ્રીહરિ એક એક સમાધિવાળાને ઉઠાડીને પૂછવા લાગ્યા. ત્યારે જેણે જેવું જોયું હોય તે તેવી વાતોને કહેવા લાગ્યા. ૪૮.

તે વાતો સાંભળીને દરબારના મનમાં આશ્ચર્ય થયું. તેઓ હરેકની પાસે કહેવા લાગ્યા કે આવો પ્રતાપ અમે ક્યાંય જોયો નથી. ૪૯. જે જે સત્ય વાત હોય છે તે ક્યારેય ખોટી થતી નથી. સાચાને પણ જે ખોટું કહે છે તે તો અસુર કહેવાય. ૫૦ **અનંત અવતારો થઈ ગયા છે. તેને અમે ક્યારેય જોયા નથી. પરંતુ સર્વેના કારણ અને સહુથી બળવાન તો આપ શ્રીહરિ છો, તે આ સમયે આપને અમે જોયા છે. ૫૧.** અમારા ધન્યભાગ્ય છે કે આપ અત્યારે પ્રકટ થયા છો અને અમારા આ સ્થાનને પણ ધન્ય છે કે આપ અહીં સુધી ચાલીને પધાર્યા છો. ૫૨.

***ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના તૃતીય પૂરમાં 'મુક્તાનંદ સ્વામીએ દરબારને શ્રીહરિના પ્રતાપની વાત કહી' એ નામે ત્રેતાળીશમો તરંગ સમાપ્ત ॥૪૩॥***

## પૂર ત્રીજું : તરંગ - ૪૪

## શ્રીનગરથી ભાઈ રામદાસનો પત્ર, રઘુનાથદાસની દુર્બુદ્ધિ અને શ્રીહરિએ તેનો પ્રત્યુત્તર લખ્યો

ભાઈ રામદાસજી સ્વામી શ્રીનગર ગયા હતા. તેનો પત્ર અહીંયાં જેતપુર આવ્યો. તે શ્રીહરિએ વાંચ્યો. ૧. ગણપતરામ વિપ્ર પત્ર લઈને શ્રીનગરથી નીકળ્યા તે પાંચમે દિવસ જેતપુર પહોંચ્યા. ૨. ગણપતરામ વિપ્રે હાથ જોડ્યા

અને શ્રીહરિનાં ચરણોમાં મસ્તક નમાવીને પ્રણામ કર્યા અને બીજા બધા હરિભક્તોના પણ પ્રણામ કહ્યા. ૩. વિશાળ દિલના રામદાસજી સ્વામીએ દસ શેર જેટલા સારા સાકરના પેંડા બનાવડાવીને વિપ્રની સાથે મોકલ્યા હતા. ૪. પહેલાં પત્રને શ્રીહરિએ હાથમાં લીધો. નિપુણતાથી મનમાં વાંચી લીધો. તે પછી મુખ આડો રૂમાલ દઈને શ્રીહરિ ખૂબ હસવા લાગ્યા. ૫. શ્રીહરિ ઊનડ ખુમાણને ઘેર ઊતર્યા હતા. મુક્તાનંદ સ્વામીએ હાથ જોડ્યા. અને પૂછ્યું, પત્રનો મર્મ શું છે ? શી બાબત લખી છે ? ૬. ત્યારે શ્રીહરિ વાત કહેવા લાગ્યા કે, શ્રીનગર (અમદાવાદ) પ્રદેશમાં થોડો ઉત્પાત થયો છે. આપના મોટા ગુરુભાઈ રઘુનાથદાસ નામે છે. ૭. તે ત્યાં સહુને કહે છે કે "રામાનંદસ્વામીનું ગુરુપદ હવે મારામાં આવ્યું છે. જે મુકુંદદાસજી (મુક્તાનંદ સ્વામી) કહેવાય છે, તેનાથી હું મોટો છું. ૮. મેં રામાનંદસ્વામીની સેવા બહુ કરી છે. સ્વામીનો લાભ પણ ઘણો લીધો છે. સ્વામીની સાથે હું બહુ રહ્યો છું અને સ્વામીએ મારા મસ્તક ઉપર હાથ પણ મૂક્યો હતો. ૯. બત્રીશ પ્રકારની બ્રહ્મવિદ્યા પણ મને સ્વામીએ પ્રેમથી શીખવી છે. ષટ્ચક્રના ભેદનું જ્ઞાન પણ મને સ્વામીએ આપ્યું છે. ૧૦. જીવનો મોક્ષ કરવાની રીત મને સ્વામીએ બતાવી છે. સ્વામી મારામાં જ રહે છે. હું નથી બોલતો પણ સ્વામી જ મારામાં રહીને બોલે છે. ૧૧. સત્સંગનું હિત કરવા માટે અંતર્યામી સ્વામી અખંડ મારામાં રહ્યા જ છે. માટે હવે પછી કોઈ પણ હરિભક્તે સ્વામીનો શોક કરવો નહિ." ૧૨.

રઘુનાથદાસ સહુ પહેલાં વીશનગરમાં જઈને આવી વાતો કહેવા લાગ્યો. તે સાંભળીને સત્સંગીઓએ તેને સાક્ષાત્ વિમુખ જાણ્યો. ૧૩. બધી હરિભક્ત બહેનો તો એટલી ચકોર છે કે તેમણે ખાવામાં પીવામાં અને બોલવામાં રઘુનાથદાસને તુરંત જ ઓળખી લીધો. પછી તેને તરત જ રજા આપી દીધી. ૧૪. પછી પસ્તાવો કરતો તે વડનગર ગયો. ત્યાં પણ ઉપર કહી તેવી જ વાતો કરવા લાગ્યો. ત્યારે હરિભક્તોએ તેને વિમુખ થયો છે એમ જાણ્યું. ૧૫. ત્યાંથી તે શ્રીનગર આવ્યો. ત્યાં આવીને નાગરોને મળ્યો. તેની બોલી ઘણી મનોહર હતી. નાગરોને સત્સંગની રીતનું જ્ઞાન ન હતું. ૧૬. નાગરના ઘરની બધી બાઈઓ તેને સ્વામી જાણીને ખૂબ માનવા લાગી.

તે મને (સ્વામી રામદાસજીને) પણ કહેવા લાગ્યો. બાપુ ! તમે મારી સેવા કરો. ૧૭. તમે અને હું આપણે બંને એક થઈને આખા સત્સંગને સંભાળી લઈએ. મુકુંદદાસે (મુક્તાનંદસ્વામીએ) નીલકંઠ વર્ણીને પોતાનો શિષ્ય તથા તપસ્વી જાણી, ૧૮. તેને સ્વામીપદવી-ગુરુપદ દીધું છે અને આપણને વિમુખ કર્યા છે; તો હવે આપણે બંને એવું કરીએ કે જેનાથી ગુજરાતના બધા હરિભક્તો આપણને બંનેને એક માને અને બીજા કોઈને માને નહિ. આ દેશના જેવો બીજો કોઈ દેશ નથી, તો તમે મારી કહેલી બધી વાતને સમજો-માનો. ૧૯-૨૦. સહજાનંદ સ્વામી તમને ક્યારેય માનશે નહિ. તે તમને વિમુખ કરી દેશે. હું તમારો સાચો હિતેચ્છું છું એટલા માટે પાણી પહેલાં પાળ બાંધીએ. ૨૧.

રઘુનાથદાસનાં તે બધાં ઝેર જેવાં વચન સાંભળીને મેં તેને કહ્યું, હું મન, કર્મ અને વચનથી સહજાનંદસ્વામીનો છું. ૨૨. રામાનંદસ્વામીએ મને શ્રીમુખે કહ્યું છે કે આ સહજાનંદસ્વામી જ તમારા સ્વામી છે. આને મારા કરતાં પણ અધિક જાણીને આની સેવા કરવી. ૨૩. રામાનંદસ્વામીએ શ્રીમુખે કહ્યું છે કે આ સહજાનંદ સ્વામી અમારા સ્વામી છે, એટલે અમારા સત્સંગીમાત્રે આને માનવા. જે નહિ માને તે વિમુખ છે. ૨૪. ‘હું મારા જીવનું કલ્યાણ કરવા માટે આવ્યો છું.’ આમ મેં જ્યારે તેને કહ્યું ત્યારથી તે મારું અપમાન કરવા લાગ્યો છે. ૨૫. મારા મનમાં તેનો કશો ભાર નથી. હું તો આપનો દાસ છું. આપ સત્સંગની સંભાળ લેવા માટે જલદીથી અમદાવાદ પધારો. ૨૬. દયાળુ, આપ પ્રથમ અહીં પધારીને દર્શન આપો. અહીંના હરિભક્તો આપને બહુ ચાહે છે, એટલે ભુજ પછી જાજો. ૨૭.

**✵ શ્રીહરિએ સત્સંગની પ્રથાનો પત્ર લખાવ્યો :**

પત્ર સાંભળીને મુક્તાનંદ સ્વામીએ શ્રીહરિને કહ્યું, હવે આપણે ગુજરાત થઈને જ ભુજ જઈએ. ૨૮. આવો વિચાર કરીને દયાળુ શ્રીહરિએ તત્કાળ શ્રીનગર પત્ર લખાવ્યો. તેમાં લખ્યું કે રામાનંદસ્વામીના શિષ્ય જે હરિભક્તો હોય તેમણે અમારો આ પત્ર સાંભળવો. ૨૯. અને તે પછી રામદાસજી સ્વામી જે વાત કહે તેને સાંભળવી. તેમની વાતને સાંભળીને તે પ્રમાણે જે કરશે તે

અમારા છે, એમ અમે માનશું. અને તે પ્રમાણે જે નહિ કરે તે બધા અમારા સત્સંગથી બહાર છે. ૩૦. સહુએ સત્સંગની બધી પ્રથા જાણવી-સમજવી અને તે સમજ્યા પછી તે પ્રમાણે વર્તન રાખવું. ત્યાગી સાધુની રીતે ત્યાગીએ રહેવું અને તેમ રહે તે જ સાચો સાધુ કહેવાય છે. ૩૧.

**चोपाई :**

**काकविष्ठा सम धन कु जाने, आप न राखे रखावे न आने;**
**त्रियामात्र को पर्श न करही, त्रिया से भाषन परहरही...३२**
**त्रिया सन्मुख कबहु न जोवे, त्रिय की बात में कान न प्रोवे;**
**क्रिया करनकु नारी को स्थाना, तिहाँ त्यागी कु कबहु न जाना...३३**

ધનને કાકવિષ્ઠા જેવું જાણવું. ત્યાગી સ્વયં ધનને રાખે નહિ અને બીજા પાસે રખાવે પણ નહિ. ત્યાગીએ સ્ત્રીમાત્રનો સ્પર્શ કરવો નહિ. તેની સાથે બોલવાનું પણ તજી દેવું. ૩૨. સ્ત્રીઓની સામે ક્યારેય જોવું નહિ. સ્ત્રી બાબતની વાત સાંભળવા કાન માંડવા નહિ. સ્ત્રીઓને દેહની ક્રિયા કરવાનું સ્થાન જ્યાં હોય ત્યાં ત્યાગીએ ક્યારેય જાવું નહિ. ૩૩. **જે ત્યાગી સાધુ કહેવાતા હોય તેમણે કોઈ પુરુષની સાથે સ્ત્રીઓને "જય નારાયણ" કહેવડાવવા નહિ** અને સ્ત્રી કહેવડાવે તો તેને સ્વીકારવા નહિ. ૩૪. **મનમાં સ્ત્રી બાબતનો સંકલ્પ કરવો નહિ, પણ મનમાં ભગવાનનું ધ્યાન ધરવું. અમારા સાધુઓએ સ્ત્રીઓની સાથે છાની વાતો કરવી-સાંભળવી નહિ. ૩૫.** જો સ્વપ્માં સ્ત્રીનો સંગ થાય તો ત્યાગીએ એક ઉપવાસ કરવો. તેમાં ફળાહાર પણ કરવો નહિ. માત્ર પાણી પીવું. ૩૬. જે જે પાળવાના નિયમો કહ્યા છે તેમાં અજાણતા કોઈ નિયમનો ભંગ થાય તો એક એક ઉપવાસ ત્યાગીએ તે વખતે જ કરવો. ૩૭.

**सोरठा : निरलोभी निष्कामि, निःस्वादि निःस्नेहि रहे;**
**निर्मानी शिर नामि, वर्ते सो संत मोक्ष कर...३८**

જે સંત નિર્લોભી, નિષ્કામી, નિઃસ્વાદી, નિઃસ્નેહી અને નિર્માની, એ પાંચ વ્રતમાનને નતમસ્તકે પાળે છે તે મોક્ષકારક છે. ૩૮. સદ્‌ગુરુ શ્રીરામાનંદ-સ્વામી ઉદ્ધવનો અવતાર હતા. તેથી આ ઉદ્ધવ સંપ્રદાય જગતમાં

વંદ્ય થયો છે, તો સંપ્રદાયના અનુયાયીનું વર્તન દૂષણયુક્ત ન હોવું જોઈએ. ૩૯. **ઉદ્ધવ સંપ્રદાયના આશ્રિત જે ગૃહસ્થ તે હરિભક્ત કહેવાય છે. તેમણે કોઈએ ભૂલથી પણ દારૂ, માંસ, ચોરી અને વ્યભિચાર, આ ચાર પાપ કરવાં નહિ. ૪૦. કોઈ પણ જીવની હિંસા જાણીને તો ક્યારેય કરવી નહિ. પરસ્ત્રીના સંગનો ત્યાગ કરવો અને અને વિધવા સ્ત્રીથી તો ભાગીને દૂર રહેવું. ૪૧.** ક્યારેય આત્મઘાત કરવો નહિ. વટલવુ અને વટલાવવું, તે રૂપ બધો જ વટાળ તજી દેવો. કોઈના ઉપર કલંક લગાડવું નહિ. કોઈ દેવની નિંદા ક્યારેય કરવી નહિ. ૪૨.

ભગવાનથી વિમુખ જીવના મુખની કથા પણ ક્યારેય સાંભળવી નહિ. મારાં આ વચનને હૃદયમાં યાદ રાખવાં, **આ અગિયાર નિયમોનું દૃઢપણે પાલન કરવું. ૪૩. અમારા સંપ્રદાયના એ અગિયાર નિયમોનું જે પાલન કરશે તેમના જીવનો હું ઉદ્ધાર કરીશ. તેના અંત સમયે આવીને તેને વિમાનમાં બેસાડીને હું અક્ષરધામમાં લઈ જઈશ. ૪૪.** તેના ઉપરના જમપુરીના અને લખચોરાશીના ફેરાને હું મટાડી દઈશ. મારું જે અક્ષરધામ છે તેમાં તે જીવને હું રહેવાનું સ્થાન આપીશ. ૪૫. બ્રહ્મા આદિને પણ જે મળવી દુર્લભ છે તે પદવી હું તેમને આપીશ. કાળ, માયા, પુરુષ અને પ્રધાન, એ બધાં મારું ધ્યાન ધરે છે. ૪૬. તે સહુને માટે હું અત્યંત દુર્લભ છું. મને રીઝવવા માટે તો તેઓ રોઈ મરે છે. પોતાનો મહિમા પોતાને મુખે ન કહેવો જોઈએ, પણ તે કહ્યા સિવાય કોઈને સમજાતો નથી. ૪૭. માણસની બુદ્ધિ થોડી છે અને મારો મહિમા અપાર છે. જ્યારે હું અવતાર ધારણ કરું છું ત્યારે બ્રહ્મા આદિ પણ મૂંઝાય છે. ૪૮. તેટલા માટે જ જે મારો મહિમા છે તેને હું ક્યારેય કહેતો નથી. મારા મહિમાને તો હું એક જ જાણું છું. બીજા કોઈ જાણતા નથી. ૪૯. મારા હરિભક્તોનું હિત કરવા માટે મેં આ વખતે અવતાર લીધો છે. તેમને મારો જ વિશ્વાસ છે એટલા માટે હું પ્રેમથી કહું છું. ૫૦. જો કોઈનો વિશ્વાસઘાત કરવામાં આવે તો તે **વિશ્વાસઘાત કરનારો પાપીઓમાં પણ શિરોમણિ (અતિ અધમ પાપી) ગણાય.** તેની માતામાં પણ કાંઈ ખોટ હોવી જોઈએ કે જેણે આવા અધર્મીને પોતાના ઉદરમાં રાખીને તેનું પોષણ કર્યું. ૫૧.

*ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના તૃતીય પૂરમાં 'શ્રીનગરથી ભાઈ રામદાસજીનો પત્ર, રઘુનાથદાસની દુર્બુદ્ધિ અને શ્રીહરિએ તેનો પ્રત્યુત્તર લખ્યો' એ નામે ચુંમાળીશમો તરંગ સમાપ્ત ॥૪૪॥*

## પૂર ત્રીજું : તરંગ - ૪૫

### શ્રીહરિએ બીજો પત્ર લખ્યો, બંને પત્ર વાંચી રામદાસસ્વામી અને હરિભક્તોની પ્રસન્નતા, જેતપુરથી શ્રીહરિ ગોંડળ પધાર્યા

સમગ્ર હરિભક્તોના હિત માટે સારરૂપ પત્ર લખાવ્યો. તે સમયે વિક્રમનું ૧૮૫૯ અઢારસો ને ઓગણસાઠનું વરસ બેસી ગયું હતું. ૧. ત્યારે શ્રીહરિને જન્મથી લઈને બાવીશ વર્ષ (ઉંમરના) થઈ ગયાં હતાં. સત્સંગનું હિત કરવા માટે મહાપ્રભુ તત્પર થઈ રહ્યા હતા. ૨. સ્વયં દેશકાળની પરિસ્થિતિ સમજીને-જોઈને હરિભક્તોનું હિત થાય તે રીતે જ સદા વર્તતા હતા. પોતાને માટે સુખ-સગવડની ઈચ્છા ક્યારેય કરતા નહિ. ૩. **જેમ માતા પોતાના બાળકના હિતમાં જ સદા રહે છે તેમ શ્રીહરિ ભક્તોની રક્ષા કરવા માટે જ સદા તત્પર રહેતા. પોતાના દેહના સુખને તો સ્વયં દૂર રાખતા. ૪.** શ્રીહરિએ એક પત્ર લખીને વિપ્રને આપ્યો. વિપ્રે શ્રીહરિનાં ચરણોને પોતાની છાતીએ ચાંપ્યાં. શ્રીહરિ તે વિપ્રને ઘણા જ હેતથી ભેટ્યા. સુખકારી હાથથી તેની પીઠ થાબડી. ૫ શ્રીહરિ બોલ્યા કે, બધા હરિભક્તો નિર્ભય રહેજો. તે ગણપતરામ વિપ્ર જે પેંડા લાવ્યા હતા તેને પછીથી શ્રીહરિ જમ્યા. ૬. ભાઈ રામદાસજી સ્વામીના ઉપર શ્રીહરિને ઘણો જ પ્રેમ હતો, તેથી તેમને માટે ખૂબ જ લાગણીભર્યો પેંડાનો પ્રસાદ પાછો આપ્યો. સુખદાયી ઘનશ્યામ એમ બોલ્યા કે સહુને અમારા "જય નારાયણ" કહેજો. ૭. અમે હમણા થોડા દિવસોમાં જ ત્યાં આવશું. સહુ મનમાં પ્રસન્ન રહેજો.

**❋ શ્રીહરિની મહિમાસહ ગુરુનિષ્ઠા :**

આપણા ગુરુ બહુનામી રામાનંદસ્વામી સત્સંગમાં પ્રકટ વિરાજે છે. ૮. સહુની રક્ષા કરવા માટે તેઓ સત્સંગમાં દિવ્યરૂપે વિચરતા જ હોય છે. અત્યારે તેમનું બાલસ્વરૂપ છે, કાળ, કર્મ, માયા, જમદૂતો અને પાપ, એ બધાં તેમનાથી ડરતાં ફરે છે. ૯. કાળ અનંત કોટિ બ્રહ્માંડોનું ભક્ષણ કરી જાય છે. તે કાળ પણ સ્વામીથી ડરે છે. તેઓ આવા પ્રતાપી વિરાજે છે. ૧૦. સ્વામી પ્રગટ પ્રમાણ અને પ્રસિદ્ધ રીતે રાતદિવસ સત્સંગનું રક્ષણ કરે છે. મારા દિલમાં તેનો વિશ્વાસ છે, એટલે તેમનો પાકો દઢાવ કરી રાખ્યો છે. ૧૧. જેમ હીરાને ફોડવા-તોડવા પ્રયત્ન કરીએ છતાં તે ફૂટતો-તૂટતો નથી, તેમ સ્વામી સાથેનું હેત છોડ્યું પણ છૂટતું નથી.

અમને જે સુખદુઃખ આવે અને સત્સંગને ક્યારેક સુખદુઃખ આવે તેમાં પણ એમની કૃપા રહી છે, એમ માનીને હું પ્રસન્ન રહું છું. અમે તન, મન અને ધન, તેમને અર્પણ કરી દીધાં છે. હવે મનમાં ભય રહ્યો નથી. ૧૨-૧૩. ભયમાત્ર તેમને અર્પણ કરી દીધો છે અને અમે સ્વયં નિર્ભય થઈ ગયા છીએ. જો નિર્ભય થયા પછી પણ ભય રહેતો હોય તો તે મોટી ખોટ કહેવાય, પાપ કહેવાય. ૧૪. તે ખોટની તપાસ કરીને પ્રતિદિન પાપનું નિવારણ કરવું જોઈએ. તે ખોટને મનમાં શત્રુ ગણીને તેની ઉપેક્ષા કરવી જોઈએ નહિ. ૧૫. એટલા માટે સત્સંગ કરીને નિર્ભય રહેવું. શુદ્ધ કાંચનની જેમ અખંડ આત્મસત્તા રૂપે રહેવું. ૧૬. હે વિપ્રવર ! આ કહી તે અમારી સ્થિતિ છે. તમે ત્યાં જઈને સહુને કહેજો.

ત્યારે તે વિપ્રે હાથ જોડીને કહ્યું, હે નાથ ! મારી વિનંતી સાંભળો. ૧૭. મારે ઝાઝી બુદ્ધિ નથી. આપની કહેલી વાત વેદોનાં વચન જેવી છે. તે એક રતી જેટલી પણ મારા હૃદયમાં ટકે નહિ, તો ત્યાં કહેવાનું તો મને ક્યાંથી યાદ આવે ? ૧૮. માટે આપ એક બીજો પત્ર લખો, એમ હાથ જોડીને નાનું એવું મારું મન કહે છે. ત્યારે શ્રીહરિએ એક બીજો પત્ર લખાવ્યો કે જેનાથી કોઈ પણ સંદેહ થાય નહિ. ૧૯. ગણપતરામ વિપ્ર જેતપુરમાં બે દિવસ રહ્યા. પછી શ્રીહરિની મૂર્તિને દિલમાં ધારીને ચાલતા થયા. રસ્તામાં

ભયનું વાતાવરણ તો ઘણું હતું. છતાં તેમાં પણ તેઓ ઉદાર ભાવથી અને પ્રેમ ભાવથી ચાલ્યા. ૨૦. મનમાં શ્રીહરિના પ્રતાપનું બળ રાખીને બધા ભયને ટાળી નાખ્યો.મનમાં અપાર હેત હતું. તેથી ચાર દિવસમાં જ ચાલીને શ્રીનગર (અમદાવાદ) પહોંચી ગયા. ૨૧. પ્રસન્ન મુખવાળા ગણપતરામ વિપ્ર આવીને બધા સંતોના પગમાં પડ્યા. સહુને શ્રીહરિના 'જય નારાયણ' કહ્યા અને બીજા બધા સંતોનાં નામ લઈને 'જય નારાયણ' કહ્યા. ૨૨. મુક્તાનંદ સ્વામી આદિક મોટેરા સંતોના તથા શ્રીહરિના ક્ષેમ-કુશળની વાતો કહી. હરિભક્તોનાં પણ નામ લઈને કુશળ સમાચાર કહ્યા. ૨૩. તેમણે જેતપુરમાં બે દિવસ શ્રીહરિનાં ચરિત્ર જોયાં હતાં. વળી અનંત ધ્યાન અને ધારણા વગેરેને પણ દેખ્યાં હતાં. તે બધી વાત વિસ્તારથી કહી. તથા સંતોએ જે જે પૂછ્યું તે કહ્યું. ૨૪.

મૌખિક સમાચાર કહ્યા પછી શ્રીહરિએ આપેલા બંને પત્ર ભાઈ રામદાસ સ્વામીના હાથમાં આપ્યા. અને શ્રીહરિએ આપેલો પેંડાનો મહાપ્રસાદ પણ આપ્યો. તેથી તેઓ ખૂબ જ ખુશી થયા. ૨૫. ગણપતરામ પાછા આવ્યા છે એવા સમાચાર સાંભળીને બધા હરિભક્તો ત્યાં દોડી આવ્યા. શ્રીહરિના નવા સમાચાર જાણવાની સહુને ઈચ્છા હતી. ૨૬. હીરાચંદ ચોકસી આદિક હરિભક્તો ઘણા પ્રેમી હતા. શ્રીસહજાનંદ સ્વામીના ચરિત્રની વાતને સાંભળીને તે સહુને શરીરનું ભાન ન રહ્યું. તે સમયે તેમનાં નાડીપ્રાણ ખેંચાઈ ગયાં. તેમને મહાન સમાધિ થઈ. તેમાં શ્રીહરિની મૂર્તિનાં દર્શન થવાથી તેમને ઘણો જ હર્ષ થયો. ૨૭-૨૮. જેને સમાધિ થઈ હતી તે બધા ખડખડાટ હસવા લાગ્યા. ઘણું તેજ દેખાતું હતું. તેનો તેઓ તાગ (અંત લઈ) શકતા નહિ. બધા અવતારોનું તેજ જોયું પણ આ શ્રીહરિના અવતારનું તેજ તો લખી શકાતું નથી. ૨૯. પછી દેખાયું કે **સમગ્ર તેજનું મૂળ તો એક શ્રીહરિ છે.** અને તે તેજનું મૂળ શ્રીહરિને દેખીને તેઓ ભાન ભૂલી ગયા. તે મહાન આશ્ચર્ય દેખ્યા પછી સમાધિમાંથી બહાર આવીને શ્રીહરિના મહાન પ્રતાપની વાત કહેવા જતાય કહી શકતા નહિ. ૩૦.

બીજા અવતારોનાં અપાર ચરિત્રોને તો બધા ગ્રંથોમાં વારંવાર લખ્યાં છે, એટલે તેનો મહિમા સહુ જાણતા હોય છે પણ આ શ્રીહરિના મહિમાને

તે અવતારોના સમાન કહેવામાં આવે તો કોઈ માને નહિ. ૩૧. અને અન્ય અવતારોના કરતાં શ્રીહરિને અધિક કહેવામાં આવે તો બીજા લોકો અધિક મહિમા કહેનારાને ચિત્તભ્રમ થઈ ગયું છે એવું ઠેરાવી દે. બીજા લોકોને તો શ્રીહરિના મહિમાનું જ્ઞાન હોતું નથી. જો જ્ઞાન જ ન હોય તો તેને માને કેમ ? ૩૨.

તે રીતે જ બીજા લોકોના મનમાં સત્સંગનો ખપ હોય નહિ. અને ખપ વિના જ્ઞાન પણ થાય નહિ. આવું બધું વિચારીને સમાધિમાં ગયેલા ભક્તો ખૂબ હસતા હતા, પણ બહાર વાત કહી શકતા નહિ. ૩૩. શ્રીહરિએ ગણપતરામ વિપ્રની સાથે આપેલા પત્ર વાંચીને ભાઈ રામદાસજી સ્વામી ઘણા ખુશ થયા હતા. તે પત્રો હરિભક્તોને વાંચી સંભળાવ્યા. સાંભળીને તે હરિભક્તો પણ રાજી થયા. ૩૪ શ્રીહરિએ પત્રમાં જે લખ્યું હતું તે પ્રમાણે બધા ભક્તો વરતવા-રહેવા લાગ્યા. તેથી શ્રીહરિના ચરણોમાં પ્રેમ થયો. શ્રીહરિએ જેમ પત્રમાં લખ્યું હતું તેમ સંતો અને હરિભક્તો રહેવા લાગ્યા. ૩૫.

હવે શ્રીહરિની વાત કહું છું. શ્રીહરિ જેતપુરમાં પાંચ દિવસ આનંદ-ઉલ્લાસથી રહ્યા. કેટલાક લોકો શ્રીહરિનો દૃઢ આશ્રય કરીને નવા હરિભક્ત થયા. ૩૬. શ્રીહરિએ જેતપુરથી નીકળીને ચાલવાની ઘણી ઉતાવળે તૈયારી કરી. ત્યારે ત્યાં સેવામાં તત્પર રહેનારા ઉનડ ખુમાણ આવ્યા. તેઓ દીનભાવે બોલ્યા, ૩૭. હાથી અને સિંહને કાન પકડીને રોકી શકાય નહિ. તેમજ રાજા અને જોગી પણ સ્વતંત્રપણે ફરતા હોય છે. ૩૮.

મહારાજ ! અમને દીન ગણીને હૃદયમાં અમારા ઉપર દયા રાખો. આપ સંસારસાગરને તરવા માટેનું મોક્ષરૂપ મોટું જહાજ છો. આપ દિલમાં દયા લાવીને અહીં રોકાઓ. ૩૯. આપ જેમ કહો તેમ અમે કરીએ આપ બધું જ જાણો છો, આપના બળથી બધુ જ થાય છે. આપ અહીં અમારા ઉપર રાજી થાઓ.૪૦. વાડ કર્યા સિવાય વાઢ થાય નહિ. વાડ કર્યા પછી શેરડીને ઘણું પાણી પાવું જોઈએ. બાર માસ સુધી ખાતર-પાણી અને વાડ વગેરેથી જાળવવામાં આવે ત્યારે રસ પાકે છે. ૪૧. એક વરસે શેરડીમાં જે સ્વાદ આવે છે તે ટાળ્યો ટળતો નથી. શેરડી રોપ્યા પછી તરત તેમાં રસ ચઢતો નથી. આપ તે બધી રીતને સમજો છો. ૪૨. ત્યારે શ્રીહરિએ તેમને

હેતથી કહ્યું, અત્યારે વધારે રોકાવાની વાત કરશો નહિ. પરંતુ અમે એટલું વચન કહીને ભલામણ કરીએ છીએ કે, “તમે સત્સંગનો પક્ષ રાખજો.” ૪૩. તમારો અત્યંત ભાવ દેખીને અમે હવે ફરીને-વારંવાર અહીંયાં આવશું. આટલું બોલીને શ્રીહરિ ચાલવાની તૈયારી કરીને તે વખતે જ ઘોડે સવાર થયા. ૪૪.

વાજિંત્ર વગાડતા વગાડતા સહુ બહાર નીકળ્યા. અત્યંત ભવ્ય શોભા બની હતી. શ્રીહરિએ અંગો ઉપર બધાં જરિયાની વસ્ત્ર પહેર્યાં હતાં. અશ્વને પણ જરિયાની બધા સાજથી શણગાર્યો હતો. ૪૫. દરબાર શ્રીહરિની સાથે થોડુંક ચાલ્યા ત્યારે શ્રીહરિએ તેમને પાછા વાળ્યા. દયાળુ શ્રીહરિ ભાદર નદી ઊતરીને ઉમંગથી તત્કાળ ચાલ્યા. ગોંડળ શહેરમાં પહોંચ્યા. ૪૬. ગોંડળી નદીને કાંઠે એક મનોહર બાગ હતો. તેમાં જાત જાતનાં અપાર વૃક્ષો હતાં. બધા એક સરખી રીતે ઝૂકી ગયેલા હતા. ૪૭. તે બાગમાં એક બંગલો હતો. તેની અપાર શોભા વિરાજતી હતી. તેમાં ગોખ અને અટારીઓ કાંઈ અદ્‌ભુત હતી. બંગલો ચિત્રવિચિત્ર રંગોથી બહુ ભાતનો લાગતો હતો. ૪૮.

જરિયાની ઉલેચ ઊંચે બાંધ્યા હતા. બિલોરી કાચનાં અનેક ભાતનાં ઝાડ વચ્ચે લટકતાં હતાં. ૪૯. તેના મધ્યમાં સોનેરી સિંહાસન હતું. તે રાજાએ શ્રીહરિને માટે જ બનાવીને અગાઉથી ગોઠવી રાખ્યું હતું. શ્રીહરિ તે સિંહાસનમાં બિરાજ્યા. ૫૦. ગોંડળ નરેશ એટલા ચતુર હતા કે તેમણે હરિભક્ત બ્રાહ્મણોને બોલાવીને તેમની પાસે અગાઉથી જ રસોઈ તૈયાર કરાવી રાખી હતી. બરાબર મધ્યાહ્ન સમયે શ્રીહરિ ગોંડળ પહોંચ્યા હતા. ૫૧. આવ્યા પછી શ્રીહરિ પહેલાં વિવિધ પ્રકારની રસોઈ જમ્યા અને તે પછી બહુ ભાતનાં તે ભોજન સંતો હરખથી જમ્યા. તેમજ સાથે આવેલા બધા દરબારો પણ જમ્યા. ૫૨.

***ઇતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના તૃતીય પૂરમાં ‘શ્રીહરિએ બીજો એક પત્ર લખ્યો, બંને પત્ર વાંચી રામદાસસ્વામી અને હરિભક્તોની પ્રસન્નતા અને જેતપુરથી શ્રીહરિ ગોંડળ પધાર્યા’ એ નામે પિસ્તાળીશમો તરંગ સમાપ્ત ।।૪૫।।***

## પૂર ત્રીજું : તરંગ - ૪૬

## ગોંડળ નરેશે શ્રીહરિનું ભવ્ય સન્માન કર્યું

'શ્રીહરિ ગોંડળ પધારે છે' આવા સમાચાર સાંભળીને ગોંડળના મહારાજા ખૂબ જ રાજી થયા. વધામણીની નોબત વગડાવી. પછી મોટો હાથી (ગજેંદ્ર) તૈયાર કરાવ્યો. ૧. અપાર ઘોડાઓ તૈયાર કરાવ્યા. તેમના ઉપર બધો સોનેરી સાજ મૂકીને તેમને શણગાર્યા. નોબત, ડંકા અને નિશાન બહાર આવી ગયાં. વાજિંત્રોનો બધો સમાજ બોલાવ્યો. ૨. હાથી ઉપર શુદ્ધ સોનાની અંબાડી હતી. તેમાં જડેલા મોતીનો કોઈ પાર ન હતો. મહાવત તૈયાર કરેલા હાથીને રાજા પાસે લાવ્યા. ૩. રાજાએ બધું જોયું. તેના દિલમાં ઘણો જ આનંદ થયો. અત્યારે શ્રીહરિની સેવામાં જે ઉપયોગી થયું તે બધું આજે સફળ થયું. ૪. જે બાગમાં આવીને શ્રીહરિ બેઠા તે ભૂમિના ભાગ્યને પણ ધન્ય ધન્ય છે. તે વૃક્ષના ભાગ્યને ધન્ય છે કે જ્યાં શ્રીહરિએ પડાવ નાખ્યો. ૫. ગોંડળી નદીનાં પણ અપાર ભાગ્ય ગણાય કે જેમાં ધર્મકુમાર શ્રીહરિએ સ્નાન કર્યું. ગોંડળ શહેરનાં પણ ધન્ય ભાગ્ય છે કે જ્યાં અવતારી શ્રીહરિએ અપાર કરુણા કરીને પધરામણી કરી. ૬. આજે મારે માટે આ દિવસ ધન્ય ભાગ્યનો હું ગણું છું. આવો સમય મારા જીવનમાં ક્યારેય આવ્યો નથી.

ક્ષત્રિય જાતિના જાડેજા હઠીભાઈ રાજાનું નામ હતું. રાજાએ શહેરના બધા હરિભક્તોને બોલાવ્યા. ક્ષત્રિયભક્ત ડોસાભાઈ અને રાજપરિવારના બધા ભાયાતોને ત્યાં બોલાવ્યા. ૮. વિપ્ર જેઠાભાઈ અને મીઠાભાઈ, શેઠ રૂડો અને રાઘવજી, સુથાર જીવરામ અને પ્રાગજી, દેવરાજ, નારાયણ અને અજરામર આ ત્રણ જીવરામ સુથારના પુત્રો, શ્રીહરિની સેવા કરનારા હતા. જોધો સુથાર, રત્નાભાઈ, અજાભાઈ, હરભમ, નારાયણ, વાઘજી, વાલજી અને કડવોભાઈ આ બધા કડીયા ભક્તો, અરજણ, દેવસી, લખાભાઈ, નાથાભાઈ અને વાલાભાઈ વગેરે લુહાર ભક્તો, ગગો અને નારાયણ એ બે વણકર, આંબો અને કાનો એ બે જળસાળી (મોચી), શેખજી અને જીવન એ બે યવન, એ બધા હરિભક્તોને બોલાવ્યા. ૯-૧૨. અપાર પ્રેમ હોવાથી

દરબાર હઠીભાઈએ શ્રીહરિને ભેટ અર્પણ કરવા માટે અનંત પ્રકારના મેવાથી સોનાના થાળ ભરાવ્યા. ૧૩. જુઈ, ચમેલી, મોગરો, ડોલર, ગુલાબ, એ બધી જાતનાં ફૂલોમાંથી હાર, તોરા અને ગુચ્છો કરાવીને મોટી છાબો ભરાવી. ૧૪. ચંદન, કસ્તૂરી, કેસર, કુંકુમ અલગ અલગ કટોરામાં ભરાવીને સાથે લીધાં. તેમજ કીમતી સારી જાતનું અત્તર લીધું. ૧૫. છત્રીશ પ્રકારનાં વાજિંત્રો, છડી પોકારનાર ચોપદાર અને બધા ઉત્સવિયા હરિભક્તોને પણ સાથે લીધા. ૧૬. ઝાંઝ અને મૃદંગ વગાડીને ઉત્સવિયા ભક્તો શ્રીહરિની સન્મુખ ઉત્સવ કરતા સહુ આગળ ચાલ્યા. બજારો વાળીને સાફ કરાવ્યા પછી સુંદર પાણી છંટાવી દીધું હતું. ૧૭. વેપારી મહાજનોએ પોતાની દુકાનોને શણગારીને બહુ રંગી કરી હતી.

સારાં વસ્ત્ર અને આભૂષણ પહેરીને આવેલું નિપુણ મહાજન-વેપારી મંડળ દરબાર સાહેબે સાથે લીધું હતું. ૧૮. તે સામૈયું વાજતેગાજતે અતિ ઉમંગથી સન્મુખ ચાલ્યું. રાજા હઠીભાઈ સ્વયં પગે ચાલીને શ્રીહરિની સન્મુખ આવ્યા. ૧૯. રાજાની બંને આંખોમાંથી પ્રેમનાં આંસુઓ વહેવા લાગ્યાં. તે વખતે એક અદ્‌ભુત શોભા બની કે જ્યારે શ્રીહરિના મુખકમળને દેખતાની સાથે જ રાજા દંડવત્ પ્રણામ કરવા લાગ્યા. ૨૦. જ્યારે રાજા ચરણોમાં પડ્યા ત્યારે દયાળુ શ્રીહરિએ તેમના હાથ પકડીને ઉઠાડ્યા. તેમને પાક્કા હરિભક્ત જાણી શ્રીહરિએ પાસે બોલાવ્યા અને ભુજાઓ વચ્ચે લઈને ભેટ્યા. ૨૧.

તે સમયે બધા હરિભક્તો પાસે આવ્યા અને પ્રેમથી પગે લાગ્યા. તે સમયે રાજાએ શ્રીહરિનો હાથ પકડીને સિંહાસન ઉપર પધરાવ્યા. ૨૨. બે ઘડી દિવસ જ્યારે બાકી રહ્યો હતો ત્યારે રાજા શ્રીહરિ પાસે આવ્યા હતા. આવીને શ્રીહરિની પૂજા કરી. કેસરચંદનના કટોરા લીધા. ૨૩. લલાટમાં કેસરચંદન ચરચ્યું. ચરણો ઉપર પણ ચંદન ચરચ્યું. લલાટમાં કુંકુમનો ચાંદલો કર્યો. બધાં વસ્ત્રો ઉપર અત્તર લગાવ્યું. ૨૪. અપાર ફૂલહાર લઈને કંઠમાં પહેરાવ્યા. ફૂલોના બાજુ અને પહોંચીઓ હાથે બાંધી. ૨૫. બંને કાન ઉપર ગુચ્છ ધાર્યા અને બે ગુચ્છ હાથમાં આપ્યા. પાઘમાં તોરાઓ ધરાવ્યા અને પછી પગે લાગ્યા. ૨૬. ચંદન ચરચેલા બંને ચરણ રાજાએ પોતાની છાતીમાં

લીધા. તેમના હૃદયમાં હરખ સમાતો ન હતો. પછી સંતોની પણ પૂજા કરી. ૨૭. દરબાર હઠીભાઈ મુક્તાનંદ સ્વામીના શિષ્ય હતા એટલે ગુરુનો પ્રતાપ વિચારીને તેમની પણ પૂજા કરી. ૨૮.

રાજાની સવારી પાછળ આવી પહોંચી. સવારીમાં હાથી અને ઘોડાઓનો કોઈ પાર ન હતો. બધાને જરિયાની સાજથી શણગાર્યા હતા. ૨૯. ઘણી જાતનાં જરિયાની નિશાન હતાં. તેનો ઝગમગતો પ્રકાશ વર્ણવી શકાતો નથી. બધા રથ અને સુખપાલ જે લાવ્યા હતા તેને જરિયાની સાજથી સજાવ્યા હતા. ૩૦. અનેક મશાલો પ્રકટાવી હતી. શ્રીહરિની શોભા અવર્ણ્ય હતી. તેમ જ બધા જરીમય શણગાર પહેર્યા હતા, તેથી મહારાજાધિરાજના કરતાં પણ કોટિગણી શોભા ધારી હતી. ૩૧. શ્રીહરિની ચંચળ મૂર્તિ મનોહારી અને પતિતજનોને ભવસાગર પાર કરાવનારી હતી.

રાજાએ બંને હાથ જોડીને વિનંતી કરતા કહ્યું, મહારાજ ! મારી અરજી સાંભળો. ૩૨. હવે આપ હાથી ઉપર સવારી કરો. ઘનશ્યામ ! આ બધી સંપત્તિ આપની જ છે. વારંવાર આવો લાભ ન મળે. આપ હાથી ઉપર બેસો એટલે અમે સંપૂર્ણપણે સફળ થઈએ. ૩૩. આપની મોટાઈનો કોઈ પાર નથી. આપની આગળ ઈન્દ્રની સંપત્તિ પણ તુચ્છ ગણાય. અમને પોતાના દાસ માનીને હે ધર્મકુમાર ! આપ અમારા ઉપર દયા કરો. ૩૪. શ્રીહરિએ દરબાર હઠીભાઈનો શુદ્ધભાવ દેખ્યો. તેમને પરમ ભગવદીય હરિભક્ત જોયા. વળી તેમની વિનંતિ સાંભળીને શ્રીહરિ ખુશી થયા. પછી મુક્તાનંદ સ્વામીને સુખપાલમાં બેસાડ્યા. ૩૫. બીજા બધા સંતોને રથમાં બેસાડ્યા. તે પછી શ્રીહરિ સ્વયં હાથી ઉપર બેઠા. તે સમયે ત્રિલોકીમાં બધે “જય જયકાર” થયો, પણ અસુરોના મનમાં ગ્લાનિ થઈ. ૩૬.

મર્ત્યલોકમાં શ્રીજીમહારાજના ભવ્ય સ્વાગતનો જય જય શબ્દ સ્વર્ગના દેવતાઓએ સાંભળ્યો, તેથી તેઓ પણ રાજી થયા. તુરંત વિમાનમાં બેસીને ત્યાં આવ્યા. આખું આકાશ વિમાનોથી છવાઈ ગયું. ૩૭. દેવો પણ “જય જયકાર” કરવા લાગ્યા. સુગંધી પુષ્પોની ઝડી વરસાવી. પછી બધા વિવિધ પ્રકારનાં વાજિંત્ર વગાડવા લાગ્યા. ૩૮. શ્રીહરિ ધીરે ધીરે ચાલતા ગોંડળ

શહેરમાં આવ્યા. શહેરના લોકોના ટોળેટોળાં રાજમાર્ગની બંને બાજુએ ઊભાં રહ્યાં. ૩૯. રાજમાર્ગમાં બંને બાજુ દીવાઓ મૂકીને રોશની કરી હતી. તેનું અજવાળું ખૂબ જ થવાથી દિવસ જેવું થઈ ગયું હતું. ૪૦. સોનેરી સાજથી શણગારેલો શ્રીહરિનો હાથી દીવાઓના તેજમાં ઝગમગ ઝગમગ એમ ઘણો ચમકતો હતો. મોતી જડેલી સોનાની અંબાડીમાં સુખકારી શ્યામસુંદર શ્રીહરિ વિરાજતા હતા. ૪૧.

**❋ મૂર્તિ વર્ણન :**

શ્રીહરિએ અનુપમ સોનેરી વસ્ત્ર અને સુંદર સુવર્ણનાં આભૂષણ પહેર્યાં હતાં. નવયૌવનવાળી ઘનશ્યામ પ્રભુની મૂર્તિનું મરક મરક હસવું અને આંખના ખૂણામાંથી સસ્નેહ જોવું અદ્ભુત જણાતું હતું. ૪૨. પૂર્ણચંદ્રના જેવું સોહામણું મુખ અને પાકા ઘિલોડા જેવા હોઠ વર્ણવી શકાતા નથી. દાતોની પંક્તિ અપાર ચમકતી હતી અને નાસિકા દીપશિખા અને મણિને અનુસરતી હતી. ૪૩. કાન ઉપર ફૂલોના ગુચ્છ શોભતા હતા. લલાટમાં રહેલું કેસરી તિલક મનને લોભાવતું હતું. જરકસી પાઘમાં કલગી લટકતી હતી. દેખનારા લોકોને આંખોનું મટકાં મારવાનું પણ બંધ થઈ જતું હતું. ૪૪. શ્રીહરિની પાછળ રાજા હઠીભાઈ બેઠા અને સુંદર ગતિથી ચામર ઢોળતા હતા. ગોખલામાં, અટારીઓમાં અને બજારમાં ભરાયેલા લોકોના ત્રણ થોક-વિભાગ દેખાતા હતા. ૪૫. ચતુર ભક્ત નારીઓ સોનેરી અને રૂપેરી ફૂલોથી શ્રીહરિને વધાવતી હતી. આ સમયે ભગવાન શ્રીહરિનાં જે દર્શન થયાં તેને તે બધા લોકો ધન્ય ભાગ્ય માનતા હતા. ૪૬. નોબત અને ડંકા કોઈ ભાતના વાગતાં હતાં. બજારમાં લોકોની ભીડ સમાતી નહિ. સવારી ટુકડીઓમાં વહેંચાયેલી હતી. ચોપદાર "જયજય" પોકારીને છડી બોલતો હતો. ૪૭.

સવારી ધીરે ધીરે રાજદરબારમાં આવી. નવલખા મહેલમાં ઉતારો આપ્યો હતો. મહેલની શોભા વર્ણવી શકાય તેમ નથી. તેમાં સોનેરી ઉલેચ બંધાવ્યા હતા. ૪૮. બધી દિવાલો સોનેરી કરાવી હતી અને તેમાં અપાર ચિત્રો દોર્યાં હતાં. બિલોરી કાચનાં ઝાડ તેમાં બંધાવ્યાં હતાં. તેમાં દીવાઓ

પ્રકટાવ્યા હતા. ૪૯. ઘનશ્યામ શ્રીહરિને સોનાના સિંહાસનમાં પધરાવ્યા. ભક્તોના મનોરથોને પૂર્ણ કરતી મૂર્તિ અત્યંત મનોહર લાગતી હતી. ૫૦. મુકુંદાનંદ અને જયાનંદ, એ બે વર્ણીઓએ મળીને આનંદોત્સાહથી દૂધપાક અને પૂરીની રસોઈ બનાવી હતી. ૫૧. શ્રીહરિ તે થાળ જમ્યા અને પછી બીજા સંતોને પણ જમાડ્યા. દયાળુ શ્રીહરિએ થાળની બધી પ્રસાદી રાજાને અપાવડાવી. ૫૨.

***ઇતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના તૃતીય પૂરમાં 'ગોંડળ નરેશે શ્રીહરિનું ભવ્ય સન્માન કર્યું' એ નામે છેતાળીશમો તરંગ સમાપ્ત ॥૪૬॥***

## પૂર ત્રીજું : તરંગ - ૪૭

## મુક્તાનંદસ્વામીનું ભક્તિસંગીત અને ઉપદેશાત્મક વાર્તા

શ્રીહરિ થાળ જમીને આવ્યા અને સિંહાસનમાં બેઠા. મુક્તાનંદ સ્વામી આદિ સંતોને વાજિંત્ર લઈને બોલાવ્યા. ૧. દરબાર હઠીભાઈ શ્રીહરિની પાસે બેઠા. બીજા લોકો પણ અપાર બેઠા. રાજાના જે બંધુજનો-ભાયાતો હતા, તે પણ પ્રેમથી આવીને ત્યાં બેઠા. ૨. શ્રીહરિએ રાજાને હેતથી પૂછ્યું, દરબાર તમે બોલો, સંતો કીર્તન ગાય કે ભગવાનની વાતો કરે ? જે તમારી રુચિ હોય તે બોલો. ૩. ત્યારે રાજાએ હાથ જોડીને શ્રીહરિને કહ્યું, મહારાજ ! આપ બધું જાણો છો. પ્રભુ, આપ સહુનું હિત કરનારા છો. ૪. પછી શ્રીહરિએ પ્રસન્ન મનથી કહ્યું, અત્યારે સંતો કીર્તનભક્તિ કરે. તમે સહુ જઈને પોતપોતાનાં વાજિંત્ર લઈ આવો. ૫. પછી સંતો ગયા અને દુકડ, સરોદ અને સિતાર વગેરે વાજિંત્ર લઈ આવ્યા. મુક્તાનંદ સ્વામી તથા દેવાનંદ સ્વામી સરોદ વગાડવા લાગ્યા. પ્રેમાનંદ સ્વામીએ દુકડ વગાડવા લીધાં. ૬. અને જ્ઞાનાનંદ સ્વામીએ સિતાર વગાડવા લીધો. તેમના જેવો સિતાર વગાડવો બીજા કોઈને ફાવતો નહિ. ૭. મુક્તાનંદ સ્વામી કલ્યાણ રાગના "નયનભર કબ દેખું" એ પદ ગાવા લાગ્યા. ૮.

## કીર્તન : નયનભરી કબ દેખું કરતાર

### રાગ : યમન કલ્યાણ - પદ-૧

નયન ભરી કબ દેખું કીરતાર...ટેક

શ્યામરી સુરત માધુરી મુરત, અધમ જનનકે ઉદ્ધાર...નયન૦ ૧

દર્શ વિના અતિ દુઃસહ વિરહ તન, દુઃખકો વાર ન પાર...નયન૦ ૨

સહજાનંદ ચરન બિન મોંકું, જગ સબ જરત અંગાર...નયન૦ ૩

મન ક્રમ વચને મુકુંદ ચરનપર, વાર્યો મેં વારંવાર...નયન૦ ૪

### પદ - ૨

નયન તવ દર્શનકું નિત્ય ચ્હાય...ટેક

છીન છીનમેં મન કરત મનોરથ, કબ લોચન ફળ પાય...નયન૦ ૧

વદન વિલોકન જ્યું ચાહત દગ, તુમ વિન રહ્યો ન જાય...નયન૦ ૨

તાતે દર્શ દેહું દુઃખ મેટન, કહીએ કહારી બનાય...નયન૦ ૩

દાસ મુકુંદ દુઃસહ દુઃખ મેટો, વેગે વદન દેખાય...નયન૦ ૪

### પદ - ૩

હમારે ધન સર્વસ્વ સુંદર શ્યામ...ટેક

સુંદર શ્યામ વદન શોભાપર, વારું કોટિક કામ...હમારે૦ ૧

તેહી બિન ત્રિભુવનકી સુખ સંપત, હમકું સબ હી હરામ...હમારે૦ ૨

અબ નહીં જગત જાલ જૂઠે સુખ, ઉરમેં કરહી આરામ...હમારે૦ ૩

દાસ મુકુંદ પ્યાસ પ્રીતમસે, ઓર સકલસે અકામ...હમારે૦ ૪

### પદ - ૪

ચરન રજસે રતિ હમકું ભઈ હે...ટેક

પ્રભુ પદરજ રતિ ભઈ હે હમારી, ઉરકી અવિદ્યા ગઈ હે...ચરન૦ ૧

અબ નહીં કાલ કર્મ ગુન કબહુ, નિર્ભય વસ્તુ લઈ હે...ચરન૦ ૨

યોગ યજ્ઞ તપ તિરથ આદિ, સબકો ફલ સો એઈ હે...ચરન૦ ૩

દાસ મુકુંદ દ્વંદ દુઃખ મેટન, મહિમા વેદ કહી હે...ચરન૦ ૪

પદ - ૫

લગનસે મગન સોઈ હરિકું લહેંગે...ટેક
લોકલાજ મરજાદ મેટીકે, સદ્‌ગુરુ શબ્દ ગ્રહેંગે...લગન૦ ૧
શૂર ધીર સો સનમુખ આવે, તનમેં ચોટ સહેંગે...લગન૦ ૨
શિશ દિયે વિન શ્યામ ન રીઝે, કથની બહુત કહેંગે...લગન૦ ૩
દાસ મુકુંદ વાસ હરિ ચરણે, સોઈ જન નિર્ભે રહેંગે...લગન૦ ૪

આવાં પાંચ પદ ગાયાં. તે સાંભળીને શ્રીહરિ ખૂબ જ રાજી થયા અને કહ્યું તમારાં આવાં જે પદો છે તે અમને બહુ જ ગમે છે. ૯. પહેલાં મેઘપુરમાં કાફી રાગનાં પદ રચીને મુક્તાનંદ સ્વામી બોલ્યા હતા. તે પછી પણ જ્યારે શ્રીહરિ આજ્ઞા કરતા ત્યારે સ્વામી પદ ગાતા હતા. ૧૦. “લગન લગી હે મૂર્તિ માધૂરી સે, લગન લગત રહે તેહિ વારા, ઉર આગ બૂઝ ગઈ રે સારા” એ ચાર પદ પણ અત્યંત ચાતુરીથી ગાયાં. તે સાંભળીને શ્રીહરિ રાજી થયા.

**કીર્તન : લગન લગી મુરત માધુરીસે**

લગન લગી મુરત માધુરીસે...ટેક
લગન લગત મેરે ઉરકી બુઝાઈ આગ;
જહાં નિહારું તહાં પ્રગટ પ્રભુ દીસે...લગન૦ ૧
પ્રીત જો કરત વાંસે પલક ન દૂરી હોત,
પ્રેમદોરી બાંધેરી ફીરત જ્યું કીસે...લગન૦ ૨
એસે પ્રભુ છાંડીકે ઉપાસું નહિ ઓર કાહુ,
ગજસે ઉતરી ચડે કો ખરશીશે...લગન૦ ૩
દાસ મુકુંદ કહા સ્વાદ જાને છાસ મધ્યે,
પ્રેમરસ પૂરન રહત જો ઘીસે...લગન૦ ૪

પદ-૨

દો દિનકી જાન નર તોરી...ટેક
તામેં ગર્વ ગુમાન કહા નર, હોઈ ઘરીકમેં રાખકી ઢેરી...દો૦ ૧
પહેરત જામા પાગ સમારત, કહા દેખત દર્પનમેં હેરી...દો૦ ૨
શિરપર કાલ ન સુઝે ચર્મદગ, બુદ્ધિ બુરદાય ગઈ અતિશેરી...દો૦ ૩
દાસ મુકુંદ શોધી લે સદ્‌ગુરુ, નીકસત પ્રાન લગત નહિ દેરી...દો૦ ૪

પદ-૩

સો ગુરુદેવ સદા સુખકારી...ટેક
જેહી શ્રુતિ એક એક કરી ગાવત, વરનત જાસું રૂપ ગયે હારી...સો૰ ૧
શરન ગયે સંશય સબ મેટત, જ્યું રવિ ઉદેરી રેન અંધિયારી...સો૰ ૨
એસે ગુરુબિન જ્ઞાન ન પાવે, પ્રભુપદ વિમુખ ફીરે નરનારી...સો૰ ૩
દાસ મુકુંદ પાય ગુરુ પૂરા, તન મન ડાર્યો સબ હી વારી...સો૰ ૪

આ સિવાયના બીજાં પણ તેમનાં કરેલાં કાફી રાગનાં ચાર પદ શ્રીહરિએ મુક્તાનંદસ્વામી પાસે ગવડાવ્યાં. ૧૧-૧૨.

**❋ પ્રગટની અતિશય મહત્તા કહી :**

**કીર્તન : પ્રગટ કે ગુણ હમ ગાવે...**

પ્રગટ કે ગુન હમ ગાવે, પ્રગટ દરશકુ પાવે;
પ્રગટ બિના જે ભૂત-ભવિષ્ય હે, સો સુપનેમેં ન ભાવે...પ્રગટ૰ ૧
જોગી જંગમ તપસી સંન્યાસી, પ્રોક્ષ હી મોક્ષ બતાવે;
પ્રગટ પ્રીછ વિના પછીહારે, કુકસ કૂટી ઉડાવે....પ્રગટ૰ ૨
પ્રગટ ભક્તિ અરુ પ્રગટ પ્રાપ્તિ, પ્રગટ વિના મન નાવે;
પ્રગટ મોક્ષકા પંથ બતાવે, પ્રગટ ભાવ ઉર લાવે...પ્રગટ૰ ૩
પ્રગટ નવલ પ્રભુ પ્રગટ પ્રેમરસ, પ્રગટ સો ભરભર પાવે;
પ્રગટ પ્રમાણ પ્રાણજીવન પર, દાસ મુકુંદ બલ જાવે...પ્રગટ૰ ૪

પદ - ૨

પ્રગટ વિન પ્યાસ ન ભાગે, કહાં નહિ હે કીરતાર;
જ્યું જળ ભૂમિમેં સભર ભર્યો હેં, અર્થ ન આવે લગાર...પ્રગટ૰ ૧
એક અખંડ વિશ્વમેં વ્યાપક, સદ્‌ગુરુ સોઈ ઉદાર;
નિત્ય નિમિત્ત રૂપ નરહરિકો, જાનત જાનનહાર...પ્રગટ૰ ૨
સો પ્રભુ છાંડી ચરાચર વ્યાપક, સો કોઈ કરહીં વિચાર;
મનહીં બચન પર વેદ વખાને, જ્યું આકાશ અપાર...પ્રગટ૰ ૩
રવીકે તેજસે જ્યું રવી પ્રકાશે, ત્યું ગુરુમુખ બ્રહ્મવિચાર;
દાસ મુકુંદ મર્મ યહ જાનીકે, ભયે હે બહુત ભવપાર...પ્રગટ૰ ૪

સદ્‌ગુરુ મુક્તાનંદ સ્વામી કહે છે કે “અમે પ્રકટ શ્રીહરિના જ ગુણોને ગાઈએ છીએ અને પ્રકટ પરમાત્માનાં જ દર્શન કરીએ છીએ. જે પ્રકટ નથી એવા ભૂતકાળમાં થયા હોય કે ભવિષ્યમાં થવાના હોય તે અમને સ્વપ્નમાં પણ ગમે નહિ. ૧૩. યોગીઓ, ચાલતા - ફરતા તપસ્વીઓ, એ બધા પરોક્ષ - અનુભવ ન હોય - એવી વાતોને બતાવે છે. પરંતુ પ્રકટ પ્રભુની ઓળખાણ વિના તો તે બધું ઢૂંસા ધોકાવવા જેવું વ્યર્થ છે. ૧૪. પૃથ્વીની અંદર પાણી ભરપૂર હોવા છતાં જ્યાં સુધી તે પ્રકટ ન હોય ત્યાં સુધી તેનો કશો ઉપયોગ થતો નથી. પ્રત્યક્ષ પાણી મળ્યા સિવાય પ્યાસ-તરશ મટતી નથી. તેમ ભગવાન ક્યાં નથી ? બધે જ છે. પરંતુ પ્રગટ મળ્યા વિના ક્યારેય મોક્ષ થાતો નથી. ૧૫. કોરું જ્ઞાન કહ્યા કરવાથી કોઈ ફાયદો નથી. જેમ સૂર્યનાં કરોડો ચિત્રો કરવામાં આવે છતાં પણ પ્રત્યક્ષ સૂર્યના વિના અંધારું હટતું નથી, તેમ પ્રગટની ઓળખાણ સિવાયની બધી વાતો લૂખી છે, સારહીન છે. ૧૬. જેમ કોઈને સ્વપ્નમાં પંચામૃત ભોજન મળે તેનાથી મનુષ્ય આનંદ માને કે મસ્ત બની રહે, પણ તે જ્યારે સ્વપ્નમાંથી જાગે છે ત્યારે ભૂખનો જ પોકાર કરતો રહે છે; તેમ **પ્રકટના અનુભવ વિનાના સ્મરણ અથવા ધ્યાન અસાર જ છે.** ૧૭. ચોવીશ અવતારોમાં વ્યાસમુનિને ભગવાનનો અવતાર કહ્યો છે. વેદોનું વિભાજન કરીને પુરાણોની રચના પણ વ્યાસદેવે કરી છે, પણ **પ્રકટ શ્રીકૃષ્ણ ભગવાનના ગુણોનું ગાન કર્યા વિના તેમના અંતઃકરણની અશાંતિ ટળી નહિ. ૧૮.**

પ્રકટ ભગવાનની ઓળખાણ વિના સાધક-મુમુક્ષુ પોતાના ચિત્તને સ્થિર શામાં કરે ? પ્રકટ ભગવાન વિનાનું બધું જ જ્ઞાન તલવાર વિનાના ખાલી મિયાન જેવું છે. ૧૯. ભલે કોઈ અનેક રીતે વાતને કહેવાનો પ્રયાસ કરે, પણ પ્રકટ સિવાય સુખ મળતું નથી. ‘સૂર્ય સૂર્ય’ આવું રટણ કરવાથી કાંઈ રાત વીતે નહિ. ‘પાણી પાણી’ આવું બોલવામાત્રથી કાંઈ તરશ છીપતી નથી. ૨૦. માત્ર ‘અમૃત’ આવું બોલવાથી કોઈ અમર થઈ જતો નથી. તેમ ‘ધન ધન’ આમ બોલ્યા કરવાથી કોઈને ધન પ્રાપ્ત થતું નથી. ‘ધન ધન’ કરવાથી જો ધનિક થઈ જવાતું હોય તો આ દુનિયામાં કોઈ નિર્ધન રહે જ નહિ. ૨૧.

કોઈને 'રાજા' આવું કહેવામાત્રથી જો રાજ્ય મળી જતું હોય તો કોઈ રંક રહે જ નહિ. કેવળ 'ભોજન' શબ્દને બોલવામાત્રથી જ ભૂખ ભાંગી જતી હોય તો તેને માટે કોઈ વૃથા મહેનત શા માટે કરે ! ૨૨.

સાચા સદ્‌ગુરુ મળ્યા સિવાય આખી દુનિયા વાતો કરી કરીને કર્મોની અધિકતા કહે છે. મુક્તાનંદ સ્વામી કહે છે કે તે બધાની કહેણી મિથ્યા છે. ખરો રંગ તો તેનો જામે છે કે જેની રહેણી-વર્તન એવું હોય છે. ૨૩. હે રાજા ! જ્યારે પ્રકટ હરિની ઓળખાણની વાત થાય ત્યારે પરમપદ "મોક્ષ" તુરંત મળે છે. સદ્‌ગુરુ મુક્તાનંદ સ્વામીએ આવી જીવના કલ્યાણની વાતો અનંત અને અપાર કહી. ૨૪. જ્યારે રાજા હઠીભાઈએ મુક્તાનંદ સ્વામીના મુખથી આવી વાતો સાંભળી ત્યારે તેમના મનમાં અપાર આશ્ચર્ય થયું. અને તેમણે શ્રીહરિને પ્રકટ પ્રભુના રૂપમાં ઓળખ્યા, પણ બીજાએ એવા ન માન્યા. ૨૫.

### ❋ દરબાર હઠીભાઈએ પોતાની નિષ્ઠા કહી :

મુક્તાનંદ સ્વામીની વાતો સાંભળીને રાજા હઠીભાઈના મનમાં શ્રીહરિના સ્વરૂપનું યથાર્થ જ્ઞાન થયું અને મૂર્તિ બરાબર વસી ગઈ. ત્યારે મનથી પ્રસન્ન થઈને તેઓ બોલ્યા, ૨૬. શ્રીહરિના સ્વરૂપની સમજણ અને તેમની મૂર્તિ હવે મારા મનમાં મનાઈ-ઊતરી ગઈ છે, એટલે કદાચ કરોડો અંતરાય આવે તો પણ મારું મન બીજે દોડશે નહિ. ૨૭. શ્રીહરિરૂપી ચિંતામણિ મને મળી ગયો છે, મારે હવે બીજા કોઈનો ખપ રહ્યો નથી, તેથી હું પુરાણી, પંડિત, જોગી કે જતિ, તેમની પાસે જઈને શું પૂછું ? ૨૮. શ્રીહરિના સ્વરૂપની વાત જ્યારથી મેં સાંભળી છે ત્યારથી મારી આંતરિક ક્ષતિઓ બધી ટળી ગઈ છે. અનેક અજ્ઞાનને ટાળનારા મહાપ્રભુ શ્રીહરિ આવીને મને મળ્યા છે, માટે મારે હવે બીજા કોઈમાં વિશ્વાસ કરવાનું રહ્યું નથી. ૨૯. હવે મારા મનમાં સ્વર્ગાદિ સુખને ભોગવવાની ઈચ્છા રહી નથી. પ્રત્યક્ષ પ્રભુ મળ્યા એટલે ચાર પ્રકારની મુક્તિ પણ શું? અનંત અને અપરિમિત પરમાત્માના ધામમાં વાસ મળ્યો એટલે જન્મ-મરણ ઈત્યાદિનો ત્રાસ પણ ટળી ગયો છે. ૩૦.

**चोपाई :**

**शुक नारद हि कहावत जोउ, सिद्ध भये मिले सद्‍गुरु सोउ;**
**जब वर्नाश्रम मान मिटाया, तब परमपद मोक्ष हि पाया...३२**
**प्रत्यक्ष हरिशरन जे आया, लखचोरासी सद्य छोडाया;**
**संत अनंत के कारज भयेउ, श्रीहरि के जब शरन गयेउ...३३**

જેની બુદ્ધિમાં રાત-દિવસ ભૌતિક સુખની જ વાસના ભરી હોય તેવા પ્રાકૃત મતિવાળાને આ પરમાત્માને સમજવા કે પામવાની પહોંચ જ ક્યાંથી હોય ? કરોડો વરસ સુધી જપ અને તપ વગેરે સાધન કરે તોપણ સાચા સદ્‍ગુરુ ન મળે ત્યાં સુધી તેને યથાર્થ જ્ઞાન થાતું નથી. ૩૧. શુકદેવજી અને નારદજી વગેરે જે મોટા કહેવાય છે તેને પણ જ્યારે સદ્‍ગુરુ મળ્યા ત્યારે જ તેઓ સિદ્ધ થયા છે. જ્યારે તેમને વર્ણનું કે આશ્રમનું માન-દેહાભિમાન ટળ્યું ત્યારે જ પરમપદની પ્રાપ્તિરૂપ મોક્ષ મળ્યો છે. ૩૨. જે જે જીવ પ્રત્યક્ષ શ્રીહરિને શરણે આવ્યા. તેમને શ્રીહરિએ લખચોરાશીથી સત્વરે છોડાવ્યા છે. જ્યારે જીવ શ્રીહરિને શરણે ગયા ત્યારે અનેક સંતોનું કાર્ય સફળ થયું છે. ૩૩.

**આ જ ભાવનું મુક્તાનંદસ્વામીનું પદ છે.**

ગુરુ બિના જ્ઞાન કોઉ નહીં પાયો...ટેક.
શુક નારદ શીખે સદ્‍ગુરુસે, જબ વર્ણાશ્રમ માન મિટાયો...ગુરુ૦ ૧
શ્રીમુખ સાંખ દઈ સદ્‍ગુરુકી, લખચોરાસી સદ્ય છોડાયો...ગુરુ૦ ૨
સંત અનંતકે કારજ સીજે, જબ ગુરુ ગોવિંદ એક જનાયો...ગુરુ૦ ૩
દાસ મુકુંદ વાસ ગુરુચરને, જીનહી કૃપાસે ભર્મગઢ ઢાર્યો...ગુરુ૦ ૪

તે પ્રત્યક્ષ શ્રીહરિ આપ મને પ્રાપ્ત થયા છો હવે મારે કાંઈ કરવાનું બાકી રહ્યું નથી. હવે આપ કહો તેમ હું કરું. આવું દરબાર હઠીભાઈ બોલ્યા. ૩૪. શ્રીહરિએ હઠીભાઈના શબ્દો સાંભળ્યા. પછી પ્રભુ મનમાં ખૂબ જ સ્નેહ લાવીને બોલ્યા, અમારાં અને આ સંતોનાં તમને જે દર્શન થયાં છે તેને તમે દિનરાત સંભારતા રહેજો. ૩૫. અને મુક્તાનંદ સ્વામીએ જે વાતો કહી છે તેને પણ તમે પ્રેમથી યાદ રાખજો. મોક્ષનાં સાધનોનું આટલું જ મૂળ છે. તે સિવાયની બીજી વાતોમાં ભૂલા પડશો નહિ. ૩૬.

दोहा : हरिजन के हित करन हित, संतजन लिनेउ संग;
फीरत हें सत्संग महीं, चढावनेकुं रंग...३८

અમે અહીંયાં તમારે માટે જ આવ્યા છીએ. તમને દર્શન આપ્યાં. હે ચતુર રાજા ! તમારી સાચી સમજણની વાતો અમે સાંભળી. આ સિવાય બીજા કોઈ કામ માટે અમે આવ્યા નથી. ૩૭. સત્સંગીઓનું હિત કરવા માટે અમે સહુ સંતોને પણ સાથે લીધા છે. સહુને સત્સંગનો રંગ ચઢાવવા માટે અમે સત્સંગીઓનાં ગોમોમાં-સમાજમાં ફરીએ છીએ. ૩૮. સંતોના યોગથી સત્સંગ અધિક વધે છે. સંતોના યોગ વિના તો કુસંગ વધે છે. સંતોનો સંગ રહે તો હરિભક્તોનું હિત થાય છે અને સંતોનો યોગ ન રહે તો અહિત થાય છે. ૩૯. જે જગતના જીવ છે તે તો તેના હિતની વાતને પણ સાંભળતા નથી. તેમને લાભ કે ગેરલાભનું ભાન નથી. એટલે તેને અહિત થાય એવી વાતમાં જ રુચિ રહે છે. ૪૦.

તે જગતના જીવો ભાંડભવાઈની અપાર વાતો કરે છે. તેની ગણતરી કરીએ તોય પાર આવે તેમ નથી. ચોરી, જારી (વ્યભિચાર) દારૂ અને માંસ, આ ચાર જમપુરીના દરવાજા છે. ૪૧. જેટલાં વ્યસન કે ફેલ કહેવાય છે, તે બધાં અંતે તો નરકનાં જ દ્વાર છે. પંડિતો કે પુરાણીઓ તે વ્યસન વગેરેને અમૃત સમાન માને છે, આમાં શાણો (સમજણો) કોને કહેવો ? ૪૨. જેટલા સંપ્રદાય કહેવાય છે તે બધામાં ફેલ-ફતૂર વિનાના કોઈ નથી. જેવા ગુરુ થયા તેવા જ શિષ્ય થયા. હવે તે બધા સંસારસાગરને કેમ તરશે? ૪૩.

જે હરિભક્તો છે, તે સિવાયના કોઈ પણ મનુષ્યને સંસારસાગર તરવાનો વિચાર જ આવતો નથી. જેને દુઃખનો ભય તો લેશમાત્ર પણ હોતો નથી, એવા ગુરુ જ આજ ઉપદેશ કરે છે. ૪૪. તેવા ગુરુઓ ઘેર ઘેર ભક્તમાળ ગ્રંથની કથા વાંચતા હોય છે અને અત્યંત કાળાં કામ-પાપરૂપ કામ કરે છે. ભક્તજનોના પરચા ગાઈને ગૃહસ્થ ભક્તોની આબરૂ (ઓળખાણ) બગાડે છે. ૪૫. જે ભગવાનના ભક્ત થયા છે તે બધા ધર્મના માર્ગે જ ચાલ્યા છે. તે ભક્તોનું જીવન ધર્મ, વૈરાગ્ય, ભક્તિ અને જ્ઞાનથી ભરપૂર જ રહ્યું છે. ૪૬. ભૂલથી પણ કોઈએ ધર્મનો લોપ કર્યો હોય તો તેના તે ધર્મલોપરૂપ આચરણને

ગ્રંથોમાં લખ્યું છે. જે જે મોટા પુરુષો થઈ ગયા છે તે બધાનું સત્ય આચરણ અને ભૂલ, બંને તે તે ગ્રંથોમાં લખાયું છે. ૪૭. વ્યાસજીના જેવા કોઈ મોટા નથી. તેમનું જીવન-આચરણ પણ તેમણે જ લખ્યું છે. ભવ, બ્રહ્મા, નારદ, પર્વત તથા જેઓ પોષણ કરે છે તે ઈન્દ્ર અને ચંદ્ર, ૪૮. ઋષ્યશૃંગ, પરાશર અને સૌભરિ, એ બધા ઘણા મોટા પુરુષો કહેવાય. તેમના જેવા કોઈ સમર્થ થયા નથી; તો પણ તેમનું આચરણ - વર્તન ગ્રંથમાં લખાયું. જેણે જેવું વર્તન કર્યું તે બધું લખાયું. ૪૯.

જેવું અનાજ ખવાય તેવું પોષણ થાય, અમૃતનો ખોરાક અમર કરે અને ઝેરનો ખોરાક મોત કરે. ૫૦. **સત્સંગનો ગુણ અમૃત છે અને કુસંગનો ગુણ ઝેર છે. પરમાત્માએ વિવેકશક્તિ આપી છે તો જોઈ વિચારી સંગ કરવો. ૫૧. જેને વિવેક છે તે મનુષ્ય ચતુર કહેવાય છે અને જેમાં વિવેક નથી તે મનુષ્ય તો પશુના સમાન છે. અને તે પોતાના જન્મને નિરર્થક ગુમાવે છે. અને ચતુર મનુષ્ય પોતાનું કાર્ય સુધારી લે છે. ૫૨.** હે રાજન ! તમારાં ધન્ય ભાગ્ય છે, તમારું સદ્ભાગ્ય છે કે તમને આવા સંતોનો યોગ થયો છે; પણ જેને આવા સંતોનો યોગ મળતો નથી તે તો અત્યંત અભાગિયા છે. ૫૩. **ચક્રવર્તી રાજ્ય મળવું કે ઈન્દ્રપદ મળવું તે સહેલું છે, પણ આવા સંતોનો જે યોગ થવો તે દુર્લભમાં પણ અતિશય દુર્લભ છે. ૫૪.** અત્યારે મધ્યરાત થઈ છે. સહુ જઈને સૂઈ જાઓ. જ્યારે સવાર થાય ત્યારે અમારે અહીંથી ચાલી નીકળવું છે. ૫૫.

***ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના તૃતીય પૂરમાં 'મુક્તાનંદસ્વામીનું ભક્તિસંગીત અને ઉપદેશાત્મક વાર્તા કહી' એ નામે સુડતાલીશમો તરંગ સમાપ્ત ॥૪૭॥***

## પૂર ત્રીજું : તરંગ - ૪૮

## ગોંડળમાં હઠીભાઈની સેવા સ્વીકારી અને મિત્રનાં લક્ષણ કહ્યાં

શ્રીહરિ સવારે ચાલી નીકળશે એવાં વચન સાંભળીને રાજા હઠીભાઈ એકદમ ઉદાસ થઈ ગયા. રાતે ઊંઘ આવી નહિ. નિસાસા નાખવા લાગ્યા.

૧. જ્યારે સવાર થયું ત્યારે રાજા શ્રીહરિની પાસે આવ્યા. હાથ જોડીને વિનંતી કરી કે હે ભક્તનિવાસ ! આપ સાંભળો. ૨. આપ દીનદયાળ છો, આપ અશરણશરણ છો, તેમજ ભક્તજન પ્રતિપાલક પણ છો. આપ ભક્તાધીન છો એવું આપનું બિરુદ છે. ૩. લોકો આપને અધમઉદ્ધારણ અને પતિતપાવન કહે છે. ભક્તોનું હિત કરવા માટે આપે આ વખતે અવતાર લીધો છે. ૪. મુનિજનો કરોડો પ્રયત્ન કરે છે છતાં આપ તેને સ્વપ્નમાં પણ દેખાતા નથી, તે આપ અત્યારે અમને સાક્ષાત્ મળ્યા છો. આપના અનંત કલ્યાણકારી સદ્‌ગુણો છે. તેનું વર્ણન કરી શકાતું નથી. ૫. આપ બ્રહ્માદિક દેવોને પણ દુર્લભ છો, તે અત્યારે અમને સુગમતાથી પ્રાપ્ત થયા છો. અમને ભવસાગરથી તારવા માટે આવો ને આવો યોગ આપજો. ૬. **આ ભવસાગરનો રોગ બધા જ રોગો કરતાં અધિક (અસાધ્ય) છે. અમે આપને શરણે આવ્યા છીએ અને વિનંતી કરીએ છીએ કે અમારો ક્યારેય ત્યાગ કરશો નહિ. ૭.**

હે સ્વામી ! અમારો આધાર આપ એક જ છો. સહુના આપ અંતર્યામી છો. હે હરે ! અમારે માટે આપ એક છો પણ આપને તો અમારા જેવા અનેક છે. ૮. ફરીને આવો અવસર નહિ આવે. કારણ કે આ શરીરનો લેશમાત્ર પણ ભરોસો નથી. આપે અમારા ઉપર અપાર કરુણા કરી છે. અમે આપના ચરણોમાં પડીએ છીએ. ૯. આપ દીનબંધુ છો અને દરિયા જેવા વિશાળ દિલના દયાળુ છો. આપ કૃપાના સિંધુ છો. વિશેષ કૃપાળુ પણ છો. આપ શરણાગતવત્સલ છો અને વરદ છો. અભયપ્રદ છો. વેદો અને પુરાણો આપના ગુણોનું ગાન કરે છે. ૧૦. આપના સદ્‌ગુણોનું જેને જ્ઞાન નથી તે તો અધમ અને મહાપાપી કહેવાય છે. કેટલાક તો કરોડો યજ્ઞ કરે છે છતાં તેમને આપનાં ચરિત્રોમાં શુભ મતિ-ભાવના થતી નથી. ૧૧.

કેટલાક લોકો વ્રત, દાન, તપ અને બધા જ તીર્થોની યાત્રા કરી ચૂક્યા હોય, કરોડો વખત ભેરવજપ ખાધો હોય છતાં તેમના ચિત્તમાં આપનાં ચરિત્ર ઠેરાતાં નથી. ૧૨. તે જીવ તો પાપીઓમાં પણ શિરોમણિ છે, તેથી અધિક કોઈ પાપી નથી. તે જીવ તો વારંવાર જમપુરીમાં જાય છે. ૧૩. જમપુરીમાં જમના હાથનો માર ખાય છે અને પછી લખચોરાશીમાં ફરે છે. ત્યારપછી તે

કૂતરાં, ભૂંડ અને ગધેડાના જન્મને પામે છે. ૧૪. શ્રીહરિ પરમ દયાળુ છે. રાજા હઠીભાઈનો પૂરો પ્રેમ જોયો, તેથી બીજી સારી જગ્યા જોઈને કૃપાળુ ગોંડળમાં પાંચ દિવસ રહ્યા. ૧૫.

**❋ ભક્ત અને ભગવાનના સંબંધનું વર્ણન :**

શ્રીહરિ સ્વયં તો આકાશની જેમ અસંગી છે છતાં પોતે જેને ભક્ત જાણે છે તેના ઉપર હેત દેખાડીને તેનું કાંઈક ગમતું કરે છે. ૧૬. શ્રીહરિનો અવતાર તો ભગવદીયોને માટે છે અને તેથી જ વારંવાર ચરિત્ર કરતા રહે છે. અક્ષર પર્યંત સહુને પણ જે સેવા દુર્લભ છે તે સેવા ભક્તોના હિત માટે શ્રીહરિ સ્વીકારે છે. ૧૭. **કુબુદ્ધિ જીવ ભગવાનને પણ પોતાના સમાન ગણે છે માટે કુબુદ્ધિનું અકલ્યાણ-ભૂંડું થાય છે. અને ભક્તજન ભગવાનને નિર્દોષ સમજે છે. નિર્દોષ જાણે તેનું કલ્યાણ થાય છે. ૧૮.**

**हरिभक्त कु हरि सोहावे, हरि कु हरिभक्त मन भावे;**
**हरिभक्त के हरि हे मिता, मानत भक्त परम पुनिता...१९**
**एक एक के मित्र हे दोना, जुदे परे तब आवत रोना;**
**एहि परम मित्र के चेंना, चेंन जोई ओलख हि लेना...२०**

હરિભક્તોને શ્રીહરિ ગમે છે અને શ્રીહરિને હરિભક્તો મનભાવતા લાગે છે. જે પરમ પુનિત ભક્ત છે તેવા હરિભક્તના પરમ મિત્ર તો શ્રીહરિ જ છે. ૧૯. શ્રીહરિ અને હરિભક્ત, બંને પરસ્પર મિત્ર છે. જ્યારે જુદા પડે છે ત્યારે બંનેને રડવું આવે છે. સાચા મિત્રનું એ જ ચિહ્ન છે. એવા ચિહ્નને જોઈને તેને ઓળખી રાખવા. ૨૦. હરિભક્ત તો તરત જ દેખાઈ આવે છે. કસ્તૂરીનો સુગંધ છુપાઈ ન રહે. કેસર, અત્તર અને કપૂર પણ પોતપોતાના ગુણોને પ્રકટ કરે જ છે. ૨૧. હિંગ, ડુંગળી અને લસણ, એ પણ પોતાનાં લક્ષણ-સ્વભાવને ગુપ્ત રાખી શકે નહિ. આ રીતે મનુષ્ય પણ પોતે પોતાની સુબુદ્ધિને કે કુબુદ્ધિને સ્વભાવથી બતાવે છે. ૨૨.

**જો હરિભક્ત શ્રીહરિને એક પળવાર પણ છોડતો-ભૂલતો નથી તો શ્રીહરિ પણ તેની પાસે દોડીને આવે છે. પ્રેમવૃત્તિરૂપી જે મંદિર તેમાં શ્રીહરિ અખંડ રહે છે. ૨૩.** ભગવાનનું ધામ તો પ્રેમપ્રકાશ છે અર્થાત્

પ્રેમને પ્રકટ કરવાનું સ્થાન છે. પ્રેમી ભક્ત તેને આનંદ ઉલ્લાસથી દેખે છે. ભક્ત ભગવાનમાં જેવો પ્રેમ જાણે-કરે તેવો પ્રેમ અન્યમાં ન જાણે-કરે. ૨૪. **હરિભક્ત ભક્તિભાવથી શુદ્ધ હોય તો ત્યાં ભગવાન નિવાસ કરે જ છે, પણ જ્યાં ભક્તિભાવ નથી તેની સામે ભગવાન દેખતા પણ નથી અને ત્યાંથી દૂર નાશી જાય છે. ૨૫.** રાજાએ બીજે દિવસ સરસ રીતે બહુ પ્રકારની રસોઈ કરાવી. તેમાં જે વિવિધ પ્રકારના પાક કરાવ્યા, તે વર્ણવી શકાતા નથી.૨૬. શ્રીહરિએ સોનાના બાજોઠ ઉપર બેસીને સ્નાન કર્યું. વર્ણીએ એક ઘણું સુંદર પીતાંબર લાવીને શ્રીહરિને પહેરવા આપ્યું. ૨૭. ઘનશ્યામ શ્રીહરિએ અંગ લૂછ્યું. પછી પીતાંબર પહેર્યું. શોભાના નિધિ અને સુખના ધામ આવા શ્રીહરિએ સોનાની ચાખડીઓ પહેરી. ૨૮. ચટક ચટક અવાજ કરતી ચટકતી ચાલથી ચાલતી શ્રીહરિની મૂર્તિ લટક લટક લટકાં કરતી હતી. શ્રીહરિએ તે સમયે જરિયાની શાલ ઓઢી ત્યારે બધા જ હરિભક્તો તે મૂર્તિનાં દર્શન કરતા હતા. ૨૯. લાલ રંગની શાલ અત્યંત પરમ સોહામણી લાગતી હતી. સુંદર ઘનશ્યામ મૂર્તિ પણ બરાબર બની હતી. હાથમાં સુંદર રૂમાલ લીધો હતો. ત્યારે વિશાળ લલાટ ઝગમગ ઝગમગ ચમકી રહ્યું હતું. ૩૦.

એક સોનેરી બાજોઠ ઉપર આવીને શ્રીહરિ વિરાજમાન થયા. પછી બીજા સોનેરી બાજોઠ ઉપર ભોજનોથી ભરપૂર પીરસેલો થાળ વર્ણીએ લાવીને શ્રીહરિ આગળ ધરાવ્યો. ૩૧. પોતાની રુચિ પ્રમાણે નાના નાના ગ્રાસ લઈને પ્યારા શ્રીહરિ જમતા, ત્યારે પેટ ઉપર હાથ ફેરવતા. વારંવાર ઓડકાર ખાતા અને થોડું જળપાન પણ કરતા. ૩૨. જે જે ભોજન બનાવીને લાવ્યા હતા, તે તે બધું સુખદાયી શ્યામસુંદર જમ્યા. ભક્તજનોના મનોરથ પૂરા કરવા માટે શ્રીજીમહારાજ ભાવ કરીને જમતા. ૩૩.

**સુખકારી શ્રીહરિ ભાવનાના ભૂખ્યા છે, ભોજનના ભૂખ્યા નથી. શ્રીહરિની રુચિને ભક્ત હોય તે ઓળખે, પણ કુબુદ્ધિ મનુષ્ય તેને ક્યારેય માને નહિ. ૩૪.** જ્યારે શ્રીહરિ થાળ જમી રહ્યા ત્યારે જળથી ચળુ કર્યું. તે પ્રસાદીનો થાળ શ્રીહરિએ રાજા હઠીભાઈને આપ્યો. રાજા આવીને તત્કાળ તે પ્રસાદ લઈ ગયા. ૩૫. પરમ સુખકંદ શ્રીહરિ, પ્રસાદ આપીને પ્રસન્ન થયા

અને રાજા પ્રસાદ પ્રાપ્ત કરીને આનંદિત થયા. કારણ કે જે પ્રસાદ બ્રહ્માદિક દેવોને પણ દુર્લભ હોય છે તે પ્રસાદ આજ રાજાને મળ્યો હતો. ૩૬.

મુક્તાનંદ સ્વામી આદિ શ્રીહરિની સાથે આવેલા જે સંતો હતા તેમને તથા સાથે આવેલા જે દરબારો હતા તેમને, શ્રીહરિએ પોતાને હાથે પીરસીને જમાડ્યા. ૩૭. આવો અવસર ફરી વાર ક્યારેય ન આવે. આવો વિચાર કરીને ગોંડળ નરેશ હઠીભાઈ પણ શ્રીહરિના હાથે પીરસેલ ભોજન અપાર પ્રેમથી જમ્યા. ૩૮. સહુને જમાડ્યા પછી શ્રીહરિ આવીને પલંગ ઉપર બેઠા. પછી ખૂબ જ પ્રસન્ન મને હાસ્યવિનોદ કરતા હતા. ૩૯. દરબાર હઠીભાઈ તે વખતે ત્યાં થોડો પૂજાનો સામાન પૂજા કરવા માટે લાવ્યા. બીજો બધો સામાન રાજદરબારના મહેલમાં રાખ્યો. ૪૦.

રાજાએ સુંદર ચંદન લઈને ઘણી જ ચતુરાઈથી શ્રીહરિને અંગે ચરચ્યું. ફૂલોના હાર પહેરાવ્યા. ઉત્તમ તોરા શિર ઉપર ધરાવ્યા. ૪૧. ભુજાઓ ઉપર બાજુબંધ બાંધ્યા. કાન ઉપર ગુચ્છ મૂક્યા. શ્રીહરિ અમૃતભરી નજરથી ભક્તોને દેખી રહ્યા હતા. બંને ચરણો ઉપર ચંદન ચરચ્યું. પછી ત્રિવિધ તાપને હરનારા તે ચરણો છાતી ઉપર લીધા. ૪૨. પછી કપૂરથી આરતી ઉતારી. તેની શોભા અદ્‌ભુત થઈ હતી. ચારે બાજુ લોકો જય જયનો ધ્વનિ કરી રહ્યા હતા. તેથી અપરંપાર આનંદ વધ્યો. ૪૩. ચરણોમાં મસ્તક નમાવીને દંડવત્ પ્રણામ કર્યા. અંગેઅંગમાં આનંદ વ્યાપી ગયો હતો. તે સમયે પ્યારા સંતોની પણ પૂજા કરી અને પ્રેમથી ફૂલોના હાર પહેરાવ્યા. ૪૪. તે પછી મનમાં ખૂબ જ હરખાઈને હરિભક્તોની પૂજા કરી. રાજા જ્યારે પૂજા કરીને શ્રીહરિની પાસે બેઠા. ત્યારે શ્રીહરિએ તેમને કહ્યું, ૪૫.

### ❋ ત્રણ પ્રકારના મિત્ર તથા મનુષ્યનાં લક્ષણ :

તમે સત્સંગની રીતને જાણો છો છતાં હું તમને હેતથી વાત કહું છું. જગતની એવી રીત છે કે **જે મિત્ર હોય તે પોતાના મિત્રનું વગર કહે હિત કરે છે. ૪૬.** મિત્ર ત્રણ પ્રકારના હોય છે. તેમાં પણ પ્રત્યેકના ત્રણ ત્રણ ભેદ હોય છે. તેમાં પ્રથમ જે ત્રણ પ્રકાર કહ્યા તે ઉત્તમ, મધ્યમ અને કનિષ્ઠ એવા છે. તેની રીત તમે સાંભળો. ૪૭. ઉત્તમ પ્રકારના મિત્રનું હેત પથ્થરમાં

કરેલી રેખા જેવું છે, જે જલ્દી ટાળ્યું ટળે નહિ; મધ્યમ મિત્રનું હેત રેતીમાં કરેલી રેખા જેવું છે. જ્યાં સુધી તેને કોઈ અડે નહિ ત્યાં સુધી તે રહે, કોઈ અડે તો ભુસાઈ જાય. ૪૮. કનિષ્ઠ મિત્રનું હેત તો પાણીમાં રેખા ખેંચે તેના જેવું છે, એક ક્ષણમાં જ ટળી જાય. માટે વ્યક્તિએ પોતાના અંતરાત્મામાં દેખવું-વિચારવું કે આપણે શેમાં છીએ ?! ૪૯. તે રીતે જ રોષ-ગુસ્સો પણ ઉત્તમ, મધ્યમ અને કનિષ્ઠ, એમ ત્રણ પ્રકારનો છે, તેના જેમ મનુષ્ય પણ ત્રણ પ્રકારના હોય છે, તેનોય વિચાર કરવો જોઈએ. ૫૦. **જે ઉત્તમ પ્રકારનો મનુષ્ય હોય તેનો ગુસ્સો પાણીમાં રેખા કરી હોય, તેના જેવો છે, જે તુરંત શમી જાય છે.** મધ્યમ રોષ તો રેતીમાં કરેલી રેખા-લીટાના જેવો છે, જેને થોડો સ્પર્શ કરવામાં આવે તો તુરંત તે શમી જાય છે. ૫૧. કનિષ્ઠ પ્રકારનો રોષ જેને હોય તે પથ્થરમાં કરેલી રેખાના જેવો છે કે જે પ્રાણ જાય તો પણ ટળે નહિ. માટે મનુષ્યે તે રોષને પણ તપાસ કરીને ઓળખવો. અર્થાત્ ઉપકાર તરત ભૂલી જાય, અપકાર આખી જિંદગી ભૂલે નહીં. ૫૨.

***ઇતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના તૃતીય પૂરમાં 'ગોંડળમાં હઠીભાઈની સેવા સ્વીકારી અને મિત્રનાં લક્ષણ કહ્યાં' એ નામે અડતાળીશમો તરંગ સમાપ્ત ॥૪૮॥***

## પૂર ત્રીજું : તરંગ - ૪૯

### શ્રીહરિએ પોતાનું અવતાર પ્રયોજન તથા મહિમા કહ્યો

શ્રેષ્ઠ બુદ્ધિમાન અને પરમ સુજાણ રાજા હઠીભાઈએ બે હાથ જોડીને ત્રણ દિવસ સુધી પ્રશ્ન પૂછ્યા. ૧. શ્રીહરિનાં જન્મચરિત્રને અમૃત રસના જેવાં સમજીને રાજાએ તનમનથી એકતાન થઈને વિવિધ પ્રકારે પ્રશ્ન પૂછ્યા. ૨. આપનાં માતા, પિતા, કુળ, સ્થાન શું છે ? કયા દેશમાં જન્મ થયો? અને કયા કયા દેશમાં વિચરણ કર્યું છે ? તે બધું આદરભાવથી પૂછ્યું. ૩. આપનો સંપ્રદાય, ગુરુ, તેની પરંપરા અને મૂળ, તથા આ સત્સંગરૂપ મહાન વૃક્ષનો ભૂમિ ઉપર ક્યારથી ઉદય થયો ? વગેરે પૂછ્યું. ૪. આ ભૂમિ ઉપર

ભગવાને જે જે અવતારો ધાર્યા છે તે કોઈ ને કોઈ નિમિત્તે જ થયા છે, તેમ આપને પ્રકટ થવાનું જે નિમિત્ત હોય તે મને યથાર્થ રીતે કહો. ૫. અત્યાર સુધીમાં જે નિમિત્તે અવતાર ધર્યો છે તે કામ કેટલું કર્યું છે અને હવે બાકી શું રહ્યું છે ? તે પણ મને કૃપા કરીને કહો.

હે દયાળુ ! આપ ભલે પધાર્યા. હવે કૃપા કરી તે બધું મને કહો. ૬. યથાર્થ વાત તો આપના સિવાય બીજો કોણ કહે ? કેમ જે, બીજા બધા તો આપનાથી ઘણા ઓરા (પાછા) રહે છે. સૌનું કારણ આપ આ ભૂમિ ઉપર પધાર્યા છો. આપનાથી પર કોઈ રહ્યું નથી. ૭. આપ વેદો અને પુરાણોનું મૂળ છો. આપને તુલ્ય બીજું કોઈ કહી શકાય નહિ. બ્રહ્મા, ભવ અને સુરરાજ ઇન્દ્ર પણ આપની આગળ કાંઈ ન કહેવાય. ૮. સંકર્ષણ, અનિરુદ્ધ અને પ્રદ્યુમ્નના જેવી વિભૂતિઓ તથા શેષ, શારદા અને નારદ વગેરે પણ રાતદિવસ હરખાઈને આપના ગુણોનું ગાન કરે છે. ૯. ત્યાં મનુષ્યના શા લેખા ? કે જે તમારી અવજ્ઞા કરે ! તે જ મનુષ્ય જો આપની અવજ્ઞા કરે કે અવજ્ઞાના શબ્દ બોલે તો તેનો ઉદ્ધાર કેમ થાય ? હે પ્રભુ ! તે આપ મને પ્યારથી સમજાવો. ૧૦.

મારા મનમાં આ એક મોટો સંશય છે. તેને આપ ટાળી દો. ત્યારે સુખકંદ અને ભક્તજનોને આનંદ આપતા શ્રીહરિ બોલ્યા, રાજા ! તમે જે પૂછ્યું તે બધા જ લોકોને અત્યંત સુખદાયક છે. અને તે મારા ભક્તોને માટે તો સહુથી વધારે સુખ દેનારું છે. હવે તે બધું હું તમને સંભળાવું છું. ૧૧-૧૨.

**✵ શ્રીહરિએ હઠીસિંહને પોતાનો મહિમા કહ્યો :**

શુદ્ધ સોનાના પાત્ર સિવાય બળવાન સિંહણનું દૂધ, કરોડો સુજ્ઞ લોકો ભેળા થઈને કરોડો પ્રયત્ન કરે તો પણ બીજા પાત્રમાં રહે નહિ. ૧૩. **એ રીતે જ મારા સદ્‌ગુણ મહાન શુદ્ધ છે અને સારમાં પણ સારરૂપ છે. તે સદ્‌ગુણો સિવાયનું બધું અસાર છે. આ બાબતને જે સત્પાત્રજન છે તે જ સમજી શકે છે. ૧૪.** સહુ કોઈ માણસને મોઢેમોઢ વખાણ થાય તે ગમે છે. પરંતુ મારા જે જન છે તે જ મારો મહિમા સમજે છે. અને તેને ક્યારેય અવગુણ આવતો નથી. અને કુમતિ માણસ છે તે મને નહિ સમજીને મારા

અવગુણ લે છે. ૧૫. પૃથ્વી, જળ, વાયુ અને તેજ, એ ચાર ભૂતોની જેમ આકાશ પણ એક ભૂત જ છે; પણ આકાશના ગુણ અદૃશ્ય-અપ્રકટ છે. તેને કોઈ જાણી શકતું નથી. તેમ મારા ગુણ અદૃશ્ય રહે છે, તેને ભક્તો જ જાણે છે. ૧૬. ચિંતામણિ અને કલ્પવૃક્ષ સહુનું સારું જ ઈચ્છે છે, પણ જે પાત્રમાં જેવી ભાવના હોય તેવું તેને ફળ તે આપે છે. ૧૭.

ચિંતામણિમાં એકલા સારરૂપ ગુણ જ રહ્યા છે. તેમાં અસારરૂપ કોઈ ગુણ ક્યારેય હોતો જ નથી. ચિંતામણિમાં તો એક જ ગુણ છે, પણ તે જેની પાસે હોય તેવા ચિંતવનારા વિવિધ વ્યક્તિઓમાં તો અનેક ગુણ હોય છે. ૧૮. દર્પણમાં સ્વચ્છતાનો એક જ ગુણ હોય તોપણ તેના યોગમાં જે આવે તે જેવું હોય તેવું જ દેખાય છે. એમ મારા અવતારમાં પણ એવા ગુણ છે કે જેવું પાત્ર હોય તેવું તેને ફળ પ્રાપ્ત થાય છે. ૧૯. **મારામાં મોક્ષરૂપ ગુણ અખંડ રહ્યો છે. તે ગુણ મારામાંથી ક્યારેય અલગ થતો નથી. જેવું પાત્ર હોય તેવું ફળ આપું છું. મારામાં નિર્દોષતારૂપી ગુણ અખંડ રહે છે. ૨૦.** મારા એક ગુણનાં અનંત નામ થયાં છે. જેનો કહેતા છેડો આવે તેમ નથી. હું સહજ સ્વભાવથી પૂર્ણ મનોરથ કહેવાઉં છું. શાંત સ્વરૂપ અને સદા સુખદાયક છું. ૨૧. હું નરોત્તમ છું. પુરુષોત્તમ છું, નારાયણ નામથી કહેવાઉં છું અને ભક્તજનોને પૂર્ણકામ પણ છું. જે મારો ઉત્તમ ભક્ત છે તે મને હંમેશા ઉત્તમ જ જાણે છે. ૨૨.

મારાં જેટલાં ચરિત્ર કહેવાય છે તે બધાંને તે ભક્ત દિવ્ય અને મોક્ષદાયી માને છે. તેમાં તે ક્યારેય પ્રાકૃતબુદ્ધિ લાવતો નથી. તે મને દિવ્ય અને અલૌકિક રૂપમાં જ ગાય છે. ૨૩. મારી મૂર્તિ મનુષ્યને સમાન હોય છે તો પણ તે ભક્ત તેમાં ધામસ્થ મૂર્તિ જેવી જ દિવ્યબુદ્ધિ રાખે છે. એટલું જ નહિ પરંતુ **જે જે પદાર્થને મારી મૂર્તિનો સંબંધ થયો હોય તેને પણ તે ભક્ત દિવ્ય માને છે.** ૨૪. મારો ઉત્તમ ભક્ત છે તે ઉત્તમ ગતિને મેળવે છે. મારાં વચનોને પણ ઉત્તમ ગણીને તેનો લેશમાત્ર પણ લોપ કરતો નથી. ૨૫. તે ભક્ત મને અંતર્યામી સમજીને છળકપટનો ત્યાગ કરી દે છે. **જે ભક્ત મારી સાથે છળકપટ રાખીને મને ભજે છે તેની સાથે મને પ્રેમ થતો નથી. ૨૬.**

सोरठा : छल कपट रखे जोय, तेसो तिनकु फल मिले;
मैं हूँ सम बुद्धि सोय, विसम न होउ कोउ दिन...२७
मोरे जन्म हि कर्म, दिव्य अलोकिक सब हि तेहि;
उत्तम जन जानत मर्म, कबुद्धि जनकु न जान परे...२८

મારી સાથે જે છળકપટ કરે છે તેને તેવું ફળ મળે છે. હું તો સહુમાં સમાન બુદ્ધિ-ભાવના રાખનારો છું, પણ ક્યારેય વિષમ-અસમાન ભાવના રાખનારો થાઉં નહિ. ૨૭. મારાં જન્મ અને કર્મ (ચરિત્ર) જે છે તે બધાં દિવ્ય છે અને અલૌકિક છે. તેના મર્મને ઉત્તમ ભક્ત જાણી શકે છે, પણ કુબુદ્ધિ લોકોને તેની ખબર પડે નહિ. ૨૮.

**❋ શ્રીહરિએ તેમના પ્રશ્નોના ઉત્તર આપ્યા :**

અવધદેશ (અયોધ્યા) સ્થાન છે. ઉદાર સરવરિયા વિપ્ર અમારું કુળ છે. અયોધ્યાને નજીક **છપૈયા** અમારું ગામ છે. તે બ્રાહ્મણોનું જ ગામ છે. ૨૯. ત્યાં સ્વધર્મનિષ્ઠ અને સુવિચારવાળા એક ધર્મદેવ નામે પ્રતિષ્ઠિત સારા બ્રાહ્મણ રહેતા. તેમનું બીજું નામ હરિપ્રસાદ હતું. તે અમારા પિતા હતા. ૩૦. ભક્તિદેવી નામે તેમનાં પત્ની હતાં. તેઓ મહાન પતિવ્રતાના ધર્મમાં નિષ્ઠાવાળાં અને ગુણોએ કરીને તો માતા દેવહૂતિ કરતાં પણ વિશેષ પ્રસિદ્ધ હતાં. તે ભક્તિદેવી અમારી માતા હતાં. ૩૧. તેમને સારા પવિત્ર વિપ્ર જાણીને મેં તેમને ઘેર જન્મ લીધો અને મેં મારું બધું જ્ઞાન તેમને આપ્યું. મારા સ્વરૂપનું દિવ્યજ્ઞાન તેમને આપીને પછી તે બંનેને દિવ્ય ગતિ આપી. તેઓ મારા દિવ્ય ધામમાં જઈને વસ્યાં. ૩૨. અનંત જીવોને મારા સ્વરૂપનું દિવ્ય જ્ઞાન આપવા માટે હું ચારે ધામમાં વિચરણ કરતો રહ્યો. **જે મોક્ષભાગી મુમુક્ષુ હોય તે જ મારા છે અને તે મારે આશરે આવ્યા. અને તેવા મુમુક્ષુઓ જ મને બહુ પ્યારા લાગે છે.** ૩૩. જ્યાં તેવા મુમુક્ષુ જીવો હતા ત્યાં હું પાંચ કે દસ દિવસ રોકાતો. હું કોઈને આધીન થઈને રહેતો નહિ. તે ભક્તોને જે જે રીતે શ્રદ્ધા વધતી રહે, તે રીતે તે ભક્તોને ઘેર હું રહેતો હતો. ૩૪. જેમ ભમરો ફૂલનો સુખરૂપ સુગંધ લે, પણ તેનાથી તે ફૂલને દુઃખી ન કરે, તેમ હું પણ હરિભક્તોને ઘેર આવું-જાઉં છું. હે રાજન્! અમારું વિચરણ આવી રીતનું છે. ૩૫.

માયા અનંત પ્રકારની છે. તે જીવને બંધન કરાવે છે. મારા વિના કોઈ ગુરુ જીવને માયાથી છોડાવતો નથી. તે જીવના ગુરુ બનીને જીવને વધારે બંધનમાં નાખે છે. ૩૬. **જ્યાં સુધી માયાનું બંધન હોય છે ત્યાં સુધી જીવ બ્રહ્મરૂપ થતો નથી. અને બ્રહ્મરૂપ થયા વિના તે પોતાના મનુષ્ય જન્મને વૃથા-નકામો ખોવે છે. ૩૭. જીવને બ્રહ્મરૂપ કરવા માટે જ મેં અવતાર ધાર્યો છે. અને સાધુનું રૂપ લઈને અનંત જીવોનો ઉદ્ધાર કરવા વિચરું છું. ૩૮.**

**सोरठा : साधु हे नीर हि रूप, अग्नि को निर से न जोर चले;**
**संत गुन परम अनूप, संत पर मेरो न चलत कछु...४०**

દૈત્યોનો સંહાર કરવા માટે મેં પૂર્વે અનંત અવતારો ધાર્યા, છતાં તેનો પાર આવ્યો નહિ. કેમ જે, ઘી નાખવાથી અગ્નિ ક્યારેય બુઝાતો નથી. ૩૯. સાધુ પાણીના જેવા છે. પાણી આગળ અગ્નિનું બળ ચાલે નહિ. સંતોના ગુણ અનુપમ છે, મહાન છે, સંતોના ઉપર મારું કશું ચાલે નહિ. ૪૦.

**चोपाई :**

**जो जो अवतार होत हे मेरा, मानत सो साधु कु घनेरा;**
**मेरो दिव्य हे अक्षरधामा, अपार पार्षद रहत सो ठामा...४१**

મારા જે જે અવતારો થયા છે તે સર્વે સાધુને ઘણા જ માનતા હતા. મારું દિવ્ય અક્ષરધામ છે. તેમાં મારા અપાર પાર્ષદો-મુક્તો રહે છે. ૪૧. સહુને માટે દિવ્ય મણિમય મહોલ છે. ત્યાં તે મુક્તો અમાપ દિવ્ય સુખને ભોગવે છે. તેઓ દિવ્ય વિમાનમાં બેસીને જ્યાં ઇચ્છા થાય ત્યાં વિચરણ કરે છે. ૪૨. ત્યાં કલ્પવૃક્ષો દિવ્ય છે અને પશુ તથા પક્ષીઓ પણ દિવ્ય છે. રાધા અને લક્ષ્મીના જેવી અનંત શક્તિઓ શ્રીકૃષ્ણ ભગવાનની સેવા કરે છે. ૪૩. ત્યાં પારસમણિ અને ચિંતામણિનો કોઈ પાર જ નથી. આવું મહાન અક્ષરધામ છે. તે બધા **અક્ષરધામના સુખથી પણ સંતપદ ઘણું મોટું છે, તે સંતપદને અત્યારે હું ધારી રહ્યો છું.** ૪૪.

**सब से रुचि मोय संत की मांई, संत की आगे दीन होइ जाई;**
**संत के पद सम पद न कोई, सार में सार जोइ कहे सोई...४५**

**संत पद में होत जब रुची, ओर पद की होवत अरुची;**
**अरुचि होत तब रुचि होत मोरी, रुचि जोई तेहि दियुं न छोरी...४६**

મને સહુથી અધિક રુચિ-પ્રેમ સંતોના ઉપર છે. હું સંતોની આગળ દીન થઈ જાઉં છું. સંતોના પદ જેવું બીજું કોઈ પદ નથી. સંતપદ સારમાં સાર અને સર્વોત્તમ કહેવાય છે. ૪૫. જીવને સંતોના પદમાં જ્યારે રુચિ થાય છે ત્યારે બીજે બધે અરુચિ થઈ જાય છે. જ્યારે બીજી વસ્તુઓમાં અરુચિ થાય છે ત્યારે તેને મારા સ્વરૂપમાં રુચિ થાય છે. જ્યારે તે જીવને મારામાં રુચિ થઈ છે એમ હું દેખું છું ત્યારે હું તેને ક્યારેય છોડી-તજી દેતો નથી. ૪૬.

**જે સંતના મનમાં મારા સિવાય અન્ય કોઈ આશા નથી. તે સંતોની પાસે હું અખંડ રહું છું. અને જેના મનમાં મારા સિવાયની અન્ય કોઈ આશા હોય જ નહિ તે સંતના સદ્‌ગુણોનો પાર કોણ પામે ? ૪૭. તે સંતો તો પરમ એકાંતિક કહેવાય છે. તેમનાથી પર કોઈ પણ નથી. મુમુક્ષુને તે સંતપદ આપવાને માટે જ આ સમયે હું સંત-સાધુ થયો છું. ૪૮.** મારે શરણે લઈને અનંત મુમુક્ષુ જીવોને બ્રહ્મરૂપ કરી દીધા છે. અને તેના માયાનાં બંધન તોડીને હજી પણ અનંત જીવોને બ્રહ્મરૂપ કરવા છે. ૪૯. **મુમુક્ષુઓને બ્રહ્મરૂપ કરવા માટેનાં જ મારાં ચરિત્ર છે.** એટલા માટે જ હું હરિભક્તોનું કલ્યાણ કરવા દેશોદેશમાં ઉત્સવ-સમૈયા કરું છું. ૫૦.

**सोरठा : संत हरिजन मोय, तिनको करे. दरश कोय;**
**तेहि ब्रह्मरूप होय, एसो संकल्प कीन मोइ...५१**

મેં એવો સંકલ્પ કર્યો છે કે, તે ઉત્સવોમાં કોઈ પણ જીવ સંતોનાં, હરિભક્તોનાં કે મારાં દર્શન કરશે તે સર્વે બ્રહ્મરૂપ થઈ જશે. ૫૧. મારા શુભ સંકલ્પ પૂર્ણ થાય છે. બીજું બધું ખોટું પડી જાય છે. મારા સંકલ્પ સામે કાળનું પણ કાંઈ ચાલતું નથી. કાળ પણ થરથર ધ્રૂજતો રહે છે. ૫૨.

***ઇતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના તૃતીય પૂરમાં 'શ્રીહરિએ પોતાનું અવતાર ધર્યાનું પ્રયોજન તથા મહિમા કહ્યો' એ નામે ઓગણપચાસમો તરંગ સમાપ્ત ॥૪૯॥***

## પૂર ત્રીજું : તરંગ - ૫૦

## શ્રીહરિની ગોંડળથી ભાવભીની વિદાય, બંધિયાના મૂળુભાઈ સામે આવ્યા

શ્રીહરિએ ગોંડળમાં પાંચ દિવસ સુધી રાજા હઠીભાઈ આગળ અપાર વાતો કરી. તે સિવાય લગાતાર ધ્યાન-ધારણા અને ભજન કરાવ્યું. ૧. લોકોને સમાધિ કરાવી. પોતાના ધામનાં દર્શન કરાવ્યાં. ધામમાં લોકોએ જે જે જોયું હોય તેનાં નામ દઈને સહુની આગળ વાતો કરતા હતા. ૨. અલૌકિક વાતોને સાંભળીને લોકોને મહાન આશ્ચર્ય થતું હતું. અને તેથી ચારે વર્ણના બધા જ લોકો આવીને શ્રીહરિને શરણે થયા. વ્રતમાન ધાર્યાં. ૩. ગોંડળ શહેરના હરિભક્તોએ થાળ કરીને શ્રીહરિને જમાડ્યા. ઘેર ઘેર પધરામણી કરીને ઘણા જ પ્રેમથી પૂજા કરી. ૪. વિવિધ પ્રકારના રૂપેરી અને સોનેરી પોશાક કરાવીને શ્રીહરિને સહુએ પહેરાવ્યા. ચંદન ચરચ્યું અને ફૂલોના હાર પહેરાવ્યા. તેમજ ઘેર ઘેર આરતી ઉતારી. ૫. સહુએ શ્રીહરિનાં ચરણોને છાતીમાં ચાંપ્યાં. તે વખતે સેવા કરીને શ્રીહરિનો રાજીપો મેળવ્યો.

પછી શ્રીહરિએ ચાલવાની તૈયારી કરી. ત્યારે રાજાએ પોતાની બધી સવારી મગાવી. ૬. બધા જરકસી સાજથી સવારીને શણગારાવી. રાજાએ હાથી ઉપર અનુપમ સોનાની અંબાડી મુકાવી. ૭. તે હાથીની અંબાડી ઉપર શ્રીહરિને બેસાડ્યા. તે શોભા એટલી સુંદર થઈ કે તેનું વર્ણન કરી શકાતું નથી. વિવિધ પ્રકારનાં વાજિંત્રો મગાવ્યાં. ડંકા અને નિશાન પણ લાવ્યા. ૮. રથ અને પાલખી વગેરે તૈયાર થઈને આવ્યા. ચોપદાર નેકી પોકારવા લાગ્યા. મુક્તાનંદ સ્વામી સુખપાલમાં બેઠા અને બીજા સંતો રથમાં બેઠા. ૯. રાજદરબાર પાસેથી જ વાજિંત્ર વાગવા લાગ્યાં. ધીરે ધીરે સહુ બજારે ચાલ્યા. તે જોવાને માટે અપાર લોકો આવ્યા. ચારે બાજુ લોકોની અપાર ભીડ મચી. ૧૦. લોકો મુખથી "જય જયકાર" ઊંચેથી બોલતા. તે સહુ શ્રીહરિનાં દર્શન કરીને પ્રસન્ન થયા. સુખદાયક સર્વોત્તમ પ્રતાપને દેખીને તેઓ પરસ્પર બોલતા કે, આ શ્રીહરિ તો અન્ય મતોના ઉપર મેખ મારી રહ્યા છે. આના

જેવો કોઈ બીજો ધર્મ ક્યાંય દેખાતો નથી. આ હળાહળ કળિયુગ છે એમાં આ સહજાનંદ સ્વામી સિવાયનો બીજો કોઈ ધર્મ ટકશે નહિ. ૧૧-૧૨. આવા ધાર્મિક મહાપુરુષોને ખરેખર ધન્યવાદ આપવા ઘટે છે. જેઓ આ કળિયુગમાં પ્રકટ્યા છે. કળિયુગને તોડીને આમણે ધર્મનું સ્થાપન કર્યું છે. સમર્થ સિવાય આવું થાય નહિ. ૧૩.

**અનંત અવતારો થઈ ગયા અને અનંત થશે, પણ આવા સમર્થ ક્યાંય દેખ્યા નથી અને કોઈ દેખશે પણ નહીં.** (કેમ જે, આ તો આ બ્રહ્માંડમાં તેની અડધી આવરદાએ સર્વોપરી પુરુષોત્તમનારાયણ પ્રથમ વાર જ પધાર્યા છે.) ૧૪. આપણે ધન્ય ભાગ્યશાળી છીએ કે આવા સુયોગના સમયમાં આપણો જન્મ થયો છે. આજે આપણને આવાં દર્શન કરવાનો લાગ આવ્યો છે. આ પહેલાં આવો દિવસ ક્યારેય આવ્યો નથી. ૧૫. આપણા ગામને પણ ઘણા ધન્યવાદ છે કે જેમાં આવા પુરુષનાં પગલાં પડ્યાં. આ ગામ તો પ્રભુના યોગથી વૈકુંઠધામ બની ગયું અને ગોંડળી નદી ગંગારૂપ થઈ ગઈ. ૧૬.

શ્રીહરિ અને સંતો પાંચ દિવસ સંત સહિત આ નદીમાં નાહ્યા. એટલાથી જ આ જળનો એટલો મહિમા વધી ગયો છે કે જે હવે આ નદીના જળને ભાવથી પીવે તો ચોક્કસ તે નરકમાં નહિ જાય. ૧૭. તે પરમ ભગવદીય ભક્ત થઈને અક્ષરધામમાં જાય, પણ આ લોક(સંસાર)માં તેને ભટકવાનું ન રહે. જ્યારે શ્રીહરિની સવારી રાજદરબારને દરવાજે આવી ત્યારે શ્રીહરિ હાથી ઉપરથી ઊતર્યા. ૧૮. રાજાએ અત્યંત હરખથી શ્રીહરિની પોતાના રાજમહેલમાં પધરામણી કરી. ત્યાં તૈયાર કરાવેલા સોનાના સિંહાસન ઉપર પધરાવ્યા. ૧૯. તે સમયે ષોડશોપચાર વિધિથી પૂજા કરી. પંચામૃતથી ચરણ ધોયાં અને તે ચરણોદક પોતાને શિરે ચડાવ્યું. ૨૦. લલાટમાં કેસરી ચંદન ચરચ્યું. તેના મધ્યે કુંકુમનો મોટો ચાંદલો કર્યો. ચતુર રાજાએ શ્રીહરિને બધો જરિયાની નવો પોશાક ધરાવ્યો. ૨૧. રાજાએ અપાર પ્રેમથી સોનાનાં અને મોતીનાં ઘરેણાંઓ ધરાવ્યાં. મોતીનાં બાજુબંધ, તોરા, કુંડળ અને હાર ધરાવ્યાં. ૨૨. મોતીનાં જડાઉ કડાં બંને હાથમાં પહેરાવ્યાં. જેને "સોળ શણગાર" કહેવાય છે તે બધા નવા કરાવીને રાજાએ ધરાવ્યા. ૨૩.

અત્યંત નિપુણ રાજા હઠીભાઈએ પોતાના બધા જ કુટુંબીઓને શ્રીહરિને શરણે કર્યા. અને પોતે પણ ભક્ત-સમુદાયમાં પરમ ભગવદીય ભક્ત થયા. ૨૫. **શ્રીહરિએ રાજાના બધા જ કુટુંબીઓને એક નિયમ આપ્યો કે સહુએ પુત્રીની રક્ષા કરવી. ક્યારેય તેની હત્યાનું હીનકર્મ કરવું નહિ.૨૬.** બુદ્ધિમાન અને બળવાન મહાન રાજાએ શ્રીહરિની સાથે આવેલા સહુ સંતોની પૂજા ચંદન, પુષ્પ અને વસ્ત્રોથી કરી. ૨૭. તેમણે વારંવાર શ્રીહરિને દંડવત્પ્રણામ કર્યા. પછી ઘનશ્યામ હરિ ત્યાંથી ચાલ્યા અને આવીને હાથી ઉપર બેઠા. ૨૮. જ્યારે સવારી બજારમાં ચાલી ત્યારે શ્રીહરિને ચામર કરવા માટે રાજા સ્વયં આવીને બેઠા. નરનારીઓનાં અપાર ટોળાં ઊભરાયાં અને તે સમયે સૌ શ્રીહરિનાં દર્શન કરવા લાગ્યાં. ૨૯. શ્રીહરિનું મહાન અલૌકિક સામર્થ્ય જાણીને લોકો મુખથી 'જય જયકાર'ની વાણી બોલતા હતા. તે સમયે કેટલાયે લોકોનાં નાડીપ્રાણ ખેંચાયાં અને શરીરનું ભાન રહ્યું નહિ. ૩૦.

આગળના ભાગમાં ચોપદાર જય જયકારની સાથે છડી પોકારતો હતો. આ રીતે રાજબજારે સવારી ચાલી. વેપારી-મહાજન બધા હાથ જોડતા ચરણોમાં મસ્તક મૂકીને પ્રણામ કરતા. ૩૧. થાળ ભરી ભરીને સહુ ભેટ ધરતા હતા. મોતીની અને ફૂલની માળાઓ પહેરાવતા. વિવિધ પ્રકારનાં વાજિંત્ર વાગતાં હતાં. તેની અનંત શોભાનું વર્ણન કરી શકાતું નથી. ૩૨. સવારીની જે ઘણી શોભા થઈ હતી. તેને જોવા માટે સ્ત્રીઓ ગોખમાં અને અટારીઓ ઉપર ચઢી. શ્રીહરિની મૂર્તિને ધારીને ચિંતવન-દર્શન કરતી હતી. જે અત્યંત મનોહર મૂર્તિ પ્યારી લાગતી હતી. ૩૩. ચિત્તની એકાગ્રતા સાથે દર્શન કરતી વેળાએ તે સ્ત્રી મટકું પણ મારતી નહિ. વારંવાર અંતરમાં ધારતી સ્ત્રીઓ પરસ્પર બોલતી, એ શાણી સખી ! તું સાંભળ. ૩૪. આ મૂર્તિનું સૌંદર્ય જોયા પછી તો ઘરમાં ક્યાંય પ્રેમ રહ્યો જ નથી. મન તો ખેંચાઈને તેમની પાછળ જ જતું રહે છે. હવે તો શરીરની સૂધ પણ રહી નથી. ૩૫. અહીંથી જઈ રહેલા શ્રીહરિને કોઈ પાછા વાળે તો દેહમાં પ્રાણ પાછા આવે. અહીંના લોકોમાં કોઈને એવી બુદ્ધિ નથી થાતી કે શ્રીહરિને સ્થિર કરીને અહીંયાં જ રાખે. ૩૬. આપણા પતિ પણ મને તો ઘણા ક્રૂર દેખાય છે, તેમના દિલમાં

એક તલભાર પણ દયા આવતી નથી. તેઓ અત્યારે ઉત્સાહથી શ્રીહરિને વળાવવા ચાલ્યા છે. ૩૭. પ્રાણપતિ ઘનશ્યામને શું વિદાય અપાતી હશે.?! ઘણા નિર્દય લોકોએ વિદાય આપી દીધી હોય તોયે શું ? ચાલો આપણે જઈને તેમને રોકીએ. ૩૮. ત્યારે એક સ્ત્રી બોલી, આ શ્રીહરિ તો રાજાના ગુરુ થયા છે. તેમની આગળ આપણી ગણતરી શું ? આપણાંથી કાંઈ બોલાય જ નહિ. ૩૯. ત્યારે વળી અન્ય સ્ત્રી બોલી, જેને રાધા અને લક્ષ્મી જેવી દેવીઓનો પણ ખપ નથી, ત્યાં આપણો તો કાંઈ નોર જ નથી. તે હરિને તો કેવળ ભક્તજનો જ પ્રિય હોય છે. ૪૦. જે તેમના એકાંતિક ભક્ત હોય તેના રંગે જ તેઓ રાચતા હોય છે. આપણને તો આખી દુનિયાનો વ્યવહાર વળગ્યો છે. તે આપણી વાત તો તેમને બકવાસ લાગે. ૪૧. જો તમે સહુ શ્રીહરિને અહીંયાં રાખવા ચાહતી હો તો આ બધી દુનિયાને દૂર કરી દો. આવા પ્રેમ સિવાય શ્રીહરિ અહીંયાં ક્યારેય રહે નહિ. ૪૨. આપણું એટલું મહાન ભાગ્ય સમજો કે અત્યારે આપણને શ્રીહરિનાં સાક્ષાત્ દર્શન થયાં છે. દર્શન થયાં એટલાથી જ મનમાં રાજી રહો. પોતાની પહોંચ સિવાય વધારે બળ કરવું જોઈએ નહિ. ૪૩.

પછી શ્રીહરિ ગોંડળ શહેર બહાર આવી ગયા. હાથી ઉપરથી ઊતરીને ઘોડે સવાર થયા. સત્વરે રાજાને પાછા વાળ્યા અને પછી દીનદયાળુ આગળ ચાલવા લાગ્યા. ૪૪. જ્યાં સુધી શ્રીહરિ ચાલ્યા જતા દેખાયા ત્યાં સુધી રાજા હઠીભાઈ તેમના તરફ એકી નજરે દેખી રહ્યા. જ્યારે નજરે દેખાતા બંધ થયા ત્યારે તેમણે ભૂમિ ઉપર દંડવત્પ્રણામ કર્યા. ૪૫. રાજાને મૂર્તિમાં અપાર પ્રેમ હતો તેથી આંખોમાંથી આંસુઓની ધારા વહેવા લાગી. તે સિવાય પણ જ્યારે શ્રીહરિની મૂર્તિ યાદ આવતી ત્યારે તેમની આંખોમાંથી આંસુ વહેતાં. ૪૬.

રાજા હઠીભાઈએ રાજ્યના વહીવટનું બધું કામ પોતાના કુટુંબી બંધુજનોને સોંપી દીધું અને પોતે તો હૃદયમાં એક શ્રીહરિની મૂર્તિ ધારી રાખી. રાજ્ય વહીવટની ઉપાધિ બધી છોડી દીધી. ૪૭. અખંડ શ્રીહરિની પૂજા-પાઠ વગેરેમાં રાતદિવસ વિતાવતા. જ્યારે એક શ્રીહરિની મૂર્તિમાં અતિ ભાવ થયો ત્યારે વ્યસનમાત્રનો અભાવ થઈ ગયો. ૪૮. બંધિયા ગામના દરબાર

મૂળુભાઈ સારા સમજણા અને બુદ્ધિમાન હરિભક્ત હતા. શ્રીહરિ આવે છે એવા સમાચાર જાણીને તેઓ શ્રીહરિની સામે આવ્યા. ૪૯. શ્રીહરિનાં દર્શન કરીને તેમને મનમાં ઘણો જ આનંદ થયો. સાષ્ટાંગ દંડવત્પ્રણામ કર્યા ત્યારે સુખકંદ શ્રીહરિએ તેમને પ્રેમથી બોલાવ્યા. ૫૦. શ્રીહરિ કહે, અમે ગોંડળમાં પાંચ દિવસ સુધી તમારી બહુ વાટ જોઈ. કોઈ વિચારથી તમે ત્યાં ન આવ્યા. હવે અમે સરધાર જઈએ છીએ. ૫૧. ત્યારે મહાન હરિભક્ત મૂળુભાઈ બોલ્યા, પ્રભુ, મારી વિનંતિને આપ સાંભળો. હું ગોંડળ ન આવ્યો તે મારી ભૂલ છે, આપ તેને માફ કરો. ૫૨.

***ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના તૃતીય પૂરમાં 'શ્રીહરિની ગોંડળથી ભાવભીની વિદાય, બંધિયાના મૂળુભાઈ સામે આવ્યા' એ નામે પચાસમો તરંગ સમાપ્ત ॥૫૦॥***

## પૂર ત્રીજું : તરંગ - ૫૧

## બંધિયા ગામના લોક આગળ શ્રીહરિએ મનુષ્યદેહની દુર્લભતાની અને સંત સમાગમની આવશ્યકતાની વાત કરી

શ્રીહરિ મૂળુભાઈની સાથે વિનોદ કરવા લાગ્યા. શ્રીહરિ કહે, મૂળુભાઈ, અમારી સાથે ચાલો, એટલે તમારી ભૂલ માફ કરીએ. ૧. પ્રભુ આવો વિનોદ કરતાં ગામની પાસે આવી ગયા. ગામના બીજા હરિભક્તો પણ ત્યાં ઉલ્લાસથી સન્મુખ આવ્યા. ૨. ત્યાંના દરબાર જેહાજી વાઘેલા, શેઠ ડોસો, જુઠો અને હંસરાજ ત્રણ ભાઈઓ, ૩. બીજા એક ક્ષત્રિય જગુભાઈ, આદ્બુબા (મૂળુભાઈનાં પત્ની) અને લખુબા (મૂળુભાઈનાં બહેન) ઈત્યાદિ બહેનો, બધાં હરિભક્તો સહુ શ્રીહરિને પગે લાગ્યાં. ૪. ઢોલ, શરણાઈ અને બીજાં વાજિંત્ર વગડાવતા સહુ શ્રીહરિને ગામમાં લઈને ચાલ્યા. તે વખતે ગામના બીજા લોકો પણ શ્રીહરિનાં દર્શન કરવા આવ્યા. ૫.

શ્રીહરિની સવારી જોઈને ગામનાં સહુ નરનારી અતિશય વિસ્મય પામ્યાં. સુખકારી શ્રીહરિએ ઘણા કીમતી જરકસી વસ્ત્ર પહેર્યાં હતાં. ૬.

ઘોડાનો સાજ પણ બધો જરકસી જ હતો. તે જોઈને દેવો, મનુષ્યો અને મુનિઓનાં મન લોભાઈ ગયાં અને બધા હરિભક્તો અત્યંત પ્રેમ મગન થઈને કીર્તન ગાતા હતા. ૭. બજારમાં અનેક લોકો ભેળા થઈ ગયા. દર્શન કરવામાં સહુ એકતાર થઈ ગયા. બધા હાથ જોડીને પગે લાગતા અને હૃદયમાં આનંદ છવાઈ જતો. ૮.

ગામના લોકો શ્રીફળ લઈને આવતા અને પ્રેમથી પગમાં પડતા. તેનું વર્ણન કરવું કઠિન છે. ગામમાં આવીને શ્રીહરિએ જૂઠા શેઠને ઘેર ઉતારો કર્યો. ૯. તેમણે એક સુંદર પલંગ બિછાવ્યો. શ્રીહરિ આવીને તેના ઉપર વિરાજમાન થયા. મુક્તાનંદ સ્વામી આદિ જે સંતો હતા તે પણ શ્રીહરિની પાસે આવીને બેઠા. ૧૦. સંધ્યા સમય થવા લાગ્યો. ત્યારે સંતો વાજિંત્ર લઈને ગાવા લાગ્યા. મુક્તાનંદ સ્વામી પોતે પૂરવ રાગનાં કીર્તન ગાવા લાગ્યા. ૧૧. પૂરવ રાગનાં કીર્તન ગાયા પછી ગોડી રાગનાં કીર્તન ગાયાં. તે સાંભળીને શ્રીહરિ બહુ રાજી થયા. પછી પ્રેમથી આરતી કરી અને પછી કુશળતાથી ધૂન કરી. ૧૨. પ્રેમરસમાં તરબોળ થઈને જ્યારે શ્રીહરિ ધૂન કરવા લાગ્યા ત્યારે તે છબીનાં દર્શન કરીને હરિભક્તો શરીરનું ભાન ભૂલવા લાગ્યા. ૧૩. ભાન ભૂલેલાની સામે જોઈને શ્રીહરિ મંદ મંદ હસવા લાગ્યા અને તેમને સાદ કરીને ઉઠાડવા લાગ્યા. ત્યારે સૌના હૃદયમાં આનંદ સમાતો ન હતો. ૧૪.

શ્રીહરિના સેવક મુકુંદાનંદવર્ણી અને જયાનંદવર્ણીએ જ્યારે થાળ તૈયાર કર્યો ત્યારે શ્રીહરિ ત્યાં થાળ જમવા પધાર્યા. ૧૫. બધા સંતો શ્રીહરિની સાથે જમ્યા અને સહુ દરબારો પણ સાથે જમ્યા. તે સમયે મહાઆનંદ ઉત્સવનો રંગ જામ્યો હતો. ૧૬. શ્રીહરિ ઘણા પ્રેમથી દૂધ, ભાત અને સાકરને રસની રીતે જમ્યા. તે પછી ચળુ કરીને જળપાન કર્યું અને સુંદર મુખવાસ લીધો. ૧૭. ચાખડીઓ પહેરીને સભામાં આવ્યા અને સુંદર પલંગ ઉપર વિરાજમાન શ્રીહરિ મનમાં ગમ્યા. ત્યાં ગામના લોકો આવીને બેઠા હતા, તેમને સુખદાયી શ્યામસુંદર શ્રીહરિએ કહ્યું, ૧૮. **આ અમૂલ્ય મનુષ્યનો દેહ પામીને માણસે પોતાના જીવનું જતન (પ્રયત્નપૂર્વકનું રક્ષણ) કરવું જોઈએ. જે જીવનું જતન કરે છે તે મનુષ્ય બુદ્ધિમાન છે અને જે જતન નથી કરતો તે પશુ સમાન છે.**

**૧૯.** તે જીવનું જતન કેમ કરવું ? તેની વાત હું કહું છું. વાત કહ્યા સિવાય કાંઈ આવડતું નથી. કોઈ કરોડો ઉપાય બતાવે પણ સૂર્યોદય થયા વિના રાત મટે નહિ. ૨૦.

આ જીવને ભગવાનનું ભજન કરવામાં ભાવ થતો નથી અને ભાંડભવાઈ જોવામાં ચસકો રહે છે. પરંતુ **ભાંડભવાઈ (ટીવીમાં ખરાબ ચેનલ) જોવાનું ફળ તો ઘોર જમપુરી છે. ભગવાનના ભજન વિના તો આ જીવ ભગવાનનો ચોર કહેવાય છે.** ૨૧. ચોરને કોઈ માન આપતું નથી. તેને જે દેખે તે અપમાન કરે છે. તેટલા માટે મનુષ્યએ ભગવાનના ચોર થવું નહિ અને દેવદુર્લભ મનુષ્યજન્મને વૃથા ખોવો નહિ. ૨૨. વારંવાર આવું મનુષ્યશરીર મળતું નથી.

લખચોરાશીનો ફેરો ફરાઈ જાય ત્યારે મનુષ્યદેહ એક જ વખત મળે છે. ૨૩. તે શરીર મળે ત્યારે પણ સાચા સંતોનો જોગ થાય અથવા ભગવાન મળે અને તેમના ઉપદેશને જો હૃદયમાં ધારે ત્યારે તે ભવસાગરના પારને પામી શકે છે. **ભગવાન અને સંતોના સિવાય જીવનો ઉદ્ધાર થવાનો નથી. ૨૪.** આપણા આ શરીરરૂપ નગરને નવ દ્વાર (દરવાજા) છે. તે બધા દરવાજાની એક જ રીતિ નથી, પણ બધાની અલગ અલગ છે. ૨૫. બે નેત્ર, બે કાન અને બે નાકનાં છિદ્ર, એક મુખ, એક શિશ્ન અને એક ગુદા, તે શરીરરૂપ નગરનાં નવ દ્વાર છે. ૨૬. નેત્રથી રૂપનું જ્ઞાન થાય છે, કાનથી શબ્દનું જ્ઞાન થાય છે, નાકથી ગંધનું જ્ઞાન થાય છે. ૨૭. મુખમાં રસના ઇન્દ્રિય રહી છે એટલે મુખથી રસનું જ્ઞાન થાય છે. શિશ્ન દ્વારા પેશાબ થાય છે, ગુદાથી અપાનવાયુ અને મળત્યાગ થાય છે. આ બધાં દ્વારોથી દેહનો વ્યવહાર થાય છે. ૨૮. ઉપર કહેલાં નવ દ્વારમાં પણ ત્રણ દ્વાર જ મુખ્ય છે. તે જો બંધ થઈ જાય તો જીવન રહેતું નથી. મુખ, શિશ્ન, અને ગુદા એ ત્રણ આ દેહમાં મુખ્ય કહેવાય છે. ૨૯.

### ※ સત્સંગ તથા શરણાગતિની આવશ્યકતા અને મહત્તા :

એ ત્રણમાંથી જો કોઈ એક પણ બંધ થઈ જાય તો ચોક્કસ દેહનું મૃત્યુ થાય છે. તે રીતે જ જીવના મોક્ષ માટેનાં પણ ત્રણ દ્વાર મુખ્ય સમજવાનાં છે.

**ભગવાન, સંતો અને હરિભક્તો. એ ત્રણને છોડીને બીજા કરોડો ઉપાય કરે તોપણ લખચોરાશી દૂર થાતી નથી.** જ્યારે એ લખચોરાશીના દુઃખની તપાસ કરે છે ત્યારે હૃદયમાં ભગવાન નિવાસ કરે છે. ૩૦-૩૧ **હૃદયમાં જ્યારે ભગવાનનો નિવાસ થાય છે ત્યારે મલિન પાપમય વાસના ધોવાઈ જાય છે.** જ્યારે જીવ મલિન પાપ ધોવાઈ જવાથી શુદ્ધ થાય છે ત્યારે તેને આ જગત કાંઈ વિપરીત (ઊંધું) જ જણાય છે. ૩૨. પછી તેના હૃદયમાં મોક્ષનો અંકુર ઉદય થાય છે અને તે સંતોના સમાગમને શોધતો ફરે છે. પછી તેને મોક્ષનું દ્વાર-સંત મળી જાય છે અને લખચોરાશીનું બધું જ દુઃખ મટી જાય છે. ૩૩.

જો જીવ હિંમત કરે તો તેનાથી બધા જ પુરુષાર્થ સિદ્ધ થાય છે અને હિંમત ન હોય તો કાંઈ જ ફળ મળતું નથી. અન્ય જગત સંબંધી બાબતમાં હિંમત રાખવાથી કાંઈ જીવના મોક્ષનું કામ થાતું નથી, પણ સત્સંગ કરવામાં આવે તો બધા જ સંસારનાં દુઃખોનો વિનાશ થઈ જાય છે. ૩૪. લખચોરાશીનું દુઃખ અપાર છે, તેનાથી છૂટવાનો જો વિચાર હોય તો હરખથી-ઉત્સાહથી સત્સંગ કરો અને અનંત પાપનો ક્ષય કરી નાખો. ૩૫. આવો સમય ફરી વાર આવવાનો નથી. તમને ભગવાન જ અમારા દ્વારા, આ વાત કહી રહ્યા છે, એમ માનો. **જો તમે અમારા વચનમાં વિશ્વાસ રાખશો તો તમને ક્યારેય દુઃખ નહિ પડે.** ૩૬. લખચોરાશીનાં બધાં દુઃખને અમે પ્રત્યક્ષ આંખોથી દેખીએ છીએ. તમારામાંથી કોઈ તેને દેખતા નથી એટલે તમને સમજાવવા અમે આ વચન કહીએ છીએ. ૩૭. જ્ઞાનરૂપી ચક્ષુ આવ્યા વિના બધા લોકો આંધળા થઈને જ ફરે છે અને જ્ઞાનચક્ષુ જેને આપવામાં આવે છે તેને અંધાપો રહેતો નથી. ૩૮.

ભણ્યા વિના મનુષ્ય અંધ કહેવાય છે. તે ક્યારેય એક પણ અક્ષરને વાંચી શકતો નથી. જે ભણે છે તેનો અંધાપો જાતો રહે છે અને ત્યારે જ તેને અક્ષરનું જ્ઞાન થાય છે. ૩૯. **લૌકિક વિદ્યાઓ અનંત પ્રકારની છે. તે બધી બંધનરૂપ કહેવાય છે. એક બ્રહ્મવિદ્યા મોક્ષનું દ્વાર છે. તે શુદ્ધ સત્સંગથી પ્રાપ્ત થઈ શકે છે. ૪૦.** સદાચારમય ધર્મના વિધિ અને નિષેધ એ બે માર્ગ છે. સામાન્ય માણસને તેની કાંઈ ગમ હોતી નથી. મનુષ્યને જ્યારે સત્સંગ થાય

છે ત્યારે તેને વિધિ અને નિષેધનું જ્ઞાન સમજવામાં આવે છે. ૪૧. સત્સંગ વિના આવું જ્ઞાન કોઈને થતું નથી. અને **મનુષ્યદેહને નિષ્ફળ કરીને ખોઈ નાખે છે. મનુષ્યનો દેહ ચિંતામણિના જેવો છે. તેને અજ્ઞાની પથ્થરને મૂલ્યે ખપાવી નાખે છે. ૪૨.**

**चोपाई :**

**हरि को शरन लेत जन जबहु, तब साधन पूरे भए सबहु;**
**तब हरि संत कहे सो करना, एहि जप तप व्रत अनुसरना...४४**

આ મનુષ્યદેહથી જે ધારે તે મેળવી શકે છે. જો ઝેરનું વાવેતર કરે તો તેને ઝેરનાં ફળ મળે છે. જે ભગવાનને એક બાજુ રાખીને મોટા યજ્ઞ કરે છે તે બધા ઝેરના જ બીજને વાવે છે. ૪૩. જ્યારે મનુષ્ય શ્રીહરિને શરણે જાય છે ત્યારે તેનાં સર્વે સાધન પૂરાં થઈ ગયાં. અને તે પછી તેણે ભગવાન અને ભગવાનના સંત જેમ કહે તેમ કરવું તેમની આજ્ઞાને જ જપ, તપ અને વ્રત છે એમ માનીને તેને અનુસરવું. ૪૪.

**संत बतावे सो मग चलना, निषेद्ध करे तेहि परहरना;**
**संत जक्त में अनंत अपारा, ताको नहिं कोउ वार हि पारा...४५**

**ओलखना सत्संग करीके, तब अभेपद पावे मरीके;**
**संत की रित जक्त से न्यारी, धन त्रिया में न करे यारी...४६**

સંતો કહે તે માર્ગે ચાલવું અને જે માર્ગે ચાલવાનો નિષેધ કરે તે માર્ગનો ત્યાગ કરવો. આ સંસારમાં સંતો અનંત અને અપાર છે તેનો કોઈ પાર કે વાર નથી. ૪૫. સત્સંગ કરીને સંતોને ઓળખવા. ઓળખે તો જ મૃત્યુ પછી અભયપદને પામી શકાય છે. સંતોની રીત તો જગતથી ન્યારી જ હોય છે. સંતોને ધન અને સ્ત્રીમાં આસક્તિ હોતી નથી. ૪૬. **આઠ પ્રકારે સ્ત્રીનો ત્યાગ રાખે અને ભગવાન સિવાયની કોઈ પણ વસ્તુ કે વ્યક્તિમાં પ્રેમ રાખે નહિ. સંતો ભગવાનના સ્વરૂપમાં અનંત પ્રેમ કરાવે છે અને જગતનાં બધાં જ બંધનોને છોડાવે છે. ૪૭.** ભગવાન સિવાયના અન્ય પદાર્થમાં જેને જેટલો પ્રેમ છે તે બંધનકારી છે એમ સંતો દેખાડે છે. ભગવાન સિવાયના અન્ય પદાર્થમાં અરુચિ થાય અભાવ આવે, એવો ઉપદેશ પ્રેમથી કરે છે. ૪૮.

दोहा : जेसे प्रीति जक्त में, तेसे संत सुँ होय;
संत करावे कृष्ण में, अभेपद पावे सोय...४९
अभेपद इच्छो पावने, प्रथम करो सत्संग;
संत संगत हि करीके, सुख कु पावो अभंग...५०

આ જીવને જગતમાં જેટલો પ્રેમ હોય છે, તેટલો પ્રેમ જો સંતોમાં થાય તો તે સંતો તેને ભગવાનમાં હેત કરાવે છે અને તે હેતથી જ જીવ અભયપદને પામે છે. ૪૯. જો અભયપદને પામવાની ઇચ્છા હોય તો પ્રથમ સત્સંગ કરો અને સત્સંગ કરીને ધામનું અખંડ સુખ પ્રાપ્ત કરો. ૫૦. શ્રીહરિની તે વાતને સાંભળીને સૌના મનમાં આશ્ચર્ય થયું. મનની બધી ઘાત-જડતા ટળી ગઈ અને બધા સત્સંગ કરવા લાગ્યા. ૫૧. જ્યારે સાચી વાત જાણવા મળી ત્યારે બધી ખોટી વાતોને ટાળી નાખી. અને ભગવાનનું ધ્યાન કરતાની સાથે જ પરમ આશ્ચર્ય જણાયું. ૫૨.

***ઇતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના તૃતીય પૂરમાં 'બંધિયા ગામના લોક આગળ શ્રીહરિએ મનુષ્યદેહની દુર્લભતાની અને સંતસમાગમની આવશ્યકતાની વાત કરી' એ નામે એકાવનમો તરંગ સમાપ્ત ॥૫૧॥***

## પૂર ત્રીજું : તરંગ - ૫૨

## બંધિયાથી પીપળિયા પ્રયાણ, માર્ગમાં દરબારોને સંતોનો મહિમા કહ્યો

ભક્તજન પ્રતિપાલક શ્રીહરિએ મોડી રાતે સહુને સૂઈ જવા આજ્ઞા કરી. સ્વયં પણ પોઢી રહ્યા. સવારે કૃપાળુ જાગ્યા. સ્નાનાદિ ક્રિયાઓ કરીને તુરંત ચાલવા તૈયાર થઈ ગયા. ૧. બંધિયા ગામના હરિભક્તો અપાર પ્રેમી હતા. તેમણે પ્રાણઆધાર શ્રીહરિને રોકવા માટે ઘણી જ પ્રાર્થના કરી. ૨. ત્યારે શ્રીહરિએ સહુ ભક્તોની આગળ ફરી વાર આવવાનો 'કોલ' દીધો. પછી તુરંત જ ચાલવા ઘોડે સવારી કરી. ૩. માગશર મહિનાના દિવસો

હતા. ઠંડી હોવાને કારણે બોકાની બાંધી હતી. જ્યારે ચાલવાની તૈયારી કરી ત્યારે બંધિયાના દરબાર જેહાજી ત્યાં આવ્યા. ૪. દરબારે નમીને શ્રીહરિના ચરણ પકડી રોકાવા બહુ પ્રાર્થના કરી. ત્યારે શ્રીહરિએ "અમે ફરી વાર આવશું, અત્યારે તાણ કરશો નહિ" એમ કહ્યું. ૫. તે સમયે શ્રીહરિએ દરબાર મૂળુભાઈને સાથે લીધા. તેમના ધર્મપત્નીનું નામ આછુબા હતું. તે પણ મહાન ભક્ત હતાં. તેમનાં નાના બેન લખુબા હતાં. તેમને લગ્નની ઈચ્છા ન હતી. પછી મૂળુભાઈએ કહ્યું, "મહારાજ કહે તેમ કરીએ." તે સહમત થયાં. મહારાજને પૂછ્યું ત્યારે મહારાજે પરણી પ્રભુ ભજવાનું કહ્યું અને આશીર્વાદ આપ્યા. તમને સંસાર બાધ નહિ કરે. મહારાજ ગયા પછી ત્રણ વર્ષે રાજકોટમાં લગ્ન કર્યા. જ્યારે મહારાજ બંધિયાથી ચાલવા તૈયાર થયા ત્યારે ઉત્સાહી જૂઠાભાઈ અને ડોસાભાઈ શેઠને પોતાની સાથે જ લીધા.

**(સહ.ચરિત્ર વા. ૨૬૪, ઉપદેશામૃત વા. ૨૪૬, હ.ચ.ચિં. ૩/૫૦૭)**

આ ડોસાભાઈ, જુઠાભાઈ અને હંસરાજભાઈ ત્રણેય ભાઈ પ્રથમ સરધારમાં રહેતા. ને તે રામાનંદસ્વામીના ભક્ત હતા. પછી મહારાજનો પ્રતાપ જોઈને તેમના અનન્ય ભક્ત થયા. એકવાર તેમનો પોતાના સ્વરૂપનો નિશ્ચય જોવા માટે શ્રીહરિ તેમના ઘેર આવ્યા અને કહ્યું, "આ તમારા ઘરનો તમામ સરસામાન તથા ભેંસ, ઘોડી વગેરે વેચી નાખો." એટલે તેમણે તરત તે વેચી નાંખ્યુ અને તેના જે રૂપિયા આવ્યા તેનો શ્રીહરિના ચરણોમાં ઠગલો કર્યો અને કહ્યું, "હે હરિ! હું તો આપનો નોકર છું. જેમ આપ કહો તેમ કરું." ત્યારે શ્રીહરિ કહે, "ડોસાભાઈ ! આ તમામ રૂપિયા તથા ઘરેણાંની ગાંસડી બાંધો અને અમારી સાથે ચાલો." પછી મહારાજના કહેવા મુજબ ડોસા શેઠ તેની ગાંસડી બાંધી માથે ઉપાડી શ્રીહરિની સાથે ચાલ્યા. ગામથી બે ગાઉ દૂર ઉજ્જડ કૂવો આવ્યો.

શ્રીહરિએ તે કિંમત, ઘરેણાં તથા રૂપિયાની ગાંસડી તે કૂવામાં નાખી દેવાનું કહ્યું. એટલે ડોસા શેઠે તરત કૂવામાં નાખી દીધી. છતાં તેમના મનમાં એવો સંકલ્પ ન થયો જે 'આવું શું કરવા કરતા હશે ?' એવા તે પરમ ભક્તરાજ ડોસા શેઠને પછી શ્રીજીમહારાજ તેમના કુટુંબ સહિત બંધિયા લઈ

ગયા. અને ત્યાંના દરબાર મુળુભાઈ પાસે તેમને રહેવા ઘર તથા સરસામાન અપાવ્યો, તેથી તે ત્યાં જ રહ્યા. પછી એકવાર ડોસા શેઠની બાએ મહારાજને કહ્યું જે, "મારે તમમાં હેત છે તેવું દીકરામાં નથી." ત્યારે મહારાજ કહે, "એમ, એવા હેત છે? તો તમારે ત્રણ દીકરા છે તેમાંથી એકને અમારી સેવામાં આપો." ત્યારે ડોસી કહે, "મહારાજ ! તમારી મરજીમાં આવે તેને સેવામાં રાખો." એટલે ઘરમાં બધા કુટુંબનું પોષણ કરે એવા એક ડોસાભાઈ હતા. તેમને શ્રીહરિએ માગ્યા. ડોસીએ તુરત હા પાડી, પણ તેમાં કોઈ શંકા કરી નહિ. પછી શ્રીહરિએ પોતાની સેવામાં આવેલા ડોસાભાઈને રાત્રીએ વહેલા ઊંઘમાંથી જગાડીને કહ્યું, "તમે વિમુખ છો. કેમ જે રામાનંદસ્વામીએ તમને કાશીની યાત્રાએ જવાનું કહ્યું હતું તે વચન તમે લોપ્યું છે. માટે તમો કાશીની યાત્રા કરી આવો તો મારી સેવામાં રાખું." ત્યારે ડોસાભાઈ કહે, "મહારાજ, એ તો મારી ભૂલ થઈ. હવે તમે કહો તો જાઉં."

ત્યારે શ્રીહરિ કહે, "તમે અત્યારે જ ચાલી નીકળો." ત્યારે તે કહે, "હું મારી માતાને પૂછી આવું." એમ કહી પૂછવા ગયા. ત્યારે ડોશી કહે, "મહારાજ કહેતા હોય તો અત્યારે જ ચાલી નીકળજે." આવું કહેવાથી ડોસાભાઈ કાશીની યાત્રા કરવા ચાલી નીકળ્યા, પણ તેમાં કાંઈ સંશય થયો નહિ. ત્યારે ડોશીને એમ થયું જે, ટીમણ લીધું નથી ને દોરી-લોટો પણ લીધો નથી, તે કેમ થાશે ? એમ વિચાર કરી પચાસ રૂપિયા લઈ મહારાજ પાસે આવ્યાં અને ગળગળાં થઈ ગયાં. ત્યારે મહારાજ કહે, "ડોશીમા, ડોસાને ખરચી અપાવું ?" તો કહે, "હા મહારાજ, આ પચાસ રૂા. આપવા છે." પછી મહારાજે પચાસ રૂા. મૂળુભાને આપ્યા ને કહ્યું, "આ રૂા. ડોસાને આપજો અને કહેજો તું ચાલતો થા ને તમે ત્યાં ઊભા રહેજો."

પછી મૂળુભા ઘોડે ચઢીને ચાલ્યા. તે ગામને સીમાડે ભેગા થયા. પછી તેમણે ડોસાભાઈને ઊભા રાખી પચાસ રૂા. આપ્યા. ને કહ્યું, "આ તમારી માએ મોકલ્યા છે." ત્યારે ડોસાભાઈ કહે, "મારી માએ મોકલ્યા હોય તો નથી લેવા." તેથી મૂળુભા કહે, "મને તો મહારાજે તમને આપવા આપ્યા છે અને કહ્યું છે કે આ રૂા. લઈ તમે ચાલતા થાઓ. અને મને અહીં ઊભા રહેવાનું

કહ્યું છે." તેથી રૂા. લઈ ડોસાભાઈ ચાલતા થયા અને મૂળુભા ઘોડાની સરક ઝાલીને ત્યાં જ ઊભા રહ્યા. પછી સાંજ પડી છતાં દરબાર ઘેર ન આવ્યા, તેથી મહારાજ કહે, "હજી સુધી મૂળુભા કેમ આવ્યા નહીં ?" ત્યારે સીમમાંથી માણસો આવ્યા તેમણે કહ્યું, "હે મહારાજ ! દરબાર તો ગામને સીમાડે ઘોડાની સરક ઝાલીને ઊભા છે." પછી મહારાજે મૂળજીબ્રહ્મચારીને મૂકીને મૂળુભાને બોલાવ્યા. તેથી તેઓ આવ્યા. એટલે મહારાજ કહે, "દરબાર ક્યાં સુધી ઊભા રહેત?" ત્યારે મૂળુભા કહે, "હે મહારાજ ! તમે પાછા આવવાનું ન કહેત ત્યાં સુધી ઊભો રહેત." આવી તેમની નિષ્ઠા જોઈ મહારાજ તેમના ઉપર બહુ રાજી થયા. ડોસાભાઈ બે ગાઉ ચાલ્યા ત્યાં સંઘ મળ્યો. તેણે પૂછ્યું, "ક્યાં જાઓ છો ?" તો કહે "કાશીએ." ત્યારે કહે, "ચાલો અમારી સાથે, અમેય કાશીએ જઈએ છીએ."

એમ કહી ગાડીમાં બેસાર્યા. અને જાતાં ને વળતાંનું ભાડું સંઘવાળાએ દીધું. ભેળા જમાડ્યા ને જ્યાંથી ભેળા થયા હતા ત્યાંથી વળતા જુદા પડ્યા. પછી થોડે દૂર જઈ પાછું જોયું તો ગાડી, માણસો કે સંઘ કાંઈ ન દીઠું. તે જોઈને ડોસાભાઈ મનમાં આશ્ચર્ય પામ્યા. આમ શ્રીહરિના વિશ્વાસે રહ્યા તો મહારાજે તેમને યાત્રા કરાવી. પછી મહારાજ પાસે આવ્યા. ત્યારે શ્રીહરિએ પૂછ્યું, "ડોસા, ગંગામાં નાહ્યા ?" તો કહે, "ક્યાં આજ્ઞા હતી ?" વળી શ્રીહરિએ કહ્યું, "કાશી વિશ્વનાથનાં દર્શન કર્યાં ?" તો કહે "ક્યાં આજ્ઞા કરી હતી ? કાશીએ જાવાનું કહ્યું હતું તે કાશી આવી એટલે પાછો વળ્યો ?" ત્યારે મહારાજ કહે, "આવું બીજાથી થાય નહીં. **ખરેખરી સ્વરૂપનિષ્ઠા હોય તો જ આજ્ઞા પ્રમાણે આમ વરતાય."**

આવી પરીક્ષા શ્રીહરિએ લીધી. પછી મહારાજે આજ્ઞા કરી જે, "ડોસાભાઈ, તમારી માતા જીવે ત્યાં લગી તેમની સેવા કરો. અને તમારું દ્રવ્ય કૂવામાં નાખ્યું છે તે માણસને સાથે લઈ કાઢી આવો." તેથી ડોસાભાઈ માણસ સાથે ત્યાં ગયા અને રૂા. તથા ઘરેણાંની ગાંસડી કાઢી આવ્યા. પછી તેઓ ઘેર ગયા. ત્યારે તેમની મા કહે જે, "બેટા ! તું જાત્રા કરવા ગયો તે દી જ સાંજે આ ગામ ઉપર ધાડું આવ્યું હતું. ને તે આપણે ઘેર ઉઘાડી તલવાર

લઈને આવ્યા હતા. ને બોલ્યા કે, 'ડોસા શેઠ ક્યાં ગયા ?' ત્યારે મેં કહ્યું કે, એ તો કાશીની જાત્રાએ ગયો છે. તેથી તે પાછા ભાગી ગયા." તે સાંભળીને ડોસો શેઠ બોલ્યા કે, "હે મા ! મને તો મહારાજે જાત્રાએ મોકલીને જીવતો રાખ્યો ને કાશીની જાત્રા કરાવી ને સંપત્તિની પણ રક્ષા કરી." એવી રીતે **જે ભગવાનનું વચન પાળે છે તેને સુખ થાય છે ને તેની ભગવાન સર્વ પ્રકારે રક્ષા કરે છે.** તેથી જ શ્રીહરિએ વ.લો.૩માં માહાત્મ્યજ્ઞાને સહિત નિશ્ચયવાળા ભક્તોનાં લક્ષણ કહેતા ડોસા શેઠની વાત કરતા કહ્યું, "જેને ભગવાન અને સંતનો મહાત્મ્યજ્ઞાને સહિત નિશ્ચય હોય તે ભગવાન કે સંતના વચનમાં ફેર પાડે નહિ. જેમ કહે તેમ કરે."

**(મૂળગ્રંથ શરું)** આવા આ ડોસાભાઈ તથા તેમના ભાઈને સાથે લઈ શ્રીહરિ તુરંત ચાલતા થયા. ૬. બંધિયા ગામના બધા ભક્તો શ્રીહરિને વળાવવા માટે ગામની બહાર સુધી આવ્યા. સહુ થાળ ભરી ભરીને સાકર અને શ્રીફળ લાવ્યા હતા. તે શ્રીહરિને તે સમયે અર્પણ કર્યા. ૭. સાકર અને નાળિયેરની પ્રસાદી કરીને સહુને આપી અને થોડો પ્રસાદ સાથે પણ લીધો. હંસરાજ શેઠ સંતોને બેસવા માટે બળદગાડી જોડી લાવ્યા. ૮.

શ્રીહરિ ગામથી થોડા આગળ ચાલ્યા છતાં કેટલાક હરિભક્તો ચાલ્યા આવતા દેખાયા. ત્યારે શ્રીહરિએ તેમને કહ્યું, "હવે પાછા વળો. આગળ ન આવો. આગળ આવો છો તેથી ઘોડા ભયથી ભડકે છે. ૯. તેનાથી તમને કાંઈ વિઘ્ન આવે તો લોકો અમને વગોવે." ત્યારે દરબાર જેહાજી બોલ્યા, "હે હરિ ! આપ મળ્યા એટલે અમારાં બધાં વિઘ્ન ટળી ગયાં છે." ૧૦ આવું બોલીને જ્યારે શ્રીહરિનાં ચરણોમાં પડ્યા ત્યારે શ્રીહરિએ તેમના મસ્તકે ચરણ ધાર્યાં. પછી હરિભક્તો પાછા વળ્યા એટલે શ્રીહરિ આગળ જવા ચાલ્યા. ૧૧.

મુક્તાનંદ સ્વામી રથમાં બેઠા હતા. તેમને શ્રીહરિએ કહ્યું, રસ્તામાં સહુ ચેતીને ચાલજો, કોઈ ગાફલપણું રાખશો નહિ. ૧૨. ત્યારે દરબાર વાઘસિંહજીએ કહ્યું, અમે પચીશ જણા સાથે છીએ. માટે લગારેય ભય રાખશો નહિ. ૧૩. સહુએ બખતર પહેર્યાં છે, હાથમાં ભાલા લીધા છે. ડુંગરજી આદિ ક્ષત્રિયો સાથે છે. વળી પચીશ જેટલી તો બંદૂકો પણ સાથે છે. ૧૪. જો કોઈ

કાઠી ભેળા મળીને સામે આવશે તો આપના પ્રતાપથી આજ તેની આબરૂ જાશે. ૧૫. ત્યારે શ્રીહરિ બોલ્યા, ખાચર કાઠીઓ તો અમારા આશ્રિત થયા છે. તમારી જેમ જ તે કાઠીઓને પણ અમારા ઉપર હેત છે. ૧૬. તેમના હેતને લીધે જ અમે અહીંયાં આવ્યા છીએ. હેત વિના અમે ક્યારેય જઈએ નહિ. સિંહ છે તે બધાને મારે છે પણ તેના બચ્ચાને કોઈ દૂભવતા નથી. ૧૭. બિલાડી ઉંદરને મારી નાખે છે, પણ પોતાના બચ્ચાને પીડતી નથી; તેમ જેને જેના ઉપર હેત હોય તે તેનું કાંઈ અહિત કરતા નથી. ૧૮. અમારા આશ્રિત જેટલા કાઠી દરબારો છે તે અમે સરધાર આવ્યા છીએ તે વાતને સાંભળીને બધા સરધાર આવશે. તેમાં કાંઈ સંદેહ નથી. ૧૯. કાઠીની જાતી ઘણી ચકોર છે. તેઓ જેવો સમય તેવો નિર્ણય કરે. જેટલા કાઠી અને કોળી જાતિના લોકો કહેવાય છે તે બધા સહુથી ચકોર છે. ૨૦. કાઠી અને કોળી, એ બે જાતિના લોકો સત્સંગી થાય તો બધી પ્રજા સુખી થઈ જાય. પછી બધા હરિભક્તો પણ નિર્ભય થઈને રહે અને અમારી પાસે પણ સુખેથી આવી શકે. ૨૧.

### ⁕ જે સંતનો મહિમા જાણે તે જ મહાસુખને માણે છે :

અમારા જેટલા સંતો છે તેમને અમે નિર્માની કરી દીધા છે. આવા સંતો દુનિયામાં ક્યાંય નથી. અમે ઘણી અલૌકિક રીત ચલાવી છે. ૨૨.

ધર્મશાસ્ત્રમાં જેને સનાતન હંસ કહેવાય છે તેવી દીક્ષા અમે સંતોને આપી છે. (સંન્યાસના ચાર ભેદ છે (૧) કુટિચક - એક જ સ્થળે રહીને પોતાના આશ્રમને યોગ્ય જે ધર્મો શાસ્ત્રમાં કહ્યા છે તેનું આચરણ કરે તેને કુટિચક કહેવાય. (૨) બહૂદક - ગામમાં એક રાત અને શહેરમાં પાંચ રાત રહે અને જે મળે તેથી સંતુષ્ટ રહે તેને બહૂદક કહેવાય. (૩) હંસ - જેમ હંસ દૂધ અને પાણીને જૂદું કરે છે તેમ સાચું અને ખોટું જૂદું પાડે તેવા વિવેકીને હંસ કહેવાય અને (૪) પરમહંસ - જે આત્મા તથા પરમાત્માને સાક્ષાત્ પામ્યા હોય તેને પરમહંસ કહેવાય.) અમારા અક્ષરધામના જે પાકા મુક્તો છે, તે બધાએ અત્યારે ભૂમિ ઉપર અવતાર લીધો છે. ૨૩. મનુષ્ય જેવા દેખાય છે પણ ખરેખર તે મનુષ્ય નથી. એમના ગુણોનું વર્ણન કરી શકાય તેમ નથી. એમનામાં અપાર સામર્થ્ય રહ્યું છે, પણ આ સમયે મેં તેને છુપાવી દીધું છે. ૨૪.

આવા એક એક બ્રહ્માંડને એક પળવારમાં આ દરેક સંતો રચી શકે છે. આવા હોવા છતાં મનુષ્યની જેમ રહ્યા છે. તેને તો હું જ જાણું છું. ૨૫. **આ સંતો રસ્તામાં ચાલ્યા જતા હોય અને તેના સ્પર્શવાળો પવન પણ જો બીજા મનુષ્યને અડી જાય તો તેનો મોક્ષ થઈ જાય, આવા મહાન બળવાન આ સંતો છે. ૨૬.** આ સંતોને પોતાના સ્વરૂપનું જ્ઞાન નથી. જો જ્ઞાન થઈ જાય તો કદાચ તેઓ છકી જાય. સિંહ ઘણો બળવાન છે, પણ તે જો પાંજરામાં પુરાયેલો હોય તો તેનું કોઈ જોર ચાલતું નથી. ૨૭. સિંહ જો પાંજરામાંથી બહાર નીકળે તો તેનું બળ જાણ્યામાં આવે. તે રીતે જ આ સંતોને પણ માનો. એક એક સંત ઈશ્વર થઈને ફરે તેવા છે. ૨૮. આ સંતોને બે પાંજરામાં જકડીને રાખ્યા છે. તેમાં એક પાંજરું છે દેહનું અને બીજું પાંજરું છે આજ્ઞાનું. તેમાં તેઓ પુરાયેલા છે. ૨૯. આજ્ઞારૂપ વચનથી બંધાયેલા સંતોને કોઈ અજ્ઞાની, અધર્મી કે આસુરી જીવ બાંધીને મારે કે ગાળો દઈને અપમાનિત કરે, છતાં પણ તે સંતો કાંઈ બોલે નહિ, એવા છે. ૩૦.

**આ સંતો અમારા વચનની મહત્તાને સમજે છે અને બીજાનાં દુર્વચનોની તુચ્છતાને પણ સમજે છે, તેથી તેઓ મનમાં કોઈનું બૂરું ચાહતા નથી. સહુના હિતનો વિચાર જ મનમાં રાખે છે;** જેમ આ પૃથ્વી છે તે સહુનું હિત કરી રહી છે તેમ. અનંત પાપીઓ પૃથ્વી ઉપર ફરતા હોય છે. છતાં પૃથ્વીને તે પાપીઓનું પાપ લેશમાત્ર પણ અડતું નથી. જે પાપ કરે છે તે દુઃખને પામે છે. ૩૧-૩૨.

**ચોપાઈ :**

**संत कु दुबे दुबात हे तेहा, इनमें तल भर नाई संदेहा;**
**एसे संत कु दुबात हे जेहु, निज कंठ काटत हे तेहु...३३**
**जिमि जिमि संत क्षमा कर ही, तिमि कुल समूल सो जर ही;**
**पाप भेद वेद कहत अनंता, संतद्रोह सम नहिं बलवंता...३४**
**निर्मान गुन सम गुन न ओरा, नहिं आवत तेहि ठोरा ठोरा;**
**भूषन अनंत कहावत जेही, निरमान सम न शोभित केही...३५**

જે લોકો સંતોને દૂભવે છે તેઓ પોતે જ કાલાંતરમાં દુભાય છે. તેમાં તલભાર પણ સંશય નથી. આવા સંતોને જે લોકો દૂભવે છે તે લોકો પોતે

જ પોતાનું ગળું કાપી રહ્યા છે. ૩૩. દુષ્ટોએ દૂભવેલા સંતો જેમ જેમ સહન કરે છે તેમ તેમ તે દુષ્ટોનું કુળ સમૂળ સળગી જાય છે. **વેદોમાં પાપના અનંત પ્રકારો કહ્યા છે. તેમાં સંતોના દ્રોહ જેવું કોઈ મોટું પાપ કહ્યું નથી.** ૩૪. **નિર્માનીપણાના જેવો બીજો કોઈ ગુણ તેની સમાનતામાં થોડો પણ આવતો નથી. આભૂષણો અનંત પ્રકારનાં કહેવાય છે પણ નિર્માનીપણા જેવું બીજું કોઈ આભૂષણ શોભતું નથી. ૩૫.** ચિંતામણિ એક શ્રેષ્ઠ નિધિ કહેવાય, પણ બાળકને તેનું જ્ઞાન નથી. અને તેથી તે ચિંતામણિને બીજા પથ્થર જેવો જ પથ્થર માને છે. તેમ સંત પણ ચિંતામણિ જેવા છે. ૩૬. જે ચિંતામણિનું મહત્ત્વ સમજે છે તે તેને એક પળવાર પણ દૂર કરતો નથી. રાતદિવસ તેનું જતન (પ્રયત્નપૂર્વકનું રક્ષણ) કરવામાં શૂરવીર થઈને સાવધાન રહે છે. તેમ સંતનો મહિમા સમજનાર સંતને પળવાર પણ દૂર કરતા નથી. ૩૭. આવી વાતો કરતાં શ્રીહરિ પીપળિયા ગામ સુધી આવ્યા. અમૃતનો વરસાદ થતો હોય તેવી વાતોને સાંભળીને સહુ ખૂબ જ રાજી થયા. ૩૮. પીપળિયા ગામના હરિભક્તોને શ્રીહરિ પધાર્યા છે આવા સમાચાર મળ્યા એટલે તુરંત જ તેઓ બધા ઢોલ અને શરણાઈ આદિ વાજિંત્ર વગડાવીને સન્મુખ ગયા. ૩૯. બધા ભક્તો શ્રીહરિના ચરણમાં પડ્યા. સહુ પ્રેમમગ્ન થઈ ગયા હતા અને તેમને શ્રીહરિ ઉપર ઘણું જ હેત હતું. શ્રીહરિએ ત્યાં નદીનું સુંદર નિર્મળ જળ દેખ્યું એટલે નદીને કિનારે થોડી વાર બેઠા. ૪૦. રેશમી ગાદી બિછાવી દીધી એટલે શ્રીહરિ તેના ઉપર બેઠા. બુકાની બાંધી લીધી. એક હાથમાં રૂમાલ રાખ્યો હતો. ૪૧.

બીજા હાથમાં મોતીથી મઢેલી છડી હતી. ધોતિયું ઢીંચણ સુધી બાંધી લીધું હતું. શ્રીહરિએ પગે લાગતા ભક્તને પૂછ્યું, તમે અત્યારે સામે આવ્યા છો પણ તમારું નામ અને જ્ઞાતિ કઈ છે ? ૪૨. ત્યારે લક્ષ્મણ ઠક્કરે કહ્યું. અમે ઠક્કર એટલે લોહાણા કહેવાઈએ એટલે અમને ઠક્કર કે લોહાણા ગમે તે નામથી બોલાવાય. ૪૩. અમારી જ્ઞાતિ જે કહેવાય છે તે બધા જનોઈ પહેરે છે. મૂળ અમારી જાતિ ભાટિયા છે. તેમાંથી અમે ઠક્કર જ્ઞાતિના કહેવાયા. ૪૪. પહેલાં અમે બધા ક્ષત્રિય કહેવાતા તેમાંથી જ ભાટિયા,

ઠક્કર અને લોહાણા આ ત્રણ થયા. આજે જેઓ ખોજા કહેવાય છે તેઓ પણ અમારામાંથી થયા છે. ૪૫. પ્રભુ, હવે તો આપનો યોગ થયો છે, એટલે આ સંસારસાગરમાં ભટકવાનો રોગ મટી ગયો છે. પછી શ્રીહરિએ સ્નાન કર્યું. નવું પીતાંબર પહેર્યું. ૪૬.

ભગવાન કે ભગવાનની મૂર્તિ તેને બાલમુકુંદ કહેવાય. બીજાને સેવાની રીતિ બતાવવા માટે શ્રીહરિએ બાલમુકુંદની પૂજા પ્રેમથી કરી. ૪૭. પોતાની રીતને તો બધી રીતે પોતે જ જાણે છે. બીજો માણસ ભલેને ચારે વેદોને ભણ્યો હોય પણ શ્રીહરિની રીતને જાણી શકતો નથી. ૪૮. સંતો સ્નાન કરીને તૈયાર થયા ત્યારે શ્રીહરિ ઘોડે સવાર થયા. અનંત ભુવનના આધાર શ્રીહરિએ તે સમયે બધાં જરકશી વસ્ત્ર પહેર્યાં હતાં. ૪૯. આગળના ભાગમાં ઢોલ વાગતા હતા. સંતો કીર્તન બોલતા હતા. ત્યારે મહારાજાધિરાજ શ્રીહરિની છબી અમૂલ્ય બની હતી. ૫૦. શ્રીહરિ ગામમાં પધાર્યા. લોકોની બહુ જ ભીડ થઈ. સૌ શ્રીહરિને પગે લાગતા. તેઓ થાળ ભરી ભરીને સાકર લાવતા. ૫૧.

***ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના તૃતીય પૂરમાં 'બંધિયાથી પીપળિયા પ્રયાણ, માર્ગમાં દરબારોને સંતોનો મહિમા કહ્યો' એ નામે બાવનમો તરંગ સમાપ્ત ॥૫૨॥***

## પૂર ત્રીજું : તરંગ - ૫૩

## પીપળિયાના ભક્તોને પ્રસન્ન કરી રસ્તામાં વિનોદ કરતા સરધાર પધાર્યા.

શ્રીહરિનાં દર્શન કરીને ગામના લોકો ખૂબ જ રાજી થઈ ગયા. મુખથી 'જયજય જયજય' બોલતા અને મૂર્તિને નીરખતા પરમ આનંદને પામ્યા. ૧. શ્રીહરિની મરજી દેખીને ત્યાં પાર્ષદોએ બંદૂકોના અવાજ ઘણા કર્યા, તેથી મોટું સૈન્ય આવ્યું હોય તેમ લાગતું હતું. ૨. સ્ત્રીઓ પ્રેમભાવભર્યાં મંગલમય કીર્તનો ગાતી હતી. જાણે આખું ગામ સત્સંગી હોય તેવો અપાર આનંદ

ત્યાં છવાઈ ગયો હતો. ૩. શ્રીહરિ સંતોની સાથે લક્ષ્મણભાઈ ઠક્કરને ઘેર ઊતર્યા. તેણે એક સારો પલંગ બિછાવી દીધો. આવીને તેના ઉપર શ્રીહરિ વિરાજ્યા. ૪.

મુકુંદવર્ણી અને જયાનંદવર્ણીએ વિવિધ પ્રકારની રસોઈ બનાવી. સુંદર અને સરસ દૂધપાક તથા પૂરી કર્યાં. તેમજ ભજિયાં અને વડાં વગેરે પણ તત્કાળ બનાવ્યાં. ૫. રીંગણાંનું શાક ઘીમાં તળીને શ્રેષ્ઠ બનાવ્યું હતું. બધી રસોઈ તૈયાર થઈ ત્યારે વર્ણીએ સંભારીને બાલમુકુંદ ભગવાનને થાળ ધરાવ્યો. ૬. તે થાળ ધરાવવાનું ક્યારેય ભૂલતા નહિ. થાળ ધરાવ્યા પછી જ તે શ્રીહરિને જમાડતા. શ્રીહરિ જ્યાં સુધી આ ભૂમિ ઉપર રહ્યા ત્યાં સુધી તેમણે આ સેવાનું નિયમ રાખ્યું હતું. ૭. બાલમુકુંદની પૂજા શ્રીહરિ સ્વયં કરતા અથવા મુકુંદવર્ણી કરતા. તે વિના બીજા કોઈને પૂજા કરવા દેતા નહિ. બીજા સંતો તો પોતાને પૂજવા માટે વિષ્ણુ (શાલીગ્રામ) અથવા બાલમુકુંદ મૂર્તિને રાખતા. ૮.

તે સ્વરૂપને નૈવેદ્ય ધરાવ્યા સિવાય જમવું નહિ, આવું નિયમ સહુ રાખતા. શ્રીહરિએ આવી આજ્ઞા સહુ સંતોને કરી હતી, તેથી સહુ સંતો તે આજ્ઞાને દૃઢપણે પાળતા હતા. ૯. આવી બાબતને વારંવાર ગ્રંથમાં લખતા નથી. જો લખીએ તો ગ્રંથ ઘણો મોટો થઈ જાય. સવારે અને સાંજે મુકુંદ વર્ણી અને જયાનંદ વર્ણી, બંને રસોઈ બનાવતા. ૧૦. તેમાં જયાનંદ વર્ણી રસોઈ બનાવવામાં ઘણા ઉતાવળા હતા. સો માણસ જમે તેટલી રસોઈ તેઓ ચાર ઘડી(૧.૩૬ કલાક)માં બનાવી દેતા. ૧૧. શ્રીહરિ સ્વમુખે એમ બોલ્યા કે, આ બંને વર્ણીનો આત્મા તો કોઈ સમર્થ દેવ જેવો છે. હનુમાનજી અને અંગદના જેવો તેમનો આત્મા શુદ્ધ અને સેવાભાવી છે. ૧૨.

આટલું બોલીને મહારાજાધિરાજ શ્રીહરિ જમવા ઊઠ્યા અને જઈને બાજોઠ ઉપર બેઠા. ૧૩. શ્રીહરિ ઉત્તર મુખે જમવા બેઠા. સુંદર પીતાંબર પહેર્યું હતું. બંને હાથમાં સોનાનાં કડાં અને છાતી ઉપર મોતીનો હાર પહેર્યો હતો. ૧૪. લાલ રંગની શાલ ઓઢી હતી. તેમાં જરીનું ભરત ભરેલું હતું. શ્રીહરિ થાળ જમવા લાગ્યા. જમવાની ચતુરતા કહી શકાતી નથી. ૧૫.

ભરપૂર ભોજન ભરેલાં બધાં પાત્ર સોનાનાં હતાં. દિવ્ય શોભાસંપન્ન શ્રીહરિ જમતા જમતા હરિભક્તોની પ્રેમભાવનાને વખાણતા હતા. ૧૬.

શ્રીહરિએ જમી રહ્યા પછી ચળુ કર્યું. જળપાન કરીને તજ, એલાયચીનો મુખવાસ લીધો. મુખવાસનો સુગંધ સુંદર લાગતો હતો. ૧૭. પછી સંતો, પાર્ષદો અને દરબારો(રાજાઓ)ને જમવા બેસાડ્યા. શ્રીહરિ પોતે ઘણો જ નૌતમ સ્નેહભાવ દેખાડીને સૌને જમાડતા. ૧૮. સહુ જમી રહે ત્યાં સુધી શ્રીહરિ પોતે વારંવાર પીરસતા. **હેતની મુખ્ય રીત જ એ છે. જ્યારે જમવા બેસાડે ત્યારે જે હેત હોય તે દેખાય આવે છે. ૧૯. જેના દિલમાં જેટલું હેત હોય તે જમાડે ત્યારે જણાય છે.** એવી જમાડતી વખતે શ્રીહરિ જે વાણી બોલ્યા તે મેં આ ગ્રંથમાં લખી છે. ૨૦.

જ્યારે બધા જ હરિભક્તો જમી રહ્યા ત્યારે શ્રીહરિ તરત જ ચાલવા તૈયાર થયા. લક્ષ્મણભાઈ, મોનાભાઈ, પ્રાગજીભાઈ, વીરજીભાઈ, હિમાભાઈ અને કાનજીભાઈ એ બધા ભક્તો જે સેવામાં તત્પર હતા, તે પૂજાની સામગ્રી લઈને પૂજા કરવા આવ્યા. સહુએ પ્રેમથી પૂજા કરી. બધાએ એક એક સોનાની માળા (હાર) લઈને શ્રીહરિના કંઠમાં પહેરાવી. ૨૧-૨૨. અજુબાઈ અને મૂળીબાઈ, જે સત્સંગી બાઈઓ હતી, તેમણે શ્રીહરિને એક સોનેરી ખેસ ઓઢાડ્યો. કપાળમાં કેસરી ચંદનની અર્ચા કરી અને તેના મધ્યમાં કુંકુમનો મોટો ચાંદલો કર્યો. ૨૩. પછી હરિભક્તોએ બધા સંતોની પૂજા કરી અને શ્રીહરિનાં ચરણો છાતીમાં ચાંપ્યાં. તે પછી કપૂરથી આરતી કરી. એક પહોર સુધી આ રીતે સહુએ અલૌકિક લાભ લીધો. ૨૪. તે સમયે સહુ ભક્તોએ હાથ જોડીને ઘણી પ્રાર્થના કરી કે, હે નાથ! આપ તો ગુરુ રામાનંદસ્વામી કરતાં પણ ઘણા અધિક છો. ૨૫.

હે મહારાજ! હવે પછી ફરી વાર પધારજો. દેહનો કાંઈ નિરધાર નથી. માટે અંતકાળે આવીને અમારી સંભાળ લેજો. ૨૬. અમે તન, મન અને પરિવાર, બધું જ આપને અર્પણ કર્યું છે. હવે આપ જ અમારા પ્રાણઆધાર છો. આપના સિવાય અમારો કોઈ આધાર નથી. ૨૭. ત્યારે શ્રીહરિએ તે ભક્તોને કહ્યું, મારું દિવ્ય અક્ષરધામ છે. તેમાં તમને કુળ અને પરિવારે સહિત

હવે દિવ્ય દેહ આપીને નિવાસ આપીશ. ૨૮. આટલું બોલીને શ્રીહરિ ચાલી નીકળ્યા. આનંદ-ઉલ્લાસથી અશ્વ ઉપર સવારી કરી હતી. શ્રીહરિની સાથે બીજા જે ઘોડેસવારો હતા, તે પણ ચાલવા માટે તત્પર થઈ રહેલા હતા. ૨૯.

શ્રીહરિ હવે અહીંથી નીકળી જાય છે આવી ખબર પડતા બધા ગામના લોકો તરત જ ત્યાં દોડી આવ્યા. તેઓ સ્નેહભાવથી ગદ્‌ગદ કંઠ થઈ ગયા. પછી તેમણે અનેક રીતે પ્રાર્થના કરી. ૩૦. ચાલતી વેળાએ શ્રીહરિએ સહુ ગામવાસી લોકોને કહ્યું, તમે સહુ સાંભળો. હવે તમે બધા સત્સંગ કરો. અમે ફરીને પાછા અહીંયાં આવશું. ૩૧. ત્યારે ત્યાંના જે ભાવનાવાળા ગામલોકો હતા તે સહુએ સત્સંગ સ્વીકાર્યો. અર્થાત્ વ્રતમાન ધારીને સહુ સત્સંગી થયા. પછી ગૃહસ્થ હરિભક્તોને વર્તવાની જે રીત હતી તે બધી શ્રીહરિએ પ્રેમથી કહી સંભળાવી. ૩૨. પછી શ્રીહરિ પીપળિયા ગામથી બહાર નીકળ્યા. શ્રીહરિની શોભાનો કોઈ પાર ન હતો. સરધાર ગામનો માર્ગ પૂછીને પછી એકદમ ઉતાવળે ચાલ્યા. ૩૩. પીપળિયા ગામના બધા હરિભક્તોને પાછા વાળ્યા. અને પ્રિયતમ પ્યારા શ્રીહરિ આગળ ચાલ્યા. ઘોડાઓ હણહણાટ કરતા હતા. તેના શબ્દથી આકાશ ભરાઈ જતું હતું. ૩૪.

બોકાની બાંધેલા અને બખતર પહેરેલા ઘોડેસવાર દરબારો બધા સાથે હતા. સહુના હાથમાં ભાલા પકડેલા હતા. પીઠ પાછળ ઢાલો બાંધી હતી. ૩૫. સોનેરી મૂઠવાળી તલવારો પણ ભેટમાં બાંધી હતી. તે ઘણી ચિત્ર વિચિત્ર રૂપમાં દેખાતી હતી. ઘોડા ઉપરનો બધો સાજ સોનાનો હતો. બંકા તે વીર પુરુષો ઘણા કરડા લાગતા હતા. ૩૬. શ્રીહરિએ તે સમયે સાથે રહેતા દરબારો(રાજાઓ)ને કહ્યું. જ્યારે યુદ્ધ કરવા જાઓ ત્યારે તમારા ઘોડાને કઈ રીતે ફેરવીને ચલાવો ? અને યુદ્ધમાં આયુધોને કઈ રીતે ફેરવો-ઘુમાવો ? ૩૭. પછી જ્યારે જમીન બધી સપાટ-મેદાન જેવી આવી અને ચારે બાજુનાં ગામ ઘણા દૂર હતાં, ત્યારે બધા સવારો યુદ્ધનો ખેલ ખેલવા લાગ્યા અને શ્રીહરિ જોવા લાગ્યા કે આમાં શૂરવીર કોણ છે ? ૩૮. સહુએ યુદ્ધક્રીડામાં ભાલાનો ખેલ કર્યો. એક ઘડી સુધી તે ચાલ્યો. છેલછબીલા શ્રીહરિએ તે ખેલ જોયો અને સહુનાં વખાણ ઘણાં કર્યાં. ૩૯.

શ્રીહરિ રસ્તામાં ચાલ્યા જતા હતા ત્યારે તેમણે દરબારોને કહ્યું, તમારા બધા અશ્વ જાતવાન છે, તે કઈ કઈ જાતિના છે ? ૪૦. ત્યારે તે બધા દરબારો રજવાડામાં પ્રસિદ્ધ કહેવાતી ઘોડાની સારી જાતો બતાવવા લાગ્યા. અત્યારે અમારી પાસે જે ઘોડાઓ છે તે બધા જાતવાન છે. ૪૧. આ 'માણેક વર્ણી માણકી' આ 'લાલ' 'હિરાળી' 'રોઝી' 'ફૂલમાળ' 'મલ્લી' 'હરણી' 'બેરી', 'બાંદરી' 'વાંગળી' 'કેસર' 'ચાડી' 'વીજળી' 'બોદલી' 'રેડી' 'તાજણ' 'જબાદા' 'ભૂતડી' 'છોગાળી' 'શિંગાળી, 'હરડી' 'કરડી' 'પંખાળી' અને 'વીંછણ' વગેરે આપણા દેશમાં જે જે સારી જાતિના અશ્વ કહેવાય છે તેનાં નામ અમે આપને કહ્યાં. ૪૨-૪૫. તેમાં 'માણકી' જાત તે શિરોમણિ સહુનો રાજા કહેવાય. તેથી વધારે સારી જાતિ કોઈ કહેવાય નહિ. ગઢપુર ગામના દરબાર અભય રાજા(એભલ ખાચર) છે. ૪૬. કાઠી દરબારોમાં 'ખાચર' કરીને એક તેનો ઉપ વિભાગ કહેવાય છે. ખાચરોમાં પણ ગોદડકા ખાચર તે વિશેષ કુળવાન ગણાય. તે ગોદડકામાં પણ અભય રાજા વધારે પ્રસિદ્ધ છે. મોટા મોટા દરબારો પણ અભય રાજાને વધારે માન આપે છે. ૪૭. તેમને માન આપનારા પણ ઘણા મોટા કહેવાય છે. આપ જો અભય રાજાને ત્યાં ગઢપુર જાઓ તો તેઓ મસ્તક નમાવીને આપને પણ માન આપશે. ૪૮.

અશ્વોની જાતિમાં 'માણકી' ઉચ્ચ જાતિની કહેવાય, તે અભય રાજા આપને 'માણકી' લાવી આપશે. જે કોઈ પણ મનુષ્ય તેને ત્યાં જાય, તેનું તેઓ દોડીને સન્માન કરે છે. ૪૯. આપ જાશો તો તેઓ આપની રીતને દેખીને આપને ખૂબ જ માનશે અને હેત-પ્રેમ કરશે. માટે આપ ત્યાં જરૂર જાઓ. ૫૦. તેના પિતરાઈ ભાઈ જીવેન્દ્ર છે. એભલ ખાચર તેમનો વિશ્વાસ કરતા નથી અને તે મહાનિષ્કામી છે. ૫૧. જે બાબતને તેણે લીધી હોય તેને તેઓ છોડી ન દે, એવા એ ટેકીલા છે. જો તેઓ આપની સાથે સ્નેહસંબંધ બાંધે તો તેઓ ક્યારેય તે સંબંધ-સ્નેહને લગાર પણ તોડશે નહિ. ૫૨.

આ પ્રમાણે દરબારો સાથે વાતો કરતા કરતા શ્રીહરિ સરધાર પહોંચી ગયા. રાત થવા આવી હતી. ગામને નજીક સરોવરને જોઈને શ્રીહરિ પ્રસન્ન થયા. ૫૩. પછી શ્રીહરિ બોલ્યા, 'સર'ની ધારે-પાળે હોવાથી આ ગામનું

નામ સરધાર છે. ત્યારે મુક્તાનંદ સ્વામીએ કહ્યું, અહીંના રાજાનું આ સારું રાજ્ય છે. ગુરુ રામાનંદસ્વામી આ 'સર'માં ઘણી વાર નહાયા છે. આપ જેટલી મરજી હોય તેટલું રહો અને આ સરોવરમાં સ્નાન આદિ કરો. ૫૪-૫૫. પછી શ્રીહરિએ ગરણાથી ગાળીને સરોવરનું પાણી મગાવ્યું. સુખદાયક શ્રીહરિએ તે પાણીને ગુરુની પ્રસાદી માનીને પીધું. જળ ઘણું મીઠું જોઈને શ્રીહરિએ તેનાં વખાણ કર્યાં. ૫૬.

***ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના તૃતીય પૂરમાં 'પીપળિયાના ભક્તોને પ્રસન્ન કરી રસ્તામાં વિનોદ કરતા સરધાર પધાર્યા' એ નામે ત્રેપનમો તરંગ સમાપ્ત ॥૫૩॥***

## પૂર ત્રીજું : તરંગ - ૫૪

### સરધાર ગામમાં ધામધૂમથી પધાર્યા, સ્વયં થાળ જમીને સૌને જમાડ્યા

સરધાર ગામથી ઉત્તર દિશામાં સારું અને સુંદર એક તળાવ છે. તેની પાળે આવીને શ્રીહરિ બેઠા. ૧. તે સરોવરનો દક્ષિણ તરફનો ભાગ જાત જાતના પાકા પથ્થરથી બાંધેલો છે. તેમાં કોઈ જાતની ખામી ન દેખાય એવી ચતુરતા દેખાય છે. ૨. સરોવરની ચારે દિશાઓમાં જાત જાતનાં વૃક્ષો છવાઈ ગયાં છે. દક્ષિણ તરફ રૂડું રૂપાળું ગામ છે. તેને ફરતો પથ્થરનો કિલ્લો બુરજવાળો છે. ૩. કિલ્લાને મોટા મોટા દરવાજા છે અને તેનાં બારણાંઓ પણ ઘણાં મોટાં છે. શ્રીહરિ પધાર્યા છે, એવી ખબર ત્યાંના દરબાર(રાજા) ને મળી. તેથી તુરંત તેઓ સવારી લઈને ત્યાં આવ્યા. ૪. જ્યાં શ્રીહરિ બેઠા હતા ત્યાં રાજા આવ્યા. દંડવત્ પ્રણામ કરીને શ્રીહરિને પગે લાગ્યા. મુક્તાનંદ સ્વામીને પણ પગે લાગ્યા. શ્રીહરિને અને સંતોને દેખીને તેમને ઘણો જ ઉત્સાહ વધ્યો. ૫. દરબાર સહુને ભાવનાથી મળ્યા. પછી પાંચદસ મશાલો કરાવી. ત્યાંના ભક્તોમાં જાડેજા દરબાર (રાજા) તોંગાભાઈ અને વેરાભાઈ હતા. ૬. એક હરિભક્ત હકાભાઈ હતા. શાહ કમળસીભાઈ,

ગોવરધનભાઈ, ઈન્દ્રજી આદિ તથા દરજી ભક્ત પ્રેમાભાઈ, ભીમજીભાઈ, વીરમભાઈ, અને વસુ ખવાસ, એ બધા શ્રીહરિના અનન્ય ભક્ત હતા. અભરામ અને વશરામભાઈ એ બે ખોજા હરિભક્ત હતા. ૭-૮. દેવરામ નામે એક બ્રાહ્મણ ભક્ત, લાડકીબાઈ, આનંદીબાઈ અને અગરબાઈ એ આદિક વણિક સરધારનાં ઘણાં જ હરિભક્તો હતાં. ૯.

દરબાર તોંગાભાઈએ શ્રીહરિને હાથ જોડીને કહ્યું, હે પ્રભો ! આપ મારી વિનંતી સાંભળો. આપ પૂર્ણકામ છો. અમારે ગામ સરધાર પધાર્યા, આપ ભલે પધાર્યા. સંતો અને હરિભક્તોનો સમાજ સાથે લાવ્યા તે બહુ જ સારું કર્યું. ૧૦. જ્યારથી આપના સમાચાર મળ્યા ત્યારથી અમારા મનમાં ઘણો જ આનંદ થયો છે. આ ગામ સદ્‌ગુરુ શ્રીરામાનંદસ્વામીના શિષ્યોનું છે. ૧૧. આપ અહીંયાં પહેલી વાર જ આવ્યા છો, તો સહુને અહીંયાં બોલાવો અને આનંદના રંગની રેલી મચાવો. રામાનંદસ્વામી અમારો બહુ ખ્યાલ રાખતા. તેઓ વૃદ્ધોમાં વૃદ્ધની રીતે અને બાળકોમાં બાળકોની રીતે રહેતા. ૧૨.

આપ સ્વામીની ગાદીએ બેઠા. આપનો ઘણો સારો પ્રતાપ સંભળાય છે. આપ ધ્યાન, સમાધિ વગેરે બહુ રીતે કરાવો છો. ૧૩. રાજાની પ્રાર્થના સાંભળીને શ્રીહરિ તૈયાર થઈ ગયા. તત્કાળ અનંત પ્રકારનાં વાજિંત્ર વાગવા લાગ્યાં. ૧૪. શ્રીહરિએ પોતાને શરીરે બધાં વસ્ત્ર સોનેરી ધાર્યાં હતાં. છાતી ઉપર મોતીના હાર, બાજુબંધ અને તોરા એ બધું ધારણ કર્યું. ૧૫. બધા ઘોડાઓનો સાજ-શણગાર પણ સોનેરી તૈયાર કરાવ્યો. પગમાં પહેરાવેલાં જડાઉ ઝાંઝર ઘોડાના પગની ચાલ પ્રમાણે ઝણણણ, ઝણણણ, ધ્વનિ કરતાં હતાં. ૧૬. આવા અશ્વને જોઈને શ્રીહરિએ તેના ઉપર સવારી કરી. મૂર્તિ અત્યંત મનોહર લાગતી. કરોડો કામની છબીને લજાવે એવી સર્વોત્તમ શોભા બની હતી, જે વર્ણવી શકાતી નથી. ૧૭.

**❋ સરધારમાં શ્રીહરિની ભવ્ય શોભાયાત્રા :**

ગામવાસી બધા ભક્તો દર્શન કરવા માટે દોડી આવ્યા. શ્રીહરિનાં દર્શન કરીને આશ્ચર્યથી ચકિત થઈ ગયા. જેમ કોઈ ચિત્રકારે આલેખેલા ચિત્રો હોય તેમ તેઓ દેખાતા હતા. ૧૮. સરધારવાસી બધા જ લોકોના મનની

વૃત્તિને શ્રીહરિએ ખેંચી લીધી. તેથી ઘરમાં કોઈ પણ માણસ રહી શક્યો નહિ. શ્રીહરિની આગળ વાજિંત્ર વાગતા હતા. તેનાથી આખું ગામ ગાજી ઊઠ્યું હતું. ૧૯. તે ધ્વનિ આકાશમાં છવાઈ ગયો. ગુલાલ ઉડાડવાથી તો ધૂમ મચી ગઈ હતી. બંદૂકોના અપાર અવાજ થવા લાગ્યા. લોકો મુખથી જયજય જયજય આવો ઉચ્ચાર કરતા હતા. ૨૦. ડંકા અને નોબતનો ધ્વનિ ઘણો જ ગાજતો હતો. સવારી બધી દરવાજે આવી. લોકો ટોળે ને ટોળે મળવા આવ્યા. તે બધા શ્રીહરિનાં ચરણોમાં નમી પડતા હતા. ૨૧.

દર્શન કરીને પછી પરસ્પર લોકો બોલતા. શ્રીહરિની આંખો અમૃતરસથી ભરી જણાય છે. આ કોઈ મોટો ભારે અવતાર થયો લાગે છે. આ સુખકારી પ્રભુ રામ અને કૃષ્ણના જેવા દેખાય છે. ૨૨. આજે આપણને તેમનાં દર્શન થયાં, તેથી આપણાં તો અનંત જન્મનાં પાપ નાશ પામી ગયાં છે. આજ આપણો આ જન્મ જ લેખે લાગ્યો. અત્યાર સુધીના બધા જન્મો તો અલેખે-નિરર્થક ગયા છે. ૨૩. આપણા ગામમાં પ્રાણઆધાર પ્રભુ પધાર્યા છે એટલે આપણા ભાગ્યનો તો કોઈ પાર જ નથી. શ્રીહરિ ભક્તોના ભાવને દેખતા હતા. અમૃતભર્યાં નેત્રો દ્વારા સ્નેહભાવ દર્શાવતા હતા. ૨૪. શ્રીહરિએ અનંતકોટિ બ્રહ્માંડોની શોભા ધારણ કરી છે. ધીમે ધીમે ચાલી રહ્યા છે અને ગામના ભક્તોને પાવન કરી રહ્યા છે. ૨૫. ગામની બધી સ્ત્રીઓ પ્રેમથી મોતીના થાળ ભરી ભરીને ઘણી જ પ્રીતિથી ઘનશ્યામ શ્રીહરિને પૂજતી હતી. આવી સ્ત્રીઓનો તો કોઈ પાર જ ન હતો. ૨૬. બજારમાં ઘણી જ ભાવનાથી અપાર દીવાઓ પ્રકટાવ્યા હતા. હરેક દરવાજે સારાં ધ્વજો અને તોરણો બાંધ્યાં હતાં. ૨૭. ચોપદાર હાથમાં છડી લઈને "જયજય જયજય" આવો શબ્દ બોલીને છડી પોકારતો હતો. શ્રીહરિના મસ્તક ઉપર ચામર ઢોળાતું હતું, તેની અપાર શોભા બની હતી. ૨૮.

ભગવત્સ્વરૂપનો આનંદ અને પ્રેમના રસથી ભીંજાયેલા સંતો ઝાંઝ અને મૃદંગ લઈને ઉત્સવનાં કીર્તન ગાતા હતા. પ્રેમમગ્ન થયેલા અને પ્રફુલ્લિત મનના હરિભક્તો ધોળ રાગનાં કીર્તન બોલતા હતા. ૨૯. શ્રીહરિનું સામૈયું જોવા માટે લોકો ગોખમાં અને અટારીઓ ઉપર ચઢી ગયા હતા. આમ ને

આમ એક પહોર રાત વીતી ગઈ ત્યારે શ્રીહરિ દરબારગઢને દરવાજે પહોંચ્યા. રાજમહેલમાં ઉતારો કર્યો. ૩૦. દરબારે એક સુંદર નવી હિંડોળા ખાટને સોનાની સાંકળોથી લટકાવી દીધી હતી. તેના ઉપર ગાદીતકિયા બિછાવ્યાં હતાં. પછી શ્રીહરિ તે ખાટ ઉપર વિરાજમાન થયા. ૩૧. શ્રીહરિની સાથે આવેલા સહુને જ્યાં જેમ ઘટે તેમ ઉતારા કરાવ્યા. પછી મુકુંદ વર્ણી અને જયાનંદ વર્ણીએ થાળની રસોઈ તૈયાર કરી. ૩૨. તેઓ શ્રીહરિને બોલાવવા આવ્યા. તેમણે હાથ જોડીને વિનંતી કરી. મહારાજ ! અમારી વિનંતી સાંભળો. બધી રસોઈ તૈયાર થઈ ગઈ છે. ૩૩. ભક્તજનવત્સલ દયાળુ શ્રીહરિ તે સાંભળીને તત્કાળ ઊઠ્યા. સાથે જે સંતો, દરબારો અને બીજા હરિભક્તો હતા તેમને પણ જમવા માટે ત્યાંથી ઉઠાડ્યા. ૩૪. શ્યામસુંદર અને ભક્તોના મનને હરનારા આવા શ્રીહરિએ પાણીથી ચરણ ધોયાં. અને તે પછી શ્રીહરિ સોનેરી બાજોઠ ઉપર બેઠા. ૩૫.

કમોદ જાતની ડાંગરનો ભાત ઘીમાં લવિંગથી વઘાર્યો હતો. તેનો થાળ ભરીને ત્યાં શ્રીહરિ પાસે લાવ્યા. તેનો સુગંધ બધે પ્રસરી ગયો. ૩૬. તે સમયે જ દરબાર પણ ધોયેલી સાકરનો થાળ ભરીને લાવ્યા. તાજા ઘીથી ભરેલો મોટો કળશ ત્યાં મૂકેલો હતો અને દૂધ તો ત્યાં પારાવાર હતું. ૩૭. શ્રીહરિ ભાત, સાકર અને ઘી પહેલાં જમ્યા. તેની સાથે પાપડ અને ભજિયાં પણ હતાં. જમતા જમતા રસોઈનાં બહુ વખાણ કરતા હતા. ૩૮. રીંગણાને ઘીમાં પકાવીને સુંદર શાક બનાવ્યું હતું. લવિંગથી તેનો વઘાર કર્યો હતો. તેમજ તૈયાર થઈ ગયા પછી તેમાં દહીં નાખ્યું હતું. ૩૯. તે પણ જમ્યા. તેનાં ઘણાં વખાણ કર્યાં. તે પછી દૂધ, ભાત અને સાકર પણ જમ્યા. ૪૦.

શ્રીહરિ જમીને તૃપ્ત થયા પછી તરત ચળુ કર્યું. જળપાન કરીને લવિંગ-એલાયચી સાથે સોપારીનો મુખવાસ લીધો. ૪૧. પછી શ્રીહરિની સાથે આવેલા સંતોને અને દરબારોને જમવા માટે બેસાડ્યા. પ્રીતમપ્યારા શ્રીહરિ તે સહુને પીરસવા લાગ્યા. સરધારના દરબાર ત્યાં બેઠા હતા, તે શ્રીહરિને પીરસતા દેખીને મનમાં ખૂબ જ રાજી થયા. ૪૨. મુકુંદવર્ણી ભાત પીરસતા. તેની સાથે ઘી અને સાકર શ્રીહરિ પીરસતા. હરખભર્યા ઘનશ્યામ

શ્રીહરિ સાકર નાખેલા દૂધનાં ઠામ ભર્યાં હતાં, તે લઈને પીરસવા લાગ્યા. ૪૩. પછી દૂધ તો રેલમછેલ કરીને પીરસ્યું. જેનું મુખથી વર્ણન કરી શકાતું નથી. પોતાના પ્રિય ભક્તોને સુખ દેવા માટે જ બધા સાજ સાથે શ્રીહરિ મનુષ્યરૂપે પ્રકટ થયા છે. ૪૪.

**भक्तजन को भाव हि देखी, लीला तेसी करत हे लेखी;**
**हरिजन संत कहावत जेते, श्रीहरि कुटुंबी माने तेते...४५**
**एहि नाति एहि जाति माने, निज कुटुंब कु रखे छाने;**
**हरिजन कु सुख देन अनंता, कुटुंब को कबु न नाम लहंता...४६**

ભક્તજનોની વિશુદ્ધ ભાવનાને દેખીને શ્રીહરિ આવી અદ્‌ભુત લીલાઓને કરે છે. જેટલા હરિભક્તો અને સંતો કહેવાય છે તે બધાને શ્રીહરિ પોતાના કુટુંબી માનતા હતા. ૪૫. શ્રીહરિ સંતો અને હરિભક્તોને જ પોતાની નાતજાત માનતા. પોતાના વાસ્તવિક કુટુંબને છુપાવતા. હરિભક્તોને અનંત સુખ આપવા માટે પોતાના કુટુંબીઓનું ક્યારેય નામ પણ લેતા નહિ. ૪૬. જો બધા કુટુંબી ભેળા હોય તો કોઈ હરિભક્ત આવું સુખ પામી શકે નહિ. હરિભક્તોને માટે જ કુટુંબીઓને દૂર રાખ્યા હતા અને આત્મીય જન-સંત હરિભક્તોને પૂર્ણ સુખ આપતા હતા. ૪૭. જ્યારે સંતો અને દરબારો બધા ખૂબ જ તૃપ્ત થઈ ગયા ત્યારે શ્રીહરિએ બંને હાથ ધોયા. પછી આવીને ખાટ ઉપર બેઠા. હૃદયમાં અપાર આનંદ છાઈ ગયો હતો. ૪૮.

શ્રીહરિએ મુક્તાનંદ સ્વામીને બોલાવ્યા અને કહ્યું, જે મહાન પ્રેમરસથી ભર્યાં હોય એવાં તમારાં કીર્તન વાજિંત્રો વગાડીને ગાઓ. ૪૯. તમારાં રચેલાં કીર્તન ઉપર અમને બહુ ભાવ છે. તે અમને બહુ ગમે છે. તુલસીદાસ અને સૂરદાસનાં પદોની જેવી તમારી રચના છે. ૫૦. આ જગતમાં સૂરદાસ અને તુલસીદાસ સૂર્ય અને ચંદ્રના જેવા કવિ થયા, પણ તેમને તમારા જેવો પ્રકટનો યોગ હતો નહિ. તે બંને અને તમારામાં એટલો ફરક છે અર્થાત્ તે બંને કવિઓ કરતાં પ્રકટના યોગથી તમારી વિશેષતા છે. ૫૧. પછી મુક્તાનંદ સ્વામીએ સરસ કલ્યાણ રાગનાં પદ ગાયાં. શ્રીહરિ તેમાં તાલ દેતા હતા. તેથી સંગીતનો અલૌકિક રંગ જામ્યો હતો. ૫૨.

*ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના તૃતીય પૂરમાં 'સરધાર ગામમાં ધામધૂમથી પધાર્યા, સ્વયં થાળ જમીને સૌને જમાડ્યા' એ નામે ચોપનમો તરંગ સમાપ્ત ॥૫૪॥*

## પૂર ત્રીજું : તરંગ - ૫૫

### શ્રીહરિનું સરોવરમાં સ્નાન અને સુશોભિત સવારી સાથે ઉતારે પધાર્યા

મધ્યરાત્રિ થઈ ત્યાં સુધી કરુણાનિધિ ભગવાન શ્રીહરિએ કીર્તન ગવડાવ્યાં. પછી ત્યાં આવેલા બધા ભક્તોને સૂઈ જવા રજા આપી અને સ્વયં પલંગ ઉપર પોઢી ગયા. બધા સંતો ભજન કરતા કરતા આનંદ પામી શ્રીહરિ પાસે બેસી રહ્યા. ૧-૨. જ્યારે સવાર થયું ત્યારે સહુ પહેલાં સંતો ઊઠ્યા. "સ્વામિનારાયણ સ્વામિનારાયણ" આવો નામમંત્ર બોલીને સહુ ભજન કરવા લાગ્યા. ૩. મુક્તાનંદ સ્વામીએ સરોદ હાથમાં લીધો અને બધા જ રાગોમાં ઉત્તમ ગણાતો ભૈરવ રાગ ગંભીરપણે ગાવા લાગ્યા. ૪. મુક્તાનંદ સ્વામીનો તે ભૈરવ રાગ સાંભળીને શ્રીહરિ જાગ્યા. હજી રાત ચાર ઘડી બાકી હતી. શ્રીહરિએ તે ભૈરવ રાગનું કીર્તન એકાગ્ર મનથી સાંભળ્યું અને મુક્તાનંદ સ્વામીની પ્રેમભાવનાને જોતા-વિચારતા જ રહ્યા. ૫. તેમની અનંત અને અપાર શ્રદ્ધા જોઈને વારંવાર સ્વમુખે તેમનાં વખાણ કરતા હતા. **જેના રાત અને દિવસ હરિભજનમાં વીતે આવો જે જન્મ તે જ ખરો જન્મ છે. ૬.**

**चोपाई :**

**हरि के भजन में रुचि भई जाकु, वेद पुरान सराहत ताकु;**
**सब साधन को फल सो पायो, हरि में जाको चित्त ठेरायो...०७**

**हरि बिन घाट न उर में कोई, एसो हि एक जन्मे नहि होई;**
**हरि के घाट रहे एक जबही, मुक्तपद सो पाये तबही...०८**

જેને ભગવાનના ભજનમાં રુચિ થઈ હોય તેને તો વેદો અને પુરાણો વખાણે છે. જેનું ચિત્ત ભગવાનમાં ઠેરાણું-સ્થિર થયું હોય તેને બધા જ કલ્યાણનાં સાધનોનું ફળ મળી ગયું છે એમ જાણવું. ૭. હૃદયમાં ભગવાન સિવાયનો

બીજો ઘાટ ન થાય, આવી સ્થિતિ તો એક જન્મે થતી નથી. જ્યારે એક ભગવાનના જ ઘાટ-સંકલ્પ થતા હોય ત્યારે તે સદેહે મુક્તપદને પામે છે. ૮.

**एसे दुल्लभ या जग मांई, हरि हि रेहेवत एसे तांई;**
**सोई मिले हरि मिले जेतो, फल हि पावत प्रानी तेतो...०९**

આવા ભક્ત પુરુષ આ જગતમાં દુર્લભ છે. એવા ભક્તમાં ભગવાન અખંડ રહે છે. તેવા ભક્ત મળે તો ભગવાન મળ્યાથી જે (આનંદ) ફળ મળે છે તે ફળ મળે છે. ૯. જ્યારે સૂર્યોદય થયો ત્યારે ભાડેરના દરબાર વાઘજીભાઈ ત્યાં આવ્યા. તે પોતાને ઘેર જવા માટે મિત્ર પાસે રજા લેવા આવ્યા હતા. ૧૦. ત્યારે સરધારના દરબાર તોંગાભાઈ વાઘજીભાઈને રોકવા માટે તાણ કરવા લાગ્યા. તેણે કહ્યું, તમે કોઈ દિવસ અહીંયાં આવતા નથી. અત્યારે જાવાની ખોટી તાણ ન કરશો. ૧૧. તમે અત્યારે કરોડ પ્રકારની વાત ભલે કરો, પણ તમને અત્યારે અહીંથી ચાલવા નહિ દઉં. સદ્‌ગુરુ રામાનંદસ્વામી સ્વધામ પધાર્યા તેને અત્યારે એક વર્ષ થવા આવ્યું છે. ૧૨. માગશર સુદિ તેરશ બે દિવસ પછી આવે છે. તે નિમિત્તનો ઉત્સવ અહીંયાં કર્યા પછી તમને ઘેર જવાની રજા મળશે. ૧૩. આસપાસના બધા હરિભક્તો અહીંયાં આવશે એટલા માટે હવે ઘેર જવાનો સંકલ્પ કરવાનો નથી. ૧૪. પછી શ્રીહરિએ પણ કહ્યું, તો પછી હવે બે દિવસ જ રહ્યા છે. તમે પણ હવે તોલમાં-કબજામાં આવી ગયા છો તો હવે સ્વામીની વર્ષી કરીને જાઓ. ૧૫. ગામના દરબાર તોંગાભાઈએ શ્રીહરિના નામથી કંકોતરીઓ લખાવી અને બ્રાહ્મણોને તે લઈને આપવા મોકલ્યા. ૧૬.

માગશર સુદિ દશમનો સુંદર દિવસ હતો. શ્રીહરિ સરોવરમાં સ્નાન કરવું હતું તેથી ત્યાં જવા તૈયાર થયા. ૧૭. શ્રીહરિ સરોવરને કિનારે ગયા. ધીરે રહીને શૌચાદિ ક્રિયા કરી. સાથે આવેલા સંતો અને હરિભક્તો ઉમંગથી કીર્તન ગાવા લાગ્યા. ૧૮. સુજ્ઞ શ્રીહરિએ સરોવરમાં સ્નાન કર્યું. એક પહોર સુધી તેમાં નાહ્યા. તરતા તરતા આગળ નીકળી ગયા. સહુ ભક્તો દર્શન કરવા લાગ્યા. ૧૯. ત્યાં એવો કોઈ સમર્થ-બળવાન બીજો ન હતો કે જે શ્રીહરિની સાથે તરવામાં તેમને પહોંચે. વારંવાર શ્રીહરિ ડૂબકી ખાતા અને બે

ઘડીમાં પાછાં દર્શન આપતા. ૨૦. બહુ વાર સુધી જળક્રીડા કરી. રંગભીના શ્રીહરિ રમવા લાગ્યા. ત્યારે મુક્તાનંદ સ્વામી કિનારા તરફ આગળ જવા લાગ્યા. ૨૧. તે દેખીને શ્રીહરિ પણ કિનારાને નજીક આવ્યા. પછી બંને જણ પાણીમાંથી જોડે બહાર નીકળ્યા. અંગ લૂછ્યું. પહેરેલું ધોતિયું નીચોવ્યું. ૨૨.

શ્રીહરિએ પ્રેમથી કિનખાબનો સુરવાળ પહેર્યો. પછી શ્રીહરિએ તત્કાળ કિનખાબની ડગલી પહેરી. ૨૩. જેમાં નંગ ભર્યા હોય આવી જરિયાની ટોપી મસ્તકે પહેરી. તે ઘણી સારી શોભતી હતી. ભારે સોનેરી કસુંબી રેંટો તે વખતે કમરે બાંધ્યો. ૨૪. સોનેરી પાલવનો બનાવેલો મોટો એક બીજો રેંટો ખભા ઉપર રાખ્યો હતો. તે શોભાથી ભક્તોના ચિત્તને આકર્ષતો હતો. ૨૫. શિરપેચમાં કલગીવાળી નંગ ભરેલી ટોપી માથે ધારી હતી. તેમાં મોતીના તોરા લટકતા હતા. તેનાં દર્શન કરીને લોકોના મનમાં હેત ઉત્પન્ન થતું હતું. ૨૬. વિચિત્ર રીતે તૈયાર કરેલા મોતીના હાર છાતી ઉપર પહેર્યા હતા. કાનોમાં મકરાકાર કુંડળ હતાં અને તેના ઉપર મોતીના ગુચ્છ મૂક્યા હતા. ૨૭. નંગ જડાઉ બાજુ ભુજાઓ ઉપર બાંધ્યા હતા. કીમતી નંગ જડેલી પહોંચીઓ પણ પહેરી હતી. જડાઉ કડાં બંને હાથમાં સોહામણાં લાગતાં હતાં. ૨૮. હાથની દસે આંગળીઓમાં નંગ જડિત વીંટીઓ પહેરી હતી. મોતી ભરેલી છડી એક હાથમાં લીધી હતી અને બીજા હાથમાં લીધેલો રૂમાલ શોભતો હતો. ૨૯. બંને પગમાં સોનાનાં ઝાંઝર પહેર્યાં હતાં. જેમાં જડેલી ઘૂઘરીઓનો મધુર ધ્વનિ ઘણો જ થતો હતો. ચરણોમાં મોજડીઓ પહેરી હતી, તે મોતી જડિત હતી અને જરી ભરીને સોનેરી કરી હતી. ૩૦.

તે સમયે બધા જ કીમતી સોનેરી સાજ-સામાનથી શણગારેલો, માથે કલગીવાળો, નીલા રંગનો અને બોદલી જાતિનો એક મનોહર અશ્વ લઈ આવ્યા. ૩૧. (બંધિયાના) મૂળુભાઈ તે અશ્વને તૈયાર કરીને લાવ્યા હતા. સુખદાયક શ્યામસુંદર શ્રીહરિ તેના ઉપર બેઠા. એક સોનેરી છત્ર મોતી ભરેલું અને ઉપરના ભાગમાં કળશવાળું હતું. તે શ્રીહરિના મસ્તક ઉપર ઊંચે રાખવામાં આવ્યું. તેની શોભા અદ્‌ભુત થઈ હતી. બંને બાજુએ હાથમાં ચામર લઈને દરબાર તોંગાભાઈ અને વેરાભાઈ બંને ઊભા રહ્યા. ૩૨-૩૩.

વાઘજીભાઈના હાથમાં છત્ર હતું. તેઓ ત્રણે જણ રાજા કહેવાતા હતા. આગળના ભાગમાં ઢોલ, નોબત, શરણાઈ, તુરાઈ, રણશિંગી આદિ વાજિંત્ર વાગતાં હતાં. તેમજ શંખ, ભેરી અને ઝાલર વગેરે પણ વાગતાં હતાં. તે સમયે બીજા સંતો ત્યાં આવ્યા. તેમાં આનંદાનંદ સ્વામી મુખ્ય હતા. તેમની સાથે પાંચ-છ સંત હતા. ૩૪-૩૫. ગામના દરવાજા આગળ જ સહુ મળ્યા. સુખદાયક શ્રીહરિ અશ્વ ઉપરથી ઊતર્યા અને તે વખતે સહુને મળ્યા. ૩૬.

તેમને સુખ-શાંતિના સમાચાર પૂછીને ફરી વાર અશ્વ ઉપર બેઠા. હરિભક્તો “જય જય” “જય જય” બોલતા હતા અને તેનાથી આકાશ ગાજી રહ્યું હતું. ૩૭. મૃદંગ તથા તાલ વગાડીને સંતો આગળના ભાગમાં ગાતા હતા. સંતોનાં વૃંદ પરસ્પર મળીને ગામના દરવાજાની અંદર પ્રવેશ્યાં. ૩૮. સરધાર ગામના ચારે વર્ણનાં નરનારી લોકો પ્યારથી શ્રીહરિની પૂજા કરવા લાગ્યાં. તેમના હૈયામાં હેત સમાતું ન હતું. ૩૯. છાબમાં ભાત ભાતનો પૂજાપો હતો, બધી જાતનાં ફૂલ લાવ્યા હતા. તેઓ શ્રીહરિને કુંકુમનો ચાંદલો કરીને ચોખાથી વધાવતા. કંઠમાં હાર પહેરાવીને ફૂલ વરસાવતા. ૪૦. શ્રીફળ લાવીને હાથમાં આપતા. પછી શ્રીહરિનાં ચરણોને શિર પર ધારતા. જેટલા ગામના ભાવિક ભક્તો આવતા તે બધા આ પ્રમાણે શ્રીહરિની પૂજા વગેરે તે વેળાએ કરતા. ૪૧. તે સમયે શ્રીહરિનાં દર્શન કરનારા કેટલાયે લોકોનાં નાડીપ્રાણ ખેંચાયાં. તેનો આત્મા મૂર્તિમાં ચોંટી જતો. પછી ફરી તેમને મૂર્તિ ટળતી (ભુલાતી) નહિ. એવી શ્રીહરિની મનોહર છબીનાં દર્શન થતાં કે તેનું વર્ણન કરી શકાતું નથી. ૪૨.

સરધાર ગામની બજારો ફૂલોથી ફૂલી ગઈ-વ્યાપ્ત થઈ ગઈ. ઝાઝા લોકોની ભીડથી બજાર સાંકડી થઈ ગઈ. ગામના મહાજન-વેપારીઓ ફૂલના થાળ ભરીને લાવેલા હતા. તેઓ પ્રેમથી ફૂલ વરસાવતા હતા. ૪૩. વિપ્રો દોડીને આવતા અને જે આપે તે ધન લઈ લેતા. અને બોલતા કે આવો અવતાર ક્યારેય થયો નથી. વિપ્રોએ સામવેદનું ગાન કરીને ધૂમ મચાવી દીધી. ત્યારે દેવોનાં વિમાન આકાશમાં છવાઈ ગયાં. ૪૪. તે વખતે દેવાંગનાઓ બધી મળીને ગાન કરવા લાગી. આવેલા ગાંધર્વો પણ ગાન કરવા લાગ્યા

અને તેમણે ચંદન તથા ફૂલોની ઝડી વરસાવી. ૪૫. અપ્સરાઓ આવીને ખૂબ જ ભાવનાથી નૃત્ય કરવા લાગી. આવો અવસર ફરી વાર નહિ આવે અને શ્રીહરિના ગુણ ગાવા તે સૌથી દુર્લભ છે. એમ માનીને સહુ ભાવથી શ્રીહરિનાં દર્શન કરતા. ૪૬. મનોહર મૂર્તિ સુંદર શ્યામ શ્રીહરિ આ રીતે બની-ઠનીને ધામધૂમથી ઉતારે પધાર્યા. હિંડોળાખાટ ઉપર આવીને બેઠા. ત્યારે વધામણીના “જય જય” “જય જય” આવા શબ્દો બધે ગુંજી રહ્યા હતા. ૪૭.

બધા સંતો આવ્યા હતા તેમને માટે રસોઈ તૈયાર થઈ ગઈ. ત્યારે દરબાર તોંગાભાઈએ પ્રેમથી શ્રીહરિને કહ્યું, બધી રસોઈ તૈયાર થઈ ગઈ છે. હે દયાળુ ! આપ થાળ જમવા પધારો. મુકુંદવર્ણી બોલાવે છે. ૪૮-૪૯. તુરંત શ્રીહરિએ પીતાંબર મગાવ્યાં. તત્કાળ એક પીતાંબર પહેર્યું અને બીજું ઓઢી લીધું. પછી ચાખડીઓ પહેરીને ચાલ્યા. ૫૦. ભક્તજન પ્રતિપાળ શ્રીહરિના એક હાથમાં રૂમાલ હતો. ‘ચટાક, ચટાક’ આવો ચાખડીઓનો અવાજ કરતા શ્રીહરિ જમવા પધાર્યા અને સોનેરી બાજોઠ ઉપર જઈને બેઠા. ૫૧.

***ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના તૃતીય પૂરમાં ‘શ્રીહરિનું સરોવરમાં સ્નાન અને સુશોભિત સવારી સાથે ઉતારે પધાર્યા’ એ નામે પંચાવનમો તરંગ સમાપ્ત ।।૫૫।।***

## પૂર ત્રીજું : તરંગ - ૫૬

### શ્રીહરિએ સંતોના અને સત્સંગના મહિમાની વાત કરી

ભાત ભાતનાં ભોજનો બનાવ્યાં હતાં. થાળ ભરી ભરીને શ્રીહરિ પાસે તે લાવ્યા. તે શ્રીહરિની આગળ ધરાવ્યા ત્યારે કૃપાળુ તેમાંથી લઈને જમ્યા. ૧. જીવનપ્રાણ જમતા હતા ત્યારે સંતો અને હરિભક્તો દર્શન કરતા હતા. બ્રહ્મા અને ભવ જેવાને પણ અત્યંત દુર્લભ આવા ભગવાન શ્રીહરિ પ્રકટ વિરાજે છે. ૨. છપ્પન પ્રકારનાં ભોજન અને છત્રીશ પ્રકારનાં વ્યંજન બનાવ્યાં હતાં. તેમાંથી સંભારીને થોડું થોડું લીધું અને તે બધું શ્રીહરિ જમ્યા. ૩. પછી ચળુ કર્યું, મુખમાં આંગળી ફેરવીને મુખ ધોયું. જળપાન કરીને

પછી મુખવાસ લીધો અને ચાલીને જ્યાં બેઠા હતા ત્યાં આસને આવ્યા. ૪. બધા સંતોને જમવા બેસાડ્યા ત્યારે શ્રીહરિ પીરસવા આવ્યા. શ્રીહરિ જ્યારે ઉત્સાહથી સંતોને પીરસતા હોય તે સમયની શોભા વર્ણવી શકાતી નથી. ૫.

### ✵ સંતોની અલૌકિક રીતિ :

સહુને માટે કાષ્ઠનાં પાત્ર બનાવેલાં હતાં. સંતો તેમાં જમતા. જે જમવાનું અન્ન હોય તેને સંતો મેળવીને જમતા. ૬. ભોજન ઉપર પાણીથી પ્રોક્ષણ (છંટકાવ) કરીને સહુ સંતો આનંદથી જમતા. **કોળિયે કોળિયે શ્રીહરિને સંભારતા અને બીજો બધો બકવાદ વિસારી દીધો હતો. ૭.** કોઈ સંત સહુના પહેલાં જમતા નહિ. એક સરખી રીત સૌને ગમતી. હાથ ધોવા, પાત્ર સાફ કરવાં, જમીને ઊઠવું વગેરે એક સરખી રીતે સાથે જ કરતા. ૮. આ બધી રીત એકમના થઈને બાંધી હતી. તેને કોઈ લોપતું નહિ. તેથી એકબીજાનાં મન જુદાં પડતાં નહીં. સહુ પરસ્પર પ્રસન્ન મનથી વર્તન કરતા. ૯. **એકબીજા કોઈ મન જુદા પડે એવી વાત જ કરતા નહિ. સહુ દિલમાં એકબીજાનું હિત વિચારતા. એકને સુખે બધા સુખિયા અને એકને દુઃખે બધા દુઃખિયા, એમ વર્તન રાખતા. ૧૦.** એક સમાન ખાવું, એક સરખી રીતે સૂવું, એવી રીતે બધાની એક સરખી ટેક હતી. **કોઈ પણ સંત એકબીજાથી મન ચોરતા નહિ. બધા પરસ્પર હાથ જોડતા. ૧૧.**

સંતોની આવી એક સરખી રીત જોઈને બધા લોકો હરખથી તેમના પગમાં પડતા હતા. લોકો વાતો કરતા કે આ સંતો તો દેવો કરતાં પણ અધિક છે. આવા ગુણ મનુષ્યમાં હોય નહિ. ૧૨. સહુ એક જ પ્રકારનું ધ્યાન કરતા. તે સિવાયનું કોઈ બીજું વ્યસન સંતોને હતું નહિ. સહુ પ્રસન્નમન રહીને પ્રેમથી કથા-વાર્તા કરતા. ૧૩. સહુ સંતો જમીને આવ્યા ત્યારે સભા થઈ સંતોની રીત દેખીને પરમ પ્રવીણ શ્રીહરિ બોલ્યા, ૧૪.

### ✵ શ્રીહરિએ પોતાના સંતોનાં પોતે તેને સાંભળતા વખાણ કર્યાં :

સહુ હરિભક્તો સાંભળો, આ સંતો આ માનવલોકના નથી. બધા એક જ મનના છે. જો આ લોકના હોય તો બધા એક મનના કેમ હોઈ શકે ?

૧૫. બધા એકાગ્ર મન કરીને ભગવાનની મૂર્તિના ધ્યાનમાં એકરૂપ થઈ ગયા છે. પોતાના મનની વૃત્તિને અન્ય વિષયમાં જવા દેતા નથી. બધા સૂર્યના જેવા શોભે છે. ૧૬.

**ચોપાઈ :**

**हरि बिन चाह नहीं मन कोई, देहादिक दुख दीने खोई;**
**हरि में मानत सुख अनंता, तेहि बिन जाने दुख हि वंता...१७**

મનમાં ભગવાન સિવાયની કોઈ ઈચ્છા આ સંતોને નથી. શરીર આદિનાં બધાં દુઃખોને વિસારી દીધાં છે. શ્રીહરિમાં જ અનંત સુખ છે એમ માને છે. તે સિવાયની વસ્તુઓને દુઃખરૂપ માને છે. ૧૭. આપણા જીવને જેમાં દુઃખ મનાયું હોય તેનો અભાવ સહેજે આવે છે. જો ઝેરમાં દુઃખ મનાયું છે તો કોઈ તેનો સંગ્રહ કરતું નથી. ૧૮.

**तेसे हरि बिन वस्तु जोउ, दुखदायक जब जाने सोउ;**
**जाने बिन अभाव न होवे, एसे अनंत जन्म हि खोवे...१९**

**सत्य असत को जाहि ज्ञाना, तिनको होवत हरि में ताना;**
**हरि रस जथारथ जो जाने, ओर बात सुनत न काने...२०**

તે રીતે જ ભગવાન સિવાયની જે વસ્તુ હોય તેને જ્યારે દુઃખદાયક માનવામાં આવે ત્યારે તેનો અભાવ આવે છે. જાણ્યા સિવાય અભાવ ન આવે, ભલેને આમ ને આમ અનંત જન્મ વીતી જાય. ૧૯. જેને સત્યનું અને અસત્યનું જ્ઞાન થાય તેને પરમેશ્વર ભજવામાં તાન થાય. જેને શ્રીહરિનો રસ યથાર્થ સમજાયો હોય તે કાનથી બીજી વાત સાંભળતો જ નથી. ૨૦. બીજી બાબતમાં જેટલું તાન રહે તેટલી તેને અધ્યાત્મ જ્ઞાનમાં નુકશાન-હાનિ થાય છે અર્થાત્ તેનું જ્ઞાન નષ્ટ થઈ જાય. **શ્રીહરિના સ્વરૂપમાં તાન (એકાગ્રતા) મેળવવા માટે જે જે પ્રવૃત્તિ કરવામાં આવે તે બધી નિવૃત્તિ છે અને સુખપ્રદ જ છે** એમ જાણવું. શ્રીહરિ સંબંધી પ્રવૃત્તિ છોડી દેવી અર્થાત્ ભગવાન સંબંધી નિવૃત્તિ લેવી તે તો દુઃખરૂપ જ છે, એમ માનવું. આવી સમજણ તો એકાંતિક ભક્તમાં જ હોય છે. જે ભક્ત નથી તેને તો બધું એક સમાન જ લાગે છે. ૨૧-૨૨. હંસ અને બગલો બંને પંખી જ છે, પણ

બેયની રીત એક સરખી નથી. તે બંનેના ગુણ અલગ અલગ છે, તેમ ભક્ત અને અભક્ત બંનેના ગુણ જુદા જુદા છે. ૨૩. સત્સંગ કરવામાં આવે તો ભક્ત-અભક્તની ખબર પડે છે. સત્સંગ વિના તેની ક્યારેય પરીક્ષા થતી નથી. એટલા માટે જ સત્સંગનો મહાન પ્રતાપ છે એમ સહુ કહે છે. ૨૪. **જે રાતદિવસ સત્સંગ કરતા રહેતા હોય છે તેની મોક્ષના માર્ગમાં વૃદ્ધિ થાય છે. અને હૃદયમાં પણ સુખી થાય છે. ૨૫.**

**જે સત્સંગમાં રહેવા છતાં પણ કલ્યાણના માર્ગથી પાછો પડી જાય છે તો તે ખરેખર સત્સંગ કરતો જ નથી.** ભોજનમાં રાતદિવસ રહ્યો હોવા છતાં જો તે ભૂખ્યો જ રહેતો હોય તો ખરેખર તે ખાતો જ નથી. ૨૬. હરિભક્તો તો સૂર્યના જેવા છે જે રાત-દિવસ દેખતા રહે છે, સાવધાન રહે છે. પોતાના દોષોને દેખતા રહે અને સત્સંગને નિર્દોષ માને. ૨૭. આવું પરસ્પર વિચારીને જે મનથી જ સહુને માન આપે તો તેની સત્સંગમાં વૃદ્ધિ થાય છે. માટે પોતાને કોઈએ સિદ્ધ ન માનવું. ૨૮.

### ⁕ શ્રીહરિએ દાસત્વની શ્રેષ્ઠતા કહી :

**कोउ कहे यह सिद्ध हे भारी, आप हि माने होत हे ख्वारी;**
**आपकु मानना दास के दासा, तिनको कबु होवे न नाशा...२९**
**दास के दास होवे सो सिद्धा, तेहि बिन मानहो असिद्धा;**
**सत्संग इमि करनको ढाला, एहि बिन सब भरही उचाला...३०**

કદાચ કોઈ બીજા માણસ કહે કે આ સિદ્ધ પુરુષ છે તો કાંઈ દોષ નથી, પણ મનુષ્ય જો પોતે પોતાને જ સિદ્ધ માની બેસે તો તે ખુવાર થઈ જાય છે. જો પોતે પોતાને દાસનો પણ દાસ માને તો તેની ક્યારેય હાનિ થતી નથી. તેનો વિનાશ થતો નથી. ૨૯. જે દાસનો પણ દાસ થઈને રહે, તે જ ખરો સિદ્ધ છે તે વિના તો અસિદ્ધ ગણાય. સત્સંગને તો આ રીતે જ ઢાળ અપાય, તે વિના તો ઉચાળા ભરવાનું થાય, ભાગવાનું થાય. ૩૦. કોઈ કોઈને મોઢોમોઢ કાંઈ કહેતું નથી, પણ જેનામાં જેવા ગુણો હોય તે અનુસારે સહુ લે છે. સત્સંગમાં જેવું બીજ વાવે કહેતાં જેવી ભાવના રાખવામાં આવે તેને તેવું ફળ ઉમંગથી મળે છે. ૩૧. જો અમૃત વાવ્યું હોય તો અમૃત મળે અને

જો ઝેર વાવ્યું હોય તો ઝેર લેવાનું થાય. અત્યારે અમૂલ્ય સત્સંગને પામીને ઝેરનાં બીજ ક્યારેય વાવવાં જોઈએ નહિ. ૩૨.

**हरिजन दास हि होना जोउ, सब में बडाई एहि हि सोउ;**
**हरिजन दास होन हि आया, सो सब हि में बडा कहाया...३५**

અમે તો ચોખ્ખું કહીએ છીએ, ફરીને અમારો કોઈ દોષ કાઢશો નહિ. પોતાનો જો દોષ હોય તો તે પોતાને જ સહન કરવાનો છે. તે અમે તો સહુને કહી દેખાડીએ છીએ. બતાવ્યા વિના ધ્યાનમાં આવતું નથી. ૩૩. પોતામાં રહેલા દોષને કોઈ સ્વીકારતું નથી. બધા જ લોકો પોતાને નિર્દોષ માનીને જ ફરે છે. પોતાને સહુથી મહાન થાવું છે પણ મહાન થવાની રીતને તે બિલકુલ જાણતો હોતો નથી. **સહુના દાસના દાસ થવું એ જ મહાન થવાનું રહસ્ય છે. ૩૪.** હરિભક્તોના પણ દાસ થઈને જે રહેવું તે જ સહુથી વધારે મોટાઈ છે. આ સત્સંગમાં જે હરિભક્તોના દાસ થવા માટે આવ્યા તે જ સહુમાં મોટા કહેવાયા-થયા છે. ૩૫.

**दोहा : हरिजन दास के दास ही, रेना जई मम धाम;**
**सो में मानत श्रेष्ठ कर, महा तेहि निष्काम...३७**

**ધ્યાન, ભજન, સ્મરણ, યોગાભ્યાસ, ત્યાગ, વૈરાગ્ય અને ધર્મનું ફળ પણ ભક્તના દાસ થઈને રહેવું તે જ કહ્યું છે. ૩૬.** ભગવાનના દાસના દાસ થઈને જે મારા ધામમાં જાવું અને રહેવું તેને જ હું શ્રેષ્ઠ કરીને માનું છું. અને તે જ મહાન નિષ્કામ ભક્ત છે. પરંતુ માત્ર દૃઢપણે બ્રહ્મચર્ય પાળે એ જ નહીં. ૩૭.

**सोरठा : हरिजन कावत जोय, अपमान करे बिन दोष हि;**
**सहन हि करना सोय, होत मैं ता पर प्रसन्न महा...३८**
**अंत्ये मो संग काम, सब कु हे न वार कछु;**
**मनोरथ पूरनकाम, करीहुं मैं देखीहुं तिमि...३९**

કોઈ હરિભક્ત હોય અને તે જો વગર વાંકે આપણું અપમાન કરે, તો પણ તે સહન કરવું. આવું જે સહન કરે તેના ઉપર હું ઘણો રાજી થાઉં છું. ૩૮. અંતે તો સહુને મારી સાથે જ કામ પડશે. તેમાં કોઈ વાર નહિ

લાગે. માટે હું જેને દાસનો દાસ દેખીશ તેના સર્વે મનોરથ પૂરા કરીશ અને તેને પૂર્ણકામ કરીશ. ૩૯. આ જગતમાં માન અને અપમાન બંનેને તુલ્ય જાણવાં. માન કે અપમાન કોઈ કાયમ-નિશ્ચળ રહેતાં નથી. માન કે અપમાન બધું જવા જ બેઠું છે. ૪૦.

જેમ વાદળાનો છાયો હોય, તેનું સુખ ક્યાં લગી રહેવાનું? તે વાદળિયો છાયો પણ આપણા કબજામાં રહેતો નથી, ભલેને આપણે તેને બાથ ભરી ભરીને મરી જઈએ ! ૪૧. ઝાંઝવાનું પાણી હોય તે સામાન્ય પાણીના જેવું જ દેખાય છે, પણ કરોડો પ્રયત્ન કરવામાં આવે છતાં તેનાથી ક્યારેય તરશ શાંત થાય નહિ. ૪૨. જ્યારે સાચું પાણી મળે ત્યારે જ તરશ શાંત થાય છે. તે રીતે જ સમજીને સત્સંગ કરવો અર્થાત્ **દાસના દાસ થઈને બીજાને નિર્દોષ ને મોટા માનવા એ જ સત્સંગની રીત છે.** માટે બધી બાળબુદ્ધિનો ત્યાગ કરવો અર્થાત્ **મોટા થવાની ઈચ્છાઓનો અને બીજામાં દોષો કલ્પવાની દૂર્બુદ્ધિનો ત્યાગ કરવો.** ૪૩. અત્યારે જેવો સત્સંગનો રંગ છે તેવો ને તેવો દેહ રહે ત્યાં સુધી રહેવો જોઈએ. કદાચ કોઈ વિષમ દેશકાળ આવી પડે તો પણ તે ક્યારેય ભૂલવું જોઈએ નહિ. ૪૪. કોઈને એકનો એક કાળ(કાયમ) રહેતો નથી. જેવો સમય તે પ્રમાણે રહેવું જોઈએ. સમયને જે અનુસરે તેનો મહાન યશ વધે છે. શાસ્ત્રો પણ તેને ધન્ય ધન્ય કહે છે. ૪૫. સમયને ઓળખનારાનો યશ આ બ્રહ્માંડ રહે ત્યાં સુધી લોકમાં છવાઈને રહે છે. અને ધામમાં પણ તેનો યશ અખંડ રહે છે. કાળ પણ તેનો વિનાશ કરી શકતો નથી. ૪૬. કાળના મસ્તક ઉપર પણ પગ મૂકી શકે એવો સામર્થ્યવાન થાય છે. તે બધાનું મૂળ સત્સંગ છે અર્થાત્ દાસત્વ છે. અને તેના લીધે જ સત્સંગને અમૂલ્ય કહેવાય છે. ૪૭.

**दोहा : प्राकृतबुद्धि सो जीव हे, अप्राकृत मुक्त कहात;**
**जेसो तेहि अभ्यास करे, तेसो जीय हो जात...४८**

જેની બુદ્ધિ પ્રાકૃત હોય તે જીવ કહેવાય અને જેની બુદ્ધિ અપ્રાકૃત (દિવ્યમતિ) હોય તે મુક્ત કહેવાય. જેવો જીવ સત્સંગનો અભ્યાસ કરે છે તેવો તે જીવ થાય છે. ૪૮. તેટલા માટે સહુ ભગવાનના ભક્તોએ શુદ્ધ

સત્સંગ કરવો. પોતામાં જો અશુદ્ધ દોષ દેખાય તો તેને સંતોના પ્રસંગથી ધોવા જોઈએ. ૪૯.

**सोरठा : करना संत विश्वास, जानी हेतु निज जियके;**
**काटे काल की त्रास, एसे नहिं हे हेतु कोउ...५०**
**संत मिले जो जाय, ताकु किये भव पार हि;**
**प्रह्लाद प्रियव्रत ताय, पोचाये हरि धाम में...५१**

"સંતો પોતાના જીવનું હિત કરનાર છે." આવું સમજીને તેમનો વિશ્વાસ કરવો. સંતો કાળના ત્રાસને પણ કાપી નાખે છે. આવા બીજા કોઈ જીવના હિતેચ્છુ નથી. ૫૦. જેને જેને સંતો મળ્યા છે તેને સંસારસાગરથી સંતોએ પાર ઉતારી દીધા છે. પ્રહ્લાદ અને પ્રિયવ્રત જેવાને પણ ભગવાનના ધામમાં પહોંચાડી દીધા છે. ૫૧.

***ઇતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના તૃતીય પૂરમાં 'શ્રીહરિએ સંતોના અને સત્સંગના મહિમાની વાત કરી' એ નામે છપ્પનમો તરંગ સમાપ્ત ॥૫૬॥***

## પૂર ત્રીજું : તરંગ - ૫૭

## રાજાએ કરેલી પૂજા, સત્સંગની શ્રેષ્ઠતા અને દુર્જનોની દુષ્ટતા

ઉપર કહ્યા મુજબ શ્રીહરિ સત્સંગની વાતો કહેતા હતા. તે સમયે દરબાર તોંગાભાઈ પૂજા કરવાનો સામાન લાવ્યા. કેસર મેળવેલું ઘસેલું ચંદન અને ફૂલોના હાર હતા. ૧. પ્રથમ શ્રીહરિના લલાટમાં ચંદનની અર્ચા કરી. વચ્ચે કુંકુમનો ચાંદલો એકદમ સુંદર અને લાલ કર્યો. ૨. તે પછી કમળ કરતાં પણ સુકોમળ શ્રીહરિનાં ચરણો ઉપર ચંદન ચરચ્યું. જે ચરણો ત્રિવિધ તાપને હરનારાં હતાં. તેને રાજાએ પોતાની છાતીએ ચાંપ્યાં. ૩. તે પછી ફૂલહાર પહેરાવ્યા. બંને ભુજાઓ ઉપર બાજુબંધ બાંધ્યા. મસ્તકે પાઘ બંધાવીને તેના ઉપર તોરા ધારણ કરાવ્યા. ૪. જરી ભરેલી કસુંબલ પાઘ શ્યામસુંદર શ્રીહરિના મસ્તક ઉપર સોહામણી લાગતી હતી. જરિયાની એક શાલ ઓઢાડી

બંને હાથમાં સોનાનાં કડાં પહેરાવ્યાં. ૫. ચમકતા નખોએ સહિત ચરણોમાં ચિત્તને પરોવીને આરતી કરી. પછી સંતોની પૂજા કરી. સહુને ફૂલોના હાર પહેરાવ્યા. ૬. બધા હરિભક્તોની પૂજા કરી. યથાશક્તિ યથાયોગ્ય બ્રાહ્મણોને દાન આપ્યાં પછી પાંચ પ્રદક્ષિણા કરીને તુરંત પાંચ દંડવત્ પ્રણામ કર્યા. ૭.

પછી હાથ જોડીને સ્તુતિ કરી. મનને શ્રીહરિના ચરણકમળમાં જોડી દીધું. દરબારે જે રીતે વિનયના શબ્દ કહ્યા તે બધા લખી શકાય તેમ નથી. ૮. અમે રામાનંદસ્વામીના શિષ્ય હતા, પરંતુ હવે અમે આપને શરણે થયા છીએ. આજથી આપ અમારા નાથ છો. આ સંસારથી અમારો ઉદ્ધાર કરવામાં આપે અમારી સહાય કરવાની છે. ૯. આપ રામાનંદસ્વામીના પણ 'નાથ'ઈષ્ટદેવ છો, એમ માનીને અમે માથું ઝુકાવ્યું છે. રામાનંદસ્વામીના પ્રતાપને પણ ધન્ય છે કે આપ બહુનામી તેમને મળ્યા છો. ૧૦. હવે અમે આપના વચનને આધીન છીએ. અમે અમારાં ઘરબાર આપને અર્પણ કર્યાં છે. અમારાં રાજપાટ વગેરે બધું આપનું જ છે. તેમાં તલભાર પણ અમારું નથી. ૧૧. આપ જેમ ઈચ્છામાં આવે તેમ કરો. આપ અમને જ્યાં રાખો ત્યાં અમે રહીશું. દરબારનાં આવાં વચન સાંભળીને શ્રીહરિ તેમના ઉપર પ્રસન્ન થયા. ૧૨.

### ❋ સ્વમુખે સર્વોપરિતા કહી :

**दोहा : सत्संग दृढ ही रखना, करना प्रगट भजन;**
**एहि प्रगट के भजन से, मोक्ष अब पावे जन...१४**

ભક્તવત્સલ, ભક્તપ્રતિપાલક, કરુણાસિંધુ, કૃપાળુ શ્રીહરિએ દરબારને અમૃતના સમાન સરસ સુમધુર વચન કહ્યું, "સત્સંગને દૃઢ કરીને રાખજો. અમારું પ્રકટનું ભજન કરજો. આ પ્રકટના ભજનથી જ હવે મુમુક્ષુઓનો મોક્ષ થાય છે. ૧૩-૧૪.

**सोरठा : जो जो भए अवतार, सबके मूर सो प्रगट एहि;**
**यूँ करना निरधार, इनसे अधिक न भए कोई...१५**
**अब नहिं होवनहार, एसो कोउ अवतार तेहि;**
**तुमारे भाग्य अपार, कोउ न एसो प्राप्त भए...१६**

જે જે અવતાર થયા છે તે બધાનું મૂળ આ પ્રકટ ભગવાન જ છે. આવો મનમાં નિશ્ચય કરજો. આનાથી અધિક કોઈ થયું નથી. ૧૫. હવે કોઈ આવો અવતાર થવાનો નથી. તમારાં અપાર ભાગ્ય છે કારણ કે, કોઈને આવા પ્રાપ્ત નથી થયા, એવા પ્રકટની પ્રાપ્તિ તમને થઈ છે." ૧૬. શ્રીહરિની આવી વાત સાંભળીને સહુ હરિભક્તોમાં પ્રેમરસ ભરાઈ ગયો. તુરંત જ સહુને સમાધિ થઈ અને સૌને વિશાળ મહાન સુખની પ્રાપ્તિ થઈ. ૧૭. દેહ અને ઘરના બંધનથી તેઓ છૂટી ગયા. ભગવાનની એક મૂર્તિમાં જ પ્રેમમગ્ન થઈ ગયા. બધા સમાધિવાળા અગણિત તેજોમય એવા અક્ષરધામમાં ગયા. ૧૮. મહાન તેજને મધ્યે એક મહેલ છે અને તે મહેલમાં સુખકારી એક સિંહાસન છે. તેના ઉપર મુરારિ પ્રકટ પરમાત્મા શ્રીહરિ વિરાજમાન થયા છે. તેઓ મસ્તક ઉપર જડાઉ મુકુટને ધારી રહ્યા છે. ૧૯. ત્યાં તેજ તેજ અને તેજ જ છે. તેજનો કોઈ પાર નથી. મુક્ત સભાનું અપાર તેજ છે. ત્યાંનો બધો જ સાજ-સામાન તેજોમય છે. ત્યાં વાગતાં વાજિંત્ર પણ તેજોમય જ છે. ૨૦.

ભગવાનની મૂર્તિની શોભા અત્યંત છે. તેને જોવા છતાં આંખોને તૃપ્તિ થતી નથી. ભગવાનની શોભાથી જ બધું શોભી રહ્યું હોય છે અને તેથી જ ભક્તોને તેમાં પ્રેમ થાય છે. ૨૧. અક્ષરધામને દેખીને અહીંની સર્વે બાબતમાં અભાવ આવે છે. પછી અહીંયા કોઈમાં ભાવ થાતો નથી. જ્યાં સુધી અક્ષરધામમાં જઈને રહે છે ત્યાં સુધી ત્યાં તે અક્ષરધામના ભાવમાં વર્તે છે. ૨૨. પણ જ્યારે તે જીવ ધામમાંથી આ લોકમાં પાછો આવે છે ત્યારે તેને માટે આ ભૌતિક લોકોનો ભાવ તૈયાર જ હોય છે. તે જીવ પાછો દેહમાં પ્રવેશીને દેહરૂપ થઈ જાય છે અને ધામનો જે અલૌકિક ભાવ, તેને ખોઈ દે છે અર્થાત્ ભૂલી જાય છે. ૨૩. ધામમાં જઈને પાછા આવેલા ભક્તોને શ્રીહરિ વાત કહે છે કે, તમે બધા ધામમાં ગયા હતા, પણ પાછા આવ્યા પછી અહીંયાં ધામના સુખનો એક લેશ પણ રહેતો નથી. તેથી જ તમને આ લોકમાં ક્લેશ-દુઃખ થાય છે. ૨૪.

ધામની ગતિ-સ્થિતિ અલગ છે અને આ મર્ત્યલોકની સ્થિતિ અલગ છે, એમ બરાબર સમજી રાખવું જોઈએ. જો સમજ્યા હોઈએ તો જ જીવને

સમજણનું ઠેકાણું રહે છે, અન્યથા રહેતું નથી. ૨૫. **જ્યાં સુધી બુદ્ધિ અપક્વ-કાચી હોય ત્યાં સુધી દુઃખ રહે છે, પણ જ્યારે બુદ્ધિ પરિપક્વ થઈ જાય ત્યારે તેને મહાન સુખનો અનુભવ થાય છે. ૨૬. સંતોના મુખથી વાતો સાંભળીને બુદ્ધિને પક્વ તથા દૃઢ કરવી જોઈએ.** તે વિના તો વાત બગડી જાય છે. જેમ બાળકના હાથમાં ચિંતામણિ ગયો હોય, તે તેનું ગૌરવ સમજ્યા વિના જો અવળા ઘાટ કરે તો તેનાથી દુઃખ થાય છે. ૨૭. કોઈ અષ્ટાંગયોગ સાધતા મરી જાય પણ તેને સમાધિ થતી નથી. યોગી વનનાં ફળ ખાઈને દેવોની આરાધના કરે છતાં સમાધિ થતી નથી. ૨૮.

તે સમાધિ આટલી દુર્લભ કહેવાય છે. તે સમાધિને આજે હરિભક્તો સહેજે પ્રાપ્ત કરે છે. તે શ્રીહરિનો આ મોટો પ્રતાપ છે. જે ભગવાનના આ પ્રતાપને ન સમજે તે મનુષ્યનાં પાપ ગણાય. ૨૯. પોતામાં કાંઈ શક્તિ નહિ હોવા છતાં તે પાપી લોકો ઊલટા સમાધિને પાખંડ કહે છે. તે પાપી મનુષ્યો આ પૃથ્વી ઉપર ભારરૂપ છે. તે સર્વે ભાર એક વાર ઊતરશે ખરો. ૩૦. ભગવાનની કાળશક્તિની આગળ બધા દીન થઈ જાય છે. ભવ, બ્રહ્મા અને ઈન્દ્રાદિ દેવો પણ તેની આગળ રાંક જેવા થઈ જાય છે. ૩૧. તે ભગવાનની કાળશક્તિની આગળ કોઈના લેખા નથી. તે એકવાર દેખા દેશે અર્થાત્ ભગવાન કાળ દ્વારા પોતાનો પ્રતાપ પ્રકટ કરશે. જ્યારે આખી દુનિયામાં સત્સંગનો ફેલાવો થાશે ત્યારે આ ભૂમિનો ભાર ઊતરશે. ૩૨.

થોડા જ દિવસોમાં અધર્મીઓના પાપનો ઘડો ભરાઈ જવા આવ્યો છે. જ્યારે તે પાપનું ભયંકર પરિણામ આવશે ત્યારે આખા જગતને ખબર પડશે. ૩૩. સત્સંગની રક્ષા કરવા માટે આજ કાલચક્રે શક્તિને ધારણ કરી છે. અમારી રજા લઈને તૈયારી કરે છે પણ અમે તેને હજી રોકી રાખેલ છે. ૩૪. અમને અપાર દયા આવે છે અને બળવાન પાપીઓ દ્રોહ કરવા લાગ્યા છે. જેમ જેમ અમે ક્ષમા રાખીએ છીએ તેમ તેમ તે દ્રોહીઓ વધારે વધારે બળ કરવા લાગ્યા છે. ૩૫. જાણી જોઈને જ તે પાપીઓ દુઃખ માગી રહ્યા છે. તેનો વિનાશ કરવામાં કોઈને પાપ લાગતું નથી. જે જાણી જોઈને ઝેર ખાય છે તેને તો દુઃખ વધારે થાય જ છે. ૩૬. બીજાને તે દુઃખ આવતું

નથી, પાપી પોતાના પાપથી જ મરે છે. સંતોને તો ભગવત્કૃપાથી સુખ જ છે. પરસ્પર ઘસાઈને જેમ વાંસ સળગી જાય છે તેમ પાપીઓનું પણ સમજવું. ૩૭. શ્રીહરિ આવી વાતો કરતા હતા. ત્યારે સંધ્યાનો સમય થવા લાગ્યો એટલે સંતો વાજિંત્ર વગાડીને કીર્તન ગાવા લાગ્યા. ૩૮. પહેલાં પૂરવ રાગ ગાયો અને તે પછી ગોડી રાગ પણ ગાયો, તે પછી આરતી પ્રકટાવી. ત્યારે મૃદંગ અને નગારાં વાગવા લાગ્યાં. ૩૯. સંતો આરતી બોલતા હતા. હરિભક્તોનો કોઈ પાર ન હતો. "જય જય" "જય જય" આવો શબ્દ બધે થતો હતો. તે પછી 'નારાયણ ધૂન' કરી. ૪૦. દસવીશ મશાલો પ્રકટી, "સ્વામિનારાયણ" નામની ધૂન લગાવી. "રામ કૃષ્ણ ગોવિંદ" આવી ધૂન પણ કરી ત્યારે નારાયણ મુનિ શ્રીહરિ તાળીઓ પાડતા હતા. ૪૧. પ્યારા ધર્મકુમાર શ્રીહરિએ "નારાયણ" નામની ધૂન કરાવી. પછી બધા સંતો સ્તોત્ર બોલ્યા. અર્થાત્ સ્તુતિ કરી તે સમયે ત્યાં મહાન આનંદનું વાતાવરણ બધે વ્યાપી ગયું. ૪૨.

પૂર્ણકામ શ્રીહરિ "જય સ્વામિનારાયણ" આવું બોલીને પોતાને આસને બેઠા. સંતોએ અનેક પ્રકારનાં ગાન અને તાનની સાથે રાતે ઘણી ભાતનાં કીર્તન ગાયાં. ૪૩. પછી શ્રીહરિ પોઢી ગયા અને બધા સંતો ધ્યાન કરવા લાગ્યા. સુંદરશ્યામ શ્રીહરિને હૃદયમાં ધારીને હરિભક્તો બધા પોતાને મુકામે ગયા. ૪૪. સવાર થયું ત્યારે પહેલાં સંતો જાગ્યા. પ્રભાતી રાગનાં કીર્તન બોલવા લાગ્યા ત્યારે શ્રીહરિ તત્કાળ ઊઠ્યા. પછી દયાળુ શૌચવિધિ કરી આવ્યા. ૪૫. તે વખતે શુદ્ધ માટી લઈ પાણીની ધાર કરીને હસ્તકમળ ધોયાં. ત્યાર બાદ દાતણ કર્યું, રંગભીના શ્રીહરિએ રૂમાલથી મુખને લૂછ્યું. ૪૬. મુકુંદાનંદ વર્ણી શ્રીહરિની સેવા કરતા હતા. તે દિવસ એકાદશી હતી. જ્યારે ચાર ઘડી દિવસ ચઢ્યો ત્યારે શ્રીહરિ તળાવે સ્નાન કરવા નીકળ્યા. સંતો અને હરિભક્તો સાથે આવ્યા હતા. શ્રીહરિ સરોવરના પાણીમાં ખૂબ જ નાહ્યા. એમ સહુને ખૂબ જ રાજી કર્યા. ૪૭-૪૮. શ્રીહરિએ બહુવાર સુધી જળક્રીડા કરી. પછી પાણીમાંથી બહાર નીકળ્યા અને નવાં જ વસ્ત્ર પહેર્યાં. ૪૯. શ્યામ સ્વરૂપ શ્રીહરિએ બધો જ પોશાક જરિયાની પહેર્યો અને

અનેક ભાતનાં આભૂષણો પહેર્યાં હોવાથી અદ્‌ભુત શોભા બની હતી. ૫૦. ઘનશ્યામ શ્રીહરિ ઘોડા ઉપર ચઢ્યા. સહુ સંતો કીર્તન ગાવા લાગ્યા. ધામધૂમથી આનંદ-ઉત્સવ થયો. ગામના લોકો ઉમંગથી તેનાં દર્શન કરવા આવ્યા. ૫૧. શ્રીહરિ પોતાને ઉતારે પધાર્યા. અપાર લોકો આવવાથી ત્યાં ભીડ ઘણી ઘાટી થઈ હતી. મનોહરપણાના ધામ જેવી શ્રીહરિની મૂર્તિનાં દર્શન કરતા લોકોને તૃપ્તિ થતી નહિ. ૫૨.

***ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના તૃતીય પૂરમાં 'રાજાએ કરેલી પૂજા, સત્સંગની શ્રેષ્ઠતા અને દુર્જનોની દુષ્ટતા' એ નામે સત્તાવનમો તરંગ સમાપ્ત ।।૫૭।।***

## પૂર ત્રીજું : તરંગ - ૫૮

### ભુજથી દંડીસ્વામી આવ્યા, તેણે સત્સંગ તથા શ્રીહરિની સર્વોપરિતા કહી

તે દિવસ એકાદશીનો હતો એટલા માટે ગામના બધા હરિભક્તો શ્રીહરિની પૂજા કરવા માટે આવવા લાગ્યા. ૧. સહુ કેસરી ચંદન અને ફૂલના હાર લાવ્યા. ઘણી જાતના મેવા, મીઠાઈ અને થાળ ભરી ભરીને સાકર લાવ્યા. ૨. કેટલાક હરિભક્તો વસ્ત્ર અને આભૂષણો પણ લાવ્યા. પ્રેમમગ્ન તે ભક્તોએ એક પછી એક એમ આવીને પૂજા કરી. ૩. તે સહુ ભક્તો પ્રથમ શ્રીહરિના વિશાળ લલાટમાં ચંદન ચરચતા હતા. પછી તેમાં એકદમ લાલ કુંકુમનો ઘણો શોભાયમાન ચાંદલો કરતા. ૪. ઉલ્લાસથી ફૂલોના હાર લઈને કંઠમાં પહેરાવતા. પછી બંને ભુજાઓ ઉપર બાજુબંધ બાંધતા અને પાઘમાં તોરા ધરાવતા. ૫. સમજણવાળા તે પ્રેમી ભક્તો ગુલાબના ગુચ્છ કાન ઉપર ધરાવતા. તેના પછી જે લાવ્યા હોય તે વસ્ત્ર ઓઢાડતા હતા. તેમજ મનગમતાં આભૂષણ શ્રીહરિને ધરાવતા. ૬. ચરણો ઉપર કેસરચંદન લગાવીને તેને ભક્તો પોતાની છાતી ઉપર હરખથી ચાંપતા. તે પછી જે મેવા અને મીઠાઈ લાવ્યા હોય તે બધું ઘણા હેતથી શ્રીહરિની આગળ મૂકતા. ૭. સાકરના થાળ ભરી ભરીને શ્રીહરિ માટે લાવતા, તેના પ્રેમને દેખીને સુખદાયક શ્રીહરિ ઘણું

રાજી થાતા. આ રીતે સરધાર ગામના જેટલા હરિભક્ત હતા તે બધા એક પછી એક એમ પૂજા કરી રહ્યા. ૮. પછી સહુએ ભેળા મળીને આરતી કરી મહાન અલૌકિક લાભ લીધો. શ્રીહરિ અને સંતોની પૂજા વારંવાર આખો દિવસ થતી હતી. ૯.

સંતોની અલૌકિક સભા શોભી રહી હતી. તેને જોઈને પ્રેમી ભક્તોનાં મન લોભાઈ રહ્યાં હતાં. જાત જાતનાં ફૂલોના બાગ જેમ ફૂલ્યા હોય તેમ તેની તુલ્ય બધા સંતોની શોભા બની હતી. ૧૦. તારામંડળને મધ્યે જેમ ચંદ્રમા શોભે તેમ શ્રીહરિ સંતોની વચ્ચે શોભતા હતા. તે સમયે દરબાર તોંગાભાઈએ શ્રીહરિને હાથ જોડીને કહ્યું, મહારાજ ! હવે મધ્યાહ્નનો સમય વીતવા આવ્યો છે. ૧૧. હે નાથ ! અમારા સહુના હૃદયમાં ઘણો જ ભાવ છે. તમારા મનમાં ફલાહાર માટે ભલે કાંઈ ભાવ ન હોય, પણ અમારે માટે તો આવો યોગ ફરી વાર ક્યારે આવે ! માટે હે પ્યારા ! હવે કાંઈક ફલાહાર કરો. ૧૨. પરમ દયાળુ શ્રીહરિએ દરબારની વિનંતી સાંભળી. દરબાર ઉપર દયા કરી અને તત્કાળ જ ત્યાંથી ઊભા થયા. ૧૩.

મુકુંદાનંદ વર્ણી અને જયાનંદ વર્ણી આ બંનેએ શ્રીહરિને એક બાજોઠ ઉપર બેસાડ્યા અને પછી ફરાળ પીરસ્યું. ૧૪. સાકરના પેંડા અને બરફી તથા સામો(મોરૈયો) નાખીને તૈયાર કરેલો દૂધપાક લાવ્યા. ૧૫. એકદમ શ્વેત પૂરી, સૂરણનું શાક અને શિંગોડાના લોટથી બનાવેલાં ભજિયાં પણ પીરસ્યાં. ૧૬. જેમાં સાકર નાખી હતી એવું દૂધ અને દહીંનો તો કોઈ પાર જ ન હતો. સુધારીને થાળમાં ભરેલાં કેળાં વગેરે હતું તે બધું ધર્મના લાલા શ્રીહરિ જમ્યા. ૧૭.

દરબારનો ભાવ ઘણો હતો તેથી સુખકારી શ્રીહરિ રાજી થઈને ફરાળ જમ્યા. દરબારનો પ્રેમ અને પીરસવા કરાતો આગ્રહ આ બધું જોઈને જમતા જમતા શ્રીહરિએ તેમનાં ઘણાં જ વખાણ કર્યાં. ૧૮. તે સમયે વૃદ્ધ દેવાનંદ સ્વામી જે દંડી હતા, તેઓ ભુજથી આવ્યા. અને શ્રીહરિનાં ચરણોમાં પડ્યા. ૧૯. પછી ભુજના બધા હરિભક્તોના ઘણા જ હેતથી "જય નારાયણ" કહ્યા. અને કહ્યું, "બધા હરિભક્તો ભુજ આવવાની આપની વાટ જોઈ રહ્યા છે.

આપના ઉપર પ્રેમને લીધે પાણી વિનાના માછલાંના જેવી તેમની સ્થિતિ છે. ૨૦. બધા ભક્તો આપનું ધ્યાન ધરે છે. અને આપને માટે ખાવાપીવાના પણ નિયમ રાખ્યા છે. તેઓ આપને સંભારે છે એટલે તુરંત તેમને સમાધિ થાય છે. ૨૧. આજ કાલમાં આપ આવો છો એમ ધારીને મેં ત્યાં આપની ઘણી જ વાટ જોઈ. (પરંતુ આપ ન આવ્યા.) પછી આપના વિના મને ગમ્યું નહિ. તેથી આપનાં દર્શન કરવા માટે હું બહુ જ અકળાયો. ૨૨.

**ચોપાઈ :**

**राम कृष्ण भारे अवतारा, जाको प्रताप रह्यो जग सारा;**
**ओर अवतार तामहिं आये, सो सब यह मूर्ति में लाये...२४**

આપની મૂર્તિ મને ખેંચીને અહીં લઈ આવી છે. તે મૂર્તિ આગળ મારું કાંઈ ચાલ્યું નહિ. એ મૂર્તિમાં એવું દૈવત દેખાય છે કે તેની આગળ આત્મારામ પણ કાંઈ લેખામાં નથી. ૨૩. રામ અવતાર અને કૃષ્ણ અવતાર, બંનેનો પ્રતાપ આખા જગતમાં છે. બીજા અવતારો રામ અને કૃષ્ણમાં આવ્યા અને તે બધા આપની મૂર્તિમાં આવીને રહ્યા છે. ૨૪. પ્રથમ આ મૂર્તિનો આવો પ્રતાપ અમે લગારેક પણ જાણી શક્યા નહિ. લોજપુરમાં એક સાથે જ રહ્યા હતા. તે સમયે તો આ કોઈ સિદ્ધ છે આવો નિશ્ચય અમે કર્યો હતો. ૨૫. ગામમાં કોઈ હરિભક્ત રહેતો હોય, તેનો જો અંત સમય થઈ ગયો હોય તો રથ, વિમાન કે અશ્વ લઈને આ મૂર્તિ ત્યાં જાતી. ૨૬.

ભગવાનના અનંત અવતારો થયા છે, પણ આવી વાતો ક્યાંય કોઈએ સાંભળી ન હતી. આખી ને આખી ભૂમિને ઉઠાવી લે એવા મહાન સમર્થ થયા હતા; ૨૭. પણ આપ મહાપ્રભુ તેમનાથી પણ દિન પ્રતિદિન મૂર્તિમાં અધિક પ્રતાપ દેખાડો છો. **આ મૂર્તિનો એવો પ્રતાપ છે કે તેને જમદૂત પણ સહન કરી શકતા નથી. ૨૮.**

**स्वामिनारायन नाम सुनीके, भूत प्रेत जात शिर धुनीके;**
**एसे देखे हम अब हि काला, सत्संग में बहु दिन हि गाला...२९**
**बेद पुरान की सुनी बहु बाता, एसो प्रताप सुनेमें न आता;**
**अब सत्संग प्रताप हि जोई, मत पेठे पाताल हि सोई...३०**

"સ્વામિનારાયણ" આવું નામ સાંભળીને ભૂત-પ્રેત આદિક પણ માથું ધુણાવીને ભાગી જાય છે. મેં સત્સંગમાં તો ઘણો સમય ગાળ્યો છે પણ આવો પ્રતાપ તો હમણા જ જોયો છે. ૨૯. **વેદોની અને પુરાણોની ઘણી વાતો મેં સાંભળી છે, પણ તેમાં ક્યાંય આવા પ્રતાપની વાત સાંભળવામાં આવી નથી.** અત્યારે તો સત્સંગના પ્રતાપને જોઈને બીજા બધા મતપંથ તો પાતાળમાં ઊંડા પેસી ગયા છે. ૩૦. ધર્માચરણ સહુનો પ્રાણ કહેવાય છે. ધર્મરૂપ પ્રાણ ન હોય તો તે શબ કહેવાય છે. શબ થઈ ગયા પછી તેનાથી કાંઈ થઈ શકે નહિ. કારણ કે બધા મતપંથીઓ કુલક્ષણવાળા રહ્યા છે. ૩૧. ઘેર ઘેર તેમની ફજેતી થાય છે.

મનુષ્યજન્મને ફોગટ ખોવે છે. સત્સંગ સિવાય બીજે તો બધાં નરનારીઓ પશુના જેવું જીવન જીવે છે અને ખુવાર થાય છે." ૩૨. શ્રીહરિ ફરાળ કરી રહ્યા પછી સંતોને ફરાળ કરાવ્યું. અને દેવાનંદ સ્વામી આવ્યા, તેમને પણ બરફી અને પેંડા ખૂબ જ જમાડ્યા. ૩૩. બધા હરિભક્તોએ પણ ફરાળ કર્યું. શ્રીહરિની સાથે સહુએ લહાવો લીધો. કરોડો યજ્ઞ અને કરોડો વ્રતો કર્યાં હોય ત્યારે જ આવો લાભ કોઈક દિવસ જ મળે. ૩૪. બધા દરબારો જ્યારે ફરાળ કરીને આવ્યા ત્યારે સંતોની પાસે કીર્તન બોલાવ્યા. જ્યારે અરધી રાત વીતવા લાગી ત્યારે સુખદાયક શ્રીહરિ બોલ્યા, ૩૫. હવે તમે બધા જઈને સૂઈ જાઓ. આખો દિવસ બેસી રહેવાથી થાકી ગયા હશો. તમે સહુએ કીર્તન બહુ સરસ ગાયાં છે, તેથી તમારા ઉપર હું પ્રસન્ન થયો છું. ૩૬. શ્રીહરિનાં વચન સાંભળીને હરિભક્તો સૂઈ ગયા. સંતો ધ્યાન કરવા બેસી ગયા. તેઓ પોતાના દેહની સંભાળ પણ રાખતા નહિ. ૩૭. તેઓ માત્ર શ્રીહરિના ધ્યાનની અને આજ્ઞાવચન પાળવાની જ સંભાળ (જતન) રાખતા હતા. તે સિવાય બીજા કોઈની સંભાળ રાખતા નહિ. તેઓ મનથી નિર્ભય થઈને વિચરતા હતા. ૩૮.

**सोरठा : भजन बिन काल जात, हानी मन मानत महा;**
**कथा हरि गुन गात, तेहि काल सब शुभ गनत...४०**

જ્યારે ચારઘડી (૧.૩૬ કલાક) રાત બાકી રહી ત્યારે સંતો ઊઠ્યા. અને સહુ મુખથી ભગવાનનાં નામ ઉચ્ચારવા લાગ્યા. ૩૯. ભજન વિના

જે સમય જાય તેને સંતો મનમાં મોટી હાનિ માનતા. ભગવાનની કથા અને ગુણકીર્તન ગવાય તેને જ શુભ સમય ગણતા. ૪૦.

**चोपाई :**

**हरि बिन कोउ न संकल्प कर ही, एहि अभ्यास सब अनुसर ही;**
**एहि पढवो लिखवो हमेशा, कोउ बात को न करत कलेशा...४१**
**एसी वृत्ति संतन की देखी, गृहस्थकु भाव होत विषेखी;**
**हरि इच्छा कर पास हि आई, अन्न वस्त्र आपत हे लाई...४२**

ભગવાન વિના બીજો સંકલ્પ પણ કરવો નહિ, એવો અભ્યાસ કરવાને જ સહુ અનુસર્યા હતા. સંતોને ભજન કરવું તે જ પઠન અને લેખન હતું. તેઓ કોઈ વાતનો કલેશ કરતા નહિ. ૪૧. સંતોનું આવું વર્તન દેખીને ગૃહસ્થ હરિભક્તોને સંતો ઉપર વિશેષ શ્રદ્ધા ભાવ થતો. હરિઈચ્છાથી પોતાને જે કાંઈ અન્નવસ્ત્ર આદિ પ્રાપ્ત થયું હોય તે જઈને સંતોને આપતા. ૪૨. **શ્રીહરિ એવા અંતર્યામી છે કે સંતોને કોઈ વાતની ખામી રહેવા દેતા નહિ, પણ જે સંત એવા ભગવાનનો ગુણ ગ્રહણ ન કરે અને ગુણને ભૂલી જાય, તેને માયાનું અજ્ઞાન ઢાંકી દે છે. ૪૩. શ્રીહરિના ગુણને જ્યારે તે ભૂલે ત્યારે તેનાથી ધ્યાન થાય નહિ, કથાવાર્તામાં મન લાગે નહિ. પછી ભગવાનનું યશોગાન કરવામાં અભાવ આવે અને નિંદા કરવાનો મનમાં ભાવ વધતો રહે છે. ૪૪.**

આ પ્રમાણે ઘટતા ઘટતા તે એકદમ ઘટી જાય. એ પછી તેને જાત જાતનાં ખાનપાન ગમવા લાગે. તે દેહની સંભાળ લેવામાં જ લાગી જાય. તેમાં જો વડીલ સંતો અંતરાય (રોક ટોક) કરે તો તેનો દ્રોહ કરવા લાગે. પછી જ્યારે તેમાં મોહ(અજ્ઞાન) આવીને ભરાઈ જાય છે ત્યારે તેને પોતાનો દોષ(અવગુણ) દેખાતો નથી અને જેના તેના ઉપર ક્રોધ કરવા લાગે છે. ૪૫-૪૬. પછી તેની બુદ્ધિમાં અંધકાર વ્યાપી જાય છે અને સત્સંગથી બહાર નીકળી જાય છે. બહાર નીકળ્યા પછી **જ્યારે તેને પોતાના દોષ દેખાય ત્યારે તે સંતોનો ગુણ લઈને તેમનાં ઘણાં વખાણ કરે. ૪૭. ત્યારે ભગવાન તેને સદ્વિચાર સુઝાડવાની સહાયતા આપે છે. સંતો પણ આવીને તેના ઉપર**

**દયા કરે છે.** પછી જ્યારે તેનું મરણ થાય ત્યારે તે ભગવાનના ધામમાં જાય છે. કારણ કે જિંદગીમાં તેણે આટલા દિવસ સુધી દુઃખ વેઠ્યું હતું ને ? ૪૮.

**दोहा : श्रीहरि बोलत भये, सुनिये संत सुजान;**
**संत समूह में रहिवो, एहि हे परम कल्यान...४९**
**थोरे पुन्य न मिलत हे, संत समागम एह;**
**अनेक जन्म के पुन्य से, प्राप्त होत हे तेह...५०**

શ્રીહરિએ કહ્યું, સુજ્ઞ સંતો, સહુ સાંભળો, સંતોના સમૂહમાં રહેવું તે જ પરમ કલ્યાણ છે. ૪૯. આવો સંતોનો સમાગમ થોડા પુણ્યથી મળતો નથી. અનેક જન્મનાં પુણ્ય જ્યારે ઉદય થાય ત્યારે આવા સંતનો સમાગમ મળે છે. ૫૦. જેનાં ધન્ય ભાગ્ય હોય તેને જ આવો સંતોનો જોગ મળે છે. આવો જોગ ન મળે તે જ દુર્ભાગ્ય છે. આવું હું મારા મનમાં સમજું છું. ૫૧. આજ બારશનો દિવસ છે એટલે બધા સરોવરમાં સ્નાન કરવા જઈએ. ત્યારે સહુએ હા, કહી એટલે તત્કાળ શ્રીહરિ સરોવરે નહાવા જવા ચાલ્યા. ૫૨.

***ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના તૃતીય પૂરમાં 'ભુજથી દંડી સ્વામી આવ્યા, તેણે સત્સંગ તથા શ્રીહરિની સર્વોપરિતા કહી' એ નામે અટ્ઠાવનમો તરંગ સમાપ્ત ॥૫૮॥***

## પૂર ત્રીજું : તરંગ - ૫૯

## સરધાર સરોવરમાં સ્નાન, વેરાભાઈએ કરેલી પૂજા અને દરબારોનો મેળાપ

સંતો કીર્તન બોલતા બોલતા શ્રીહરિની સાથે ચાલ્યા. સંતોની વચ્ચે શ્રીહરિ શોભતા હતા ત્યારે સંતોના મનમાં અતિશય ઉમંગ જણાતો હતો. ૧. શ્રીહરિએ ચરણોમાં ચાખડીઓ પહેરી છે. ઘૂઘરીઓ ઘમકી રહી છે. પીળા રંગની શાલ ઓઢી છે અને અપાંગ ભાગ(આંખના ખૂણામાં)થી દેખીને ભક્તોના ચિત્તને ચોરી રહ્યા છે. ૨. રેશમી લાલ ધોતી પહેરી છે અને તેવું લાલ રેશમી વસ્ત્ર મસ્તકે બાંધ્યું છે. આવા ધર્મના લાલ શ્રીહરિના હાથમાં

રૂમાલ છે. ૩. ગજના જેવી ચાલ ઉતાવળી છે. બંને નેત્રોમાંથી અમૃત વરસી રહ્યું છે. રાજહંસના જેવી શ્રીહરિની મૂર્તિ સોહામણી લાગે છે. ૪. સુખકારી શ્રીહરિ સરોવરને કિનારે પધાર્યા. પાણી જોઈને તેનાં વખાણ કરવા લાગ્યા.

પછી પથ્થરથી બાંધેલા સરોવરના પાકા ઘાટ ઉપર આવીને વિરાજ્યા. ૫. ચારે બાજુ જાત જાતનાં વૃક્ષ હતાં. ઘણાં પંખીઓ આનંદ કરી રહ્યાં હતાં. શ્રીહરિએ બધી શોભા જોઈ અને તે વખતે બોલ્યા, આ સંતો બધા મહાન મુક્ત છે. તેઓ અત્યારે આ સરોવરમાં સ્નાન કરે છે. માટે આ સરોવર જેણે બંધાવ્યું છે તેનું ભાગ્ય અત્યારે ઉદય થયું છે. ૬-૭. શ્રીકૃષ્ણ અવતાર થયો ત્યારનું આ પ્રાચીન સરોવર છે. રામાનંદસ્વામી આ સરોવરમાં પ્રેમથી બહુ વાર નહાયા છે. ૮. તેથી જ જ્યારે જ્યારે સરધાર આવવાનું થાય ત્યારે ત્યારે આ સરોવરમાં સ્નાન કરવું જોઈએ. અમે ઘણી જગ્યાએ જોયું છે, આવું નાહવાનું બીજે ક્યાંય નથી. ૯. દર વરસે એક વાર અહીં સમૈયો કરવો, તેથી બધા હરિભક્તો સુખી થાય અને તેમને કોઈ પ્રકારનું દુઃખ રહે નહિ. ૧૦.

ત્યારે મુક્તાનંદ સ્વામીએ કહ્યું, અત્યારે દેશકાળ વિષમ છે. કોઈ બાબત નક્કી કરવી જોઈએ નહિ. જેવા દેશકાળ હોય તેવો વિચાર કરવો. ૧૧. આજ લૂટાલૂટનો ભય છે. ડરેલા કોઈ લોકને સુખ નથી. તેમજ તેઓ નિશ્ચિત નથી. બીજી બાજુ સામ્રાજ્યવાદી રાજાઓના લશ્કરનો પણ અપાર ભય રહે છે. તેથી જ કોઈ એક નિર્ધાર થઈ શકે નહિ. ૧૨. ત્યારે શ્રીહરિએ કહ્યું, મુનિવર્ય સ્વામી, તમે સાંભળો. ક્યારેય એક નિર્ધાર રહેતો નથી. દેશકાળ ફરી જાય છે. ૧૩. હરિભક્તોને સુખ આપવા માટે તો આજ શ્રીહરિનો અવતાર થયો છે, એટલે તેમનું જ ધાર્યું થશે. આવો વિચાર દૃઢ રાખજો. ૧૪.

**सोरठा : हरि को धार्यो होत, ओर को न धार्यो होत कबु;**
**हम हि एसे जोत, सब कारन करता हे एहि...१५**
**हम हि धारत जोय, तेसे करत करतार हरि;**
**तुमारो हित हि सोय, निशदिन करनेकु चहत...१६**

ધાર્યું બધું ભગવાનનું જ થાય છે. બીજાનું ધાર્યું ક્યારેય થાતું નથી. હું એવું દેખું છું કે સર્વનું કારણ અને સર્વકર્તા આ એક શ્રીહરિ જ છે. હું જે

મનમાં ધારું તે જ ભગવાન કરે છે. તમારું જેમ હિત થાય એવું જ કરવા હું રાતદિવસ ચાહું છું. ૧૫-૧૬. આવું કહીને શ્રીહરિએ સ્નાન કર્યું. સંતોએ પણ સ્નાન કરીને પાણી પીધું. સંતોએ શ્રીહરિના મહાન ચરણોદકનું માહાત્મ્ય સમજીને પ્રેમ કરીને આનંદથી જળપાન કર્યું. ૧૭. પછી શ્રીહરિએ ભારે માંહેલાં નવાં વસ્ત્ર પહેર્યાં. તે બધાં વસ્ત્ર જરિયાની અને સુખકારી હતાં. ત્યારે ઘણો શણગારેલો અશ્વ ત્યાં લાવ્યા. પછી તેના ઉપર નવલ વિહારી શ્રીહરિ સવાર થયા. ૧૮. શ્રીહરિની આગળ લોકો વાજિંત્ર વગાડતા હતા. ગામની બજારે ચાલ્યા આવતા હતા.

ત્યારે મહાન અદ્‌ભુત શોભા થઈ હતી. હજારો લોકો દર્શન કરતા હતા. ૧૯. શ્રીહરિ જ્યારે ઉતારે પધાર્યા ત્યારે બધી રસોઈ તૈયાર થઈ ગઈ હતી. પછી મહારાજાધિરાજ શ્રીહરિ એક સુંદર બાજોઠ ઉપર જમવા બેઠા. ૨૦. વિવિધ પ્રકારનાં જે ભોજન બનાવ્યાં હતાં. તે મુકુંદવર્ણીએ લાવીને ધરાવ્યાં. મનગમતી પૂરી અને દૂધપાક વગેરે પોતાની રુચિને અનુસારે શ્રીહરિ જમ્યા. ૨૧. શ્રીહરિ જમી રહ્યા પછી ચળુ કર્યા અને જળપાન કર્યું. તે પછી મુખવાસ લીધો. પછી જેટલા સંતો હતા તે બધા પંગતમાં જમવા માટે બેઠા. ૨૨. સુખધામ સુંદરશ્યામ શ્રીહરિ દૂધપાક અને પૂરી વગેરે પીરસવા લાગ્યા. બીજી પણ જે કાંઈ રસોઈ બનાવી હતી, તે બધું શ્રીહરિએ પીરસ્યું. ૨૩. જ્યારે સંતો જમી રહ્યા ત્યારે ધર્મના દુલારા શ્રીહરિએ હાથ ધોયા. પછી ખાટ ઉપર આવીને બેઠા. તે સમયની અદ્‌ભુત શોભા વર્ણવી શકાતી નથી. ૨૪.

પછી મહાન અલૌકિક આવી સંતોની સભા થઈ ત્યારે દરબાર વેરાભાઈ શ્રીહરિની પૂજા કરવા આવ્યા. ૨૫. કેસર મેળવેલું ઘસેલું ચંદન શ્રીહરિના લલાટમાં ચરચ્યું. વચ્ચે કુંકુમનો ગોળ ચાંદલો કર્યો અને સુંદર શાલ ઓઢાડી. ૨૬. કંઠમાં મોતીઓની માળા પહેરાવી. બંને હાથમાં સોનાનાં કડાં પહેરાવ્યાં અને મસ્તકે મોટી જરકસી પાઘ બંધાવી. ૨૭. સુંદર બનાવેલા મોતીના તોરા પાઘમાં ધરાવ્યા. મસ્તક ઉપર છબીદાર શિરપેચમાં કલંગી ધરાવી. ૨૮. તે પછી કપૂરની આરતી કરી ચંદન ચરચેલાં ચરણ છાતીમાં લીધાં. ત્યારપછી સંતોની પૂજા કરી અને ફૂલોના હાર પહેરાવ્યા. ૨૯. તે પછી હરિભક્તોની

પૂજા ઘણા પ્રેમે સહિત કરી. તે પછી દંડવત્ પ્રણામ કર્યા અને પછી શ્રીહરિની પાસે આવીને સ્તુતિ કરી. ૩૦. બંને હાથ જોડ્યા. મસ્તક નમાવ્યું.

પછી કહ્યું, હે નાથ ! મને પોતાનો દાસ ગણીને મારી વિનંતી સાંભળો. હવે આપ અહીં જ નિવાસ કરીને રહો. ૩૧. આપ અમને જેમ કહેશો તેમ અમે મન, કર્મ, વચને કરીને રહેશું. ત્યારે શ્રીહરિએ તેમને અત્યંત સુંદર અને મહાન સુખદાયક વચન કહ્યાં. ૩૨. દરબાર ! તમને અમારા ઉપર જેવો ભાવ છે તેવો બધા હરિભક્તોને અમારા ઉપર ભાવ હોય છે; એટલે જે જે ગામમાં હરિભક્તો છે તે તે ગામ અમારે ફરવા જવાનું છે. ૩૩. એકવાર આખા સત્સંગમાં ફરીને હરિભક્તોને ઉમંગથી દર્શન આપવા છે. પછી હરિભક્તોનો ભાવ જોઈને તે પ્રમાણે બે દિવસ રહેશું. ૩૪.

શ્રીહરિ જ્યારે દરબાર વેરાભાઈ સાથે આવી વાતો કરતા હતા ત્યારે ફરતા આસપાસના પ્રદેશના હરિભક્તો શ્રીહરિના દર્શનના પ્રેમરસથી ભરેલા થઈને કીર્તન ગાતા ગાતા ત્યાં સરધારમાં આવવા લાગ્યા. ૩૫. રસ્તામાં ચાલતા ભય લાગતો હતો એટલે તે બધા શસ્ત્ર બાંધીને આવતા હતા. આવીને શ્રીહરિને પગે લાગતા તેમના મનમાં અત્યંત ઉત્સાહ રહેલો હતો. ૩૬. શ્રીહરિ અમૃત જેવાં રસભર્યાં વચનોથી તે સહુને બોલાવતા હતા. તે સાંભળીને બધા હરિભક્તો અત્યંત ખુશખુશાલ થઈ જતા હતા. ૩૭. પછી જેમ હરિભક્તો આવતા તેમ તુરંત જ જેને જેવા ઘટે તેવા યોગ્ય ઉતારા અપાવતા. ૩૮.

કાઠી જ્ઞાતિના ખાચર દરબારો જ બધા મોટા ગરાસદારો હતા. તે બધા પચાસ જેટલા ભેળા થયા. ઘોડે સવાર થઈને બધા સરધાર આવ્યા. ૩૯. હરેકના હાથમાં ભાલો હતો. સહુએ બખતર પહેર્યાં હતાં. તેઓ બધા એક સાથે મળીને આવતા હતા. તે નજીક જ આવી ગયા છે એવું સાંભળ્યું ત્યારે, ૪૦. તત્કાળ શ્રીહરિ તેમની સામે જવા અશ્વ ઉપર બેઠા અને દર્શન દેવા માટે સન્મુખ ચાલ્યા. કારણ કે શ્રીહરિ ભક્તાધીન છે. ૪૧. તે સમયે શ્રીહરિની સાથે બીજા ઘણા ઘોડેસવારો ચાલ્યા. મહાસુખકારી શ્રીહરિ તેમાં સોહામણા લાગતા હતા. શ્રીહરિએ એક ઘોડેસવારને આગળ મોકલીને 'અમે તમારું સ્વાગત કરવા સન્મુખ આવીએ છીએ.' આવા ખબર દેવડાવ્યા. શ્રીહરિ દેશ

અને કાળને સમજતા હતા. વાજિંત્ર વગડાવતા શ્રીહરિ તેમની સામે ચાલ્યા. આખું ગામ સાથે નીકળ્યું. ૪૨-૪૩. બંદૂકો અપાર ફૂટતી હતી. હરિભક્તો કીર્તન ગાતા હતા. રસ્તામાં આગળ ચાલતા એક વડલાનું ઝાડ આવ્યું, ત્યાં બધા ભેળા થયા. ૪૪.

શ્રીહરિને દેખ્યા એટલે તરત જ બધા દરબારો ઘોડા ઉપરથી નીચા ઊતરી ગયા. સહુએ એક સામટા દંડવત્ કર્યા અને શ્રીહરિનાં ચરણોમાં મસ્તક નમાવ્યાં. ૪૫. શ્રીહરિ વડલાને છાયે ઊતર્યા. સહુને હેતથી દર્શન આપ્યાં. આવેલા દરબારોમાં ખટ્વાંગ રાજા(માંચા ખાચર) મુખ્ય હતા. તેમાં બીજા અલૈયા (અર્લક) ખાચર હતા. ૪૬. તે સિવાય સોમલા ખાચર (બોટાદ), સૂરા ખાચર (લોયા) અને હમીર ખાચર (બોટાદ), એ બધા કાઠી દરબારો ભાઈઓ થતા. તેઓ અહીંયાં કેવળ દર્શન કરવા માટે હરખભેર આવ્યા હતા. ૪૭. તે બધાને જોઈને શ્રીસહજાનંદ સ્વામી શ્રીહરિ ખૂબ જ ખુશી થયા અને પછી બોલ્યા, અમે તમારી રાહ ક્યારની-ભાડેર ગામથી ચાલ્યા ત્યારની જોઈ રહ્યા છીએ. ૪૮.

ભાડેરના દરબાર (રાજા) વાઘજીભાઈને તમારી સાથે ભેળા કરવા માટે અમે અહીં સુધી અમારી સાથે જ લાવ્યા છીએ. હવે તેઓ આવતી કાલે પાછા જાશે. તેમણે અમારી ઘણી સેવા કરી છે. ૪૯. અમે એક કાલનો દિવસ અહીંયાં રહીશું. પછી તૈયાર થઈને તમારી સાથે ચાલશું; તો તે અંગે તમારો ત્યાંનો વિચાર મનમાં કરી રાખજો. ૫૦. શ્રીહરિએ જે કહ્યું તેને સાંભળીને માંચા ખાચર વગેરે દરબારો ખૂબ જ ખુશી થયા અને બોલ્યા કે, અમે જે કામ માટે આવ્યા છીએ તે બધું હૃદયનું પ્રભુ આપે જાણી લીધું. ૫૧. હે હરિ ! હવે આ બાબતમાં કોઈ ફેરફાર કરવો નહિ, આપ અમારી સાથે આવવાનું વચન (કોલ) આપો. આપ તો સાક્ષાત્ પરમેશ્વર છો, કોઈ બંધનમાં આપ આવો નહિ. ૫૨.

***ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના તૃતીય પૂરમાં 'સરધાર સરોવરમાં સ્નાન, વેરાભાઈએ કરેલી પૂજા અને દરબારોનો મેળાપ' એ નામે ઓગણસાઠમો તરંગ સમાપ્ત ॥૫૯॥***

## પૂર ત્રીજું : તરંગ - ૬૦

### શ્રીહરિએ રામાનંદસ્વામીની વર્ષી કરી, સરોવરે સભા અને હોમ કર્યો

શ્રીહરિએ સરધાર ગામના દરબારોને તે વખતે કહ્યું, જ્યાં અનુકૂળ સ્થાન હોય ત્યાં આ દરબારોને ઉતારા કરાવો. ૧. ત્યારે વેરાભાઈ બોલ્યા, મહારાજ સાંભળો, જ્યાં સારી રીતે સમાવેશ થઈ જાય એવા સ્થાનમાં અમે ઉતારો આપીએ છીએ. ૨. તરત જ શ્રીહરિ ઘોડે સવાર થયા. બીજા બધા ઘોડેસવાર દરબારો પણ સવાર થઈ ગયા. પછી વાજિંત્ર વાગવા લાગ્યાં અને પુરમાં આવ્યા. ૩. તે વેળાએ શ્રીહરિએ બધાં જરિયાની વસ્ત્ર શરીર ઉપર ધારણ કર્યાં હતાં. શોભાનો કોઈ પાર ન હતો. ગામવાસી સહુ લોકો તે જોઈને આશ્ચર્ય પામ્યા. ૪. પછી શ્રીહરિ પોતાના મુકામે આવ્યા. આવેલા બધા દરબારો ઉતારો કરવા ગયા. તેઓ ઉતારો કરીને ત્યાંથી પાછા શ્રીહરિની પાસે આવ્યા અને બધા સંતોને ઉલ્લાસથી પગે લાગ્યા. ૫. સહુએ મુક્તાનંદ સ્વામીને હાથ જોડીને કહ્યું, હવે શ્રીહરિની દોરી આપના હાથમાં છે. આપ અમારા ઉપર કૃપા કરો અને અમારી વિનંતી શ્રીહરિને કહી સંભળાવો. ૬. આપ સંત પરમ દયાળુ છો. આપનું હૃદય માખણના જેવું કોમળ અને કૃપાળુ છે. જેવા નારદમુનિ કહેવાય છે આપ તેના તે જ મુક્ત પુરુષ છો. ૭.

તેથી જ આપ શ્રીહરિનું મન કહેવાઓ છો, એટલા માટે આપ શ્રીહરિને અમારી 'આટલી વિનંતી' સંભળાવો. અમારા સહુના કુટુંબીઓ શ્રીહરિના દર્શનની વાટ જોઈ રહ્યા છે. ૮. બધા જ સત્સંગી થવા તૈયાર થયા છે. શ્રીહરિ આવશે જ એવી વાટ જોઈ રહ્યા છે. બધી જાતનાં પાપોને છોડી દેશે. શ્રીહરિ જે નિયમ પાળવાના કહેશે તે પ્રમાણે પાળીને સૌ રહેશે. ૯. સહુએ અમને મળીને સત્સંગ માટેનો કોલ આપ્યો છે. મુખથી નિશ્ચયનું વચન પણ કહ્યું છે. આવા વાતાવરણમાં જો શ્રીહરિ અમારે ત્યાં પધારે તો સહુને વધારે હેત થાય. ૧૦. આ રીતે બધા દરબારોએ જ્યારે કહ્યું ત્યારે મુક્તાનંદ સ્વામીએ જે સાંભળ્યું તે શ્રીહરિની પાસે એકાંતમાં જઈને કહ્યું. તે બધું શ્રીહરિએ સાંભળ્યું. ૧૧. સ્વામીની વાત સાંભળીને શ્રીહરિએ કહ્યું, "પરમેશ્વરે જેમ ધાર્યું હશે તેમ થાશે" જો તેઓ અમારી વાતને માનશે તો તેમને લગારેય દુઃખ નહિ

આવે. ૧૨. પ્રહ્લાદજી, પ્રિયવ્રત, બલિ, અંબરીષ, ધ્રુવ, નળ, નીલ, સુગ્રીવ, ગોપીઓ, ગોવાળો, પાંડવો વગેરે ભક્તો અને જરાસંધે જે રાજાઓને કેદ કર્યા હતા તે બધા રાજાઓ, જ્યારે ભગવાનને શરણે થયા હતા, ત્યારે શ્રીકૃષ્ણ પરમાત્માએ તેમને શત્રુના બંધનથી છોડાવ્યા હતા. ૧૩-૧૪.

**✷ શ્રીહરિની ભક્તવત્સલતા :**

**सोरठा : रक्षा में करुँ तेस, रखे विश्वास जो मोर ही;**
**इनमें नहिं संदेस, पाप मात्र दिये छोरीके...१५**
**में हुँ धर्म के लाल, धर्म तिहाँ निवास मोर;**
**में बचन देहुँ रहे पाल, तब तेहि संग निवास करुँ...१६**

તે બધાની જેમ જે મારામાં વિશ્વાસ રાખશે તેની હું રક્ષા કરીશ. એમાં કોઈ સંદેહ નથી. માટે પાપમાત્રને છોડીને અમારે શરણે આવવું જોઈએ. ૧૫. હું ધર્મનો પુત્ર છું. જ્યાં ધર્માદિક ગુણો હોય ત્યાં મારો નિવાસ હોય છે. હું જે વચન કહું તેને તેમણે પાળવું જોઈએ, તો હું તેમની સાથે નિવાસ કરું. ૧૬.

**चोपाई :**

**मोरे भक्त हे मोरे हि प्राना, तिनकु तेसे करी में माना;**
**भक्त के में सदा आधीना, भक्त मोय तेहि बाँधीके लीना...१७**
**मो संग प्रीति करे जन कोई, तिनसे कोटि गनी करुँ मोई;**
**निष्कपट जो तेहि रहावे, तिनसे मेरी प्रीत न जावे...१८**

મારા ભક્તો મારા પ્રાણ છે, એમ મેં મારા ભક્તોને માન્યા છે. હું સદાય ભક્તને આધીન છું, મારા ભક્તોએ મને બાંધી લીધો છે. ૧૭. કોઈ મનુષ્ય મારી સાથે પ્રીતિ કરે તો હું તે કરતાં કરોડગણું વધારે હેત તેને કરું છું. જે ભક્ત નિષ્કપટપણે રહે છે તેની સાથે મારી પ્રીતિ અખંડ રહે છે, ક્યારેય તૂટતી નથી. ૧૮. પરંતુ **કોઈમાં રંચમાત્ર પણ હું કપટ દેખું તો તેની સાથે મારે ક્યારેય પ્રીતિ રહેતી નથી. આવો મારો સહજ સ્વભાવ છે,** તે સર્વે મેં તમને કહી બતાવ્યો. ૧૯. શ્રીહરિનાં આવાં વચન સાંભળીને મુક્તાનંદ સ્વામી ખુશ થયા અને તેમણે તે વચનોને હિતકારી માન્યાં. મુક્તાનંદ સ્વામીએ પોતાના મનમાં જેમ શ્રીહરિએ કહ્યું તે વિચારીને એક નિરધાર કરી લીધો. ૨૦.

**ज्युं हरि मरजी तेसे करना, आप की मरजी त्याग हि करना;**
**जब हरिकु दिये तन मन प्राना, अपनो क्या अब रखना छाना...२१**

શ્રીહરિની જેમ મરજી હોય તેમ રહેવું. પોતાનું ધાર્યું છોડી દેવું. જ્યારે ભગવાનને તન, મન અને પ્રાણ બધું જ અર્પણ કરી દીધું છે, ત્યારે તેમનાથી અલગ ખાનગી (છાની) વાત શી રાખવી ? ૨૧. મુક્તાનંદ સ્વામીએ શ્રીહરિએ કહ્યું તે વાત ઉપર તરત "ઐસી ભક્તિ કરો મન મીતા." આઠ પદનું કીર્તન નવું જ રચ્યું. ૨૨.

**રાગ : કાફી**

**પદ-૧**

એસી ભક્તિ કરો હો મન મીતા, જાસે હોઉ પુનિતા વે;
બલિ હરિશ્ચંદ્ર મોરધ્વજ કો મન, પિપાજી અરું સિતા વે...૧
વિંધ્યાવલીસી ત્રિયા નાહીં, ત્રિભુવન પતિકું બંધન કીનો વે;
ત્રિભુવન છીન દેવકું દિનો, પ્રભુકો ન ઓગુન લિનો વે...૨
કુંતાજી દુઃખ માગીકે લીનો, એહી ભક્તિકી રીતિ વે;
વિષયાનંદ ન ચાહે સુપનમેં, જીનકે પ્રભુપદ પ્રીતિ વે...૩
એસી ભક્તિ વિના ભવજલકો, પાર ન પાયે કોઈ વે;
મુક્તાનંદ મિલે જબ સદ્‌ગુરુ, તબ યહ ભક્તિ હોઈ વે...૪

**પદ-૨**

એસી ભક્તિ કરો મન મેરા, જામે લેશ ન તેરા વે;
તેરે કૃત્યમેં તું સુખ પાવે, કૈસે મિટે ભવફેરા વે...૧
દુઃખમેં સુખ કરી માને મોહવશ, મિન પતંગ જ્યું મનવા વે;
એહી અવિદ્યા ઉરમેં પ્રેરક, તુરત ગુમાવે તનવા વે...૨
અબ લગી કૃત્ય કિયે સબ તેરે, તામેં ભયી ફજેતી ભારી વે;
કબઉં સ્વર્ગમેં કબઉં નરકમેં, ભાંડ ભેખ જ્યું સારી વે...૩
સદ્‌ગુરુ શબ્દ સોઈ તન તેરા, પંચભૂત પર પંચા વે;
મુક્તાનંદ એહી હરિ ભક્તિ, મન કૃત્ય રહે ન રંચા વે...૪

પછી શ્રીહરિ સભામાં આવ્યા. તેમને આવ્યા જોઈને બધી સભા ઊભી થઈ ગઈ. જ્યારે શ્રીહરિ પોતાના સિંહાસને આવીને વિરાજ્યા ત્યારે બધી સભા પોતાને આસને બેસી ગઈ. ૨૩. પછી સંધ્યા આરતી તથા "નારાયણ ધૂન" કરી. શ્રીહરિનો થાળ તૈયાર થયો ત્યારે બ્રહ્મચારી બોલાવવા આવ્યા. ૨૪. એટલે તરત શ્રીહરિ અલૈયા ખાચરનો હાથ પકડીને ઊઠ્યા. દરબારોને પણ પોતાની સાથે સભામાંથી ઊઠાડ્યા. શ્રીહરિના મનમાં અતિ ઉત્સાહ હતો. ૨૫.

શ્રીહરિ બાજોઠ ઉપર બેસીને થાળ જમવા લાગ્યા. તૈયાર કરાવેલી રસોઈ બધી પાસે મગાવી. સુંદર કંસાર કર્યો હતો. ૨૬. જે જે પાક બનાવ્યા હતા તેમાંથી પહેલાં શ્રીહરિ પ્રેમથી જમ્યા. રીંગણાનું સુંદર શાક ઘીમાં બનાવ્યું હતું. ૨૭. શ્રીહરિએ જમીને ચળુ કર્યું પછી તુરંત જ તે સ્થળે બધા દરબારોને જમવા બેસાડ્યા. ૨૮. શ્રીહરિ સ્વયં પીરસવા લાગ્યા. જે વસ્તુને માગતા તેને તે પીરસતા. જ્યારે બધા દરબારો જમી રહ્યા ત્યારે દૂધમાં સાકર નાખી. ૨૯. શ્રીહરિએ સૌની રુચિ પ્રમાણે ભાત પીરસ્યો અને પછી ધાર કરીને દૂધ ઘણું પીરસ્યું. દૂધની રેલમછેલ મચાવી. દરબારો ઉપર ઘણું હેત દેખાડ્યું. ૩૦. જ્યારે દરબારોએ જમીને ચળુ કર્યું ત્યારે શ્રીહરિ પોતાને ઉતારે આવ્યા. સરધારના દરબાર તોંગાભાઈ અને વેરાભાઈને તથા મોટેરા સંતોને બધાને બોલાવ્યા. ૩૧. સત્સંગના નાથ આવા શ્રીહરિએ સહુને પૂછ્યું, આવતી કાલે માગશર સુદિ તેરશનો દિવસ છે, તે રામાનંદસ્વામીનો વર્ષીનો દિવસ છે. ૩૨. તો બધા બ્રાહ્મણોની ચોરાશી કરીએ અને બધા હરિભક્તોને નોતરાં આપીએ. તેનો જે ખર્ચ થાય તે અમે અપાવશું. ૩૩.

ત્યારે સરધારના દરબારે બે હાથ જોડ્યા. ગદ્‌ગદ કંઠ થઈને બોલ્યા, હે બહુનામી સ્વામી ! આપ સાંભળો, અમે આપના શિષ્ય છીએ. ૩૪. અમારા ઘરમાં જે કાંઈ છે તે બધું આપનું જ છે. ત્યારે શ્યામદાસ નામે એક સાધુ, જે સરધારમાં રહેતા હતા ૩૫. તેઓએ જ્યારે આ વાત સાંભળી ત્યારે ત્યાં આવ્યા હતા. તે શ્રીહરિના ચરણકમળમાં નમ્યા. હાથ જોડીને અપાર વિનંતી કરી. અમે મંદિરવાળા વૈરાગી સાધુ છીએ. ૩૬. રામાનંદસ્વામી અમારા ગુરુ હતા અને મુકુંદદાસ મારા શિષ્ય હતા. તેમને મેં સ્વામીને અર્પણ કર્યા હતા.

૩૭. રામાનંદસ્વામીએ મને કોલ આપ્યો છે કે "તમને હું પાસે રાખીશ" એ કોલ કર્યા પછી અમે રામાનંદસ્વામીના દાસ (સેવક) થયા છીએ. ૩૮. એટલે અમે પણ હરિભક્ત છીએ, સ્વામીના દાસ છીએ. તેથી હાથ જોડીને વિનંતી કરીએ છીએ, આપની પાસે માગીએ છીએ તો આપ કૃપા કરીને મને તે વચન આપો. ૩૯. આવતી કાલે સાધુ, બ્રાહ્મણ અને હરિભક્તોને જમાડવાનો જે ખર્ચ થશે તે અમે આપશું. હું તે હાથ જોડીને માગું છું. ૪૦.

પછી તે વેળાએ ગામમાંથી બ્રાહ્મણોને બોલાવ્યા. બધા ખર્ચનો નિર્ધાર કર્યો. તત્કાળ જઈને તે લઈ આવ્યા અને કહ્યું, "દયાળુ ! બીજું જે જોઈએ તે કહેજો." ૪૧. આ અમારું જે મંદિર છે તે બધું મેં મુકુંદદાસને લખી આપ્યું હતું. આમાં મારું કાંઈ નથી. જે કાંઈ છે તે આપનું જ છે એમ જાણવું. ૪૨. જ્યારે અધરાત થવા આવી ત્યારે શ્રીહરિએ સહુને સૂઈ જવા માટે રજા આપી. બધા લોકો જઈને સૂઈ ગયા અને સંતો ભજન કરવા લાગ્યા. ૪૩. આમ બધો વિચાર કરતા સવાર થયું. બધા વિપ્રોને નોતરાં આપ્યાં. સહુ માટે રસોઈ ભેળી જ કરાવી. સરોવરને કિનારે જ્યાં છાંયો હતો ત્યાં બધુ કર્યું. ૪૪. શ્રીહરિએ સરોવરને કાંઠે જઈને સભા કરી. સહુ સ્નાન કરીને આવ્યા અને ત્યાં બેઠા. એક ઊંચો મંચ કરાવ્યો. તેના ઉપર પલંગ બિછાવ્યો. ૪૫. સુખનું મૂળ શ્રીહરિ આવીને તે પલંગ ઉપર વિરાજમાન થયા. જેમ પૂર્ણ ચંદ્ર શોભે તેમ સભામાં શોભતા હતા. વિવિધ પ્રકારના શણગાર ધાર્યા હતા. તેથી અપાર શોભા થઈ હતી. તેનો કોઈ પાર લઈ શકતું નહિ. ૪૬.

ત્યાં સંતોની અને હરિભક્તોની મોટી સભા થઈ. અપાર નરનારી હરિભક્તો સભામાં બેઠાં. સહુ પોતપોતાની મર્યાદા પ્રમાણે સુજ્ઞ ભક્તો બેઠા હતા. ૪૭. સહુ દરબારો શ્રીહરિની પાસે આવીને બેઠા. મનમાં આનંદ-ઉલ્લાસ ઘણો હતો. શ્રીહરિની મૂર્તિમાં સહુને પ્રેમ હતો. તેથી હરિભક્તો આવીને પૂજા કરવા લાગ્યા. ૪૮. વિવિધ પ્રકારનાં વાજિંત્ર વાગતાં હતાં. મહાન ઉત્સવ સર્વત્ર પ્રસરી રહ્યો હતો. અનંત બ્રહ્માંડોની શોભા પણ આ પ્રસંગની શોભાની આગળ કાંઈ જ ન કહેવાય. ૪૯. વિપ્રોએ ત્યાં વેદમંત્રોનો ઉચ્ચાર કરીને હોમ કર્યો. સામવેદના મંત્રોનું ગાન લગાતાર ચાલી રહ્યું હતું. ૫૦. હરિભક્તો

મંગળમય ધોળ રાગનાં કીર્તન ગાતા હતા. તે સમયની ત્યાં એવી મહાન શોભા બની હતી કે તેને દેખીને દેવતાઓ પણ આશ્ચર્ય-ચકિત થઈ જતા હતા. ૫૧. વિશાળ યજ્ઞ થઈ રહ્યો છે, આવું સાંભળી ચારે બાજુનાં ગામોના વિપ્રો તત્કાળ આવવા લાગ્યા. શ્રીહરિએ તે બધાને માટે સુંદર રસોઈ કરાવી હતી. ૫૨.

***ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના તૃતીય પૂરમાં 'શ્રીહરિએ રામાનંદ સ્વામીની વર્ષી કરી, સરોવરે સભા અને હોમ કર્યો' એ નામે સાઈઠમો તરંગ સમાપ્ત ||૬૦||***

## પૂર ત્રીજું : તરંગ - ૬૧

### શ્રીહરિએ અભયદાન આપવા સદાવ્રત બંધ કર્યાં અને સરધારથી નીકળ્યા

જ્યારે રસોઈ તૈયાર થઈ ત્યારે વિષ્ણુને નૈવેદ્ય ધરાવ્યું. પછી કુશળ વિપ્રો શ્રીહરિની પાસે પૂછવા-આજ્ઞા લેવા માટે આવ્યા. ૧. હવે રસોઈ તૈયાર થઈ ગઈ છે. સુખદાયક આપ આવીને આજ્ઞા આપો અને થાળ જમો. ૨. આપના પછી સહુ સંતો જમે, અમે બધા પછી જમશું. જે ત્યાગી સંતો હોય તે પહેલાં જમી લે. તેનો અમારે કોઈ બાધ નથી. ૩. અમે સહુ જાતિએ બ્રાહ્મણ છીએ, સંધ્યા સમયે અમે જમશું. અત્યારે કોઈને જમવાની રુચિ નથી. એમ સહુ વિપ્રો પ્રસન્ન મનથી કહે છે. ૪. સહુ સંતોને જમવા માટે જોઈએ તેટલી રસોઈ મગાવી લેવી. તે પછી જે જે થાળ ભરીને ભોજન લાવ્યા હતા તેમાંથી શ્રીહરિ તત્કાળ જમ્યા. ૫.

શ્રીહરિએ જમીને ચળુ કર્યું. પછી સહુ સંતોને જમવા બેસાડ્યા. શ્રીહરિએ ઘણા જ હેતથી સહુ સંતોને લાડુ પીરસ્યા. ૬. તે સમયે શ્રીહરિએ કહ્યું, સ્વામી સ્વધામ ગયા તેને આજ એક વરસ પૂરું થયું. બધા સત્સંગના દેશમાં ફરવાનું હતું પણ હજી અધૂરું રહી ગયું છે. ચાલીશ કોશ (૧૨૦ કિ.મિ. લગભગ) જેટલા પ્રદેશમાં ફરતા એક વરસ વીતી ગયું છે. હજી ફરવાનો દેશ આગળ ઘણો બાકી છે. ૭. સંતો બધા સદાવ્રતોમાં રોકાઈ રહ્યા

છે. તેથી હરિભક્તોને સત્સંગ કરાવવાના ઉપયોગમાં આવતા નથી. **જીવને ભગવાનને સન્મુખ જે કરવો તેના જેવું બીજું કોઈ પુણ્ય નથી.** ૮.

**चोपाई :**

**चार वेदकु पढही जोई, सब जज्ञ ताकु करही कोई;**
**जितनेउ तपकु करही जेहा, जितने दान देवावत केहा...१०**
**एक जनकु अभय हि करना, सोले भाग न आवत धरना;**
**एसो हे परम पुन्य हि तेहू, इनकी बरोबर होत न केहू...११**

તે ભાગવત તૃતીય સ્કંધના સાતમા અધ્યાયના ચાલીશમાં શ્લોકમાં વિદુરજીએ મૈત્રેય ઋષિને કહ્યું છે. ૯. કોઈ ચાર વેદોને ભણે, બધા યજ્ઞોને કરે, જે કહ્યું હોય તે બધું તપ કરે, જેટલાં દાન અપાતાં હોય તે બધાં આપે અને બધાં જ વ્રત કરે; ૧૦. પણ એક જીવને અભયદાન કરવું તેના સોળમાં ભાગ જેટલું પણ તે પુણ્ય નથી. અભયદાન આપવાનું આવું શ્રેષ્ઠ પુણ્ય છે, એટલે તેની તુલ્ય બીજા કોઈ સાધન થઈ શકતાં નથી. ૧૧.

તમે તમારા દિલમાં વિચારી જુઓ. અભયદાન આપવું - સત્સંગ કરાવવો તે અધિક સારું છે એમ જો જણાય તો વિચારીને કહેજો. મેં મારા દિલમાં તો આવો ઠેરાવ (નિશ્ચય) કરી જ લીધો છે. સદાવ્રત તો દેશોદેશમાં બધે છે. ૧૨. **અન્નનું દાન કરનારા તો ધર્મી અને અધર્મી લોકો ઘણા છે, પણ જીવને અભયદાન કરનારા આ જગતમાં કોઈ નથી. ૧૩. અન્નદાનથી કીર્તિ થાય છે, પણ તે આ લોક પૂરતી જ છે પરલોકમાં કામ લાગતી નથી. અને અભયદાન તો આ લોકમાં અને પરલોકમાં બંનેમાં કામ લાગે છે. માટે અન્નદાન કરતાં અભયદાન અધિક છે. ૧૪.** જેના ઘરમાં જ પારસમણિ મળે તે તેને છોડીને બીજો વેપાર-ધંધો કરે તે કાંઈ બુદ્ધિમત્તા નથી. તેવું જ આ વાતમાં પણ છે. ૧૫.

જેના ઘરમાં જેવી સંપત્તિ હોય તેવો તે વેપાર-ધંધો કરે છે. એવી રીત જગતમાં રહી છે. મેં બધા જગતમાં નજર કરીને જોયું. ૧૬. આપણો ધર્મ ત્યાગ જ છે અને આ સદાવ્રત દેવું તે ગ્રહસ્થનો ધર્મ છે. તમે જો તે કરશો તો તમારો ત્યાગ જતો રહેશે. અને ત્યાગી થઈને તમે ઘર બાંધશો, કહેતા ગ્રહસ્થ

જેવા થઈ જશો. ૧૭. સદાવ્રત આપવાનું ફળ અંતે ત્યાગ જતો રહે તે જ છે. આમાં રતીભાર પણ સંદેહ નથી. મને ધર્મ બહુ પ્યારો છે. ધર્મને માટે તો અમે દેહ ધાર્યો છે, અવતાર લીધો છે. ૧૮. **જેમાં અધર્મ લેશમાત્ર પણ આવે એવો ઉપદેશ હું કરતો નથી.** શ્રીહરિની આવી વાણી સાંભળીને સહુ સંતોએ તેને પ્રમાણ કરી લીધી અર્થાત્ માની લીધી. ૧૯. પછી સહુ સંતોએ હાથ જોડીને કહ્યું, આપ જેમ કહો તેમ અમે કરીએ. ત્યારે શ્રીહરિ ઘણા જ ખુશ થયા અને સહુને છાતીએ ચાંપીને ભેટ્યા. ૨૦. પછી શ્રીહરિએ મુક્તાનંદ સ્વામી પાસે, જોઈ તપાસ કરાવીને, જેટલાં સદાવ્રત હતાં તેટલા પત્ર લખાવ્યા. ૨૧.

પત્રોમાં પહેલાં જે મોટેરા અને બુદ્ધિમાન સંતો હતા તેમનાં નામ લખાવ્યાં. પછી સુખધામ શ્રીહરિએ પર્વતભાઈ આદિ આગેવાન હરિભક્તોનાં નામ લખાવ્યાં. ૨૨. તેના પછી શ્રીહરિનું નામ લખાવ્યું. જેથી કોઈ ફરીને તેમાં શંકા કરે નહિ. પત્રમાં લખ્યું કે “જે સંતો સદાવ્રતનું કામ કરવામાં રહેલા છે તેમણે આ અમારો પત્ર વાંચી-સાંભળીને ગામમાં જે મોટેરા-મુખ્ય હરિભક્ત ગૃહસ્થ હોય તેમને બોલાવીને સદાવ્રતનો બધો સામાન સોંપી દેવો, એક રતીભાર પણ છુપાવી રાખવો નહિ. ૨૩-૨૪. સંતોએ ગૃહસ્થને હેતથી કહેવું કે આ પરોપકારનું કામ છે તો કોઈ એક માણસ રાખીને તેને કરાવતા રહેજો. ૨૫. રામાનંદસ્વામી એમ કહી ગયા છે કે ‘અમે હોઈએ ત્યાં સુધી આ સદાવ્રત ચલાવવાં. પછી તો આનાથી બંધન થઈ શકે છે. ૨૬.

અમારા પછી કોઈ સદાવ્રત રાખશો નહિ. જો રાખશો તો બંધન થશે.’ સ્વામીનાં આવાં વચન છે તેને સમજી-વિચારીને આપણા હિત માટે સદાવ્રતોનો ત્યાગ કરીએ છીએ. ૨૭. આવું કરીને બધા સુબુદ્ધિ સંતોએ અમારી પાસે આવવું, તમે સહુ મહાન બુદ્ધિમાન છો. થોડું લખ્યું છે, ઝાઝું માનજો.” (આવો પત્ર શ્રીહરિએ સદાવ્રત ચલાવનારા સંતો પ્રત્યે લખાવ્યો) ૨૮. જ્યારે સંધ્યા સમય થવા આવ્યો ત્યારે સહુ વિપ્રો જમવા બેઠા. જ્યારે બધા વિપ્રો જમી રહ્યા ત્યારે બધા હરિભક્તોને જમવા માટે બેસાડ્યા. ૨૯. બધા જ હરિભક્તોએ જમી લીધું ત્યારે વિપ્રોને ભારે દાન અપાવ્યાં. બધા બ્રાહ્મણોને તે વેળાએ ઘણો જ આનંદ થયો અને સહુ “સહજાનંદ સ્વામીની

જય" આવું બોલવા લાગ્યા. ૩૦. વળી કહ્યું, "આપનો પ્રતાપ દિન પ્રતિદિન અધિક ને અધિક વધતો રહે. તે ચૌદલોકમાં છવાઈ જાય." એવા સહુએ આશીર્વચન આપ્યા. શ્રીહરિએ સહુ વિપ્રોને અતિ ખુશ કર્યા. ૩૧. તે પછી જે હરિભક્તો આવ્યા તેમણે શ્રીહરિની આગળ ભેટ ધરી. તેમાં પહેલાં સહુ દરબારોએ ભેટ ધરી. અને રાજીપાના રૂપમાં સહુએ શ્રીહરિનાં ચરણોને પોતાની છાતીમાં ચાંપ્યાં. ૩૨. હરિભક્તો હજી જ્યાં પૂજા કરતા હતા ત્યાં અધરાત થવા આવી. અને ત્યાં સુધી સંતોએ સુંદર વાજિંત્ર વગાડીને કીર્તન ગાયાં. ૩૩. તે પછી મહાન પરમ સુખદાયક શ્રીહરિ આવીને ઘોડે સવાર થયા. વાજિંત્ર વાગતાં હતાં અને ગામમાં પધાર્યા. સહુ ભક્તોને આ રીતે ખૂબ જ આનંદ આપ્યો. ૩૪.

**यह हरि के चरित्र ही जोई, सुने सुनावे गावे कोई;**
**तेहि जन सुख संपत सब पावे, जमकिंकर तेहि निकट न आवे...३६**

આ પ્રમાણે અલૌકિક સમૈયો થયો. તેનું વર્ણન શેષ સહસ્ર મુખે કરે તોપણ પાર પામે નહિ. ગામોગામથી આવેલા અપાર સારા મનુષ્યો જે હતા તે સહુ સત્સંગી થયા. ૩૫. શ્રીહરિનાં ઉપર કહ્યાં તે ચરિત્રોને જે કોઈ મનુષ્ય શ્રદ્ધાથી સાંભળે, સંભળાવે કે ગાય તો તે મનુષ્ય બધી જ સુખ-સંપત્તિને પામે છે અને જમદૂત તો તેની નજીક પણ આવી શકે નહિ. ૩૬.

શ્રીહરિ પોતાને મુકામે પધાર્યા. આવેલા હરિભક્તોને ઘેર જવા રજા આપી. અને કહ્યું કે, પોતપોતાના ગામના સહુ ભક્તો સાથે જ ચાલજો. ૩૭. કોઈએ એકલા ચાલવું નહિ. દિલમાં દુષ્ટોનો ડર રાખવો. રસ્તામાં ગાફલ રહેવું નહિ. જો ગાફલ રહે તો માર ખાવો પડે. ૩૮. તમે સહુ અમારા થયા છો એટલે અમે તમારા હિતની ભલામણ કરીએ છીએ. આ પોતાના હિતનાં વચન છે એમ વિચારીને અમારાં વચનને માનવાં. ૩૯. તે વેળાએ બધા જ હરિભક્તો એમ બોલ્યા કે "હે મહારાજ ! અમે સદા તમારા જ રહીએ, એવી અમારા ઉપર અખંડ કૃપા રાખજો. ૪૦. હરિભક્તો બહુ જ વિવેકી છે. તેઓ મનમાં પ્રેમ કરી, બે હાથ જોડી વિનય ભાવે શ્રીહરિને કહેવા લાગ્યા, હે મહારાજ ! આપ કૃપા કરીને એકવાર અમારે ગામ અવશ્ય

પધારજો. સંતોને વરસોવરસ મોકલજો. સંતો આવશે તો જ અમે સત્સંગમાં એક સરખા રહી શકશું. ૪૧-૪૨.

**સત્સંગનું કારણ તો સંતો છે. જો સંતો સતત વિચરતા રહે તો જ અમારામાં સત્સંગનો રંગ રહે.** જેમ ગંગાજળ વસ્ત્રને ધોઈને શુદ્ધ-પવિત્ર કરી દે છે તેમ સતત વિચરતા રહેતા સંતો, લોકોના દોષોને કાપીને સત્સંગના રંગને ચમકતો રાખે છે. ૪૩. ઈન્દ્ર વરસમાં એકવાર આવીને ઘણો સારો વરસાદ વરસાવે છે તો તેનાથી બધા પ્રાણીઓ જીવી શકે છે. વરસાદ વિના તો મોટો રાજા પણ ધૂળધાણી થઈ જાય, ૪૪. તો બિચારા રાંક તો શું લેખામાં ? તે તો એક જ ઘડીમાં ઊડી જાય. તે જ રીતે સંતનો યોગ વરસાદ સમાન છે. સંતો વિનાના સત્સંગનો રંગ એક પલક વારમાં જ ઊતરી જાય છે. ૪૫. જ્યારે તે સત્સંગનો પાકો રંગ ચઢી જાય તો પછી તે ક્યારેય ઊતરે નહિ.

ત્યારે શ્રીહરિએ કહ્યું, "સંતો તમારે ગામ આવશે. તમે બધા સત્સંગનું બળ રાખજો." ૪૬. શ્રીહરિ પછી પોઢી રહ્યા અને સહુ હરિભક્તો ચાલતા થયા. સંતો શ્રીહરિનું ધ્યાન કરવા લાગ્યા અને કોઈ સંત શ્રીહરિના સ્વરૂપના પ્રેમરસનું પાન કરવા લાગ્યા. ૪૭. આમ સમય પસાર થતા સવાર થઈ ગયું. ત્યારે શ્રીહરિએ બધી તૈયારી કરી. આગલે દિવસ પત્રો લખ્યા હતા તે બધાને રવાના કરી દીધા. અને બધા કાઠી દરબારો તૈયાર થઈને આવ્યા. ૪૮. શ્રીહરિની સાથે ચાલવા માટે બધા સંતો તૈયાર થઈ ગયા. અને અનંત ભુવનના પતિ જગન્નાથ શ્રીહરિ ચાલવા માટે ઘોડે સવાર થયા. ૪૯. જાત જાતનાં વાજિંત્ર વાગવા લાગ્યાં. અપાર શોભા બની રહી હતી. સરધાર ગામના દરબાર તોંગાભાઈ તુરત શ્રીહરિની મનુવાર (વિનંતી) કરવા આવ્યા. ૫૦. શ્રીહરિએ દરબારને બોલાવ્યા. મહાન પ્રેમરસથી તેમને ખુશ કરી દીધા. પછી ચાલતા થયા. બધા સરધાર ગામની બહાર આવ્યા. ૫૧. ગામના બધા લોકો શ્રીહરિના ચરણોમાં પડ્યા. તેમને પાછા વાળીને શ્રીહરિ આગળને રસ્તે ચાલતા થયા. ૫૨.

***ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના તૃતીય પૂરમાં 'શ્રીહરિએ અભયદાન આપવા સદાવ્રત બંધ કર્યાં ને સરધારથી નીકળ્યા' એ નામે એકસઠમો તરંગ સમાપ્ત ॥૬૧॥***

## પૂર ત્રીજું : તરંગ - ૬૨

## શ્રીહરિ આટકોટમાં ટીમણ કરી ધામધૂમથી કોટડા પધાર્યા

ધર્મકુમાર શ્રીહરિ સરધારથી ચાલ્યા, આટકોટ ગામ આવ્યા. ત્યાં ભાદર નદીને દેખી. તે વખતે તેમાં સ્નાન કર્યું. ૧. શ્રીહરિની સવારી દેખીને ગામના બધા લોકો દોડી આવ્યા. શ્રીહરિનાં દર્શન કર્યાં. બીજા લોકોએ તો આ કોઈ રાજા છે એમ માનીને જોયા. ૨. એક ઘોડેસવારે આગળ જઈને કોટડામાં સમાચાર આપ્યા કે શ્રીસહજાનંદ સ્વામી આટકોટ પધાર્યા છે. ૩. પીઠાવાળા નામના કોટડાના દરબાર(રાજા) હતા. તેમણે સમચાર સાંભળ્યા એટલે પાંચ દીકરાઓની સાથે તૈયાર થયા. ૪. તે સિવાય બીજા પણ ઘોડેસવાર અપાર સાથે લીધા. શ્રીહરિની સન્મુખ સહુ ચાલ્યા, તે આટકોટ આવીને મળ્યા. અને હરખભેર શ્રીહરિના ચરણોમાં સહુ પડ્યા. ૫. આટકોટ ગામના જે ભાવિક લોકો હતા તેઓ દસ મણ જેટલું તો પકવાન લઈ આવ્યા અને મનમાં ઘણો સ્નેહ હોવાથી બીજું ચવાણું પણ લાવ્યા. ૬.

આટકોટમાં રહીને સહુએ ટીમણ(નાસ્તો) કર્યું. પછી પરમ પ્રવીણ શ્રીહરિ તૈયાર થયા. શ્રીહરિ જે જમ્યા તેનો પ્રસાદ પીઠાવાળાને આપ્યો. ૭. તેનાથી પીઠાવાળા ઘણા ખુશ થયા અને બોલ્યા, “મારાં ધન્ય ભાગ્ય છે. તેથી શ્રીહરિએ બહુ કરુણા કરીને મને અલૌકિક લહાવો આપ્યો.” ૮. તે પછી બધી સવારી ચાલતી થઈ. તેમાં શ્રીહરિ સહુથી વિશેષ શોભતા હતા. સાથેના સંતો વાજિંત્ર વગાડતા હતા. તુરાઈ અને રણસિંગી ગાજી રહ્યાં હતાં. ૯. શ્રીહરિએ બધાં જરિયાની વસ્ત્ર પહેર્યાં હતાં અને જરિયાની સાજ-સામાનથી અશ્વને પણ શણગાર્યો હતો. આગળના ભાગમાં ચોપદાર નેકી પોકારતો હતો. અને ઘોડાની ઘુમર એક સરખી બની રહેલી હતી. ૧૦. સવારોએ સોનેરી કવચ પહેર્યાં હતાં અને હાથમાં ભાલા અતિ શોભતા હતા. તલવાર અને ઢાલ પણ બધાં સોનેરી હતાં. અને ઘોડા ઉપરનાં બધાં પલાણ પણ સોનાથી શોભતાં બન્યાં હતાં. ૧૧. બોકાની બાંધેલી પાઘ સોનેરી હતી. એ બધા ઘોડેસવારો શ્રીહરિની સાથે ધીરે ધીરે ચાલતા હતા. ઘોડાના હણહણાટનો ધ્વનિ ગાજી રહ્યો હતો. તે સમયે શ્રીહરિના મસ્તકે છત્ર ધારણ કરેલું હતું. ૧૨.

**❋ મૂર્તિ વર્ણન :**

છત્ર અત્યંત શુદ્ધ સુવર્ણનું બનેલું હતું. તેથી તે ઝગમગ ઝગમગ ઝળકી રહ્યું હતું. છત્રની આખી દાંડી રત્નોએ જડેલી હતી. તેની કાંતિ ચારે બાજું પ્રસરતી હતી. ૧૩. મસ્તક ઉપર મહાન સોનેરી પાઘ હતી. ઉપર ગુચ્છાદાર કલગી હતી અને તેમાં મોતીના તોરા લટકતા હતા, તેની શોભાનો કોઈ પાર જ ન હતો. ૧૪. છાતી ઉપર મોતીના હાર નાભિ સુધી લટકતા દેખાતા હતા. તે સિવાય સોનાની ઘણી માળાઓ પહેરી હતી. કાંડાંમાં કડાં અને બાજુબંધ નંગજડાઉ હતાં. ૧૫. મકરાકાર કુંડળ પહેર્યાં હતાં, તે ગાલ પાસે લટકતાં હતાં. આંખો કમળની પાંખડીના જેવી હતી અને નાસિકા દીવાની જ્યોત જેવી અને મણિના જેવી હતી. ૧૬. હોઠ પાકાં ઘિલોડાના જેવા અને દાંત દાડમની કળીઓના સમાન હતા.

તે ઘણા ઝગમગતા હતા, જેમાં જોનારા ભક્તનું મન ઠરી જતું હતું. ૧૭. હાથમાં મોતીથી જડેલી છડી હતી અને દસે આંગળીઓમાં વેઢ પહેરેલા હતા. પગમાં સોનાનાં ઝાંઝર પહેર્યાં હતાં અને ચરણમાં મોતી ભરેલી મોજડીઓ પહેરી હતી. ૧૮. ઘોડાના માથા ઉપર ભારે કલગી અને સોનાનો ચમકતો મોરો મુખમાં હતો. પગમાં ભારે ઝાંઝર પહેરાવ્યાં હતાં. તે ઘમઘમ કરતા અવાજથી ગાજી રહ્યાં હતાં. ૧૯. દરબારો શ્રીહરિની સાથે હાસ્યવિનોદ કરતા અને રમૂજ કરીને આનંદ માણતા હતા. શ્રીહરિની મરજી દેખીને કંઈક ટીખળ કરતા. ૨૦.

કાઠી દરબારો શ્રીહરિની મરજી જાણવામાં મહાન ચકોર હતા. તેમના જેવો બીજો કોઈ મરજી જાણવામાં ચકોર ક્યાંય નહિ મળે. અક્ષરધામના જે પાર્ષદો છે તે જ અહીં રાજાના રૂપમાં થયા છે. તે દરબારો શ્રીહરિની સાથે તરત જ એવા તો મળી-ભળી ગયા કે માનો અનાદિકાળના સંગાથી ન હોય ! તેમણે શ્રીહરિની સાથે મન એક કરી દીધું અને તન તથા મનને યથાર્થરૂપમાં અર્પણ કરી દીધાં હતાં. ૨૧-૨૨. શ્રીહરિ પણ તેમની સાથે એવા મળી ગયા કે આ કોઈ જુદી જાતિના છે, એમ ઓળખી શકે નહિ. એક કુટુંબની જેમ હળીમળી ગયા. એક રતીભાર પણ જુદા ન રહ્યા. ૨૩. પરસ્પર અપાર હેત

કર્યું. તેમણે શ્રીહરિને ઘરબાર પણ અર્પણ કરી દીધાં. સહુ હાસ્યવિનોદ કરતા ગામની પાસે આવ્યા. તે સમયે ત્યાં ગામના લોકો આનંદ-ઉલ્લાસથી સામે આવ્યા હતા. ૨૪. વિવિધ પ્રકારનાં અપાર વાજિંત્ર વાગવા લાગ્યાં. જરિયાની નિશાન શોભતાં હતાં. સહુ ગામને દરવાજે આવ્યા. ૨૫. ગામને ચારે તરફ કિલ્લો હતો તેમાં બુરજ મૂક્યા હતા. અનંત ફૂલબાગો અને વિવિધ પ્રકારનાં વૃક્ષો અતિશય શોભી રહ્યાં હતાં. ૨૬. જાત જાતનાં પંખીઓ ત્યાં કલરવ કરી રહ્યાં હતાં. શોભા કરવા માટે મૂકેલી કેળ અને શેરડીના સાંઠાઓનો તો કોઈ પાર ન હતો. ૨૭. કિલ્લામાં દરવાજાઓ ઘણા ઊંચા હતા. બારણાની મજબૂતી માટે ચિત્રવિચિત્ર પ્રકારના લોઢાના ખીલા તેમાં જડ્યા હતા. આવા તે દરવાજા શોભતા હતા. ૨૮.

કોટડા ગામની બજારો શણગારી હતી. ઘરને દરવાજે મોતીનાં તોરણ હતાં. પ્રત્યેક દરવાજે કેળના સ્તંભ રોપાવેલા હતા. તેમજ વિચિત્ર પ્રકારની ધજાઓ અને પતાકાઓ બાંધી હતી. ૨૯. તે વેળાએ કેસરી ચંદનથી દરવાજાઓ લીંપાવ્યા હતા. અને મોટા સોનેરી કળશોને સારા શણગારીને દરવાજે સ્થાપ્યા હતા. ૩૦. કળશના ઉપર કુંકુમ અને અક્ષતથી શોભાડેલાં નાળિયેર મૂકવામાં આવ્યાં હતાં. ધરો(દુર્વા), પાંચ પલ્લવ, જવારા અને સોપારી વગેરે પણ તેમાં મૂકેલાં હતાં. ૩૧.

અનંત બ્રહ્માંડના ભૂપ શ્રીહરિ પધારે છે એવા સમાચાર સાંભળીને લોકોએ અનુપમ શણગાર સજ્યા હતા. જાત જાતનાં ફૂલો લાવીને ગામની મુખ્ય બજારને સુંદર રીતે શણગારી હતી. ૩૨. કેસર કસ્તૂરીથી સુગંધી પાણી તૈયાર કરીને બધી બજારોમાં તે છાંટી દીધું. જ્યારે શ્રીહરિએ **કોટડા** ગામમાં પ્રવેશ કર્યો ત્યારે સંપૂર્ણ રીતે શોભા ધારણ કરી હતી. ૩૩. સૌની આગળ વાજિંત્રો વાગતાં હતાં. તેની પાછળ સંતમંડળ ચાલતું હતું. તેમની પાછળ હાથમાં બંદૂકો ધારી રહેલા પાર્ષદો હતા. ૩૪. તે પછી હાથમાં સોનાની છડી લઈને ચાલતો ચોપદાર શ્રીહરિની આગળ છડી પોકારતો હતો. તે પછી અપાર ઘોડેસવારો હતા. આગળ અને પાછળ અપાર લોકો ચાલતા હતા. ૩૫. તેઓ બધા મુખથી શ્રીહરિના ગુણકીર્તનનું ગાન કરતા હતા. શ્રીહરિનાં

દર્શન કરીને સૌ શરીરનું ભાન ભૂલી જતા હતા. ગામની સ્ત્રીઓ ભેળી થઈને મંગળ ગીતો ગાતી હતી. સહુના હૃદયમાં આનંદ સમાતો ન હતો. ૩૬.

શ્રીહરિ કોટડા ગામમાં પધાર્યા ત્યારે બધે 'જય જયકાર' થઈ ગયો. લોકો હાથ જોડીને પગમાં પડતા હતા. તેમની અપાર ભીડ થઈ હતી. ૩૭. ગોખમાં, અટારીઓ ઉપર અને બજારમાં બંને બાજુએ અપાર લોકો ભેળા થયા હતા અને તેની શોભા અતિશય થઈ હતી. ૩૮. શ્રીહરિને હાથી ઉપર વિરાજેલા જોઈને બધા લોકોને સમાધિ થઈ. બંધાઈ ગયેલી સૌની મનોવૃત્તિ શ્રીહરિની મૂર્તિમાં એકરસ થઈ ગઈ. ૩૯. ફૂલ અને મોતીના થાળ ભરીને ગોખ અને અટારીમાં સ્ત્રીઓ ચઢી હતી. તે તેનાથી ધર્મપુત્ર શ્રીહરિને વધાવતી હતી. અને પુષ્પની માળા પહેરાવતી હતી. ૪૦.

ગામના બધા વેપારીઓ હાથમાં નાળિયેર લઈને આવ્યા હતા. તે અર્પણ કરતા અને પુષ્પના હાર પહેરાવીને પગે લાગતા હતા. અનેક વાર બંદૂકો ફૂટતી હતી અને ઉડાડેલા ગુલાલની અપાર ડમરી ચડી હતી. ૪૧. વાજિંત્રોની ધૂમ મચી હતી. એ બધા શબ્દો આકાશમાં ગર્જી રહ્યા હતા. તે સાંભળીને બધા દેવતાઓ આકાશમાં આવ્યા અને તે જ સમયે શ્રીહરિ ગામમાં પધાર્યા. ૪૨. દરબાર પીઠાવાળા શ્રીહરિને દરબારગઢમાં લાવ્યા અને પોતાના ભવનમાં જ ઉતારો કરાવ્યો. ત્યાં એક સોનેરી તખત બિછાવ્યું હતું. શ્રીહરિ આવીને તેના ઉપર વિરાજમાન થયા. ૪૩. દરબારગઢમાં જેટલા ઓરડાઓ હતા. તે બધામાં સર્વ સંતોને ઉતાર્યા. સાથે આવેલા બધા ઘોડેસવાર દરબારોને પીઠાવાળાએ ચોપાટમાં ઉતાર્યા. ૪૪.

તે વખતે ઘણી સારી રસોઈ કરાવી. જલેબી, મોતીચૂર અને સાટા વગેરે બધા પાક વિપ્ર પાસે ખડી સાકરથી બનાવડાવ્યા હતા. ૪૫. તે સિવાય બરફી, દૂધપાક, બિરંજ, હરીસો વગેરે પણ કરાવ્યાં હતાં. ઘણી જાતનાં શાક ઘીમાં પકાવ્યાં હતાં. ૪૬. ભજિયાં અને વડાં અનેક ભાતનાં કર્યાં હતાં. આ બધી રસોઈનું વર્ણન કરી શકાતું નથી. ખૂબ જ મશાલા નાખીને રસદાર કેરીનું અથાણું કરાવ્યું હતું. ૪૭. બધાં પકવાનોનો અપાર સુગંધ ચારે બાજુ ધમધમતો હતો. શ્રીખંડ પણ બનાવ્યો હતો. અને રાઈતું બનાવતા તો કશી

વાર જ લાગી નહિ. ૪૮. તે વખતે બધી રસોઈ તૈયાર થઈ ગઈ એટલે દરબાર બોલાવવા માટે આવ્યા. તેમણે કહ્યું, ત્રિભુવનરાય પ્રભુ ! આપ જમવા પધારો. ૪૯. ધર્મકુંવર રંગલહેરી શ્રીહરિ શ્રેષ્ઠ પીતાંબર પહેરીને જમવા માટે તૈયાર થયા. બીજું એક પીતાંબર ઓઢ્યું હતું. ૫૦. ચાતુર્યરંગથી પૂર્ણ આવા શ્રીહરિએ સોનાની પાદુકાઓ પહેરી. પછી રસોડામાં આવીને સોનેરી બાજોઠ ઉપર જમવા બેઠા. ૫૧.

***ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના તૃતીય પૂરમાં 'શ્રીહરિ આટકોટમાં ટીમણ કરી ધામધૂમથી કોટડા પધાર્યા' એ નામે બાસઠમો તરંગ સમાપ્ત ॥૬૨॥***

## પૂર ત્રીજું : તરંગ - ૬૩

## કોટડાના દરબારે શ્રીહરિની પૂજા કરી તથા ઘોડી અર્પણ કરી

અત્યંત સુગંધી અને રસાલ વિવિધ પ્રકારના જે પાક બનાવ્યા હતા, તેના થાળ ભરી ભરીને બધા શ્રીહરિની આગળ લાવ્યા. ૧. તે બધાને જોઈને શ્રીહરિ ઘણા ખુશ થયા. પાકને બનાવતા કાંઈ વાર લાગી નહિ. તરત જ તૈયાર કરીને લાવ્યા. ૨. શ્રીહરિ રસોઈનાં વખાણ કરતા કરતા બધી ચીજો જમ્યા. તેમાં પણ દરબારનો અને ગામના લોકોનો ભાવ જોઈને તો ખૂબ જ રાજી થયા. ૩. મુકુંદાનંદ વર્ણી એક એક વસ્તુનું નામ લઈને જમાડતા. **સુખધામ પુરુષોત્તમ શ્રીહરિ આ વખતે ભક્તજનોને વશ થઈને રહ્યા છે. ૪.**

**ચોપાઈ :**

**चरित्र अनंत प्रकार के जोई, श्रीहरि करत भक्त हित सोई;**
**जो जो जोवत चरित हि जेहा, अरु सुनत श्रवन से तेहा...०५**

**सो सब हि जन मोक्षकु पावे, या भव भटकन फेर न आवे;**
**एसो या महिं फल रह्यो भारी, तेहि कर करत चरित सुखकारी...०६**

શ્રીહરિ ભક્તોનું હિત કરવા માટે અનંત પ્રકારનાં ચરિત્ર કરે છે. જે જે ચરિત્રને કોઈ આંખથી દેખે છે અને કાનથી સાંભળે છે, તે બધા જ મનુષ્યો

મોક્ષને પામે છે. તેને ફરીને આ ભવમાં ભટકવાનું રહેતું નથી. તે ચરિત્રો સાંભળવાનું આવું મહાન ફળ છે, તેથી સુખકારી શ્રીહરિ તેવાં ચરિત્રોને કરે છે. ૫-૬. શ્રીહરિ જમીને જ્યારે તૃપ્ત થયા, એટલે તરત જ ચળુ કરીને જળપાન કર્યું અને મુખવાસ લીધો. થાળની બધી પ્રસાદી દરબારને આપી. ૭. પછી બધા સંતોને જમવા બેસાડ્યા અને બધા દરબારોને પણ જમવા બોલાવ્યા. પછી અનંત કોટિ બ્રહ્માંડના રાજાધિરાજ શ્રીહરિ સહુને પીરસવા આવ્યા. ૮. જેટલી જાતના પાક વગેરે ભોજન બનાવ્યાં હતાં તે બધાને લઈને શ્રીહરિએ પીરસ્યાં. જ્યાં સુધી બધા સંતો જમી રહ્યા ત્યાં સુધી શ્રીહરિ પંગતમાં ફરતા રહ્યા. ૯. દરબારોને ખૂબ જ જોરથી-આગ્રહ કરીને જમાડ્યા. કોઈ પણ પ્રકારે કસર રાખી નહિ. જમનારા હાં, હાં, કરતા રહેતા તેટલી વારમાં તો શ્રીહરિ તેનાં પાત્ર ભરીને ભોજન પીરસી દેતા. ૧૦. શ્રીહરિને પીરસવામાં બહુ પ્રેમ હતો. તેમાં ક્યારેય આળસ કરતા નહિ. જ્યારે સંત-હરિભક્તો બધા જ જમી રહ્યા ત્યારે શ્રીહરિ આવીને સિંહાસન ઉપર બેઠા. ૧૧.

જ્યારે સંધ્યા સમય થવા લાગ્યો ત્યારે ઘણી બધી મશાલો આવી. સંતો આરતી કરવા લાગ્યા. સહુને શ્રીહરિના સ્વરૂપમાં જ એક અનુરાગ (પ્રેમ) હતો. ૧૨. શ્રીહરિ ઘણા જ પ્રેમથી પહેલાં ધૂન બોલતા, પછી સહુ સંતો બોલતા. તે સમયનો આનંદ કહી શકાતો નથી. ૧૩. ભગવાનના નામની ધૂન કરી તે બધા આકાશમાં ભરપૂર છવાઈ ગઈ. સમગ્ર દેવો દૂર રહેલાં વિમાનોમાં બેસીને “જયજય જયજય” આવું બોલતા હતા. ૧૪. તાલ અને મૃદંગ વાગતાં હતાં. “જયજય જયજય”નો ધ્વનિ થઈ રહ્યો હતો. સહુના હૃદયમાં મહાન ઉમંગ હતો. પ્રેમનો પ્રવાહ કહી શકાતો નથી. ૧૫. “નારાયણ” આવું નામ ઉચ્ચારીને લગભગ એક પહોર (૩-કલાક) સુધી ધૂન ચાલું રાખી. જેમ વરસાદની તડતડાટી એકસરખી થતી હોય છે તેમ આ ધૂન એકતારથી થઈ રહી હતી. ૧૬. ધૂન કર્યા પછી સંતો ગદ્‌ગદ કંઠ થઈને સ્તુતિ કરવા લાગ્યા.

“શ્રીહરિનો મહિમા અનંત અને અપાર છે. જે માટે આ મનુષ્ય શરીર ધારણ કર્યું હતું અને મનુષ્યદેહે કરીને જે જે સામર્થ્ય દેખાડ્યું હતું”

આવી બાબતનાં અષ્ટક તથા શ્લોકો બનાવ્યાં હોય તે અષ્ટકોને બંને હાથ જોડીને સ્તુતિના રૂપમાં સંતો બોલ્યા. બધા સંતોએ એવો નિયમ રાખ્યો હતો. ૧૭-૧૮. પછી સહુએ ત્યાં પરસ્પર "જય સ્વામિનારાયણ" કહ્યા. તે પછી સહુએ કથા-વાર્તા ભાવપૂર્ણ રીતે કરી. ૧૯. તે વેળાએ શ્રીહરિએ સંતોને કહ્યું કે, વાજિંત્ર વગાડીને કીર્તન બોલો. ત્યારે મુનિવર મુક્તાનંદ સ્વામી કીર્તન ગાવા લાગ્યા. ૨૦. લોકોની સભા ભરાઈને બેઠી હતી. ચારે તરફ આનંદનું વાતાવરણ છવાયું હતું. જ્યારે અધરાત થવા આવી ત્યારે શ્રીહરિ હસીને બોલ્યા, હવે સૌને ઊંઘ ઘણી આવે છે. વધારે બેસાડી રાખવા તે સારું નથી, તો સહુ પોતપોતાને મુકામે જાઓ. સવાર થાય એટલે અમારે બીજે ગામ જવાનું છે. ૨૧-૨૨.

ત્યારે ગામધણી દરબાર પીઠાવાળા ચરણકમળમાં મસ્તક નમાવી હાથ જોડીને બોલ્યા, "હજી અહીંયાં નિવાસ કરીને રહેવાનું છે. આપની પાસે અમને ઘણી જ આશા છે." ૨૩. ત્યારે બીજા બધા દરબારોએ કહ્યું, તમારા ગામ સુધી તો શ્રીહરિને અમે લાવ્યા છીએ. તમે અહીં બહુ લાભ લીધો છે. માટે હવે રોકવાનો બહુ આગ્રહ કરવો નહિ. ૨૪. શ્રીહરિ જસદણ જવાના હતા, પણ અમે તમારા ગામ કોટડા સુધી લાવ્યા છીએ. વાજસુર ખાચર તો અમારાં નામ લઈને વઢ્યા છે. ૨૫. તેમણે શ્રીહરિ પાસે એક સવાર પણ મોકલ્યો હતો, છતાં તે છોડીને શ્રીહરિ અહીં પધાર્યા છે. અને વાજસુર ખાચરને અમે પાછા આવવાનો વિશ્વાસ પણ દીધો છે. ૨૬. માટે હવે રોકવાની તાણ કરશો નહિ. શ્રીહરિ અહીંયાં બહુ વાર આવશે. તમે તો ઘણા સમજણા છો. તમને વધારે શું કહેવું ? ૨૭.

ત્યારે ગામધણી દરબારે કહ્યું, હજી અમે શ્રીહરિની કાંઈ પૂજા કરી નથી, તો આવતી કાલે રસોઈ કરાવીએ અને તે જમ્યા પછી આપ ચાલવાનું રાખો. ૨૮. તે વખતે સુખદાયક શ્રીહરિ બોલ્યા, અમે બપોર સુધી અહીં રહેશું. હવે તમે સહુ જઈને સૂઈ રહો. અમે તમારું એટલું વચન રાખ્યું છે. ૨૯. ત્યારે બધા રાજી થઈને સૂઈ ગયા અને શ્રીહરિ પણ પોઢી ગયા. સંતો શ્રીહરિનું ધ્યાન કરવા લાગ્યા. આમ ધ્યાન કરતાં કરતાં જ સવાર થઈ ગયું.

૩૦. સર્વ સંતો સવારે કીર્તન ગાવા લાગ્યા ત્યારે શ્રીહરિ જાગ્યા. શૌચવિધિ કરીને શ્રીહરિએ દાતણ કર્યું. પછી તુરંત થોડી જ વારમાં સ્નાન કરી લીધું. ૩૧. બીજી બાજુ સંતો પણ સ્નાન કરીને આવ્યા. સહુએ માનસી પૂજા કરી તિલક કર્યાં. સહુએ પ્રેમભર્યા દિલથી શ્રીહરિની પૂજા કરી. ૩૨. પછી શ્રીહરિનું તથા તેમના જેટલા મુખ્ય સંતો કહેવાતા હતા તેમનાં નામ બોલીને નામે નામે સહુ ભક્તોએ એક એક દંડવત્ પ્રણામ કર્યા. અને નિત્ય નિયમ પ્રમાણે પાઠ કર્યા. ૩૩. પછી બધા આવીને સભામાં બેઠા અને ભગવાનનાં ગુણકીર્તન કરવા લાગ્યા.

**❋ પ્રેમબાઈ તથા પૂતળીબાઈએ શ્રીહરિની પૂજા કરી :**

કોટડા ગામમાં પ્રેમબાઈ અને પૂતળીબાઈ, એવે નામે બે વણિક બાઈઓ સત્સંગી હતી. (મીણબાએ તેને સત્સંગ કરાવ્યો હતો). ૩૪. તે બંને બાઈઓએ ઘણા પ્રેમથી પોતાને ઘેર શ્રીહરિની પધરામણી કરી. વિવિધ પ્રકારનાં વસ્ત્ર પહેરાવ્યાં. સોનાનો હાર પહેરાવ્યો. અત્યંત સ્નેહથી ચંદન ચરચ્યું. ૩૫. ફૂલોના હાર, બાજુબંધ, તોરા, ગુલાબના ગુચ્છ, એ બધું મનના ઘણા જ ભક્તિભાવથી શ્રીહરિને પહેરાવ્યું. લવિંગ, એલાયચી અને તજનો થાળ ભરીને મૂક્યો. ૩૬. તે પ્રમાણે જ સોપારી, જાયફળ, અખરોટ, બદામ, કાજુ, દ્રાક્ષ અને પ્રસિદ્ધ સારાં દાડમ, બરફી, પેંડા અને સાકરના થાળ ભરી ભરીને શ્રીહરિની આગળ ધરાવ્યા. દયાળુ શ્રીહરિ તેમાંથી કાંઈક જમ્યા. ૩૭-૩૮. તે બંને બાઈઓ અનન્ય અને એકાંતિક ભક્ત હતી. ધર્મની બધી મર્યાદા-રીતને જાણતી હતી. તેમણે આ પૂજા પોતાના સંબંધીને હાથે કરાવી હતી. ૩૯. તે બંને બાઈઓએ બીજા જનોને પણ વાત કરીને કેટલાક હરિભક્તો કર્યા હતા. તેમને ભગવાન ભજવામાં લોકલાજ નડતી નહિ. એવા મહા સમર્થ ભક્ત થયાં હતાં. ૪૦. બીજા પણ કેટલાક ભાવિક ભક્તો હતા. શ્રીહરિએ તેમને ઘેર પણ પધરામણી કરી. શ્રીહરિ અશ્વ ઉપર વિરાજમાન થયા હતા. ત્યારે અતિ અલૌકિક શણગાર પહેર્યા હતા. ૪૧.

વિવિધ પ્રકારનાં વાજિંત્ર વાગતાં હતાં. શ્રીહરિ તે રીતે પૂરમાં શોભતા હતા. બધી બજારોમાં દર્શન આપીને શ્રીહરિ રાજદરબારમાં પધાર્યા. ૪૨. દરબારોને મનમાં જેવો નિર્મળ સ્નેહભાવ હતો તે પ્રમાણે તેવો તેમને લાભ આપ્યો. પછી તેમણે પોતાના ભવનમાં શ્રીહરિને પધરાવ્યા. ૪૩. સોનેરી ખાટ બાંધીને લટકાવી, સુખકારી શ્રીહરિને તે ખાટ ઉપર પધરાવ્યા. પછી વિવિધ પ્રકારની એટલી બધી પૂજા લાવ્યા કે ગણતા ગણતા તેનો કોઈ પાર જ આવતો ન હતો. ૪૪.

**❋ કોટડા નરેશની પૂજા :**

સહુ પહેલાં સારો જરિયાની સુરવાળ પહેરાવ્યો. પછી જરિયાની જામો પહેરાવ્યો અને મસ્તકે પાઘ પણ જરિયાની બંધાવી. ૪૫. જડાવ શિરપેચ બાંધીને તેમાં નંગ જડિત કલંગી ભરાવી દીધી. મોતીના બે તોરા લટકાવ્યા અને કાનોમાં કુંડળ પહેરાવ્યાં. ૪૬. ગજ મોતીના હાર પહેરાવ્યા. તેની અનંત શોભા વર્ણવી શકાતી નથી. હાથનાં કાંડાંમાં સોનાનાં કડાં પહેરાવ્યાં અને ભુજાઓ ઉપર બાજુબંધ બાંધ્યા. ૪૭. હાથની દસે આંગળીઓમાં સોનાના દસ વેઢ પહેરાવ્યા. વિચિત્ર ભાતવાળાં ઝાંઝરની શોભા તો વર્ણવી શકાતી નથી. ૪૮. લલાટમાં કેસર મેળવેલું ચંદન ચરચ્યું અને તેની વચ્ચે કુંકમનો ગોળ ચાંદલો કર્યો. ૪૯. દૂધ, દહીં, ઘી, મધ અને સાકર, આ પંચામૃત લઈને શ્રીહરિનાં ચરણ ધોયાં. મનમાં ઘણો જ ઉત્સાહ હતો. ૫૦. ચરણોમાં ચંદન લગાવીને તેને છાતીએ ચાંપ્યા. દરબારે ખૂબ જ હરખથી શ્રીહરિને આ રીતે પૂજીને પછી પોતાના પુત્ર પાસે પણ આવી જ પૂજા કરાવી. ૫૧. પછી મલ્લ જાતિની એક સારી ઘોડીને સોનેરી સાજ-સામાનથી શણગારીને પોતાના પુત્રને હાથે શ્રીહરિને કાયમ બેસવા-સવારી કરવા માટે અપાવી. ૫૨.

***ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના તૃતીય પૂરમાં 'કોટડાના દરબારે શ્રીહરિની પૂજા કરી તથા ઘોડી અર્પણ કરી' એ નામે ત્રેસઠમો તરંગ સમાપ્ત ॥૬૩॥***

## પૂર ત્રીજું : તરંગ - ૬૪

## શ્રીહરિ કોટડાથી રાયપુર પધાર્યા, ત્યાંથી તુરત કાળુભાર નદીને કાંઠે રહેલા કરિયાણા ગામમાં પધાર્યા

કોટડાના ગામધણી દરબારે કપૂરથી આરતી કરી. અગરબત્તીનો ધૂપ કર્યો. જાત-જાતનાં વાજિંત્ર વગડાવીને આ પ્રમાણે શ્રીહરિની પૂજા કરી. ૧. દરબારે પોતાના બધા જ ઓરડાઓમાં શ્રીહરિનાં પગલાં કરાવ્યાં. શ્રીહરિને ઊતરવા માટે એક હરિમંદિરનો ઓરડો પછી બનાવી દીધો હતો. ૨. રસોઈ તૈયાર થઈ ગઈ ત્યારે મુકુંદવર્ણી બોલાવવા આવ્યા. ત્યારે શ્રીહરિ ચોપ રાખીને જમવા ચાલ્યા. ૩. શ્રીહરિએ પીતાંબર પહેર્યું. બાજોઠ ઉપર બેઠા. વિવિધ ભાતના ભોજનનો થાળ વર્ણી લાવ્યા. ૪. પહેલાં પીરસેલાં દૂધપાક અને પૂરી હતાં તેને શ્રીહરિ જમ્યા. પછી બિરંજ અને હરીસો જમ્યા. ૫. પછી બીજાં શાક વગેરે ભોજન બનાવ્યાં હતાં તે બધાં, દરબાર ઉપર બહુ હેત હતું તેથી જમ્યા. સુખદાયક શ્યામ શ્રીહરિ તે પછી દહીં, ભાત અને સાકરને મેળવીને જમ્યા. ૬. તૃપ્ત થયા પછી ચળુ કર્યું. જળપાન કરીને સુંદર મુખવાસ લીધો. પછી સહુ સંતોને જમવા બેસાડ્યા. ત્યાં દરબાર પૂજા કરવા માટે આવ્યા. ૭. મુક્તાનંદ સ્વામી આદિ જે મોટા સંતો, તેમની પૂજા કરી. ચંદન ચરચીને ફૂલના હાર પહેરાવ્યા અને હરેક સંતને એક એક વસ્ત્ર ઓઢાડ્યું. ૮.

ભક્તિમાર્ગમાં કુશળ દરબારે ઠાકોરજીના થાળ માટે મંદિરને નજીકની એક સારી વાડી દાનમાં આપી. પછી મહારાજા શ્રીહરિ પ્રસન્ન થઈને સંતોને પીરસવા પધાર્યા. ૯. જ્યારે સંતો જમીને તૃપ્ત થયા, દરબારો અને પાર્ષદો વગેરે પણ બધા તૃપ્ત થયા, ત્યારે શ્રીહરિએ ચાલવાની તૈયારી કરી. સંતોને આગળ ચાલવા આજ્ઞા કરી. ૧૦. બધી સવારી તૈયાર થઈ ત્યારે શ્રીહરિ ઘોડે સવાર થયા. અપાર વાજિંત્ર વાગવા લાગ્યાં ત્યારે શ્રીહરિ મુખ્ય રાજબજારે ચાલ્યા. ૧૧. સારા શણગાર સજીને ગામના બધા પારાવાર લોકો મળીને આવ્યા. ગામની બધી સ્ત્રીઓ પણ શ્રીહરિને નીરખીને ખુશ થઈ ગઈ. ૧૨.

તે વેળાએ સહુના પ્રાણ શ્રીહરિની સાથે ખેંચાયા. મનોહર મૂર્તિના દર્શનનાં સુખ આગળ પોતાનાં ઘર જમપુરી જેવાં લાગ્યાં. ૧૩. કોઈને ઘરની

સૂધ રહી નહિ. બધા શ્રીહરિની સાથે ચાલ્યા. ગામની બહાર આવ્યા. બધાને મનમાં ઘણો ઉત્સાહ હતો. ૧૪. પહેલાં વેતરની ગાય પોતાના વાછરું ઉપર જેવું હેત કરે તેવું હેત કરનારા બધા ભક્તો હતા. તેથી તેમના કંઠ ગદ્‌ગદિત થઈ ગયા. ૧૫. ચમકના પહાડને નજીક જતા જેમ લોઢું ખેંચાઈ જાય તેવો જ સહુને શ્રીહરિની મૂર્તિનો મોહ થયો, તેથી સહુ ઘરની સ્મૃતિ ભૂલી ગયા. ૧૬. જે લોકો ગામ બહાર આવ્યા હતા તે બધાને શ્રીહરિએ પાછા વાળ્યા. શ્રીહરિ આગળ ચાલ્યા ત્યારે ગામધણી દરબારને પણ પાછા વાળ્યા. ૧૭. શ્રીહરિની મૂર્તિમાં આકર્ષાયેલી ગામની સ્ત્રીઓ પાછળ પાછળ દોડી આવી. કોઈનું કહ્યું તેના દિલમાં મનાણું નહિ ત્યારે શ્રીહરિએ પોતાનો અશ્વ દોડાવી મૂક્યો. તે સ્ત્રીઓને શ્રીહરિ જ્યારે દેખાતા બંધ થયા, ત્યારે તેમને દેહનું ભાન થયું. અને પછી તે બધી સ્રીઓ પાછી આવી.

કોટડાથી ચાલેલા શ્રીહરિ **રાયપુર** ગામ પહોંચ્યા. બધા હરિભક્તો શ્રીહરિની સન્મુખ આવ્યા. ૧૮-૧૯. શ્રીહરિની ભારે સવારી જોઈને ગામનાં બધાં સ્ત્રી-પુરુષો વિસ્મય પામ્યાં. બધા આવીને શ્રીહરિના ચરણોમાં પડ્યા. તે ગામમાં ચારણ અને કાઠીઓ રહેતા હતા. ૨૦. ત્યાં રાજગર બ્રાહ્મણ માવજીભાઈ, અર્જુનભાઈ, ત્રિકમભાઈ રહેતા. આ ત્રણને સારા હરિભક્ત જાણીને સારંગપાણિ શ્રીહરિ તેમને ઘેર પધાર્યા. ૨૧. તેમણે શ્રીહરિને પલંગ ઉપર પધરાવ્યા. રોકવા માટે ઘણી યુક્તિઓ-તાણ કરી પણ શ્રીહરિએ કહ્યું, ફરી વાર જ્યારે આવશું ત્યારે જરૂર અહીંયાં રોકાશું. ૨૨. તે ભક્તોએ ચાલવા તૈયાર થયેલા શ્રીહરિની પૂજા કરી. સાકરનો ભરેલો થાળ અર્પણ કર્યો. તે પ્રસાદ આપીને તરત જ શ્રીહરિ અશ્વ ઉપર સવાર થયા. અને સત્વરે ગામથી બહાર નીકળ્યા. ૨૩. એક ઘોડેસવારને ખબર આપવા માટે આગળ કરિયાણા મોકલ્યો. દેહા ખાચર નામે કાઠી દરબાર સત્સંગી કરિયાણામાં રહેતા હતા. ૨૪. દેહા ખાચર શ્રીહરિના સત્સંગી થયા હતા. તેમને સંતોમાં ખૂબ જ પૂજ્યભાવ હતો. અને તેઓ ખૂબ જ ધર્મમાં દૃઢ નિષ્ઠાવાળા હતા. ૨૫. તેમણે ઘનશ્યામ શ્રીહરિના સમાચાર સાંભળ્યા, તરત જ તૈયાર થયા. કેટલાક ઘોડેસવારોને અને પોતાના પુત્ર પરિવારને પણ સાથે લીધા. ૨૬. બે

કોશ દૂર સુધી શ્રીહરિની સામે દોડી આવ્યા. શ્રીહરિને દૂરથી દેખ્યા એટલે અશ્વ ઉપરથી નીચા ઊતરીને પગે ચાલવા લાગ્યા. ૨૭. જ્યારે શ્રીહરિ પાસે આવ્યા ત્યારે સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કરવા લાગ્યા. મહાન મનોહર મૂર્તિને દેખીને તેમના મનમાં ઘણો જ આનંદ-ઉલ્લાસ થયો. ૨૮. તુરંત શ્રીહરિના ચરણોમાં પડ્યા. શ્રીહરિને જોઈને આંખોમાં હર્ષનાં આંસુઓ ભરાઈ આવ્યાં. હૃદયમાં અપાર આનંદ થયો. પછી વિનંતી કરવા લાગ્યા. ૨૯.

શ્રીહરિએ કહ્યું ત્યારે તેઓ ઘોડે સવાર થયા. બધા સંતો થોડા પાછળ રહી ગયા હતા. શ્રીહરિ (કાળુભાર) નદી સુધી આગળ આવ્યા, ત્યાં થોડી વાર રોકાયા. ૩૦. તત્કાળ જ બધા સંતો ત્યાં આવી ગયા. ત્યાર પછી દયાળુ શ્રીહરિ નદીના જળમાં નાહ્યા. ત્યાં પર્વત, વન અને ભારે સારાં વૃક્ષોને દેખીને સંસારના ભયને હરનારા શ્રીહરિ ખૂબ જ ખુશ થઈ ગયા. ૩૧. શ્રીહરિએ ત્યાં ભાત ભાતનાં સારાં વૃક્ષ જોયાં, જે બધાં જ નવપલ્લવિત હતાં. વિવિધ પ્રકારનાં પક્ષીઓ પણ ત્યાં મોહક કલરવ કરતાં હતાં. ૩૨. મોર ઉત્સાહથી ટહુકા કરીને બોલતા અને કળા પૂરીને નાચતા હતા. શ્રીહરિએ ત્યાં વન, પર્વત અને વૃક્ષોને અમાપ રૂપમાં પ્રફુલ્લિત જોયાં. ૩૩. ટોળેટોળાંના રૂપમાં ફરતાં હરણોને દેખીને શ્રીહરિને આનંદ થયો. પર્વત અને વનોમાં સિંહ અને વાઘની ગર્જના થતી હોય તે સંભળાતી હતી. ૩૪.

કાળુભાર નદીને કિનારે કેટલીય ફૂલવાડીઓ હતી. તેમાં ઘણાં ફૂલ થતાં અને ફળ પણ થતાં હતાં. નદીના દક્ષિણ કાંઠા તરફ કરિયાણા ગામ ઘણું જ સોહામણું લાગતું હતું. ૩૫. કાળા પથ્થરથી નદીનો વિશાળ કાંઠો સરસ બાંધ્યો હતો. નદીને ઉત્તર કિનારે શ્રેષ્ઠ પર્વત હતો અને તે સુંદર મોટાં વૃક્ષોથી સુશોભિત ગણાતો હતો. ૩૬. **કરિયાણા** ગામ, કાળુભાર નદી અને સામેનો પર્વત, તેની શોભા અવર્ણનીય હતી. તે દેખીને શ્રીહરિ ખુશ થઈ ગયા. પછી થોડું હસીને બોલ્યા, આવું સ્થાન દેખીને અમને તેના ઉપર ખૂબ જ પ્યાર ઊપજે છે, પણ અત્યારે તો ગામમાં જઈએ. કોઈ વખત આવીને અહીંયાં રહેશું. ૩૭-૩૮. સાંજ થવા આવી. શ્રીહરિ ઘોડે સવાર થયા. શ્યામસુંદરની સવારી ચાલી, તેની શોભાનું વર્ણન કરી શકાતું નથી. ૩૯.

તે વખતે ગામના અપાર લોકો સામૈયું લઈને શ્રીહરિની સન્મુખ આવ્યા. વિવિધ પ્રકારનાં બધાં વાજિંત્ર વાગતાં હતાં, તેનો કોઈ પાર ન હતો. ૪૦.

**❋ ઇન્દ્રએ શ્રીહરિને અમૂલ્ય ઘોડો ભેટ આપ્યો :**

**इंद्र लाये देवअश्व भारी, अनंत कला सो रहे धारी;**
**हय हस्ती गरुड तेहि रूपा, धारी रह्यो हे परम अनूपा...४२**

"જય જયકાર"ના શબ્દથી આકાશ ભરાઈ ગયું હતું. વિમાનોથી આકાશ છવાઈ ગયું હતું. તે સમયે અપાર અપ્સરાઓ નાચતી હતી અને વિવિધ પ્રકારનાં વાજિંત્ર વાગતાં હતાં. ૪૧. તે સમયે ત્યાં દેવરાજ ઈન્દ્ર એક ભારે અમૂલ્ય દેવઅશ્વ લઈને આવ્યા. તે અશ્વ અનંત કલાઓથી સંપન્ન હતો. તે શ્રેષ્ઠ અને અનુપમ એવા હાથી અને ગરુડનું રૂપ ધારી શકતો હતો. ૪૨.

**हरि कु अरपन कियो आई, विप्र रूप सो आयो बनाई;**
**जन देखी आर्श्चय भएउ, अस हय भूमि पर न रएउ...४३**
**कंक हि विप्रकुं पूछे जाई, इनकी जाति कुंन रहाई;**
**तब कहे देव हे याकी जाति, विप्र से न यह सचवाति...४४**

ઈન્દ્ર બ્રાહ્મણને રૂપે આવ્યા હતા. તેણે તે અશ્વ શ્રીહરિને અર્પણ કર્યો. તે અશ્વને જોઈને લોકોને આશ્ચર્ય થયું. આ અશ્વ ભૂમિ ઉપર ક્યાંય નહિ રહેતો હોય. ૪૩. કાઠી દરબારોએ તે બ્રાહ્મણને પૂછ્યું, આ ઘોડાની કઈ જાત છે ? ત્યારે બ્રાહ્મણે કહ્યું, આ ઘોડો 'દેવ' જાતિનો છે. હું બ્રાહ્મણ છું, મારાથી આ ઘોડો સચવાતો નથી. ૪૪. આ ઘોડાનો વેગ મનના જેટલો છે. મને કોઈ રાજાએ આ દાનમાં આપ્યો છે. મને ધન આપનારા મળ્યા હતા પણ મારે ધનની કાંઈ જરૂર નથી. ૪૫. આ અશ્વ મારે આપવો હતો પણ કોઈ સત્પાત્ર મળ્યું નહિ, પછી મેં નિર્ધાર કર્યો કે આ અશ્વ મારે શ્રીહરિને આપવો. **શ્રીહરિ તે અશ્વ ઉપર બેઠા. તરત જ તે અશ્વ હાથી બની ગયો. ૪૬.** તે દેખીને લોકો વિસ્મય પામ્યા. આપણે આવી વાત ક્યારેય પણ સાંભળી નથી. જ્યારે ગામને દરવાજે આવ્યા ત્યારે લોકોની ભીડ ઘણી થઈ. ૪૭.

દેહા ખાચરે તે સમયે ઘણી મશાલો કરાવી. બધી બજારોમાં ફૂલ વેરાવ્યાં. બધા લોકો અનુપમ ગીત ગાતા હતા. ત્યારે દેવો અને મુનિઓના

અધિપતિ આવા શ્રીહરિ **કરિયાણા** ગામમાં પધાર્યા. ૪૮. મહાન રંગ ભર્યો આનંદ-ઉત્સવ થયો. શ્રીહરિ દરબારગઢ સુધી આવ્યા. પછી (મીણબા વગેરે) સહુને દર્શન દઈને ચાલ્યા. ગામની બહાર મુકામ કર્યો. ૪૯. ગામની પશ્ચિમ તરફ ગયા. ત્યાં વિશાળ જગ્યા દેખી, એટલે ભક્તજન પ્રતિપાલક મહાપ્રભુ શ્રીહરિએ ત્યાં પોતાનો મુકામ-ઉતારો કર્યો. ૫૦. ત્યાં મહેલના જેવો શોભતો એક સારો બુરજ હતો. તે ઘણો વિશાળ અને સુઘડ હતો. તરત જ તેને સ્વચ્છ કરાવ્યો. ૫૧. ચો તરફ મોતીના ઉલેચ બંધાવ્યા. દરબારને મનમાં હરખ સમાતો નહિ. તેણે ત્યાં સોનેરી ખાટ બંધાવી. ૫૨.

***ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના તૃતીય પૂરમાં 'શ્રીહરિ કોટડાથી રાયપુર પધાર્યા, ત્યાંથી તુરત કાળુભાર નદીને કાંઠે રહેલા કરિયાણા ગામમાં પધાર્યા' એ નામે ચોસઠમો તરંગ સમાપ્ત ॥૬૪॥***

## પૂર ત્રીજું : તરંગ - ૬૫

### ખંભાળાના મોકાખાચર શ્રીહરિને તેડવા આવ્યા, સત્સંગ મહિમા તથા શ્રીહરિએ દેવઘોડો ફેરવ્યો

કરિયાણામાં બુરજની શોભા દેખીને શ્રીહરિ રાજી થયા. આનંદકંદ પ્રભુ ત્યાં હિંડોળા ખાટ ઉપર આવીને બેઠા. ૧. મહાન કુશળ બધા સંતો તે બુરજની ચારે તરફની દિશાઓમાં ઊતર્યા અને સંતોની ચારે બાજુ દરબારો અને બીજા હરિભક્તોએ ઉતારો કર્યો. ૨. શ્યામસુંદર શ્રીહરિ સહુને દર્શન આપવા માટે આવીને ગોખમાં બેઠા. શોભાના નિધિ અને સુખધામ શ્રીહરિ તે જગ્યા જોઈને ઘણું જ પ્રસન્ન થયા. ૩. અને બોલ્યા કે, જ્યારે આપણે કરિયાણા આવીએ ત્યારે અહીંયાં જ ઉતારો કરવો. ઉતારો કરવાને માટે ગામમાં આવું ક્યાંય સ્થાન નથી. ૪.

તે વખતે શ્રીહરિએ દરબારને કહ્યું, જો તમે અમને આ ઠેકાણે ઉતારો આપશો તો અમે તમારે ગામ આવશું. માટે અત્યારે તમે તે બાબત કહો. ૫.

ત્યારે દરબારે કહ્યું, મહારાજ, આપ જ્યારે પધારો ત્યારે આપનો ઉતારો અહીં કરજો. હે અંતર્યામી સ્વામી ! અમે બધા આપના જ છીએ, એમ તમે જાણજો. ૬. જે કોઈને જે કાંઈ વસ્તુની જરૂર પડી તે બધી વસ્તુ દરબારે ત્યાં પહોંચાડી દીધી. શ્રીહરિને જમવા માટેનો થાળ પણ દરબારે અહીંયાં જ કરાવ્યો. ૭.

થાળ જ્યારે તૈયાર થવાનો થયો ત્યારે મુકુંદ બ્રહ્મચારી આવ્યા. શ્રીહરિએ તેમને કહી થાળ પોતાની પાસે મગાવ્યો, ત્યારે વર્ણી અતિશય ઉત્સાહથી ત્યાં થાળ લઈ ગયા. ૮. શ્રીહરિ દૂધ, ભાત અને સાકરને ઘણા હેતથી જમ્યા. બીજા બધા દરબારોને પણ દૂધ અને ભાત વગેરે જમાડીને તૃપ્ત કર્યા. ૯. તેમાં સાકર ઘણી પિરસાવી, દૂધ અને દહીંની તો રેલમછેલ કરી દીધી. પછી શ્રીહરિએ આવીને ચોક વચ્ચે સભા કરી, જેનું વર્ણન કરી શકાતું નથી. ૧૦. એક અત્યંત અનુપમ સિંહાસન હતું. મહાન સ્વરૂપ ધારીને શ્રીહરિ તેના ઉપર વિરાજમાન થયા. જાત જાતનાં બધાં વાજિંત્ર મગાવ્યાં અને તે સમયે શ્રીહરિએ સંગીત-ગાન કરાવ્યું. ૧૧.

જ્યારે સંતો ગાવા લાગ્યા ત્યારે વન અને પર્વત તેના પડછંદાના રૂપમાં ગર્જના કરવા લાગ્યાં. પ્રસન્ન જણાતું આકાશ પણ ગર્જના કરવા લાગ્યું. તેમાં દેવો પણ વિમાનો લઈને છવાઈ ગયા હતા. ૧૨. તે વેળાએ ત્યાં બ્રહ્મા, ભવ, સુરરાજ ઈન્દ્ર, ચંદ્ર અને સૂર્ય ઈત્યાદિ બધા અપાર દેવો આવ્યા, જેનો ગણતા પાર આવે નહિ. ૧૩. બધા દેવો આસક્તિ અને સ્મૃતિને એક કરીને હરિસંકીર્તન સાંભળવા લાગ્યા. સાંભળતા સાંભળતા તેમને તુરંત શરીરનું ભાન ભુલાઈ ગયું. ૧૪. દેવોને પોતાના શરીરની સૂધ-બૂધ રહી નહિ. બધા ઊંઘતા હોય તેમ પડ્યા રહ્યા. પછી શ્રીહરિના વિશુદ્ધ સ્વરૂપને જોઈને પોતાનાં સ્વરૂપ ક્ષીણ થઈ ગયાં અર્થાત્ મનથી નિસ્તેજ થઈ ગયાં. ૧૫. કરિયાણાના ગ્રામજનો સહુ શ્રીહરિનાં દર્શન કરવા ત્યાં આવ્યા. શ્રીહરિની રીત દેખીને બધા મનમાં ઘણા રાજી થયા. કેમ જે, આવી રીત તેમણે ક્યાંય જોઈ ન હતી. ૧૬.

તેમણે શ્રીહરિની અલૌકિક રીત જોઈ. પછી બધા ગામના લોકો શ્રીહરિને શરણે આવ્યા, સત્સંગ ધાર્યો. અનીતિનો ત્યાગ કર્યો અને નીતિમાં

પ્રેમ રાખીને તેને સ્વીકારી. ૧૭. આ રીતે જ્યારે અધરાત થવા આવી ત્યારે સુખદાયક શ્યામસુંદર શ્રીહરિ બોલ્યા, સવારે આપણે અહીંથી નીકળીને ચાલતા થવાનું છે, એટલે હવે કીર્તન ગાવાનું બંધ કરો. ૧૮.

ત્યારે સંતોએ કીર્તન ગાવાનું બંધ કર્યું અને ચૂપ થઈ શાંત થઈ ગયા. બીજા લોકો ગામમાં ગયા ત્યારે ગામના લોકોમાંથી કોઈ ત્યાં ન રહ્યું. ૧૯. તે સમયે ગામધણી દરબાર દેહા ખાચર શ્રીહરિને પગે લાગી વિનંતિ કરવા લાગ્યા, પ્રભુ ! અમૃતનું પાન કરાવી હવે ઝેર ન આપશો. અમને પણ આપ પોતાની સાથે લઈ લો. ૨૦. આપ અહીંથી ચાલ્યા જશો. આપના વિનાનાં અમારાં ઘર અમને ઊજડ લાગશે. આપ જો અહીંયાં નિવાસ કરીને રહેશો તો જ અમને ઘરમાં સુખ-શાંતિ રહેશે. ૨૧. અમારા ચિત્તની વૃત્તિ આપના સ્વરૂપમાં ચોંટી ગઈ છે. હવે તે ક્યારેય છૂટશે નહિ. આપ જેમ કહેશો તેમ અમે કરશું. અમને આપ કહેતા રહેજો. ૨૨.

તે જ સમયે ખંભાળા-વાંકિયા ગામના દરબાર મોકા ખાચરને સમાચાર મળ્યા કે શ્રીહરિ કરિયાણા પધાર્યા છે, એટલે મનમાં ઘણો આનંદ માનીને તેઓ તુરંત ત્યાં કરિયાણા આવ્યા. ૨૩. અત્યંત નિપુણ મોકા ખાચરે આવીને શ્રીહરિને દંડવત્ પ્રણામ કર્યા. પછી ચરણકમળમાં પગે લાગ્યા. શ્રીહરિના દર્શનથી તેમને આનંદ થયો. ત્યારબાદ સહુ સંતોને પગે પડ્યા. ૨૪. પછી આવીને શ્રીહરિની પાસે બેઠા અને માંચા ખાચર આદિ બધા દરબારોને અપાર હેતથી મળ્યા. ૨૫. "આ ભૂમિનાં ધન્ય ભાગ્ય છે કે જ્યાં શ્રીહરિ નિવાસ કરીને રહ્યા." આમ કહીને શ્રીહરિના અનન્ય દાસ-ભક્ત તે દરબાર મોકા ખાચર બોલ્યા, ૨૬. પ્રભુ ! અહીંના સહુ ભક્તોને રાજી કરીને પછી મારે ગામ ખંભાળા પધારો. આપ તો પૂર્ણકામ છો. ભક્તોના મનોરથોને પૂરા કરવા માટે જ આપ પ્રકટ થયા છો. ૨૭. ત્યારે ઘનશ્યામ શ્રીહરિ બોલ્યા, હવે કોઈ તાણ કરશો નહિ. સહુની ઈચ્છા પૂરી કરશું, સહુની સંભાળ લેશું. હજી અમારે સત્સંગમાં ઘણું ફરવું છે. ૨૮. જેટલાં હરિભક્તોનાં ગામ છે ત્યાં બધે અમારે ફરવાનું છે. હવે અમારે કારિયાણી ગામ ચોપથી (ઉતાવળા) જવાનું છે. ૨૯. અમારા ગુરુ રામાનંદસ્વામી ત્યાં કારિયાણીમાં ઘણા દિવસ

રહ્યા છે એટલે અત્યારે ત્યાં જવાની અમારી ઈચ્છા છે. બીજાં ગામોમાં પછીથી ફરશું. ૩૦. સ્વામી શ્રીનગરમાં બહુ દિવસ રહ્યા છે, એમ સમજીને અમારે ત્યાં પણ જાવું છે. વડનગર, વીસનગર અને પ્રાંતિજ સુધી અમારે ફરવું છે. ૩૧. તે બધાં સ્થાનોમાં સ્વામીનો મુકામ (ઉતારો) છે અર્થાત્ ત્યાં જઈને રહેવાનું સ્થાન-આશ્રમ કે મંદિર છે. તે પછી અમારે ભુજ જવાનું છે. જે અમે કહ્યા તે બધામાં રામાનંદસ્વામીનાં સ્થાન છે. ૩૨. જે જે સ્વામીનાં સ્થાનો છે તે બધાં ગામ મને બહુ જ ગમે છે, એટલે પહેલાં ત્યાં જઈએ અને બીજાં ગામોમાં પછી ફરશું. ૩૩. અમે અમારા મનમાં એક આવો નિયમ કર્યો છે. તે મેં તમારી આગળ સ્પષ્ટ કહ્યો. ત્યારે તે ખંભાળાના દરબાર મોકા ખાચર કાંઈ બોલ્યા નહિ. તેમના તેમ જ ચૂપ બેસી રહ્યા. ૩૪. આ ગામના દરબાર દેહા ખાચરની આવતી કાલે રસોઈ રાખી છે. તેમના મનમાં રસોઈનો બહુ ભાવ છે. તે જોઈને અમારા દિલમાં દયા આવી. ૩૫.

તે સાંભળીને દરબાર દેહા ખાચર રાજી થયા અને બોલ્યા કે, દયાળુ ! તમે ભક્તવત્સલ ખરા, આપ હરિભક્તને કુરાજી કરતા નથી. ૩૬. પછી તે દરબાર ઘણા ખુશ થઈને ગામમાં ગયા અને શ્રીહરિ બુરજમાં શાંતિથી સૂવા માટે ગયા. ૩૭. સંતો ધ્યાન કરવા લાગ્યા. જ્યારે સવાર થયું ત્યારે સહુ જાગ્યા અને શ્રીહરિના ગુણોનું ગાન કરવા લાગ્યા. ૩૮. સૂર્ય ઉદય થયો ત્યાં સુધી શ્રીહરિ સૂઈ રહ્યા. પછી હરખમાં ઊઠ્યા અને શૌચવિધિ કરવા ગયા. ૩૯. ત્યાર બાદ દાતણ કર્યું. પછી "દેવઘોડો" મગાવ્યો. કુશળતાથી તેના ઉપર સવારી કરી. સમતળ જમીન જોઈને પછી તેને ફેરવવા લાગ્યા. ૪૦.

### ✻ કરિયાણાના પાદરમાં શ્રીહરિની અશ્વારોહણ લીલા :

ભારે માંહેલો ઘોડાનો સામાન મગાવીને ઘોડાને શણગારી દીધો. સુંદર અને સોનેરી એક વસ્ત્ર જોઈને શ્રીહરિએ તેને મસ્તકે બાંધ્યું. ૪૧. શુભ પીતાંબર ધોતી પહેરી. છાતી ઉપર મોતીના હાર પહેર્યા. હાથના બંને કાંડાંમાં કડાં પહેર્યાં અને લાલ રંગની સાલ ખભા ઉપર રાખી. ૪૨. જરકસી પટકો કસીને કમરે બાંધ્યો. દેખનારાના મનમાં વસી જાય એવી મનોહર મૂર્તિ હતી. નટના જેવી છેલછબીલા શ્રીહરિએ છટા કરી. શ્રીહરિએ આવી અદ્ભુત

શોભાને ધારી લીધી. ૪૩. આ બ્રહ્માંડમાં એવી કોઈ વસ્તુ નથી કે જેની તેમને ઉપમા દઈએ. જેવી મૂર્તિ જોઈ હોય છે તેવું વર્ણવી શકાતું નથી. તેટલા માટે જ શ્રીહરિની શોભાને અમાપ અર્થાત્ અનુપમ જ કહેવાય છે. ૪૪.

**શેષનારાયાણ જેવા કરોડો એકઠા થાય તો પણ તે મૂર્તિનું માપ થાય એવું નથી, તો આપણે કહીએ તેમાં તે મૂર્તિ યથાર્થ કેમ કહ્યામાં આવે ? ન જ આવે. એવી શ્રીહરિની અલૌકિક શોભા છે. ૪૫. છતાં તે મૂર્તિનું હું જે વર્ણન કરું છું તે કેવળ ધ્યાન કરવા માટે જ કરું છું.** અને તે પણ મારી બુદ્ધિના માપમાં જેટલું આવે તેટલું જ લખું છું. શ્રીહરિએ દેવઘોડાને પ્રથમ સીધી પાટીએ ધીરેથી દોડાવ્યો. પછી કુંડાળાના ફેરમાં નાખ્યો. ૪૬. તે “અશ્વારોહણ” રૂપ શ્રીહરિનું ચરિત્ર જોવા માટે સંતો અને હરિભક્તોનો સમાજ ઘણો ભેળો થઈ ગયો. દેવતાઓ દુંદુભિ વગાડવા લાગ્યા. ગાંધર્વો સારા રાગથી ગાવા લાગ્યા. ૪૭.

દોઢ પહોર (૪.૩૦ કલાક) જેટલો સૂર્ય ચડ્યો ત્યાં સુધી શ્રીહરિએ તે અશ્વને ફેરવ્યો. કાળુભાર નદીથી દક્ષિણમાં અને બુરજથી થોડું પશ્ચિમમાં તે અશ્વ ફેરવ્યો હતો. ૪૮. તે સમયે તેનાં પડેલાં ચિહ્ન હજી સુધી પડેલાં છે. તે મેં જોયાં છે. તે ચિહ્ન વર્તુલાકારે દેખાય છે. (આ લીલા બાદ ગ્રંથકાર ૫૪ વર્ષે લખે છે.) ૪૯. શ્રીહરિ ઘોડા ઉપરથી ઊતર્યા. તે પછી સ્નાન કર્યું અને અનુપમ વસ્ત્રો પહેરીને બુરજમાં આવ્યા. ૫૦. પછી શ્રીહરિએ બાલમુકુંદની પૂજા કરી. પહેલાં તિલક કર્યાં. પછી પુષ્પો અને ઘણું નૈવેદ્ય ધરાવ્યું. ૫૧. ગામધણી દરબાર દેહા ખાચરે અનેક પ્રકારની સારી રસોઈ કરાવી. પછી શ્રીહરિ પાસે આવ્યા. પગે લાગીને કહ્યું, મહારાજ ! રસોઈ તૈયાર થઈ ગઈ છે. ૫૨.

***ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના તૃતીય પૂરમાં ‘ખંભાળાના મોકા ખાચર શ્રીહરિને તેડવા આવ્યા, સત્સંગ મહિમા તથા શ્રીહરિએ દેવઘોડો ફેરવ્યો’ એ નામે પાંસઠમો તરંગ સમાપ્ત ॥૬૫॥***

## પૂર ત્રીજું : તરંગ - ૬૬

### શ્રીહરિ વાવડી અને માંડવધાર થઈને ગઢપુર પધાર્યા

શ્રીહરિ ઘોડે સવાર થયા. સંતો અને દરબારોને સાથે લીધા. વિવિધ પ્રકારનાં વાજિંત્ર વાગતાં હતાં અને ઉત્સાહથી ગીતો ગવાતાં હતાં. ૧. શ્રીહરિ કરિયાણા ગામના દરવાજાની અંદર દાખલ થયા. ત્યારે અપાર ભક્તજનો મળીને આવ્યા. સહુને દર્શન કરવામાં હેત હતું. બધા ફૂલહાર પહેરાવતા હતા. ૨. ભક્ત સ્ત્રીઓ મંગળ ગીત ગાતી હતી. સહુના મનમાં અત્યંત ઉત્સાહ દેખાતો. ગામની અદ્‌ભુત શોભા થઈ હતી. તે શોભાને વર્ણવી શકાતી નથી. ૩.

બધી બજારો ભવ્ય બનાવી હતી. પ્રત્યેક દરવાજે મોતીનાં તોરણ બાંધ્યાં હતાં અને તેમાં તેજ ઝગમગી રહ્યું હતું. ૪. હરેક દરવાજે ફળવાળા કેળના સ્તંભ રોપાવ્યા. ધજાઓ અને પતાકાઓની લાંબી કતારો કરી હતી. તેની શોભા પંચરંગી હતી. દરવાજા ઉપર સોનેરી કળશ રાખ્યા હતા. ૫. બધી જાતિનાં ફૂલઝાડ રોપાવ્યાં હતાં. કોઈ બાગ ફૂલ્યા હોય તેવું જણાતું હતું. જમીન ઉપર, ગોખમાં, ઝરુખાઓમાં અને જાળિયાંઓમાં પુરુષો અને સ્ત્રીઓ દર્શન કરવા માટે ઊભાં રહેલાં હતાં. ૬. સહુએ સોનાં-રૂપાનાં ફૂલોના થાળ ભરી ભરીને રાખી મૂક્યા હતા. જ્યારે શ્રીહરિ ત્યાંથી પસાર થાય ત્યારે વધાવવામાં કામ આવે. કારણ કે બધા પરમ પ્રેમથી રંગાઈ ગયેલા હતા. ૭.

શ્રીહરિની મૂર્તિ એટલી બધી મનોહર હતી કે તેનાં દર્શન થાય એટલે બીજા કોઈ લોકોને ધીરજ રહેતી નહિ. શ્રીહરિના મસ્તક ઉપર સોનેરી છત્ર ધાર્યું હતું. ઉપરના સોનાના કળશની પણ ઘણી શોભા હતી. ૮. શ્રીહરિનાં પહેરેલાં બધાં વસ્ત્ર સોનેરી હતાં. કંઠમાં મોતીના હાર પહેર્યા હતા. નખથી શિખા પર્યંતનાં સર્વ અંગો મોતીથી ભરાયેલાં હતાં. રમણીય મૂર્તિ અત્યંત હર્ષથી ભરપૂર હતી. ૯. તે રીતે જ ઘોડા ઉપરનો બધો સાજ-સામાન પણ સોનેરી જ હતો. અને ઘોડાનાં આભૂષણો પણ બધાં મોતીથી જડેલા છવાઈ ગયાં હતાં. ૧૦. ઘનશ્યામ પ્રભુની બંને બાજુ ચામર ઢોળાતાં હતાં. પૂર્ણ ચંદ્રના જેવું મુખારવિંદ ચિત્તને ચોરતું હતું. આંખોમાં અમૃત ભરપૂર હતું.

હૃદયમાં લોકોના ઉપર હેત છવાઈ ગયું હતું. ૧૧. આ પ્રમાણે શ્રીહરિ દેહા ખાચરના દરબારગઢમાં પધાર્યા. તેમણે પોતાના ભવનના ઓરડાઓ સ્વચ્છ કરાવી રાખ્યા. જ્યારે શ્રીહરિ આવવાના થયા ત્યારે તે ઓરડાઓમાં મોતીના ઉલેચ બંધાવી દીધા. ૧૨. વિવિધ પ્રકારના સાજ-સામાનથી પોતાના ઓરડાઓને શણગારી દીધા. ઓરડાઓમાં સોનેરી પલંગ ઢળાવી દીધા. ૧૩. દરબારગઢમાં આવીને શ્રીહરિ દેવઘોડા ઉપરથી ઊતર્યા. અને જ્યાં ગાદી-તકિયા બિછાવ્યાં હતાં તે પલંગ ઉપર આવીને વિરાજમાન થયા. ૧૪. એક પીતાંબર પહેર્યું, સાલ ઓઢી લીધી. જ્યારે જમવા પધાર્યા ત્યારે રંગલહેરી હાથનાં લટકાં કરતા હતા. ૧૫. એક સોનેરી બાજોઠ ઉપર આવીને શ્રીહરિ બેઠા. તે બાજોઠનો ઘાટ અત્યંત અનુપમ બન્યો હતો. ૧૬.

વર્ણીએ બહુ ભાતનો થાળ બનાવ્યો હતો. બનાવેલી ચીજોનાં નામ મુખે ચઢતાં નથી. જેટલા પાક કહેવાય છે અને જેટલાં વ્યંજન (શાકભાજી વગેરે) કહેવાય છે, ૧૭. જેટલી જાતનાં અથાણાં તથા પાપડ વગેરે બધી ચીજો થાળમાં પીરસી. જેમ શ્રીહરિની વાત આશ્ચર્ય ઉપજાવે છે તેમ જ શ્રીહરિની સેવામાં રહેલા દેવ જેવા વર્ણીની વાત પણ આશ્ચર્યજનક છે. ૧૮. શ્રીહરિ ખુશમિજાજથી થાળ જમ્યા. જેટલી ચીજો વર્ણીએ કરી હતી તે બધી પ્રશંસા કરીને ભરપૂર કંઠ સુધી જમ્યા. થોડાય અધૂરા ન રહ્યા. ૧૯. પછી તુરંત ચળુ કરીને જળપાન કર્યું. થાળની પ્રસાદી દરબાર દેહા ખાચરને આપી. તેનાથી તેઓ ખૂબ જ રાજી થયા. પછીથી તેઓ શ્રીહરિની પૂજા કરવા માટે આવ્યા. ૨૦.

કેસરી ચંદન વગેરે બધું થાળમાં ભરીને લાવ્યા અને પુષ્પહાર પણ ઘણા જ લાવ્યા. સોનેરી વસ્ત્રો અને સોનાનાં ઘરેણાંઓ લાવીને શ્રીહરિનાં અંગોમાં બધાં ધરાવ્યાં. ૨૧. પહેલાં દૂધ-દહીં આદિ પંચામૃતથી ચરણ ધોયાં. પછી શુદ્ધ જળથી તે સ્વચ્છ કર્યાં. જે કાંઈ વસ્ત્ર અને આભૂષણો લાવ્યા હતા તે બધું શ્રીહરિને પહેરાવ્યું. ૨૨. કપૂરથી આરતી ઉતારી. અપાર હેતથી ગદ્‌ગદ કંઠ થઈ ગયા. પછી સંતોની પૂજા કરી ચંદન ચરચીને ફૂલહાર પહેરાવ્યા. ૨૩. પછી સંતોને જમવા બેસાડ્યા. બધા ગુણવાન દરબારો પણ જમવા

બેઠા. શ્રીહરિએ અપાર વિશુદ્ધ હેતને લીધે સહુને પોતાને હાથે જમાડ્યા. ૨૪. દરબાર દેહા ખાચરે શ્રીહરિને જે પહેરામણી કરી તેનાથી બમણી વધારે પહેરામણી શ્રીહરિએ તે દરબારને કરી. ૨૫. શ્રીહરિએ બધી સવારીને દરબારગઢમાં આગળ જ મગાવી લીધી. પછી ગામમાંથી જવાની તૈયારી કરીને તત્ક્ષણ ચાલતા થયા. ૨૬. તે સમયે શ્રીહરિની મૂર્તિનાં દર્શન કરીને ભક્તજનોને બહુ જ હેત થયું. તેઓ બધા ગદ્‌ગદ કંઠ થઈને શ્રીહરિના ચરણોને વારંવાર છાતીએ ચાંપતા હતા. ૨૭. દરબાર દેહા ખાચર નદીને ઉત્તર કાંઠે શ્રીહરિને વળાવવા ગયા. ત્યારે હૃદયમાં આનંદ સમાતો ન હતો. શ્રીહરિએ પણ હેત દેખાડીને તેમને પાછા વાળ્યા. ૨૮. દેહા ખાચરે પાછા વળતી વખતે શ્રીહરિને ખૂબ જ વિનંતિ કરી. અને ફરીને કરિયાણા આવવાનો કોલ લીધો. પછી સર્વ હરિભક્તો પાછા વળ્યા અને શ્રીહરિ આગળ ચાલ્યા. ૨૯.

શ્રીહરિ સખાઓની સાથે અનેક રીતે હાસ્યવિનોદ કરતા કરતા **વાવડી** ગામ આવ્યા. ત્યાં કાઠી દરબાર ભાયા ખાચર સત્સંગી હતા. ૩૦. તેમના ભાઈનું નામ ઉકા ખાચર હતું. (શ્રીહરિએ વ.ગ.મ.૨૫માં જેનાં વખાણ કર્યાં છે તે) વાવડીમાં બે ભાઈ અને તેમનાં 'માતા' આટલાં જ સત્સંગી હતાં. તેમણે સુખકારી શ્રીહરિને પોતાને ઘેર પધરાવ્યા. ૩૧. તેમણે ઘણી વાર થાળ કરાવીને શ્રીહરિને વારંવાર જમાડ્યા હતા. શ્રીહરિની પૂજા પણ બહુ વાર કરીને અલૌકિક લાભ લીધો હતો. ૩૨. સુંદરશ્યામ વાવડીથી ચાલ્યા, **માંડવધાર** ગામ આવ્યા. ત્યાં ચારણ ભક્ત રહેતા હતા તે સન્મુખ આવ્યા અને શ્રીહરિનાં દર્શન કરીને ઘણા રાજી થયા. ૩૩. તે વેળાએ તેણે દસ અવતારનાં નામ લઈને શ્રીહરિની સ્તુતિ કરી. તે સિવાય અવતારોનાં જેટલાં પ્રસિદ્ધ કાવ્યો તેને યાદ હતાં તે બધાં બોલ્યા. ૩૪.

શ્રીહરિએ ચારણોને ઈનામ આપ્યાં અને ચારણે "જય જયકાર" ના શબ્દ ઉચ્ચાર્યા. "આ બ્રહ્માંડમાં આપ ભલે પ્રકટ્યા. આપની કીર્તિ દિન પ્રતિદિન અખંડ વૃદ્ધિ પામતી રહો. ૩૫. અમારો જેટલો વંશ કહેવાય છે તે બધાનો ઉદ્ધાર કરજો." આવાં વિનયનાં વચનો ચારણોએ ઘણાં કહ્યાં. અને શ્રીહરિનાં ચરણકમળને મસ્તકે લીધાં. ૩૬. ત્યાંથી ઉન્મત્તગંગા(ઘેલો) નદીને ઊતર્યા.

થોડા ઓરા આવીને ધર્મના લાલે તેમાં સ્નાન કર્યું. દરબાર અલૈયા ખાચર આગળ ગયા. ગઢપુરના દરબાર જીવેંદ્ર(જીવા ખાચર)ને ખબર આપ્યા. ૩૭.

શ્રીજીમહારાજના ખબર સાંભળીને દરબાર જીવા ખાચરના દિલમાં એટલો બધો આનંદ થયો કે જે કહી શકાતો નથી. ૩૮. તે દરબારે પોતાના હાથી અને ઘોડા વગેરે સવારીને તૈયાર કરી. બધા જ જરિયાની સામાનથી તેને સજ કરીને તે વખતે સન્મુખ ચાલતા થયા. ૩૯. બીજી બાજુ માંચા ખાચરે અભય રાજા (એભલ ખાચર)ને ખબર આપ્યા. તેથી તેમને પણ અત્યંત આનંદ થયો. પછી તેમણે પણ પોતાની સવારી તૈયાર કરી. ૪૦. અપાર હાથી, ઘોડાઓને જરીમય સામાનથી શણગાર્યા. તેની શોભા પણ અદ્‌ભુત થઈ. તેઓ પણ શ્રીહરિની સન્મુખ ચાલ્યા. ૪૧.

બંને સવારી ભેળી મળી ગઈ. અપાર વાજિંત્ર વાગતાં હતાં. જરિયાની વિચિત્ર નિશાન આકાશમાં ઊંચાં ઊડતાં હતાં. ૪૨. બધાં સ્ત્રી-પુરુષો “જય જય” “જય જય” ઉચ્ચારતાં હતાં. ભાવિક લોકો ગામ બહાર આવ્યા. ગામથી પશ્ચિમ દરવાજા તરફ બધા ચાલ્યા. ૪૩. ચાલતાં ચાલતાં બે ખેતર જેટલું આગળ ગયા ત્યારે શ્રીહરિનાં દર્શન થયાં. સહુ મળીને ત્યાં બેઠા. શ્રીહરિ સંતોની સભામાં વિરાજ્યા. અત્યંત શોભા થઈ હતી. ૪૪. શ્રીહરિએ બધાં જરિયાની વસ્ત્ર ધાર્યાં હતાં. સોનાનાં ઘરેણાં પણ ઘણાં પહેર્યાં હતાં. ઘણું ઊંચું આસન બનાવ્યું હતું. તેના ઉપર શ્રીહરિ વિરાજ્યા ત્યારે ત્યાં દરબારો આવ્યા. ૪૫. તેઓ શ્રીહરિના ચરણોમાં પડ્યા. દિલમાં પ્રેમ અત્યંત છવાઈ ગયો હતો. શ્રીહરિએ તેમને કુશળ સમાચાર પૂછ્યા. તે દરબારોને અપાર આનંદ થયો, જે કહી શકાતો નથી. ૪૬.

દરબારોએ શ્રીહરિને હાથ જોડ્યા અને કહ્યું, હવે ચાલવાની તૈયારી કરો. અમને આપનાં દુર્લભ દર્શન થયાં, માટે આજ અમારાં ધન્ય ભાગ્ય છે. ૪૭. શ્રીહરિનો જે “દેવઘોડો હતો તે તુરંત જ મોટો ગજરાજ (હાથી) બની ગયો. વિચિત્ર પ્રકારની અંબાડી પણ બની ગઈ. તેની શોભા અકથનીય હતી. ૪૮. તેના ઉપર શ્રીહરિ વિરાજ્યા અત્યંત શોભા છવાઈ ગઈ. ચામર કરવા માટે મુક્તાનંદ સ્વામી શ્રીહરિની પાછળ પ્રેમથી બેઠા. ૪૯. સૂર્ય અસ્ત

થયો. અપાર મશાલો પ્રકટી. તેનો ઘણો જ પ્રકાશ થયો. તેની શોભાનો કોઈ પાર રહ્યો નહિ. ૫૦. આગળ વાજિંત્ર વાગતાં હતાં. તેની પાછળ ગામના લોકો હતા, બધા સંતો તેમની પાછળ હતા અને સંતોની પાછળ પાર્ષદો હતા. ૫૧. શ્રીહરિવર પાર્ષદોની પાછળ ચાલતા હતા. તેમની પાછળ દરબારો અને તેમની બધી સવારી ચાલતી હતી. ૫૨. સહુની પાછળ મંગળમય ગીતો ગાતી ગાતી બધી સ્ત્રીઓ ચાલતી હતી. શ્રીહરિની મૂર્તિ સંભારીને જ કીર્તનો ગાતી હતી. તેનો શબ્દ આકાશમાં છવાઈ ગયો હતો. ૫૩.

શ્રીહરિ ગઢપુરમાં પધાર્યા છે, એમ જાણીને અનંત બ્રહ્માંડોના બધા દેવો વિમાનમાં બેસીને ત્યાં અતિ હેતથી દોડી આવ્યા. ભવ, બ્રહ્મા અને ઇન્દ્ર આદિ કરોડો દેવો હતા. ૫૪. (વિશ્વકર્માએ અષ્ટ લોકપાલો અને બ્રહ્માદિક દેવોની મદદથી ગઢપુર નગરી અદ્‌ભુત પ્લાનિંગના રૂપમાં બનાવી દીધી હતી.) સહુ શ્રીહરિનાં દર્શન કરવા આવ્યા હતા. પૂજાનો બધો સામાન પણ લાવ્યા હતા. તેમનાં વાજિંત્ર ગગનમાં વાગતાં હતાં. તેનાથી બધું આકાશ ગાજી રહ્યું હતું. ૫૫. અપ્સરાઓ હરખભરી નૃત્ય કરતી હતી અને બ્રહ્મા પોતાના મુખથી વેદોનું ગાન કરતા હતા અને તે ગાનમાં તુંબરું તાન તોડતા હતા. સહુને ગાઈને શ્રીહરિને રીઝવવાનું તાન હતું. ૫૬.

શંકર ઘણું ભારે તાંડવ નૃત્ય કરતા હતા. શ્રીહરિ ગઢપુર ગામને દરવાજે પહોંચ્યા. ગઢપુરના દરવાજાની શોભા અનંત હતી. તેનું વર્ણન કરતા મને આવડતું નથી. ૫૭. સાત માળવાળો તે દરવાજો હતો. તેની વિચિત્ર પ્રકારની રચના મનને લોભાવતી હતી. ઉપરના ભાગમાં સોનાના કળશ વિચિત્ર ભાતના હતા. બધા જ દરવાજાઓ ઉપરથી ભિન્ન ભિન્ન પ્રકારના જણાતા હતા. ૫૮. નિલમણિના (શ્યામ) દરવાજાઓ હતા. તેનાં બારણાંઓમાં સ્ફટિકમણિ જડ્યા હતા. ઊંચે સોનેરી અપાર નિશાનો ફરકતાં હતાં. તે બધાં જ દરવાજાઓ ઉપર ઊડતાં દેખાતાં હતાં. ૫૯. શ્રીહરિએ તે દરવાજાની અંદર પ્રવેશ કર્યો. બજારની શોભા તો બધે છવાઈ ગઈ હતી. બંને બાજુએ માળબંધ દુકાનો હતી. વિચિત્ર રંગોથી રંગાયેલી હોવાથી ઉજાશમાં ચમકતી હતી. ૬૦.

બધી જ દુકાનોના પડથાર માથા પ્રમાણે ઊંચા એક જ સરખા હતા. તેમાં એક સરખા અપાર અને અનંત સ્તંભ હતા. જે ગણ્યે પાર આવે તેમ ન હતા. ૬૧. સાત સાત ગજની ઊંચાઈવાળા ત્રણ ત્રણ માળનાં તે મકાનોના તેટલા જ ઊંચાઈના બધા સ્તંભ હતા. બધાં જ મકાનોનાં છજાં પણ એક સરખાં જ હતાં. ૬૨. હરેક મકાનની અગાસી એક જ માપની સમાન હતી. દરેકના ધાબા પણ એક સરખા જ હતા. એક જ ઘાટના બધા ગોખ હતા અને બધાં મોટાં દ્વાર પણ એક જ નોર (પંક્તિ)માં હતાં. ૬૩. શ્રીહરિ ગઢપુર પધાર્યા ત્યારે વિશ્વકર્માએ બધી ત્યાં કુશળતા વાપરી હતી. તે શ્રીહરિની સેવામાં હંમેશાં તત્પર રહ્યા થકા હાજર રહેતા. ૬૪. આઠેય મોટા લોકપાળો વિશ્વકર્માની સહાયતામાં રહેતા હતા. અને ભવ, બ્રહ્માદિક દેવો પણ તત્કાળ આવી તેને સહાય કરતા હતા. ૬૫.

***ઇતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના તૃતીય પૂરમાં 'શ્રીહરિ વાવડી અને માંડવધાર થઈને ગઢપુર પધાર્યા' એ નામે છાસઠમો તરંગ સમાપ્ત ॥૬૬॥***

## ઇતિ શ્રીહરિચરિત્રામૃતસાગર ગ્રંથમાં ત્રીજું પૂર સમાપ્ત

# પ.પૂ.સદ્.શ્રીજ્ઞાનજીવનદાસજીસ્વામી(કુંડળધામ)ની પ્રેરણાથી કરવામાં આવેલ પ્રકાશન

## ગુજરાતી પ્રકાશન

### VCD

૧. મોક્ષનાં સાધનો   ૨. ધીરજાખ્યાન
૩. યમદંડ (સુરત)   ૪. સહજાનંદ
૫. સાધુ ભજનપ્રકાશદાસજી
૬. ઉત્તર ભારતની યાત્રા
૭. સાંસ્કૃતિક કાર્યક્રમ શિ.-૧૭,૧૮
૮. નાટક : સહજાનંદી સિંહ રૂપાભાઈ
૯. નાટક : શૂન્ય
૧૦. ટેલીફિલ્મ : ઓવર અપેક્ષા
૧૧. ટેલીફિલ્મ : ખોરાસાના રાજાભાઈ

### MP3

૧. કીર્તન કુંભ ભાગ : ૧ થી ૬
૨. બુદ્ધિપ્રદીપ
૩. પંચરત્ન   ૪. હરિસ્મરણ
૫. દાદા ખાચરના વિવાહ
૬. શ્રીમદ્ ભાગવત

### DVD

૧. સ્નેહગીતા   ૨. ભાલદેશની લીલા
૩. પંચરત્ન   ૪. અક્ષરબાવની
૫. ભક્તિસિદ્ધિ   ૬. બુદ્ધિપ્રદીપ
૭. વિવેકસાર   ૮. સર્ગનિસરણી
૯. મુક્તવંદના
૧૦. દિવ્ય દિવ્ય મહારાજ
૧૧. કરુણા તેરી *(કીર્તન દર્શન-૧)*
૧૨. અક્ષરધામની ગાડી *(કીર્તન દર્શન-૨)*
૧૩. માધુરી મૂર્તિ *(કીર્તન દર્શન-૩)*
૧૪. સુખની ખાણી *(કીર્તન દર્શન-૪)*
૧૫. કુંડળધામ દર્શન
૧૬. ઘેર બેઠા તીરથ ભાગ-૨
૧૭. શ્રીહ.ચ.સાગર પુરશ્ચરણ મહોત્સવ
૧૮. હિંડોળા ઉત્સવ   ૧૯. યુવાશિબિર

### MP5

૧. ભક્તચિંતામણિ
૨. શ્રીહરિલીલામૃત
૩. શ્રીઘનશ્યામલીલામૃતસાગર
૪. સત્સંગિજીવન
૫. નિષ્કુળાનંદ કાવ્ય
૬. શ્રીહરિધ્યાનમંજરી
૭. શ્રીહરિચરિત્રામૃતસાગર કથા
૮. ગોપાળાનંદસ્વામીની વાતો
૯. ભક્તિસિદ્ધિ
૧૦. વાસુદેવ માહાત્મ્ય
૧૧. વિવેક ચિંતામણિ
૧૨. ઉત્તર હિન્દુસ્તાનના પરચા
૧૩. કીર્તન સહ ધ્યાન
૧૪. કથામૃતમ્
- છપ્પનાવલી   - શૌચાશૌચ
- શિક્ષાપત્રી ભાષ્ય - ધ્યાનયોગ (સુરત)
- જ્ઞાન સાથે ગમ્મત
૧૫. વડતાલધામનો મહિમા
૧૬. ઐશ્વર્યપ્રકાશ
૧૭. નારાયણ અંગ ચિંતામણિ
૧૮. સંત આખ્યાન
- સદ્.શ્રીપ્રેમાનંદસ્વામી
- સદ્.શ્રીશુકાનંદસ્વામી
- સદ્.શ્રીઆધારાનંદસ્વામી

- સદ્.શ્રીઅદ્ભુતાનંદસ્વામી
- સદ્.શ્રીઈશ્વરચરણસ્વામી
- સદ્.શ્રીસ્વરૂપાનંદસ્વામી
- સદ્.શ્રીનૃસિંહાનંદસ્વામી
- સદ્.શ્રીભાયાત્માનંદસ્વામી
- સદ્.શ્રીઅક્ષરજીવનસ્વામી (ભુજ)નું જીવન એવં પત્ર
- મૂળજી બ્રહ્મચારી - જેરામ બ્રહ્મચારી

૧૯. ભક્તાખ્યાન (૨૪ ભક્તોના આખ્યાન)
- મીર સાહેબ - નાથભક્ત
- ડોસા તાઈ - ચંદ્રહાસ
- પૂજા ડોડિયા - માવા ભક્ત
- શિવલાલ શેઠ અને ભગા દોશી
- ડડુસરના ગલુજી
- સોખડાના ગોપાલભાઈ
- લોધિકાના અભેસિંહ
- મેંગણીના માનસિંહ
- જોબન પગી - રૂડિયો રખડું
- કાળુ મકવાણા - ઝીણાભાઈ
- હેમરાજ શાહ
- વૃંદાવનના લાલાબાબુ
- લાલજીભાઈ ધાનાણી (સુરત)
- દિનેશમામા (USA)
- મીણબાઈ - રાઈબા મા
- જાનબાઈ - સખુબાઈ

૨૦. કીર્તન વિવેચન
- મારે ઘેર આવ્યા રે. . .
- ભજ્યો નહિ ભગવાન. . .
- અક્ષરના વાસી વાલો . . .
- કર પ્રભુ સંગાથે . . .
- શ્રીજી બાવની . . .
- સત્સંગી તો તેને રે કહીએ . . .
- જુઓ વિચારી . . .
- ચલે ગજ બૈઠકે. . .
- આજ મારે ઓરડે. . .
- આવા ભગવાન નહિ મળે . . .
- સહજાનંદ સુખકારી . . .
- કોઉ કામ ન આવે. . .
- આજ મેં તો ભેટ્યા રે. . .
- મારા વાલાજી શું વાલપ. . .
- મન મોહ ટળે... - ફગવા...
- તમારે શરણે શીશ નમાવું. . .
- ધર્મકુંવર ઘનશ્યામજી. . .
- પ્રભુ મને થાજે. . .
- સહજાનંદ સિંધુ સખી જો. . .
- શીલવંતા સાધુને. . .
- આનંદ આપ્યો અતિ ઘણો. . .
- સદ્ગુરુ સાચા રે. . .
- વાત મેં તો વિચારી મને રે. . .
- ઓરા આવોને ધર્મકુમાર. . .
- પ્રભુ સાથે કરને રે. . .
- હરિ ભજતાં સહુ મોટપ. . .
- સહજાનંદ સહજાનંદ. . .
- સંત સમાગમ કીજે. . .
- દીન દયાળુ ગુરુદેવ. . .
- પ્રતાપ પૂરણ શ્રીપુરુષોત્તમ. . .
- આજ ભાગ્ય ઉદય થયાં. . .
- વાલા ભક્તિ-ધર્મસુત. . .
- પુરુષોત્તમ બોલ્યા પ્રીતે. . .
- ભૂમાનંદસ્વામી કૃત કક્કો. . .
- ભૂતળ ભક્તિ પદારથ મોટું. . .

૨૧. સવારનું ચિંતન
- વંદુ સહજાનંદ રસરૂપ - શિબિર-૭
- સવારનું ચિંતન - શિબિર-૯,૧૦
- શોભા શી કહું રે - શિબિર-૧૧
- સ્વામી સહજાનંદજી - શિબિર-૧૨

INDEX

- બદ્ધમાંથી મુક્ત - શિબિર-૧૩
- ભગવદ્‌ગુણો - શિબિર-૧૫
- એમ અગણિત વિશ્વ - શિબિર-૧૬
- સહજાનંદ સનેહી - શિબિર-૧૭

## પુસ્તક

૧. વચનામૃત : *(Small, Medium, Big size)*
૨. હરિલીલામૃત ભાગ : ૧ થી ૪
૩. શ્રીહરિચરિત્રામૃતસાગર ભાગ:૧થી૧૨
૪. ભક્તચિંતામણિ
૫. નિષ્કુળાનંદ કાવ્ય
૬. ગોપાળાનંદસ્વામીની વાતો
૭. ગુણાતીતાનંદસ્વામીની વાતો
૮. મોનજીભગતની વાતો
૯. મહારાજની લીલા
૧૦. શ્રીજીની લીલા
૧૧. શ્રીવિધાત્રાનંદસ્વામીના ગ્રંથો
૧૨. જ્ઞાનદીપ ભાગ : ૧ થી ૫
૧૩. કીર્તનમાળા ભાગ : ૧,૨
૧૪. કીર્તનસરોવર *(નંદસંતો રચિત)*
૧૫. અદ્‌ભુતાનંદસ્વામીની મૂળ વાતો
૧૬. પ્રેમાનંદસ્વામીના ગ્રંથો
૧૭. નિત્યાનંદસ્વામીના ગ્રંથો
૧૮. શિક્ષાપત્રી ૧૯. હરિસ્મૃતિ
૨૦. હરિરસામૃત ૨૧. નિત્યનિયમ
૨૨. સંત આખ્યાન
૨૩. નિર્ગુણદાસસ્વામીની વાતો
૨૪. શ્રીહરિકૃષ્ણલીલામૃત સાગર
૨૫. કીર્તન દીપાવલી ભાગ-૧

## हिन्दी प्रकाशन

**टेलीफिल्म : VCD १. केसर मियाँ २. शेख मियाँ**
**टेलीफिल्म : DVD ३. डोसा ताई ४. घेर बेठा तीरथ-भाग ३**

### किताबें

१. श्रीहरिचरित्रामृतसागर मूलमात्र भाग : १ से १२
२. श्रीहरिकृष्णनारायणचरित्रामृत एवं स्वरूपभक्तिनिर्णय *( गुजराती अनुवाद के साथ )*

---

શ્રીસ્વામિનારાયણ મંદિર કુંડળધામ તથા કારેલીબાગ-વડોદરા દ્વારા ચાલતી

### વિવિધ કલ્યાણકારી સેવા-પ્રવૃત્તિ

પ.પૂ.સદ્.શ્રીજ્ઞાનજીવનદાસજીસ્વામી હાલમાં મૂળ વડતાલ દેશના શ્રીસ્વામિનારાયણ મંદિર, કુંડળધામ તથા કારેલીબાગ-વડોદરામાં રહે છે. તેઓ શ્રીસ્વામિનારાયણ સંપ્રદાયના એક શ્રેષ્ઠતમ વક્તા છે. તેમને કુલ ૧૦૦ ત્યાગી શિષ્યોનું પવિત્ર સંતમંડળ છે. તેમને કથા-કીર્તન અને ધ્યાન-ભજન દ્વારા શ્રીસ્વામિનારાયણ ભગવાનનું ભજન કરવું અને મુમુક્ષુજનોને ભજન કરાવવાનું મુખ્ય અંગ છે. તદુપરાંત શ્રીસ્વામિનારાયણ સંપ્રદાયના સર્વાંગી વિકાસ અર્થે તેઓ ઉપરોક્ત બંને મંદિરો દ્વારા નીચે મુજબની વિવિધ પ્રકારની કલ્યાણકારી સેવા-પ્રવૃત્તિ ચલાવી રહ્યા છે.

**આધ્યાત્મિક આયોજનો...**

સર્વોપરી શ્રીહરિ મુમુક્ષુઓને મુક્ત બનાવી અક્ષરધામમાં લઈ જવા માટે જ આ પૃથ્વી ઉપર પધાર્યા હતા. એ મૂળ હેતુને ધ્યાનમાં રાખી પૂ.સ્વામીજી અનેકવિધ આધ્યાત્મિક આયોજનો કરે છે. જેનો લાભ લઈ આજ સુધીમાં લાખો લોકો સત્સંગનું મહાસુખ માણતા થયા છે અને માયાના દુઃખરૂપી દાવાનળથી બચી શક્યા છે.

**સત્સંગ શિબિરો :** છેલ્લાં ૨૧ વર્ષથી દિવાળીની રજામાં અનેક ભક્તો આ શિબિરના માધ્યમે સામાન્ય નિયમ-ધર્મથી લઈ અક્ષરમુક્ત બનવા સુધીના પ્રેક્ટિકલ અનુભવ મેળવી રહ્યા છે. આ શિબિર મુમુક્ષુઓને માટે એક અનુપમ અવસર છે. ત્રિવિધ તાપથી તપેલા જીવને માટે શાંતિની ગંગોત્રી છે.

**કથા-પારાયણો તથા ઉત્સવ-સમૈયા :** ઉપરોક્ત બંને મંદિરોમાં તથા અન્યત્ર અવાર-નવાર સત્સંગિજીવન વગેરે સદ્‌ગ્રંથોની કથા-પારાયણો તથા હિંડોળા ઉત્સવ, રંગોત્સવ, જલઝીલણી ઉત્સવ આદિક નાના-મોટા વિવિધ પ્રકારના ઉત્સવોનાં આયોજનો કરવામાં આવે છે. પૂ.સ્વામીજીએ આજ સુધીમાં સત્સંગિજીવન, ભક્તચિંતામણિ, નિષ્કુળાનંદકાવ્ય, શ્રીઘનશ્યામલીલામૃતસાગર, શ્રીહરિલીલામૃત જેવા સંપ્રદાયના તમામ મુખ્ય ગ્રંથોની સંગીત સાથે અદ્‌ભુત કથાઓ કરી છે. તેમજ સંપ્રદાયના આદર્શરૂપ સંતો-ભક્તોનાં આખ્યાનોની સંશોધનાત્મક કથા કરી છે. વળી, દરરોજ સવાર-સાંજ થતી કથા-વાર્તાનું www.swaminarayanbhagwan.com દ્વારા લાઈવ પ્રસારણ કરવામાં આવે છે. તેનાથી અનેક મુમુક્ષુ જીવોને સત્સંગનું પોષણ મળી રહ્યું છે.

**સત્સંગ વિચરણ :** સદ્‌.શ્રીજ્ઞાનજીવનદાસજીસ્વામીની સાધુતા તથા સારધાર ઉપદેશવાણી દ્વારા ૧૦૦ ઉપરાંત ત્યાગીઓ સંપ્રદાયની સેવામાં શ્રીહરિના ચરણે સમર્પિત થયા છે. પૂ.સ્વામીશ્રીની પ્રેરણાથી શ્રીહરિ સમકાલીન નંદસંતોની પરંપરા મુજબ આ સંતો-પાર્ષદો ગામડે-ગામડે તથા દેશ-વિદેશમાં જઈ હજારો હરિભક્તોને ઘેર બેઠા સત્સંગનું પોષણ આપે છે. શ્રીહરિની સર્વોપરી ઉપાસના તથા આજ્ઞાને દઢ કરાવે છે. સત્સંગ-પિપાસુ ભક્તજનો આ સંતોના મુખથી કથા-કીર્તન સાંભળી પુરુષોત્તમને પામવાનું બળ મેળવી ધન્ય ધન્ય બની રહ્યા છે.

**વિવિધ પ્રકાશનો :** આ ધમાલિયા યુગમાં સુખ, શાંતિ અને મોક્ષ માટે સર્વોપરી શ્રીસ્વામિનારાયણ ભગવાનની કથા-વાર્તા અને કીર્તનાદિક સંજીવની ઔષધ સમાન છે. આ જ હેતુને અનુલક્ષીને પૂ.સ્વામીજીએ આજ સુધીમાં કરેલી તમામ કથાઓની VCD, DVD, MP3, MP5 શ્રીસ્વામિનારાયણ મંદિર, કુંડળધામ તથા કારેલીબાગ-વડોદરા દ્વારા પ્રકાશિત કરવામાં આવી છે. વળી, પૂ.સ્વામીજીની પ્રેરણાથી આજની બાળ-યુવા પેઢીને અત્યંત ઉપયોગી થાય એવી અનેક પ્રેરણાદાયી ટેલીફિલ્મોનું પ્રકાશન કરવામાં આવ્યું છે. આ પ્રકાશનોનો લાભ લઈને સુખ-શાંતિ તથા પ્રભુપ્રાપ્તિ ઈચ્છતા હજારો મુમુક્ષુઓ ભગવાનને પામવાનું બળ પામી રહ્યા છે.

આ ઉપરાંત પૂ.સ્વામીશ્રી દ્વારા શ્રીહરિ સમકાલીન નંદસંતો દ્વારા હસ્તલિખિત અપ્રસિદ્ધ એવા અનેક સદ્‌ગ્રંથો પ્રકાશિત કરવામાં આવ્યા છે. વળી મોક્ષપર્થદર્શક એવા અન્ય સદ્‌ગ્રંથો તથા 'સત્સંગસેવક' નામનું મેગેઝીન પણ પ્રકાશિત કરવામાં આવે છે. વળી, મનમોહક વાલુડા-બાલુડા શ્રીઘનશ્યામ મહારાજની મૂર્તિ પણ મંદિર તરફથી બનાવવામાં આવે છે. જેને ઘરમાં વસાવીને અનેક પરિવારો પ્રેમ અને સંસ્કારથી સમૃદ્ધ બન્યા છે.

પૂ.સ્વામીશ્રીની પ્રેરણાથી ભક્તજનોના વિશેષ લાભાર્થે આ તમામ સાહિત્ય શ્રીસ્વામિનારાયણ મંદિર કારેલીબાગ-વડોદરા તથા કુંડળધામ દ્વારા અત્યંત સસ્તા દરે પ્રાપ્ત થઈ રહ્યું છે.

### બાળ-યુવા સંસ્કાર પ્રવૃત્તિ...


આજના ફેશન-વ્યસનના વિષમ વાતાવરણમાં બાળકો તથા યુવકો ધર્મમય અને સંસ્કારમય રહે તેની તાતી જરૂર છે. તે માટે પૂ.સ્વામીશ્રીની પ્રેરણાથી દેશભરમાં ૪૨૫ ઉપરાંત બાળ-યુવા મંડળો ચાલી રહ્યાં છે. જેમાં બાળ-યુવા પેઢીને વિકૃતિથી બચવા અને સંસ્કૃતિને વળગી રહેવા માટેની કેળવણી અપાઈ રહી છે. વળી, દર વર્ષે બે વખત બાળ-યુવા શિબિરનું પણ આયોજન થાય છે.

### સાંપ્રદાયિક તથા સામાજિક સેવા...

પૂ.સ્વામીજીની પ્રેરણાથી આજ સુધીમાં ૧૨ જેટલાં નૂતન મંદિરોનું નિર્માણ થયું છે તથા અનેક મંદિરોમાં મૂર્તિ, સિંહાસન કે આર્થિક યોગદાન આપવામાં આવે છે. તદુપરાંત રક્તદાન કેમ્પ, જળ સંચય માટે ચેકડેમ નિર્માણ, ગરીબોને આર્થિક કે અન્ન-વસ્ત્ર સહાય, દુષ્કાળ તથા ભૂકંપ જેવી આપત્તિમાં કેટલકેમ્પ, ફૂડપેકેટ વિતરણ અને પુનર્વસન જેવી વિવિધ સેવાઓ કરવામાં આવે છે. ●

INDEX

## હરિમંડપ - વડતાલધામ



ભગવાન શ્રીસ્વામિનારાયણ
જ્યારે વડતાલ આવતા ત્યારે અહીં રહેતા.


: પ્રકાશક :
શ્રીસ્વામિનારાયણ મંદિર, કુંડળધામ તથા કારેલીબાગ-વડોદરા
કુંડળધામ : (૦૨૭૧૧) ૨૯૧૨૯૧, વડોદરા : (૦૨૬૫)૨૪૬૨૬૨૮
www.swaminarayanbhagwan.com Email : karelibaug@gmail.com

ISBN 978-93-83456-24-6